Reciever

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

પ.પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009

તેનું બધું નિરર્થક છે.

કિં તાએ પઢિયાએ, પયકોડીએ પલાલભૂયાએ ।
જં ઇત્તિયં ન નાયં, પરસ્સપીડા ન કાયવ્વા ॥

'પરને-બીજાને-પીડા ન કરવી જોઇએ આટલું પણ જો જાણવામાં ન આવે તો પલાલભૂત-નિરર્થક કરે તો પઢો ભણવાથી પણ શું ?

વર્ષ ૯

અંક ૧

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

શ્રી મુનિસુવ્રત સ્વામીની ૧૦૦મી સાલગિરિ મહા મહોત્સવ પ્રસંગે

ભાવભર્યું આમંત્રણ

આપને જણાંવતા આજે અમારા હૈયામાં આનંદ ઉભરાઇ રહ્યો છે. અમારા શ્રી સંઘના પરમ પુણ્યોદયે અમારા હૈયાના હાર એવા દાદા શ્રી મુનિસુવ્રત સ્વામિને દેવ-વિમાનતુલ્ય જિનાલયમાં પ્રતિષ્ઠિત થયાને ૧૦૦ વર્ષ (શતાબ્દી) પૂરા થયાં છે. આજે ભાભર નગરના ઘર-ઘર અને ઘટ-ઘટમાં દાદા શ્રી મુનિસુવ્રત સ્વામિ વસી ગયા છે. સૌનું હૈયું તીર્થાધિપતિની પદવી પામી રહેલા દાદાની ભવ્ય ભક્તિ કરવા ઉલ્લસિત થયું છે. જેના પ્રભાવે આજે ભાભર નગરના આંગણે શતાબ્દી મહોત્સવ ઉજવવાનો પુણ્ય અવસર પ્રાપ્ત થયો છે.

આ પ્રસંગને અનુલક્ષીને અમારા નગરને વિશાળ સાધુ-સાધ્વી ભગવંતોના ચાતુર્માસનો શુભ લાભ પ્રાપ્ત થયો છે. દેવ-ગુરૂની કૃપાથી આ પ્રસંગ ભવ્ય રીતે ઉજવવાની અમારી ભાવના છે. પ. પૂ. આ. ભ. શ્રી વિજય સોમસુંદરસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી વિજયજિનચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં આ ભવ્ય મહોત્સવ ઉજવાશે.


અમારા નગરને માટે સં. ૨૦૫૨ ની સાલ પરમ શુકનવંતી છે. ભાભર નગર મંડન શ્રી મુનિસુવ્રત દાદાને અહીં પ્રતિષ્ઠિત થયાને (એટલે ભાભર નગરને આશ્રયીને એમનો જન્મ થયો કહેવાય) ૧૦૦ વર્ષ પૂરા થાય છે. તે જ રીતે અમારા પરમોપકારી પ. પૂ. શાન્તતપોમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય શાન્તિચન્દ્રસૂરીશ્વરજી મ. સા. ને પણ પૃથ્વી પર જન્મ થયાને ૧૦૦ વર્ષ પૂરા થયા છે. સં. ૨૦૫૨ની સાલના આંકડાનો સરવાળો પણ અખંડ એવો '૯' નો આંકડો પ્રાપ્ત થાય છે. જેથી અમારી ભાભર નગરી પણ દેવગુરૂ ધર્મથી રંજિત અખંડ સામ્રાજ્યવાળી બની રહેશે એવો વિશ્વાસ છે.

આ સાલે ઉજવાતાં શતાબ્દી મહોત્સવના પુણ્ય પ્રસંગે અમારા ઉલ્લાસને વધારવા પ્રભુ ભક્તિમાં તરબોળ બનવા ભાભર નગરે પધારો....

એજ એક અમારી અંતરની ઇચ્છા.....

(કાર્યક્રમની વિગત જુઓ ટાઇટલ ૩જુ)

લિ. ભાભર જૈન સંઘ
(જી. બનાસકાંઠા) ઉ.ગુ.



વર્ષ : ૯] ૨૦૫૨ દ્વિ. અ વદ-૧૪ મંગળવાર તા. ૧૩-૮-૯૬ [અંક : ૧

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, અષાઢ વદિ-૩ સોમવાર તા. ૧૩-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૯

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રવચન ૧૧ મું) —અવ૦

તમે બધા ઘણાં ઘણાં કષ્ટ વેઠીને પણ સંસારનાં કામ કરો છો. તેમ ધર્મમાં ધર્મનાં કામમાં કષ્ટ વેઠો છો ? તો પછી ધર્મમાં મઝા શી રીતે આવે ? ધર્મક્રિયામાં જે જે સૂત્રો બોલે તેનો અર્થ પણ ન સમજે, જે ભગવાનની પૂજા કરો તેમણે પણ ન ઓળખો, જે સાધુને પૂજે તેમને પણ ન ઓળખો, જે ધર્મને કરો તે ધર્મ શું તે પણ ન સમજે તો ધર્મમાં મઝા આવે કયાંથી ?

પ્ર૦ તપ કરે તે કષ્ટ વેઠે છે ને ?

ઉ૦ આજે મોટોભાગ 'મે તપ કર્યો' તે કહેવરાવવા તપ કરે છે. નિર્જરા તો તેને યાદ પણ નથી આવતી. તપથી ધારીએ તે મળે તેટલું યાદ છે. તપ કરનારાનું પારણું અને ઉત્તરપારણું પણ કેવું હોય છે ?

ઘણા તપસ્વીઓ તપ કરે છે તો તેનું પારણું ન પતે ત્યાં સુધી તેમના કુટુંબીઓના મનમાં ઉચાટ રહ્યા કરે છે જો તે ન સચવાય તો ત્યાં જ થાળી પછાડે. ઘણાને

તો થાય કે આ બધાને આપણા તપની કાંઇ કિંમત નહિ. તેથી તે મનમાં ને મનમાં દુર્ભાવ કર્યો જ કરે. આવા તપસ્વીને અને તેના તપને વખાણાય ખરા ?

જે લોકો સંસારના સુખના જ ભૂખ્યા છે તે સુખી જ નથી. ધર્મ તેનાથી થાય તેવો જ નથી. આ વાત શા માટે કરીએ છીએ ? આ મહાપુરુષને આપણી પાસે સાચા ભાવે ધર્મ કરાવવો છે. ધર્મ કરનારા પણ ધર્મ સમજીને કરતા થાય તેમ કરવું છે. **જ્યાં સુધી આ સંસાર ઉપર ઉદ્વેગ પેદા નહિ થાય ત્યાં સુધી સાચી રીતે ધર્મ થશે જ નહિ અને જે ધર્મ થશે તે એવો થશે કે જેટલું નુકશાન અધર્મ કરશે તેના કરતાં વધારે નુકશાન તે ધર્મ કરશે.** વેપાર સમજપૂર્વક ન કરે તો ભીખ મંગાવે ને ? તમે પેઢી પર સેલ્સમેન કોને રાખો ? બહુ ડાહ્યો અને હોંશિયાર હોય તેને ને ? ગ્રાહકની વાતમાં તે ન આવે પણ ગ્રાહકને પોતાનો બનાવે તેને ને ? ગ્રાહક પોતાનો ન બનાવી જાય માટે તે સાવધ હોય ને ? તેમ ધર્મમાં તમારી તેવી સાવધગિરિ છે ?

સંસારનું સુખ અહીં પણ દુઃખરૂપ છે અને પરિણામે પણ દુઃખરૂપ બનવાનું છે તમે અત્યારે તમને સંસારનું જે સુખ મળ્યું છે તેમાં પણ દુઃખી છો ને ? ઘણા તો પારકાના સુખ દુઃખી છે. પોતાનો પાડોશી સુખી હોય તે ય તેનાથી ખમાય નહિ. તેથી પાસે ઘણું છે મારી પાસે કાંઇ નથી તેમ તે કર્યા જ કરે છે. માટે સમજે કે આ સંસારમાં સુખી તે વાસ્તવિક સુખી જ નથી. તે સુખ ગયા પછી તે દુઃખી દુઃખી જ થવાનો છે. આ વાત સમજે તેને જ મોક્ષ સુખની ઇચ્છા થાય. મોક્ષસુખની ઇચ્છા થાય તો જ ધર્મમાં મઝા આવે. આ સાંભળ્યા પછી પણ તમને સંસારનું સુખ ખરાબ લાગે છે ? મોક્ષ સુખની ઇચ્છા થઇ છે ? ઘણા સુખી તેના દુઃખનું રોજ રોદણું કરે છે. તેને કહીએ કે 'ધર્મ કર' તો તે કહે છે કે– 'ધર્મનું કષ્ટ તો અમારાથી વેઠાય જ નહિ.' 'ધર્મનું કષ્ટ તો અમારાથી વેઠાય જ નહિ' આવું કહેનારા દુનિયાનાં સુખ મેળવવા માટે ગમે તેવું કષ્ટ મજેથી વેઠે છે તો આવા જીવો ધર્મ પામી શકે ખરા ?

સમકિતની વાત હું વર્ષોથી કરું છું તો ધર્મ કરનારામાં પણ મારામાં સમ્યક્ત્વ છે કે નહિ તે વિચાર કેટલાએ કર્યો છે ? કમમાં કમ સમકિત પામીને તો મારે મરવું જોઇએ આવો વિચાર પણ કેટલાને આવ્યો હશે ? સમ્યક્ત્વ શું છે ? સમ્યક્ત્વ પામવા શું કરવું જોઇએ તે ખબર છે ? સમ્યક્ત્વ કાંઇ પ્રભાવનાની ચીજ નથી કે હું આપી દઉં અને તમે લઇ લો. સમ્યક્ત્વ તો તમારે જાતે જ પેદા કરવાનું છે. ભગવાન પણ મોક્ષમાર્ગ બતાવે છે તે જે સ્વીકારે તે મોક્ષે જાય. જે ન સ્વીકારે તે મોક્ષે જાય નહિ. તેમ તમારે સમકિત જોઇએ છે ? સમકિત પામવાની મહેનત પણ કરી છે ? સમકિત

પામવું હોય તો શું મહેનત કરવી પડે તેમ પણ કોઇને પૂછ્યું છે ખરૂં ? શાસ્ત્રે કહ્યું છે કે- ગ્રન્થિભેદ વિના સમકિત થાય નહિ તો કઇ ગ્રન્થિ ભેદવાની છે અને તે ગ્રન્થિ શું છે તે ખબર છે ? કર્મની જે ગાંઠ આત્મામાં બેઠી છે તે ગાંઠ ભેદીએ તો સમકિત થાય તે ગાંઠ શું છે તે જાણો છો ? સુતરનાં કોકડાની ગાંઠ ન ખૂલે તો કાપી નાખવી પડે તેમ આ ગ્રન્થિ ભેદવી જ પડે. ગાઢ રાગ અને ગાઢ દ્વેષનો જે ઉદય છે તે જ ગ્રન્થિ છે. તમને ગાઢ રાગ કોના ઉપર છે ? અને ગાઢ દ્વેષ પણ કોના ઉપર છે ? આજના મોટાભાગને સગા મા-બાપ ઉપર પણ રાગ નથી. ભગવાન તો દૂર રહ્યા !

સભા : પૈસા પર વધારે રાગ છે.

પૈસા ઉપર કેમ રાગ છે ? પૈસા ખાઇ શકાય છે ? માટે કહો કે, અમને આ સંસારનાં સુખ ઉપર અને સુખનું સાધન જે સંપત્તિ છે તેના ઉપર રાગ છે અને દુઃખ ઉપર દ્વેષ છે.

સંસારના સુખ ઉપરનો રાગ અને દુઃખ ઉપરનો દ્વેષ એ જ મોટી ભારેમાં ભારે કર્મની ગાંઠ છે.

પ્ર૦ ચક્રવર્તીને પૈસા ઉપર રાગ હતો કે સુખ ઉપર રાગ હતો ?

ઉ૦ 'મારી પાસે આટલા પૈસા છે' તે જ મોટું સુખ હતું. પૈસાની ખુમારી તમને પણ સુખ લાગે છે ને ? બેલેન્સ જોઇ જોઇને રાજી થાવ છો ને ?

પૈસાનો રાગ તો એવો હોય છે કે માંદો પડે તો રોગ સહન કરે પણ ડોકટરાદિને ન બોલાવે. બધાને પૈસા ઉપર એવો રાગ હોય છે કે પોતે ખાય નહિ, બીજાને ખવરાવે નહિ એટલું જ નહિ બીજા ખાય તે ય જોઇ શકે નહિ. પૈસાના ભિખારી પોતે રોગ સહન કરે, ભુખ સહન કરે પણ સુખ ભોગવી શકે નહિ.

સંસારનાં સુખ ઉપરનો રાગ ભૂંડામાં ભૂંડો છે તેમ લાગે છે ? દુઃખ પાપ કર્યું ન હોય તો આવે જ નહિ. તો તેના ઉપર દ્વેષ થાય છે ? જે રાગ અને દ્વેષ ભુંડામાં ભુંડા છે. તે ઠાંસી ઠાંસીને ભરેલા છે તેને કાઢવાનું મન થાય છે ? સંસારનાં સુખનો રાગ કાઢવા ધારીએ તો નીકળે તેવો છે ? દુઃખ ઉપરનો દ્વેષ પણ નીકળે તેવો છે ? તો તે રાગ અને દ્વેષને કાઢવાનું મન થાય છે ? વિરાગ વિના ધર્મ જ નહિ તેમ સમજાય છે ?

(ક્રમશઃ)

પડછાયો...પડછાયો...પડછાયો.!!!

મારી પાછળ પડયો છે.

'કાળોતરા નાગ સમો કાળો ભમર પડછાયો.'

કેમે ય કરીને હટતો નથી, ખસતો નથી.

સકાય સાથે ને સાથે જ;

જ્યાં જાવ ત્યાં એની હસ્તીને હાજરી જ હોય.

સબુર ! હે સોહમ્ના માનવી,

પડછાયો તો એને જ કહેવાયને ! પદાર્થ અને પડછાયો કયારે ય છૂટા પડે ખરા ? એ તો કુદરતના ખોળે બંધાયેલી હકીકત છે.

પણ, હું એવા સામાન્ય તુચ્છ પડછાયાની વાત ચીતરવા તૈયાર નથી. મારી કલમ તો એક વિચક્ષણ પડછાયાની વાત લખવા તલશી રહી છે.

જ્ઞાની—મહાજ્ઞાની પુરૂષો તો આ પડછાયાને સાક્ષાત્ કાળ સર્પની ઉપમા આપી રહ્યાં છે. આ પડછાયાને તેઓ પ્રગટ કાળોતરા નાગ તરીકે બિરાદી રહ્યા છે વિશેષ તેઓ કહે છે

આ પડછાયો માત્ર પડછાયો નથી...ને ને ભરમાતા.

જરા ગાફેલ રહ્યાં કે તેની કાળીછમ કાયા આ જીવનલીલા પર પૂંળો ચાંપવાનું કાર્ય કરે જ છૂટશે.

પડછાયાના પહેરવેશમાં ગોઠવાયેલો આ તો કર્મરાજાનો અવ્વલ નંબરી ગુપ્તચર છે. જેવો એનો કાળો રંગ તેવો જ કઢંગી એનો ઢંગ છે. પડછાયાના લેબાસમાં લપટાયેલો આ ગુપ્તચર એક નંબરનો લુંટારૂ છે. કોઈપણ ભોગે આ આપણો કેડે છોડે એવો નથી.

હજી કદાચ બીજા કોઈ ગુપ્તચરને ઈલુ બનાવીને છટકી શકાય પણ આ ઉઠાવગીરની સામે તો ગમે તેવા ચમરબંધીની ઉસ્તાદી અને ચાલાકી જરાય ચાલતી નથી બરજોરી કરીને કદાચ જૂદો પડવા ધમ્મ્યો તો તો ય જરાય ચસકી શકે તેમ નથી.

કેડે વળગેલો આ પડછાયો આત્માના છિદ્રોની ગવેષણા કરતો જ રહ્યો છે. કાગડાની જેમ વિષ્ટારૂપી ચાંદાઓને જ ગોતતો રહ્યો છે. ચકોર નયનોવાળી ચમડીની જેમ સામાન્ય અવગુણને પણ પકડી પાડે છે. જરાક પ્રમાદમાં કે ગફલતમાં રહ્યા કે તરત જ સિંહની જેવી છલાંગ મારે છે. એના પંજામાં ફસાયા એટલે ત્યાં જ વર્ષો પુરા કરવાના.

આથી જ જ્ઞાની, મહાજ્ઞાની ભગવંતો ઘાંટા પાડી પાડીને પોકારી રહ્યા છે.

સાવચેત ! જરાપણ પ્રમાદ કરશો નહિ.

સાવધાન ! જરાપણ ગાફેલ રહેશો નહિ.

ધર્મનું શરણ સ્વીકારો. ધવલગિરિના ઉતુંગ શિખર પર પહોંચી જાવ.

હા, આ એક જ જગ્યા એવી છે કે જ્યાં પેલો કાળોતરા નાગ સમો કાળો ભમર પડછાયો આવી શકતો નથી. ત્યાં પડછાંયા ને ય પડછાયો નથી ! પડછાયા મુક્ત જીવન જીવવાની આ એક માત્ર સુંદર જગ્યા છે. ચૌદ રાજલોકને અંતે જ આ પડછાયો, જુદાઈ મેળવે છે.

જ્યાં નથી કોઈ કાળો ડાઘ, કે નથી કોઈ અવગુણનો સ્પર્શ.

ત્યાં છે આત્મા મસ્તીની અનુપમ મોજ.

-વિરાગ

પૂ. શ્રી જયશેખરસૂરિ મ. કૃત

"આત્મભાવબોધ કુલકમ્"

[મૂલ તથા સામાન્યર્થ સાર]

- સામાન્યાર્થ વિવેચક -

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક—૪]

હવે સંસારના મૂળ બીજ સમાન સ્ત્રીના મમત્વના ત્યાગનો ઉપદેશ આપે છે—

જં સુવિણે વિ હુ દિટ્ઠા, હરેઇ દેહીણ દેહસવ્વસ્સં;
સા નારી આરી ઇવ, સયસુ તુહ દુબ્બલત્તેણ ॥૨૦॥

માનસિક નિર્બલતાથી સ્વપ્ન વિષે દેખવા માત્રથી પણ જે સ્ત્રી, મનુષ્યના દેહનું સર્વસ્વ હરી લે છે, તે સ્ત્રીને મરકીના રોગ સમાન જાણી તું તેનો ત્યાગ કર.

સ્ત્રીએ મોહનું મુખ્ય અંગ છે, કામનું પ્રધાન શસ્ત્ર છે. તેથી સ્ત્રીના મમત્વને મૂકવા વાસ્તવિકતા વર્ણવે છે પણ સ્ત્રીઓની નિંદા કોઇપણ આપ્તપુરુષ કરે પણ નહિ. બીજે બંધાતા દુઃખાળુ જનવરની જેમ મર્યાદાના બંધનોમાં રહેતી સ્ત્રી સ્વ-પરના કલ્યાણ હિતમાં નિમિત્ત બને છે. આટલી પ્રાસંગિક વાત કરી મૂળ વાત પર આવીએ કે સ્ત્રીએ ખરેખર વિષની વેલડી સમાન છે જેની છાયામાં ગયેલાનો પણ નાશ કરનારી છે. સ્ત્રીનું ચિંતન માત્ર પણ આત્માના વિવેકને ભૂલાવી મનોવિકાર કરનાર બને છે તો તેનો સ્પર્શ-ઉપભોગ આત્માને અધ:પતનની ખાઇમાં પાડે તેમાં નવાઇ નથી.

'જર-જમીન ને જોરુ એ ત્રણ કજિયાના છોરુ' એમ દુનિયામાં પણ કહેવત છે, તે જ રીતના યુદ્ધમાં બહાદુર કોઇથી ગાંજ્યા નહિ જનારા સુભટો સ્ત્રીના કટાક્ષબાણથી વીંધાયેલા બે નબૂલા—બેકાબૂ બની પશુતાને પણ ટપી જાય તેવા કાળાં કામો કરે છે.

માટે આત્મહિતૈષીએ, સ્ત્રીના સંગના સોનેરી સ્વપ્નાઓ દૂરથી જ ત્યજવા જોઇએ ॥૨૦॥

હવે આત્માના મૂઢપણાની પરાકાષ્ઠા બતાવે છે—

અહિલસસિ ચિત્ત સુદ્ધિં, રજ્જસિ અહિલાસુ અહહ મૂઢત્તં;
નીલીમિલિયે વત્થંમિ, ધવલિમા કિં ચિરં ઠાઇ ॥૨૧॥

હે આત્મન્! તારા મૂઢપણાને તો વિચાર કે એક બાજુ મનશુદ્ધિને ઇચ્છે છે અને બીજી બાજુ સ્ત્રીઓને વિષે રાગી થાય છે. ગળી આદિથી રંગેલાં વસ્ત્રમાં ધોળાશ કેટલો વખત ટકી શકે?

આત્માના દંભીપણાના પડદાને ચીરતા કહે છે કે, બેધારી તલવાર સમાન બેવચની બેવા તારો વિશ્વાસ કોણ રાખે ? મિયા-મહાદેવનો કયારે ય મેળ જામે ખરો તેમ દુનિયા કહે છે ! તેમ મનની શુદ્ધિની વાતો કરવી અને મનમલીન બની થાય તેની જેમ કાજળની કોટડી સમાન સ્ત્રીઓને વિષે આસક્તિ રાખવી તે બેનો મેળ જામે ખરો? એક મ્યાનમાં બે તલવાર ન રહે તેમ આસક્તિ અને વિરક્તિ એકબીજાની વિરોધીની કયારે ય સાથે રહે ખરી ? માટે હે આત્મન્ ! તું જડ સંયોગોના રાગને મૂકી સાચા વિરાગભાવને પામીશ તો જ મલીનતાથી મુકાઈ ઉજ્જવલતાના રંગે રંગાઇશ. ॥૨૧॥

સોનાની પણ બેડી બંધન જ કહેવાય તે વાતને સમજાવે છે—

મોહેણં ભવદુરિયે, બંધિઅ ક્ષિત્તોસિ નેહનિગડેહિં;
બંધવમિસેણ મુક્કા, પાહરિઆ તેસુ કો રાઓ ? ॥૨૨॥

મોહરાજાએ તને સ્નેહ રૂપી બેડીઓથી બાંધી, સંસાર રૂપી જેલખાનામાં નાંખ્યો છે. અને આ બંધુઓના-માતા, પિતા સ્નેહી, સ્વજન, સંબંધી આદિના બહાનાથી, નાશી ન જાય માટે પહેરેગીર-ચોકીદારો મૂકયા છે. તો તે બાંધવો આદિના વિષે રાગ શો કરવો ?

સોનાનું પણ પાંજરૂં તે પાંજરૂં જ ગણાય. તેમાં પૂરાયેલો તેમાંથી મુક્ત થવા ઇચ્છે જ. તેમ સોનાની પણ બેડી તે બેડી જ કહેવાય તેના બંધનથી બંધાયેલો પણ મુકિતને ઝંખે. વ્યવહારમાં સમજતી-સમજાવાતી આ વાત માત્ર આત્માના વિષયમાં જ સમજાતી નથી તે મોટું આશ્ચર્ય કહેવાય.

વી.આઇ.પી. રાજકીય કેદીઓને ગમે તેટલી ઐશ-આરામની સગવડ અપાય, બધા સલામ ભરે તો પણ તે પોતાની જાતને કેદી જ માને છે. પહેરેગીર પૂરૂં સન્માન-રક્ષણ આપે તેને બંધન જ માને છે. આવી સીધી સાદી સમજ સ્નેહ રૂપી બેડીમાં જકડાયેલો આત્મરાજા કેમ સમજતો નથી તે સવાલ છે ! પણ મોહે એવી અજ્ઞાન મદીરાનું પાન પાયું છે કે આત્મહિત શત્રુઓને જ સાચા મિત્રો માને છે. સ્નેહ બેડીના બંધનોથી મુકત થવા કુટુંબ-પરિવારાદિ પરના મમત્વને મુકયા વિના કોઇ જ રાજમાર્ગ નથી. આ ભાવના ભાવ. ॥૨૨॥

કર્મસંયોગજન્ય બાહ્ય કુટુંબના મમત્વથી મુકાયેલાને અભ્યંતર કુટુંબ-પરિવારમાં કલ્લોલવાનો ઉપાય બતાવે છે—

ધમ્મો જણણી કરૂણા, ભાયા ભાયા વિવેગનામેણં;
ખંતિ પિઆ સપ્પુત્તો, ગુણિ કુટુંબં ધમં કુણસુ ॥૨૩॥

ધર્મ એજ પિતા છે, કરૂણા એજ માતા છે, વિવેક નામનો ભાઇ છે, ક્ષમા એ પ્રાણપ્રિયા પત્ની છે, સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ આદિ ગુણરૂપ સોહામણા સુપુત્રોને તું તારૂં અંતરંગ કુટુંબ બનાવ. (ક્રમશઃ)

મુક્તિના બીજ રૂપે સમ્યગ્‌દર્શન

રતિલાલ દેવચંદ ગુઢકા (લંડન)

જૈન ધર્મ અધ્યાત્મિક ધર્મ છે ભગવાન મહાવીરે આત્મ તત્વ અને તે સબંધી અન્ય તત્વોની વિવેચના પણ ફરમાવેલી છે જ્ઞાતા ધર્મ કથાંગ શાસ્ત્રમાં વીસ સ્થાનક તપની આરાધના કરવાથી જીવને ભવિષ્ય કાળમાં તિર્થંકરપદની પ્રાપ્તિ સુધી લઇ જાય છે વીસ સ્થાનકપદમાં નવમુ પદ ૐ હ્રીં નમો દંસણસ્સ હોય છે જેને સમ્યગ દર્શન કહેવાય છે શાસ્ત્રોમાં દર્શન શબ્દના જુદા જુદા ત્રણ અર્થ પણ વર્ણવ્યા છે. દર્શન એટલે. તત્વજ્ઞ ન દર્શન એટલે– જોવું દેખવાની ક્રિયા દર્શન એટલે સમ્યગદર્શન સત્ય ઉપર આત્મ વિશ્વાસ.

આત્માની અનુપમ શક્તિના અસ્તિત્વનો વિશ્વાસ તેનું નામ સમ્યગ દર્શન તત્વાર્થ સૂત્રમાં કહ્યું છે, જૈનાગમ કથિત તત્વો અને તેના અર્થોની શ્રદ્ધા તેનું નામ સમ્યગ દર્શન કહેવાય છે, શાસ્ત્ર સિધ્ધાંતમાં કહ્યું છે કે આત્મામાં આત્માનું લીન થવું આત્મ જ સમ્યક્‌દૃષ્ટિ છે આત્માને જે યથાર્થ રૂપમાં જાણે છે. આત્મામાં સ્થિર રહેવું એ જ. સમ્યક ચરિત્ર.

સંતપુરૂષોએ રત્નત્રયની શ્રેષ્ઠતા બતાવતાં ફરમાવે છે કે. વૃક્ષના અસ્તિત્વનો આધાર તેનું મૂળ છે. મૂળ જેટલું મજબૂત તેટલું વૃક્ષ પણ મજબૂત ગણાય છે. વાવાઝોડા અને તોફાની વાયરામાં આપણે જાણીએ છીએ કે ઘણા વિશાળકાય વૃક્ષો ધરાશયી થઇ જાય છે. તેનું કારણ શું ? જેના મૂળ મજબુત ન હોય તે વૃક્ષ જલ્દી પડી જાય છે. મોટા શહેરોમાં પંદર માળ વીસ માળની ઇમારતો ઉભી છે– તેનું કારણ શું છે ? ઇમારતોના પાયા મજબુત છે. સોલીડ છે. બાકી જો મકાનનો પાયો જ ઉંડો ન હોય તો વધારે વખત ઇમારતો ટકતી નથી. એટલે જ શાસ્ત્રમા કહ્યું છે કે રત્નત્રયમાં શ્રેષ્ઠ સમ્યગ દર્શન છે. કારણ કે સમ્યગ દર્શન મોક્ષરૂપ મહા વૃક્ષનું મૂળ કહેવામાં આવ્યું છે. મોક્ષની મંઝલ સાધના સમ્યગ દર્શન વિના સિદ્ધ થઇ શકતી નથી, સમ્યગ દર્શન વિના આગળ વધી શકાતું નથી. સમ્યગ દર્શન વિના પાર પામી શકાતું નથી.

સમ્યગ દર્શન સ્વરૂપના બે ભેદ કહ્યા છે. એક નિશ્ચય સમ્યગ દર્શન અને બીજું વ્યવહાર સમ્યગ દર્શન વ્યવહારથી જીવ–અજીવ–પુણ્ય–પાપ–આશ્રવ–સંવર–બંધ–નિર્જરા અને મોક્ષ આ નવ તત્વોમાં શ્રદ્ધા કરવી તેનું નામ સમ્યગ દર્શન. જિનેશ્વર ભગવંતોએ ફરમાવ્યું છે કે નિશ્ચયથીતો આત્મા જ સમ્યગ દર્શન છે.

જેને તત્વ સ્વરૂપનું ભાન થઇ ગયું છે. તે આત્મા ઠરી જાય છે. તેની ચંચળતા

શાંત બની જાય છે.

જેથી કહ્યું છે કે જે મૌન છે તે સમ્યગ દર્શન છે જે સમ્યગ દર્શન છે તે મૌન છે. મૌન એટલે મુનિભાવ. સમ્યગ દર્શને આત્માની નવે તત્વો ઉપર શ્રદ્ધા હોય છે. જીવ-અજીવના ભાવો અને જેટલાની શ્રધ્ધા છે પુણ્ય-પાપની ભેદ રેખાનો વિશ્વાસ છે, આશ્રવ-સંવરઅપરિણતિની શ્રદ્ધા છે, બંધ-નિર્જરાના કારણો ઉપર અને મોક્ષના દ્વારનો અપૂર્વ વિશ્વાસ જેને પ્રગટયો છે, તે સમકિતી જીવ સંસારના વિભાવો જોઇ મૌન બની જાય છે. અને આવું મૌનત્વ જેને પ્રગટી જાય છે. તેને સમ્યકત્વી કહેવાય છે. સમ્યગ દર્શનની પ્રાપ્તિ વિના સમ્યગજ્ઞાન કે સમ્યગ ચારિત્ર પ્રગટ થઇ શકતું નથી. આજના કાળમાં તો ઘણી જાતના જ્ઞાનીઓ પંડીતો અને ભગવાનો જોવા મળે છે. જેની જ્ઞાન કે વિદ્વકળા જોઇ કયારેક કયારેક આપણે તમો નાચી ઉઠો છો વાહ ! વાહ ! ના શબ્દો પણ ઉચ્ચારીએ છીએ પરંતુ ત્યાં ચાર (રાખજો) રાખવાનું કે આ બધી વ્યકિતઓનું જ્ઞાન સમ્યગજ્ઞાન નથી- જેને સમ્યગ દર્શન હોય તેનું જ જ્ઞાન સમ્યગ જ્ઞાન કહેવાય છે

આજે કહેવાતાં સાધકો સન્યાસીઓ સાધુઓ કે યોગીઓનો પાર નથી. હજારોની સંખ્યામાં વધી રહ્યા છે. જેની કઠોર સાધના કે ઘણીવાર બાહ્ય આકરી ક્રિયાઓ: જોઇ આપણે તેના ચરણોના દાસ પણ બની જઇએ અને એવું પણ બને કે તેમની છટા ચપળતા અને વિદ્વા જોઇ કોઇ આપણી આકાંક્ષા સેવી તેની પાછળ અંધશ્રધ્ધા દોરી જાય છે પણ અનંત જ્ઞાનના ભંડાર અને દયાના સાગર કરૂણાનિધાન પ્રભુ મહાવીરે આવી માત્ર બહારની આકરી સાધના કે ક્રિયા પાલકને, સમ્યગ ચારિત્રવાન કહ્યાં નથી. જ્યાં સુધી સ.દર્શન પ્રગટે નહિં, ત્યાં સુધી આવી કઠોર ક્રિયા અને ચારિત્રના ઉપાસક સ.ચારિત્રવાન ગણાતા નથી. સમ્યગ ચારિત્રવાન આત્માનું જીવન સમ્યકત્વ રસથી નીતરતું હોય, તેમનું ચારિત્ર તેજસ્વી અને યશસ્વી હોય છે.

સમ્યગ ચારિત્રની સાધના કરતાં કરતાં કોઇ સંજોગો વસાત આત્મા શિથીલ બની ચારિત્રથી ઠગી જાય છે કે પડી જાય છે તો તેને સૂત્રકાર ભ્રષ્ટ કહેતા નથી. સમ્યકત્વથી પડે તેને જ પતિત કહેવાય છે. કારણ કે તેને મુકિતની સંભવના નથી. માટે કહેવાય છે કે સ.દર્શનથી પતિત તે પતિત છે. તેનો નિર્વાણ મોક્ષ થતો નથી. સ.ચારિત્રથી હીન તે હીન પતિત કે ભ્રષ્ટ નથી. તેઓ ફરી પુરૂષાર્થ કરી ચારિત્રથી નિર્વાણ પામી જાય છે. શાસ્ત્રકારોનું આવું સુંદર ફરમાન હોવા છતાં આજે સમાજ સંઘ કે શાસનમાં કોઇ સાધક આત્મા ચારિત્રથી સંયમ કે દીક્ષાથી પડવાર્ક જાય ત્યારે તેની ઘણીવાર અવહેલણા નિંદા કરવામાં આવે છે ? એ આપણે પણ જાણીએ છીએ પણ, સૌ પ્રથમ તો એને વ્હાલથી મીઠાશથી પ્રાય વચનોથી આવકારવો જોઇએ, એટલે કે એને ચારિત્ર ઉપર

અણુગમો કેમ થયો એને માટે એને દાખલા દૃષ્ટાંતો અને હિત વચનોથી ચારિત્રના પડવાઇને સ્થિર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. અને તે ફરી શ્રધ્ધાથી પતિત ન બને તેની સાવધાની કે સાવચેતી સુંદર રાહ બતાવવા જરૂર પ્રયત્ન કરવો. અને તેમ છતાં જો ન સમજે ન ગણકારે અને સ્વરછંદી બની ઉદ્દંડ એ શાસનની અવહેલના કરાવે કે દેવગુરૂ ધર્મની અવહેલના કરાવે શાસનને બટો લગાવે તેવું કાર્ય કરે તો તે વંદનીય નથી. પૂજનીય નથી. તે સાધુ નથી.

એક તરફ સમ્યગ દર્શનનો લાભ અને બીજી તરફ ત્રૈલોકયનો લાભ થતો હોય તો તેનાથી સમ્યગ દર્શનનો લાભ શ્રેષ્ઠ છે. સમ્યકત્વના ભાવો કેટલા મંગળ અને રૂડા રળિયામણા છે તેને વાંચો વિચારો. જો કે સમકિતને ચિંતામણીની ઉપમા આપી છે ? અને સમકિત રત્નથી બીજું કોઇ મોટું રત્ન નથી. સમકિત બંધુથી બીજા કોઇ મોટો બંધુ નથી. સમકિત મિત્રથી બીજો કોઇ મોટો મિત્ર નથી. સમકિત લાભથી બીજો કોઇ મોટો લાભ નથી,

સમ્યકત્વ જેવો પ્રભાવશાળી એના જેવો ચેમ્પીઅન અને એના જેવો સરજન ડોકટર કોઇ નથી. એના જેવો લોર્ડ કોઇ નથી, એના જેવો ધનવાન કોઇ નથી, એના જેવો રાજા કોઇ નથી, સમ્યકત્વ બધુ જ અપાવે છે. સમ્યકત્વ સભા વ્હાલા કરતાં વધારે વ્હાલ કરાવે છે પિતા તે જ છે, માતા તે જ છે, ભાઇ તે જ છે અને ખરો મિત્ર પણ તે જ છે કોઇપણ ધાર્મિક ક્રિયાનું સ્ટાર્ટ ચાવી સમ્યકત્વ સમ્યગ દર્શન સમ્યગ જ્ઞાન છે.

આવું સમકિત આત્મા માટે લાભદાયી છે. જગતના જીવો સુખ શાંતિ માટે કેટલી મહેનત કેવ કેવા કર્મ કેટલી મુશ્કેલી અને કેટલા ઉજાગરા કરે છે. છતાં સુખ શાંતિ કયાંયે દેખાતા નથી જ્ઞાનીજનો કહે છે કે "હે ભાગ્યશાળી ભવાત્માઓ ! તમારે ખરેખર સુખ શાંતિની કામના હોય તો સમ્યગ દર્શનના ભાવો કેળવો, કારણ કે નિર્મળ સમકિત એ અતુલ સુખનું નિદાન છે."

આત્મા એ જડ નથી પરંતુ ચેતન છે. જડ તે ચેતન નથી પરંતુ જડ છે સુખ એ આત્માનો સ્વભાવ છે પરંતુ જડનો સ્વભાવ નથી. આવી દઢ શ્રદ્ધા જો આપણે અપનાવીએ તો સંસારનો ક્ષણિક અને નાશવંત સુખ તે મારો સ્વભાવ નથી આવી શ્રદ્ધા પૂર્વક વાતો કરતા થઇ જઇએ. મારૂં સ્વરૂપ તો વિવેક ચિંતનવાળું જાગૃતિવાળું પરમ સુખદાયી છે. મારૂં સુખ કે મારી શાંતિ કયારેય પણ મારાથી દૂર નહી જાય. માત્ર ત્યાં સમજણ અને શ્રધ્ધાની જ જરૂર છે. આટલું જો સમજીએ શ્રધ્ધા બેસાડીએ તો પછી

આપણા જેવો બીજો કે ઇ સુખનો સ્વામી નથી. આપણે જૈન ધર્મના ઉપાસકો છીએ. જૈન ધર્મ આત્માની વાતો કહે છે. આત્માની અપૂર્વ શક્તિનું દર્શન કરાવે તે જિનધર્મ જૈન ધર્મ કહેવાય છે. સમકિતિ આત્મા સંસારથી અલિપ્ત ગણાય છે. કહ્યું છે.

સાંભળો આ વાત તો શાસ્ત્રમાં ઠેકાણે ઠેકાણે આવે છે શું ? શાસ્ત્રાધારે સમકિત દૃષ્ટિ આત્મા કરે કુટુંબ પ્રતિપાળ, અંતરથી ન્યારો રહે જેમ ધાવ ખિલાવે બાળ. કાદવમાં કમળ ઉગે છે. છતાં તે કમળ કાદવથી લેપાતું નથી કમળ ઉપર પાણીનું બીંદુ પડે તો ય તે પત્ર પાણીથી રપર્શાતું નથી. પરંતુ તહકાની અંદર કમળ પત્ર પર રહેલુ પાણીનું બીંદુ મોતી સરીખું લાગે છે. જેમાં જેનો જન્મ છે છતાં તેમાં તેનો લેપ નથી આનું નામ અલિપ્તતા કહેવાય છે. અગાઉ રાજા મહારાજાઓના રાજયમાં રાજપુત્રોને રાજમાતાઓ દુધપાન કરાવતી ન હતી. અને આજે પણ પશ્ચિમ દેશોમાં કે તાં યુરોપમાં માતા પોતાના બાળકને દુધપાન તો નથી જ કરાવતી એટલું જ નહિં પણ ગ્યેાર ગામ નું દૂધ પણ પીવડાવતી નથી અને શરૂઆતથી સોડા જેવી પીણાઓ આપવામાં આવે છે અને મૂળથી જ અભક્ષ્ય અને અસૂરો ભરણ પોષણ મળે છે અને વળી ઘણી માતાઓ યુરોપમાં પણ પોતાના બાળકને સાચવવા રમાડવા બીજી કહેનો જે પોતાનું જીવન નિર્વાહ કરવા માટે આવું સુંદર કાર્ય કરતી હોય છે ત્યાં બાળકને મૂકવામાં આવે છે. તેના માટે ધાવ એટલે રાજપુત્રોને રમાડવા સાચવવા માટે ધાવમાતાઓ ત્યાં આવતી હતી તે ધાવમાતાઓ રાજપુત્રોનું પોષણ અવશ્ય કરે છે. પરંતુ અંતરથી એમ સમજે છે કે આ સંતાન મારું નથી. આટલો વિવેક તો અવશ્ય હોય છે અંતર તો ન્યારું જ હોય છે. સમકિતી આત્મા પણ સંસારમાં રહેતા થકાં કુટુંબ પરિવારનું કર્તવ્ય દૃષ્ટિથી જ પાલન કરે છે એ અંતરથી વિચારે મારે ના છૂટકે કરવું પડે છે અને તેનું અંતર તો બધાથી પર અને વિવેકવંતુ ન્યારું જ હોય શ્ર.

આપણી જીંદગીના ઘણા વર્ષો વીતી ગયા ? છતાં આજ સુધી આપણે સમ્યગ દર્શન વિષે સમજવાની કોશીષ તો વિરલા જ આત્મા કરે જેને આત્માના શુધ્ધ તત્વની શ્રદ્ધા હોય તેની સામે કદાચ સ્વર્ગમાંથી કોઇ દેવ કસોટી કરવા આવે તો પણ શ્રદ્ધાથી ડગે નહિં પૂર્વે આવા ઉત્તમ આત્માઓ હતા જેઓ ભગવાન મહાવીરના પરમ ઉપાસક આણંદ શ્રાવક અને કામદેવ શ્રાવક હતાં ઘણી કસોટીમાંથી પસાર થયા જીવન સામે મૃત્યુનો પ્રશ્ન આવ્યો છતાં પણ દેવ-ગુરૂ અને ધર્મની શ્રદ્ધામાં અડગ રહ્યા. આવી શ્રધ્ધા તમો અમો આપણે બધા કેળવીએ અને આત્મામાં ઉતારી પ્રભુ મહાવીરના સાચા ઉપાસક બની રહીએ એજ શુભ ભાવના.

પ્રભાવક ચરિત્રના પ્રભાવક અંશો

પં. શ્રી રાજેશકુમાર શાંતિલાલ શાહ

૧. 'જો આના પિતાએ દીક્ષા લીધી ના હોત તો પુત્ર જન્મના આ મહોત્સવમાં આથી પણ વધુ હર્ષ હોત' કોઈક વ્યક્તિના મોઢેથી નીકળેલા આ શબ્દો સાંભળીને હમણાં જ જન્મેલા બાળકે પૂર્વભવના ઉત્તમ સંસ્કારના સાથે આવેલા જ્ઞાનના અંશથી ખુશ-ખુશ થતાં વિચાર્યું કે- 'અહો ! હું ધન્ય છું કે જેના ઘરમાંથી પિતાએ દીક્ષા સ્વીકારેલી છે સંયમના સ્વીકારથી મારો પણ ભવ-નિસ્તાર થઇ જાય તો કેવું સારૂ ?' અને જનમતાની સાથે જ સંયમ લેવાની આ ભાવનાને પૂર્ણ કરવા શૈશવકાળના કાંતિલ-અસરકારક શસ્ત્ર જેવા રૂદનનો આશરો લઇને તેણે સતત રડવાનું શરૂ કરી દીધું. કોઈપણ હિસાબે શાંત ન રહેતા આખરે કંટાળીને માતાએ આ પુત્ર પિતા મુનિને સોંપી દીધો. પિતા મુનીને સોંપ્યા પછી શાંત થયેલો જાણીને બાળકને પાછો લેવા માતા આવી. વિવાદ થયો. અને આખરે રાજસભામાં માતાએ ધરેલા રમકડાં-ઉત્તમ મિષ્ટાન તરફ નજર પણ નહીં નાંખતાં પિતા મુનિ તરફથી બતાવવામાં આવેલા રજોહરણને જોતાની સાથે જ હાથમાં ગ્રહણ કરી લઇને જે બાળક રાજ્યસભામાં હર્ષના ઉછરંગમાં નાચ્યો હતો તો વજ્રકુમાર સમય જતાં શ્રી વજ્રસ્વામિ બન્યા. તેમના અદ્ભુત ગુણોથી તેમના શરીરના સંગ માટે આસકત બનેલી એક રૂકિમણી નામની શ્રેષ્ઠિ કન્યાએ પોતાના પિતાને કહ્યું કે- 'આ જનમમાં તો વજ્રસ્વામી જ મારા પતિ થશે. અન્યથા આ શરીર અગ્નિસ્નાન કરશે.' પિતાએ ઘણું સમજાવ્યા છતાં જ્યારે રૂકિમણી માની નહિ. ત્યારે પિતાએ વજ્રસ્વામીને સો કરોડનું ધન તથા રૂપ-લાવણ્ય નીતરતી કન્યાને ગ્રહણ કરવા વિનંતિ કરી. એના જવાબમાં વજ્રસ્વામીને કહ્યું કે- રેતી માટે રત્નની રાશિને, તૃણ માટે કલ્પવૃક્ષને, ભૂંડ માટે ગજેન્દ્રને, કાગડા માટે હંસરાજને, ઝુંપડી માટે મહેલને, ખારા પાણી માટે અમૃતને અને કન્યાના શરીરના સંગથી તું મારા તપનો ભંગ કરવા ઇચ્છે છે. અગર તારી પુત્રી મારામાં અનુરાગી હોય તો મેં લીધા વ્રતને સ્વીકારે' આટલું સાંભળતાં જ પુત્રીએ તરત સંયમ ધર્મનો સહર્ષ સ્વીકાર કર્યો.

આ રીતે લોકોના વિષય ઝેરને ઓકાવી ઓકાવીને સંયમના અમૃત-પાન કરાવનારા દશપૂર્વધર શ્રી વજ્રસ્વામીને મારા અનંતશઃ વંદના.

૨. અનેકાંતવાદની વિદ્યા વિનાની વિદ્યાને અધૂરી સમજીને રાજ્ય તરફથી થયેલા જેના ભવ્ય નગરપ્રવેશના ઉત્સવ સમયે નાખુશી બતાવીને જેણે પોતાના પુત્ર આર્યરક્ષિતને અનેકાંતવાદ ભણવા હોંશના ઉમળકાપૂર્વક વીરતાભરી વિદાય આપી હતી તે જ માતા

એક દિવસ મુનિ બની ગયેલા આર્યરક્ષિત પુત્રની વિરહની વેદનામાં બેચેન જિંદગી ગુજારી રહી છે ત્યારે આર્યરક્ષિતને ઘરે પાછા લઇ જવા આવેલા ફલ્ગુરક્ષિતને તથા ત્યારબાદ પિતાને સંયમ આપીને આખરે માતાના પોતાના ઉપરના મોહને દૂર કરી સંયમના પંથે ચડાવનારા હે કુટુંબ નિસ્તારક 'શ્રી આર્યરક્ષિત મહામુનીશ ! આપને અમારા કોટિશઃ વંદના.

૩. 'આવી અભાગણી, બાપ વગરની ભીખારડીના પેટે પુત્ર જન્મી જ શી રીતે શકે ? આવીના પેટે તો છોકરી જ જનમવાની છે. અને પાછા ખીરનું ભોજન કરવાના આવી અભાગણીને ડોહલા જાગે છે.' સાસુના આવા કઠોર શબ્દો સાંભળીને દુઃખી દુખી થઇ ગયેલી એક સ્ત્રીને સાંત્વન આપી જ્ઞાનબળથી પુત્ર જન્મ અને ડોહલાની પૂર્ણતાની વાત કરી હતી અને કાળક્રમે તે પુત્ર-પિતા તથા માતાને જેમણે સંયમ ગાત અર્પણ કર્યું હતુ તે શ્રી આર્યનંદિલાચાર્યના ચરણોમાં કોટિ કોટિ વંદના.

૪. આખરે 'જો હું આ ગધેડા, નીચ-નાલાયક ગર્દભિલ્લ રાજાને બનતી ઝડપે તેના પુત્ર-પશુ અને બાંધવો સહિત ઉચ્છેદી નહિ નાંખુ તો, તો જૈનધર્મની હિંસા કરનારા, બ્રાહ્મણ અને બાળકાદિની હત્યા કરનારા તથા જિનેશ્વરના બિંબને ભાંગી ભૂકકો કરનારા, પાપાત્માઓનું પાપ મારા માથે.' આવી ભીષ્મ અને દુર્ધર પ્રતિજ્ઞા કરીને જેમણે એક રૂપવતી સરસ્વતી નામના સાધ્વીજી ઉપર શીયળના ખતરાને ઉભો કરનારા દુરાચારી ગર્દભિલ્લ રાજાને ખેદાન-મેદાન કરી નાંખવા ગર્દભિલ્લ સામે સંગ્રામ ખેડયો શત્રુરાજાના સૈન્ય દ્વારા દુરાચારીને પૃથ્વી ઉપર પછાડીને જીવતો ને જીવતો બાંધીને જેની સામે હાજર કરવામાં આવ્યો સાધ્વી સામે શીયળનું જોખમ ઉભું કરનારને જીવતો જ વાઢી નાંખવાનો રોષ હોવા છતાં આખરે ધ્યાનજર કરીને જેમણે પાપનું પ્રાયશ્ચિત કરવા રાજાને સ્થાનમાં સમજાવ્યો અને છેવટે જીવતો જ છોડી મૂક્યો (પણ આખરે જંગલના ભૂખ્યા વિકરાળ વાઘે રાજાને ફાડી ખાધો.) એવા ચતુર્થીની સંવત્સરીના પ્રવર્તક પૂ. કાલિકાચાર્યને અનંતશઃ વંદના.

૫. વન-જંગલોમાં વરસોથી રાન-રાન ભટકી ભટકીને આખરે તીક્ષ્ણ બુધ્ધિના ધણી નાગાર્જુને એક દિવસ સુવર્ણસિદ્ધ રસ તૈયાર કર્યો. સૌથી પહેલી ભેટ ગુરૂવરના ચરણોમાં ભેટ ધરવા નાગાર્જુને પોતાના એક શિષ્ય સાથે કાચની શીશીમાં સિદ્ધિરસને ભરીને પૂ. ગુરૂદેવશ્રી તરફ મોકલ્યો. નાગાર્જુને મોકલેલી સુવર્ણરસની બાટલીને પૂ. ગુરૂદેવે એક ક્ષણનો વિલંબ કર્યા વિના ભીંત સાથે ભટકાવીને ફોડી નાંખી. નાગાર્જુનની વરસોની મહેનત કાચી સેકંડમાં પૃથ્વી ઉપર ઢોળાઇ ગઇ. નાગાર્જુનનો શિષ્ય સમસમી ઉઠયો હજી નાગાર્જુનનું અપમાન બાકી રહી ગયુ હોય તેમ પૂ. ગુરૂદેવશ્રીજીએ

કાચની બીજી બાટલીમાં પોતાનું માતુ (મૂત્ર) ભરીને આપ્યું પેલો શિષ્ય રોષથી વધુ સળગી ઉઠયો ગુરૂમૂત્રની બાટલી લઈને આવેલા શિષ્યે નાગાર્જુનને સુવર્ણરસની ઇજ્જતની અવહેલનાની વાત કરી. સાંભળતા જ ક્રોધાયમાન થઇ ગયેલા નાગાર્જુને પણ તે બાટલી પત્થર ઉપર પટકી દીધી પણ ત્યાં સળગતા કોઈ અગ્નિના કારણે તે પૂ. ગુરૂદેવના મૂત્રથી પત્થર પણ સુવર્ણ બની ગયો. આ જોઇને નાગાર્જુન આશ્ચર્ય પામ્યો ઓહ ! જે સુવર્ણરસની સિદ્ધિ માટે મેં જીંદગીના વરસોના વરસોને વેડફી નાંખ્યા એ રસની સિદ્ધિ તો મારા ઉપકારી ગુરૂદેવ યોગસિધ્ધ મહાપુરૂષના મૂત્રમાં છૂપાયેલી પડી છે. ફેંકી દેવા જેવી ચીજમાં છૂપાયેલી સુવર્ણસિદ્ધિને મેં જીંદગીનું લક્ષ્ય બનાવી વરસોની વણઝારને વેડફી નાંખી

આવા નાગાર્જુનના પ્રતિબોધક, અને જેમના નામથી નાગાર્જુને પાલિતાણા શહેર વસાવ્યુ એ પૂ. યોગસિધ્ધ પાદલિપ્તસૂરી. મહારાજાના ચરણોમાં અનંતશઃ વંદના.

૬. બોળના દડબાથી શત્રુના સૈન્યને જેણે ભાંગી નાંખ્યુ હતુ તેથી ગુડશસ્ત્રથી ઓળખાતા એક બૌધ્ધ દર્શનના સાધુને જૈન સાધુએ વાદમાં ભૂંડી રીતે પરાજય પમાડતા અનશન કરીને યક્ષ બનેલા બૌધ્ધ સાધુએ જૈન સાધુને સતાવવા માંડયા. આ વાતની જાણ થતાં જે આ જ યક્ષની મૂર્તિના કાન ઉપર પગરખા રાખીને સૂઇ ગયેલા અને રાજા તરફથી યક્ષ સામે પગ રાખનારા જેમને લાકડીઓ અને પત્થરોના ફટકા મારવાથી તે ફટકાનો માર રાજાના અંતઃપુરની રાણીઓને પડવા લાગ્યો અને તેથી ફફડી ગયેલા રાજા તથા પ્રજાને જૈન ધર્મની અનુરાગી બનાવ્યા. આ રીતે જૈન સાધુને પજવણી દૂર કરીને જૈન શાસનનો ઝંડો લહેરાતો કરનારા પૂ. આ. શ્રી આર્યખપુટાચાર્યને મારા કોડો વંદન.

૭. 'બ્રાહ્મણોને જે જૈન સાધુઓ પ્રણામ નહિ કરે તેમના પ્રાણનો નાશ કરવામાં આવશે' આવી આજ્ઞા કરનારા મિથ્યાદૃષ્ટિ દાહડ રાજાની જ સભામાં કરેણુની સોટીઓ ફેરવવા માત્રથી બ્રાહ્મણોના માથા ધડથી છૂટા પાડી દઈને દાહડને ફફડતો કરી મૂકવા દ્વારા તેની દુષ્ટ આજ્ઞાને રફે દફે કરાવી દઈને જેમણે કરેણુની સોટી ઘુમાવીને દરેક બ્રાહ્મણોને શ્રાવક બનાવ્યા અને જૈનધર્મ તરફ વાળ્યા એવા આચાર્યદેવ શ્રી મહેન્દ્રસૂરી મહારાજા કોટિશઃ વંદના.

(ક્રમશઃ)

જ્ઞાન ગુણ ગંગા

—શ્રી મજ્ઞાંગ

: શ્રી પન્નવણાસૂત્ર અંતર્ગત મહાદંડક દ્વાર :

(સર્વ જીવોના અલ્પબહુત્વ સ્વરૂપ મહાદંડક).

सव्वत्थोवा गब्भवक्कंतिया मणुस्सा १, मणुस्सीओ संखिज्जगुणाओ २, बायरतेउकाइआ पज्जत्तया असंखिज्जगुणा ३, अणुत्तरोववाइया देवा असंखिज्जगुणा ४, उवरिमगेविज्जगा देवा संखिज्जगुणा ५, मज्झिमगेविज्जगा देवा संखिज्जगुणा ६, हिट्ठिमगेविज्जगा देवा संखिज्जगुणा ७, अच्चुए कप्पे देवा संखिज्जगुणा ८, आरणे कप्पे देवा संखिज्जगुणा ९, पाणए कप्पे देवा संखिज्जगुणा १०, आणए कप्पे देवा संखिज्जगुणा ११, अहे सत्तमाए पुढवीए नेरइया असंखिज्जगुणा १२, छट्ठीए तमाए पुढवीए नेरइया असंखिज्जगुणा १३, सहस्सारे कप्पे देवा असंखिज्जगुणा १४, महासुक्के कप्पे देवा असंखिज्जगुणा १५, पंचमाए धूमप्पभाए पुढवीए नेरइआ असंखिज्जगुणा १६, लंतए कप्पए देवा असंखिज्जगुणा १७, चउत्थीए पंकप्पभाए पुढवीए नेरइआ असंखिज्जगुणा १८, बंभलोए कप्पे देवा असंखिज्जगुणा १९, तच्चाए वालुयप्पभाए पुढवीए नेरइआ असंखिज्जगुणा २०, माहिंदे कप्पे देवा असंखिज्जगुणा २१, सणंकुमारे कप्पे देवा असंखिज्जगुणा २२, दोच्चाए सक्करप्पभाए पुढवीए नेरइया असंखिज्जगुणा २३, संमुच्छिमा मणुस्सा असंखिज्जगुणा २४, ईसाणे कप्पे देवा असंखिज्जगुणा २५, ईसाणे कप्पे देवीओ संखिज्जगुणाओ २६, सोहम्मे कप्पे देवा संखिज्जगुणा २७, सोहम्मे कप्पे देवीओ संखेज्जगुणाओ २८, भवणवासी देवा असंखेज्जगुणा २९, भवणवासिणीओ देवीओ संखेज्जगुणाओ ३०, इमीसे रयणप्पभाए पुढवीए नेरइआ असंखिज्जगुणा ३१, खहयरपंचिंदियतिरिक्ख जोणिया पुरिसा असंखिज्जगुणा ३२, खहयरपंचिंदियतिरिक्ख जोणिणीओ संखिज्जगुणाओ ३३, थलयरपंचिंदियतिरिक्खजोणिआ पुरिसा संखिज्जगुणा ३४, थलयरपंचिंदियतिरिक्ख जोणिणीओ संखिज्जगुणाओ ३५, जलयरपंचिंदियतिरिक्ख जोणिआ पुरिसा संखिज्जगुणा ३६, जलयरपंचिंदियतिरिक्ख जोणिणीओ संखिज्जगुणाओ ३७, वाणमंतरा देवा संखिज्जगुणा ३८, वाणमंतरीओ देवीओ

संखिज्जगुणाओ ३९, जोइसिया देवा संखिज्जगुणा ४०,

जोइसिणीओ देवीओ संखिज्जगुणाओ ४१, खहयरपंचिंदियतिरिक्ख जोणिआ नपुंसगा संखिज्जगुणा ४२, थलयरपंचिंदियतिरिक्ख जोणिआ नपुंसगा संखिज्जगुणा ४३, जलयरपंचिंदियतिरिक्ख जोणिआ नपुंसगा संखिज्जगुणा ४४, चउरिंदिया पज्जत्तया संखिज्जगुणा ४५, पंचिंदिया पज्जत्तया विसेसाहिया ४६, बेइंदिया पज्जत्तया विसेसाहिया ४७, तेइंदिया पज्जत्तया विसेसाहिआ ४८, पंचिंदिया अपज्जत्तय असंखेज्जगुणा ४९, चउरिंदिया अपज्जत्तया विसेसाहिया ५०, तेइंदिया अपज्जत्तया विसेसाहिया ५१, बेइंदिया अपज्जत्तया विसेसाहिया ५२, पत्तेय सरीर बायरवणस्सइ काइया पज्जत्तया असंखिज्जगुणा ५३, बायरनिगोया पज्जत्तया असंखिज्जगुणा ५४, बायरपुढवीकाइया पज्जत्तगा असंखिज्जगुणा ५५, बायरआउकाइया पज्जत्तया असंखिज्जगुणा ५६, बायरवाउकाइया पज्जत्तगा असंखिज्जगुणा ५७, बायरतेउकाइया अपज्जत्तगा असंखिज्जगुणा ५८, पत्तेयसरीर बायरवणस्सइकाइया अपज्जत्तगा असंखिज्जगुणा ५९, बायरनिगोया अपज्जत्तया असंखिज्जगुणा ६०,

बायर पुढवीकाइया अपज्जत्तया असंखिज्जगुणा ६१, बायर आउकाइया अपज्जत्तय असंखिज्जगुणा ६२, बायरवाउकाइया अपज्जत्तया असंखिज्जगुणा ६३, सुहुमतेउकाइया अपज्जत्तया असंखिज्जगुणा ६४, सुहुमपुढवीकाइया अपज्जत्तया विसेसाहिया ६५, सुहुमआउकाइया अपज्जत्तया विसेसाहिया ६६, सुहुमवाउकाइय अपज्जत्तया विसेसाहिया ६७, सुहुमतेउकाइया पज्जत्तया संखिज्जगुणा ६८, सुहुमपुढवीकाइया पज्जत्तया विसेसाहिया ६९, सुहुमआउकाइया पज्जत्तया विसेसाहिया ७०, सुहुमवाउकाइया पज्जत्तया विसेसाहिआ ७१, सुहुमनिगोया अपज्जत्तय असंखिज्जगुणा ७२, सुहुमनिगोया पज्जत्तया संखिज्जगुणा ७३, अभवसिद्धिआ अणंतगुणा ७४, परिवडियसम्मद्दिट्ठि अणंतगुणा ७५, सिद्धा अणंतगुणा ७६, बायरवणस्सइकाइया पज्जत्तमा अणंतगुणा ७७, बायरपज्जत्ताविसेसाहिआ ७८ बायरवणस्सइकाइया अपज्जत्तगा असंखिज्जगुणा ७९, बायरअपज्जत्तगा विसेसाहिआ ८०,

बायराविसेसाहिआ ८१, सुहुमवणस्सइकाइया अपज्जत्तया असंखिज्जगुणा

૮૨, સુહુમઅપજ્જત્તયા વિસેસાહિયા ૮૩, સુહુમવણસ્સઇકાઇયા પજ્જત્તયા સંખિજ્જ-ગુણા ૮૪, સુહુમપજ્જત્તયા વિસેસાહિયા ૮૫, સુહુમાવિસેસાહિયા ૮૬, ભવગિદ્ધિયા વિસેસાહિઆ ૮૭, નિગોયજીવા વિસેસાહિયા ૮૮, વણસ્સઇજીવા વિસેસાહિયા ૮૯, એગિંદિયા વિસેસાહિયા ૯૦, તિરિક્ખ જોણિયા વિસેસાહિયા ૯૧, મિચ્છાદિટ્ઠી વિસેસાહિઆ ૯૨, અવિરયા વિસેસાહિયા ૯૩, સકસાઈ વિસેસાહિઆ ૯૪, છઉમત્થા વિસેસાહિઆ ૯૫, સજોગી વિસેસાહિઆ ૯૬, સંસારત્થા વિસેસાહિઆ ૯૭, સવ્વજીવા વિસેસાહિઆ ૯૮ ॥

ભાવાર્થ : સૌથી થોડા ગર્ભજ મનુષ્યો છે સંખ્યાતા કોટાકોટી પ્રમાણવાળા હોવાથી ૧, તેમના કરતાં માનુષીઓ-સ્ત્રીઓ સંખ્યાતગુણી છે સત્તાવીશગુણી અધિક હોવાથી, કહ્યું છે કે—'સત્તાવીસગુણા પુણ મણુયાણું તદહિઆ ચેવ' અર્થાત્ મનુષ્યની સ્ત્રીઓ મનુષ્ય કરતાં સત્તાવીશગુણી અધિક છે ૨, તેથી બાદર તેઉકાય પર્યાપ્ત જીવો અસંખ્યગુણા છે—કતિપયવર્ગન્યુન આવલિકા ઘન સમયના પ્રમાણવાળા હોવાથી ૩, તેથી અનુત્તરવિમાનવાસી દેવો અસંખ્યગુણા છે, શ્રેણપલ્યોપમના અસંખ્યેયભાગવર્ત્તિ આકાશ પ્રદેશની રાશિ પ્રમાણ હોવાથી ૪, તેથી ઉપરિતન ત્રણ ગ્રૈવેયકના દેવો સંખ્યાતગુણા છે, કેમકે, બૃહત્તરપલ્યોપમના અસંખ્યતભાગવર્ત્તિ આકાશપ્રદેશની રાશિપ્રમાણ છે ૫, તેથી મધ્યમ ત્રણ ગ્રૈવેયકના દેવો સંખ્યાતગુણા છે ૬, તેથી અધસ્તન નીચેના ત્રણ ગ્રૈવેયકના દેવો સંખ્યાતગુણા છે ૭, તેથી અચ્યુત દેવલોકના દેવો સંખ્યાતગુણા છે ૮, તેથી આરણ દેવલોકના દેવો સંખ્યાતગુણા છે ૯, [જો કે આરણ—અચ્યુત દેવલોક સમાન શ્રેણિમાં અને સમાન વિમાનની સંખ્યાવાળા છે તો પણ કૃષ્ણપાક્ષિક જીવો તથાસ્વભાવથી દક્ષિણદિશામાં વધારે ઉત્પન્ન થાય છે તેથી અચ્યુતકલ્પની અપેક્ષાથી આરણકલ્પના દેવો સંખ્યાતગુણા છે.)

તેથી પ્રાણત કલ્પના દેવો સંખ્યાતગુણા ૧૦, તેથી આનત કલ્પના દેવો સંખ્યાત ગુણા ૧૧, (અહીં પણ આરણ-અચ્યુત પ્રમાણે ભાવના સમજવી), તેથી સાતમીનરક પૃથ્વીના નારકો અસંખ્યાતગુણા છે શ્રેણીના અસંખ્યેયભાગમાં રહેલા આકાશપ્રદેશોની રાશિ પ્રમાણ છે ૧૨, તેથી છઠ્ઠીનરક પૃથ્વીના નારકીઓ અસંખ્યાતગુણા છે ૧૩, તેથી સહસ્રાર દેવલોકના દેવો અસંખ્યાતગુણા છે ૧૪, તેથી મહાશુક્રના દેવો અસંખ્યાતગુણા છે ૧૫, તેથી પાંચમી ધૂમપ્રભાનરકના નારકો અસંખ્યાતગુણા છે. બૃહત્તમ શ્રેણિના અસંખ્યેય ભાગવર્ત્તિ આકાશ પ્રદેશની રાશિ પ્રમાણ છે ૧૬.

(ક્રમશઃ)

:- ભાભર મહોત્સવનો મંગલ કાર્યક્રમ :-

સં. ૨૦૫૨ શ્રા. વદ સુદ ૨ને શુક્રવાર તા. ૧૬-૮-૯૬ શ્રી પંચ કલ્યાણક પૂજા
(૧૪ સ્વપ્ન, ૫૬ દિક્કુમારી, મેરૂપર્વત-જન્મમહોત્સવ, પાંચ કલ્યાણકની ઉજવણી પૂર્વક)

સં. ૨૦૫૨ શ્રા. સુદ ૩ને શનિવાર તા. ૧૭-૮-૯૬

શ્રી નંદીશ્વરદ્વીપ પૂજા (શ્રી નંદીશ્વરદ્વીપની રચના સાથે)

,, ,, ૪ને રવિવાર તા. ૧૮-૮-૯૬ શ્રી વીસસ્થાનક પૂજા (રચના સાથે)

,, ,, ૫ને સોમવાર તા. ૧૯-૮-૯૬ શ્રી ૪૫ આગમની પૂજા [રચના સાથે]

,, ,, ૬ને મંગળવાર તા. ૨૦-૮-૯૬

સવારે કુંભ સ્થાપના (પાટલાપૂજન તથા સત્તરભેદી પૂજા વિસ્તારથી)

,, ,, ૭ને બુધવાર તા. ૨૧-૮-૯૬ શ્રી અષ્ટાપદપૂજા (અષ્ટાપદની રચના સાથે)

,, ,, ૮ને ગુરૂવાર તા. ૨૨-૮-૯૬ શ્રી લઘુશાંતિસ્નાત્ર મહાપૂજા

,, ,, ૯ને શુક્રવાર તા. ૨૩-૮-૯૬ ભવ્યાતિભવ્ય વરઘોડો

,, ,, ૧૦ને શનિવાર તા. ૨૪-૮-૯૬ 'સાલગિરિ દિન'

સવારે ધ્વજારોહણ બપોરે શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર મહાપૂજા સાંજે મહાપૂજા

,, ,, ૧૧ને રવિવાર તા. ૨૫-૮-૯૬

શ્રી તીર્થ તરીકે પ્રસિધ્ધિને પામતા પરમાત્માની
સકલ શ્રી સંઘ સહિત દર્શનવિધિ, દ્વારોદ્ઘાટન...

—: મહોત્સવની વિશિષ્ટતા :—

શ્રી સંઘ દ્વારા આયોજિત શતાબ્દી મહોત્સવમાં નામના-કામનાથી પર રહી ભાગ્યશાળીઓએ લીધેલો ઉદારતા પૂર્વક લાભ ૦ દરરોજ પ્રભુજીને નયનરમ્ય અંગરચના ૦ વિશિષ્ટ રચના, ઉત્તમ દ્રવ્યો દ્વારા દરરોજ પ્રભુ ભક્તિ ૦ ગુરૂ ભગવંતના મુખે વૈરાગ્ય ઝરતા જિનવાણીનું શ્રવણ ૦ પવિત્ર દીવાઓની શ્રેણીઓ દ્વારા ઝગમગાટ રોશની ૦ શક્ય પ્રયત્ને માઈક વગર જ કંઠથી કર્ણપ્રિય ગીત-સંગીત દ્વારા પ્રભુ ભક્તિ, પ્રત્યેક સંગીતકારો તે રીતે જ પ્રભુ ભક્તિની રમઝટ બોલાવશે.

વિધિવિધાન માટે : શ્રીયુત નવીનભાઈ જામનગરવાળા, શ્રી રમણિકભાઈ ભાભરવાળા, શ્રી મહેન્દ્રભાઈ રાધનપુરવાળા, શ્રી સુરેશભાઈ પંડિત આદિ પધારશે. સંગીતકાર-મેઘકુમારભાઈ, કુમારપાળભાઈ, અનંતભાઈ, બળવંત ઠાકુર આદિ સંગીતકારો પધારશે. નૃત્યકાર-શ્રી મોહનભાઈ મધ્ય પ્રદેશથી પધારશે. ઈન્દ્રધ્વજ, ઘોડા; હાથી, શણગારેલી ઉંટગાડી, ઢોલીઓ, રથ આદિ વિશિષ્ટતાથી યુકત ભવ્યાતિભવ્ય વરઘોડો ૦ પ્રભુજીના જીનાલયને પુષ્પો વગેરે સામગ્રીથી સુંદર શણગાર-મહાપૂજા ૦ દરરોજ સાધર્મિક ભક્તિ સંઘ જમણ, વિશિષ્ટ અનુકંપા-જીવદયા ૦ વિધિપૂર્વક જલાનયન.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- શ્રીમંતાઇ જ સુખનું સાધન છે અને દરિદ્રતા દુઃખનું જ સાધન છે. તેવું શ્રી જૈન શાસનમાં નથી. સુખનું સાધન સાચી સમજ છે અને દુઃખનું સાધન અણસમજ છે.
- આજે પોતાની મતિમુજબ પ્રવૃત્તિ કરનારા ઘણા છે. જેણે શાસ્ત્રમતિ જોઇતી ન હોય, માત્ર પોતાની મતિ મુજબ જ ચાલવું હોય તેવાથી જ શાસનમાં વિપ્લવો જાગે છે.
- આજની એકતામાં તો સાચાને જ ગુમાવવાનું છે, જેઓ ખોટા છે તેને તો કશું ગુમાવવાનું નથી.
- આપણે શાસનના બળે જ જીવીએ છીએ. તે શાસનને જો વફાદાર ન રહીએ તો તેના જેવી જગતમાં બીજી કોઈ હરામખોરી નથી.
- આખા સાધ્વાચારને વિનય કહ્યો છે. આઠ કર્મોને આત્મા પરથી દૂર કરે તેનું નામ વિનય! જે આત્મા શાસ્ત્રો ભણે, જ્ઞાન મેળવે પણ જો તેને સાધ્વાચાર પર પ્રેમ ન થાય, શક્તિ મુજબ સાધ્વાચારનું પાલન કરે તો તેનું જ્ઞાન તે જ્ઞાન નથી પણ બોજો છે.
- શાસ્ત્રે કહ્યું છે કે- ગુર્વાદિની સેવાના કારણે પ્રાપ્ત થયેલી ગુરુકૃપા એ શાસ્ત્રોને હૈયામાં પરિણામ પમાડનારી છે.
- લોક શું કહેશે તે ચિંતા આવે તે કદિ સાચો સાધુ થાય જ નહિ. **શાસ્ત્ર શું કહેશે તે ચિંતા કરે તે જ સાચો સાધુ થાય.**
- તમને જે ગમે તે કહેવાની ઇચ્છા થાય એટલે શાસ્ત્રની વફાદારી ગઇ.
- એકતા આપણે બધાની સાથે કરવી છે. પણ સિદ્ધાંત આઘા મૂકી એકતા કરવાની વાત કરે તો તે વાત મંજુર કરવા જેવી નથી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિધ્ધ કર્યું.

Received 23/8/96

૧૫૮૭

પા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

પા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
પિ ગાંધીનગર. પિન-382009.

વર્ષ ૯

અંક ૨

—: મણકો :—

જહિત્તા પુવ્વસંજોગં ણાઇસંગેયબંધવે ।
જો ન સજ્જઇ ભોઇટિં તં વયંબૂમ બંમણં ।।

પૂર્વના માતા પિતાદિ તથા જ્ઞેન આદિ સંબંધી તથા ભાઇ વિ.ને છોડીને જે પૂર્વના ભોગમાં લપટાતો નથી જેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.



લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન

વિશ્વાસ... વિશ્વાસ... વિશ્વાસ...

આંધળો વિશ્વાસ...

એય માનવ !

ભવાટવીમાં તું કોના ભરોસે ઘૂમી રહ્યો છે ?

સંસારના ભરદરિયે તારા જીવનની નાવલડી કોના ભરોસે હંકારી રહ્યો છે.

કટપુતલીના પગલે પગલે તારી નૈયા દોડાવી રહ્યો છે.

પરંતુ,

એ તો બતાવ કે તારી નાવલડીનો સુકાની કોણ છે ? કોના વિશ્વાસે જીવનનાવ આગળને આગળ ધપાવી રહ્યો છે ?

પુત્રના વિશ્વાસે !

પણ, તું ભૂલે છે.

એ પુત્રનો સાથ તને ક્યાં સુધી મળવાનો ? તેઓને ચાર પગા (લગ્ન) કર્યા પછી ચોક્કસ વિયોગ. કદાચ વિયોગના હોય તો તેઓને સ્વાર્થ હશે...પછી શું ?

હવે, તારા બાંધવોના ભરોસે બેઠો છે ?

પણ, સ્વારથીયો આ સંસાર ? સ્વાર્થ વિના કોઇનો ય સંબંધ ટકયો છે ખરો ? એ ભાઇઓને તું તારા માને છે, લેખે છે પણ યાદ રાખજે...

ભાઈઓ જ તારી કલાઇ કરી નાખશે. એમનું કાર્ય સધાશે એટલે તું તારા રસ્તે ને હું મારા રસ્તે. અને ઉપરથી કહેશે,

મારું એ મારા બાપાનું અને તારામાં અડધો ભાગ. ઝઘડો કરે, કોર્ટે જશે. ઇજ્જત કુટી કોડીની પણ નહી રહેવા દે. વર્ષો સુધી મુકેલો આંધળો વિશ્વાસ ઘડીભરમાં ધુળધાણી કરી નાખશે.

માટે, બાંધવો પણ વિશ્વસનીય નથી ત્યારે, તું કહીશ. 'સબૂર' ઉભો રહે હજી...

મારી પ્રાણપ્રિયા, પૂછીને પણ પીનારી વલ્લભા છે ને ! એના વિશ્વાસે મારું વહાણ હંકારીશ.

પણ, એય ભલા માનવ !

આ તો તારી નરી મૂર્ખાત છે. અરે ! શું તું જાણે છે, અબળા તે વળી કયારેય કોઇની થઇ છે, થવાની છે અને થશે પણ ખરી ? ફોગટ મોહાંધ થઇને તેની પાછળ પાછળ ચસડા લે છે. એ સ્ત્રીજાતની સ્વાર્થાન્ધતા તો જગતા ચોરે અને ચૌટે ગવાયેલી છે. આવી જગમશહુર ચર્ચાને તું કેમ ભૂલી જાય ?

એના વિશ્વાસે ચાલનારાઓની શું હાલત કરી છે તે શું તું નથી જાણતો ? કંઇ મોટા મોટા ભૂપતિઓ રૂસ્તમો તપસ્વી ઓ ખત્તા ખાઇ ગયા..

કેટ કેટલાયની જીવન નૈયા સાગરના તળીયે જઇને બેસી ગઇ. કેટલાયની નાવલડી ઉથલી પડી ને કંઇક ઢાંગણીમાં પાણી લઇને ડૂબી મર્યા.

હવે સમજી ગયો.

પોતાના માનેલા બધા જ સંસારીઓ એટલે સુત, દારા, પુત્રી, ભૂયો, બાંધવો આદિ સઘળામાં જે તું મોહ્યા છે તે તારા નથી, નથીને નથી જ. એકદિ' સૌ વિખૂટા પડી જવાના. એમના વિશ્વાસે તારી જીવન હોડકી મ હંકાર..

જો તારે વિશ્વાસ મુકવો હોય તો એક જ એવો સદાનો સાથી છે કે જે પોતાની ભાત છોડે પણ સાથ કદીયે ન જ છોડે.

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

મહારાષ્ટ્રદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાસા અને સિદ્ધાચલ ધર્મા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
ચુનીલાલ ભેદાણી ગુજર (મુંબઇ)
હેમેન્દ્રકુમાર મણીલાલ શાહ (રાજકોટ)
ચુનીલાલ વીરચંદ મેઘ (વઢવાણ)
ચાંદમલ ચંદનમલ મુણોત (ચાંદાગઢ)

વર્ષ : ૯] ૨૦૫૨ શ્રાવણ સુદ-૬ મંગળવાર તા. ૨૦-૮-૯૬ [અંક : ૨

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૩ સોમવાર તા. ૧૩-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રવચન ૧૧ મું) -અવ૦

સભા૦ વિરાય પેઠા થવો અઘરો લાગે છે.

હવે સાચી વાત બોલ્યા. વિરાગ પામવાનું મન થયું છે? વિરાગ વિનાના ત્યાગીની હાલત બહુ ખરાબ છે.

આજે તો મોટો ભાગ ત્યાગનું એવું સુખ ભોગવે છે જે રાગી પણ નથી ભોગવી શકતા. ત્યાગ કરે તે સાધુને સુખ ઘણું ઘણું મળે છે. પણ જો તે તે સુખમાં જે રંગાય તો એનું સાધુપણું નાશ પામ્યા વિના રહે નહિ. આ બધા પોતાના છોકરાઓને ન ખવરાવે તેવું સાધુને વહોરાવે છે તેમાં લહેર કરનારા ત્યાગી કહેવરાવી દુર્ગતિમાં જવાના છે. આ સંસારનું સુખ એટલું ભૂંડું છે કે સાધુને ય ભૂલાવે જો તે સાવચેત ન રહે તો તેને ય ખરેખરો ભિખારી બનાવે! આ સંસારના સુખનો રાગ સાધુને સાધુ ન રહેવા દે, શ્રાવકને શ્રાવક ન રહેવા દે, ધર્મીને ય અધર્મી બનાવે તેવો છે. સંસારના સુખના પ્રેમી બધું જ કરે.

જ્યાં સુધી ધર્મનો પ્રેમ નહિ થાય ત્યાં સુધી સાચી રીતે ધર્મ થવાનો જ નથી. આ સંસારના સુખનો રાગ ઘટે નહિ તે રાગ ભૂંડો લાગે નહિ અને અને પોતાના જ

પાપથી આવતાં દુઃખ ઉપરનો દ્વેષ જાય નહિ; તે દ્વેષ ભુંડો લાગે નહિ ત્યાં સુધી ધર્મ આવે જ નહિ. ધર્મ પામવા માટે જ્ઞાનિની આ પહેલી શરત છે કે-'સંસારના સુખ ઉપરના રાગને ભુંડો માનો. દુઃખ ઉપરના દ્વેષને ભુંડો માનો.' તે એ ને ભુંડા માનો તો જ સમકિત આવે. સાધુધર્મ કે શ્રાવકધર્મ પણ સમકિત વિના છે જ નહિ. દ્રવ્ય ચારિત્ર વિના મોક્ષે જવાય પણ સમ્યક્ત્વ વિના મોક્ષે જવાય જ નહિ અને તે સમ્યક્ત્વ મોટા ભાગને જોઈતું નથી. સમ્યક્ત્વ પામવા શું કરવું જોઈએ તેની ય ખબર નથી.

સમ્યક્ત્વ પામવા માટે શાસ્ત્રે ત્રણ કરણ કહ્યા છે. કરણ એટલે અધ્યવસાય, આત્માના પરિણામ વિશેષ યથપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અનિવૃત્તિકરણ. આ ત્રણ કરણ કોને કહેવાય તે ખબર છે? તે ભણેલાને પણ તે કરણ કરવાનું મન થતું નથી. 'મારે ગ્રન્થિ ભેદયા વિના રહેવું નથી. અને સમકિત વહેલામાં વહેલું પામવું છે.' આવું પણ મન કેટલાને છે? આજે તો મોટાભાગની ગ્રન્થિ જીવતી-જાગતી છે. સાધુને ય બધું અનુકુળ જોઈએ છે, પ્રતિકુળ કશું ખમાતું નથી. અનુકુળતા માટે જે પાપ કરવું પડે તે કરે છે.

સાધુને પણ ભિક્ષાના બેંતાલીશ દોષની ખબર છે? જે સાધુને આ બેંતાલીશ દોષની ખબર ન હોય તેની લાવેલી ગોચરી પણ જે વાપરે તેને ય દોષ પાપ લાગે! ગોચરી જવાનો અધિકારી પણ કોણ? બેંતાલીશ દોષનો જાણકાર હોય તે 'મળે તો સંયમપુષ્ટિ ન મળે તો તપોવૃધ્ધિ આવું માને. 'મારે આ જોઈએ અને તે જોઈએ' તેમ માની ગોચરી લેવા જાય તે ભિક્ષુક નહિ પણ ભિખારી!

સંસારના સુખનો રાગ ન જાય, તે ભૂંડો પણ ન લાગે ત્યાં સુધી ધર્મ ન થાય દુઃખ મારા જ પાપથી આવે છે તો તેના ઉપર દ્વેષ કરાય કે તેનું સ્વાગત કરાય? દુઃખ તો મેં જે પાપ કર્યું છે તે ધોવાં આવ્યું છે. દુનિયાનું સુખ પાપ કરાવવા આવે છે જ્યારે દુઃખ પાપને સાફ કરવા આવે છે. તો તમે કોનો આદર કરો છો? સુખનો કે દુઃખનો? દુઃખ આવે તો રાજી થાવ કે સંસારનું સુખ આવે તો રાજી થાવ? હું બોલું છું તે સમજાતું નથી કે સમજવું નથી?

પ્ર૦ આપની વાત બહુ કડક લાગે છે.

ઉ૦ આ વાતમાં કડક શું છે? દુનિયાનું સુખ ભુંડું લગાડવું અને પોતાના જ પાપથી આવતું દુઃખ સારું લગાડવું તે અઘરી વાત છે?

દુનિયાના સુખથી સાવચેત ન રહે તો તે પાપી બનાવનાર છે જ્યારે દુઃખને મઝેથી વેઠો તો તે પાપને ખપાવનાર છે માટે તેનો આદર કરવો જોઇએ. 'મે પાપ ન કર્યું હોય તો મોટો ઇન્દ્ર પણ મને દુઃખ આપી શકે નહિ અને મેં પાપ કર્યું હોય તો ઇન્દ્ર પણ મને બચાવી શકે નહિ' આ વાતની શ્રધ્ધા છે ? મહાત્માઓએ દુઃખને ઊભા કરી કરીને મઝેથી વેઠયાં છે તે ખબર નથી ?

આ સંસારની સઘળી ય પ્રવૃત્તિ પાપ છે. સંસારની કોઇ પ્રવૃત્તિ એવી નથી જેનાથી પાપ ન લાગે. તમે લોકો આજે કેટલાને દુઃખ આપો છો ? તમે ઘણાને દુઃખી કર્યા પછી સુખ ભોગવો છો ને ? ષટકાયને સળગાવો છો, આરંભમાં ય ઘણા જીવોની હિંસા કરો છો. તે બધામાં પાપ થાય છે તેમ લાગે છે ? સંસારમાં રહેલા જીવને પાપ કર્યા વિના છૂટકો જ નથી તેથી દુઃખ આવે તેમાં નવાઇ છે કે દુઃખ ન આવે તેમાં નવાઇ છે ? ભગવાન પોતે કહી ગયા છે કે– હું ય ભુલ્યો તો મારે ય સાતમી નરકમાં જવું પડયું.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માના આત્માએ મરિચીના ભવમાં સમકિત ગુમાવ્યું તો પછી બાર-બાર ભવ સુધી સમકિત પામ્યા નથી. મનુષ્યભવ મળેલ પણ સમકિત પમાય તેવી સામગ્રી મળતી નથી. તપ-જપાદિ ધર્મ કર્યો તેના પ્રતાપે સંસારની સુખ સામગ્રી પામ્યા પણ સમકિત ન પામ્યા તે ન જ પામ્યા સંસારના સુખના ગાઢ રાગી અને દુઃખના દ્વેષી જીવોને સમકિત આવે જ નહિ. તે પામવા માટે તો પુણ્યથી મળતાં એવા પણ સંસારનાં સુખ ઉપર અને સુખની સામગ્રી ઉપર ભારેમાં ભારે દ્વેષ કરવો પડશે. અને પોતાના જ પાપથી આવા દુઃખ ઉપર ભારેમાં ભારે પ્રેમ કેળવવો પડશે.

સંસારનું સુખ છોડવાની અને પોતાનાં જ પાપનાં ઉદયે આવતાં દુઃખને મઝેથી વેઠવાની તૈયારીવાળો જીવ જ ધર્મ પામવા લાયક છે. તમારે તે સુખ છોડવું નથી, દુઃખ મઝથી વેઠવું નથી અને અને ધર્મી કહેવરાવવું છે તેનો મેળ આમે ખસે ?

પ્ર૦ આપણે જેને દુઃખ આપીએ તે જ આપણને દુઃખ આપે એવું બને ખરૂં ?

ઉ૦ જેને આપણે દુઃખ આપીએ તે જ આપણને દુઃખ આપે તેવો એકાન્તે નિયમ નથી- ઘણી વ્યક્તિઓ એવી હોય છે કે જેણે બીજાને દુઃખ દેવું ગમે છે એટલું જ નહિ બીજાને દુઃખી જોઇને પણ રાજી થાય છે. ભગવાને સંગમનું કાંઇ બગાડેલું હતું ખરૂં ? છતાં સંગમે ભગવાનને કેવા કેવા ઉપસર્ગો કર્યા છે જેનું વર્ણન વાંચતાં ય કમકમાં આવે છે.

(ક્રમશઃ)

બોધદાયક લઘુકથા :—

સાચો શ્રોતા કોણ ?

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શ્રી ભોજરાજાનું નામ સુપ્રસિધ્ધ છે. બાણુલાખ ગામોનો ધણી ભોજરાજા વિદ્વાનોને ઘણો જ પ્રિય છે. પંડિતોથી તેમની સભા શોભી રહી છે અને તેમની સભાથી પંડિતો શોભી રહ્યા છે. રાજા ઉદાર પણ છે વિદ્વાન પણ છે, કલાપ્રિય પણ છે. તેના આંગણેથી કયારે કોઈ ખાલી હાથે જતો ન હતો. આવા ભોજરાજા દરબાર ભરી બેઠા છે. અલક-મલકની વાતો થઇ રહી છે. સજ્જનતા અને માનવતા મન ભરી તેના રાજ્યમાં મજેથી વિચરી રહ્યા છે. આવા અવસરે રાજાની દિગ્ગજ વ્યાપી કીર્તિ સાંભળી એક કારીગરે વર્ષોની મહેનત બાદ બનાવેલ ત્રણ સુવર્ણની પુતલી લઈને રાજસભામાં પ્રવેશ કર્યો. રાજાનું ઔચિત્ય-વિનય આદિ બાજુ ઉભો રહ્યો. રાજાએ તેને આવવાનું પ્રયોજન પૂછ્યું તો તે કારીગરે ત્રણ પૂતલીઓ રાજાને બતાવી તેની કિંમત આંકવા વિનંતી કરી.

રૂપ-રંગ-દેખાવમાં અને વજનમાં પણ ત્રણે પૂતલીઓ સરખી જ છે. સહેજ પણ ફેરફાર જણાતો નથી. બધા સ્તબ્ધ બની ગયા છે કે અજબનો કોયડો આવ્યો છે ! સાહિત્યાદિની વાત હોય તો બધા એક એકથી ચઢિયાતા જવાબો આપે. પણ આનો ઉકેલ શું ? રાજા જો આનો ભેદ ન પરખી શકે તો દેશ-વિદેશમાં રાજાની ફેલાયેલી પ્રસિદ્ધિ ઉપર કેવી કાલીમા લાગી જાય !

પણ આ તો ભોજરાજાનો દરબાર છે. એક એકથી ચઢે તેવા બુદ્ધિના બેતાજ બાદશાહો બેઠા છે. બુધ્ધિના ખાં ગણાતા બધાની બુદ્ધિ પણ બહેર મારી ગઈ તેમ દેખાય છે. સૌના મોંઢા ઉપર મૂંઝવણ અને આશ્ચર્યના ભાવો છે.

સૌ શું થશે તેના ઉધ્ધેડબારમાં છે. તેટલામાં કાલિદાસ ઊભા થયા. ત્રણે પૂતળી-ઓનું સાંગોપાંગ નિરીક્ષણ કર્યું પછી તેનો ઉકેલ ભેદ જાણે પામી ન ગયા હોય તેમ સુતરનો એક દોરો મંગાવ્યો. લોકોનું આશ્ચર્ય વધી રહ્યું છે કે પૂતલીનું મૂલ્ય ગણવા વળી દોરા શી જરૂર ! બધા કુતુહલ ભાવે જોયા કરે છે અને કાલિદાસે એક પછી એક પૂતલીઓ હાથમાં લઇ તેના કાનમાં તે દોરો નાખવા લાગ્યા અને ત્રણેનો ભેદ પકડી પાડયો. રાજા પણ આશ્ચર્યમાં છે કે કાલિદાસ આ બાલક જેવી શી ચેષ્ટા કરી રહ્યા છે. એક પૂતલીના કાનમાં દોરો નાખ્યો તો બીજા કાનમાંથી નીકળી ગયો, બીજી પૂતલીના કાનમાં દોરો નાખ્યો તો મોંઢામાંથી નીકળ્યો અને ત્રીજી પૂતલીના કાનમાં દોરો નાખ્યો તો તેના હૈયામાં સ્થિર રહ્યો.

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

પૂ. શ્રી જયશેખરસૂરિ મ. કૃત

"આત્મભોધ કુલકમ્"

[મૂલ તથા સામાન્યર્થ સાર]

-સામાન્યાર્થ વિવેચક-

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૩]

કર્મસંયોગજન્ય બાહ્ય કુટુંબના મમત્વથી મુકાયેલાને અભ્યંતર કુટુંબ-પરિવારમાં કલ્લોલવાનો ઉપાય બતાવે છે—

ધમ્મો જણુઓ કરૂણા, માયા ભાયા વિવેગનામેણું;
અંતિ પિઆ સપ્પુત્તો, ગુણો કુટુંબં ઇમં કુણસુ ॥૨૩॥

ધર્મ એજ પિતા છે, કરૂણા એજ માતા છે, વિવેક નામનો ભાઇ છે, ક્ષમા એ પ્રાણપ્રિયા પત્ની છે, સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ આદિ ગુણરૂપ સોહામણા સુપુત્રોને તું તારૂં અંતરંગ કુટુંબ બનાવ.

વિષ-વિષનું મારણ છે, અગ્નિ, અગ્નિને શમાવે છે, કાંટો કાંટાને કાઢે છે તેમ અપ્રશસ્ત રાગાદિ ભાવોને પ્રશસ્ત કોટિના રાગાદિ ભાવો દૂર કરે છે. બાહ્ય કુટુંબ-પરિવારાદિના સંગથી, મમત્વથી મુક્ત થવા અભ્યંતર કુટુંબ-પરિવારનો આશ્રય કરવો જરૂરી છે. ॥૨૩॥

સબલ પણ અબલા આગળ પરાસ્ત થાય છે તે વાત બતાવે છે—

અજ્જપાલિઆહિં પગઇત્થિઆહિં, જં ભમિઓસિ બંધેઉં;
સંતે વિ પુરિસકારે, ન લજ્જસે જીવ! તેણંપિ ॥૨૪॥

હે જીવ! તારામાં પુરુષાર્થ હોવા છતાં પણ અતિ પાતળ કરેલી, એવી કર્મપ્રકૃતિ રૂપ સ્ત્રીઓએ, તને બાંધીને ચાર ગતિમાં ભમાવ્યો તેથી પણ તને હજી લજ્જા કેમ નથી આવતી?

સ્ત્રી માત્રથી હારેલો બળવાન અને પરાક્રમી પુરુષ, દુનિયામાં મોં બતાવવા પણ લાયક રહેતો નથી, તેને પોતાનું જીવતર મરણથી પણ વધુ લાગે છે તે તો જીવતો પણ મૂએલો માને છે. આવા પરાભવ કરતાં મરણું સાચું માને છે. અનંતશક્તિના સ્વામી હે આત્મા! કર્મપ્રકૃતિ રૂપી સ્ત્રીથી પરાભવ પામતા તને લજ્જા કેમ નથી આવતી! તારો પ્રબળ પુરુષાર્થ કરી તેણીને પરાસ્ત કરતાં [illegible] ॥૨૪॥

'ગુનો પોતે કરવો દંડ બીજાને દેવો' તે સજ્જાય નથી તે વાત કહે છે—

સયમેવ કુણસિ કમ્મં, તેણ ય વાહિજ્જસિ તુમં ચેવ;
રે જીવ ! અપ્પવેરિઅ ! અન્નસ્સ ય દેસિ કિં દોસં ॥૨૫॥

તું પોતે જ કર્મ કરે છે અને તેના ફળ રૂપે તું ચારે ગતિ રૂપ સંસારમાં ભમ્યા કરે છે. છતાં પણ હે આત્મવૈરી ! જીવ ! તું બીજાને શા માટે દોષ આપે છે ?

એક પાપનો ઢાંકપિછોડો સેંકડો પાપોને જન્માવે છે. પોતાની ભૂલની–ગુનાની કબૂલાત ન કરવી અને બીજાં બીજાં કારણો–નિમિત્તો સંયોગો ઉપર દોષનો ટોપલો ઓઢાડવો તે સજ્જન પુરૂષોનું કામ નથી. પોતે કરેલાં કાર્યોનું ફળ પોતાને જ ભોગવવાનું છે માટે બીજાને દોષિત બતાવવાની મલીન વૃત્તિનો ત્યાગ કરવો જોઈએ. નહિ તો આત્મા જ આત્માનો શત્રુ બને છે. તેથી પોતાની જાત જેવી હોય તેવી જ ઓળખાયેલી તેમાં જરાપણ નાનમ નહિ અનુભવે તો જ આત્મા, આત્માનો વૈરી મટી સાચો હિતૈષી બને. બાકી સ્વયં ગુનેગાર અને બીજાને શિક્ષા કરાવે તે તો અંધેરીનગરી ને ગંડુરાજા હોય ત્યાં બને, રામ રાજ્યમાં નહિ. ॥૨૫॥

'હાથના કર્યા હૈયે વાગે' તે ન્યાયે જાતે જ દુઃખોને આમંત્રણ આપે અને પછી માથું કૂટે તે વાત સમજાવે છે—

તં કુણસિ તં ચ જંપસિ, તં ચિંતસિ જેણ પડસિ વસણોહિં;
એયં સગિહરહસ્સં, ન સક્કિમો કહિઉમન્નસ્સ ॥૨૬॥

હે આત્મન્ ! તું એવાં એવાં કામો કરે છે, એવું એવું બોલે છે અને એવા વિચારો કરે છે કે જેથી દુઃખના સમુદ્રમાં જઈ પડે છે. આ પોતાના ઘરની રહસ્યભૂત–છૂપી વાત બીજાને કહેવા શક્તિમાન નથી.

ઘરની ગુપ્ત વાત કયારે ય કોઈ શાણો માણસ બીજા આગળ પ્રકાશિત કરતો નથી. પરંતુ આત્મા પોતે જ મન–વચન અને કાયાના દંડોથી એવો દંડાય છે એવી કારવાઈ કરે છે કે તેના ઉપર દુઃખના ડુંગરા જ તૂટી પડે છે. 'આડો ઓઢે તે જ પડે' તે ન્યાયે પોતે ભુલો કરે અને પછી દંડાય તો વાંક કોનો ? માટે દુઃખના દરિયામાં ન ડુબવું હોય તો મનદંડ–વચનદંડ અને કાયદંડને આધીન થયા વિના જ્ઞાનગુપ્તિ–વચનગુપ્તિ અને કાયગુપ્તિનો આદર કરવો અર્થાત્ માર્ગસ્થ વિચારણા–વાણી–વર્તન કરવું. ॥૨૬॥

આત્મા ગુણોના લુંટારૂઓને ઓળખાવે છે—

પંચિંદિયપરા ચોરા, મણજુવરન્નો મિલિ-તુ પાવસ્સ;
નિઅનિઅ અત્થે નિરતા, મૂલડ્ઢિઇ તુજ્જ લુંપંતિ ॥૨૭॥

હે જીવડા ! પોત-પોતાના વિષયમાં જ મહોન્મત્ત-આસક્ત એવા આ પાંચ ઇન્દ્રિય રૂપી મોટા ચોરટાઓ પાપી મન રૂપી યુવરાજની લેગા મળી તારી અનંતજ્ઞાનાદિ ગુણ રૂપી લક્ષ્મીની મૂળ સ્થિતિને લુંટી લે છે.

'રક્ષક જ ભક્ષક બને' 'વાડ જ ચીભડાં ગળે' આવી પરિસ્થિતિ હોય ત્યાં સંપત્તિનું રક્ષણ સુદુર્લભ બને છે. પાપમાં પૂરા પાવરધા હોય અને સહાયકો પણ તેવા મળે અને રક્ષકો પણ. પછી તો ધન-ધાન્યાદિ ન લુંટાય-ચોરાય તે જ નવાઇ. પાંચે ઇન્દ્રિયો પોત-પોતાના વિષયની જ ભોગવટામાં જ મગ્ન હોય અને તેમાં પાછું મન ભળે પછી પૂછવું જ શું ? વિવેક તો વિદાય લઈ જ લે અને બેકાબુ બનેલો તે પોતાના મૂળ અસ્તિત્વને ય ગુમાવી દે તે શકય છે. ॥૨૭॥

'ક્ષણિક સુખોની મજા પરિણામે અક્ષણિક દુઃખોની સજા' તે વાત બતાવે છે—

હણિઓ વિવેગમંતી, ભિન્નં ચઉરંગધમ્મચક્કંપિ;
રુદ્ધું નાણાઇધણું, તુમંપિ છૂઢો કુગઇકુવે. ॥૨૮॥

મન અને ઇન્દ્રિયોની મનગમતી મોજની આધીનતાએ, વિવેક રૂપી મંત્રી હણી નાખ્યો; મનુષ્યજન્મ, ધર્મશ્રવણ, શ્રદ્ધા અને સંયમવીર્ય રૂપ ચતુરંગ ધર્મચક્રને પણ ભેદી નાખ્યું, જ્ઞાનાદિગુણલક્ષ્મીને લુંટી લીધી અને તને પણ દુર્ગતિના કૂવામાં નાખ્યો.

જાહેર રાષ્ટ્રીય ધોરી માર્ગો-વળાંક લેતા માર્ગોપર સાવચેતીના મોટા મોટા બોર્ડો હોય છે કે, દોટની મજા, મોતની સજા ? તે વાંચીને સાવધાન થયેલા ચાલકો અકસ્માતોથી બચી જાય છે, અસાવધાન બનેલા નહિ. જેમ મર્કટની જાત મદિરાપાન કર્યું અને વીંછી ડંખે પછી શું હાલત થાય ? તેની જેમ બેકાબૂ બનેલા ઘોડેસ્વારની જેમ ઇન્દ્રિયોના નાચે નાચતો-કૂદતો જીવ હેય-ઉપાદેયના ભક્ષ્યાભક્ષ્ય, ગમ્યાગમ્ય, પેયાપેય, કર્ત્તવ્યાકર્ત્તવ્ય આદિના વિવેકને ભુલી જાય તેમાં નવાઇ નથી. વિવેકહીનને વળી ધર્મ કયાંથી આવે ? ધર્મનું નામ પણ ન ગમે, ધર્મનું નામ પણ કાનમાં ખીલાની જેમ ભોંકાય પછી જ્ઞાનાદિ ગુણો લુંટાઇ જાય તે સહજ છે. દુનિયાના ચોરો બહુ બહુ તો માલમિલ્કત ચોરે કે લુંટે, કે વખતે કપડાં કઢાવી દિગંબર બનાવી દે પણ આ મહાચોરો તો એવી દુર્ગતિમાં જઇને મૂકી આવે કે તેનું નામનિશાન જ ન રહે. પત્તો પણ ન લાગે. ॥૨૮॥

(ક્રમશઃ)

卐

....કાળોત્રી....?

પૂ. સા. હર્ષપૂર્ણા શ્રીજી મ.

જ્યાર કોઈ પણ આત્મા અહીંથી મૃત્યુ પામીને પરલોક જાય છે– ત્યારે સગા સંબંધીજનોને આ રીતે ઘણાં લોકો જેઓ ધર્મના મર્મને સમજ્યા નથી કે જાણતાં નથી... તેઓ આવી રીતે જે પત્ર લખે છે તેને કાળોત્રી કહેવાય...

હવે જેઓ અજ્ઞાનતાથી જે લખે છે તે આપણે જોઇએ– શું લખે છે ?

અમારા...ભાઇ...બેન...અમારા...કુટુંબીજન આ તારીખે આ તિથિએ સ્વર્ગવાસી બન્યા છે– "ઘણું ખોટું થયું છે– પંચમ આરો કઠણ છે." ધર્મ કરશે તે સુખી થશે ભગવાનને ગમ્યું તે ખરૂ ?

હવે આપણે આનો અર્થ વિચારીએ...

(૧)"ઘણું ખોટું થયું છે" તો શું ખોટું થયું છે ? જન્મે તે તો અવશ્ય મૃત્યુ પામવાના હોય... આ સંસારની પરિસ્થિતિ જ આવી છે... જન્મ્યા તે મટવાના જ હતાં... તો સાચી વાત થઇ ને ? ખોટું શું થયું ? સદાય કોઇ જીવવાના છે ? તેની પાછળ સંસારની આવી વિચિત્રતા સમજવાની ને ધર્મ કરવા માટે તૈયાર રહેવું.

(૨) "પંચમ આરો કઠણ છે, ધર્મ કરશે તે સુખી થશે."

આ વાકય આમ બરાબર કે પંચમ આરો કઠણ છે, પણ ભાઇ ! તું લખનાર ધર્મ કરે છે ? તારા હૈયામાં હવે પણ આવા દુઃખદ બનાવથી ધર્મ કરવો જોઇએ એવા વિચારો સ્ફુરે છે ? ખરેખર ! ધર્મ જ સાચો છે એમ થાય છે ?

(૩) હવે ત્રીજું વાકય... ભગવાનને ગમ્યું તે ખરૂં ?

આ વાકય અજ્ઞાનતાના ઘરનું છે. જેઓ જૈનકુળમાં જન્મ્યા છે... પરમાત્માના સિધ્ધાંતો સમજ્યા છે. જન્મ્યા તેનું મૃત્યુ અનિવાર્ય છે. આવું સમજનારા જૈનો...કર્મ સિધ્ધાંતને માનનારા આવું લખે ? ભગવાનના માથા પર ટોપલો ચઢાવે ?

જગતમા જન્મ–જીવન–મરણ જીવોના પોતાના જ કર્મોનુસારે થતું હોય છે... તો આમાં ભગવાનનો શો દોષ ? ભગવાનને તો કોઇપણ મૃત્યુ પામે ગમતું નથી... કોઇપણ જીવો દુઃખી થાય તે પરવડતું નથી... ભગવાન તો બધાય જીવો સુખી કેમ થાય ? તેવી કરૂણા ધરાવતાં હોય ! માટે ભગવાનને ગમ્યું તે ખરૂં ? આવું સમજનારા જૈનો લખે ?

ના લખાય... આપણે શું લખવાનું ? જૂવો ! વાંચો !

શ્રી સ્નેહીજન...!

આ સંવત...વાર...તારીખ...તિથિએ અમારા ભાઇ...બેન સ્વર્ગવાસી થયા છે.

ખરેખર ! સંસારની અસારતા કેવી છે ? તે આ ઉપરથી સમજાય છે. સર્વ સંસારી જીવો નિયમા જે જન્મેલા તે અવશ્ય મરવાના. આ બધા સંબંધો ક્ષણભંગુર છે. વિનશ્વર છે. આવ્યા તે સૌ ચાલ્યા જવાના. આ કડવું સત્ય હૈયામાં ઉતારી આપણે સૌએ આની પાછળ હવે સવિશેષ ધર્મની આરાધના કરવી જોઈએ. તેની પાછળ શોક કે રૂદન નહિં કરતાં મનને સ્વસ્થ બનાવવું

જગતનાં ઉદય તેનો અસ્ત
સંયોગ તેનો વિયોગ
પ્રારંભ તેનો અંતે... એ તો બનવાનું જ...

આ સુંદર વાક્યો પરમાત્માએ કહેલા છે... માટે તેને વાગોળી આપણે હવે આપણી જવાની તૈયારી કરવા તૈયાર થવું જોઇએ.

આવી અપૂર્વ તૈયારી સમાધિ મરણને આપે છે.

સમાધિ મરણ સદ્ગતિને આપે છે...ને સદ્ગતિ પરંપરાએ સિધ્ધગતિને સમર્પે છે.....એજ.....

તેમની પાછળ કોઇ પ્રકારનો શોક રાખ્યો નથી...પૂજામાં પધારજો...વિગેરે...

શાસન સમાચાર

કલકત્તામાં શાસન પ્રભાવના

પ. પૂ. આ. દે. શ્રી પ્રભાકરસૂરિ મ. સા. પ્ર. અષાઢ સુ. ૧૩ના કેનીંગ સ્ટ્રીટ સામૈયા પૂર્વક પધાર્યા. સાંજે શ્રી રસીકલાલ વાડીલાલ ત્યાં સ્થિરતા કરી. અ. સુ. ૧૪ના પૂજ્યશ્રીનો મહોત્સવ પ્રસંગે ધામધુમ પૂર્વક પ્રવેશ થયો.

શ્રી રસીકભાઇને ત્યાં રૂા. પાંચથી સંઘ પૂજન તેમજ શ્રી માણેકબેનને ત્યાં સંઘ પૂજન થયેલ સવારે ૮-૩૦ વાગે પૂજ્યશ્રી ઉપાશ્રયે પધાર્યા. પ્રવચન થયેલ. સકલ સંઘની સાધર્મિક ભક્તિ થયેલ. સ્વ. રીટાબેનની સ્મૃતિ નિમિત્તે સિધ્ધચક્ર પૂજન રૂા. પાંચની પ્રભાવના પૂજન માટે બાબુભાઇ કડીવાળા આવ્યા હતા.

પૂજ્યશ્રી કેનીંગ સ્ટ્રીટ તેમજ અન્ય ક્ષેત્રોને લાભ આપી અષાઢ સુ. ૨ પૂ. ધર્મદાસ ગણીનો કેનીંગ સ્ટ્રીટ પ્રવેશ કરાવી અષાઢ સુ. ૬ના રોજ ચોમાસાનો પ્રવેશ ભવાનીપુર ઉપાશ્રયે કરશે.

સાધ્વીજીશ્રી ઇન્દ્રપ્રભાજી આદિ ઠાણા પાંચ સાથે ચોમાસાનો પ્રવેશ કરશે.

દયા ધર્મનું મૂળ છે. શ્રી મહાવીરાય નમઃ અહિંસા પરમો ધર્મ

ESTD SY 2028 Trust Act. Reg. No. E-379 Kachchh
Donation is Exed,U/S.80-G of income T Act, Vide Certi No. citr63-42/85
86 Upto 31-3-87



Pre. 79 off. 40

SHREE JIVDAYA MANDAL

RAHDAR KACHCHH 370165

શ્રી જીવદયા મંડળ–રાપર–કચ્છ

ધર્મપ્રેમી ભાઇશ્રી,

શ્રી 'જીવદયા મંડળ રાપર'ને મદદ માટે અપીલ

અમો 'રાપર' મધ્યે 'શ્રી જીવદયા મંડળ રાપર' દ્વારા 'પાંજરાપોળ' ચલાવીએ છીએ. આ સંસ્થાનો ઉદેશ અબોલ, નિરાધાર, નિઃસહાય જીવોને આશ્રય આપી નિભાવવાનો તેમ કસાઇ વાડે જતા જીવોને બચાવવાનો છે. સંસ્થાની સ્થાપના સં. ૨૦૨૮ (સને ૧૯૭૨) માં થયેલ છે. આમ છેલ્લા ૨૫ વર્ષથી આ સંસ્થા સતત પણે જીવદયાનું કાર્ય ચલાવી રહેલ છે. કુદરતી આફતો સાથે સંસ્થાએ અને મુશ્કેલીઓનો સામનો કરતાં કરતાં પણ સુંદર પ્રગતિ સાધી આજ ત્રણ વિભાગમાં ૩૪૦૦ જેવી સંખ્યામાં અબોલ પશુઓને નિભાવી રહેલ છે. ગયા વરસની અછતની–સ્થિતિનો મક્કમ પણે સામનો કરતા ચાલુ સીઝનનો વરસાદ સારો થયેલ છે, એ રીતે ઘાસચારા તથા પાણીના પ્રશ્નને હળવાસ થએલ છે.


આમ છતાં ૩૪૦૦ જીવોને નિભાવવા એકેઇ નાનીસુની વાત નથી અને એ રીતે આ સંસ્થા ઉપર ખૂબ જ મોટી જવાબદારી છે જ તો સૌ જીવદયાપ્રેમી ભાઇઓ–બહેનો શ્રી સંઘો તથા સેવાભાવી સંસ્થાઓને આ સંસ્થાને પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તો થતા આવ્યા ફંડમાંથી અથવા તો પર્યુષણ પર્વ જેવા મૈત્રીના પર્વ નિમિત્તે દાનરુપી સુંદર રકમ મોકલી જીવદયાના કાર્યમાં સહયોગી બનવા નમ્ર વિનંતી.

અગાઉના સમયોમાં જે ભાઇ–બહેનો, શ્રી સંઘો તથા સંસ્થાઓએ સહયોગ આપેલ છે તે સૌના અમો ખુબ ખુબ આભારી છીએ તેમ હવે પછીના સમયમાં ઉત્તમોત્તમ સહયોગ આપશો એજ અપેક્ષા સહ...

પત્ર વ્યવહારનું સરનામું :
શ્રી જીવદયા મંડળ રાપર(વાગડ)કચ્છ
૩૭૦૧૬૫

લી. ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી
શ્રી જીવદયા મંડળ રાપર(વાગડ)કચ્છ
: સંસ્થાનું ખાતું ઢેના બેંક રાપરમાં છે. :

તા.ક. : શકય હોય તો સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા નમ્ર વિનંતી.



સ્ટીકર : પુનઃ દૃષ્ટિપાત

[સુજ્ઞ વાચકોને મુદ્રણદોષથી થયેલ ક્ષતિ સુધારીને વાંચવા ભલામણ –લેખક]

જૈન સંઘમાં સ્ટીકરનો પ્રવેશ કોણે કરાવ્યો–તે સંશોધનનો વિષય છે. પરંતુ આજે ઘણાં મહાનુભાવો સ્ટીકર્સ ચોટાડીને જૈન સંઘનો ઉધ્ધાર કરવાનો અખતરો કરી રહ્યા છે. ઉપાશ્રય–દેરાસરની ભીંત–થાંભલાઓથી માંડીને ગૃહસ્થોના ઘર–દરવાજા અને ગાડીઓ સુધી રંગ–બેરંગી સ્ટીકર્સ ચોંટી પડયા છે. આ વિષયમાં 'વિચાર વસંત'માં અગાઉ થોડી વિચારણા કરી હતી. એથી કોને સારું લાગ્યું કે કોને માઠું લાગ્યું તે મહત્વનું નથી. કારણ કે વિચારક માણસને એથી સારૂં પણ લાગી શકે છે તો સ્ટીકર-ભક્ત હૃદયને માઠું લાગવાની પણ પૂર્ણ સંભાવના છે. જો કે અહીં આ વિષયનો વિચાર કરવાનો નથી, વાત કંઈક અલગ છે.

થોડા સમય પહેલાં એક કવર આવેલું. એમાં એક સ્ટીકર હતું. સાથે નોંધ હતી– 'એકાદ વાર 'વસંત' ખીલે એવા વિચારથી મોકલ્યું છે.' (વસંત એટલે વિચારવસંત) સ્ટીકર ખરેખર રસ પડે તેવું હતું. અત્યાર સુધી સ્ટીકર ચોંટાડવાનો ઉદ્દેશ–જાત પ્રસિદ્ધિ, બાંહેધર ખબર કે ડાહી ડાહી વાતો પ્રસિદ્ધ કરવાનો હોય, તેવું જોવા મળ્યું હતું. આ સ્ટીકર એમાં એક નવા મુદ્દાનો ઉમેરો કરે છે. ચોક્કસ વ્યક્તિ કે વર્ગને ઉતારી પાડવાની બુદ્ધિથી તેમના વિશે ગેરસમજ ફેલાવવા માટે પણ સ્ટીકર ચોંટાડી શકાય છે, પ્રચારી શકાય છે–એવો મુકસંદેશ આ સ્ટીકર આપી જાય છે. આ રહ્યું તે સ્ટીકરનું લખાણ.

'કુસાધુને વંદન કરવાથી જેમ પાપ લાગે તેમ સુસાધુને (આપણી બુદ્ધિથી કુસાધુ સમજી) વંદન ન કરવામાં આવે તો મહાપાપ લાગે.

શ્રી વર્ધમાન જૈન શ્વેતાંબર
મુર્તિપૂજક સંઘ, નાસિક.'

લખાણ વાંચતા સ્પષ્ટ સમજી શકાય છે કે પોતાની મોટી ગરબડના કારણે સમજુ શ્રાવકોના વંદન ન મળવાથી દુભાયેલા કોઈક આત્માએ પોતાની અકળામણ બહાર કાઢી છે. છતાં આ લખાણ નીચે નાસિકના આ સંઘે (આ સંઘ એટલા માટે કે નવા સ્થપાયેલા આ સંઘની જગ્યાએ નાસિક સિટીનો જુનો સંઘ કોઇ ન સમજી લે માટે) સહી કરી આપી તેથી આ સંઘના

સહ્યેાનું શાસ્ત્રીયજ્ઞાન કેટલું છે–તે જણાઇ આવે છે. કુગુરૂને વંદન કરવાથી પાપ લાગે છે. એવી શાસ્ત્રીયમર્યાદાને સમજનારો આત્મા જ્યારે કુગુરૂને વંદન નથી કરતો તે કુગુરૂના અનુયાયીઓને તેા એમ જ લાગે કે આ આત્મા 'સુગુરૂને, પેાતાની બુદ્ધિથી કુગુરૂ સમજી'ને વંદન નથી કરતો. કારણ કે કુગુરૂના અનુયાયીઓ તેા કુગુરૂને સુગુરૂ જ માનતા હેાય છે. તેથી તેને તેા એમ જ લાગે. કે લેાકેા મારા ગુરૂને પેાતાની બુદ્ધિથી કુગુરુ માની રહ્યા છે. આ માન્યતા જો સ્વીકારી લેવામાં આવે તેા સુગુરુ અને કુગુરુની ભેદરેખા જ મટી જાય. ખરેખર તેા શાસ્ત્રીયમાર્ગ સમજીને શાસ્ત્રાનુસારી બુદ્ધિથી જ સુગુરુ-કુગુરુને ઓળખવાના છે.

કેાઇ સાધુ ઉપર સુગુરુ-કુગુરૂનું લેબલ લગાવેલું હેાતું નથી. તે તે સાધુની શ્રદ્ધા અને પ્રરૂપણા વગેરે ઉપરથી તે તે સાધુઓ સુગુરુ કે કુગુરુ કહેવાય. માર્ગ વિરૂધ્ધ પ્રરૂપણા કરવાથી કુગુરુ બની ગયેલ સાધુ જો પાછેા માર્ગસ્થ પ્રરૂપણાના માર્ગમાં આવી જાય તેા તે સુગુરૂ પણ બની શકે છે. મેાક્ષ માટે જ ધર્મ કરવાની શાસ્ત્રીયપ્રરૂપણાની ઠેકડી ઉડાડનાર કે દેવદ્રવ્યાદિ ધર્મદ્રવ્યની શાસ્ત્રીય પરંપરા મુજબની વ્યવસ્થાનેા લેાપ કરનાર શાસ્ત્રીયમર્યાદા મુજબ કુગુરૂ કહેવાય. આવા કુગુરૂને પેાતાની બુધ્ધિથી સુગુરૂ માનવાથી મહાપાપ લાગે. નાસિકના નવા સંઘનેા, લેાકેાને 'મહાપાપ' થી બચાવવાનેા ઉત્સાહ જોતાં લાગે છે કે તેઓ ટુંક સમયમાં નીચે મુજબનું બીજું સ્ટીકર પણ છપાવીને પહેલા સ્ટીકરની બાજુમાં જ ચેાંટાડશે :

'કુસાધુને વંદન કરવાથી જેમ પાપ લાગે તેમ કુસાધુને (આપણી બુધ્ધિથી સુસાધુ સમજી) વંદન કરવામાં આવે તેા મહાપાપ લાગે.

–શ્રી વર્ધમાન જૈન શ્વેતાંબર મુર્તિપૂજક સંઘ, નાસિક.'

બીજું પણ એક સ્ટીકર ઘણાં હમણાં ખુબ ઉપડયું છે. પૂજ્યપાદ સમર્થ સિધ્ધાંત સંરક્ષક સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની પેલી ત્રિપદી ખૂબ જ પ્રસિધ્ધ છે.

'છોડવા જેવો સંસાર
લેવા જેવું સંયમ
મેળવવા જેવો મેાક્ષ'

કેાઇક સંસારરસિક આત્માને 'છોડવા જેવો સંસાર' આ પદ ભારે નડયું હશે ? એટલે એણે એ પદની જગ્યાએ બીજું પદ મુકીને આ મુજબની ત્રિપદીનું સ્ટીકર બનાવ્યું છે.

'કરવા જેવો ધર્મ
લેવા જેવી દીક્ષા
મેળવવા જેવો મેાક્ષ.'

આ સ્ટીકર છપાવવાનેા ઉપદેશ આપનારને 'સંસાર છોડવા લાયક છે' આ વાતથી ભારે ગભરામણ થાય છે. એ સ્પષ્ટ જોઇ શકાય છે. સંસાર સુખને મેળવવા માટે ધર્મની ઢાલ આડી ધરવાની મનેાવૃત્તિ

પણ અહીં જોવા મળે છે. વાસ્તવમાં સંસારને 'હેય' (છોડવા જેવો) મનાવ્યા વગર જૈન સંઘનો ઉદ્ધાર કરવા નીકળી પડેલા આ સ્ટીકરવાળા ખરેખર દયાપાત્ર છે. જો એ સાધુ હોય તો અતિ અતિ અતિદયાપાત્ર છે. ખરો શાસ્ત્રીયમાર્ગ જ આ છે કે 'સંસાર છોડયા વિના કદી સાચું સંયમ આવે નહિ. સંસાર છોડયા વિના કદી મોક્ષે જવાય નહિ. આ શાસ્ત્રીયમાર્ગ પણ ખટકતો હોય. એ ભારેકર્મીપણાની નિશાની ગણાય.

ડાહી ડાહી વાતો કરનારા સ્ટીકર્સ પણ ગજબ હોય છે. એક નમૂનો પ્રસ્તુત છે. 'હે જીવ, તારું કોણ ? હે જીવ, સમતા રાખ, હે જીવ, પાપોનો ત્યાગ કર.' આવી શિખામણો સ્ટીકરના માધ્યમથી આપીને લોકોના ઉદ્ધાર કરનારાઓને કોઇએ હજી શિખામણ આપી નથી કે 'હે જીવ પ્રસિધ્ધિનો મોહ છોડ. હે જીવ, ધર્મસ્થાનોના બારી-બારણું, કબાટ, ભીંત, થાંભલાઓ ઉપર દયા કર. હે જીવ, જ્યાં ત્યાં ચીપકવાનું બંધ કર.'

કેટલાક શિષ્યો કે અનુયાયીઓને પોતાના ગુરુના 'દર્શન' કરાવીને લોકોને તારી દેવાની તીવ્ર ભાવના હોય છે. એટલે પોતાના ગુરુના ફોરકલર ઓફસેટમાં ફોટાઓ છપાવી તેના સ્ટીકર્સ જ્યાં-ત્યાં ચોંટાડવા મંડી પડે છે પણ વાસ્તવમાં આમાં લોકોને તારવાની વાત તો દૂર રહી, પણ સ્પષ્ટપણે તેઓ પોતાના ગુરુની આશાતના ગુરુભક્તિના નામે કરી રહ્યા છે. જ્યાં-ત્યાં ચીપકાવેલા ગુરુઓના ફોટાઓમાં કયાંક કયાંક તો અંગો વિકૃત થઇ ગયા હોય છે. ફોટા ઉપર જાત જાતના લીટાઓ થયા હોય તે તો વધારામાં. અડધા ઉપર ઉખડીને જમીન ઉપર પડવાની સ્થિતિમાં આવી ગયેલા ફોટાઓ પણ પેલા 'ગુરુભક્તો'ની આંખ ઉઘાડી શકતા નથી- એ ખેદજનક બીના છે. આ વિષયમાં વધુ કેટલું લખાય ? અણસમજુ આત્માઓ દ્વારા જૈન સંઘના ઉદ્ધાર માટે આવા જે રીતના હાસ્યાસ્પદ નુસખાઓ અજમાવાઇ રહ્યા છે- તેમાં કોઇનું ય કહ્યાણ નથી, એ ચોકકસ છે.

[વિ. અષાઢ સુદ ૧૩ તા. ૨૮-૭-૯૬]

✪

—: વનરાજિ :—

ઘડો ફોડો
કપડું ફાડો
કે
ગધેડાની જેમ ભૂંકો
ગમે તે પ્રકારે
મનુષ્ય પ્રસિધ્ધ થઇ શકે છે.

—એક સુભાષિત

: શુભેચ્છકો-સહાયકોને વિનંતિ :

આપે શ્રી મહાવીર શાસન કે જૈન શાસન માટે સહાયક શુભેચ્છક માટે રકમ લખાવી હોય અને રકમ ન મોકલી હોય તો વહેલી તકે મોકલી આપવા મે. કરશો.

તા. ૧૭-૮-૯૬ લી.

સંપાદક

શ્રી મહાવીર શાસન-જૈન શાસન

શાસન સમાચાર

શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘના આંગણે

સંઘ સન્માર્ગ દર્શક વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાળ ગચ્છાધિપતિ સ્વ. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય-પ્રશિષ્ય રત્નો વર્ધમાન તપોનિધિ પૂ. આ. શ્રી વિ. ગુણયશસૂરીશ્વરજી મહારાજ તથા પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિ. કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા ૧૬ પ. પૂ. ગચ્છાધિપતિ શ્રી વિ. ભદ્રોદયસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી અત્રે ચાતુર્માસાર્થે પધારતાં સમગ્ર પાલડી રાજનગરમાં આનંદ અને ઉલ્લાસ વ્યાપી ગયો છે.

અઠવાડીયું પરાઓમાં પ્રવચનો કર્યા બાદ દ્વિ. અ. સુ. ૨ નો ભવ્ય પ્રવેશ થયો તક્ષશીલા ફ્લેટસ આગે સવારે પૂજ્યો પધાર્યા ત્યાં સકળ સંઘના સાધર્મિકોની નવકારશી પણ રાખવામાં આવેલ ત્યાંથી ૮-૩૦ કલાકે સામૈયું શરૂ થયું- બે પ્રસિધ્ધ બેન્ડો કુલ ટીમ સાથે, ૭ બગીઓ, હજારોનો માનવ મહેરામણ આદિથી શોભતું સામૈયુ પાલડી ના વિવિધ રાજમાર્ગો પર ફરી લગભગ ૧૦-૩૦ કલાકે લક્ષ્મીવર્ધક શાંતિનાથ દેરાસરે ઉતર્યો.

ત્યારબાદ પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂરીશ્વરજી પ્રવચન મંડપમાં હૈયે હૈયુ દબાય એવી ભીડમાં પૂજયશ્રીએ માંગલિક પ્રવચન ફરમાવ્યું. ત્યારબાદ નવાંગી ગુરૂ પૂજનનો ચડાવો બે વાગતા ભારે રસાકસી જામી અને છેવટે દાનવીર મોરેાલ તીર્થ નિવાસી મહેતા શાંતિલાલ હરિલાલ પરિવારે ઉંચી રકમ બોલી લાભ લીધો સંઘના વિવિધ ભાઇઓ તરફથી રૂા. ૧૦+૫+૩+૨ એમ કરતા કુલ રૂ. ૨૫નું સંઘ પૂજન થયુ હતું.

આજના પ્રસંગને ઉદ્દેશીને ગુરૂભક્ત શ્રી જયંતિલાલ આત્મારામ પરિવારે લક્ષ્મીવર્ધક સંઘના દરેક ઘર દીઠ ૨૫૦ ગ્રામ મીઠાઇ અને એક નવપદ આરાધનાનું પુસ્તક લહાણી રૂપે ભેટ આપ્યા હતા. સાથેસાથ પૂજ્યોના પરિચય જણાવતું પેમ્ફેલટ પણ વિતરીત કર્યું હતું. પૂજ્યશ્રીના વ્યાખ્યાનો પૂરી મેદની વચ્ચે ચાલુ થયા છે. સિધ્ધિતપાદિ તપો પણ સામૂહાદિક રીતે કરાવશે. અન્ય પણ અનેક આરાધનાથી ભરચક કાર્યક્રમ વાળુ આ ચોમાસું નકકી યાદગાર બની રહેશે. એવી આરાધકોને ખાત્રી છે.

અષાડ વદ ૧૪ ની પૂજ્યપાદ શ્રીજીની પાંચમી સ્વર્ગારોહણ તીથીની ઉજવણી નિમીત્તે - ભવ્ય પંચાહિનકા મહોત્સવનું આયોજન વિચાર્યું છે.

જન હૃદયના ગુરૂદેવ લબ્ધિસૂરિશ્વર

જનની જન્મભૂમિ ને જલધરનો ઉપકાર સારા વિશ્વમાં સર્વ ધર્મ એક મતે સ્વીકારે છે.

જનની મોતીબેનના લાડ કોડ ને સંસ્કારથી ઉછરેલા, વિજય લબ્ધિસૂરિજી મહારાજના પદને વરનારા લાલચંદ નામના લાડકવાયા બાળકે એક સુંદર સ્વપ્ન નીરખ્યુ.

મધુર શીતલ રાત્રીમાં દૂર દૂર દેશમાં ગયેા. ને મજેના સમવશરણમાં ભગવાન દેશના દેતા હતા. લોકો દોડીને સાંભળવા આવતા નર નારી પશુને દેવ સૌ મસ્તીથી ગોઠવાઇ જતા. એક રસે લીન બની સંસાર અહીન બની વૈરાગ્ય રસમાં ઝીલતા હતા.

સ્વપ્નમાં માનવના હૃદયનું પ્રતિબિંબ પડે છે તેા કયારેક જીવનમાં સ્વપ્નનું પ્રતિબિંબ પડે છે. માતા મોતિ કહે છે. "બેટા તને ભગવાનના દર્શન થયા. તારા જીવનને ઉજ્જવલ કરશે.

સ્વપ્ન દિનથી લાલચંદના ભાવોને વિચારોમાં પરિવર્તન આવ્યું યુવાનીમાં દિવાની સતાવે ત્યારે લાલચંદને વિજય કમલસૂરિજીનો સત્સંગ મળ્યેા. ગુરૂવરે વૈરાગ્ય વૃક્ષને અમૃત સિંચન કર્યું. લાલચંદમાંથી લબ્ધિ વિજય નામે ત્યાગ માર્ગના સાધક બન્યા ગુરૂ સેવાના સિધ્ધાંતને વરેલા મુનિવર ગુરૂ કૃપાના ઉત્તમ પાત્ર બન્યા.

'ધ્યાન મૂલં ગુરૂ મૂર્તિ, મંત્ર મૂલ ગુરૂ વચં,
પૂજા મૂલં ગુરૂ પાદ, મોક્ષ મૂલં ગુરૂ કૃપા."

ગુરૂકૃપાના પુણ્ય સંભવે લબ્ધિ વિજયજી એક પછી એક સિદ્ધીઓને વરવા લાગ્યા પ્રવચન શક્તિએ મુલતાનના કષાયેાની સભામાં ભારતીય સંસ્કૃતિ દયાના ભાવ જગાવ્યા ને એક રૂપયે શેર વેચાતું માંસ બે આને પણ લેવા તૈયાર નહિ.

કષાયેા મારવા આવનારા છરા સાથે પ્રવચન સાંભળી પ્રતિબોધ પામી ગયા.

વાદિ વૈતાલ : નરસંડા આદિ છ નગરોની સભામાં પંડિતો જ્ઞાનીઓની સાથે આર્યસમાજી વેદ પૂરાણની ચર્ચાઓ કરી વિજેતા તરીકે પંકાયા હતા.

પરાજિત થયેલા પ્રતિવાદિને વ્હાલથી વાત્સલ્ય વહાવી ઉત્સાહીત બનાવતા હતા.

કવિ : બાલક નાટકનું ગીત લલકારતો હતો જટ જાવો ચંદનહાર લાવો સુધી ને ત્યાં 'ભાવે ભાવે દેરાસર આવો' જેવા ૩૦૦ સ્તવનો એકી બેઠકે બનાવ્યા કવિ ગુરૂદેવ શ્રીએ સ્વગુરૂ ભગવંતની [illegible] મુનિ પ્રભાત વિજય

મ.ની ભાવનાથી તત્વ ન્યાય વિભાકર, જેવા વિશાલ ગ્રંથ રચના કરી છે પૂજ્યો સજ્જાયો સ્તુતિઓની રચના મનને આકર્ષે છે.

વિદ્યા સિધ્ધ, મંત્રીક, નેમીત્તક વચન સિધ્ધ મહાપુરૂષની સેવામાં દેવાધિકનો દેવ પણ હાજર રહેતો હતો.

દુષ્કાળમાં જ્યાં વિચરતા, ત્યાં સુકાળ થયાના અનેક ચમત્કારો લોકોએ અનુભવ્યા છે.

ગુરૂવરની કૃપા દૃષ્ટિએ છાણીની પુણ્ય ધરા પર આચાર્યપદ અર્પણ કરીને પંચ પરમેષ્ટિના તૃતીય પદે બિરાજમાન કર્યા હતા. શાસનના આઠ પ્રભાવકમાં પૂજ્યશ્રીનું પુણ્ય નામ સદા ચમકતું રહેશે.

સાબુ વિના કપડુ શુધ્ધ થાય પણ પાણી વિના તો કયારેય ન થાય તેમ ભગવાનની વિદ્યમાનતા વિના ચાલી જાય પણ ગુરૂ વિના તો ન જ ચાલે. પ્રવચન અંજન ગુરૂ કરે ને મોક્ષ દર્શન સુલભ થાય માટે સાચા ત્યાગી ગુરૂવરોની સેવામાં તન મન જીવન સમર્પિત કરી ગુરૂ કૃપા મેળવવી જોઇએ.

પૂજ્ય ચરિત્ર નાયકને ગુરૂકૃપા ઉત્તમ વરેલી હતી. જેના પ્રભાવે ૭૫ વર્ષની જૈફ વયે પણ સર્વપલ્લી ડો. રાધાકૃષ્ણનની સભામાં સંસ્કૃત ભાષામાં પડછંદ અવાજે લગ લગાટ બીન સ્ટોપ ૪૮ મીનીટ પ્રવચન ફરમાવી ભલભલા યુવાનોને પણ શરમાવી નાખ્યા હતા. ગુણાનુરાગી ગુરૂદેવશ્રીના ગુણો ગણાય તેમ નથી પણ જ્યારે ગુરૂદેવના જીવન ગગનના ચમકતા સીતારા જેવા અનેક ગુણોના પ્રકાશ અનુભવીએ છીએ સાંભે જ ગુરૂ ચરણે શિર ઝુકી જાય છે.

"ગુરૂ બિન જ્ઞાન ન ઉપજે, ગુરૂ બિન મિટે ન દોષ !
ગુરૂ બિન લાધે ન સાધના, ગુરૂ બિન મિલે ન મોક્ષ !"

કરૂણા મૂર્તિ ગુરૂદેવશ્રી મુંબઇ લાલબાગની પુણ્ય ભૂમિમાં અરિહંતના ધ્યાનમાં મુક્તિ પંથે પ્રયાણ કરી ગયા.

મોક્ષ માર્ગના દર્શક ગુરૂદેવનો પાર્થિવ દેહ વિદાય થયો પણ પુણ્યપુંજ સમો સાહિત્ય દેહ આજે પણ પરોપકાર કરી રહ્યો છે.

સ્વના તર્પણ દ્વારા સ્વને પરનું શ્રેય સાધનારા સૂરિવરના ઉપકારો શાસન પ્રેમી સત્યગ્રાહિ ગુણાનુરાગી વર્ગમાં સદા સુવાસ પ્રસરાવતા રહેશે. વંદન કોટિ ગુરુવર કમલનંદન લબ્ધિ સૂરિશ્વરને ચરણે.

(જૈન પાઠશાળા જામનગર) આચાર્ય વારિષેણસૂરિ.

(અનુ ટાઇટલ ૨નું ચાલુ)

'જિનધર્મ''

આ સાથીને ઓળખી લે. આ ગુપ્તચર-નોય ગુપ્તચર છે. કાબેલ અને ચતુરાઈ યુક્ત આ સાથી છે. સર્વજ્ઞોએ બતાવેલો આ સરળ સુકાની નિઃસ્વાર્થી છે. એના ભરોસે હાંકેલી નાવ કયારે ય ડુબતી નથી, દગો દેતી નથી, ફટકો દેતી નથી, તૂટતી નથી. તેમાં બેઠેલા માનવોને કશા પ્રકારની ફિકર રહેતી નથી.

આ સાથી આઠ આઠ કર્મપુદ્ગલોના પાશથી મુકત કરાવે છે અને આત્માને શુદ્ધ બનાવી શિવમંદિરમાં મહાલતો કરી દે છે. બસ,

વધુ હવે પછી..

-વિરાગ

(પેજ નં. ૨૪નું ચાલુ)

પછી ત્રણે પૂતલીનું મૂલ્ય આંકતા કાલીદાસે કહ્યું કે પહેલી પૂતલીની કિંમત સવા રૂા. જેટલી જ છે, બીજીનો સવા સો રૂા. જેટલી છે અને ત્રીજીની સવા લાખ રૂા. જેટલી છે તે સાંભળી કારીગર પણ આનંદ પામ્યો અને કહે કે, યથાર્થ મૂલ્ય આંકયું છે.

પણ લોકોને તો બાઇ કાંઇ સમજાયું નહિ. આ તે કેવી વિચિત્ર વાત લાગે છે. તેથી રાજા સહિત સભાજનોની મૂંઝવણને દૂર કરવા કાલીદાસે કહ્યું કે આ ત્રણ પૂતલી-ઓના માધ્યમથી આ કારીગર આપણને જીવનની સાચી દિશાનો બોધ આપે છે. કે જગતમાં માણસો ત્રણ પ્રકારના છે. પહેલા વર્ગના માણસો કાંઇ સારી વાત સાંભળે તો એક કાનમાં સાંભળી બીજા કાનેથી કાઢી નાખે છે જે આ પહેલી પૂતલી જેવા છે. બીજા પ્રકારના માણસો કાનથી સાંભળેલ વાત મોંઢાથી બહાર કાઢે ને અર્થાત પરોપદેશમાં પ્રવીણ હોય છે પણ પાલનમાં મીંડા જેવા હોય છે. જે બીજી પૂતલી જેવા છે અને ત્રીજા વર્ગના માણસો જે સાંભળે તે સમજી હૃદયમાં પચાવી સ્થિર કરે છે અને શક્તિ પ્રમાણે પાલન કરે છે જે આ ત્રીજી પૂતલી જેવા છે. માટે સમાન રૂપ-રંગ છતાં ત્રણેના મૂલ્યમાં ફેરફાર છે. તેનો પરમાર્થ જાણી સૌ આનંદિત થયા અને રાજાએ પણ બન્નેનું ઉચિત બહુમાન સન્માન કર્યું.

આના પરથી આપણે બોધ એ લેવો છે કે ત્રણ પ્રકારના શ્રોતામાંથી આપણે પહેલી પૂતલી જેવા છીએ, બીજી પૂતલી જેવા છીએ કે ત્રીજી પૂતલી જેવા છીએ. ત્રીજી પૂતલી જેવા શ્રોતા જ સાચું આત્મ કલ્યાણ પામે છે. માટે ત્રીજી પૂતલી જેવા આપણે સાચા શ્રોતા બની અ પણા આત્માનું કલ્યાણ સાધીએ તે જ મંગલ કામના..

નમ્ર વિનંતિ : શ્રી જૈન શાસન સાપ્તાહિક ઓગષ્ટ ૬૬ના ૬મા વર્ષમાં પ્રવેશ કરે છે. જેથી વાર્ષિક લવાજમ ભરવાવાળા ગ્રાહકોને વિનંતિ કરવાની કે આ વખતે લવાજમ માટે દરેકને વ્યક્તિગત પત્રો લખી શકાયા નથી જેથી દરેક ગ્રાહકોએ તુરત લવાજમ મોકલી આપી સહકાર આપવો. લી. સંપાદક જૈન શાસન

Reg No. G. SEN 84

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- ગમે તેવા ખરાબ કાળમાં પણ આપણે આપણો ધર્મ સાચવીને જીવવું તેનું નામ ડહાપણ છે.
- પૈસો તો એવી ખરાબ ચીજ છે કે જે હાથમાં લે તેને તેનું ઝેર ચઢે !
- પૈસાના લોભે તો માણસનું હીર હણી લીધું છે. માનવને માનવ રહેવા દીધો નથી. માનવને જાહેરમાં બોલવા લાયક રહેવા દીધો નથી.
- સદ્‌ગૃહસ્થનું ઘર દાન માટે હંમેશા ખૂલ્લું હોય.
- ન્યાયસંપન્નતાવાળા જીવને ભુખ્યા-તરસ્યા રહેવું પડે તો તે 'દયાપાત્ર' નથી પણ 'પ્રશંસા પાત્ર' છે. ધન્ય છે તેના મા-બાપ ! કુલને ! સંસ્કારને ! ભુખ્યો રહે છે પણ અનીતિ કરતો જ નથી !
- અજાતિનો જેમને ભય ન લાગે તેનો મનુષ્ય જન્મ 'અજન્મા' થવા માટે નહિ અધિકને અધિક જન્મ વધારવા માટે છે.
- નીતિથી જે મળે તેમાં શાંતિથી જીવવું તેમાં જે મજા છે તે અનીતિના પૈસાથી મજા કરવામાં નથી.
- પોતાની જાતને જે જીવ સંસારમાં ફસી ગયેલી માને તે જીવ શ્રી વીતરાગ પરમાત્માના શાસનમાં રહેવા લાયક છે. તે જ જીવ સાચો જૈન છે. તે જ જીવ સાચો 'આર્ય' છે, 'આર્ય સંસ્કાર' વાળો છે. બાકી બધા તો અનાર્ય સંસ્કારવાળા છે તેમ કહેવું પડે.
- આગળ સુખીને જોઈને દુઃખી ઈર્ષ્યા ન હતા કરતા અને સુખી પણ દુઃખીને જોઈને કરૂણાવાળા બનતા હતા. આજે સુખી, દુઃખીને હડસેલે છે અને દુઃખી સુખી તરફ લાલ આંખવાળા છે.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંડિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

Received

P.P. પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૯ | અંક ૩

ગીતાર્થ કોણ

गीयं भण्ण इ सुत्तं,
अत्था तस्सेव होइ वक्खाण ।
उभएणय संजुतो,
सो गोयत्थो मुणेयव्वो ।।

સૂત્ર તે ગીત કહેવાય છે અને તેનું જે (સમ્યક્) વ્યાખ્યાન તે અર્થ કહેવાય છે અને તે સૂત્ર અને અર્થ બન્નેના યથાર્થપણાથી યુકત જે હોય તેને ગીતાર્થ જાણવો.

卐

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

શ્રાવક સમાચાર

જામનગર ૪૫, દિગ્વિજય પ્લોટમાં

ચાતુર્માસ પ્રવેશ તથા સ્વ. ગચ્છાધિપતિની પાંચમી સ્વર્ગારોહણ તિથિ નિમિતે ઉજવણી. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય પૂ. મુનિશ્રી યોગીન્દ્ર વિજયજી મહારાજ તથા પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ વિજય જયંતશેખર સૂરીશ્વરજી મહારાજ સાહેબના તપસ્વી શિષ્ય રત્ન પૂ. મુનિશ્રી દિવ્યાનંદ વિજય મ. આદિઠાણા ૨નો અષાઢ સુદ–૨ના રોજ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ સાથે ૪૫, દિગ્વિજય પ્લોટમાં સત્તાંગી ચોમાસાનો પ્રવેશ થયેલ ને સંઘ તરફથી શ્રીફળની પ્રભાવના રાખવામાં આવેલ

અષાઢ સુદ ૧૪ના રોજ મુનિશ્રી દિવ્યાનંદ વિજયની ૧૦૦×૬૧ મી વર્ધમાન તપની પૂર્ણાહુતિ નિમિતે રાજકોટવાળા ધીરજલાલ પ્રભુદાસભાઇ તરફથી સંઘ પૂજન તથા ગુરૂપૂજન કરવામાં આવેલ.

અષાઢ સુદ ૧૫ના રોજ પારણા નિમિતે ઓશવાલ કોલોનીથી પૂ આચાર્ય ભગવંત પધારેલ તથા જામનગર નિવાસી વીરજી વીકમસી તથા માણેકચંદ ડાયાલાલભાઇ તરફથી ગુરૂપૂજન તથા સંઘપૂજન કરવામાં આવેલ. સૂત્ર વાંચન વ્યાખ્યાનમાં પૂ. મુનિશ્રી દિવ્યાનંદ વિજય મહારાજ આપે છે. અ. વ. ૨–૩ના રોજ ધર્મ વિધિ પ્રકરણ વાંચન સવારે ૭–૪૫ મીનીટ વ્યાખ્યાન ચાલે છે. સૂત્ર વોરાવવાનો તથા પાંચ પૂજા તથા અષ્ટ પ્રકારી પૂજાનો લાભ નીચેના ભાઇ તરફથી લીધેલ છે.

સૂત્ર રાયચંદ કાનજીભાઇ તરફથી ૧લી પૂજા વેલજી દેપાર હરણીયા બીજી પૂજા શા. હંસરાજ સોજપારભાઇ ત્રીજી પૂજા હીરા હધાભાઇ ચોથી પૂજા ખીમચંદ રાયસીભાઇ પાંચમી પૂજા હીરાબેન વેલજી મોઠર અષ્ટપ્રકારી પૂજા હીરાભાઇ હધાભાઇ. અષાઢ વ. ૬ના રોજ ૬ઠ્ઠ મહીનાના ઘરના દિવસે અરીહંત પદ આરાધના નિમિતે ખીરના એકાસણાનો લાભ લેનાર રંભાબેન મગનભાઇ. સારી સંખ્યામાં લોકો જોડાયા હતા.

સ્વ. ગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબની પાંચમી સ્વર્ગારોહણ તિથી નિમિતે ઓશવાલ કોલોનીથી પૂ. આ. ભ. શ્રીમદ જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા ગામમાં મોહન વિજય જૈન પાઠશાળા માંથી સ્વ. પૂ.આ.ભ. શ્રીમદ લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સા.ના સમુદાયના ચાતુર્માસ બીરાજતા પૂ.આ.ભ. શ્રીમદ વિજય વારિષેણ સૂ. મહારાજ સાહેબ પધારેલ ને સ્વ.ના ગુણાનુવાદ કરેલ.

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાલા અને સિદ્ધાન્ત પક્ષ તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી મુકીમ (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ ઘેવરચંદ મુકીમ (પાલનપુર)

વર્ષ : ૯] ૨૦૫૨ શ્રાવણ સુદ-૧૩+૧૪ મંગળવાર તા. ૨૭-૮-૯૬ [અંક : ૩

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૩ સોમવાર તા. ૧૩-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના:— (પ્રવચન ૧૧ મું) -અવ૦

ભગવાન પોતાના કર્મોને ખપાવવા અનાર્યદેશમાં ગયા છે. કારણ ? આર્યદેશમાં ય દુઃખ આપનારા ઘણા છે પણ અનાર્યો જેવું દુઃખ નથી આપતા. આર્ય ઘોલ મારે તે જુદી અને અનાર્ય ઘોલ મારે તે જુદી. તેટલા માટે તો ભગવાન દુઃખ વેઠવા અનાર્ય દેશમાં ગયા. ભગવાનને ખબર હતી કે, મારા કર્મો ભારે છે અને તે દુઃખ મઝેથી વેઠયા વિના જાય તેવાં નથી. તો આપણે પાપ નથી કરતાં ? તો આપણને દુઃખ આવવું જોઇએ કે ન આવવું જોઇએ ?

કયારે કયું દુઃખ આવે તેની આપણને ખબર છે ? માટે દુઃખને મઝેથી વેઠતાં શીખવું જ જોઇએ. આપણા પાપનો ઉદય હોય તો રસ્તે ચાલનારો પણ દુઃખ દે. આપણા પાપના ઉદયે મા-બાપ પણ દુશ્મન થાય તેવું ય બને. મા પોતે જ પોતાના ગર્ભને ગાળી નાખે છે, બચ્ચાંને જન્મતાની સાથે જ મારી નાખે છે, જન્મ આપ્યા પછી ય બિચારા બિચારીને જીવાડે છે.

સંસારનું સુખ મેળવવા અને પોતાના જ પાપથી આવતાં દુઃખથી બચવા કેટલાં પાપ થાય છે તે તમે જ વિચારો ! હિંસા મઝેથી કરો છો, જૂઠ પણ મઝેથી બોલો છો,

ચોરી રાજદંડ થાય તેવી પણ મઝેથી કરો છો, વિષયસેવન પણ મઝેથી કરો છો, પરિગ્રહ પણ ખૂબ ખૂબ જોઈએ છે તે માટે જે કરવું પડે તે ય મઝેથી કરો છો, વાત વાતમાં ક્રોધ કરો છો, માન તો ઠાંસી ઠાંસીને ભરેલ પડયું છે, માયાનો તો પાર નથી, લોભ પણ ખૂબ છે, સંસારનું સુખ અને તે સુખનાં સાધનો ઉપર ખૂબ ખૂબ રાગ છે, દુઃખ ઉપર અને જે કોઇ દુઃખ આપે તેના ઉપર ભારોભાર દ્વેષ છે. કજિયા પણ કરો છો, કોઇને ય કલંક આપો છો, ચાડી ચૂગલી પણ કરો છો, વાતવાતમાં રતિ-અરતિ કર્યા કરો છો, બીજાના દોષ ગાયા કરો છો અને પોતાના દોષ છુપાવ્યા કરો છો, હોંશિયારીથી મઝેથી જૂઠ બોલો છો, આ બધા પાપ મઝેથી કરવા છતાં તમારી જાતને નિષ્પાપ ! ધર્માત્મા !! માનો છો ! આટલા પાપ કરવા છતાં કોઇ તમને પાપી કહે તો તમને ગુસ્સો આવે છે અને સારા ન હોવા છતાં ય સારા કહેવરાવવું ગમે છે. તમને કોઇ પાપી કહે તે નથી ગમતું અને ધર્મી કહે તે ગમે છે તે જ પૂરવાર કરે છે કે–પાપ બરાબ છે અને ધર્મ સારો છે આમ સમજવા છતાં ય મોટો ભાગ પાપ મઝેથી કરે છે અને ધર્મ વેઠની જેમ કરે છે.

સંસારનાં સુખનો રાગી અને દુઃખનો દ્વેષી બનેલો સાધુ પણ ધર્મ સારી રીતે કરી શકતો નથી. તેવો સાધુ ભગવાને નિષેધ કરેલા પાપ કરે છે. તમારા પાપ જુદી જાતના છે તેમ અમારા માટે પણ પાપ જુદી જાતના છે. તમારે શ્રી વંદિત્તાસૂત્રમાં અને અમારે શ્રમણસૂત્રમાં પાપ યાદ કરી કરીને માફી માગવાની છે. શ્રી વંદિત્તાસૂત્ર બોલાઇ જાય છે પણ તમને યાદ આવે છે કે–મેં આ આ પાપ કર્યાં છે ? ઘણાને તો ખબર જ નથી કે–શ્રી વંદિત્તાસૂત્રમાં શું શું આવે છે ? વંદિત્તાસૂત્રને બરાબર સમજે તેને માલુમ પડે કે–ગૃહસ્થપણામાં ઘણાં ઘણાં પાપ કરવા પડે છે. ઘણાં પાપ કર્યાં વિના ગૃહસ્થપણું જીવાય જ નહિ. ગૃહસ્થપણું તે પાપનું ઘર છે. શાસ્ત્રે ગૃહસ્થાવાસને નરકાવાસ કહ્યો છે. ઘરમાં મઝેથી રહે તે મોટે ભાગે નરકે જાય. પાપ કર્યા વિના ઘર ચાલે ? પાપ કર્યા વિના વેપાર ચાલે ? ઘર ચલાવવું તે પાપ છે, વેપાર કરવો તે ય પાપ છે તેમ કોઇ માનતું નથી. પાપથી દુઃખ જ આવે તો તમારે દુઃખ જોઈએ છે ?

આજે ઘણા પૈસાવાળા ઘણો વેપાર કરે છે, તેમાં હોંશિયારી માને છે. તમને પણ જરૂર ન હોવા છતાં વેપારવૃદ્ધિ કરવામાં મઝા આવે છે ને ? બાઇઓને પાંચ મનગમતાં ભોજન કરવાં રસોઇ કરવામાં મઝા આવે છે ને ? શ્રાવિકા ચૂલો સળગાવતા સળગાવતા મરી જાય તો ય સ્વર્ગમાં જાય એમ શાસ્ત્રે કહ્યું છે. કારણ શું તે જાણો છો ? શ્રાવિકાને ચૂલો સળગાવવો પડે તેનું ભારોભાર દુઃખ હોય છે. તે ચુલો સળગાવતી વખતે વિચારે કે—હું સાધ્વી ન થઇ માટે મારે આ પાપ કરવું પડે છે. એટલે ચુલો

સળગાવતા પાંડેલાં પૂંજી પ્રમાજી, કોઇ ત્રસ જીવની હિંસા ન થાય તેની કાળજી રાખે છે.

સભા : પાપ એ સકામ અને નિર્જરા તે અકામ એમ જ થયું ને ?

ઉ૦ : હવે સાચું સમજ્યા. પાપ મજેથી કરો છો અને નિર્જરા જે કર્મ ઉદયમાં આવ્યાં તે ભોગવો છે. ઉદયમાં આવેલ કર્મ જાય તે નિર્જરા છે ?

સમયે સમયે કેટલાં કર્મ બંધાય છે ? સાત. તેનો ભય લાગે છે ? જ્ઞાનનો ખપ છે ? દર્શનનો ખપ છે ? ચારિત્રનો ખપ છે ? તપનો ખપ છે ? તેનો ખપ ન હોય તો પાપ બંધાય તેમ ખબર છે ? જેને દાન ગમે નહિ, શક્તિ હોવા છતાં દાન ન કરે તો ય પાપ બંધાય તે ખબર છે ? મંદિર પાસે હોય અને દર્શન ન કરે તો ય પાપ બંધાય.

પ્ર૦ : બધે જ પાપ તો જીવ કરે શું ?

ઉ૦ : જીવ પાપ કરે છે માટે જ દુઃખી છે.

જ્ઞાની કહે છે કે—જીવ સંસારમાં દુઃખી હોય તેમાં નવાઇ નથી. જીવ પાપ કરીને આવ્યો હોય માટે દુઃખી જ હોય. સંસારમાં વાસ્તવિક સુખી ધર્મી વિના બીજું કોઇ નથી. સંસારના સુખમાં સુખ માનનારા તો વધારે દુઃખી થવાના છે. તમે જેટલી મઝાથી તે સુખ ભોગવો છો તેથી વધુ દુઃખી જ થવાના છો તેમ શ્રદ્ધા છે ? તમારી પાસે જેમ જેમ પૈસા વધે તેમ તેમ વધારે પાપ કરો છો કે ઓછું પાપ કરો છો ? કેટલા પૈસા મળે તો તમે પાપ બંધ કરી દો ?

સભા : તેની લીમીટ ન હોય.

ઉ૦ : તેને ધર્મી કહેવાય ? તે ધર્મ પામી શકે ખરો ? પૈસાની લીમીટ નહિ હોય પણ આયુષ્યની લીમીટ છે. પચાસ વર્ષમાં પૈસા માટે જેટલાં પાપ કર્યાં હશે તેની સજા ભોગવવા કેટલો કાળ કાઢવો પડશે તે ખબર છે ? સંખ્યાતો ય હોય, અસંખ્યાતો ય કાઢવો પડે અને ગાઢ પાપ બંધાયા હશે તો અનંતોકાળ પણ કાઢવો પડે.

માંડ માંડ આવી સારી ગતિમાં આવ્યા છીએ તો હવે અહીંથી મરીને ક્યાં જવું છે ? તેમ રોજ પૂછું છું છતાં કોઇ જવાબ આપતું નથી. ઉપરથી કહે છે કે 'આવી ચિંતા શું કામ કરો છો, મજેથી લહેર કરવા દો ને !' આવા જીવો ધર્મ પામે ? આવા જીવોને તો જેટલા પૈસા મળે, જેટલું સુખ મળે તે ઓછું લાગે. ઘણાને તો જે કાંઇ મળ્યું છે તેનો આનંદ નથી પણ ધાર્યું સુખ નથી મળ્યું તેનું દુઃખ ઘણું છે. આવાને કોઇ સમજાવી શકે નહિ, ખુદ શ્રી અરિહંત પરમાત્મા પણ.

(ક્રમશઃ)

રાષ્ટ્રની શાન : સંયમી પ્રજા

–પૂ. આ. શ્રી વિજયકનકચંદ્રસૂરીશ્વરજી મ.

સાત્વિકતા, સદાચાર અને સંયમથી રાષ્ટ્રની શાન વધે છે. જે દેશમાં પ્રજા સંયમી અને સદાચારી હોય છે તે જ પ્રજા સંકટના સમયે પોતાના રાષ્ટ્ર માટે પોતાની જાત કુરબાન કરવાની તત્પરતા દાખવે છે.

જે રાષ્ટ્રની પ્રજા વિલાસી ફેશન પરસ્તીમાં રાચનારી અને સ્વૈર વિહારી હોય છે, તે રાષ્ટ્રનું પતન ખૂબ જ ટુંકા ગાળામાં થાય છે. જે દેશમાં યુવાનો અને યુવતીઓ આરામપ્રિય, વિલાસી અમન–ચમનમાં રાચનારા તથા શૃંગારના વધુ પડતા શોખીન હોય છે, તે રાષ્ટ્રને જમીન દોસ્ત થઈ જતા જરા પણ વાર લાગતી નથી.

ઈ. સ. ૧૯૩૯ થી ૧૯૪૫ ના ગાળામાં બીજું વિશ્વ યુદ્ધ થયું. જર્મનીએ પોલાન્ડ પર હુમલો કર્યો અને આંખ મીંચીને ઉઘાડો એટલીવારમાં તો તેના પર વિજય મેળવ્યો.

હિટલરે એક પછી એક ઘણા રાષ્ટ્રો જીતી લીધા, અને છેલ્લે ફ્રાંસ પર આક્રમણ કર્યું. જનરલ દ–ગોલે એ સમયે રાજીનામું આપ્યું હતું. સર્વ સત્તાઓ માર્શલ પેટાં પાસે હતી.

તોફાનની માફક હિટલરની સેના ખૂબ ઝડપથી ધસી આવતી હતી. આ સેનામાં અપાર ઉત્સાહ હતો, કારણ કે આ સેનાએ ઘણા વિજયો મેળવ્યા હતા ફ્રાંસ ફેશન અને વિલાસ માટે જગપ્રશહુર છે. માર્શલ પેટાંએ પોતાના દેશના યુવાન-યુવતીઓના માનસનો અભ્યાસ કર્યો. તેમણે જોયું કે, જર્મનીની મહાઉત્સાહી સેના સામે ટકવું તદ્દન અસંભવિત છે, આથી પોતાની હાર કબુલી ને પોતાની જાતને જર્મન સેનાને સોંપી દીધી.

ફ્રાંસ પર જર્મનીની વિજય પતાકાઓ ઉડવા માંડી. જર્મન ગ્રેટ બ્રિટન પર આક્રમણ કરવાના ઉરાદાથી આગેકૂચ જારી રાખવા માગતું હતું. દૈવયોગે હિટલરે રશિયા પર આક્રમણ કર્યું યુદ્ધની દિશા બદલાઇ ગઇ. બ્રિટન જરાક માટે યુદ્ધમાંથી ઉગરી ગયું. રશિયા સાથે લાંબો સમય યુધ્ધ જારી રહ્યું. રશિયા, અમેરિકા, બ્રિટન તથા ફ્રાંસ આ ચાર મિત્ર રાષ્ટ્રો એક તરફ હતા. જયારે બીજીબાજુ જર્મની, ઇટાલી, જાપાન હતા. અંતે જર્મનીનો પરાભવ થયો.

વિજયી થયા બાદ, હેગની આંતરરાષ્ટ્રીય અદાલતમાં યુધ્ધ કેદીઓ પર કેસો ચલાવવામાં આવ્યા. આ સમયે માર્શલ પેટાંને અપરાધીના રૂપમાં હાજર કરવામાં આ યા.

આ સમયે તેમને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, તમે લડાઈ લડ્યા વગર શા માટે શરણાગતિ સ્વીકારી લીધી ?

માર્શલ પેટાંએ આ પ્રશ્નનો જે ઉત્તર આપ્યો, તે ખરેખર ખુબ જ મનનીય છે. તેમણે કહ્યું : 'મેં મારી પ્રજાના માનસનો ખુબ ઊંડો અભ્યાસ કર્યો. આ અભ્યાસને અંતે એક વાત મારા ખ્યાલમાં આવ્યા વગર રહી નહીં કે, અમારા પ્રજાજનો સુંદરીઓ અને શરાબની ચુંગાલમાં ફસાઈ ચુકયા હતા. તેમાંથી તે બહાર આવી શકે તેમ ન હતું. અમારી પ્રજામાંથી શૌર્ય, જોશ અને રાષ્ટ્ર માટે મરી ફીટવાની તમન્ના મરી પરવારી હતી. જ્યારે બીજી બાજુ પર જર્મન સેનામાં રાષ્ટ્ર-પ્રેમ શૂરવીરતા અને ઉત્સાહ ભારોભાર છલકાતા હતા. આથી નાહક લોહીની નદીઓ ના વહે, તે માટે મેં હાર સ્વીકારી લીધી હતી. વિલાસી અને શૌર્યહીન પ્રજાને લઈને રણ મેદાનમાં કઈ રીતે ઉભા રહેવું ?'

ન્યાયાલયે માર્શલ પેટાંને અપરાધી ઠરાવીને તેમને શિક્ષા કરી, પરંતુ તેમના નિવેદનમાં રહેલી ભારોભાર વાસ્તવિકતાનો અસ્વીકાર કોઇનાથી પણ કરી શકાય તેમ નહોતો. સાચો સાચ વિલાસી પ્રજા પોતાના રાષ્ટ્રની આઝાદી કેમ કરીને ટકાવી શકે ?

સંયમી, સુશીલ અને સહનશીલ પ્રજા જ શૌર્યવાન અને તેજસ્વી હોય છે. ચર્ચિલ એક અગ્રગણ્ય રાજકારણી અને કુશળ વહીવટકર્તા હતા, તેમણે એકવાર વિધાન કરેલું કે, જે રાષ્ટ્રમાં યુવકો અને યુવતિઓનું ધ્યેય સિને-સ્ટાર બનવાનું હોય અને જે રાષ્ટ્રમાં આ જ પ્રકારની ચર્ચા સતત રીતે થતી હોય અને નાના બાળકો પણ જ્યાં સિને ગીતો ગણગણ્યા કરતા હોય, તે રાષ્ટ્રનું પતન એક નિશ્ચિત હકીકત બની જાય છે.

ઈંગ્લેન્ડના નાણાંપ્રધાન પ્રોફ્યુમા અને વડાપ્રધાન મેકમિલનના પતનની વાત આ વિષય પર શ્રેષ્ઠ ઉદાહરણ છે. કિલર જેવી સુંદરી સાથે ભોગ વિલાસમાં ડુબી રહેવાથી પ્રોફ્યુમાની કેવી દશા થઇ ? ભોગ વિલાસ અને વધુ પડતા ઇન્દ્રિયોના સુખમાં બેફામપણે રચ્યાપચ્યા રહેવાથી વિનાશ ખુબ ઝડપથી ધસી આવે છે.

આપણા દેશની આર્થિક બાજુ ઠીક ઠીક નબળી છે. આમ છતાં પણ આપણા દેશમાં બીડી, ચા, સિનેમા પાછળ કેટલા બધા ધનનો અપવ્યય થાય છે ? એમ અંદાજવામાં આવ્યુ છે કે, આપણા દેશમાં ૧૯૫૮ ની સાલમાં ૩૦ અબજ સિગારેટ પીવામાં આવી હતી. ૧૯૬૨ માં આંકડો વધીને ૪૧ અબજ ઉપર પહોંચ્યો હતો.

રોજ એક રૂપિયો કમાનાર મજૂર સરેરાશ આઠઆના સિનેમા તથા એક પેકેટ સિગારેટ પીવા પાછળ બરબાદ કરે છે. વ્યસનોમાં આટલા બધા પૈસા બરબાદ થવાથી, ખાવા-પીવા, પહેરવા-ઓઢવાની વસ્તુઓ ખરીદવા માટે તેની પાસે ખરીદ શક્તિ ન હોવાથી તેને ભુખો મારવી પડે છે.

આથી રાષ્ટ્રની શાન વધારવા માગતા હોઇએ, અને આપણી જાતને શક્તિશાળી બનાવીને ઉન્નતિના સોપાન ચઢવા માગતા હોઇએ, તો આપણે ઇન્દ્રિયો પર કાબુ રાખવો જ પડશે. સંયમની બ્રેક આપણે સત્વરે મારવી જ પડશે. ભોગો પાછળ દોડવા માગતી ઇન્દ્રિયો અને વૃત્તિઓને આપણે નાથવી જ પડશે. આપણી શક્તિઓનો ઉપયોગ આપણે સારા કાર્યોમાં કરવાનો છે. ભોગ-વાસનાની સપાટી પરથી આપણે ઉંચા ઉઠવાનું છે. આ માટે જીવનમાં સાદાઇ અપનાવવી ખૂબ જ જરૂરી છે.

—: શાસન સમાચાર :—

પ. પૂ. શાસન પ્રભાવક આ.દેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસુરીશ્વરજી મ. સા. ની શિવગંજ [રાજસ્થાન]માં પાંચવી સ્વર્ગતિથિની ભવ્ય ઉજવણી

પ. પૂ. સંયમમૂર્તિ આ. શ્રીમદ્વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મ. સા. આદિ શિવગંજ પોરવાલ જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ બિરાજમાન છે. પ. પૂ. પ્રવચન પ્રભાવક ગણિવર્યશ્રી દર્શનરત્નવિજયજી મ. આદિ અત્રે ઓસવાલ જૈન ઉપાશ્રય, શિવગંજમાં ચાતુર્માસ બિરાજમાન છે. પરંતુ પ. પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂ. મ. ની પાંચવી સ્વર્ગતિથિની ઉજવણી તો પ. પૂ. સંયમમૂર્તિ આ.શ્રીમદ્ વિજય વિબુધપ્રભ સૂ. મ. આદિ તથા પ. પૂ. ગણિવર્યશ્રી દર્શન વિ. મ. આદિની શુભ નિશ્રામાં પોરવાલ જૈન સંઘના આગ્રહથી સામુદાયિક ઉજવણી ઉજવવામાં આવેલ છે. સવારે ઓસવાલ જૈન ઉપાશ્રયથી વાજતે-ગાજતે સંઘ સાથે પ. પૂ. પ્રવચન પ્રભાવક ગણિવર્યશ્રી આદિ અત્રે પોરવાલ જૈન ઉપાશ્રયમાં પધારેલ. અત્રે સર્વપ્રથમ પ. પૂ. ગણિવર્યશ્રી ગુણાનુવાદ કરેલ. પછી પ. પૂ. યુવામનિષી મુનિરાજશ્રી ભાવેશરત્નવિજયજી મ.એ ગુણાનુવાદ કરેલ પછી છેલ્લે પ. પૂ. આચાર્ય ભગવંતે ગુણાનુવાદ ખુબ સારી રીતે સમજાવેલ. ગુણાનુવાદ પછી શ્રાવકે પૂજ્યશ્રીના ગીતો ગાયા. પછી ગુરૂની ગહુલી ગાવામાં આવેલ. વ્યાખ્યાન પછી પ્રભાવના આદિ થયેલ. એકંદરે મેહની ચિકકાર હતી. આ ગુણાનુવાદે અત્રે નવો રંગ જમાવેલ. બપોરે પૂ.પાદશ્રીની પંચમી સ્વર્ગારોહણતિથિ નિમિતે પૂજા આદિ થયેલ અને પૂ.શ્રીને ૬૬ વર્ષની ઉમ્ર હોવાથી ૬૬ ઉપરાંત આયંબિલ કરાવવામાં આવેલ.

રાજપુર (ડીસા) અત્રે પ. મુ. શ્રી બાહુવિજયજી મ. આદિ ઠાણા ૩ ચાતુર્માસ પધારતા અ. સુદ ૬ નો પ્રવેશ થયો. આંબેલ થયા, બહુમાન થયું. કીર્તિરત્ન વિ. મ. વ્યાખ્યાન નિયમિત આપે છે વિવિધ તપો થાય છે પૂ. સા. શ્રી યક્ષપ્રભાશ્રીજી મ. આદિના ચાતુર્માસદિ બહેનોમાં સારી આરાધના થાય છે.

આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજીની ઉત્સૂત્ર પ્રરૂપણા તા. ૩૦-૩-૯૫ને ગુરૂવારના રોજ વાસણા ઉપાશ્રયમાં અપેલ,

પ્રવચનની સમીક્ષા

અમદાવાદના, ગુજરાતના જૈન સંઘોને ઉત્સૂત્ર પ્રરૂપણાથી સાવધ રહેવાની ભાવદયા પૂર્વકની ચેતવણી.

હું તા. ૨૭-૦૩-૯૫ થી તા. ૩૦-૦૩-૯૫ સુધી અંગત ક્ષમે અમદાવાદ ગયેલ પંકજ સોસાયટીમાં ઉતરેલ.

પ. પૂ. આચાર્યદેવ નરરત્નસૂરીશ્વરજી મ. સા.ની અંતિમ અવસ્થાના સમાચાર પેપરમાં વાંચી તા. ૩૦-૩ના રોજ સવારે તેઓશ્રીના દર્શન-વંદન કરવાની ભાવનાથી વાસણા ઉપાશ્રયે ગયેલ. લગભગ ૯-૧૦નો સમય હતો. બંધ રૂમની બહારથી પૂ. આચાર્યદેવના દર્શન કરી, સમય હોવાથી ઉપાશ્રયના મેડા પર ચાલતા વ્યાખ્યાનમાં જઈ બેઠા.

વ્યાખ્યાનમાં શાસ્ત્ર-વિરૂદ્ધની ઉત્સૂત્ર પ્રરૂપણા થતી સાંભળી અડધો કલાકમાં જ (૯-૪૭ કલાકે) ઉભા થઈ નીકળી જવાનું મન રોકી શકયો નહીં.

અડધા કલાકના વ્યાખ્યાન સમયમાં જે બે મુખ્ય મુદ્દા શાસ્ત્ર-વિરૂદ્ધની પ્રરૂપણા રૂપ હતા તે નીચે મુજબ છે.

૧. " ભગવાનના સંઘને હાડકાનો માળો કહેવાય નહીં. હાડકાનો માળો કહેવો એ ભગવાનના સંઘનું અપમાન છે."

સમીક્ષા : ભગવાનનો સંઘ એટલે કોણ ? ભગવાનનો સંઘ કેવો ગુણ સમૃદ્ધ હોય ? ભગવાનના સંઘનું સાચું સ્વરૂપ કેવું હોય ? એ વાત સમજાવ્યા વગર ઉપરોક્ત વિધાન કરેલ.

ઉપરોક્ત વાકય જોતા વ્યકિતદ્વેષથી જ આવા ઉત્સૂત્ર પ્રરૂપક શાસ્ત્ર વિરૂદ્ધના વાકયો બોલાતા હોવાનું સ્પષ્ટ જણાવ્યું.

ભગવાન બચાવે આવા ઉત્સૂત્ર પ્રરૂપકોથી !

૨. " ભગવાનના શાસનમાં શ્રી જિનેશ્વરદેવો જ નહીં પરંતુ અન્ય દેવોની પણ ભકિત કરવાનું કહ્યું છે. "

સમીક્ષા : આવા વાકયોથી પરમ કૃપાળુ શ્રી જિનેશ્વરદેવોની ઉત્કૃષ્ટ દેવ તરીકેની ખ્યાતિને કેટલી ઝાંખપ લાગે છે. શ્રી જિનેશ્વરદેવ જેવા દેવ મહ્યા પછી અન્ય દેવની ભકિત કરવી જ શા માટે પડે ?

ખેર! હમો તો નશીબદાર છીએ કે હમને તો હજારો-લાખોના તારણહાર, પરમ ગિતાર્થ, પરમારાધ્યપાદ, પ્રાતઃસ્મરણીય પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજનો સુંદર ભેટો થઇ ગયો છે તેથી આવી વાતોમાં હમો કે હમારા કુટુંબનું નાનું ૮-૧૦ વર્ષનું છોકરૂં પણ ફસાય તેમ નથી. પરંતુ અન્ય જીવોની આવી વાતોથી થનારી ભાવિ દુર્દશાને લીધે આટલી ચેતવણી રૂપ સમીક્ષા લખવી પડી છે.

તેઓ શ્રીમદ વ્યકિત દ્વેષમાંથી હવે તો (ચાર વર્ષ થવા આવ્યા) બહાર નીકળી સાચી પ્રરૂપણા કરવી જોઇએ.

ખૂબ ભારે હૈયે-વેદના પૂર્વક કહેવું પડે છે કે વ્યકિત દ્વેષમાંથી બહાર નીકળી ધર્મના-મર્મના રહસ્ય સુધી પહોંચી, ઉપદેશ આપે તો જીવોનું સાચું કલ્યાણ કરી શકશો.

પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી સર્વમાં સદ્‌બુદ્ધિ આવો અને સર્વ જીવનું કલ્યાણ થાય એવી જ શુભાભિલાષા.

પ્રમોદ આર. શાહ
૬૬, જય યોગેશ્વર સોસાયટી,
બુરાવાવ, ગોધરા ૩૮૯૦૦૧

પ્રતિ,
તંત્રી શ્રી,
શ્રી જૈન શાસન કાર્યાલય,
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર.

ઉપરોક્ત લેખ આપના અઠવાડિક "જૈન શાસન"માં છાપી બહુવિ જીવોને ઉન્માર્ગ ઉપદેશકોથી બચાવવા હાર્દિક વિનંતી છે.

પ્રમોદ આર. શાહ

ધાર્મિક દ્રવ્યનો શાસ્ત્રીય વહીવટ કરવાનું સૌભાગ્ય મહાપુણ્યોદય વિના ન મળે.

વરૂણ તા ૨૪–૮–૬૫ ના અંકમાં ત્રીજા પાને આચાર્ય શ્રી વિજય ભુવનભાનુ સૂ. મ. સા. ના શિષ્યો મુનિ ભુવનસુંદરવિજય ગણી અને મુનિ ગુણસુંદરવિજય ગણીએ 'ધાર્મિક દ્રવ્યનો વહીવટ કરવાનું સૌભાગ્ય મહાપુણ્યોદય વિના ન મળે' એ હેડિંગ હેઠળ જે લેખ લખ્યો છે તે કેટલીક બાબતોને બાદ કરતા એકંદર સારો છે. જે વાંધાજનક વાત તેમણે ઉલ્લેખી છે તે પહેલા પેરાગ્રાફમાં આવેલ ગુરૂદ્રવ્યના વહીવટ સંબંધી છે. એમણે ગુરૂદ્રવ્યમાંથી સાધુ પુરૂષોની સેવાભક્તિ થાય એમ જણાવ્યું છે જે જૈન ધર્મની મૂળભૂત મર્યાદાને અનુસરતું નથી. જૈન સાધુ કંચન કામિનીનો ત્યાગી હોય છે એટલે તેમની પૂજા માટે આવેલું સુવર્ણાદિ દ્રવ્ય તેઓ પોતાના ઉપભોગમાં લઈ શકતા નથી. આવા દ્રવ્ય માટે 'દ્રવ્ય સપ્તતિકા' નામના સર્વમાન્ય ગ્રંથમાં ગુરૂ કરતા ગૌરવાર્હ સ્થાન દેવનું છે, તે દેવનું મંદિર બનાવવામાં, જીર્ણ દેવ મંદિરનું જિર્ણોધ્ધાર કરાવવામાં વાપરવું એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. અને પૂર્વાચાર્યોએ (સિધ્ધસેન દિવાકર સૂ, હેમચંદ્ર સૂ, વાદિદેવ સૂ. આદિ) તે રીતે જ તેનો ઉપયોગ કર્યાના પણ પ્રબંધ કોશાદિ ગ્રંથોમાં ઢગલાબંધ ઉલ્લેખો છે. ગુરૂને ભોગવવા માટે યોગ્ય એવા આહાર પાત્ર વસ્ત્ર આદિ દ્રવ્યો કોઇ આપે તો તેનો ગુરૂ અવશ્ય ઉપભોગ કરી શકે છે: તેમાંય કાંબલી પાત્રાદિ વહોરાવવાના ચડાવા કરાઈને જે સુવર્ણાદિ દ્રવ્ય (રૂપિયા) આવે તે પણ પૂર્વોક્ત જિર્ણોધ્ધાર જિનમંદિર નિર્માણમાં જ જાય છે. આટલો ખુલાસો આ વિષયમાં પૂરતો છે.

ચોથા પેરેગ્રાફમાં તેમણે દેવદ્રવ્ય અંગે કેટલાક ભ્રામક–વિધાનો કર્યા છે. દેવદ્રવ્યના વૃધ્ધિની શાસ્ત્રીય વાત કરીને ધીમેથી તેમણે દેવદ્રવ્યથી શ્રાવક પોતાના કર્તવ્યરૂપે પૂજા પૂજનાદિ કરી શકે એવી વિકૃત માન્યતા ઘુસેડી છે. શાસ્ત્રોમાં દેવદ્રવ્યની વૃધ્ધિની વાત જે આવે છે તે સંકટ સમયે જ્યારે કોઇપણ સંયોગોમાં જિનપૂજાદિ ન થઇ શકે, ચૈત્ય રક્ષણ ન થઇ શકે તેમ હોય તેવા સમયે દેવદ્રવ્યમાંથી પણ જિનપૂજા–ચૈત્યરક્ષણ આદિ કાર્ય કરવા માટે દેવદ્રવ્યની વૃધ્ધિ કરી તેનું સમ્યકરક્ષણ કરવાનું વિધાન છે, નહિ કે તેનો શ્રાવકના પૂજાદિ સ્વકર્તવ્યમાં ઉપયોગ કરીને નાશ કરવા માટે શ્રાવકે પોતાના કલ્યાણ માટે પૂજા કરવાની છે તો જેની પાસે ધનસંપત્તિ છે તેણે તેની મૂર્છા ઉતારી ત્યાગ કરી તેમાંથી દ્રવ્યો ભાગી યથાશક્તિ જિનભક્તિ કરવાની છે. પણ દેવદ્રવ્યમાંથી નહીં જ ! શ્રાવકો જો સ્વકર્તવ્ય રૂપે દેવદ્રવ્યમાંથી પૂજા કરતા થઇ જાય તો તે થોડા જ સમયમાં સમસ્ત

દેવદ્રવ્ય તળીયાઝાટક થઈ જાય પછી હજારો ચૈત્યતીર્થોનો જિર્ણોદ્ધાર–રક્ષણ કોણ કેવી રીતે કરશે ?

હા, દેવદ્રવ્યમાંથી પણ મહાપૂજાદિ કાર્યો થઈ શકે ! પણ કેવા દેવદ્રવ્યમાંથી ? શ્રાવકોએ મહાપૂજાદિ કાર્યો કરવા માટે જે રકમ આપી દીધી હોય એની સંકલ્પિત રકમમાંથી મહાપૂજાદિ કરાય. તે સંકલ્પિત દેવદ્રવ્ય થયું. આવો સ્પષ્ટ ખુલાસો કર્યા વિના સીધા દેવદ્રવ્યમાંથી જ પૂજા કરવાનો પરવાનો ફાડી આપવો એ કોઇપણ શાસ્ત્રાનુયાયી માટે વ્યાજબી નથી જ. પોતાના વિવાહ સંબંધથી જે સ્ત્રી હોય એ વ્યવહારમાં 'લોગ્યા' કહેવાય, પણ માતા–ભગિની એ પણ સ્ત્રી હોવા છતાં પોતાને માટે લોગ્યા નહિ જ બને પણ 'રક્ષ્યા' અને 'સેવ્યા' બને છે આટલી સામાન્ય સમજણનો પણ અભાવ આવા વિધાનો કરવા પ્રેરે છે.

આ તો થઈ શાસ્ત્રીયવાત. લેખક મુનિશ્રીઓના ગુરૂદેવ અને પ્રગુરૂદેવ આ. વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. અને આચાર્ય વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજે એમના જીવનકાળમાં કયારેય 'દેવદ્રવ્યમાંથી મહાપૂજા–પૂજાદિ શ્રાવક યોગ્ય કર્તવ્યો કરી શકાય' એવું બોલ્યું–લખ્યું નથી.

સં. ૨૦૪૪ ના રાજનગરના મર્યાદિત મુનિસંમેલને જે આ અંગેના ઠરાવો કર્યા હતા તે પણ આજ સુધી શાસ્ત્રાનુસારી પૂરવાર થયા નથી તેથી જ ૮૪માંના મોટા ભાગના આચાર્યોએ તેમાંથી કાં તો પોતાની સહી પાછી ખેંચી લીધી છે, કાં તો એ અંગે મૌન ધારણ કર્યું છે અને કેટલાક તો સ્પષ્ટપણે કહી રહ્યા છે કે સંમેલન નિષ્ફળ ગયું છે.

વધારે તો શું કહેવું પણ એ સંમેલનના પ્રમુખ આ શ્રી વિ. રામસૂરીશ્વરજી (ડહેલાવાળાએ) પણ એને સાવ નિષ્ફળ ગયેલ તરીકે હમણાં જ જાહેર કર્યું છે છતાં સ્વમમતને આધીન થઈ ન જાણે કયા ઈરાદાથી સંઘને ગુમરાહ કરવાનું કાર્ય થઈ રહ્યું છે ? આવી નિરાધાર સ્વયં કયારેય ન આચરેલી વાતો પ્રચારે છે તેને કલિકાલનો મહિમા માનવો કે શું એનો નિર્ણય વાંચકો પર છોડવામાં આવે છે. માતા સમાન પવિત્ર દેવદ્રવ્ય પર કયારેય આપણી નજર ન બગડે એવી કામના સાથે.

—શ્રી૦

પ્રકીર્ણ પર્યુષણ જ્ઞાન કણીકા

—પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી, મુંબઇ

સૂરજ અંધકારનો નાશ કરે
ઔષધિ રોગનો નાશ કરે
જલ મેલનો નાશ કરે...
તેમ પર્યુષણ પર્વ પાપના પુંજોનો નાશ કરે છે

❁

પર્વતોમાં ઉત્તમ મેરૂ
પક્ષીઓમાં ઉત્તમ હંસ
મંત્રોમાં ઉત્તમ નવકાર
તેમ સર્વ પર્વ શિરોમણિ પર્વ પર્યુષણ પર્વ

ચૌદ ગુણસ્થાન અને યોગની આઠ દૃષ્ટિ

વર્ધમાન તપોનિધિ પ. પૂ. આ. દે. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ.

પ્રભુ શાસનમાં ૧૪ રાજલોક, ૧૪ સ્વપ્ન,ની વાત આવે છે તેમ આત્માને પરમાત્મા સ્વરૂપ બનાવવાનાં ચૌદ પગથીઆ બતાવ્યા છે તે ચૌદ પગથીઆને ગુણસ્થાન કહ્યા છે. તેનું સ્વરૂપ અહીં આપણે વિચારીએ.

ગુણઠાણા એટલે આત્મ વિકાસના પગથીઆ. ભગવાન જ્ઞાનીઓ આત્માઓને ચૌદ ગુણઠાણામાં મુક્તિનો માર્ગ બતાવે છે. મિથ્યાત્વના ચાર તબક્કા છે તે જીવને માર્ગદર્શન પછી સન્મુખ બનાવે છે ૩ આગેકૂચ કરાવે છે ૪ પાર ઉતારે છે. આ ક્રમની અંદર યોગની દૃષ્ટિનો સમાવેશ થાય છે. યોગની દૃષ્ટિ એ ખૂબ ગંભિર વિષય છે. જ્યારે જ્યારે આત્માની યોગ દૃષ્ટિનો વિચાર કરીએ છીએ ત્યારે આપણે ધર્મનો સિક્કો લઇને ફરવાવાળા આપણી કેવી હોંય પથારી છે– તેની સમજણ પડે છે.

પહેલું ગુણ ઠાણું મિથ્યાત્વ ગુણ ઠાણું છે. પરંતુ તેમાં એ વિકાસ ક્રમના ચાર ભાગ છે. બાળક બે મહિનાનું કહેવાય બાર મહિનાનું કહેવાય, ચાર વર્ષનું કહેવાય છે. સૂર્ય ઉદય થતાં પહેલાં પ્હો ફાટે છે. ઝાંખુ અજવાળું થાય અને સંધ્યા ખિલે અને સૂર્યોદય તેવી રીતે મિથ્યાત્વ ગુણઠાણા માં ચાર વિકાસ રહેલા છે. તેથી ચેતન જ્ઞાન અજુવાળીએ સજ્જયમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ લખે છે. પાપ નવી તિવ્રભાવે કરે જેહને નવી ભવ રાગ રે, ઉચિત સ્થિતિ સેવે સદા તે અનુમોદવા લાગરે. થોડોક પણ ગુણ પરતણો સાંભળી હર્ષ મન આણ રે. આ બધી વાતો મિથ્યાત્વ ગુણઠાણે રહેલા જીવની છે.

ભગવાનની માતાને પહેલું સ્વપ્ન હાથી આવે છે. અને તે હાથી કાદવમાં રમે છે. પાણી ઉછાળે છે. આવું તેને ગમ્યા કરે છે. છતાં હાથી ઉત્તમ પ્રાણી છે. હાથી પ્રમાદી હોય છે. હાથીનું શરીર ભારે હોય છે. માટે પહેલા ગુણ ઠાણે જીવનો ટાઇમ વધુ પ્રમાદમાં જાય છે. પાપ કર્મથી તે ફુકરતી ભારે હોય છે. પરંતુ હાથી ખુબ સમજુ પ્રાણી છે. પરંતુ તેને સાચી સમજણ હૃદયમાં ઉતરે તો વિકાસ થયા વગર રહેતો નથી પહેલા ગુણઠાણાને સાદી ભાષામાં સંભ્રમ સદન અવસ્થા કહેવાય છે. બીજા ગુણઠાણાને શાસ્ત્રીય ભાષામાં સાસ્વાદ ગુણ સ્થાનક કહેવાય છે. અને આપણી ભાષામાં અવનત સદન ગુણઠાણું એટલે બીજું ગુણ ઠાણું કહેવાય છે. ત્રીજા ગુણઠાણાને મિશ્ર ગુણઠાણું કહેવાય છે. સાદી ભાષામાં મંથન સદન કહેવાય છે. ચોથા ગુણઠાણાને સમ્યકત્વ ગુણઠાણું સાદી ભાષામાં વિકાસ સદન કહેવાય છે. પાંચમાં ગુણઠાણાને દેશવિરતિ ગુણસ્થાનક કહેવાય છે સાદી ભાષામાં ઉત્થાન સદન કહેવાય છે. છઠ્ઠા ગુણઠાણાને પ્રમત્ત

ગુણઠાણું કહેવાય છે. સાદી ભાષામાં હવે સંસારના વ્યાપારથી આરામ કરાવે. સંસારમાં મજુરી કરવાની પાછે બાંધવાનું તેના બદલે અહીં ભક્તિ કરવાની અને કર્મને છોડવાનું એટલે આ ગુણઠાણાને આરામ સદન કહીએ છીએ.

સાતમાં ગુણ સ્થાનકને અપ્રમત્ત ગુણઠાણું કહેવાય છે સાદી ભાષામાં યોગ સદન કહેવાય છે. યોગ હવે કાબુમાં આવે છે. આઠમા ગુણઠાણાને અપૂર્વ સદન કહેવાય છે. પૂર્વે નહિ કરેલી એવી પાંચ વસ્તુ અપૂર્વ કરે છે. અપૂર્વ સંક્રમણ, અપૂર્વ સ્થિતિ, અપૂર્વ બંધ, અપૂર્વ ઉપશમ, અપૂર્વ ગુણશ્રેણી, કરે છે આમ કર્મની સામે ભિષણ જંગ શરુ થાય છે. કર્મના મડદાઓને લઇ લઇને ભૂકકા બોલાવે છે. નવમાં ગુણ સ્થાનકને શાસ્ત્રીય ભાષામાં અનિવૃત્તિ ગુણ સ્થાનક કહેવાય છે. તેની સાદી ભાષામાં અનુભવ સદન કહેવાય છે. વેદોદય ખતમ કરે છે ક્રોધ-માન-માયા ઠાંઠી નીકળે છે. અને લોભને ખતમ કરવા વ્યુહ રચના થાય છે. સર્વ પાપના ભૂકકે ભૂક્કા બોલાય છે. દશમાં ગુણ સ્થાનકને શાસ્ત્રીય ભાષામાં સૂક્ષ્મ સંપરાય કહેવાય છે. પાપનો બાપ લોભ તેના ભૂકકે ભૂક્કા બોલાવે છે. તેથી તે ગુણ સ્થાનકને મિત્ર સદન કહેવાય છે. જીવનો દુશ્મન મોહ છે.

૧૧માં ગુણ સ્થાનકને ઉપશાંત મોહ શાસ્ત્રીય ભાષામાં કહેવાય છે સાદી ભાષામાં સરકણ સદન કહેવાય છે. ગમે તેવી ઊંચી સાધના કરનાર આત્મા અહીં સરકયા વગર રહેતો નથી. પરંતુ જે આત્મા ક્ષપકશ્રેણિ માંડે છે તે ૧૧મે ગુણઠાણે જતા નથી. બારમા ગુણઠાણાને ક્ષીણમોહ કહેવાય છે અને સાદી ભાષામાં વીતરાગપણું પ્રાપ્ત કરે છે તેથી તેને વીતરાગ સદન કહેવાય છે. તેરમાં ગુણ સ્થાનકને સંયોગી કેવલી ગુણ સ્થાનક કહેવાય છે જેને સાદી ભાષામાં કેવળજ્ઞાન કહેવાય છે. સંપૂર્ણ દુનિયાના ૧૪ રાજના લોક અને અલોકનું જ્ઞાન થાય છે. સર્વકાળ અને ભાવના જ્ઞાતા એટલે સાદી ભાષામાં જ્ઞાન સદન કહેવાય છે. ચૌદમાં ગુણ સ્થાનકને અયોગી ગુણસ્થાનક કહેવાય છે. સાદી ભાષામાં સિદ્ધ સદન કહેવાય છે. મન-વચન કાયાના યોગો જે બાકી રહેલા ચાર કર્મથી સદાને માટે મુકત બને છે. કૃતકૃત્ય બને છે અબંધવાળા બને છે.

૧લા ગુણઠાણે દયા એ ધર્મ છે. બીજા ત્રીજા ગુણઠાણે સામાન્ય સમજ છે ચોથા ગુણઠાણે વીતરાગે બતાવેલો ધર્મ એ જ સાચો છે. શ્રદ્ધા એ ધર્મ માને છે. પાંચમા ગુણઠાણે જયણા એ ધર્મ છે. છઠ્ઠા ગુણઠાણે રક્ષા એ ધર્મ છે. સાતમા ગુણઠાણે ઉપયોગ એ ધર્મ છે. આઠમા ગુણઠાણે દેહાધ્યાસ ત્યાગ એ ધર્મ છે. નવમા ગુણઠાણે કષાય ત્યાગ એ ધર્મ છે. દશમા ગુણ સ્થાનકે મોહ ત્યાગ એ ધર્મ છે. ૧૧ માં ગુણઠાણે વીતરાગ જેવો પણ લપસણું ગુણ સ્થાનક છે. ૧૨માં ગુણઠાણે વિષયનો ત્યાગ એ ધર્મ છે. તેરમા ગુણઠાણે સર્વ ભાવના જ્ઞાતા દષ્ટા એ ધર્મ છે. ૧૪માં ગુણસ્થાનકે

યોગ જ્ઞાન એ ધર્મ છે. આપણે ચૌદ ગુણ-ઠાણા જોયા તેને ક્રમથી વિચારતાં આઠ દૃષ્ટિનો ગુણ સ્થાનકમાં સમન્વય કરીએ. તે તે ગુણ સ્થાનકે તે તે વસ્તુ સંપૂર્ણ સમ-જવી જોઇએ.

ગુણ સ્થાનક એટલે મોક્ષમાં જવાની મુસાફરી છે. તેમાં તે તે ગુણસ્થાનક સ્ટેશન છે. જ્યાં જવાનું હોય ત્યાં સુધી ન પહોંચાય ત્યાં સુધી મુસાફર ગમે ત્યાં ઉતરી જતો નથી. પરંતુ જે ગામ જવાનું હોય તે આવે પછી જ ઉતરે છે. જ્યાત્માનું લક્ષ મોક્ષ પ્રાપ્તિ હોવું જોઇએ. મોહે કેવા કેવ નાચ અને કુત્સો કરાવ્યા છે તે જોવા માટે વિદ્યમાન જગત બરાબર જોતા આવડી જાય તો વીતરાગે ફરમાવેલી આજ્ઞાઓ શક્તિ મુજબ કરવાની શરૂઆત થઇ જાય અને પાપ તરફ વહેતા પ્રવાહને પરાજય મળ્યા વગર ન રહે.

મોક્ષ માળ ઉપર ચઢવાની ક્ષેણિ કે પગ-થીઆ બરાબર સમજી આત્મસાત્ કરવા જેવા છે. આ જાણવાથી પોતે કયાં ઉભા છીએ અને ધર્મમાં આગળ વધતા વચ્ચે ગમે તેવા વિઘ્નો કે પ્રલોભનો આવે તો ફસાઇ ન જવાય.

પહેલા ગુણ સ્થાનકે ચાર દૃષ્ટિ આવી જાય છે. પહેલી દૃષ્ટિ મિત્રા દૃષ્ટિ છે, ત્યાં બોધ ખૂબ સામાન્ય હોય છે. તૃણની અગ્નિ જેવો મંદ બોધ હોય છે. અદ્વેષ ગુણ હોય છે. અખેદ દોષ નીકળી જાય છે. પછી અવંચક દશાને પામે છે. એટલે સત્પુરૂષોનો યોગ તે યોગાવંચક સત્પુરૂષને નમસ્કાર તે ક્રિયા વંચક અને સત્પુરૂષથી કાંઇક ધર્મ પામવાની સિધ્ધિ આ ત્રણ વસ્તુ પામે છે તે કાંઇક અભય બની જાય છે. અહિંસા-સત્ય-અસ્તેય-મૈથુન વિરમણ અને અપરિગ્રહના પાંચ પગથીયાં શરૂઆતનું બે યમ અહિંસા અને સત્યને શકય મુજબ મૂકે અમલમાં છે. આમ પહેલી દૃષ્ટિ મિત્રા અપૂર્વ પરાક્રમની શરૂ-આત થાય છે. આ દૃષ્ટિ વગરના જીવો અખાડાના ગુણસ્થાને કહેવાય છે. અખાડામાં પહેલવાનો કસરત કરી માત્ર શરીરને મજ-બૂત બનાવાનો ધંધો કરે છે તેમ પ્રથમ દૃષ્ટિ વગરનો જીવ સંસારના ૧૮ પાપના અખાડામાં પાપોથી પ્રતિક્ષણ મજબૂત બનતો હોય છે. પંચેન્દ્રિયપણું પામેલો જીવ જેમ ઇન્દ્રિય વગરનો હોય તથા તેને જેમ પંચે-ન્દ્રિય કહેવાય છે તેમ સમજવું. આ દૃષ્ટિ માર્ગ સન્મુખ.

(૨) તારા દૃષ્ટિ : માર્ગ ઉપર ચઢવું તેમાં મનની શુદ્ધિ શૌચ-સંતોષ અનેક પ્રકારના તપ પરિષહ સહન કરવા સ્વાધ્યાય આત્મ ચિંતન આદિ આવે છે. બોધ છાણા-ની અગ્નિનાં કણ જેવો હોય છે. જિજ્ઞાસા ગુણ પ્રાપ્ત થાય છે. ભગવાનના તત્વ સાંભળવાની સમજવાની રૂચિ તિવ્ર બને છે. માંદગીમાંથી ઉઠેલાને કાંઇક ખાવાની રૂચિ જાગે છે. તેમ તત્વ શ્રવણની ઇચ્છા જાગે છે ઉદ્વેગ દોષ નીકળી જાય છે. પહેલી દૃષ્ટિમાં ખેદ દોષ જાય છે. બીજી દૃષ્ટિમાં ઉદ્વેગ દોષ જાય ને કામ કર્યા પછી ખેદ થાય છે ઉદ્વેગ થતો નથી શુભ કર્મ કર્યા પછી ખેદ થતો નથી ખેદ, પશ્ચાતાપ, ઉદ્વેગ દુઃખ કંટાળો થતો નથી. (ક્રમશઃ)

વાર્ષિક કર્તવ્યોમાંથી કંઈક

-પૂ. આ. શ્રી વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ.

૪. સ્નાત્ર મહોત્સવ :

બીજું વાર્ષિક કર્તવ્ય છે સ્નાત્ર મહોત્સવનું, પરંતુ તમે લોકો નવા રૂપિયાનો નકરો મંદિરમાં આપીને જે સ્નાત્રપૂજા કરો છો કે કરાવો છો એની હું વાત નથી કરતો હું જે કહું છું તે સ્નાત્રમહોત્સવ તો ભવ્યતાપૂર્વક કરવાનો હોય છે. ભલે વરસમાં એક જ વાર કરો, પરંતુ એ કરો- ઉત્તમ ભાવથી અને સામગ્રીથી ! સકલ સંઘની સાથે કરો!

જેવી રીતે મેરૂ પર્વત પર ચોસઠ ઈન્દ્રો ભેગા થઈને પરમાત્માનો સ્નાત્રાભિષેક કરે છે એવો સ્નાત્રાભિષેક કરવો જોઈએ. તે માટેની સામગ્રી પણ ઉત્તમોત્તમ હોવી જોઈએ. પરમાત્માની સામે સમર્પિત કરવાંની સામગ્રી વિપુલ પ્રમાણમાં હોવી જોઈએ, વિશુદ્ધ હોવી જોઈએ. જો હૃદયમાં પરમાત્મપ્રીતિ હશે તો સમર્પણ શ્રેષ્ઠ જ હશે. પ્રીતિ જ સમર્પણ કરાવે છે.

૫. દેવદ્રવ્યની વૃદ્ધિ :

પાંચમું વાર્ષિક કર્તવ્ય છે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનું. અર્થાત્ તમારે તમારા દ્રવ્યરાશિ પરમાત્માને સમર્પણ કરવો જોઈએ. દ્રવ્યમાંથી જીર્ણ જિનમંદિરની મરામત થઈ શકે છે, નવું જિનમંદિર પણ બની શકે છે, જિનપ્રતિમાનું પણ નિર્માણ થઈ શકે છે.

દેવદ્રવ્યની વૃદ્ધિ માટે પૂર્વાચાર્યોએ કેટલાક માર્ગ નક્કી કર્યા છે, જેથી કરીને વરસોવરસ સરળતાથી દેવદ્રવ્ય મંદિરને મળતું જ રહે.

મંદિરોમાં જે ભંડાર રાખવામાં આવે છે તે ભંડારોમાં તમે જે દ્રવ્ય નાખો તે દેવદ્રવ્ય બને છે.

તીર્થોમાં સંઘપતિ જે તીર્થમાલા પહેરે છે એ તીર્થમાલાની બોલીના રૂપિયા દેવદ્રવ્યમાં જાય છે.

ઉપધાનતપ કરનારાઓને જે માળા પહેરાવવામાં આવે છે તે માળાની બોલીના રૂપિયા દેવદ્રવ્યમાં જાય છે.

પર્યુષણ પર્વમાં બારસ્વા સુદ એકમના દિવસે જે ચૌદ સ્વપ્ન બતાવવામાં આવે છે, એ સ્વપ્નાંની બોલીના રૂપિયા દેવદ્રવ્યમાં જાય છે. પારણું ઝુલાવવું વગેરે બોલીના રૂપિયા પણ દેવદ્રવ્યમાં જાય છે.

મંદિરમાં આઠ પ્રકારની પૂજાની અને આરતી મંગલદીપની બોલીના રૂપિયા પણ દેવદ્રવ્યમાં જાય છે.

દેવદ્રવ્યની વૃદ્ધિના બીજા પણ કેટલાક ઉપાય છે. આ બધા ઉપાયોને લીધે આજે લગભગ તમામ મંદિરો પાસે દેવદ્રવ્ય ઘણું થયેલું છે. કેટલાંક મંદિરો પાસે તે ઘણું જ દેવદ્રવ્ય જમા પડયું છે. જો મંદિરોનાં ટ્રસ્ટીઓ સમજદાર હોય તો એમણે દેવદ્રવ્યનો સંગ્રહ નહિ કરવો જોઇએ. જ્યાં પણ કોઇ જિનમંદિરો જીર્ણ માલમ પડે ત્યાં એ મંદિરોનો જીર્ણોદ્ધાર કરવા માટે આ દેવદ્રવ્યનો ઉપયોગ કરવો જોઇએ.

આજે 'સાધારણ દ્રવ્ય'ની વૃદ્ધિ કરવાનું પરમ કર્તવ્ય બની ગયું છે. જે જે કામમાં દેવદ્રવ્ય કામમાં નથી આવતું ત્યાં 'સાધારણ દ્રવ્ય' કામમાં આવે છે. મંદિરની વ્યવસ્થાનું અને પૂજન સામગ્રીનું ખર્ચ સાધારણ દ્રવ્યમાંથી જ કરવાનું શાસ્ત્રો કહે છે. તમે લોકો સાધારણ ખાતામાં રૂપિયા બહુ ઓછા આપો છો અને ખર્ચ વધારે થાય છે—એ બોટ ટ્રસ્ટીઓ પોતાના ગજવામાંથી પૂરી કરતા નથી, તેઓ દેવદ્રવ્યનો ઉપયોગ કરી નાંખે છે. ! આથી તમને સૌને ખૂબ દોષ લાગે છે.

જેમ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે પૂર્વાચાર્યોએ કેટલાક ઉપાયો બતાવ્યા તેમ સાધારણ દ્રવ્યની વૃદ્ધિના ઉપાય, વર્તમાનકાલીન આચાર્યદેવોએ બતાવવા જોઇએ. હર સાલ ફંડફાળો કરવાથી પણ જેટલું જોઇએ એટલું સાધારણ દ્રવ્ય મળતું નથી.

જેમ ચાંદ સ્વપ્નની બોલી બોલવામાં આવે છે, તેમ સાધારણ દ્રવ્યની વૃદ્ધિ માટે પણ કોઇ બોલીનું આયોજન થવું જોઇએ. બોલી (ઉછામણી) માં તમે લાખો રૂપિયા આપો છો.

સભામાંથી : બોલી બોલવામાં અમને લોકોને પાનો ચડે છે !

મહારાજશ્રી : સાચું છે ને ! એમ પણ ધનનો ત્યાગ થઇ જાય છે ને ! જે રસ્તે પૈસા છૂટે એ રસ્તો સારો ! સાધારણ દ્રવ્ય માટે મારે તમારી પાસેથી પૈસા છોડાવવા છે. કોઇ બોલીનું આયોજન કરવું પડશે ! નહિ તો દેવદ્રવ્યનો દુરૂપયોગ થયા કરશે !

સભામાંથી : દેવદ્રવ્યના રૂપિયા ઉપાશ્રય–ધર્મશાળામાં વાપરી શકાય ખરા ?

મહારાજશ્રી : નહિ વાપરવા જોઇએ. તમારે ધર્મારાધના કરવા માટે ઉપાશ્રય ધર્મશાળા જોઇએ તો તમારા પૈસે તમે બનાવી લો ! તેમાં દેવદ્રવ્યનો ઉપયોગ કદી ન કરો ! કર્યો હોય તો વ્યાજ સહિત પૈસા મંદિરને પાછા આપી દો. નહિ તો મહા-પાપના ભાગી બનશો. દેવદ્રવ્યની સાથે કદી પણ રમત નહિ કરવી. એટલા માટે કહું છું કે સાધારણ દ્રવ્યની વૃદ્ધિ કરશો તો દેવદ્રવ્ય સલામત રહેશે.

૬. મહાપૂજા :

છઠું વાર્ષિક કર્તવ્ય છે મહાપૂજનનું. એટલે કે શ્રાવક શ્રાવિકાએ આર્થિક સ્થિતિ સારી હોય તો વરસમાં એકવાર તો મહાપૂજા કરવી જ જોઇએ જિનમંદિરમાં, ઉપાશ્રયમાં કે પોતાના ઘરમાં પણ મહાપૂજનનું આયોજન થઇ શકે છે.

લઘુ શાંતિસ્નાત્ર, બૃહત્ શાન્તિસ્નાત્ર સિદ્ધચક્રમહાપૂજન વગેરેને મહાપૂજા કહે છે. જો એવી આર્થિક સ્થિતી ન હોય તો પંચકલ્યાણક પૂજા, નવપદપૂજા પઢી શકાય છે. પરંતુ વરસમાં એકવાર આવી મહાપૂજા થવી જોઇએ. આ કર્તવ્ય સુખી-સંપન્ન ગૃહસ્થો માટે છે.

૭. રાત્રિજાગરણ :

સાતમું કર્તવ્ય છે રાત્રિજાગરણનું. રાતના વખતે પરમાત્માની ભક્તિ કરવી જોઇએ. આ દૈનિક કર્તવ્ય નથી, વાર્ષિક કર્તવ્ય છે. વરસમાં બે ચાર વાર આ કર્તવ્યનું પાલન કરવું જોઇએ.

કોઇ તીર્થ હોય, શાન્ત સુંદર જગા હોય ત્યાં યાત્રિકોની સાથે મળીને વાજિંત્રોની સાથે મધુર સ્વરે પરમાત્માનું ગાન કરવું જોઇએ.

એવી રીતે તીર્થંકર પરમાત્માનો કલ્યાણદિન હોય, ગુરૂનો સ્વર્ગારોહણદિન હોય, તો રાતના સમયે પરમાત્માનાં ગીત ગાવાં જોઇએ, પરંતુ એમાં કેટલીક વાત ખાસ લક્ષમાં રાખવાની છે. પહેલી વાત તો એ કે રાતે કંઇ જ ખાવાપીવાનું નહિ થવું જોઇએ.

સભામાંથી : કેટલાક લોકો તો રાતે ચા પાણી કરે છે ને બરાડા પાડીપાડીને ગાય છે.

મહારાજશ્રી : એ ખોટું છે. એટલે તો હું કહું છું કે રાતે ખાવાપીવાનું નહિ થવું જોઇએ. બીજી વાત છે લાઉડસ્પીકરની. દશ વાગ્યા પછી લાઉડસ્પીકર બંધ થઇ જ જવું જોઇએ, લોકોની શાન્તિનો ભંગ નહિ કરવો જોઇએ દુનિયાને સંભળાવવા વાસ્તે રાત્રિ જાગરણ કરવાનું નથી, પણ પરમાત્માની ભક્તિ માટે ગાવાનું છે. માટે શાન્તિથી મધુર સ્વરે પરમાત્માનાં ગીત ગાવાં જોઇએ. પરમાત્મપ્રીતિ વધારવા માટે રાત્રિ જાગરણ કરવાનું છે.

(પર્વ પ્રવચનમાળા)

[અનુ. ટાઈટલ ૨ નું ચાલુ]

બાકીમાં ગોવિંદજી સામત પરિવાર તરફથી ગુરૂપૂજન તથા સંઘ પૂજન પાંચ પાંચ રૂપિયાનું થયેલ..

તે દિવસે આચાર્ય પદના નિમિતે હરણીયા વેલજી દેપાર તરફથી આંબેલ કરાવવામાં અવેલ ને ૬૬, આંબેલ થયા ને તેમના તરફથી પાંચ રૂપિયાની પ્રભાવના કરવામાં આવેલ.

જામનગર ગામમાં શાન્તિ ભુવનમાં મુનિશ્રી દિવ્યાનંદ મહારાજ સાહેબ ના, ૧૦ શ્રાદ્ધદિનકૃત ઉપર વ્યાખ્યાન આપે છે. લોકો સારો લાભ લઈ રહ્યા છે.

શિવગંજમાં વ્યાકરણની સુંદર વાચના શ્રેણી– શિવગંજ ઓસવાલ જૈન ઉપાશ્રયમાં સવારે ૬-૩૦ થી ૮-૩૦ સુધી નો બે કલાકનો દરરોજ પ. પૂ. ઉપાધ્યાય પ્રવર શ્રી કમલરત્ન વિજયજી મ.ના શિષ્યરત્ન પ. પૂ. વ્યાકરણ વિશારદ ગચ્છિવર્ય શ્રી દર્શનરત્ન વિજયજી મ. સાધુ-સાધ્વીજી માટે શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન પર વાંચના આપે છે સારી એવી પ્રશ્નોત્તરી પણ ચાલે છે. પછી દરરોજ હાથી વ્યાખ્યાન માં સારી રીતે સંખ્યા લાભ લે છે. સિદ્ધિતપ, મોક્ષ દંડક વગેરે વિભિન્ન તપો ચાલી રહ્યા છે.

જામનગર– પાઠશાળા ખાતે તપસ્વી પૂ. આ. શ્રી વિજય વારિષેણ સૂ. મ. પ. પૂ. શ્રી વિજયસેન વિ. મ. આદિની નિશ્રામાં પૂ. કવિકુલ કિરીટ આ. ભ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.ની ૩૫મી સ્વર્ગતિથિ નિમિતે ભક્તામર પૂજન આદિ પંચાહ્નિકા મહોત્સવ શ્રા. સુ. ૪થી ઉજવાયો, વિધિ માટે શ્રી નવીનભાઇ પધારેલા અને ભક્તામર જૈન મહાવીર સંગીત મંડળના ભાઇઓ પધારેલ આદિ જિન મહિલા મંડળની બહેનોએ ૪ પૂજા ભણાવી હતી. ભકતામર પૂજન શ્રી રામબાઈ છગનલાલ સુતરીયા પરિવાર તરફથી તથા પંચકલ્યાણક પૂજા મનસુખલાલ છગનલાલ સુતરીયા તરફથી અંતરાય કર્મ નિવારણ પૂજા એક ભાવિક તરફથી નવપદની પૂજા વજકુંવરબેન મણિલાલ માડાળા તરફથી તથા નવાંણું પ્રકારી પૂજા શ્રી બળવંતરાય પ્રભુલાલ મહેતા ચેલાવાળા તરફથી ભણાવી.

—: વિજ્ઞપ્તિ :—

જે યાત્રિકો ચોમાસામાં પણ તિર્થાધિરાજ શત્રુંજય ગિરિરાજ ઉપર જાય છે તેઓને આથી જણ કરવામાં આવે છે કે, પૂજ્ય શ્રી દાદાજીના દેરાસરના ગભારામાં તથા શ્રી દાદાજીની ટુંકમાં મુખ્ય જીનાલયોમાં ઓપકામ તથા સફાઈકામ કરવાનું હોવાથી,

ભા. સુ. ૬ તા. ૧૯-૯-૬૬ થી આસો. સુ. ૬ તા. ૧૮-૧૦-૬૬સુધી

પૂજ્ય દાદાજીના દેરાસરમાં તથા મોટી ટુંકના અન્ય મુખ્ય જીનાલયોમાં યાત્રિકથી સેવા પૂજા થઈ શકશે નહિ તેની આથી દરેક યાત્રિકોને જણ કરવામાં આવે છે.

મેનેજર, શેઠ કલ્યાણજી આણંદજી પાલીતાણા

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- દુઃખ તે સુધરવાની ચાવી છે સુખ તે બગડવાનો ધંધો છે.
- વિરાગના વૈરીને ધર્મ ન આવે, રાગના વૈરીને ધર્મ આવે.
- સંસારના સુખ માટે જ ધર્મ કરનારા કયારે કેવો અધર્મ કરે તે કાંઇ કહેવાય નહિ. સંસાર સુખનું જ અર્થી પણું એટલે પાપનું અર્થીપણું. તેથી તો જીવ જે કાંઇ ધર્મ કરે તે બધો પાપસ્વરૂપ બને.
- જીવને ખરેખર મજા ત્યારે જ આવે કે વારંવાર સતત મોક્ષ જ યાદ આવ્યા કરે દુનિયાના પદાર્થો પરનો રાગ પણ ન રહે આ શરીરનો પણ મોહ ઉતરી જાય, દુઃખ વેઠવામાં આનંદ આવે તો !
- શરીરનો જ પૂજારી ધર્મ માટે અયોગ્ય. કોઇ પણ પ્રતિજ્ઞા ભાંગતા ક્ષણ પણ લાગે નહિ.
- જેને સંસારનું સુખ માત્ર મજેનું લાગે છે, સુખનું સાધન શરીર સારૂં લાગે છે. તે માટે જે કરવું પડે તે કરવા તૈયાર છે. તે બધા સંસારમાં જ ભટકવાના છે.
- આ શરીર 'મિત્ર' જેવું લાગે છે તે 'શત્રુ' જેવું ન લાગે અને દુનિયાનું સુખ જ મોટામાં મોટું, દુઃખનું કારણ છે આમ પણ ન લાગે ત્યાં સુધી શાસનનો રસ પેદા થાય નહિ.
- સંયોગના સુખ હંમેશા દુઃખ આપનારા છે. એકપણ સંયોગની ઇચ્છા ન હોય તે બધા સુખી !
- સાંભળેલું સમજ્યા વગર ચેન ન પડે અને સમજ્યા પછી તે ભૂલાય નહિ તેનું નામ શ્રોતા !
- દ્વેષ ઉપર તિરસ્કાર જરૂર કરવાનો પણ દ્વેષિત પર નહિ. દ્વેષિતને તો બચાવવાની કોશિશ કરવાની-

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

Received 96
जा. श्री कैलाससागर सूरि ज्ञानमंदिर 7426

जमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

शासन अने सिद्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

જૈન શાસન

છદ્મસ્થોને માટે આગમ પ્રમાણ જ પ્રમાણ છે.

जम्हा न धम्ममग्गे,
मोत्तूणं आगमं इह पमाणं ।
विज्जइ छउमत्थाणं,
तम्हा तत्थेव जइयव्वं ।।

જે કારણથી ધર્મ માર્ગને વિષે છદ્મથોને માટે આગમ પ્રમાણ છોડીને બીજુ પ્રમાણ નથી તે કારણથી આગમ પ્રમાણ આજ્ઞાને વિષે જ પ્રયત્ન કરવો જોઇએ.

અઠવાડિક

વર્ષ	અંક
૯	૪

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

કુ-પુત્રોનાં આચરણ.

રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે—એ રાગ.

સુણો સજ્જન નરને નારીરે, જાએ હોટલમાં દુરાચારી રે,
કહું વાત તેની વિસ્તારી, મુકે કૂખે માતાની અંગારો રે. ૧

જીભ્યા સ્વાદે હોટલમાં જમતા રે, ભજે નાટક ત્યાં જઇ ભમતા રે,
બની અંધ વિષયમાં રમતા, મુકે કૂખે માતાની અંગારો રે. ૨

નીચ મિત્રોની સોબત કરતા રે, પેટ હોટલમાં જઇ ભરતા રે,
કુળ બાપનું બોળીને ફરતા, મુકે કૂખે માતાની અંગારો રે. ૩

ખાયે વાશી હોટલનું ખાણું રે, થાયે રોગીને ખોતા નાણું રે,
નામ નિર્લજ જગમાં કે'વાણું, મુકે કૂખે માતાની અંગારો રે. ૪

શોખી સ્વાદે સોડાને પીતારે, લેશ વટાળથી નથી બીતારે,
મુખે ગટગટ પીતા ઘીકા, મુકે કૂખે માતાની અંગારો રે. ૫

લીમલેટ ન લેશ મૂકાયે રે, પળમાંહે કલેજુ સૂકાયે રે,
પીધા વિના જાણે જીવ જાયે, મુકે કૂખે માતાની અંગારો રે. ૬

પછી પીવા મદીરા શીખે રે, છકે છેક ન રાખે બીકે રે,
પડે કાદવ કચરાની નીકે, મુકે કૂખે માતાની અંગારો રે. ૭

પરનારીને પાપી નીહાળે રે, બોલી બોટું ને કાળજુ બાળે રે,
ઘશી મેંશ ફરે મોં કાળે, મુકે કૂખે માતાની અંગારો રે. ૮

એકે વાત ન રે'તા અધુરા રે, કામ પાપના કરવામાં શુરા રે,
કરે વ્યસન બુરામાં બુરાં, મુકે કૂખે માતાની અંગારો રે. ૯

દેવ દર્શન કો દી ન કરતા રે, ગુરૂઆણ ને કાને ન ધરતા રે,
જાણે સાંઢ ચોમાસાના ફરતા, મુકે કૂખે માતાની અંગારો રે. ૧૦

મુકે પીતાના પૈસામાં પૂળો રે, થાયે નિરધન જ્યારે સમૂળો રે,
વાગે ત્યારે કુકર્મની શૂળો, મુકે કૂખે માતાની અંગારો રે. ૧૧

કહે કેશવ એવા નરને રે, રાખો માથે મરણના ડરને રે,
કંઇકે વેચ્યાં ઘરેણાં ઘરને, મુકે કૂખે માતાની અંગારો રે. ૧૨

પ્રભાવકદેવોદ્યોતક પૂ. આ.શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ લાલસા બંધ સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ મવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મોહનજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ ધનરાજી ગુઢકા (ચાંદા ગઢ)

વર્ષ : ૯] ૨૦૫૨ શ્રાવણ વદ-૬ મંગળવાર તા. ૩-૯-૯૬ [અંક : ૪

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૩ સોમવાર તા. ૧૩-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રવચન ૧૧ મું) -અવ૦

આજે આખા જગત કરતાં ભગવાનનો સાધુ વધારે સુખી છે. સાધુને ખાવા-પીવાદિની ચિંતા કરવી પડતી નથી. સાધુની બધી ચિંતા તમે બધા કરો છો. સાધુ પણ જો તમે જે આપો તેમાં જ મઝા કરે અને પાપ કરે તે જુદી વાત બાકી સાધુને પાપ કરવાની વાત નથી સંસારના સુખનો જ રસિયો બનેલો સાધુ તમારા કરતા પણ વધારે પાપી થઇ શકે છે. તમે આરંભાદિમાં જેટલું પાપ બાંધો તેના કરતાં ય સારું સારું ખાવા-પીવાદિ જોઇએ તેવી ઇચ્છાવાળો સાધુ તમારા કરતાં ય વધારે પાપ બાંધે.

સભા કાયદાનો જાણકાર ગુનો કરે તો તેને વધારે સજા થાય ને ?

ઉ૦ : હા. સાધુ અને સંસારના સુખનો, સારામાં સારી ચીજોનો અર્થી તે તમારા કરતાય વધારે પાપી છે !

પ્ર૦ : આપનું કહેલ સમજાય છે પણ હજી આચરણમાં નથી મૂકાતું તેનું દુઃખ હોય તો.

ઉ૦ : ખરેખર જેની દશા આવી હોય તેનું જીવન પલટાઈ જ જાય. જેનું જીવન ન પલટાય તો 'મને તેનું દુઃખ છે' તેમ કહેનાર ખોટો છે.

જે માણસો સંસારનાં સુખના જ અર્થી થયા તે પાપી થયા સમજો જ્યારે તમને

ધાર્યા પૈસા મળી ગયા છે ? મળે તેવી શકયતા પણ છે ? ના. છતાં ય હજી મલશે, હજી મલશે તેમ કહીને કેટલાં પાપ કરો છો ? માનો કે પૈસા મલી પણ ગયા તે પછી પણ કેટલાં ય પાપ કરો તે જુદાં. પછી તો નાનું ઘર ન ફાવે. મોટો બંગલો જોઇએ. જેમ જેમ પૈસા વધે તેમ તેમ બહારની સંસારની સાહ્યબી વધે. તમારી પાસે પૈસા વધે તો ધર્મ વધારે કરો કે પાપ વધારે કરો ? જેટલું દુનિયાનું સુખ મળે તે પણ ઓછું જ લાગે ને ?

મારે તમને બધાને સંસારનાં સુખની ઉપર દ્વેષ કરાવવો છે અને દુઃખની ઉપર પ્રેમ કરાવવો છે. ધર્મી એટલે સંસારનાં સુખનો દ્વેષી અને દુઃખનો પ્રેમી ! તેથી જ તે અંતરથી મહાસુખી હોય.

પ્ર૦ : શાસ્ત્રે નવતત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે. તેમાં સુખનો રાગ અને દુઃખનો દ્વેષ ભૂંડો છે એવું નથી બતાવાયું.

ઉ૦ : સમકિત પામવાનો ક્રમ શું તે જાણો છો ? તેમાં આ જ વાત આવે છે. આ જે ન બતાવે તે અજાણ કહેવાય. પણ ભણેલો ન કહેવાય.

સમકિત પામવા માટે દુનિયાના સુખ ઉપરનો રાગ અને દુઃખ ઉપરનો દ્વેષ ભૂંડો લાગવો જ જોઇએ. તે ભૂંડો ન લાગે ત્યાં સુધી સમકિત આવે જ નહિ. મારે બધાને સમકિત પમાડવું છે. તે માટે દુનિયાનાં સુખ ઉપર દ્વેષ કરાવવો છે અને પાપથી આવતાં દુઃખ ઉપર પ્રેમ કરાવવો છે. જગતને જે જોઇએ છે તેના કરતા આ ઊધી વાત છે. ધર્મી એટલે જગતથી જુદો ! જૈનો જગતમાં રહે પણ જગતથી જુદા જ હોય.

સભા : લોક જૈનને જગતથી ઊંધા કહે છે.

ઉ૦ : ભલે કહે. તેમાં તો જૈનોની આબરૂ છે.

સભા : વ્યવહાર કઇ રીતે શુધ્ધ ચાલે ?

ઉ૦ : આવા જીવોનો વ્યવહાર જેવો શુધ્ધ ચાલે તેવો બીજાનો ન ચાલે.

સંસારનાં સુખનો જ પ્રેમી અને દુઃખનો દ્વેષી જીવ બધા જ પાપ કરવા તૈયાર હોય છે.

'આ સંસારનું સુખ ભૂંડું છે અને દુઃખ રૂડું છે' તો તે તદ્દન સાચી વાત છે અમે ફસી ગયા છીએ તેમ જે માને તેનું ઠેકાણું પડે. આ વાત સાંભળતા જેનું મોં બગડે તેનું ઠેકાણું પડે નહિ. જે ધર્મ સમકિત પામવા માટે કરવાનો છે તેને બહલે સમજવા છતાં દુનિયાનું સુખ મેળવવા માટે મોટો ભાગ ધર્મ કરે છે. તેથી ધર્મ કરી કરીને પણ મિથ્યાત્વને પુષ્ટ કરે છે અને સમકિત પામવાના દરવાજા બંધ કરે છે. તે સમકિત પામવા શું કરવું જોઇએ તે હવે પછી—

પૂ. શ્રી જયશેખરસૂરિ મ. કૃત

“ આત્મભોધ કુલકમ્ ”

[મૂલ તથા સામાન્યર્થ સાર]

– સામાન્યાર્થ વિવેચક –

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક–૪]

કુંભકર્ણની નિદ્રામાંથી જાગ્યો હોય તો આત્મજ્ઞાન માટે ઉત્સાહિત બન તે વાત જણાવે છે—

ઇત્તિઅકાલં હુંતો, પમાયનિદ્દાઇઅલિય ચે અ-નો;
જઈ જગ્ગિઓસિ સંપઇ, ગુરૂવયણા તા ન વેયેસિ ? ॥૨૯॥

આટલા કાળ સુધી તું પ્રમાદ રૂપ નિદ્રાથી ચાલી ગઇ છે ચેતના–જીવ છતાં જડ જેવો–એવો બન્યો હતો પરંતુ જો હવે જાગૃત થયો છે, તો સદ્‌ગુરૂના વચનોથી તારું સ્વરૂપ તું કેમ જાણતો નથી ?

મોહનિદ્રામાં મસ્ત બની જડના સગાભાઇ જેવો તું કાંઇક ચેતનવંતો બનવા લાગ્યો છે. સદ્‌ગુરુનો સુયોગ થયો છે તો તેમના વચનામૃતનું પાન કરી તારી પૂર્ણ ચેતનાને પ્રાપ્ત કરવા તારા મૂળ સ્વરૂપને પીછાન. આત્માને ઓળખી આત્મજ્ઞાનની પ્રાપ્તિનો પુરુષાર્થ કર. ॥૨૯॥

આત્માનું મૂળ સ્વરૂપ બતાવે છે—

લોગપમાણોસિ તુમં, નાણમઓ ણંતવીરિઓસિ તુમં;
નિયરજ્જઠિઇ ચિંતસુ, ધમ્મજ્ઝાણાસણાસીણો ॥૩૦॥

હે આત્મન્ ! તું લોક પ્રમાણ છે, અનંતજ્ઞાનમય છે, અનંત વીર્યવાળો છે માટે તું ધર્મધ્યાન રૂપી આસન ઉપર બેસેલો પોતાની રાજ્યસ્થિતિનો વિચાર કર.

આત્મા અસંખ્યાતપ્રદેશી છે. ચૌદે રાજલોકના જેટલા પ્રદેશો છે તેટલા જ એક આત્માના પ્રદેશો છે. પછી તે કીડીના શરીરમાં વ્યાપીને રહેલો હોય કે કુંજર–હાથીના શરીરમાં. દરેક દરેક આત્માના આત્મ પ્રદેશો અસંખ્યાત જ હોય. કેવલી સમુદ્‌ઘાત વખતે આત્મા ચૌદ રાજલોકને સ્પર્શીને રહે છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય, અક્ષયસ્થિતિ, અવ્યાબાધપણું, અગુરુલઘુ આદિ અનંતગુણ લક્ષ્મીનો સ્વામિ આત્મા છે. ધર્મધ્યાનના જે ચાર પાયા છે કે, આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય,

સંસ્થાન વિચય અર્થાત ભગવાન શ્રી જિનેશ્વર દેવોની તારક આજ્ઞાનો વિચાર કરવો. આરાધેલી આજ્ઞા અને વિરાધેલી આજ્ઞાના શું શું ફળ ભોગવવા પડે છે તેનો વિચાર કરવો, કર્મના કટુ વિપાકોનો વિચાર કરવો, ચૌદ રાજલોકના સ્વરૂપનો વિચાર કરવો, ઉર્ધ્વલોકનો, અધોલોકનો, તિર્છાલોકનો, તેમાં રહેલા પદાર્થોનો વિચાર કરવો. એક પણ પ્રદેશ એવો નથી જ્યાં આપણા આત્માએ અનંતીવાર જન્મ-મરણ કર્યા ન હોય!

આવો અનંતજ્ઞાનાદિમય એવો પણ મારો આત્મા કેવો દરિદ્રી બની ઘર ઘર ભટકતો થયો છે તે શાથી? કઇ રીતના મારું આવું સ્વરૂપ પ્રગટ થાય-આવી બધી વિચારણા કરવાથી આત્માને પોતાને જ પોતાની વિભાવ-વિરુપદશાનું ભાન થશે અને સ્વભાવ-સ્વરૂપદશાને પેદા કરવાનું, તે માટે પુરુષાર્થ કરવાનું મન થશે. જેમ ન્યાયી રાજા દુષ્ટોને દંડ-શિક્ષા અને શિષ્ટોનું રક્ષણ કરી પોતાની પ્રજાનું પિતાની જેમ પાલન કરે છે. તેમ આત્મરાજાએ પણ પોતાના આત્મામાં દુર્ગુણો પેસી ન જાય, મલીન-ભાવો સ્પર્શી ન જાય અને પ્રાપ્ત ગુણો ચાલ્યા ન જાય માટે સતત સાવધ-સાવચેત-જાગૃત રહેવાનું છે. ॥૩૦॥

આત્મા જો જાગૃત થયો હોય, સાચી સમજ આવી હોય તો દુનિયામાં કોઇની પણ તાકાત નથી કે તેને ગુણોથી-માર્ગથી ભ્રષ્ટ કરે તે વાત બતાવે છે—

કો વ મણો જુવરાયા, કો વા રાયાઇ રજ્જપબ્ભંસે;
જહુ જગ્ગિઓસિ સંપઇ, પરમેસર! પવિસ ચેઅન્નો [ચેઅન્નં] ॥૩૧॥

હે આત્મન્! જો તું હમણાં જાગૃત થયો છે, તો તું-તારા ચેતનમાં પોતે જ પરમેશ્વર છે. તો પછી મન રૂપી યુવરાજની અને ઇન્દ્રિય રૂપી ચોર રાજાઓની શી મજાલ છે કે તને રાજ્યથી ભ્રષ્ટ કરે?

જે શ્રી વીતરાગ દેવના દર્શન-પૂજન, સેવા-ભક્તિ હું કરું છું, તે ભગવાનનું જેવું સ્ફટિક સમાન નિર્મલ સુવિશુધ્ધ સ્વરૂપ છે તેવું જ મારું છે, મારે પણ મારું તેવું જ નિરંજન-નિરાકાર-સચ્ચિદાનંદમય સ્વરૂપ પ્રગટ કરવું જ છે-આવો જો અફર નિર્ણય થાય અને તેને યોગ્ય પ્રવૃત્તિ કરાય તો દુનિયામાં કોઇ એવો માઇ જાયો જન્મ્યો નથી કે જે આપણને માર્ગથી ભ્રષ્ટ કરી શકે. માનસિક નિર્ણય મક્કમ બન્યા પછી ઇન્દ્રાદિ દેવોની પણ તાકાત નથી કે સન્માર્ગથી ચ્યુત કરી શકે. તો પછી પોતાનું જ મન અને પોતાની ઇન્દ્રિયો પણ સીધી દોર થઇ જાય, તેમનું પણ કાંઇ જ ચાલે નહિ. મન પણ તે આત્માને સ્વાધીન થઇ જાય અને ઇન્દ્રિયો પણ કદાગરી બની જાય. તે આત્મા તે બધાનો આજ્ઞા મુજબ ઉપયોગ કરી પોતાના પરમ ઐશ્વર્યનો સ્વામી બને. ॥૩૧॥

ત્રણે ભુવનમાં શિરોમણિરત્ન સમાન આત્માની વર્તમાન દુઃખદ અવસ્થાનું વર્ણન કરે છે કે—

નાણુમએો વિ જડો વિવ, પહૂ વિ ચોરુવ્વ જત્થ જાએો સિ;
ભવદુગ્ગમ્મિ કિં તત્થ, વસસિ સાહીણ સિવ નયરે ॥૩૨॥

હે આત્મન્ ! તું અનંત જ્ઞાનમય આદિ ગુણલક્ષ્મીવાળો હોવા છતાં જડ જેવો કેમ બની ગયેા છે ? ત્રણે લોકનો સ્વામી હોવા છતાં ચોર જેવો કેમ બન્યો છે ? સ્વાધીન એવું શિવનગર હોવા છતાં પણ દુઃખે કરીને પ્રવેશ કરી શકાય એવા ભવરૂપી દુર્ગ–કિલ્લામાં કેમ વસી રહ્યો છે ?

મોહની ગાઢનિદ્રાના ઠેકડાને ઉડાવવા જરા વધારે કડક શબ્દોમાં ઉપાલંભ આપી, આત્માને ચાનક ચઢાવે છે કે, તારા મૂળ સ્વરૂપનો અને તારી વર્તમાન શોચનીય દશાનો વિચાર કર તો તને જ સમજાશે કે રાજાઓનો પણ રાજા–રાજાધિરાજ–એવો હું દાસનો પણ દાસ જેવો કેમ બની ગયેા છું ? સાચી સ્વતંત્રતા–સ્વાધીનતાનો સ્વામી એવો હું આવ જ પરતંત્ર અને પરાધીન કેમ બની ગયેા છું ? ॥૩૨॥

હવેના ત્રણ શ્લોકોમાં ભવદુર્ગનું સ્વરૂપ સમજાવી તેને છોડવાનો ઉપાય પણ બતાવે છે—

જત્થ કસાયા ચોરા, મહાભયા સાવયા સયા ઘોરા;
રોગા દુરૂહુઅંગા, આસાસરિયા ઘણુતરંગા ॥૩૩॥

આ ભવરૂપી દુર્ગમ શૈલ–પર્વત કેવો છે તેનું વર્ણન કરતાં કહે છે કે, જ્યાં ચોરા જેવા ચાર ક્રોધ–માન–માયા–લોભ રૂપી કષાયો છે. મહાભયંકર હિંસક પ્રાણીઓ જેવી સદાય આપત્તિઓ વસે છે. જ્યાં દુષ્ટ સર્પો જેવા રોગો છે અને ઘણા તરંગો–મોજાઓવાળી નદી જેવી આશા છે. ॥૩૩॥

ચિંતાડવી સકકૂા, બહુલતમા સુંદરી દરી દિટ્ઠા;
આણી ગઢ અણેગા, સિહરાઇ અટ્ઠમયલેયા ॥૩૪॥

જ્યાં કાષ્ઠ સહિતની અટવી જેવી ચિંતા છે, ગાઢ અંધકારવાળી ગુફા જેવી સ્ત્રી છે (માયાસુંદરી સમાન ગુફા દેખાય છે). અનેક ખીણો હોય એવી ચાર ગતિઓ છે અને જેના આઠ લેપ છે તેવા મદના આઠ શિખરો છે. ॥૩૪॥

(ક્રમશઃ)

જૈન શાસન વિશેષાંક

નવા વર્ષનો વિશેષાંક પ્રગટ કર્યો નથી.
તેને બદલે દિવાળી ઉપર વિશેષાંક પ્રગટ થશે.

– શાસન પ્રભાવક શ્રમણી રત્નો –

અંક પ્રગટ થશે આસો વદ-૩ મંગળવાર તા. ૨૯-૧૦-૯૬

* લેખ : તા. ૧૧-૧૦-૯૬ સુધી મોકલી આપશો.
* શુભેચ્છા : તા. ૨૧-૧૦-૯૬ સુધી મોકલી શકાશે.

આ વિશેષાંક માટે લેખો વિ. મોકલી આપવા પૂ. આ. ભ. આદિને વિનંતી છે. તથા શુભેચ્છકો આદિ તથા શુભેચ્છાઓ વિ. માટે પ્રયત્ન કરીને ખાસ મોકલવા સર્વે વાંચકો તથા માનદ પ્રચારકોને વિનંતી છે.

આજીવન વિશેષાંક સૌજન્ય રૂા. ૧૧) હજાર
આજીવન ,, સહાયક રૂા. ૫) હજાર
આજીવન ,, શુભેચ્છક રૂા. ૧) હજાર

–: વાર્ષિક વિશેષાંક :–

શુભેચ્છક રૂા. ૧૦૦) સહાયક રૂા. ૫૦૦) આજીવન સભ્ય રૂા. ૫૦૦)
શુભેચ્છા જાહેરાતો ૧) પેજ રૂા. ૫૦૦) અડધું પેજ રૂા. ૩૦૦ ¼ પેજ રૂા. ૧૫૦)
પરદેશમાં શુભેચ્છક રૂા. ૩૦૦) સહાયક રૂા. ૫૦૦)
શુભેચ્છા જાહેરાત એક પેજ રૂા. ૧) હજાર અડધુ પેજ રૂા. ૫૦૦) ¼ પેજ રૂા. ૩૦૦)

* શ્રી જૈન શાસન કાર્યાલય *

C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર)

સંવત્સરી મહાપર્વ

—રતીલાલ દેવચંદ ગુઢકા (લંડન)

આજનું પર્વ સંવત્સરી મહાપર્વ છે. પર્યુષણ પર્વ શ્રાવણ વદ ૧૩થી શરૂ થાય છે અને તેમાં મુખ્ય તિથિ વધઘટના આધારે પણ પર્યુષણ પર્વ શ્રાવણ વદ ૧૨ના શરૂ પણ થાય તે મુખ્ય હેતુ છે ને તિથિ ઓછી હોય તો શ્રાવણ વદ ૧૧ના પણ શરૂ થાય અને વધારે હોય તો ૧૩ના પણ શરૂ થાય છે. મુળ પર્યુષણના દિવસ ૮ તેમાં પ્રથમ ૩ દિવસ અઠ્ઠાઈ વ્યાખ્યાન વાંચવાનું વિધાન શાસ્ત્રકાર ભગવંતોએ વર્ણવ્યું છે ને. પર્યુષણના ૪થા દિવસે કલ્પસૂત્રનું વાંચન શરૂ કરાય છે ને પર્યુષણના ત્રીજા દિવસે કલ્પસૂત્રનું બહુમાન કરવા ઉચ્છામણી કરી ભાગ્યશાળી આત્માઓ પોતાને ઘેર બહુમાનથી પધરાવે છે ને રાત્રિ ત્યાં બહુમાન ભક્તિરૂપે ત્યાં ગાળે છે. બીજા દિવસે કલ્પસૂત્રને વાજતે ગાજતે બહુમાન પૂર્વક સભા આવી ગુરુને વહોરાવે છે કેતાં અર્પણ કરે છે. ૪ દિવસ કલ્પસૂત્રનું વાંચન ચાલે છે. જેમાં ૨૪ તિર્થંકર ભગવંતોના જીવન અને જેમાં સાધુઓના આચાર વિચારનું અને જૈનોના પ્રતાપી પૂર્વજોની ગૌરવવંતી કહાનીઓ વર્ણન આવે છે. પર્યુષણ પર્વમાં પાંચ કર્તવ્યો મુખ્ય વર્ણવ્યા છે પર્યુષણ પર્વ ખાસ છેલ્લો દિવસ સંવત્સરી મહાપર્વ છે. આ પર્વ પુરાતન પર્વ છે વરસો થયા છે તીર્થંકર પરમાત્માની તાજી યાદ કરાવે તેવું આ પર્વ છે. આ પર્વ આત્મ કલ્યાણનું મહાન સાધના માટેનું પર્વ છે. આ પર્વમાં મુંગા અબોલ અપંગ નિરાધાર દીન દુઃખી એવા જીવો માટે ખાસ ભાવપૂર્વક ભક્તિ પૂર્વક એ જીવોનો ઉધ્ધાર કરવાનો પર્વ છે કારણ સંવત્સરી મહાપર્વ સઘળા ય જીવોને અભયદાન આપી સમાન ગણે છે. શ્રાવક શ્રાવિકા અને મનુષ્ય માટે અભયદાન અનુકંપા દાન એ મહાન ગુણકારી છે.

— સંવત્સરી પર્વનો સરળ અર્થ —

સંવત્સરી એટલે સર્વ કર્મોથી મુક્ત થવાનું પર્વ :

સંવત્સરી એટલે સર્વ જીવો સાથે મૈત્રીનું પર્વ

સંવત્સરી એટલે સર્વ જીવો સાથે વૈરભાવ છોડવાનું પર્વ

સંવત્સરી એટલે સર્વ જીવો સાથે પ્રેમભાવ કરવો

સંવત્સરી એટલે સર્વ જીવોને મિચ્છામિ દુક્કડં દેવો

સંવત્સરી એટલે ઇચ્છા પૂર્વક આઈ એમ વેરી સોરી

સંવત્સરી એટલે નિર્જરાનું મંગળ મહા પર્વ

સંવત્સરી એટલે સમતા સાધવાની એક સ્કુલ

સંવત્સરી એટલે ધર્મ આરાધનાની અપૂર્વ પળ

સંવત્સરી એટલે ક્રોધનો ત્યાગ ક્ષમાનો હૃદય

સંવત્સરી એટલે સૌ જીવો સાથે આત્માના ઉલ્લાસ પૂર્વક હિલના દરવાજા ખોલી ક્ષમાપના કરવી તે સંવત્સરી દિન પર્વાધિરાજ પર્વનો (છેલ્લો) ૮મો દિવસ હોય છે.

માનવ ઉત્તમ જીવન છે તે છતાં તે અનેકના સંબંધથી સહયોગી જીવન પસાર કરે છે. સંસારના સંબંધો અને વ્યવહારોને વધારતા અને તેમાં રમણ કરતાં ઘણી વાર વસ્તુ અને વ્યક્તિના રાગ દ્વેષના નિમિત્તે–કારણે મનદુઃખ થવાનો (સંભવ) સમય આવે છે આવા અણસમજના મનદુખ કયારેક મોટા કલેશને જન્મ આપે છે. આપણા ક્રોધ–માન માયા લોભાદિ કષાયો ઉદ્દીત બની આ જીવને સંસારના અનંત દુઃખમાં લઇ જાય છે. કષાયના કારણે અનેક વ્યક્તિઓ સાથે વેરઝેર ઉભા કર્યા છે પાપોનું સેવન કરી આત્મા ને ભારે કર્મી બનાવી દીધો છે. વૈર વિરોધ અને ઇર્ષા એ દુઃખના મૂળ છે.

આજે એ વાતનું સ્મરણ કરજો કે આપણે તમો અમે બધા કોઇ સાથે વૈર વિરોધ કર્યો હોય ઝેર કર્યો હોય ભૂલ કરી હોય દોષ સેવ્યા હોય, કોઇને શત્રુ બનાવ્યા હોય તો એ સર્વ વાત ઘટના ભૂલી જઇને સૌની સાથે મૈત્રી અને કરૂણાનો પ્રેમ વહેડાવી પ્રેમ વ્યવહાર કરી સાચાં હિલથી ખમાવી લેજો.

જો કે વળી શાસ્ત્રોમાં સંતપુરૂષોએ પર્વાધિરાજના આઠે દિવસ આરાધના માટે ખાસ સાધના માટે બતાવ્યા છે. તેમાં સાત દિવસ ખાસ શિક્ષા માટે છે. અને આઠમો દિવસ પરીક્ષાનો છે. આઠમા દિવસે અંતર આત્માથી પરીક્ષા આપવાની છે બહુ જ સાવચેતીથી હિલના દરવાજા ખોલી આત્માને પીગળાવીને કરેલી ભૂલોને યાદ કરી કરીને અને એટલું જ નહિં બની શકે તો ફરીથી મોટી ભૂલો ન થાય તેના માટે સાવધાની રાખવા પ્રયત્ન કરવો ને કરવા જેવો છે.

જેમ કે એક દર્દને મટાડવા યત્ના પૂર્વક દવા કરવામાં આવે છે અને એ દર્દ ફરી ન થાય એના માટે આપણે કાળજી (કેર) ધ્યાન રાખીએ છીએ એ જ આ પર્વ શિખામણ આપે છે ફરીથી ગંભીર ભૂલો ના થાય અને ન થવા માટેની કાળજી તકેદારી રાખવી તેમાં આપણા આત્માનું હિત ભરેલું છે.

આજનું આ પર્વ શાંતિનું પર્વ છે– સમભાવનાનું પર્વ છે પર્વાધિરાજ પર્વ કહેવાય છે જેથી આજના દિવસે સર્વ જીવો સાથેના વૈર વિરોધને દૂર કરી ક્ષમાપના કરવા કટીબધ્ધ થવું. પર્યુષણ પર્વનો મંગળ સંદેશ એ જ છે, પર્યુષણની મહત્તા અને મહત્વ એજ છે. સૌની સાથે મિત્ર ભાવે ક્ષમાપના કરો.

સૌની સાથે ક્ષમાના વ્યવહાર કરવો, ક્ષમાપનાથી જીવને સ્વભાવિક આનંદ સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવથી આત્મ વિશુદ્ધિ અને નિર્ભયતા પ્રાપ્ત થાય છે. જ્ઞાનીના વચન છે જ્ઞાની કહે છે. લવ ઓવરસ ઓન્ડ યુ વીલ બી લવ્ડ ? ખમવું અને ખમાવવું એ જૈન શાસનની આજ્ઞા છે.

ઘણીવાર આપણે ઘર સાફ કરવુ હોય ત્યારે ઘસી ઘસીને કરીએ છીએ, વળી પર્વમાં સાર કપડા બાણે શુદ્ધિ માટે પહેરતા હોઇએ કે, પછે ? તેના માટે કેતાં આત્મ શુદ્ધિ માટે એટલે કે આત્મ શુધ્ધિની જરૂર છે. આત્માની અંદર ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષના મેલ ચડયા છે તેને ધોવાનું કાર્ય આપણે સૌને બધાને કેતાં મારે તમારે કરવાનું છે.

આ આત્માએ કેવા કેવા અને કેટ કેટલા ભયંકર પાપો કર્યા છે તેનું આજે સ્મરણ આપણે કરવાનું. પાપ કરવાની ભાવના નથી પણ પાપ કરવું પડતું હોય ત્યાં એ પશ્ચાતા કરજે પણ પાપનો બચાવ તો ન જ કરવો, ન જ કરાય (ન જ કરવું) પાપ કરતાં સાથ દેવામાં કદાચ ઘણીવાર મળી જાય પણ એ પાપનો વિપાક ભોગવવાના અવશરે કોઇ જ સાથ નહિં આપે એ હકીકત છે.

બીજા કેવા છે એ યાદ કરવામાં (આપણે) તમારે મારે ઘણું ખોવાનું છે, જ્યારે હું કેવો 'બાઇ એમ' એ જોવામાં પાપને ધોવાનું છે. પારકી નિંદા કુથલી કરનારને ખોટા આક્ષેપો મુકનારને અને પરનો મર્મ [ભેદ] પ્રગટ કરનારને કરનારાઓને શાસ્ત્રકાર હલકી કોટીના ગણે છે. બીજાના અવગુણો જોવાની કુટેવ બંધ કરવી હોય તો પોતાના અવગુણોને જોવાની શરૂઆત કરવી.

પોતાના [આપણા] દોષોને છૂપાવવા ખાતર નિર્દોષ ઉપર કદીપણ અછતિના દોષોનો ટોપલો ઓઢ ડવાનો પ્રયત્ન પ્રાણાંતે પણ કરવો નહિં. આ મહા પાપનું બીજ મોટા દુઃખના વૃક્ષને ઉત્પન્ન કરી જશે. માટે તેવાં પાપને છોડવાનો જ પ્રયત્ન કરવો. ફરીથી એકવાર ભુલને ભુલ તરીકે સમજવી એમાં મહાનતા છે અને એના દોષો ભુલ માફ થઇ જાય છે. એજ સૌ કોઇ મને ક્ષમા આપજો હું ક્ષમા આપુ છું અને આપ દરેકને જીવ માત્રને પ્રાણ માત્રને ખમાવું છું. ક્ષિત ભાવનાથી આ લેખ લખતા તો પણ કંઇ પણ કૃતિ રહી ગઇ હોય પાપ દોષ સેવ્યું હોય અને સમસ્ત જૈન બંધુઓ સાધર્મિક ભાઇ બહેનોના પ્રત્યે કયારેય પણ કોઇપણ જાતનું અવિવેક થયો હોય કે વેરભાવ થયો હોય કે કંઇપણ અજ્ઞાનતાથી કેવાઇ ગયું હોય અને આપના આત્માને દુઃખ થયું હોય હાની પહોંચી હોય તે બદલ તથા ઓસવાળ ઓસોસીએશન ઓફ ધી યુકે. ચેરમેન તથા દરેક કાર્યકર્તાઓને પત્ર લખતાં કયારે પણ મારી ભુલ થઇ હોય કે કંઇપણ લખાઇ ગયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મન, વચન, કાયાથી માફી માગુ છું ખમાવું છે એજ ભાવના.

લી. શાહ રતિલાલ દેવચંદ [illegible] મિચ્છામી દુક્કડં

શ્રી પર્યુષણ પર્વની આરાધના કરીએ.

—પૂ. સા. શ્રી અક્ષયગુણા શ્રીજી મ.

શ્રી એટલે લક્ષ્મી, આત્મગુણ લક્ષ્મીને પેદા કરનારૂં આ પર્વ છે. પર્વાધિરાજની શરણાઈના સૂર આત્માને પ્રમાદમાંથી જગાડી અપ્રમાદની અવસ્થાને પેદા કરનાર છે.

રસનાની લંપટતાનો નાશ કરી, રસનેન્દ્રિય ઉપર કાબૂ મેળવવા તપ ધર્મની આરાધના કરવાની છે.

યુગાદિદેવનું ચરિત્ર શ્રવણ કરી શ્રવણેન્દ્રિયને પવિત્ર કરવી જોઈએ.

૬ પર્વની આરાધનામાં આત્માને જોડી, સાચું આત્મશ્રેય કરવાનો આ અવસર ચૂકવા જેવો નથી.

ક્ષણ-જ્ઞાન-સ્વભાવ જીવનો પેદા કરવાનો ઉલ્લાસ પેદા કરનાર આ પર્વની આરાધના પંચમ જ્ઞાનને પામવા માટે કરવાની છે.

પર્વાધિરાજની સાચી આરાધના જીવ માત્ર સાથે હૈયા પૂર્વક સાચા ભાવે ક્ષમાપના કરવા કરાવવામાં છે.

રગેરગમાં ભગવાનના શાસનનો રસ વહેવા માંડે તો જ સાચા ભાવે મૈત્રી આદિ ભાવનાઓ આવે. તેવો સંદેશ સુણાવનારૂં આ પર્વ છે.

વશ કરવા મનને ઈન્દ્રિયોને કષાયોને આ પર્વ અદ્ભુત રસાયણ છે.

નીતિ નિયમો, વ્રત પચ્ચકખાણ કરવાનો ઉલ્લાસ પેદા કરનારા આ પર્વના દિવસો છે.

આત્મા ઉપર અનાદિથી લાગેલાં કર્મોના મર્મોને ભેદનારૂં આ પર્વ છે.

રાગને રડાવનારૂં વિરાગને પ્રગટાવનારૂં આ પર્વ જય પામો! ધનની મૂર્ચ્છા ઉતારવા માટેના આ પવિત્ર દિવસો છે.

નાચ નચાવનાર મોહરાજાને મારવાનો મંત્ર શીખવાડનારૂં આ પર્વ છે.

કષાય વિષયરૂપ સંસાર વૃક્ષનું મૂળમાંથી ઉચ્છેદન કરનાર આ પર્વ ઐરાવણ હાથી સમાન છે.

'રીંછ' પ્રકારની જૈન શાસનમાં કહેલી છે તેનું પાલન આત્માને મુક્તિ મહેલમાં લઈ જાય છે.

એ કૈક કર્મોના દળિયાને મૂળમાંથી ઉખેડનાર શુકલ ધ્યાનને પમાડનારૂં આ પર્વ છે. આત્માને વીર, શૂરવીર અને મહાવીર બનાવી શાશ્વત સુખનો ભોક્તા બનાવનાર પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વની સાચા ભાવે આરાધના કરી, સા શિવસુંદરીના સાથી બનીએ.

ગુજરાત મુખ્યમંત્રીને વિનંતિ

માનનીય મુખ્યમંત્રી શ્રી સુરેશભાઈ મહેતા, રાજકોટ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર. તા. ૨૧-૮-૬૧

બાબત : સીમ વગડામાં વિચરતાં હરણ તથા રોઝ (નીલગાય)

જય ભારત સાથ વિનંતી કે, સીમ વગડામાં વિચરતાં હરણ તથા રોઝ [નીલગાય] ભુખ્યા થાય એટલે વીડીની જમીનમાં ચરે છે. પરંતુ ચરીયાણ ઉપલબ્ધ ન હોય, ત્યારે ખેતનોમાં ચરવા જાય છે, ત્યારે ખેડુતોના પાકને નુકશાન થાય, તે સ્વભાવિક છે. આ અહિંસક પ્રાણીઓને કાયદા દ્વારા રક્ષિત કરાયેલ છે. વન ખાતાના અધિકારીઓ દ્વારા આ નિર્દોષ પ્રાણીઓની હત્યા ન થાય તે માટે ખાસ સુચના આપવા વિનંતી છે તેમજ પોલીસ ખાતાને પણ જરૂરી સુચના આપવા વિનંતી છે.

ઉપરોક્ત પ્રાણીઓ ખેડુતોના પાકને નુકશાન ન કરે તે માટે વન ખાતાની ઘાસની વીડીઓમાં વાડ કરીને તે વાડમાં આ પ્રાણીઓને સાચવવા તથા નિભાવવા વિનંતી છે જેથી કિશાન સંઘના સંગઠનો રાજ્ય સરકાર સામે દેખાવો અને આંદોલન ન કરે અને વર્તમાન સરકારના વહીવટની પ્રશંસા થાય. માનવ દયા અને જીવ દયાની દ્રષ્ટિએ આ પ્રશ્ન હલ કરવા વિનંતી છે.

હરણ અને નીલગાય ભૂખના દુઃખથી ખેતરોમાં જાય ત્યારે ખેડુત ભાઈઓ આ અબોલ જીવો દ્વારા પાકને નુકશાન થવાથી ગુસ્સે થાય તે સ્વભાવિક છે, પાકને નુકશાન થતું અટકાવવા માટે તેમને સહેલાઇથી બંદુકો રાખવાની પરવાનગી આપવા માટે વન ખાતાના અધિકારીઓ ભલામણ કરશે તેવા સમાચાર પ્રસિધ્ધ થયા છે. જેનો અર્થ એવો થાય છે કે, તેઓ બંદુકો રાખીને તેમને નડતરરૂપ પ્રાણીઓનો શિકાર કરી શકશે. આમ કરવાથી પાપ થાય છે તેવું માનવામાં નહીં આવે અને ખેડુતો અબોલ પ્રાણીઓનો શિકાર કરતા થઈ જશે. તેઓના હૃદયમાં દયાનું સ્થાન હિંસા લેશે અને તેમનું માનસ હિંસક બનતું જશે. પરીણામે આર્ય દેશની અહિંસક સંસ્કૃતિ નાબુદ થતી જશે. માનવ માનવ પ્રત્યે પણ હિંસક બનતો જશે. બિહાર અને ઉત્તરપ્રદેશની ખાફક સંતભૂમિ સૌરાષ્ટ્રમાં જીવ હિંસા સહજ બનશે. લોકશાહી ટોળાશાહીમાં પરિણમશે.

આપણા આર્ય દેશમાં જીવ માત્રની રક્ષા કરવાથી કલ્યાણ કરવાની ઉચ્ચતમ ભાવના હતી છે આપણા દેશનું ગૌરવ હતું. જે ભૂલી જઈને માનવીને મહા સ્વાર્થી

બનાવીને આજના સત્તાધીશો કયુ ધ્યેય સિદ્ધ કરવા માંગે છે ? 'મત'ને ખાતર આવું બધું ચલાવી લેશું તો આજની લોકશાહી ટોળાશાહીમાં પરિણમશે. આંતકવાદ સર્જાશે અને જીવ માત્ર પ્રત્યે અનુકંપા કરૂણા દાખવતી આર્ય સંસ્કૃતિ ભૂતકાળનું એક સ્વપ્ન બની જશે. વિનાશ કાળે વિપરિત બુધ્ધિની કહેવત સાચી ઠરશે.

પરમાત્મા સૌને સદ્‌બુધ્ધિ અર્પો એ જ શુભ ભાવના.

અમે આ ગેરમાર્ગ ન આચરવા વિનંતિ કરીએ છીએ.

(આ રીતે ભાવિકો પોતાના ભાવ મુજબ પત્રો લખે તે જરૂરી છે)

અબોલ, અશકત, બિમાર, લંગડા, અપંગ, આંધળા, નિરાધાર પશુઓના મુક આશીર્વાદ મેળવો

ગાય, વાછરડા, બળદ, ભેંસ, પાડાં, આદિ મોટાં ઢોર ૨૬૦૦ તેમજ ૧૦૦૦ ઘેટાં-બકરાં રાજકોટ પાંજરાપોળમાં આશરો પામેલ છે. જેથી કતલખાને જતાં, કમોતે મરતાં અને ભૂખે-દુઃખે મરતાં બચેલ છે. દૈનિક નિભાવખર્ચ આશરે રૂા. ૨૫૦૦૦ છે.

આ દુઃખી પશુઓને નિભાવ માટે દાન આપી અથવા ઘાસચારો મોકલી પરમાત્માની કૃપા મેળવો.

જીવદયાના મંદિર સમી શ્રી રાજકોટ પાંજરાપોળની મુલાકાત લઇ જીવદયાના વિશાળ કાર્યને પ્રત્યક્ષ નિહાળશો તો આપને ખાત્રી થશે કે દુઃખી અબોલ પશુઓ માટે દાન આપવું તે મહાન પૂણ્ય છે જે આત્માને સુખ-શાંતિ અર્પશે.

વર્તમાનકાળમાં પૈસા માટે માનવીઓ નિષ્ઠુર બન્યા છે, અને અસંખ્ય પ્રાણીઓની હિંસા કરી કરાવી રહ્યાં છે. આ પ્રાણીઓના નિસાસા માનવીઓને દુઃખો અને દર્દો અર્પી રહ્યાં છે.

અબોલ જીવોને 'અભયદાન' આપતી પાંજરાપોળને ઉદાર હાથે દાન આપીને પૂણ્ય ઉપાર્જન કરો, તે જીવોના મૂક આશીર્વાદ મેળવો.

રાજકોટ મહાજનશ્રીની પાંજરાપોળ

નદીના સામા કાંઠે, રાજકોટ. ફોન : ૪૫૭૦૧૬

ચેક-ડ્રાફ્ટ "શ્રી રાજકોટ મહાજનશ્રી પાંજરાપોળ" ના નામે લખવો.

દાન આવકવેરાની કલમ ૮૦-જી નીચે કરમુક્ત છે

ક્ષમાપના પ્રદાન કરી- અંતરને અજવાળીએ !

-પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શનવિજયજી મ.

ક્ષમા એ આત્માનો સાચો શણગાર છે, મુક્તિનું મંગલ ગાન છે. સાચો વૈભવ છે. જે ક્ષમાને આપી જાણે છે. તે જ સાચો શુરવીર છે. ક્ષમા એ તો જૈન શાસનનો સાર છે, પ્રાણ છે. ક્ષમા વિનાની આરાધના વાસ્તવમાં આરાધનાની કોટિમાં આવી શકતી નથી. માટે દરેકે દરેક આત્મહિતૈષીઓએ ક્ષમા પ્રદાન-આદાન કરવું એ જ શ્રેયસ્કર છે.

હૈયાની વિશુદ્ધિ એ ક્ષમાનો પાયો છે. હૈયાની વિશુધ્ધિ ચિત્તની પ્રસન્નતાથી થાય છે. ચિત્તની પ્રસન્નતા સ્વસ્થતા-સ્વચ્છતાથી થાય છે. મલીન ચિત્ત એ તો હૈયામાં હોળી સળગાવનાર છે. મલીનતાના મલને દૂર કરવાથી ચિત્તની પ્રસન્નતા સહજ રહે છે સ્વચ્છતા એટલે નિર્મલતા તેનું જ નામ છે. જેમાં આપમતિની કલુષિતતા નથી. મિથ્યા કલ્પનાઓમાં રાચવાનું નથી કે હવાઈ કિલ્લાઓમાં મહાલવાનું નથી. પાપના શસ્ત્રો નથી, જડ પદાર્થોની આંધળી આસકિત નથી અને સઘળા ય દુર્ગુણોનું મૂળ દંભનું સેવન નથી. અને ચિત્તની સ્વચ્છતા એટલે હર્ષ-શોકની વ્યાકુલતા નથી, રતિ-અરતિની પરવશતા નથી, રાગ-દ્વેષની વિહવલતા નથી, તૃષ્ણા-મમતાની મૂંઝવણ નથી. આવી સ્વચ્છતા અને સ્વસ્થતા આરાધક આત્મામાં અનિવાર્ય છે. તેવો જ આત્મા પર્વની સાચી આરાધના કરી શકે એટલું જ નહિ સાચા ભાવે ક્ષમા યાચી પણ શકે અને આપી પણ શકે ! જો આત્મામાં ક્ષમાગુણ વિકસ્યો નથી તો સઘળુ ય કર્યું- કારવ્યું ધુળધાણી બને છે. ક્ષમાગુણનું ક્ષાત્રતેજ જે આત્મિક સૌંદર્ય બક્ષે છે તે બાહ્ય પ્રસાધનો પણ આપવા સમર્થ નથી.

ભૂલ ભૂલ લાગે તે જ ક્ષમા આપી શકે. ભૂલ ચૂલ લાગે તે કાઢવા પ્રયત્ન કરે પણ ભૂલ ગુણ લાગે તે ક્ષમા આપી શકે નહિ. નાનું પણ શલ્ય, ન નીકળે ત્યાં સુધી ખટકે છે તો ગુના રૂપ શલ્ય તો ખટકવું જ જોઇએ. દરેકે દરેક ધર્માત્મા એટલું તો સમજી શકે છે કે, વૈર-વિરોધ કરવો, ક્રોધ-રોષ કરવો તે ગુનો જ છે. ગુનો લાગે તે જ માફી માગી શકે, સાચા ભાવે ક્ષમાની યાચના કરી શકે, બાકી મોંઢાનો જો માત્ર દેખાડો હોય તો તે નરી આત્મવંચના કહેવાય, કાંબિકતા કહેવાય. જૈન શાસનમાં આત્મ વંચના અને કાંબિકતાને લેશ સ્થાન નથી જ !

હૈયાપૂર્વક ક્ષમા આપવી એટલે ગુનેગારના ગુના માત્ર ભૂલી જવા એટલું જ નહિ તેના પ્રત્યે મનમાંથી બધા જ ડંખ કાઢી નાખવા, ભૂસી નાખવા. આવું ઉદ્યમ-

વિશાળ હૃદય બને તો જ ક્ષમાપના સાચી, બાકી માત્ર વ્યવહાર ! એકવાર ક્ષમા આપ્યા પછી તેની ભૂલોનો વિચાર સરખો ય ન કરાય તેનો દોષ પાછળથી બોલાય જ શેના ? માટે આત્માન્ ! બહુ જ શાંત-સ્વસ્થ ચિત્તે આ વસ્તુસ્થિતિ વિચારવાની જરૂર છે. સડેલા ભાગને વધુ સડતો અટકાવવા મૂળમાંથી જ કાપવું પડે તેમ ભવ ભ્રમણના ફેરા વધારનાર વૈર-વિરોધને પણ મૂળમાંથી જ કાપવા પડે. માટે અનંતજ્ઞાનિઓ કહે છે કે- બીજાના-ગુનેગારના પણ ગુનાઓની સાચી ક્ષમાપના કરવા, ગુના ભુલી જવા જરૂરી છે. ચિત્તની ઉદારતા, હૃદયની વિશાલતા અને 'સવ્વે જીવા કમ્મવશા'ની ભાવનાથી હૈયું તરબોળ બને તો જ ક્ષમાપના આદાન-પ્રદાન થઈ શકે.

આ પર્વ ક્ષમાને યાચવા અને કરવા માટે છે.

સૌ પુણ્યવંતા ભાગ્યશાલીઓ ક્ષમાપનાના પરમાર્થને સમજી સાચા ભાવે ક્ષમાપના- આપી લઈ, આરાધક ભાવને ખીલવી, સ્વયં આરાધ્ય બનો તે જ સદૈવની મંગલ કામના.

— શાસન સમાચાર —

ચાતુર્માસ અને સ્વર્ગારોહણ તિથિની ઉજવણી

વાપી-જી.આઈ.ડી.સી.-ખાતે પૂ. આ. શ્રી વિજય રત્નભૂષણસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. તપસ્વી વૈયાવચ્ચી મુનિરાજ શ્રી કુલભૂષણવિજયજી મ. આદિ ઠાણાઓએ ભવ્ય ચાતુર્માસ પ્રવેશ કર્યો છે. માલવદેશે સદ્ધર્મ સંરક્ષક પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ. શ્રી વિ. સુદર્શનસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાનુસાર પૂજ્યશ્રીએ ચાતુર્માસ કરેલ છે. શ્રી સંઘમાં દરરોજ વ્યાખ્યાન આદિ વિવિધ આરાધનાઓ ચાલુ છે.

અષાઢ વદિ-૧૪ના પરમ પૂજ્ય શાસન પ્રભાવક ગચ્છાધિપતિ આ. દે. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની પાંચમી સ્વર્ગારોહણ તિથિની ભવ્ય ઉજવણી થઈ છે. સવારે ગુણાનુવાદનું સચોટ વ્યાખ્યાન, બપોરે સમુહ સામાયિક, પ્રભુજીને ભવ્ય અંગ-રચના આદિ ભક્તિસભર કાર્યક્રમો ઉજવાયાં છે.

પૂજ્યશ્રીની સ્થિરતા આદર્શ વિહારમાં છે અને શ્રદ્ધા સોસાયટીમાં સંઘના નુતન ઉપાશ્રયમાં વ્યાખ્યાન આદિ ચાલુ છે.

સરનામું : પૂ. આ. વિ. રત્નભૂષણસૂરિ. મ. આદિ ઠા. ૨
ઠે. સી/૧૦૬ આદર્શ વિહાર જી. આઈ. ડી. સી.
ગુંજન સીનેમા પાસે, મુ. વાપી (વલસાડ)

ઉરના ઉમંગે હું વધાવું આ મહાપર્વને !

—પૂ. સા. શ્રી અનંતદર્શિતાશ્રીજી મ.

પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વ આવી રહ્યા છે તો તેને આપણે સૌ હૈયાના હેતથી, ઉરના ઉમંગથી વધાવીએ. હૃદયાંગણને તપના સ્વસ્તિકથી પૂરીએ. આરાધનાની જયપતાકાથી આત્માની અમરતાને વરીએ. આ મહાપર્વનો મહિમા ગાતાં મહર્ષિઓ કહે છે કે–આ પર્વ એટલે મુમુક્ષુઓનું મોક્ષ તરફ મંગલ પ્રયાણ ! શિવસુંદરીનો સંદેશ સુણાવનાર સંદેશવાહક ! ભવરોગથી મુક્ત કરનાર ધન્વંતરી ! કર્મની ગાંઠને તોડનાર કુશલ સર્જન ! રત્નત્રયીમાં રમણતા કરવા માટેનું નંદનવન ! અહિંસા–સંયમ અને તપ ધર્મની આરાધનામાં સૌને રંગી નાખનાર ખેલૈયો ! કર્મોની હોળી પ્રગટાવનાર પર્વ ! આત્મગુણોની દિવાળી ! જિનવાણીનું સુધાપાન કરવાની પરબ ! 'અહિંસા પરમો ધર્મ' ની ટેલ નાખનાર ટેલીયો ! મૈત્રી ભાવની મહેફિલ ! ક્ષમાધર્મનો જયનાદ કરનાર !

પાપરૂપી રાવણનો વિજય કરનાર વિજયા દશમી ! વેર–ઝેર, રાગ–દ્વેષાદિ દોષોના કચરાને ખાખ કરનાર દાવાગ્નિ ! આરંભ–સમારંભાદિથી થવાનું પર્વ ! ધર્મની પુષ્ટિ કરનાર પૌષધ ધર્મની આરાધનાનું પર્વ ! વિરતિ દેવીના પ્રેમને પામવાનો પંથ ! સંવેગની સરિતામાં પવિત્ર થવાના દિવસો ! નિર્વેદથી ભાવિત થવાનો માર્ગ ! સમતા સુખના પારણે ઝુલવાનું પર્વ ! મમતાને મારવાનો જીતવાનો માર્ગ બતાવનાર ભોમિયો ! આધિ–વ્યાધિ–ઉપાધિના તાપથી સંતપ્ત જીવોને શીતલતા બક્ષનાર શીતરશ્મિ ! આત્માને પ્રકાશિત કરનાર રવિ ! કર્મવૃક્ષનું ઉચ્છેદન કરનાર ઐરાવણ હસ્તી ! પ્રશમ સુખ સરિતામાં પુનીત કરનાર સુર સરિતા ! સકલ સૂત્ર શિરોમણિ શ્રી કલ્પસૂત્ર અને શ્રી બારસા સૂત્રનું શ્રવણ કરવાના મહાપવિત્ર દિવસો ! આત્માને વિભાવ દશામાંથી જગાડી સ્વભાવદશાને પામવાનો રાજમાર્ગ બહિરાત્મપણું મટાડી અંતરાત્મીપણું પમાડી પરમાત્મપણું પેદા કરવાનો માર્ગ બતાવનાર સાચો કલ્યાણ મિત્ર ! મોહની નિદ્રાને વેરણ છેરણ કરનાર કાલરાત્રિ ! આત્માની અક્ષયસ્થિતિ અને અનંતગુણ લક્ષ્મીને પમાડનાર પર્વ !

આવા મહા મહિમાવંતા પર્વની આજ્ઞા મુજબ આરાધના કરી આપણે સૌ પણ આપણા હૈયાને કેવલજ્ઞાનના પ્રકાશથી અજવાળીએ–તેવું સામર્થ્ય મેળવવાનો ભવ્ય પુરુષાર્થ આદરી આ પર્વાધિરાજને સફળ–સાર્થક કરીએ તે જ મંગલ કામના...

જ્ઞાન ગુણ ગંગા

—શ્રી પદ્માંગ

સાધુ બાર માસના પર્યાયમાં સર્વાર્થસિદ્ધ વિમાનવા દેવોના સુખને પણ ઓળંગી જાય છે. તે અંગે શ્રી ભગવતીજી સૂત્રમાં કહ્યું છે કે—

"जे इमे अज्जत्ताए समणा निग्गंथा एए णं कस्स तेउल्लस वीतीवयंति ? गोयमा ! मासपरियाए समणे निग्गंथे वाणमंतराणं देवाणं तेउल्लेसं वीइवयइ, एवं दुमास परियाए समणे निग्गंथे असुरिंदवज्जिआणं भवणवासीणं देवाणं तेउलेसं वीइवयइ, तिमासपरियाए समणे निग्गंथे असुरिंदाणं देवाणं तेउलेसं वीइवयइ, चउमासपरियाए समणे निग्गंथे चंदिमसूरियवज्जियाणं गहगणनक्खत्ततारारूवाणं जोतिसियाणतेउलेसं वीईवयइ, पंचमासपरियाए समणे निग्गंथे चंदिमसूरियाणं जोइसियाणं तेउलेसं वीईवयइ, छम्मासपरियाए समणे निग्गंथे सोहम्मीसाणाणं तेउलेसं वीतीवयइ, सत्तमासपरियाए समणे निग्गंथे सणंकुमारमाहिंदाणं तेउलेसं वीइवयइ, अट्ठमासपरियाए समणे निग्गंथे बंभलोगलंतगदेवाणं तेउलेसं वीइवयइ, नवमासपरियाए समणे निग्गंथे महासुक्कसहस्साराणं देवाणं तेउलेसं वीईवयइ, दसमासपरियाए समणे निग्गंथे आणयपाणयआरण अच्चुआणं देवाणं तेउलेसं वीइवयइ, एक्कारसमास परियाए समणे निग्गंथे गेवेज्जाणं देवाणं तेउलेसं वीइवयइ, बारसमासपरियाए समणे निग्गंथे अणुत्तरोववाइयाणं देवाणं तेउलेसं वीइवयइ, तेण परं सुक्के सुक्काभिजाती भवित्ता सिज्झइ, बुज्झइ, मुच्चइ, परिनिव्वाइ सव्वदुक्खाणमंतं करेइ त्ति ॥"

अत्र तेजोलेश्या चित्तसुखलाभलक्षणा ।

ભાવાર્થ :— "હે ભગવાન ! જે આ શ્રમણ એવા નિર્ગ્રંથો છે તેઓ કયારે કઇ તેજોલેશ્યાનું વ્યતિક્રમણ કરે છે ? હે ગૌતમ ! એક માસ પર્યાયવાળા શ્રમણ એવા નિર્ગ્રંથો વાણવ્યંતર દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. એ પ્રમાણે બે માસના પર્યાયવાળા શ્રમણ–નિર્ગ્રંથો અસુરેન્દ્રોને છોડીને ભવનપતિના દેવોની તેજોલેશ્યાનું ઉલ્લંઘન કરે છે. ત્રણ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો અસુરેન્દ્રોના દેવોની તેજોલેશ્યાનું ઉલ્લંઘન કરે છે. ચાર માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો ગ્રહ–નક્ષત્ર–તારા રૂપ જ્યોતિ-

તિષના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. પાંચ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો ચંદ્ર-સૂર્ય રૂપ જ્યોતિષના ઇન્દ્રોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. છ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો સૌધર્મ અને ઇશાન દેવલોકના દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે. સાત માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો સનતકુમાર અને મહેન્દ્ર દેવલોકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. આઠ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો બ્રહ્મલોક-લાંતક દેવલોકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. નવ માસના પર્યાયવાળા મુનિઓ મહાશુક્ર અને સહસ્રાર નામના દેવલોકના દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે. દશ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો આનત-પ્રાણત-આરણ અને અચ્યુત નામના દેવ-લોકના દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે. અગિયાર માસના પર્યાયવાળા શ્રમણો નવે ગ્રૈવેયકના દેવોની તેજોલેશ્યાનું ઉલ્લંઘન કરી જાય છે અને બાર માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો પાંચે અનુત્તરવાસી દેવોની તેજોલેશ્યાનું ઉલ્લંઘન કરી જાય છે. તે પછી તે મુનિઓ શુક્લ, શુક્લાભિજાતિ થઇને સિદ્ધ થાય છે યાવત સંસારનો અંત કરે છે.'

અહીં તેજોલેશ્યા એટલે આત્મિક સુખની પ્રાપ્તિની અનુભુતિ કરવા સ્વરૂપ જાણવી.

— પ્રકીર્ણ પર્યુષણ જ્ઞાન કણીયા —

—પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી, મુંબઇ

ભયંકર જંગલને બાળવામાં કોણ સમર્થ ? દાવાનળ.
દાવાનલને શાંત કરવામાં કોણ સમર્થ ? મેઘ.
મેઘને વિખેરવામાં કોણ સમર્થ ? પવન.
તેમ કર્મોના અણુ અણુઓને વિખેરવામાં કોણ સમર્થ ?
એક પર્યુષણા મહાપર્વ.

※

જેમ ભૂખ્યાને ભોજનનું મૂલ્ય સમજાય.
તરસ્યાને જલનું મૂલ્ય સમજાય.
જ્ઞાનીને જ્ઞાનનું મૂલ્ય સમજાય.
તેમ ભવ્ય જીવોને પર્યુષણા આરાધનાનું મૂલ્ય સમજાય.

※

નિસરણીએ ચઢનારો એક પછી એક પગથિયા જેમ
સર કરતો જાય છે. તેમ આ મહાપર્વની આરાધના
કરનારો ભાવુક મોક્ષ મંદિરના પગથિયાં સર કરે છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી શુભદર્શી



- અમારે પણ સંયમની સાધનામાં જે જરૂરી ન હોય તેવી ચીજોની ઇચ્છા તે ઉપાધિ અને સંયમની સાધનામાં જરૂરી એવી ચીજો તે ઉપધિ.
- જે જીવ ખાવાને ઉપાધિ માને તે રોજ તપ ન કરી શકે તોય 'તપસ્વી' છે. અને જે ખાવામાં જ મજા માને તો તે માસક્ષમણાદિ કરે તો ય તપસ્વી નથી !
- પાપ કરતાં જેને ડર ન લાગે તે ધર્મી જ નથી.
- ભગવાન પાસે દુનિયાની સુખ-સંપત્તિ માગવી તે મોટામાં મોટો ભીખનો ધંધો છે !
- જે ભગવાન મોક્ષે ગયા, મોક્ષ આવવાનું આમંત્રણ આપી ગયા તે ભગવાન પાસે મોક્ષ વિના બીજું કાંઇ મંગાય ખરું ?
- રોટલાના ભિખારી કરતાં સંસારના સુખના ભીખારી મોટામાં મોટા ભિખારી છે.
- દુનિયાનું સુખ ગમે, તે મોહ છે. દુનિયાની સંપત્તિ ગમે તે ય મોહ છે. તે સંપત્તિ મેળવવાનું મન થાય તે ય મોહ છે. તે સંપત્તિ મળે અને આનંદ થાય તે ય મોહ છે. તેથી દુનિયાનું સુખ અને સંપત્તિ મેળવવા જ ધર્મ કરે તો તે મોહથી ધર્મ કર્યો કહેવાય !
- ધર્મને સેવનારો કદી દુઃખી થાય નહિ, પાપના યોગે તેને દુઃખ આવે તે બને પણ તે દુઃખી હોય નહિ.
- ભગવાન પાસે મોક્ષ મંગાય, મોક્ષ સાધક ધર્મ મંગાય પણ પૈસો-ટકો તો ન જ મંગાય.
- આ ધર્મ તે સંસાર રૂપી રોગની દવા છે. તે ધર્મ શા માટે કરવાનો છે ? આત્મા અનાદિથી સંસાર રૂપી રોગમાં ફસાયેલો છે. તે સંસારની રિબામણીથી છૂટો જાય અને મોક્ષ રૂપી આરોગ્યને પામે તે માટે.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

Recieved 9-96

પ.પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર

નમો ચઉવિસાए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

પ.પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009.

વર્ષ ૯

અંક ૫+૬

ભવવૃદ્ધિ નાશનું કારણ

सुहिसयणमाइयाणं उवयरणं,
भवपबंध वुड्ढिकरं ।
जिणधम्मपवन्नणं तं
चिय भवभंगसुवणेइ ।।

સ્નેહી-સ્વજનાદિનું ઉપકરણ સન્માનાદિ, ભવપ્રબંધ-ભવપરંપરાની વૃદ્ધિ કરનારૂં બને છે. જ્યારે શ્રી જિનધર્મને પામેલાઓનું સાધર્મિકપણાની બુદ્ધિથી કરેલું સન્માનાદિ ભવનાશનું કારણ બને છે.

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

શિવગંજનગરે પ. પૂ. ગચ્છિવર્ય શ્રી દર્શનવિજયજી મ. તથા પ. પૂ. પર્યાયવૃદ્ધ મુનિરાજ ભેમંકરવિજયજી મ. આદિની શુભ નિશ્રામાં શ્રા. સુદ ૧૧ની ગુણાનુવાદ જાંડેર સભામાં ગવાયેલું પ. પૂ. સ્વ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મ. સા. નું

卐 વિરહ ગીત 卐

(રાગ–એ મેરે વતન કે લોગો)

વિબુધપ્રભસૂરિ સ્વર્ગે સીધાવ્યા, સૌની આંખોમાં આંસૂ ઉભરાયા ।
સુનકર બધે છે છવાયા, સૂરિ કેમ વિસારી અમ માયા ॥૧॥
રાજમતી મા ની કુક્ષિનું મોતી, મનોહરસૂરિએ લીધું ગોતી ।
જિનશાસનની એ જ્યોતિ, આપ વિરહે આંખ રોતી...॥૨॥
મહેસાણાના હતા રહેવાસી, બાલ ઉમરમાં સંયમ પ્રવાસી ।
બન્યા જ્ઞાન ધ્યાનમાં અભ્યાસી, વલી મુક્તિપુરીના પ્યાસી ॥૩॥
સૂરિ હતા સરલ સ્વભાવી, સિદ્ધિસૂરિની પાટ દીપાવી ।
પ્રવચન જેનું ખૂબ પ્રભાવી, જિનશાસન જ્યોત જગાવી ॥૪॥
સિંહ જેવી જેની પડછંદ કાયા, કદી રોગ નથી ઉભરાયા ।
અણધાર્યું શું થયું સૂરિરાયા, એકવાર કહો શુરુ રાયા ॥૫॥
મુખ પર સદા હાસ્ય રમતું, નયનોથી વાત્સલ્ય ઝરતું ।
આપ વિના સૂરિજી નથી ગમતું, દર્શન કાજે દિલ કરગરતું ॥૬॥
સિદ્ધિ મેઘ મનોહર કૃપા પ્રસાદ, રાજસ્થાનમાં જગવ્યો નાદ ।
કેમ વિસરીએ શુરુ યાદ, સહુ કરતાં આજ ફરીયાદ ॥૭॥
ભેમંકરને હૈયા ના હાર, કુમુદચંદ્ર કરે છે પોકાર ।
પૂર્ણ મોક્ષ રડે છે ચોધાર, સહુ સાધ્વીજી કરે પોકાર ॥૮॥
વરસાવો કૃપા અમંદ, મારી બુદ્ધિ છે અતિમંદ ।
પાછું શુણ હું મકરંદ, આપ હતા શાસનના ચંદ ॥૯॥
શુરુજી કહેતાં વર્ષ છે ભારે ભારે, અમે સાંભલતા સહુ જ્યારે ।
મનમાં દુઃખ થાતું ત્યારે, સાંત્વન આપતાં અમને ત્યારે ॥૧૦॥
ચોથની રાત અતિ ગોઝારી, શુરુને લીધા કાલે ઉપાડી ।
કાલની ન્યારી અજબ ગતિ, કલી ન શકે પંડિતોની મતિ ॥૧૧॥
શાસનનો આધાર સ્તંભ, ક્ષણમાં વિલય થઈ જાય ।
દુઃખ પારાવાર છે અમને, આંખે અશ્રુધારા થાય ॥૧૨॥
ઓ સ્વર્ગવાસી શુરુદેવ અમારી, વિનંતિ કરીએ છીએ કરજોડ,
વિજય શિશુ પૂર્ણ અર્જ કરે છે, મોક્ષને લઈ જાઓ પેલે પાર ॥૧૩॥

પોરવાલ જૈન કી પૈઢી, પીપલીવાલી ધર્મશાલા, શ્રા. સુદ ૧૧ તા. ૨૫–૮–૬૫

ભારતદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

ટ્રસ્ટીઓ
ચુનીલાલ મેઘજી મુહડા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ મહેતા (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ મેઘાણી (વઢવાણ)
ચંદ્રાવતી પદમશી મુહડા (ચાલગઢ)

વર્ષ : ૯] ૨૦૫૨ ભાદ્રપદ સુદ-૪ મંગળવાર તા. ૧૭-૯-૯૬ [અંક : ૫૬

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૪ મંગળવાર તા. ૧૪-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રવચન ૧૨ મું) -અવ૦

જહા ય કિંપાગફલા મણોરમા, રસેણ વન્નેણ ઉ ભુજ્જમાણા ।
તે ખુદ્દએ જીવિયપચ્ચમાણા, એએોવમા કામગુણા વિવાગા ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે- મોક્ષ વિના બીજે કશે સાચું અને વાસ્તવિક સુખ જ નથી. અને સંસારનું જે સુખ છે તે કિંપાકનાં ફળ જેવું છે. આપણે કિંપાકનાં ફળ જોયાં નથી પણ શાસ્ત્રમાં તેનું વર્ણન આવે છે કે- તે ફળ ખાવામાં મીઠાં હોય છે, સ્પર્શમાં કોમળ હોય છે, દેખાવે સુંદર હોય છે, સુગંધ પણ સારી હોય છે પરન્તુ ખાવાની સાથે જ પ્રાણને હરનાર હોય છે. આના ઉપરથી પણ ખબર પડે છે કે- સંસારનાં જે સુખ છે તેમાં જ મઝા આવે, તેની જ આપણા ઉપર અસર થાય તો આપણા બધા જ ભાવ પ્રાણોનો નાશ કરનાર તે સુખ છે.

માટે જ મહા સમજુ એવા સમકિતી જીવને કર્મયોગે વિષયો ભોગવવા પડે તો તેને હેય રૂપે જ, ભોગવવા જેવા જરાપણ તેમ માનીને, ન છૂટકે દુઃખી હૈયે ભોગવે

છે. માટે શ્રી તીર્થંકરદેવો ઉત્તમમાં ઉત્તમ દૃષ્ટાન્ત છે. શ્રી તીર્થંકર પરમાત્મા છેલ્લા ભવમાં ચક્રવર્તી પણ હોય છે. પણ તે ચક્રવર્તીપણું તેઓને કર્મયોગે ભોગવવું પડે છે બાકી તે ભોગવવાની જરાપણ ઇચ્છા હોતી નથી. તે કર્મ જેવું પૂરું થાય કે તરત જ સાધુ થાય છે. માટે નક્કી થાય છે કે– તે કર્મ ભોગવ્યા વિના ખપે તેવું હોતું નથી માટે જ તેઓ ભોગવે છે. બાકી એ પરમતારકો કહે છે કે– આ ભોગસુખની તો સામે પણ જોવા જેવું નથી.

હજી આપણને સંસારનાં વિષયસુખનું તેવું ભાન થયું નથી માટે તેની પાછળ પડયા છીએ. આ પાંચે પાંચ ઇન્દ્રિયો મળે છે પુણ્યથી પણ આત્માને પાગલ બનાવનારી છે, જે સાવચેત આત્મા હોય તે જ તેનાથી બચે, બાકી તો એવાં એવાં પાપ કરાવનારી છે જેનું વર્ણન ન થાય. આજે જગતમાં કેટલાં પાપ ચાલુ છે ? ભણેલ ગણેલા પણ કેટલાં પાપ કરે છે ? આજનું ભણતર જ એવું છે જે પાપને પાપ જ સમજવા દેતું નથી. તેથી જ આજે લાખોપતિ, કોટિપતિ અને અબજોપતિ પણ મઝેથી અન્યાય કરે છે, ખોટા ચોપડા લખે, છે, એટલું જ નહિ પણ ખોટા ચોપડા લખનારની એવી ગુલામી કરે છે કે જેવી ભગવાનની આજ્ઞાની પણ ગુલામી કરતા નથી. ખોટા ચોપડાદિ લખનારા પોતાના માલિકને અડધી રાતે ઊભા રાખી ધાર્યા પૈસા લે છે. તેઓ પણ તેને જે માગે તે વિના સંકોચે આપી દે છે. આજે મોટા માણસોની આબરૂ પણ મોટાભાગે તેના નામું લખનાર નોકર ઉપર છે. શાથી ? તેમનું ભણતર જ ઊંધું છે માટે. જે સંસારનું સુખ ઇચ્છવા જેવું નથી, તેની સામે પણ જોવા જેવું નથી તેને મેળવવા ભણેલા–ગણેલા પણ જે પાપો કરે છે તે કયારે બને ? ભણતર સાચું ન હોય તો જ બને ને ?

તેમ આ શાસ્ત્ર પણ સીધુ પરિણામ ન પામે, જેનામાં શ્રદ્ધા ન હોય તે સાધુ પણ પતિત થઇ નરકમાં જાય. આજે અનંતા ચૌદપૂર્વી નરક–નિગોદમાં છે. શાથી ? આ સંસારના સુખના લોભથી ચૌદપૂર્વ ભૂલ્યા. ચારિત્ર પણ ગુમાવ્યું સમ્યક્ત્વ પણ ગયું અને મરીને નિગોદાદિમાં ગયા. જે પાપ બાંધ્યું હોય તે પૂરું ન થાય ત્યાં સુધી ધર્મ ન પામે. એકવાર ધર્મ પામ્યા છે માટે ધર્મ પામવાના જરૂર છે તેમાં બેમત નથી. આ શાસ્ત્રજ્ઞાન પણ જો પરિણામ ન પામે તો આવી દશા થાય છે તો જે જ્ઞાન જ મૂલમાંથી ઊંધું છે, આ સંસાર–સુખને જ સારૂં બનાવનારૂં છે તો તેની શી હાલત થાય તે સમજી શકાય તેમ નથી.

આ વિષયસુખ ભૂંડા ન સમજાય ત્યાં સુધી શ્રી જૈન શાસન સમજાય જ નહિ. શ્રી જૈન શાસન સમજેલાને ખાવા–પીવાદિમાં મુંઝા હોય ? પાંચે ઇન્દ્રિયોના વિષયો

મજેથી ભોગવે ! કર્મયોગે ધર્મ કરનાર જીવોને તે સુખ ભોગવવા પડે તો પણ કેવી રીતે ભોગવે ? હેય માનીને, ન છૂટકે દુઃખી હૈયે કેવળ કર્મ ખપાવવા માટે જ ભોગવે શ્રી તીર્થંકર દેવોના આત્માઓ માતાના પેટમાં-ગર્ભમાં આવે ત્યારથી ઇન્દ્રાદિ દેવો દોડાદોડ કરે છે. જન્મે ત્યારે મેરૂપર્વત ઉપર લઈ જઈને અભિષેક કરે છે તો ય તેમાં તે પરમતારકોના આત્માઓ રાગથી રંગાય છે ખરા ?

અમને આ સાધુપણાના પ્રતાપે ગામેગામ માન-સન્માન મળે છે તેમાં જો અમે મૂંઝાઇએ તો અમારૂં આ સાધુપણું પણ પણ ધીમે ધીમે જાય. રાજા માત્ર પોતાના દેશમાં જ પૂજાય છે, જ્યારે પંડિત તો સર્વત્ર પૂજાય છે પણ તે પંડિત કેવો હોય ? નમ્ર હોય કે અભિમાની હોય ? તમને બધાને ધન મારનારૂં છે જ્યારે સાધુને માન મારનારૂં છે. તમારા માટે જેટલું ધન ખરાબ છે તેટલું અમારા-સાધુઓ માટે માન ખરાબ છે, તમારા માનમાં લેપાયેલાઓને, તમારા માનના ભિખારી બનેલા સાધુઓ જુઠું પણ બોલે, ઉત્સૂત્ર પણ બોલતા થાય. લોકોને ગમે તેવું બોલતા થાય. ઘણા ઉત્સૂત્રભાષી તેમાંથી જ પાકયા છે. જે સુખને શાસ્ત્રે કિંપાકનાં ફળ જેવું કહ્યું છે તે સંસારના સુખના માટે ધર્મ થાય ખરો ? 'તે સુખને માટે ધર્મ પણ કરાય' એવું સાધુથી બોલાય ખરૂં ? બોલે તો તે સાધુ કહેવાય ખરો ?

આ સંસારનું સુખ બહુ ભયંકર છે, તેની સામે પણ જોવા જેવું નથી, તેને ઇચ્છવા જેવું પણ નથી. શાસ્ત્રે કહ્યું છે કે, આ સંસારનાં સુખની ઇચ્છા પણ પાપના ઉદયથી જ થાય, તેની જરૂર પણ પાપના ઉદયવાળાને જ પડે, તે મળે પુણ્યથી પણ તેમાં આનંદ પાપના ઉદયવાળાને જ આવે, તે ભોગવાય પુણ્યથી પણ તેને ભોગવવાનું મન પાપનો ઉદય હોય તો જ થાય. આ વાત સમજાય છે ? ઘણાની પાસે ઘણું હોવા છતાં ય ભોગવો શકતા નથી. આ સુખની ઇચ્છા અવિરતિ નામનું પાપ જીવતું હોય તેને થાય. તેમાં જ મઝા આવે, તે સારૂં લાગે છે તેનું દુઃખ પણ ન થાય તે ગાઢ મિથ્યાત્વના ઉદયથી. જેમનું અવિરતિ નામનું પાપ જીવતું ન હોય તેમને તો આ સુખ ભોગવવાનું મન પણ ન થાય, પરન્તુ મળેલું સુખ પણ ફેંકી દેવાનું જ મન થાય તે માટે આપણે શ્રી ભરતમહારાજા અને શ્રી બાહુબલિજીની વાત કરી આવ્યા છીએ કે- શ્રી બાહુબલિજી યુધ્ધભૂમિમાં જ સાધુ થયા ત્યારે શ્રી ભરતજી દોડીને તેમના પગમાં પડીને કહે છે કે-'આ રાજ્ય તે સંસારરૂપી વૃક્ષનું બીજ છે આવું જે ન માને તે અધમ છે. તે અધમોમાં પણ અધમ હું છું કે આ જાણવા છતાં પણ છોડતો નથી.'

સંસારનું સુખ ભોગવનાર સુખી હોઠો જો વાસ્તવિક ધર્મ પામેલા હોત તો આ સુખને ભોગવવું પડે તો દુઃખથી જ ભોગવતા હોત, સુખને ફેંકી દેવા જેવું જ માનતા હોત. કર્મચેાગે જ ભોગવવું પડે છે તેમ માનતા હોત. તમે બધા માંદા થાવ તો માંદગી ભોગવો છો ને ? માંદગી મજેથી ભોગવતો કોઇ જોયો છે ? માંદાને કશું કામ કરવાનું નહિ તો પણ તેના માટે ડોકટરો આવ-જાવ કરે, બધા તેની સેવા કરે, ખબર-અંતર પૂછવા આવે, ઔષધાદિ તૈયાર કરાતા હોય. આવા વખતે કોઇ તેને કહે કે-"તમે બહુ સુખી છો. સદા તમારી આવી જ અવસ્થા રહેજો" તો તે માંદો શું કહે ? "હું અહી મરી રહ્યો છું અને મને સદા આવો રાખવાનું કહે છે ? તને મારા રોગની પીડાની ખબર નથી. ઊંઘ નથી આવતી, સુવાતું નથી. ચેન નથી પડતુ, પાણી વિના માછલી તરફડે એમ હું તરફડયા કરૂં છું" આવું જ તે માંદો કાંડે ને ! માંદો જેવી રીતે માંદગીને ભોગવે છે તેવી રીતે ધર્મી જીવ ભોગને ભોગવે છે. માંદો પાપોદયને જે રીતે ભોગવે છે તેવી રીતે ધર્મી જીવ પુણ્યોદયને ભોગવે છે. સમકિતી જીવો જગતના જીવો જે રીતે દુઃખને ભોગવે છે તે રીતે સંસારના સુખને ભોગવે છે.

'આ દુનિયાના સુખના પરિણામ બહુ ખરાબ છે' તે ભગવાનનાં વચન ઉપર શ્રધ્ધા છે ? વિષય ભોગ કરતી વખતે ભગવાનની આ વાત યાદ આવે છે ? જેને ભગવાનની આ વાત યાદ હોય તેને દુનિયાનું સુખ ભોગવતી વખતે દુઃખ હોય કે આનંદ હોય ? મોટો વેપારી કોઇવાર મોટી આપત્તિમાં આવ્યો હોય તો આબરૂ બચાવવા માટે તે ખોટ ખાઇને ય વેપાર કરતો હોય તો પણ તેના હૈયામાં શું હોય ? ઝટ દેવાથી મુક્ત થાઉં. પણ આજની વાત બધી જુદી છે. દુનિયામાં જે સદ્‌ગુણ કહેવાય તે સદ્‌ગુણ પણ મોટાભાગમાં રહ્યો નથી. તમને લેણું ન આવે તે ખટકે કે દેણું ન દઈ શકો તે ખટકે ? માટે તમને ખબર નથી કે આબરૂ માટે વેપાર શી રીતે થાય. તેવી રીતે સમકિતી સંસારમાં રહે જે આબરૂ બચાવવા માટે વેપાર કરે છે તેને તો પૈસા મેળવવામાં રસ નથી હોતો પણ વેપારની ખોટ સરપાઇ થઇ જાય એટલે આનંદ પામે છે કે, હાશ છૂટયા ! જ્યારે તમને લોકોને લેણું ન આવે તે જેટલું ખટકે છે તેનાથી દેણું ન દેવાય તે ખટકતું નથી. આ તો આર્યદેશ છે. આ દેશમાં અડધું ખાઇને પણ દેણું ચૂકવનારા છે. દેવું ન ચૂકવાય તો લુખ્ખું ખાનારા પણ છે. ખાતી વખતે માને કે ખાધા વિના ચાલે તો સારૂં. આગળ શાહુકારો માથે દેવું હોય તો થાનમાં ચપટી ધૂળ નાંખીને ખાતા અને માનતા કે-હું ધાન નથી ખાતો પણ ધુળ ખાઉં છું. આ અનુભવ તમને છે ? આ વાત શાસ્ત્રોમાં લખી છે પણ તમારા જીવનમાં છે. (ક્રમશઃ)

ચૌદ ગુણસ્થાન અને યોગની આઠ દૃષ્ટિ

વર્ધમાન તપોનિધિ પ. પૂ. આ. દેવ શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ.

(ગતાંકથી ચાલુ)

૩જી દૃષ્ટિમાં શુશ્રુષા ગુણ પ્રાપ્ત થાય છે તત્ત્વનો રસ ખૂબ વધે છે, સ્મૃતિ વધે છે. ત્રીજી દૃષ્ટિમાં ક્ષેપ નામનો દોષ નીકળી જાય છે. એક ક્રિયામાંથી બીજી ક્રિયામાં મન જતુ નથી. મન સ્થિર બનતું જાય છે. ચોથી દૃષ્ટિમાં શ્રવણગુણ પ્રાપ્ત થાય છે. તત્ત્વ શ્રવણ કર્યા વિના ચેન પડતું નથી. દીવાની પ્રભા જેવો બોધ થાય છે. મિથ્યાત્વ ગુણસ્થાનકે ગુણની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થાય છે. ત્યારે વ્યવહારમાં ચિત્ત લાગતું નથી. વ્યવહારમાં વેઠ ઉતારે છે. ધર્મને માટે પ્રાણ છોડવા તૈયાર થાય છે ઉત્થાન નામનો દોષ નીકળી જાય છે. અશાંતિ, ચંચળતા અસ્થિરતા દોષ ટળી જાય છે. મારૂં શું થશે આવી વિગેરે બીકણપણું નીકળી જાય છે. મારી સદ્ગતિ થશે તેવી ખાત્રી થઇ જાય છે.

આત્મા જાગૃત થયો આ ચાર દૃષ્ટિમાં મિથ્યાત્વ ગુણસ્થાનકની છે. પરંતુ સૂર્ય ઉદયની બીક જેમ સ્પર્શને કાળને ઉગતી સંધ્યા ટાઇમ જેવો કહેવાય છે. સૂર્ય ઉદય પહેલાં તે ભાગ લાલ થઇ જાય છે. અરુણોદય થાય છે. તેમ સમકિત પહેલાં ચોથી દૃષ્ટિ અદરય સંવેદન પદની પૂર્ણાહુતિ થાય છે. શુદ્ધ યમા પ્રવૃત્તિ કરણ કરે છે અને પછી અપૂર્વ કરણ કરી રાગ-દ્વેષની ગ્રંથીને છેદે છે. અને પછી સમ્યકત્વ ગુણને પ્રાપ્ત કરે છે. પાંચમી સ્થિરા દૃષ્ટિમાં સમ્યકત્વ ગુણસ્થાનકે પાંચ ઇન્દ્રિયોના તેવીસ વિષયોમાં મન ન જોડાતા આત્માને આત્મામાં સ્થાપવો તેવું શરૂ થાય છે. પ્રત્યાહાર પ્રતિક આહાર મિથ્યાત્વની ક્રિયામાં રસ નથી. સમ્યકત્વની ક્રિયામાં રસ પડે છે સૂક્ષ્મ બોધ મળે છે. દૃષ્ટિ સાચી મળે છે. ધીમે ધીમે વ્રત લેવાની ઇચ્છા થાય છે. અને દેશવિરતિ-૧૨ વ્રત આદિ લેવાની ભાવના જાગે છે. આટલે સુધી જીવ પહોંચે છે.

૬ ઠી દૃષ્ટિમાં પ્રમત્ત ગુણસ્થાનકે નિરતીચાર ચારિત્ર પ્રાપ્ત કરે છે. મીમાંસા ગુણ પ્રાપ્ત કરે છે. તત્ત્વનું ચિંતન વધી જાય છે. તેમાં ખાવા પીવાનું પણ ભૂલી જાય છે. જગતનું વિસ્મરણ અને જાતનું અન્વેષણ-સ્મરણ ચાલતું હોય છે. પરમાત્માને નીરખી નીરખી અમૃતના ઘુંટડા અહીં પીએ છે. અહીં પ્રભુને મોક્ષાભિલાષી સતત વિનંતી કરતો હોય છે. હૈયાની કબૂલાત આપતો હોય છે. મારા સંયમી જીવનમાં અનેક પ્રમાદો પડેલાં છે. જેવો છું તેવો પ્રભુ આપે મારો સ્વીકારે જ છૂટકો અહીં અન્યમુદ નામનો દોષ જાય છે. પુદ્ગલ વસ્તુ આત્માથી પર ઇન્દ્રિયો શરીર બાહ્ય સાધન સામગ્રી તરફ આનંદભાવ નથી. ઔદાસીન્ય ભાવો પાંચ પ્રમાદમાં અંતમૂહુંત ટકતો નથી. પ્રમાદમાં કદાચ

પડી જવાય તો કેદી જેમ કેદમાંથી ભાગી છૂટવા પ્રયત્ન કરે છે તેમ આરાધક આત્મા સતત જાગૃત બને છે. પ્રમાદથી ભાગી છૂટવા દૃઢ મનોબળવાળો બને છે. પાછો પ્રમાદો આવે છે. આમ કરતાં કરતાં આગળ વધવા પ્રયત્ન કરે છે. ક્રોધ માન માયા લોભ અત્યંત પાતળા પડી ગયા હોય છે. જેને શાસ્ત્રીય પરિભાષામાં સંજ્વલન કહી શકાય સાદી ભાષામાં આંખનો પલકારો મારે તેવો કષાય હોય. તારાની પ્રભા જેવો બોધ થાય છે.

સાતમી દૃષ્ટિ પ્રભા દૃષ્ટિ છે. સૂર્યની પ્રભા જેવો બોધ હોય છે. પ્રતિ પ્રતિ ગુણ સ્થાનક પ્રાપ્ત થાય છે. ધ્યાનમાં વિશેષ એકાકાર ધારા થાય છે. પ્રમાદને રોકનાર છે. કર્મરૂપી ચોરો ભાગી જાય છે. કોઈ જાતના પરભવમાં ચિત્ત જતું નથી. સમભાવ પ્રાપ્ત થાય છે અને ધર્મ સંન્યાસીનો યોગ પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિમાં ક્ષપક-શ્રેણિની શરૂઆત કરી અને તેરમાં ગુણ-સ્થાનક સુધી આ સાતમી દૃષ્ટિ આવે છે.

૯ મો અનિવૃત્તિ ગુણ-વિજય યાત્રા માટેની નોબત વાગે છે. સૂક્ષ્મ સંપરાય ગુણ-૧૦ મો છે. આત્માના સર્વપ્રદેશે પ્રભુ સિવાય બીજું કાંઇ દેખાતું નથી ત્યારે હૃદય અતિ શુદ્ધ બને છે. લોભને સર્વથા પાતાળમાં પેસી જવું પડે છે. સર્વ યોગોનો યોગ શાસ્ત્રનો સૂક્ષ્મ બોધ ગ્રંથની જરૂર નહિ.

૧૧ મો ઉપશાંત મોહ-અશુભ કર્મો જ્યાં સુધી સત્તામાં હોય છે ત્યાં સુધી પતન થઇ શકે છે. શુભ કર્મો સત્તામાં હોય ત્યારે મોહ શાંત થઇ જાય છે.

૧૨ મો ક્ષીણમોહ વીતરાગ-શુક્લધ્યાનની ચરમ અને પરમ સીમા મોહ દૃઢ નાશ પરમ શાંતા.

૧૩ મો સયોગી ગુણ-ઇચ્છાઓની અહીં સ્મશાન યાત્રા નીકળી જાય છે. કેવળજ્ઞાન રૂપી પ્રકાશ થતાં મોહ રૂપી અંધકાર આત્મા ઉપરથી સર્વદા સર્વકાળ માટે રવાના થાય છે.

૧૪ મો અયોગી ગુણ આ યોગ મન વચન કાયાથી રહિત છે. અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરે છે. જવાજહયમાન કેવલજ્ઞાનની પ્રાપ્તિ છે. કર્મને બાળી સિદ્ધ અવસ્થા પામવાનું છે.

પરા દૃષ્ટિ :- યોગોનો સમુદાય અને આસંગ નામનો દોષ જાય છે. આમ પ્રવૃત્તિ ગુણ પ્રાપ્ત થાય છે. ગુણ સિવાયની પ્રવૃત્તિ ત્યાં રહેતી નથી. ચન્દ્રની ચન્દ્રિકા જેવો સૂક્ષ્મ બોધ થાય છે. અપૂર્વ યોગ સમાધિ નામનું યોગ અંગ પ્રાપ્ત થાય છે.

(૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયમ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન (૮) સમાધિ આમ આઠ દૃષ્ટિ અનુક્રમે પ્રાપ્ત થાય છે. પછી પરમાત્મા બનાય છે.

પુનઃવિશેષ વિચાર આઠ દૃષ્ટિ

મિત્રા દૃષ્ટિ :- યમ અંગ પ્રાપ્ત થાય

છે. અદ્વેષ ગુણ પ્રાપ્ત થાય છે. બોધ નામનો દોષ નીકળે છે. તત્વબોધ તૃણના અગ્નિ જેવો હોય છે–યોગા વંચક ક્રિયાવંચક આ ત્રણ વંચક ભાવની પ્રાપ્તિ થાય છે

બીજી દૃષ્ટિ તારા દૃષ્ટિ

આ અંગમાં નિયમ પ્રાપ્ત થાય છે. મન પવિત્ર બને છે. સંતોષ-સ્વાધ્યાય, તપ ઈશ્વર પ્રણિધાન રૂપ નિયમ પ્રાપ્ત થાય છે. છાણના અગ્નિ જેવો બોધ થાય છે. નિરાશા ઉદ્વેગ વિગેરે બહુ સતાવતા નથી.

ત્રીજી દૃષ્ટિ બલા દૃષ્ટિ

આ દૃષ્ટિમાં આસન સ્થિરતા ગુણ પ્રાપ્ત થાય છે. લાકડાના અગ્નિ જેવો બોધ પ્રાપ્ત થાય છે. શુશ્રુષા ગુણ પ્રાપ્ત થાય છે. શ્રેય નામનો દોષ નીકળી જાય છે.

ચોથી દૃષ્ટિ દિપ્રા દૃષ્ટિ

અહીં પ્રાણાયામ અંગ પ્રાપ્ત થાય છે. પ્રાણાયામ બાહ્ય ભાવનો રેચક અંતર ભાવનો પૂરક અને સ્થિરતા ભાવનો કુંભક પ્રાપ્ત થાય છે. બોધ દિપપ્રભા જેવો ગુણ શ્રવણ અને ગુણીજનો ગમે છે. ચિત્તની અસ્થિરતારૂપ ઉત્થાન દોષ નીકળી જાય છે.

પાંચમી સ્થિરા દૃષ્ટિ

વિષય વિચારવા ઈન્દ્રિયોનું ન જોડવા રૂપ પ્રત્યાહાર અંગ દૂર થાય છે. સૂક્ષ્મ બોધ ગુણ પ્રાપ્ત થાય છે. ભ્રમ નામનો દોષ ટળે છે. રત્નનો પ્રકાશ ક્રોધને નુકશાન ન કરે. તેમ આવી દૃષ્ટિ પ્રાપ્ત કરનાર બીજાને સંતાપ ઉપજાવે નહિ.

છઠ્ઠી કાન્તા દૃષ્ટિ

ધારણા નામનું અંગ પ્રાપ્ત થાય છે. મનને સ્થિર કરે છે. તારાની પ્રભા જેવો બોધ પ્રાપ્ત થાય છે. નીરતીચાર ચારિત્ર પામે છે. મીમાંસા ગુણ પ્રાપ્ત થાય છે. ચંદ્રમુદ્ર નામનો દોષ નીકળી જાય છે.

૭ મી પ્રભા દૃષ્ટિ

આ દૃષ્ટિમાં ધ્યાન નામનું અંગ પ્રાપ્ત થાય છે. સૂર્યની પ્રભા જેવો બોધ હોય છે. પ્રતિપતિ ગુણ પમાય છે. અશમદોષ નીકળી જાય છે. ધ્યેય વસ્તુની પ્રાપ્તિ માટે એકાકારતા આવે છે. વિકાસને સાધતા ૧૩ મે ગુણસ્થાનકે પ્રાપ્ત કરવા તત્પર બને છે. ઉંચા અધ્યવસાયોમાં લયલીન બનતાં ક્ષપક શ્રેણી મંડાય છે.

૮ મી દૃષ્ટિ પરાદૃષ્ટિ

સમાધિ પ્રાપ્ત થાય છે. ચન્દ્રની પ્રભા જેવો બોધ હોય છે. શુશ્રુષા સિવાય કાંઇ રહેતું નથી. પ્રવૃત્તિ ગુણ પ્રાપ્ત થાય છે. શરીરનો આ સંગ નામનો દોષ નીકળી જાય છે ૧૪ માં અયોગી ગુણસ્થાનકને પામી અયોગી અવસ્થાને પામે અને અંતે મોક્ષ પદને પ્રાપ્ત કરનાર બને છે.

૧ થી ૩ દૃષ્ટિમાં ધર્મકથાનુયોગ આગળ વધવામાં વિશેષ સહાયક બને છે. ૪–૫ દૃષ્ટિમાં દ્રવ્યાનુયોગ સહાયક બને છે અને ૬ ચરણ કરણનું યોગ સહાયક બને છે ૭ ને ૮ મી દૃષ્ટિમાં ગકારીતાનું યોગ વિશેષ સહાયક બને છે.

※

પાપનો બાપ લોભ

-પૂ. આ. શ્રી વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મ.

આજે તો સમસ્ત સંસારનો નકશો ધરમૂળની મહલાઇ ગયો છે. અસંતોષ કેન્સરની માફક આગળને આગળ વધતો જાય છે. અસંતોષની આગમાં નાના-મોટા સૌ જીવો બળ્યા કરે છે. કોઇને પણ સુખ કે શાંતિ સુલભ નથી. અસંતોષની આગમાં મોટા પ્રધાનથી માંડીને તેના અદના પટાવાળા સુધીના બધા જ બળ્યા કરે છે. નહિ તો અમેરિકા અને રશિયાને કઇ વાતની ઉણપ છે? બંન્ને રાષ્ટ્રો પાસે સંપત્તિ અને સત્તા વિપુલ પ્રમાણમાં છે. છતાં આ બંન્ને રાષ્ટ્રો વિયેટનામમાં શા માટે ખૂનખાર જંગ ! લડી રહ્યા છે. વધુ સત્તા અને વધુ ધન મેળવવા માટે જ સત્તાનો નશો એક વાર ચઢે પછી તે ઉતરવો મુશ્કેલ પડે છે.

ભયંકર નરસંહાર થઇ રહ્યો હોવા છતાં પણ લોહુપી માણસ મહાભયંકર હિંસાના કાર્યો કરવામાં જરા સરખો પણ આંચકો અનુભવતો નથી. છલ, કપટ, પ્રપંચ, વિશ્વાસઘાત અપ્રામાણિકતા, હિંસા અવિશ્વાસ, કરતા આ બધા અવગુણો તેની વ્યકિતમાં કાયમી તાણા-વાણાની માફક વણાઇ જાય છે.

લોભના અનિવાર્ય ફળના રૂપમાં બીજા અનેકાનેક પાપો ફળે, ફુલે અને વિકસે છે. આથી જ લોભને પાપનો બાપ ગણવામાં આવે છે.

લોભી મનુષ્યના હૃદયમાંથી કાયમને માટે ઇન્સાનિયત વિદાય લઇ જાય છે. તેના હૃદયમાંથી કોમળતા કેટલાક લઇ લે છે. તેનું હૃદય પથ્થર કરતા પણ વધુ કઠોર બની જાય છે. આથી આવા લોભી માણસો બીજાના સુખ દુઃખની જરા સરખી પરવા કરવા થોભતા નથી. પોતાની તિજોરી કેમ ભરવી એના જ વિચારો રાત-દિવસ તેના મનમાં રમતા હોય છે. આથી જ જે કહેવામાં આવે છે, તે સંપૂર્ણ પણે યોગ્ય જ છે કે, 'પાપનો બાપ લોભ છે અને તેની માતા માયા છે!' લોભી માણસનું જીવન છળકપટથી ભરપૂર હોય છે.

લોભી માણસ જરૂર કરતાં અધિક દ્રવ્યનો સંચય કરીને સંસારની વિષમતા વધારે છે. આ એક નિર્વિવાદ સત્ય છે કે; એક જગ્યા પર અમુક વસ્તુનો ભરાવો વધુ પડતો થઇ જાય, તો બીજી જગ્યા પર તેનો અભાવ વરતાય છે. જમીનની સપાટી પર પણ કુદરતનો આ નિયમ આપણે જોઇ શકીએ છીએ.

એક જગ્યા પર જમીનથી ઉંચો ટેકરો હોય, તો બીજી જગ્યા પર ખાડો જોવા મળે છે. લોભી માણસો આ વિચાર કરવા માટે એક પળ વાર થંભતા નથી કે,

અમે આ વસ્તુઓ વધુ પ્રમાણમાં એકઠી કરીએ છીએ, તેથી બીજા ઘણા જરૂરિયાતવાળા માણસોને તેનો ઉપભોગ કરવાની તક નહિ મળે !

લોભી માણસે કયારેક પણ આ રીતે વિચાર કરવો જ રહ્યો કે, મારા વધુ પડતા સંચયને લીધે ઘણા લોકોને આ વસ્તુ નહિ મળે તથા ઘણા લોકોએ ભૂખ્યા રહેવું પડશે.

આ વસ્તુ સદા–સર્વદા આપણે વિચારવી ઘટે કે, જરૂરિયાત કરતાં આપણે વધારે પડતી વસ્તુઓનો સંચય કરીએ છીએ ત્યારે આપણે તે વસ્તુની અછત ઉભી કરીને બીજા લોકોને પીડિત કરીએ છીએ. આવી રીતે આપણને બીજાઓના હક્ક પર તરાપ મારવાનો કોઇપણ પ્રકારનો અધિકાર નથી.

વિષમતાનો અભિશાપ

સંસારમાં વ્યાપી રહેલી વિષમતા દિન–પ્રતિદિન વધતી જ ચાલી છે. એક બાજુ પર અનાજ, ધન અન્ય જરૂરી વસ્તુઓના ગંજ ખડકાય છે, જ્યારે બીજી બાજુ પર માણસો અનાજના કણ–કણ માટે મરણને શરણ થાય છે.

એક બાજુ પર શ્રીમંત બાળકોને ભૂખ ન હોવા છતાં પણ દૂધ, મલાઇ, મેવા મીઠાઇ વગેરે ખવડાવવા માટે મનામણા કરવામાં આવે છે, જ્યારે બીજી બાજુ પર અસંખ્ય ગરીબ લોકો ભૂખના કારમા ખપ્પરમાં હોમાઇ રહ્યા છે, તેમને ખાવા માટે સૂકીપાકી રોટલી પણ મળતી નથી.

શ્રીમંતોના ઘરમાં કબાટના ગંજે ખડકાયા હોવા છતાં પણ નવી ડિઝાઇનો અને નવી સ્ટાઇલોવાળા નવા કપડાં ખરીદવાની પ્રક્રિયા ચાલુ છે. જ્યારે બીજી તરફ ઘણી ગરીબ સ્ત્રીઓને પોતાની લાજ ઢાંકવા સુદ્ધાં કપડાં મળતા નથી. તેમના બાળકો ઠંડીમાં અને વરસતા વરસાદમાં વસ્ત્રહીન દશામાં રહેતા હોવા છતાં પણ ઉચ્ચ સમાજના આ માટે કશું'ક 'નક્કર' કરવા વિચારતા નથી.

સંસારનું બીજું નામ છે વિષમતા ! આ સ્થિતિ શક્ય હોય, તેટલી હળવી બનાવવા માટે શ્રીમંતોએ સંતોષ અને સંયમ રાખવો ઘટે, જ્યારે ગરીબોએ સહનશીલતા અને સદ્ભાવનાપૂર્ણ વર્તન દાખવવું ઘટે.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારનું ધોરણ ખૂબ ઉચ્ચ પ્રકારનું હતું. ભૂતકાળમાં શ્રીમંત વર્ગની શ્રીમંતાઇ જોઇને અન્ય લોકો ખૂબ ખુશ થતાં અને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતા હતા. આનું કારણ એ હતું કે, શ્રીમંતોની સંપત્તિ સુખ–દુઃખમાં કે કટોકટીના પ્રસંગે અન્ય લોકોને મદદ કરવા માટે ખૂબ સુપેરે કામે લાગતી હતી. શ્રીમંતો માત્ર સ્વકેન્દ્રિત સુખમાં ફૂલેલા ન રહેતા' પણ પારકાના દુઃખ હળવા કરવા માટે પોતાનાથી બનતું બધું જ કરી છૂટવા માટે તત્પર રહેતા હતા.

શ્રીમંતો જ્યારે જમવા બેસતા, ત્યારે પહેલાં આ વસ્તુની ચીવટપૂર્વક તપાસ કરાવતા હતા કે, મારી આજુબાજુ

કોઇ માણસ ભુખ્યુ નથી ને ? "ભુખ્યાને ભોજન કરાવુ" આ પ્રકારની વિચારસરણી તે કાળમાં શ્રીમંતો ધરાવતા હતા આથી બીજાઓ શ્રીમંતોની શ્રીમંતાઇને એક આશીર્વાદ રૂપ સમજતા હતા. તેમના દિલમાં ધરપત રહેતી કે સંકટ સમયે આ પૈસામાંથી લાભ મળવાનો જ છે !

જેવી રીતે હર્યાં ભર્યાં વૃક્ષો નીચે થાકયા પાકયા મુસાફરો આરામ લે છે, તેવી રીતે શ્રીમંત લોકોની શ્રીમંતાઇ ઘટા ટોપ વૃક્ષો જેવી હતી. શ્રીમંત લોકોના આડોશી-પાડોશીઓ આમા નિરાંત અને શીતળતા અનુભવતા હતા. આવા અમીર લોકોની અમીરાત જોઇને બીજાઓની આંખોમાંથી અમૃત જેવો અમીરસ ઢળતો, છલકાતો અને વહેતો.

આજે આનાથી સાવજ અવળી-ગંગા વહી રહી છે. શ્રીમંતોને જોઇને ગરીબોના દિલમાં ઘૃણા, નફરત ઇર્ત્યાદિ દુર્ભાવો આકાર લે છે કારણ કે શ્રીમંતોના જીવનમાં સંતોષ અને સંયમનુ અમૃત રહ્યું નથી.

શ્રીમંતો પોતાના એશ આરામમાં ગળાબુડ ડુબેલા છે. તે લોકો પોતાના સુખ સાધનો અને સંપત્તિમાં નિરંતર વધારો કર્યો જ જાય છે. આવા શ્રીમંતો પોતાના ગરીબ-પાડોશીઓ તરફ નજર પણ નાંખતા નથી ! આના સીધા પરિણામ રૂપે ગરીબોના દિલમાંથી તેમનું સ્થાન નીકળી જાય છે. આથી જ આપણા દેશમાં સમાજવાદ અને સામ્યવાદની હવા આજકાલ પથરાયેલી હોવા છતાં શ્રીમંતો પ્રત્યે સામાન્ય જન સમુહાય વિદ્રોહ અને લુંટફાટની વૃત્તિથી જોઇ રહ્યો છે.

આજકાલ શ્રીમંતોના દિલ ખૂબ નાના થઇ ગયા છે. ખરી રીતે ધન દોલત વધવા સાથે માનવીના મનની અમીરી વધવી જોઇએ, પરંતુ કમનશીબે આવું થતું નથી. દિલમાં જ્યાં અમીરી નથી ત્યાં શ્રીમંત લોકો પાસે ગમે તેટલો પૈસો હોવા છતાં પણ તે લોકો કંગાલ અને ક્ષુદ્ર જ હોય છે. શ્રીમંત વર્ગમાં જો દીલની અમીરી આવે, તો તે બધાની આંખમાં સ્નેહભર્યું સ્થાન પામી શકે.

આપણે બીજાઓ પ્રતિ અમૃતભીની દ્રષ્ટિ કેળવવી જ રહી. આ પ્રથમ જરૂરિયાત છે. આપણે બીજાઓને આપણા પોતાના સમજીને અપનાવીએ, તો બીજાઓ આપણને પોતાના બનાવીને અપનાવશે ! વર્ગ-સંઘર્ષ મિટાવવા માટે આ એક મહત્વપૂર્ણ ઉપાય છે.

યુગ પરિવર્તન સાથે શ્રીમંતોએ પોતાની રહેણી કરણી અને આચાર વિચારમાં ધરમૂળની ફેરફાર કરવા રહ્યા. જીવનમાં બિન ઉપયોગી એવા ઝાકમઝોળ તથા મિથ્યા આડંબર હોવા ન ઘટે. જીવનમાં સંયમ, સાદાઇ અને સાત્વિકતા અપનાવવા ઘટે. પોતાની સંપત્તિનો સદુપયોગ ધર્મકાર્યોમાં કરવો ઘટે.

આમ કરવાથી આપણી આસપાસના વાતાવરણમાંથી અમૃત વરસવા માંડશે.

ધિક્કારનું ઝેર અને વૈરવૃત્તિ શમી જશે. અરસ પરસ સદ્‌ભાવનામાં વૃદ્ધિ થશે. ત્યારે આવા શ્રીમંતો આપણા સમાજ માટે ગૌરવવંતા અને ભૂષણરૂપ પૂરવાર થશે.

આવી ગંભીર ચેતવણી આ જમાનો આપણને આજે પોકારી-પોકારીને સંભળાવી રહ્યો છે. આની શ્રીમંત લોકો જો અવગણના કરશે અને લોભ તથા તૃષ્ણાના વિષચક્રમાં ફસાયેલા જ રહેશે, તો તેના માઠાં પરિણામ આવશે, તેમાં શંકાને સ્થાન નથી. આ વસ્તુને ખાસ સમજી લેવા જેવી છે કે, ધન અને ભોગો માટેની તૃષ્ણા આપણે જેટલી વધારતા જઈએ, તેટલી તે વધતી જ જવાની એનો અંત કયાંય આવશે નહિ.

ભોગનો ગુણાકાર ભોગથી કરવામાં તેની માત્રા વધતી જ જવાની. અગ્નિમાં ઈંધણ હોમતા જઈએ, તો અગ્નિ શાંત પડશે નહિ. સાગરમાં ગમે તેટલી નદીઓ જઈને ઠલવાય તો પણ સાગર કાંઈ તૃપ્ત થવાનો નથી ! એવી જ રીતે કરોડો અને અબજો રૂપિયાની સંપત્તિ મેળવવા છતાં માણસના મનને સંતોષ થતો નથી.

ક્ષયમી તૃપ્તિ મેળવવા માટે એક જ રસ્તો છે કે જીવનમાં ત્યાગ અને સંતોષને અપનાવવા ! ત્યાગ અને સંતોષના ગુણોની મહકથી આપણા લોભ-તૃષ્ણા પર આપણે વિજય મેળવીએ છીએ. તમે વાસ્તવિક અને સાચું સુખ મેળવવા માગતા હો તો ~~આપણા~~ અને તૃષ્ણાનું જવલ્લિને દ્રઢ લખવાની બોલી થયેલ. પ્રમાણ ઘટાડતા ચાલો. તમારી આવશ્યકતા ઘટાડી નાંખો. આમ કરવાથી તમોને ચિરંતન શાંતિ અને સુખનો આસ્વાદ મળશે.

શાસન સમાચાર

ગુણાનુવાદ સભાનું આયોજન

શ્રાવણ સુદ ૧૧ તા. ૨૫-૮-૯૧ રવિવારના દિવસે શિવગંજ નગરમાં પૂ. આ. ભ. શ્રી વિજયવિબુધપ્રભ સૂ. મ. સા. ની પ. પૂ. ગણીવર્ય શ્રી દર્શનરત્ન વિ. મ. એવં પુ. પર્યાયવૃદ્ધ મુનિરાજશ્રી ખેમંકર વિજયજી મ. ની શુભનિશ્રામાં વિશાલ જાહેર ગુણાનુવાદ સભા થયેલ. તેની એક દિવસ અગાઉ ટેમ્પો દ્વારા, શિવગંજ સુમેરપુર વડગામ જાહેરાત કરવામાં આવેલ, એ સભામાં વડગામથી પૂ. દિવ્યચંદ્ર વિજયજી મ. પણ પધારેલ પૂ ગણીવર્ય તથા પૂ. ખેમંકર વિ. મ. તથા પૂ. કુમુદચંદ્ર વિ. મ. તથા પૂ. ભાવેશરત્નવિજયજી મ. એ ગુણાનુવાદ કરેલ. આ ગુણાનુવાદમાં અમદાવાદ, શિવગંજ, વડગામ, વિશલપુર આદિના ઘણાં ભાવુકો પધારેલ પૂ. આ. ભ. ના ફોટાને ગુરૂપૂજન તથા હાર પહેરાવાની ઉછામણી પણ સારી થયેલ તેનો લાભ પ. પૂ. વિબુધપ્રભ મ. ના શ્રીમુખે માસખમણની શરૂઆત કરનાર પન્નાલાલજી રિખવચંદજી શિવગંજવાલાએ લીધેલ, બીજી પણ ભાદરવા સુદ ૬ થી પૂજયશ્રીના કાલધર્મ નિમિત્તે ભાદરવા સુદ ૯ થી અઠ્ઠાઈ મહોત્સવ શરૂ કરવાની જાહેર થયેલ, તેમાં

પ. પૂ. પરમશાસન પ્રભાવક સ્વ. આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. ના

卐 ગુણાનુવાદ પ્રસંગે 卐

પ્રવચનકાર :
પૂ આ. શ્રી ચંદ્રગુપ્ત સૂ. મ.

દ્વિ. અ. વદ ૧૪, ૨૦૫૨,
વર્ધમાનનગર, રાજકોટ.

જે નિચ્ચમપ્પમત્તા, વિગહવિરત્તા કસાયપરિચ્ચત્તા ।
ધમ્મોવએસસત્તા, તે આયરિએ નમંસામિ ॥૩॥

અનંતોપકારી શ્રી અરિહંત પરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિઓ શ્રી આચાર્યપદનું મહત્ત્વ સારી રીતે સમજે છે. તેથી શ્રી નવપદ સ્વરૂપદર્શનમા શાસ્ત્રકાર પરમર્ષિએ ભાવાચાર્યના ગુણોનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે–

જે સદા માટે અપ્રમત્તપણે જીવે છે. વિકથાથી વિરક્ત છે, કષાયનો પરિત્યાગ કરે છે અને ધર્મોપદેશ આપવામાં આસકત છે એવા આચાર્ય ભગવંતને હું નમસ્કાર કરું છું.

આવા ગુણોવાળા આચાર્ય ભગવંતને સદ્‌ભાગ્યે પામીને પણ, આજથી પાંચ વર્ષ પહેલાં તેઓશ્રીની નિશ્રા આપણે સૌએ ગુમાવી. એવા આચાર્ય ભગવંત હવે મળે એવી શકયતા લાગતી નથી. હુંડા અવસર્પિણી કાળને લઇને આવા મહાત્માનો યોગ મળે એવું અત્યારે તો લાગતું નથી. ૧૦૦–૨૦૦ વર્ષે કોઇ પાકે, પણ ત્યારે આપણે નહિ હોઇએ. પરમતારક શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞામાં રહેલા આચાર્ય ભગવંતની છાયામાં રહીને આપણે ઘણાં વર્ષ કાઢયાં. પરંતુ તેમનાં પુણ્યનો ઉપયોગ કેટલો કર્યો અને નિર્જરા કેટલી કરી–એ ખરેખર વિચારવાની જરૂર છે. મોટાભાગે તેઓશ્રીની છાયા મેળવી આપણે સુખ ભોગવવાનું જ કામ કર્યું છે. વર્ત્તમાનની સ્થિતિ વિચારતાં લાગે કે પૂ. સાહેબજીની ખોટ દિવસે દિવસે વધારેને વધારે સાલવાની છે. કારણ કે જેમ કાળ જશે તેમ જ્ઞાનનો હ્રાસ થવાનો, સત્ત્વ ક્ષીણ થવાનું, શક્તિ ઘટવાની...માટે આ મહાપુરૂષની વિદાય વસમી લાગવાની, તેઓશ્રીનું અસ્તિત્વ નાશ પામ્યાની કિંમત હવે સમજાવાની ! તેઓશ્રીના જીવતાં તો આપણે તેઓશ્રીને ઓળખી ન શકયા. પરંતુ તેઓશ્રીના ગયા બાદ પણ તેઓશ્રીના ગુણોનું મહત્ત્વ સમજાય તો ય આપણું સદ્‌ભાગ્ય ! શ્રી નવપદ સ્વરૂપદર્શનકારે જણાવેલ ભાવાચાર્યના બધા ગુણો, આચાર્ય ભગવંતમાં હતા. એક વખત તેમનો દુશ્મન પણ કબૂલ કરે એવું અસાધારણ વ્યકિતત્વ તેઓશ્રીનું હતું. અત્યારના આચાર્યો કે તેમના સમકાલીન આચાર્યભગવંતો કરતાં પણ તેમની

વિશિષ્ટતા જુદી તરી આવે એવી હતી. તેઓશ્રીનો ક્ષયોપશમભાવ પણ એવો અસાધારણ કોટિનો હતો કે–જેમ સત્યને આંચ ન આવે તેમ આ મહાપુરૂષને પણ આંચ આવી ન હતી. જ્યાં સુધી તેઓશ્રી લખતા કે બોલતા હતા ત્યાં સુધી તો કોઇની પણ હિંમત નહોતી કે માથું ઊંચું કરે! જ્યારે તેઓશ્રીનું સ્વાસ્થ્ય કથળવા માંડયું ત્યારે તેમના પોતાના પણ સાધુઓએ માથું ઉંચકવા માંડયું. તેઓશ્રીના ગયા બાદ તો હવે બધાને જ (પોતાનાને અને અન્ય સમુદાયનાઓને) મોકળું મૈદાન મળી ગયું છે. મોકળા મૈદાનમાં થતાં "પરાક્રમ"ને જોવાનું જ ભાગ્ય આપણું રહ્યું છે. આવાઓનો વિરોધ કરવાનું આપણાથી હવે શક્ય નથી. તેઓશ્રીના ગયા બાદ હવે બધાને લાગવા માંડયું છે કે– બધડા તો આપણે વર્ષો સુધી કર્યા. હવે હળીમળીને રહેવાનો અવસર આવ્યો છે. સમભાવે (?) રહેવાનો વખત આવી લાગ્યો છે, જો સંગઠિત થઇએ તો જૈન શાસનની રક્ષા છે– એમ બધાને લાગે છે. જ્યારે અમારા સમુદાયમાં ૪૫૦ સાધુઓ હતા. ત્યારે પણ શાસનની રક્ષા ખાતર ઝઝુમનારા તેઓશ્રી એક જ હતા. તેથી તેઓશ્રીની વિદાય વસમી લાગવાની જ. છતાં પણ તેઓશ્રી આપણા માટે માર્ગ તો મૂકીને ગયા છે. તે માર્ગને અપનાવવાનું મન કેટલું છે– તે માત્ર વિચારવાની જરૂર છે!

આવા કપરા કાળમાં પણ દીક્ષાને સુલભ બનાવનાર એવા દીક્ષાના દાનવીર આચાર્ય ભગવન્તની છાયા તમારા પર કેટલા વર્ષથી પડેલી છે? ૧૦ વર્ષથી તો હું જોઉં છું તે પહેલા ૧૭ની સાલમાં પણ તેઓશ્રીએ અહીં ચોમાસું કરેલું. આમ છતાં આપણે દીક્ષા વગરના રહ્યા એનું દુઃખ ખરૂં? તેઓશ્રીના કેટલાં વ્યાખ્યાનો આપણે સાંભળ્યાં? આજે મોટે ભાગે જુવાનિયા જોવા માટે આવે અને ઘરડા ટાઇમપાસ કરવા માટે આવે, સમજવા માટે વ્યાખ્યાનમાં આવનારો વર્ગ કેટલો મળે? દીક્ષાના દાનવીર તરીકે આચાર્ય ભગવન્તને માનનારા કે બોલનારાને 'આપણે કોરા રહી ગયા'–એનું દુઃખ થાય ખરૂં? સાધુ થવાય કે ન થવાય એ વાત બાજુ પર રાખીએ પરંતુ મરતાં મરતાં પણ સાધુ થવાની ભાવનાથી જવું છે– એટલું પણ નક્કી રાખ્યું છે? અહીં ૮૦ વર્ષે પણ દીક્ષા ઉદયમાં ન આવી તો આવતા ભવે ૮મા વર્ષે દીક્ષા મળે એવી કોઇ જોગવાઇ કરી? આપણા ઘરમાં ગયા પછી આપણને દીક્ષા યાદ આવે એવું કાંઇ પણ રાખ્યું છે? દીક્ષા લેવાનું મન થાય એવી કોઇ પણ જાતની ગોઠવણ કરી છે? આજે, દુઃખ ન આવે– એ માટે માનતા માનનારા જોઇએ એટલા મળે, પણ દીક્ષા ન મળે તો માનતા માનનારો કોઇ મળે ખરો? પૈસા માટે, છોકરા માટે, બાયડી માટે, નોકરી માટે માનતા માને! દીક્ષા માટે ન માને દીક્ષાદાતા એવા મહાપુરૂષે વિદાય લીધી એની સાથે દીક્ષાની ભાવનાએ પણ વિદાય લીધી છે કે શું? આવા મહાપુરૂષની છાયા પામીને એકાદ ગુણ તો

આપણામાં આવવો જોઇએ કે નહિ ? આ મહાપુરૂષની છાયા જોયે જોયે ન સ્વીકારી એ બધાની હાલત ખરાબ થવાની છે. શ્રી નવપદ સ્વરૂપ દર્શનકારે તો આચાર્ય ભગવન્તના આ ૪ ગુણ મહત્વના કહ્યા છે- વર્ત્તમાનમાં સાધુ-સાધ્વી ભગવંતોએ તો આ શ્લોક કંઠસ્થ કરી તેનો રોજ સ્વાધ્યાય કરવાની જરૂર છે.

પૂ. આચાર્ય ભગવન્તનો પહેલો ગુણ છે- નિત્ય અપ્રમત્તતા. પાંચ પ્રકારના પ્રમાદમાંથી કોઇ પણ પ્રકારનો પ્રમાદ આચાર્ય ભગવન્તોને ન નડે. આપણને પાંચ પ્રકારના પ્રમાદના નામ આવડે ને ? પૂ. સાહેબજીની નિશ્રામા ચોમાસાં કરનારને શું શું યાદ હોય ? કયાં કેટલાં ચોમાસાં કર્યા, કેટલા મહોત્સવ થયા... એ બધું યાદ હોય પણ વ્યાખ્યાનમાં સાહેબજીએ શું કહ્યું હતું તે યાદ હોય ? પાંચ પ્રકારના પ્રમાદને ખંખેરી નાંખે તે જ સંયમની સાધના કરી શકે. પ્રમાદની હાજરીમા સાધના કોઇ સંયોગોમાં ન થઈ શકે. મહાવ્રતનું પાલન પણ પછી, તે પહેલા તો પ્રમાદને દૂર કરવો પડે. આજે તો દીક્ષા લેતાંની સાથે વાયણાનો થાક ઉતારે ! આવાઓ સાધનાની શરૂઆતમાં જ પ્રમાદને આધીન બને- તેમની સાધના ખંડિત થયા વગર ન રહે. તમારે ત્યાં પણ પ્રમાદી નહિ ખરો ? નસીબ ન હોય તો ચાલે, પણ આળસ હોય તે ન ચાલે ? પુણ્ય વગરનો નહિ કે પ્રમાદી નહિ ?

તમારે ત્યાં જેમ પ્રમાદ ન નહિ તેમ ભગવાનના શાસનમાં પણ પ્રમાદ ન નહિ. આથી જ આચાર્ય ભગવન્તો પ્રમાદી ન હોય. ૩૬ વરસ સુધી ૨૪ કલાક અપ્રમત્તપણે સાધના કરે ત્યારે આચાર્ય પદની યોગ્યતા આવે છે. અપવાદે તે પહેલા પણ આચાર્ય પદ આપે અથવા તો ૩૬ વરસે ન પણ આપે- એ જુદી વાત, પણ સામાન્યથી ૩૬ વરસ સાધુપણું અપ્રમત્તપણે પાળે તેનામાં આચાર્ય પદની યોગ્યતા મનાય છે. આચાર્ય હોય, ઉપાધ્યાય હોય કે સાધુ હોય બધા જ અપ્રમત્તપણે ૧૫ કલાક સ્વાધ્યાય કરે. આજે તો, ૧૫ કલાક સ્વાધ્યાય આઉટ ઓફ ડેટ છે, શક્ય જ નથી... એવું બધા જ બોલવા માંડયા છે. આજે પાંચમાંથી એક પણ પ્રમાદ ઓછો નથી એટલે સ્વાધ્યાય અશક્ય જ બને ને ? પ્રમાદ નડે છે માટે તો ૧૫ કલાક સ્વાધ્યાય નથી કરતા. છતાં પણ, ટાઇમ મળતો નથી- એવું કહે તો કહેવું પડે કે તે મૃષાવાદ સેવે છે. માંદગીમાં સ્વાધ્યાય માટે કેટલો ટાઇમ મળે ? છતાં સ્વાધ્યાય કરે ? કોઇની સાથે બોલવાના હોંશ-કોંશ ન હોય, ખાવાની રૂચિ ન હોય, ઉંઘ ન આવે એવા વખતે કયો સ્વાધ્યાય ચાલુ હોય ? માંદગીના કારણે વિકથા પણ ટાળતાં આવડે ને ? તેમ ભગવાનનો સાધુ અવિરતિધર સાથે વાત કરવા કાયમ માટે માંદા હોય.

સાધુ ભગવન્ત અવિરતિધર માટે શું ન કરે. ગૃહસ્થો માટે સ્પેશિયલ વ્યાખ્યાનો ગોઠવવાં- એ સાધુનો આચાર નથી. 'સાધુ તમારા માટે વ્યાખ્યાન પણ ન વાંચે' આ પ્રમાણે

આચાર્ય ભગવન્તના મુખે સાંભળેલું ? આ તો સારૂં છે કે તમે આચાર્ય ભગવન્તની પાસે સાંભળેલું છે માટે વાંધો નહિ. બાકી તો મારી આ વાતને કોઈ કાને ય ધરે નહિ સાધુ ગૃહસ્થ પાછળ ટાઈમ ન આપે એ વાત સાચી ને ? જો આપે તો સ્વાધ્યાય કયારે કરે ? ગૃહસ્થને જો જિનવાણીનો લાભ લેવો હોય તો જ્યારે સાધુ-સાધ્વીની વાંચના ચાલુ હોય તે વખતે વંદન કરવા આવે અને વિનંતિ કરે, આચાર્ય ભગવન્ત રજા આપે તો બેસે. આ રીતે તો ૪૫ આગમોની વાંચના સાંભળી સાંભળીને શ્રાવકો પણ માર્ગના જ્ઞાતા થતા. તમને કેવા સાધુ ગમે ? તમારા માટે ભોગ આપે તે કે આજ્ઞા ખાતર ભોગ આપે તે ? તમારો નોકર તમારૂં કામ ન કરે અને પારકા શેઠનું કામ કરે તો તેને રાખો ? અમે કોના નોકર, તમારા કે ભગવાનના ?

અમારા ભગવાને તમારા માટે વ્યાખ્યાન વાંચવાની ના પાડી છે– એ બરાબર ને ? ચિંતા કરશો નહિ. કાલથી વ્યાખ્યાન બંધ નથી થવાનાં. પરંતુ આ પ્રવૃત્તિ યોગ્ય છે કે નહિ– એટલું જ વિચારવાનું છે. ખરાબ વસ્તુને સારી માનવાના પાપથી આપણે દૂર રહેવું છે. સમકિતી અવિરતિના સેવન સાથે અવિરતિને વખાણે તો કેટલું પાપ બાંધે ? એમ આપણે પણ જે ખોટી પ્રવૃત્તિ કરીએ છીએ તે ટાળ ન શકીએ, જીવન સુધી એ ન જાય, પરન્તુ એની અનુમોદનાથી તો દૂર રહીએ ને ? આજે તો તમારા માટે સમય ન ફાળવે તે સાધુ નહિ, અને તમારા માટે વધુ સમય ફાળવે તે મહાપ્રભાવક ! આવી પરિસ્થિતિ છે ને ?

સભા૦ વ્યાખ્યાનની પ્રથા તો વરસોથી ચાલુ છે !

ચાલુ છે, પણ એ ખોટી પ્રથા છે. તમારા ઘરમાં પણ ખોટી પ્રથા ચાલે છે ને ? તેને બંધ કરવાનું તમારૂં સામર્થ્ય ન હોય તો પણ તે પ્રથાને તમે યોગ્ય માનો ખરા ? આપણી તો એ વાત છે કે આપણે વર્ત્તમાનમાં પ્રભાવકતાની વ્યાખ્યા પણ જુદી કરી નાંખી છે– 'ગૃહસ્થો માટે વધારેમાં વધારે ભોગ આપે તે પ્રભાવક !' અને આવી પ્રભાવકતાના રિપોર્ટ આપવા માટે સાપ્તાહિકો ને માસિકો ચાલે છે– એ ખેદ્દ છે. તમને સાધુ કેવા જોઈએ ? તમારે માટે ભોગ આપે તેવા કે આજ્ઞા પાળે તેવા. સાધુઓ ભગવાનની આજ્ઞાથી બંધાયેલા છે. જ્યારે આજે આજ્ઞા પાલનના આધારે પ્રભાવકતાનું માપ નથી કઢાતું એ યોગ્ય નથી.

શ્રી નવપદ સ્વરૂપ દર્શનકારે પણ આચાર્ય ભગવાનના ગુણો ગાતી વખતે આવી પ્રભાવકતાને યાદ નથી કરી, પરન્તુ અપ્રમત્તતાને યાદ કરી છે. જે પ્રમાદ કરે તે આજ્ઞા પાલન માટે સમર્થ નથી. ભગવાનની આજ્ઞાથી વિપરીત આચરણ તેનું નામ પ્રમાદ.

તમને પાંચ પ્રકારના પ્રમાદના નામ યાદ ન રહે તો પણ આ એક પ્રકારનો પ્રમાદ તો યાદ રહેશે ને ? ધમધમતી પ્રવૃતિ કરે તે અપ્રમાદી નહિ. દુકાને બેસીને, જે માગે તે આપ્યા કરે તો તેને અપ્રમાદી કહેવાય ? જે આપવા યોગ્ય હોય અને જે રીતે આપવા યોગ્ય હોય તે રીતે તે આપવા માટે તત્પર હોય તો તેને અપ્રમાદી કહેવાય. વિવેક વગરના અપ્રમાદની કિંમત જેમ વ્યવહારમાં નથી તેમ ભગવાનના શાસનમાં પણ વિવેક હીન અપ્રમાદ ન હોય. અવિવેક પૂર્વક ૨૪ કલાક પ્રવૃતિ કરે છતાં પ્રમાદી. તમારા માટે ભોગ આપીને ધમધમતી પ્રવૃતિ કરે તે તો મહાભયંકર પ્રમાદ છે, અને આજે પ્રમાદ કરવા છતાં આવાઓ અપ્રમાદી ગણાય છે– એ તો એથી ય ભયંકર છે.

આજ્ઞાના વિવેક વગર કામ કરવા છતાં જે તે અપ્રમાદ મનાતો હોય તો અર્થ અને કામના ઉપાસકોને પણ અપ્રમત્ત માનવા પડશે. માટે ફરી યાદ કરી લો કે ચોવીસે કલાક આજ્ઞાનો જ પ્રાણ ચાલવો જોઈએ. વીતરાગ પરમાત્માના શાસનને પામ્યા પછી, આજ્ઞાથી વિપરીત કોઇ પણ કામ કરવું તે પ્રમાદ. આજ્ઞા વિરૂદ્ધ ૨૪ કલાક જાગતા હોય તેવાને શાસ્ત્રકારોએ પ્રમાદી કહ્યા છે. આજ્ઞા મુજબ જાગે તે અપ્રમાદી. આજ્ઞાના વિવેક વગર ગમે તે અનુષ્ઠાનો કરાય પછી તે પૂજા હોય, સામાયિક હોય; પ્રતિક્રમણ હોય કે આગળ વધીને સાધુપણું હોય– તે બધાં પ્રમાદના ઘરના જ છે. આવી પ્રવૃતિની અનુમોદનાથી દૂર રહેવું છે. દુષ્ટ પ્રવૃતિની અનુમોદના કરવાથી; દુષ્ટ પ્રવૃતિ કદી જીવનમાંથી નહિ જાય. દુષ્ટ પ્રવૃતિને ટાળવા માટે સૌથી પહેલાં મોઢા પર તાળું મારવાની જરૂર છે અને પછી કલ્યાને સુધારવાની.

અર્થ અને કામના ઉપાસકો કાયમ માટે ભગવાનની આજ્ઞા પર પગ મૂકીને જ જીવતા હોય છે. તેવાઓ પૂજા કરે તો ય શું ભરોસો આવે ? પૂજા સવારે કરે, પાછા તેને ય ઉપાદેય માને અને કહે, "સાહેબ ! પૂજા કર્યા વગર તો મને ચેન ન પડે !" ખરેખર તો આવાની જ પૂજા કરવાનો વખત આવ્યો છે મને તો વિચાર આવે છે કે કાલથી આ દેરાસરના બારણે બે સૌયા બેસાડીએ. સવારના જે પૂજાના કપડાંમાં આવે તે બધાને પકડી પકડીને બહાર કાઢે. સવારે સામાયિકના કપડાંવાળાને જ આવવા દેવાના ! પૂજાની વાત નીકળી છે એટલે સાથે દ્રવ્યની પણ વાત યાદ કરી લઇએ.

પૂજા માટે કેસર ન મળે તો કંકુથી પૂજા કરવાની છૂટ અપાય કે પૂજા કર્યા વગર રહેવાનું ? અને છતાં કોઇ કંકુથી પૂજા કરવા આવે તો તેને કરવા દો કે બહાર કાઢો ? કંકુથી પૂજા કરનારને બહાર કાઢનાર, પોતે પારકાના કેસરે પૂજા કરે તે નભાવાય ? સ્વદ્રવ્યથી પૂજા કરવાનું કહેનાર સૌથી પહેલા આ આચાર્ય ભગવન્ત હતા. બીજા બધા તો તે વખતે પૂજાના ખાતા ખોલવાની અને ફંડ ફાળો કરવાની વાતો કરતા હતા

પૂ. સાહેબજીએ તો તે ખાતાં કાઢી નાંખવાનું કહ્યું હતું. ભગવાનને કોઈ ખરચની જરૂર નથી, કે જેથી ફંડફાળો કરવો પડે ? ભગવાનને પૂજાની જરૂર છે કે આપણને પૂજાની જરૂર છે ? જો આપણને જરૂર હોય તો સ્વદ્રવ્યથી જ પૂજા કરવાની. તમને પૂજા કરતા રાખવા માટે ભગવાનની આજ્ઞામાં બાંધછોડ ન થાય. વીતરાગ પરમાત્માની આજ્ઞા મૂકી તમારી પાછળ ભટકીએ તો અમે વિઘાતક કહેવાઈએ કે પ્રભાવક ? ! શ્રાવકો હોય, શ્રાવિકાઓ હોય, કે બાળક–બાળિકાઓ હોય તેમના માટે સાધુ સમય આપે નહિ.

સભા. તો સાહેબ ! ધર્મનો માર્ગ કોણ સમજાવશે ?

સાધુ–સાધ્વીની વાંચના ચાલુ હોય એમાં આવીને બેસવાનું, એટલે માર્ગ જાણવા મળશે, જો તમારા જેવા સાંભળવા આવે તો શ્રોતાને જોઇને અમારો વિષય પણ ફેરવીએ, પણ તમારા માટે વ્યાખ્યાન ન આપીએ. આજે તો ઉપાશ્રયમાં પૌષધ લઈને રહેનારા; ઉપર વાંચના ચાલતી હોય તોય નીચે બેસી રહે. વાંચના સાંભળે નહિ ને ઊંઘે તે પોસાતી !!! તેના ઉદ્ગાર પરથી, મોઢા પરથી, કપડાં ઉપરથી જ ખબર પડી જાય કે તે પોસાતી છે. અને આવાઓ બાતર આજ્ઞાનો લોપ આપે તે પ્રભાવક !!! આજ્ઞાને નેવે મૂકનારને પ્રભાવક માનતા થયા ત્યારથી આપણી પત્તરવી કંચાઇ ગઇ. એમાં આપણા બધાનો ફાળો છે. આજે તો જે જેની તકલીફ દૂર કરી આપે તે તેનો ભગત. આપણા ભગવાન અને આપણા ગુરુ તો તકલીફ આપે કે દૂર કરે ? સંસારનું સુખ છોડવે અને કષ્ટમય સાધુપણું અપાવે તે આપણા ભગવાન ને તે આપણા ગુરુ. આજ્ઞા માટે લોગ આપે તે જ સાચા પ્રભાવક. છતાં પણ તમારા માટે લોગ આપનારા સાધુને કદાચ તમે બાદ ન કરી શકો, એના ટચમાં જ રહેવું પડે એવા સ્થાનમાં હો અને એ પ્રવૃત્તિ ટાળી ન શકો, પણ એને યોગ્ય માનવાના પાપથી તો ચોકકસ બચવાની જરૂર છે. સમકિતી પોતાની અયોગ્ય પ્રવૃત્તિને ઉપાદેય ન માને, ને ?

આપણે જે મહાપુરુષને માનીએ છીએ તેમણે કદી આજ્ઞાવિરુદ્ધ અનુષ્ઠાનની કે અનુષ્ઠાન કરનારની અનુમોદના કરી નથી. પરંતુ તેઓશ્રીએ તો તેની ટીકા કરવા સાથે એવા અયોગ્યોને પોતાના ઘરમાંથી પણ દૂર કર્યા હતા. તેવા વખતે વરસોથી સાહેબની પાટનો પાયો પકડીને બેસનારા તમારા જેવા સલાહ આપવા ગયા હતા. પોતાના ઘરના શકિતશાળી હોવા છતાં તેને દૂર કરવા સાહેબ તૈયાર થયા ત્યારે તમારા જેવા ટોપી હલાવીને કહેવા આવ્યા હતા કે, 'સાહેબ ! છોકરમત થાય છે નવેસરથી વિચારવાની જરૂર છે, શકિતશાળીને દૂર ન કરાય' ત્યારે પૂ. સાહેબજીએ કહ્યું હતું કે, 'દૂર કરવા-યોગ્યને શકિતશાળી માનવાની ભૂલ હું ન કરું'. ભગવાનની આજ્ઞા ન માને તેને શકિતશાળી શી રીતે મનાય ? બે શિસ્તનાં પગલાં કમજોર સામે લેવા પડે કે શકિતશાળીની

સામે ? આજ્ઞા માટે સાહેબજીએ જે વેઠયું છે, જે ભોગ આપ્યો છે તે કહી શકાય એવું નથી. ખરેખર ધર્મ કરવાના કારણે ન્યૂસન્સ નથી વધતા, અયોગ્ય રીતે ધર્મ કરવાના કારણે ન્યૂસન્સ વધે છે. આજ્ઞા મુજબ ધર્મ કરવાથી ન્યુસન્સ નથી વધતા...

સભા. તો પૂજા કરનારની સંખ્યા ઘટી જશે !

મહિનામાં એક વાર અઠ્ઠમ સેવવાની અને વ્હીલચેરમાં બેસીને વિહાર કરવાની છૂટ આપીને દીક્ષા આપવા માંડું તો સાધુની સંખ્યા વધે એમ છે, બોલો આપું દીક્ષા ? ત્યારે તો તરત ના પાડી દેશે ! આજ્ઞા મુજબ સાધુપણું ન પાળે તે સાધુ નહિ અને છૂટ લઈને પૂજા કરે તે શ્રાવક !! દીક્ષા સારી કે પૂજા સારી ?

સભા આજ્ઞા મુજબ જે પાળે તે સારું.

આટલો વિચાર પ્રશ્ન પૂછ્યા પહેલાં કર્યો હોત તો પૂછવાની જરૂર જ ન રહેત. આજ્ઞા મુજબ સાધુપણું ન પાળે તો નરકમાં જાય ! આચાર્ય અને સાધુ કેટલા નરકમાં જવાના એની સંખ્યા ચાલુ રહે પણ એની સાથે શ્રાવકો કેટલા જવાના એ કદી પૂછ્યું ? આચાર્યો નરકમાં * કે ટોળાં લઈને જશે ? નરકમાં જશે જનારા આચાર્યો અનેકને ઉન્માર્ગે મોકલીને જવાના છે. નરકગામી આચાર્યની સંખ્યા સાંભળીને ફફડાટ થવો જોઈએ કે શ્રાવકો કેટલા ? અને નરકમાં જનાર આચાર્યના શિષ્ય કે ભક્ત આપણે થઈશું તો આપણે ક્યાં જઈશું ? ઉન્માર્ગગામી આચાર્ય એકલા નરકે જાય કે એમની આજ્ઞા પાળીને ઉન્માર્ગે જનારા પણ નરકે જવાના ?

સભા. એમનો આખો સંઘ જાય.

જુઓ ! પાછા સંઘને ક્યાં પકડી લાવ્યા ? તમારી જાતની વાત કરો ને ! એટલા માટે જ કહું છું કે કેટલા આવે છે એ નથી જોવું. ટોકો વધારે આવે તેથી આજ્ઞા નથી પળાવાની. સાચા આવે તો 'ભલે પધારો.' ખોટા ન આવે એમાં જ આપણી રક્ષા છે. આજ્ઞાને વફાદાર ન હોય તેને પ્રભાવક કેમ મનાય ? તમને વકતા જોઈએ કે આજ્ઞા-પાલક જોઈએ ? આપણું સ્થાન ગજવે તેવા સાધુ નથી જોઈતા. ૨૪ કલાક આજ્ઞાનો પ્રાણ ધબકતો રાખે તે જ સાધુ તે જ અપ્રમાદી. પૂ. સાહેબજીની મહત્તા પણ આવા અપ્રમ-તપણાને લઈને જ છે. આજ્ઞાના પ્રાણ માટે તેઓશ્રીએ જાતનો પણ વિચાર ન કર્યો. તદ્દન નિસ્પૃહપણે જીવ્યા હતા.

તેઓમાં પ્રભાવકતા એવી હતી કે જો તેઓશ્રી ધારત તો સામાન્ય સમાધાન કરીને, ૪૫૦ સાધુના બદલે સમસ્ત જૈન સંઘના નાયક બની શકત. પરંતુ તેઓશ્રીએ

* તો એકલા જશે.

સિધ્ધાન્તના લોગે સમાધાન કરવાનું કોઇ સંયોગોમાં રાખ્યું ન હતું. ૪૫૦ સાધુના નાયક એવા પણ તેઓશ્રીએ જતાં જતાં આજ્ઞા ખાતર, પોતાના ગચ્છમાંથી અડધાને કાઢી નાંખ્યા. જે અઢીસો રહ્યા તે પણ પોતે રાખવા મહેનત નથી કરી, રહ્યા એટલે રાખ્યા હતા. બાકી તો ૨૫૦ના બદલે ૨૫ સાધુ રહેત કે બે સાધુ રહેત તોય તેમનું રુવાંડું પણ ફરકવાનું ન હતું. કારણ કે તેઓશ્રી એકલા રહેવાની તૈયારી સાથે જ જીવતા હતા. આજે તો ગચ્છ માંથી નીકળનારા પોતાનું સર્કલ તૈયાર કરીને પછી કુદકો મારે! આમણે એવું ન'તું કર્યું, કારણ કે તેઓશ્રી પાસે સત્ત્વ અપ્રતિમ હતું, વીતરાગ પરમાત્માની આજ્ઞા પર ચિકાર પ્રેમ હતો, તેના યોગે જ છેલ્લે સુધી આવી અપ્રમત્તતા ટકાવી શકયા હતા. આજ્ઞાવિપરીત ચાલનારાઓએ આજે શાસનને ઘણું નુકસાન પહોંચાડ્યું. છે.

આવો પ્રમાદ સાધુમાં હોય તો એક વખત નભાવાય, પરન્તુ આચાર્ય ભગવન્તોમાં ગચ્છના નાયકોમાં ન ચલાવાય. કારણ કે શાસનની જવાબદારી તેમને માથે છે. આચાર્ય જો અયોગ્ય રીતે વર્તે તો તેની છાયા ચારે દિશામાં પડે. ચારે બાજુ મિથ્યાત્વ ફેલાય. આથી જ પૂ. સાહેબજીએ આ અપ્રમત્તતાને સારી રીતે કેળવી લીધી હતી. તેઓશ્રીની પાસે જ્યારે ૧૦૦૦ માણસ આવતું ત્યારે બીજાની પાસે ૧૦,૦૦૦ જનારા હતા. છતાં પ્રભાવક તેઓશ્રી જ કહેવાયા. કારણ કે તેઓશ્રી પાસે થોડા પણ નક્કર હતા. આજે તેઓશ્રીની નામના છે કે સાહેબનો એક પણ ભગત હશે તો કોઇ જાતની ચિંતા નહિ, સાધુ–સાધ્વીની વૈયાવચ્ચ સારી રીતે કરી જાણશે. એક મરણિયે પણ સોને ભારે પડે! અને આ રીતે મરવાનું સત્ત્વ, આજ્ઞાના રાગમાંથી પ્રગટે છે.

આ રીતે પહેલા 'નિત્ય અપ્રમત્તતા' ગુણનું વર્ણન કરીને શાસ્ત્રકારશ્રી બીજા ગુણને જણાવતાં કહે છે કે આચાર્ય ભગવન્તો કાયમ માટે વિકથાથી વિરકત જ હોય છે. આજ્ઞાનું પાલન સારી રીતે કરતા હોવાથી તેઓશ્રીની પાસે જિજ્ઞાસુવર્ગ પણ ઘણો આવવાનો. એવા વખતે તેવાઓની સાથે ધંધા વગેરેની વાત ન કરે, વિકથા ન કરે. જેમ પરિચય વધે તેમ વિકથાના પ્રસંગ પણ વધુ ને વધુ મળતા જાય. છતાં વિકથાને કોઇ દિવસ ન કરે. ગૃહસ્થ સાથે ધંધાની વાત કરવીતે વિકથા કહેવાય. 'શું કરો છો' પૂછવાની રજા. પણ તે પૈસા ખંખેરવા માટે નહિ, ધંધો છોડાવવા માટે કાયમ માટે પોતાનો ૧૦ ટકાનો ભાગ રખાવવા ન પૂછે. આજ્ઞા મુજબ કરવું તે વિકથા નહિ. પાપથી દૂર કરવા જરૂર પડ્યે પૂછે પાપના પોષણ માટે પૂછે તે વિકથા. ગૃહસ્થ માટે પણ તેમજ સમજવાનું. જે કથાના કારણે પાપનું અનુમોદન થાય તે બધી વિકથા જ છે.

આજે તો નિવૃત્ત થયા પછી પણ છોકરાના પૈસામાં પોતાનું નામ રખાવનારા

છે. નિવૃત્ત થયા પછી પણ જો માથું મારે તો પાપ લાગવાનું જ છે. જેમ કપડાં, ઘરની ધૂળથી જ મેલાં થાય એવું નથી, બહારની ધૂળથી પણ મેલાં થાય; તેમ પોતે નિવૃત્ત થયા પછી છોકરાના ધંધામાં માથું મારે તો છોકરાના પરિગ્રહનું પાપ તેને ચોટે અનુમોદનાનું પાપ ભયંકર છે "પૈસાદાર છે, સુખી છે, ભાગ્યશાળી છે" એમ બોલતાં જ એ પરિગ્રહનું પાપ કપાળે ચોંટે છે, ભલેને તેમાં પોતાનો ભાગ ન હોય કે નામ ન હોય! "કમાય છે ને સાથે ખરચે પણ છે," એમ બોલીને અનુમોદના કરી પાપ બાંધવાની જરૂર નથી. વિકથામાં આસકત હોય તે આચાર્ય નહિ. આચાર્ય ભગવન્ત કથા કરે તો ધર્મકથા કરે અથવા મૌન રહે પણ વિકથા તો ન જ કરે. અને છતાં જો આચાર્ય ભગવન્ત ધંધાની વાત શરૂ કરે તો શ્રાવક કહે કે, 'સાહેબ! પાપમાં જ છું એમ સમજો ને! હવે છુટવાનો કોઈ માર્ગ હોય તો બતાવો...' એમ કહીને ઊભો થઈને ચાલવા માંડે. જે પૂ. સાહેબજી કાયમ માટે વિકથાથી વિરકત હતા અને સ્વાધ્યાયમાં રત હતા, તેમનો ભગત શેમાં રકત હોય? તેને એક ગાથા ગોખવાનું પણ મન ખરું? 'છેલ્લે સુધી ડોળીમાં બેસીને પણ તેઆશ્રીએ ગોખવાનું કામ કર્યું હતું' એવું બોલે અને એવી ડોળીની રંગોળી પણ કાઢે છતાં પોતે ગોખવા તૈયાર ન થાય! ગાથા ન ગોખે તો ચેન પડે, પણ છાપું ન વાંચે તો ચેન ન પડે!

આજે તો બધાને નિયમ આપવાનું મન છે કે એક ગાથા ગોખ્યા વગર છાપું ન વાંચવું. એક વરસ માટે જ નિયમ આપી દઉં, સાજે-માંદે છુટ! આજે ધર્મક્રિયામાં ચિત્ત નથી જતું તેનું કારણ જ એ છે કે સ્વાધ્યાયનું આલંબન રાખ્યું નથી. તેથી કયાંય કિંમત રહી નથી. બજારમાં ન છોકરો ઈચ્છે કે ઘરમાં ન ઘરના ઈચ્છે. બજારમાંય ભૂત જેવા અને ઘરમાંય ભૂત જેવા, છતાં ધર્મ ન સૂઝે. જો પૂ. આચાર્ય ભગવન્તની છાયા રાખી હોત, સ્વાધ્યાયનો અભ્યાસ રાખ્યો હોત; ધર્મક્રિયાનો મહાવરો રાખ્યો હોત તો આ અવસ્થા ન આવત. "છેલ્લી ઉંમર સુધી સાહેબજી ગોખતા" એવું બોલનારા સાધુસાધ્વી પણ ગોખવાનું પસંદ ન કરે, તેમને તો વાંચવામાં જ રસ પડે. જીવવિચાર ગોખે તો કયાં બોલવા કામ લાગે? વાંચીને તૈયાર થાય તો ગ્રહસ્થને સમજાવવા કામ લાગે!... અને એવા સાધુસાધ્વી તમને પ્રભાવક લાગે!! તમારા તો બધા માપદંડ જુદા લાગે છે. સાધુસાધ્વીને ઓળખવાની શકિત પણ તમારામાં રહી નથી. જેને વિકથા ન કરવી હોય તેને ધર્મકથા કર્યા વગર ન ચાલે. વંદિત્તાની ૪૬ મી ગાથા યાદ છે ને? ભગવાનના શાસનને પામેલા શ્રાવકની પણ ભાવના કેવી હોય તે એ ગાથામાં બતાવ્યું છે. તમને એનો અર્થ આવડે છે ને? चिरसंचियपावपणा सणिद्धं.... "ચિર કાળથી સંચિત કરેલાં પાપનું પ્રનાશન કરનારી અને લાખો ભવોનું મંથન કરનારી એવી, શ્રી ચોવીસ જિનેશ્વર ભગવન્તોના શ્રી મુખેથી નીકળેલી કથાઓ કરવા દ્વારા મારા દિવસો પસાર થાઓ...." આ અર્થ આપણને આવડે? યાદ રહે?

આગમના જાણુ એવા આચાર્ય ભગવંતના ભગતને વંદિત્તાસૂત્રના અર્થ આવડે ને ? ખાતી વખતે જો દેખાય નહિ તો ખાવામાં મજા ન આવે અને એકે ગાથાનો અર્થ ન આવડે છતાં પ્રતિક્રમણમાં મજા આવે ! પાપની આલોચના કરનારને ખબર જ નથી કે કયાં પાપની આલોચના કરવાની છે. દિવસ દરમ્યાન જેટલાં પાપો થાય છે તે શ્રી વંદિત્તાસૂત્રમાં જણાવ્યાં છે. છતાં તેનો અર્થ કેટલાને આવડે ? વંદિત્તાની ગાથા કેટલી ? તેમાંય સરખાં પદો આવે અને વળી 'જાવંતિ' ને 'જાવત'ની બે ગાથા ઓછી. રોજ એક એક ગાથાનો અર્થ કરે તો એક ચોમાસું પણ ન લાગે. જ્યારે, ૧૭ ચોમાસા થયા પછી પણ ઠેકાણું પડયું નહિ. આ બધાને 'સમ્મદિટ્ઠી જીવો' ગાથા બરાબર યાદ રહે, કારણ કે પાપ કરવા છતાં બંધ ઓછો એટલે એ ગમે. 'ચિરસંચિય' યાદ રાખે તો સ્વાધ્યાય કરવા બેસવું પડે એટલે એ યાદ ન રહે.

વંદિત્તાસૂત્રનો અર્થ કરે તો પણ અબર પડે કે અનુમોદનાનું પાપ કેટલું છે. પરિગ્રહની અનુમતિના કારણે પણ અધોગતિના ભાજન બનાય છે, આવું જાણ્યા પછી તેવી વિકથામાં રસ આવે ? આજે તો 'અઢળક ધન છે...' એમ કહીને અનુમોદના કરે, બિરલા–ટાટાની પણ કરે....છેક અમેરિકાની પણ અનુમોદના કરે ! માંદગીમાં બબડે ન જાય પણ બજારમાં સારો સોદો કર્યાના સમાચાર ફોનથી મેળવીને અનુમોદનાનું પાપ બાંધ્યા વગર ન રહે. મહારંભ અને મહાપરિગ્રહ ભૂંડા છે. તેમાં પણ કરવા–કરાવવા કરતાં અનુમોદનાનું પાપ ભયંકર છે. એવા મહારંભ અને મહાપરિગ્રહથી મૂકાવવા જે કથા થાય તે ધર્મકથા, અને તેના પોષણ માટેની કથા તે વિકથા. આજે સરકારે પણ નિવૃત્ત થવાની ૫૮ વરસની ઉંમર રાખી છે. આપણે બે વરસ વધારે રાખીએ તોય ૬૦ વરસે નિવૃત્ત થવાનું નકકી ખરું ને ? છોકરો ન કમાતો થાય ત્યાં સુધી છૂટ, પણ પછી પણ તૈયારી ખરી ને ? વિચારી લેજો...

આ રીતે આચાર્ય ભગવંતના બે ગુણોને જણાવીને શાસ્ત્રકારશ્રી ત્રીજો ગુણ જણાવતાં ફરમાવે છે કે–જે આચાર્ય ભગવન્તો અપ્રમત્ત હોય અને વિકથાથી વિરક્ત હોય તે આચાર્ય ભગવન્તો કષાયનો પરિત્યાગ કરનારા હોય છે. પોતે આવી સુંદર માર્ગાનુસારી વાત કરે અને છતાં કોઈ ન માને તો તેમનું માથું ન તપે, ગુસ્સો ન કરે. સામો જીવ અવિનય કરે, ઉદ્દંડપણે વર્તે, ટીકા કરે કે નિંદા કરે છતાં પોતે કષાયને આધીન ન બને, નિંદા કે ટીકા કોઈ થર્ડ પાર્ટી ન કરે ને ? પોતાના પરિચિત પણ પોતાની વાત શિરસાવંદ્ય ન કરે, આગળ વધીને તિરસ્કાર કરે તેવા વખતે સમતુલા ગુમાવે તે આચાર્ય ભગવંત નહિ. 'કેવો માણસ છે ? મારું માનતો નથી, નરકમાં જઈશ,' આવું ન બોલે. 'જે પાપ કરે તે નરકમાં જાય–' એવું દસવાર બોલે. 'તું

નરકમાં જશે' એવું ગુસ્સાના કારણે–આવેશના કારણે–બોલાય છે. જ્યારે 'પાપ કરે તે નરકમાં જાય'–એવું તત્ત્વજ્ઞાનના કારણે બોલાય છે.

તત્ત્વજ્ઞાનના કારણે કોઇની ભૂલ બતાવવી તે કષાય નથી...અને આ રીતે આચાર્ય ભગવંતો માત્ર ક્રોધનો જ પરિત્યાગ કરનારા નથી, સાથે માનાદિને પણ તજનારા હોય છે. તેઓશ્રીને વિશિષ્ટ પુણ્યને લઇને તેમની પાસે કોઇ સારી વસ્તુ ધરે છતાં તેનો લોભ નથી હોતો. પુણ્યના ઢગલા વચ્ચે જીવવા છતાં માન તેમને નડે નહિ. અને માયા મૃત્સદ્દીપણું તો તેઓમાં હોય જ નહિ. આચાર્ય ભગવંત કાયમ માટે સરળ હોય. જેને જેને વાતમાં ફેર કરવો હોય તેને માયા કરવી પડે. પૂ. સાહેબજીને પણ કોઇ દિવસ બોલેલામાં કે લખેલામાં ફેર કરવો પડે એવું બન્યું ન'તું. માર્ગાનુસારી પ્રજ્ઞા અને સરળતા આ બેના કારણે તેઓશ્રી મક્કમતાપૂર્વક કોઇ પણ વસ્તુનું નિરૂપણ કરી શકતા હતા.

આ ૩ માણે ઉપર જણાવેલા ત્રણ ગુણોને ધરનારા આચાર્ય ભગવંત કાયમ માટે ધર્મોપદેશમાં જ રત હોય છે. શિબિરો ભરવી અને તમારી પાછળ પડવું એ ધર્મોપદેશની રક્તતા નથી. જેને ભગવાનની આજ્ઞાથી વિપરીત બોલવું નથી, વિકથાથી જે વિરક્ત છે અને કષાયને જે આધીન નથી તેવા આચાર્ય ભગવંતો જ સાચો ધર્મોપદેશ કરી શકે. બીજા બધા તો ઉપદેશ સારોમાં સારો આપે પણ ધર્મનો ઉપદેશ તો આવા આચાર્ય ભગવંતો જ આપે. માટે જ તેમણે શિબિરો ભરવાનું કામ ન'તું કર્યું. ૧૦,૦૦૦નું ટોળું ભેગું કરવું હોય તો શાસ્ત્ર વાંચીને ન થાય, છાપાં વાંચીને કરાય. જો સંખ્યા ઘટાડવી હોય તો આગમનું વ્યાખ્યાન વાંચવાનું અને સંખ્યા વધારવી હોય તો આગમને બાજુએ મૂકી છાપાં અને પેપરનાં કટિંગ વ્યાખ્યાનમાં વાંચવાનાં !! ખરેખર ! આજના સાધુસાધ્વી કઇ દિશામાં ચાલી રહ્યા છે, એ ખબર જ પડતી નથી. ૮૦ વર્ષ સુધી એકધારી ધર્મદેશના દેવા છતાં સાહેબજીની દેશનામાં કોઇ તફાવત જણાયો નથી. દેશકાળ બદલાયા છતાં દેશના ન બદલાઈ, કારણ કે તેઓશ્રી પોતે નહોતા બદલાયા. દેશકાળને જોઇને બોલવું એટલે જે વાત હોય તેને વિસ્તૃત કરીને, રહેલી કરીને જણાવે પણ વાત ન ફરે. લોકોને ગમે એવી વાત કરવાનું આ. ભગવંતો ન કરે.

ભાવાચાર્યના આ ચારે ગુણો સાંભળીને આપણે નક્કી કરવું છે ? કે–જ્યાં ધર્મોપદેશ ન હોય ત્યાં જવું નહિ. જેઓ કષાયને આધીન હોય તેવાઓને ત્યાં પગ ન મૂકવો. જેઓ વિકથાથી વિરક્ત ન હોય તેવાનું તો પગથિયું પણ ન ચઢવું. અને જેઓ ભગવાનની આજ્ઞાથી વિપરીતપણે જીવતા હોય [પ્રમાદી હોય] તેવાને ગુરૂ માનવા નહિ...આટલું નક્કી ખરું ?

આવા સુંદર પ્રકારના ગુણોને ધરનારા એવા પૂ. સાહેબજીનું પડખું સેવીને, નિશ્રા લઇને, છાયામાં રહીને હવે તેને છોડીને બીજે કયાંય જવું નથી, આટલો નિર્ણય કરવો છે ? જેણે સુરતરુની છાયા સેવી હોય તેને બાવળની છાયામાં ફાવે ? તડકામાં

રહેવાનું ફાવે પણ બાવળનો પડછાયો ન જોઈએ, એ વાત સાચી ને ? કે વ્યવહાર ખાતર, ઔચિત્ય ખાતર ત્યાં જવાના ? સગા ભાઇની સાથે મેળ ન હોય તો તેના અઠ્ઠાઈ મહોત્સવમાં પણ ન જાઓ–એવા મજબૂત માણસ તમે કુગુરુના ત્યાં માથું નમાવવા કેમ જાઓ છો એ સમજાતું નથી ! ભાઇનો ગમે તેવો પ્રસંગ હોય છતાં પગ ન મૂકે. ભાઈ દુશ્મન કે કુગુરુ દુશ્મન ? ભાઇ તો, છે એટલું લઇ જવાનો, આ (કુગુરુ) તો જે મળ્યું નથી એ પણ ભવોભવ સુધી ન મળે તેવી પેરવી કરનારા છે ! ભાઇના પ્રસંગે જરૂર પડે તો બહારગામ જતા રહે. ઉઘાડા પડો નહિ અને ધાર્યું પાર પાડો એવી ટેકનીક અહીં કેમ વાપરતા નથી ?

સાહેબજીનો ભગત કયાં દેખાય ? ભગવાનની આજ્ઞા મુજબ જે જીવતા હોય ત્યાં, વિકથાથી વિરકત હોય ત્યાં, ધર્મોપદેશ દેતા હોય ત્યાં... બરાબર ને ? હું એકલો બોલબોલ કરું એ ન ચાલે, તમે પણ કંઇ બોલો તો ખબર પડે. સમજાય છે ને ? અર્થ–કામ માટે કોઇને દુશ્મન નથી બનાવવા–આટલું તો રાખવું છે કે નહિ ? બીજું કશું ન કરો તો આજે આટલું તો નકકી કરીને ઊભા થવું છે કે–અર્થકામ માટે કોઇને દુશ્મન ન બનાવવા, ધર્મ–મોક્ષ માટે જો જરૂર પડે તો આખા ગામને દુશ્મન બનાવશું. અર્થકામ માટે માતા–પિતાનું માનવાનું. ધર્મ–મોક્ષ માટે કુગુરુને પણ દુશ્મન માનવાના આટલું તો રાખવું છે ને ? અર્થકામ માટે કોઇને દુશ્મન નહિ ગણવો. પૂ. સાહેબજી પણ કહેતા કે અર્થકામ માટે પોતાનો અધિકાર રજૂ કરવો એ મહામૂર્ખાઇ છે. અર્થકામ માટે ઝઘડો કરાય નહિ. અને ધર્મ–મોક્ષ માટે ઝઘડો કર્યા વગર રહેવાય નહિ. બરાબર ને ?

સભા૦ : સાહેબ ! સંબંધ હોય તો રાખવા પડે ?

પૂ. સાહેબજી પોતાના સાધુને પણ દૂર કરે, અને આપણે કુગુરુને પણ ભેગા રાખવા છે ! શું કરવા ધાર્યું છે તે જ સમજાતું નથી. સંબંધ ખાતર સિદ્ધાંત મૂકવાથી તૈયારી હશે ત્યાં સુધી ધર્મની યોગ્યતા પણ નહિ આવે. સિદ્ધાંતની ખાતર સંબંધ છોડવાનું સાહેબજીએ આપણને શીખવેલું. છતાં આપણે એ સત્ત્વ ન કેળવ્યું તો પછી આટલા વરસોમાં આપણે મેળવ્યું શું ? કુગુરુને તો આંગળી આપશો તો તે પોંચો પકડી લેવાના.

સભા૦ : સુગુરુની આંગળી પકડીને ચાલશું.

સુગુરુને ઓળખતાં આવડે છે ? તમારું માને તે સુગુરુ કે ભગવાનનું માને તે ? કોઇના બહલે કોઇને સુગુરુ માની બેસશો તો એની એજ હાલત થવાની. સુગુરુને ઓળખવા માટે પૂર્વ ભવો જોઇશે. એ ઓળખાણ આપવા માટે જ આ ગુણો તમને બતાવ્યા છે, એ યાદ રહી જાય તો કામ થાય. અને આવા આચાર્ય ભગવંતની નિશ્રા પામ્યા પછી તેઓશ્રીના ગુણોની છાયા લઇને આપણે પણ તેઓશ્રીના માર્ગે ચાલી કમે કરીને સિદ્ધપદને પામીએ એજ એક શુભાભિલાષા સાથે પૂરું કરું છું...

જૈન સંઘનો એક મહાન સેનાપતિ.

આચાર્ય શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી.

-સુબોધચન્દ્ર નાનાલાલ શાહ

શ્રમણ ભગવાન મહાવીરના સમયથી આજ સુધીને ઇતિહાસ તપાસીએ તો જૈન સંઘમાં ઘણા ચઢાવ ઉતાર આવ્યા. આ દેશમાં મૌર્યવંશના અસ્ત પછી એવો પણ સમય આવ્યો કે અનેક બૌદ્ધબિક્ષુ અને અનેક જૈન શ્રમણના માથા ઉતારનારને પાંચ પાંચ સુવર્ણમુદ્રાઓ અપાતી ફળસ્વરૂપ હજારો બિક્ષુઓ અને શ્રમણોના માથા વધેરાઇ ગયા.

આવા ચઢાવ ઉતાર, સમયે સમયે જૂદા જૂદા પ્રકારના આવ્યા. આ દરેક સમયે તે તે કાળમાં થયેલા જૈન આચાર્યો એ સંઘને ઉગાર્યો, તેનું સેનાપતિ પદ કર્યું અને જતન ઉપર ખેલી ગયા, જેના સેંકડો દૃષ્ટાંતો ગ્રન્થોના પાને અંકિત છે.

તાજેતરના સમયમાં પણ જૈન સંઘ મહાવિપત્તિમાં આવી પડયો હતો જૈન દીક્ષા ઘણી અલ્પ બની ગઇ હતી, જૈન સાધુઓનું જ્ઞાન ઘણું પરિમિત બની ગયું હતું, ધર્મની આરાધનાના પ્રકારોમાંથ સૌ મનસ્વી રીતે ચાલતા હતા. કોઇ નાયક ન હોય તેવી દશા હતી અને આ બધાને 'રૂકજાવ' કહેવાનો જાણે કે સમય આવી ગયો હતો. ઇસ્વી ૧૯મી સદી ઘણા ઘણા અનિષ્ટો સાથે વિદાય લેવાની તૈયારીમાં હતી અને વીસમી શતાબ્દિ ક્ષિતિજ ઉપર ડોકાતી હતી એક તરફ જીવનભર જૈન શાસનનું માટે ઝઝુમતો પૂ. આત્મારામજી મહારાજ નામનો એક સૂરજ પોતાની જીવન લીલા સંકેલવા તરફ હતો અને બીજી તરફ એક સૂરજ ઉદયાચળ ઉપર આવી ચૂકયો હતો અને તે હતા આચાર્ય શ્રી વિજયરામચન્દ્ર સૂરિ. જૈન શાસનનો મહાસેનાની તેમના જીવનથી, તેમના નામથી અને તેમના પ્રતાપથી જૈન સમાજનો મોટો ભાગ લગભગ પરિચિત છે.

રામવિજય નામથી પંકાતા આ સુભટે, આખા અમદાવાદને તે વખતે આશ્ચર્ય ચકિત કર્યું હતું. ભદ્રકાલીનો ભોગ લેટલેાનો બહિષ્કાર, વગેરે કંઇ કંઇ સંઘર્ષો તેમના નામે જમા છે. રામવિજયજી જાણે કે એક વાવાઝોડું બનીને જૈન સંઘમાં ફરી વળીયા હતા. સૌને થયું હતું કે હવે આ સંઘ નિર્નાયક નથી એક સેનાપતિ આવી ચૂકયો છે.

ગુરૂ, દાદાગુરૂ. દાદા-દાદાગુરુ બધી પેઢી જોવાના ભાગ્ય સાથે જન્મેલા આ રામવિજયજી હતા એટલું જ નહિ પણ આ સૌના તેમના પર આશીર્વાદ હતા કે આ સેનાપતિ સીને પહોંચી વળશે અને કહેતા કે "બીજા તૂ બહોત બડા બનેગા" અને એમજ બન્યું.

સમયની ઘટિકામાંથી રેતી સરતી જતી હતી. રામવિજયજી નામનો સૂરજ મધ્ય આકાશ તરફ ગતિ કરતો હતો. તેની વાણીના જાદુ એવા હતાં કે મીંઢળ બંધા યુવાનો, યુવતીઓ બાળકો, બાળિકાઓ જૈન દીક્ષાના પંથે પ્રયાણ કરતા હતા. એક નવી હવા, નવું વાવાઝોડું જોઇને જોનારા દંગ થતા હતા આજ સુધી વૃદ્ધોજ દીક્ષા લેતા એ વાત ભૂલાવા લાગી હતી. દાદાના ગુરૂ પોતાના પૂરા આશીર્વાદ આપી વિદાય થતાં, દાદા હાનસૂરિમહારાજે તેમના ઉપર અપાર આશિષ વરસાવી તેમની પાછળ ઢાળ બંનીને ઉભા હતા.

દ્વેષીઓના ઝુંડ તેમના પ્રાણના તરસ્યા હતા. આ વળી નવો છોકરડો શું સમજે ! પણ રામવિજયજી એક નીડર યોદ્ધો હતો "મારા ભગવાન, મારો ધર્મ, મારો સંઘ" આ એનો રાત દિવસનો જીવન મંત્ર હતો.

સૂર્ય બરાબર મધ્ય આકાશે આવી પોતાનો પ્રતાપ ફેલાવે તેમ રામવિજયજી પોતાનો પ્રકાશ ફેલાવતા હતા તે જોઇ દાદાગુરૂએ તેમને આચાર્યપદ કે જે જૈન શાસનનું સર્વોત્કૃષ્ટ પદ છે તે પદથી તેમને નવાજવાનો નિર્ણય કર્યો હતો. અને કહ્યુ હતું કે "સંઘમાં વ્યાપેલી આટ આટલી કુરૂઢિઓને તારે ખતમ કરવાની છે હુતો કદાચ જીવું કે ન જીવું." અને એમજ થયું. દાદાગુરૂએ પોતાની આંખ તેમને આચાર્યપદ આપતાં પૂર્વેજ સદા માટે મીંચી દીધી.

દાદાગુરૂની આજ્ઞાનુસાર વિજયપ્રેમસૂરિ-મહારાજે તેમને વિજય રામચન્દ્રસૂરિ નામ આપી, આચાર્ય પદથી વિભૂષિતકર્યા અને જૈન સંઘના કેટલાક બની બેઠેલા માંધાતાઓ ખળભળી ઉઠયા. સડસડાટ ગતિથી રામચન્દ્રસૂરિ મહારાજનો કિર્તિગ્રાફ ઉંચેને ઉંચે જતો જોઇ તેમણે બીજા તેત્રીસ જણને આચાર્યપદની વ્હાણી કરી, મહા-સંઘર્ષનો આ કાળ હતો.

તિથિચર્ચા વગેરે અનેક ચર્ચાઓ ઉઠાડવામાં આવી. લક્ષ્ય એકજ કે રામચન્દ્ર-સૂરિ આગળ ન આવે, પણ રણમોરચે ઝુઝતો સેનાપતિ કદી કોઇથી ડર્યો જાણ્યો છે.

શાસનદેવતાઓનું તેને પીઠબળ હતું. મૃત્યુ પામીને સ્વર્ગે ગયેલી માતા–સમરત-બેન તેનું સાંનિધ્ય કરતા હતા. ભગવતી સરસ્વત્તી ના તેમના પર આશીર્વાદ હતા.

કેટલા પ્રસંગો લખવા ?

સરદાર પટેલ જેવા પણ તેમની વાણીના જાદુ જોઇને તેમને રાષ્ટ્રિય ચળ-વળમાં સામેલ થવા સામે ચાલીને વિનવવા આવ્યા હતા ત્યારે પણ આ સુભટે એકજ કહ્યું કે "આ ગંદારાજકારણમાં પ્રવેશવાનું મારું લેશ માત્ર મન નથી"

જૈન સંઘમાં અનેક વિવાદોના ઊંબાડિયા સળગાવાતા હતા અને આચાર્ય રામચન્દ્રસૂરિ ધીર હૈયે તેમને જોતા. આશ્રિતોને આ લોકોની, અંદર રહીને જૈન શાસનને ફોલી નાખવાની દુષ્ટ

દાનતો તરફ ચેતવતા હતા. પરિણામે તેમની વાણીને પચાવનારો એક મજબૂત વર્ગ આ લોકોની દુષ્ટદાનતને ઓળખતો થયો હતો.

વર્ષો વીતતાં હતાં, જુવાનવયની જેમ વૃધ્ધ વયે પણ આ જુવાન-વૃધ્ધ એજ રીતે ગાજતો હતો, છેલ્લી ઘડી સુધી જૈન શાસન માટે તેણે લોહી અને માંસ નીચોવી નાખ્યા હતા. હવે તો માત્ર હાડકાંજ બાકી હતા. જીવનના ૯૬ વર્ષ વીત્યા હતા. જીવનનો એને મોહ નતો, મરણનો ભય નતો કોઇ કામના હોયતો માત્ર એક જ કે મારા મહાવીરના શાસનને લગીરે આંચ ન આવે રાતોની રાતો આ વિચારમાં આ સુભટ હવે તો હાડકાં પણ ઘસી રહ્યો હતો અને આજથી પાંચ વર્ષ પૂર્વે 'દર્શન' બંગલામાં કે જેનું અરૂં નામ સમ્યગ્દર્શન રાખવું જોઈતું હતું ત્યાં યુધ્ધ કરતાં થાકેલા સુભટની જેમ રણભૂમિમાં આ સેનાપતિ સદા માટે પોઢી ગયો.

આ વાતને પાંચ પાંચ વર્ષના વહાણાં વીતીગયાં છે. સંઘ આજે નોધારો છે પણ પોતાની પાછળ તેમણે શ્રમણ શ્રમણી વર્ગ અને શ્રાવક શ્રાવિકા વર્ગ મૂકયો છે તે આજે પણ સંઘ સામે આવતાં વાવાઝોડાને ઝીલી પીવા સમર્થ છે.

વિગતોથી લેખને ભરવાનો આ સમય નથી પણ ઇસુની વીસમી સદી જૈન સંઘ માટે કેવી ગઇ તેનો માત્ર અછડતો ખ્યાલ આપવાનો આ પ્રયાસ છે.

ગાઢ નિદ્રામાં પડેલા સંઘને જગાડવા આવેલા અને ચાલી ગયેલા આ દેદીપ્યમાન સૂર્ય દેવને આપણે અધ્યોંજલિ આપીએ.

શાસન સમાચાર

શીખરજી તીર્થ

શીખરજી તીર્થમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મોક્ષ (નિર્વાણ) કલ્યાણક શ્રાવણસુદ ૭/૮ તા. ૨૧-૨૨ ઓગસ્ટના નિમિત્તે દિગંબર ભાઇઓ તરફથી ગેરકાનુની રીતે મૂર્તિ પધરાવવા વગેરેની અફવા હતી. તે માટે જૈન શ્વેતાંબર સોસાયટી (આપણા શ્વેતાંબર સમાજની જુની અને પ્રથમ ધર્મશાળા) તરફથી સ્થાનીક ઓફીસરો તેમજ પ્રશાસન સાથે જરૂરી વાટાઘાટો તથા પ્રયત્નો કરીને અગમચેતીરૂપ કાયદેસર પગલા લેવાની વ્યવસ્થા થઇ હતી તે હિસાબે સામાપક્ષવાળા તરફથી કોઇ પણ જાતની તકલીફ થઇ ન હતી. આ નિમિત્તે જૈન શ્વે. સોસાયટી તરફથી તેમજ પૂર્વ ભારતના સંઘના ભાઇઓના ખાસ પ્રયત્નો અનુમોદનીય છે.

સ્વર્ગારોહણ તિથીની ઉજવણી

પર્યુષણના પ્રથમ દિને વાપી જી.આઇ. ડી.સી.માં તપસ્વી વયોવૃદ્ધ મુ. શ્રી જયભુષણ વિ. મ. સા. ની પ્રથમ વાર્ષિક સ્વર્ગારોહણ તિથિની ઉજવણી પૂ.આ શ્રી વિ. રત્નભૂષણ મ. સા. આદિની નિશ્રામા થઇ હતી. વ્યાખ્યાનમાં ગુણાનુવાદ તથા સંઘપૂજન બપોરે શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા અ.સૌ. શ્રીમતી અમૃતબેન નેમચંદ વીરપાળ શાહ તરફથી તથા કાર્યક્રમો વિ. થયા હતા.

ક્ષમાપના નીરથી નિર્મલ બનીએ

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શ્રી જૈનશાસન ઉપશમ પ્રધાન છે, ઉપશમ પામવા માટે જ સઘળી સાધના અને આરાધના કરવાની છે. જ્યાં સુધી સાચા ભાવે ઉપશમની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આત્મિક લાભ થવો કે આત્મિક વિકાસ થવો શક્ય નથી. માટે જ ક્ષમાપનાનું ઘણું જ મહત્ત્વ ગાવામાં આવ્યું છે. ક્ષમાપના પર્વને જ પર્વાધિરાજ તરીકે ઓળખાય છે. સર્વ જીવોની સાથે સાચા ભાવે ક્ષમાપના કરવી તે જ આ પર્વનો પ્રાણ છે. ક્ષમાપનાના અભાવે જ આપણો આત્મા ચોર્યાશીના ચક્કરમાં અટવાયા કરે છે. તેના ભ્રમણને રોકવા ક્ષમાપના ખૂબ જ જરૂરી છે. શત્રુને, અપમાન કરનાર દ્વેષીને, પોતાના જીવનને કચડી નાખનાર અવગુણીને પણ જે હૈયાથી ક્ષમા આપે છે તે જ સાચો વીર છે. તેવો વીર જ મહાવીર બનીને પરમગતિને પામે છે. આવો અદ્‌ભુત ક્ષમાગુણ છે. તેને અંતરથી આવકાર આપવો તે સઘળા ય આત્મહિતૈષીઓ માટે જરૂરી છે. આત્મગુણ છોડના વિકાસ માટે ક્ષમારૂપી જલનું સીંચન જોઇએ સઘળા ય ગુણો ક્ષમા વિના શોભતા નથી.

બુદ્ધિ જ્યારે સૂક્ષ્મ બને ત્યારે તે 'મેધા' કહેવાય છે અને મેધા જ્યારે પારગામી સીમાને ઓળંગે ત્યારે તે 'પ્રજ્ઞા' કહેવાય છે અને આ પ્રજ્ઞા જ સાચા અર્થમાં ક્ષમાની જનની છે. કારણ વસ્તુતત્ત્વને અવલોકવાની ઓળખવાની શક્તિ પ્રજ્ઞામાં છે. પ્રજ્ઞાશીલ માટે જ પર્વની આરાધના છે. કારણ આ પ્રજ્ઞા પોતે જ પર્વરૂપ છે અર્થાત જ્ઞાન ભાવિત અર્થને આચરણમાં મુકનાર છે. અને પર્વ તે પ્રજ્ઞાને નિર્મલ કરવાનું અણમોલ અમોઘ સાધન છે. આમ પ્રજ્ઞા અને પર્વ કાર્ય—કારણ ભાવરૂપ છે. આ પર્વ જ પ્રજ્ઞાને નિર્મલ કરી સાચી આરાધના કરનાર છે.

માટે જ મહાપ્રજ્ઞાશાળી ઉપકારી પરમર્ષિઓએ 'મિચ્છામિ દુક્કડમ્'નો પરમાર્થ બતાવતાં કહ્યું કે—'મિ' એટલે વિનયપૂર્વક નમ્રભાવે મૃદુતા બતાવી, 'ચ્છ' એટલે દોષો—પાપ ક્રિયાઓનું છાદનત્યાગ કરી, 'મિ'—ચારિત્રની મર્યાદામાં રહી, 'દુ'—દુષ્કૃત કરનાર પાપવિશિષ્ટ મારા આત્માની નિંદા કરી, 'ક્ક'—મેં જે પાપ કર્યું છે તેનો સરલતા પૂર્વક એકરાર કરી, 'ડમ્'—તે પાપને પશ્ચાત્તાપના નિર્મલનીર વડે ધોઇ નાખું છું.

આ રીતે સાચા ભાવે ક્ષમાપના કરી-કરાવી આત્મગુણ સમૃદ્ધિને પામનારા આપણે સૌ બનીએ તે જ મંગલ શુભેચ્છા !



પ્યારા બાલકાઓ,

પર્યુષણ મહાપર્વ આવીને ચાલ્યા ગયા. આ મહાપર્વની સુંદર આરાધના તમે સૌએ કરી હશે. શ્રી સાંવત્સરિક પર્વ એટલે પ્રતિક્રમણ કર્યા પછી નૂતન વર્ષનો આરંભ સર્વ સાથે ક્ષમાપના અને સર્વ પાપોની આલોચના કર્યા બાદ જેમ નવા વર્ષનો પ્રારંભ થાય અને નવા નવા કાર્યો કરો તેમ નવા પાપોની વણઝાર ઉભી ન થાય તેની સતત કાળજી રાખશો. જેની જેની સાથે ક્ષમાપના કરી હોય તેની તેની સાથેનું વર્તન, વાણી અને વિચાર બદલાઈ જવા જોઈએ.

ક્ષુલ્લકમુનિ અને કુંભાર બન્નેનુ વર્તન, વાણી અને વિચાર ક્ષમાપના કર્યા પછી એક સરખા હતા ત્યારે મૃગાવતીજી અને ચંદનબાળાજીના વર્તન વાણી અને વિચાર તદ્દન બદલાઈ ગયા હતા. વર્તન નમ્રતા ભરેલું હતુ, વાણી કોમળ હતી અને વિચારો સદ્ હતાં માટે જ મૃગાવતીજીનો નુતન વર્ષમાં નવા સંવત્સરમાં પ્રવેશ થયો.

આપણે પણ સૌ ક્ષમાપના કરીએ મૃગવતીજી અને ચંદનબાળાજી જેવી. આ મહાપર્વની પખરામણી પ્રસંગે મારાથી જે કાંઈ દુઃખ થયું હોય તો તેની હું ક્ષમા યાચું છું મિચ્છા મિ દુક્કડમ્ પાઠવું છું.

તમે પણ જરૂરથી પાઠવશોને !

બાલવાટિકાના અવનવા ચમકારા તમે સૌ નિહાળી રહ્યાં છો. તમારે માટે બાલ-વાટિકા હંમેશ નિત નવું સાહિત્ય પીરસતું જાય છે. અને તમને સૌને તેમાં આનંદ આવે છે.

તમારી પાસે પણ આવા અવનવા લખાણો હોય તો જરૂરથી મોકલશો. સુયોગ્ય લખાણોને સ્થાન મળશે.

બસ એજ....

રવિશશુ

જૈન શાસન કાર્યાલય, જામનગર

આજનો વિચાર

ધર્મ કરતાં ઉંઘ આવે તે ધર્મ સમજતો નથી.

વધઘટ

પેસેન્જર વધ્યા ટ્રેનો ઘટી
શઠ વધ્યા શેઠ ઘટયા
પ્રપંચ વધ્યા પંચાયત ઘટી
ગુના વધ્યા ડાયરા ઘટયા
બેકારો વધ્યા ઉદ્યોગો ઘટયા
બોધવારી વધી પગારો ઘટયા
બકતા વધ્યા સાંભળનાર ઘટયા
દેવ વધ્યા પૂજનારા ઘટયા
પ્રભાવના વધી પૂન્યાઇ ઘટી
બોપનીયા વધ્યા વાંચનારા ઘટયા

મિતેષ જીગરકુમાર

કથાનક

અપૂર્વ આનંદ

જે પવિત્ર અનુષ્ઠાનો આપણે રોજ આરાધી રહ્યાં છીએ તેનો અપૂર્વ આનંદ આપણને ખરો ?

ના રે ના

આજે ઘણા સાધકોની ફરિયાદ છે કે આવી અમૃત ક્રિયા કરતી વખતે ચિત્ત જે ભાવધારામાં વહેવું જોઇએ તેવું કાં વહેતું નથી ?

ખરેખર ! આન્તર યાત્રા નથી ને અનુષ્ઠાનોનો આનંદ પણ નથી.

આન્તર યાત્રા એટલે તેના મર્મ સુધી પહોંચવું

અનુષ્ઠાનનો આનંદ એટલે પવિત્ર સુત્રોને સ્પષ્ટ ઉચ્ચાર, સામાન્ય અર્થ ત્યાર બાદ વિશેષ અર્થ... મુદ્રાઓનો સમ્યગ... ઉપયોગ બોલતાં બોલતાં જ અર્થની વિચારણા સાથે આંખો ભીંજાઇ જવાની.

આવો જ અપૂર્વ આનંદ શ્રી વીર પરમાત્માના પરમ શ્રાવક શ્રી મહાબુસિંહ ને હતો.

એકવાર ખોટી કાન ભંભેરણીથી માહબુસિંહ શ્રાવક ઉપર રાજા ગુસ્સે થઇ ગયા. વગર ગુને જેલ ભેગાં કરી દીધાં.

સમીસાંજ ઢળવા આવી... પ્રતિક્રમણ વગર કેમ ચાલે ?

બેડીઓ દૂર ન થાય તો પ્રતિક્રમણ કેમ થાય ?

કાયોત્સર્ગ...મુદ્રાઓ...ક્રિયાનું શું...?

ભાઇ, જેલર અત્રે આવીશ, મારું એક કાર્ય કરીશ.

તમારી પાસે ન્યાયિક રીતે ઘણી સત્તા છે. જો તમે મારી બેડીઓ બે ઘડી માટે દૂર કરશો તો હું મારી પવિત્ર ક્રિયાઓ મઝેથી કરી શકું.

જેલરની સત્તા વિશાળ હતી. આ કેદી તો સદ્‌ગૃહસ્થ તે કાંઇ ભાગી જાય તેવો લાગતો નથી.

પણ... પત્રં... પુષ્પમ્... નૈવેદ્યમ્... વિના ક્યાંથી કાર્ય થાય.

કોઈ પણ કામ વજન મુકયા વગર થતું નથી.

"વિરામિન એમ" ની ગરજ આપીશ તો જ આ કાર્ય કરશે.

૬૨ પ્રતિક્રમણ દીઠ મહેનતાણું નક્કી કરી લીધું. નિત્યક્રમ ચાલવા લાગ્યો. દિવસો વહેતા સત્ય વાતથી વાકેફ થયો, ભર કરબારે બોલાવી સન્માન કર્યું. બહુમાન પૂર્વક સ્વગૃહે મોકલ્યો.

ધર્તિથી અંત સુધીની ચર્યા જોતો જેલર મનમાં ગભરાયો. સદ્‌ગૃહસ્થ કદાચ મારા મહેનતાણાની વાતો કરી દેશે તો, મારા બાર વાગી જશે, લાવ શેઠ પાસે જઈ આવું. માફી માંગી લઉં. રકમ પાછી આપી દઉં.

રડતા હૃદયે જેલર શેઠના ગૃહે પહોંચી ગયો. બોળે ટોપી મુકી ગદ્‌ગદ હૈયે માફી માંગી.

શેઠ બોલ્યા, ભાઈ ! મારા કર્મનો જ દોષ છે. મારી અનુમોદ ક્રિયા સમ્યક્‌સર થઈ શકી તેનો મને અત્યંત આનંદ છે. તને આપી તેનાં કરતાં તે પાંચ પચ્ચીશ પચાસ ગણી વધારે માંગી હોત તો પણ હું આપવા તૈયાર થઈ જાત મને જરા પણ દુઃખ ન થાત મારા અનુષ્ઠાનો આચરવાનો અપૂર્વ આનંદ હું વર્ણવી શકું તેમ નથી.

જોયો, ધર્મ સુધી પહોંચેવાનો અપૂર્વ આનંદ.

શ્રી રશ્મ

બાળ ગઝલ

* ગમતું મળે તો અલ્યા, ગુ'જે ન ભરીએ
ને ગમતાં નો કરીએ ગુલાલ.

–ધ્રુવીના

હાસ્ય દરબાર

ટિકિટ ચેકર : ટિકિટ બતાવો !
મુસાફર : 'બોલાઇ ગઈ લાગે છે સાહેબ'
ટિકિટ ચેકર : "કયાં સુધી જવાનું છે ?"
મુસાફર : સાહેબ, એ તો ટિકીટ ઉપર જ લખ્યું હતું.

–અમિષ આર. શાહ

હાસ્ય દરબાર

આ માણસે એની કારકિર્દીનો આરંભ તળીયેથી કર્યો અને હવે ટોચ પર પહોંચ્યો છે. એમ ! એ શું કરતો હતો ?

પહેલાં બુટ પોલિશ કરતો હતો. હવે માથાં મૂંડે છે.

–અમિષ આર. શાહ

જો જો પાપના લક્ષણો...

પાપી પારકી નિંદામાં મસ્ત હોય.
પાપી બીજાનું ભલું ન કરે.
પાપીનું મન સદા કુટિલ રહે
પાપી ઈન્દ્રિયોનું દમન ન કરે
પાપી સદા પાપમાં જ રમે
પાપી મુર્ખાઓની સંગત કરે
પાપી અભિમાનમાં ફરે.
પાપી ગુરુ નો ગુરુ થઈ ને રહે

–અંકિત સંજયકુમાર

– બોધદાયક લઘુકથા –

જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક સજ્જન શ્રીમંતે નગરની બહાર એક સુંદર મહેલ બનાવ્યો. તેની ચારે બાજુ સુંદર ઉદ્યાન બનાવ્યું. તેની ભાવના માત્ર લોકકલ્યાણની હતી કે, મુસાફરો વગેરે અહીં આવે, વિશ્રામ કરે થાક ઉતારે, આરામ કરી તાજા-માજા થઈ પાછા પોતાના માર્ગે આગળ વધે.

દરરોજ અનેક લોકો ત્યાં આવાગમન કરવા લાગ્યા. ત્યાંનો ચોકીદાર હોંશિયાર હતો. તેને થયું લોકોના મનોભાવ જાણવા જોઇએ જેથી સારી ચીજનો પણ દુરૂપયોગ ન થાય એટલે આવનારા લોકોને પૂછવા લાગ્યો કે-ભાઇ! અમારા માલીકે કોના માટે આ સ્થાન બનાવ્યું છે?

આવવાવાળા પોત-પોતાની દૃષ્ટિને અનુસારે પોતાની વાત રજુ કરવા લાગ્યા. એકની એક ચીજને પણ જોવાનો દૃષ્ટિકોણ વ્યક્તિ માત્રનો જુદો જુદો હોય છે.

ચોરોએ કહ્યું કે-એકાન્ત જગ્યામાં અમારા હથિયાર પણ સંતાડી શકાય અને ચોરીના માલનું સારી રીતના વિભાજન કરી શકાય છે.

વ્યભિચારીઓએ કહ્યું કે-કોઇની પણ રોકટોક, ઝટકાયત વગર સારી રીતના સ્વચ્છંદપણું ચોખી શકાય.

જુગારીઓએ કહ્યું-લોકોને ખબર ન પડે અને સારી રીતના જુગાર રમી શકાય માટે.

કલાકારોએ કહ્યું-સારી એકાગ્રતાપૂર્વક કલાની સાધના કરી શકાય માટે

મહાત્માએ કહ્યું-શાંત વાતાવરણમાં મજેથી ભગવાનનું ભજન કરી શકાય અને આત્મશક્તિ મેળવી શકાય માટે.

આ કથાનો સાર એ લેવો છે કે 'જેવી જેની દૃષ્ટિ તેવી સૃષ્ટિ' હોય છે. તેમ આ મનુષ્યજન્મ પણ તે મહેલ અને ઉદ્યાન જેવો રમણીય છે. માટે તેનાથી આત્માની સાધના કરવી તે જ તેનો સાચો સદુપયોગ છે. સૌ પુણ્યાત્મા પરમાર્થ પામી આ જન્મ દ્વારા સાચી આત્મકલ્યાણની સાધના કરો તે જ મંગલ કામના...

પૂ. શ્રી જયશેખરસૂરિ મ. કૃત

' આત્મબોધ કુલકમ્ "

[મૂલ તથા સામા-યર્થ સાર]

- સામાન્યાર્થ વિવેચક -

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૫]

રયણિયરો મિચ્છત્તં, મણુદુક્કઠએ સિલા મમત્તં ચ;
તં ભિંદસુ ભવસેલં ઝાણાસણિણા જિઅ સહેલં ॥ ૩૫ ॥

જ્યાં રાક્ષસ જેવું મિથ્યાત્વ છે, જેમાં મનના પાપથી ઉત્પન્ન થયેલ મમત્વ રૂપી શિલા છે, તે ભવરૂપી પર્વતને, હે જીવ! તું ધ્યાનરૂપી વજ્ર વડે લીલાપૂર્વક ભેદી નાંખ.

દુર્ગમ પર્વત ઉપર શું શું હોય તે બતાવી તેના નાશનો પણ ઉપાય બતાવે છે ઇન્દ્રના હથિયાર વજ્ર આગળ બીજાં બધાં શસ્ત્રો ફોક છે. લૌકિકો માને છે કે પહેલાં પર્વતને પાંખો હતી, ઊડાઊડ કરતા હતા પણ પ્રસંગ પામી ઇન્દ્રે પોતાના વજ્રથી બધા જ પર્વતોની પાંખો કાપી નાખી તેથી પર્વતને ભેદવા શુભ ધ્યાનને વજ્રની ઉપમા આપી છે બાકી શુભ ધ્યાનમાં જ એવી પ્રચંડ તાકાત છે કે કર્મજનિત બધા જ વિકારો અને દોષોને ક્ષણમાત્રમાં લીલાપૂર્વક હત-પ્રહત કરી નાખે-મૂળમાંથી જ ઉખેડી નાંખે. મૂળ જ હણાયું પછી પુનરુત્થાનનો પ્રશ્ન જ નથી તેમ ભવરૂપી પર્વત મૂળમાંથી જ ઉખેડી નંખાયો પછી ભવ કયાંથી આવે ? ॥ ૩૫ ॥

આત્મજ્ઞાન વિનાનું બધું જ્ઞાન નકામું છે તે વાત કરે છે-

જત્થત્થિ આયનાણું, નાણું વિયાણુ સિદ્ધિસુહયં તં;
સેસં બહું વિ અહિયં, જાણસુ આજીવિઆમિત્તં ॥ ૩૬ ॥

જ્યાં આત્મજ્ઞાન છે, ત્યાં નિશ્ચયજ્ઞાન છે અને સિદ્ધિ સુખને આપનારું પણ તે જ જ્ઞાન જાણો. આત્મજ્ઞાન વિનાનું બીજું ઘણું બધું પણ જ્ઞાન આત્માનું અહિત કરનારું છે કાં આજીવિકા માત્ર છે એમ જાણો.

આ વાત વર્ત્તમાન સંદર્ભમાં તો અક્ષરશઃ યથાર્થ બની રહી છે. શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો દર્શન મોહનીય ક્ષયોપશમ વિનાનો જ્ઞાનાવરણીય કર્મનો સુંદરમાં સુંદર ક્ષયોપશમ પણ આત્માનું ભયંકર ભૂંડું કરે છે, અહિત કરે છે, ક્વચ

ઉન્માર્ગે લઈ જાય છે. પોતાની બુદ્ધિ પ્રતિભાથી સ્વકપોલ કલ્પિત મનઘડંત વિચાર ધારાઓ ફેલાવી અનેકને ઉન્માર્ગગામી બનાવે છે. માન-પાન-મોટાઇ અને પ્રસિદ્ધિ આદિના મોહમાં સાચું જાણવા છતાં પણ અનેકને ઉન્માર્ગે લઇ જવાનું સાહસ તેમને સહજ બની ગયું હોય છે. કોઈપણ પાપ, એ પાપ જ નથી લાગતું. ઠાવો તો એવો કરે કે જાણે બધું જ જાણું છું, મારામાં કોઇ ખામી બતાવે તો તેનો ગુનામ બની જાઉં પણ તે બધું માત્ર વાતોડિયાપણું જ હોય છે, વાસ્તવિકતા નહિ.

આત્મજ્ઞાનને જાણવાનો જ પ્રયત્ન કરવો જોઇએ. તેનું થોડું પણ જ્ઞાન સ્વ-પર અનેકને લાભદાયી બને છે. 'સમ્યકત્વ વિનાનો નવપૂર્વી અજ્ઞાની કહ્યો અને અજ્ઞાની ઘણાં કરોડો વર્ષે જેટલાં કર્મ ખપાવે તે જ્ઞાની માત્ર શ્વાસોશ્વાસમાં ખપાવે તે પણ આ જ વાતને પુષ્ટ કરે છે. ॥ ૩૬ ॥

'પાણીમાંથી અગ્નિ ઊઠ્યો' તે વાતને સમજાવે છે-

सुबहुं अहिअं जह जह, तह तह अव्वेणु पूरिअं चित्तं,
हिअ अप्पबोहरहिअस्स ओस हाउ उट्ठिओ वाही ॥૩૭॥

જેમ જેમ ઘણો અભ્યાસ કર્યો તેમ તેમ ગર્વથી ચિત્ત વ્યાપ્ત થયું. આત્મબોધ વગરના હૃદયવાળા એ જીવને માટે ઘણાં બહુતર રૂપી ઔષધમાંથી રોગ પેદા થયો.

'અધુરો ઘડો છલકાય ઘણો' એ ન્યાયે છીછરા હૃદયવાળા જીવોને માટે શાસ્ત્રનું જ્ઞાન પણ શસ્ત્ર રૂપ પરિણામ પામ્યું કહેવાય. આજે તો આ વાત પ્રત્યક્ષ સિદ્ધ દેખાય છે કે જ્ઞાનના લવ માત્રથી અહંકારી બનેલાઓને શોધવા જવું પડે તેમ નથી. જે શાસ્ત્રજ્ઞાન મદનો ઉપશમ કરનારું હતું તે જ શાસ્ત્રજ્ઞાન મદને પુષ્ટ-વધારનારૂ બને તો કહેવું જ પડે કે, પાણીમાંથી અગ્નિ ઊઠ્યો. જે ઔષધ રોગનો નાશ કરે તે જ ઔષધ-માંથી રોગ એવો વકરે કે વાત ન થાય ત્યાં શું કહેવું જમાનાની હવામાં તણાયેલાઓની દશા આવી જ બને તેમાં જરાપણ નવાઇ નથી. જ્ઞાન પરિણામ નથી પામ્યું તે તેમની પ્રત્યેક પ્રવૃત્તિ, રીત-ભાત, ઓલ-ચાલ આદિ ઉપરથી શાણા માણસો તરત જ સમજી જાય છે. તેવાઓથી ચેતતા રહેવામાં સ્વ-પર ઉભયનું કલ્યાણ છે, શાણપણ છે. ॥૩૭॥

'જાણે નહિ અને તાણે ઘણું' તેવાઓની જે હાલત થાય તે બતાવે છે કે-

अप्पाणुमबोहंता, परं विबोहंति केइ तेवि जहा;
बहु परियणंमि छुहिये, सत्तागारेण किं कज्जं. ॥ ૩૮ ॥

આત્માને જાણ્યા-ઓળખ્યા વગર જેઓ પારકાઓને જણાવતા જાય છે તેઓ પણ ખરેખર જડ છે. મુરખ છે. પોતાનો પરિવાર ભુખ્યો હોવા છતાં પણ દાન શાલાને ખોલવાનું કાર્ય કરે તો શું પરિણામ આવે તે કહો- વિચારો !

પોતાની પાસે મુડી કાંઇ નહિ અને પારકાઓને આપવા જાય તો શું પરિણામ આવે ? 'ઘર વેચીને વરો' કરનાર લોકમાં પણ પણ મુરખ શિરોમણિ કહેવાય છે. જાણે કાંઇ નહિ અને તાણે ઘણું' તેવી મનોદશા આજે મોટાભાગની છે લૌકિકની જેમ લોકોત્તર માર્ગમાં પણ પોતાને જે વસ્તુ સમજાઇ-પરિણામ પામી તેના રહસ્યને આત્મસાત્ કરે અને પછી બીજાને સમજાવે તો કાર્ય સિધ્ધિ થાય. પોતે ઢબુના 'ઢ' જેવો હોય અને બીજા આગળ બડાશનો બડેખાં બને તો તે કેવો કહેવાય ? પોતાની જાતને સમજાવ્યા વિના 'પરોપદેશે પાંડિત્યમ્' નો આજે એવો વાયરો વાયો છે કે જેમાં 'નામાંકિત' ગણાતા પણ તણાઇ ગયા છે અને એવા ફસાયા છે કે બહાર તો નીકળી શકે તેમ નથી– બહાર નીકળવા માગતા નથી અને બીજાના પગ ખેંચી પોતાની સાથે તણાય તેમાં 'મહાન વિજય' માને છે. પરોપકાર પણ એવો નથી કરવાનો કે સ્વોપકાર ઘવાય. પણ પકડયું તુત છોડે તો માનહાનિ થાય. તે પસંદ ન હોય એટલે ગાઇ-વગાડીને પણ પણ ખોટું વાજું વગાડયા કરવું તે તેમનો જન્મજાત સ્વભાવ બને છે. ॥ ૩૮ ॥

(ક્રમશઃ)

– શાસન સમાચાર –

શિવગંજ નગરે – પ. પૂ. ગણિવર્ય શ્રી દર્શન રત્નવિજયજી મ. નિશ્રામાં પ. પૂ. શ્રેમંકર વિજયજી મ. આદિની નિશ્રામાં ભવ્ય સંમેલન.

પ.પૂ. ગણિવર્ય શ્રી દર્શન રત્નવિજયજી મ. તથા પ. પૂ. ખેમંકરવિજયજી મ. ની શુભ નિશ્રામાં રાજસ્થાનમાં જૈનો વિરૂધ્ધ દુષ્પ્રચાર કરનાર, સાધુ–સાધ્વીયોને ગાલી દેનાર અને સાધુઓના માથે નારિયેલ ફોડનાર મંડલના પ્રચારને રોકવા માટે શ્રાવણ વદ ૪ રવિવાર દિ. ૧–૯–૬૬ને સફલ સંમેલન થયેલ. તેમાં જયપુરના રિટાયર્ડ ન્યાયાધીશ જસરાજજી ચોપડા આદિ ઘણા અતિથિયો પધારેલ. તેમાં જૈનો વિરૂધ્ધ દુષ્પ્રચાર રોકવામાં ન આવશે તો ધીરે ધીરે સાધુ–સાધ્વીના વિહાર રાજસ્થાન બંધ થઇ જશે વિગેરે પ્રવચન પૂ. ગણિવર્ય શ્રી દર્શનરત્નવિજયજી મ. તથા પ. પૂ. ભાવેશ રત્નવિજયજીએ કરેલા ત્યારબાદ અનેક વક્તવ્યો થયેલ. ત્યારબાદ જોરશીલી ભાષામાં જસરાજજી ચોપડાનું વક્તવ્ય થયેલ. ટીપ થયેલ. આ અનોપ મંડલના પ્રચારને રોકવા માટે પ્રયત્ન કરવા કટિબધ્ધ થશે. અને તેમને સમજ આપવા પ્રવૃત્તિ કરવાની રહેશે.

*

શેરીસા અમદાવાદ–અત્રે પૂ. મુ. શ્રી ચરણપ્રભ વિજયજી મ.ની નિશ્રામાં આરાધનની રેલમછેલ ચાલે છે. કલ્યાણક આરાધના, પ્રવચનો તથા ભવોભવના પાપોની ઘોરસિરાવવાની ક્રિયા વિ. થાય છે.

*

શાસન સમાચાર

લક્ષ્મીવર્ધક સંઘને આંગણે શાસન પ્રભાવના

તપાગચ્છાધિપતિ, દીક્ષાયુગપ્રવર્તક, પરમશાસન પ્રભાવક, મહારાષ્ટ્રાદિ દેશોદ્ધારક પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂ. મ.શ્રીની પાંચમી સ્વર્ગારોહણ તિથિની ઉજવણી નિમિતે લક્ષ્મીવર્ધક જૈન સંઘ પાલડીના ઉપક્રમે ભવ્ય પાંચ દિવસીય જિન ભક્તિ મહોત્સવ ઉજવાયો. વિવિધ પૂજા-પૂજનો-ઉપરાંત પૂ.શ્રીના જીવનની મુખ્ય પાંચ ઘટનાઓનો તાદશ કરતી રંગોળીઓની રચના અત્યંત આકર્ષણનો વિષય બની હતી. મહારાષ્ટ્રના ગુણવંત માંજરેકરની કંપનીએ આલેખેલ રંગોળીઓ હાથ કારીગરીનો બેનમૂન નમૂનો છે. સાક્ષાત્ સૂરિરાજ પધાર્યા હોય એવો દેખાવ ઉભો થવા પામ્યો હતો, તા. ૬-૮-૬૬ ના ઉદ્ઘાટન થયા બાદ હજારોની સંખ્યામાં ભાવિકોએ કતારબદ્ધ દર્શન કરવાનો લાભ લીધો હતો. ૧૪-૮-૬૬ સુધી આ રંગોળીઓ પબ્લીક માટે દર્શનાર્થે રાખવામાં આવી હતી.

આમાં પહેલી રંગોળીમાં આત્મારામજી મહારાજ અને રામચંદ્રસૂરિજી, બીજીમાં પ્રવચન મુદ્રામાં પૂ.શ્રી, ત્રીજીમાં વૃષભની જેમ શાસનભાર વહન કરતા તેઓશ્રી, ચોથી રંગોળીમાં શાસન સિદ્ધાંત રક્ષા માટે અડગ રહેલા તેઓશ્રી પાંચમીમાં સાબરમતીના આંગણે તેઓશ્રીના ભવ્ય સ્મૃતિ મંદિરના દર્શન કરાવવામાં આવ્યા હતા.

સ્વ. પૂ.શ્રીના શિષ્ય પ્રશિષ્ય વર્ધમાન તપોનિધિ પૂ. આ. શ્રી વિ. ગુણયશ સૂ. મ. તથા પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિ.

—: માહિતી ખોકલો :—

મુમુક્ષુરત્ન શ્રી જયેન્દ્રભાઇ વેલજીભાઇ હરખિયા (કે જેઓ હાલ મુનિશ્રી જિતધર્મ વિ. ના રૂપમાં સંયમની સાધના કરી રહ્યા છે.)ના જીવન પ્રસંગો છાપવા અંગે અમારી ભાવના હોવાથી જે જે સંઘો—મહાનુભાવો પાસે જયેન્દ્રભાઇની જેટલી વિગતો વરઘોડા આદિની હોય, ફોટા હોય તેમને તાત્કાલિક પહોંચાડવા નમ્ર આમંત્રણ છે.

શ્રી મહાવીર શાસન કાર્યાલય

C/o. શ્રુત જ્ઞાન ભવન,

૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર

કીર્તિયશ સૂ મ.ની નિશ્રા અને માર્ગદર્શનાનુસાર લક્ષ્મીવર્ધક સંઘે અનેક શાસન પ્રભાવક કાર્યક્રમો યોજ્યા હતા. જેમાં 'જૈન યોગ'પર વ્યાખ્યાનમાળા રવીવારીય 'રામાયણનો સંસ્કાર વારસો' વિષયક પ્રવચનો, શનિવારે યોગ માટે જરૂરી નિયમો તેમજ શ્રાવકના કર્તવ્યો અંગે પ્રવચનોમાં હકડેઠઠ મેદની ઉભરાય છે. વિવિધ તપોનુષ્ઠાનની પણ યોજના કરવામાં આવી છે. આ રવિવારે પૂ શ્રીના ૨૧ પુસ્તકોનો ભવ્ય વિમોચન સમારોહ ઉજવાયો હતો. મંગળવારે પાલડી કર્શન બંગલે (સમાધિ સ્થળ) વરઘોડા સાથે શ્રી સંઘ પધાર્યો હતા. આ રીતે એકંદર ઉલ્લાસપૂર્વક વિવિધ કાર્યક્રમો ઉજવાઈ રહ્યા છે.

પૂ. આ. ભક્તિસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના ચાતુર્માસ

૧ પૂ.આ. પ્રેમસૂરીશ્વરજી મ.સા., પૂ.આ પદ્મસૂરીશ્વરજી મ. સા. પંન્યાસ ચંદ્રસેન વિ. મ. આદિ ઠાણા, સમ્મેતશિખરજી તીર્થ, ગિરિડીહ, બિહાર.

૨. પૂ.આ. વિનયચંદ્રસૂ મ. સા. પૂ. આ. કલ્પજય સૂ. આદિ ઠાણા
શાહપુર, અમદાવાદ

૩. પૂ.આ. રૂચકચંદ્ર સૂ. મ. સા. કરણીયાજીનગર, તળેટીરોડ, પાલીતાણા સૌ.

૪. પૂ.આ. લબ્ધિ સૂ. મ.સા. આદિ અંકુરજૈન ઉપાશ્રય નારાયણપુરા, અમદાવાદ

૫. પંન્યાસ અરૂણ વિ. આદિ
લુણાવા જૈન ઉપાશ્રય જી. પાલી (રાજ.)

૬. પંન્યાસ શાંતીચંદ્ર વિ. આદિ
મહાસુખનગર, કૃષ્ણનગર પાસે, અમદાવાદ

૭. પંન્યાસ ભાનુચંદ્રવિ. દેવચંદનગર જૈન ઉપાશ્રય, મલાડ (ઇસ્ટ) મુંબઈ

૮. મુનિરાજ ચંદ્રશેખર વિ. આદિ સુમતીનાથ જૈન દેરાસર, નાની વાસણ શેરી, અમદાવાદ

૯. મુનિરાજ મેરૂવિ. આદિ સાચોર રાજ.

૧૦. મુનિ. ભદ્રસેન વિ. યશોવિજય
આરાધના સદન, પાલીતાણા

૧૧ મુનિ વિદ્યાચંદ્ર વિ
૧૦૮ પાર્શ્વ ભકિત વિહાર, શંખેશ્વર

૧૨. મુનિ હરિસેન વિ. પાલીતાણા

૧૩. મુનિ જયચંદ્ર વિ. બોરીવલી

૧૪. ,, અજોમોલરત્ન વિ. આરાધના ભુવન ઝરાનીવાડ, મુંબઈ, શાંતીલાલ મોદી રોડ, કાંદીવલી (વેસ્ટ)

૧૫. મુનિધર્મચંદ્રવિ. બોરીવલી મુંબઈ

બોરીવલી-વેસ્ટ : ચંદાવર લેનમાં પૂ. મુ. શ્રી ભુવનરત્ન વિ. મ. ની નિશ્રામાં તથા પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. આદિની નિશ્રામાં પૂ. આ. શ્રી વિ. [illegible] સૂ. મ. ની પાંચમી સ્વર્ગતિથિ નિમિતે ત્રિદિવસીય ભવ્ય મહોત્સવ ઉજવાયો. ગુણાનુવાદ પૂજાઓ સંઘપૂજન થયા ગુરૂપૂજનનો લાભ સંઘવી કાંતિલાલ ગીરધરલાલ વોરાએ લીધો.

અષ્ટોત્તરી સ્નાત્ર ઠાઠથી ભણાવેલ ચૌદશ હોવાથી પૌષધ સારી સંખ્યામાં થયા.

શ્રી જૈન શાસન (અઠવાડિક) Reg No. 3. SEN 84

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- ગુરૂપૂજનનું દ્રવ્ય વૈયાવચ્ચમાં જાય જ નહિ, કેમકે ગુરૂનિશ્રાએ દ્રવ્ય કેાતું નથી. માટે ગુરૂપૂજનમાં મુકેલ દ્રવ્ય દેવદ્રવ્યમાં જ જાય.
- ગુરૂ એટલે ભગવાનને બંધાયેલા ભગવાનની આજ્ઞા મુજબ બેાલનારા ચાલનારા અને વર્ત્તનારા.
- જીવને ખરેખર મજા ત્યારે જ આવે કે- વારંવાર સતત મેાક્ષ જ યાદ આવ્યા કરે. દુનિયાના પદાર્થો પરનેા રાગ પણ ન રહે. આ શરીરનેા પણ મેહ ઉતરી જાય, દુઃખ વેઠવામાં આનંદ આવે તેા ?
- શરીરનેા જ પૂજારી ધર્મ માટે અયેાગ્ય કેાઈપણ પ્રતિજ્ઞા ભાંગતા તેને ક્ષણ પણ લાગે નહિ.
- જેને સંસારનું સુખ માત્ર મજેનું લાગે છે, સુખનું સાધન શરીર સારૂ લાગે છે. તે માટે જે કરવું પડે તે કરવા તૈયાર છે. અન્તે બધા સંસારમાં જ ભટકવાના છે.
- આ શરીર 'મિત્ર' જેવું લાગે છે તે 'શત્રુ' જેવું ન લાગે અને દુનિયાનું સુખ જ મેાટામાં મેાટું, દુઃખનું કારણ છે આમ પણ ન લાગે ત્યાં સુધી શાસનનેા રસ પેદા થાય નહિ.
- સંસારનાં સુખ હંમેશાં દુઃખ આપનારા છે. એકપણ સંયેાગની ઇચ્છા ન હેાય તે બધા સુખી !
- સાંભળેલું સમજ્યા વગર ચેન ન પડે અને સમજ્યા પછી તે ભૂલાય નહિ તેનું નામ શ્રેાતા !
- સંસાર તે જ આત્માનેા રેાગ છે વિષયની આધીનતા અને કષાયની પરવશતા તે જ સંસાર છે. તે સંસારના નાશ માટે સદ્‌વિચાર તે પરમૌષધ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (ક્રા માણાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, કુદરત પ્રકાશક સુરેશ ક. શાહ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)માં પ્રગટ કર્યું

9262

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

તેની દીક્ષા નિષ્ફલ છે.

कषाया यस्य नो छिन्ना, यस्य नात्मवशं मनः ।

इन्द्रियाणि न गुप्तानि, प्रवज्या तस्य निष्फला ।।

જેના કષાયો નાશ પામ્યા નથી, જેનું મન પોતાને વશ નથી, જેની ઇન્દ્રિયો ગુપ્ત નથી, તેની પ્રવ્રજ્યા નિષ્ફલ છે.

વર્ષ ૯ અંક ૭+૮

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ

જામનગર

(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન

Received 7-10-96

પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
પો. ગાંધીનગર, પિન-382009.

Received 7 OCT 1996

— શાસન સમાચાર —

પ્રભાવક યુગપુરૂષ પૂજ્યપાદ સૂરિરામને પાંચમી પુણ્યતિથીએ ભાવાજંલી સાથે કોટી કોટી વંદના...

[સંકલન : પ્રકાશ ગાંધી (સુલસા ટ્રાવેલ્સ, વડોદરા)]

જૈન શાસનનાં જ્યોતિર્ધર, સંઘકોશદ્યાધાર, જિનાજ્ઞાવિહિત સિધ્ધાંત સંરક્ષક, શુધ્ધમોક્ષમાર્ગ પ્રરૂપક, સમકિતદાતૃત્વ દીક્ષાયુગપ્રવર્તક વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ની પાંચમી પુણ્યતિથીએ સારાયે વડોદરા શહેરમાં શ્રી સંઘોએ-ભકતવર્ગે ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણાર્થે અત્રે ભવ્ય-પ્રભુભકિત ગુરૂભકિત આયોજન આદર્યા હતાં. ગુરુ ગુણાનુવાદ, સમુહસ્મરણાત્ર, સમુહ સામાયિક, સમૂહ આયંબિલ, પ્રભુની પંચકલ્યાણક પૂજા અને રાત્રે અલૌકિક ભકિત ભાવનાના મંગલ કાર્યક્રમો થયેલ. દરેક મંગલ ભકિત પ્રસંગે નવાંગી ગુરુપૂજન, સંઘપૂજન, પ્રભાવનાદિ થયેલ.

શ્રી તપાગચ્છ રત્નત્રયી આરાધક સંઘ, ઘડીયાળી પોળ શ્રી સુભાનપુરા જૈન સંઘ તથા શ્રી તપાગચ્છ જૈન હસ્તણી સંઘો આદીએ પૂજ્યશ્રીનાં આત્મ શ્રેયાર્થે લાભ લીધેલ. આ પાવનપુણ્ય કાર્યક્રમોની ભૂરી ભૂરી અનુમોદના શ્રી સંઘો કરે છે.

આ પ્રસંગે શ્રી ચિંતામણી પાર્શ્વપ્રભુ જિનાલયે લાખોની ઝવેરાતની આંગી, પીપળા શેરી આંગણે હતી ત્યાં રાત્રે શ્રી આદિનાથ જિનભકિત મંડળે જુના શાસ્ત્રીય સંગીતની સુરાવલીમાં સ્તવનો ગાઇ ભકતવર્ગને પ્રભુભકિતમાં લયલીન બનાવ્યો હતો. શ્રી તપાગચ્છ પીપળા શેરી સંઘે વડોદરા શહેરના ૩૬ તમામ શ્રી જિનાલયોમાં પ્રભુ આંગી પૂ.શ્રીના આચાર્યપદ પર્યાયની અનુમોદનાર્થે રાખેલ.

આજે જૈન જગતમાં જોટો ન જડે તેવા મહાન તપસ્વીઓમાંના એક પૂજ્ય મુનિશ્રી વિનયધરવિજયજી મ. સા. ની નિશ્રામાં ગુણાનુવાદ શ્રી સુભાનપુરા જૈન સંઘે રાખેલું હસ્તગિરી ઉધ્ધારક પૂજ્યશ્રીનાં પ્રચંડ પ્રભાવી શાસન કાર્યો અને શુધ્ધ સંયમ યાત્રાની પૂજ્યપાદ જૈનાચાર્ય સૂરિસમ્રાટ સૂરિરામની પૂ. ગુરૂદેવની સાહેબજીની જીવન ઝરમર હૃદયદ્રાવક અંતરવાહી શબ્દોથી તપસ્વી મુનિશ્રીએ કરી કહ્યું હતું :

મનના મનોબળને અને તનને તત્કાળ શ્રી જિનશાસન માટે અડગ-અચલ જિનાજ્ઞાબધ્ધ બનવા ન્યોચ્છાવર કરો... સંદેશો આપ્યો હતો—આ પરમ, તારક ગુરૂદેવ શ્રી અરિહંત પ્રભુના શ્રી જિનશાસન સાથે થતાં સુધારકવાદનાં સદાચાર ઘાતક અડપલાં કોઇ કાળે ન ચલાવવા દરેક આરાધક પૂજ્યપાદશ્રીનાં ચીંધેલા માર્ગે તૈયાર રહેશો... ઉત્સાહી બનશો....શાસનનું રક્ષણ, પ્રભાવના કરશો. આમ માનવ જીવનને સાર્થક બનાવી મોક્ષ નજીક બનાવી વહેલામાં વહેલા સૌ મોક્ષગામી બનો એક અભ્યર્થના આશીર્વાદ. પૂ.શ્રીને સૌએ કોટીશ: વંદના કરી હતી.

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
ચુનીલાલ ગુલાબચંદ ગુઢકા (મુલુન્ડ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ પદમશી ગુઢકા (થાણા ગઢ)

વર્ષ : ૯] ૨૦૫૨ ભાદ્રપદ વદ-૫ મંગળવાર તા. ૧-૧૦-૯૬ [અંક : ૭+૮

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૪ મંગળવાર તા. ૧૪-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જૈનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રવચન ૧૨ મું) -અવ૦

તમને લેણું ન આવે તો આવાનું ન ભાવે. પણ દેણું ન અપાય તો આવાનું ન ભાવે તેઓ અનુભવ છે ? આવો સમકિતી હોય ખરો ? સમકિતીને દુનિયાનું સુખ ભોગવવું પડે તે દેવું ચૂકવાય માટે ભોગવે છે. માટે જ સમકિતી સાધુપણાંનો અર્થી હોય છે. જેને સાધુપણું ન જોઇએ તે શ્રાવક પણ નહિ, સમકિતી પણ નહિ અને પહેલે ગુણઠાણે પણ નહિ.

માર્ગાનુસારી જીવ પહેલે ગુણઠાણે હોય છે તે કેવી રીતે જીવે છે તે ખબર છે ? તે પોતાની મૂડીનો અડધો ભાગ કે ત્રીજો ભાગ ધર્મ ખાતે જ મુકી દે છે. જે ભાગ બાકી રહ્યો તેના પાછા ત્રણ ભાગ કરે. એક ભાગ વેપારમાં રોકે, એક ભાગ આજીવિકા માટે રાખે અને એક ભાગ જમીનમાં દાટે. કોઇ દા'ડો તે પારકે પૈસે વેપાર ન કરે. વેપારમાં આસમાની સુલતાની થઇ જાય તો જમીનમાં દાટયા હોય તેમાંથી ચૂકવી દે, મોટેભાગે તેને દેવાળું કાઢવાનો વખત ન આવે. અનીતિથી પૈસો મેળવવો તેના કરતાં ઝેર ખાઇને મરી જવું સારૂં આવી તેની માન્યતા હોય છે. આજે આવો માર્ગાનુસારી જીવ પણ મોટેભાગે ન મળે. તે માર્ગાનુસારિપણું નથી પળાતું તેનું દુઃખ પણ મોટાભાગના હૈયામાં દેખાતું નથી. આજના અનીતિ

કરનાર જીવોને 'હું અનીતિ કરું છું તે ખરાબ છે' એવું દુઃખ પણ છે? આવું દુઃખ ન હોય તે જીવો માર્ગાનુસારી પણ હોય? જે જીવ માર્ગાનુસારી પણ ન હોય તે આ ધર્મ સાંભળવાનો પણ અધિકારી નથી. ગમે તેટલું સાંભળે તો પણ તેને ન બેસે તે તો ઉપરથી એમ કહે કે-"શાસ્ત્રકારોને શી ખબર પડે, સાધુઓને શી ખબર પડે કે અમે કેમ જીવીએ છીએ? તેમને તો 'મરેલનું આવું છે અને મરજિંદુ સૂવું છે' અને કહેવું છે કે- અનીતિ ન થાય. અનીતિ ન કરીએ તો શું મરી જઈએ?' અનીતિ કરતાં ય તમને બધાને દુઃખ નથી માટે તમે શ્રાવક પણ નથી, સમકિતી પણ નથી અને ધર્મી પણ નથી ગમે તેટલો ધર્મ કરતા હોય તો પણ.

શાસ્ત્રે કહ્યું છે કે- સાધુપણું પામવાની ઇચ્છા વિના ભગવાનની પૂજા કરે તો તે પૂજા પણ પૂજા નથી પણ અપૂજા છે. તમે બધા રોજ ભગવાનની પૂજા કરો છો? રોજ સાધુપણું પામવાની ઇચ્છા થાય છે? ભગવાનને જોઈને મોક્ષયાદ આવે છે? રોજ મોક્ષે જવાનું મન થાય છે? સાધુને જોઈને સાધુપણું યાદ આવે છે? સાધુ થવાની ઇચ્છા થાય છે? બીજાને ધર્મ કરતા જોઈને તમને ધર્મ કરવાનું મન થાય છે? સગા સ્નેહીને અધર્મ કરતા જોઈને અધર્મ કરતા જોઈને કંપારી આવે છે? તમે બધા સંસારમાં રહ્યા છો તે મઝેથી રહ્યા છો કે દુઃખથી રહ્યા છો? હજી સુધી સાધુ કેમ નથી થયા? સાધુ થવું જ ન હતું માટે સાધુ નથી થયા કે સાધુ થવાની શક્તિ ન હતી માટે સાધુ નથી થયા? હજુ પણ સાધુપણું મળે તો સારું, ન મળે તો આ જન્મ એળે જાય છે તેમ પણ તમને થાય છે? મરતી વખતે તમારો જ દિકરો પૂછે કે-"પિતાજી! શું ઇચ્છા બાકી રહી છે તો શું કહો?' એમ જ કહો ને કે-"દિકરા! આ જન્મમાં પામવા જેવું સાધુપણું ન પામી શક્યો તેનું દુઃખ છે. તું મારા જેવો ન રહેતો. તાકાત હોય તો વહેલામાં વહેલો સાધુ જ થઈ જજે.' કે પછી એમ કહો કે-'આ આ સાચવજે. બાના આના ઘેર ન જતો.' તમે તમારા સંતાનોને શું કહો છો? અને શું કહીને જવાના છો?

આજે તમે તમારા સંતાનોને ધર્મનું કશું નથી ભણાવતાં અને સંસારનું બધું જ ભણાવો છો તે શા માટે ભણાવો છો? અમે અમારા સંતાનોને એટલા માટે ભણાવીએ છીએ કે- ભણે તો તે સાચું-બોટું સમજે. સાચું-બોટું સમજ્યા પછી મરી જાય તો ય બોટું ન કરે અને સાચું કરવાની શક્તિ હોય તો કર્યા વિના ન રહે! આટલું પણ ન કહે તો તેને શ્રાવક કહેવાય ખરો? આજે તો એમ કહે છે કે- 'ભણશે નહિ તો આશે શું?

શ્રાવક એટલે બધા સંસારી જીવો કરતાં જુદો માણસ. રહે સંસારમાં પણ સંસારનો જેને ખપ નહિ. જે ઘરમાં રહ્યો હોય તે ઘરને પણ છોડવા જેવું જ માને. તમને આ વાત મંજુર છે? જેને સાધુપણું ન જોઇએ તેને અમે શ્રાવકપણું આપી શકીએ? સમકિત પણ ઉચ્ચરાવી શકીએ? ઉચ્ચરાવીએ તો અમને પણ દોષ લાગે. જે શ્રાવકપણું લેવા આવે તેને અમે સમજાવીએ કે ખરેખર ધર્મ તો આ સાધુપણું છે. ત્યારે તે કહે કે-'ભગવન્! આપની વાત સાચી છે. પરન્તુ તે સાધુપણું લેવાની શક્તિ આવે તે માટે આ શ્રાવકપણું લઉં છું" તો તેને શ્રાવકપણું આપીએ તે ધર્મ.

જે જીવ શ્રાવક થયો એટલે ખરેખર સુખી થયો. તેને આ સંસારનાં સુખ પ્રત્યે અભાવ જન્મી ચૂક્યો. પછી તે આ સંસારનું સુખ ભોગવવા જેવું નથી તેમ ન માને તે ત્રણ કાળમાં બને ખરૂં? આ ઘર પણ રહેવા જેવું છે. ખરૂં? તમે પેઢી કરો છો તે કરવા જેવી છે ખરી? મઝેથી ખાવ છો, પીઓ છો, મઝા કરો છો તો તે કરવા જેવી છે ખરી? આ કિંપાકનાં ફળ જાણતા હોત તો તમે ખાત ખરા? બીજાને પણ ખાવા દેત ખરા? તેમ આ સંસારનાં સુખ ભોગવવાં જેવાં નથી તેમ કદી પણ છોકરાને કહ્યું છે ખરૂં? તમે તો તમારાં સંતાનોનાં લગ્ન મઝાથી કરો છો, લગ્નને લહાવો માનો છો.

શ્રાવક પોતાનાં દિકરા-દિકરીનાં લગ્ન મઝાથી કરે કે ન છૂટકે કરવાં પડે માટે કરે? પોતાનું સંતાન સાધુ ન થાય અને સંસારમાં રહે તો અનાચારી ન થાય, ઉન્માર્ગે ન જાય માટે લગ્ન પવિત્ર મનાય છે પણ શ્રાવક તેને પાપ માને, કરવાં જેવું નથી તેમ માને. શ્રાવકને કોઇના લગ્નમાં જવાની મના છે તે ખબર છે? લગ્નનું જમણ પણ ન આય તેવા નિયમવાળા પણ શ્રાવકો હોય છે. ઘરમાં કોઇ કરનાર ન હોય તો જ તે તેમાં ભાગ લે, બાકી ભાગ પણ ન લે. શ્રી કૃષ્ણ મહારાજા, શ્રી ચેડા મહારાજાદિએ કન્યાદાન નિવાર્યું છે.

એક ગામમાં મારા વ્યાખ્યાનમાં દૂર ઉભા રહેલા એક જૈનેતરે સાંભળ્યું કે-'લગ્ન એ તો પાપની ક્રિયા છે. છોકરાના લગ્નને કરનાર બીજા હોય તો તેમાં પણ ભાગ ન લેવો જોઇએ. બધા આપણને ગાંડા કહે તો સમજવું કે આપણામાં ધર્મ આવ્યો.' હવે તેને ત્યાં તેના જ છોકરાના લગ્નનો પ્રસંગ આવ્યો તેને તેમાં ભાગ લેવો ન હતો એટલે લગ્નના દિવસે મેડી ઉપર ચઢી રૂમનું બારણું બંધ કરીને બેસી ગયો. બધાએ તેને આવવા માટે ઘણો બોલાવ્યો પણ સાંભળતો ન હોય તેમ રહ્યો. બધા થાકીને કહે કે, સાવ ગાંડો થયો છે જવા દો. બધાએ તેને 'ગાંડો થયો છે' એમ કહ્યું તો તે તે સાંભળીને નાચ્યો કે- આજે હું ધર્મ પામ્યો. બહુ ખુશી થયો. ફરી અમે પાછા તે ગામમાં આવ્યા ત્યારે રસ્તામાં કીચડ થયો હોવા છતાં મને સાક્ષાત્ પ્રણામ કર્યો. મે પૂછયું કે આ શું કરે છે? ત્યારે મને કહે કે-"આપે તો મને બચાવી લીધો. ધર્મ પમાડી" અને ઉપરની બધી વાત કરી ત્યારે મને ખબર પડી. (ક્રમશઃ)

જૈન શાસન વિશેષાંક

નવા વર્ષનો વિશેષાંક પ્રગટ કર્યો નથી.
તેને બદલે દિવાળી ઉપર વિશેષાંક પ્રગટ થશે.

– શાસન પ્રભાવક શ્રમણી રત્નો –

અંક પ્રગટ થશે આસો વદ-૩ મંગળવાર તા. ૨૯-૧૦-૬૬

❋ લેખ : તા. ૧૧-૧૦-૬૬ સુધી મોકલી આપશો.
શુભેચ્છા : તા. ૨૧-૧૦-૬૬ સુધી મોકલી શકાશે.

આ વિશેષાંક માટે લેખો વિ. મોકલી આપવા પૂ. આ. ભ. આદિને વિનંતી છે. તથા શુભેચ્છકો આદિ તથા શુભેચ્છાઓ વિ. માટે પ્રયત્ન કરીને ખાસ મોકલવા સર્વે વાંચકો તથા માનદ પ્રચારકોને વિનંતી છે.

આજીવન વિશેષાંક સૌજન્ય રૂા. ૧૧૦ હજાર
આજીવન ,, સહાયક રૂા. ૫૦ હજાર
આજીવન ,, શુભેચ્છક રૂા. ૧૦ હજાર

–: વાર્ષિક વિશેષાંક :–

શુભેચ્છક રૂા. ૧૦૦૦ સહાયક રૂા. ૫૦૦૦ આજીવન સભ્ય રૂા. ૫૦૦૦
શુભેચ્છા જાહેરાતો ૧૦ પેજ રૂા. ૫૦૦૦ અડધું પેજ રૂા. ૩૦૦ ¼ પેજ રૂા. ૧૫૦૦
પરદેશમાં શુભેચ્છક રૂા. ૩૦૦૦ સહાયક રૂા. ૫૦૦૦
શુભેચ્છા જાહેરાત એક પેજ રૂા. ૧૦ હજાર અડધું પેજ રૂા. ૫૦૦૦ ¼ પેજ રૂા. ૩૦૦૦

❋ શ્રી જૈન શાસન કાર્યાલય ❋

C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર)

પરમાત્મ પૂજા

—પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્તસૂરીશ્વરજી મ.

અનંતોપકારી દેવાધિદેવ શ્રી વીતરાગ પરમાત્માના શાસનની જેઓને પ્રાપ્તિ થઇ છે, તેઓના પુણ્યની કોઇ અવધિ નથી. આવા નિરવધિ પુણ્યપ્રકર્ષને લઇને જેઓ કલિકાલમાં શ્રી જૈનકુળમાં જન્મ્યા છે એ બધા જ શ્રી અરિહંત પરમાત્માના પરમતારક શાસન પ્રત્યે પૂજ્યભાવ ધરાવે જ છે—એવું અત્યારે કહી શકાય એમ નથી. આ કલિકાળના પ્રભાવે અને તે તે જીવોના અયોગ્ય સ્વભાવે કરીને, પ્રબલ પુણ્યોદયે શ્રી તીર્થંકર પરમાત્માન. પરમતારકશાસનને પામ્યા પછી પણ બહુ ઓછા જીવોને એ પરમતારક શ્રી જિનશાસન પ્રત્યે પૂજ્યભાવ જન્મે છે. આવા કપરાકાળમાં દેવાધિદેવ શ્રી સર્વજ્ઞભગવંતો પ્રત્યે અને તેઓશ્રીના એકાંતે કલ્યાણકર શાસન પ્રત્યે જેઓને પૂજ્યભાવ જાગ્યો છે અને એના યોગે જેમને તે શાસન પ્રત્યે સમર્પણભાવ પ્રાપ્ત થયો છે—એવા લઘુકર્મી પુણ્યાત્માઓને તરવાનાં શ્રેષ્ઠ આલંબનોમાં પરમતારક શ્રી જિનબિંબ શ્રેષ્ઠ આલંબન છે.

ન્યાયોપાર્જિતધનનો વિધિપૂર્વક ખૂબ જ ઉદારતાપૂર્વક વ્યય કરી પરમપવિત્ર ભૂમિ ઉપર શ્રી જિનાલયનું નિર્માણ કરી, જ્ઞાનાદિ પંચાચારથી પવિત્ર એવા સુવિહિત આચાર્યભગવંતના વરદહસ્તે પ્રતિષ્ઠિત થયેલા પરમતારક શ્રી જિનબિંબને, પરમપવિત્ર શ્રી જિનાલયમાં બહુમાનપૂર્વક પ્રતિષ્ઠાપન્ન કરતાં પૂર્વ આપણા મનમાં તેની પ્રતિષ્ઠા કરવાની છે. શાસ્ત્રાનુસારી વિધિપૂર્વક આ રીતે પ્રતિષ્ઠા પામેલા શ્રી જિનબિંબની ત્રિકાળપૂજા સ્વદ્રવ્યથી જ કરવાનું શાસ્ત્રકારપરમર્ષિઓ ફરમાવે છે—એ રીતે જેઓ પૂજા કરવા માટે શક્તિસંપન્ન નથી, એવાઓ માટે દેવાધિદેવ શ્રી વીતરાગપરમાત્માનાં દર્શન—વંદન તેમજ દેરાસરનો કાજો કાઢવો, પાણી ભરવું, વાસણ માંજવા, અંગલુછણાં સાફ કરવાં, પુષ્પ ગુંથવાં, વગેરે અનેક દેરાસરસંબંધી કાર્યો કરવાનું ફરમાવ્યું છે. સ્વદ્રવ્યથી જ જિનપૂજા તે મૂળવિધિ છે. પરંતુ સંયોગવશ તેવી અનુકૂળતા વિનાના સાધર્મિકો માટે વિવેકપૂર્વકની સગવડ રાખવી તે પણ શ્રી જિનભક્તિ અને સાધર્મિકભક્તિનો એક પ્રકાર છે. છતી શક્તિએ આવી સગવડ લેવામાં અને દેવદ્રવ્યાદિમાંથી આવી સગવડ આપવામાં ઘોર વિરાધના છે.

આ વાત લક્ષ્યમાં રાખી સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવા—કરાવવાનું સામર્થ્ય કેળવવું જોઇએ. સંયોગવશ આમ ન જ બને તો, સ્વદ્રવ્યથી જ જિનપૂજાના સિદ્ધાંતનો આદર હૈયામાં રાખી અપવાદે યોગ્ય સગવડ લેવા—આપવામાં દોષ નથી. શ્રી વીતરાગ પરમાત્માની પૂજા—સેવાદિ પરમપવિત્ર ક્રિયાઓ તેઓશ્રીની પરમતારક આજ્ઞાનુસારે હોય

તો જ સફળ છે. અન્યથા તે અનિષ્ટનું કારણ બને છે–એ વાત રાખ્યા વિના ચાલે એમ નથી. વર્ત્તમાનમાં ચાલી રહેલી એ પ્રવૃત્તિઓ કેટલી શાસ્ત્રાનુસારી છે–એ વિચારવાની ઘણી આવશ્યકતા છે. અનંતદુઃખમય આ સંસારથી મુક્ત બની અનંતસુખમય મોક્ષ-પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય દર્શાવીને આપણી ઉપર કરેલા અનુગ્રહનું મૂલ્ય સમજાયા વિના દેવાધિદેવની પૂજા-સેવા તેઓશ્રીની પરમતારક આજ્ઞામુજબ કરી શકાય એ શક્ય નથી.

શ્રી વીતરાગ પરમાત્માએ આપણી ઉપર અસીમ અનુગ્રહ કર્યો છે. આવા વિષમ-કાળમાં તેઓશ્રીની અગાધ કૃપાથી આપણે સુખમય દેખાતા પણ સંસારની અસારતા સમજીને અંશતઃ પણ મોક્ષમાર્ગની પરમતારક સાધના કરવા શક્તિમાન બન્યા છીએ. પરમકૃપાલુ દેવાધિદેવે પુણ્યથી મળેલા સુખને છોડવાનું અને પાપથી મળેલા દુઃખને મજેથી વેઠવાનું આપણને શીખવાડ્યું છે. વર્ત્તમાનના વિષમ વાતાવરણમાં પણ આપણે શાંતિ અને સમાધિનો અનુભવ કરી શકતા હોઇએ તો એ બધો પ્રભાવ પરમતારક શ્રી તીર્થંકર ભગવંતના પરમતારક શાસનનો છે. આવા જયવંતા શ્રી જિનશાસનને પ્રાપ્ત કરી શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલા પરમતારક માર્ગે ચાલવામાં આપણા સૌનું હિત છે.

દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માની પરમતારક આજ્ઞામુજબ સર્વવિરતિધર્મને આરાધવા ગમે તે કારણે સમર્થ ન થઇ શકનારા શ્રાવકશ્રાવિકાદિને શક્તિ મુજબ ત્રિકાળ-પૂજા કરવાનું શાસ્ત્રકાર પરમર્ષિઓએ ફરમાવ્યું છે, જે કરવા પાછળ સર્વવિરતિ ધર્મની પ્રાપ્તિમાત્રનો એક જ ભાવ રહેલો હોય છે. સવારે સૂર્યોદય બાદ, બપોરે મધ્યાહ્નકાળે અને સાંજે સૂર્યાસ્ત પૂર્વે સંધ્યા સમયે કરાતી પૂજાને ત્રિકાળપૂજા અથવા ત્રિસંધ્યપૂજા કહેવાય છે.

સામગ્રીસમ્પન્ન ઋદ્ધિમાન શ્રાવિકાદિએ પૂજા કરવા માટે પોતાની પરિસ્થિતિને અનુકૂળ એવા આડંબરપૂર્વક પરમતારક શ્રી જિનાલયે જવું જોઇએ. સુંદર સ્વચ્છ વસ્ત્રોનું પરિધાન કરી શ્રી જિનાલયમાં પ્રવેશ કરતાં પૂર્વે, પોતાની પાસેનાં પુષ્પ, તાંબૂલ કે શસ્ત્ર વગેરેનો તેમજ પગમાંના જોડા વગેરેનો ત્યાગ કરી તેમજ મુગટ સિવાયના અલંકારોને ધારણ કરી; એકજ વસ્ત્રનો ખેસ ધારણ કરી પરમતારક પ્રતિમાજીનાં દર્શન થતાં 'નમો જિણાણં' (શ્રી જિનેશ્વર ભગવંતોને નમસ્કાર થાઓ.) આ પ્રમાણે બોલીને શ્રી જિનાલયના મુખ્ય પ્રવેશદ્વારે નિસીહિ નિસીહિ નિસીહી (દેરાસરના કાર્ય સિવાય ગૃહસ્થપણાના સમગ્ર પાપવ્યાપારનો ત્યાગ થાઓ.) આ પ્રમાણે બોલીને પુરૂષોએ દેરા-સરની જમણી બાજુથી અને સ્ત્રીઓએ ડાબી બાજુથી શ્રી જિનાલયમાં પ્રવેશ કરવો.

આ રીતે શ્રી જિનાલયમાં પ્રવેશ કરી 'કાળ અનાદિ અનંતથી, ભવભ્રમણનો નહિ પાર; તે ભવભ્રમણ નિવારવા, હઉં પ્રદક્ષિણા ત્રણ વાર...' ઇત્યાદિ ભાવનાથી ભાવિત

બનીને, ભૂમિ તરફ નજર રાખી, પગ નીચે કોઇ પણ કીડી વગેરે જીવ-જંતુ મરી ન જાય-એ રીતે, પોતાની ડાબી બાજુથી જમણી તરફ શ્રી જિનાલયમાં ત્રણવાર પ્રદક્ષિણા આપવી. અનાદિ કાળથી સંસારમાં ચાલી રહેલા ભ્રમણને નિવારવા અને એ માટે સાધનભૂત જ્ઞાન, દર્શન અને ચારિત્રને પ્રાપ્ત કરવા આ રીતે પ્રદક્ષિણા આપી દેરાસર સંબંધી કોઇપણ કાર્ય હોય તો તે કરીને પૂજા માટેની આવશ્યક સામગ્રી તૈયાર કરવી; ખરી રીતે તે પૂજા માટેની સામગ્રી તૈયાર કરવાનું કાર્ય સૌએ પોતપોતાના ઘરે જ કરવું જોઇએ.

સ્નાનાદિ કરી; પોતાની સ્થિતિને અનુરૂપ શુદ્ધ નિર્મળ અને અખંડ (ફાટયા વિનાના) વસ્ત્રોને ધારણ કરી, શ્રી વીતરાગદેવની તારક આજ્ઞાને શિરે વહેવાના, પ્રતીક રૂપે કપાળના મધ્યભાગમાં તિલક કરી આવશ્યક (જરૂરી) પૂજા-સામગ્રી સાથે મન વચન કાયાની એકાગ્રતાપૂર્વક શ્રી જિનાલયે જવું જોઇએ. પૂજાદિ સામગ્રી તૈયાર કરી અંગ-પૂજા કરવા માટે ગભારામાં પેસતા પૂર્વે ગભારાના દ્વારે જઇને હાથ જોડી મસ્તક નમાવી ખૂબ જ વિનયભાવે પરમાત્માની સ્તુતિ કરીને બીજીવાર 'નિસીહી નિસીહી નિસીહી'- (દેરાસરસંબંધી બધાં કાર્યનો ત્યાગ થાઓ.) આ પ્રમાણે બોલી ગભારામાં પ્રવેશ કરવો.

અહીં યાદ રાખવું જોઇએ કે સામાન્યપણે ઉત્સર્ગમાર્ગે સવારે સૂર્યોદય બાદ વાસક્ષેપ પૂજા (સામાયિક-પ્રતિક્રમણના કપડાથી) કરાય છે. મધ્યાહ્ને સ્નાનાદિપૂર્વક શુદ્ધ નિર્મળ સફેદ અથવા લાલ વગેરે ઉચિતવર્ણવાળાં સુંદર વસ્ત્રોને ધારણ કરી અષ્ટ-પ્રકારી પૂજા કરાય છે; અને સાંજે સૂર્યાસ્ત સમયે પ્રતિક્રમણ કરતાં પૂર્વે પ્રતિક્રમણાદિનાં વસ્ત્રો પહેરી ધૂપ-દીપ પૂજા કરાય છે. આ પ્રમાણે ત્રિકાળ-પૂજાનો સ્વતંત્રવિધિ યાદ રાખીને દેવાધિદેવની પરમતારક આજ્ઞામુજબ તે તે સમયે જ આરાધકોએ ત્રિવિધ પૂજા કરવી જોઇએ. સંસારનાં દરેક કાર્યો તેના નિયત કરેલા સમયે કરવાનો આગ્રહ રાખનારા જીવો ધર્માનુષ્ઠાનના નિયત સમયની અવગણના કરે-એ ખૂબ જ અનુચિત છે. પરંતુ કર્મપરવશ જીવો જ્યારે કોઇપણ રીતે ત્રિકાળ-પૂજા કરવા માટે સમર્થ બનતા નથી, ત્યારે વહેલામાં વહેલી તકે વિધિપુર્વક પરમાત્માની ત્રિકાળ-પૂજા કરવાની ભાવનાવાળા ધર્માર્થીજનોને, અપવાદમાર્ગે સૂર્યોદય બાદ વાસક્ષેપ પૂજાની સાથે જલાદિ અષ્ટપ્રકારી પૂજા કરવાની રજા અપાય છે-એ અપેક્ષાએ અહીં પૂજાની વિધિ જણાવેલ છે.

ગભારામાં પ્રવેશ કરી બેસતી આઠ પડનો મુખકોશ બાંધવાનો છે. આપણા શ્વાસોશ્વાસની દુર્ગંધથી પરમાત્માની આશાતના ન થાય એ માટે બંધાતા મુખકોશથી મોઢું અને નાક બરાબર બંધ થાય-એની કાળજી રાખવી જોઇએ. પુરૂષોએ પૂજા માટે ધોતિયું અને બેસ આ બે વસ્ત્રોને છોડીને અન્ય કોઇપણ રૂમાલ કે સીવેલાં અન્તર્વસ્ત્ર

વગેરેનો ઉપયોગ કરવો જોઇએ નહિ. પૂજા માટે વપરાતાં વસ્ત્રો દરરોજ ધોવાવાં જોઇએ. ધોવાનું ન જ બને તો પાણીમાં બોળવાં તો જોઇએ જ. બહેનોને પૂજા માટે પહેરવાનાં ત્રણ તથા રૂમાલ, આ સિવાયનાં વસ્ત્રો વાપરવાની વિધિ નથી. ઉપકરણોની શુદ્ધિ; ભાવશુદ્ધિનું કે ભાવપ્રાપ્તિનું ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાધન છે. ઉપકરણોની શુદ્ધિની ઉપેક્ષા બરોબર તો ભાવની જ ઉપેક્ષા કરવા બરોબર છે.

ગભારામાં જઇને મુખકોશ બાંધીને સૌથી પહેલા મોરપીંછીથી પ્રતિમાજીનું પ્રમાર્જન કરી નવાંગે (બે અંગુઠા, બે ઢીંચણ, બે હાથ, બે ખભા, મસ્તક, કપાળ, કંઠ, હૃદય અને નાભિ.) વાસક્ષેપથી પૂજા કરવી. ત્યારબાદ પ્રતિમાજી ઉપરથી આંગી તેમજ પુષ્પાદિ નિર્માલ્ય દ્રવ્યો ખૂબ જ જયણાપૂર્વક ઉતારી, ગાયના દૂધથી પ્રક્ષાલ કરવો. પછી કુવામાંથી લાવીને ગાળેલા અને કેસર કસ્તુરી વગેરે સુગંધી દ્રવ્યોથી સુવાસિત કરેલા નિર્મળ જળથી પ્રક્ષાલ કરવો. પાણીના પક્ષાલથી નિર્મળ બનેલાં પ્રતિમાજીને કોમલ અને કિન્નરી વિનાના ચોખ્ખાં અંગલુંછણાથી તદ્દન કોરાં કરવાં. આ વખતે શ્રી તીર્થંકરનામકર્મના બંધથી આરંભીને શ્રી કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધીની પ્રભુની પદસ્થ (છદ્મસ્થ) અવસ્થામાંની, ઇન્દ્રાદિ દેવતાઓએ મેરૂ પર્વત ઉપર કરેલા જન્માભિષેક સ્વરૂપ જન્માવસ્થાનું વિશેષથી પરિભાવન કરવું.

અહીં ખ્યાલમાં રાખવું જોઇએ કે પુષ્પાદિ નિર્માલ્ય દ્રવ્યો અને અભિષેકનાં દૂધ–પાણી, યોગ્ય સ્થાને જ્યાં કોઇને ચાલવાનું ન હોય, જગ્યા જીવજંતુથી રહિત હોય અને જ્યાં કોઇ અશુચિ ન હોય તેવા સ્થાને નાખવાં જોઇએ. એ વસ્તુઓ ગટર વગેરે અપવિત્ર સ્થાને જવી ન જોઇએ. તેમજ અભિષેક વખતે આપણા હાથમાંના કળશ વગેરે ઉપકરણો પ્રતિમાજીને અડવાં ન જોઇએ. અંગલુંછણાં વખતે પણ આપણા નખ વગેરે પ્રતિમાજીને લાગી ન જાય એની કાળજી રાખવી જોઇએ. શરીરનો પરસેવો વગેરે બેસ કે ધોતિયું વિગેરે પૂજાના વસ્ત્રોથી સાફ કરાય નહીં. આવશ્યકતા મુજબ એ માટે સ્વતંત્ર રૂમાલ વગેરે રાખી દરરોજ એને ધોવાનો ખ્યાલ રાખવો. પ્રતિમાજીના કોઇ પણ ભાગમાં કેસર વગેરે રહી ગયું હોય તો તેને સાફ કરવા વાળાકુંચીનો ઉપયોગ ન છૂટકે અને બહુ જ સાચવીને કરવો જોઇએ. બને ત્યાં સુધી તો ભીનાં અંગલુંછણા અને ચાંદીની સળીનો જ ઉપયોગ કરવો જોઇએ.

ઉપર જણાવ્યા મુજબ પ્રતિમાજીને તદ્દન કોરા કર્યા બાદ બરાસ વગેરે સુગંધી દ્રવ્યોથી વિલેપન કરી અનુકુળતા મુજબ વરખ કે બાદલા વગેરે મૂલ્યવાન દ્રવ્યોથી અંગરચના કરવી. રૂ કે વેલ્વેટનાં ફૂલ જેવાં તુચ્છ દ્રવ્યોથી આંગી કરવાનું યોગ્ય નથી. આંગી માટેનાં દ્રવ્યો કીમતી હોવા જોઇએ. [ક્રમશઃ]

પ્રવચનામૃત સંચય

—પ્રજ્ઞાંગ.

૦ સદ્‌ગુરૂ કોને ફળે ? તેને માટે શ્રી પ્રાર્થના સૂત્ર (શ્રી જય વીયરાય) યાદ રાખવાનું. તેમાં જે છ પ્રકારનું લૌકિક સૌંદર્ય બતાવ્યું તે જેનામાં હોય તેને સદ્‌ગુરૂ યોગ ફળે. બીજાને ફળે તે અકસ્માત. સાતમે મજલેથી પડે અને બચી જાય તો બહુ ભાગ્યશાલી. ભવનિર્વેદ, માર્ગાનુસારિતા, ઇષ્ટફલ સિધ્ધિ, લોક વિરૂધ્ધ ત્યાગ, ગુરૂજનપૂજા અને પરત્યકંણ– આ છ ગુણને લૌકિક સૌંદર્યરૂપ કહ્યા છે.

આજે મોટા ભાગમાં સામાન્ય રીતે ભવનો નિર્વેદ– ભવનો જરાપણ ભય નથી. મન માર્ગાનુસારિતાના વિચાર પણ નથી કરતું. સંસારનું સુખ જ સુખની સામગ્રી જ ઇષ્ટ લાગે છે. લોક વિરુદ્ધની પરવા નથી. તે જીવ દેવ–ગુરૂને કદાચ માને તો સંસારના સુખ માટે જ માતા પિતાદિ વડિલોને જે પૂજક પણ નથી અને પરાર્થ કરવાનું તો માથામાં ઘણના ઘા જેવું લાગે છે. તેને સદ્‌ગુરૂ ભેટાય તો પણ અથડાઈને જાય પણ તેને સદ્‌ગુરૂ ફળે નહિ. આજે મોટા ભાગને સદ્‌ગુરૂનો યોગ મળવા છતાં ય નથી ફળતો કારણ ઘણા જીવો એવા છે કે કહેવાના ગુરૂ અને રાખવાના આજ્ઞામાં !

લોક વિરૂધ્ધ કાર્યોથી ગભરાવવાનું છે પણ લોક વિરોધથી નહિ. લોક વિરૂદ્ધ કાર્યોની પણ શાસ્ત્રે નોંધ કરી છે. ઇહલોક વિરૂધ્ધ કાર્યોમાં નિંદાદિ, પરલોક વિરૂદ્ધ કાર્યોમા કઠોર કર્મો અને ઉભયલોક વિરૂધ્ધ કાર્યોમાં સાત વ્યસન ગણાવ્યા છે. આવા કામ કરતાં જેને ચાંચકો પણ ન લાગે તેને સદ્‌ગુરૂ યોગ ફળે નહિ.

અન્યની નિંદા કરવી, ધર્મીજનોની હાંસી–મશ્કરી કરવી, નાનાગુણની વારંવાર પ્રશંસા કરવી આ બધા એવાં કાર્યો છે કે લોકમાં સારા ન લાગે.

ભયંકર પાપ કરનારા જે કર્મો, ઘાતકી હિંસક વ્યાપાર કરનારા કર્મો તે પરલોક વિરૂધ્ધ કાર્યો છે.

સાત વ્યસનમાં લીન બનવું તે ઉભયલોક વિરૂધ્ધ કાર્ય છે. આર્ય દેશાદિમાં જન્મેલ મદિરાપાની, હિંસક, જુગારી, ચોર, વેશ્યાગમન કરનાર, પરસ્ત્રીગમન કરનાર હોય !

છ પ્રકારનું સૌંદર્ય જેને પેદા થયું હોય ભવનો ભય ઘણો જ લાગતો હોય, મન સારા વિચાર કરતું હોય, ઇષ્ટ તે મોક્ષ જ હોય તેને માટેનો ઉદ્યમ ચાલુ હોય, લોક વિરૂધ્ધ કાર્યોથી કંપે, માતા–પિતાદિ વડિલ ગુરુજનનો પૂજક હોય, અને પરાર્થકરણ જેને વ્યસન થયું હોય તેને જ સદ્‌ગુરૂ યોગ ફળે.

શ્રી જૈન શાસનમાં જે સુખી આત્મા થઇ ગયા તે તમારા જેવા 'ક્રમગરા' નહિ! સુખી માણસ તેનું નામ જે અનેક ને સુખી બનાવે. તમારે તો સુખી પણ કહેવરાવવું છે, 'ગદ્ધા મજુરી' કરવી છે અને અમારી પાસે ધર્મનો તો ટાઇમ નથી તેમ કહેવું છે. આવાને શ્રીમંત કોણ કહે ?

૦ જેમ જેમ લાભ વધે છે તેમ તેમ તમારો લોભ વધે છે અને એવો વધે છે કે મારા પૈસા કોઇ જાણી ન જાય તેની ચિંતા રાખે છે. તેવા અસલમાં સુખી નથી પણ મહા દુઃખી છે.

૦ સાધુપણામાં અંતરનું સુખ છે. અદ્ભુત કોટિનું અંદરનું આત્માનું સુખ જન્મે પછી બહારનાં દુઃખ, દુઃખ નથી લાગતા. આપણે પણ જો શ્રી અરિહંત પરમાત્મા કે શ્રી સિધ્ધ પરમાત્મા થવું હશે તો આપણે આપણી જાતને બદલવી પડશે. આપણને આપણી જાત માટે શું ખ્યાલ છે ? આપણે એટલે કોણ ?

શ્રી જૈન શાસનને સમજેલા જીવને પોતાની જાત જેવી હોય તેવી ઓળખાઇ જાય છે. પછી તે પોતાની જાતને શ્રી જૈન શાસનથી ઓતપ્રોત કરવા માંડે છે. સાધુ કે શ્રાવક થવું હશે તો તે માફક જીવવું પડશે. અમારે મન સાધુપણું, તમારે મન શ્રાવકપણું કે સમકિત કિંમતી બનાવવું પડશે. તેની આગળ ત્રણલોકનું સામ્રાજ્ય તુચ્છ લાગવું જોઇએ સમકિતી, દેશવિરતિધર કે સર્વ વિરતિધરને દુનિયાની જે ચીજ મલી હોય તે ચીજનું ઘમંડ હોય ખરૂં ? અમારે મન સર્વ વિરતિની કિંમત ઊંચ કોટિની, તમારે મન દેશવિરતિ અને સમકિતની કિંમત વધારે કે બીજી કોઇ ચીજની કિંમત વધારે ?

પ્ર.– વ્યવહારમાં હોય તો.

ઉ.– આવો વ્યવહાર જ તમને મારે. ઔચિત્ય કરવાનું તે કોઇ અરાબ ન કહે માટે પણ મોહથી લેપાઇને નહિ, કિંમત તો જે ઊંચી ચીજ સર્વ વિરતિ દેશ વિરતિ કે સમકિત મલ્યા તેની જ. આ સિવાયની બીજી જગતની ચીજોની કિંમત તેને મન ગૌણ જ, ગૌણ એટલે ધર્મને બાધક કરે તેવો વ્યવહાર તેને પસંદ જ ન હોય. તમારી તો એવી છાપ જોઇએ કે– ગમે તેવા મોટા ચમરબંધી પાસે જાય તો તે સમજે કે આની સાથે વ્યવહાર રાખવો હશે તો તેના ધર્મની આડે કશું નહિ બોલાય. બોલાઇ ગયુ તો તેના દર્શન દુર્લભ થશે આમંત્રણથી પણ નહિ આવે.

અમારે સર્વ વિરતિ સાચવવી તો તેની આગળ બીજી કોઇ ચીજ કિંમતી નહિ તેમ તમારે દેશ વિરતિ કે સમ્યકત્વ સાચવવું તો તેને બાધક કોઇ જ ચીજ કશાય નહિ.

પ્રશ્ન ચિંતામણિ–દેવદ્રવ્ય

પૂ. પંડિત શ્રી વીરવિજયજી ગણી

પ્રશ્ન ૬૨ મો:– શ્રી પ્રદ્યુમ્નસૂરિએ કરેલા વિચારસાર પ્રકરણમાં કહ્યું છે કે;—

ચેઇઅદ્રવ્વં દુવિહં પૂઆનિમ્મઅલેઅએા ઇત્થ ।।
આયાણાઇદવ્વં પૂઆરિત્થં મુણેઅવ્વમ્ ।।૧।।
અખ્ખયકફલબલિવત્થાઇ સંતિઅં જં પુણેા દવિજાયમ્ ।।
તં નિમ્મઅં વુચ્ચઇ જિણુગિહકમ્મંમિ ઉ ચઉગેા ।।૨।।

ચૈત્યદ્રવ્ય બેપ્રકારનું છે. એક તેા પૂજાદ્રવ્ય તથા બીજું નિર્માલ્યદ્રવ્ય. તેમાં આયાણાઇ (પૂજાનિમિત્તે આલંબના) દ્રવ્યને પૂજાદ્રવ્ય કહે છે. અને અક્ષત, ફળ, નૈવેદ્ય તથા વસ્ત્ર વગેરે જે દ્રવ્ય જિનપ્રતિમા આગળ મૂકયું હેાય–ધર્યું હેાય તેને નિર્માલ્ય-દ્રવ્ય કહે છે" આ રીતે આ ગ્રંથમાં જિનપ્રતિમા આગળ ધરેલાં અક્ષત વગેરે દ્રવ્યને નિર્માલ્ય કહ્યાં છે, છતાં હાલના સમયમાં તેવી પ્રવૃત્તિ જોવામાં આવતી નથી–એટલે તે અક્ષતાદિ દ્રવ્યને નિર્માલ્ય રૂપે માનવામાં આવતાં નથી. તેનું શું કારણ ?

ઉત્તરઃ– પ્રદ્યુમ્નસૂરિએ કહેલા વિચારસાર પ્રકરણના કથન વિના બીજે કેાઇ પણ સ્થળે આગમમાં અક્ષતાદિ દ્રવ્યને નિર્માલ્ય કહ્યું નથી. નિર્માલ્યદ્રવ્ય તેા બૃહદ્ભાષ્ય ગ્રંથમાં એને કહ્યું છે કે.–

નિમ્મલં પિ ન એવં ભન્નઇ નિમ્મલગુણા ભાવા ।। ભેાગવિણટ્ઠં દવ્યં નિમ્મલ વિંતિ ગીયત્થાં ।।૧।। ઇત્તો ચેવ જિણાણં પુણરવિ આરેાવણંતિ જહા વત્થા ।। હરિણાઇણાં જુગલિઅં કુંકુમમલિઅમાઇણાં " ।।૨।।

જેમાં નિર્માલ્ય (નિરૂપયેાગી) નાં લક્ષણેાનેા અભાવ હેાય તેને નિર્માલ્યદ્રવ્ય કહ્યું નથી; પણ જે દ્રવ્ય ભેાગવિનષ્ટ (એટલે એક વખત ઉપયુકત થઇ પુનઃ ઉપયેાગ માટે અયેાગ્ય) થયું હેાય તે દ્રવ્યને ગીતાર્થ પુરૂષેા નિર્માલ્યદ્રવ્ય કહે છે; આવાજ હેતુથી વસ્ત્ર વગેરે દ્રવ્ય એક વખત જિન ભગવાન આગળ વપરાયું હેાય છતાં તેનેા ફરી પણ ઉપયેાગ કરે છે–ફરી પણ તેને ભગવાન આગળ વાપરે છે. કેમકે તે દ્રવ્ય ભેાગવિનષ્ટ થયેલું હેાતું નથી. માત્ર કેસર–ચંદન–વગેરે દ્રવ્યજ એક વખત ભગવાન ઉપર ચઢીને નિર્માલ્યદ્રવ્ય બને છે."

"કુસુમન્નહ એગાએ કાસાઇએ જિણંદપડિમાણં
અટ્ઠસયં લુહંતા વિજયાઇ વન્નિયા સમએ ।।૩।।

જો એમ ન હોય તો એક કાષાય રંગનાં વસ્ત્રથી એકસો આઠ જિન પ્રતિમાઓને લુછતા વિજયાદિ દેવતાઓને આગમમાં વર્ણવેલા છે તે કેમ સંભવે ?" અર્થાત્ જે દ્રવ્ય જિનબિંબ ઉપર ચઢીને નિસ્તેજ, નિર્ગન્ધ દેખાવામાં શોભારહિત અને ભવ્ય મનુષ્યોના મનને આનંદ ન ઉપજાવે તેવું થઇ ગયું હોય તેનેજ વિદ્વાનો નિર્માલ્યદ્રવ્ય કહે છે. આ વાત સંઘાચારની વૃત્તિમાં છે. જો કે પ્રદ્યુમ્નસૂરિએ કરેલા વિચારસાર પ્રકરણમાં ભગવાન આગળ ધરેલા અક્ષત વગેરે દ્રવ્યને પણ નિર્માલ્ય દ્રવ્ય કહ્યું છે તો પણ અન્ય આગમો, પ્રકરણો કે ચરિત્રાદિમાં કોઇ સ્થળે તેમ કહેલું જોવામાં આવતું નથી. વળી કોઇ ગચ્છમાં પણ વૃદ્ધોના સંપ્રદાય વગેરેનું નિરીક્ષણ કરતાં તેવું કંઇ જોવામાં આવતું નથી. એટલું જ નહિ પણ ગામડાં વગેરે સ્થળોમાં જ્યાં બીજા કોઇ પ્રકારની આવક હોતી નથી ત્યાં ભગવાનને ધરેલા અક્ષત, ફળ (નાળીએર) વગેરેથી જ (એટલે તે પદાર્થોને વેચી નાખી તેમાંથી ઉત્પન્ન થયેલા પૈસામાંથી જ) ભગવાનની પૂજાઓ વગેરે થાય છે. પ્રદ્યુમ્નસૂરિકૃત વિચારસારના કથન પ્રમાણે અક્ષત વગેરે દ્રવ્યને પણ જો નિર્માલ્યદ્રવ્ય કહેવામાં આવે તો ગામડાં વગેરે સ્થળમાં અક્ષત વગેરેની આવકમાંથી પ્રતિમાઓની પૂજા વગેરે કેમ થઇ શકે ? માટે ભોગવિનષ્ટ દ્રવ્યનેજ નિર્માલ્યદ્રવ્ય કહેવું તે યોગ્ય લાગે છે. આગમ પણ કહે છે :-

ભોગવિણટ્ઠું દ્રવ્ય નિમ્મલ્લં બિંતિ ગીયત્થા" ભોગવિનષ્ટ દ્રવ્યનેજ ગીતાર્થ પુરૂષો નિર્માલ્યદ્રવ્ય કહે છે, ઇત્યાદિ. આ વિષયમાં સત્ય હકીકત શી છે ? તે તો કેવલી ભગવાન જાણે.

સજઝાય સાગર

પોણા ત્રણ હજાર સજઝાયોનાં આ ખજાનામાં અનેક હસ્ત લિખિત પ્રતોમાંથી પ્રાચીન તથા અર્વાચીન સજઝાયોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

દરેક વિષયની સજઝાયો છે જે દ્વારા અનેક શાસ્ત્રપદાર્થો વ્યવહારો સમાજ રચનાઓ ભીન્ન ભીન્ન વ્યસનો વિ. નું આબેહૂબ વર્ણન છે.

ચાર વિભાગમાં આ સજ્ઝયનો સંગ્રહ છે કુલ ૧૩૬૦ પેઝ છે.

દરેક ભાગનાં ૧૨૫ રૂા. છે ભંડાર માટે ૧૦૦ રૂા. રાખેલ છે.

પ્રાપ્તિસ્થાનઃ- જંબૂદ્વીપ પેઢી

પાલીતાણા ૩૬૪૨૭૦

પ્રભાવક ચરિત્રના પ્રભાવક અંશો

-પં શ્રી રાજેશકુમાર શાંતિલાલ શાહ

(૭) "બ્રાહ્મણોને જે જૈન સાધુઓ પ્રણામ નહિ કરે તેમના પ્રાણનો નાશ કરવામાં આવશે." આવી આજ્ઞા કરનારા મિથ્યાદૃષ્ટિ ઢાહડ રાજાની જ સભામાં કરેણની સોટીઓ ફેરવવા માત્રથી બ્રાહ્મણોના માથા ધડથી છૂટા પાડી દઈને ઢાહડને ફફડતો કરી મૂકવા દ્વારા તેની દુષ્ટ આજ્ઞાને રફે દફે કરાવી દઈને જેમણે કરેણની સોટી ઘુમાવીને દરેક બ્રાહ્મણોને સજ્જન બનાવ્યા અને જૈનધર્મ તરફ વાળ્યા એવા આચાર્યદેવ શ્રી મહેન્દ્રસૂરી મહારાજાને મારા કોટિશઃ વંદન.

(૮) સાધુ ભગવંતને દાન આપવાના કા ણે પોતાના પતિએ જેને મોઢા ઉપર તમાચા ફટકારી દીધા અને નિર્દય માર આપ્યા પછી કુટુંબીજનો દ્વારા પતિના પાશવી પંજામાંથી મુક્ત કરાયેલી જે પોતાના બન્ને પુત્રોને લઈને પતિના ઘરને છોડીને જૈનધર્મનું શરણ સ્વીકારી ગિરનારના શ્રી નેમિનાથ ભગવાનના દર્શન કરીને ભૂખ્યા બાળકોને આંબાની કેરીઓ અપાવીને જેણે તે પર્વત ઉપરથી જ બન્ને બાળકો સાથે શ્રી નેમિનાથ ભગવાનના સ્મરણ પૂર્વક પડતું મૂકીને દેહત્યાગ કર્યો અને મૃત્યુ પામીને જે તે જ તીર્થના શ્રી નેમિનાથ ભગવાનની અધિષ્ઠાયક દેવી બની, તથા પશ્ચાતાપથી પત્નીના પગલે પગલે ચાલીને જેના પતિએ પણ એ જ ગિરનારના પર્વત ઉપરથી ઝંપાપાત કરી દેહ તજ્યો અને સિંહ રૂપે વ્યંતર થઈને તે પતિ જેમનું વાહન બન્યો તે અંબાદેવીની સ્તુતિ કરવા માત્રથી ખુશ થયેલી અંબાદેવીએ જેમને વરદાન માંગવાનું કહ્યું છતાં જેમણે નિઃસ્પૃહતાથી વરદાન ન માંગ્યું ત્યારે વધુ તુષ્ટ થયેલી અંબાદેવીએ જેમના હાથમાં તેઓએ ના પાડવા છતાં ૧ અદૃશ્ય રહી શકાય, ૨ ગગનમાં વિચરી શકાય, ૩ રૂપાન્તર કરી શકાય, ૪ કવિતા બનાવી શકવાની લબ્ધિ મળે, ૫ વિષને હરનારી, ૬ બંધનમાં રહેલાને મુક્ત કરાવનારી, ૭ સ્વેચ્છા મુજબ શરીરથી લાંબા-ટુંકા (ભારે-હલકા) થઈ શકાય તેવી અને, ૮ ચિંતાવેલા કાર્યને પૂર્ણ કરનારી આવી આઠ-આઠ ગુટિકાઓ જેમના હાથમાં મૂકી દીધી તે પૂ. ગુટિકા સિધ્ધ મહાપુરૂષ પૂ. વિજયસિંહસૂરી. મહારાજાનું ચરિત્ર હું શી રીતે વર્ણવી શકું ?

(૯) જે દેશ તરફ વિચરવાની પૂજ્ય ગુરુદેવની ના હોવા છતાં બે સાધ્વીજી તે તરફ જવાના માર્ગે કોઇ તાંત્રિકે એક યુવાન સાધ્વીને માથે ભભૂતિ નાંખી પોતાની પાછળ ખેંચી જઇ તેમના શીયળ સામે ખતરા ઉભો કર્યાના સમાચાર મળતાં જ જેમણે ઘાસનું પૂતળું બનાવીને શ્રાવકો દ્વારા તે પૂતળાના એક એક અંગને છેદવતાં તાંત્રિકના

શરીરના અંગો કપાઈ કપાઈને ધરતી ઉપર પડવા લાગતા આખરે તાંત્રિકે જેમના યોગ બળના પ્રભાવથી ફફડી જઈને સાધ્વીજીને મુક્ત કર્યા, અને પોતાના અંત સમયે પોતાના શબમાંથી કપાળને ચૂરેચૂરા કરી નાંખવાનું પોતાના શિષ્યો પાસેથી વચન માગનારા (તાંત્રિક આ મડદામાંથી કપાળને કાઢી લઈને પછી જૈન શાસનને ઉપદ્રવ કરવાનો હતો માટે જૈન શાસનની રક્ષા માટે) આવું વચન માગનારા યોગ લબ્ધિના સ્વામી પૂ. આ. દેવ શ્રી જીવસૂરીશ્વરજી મહારાજાનું જીવન હું શું આલેખી શકવાનો હતા !

(૧૦) સર્વ શાસ્ત્રોના પારંગત, પ્રચંડ પ્રતિભાના ધણી સિદ્ધસેન દિવાકર જેવા અજેય બ્રાહ્મણ પંડિતને જેમણે પહેલાં ગોવાળીયાઓની સભામાં અને અંતે વિદ્વાનોની સભામાં કારમી રીતે પરાભવ પમાડી જૈનધર્મી બનાવી જેમણે દીક્ષા વખતે કુમુદચંદ્ર એવા નામથી સિદ્ધસેન દિવાકરને અલંકૃત કર્યા અને આચાર્યપદે સ્થાપીને સિદ્ધસેન દિવાકર સૂરિના નામથી વિભુષિત કર્યા એવા વૃદ્ધવાદિ સૂરીશ્વરજી મ.ના ચરણોમાં કોટિશઃ વંદના

(૧૨) બૌદ્ધો દ્વારા થયેલા પોતાના સગા ભાણેજ હંસ અને પરમહંસના મોતનો બદલો લેવા જેમણે બૌદ્ધોની સામે વાદનો સંગ્રામ સંઘર્ષ વહોર્યો અને હારનારને ખદખદી ઉઠેલા તેલના કડાયામાં કૂદી પડવાની શરત રાખીને જેમણે ૧૪૪૪ બૌદ્ધોને એકલે હાથે વાદમાં પરાસ્ત કર્યા અને તેલના ખદખદતા લાલ જેવા કડાયામાં કૂદી પડવા બૌદ્ધોને આદેશ કર્યો હતો પણ પોતાના ગુરૂદેવને આ સમાચાર મળતાં તેમણે તાત્કાલિક પોતાના જે શિષ્યને પ્રતિબોધ પમાડવા અને આવા વૈરની વસૂલાતવાળા હિચકારા કામથી પાછા હટાવવા ગુણસેન અને અગ્નિશર્માની એક પક્ષીય વૈરના કારણે સર્જાયેલી નવ-નવ ભવની પરંપરાને જણાવતી ત્રણ ગાથા મોકલી અને તે ગાથા વાંચતા જ પ્રતિબોધ પામેલા જેમણે હારી ચુકેલા બૌદ્ધોને ખદખદતા તેલમાં કૂદી પડતા અટકાવી દીધા હતા. અને આખરે મનથી કરેલી આ હિંસાના પ્રાયશ્ચિત રૂપે જેમણે અંબાદેવીના કહેવાથી ૧૪૪૪ ગ્રંથોની રચના કરવાનું શરૂ કરેલું અને આખરે ૧૪૪૦ ગ્રંથ રચાયા પછી છેલ્લે સંસાર દાવાની 'આમૂલાલોલધૂલિ બહુલ પરિમલા લીઢ લોલાલિમાલા' આ પદ લખતા લખતા જેણે પોતાના પ્રાણ તજ્યા હતા એવા યુગ પુરૂષ પૂ. હરિભદ્રસૂરી. મહારાજાના જીવનનું વર્ણન કરવાની મારામાં કોઈ જ તાકાત તો શું લાયકાત પણ નથી.

(૧૩) જેમની ધારણા શક્તિની પરીક્ષા કરવા સરસ્વતી દેવીએ જેમને 'કે મિણ' (સ્વકિષ્ટ શું ?) એમ પૂછતા 'વલ્લા' (વાલ) આવો જવાબ મળેલો અને પછી છ મહિને પાછું 'કેમ સહ' (=શેની સાથે) આમ પૂછતા જેમણે 'ગુડ-ઘૃતેન' (=ગોળ-ઘી સાથે) આવો જવાબ આપેલો એવા નયચક્ર મહાગ્રંથના રચયિતા પૂ. મલ્લવાદીસૂરી. ના ચરણોમાં મારા કોટિ કોટિ વંદના.

(ક્રમશઃ)

જામનગર દિગ્વિજય પ્લોટ મધ્યે શ્રી ઉપધાન તપની મહાન આરાધના માટે

ભાવભર્યું આમંત્રણ

ધર્મબંધુ, પ્રણામ સાથ જણાવતાં આનંદ થાય છે કે જામનગરમાં પ. પૂ. હાલાર દેશોદ્ધારક પરમ ઉપકારી ગુરૂદેવ આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય જિને-દ્રસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં ઉપધાન તપની મહાન તપસ્યા કરવાનું નક્કી થયું છે.

ઉપધાન પ્રવેશ મુહુર્ત

પહેલું મુહુર્ત : ૨૦૫૨ આસો સુદ ૧૨ બુધવાર તા. ૨૩-૧૦-૯૬
બીજું મુહુર્ત : ૨૦૫૨ આસો સુદ ૧૪ શુક્રવાર તા. ૨૫-૧૦-૯૬

ઉપધાનમાં જોડાવાની ભાવનાવાળાએ પોતાનું નામ, પુરૂ સરનામું, ઉંમર તથા ઉપધાન કર્યું છે તે લખી મોકલવું જેથી નકી કરીને પ્રવેશ પત્ર મોકલી શકાય.

લી. નિમંત્રક : શાહ જેઠાલાલ ધરમશી નાગડા પરિવાર હા. કાનજી જેઠાભાઈ (વાયંપરાજાવાળા) ૬, ઓશવાળ કોલોની, જામનગર. ફોન : ૫૫૬૦૨૫-૭૬૨૦૭
શાહ હીરાભાઇ હધાભાઇ પરિવાર હા. જીવરાજભાઈ તથા કાનજીભાઈ (નવાગામ વાલા) પ્રેમચંદ કોલોની, જામનગર-૫. ફોન : [૨.] ૭૮૭૯૬. (ઓ.) ૫૫૪૮૧૭
C/o. શ્રી વિમલનાથ જૈન દેરાસર ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર. ફોન ૫૫૨૩૨૪

નામ લખાવવાના સ્થળો

(૧) શ્રી વિમલનાથ જૈન દેરાસરજી- ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર. (૨) શ્રી ચંદ્રપ્રભસ્વામી જૈન દેરાસરજી- ૨, ઓશવાળ કોલોની જામનગર. [૩] શ્રી નમિનાથ જૈન દેરાસરજી- ૨. કામદાર કોલોની, જામનગર. (૪) શાહ અવેરચંદ જેઠાભાઇ- ગોપાલનગર ૧લે માળે, ચિંતામણિ દેરાસર સામે, ભીવંડી. ફોન ૩૧૨૧૦. (૫) શાહ પ્રેમચંદ કચરા ગુઢકા- જવાહરનગર રોડ નં. ૧૩, ૧૮૮ દિનેશકુંજ મુ. ગોરેગાંવ, મુંબઇ-૬૪ ફોન ૮૭૨૪૬૮૬-૮૭૨૫૬૭૯ ઉત્તમચંદ પ્રેમચંદ ગુઢકા ૮૭૪૨૬૯૬ (૬) શાહ મુળજી ડાયાભાઇ ગોસરાણી- આશીષ, વરલી, મુંબઇ-૨૫ ફોન ૪૯૩૫૨૬૭ (૭) શાહ હરખચંદ ગોવીંદજી મારુ- મહાવીર વિહાર, પાંચમે માળે, પ્લોટ નં. ૩૦-૩૧, બ્લોક નં. ૧૫, ગરોડીયાનગર, ઘાટકોપર પૂર્વ, મુંબઇ-૭૭ ફોન રે. ૫૧૬૨૨૨૩ (૮) મગનલાલ જીવરાજ મેઘી- તિરૂપતિ એપાર્ટમેન્ટ, બીજે માળે, આગ્રા રોડ, ભીવંડી. (૯) શાહ મેઘજી વીરજી ઢોઢીયા- નાઇરોબી. (૧૦) શ્રી મુનિ સુવ્રતસ્વામી જૈન દેરાસર- વીશા ઓશવાળ જ્ઞાતિ, નાઇરોબી. (૧૧) રતિલાલ દેવચંદ ગુઢકા- ૧૧૭ સડબરી એવન્યુ, નોર્થ વેમ્બલ સીડલ સેક્સ HAO 3AW ઇંગ્લેન્ડ. (૧૨) શાહ વેલજી પ્રેમચંદ લાકડાવાળા- મોંબાસા [કેન્યા] ફોન ૬૭૩૪૫૩.

– બોધદાયક લઘુકથા –

ચિત્તની પ્રસન્નતાનું રહસ્ય

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક મહાત્મા હતા તેઓ હંમેશા ખુશ મિજાજમાં જ રહેતા. જ્યારે જુઓ ત્યારે આનંદમાં અને પ્રસન્ન. હોય ગમે તેવા પ્રસંગોમાં પણ તેમના મોંઢા ઉપર ઉદાસીનતા હતાશા નિરાશા દેખાય નહિ. દુનિયામાં કહેવાય કે, હૈયાના ભાવોની ચાડી મોં ખાય જે. હૈયાની ગ્લાનિ આનંદ વગેરે ભાવો મોં ઉપર આવી જ જાય.

હંમેશા આનંદમાં મગ્ન આ મહાત્માને જોઈ કેટલાક ચોરોને થયું કે– આમની પાસે ઘણી દોલત હોવી જોઈએ નહિ તો આટલી પ્રસન્નતાનું કારણ બીજું શું હોય ? જેના હૈયામાં જે કામના હોય તેવા જ વિચારમાં તે હોય.

તક સાધી ચોરોએ તે મહાત્માનું અપહરણ કર્યું અને એક ગાઢ જંગલમાં લઈ જઈને કહ્યું કે– 'અમે સાંભળ્યું છે કે તમારી પાસે 'સુખદામણિ' છે તેને લઈને હરહંમેશ પ્રસન્ન રહો છો. તો તે મણિ અમને આપી દો નહિ તો તમારું જીવન જોખમમાં છે. જીવતા નહિ રહી શકો.'

સાચા માણસને કયારે ય કોઇને ડર હોતો નથી. તેથી જાનનું જોખમ હોવા છતાં ય તે મહાત્માએ જરા ય ગભરાયા વિના દરેક ચોરોને અલગ–અલગ બોલાવીને કહ્યું કે ચોરોના ડરથી તે મણિને જમીનમાં દાટી દીધો છે. અહીંથી કાંઇક દૂર જ તે સ્થાન છે. પોતાની ઝોપડીની નીચે ચંદ્રમાની છાયા પડે ત્યાં ખોદવાથી તે મળી જશે.

તે મહાત્મા તો શાંતિથી ઝાડની નીચે સૂઈ ગયા. દરેક ચોરો જુદી જુદી દિશામાં ગયા અને જ્યાં ત્યાં ખોદવા લાગ્યા. જરા આમ તેમ થાય તો તે છાયા પણ હાલી–ચાલી જતી એટલે તે ચોરોને ત્યાં ત્યાં ખોદવું પડતું. આખી રાત આવા અનેક નાના ખાડા ખોદાઈ ગયા, પણ તે મણિ મેળવી શકયા શોધી શકયા નહિ.

બધા ચોરો નિરાશ થઈ મહાત્મા પાસે આવી ખોટી વાત બતાવી મહેનત કરાવી અમને હેરાન પરેશાન કર્યા કહી તેમની સાથે ઝઘડવા લાગ્યા.

ત્યારે મહાત્માએ મંદ મંદ સ્મિત વેરતા કહ્યું– 'ભાઈઓ ! મારા કહેવાનો પરમાર્થ સમજો.' ઝોપડીની નીચે સુખદામણિ છે' તેનો ભાવાર્થ એ છે કે– ' ઝોપડીમાં ઉત્તમ વિચારો ભરવાથી મનુષ્ય હંમેશા પ્રસન્ન રહી શકે છે.' તમે બધાં તમારો દૃષ્ટિકોણ બદલો તો હંમેશા પ્રસન્ન રહી શકશો.

ચોરો પણ સાચું સમજવાથી પોતાની જાતને સુધારી નાખી અને પ્રસન્ન રહેવાની કલા શીખી ગયા.

તો ભગવાનના શાસનને પામેલા આપણે આ કલા હસ્તગત જ હોય. સદા પ્રસન્ન રહેવાની ચાવી આપણા હાથમાં છે. તેને સાચા સ્થાને લગાવીએ તો હંમેશા લીલાલહેર છે. સૌ ચિત્તની પ્રસન્નતાનું રહસ્ય સમજી 'સુખદામણિ'ના માલીક બનો તે જ શુભ કામના.

પૂ. શ્રી જયશેખરસૂરિ મ. કૃત

"આત્મભાવબોધ કુલકમ્"

[મૂલ તથા સામાન્યર્થ સાર]

- સામાન્યાર્થ વિવેચક -

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૫]

આત્મજ્ઞાન વિના સિદ્ધિની પ્રાપ્તિ થવાની જ નથી તે વાત બતાવે છે—

બોહંતિ પરં કિં વા, મુણંતિ કાલં નરા પઠંતિ સુઅં;
ઠાણુજુઅંતિ સયાવિ હુ, વિણુ ડ્ડયબોહં પુણ ન સિદ્ધી ॥૩૬॥

જેઓ બીજાને બોધ-જ્ઞાન આપે છે, જ્યોતિષ આદિથી કાળનું સ્વરૂપ જાણે છે, સૂત્ર પણ ભણે છે, વળી સદા પોતાનું સ્થાન-ઘર-બજારાદિ છોડે છે તો પણ તેઓને આત્મજ્ઞાન ન હોવાથી સિદ્ધિની-સિદ્ધિપદની પ્રાપ્તિ થતી નથી.

વાસ્તવિક આત્મજ્ઞાનથી જ સિદ્ધિ પદની પ્રાપ્તિ થવાની છે, સંસારથી અસારતા, સંયમની સુંદરતા અને મોક્ષની મનોહરતા સમજાય તેને જ આત્મજ્ઞાન થાય. એટલે કે હેય-ત્યાગ કરવા યોગ્યનો ત્યાગ કરવાનું અને ઉપાદેય આચરવા યોગ્યનું આચરણ કરવાનું મન પણ થાય અને તદનુરૂપ પ્રવૃત્તિ પણ ચાલુ જ હોય. માત્ર વાતોડિયું જ્ઞાન ન હોય પણ ઇષ્ટની પ્રાપ્તિ માટે પ્રબલ પુરુષાર્થ હોય. તે વિના ઘર-બારાદિ છોડે, હજારો વર્ષ સુધી તપ કરે, યુગોના યુગો સુધી યોગની ઉપાસના કરે તો પણ તે બધું નિરર્થક બને છે, સંસાર ભમવાનું જ કારણ બને છે. માટે આત્માને જાણવા-ઓળખવા પ્રયત્ન કરવો તે જ શ્રેયસ્કર છે. ॥૩૬॥

વાસ્તવિક જ્ઞાનનો પરમાર્થ સમજાવે છે કે—

અવરો ન નિંદિઅવ્વો, પસંસિઅવ્વો કયા વિ ન હુ અપ્પા;
સમભાવો કાયવ્વો, બોહરસ રહસ્સમિણમેવ ॥૪૦॥

કયારે પણ કોઇનીય નિંદા ન કરવી અને પોતાની પ્રશંસા પણ ન કરવી, સમભાવ રાખવો આ જ આત્મજ્ઞાનનું રહસ્ય પરમાર્થ છે.

આ વાત જો ધર્મિમાત્રના હૈયામાં આત્મસાત્ થઇ જાય તો શાસ્ત્રે જે ધર્મના દૂષણ રૂપ મોટામાં મોટા દોષ બતાવ્યા છે કે પરનિંદા અને સ્વપ્રશંસા તેમાંથી બચી શકાય. બાકી આ ચોપી રોગ આજે બધે એવો વકર્યો છે કે તેમાંથી બાકાત કોણ હશે

તે સવાલ છે. નિંદાને તો જાણે અમૃતરસનો આસ્વાદ માને છે પોતાની જાત સિવાય બધા જ આમાં આવી જાય. પોતા વિના બીજા કોઈ સારા પણ નથી અને આત્મશ્લાઘામાં રાધનો પહાડ તો એવો કરે કે વર્ણન ન થાય ! 'જાણે મારા વિના બીજા કોઇથી આ શક્ય જ ન હતું. હું હતો તો વળી કામ થઇ ગયું !' તે બે કર્યા વિના ખાવું-પીવું પણ ભાવે નહિ અને જીભની ચળ પણ શાંત ન થાય. આ બે કુલાકૂલ્યા હોય ત્યાં સમભાવ આવવો તે સ્વપ્ન માત્ર જ સમજવું, વાસ્તવમાં સમભાવ તો આ બે દૂષણથી રહિતમાં જ આવે. જેઓ કયારે પણ કોઇની નિંદા કરતા નથી અને આત્મશ્લાઘાથી તો સર્વથા વિમુખ છે તેમણે 'ક્ષણે તુષ્ટા ક્ષણે રુષ્ટા'નો અનુભવ નથી અને 'સવ્વે જીવા કમ્મવસ' માની સમભાવમાં જ મગ્ન છે તેઓ જ સાચા આત્મજ્ઞાની છે. આત્મજ્ઞાની બનવા માટે સમભાવ પામવો જ પડે અને આ બે દૂષણો આત્માને અભડાઈ ન જાય, તેમની છાયા પણ ન પડે તેમ જીવવું તે દરેકે દરેક આત્માર્થીને માટે અનિવાર્ય છે. ॥૪૦॥

આત્મવિજ્ઞાનનો રાજમાર્ગ બતાવે છે કે—

પરસક્કિયત્તં ભંજસુ, રંજસુ અપ્પાણમપ્પણા ચેવ;
વજ્જસુ વિવિહ કહાઓ, જઇ ઇચ્છસિ અપ્પવિન્નાણું ॥૪૧॥

જો આત્મવિજ્ઞાનને ઇચ્છે છે તો વિવિધ કથાઓ-વિકથાઓ છોડી દે, બીજાના સાક્ષીપણાનો ત્યાગ કર અને આત્માને, આત્મા વડે રંજીત-રાજી કરે.

પરનિંદા અને આત્મશ્લાઘાની જેમ વિકથાનો રસ પણ ઘણો જ ખરાબ છે, જેના પરિણામ ઘણા માઠા નજરે જોવા-અનુભવવા છતાં પણ મોટો ભાગ વિકથામાં જે મજા માને છે તે 'ધર્મકથામાં નહિ જ. પારકી પંચાત કરવાની કુટેવ પણ ચોમેર વ્યાપ્ત બની છે. બીજાની વાતમાં માથું મારવું, અવસર-અનવસરે તેના મુરબ્બી બની 'ઢોઢ ડાહ્યા'નો 'ઇલકાબ' પહેરીને પણ 'જાનમાં કોઇ જાણે નહિ ને હું વરની ફોઇ'ની જેમ વણમાગી સલાહ આપવામાં પાછી પાની કરતો નથી. 'પરપ્રવિષ્ટઃ કુરૂતે વિનાશઃ' એ લોકોક્તિ સત્ય બનાવે છે. બીજાના સાક્ષીપણાથી જે અંધાધૂંધી ફેલાય છે, વર્ણવી ન શકાય. આ બધી પારકી પળોજણ મૂકી જો માત્ર પોતાના જ આત્માનો વિચાર કરાય તો આત્મજ્ઞાન 'હસ્તામલકવત્' છે. આત્મા જ આત્માનો શત્રુ છે અને આત્મા જ આત્માનો મિત્ર છે. આત્માને, આત્મા વડે જાણીને આત્માનો જ કલ્યાણનો-નિસ્તારનો પ્રયત્ન કરે તે જ સાચો આત્મજ્ઞાની બને છે. 'એક માત્ર મારો, આત્મા જ, મારા આત્માના ગુણો અને તેને પોષક કરનારી સામગ્રી—સહાયકો વિના બીજું કશું મારું નથી'—આવો જો નિર્ધાર થઇ જાય તો આત્મજ્ઞાન સહજ છે. પછી તેને બીજું કશું ગમે પણ નહિ. ॥૪૧॥

આત્મરમણતામાં જ સાચું સુખ છે, બીજામાં નહિ તે વાત કહે છે—

तं भणसु गणसु वायसु, आयसु उवइससु आयरेसु जिआ;
खणुमित्तमपि विअक्खण, आयारामे रमसि जेण ॥४२॥

હે આત્મન્ ! તું તેવું જ ભણ, તેવું જ ગણ, તેવું જ વાંચ, તેનું જ ધ્યાન ધર, તેવો જ ઉપદેશ આપ, તેવું જ આચર કે જેથી હે વિચક્ષણ ! તું ક્ષણવાર પણ આત્મરૂપી ઉદ્યાનમાં રમણતા કરે.

'નિર્વાણપદ જ મારે જોઇએ' આટલું પણ જેને વાસ્તવિક જ્ઞાન થાય તે જ જેમ સાચો જ્ઞાની છે, નિર્વાણપદની અંખના વિનાનો નવપૂર્વી પણ જેમ અજ્ઞાની છે. તેમ હે આત્મન ! તું મન–વચન અને કાયાની એવી પ્રવૃત્તિ કર કે જેથી તને 'અવે મોક્ષે સમો મુનિ'નો અનુભવ થાય. અર્થાત્ વિચાર–વાણી અને વર્ત્તન એવું બનાવ જેથી તારૂં અહિત જરા પણ ન થાય અને સદૈવ હિત જ થયા કરે અને આત્મા આત્મગુણોમાં જ આનંદ પામે. ॥૪૨॥

આત્મ અવબોધનું ચરમફલ જણાવી, ગર્ભિત રીતે ગ્રન્થકાર પોતાનું નામ જણાવી ગ્રન્થનું સમાપ્ત કરતાં કહે છે કે—

इय जाणिऊणं तत्तं, गुरुवइट्ठं परं कुणु पयत्तं;
लहिऊण केवलसिरिं, जेणं जयसेहरो होसि ॥४३॥

આ પ્રમાણે પરમગુરૂદેવ શ્રી તીર્થંકર પરમાત્માએ ઉપદેશેલા તત્વને જાણીને એવો શ્રેષ્ઠ પ્રયત્ન–ઉદ્યમ કર કે જેથી કેવલજ્ઞાન રૂપી લક્ષ્મીને પામીને આઠે કર્મનો જય કરનાર જયશેખર તું બનીશ.

કર્મના સઘળા ય બંધનોથી મુક્ત થવા માટે જ ધર્મની આરાધના કરવાની છે. મોક્ષપદની ઇચ્છા જ કર્મના બંધનો તોડવા જીવને પ્રબલ પુરૂષાર્થની પ્રેરણા કરે છે. જે ચીજવસ્તુની પ્રબલ ઇચ્છા જન્મે તો જીવ કેવો ભગીરથ પુરૂષાર્થ આદરે છે તે સૌના અનુભવમાં છે. તો મોક્ષની સાચી લગની શું શું ન કરાવે ? પછી કેવળજ્ઞાન તો હાથમાં છે. ગર્ભિત રીતે કર્ત્તાએ પોતાનું જયશેખર નામ પણ સૂચિત કર્યું છે.

ભગવાનના શાસનના પરમાર્થને પામેલા દરેકે દરેક ગ્રન્થકાર પરમર્ષિઓનો એક જ આશય હોય છે કે, ભવ્યાત્માઓ, આજ્ઞા પ્રમાણે ધર્મની આરાધના કરી. વહેલામાં વહેલા આ સંસાર સાગરનો પાર પામી સિદ્ધિપદને પામે. આ વિષમ એવા દુષમાકાળના પ્રભાવે ઘણા ધર્મોપદેશકો–વક્તાઓ અને લેખકોને 'મોક્ષ માટે જ ધર્મ'ની વાત કડવી દવા જેવી લાગે છે તેથી સંસાર સુખનું સુગર કોટેડ ચડાવી પોતાની જાતની છલના સાથે અનેકની આત્માની છલના કરે છે અને શાસનનો દ્રોહ કરે છે. સન્નિપાતના દર્દીને વિપર્યાસમાં મજા આવે તેમાં તેનો દોષ નથી પણ રોગ જ એવો વકર્યો છે કે બધાથી

ઊંધું જ ગમે, માટે તેવાઓની દયા ચિંતવી તેમની લોભામણી–લલચામણી સુટરકોટેડમાં આપણે ન મૂંઝાઈએ અને આત્મજ્ઞાનને પામવાના માર્ગે સુગુરૂના કહ્યા મુજબ ચાલી પુણ્ય યોગે પ્રાપ્ત મનુષ્યનો આ સદુપયોગ કરી ! આત્મકલ્યાણ સાધીએ તે જ ભાવના.

છદ્મસ્થપણાથી મતિમંદતાથી શ્રી જિનાજ્ઞા કે ગ્રન્થકારશ્રીના આશય વિરુધ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના..... [સમાપ્ત]

સુભારજાનાં લક્ષણ

રામ લક્ષ્મણ વનમાં સીધાવતા—એ રાગ.

સદાચારી નારી માને આનને
ધન્ય માતાની કુખે કેવાય, સદા સુખી થાય, ખરૂં જાણ્યું તેહનું. ૧
જીવ જાતાં શીયળને તજે નહિ,
પરપુરૂષ ભાતા તાત, ગણે જે સુભ્રાત, ખરૂં જાણ્યું તેહનું. ૨
સ્વામી સેવા કરે સદાઆદરી,
શુભ કાર્યમાં આપે સલા'ય ઉભય સુખી થાય, ખરૂં જાણ્યું તેહનું. ૩
ખરો ધર્મ પવિત્રતા નારનો,
પતિ જન્મ્યા પે'લા નવ ખાય, સુગુણી કે'વાય, ખરૂં જાણ્યું તેહનું. ૪
પાપ કામ ને આપ ધિક્કારતી,
દીસે રૂપ સતીની સમાન, પતી પામે માન, ખરૂં જાણ્યું તેહનું. ૫
વસે સંપી સાસરીયાના સાથમાં,
સહે સંકટ હોય તે આપ, શોભા પામે બાપ, ખરૂં જાણ્યું તેહનું. ૬
કંથ કષ્ટમાં પ્રાણ દીયે સદા,
છત કેપી છકી નવ જાય, સુખે ન કુલાય, ખરૂં જાણ્યું તેહનું. ૭
નિજ બાળને પુત્ર પ્રેમથી,
નીતિ મારગ શીખવે જેહ, સાચી માતા તેહ ખરૂં જાણ્યું તેહનું. ૮
લેશ કલેશ કરે કોઇ દી નહિ,
દીપે દેવી જેવી સાક્ષાત, વદે સાચી વાત, ખરૂં જાણ્યું તેહનું. ૯
બીજાં વસ્ત્રો પે'રીને ન નીકળે,
ચોરે ચોટે કે દ્વારની બા'ર, પવિત્રતા નાર, ખરૂં જાણ્યું તેહનું ૧૦
દાન ધર્મ કરે બને તેટલું,
રાખે હૃદયે દયાનો વાસ, નીતિવાન બાસ, ખરૂં જાણ્યું તેહનું. ૧૧
કહે કેશવ સદ્‌ગુણી નારને,
સતી ધર્મ તમારો છે એહ, નથી સંદેહ, ખરૂં જાણ્યું તેહનું. ૧૨

જૈન બિબ્લિઓગ્રાફી

— શ્રી કુન્દનલાલ જૈન —

(જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યના અભ્યાસની ઘણી ઊંડી જરૂરીઆત છે અને તે વિષયોના તલસ્પર્શી જ્ઞાન વિના રચના કે સંશોધન પણ થઇ શકે નહિ. જે કાળમાં હસ્ત લિખિત સાહિત્ય દુર્લભ હતું તે કાલમાં પણ પૂ. યશો. વિ. મ. જેવા મહાપુરૂષોએ તલસ્પર્શી જ્ઞાનને લીધે કેવું અદ્‌ભુત સાહિત્ય રચ્યું અને શોધન કર્યું છે આજે આ દિશામાં શ્રી સંઘમાં ખાસ લક્ષ દોરવા જેવું છે તે અંગે એક સંશોધન ગ્રંથની આલોચનાનો આ લેખ અહીં મૂકયો છે. જૈન યુનિવરસીટી, વિશ્વ વિદ્યાલય જેવું આયોજન હોય તો આ દિશામાં વ્યવસ્થિત અને સ્થિર તથા ફળજ્વી પ્રવૃત્તિ પ્રગતિશીલ ધોરણે થઇ જશે. આવી યુનિવરસીટી માટે ભૂમિકા રૂપ કાર્ય કરવા માટે એક કરોડની રકમથી સ્થાયી શરૂઆત થઇ શકે. જેઓ આ વિષયમાં રસ લે તેઓ પ્રવૃત્તિ કરે તો ફળ આવી શકે એવા વર્તમાન સંયોગો છે. સં'પા૦)

जैन बिब्लिओग्राफी अंग्रेजी का एक महान् जैन ऐतिहासिक शोध संदर्भ ग्रंथ है । आगे अपने लेख में इसका संक्षिप्त रूप जे. वि. के नाम से प्रयुक्त करेंगे । यहाँ हम इसका समीक्षात्मक विस्तृत विवरण प्रस्तुत कर रहे है। यह ग्रन्थ शोध छात्रों के विए नितान्त उपयोगी और बहुमूल्य है । इसका संकलन स्व. बा छोटेलालजी, कलकत्ता ने बडे कठोर परिश्रम के पश्चात् तैयार किया था जिसका प्रथम भाग सन् १९४५ में प्रकाशित हुआ था जिसमें सन् १९२५ तक के उपलब्ध जैन शोध सन्दर्भो का संकलन था । स्व. बा. छोटेलालजी विषय में हम आगे कुछ लिखेंगे । जब सन् १९४५ मे पहला भाग प्रकाशित हो गय तो बा. छोटेलालजी ने अपनी शोध खोज और आगे बढाई और सन् १९६० तक के उपलब्ध जैन सन्दर्भो का संग्रह किया जिसे सन् १९८२ में वीर सेवा मन्दिर दिल्ली ने द्वितीय परिवर्द्धित संस्करण के रूप में दो भागों में प्रकाशित किया, यहाँ हम इसी संस्करण की समीक्षा प्रस्तुत कर रहे है ।

जै० बि० दो भागों में प्रकाशित है, इसका आकाम क्राउन ओक्टेवो साइज में है । कागज उत्तम और टिकाऊ है, ग्रंथ सजिल्द है । प्रत्येक भाग का

मूल्य तीन-तीन सो रुपये है । छपाई उत्तम और स्पष्ट है, प्रूफ रीडिंग सावधानीपूर्वक किया गया है । ग्रन्थ संग्रहणीय और जैन इतिहास के सन्दर्भो की बहुमूल्य धरोहर है । इसके प्रथम भाग में १०४४ पृष्ठ तथा ९५६ प्रविष्टियां है । द्वितीय भाग में १९४८ तक लगभग ९०० पृष्ठ तथा प्रविष्टियां १९५४ है । इस तरह कुल २६१० प्रविष्टियां है तथा पृष्ठ संख्या १९४८ हो जाती है । इसका सम्पादन जैन विद्या के मूर्धन्य विद्वान् श्रद्धेय स्व० डा० आदिनाथ नेमिनाथ उपाध्ये, कोल्हापुर ने किया है जो सम्पादन कला के पारखी और महारथी थे ।

पर आश्चर्य की बात है कि उन्होंने इस ग्रंथ के विषय में अपने कुछ भी विचार व्यक्त नहीं किये है । लगता है वे ग्रंथ सम्पादित तो कर चुके थे पर जब ग्रंथ प्रकाशित हुआ तो वे दिवंगत हो गये थे, यदि जीवित रहते तो अवश्य ही ग्रन्थ की उपयोगिता और महत्ता पर अपने महत्वपूर्ण विचार व्यक्त करते । जो कुछ भी हो ग्रंथ के लिए यह निश्चय ही रिक्ततापूर्ण स्थिति है जो खटकती है । यह महान् ग्रन्थ जैन शोध विद्या के मूर्धन्य मनीषी श्रद्धेय स्व. पं. जुगलकिशोरजी मुख्त्यार को सश्रद्धा समर्पित किया गया है, जो निश्चय ही इस योग्य थे ।

इस ग्रंथ में इनडेक्स न होने के कारण इस ग्रन्थ रत्नाकर से कोई शोध सन्दर्भ रूपी रत्न ढूंढ निकालना असम्भव नहीं तो कठिन अवश्य ही है । पर स्व. डा. उपाध्ये की सम्पादन कला ने सम्पूर्ण ग्रन्थ को दस अध्यायों मे विभाजित कर इनडेक्स के अभाव की अंशतः पूर्ति कर दी है । वैयक्तिक सन्दर्भ खोज पाना सो नितान्त दुर्लभ हैं पर विषयगत अध्याय में से परिश्रम करके कुछ काम के सन्दर्भ ढूंढे जा सकते है किन्तु इससे इनडेक्स की अभाव पूर्ति नही हो सकती है । ग्रन्थ के प्रारम्भ में वीर सेवा मन्दिर दिल्ली के मंत्री महोदय का प्रकाशकीय वक्तव्य है जिसमें उन्होने ग्रंथ के विषय में अपने विचार व्यक्त करते हुए तीसरे भाग के रूप में इनडेक्स पाठकों को शीघ्र ही देने का उल्लेख किया है किन्तु खेद की बात है कि दस वर्ष बाद भी इस ग्रंथ के इनडेक्स के कहीं कोई आसार नहीं दिखाई देते है जिससे ग्रंथ की उपयोगिता और बहुमूल्यता घट रही है । शोधार्थी इसका भरपुर उपयोग नहीं कर पा

रहे है । कोई इसे खरीदना भी नहीं चाहता क्योंकि इनडेक्स के बिना इससे अभीप्सित सन्दर्भ प्राप्त कर पाना शोधार्थी को दुर्लभ है । इस ग्रंथ के प्रकाशन पर जो इतनी विपुल धनराशि खर्च हुई है वह समाज की कठोर श्रम से उपार्जित सम्पत्ति का सदुपयोग सा नहीं लगता है ।

जैन० बि० के द्वितीय परिवर्द्धित सन् १९८२ के संस्करण में बी. से. म. के मंत्री महोदय के प्रकाशकीय वक्तव्य के अतिरिक्त शेष सन् १९४५ के प्रथम संस्करण के प्रकाशक श्री एस. सी. सील का प्रकाशकीय वक्तव्य, डा. कालिदास नाग का प्राक्कथन एवं बा. छोटेलालजी की भूमिका आदि ठीक वही है जो सन् १९४५ वाले संस्करण में थी । इस ग्रंथ में बा. छोटेलालजी को चित्र भी दिया गया है जिसमें वे तत्कालीन काली गोल टोपी पहिने हुए है जो उन दिनों फेल्ट केप के नाम से प्रसिद्ध हुआ करती थी । यह टोपी स्व, बाबूजी को बहुत रुचिकर होती थी । श्री एस. पी. सील ने २५ जुलाई १९४५ को अपने प्रकाशकीय वक्तव्य में प्रथम संस्करण का प्रकाशन भारतीय जैन परिषद से होने का उल्लेख किया है । इससे उन्होने ग्रन्थ के महत्त्व और बा. छोटेलालजी के परिश्रम की सराहना करते हुए जैन समाज से अपील की है कि बौद्धों की भांति जैनियों को भी जैन शोध के क्षेत्र में प्रगति करना चाहिए और ऐसे शोधपूर्ण ग्रन्थ प्रकाशित कराना चाहिए ।

उन्होने इस ग्रंथ में सन् १९०८ से १९२५ तक के उपलब्ध विभिन्न जैन शोध सन्दर्भो के संकलन का उल्लेख किया है । डा. कालिदास नाग जो अपने समय के मुर्धन्य इतिहासवेत्ता और अग्रणी विद्वान् थे, ने अपने प्राक्कथन में इस ग्रंथ की उपयोगिता और बा. छोटेलालजी के श्रम एवं बुद्धिकौशल की प्रशंसा करते हुए जैन अहिंसा को समाज और देश के लिए कल्याणकारी सिद्ध करते हुए इसके व्यवहारिक उपयोग के प्रति ध्यान आकर्षित किया है । यह प्राक्कथन १५ जुलाई १९४५ को कलकत्ता में लिखा गया था ।

अन्त में श्रावण कृष्णा प्रतिपदा वी. नि. सं. २४७१ तदनुसार २५ जुलाई १९४५ को कलकत्ता में बा. छोटेलालजी ने अपनी संक्षिप्त भूमिका में जैन संस्कृति का भारतीय सभ्यता और संस्कृति के विकास में योगदान की

चर्चा करते हुए फ्रान्सीसी विद्वान् डा. ए. गेरोनो के प्रति कृतज्ञता प्रकट की है जिन्होने सन् १९०८ तक उपलब्ध जैन ऐतिहासिक एवं पुरातात्त्विक सन्दर्भो का संकलन कर दो महान् ग्रंन्थो का प्रकाशन कराया था जिसमें प्रथम ऐसीया दी बीब्लीओग्राफी जैन सन् १९०६ में तथा दूसरा रीप्रेटोरी डी' इपीग्राफी जैन सन् १९०८ में प्रकाशित हुआ था । उन्ही के चरण चिन्हों का अनुसरण करते हुए स्व. बाबूजी ने रोयल एशियाटिक सोसाइटी बंगाल के ग्रन्थागार, कलकत्ता म्यूजियम तथा अन्य साहित्यिक संस्थाओं के ग्रंथागारों में बैठकर एवं देश के विभिन्न ऐतिहासिक, पुरातात्विक एवं सांस्कृतिक केन्द्रो का परिभ्रमण एवं सर्वेक्षण और निरीक्षण कर सन् १९२५ तक उपलब्ध विभिन्न जैन सन्दर्भो की बारीकी से शोध-खोज कर संकलन किया और प्रथम संस्करण जैन बि.का प्रकाशन कराया ।

इसके लिए वे प्रतिदिन कई घंटो तक इन ग्रन्थाकारों की पत्र-पत्रिकाए प्रकाशित ग्रन्थ, प्राचीन हस्तलिखित पांडुलिपियां, शिलालेख, मूर्तिलेख, यन्त्र-लेख, सिक्के, गजेटियर, जनगणना रिपोर्ट वर्षो तक पलटते रहे और उनसे जैन सन्दर्भ खोजकर नोट करते रहे । इस तरह सन् १९२५ तक की उपलब्ध सभी जैन सामग्री प्रथम संस्करण में १९४५ में प्रकाशित करा दी । इसके बाद भी वे अपने शोध कार्य में लगे रहे और मिशनरी की भांति कार्य करते रहे । यद्यपि उनका स्वास्थ्य अनुकुल नहीं रहता था फिर भी जिनवाणी की आराधना में उन्होंने कोई कमी नहीं आने दी और १९६० तक की उपलब्ध सभी जैन सामग्री जै. बि. के दो भागो में दे दी जो सन् १९८२ में द्वितीय परिवर्द्धित संस्करण के रूप में प्रकाशित हुई थी । खेद है कि स्व. बाबूजी द्वितीय संस्करण का प्रकाशन नहीं देख सके । वे सन् १९६६ में ही काल कवलित हो गये ।

जै. बि. की सम्पुर्ण सामग्री दस अध्यायो में विषयवार विभाजित है और प्रत्येक अध्याय अनेक उप-विषय में विभाजित होने से शोधार्थी को मोटे मोटे सन्दर्भो की सूचना सरलता से उपलब्ध हो जाती है पर बारीक और गम्भीर सन्दर्भो को ढूंढ निकालना इनडेक्स के बिना सर्वथा असम्भव है । यहां हम उन दस अध्यायों के विषय उनकी प्रविष्टियों की संख्या, पृष्ठ संख्या

एक-एक विषय के लिए प्रयुक्त पृष्ठ और प्रविष्टि आदि की तालिका प्रस्तुत कर रहे हैं साथ ही प्रत्येक अध्याय के विषयों के अन्तर्गत आने वाले उप-विषयो का भी उल्लेख कर रहे है । तालिका निम्न प्रकार है :

अध्याय विषय	प्रविष्टि संख्या तक	कुल प्रविष्टियां	पृष्ठ संख्या तक	कुल पृष्ठ
प्रथम प्रमुख संदर्भ ग्रंथो का विवरण	३५९		३४२	
द्वितीय कला, पुरातत्त्व एवं प्राचीन लेख	९५६	५१७	१०४४	७०२
तृतीय इतिहास और काल गणना	१५०९	५५३	१३९१	३४७
चतुर्थ भूगोल और यात्राऐ	१५७४	६५	१४१०	१९
पंचम जीवन चरित्र (बायोग्राफी)	१६३५	६१	१४३०	२०
षष्ठ धर्म	१८२०	१८५	१४९९	६९
सप्तम दर्शन और तर्कशास्त्र	१९४०	१२०	१५६२	६३
अष्टम समाज शास्त्र और शिक्षा	२०००	६०	१५८६	२७
नवम भाषा और साहित्य	२५२६	५२६	१७८१	१९२
दशम अन्य सामान्य विवरण	२९१६	३९०	१९१८	१३७

उपर्युक्त अध्यायो के विषयो को उप-विषयो में वर्गीकृत किया गया है जैसे प्रथम अध्याय में जिन सन्दर्भ ग्रंथो से जैन शोध सन्दर्भ ढूंढे गये है उनका उल्लेख है (१) इनसाइक्लोपीडिया (२) जैन कोष ग्रंथ (डीक्शनरीज्ञ) (३) बिब्लिओग्राफीस (४) विवरणात्मक सूचियां (केटलोगस) जिन-जिन भंडारो के केटलोग में जैन संदर्भ विद्यमान है, उन सभी का उल्लेख है (५) गजेटियर्स (६) जनगणना रिपोर्टस (७) गाइड्स (शोध सहायक पुस्तकें (८) मंदिर आदि आदि ।

दूसरे अध्याय में (१) पुरातत्त्व (२) कला (३) मूर्ति लेख (४) शिलालेख (५) यन्त्र लेख (६) मुद्रा, सिक्के, सीलें (मुहरें) (७) मूर्ति विज्ञान (८) स्थापत्य कला आदि । बाकी अध्यायों में उप-विषय नहीं है । इस तरह स्व. बाबूजी को जहां भी जो जैन संदर्भ मिला उसका संग्रह जैन बि. में कर

दिया है और १९६० तक की उपलब्ध सम्पूर्ण जैन शोध सामग्री जैन बि. के दोनों भागो में समाहित है। अब सन् १९६० से १९९२ तक और पर्याप्त शोध सन्दर्भ सामग्री प्रकाश में आ गई है। किसी प्रतिष्ठित संस्था (जैसे ज्ञानपीठ या जैन विश्व भारती लाडनुं जो डीम्ड युनिवर्सिटी बन गई है) को कुछ विद्वान नियुक्त कर इस सामग्री का संकलन करा लेना चाहिए। स्व. बा. छोटेलालजी तो व्यक्ति नहीं संस्था थे अतः वे इतना बडा काम अकेले कर गये। अब कोई ऐसा जैन व्यक्ति दृष्टिगोचर नहीं आता जो ऐसे विशाल कार्य को सम्पन्न कर शके।

अतः संस्थाएँ ही ऐसा कार्य करा सकती है। इससे जैन संस्कृति, इतिहास, पुरातत्त्व एवं कला के विषय में लोगों को पर्याप्त जानकारी प्राप्त हो सकेगी तथा भ्रान्तियां मिट सकेगी। जैन बि. में प्रयुक्त ग्रंथो, पत्रो-पत्रिकाओ आदि के नामों का संक्षिप्तीकरण (ऐब्रेवाइशन) भी दिया गया है। इस तरह यह सम्पूर्ण ग्रैंथ ग्रंथागारो एवं शोध पुस्तकालयो और शोध संस्थाओ के लिए तो उपयोगी है ही, शोधार्थी विद्वानो के लिए भी यह अधिक महत्वपुर्ण और उपयोगी है। स्व. बाबुजी इस ग्रंथ में जो कुछ उल्लेख कर गये है सम्भवतः काल दोष, ऋतु परिवर्तन एवं लोगो की उपेक्षा से कुछ का ह्रास या अभाव हो गया हो।

अब स्व. बा. छोटेलालजी के प्रती कुछ श्रद्धा सुमन समर्पित करना कोई अतिशयोक्ति न होगी। यद्यपि उनके वारे मे कुछ लिखना सूर्य को दीपक दिखाने तुल्य होगा, फिर भी उन जैसे निरीह विद्वान बहुत कम हुआ करते है। वे मारवाडी जैन परिवार में जन्मे थे, उन पर लक्ष्मी और सरस्वती की अपार कृपा थी, पर उन्होने लक्ष्मी की अपेक्षा सरस्वती को सदैव प्रधानता दी। वे निःसन्तान थे और युवावस्था में ही जीवन संगिनी के बिछोह के बाद तो वे जैनधर्म, जिनवाणी, जैन संस्कृति एवं जैन विद्वानो के प्रति पुर्णतया समर्पित हो गये। उन्होने अपनी सारी सम्पत्ति परोपकार, ज्ञानार्जन, जैन संस्कृति संरक्षण एवं संस्थाओ की सेवा में समर्पित कर दी थी।

सन् १९४४ में स्व. मुख्तार सा.ने राजगृही में जब वीरशासन जयन्ती

मनाने की अपील की तो स्व. बाबुजी का उस आयोजन को सफल बनाने में पूर्ण सहयोग रहा । तभी उन्होने कलकत्ते में वीर शासन संघ की स्थापना की । स्व० बाबुजी को बहुत-सी शोध सामग्री इस संघ ने प्रकाशित की । स्व. बाबुजी वीर सेवा मन्दिर सरसावाबाद, दिल्ली के प्रति तथा इसके संस्थापक स्व. पं. जुगलकिशोर जी मुख्तार के प्रति पुर्णतया समर्पित थे, ये तीनों परस्पर पर्यायवाची थे । स्व. बाबुजी का स्व. मुख्तार सा. के प्रति पितृतुल्य सम्मान और स्नेह था, स्व. पं. कैलाशचन्द्रजी ने तो इन्हें भक्त और भगवान की संज्ञा दी थी । पर दरियागंज के कुछ ईर्ष्यालु एवं झगडालू दिग्गजों को पिता पुत्र के ये मधुर सम्बन्ध रास न आये और उन्होंने परस्पर दोनों के बीच शंका और अविश्वास के बीज वपन कर दिए और परिणाम वही हुआ जो पंचतन्त्र के करटक और दमनक के बीच हुआ था, दोनों ही पिता-पुत्र एक दूसरे के विरोधी हो गये और संस्था वी. से. मं. एवं अनेकान्त की प्रगति रुक गई ।

यद्यपि स्व. बा. छोटेलालजी ने एक सपना संजोया था कि बीर सेवा मंदिर जैनियो का एक उच्च कोटि का शोध संस्थान बने जिसे विश्वविद्यालय अनुदान आयोग से अनुदान प्राप्त हो तथा यहां दस-पन्द्रह उच्चकोटि के विद्वान जैन विद्या की विभिन्न विद्याओ पर अनुसंधान करें । संस्था की किसी विश्व-विद्यालय से मान्यता प्राप्त हो, इसीलिए वे वी. से. मं. को सरसावा से उठाकर दिल्ली लाये थे, दिल्ली के दरियागंज-अन्सारी रोड नं० २१ पर किशान भवन के लिए जमीन खरीदी तथा भवन निर्माण के लिए मई-जुन की तपती दुपहरी में छतरी लगाकर अस्वस्थ दशा में भी निरन्तर निरीक्षण करते और ऐसा विशाल भवन तैयार करा गये, पर दरियागंज की सामाजिक राजनीति ने स्व. बाबुजी क सपना साकार न होने दिया ।

मै १९४६ में सरसावा कुछ महीनो के लिए रहा था । उन दिनो बी. से. मं. अपने शोध कार्यो की ख्याति के लिए जैनियो में ही नहीं अपितु अजैन विद्वानो में प्रसिद्धि के चरम शिखर पर था । अनेकांत की नई किरण पढने के लिए लोग लालायित रहते थे । थोडासा भी विलम्ब होने पर शिकायती पत्रो की भरमार हो जाती थी पर १९५७ में जब मैं स्थायी रूप से

दिल्ली प्रशासन की सेवा में आया तो देखा कि संस्था की हालत डगमगा चुकी थी। सन् १९६२ में स्व. बाबुजी ने वर्षो से बन्द पडे 'अनेकान्त' को पुनः जीवित करने का प्रयास किया। लेख मांगने, प्रुफ रीडिंग करने, प्रेस में छपाने आदि के कार्य में दिन-रात परिश्रम किया करते थे। मैं उन दिनो स्व. बा. जी के सम्पर्क में आया और उनका सहायक बना तथा उनसे बहुत कुछ सीखा।

उन्हीं दिनों मैंने दिल्ली के भण्डारों में स्थित पाण्डुलिपियो के केटलोगींग का काम प्रारम्भ कर दिया था। कठिनाई और परेशानी के समय उनसे, धीरज, साहस और प्रेरणा मिलती। काश! वे कुछ दिन और जीवित रह जाते तो मेरी 'दिल्ली जिन ग्रंथ रत्नावली' के सभी भाग प्रकाशित हो जाते जिसके आठ-नौ भाग अभी भी प्रकाशन की बाट जोह रहे है।

'अनेकांत' के प्रकाशन में अत्यधिक श्रम के कारण उनका स्वास्थ्य दिन-प्रतिदिन गिरने लगा, फलस्वरूप वे अपने सपने की हत्या होते देख कलकत्ते लौट गये और ७० वर्ष की आयु पा सन् १९६६ के फरवरी में चिर निद्रा में विलीन हो गये।

स्व. बाबुजी के इस महान् ग्रन्थ के अतिरिक्त मूर्ति, यन्त्र संग्रह तथा खण्डगिरि उदयगिरि नामक दो शोध ग्रंथ और प्रकाशित है, इनके अतिरिक्त उनके शोध निबन्ध 'अनेकांत' जैसी अनेको शोध पत्रिकाओ में नियमित रूप से प्रकाशित होते रहते थे। वे कलकत्ते के व्यापारिक, साहित्यिक एवं सामाजिक क्षेत्र के ख्याति प्राप्त प्राप्त प्रतिष्ठित व्यक्ति थे। उनका कलकत्ते की विभिन्न संस्थाओ से पदाधिकारी के रूप में अथवा सामान्य सदस्य के रूप में सदैव सहयोग बना रहता था। कुछ संस्थाओ का उल्लेख इसी महाग्रंथ में प्रस्तुत चित्र के नीचे किया गया है।

स्व. बाबुजी का देश के कई ख्यातिप्राप्त मूर्धन्य विद्वानो से स्नेहपूर्ण मैत्री सम्बन्ध थे जिनमें से कुछ के नाम तो अन्तर्राष्ट्रीय क्षेत्र में भी विख्यात है जैसे श्री बहादुरचन्द्र छावडा, श्री शिवराम मूर्ति, डा. कालिदास नाग, डा. ए. एन. उपाध्ये, डा. विन्टरनित्ज, डा. ग्लासिनव, पं. महेन्द्रकुमारजी न्या. वा., पं. जुगलकिशोरजी मुख्तार, पं. नाथुरामजी प्रेमी, डा. आर. डी. बनर्जी, डा.

ए. आर. भट्टाचार्य आदि आदि । वे श्रद्धेय श्री गणेशप्रसादजी वर्णी के बडे भक्त थे, उनके अन्त समय में स्व. बा. जीनें जी सेवा की वह उल्लेखनीय है। वे अन्त समय तक वर्णी जी के सिरहाने बैठ कर उनकी वैयावृत्ति करते रहे और उन्हे सम्बोधित करते रहे ।

ऐसे थे सरस्वती के महान् पुत्र स्व. बा. छोटेलालजी जिनका पार्थिव शरीर यद्यपि आज नहीं है पर उनकी ज्ञानार्चना की यशःपताका यावच्चन्द्र दिवाकरौ तक निरन्तर लहराती रहेगी । भावी शोध छात्र उन्हें श्रद्धा और सम्मान से सादर नमन करते रहेंगे । इस तरह जैन बीब्लीओग्राफी तथा उसके संकलयिता स्व. बा. छोटेलालजी की संक्षिप्त-सी समीक्षा कृपालु पाठको के समक्ष प्रस्तुत है, यदि कही कोई त्रुटि रह गई हो तो कृपालु पाठक क्षमा करें तथा मुझे उससे अवगत कराने का कष्ट करें । 'को न विमुह्यति शास्त्र समुद्रे'। इति शम् ।

(तित्थयर-९३)

— शासन समाचार —

અમદાવાદ – કૃષ્ણનગરમાં પૂ. આ. હેમચંદ્રસૂરિ મ. ની નિશ્રામાં મેરુચંદ્ર વિ. સંકલીત પ્રશ્ન પત્રની પરીક્ષાનો ઇનામી સમારોહ કરવામાં આવ્યો હતો. પાંચ નંબર આવનારને ઇનામ આપવામાં આવ્યું હતું.

૧	મીથુન કનુભાઇ શાહ	ઇનામ રૂા.	૧૫૧
૨	શાહ અર્ચના ઉમેશકુમાર	,,	૨૦૧
૩	,, રેખાબેન શૈલેષકુમાર	,,	૭૧
૪	,, ઉપેન્દ્રકુમાર ચીનુભાઇ	,,	૫૧
૫	,, રાકેશ ચીનુભાઇ	,,	૩૧

અને બાકીનાને આશ્વાસન ઇનામ પણ આપવામાં આવ્યું હતું. આ ઇનામનો લાભ આભૂષણ જ્વેલર્સવાળા કીરીટભાઇએ લીધેલ હતો.

૪૫, દિ. પ્લોટ, જામનગર

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા.ના શિષ્ય મુનિ યોગીન્દ્રવિ. મ.ની નિશ્રામાં જામનગર ૪૫, દિ. પ્લોટમાં મહાપર્વ પર્યુષણાની આરાધના તથા તપશ્ચર્યા તેમજ દેવદ્રવ્યની ઉપજ તેમજ શાસન પ્રભાવના તથા વરઘોડો સંબંધમાં વ્યાખ્યાનમાં આઠે દિવસે બંને વખત જુદા જુદા ભાવિકો તરફથી પ્રભાવના કરવામાં આવેલ.

કલ્પસૂત્ર તથા બારસા સૂત્ર બંનેની પાંચ પૂજા તથા અષ્ટપ્રકારી પૂજા તથા ગુરૂ પૂજન વગેરે ચઢાવા સારા થયા હતા લોકો લાભ સારા પ્રમાણમાં લેતા હતા.

શંકા અને સમાધાન

શંકા–૬ રાત્રે જાગીને પ્રતિક્રમણ થાય છે તેવી રીતે દિવસે ખાધા પછી પ્રતિક્રમણ થાય ? અને થઇ શકે તો કેવું પચ્ચક્ખાણ લેવાય કે લેવું જોઇએ ?

સમાધાન–૬ વિધિ તો એવી છે કે સૂર્યાસ્ત પછી જમનાર વ્યક્તિ જમી લીધા પછી દેવસી પ્રતિક્રમણ કરવા માટેનો અધિકાર ગુમાવે છે. હા. સૂર્યાસ્ત પછી પાણી વાપરવું હોય તો તે વ્યક્તિએ સૂર્યાસ્ત પૂર્વે કે સૂર્યાસ્ત સમયે તિવિહારનું પચ્ચક્ખાણ કરી લેવું જોઇએ. પરંતુ રાત્રિભોજન કર્યા પછી દેવસી પ્રતિક્રમણ કરવું તે તદ્દન શાસ્ત્ર વિરૂદ્ધ છે. વર્તમાન સમયે ઘણે ઠેકાણે ઘણાં બધાં શ્રાવકો (ગૃહસ્થો) રાત્રે જમ્યા પછી દેવસી પ્રતિક્રમણ કરે છે પરંતુ આ તદ્દન શાસ્ત્ર વિરૂદ્ધ જ પ્રવૃત્તિ છે. આવી શાસ્ત્ર વિરૂદ્ધ પ્રવૃત્તિને નજર સામે રાખીને રાઇ પ્રતિક્રમણ માટે 'સવારે નાસ્તો કર્યા પછી રાત્રે પ્રતિક્રમણ થઇ શકે કે નહિ ?' આવો પ્રશ્ન કરવો જ તદ્દન અસ્થાને છે.

વળી બીજી વાત કે–'રાત્રે જમ્યા પછી પણ જે પ્રતિક્રમણ કરાય છે તે શાસ્ત્ર વિરૂધ્ધ જ છે. છતાં પણ તે પ્રતિક્રમણ કર્યા પછી આહાર કરી શકાતો નથી. એટલે કે પ્રતિક્રમણ કર્યા પછી રાત્રો આહારનો ત્યાગ કરવાનો છે. જ્યારે રાઇ (સવારના) પ્રતિક્રમણ કર્યા પહેલાં, કશું જ મોઢામાં નાંખવાનું નથી. એટલે કે રાત્રે પ્રતિક્રમણ કર્યા પછી જ આહારાદિ લઇ શકાય છે. એટલે 'દેવસી (સાંજના) પ્રતિક્રમણ કર્યા પછી આહાર લઇ શકાતો નથી અને રાત્રે (સવારના) પ્રતિક્રમણ કર્યા પહેલા આહારાદિ કશું લઇ શકાતુ નથી.'' આટલો બન્ને પ્રતિક્રમણમાં તફાવત રહેલો છે. આ હિસાબે પણ રાત્રે જમ્યા પછી પ્રતિક્રમણ કરાયે તો દિવસે (સવારે) ખાધા પછી પ્રતિક્રમણમાં કયું પચ્ચક્ખાણ લેવું ? આ પ્રશ્ન જ ઉડી જાય છે. સવારે કંઇપણ ખાધુ કે પીધુ હોય તો સવારનું પ્રતિક્રમણ કરી શકાતુ નથી. કેમ કે સવારના પ્રતિક્રમણ સમયે મોઢામાં ઓછું 'નવકારશી'નું પચ્ચક્ખાણ તો લેવું જ પડે છે. અને નવકારશી સમયે ચા–પાણી નાસ્તો કર્યો હોય અને પછી રાઇ (સવારનું) પ્રતિક્રમણ કરે તો તે પચ્ચક્ખાણ તો લઇ શકે તેમ નથી કેમકે તેણે નવકારશી તો પારી લીધી છે.

બીજી એક વાત કે રાઇ સવારનું પ્રતિક્રમણ મોઢામાં મોડું દિવસના મધ્યાહ્ન સુધી કરી શકાય છે. અને દેવસી સાંજનું પ્રતિક્રમણ મોઢામાં મોડું રાત્રિના મધ્યાહ્ન સુધી કરી શકાય છે. હવે કોઇ વ્યકિત કોઇ એવા બહારગામ જવાના કે તેવા જ કોઇ બીજા પ્રસંગે દેવસી પ્રતિક્રમણ બપોરે બે વાગે કરી લે તો પછી તે સૂર્યાસ્ત સુધીના સમયમાં અન્નનો એક કણ પણ ખાઇ શકે નહિ અને સૂર્યાસ્ત પછી તો ખાવાનું જ

નથી. હા તે વ્યકિતએ બે વાગ્યે પ્રતિક્રમણમાં તિવિહારનું પચ્ચકખાણ કર્યું હોય અને ઉકાળેલું પાણી વાપરતી હોય તો તે સૂર્યાસ્ત સુધી જ પાણી વાપરી શકે છે અને કાચું પાણી વાપરતી હોય તો રાત્રિના મધ્યાન્હ સુધી કાચું વાપરી શકે છે.એ કે એટલા બધાં મોડા સમય સુધી કાચું પાણી વાપરવું સારૂ નહિ.

કામ દેવસી (સાંજના) પ્રતિક્રમણ પછી આહારનો ત્યાગ થાય છે. જ્યારે રાઈ (સવારના) પ્રતિક્રમણ કર્યા પછી આહારાદિ લેવાની છૂટ મળે છે આટલો તફાવત ખાસ ધ્યાનમાં રાખવો.

શંકા-૭ ઉનાળામાં પરસેવો વધુ વળે ત્યારે દેરાસરમાં બેસીને આંગી, પૂજા, ચૈત્યવંદનાદિ કરીએ ત્યારે દેરાસરની તે તે જગ્યા આપણા શરીરના પરસેવા વાળી થાય છે તો તે પણ આશાતના જ છે ને ? તે શી રીતે દુર કરવી ?

સમા-૭ આ તો આપણાં શાસ્ત્રોમાં મુહપત્તિના ઉપયોગ વગર બોલવાની ના પાડી છે. આપણે ચૈત્યવંદનમાં મુહપત્તિના પૂરેપૂરા ઉપયોગ પૂર્વક બોલતા હોઇએ ત્યારે "જયવીયરાય" "જાવંત કેવિ સાહુ" "જાવંતિ ચેઇઆઇ" આ સૂત્રો બોલતી વખતે તો મુકતા શુકિત મુદ્રા (બે હાથ પોલા જોડીને લલાટે અડાડવા) માં બોલવાના છે અને ત્યારે તો મુહપત્તિનો ઉપયોગ રહી શકતો જ નથી. તો શું કરવું ? આની જેવો ઉપરનો પ્રશ્ન છે. તેનો જવાબ એ છે કે-

"જયવીયરાય" આદિ સૂત્રો બોલતી વખતે મુહપત્તિનો ઉપયોગ રહેવો શકય નથી, પરંતુ તે મુહપત્તિનો અનુપયોગ અશકય પરિહાર રૂપ છે. અને મુદ્રા અંગેની અન્ય વિધિ સાચવવામાં મુહપત્તિના ઉપયોગની વિધિ તે સમયે ગૌણ બને છે. માટે ત્યાં દોષ નથી. પરંતુ તે સિવાય જ્યારે જ્યારે મુંહપત્તિના ઉપયોગ પૂર્વક બોલવાનું હોય ત્યારે ત્યારે જો મુહપત્તિના ઉપયોગ વગર બોલાય તો સ્પષ્ટ રીતે વિરાધનાનો દોષ ચોંટી જ જાય છે. બરાબર આ જ રીતે દેરાસરમાં ઉનાળા સમયે કે અન્ય સમયે થતાં પરસેવા અંગે જાણવું. આપણે બેઠા હોઇએ તે સ્થળે લાગતા પરસેવાને દૂર કરવો અશકય છે. હા. ઉઠયા પછી તે સ્થળને કોઇ વ્યકિત દૂધથી કે પાણીથી સાફ કરે તો તો વધુ સારૂ પરંતુ તે વિધિ રૂપે ફરજીયાત નથી. પરંતુ કપાળ, હાથ, આદિ અંગો પરથી પડતા પરસેવાને કે જેને આપણે અલગ રાખેલા રૂમાલ વડે લુછીને દેરાસરમાં પડતો અટકાવી શકીએ છીએ તેને તો ફરજીયાત લુછી નાંખવો જોઇએ તે પરસેવો શકય પરિહાર રૂપ છે. છતાં તેને દુર નથી કરતાં અને બેઠકની જગ્યાના પરસેવાની ચર્ચા કરીએ છીએ તો ખરેખર આપણે આશાતના ની વાતો કરનારા ઢંઢી આરાધકો છીએ. કેમકે આપણે શકય પરિહાર રૂપ અન્ય પરસેવાની આશાતના રાખવામાં લાપરવા બની ગયા છીએ.

શકય અનુષ્ઠાનમાં પ્રયત્ન નહિ કરનાર અને અશકય અનુષ્ઠાન માટે ફાં–ફાં મારનાર વ્યકિત 'અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ' થાય છે. આવા જીવો કદિ આરાધના કરી શકતા નથી.

એક વાત ધ્યાનમાં રહે કે– જેને ઘણો જ પરસેવો સતત થયા કરતો હોય તેમણે પૂજા–આંગી આદિમાં વધુ સમય ગાળવો ઉચિત નથી. આ અંગે પ્રવચન સારોદ્ધાર–ધર્મ સંગ્રહ શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોમાં એવા ભાવનું કહ્યું છે કે સ્નાન કરીને સ્વચ્છ કરેલું એવું પણ આ શરીર ક્ષણિક જ સ્વચ્છ રહે છે પછી તો વિરૂપ થઇ જાય છે.

કોઇ એમ કહે કે– આટલો બધો પરસેવો વળે છે અને આશાતના થાય છે તેના કરતાં આસન પાથરીને બેસીએ તો શું વાંધો ? તેને એ જવાબ જાણવો કે આસન પાથરીને બેસવામાં આપણને થોડીક મહત્તા આવી જાય છે શ્રી વીતરાગ પ્રભુની સામે આવી રીતે આસન પાથરીને મહત્તા પૂર્વક બેસવું ઉચિત નથી. વળી સાધુ–સાધ્વીજી ભગવંતો ની તથા પૌષધ કે ઉપધાનના આરાધકોની વાત અલગ છે કેમકે તેમને બેસવું હોય તો આસન વગર બેસી શકાતું નથી. માટે તે પૂજયોનું આસનનું દૃષ્ટાંત પૂજા કરનારા શ્રાવકોએ લેવું નહિં.

ધર્મગુરૂશ્રીના દર્શનાર્થે કરેલી વિનંતિ

(મા'રે સોના સરીખો સુરજ ઉગીયો—એ રાગ)

ગુરૂરાજ વહેલા પધારજો,
શે'ર રાજનગર સૂતું પડયુ, ઝુરે રાત દિવસ નરનાર ગુરૂરાજ.
પૂરા પુન્યે મળ્યો તો જોગ જૈનને, તજયો તેહ તે કેમ તજાય ,,
આંખો હંસ વિનાનો ઉપાસરો, સૂનો સંપતસિંહ વિણ સંઘ ,,
જેહ શુભ સિંહાસન શોભતું, તેહ આલી આવાને ધાય ,,
આપે આવી પાશાઓ પલાળીઆ, પાયુ ધર્મરૂપી શુભ નીર ,,
નરનારી ભરે છે નીર નેત્રમાં, શાણી વાણી સાંભળવા કાજ ,,
દીવો જ્ઞાનનો ગોતી અમે થાકીયાં, હીરો આવી વરચો છે વાંય ,,
મીઠી વાણીને નિરમળ વાકયનો, સ્વાદ સૌને રહ્યો છે જોહ ,,
મુની હંસવિજયજી સાંભળો, સાથે સંપતવિજય મુજાણ ,,
સાલ છાસઠ માગશર માસની, શુદ આઠમે કીધી અર્જ ,,
કરજોડી કહે છે જૈન શ્રાવીકા, મળ્યો ધર્મ ભણી તમ પાસ. ,,

જીવન સૌરભ

જીવનમાં જ્યાં સુધી ચારિત્ર ન લઈ શકાય ત્યાં સુધી શ્રાવક જીવનને દીપાવનારા લેવા જેવા નિયમો

૧. ચારિત્ર ન મળે ત્યાં સુધી મનગમતી કોઈ એક ચીજનો રોજ ત્યાગ કરીશ.

૨. મોજ-શોખ-વૈભવ વિલાસોની પાછળ ધનઅર્થ કરી પાપો નહિ બાંધુ પણ ધર્મ માર્ગે સદ્વ્યય કરીશ. બીજાને તેવી પ્રેરણા કરીશ.

૩. જિનેશ્વર દેવોએ બતાવેલા વિચાર, આચાર, વ્રત, નિયમનું સુંદર રીતે વધુ ને વધુ આત્માઓ પાલન કરતા થાય તેવા, પ્રયાસો હું જરૂર કરીશ.

૪. જિનમંદિર, ઉપાશ્રય, જ્ઞાનભંડારોની વધુ ને વધુ સુંદર જાળવણી થાય તેવા પ્રયત્ન કરીશ.

૫. જૈનકુળ તથા શ્રાવકજીવનને દીપે તેવાં જ વસ્ત્રો પરિધાન કરીશ.

૬. બીડી, સીગારેટ, તમાકુ, પાન, માવો વગેરેનો સદંતર ત્યાગ કરીશ.

૭. સીનેમા નાટક ટી. વી, વિડીઓ વગેરેનો ત્યાગ કરીશ. ફસાયેલાને બચાવવા પ્રયત્ન કરીશ.

૮. આત્મ ભોગોનો ભોગ બનાવી જીવન પાયમલ કરતા ઠંડા પીણાં, આઈસ્ક્રીમ, બરફ, બજારની ચીજ વસ્તુઓ વાપરીશ નહિ.

૯. તીર્થસ્થાનોમાં અને ધર્મપ્રવૃત્તિઓમાં શાસનની મર્યાદા જળવાય તે રીતે કાર્ય કરીશ.

૧૦. માતા-પિતા-વડીલ વગેરેને રોજ પગે લાગીશ. આવા નિયમો લેનારને વધુને વધુ પ્રોત્સાહિત કરીશ.

૧૧. તીર્થસ્થાનોમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળીશ.

૧૨. જિનમંદિરની બહાર નીકળતાં પ્રભુજીને પુંઠ નહિ બતાવું.

૧૩. ધર્મસંસ્કૃતિ ઉપર આક્રમણ સ્વરૂપ કોઈ વાત દેખાશે ત્યારે ધર્મની અપભ્રાજના ના થાય અને તે કામ અટકે તેવા ઉચિત પ્રયત્ન કરીશ પણ મગજ નહિ ગુમાવું.

૧૪. ગામમાં કે શહેરમાં ચાલતી આયંબિલ શાળામાં જઈ ભાવપૂર્વક તપસ્વીઓની સેવા કરીશ.

૧૫. શક્ય હોય તો રોજ એક સાધર્મિક જમાડીશ. છેવટે બાર મહિને બાર, છેવટે એક જમાડીશ. નહિ જમાડી શકું તો જે જમાડી રહ્યા છે, તેમની ખૂબ અનુમોદના કરીશ. (પરિચિત હોય તેને સાધર્મિક નહિ ગણતાં અજાણતાં કોઇનો ભેટો થઇ ગયો હોય તેવાને ઘેર લઇ જઈ તેના પગ દૂધથી ધોઇ ઘરમાં પ્રવેશ કરાવી જમાડીશ) શ્રીફળ રૂપિયો આપી, કપાળમાં તિલક કરી અક્ષત લગાવીશ.

૧૬ કંદમૂળ–બટાટા, શકરીયા, ગાજર, લસણ, ડુંગળી, આદિ અનંતકાય તેમજ અભક્ષ્ય પાન પાનનો ત્યાગ કરીશ.

૧૭ દેરાસરજીમાં ગયા સિવાય અગર તો પૂજા કર્યા સિવાય મોંમાં અન્ન કે પાણી નહિ નાખું.

૧૮ સાધર્મિક ભક્તિ આદિના ધાર્મિક પ્રસંગોમાં બરફ આદિનો ઉપયોગ ન થાય, વસ્તુઓ દિવસ દરમ્યાન જ બને, જયણાપૂર્વક કાર્ય થાય તેવો પ્રબંધ કરવા પ્રયત્ન કરીશ.

૧૯ સાંજે ઓછામાં ઓછું તિવિહાર પચ્ચક્ખાણ કરીશ.

૨૦ જમતાં જમતાં બોલીશ નહિ; કારણ કે એથી જ્ઞાનાવરણ્ય કર્મ બંધાય છે.

૨૧ શહેરો કે ગામડામાં મારાં ખાલી મકાનો, મારી તાકાત હશે તો તેને વેચી દેવાના બદલે ઉપાશ્રયમાં ફેરવી દઈશ શ્રી જિનશાસનના કાર્યોમાં વપરાય તેમ આપીશ.

૨૨ સંયમજીવનના સ્વાદસ્વરૂપ, સર્વજ્ઞપ્રરૂપિત સામાયિક કરી–કરાવીશ.

૨૩ મારૂં ચાલશે ત્યાંથી જિનમંદિરોમાંથી, છેવટે ગભારામાંથી ઈલેકટ્રીક લાઈટો દૂર કરાવીશ.

૨૪ સુદેવ, સુગુરૂ, સુધર્મની આશાતના અવહેલના નહિ કરૂં.

૨૫ જિનેશ્વર પ્રભુની પૂજા રોજ કરીશ. બીજાને તે માટે પ્રેરણા કરીશ.

૨૬ સૂત્રો કંઠસ્થ કરવા રોજ સમય ફાળવીશ.

૨૭ શ્રી જિનશાસન એ જ સર્વશ્રેષ્ઠ ધર્મશાસન છે માટે તેના પ્રત્યેક અંગો વધુ ને વધુ મજબુત બને તેવા પ્રયત્ન કરીશ.

૨૮ મારા ઘરમાં પૂંજણીનો ઉપયોગ ચાલુ કરાવીશ.

૨૯ ઉભયસમય પ્રતિક્રમણ કરીશ, કરાવીશ.

૩૦ ચારિત્રનાં તમામ ઉપકરણો ઘરમાં વસાવીશ. રોજ તેને ભાવપૂર્વક વંદન કરીશ.

૩૧ શક્ય તેટલો વધુ સદ્દવ્યય સાત ક્ષેત્રમાં કરીશ.

૩૨ છ'રી પાળતા સંઘો, ધાર્મિક મહોત્સવોમાં બને તેટલી સેવા આપીશ જિનશાસન દિપાવીશ.

૩૩ જ્ઞાનનાં રોજ પાંચ કે તેથી વધુ ખમાસમણાં દઈશ.

૩૪ ગમે તેવા લેખકોનાં પુસ્તકો નહિ વાંચું.

૩૫ તીર્થોમાં રેડિયો, ટેપ, રેકોર્ડ, પત્તા, રમત–ગમતનાં સાધનો, અનર્થદંડ, પ્રવૃતિ ફાલેકૂલે બીજા જીવો અધર્મ પામે, તારક તીર્થોની તારકતાને હાની પહોંચે તેવી કોઈ પ્રવૃત્તિ નહિ જ કરૂં.

૩૬ બાર ભાવનાઓ રાત્રે ભાવીને સૂઇ જઇશ.

૩૭ પરલોકની ચિંતા પ્રત્યેક સમયે કરીશ. આ બધું મારે છોડીને કયાંય ચાલ્યા જવાનું છે, એ વાત યાદ કરીશ.

૩૮ જન્મ અને મરણના ડેરામાંથી છોડાવવાનો માર્ગ બતાવનાર શ્રી જિનેશ્વર પરમાત્માનો સ્નાત્ર મહોત્સવ બને તો રોજ, છેવટે મહિને એકવાર કરીશ.

૩૯ કલ્યાણકોની આરાધના કરીશ.

૪૦ રોજ એક વિગઇનો ત્યાગ કરવો, ૧૪ નિયમ ધારવાની સમજ મેળવી લેવી.

૪૧ વિદળનું સેવન કરવું નહિ. (કાચા દૂધ કે કાચા દહી સાથે કઠોળ મિશ્ર કરવું તે વિદળ) આ મહાપાપ છે.

૪૨ થાળી ધોઇને પીવી, કપડાંથી કોરી કરી મુકવી, હાથે ઉપાડી યોગ્ય સ્થાને તે મૂકી આવવી.

૪૩ મોક્ષની પ્રાપ્તિના હેતુથી. સર્વ ધર્મપ્રવૃત્તિ કરવાની છે, તે કદી ન વિસરવું.

૪૪ ઠઠ્ઠા-મશ્કરી કરી કોઇના આત્માને દુભાવવો નહિ.

૪૫ મિથ્યાત્વના કોઇ પર્વમાં ભાગ લેવો નહિ. તેથી બહુ ભારે પ્રાયશ્ચિત આવે છે. તેમાં જોડાવાથી શ્રી જિનશાસનની લઘુતા થાય છે.

૪૬ પૂણ્યથી મળેલી સંપત્તિ, વૈભવી બંગલાઓ બનાવવા પાછળ નહિ ખર્ચું પણ શ્રી જિનશાસનના કલ્યાણકારી અંગોને બળવાન બનાવવામાં ખર્ચીશ.

૪૭ મહિનામાં અમુક જ દિવસ સાબુ લગાવીશ.

૪૮ કપડાં ધોવા નાંખતા પહેલાં તેને જોઇ લઇશ, કે અંદર કોઇ જીવજંતુ તો નથી ને?

૪૯ કોઇ પણ પુસ્તક લેતાં-મૂકતાં મોરપીંછથી અગર પૂંજણીથી જયણા કરીશ.

૫૦ દીક્ષા લેતાં કોઇને કદી અંતરાય નહિ જરું, પૂર્ણ ઉલ્લાસપૂર્વક સંયમપંથે કર્યશ. પણ પુરી ચકાસણી કરીશ.

૫૧ મારી પોળ, ગામ, શહેરના જિનમંદિરોની પ્રતિમાજીઓ સુંદર સફાઇદાર રહે તે માટે રોજ એક નવી પ્રતિમાજીને અત્યંત આદરપૂર્વક અંગલુંછણાં કરીશ.

૫૨ મળેલ બુદ્ધિનો સદ્વ્યય વિશ્વના સઘળાય જીવો પાપથી બચે-બચાવે તેવી જગ્યાએ કામે લગાડીશ.

૫૩ જગતના બધાં સાધનો કરતાં ધર્મના સાધનોને હું વધારે પ્રીતિપાત્ર ગણીશ.

૫૪ મારા જીવનને હોટેલ, વ્યસન, ફેશન, માંસાહાર, દુરાચારમાં પટકી ખતમ કરે તેવા મિત્રોનો સોબત નહિ બનું.

૫૫ કોઇ ગાળ દેશે તો સામે ગાળ નહિ દઉ.

૫૬ વધુ ને વધુ ગુણો જીવનમાં આવે તે માટે સતત સાવધાન રહીશ.

૫૭ દુઃખમાં દીન નહિ બનું, સુખમાં લીન નહિ બનું.
૫૮ સંપત્તિનું અભિમાન મને મહાવિપત્તિમાં પટકશે.' તે કદી નહિ ભૂલું.
૫૯ પાણી ગળ્યા વગર નહિ જ વાપરું.
૬૦ ચાલતાં ચાલતાં – ઊભા ઊભા નહિ ખાઉ અને પાણી પણ નહિ પીઉ.
૬૧ કૂવા, તળાવ, હોજમાં ડૂબકી નહિ મારું. સ્નાનાગારનો સભ્ય નહિ બનું. બનતાને સમજાવીને પાછો વાળીશ.
૬૨ જિનપૂજા સ્વદ્રવ્યથી જ કરીશ.
૬૩ સામાજિક કે ધાર્મિક પ્રસંગોમાં જમવાની ચીજો બહારથી તૈયાર લાવવાને બદલે જાતે દેખરેખ નીચે શુદ્ધ બનાવી જમાડવાનો આગ્રહ રાખીશ.
૬૪ જિનેશ્વર દેવોએ બતાવેલી આજ્ઞાઓને સર્વથી શ્રેષ્ઠ માનીશ.
૬૫ સમ્યગ જ્ઞાન અને સાતક્ષેત્રની ભક્તિ સિવાય કોઇ પણ ચીજની યાચના પ્રભુ પાસે નહિ કરું.
૬૬ નીતિને અગ્રિમતા આપીશ, અનીતિનું ભારે દુઃખ રાખીશ.
૬૭ ચોમાસામાં મકાનનું ઓઠકામ કે નવું બાંધકામ પણ અસંખ્ય જીવોના પ્રાણ નહિ લઉ.
૬૮ ઘાસ ઉપર નહિ ચાલું.
૬૯ ચારિત્ર ધર્મની પ્રાપ્તિ માટે બુટ, ચંપલનો ત્યાગ કરી અનેક જીવોને અભયદાન આપીશ. મોંઘાદાટ બૂટચંપલમાં ધન વ્યય કરવાને બદલે ધર્મમાર્ગે ખર્ચીશ.
૭૦ દુઃખી, દીન, અપંગ, અંધ કે અનાથને યથાશક્ય મદદ કર્યા વગર રહું નહિ, શક્તિ મુજબ દાન આપીશ.
૭૧ દ્રવ્યદયા કરતાં જીવોની ભાવદયા વધુ ચિંતવીશ. જીવને પાપોથી છોડાવવો અને મોક્ષમાર્ગે જોડવો તે ભાવદયા, જીવન જરૂરિયાતની ચીજો આપવી તે દ્રવ્યદયા.
૭૨ કોઇના પણ સારા કામમાં વિઘ્નભૂત ન થાઉ, પણ તેને વધુ ઉત્સાહિત કરું.
૭૩ ઓઠાં વાસણોનું પાણી ખાળમાં જવાને બદલે ખૂલ્લામાં પરઠવાની તક વધાવીશ.
૭૪ ભેળસેળના ધંધા કરી કોઇની જિંદગીને જોખમ નાંહ પહોંચાડું.
૭૫ લીધેલી પ્રતિજ્ઞાને પ્રાણના જોખમે પાળીશ.
૭૬ અરિહંત. વિતરાગ, સર્વજ્ઞ તીર્થંકરને જ ભગવાન માનું.
૭૭ જિનમંદિર, ઉપાશ્રય કે ધાર્મિક પ્રસંગોમાં ઠઠ્ઠામશ્કરી કરી પાપો નહિ બાંધું.
૭૮ ખોટા સોગન ખાઇશ નહિ અને સાચી વાતમાં ધર્મના સોગંદ ખાઉ નહિ.
૭૯ કોઇને ખોટું આળ (કલંક) આપું નહિ, ચાડીચૂગલી કરીશ નહિ.
૮૦ રોજ થોડો સમય આત્મચિંતન કરીશ.
૮૧ માંસ-દારૂવાળી અભક્ષ્ય દવાઓ નહિ ખાઉ, નહિ ખવડાવું.
૮૨ પાઠશાંળાઓમાં જાતે જઇ બાળકોને ધાર્મિક કાર્યોમાં ઉત્તેજન મળે તેમ કરીશ.

૮૩ સંસારનું સુખ ભૂંડું છે. તેનાં પરિણામો ભયંકર છે આ વાત રોજ યાદ કરીશ.
૮૪ ઝાડપાન તોડીશ નહિ. કોઇપણ જીવને લાકડી મારીશ નહિ.
૮૫ ખોટી સલાહ, ઠગાઇ તથા વિશ્વાસઘાતકારક વચનો બોલીશ નહિ.
૮૬ શાકભાજી સમારતા પહેલા રોજ એક શાક બાજુ ઉપર મુકીશ. જીવદયા પરિણામ જીવતા કરીશ.
૮૭ સાધર્મિક ભાઇ બહેનોને સંકટ વગેરે માં સહાય આપીને વાત્સલ્ય કરવામાં કચાશ ન રાખવી.
૮૮ નિત્ય ઓછામાં ઓછું નવકારશી કરીશ.
૮૯ સર્વવિરતિ ધર્મના સ્વાદસ્વરૂપ અઠ્ઠિનમાં ૫ પૌષધ કરીશ.
૯૦ શ્રાવક જીવનને દિપવવા સ્વરૂપ ૧૨ વ્રત મહત્વ કરીશ.
૯૧ જિન પૂજાનાં વસ્ત્રો સાથે સંપૂર્ણરાક વગેરે નહિ વાપરૂં સ્ત્રીમરણે ઉપયોગ નહિકરૂં
૯૨ પોસ્ટલ કવર ટિકિટો, કુવિયાની નોટો વગેરેને ચૂંક લગાડીશ નહિ.

પ્રતિજ્ઞા–પ્રભાવનામાંથી સાભાર

શાસન સમાચાર

શ્રી વિજાપુર સત્તાવીસ વિશાશ્રીમાળી જૈન જ્ઞાતિ મંડળ મુંબઇ

ઉપરોક્ત મંડળના ઉપક્રમે રવીવાર તા. ૨૫-૮'૯૬ ના રોજ મંડળ આયોજીત શ્રીમતી સાંકુબેન ભોગીલાલ મણીલાલ લોઢાવાલા પરિવારની કાયમી ધાર્મિક પરીક્ષાનો સમારોહ આનંદ પૂર્વક ૩૨૫ રૂપર્ધકોના ભાગ સાથે ખૂબજ સફળતા પૂર્વક પાર પડેલ.

સમાજના મા. વાર મેમ્બરોની હાજરી પણ તેની સફળતામાં સાથ પૂરતી હતી.

આજના જમાનાના સંગીતમય માહોલમાં ધાર્મિક અંતાક્ષરીના પ્રોગ્રામને લોકોએ ખૂબજ રસ પૂર્વક આવ્યો હતો સમારંભના પ્રમુખ શ્રેઠ શ્રી કાન્તિલાલ આધવલાલ માણસાવાલાએ પ્રસંગોચિત ખૂબજ પ્રેરણીય ઉદબોધન કર્યું હતું અને મંડળની આ પ્રવૃતિ ખુબજ કુણે ક્ષતે બીજા ઓદ્યોગિક પાઠવેલ અને પ્રમુખ તરીકે તેમોએ વિજાપુર મંડળને ૧૭૫૧૧ રૂપીયાની બેટ જાહેર કરેલ હતી. સોનામાં સુગંધ જેમ દાતા પરિવાર તરફથી શ્રી છગનલાલ ભોગીલાલ શાહ રીટા મેટલવાલા તરફથી મંડળની કાયમ તેમની ધાર્મિક યોજનામાં બીજા રૂ. ૧૧૧૧૧ ની જાહેરાત કરી હતી.

મંડળના કાર્યકરોએ તેમના આ ઉદાર આર્થિક સહકારને ખૂબજ પ્રેમ પૂર્વક તાલીઓમાં ગડગડાટથી વધાવી લીધો હતો. ધાર્મિક શિક્ષણ સંઘના અધ્યક્ષ શ્રી ચીમનલાલ પાલિતાણાકરે પણ હાજર રહીને સમારંભની સફળતામાં ચાર ચાંદ લગાવી દીધા હતા.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- અમારે જીવતે છતે શાસનની વિરાધના થતી હોય તો તે અટકાવવા સમજાવવા માટે પુરુષાર્થ ન કરીએ તો અમે પણ પાપના ભાગી બનીએ.
- અમારૂં કામ તો તમને બધાને ધર્મમાં જોડવાનું છે, મોક્ષમાં જોડવાનું છે, સંસારમાં જોડવાનું નથી. તમે બધા સંસારના કામ કરો તેમાં અમારી સંમતિ હોય નહિ. તમને બધાને સંસારમાં સુખી જોઇને અમે આનંદ પામીએ તો અમારા હાથમાં ઓઘો શોભે નહિ.
- સારું જીવન જીવવું એટલે એકપણ પાપ ન કરવું પડે તેવું જીવન જીવવું !
- આજે મોટે ભાગ પરલોકને માનતો, માટે તેને મરવાનો ભય છે, જીવવાનો લોભ છે, સુખનો-પૈસાનો તો અતિલોભ છે. તેને જ કારણે તેને એક પાપ, પાપ નથી લાગતું, પાપના ફળની માન્યતાનો અભાવ છે, મારૂં પાપ કોઇ ન જાણે તો વાંધો આવવાનો નથી, પણ કદાચ કોઇ મારૂં પાપ જાણે તો તેનું મોં બંધ કરી દઇશ- આવી દુષ્ટ માન્યતાઓને કારણે જ અમારી વાતો તમારા હૈયામાં પેસતી નથી.
- જે જીવ પાપ ન કરે તે તો સારો છે. જ પણ જે જીવ પાપ કરતો પણ હોય પણ પણ તેનું પાપ જો તેને ખટકયા કરતું હોય તો તેનો ય નંબર રાખવો છે. પછી તો ભગવાન પાસે જઇને તે રોતો કે- 'હે પ્રભુ ! હું પાપી છું, તારી પાસે આવવા ય લાયક નથી, પણ આપ તો 'પતિત પાવન' છો માટે હું આપની પાસે આવ્યો છું. આપના દર્શનથી મારી સુખની લાલચ નાશ પામે, ખોટો લોભ ઘટી જાય, ખોટી લાલસાઓ મરી જાય, મારી દુર્બુદ્ધિ નાશ પામે તે માટે હું આપની પાસે આવ્યો છું." આવી વૃત્તિવાળા જીવોનો પણ આજે દુષ્કાળ પડયો છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

शासन अने सिद्धान्त रक्षा तथा प्रचारनुं पत्र

જૈન શાસન

અઠવાડિક

सवि जीव करुं शासन रसी.

वर्ष ९

अंक ९+१०

મૂર્ખ

शक्यो वारयितुं जलेन हुतभुक् छत्रेण सूर्यातपो ।
नागेन्द्रो निशिताङ्कुशेन समदो दण्डेन गोगर्दभौ ।।
व्याधिर्भेषजसङ्ग्रहैश्च विविधैर्मन्त्रप्रयोगैर्विषम् ।
सर्वस्यौषधमस्ति शास्त्रविहितं मूर्खस्य नास्त्यौषधम् ।

અગ્નિ નિવારાય પાણીથી, તડકાને છતરી થકી
હાથી વશ અંકુશથી થાતો, ગાય ગર્દભ દંડ થકી
રોગનો ઉપચાર ઔષડ, સર્પ ઝેર ઝરે મંત્રથી
સર્વનું ઔષડ શાસ્ત્રોમાં ફક્ત મૂર્ખ માટે એક નથી

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન

પ્રવચનામૃત સંચય

—શ્રી પ્રજ્ઞાંગ

આપણે જીવન સુધારવું છે? સાધુ હોય અને સાધુપણું જીવતો ન હોય, તે રીતે શ્રાવક કે સમકિતી શ્રાવકપણું કે સમકિત જીવતો ન હોય તો ચઢેલો જ કયાં હતો કે પડવાનો હતો!

સાધુ શ્રાવક અને સમકિતી આત્મા કર્મ સામે સંગ્રામ જ ખેલી રહ્યા છે. આ સંસારમાં સાધુપણું, શ્રાવકપણું કે સમકિત પાળવું તે બચ્ચાના ખેલ નથી. બધા જ કર્મ તેના વૈરી છે. અચરમાવર્ત્તકાળમાં આ બધું ન પામવા દીધું તે હરામખોર કર્મ જ હતું (આ ગુણરૂપ ગુણોની વાત છે, ગુણાભાસ રૂપની નહિ) આપણે તે ગુણો પામીએ તે તેને (કર્મને) પાલવે જ નહિ. કદાચ પામ્યો તો તે હરામખોર કર્મ બણબોતર કર્યા જ કરે. બધી તેની બણબોતરને નિષ્ફલ કરો તો જ પમાય. પવનના ઝપાટા માં ચાલવું પડે તો કેવી રીતે ચાલો? જ્યારે અહીં તો કર્મના ઝપાટા સદા ચાલુ છે! સર્વવિરતિ-દેશવિરતિ અને સમકિત પામેલા આત્માઓએ તે ઝપાટા અનુભવેલા છે. માટે જ જ્ઞાનિઓ ઠામ ઠામ કહે છે કે, પ્રમાદ નહિ કરતા.

આખો સંસાર જ જોખમ છે. તમારા કુટુંબી પણ જોખમ. સંસાર રસિક કુટુંબી ધર્મ કરવા પણ ન દે. કરેલા ધર્મને ભંગાવે તમારી સાથે એવી રીતે જીવે. કે ગ્રહણ કરેલા વ્રત-પચ્ચક્ખાણ પણ મૂકાવે-ભંગાવે આખો સંસાર તેનો વૈરી છે. સંસાર વૈરી ન લાગે તો સમજી લેવું કે હજી અમારામાં સર્વવિરતિ નથી આવી અને તમારામાં દેશવિરતિ કે સમ્યક્ત્વ પણ નથી. આવ્યું.

ઘમીં છોકરો બાપ હાથ ફેરવે તો સાવધ હોય, બાપાજીની ભક્તિ તેના જેવી કોઇ ન કરે. બાપાજીના મીઠા વચનથી તે કદિ ન લોભાય. આવી માતા-પિતાદિની ભક્તિ પણ ચરમાવર્ત્તમાં જ આવે છે. સ્વાર્થ માટે માતા-પિતાદિની સેવા ન કરે પણ મારા માતાપિતા છે માટે સેવા-ભક્તિ કરે. તે ગાળ દે તો ય સાંભળી છે. પણ ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ વાત કરે તો કદિ ન માને.

સાધુ થનાર જીવ માતા-પિતાદિ છોડે તે શું કામ? **સંસારમાં લાંડુર કરવા માતા-પિતાદિને છોડવા તે પાપ! સંસારથી બચવા માતા-પિતાદિને છોડવા તે ધર્મ.** સાધુપણું શા માટે છે? કોઇ ઉપાધિ નથી માટે? નિરાંત છે માટે? કાંઇ કામકાજ છે નહિ માટે? નવરાશ છે, નિરાંતથી ખાવા-પીવા માટે? સમજી લો કે, સાધુપણું તેવું નથી. તમે જે ઉદ્યમ કરો છો તેના કરતાં સાધુપણું પાળવા બહુ ઉદ્યમ કરવાનો છે. જે ઉદ્યમ ન કરે, મનને જોરદાર ન કરે, કાયાની જ પરવા કાં કરે તે સાધુપણું પાળી શકે જ નહિ. મન-વચન-કાયાને હુકમ કરવાનો કે, ભગવાનની આજ્ઞા મુજબ જે કરું તે કરવા દેવું પડશે-કરવું પડશે. (અનુ. ટાઇટલ ૩ ઉપર)

હા ારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ
શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ

પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ) સુરેશચંદ્ર કીરચંદ શેઠ (વઢવાણ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ પાનાચંદ પદમશી ગુઢકા
(રાજકોટ) (થાનગઢ)

વર્ષ ૯] ૨૦૫૨ આસો સુદ ૩ મંગળવાર તા. ૧૫-૧૦-૯૬ [અંક ૯ + ૧૦

ભગવાનના શ્રી સંઘનો સાચો સેવક કોણ ?

– પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.

આ મનુષ્યજન્મમાં શક્તિ હોય તેને સાધુ થવું જોઈએ. તેવી શક્તિ ન હોય તે વહેલામાં વહેલો સાધુધર્મ પમાય તે મ ટે શ્રાવકપણું પાળે અને આજ્ઞામુજબ જીવે તો મુક્તિ મળે અને શાશ્વત સુખમાં મહાલતા થવાય. આ દુનિયા નાં સુખમાં કશું નથી, તે તો પાપરૂપ છે. આ દુનિયાનું સુખ મળે પુણ્યથી પણ તે મેળવવાની ઈચ્છા થાય તે પાપ થી. તે ભોગવાય પુણ્યથી પણ ભોગવવાનું મન થાય તે પાપથી. તે સુખ મજેથી ભોગવે તે દુર્ગતિમાં જ જાય; સંસાર માં રખડવું પડે. આ સમજનારાએ આજ્ઞાથી વિરુદ્ધ કાંઈ ન થઈ જાય તેની પૂરી કાળજી રાખવી જોઈએ.

ભૂલ થતી હોય, ભૂલ થઈ ગઈ હોય તો તે ભૂલ કબૂલ કરી લેવી જોઈએ અને તેમાં સુધારો કરી લેવો જોઈએ. 'આ થા આરાની વાતો આ પાંચમા આરામાં ન ચાલે' એવું બોલનારા ઘણા છે. ભગવાનનું શાસન હજી સાડા અઠાર વર્ષ સુધી ચાલવાનું છે. છેલ્લે શાસનમાં એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા રહે ત્યાં સુધી શાસન રહેવાનું છે. **પણ આપણે જીવતા હોઈએ તો શાસનની વિરાધના અટકાવવા-સમજાવવા માટે પુરુષાર્થ ન કરીએ તો અમે પણ પાપના ભાગી બનીએ ! બાકી મરજી મુજબ વર્તશે તો નુકશાન તેમને થશે.** તમને બધાને ખબર છે કે ૨૦૪૪ નું જે સંમેલન થયું અને તેમાં જે ઠરાવો કર્યા તે આજે મોટે ભાગે કોઈ માનતું નથી. જુના લોકો કહે છે કે- જે રીતે ચાલ્યું આવે છે. (દેવદ્રવ્યાદિની જે વ્યવસ્થા પ્રાચીન ચાલ છે) તેમાં ફેરફાર નહિ થાય. ભૂલ તો એવી થઈ છે જેનું વર્ણન ન થાય. ૨૦૪૪નું સંમેલન કેમ થયું તે ખબર છે ? કલિકુંડતીર્થમાં આ. શ્રી ભદ્રંકરસૂરિજી ગયેલા ત્યારે તેમનું સારું સામૈયું કરાયું તે વખતે તે આચાર્યશ્રી ને વિચાર આવ્યો અને બોલ્યા કે "અમે શ્રાવકોનું શું ભલું કર્યું કે અમારું આવું સારું સામૈયું કર્યું ?

અમારી સામે તો કાળા વાવટા લાવવા જોઈએ.'' તેમાંથી આ સંમેલન ભેગું કર્યું. તે બધાને શું બુદ્ધિ સુઝી અને એવા એવા ઠરાવો કર્યા કે જેનું વર્ણન ન થાય. દૂર રહેલાએ ય સંમતિ આપી. હવે કહે છે કે - તેના અમલ નહિ કરીએ તો સાચું શું સમજવું ? જો તમારે માર્ગે જ ચાલવું હતું તો ઉન્માર્ગે ચાલે તેને સહાય કેમ કરી ? પણ સાચી વાત સાંભળતા નથી અને મનમાં બધું સમજે છે એટલે જાહેરમાં બહુ બોલતા નથી. પણ અમારા ઘરનો (જે પહેલા હતા) એક બોલ બોલ કરે છે. તેના કાકા (શ્રી જીવતરાય પ્રતાપશી) તેને કહી ગયા છે કે- **''શાસ્ત્રાનુસારી બોલવા માટે આમની (મારી) પાસે બે-ત્રણ વર્ષ રહે અને અભ્યાસ કરી પછી બોલ'' પણ તેમને તે વાત રૂચિ નહિ અને ગમે તેમ બોલ બોલ, લખ-લખ કર્યા કરે છે. શાસ્ત્રવિરુદ્ધ વાતો ઠરાવો કરે તેનું ખંડન કરવું પડે, વિરોધ કરવો પડે તે જ ધર્મ છે.** મને કોઈ જ વ્યક્તિ પર દુર્ભાવ નથી.

તમે લોકો કશું યાદ રાખતા નથી. તેઓ જયારે પહેલા (તપોવન) સંસ્થા ખોલવા માગતા હતા અને મને પૂછાવેલ ત્યારે મેં જણાવેલું કે - ''સાધુથી કોઈ સંસ્થાના અધિકારી બનાય નહિ. સાધુથી કોઈ સંસ્થા ખોલાય પણ નહિ.'' ત્યારે આ વાત માની વિચાર માંડી વાળેલો અને જાહેરમાં કબૂલ પણ કરેલ કે ''મને આ પાપમાંથી બચાવી દીધો.'' પછી શું થયું તે તેઓ જાણે અને તપોવન પણ કર્યું. પણ ગમે તે કારણ હોય, સાચી વાત જે પોતે કબૂલ કરેલી તે પણ તેમને રૂચી નહિ.

અમારું કામ તો તમને બધાને ધર્મમાં જોડવાનું, મોક્ષે મોકલવાનું છે પણ સંસારમાં જોડવાનું નથી. સંસારના કામ કરો તેમાં અમારી સંમતિ હોય નહિ. તમને બધાને સંસારમાં સુખી જોઈ અને આનંદ પામીએ તો અમારા હાથમાં ઓઘો શોભે નહિ.

તમને ભગવાનનો ધર્મ પામવાની ઈચ્છા છે. શ્રાવકપણાનો અભ્યાસ કરે છે, સાધુપણાનો ભાવ છે, ઝટ મોક્ષ મેળવવાનું મન છે. આવું જો મન હોય તો તમે બધા ભગવાનના શાસનમાં છો, સંઘમાં પ્રવેશ કરી ચૂકયા છે. અને આવું મન ન હોય તો સંઘમાં પેસી ગયેલા છો. તમને ખબર નહિ હોય પણ આગળ પોષાતીના જમણ થતા હતા આજે તો લગભગ બધું બંધ જેવું થયું છે. તે વખતે પોષો કરનાર એક હોય પણ પોષાતી જમણમાં તેની સાથે તેના નાના બે-ચાર છોકરા પણ આવે તો તે અહીં પેસાણીયા કહેવાય. તમે તેવા ન બનો પણ ભગવાનના શ્રી સંઘના સાચા મેમ્બર બનો.

આપણે ત્યાં 'આણાએ ધમ્મો' આજ્ઞામાં ધર્મ કહ્યો છે. આજ્ઞા રહિતપણે ભગવાનને માને તો તેની કાંઈ કિંમત નથી. મરજી મુજબ કામ કરે તો લાભને બદલે હાનિ થાય. આ વાત ખ્યાલમાં રાખી તમો સૌ ભગવાનની આજ્ઞાના પ્રેમી બનો. આજ્ઞા મુજબ આરાધના કરનારા બનો અને આજ્ઞા મુજબ જ જીવવું છે. આવી દશાને પામી સૌ વહેલામાં વહેલા મોક્ષને પામો તે જ શુભાભિલાષા.

(સં. ૨૦૪૫, પાલીતાણા, મહારાષ્ટ્ર ભુવનના ચાતુર્માસ દરમ્યાન શ્રા. વ. ૭ ના આપેલ પ્રવચનમાંથી)

(શ્રી જિનાજ્ઞા પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ લખાયું તો ક્ષમાપના.)

માહિતી મોકલો

મુમુક્ષુરત્ન **શ્રી જયેન્દ્રભાઈ વેલજીભાઈ હરણિયા** (કે જેઓ હાલ મુનિશ્રી **જિતધર્મ વિ.** ના રૂપમાં સંયમની સાધના કરી રહ્યા છે.) ના જીવન પ્રસંગો છાપવા અંગે અમારી ભાવના હોવાથી જે જે સંઘો-મહાનુભાવો પાસે જયેન્દ્રભાઈની જેટલી વિગતો વરઘોડા આદિની હોય, ફોટા હોય તેમને તાત્કાલિક પહોંચાડવા નમ્ર આમંત્રણ છે.

શ્રી મહાવીર શાસન કાર્યાલય C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર

''પ્રશ્નોત્તરકર્ણિકા-શુદ્ધિપ્રકાશ'' પુસ્તકના લેખક શ્રી નરેન્દ્રસાગરસૂરિજીની

અજ્ઞાનતા, જડતા અને ઉત્સૂત્રો અને તેની

સમાલોચના

પૂર્વ ભૂમિકા : પ. પૂ. સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરવિચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના 'કલ્યાણ' માસિકમાં પ્રગટ થયેલ પ્રશ્નોત્તરો ''પ્રશ્નોત્તર-કર્ણિકા'' ના નામે પુસ્તકરૂપે બહાર પડેલ. તે પુસ્તકમાં લેખક-સંપાદકોએ કરેલ વિનંતી/ભલામણને ધ્યાનમાં લીધા વિના, આચાર્યશ્રી નરેન્દ્રસાગરસૂરિજીએ ''પ્રશ્નોત્તર કર્ણિકા શુદ્ધિપ્રકાશ'' નામની પીળી ચોપડી આંખી મીંચીને લખી નાખી. નરેન્દ્રસાગરસૂરિજીના ''શુદ્ધિપ્રકાશ'' માં શાસ્ત્રીય વાતોનું ખંડન અને ઉત્સૂત્રનો કચરો ભરેલો પડયો છે. તેમાંથી પહેલી જ નજરે ડોકાતી નરેન્દ્રસાગરસૂરિજીની અજ્ઞાનતા જડતા અને ઉત્સૂત્રોને ટાંકીને તેની સમાલોચના અહીં રજુ કરવામાં આવી રહી છે. વર્ષોથી પોતાની અને પોતાનાઓની અશુદ્ધિ સાચવી રાખીને આખા ગામની અશુદ્ધિઓ (!) દૂર કરવાનો શોખ તેમને વારસામાં મળ્યો છે. તેથી તેમની પોતાની જ અશુદ્ધિઓ પ્રગટ થઈ રહી હોવાથી નરેન્દ્રસાગરસૂરિજીને થોડી અકળામણ જરૂર થશે. છતાં તેઓ પોતાની અશુદ્ધિઓ સુધારશે તો ઉત્સૂત્રભાષણના મહાપાપથી બચી જશે. નરેન્દ્રસાગરસૂરિજી બીજાઓને વારંવાર આપેલી 'આપ્તસલાહો' પોતાના જીવનમાં અપનાવશે એવી આશા રાખવા સિવાય વધુ તો આપણે શું કરી શકીએ ?

વિચાર વસંત

- પૂ. મુ. શ્રી જયદર્શન વિ. મ.

(૧) 'દ્રવ્યપૂજા, સ્વર્ગ આપનારી અને પરંપરાએ મોક્ષ આપનારી છે' એમ શાસ્ત્રકારો સ્પષ્ટ જણાવે છે. છતાં **આ આચાર્યશ્રી (પૂ. આ.ભ. શ્રી રવિચંદ્ર સૂ. મ.), 'ભગવાનની પુષ્પાદિ પૂજાનું વિધાન મોક્ષ માટે છે'** એવું ઉત્સૂત્રકથન શું જોઈને કરતા હશે ?

(પ્રશ્નોત્તરકર્ણિકા શુદ્ધિપ્રકાશ પૃ. ૧૧)

સમાલોચના : ભગવાન શ્રી અરિહંત પરમાત્માએ સંસારથી છૂટવા અને મોક્ષે જવા માટે જ સાધુધર્મ અને શ્રાવકધર્મની પ્રરૂપણા કરી છે. સંસારમાં રખડવા માટે ધર્મની પ્રરૂપણા કરી નથી. – આ વાત ચતુર્વિધ શ્રી સંઘમાં અતિપ્રસિદ્ધ છે. ''ભગવાનની પુષ્પાદિ પૂજાનું વિધાન મોક્ષ માટે છે.'' આવી પૂ. આ. શ્રી રવિચંદ્ર સૂ. મ. ની વાત શાસ્ત્રીય જ છે. કારણ કે સમગ્ર ધર્મની સ્થાપના જ જ્યારે મોક્ષ માટે થઈ છે, ત્યારે શ્રાવકધર્મમાં સમાવિષ્ટ પુષ્પાદિ પૂજાનું વિધાન પણ મોક્ષ માટે જ હોય, તે સ્પષ્ટ છે. છતાં આ શાસ્ત્રીય વાતને 'ઉત્સૂત્ર' કહેનારા આચાર્યશ્રી નરેન્દ્રસાગરસૂરિજી, આચાર્યપદ સુધી પહોંચ્યા પછી પણ જૈન શાસ્ત્રોની બારાખડી ય શીખ્યા નથી - એ પૂરવાર થાય છે. ''દ્રવ્યપૂજાનું સાક્ષાતફળ સ્વર્ગાદિ છે અને પરંપરાએ મળતું ફળ મોક્ષ છે'' – એટલા માત્રથી 'પુષ્પાદિ પૂજા મોક્ષ માટે છે' આ વાત ઉત્સૂત્ર બની જતી નથી. પૂજા કરતી વખતે મોક્ષનું ધ્યેય રાખવું અને પૂજાના ફળ તરીકે સ્વર્ગ-મોક્ષાદિની પ્રાપ્તિ થવી આ બંનેના તફાવતને નહિ સમજી શકતા નરેન્દ્રસાગરસૂરિજી, પોતાના આત્માને મહાઉત્સૂત્રભાષણના મહાપાપથી મલિન બનાવી રહ્યા છે. **''પરંપરાએ મોક્ષફળને આપનારા ધર્માનુષ્ઠાનને 'આ ધર્માનુષ્ઠાન મોક્ષ માટે છે' એમ કહેવું તે ઉત્સૂત્રકથન કહેવાય'' આવું જણાવતો એક પણ શાસ્ત્રપાઠ સમગ્ર જૈન શાસ્ત્રોમાંથી શોધી લાવવાનું ઉત્સૂત્રભાષી નરેન્દ્રસાગરસૂરિજીને અમારું જાહેર આમંત્રણ છે.** (બીજા બધા પાસે ખોટી રીતે શાસ્ત્રપાઠોની

ઉઘરાણી કરતા નરેન્દ્રસાગરસૂરિજી, પોતાના શાસ્ત્રવિરુદ્ધ કથન માટે શાસ્ત્રપાઠો શોધી લાવવાની જવાબદારીમાંથી છટકી નહિ જાય-તેવી આશા રાખીએ.)

(૨) કોઈપણ શાસ્ત્રમાં 'શ્વાસોશ્વાસ ગણવા' નું વિધાન છે જ નહિ. તેમજ કાઉસ્સગ્ગ કરનાર વ્યક્તિ શ્વાસોશ્વાસની સંખ્યા ગણવા રોકાતી પણ નથી જ. **લોગસ્સનો કાઉસગ્ગ કરનાર વ્યક્તિ, લોગસ્સના પદ બોલતો જાય અને શ્વાસોશ્વાસ પણ સાથોસાથ ગણતો જાય તે બને જ કયાંથી ? શું એક સમયે બે ઉપયોગ હોય ખરા ? ન જ હોય.** (પૃ. ૧૭)

સમાલોચના : 'પાય સમાં ઉસાસા' આ શાસ્ત્રપંક્તિ અનુસાર 'એક પદ બરાબર એક શ્વાસોશ્વાસ ગણાય' આ વાત ગીતાર્થગુરુભગવંતો સમજાવતા હોય છે. નરેન્દ્રસાગરસૂરિજીની વક્રતાના કારણે આ વાતની વિચારણામાં તેમના હાથે ઉત્સૂત્ર વાત લખાય ગઈ છે. કોઈ વ્યક્તિ લોગસ્સનો કાઉસગ્ગ કરે અને સાથે સાથે શ્વાસોશ્વાસ પણ ગણતો જાય. (શાસ્ત્રીય મર્યાદા મુજબ કાઉસગ્ગ આ રીતે કરવાનો હોતો નથી) તો નરેન્દ્રસાગરસૂરિજીના મતે "એક સમયે બે ઉપયોગ" થઈ જાય છે. ખરેખર તો આ મત નિહ્નવનો છે. જૈન શાસનનો આવો સિદ્ધાંત નથી.જૈનસિદ્ધાંત મુજબ તો એક આંખનો પલકારો થાય તેટલા કાલમાં અસંખ્યતા 'સમય' પસાર થઈ જાય છે. 'સમય' નું કાલપ્રમાણ આટલું સૂક્ષ્મ હોવાથી કયારેય પણ કોઈ જીવને એક સાથે ગમે તેટલી ક્રિયા કરે તો પણ એક સમયમાં બે ઉપયોગ થતાં જ નથી. ભૂતકાળમાં, ઉનાળાના સમયમાં ગંગાનદી ઉતરતા, ઠંડી અને ગરમીનો એક સાથે અનુભવ કરૂં છું. એમ કહીને "એક સમયમાં બે ઉપયોગ હોય" એવી વાત કરનારા આચાર્યને શાસ્ત્રકારોએ 'નિહ્નવ' તરીકે જાહેર કર્યા હતા. ઠંડી અને ગરમીની જેમ જ, લોગસ્સનું પદ અને શ્વાસોશ્વાસ સાથે જ ગણતો જાય તેવી વ્યક્તિને 'એક સમયમાં બે ઉપયોગ થવા' ની આપત્તિ આપી રહેલા નરેન્દ્રસાગરજી ભયંકર ઉત્સૂત્ર કથન કરી રહ્યાં છે. પોતે કોના મતમાં જઈને બેસી ગયા છે તેની બિચારા નરેન્દ્રસાગરજીને ખબર નથી. શાસનદેવ તેમને સદ્‌બુદ્ધિ આપે.....!

(૩) ("આરાધના નિમિત્તે થતા કાઉસગ્ગમાં સાગરવરગંભીરા સુધી લોગસ્સ ગણવો ઠીક લાગે છે. તત્ત્વ કેવલી ભગવંત જાણે."– આવા પૂ. પ્રશ્નોત્તર કર્ણિકાકારશ્રીના સમાધાનનું ખંડન કરતા.....) અનુમાનોના આધારે આપેલો આ ઉત્તર, શાસ્ત્રીય નથી. **XXXXXXXX** આરાધના નિમિત્તે કરાતા દરેક કાઉસ્સગ્ગો, સંપૂર્ણ લોગસ્સના જ ગણવા જોઈએ. (પૃ. ૧૮)

સમાલોચના : પૂ. પ્રશ્નોત્તરકર્ણિકાકારશ્રીએ આપેલો ઉત્તર અનુમાનોના આધારે છે. શાસ્ત્રીય નથી-તો નરેન્દ્રસાગરજીએ કરેલું ખંડન પણ અનુમાનોના આધારે છે. તો પછી એ ખંડન શાસ્ત્રીય શી રીતે થઈ ગયું ? **"આરાધના નિમિત્તે કરાતા દરેક કાઉસગ્ગો, સંપૂર્ણ લોગસ્સના જ ગણવા જોઈએ." એવું 'જ' કાર પૂર્વક વિધાન કરનારા નરેન્દ્રસાગરજીને, તેમના વિધાનની સિદ્ધિ માટે એવો શાસ્ત્રપાઠ રજુ કરવાનું અમારું જાહેર આમંત્રણ છે. જો એવો શાસ્ત્રપાઠ તેમને મળતો નથી તો તેમનું વિધાન અપ્રામાણિક ઠરે છે.**

(૪) (સાતક્ષેત્ર પૈકી સાધુ-સાધ્વીક્ષેત્રમાંના દ્રવ્યનો વ્યય કયાં થઈ શકે તે અંગેનો 'સેનપ્રશ્ન' નો પાઠ રજુ કર્યા પછી–) આ પાઠ ઉપરથી વિચારવાનું એ છે કે પ્રત્યક્ષ એવા સાધુ-સાધ્વી ક્ષેત્રનું દ્રવ્ય કે - જે ગુરુની માલિકીનું હોઈ ગુરુદ્રવ્ય ગણાય તે દ્રવ્ય, દેવદ્રવ્યમાં લઈ જવાનું ન કહેતાં પૂર્વોક્ત-"આપત્તિ નીવારવા" આદિ કાર્યોમાં ઉપયોગ કરવાનું સેનસૂરિજી મહારાજ જણાવે છે તો ગુરુપૂજનનું દ્રવ્ય પણ તે કામોમાં કેમ ન વપરાય ? (પૃ. ૩૧)

સમાલોચના : સાતક્ષેત્રમાંના સાધુ-સાધ્વીક્ષેત્રનું દ્રવ્ય, સાધુ-સાધ્વીની આપત્તિ નિવારવા વગેરે કાર્યોમાં વાપરવાનું જણાવતું 'સેનપ્રશ્ન' નું સમાધાન શાસ્ત્રીય જ છે. પણ આ પ્રશ્નોત્તરને આગળ કરીને-ગુરુપૂજનનું દ્રવ્ય પણ સાધુ સાધ્વીના વૈયાવચ્ચમાં લઈ જવાનો હઠાગ્રહ રાખીને નરેન્દ્રસાગરસૂરિજી પૂ. આ. શ્રી સેન સૂ.મ.ની આશ તના કરી રહ્યા છે. શાસ્ત્રોમાંથી ''ગુરુ પૂજનનું દ્રવ્ય વૈયાવચ્ચમાં લઈ જવાય.'' એવો પાઠ મળતો નથી એ ટલે નરેન્દ્રસાગરસૂરિજી ગમેતેમ ઠોકાઠોક કરી રહ્યા છે. પોતાના અભિનિવેશને શાસ્ત્રીય બનાવી દેવા મ ટે શાસ્ત્રપાઠને અસંગત રીતે રજુ કરી દેવામાં નરેન્દ્રસાગરજી શરમાતા નથી. ગુરુપૂજનના દ્રવ્યની ચર્ચામાં 'સેનપ્રશ્ન'ને આડું ધરનારા તેઓ, 'બ્રાહ્મી-સુંદરી વિવાહિતા હતાં' એવા 'સેનપ્રશ્ન' ના સમાધાન સામે કોઈ પણ સબળ આધાર વિના એલફેલ લખી નાંખે છે. - આ નરેન્દ્રસાગરસૂરિજીની નિર્લજ્જતાની પરાકાષ્ટા છે. પૂ.આ.શ્રી સેન સૂ. મ. ની આવી વિચિત્ર 'ભક્તિ' કરવાની નરેન્દ્રસાગરજી ની રીત, વિજયદ્વેષી-સાગરને શોભે તેવી જ છે !

(૫) ''દીક્ષા લીધા પછી ભગવંતની કાયા સુશોભિત લાગે તેવી રીતના **વાળની વૃદ્ધિ થયા પછી** 'અવસ્થિતતા' સ્વભાવમાં = વધઘટના સ્વભાવ રહિતની સ્થિતિમાં તે વાળ, ઈન્દ્ર મહારાજના વજ્રપ્રયોગથી થવા પામે છે !'' (પૃષ્ઠ ૩૪)

સમાલોચના : શ્રીવીતરાગસ્તોત્રની વૃત્તિ-ટીકામાં સ્પષ્ટ લખ્યું છે કે ''હે ભગવન્ , આપના મસ્તકના વાળ, રોમરાજી, નખ અને દાઢી-મૂંછના વાળની અવસ્થિતિ દીક્ષા અવસરે (ઈન્દ્ર મહારાજાના વજ્રદ્વારા) જે રીતે રચવામાં આવે છે તે તેમ જ રહે છે, **વધતા નથી.**'' (ભગવાનનો આ અતિશય કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી પ્રગટ થાય છે-એવો મતાંતર અહીં યાદ રાખવો.) આટલો સ્પષ્ટ શાસ્ત્રપાઠ હોવા છતાં, આ જ શાસ્ત્રપાઠ પોતાની ચોપડીમાં છાપેલો હોવા છતાં, ''દીક્ષા લીધા પછી પણ વાળની વૃદ્ધિ થવા'' ની ખોટી વાત શ્રી વીતરાગસ્તોત્રની ટીકાના નામે જ પકડી રાખતા નરેન્દ્રસાગરસૂરિજીનો ઉત્સૂત્રપ્રેમ સીમાતીત છે. (ઉત્સૂત્રભાષી, મારે કર્મી, ભવરસિક, સંસારાભિનંદી, અનુપાસિત ગુરુકૂળવાળા, જૈનશાસ્ત્ર અને સામાચારી ઉત્થાપક, કૂપમંડૂક તુલ્ય, મૂર્ખ, મૂર્ખાનંદ જેવા પોતાને જ લાગુ પડતા વિશેષણો બીજાના નામે ચઢાવી દેવાની નરેન્દ્રસાગરજીને કુટેવ પડી ગઈ છે. આ જનમમાં તો આ તેમની કુટેવ સુધરે તેવા કોઈ લક્ષણો જણાતા નથી.) પોતે જ રજુ કરેલો શાસ્ત્રપાઠ પોતાના જ વિધાનનું શાસ્ત્રીયખંડન કરે છે એટલું પણ ખંડનના મદમાં ભાન ભૂલેલા નરેન્દ્રસાગરજી જોઈ શકતા નથી. તેમની આવી વિષમ અને કરૂણ સ્થિતિ માટે નરેન્દ્રસાગરજીની ભાવદયા ચિંતવવા સિવાય બીજો ઉપાય નથી.

(૬) ''શ્રાવક જો ચાલુ વરસાદે વ્યાખ્યાન સાંભળવા આવતો હોય તો તેને તેવી રીતની જીવવિરાધના કરીને આવવાર્થે અટકાવવો જોઈએ કે તેના તેવા કાર્ય ઉપર 'ગૃહસ્થ ચાલુ વરસાદમાં વ્યાખ્યાન સાંભળવા જઈ શકે છે.' એવું વિધાન કરીને મહોર છાપ મારવી જોઈએ ?'' (પૃષ્ઠ - ૫૧)

સમાલોચના : સ્થાનકવાસીઓ શ્રી જિનપ્રતિમાની પૂજા કરવામાં જીવહિંસાના નામે ખોટી બૂમાબૂમ કરે છે. છતાં તેઓ ચાલુ વરસાદે તેમના વ્યાખ્યાન સાંભળવા આવતા શ્રાવકોને જીવવિરાધનાની બૂમાબૂમ કરીને અટકાવતા નથી. નરેન્દ્રસાગરસૂરિજી સ્થાનકવાસીઓ કરતા પણ ઘણાં આગળ વધી ગયા લાગે છે. નરેન્દ્રસાગરસૂરિજીના બાપ-દાદાઓએ ચાલુ વરસાદે તેમના વ્યાખ્યાન સાંભળવા આવતા શ્રાવકોને જીવવિરાધનાના નામે અટકાવ્યા નહિ, જીંદગી સુધી ચોમાસામાં ચાલુ વરસાદે વ્યાખ્યાન આપતા જ હતા.

અરે, ખુદ નરેન્દ્રસાગરજી પણ ચાલુ વરસાદે આવતા શ્રાવકો આગળ વ્યાખ્યાન આપતા મોટા થયા છે. હવે છેલ્લી ઉંમરે આ પરંપરાને ઉત્થાપવાના ધંધે તેઓ લાગી ગયા કે શું ? (આવો પરંપરાઉત્થાપક નવો પંથ હજી નરેન્દ્રસાગરજીએ શરૂ કર્યો છે કે નહિ-તેની ખબર નથી. પણ પછાતમતીની સાથે નવામતીનો 'યંદ્રક' મેળવવા માટે તેઓ આ પરાક્રમ પણ કરી નાંખે તેવા 'હિંમતબાજ' છે ખરા !)

(૭) જ્યારે ચોમાસી પૂનમની હતી ત્યારે વદ ૧ ના વિહાર અને **સિદ્ધગિરિની યાત્રા** થતી હતી.'' (પૃષ્ઠ. ૫૪)

સમાલોચના : જ્યારે ચોમાસી પૂનમની હતી ત્યારે કારતક વદ ૧ ના વિહાર શરૂ થતો હતો તે તો બધા ગીતાર્થો જાણે છે. પણ વિહાર ભેગી શ્રી સિદ્ધિગિરિજીની યાત્રાને પણ કારતક વદ ૧ ના ઘસડી જનારા **નરેન્દ્રસાગરસૂરિજી, ''કારતક વદ ૧ ના સિદ્ધગિરિની યાત્રા થતી હતી'' તેવો શાસ્ત્રપાઠ વહેલી તકે જાહેર કરે-અમારું જાહેર આમંત્રણ છે.**

(૮) ''તીર્થંકર ભગવંતોને તીર્થંકરનામકર્મનો ઉદય 'દેશના દ્વારા જ' ખપે તેવું એકાંત નથી અને તેથી 'રોજ પહેલી અને છેલ્લી પૌરૂષીએ દેશના આપવી પડે જ' તેવો પણ એકાંત શાસ્ત્રમાં કોઈપણ સ્થળે જણાવેલ નહિ હોવાથી 'રોજ છ કલાક દેશના દેવાની હોય છે' તે તેઓશ્રી (પૂ. આ. શ્રી રવિચંદ્ર સૂ. મ.) ની વાત, તદ્દન શાસ્ત્ર અનપેક્ષ છે.'' (પૃષ્ઠ. ૬૫)

સમાલોચના : પોતાના ઘરના છિદ્રોને ઢાંકવા માટે બીજાના ઘરમાં છિદ્રો પાડવાની ટેવ ધરાવતા નરેન્દ્રસાગરસૂરિજીને સ્વ. સાગરાનંદસૂરિજી મ. ના કેટલાક વિધાનોની ભેટ આપું છું :

''**રોજ** બે પહોર જોજનગામિની વાણી. એક યોજન સુધી અવાજ જનારી વાણીએ **રોજ** ૬-સાત કલાક દેશના **xxxxxx** છ સાત કલાક **રોજ**ની દેશના દે છે. **xxxxxx** **દરરોજ** એક સરખી જિંદગી સુધી દેશના દેવી **xxxxxx** **રોજ** છ સાત કલાક યોજનગામિની દેશના થાય **ત્યારે તીર્થંકર નામકર્મ** ખપે.''

(આગમોદ્ધારક પ્રવચનશ્રેણી ભા-૨ પૃ-૪૦૧)

સ્વ. સાગરજી મ. ના આ વિધાનો અને ઉપરનું નરેન્દ્રસાગરસૂરિજીનું વિધાન જોતા, સ્વ. સાગરજી મ. ની વાતને નરેન્દ્રસાગરજી 'તદ્દન શાસ્ત્ર અનપેક્ષ' કહે છે. એ સિદ્ધ થાય છે. છતાં સ્વ. સાગરજી મ. ના તે વિધાનો સામે આંખ આડા કાન કરવા અને કવિકુલકિરીટ પૂ. આ. શ્રી લબ્ધિ સૂ. મ., પૂ. આ. શ્રી રવિચંદ્ર સૂ. મ. આદિના વિધાનોને આગળ કરીને શેરીનાં ચોક્કસ પ્રાણીની જેમ પાછળ પડી જવું : નરેન્દ્રસાગરસૂરિજીની આવી કઢંગીનીતિ તેમના કુલ અને ખાનદાનીને 'શોભે' તેવી હોવાથી આપણા માટે સર્વથા ઉપેક્ષણીય બને છે. આમાં ફક્ત નોંધપાત્ર ઘટના એટલી જ છે કે નરેન્દ્રસાગરજીની ભાષામાં ''તદ્દન શાસ્ત્ર અનપેક્ષ-તદ્દન અશાસ્ત્રીય અને શાસ્ત્રના રહસ્યાર્થના જ્ઞાનના અભાવવાળા'' ગણાતા વિધાનો, આગમોદ્ધારક કહેવાતા સ્વ. સાગરજી મ. આરામથી હાંકી શકતા હતા-એ વાત નરેન્દ્રસાગરજીના ભાંગફોડિયા સ્વભાવના કારણે જાહેર થઈ ગઈ. (નરેન્દ્રસાગરજીએ ઘણી મહેનતે વિકસાવેલી 'વિશિષ્ટભાષા' માં આવા પ્રસંગને તેઓ 'મારવાડણની અભદ્રલાજ' કહે છે.)

વાસ્તવમાં ''શ્રી તીર્થંકર ભગવંતો દરરોજ બે પ્રહર દેશના આપે છે.'' આ વાત સંપૂર્ણ શાસ્ત્રીય જ છે. 'શ્રી તત્ત્વાર્થકારિકા' ની શ્રી હરિભદ્ર સૂ. મ.ની ટીકામાં સ્પષ્ટ લખ્યું છે કે ''**अत्र ह्यागम :- तीर्थंकरः प्रतिदिवसमाद्यां चरमां च पौरुषीं धर्मकथां करोति ।**'' ''આ આગમવચન છે કે-શ્રી તીર્થંકર ભગવંત દરરોજ પહેલાં અને છેલ્લા પ્રહરમાં ધર્મકથા કરે છે, દેશના આપે છે.'' નરેન્દ્રસાગરસૂરિજી પોતાના

શાસ્ત્રવિરુદ્ધ મતાગ્રહને પકડી રાખવા માટે, આવા સ્પષ્ટ શાસ્ત્રપાઠને પણ ન ગણકારે અને ઉત્સૂત્રભાષણનું મહાપાપ આચરતા જ રહે તો એમની ભાવદયા ચિંતવ્યા વિના બીજો રસ્તો નથી.

(૯) "જિનેશ્વરદેવોએ જયાં જયાં જીવોની હિંસા કે વિરાધના થતી હોય તેવા સર્વકાર્યો કરવાનો નિષેધ ફરમાવેલ જ છે." (પૃષ્ઠ-૬૦)

સમાલોચના : સિદ્ધાચલની ચાતુર્માસયાત્રા સામે પડેલા નરેન્દ્રસાગરસૂરિજી, પોતાના પક્ષના શ્રાવકોને 'વિરાધક' કહેવાની આપત્તિમાં મૂકાયા એટલે સારાસારનો વિચાર કર્યા વિના સીધા જ સ્થાનકવાસીઓના સિદ્ધાંતના શરણે પહોંચી ગયા ! શ્રી જિનેશ્વરદેવોના નામે જે ગપ્પું સ્થાનકવાસીઓએ મારેલું, તે આ અજ્ઞાન આચાર્યશ્રીએ સ્વીકારી લીધું. વાસ્તવમાં તો શ્રી જિનેશ્વરદેવોએ હિંસા વિરાધનાની પણ સૂક્ષ્મ વિચારણા બતાવી છે. બાહ્યથી હિંસા અને પરિણામે ભવોભવ સાથે આવતી હિંસાને સ્પષ્ટ કરવા માટે, હિંસાના હેતુ સ્વરૂપ અને અનુબંધ એવા ભેદો શાસ્ત્રમાં બતાવ્યા છે. આ વાત પૂ. ઉપાધ્યાયજી મ. ના ગ્રંથોમાં બહુ સ્પષ્ટ જોવા મળે છે. "જયાં જયાં જીવોની હિંસા કે વિરાધના થતી હોય તેવા સર્વકાર્યો કરવાનો નિષેધ" શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવ્યો નથી. તે તારકોના નામે નરેન્દ્રસાગરજી ફતવો બહાર પાડી રહ્યા છે. (અહીં, 'શક્ય પરિહાર' નામના છીંડામાંથી નરેન્દ્રસાગરજી બહાર નીકળે તેની હું રાહ જોઉં છું.)

(૧૦) મહોપા. શ્રી યશો વિ. વિરચિત સ્વોપજ્ઞ અવચૂરિસહિત "ઐન્દ્રસ્તુતિ" માં પાર્શ્વનાથપ્રભુની ચોથી 'लोके लोकेशतुल्या' ગાથાની અવચૂરિમાં પણ "xxxxx अहिपस्य-धरणेन्द्रस्य कान्ता-स्त्री पद्मावती इरितानी-क्षिप्तानि दुरितानि च दुरन्ताहितानि यैस्तेषाम् , हितानां आलिं-श्रेणिं अद्य दद्यात्" એ પ્રમાણે કહીને પદ્માવતી દેવીને ધરણેન્દ્રનાગરાજની પત્ની તરીકે અને **શ્રી પાર્શ્વનાથપ્રભુના શાસનની યક્ષિણી તરીકે સંબોધેલ** છે કે નહિ ? (પૃ. ૭૦)

સમાલોચના પોતાના કદાગ્રહની પુષ્ટિ માટે મૂળ વાતની સાથે બંધ બેસતા ન હોય તેવા શાસ્ત્રપાઠો ઉપાડી લાવવાની નરેન્દ્રસાગરજીની મૂર્ખતા તો જાહેર જ છે, પણ શાસ્ત્રકારોએ જે વાત શાસ્ત્રમાં ન લખી હોય તે વાતને પણ શાસ્ત્રકારોના નામે ચઢાવી દેવાનો પ્રપંચ ખેલવાનો 'લાભ' પણ નરેન્દ્રસાગરજી કયારેક લઈ લે છે - તે આ વાત થી સિદ્ધ થાય છે. ઉપરની વાતમાં પૂ. ન્યાયવિશારદ મહોપાધ્યાયશ્રીએ "ઐન્દ્રસ્તુતિ"માંની પાર્શ્વનાથપ્રભુની ચોથી ગાથાની / અવચૂરિમાં "પદ્માવતીદેવીને શ્રી પાર્શ્વનાથપ્રભુના શાસનની યક્ષિણી તરીકે **સંબોધેલ** નથી જ." છતાં તે મહાપુરુષના નામે નરેન્દ્રસાગરસૂરિજી ગપ્પું મારે છે. શાસનયક્ષ-યક્ષિણી સિવાયના દેવતાઓનું નામ પણ ચોથી થોઈમાં યાદ કરવામાં આવે છે - આ વાત અનેક સ્તુતિઓમાં જોવા મળે છે. માટે "ચોથી થોઈમાં મોટેભાગે શાસનયક્ષ-યક્ષિણીની સ્તુતિ હોય છે" એવો બચાવ પણ અર્થહીન કરે છે. ચોથી થોઈ બહુધા શાસનયક્ષ-યક્ષિણીની હોવી અને ચોથી થોઈમાં 'શાસનયક્ષિણી તરીકે સંબોધન કરેલ છે' એમ કહેવું : આ બે વચ્ચેનો તફાવત સમજયા વગરનું વિધાન કરીને નરેન્દ્રસાગરસૂરિજી પોતાનું 'શિશુત્વ' જાહેર કરે છે. બીજાઓને શાસ્ત્રપાઠોમાં ઘાલમેલ ન કરવાની વણમાંગી "આપ્તસલાહો" દીધે રાખતા નરેન્દ્રસાગરજી, પોતાને જ લાગુ પડેલી આ 'બિમારી'નો ઈલાજ વહેલી તકે કરાવે એ વધુ જરૂરી છે.

(૧૧) ઉત્તમપુરુષો, અને તેમાં પણ જે 'શલાકાપુરુષો' હોય છે તે ગમે તેટલી ઉતાવળનું જરૂરી કામ હોય તો પણ પ્રાકૃત માણસની જેમ કયારેય પણ **દોડે કે વર્તે જ નહિ** !" (પૃષ્ઠ ૭૦)

સમાલોચના : સાચી વાતનું પણ આડેધડ ખંડન કરવાની ધૂનમાં નરેન્દ્રસાગરસૂરિજી ઘણીવાર પોતાની

મૂર્ખતાનું પ્રદર્શન હોંશે હોંશે કરે છે. 'ભરત મહારાજા દોડતા અષ્ટાપદગિરિ ગયા' આ વાતના અનુસંધાનમાં નરેન્દ્રસાગરજીએ ઉપર મુજબ બફાટ કર્યો છે. ઉત્તમપુરુષો કે શલાકા પુરુષોનું પ્રસંગવશે કેવું વર્તન હોય છે તેનું જ્ઞાન આ 'શિશુ' ને નથી. શ્રી ઋષભદેવ ભગવાનના નિર્વાણ પછી ભરત મહારાજાના આક્રંદનો પ્રસંગ જે રીતે શ્રી ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્રમાં વર્ણવ્યો છે તે, અને તેવા જ બીજા પ્રસંગોને નરેન્દ્રસાગરસૂરિજી ધ્યાનથી વાંચી જાય તો આવો બફાટ કરવાનું માંડી વાળે. બીજાની સાચી વાતના આગ્રહને 'એકાંતવાદ' કહીને વગોવનારા નરેન્દ્રસાગરસૂરિજી, પોતાની ખોટી પક્કડને વળગી રહેવા માટે 'જ' કાર પૂર્વકના અસત્યવિધાનો કરવાની જડતા વહેલી તકે છોડી દે અને શાસ્ત્રીયવાતનું પ્રતિપાદન કરતાં ન આવડતું હોય તે શાસ્ત્રીયવાતમાં ચૂપ રહે. બધી વાતમાં બબડાટ કર્યા કરવાનું તેમના ગુરુઓ તેમને શીખવી ગયા હોય તોય એ કુટેવ તેઓ છોડી દે તે જરૂરી છે.

(૧૨) "વળી 'અષ્ટાપદગિરિ, અયોધ્યાનગરથી ૧૨ યોજન દૂર છે' એવાત ખરી; પરંતુ તે ૧૨ યોજન, પ્રમાણાંગુલે લેવાનું કયા શાસ્ત્રના આધારે આ આચાર્યશ્રીએ નક્કી કર્યું ? અને તે આચાર્યશ્રીના કહેવા પ્રમાણે જો ૪૦૦ યોજનનો એક યોજન લઈએ તો અયોધ્યાથી અષ્ટાપદગિરિ કેટલા માઈલ દૂર થાય ? તેનો ય વિચાર કર્યા સિવાય આચાર્યશ્રીએ પ્રમાણાંગુલનો ગોળો કેમ ગબડાવ્યો હશે ?" (પૃષ્ઠ ૭૦)

સમાલોચના : "લોકપ્રકાશ" ગ્રંથમાં સ્પષ્ટ જણાવ્યું છે કે- તે તે કાળમાં તે તે પુરુષના આત્માંગુલથી વાવડી, કુવા, તળાવ, નગરાદિના અંતર-માપ મપાય છે. ભરત મહારાજાનું આત્માંગુલ, પ્રમાણાંગુલના માપ જેટલું જ હતું. તેથી ભરત મહારાજા સમયમાં અયોધ્યાથી અષ્ટાપદગિરિનું બાર યોજનનું અંતર પ્રમાણાંગુલથી જ લેવું શાસ્ત્રીય છે. પૂ. આ. શ્રી રવિચંદ્ર સૂ. મ. સા. એ પ્રમાણાંગુલથી તે અંતર લેવાની વાત કરી તે એકદમ શાસ્ત્રીય છે. છતાં આ શાસ્ત્રીયવાત ન માનવાની હઠ લઈને બેઠેલા નરેન્દ્રસાગરસૂરિજી, શાસ્ત્રીયવાત સામે ઉપર મુજબ બાંયો ચઢાવી રહ્યા છે ! પોતાના ગપપુરાણનો ગપગોળો પોતે ગબડાવી રહ્યા છે અને શાસ્ત્રીયવાત રજુ કરનારા મારા. પૂ. ગુરુદેવશ્રીને ગપગોળા ગબડાવનાર કહી રહ્યા છે. ધન્ય છે, નરેન્દ્રસાગરજી તમને ! તેમના મતે તો લોકપ્રકાશ ગ્રંથકારે પણ ગોળો ગબડાવ્યો કહેવાય. શાસ્ત્રીયવાત, શાસ્ત્રો અને શાસ્ત્રકારોની સામે પડવાનું વારસામાં મેળવીને આવેલા નરેન્દ્રસાગરસૂરિજીના શાસ્ત્રકારોની આશાતના કરવાના આ દુઃસાહસ બદલ તેઓની ભાવદયા ચિંતવવા સિવાય બીજો ઉપાય નથી. આ પ્રસંગથી નરેન્દ્રસાગરજી, ફક્ત બીજાની વાતને તોડી પાડવા માટે શસ્ત્ર તરીકે 'લોકપ્રકાશ' ગ્રંથનો ઉપયોગ કરવા પૂરતો રસ ધરાવે છે, પરંતુ શાસ્ત્રીયજ્ઞાન મેળવવા માટે 'લોકપ્રકાશ' ગ્રંથનો અભ્યાસ કરતા નથી-એ સ્પષ્ટ થાય છે.

(૧૩) "૪૦૦ યોજનનો એક યોજન" એ ગણિતના હિસાબે ૧૨ x ૪ = ૪૮ એટલે આપણા ૪૮૦૦ યોજન થયા અને 'ચાર ગાઉનો' એક યોજન ગણીએ ૪૮ x ૪ = ૧૯૨૦૦ ગાઉ થયા ! અર્થાત્ આપણા ઉત્સેધાંગુલે ૩૮૪૦૦ માઈલ થયા !!" શું ભરત ચક્રવર્તી, રાત-દિવસ કાંઈપણ જોયા સિવાય, વિશ્રાંતિ લેવા કે થાક ખાવા થોભ્યા સિવાય સતત એકધારૂં ૩૮૪૦૦ માઈલ દોડયા જ કર્યું હશે ? પવનવેગી સાંઢણી કે ઘોડો હોય તો તે પણ એકધારૂં ૩૮ હજાર ૪૦૦ માઈલ દોડી શકે ખરો ? કે - વચ્ચે જ પ્રાણ પંખેરૂં ઉડી જાય ?" આચાર્યપદે આરૂઢ થયેલા તે નવામતી આચાર્યશ્રીએ - 'આ હું જવાબ આપું છું તે બરાબર છે ? યુક્તિ સંગત છે ? કોઈને ગળે ઉતરે તેમ છે ? આ જવાબ કોઈ માનશે ખરૂં ?' એટલો ય વિચાર કર્યો હોય તેવું જણાતું નથી." (પૃષ્ઠ. ૭૧)

સમાલોચના : આચાર્યપદે આરૂઢ થયેલા આ અજ્ઞાન 'શિશુ' નરેન્દ્રસાગરજીએ "આ હું જે લવારો કરું છું તે બરાબર છે ? યુક્તિસંગત છે ? શાસ્ત્રીય છે ? કોઈને ગળે ઉતરે તેમ છે ? આ લવારો કોઈ માનશે ખરૂં ?" એટલો ય વિચાર ઉપર મુજબનો લવારો કરતી વખતે કર્યો હોય તેવું જણાતું નથી. "ભરતચક્રવર્તીના સમયમાં અયોધ્યાથી અષ્ટાપદગિરિનું બાર યોજનનું અંતર ઉત્સેધાંગુલથી લેવાનું છે." એવી પોતાની શાસ્ત્રદ્રોહી, શાસ્ત્રવિરુદ્ધ, મનસ્વી, કપોલકલ્પિત, ઉદ્ધત, યુક્તિશૂન્ય, અનુપાસિત ગુરુકૂળવાળી, શાસ્ત્રઉત્થાપક માન્યતાને સિદ્ધ કરવા માટે નરેન્દ્રસાગરસૂરિજીએ લાંબુ ગણિત અને તરંગી તર્કો કરવાનો ભારે શ્રમ લીધો છે. તેમના આ ભવવર્ધક ઉત્સાહ બદલ કર્મરાજા તેઓને માફ કરે તેવી ભાવના સિવાય આપણે વધુ શું કરી શકીએ ? ૫૦૦ ધનુષ્ય ઉંચી કાયાવાળા ભરત મહારાજાના ડગલા એટલા લાંબા પડતા હોય છે કે નરેન્દ્રસાગરજીએ ગણી કાઢેલા માઈલો દોડીને પસાર કરવામાં તેમને થાક ખાવાની જરૂર પડે નહિ. નરેન્દ્રસાગરજી 'શિશુ' હોવાથી તેમને આવા બધા વિચારો આવ્યા કરે છે.

(૧૪) "જેઓ "ભરતચક્રવર્તી દોડતા દોડતા **એકલા** ગયા' નું અને 'નિર્વાણકલ્યાણકમાં ભાગ લીધો હોવા' નું બેધડક જુઠું લખે તેઓની શાસ્ત્રવફાદારી કઈ જાતની ? તે સુજ્ઞવાચકોએ વિચારવું." (પૃષ્ઠ - ૭૩)

સમાલોચના : મારા પૂ. ગુરુદેવશ્રીએ 'પ્રશ્નોત્તરકર્ણિકા' માં 'ભરતચક્રવર્તી દોડતા ગયા' નું લખ્યું છે. (જે શાસ્ત્રીય જ છે.) 'એકલા ગયા' નું તેઓશ્રીએ લખ્યું જ નથી. નરેન્દ્રસાગરજી અહીં મૃષાવાદ સેવે છે. "ભરતચક્રવર્તી દોડતા દોડતા **એકલા** ગયા" એવું વાકય 'પ્રશ્નોત્તરકર્ણિકા' માંથી કાઢી આપવાનું નરેન્દ્રસાગરજીને મારું જાહેર આમંત્રણ છે. શાસ્ત્રીયવાતનું ખંડન કરવાની ખલતામાં રાચતા અનાડી-ખંડનકારો બીજું મહાવ્રત યાદ રાખી શકતા નથી-એ વાત તમે વધુ એકવાર પૂરવાર કરી છે. અને "નિર્વાણકલ્યાણકમાં ભાગ લીધો' તેવી પૂ. પ્રશ્નોત્તરકર્ણિકાકારશ્રીની વાત પણ શ્રી આવશ્યકસૂત્ર-ટીકા, શ્રી ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર આદિ શાસ્ત્રોના આધારે શાસ્ત્રીય જ છે. છતાં આ વાતને 'બેધડક જુઠું' માનનારા તમારી આ તે કેવી ઉત્સૂત્રવફાદારી છે નરેન્દ્રસાગરજી ? પક્ષદ્વેષ અને વ્યક્તિદ્વેષને પોષવા માટે તમે કેટલી હદે જઈ શકો છો-તેનો નમૂનો છે. પક્ષની વફાદારી માટે શાસ્ત્રને બેવફા બનવાનું તમને બહુ ગમે છે ?

(૧૫) "સુજ્ઞવાચકો ! વિચારશો કે જો ભરતની સાથે સુંદરીનો વિવાહ (લગ્ન) થયો જ હોય તો ભરતચક્રી, સુંદરીની ઇચ્છાને આધીન થાય કે પોતાની ઈચ્છાને આધીન સુંદરીને બનાવે ?" (પૃ.-૭૫)

સમાલોચના : સુજ્ઞવાચકો આગળ પોતાની હીનવૃત્તિ વધુમાં વધુ પ્રગટ કરવાનો નરેન્દ્રસાગરસૂરિજીનો ઉત્સાહ ભારે બળુકો છે ! ભરત મહારાજા જેવા મહાસમ્યગ્દૃષ્ટિ આત્માને હડહડતો અન્યાય કરતું અને તેમની બદનામી કરતું નરેન્દ્રસાગરસૂરિજીનું ઉપરનું લખાણ અક્ષમ્ય છે. એકબાજુ આપણા સજ્ઝાયકારો " મનમેંહી વૈરાગી ભરતજી, મનમેં હી વૈરાગી" કહીને ભરત મહારાજાની માનસિક ઉત્તમતા અને નિર્લેપતાના ભારોભાર વખાણ કરે છે. જયારે નરેન્દ્રસાગરજી ઉપરના લખાણમાં 'ભરત મહારાજા સુંદરીની દીક્ષા લેવાની ઈચ્છાને આધીન ન થાય, પણ સુંદરીને સંસારમાં રાખવાની પોતાની (!) ઈચ્છાને આધીન સુંદરીને બનાવે' એવી અઘટિત કલ્પના રજુ કરીને પોતાની ક્ષુદ્રતા, હીનવૃત્તિ અને અક્કલહીનતાનું પ્રદર્શન કરે છે.

શાસ્ત્રકારો કહે છે કે-"આ વચન સાવદ્ય કહેવાય અને આ વચન નિરવદ્ય કહેવાય એટલી પણ ખબર ન પડતી હોય તેવા આત્માએ મૌન જ રાખવું જોઈએ." "ના હું તો ગાઈશ જ" એવી હઠ રાખનારા નરેન્દ્રસાગરસૂરિજી શાસ્ત્રકારોની આ આજ્ઞાનું પાલન કરી શકતા નથી.

(૧૬) '' यो यद्ययाचे तत्तस्मै, वितताज्ञवलंबितं । जंगमा कल्पवल्लीव, सुंदरी शीलसुंदरी ।। કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ-'શીલસુંદરી' એ વિશેષણથી 'સુંદરી ને બ્રહ્મચારિણી' જણાવે છે !'' (પૃષ્ઠ-૭૬)

સમાલોચના : નરેન્દ્રસાગરસૂરિજીની ભાષામાં આને 'નરેન્દ્રસાગરસૂરિનું વિભંગજ્ઞાન' કહેવાય. (હા, આવા પ્રસંગે નરેન્દ્રસાગરસૂરિજી જેને અને તેને વિભંગજ્ઞાની કહી દે છે.) શાસ્ત્રકારોના નામે જુઠાણું હાંકવાનો નરેન્દ્રસાગરજીનો આ એક વધુ પ્રયાસ છે.'' શીલસુંદરી વિશેષણથી સુંદરીને બ્રહ્મચારિણી જાણવી'' એવું કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે ક્યા શાસ્ત્રમાં જણાવ્યું છે તે જાહેર કરવાનું નરેન્દ્રસાગરસૂરિજીને અમારું આમંત્રણ છે. શ્રી ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્રની સ્વોપજ્ઞટીકા નરેન્દ્રસાગરસૂરિજી પાસે હોય તો છૂપાવે નહિ, જાહેર કરી દે. બાકી નરેન્દ્રસાગરસૂરિજી પોતે 'શીલસુંદરી' નો અર્થ 'બ્રહ્મચારિણી' કરતા હોય તો, 'ભરહેસર' ની ૨૫ઝ્ઝાયમાં સુલસા આદિ બધી મહાસતીઓને 'અકલંકશીલકલિત' જણાવી છે. ત્યાં તેઓ શું અર્થ કરે છે? બધી મહાસતીઓને બ્રહ્મચારિણી બનાવી દેશે ? ભલુ પૂછવું આ નરેન્દ્રસાગરસૂરિજીનું ! પોતાની હઠ પૂરી કરવા માટે તેઓ બધું કરી છૂટે તેવા છે !

(૧૭) ''બ્રાહ્મી તથા સુંદરી બંને બાલબ્રહ્મચારિણી મહાસતીઓ જ હતી; પરંતુ પરણિત હતી જ નહિ.'' (પૃષ્ઠ. ૭૮)

સમાલોચના : 'સેનપ્રશ્ન' માં પૂ. આ. શ્રી વિજયસેન સૂ. મ. સા. સ્પષ્ટ શબ્દોમાં 'કૃત દ્વાહિકા' લખીને બ્રાહ્મી-સુંદરી બાલબ્રહ્મચારિણી ન હોવાનું જણાવે છે. આટલો સ્પષ્ટ પાઠ હોવા છતાં નરેન્દ્રસાગરસૂરિજી બંને મહાસતીઓને 'જ' કારપૂર્વક બાલબ્રહ્મચારિણી જણાવી રહ્યા છે. ''બ્રાહ્મી-સુંદરી બાલબ્રહ્મચારિણી હતા'' એવો શાસ્ત્રપાઠ તેઓ રજુ કરી શકતા નથી. ઉપરથી 'સેનપ્રશ્ન' ના શાસ્ત્રપાઠ સામે લાંબો લાંબો અર્થહીન લવારો કર્યા કરે છે અને પૂ. આ. શ્રી વિજયસેનસૂ. મ. ઉપર ''મહાપુણ્યપાત્રોને ગંભીર અન્યાય કરનારા' એવો આક્ષેપ કરે છે. પૂ. સેન સૂ. મ. કરતા પણ પોતાની જાતને વધુ વિદ્વાન અને ડાહી માનનારા આ અનાડી શિશુના ઉન્મત્તપ્રલાપને કોઈએ ધ્યાનમાં લેવાની જરૂર નથી. નરેન્દ્રસાગરસૂરિજી ના પિતાગુરુ સ્વ. હંસસાગરજીએ પણ 'કલ્યાણસમાધાન શુદ્ધિપ્રકાશ' માં ''બ્રાહ્મી-સુંદરી પરણેલાં હતાં'' આ વાતનું જોરદાર પ્રતિપાદન કર્યું છે. આ અનાડી શિશુ બાપની વાતને પણ ઠોકરે મારે છે. પિતાગુરુના 'શિશુ' તરીકે પોતાની જાતને ઓળખાવનાર નરેન્દ્રસાગરસૂરિજીની આ 'પિતૃભક્તિ' અતિવિલક્ષણ છે.

(૧૮) '' ભાવચારિત્રી એવા કુર્માપુત્રકેવળી, અજ્ઞાતવૃત્તિએ ગૃહસ્થવેષે કેવી રીતે રહી શકયા ? પોતાના માટે કરેલી ચીજોનો ભોગવટો જો છોડી દે તો માતા-પિતાને તેની જાણ થાય કે નહિ ? અને 'આ કેમ નથી લીધુ ?' એમ પૂછે ખરા કે નહિ ? કેવળી થયા છતાં શું ગૃહસ્થના ભોજનમાં ગૃહસ્થોની સાથે જમવા બેસતા હતા ? નિરવદ્ય આહાર અને પાણીની વ્યવસ્થા કેવી રીતે થતી હશે ? ઈત્યાદિ પ્રશ્નો અણઉકેલ રહે છે અને તેથી આ કુર્માપુત્ર કેવળી અંગે શાસ્ત્રીય આધારની ખાસ આ વશ્યકતા ગણાય.'' (પૃષ્ઠ ૭૯)

સમાલોચના : કેવળજ્ઞાની ભગવંતોની બધી પ્રવૃત્તિ કેવળજ્ઞાનમાં નિયત થયા મુજબની હોય છે. તે તારકોની પ્રવૃત્તિ ઈચ્છાજન્ય હોતી નથી. કેવળજ્ઞાની ભગવંતો આગમવ્યવહારી પણ કહેવાય છે. આગમવ્યવહારીની પ્રવૃત્તિ વિશે પ્રશ્ન ઉઠાવવાનો હોતો જ નથી. નરેન્દ્રસાગરસૂરિજી 'શિશુ' અને અજ્ઞાન હોવાથી ઉપર મુજબ પ્રશ્નો ઉઠાવે છે. પછી એ પ્રશ્નો અણઉકેલ રહે તેમાં કોઈ શું કરે ? કુર્માપુત્ર કેવળી અંગે શાસ્ત્રીય આધારની

ખાસ આવશ્યકતા હોવાની નરેન્દ્રસાગરજીની વાત તેમના 'આગમવ્યવહારી' ની સ્પષ્ટ સમજના અભાવને આભારી છે. અમારે તેવી આવશ્યકતા રહેતી નથી. કુર્માપુત્ર ચરિત્રનો શાસ્ત્રપાઠ જોયા પછી પણ શાસ્ત્રીય આધારની ખાસ આવશ્યકતા જોનારા નરેન્દ્રસાગરસૂરિજીના શાસ્ત્ર ઉપરના બહુમાન વિશે કશું કહેવા જેવું રહેતું નથી.

(૧૯) ''જિનનામકર્મ નિકાચિત કરેલ આત્માઓનો ત્રીજે ભવે અવશ્ય મોક્ષ થાય જ અને એવા જીવો આ અઢીદ્વિપના મળીને શ્રી અજિતનાથ સ્વામીના સમકાળે ઉત્કૃષ્ટા ૧૭૦ હતા.'' (પૃષ્ઠ. ૮૨-૮૩)

સમાલોચના : મહાવિદેહક્ષેત્રમાં ભાવજિનનો સર્વથા વિરહ હોતો નથી. વિહરમાન તીર્થંકર ભગવાન મોક્ષમાં પધારે એટલે (સર્વથા વિરહ ન થાય તે માટે) અન્ય છદ્મસ્થ તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થાય જ. **શ્રી અજિતનાથ ભગવાનના સમયમાં અઢીદ્વિપના મળીને શ્રી તીર્થંકર ભગવંતો ઉત્કૃષ્ટા ૧૭૦ હતા એ વાત સાચી છે. પરંતુ નરેન્દ્રસાગરસૂરિજીના લખવા મુજબ ''જિનનામ કર્મ નિકાચિત કરેલ આત્માઓ ઉત્કૃષ્ટા ૧૭૦ હતા''. એવું વિધાન હડહડતુ ઉત્સૂત્ર છે. પોતાની આ શાસ્ત્રવિરુદ્ધ માન્યતાને સિદ્ધ કરવા માટે નરેન્દ્રસાગરજી શાસ્ત્રપાઠ રજુ કરે.** જિનનામકર્મ નિકાચિત કરેલ આત્માઓની સંખ્યા અને અઢીદ્વિપના મળીને સમકાળે ઉત્કૃષ્ટા ૧૭૦ તીર્થંકર ભગવંતો હોવા: આ બે વાત વચ્ચેના તફાવતને આચાર્ય બન્યા પછી પણ નરેન્દ્રસાગરજી સમજી શકતા નથી. એ તેમની અગીતાર્થતાનું ચોકખુ પ્રમાણપત્ર છે !

(૨૦) ''આત્માને અરિહંતપણાની પ્રાપ્તિ, ચાર ઘાતિકર્મના ક્ષય સિવાય થતી જ નથી.'' (પૃષ્ઠ ૮૫)

સમાલોચના : ચાર ઘાતીકર્મનો ક્ષય તો સામાન્ય કેવળીને પણ હોય છે. છતાં તેમને શાસ્ત્રકારો 'અરિહંત' કહીને ન ઓળખાવતા 'સામાન્ય કેવળી' તરીકે ઓળખાવે છે. તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું હોય તેવા આત્માના ચાર ઘાતીકર્મ ખપ્યા હોય કે ન ખપ્યા હોય તો પણ તીર્થંકરના ભવમાં તે આત્મા 'અરિહંત' તરીકે જ ઓળખાય. એટલા માટે જ તો ભગવાન માતાના ગર્ભમાં હોય ત્યારે ય શકેન્દ્ર ''નમુત્થુ ણં અરિહંતાણં'' સૂત્ર દ્વારા તે તારકની 'અરિહંત' કહીને સ્તુતિ કરે છે. નરેન્દ્રસાગરજીના મતે શકેન્દ્રે ભગવાન ચારઘાતીકર્મ ખપાવે નહિ ત્યાં સુધી 'અરિહંત' કહીને તેમની સ્તુતિ કરવાની ઉતાવળ ન કરવી જોઈએ ! નરેન્દ્રસાગરસૂરિજી એટલા બધા અભણ અને જડ છે કે તીર્થંકર, અરિહંત, જિનેશ્વર..... વગેરે શબ્દો પર્યાયવાચી શબ્દો તરીકે શાસ્ત્રકારો વાપરે છે. – એટલું પણ તેઓ સમજી શકતા નથી ?

(૨૧) ''કોઈપણ શાસ્ત્રમાં 'તીર્થંકરનામકર્મના ઉદયથી આત્માને અરિહંતપણું પ્રાપ્ત થાય છે. 'એવું પ્રતિપાદન કરેલુ જ નથી.'' પૃષ્ઠ ૮૫ ઉપર આમ લખીને પૃષ્ઠ ૮૬ ઉપર નરેન્દ્રસાગરાચાર્ય ફરમાવે છે કે-

''xxxxx તીર્થંકર નામકર્મના ઉદયથી તીર્થંકરત્વ, ત્રિભુવનપૂજ્યત્વ, અષ્ટમહાપ્રાતિહાર્યપદા પ્રાપ્તિ, ૩૪ અતિશય સંપન્નતા આદિની પ્રાપ્તિ થાય છે. આ માટે નીચેના શાસ્ત્રપાઠ જૂઓ.....''

સમાલોચના : નરેન્દ્રસાગરસૂરિજીના આ પરસ્પર વિરોધી વચનો જોતાં તેમનુ ખસી ગયું હોય તેમ લાગે છે. એક બાજુ ''કોઈપણ શાસ્ત્રમાં તીર્થંકરનામકર્મના ઉદયથી આત્માને અરિહંતપણું પ્રાપ્ત થાય તેમ કહ્યું જ નથી.'' આવું કહેનારા નરેન્દ્રસાગરજી ''અષ્ટમહાપ્રાતિહાર્ય સ્વરૂપ અરિહંતના ગુણોની પ્રાપ્તિ તીર્થંકર નામકર્મના ઉદયથી થાય છે.'' આ વાતની સિદ્ધિ માટે શ્રી તત્ત્વાર્થસૂત્ર અને શ્રી પંચસંગ્રહના પાઠો આપે છે. અરિહંત અને તીર્થંકર આ બંને શબ્દો અલગ અલગ વ્યક્તિને ઓળખાવનારા શબ્દો નથી પણ પર્યાયવાચી શબ્દો છે. આ વાત નહિ સમજનારા આ 'શિશુ' એ અર્થહીન લાંબો લવારો કર્યો છે. અરિહંતોની બાહ્યવિભૂતિ અને આંતરવિભૂતિના ભેદ પાડીને પૂ. પ્રશ્નોત્તરકારશ્રીએ સ્પષ્ટ સમજ આપેલી હોવા છતાં અનાડીશિશુ

નરેન્દ્રસાગરસૂરિજી જાણી જોઈને આડા ફાંટે છે. સરળ એવા અજ્ઞાનીનો ઈલાજ થાય, અનાડી અજ્ઞાનીનો કોઈ ઈલાજ નથી.

(૨૨) "જેમ અનાજ પાકી ગયું હોય અને તે લીલા છોડ ઉપરથી કાપીને લવાયું હોય કે તે ઘઉં, બાજરી, જુવાર, મગ, મઠ, અડદ આદિ આયંબિલમાં ખપે છે તેમ કેરડાં પરિપક્વ થઈ ગયા પછી લીલા ઝાડ પરથી ઉતારેલા હોય તો શું વાંધો ?" (પૃષ્ઠ ૮૮)

સમાલોચના : અનાજ પાકી ગયુ હોય અને છોડ લીલો રહે : આવો ચમત્કાર તો નરેન્દ્રસાગરજીની ચોપડીમાં જ વાંચવા મળે ! ઘઉં વગેરે અનાજ લીલા છોડ પરથી કાપીને લાવવામાં આવે છે કે કેમ : તેની કોઈ ખેડૂત પાસે જાણકારી મેળવ્યા પછી નરેન્દ્રસાગરજીએ ઉપરનું લખાણ કર્યું હોત તો ખેડૂત કરતાં પણ મૂર્ખ ઠરવાની સ્થિતિમાં તેઓ મૂકાયા ન હોત. એમના ગુરુઓએ એમને આયંબિલમાં કેરડાં વાપરવાની રજા આપી હોય તો તેમણે પોતાના પૂરતી રાખવી જોઈએ. પણ કેરડાંની વાતના બહાને પોતાનું ખેતીવિજ્ઞાન જાહેર કરવા જતાં પોતાનું શિશુત્વ જાહેર થઈ જાય છે તેનો તેમણે ખ્યાલ રાખવાની જરૂર હતી.

(૨૩) "ચૌદ લાખ સાધારણ વનસ્પતિ' તરીકે ગણાતી એવી સૂક્ષ્મ અને બાદર **નિગોદમાંના સૂક્ષ્મજીવોની** હિંસા નથી થતી, પણ **તે જીવોની સાથે કે** તે જીવોને પરસ્પર **સંઘટ્ટન-કિલામણા આદિનો પ્રસંગ ખરો કે નહિ ? અને તે રૂપ વિરાધનાનો સંભવ ખરો કે નહિ ? અને તેવી વિરાધના ન થાય તેની કાળજી વ્રતધારીઓએ રાખવાની કે નહિ ?** આ બધી વાતોના વિચારને અવકાશ આપ્યા વગરનું જ તેઓશ્રીનું લખાણ છે." (પૃષ્ઠ ૯૦)

સમાલોચના : સૂક્ષ્મ અને બાદરનિગોદમાંની સૂક્ષ્મ નિગોદની સમજ 'જીવ વિચાર' ભણેલા વિદ્યાર્થીને પણ નરેન્દ્રસાગરજી કરતા સારી હોય છે. 'જીવવિચાર'ના સિદ્ધાંત મુજબ એ સૂક્ષ્મ નિગોદના જીવોને આપણે સંઘટ્ટન કિલામણા પહોંચાડી શકતા નથી. તેથી તેવી વિરાધનાનો પણ સંભવ જ નથી. એટલે વ્રતધારીઓએ એવી કલ્પિત વિરાધનાથી બચવાની કાળજી પણ રાખવાની હોય જ કયાંથી ? ઉપરના લખાણથી "સૂક્ષ્મ અને બાદર નિગોદમાંની સૂક્ષ્મ નિગોદના પણ જીવોની સંઘટ્ટન-કિલામણારૂપ વિરાધના (!) થી બચવાની કાળજી વ્રતધારીઓએ રાખવાની છે" આવો શાસ્ત્રવિરુદ્ધ નવો ધર્મ નરેન્દ્રસાગરસૂરિજી સ્થાપી રહ્યા છે. તેમના આ નવા ધર્મનો સિદ્ધાંત જૈનધર્મને માન્ય નથી. માટે નવામતી નરેન્દ્રસાગરસૂરિજીનો ભવવર્ધક, શાસ્ત્રદ્રોહી, પરંપરા ઉત્થાપક આ સિદ્ધાંત કોઈપણ જૈનોએ માનવા-આચરવા લાયક રહેતો નથી. જીવવિચારમાં બતાવેલ સૂક્ષ્મ નિગોદની સમજ ભગવાનના ધર્મની છે. નરેન્દ્રસાગરસૂરિજી સૂક્ષ્મનિગોદના નામે ઉપર જે વાત કરી રહ્યા છે, તેમાં નર્યું અજ્ઞાન અને ઉત્સૂત્ર ભરેલું પડયું છે. જૈનસિદ્ધાંતને ઉત્થાપવાના કુચ્છંદે ચઢેલા નરેન્દ્રસાગરજી ભાવદયાને પાત્ર છે.

(૨૪) "૧૦૮ પુરુષો જેમાં હોય તેને એક કુલ કહેવાય. આવા ૧૩૨ કુલકોડનો જનસંહાર થવા પામ્યો હતો. એટલે ૧૪,૨૫,૬૦,૦૦,૦૦,૦૦૦ આટલા તો યાદવવંશી પુરુષોનો જ સંહાર દ્વૈપાયનઋષિએ અગ્નિમાં બાળી નાંખવા પૂર્વક કર્યો હતો !" (પૃષ્ઠ ૯૬)

સમાલોચના : દ્વારિકાદાહ સમયની કુલકોટિની ગણતરી કરવાની નરેન્દ્રસાગરસૂરિજીની રીત તદ્દન અવ્યવહારુ છે. આજના કહેવાતા વિશ્વની જનસંખ્યા કરતા કેઈ ઘણાં (તેમણે ગણી કાઢેલી ગણતરી મુજબ ૧૪૨૫ અબજ અને ૬૦ કરોડ) ફક્ત યાદવવંશી પુરુષો (યાદવવંશી સ્ત્રીઓ વગેરે અને અન્યવંશી મનુષ્યો તિર્યંચો

વગેરે અલગ ને દ્વારિકાનગરીની અંદર અને બહાર વસાવવાની હઠ નરેન્દ્રસાગરસૂરિજી લઈ બેઠાં છે. તેમની આ જડતાને દૂર કરવાનું કામ અઘરું છે. ૧૦૮ X ૧૩૨ X ૧,૦૦,૦૦,૦૦૦ (એક કરોડ) = ૧૪,૨૫,૬૦,૦૦,૦૦૦ આ નરેન્દ્રસાગરસૂરિજીનું ગણિત ખોટું છે. આમાં એક મીંડું વધારાનું ચઢાવી દીધું છે. શુદ્ધિપ્રકાશના ઘોર અંધકારમાં મેં આ બાબતમાં તેમનું ધ્યાન દોર્યું હતું. છતાં તેમણે પોતાની 'સર્ચલાઈટ' માં ફરી પાછી મે જ ખોટી ગણતરી પકડી રાખી છે. પોતાનું ખોટું ગણિત સિદ્ધ કરવા માટે તેમણે પોતાનું નવું ગણિત રચવું પડશે! ગણિતના રસિયાઓને એક 'ભેજાગેપ ગણતજ્ઞ' નું તરંગીગણિત માણવાની કદાચ તક મળશે!

(૨૫) "ચંદ્ર ન કલ્પસૂત્ર આદિમાં 'સમુદ્રોદગપૂરગં-જલધિવેલાવર્ધક' એવું વિશેષણ આપેલ હોવાથી યાદવવંશરૂપ સમુદ્રમાં ભરતી લાવનાર ચંદ્ર સમાન એવા અર્થને બદલે 'સમુદ્રમાંથી જન્મેલ' એવો ખોટો અર્થ કરીને તેના ઉપર કલ્પનાનો મહેલ ચણનાર આ આચાર્યશ્રીએ શું આ પાઠો નહિ જોયા હોય?" (પૃષ્ઠ ૯૭)

સમાલોચના : 'પ્રશ્નોત્તરકર્ણિકા' ના પૃષ્ઠ ૨૪૭ ઉપર 'યદુવંશસમુદ્રેન્દુ' આ પદનો અર્થ શું થાય-તેવી ચર્ચા જ નથી, એ પદમાં વાપરવામાં આવેલ ઉપમાની ચર્ચા થઈ છે. છતાં અભણશિશુ નરેન્દ્રસાગરજી 'એ પદનો અર્થ શું થાય' તેવી ચર્ચા કરીને કલ્પનાનો મહેલ ચણી રહ્યા છે. ઠીક છે, આ શિશુ છે. એટલે આપણે તેમની આ જડતાની ઉપેક્ષા કરીએ છીએ. બાકી નરેન્દ્રસાગરસૂરિજી આટલી મોટી ઉંમરે પણ શિશુપણામાં જ રહે છે અને શિશુક્રિડ કરતા રહે છે. તે તેમના માટે ખૂબ જ શરમજનક કહેવાય!

(૨૬) "ગૃહસ્થો વ્રત, તપ, જપ, પૂજા આદિ જે કોઈ અનુષ્ઠાન કરે તેમાં આ લોકના સુખોની વાંછના રાખવાની નહિ હોવા છતાં મુખ્યતાએ અને ગૌણતાએ **રહેલી જ** હોય છે. (પૃષ્ઠ ૯૮)

સમાલોચના : નરેન્દ્રસાગરસૂરિજીને આ પુસ્તકનું ૯૮મું પાનું લખતી વખતે નવમા પાને પોતે શું લખ્યું છે તે યાદ રહેતું નથી. આટલી બધી સ્મૃતિહીનતાવાળા માણસો ખંડનના રસ્તે જાય તો હાડકાં ભાંગી જાય. તેની નરેન્દ્રસાગરજીને ખબર હોય એમ લાગતું નથી. તેમણે નવમાં પાને લખ્યું છે કે "सद्बुद्धयस्तु मोक्षार्थमेव विहितमिति बुध्यैव तपस्यति!" (સદ્બુદ્ધિવાળા તો મોક્ષ માટે જ આ વિહિત છે એવી બુદ્ધિથી જ તપ કરે છે) અને અહીં ઉપર "ગૃહસ્થો તપ વગેરે કરે તેમાં આ લોકના સુખની વાંછના તેઓને મુખ્ય કે ગૌણરૂપે રહેલી જ હોય છે." એમ ફરમાવે છે. નરેન્દ્રસાગરજીનો આવો ઉત્સૂત્રપ્રેમ જોતાં તો લાગે છે કે તેઓએ હજી જૈન સિધ્ધાંતની બારાખડી પણ નવેસરથી ગીતાર્થ ગુરુભગવંત પાસે ભણવાની જરૂર છે. આ લોકના સુખના દલાલ આ અભણશિશુની ઠોકાઠોક સ્વીકારી લઈએ પોતાનો સંસાર વધારવાનું જોખમ કોઈ પણ ભવભીરૂ આત્માએ લેવા જેવું નથી.

(૨૭) "સંસારના સુખો જ મેળવવાનો ઈરાદો હોય તો તે ત્રણ કાળ પૂજા, અસંખ્ય ભવો સુધી કરે તો પણ તે જીવ મોક્ષે ન જાય' એમ તદ્દન શાસ્ત્રોત્તીર્ણ સિદ્ધાંત બાંધનાર આચાર્યશ્રીના અનુયાયીઓએ - पुष्पात् पूज्यपदं जलाद्विमलता सद्धूपधुमाद् द्विषद्वृन्दध्वंसविधिस्तमोऽपहननं दीप दघृतस्निग्धता। क्षेमं चाक्षतपात्रतः सुरभिता वासात् फलाद्रुपता नृणां पूजनमष्टधा जिनपतेरौचित्यलभ्यं फलं ।। એ સમ્યક્ત્વકૌમુદીનો શ્લોક અને તેના અર્થની વિચારણા કરવી. તેમાં આ લોકના સુખો દર્શાવ્યા છે કે મોક્ષનાં? તે પણ સાથોસાથ વિચારવું અને આવા અપસિદ્ધાંતને અપ સેદ્ધાંત તરીકે જાહેર કરવો ઘટે છે." (પૃષ્ઠ ૯૮)

સમાલોચના : સંસારના સુખરૂપી કોલસાની દલાલી કરવા નીકળી પડેલા નવામતી નરેન્દ્રસાગરસૂરિજી!

તમે લખેલ શ્રી સમ્યક્ત્વ કૌમુદીનો શ્લોક બરાબર વાંચી લીધો છે. એનો અર્થ પણ વિચારી લીધો છે. એમાં શ્રી જિનેશ્વરદેવના પૂજનનું ફળ જ દર્શાવ્યુ છે. આ શ્લોકમાં કયાંય ''સંસારના સુખો જ મેળવવાનો ઈરાદો' રાખવાનું ફરમાન કરવામાં આવ્યું જ નથી. નરેન્દ્રસાગરજીને સંસ્કૃત વાંચતા નથી આવડતુ - એનો આ પૂરાવો છે. વાત કઈ ચાલે છે અને શાસ્ત્રપાઠ કયો ઉપાડી લાવે છે ? નરેન્દ્રસાગરજીને પોતાની આવી અજ્ઞાનતાનું પ્રદર્શન કરવાની હોંશ ઘણી લાગે છે ! વાસ્તવમાં પૂ. પ્રશ્નોત્તરકર્ણિકાકારશ્રીની વાત પૂર્ણ શાસ્ત્રસંમત જ છે, સુસિદ્ધાંતરૂપ જ છે. ''સંસારના સુખો જ મેળવવાનો ઈરાદો હૃદયમાંથી નીકળ્યા પછી જ આત્મા ધર્મકરણી મોક્ષે લઈ જાય, તે પહેલા નહિ. સંસારના સુખો જ મેળવવાનો ઈરાદો હોય ત્યાં સુધી જીવ મોક્ષે જાય જ નહિ.'' છતાં આ સિદ્ધાંતને શાસ્ત્રોત્તીર્ણ અને અપસિદ્ધાંત કહેનારા નરેન્દ્રસાગરસૂરિજી મિથ્યાદર્શનનો ભોગ બન્યા છે. શાસનદેવ તેમને સમ્યગ્દર્શન કરાવે તેવી પ્રાર્થના કરીએ.....

(૨૮) ''યાદ રાખજો કે ધર્મ મોક્ષની અભિલાષાએ પણ કરવાનો નથી, ધર્મ તો તદ્દન નિરાશંસભાવે કરવાનો જ છે !'' (પૃષ્ઠ ૧૦૯)

સમાલોચના : એમ લાગે છે કે નરેન્દ્રસાગરસૂરિજી પોતાની દૈનિક આવશ્યક ક્રિયાઓમાં ''લોગસ્સ અને જયવીયરાય'' જેવા સૂત્રો બોલાતા નહિ હોય ! કારણ કે તેમાં ''આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ'' વગેરે શબ્દો દ્વારા સ્પષ્ટરૂપે મોક્ષમાં અબાધક 'આશંસા' ઓ કરવાનું જણાવ્યું છે. મોક્ષની અભિલાષાને નરેન્દ્રસાગરસૂરિજી આશંસા માને છે ? હદ થઈ ગઈ !! હા, શાસ્ત્રકારોએ કહ્યું છે કે ઉત્તરોત્તર ઉપરના ગુણસ્થાનકની પ્રાપ્તિ થતાં એક સમયે એવો પણ આવે કે જયારે આત્માને મોક્ષની અભિલાષા પણ ન રહે. અહીં મોક્ષની અભિલાષા છોડવી પડતી નથી. છૂટી જાય છે. પણ એટલા માત્રથી મોક્ષની અભિલાષાથી ધર્મ કરવાનો નિષેધ ન કરાય. ધર્મ તો મોક્ષની અભિલાષાથી જ કરવાનો ઉપદેશ અપાય. છતાં મોક્ષની અભિલાષાએ પણ ધર્મ કરવાનો નિષેધ કરનારા નરેન્દ્રસાગરસૂરિજી અગીતાર્થશિરોમણી છે. ભગવાનના સાધુપણાનો વેષ પહેરેલો હોવા છતાં મોક્ષની અભિલાષાના દુશ્મન બનવાની નરેન્દ્રસાગરસૂરિજીની નીતિ, તેમની ભારેકર્મીપણાની સ્થિતિને સૂચવનારી છે. શાસનદેવ તેમને સદ્બુદ્ધિ આપે....!

આચાર્યશ્રી નરેન્દ્રસાગરસૂરિજીએ પોતાની ''પ્રશ્નોત્તર કર્ણિકા શુદ્ધિપ્રકાશ'' નામની ચોપડીમાં ''પ્રશ્નોત્તરકર્ણિકા'' ની ''શુદ્ધિ'' ના બહાને કેટલી બધી શાસ્ત્રવિરુદ્ધ ''અશુદ્ધિ'' ભરી છે, તે આપણે ઉપર જોઈ ગયા. નરેન્દ્રસાગરસૂરિજીએ પોતાની આ જ ચોપડીમાં કરેલા દાવા મુજબ લોકોને ઉન્માર્ગથી બચાવવા માટે તેઓ 'શુદ્ધિપ્રકાશ' પાથરે છે. બીજાના વચનોથી લોકો ઉન્માર્ગગામી બને અને તેઓનું ભવભ્રમણ વધે એની નરેન્દ્રસાગરસૂરિજી ખુબ ચિંતા કરે છે. એટલે તેમના પોતાના જ ઉપર જણાવ્યા મુજબના ઉત્સૂત્રવચનોથી લોકોનું ભવભ્રમણ ન વધે તેની ચિંતા તો તેમણે ખાસ કરવી જોઈએ. છેવટે પોતાનું ભવભ્રમણ અટકાવવા માટે પણ નરેન્દ્રસાગરસૂરિજીએ પોતાના ઉત્સૂત્રલેખનનું પ્રાયશ્ચિત કરીને જાહેરમાં 'મિચ્છા મિ દુક્કડં' માંગવો જોઈએ. આવી 'આપ્તસલાહ' તેઓ બીજાને વારંવાર આપી ચૂકયા છે. હવે તેમની 'આપ્તસલાહ' નો તેમણે પોતે જ અમલ કરવો પડે તેવો સમય આવી ગયો છે. નરેન્દ્રસાગરસૂરિજીમાં ભવભીરૂતા હશે તો જરૂર તેઓ શરમ રાખ્યા વિના અમલ કરશે જ. જો તેઓ પોતાના ઉત્સૂત્રોનું પરિમાર્જન-પ્રાયશ્ચિત નહિ કરશે તો કોઈ વિચિત્ર દુર્ભાવનાથી પીડાઈને તેઓ 'શુદ્ધિપ્રકાશ' લખી રહ્યા છે પરંતુ શુદ્ધભાવથી નહિ- એ વાત સિદ્ધ થશે.

જૂઠમતી આચાર્યશ્રી નરેન્દ્રસાગરસૂરિજીનું
પુરાવા વિનાના પોકળ આક્ષેપો કરવાનું બેજવાબદાર અને બેહૂદુ વર્તન

આચાર્યપદે બેઠાં પછી પણ પુરાવા વિનાના પોકળ આક્ષેપો કરતાં રહીને આનંદ માણવાની આદતને કાબુમાં ન રા ખી શકનારા આચાર્યશ્રી નરેન્દ્રસાગરસૂરિજીએ, 'ચાતુર્માસમાં તીર્થયાત્રા કરવાનો સ્પષ્ટ નિષેધ' (ત્રીજી આવૃ ત્તે) નામની પોતાની ચોપડીના પૃષ્ઠ ૧૨૪ ઉપર લખેલા લેખમાં, મારા ઉપર બિનપાયેદાર આક્ષેપો કર્યા હતા. એ લેખનો પ્રસ્તુત વાતમાં જરૂરી અક્ષરશઃ ઉતારો અહીં રજુ કરૂં છું.

શ્રી હેમંત પાલીતાણાકર આદિ ઉર્ફે મુનિશ્રી જયદર્શન વિ. ને આપ્ત સલાહ

'ચો માસામાં સિદ્ધગિરિરાજની કે કોઈપણ તીર્થની યાત્રા ન જ થાય' એ આગમ, શાસ્ત્ર તથા સુવિહિત સામાચારીના ગઢમાં સુરંગ ચાંપવા માટે રાજકોટ જયરાજ પ્લોટની પોસ્ટની છાપવાળા હેમંત પાલીતાણાકરના બોગસ નામે 'શત્રુંજયગિરિરાજની ચાતુર્માસયાત્રા ઉપર જૈનાચાર્યોનો સાગમટે હલ્લો. ચાતુર્માસમાં ગિરિરાજ ઉપર જિનાલ યોની પ્રતિષ્ઠા થયાના ઐતિહાસિક પૂરાવા સમાન શિલાલેખો નષ્ટ કરવાનું કાવતરૂં ? !!'' એ હેડીંગ તળે મોટા પોસ્ટરો રવાના કરનાર.

તેમજ 'અખિલ ભારતીય શ્રી સિદ્ધાચલતીર્થયાત્રા રક્ષા સમિતિ, પાલડી, અમદાવાદ-૭' અને 'બૃહદ્ મુંબઈ શ્રી સિદ્ધગિરિતીર્થયાત્રા રક્ષા સમિતિ મુંબઈ-૨ ના તખલ્લુસ નામે 'ચોમાસામાં સિદ્ધગિરિની યાત્રાનો નિષેધ કોઈ શાસ્ત્રે કર્યો નથી' એ હેડીંગતળે **બીજું પણ પોસ્ટર છપાવીને** છૂટે હાથે પ્રચાર કરનાર મુનિશ્રી જયદર્શનવિજયજી !

તમોબે પ્રાણના તેમજ સત્યના ભોગેય તમારા ગુરૂદેવ આ. શ્રી વિજયરવિચંદ્રસૂરિજી મ. ની આ 'યાત્રા પ્રકરણ' અને 'પ્રશ્નોત્તરકર્ણિકા' ના ખોટા સમાધાનો આપવા જતાં રહી સહી આબરૂને, તેમના લખાણોને બચાવવા માટે **તમારા ગચ્છાધિપતિ આદિ વડીલોની સખત ના હોવા** છતાં પણ વણનોંતર્યા યુદ્ધના મેદાનમાં કછાટો વાળીને કૂદી પડયા અને ''શ્રી નરેન્દ્રસાગરસૂરિજી લિખિત 'પ્રશ્નોત્તરકર્ણિકા શુદ્ધિપ્રકાશનો ઘોર અંધકાર'' નામની બુક તમારી સહીથી બહાર પાડીને તમોએ શું ફળ મેળવ્યું ?

તમારી તે બુકના વળતા જવાબરૂપે મારા તરફથી બહાર પડેલ 'મુનિશ્રી જયદર્શનવિજયજીના ઘોર અંધકાર સામે સર્ચલાઈટ' (ગભરાટમાં આ ફુલણજી આચાર્યશ્રી પોતાની સર્ચલાઈટમાં 'સત્યનો સેલ' મૂકવાનું સાવ જ ભૂલી ગયા છે અને એટલે જ તેમની 'સર્ચલાઈટ' માં પણ નર્યો ઘોર અંધકાર જ ભર્યો છે- તેની સૌ કોઈ નોંધ લે.) નામની બૂકમાંની સર્ચલાઈટોથી તમારી આંખો અંજાઈ જવાથી જે પછડાટ ખાધી અને મૂંઢમાર લાગ્યો તેની બળતરા તો આ પત્રિકાઓમાં નથી કાઢીને ? જવાબ આપશો.

જયદર્શનવિજયજી ! આવી રીતના તખલ્લુસ નામે પત્રિકાઓ બહાર પાડીને પ્રચારવી એમાં મર્દાનગી છે કે શિખંડીપણું ? તે તમે જ વિચારી લેશો.....

(આવી પોકળ પીઠિકા બાંધી તેમણે પત્રિકાને સવાલો કર્યા છે. આગળ જતાં **'વળી તમારા જ વડીલ**

નેકનામદાર આ. શ્રી મુક્તિચંદ્રસૂરિજીએ ચોમાસામાં ચડવાનું ઉદાહરણ પણ તમોને પુરું પાડેલ છે.' આમ લખીને આ જૂઠમતી આચાર્યશ્રીએ હદ કરી નાંખી છે. સ્વ. પૂ. આ. શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ. સા. એ અમને ચોમાસામાં (સિદ્ધગિરિ) ચડવાનું ઉદાહરણ પુરું પાડયું જ નથી. આ સ્વર્ગસ્થ મહાપુરુષના નામે નરેન્દ્રસાગરસૂરિજીએ ચલાવેલું આ એક હડહડતું જૂઠાણું છે. 'નરેન્દ્રસાગરસૂરિ આધાર વગર લખતા જ નથી.' એવી શેખી કરનાર આ આચાર્યશ્રીને **'સ્વ. પૂ. આ. શ્રી. વિ. મુક્તિચંદ્ર સૂ. મ. સા. ચોમાસામાં શ્રીસિદ્ધગિરિરાજ ચડયા હતા'** એવો પુરાવો રજુ કરવાનું જાહેર આમંત્રણ આપું છું. આશા રાખીએ કે તેઓ આદત મુજબ આઘાપાછા થવાનું ટાળીને પુરાવો જાહેર કરશે !)

શ્રી નરેન્દ્રસાગરસૂરિજીના ઉપરોક્ત લેખના અનુસંધાનમાં મેં એક પત્ર લખીને બે શ્રાવકો દ્વારા તેમને મોકલ્યો હતો, જે અક્ષરશઃ નીચે રજુ કરું છું.

મહારાષ્ટ્ર ભુવન, પાલીતાણા

આચાર્યશ્રી નરેન્દ્રસાગરસૂરિજી મહારાજ ! વિ. સં. ૨૦૫૮ ચૈત્ર સુદ ૭,

શુક્રવાર સાંજે ૫-૦૦

'ચાતુર્માસમાં તીર્થયાત્રા કરવાનો સ્પષ્ટ નિષેધ' (ત્રીજી આવૃત્તિ) નામની પુસ્તિકામાં 'શ્રી હેમંત પાલીતાણાકર આદિ ઉર્ફે મુનિશ્રી જયદર્શન વિ. ને આપ્તસલાહ' નામના તમે લખેલા લેખમાં, તમારી વરસોજૂની આદત મુજબ મારા માટે બીનપાયેદાર વાતો લખી નાંખી છે. આના અનુસંધાનમાં જણાવવાનું કે-

'શ્રી હેમંત પાલીતાણાકર આદિના પોસ્ટરો મેં બહાર પાડયા છે' એવા જેટલા પુરાવાઓ તમારી પાસે હોય તેટલા પુરાવાઓ અને 'શ્રી નરેન્દ્રસાગરસૂરિજી લિખિત '' પ્રશ્નોત્તરકર્ણિકા શુદ્ધિપ્રકાશનો ઘોર અંધકાર'' નામની મેં લખેલી પુસ્તિકા બહાર પાડવામાં અમારા ગચ્છાધિપતિ આદિની સખત ના હતી'- આ વાતના પણ જેટલા પુરાવાઓ તમારી પાસે હોય તેટલા પુરાવાઓ મને ત્રણ દિવસમાં મોકલી આપશો. આ મુદતમાં જો તમે ઉપરોક્ત વાતોના પુરાવાઓ પૂરા પાડી શકશો નહિ, તો જૂઠ્ઠાણાં ફેલાવવાની તમારી તલપને પૂરી કરવાનો દુર્જનોને શોભે તેવો તમારો આ નીચ પ્રયાસ માત્ર છે- એ વાત સિદ્ધ થાય છે.

રાજકોટ જયરાજપ્લોટની પોષ્ટની છાપવાળા પોસ્ટરો રજુ કરવા માત્રથી જો એ પોસ્ટરો મેં બહાર પાડયા છે એમ સિદ્ધ થતું હોય, તો પાલીતાણાની પોષ્ટની છાપવાળું કોઈપણ સાહિત્ય શ્રી નરેન્દ્રસાગરસૂરિજીએ બહાર પાડયું છે એમ તમારી માન્યતા મુજબ સિદ્ધ થશે. વિચારશો.

કો'ક તખલ્લુસના તીરો જો તમારા માટે આટલા મર્મભેદી બનતા હોય તો મારા તીરો જયારે તમને વાગશે ત્યારે તમારી શી હાલત થશે ? વિચારશો. **જયારે અને ત્યારે, જેને અને તેને આપ્તસલાહો આપ્યા કરવાની ધૂનમાં તમે તમારું બીજું મહાવ્રત ભૂલી જાઓ છો.** બીજું મહાવ્રત યાદ રાખવાનું શીખતા જાઓ એવી આપ્તસલાહ હું પણ તમને આપું છું.

ઇ. મુનિ જયદર્શનવિજયની વંદના

મારા આ પત્રનો જવાબ એક સાધુ દ્વારા નરેન્દ્રસાગરસૂરિજીએ મને મોકલ્યો હતો તે અક્ષરશઃ અહીં રજુ કરું છું.

પાલીતાણા ગિરિરાજ સોસાયટી

આ. નરેન્દ્રસાગરસૂરિ

શાસનકંટકોદ્ધારક જૈનજ્ઞાનશાળા

૨૦૫૧ ચૈત્ર સુદી ૮ શનિ તા. ૮-૪-૯૫

મુનિરાજશ્રી જયદર્શનવિજયજી યોગ્ય લખવાનું કે ચૈત્ર સુદી ૭ શુક્રવારનો **ઝેરોક્ષ નકલવાળો તમારો પત્ર** બે શ્રાવકોદ્વારા મળ્યો. વાંચીને થયું કે-**વડિલો કે પદવીધરો ઉપર પત્ર કેવી સભ્યતા-નમ્રતા અને વિવેકભર્યો લખવો જોઈએ ? તેનું જ્ઞાન તમોને તમારા વડિલોએ આપ્યું લાગતું નથી. નહિતર-જેઓ કીર્તિધામ રૂબરૂ મળવા છતાં બોલવાની તો શું પણ સામે ઘારીને જોઈ શકવાની હિંમત નહિ ધરાવનાર આત્મા આવી અસભ્યતાભર્યો પત્ર લખવાની હિંમત કયા પીઠબળને પામીને કરી શકેલ છે ?** તે વિચારણીય પણ છે અને એવા પત્રનો જવાબ આપવો તે યોગ્ય નહિ માનતો હોવા છતાં **વ્યવહારની ખાતર** પત્રનો જવાબ આપું છું કે-

મારી - ચાતુર્માસમાં તીર્થયાત્રા કરવાનો સ્પષ્ટ નિષેધ (આવૃત્તિ ત્રીજી) એ બૂકમાં **મેં તમોએ પોસ્ટરો લખ્યા કે બહાર પાડયાનું નહિ જ લખ્યું હોવા છતાં મારા** ઉપર તેવો ખોટો આરોપ મૂકવામાં તમારી સાધુતા ગણાય કે કેમ ? તે વિચારશો અને તમોએ જે 'પ્રશ્નોત્તરકર્ણિકા શુદ્ધિપ્રકાશનો ઘોર અંધકાર' નામની બૂક માટે **'તમારા ગચ્છાધિપતિ આદિ વડીલોની સખત ના હોવા છતાં'** એમ જે મેં લખેલ છે. **તે બરાબર જ છે** અને સાથોસાથ જણાવવાનું કે - **નરેન્દ્રસાગરસૂરિ, આધાર વગર લખતા જ નથી.** માટે આ અંગે **અહિં આવીને આધાર જોઈ જશો.** બીજી વાત- મેં જે એ વાત લખી છે તે ખોટી છે એમ તમો કહેવા માંગો છો તો 'બોલવા-લખવામાં તમે સાચા છો' તેની પ્રતીતિ માટે આ પત્ર મળ્યે ત્રણ દિવસમાં જ **અહિં હાજર રહેલા તમારા ગચ્છાધિપતિની સહી પૂર્વકનું- ''જયદર્શન વિ. એ જે ઘોર અંધકાર નામની બૂક બહાર પાડેલ છે તે માટે અમે બહાર નહિ પાડવાનું જણાવેલ નથી અને તેમાં અમારી સંમતિ છે.'' લખાણ મને મોકલી આપશો.** તો હું તે પ્રમાણે જાહેર કરીશ. આગ્રહ નથી.

બાકી - તમોને છાજતું જે - 'મારા તીરો જયારે તમને વાગશે ત્યારે તમારી શી હાલત થશે ? વગેરે લખ્યું છે તેને માટે એટલું જ જણાવવાનું કે - મનની જેટલી હોંશ હોય એટલી પૂરી કરશો. બાકી રાખશો નહિ. પણ વ્યાજ સાથે પાછું લેવાની શરતે

એજ.

નરેન્દ્રસાગરસૂરિજીના આ પત્રનો જવાબ મેં અમારા સાધુ દ્વારા તેમને પહોંચાડયો હતો. જે અક્ષરશઃ નીચે મુજબ છે.

મહારાષ્ટ્રભુવન, પાલીતાણા

વિ. સં. ૨૦૫૧ ચૈત્ર સુદ ૯

આચાર્યશ્રી નરેન્દ્રસાગરસૂરિજી મહારાજ !

તમારો ચૈત્ર સુદ ૮, તા. ૮-૪-૯૫ નો લખેલ પત્ર આજે મળ્યો. વાંચીને થયું કે- **મારો ચૈત્ર સુદ ૭ નો તમને મોકલેલ પત્ર મૂળ હતો કે ઝેરોક્ષનકલ હતી તે સમજવાની પણ તમારામાં શક્તિ નથી.** (વાસ્તવમાં મેં તેમને એ પત્ર બ્લેક પેનથી લખીને મોકલ્યો હતો.) **કીર્તિધામમાં તમે મને મળવા આવ્યા જ ન હતા, રૂમમાં ભરાઈ બેઠા હતા- આ તમારી 'હિંમત' મેં નજરે જોઈ હતી. પરંતુ આ બધી અપ્રસ્તુત વાતોનો વ્યવહારથી પણ જવાબ આપવાની ઈચ્છા નથી. તમારા લખાણો કેટલી સભ્યતા-નમ્રતા-વિવેકભર્યા હોય છે તે આખી દુનિયા જાણે છે. તમારા ચોપડાઓ વાંચનારા એનું પ્રમાણપત્ર આપશે.**

મારે આપવાની જરૂર નથી. તમારી દૃષ્ટિએ કદાચ મારે સભ્યતા શીખવાની જરૂર હશે ? પરંતુ તમારે તો સાધુ ઉપર પત્ર કેમ લખાય તેય શીખવાની જરૂર છે. ખેર.... એ વિષય તમારો છે.

'ચાતુર્માસમાં તીર્થયાત્રા કરવાનો સ્પષ્ટ નિષેધ (આવૃત્તિ ત્રણ) માં **તમોએ 'પોસ્ટરો મેં છાપ્યા છે' એ આક્ષેપ કર્યો છે કે નહિ- તેનો નિર્ણય તો તમારા પ્રસ્તુત લેખના હેડીંગ ઉપરથી જ હવે સુજ્ઞવાંચકો તમને કરાવશે. આક્ષેપો જાહેરમાં કરવા અને એના આધાર (પુરાવા) જોવા માટે તમારા મકાનમાં બોલાવવાની વાત કરવી- એ કોઈપણ રીતે યોગ્ય નથી.** એટલે મારે તમારે ત્યાં આવવાની જરૂર રહેતી નથી.'' **'નરેન્દ્રસાગરસૂરિ આધાર વગર લખતા જ નથી' એવી બોદી બડાઈઓ હાંકવાને બદલે પુરાવાઓ પૂરા પાડવાની સાધુતા દર્શાવતા જાઓ.** ખાલી ચણો વધુ વગાડયા કરવાથી તમારી પોકળતા ખૂલ્લી પડી જાય છે. બીજી વાત અંગે જણાવવાનું કે **આ પત્ર મળેથી ''મેં મુનિશ્રી જયદર્શન વિજયજીને 'શુદ્ધિપ્રકાશનો ઘોર અંધકાર' નામની બુક બહાર પાડવાની સખત ના પાડી છે ' આવું લખાણ અમારા પૂ. ગચ્છાધિપતિશ્રીએ તમારી ઉપર મોકલ્યુ હોય તે આ પત્ર મળેથી ત્રણ દિવસમાં મારી ઉપર મોકલી આપશો.** એટલે એ લખાણની પ્રામાણિકતાની ચકાસણી કરીને જણાવવા યોગ્ય લાગે, જણાવીશ.

જયદર્શન વિ. ની વંદના

મારા આ પત્રનો જવાબ આજ સુધી મને મળ્યો નથી.

નરેન્દ્રસાગરસૂરિજીનો આ લેખ અને તે અંગે મેં તેમની સાથે કરેલ પત્રવ્યવહાર વાંચતા, નરેન્દ્રસાગરસૂરિજીની બીનપાયેદાર આક્ષેપો કરતા રહેવાની રોગીષ્ટ મનોદશાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. છેલ્લાં પત્રનો જવાબ કે મારા ઉપર કરેલા આક્ષેપોનો એક પણ પુરાવો તેમણે આજ સુધી મને મોકલ્યો નથી. જો લેખિત જાહેર આક્ષેપોમાં પણ પુરાવા વિના નરેન્દ્રસાગરસૂરિજી આવા હડહડતા જૂઠાણાં હાંકી શકે છે તો પછી તેમણે આજસુધી અન્ય-અન્ય મહાપુરુષો માટે રચી કાઢેલી દ્વેષભરી કથાઓ અને મૌખિક વાર્તાલાપની વિકૃત રજુઆત જરા પણ વિશ્વસનીય બનતી નથી- એ સૌ સુજ્ઞ વિચારકો સમજી શકે છે **જેને અને તેને બીજા મહાવ્રતની યાદ વારંવાર અપાવ્યા કરતા નરેન્દ્રસાગરસૂરિજી, પોતે લીધેલું બીજું મહાવ્રત યાદ રાખી શકતા નથી.** એ તેમની ભારે કમનસીબી નથી ? આ સંયોગોમાં, નરેન્દ્રસાગરસૂરિજીએ આજ સુધી જેને જેને, જેટલી જેટલી, 'આપ્તસલાહો' આપી છે, તે બધી આપ્તસલાહોનું પાલન પોતાના જ જીવનમાં કરી છેલ્લી જીંદગી તેઓ સુધારી લે તેવી 'આપ્તસલાહ' હું પણ તેમને આપું છું. હવે ' મા સાહસ પક્ષી' નો પાઠ ભજવવાનો શોખ તેઓ વહેલી તકે છોડી દે. (જો કે અનુભવીઓ એમ કહે છે કે 'માણસના પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય છે.' છતાં નરેન્દ્રસાગરસૂરિજી પોતાની કુટેવ છોડશે તેવી આશા રાખીએ.) વિહાર કરતાં-કરતાં કીર્તિધામમાં એક મકાનમાં ભેગા રહેવાના સાહજિક પ્રસંગને (હોલ અને રૂમમાં જુદા જુદા રહ્યા હતા અને એક અક્ષરની પણ અમારા વચ્ચે વાતચીત થઈ ન હતી છતાં) જે રીતે પોતાના પત્રમાં નરેન્દ્રસાગરસૂરિજીએ વિકૃત સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે, તે જોતાં, નરેન્દ્રસાગરસૂરિજીએ પોતાના ચોપડાઓમાં લખેલાં આવાં જ પ્રસંગો પણ વિકૃતિથી ખદબદતા હોવા અંગે કોઈ શંકા રહેતી નથી. એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે.

(જે બે પોસ્ટરોને નિમિત્ત બનાવીને નરેન્દ્રસાગરસૂરિજીએ મારા ઉપર બીનપાયેદાર, પુરાવા વિનાના આક્ષેપો કરતો લેખ લખી નાંખ્યો હતો તે બંને પોસ્ટરો પણ સુજ્ઞવાચકોની જાણ માટે અત્રે પ્રગટ કરવામાં આવેલ છે.)

પોસ્ટર નં. -૧

જૈન સંઘો સાવધાન.... જૈનો જાગો.... અસત્ય પ્રચારોથી ભરમાશો નહિ....

ચોમાસામાં શ્રી સિદ્ધગિરિની યાત્રાનો નિષેધ કોઈ શાસ્ત્રે કર્યો નથી.

ચોમાસામાં શ્રી સિદ્ધગિરિની યાત્રા ન થાય તેવી પરંપરા હતી નહિ, છે પણ નહિ.

ચાર મહિના શ્રી સિદ્ધગિરિ મહાતીર્થ યાત્રિકો માટે બંધ કરાવવાનું ભયંકર ષડયંત્ર !!!

આ ષડયંત્રના સૂત્રધાર તીર્થયાત્રા વિરોધી બનેલા આચાર્ય ભગવંતોને ખુલ્લો પડકાર !!!

● શ્રી બૃહ-કલ્પસૂત્ર ● શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર ● શ્રી શત્રુંજય માહાત્મ્ય ● શ્રી વિશેષાવશ્યક
● શ્રી જીતવ્યવહાર ● શ્રી કુમારપાળ ચરિત્ર ● શ્રી પાંડવ ચરિત્ર ● શ્રી ધર્મરત્ન પ્રકરણ
● શ્રી અષ્ટાહ્નિકા પ્રવચન ● શ્રી શત્રુંજય ચૈત્યપરિપાટી

આ કે બીજા કોઈપણ આગમ ગ્રંથોમાંથી 'ચોમાસામાં સિદ્ધગિરિની યાત્રા ન થાય' એવી પંક્તિ લખેલી હોય તો પાના નંબર સાથે જાહેર કરવાનું તીર્થયાત્રા વિરોધી આચાર્ય ભગવંતોને અમારું ખુલ્લું આહ્વાન છે. નહિ તો ફોગટ આગમ ગ્રંથોના નામે તીર્થયાત્રા બંધ કરવાનો આદેશ આપવાનું ધર્મદ્રોહી પાપીકૃત્ય બંધ કરો.

બારે મહિના તીર્થસ્થાનો યાત્રિકો માટે ખુલ્લા રાખવા - એ જૈન શાસ્ત્રોની ઉજ્જવલ પરંપરા છે. શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢી આ પરંપરાનો આદર કરી શ્રી સિદ્ધગિરિ બારેમાસ ખુલ્લો રાખે છે.

પેઢીના નામે સિદ્ધગિરિ યાત્રાનો નિષેધ કરનારા કોઈપણ બોર્ડોથી છેતરાશો નહિ. એ તો તીર્થયાત્રા વિરોધી તત્ત્વોનું કાવતરું છે.

તીર્થયાત્રા બંધ રાખવાની જૈનેતર પ્રણાલિકાનો આદેશ કરનાર જૈનાચાર્યોના ફતવાનો બહિષ્કાર કરો....

ચાર મહાહત્યા કરનાર પાપી આત્માઓ પણ શ્રી સિદ્ધગિરિની યાત્રા કરવાથી તરી જાય છે.
શ્રી સિદ્ધગિરિ તીર્થની યાત્રા બંધ કરવાનો કડક આદેશ કરનારા ભવસાગરમાં ડૂબી જાય છે.

યાદ રાખો : શ્રી સિદ્ધગિરિ મહાતીર્થની યાત્રા કરવાથી હંમેશા અનંત-અનંત પુણ્ય બંધાય છે. હંમેશા નિર્મળ ભક્તિભાવથી યાત્રા કરો.

ચોમાસામાં કરાતી શ્રી સિદ્ધગિરિની યાત્રા નિષ્ફળ બનતી નથી.....

તા. ક. આ પોસ્ટર જાહેર સ્થાનોમાં લગાવો. દરેક ભાષામાં આ પોસ્ટર છપાવીને પ્રચારો અને તીર્થયાત્રા રક્ષાનું પુણ્ય ઉપાર્જન કરો.

લિ. અખિલ ભારતીય શ્રી સિદ્ધાચલ તીર્થયાત્રા રક્ષા સમિતિ, પાલડી, અમદાવાદ - ૭.
બૃહદ્ મુંબઈ શ્રી સિદ્ધગિરિ તીર્થયાત્રા રક્ષા સમિતિ, મુંબઈ - ૨.

પોસ્ટર નં. - ૨

શ્રી શત્રુંજય ગિરિરાજની ચાતુર્માસ યાત્રા ઉપર જૈનાચાર્યોનો સાગમટે હલ્લો !!!

ચાતુર્માસમાં ગિરિરાજ ઉપર જિનાલયોની પ્રતિષ્ઠા થયાના ઐતિહાસિક પુરાવા સમાન શિલાલેખો નષ્ટ કરવાનું કાવતરું ? !!!

તારીખ ૨૪ નવેમ્બર-'૯૪ નાં 'સંદેશ' માં શ્રેણિક વિદાણી અને ભરત શાહને આપેલી મુલાકાતોમાં ઘણાં આચાર્યોએ પોતાનું શત્રુંજયયાત્રા વિરોધી વલણ પ્રગટ કર્યું છે. આચાર્ય યશોવર્મસૂરિ એ યાત્રાવિરોધી કાગારોળમાં સાથ આપ્યો નથી- એ સૂચક ઘટના છે. શ્રેણિક વિદાણી અને ભરત શાહ 'ચોમાસામાં શત્રુંજયતીર્થની યાત્રા ન થાય' એ માહિતી ક્ય. બજારમાંથી ખરીદી લાવ્યા તે તપાસનો વિષય છે. પણ એકતરફી પોકળ રજુઆત કરીને તેઓએ 'વેચાઈ ગયેલા પત્રકાર' તરીકે પોતાની સ્પષ્ટ ઓળખાણ આપી દીધી, તે એક રીતે સારું જ થયું છે. કારણ કે વિચારક માણસો તેમની વાત માનતા અટકી ગય છે. ખરેખર તો ચાતુર્માસયાત્રા વિરોધ માટે જ મુલાકાતોનો માહોલ ઉભો કરાયો છે. બધા આચાર્યો ભેગા થઈને ભલે મૈત્રીભાવના અને એકસંપીના ગીતો ગાયા કરે, હજી એ આચાર્યો જ પરસ્પર આહાર-પાણી ભેગા વાપરતા નથી. જમવામાં અને પગે લાગવામાં તેઓ એકબીજાની આભડછેટ બરાબર પાળે છે. પદ્રતિસરનો દંભ શીખવો હોય તો આ આચાર્યોના ચેલા બની જાવ.

જૈનોના દરેક તીર્થો બારે મહિના યાત્રિકો માટે ખુલ્લા રાખવાની પરંપરા જુગજુની છે શાસ્ત્રાજ્ઞા પણ એજ વાતને પુષ્ટિ આપે છે. હિંદુસ્તાનભરના સેંકડો મહાન તીર્થો આ જ શાસ્ત્રજ્ઞા અને પરંપરાના આધારે ચોમાસાના ચારે મહિના પણ યાત્રિકો માટે ખુલ્લા જ રહે છે. આ અંગે કયારે પણ વિવાદ ઉભો થયો જ ન હતો. ગમે તે કારણે છેલ્લા કેટલાક વર્ષોથી શત્રુંજયતીર્થ ઉપર કેટલાક આચાર્યોની ખરાબ નજર પડી ગઈ છે, ગિરિરાજે તેમનું શું બગાડયું તેની ખબર પડતી નથી. તેઓ યાત્રિકોને ચોમાસામાં ઉપર ચઢવાની ના પાડે છે. આમાંના શત્રુંજયના એક કટ્ટર દુશ્મન આચાર્યે તો આજથી બે વરસ પહેલા તળેટી આગળ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના નામે 'ચોમાસામાં યાત્રા બંધ છે' એવું બોર્ડ પણ ફટકારી દીધુ. પેઢીનું આ બાબતે ધ્યાન દોરવા છતાં પેઢી, પેલા આચાર્યના ત્રાસવાદના કારણે બોર્ડ હટાવતા ગભરાય છે. આજે સમેતશિખર તીર્થને દિગંબરોના આક્રમણથી બચાવવા માટે જૈનસંઘો પેઢીને લાખો રૂપિયાનું ફંડ કરીને આપે છે. પેઢી જો આ રીતે યાત્રા બંધ કરવાના પાપીકૃત્યમાં સાથ જ આપવાની હોય તો લોકોએ શિખરજીની રક્ષા માટે પૈસા આપવા બંધ કરવા જોઈએ. ચાર મહિના જો યાત્રિકો માટે યાત્રા બંધ જ હોય તો તીર્થ શ્વેતાંબરો પાસે રહે કે દિગંબરો પાસે રહે, શું ફેર પડે છે ? પેઢી પાસે ખખડાવીને જવાબ માંગવાનો સમય પાકી ગયો છે.

તળેટીમાં યાત્રા-પ્રતિબંધના બોર્ડો લાગે છે, તો પર્વત ઉપરની હાલત પણ કંઈ સારી નથી. અમને મળેલી ચોંકાવનારી માહિતી મુજબ પર્વત ઉપર ચોમાસામાં પણ મંદિરની પ્રતિષ્ઠા થયાના ઐતિહાસિક શિલાલેખોનો નાશ કરવાનું હિચકારું કૃત્ય ચાલી રહ્યું છે. ઝનૂની યાત્રાવિરોધીઓ પોતાની વિરુદ્ધનો એક પણ ઐતિહાસિક પૂરાવો રાખવા માંગતા નથી. જૈન સમાજમાં આની ગંભીર ચર્ચા ચાલી રહી છે. તીર્થનો વહીવટ

કરતી શેઠ આણંદજી કલ્યાણજી પેઢી આ અંગે સત્તાવાર ખુલાસો બહાર પાડે અને ઐતિહાસિક શિલાલેખોની ફોટોકોપી દરેક સંઘો ઉપર મોકલે. આ તો સારું છે કે કંચનસાગરસૂરિ નામના આચાર્યે આજથી વર્ષો પૂર્વે સમગ્ર ગિરિરાજના ઐતિહાસિક શિલાલેખો 'શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન' નામના પુસ્તકમાં બહાર પાડી દીધા છે. એટલે ઐતિહાસિક સત્યો સુરક્ષિત રહ્યાં છે.

'સંદેશ ની મુલાકાતમાં સુબોધસાગરસૂરિ કહે છે, 'ચોમાસામાં કોઈપણ તીર્થની યાત્રા માટે જવાય નહિ. શત્રુંજય પર્વત ઉપર ચોમાસામાં કોઈપણ સંજોગોમાં ચઢાય નહિ.' પાલીતાણામાં ચોમાસુ રહેલા આ આચાર્ય પાસે વાસક્ષેપ નંખાવવા દેશ-પરદેશથી દરરોજ સંખ્યાબંધ માણસો આવતા હતા. તેઓ દરેકના માથે વાસક્ષેપ છાંટી સુખી થવાનો આશીર્વાદ આપતા હતા. કોઈને પણ પાલીતાણા આવવાની ના પાડી નથી. ચોમાસામાં આ આચાર્ય મહારાજના દર્શન કરવા આવેલા માણસ જો પાપ ન બાંધતો હોય તો પર્વત ઉપર રહેલા આદેશ્વરદાદાના દર્શન કરનારો માણસ શું કામ પાપ બાંધે ? તળેટીએ બેઠેલા આચાર્યના દર્શન કરવા અવાય, અને ઉપર બેઠેલા આદેશ્વરદાદાના દર્શન ન થાય ! વાહ રે વાહ, ભગવાન કરતા પણ તમે પવિત્ર બની ગયા, કેમ ?

જયશેખરસૂરિના ગુરુ પ્રેમસૂરિ ચોમાસાની યાત્રાનો નિષેધ કરતા ન હતા. પણ સંમેલનનું ગધ્ધાપુચ્છ પકડાઈ ગયું છે એટલે હવે જયશેખરસૂરિ ડોકી ધુણાવતા કહી રહ્યા છે કે ચોમાસામાં શત્રુંજયતીર્થની યાત્રા કરાય જ નહિ. આવતીકાલે તેમને કોઈ બીજી પૂંછડી પકડાવી દે તો તેઓ તેમનામાં ય ડોકી હલાવવા માંડશે. અસ્થિર મગજવાળા બીજું શું કરે ?

પંન્યાસ અશોકસાગર તો વળી બહું જ ઉછળ્યા છે. તેઓ અને તેમના જોડીદાર આચાર્ય નરેન્દ્રસાગર ચાતુર્માસયાત્રાના મયંકર દુશ્મનો છે. પરંપરાનો તો એમની પાસે એક પણ પૂરાવો નથી જ, પણ શાસ્ત્રના નામે પણ તેઓ નર્યું જુઠાણું જ હાંકે છે. આજસુધી તેમણે રજુ કરેલા કોઈપણ શાસ્ત્રપાઠોમાં, ચોમાસામાં સિદ્ધાચલની યાત્રા ન થાય, તેવું લખ્યું નથી. ચોમાસામાં પર્વત ઉપર જિનાલયની પ્રતિષ્ઠા થયાના શિલાલેખોનો જવાબ આપતા તેઓ શિયાવિયા થઈ જાય છે. છેલ્લે કાંઈ હાથમાં ન આવે, એટલે જીવવિરાધનાની બૂમો પાડવા માંડે છે. જીવવિરાધનાનો તેઓનો મુદ્દો પણ સ્વાર્થી છે. પંન્યાસ અશોકસાગર તો ચોમાસામાં જ તપસ્વીઓના મોટ મોટા વરઘોડા કાઢે છે. કાદવવાળી ભીની જમીન ઉપર ચાલુ વરસાદના છાંટા વચ્ચે તેઓ વરઘોડામાં ગજરાજની જેમ ઝૂલતા હોય છે. અહીં તેમને પાપ નથી લાગતું અને શ્રાવકો ચોમાસામાં ભાદરવાનો તડકો ખાઈને કોરા બનેલા શંત્રુજય ઉપર ચઢે છે ત્યારે જીવવિરાધનાનો શોરબકોર કરે છે ! ચોમાસાની યાત્રાને તેઓ હિંસકયાત્રા કહે છે તો એમના વરઘોડા કયાંથી અહિંસક થઈ ગયા ?

મુદ્દે વાત એટલી જ છે કે ચોમાસામાં શત્રુંજયની યાત્રા વિરુદ્ધ બખેડા કાઢનારા યાત્રા વિરોધીઓને શત્રુંજયતીર્થ કે અન્ય તીર્થો જ આંખમાં કણાની જેમ ખૂંચે છે. પોતાની વાહવાહ કરાવવા અને મૂવીઓ ઉતરાવવા વરઘોડા આદિમાં તેઓ જીવવિરાધના માટે અલગ માપદંડ રાખે છે. આ તેમની લુચ્ચાઈ લોકો બરાબર યાદ રાખે અને તેઓના કોઈ પણ ગોબલ્સ પ્રચારમાં ફસાયા નહિ. જયાં સુધી શત્રુંજય તીર્થ અને તીર્થની યાત્રા ઉપર આવિકોને શ્રદ્ધા છે, આકર્ષણ છે, ત્યાં સુધી યાત્રા વિરોધીઓના કોઈ પ્રપંચ સફળ બનવાના નથી.

- હેમંત પાલીતાણાકર

આ પોસ્ટર જાહેર સ્થાનોમાં લગાવો, નવા છપાવી પ્રચારો, યાત્રા રક્ષા કરો.

વિચાર વસંત - પૂ. મુ. શ્રી જયદર્શન વિ. મ.

પૂર્વભૂમિકા : પ. પૂ. સ્વ. આ. ભ. શ્રીમદ્ વિજયરવિચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રશ્નોત્તર સંગ્રહરૂપે બહાર પડેલ ''પ્રશ્નોત્તરકર્ણિકા'' નામના પુસ્તક સામે આચાર્યશ્રી નરેન્દ્રસાગરસૂરિજીએ ''પ્રશ્નોત્તરકર્ણિકા-શુદ્ધિપ્રકાશ'' નામની પીળી ચોપડી લખી નાંખી. તેની સામે આ લેખના લેખકશ્રીએ ''પ્રશ્નોત્તરકર્ણિકા-શુદ્ધિપ્રકાશનો ઘોર અંધકાર'' નામની પુસ્તિકા લખી હતી. તેની સામે નરેન્દ્રસાગરસૂરિજીએ ''સર્ચલાઈટ'' નામની ચોપડી બહાર પાડી હતી. આની સામે 'નરેન્દ્રસાગરસૂરિજીની સત્યના સેલ વિનાની સર્ચલાઈટ'' નામનો લેખ પ્રગટ થઈ રહ્યો છે. અન્ય અન્ય કારણોથી ઘણા સમય પૂર્વે તૈયાર થઈ ગયેલ આ લખાણ આજે પ્રગટ થઈ રહ્યું છે. શાસ્ત્રીયવાતને શાસ્ત્રવિરુદ્ધ કે ઉત્સૂત્ર મનાવવાનો પ્રયત્ન થાય ત્યારે તેનો પ્રતિકાર કરવો જ પડે. ગીતાર્થ ભવભીરૂ મહાત્માઓ પોતે આપેલ શાસ્ત્રીય સમાધાનમાં છદ્મસ્થતા આદિ કારણોસર ક્ષતિ રહી ગઈ હોય તો તે તરફ ધ્યાન દોરવા અન્ય ગીતાર્થોને વિનંતી કરતાં જ હોય છે તે ગીતાર્થ મહાપુરૂષો પણ અભિનિવેશ અને માત્સર્યરહિતપણે રહી ગયેલ ક્ષતિ તરફ ધ્યાન દોરતા હોય છે અને ભવભીરૂ ગીતાર્થ મહાત્મા તે મુજબ સુધારો પણ કરતા હોય છે. પક્ષદ્વેષ અને વ્યક્તિદ્વેષના કારણે અભિનિવેશ અને માત્સર્યથી પીડાતા આત્માઓને 'શુદ્ધિપ્રકાશ' પાથરવાનો કોઈ અધિકાર હોતો નથી. છતાં તેવા આત્માઓ અનધિકારચેષ્ટા અયોગ્યપણે કરતા હોય ત્યારે તેનો યોગ્ય પ્રતિકાર અવશ્ય કરવો પડે. પ્રસ્તુત લેખ તેવો જ એક પ્રયત્ન છે. સૌ કોઈ શાસ્ત્રીય સત્ય સમજે, સ્વીકારે અને આત્મકલ્યાણ સાધે તેવી શુભકામના.

શ્રી નરેન્દ્રસાગરસૂરિજીની
સત્યના સેલ વિનાની 'સર્ચલાઈટ'

શ્રી નરેન્દ્રસાગરસૂરિજીએ ''પ્રશ્નોત્તરકર્ણિકા-શુદ્ધિપ્રકાશ'' નામની પીળી ચોપડી લખતા તો લખી નાંખી, પણ તેમના 'શુદ્ધિપ્રકાશ'નો 'ઘોર અંધકાર' મેં જાહેર કરી દીધો તેથી તેઓ રઘવાયા બન્યા. પોતાના 'શુદ્ધિપ્રકાશ' ના 'અંધકાર' ને ભેદી નાંખવા તેઓ 'સર્ચલાઈટ' લઈને દોડયા, પણ સત્યના સેલ વિનાની સર્ચલાઈટ સળગી જ નહિ. ચોસઠ-ચોસઠ વખત સ્વીચ દબાવવા છતાં તેમના કમનસીબે 'સર્ચલાઈટ' માંથી પ્રકાશ રેલાયો નહિ. ('સર્ચલાઈટ' ચોપડીમાં 'શુદ્ધિપ્રકાશ' ના પોતાના 'ઘોર અંધકાર' ને તેમણે મારા ખાતે ખતવ્યો છે, તે તેમની વારસામાં ઉતરેલી 'બિમારી' છે.)

વિતંડાવાદી નરેન્દ્રસાગરસૂરિજીની બુઝાયલી 'સર્ચલાઈટ' ઉપર એક ઉડતી નજર

પોતાના અસત્યોને ઉઘાડા પાડનાર માણસો આ આચાર્યશ્રીને 'કડવા' લાગે તે સ્વાભાવિક છે. (આમ પણ 'શિશુ'ઓને કડવી દવા થૂંકી નાંખવાની ટેવ હોય છે. પણ શિશુઓને સાજા કરવા માટે વેલણ ઘાલીને પણ કડવી દવા પીવડાવવી પડે.) તાવની અસર હેઠળ માંણસને સાકર પણ કડવી લાગે જ ઇ ને ? તેઓ લખે છે કે ''કડવા વેલાના જ ફળસ્વરૂપ મુનિશ્રી જયદર્શનવિજયજીની લખેલી અને તાજેતરમાં પ્રગટ થયેલી 'શ્રી

નરેન્દ્રસાગરસૂરિજી લિખિત પ્રશ્નોત્તરકર્ણિકા-શુદ્ધિપ્રકાશનો ઘોર અંધકાર' નામની બુક મારા વાંચવામાં આવી. જેમાં શાસ્ત્રપ્રિયતા, સામાચારીપ્રિયતા, વડિલો પ્રતિ બહુમાન, ઔચિત્યતા કે ભાષા સૌષ્ઠવતા (''ઔચિત્યતા'' અને ''ભાષાસૌષ્ઠવતા'' લખનારને વ્યાકરણ આવડતું નથી. 'ઔચિત્ય અને 'સૌષ્ઠવ'' સાચા શબ્દો છે. ભણવું નહિ અને ભણેલાની ભૂલ કાઢયા કરવી - આ કુટેવ હજી કેમ છૂટતી નથી ?) આદિ મીઠા આસ્વાદની ગંધ પણ નથી.''

અહીં કે 'કના વેલાને 'કડવો' કહીને પોતાના 'વિષવેલા' ને ઢાંકવામાં નરેન્દ્રસાગરસૂરિજી સફળ બન્યા નથી. કારણ કે 'વિષવેલા'ની ચોસઠમી જાહેરખબર કરતું 'સર્ચલાઈટ' નામનું 'વિષપુષ્પ' જૈનસંઘમાં ઝેર ફેલાવવા માટે તેમણે પોતાના હાથે રખડતું મુકયું છે. આવા 'વિષપુષ્પો' માં રહેલા - ''શાસ્ત્રપ્રત્યનીકતા, સામાચારી દ્વેષ, પૂર્વાચાર્યોની દ્વેષયુક્ત આશાતના,સુવિહિત મહાપુરુષો પ્રત્યે ઉદ્ધતાઈ, ઝેરીલીભાષા, શાસ્ત્રપાઠોના નામે શાસ્ત્રીયસત્યોની ભાંગફોડ, કારમો 'વિજયદ્વેષ' અને ભવ્યજીવોના ભાવપ્રાણની હત્યા જેવા અગણિતદોષો, જૈનસંઘના ભાવારોગ્યને નષ્ટ કરતા હોવા છતાં 'વિષવેલા' ને એ માટે કોઈ પશ્ચાત્તાપ પેદા થતો નથી. (પરથી એ દોષો અંગે ગૌરવ અનુભવે છે. દુષમકાળનો આ દુષ્ટપ્રભાવ નહિ તો બીજું શું છે ? 'વિષપુષ્પો' ની જો આવી સંસારવર્ધક ઝેરી અસર હોય, તો 'વિષફળ' ની અસર તો કેવી કાતિલ હશે તેની કલ્પના કરવી જ મુશ્કેલ છે. (શાસ્ત્રીયસત્યોની ભાંગફોડ કરવાનો ગાંડો શોખ ધરાવતા નરેન્દ્રસાગરસૂરિજી આજ સુધીમાં તદ્દન અશિષ્ટ-ઝેરીલીભાષામાં થોકબંધ ચોપડીઓ લખી ચૂકયા છે. છતાં 'શુદ્ધિપ્રકાશના ઘોર અંધકાર' માં કેટલાક શબ્દોમાં તેમની અશાસ્ત્રીય વાતો ઉઘાડી પાડી તેથી તેઓ ખુબ જ વ્યથિત બની ગયા છે. એકાએક 'સજ્જનપાઠ' માં આવી જઈને તેમણે આ અંગે 'સર્ચલાઈટ' માં ઘણી જગ્યાએ ફરિયાદો કરીને પોતાનું દર્દ વ્યક્ત કર્યું છે. જો કે આ દર્દનો ગમ ભૂલવા માટે તેમણે 'સર્ચલાઈટ' ને પોતાના 'વિશિષ્ટભાષાવૈભવ' થી સમૃદ્ધ બનાવ્યું છે- એ વાત અલગ છે.)

ફકત ગુજરાતી પુસ્તકો અને પૂજાઓ આદિ દ્વારા જ આ આચાર્યશ્રીના કહેવાતા શાસ્ત્રીયખંડનોના મેં ફુરચા ઉડાવી દીધા તેનું પણ તેમને ઘણું દુઃખ છે. પોતાનો અસંતોષ વ્યક્ત કરતા તેઓ લખે છે: ''શાસ્ત્ર કે સામાચારીના પાઠો કે આધારો આપ્યા સિવાય મુનિશ્રી જયદર્શનવિજયજીએ પ્રશ્નોત્તરકર્ણિકા શુદ્ધિપ્રકાશનો ઘોર અંધકાર નામે બુક બહાર પાડી છે.''

ખરી વાત એ છે કે નરેન્દ્રસાગરસૂરિજીના ગપ્પાંનો જવાબ ગુજરાતી દુહા કે પૂજાઓમાંથી મળી જતો હોય તો શાસ્ત્રો સુધી જવાની જરૂર જ નથી. નરેન્દ્રસાગરસૂરિજી એમનાં ગપ્પાંઓની કક્ષા ઉંચી બનાવશે તો શાસ્ત્રોની જરૂર પડશે. નાદાનને ખુશ કરવા કાંઈ શાસ્ત્રો રમવા અપાય ?

'પ્રશ્નોત્તરકર્ણિકા શુદ્ધિપ્રકાશ' માં આ આચાર્યશ્રીએ પૂ. ગુરુદેવ આ. વિ. શ્રી રવિચંદ્ર સૂ. મ. સા. નો કેટલો 'માન-મરતબો'' જાળવ્યો છે, તે જગજાહેર છે. છતાં પોતાની 'ખાનદાની' બતાવતા આ આચાર્યશ્રી લખે છે: ''આ. શ્રી રવિચંદ્રસૂરિજીના માન-મરતબાને ધક્કો ન પહોંચે તે માટે મૌખિક થયેલી કેટલીક વાતો છુપાવીને મેં અમારી બંનેની સોનગઢ ખાતેની મુલાકાતોની વાતો છાપેલ'' આમ લખ્યા પછી તેમણે પૂ. આ.શ્રી રવિચંદ્ર સૂ. મ. ને પોતે કેવા ધમકાવી નાંખ્યા તેના બણગાં ફુકયાં છે. પૂ. આ. શ્રી રવિચંદ્ર સૂ. મ. એ તેમને તેમની નાદાનચેષ્ટા બાબત કેવા ખખડાવ્યા હતા તે લખવામાં નરેન્દ્રસાગરસૂરિજીના હાથ ધ્રુજે છે. પૂ. આ. શ્રી રવિચંદ્ર સૂ. મ. નો થોડો પણ નિકટનો પરિચય ધરાવતી વ્યક્તિ જાણે છે કે તેઓશ્રી આગળ એલફેલ

બોલી નાંખવુ સહેલું ન હતું. સોનગઢની મુલાકાતમાં હું હાજર હતો એ નરેન્દ્રસાગરસૂરિજીની કમનસીબી છે. (સિદ્ધાચલ ચાતુર્માસયાત્રા વિષયક ચોપડીમાં મારા ઉપર કરેલા લેખિત આક્ષેપોમાં પણ નરેન્દ્રસાગરસૂરિજી બીજું મહાવ્રત જાળવી શક્યા નથી. એટલે તેમની મૌખિક વાતોમાં તો બીજું મહાવ્રત હોય જ એમ કોણ માની લે?) અમારા પૂર્વજોની બદનામી કરતી વાતો ગોઠવી કાઢવાનો વ્યાધિ આ આચાર્યશ્રીના વારસામાં ઉતરી આવેલો છે- એ વાત સાચી હોવાનું આ પ્રસંગથી ફરી પૂરવાર થાય છે. " બાકી તેઓની (પૂ. પ્રશ્નોત્તરકારશ્રીની) શું તાકાત હતી કે તેઓ મને ચૂપ કરે" એવો મિથ્યાભિમાની હુંકાર કરનાર આ આચાર્યશ્રીની 'બહાદુરી' જાણવા જેવી છે : તેઓ પોતાની ચોપડીઓમાં પૂર્વાચાર્યો વિશે પણ લખે છે કે-

" મહો. શ્રી (ધર્મસાગરજી) પ્રતિના 'વ્યક્તિદ્વેષ' ના જ કારણે તત્કાલવર્તિ એવા ગીતાર્થમૂર્ધન્ય પૂ. મહો. શ્રી સોમ વિ., મહો. શ્રી ભાવ વિ., મહો. ન્યાયવિશારદ શ્રી યશો વિ., મહો. શ્રી કીર્તિ વિ. આદિએ અને તેમની વારંવારની પ્રેરણાના પ્રતાપે પૂ. ગચ્છનાયક (પૂ. આ. શ્રી સેન સૂ. મ.) આદિએ પણ ભોળવાઈ જઈને તે. પૂ. મહોપાધ્યાયશ્રી (ધર્મસાગરજી) ને અને તેમની સત્યવાતોને તોડી પાડવામાં અને અન્યાય કરવામાં કોઈ કમીના રાખી નહોતી ". . . . . " સર્વજ્ઞશતકના ઘોર ઉત્સૂત્રોનું જોરદાર ખંડન કરનારા તરીકે જે મહો. શ્રી યશોવિજયજી મહારાજને જણાવો છો તે જ મહો. શ્રીની ઉપાધ્યાયપદવી કોના પ્રતાપે અને કેવી રીતે થવા પામી? તેમજ તેઓશ્રીને સમુદાયમાં જયારે પાછા લેવામાં આવ્યા ત્યારે ગચ્છનાયકને વિનંતી કરી પીગળાવનાર કોણ હતા?

(પૂ. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મ. ની ત્રિશતાબ્દિ ઉજવનારાઓ આની નોંધ લે.)

પૂ. આ. શ્રી સેન સૂ. મ., પૂ. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મ. આદિ પરમગીતાર્થ, સમર્થપ્રતિભાશાળી, ભવભીરૂ, પરમપવિત્ર મહાપુરૂષો માટે પણ આવી દ્વેષભરી કથાઓ રચી કાઢતા નરેન્દ્રસાગરસૂરિજી વર્તમાનના કોઈપણ સુવિહિત ગીતાર્થ મહાપુરૂષોને તો છોડે જ શાના?

એકવાર જંગલમાં સિંહ આગળ આવીને ભૂંડે કહ્યું : " વનરાજ, તું મારી સાથે લડ, નહિ તો હાર કબુલ કર!" સિંહે શાંતિથી કહ્યું :

गच्छ शूकर भद्रं ते, ब्रुहि सिंहो मया जितः ।
पंडिता एव जानन्ति, सिंहशूकरयोर्बलम् ।।

(હે ભૂંડ, તું જા, તારું કલ્યાણ થાઓ. આખા જંગલમાં બોલતો ફર કે 'મેં સિંહને જીતી લીધો.' સિંહના અને ભૂંડના બલનો તફાવત પંડિતપુરૂષો જાણે જ છે.)

વર્તમાનના મહાપુરૂષોથી માંડીને પૂર્વાચાર્યો સુધીનાઓ માટે દ્વેષભરી કથાઓ રચી કાઢતા આ વિતંડાવાદી આચાર્યશ્રી માટે આ સિવાય બીજો કોઈ જવાબ નથી.

પ્રભુપૂજા સમયે જઘન્યથી પુરૂષને બે વસ્ત્ર અને સ્ત્રીઓને ત્રણ વસ્ત્ર રાખવાનું શાસ્ત્રીય વિધાન છે. આ વિધાન મુજબ 'મુખકોશ માટે જુદો રૂમાલ રાખવાથી અવિધિ થાય' એમ પૂ. પ્રશ્નોત્તરકારશ્રીએ જણાવ્યુ હતું. 'મુખકોશ માટે સ્ત્રીઓએ રૂમાલ ન જ રાખવો.' એવો પોતાનો આગ્રહ ન હોવાનું પણ તેઓશ્રીએ એ પ્રશ્નોત્તરોમાં સ્પષ્ટ કર્યું જ છે. જઘન્યથી બે વસ્ત્રો દ્વારા પૂજા કરનાર પુરૂષ, જેમ પોતાના ખેસથી મુખકોશ બાંધે છે, તેમ જઘન્યથી ત્રણ વસ્ત્ર દ્વારા પૂજા કરનાર બેન, સાડીના છેડાથી મુખકોશ બાંધી શકે- એવી સંભાવનામાત્ર તેઓશ્રીએ દર્શાવી છે. આટલી સ્પષ્ટવાતને પણ વિકૃત બનાવીને આનંદ માણનાર આ

વિતંડાવાદી આચાર્યશ્રી સ્ત્રીઓના અંગો ગણાવ્યા કરે તો આપણી પાસે તેનો કોઈ ઉપાય નથી.

(આ જ વિષયમાં 'દેશ-કાળ, સમાજ અને વ્યક્તિગત સંયોગો મુજબ બદલાતી વેશની મર્યાદાની આટલી ચર્ચા જ ન હોય' એમ મેં જણાવ્યુ હતું. તે સંબંધમાં પ્રશ્ન પૂછતા તેઓ લખે છે કે "હું તમોને પુછું છું કે- ૨૫૦૦ વર્ષ પહેલાંના સ્ત્રીઓના શિલ્પો કંડારનારા અને ચિત્રો ચિતનારાઓ, કામરાગમાં તબરોળ અને સ્ત્રીઓને જ દેખનારા એવા રાગી શિલ્પકારો અને ચિત્રકારોના છે કે ત્યાગી-વૈરાગીના ચીતરેલા છે ?" નરેન્દ્રસાગરસૂરિજીના આ પ્રશ્ન ઉપરથી લાગે છે કે તેમને વડીદીક્ષા..... અરે, આચાર્યપદવી આપ્યા પછી પણ તેમના ગુરુઓએ તેમને શ્રી દશવૈકાલિકસૂત્ર ભણાવ્યું લાગતું નથી. નહિ તો આવો ગમાર પ્રશ્ન ન પૂછત, છેલ્લી ઉંમરે પણ તેઓ આવા ઘોર અજ્ઞાનના અંધકારમાં અથડાતા ન રહે તે માટે જણાવું છું કે "ત્યાગી-વૈરાગીઓ સ્ત્રીઓના ચિત્રો ચીતરતા તો નથી જ, પણ રાગપૂર્વક સ્ત્રીઓના ચિત્રો જોવાની પણ શાસ્ત્રકારોએ તેઓને મનાઈ કરી છે" સારું છે કે આ પ્રશ્ન તમે મને જ પૂછ્યો. કોઈ ઈતરધર્મીને પૂછ્યો હોય તો તમારા હાથે જિનશાસનની કેટલી ફજેતી થઈ હોત ? વિચારશો.

વાસ્તવમાં નરેન્દ્રસાગરજીનો તર્ક જ ખોટો છે. આજના સમયના પહેરવેશના ચિત્રો વગેરે ચારસો વર્ષ પછી નીકળે અને તે સમયના લોકો તેના આધારે વર્તમાન સમયના વેશની ચર્ચા કરે, તે વખતે નરેન્દ્રસાગરજી જેવો કોઈ ડાહ્યો કહી દે કે "આ તો કામશૂકરોના ચીતરેલા ચિત્રો છે, ત્યાગી-વૈરાગીએ ચીતરેલા ચિત્રો થોડા છે ?" એટલા માત્રથી એની વાત કોઈ માની ન લે.)

'પ્રશ્નોત્તરકર્ણિકા' ના પૃષ્ઠ ૨૯-૩૦ ઉપર પ્રભુપૂજામાં થતી પુષ્પોની કિલામણાને યજ્ઞની હિંસા સાથે સરખાવનાર કેટલા ખોટા છે. તે દર્શાવનાર પ્રશ્નોત્તર છે. તેમાંની જુદી જુદી પંક્તિઓ ઉઠાવીને શાસ્ત્રીય ખંડન નં. ૫ લખવા માટે **અખંડ** પેરેગ્રાફ બનાવવાનો અનાડી ખંડનકારોને શોભે તેવો પ્રપંચ નરેન્દ્રસાગરસૂરિજીએ કર્યો હતો. સંસારસુખના ઈરાદે ધર્મ કરવાની તરફેણ કરનારા તેમને સાચો માર્ગ બતાવ્યો એટલે હવે તેઓ અજાણ્યા બનીને પૂછે છે કે "તમે લખ્યુ તેવું તમારા ગુરુએ ક્યાં લખ્યુ છે ?" છળ-પ્રપંચ કરીને તોડફોડ કરવાની જ ધૂન લઈને બેઠેલા આ અનાડી-ખંડનકારને ન વંચાતુ હોય તો ભલે, બાકી 'પ્રશ્નોત્તરકર્ણિકા' ના પૃ-૩૬૦ ના પ્રશ્નોત્તરથી "બાળ / મુગ્ધ જીવોના અપવાદે થતાં અન્યભાવના અનુષ્ઠાનોનો એકાંતે નિષેધ નથી." એવુ સ્પષ્ટ સમજી શકાય છે.

સૂતક વિશે લાંબી વાતો કરનારા નરેન્દ્રસાગરસૂરિજીએ, "વ્યવહારચૂર્ણિ આદિ શાસ્ત્રોમાં સૂતકમાં પ્રભુપૂજા કરી શકે કે ન કરી શકે એ વાતનો ઉલ્લેખ, ત્યાં પ્રભુપૂજાનો અધિકાર ન હોવાથી નથી કરેલ" એમ નિઃસંકોચ કબુલ કર્યું છે. જે શાસ્ત્રોમાં સૂતકમાં પ્રભુપૂજા વિષયક વાત કરી છે તેમાં પ્રભુપૂજાનો નિષેધ તેઓ આટલા વર્ષોમાં બતાવી શકયા નથી. ખરેખર તો શાસ્ત્રોમાં સૂતકપ્રસંગે પ્રભુપૂજાના નિષેધનો પાઠ મળતો નથી. તેથી ગોચરી આદિ અંગેના શાસ્ત્રપાઠોમાંથી આ વિતંડાવાદી આચાર્યશ્રી પ્રભુપૂજાનો નિષેધ ખેંચી લાવવાનો નિષ્ફળ ઉદ્યમ કરે છે. **જન્મેલ બાળક અને તેની માતાને અશુદ્ધિ રહેતી હોય છતાં તેઓ પ્રભુપૂજા કરી શકે- તેવું અમે કહેતા જ નથી. પણ ઘરના બીજા સભ્યો સ્નાનાદિથી શુદ્ધ થયા હોવા છતાં, તેઓને પ્રભુપૂજાનો પ્રતિબંધ ફરમાવવાની હઠ, શાસ્ત્રના નામે લઈ બેઠેલાઓનો અમે સખત વિરોધ કરીએ છીએ. સૂતકમાં પ્રભુપૂજા વિષયક આ અમારી સ્પષ્ટ માન્યતા છે.**" જન્મ-મરણ સૂતકમાં પણ સ્નાન કર્યા પછી પ્રતિમાની પૂજાનો નિષેધ જાણ્યો નથી." આવા 'સેનપ્રશ્ન' ના સમાધાનના 'સ્નાન'

શબ્દથી દશદિવસ પછીનું સ્નાન લેવાની વાત કદાગ્રહી સિવાય કોઈ કરે નહિ. કારણ કે એ સ્નાન પછી પૂજા થાય કે નહિ- એવો પ્રશ્ન તો કોઈ મૂર્ખ પણ પૂછે નહિ. પ્રશ્ન પૂછનારનો આશય, તે પહેલાં પૂજા થાય કે નહિ - એમ જ હોય, અને તેનો જ જવાબ સેનપ્રશ્નમાં સ્પષ્ટ છે. પૂ. આ. શ્રી સેન સૂ. મ. જેવા પ્રામાણિત, પરમગીતાર્થ, ભવભીરૂ પૂર્વાચાર્યના 'સેનપ્રશ્ન' ના સમાધાન મુજબ ચાલવું- એ પ્રત્યેક આત્મલક્ષી આરાધકોનું પરમ કર્તવ્ય છે. પૂ. સેન સૂ. મ. ને 'અન્યાયી ગચ્છનાયક' તરીકે ગણનારા નરેન્દ્રસાગરજીને ધ્યાનમાં લેવાની જરૂર નથી.

(નરેન્દ્રસાગરજીની 'સૂતકવિચાર' ચોપડીના ૪૮ માં પાને છાપેલ સં. ૧૫૧૭ ની સાલની 'કલ્પસૂત્ર બાલાવબોધ' નામની હસ્તલિખિત પ્રતના અવતરણમાં 'સેનપ્રશ્ન' નું નામનિશાન નથી. કદાગ્રહી નરેન્દ્રસાગરજીનું હસ્તલિખિત પ્રતના નામે ચલાવેલું આ હડહડતું જુઠ્ઠાણું છે. આવું જ જુઠ્ઠાણું પૂ. આત્મારામજી મ. ના નામે પણ આ નાદાન 'શિશુ' એ ચલાવ્યું છે. ''શુદ્ધસામાચારી પ્રકાશ ઉત્તર'' માં પૂ. આત્મારામજી મહારાજે સૂતકમાં પ્રભુપૂજાનો નિષેધ કર્યો જ નથી. પૂ. આત્મારામજી મહારાજના 'તત્ત્વ નિર્ણયપ્રાસાદ' નામના ગ્રંથના પૃ. ૩૧૮ ને આગળ કરીને નરેન્દ્રસાગરજી સૂતકમાં પ્રભુપૂજાનો નિષેધ કરે છે. તે પાનાનું લખાણ વાંચો : ''अपरं च ये पच्चीस वा सोलां संस्कार प्रायः **संसारव्यवहारमें ही** दाखिल है, **और जैन के मूल आगम में तो निःकेवल मोक्षमार्गका ही कथन है;** और जहां कहीं **चरितानुवादरूप** संसारव्यवहारका कथन भी है तो, ऐसा है कि..... (અહીં સંસારવ્યવહારનું વર્ણન કર્યું છે. પછી) ईतना विधि गृहस्थव्यवहारादिकका श्री आचारांग, विवाहप्रज्ञप्ति (भगवती), ज्ञाताधर्मकथा, दशाश्रुतस्कंध के आठमे अध्ययनादि में चरितानुवादरूप प्रतिपादन करा है. तिर्थंकर के जन्म हुअे तिन के मातापिता जे कि श्रावक थे, तिनोंने भी यह पूर्वोक्तविधि करा है. **ईस वास्ते मूल आगमोमें चरितानुवाद करके गृहस्थ व्यवहारका विधि सूचन करा है परंतु विधिवाद सें कथन करा हुआ हमको मालुम नहि होता है.**'' અહીં પૂ. આત્મારામજી મહારાજે ''**શાસ્ત્રોમાં સૂતકનું વર્ણન ચરિતાનુવાદરૂપ છે, વિધિવાદથી નથી**''- એવી ચોકખી સ્પષ્ટતા કરી છે. છતાં તેમના નામે નરેન્દ્રસાગરજી જૂઠ-પ્રપંચ ખેલે છે. શાસ્ત્રો અને શાસ્ત્રકારોના નામે ખોટી રીતે સૂતકમાં પ્રભુપૂજા બંધ કરાવવાના મહાભયંકર પાપીકૃત્યમાં ખાઈપીને લાગી પડેલા નરેન્દ્રસાગરજી સ્થાનકવાસીના ભાઈબંધની જેમ વર્તી રહ્યા છે. સ્થાનકવાસીઓ, મૂલ આગમમાં પ્રભુપૂજાનો ઉલ્લેખ નથી- એમ કહીને પ્રભુપુજાનો નિષેધ કરે છે, જયારે નરેન્દ્રસાગરજી, શાસ્ત્રોમાં સૂતક પ્રસંગે પ્રભુપૂજાનો નિષેધ કરેલો ન હોવા છતાં, શાસ્ત્રના નામે, પ્રભુપૂજાનો પ્રતિબંધ મૂકવાની હઠ લઈને બેઠા છે: આ બંનેમાંથી એકેયને આપણે સારા કહી શકીએ નહિ.)

ભાદરવા સુદ આઠમના બહેનોના સંવત્સરી પ્રતિક્રમણ અંગેના પ્રશ્નોત્તરમાં, 'પ્રશ્નોત્તરકર્ણિકા' પુસ્તક બહાર પડયા પછી, અનેક સુધારા ભેગો આ પ્રશ્નનો સુધારો પણ પૂ. પ્રશ્નોત્તરકારશ્રીના પરમગુરુદેવે સુચવ્યો હતો, તેથી આ વિતંડાવાદી આચાર્યશ્રી ખુબ જ નારાજ થઈ ગયા. સ્વ. પ્રશ્નોત્તરકારશ્રીના ગુરુદેવ વિ. સં. ૨૦૪૭માં કાલધર્મ પામેલા. તે પછી બે વર્ષે (વિ. સં. ૨૦૪૯માં) નરેન્દ્રસાગરસૂરિજીએ 'શુદ્ધિપ્રકાશ' પાથર્યો. છતાં નરેન્દ્રસાગરસૂરિજી લખે છે કે ''મારા 'શુદ્ધિપ્રકાશ' પછી જ તમારા પરમગુરુદેવશ્રીએ સુધારો સૂચવ્યો !'' એમ લાગે છે કે નરેન્દ્રસાગરજી પાસે અમારા પરમગુરુદેવશ્રીનું સ્વર્ગવાસ પછીનું સરનામું હશે, તે સરનામે તેમણે પોતાનો 'શુદ્ધિપ્રકાશ' મોકલ્યો હશે, અમારા પરમગુરુદેવશ્રીએ એ વાંચીને, અમને સુધારો સૂચવ્યાની જાણ નરેન્દ્રસાગરજીને કરી હશે અને તેથી જ નરેન્દ્રસાગરજી 'જ' કાર પૂર્વક કહી શકે છે કે તેમના

લખાણથી જ સુધારો સૂચવાયો છે ! સ્વર્ગસ્થ મહાપુરુષ સુધારા સૂચવે- તેવા અચિન્ત્ય ચમત્કારની કલ્પના તો નરેન્દ્રસાગરજી જ કરી શકે. અમને તો પરમગુરુદેવશ્રીજીના સ્વર્ગવાસ બાદ તેઓશ્રીનો કોઈ સંપર્ક જ નહિ હોવાથી, તેઓશ્રીની વિદ્યમાનતામાં ('શુદ્ધિપ્રકાશ' ના પ્રકાશનપૂર્વે) જ તે પૂજયશ્રીએ સૂચવેલા સુધારાના લખાણથી સંતોષ માનીએ છીએ ! ગાડા નીચે ચાલનારાને, પોતે જ ગાડું ખેંચતા હોવાનો ફાંકો હોય છે. આપણા આ અભણ આચાર્ય પણ, બધાને સુધારી નાંખ્યાનો ફાંકો રાખીને ભલે ફરતા ! (xxxx "અશાસ્ત્રીય પ્રણાલિકા ઉપર જે મહોરછાપ મારી હતી તે ભૂંસી નાખવા માટે જ મારે સાધ્વીઓ અને ઉપધાનવાળી બહેનોની વાત રજુ કરી સંવત્સરી પ્રતિક્રમણ કરવાની વાત જણાવવી પડી" આમ લખનાર આ આચાર્યશ્રીને બૃહત્શાંતિ અંદિની ચર્ચાઓમાં મારા ઉઠાવેલા સવાલો સમજાઈ જવા જોઈએ. ત્યાં પણ તેઓ 'લાઈટ' ફેંકવા નીકળી પડયા, તેની પાછળનું કારણ સમજી શકાય તેવું છે. [તુમ્હ નયર.... થી નગરનું નામ પડવાનું હજી પણ તેઓ ટાળે છે. - એ યાદ રહે]

"પાણસમા ઉસાસા' આ શાસ્ત્રપંક્તિ અનુસાર "કાયોત્સર્ગમાં શ્વાસોશ્વાસનું પ્રમાણ ગણાય છે." એ શાસ્ત્રીય વાતને નહિ સમજી શકતા આ અગીતાર્થશિરોમણીએ "કાયોત્સર્ગમાં શ્વાસોશ્વાસ ગણે તો એક સમયમાં બે ઉપયોગ માનવા પડે" એવું ઉન્મત્તતારણ કાઢયું હતું. ('સમય' નું કાલપ્રમાણ કેટલું સુક્ષ્મ હોય છે તેની નરેન્દ્રસાગરજીને ખબર હોય એમ લાગતું નથી.) અને એક લોગસ્સને બદલે ચાર નવકાર ગણવામાં શ્વાસોશ્વાસ પ્રમાણનું વિધાન લાગું કરવાનું છે જ નહિ- એમ 'જ'કાર પૂર્વક વિધાન કર્યું હતું. તેમના આ વિધાન માટે શાસ્ત્રપાઠ લઈ આવવાનું તેમને આહ્વાન આપ્યું હતું. હજી સુધી તેઓ શાસ્ત્રપાઠ રજુ કરી શકયા નથી. (શાસ્ત્રપાઠ રજુ કરવાની ત્રેવડ નથી તો પછી 'જ' કાર પૂર્વક ખંડન કરવાનું ઝનૂન કેમ ચઢે છે, નરેન્દ્રસાગરજી ?)

શય્યાતરપિંડની ચર્ચામાં 'પ્રશ્નોત્તરકર્ણિકા' ના પૃ. ૭૦ ના પ્રશ્નોત્તરથી "શય્યાતરની સાક્ષાત માલીકીવાળો પિંડ શય્યાતરપિંડ કહેવાય" આ વાત સ્પષ્ટ સમજી શકાય છે. છતાં હંમેશની કુટેવ મુજબ બીજું જ વાંચવાને ટેવાયેલા નરેન્દ્રસાગરસૂરિજીએ આ શાસ્ત્રીયવાતના ખોટી રીતે ચૂંથણા કર્યા હતાં. શાસ્ત્રપાઠની ઓથ લઈને ગંદા આક્ષેપો કરવાની કુળરીતિનું પાલન તેઓ વફાદારીપૂર્વક કરી રહ્યા છે. પણ તેમાં શાસ્ત્ર અને સુવિહિત મહાપુરુષોની આશાતના થઈ રહી છે. તેનું ભાન આ નાદાન 'શિશુ' ને નથી.

પુરુષો સમક્ષ વ્યાખ્યાન કરનાર સાધ્વીજીઓ માટેના પ્રશ્નોત્તરની વાત તેવા સાધ્વીજીઓને જ લાગુ પડે, પૂર્વપુરુષોની આજ્ઞામુજબ ચાલનારા સમસ્ત સાધ્વીસંઘને લાગુ ન પડે, નરેન્દ્રસાગરસૂરિજી ! સંસ્કૃત વાંચવામાં તો તમે અભણ છો જ. પણ ગુજરાતી વાંચવામાં પણ આટલા અભણ રહ્યાં છો ? ગુજરાતી વાંચતા પણ આવડતું નથી એવા તમને તમારા ગુરુઓએ ખંડનને રસ્તે ધકેલી દઈને તમારો કેવો ઉપયોગ કર્યો છે તે સમજાય છે ને ? હજી સાચું ભણવાના રસ્તે વળશો તો આડા રસ્તેથી પાછા ફરવાની સદ્બુદ્ધિ જાગશે. વિચારશો.

ગુરુની ભક્તિ માટે આવેલું દ્રવ્ય અને ગુરુની ભક્તિરૂપે (પૂજનાદિ દ્વારા) આવેલું દ્રવ્યઃ આવા બંને ભેદો પાડીને ગુરુદ્રવ્યની સમજણ આપી હોવા છતાં, નહિ જ ભણવાની હઠ લઈને બેઠેલા શિશુની જેમ આ 'શિશુ' આચાર્ય પણ પોતાની મમત મૂકતા નથી. ઉપરથી "ગુરુદ્રવ્ય, દેવદ્રવ્ય સિવાય બીજે ન જ વપરાય તે માટેનો સ્પષ્ટાક્ષરવાળો શાસ્ત્રપાઠ જ આ બધી પારાયણ છોડીને આપો તો શું વાંધો આવે છે ?" એમ તેઓ અમને કહે છે. અમે પણ તેમને કહીએ છીએ કે 'ગુરુપૂજનનું દ્રવ્ય ગુરુવૈયાવચ્ચમાં વપરાય, એ માટેનો

સ્પષ્ટાક્ષરવાળો શાસ્ત્રપાઠ તમે જ આ બધી પારાયણ છોડીને આપો તો શું વાંધો આવે છે ?'' વિચારશો. (અહીં સ્પષ્ટાક્ષરવાળો શાસ્ત્રપાઠ માંગનારા નરેન્દ્રસાગરજી, સૂતકની ચર્ચામાં ''શું વર્ણાવલિમાંના ચૌદમા અક્ષર જેવા તમો બધા છો કે - જેથી સ્પષ્ટ શબ્દોની માંગણી કરો છો ?'' આમ લખતા પણ ચારમાતા નથી. વર્ણાવલિમાંના ચૌદમા અક્ષર જેવા પોતે છે - એવું કબુલ કરવાની આ નરેન્દ્રસાગરજીની લાક્ષણિક પદ્ધતિ છે !)

'' સો વર્ષ જુની ગળાથી ખંડિત થયેલ પ્રતિમાજીમાંથી દેવત્વ ખેંચી લઈ દરિયામાં પધારાવવા ઠીક લાગે છે.'' (અહીં 'જ' કાર વાપર્યો નથી, તેની નોંધ લો.) આવું સર્વસામાન્ય સમાધાન પૂ. પ્રશ્નોત્તરકારશ્રીએ આપ્યુ હતું. સાતિશય વિશિષ્ટ પ્રતિમાજીની આમાં કોઈ વાત જ નથી. તેવી પ્રતિમાજીને ગાંધો મેળવીને પૂજવામાં આ સમાધાન બાધક પણ બનતુ નથી.'' સામાન્ય નિયમ વિશેષને બાધક બનતો નથી.'' આટલી સાદી સમજ પણ નહિ ધરાવતા નરેન્દ્રસાગરસૂરિજીનું અજ્ઞાન તેમના બાપ-દાદાઓની આબરૂ ઘટાડે છે. છતાં આની જરા પણ ચિંતા કર્યા વિના નરેન્દ્રસાગરસૂરિજી પોતાના અજ્ઞાનનું પ્રદર્શન હોંશે હોંશે કરી રહ્યા છે.

શાસ્ત્રીય પંક્તિઓ ઉકેલવાની સાથે તેના હાર્દ-તાત્પર્ય સુધી પહોંચવાની શક્તિ પોતાનામાં આવી ગઈ છે- એવા મિથ્યાભિમાનના ભારવાહક નરેન્દ્રસાગરસૂરિજી, શ્રીતીર્થંકર ભગવંતોના વાળની અવસ્થિતિ સમજાવતા રીતસર ગબડી પડેલા. શ્રી તીર્થંકર ભગવંતોને દીક્ષા લીધા પછી ('કેવળજ્ઞાન પછી' એવો મતાંતર અહીં યાદ રાખવો જોઈએ.) વાળની અવસ્થિતિ 'વજ્રપ્રયોગ, દિવ્યાતિશય' થી થાય છે. - એમ શાસ્ત્રકારો કહે છે. શ્રી વીતરાગસ્તોત્રની વૃત્તિ-ટીકા તો સ્પષ્ટપણે 'ન વર્ધતે' એમ લખીને વાળની વૃદ્ધિનો નિષેધ સ્પષ્ટરૂપે કરે છે. છતાં આ શાસ્ત્રીયવાત કરતા પણ પોતાના મિથ્યાભિમાનને જ ઉંચુ રાખવાનું નક્કી કરીને બેઠેલા આ વિતંડાવાદી આચાર્યશ્રીએ પોતાના 'શુદ્ધિપ્રકાશ' ના ૩૪મા પાને 'વાળની વૃદ્ધિ થયા પછી' એવું જુઠ્ઠાણું પકડી રાખ્યું હતું. તેમના આ જુઠ્ઠાણાને મેં પડકાર્યું એટલે હવે તેઓ કાલા થઈને લખે છે કે ''સ્પષ્ટ જ લખેલ છે તે શું વાંચ્યું નથી ? અથવા ભુલાઈ જવા પામ્યું છે ?'' નરેન્દ્રસાગરસૂરિજી, આમ લાળા ચાવવાથી સત્યનો સ્વીકાર ન થાય, તમે બૂરી હાલતમાં પછડાયા છો તે બધા જાણે છે. હવે ધૂળ ખંખેરીને પાદરા માર્ગે ચઢી જવામાં આમ શરમાવાની જરૂર નથી.

પ્રવાહથી અનાદિ-અનંત એવા આ સંસારમાંથી કોઈ આત્મા પોતાનો સંસાર પરિમિત કરે ત્યારે સામાન્ય રીતે તે આત્માએ અનંતસંસાર કાપ્યો એમ કહેવાય. મેઘકુમારના પૂર્વભવની વાતમાં આ વસ્તુ સહજરૂપે સમજાવી જોઈએ. એના બદલે આ વાતને ઉત્સૂત્રપ્રરૂપણા માનનારા નરેન્દ્રસાગરજીને સસૂત્રનું ભાન નથી. પરિમિતસંસાર; સંખ્યાત, અસંખ્યાત કે અનંતઃ એમ ત્રણેમાંથી થઈ શકે છે. તો શું જોઈને નરેન્દ્રસાગરજીએ ''મેઘકુમારે પૂર્વભવમાં અનંતસંસાર કાપ્યો નથી.'' એમ લખી નાંખ્યુ ? સંખ્યાત કે અસંખ્યાત સંસારમાંથી જ મેઘકુમારે પરિમિત સંસાર કર્યાનો શાસ્ત્રપાઠ તેમની પાસે છે ? હોય તો રજુ કરતા અચકાય છે કેમ ? પોતાનું જ વચન ઉંચું રાખવાનો દુરાગ્રહ કેમ રાખે છે ?

ભગવાન શ્રી મહાવીરસ્વામીના ઉપસર્ગ નિવારણના પ્રશ્નોત્તરમાં મહિમા વધારવા આવેલા દેવતાઓની ભેળસેળ કરવાનો પ્રપંચ અને ખંડન કરવાની ખલતા મેં ખુલ્લી પાડી દીધી. તેથી નરેન્દ્રસાગરસૂરિજી ખુબ જ ગુસ્સે થઈ ગયા છે. તેઓ લખે છે કે ''વૈયાકરણ કે છરી ! 'સરિદાયામગામિની' નો અર્થ પૂછનાર મુનિશ્રી ! 'મોટે ભાગે' એ શબ્દનો 'આવા બનાવો સિવાય' એવો અર્થ કઈ કોશકોદાળીના આધારે કર્યો છે. તે બતાવશો ખરા કે ?''

'સરિદાયામગામિની' નો અર્થ કરતા નરેન્દ્રસાગરસૂરિજીનું અજ્ઞાન ઉઘાડું પડી ગયું. તેથી તેમણે બચાવ કરી લેવો કે "એ તો રહસ્યાર્થ લખ્યો હતો." રહસ્યાર્થની શેખી કરનારાને હજી શબ્દાર્થ આવડયો નથી ! આવો રહસ્યાર્થ લખી શકનારાની 'મોટે ભાગે' શબ્દના રહસ્યાર્થને નહિ સમજવાની બદદાનત સમજી શકાય તેવી છે "મોટેભાગે, પ્રાયઃ" વગેરે શબ્દોનો, તે તે સંબંધમાં, સંબંધને અનુરૂપ અર્થ થાય છે. - આ વાત વિદ્વાનોમાં અતિપ્રસિદ્ધ છે. 'કોશકોદાળીવાળા' આ વાત શી રીતે સમજી શકે ? "કોશ કોદાળી" મૂકીને શબ્દકોશનું અધ્યયન કરે તો શબ્દોના અર્થો આવડે. ધંધો બદલ્યા વગર ઠેકાણું નહિ પડે, નરેન્દ્રસાગરજી !

ભગવાનશ્રી મહાવીરસ્વામી આદિ તીર્થંકરોના નિર્વાણ આદિનું વર્ણન કરતા, શ્રી કલ્પસૂત્ર વગેરે આગમોમાં "छट्ठेणं भत्तेणं अपाणएणं" વગેરે શબ્દો લખવામાં આવ્યા છે. અહીં 'છટ્ઠ' શબ્દનો અર્થ શું કરવાનો હોય તે સૌ ગીતાર્થો બહુ સારી રીતે સમજે છે. શ્રોતાઓ પણ સમજી શકે છે. "તીર્થંકરો કેવળજ્ઞાન પછી 'એકાસણા' કરે છે." આ વાક્યમાંના 'એકાસણા' શબ્દનો અર્થ 'એક ટંક વાપરનારા' એવો કરવાનો હોય, તે સૌ ગીતાર્થો જાણે છે. અગીતાર્થ 'શિશુ' ને એ અર્થ સમજાયો નહિ તેથી મારે કૌંસમાં ખુલાસો કરવો પડયો.

'પ્રશ્નોત્તરકર્ણિકા શુદ્ધિપ્રકાશ' માં, ભરત મહારાજાના સમયમાં અયોધ્યાથી અષ્ટાપદગિરિનું બાર યોજનનું અંતર ઉત્સેધાંગુલથી લેવાની પોતાની અશાસ્ત્રીય, યુક્તિશૂન્ય, કપોળકલ્પિત માન્યતાને સિદ્ધ કરવા માટે પલ્લવગ્રાહી નરેન્દ્રસાગરસૂરિજીએ બેહદ ઠેકાઠેક કરી હતી. તેમની સૂત્રોત્તીર્ણ માન્યતા ઉપર 'લોકપ્રકાશ' ગ્રંથનો પ્રકાશ પાથરવા છતાં કદાગ્રહી નરેન્દ્રસાગરજી પોતાની કઢંગી ઠેકાઠેક હજી બંધ કરતા નથી." આપણે હાલમાં ૧૧૫ ફુટનું અંતર જેટલા ડગલામાં પૂર્ણ કરીએ, તેટલા ડગલામાં પાંચસો ધનુષ્યની કાયાવાળા મનુષ્યો ઉત્સેધાંગુલના બાર યોજનનું અંતર પૂર્ણ કરે" આ સાવ સીધી-સાદી શાસ્ત્રીયવાતને 'શબ્દછળ' દ્વારા આડા રસ્તે લઈ જવાનો નરેન્દ્રસાગરજીએ નિષ્ફળ ઉદ્યમ કર્યો છે. આ તેમના મિથ્યાભિનિવેશનો પૂરાવો છે. શાસ્ત્રની શરણાગતિ સ્વીકારતા નરેન્દ્રસાગરજી શરમાય છે. 'શાસ્ત્રીયખંડન' કરનારાનાં આ લક્ષણ જરાય સારાં નથી. શાસ્ત્રીય સત્યની સામે પડેલા નરેન્દ્રસાગરજી બહુ બુરી હાલતમાં ગબડી પડયા છે તે સૌ ગીતાર્થો જાણી ગયા છે. મિથ્યાભિમાની આ આચાર્યશ્રી ભલે પોતાની તંગડી ઉંચી રાખતા.

આ જ પ્રશ્નમાં તેઓ આગળ જતાં લખે છે કે.... "સંસ્કૃતની પહેલી ચોપડીના જ્ઞાન વગરનો હું અબુધ છું. પરંતુ પૂ. શાસનકંટકોદ્ધારક ગુરુદેવશ્રી તેમજ માતા પદ્માવતીની પૂર્ણકૃપાથી તમારા ગીતાર્થ અરે ! મહાગીતાર્થ ગણાતાં મહાપુરુષોની ફેંકાફેંક-છબરડાં અને ઉત્સૂત્રભાષણને પકડીને જનતા સમક્ષ ખુલ્લાં પાડવાની શક્તિ તો મારામાં આવી ગઈ છે ! આ ઓછી વાત ગણાય ! સાચું બોલજો હો !"

આ વિતંડાવાદી 'શિશુ' ને સાવ સાચું કહી દઉં છું : પોતે સંસ્કૃતની પહેલી ચોપડીના જ્ઞાનવગરના અબુધ છે એમ નરેન્દ્રસાગરજી કબુલ કરે જ છે. (છૂટકો નથી.) આવા અબુધ માણસોમાં મહાગીતાર્થની યુક્તિયુક્ત, શાસ્ત્રીય વાતો સમજવાની બિલકુલ ત્રેવડ ન હોય તે તદ્દન સહજ છે અને તેથી જ પોતાની અબુધતાના પ્રતાપે મહાગીતાર્થોની સામે ઊંબાડિયું કરવા જતાં અબુધોના હાથે ફેંકાફેંક, છબરડાં અને ઉત્સૂત્રભાષણો થઈ જ જાય - એ પણ એટલું જ સ્વાભાવિક છે. માટે **અભણ, અબુધ અને નાદાન 'શિશુ' નરેન્દ્રસાગરજીએ પૂર્વાચાર્યોથી માંડીને વર્તમાન સુધીના મહાગીતાર્થ મહાપુરુષોની સામે આજ સુધી કરેલા અને હવે પછી તેમના દ્વારા કરાતા કોઈપણ લવારાને કોઈએ પણ ધ્યાનમાં લેવા નહિ.**

'પ્રશ્નોત્તરકર્ણિકા' ના પૃષ્ઠ ૧૯૬ ઉપરના પ્રશ્નોત્તરનું અવતરણ આપ્યા પછી "આમ કહીને તેઓશ્રી

એમ જણાવવા માંગે છે કે....'' વગેરે લખીને જે આરોપો મુકયા છે તે બધા આ નરેન્દ્રસાગરજીના વકીલભેજાની પેદાશ છે. પૂ. પ્રશ્નોત્તરકારશ્રીને એની સાથે કોઈ લેવા-દેવા નથી. બીજી પણ ઘણી જગ્યાએ લખાયેલી આ આચાર્યશ્રીની વકીલભેજાની પેદાશો' સાથે અમારે કશી લેવાદેવા નથી- એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે. **લેખકે ન લખ્યુ હોય તેવું તારણ લખાણમાંથી ખેંચી-તાણીને બહાર કાઢવું, પછી એની વિરુદ્ધના સંગત કે અસંગત શાસ્ત્રપાઠો રજુ કરવા અને આગળ વધીને 'હેય, મેં શાસ્ત્રપાઠ સાથે સાધાર ખંડન કર્યું.' એવા બાલિશ ઠેકડા મારવા : નરેન્દ્રસાગરસૂરિજીની આવી વકતા, જડતા, શાસ્ત્રપાઠોનો દુરુપયોગ અને છળ-પ્રપંચ વિદ્વાનોમાં વરસોથી પ્રસિદ્ધ છે. આને ગુરુદેવની અને માતા પદ્માવતીની પૂર્ણકૃપા તરીકે ગણાવીને નરેન્દ્રસાગરજી ભલે છાતી ફુલાવતા. નરેન્દ્રસાગરજીની આવી કટંગી કેળવણીમાં તેમના ગુરુદેવશ્રીની કૃપા તો હશે જ, પણ માતા પદ્માવતીને વચ્ચે ખેંચી લાવવાનું કારણ તો નરેન્દ્રસાગરજી જ જાણે !**

નરેન્દ્રસાગરસૂરિજી 'શુદ્ધિપ્રકાશ' ના પૃ. ૭૪ ઉપર આવશ્યક સૂત્રની ટીકાના આધારે ''દેવેન્દ્રો અને નરેન્દ્રોથી સેવાતા ભગવાન મોક્ષમાં ગયા હોવા' નું સ્પષ્ટ જણાવે છે જયારે 'સર્ચલાઈટ' ના ૩૪ મા પાને 'જંબૂદ્વિપપ્રજ્ઞપ્તિ' નો પાઠ આપીને ''શક દેવેન્દ્ર ઋષભદેવ ભગવાન નિર્વાણ પામ્યા પછી ગયા અને ભગવાનની નિર્જીવકાયાને વંદન કર્યું.'' એમ લખે છે. અમે તો શાસ્ત્રોનાં-ચરિત્રોનાં મતાંતરોને બહુમાનપૂર્વક સ્વીકારીએ છીએ. માટે અમને તો વાંધો નથી પણ ચરિત્રોના મતાંતરોને સ્વીકારવામાં અસહિષ્ણું નરેન્દ્રસાગરસૂરિજી પોતાના હાથે જ પોતાના માટે મુશ્કેલી ખડી કરી રહ્યા છે.

આગળ તેઓ લખે છે કે.... ''ભરત મહારાજે નિર્વાણ કલ્યાણકમાં ભાગ લીધો કતો એવું ગપ્પુ મારનાર અગીતાર્થનો બચાવ કરવાનું રાખશો.'' નરેન્દ્રસાગરજીનું માથુ ઠેકાણે નથી લાગતું. અમારા ગીતાર્થે તો ''ભરત મહારાજે નિર્વાણ કલ્યાણકમાં ભાગ લીધો હતો - એવી શાસ્ત્રીય વાત લખી છે, ગપ્પું માર્યું નથી અને ત્રિષષ્ઠિ આદિના પાઠો આપીને નરેન્દ્રસાગરજીએ પોતે જ 'શુદ્ધિપ્રકાશ' માં એ 'ગપ્પુ' સાચું હોવાનું સિદ્ધ કર્યું હતું. નવી ચોપડી લખતી વખતે અગાઉ લખેલી ચોપડીને ભૂલી જનારા આવા અસ્થિરમગજના આ આચાર્યશ્રી સાથે વધુ શી ચર્ચા કરવી ?

'સેનપ્રશ્ન' અને 'પ્રશ્નોત્તર કર્ણિકા' ના ''બ્રાહ્મી-સુંદરી વિવાહિતા હતા'' એવા શાસ્ત્રીય સમાધાનની પાછળ પડી ગયેલા આ વિતંડાવાદી આચાર્યશ્રીને બ્રાહ્મી-સુંદરીને 'બાલબ્રહ્મચારિણી' જ રાખવાની આકંઠ ઈચ્છા છે. પરંતુ વચમાંનો એક હજાર વર્ષનો હિસાબ ખોવાઈ ગયો હોવાથી સેનપ્રશ્નાદિને ખોટા પાડવાની નરેન્દ્ર સાગરજીની મેલીમુરાદ સફળ બની નથી. આગમો, નિર્યુક્તિઓ, ચૂર્ણિઓ કે ટંકશાળી મહાપુરુષોનાં શાસ્ત્રોમાંથી ''બ્રાહ્મી-સુંદરી બાલબ્રહ્મચારિણી હતા'' એવું લખાણ તેઓ કાઢી શકતા નથી તો પછી નકામો બબડાટ શું કામ કરે છે ? શાસ્ત્રકારોને ખોટા ઠરાવવાના પાપીકૃત્યમાં રાચતા, પાપમતી નરેન્દ્રસાગરસૂરિજીની પૂ. સેન સૂ. મ. ને જુઠા ઠરાવવાની દુષ્ટવૃત્તિ, નીચતા, નાદાનિયત, રાસભવૃત્તિ અને તેમનો ભડકે બળતો 'વિજય દ્વેષ' મેં બહાર પાડી દીધો તેથી ઢીલા પડીને હવે તેઓ પૂછે છે કે ''છદ્મસ્થ મહાપુરુષોની રચનામાં કે સમાધાનોમાં ભૂલનો સંભવ ન જ હોય ? તેની ટકોર કે નોંધ ન લેવાય ?'' અરે ભાઈ, છદ્મસ્થ મહાપુરુષોની રચનામાં ભૂલોનો સંભવ અને તેની નોંધ માટે કોઈ વિવાદ જ નથી. (શ્રી ધર્મસાગરજી મહારાજનો દાખલો તો તમારી નજર સામે છે.) અમારો વિરોધ તો પૂ. સેન સૂ. મ. ની સત્યવાતને જુઠાણાંમાં ખત વવાની- 'ચાંદા

પાડવા' ની તમારી નીતિ સામે છે, નરેન્દ્રસાગરસૂરિજી ! (કેટલીક જમાત ઢોરને બદલે મહાપુરુષોને ચાંદા પાડવાના કુચ્છંદે ચઢેલી હોય છે - તે યાદ રહે.) 'વિજયો' ને પૂ. સેન સૂ. મ. ઉપર અંતરંગભક્તિ હોય તેથી તેઓશ્રીના 'દોગો' એવા તમને બળતરા થતી હોય તે સ્વાભાવિક છે. ગુરુગમ વિના જ આડેધડ ચોપડીઓ લખતા અને શાસ્ત્રપાઠો રજુ કરતા નરેન્દ્રસાગરસૂરિજીને, પૂ. સેન સૂ. મ. ચરિત્રગ્રંથોના ગુરુગમ મુજબ ચરિત્રોની વાત કરતા હોય - એ વાત ન સમજાય તેમાં કોઈ આશ્ચર્ય નથી. (અહીં ચરિત્રગ્રંથોના જ, એમ 'જ' કાર પોતાના ઘરનો ઉમેરીને પૂ. સેન. સૂ. મ. ની લઘુતા કરવાની નઠારા શિશુને શોભે તેવી અવળચંડાઈ કર્યા વિના 'શિશુ' નરેન્દ્રસાગરજી રહી શકયા નથી.)

નરેન્દ્રસાગરજીની ગુજરાતી વાંચનની કચાશ તેમને ઘણી જગ્યાએ નડી રહી છે. આયુષ્યબંધની પ્રક્રિયા ભણાવવા નીકળી પડેલા નરેન્દ્રસાગરસૂરિજીને એટલી પણ ખબર નથી કે ચક્રવર્તી વગેરે નિરુપક્રમ આયુષ્યવાળા જીવોના આયુષ્યની ચર્ચા ચાલતી હોય ત્યારે જગતના સર્વજીવોના આયુષ્યબંધની અપ્રસ્તુત વાત ન ઘુસાડાય. સ્વાયુના ત્રિભાગાવશેષ ઉપર આખો પ્રશ્નોત્તર લખાયો છે તેથી તેમાં ત્રિભાગાવશેષની વાત લખી હોય તે સ્વાયુનો જ લેવાનો હોય, સર્વ સામાન્ય ત્રિભાગાવશેષ આયુષ્યબંધની વાત જ આખા પ્રશ્નોત્તરમાં નથી. છતાં આદતને પરવશ બનેલા નરેન્દ્રસાગરસૂરિજી પોતાની ખંડન કરવાની તલપને પૂરી કરવા સ્વાયુના ત્રિભાગાવશેષમાં સર્વસામાન્ય ત્રિભાગાવશેષ આયુષ્યબંધની ભેળસેળ કરે છે. આયુષ્યબંધની પ્રક્રિયાની પારાયણ માંડયા વિના 'પીળુ' દેખાય છે તેની દવા કરાવી લેશો તો 'શુદ્ધિપ્રકાશ' પાથરવાની જરૂર નહિ પડે, નરેન્દ્રસાગરસૂરિજી !

અનુભવીઓ કહે છે કે ગુસ્સામાં અને ગભરાટમાં ગમે તેવો હોંશીયાર માણસ પણ પોતાની માતૃભાષામાં જ બોલી પડે છે. આગમ વ્યવહારીની ચર્ચામાં સ્વ. સાગરજી મ. ના ગપ્પાં મેં ખુલ્લાં કરી નાંખતાં, તેમના આ સુપૌત્રની અકળામણ કાબૂ બહાર નીકળી ગઈ અને પેલી અનુભવ વાત મુજબ તેઓ પોતાની માતૃભાષા ઉપર ઉતરી આવ્યા. 'મારવાડણની અભદ્ર લાજ' વગેરેનું તેમણે જે વર્ણન કર્યું છે, તેનું અવતરણ કરવાનું ય અમારી ભાષામાં શકય નથી. આટલી પરિપકવ ઉંમરે અને આટલા લાંબા સંયમ પર્યાય પછી પણ જાહેરમાં આવી ભાષા લખનારના 'સંસ્કાર' છાના રહેતા નથી. અમારે તો નરેન્દ્રસાગરજીને એટલું જ કહેવું છે કે આમ આટલામાં આટલા બધા અકળાઈ જશો તો કેમ ચાલશે ? તમારા સ્વ. પરમગુરુદેવશ્રી ના ઉત્સૂત્રભાષણોના ઢગલામાંથી આ એક નમૂનો જ બતાવ્યો, તેમાં તમારી મૂળભાષા ઉપર ઉતરી આવ્યા ? આખો ઢગલો સામે મૂકાશે ત્યારે શું કરશો ? (જો કે તમારી મૂળભાષામાં તો તમે પાછા પડો તેવા લાગતા નથી. 'અભદ્રલાજ' નો એક નમૂનો જ તમારી તે સમૃદ્ધિનો ખ્યાલ આપે છે.

"દશ પૂર્વધર સુધીના જ આગમવ્યવહારી કહેવાય" એવું ગપ્પું કેવળ સ્વ. સાગરજી મ. એ જ માર્યું છે એમ નથી. તેમના પૂર્વજ ઉપા. શ્રી ધર્મસાગરજી મહારાજે પણ એવું જ ગપ્પું માર્યું છે. (दशादिपूर्वधरावधिमनःपर्यवकेवलज्ञानिनामन्यतरस्यैवागमव्यवहारित्त्वात् । જુઓ ઔષ્ટિકમતોત્સૂત્રપ્રદીપિકા)

પૂ. પ્રશ્નોત્તરકર્ણિકાકારશ્રીએ, શ્રી તીર્થંકર ભગવંતો રોજ સવાર-સાંજ એક એક પ્રહર દેશના આપે: આવા ભાવનું સમાધાન આપતાં, નરેન્દ્રસાગરજી તેમનું ખંડન કરવા તુટી પડયા. સ્વ. સાગરજી મહારાજે વર્ષો અગાઉ "શ્રી તીર્થંકર દેવો રોજ સવારે અને સાંજે સાડાત્રણ કલાક દેશના દે છે." એમ લખ્યું છે. (જુઓ

'સિદ્ધચક' વર્ષ-૯ પૃ. ૨૦૨) આગમોદ્ધારક પ્રવચન શ્રેણી પૃ. ૪૦૧ ઉપર શ્રી તીર્થંકરો રોજ દેશના આપે એવી વાત પાંચવાર લખી છે. તેની સામે આ સુપુત્ર માને છે. નરેન્દ્રસાગરજીના પિતાગુરુદેવ સ્વ. હંસસાગરજી એ ''કલ્યાણ સમાધાન શુદ્ધિપ્રકાશ' માં (હા, તેઓશ્રી પણ પોતાની અને ઘરની અશુદ્ધિ સાચવી રાખીને આખા ગામની શુદ્ધિ કરવાના ભારે શોખીન હતા.), ''બ્રાહ્મી-સુંદરીજી પરણેલાં હતાં'' આ વાતનું જોરદાર પ્રતિપાદન કર્યું છે. તેમના સુપુત્ર નરેન્દ્રસાગરજી તે અંગે આજ સુધી ચૂપ છે અને પૂ. પ્રશ્નોત્તરકર્ણિકાકારશ્રીની એ જ વાત સામે નરેન્દ્રસાગરજી બધાં શસ્ત્રો સાથે તૂટી પડયા છે. અશ્લીલભાષા અને અશિષ્ટ ઉદાહરણો વાપરીને બીજા ઉપર તૂટી પડતા પહેલાં પોતાની તરફ નજર કરી જુઓ, નરેન્દ્રસાગરજી. શાસ્ત્રનિષ્ઠાને નામે હડહડતા પક્ષદ્વેષનું અને વ્યક્તિદ્વેષનું પ્રદર્શન થઈ રહ્યું છે- તેનો ખ્યાલ રાખો.

નરેન્દ્રસાગરસૂરિજી બીજાનું ખંડન કરવા માટે શ્રી તત્ત્વાર્થસૂત્રના પાઠો રજુ કરે છે. આ જ શ્રી તત્ત્વાર્થસૂત્રની કારિકાની ટીકામાં સ્પષ્ટ લખ્યું છે કે - ''अयं ह्यागमः - तीर्थंकरः प्रतिदिवसमाद्यां चरमां च पौरुषीं धर्मकथां करोति ।'' (શ્રી તીર્થંકર ભગવંત દરરોજ પ્રથમ-અંતિમ પ્રહરમાં દેશના આપે છે.) આ શાસ્ત્રપાઠને ધ્યાનમાં લીધા વિના નરેન્દ્રસાગરસૂરિજીએ જે બબડાટ કર્યો છે, તે ઉત્સૂત્રપ્રેમી આત્માને શોભે તેવો હોવાથી સર્વથા નિંદનીય છે. શ્રી પ્રશ્નોત્તરકારશ્રી આદિની 'શ્રી તીર્થંકરો દરરોજ દેશના દે' - આ વાત શાસ્ત્રીય જ છે. તેની સૌ કોઈ નોંધ લે.

અસંખ્યાત નિકાચિત જિનનામકર્મવાળા જીવો, શુદ્ધ આયંબિલની વ્યાખ્યા, બાહ્યવિભુતિસ્વરૂપ અરિહંતની ઋદ્ધિ કર્મના ઉદયજન્ય છે- વગેરે ચર્ચામાં નરેન્દ્રસાગરસૂરિજીએ પોતાની 'દબાયેલી આંગળી' લાક્ષણિક ઢબે હળવેકથી ખેંચી લીધી છે. છતાં આ બધી ચર્ચામાં પોતાનો ઉપહાસ થયો તે તેઓ જીરવી શક્યા નથી. પૂજયપુરુષોની ટીખળો કરતા અને ઠેકડી ઉડાડતા મોટા થયેલા નાદાનશિશુ નરેન્દ્રસાગરસૂરિજીને હવે રહી રહીને 'ટીખળ કરવી કે ઠેકડી ઉડાડવી' એ નાદાન માણસનું કર્તવ્ય લાગી રહ્યું છે. છેલ્લે છેલ્લે પણ તેઓ સુધરી જાય તો ખોટું નથી. (જો કે સુધરવાની આશા નહિવત્ છે.)

નરેન્દ્રસાગરજી પોતે તો અભણ છે જ. પણ એમને ત્યાં બીજા પણ કોઈ ગીતાર્થ કે અનુભવી ન હોવાથી, અસંખ્યાત નિકાચિત જિનનામકર્મવાળા જીવો અને શુદ્ધ આયંબિલની વ્યાખ્યાનું શાસ્ત્રીયખંડન કરવા માટે તેમને હજી સુધી શાસ્ત્રપાઠ મળ્યો નથી. આવી પોતાની લાચારદશાને છૂપાવવા માટે અને રહી-સહી આબરૂ (સિલકમાં બચી હોય તો) ને સાચવી રાખવા માટે તેઓ લખે છે કે ''મારી પાસે પાઠો તે અંગે છે કે નથી એ વાત બાજુ પર રાખી તમે શાસ્ત્રપાઠો જાહેર કરો.'' પોતાની પાસે પૂ. પ્રશ્નોત્તરકાર શ્રીની ઉપરોકત શાસ્ત્રીયવાતોનું ખંડન કરવા માટે શાસ્ત્રપાઠો નથી - એમ કબૂલ કરતાં નરેન્દ્રસાગરજી શરમાઈ રહ્યાં છે. આ અનાડી 'શિશુ' હજી અજ્ઞાનના ઘોર અંધકારમાં અથડાતા ન રહે તે માટે અહીં એક શાસ્ત્રપાઠ મુકું છું. :

दु-ति - चउअंगुलमाणं, नीरं जइ हवइ सिद्धभत्तुवरि ।
आयंबिलं विशुद्धं, हविज्ज तो सव्वकट्ठहरं ।। १११ ।।

શુદ્ધ આયંબિલની વ્યાખ્યા જણાવતો આ શાસ્ત્રપાઠ કયા શાસ્ત્રનો છે - તે નરેન્દ્રસાગરજી શોધી કાઢે. આ શેખીખોર આચાર્યશ્રીને શાસ્ત્રનું નામ નહિ જડે તો મને પૂછાવી લેવાનું આમંત્રણ આપું છું. અસંખ્યાત નિકાચિત જિનનામકર્મવાળા જીવોની વાત ઉપર શાસ્ત્રપાઠ આપીને નરેન્દ્રસાગરજીને ખંડન કરવાનું હું આમંત્રણ આપું છું. બાકી ખોટો લવારો કર્યા કરશે તો તેમની ઉપેક્ષા કર્યા વિના બીજો ઉપાય નથી. સાતલાખ

સૂત્રના દૈનિક અતિચારની ચર્ચામાં નરેન્દ્રસાગરસૂરિજી રીતસર ગબડી પડયા છે. હવે પોતાની શોચનીય દશાને ઢાંકવા માટે તેઓ વ્યર્થ ભાગાભાગ કરી રહ્યાં છે. ઉતાવળે જે તે શાસ્ત્રપાઠો રજુ કરીને કરેલી ભૂલ બદલ હવે નરેન્દ્રસાગરજી નિરાંતે સંતાપ વેઠી રહ્યા છે. પાક્ષિક અતિચારમાં નરેન્દ્રસાગરસૂરિજી જો 'પારિભાષિક' સુક્ષ્મનિગોદ લેતા હોય તો તેમનો અજ્ઞાનનો ઘોર અંધકાર વધુ ગાઢ બને છે. અજ્ઞાનના ઘોર અંધકારમાં આટલા બધા અથડાઈ-ટીચાઈ-કુટાઈ રહ્યાં છે છતાં એમાંથી બહાર નીકળવાની સદ્‌બુદ્ધિ નરેન્દ્રસાગરજીને કેમ નહિ જાગતી હોય ? આ વિષય સ્પષ્ટ જ છે તેથી વધુ પુનરુક્તિની જરૂર લાગતી નથી.

જ્ઞાનચતુષ્કની ચર્ચામાં પૂ. પ્રશ્નોત્તરકર્ણિકાકારશ્રી, વિચ્છેદ પામેલ મનઃપર્યવજ્ઞાન ન લઈ શકાય એજ કહે છે. વિવક્ષાવિશેષથી થતી વ્યાખ્યા માટે દરવાજા તેઓશ્રીએ ખુલ્લા જ રાખ્યા છે. ઔત્પાતિકી બુદ્ધિ આદિ લેવાનું તેમણે 'જ' કાર પૂર્વક કહ્યું જ નથી. (પોતાના 'આવાગમન' ના સંસ્કૃતવ્યાકરણના અજ્ઞાનને ઢાંકવા માટે ''ઔત્પાદિકી'' ને આગળ કરનાર નરેન્દ્રસાગરજીને મુદ્રણદોષનો અનુભવ નથી ?) કોટ્યંશની ચર્ચામાં જણાવવામાં આવ્યું કે કેવલીદૃષ્ટ 'અનંતદ્રવ્ય' નો કરોડમો કે એકસો આઠમો ભાગ 'અનંતદ્રવ્ય' જ કહેવાય. અનંતદ્રવ્યના અનંતભેદ પડી શકે છે અને તે દરેક ભેદ અનંત જ કહેવાય. તેથી કેવલીદ્રષ્ટ અનંતદ્રવ્યનો કરોડમો કે એકસો આઠમો ભાગ પણ અનંત જ હોય- આ વાત 'લોકપ્રકાશ' ના પાઠો મૂકી શકનાર નરેન્દ્રસાગરજી શા માટે ભૂલી જાય છે ? કોટ્યંશનો પૂ. પ્રશ્નોત્તરકારશ્રીએ કરેલો શાસ્ત્રસાપેક્ષ અર્થ સ્વીકારવામાં આટલી શરમ શા માટે ? 'અનંતદ્રવ્ય' ના અર્થમાં વાંધો આવે એવો 'કોટ્યંશ' નો અર્થ કરવાનો આટલો દુરાગ્રહ શા માટે રાખો છો ?

'કુલકોટિ' ની સંખ્યા ગણવા જતાં નરેન્દ્રસાગરજીથી એક મીંડું વધારે મૂકાઈ ગયાનું મેં તેમને જણાવ્યુ, પણ હજી તેઓ તે ભૂલ સુધારતા નથી. આવી જડતાવાળા, બીજાને ભણાવવા અને સુધારવા નીકળી પડે ત્યારે તેમની દયા આવે છે. મુંબઈ-અમેરીકાનાં બહુમાળી મકાનોનો અભ્યાસ કરવાની સલાહ આપતા પહેલાં તેમણે, મેં આપેલ આંકડાઓનો અભ્યાસ કરવાની જરૂર હતી. ન આવડે તો કોઈ અભ્યાસીને (કે છેલ્લે મને) પૂછી જોવામાં શરમાવાની જરૂર હતી નહિ. પૂછયું નહિ, અને ફરી ખોટી ગણતરી પકડી રાખી તેમાં શરમાવા જેવું જરૂર થયું છે. ઠોઠ નિશાળીયો પણ શરમાયા વિના પૂછે અને શીખે તો પંડિત થાય. 'મને તો બધું આવડે' નો ફાંકો રાખે તો ઠોઠનો ઠોઠ જ રહે. અયોધ્યાથી અષ્ટાપદજીનું અંતર અને કુલકોટિની ગણતરીના પ્રશ્નોમાં ગીતાર્થ મહાપુરુષની ભૂલો કાઢવા જતાં તમારી શક્તિનું પ્રદર્શન થઈ ગયું છે. હજી ય ભૂલો કાઢવાનો શોખ છોડી ભણવાનો રસ કેળવશો તો શાસ્ત્રો વાંચતા આવડશે. પછી ફેંકાફેંક કરવાની જરૂર નહિ પડે. 'આપ્ત ભાવે' તમને આ સલાહ, નાનો છું છતાંય મારે આપવી પડે છે. કારણ કે તમારે ત્યાં આવી સલાહ આપનાર કોઈ નહિ હોય. આજ સુધી 'આપ્તભાવે સલાહ આપ્યા કરવા' ની તમારી ટેવના કારણે, સલાહ લેવાનું તમને અકરું લાગશે. પણ લેવામાં તમને જ લાભ છે. મારો તો મહાપુણ્યનો ઉદય છે કે આપ્ત મહાપુરુષોની છાયા સતત મળતી રહી છે, તેથી મને અનાથ માનીને મારા આપ્ત બનવાના ચાળા કરશો નહિ. 'ચડ જા બેટા શૂલી પર' ની ઉક્તિ અનુસાર ચઢાવનારા અમારે ત્યાં નહિ, પણ તમારે ત્યાં ઘણા લાગે છે, અને તમારા જેવા ભોટ ચઢીય જાય છે. નહિ તો વિ. સં. ૨૦૪૪ના સંમેલનમાં ઠરાવો લખવાની કામગીરી તમને સોંપીને, પછી એ જ ઠરાવો અમાન્ય કરીને સંમેલનમાંથી ખસી જવાની જાહેરાત તમારી પાસે જ કરાવવાની નામોશીમાં તમને કોઈએ મૂકયા ન હોત ! તમારા પક્ષમાં અત્યારે તમારું સ્થાન કયાં અને કયું છે-

તે લખતાં ય દુઃખ થાય તેવું છે. પણ કિલ્લાનાં કમાડ અને હાથીના માથા વચ્ચેનું પ્રાણી બની રહેવામાં જ તમને આનંદ હોય તો બીજા કોઈ શું કરી શકે ? સાનમાં સમજવા જેવું છે.

(આ જડગણિતજ્ઞ નરેન્દ્રસાગરજી તેમના ગણિત મુજબ ૧૪૨૫ અબજ ૬૦ કરોડ ફક્ત પુરુષો (સ્ત્રીઓ, બાળકો, તિર્યંચો અલગ) ને દ્વારિકાનગરીની અંદર અને બહાર વસાવવાની ભાંજગડ લઈને બેઠા છે. કયા ગુરુકૂળવાસમાં રહીને તેઓ આવું તત્ત્વજ્ઞાન મેળવી આવ્યા છે- તેનો વિચાર વાચકો સ્વયં કરી લે. વરસો સુધી આટલી (ન.સા.એ. ગણી કાઢેલી) યાદવવંશી પુરૂષોની સંખ્યા બાર યોજનની દ્વારિકાનગરીની અંદર અને બહાર કેવી રીતે જીવતી હતી તેનું સમાધાન તેઓ શોધી શકયા નહિ એટલે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની ટીકાનો પાઠ આપીને તેઓ બાળવાની ઉતાવળ કરી રહ્યા છે.)

'યદુવંશસમુદ્રેન્દુ' ની ચર્ચામાં 'સાહિત્યપ્રસિદ્ધ' ને બદલે 'સાહિત્યસિદ્ધ' છાપવાનો પ્રપંચ કરનાર નરેન્દ્રસાગરજીએ જે ઉન્મત્તપ્રતાપ કર્યો છે તે જોતા એમનું ખસી ગયુ હોય તેમ લાગે છે. નરેન્દ્રસાગરજીના એ લવારાનો જવાબ આપવા કરતાં વાંચકોને બંને ચોપડી સાથે રાખીને જવાબ મેળવી લેવાની ભલામણ કરું છું. ખરેખર તો તેમની આખી 'સર્ચલાઈટ' ચોપડી આવા કાવતરાંઓથી ભરેલી છે. માટે વાચકોએ તેમની દરેક ખંડનની ચોપડીઓ, જેનું ખંડન કર્યું છે તે મૂળ પુસ્તિકા સાથે રાખીને જ વાંચવાની જરૂર છે. કારણ કે તેમણે પોતાની કાવતરાખોર વૃત્તિનો પરિચય તેમની ખંડનાત્મક ચોપડીઓમાં વધતે-ઓછે અંશે આપ્યો જ છે. 'કલ્પસૂત્ર સુબોધિકા' માં 'ઉક્તં ચ' વગેરે લખીને મૂકેલા શ્લોકો જોઈને આ ગમાર આચાર્યશ્રી મુંઝવણમાં મૂકાઈ ગયા. આવી રીતે શ્લોકો રજુ કરવાની સમર્થટીકાકારોની પદ્ધતિનો ખ્યાલ અભણ માણસને ન હોય અને તેથી મુંઝાઈ જાય - તે સહજ છે.

ચરિત્રોના મતાંતરો માટે વિવાદ હોતો જ નથી. 'શ્રીનિશીથચૂર્ણિ' ના આધારે આપેલા જવાબને વાંચવા જેટલી પણ લાયકાત આ આચાર્યશ્રીમાં નથી. (દુષ્કાળમાં) "ઉપયોગી પશુઓનો પણ સંહાર થઈ જ ગયો હોય !" આવું 'સર્ચલાઈટ' માં લખતી વખતે નરેન્દ્રસાગરજી, પોતે જ લખેલો 'શુદ્ધિપ્રકાશ' ભૂલી ગ્યા છે. 'શુદ્ધિપ્રકાશ' માં તેમણે જ આપેલા 'પ્રભાવક ચરિત્ર' ના પાઠમાં "શય્યાતર તૃણ (ઘાસ) શોધવા ગયો હોવા" નું સ્પષ્ટ લખ્યું છે. નરેન્દ્રસાગરજીના હિસાબે ઉપયોગી પશુઓનો સંહાર થઈ જ ગયો હોવાથી બિનઉપયોગી પશુ માટે શય્યાતર તૃણ શોધવા ગયો હશે ?

'સરિદાયામગામિની' પદનો સાચો અર્થ હજી તમને કોઈએ બતાવ્યો નથી. "શ્રી હેમચંદ્ર સૂરિ મહારાજાએ કયા ગ્રંથમાં આસો-કારતકને શરદઋતુમાં ગણ્યા છે ?" આવો સવાલ તમે તમારી 'સર્ચલાઈટ' માં મને પૂછ્યો છે, તેથી તમને 'અભિધાનચિંતામણી' પણ આવડતો નહિ હોવાનો ખ્યાલ આવે છે. સંસ્કૃતભાષાનું આટલું પ્રાથમિક જ્ઞાન પણ તમને નહિ આપીને, ગીતાર્થ મહાપુરુષો સામે શાસ્ત્રચર્ચામાં ધકેલી દેનારો તમારો પક્ષ, 'ચઢ જા બેટા શૂલી પર' ઉક્તિ અનુસાર તમારો ઉપયોગ કરી જ રહ્યો છે. – એનું તમને ભાન નથી. તમારી પાટાપીંડી ય તમારે જાતે કરવી પડે છે. લડયા કરવાના તમારા શોખમાં આ બધું તમે વિચારતા નથી. હવે વિચારી જોવાની સલાહ ફરી 'આપ્તભાવે' આપું છું. તમારી આટલી જેતી થાય છે, તેમાં બીજા ભલે રાજી થાય, પણ તમને ય એમાં મઝા આવે છે ? શ્રી સિદ્ધગિરિજીની યાત્રા ચોમાસામાં ન થાય – એ વાત ઉપર લડવામાં તમને આગળ ધરી દેનારા તમારા પક્ષના પાલીતાણા સ્થિત આચાર્યોની આખું પાનું ભરીને મુલાકાત હમણાં છાપામાં ('સંદેશ' તા. ૨૪-૧૧-૧૯૯૪) છપાઈ. મોટાભાગના આચાર્યોએ

ચોમાસામાં યાત્રાની પરંપરા નથી' એમ ઢીલું ઢીલું કહ્યું. શાસ્ત્રપાઠની વાત એકાદ આચાર્ય સિવાય કોઈ બોલ્યુ નથી. એક તમે શાસ્ત્રપાઠો (ભલે ખોટી રીતે પણ) રજુ કરો છો. છતાં એકપણ આચાર્ય તમને યાદ કરતા નથી. વિચારી જોજો.

ચોમાસામાં થતી શ્રી સિદ્ધગિરીજીની યાત્રાને તમે 'હિંસકયાત્રા' કહો છો – તમારી આ વાત, સ્થાનકવાસીઓ જે જિનપૂજાને 'હિંસકપૂજા' કહે છે તેના જેવી જ છે કે જુદી ? શ્રી સિદ્ધગિરિજીમાં તમારા જ પક્ષવાળા બહારગામથી આરાધકોને ચાલુ ચોમાસે બોલાવીને તમારા મતના 'હિંસક ઉપધાન' તમારી નજર સામે કરાવે છે, ત્યાં તમે કેમ ચૂપ છો ? કે પછી તમારા પક્ષવાળા હોવાથી એવા 'હિંસક ઉપધાન' મૂંગા મૂંગા જોતા રહેવાનું તમને બહુ ગમે છે ? શ્રી શંખેશ્વરજીમાં, શ્રી સિદ્ધગિરિજી જેટલા જ, કદાચ એથી પણ વધારે યાત્રાળુઓ ચોમાસામાં આવે છે. તમારા મતની શંખેશ્વરજીની આ 'હિંસકયાત્રા' માટે તમે કેટલાં ચોપાનીયાં બહાર પાડયા ? કે પછી પાલીતાણામાં બેઠા છો તેથી શ્રી સિદ્ધગિરિજીનું ખોદવાનું વધુ ફાવે છે ? શ્રી સિદ્ધાચલની જ ચાતુર્માસ યાત્રા ઉપર આટલો દ્વેષ શા માટે છે ?

''ચોમાસામાં શ્રીસિદ્ધગિરિની યાત્રા થાય જ નહિ, તે યાત્રા 'હિંસકયાત્રા' કહેવાય'' આવું શાસ્ત્રકારોના નામે ગપ્પું મારનાર નરેન્દ્રસાગરજી, 'નવરાત્રી-નોરતા' ના નામે વધુ ગપ્પું હાકે છે. ''ચક્રેશ્વરીદેવીના હોમ આસો મહિનામાં જ કરાવવા જોઈએ'' એવું કયા જૈનશાસ્ત્રોના આધારે તેઓ કહે છે ? પરાપૂર્વથી ચાલ્યા આવેલા તેમના આ હોમ-હવન તેમની 'હિંસકયાત્રા' ના સમયમાં જ શા માટે હોય છે ? સમ્યગ્દૃષ્ટિ દેવતાનો એવો આગ્રહ છે. એમ તો તમારે કહેવું નથી ને, નરેન્દ્રસાગરજી ? આ ચક્રેશ્વરી દેવીના હોમ-હવન પરાપૂર્વથી તમારા મતે ચાલ્યા આવે છે- તે કયા શાસ્ત્રના આધારે ચાલે છે તે જાહેર કરો, પછી આ અંગેનો તમારા અજ્ઞાનનો ઘોર અંધકાર કેટલો ગાઢ છે, તે તમને બતાવું.

શ્રી સિદ્ધગિરિજીની યાત્રા તીર્થના મહિમાના કારણે શરૂ થયેલી છે. કોઈના પાપીપ્રચારના કારણે એ ચોમાસામાં બંધ થઈ જવાની નથી. કોઈના કહેવાથી ચોમાસામાં શરૂ થઈ છે કે વધી છે એવું પણ નથી. આણંદજી કલ્યાણજી પેઢીને જો ચોમાસામાં યાત્રા બંધ કરાવવામાં રસ હોય તો પોતાના હસ્તકના બધા તીર્થોમાં 'યાત્રાબંધ' ના પાટિયા કયારના લગાવી દીધા હોત. એકલા સિદ્ધગિરિજીમાં જ બોર્ડ લગાવવાનું પેઢીને કોઈ પ્રયોજન ન હોય તે લોકો સમજી શકતા નથી ? તમારો ફુટેલો ઢોલ તમે ક્યાં સુધી વગાડ-વગાડ કરશો ?

'ધ્યાન શતક'' નો પાઠ આપીને ''કેવલી ભગવંતોને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી ધ્યાનાંતરિકા હોય છે.'' એમ સિદ્ધ કરવા છતાં 'શત્રુંજય માહાત્મ્ય' ના 'ધ્યાનાત્' શબ્દને સમજવાની આડાઈ કેમ કરો છો ? ખરેખર તમે આડા છો કે અજ્ઞાની છો ? દેશના આપવાથી કેવલી ભગવંતોની ધ્યાનાંતરિકા તૂટી જાય છે. એવું તમને કયા અગીતાર્થે સમજાવ્યું છે ?

ગુજરાતી 'આસો વદિ અને કારતક સુદિ'' રૂપ શાસ્ત્રીય કારતક માસમાં ગુજરાતી ''કારતક વદિ એકમ થી અમાસ સુધી'' ના દિવસોની ભેળસેળ કરવાની ખલનાયકની ભૂમિકા મારે નહિ, તમારે જ ભજવવી પડી છે. કારણ કે શરદઋતુ ચોમાસામાં રહે તેથી તમારી માન્યતા તૂટી પડે છે, નરેન્દ્રસાગરજી !

આચાર્યશ્રી નરેન્દ્રસાગરસૂરિજી ! તમે તમારી 'સર્ચલાઈટ' ચોપડીમાં તમારી કુલ રીતિને છાજે તેવી શબ્દછળ, વાક્યછળ અને વિતંડાવાદની નીતિ અપનાવી છે તે માટે વધુ કહેવાનું હોય નહિ. કારણ કે સત્યવાતનું ખંડન કરવાના તમારા કુળધર્મનું પાલન કરતાં, શાસ્ત્રીયવાતનો સ્વીકાર કરવો જ પડે તેવી સ્થિતિમાં જયારે

તમે મુકાઓ છો ત્યારે, શબ્દછળ, વાક્યછળ કે વિતંડાવાદના રસ્તે ઉતરી જવાનું તમને ગુરુ પરંપરામાં મળ્યું છે. 'શિશુક્રીડા' કરવામાં હવે તમને પરિશ્રમ પડી રહ્યો હોય તો આવો 'અહિતકર પરિશ્રમ' લેશો નહિ. ખરેખર તો આ ઉંમરે તમને 'શિશુક્રીડા' કરવી શોભતી નથી. શાસ્ત્રીયસત્યોની શરણાગતિ સ્વીકારશો, તો ઉત્સૂત્રભાષણના મહાપાપથી બચી જશો. તમે જયાં અને ત્યાં, જેને અને તેને ઉત્સૂત્રભાષણના પાપનું પ્રાયશ્ચિત કરવાની સલાહ દીધે રાખો છો. પરંતુ 'શુદ્ધિપ્રકાશના ઘોર અંધકાર' માં મેં તમારા ઉત્સૂત્રો જાહેર કર્યા છતાં તમે તેનું 'મિચ્છા મિ દુક્કડં' દેવા જેટલી ભવભીરૂતા પણ દર્શાવી નથી. બીજાઓને ઠભી 'આપ્તસલાહો' આપ્યા કરવાથી તમારા ઉત્સૂત્રભાષણના પાપો ધોવાઈ નહિ જાય. વિતંડાવાદનો જવાબ મારે આપવાનો હોય નહિ. એ વાત પૂર્વની પુસ્તિકામાં જણાવી જ છે. તેની પુનરુક્તિ અહીં કરવાની જરૂર નથી. ફક્ત તમારામાં કેટલો 'વિજયદ્વેષ' ભર્યો છે, તમે કેટલા શાસ્ત્રીય સત્યોની ભાંગફોડની કુચ્છંદે ચઢયા છો, તમારામાં કેટલી અગીતાર્થતા છે અને કેવો ઉત્સૂત્રપ્રેમ છે – તેનું તમોને અને જગતને દિગ્દર્શન કરાવવા આટલું લખ્યું છે. બાકી તો તમારી મૂર્ખતા, અનાડીપણું, છળ-પ્રપંચ અને શાસ્ત્રોનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરવાની આત્મઘાતકવૃત્તિ તો 'સર્ચલાઈટ' ના પાને પાને એમને એમ પડી છે. એ બધું તમને ભળે છે. તમે તમારી જાતને 'અસાધ્યરોગી' તરીકે પૂરવાર કરી છે તેથી હવે કશું કહેવાપણું રહેતું નથી.....

પાપનો પસ્તાવો

(સખી કારતક મહીનાના કાનજી - એ રાગ)

બે'ની વાત કહુ તે સાંભળો, પુરા પુણ્યે મળ્યોતો જોગ, સાંભળ સાહેલી. ૧
મુનિરાજ ભવિજન બોધતા, મને લાગ્યો નહી ઉપદેશ, સાંભળ સાહેલી. ૨
કરી પાપ આયુષ્ય ઓછુ કર્યુ, શુભ ધર્મ ન જાણ્યો લેશ, સાંભળ સાહેલી. ૩
ભલે ભણ્યા પગ ગણ્યાં નહી, કર્યા કૃત્યો અભણનાં મે'હ, સાંભળ સાહેલી. ૪
વાતચિતે ગાંઠે જૂઠ બાંધીયું, સત વાતનો સંગ ન કીધ, સાંભળ સાહેલી. ૫
પાકો પાષાણ તો પલળે નહી, તેમ મુજ મન પત્થર હોય, સાંભળ સાહેલી. ૬
શુદ્ધ શિયળ ન પાળ્યુ મન થકી, નવ લીધાં વૃત પચખાણ, સાંભળ સાહેલી. ૭
તિથિ પાખની ના ઓળખી, ત્યાગ કીધો ન ભક્ષ અભક્ષ, સાંભળ સાહેલી. ૮
પાપ કરતી પડી આ ક્ષેત્રમાં, થશે પરભવ કેવો નીવાસ, સાંભળ સાહેલી. ૯
સૂણી વાખ્યાનને મન પીગળ્યુ, મૂજહૃદય ઘણુ પસ્તાય, સાંભળ સાહેલી. ૧૦
પામી ધર્મમણી શુભ પુણ્યથી, પણ ધાર્યો ન ઉરમાં લેશ, સાંભળ સાહેલી. ૧૧
એવી અરજ કરે જૈન શ્રાવિકા, દોષની માગે ક્ષમાય, સાંભળ સાહેલી. ૧૨

હાય ! આણે તો દેવ અને ગુરુ-બે ય-ની હકાલપટ્ટી કરી !

- પં. ચંદ્રશેખરવિજયજી

છેલ્લા ાયકામાં જૈનોમાં ધનની વિશેષ અનુકૂળતા થવાથી તેઓ ભોગમાર્ગે એકદમ બેફામ બન્યા છે. કદાચ બુઢ્ઢાં માબાપો બચી ાયાં હશે, પરંતુ દીકરાઓની આપકમાઈથી ઝટપટ પ્રાપ્ત થયેલી સંપત્તિએ યુવાનો અને યુવતીઓના શીલ, સદાચાર અને - ાયનીતિનો તો ખાતમો બોલાવી દીધો છે.

નદીનું પાણી સારું. સેંકડો ગામોની તરસ છીપાવે. પણ તે પાણી ધોડાપૂર બને તો ? એ જ ગામોને ડુબાડી દે.

પાણી જેવું ધન છે, તે માફકસરનું જ સારું. નીતિની બ્રેકથી તે પૂર બનતું ન હતું. હવે નીતિ આઉટ ઓફ ડેઈટ જાહેર થતાં ધનના ધોડાપૂર ોમટયાં. સૌ પ્રથમ તો તેણે પોતાના જ ઘરને ડૂબાડી દીધું.

પણ આ બધું તળીએથી ઉઠાવીને પાછું બહાર લાવી શકાત, જો પરમાત્મામાં શ્રદ્ધા રહી હોત તો અને જો ગુરુ વર્ગમાં સાધના રહી હોત તો.

પણ ભોગરસી જીવોની વાસનાઓ બહેકી જવાથી તેમને આજે જે : હમાણાં જ : એ સુખો ભરપૂર પ્રમાણમાં જોઈતાં હતાં. જૈનોને ખબર પડી કે "ભગવાન તો વીતરાગ છે, એમની ગમે તેટલી ભક્તિ કરો તો ય તે કદી રીઝવાના નથી : તમારું માંગ્યું દેવાના નથી," એટલે એ બધા ભોગરસી જૈનોએ પદ્માવતી, ઘંટાકર્ણ, ભૈરવ વગેરે દેવ-દેવીઓની ધડાકાબંધ પ્રતિષ્ઠાઓ જિનમંદિરોમાં ચાલુ કરી છે. તેમના સ્વતંત્ર મંદિરો પણ રાતોરાત ઊભાં થવા લાગ્યાં છે. હાય ! ભગવાન, મંદિરમાં હોવા છતાં તેમની જાણે હકાલપટ્ટી થઈ છે !

બીજી બાજુ ત્યાગી મુનિઓને પણ આ ભોગરસી લોકોએ ઝપટમાં લઈ લીધા છે. એમને 'મોક્ષ', 'મોક્ષ' બોલતા બંધ કરી દઈને, પોતાના અર્થ અને કામોના સાધક અને જપક બનાવી દીધા છે. જે મુનિઓ આ ઝપટમાં આવી ગયા છે તેમણે અર્થ-કામની હાટડીઓ ખોલી નાખી છે. મોક્ષનો હીરા-મોતીનો વેપાર બંધ કરીને અર્થકામપૂર્તિની પાંઉભાજીની હાટડીઓ ખોલી છે, વાસક્ષેપ, રક્ષાપોટલી, યંત્રો, મંત્રો, ગ્રહપીડાનિવારક તંત્રો વગેરેની દુકાન ચીકાર ભરેલી છે. વેપાર ઉત્તરોત્તર વધતો જવાથી મુનિઓએ 'મુનિત્વ' ને અભેરાઈએ ચડાવી દીધું છે. 'સાચા મુનિઓ' હાંસીપાત્ર બનવા લાગ્યા છે. પવન પ્રમાણે પગ નહિ ઉપાડતા હોવાથી તેમને ઘણી વાતોની અગવડતા પડવા લાગી છે !

મંદિરમાં વીતરાગ જડતા નથી; ઉપાશ્રયોમાં લગભગ કયાંય (સાચા મુનિઓ) જડતા નથી. બેયના હકાલપટ્ટી થઈ છે. હાય ! સંસારી; તારો ભોગરસ ! તેણે તારું, તારા કુટુંબનું તો નિકંદન કાઢયું પણ ધર્મક્ષેત્રનું ય નિકંદન કાઢી નાંખ્યું ! ઓ, માણસ ! તું માણસ થા; મુનિ થા; મોક્ષે જા. (મુક્તિદૂત - ૧૦/૧૯૯૬)

શિવગંજમાં પ. પૂ. ગણિવર્યશ્રી દર્શનરત્નવિજયજી મ. પૂ. ભાવેશરત્ન વિ. મ., પૂ. પ્રશમરત્નવિજયજી મ. ની નિશ્રામાં ભવ્ય ઉપધાન તપ

પ્રથમમુહૂર્ત	બીજું મુહૂર્ત
આસો સુદ ૧૪ શુક્રવાર	આસો સુદ ૧ રવિવાર
તા. ૨૫-૧૦-૯૬	તા. ૨૭-૧૦-૯૬

પ. પૂ. મેવાડદેશોદ્ધારક આ. શ્રી વિજય જિતેન્દ્રસૂરીશ્વરજી મ. સા. કે શિષ્યરત્ન પ. પૂ. તપસ્વી ઉપાધ્યાય શ્રી કમલરત્ન મ કે શિષ્યરત્ન પ. પૂ. ગણિવર્ય શ્રી દર્શનરત્નવિજયજી મ. આદિ કી શુભ નિશ્રામાં આસો સુદ ૧૪ શુક્રવાર તા. ૨૫-૧૦-૯૬ થી ઉપધાન શરૂ થશે. તેની પત્રિકા બહાર પડી છે.

નિમંત્રક : ઓસવાલ જૈન સંઘ, શિવગંજ (રાજસ્થાન)
સ્ટે. જવાઈબંધ (વે. રેલ્વે) પિન - ૩૦૭૦૨૬ જિ. સિરોહી

પદ

(ભુંડુ થવાના ડો'ળ સંતો ભાળજોરે. ટેક)

પુન્ય મારગમાં કોડી ન પાલવે રે,
આડા મારગમાં વાવરે હજાર, ભુંડુ થવાના ડો'ળ૦ ૧
જુઠ સાથે જડેલ જેનો જીવડો રે,
કુડી સાહ્યદી પુર્યાના ઘણા કોડ, ભુંડુ થવાના ડો'ળ૦ ૨
વાટે ઘાટે આંગણે ચિત્ત ફરતું રે,
પડયુ પાડોશીનું ચોરવાનો ચાલ, ભુંડુ થવાના ડો'ળ૦ ૩
નિત્ય ઘરમાં કંકાસ થાય કારમોરે,
લેશ ધર્મનું ઘરમાં ન નામ, ભુંડુ થવાના ડો'ળ૦ ૪
નીતિ નામ સુણી લાહ્ય ઉઠે અંગમાંરે,
ઠઠ્ઠા બાજીઓમાં લાડવાનાં લા'ણ, ભુંડુ થવાના ડો'ળ૦ ૫
ચોરી, ચાડી, કુકર્મની ચિંતા નહી રે,
ગણે મે'નતમાં લાખ ઘણી લાજ, ભુંડુ થવાના ડો'ળ૦ ૬
માન મરજાદ જેણે મે'લી વેગળીરે,
મીઠી વાણીને પેટમાંહી પાપ, ભુંડુ થવાના ડો'ળ૦ ૭
કામ જોતાં સરદના કુતરારે,
ક્રોધ જોતા છંછેડેલા સાપ, ભુંડુ થવાના ડો'ળ૦ ૮
જુઠી આળ ચઢાવે જાણી જોઈને રે,
હાય મારવામાં ખુબ હોંશીઆર, ભુંડુ થવાના ડોળ૦ ૯
શીખ સારી નઠોરને ના ગમે રે,
રૂડુ સરવેનું ચાહ્ય રૂષીરાજ, ભુંડુ થવાના ડો'ળ૦ ૧૦

શ્રી સુપાર્શ્વનાથજિનેન્દ્રાય નમઃ

હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

પ્રાચીન મોડપુર તીર્થ મંડપમાં મૂલનાયક શ્રી શત્રુંજ્યાવતાર કેશરીયાજી આદીશ્વરજીની ૯૯ ઈંચના પ્રતિમાના ગભારાના શિલાસ્થાપન તથા ઉપાશ્રય ધર્મશાળાના ખાતમુહૂર્ત પ્રસંગે

શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

સુજ્ઞ ધર્મબંધુ

શુભ સ્થળ - મોડપુર તીર્થ

પ્રણામ સાથ જણાવવાનું જે પ્રાચીન મોડપુર તીર્થના વિકાસ માટે મૂળ દેરાસર પાછળ રંગમંડપમાં ૯૯ ઈંચના મૂળનાયક શ્રી શત્રુંજ્યાવતાર કેશરીયાજી આદીશ્વરજી દાદાના ગભારાના ખનન તથા શિલા સ્થાપન તથા ઉપાશ્રય તથા ધર્મશાળા નો જીર્ણોધ્ધાર કરતાં તેના ખાતમુહૂર્ત આદિ મહોત્સવ હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરિશ્વરજી મહારાજાના પટ્ટધર પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ પૂ. મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ. પૂ. મુ. શ્રી દિવ્યાનંદવિજયજી મ. પૂ. મુ. શ્રી હેમેન્દ્રવિજયજી મ. પૂ. મુ. શ્રી અવિચલેન્દ્ર વિજયજી મ. તથા પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ તથા પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. આદિ તથા પૂ. સા. શ્રી નિત્યોદયાશ્રીજી મ. આદિ તથા પૂ. સા. શ્રી લલિતચંદ્રાશ્રીજી મ. ની નિશ્રામાં ઉજવાસે.

✻ દેરાસર ખનન મુહૂર્ત ✻

સં. ૨૦૫૩ કારતક સુદ ૧૦ બુધવાર તા. ૨૦-૧૧-૯૬ સવારે ૧૦-૫૫ કલાકે

તેની બોલી કારતક સુદ ૫ ના વ્યાખ્યાનમાં ૪૫ દિગ્વિજય પ્લોટમાં બોલાશે.

✻ દેરાસર શિલા સ્થાપન તથા ઉપાશ્રય ધર્મશાળા ખાતમુહૂર્ત ✻

સં. ૨૦૫૩ કારતક વદ ૬ રવિવાર તા. ૧-૧૨-૯૬ સવારે વિજય મુહૂર્ત ૧૨-૩૦ વાગ્યે

નવ શિલાઓ તથા ઉપાશ્રય ધર્મશાળાના ખાત મુહૂર્તની બોલી કારતક સુદ ૧૪ ના સવારે વ્યાખ્યાનમાં ૪૫ દિગ્વિજય પ્લોટમાં બોલાશે. શિલા સ્થાપન વિધિમાં ભાઈ શ્રી નંવિનચંદ્ર બાબુલાલ પધારશે.

બોલી પ્રસંગે હાજર રહેવા તથા મોડપુરમાં શિલા સ્થાપન પ્રસંગે પધારવા સૌને ભાવભર્યું આમંત્રણ છે.

C/o. શ્રી વિમલનાથશ્રી દેરાસરજી

૪૫, દિગ્વિજય પ્લોટ,

જામનગર

લિ.

મોડપુર તીર્થ વિકાસ કમીટી

૧. શાહ કાનજી હીરજી

૨. પારેખ ચંપકલાલ નેમચંદ

૩. ઘનાણી શાંતિલાલ ઝીણાભાઈ

૪. શાહ વેલજી કચરા

૫. હરિયા મોતીચંદ ભારમલ

૬. ગડા પ્રેમચંદ હેમરાજ

૭. ગુટકા રતિલાલ દોશી

૮. હસમુખ બી. શાહ

૯. કાંતિલાલ વ્રજપાલ શાહ

૧૦. દોટિયા મોહનલાલ લાલજી

૧૧. શાહ મનસુખલાલ નેમચંદ

મોડપુર રેલ્વે સ્ટેશન છે તથા મોટર રસ્તે ખટીયા પાસેથી હાઈવેથી રોડ જાય છે.

બોધદાયક લઘુકથા

વચન ઉપરથી વ્યક્તિની પરખ

- પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

માનવીની માનવતાને ખીલવવા અને વિકસિત કરવા નીતિશાસ્ત્રે પણ પોતાનો ફાળો અ ખ્યો છે. એવી એવી માર્મિક-ચોટદાર બોધદાયક હૃદયસ્પર્શીવાતો કરી છે. જેથી ચેતનવંતની ચેતના જાગૃત થઈ ય. સંસ્કૃતમાં એક સુંદર સુભાષિત આવે છે, જેનો ભાવ એવો છે કે - "ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા માણસોના કપાલમાં કાંઈ તિલક નથી હોતું અને અધમકુળમાં ઉત્પન્ન થયેલા માણસોના માથા ઉપર કાંઈ શિંગડા નથી હો ના પણ જયારે જયારે જેવું બોલે છે તેના ઉપરથી ખ્યાલ આવી જાય છે કે, આ ઉત્તમકુલમાં ઉત્પન્ન થયેલ છે અને આ અધમકુળમાં ઉત્પન્ન થયેલો છે. ઉત્તમકુળમાં ઉત્પન્ન થયેલાની મોટેભાગે શિષ્ટ-સંસ્કારી-સભ્ય-વિનયપૂર્વકની વાણી હોય છે. જયારે અધમકુલમાં ઉત્પન્ન થયેલાની ભાષા તેનાથી વિપરીત એટલે કે અશિષ્ટ-અસંસ્કારી-અસભ્ય અવિનયાદિથી સહિત ભાષા-બોલી હોય છે.

ઉપકારી મહાપુરુષોએ બહુ જ સુંદર દૃષ્ટાન્તથી આ વાતને સમજાવી છે.

એકવાર એક રાજા પોતાના પરિવાર સાથે વનવિહાર માટે જઈ રહ્યો છે. ઘણે દૂર ગય પછી રાજાને અત્યંત તરસ લાગી અને તેમનું ગળું સુકાવા લાગ્યું. પાણીનું કોઈ સ્થાન નજરે ચઢતું ન હતું. થોડે દૂર એક ઝૂંપડી દેખાઈ. તેમાં એક આંધળો માણસ રહેતો હતો અને પાણીનું માટલું પણ દેખાયું.

રાજાએ પોતાના સિપાઈને પાણી લેવા માટે મોકલ્યો. તો સિપાઈએ ત્યાં જઈ રોફથી પેલા આંધળા માણસને કહ્યું કે - " હે અંધા ! એક લોટો પાણી આપ."

આંધળો પણ અક્કડ હતો એટલે કહે કે - "જા જા સિપાઈના બચ્ચા ! તારા જેવાથી હું ડરતો નથી. તને પાણી નહિ આપું." સિપાઈ નિરાશ થઈ પાછો આવ્યો.

તે પછી રાજાએ સેનાપતિને ત્યાં મોકલ્યો. તો સેનાપતિએ ત્યાં જઈ કહ્યું કે - " હે અન્ધ ! પૈસા મલશે. પાણી આપ."

આંધળો તો ય અક્કડ રહ્યો અને કહે કે, પહેલાવાળાનો આ સરદાર લાગે છે અને લાલચથી મને દબાવવા માંગે છે. માટે તેને કહે કે - જા જા પાણી નહિ મળે.

સેનાપતિને પણ ખાલી હાથે આવેલો જોઈ ખુદ રાજા ત્યાં ગયા અને તેની નજીક પહોંચી તે વૃદ્ધ સુરદાસને વિનયથી નમસ્કાર કરી કહે કે - "સુરદાસજી ! તરસથી ગળું સૂકાઈ રહ્યું છે. કૃપા કરી એક લોટો પાણી આપશો તો તમારી ઘણી મહેરબાની."

ત્યારે તે વૃદ્ધ આંધળા માણસે રાજા સત્કાર કરી પોતાની પાસે બેસાડી કહ્યું કે - "આપ જેવા શ્રેષ્ઠ લોકોનો રાજા જેવો આદર છે. પાણી શું મારું આ શરીર પણ આપના સ્વાગતમાં તૈયાર છે. બીજી પણ કાંઈ સેવા હોય તો જણાવો."

રાજાએ ઠંડાપાણીથી તરસ છિપાવી. ફરીથી વિનયપૂર્વક પૂછ્યું કે તમને દેખાતું તો નથી તો પછી માંગવા આવનાર સિપાઈ, સેનાપિત અને રાજા છે તે કઈ રીતના જાણી ગયા.

ત્યારે તે વૃદ્ધ સુરદાસે અનુભવવાણી ઉચ્ચારતાં કહ્યું કે- વાણીથી દરેક વ્યક્તિના પદ-હોદાનો ખ્યાલ આવી જાય છે.

આના ઉપરથી આપણે એટલો જ બોધ લેવો છે કે હંમેશા વિનમ્ર ભરી વાણી જ બોલવા જોઈએ અને ઉત્તમ પુરુષોની કક્ષામાં આપણો નંબર લગાવવો જોઈએ.

આજસુધી મોહની આજ્ઞામાં હતા તેમનું અનુકુળ વર્ત્તન કર્યું. હવે ભગવાનની આજ્ઞા મુજબ તેમનો નાશ કરવા પ્રતિકુળ વર્તન કરવું પડશે.

તમે બધા સુખના અર્થી છો કે ધર્મના અર્થી છો ? સુખ છોડીને પણ ધર્મ કરવો છે કે સુખ રાખીને ધર્મ કરવો છે ! સુખ કયારે છૂટે ? દુઃખ વેઠવાની તૈયારી હોય તો. આપણે ત્યાં દુઃખ વેઠવા **માટે જ સાધુપણું** છે ! પુણ્યશાલી જીવને સંસારમાં બધી જ અનુકુળતા હોય છે પણ તેને છોડીને જ ધર્મ કરવાનું મન થાય તો જ તે સમકિત દેશવિરતિ કે સર્વવિરતિ લઇ શકે. પછી સુખનું અર્થીપણું થાય તો આત્મા કંપે તેને થાય કે આ સુખે જ મને સંસારમાં જકડી રાખ્યો છે. શ્રાવકપણું એટલે સાધુપણાની ઉમેદવારી છે.

અહીં રોજ આવનારાને મારી રીતે પૂજા કરવાના, વ્રત-પચ્ચક્ખાણ કરવાના મનોરથ હોય કે ન હોય ? અહીં આવે એટલે કામ પતી ગયુ ! અહીં આવનાર માટે લોક કહે કે, રાતે ખાય છે, અભક્ષ્ય ખાય છે તો શોભા વધે કે ઘટે ? રોજ સાંભળનારામાં કેટલી તૈયારી આવી ગઇ હોય ! ધર્મના રક્ષણ માટે અવસર આવે બહારવટું ખેલે કે નહી ?

શરીરના પૂજારી કથા કામના નથી. શરીરના પૂજારીઓ માટે સાધુધર્મ નથી. તે શ્રાવક ધર્મ પણ પાળી શકે નહી. તે સાચા ભાવે ભગવાનની પૂજા પણ ન કરી શકે. શરીરની પૂજામાં કાંઇ વધે તો ભગવાનની પૂજામાં વાપરે ને ?

શ્રી પુણિયો શ્રાવક સાડા બાર દોકડામાં મજેથી જીવતો, ખાતો-પીતો અને **શ્રી જિનભક્તિ પોતાના જ દ્રવ્યથી કરતો.** સાડા બાર દોકડાથી વધુ મૂડી વધારવાનુ મન પણ થયું નથી.

તમને શ્રાવકપણું જાળવીને દુનિયામાં જીવવાનું મન થયું હોત તો આજે લહેરમાં હોત ! પણ તમને જન્મથી તે સંસ્કાર મળ્યા નથી અને સુસાધુ પાસે તે ઝીલ્યા નથી. **'ધર્મથી સુખ મળે માટે ધર્મ કરવો' તે જડ એવી ઘાલી ગઈ છે કે તેની ઊલટી કરાવવી ભારે પડે છે.** આગળના મા-બાપ, સંતાનોને સાધુ પણાની પ્રેરણા આપે. સંસાર અસારનું જ્ઞાનપાન કરાવે. તમને તે ય ન મલ્યું. સુસાધુઓએ આજ્ઞા મુજબ ધર્મની જે જે વાતો કરી તે પણ ન ફાવી. ધર્મ માટે ત્યાગ કરવો પડે અને ભોગ પણ આપવો પડે. તમે નક્કી કર્યું છે કે, આપણે ત્યાગ પણ કરવો નથી અને ભોગ પણ આપવો નથી ધર્મીનો ઇલકાબ લઇને ફરવું છે ! ધર્મ માટે શું ભોગ આપ્યો છે ? ધર્મથી પ્રાપ્ત ભોગ કેટલો મજેથી ભોગવો છો ? ધર્મ તમારે મન શુ ચીજ છે ? આખી દુનિયા માટે ભોગ મંજુર પણ ધર્મ માટે કાંઇ નહિ ! ધર્મની તમારા હૈયામાં કાંઇ જગ્યા છે !!!

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- આ આખો સંસાર પરદેશ છે. સ્વદેશ એક માત્ર મોક્ષ જ છે.
- માન-મોટાઇ લઇને ધર્મસ્થાનમાં આવે તે કદિ ધર્મ પામે નહિ.
- ભગવાનની વાત ગમવી એટલે જે ચીજ ખરાબ લાગી તેના પર અરૂચિભાવ અને જે ચીજ સારી લાગી તેના પર રૂચિભાવ એટલે કે આખા સંસાર પર અરૂચિભાવ અને મોક્ષ પર રૂચિભાવ.
- દુઃખમાં અરતિ નહિ, સુખમાં રતિ નહિ તેનું નામ સમાધિ.
- તમે બધા દુઃખનો ડર કાઢી, પાપનો ડર પેદા કરો. પછી સુખનો લોભ ઘટશે. તેથી માનવતા આવશે અને પછી જ જીવ ધર્મ સાંભળવા લાયક બનશે.
- મોક્ષની ઇચ્છા તે આત્માની ઇચ્છા. કહેવાય. દુનિયાના પદાર્થોની ઇચ્છા તે મોહ જ નિત ઇચ્છા કહેવાય.
- 'સુખમાં આનંદ થાય, દુઃખમાં દુઃખ થાય' તે ભવ્યત્વને નહિ પકવવા દેનાર મોટામાં મોટો રોગ છે.
- ઉન્માર્ગેથી અટકાવવા અને સન્માર્ગે જોડવા માટે બધા પ્રયત્નો કરવાના છે. અવસરે સજા પણ કરવી પડે તો તે સજામાં ય 'કરૂણા' છે. સાચી 'હિતબુદ્ધિ' છે.
- જેને મોહ ભૂંડો લાગે, મોહને મારવાનું મન થાય, તેને ભગવાને જે જે ક્રિયાઓ કહી છે, તે તે ક્રિયામાં અપૂર્વ આનંદ આવે કદાચ પોતે ન કરી શકે, પોતાને રસ પણ ન આવે તો તે પોતાની ખામી માને પણ ક્રિયા સારી નથી તેમ કદિ ન બોલે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

વિવેકભ્રષ્ટ

शिरः शार्व स्वर्गात्पशुपतिशिरस्तः क्षितिधरं
महीध्रादुत्तुङ्गादवनिमवनेश्चापि जलधिम् ।
अधोऽधो गङ्गेयं पदमुपगता स्तोकमथवा
विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ।।

હતી સ્વર્ગે વસતી ગંગા, સરી પડી તે શિવ શિરે
ચળી ત્યાંથી પર્વતે, પટે, સરી સમુદ્ર ક્ષીરે
આમ જે ગંગા ચળી, પડી, સરી, થઇને પતિત
પામે શતમુખ અધમ ગતી, વિવેક ભ્રષ્ટ થઇને ચલિત

વર્ષ ૯ અંક ૧૧

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

શીયળ વિષે સુબોધ.

(મામેરૂ મોંઘા મુલનું.—એ રાગ,)

શુણો સમજુ સકળ નરનારીઓ,
મોટો શીયળતણો મહિમાય, શીયળ પાળો સ્નેહથી.
જે કોઇ શીયળ સારી રીતે સાચવે,
સરવે સફલ મનોરથ થાય શીયળ પાળો સ્નેહથી. ૧

સોના રૂપાની શોભા ન સમજીએ,
શોભા સરસ શીયળ શણગાર, શીયળ પાળો સ્નેહથી. ૨

જેવાં નકટીને ભૂષણ નાંખીઆ,
એવાં શીયળ વિના નરનાર. શીયળ પાળો સ્નેહથી. ૩

માટે શીયળ સરવ રીતે સાચવો,
તજો કામી હરામીનો સંગ, શીયળ પાળો સ્નેહથી. ૪

તજી લાજ બે અકબી ન બોલીએ,
નવ ડોલીએ મદ છક માહ્ય શીયળ પાળો સ્નેહથી. ૫

નીચી નજરે સરળ ચિતે ચાલીએ,
હાંસી મશ્કરી કરીએ ન કાંય. શીયળ પાળો સ્નેહથી. ૬

ફાટી આંખે ફરે જે કોઇ ફાતડા,
તેનું ડાટીએ માટીમાં મુખ. શીયળ પાળો સ્નેહથી. ૭

તજવી તજવી સોબત નીત્યે તેહની,
જેણે લજવી જનેતાની કુખ શીયળ પાળો સ્નેહથી. ૮

ભણવું ગણવું તો તેહનું ધન્ય છે,
જેણે કુળને લગાડયો ન ડાઘ, શીયળ પાળો સ્નેહથી. ૯

ભણી ગણીને શીયળ ન સાચવે,
એના ભણતરમાં ઊઠી આગ. શીયળ પાળો સ્નેહથી. ૧૦

હૈયા ફુટા બોલે બોલ હાંસીએ,
દેખી ફાંસીને નાશીએ દૂર, શીયળ પાળો સ્નેહથી. ૧૧

શિક્ષા સુંદર હસપતરામની,
જાણી કામની શીખો જરૂર શીયળ પાળો સ્નેહથી. ૧૨

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાસણ બંગ્લે સિદ્ધાચલ રૂપમ તથા પ્રચારનું મુખ

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેઘાજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણીલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (ચેન્નઈ)
ખાનચંદ પદમશી ગુઢકા (થાણા)

વર્ષ : ૯] ૨૦૫૨ આસો સુદ-૧૧ મંગળવાર તા. ૨૨-૧૦-૯૬ [અંક : ૧૧

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૪ મંગળવાર તા. ૧૪-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રવચન ૧૨ મું) -અવ૦

શ્રાવક સંસારના મહેમાન જેવો હોય. તેના કુટુંબીઓને ય માલુમ હોય કે આપણા ઘરનો માલિક કયારે સાધુ થઇ જાય તે કહેવાય નહિ. બાપને ય ખબર હોય કે, મારો છોકરો કયારે સાધુ થાય તે કહેવાય નહિ. બાપે તેને કહ્યું હોય કે- વેપાર કરવો હોય તો પૂછીને કરજે પણ સાધુ થવું હોય તો પૂછયા વિના જજે. આજે તમારે ત્યાં ધધું ઊંધું છે. ધર્મ કરવો હોય તો પૂછીને કરાય.

મેં તમને વજ્રબાહુકુમારની વાત ઘણીવાર કહી છે પણ તમે યાદ રાખતા નથી. તે લગ્ન કરીને આવી રહ્યા છે. રથમાં તેઓ બે પતિ અને પત્ની બેઠાં છે. તેમનો સાળો રથ હાંકી રહ્યો છે. બીજા પચ્ચીશ રાજકુમારો ઘોડેસ્વાર છે અને નોકર ચાકરોનો પરિવાર પણ છે. માર્ગમાં પહાડ ઉપર ધ્યાનમાં રહેલા સાધુને જુવે છે તો પોતાના સાળાને કહે છે કે-"તું રથ ઉભો રાખ. પહાડ ઉપર મુનિ મહારાજ છે તો તેમને વંદન કર્યા વિના આગળ જવાય નહિ." સાળો રથ ઉભો રાખે છે. તેઓ નીચે ઊતરે છે એટલે તેમની સ્ત્રી પણ નીચે ઉતરે છે અને બધા નીચે ઉતરે છે અને પહાડ ઉપર ચઢવા લાગ્યા છે તે કુમાર એવી રીતે પહાડ ઉપર ચઢે છે કે સાળાને લાગે છે કે- કુમાર જરૂર સાધુ થઇ જશે. એટલે પૂછે છે કે-

"કુમાર સાધુ થવું થવું છે?" ત્યારે કુમાર કહે કે- "તેમાં શંકા શી રાખે છે?" સાળાને શંકા પડી કે આ તો ખરેખર સાધુ થઇ જશે એટલે પૂછે છે કે- મારી બહેનનું શું થાય? ત્યારે કુમાર કહે કે-"જો તારી બહેન કુલીન હશે તો સાધ્વી થશે. કદાચ સાધ્વી નહિ થવાય તો શ્રાવિકા થશે. અકુલીન હશે તો આજથી છૂટયો."

બધા મુનિની પાસે પહોંચે છે. મુનિને લાગે કે, આ બધા લાયક જીવો છે એટલે ધ્યાન પાળે છે અને દેશના આપે છે. દેશના સાંભળીને કુમાર કહે ભગવન દીક્ષા આપો. એટલે તેની સ્ત્રી પણ દીક્ષા લે છે, સાળો પણ દીક્ષા લે છે અને પચ્ચીશ રાજપુત્રો પણ દીક્ષા લે છે. બાકીના નોકરો પોતાના સ્થાને જાય છે અને રાજાને આ સમાચાર આપે છે. તે સાંભળી કુમારના પિતા એકદમ ઉભા થઇને કહે છે કે-"આ બાળક છતાં બુદ્ધો જેવો છે અને હું બુઢો છતાં બાળક જેવો છું." પછી પોતાના મિત્ર રાજાને કહેવરાવે છે કે- હું સાધુ થવા જાઉં છું તમે પણ ચાલો. તે વખતે રાજાઓને પરસ્પર આવી વાતો થતી કે-તમે સાધુ થાવ તો હું પણ થઇશ. તમારે ત્યાં આવી વાતો ચાલુ છે?

સભા૦ જીવોની લાયકાત કામ કરે ને?

ઉ૦ શ્રાવક આવા જ હોય.

જેને દીક્ષા લેવાનો ભાવ નહિ, દીક્ષાની ઉતાવળ નહિ તે શ્રાવક નહિ, સમકિતી પણ નહિ. ગરીબમાં ગરીબ પણ ધનવાન થવા ઇચ્છે ને? ધન મેળવવાનું મન નહિ તે સંસારી જીવ નહિ. તેમ સાધુ થવાનું મન નહિ તે ધર્મી નહિ, સાધુ એટલે ધર્મી ધર્મી થવાનું મન તે શ્રાવક તમે ધર્માધર્મી કહેવાય. તમારો શ્રાવક ધર્મ સરસવ જેટલો અને અધર્મ મેરૂ જેટલો તમારે સંસારમાં કેટલાં પાપ કરવા પડે છે? વટ્રકાયની હિંસા રોજ કરવી પડે, એક 'હિ ખાલી નહિ. માટે ગૃહસ્થાવાસ તે મહાપાપનું સ્થાન કહેવાય. તેથી શાસ્ત્રે ગૃહસ્થાવાસને નરકાવાસ કહ્યો છે.

સભા૦ લગ્નનો શાસ્ત્રમાં નિષેધ છે?

ઉ૦ હા.

સભા૦ તો મહાપુરુષો મળ્યા કયાંથી હોત?

ઉ૦ મહાપુરુષ બને માટે સંસાર સેવવા જેવો કહેવાય? ઘણા કાદવમાં કીડા થાય છે અને ઘણા કાદવમાં કમળ થાય છે. શાસ્ત્રે શ્રાવકના કુલોને કમળનાં જેવાં કહ્યાં છે.

તમારા ઘરમાં કોઇ સાધુ થનાર ન પાકે તો તે શ્રાવકના કુળ નહિ. શ્રાવકના ઘરમાં કોઈ સાધુ થનાર ન પાકે તો શ્રાવક માને કે- મારૂં ઘર સ્મશાન જેવું છે. મારા ઘરમાં બધા મડદા જીવે છે કોઇ ચેતનવંતુ નથી!

તમને લગ્ન કરનાર દિકરા-દિકરી ન પાકે તો દુઃખ છે પણ તમારા ઘરમાં કોઇ દીક્ષા લેનાર ન પાકે તો તેનું દુઃખ છે ખરું ? તમારા ઘરમાં કોઇ વિરાગી પાકતો નથી તેનું દુઃખ છે ? પાપે તેવી વ્યવસ્થા પણ છે ખરી ? તેવી વાતચીત પણ થાય ખરી ?

સભા૦ આરાધના વિના વિરાગ આવે ?

ઉ૦ તો સમજી લેવાનું કે તમારો પરિવાર વિરાધના કરી કરીને આવ્યો છે કાં આરાધના મેલી કરીને આવ્યો છે..

સભા૦ આરાધના મેલી કઇ રીતે થાય ?

ઉ૦ જે જીવ સંસારનાં સુખ માટે અને તેનું સાધન જે સંપત્તિ તેના માટે ધર્મ કરે તો તે મેલી આરાધના કહેવાય.

જે જીવ સંસારના સુખ માટે અને તેનું સાધન જે સંપત્તિ તેને માટે ભગવાનનો ધર્મ સાધમાં સારી રીતે કરે તો તેને દુનિયાનું સુખ મળે તે તેને ગાંડો જ બનાવે, પાપી જ બનાવે અને એવાં એવાં પાપ કરાવી નરકાદિ દુર્ગતિમાં જ મોકલી આપે. રોજ સાંભળવા છતાં ય હજી તમને વિરાગ નથી આવતો તો તેનું ય દુઃખ છે ? તમે બધા વિરાગી છો કે રાગી છો ? ઘરમાં રહેવા જેવું માને તે બધા રાગી. ઘર છોડવા જેવું માને તે વિરાગી, સાધુ વિરાગપૂર્વકનો ત્યાગી હોય. શ્રાવક ત્યાગ ન કરી શકે તો પણ વિરાગી હોય.

શ્રાવક છતે પૈસે પેઢી કરે અને તેને ચારી માને તો મહામિથ્યાદૃષ્ટિ કહેવો પડે પણ જો તે એમ માને કે-'હું લોભી મૂઓ છું, લોભ મને બહુ સતાવે છે, મારું પાપનો ઉદય જોરદાર છે' તો તેનું શ્રાવકપણું ટકે, નહિ' આ બધું હૈયાથી બોલવાનું છે, સાંભળેલું શીખીને બોલવાનું નથી. આજે તમને કોઇ પૂછી શકે કે, આટલો વેપાર કેમ કરો છો ! ઘરમાં સારી શ્રાવિકા હોય તો તેને રોઇને જ જીવવું પડે, તમને કાંઇ કહી શકે નહિ. આગળા મા પણ કહેતી અને સ્ત્રી પણ કહેતી કે-'આ બધું- વેપારાદિ કર્યા સુધી કરવું છે ? આત્માનું કાંઇ કરવું છે કે નહિ ?' એવા શ્રાવકો પણ હતા કે મા ના કહે તે ન હતા કરતા અને 'આ આ કરવું જોઇએ' એમ કહે તે કર્યા વિના રહેતા પણ ન હતા.

શ્રાવકનો દિકરો સાધુ ન થઇ શકે તો દુઃખ માને તમને તમારા ઘરમાં કોઇ સાધુ ન થાય તો તેનું દુઃખ છે ? સાધુ ન થાય અને સંસારમાં રહે તો ઉન્માર્ગે ન જાય તે માટે લગ્ન કરવાં પડે તો જ કરો ને ? તમે તો બધા લગ્નને લહાવો માનો છો.

લગ્નને લહાવો માને તે બધા સમકિતી હોય ? તે તો મિથ્યાદૃષ્ટિ જ હોય. શ્રાવકના કુળમાં લગ્ન મજેથી કરે, વેપારાદિ મજાથી કરે, ભોગ મજાથી કરે તે બધા મિથ્યાદૃષ્ટિ જ કહેવાય. તમે તમારાં સંતાનોને આ મનુષ્યજન્મમાં સાધુ જ થવા જેવું છે તેમ કદી કહ્યું છે ? સારા કુટુંબમાં તો સાધુ ભીક્ષાએ આવે તો ઘરના ડોસા-ડોશી નાના છોકરાને કહે કે-'આપણે ય આવા સાધુ જ થવાનું છે.' તમારા ઘરમાં આવું કહેનાર પણ કોઇ છે ? 'તમે બધા સાધુ થાવ તો અમે રાજી છીએ પણ ઘરમાં રહો તેમાં રાજી નથી' તેમ તમે તમારાં સંતાનોને કહ્યું છે ? તમે લોકોએ તો બહુ મોટો જુલમ કર્યો છે ! તમારાં સંતાનો હાથે કરીને કેળવી કેળવીને મિથ્યાદૃષ્ટિ બનાવ્યા છે. તમારા ઘરમાં કોઇ છોકરાને વિરાગ થાય તો ઘેર આવીને કહી ન શકે કે- 'મને વિરાગ થયો છે.' કોઈ કદાચ કહે તો તમે એમ જ કહો કે- સાધુએ ભોળવી નાખ્યો લાગે છે. તમારો છોકરો સાધુ પાસે જતો હોય તો તમે કદી પૂછ્યું કે- તને આવા સાધુ થવાનું મન કેમ થતું નથી ? તમે તો એવા સંસ્કાર નાખ્યા છે કે- સાધુ થવાય જ નહિ. 'સાધુ પાસે જવું ખરૂં પણ સાધુ કહે તેમ કરવાનું નહિ. સાધુ કહે તેમ કરીએ તો ઘરબાર ચાલે નહિ' આવી ઘણાની માન્યતા છે. આવાને તો મિથ્યાદૃષ્ટિ કહેવાયને ? આવાને સમકિતી કહીએ તો સમકિત રમકડું થઇ જાય.

સમકિત ઉચ્ચરેલો જીવ પણ જ્યાં ત્યાં માથું નથી નમાવતો. અમે નાના હતા ત્યારે ઘરમાં જ એવું શિક્ષણ મળતું કે- અજાણ્યા સાધુ આવે તો હાથ જોડાય પણ વંદન ન થાય. ઓળખ્યા પછી જ વંદન થાય. ઓળખ્યા પછી વંદન કરીએ તો તે સાધુ કહેતા કે-'બચ્ચા ! આવો જ પાકો રહેજે.' સાધુ વંદન માગે નહિ અને શ્રાવક વંદન કર્યા વિના રહે નહિ તેમ શ્રાવક જેને તેને પણ વંદન કરે નહિ. આ માથું તો દશશેરો નથી પણ ઉત્તમાંગ છે.

સાધુ થવાની ઇચ્છા નહિ તે પહેલે ગુણઠાણે પણ નથી. પહેલા ગુણઠાણે રહેલાને પણ સાધુપણું લેવા જેવું લાગે. તેવો જીવ જ ધર્મ સાંભળવા લાયક છે. સાધુપણું લેવા જેવું ન લાગે તો ધર્મ સાંભળે તો પણ તેને લેવા જેવો ન લાગે. માટે જ તમે જેવા છો તેવા રહ્યા છો. રોજ અહીં આવવા છતાં કયા કયા પાપ ન કરો ? તમે બધા સાત વ્યસનના તો ત્યાગી જ હો ને ? સટ્ટો પણ ન કરો ને ?

(ક્રમશઃ)

ચોમાસી કર્તવ્યો—કંઈક

—પૂ. આ. શ્રી વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ.

સભામાંથી—પર્યુષણપર્વમાં અઠાઇ વગેરે તપશ્ચર્યા કરે છે ત્યારે સ્નેહીસ્વજનોને નિમંત્રણ પાત્ર મોકલાય છે અને સંબંધને લીધે ચાલુ પર્યુષણપર્વમાં પ્રવાસ કરી જવું પડે છે. કેટલાક માણસો તો આને લીધે સંવત્સરી પ્રતિક્રમણ પણ નથી કરી શકતા. તો આ પ્રથા શાસ્ત્રીય છે શરી ? ઉચિત છે ખરી ?

મહારાજશ્રી—સાવ ગલત પ્રથા છે. પર્યુષણપર્વ જેવા મહાન પર્વના દિવસોમાં પ્રવાસ કરવો એ મહાપર્વની વિરાધના છે. બીજી વાત તપશ્ચર્યાની સાથે આવી પ્રથાઓને જોડવી એ પણ ગલત છે. આવું કરીને તમે લોકોએ તપશ્ચર્યાને ખૂબ મોંઘી બનાવી દીધી છે. 'તપશ્ચર્યામાં મારે મારા આત્માને વળગેલાં કર્મોને નિર્જરા કરવાનાં છે. આત્મભાવ નિર્મલ કરવાનો છે, આહાર સંજ્ઞા પર વિજય મેળવવાનો છે,' એ વાત યાદ રહે છે ખરી ?

તપશ્ચર્યાના નિમિતે પણ ચાતુર્માસમાં પ્રવાસ કરવો યોગ્ય નથી. એટલે તપશ્ચર્યાના નિમિતે કોઇને બોલાવવા ન જોઇએ અને કોઇએ પ્રવાસ કરીને જવું ન જોઇએ. માત્ર અનુમોદના રૂપે સમાચાર મોકલી શકાય.

જિનાજ્ઞાથી વિપરીત પ્રથાઓને મિટાવી દેવી જોઇએ. 'ચાતુર્માસમાં પ્રવાસ નહિ કરવો, એ જિનાજ્ઞા છે. એ આજ્ઞાનું પાલન કરવા માટે તો મહારાજા કુમારપાલે પાટણની બહાર પગ નહિ મૂકવાની પ્રતિજ્ઞા લીધી હતી.

સભામાંથી—અઠાઇ વગેરે મોટી તપશ્ચર્યા કરવાવાળાએ પાંચ-દશ હજાર રૂા. નું ખર્ચ તો કરવું જ પડે છે. પૂજા પઢાવવી, વરઘોડો કાઢવો, પ્રભાવના દેવી, સ્નેહી સ્વજનોને પ્રીતિભોજન આપવું વગેરે શું આ બધું કરવું એવી જિનાજ્ઞા છે ?

મહારાજશ્રી—શ્રીમંત પૈસાદાર શ્રાવકોએ આ બધું કરવું જોઇએ. કરવું જ જોઇએ એવી જિનાજ્ઞા નથી. કરવાથી જિનશાસનની પ્રશંસા જરૂર થાય છે. પરંતુ 'હું તપશ્ચર્યા કરીશ અથવા મારા ઘરમાંથી કોઇ મોટી તપશ્ચર્યા કરશે તો મારે પાંચ-સાત હજાર રૂપિયાનો ખર્ચ કરવો પડશે એટલા માટે હું મોટી તપશ્ચર્યા નહિ કરું અને મારા ઘરમાંથી કોઇને કરવા નહિ દઉં. એવો વિચાર કરવો ગલત છે. તપશ્ચર્યાની સાથે રૂપિયાનો સંબંધ જોડાય જ નહિ. ભાવના હોય અને શક્તિ હોય તો જ ખર્ચ કરવાનું છે.

શ્રીમંતોનું અનુકરણ મધ્યમ કક્ષાના અને ગરીબ માણસોએ કરવાનું નથી.

પાટણમાં મહારાજા કુમારપાલ પૌષધશાલામાં સામાયિક કરવા જતા ત્યારે સાથે અઢારસો શ્રેષ્ઠિઓ જતા. રાજા ચંદ્રાવતંસક પણ સેંકડો શ્રાવકોની સાથે સામાયિક કરવા જતા હતા. તો શું તમે પચાસ કે સાતસોનેય સાથે લઈને સામાયિક કરવા રોજ ઉપાશ્રયમાં નહિ જાઓ ? તો શું તમે સામાયિક કરવું છોડી દેશો ? **શ્રીમંત શ્રાવક જિન શાસનની શાન બઢાવવા માટે ખર્ચ કરે તો એ યોગ્ય છે. પરંતુ જે શ્રીમંત નથી એણે દેખાદેખી એવું ખર્ચ, દેવું કરીને કરવું એ યોગ્ય નથી.**

મને ખબર છે કે આને લીધે ઘણા માણસો ભાવના હોવા છતાં પણ મોટી તપશ્ચર્યા કરી શકતા નથી, કારણ કે રૂપિયા ઘણા ખર્ચવા પડે છે. ખર્ચ નથી કરતો તો સમાજમાં નિંદા થાય છે. લોકો એના પ્રત્યે હીન ભાવનાથી જુએ છે. આ બધું જ ખોટું છે, અનુચિત છે. આ બધી વાતો તપશ્ચર્યામાં અંતરાય કરનારી છે, **તમારે તમારી આર્થિક શક્તિ અનુસારે જ ખર્ચ કરવું જોઇએ, જેટલો ઉલ્લાસ હોય એટલું જ ખર્ચ કરવું જોઇએ.** તમારામાં એટલી તો નૈતિક હિંમત હોવી જોઇએ, 'અમે તપશ્ચર્યાના ઉપલક્ષમાં વરઘોડો નહિ કાઢીએ, પ્રભાવના નહિ દઈએ, જમણવાર નહિ કરીએ તો લોકો શું કહેશે ?' એવો ભય મનમાં રાખવો જ ન જોઇએ. નિર્ભય થઇ, નિશ્ચિત થઈ, એકમાત્ર આત્મશુદ્ધિને લક્ષમાં રાખીને તપશ્ચર્યા કરો.

હવે ટુંકમાં ચાતુર્માસકાળની નવ પ્રકારની આરાધના વિષે કંઇક માર્ગદર્શન આપી મારું પ્રવચન પૂર્ણ કરીશ :

સામાયિક :—

સામાયિક કરવાનું હોય છે સમતાભાવમાં સ્થિર થવા માટે, રાગદ્વેષથી અડતાલીસ મિનિટ મુક્ત રહેવાનું છે. સામાયિક કરવાવાળાએ બત્રીસ દોષોથી બચવાનું છે. મનના દશ, વચનના દશ અને કાયાના બાર દોષોને જાણી લઇ એ દોષોથી બચીને સામાયિક કરવાનું છે. ઉપાશ્રયમાં, ઘરમાં કે સાધુ મુનિરાજની પાસે જઈને તમે સામાયિક કરી શકો છો. ઘરમાં એકાંત જગાએ સામાયિક કરવું જોઇએ.

પ્રતિક્રમણ :—

આત્માને પાપોથી બચાવવાની ભાવનાથી સવારસાંજ બંને સમય પ્રતિક્રમણ કરવું જોઇએ. યોગ્ય સમયે અને વિધિપૂર્વક પ્રતિક્રમણની ક્રિયા કરવાની હોય છે. સાધુ પુરુષોનો સંયોગ હોય તો એમની પાસે કરવું, નહિ તો જાતે કરવું. પ્રતિક્રમણનાં સૂત્રોના અર્થનું જ્ઞાન અવશ્ય મેળવી લેવું જોઇએ. અર્થના જ્ઞાન વિના પ્રતિક્રમણમાં મન સ્થિર નહિ રહે. કાં તો વિચારોમાં ખોવાઇ જશો કે પછી ઊંઘ આવી જશે !

પૌષધ :—

પૌષધવ્રત એ સાધુજીવનનો નમૂનો છે. આ વ્રત નિવૃત્તિરૂપ છે, આ વ્રતમાં ભોજનમાંથી નિવૃત્તિ, શરીરસેવામાંથી નિવૃત્તિ, વ્યાપારમાંથી નિવૃત્તિ અને મૈથુનમાંથી નિવૃત્તિ થાય છે. પાંચમ, આઠમ, ચૌદશ અને પર્વતિથિઓમાં આ વ્રત લેવું જોઇએ. ઓછામાં ઓછું બાર કલાકનું આ વ્રત હોય છે. ચોવીસ કલાકનું, બે દિવસનું, આઠ દિવસનું, અને પૂરા ચાતુર્માસનું પણ આ વ્રત લઇ શકાય છે. જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય, પ્રભુભક્તિ, ગુરુસેવા વગેરે આરાધનાથી આ વ્રતનું પાલન કરવું જોઇએ, નિંદા વિકથા અને પ્રમાદમ પડીને આ વ્રતની વિરાધના નહિ કરવી.

પરમાત્મપૂજન :—

દરેક શ્રાવક શ્રાવિકાએ દરરોજ પરમાત્માની અષ્ટ પ્રકારની પૂજા કરવી જોઇએ. શુદ્ધ વસ્ત્ર પહેરીને, પોતાની પૂજન સામગ્રી વડે ભાવપૂર્વક પૂજા કરવી જોઇએ. અભિષેક-પૂજા (પ્રક્ષાલ) પણ તમારે જ કરવી જોઇએ; પૂજારીની પાસે નહિ કરાવવી જોઇએ.

અભિષેકપૂજા, ચંદનપૂજા, પુષ્પપૂજા, ધૂપપૂજા, દીપકપૂજા, નૈવેદ્યપૂજા અને ફલપૂજા આ આઠ પ્રકારની દ્રવ્યપૂજા છે. દ્રવ્યપૂજા કર્યા પછી ચૈત્યવંદન સ્વરૂપ ભાવપૂજા કરવી જોઇએ. વિધિ સહીત ભાવપૂર્વક પૂજા કરવાથી મન પ્રસન્ન રહેશે, મનમાં વૈરાગ્ય પેદા થશે અને ધીમેધીમે આત્મશુદ્ધિ થતી જશે.

સ્નાત્રપૂજા :—

ગીત-ગાનપૂર્વક પરમાત્માની સ્નાત્રપૂજા કરવી જોઇએ. રોજ ન કરી શકો તો કોઇવાર કરવી જોઇએ. પૂજારીને પૈસા આપીને નકરો કરીને સ્નાત્રપૂજા નથી થઇ શકતી, તમારે જાતે જ સ્નાત્રપૂજા કરવી જોઇએ.

વિલેપનપૂજા :—

પરમાત્માની મૂર્તિ પર ઉત્તમ દ્રવ્યોનું વિલેપન કરવું જોઇએ. દ્રવ્યપૂજામાં જ્યારે તમે ચંદનપૂજા કરો ત્યારે વિલેપન કરવું જોઇએ. પરંતુ અશુદ્ધ દ્રવ્યોમાંથી વિલેપન ન થાય એ ધ્યાન રાખવું. જેમાં આદકોકોડાલ હોય એવા અત્તરનું વિલેપન નહિ કરવું. અશુદ્ધ વરખ પણ ભગવાનને નહિ લગાડવો જોઇએ. આજકાલ ચાંદીના વરખમાં ભેળસેળ થવા માંડી છે. વરખ બનાવવાવાળા મોટે ભાગે મુસલમાન કારીગરો હોય છે. તેઓ બળદના મુલાયમ ચામડામાં વરખ કુટે છે અને કુટતાં કુટતાં પોતાનું થૂંક પણ લગાડે છે. ચાંદીની સાથે હવે બીજી અશુદ્ધ ધાતુની ભેળસેળ પણ થવા લાગી છે. આવા વરખ લગાડવાથી મૂર્તિને પણ નુકશાન થાય છે.

બ્રહ્મચર્યનું પાલન :—

ચાતુર્માસમાં બ્રહ્મચર્યના પાલનનું મહત્ત્વ ખાસ છે. બ્રહ્મચર્યના પાલનથી તન અને મન નિર્મળ રહે છે, સ્ફૂર્તિવાન રહે છે, અને ધર્મધ્યાનમાં વધારે એકાગ્ર બને છે. આ વ્રતનું પાલન કરવા માટે સ્ત્રીએ અને પુરૂષે અલગ કમરામાં સૂવું જોઇએ, વગર કારણે એક બીજાના શરીરને સ્પર્શ સુદ્ધાં નાંહ કરવો જોઇએ. માદક પદાર્થોનું સેવન નહિ કરવું જોઇએ, કામોત્તેજક દૃશ્યો જોવાં નહિ જોઇએ, એવી ચોપડીઓ વાંચવી નહિ જોઇએ અને એવી વાતો સાંભળવી પણ નહિ જોઇએ. આ રીતે આ વ્રતનું પાલન થઇ શકે છે. ચારે મહિના એનું પાલન ન થઇ શકે તો પર્વતિથિએ તો અવશ્ય પાલન કરવું જોઇએ.

—: શાસન સમાચાર :—

અનોખો સ્મરણીય અવસર

મોગલ શહેનશાહના જીવનનું પરિવર્તન કરનાર પાલનપુરના પનોતા પુત્રની પુન્યધામ ભૂમિ મધ્યે ચાતુર્માસ વિરાજી રહેલા 'સૂરિપ્રેમ'ના લાડીલા અને 'સૂરિરામ'ના લઘુગુરુ બંધુએ કરેલી અને ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે કોતરાયેલી શ્રી વર્ધમાન આયંબિલ તપની ૧૦૦+૧૦૦+૮૫ ની ઓળીની પૂર્ણાહુતિ કરનારા તપસ્વી રત્ન પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજના અપૂર્વ તપની અનુમોદનાર્થે અને પૂ. પિતાશ્રી જેઇતાલાલ ટોકરદાસના આત્મશ્રેયાર્થે તેમજ પૂ. માતુશ્રી નાથીબેને કરેલ વિધવિધ આરાધનાની અનુમોદનાર્થે શા જેઇતાલાલ ટોકરદાસ પરિવાર તરફથી પંચાન્હિકા મહોત્સવનું આયોજન થયેલ.

ઉત્સવ રંગ વધ્રામણામાં

ભા. વદ	૧૨	૯–૧૦–૬૧	પ્રથમ દિને	શ્રી મહાવીર પંચ કલ્યાણક પુજા
,,	૧૩	૧૦ ,,	દ્વિતીય ,,	વીશ સ્થાનક મહાપૂજા
,,	૧૪	૧૧ ,,	તૃતીય ,,	અર્હદ અભિષેક ,,
,,	૦))	૧૨ ,,	ચતુર્થ ,,	૧૦૮ પાર્શ્વનાથ ,,
આ. સુદ	૧	૧૩ ,,	પંચમ ,,	બૃહદ અષ્ટોત્તરી સ્નાત્ર

દેવાસ–(છોટીપાથી) અત્રે અષ્ટાપદ જૈન મંદિર નિર્માણ થાય છે.
C/o. શાંતિલાલ જૈન, ૩૭ એમ. જી. રોડ, (એમ. પી.)

ચૌદ સ્વપ્ન ઉપર અનોખું ચિંતન

—પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.

ભગવાનની માતાને આવેલા પ્રથમ સ્વપ્નને પ્રથમ ગુણ સ્થાનક સાથે સરખામણી. પ્રથમ સ્વપ્ને હાથી જુએ છે. હાથી ઉત્તમ પ્રાણી છે કાદવમાં રમે છે. મિથ્યાત્વ ગુણ સ્થાનકે ચાર દૃષ્ટિનો વિકાસ થાય છે. વિકાસના માર્ગે ચાલે છે માટે ૧લા ગુણસ્થાનકે ગણાય છે. ગુણ વગર અખાડાનું ગુણ સ્થાનક કહેવાય છે. હાથી કાદવમાં રમે છે. પહેલા ગુણઠાણે જીવ મિથ્યાત્વમાં હોય છે.

૨ જુ સ્વપ્ન વૃષભ. વૃષભ બધું ખાતો નથી. કાંઇક રાખે છે. બીજા ગુણ સ્થાનકે સમકિતનો કંઇક આસ્વાદ હોય છે.

૩જા સ્વપ્ને સિંહ એ ઉત્તમ તેમજ ક્રુર પ્રાણી છે. મિશ્રભાવ સિંહમાં હોય છે. મિશ્ર ગુણ સ્થાનકે ધર્મ અધર્મ કોઈ ઉપર ભાવ અભાવ જેવું હોતું નથી.

૪થા સ્વપ્ને લક્ષ્મી. વ્યવહારમાં એમ કહેવાય છે કે જેની પાસે ધન હોય તેને કોઇ ઠેકાણે વાંધો નથી. તેમ સમકિત હોય તો ગમે તે ગતિમાં સમાધિને વાંધો આવતો નથી. સમકિતને લક્ષ્મીની ઉપમા આપી છે ધન તો વેશ્યા પાસે પણ હોય છે. પરંતુ હોય તો સાત ક્ષેત્રોમાં વાવવાનું મન થાય છે.

૫ માં સ્વપ્નમાં કુલની માળા. એ દેશ વિરતિ ગુણ સ્થાનકનું પ્રતિક છે. શ્રાવકનું જીવન સુંગંધી હોય છે તેથી ગુણની મહેક ચારે બાજુ ફેલાયેલી હોય છે માળા ચારે બાજુ હોય છે તેમ શ્રાવક જીવન હોય છે. શ્રાવક સર્વ વિરતિ ધર્મ, દિક્ષા, ચારિત્ર ધર્મનો પક્ષપતી હોય છે. સર્વ વિરતિ જીવન મેળવવા તડફડિયા મારતો હોય છે. બધી આરાધના કરતી વખતે તેનું લક્ષ ચરિત્રની પ્રાપ્તિ માટે હોય છે.

છઠું સ્વપ્ન ચન્દ્ર ચન્દ્રમાને જોઇ સમુદ્ર છલકાય તેમ જિનેશ્વરદેવને જોઇ સર્વ વિરતિધર છલકાય. ચંદ્રમામાં કલંક છે તેમ સર્વ વિરતિધરમાં પ્રમાદનું થોડું કલંક હોય છે. ચંદ્રમાં ગમે તેવો છતાં મહાદેવની જટામાં રહેલો છે. તેમ સાધુને ભગવંત કહીને બોલાય છે આવો સાધુ ક્ષણે ક્ષણે પરમાત્માને પ્રાર્થના કરતો હોય જેવો હું તેવો તારે મને સ્વીકારે ને છૂટકો. પ્રભુ તારી સહાયથી જ ભવસાગર તરાશે.

સાતમું સ્વપ્ન સૂર્ય. તે અપ્રમત્ત ગુણ સ્થાનકનું પ્રતિક છે, સૂર્યોદય થતાં ચોર ચોરી કરતાં અટકે છે તેમ અપ્રમત્ત દશા આવતા પ્રમાદ ચોર પલાયન થાય છે. જ્યારે આત્મ ચિંતનમાં જીવ ઊંડો ઉતરી જાય છે, ભાવ વિશોરતા સ્પર્શી જાય છે, ત્યારે આવી દશા પ્રાપ્ત થાય છે. આત્માની મસ્તી જીવ માણતો હોય છે.

આઠમું સ્વપ્ન સુવર્ણમય દંડ ધ્વજા. અપૂર્વ ગુણ સ્થાનકનું પ્રતિક છે. કેવળજ્ઞાન મેળવવા માટેની આગેકૂચ આઠમાં ગુણ સ્થાનકે થાય છે અને પ્રતિક તરીકે ધ્વજ છે. યુદ્ધમાં ધ્વજ આગળ હોય છે. આ એવું અપૂર્વ ગુણ સ્થાનક છે. ભૂતકાળમાં કદી નહિ આવેલા એવા અદ્‌ભૂત ગુણો આત્માના અધ્યવસાયો વિકાસને પામે છે. ઉપશમ શ્રેણિને ક્ષપક શ્રેણીથી કર્મોને પરાભવ કરીને કેવળજ્ઞાન મેળવવાને સહાયરૂપ ગુણ સ્થાનક છે. ધજામાં રહેલા સિંહને જોઇ જિનેશ્વરદેવની માતા આનંદમય બની જાય છે તેમ આરાધક આત્મા આ ગુણ સ્થાનકને સ્પર્શ કરતાં આનંદ વિભોર બની જાય છે જિનેશ્વરદેવ ની આજ્ઞા અને તેમને બતાવેલી આરાધના સિવાયનું બધું ધૂળ લાગે છે.

નવમું સ્વપ્ન પૂર્ણ કળશ. જે અનિવૃતિ ગુણ સ્થાનકનું પ્રતિક છે. વિજય પાત્રમાં અવરોધક ક્રોધ-માન-માયા-લોભને અહીં દૂર કરે છે. પરાક્રમ કરી હઠાવે છે કળશ એ મંગલનો સૂચક છે. ઘાંઘને ગાળે તેને મંગલ કહેવાય છે.

દસમું સ્વપ્ન પદ્મ સરોવર. જેમાં જાત જાતના પક્ષીઓના મધુરા ટહુકા સંભળાઇ રહ્યા છે મોહનો આધાર હોય તેને ઉખેડે છે. શુદ્ધ ભાવનાને પામે છે. અને કેવળજ્ઞાનની પહેલી ભૂમિકાનો આનંદ વ્યક્ત થાય છે. ભક્તના હૃદયનાં ભક્તિના રણકારા વાગે છે. ત્યારે શુદ્ધિ થઇ જાય. હૃદય શુદ્ધિનું પ્રતિક છે.

અગિયારમું સ્વપ્ન. ક્ષીર સાગર. ક્ષીર સાગરમાં પવનનાં મોજા આવે તો ફીણ સફેદ થાય છે પવનથી મોજા લહેરાય છે. પરંતુ પવન ચાલ્યો જતાં શાંતિ થાય છે. તેમ અગિયારમાં ગુણ સ્થાનકમાં કામચલાઉ મોહ શાંત પડે છે. પાછો સ્પ્રીંગની જેમ મોહ ઉછાળે છે. ઉપશાંત શ્રેણિવાળો ૧૧મે આવે છે ક્ષપક શ્રેણિવાળો તો આ ગુણસ્થાનકે આવતો નથી. ૧૧મું ઉપશાંત મોહનું પ્રતિક યે અશુભ કર્મોની હાજરીમાં પડતાં વાર લાગતી નથી. શુભ કર્મો શાંત થઇ જાય છે.

બારમા સ્વપ્ને દેવ વિમાન. ૧૨મું ગુણ સ્થાનક ક્ષીણ મોહનું પ્રતિક છે. બારમા સ્વપ્ને દેવ વિમાન છે. પરમ શાતા વેદનીય કર્મનો ઉદય હોય છે બારમા ગુણ સ્થાનકે મોહનું જોર ઘટી જવાથી આનંદનો અનુભવ થાય છે. શુભ ધ્યાનની શુભ્રતાથી કાલિમા ખતમ થાય છે. મોહતણ નાશ - પામી ગયો છે.

તેરમે સ્વપ્ને રત્નનો ઢગલો. જિનેશ્વરની માતા રત્નનો ઢગલો જૂવે છે અને ઇચ્છાઓ દૂર થઇ જાય છે ૧૩મે ગુણઠાણે આત્મામા રહેલાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત તપ, અનંત વીર્ય અને અનંત ઉપયોગ રૂપ રત્નોના ઢગલા

[અનુ. પાના નં ૨૧૬ ઉપર]



પ્યારા ભૂલકાંઓ,

ચાતુર્માસની શરૂઆત થઇ ગઇ છે. ચાતુર્માસમાં જીવોની ઉત્પત્તિ વિશેષ હોય છે. ઉપદ્રવ પણ ઘણો જ હોય છે. ઝીણા જીવો તો ચારે બાજુ ઉભરાય છે. ગરમીના ત્રાસથી ત્રાસી ગયેલા જીવો ભેજવાળી હવામાં ફરવા નીકળે છે, ઠંડક મેળવવાનો પ્રયત્ન કર છે.

હે ભૂલકાંઓ, તમે ચાતુર્માસમાં ખેલ-કુદ, રમત-ગમત, પકડા-પકડી, દોડાદોડ કરશો નહિ. જીવોની રક્ષા કરવા માટે આપણા સુગુરુ ભગવંતો ચાતુર્માસમાં એક સ્થાને રહે છે. દયા પાળવા માટે ખાસ હલન-ચલન પણ કરતાં નથી. દયા એ આપણો પહેલો ધર્મ છે ચાતુર્માસમાં બીરાજમાન સુગુરુઓ પાસે જઇ દયાદિનું તત્ત્વજ્ઞાન મેળવવા પ્રયત્નશીલ બનવું જોઇએ.

તત્ત્વજ્ઞાન મેળવતાં પહેલાં સુગુરૂ ભગવંતોની સારી રીતે સેવા-સુશ્રુષા કરવા ભલામણ.

મેળવેલા તત્ત્વજ્ઞાનથી તમારી લાંબી જીવન મંઝીલ મઝેની કપાશે. તેમાં આવતો કાટાંળો માર્ગ જરૂરથી દૂર થઇ જશે. તત્ત્વજ્ઞાનથી તમારૂં જીવન પવિત્ર બનશે. સારાં સંસ્કારોથી તમારું જીવન સુવાસીત બની ઉઠશે. માતા-પિતાની સેવા તથા સુગુરુઓની વૈયાવચ્ચ-ભક્તિ સાથે ધર્મજ્ઞાન જરૂરથી મેળવજો.

ચોમાસામાં શું શું આરાધના શરુ કરી છે તે ટુંકમાં જણાવશો. યોગ્ય હશે તો તમારી બાલવાટિકામાં છપાઇ જશે.

મૌલિક સુંદર લખાણો, સંસ્કાર પોષક લખાણો, ટુંકા લખાણો, કથાનક આદિ લખાણો કાગળની એક બાજુ સુંદર અક્ષરોએ લખી મોકલવા.

તે માટે નોંધી લો મારું સરનામું.

'રવિશિશુ' કે. જૈન શાસન કાર્યાલય,

— આજનો વિચાર —

'બધાને શાતા ઉપજાવે તેવું વચન'
સૌને ગમે.

વધ્યા... ઘટયા...!!!

માણસ વધ્યા... પણ.... માણસાઇ ઘટી
બેવકુફ વધી.... પણ... વફાદારી ઘટી
સેવક વધ્યા... પણ... સેવા ઘટી
લક્ષ્મી વધી.... પણ.... શારદા ઘટી
શૃંગાર વધ્યા... પણ... શીલ ઘટયા
વાહન વધ્યા... પણ... આયુષ્ય ઘટયા

પુસ્તક વધ્યા... પણ... પંડિત ઘટયા
વિચારો વધ્યા... પણ... આસારો ઘટયા
રોગ વધ્યા... પણ... દવાઓ ઘટી
ગુન્હા વધ્યા... પણ... પોલીસ ઘટી

ટીના એમ. શાહ

વિશ્વાસ કરશો ?

વેશ્યાનો વિશ્વાસ કરશો નહિ
સોનીનો વિશ્વાસ કરશો નહિ
સર્પનો વિશ્વાસ કરશો નહિ
જુગારીનો વિશ્વાસ કરશો નહિ
વાણિયાનો વિશ્વાસ કરશો નહિ
કુમિત્રનો વિશ્વાસ કરશો નહિ
નદીનો વિશ્વાસ કરશો નહિ
શીંગડાવાળા જાનવરનો વિશ્વાસ કરશો નહિ

અમીષ આર. શાહ

કદીયે નહિ

પ્રભુને કદીયે વિસરવા નહિ
હિંમત કદીયે હારવી નહિ
નમાલા કદીયે બનવું નહિ
કૃપણતા કદીયે કરવી નહિ
કુસંપ કદીયે કરવો નહિ
વિનય કદીયે ચૂકવો નહિ
અણ-વિચાર્યું કદીયે બોલવું નહિ
સહનશીલતા કદીયે છોડવી નહિ
ખાતા કદીયે બોલવું નહિ
કડવા વહેણ કદીયે કોઇને કહેવા નહિ
બાલવાટિકાનો સંગ કદીયે છોડવો નહિ

અમીતા મ. શાહ

કહેવતમાં રસથાળ

નીચે આપેલ કહેવતમાં અમુક શબ્દ ખુટે છે ખાલી જગ્યા પૂરો...

અકરમીનો દડિયો .....
અક્કલનો .....
અકકલ વેચી.....ખાધા
અકકલ.....કે બોંસ
નસીબના બળિયા, પકાવી ખીચડીને થઇ ગયા.....

મેઘા પી. શાહ

(પાના ૨૧૫ નું ચાલુ)

ઝગઝગાયમાન થઇ જાય છે. સયોગી ગુણ સ્થાનક કહેવાય છે. આત્મા મોક્ષ સુખનો અનુભવ કરે છે, ઇચ્છાઓ નાબૂદ થઇ જાય છે. કેવળજ્ઞાન રૂપી પ્રકાશ થતાં મોહ રૂપી અંધકાર ભસ્મીભૂત થઇ જાય છે.

ચૌદમા સ્વપ્ને નિર્ધૂમ અગ્નિ દેખાયો. નિર્ધૂમ એટલે ધૂમાડા, વગરનો. ચૌદમું ગુણ સ્થાનક અયોગી ગુણ સ્થાનકનું પ્રતિક છે. સકલ કર્મનો સર્વથા નાશ કરી રહતવર્ષ રૂપ અવ્યાબાધ સુખને પામે છે. ધૂળ ઉપર જઇ ઉડી જાય છે તેમ આત્મા ઉપર જતાની સાથે યોગ ઉડી જાય છે. અજર-અમર શાશ્વતપદની પ્રાપ્તિ, અધ્યાત્મનું ચરમ અને પરમ ફળની પ્રાપ્તિ. સર્વ દુઃખો સર્વ પાપોની સદા માટે વિરામ.

૧૫૦ ઉપરાંત સાધુ-સાધ્વી ભગવંતોના ગુરૂદેવ

જૈનાચાર્ય શ્રી વિબુધપ્રભસૂરીશ્વરજી મ. કાલધર્મ પામ્યા



પૂ. આ. ભ. શ્રી
વિબુધપ્રભ સૂ. મ.

પ. પૂ. સંઘસ્થવિર આચાર્યદેવ શ્રીમદ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મ. ના પટ્ટધરરત્ન પ. પૂ. ગાંભીર્યાદિ ગુણનિધિ આ. ભ. શ્રીમદ વિજય મેઘસૂરીશ્વરજી મ. ના પટ્ટધરરત્ન પ. પૂ. પ્રશાંતમૂર્તિ આ. ભ. શ્રીમદ વિજય મનોહર સૂરીશ્વરજી મ. ના પટ્ટધરરત્ન પ. પૂ. સિદ્ધાંતનિષ્ઠ આ. ભ. શ્રીમદ વિજય વિબુધપ્રભ સૂરીશ્વરજી મ. શ્રાવણ સુદ ૪ની રાત્રે ૧૧-૩૦ વાગે પ. પૂ. ભેમંકર વિજયજી મ. પ. પૂ. કુમુદચંદ્ર વિજયજી મ. આદિ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં પરમ સમાધિ પૂર્વક ૬૫ વર્ષના દીક્ષા પર્યાય વાળી કાલધર્મ પામ્યા છે. એ દિવસે શિવ-અંજમાં બધા બજાર બંધ રાખવામાં આવેલ.

પૂ. સ્વ. સૂરિદેવનો ટુંક પરિચય

૧ નામ વ્રજલાલ, પિતા સકરચંદભાઈ, માતા રાનીમતીબેન
૨ જન્મ વિ. સં. ૧૯૭૩ આસો સુદ ૧૫ મહેસાણા
૩ દીક્ષા વિ. સં. ૧૯૮૮ પોષ વદી ૫ અમદાવાદ
૪ પંન્યાસપદ વિ. સં. ૨૦૧૭ માગસર સુદ ૬ અમદાવાદ
૫ આચાર્ય પદ વિ. સં. ૨૦૨૯ માગસર સુદ ૨ સાણંદ
૬ દીક્ષા પર્યાય ૬૫ વર્ષ, આયુ. ૭૮ વર્ષ
૭ સવા ક્રોડ સૂરિમંત્રનો જાપ વિ. સં. ૨૦૫૦ પાલીતાણા
૮ અગ્નિ સંસ્કાર કાલધર્મ વિ. સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૫ તા. ૧૬-૮-૯૬

પૂજ્યશ્રીની નિશ્રામાં શાસન-પ્રભાવના

ભવ્ય ઉપધાન વિ. સં. ૨૦૫૨ તિખી [રાજસ્થાન]
ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૨ જાલોર
૧ વિ. સં. ૨૦૩૦માં ઉમેટા (વડોદરા)માં ભવ્ય ઉપધાન

૨ વિ. સં. ૨૦૬૭માં કોલ્હાપુર ઉપધાન તપ
૩ વિ. સં. ૨૦૧૭માં લાલબાગ (મુંબઈ)માં મુનિ કુમુદચંદ્ર વિ. મ. ની દીક્ષા (પોતાના અંતેવાસી)
૪ વિ. સં. ૨૦૨૮માં છાણીમાં મુનિ ગુણચંદ્ર વિ.મ.ની દીક્ષા (પોતાના અંતેવાસી)
૫ વિ. સં. ૨૦૪૧માં આહોરમાં ઉપધાન તપ
૬ વિ. સં. ૨૦૪૩માં જાલોરમાં ઉપધાન
૭ વિ. સં. ૨૦૪૩માં પૂ. આ. ભ. શ્રી ગુણરત્નસૂ. મ.ને ગણિપદ પ્રદાન જાલોરમાં
૮ વિ. સં. ૨૦૫૨માં તિખી (જાલોર)માં ઉપધાન તપ
૯ વિ. સં. ૨૦૪૨માં ગોલ (ઉમેદાબાદ)થી જેસલમેરનો છ'રી પાલતો સંઘ
૧૦ વિ. સં. ૨૦૩૩માં ઇંચલકરંજી થી કુંથલગિરિનો છ'રી પાલતો સંઘ
૧૧ વિ. સં. ૨૦૪૧માં ગોલ (ઉમેદાબાદ)માં ભવ્ય પ્રતિષ્ઠા
૧૨ વિ. સં. ૨૦૪૯માં વિશનગઢમાં ભવ્ય પ્રતિષ્ઠા
૧૩ વિ. સં. ૨૦૫૦માં પૂ. આ. ભ શ્રી નરચંદ્ર સૂ. મ.ની આચાર્ય પદવી તથા ઉપાધ્યાય શ્રી અજિત વિ. મ.ની ઉપાધ્યાય પદવી
૧૪ વિ. સં. ૨૦૫૧માં તિખી (રાજસ્થાન)માં ભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા

૧ સાધ્વીજી સુમંગલાશ્રીજીના નિશ્રાવર્તી સાધ્વીજી, ૧૧ લાખ સ્વાધ્યાય, ૩ હજાર કલાક મૌન, ૩૧ ઉપવાસ, ૫૧ આયંબિલ, ૧૦૧ એકાસણા, ૫૦૧ બેસણા ૫૦૧ ક. વાંચન.

૨ સાધ્વીજી વિજયાશ્રીજીનો પરિવાર : ૨૫ લાખ સ્વાધ્યાય, ૧૦૦ ઉપવાસ, ૧૦૦ આયંબિલ, ૧૦૦ એકાસણા ૧ લાખ અરિહંતનો જાપ, ૭૬૦ કલાક મૌન, ૧૬ બે ઘડી.

૩ સાધ્વીજી ચંદ્રપ્રભાશ્રીજીનો પરિવાર : ૧ લાખ સ્વાધ્યાય, ૨૫ એકાસણા, ૧ લાખ અરિહંતનો જાપ, ૨૫ ઉપવાસ, ૨૫ બિઆસણા,

૪ સાધ્વીજી રત્નપ્રભાશ્રીજીનો પરિવાર : ૧ લાખ સ્વાધ્યાય, ૫૦૦ કલાક મૌન, ૩૧ આયંબિલ, ૫૧ એકાસણા, ૫૧ બેસણા, ૨૫ ઉપવાસ.

૫ સાધ્વીજી જયપ્રભાશ્રીજીનો પરિવાર : ૧૧ લાખ સ્વાધ્યાય, ૫૧ ઉપવાસ, ૫૦ આયંબિલ, ૧૦૧ એકાસણા, ૫૦૦ કલાક મૌન.

૬ સાધ્વીજી કક્ષાશ્રીજીનો પરિવાર : ૨૫ લાખ સ્વાધ્યાય, ૧૦૦ ઉપવાસ, ૧૦૦ આયંબિલ, ૧૦૦ એકાસણા, ૧૦૦ બેસણા.

૭ સાધ્વીજી મદનસેનાશ્રીજીનો પરિવાર : ૧૧ લાખ સ્વાધ્યાય, ૨૫ ઉપવાસ, ૨૫ આયંબિલ, ૫૧ બેસણા, ૧૦૦૦ કલાક મૌન.

૮ સાધ્વીજી શતગુણાશ્રીજીનો પરિવાર : ૧૧ લાખ સ્વાધ્યાય, ૨૫ આયંબિલ, ૨૫ એકાસણા, ૨૫ બેસણા.

સ્વ. સુરિદેવના ચાતુર્માસો

વિ. સં. ૧૯૮૮-૯૦ અમદાવાદ, વિ. સં. ૧૯૯૧ સાણંદ, વિ. સં. ૧૯૯૨-૯૩ અમદાવાદ, વિ. સં. ૧૯૯૪થી ૧૯૯૭ સાણંદ, વિ. સં. ૧૯૯૮થી ૨૦૦૪ સુધી અમદાવાદ, વિ. સં. ૨૦૦૫ વિસલપુર, વિ. સં. ૨૦૦૬-૭-૮ અમદાવાદ, વિ. સં. ૨૦૦૯-૧૦-૧૧ સાણંદ, વિ. સં. ૨૯૧૨ થી ૧૬ અમદાવાદ, વિ. સં. ૨૦૧૭ રાજકોટ, વિ. સં. ૨૦૧૮ ખંભાત, વિ સં. ૨૦૧૯ અમદાવાદ, વિ. સં. ૨૦૨૦ શાંતાક્રૂજ (મુંબઇ), વિ. સં. ૨૦૨૧ મરીન લાઇન (મુંબઈ), વિ. સં. ૨૦૨૨ સંગમનેર, વિ. સં. ૨૦૨૩ અમદાવાદ, વિ. સં. ૨૦૨૪ સુરત, વિ. સં. ૨૦૨૫ લાલબાગ ભૂલેશ્વર (મુંબઇ), વિ. સં. ૨૦૨૬ માટુંગા (મુંબઇ), વિ. સં. ૨૦૨૭-૨૮ અમદાવાદ, વિ. સં. ૨૦૨૯ મહેસાણા, વિ. સં. વિ. સં. ૨૦૩૦ સંગમનેર, વિ. સં. ૨૦૩૧ વીજાપુર [કર્નાટક], વિ. સં. ૨૦૩૨ કોલ્હાપુર, વિ. સં. ૨૦૩૩ ડોંબિવલી, વિ. સં. ૨૦૩૪ નિપાણી, વિ. સં. ૨૦૩૫ ભીવંડી (થાણા), વિ સં. ૨૦૩૬ અમદાવાદ, વિ. સં. ૨૦૩૭ ઓરસદ, વિ. સં. ૨૦૩૮ અમદાવાદ, વિ. સં. ૨૦૩૯ ઉસ્માનપુરા [અમદાવાદ], વિ. સં. ૨૦૪૦ પાલીતાણા, વિ. સં. ૨૦૪૧ સતતાસણા. વિ. સં. ૨૦૪૨ ગોલ [ઉમેદાબાદ], વિ. સં. ૨૦૪૩ જાલોર, વિ. સં. ૨૦૪૪ અમદાવાદ, વિ. સં. ૨૦૪૫ આહોર, વિ. સં. ૨૦૪૬ શિવગંજ, વિ. સં. ૨૦૪૭ પાટણ વિ. સં. ૨૦૪૮ કાંતરોડ, વિ. સં. ૨૦૪૯ અમદાવાદ, વિ.સં. ૨૦૫૦ પાલીતાણા વિ.સં. ૨૦૫૧ તિખી, વિ.સં. ૨૦૫૨ અંતિમ ચાતુર્માસ શિવગંજ.



અંતિમ યાત્રામાં મુંબઈ; અમદાવાદ, કેશવણા, જાલોર, ગોલ, આહોર, વિશલપુર, સુમેરપુર, વિશનગઢ, આદિ નગરોથી ખુબ ભકતો આવ્યા હતા બોલીનો રેકાર્ડ૩૫ થયેલ છે અત્રે પોરવાલ જૈન સંઘ તરફથી પૂજ્ય પાદશ્રીના સમાધિમય સ્વર્ગવાસ નિમિતે અટ્ઠાઈ મહોત્સવ થયેલ.

વરઘોડામાં ગુલાલ ઉડાડવામાં આવેલ. વર્ષીદાન થયેલ આ બધી કુલ ૩૦ બોલિયા થયેલ. જીવદયાની ટીપ પણ થયેલ. આ શુરૂ નિર્વાણ મહોત્સવે શિવગંજ નગરમાં નવો રેકાર્ડ સ્થાપિત કરેલ.

આત્માને ઉપદેશ

ચેતે તો ચેતાવું તનેરે, પામર પ્રાણી. ટેક

સજી ઘરબાર સારૂ, મિથ્યા કે' છે મારૂ મારૂ
તેમાં નથી કશું તારૂ રે, પામર પ્રાણી. ૧

તારે હાથે વપરાશે, તેટલું જ તા'રૂ થાશે;
બીજું તો બીજાને જાશેરે, પામર પ્રાણી. ૨

આખીયેઅે મધ કીધું, ન આપ્યુ ન દાન દીધું,
લુંટનારે લુંટી લીધુરે, પામર પ્રાણી. ૩

અંધેરીને હાથ ખાલી, ઓચિંતાનું જવું ચાલી.
કરે માથાકુટ ઠાલી રે, પામર પ્રાણી ૪

સાહુકારીમાં સવાયો, લખ્ખોપતિ તું લખાયો;
કહે સાચુ શું કમાયોરે, પામર પ્રાણી. ૫

આવે તા'રી સાથે એવો, કમાયો તું માલ કેવો;
અવેજ તપાસ તેવો રે, પામર પ્રાણી. ૬

દેવે નરતનુ દીધી, તેંતો ન કિમ્મત કીધી;
મણી સાટે મેંશ લીધી રે, પામર પ્રાણી. ૭

ભોળામાંથી ધન ભોયુ, બુળથી કપાળ ધોયુ;
જાણપણું તા'રૂ જાયુ રે, પામર પ્રાણી. ૮

હાજી હાથમાં છે બાજી, કર તું પ્રભુને રાજી;
તા'રી મુડી કર તાજી રે, પામર પ્રાણી ૯

હાથમાંથી બાજી જાશે પછીથી પસ્તાવો થાવી;
કશુ ન કરી શકાશેરે, પામર પ્રાણી. ૧૦

મનનો વિચાર તા'રો, મનમાં રહી જનારો;
વળતી ન આવે વારો રે, પામર પ્રાણી. ૧૧

નીસર્યો જ્યાં શરીરથી, પછી તું માલેક નથી;
કલપતે દીધું કથી રે, પામર પ્રાણી. ૧૨

દૃષ્ટિ.... દૃષ્ટિ.... દૃષ્ટિ....

જ્ઞાનીઓએ બે પ્રકારની દૃષ્ટિ કહી છે એક તો સિંહદૃષ્ટિ સમા અન્ય પ્રવાનદૃષ્ટિ સમા.

દૃષ્ટિ તો સિંહની...સિંહ, પોતાના પર આવેલા બાણને જોઈને બાણ ફેંકનારને શોધે છે. હુમલો કરશે. તોય પોતાને ઘાયલ કરનાર બાણ ઉપર નહિ પરંતુ બાણ ફેંકનાર શિકારી પર તુટી પડશે.

પેલો પ્રવાન, કુતરો, પોતાના પર આવેલા પથ્થરને જોશે. પથ્થર ફેંકનારની સામે જોશે પણ નહિ હુમલો કરશે તોય, પોતાને ઘાયલ કરનાર પથ્થર પર કરશે, બચકાં ભરશે તોય પથ્થરને. પથ્થર કયાંથી આવ્યો, કોણે ફેંકયો તેની સામે દૃષ્ટિ પણ નથી કરતો. આવી દૃષ્ટિને તો સૌ મજેથી પહોચાને છે.

એમ ! સંસારમાં પણ આવા જ બે પ્રકારના જીવો હોય છે. એક તો સિંહદૃષ્ટિ સમા અને બીજા પ્રવાન દૃષ્ટિ સમા. પ્રવાન દૃષ્ટિ સમા જીવોને કોઇ તરફથી દુઃખ થયું હોય કે અહિત થતું હશે તો આ આત્માઓ દુઃખ દેનારા અને અહિત કરનારા નિમિતોને જ ભાંડશે. એના પર દ્વેષ પ્રગટ કરશે.

એ રીતે સુખ આપનારા કે હિત કરનારા નિમિતોની યશોગાથા ગાશે અને આવા નિમિતો ઉપર રાજ કરશે. ત્યારે જીવ એવો વિચાર નથી કરતો કે સુખ-દુઃખ દેનારા કે મારૂં હિત-અહિત કરનારા નિમિતો મને મળ્યા કઇ રીતે ? આ નિમિતો કોણે ઉભા કર્યા. પોતે જ ને ?

સિંહદૃષ્ટિ વિચારે છે કે, મારૂં હિત કરનાર પણ હું છું અને અહિત કરનાર પણ હું જ છું. આવી પડેલ દુઃખ-સુખ પણ મારા જ કર્મનું ફળ છે. બીજા તો નિમિત્ત માત્ર છે.

પોતે ખરાબ કર્મ આચર્યા એનાજ પ્રતાપે આવા મીઠાં ફળ મળ્યા ને સારાં કર્મ આચર્યા હોત તો મીઠાં ફળ મળત. મીઠાં અને મીઠાં ફળને પેદા કરનારો હું જ છું.

કોઇ તારૂં અહિત નથી કરતું કોઇ તારૂં હિત નથી કરતું તે પોતે જ કરેલા સુખ-દુઃખને તું ભોગવે છે. તો પછી શા માટે દીન-હીન બને છે.

સુખ આવે ખુશી શી ? અને દુઃખ આવે ખેદ શો ?

જીવડા ! રાંધ્યો તો ઠંસાર

પણ થયો સંસાર.

—વિરાગ

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- બીજાનો ગુણ નાનો હોય તો મોટા માનીને જોવો. પોતાનો મોટો પણ ગુણ નહિવત્ માનવો. દોષ જોવા તો પોતાના જ જોવા પણ પારકાના નહિ. કદાચ બીજાના દોષ દેખાઈ જાય તો તેનું ભલું થાય તેવા પ્રયત્નો જરૂર કરવા પણ તેની નિંદા કરી આત્માને મલીન ન બનાવવો.
- 'ઓડહ'નો પરમાર્થ એ તે સિદ્ધ પરમાત્મા અને અહમહુ, જેવા તે સિધ્ધ પરમાત્મા છે તેવો જ હું છું તેમના આત્મગુણો પ્રગટ થયેલા છે. 'હુ' માં આત્માગુણો દબાયેલાં છે તે પ્રગટ થઇ જાય તો હું પણ તે થાઉં.
- ગમે તેવા કાળમાં પણ આપણે આપણા ધર્મને સાચવીને જીવવું તેનું નામ ડહાપણ.
- આર્યદેશના ત્યાગી પાસે ગામમાં ઘર ન હોય, બજારમાં પેઢી ન હોય. જંગલમાં જમીન ન હોય, પાસે કુટી કોડી ન હોય, અને બસ ત્યાગીને તો પાણીનું ટીપું જોઇએ તો તમારા ઘરે આવવું પડે. તે કૂવા-તળાવના પાણી અડે પણ નહિ તેની બધી મર્યાદા જુદી.
- ગમે ત્યાંથી ગમે તે રીતે લાવવું તે મનોવૃત્તિ આવી ત્યારથી કળું બજાર અને કાળો પૈસો આવ્યો.
- શ્રી નવપદનો આરાધક આત્મા, બધે માથું હલાવે નહિ, બધી વાતમાં હા પાડે નહિ, ખોટી વાતમાં સહી કરે નહિ.
- પ્રમાદ સારો લાગે ત્યાં સુધી જીવ પ્રમાદ માટે જ ધર્મ કરવાનો પ્રમાદ ભૂંડો લાગે પછી જ ધર્મ ગમે, સમજવાનું મન થાય અને આજ્ઞા મુજબ કરવાનું મન થાય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણ ઉસભાઇ-મહવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

Received
4-12-96

જૈન શાસન

શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
જિ. ગાંધીનગર, પિન-382009.

અઠવાડિક


વર્ષ. ૯ અંક ૧૨-૧૩

જૈન રત્ન શ્રમણી ભગવંતો

૯ માં વર્ષનો વિશેષાંક

પરમ ઉપકારી ગુરૂદેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી સ્વ. શાહ ધરમશી નથુભાઇ (કાનાલુંશ-હાલાર) તથા તેમના પૌત્ર સ્વ. ચન્દ્રકાન્તભાઇ તથા સ્વ. નરેન્દ્રભાઇ જુઠાલાલભાઇના શ્રેયાર્થે શ્રીમતી પાનીબેન ધરમશી તથા શાહ જુઠાલાલ ધરમશી તથા શ્રીમતી યશોદાબેન જુઠાલાલ શાહ પરિવારની શુભેચ્છા.

14 WHITTINGTON WAY
PINNER MIDDX LONDON
HA5 6UT (U.K.)



વર્ષ : ૬] ૨૦૫૩ કારતક સુદ-૬ મંગળવાર તા. ૧૬/૨૬-૧૧-૯૬ [અંક : ૧૨-૧૩

સાધ્વી મૃગાવતીશ્રીજી અને સાધ્વી શ્રી ચંદનબાલાશ્રીજી

–પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

એક વાર કૌશામ્બી નગરીમાં શ્રી મહાવીર પરમાત્મા સમવસર્યા હતા. એ વખતે એ તારકને વંદન કરવાને માટે સૂર્ય નામના ઇન્દ્ર અને ચંદ્ર નામના ઇન્દ્ર પોતપોતાના મૂલ વિમાન સહિત ત્યાં આવ્યા. એ વિમાનોના પ્રકાશને અંગે બન્યું એવું કે દિવસ પૂરો થઇ ગયો. અને રાત્રિ શરૂ થઇ ગઇ હોવા છતાં પ્રકાશ એવો ફેલાઇ રહ્યો કે જેથી દિવસ પૂરો થઇ ગયો એમ સામાન્યપણે જાણી શકાય એવું નહોતું. એથી સાધ્વીજી મૃગાવતીજીને રાત્રિ પડયાની ખબર પડી નહિ એટલે એઓ ત્યાં સમવસરણમાં બેસી રહ્યા. એટલામાં સૂર્ય અને ચન્દ્ર ચાલ્યા ગયા. સ્વાભાવિક રીતીએ રાત્રિનો અંધકાર ફેલાવા માંડયો.

સાધ્વીજી શ્રી મૃગાવતીજીએ જોયું તો જણાયું કે મહત્તરા ચંદનબાળાજી કે જે તેમનાં ગુરૂણીજી હતાં તે તો ચાલ્યાં ગયાં હતાં આથી તેમને ક્ષોભ થઇ ગયો. ભય-ભીત બનેલા તેઓ જ્યારે ઉપાશ્રયે પહોંચ્યાં ત્યારે પ્રવર્તિની શ્રી ચંદનબાલાજી તો સૂઇ ગયાં હતાં. ચંદનબાલાજી તો સૂર્યાસ્તનો સમય જાણીને વહેલા ચાલી આવેલાં. મૃગાવતીજીએ આવતાવેંત પ્રવર્તિની ચંદનબાળાજીને કહ્યું કે 'મારો અપરાધ ક્ષમા કરો!' એ વખતે ચંદનબાળાજીએ કહ્યું કે, ભદ્રે! કુલીન એવા તમારા માટે આ યોગ્ય નથી.'

વિચાર કરો કે સાધ્વી મૃગાવતીજીનો ગુન્હો શો હતો? અનુપયોગ થયો એટલો જ ને? તેમાં ય અનુપયોગ થઇ જવાના સંયોગો તો હતા જ. પ્રભુને અંગે ખબર

નહોતી. બાકી એ સ્થાન કેવું હતું ? ભગવાનનું સમવસરણ, ભગવાનનો એવો અતિશય હોય છે કે, 'ત્યાં બેઠેલાઓ પૈકીના કોઇનેય વૈર-વિરોધ કે વિકાર જાગે નહિ.' અને જ્યાં રાત્રિ પડી ગઈ છે-એ જણાયું કે તરત જ સાધ્વીજી મૃગાવતીજી ઉપાશ્રય તરફ વળ્યાં હતાં, આમ છતાં પણ મૃગાવતીજીને લાગ્યું કે અનુપયોગ થયો. એટલી પણ ભૂલ થઈ જ ને ? અને મર્યાદાનો ભંગ થયો ગણાય. આથી તેમણે પોતાનો અપરાધ માફ કરવા પ્રવર્તિનીને કહ્યું, પ્રવર્તિનીએ પણ એટલું જ કહ્યું હતું કે કુલીન એવા તમારા માટે આ યોગ્ય નથી.

આની સામે પણ મૃગાવતીજીએ પોતાના ગુરૂણીજી ચંદનબાળાજીના પગમાં પડીને એમ કહ્યું કે, 'ફરીથી આવું હું નહિ કરું.' બીજો કશો જ બચાવ કર્યો નહિ. અપરાધ તો થયો પણ અપરાધ થવાની કેટલી મોટી સંભાવના હતી, તેની વાત સરખીય ઉચ્ચારી નહિ, સંયોગો એવા હતા કે એ સંયોગોમાં ગમે તેની ભૂલ થાય તો તેમાં જરાય આશ્ચર્ય પામવા જેવું નથી. આવું કાંઇ જ કહ્યું નહિ. બાકી એક વાકયમાં પણ ઉપાલંભ જેવો તેવો નહોતો દેવાયો. કેમ ? મહત્તરા શ્રી ચંદનબાળાજીએ એમને કુલીન કહ્યાં અને ખરેખર જ એ કુલીન હતા. સાધ્વી મૃગાવતીજીમાં કુલીનપણાનો ગુણ હતો. તો એ ગુણે એમનાં કેવલજ્ઞાનને પણ ખેંચી આણ્યું. કુલીનપણાનો ગુણ હોવાથી, તેમણે પોતાના ગુરૂણીજી પ્રવર્તિનીને જવાબમાં એમ જ કહ્યું કે, 'ફરીથી આવું હું નહિ કરું' અને એમને ખાતરી હતી કે-'મારા આ જવાબથી પ્રવર્તિનીને જરૂર સંતોષ થશે.'

પરંતુ સુંદર ભવિતવ્યતાના યોગે બન્યું એવું કે પ્રવર્ત્તિની ચંદનબાળાજી 'કુલીન એવા તારા માટે આ યોગ્ય નથી.' એટલું માત્ર કહીને નિદ્રામાં આવી ગયાં. આથી તેમણે, સાધ્વીજી મૃગાવતીજીએ જે એમ કહ્યું કે, 'ફરીથી આવું નહિ કરું.' તેનો કાંઇ ઉત્તર આપ્યો નહિ. અહીં આમ બન્યું પણ મૃગાવતીજી ઉપર એમની જુદી જ અસર થવા પામી, કેમ કે, એ કુલીન હતાં. મૃગાવતીજીને લાગ્યું કે, 'મારા જવાબથી પણ મારા પ્રવર્તિનીને પૂરતો સંતોષ નથી થયો. જ્યાં સુધી મારા પ્રવર્તિની મને 'તારો અપરાધ માફ કર્યો.' એમ કહે નહિ ત્યાં સુધી મારાથી અહીંથી ઉઠાય નહિ.' આવો નિર્ણય કરીને સાધ્વીજી મૃગાવતીજી તો પોતાના ગુરૂણીના પગમાં પડ્યાં પડ્યાં ખમાવતાં જ રહ્યાં. એ દરમ્યાનમાં ગુરૂણીને જરા ઢંઢોળવાનો પ્રયત્ન સરખો પણ એમણે કર્યો નહિ.

એમ ખમાવવાની ભાવનમાં રમતાં સાધ્વીજી મૃગાવતીજીએ, ત્યાં ક્ષપકશ્રેણી માંડી અને કેવળજ્ઞાન ઉપાજર્યું ? ક્ષમાપનાના પરમ ફળને એ આમ પામી ગયાં. ક્ષમાપના કરવાને માટે હૈયાને જેમ ખૂબ નિર્મળ બનાવવું જોઈએ, તેમ નમ્ર પણ ખૂબ બનાવવું જોઈએ. હૈયું નમ્ર બન્યા વિના, સાચો ક્ષમાપનાનો ભાવ આવે નહિ અને એ વિના હૈયું નિર્મળ બને નહિ. અને હૈયું જો નિર્મળ ન બને, તો ક્ષમાપનાનો જે લાભ મળવો જોઇએ, તે લાભ મળે શી રીતિએ ? ક્ષમાપના આવી રીતિએ કરવી જોઇએ, એવું શીખવાને માટે, આ ઉદાહરણ આપવામાં આવ્યું છે; તે માટે વિચાર કરો કે સાધ્વી મૃગાવતીજીની જગ્યાએ આપણે હોઈએ, એ સંયોગોમાં આપણે કેમ કરીએ ને શું કહીએ ? ગમે તેનાથી થઇ જવી સુસંભવિત એવી ભૂલ, કે જે ખાસ ભૂલ તો ગણાય નહિ, તેમાં આપણે ગુરૂના પગે પડી જઇએ ? અને માફી મેળવ્યા વિના આપણને ચેન પડે નહિ ?

દરેક ઠેકાણે આવી રીતિએ ક્ષમાપના કરી શકીએ ખરા ? આજે ભલે આપણામાં એવી લાયકાત ન પણ હોય, પણ આપણેય આવી લાયકાત કેળવવી જોઇએ, એમ તો થાય ને ? અને એમ થાય તો જ આપણે આપણામાં આવી લાયકાતને કેળવવાનો પ્રયત્ન કરી શકીએ ને ?

સાધ્વીજી મૃગાવતીજીએ તો પોતાની લાયકાતના બળે પોતાના કેવલજ્ઞાનરૂપ ગુણને પ્રગટાવ્યો. પણ પોતાની ગુરૂણીજીને પણ તેમના એ ગુણને પ્રગટાવવાને માટેનું એક સુંદર નિમિત્ત એ પૂરું પાડી શકયાં. સાધ્વીજી શ્રી મૃગાવતીજીને કેવલજ્ઞાન પ્રગટયું તે પછીથી પ્રવર્તિની ચંદનબાળાજીને પણ સુન્દર ભવિતવ્યતાના યોગે બન્યું એવું કે એક કાળો નાગ એ તરફ આવી રહયો હતો. એ નાગ જે રસ્તે આવી રહયો હતો તે રસ્તામાં, ઉંઘતા એવા મહત્તરા સાધ્વીજી શ્રી ચંદનબાળાજીનો હાથ પડેલો હતો. કેવલજ્ઞાની સાધ્વીજી મૃગાવતીજીએ એ આવતા સર્પને જ્ઞાનના પ્રકાશથી જોયો એટલે એમણે પોતાના ગુરૂણીજી શ્રી ચંદનબાળાજીના હાથને ઉપાડીને બાજુમાં બેસેડી લીધો.

પ્રવર્તિની શ્રી ચંદનબાળાજી ઉંઘી ગયાં હતાં પણ એમની નિદ્રા અઘોરીની જેવી નહોતી. એમની નિદ્રા શ્વાન જેવી. જરાક અવાજ થાય કે સ્પર્શ થાય, ત્યાં જાગી જાય, એવી એમની નિદ્રા હતી. એટલે સાધ્વીજીએ જેવો એમના હાથને બેસેડયો તેવા જ એ જાગ્રત થઇ ગયાં, જાગ્રત બનેલાં તેમણે સાધ્વીજી મૃગાવતીજીને પાસે બેઠેલાં જોયાં એટલે પૂછયું કે 'મારા હાથને બેસેડયો ?' સાધ્વીજી મૃગાવતીજીએ કહ્યું કે 'આ માર્ગે સર્પ આવી રહયો હતો માટે !'

આવો જવાબ સાંભળવાથી પ્રવર્તિની શ્રી ચંદનબાળાજીને આશ્ચર્ય થયું કારણ કે એ વખતે ત્યાં રાત્રિનો ગાઢ અંધકાર વ્યાપેલો હતો અને એવા અંધકારમાં ચર્મ-ચક્ષુથી સર્પને જોઈ શકાય એ અશક્ય હતું. આ આશ્ચર્યે પ્રવર્તિનીજી શ્રી ચંદનબાળાજીમાં જિજ્ઞાસા પ્રગટાવી. આશ્ચર્યથી અને જિજ્ઞાસાથી ગુરૂણીજી ચંદનબાળાજીએ શિષ્યા મૃગાવતીને પૂછયું કે 'આવા ગાઢ અંધકારમાં તે સર્પને શી રીતિએ જોયો ?'

કેવલજ્ઞાની સાધ્વીશ્રી મૃગાવતીજીએ કહ્યું કે, 'જ્ઞાનથી જોયો.' ઝટ પ્રવર્તિની શ્રી ચંદનબાળાજી બેઠાં થઇ ગયાં અને પૂછયું કે 'કયા જ્ઞાનથી ? પ્રતિપાતી જ્ઞાનથી કે અપ્રતિપાતી જ્ઞાનથી ?' સાધ્વીજી શ્રી મૃગાવતીજીએ કહ્યું કે, 'અપ્રતિપાતી જ્ઞાનથી !' આમ જ્યારે ગુરૂણીજી ચંદનબાળાજીએ જાણ્યું કે, 'શ્રી મૃગાવતીજીને તે કેવલજ્ઞાન થયું છે.' એટલે એમનાં અંતઃકરણમાં એવા પશ્ચાત્તાપની ભાવના પ્રગટી કે–'મેં અનાભોગથી કેવલજ્ઞાનીની આશાતના કરી અને એથી એમણે શિષ્યા પણ કેવલજ્ઞાની સાધ્વીજી શ્રી મૃગાવતીજી સાથે ક્ષમાપના કરવા માંડી. એમાં એ પણ ક્ષમાપનાના ભાવમાં એવા ચઢી ગયાં કે, ત્યાં ને ત્યાં જ જમણે પણ ક્ષપકશ્રેણિ માંડી અને કેવલજ્ઞાન ઉપાર્જ્યું.

આમ બંનેય પુણ્યાત્માઓ ઉપશમ્યા, આરાધક બન્યા અને આરાધનાનાં પરમ ફલને પામ્યા. કેવળજ્ઞાનને પણ પરમ ફળ કહેવાય કેમ કે એ આત્માનો ક્ષાયિક ગુણ છે. કેવલજ્ઞાન પ્રગટે. એટલે તદ્ભવે આયુષ્યને અંતે મુક્તિ સુનિશ્ચિત. જુઓ, કે ક્ષમા-પના, એ આપણે ત્યાં કેવાં ઉંચી કોટિના ધર્મ તરીકે પ્રરૂપાએલી છે ? કમમાં કમ, બારે મહિને સંવત્સરીએ તો સર્વની સાથે સર્વ પ્રકારે ક્ષમાપના કરી જ લેવી જોઇએ. સંવત્સરી જાય ને પ્રગટેલો ક્રોધ પ્રત્યેનો કષાય ઉપશમ્યા વિનાનો રહી જાય, એવું તો નહિ જ બનવું જોઇએ.

卐 જૈન શાસન વિશેષાંક 卐

દર વર્ષે નવા વર્ષના પ્રારંભમાં વિશેષાંક પ્રગટ કરતા હતા તેમાં લેખ સામગ્રી વિગેરે માટે ચાતુર્માસ પ્રવેશના સમય પછી સમય ઓછો રહે તેા તેથી આ વખતે દિવાળી ઉપર વિશેષાંક પ્રગટ કરવાનું રાખ્યું છે અને તેમાં બીજો પ્રચાર પણ ધાર્યો થયેા નથી લેખની સામગ્રી પણ મર્યાદિત આવી છે.

જૈન શાસન શુભેચ્છકો જે દર વર્ષે થતાં તે ૧૦૦-૫૦૦ રૂા. ભરનારામાં ઘણા ભાવિકોએ ૧૫ હજાર ભરાવી કાયમી લાભ લીધેલ છે અને હજી પણ જેમણે કાયમી ન ભરાવ્યા હોય તે ગમે ત્યારે ભરાવી શકશે.

આ વિશેષાંકમાં એક પેજની કાયમી શુભેચ્છા માટે માંગણી આવતાં રૂા. ૧૫) હજાર નક્કી કર્યા છે તે પેજમાં તેમણે જે વિગત લખાવવી હશે તે આવી જશે અને ફોટો પણ મોકલ્યો હશે તે આવી શકશે. ફોટા બ્લેક બ્લાઇટ હોય તેા જ સારો બ્લોક બની શકે સિવાય બ્લોકનો અર્થ થાય છે અને ઊઠતા નથી.

સહકાર માટે સૌનો આભાર માનીએ છીએ.

ટ્રસ્ટી મંડળ :
શ્રી મહાવીર શાસન
પ્રકાશન મંદિર ટ્રસ્ટ

તંત્રીઓ :
શ્રી જૈન શાસન

: રકમ મોકલવા અંગે :

શ્રી મહાવીર શાસન કે જૈન શાસનની રકમ
'શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર' એ નામના ડ્રાફ્ટ કે ચેક મોકલવા
C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર [સૌરાષ્ટ્ર]

અનુક્રમણિકા

ક્રમ	લેખ	લેખક	પેજ નં.
૧	સાધ્વી મૃગાવતીશ્રીજી અને સાધ્વી ચંદનબાળાશ્રીજી	પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ.	૨૨૫
૨	વિશેષાંક અંગે	તંત્રીઓ	૨૨૯
૩	પ્રકીર્ણ ધર્મોપદેશ	પૂ.આ. શ્રી વિ. રામચન્દ્રસૂ. મ.	૨૩૩
૪	પ્રેરણામૃત સંચય	શ્રી પ્રજ્ઞાંગ	૨૪૭
૫	સ્વાર્થ ભર્યો સંસાર	પં. રમણીકલાલ મણીલાલ	૨૪૧
૬	યાકિની મહત્તરા	શ્રી વિરાગરુચિ	૨૪૮
૭	લક્ષ્મણા આર્યા	શ્રી વિરાગ	૨૪૯
૮	શુભેચ્છકોની નામાવલી	—	—
૯	શ્રી કુલંબદેવી	પૂ.આ.શ્રી વિ. રાજશેખરસૂ. મ.	૨૫૫
૧૦	સાધ્વી મૃગાવતી	પૂ.આ.શ્રી વિ. જિનેન્દ્રસૂ. મ.	૨૬૦
૧૧	શું આવું બની શકે ?	પૂ. આ. શ્રી વિ. પ્રભાકરસૂ. મ.	૨૬૧
૧૨	ઉપધાન આમંત્રણ	—	૨૭૪
૧૩	લઘુકથા	પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.	૨૭૬
૧૪	મહાસતી મદનરેખા	શ્રી રાજુભાઇ પંડિત	૨૭૭
૧૫	આર્યા પુષ્પચૂલાશ્રી	શ્રી જૈનેન્દ્ર	૨૮૪
૧૬	શ્રમણી રત્ના પૂ. હર્ષનાશ્રીજી	પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.	૨૮૭
૧૭	ઉપન્યો જ્ઞાન પ્રકાશ	નિલીમા શાહ	૨૯૨
૧૮	પુષ્પચૂલાશ્રીજી	પૂ. સા. સુવર્ણપ્રભાશ્રીજી મ.	૨૯૮
૧૯	શીલવતી	પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી	૩૦૧
૨૦	બાલવાટિકા	રવિશિશુ	૩૦૫
૨૧	સમાચાર	—	૩૦૯



- વિષયનો વિરામ એટલે ઇન્દ્રિયોને ખોટે માર્ગે જતી અટકાવવી અને સારે માર્ગે પ્રવર્ત્તાવવી !
- ઇન્દ્રિયોની આધીનતા તે જ સંસાર માર્ગ છે. ઇન્દ્રિયોનીસ્વાધીનતા તે મોક્ષમાર્ગ છે.
- કર્મની સામે થઇને ભગવાનની આજ્ઞા મુજબ જીવન જીવે તેનું જીવન ઉઘાડી ચોપડી જેવું હોય. કર્મની પરવશતાથી જે જીવન જીવે તેને ઘણું છૂપાવવું પડે.
- કર્મની આજ્ઞા મુજબ ન જીવવું અને ભગવાનની આજ્ઞા મુજબ જીવવું તે જ ખરેખર જૈનપણું છે.
- ઉદયભાવને જીવવાનો ઇન્કાર અને ક્ષયોપશમ ભાવને જીવવાનો વિચાર તે જ ભગવાન ના ભગતનું સાચું લક્ષણ !
- અમને પણ જો મોક્ષે જવાનું મન ન હોય તો અમે પણ આ શાસનને ભારભૂત છીએ, શાસનને બેફવા છીએ.
- જે કોઇ એમ કહે કે, અમારે આનંદ કરતા કરતો મોક્ષે જવું છે તો તે મોક્ષની મશ્કરી કરનારા છે અને મોક્ષની મશ્કરી તે જ મહાપાપ છે.
- શ્રી સંઘની આબાદીમાં જ ધર્મની આબાદી છે. શ્રી સંઘ એટલે મોક્ષની ઇચ્છા માટે જ તરફડતો, તે માટે માણ જ થવા ઇચ્છતો એવો જે સમુદાય તેનું નામ શ્રી સંઘ. ધર્મમાં જ સહાય કરનારો, તે સિવાયનો સંઘ એટલે ધર્મની બરબાદી.
- ભગવાનના શ્રી સંઘમાં બે ભાણુઓને સ્થાન નથી. જેને પોતાનું જ માન-સન્માન હોય અને સિદ્ધાન્તની પડી પણ ન હોય તેને ય ઘાલવા નથી.
- વડિલને માથે ન રાખવા તે સ્વતંત્રતા નથી પણ વડિલને પૂછયા વિના એક કામ ન કરવું તે જ સ્વતંત્રતા છે.
- જેને મરજી મુજબ જીવવું હોય તેને પાપનો ડર હોય નહિ અને જેને પાપનો ડર હોય નહિ તેને માથે વડિલ ફાવે નહિ.
- ઇચ્છા મુજબ મરજી મુજબ જીવવું તે જ મોટામાં મોટું પાપ !

- સંસાર તે જ આત્માનો રોગ છે. વિષયની આધીનતા અને કષાયની પરવશતા તે જ સંસાર છે. તે સંસારના નાશ માટે સદ્વિચાર તે પરમ ઔષધ છે.
- સદ્વિચાર માટે દર્શન મોહનીયનો ક્ષયોપશમ જરૂરી તેમ સદ્વર્તન માટે ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ જોઇએ.
- સંસાર તે મોહની રાજધાની છે. જીવ કર્મને રમાડવાના રમકડાં છે. તે કર્મ જીવને મોહાંધ બનાવી સંસારમાં રખડાવે છે.
- બીજા પર વાત વાતમાં ગુસ્સો કરે અને પોતાની જાતની ખરાબી પર ગુસ્સો ન આવે તે સંસારનો કાયમી મહેમાન. તે કદાચ સદ્ગતિમાં જાય તો સદ્ગતિને ય કલંકિત કરે.
- આ જનમમાં મોક્ષની સાધના વિના સંસારની સાધના રસપૂર્વક કરવી તે આ મનુષ્યજન્મનું કલંક છે.
- જે મોહનો શ્રી અરિહંત પરમાત્માએ મૂળમાંથી નાશ કર્યો તે મોહને આપણે લેટીએ, રમાડયા રમીએ તો ભગવાનના ભગત કહેવાઇએ ખરા ?
- પેટ અને પૈસા માટે જીવે તે કદિ સજ્જન થાય ? ગાડી-વાડી-લાડી મેળવવા જીવે તે કદિ સારા થાય ?
- ગુરૂપૂજનનું દ્રવ્ય વૈયાવચ્ચમાં જાય જ નહિ. ગુરૂનિશ્રાએ દ્રવ્ય લેવાતું નથી માટે ગુરૂપૂજનમાં મૂકેલ દ્રવ્ય દેવદ્રવ્યમાં જ જાય.
- જૈનો તો ગુણોની મૂર્તિ છે. રાગાદિ શત્રુઓને જેને જીત્યા છે. એવાં જે શ્રી જિન તેમનો ભગત તે જૈન છે. જે તેમની આજ્ઞાને સમજનારો અને શક્તિ મુજબ અમલ કરવાવાળો છે.

卐

પ્રકીર્ણક ધર્મોપદેશ

—પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષ.૮ વદિ–૪ મંગળવાર તા. ૧૪–૭–૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ–૬

[શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— [પ્રવચન ૧૨ મું] —અવ૦]

સભા : સટ્ટો વ્યસનમાં ગણાય ?

ઉ૦ : સટ્ટો વેપાર કહેવાય ? માલ નહિ અને વેપાર કરે તે સટ્ટો કહેવાય ને ? સટ્ટો તે જુગાર છે. સટ્ટોડિયો મોટે ભાગે હોય તો આપવાનું નહિ તો પાવડી ફેરવવાની તેને આબરૂ જેવું કાંઇ હોય નહિ.

એક સારો શ્રાવક હતો. તેને સટ્ટામાં મોટી ખોટ આવી. દેવું ન ચૂકવી શકયો. એક મોટા શ્રીમંત પાસે ગયો, અને અમુક રકમ માગી. તે શ્રીમંત કહે કે, માગે તેનાથી બમણી રકમ આપું પણ સટ્ટો ન કરવાનો નિયમ કરો તો. નહિ તો મારે પણ ભીખ માગવાનો વખત આવે. એટલું જ નહિ તમારે ધંધો પણ ન કરવો હોય તો ન કરતા, તમારા ઘરનો ખર્ચો પણ હું જ આપીશ પણ સટ્ટો ન કરો તો. તેથી સમજાય છે ને કે–સટ્ટો પણ જુગાર જ છે !

જૈનો રાતે ખાય જ નહિ એમ હું કહી શકું ? તમે બધા રાતે ન જ ખાવ તો મરી જાવ ? તો પછી શા માટે રાતે ખાવ છો ? રાતે મઝેથી ખાય છે. 'હું રાતે ખાઉં છું તે ખોટું કરું છું. મારાથી રાતે ખવાય નહિ, મારો પાપનો ઉદય છે માટે મારે રાતે ખાવું પડે છે' આવું દુઃખ પણ કેટલાને છે ? એક સારા ગ્રન્થનું ભાષાંતર વાંચીને એક આદમી તેના લેખકને મળવા ગયો. રાતે નવ વાગે તેમને ત્યાં ગયો તો લેખક મહાશય જમતા હતા. તે જોઇને પેલો આદમી ચોંકયો અને પાછો ફર્યો. તે જોઇને લેખકે કહ્યું કે–અહીં આવો. પાછા કેમ જાવ છો ? તો તે કહે કે—'તમારું લખેલ ભાષાંતર વાંચીને તમને મળવાનું મન થયું. તેથી અહીં આવ્યો. પણ તમને રાતે ખાતા જોઇને દુઃખ થયું.' તો તે લેખક કહે કે—'રાતે ખાવાથી શું મોક્ષ અટકી જાય છે ?' આવા માણસો છે !

સભા : બીજાને લાભ કરે ને ?

ઉ૦ : આવું જોયા પછી મહાનુકશાન કરે. લખવાનું કે બોલવાનું હોય પણ ચાચરવાનું ન હોય તો !

તમને બધાને જો સાધુ થવાનું મન ન થાય તો માનજો કે અમે મિથ્યાદૃષ્ટિ છીએ. તો સમકિત પામવાની મહેનત કરજો. સમકિત પામવા શું મહેનત કરવી પડે? આ સંસારનું જે સુખ મજેનું લાગે છે તે સુખને ભૂંડું જ માનવું પડશે. તે સુખને દુઃખરૂપ માનવું પડશે. જે દુઃખ ખરાબ લાગે છે તેને સારૂં માનવું પડશે. સંસારના સુખ ઉપરનો ગાઢ રાગ અને પોતાના જ પાપથી આવતા દુઃખ ઉપરનો ગાઢ દ્વેષ તે જ મોટામાં મોટી કર્મની ગાંઠ છે. તે ગાંઠ ભેદાય નહિ ત્યાં સુધી સમકિત થાય નહિ. તેથી જ્યાં સુધી આ સંસારનું સુખ ભૂંડું લાગે નહિ, દુઃખ મીઠું લાગે નહિ ત્યાં સુધી તે જીવ કોઈ દહાડો ધર્મ પામી શકે જ નહિ. સંસારનું સુખ સારૂં છે કે ભૂંડું છે? તેના ઉપરનો રાગ સારો કહેવાય કે ભૂંડો કહેવાય? દુઃખ આપણા પાપથી જ આવે છે. તો આપણે બોલાવેલ દુઃખને ખરાબ મનાય ખરૂં? તેનો આદર કરવાનો હોય કે તિરસ્કાર કરવાનો હોય?

સાધુપણું કોને અપાય? જે દુનિયાના પુણ્યથી મળેલાં સઘળા ય સુખોને હૈયાથી છોડે, કોઈ આપવા આવે તો પણ નહિ લેવાની પ્રતિજ્ઞા કરે અને ભવિષ્યમાં તે સુખ મળે તેવી ઇચ્છા સરખી પણ ન કરે અને જે દુઃખ આવે તે મજેથી વેઠે. કદાચ દુઃખ ન આવે તો જ્ઞાનિની આજ્ઞા મુજબ દુઃખ ઊભા કરી કરીને મજેથી વેઠે. આવી જેની ભાવના હોય અને પ્રાણના ભોગે લીધેલી પ્રતિજ્ઞાને પાળવા તૈયાર હોય તેને સાધુપણું અપાય.

તમારા ઘરમાં ખાવા-પીવાનું હોવા છતાં ય તમે બધા ઉપવાસાદિ તપ કેમ કરો છો? ભુખનું દુઃખ વેઠતાં થવું છે માટે. માટે તો આપણે ત્યાં અનશન કરીને જ મરવાની વિધિ છે. આગળ પોતાના આયુષ્યની ખબર પડે કે હવે બહુ દિવસ બાકી નથી તો સાધુ-સાધ્વીની જેમ શ્રાવક-શ્રાવિકા પણ અનશન કરીને જ મરતા. આજે આપણને આયુષ્યની ખબર નથી અને અનશનની શક્તિ નથી માટે ઘણા ભાગ્યશાલીઓ કલાક કલાકનું પણ અનશન કરનારા છે. 'આવું તે પાપ છે' એમ માનનારો શ્રાવક ગામમાં સાધુ હોય તો સાધુને વહોરાવ્યા વિના અને કદાચ સાધુનો યોગ ન મળે તો એકાદ સાધર્મિકને જમાડ્યા વિના તો ખાય જ નહિ. આ રિવાજ જો તમે બધાએ ચાલુ રાખ્યો હોત તો એક સાધર્મિક દુઃખી ન રહેત. સાધર્મિક ફંડનાં નામે સાધર્મિકોની જે કફોડી થઈ રહી છે તે પણ ન થાત. અને તમે બધા પણ ઘણા સારા થઈ ગયા હોત! તમે બધા ઘેર જઈને સીધા ભાણે ચોંટો છો તે ન ચોંટત. પણ પૂછત કે-સાધુ મહાત્મા આવી ગયા!

શ્રાવકનું ઘર કેવું હોય? શાસ્ત્રે શ્રાવકના ઘરને અભંગ દ્વારવાળું કહ્યું છે.

શ્રાવકને ઘેર સાધુને નિર્દોષ ભીક્ષાદિ મળે, દોષિત ન મળે. તેના ઘરમાં માણસ જેટલી રસોઈ ન હોય પણ બે–પાંચ મહેમાન અચાનક આવી જાય તો ય વાંધો ન આવે તે રીતે રસોઇ હોય. આજે તો તમે એવું કર્યું છે કે અમને પણ નિર્દોષ ચીજ વસ્તુ ન મળે. પાણી તો અમારા માટે જ થાય. અમને ય સાધુ ન રહેવા દેવાની તમે ભારી કાળજી રાખી છે. સાધુને બધી ચીજ વસ્તુ જે સંયમમાં ઉપયોગી હોય તે બધી ચીજ નિર્દોષ જ મળવી જોઇએ તેવી પણ તમને ચિંતા છે ખરી? તમે બધા બજબના છો! તમે બધા સુશ્રાવક છો ને? તો હજી ય લાગતું નથી કે આપણામાં શ્રાવકપણું પણ નથી આવ્યું, સમકિતનું પણ ઠેકાણું નથી લાગતું!! સમકિત પણ કેમ નથી આવ્યું? હજી પણ આ સંસારનું સુખ સારૂં લાગે છે, ગમે છે તેમાં મઝા ય આવે છે અને દુઃખ રૂપ નથી લાગતું. અને પાપના યોગે જે દુઃખ આવે છે તે ખરાબ લાગે છે તેના ઉપર ગુસ્સો આવે છે માટે. ખરેખર શ્રાવકપણું પામેલો શ્રાવક તો એમ કહે કે–'આ સંસારના સુખ ઉપર રાગ થતો નથી અને દુઃખ ઉપર દ્વેષ થતો નથી, ગુસ્સો આવતો નથી. સંસારનું સુખ ન છૂટકે, કર્મને ભોગવું છું અને દુઃખ મજેથી વેઠું છું.

સભા : આપ તો કહો છો કે અમે શ્રાવક નથી.

ઉ૦ : આ સાંભળી તમે રાજી થવાના કે શ્રાવક બનવા મહેનત કરવાના? રાજી થાય તેવાને ઉપદેશ દેવાય?

'મરો તો સાધુ પણ નથી થવું, શ્રાવક પણ નથી થવું, સમકિત પણ નથી જોઇતું, માર્ગાનુસારી પણ નથી થવું. હું તો દુનિયાનું સુખ મજેથી ભોગવીશ, દુઃખ તો મારાથી જરાપણ વેઠાય નહિ, તે માટે જે કરવું પડે તે બધું કરીશ. રાતે પણ મજેથી ખાઇશ, અભક્ષ્ય પણ ખાશ...' આવા જીવો ઉપદેશને માટે પણ લાયક નથી. તેઓ કદી ધર્મ પામવાના પણ નથી, ગમે તેટલો ધર્મ કરતા હોય તો પણ તેવાઓને તો ખુદ ભગવાન પણ ન સમજાવી શકે.

આજે ધર્મ કરનારા મોટા ભાગની આવી હાલત છે. આજે તમારા છિકરા–છિકરીઓ શું ખાય છે–પીએ છે, શું કરે છે તે કહેવાય તેમ નથી. તમારી આંખ સામે ઇંડા આશે તો પણ તમે કાંઇ કહી શકશો નહિ. ૧૯૮૫ માં આ જ મુંબઇમાં હું બોલેલો કે–'જૈનોના ઘરમાં ય ઈંડા ચટણીની જેમ ખવાય છે અને દારૂ પાણીની જેમ પીવાય છે.' તો બહુ મોટો ઉહાપોહ મચાવેલો. આજે શી હાલત છે? તમારા સંતાનો અભક્ષ્ય ખાય છે તેનું તમને દુઃખ છે ખરૂં? તમે પ્રામાણિકપણે કહો કે અમે જ ખાઇએ છીએ! તો તમે બધા ધર્મી કહેવાવ ખરા? (જુઓ પેજ ૨૪૦ ઉપર)

ગોળ-ખોળ સરખા ન મનાય :

તમને દુનિયાની બાબતમાં બધી સમજણ છે. માત્ર ધર્મમાં જ બધું સરખું કહો છો. દુનિયાના ગમે તે માણસને બોલાવો. દશ ચીજ પીરશો અને બીજું વધારે હોય તો કહે બરાબર નહિ. તમે પ્રતિજ્ઞા કરી છે કે, ધર્મ બાબતમાં સાચા-બોટાની પરીક્ષા જ ન કરવી. ધર્મમાં 'સમભાવ' રાખવો કહેનારા અસલમાં ધર્મી નથી પણ અધર્મી જ છે, તેનો ધર્મ ધૂળમાં છે. તેના પરિચયમાં આવે તે 'સુ'-'કુ' ગોળખે જ નહિ. તેની પૂજા-ભક્તિ પાણીમાં છે.

તમે તો કશું ભણ્યા જ નથી. આપણા ધર્માચાર્યોએ એવું એવું લખ્યું છે કે તે સાહિત્ય તમે જો વાંચ્યું હોત તો તમે આપણા આચાર્યોને 'અધડાખોર' જ કહેત. પૂ. આ. શ્રી હેમચન્દ્રસૂરિજી મ.નું 'યોગશાસ્ત્ર' વાંચો તો જેટલા જેટલા બોટ હતા તે બધાને જાહેર કર્યા છે. કદાચ અમે કોઈનું નામ ન દઈએ પણ આવું આવું કર્યું તે બધા બોટાં એમ તો કહેવું જ પડે. અને એવો અવસર આવે અને નામ દેવું પડે તો નામ પણ દઈએ.

પ્રેરણામૃત સંચય

—શ્રી પ્રજ્ઞાંગ

તમે હોકો મુહપત્તિ રોજ પડોળો છો છતાં તેના પચાસ બોલ આવડતા નથી. કોઈ એમ કેમ બોલે કે 'સુ'-'કુ' ની ભાંજગડ શી? સામાયિક કરનાર કહે કે સમતા રાખો, આ સુ-કુ ની ભાંજગડ શી તો તે અક્કલવાળો કહેવાય કે બેવકુફ કહેવાય? મુહપત્તિના પચાસ (૫૦) બોલમાં તો ભગવાનનું આખું શાસન છે. **તમે સુદેવ-સુગુરૂ-સુધર્મ આદરો નહિ, કુદેવ-કુગુરૂ-કુધર્મ પરિહરો નહિ ત્યાં સુધી તમારા સામાયિકની કૂટી કોડિની કિંમત નથી.**

તેની કોઈ ક્રિયાની કિંમત નથી. પ્રતિક્રમણ પણ શું છે? મિથ્યાત્વ-અવિરતિ-કષાયથી પાછા હઠવું તે. ધર્મી માણસ સાચું બોટું નહિ કહે તો કોણ કહેશે? સાચું-બોટું સાંભળવાથી ઉબગી જાય તે ધર્મ સાંભળવા લાયક જ નથી. તેવા આવે તો ય શું અને ના આવે તો ય શું?

આજે તો બધા ભૌતિકવાદમાં પડયા છે, અધ્યાત્મવાદની કોઈને પડી નથી. ભગવાનના કાળમાં તો ત્રણસોને ત્રેસઠ (૩૬૩) પાંખડીઓ હતા. ગોશાળાના ૧૧ લાખ

ભગત હતા જ્યારે ભગવાનના શ્રાવકો એક લાખને ઓગણ સાઇઠ હજાર (૧,૫૯,૦૦૦) હતા. ગોશાળાનો સદ્દાલ નામનો ભગત હતો, તે જાતે કુંભાર હતો, મહાશ્રીમંત હતો. તેને ભગવાન મળ્યા, ભગવાનની દેશના સાંભળી, ભગવાનનો માર્ગ સમજ્યો અને પછી તો સાચો શ્રાવક બની ગયો. ગોશાળાને આ વાતની ખબર પડી એટલે તેના ગામ આવ્યો. પણ તેના શ્રાવક સદ્દાલનું દર્શન થતું નથી એટલે તેને ઘેર ગયો. તેના ઘરના આંગણે આવ્યો ત્યારે તે નીચું જોઈને ઉભો રહ્યો છે પણ ઊંચું જોતો નથી. તેને તો બધાને પોતાના ભગત બનાવવા હતા પણ આવા સ્થિર-માર્ગસ્થ બનાવવા ન હતા. ગોશાળો તો સદ્દાલ શ્રાવકને કહે, 'સામું તો જો.' ત્યારે તે સદ્દાલ સામું જોવાને બદલે નીચું જ મોં રાખી કહે છે—'તમારે અને મારે પરિચય ઘણો છે. તેથી તમારા પરિચયનો રાગ જો ઉછળી આવે તો મને મળેલું ભગવાનનું શાસન ચાલ્યું જાય.' આ સાંભળીને ગોશાળો કહે કે–'ધન્યોઽસિ'—ધન્ય છો. ભગવાન મહાવીર ઊંચામા ઊંચી કોટિના ધર્માત્મા છે' તમે આ વાંચ્યું છે? સાંભળ્યું છે?

તમને 'રામ'–'કુ'ની ખબર નથી. તમારે મન તો શંભુમેળા જેવું છે. તમે બધા સમતાના સાગર . અને અમે બધા હોળી સળગાવનારા...! તમારી આવી સમતા સંસારમાં રખડાવનારી છે. આપણે કોઇની નિંદા નથી કરવી પણ સાચી હકીકત તો સમજાવવી પડે ને? તમે જો શ્રી વીતરાગ દેવના શાસનમાં જન્મ્યા છો તો શાસનને સમજો. તે માટે સાચું–ખોટું સમજવું પડે. **સાચું–ખોટું સમજ્યા પછી પણ કદાચ સાચું ન થઇ શકે તેનું દુઃખ હોય પણ સાચાં પ્રત્યે આદર હોય, ખોટા પ્રત્યે આદર ન હોય તો તમારો ભવ સુધરી ગયો. પણ જો તેમાં ગોટાળો હોય તો તમે ડુબી જશો.** સાચાનો બચાવ કરવા, સત્યનું રક્ષણ કરવા બીજા ગમે તેમ બોલે તેથી આપણને પાપ ના લાગે આપણી સાચી વાત જૈનેતરોને સમજાવીએ તો તેમના પણ માથા ડોલી ઉઠે. આપણે કાંઇ કોઇને ગાળ દેવી નથી પણ જે સત્ય હકિકત છે તે જ સ્પષ્ટપણે સમજાવવાની છે. અમારે તો ભગવાનની જ વાત કહેવી છે. ભગવાનની વાત જે માને તે બધા સારા. જો હું મારા ઘરની વાત કરતો હોઉં તો તે કહેવાનો મને ય અધિકાર નથી. ભગવાને આમ કહ્યું છે એમ બોલું તો બરાબર છે પણ મારૂં મંતવ્ય, મારા વિચારો આ છે તો તમારે મને પણ નહિ માનવાનો. પોતાની વાત કરવાનો જૈન શાસનમાં કોઇને ય અધિકાર નથી. શાસ્ત્રાનુસારી વાત તમને સમજાય તે રીતે કહેવાય.

શાસ્ત્રાનુસારી સત્યો જાહેર કરવાથી ઘણા લોકો વિરોધ કરશે તો તેવાથી ડરાય નહિ. પ. પૂ. આ. ભ. જગદ્‌ગુરૂ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજને તમે સૌ જાણો છો. પ.

પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી ગણિવર્ય તેમનાથી પર્યાયમાં મોટા છે અને તેમની પાસે આચાર્ય મહારાજા ભણ્યા છે છતાં અમુક કારણોસર તે ઉપા. શ્રી ધર્મસાગરજી મ. ને તપાગચ્છની બહાર કર્યા તો તેમને તપાગચ્છમાં ગોચરી ન મળી. તેથી તેમને ખરતર ગચ્છનો આસરો લેવો પડ્યો. ત્યાં તેઓ ગોચરી વાપરવા બેઠા છે તે વખતે ખરતર ગચ્છના આચાર્ય કહે કે-'તમારા તપાગચ્છના આચાર્યો એકાંતમાં ગોચરી વાપરે છે અમે તેવા નથી. ત્યારે પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી ગણિવર્ય તેમને કહે કે—'તમે મોટા છો. અમારા આચાર્યો વ્યાજબી કરે છે.' આ વાત સ્પષ્ટ રીતે યુક્તિઓથી સમજાવી તેમને ચૂપ કરી દીધા. આજનો કોઇ હોય તો શું કરે ? આજે અમે પણ કોઇને બહાર કરીએ તો બધા અમને જ ગાંઠા કહે. પણ તેને કોઇ ન પૂછે કે કેમ બહાર કર્યો ? સાધુ અને શ્રાવક બે ય ભગવાનની આજ્ઞા મુજબ ચાલે તો શાસનની પ્રભાવના થાય. આજે પ્રભાવના કેમ થતી નથી ? તમે બધા ગાંઠા થયા છો માટે.

અમે પણ વ્યાખ્યાન પીઠ પર અમારી વાહવાહ કરાવવા બેસીએ તો અમારા જેવા નાલાયક કોઇ નથી, ભગવાનનું શાસન તમારા હૈયામાં ઘાલવા માટે અમે રાડો પાડીએ છીએ. ભગવાનનું શાસન પામવા સાચું-ખોટું જૈન નહિ જાણે તો કોણ જાણશે? 'સુ-કુ' કોણ બોલે ? સમ્યક્ત્વની ચાર સદ્દહણા આવડે છે ? ૧-પરમાર્થ પરિચય. ૨-પરમાર્થજ્ઞાતા યતિજનની સેવા. ૩-પાસત્થાદિનો ત્યાગ અને ૪-કુતીર્થીઓનો ત્યાગ. આપણે આ જ દેવ, આ જ ગુરુ અને આ જ ધર્મ એમ નથી કહેતા. પણ આવા હોય તે દેવ, આવા હોય તે ગુરુ અને આવો હોય તે ધર્મ એમ કહીએ છીએ. ભગવાન શ્રી મહાવીર પરમાત્માને આપણે કેમ માનીએ ? તેઓશ્રી અરિહંત પરમાત્મા હતા માટે જ. જૈનેતરોની હાજરીમાં પણ બેધડક કહી શકીએ કે-'આ જ હોય તે અમારા દેવ નથી. અમારા દેવ લીલા ન જ કરે. રાગાદિ અઢાર (૧૮) દોષોથી રહિત હોય તે જ અમારા દેવ.'

'મહાવ્રતધરા ધીરા ભૈક્ષમાત્રોપજીવિનઃ ।
સામાયિકસ્થા ધર્મોપદેશકા ગુરવો મતાઃ ।।

આ શ્લોકનું સામાન્ય વર્ણન કરતા આઠ દિવસ ગયા. રોજ નિયમિત સાંભળવા આતનાર જૈનેતર પંડિત ભરસભામાં ઉભો થઇને કહે—'તમે જે ગુરુના વર્ણન કરો છો તેવા તો અમારા દેવ નથી.' જગત આખા સુદેવ-સુગુરુ-સુધર્મનું વર્ણન ગમે ત્યાં કરીએ તો કોઇની આંખે જણ્યો નથી કે તેનો વિરોધ કરી શકે. હજી અમારી પાસે તાકાત છે. પણ સામો જીવ સજ્જન, સમજવાની ઇચ્છાવાળો જોઇએ. સારું-

ખોટું સમજાવવું તે જ ધર્મનો પ્રભાવ છે. તત્ત્વ સમજાવવું તે જ ધર્મનો પ્રભાવ છે, વાત્ત વગડાવવા તે નથી, તત્ત્વ હૈયામાં સમજાવું જોઇએ. તમે આ તત્ત્વ જો ઘરે સમજાવો તો તમારા ઘર પણ સારા પાકે, એવા ઘરો હતા જે ઘરોમાં ધર્મ જ દેખાય. આજે કેમ આવા ઘર મટી ગયા? તમારે તત્ત્વ સમજવું નથી અને ઘરનાને પણ તત્ત્વ સમજવું નથી માટે.

આજનો સંસાર તો બહુ ભૂંડો છે. આજના ભણેલાં–ગણેલાંઓએ તો કેંકના જનમ, કેંકના ઘર બગાડી નાંખ્યા. જૈનના ઘર એટલે—જેના ઘરમાં પૂરી જયણા પળાતી હોય, કચરો ન હોય, આંગણા ચોકખા હોય. જૈનના ઘરની ભાષાય ઊંચી હોય. તમને ખોલતા–બોલતા–ખાતા–પીતા ય નથી આવડતું તમે શેના ધર્મી થઇ ગયા તે જ ખબર પડતી નથી.

તમને તમારા આત્માની પડી નથી, સત્યાસત્ય જાણવું નથી, સંસાર છોડવાનું મન પણ નથી, સત્ય જાણવા છતાં ય આચરવું નથી, અસત્ય છોડવું નથી તમને કોણ જૈન કહે? આવી ખોટી સમતા–શાંતિ રાખવાનું ભગવાને કહ્યું નથી. સાચું–ખોટું જાણવા છતાં ન કહેવું તેમ પણ ભગવાને કહ્યું નથી. આવી મઢદાની શાંતિ, સ્મશાનની શાંતિ આપણે જોઇતી નથી. બળાબળની વિચારણા કરવી, એકલા રહેવું પડે તો ભલે પણ બધા ખોટું કરે તો ય આપણે ખોટું કરવું નથી.

સંઘ કોણ? ભગવાનની આજ્ઞા પાળવા, આજ્ઞા ખાતર મરવા ય તૈયાર હોય તે સાચા સંઘને અશાંતિ કરવી અને ખોટાં સંઘને સમાધિ આપવા જવું તે ન બને.

સંઘ કોને કહેવો તેને માટે સુવિહિત શિરોમણિ પ. પૂ. આ. ભ. શ્રી હરિભદ્રસૂ. મહારાજાએ તથા મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યે; શાસ્ત્રોના પાને પાના લખ્યાં છે. એક એક વાત સાફ સાફ કહી છે. સાચા સંઘને 'અસમાધિ'માં નાંખી ખોટા સંઘને 'સમાધિ'માં લાવવો તેવું પાપ અમારે કરવું નથી. સમર્થ મહાપુરૂષોએ જે જે ટોળાં અલગ થયાં, તો તેમને અલગ થવા દીધા પણ 'ખોટી એકતા' 'મડદાની શાંતિ' ન જ કરી. દિગંબરો ફૂંટાયા તો ફૂંકી દીધા.

હંમેશા ભગવાનનું શાસન, ભગવાનના શાસનના ટોળાં લઘુમતિમાં જ રહ્યા છે. કોઇ દા'ડો આપણી બહુમતિ હતી જ નહિ, ભગવાનના કાળમાં પણ. બહુમતિથી ગભરાવવાનું નથી. બહુમતિનું નાટક આજે બધા જોઇ રહ્યા છે. હિન્દુસ્તાન

બહુમતિના ચક્કરમાં પડયું છે. આજે હિન્દુસ્તાનના ટુકડે ટુકડા થઇ રહ્યા છે. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ ફરમાવે છે કે—'જો બહુમતિ જોઇતી હશે તો નિગોદમાં જવું પડશે.' કદિ સારા માણસોની બહુમતિ રહી નથી અને રહેવાની પણ નથી. બહુમતિ કરીશું તો સત્ય હાથમાંથી સરકી જશે અને આપણે નગ્ન થઇ જઈશું.

બધું જ સરખું–સાચું તેમ કદિ ન બોલાય. ગોળ–ખોળ સરખાં કહેવાય? મહાપુરૂષોએ સત્ય માટે પ્રાણ આપ્યા કોઇપણ નવી વાત બહાર આવે તો શાસ્ત્ર શું કહે છે તે જોવું પડે. મધ્યસ્થ પણ તેને જ કહેવાય કે સાચું–ખોટું ન સમજાય ત્યાં સુધી કોઇને સારૂં ન કહે પણ સાચું સમજાયા પછી પ્રાણ જાય પણ સત્ય ન છોડે અને ખોટું આચરે નહિ. જ્યાં શાસ્ત્ર મળતું હોય ત્યાં પરંપરા જોવાય નહિ, માટે સમજો કે આ બધું તોફાન મોહનું છે. મોહે આપણને ભૂલાવ્યા છે. સત્યાસત્યનો વિચાર કરવાની પણ મોહ ના પાડે છે. મોહે આપણને એવા ગુલામ બનાવ્યા છે કે સાચું જોઇ જ શકતા નથી. મોહને મારનાર, મોહને મારવાનો ઉપાય બતાવનાર ભગવાનના બિંબોની અંજન શલાકા અને પ્રાણપ્રતિષ્ઠાનો પ્રસંગ આવી રહ્યો છે. તો મોહને હવે ગુલામ બનાવવો છે, તેની પકડમાંથી છૂટી જવું છે અને સત્ય સમજવું છે આવો નિર્ણય કરો તો આ ઉત્સવ જોયો કલ્યાણકારી થાય.

(અનુ. પાના નં. ૨૩૫ નું ચાલુ)

આ દુનિયાનું સુખ તે સાચું સુખ જ નથી. મોક્ષનું સુખ તે જ સાચું અને વાસ્તવિક સુખ છે. મોક્ષ મેળવવો હશે તો ભગવાનની આજ્ઞા મુજબ ભગવાને બતાવેલો ધર્મ જ કરવો પડશે. તે ધર્મ કરવા સમકિત મેળવવું પડશે. સમકિત મેળવવા માટે આ દુનિયાના સુખને જૂઠું જ માનવું પડશે અને દુઃખને મજેનું જ માનવું પડશે. દુઃખથી નહિ ગભરાવવાનું પણ તે સુખથી જ ગભરાવવું પડશે. ઘરમાં જે પૈસો છે તેનો ભય લગાડવો પડશે. બાકી તમારી તિજોરીમાં કે બેન્કમાં પડેલા પૈસા તમને નરકમાં મોકલશે. પૈસાનું અભિમાન નરકે લઇ જાય. પૈસાથી ગભરાવ છો કે આનંદમાં છો? પૈસો તે પરિગ્રહ છે. પરિગ્રહ તે પાપ છે કે પુણ્ય છે? મોટો પરિગ્રહ તે મોટું પાપ છે. સમકિત પામવા આ બધું સમજવું પડે. તે સમકિત મેળવવા શું કરવું તે હવે પછી—

"સ્વાર્થ ભર્યો સંસાર"

પાત્રો :—

ધર્મેન્દ્ર : (પાઠશાળામાં ભણતો કુમાર)

ધરમદાસ : (ધર્મેન્દ્રના પિતાજી)

અલ્પેશ : (ધર્મેન્દ્ર નો ભાઇ)

ચિકુડો : (ધર્મેન્દ્ર ના કાકાનો છોકરો)

અક્કલદાસ : ચિકુડાના પપ્પા.

ડોકટર : (પરમાનંદભાઈ)

જોગી બાવા : (જેની પાસે મહાશક્તિ છે.)

ધર્મેન્દ્ર : પિતાજી, આજ હું પાઠશાળામાં જઇને આવ્યો, ત્યાં મને ભણવા એ મળ્યું કે આ સંસારમાં કોઇ સાર નથી. જ્યાં જુઓ ત્યાં સ્વાર્થનો અગ્નિ સળગી રહ્યો છે. પેલો નાના કાકાનો ચિકુડો આ ત્રણ દિવસથી કેટલો રિબાય છે, કેટલો રોગથી ઘેરાય છે, તમે એની ખબર કાઢવા ગ્યા' તા ?'

ધરમદાસ : અલા ધરમેંનદર, તમે હોકો મારી વાહેં શું પડયા છો ? આ મુંબઇમાં મારે તો મોજ જ ઊડી ગઇ. સવારમાં ઉઠું અને રાત્રે સૂવું ત્યાં સુધી ગધેઠાની માફક બધો બોજો ઉપાડીને ફરૂં અને એમાં તું કહે છે કે "ચિકુડાની ખબર કાઢવા ગ્યા તા" તો તારે આવી શી પંચાત છે ?

ધર્મેન્દ્ર : પિતાજી, ગમે તેમ તોય કાકાનો છોકરો છે. નાની ઉંમરનો છે. અને આવા રોગથી ઘેરાયો હોય તમે શાતા પણ ન પૂછો તે બરોબર ન કહેવાય.

ધરમદાસ : એ ઢોઢડાહ્યા ! તને આવું કહેવાનું કોણ કહે છે.

ધર્મેન્દ્ર : મને કોણ કહેવાનું કહે ? જે સુંદર અને સત્ય સમજ મને કોઇએ આપી હોય તો તે મારા પૂજ્ય ગુરુભગવંતો, મારો ધર્મ અને મારા દેવ છે.

ધરમદાસ : એટલે ?

ધર્મેન્દ્ર : મારા પૂજ્ય ગુરુભગવંતો જેઓ પંચમહાવ્રતધારી છે. છકાય જીવોના રક્ષક છે, અને પરમાત્માના શાસનની પ્રભાવના કરનારા છે. તેમજ મારો ધર્મ કે જે જીવોનું રક્ષણ અને કલ્યાણ કરે છે અને મારા દેવ કે જે સંસારમાંથી રાગદ્વેષનો નાશ કરી અનંત ગુણોના સ્વામી છે. તેઓએ મને આવી સુંદર સમજ આપી છે કે કોઇપણ માણસ રીબાતો હોય તો એને આશ્વાસન તો આપવું જોઇએ ને !

ધરમદાસ : તું આ કયાં શીખીને આવ્યો છે ? કે તું મને શિખામણ આપે છે.

ધર્મેન્દ્ર : પિતાજી, આપણા સંઘમાં ચાલતી પાઠશાળામાં આવું બધુ જ જ્ઞાન મળે છે. જે જ્ઞાન દ્વારા અમે કૉલેજનું શિક્ષણ લેનારા અમને અરે જ, જ્ઞાન થયું છે કે અત્યાર સુધીનો અમારો સમય આ ધાર્મિક જ્ઞાન લીધા વગરનો ગયો તે ઘણો જ નકામો સમય ગયો છે. હવે જ્યારથી અમે પાઠશાળા જઇએ છીએ, ત્યારથી અમને સામાયિક, અને તેની અંદર વપરાતા ઉપકરણો, પ્રભુપૂજા, ચૈત્યવંદન, ગુરૂવંદન, પ્રતિક્રમણ, પચ્ચક્ખાણ, નવતત્વ વિગેરેનું જ્ઞાન થવાથી અમે ઘણા પાપોથી બચી, ગયા છે.

ધરમદાસ : તું વ્યવહારીક શિક્ષણ તો બરાબર લે છે ને ? જો સાંભળ, વ્યવહારમાં રહેવું પડશે, વેપાર ધંધાનું જ્ઞાન જોઇએ, પેઢી ચલાવવી પડશે. કમાઇશ શી રીતે ? ખાઇશ શી રીતે ? માટે ડાહ્યો થા અને ધર્મના ઘેલા છોડ.

ધર્મેન્દ્ર : હા પિતાજી, હમણાં મેટ્રીકમાં મારે નેવું ટકા માર્ક આવ્યા છે, કેમ તમને ખબર નથી ?

ધરમદાસ : અલ્યા હું કેટલો કામકાજમાં રોકાયેલો છું, મેં તો તારા પરિણામનું છાપું પણ નથી જોયું.

ધર્મેન્દ્ર : પિતાજી, પરિણામ ના છાપાની વાત કયાં કરો છે, મારા જીવનના છાપાની વાત કરો ને.

ધરમદાસ : એટલે ?

ધર્મેન્દ્ર : છાપાનું પરિણામ તો સંસાર વધારનારૂં છે, અને જીવનનો સત્યાનાશ કરનારૂં છે. જો મારા જીવનનું પરિણામ તપાસો તો જીવન સુધારનારૂં છે.

ધરમદાસ : એટલે શું ? તું શું બોલ્યો ? તારી વાત મને તો કાંઇ સમજાતી નથી. કયા ચઢાવવામાં તું આવ્યો છે ?

ધર્મેન્દ્ર : तं किंपि नत्थि ठाणं,
लोए बालग्ग कोडी मित्तपि
जत्थ न जीवा, बहुसो
सुह दुःख परं परपत्ता.

લોકમાં વાળના અગ્રભાગના માત્ર છેડા જેવડું પણ સ્થાન એવું નથી કે જ્યાં જીવોએ અનેકવાર સુખ દુઃખની પરંપરાને પ્રાપ્ત કરી ન હોય, પિતાજી, અરેખર ! મને

આ સંસાર નિસાર, અસાર અને દુઃખથી ઘેરાયેલો દાવાનળ સમાન ભરપૂર ભાસે છે.

અક્ષયેશ : (દોડતો આવે છે.) બાપાજી, બાપાજી... ચાલો, ચાલો ચીકુડાની તો બહુ જ તબિયત ખરાબ થઇ ગઇ છે, કંઇ સમજાતું નથી જીવન મરણના ઝોલાં ખાય છે, માટે નાના કાકાએ કહ્યું છે કે આપણા ફેમીલી ડોકટર ને જલ્દી ફોન કરો.

ધરમદાસ : (ફોન કરે છે.) હેલો, હેલો, હા, ડોકટર પરમાનંદભાઇ, ગુડ મોર્નિંગ, મારા નાના ભાઇના પુત્ર ચિકુડાની તબિયત ઘણી જ ખરાબ છે. આપ જલ્દી મારા નાના ભાઇના ઘરે આવી જાઓ. (ધર્મેન્દ્ર, ધરમદાસ અને અક્ષયેશ ઝડપથી જઇ રહ્યા છે.)

ચીકુડો : (પલંગમાં પડેલો પછાડીયા ખાય છે.) અરેરે ! ઓ બાપરે ! મને પેટમાં કાંઇ થઇ જાય છે. કાંઇ થઇ જાય છે. હે પપ્પા ! જુઓ જુઓ મને કાંઇ થઇ ગયું, કાંઇક થઇ ગયું છે મમ્મી કયાં ગઇ તું ? કયાં ગઇ ? જો તો ખરી મારી આ છાતી તૂટી જાય છે. ભાઇ ધર્મેન્દ્ર કયાં ગયો ?

ધર્મેન્દ્ર : આ રહ્યો તારી પાસે જ છું ભાઇ, 'નવકાર' ને યાદ કર.

ચીકુડો : અરે મને પેટમાં બહુ દુઃખે છે, મારી છાતી ફાટી જાય છે. માથામાં શૂળ ભોંકાય છે.

ધરમદાસ : આ ડોકટર આવ્યા, મેં હમણાં ટેલિફોન કરેલો.

ધર્મેન્દ્ર : આ મારા ભાઇ ચીકુડાને પેટમાં બહુ દુઃખે છે, ઓલી પણ થકતો નથી. હમણાં સુધી રાડો પાડતો હતો, હમણાં વેદના ઘણી જ વધી ગઇ લાગે છે. આપ બરાબર તપાસી જોજો.

ડોકટર : નાડી જોઇ ઘડિયાળ જોવે છે, પછી સ્ટેથોસ્કોપથી તપાસે છે, પાછળથી તપાસે છે, આંખ જુવે છે. જીભ જુએ છે, ત્યાર બાદ થર્મોમીટર ચીકુડાના મોઢામાં મૂકે છે. અને જુએ છે.) ભાઈ, ઝેરી તાવની અસર લાગે છે. મગજ ઉપર ગરમી વધી ગઇ છે, માટે હું આ ઈંજેકશન આપું છું. (ઇજેકશન આપે છે) જુઓ ભાઇ, અક્ષયદાસ, તમે તમારા છોકરાની કાંઇ કાળજી કરી નથી. આટલી બધી બિમારી વધી ગઇ ત્યારે મને બોલાવ્યો જુઓ, તાવ ઘણો છે, તેને ઉલ્ટી કે બીજું કંઇ થયું તું ?

અક્ષયદાસ (રડતા અવાજે) ભાઇ, તને કાંઇ થયું હતું ?

ડોકટર : હવે શું પૂછો છો ? હવે મેં બધું જોઇ લીધું છે. જુઓ ખર્ચો થશે, હું લખી આપું છું એટલી દવા આપવી પડશે. કેસ ગંભીર છે. આ તો તમારી સાથેનો

મારો સંબંધ છે એટલે આ ચીકુડાનો હાથ ઝાલું છું. બાકી આવી રીતક અમે લઇએ નહિ આ મારી પાસે ફ્રેમ છે. એમાં સાઇન કરી આપો જેથી મારી જવાબદારી ઠંઇ નહીં. જો કંઇ થાય તો બધી જવાબદારી તમારી જ રહેશે.

અક્કલદાસ : હવે શું થાશે ?

ડોકટર : હવે તમે સાઇન કરી આપો. (કાગળમાં હવા લખવી) જો આ હવા અંદાજે ત્રણસો-સાડા ત્રણસોની છે, તે બજારમાંથી લઈ આવવી, ને મારી ફી આજની રૂા. ૫૦૦ છે, સમજ્યાં કાંઇ પૂછવું હોય તો મને પૂછી લો, પછી પૂછતા નહીં.

અક્કલદાસ : સાહેબ, મારા જેવા ગરીબ માણસની આટલી બધી ફી.

ડોકટર : જો ડિકરા ને ડિવાકર બનાવવો હોય ભણાવવો હોય તો હવા બરોબર કરો, અને ફી બરોબર આપો.

અકકલદાસ : એટલે ?

ડોકટર : એટલે શું, તમે સમજતાં નથી. પૈસા આપવાની વાત આવે છે ત્યારે સમજણ ચાલી જાય છે કેમ ? ખરું ને, તો બીજા ડોકટર શોધી લો. (અકકલદાસ ત્રણસો રૂપિયા આપે છે.)

ડોકટર : આ તો ત્રણસો જ થયાં. (બીજા બસો રૂા. આપે છે.)

અકકલદાસ : સાહેબ, હવા લાવી ને બતાવી જઉં.

ડોકટર : એમનેમ થોડી અપાય, મને બતાવીને આપવાની છે, ચાલો હું જઉં. (ડોકટર ગયા પછી)

ધર્મેન્દ્ર : નાના કાકા જુઓ જરાય મુંઝાતા નહીં, તમે જાઓ હવા લઇ આવો અને મારા પપ્પા અહીંઆ ઊભા છે, ચીકુડા નો ખ્યાલ રાખશે, હું હમણાં જ આપણાં નગરની બહાર આવેલા યોગીબાવાને બોલાવી લાવું છું. તે મંત્ર શાસ્ત્રનો નિષ્ણાત છે. અને ગમે તેવા ઝેરી તાવનો નાશ કરનાર છે. અને તેની પાસે કાલિકાની સાધના છે. બેઠ મિનિટમાં તાવ ઉતારી નાંખશે

જોગીબાવા : ૐ રીમ ભીવોમ્ મરોમ્ અલખ નિરંજન, અલખ નિરંજન
ૐ રીમ ભીવોમ્ મરોમ્ ,, ,,

ધર્મેન્દ્ર : નમસ્કાર, નમસ્કાર, નમસ્કાર,

જોગીબાવા : કયા બાત હૌ તુમ્હારા ? કયાં કારણ ઇધર આયા હૈ ? કીસને ભેજા હૈ ?... ચલો જાઓ ઇધર સે...

ધર્મેન્દ્ર : યોગીરાજ, પ્રણામ મેરી બાત સૂનો (કાનમાં વાત કહે છે.)

જોગીબાવા : ચલ બચ્ચા મેં આતા હું (ચીપીયો પછાડતા, ઘૂંઆર અવાજ કરતાં ચીકુડા પાસે આવે છે, ઘરના લોકો બધા ડરવા લાગ્યા અને ચીકુડો શાંત થઇ ગયો.)

(ચીકુડા ઉપર હાથ ફેરવ્યો, પછી કમંડળમાંથી પાણી છાંટયું, પછી ધૂણ ધૂણે છે. પછી ચીપીયાને ભૂમિ પર પછાડે છે, મંત્રો બોલે છે.) લો મેરા યે ધાગા, જો બાંધેગા વો મરેગા ઔર યે જીયેંગા અરે, કોઇ લેને કો તૈયાર નહીં.

ધરમદાસ : અકકલદાસ, તારો આ પુત્ર છે એને જીવાડવો હોય તો આ દોરી બાંધી લે.

અકકલદાસ : ભાઇ, તમારી વાત હું સમજી શકયો એને જીવાડવો અને મારે મરવું એ મને પાલવે એમ નથી.

ધરમદાસ : તો કોણ બાંધશે ?

અકકલદાસ : તારો ધર્મેન્દ્ર.

ધરમદાસ : અરે ભાઇ, આ શું બોલે છે ? તારા દિકરાને જીવાડવો અને મારા દિકરાને મારવો એવાજ તારા વિચારો છે.

ધર્મેન્દ્ર : નાના કાકા....પિતાજી, તમે તો બન્ને, ભાઇઓ છો, તમારા બન્નેમાં આવા રાગદ્વેષ ન હોવા જોઇએ મને તો લાગે છે કે આ સંસાર કેટલો સ્વાર્થથી ઘેરાયેલો છે, દરેકને પોતાના પુત્ર પ્રત્યે નો રાગ છે અને બીજાના પુત્ર પ્રત્યે નો દ્વેષ છે. બોલો ! શું થવા બેઠું છે સંસારનું, ? જ્યાં જઇએ ત્યાં સ્વાર્થભર્યા સંસારમાં ભયંકર દાવાનળ સળગી રહ્યો છે.

'ઉત્તમ જીવન મેળવી વેડફો શું માનવો,
દયા ધર્મને ભૂલી કયાં બનો છો દાનવો,
ધર્મને ભૂલશો નહીં, રહેશો ગતિ ચારમાં,
ભૂલ્યા અગર જો ધર્મને ફરશો ગતિ ચારમાં,

મારા વ્હાલા સ્નેહીજનો, આ સુકોમળ ચીકુડો રોગથી ઘેરાઇ રહયો છે એને બચાવવો એ આપણા સૌનું કર્તવ્ય છે.

ચીકુડો : ભાઇ, તો પછી તમે જ બાંધી લો ને દોરો.

ધર્મેન્દ્ર : ભાઇ, તું જરા ધીરજ ધર, એકને જીવાડવો અને એક ને મારવો એ

આપણું કર્તવ્ય નથી. પણ, સૌ કોઇને જીવાડવા એ આપણું કર્તવ્ય છે, કારણ કે જ્ઞાની પુરૂષો એ કહ્યું છે.

"અનિત્યાણી શરીરાણી વૈભવો નહી શાશ્વત,
નિત્યં સન્નિહિતી મૃત્યુ કર્તવ્યો ધર્મસંગ્રહ"

આ શરીર અનિત્ય છે, એનો કોઇ ભરોસો નથી, કયારે નાશ થઇ જશે, એનો આપણને ખ્યાલ નથી. આ શરીરનો વિયોગ કરી આત્મા કયારે ચાલ્યો જશે, એની આપણને ખબર નથી, અને આપણી સામે દેખાતા ભવ્ય મહેલો મકાનો, તિજોરીઓ, પેઢીઓ, ફોન ફર્નિચર અને ટી.વી. ફ્રીજ રેડિયો વગેરે અનેક પ્રકારની સમૃધ્ધિ અને વૈભવ છોડી ને ચાલ્યા જવાનું છે. કાંઇ સાથે આવવાનું નથી, માત્ર મૃત્યું આપણી નજીક આવી રહ્યું તેવા સમયમાં માત્ર કરવા લાયક સ્વીકારવા લાયક અને આચરવા લાયક એક જ માત્ર ધર્મ છે. આપણાં જીવનમાં જો ધર્મ કર્યો હશે, તો તે જ આપણને તારશે, ભવાંતરમાં સાથે આવીને કલ્યાણ કરશે.

યોગીરાજ : કયાં તુમ ઇતના બકવાસ કરતા હે ? કોઇ ધાગા બાંધનેવાલા હું કિ નહીં ? (દોરો તોડી નાંખે છે.)

ધર્મેન્દ્ર : કયું યોગીરાજ, યે કયા કિયા ? આપને યે ધાગા કયું તોડ દિયા ? (યોગીરાજ જાય છે.)

ધર્મેન્દ્ર : જે બન્યું તે સારા માટે થયું, એક ને જીવાડવો એવું આપણા ધર્મમાં કહ્યું નથી. હા, મને હવે યાદ આવ્યું કે 'નવકાર' મંત્રના પ્રભાવે આપણો ચીકુડો સારો થઇ જશે, લાવ હું એના કાનમાં 'નવકાર મંત્ર' સંભળાવું.

ચીકુડો : ઓહો ! કેવો આ સ્વાર્થ ભર્યો સંસાર. ઊભા રહો, મારે તમને કંઇ કહેવું છે. ખરેખર ! આ સંસારમાં કોઇ સાર નથી. કોઇ રક્ષણ કરનાર નથી કોઇ મૃત્યુંના મુખમાંથી બચાવનાર નથી.

હા, મને તો સમજાયું કે જો કોઇ સારભૂત હોય તો વિતરાગ ભગવંતો એ જ શરણભૂત છે. સાધુ ભગવંતો એ જ શરણભૂત છે.

"અરિહંતે શરણું પવજ્જામી,
સિધ્ધે શરણું પવજ્જામી,
સા હુ શરણું પવજ્જામી,
કેવલી પન્નતં ધમ્મં; શરણું પવજ્જામી"

ધર્મ એજ ખરેખર રક્ષણ કરનાર છે. ધર્મ એ જ મૃત્યુના મુખમાંથી બચાવનાર છે. એ જ તારણહાર છે. માટે હું આજે નિર્ણય કરું છું કે આ સ્વાર્થભર્યો સંસાર માં માતા-પિતા, ભાઇ બહેન સૌ સ્વાર્થમાં રચ્યા પચ્યા રહે છે. માટે આવા સ્વાર્થી જનોનો ત્યાગ કરી અનંત શાશ્વત સુખના સ્થાને પહોંચવા માટે શ્રી જીનેશ્વર ભગવંતો એ બતાવેલા ચારિત્રમાર્ગનો સ્વીકાર કરવો એજ મારા માસા માટે કલ્યાણકારી છે.

કેમ પિતાજી તમને હું વહાલો છું ?

અકકલદાસ : તું મને ઘણો જ વ્હાલો છે.

ચીકુંડા : છોડો, તમારી વાત, જ્યારે ચોગી એ મને બચાવવા તમને ઢારો આપ્યો ત્યારે તમે ન બાંધ્યો અરે, તમારા પૈકી આટલામાંથી કોઇપણ તૈયાર ન હતું, સૌને પોતાનો જીવ વ્હાલો છે. બીજાનું ગમે તે થાય ! આ સ્વાર્થની ભૂખ આ સંસાર માં તમારા જેવાની કયારેય નહીં ભાંગે આજથી હવે હું તમારા સૌનો ત્યાગ કરું છું. પ્રભુવીર પરમાત્માના માર્ગે જવાને માટે હું કટિબધ્ધ બનું છું. એ શાસનના રક્ષક દેવો, આ વીતરાગ પરમાત્માના માર્ગે જતા એવા મારી રક્ષા કરજો અને આ સ્વાર્થ ભર્યા સંસારમાં જીવોને સદ્‌બુધ્ધિ આપજો કે પોતાના બાળકોને નિયમીત પાઠશાળા મોકલી સુસંસ્કારો આપે. ખરેખર ! મને પણ પાઠશાળામાંથી શિક્ષણ મળ્યું એના પ્રતાપે આજે જ્ઞાનના ફળ રૂપે હું પાપથી અટકવા વીરતી રૂપ ચારિત્રના પંથે જાઉં છું.

રચયિતા : પંડિત શ્રી રમણીકલાલ મણીલાલ સંઘવી
ભાભરવાળા

વિવિધ વાંચનમાંથી. ✍ પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

— પુણ્ય કયારે બંધાય તથા કેટલા પ્રકારે ?

૧ અન્ન પુણ્ય : અન્નનું દાન દેવાથી.
૨ પાણ પુણ્ય : પાણીનું દાન દેવાથી.
૩ સ્થન પુણ્ય : સ્થાન આપવાથી.
૪ શયન પુણ્ય : શય્યા પાટ પાટલા આપવાથી.
૫ વસ્ત્ર પુણ્ય : વસ્ત્રનું દાન આપવાથી.
૬ મન પુણ્ય : મનને શુભ રાખવાથી.
૭ વચન પુણ્ય : મુખથી શુભ બોલવાથી.
૮ કાય પુણ્ય : કાયા દ્વારા જયણા પાળવાથી.
૯ નમસ્કાર પુણ્ય : ગુણીજનોને વારંવાર નમસ્કાર કરવાથી (ઠાણાંગ સૂત્ર)

યાકિની મહત્તરા સુનુઃ

આ વાકય સાંભળતા કે વાંચતા જ યાકિની મહત્તરાની યોગ્યતા નજર સમક્ષ તરી આવે છે.

અસાધારણ વિદ્વતા ધરાવતા શ્રી હરિભદ્ર પુરોહિત એક વખત ફરતાં ફરતાં જૈન ઉપાશ્રયની બાજુએ આવી પહોંચેલ ઉપાશ્રયમાં રહેલા સાધ્વીજીઓ સ્વાધ્યાયમાં રકત હતા—ત્યારે આજે,

સાધુ–સાધ્વીજીઓ પોતાના સ્વાધ્યાયમાં તત્પર હશે ? આડી અવળી ચાલતી વાતોથી પર હશે ?

યાકિની મહત્તરા

—વિરાગ રુચી

જે સાધુએ અને જે સાધ્વીએ પોતાના સંયમનું બરાબર પાલન કરવું હોય, કલ્યાણ સાધવું હોય, સ્વપર ઉપકારી બનવું હોય તેમને પોતાના આચારમાં લીન રહેવું જોઇએ. શ્રાવક અને શ્રાવિકાઓએ ઉપાશ્રયે જ બન્યા રહેવા દેવા હોય તો ત્યાં જઇને તેમના સંયમ પાલનમાં વિક્ષેપ પડે એવી વાતો કે પ્રવૃત્તિઓ કરવી એ યોગ્ય નથી. સાધુ–સાધ્વીજીઓએ પણ ચોકખે ચોકખું કહી દેવું જોઇએ કે અમે અહીં રહ્યા છીએ તે અમારા સંયમના નિર્વાહને માટે અને તમારે અહીં આવવાનું તે ધર્મ જ લેવા માટે સાધુ–સાધ્વીજીઓ પોતાના આચારમાં લીન રહેશે તો જ ઉપકાર કરી શકશે અને શ્રાવક–શ્રાવિકાઓ પોતાની ફરજ સમજશે તો જ લાભ ઉઠાવી શકશે.

યાકિની મહત્તરા પોતાના આચારમાં લીન હતા તેઓ સ્વાધ્યાયને પોતાના પ્રાણ સમજતા હતા. નવી નવી ગાથાઓ ગોખી રહ્યા હતા. એ અવસરે ઉપાશ્રયની બાજુમાંથી નિકળતા શ્રી હરિભદ્ર પુરોહિતે ગાથા સાંભળી, સ્તબ્ધ થઇ ગયા, અર્થ વિચારવા પ્રયત્ન કર્યો. અર્થ સમજાતો નથી પ્રતિજ્ઞા યાદ આવી, પહોંચ્યા ઉપાશ્રયના દ્વારે. અનુજ્ઞા મેળવી અંદર પ્રવેશ કર્યો, હાથ જોડી બોલ્યા—'આપ ગુરૂ અને હું શિષ્ય.'

શું બોલ્યા તે સમજાય છે ?

(જુઓ અનુ. પાના નં. ૨૭૪ ઉપર)

મુખ વસ્ત્રિકાના પચાસ બોલની અંદર આવતા માયા શલ્ય, નિયાણ શલ્ય અને મિથ્યાત્વશલ્યને આપણે નિત્ય બોલીએ છીએ. પ્રાયઃ અર્થ પણ જાણતાં હોઇશું પણ તેનો વિચાર કર્યા વગર "પઢો રે. પોપટ સીતારામ... બોલો રે પોપટ સીતારામ.' પોપટ સીતારામ બોલી જાય તેમ આપણે 'માયા શલ્ય. નિયાણ શલ્ય અને મિથ્યાત્વશલ્ય બોલી જઇએ છીએ. જરા પણ આના અર્થનું ચિંતન-મનન કરતાં નથી. પળે પળે આ શલ્યમા આળોટતા આપણે આલોચના લેતાં નથી લઇએ છે તો પુરેપુરી લેતાં નથી અને જેવા ભાવે દોષ લાગ્યો હોય તેવા ભાવે કહેતાં નથી અથવા ન કહી શકાય તેવા દોષો અન્યના નામે ચઢાવીને આલોચના લઇએ છીએ કરીએ છીએ. શ્રમણ જીવનમાં આવી માયા પગલે પગલે થાય છે તો શ્રાવક જીવનમાં કરાતી માયાની ગણતરી કઇ રીતે મૂકી શકીએ ?' આને માયા શલ્ય કહેવાય 'ધર્મ કરીને સંસારના સુખ માંગવાના નથી ત્યાં ધર્મ વેચીને આલોક અને પરલોકના સાંસરિક સુખની ઇચ્છા રાખવી-કરવી' તે નિયાણ શલ્ય કહેવાય 'શ્રી વિતરાગ દેવ સિવાયના કહેવાતા દેવ-દેવીઓને માનવા-પૂજવા અને તેઓ ઉપર શ્રધ્ધા કરવી"એ મિથ્યાત્વ શલ્ય કહેવાય.

લક્ષ્મણા આર્યાના વિચારનું વિષ અને મુક્તિ

— શ્રી વિરાગ

આ ત્રણેય શલ્ય રહિત જે તપ કરે છે તેઓ ચોક્કસ શિવરમણીને વરે પરંતુ શલ્ય સહિત જે તપ કરે તે લક્ષ્મણા સાધ્વીજીની જેમ વાસ્તવીક ફળ પામતા નથી.

વર્તમાન ચોવીશીની પહેલાની ઓગણીસમી ચોવીસીમાં એટલે આઠસો કોડાકોડી સાગરોપમ પહેલાં બનેલી આ ઘટના છે.

કોશ નગરીમાં એક રાજા પોતાની ધરતીનું સારી રીતે પાલન સંચાલન કરી રહ્યા હતા પૂણ્યયોગે ભોગ સુખ ભોગવતાં તેઓને ત્યાં અનેક પુત્રોનો જ જન્મ થતો હતો. લક્ષ્મી દેવીના આવનાર સ્વરૂપ દિકરીનું આવાગમન ન હોવાથી રાજા-રાણી બન્ને દુઃખી હતાં રાજાના હૈયે ભારે દુઃખ હતું દિકરીના બાપ બનવાની ઉત્કૃષ્ટ ભાવનાના જોરે અનેક દેવ-દેવીઓની માનતા કરી નાના પ્રકારના જોષી ભામટાઓ પાસે મંત્ર-તંત્રાદિની સિધ્ધિ કરાવી નિષ્ફળ જતાં સઘળા પ્રયોગોને અંતે પૂણ્યોદયે સાથ આપ્યો પુત્રી-દિકરી રાજાને ત્યાં અવતરી.

ઘણા કોડથી મેળવેલી દિકરી ઉપર કેટલું માન હોય ? એ કુટુંબને તેના ઉપર

કેટલું બહુમાન હોય ? રાજાના આખા કુટુંબમાં એ છિકરી બહુમાન્ય બની ગઇ. છિકરી પાંચ-પાંચ ધાવમાતાઓથી લાલન-પાલન કરાવા લાગી.

કોણ ઝુલાવે હીંબડાં ને કોણ ઝુલાવે પીપળી
ભાઇની બહેની લાડકીને
ભાયલો ઝુલાવે...

લાડકી છિકરીને ઝુલાવનાર-રમાડનાર અનેક રાજપુત્રો હતા. સુલક્ષણોથી શોભી રહેલ સુપુત્રીનું શુભ નામ લક્ષ્મણા પાડવામાં આવ્યું. ક્રમે કરીને વધતી એવી સુકુમારિકા લક્ષ્મણા યૌવનપણાને પામી પુક્તવય પામતી છિકરીને યોગ્ય સ્થાને મોકલવી જોઇએ તેમ વિચારીને રાજાએ, છિકરીની સંમતિથી અને મનોવાંછિત વરની પ્રાપ્તિ થાય તે માટે યોગ્ય સ્વયંવર યોજ્યો એ સ્વયંવર મંડપમાં દેશ પરદેશના રાજકુમારો એકઠા થયા હતા. તેમાના એક પર પસંદગી ઉતારી કંઠે વરમાળાનું આરોપણ કર્યું ચોરી રચાવી. સાવધાનના મંત્રોચ્ચાર પૂર્વકની વિધી મુજબ લગ્ન ક્રિયા કરવામાં આવી પૂર્વોદયે જે ચોરીમાં હસ્તમેળાપ થયો ને પાયોદયે તે જ ચોરીમાં પેલો રાજકુમાર મૃત્યુ પામ્યો.

કર્મની ગતિ કેવી વિચિત્ર છે ? નથી રાજા કાંઇ કરી શકતો ? રાજકુમારીનું કર્મ જ એવા પ્રકારનું હતું. ચોરીમાં રાંડી મનોવાંછિત પતિદેવ કરવા છતાં પરિણામ અણવિચાર્યું આવ્યું. અન્યને વરવાનો વિચાર નથી મારે આજ રીતે જીવવાનું છે. રાજા તેમ રાજ પરિવારને અથાગ રાગ હોવા છતાં રાજ પરિવાર ફરી પરણવાનો આગ્રહ કરતો નથી.

રાજકુમારીએ મનોમન નિર્ણય કર્યો, હવે મારે મારા વૈધવ્યને નિષ્કલંક રાખવું જોઇએ દુરાધ્ય મનડાને સાધવું હશે તો મારે સુશીલ બનવું પડશે. મારી મતિ મારે શાસ્ત્રમાં સ્થિર કરવી પડશે ખરેખર, આજ મારા માટે સાચો તરણોપાય છે ધર્મ સેવન કરવાની તક મને સાંપડી છે મારા ભાવીને મારે ઉજ્જવળ બનાવું છે. પરણીને અનેક પાપોથી બચી શકાતુ નથી અને ધર્મનું આસેવન પણ કરી શકાતુ નથી પરંતુ મારા દુષ્કર્મના ઉદયે મને ધર્મની સુંદર આરાધના કરવાની તેમજ પાપોથી બચવાની સુંદર તક આપી છે તો લાવ હવે,

સતિ ધર્મનું સુંદર પાલન કરૂં શ્રાવક ધર્મના સેવનમાં પણ એકનિષ્ઠ બની જાઉ મનડાને કેળવી લઉ સદાચારમાં મન પોરવું. આ રીતે કરતાં કરતાં સતિ શિરોમણિ બની ઘણા કાળ સુધી શ્રાવકપણાની સુંદર આચારોને પાળતા પાળતા વૈરાગ્યની વૃધ્ધિ થઇ ચારિત્ર લેવાના ભાવ થયા સંયમ ગ્રહણ કર્યું, સર્વ પાપ વ્યાપારોનો સર્વથા

ત્યાગ કર્યો. ગ્રહણ અને આસેવન શિક્ષાઓ પામીને ઉત્તમ ચારિત્ર પાળવા લાગ્યા લોકમાં પણ આર્યા લક્ષ્મણા તરીકે પ્રસિદ્ધ થયા.

આટલા ઉત્તમ પણ આત્માઓને નિમિત્ત માત્રથી ઘોર પાપ બંધ થાય છે. રત્નત્રયીને હાનિ પહોંચાડે તેવા સઘળાંય નિમિત્તોથી આત્માને સદાય સાવધ રાખવો જોઈએ, જો સાવધ રાખવામાં ન આવે તો સત્વશીલ. શ્રદ્ધાળુ અને સદાચારના પાલનમાં સદા રકત એવા પણ આત્માઓને નિમિત્તની અસર થઇ જાય છે. સાવ પાયમાલ થઇ જાય છે.

આર્યા લક્ષ્મણાને માટે પણ આવું જ બન્યું. એક દિવસ તેઓશ્રીએ એક ચકલા ચકલીની યુગલને જોયું. જે યુગલ કામક્રીડા કરી રહ્યું હતું. એ યુગલની કામક્રીડા જોતાં જોતાં આર્યા લક્ષ્મણા જરાક ભાન ભૂલી ગયાં.

એમણે પોતાની નજર પડતા જ પાછી ખેંચી લેવી જોઇતી' તી નજર બચડે તેવું નિહાળીને મનમાં અન્ય વિચાર ઉદ્ભવ્યો અરે! તેનાથી પણ પાછા ફરવું' તું અને વિચાર એવો કરવો જોઇતો હતો કે "કામ પશુ-પંખીઓને પણ કેટલુ બધું રંજાડે છે"

એને બદલે આર્યા લક્ષ્મણાએ પોતાની નજર તેની સમક્ષ સ્થિર કરી ખરાબ વિચારોએ જોર પકડયું. વિપરીત ભાવોએ ઘેરો ઘાલ્યો. 'અતિ કામી એવા પણ શ્રદ્ધાળુ ને જેવો વિચાર પ્રાયઃ ન ઉદ્ભવે તેવો વિચાર આર્યા લક્ષ્મણાના હૈયામાં ઉદ્ભવ્યો.

"આવી કામક્રીડા કરવાની અનુમતિ શ્રી અરિહંતદેવે કેમ નહી આપી હોય?" આવા અઘટીત વિચારોના સમાધાનમાં તેઓશ્રીએ વિચાર્યું, શ્રી અરિહંતદેવ આની અનુમતિ શાની આપે કારણ કે એ પોતે અવેદી હોય છે. એટલે વેદોદયવાળાના દુઃખને તેઓશ્રી કયાંથી જાણે?"

આવો પાપને વધારનારો ખરાબ વિચાર, આવતાં તો આવી ગયો. પણ ક્ષણ માત્રમાં જ સાવધગીરી પ્રાપ્ત થઇ ગઇ મનના ભાવો પલટાયા.

શ્રી અરિહંતદેવોને વેદનો ઉદય ન હોય પરંતુ વેદના ઉદયને કારણે આવતાં ભંયકર દુઃખોનું જ્ઞાન અને સર્વ જીવોની સર્વ પ્રકારની પીડાઓનું જ્ઞાન એ તારકોને હોય જ મિથ્યાત્વનો જોરદાર ઉદય હોય તો જ આવા વિચારો આવે.

વેદોદય એટલે તમે સૌ સમજો છો ને? વેદના પણ પ્રકાર છે. એક પુરૂષવેદ બીજો સ્ત્રી વેદ અને ત્રીજો નપુંસકવેદ આ ત્રણેય વેદમાંના એક પણ વેદનો ઉદય સારો નથી એક એક વેદની પીડાની માત્રા અનેક ઘણી છે ઉપકારિઓએ પુરૂષવેદના વિષયને તરણાના અગ્નિ જેવો કહયો છે તરણાનો અગ્નિ ઝટ સળગે અને ઝટ ઓલવાઇ જાય. સ્ત્રી વેદના વિષયને બકરીની લીંડીઓના અગ્નિ સમાન કહયો છે. આ અગ્નિ ઝટ

સળગે નહીં પણ ધીરે ધીરે વધતો જાય અને મહામુસીબતે જ શમાવી શકાય. નપુસંક વેદના વિષયને નગરના ઘર જેવો કહયો છે નગરનો ઘર સળગ્યા પછી એને શમાવતાં કેટલી મુશ્કેલી પડે તે માટે શું કહેવાનું પહેલા બેના હૃદયમાં અરસપરસ ઈચ્છા થાય ત્યારે ત્રીજા વેદના હૃદયમાં સજાતીય અને વિજાતીય–ઉભયમાં સંબધ બાંધવાની તીવ્ર ઈચ્છા થાય વેદની તીવ્ર વેદના સમાવવા માટે ઉપકારીઓએ, બ્રહ્મચારી આત્માઓ માટે બ્રહ્મચર્ય ની નવ વાડોનું પાલન કરવાનું સૂચન કર્યું છે વેદોદયના જોરને શમાવવાના લક્ષથી પર બની ગયેલો આત્મા કદાચ ભંયકર પાપાચરણ આચરનારો પણ બની જાય છે.

આર્યા લક્ષ્મણાને વિચાર તો આવ્યો પણ તરત જ પાછા વળ્યાં હૈયામાં પશ્ચાતાપનો ભાવ પ્રગટયો. મેં બહુ ભયંકર ચિન્તવન કરી નાંખ્યું. આ પાપની આલોચના શુધ્ધિ સાધવાનો વિચાર પણ આવ્યો મન ચગડોળે ચડયું વિચાર આવ્યો આવા ભયંકર ચિન્તવનની આલોચના કઇ રીતે હુ? પાપની શુધ્ધિ હું કઇ રીતે કરી શકીશ ? સ્થિર મનડાએ વિચાર પ્રકાશ્યો શલ્યસહિત તો શુધ્ધિ થાય જ નહી હાલમડોલમ હૈયું માન કષાયે ચઢયુ બીજી બાજુ શુધ્ધિની અભિલાષા હતી માહેલો પ્રાયશ્ચિત લેવાની પ્રેરણા કરવા માંડયો.

જેવું બન્યું છે તેવું પ્રાયશ્ચિત દાદા સુગુરુને કહી દઉં પરંતુ આવું પાપ ઝટ કઇ રીતે વર્ણવી શકાય ? ન જ વર્ણવી શકાય. આવા પાપનું વર્ણન કરવા માટે ખુબ જ શુધ્ધિના અર્થી તેમજ કષાય વિજેતા બનવું પડે.

આ તો રાજકુમારી, બાલ બ્રહ્મચારિણી, ધર્મ આરાધનામાંય સારી એવી ખ્યાતિ પામેલી, સમગ્ર જીવનમાં મેળવેલી સદાચારીપણાની કીર્તિને કલંક લાગે અને સ્ત્રી જાત એટલે આવા પાપની આલોચના કરવામાં ખૂબ ખૂબ સંકોચને અનુભવનારી બની.

શુધ્ધ બનવાની ભાવનાવાળાઓએ આવા કોઇ સંકોચને તાબે થવું ન જોઇએ મનના ભાવોને જરાપણ છૂપાવવા ન જોઇએ. જે જે વચનો જે જે પ્રકારે બોલાયા હોય તથા જે જે કાયિક પ્રવૃત્તિ જે જે પ્રમાણે કરાઇ હોય તથા તેમાં પણ જેવો રસાનુભવાદિ કરેલ હોય ને સર્વ યથાતથા કહેવું જોઇએ.

આ રીતે આલોચના કરવા ઉદ્યમશીલ બને તે જ હિતાવહ છે.

આર્યા લક્ષ્મણાજીના મનમાં માન કષાયના યોગે ક્ષોભ તો છે પણ એ ક્ષોભને દબાવી નિઃશલ્ય બનવા માટે ઉત્સાહપૂર્વક પગ ઉપડયો દુર્ભાગ્યે અણચિત્યો કાંટો વાગ્યો ભાંગ્યો અપશુકન થયા મન ચગડોળે ચઢયું.

બસ, તકની રાહ જોતો માન કષાય રૂપી ગ્રહની માફક ઉછળ્યો. તેઓ ક્રોધના આવેશમાં આવી ગયા આત્માને પછાડનારા આન્તર શત્રુઓની સલાહ આપી "તું સાચી વાત બોલીશ નહી ? નહિ તો બહુ નુકશાન થશે. તારી આબરૂ જશે" ઝટ દઈને આર્યા લક્ષ્મણાએ માન કષાયની વાત માની લીધી. પહોંચ્યા કેવળજ્ઞાનીની સભામાં તે પાપની આલોચના લીધી પણ કેવી રીતે મેં આવું પાપમય ચિંતવન કર્યું છે એની આલોચના શું એમ પૂછવાને બદલે પૂછયું.–સાધુપણામાં જો કોઈને આવો પાપ વિચાર આવે તો તેનું પ્રાયશ્ચિત શું આવે ?

કપટ ભાવે પુછયુ, બીજાનું નામ આગળ કરી પોતે પ્રાયશ્ચિત લીધુ પોતાનો આત્મા છેતરાયો છે એ લક્ષમાં ન આવ્યું.

બીજાને છેતરનાર પોતે જ છેતરાય છે.

હવે, લક્ષ્મણા સાધ્વીજીએ ભયંકર પાપમય ચિંતવનથી થયેલ અશુધ્ધના નિવારણ માટે પચાસ વર્ષ સુધી જે તીવ્ર તપ કર્યું તેનુ વર્ણન કરતાં શાસ્ત્રકાર મહર્ષીઓ ફરમાવે છે કે....

છઠ્ઠના પારણે અઠ્ઠમ, અઠ્ઠમના પારણે ચાર, ચારના પારણે પાંચ અને તેમાંય પારણે નવી જ આવો તપ દશ વર્ષ સુધી કર્યો બે વરસ સુધી ઉપવાસના પારણે ઉપવાસ કર્યા. બે વર્ષ સુધી માત્ર શેકેલા અનાજથી તપ કર્યો સોળ વર્ષ સુધી માસક્ષમણના પારણે માસક્ષમણ કર્યા વીસ વરસ સુધી લાગલાગટ, આંયબિલ કર્યા આવો દુસ્તર તપ ૫૦ વરસ સુધી તપવા છતાં આત્મા શુધ્ધિ ન થઈ મનમાં શલ્ય હોય તો શુધ્ધિ કયાથી થાય ? શલ્યના યોગે મૃત્યુ પણ બગડયું, આર્ત ધ્યાનમાં મરી ઘણો કાળ ભટકી ઘણો ઘણો માર ખાઇ આર્યા લક્ષ્મણાનો આત્મા આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ ભગવાનના તીર્થમાં મુક્તિ જશે.

ઉપકારીઓ ફરમાવે છે કે શલ્ય રહિતપણે કરેલ તપની આચરણા નિષ્ફળ નીવડે છે. એકલા બાહ્ય તપથી તે પાપ જતુ નથી આલોચના શુધ્ધભાવે, વિધિ પૂર્વક અને નિરાશસંભાવે જ કરીએ તો મોટો લાભ થાય નહિતર દુસ્તર તપ નિષ્ફળ નીવડે

આ બધું વર્ણન શા માટે કર્યું ? આર્યા લક્ષ્મણાએ કેવી ભુલ કરી હતી તે આપણને જાણવા મળ્યું. એમનો દ્રોહ ગાવા માટે આ વર્ણન કરાયું નથી પરંતુ આ વર્ણનતો એ માટે જ કર્યું છે કે આ વૃતાન્તને જાણીને આપણે જો ભુલ કરતા હોઇએ આપણે ચેતી જઇએ અને સુધરી જઇએ.



– વૃદ્ધપતિ ત્રીયા દુઃખ દર્શન –

ભાઇઓ જેની ભારજા ભુંડી રે, તેને પીડા અંતર ઉંડી–એ રાગ.

અરે ભારે દુઃખમાં ભારી રે, વદુ શું વેદના મારી, એ ટેક

પાપી પીતાએ ઘાયલ કીધી, જુલમ કરીને જરૂર,
પોતા તણી પીડા ટાળવા કાજે, મેલી દયાને દૂર, અરે ભારે ૧

મોટી આશાથી મુજને ઉછેરી, વર્ષ થયાં દશબાર;
એટલે તાંતતો તૈયાર બનીયા, શોધવાને ભરથાર, અરે ભારે. ૨

એત્યો ગમારસમો વર બુઢો, ત્રીજી વખત વરનાર;
પાંસઠ વર્ષ હતાં તે પિયુને, તાતે ન કરીયો વિચાર, અરે ભારે. ૩

લક્ષમીના લોભે સગપણ કીધું, શોધી બુઢો ભરથાર,
રાણી શિક્કાના લીધા રૂપૈયા, તાતે હજાર બે–ચાર અરે ભારે ૪

ક્રુર પિતાએ કૃપાને વીસારી, ભાંગી પોતાની ભૂખ;
પુત્રીના સુખની સામુ ન જોયુ, લજવી જનેતાની કૂખ, અરે ભારે. ૫

તાતે તવંગર બનવાને કાજે, આપી બુઢાને હું બાળ;
બળતી વીવાનો આદર કીધો, લગ્ન લીધા તતકાળ, અરે ભારે. ૬

પાપી પિતાએ લગ્ન લખાવ્યું, તેડાવ્યા જોશી ત્યાંહ્યા;
જાન લેઇ પતી પુરમાં આવ્યો, સાંભળી કંપી કાય, અરે ભારે. ૭

ત્યાં તો આવી પતી માંડવે ઉભો, ઉટીંયા સરખો જણાય;
કંથરૂપી મને વાગી કટારી, પીડે ઘણી પિંડમાંહ્ય, અરે ભારે. ૮

શોક સમુદ્રમાં ડુબી પડી ત્યાં, પરણી એવા પતી સાથ,
હું અબળાનું કાંઇ ન ચાલ્યું, તર્ત, ધર્યો મેં હાથ, અરે ભારે. ૯

વળતે દીને જાન કીધી વીદાયે, મેલ્યો ગૈયરીયાનો સાથ;
રોતી કકળતી સાસરે આવી, નજરે નિહાળ્યો મેં નાથ, અરે ભાઇ ૧૦

ઝેર હળાહળ ઝાળ વ્યાપી મને, જોઇ બુઢારૂપ બાણ;
અરરર એ પ્રભુ આ શું બનાવ્યું, દુઃખથી વાળ્યો ઘાણ, અરે ભારે. ૧૧

ભરુચ શહેરમાં ચાતુર્માસ રહેલા જિનાનંદસૂરિ નંદ નામના બૌદ્ધ સાધુ સાથે વાદ કરવામાં પરાજય પામ્યા. આથી દુઃખી બનેલા તે મહાપુરુષ ત્યાંથી વિહાર કરી વલભીપુર આવ્યા. ત્યાં તેમની સંસારી બેન હતી. તેનું નામ દુર્લભદેવી હતું. તેનો પતિ મૃત્યુ પામ્યો હતો. તેને ત્રણ પુત્રો હતા. દુર્લભદેવીએ પોતાના ભાઇ આચાર્ય મહારાજને વિનંતી કરી કે, આપ મારા છોકરાઓને વૈરાગ્યનો ઉપદેશ આપી સંયમની ભાવનાવાળા બનાવો. આચાર્ય મહારાજના ઉપદેશથી ત્રણે છોકરાઓ સંયમની ભાવનાવાળા બન્યા. આથી દુર્લભદેવીએ પણ ચારિત્ર લેવાનો નિર્ણય કર્યો. દુર્લભદેવીએ ત્રણે પુત્રો સાથે દીક્ષા લીધી.

* શ્રમણીરત્ન શ્રી દુર્લભદેવી *

–પૂ. આ. શ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મ.

સાધ્વીજીએ આચાર્યને અને સંઘને ગુણોથી વશ કરી લીધા.

તે સાધ્વીજીમાં શાસનનો અનુરાગ તીવ્ર હતો. આચાર્ય દેવ આદિ સાધુઓ પ્રત્યે ભક્તિભાવ ઘણો હતો. પોતે વિદુષી હોવા છતાં નાના અને ઓછા ભણેલા સાધુઓનો વિનય બરોબર કરતા હતા. કયારેય નાના સાધુઓનો અવિનય ન થઇ જાય, તેમની મર્યાદાનો ભંગ ન થાય, તેની પૂરી તકેદારી રાખતા હતા. તેવી રીતે સાધ્વીઓમાં પોતાનાથી વડિલ સાધ્વીઓનો વિનય અને બહુમાન બરોબર જાળવતા હતા. ગુરૂણી પ્રત્યે પૂર્ણ આંતરિક બહુમાન સાથે બાહ્ય ભક્તિભાવ હતો. સાધ્વીજીઓની સેવા અને વૈયાવચ્ચ સારી રીતે કરતા હતા. કોઇ સાધ્વીજીનું પોતાનાથી અપમાન ન થઇ જાય તેની પૂર્ણ તકેદારી રાખતા હતા. બીજા કોઇ સાધ્વીજી વગેરે અજ્ઞાનતાથી પોતાનું અપમાન થાય તેવી પ્રવૃત્તિ કરે તો ખોટું લગાડતા ન હતા.

એમને એવો નિર્ણય કર્યો હતો કે બીજાનું–નાના સાધ્વીનું પણ કામ કરી છુટવું અને પોતાનું કામ કોઇની પાસે કરાવવું નહીં આનું કારણ એ હતું કે એમનામાં જ્ઞાનનું ફળ આવ્યું હતું. જ્ઞાનનું ફળ નમ્રતા અને પરોપકાર છે. જેમ જેમ જ્ઞાન વધે તેમ તેમ પરોપકાર અને નમ્રતા એ બે ગુણો વધવા જોઇએ. નમ્રતા આવે એટલે વિનય અને અપમાન સહન કરવાની શક્તિ આવ્યા વિના ન રહે. વિનયી અને અપમાન સહન કરનાર પ્રાયઃ નાના મોટા દરેકના દિલને જીતી શકે છે. દરેકનું પ્રેમ પાત્ર બની જાય છે. પરોપકાર આવે એટલે વડિલોની ભક્તિ અને નાનાઓની પણ સેવા કરવાનું દિલ થાય છે. આથી તે વડિલની ભક્તિ અને નાના–મોટાની સેવા કરવાની તક શોધ્યા કરે, તક આવે તો તુરત ઝડપી લે. આવો જીવ પણ પ્રાયઃ દરેકનું દિલ જીતી લે.

આ સાધ્વીજી મહારાજમાં વિદ્વત્તા અને વિદ્વત્તાના ફળ સ્વરૂપે નમ્રતા અને પરોપકાર એ બે ગુણો હતા. બીજા પણ ઘણા ગુણો હતા. આથી તેમણે આચાર્ય મ. અને સંઘને વશ કરી લીધા. તેમની જ્ઞાન ભક્તિ અને કાર્ય કુશળતા જોઈને સંઘે તેમને જ્ઞાન ભંડારને વ્યવસ્થિત કરવા અને પુસ્તકોનું સારી રીતે જતન કરવા વિનંતી કરી. આથી તે સાધ્વીજી મ. બીજાઓ પાસે પુસ્તકો લખાવતા હતા. જરૂર પડે ત્યારે પુસ્તકો છોડવા, બાંધવા, ભંડારમાં રાખવા વગેરે રીતે જ્ઞાનભંડારની વ્યવસ્થા કરતા હતા.

તે સાધ્વીજી મ.ના ત્રણે પુત્રો હોંશિયાર હતા. પણ તેમાં સૌથી નાનો પુત્ર ખુબ તેજસ્વી હતો. તેનું નામ મલ્લ હતું. આચાર્ય મ. તે ત્રણેને બધા શાસ્ત્રો ભણાવ્યા પણ નયચક્ર નામનો પ્રમાણ ગ્રંથ ભણાવ્યો નહિ, કારણ કે એ ગ્રંથ પૂર્વાચાર્યે પ્રમાણવાદ નામના પૂર્વમાંથી સારોદ્ધાર કરીને રચ્યો હતો. તે ગ્રંથ દેવતાધિષ્ઠિત હોવાથી શ્રુત દેવતાની આરાધના કરી તેની આજ્ઞા હોય તો હોનહાર સાધુ જ ભણી શકતો હતો. આ. મહારાજે તે ગ્રંથ ભંડારમાં મુકાવ્યો અને કોઇ બિન અધિકારીના હાથમાં ન જાય એ માટે કાળજી રાખવા સાધ્વીજી મ.ને કહ્યું : હવે એક વખત આચાર્ય મહારાજે વિહાર કર્યો, આ ત્રણ સાધુઓને અહીં રાખ્યા. મલ્લ તેજસ્વી હોવા સાથે ચપળ હતો. તેને વિચાર થયો કે આચાર્ય મહારાજે મને નયચક્ર ગ્રંથ કેમ નહિ ભણાવ્યો હોય ? એ ગ્રંથ કેવોક હશે ? એ કેટલો ગહન હશે ? આમ વિચારી સા.જીને ખબર ન પડે તેમ ભંડારમાંથી નયચક્ર ગ્રંથ કાઢીને જોવા માંડયો.

તેનો પહેલો શ્લોક વાંચીને હર્ષ પામ્યો. તેનો અર્થ વિચારીને હર્ષ પામ્યો. અર્થનો ઉંડાણથી વિચાર કરવા આંખો મીંચી તેવામાં શ્રુતદેવીએ તેના હાથમાંથી પુસ્તક લઇ લીધું અને અદશ્ય થઇ ગઇ. તેણે આંખો ખોલીને જોયું તો હાથમાં પુસ્તક નથી. ચિંતાતુર બનીને વિચાર્યું કે ગુરૂની આજ્ઞા વિના પુસ્તક વાંચ્યું તેનું આ ફળ મળ્યું. અહીં એ મુદ્દો વિચારવા જેવો છે કે—તેમણે ગુરૂની આજ્ઞા વિના પુસ્તક વાંચવાની ભૂલ તો કરી નાખી પણ ભૂલનો સ્વીકાર તરત જ કરી દીધો. ભુલ થઇ જવી સહજ છે. પણ ભુલનો સ્વીકાર બહુ કઠિન છે. આથી જ ભુલના સ્વીકાર રૂપ શુભ ઉન્નતિનું પહેલું પગથિયું છે. આથી જેણે ઉન્નતિ સાધવી હોય તેણે ભુલ ન કરવી જોઇએ. ભુલ ન થાય તેની કાળજી રાખવી જોઇએ. આમ છતાં ભુલ થઇ જાય તો તેનો સ્વીકાર કરી લેવો જોઇએ.

મલ્લ સાધુનો અભિગ્રહ :—

આત્મનિંદા કર્યા પછી મલ્લ સાધુએ આ બનાવ સાધ્વીજી મ.ને જણાવ્યો. સા.

મ. શ્રી સંઘને આ વાત કરી શ્રી સંઘને પણ દુઃખ થયું. મલ્લ સાધુએ અભિગ્રહ કર્યો કે જો એ પુસ્તક પાછું મળે તો જ વિગઇ લેવી ત્યાં સુધી ધાન્યમાં વાલ સિવાય કોઇ ધાન્ય ન લેવું. અને વનમાં જ રહેવું. આનાથી સંઘ એકી સાથે હર્ષ–શોકની લાગણી અનુભવવા લાગ્યો. મલ્લ સાધુનો આવો અભિગ્રહ જાણી આનંદ થયો, પણ અભિગ્રહ ઘોર હોવાથી વિગઇ વિના દેહ ટકે તેમ ન હોવાથી શોક થયો આથી શ્રી સંઘે તેમને વિગઇની છૂટ રાખવાની આગ્રહભરી વિનંતી કરી. પ્રારંભમાં તો મલ્લ સાધુએ શ્રી સંઘની વિનંતી તરફ લક્ષ્ય આપ્યું નહિ. પણ પછી સંઘે જોરદાર આગ્રહ ચાલુ રાખવાથી શ્રી સંઘની વિનંતિથી એક વિગઇની છૂટ રાખી. પછી વલ્લભી નગરીની પાસે આવેલા એક પર્વત પાસે જઇને રહ્યા.

નયચક્ર ગ્રંથની પ્રાપ્તિ :–

એક વખત રાત્રિના સમયે જાગી ગયેલા મલ્લ સાધુ નયચક્ર ગ્રંથની પહેલી ગાથાનો અર્થ વિચારવા લાગ્યા–એવામાં શ્રુત દેવીએ આવીને તેમને પૂછ્યું: 'કિમિષ્ટં' તમને શું પ્રિય છે–પથ્ય છે? મલ્લ સાધુએ કહ્યું : વલ્લઃ –વાલ ઇષ્ટ છે–પથ્ય છે. પછી છ મહિના પછી ફરી શ્રુતદેવીએ પૂછ્યું : 'કાભ્યાં'–કોની સાથે? મલ્લ સાધુએ કહ્યું : 'ઘૃત ગુડાભ્યાં'–ઘી ગોળ સાથે. દેવીએ વિચાર્યું કે મેં છ મહિના પહેલાં જે પ્રશ્ન પૂછ્યો હતો તે પ્રશ્નને જણાવ્યા વિના એ પ્રશ્ન સાથે સંબંધ ધરાવતા આ બીજા પ્રશ્નનો ઉત્તર આપ્યો છે, આથી તેની સ્મરણશક્તિ તીવ્ર છે કારણ કે પહેલો પ્રશ્ન યાદ ન હોય તો આ પ્રશ્નનો ઉત્તર ન આપી શકે આથી સ્મરણશક્તિથી વિસ્મય પામીને શ્રુતદેવીએ પ્રત્યક્ષ થઇને કહ્યું :

હું તારા ઉપર પ્રસન્ન છું–માગ, માગ. આથી તેમણે નયચક્ર શાસ્ત્રનું પુસ્તક માગ્યું. દેવી તે પુસ્તક આપીને તું વાદમાં અજેય થઇશ. એમ કહીને અદૃશ્ય થઇ ગઇ.

શ્રી સંઘને આ સમાચાર મળતા આખો સંઘ ખૂબ આનંદમાં આવી ગયો. મહાન ઉત્સવપૂર્વક તેમને નગરમાં પ્રવેશ કરાવ્યો. હવે શ્રી સંઘ જિનાનંદમુનિને પણ વિનંતી કરીને અહીં લાવ્યો. ત્રણે બંધુઓને મહોત્સવપૂર્વક આચાર્ય પદવી આપી. આ વખતે મલ્લે કહ્યું : ભરૂચમાં જઇ બૌદ્ધ સાથે વાદ કરી બૌદ્ધોને દેશત્યાગ કરાવું તો જ મારું ભણેલું પ્રમાણ છે એમ માનીશ, અન્યથા નહિ.

બૌદ્ધોનો પરાજય અને દેશવટો :—

શ્રી સંઘની આજ્ઞા લઇ મલ્લ આચાર્ય ભરૂચ શહેરમાં પધાર્યા. ત્યાંના રાજાને મળ્યા તથા ચિત્તાહ્લાદક સુંદર કાવ્યો રચીને રાજાને ખુશ કર્યા. પછી એક વખત અવસર

જોઈ રાજાને કહ્યું : બૌદ્ધોને બોલાવો. મારે તેમની સાથે વાદ કરવો છે. રાજાએ બુદ્ધાનંદ નામના બૌદ્ધ આચાર્યને બોલાવીને કહ્યું કે મલ્લ આચાર્ય સાથે વાદ કરો અન્યથા દેશપાર જવું પડશે તથા વાદમાં જે હારે તેને પણ દેશપાર કરવામાં આવશે. બૌદ્ધ આચાર્યે તે કબૂલ કર્યું. વાદ કરવામાં વાદી-પ્રતિવાદી, સાક્ષી અને સભાપતિ એ ચાર જોઈએ. મલ્લ આચાર્યે વાદ માટે ચેલેન્જ ફેંકી હોવાથી વાદી થયા. બૌદ્ધ આચાર્ય સાથે વાદ કરવાનો હોવાથી બૌદ્ધ આચાર્ય પ્રતિવાદી બન્યા. રાજા સભાપતિ બન્યા. મધ્યસ્થ અને વાદ વિષયમાં નિષ્ણાંત એક પંડિતને સાક્ષી તરીકે નિમ્યો.

હવે એ પ્રશ્ન આવીને ઉભો રહ્યો કે પ્રથમ કોણ પ્રશ્ન કરે. બૌદ્ધ આચાર્યે કહ્યું : પ્રથમ વાદી બોલે, પછી પ્રતિવાદી બોલે, આથી રાજાએ મલ્લ આચાર્યને પ્રથમ કહ્યું : મલ્લ આચાર્યે નયચક્રના આધારે પ્રશ્નો પૂછ્યા. બૌદ્ધ આચાર્ય તેના ઉત્તરો આપ્યા.

આમ પાંચ દિવસ સુધી ચાલ્યું, છઠ્ઠા દિવસે મલ્લ આચાર્યે ઘણો જ લાંબો પૂર્વપક્ષ કર્યો. આથી બૌદ્ધ આચાર્ય જવાબ આપવાની વાત દૂર રહી, પણ પૂર્વપક્ષને ધારી પણ શક્યો નહિ. આથી તેણે બીજા દિવસે જવાબ આપવાનું કહ્યું. બધા સભાજનો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. બૌદ્ધ આચાર્ય પોતાના સ્થાને જઈને ચોકથી મલ્લવાદીએ કહેલ પૂર્વ પ્રશ્ન લખવા માંડયો. પણ સંપૂર્ણ પૂર્વ પ્રશ્ન યાદ આવતો નથી. રાત પડી છતાં પૂર્વ પક્ષ લખી શક્યો નહિ. આથી આખી રાત ચિંતાતુર બની ઉજાગરો કર્યો.

હાય ! સવારના શું ઉત્તર આપીશ ? મારો પરાજય ચોકકસ છે. મારે દેશપાર જવું પડશે. લોકોમાં મારી લઘુતા થશે ઇત્યાદિ ચિંતાથી એનું હૃદય ફાટી ગયું. ચોક હાથમાં જ રહી ગયો અને મૃત્યુ પામ્યો.

સવારના રાજા સભામાં આવ્યો બીજા સભ્યો અને મલ્લ આચાર્ય વગેરે પણ સમયસર રાજસભામાં આવી ગયા પણ બૌદ્ધ આચાર્ય આવ્યા નહિ. રાજા વગેરેએ ઘણી વખત સુધી તેના આવવાની રાહ જોઈ, છેવટે રાજાએ તેને બોલાવવા માણસ મોકલ્યો. માણસે તેના ઓરડામાં જઈને જોયું તો આચાર્ય મૃત્યુ પામેલો છે. તેની આગળ લખવાનો પાટિયો પડયો છે. તેના ઉપર ચોકથી અક્ષરો લખેલા છે. હાથમાં ચોકનો ટુકડો છે. રાજપુરૂષે આવીને રાજાને વિગત કહી. આથી રાજાએ બૌદ્ધોને ભારત દેશમાંથી કાઢી મૂક્યા ત્યારથી ભારતદેશ બૌદ્ધ સાધુઓથી રહિત બન્યું. પછી ધીમે ધીમે બૌદ્ધ ધર્મ ભારતદેશમાંથી સદંતર ચાલ્યો ગયો. શ્રી સંઘે જિનાનંદસૂરિ સહિત મલ્લ આચાર્યનો ખૂબ જ આડંબરથી નગરપ્રવેશ કરાવ્યો.

સાધ્વીજી શ્રી દુર્લભદેવી માતા ભારે સંતુષ્ટ થયા તથા આચાર્યશ્રી જિનાનંદ સૂરિએ કહ્યું કે-હે ભદ્રે ! પુત્રવતી સ્ત્રીઓમાં તું અગ્રેસર છે.

રાજાએ તે દિવસથી મલ્લ આચાર્યનું 'મલ્લવાદી' એવું નામ રાખ્યું. આ પ્રમાણે આચાર્યશ્રી મલ્લવાદીએ શાસનની મહાન પ્રભાવના કરી.

જેવી રીતે અહીં સાધ્વીજી શ્રી દુર્લભદેવીએ જૈનગ્રંથ ભંડારની વ્યવસ્થા કરીને શ્રુતભક્તિ અને જૈન શાસનની સેવા કરી તે રીતે આજે પણ જો પૂ. સાધ્વીજી ભગવંતો જ્યાં જ્યાં ચાતુર્માસ કરે ત્યાં ત્યાં આ રીતે જ્ઞાન ભંડારોને વ્યવસ્થિત કરે તો ઉત્તમ શ્રુતભક્તિ કરવા સાથે ઉત્તમ શાસન સેવા કરી શકે.

卐 શીલવતીના તારક સાધ્વીજી 卐

કુશલપુર નગરમાં એક દરીદ્રી હતો તેને દુર્ગિલા નામની પત્ની હતી તે દરિદ્રતાથી પીડાતા હતા.

એકવાર મહાસાધ્વીજી ત્યાં પધાર્યા અને દુર્ગિલાએ તેમને જોયા. નમસ્કાર કરીને કહ્યું : હે ! ભગવતી અમે જન્મથી જ દરિદ્રી છીએ તો અમારો આ દુઃખથી ઉધ્ધાર કરો.

સાધ્વીજી બોલ્યા, ભાગ્યશાળી પુન્ય કરો, પરપુરુષના સંગનો ત્યાગ કરો તથા જ્ઞાન પંચમી તપનું આરાધન કરો.

દુર્ગિલાએ આ સર્વનો સ્વીકાર કર્યો અને બંને દંપતિ શ્રાવક ધર્મનું પાલન કરી સૌધર્મ દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી ભાઇ તે અજિતસેન શેઠ થયે. અને દુર્ગિલાનો જીવ તે શીલવતી સતી બની. પંચમી તપના પ્રભાવથી નિર્મલ બુધ્ધિ થઇ અને શીલના અભ્યાસથી નિર્મલ શીલ થયું. બંનેએ દીક્ષા લીધી. શુદ્ધ ચારિત્ર પાળી પાંચમા દેવલોકે ગયા ત્યાંથી મનુષ્યભવ પામી સંયમ સાધી મોક્ષે જશે.

ધન્ય માર્ગદર્શન મહા સાધ્વીજીનો કરુણાનો ધોધ.

—પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ.

ચંદનબાલા અને મૃગાવતીની ક્ષમા મૂર્તિની જોડી જૈન શાસનમાં પ્રસિધ્ધ છે. તે મૃગાવતી ભગવાન મહાવીરના મામા ચેડા મહારાજાની પુત્રી હતી.

વત્સ દેશના કૌશાંબી નગરમાં સહસ્રાનીક રાજાના પુત્ર શતાનીક રાજાને તે પરણાવી હતી.

એકવાર ગર્ભના પ્રભાવે તેણીને લોહીની કુંડીમાં સ્નાન કરવાનો દોહદ ઉત્પન્ન થયો, પરંતુ દયાળુ મૃગાવતી આ દોહદ પૂરવો તે હિંસા છે તેથી કહેતી નથી, પંચેંદ્રી જીવોના ઘાત વિના આટલું લોહી મળે ક્યાં. લોહીને અને માંસની ઈચ્છા તે પંચેંદ્રી જીવોની વધની મહા પાપેચ્છા છે.

પરંતુ મૃગાવતી દુબળી પડવા લાગી તેથી રાજાએ કારણ પૂછ્યું. તેણીએ કહ્યું: દોહદ પૂર્ણ ન થવાથી દુબળી પડું છું પરંતુ તે દોહદ હિંસામય છે તેથા હું તેવો દોહદ પૂરવા ઇચ્છતી નથી.

સાધ્વી મૃગાવતીની શ્રેષ્ઠતા

—પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.

રાજાના આગ્રહથી દોહદની વાત થઇ. રાજાએ મંત્રીઓની સલાહ લીધી. કસુંબા રંગની કુંડ ભરાવી તેમાં સ્નાન કરાવવા મંત્રીઓની સલાહ થઇ અને તેમ કર્યું.

પરંતુ તે નહાઈને બહાર નીકળી છે ત્યાં આકાશમાં ભારંડ પક્ષી આવે છે. મૃગાવતીને લાલ જોઇને માંસની લાલચથી આવી. પગથી ઉપાડીને તે પક્ષી ચાલ્યું ગયું.

રાજાએ રાજ પુરુષો દોડાવ્યાં ઘણી શોધ કરી પણ મૃગાવતી મળી નહિ ૧૪ વર્ષ આમ નીકળી ગયા.

એકવાર એક શિકારી સોનાનું રત્નજડિત કંકણ લઇ સોનીને ત્યાં વેચવા આવ્યો તેમાં મૃગાવતી રાણીનું નામ વાંચી સોની તે શિકારીને લઇ રાજા પાસે આવ્યો. રાજા પણ કંકણમાં મૃગાવતીનું નામ વાંચી કંકણ છાતી સરસું ચાંપે છે અને વિચારે છે કે નકી મૃગાવતીને જંગલી વાઘ આદિ ખાઇ ગયા છે.

તે વખતે શિકારી ખુશી રહ્યો છે તેને થાય છે રાજા મને શું કરશે ?

રાજાએ તેને કહ્યું, 'ભદ્ર ભય ન પામ તને પૂછું તેનો સાચો જવાબ દેજે.

આ કંકણ તને કયાંથી મળ્યું ? ભયભીત અને ધ્રુજતી તે તુટતા કુટતા શબ્દોથી

(અનુ. પેજ ૨૭૦ ઉપર)

જયવંતુ શ્રી જિનશાસન આ વિશ્વની અંદર ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવે છે. જ્યારથી ભવ્યાત્મા જિન વચનનો બહુમાન–આદર–અહોભાવ પ્રગટાવનારો બને છે. ત્યારથી જીવનમાં જબરજસ્ત પલટો શરુ થાય છે. તેની જીવન જીવવાની ચાલ ચલગત બદલાઇ જાય છે.

ખાવાનો રસ ઘટીને તપ ધર્મનો પ્રેમ વધે છે.
ધનનો સંગ્રહ ઘટીને દાન ધર્મની રુચિ પ્રગટે છે.
સંસાર રસ ઘટે છે સંયમ રસ વધે છે.
ઘર કરતા જિનમંદિર વધુ પ્રિય લાગે છે.

શું આવું બની શકે ?

— વર્ધમાન તપોનિધિ, પ્રવચન પ્રભાવક પ. પૂ. આ. દે. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ. સા.

પેઢી, ઓફિસ, ફેકટરી કરતાં ઉપાશ્રય વધુ કલ્યાણકારી લાગે છે.

તુચ્છ, નાશવંત, ક્ષણિક, દુઃખદાઇ સુખ તરફથી દૃષ્ટિ બદલાઈ શાશ્વત, અજર અમર, અક્ષય, સુખ તરફ મન દોડે છે. આવા આત્માઓ ધર્મ પામ્યા પછી મુક્તિ ન મળે ત્યાં સુધી શુભ વૈભવને વિસ્તારતા હોય છે. આવો શુભ વૈભવ જાણવો, માણવો તે પણ એક જીવનનો લહાવો છે.

રાધનપુરની આ ઘટના છે. સંસારી નામ જયંતિભાઇ હતું. તેઓ ભગતના હુલામણા નામથી ઓળખાતા હતા. લાંબા–લાંબા સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો તેમના મુખે સાંભળવા તે પણ એક સુવર્ણ અવસર જેવું મનાતું. સંસારીપણામાં જ આ જયંતિભાઇ એ વર્ધમાન તપની ૧૦૦ ઓળિઓ પૂર્ણ કરી હતી. જયંતિભાઇના માતુશ્રી તેમના પતિની સેવા માટે જ ઘરમાં રહ્યા હતા. કારણ તેઓ આંખે અંધ હતા. માતુશ્રીએ ચોથું વ્રત લીધેલું હતું. જયંતિભાઇના મોટી બેનનાં લગ્ન પ્રસિદ્ધ લેખક શ્રી પનાલાલ મશાલીયા સાથે થયા હતા. આ બેને પતિની અને પિતાશ્રીની સેવાનું બિડુ ઝડપી લીધું. જયંતિભાઇએ પણ નક્કી કર્યું કે જ્યાં સુધી પિતાશ્રીનો સ્વર્ગવાસ ન થાય ત્યાં સુધી ઉત્તમ પ્રકારે શ્રાવક જીવન જીવવું અને પિતાશ્રીની આજ્ઞાવિકા કરવી.

શ્રી જયંતિભાઇએ માતા અને નાની બેનને કહ્યું 'તમારે સંયમ પંથે જવું હોય તો હું બધું સંભાળી લઇશ' આમ માતા અને બેનને દીક્ષાના પંથે જવા હસતે મુખે રજા આપી.

માતા અને બેને કચ્છ વાગડ દેશોદ્ધારક પૂ. આ. દે. શ્રી કનકચંદ્ર સૂરિ પાસે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા બાદ રત્નત્રયી અને તત્નત્રયીની ખુબ સુંદર આરાધના કરી. વર્ધમાન તપની ઓળિઓ ખુબ કરી. સંસારીપણામાં ભયંકર માંદગીમાં પણ નવપદજીની ઓળિ મુકી નહિ. બિમારમાં સૂતા સૂતા પણ આંબિલની સુંદર આરાધના કરી હતી.

શ્રી જયંતિભાઇના પિતા સ્વર્ગવાસ પામ્યા. અને શ્રી જયંતિભાઈએ પ. પૂ. પં. ભદ્રંકર વિજયજી પાસે સંયમ ગ્રહણ કર્યું. વર્ધમાન તપની ૧૭૦ ઓળિ પૂર્ણ કરી. મોટે ભાગે દાળ-રોટીનું જ આયંબિલ કરતા. સ્વાધ્યાય, જાપ, વિનય, વૈયાવચ્ચ, જિન ભક્તિ અજોડ કરતા. દરેક દેરાસરે જિન પ્રતિમાને ત્રણ ખમાસમણા આપતા. ઉપધિ સાવ મામુલી રાખતા. પોષ્ટકાર્ડ, કવર, ટિકિટ આવું કાંઈ તેમની પાસે જોવા મળતું નહિ.

ઘર હોય તો વાસણ બખડે પણ ખરા ! સંયમી જીવનમાં એક સૌરાષ્ટ્રના હોય, એક રાજસ્થાનના હોય, એક ગુજરાતના હોય બધાની અલગ અલગ પ્રકૃતિ હોય. કયારેક કોઈ ઊંચા સાદે બોલી જાય તો આ તુરત કહે આ તો પ્રભુ વીરના સાધુ છે. સંયમના આરાધક છે. તે બોલે તે બધું આપણાં હિત માટે જ હોય. ઘણીવાર તો બોલતા કે 'સારૂં થયું સૂળીની સજા સોયમાં પતી ગઇ. બધું સિધુ જ ખતવતા.

દીક્ષા પછી તેઓનું નામ મુનિ જયંતભદ્રવિજયજી મ. સા. હતું. સંસારીપણામાં પાઠશાળા ચલાવવાનું કામ તેમને સોંપાયું છોકરાઓ તોફાન મસ્તી કરે આ કાંઇ બોલે નહિ. ત્યારે સંઘના અગ્રણીઓ કહેતા તમે કાંઇ બોલશો નહિ, ગુસ્સો કરશો નહિ તો આ છોકરાઓની પાઠશાળા કેવી રીતે ચાલશે ? ત્યારે આ જયંતિભાઇ કહેતા ગુસ્સો શું છે તે મને ખબર નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે તેઓનો સમતાભાવ વિશિષ્ટ હતો. અનેક પુણ્યવાનો તેમના દર્શન-વંદન કરી પાવન બનતા.

એક પરિવારના ત્રણ ત્રણ પુણ્યવાનો સંયમ જીવનને કેવી રીતે પામ્યા શ્રી જિન શાસનને બે શ્રમણી રત્નો કેવી રીતે મલ્યા ?

ભાગ્યશાળી આત્માઓએ કોઇ પણ આત્માને ધર્મ સાધનામાં અંતરાય થતો હોય અને પોતાનાથી સહાય કરવાની શક્તિ હોય તો ચુકવુ જોઇએ નહિ આપણે કોઈને ધર્મ કરવા-કરાવવામાં સહાયક બનીશું તો આ ભવમાં કે ભવાંતરમાં આપણને પણ ધર્મમાં કોઈ સહાયક બનશે.

ગુણની સુવાસ માનવી ગયા પછી પણ દશે દિશામાં ફેલાતી રહે છે. તેનો પ્રકાશ પામી આરાધક આત્માઓ પણ ગુણોને પ્રાપ્ત કરનાર બને છે.

ચંદનબાળાજી, રાજીમતીજી, સુલસા, મયણાસુંદરી, અનુપમા દેવી, દમયંતી, સીતા, સુભદ્રાના ભવ્ય જીવનની સ્મૃતિ માનવીના જીવનમાં પવિત્રતાનો સંચાર પેદા કરે છે.

ધન્ય છે તે શ્રમણી રત્નોને સ્વયં સુંદર જીવી ગયા. અનેકો ને ઉત્તમ આદર્શ આપી ગયા.

બુદ્ધિ મળો તો ધર્મની જ મળજો.

ખંભાતના વતની વિજયાબેન. પૂજ્ય ગુરૂદેવોના મુખે જિનવાણી શ્રવણ કરતાં હૈયા થયું બસું આ સંસારમાં રહેવા જેવું નથી. સંયમ જ લેવા જેવું છે. મોક્ષે જ જવા જેવું છે. અનંતી પાપ રાશી ભેગી થાય ત્યારે સ્ત્રી તરીકે જન્મ લેવો પડે. ધન્ય તે જિનની માતાઓ તારક તીર્થંકર દેવોની માતા બનવાનું સૌભાગ્ય પામ્યા. વિશ્વની અંદર ધર્મ તીર્થની સ્થાપના કરનાર અરિહંત પરમાત્માની માતાઓ બની. આવું ધર્મ શાસન પામ્યા પછી ધર્મ ૨૪ કલાક કરવો હોય જિનાજ્ઞા પાળવી હોય તો દીક્ષા વિના ઉધ્ધાર નથી. પ. પૂ. આ. દે. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે બ્રહ્મચર્ય વ્રત લઇ લીધું.

માતા મોહ, ભાઇની મમતા, લાગણીએ સંયમપંથે ન જવા દેતા સંસારમાં પરાધીન પણે લગ્ન થઇ ગયા. લગ્ન થયા ઘેર આવ્યા પતિને કહ્યું, 'મારો અને તમારો સંબંધ ભાઇ-બેન તરીકે રહેશે પતિ-પત્ની તરીકે નહિ' પુણ્ય જોર કરતું હશે. પતિ એ પણ ૧૦૦% સહાય કરી.

વિજયાબેને વાત કરી મારે તો દીક્ષા લેવી છે. પતિએ ભાઇની નિર્મળતા, પવિત્રતા, ધર્મ ભાવનાને જાણી રજા આપી.

વિજયાબેને દીક્ષા લીધી આજે ૨૫ કરતા વધુ શિષ્યાઓના ગુરુણી પદે બિરાજે છે. વિજયાબેન પોતે પણ સંયમ જીવન બાદ આયંબિલની ઓળિઓ કરે છે. તેઓના પતિ પણ અવાર-નવાર સુખ શાતા પુછવા આવે છે.

કેવું અદ્‌ભુત અનોખ અદ્વિતીય છે આ પ્રભુ શાસન કોને કયારે પાવન કરે તે ન કહી શકાય.

ઇતિહાસ વાંચીએ છે પણ ઇતિહાસ સર્જન થાય તેવું કામ સત્વશાળી આત્માઓએ કરવું જોઇએ. પ. પૂ. આ. દે. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ. સા.ના સંસારીપણે સગા બેન વિજયાબેન હતા.

આ. ભગવંત શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. માટે કહેવાતું કે તેમનો હાથ સુયોગ્ય

આત્મા ઉપર પડે કે વેધક દૃષ્ટિ પડે તે– સંસારનો મટી સંયમનો બની જતો. અણગાર મટી શ્રી જિન શાસનનો શણગાર બની જતો.

સંયમ શુરા બનજો.

જિનેશ્વરદેવો વિશ્વમાં વહેતી જિનવાણી તેનો રંગ લાગે કેવું શુરાતન પ્રગટે ?

જ્યારે ટી. વી., વિડીઓ, સહ–શિક્ષણ, મર્યાદાઓનો લોપ, જીવનનું સત્યાનાશ કાઢી નાખે તેવા સાહિત્યોએ માંડેલા સાંઢની જેમ વિફરી પવિત્રતાઓ ઉપર આગ ચાંપી છે. તેવા સમયમાં આ પ્રસંગ પવિત્ર જીવન જીવી જવા માટેની સાયરન સમો બની રહેશે. ભવ્યાત્માઓના અંતરના દ્વાર ખોલનાર બનશે. અજ્ઞાન, વિષય–કષાય, મોહ જીવને ક્ષણે ક્ષણે પાપના પંથે ચઢાવે છે. જ્યારે શ્રી જિન શાસન ક્ષણે ક્ષણે ભવ્યાત્માઓને અજ્ઞાન દૂર કરી, જ્ઞાની બનાવી કેવળ જ્ઞાન પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવે છે. વિષય કષાયની આગમાંથી દૂર કરી સંયમના સિંહાસને બેસાડે છે. મોહના મિટાવી મોક્ષના પ્રેમી બનાવે છે.

આ છે બિહાર સ્ટેટમાં આવેલ ઝરિયા ગામની ઘટના છે. એક ભાઇ અને બેન લગ્નનાં બંધનથી બંધાયા. પરંતુ વિજય શેઠ, વિજયા શેઠાણી સ્થુલભદ્રજી શ્રી નેમ રાજુલ સુદર્શન શેઠ, તથા મહાન પુરૂષોના મધમધતા જીવનો વાંચી આત્માને સંસારની બિલ્લુમાં પડવાને બદલે મુક્તિના શિખરે કેમ પહોંચાડવો તે વિચારતા નક્કી કરી લીધું આજીવન 'બ્રહ્મચર્ય વ્રત' પાળવું. સાથે રહેવું અને બ્રહ્મચર્ય પાળવું. ટાંટાની ધગ–ધગતી સગડીમાં હાથ નાખવો અને બળવું નહિ. પરંતુ સત્વશાળી આત્મા માટે બધું શક્ય છે. ઝરિયામાં રહેતા ત્યાં શ્રી સંઘનો જ્ઞાન ભંડાર સંભાળતા. સંસારમાં સમય મળે ત્યારે સમ્યગજ્ઞાનની પ્રાપ્તિ માટે ધુણી ધખાવતા સંસાર માંડવાની જરાય ઇચ્છા ન હતી પણ કર્મ સંયોગે માંડવો પડયો હતો. દેવગુરૂ ધર્મની અનરાધાર ધારા વર્ષી રહી હતી. સંયોગો પલટાયા ઝરિઆ છોડી બેંગલોર જવાનું થયું. પૂજ્ય ગુરૂભગવંતોના મુખે વિષય–કષાયની આગને ઠારતી, વૈરાગ્યના પાવર હાઉસને પ્રગટાવતી, જિનવાણી સાંભળવાના સંયોગો મળ્યા. રાગની હાર થઇ. વીરાગની જિત થઇ. વીતરાગ પંથે જવાના ઘોડાપુર ઉમટયા.

સંસારમાં રહેવા છતાં સુંદર બ્રહ્મચર્યનું પાલન કર્યું આજે બન્ને સંયમ પંથે આગળ વધી સ્વ અને સર્વના કલ્યાણની ભાવના સાથે મુક્તિ પંથે આગળ વધી રહ્યા છે.

શ્રી જંબૂસ્વામિજી, શાલીભદ્રજી, ધન્નાજી જેવા મહાન પુરૂષો દ્વારા આરાધાયેલો સંયમ પંથ વિશ્વના સર્વ જીવોને ધર્મ રસ પેદા કરનારો બનો.

મારૂં શું થશે ?

કોઇ એક ગામની અંદર સાધ્વીજી ભગવંતનું ચાતુર્માસ થયું. સાધ્વીજી ભગવંત જયણા, જાપ, જિન ભક્તિમાં વિશેષ ઉપયોગવાળા હતા. સંયમની સુવાસે સમગ્ર ગામના સંઘના આરાધક ભાઇ-બેનોના જીવનમાં સુંદર છાપ ઉભી થઇ.

એક પરિવારના સભ્યો અવાર-નવાર સાધ્વીજી ભગવંત પાસે જતા. જીવનમાં ધર્મની કાંઇ ઊંડી સમજ ન હતી. પરંતુ સાધ્વીજી ભગવંતનું વાત્સલ્ય, સમજાવવાની કળાએ આ પરિવારની અંદર ધર્મનો પ્રકાશ પાથર્યો. નાના મોટા સૌ સામાયિક પ્રતિક્રમણ, પૌષધ, સમ્યગજ્ઞાનની ચોપડાળા બન્યા. સમગ્ર પરિવારમાં જબરજસ્ત પલટો આવ્યો. ઘરમાંથી રાત્રિ ભોજન, કુંદમૂળ, દ્વિદળ રવાના થયો. સૌના જીવનમાં અવિરતિ દૂર થઇ વિરતિના પરિણામ ઉભરાયા.

આ કુટુંબના વડિલ મોટી ઉંમરના હતાં. કંદોઇની દુકાન હતી. ઉંમર પણ ખાસી થઇ હતી. સમગ્ર પરિવાર ધર્મ પામી ગયો તેનો આનંદ તેમના હૃદયમાં સમાતો ન હતો મનમાં વિચાર કરતા હતા મારી આખી જીંદગી ભટ્ટા સળગાવામાં પુરી થઇ. જીવનમાં હું તો ધર્મ ન કરી શક્યો પરંતુ મારો પરિવાર તો ધર્મ પામી ગયો.

રોજ દુકાને જતાં. રસ્તામાં સાધ્વીજીનો ઉપાશ્રય આવે મોટેથી બુમ મારે 'મત્થએણ વંદામિ' સાહેબજી મારા લાયક કામ સેવા હોય તો જરૂર કહેજો. આમ રોજ દુકાને જાય બુમ પાડતા જાય. સાધ્વીજી મ. સા. એક જ જવાબ આપતાં કાંઇ ખપ નથી કાંઇ કામ હશે તો કહીશું.

ચાતુર્માસ પૂર્ણ થવાને થોડા દિવસ રહ્યા આ વડિલ વિચારે છે મારા સમગ્ર પરિવારને આ સાધ્વીજી ભગવંતે ધર્મ પમાડી દીધો તેમની કોઇ સેવાનો મને લાભ ન મળે તો આ ઉપકારનો બદલો યત્કિંચિત પણ કેવી રીતે વાળી શકાય ?

એક દિવસ સાધ્વીજી ભગવંતના ઉપાશ્રયે પાસેથી નીકળી રહ્યા હતા મત્થેણ વંદામિ બોલ્યા અને કહ્યું સાધ્વીજી ભગવંત ઉપર આવશે ? સાધ્વીજી મ. સા. એ હા પાડી. આ ભાગ્યશાળી ઉપર ગયા. હૈયામાં ચાલતા ભાવોને શબ્દોમાં રજુ કરતા ગયા.

સાધ્વીજી મહારાજ તમોએ મારા સમગ્ર પરિવારને બુબ બુબ ધર્મમાં જોડી અસાધારણ ઉપકાર કર્યો છે. હું તો ૫૫ વર્ષની ઉંમરે પહોંચી ગયો છું, ભગવાનના દર્શન સિવાય કાંઇ જ કમતો નથી. સવારના ૫ થી રાતના ૧૨ સુધી દુકાનમાં જ ગુંથાએલો રહું છું હું રોજ અહીંથી નિકળું છું. મત્થેણ વંદામિ કહું છું. કાંઇ કામ સેવા માટે પુછું છું આપ એક જ

જવાબ આપ્યો છે. કાંઇ ખપ નથી કાંઇ કામ હશે તો જરૂર કહીશું ચોમાસું પૂર્ણ કરવા આવ્યું છે. મને કાંઇ સેવાનો લાભ ન મળે તો આપણા ઉપકારમાંથી કેવી રીતે ઋણ મુક્ત બનું ?

સાધ્વીજી ભગવંત વિચક્ષણ હતા. વિચાર્યું હવે બરાબર ઘાટ ઘડવાને અવસર આવ્યો છે. તેમણે પુછયું તમારી દુકાને તમે કંદમૂળ બનાવો ખરા ? સાધ્વીજી ભગવંત કંદમૂળ બનાવ્યા વગર એક દિવસ જતો નથી. ગમે તેવી ભારે તિથિ હોય તો પણ વધારમાં કંદમૂળની ઓરીઓ ભરેલી જ હોય. સાધ્વીજી મહારાજે કહ્યુ મહિનામાં એક દિવસ તમાર ભઠ્ઠા ઉપર કંદમૂળ ન બનાવો તો ચાલે કે નહિ ? ભાઇએ જવાબ આપ્યો હું કારીગર માણસ છું. મને ઘણી વસ્તુ બનાવતા આવડે છે. ગ્રાહક તો જે તૈયાર હોય તે ખાઇને રવાના થઇ જાય. એટલે મહિને ૧ દિવસ નહિ પણ જીંદગીભર હું કંદમૂળ ન બનાવું તો કાંઇ વાંધો ન આવે. હું મારા દિકરાને પણ બોલાવી લઉ. અને સાથે જ નિયમ લઇ લઇએ કે જીંદગીમાં કદી પણ દુકાનમાં કંદમૂળની વસ્તુ બનાવવી નહિ દિકરાને બોલાવ્યો બધી વાત સમજાવી મારા જીવતાં અને મારા ગયા પછી પણ કયારે ય દુકાનમાં કંદમૂળમાં બનાવવું નહી. અગણિત જીવોને ઘણાં સમય સુધી અભયદાન મળી ગયુ.

સાધ્વીજી મહારાજે કહ્યું તમને સુંદર આ લાભ મળી ગયો. પેલા ભાઇ કહે આપે મને પાપથી બચાવ્યો પરંતુ આમાં આપની સેવાનો કયાં લાભ મલ્યો. ?

સાધ્વીજી મહારાજે કહ્યું આ મહાન કામ થઇ ગયું. પેલા ભાઇ કહે આમાં મને કાંઇ મનને સંતોષ થતો નથી.

સાધ્વીજી મહારાજે કહ્યુ જૂઓ દાદાની પ્રતિષ્ઠા થવાની છે તમારી ભાવના હોય તો દાદાની ધજા લેવાનું ચૂકશો નહિ. વર્ષો-વર્ષ પરિવાર ધજા ચડાવી પુણ્યના ભંડાર ભરશે.

આ ભાઇએ કહ્યું આ આપે સુંદર વાત કરી મારી શક્તિ પહોંચશે તે ધજા હું ચઢાવીશ. ૫૧ હજારની બોલી બોલીને ધજાનો લાભ લીધો.

સાધ્વીજી ભગવંતનો સંપર્ક પરિવારને કેવો ફળ્યો ? આવા તો કઇક સુંદર બનાવો બનત હશે. હળુકર્મી આત્માઓને માટે નાની તક મહાન લાભ કરનારી બની જાય છે.

આજથી હું અભિગ્રહ ધારણ કરું છું.

એક ભાઇ ધર્મ સમજ્યા પછી વિચારવા લાગ્યા કે આ ભવમાં એવું શું કરી

લઇએ કે આપણી મુક્તિ થાય તેવું બીજ આત્મામાં પડી જાય. બહુ વાંચન–શ્રવણ કરતા કરતા નકકી કર્યું કે જિનેશ્વરદેવોએ ૧૨ પ્રકારનો તપ બતાવ્યો છે. તેમાં ય વૈયાવચ્ચને પણ, તપમાં અપ્રતિપાતિ ગુણ કહ્યો છે. એટલે હવે શરીરમાં શક્તિ હોય ત્યાં સુધી બની શકે તેટલી વૈયાવચ્ચ કરી જીવન સફળ કરવું. જ્યારે જ્યારે સમય મળે ત્યારે પૂજનીય સાધુ સાધ્વીજી ભગવંતને ઉપયોગી અણાહારી દવાઓ, આયુર્વેદિક દવાઓ, બીજી પણ ઉપયોગી અનેક વસ્તુઓ લઇ પહોંચી જાય. ખુબ ભાવથી વસ્તુઓ વહોરાવતા ખુબ આનંદ લુંટતા.

એક વખત એક સાધ્વીજી ભગવંત પાસે ગયા. સાધ્વીજી ભગવંતે બધી વસ્તુ અડધો કલાક જોઇ પછી કહ્યું–અમારે કાંઇ ખપ નથી, આ ભાઇ જરા ગુસ્સામાં આવી ગયા અને બોલ્યા અમારી દુકાને કોણ આવીને આવું કરે તો અમે શું કરીએ તે અહીં બોલાય તેવું નથી. પછી કહ્યું–સાધ્વીજી મહારાજ કાંઇક તો લાભ આપો. ત્યારે સા. ભગવંતે કહ્યું–૧ સોયનો ખપ છે. આ ભાઇએ કહ્યું–સોયનું પાકીટ રાખો સા. મહારાજે કહ્યું–અમારી સોય ખોવાઇ જાય તો અમારે પ્રાયશ્ચિત લેવું પડે. આ ભાઇ તો વિચારમાં પડી ગયા સંસારમાં કેટલી વસ્તુ ખોઇ નાખીએ છીએ, ફેંકી દઇએ છીએ, કાંઇ વિચાર પણ કરતા નથી. આ ત્યાગી આત્માઓ કેવું ઉપયોગતંત જીવન જીવે છે ? ધન્ય છે, ભાઇએ કહયું એવું હોય તો આપ એક જ સોય લો.

શી અબર સાધ્વીજીને શું વિચાર આવ્યો અને ભાઇને પ્રશ્ન કર્યો : તમે કેટલો અભ્યાસ કર્યો. આ ભાઇ કહે પ્રેજ્યુએટ. સા. મહારાજે કહ્યું હું તમને સ્કુલના અભ્યાસનું નથી પૂછતી પરંતુ ધાર્મિક અભ્યાસનું પૂછું છું. પેલા ભાઇએ કહયું કાંઇ પુછવા જેવું નથી. સા. મહારાજે કહયું તોય કયાં સુધી અભ્યાસ કર્યો ? પેલા ભાઇએ કહયું નાનો હતો ત્યારે પાઠશાળા જતો હતો. લોગસ્સ સુધી અભ્યાસ કરેલ પરંતુ યાદ કરવામાં બહુ શ્રમ કર્યા પછી પણ યાદ ન રહેતું બધું ભુલાઇ જતું એટલે પછી ધાર્મિક અભ્યાસ કરવાનું બંધ કરી દીધું હતું.

સા. મહારાજ કહે–હવે તમે બે ટાઇમ પ્રતિક્રમણ ન કરો ત્યાં સુધી હું અભિગ્રહ ધારણ કરું છું. આ ભાઇએ કહયું મારી જીંદગી પુરી થશે ત્યાં સુધી હું બે ટાઇમ પ્રતિક્રમણ નહિં કરી શકું. તમો આવો અભિગ્રહ ન કરો. મેં પણ ઘણાં વ્યાખ્યાન સાંભળ્યા છે. ભગવાને ઉપદેશ આપવાનું કહયું છે, કોઇને જબરજસ્તી ધર્મ કરાવવાનું કહયું નથી. આવું કરવાથી તો ઉપાશ્રયે આવતાં લોકો બંધ થઇ જાય છે.

સા. મહારાજ કહે–તમારા કરતાં વધુ વ્યાખ્યાન મેં સાંભળ્યા છે, ઘણો અભ્યાસ

કર્યો છે. શું કરવું અને શું ન કરવું તે વધારે સમજુ છું તમારે શું કરવું તે તમે વિચારજો. મારો અભિગ્રહ પથ્થરની શીલા ઉપર કોતરાય તેમ અંતરમાં કોતરાઈ ગયો છે. તમો જઈ શકો છો.

આ ભાઈ ઘેર ગયા. વિચારે ચઢયા રડી પડયા આજે હું ઉપાશ્રયે કયાં ગયો ? પ્રતિક્રમણ મને આવડતું નથી સૂત્રો મોઢે થાય તેવા કોઈ સંયોગો નથી. મારા નિમિતે સા. ભગવંતને અભિગ્રહ કરવો પડયો. કોણ જાણે કયા ભવમાં પૂર્ણ થશે ?

વિચારો ચાલતા હતા ત્યાં અંતરમાંથી વિચારો આવ્યા. ખાનદાન છું, કુળવાન છું, ઉત્તમ માતાપિતાનો સંતાન છું. સા. ભગવંતે મારા આત્માના હિત માટે મને ધર્મ માર્ગ ચઢાવવા માટે જિનેશ્વર ભગવંતે અવશ્ય બે ટાઈમ કરવા માટે પ્રતિક્રમણ કહ્યું છે. મારે જરુર કરવું જોઈએ. બસ પછી તો વિધિ સહિત ચોપડી લાવી બે ટાઈમ જોઈને પ્રતિક્રમણ ચાલુ કર્યું, બે મહિના એક પણ દિવસ ખાડા વગર પ્રતિક્રમણ કર્યું

સા. ભગવંતને જઈને કહ્યું–બે મહિના પ્રતિક્રમણ એક પણ ખાડા વગર કર્યું છે. સાધ્વીજીએ કહ્યું ખોલો થયું કે નહિ ? પેલા ભાઈએ કહ્યું–મને રાત કલાક પ્રતિક્રમણના જ વિચારો આવતા સાથે સાથે એ પણ વિચાર આવતો કે જો હું સા. ભગવંતનો અભિગ્રહ પૂર્ણ ન કરું. તમને કાંઇ થઈ જાય તો મને પાપ લાગે. કૃપા કરી હવે આપ અભિગ્રહ છોડી દો. સા. ભગવંતે કહ્યું હવે રોજ પ્રતિક્રમણ ચાલુ રાખશો ? પેલા ભાઇએ જવાબ આપ્યો હું કરવા માટેન બધા જ પ્રયત્ન કરીશ પરંતુ ખાત્રી આપતો નથી. સંસારની અનેક મજુરીમાં ખોટો અટવાયો છું.

સાધ્વીજીએ કહ્યું મારો અભિગ્રહ તમે પૂર્ણ કર્યો છે. તમે રોજ પ્રતિક્રમણ કરવા ઉપયોગ રાખજો.

આ ભાઈએ શકય ત્યાં સુધી પ્રતિક્રમણ કર્યું. એક દિવસ સાત લાખ સૂત્ર અને પ્રાણાતિપાત સૂત્ર બોલતા હતા ત્યાં આંખમાંથી અનરાધાર આંસુ વહેવા લાગ્યા. આત્મા વિચારે ચઢયો રોજ સવાર સાંજ ભગવંતે આ સૂત્ર બોલવાનું કેમ કહ્યું ? અંદરથી જવાબ આવ્યો. આ સંસાર એ પાપનો અખાડો છે. તેમાં ઇચ્છાએ કે અનિચ્છાએ પાપો કરવા પડે છે. કરેલા પાપના વિપાકો જીવે પોતે ભોગવવા પડે છે : આ બધાથી બચવા માટે સંયમ-દીક્ષા વિના ઉદ્ધાર નથી. દૃઢ સંકલ્પ કર્યો જેમ બને તેમ જલદી દીક્ષા લેવી.

આજે એ ભાઈ દીક્ષા લઈ સુંદર સંયમ જીવનનું પાલન કરી રહ્યા છે.

સા. ભગવંતે અભિગ્રહ ન કર્યો હોત તો સંયમ મળત ? શ્રમણી રત્નો દ્વારા કયાં કેવા ઉપકાર થતા હશે ? બાહુબલીજીને પ્રભુ સાધ્વીજીએ કહ્યું હતું. 'વીરા મારા ગજ થકી ઉતરો' કેવળજ્ઞાન અપાવી દીધું.

દિવાળી પ્રસંગે દારૂમાં દેવતા ને પૈસાનું પાણી.

સુણ ચતુર સુજાણ, પરનારીશું પ્રીત કબુ નવ કીજીએ-એ રાગ.

કેવો આ ચાલ, લક્ષ્મીમાં હાથેથી લાદ્યા મુકાય છે.
સમજુ નરનાર, પરદેશી પૈસાને ધસડી જાય છે,

વગડો વેઠી ધંધો કરતા, મહા કષ્ટ સહી નાણું રળતા;
લાવો મુંકવામાં નથી ડરતા, કેવો આ ચાલ. ૧

લક્ષ્મી કષ્ટને દારૂ લેવો, સળગાવે છે જંતુ તેઓ,
જમ કે જન શું તેને કે'વો, કેવો આ ચાલ. ૨

મળશે શું એથી લાભ કશો ? હાથેથી જીવ દુઃખી કરશો,
ના કામ કદી એ આદરશો, કેવો આ ચાલ. ૩

ડાના જન શીખ ઉરમાં ધરશે. અકાર્ય કદી નહિ આદરશે;
સજ્જન મહાપાપ ગણી ડરશે, કેવો આ ચાલ. ૪

પાણી પૈસાનું થાય ઘણું, જાણે પણ લે બમણું તમણું;
લવલેશ નથી જોતા જમણું, કેવો આ ચાલ. ૫

બીસ્સાપર કાતર નવ ધરીએ, કુચાળ કુળેથી પરીહરીયે,
વાગ્યાન ગુરૂ કહે તે કરીએ, કેવો આ ચાલ. ૬

લાગ્યોના છે ઢીલા લમણા, ધંધાવિણ ધનનાં છે સમણાં;
અન્નવિણ ભમતા નીજ ભાઇ ઘણા, કેવો આ ચાલ. ૭

મળતી મીઠી વસ્તુ સારી, તે લાવી કરજે દીવાળી;
દારૂ મૂકે છે ઘર બાળી, કેવો આ ચાલ. ૮

વાગ્યાન તણી વાણી સાહી, કેશવ કૃત શુભ મહુંલી ગાઇ;
ભવ હાથે નવ મુકો ભાઇ, કેવો આ ચાલ. ૯



(સાધ્વી મૃગાવતી અનુ. પેજ ૨૬૦ નું ચાલુ)

બોલ્યો : હું શિકારી છું વનમાં પાસ લઇ અને ચતુચર, સ્થળચર અને ખેચર જીવોને મારૂં છું તે મારો કુલક્રમ કાર્ય છે.

એકવાર હું વનમાં મલયાચલ પર્વત ઉપર ગયો ત્યાં મધુર નંદનવન જોઇને પેઠો ત્યાં એક મોટા સર્પને જોયો તેના મસ્તક ઉપર તેજસ્વી મણિ હતો તે લેવા હું તલવાર કાઢીને સર્પને મારવા જતો હતો ત્યાં પાછળથી અવાજ આવ્યો—રહેવા દે રહેવા દે.

મેં પાછું જોયું ત્યાં એક તાપસકુમાર જોયો તે મનોહર રૂપથી કામદેવ જેવો હતો મુખ તેનું ચંદ્ર જેવું હતું અને કરુણારસ ઝરતી તેની આંખો હતી. ૩૨ લક્ષણો તે તાપસકુમાર હતો.

મેં તેને કહ્યું, ભાઇ મને મણિ લેવા કેમ ના પાડે છે આવો મણિ પછી મને ક્યાં મળશે ?

મારી વાત સાંભળી તેણે કહ્યું તારે મણિરત્ન લેવાની ઇચ્છા છે તો જરા ઉભો રહે હું તને ઘણા મણિરત્નથી જડેલું આભૂષણ મારી માતા પાસેથી લાવીને આપું છું.

મેં પણ તેના મનોહર વચન સાંભળી તલવાર મ્યાન કરી.

તાપસ કુમારે તેની માતા પાસેથી લાવી આ કંકણ મને આપ્યું છે. આ કંકણ તો પાંચ વર્ષથી મારે ઘેર હતું પણ હું દરિદ્રી થઇ જતાં મારી પત્નીએ આ કંકણ વેચવા મોકલ્યો, તે સોનીને આપ્યું અને સોની મને આપની પાસે લાવ્યો.

રાજાને થયું નક્કી મૃગાવતી પુત્ર સાથે જીવે છે. પછી ભયથી ઘેરાયેલા શિકારીને અનેક વસ્ત્ર અલંકારો આપી સંતોષ્યો અને કહ્યું મને તે જગ્યા બતાવ. તને હજી વધુ દ્રવ્ય આદિ આપીશ.

શિકારી ખુશ થયો નિર્ભય થયો અને રાજા સાથે ચાલ્યો. કેટલાક દિવસ પછી મલયાચલ આવ્યો. અને જ્યાં કંકણ મલ્યું હતું તે જગ્યા બતાવી અને કહ્યું હું પાપી છું જેથી તાપસના આશ્રમમાં જઇ શકું તેમ નથી, હું તો અહીંથી જ પાછો જઇશ.

રાજાએ તેને વધુ દ્રવ્ય દઇ વિદાય કર્યો.

રાજા પણ પરિવારને ત્યાં મૂકી એકલો આશ્રમમાં ગયો. ત્યાં હિંસક પ્રાણીઓ પણ બીજા પ્રાણીઓ સાથે બેઠેલા જોયા તેથી નક્કી કોઇ પ્રભાવિક સ્થાન છે તેમ લાગ્યું.

આગળ જતાં તાપસ સાથે તાપસ કુમાર જોયો. રાજાએ પ્રણામ કરી પૂછયું. આ કોનો કુમાર છે. તેણે કહ્યું આ બ્રહ્મભુતિ તાપસનો આશ્રમ છે, હું વિશ્વભુતિ તેનો

શિષ્ય છું. એકવાર ચંદનવનમાં કોસુંબી રંગથી ખરડાયેલી મૂર્છિત સ્ત્રી જોઈ. દયાથી પાણી સીંચી ભાનમાં લાવી તો તે બોલી કે કૌશાંબીપતિ મને શરણ લો. પછી મેં તેને બહેન માની તેણીએ મૃગાવતી નામ આપ્યું અને તાપસ પતિએ પુત્રી તરીકે રાખી. થોડા વખત પછી પુત્ર જન્મ્યો અને દૈવવાણીથી ઉદયન એવું નામ રાખ્યું તે દયાળુ અને દુર્ધર છે. હું એ વિશ્વભુતિ છું બાળકની માતા હમણા આવશે.

શતાનીક આ અમૃતધારા જેવી વાત સાંભળી અત્યંત ખુશ થયો. તેણે કુમાર સામે હાથ લંબાવી કહ્યું–હે પુત્ર મારા ખોળામા આવ !

ત્યા તો મૃગાવતી તાપસીઓના સમુહથી વીંટળાએલી વલ્કલના વસ્ત્રને ધારણ કરેલી બ્રહ્મભુતિ કુલપતિને પ્રણામ કરવા આવી તેને જોઇ ઓળખી રાજાએ કહ્યું, 'હે પ્રિયે વિરહથી બળતા મને તારા નેત્રથી દર્શન રૂપ અમૃતધારાથી સિંચ.

મૃગાવતી પણ જોઇ ઓળખીને આંશુની ધારાઓ દ્વારા વિરહ અગ્નિને શાંત કર. તેના દ્વારા રાજાના ચરણને પ્રક્ષાલ કરતી મૌન ઉભી.

ત્યા ઉદયન બોલ્યો માતાજી આ પરમ સ્નેહી કોણ છે મને પુત્ર કહીને વે છે.

મૃગાવતી કહે બેટા તારા સૌભાગ્યથી ખેંચાઈને આવેલા તારા પિતા શતાનીક રાજા તને મળવા માટે આવ્યા છે.

તરત ખુશ થયેલ ઉદયન પિતાને ચરણે પડયો. રાજાએ પણ તેને ઉભો કરી ખોળામાં બેસાડયો અને ચંદ્રને જોઇ સમુદ્ર ખીલે તેમ રાજા ઉલ્લાસ ભાવ પામ્યો.

તાપસોએ બ્રહ્મભુતિને વાત કરી તે પણ આવ્યા અને આશીર્વાદ આપતા બોલ્યા રાજન તમારૂં સ્વાગત કરૂં છું. રાજા સાષ્ટાંગ પ્રણામ કરે છે અને કહે છે તમારી કૃપાથી સંસાર સાગરમાં પડેલું મારૂં પ્રિયારત્ન પાછું મળ્યું છે.

કુલપતિએ કહ્યું–આ મૃગાવતી મહાસતી છે ગંગાના નિર્મળ નીર જેવી છે.

રાજા પણ થોડા દિવસ રહી પોતાના નગરમાં પત્ની પુત્ર સાથે આવેલ નગરના લોકોએ મોટો પ્રવેશ મહોત્સવ કર્યો.

એકવાર રાજસભામાં કોઇ વીણા વાદક આવ્યો અને કહે, મને કોઇ જીતી ન શકે. તે વખતે ઉદયનકુમારે એવી વીણા વગાડી કે વીણાવાદક તેથી ખુશ થઇ ગયો અને હું જીતાઇ ગયો તેમ કહીને કુમારના ચરણમાં પડી ગયો.

રાજા કહે છે, અરે કુમાર આવી કલા તેં કયાં મેળવી ?

કુમાર કહે-પિતાજી ચંદનવનમાં એક શિકારી સાપને મારતો હતો તેનેં રેકી મારી માતાનું કંકણ શિકારીને આપી તે સાપને બચાવ્યો તે સાથે અદશ્ય થઇ દેવ બનીને મારી પાસે આવ્યો અને કહ્યું-હે ઉદયન હું તારો પૂર્વ ભવનો મિત્ર છું. તારી દયાથી હું ખુશ થયો છું. મારી વીણા લે અને તે વગાડવામાં તારી કલા શ્રેષ્ઠ થશે.

આમ કહી દેવ અદશ્ય થઇ ગયા.

રાજા પણ ખુશ થઇ તેને યુવરાજ પદ આપે છે.

કૌશાંબીમાં સુરપ્રિય નામનો ચિત્રકાર સાંકેતપુર ગયો ત્યાં નગરમાં એક યક્ષમૂર્તિ છે તે રાજઆજ્ઞાથી ચિત્રકાર ચિતરે છે જે ચિતરે તે તે જ દિવસે મરી જાય અને ન ચિતરે તો નગરના લોકો મરવા માંડે. રાજાએ દરેક ચિત્રકારનો ક્રમ નકી કર્યો.

આ ચિત્રકાર જેને ઘેર ઉતર્યો છે તેનો વારો તે દિવસે હતો તેથી તે વિલાપ કરવા લાગ્યો. મહેમાને કારણ જાણીને કહ્યું-ભય ન કરો હું આજ તમારે બદલે જઇશ. તેને થયું નકી અવિધિથી ચિત્ર કરાતા તે મારે છે જેથી તેણે સ્નાન કરી મુખકોશ બાંધી ચિત્રના દ્રવ્ય તથા કલમ લઇ ભક્તિપૂર્વક યક્ષમૂર્તિ ચિતરે છે ત્યાર પછી બે હાથ જોડી સ્તુતિ કરી કહે છે-હે યક્ષરાજ મારા અપરાધ ક્ષમા કરો. યક્ષ ખુશ થઇ વરદાન આપે છે. ચિત્રકારે કહ્યું-હિંસા છોડો અને મને ચિત્રકલા એવી આપો કે કોઇનું અંગ અંશ માત્ર જોઉં તો પૂર્ણ ચિતરી શકું.

યક્ષે તેમ કર્યું.

ચિત્રકાર કૌશાંબી આવી રાજમહેલમાં ચિત્રકામ કરે, દૈવયોગે મૃગાવતીના જમણા પગનો અંગુઠો તે જોઇ ગયો અને કુતુહલથી મૃગાવતીનું સંપૂર્ણ રૂપ ચિતર્યું. તે વખતે શાહીનું ટીપું તે ચિત્રમાં મૃગાવતીના ગુપ્ત સ્થાન ઉપર પડ્યું. લુંછી નાખ્યું, ફરી કામ કરતા ત્યાં ટીપું પડ્યું ફરી લુછ્યું ફરી પડ્યું. તેથી તેને થયું અહીં મૃગાવતીને તલ છે જેથી ત્યાં તલ ચિતર્યું.

રાજા એકવાર તે ચિત્રો જોવા આવ્યો. મૃગાવતીના ગુપ્તભાગમાં તલ જોઇ ગુસ્સે થયો. બીજા ચિત્રકારોએ દેવી વરદાનનું કહ્યું. ખાત્રી માટે કુબ્જાને અંગુઠો બતાવી તેનું ચિત્ર કર્યું પણ રાજાનો ગુસ્સો ન ગયો તેણે ચિત્રકારની ચાર આંગળીઓ કપાવી નાખી.

ચિત્રકાર બેઠા પાગ્યો. સાકેતપુર આવી યક્ષ મંદિરમાં ગરુડ સ્તુતિ કરી યક્ષે તેને ડાબા હાથે ચિત્ર કરવાનું વરદાન આપ્યું.

તે પછી તેણે મૃગાવતીનું જોરદાર ચિત્ર બનાવી ચંડપ્રદ્યોત રાજાને બતાવ્યું તે મોહ પામે છે.અને પ્રધાનને મોકલી શતાનીક પાસેથી મૃગાવતી માગે છે શતાનીક પ્રધા-

નને તિરસ્કારી કાઢી મુકે છે ચંડપ્રદ્યોતે ચડાઇ કરી.

શતાનીક ઝાડાના રોગથી મરણ પામે છે મૃગાવતી શીલની રક્ષા માટે વિચારી ચંડ પ્રદ્યોત રાજાને જણાવે છે. શતાનીક મૃત્યુ પામ્યા, ઉદય નાનો છે હવે તમે જ અમારા આધાર છો, જેથી ગઢ અને અન્ન પાણીની એવી વ્યવસ્થા કરી આપો કે કૌશાંબી અજેય બને.

ચંડ પ્રદ્યોતે મોહથી તે કરી આપ્યું ત્યારે મૃગાવતી રાણીએ કહેવડાવ્યું. હે મૂર્ખ મેં તો મારા શીલની રક્ષા માટે આ કરાવ્યું છે.

ક્રોધે ભરાયેલા ચંડ પ્રદ્યોતે કૌશાંબી લેવા ચડાઇ કરી પણ ગઢ રક્ષા વિગેરેથી નિષ્ફલ ગયો.

મૃગાવતીએ વિચાર્યું. જો ભગવાન મહાવીર અત્રે પધારે તો દીક્ષા લઉં. ભગવાન પણ ત્યાં લાભ જાણી પધાર્યા. સમવસરણ થયું ચંડ પ્રદ્યોતનનો વૈર શાંત થયો. મૃગાવતીએ દીક્ષા લીધી. ચંદનબાલાજી પાસે અગ્યાર અંગ ભણ્યા.

એકવાર સૂર્ય ચંદ્ર, મૂળ વિમાને પ્રભુને વંદન કરવા આવ્યા. રાત્રિ જાણી ચંદનબાલા ગયા પણ મૃગાવતીને ખબર ન પડી. સૂર્ય ચંદ્ર ગયા પછી અંધકાર થઈ ગયો. ભયથી મૃગાવતી ઉપાશ્રયે આવ્યા ચંદન બાલાએ કહ્યું—આટલું મોડું આવવું તે સાધ્વીનો આચાર નથી.

મૃગાવતી પોતાના પ્રમાદને વારંવાર ખમાવે છે શુકલધ્યાનથી કેવળજ્ઞાન થયું કાળો સાપ ત્યાંથી નીકળ્યો ચંદનબાલાનો હાથ ઉંચો કર્યો તે જાગી ગયા. કહ્યું—સર્પ આવે છે. ચંદના કહે આવા અંધારામાં 'કેમ જાણ્યું ?' તમારી કૃપાથી ચંદનબાલાજી પણ કેવળજ્ઞાન જાણી ખમાવે છે અને તે પણ કેવલી બને છે બંને મોક્ષે ગયા.

સાધ્વી મૃગાવતી શીલ રક્ષા અને સંયમ રક્ષા કરતા આત્મ રક્ષા કરી મોક્ષ રક્ષા પામ્યા.

ધન્ય ધન્ય મહા સાધ્વીજી શ્રી મૃગાવતીજીને...



'જેનું જેનું માગણું, જે જે બહાને હોય,
તે તે બહાને લે નહીં કે'તા સૌએ હોય.'
'આંખ છતાં અંધા બની, પાપી કૂપમાં પડે,
'નરસિંહ એવા મૂર્ખજન, ઊંચે કયાંથી ચડે.'



શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ

હાલાર દેશોદ્ધારક પૂ. આચાર્યદેવ શ્રી વિજયામૃત સૂરિભ્યો નમઃ

મહામંગલકારી પંચ મહામંગલ આદિ ઉપધાન તપ માટે

પધારો ઉપધાન માટે... પધારો શંખેશ્વર...

卐 આમંત્રણ પત્રિકા 卐

શુભ સ્થળ : શ્રી હાલારી વીશા ઓશવાળ શ્વે. મૂ તપા. જૈન ધર્મશાળા
વિરમગામ રોડ, શંખેશ્વર મહાતીર્થ [વાયા-વિરમગામ]

પ્રવેશ મુહુર્ત પ્રથમ મુહુર્ત : સં. ૨૦૫૩ માગશર વદ ૬ મંગળવાર તા. ૬૧-૧૨-૯૬
બીજું મુહુર્ત : સં. ૨૦૫૩ માગશર વદ ૮ ગુરૂવાર તા. ૨-૧-૯૭

માળવાળાએ પ્રથમ મુહુર્તમાં આવી જવું.

ઉપધાન માળારોપણ : સં. ૨૦૫૩ મહા સુદ ૧૧ સોમવાર તા. ૧૭-૨-૯૭

શુભ નિશ્રાદાતા : પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.

ઉપધાન કરાવનાર ભાગ્યશાળી

શ્રીમતી પુરીબેન હંશરાજ હીરજી ચંદરીયા પરિવાર હઃ શ્રીમતી કમળાબેન મોહનલાલ હંશરાજ ચંદરીયા રાવલસર (હાલાર)વાળા નાઈરોબી તથા શ્રીમતી લક્ષ્મીબેન મુરગ લખમણ ગડા સોડસલા (હાલાર)વાળા મોંબાસા.

ઉપધાન સહયોગી : ૧. શ્રીમતી રાણીબેન ખીમજી વીરજી શુદકા પરિવાર મીઠોઈવાળા
૨. સ્વ. શ્રીમતી ઉમાબેન સોજપાર કચરા ગોસરાણી સ્વ. મહેન્દ્રકુમાર સોજપાર ગોસરાણીના શ્રેયાર્થે શ્રીમતી શાંતાબેન મહેન્દ્રભાઈ લાખાબાવળવાળા, જામનગર.

શ્રી શંખેશ્વર મહાતીર્થમાં કુદરતી અને શુદ્ધતાની અનુકુળતાના નૈસર્ગિક વાતાવરમાં ઉપધાન કરવાનું ચૂકતા નહિં. હાલારી વીશા ઓસવાળો માટે શંખેશ્વર મહાતીર્થમાં સૌથી પહેલો પ્રસંગ છે. ઉપધાન કરવા પધારવા વિનંતિ છે.

—: ઉપધાનમાં નામ લખાવવાના સ્થળો :—

૧ શ્રી વિમલનાથ જૈન દેરાસર ૪૫, દિ. પ્લોટ, જામનગર	૩ શ્રી નમિનાથ દેરાસર, જામનગર કામદાર કોલોની, ,,
૨ ,, ચંદ્રપ્રભસ્વામી દેરાસર, ૨, ઓસવાળ કોલોની, ,,	૪ ,, મેઘજી વીરજી દોઢિયા, નાઈરોબી
	૫ ,, છગનલાલ ખીમજી શુદકા ,,

૬ શ્રી છોટાલાલ લખમશી ઢોઢિયા, મોંબાસા
૭ ,, રતિલાલ દેવચંદ ગુઢકા,
૧૧૭, સડબરી, લંડન
૮ ,, મોતીચંદ એસ. શાહ, કેન્ટન, ,,
૯ ,, ઓસવાળ તપાગચ્છ સંઘ,
અજન્ટા કમ્પાઉન્ડ, ભીવંડી
૧૦ ,, વિશા ઓશવાળ મહાજનવાડી, દાદર
૧૧ ,, મગનલાલ લખમણ મારૂ, થાણા
૧૨ શ્રી હરખચંદ ગોવિંદજી મારૂ, ઘાટકોપર
૧૩ ,, પ્રેમચંદ મેઘજી ગુઢકા, પરેલ
૧૪ ,, નેમચંદ રાયશી સુમરીયા, મુલુંડ
૧૫ ,, રત્નપુરી જૈન દેરાસર, મલાડ
૧૬ ,, બાબુલાલ પોપટલાલ શાહ,
લાલબાગ, જૈન ઉપાશ્રય, ભુલેશ્વર
૧૭ ,, હાલારી વીશા ઓશવાળ શ્વે. મૂ.
તથા જૈન ધર્મશાળા, શંખેશ્વર

પ્રવેશપત્ર અહિંથી મલશે : ઉપધાન તપ સમિતિ

C/O. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર [સૌરાષ્ટ્ર]

ઉપધાન તપ સમિતિના સબહુમાન મણામ.....

(અનુ. પાના નં. ૨૪૮ થાકિની મહત્તરાનું ચાલુ)

ગાથાનો અર્થ પહેલાં સમજ્યા વગર જ કહે છે 'હું તમારો શિષ્ય ને તમે મારા ગુરુ.' સાધ્વીજીને ગુરૂ તરીકે સ્વીકારી પછી કહે છે મને ગાથાનો અર્થ સમજાવો.

આજની વાત કરવા જેવી છે ખરી ? સૌ જ્ઞાનમાં સમજી જાવ તે વધારે યોગ્ય છે, વિદ્વત હોય કે ન હોય તો પણ અક્કડતા ઘણી હોય છે.

યાકિની મહત્તરા કહે છે કે 'એ સમજાવવાનો અધિકાર ગુરૂ મહારાજનો છે. સાધ્વીજીએ મર્યાદાશીલ છે. મર્યાદાશીલ હોવાના યોગે જ ગંભીરતા જાળવી શકયા.

શિષ્યના મોહમાં લપટાયા હોત, ભકત બનાવવાની ઘેલછામાં તણાયા હોત અને જો મર્યાદા મુકી હોત તો શું થાત ?

શ્રી જૈન શાસનને આવા પ્રભાવક પુરુષ મળત ખરા ? યોગ્ય આત્માને યોગ્ય ગુરૂનો સુસંયોગ પ્રાપ્ત થયો તેથી જ શ્રી જૈન સંઘને ૧૪૪૪ ગ્રંથોની રચના કરનારા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજની ભેટ મળી તેમાં મોટામાં મોટો ફાળો હોય તો શ્રી યાકિની મહાસતીજીનો...

દિશા બદલો દશા બદલાશે...!

(બોધદાયક લઘુકથા)

-પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક સજ્જનની પત્ની સ્વભાવે ઝઘડાળુ અને કર્કશ હતી. નાની-નાની વાતમાં ઝઘડા કરવા તે તેને મન રમત વાત હતી. આવી વ્યકિતઓને ઘર અને પાડોશી બધા સમાન જ હોય છે. કારણ ઝઘડો ન કરે તો તેમને ખાવું જ ભાવે નહિ. શાંતિને માટે તે ભાઇ બધાથી નોખા થઈને રહેવા લાગ્યા તો પણ તેમના સ્વભાવમાં જરાય ફેર ન પડયો. તે રામ તેમના તેમ પ્રાણુને પ્રકૃતિ સાથે જ જાય તે કહેવતને ચરિતાર્થ કરતી.

આનાથી કાયમનો છૂટકારો મેળવવા તે સજ્જને ઉપાય શોધી કાઢયો. દરરોજ તેઓ ઘરેથી બહાર નોકરી આદિ માટે જાય અને સાંજના પાછા આવે ત્યાં સુધી તેને એક કામ સોંપ્યું અને જરા ધમકી આપીને કહ્યું કે આ કામ જો પૂરું નથી કર્યું તો તારી ખેર નથી.

કામમાં જોઇએ તો કાંઇ જ નહિ માત્ર એક થાળી ભરીને ચોખા અને દાળ ભેગા કરીને આપતા અને તે બન્નેને જુદા પાડવાનું કામ સોંપીને જતા. તો તેનો સમય તેમાં જ પૂરો થઇ જતો. તેના કારણે કામમાં મન લાગી જવાથી તે ઝઘડો કરતી નહિ અને દિવસો જતા તે સ્વયં બદલાઇ ગઇ. તેનો ઝઘડાળુ સ્વભાવ ચાલ્યો ગયો. બધાને પ્રિય બની ગઇ.

દુનિયામાં કહેતી છે કે 'નવરું મન શેતાનનું કારખાનું છે' 'નવરો બેઠો નખ્ખેદ વાળે.'

આપણો આનો સાર એ લેવો છે કે આપણું જીવન જો ભગવાનની તારક આજ્ઞાને અનુસાર ગોઠવીએ તો શેતાન આપણા ઉપર સવાર થઇ શકે જ નહિ તેને ભાગવું જ પડે સાચી દિશા પ્રાપ્ત થાય એટલે દશા બદલાવાની જ છે. સૌ જીવનની દિશા બદલી દશાને બદલો તે જ ભાવના.

— આત્મ નિરીક્ષણ કરીએ ! —

એક મહાત્માને કેટલાક શિષ્યોએ જિજ્ઞાસુ ભાવે પૂછયું કે-'મૂર્ખ' અને બુદ્ધિમાનની ઓળખ શી ?'

મહાત્માએ સહજ ભાવે અનુભવવાણી ઉચ્ચારતાં કહ્યું કે- 'પોતાના અનુભવોથી પણ લાભ ન મેળવી શકે તે મૂર્ખ !' અને 'જે બીજાઓના અનુભવથી શીખી જાય અને જાતને સારી બનાવે તે બુધ્ધિમાન !

ત્યારે એક ત્રીજા જિજ્ઞાસુએ પૂછયું કે જે પોતાના અને પારકા અનુભવોથી પણ ન શીખે તે કેવો કહેવાય ?

ત્યારે મહાત્માએ મંદમંદ સ્મિત ફરકાવતા કહ્યું કે તેને તો 'નરપશુ' પણ કહી શકાય !

ભાગ્યશાલિઓ ! આપણે સૌ જાત નિરીક્ષણ કરી કયાં છીએ તેનો જાતે જ નિર્ણય કરીએ !

" મિથિલા દહ્યમાનાયા નમે દહતિ કિંચન !
મિથિલા ભલે ભડકે બળે, મારૂં કશું બળતું નથી. "

અને... એક દિવસ... સુદર્શનનગરના સ્મશાનમાં બે સગાભાઇઓની ચિતા એકી સાથે જલી ઉઠી.

સુદર્શનનગર મણિરથ રાજા નાનોભાઇ યુગબાહુ. યુવરાજ યુગબાહુની પત્ની મદનરેખાના આકર્ષક રૂપ-યાવનને જોઇને મોટોભાઇ મણિરથ મદનરેખાને પોતાની પત્ની બનાવવા દૃઢ નિશ્ચયી બન્યો. વિષયવાસનાએ મણિરથના મનનો ત્યાં સુધી કબજો લીધો કે મણિરથ વિચારવા લાગ્યો કે-"જો આની સાથે હું કામક્રીડા કરી ના શકુ તો મારો આ જન્મારો નિષ્ફળ છે."

પોતાની મદનરેખા તરફની વાસનાને વાચા આપવા માટે જ્યારે જ્યારે તક મળતી મણિરથ કંઇને કંઇ અવનવા ભેટણાંઓ દાસી દ્વારા મદનરેખાને મોકલવા લાગ્યો.



સમયજ્ઞા મહાસતી મદનરેખા

— શ્રી રાજુભાઇ પંડિત



પિતાતુલ્ય વડિલબંધુ તરફથી આવતા ભેટણાં પાછળ છુપાયેલી વાસનાની ગંધ ધર્મરકત મદનરેખાને આવી ના શકી. તેથી જ મદનરેખા આ તો વડીલની કૃપા છે તેમ સમજીને ભેટણા સ્વીકારતી રહી.

આનુ પરિણામ એ આવ્યુ કે મણિરથને જીભ ખોલીને પોતાની વાસના પ્રગટ કરવાની શકિત મળી. મણિરથે દાસી દ્વારા જ કહેવડાવ્યુ કે હે ભદ્રે ! તારા ગુણોના સમૂહમાં આસકત બનેલો મણિરથ તને ભોગવવા માટે ઝંખે છે.

દાસીના વચનોથી વજ્રપાત જેવો ભયંકર આંચકો અનુભવતા મદનરેખાએ રોષના હરફેર ઉચ્ચારતા કહ્યું કે મારો નાથ જીવતો જાગતો બેઠો હોવા છતાં તેને મારી ઇચ્છા કરતાં શરમ ના આવી. હવે તો તે નરકગામી મરેલો જ છે. જા તારા રાજાને જઇને કહેજે કે જો તું બલાત્કાર કરવાની જરા સરખી પણ કોશિષ કરીશ તો મદનરેખા તો તો તને નહિ જ મળે. પણ તેનું મડદુ અહીં જ પડશે. જ્યાં સુધી આ જીવતા શરીરમાં મદનરેખા હશે ત્યાં સુધી તેના શરીરના એક રોમને પણ તે પાપી સ્પર્શી નહી શકે. મદનરેખા પોતાના પ્રાણ તજી દેશે પણ જીવતા શરીરને તો કયારેય તે પાપીના પાપથી ખરડાવા નહી દે."

દાસીએ જઇને રાજાને આ વાત કરી તેથી રાજા મણિરથ મદનરેખા તરફ વધુ કામાતુર બન્યો. અને મદનરેખાને ભોગવવાના દૃઢ નિર્ધારવાળો બન્યો. મણિરથે વિચાર્યું યુગબાહુના જીવતા મારાથી મદનરેખા અંગીકાર કરી શકાશે નહી તેથી પહેલા યુગબાહુને ખલાસ કરૂં પછી મદનરેખાને સ્વીકારીશ. યુગબાહુને ખતમ કરવાની તકો મણિરથ શોધતો રહ્યો.

એક દિવસ મદનરેખાએ સ્વપ્નમાં પૂર્ણચંદ્રને જોતાં યુગબાહુએ તેને ચંદ્ર સમાન સૌમ્ય ગુણવાળો પુત્ર થવાની આગાહી જણાવી.

એક દિવસ યુગબાહુ વસંતઋતુ સમયે પ્રિયા મદનરેખા સહિત ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. જળક્રીડા કરીને રાત્રે ત્યાં જ ઉદ્યાનમાં કેળના ઘરમાં સૂઇ ગયો, મણિરથને આ વાતની જાણ થતાં છળ કપટથી અરે! એકાંતમાં વન જેવા સ્થાનમાં મારો ભાઇ સૂઇ રહે તે યોગ્ય નથી આવુ બોલતો મણિરથ એકલો જ તલવાર સાથે યુગબાહુ પાસે આવ્યો.

મોટાભાઇને આવેલા જોઇને તરક્ષણે ઉઠીને વિનયપૂર્વક યુગબાહુએ નમસ્કાર કર્યો. તો જ સમયે મણિરથે યુગબાહુ ઉપર તલવાર ચલાવી યુગબાહુ હણાયો. મદનરેખાએ બૂમરાણ મચાવી મૂકતા સૈનિકો આવી ચડયા અને મણિરથને હણવા જતાં હતા ત્યાં જ ભાઇથી હણાયેલા હોવા છતાં યુગબાહુએ સૈનિકોને કહ્યુ "તે મારો ભાઈ છે કોઇ તેને હાથ પણ અડાડશો નહીં હું હણાયો તેમા તે તો માત્ર નિમિત છે મારા પૂર્વના કર્મનું આ પરિણામ છે તેને હણશો નહિ"

જે સૈનિકોથી હણાઇ જાત તે યુગબાહુથી બચી ગયેલો મણિરથ ખુશ-ખુશાલ બન્યો અને પોતાનું ઇચ્છિત કામ થઇ જશે તેવું મનમાં ભ્રમથી માનતો રાજમહેલે આવ્યો પણ રાજમહેલમાં અચાનક જ કોઇક સર્પે તેને ડંખ દેતાં તે મૃત્યુ પામ્યો.

આ બાજુ યુગબાહુના પુત્ર ચંદ્રયશને પિતા હણાયાના સમાચાર મલતા તે તરત જ ધાની ચિકિત્સા માટે દોડી આવ્યો. મૃત્યુ પધારીએ છેલ્લા શ્વાસ લઇ રહેલા યુગબાહુને તેની ધર્મપત્ની મદનરેખાએ અંતિમ આરાધના-નિર્યામણા કરાવતા કહ્યુ! હે સ્વામીનાથ હવે બેદ જરા પણ ના કરશો. જીવો પોતે કરેલા કર્મોથી સજા પામ્યા વગર છૂટી શકતા નથી. હે નાથ! પરલોકના પંથે જતાં જતાં મન-વચન-કાયાથી કરેલા દુષ્કૃત્યોની ગર્હા કરવા રૂપ ધર્મપાથેયને ગ્રહણ કરો શત્રુમાં-મિત્રમાં પુત્રમાં કે પુત્રીમાં પત્થરમાં કે રત્નમાં અનંત સંસારને દેનારો મોહ સજ્જનો કદી કરતાં નથી. સથવારા વિનાના આ સંસારમાં જીવ એકલો જ જાય છે. સુખો પણ તે એકલો જ ભોગવે છે દુખોને પણ તે એકલો જ ભોગવે છે જિંદગીનો હવે આ છેલ્લો સમય છે. ધીરજ ધરજો કાયરતા આવી ન જાય તેની કાળજી રાખજો.

એગોહં નત્થિ મે કોઇ... હું એકલો છું મારૂ કોઇ નથી હું પણ કોઇનો નથી આ રીતે અદીન-અદુઃખી મનથી તમારા આત્માને જાગૃત રાખજો.''

આવા પોતાની પ્રાણપ્યારી પ્રિયાના વચનો સાંભળીને શુભ ધ્યાનમાં પરાયણ બનેલા યુગબાહુ આખરે મૃત્યુ પામ્યા અને બ્રહ્મલોકમાં દેવ થયા.

યુગબાહુને મૃત્યુ સમયે સમાધિની સાધના કરાવી જનાર મદનરેખા યુગબાહુના મૃત્યુને જોઈ ના શકી. જીરવી ના શકી લાંબા કાળ સુધી રડતા રહ્યા, પુત્ર ચંદ્રયશા પણ પિતાના મૃત્યુને સાંભળીને ઝીલ્યો ન રહી શકયો. ધ્રુસકે ધ્રુસકે રડી પડયો.

મણિરથના મૃત્યુની મદનરેખાને હજી ખબર નથી પડી તેથી-

સ્વામીના શબને અશ્રુની અંજલિ અર્પણ કર્યા પછી મદનરેખાએ વિચાર્યું કે-મને ધિક્કાર હો. મારા કારણે પતિનું મૃત્યુ થયું. પતિ તો મૃત્યુ પામ્યા છે. પત્નીને તો પતિ જ શરણ હોય છે. સવાર થતા સુધીમાં તો પેલો દુષ્ટ પાપી મણિરથ મને ઝડપી લેશે માટે રક્ષા કરનાર અત્યારે કોઇ નથી. અને સ્વર્ગ તથા મોક્ષ દેનારા શીયલરત્નને તો કેમે કરીને પણ મારે રક્ષવું કરવાનું છે અને તે રક્ષા અહીં શકય નથી. તેમ વિચારી કોઇને ખબર ના પડે તે રીતે મદનરેખા ત્યાંથી વન વગડા તરફ ભાગી ગયા.

બીજા દિવસે મદનરેખા ભયાનક અટવીમાં આવી ચડયા. ત્યાં કોઇક જલાશયમાં પાણી પીને કદલી ગૃહમાં મદનરેખા સૂઇ ગયા ત્યાં જ રહેલા મદનરેખાએ સાતમે દિવસે પુત્રને જન્મ આપ્યો, સવારે કંબલરત્નમાં બાળકને વીંટાળીને તેના હાથમાં યુગબાહુનાં નામવાળો વીંટી પહેરાવીને પુત્રને ઝાડની છાયામાં મૂકીને મદનરેખા વસ્ત્રો ધોવા માટે સરોવર તરફ ગયા. ત્યાં સરોવરની મધ્યમાં રહેલા કોઇ જળહસ્તિએ પોતાની સૂંઢ વડે પકડીને મદનરેખાને ઉંચે આકાશમાં ઉછાળ્યા.

આકાશમાંથી જમીન તરફ પડી રહેલા મદનરેખાને નંદીશ્વરતીર્થની યાત્રા કરવા જતા કોઇ ખેચરે પકડી લીધા. મદનરેખાના રૂપમાં આસકત બનેલો તે ખેચર તેને વૈતાઢય પર્વત ઉપર લઇ ગયો.

મદનરેખા રડતા રહ્યા ત્યારે ખેચરે રડવાનું કારણ પૂછતાં મદનરેખાએ કહેયું ત્યાં મે પુત્રને જન્મ આપ્યો છે તે મારા વિના મરી જશે મહેરબાની કરીને મને ત્યાં લઇ જા અથવા પુત્રને અહીં લઇ આવ.

મદનરેખાની આ મજબુરીનો લાભ ઉઠાવીને ખેચરે કહ્યું કે તું મને તારા પતિ તરીકે સ્વીકાર તો હું તારો દાસ બની જઇશ.

મહાસતી મદનરેખાએ વિચાર્યું સમયને ઓળખીને માયા કર્યા વિના શીયલ પાળવું હાલની ઘડીએ શકય નથી. તેથી મદનરેખાએ કહ્યું. તે પુત્રને તું અહીં લઇ આવ.

ખેચરે કહયું–હું મણિચુડ વિદ્યાધરનો મણિપ્રભ નામનો પુત્ર છું. મારા પિતાએ સંસારને અસાર જાણીને દીક્ષા લીધી છે. અત્યારે તે નંદીશ્વર દ્વિપમાં છે. હું તેમને વંદન કરવા જતો હતો ત્યાં મેં તને આકાશમાં ઉછળેલી જોઇ. હવે તું મારી પત્ની બની જા કરેક ખેચરીઓમાં તું પટ્ટરાણી બનીશ. પ્રજ્ઞપ્તિ વિદ્યાના બળથી તારા પુત્રના સમાચાર મને જાણવા મલ્યા છે કે તે પુત્રને મિથિલાનગરીના પદ્મરથ નામના નિઃસંતાન રાજા લઇ ગયા છે. અને પોતાના પુત્રની જેમ તેને રાખે છે. તારો તે પુત્ર સુખી છે. હવે તું પ્રસન્ન થઇને મને પતિ તરીકે સ્વીકાર.

મહાસતી મદનરેખાએ વિચાર્યું જે શીયલની રક્ષા કરવા માટે મેં ઘરબાર છોડયા આટલે સુધી દુર દુર આવી. આખરે એજ શીયલ ઉપર પાછુ જોખમ ઉભુ થયું. આથી કોઇપણ ભોગે શીયલની રક્ષા કરવી જ પડશે. આ કામાતુર થયેલા સારા–નરસ ને સમજતો નથી. તેથી મારે ચોક્કસ કોઇક છળકપટનો સહારો લઇને શીયલ રક્ષા માટે આ કામાતુરને આધીન ન થઇ જવાય તે માટે કોઇ વ્યાક્ષેપ–વિલંબ ઉભો કર્યો કરવો પડશે. "આમ વિચારી લઇને મદનરેખાએ ખેચરને કહયું–પહેલાં તું મને નંદીશ્વર દ્વીપમાં ચૈત્યોની વંદના માટે મને લઇ જા. પછી તે કીધુ તેમ હું કરીશ.

આ સાંભળીને ખુશ ખુશાલ થઇ ગયેલ મણિપ્રભ એક ક્ષણમા જ મદનરેખાને નંદીશ્વર દ્વીપમાં લઇ આવ્યો. ત્યાં મદનરેખાએ શાશ્વતા ચૈત્યોને વંદના કરી. અને પછી મુનિશ્વર મણિચુડને નમીને ત્યાં ધર્મ શ્રવણ કરવા બેઠા.

પિતામુનિ પુત્રના આ કાર્યને જાણીને દેશના દેતાં કહેવા લાગ્યા કે હે ભવ્યજનો! કુમાર્ગને કદિ ના સેવશો. પરસ્ત્રી ગમનાદિ રૂપ કુમાર્ગ નર્કમાં પતન કરાવે છે.

પિતા મુનીની ધર્મવાણીએ મણિપ્રભની વાસના દુર થઇ તેણે જઇને મદનરેખા પાસે પોતાના અપરાધની ક્ષમા માગી. અને કહ્યુ. હવે આજથી માંડીને તું મારી બેન છે. તારો શું ઉપકાર કરૂં ?

મદનરેખાએ કહ્યું. આ તીર્થની વંદના કરાવવા રૂપ તે મહા ઉપકાર કર્યો છે. અને તેથી તું મારો પરમ બંધુ છે.

"ત્યાર પછી મદનરેખાએ પોતાના પુત્ર અંગે મુનીશ્વરને પૂછતાં મુનીશ્વરે કહ્યું કે પૂર્વભવમાં બે રાજપુત્રો પરસ્પર પ્રીતિવાળા હતા. તે બન્ને ક્રમે કરીને પુન્યવિશેષથી દેવ થયા. તેમાંથી એક પદ્મરથ રાજા થયો અને બીજો તારો પુત્ર થયો. તારા તે પુત્રનો રાજા યદ્મરથે પૂર્વભવના સ્નેહથી જન્મોત્સવ કરાવ્યો છે તે પુત્ર હાલ સુખી છે."

મુનીશ્વર આવુ બોલી રહયા છે ત્યાં જ એક અતિ દેદીપ્યમાન દેવ આવીને સીધી મદનરેખાને ત્રણ પ્રદક્ષિણા કરી. અને તેના ચરણમાં પ્રણામ કર્યા અને પછી મુનીશ્વરને વાંદ્યા. અને ધર્મશ્રવણ કરવા બેઠો.

આ બધુ અસંબદ્ધ-અવિવેક જેવું વર્તન જોઇને મણિપ્રભ ખેચરાધિપતિએ તે દેવને કહયુ દેવ જેવા દેવ થઇને તમે આવો અનીતિમાર્ગ અપનાવ્યો પહેલા મુનીશ્વરને વંદન ના કર્યું અને મદનરેખાને કર્યું ! આવું કેમ કર્યું? તમે જ જો અનીતિ કરો છો તો પછી અમે કરીએ તેમાં નવાઇ શું છે.?

દેવ કંઇ જવાબ આપે તે પહેલાં જ મુનિશ્વર બોલ્યા "હે ખેચર ! તું આમ ના બોલ. આ દેવ ઠપકાને યોગ્ય નથી. આ મદનરેખામાં આસકત મનવાળા યુગબાહુના ભવમાં ભાઇ મણિરથ વડે આ યુગબાહુના ભવમાં મરાયો ત્યારે મૃત્યુની છેલ્લી ઘડી સમયે મદનરેખાએ પોતાના ભર્તાર યુગબાહુને મધુર વચનો વડે નિર્યામણા કરાવી કે જેથી તે યુગબાહુ પાંચમાં દેવલોકમાં ગયેલો આ દેવ બન્યો સામાનિકોનો સુરેન્દ્ર બન્યો તે દેવે અવધિજ્ઞાનથી મદનરેખાને પોતાના ગુરૂ તરીકે માનતો અહીં. આવીને આ સ્ત્રીને પ્રથમ વંદના કરી છે. આ મદનરેખા આ દેવને ધર્મનું દાન કરવાથી દેવના ધર્માચાર્ય છે કરોડો વંદના કરવા છતાં પણ આ મદનરેખાના ઋણથી મુકત નહી બને.

કારણ કે સમ્યકત્વનું દાન કરનારે સનાતન એવા શિવસુખનું દાન કર્યું છે અને આ સમકિતદાતાના ઉપકાર સમાન અન્ય કોઇ ઉપકાર નથી."

આટલું સાંભળતા ખેચરે દેવની ક્ષમા માંગી.

દેવે હવે મદનરેખાને તને શું ઇષ્ટ આપુ ? એમ પૂછતાં મદનરેખાએ કહયું. ખરી રીતે તો તું મારૂ ઇષ્ટ આપવાને શક્તિમાન નથી મને તો જન્મ-જરા મરણ-રોગ-શોક-પીડાર્થ વિવર્જિત, ઉપાધિવગરના અચળ એવું મોક્ષ સુખ પ્રિય છે. અને અવિરત દશામાં રહેલા દેવો મારા આ પ્રિય-ઇષ્ટને કેમ આપી શકે ? તો પણ તું મને હવે જલ્દી મિથિલા લઇ જા. તરતના જન્મેલા બાળકથી વિખુટી પડી ગયેલી મને પુત્રમુખ જોવાની એક મમતા છે. પુત્રમુખ જોયા પછી હું સંયમનો સ્વીકાર કરીશ.

દેવ મદનરેખાને તે મિથિલાનગરીમાં લઇ ગયો. કે જે શ્રી મલ્લિનાથ પ્રભુની જન્મ-દીક્ષા અને જ્ઞાન (કેવલજ્ઞાન) કલ્યાણની ભૂમિ હતી.

જિનાલયમાં દેવોને વાંદ્યા પછી તે બન્ને સાધ્વીજી મ. પાસે ગયા. સાધ્વીઓએ કહયુ-દુર્લભ એવા માનવભવને પામીને ધર્મ માટે હવે જરા સરખો પણ પ્રમાદ કરવા જેવો નથી."

ધર્મોપદેશને અંતે દેવે મદનરેખાને કહ્યું "ચાલો રાજમંદિરે જઇએ. તમારા પુત્રના દર્શન કરાવું."

અને મદનરેખાએ કહ્યું-હે દેવ ! હવે અનંતભવ ભ્રમણના કારણ રૂપ પુત્રના મુખદર્શનથી મારે હવે સર્યું. ગુરૂવર પાસે આ સંસારમાં સારભૂત શ્રમણધર્મ છે. તે મેં સાંભળ્યો છે હું તે જ સ્વીકારીશ. આ સાધ્વીઓના ચરણો મારે માટે શરણરૂપ છે. આટલું મદનરેખાએ કહ્યુ તેથી દેવ સ્વર્ગ તરફ ચાલ્યો ગયો.

આખરે જીવનના અવનવા વળાંકોમાંથી પસાર થયેલા શીયલવ્રતન સંરક્ષક મહાસતી મદનરેખા દીક્ષિત થયા. આર્યા સુવ્રતા નામથી ઓળખાયા.

પુત્રના પ્રભાવથી શત્રુરાજા નમતા આવ્યા તેથી પદ્મરથ રાજાએ તે પુત્રનું નામ નમિ પાડયું હતું. (નમિ એટલે નમિનાથ ભગવાન નહિ સમજવના પણ નમિ રાજર્ષિ હતા તે મદનરેખાના નાના પુત્ર હતા. મોટા પુત્ર ચંદ્રયશ હતા) સમય જતાં પદ્મરથ રાજાએ નમિને રાજય સોંપી પોતે દીક્ષા લઇ કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

હવે આ તરફ સુદર્શનનગરમાં જે રાતે યુગબાહુની હત્યા કરીને મણિરથ ખુશ-ખુશાલ થતો રાજમહેલે આવ્યો હતો ત્યાં એક ભયંકર સર્પે તેને ડંખ દેતા તે મૃત્યુ પામ્યો અને ચોથી નરકે ગયો. સવારે સુદર્શનનગરમાં એક સાથે યુગબાહુ અને મણિરથ ની સ્મશાનયાત્રા નીકળી બન્ને ચિતા એક જ સ્મશાનમાં બળી.

ત્યાર પછી સુદર્શન નગરના રાજા તરીકે ચંદ્રયશાને સ્થાપવામાં આવ્યો.

એક વખત નમિરાજનો શ્વેત પટ્ટહસ્તી આલાનસ્તંભને ઉખાડીને વિંધ્યાચલની અટવીમાં પેઠો. અને ચંદ્રયશ રાજાના હાથમાં આવી ગયો નમિરાજે દૂત દ્વારા શ્વેત-હસ્તીને સમજીને પાછો સોંપવાનું કહેતા ચંદ્રયશાએ કહ્યુ "દુનિયાની લક્ષ્મી કોઇના બાપ દાદાની પરંપરાથી ચાલી આવેલી જાગીર નથી. આ વસુંધરા તો વીરભોગ્યા છે. બાયલાઓ પૃથ્વીને ભોગવી નથી શકતા." આથી બન્ને વચ્ચે એક શ્વેત હાથી માટે સંગ્રામ મંડાયો નમિરાજે વિશાળ સૈન્યથી સુદર્શન નગરને ઘેરી લીધુ હતુ. અપશુકન થયા હોવાથી મંત્રીના કહેવાથી ચંદ્રયશાએ અંદર રહીને જ યુદ્ધ કરવાનું નક્કિ કરેલુ હતુ.

આ સંગ્રામના ભયંકર સંજોગો વચ્ચે સાધ્વીઓ સાથે ગુરૂણીની આજ્ઞા લઇને આર્યા સુવ્રતા ઉપસ્થિત થયા. નમિરાજને કહ્યું-સગાભાઇ સામે યુદ્ધ કેમ માંડયું છે ? નમિરાજને જન્મથી માંડીને છેક સુધીની વાતો સમજાવી. છતાં નમિરાજ યુદ્ધથી અટકયો નહી ત્યારે સુવ્રતા સાધ્વી ચંદ્રયશા રાજા પાસે ગયા. તેને આર્યા સુવ્રતા (મદનરેખા)દ્વારા જાણવા મળ્યુ કે નમિરાજ તેનો સગો નાનો ભાઇ છે. આ જાણતાં જ ચંદ્રયશા રાજા માન મૂકીને નમિરાજની સામે ગયો. નમિરાજ પણ મોટાભાઇને નમ્યો બે ભાઇઓનું મિલન જોઇને યુદ્ધના સંહારને અટકાવીને આર્યા સુવ્રતા ચાલ્યા ગયા.

ચંદ્રયશાએ સુદર્શનનું રાજ્ય નમિરાજને પરાણે સોંપીને પોતે દીક્ષા લીધી.

હવે એક વાર નમિરાજને છ-છ મહિના સુધીનો દાહજ્વર થયો વૈદ્યોની બધી ચિકિત્સા નકામી ગઇ દાહજ્વરની શાંતિ માટે સર્વે રાણીઓ ચંદન ઘસતી હતી. તેથી કંકણોના ટકરાવવાનો અવાજ થતો હતો તે નમિરાજને વધુ પીડા કરનારો બન્યો આખરે મંગલસૂચક એક-એક જ કંકણ રખાવીને ચંદન ઘસવા માંડયું ત્યારે નમિરાજે પૂછયું કે શું મારા માટે ચંદન ઘસાતુ નથી ? કંકણનો અવાજ કેમ નથી આવતો ! મંત્રીઓએ એક કંકણની વાત કરી આ વાત સાંભળતા નમિરાજ એકત્વની ભાવના ઉપર ચઢી ગયા. એકલા રહેવામાં જ શાંતિ છે. આવી વિચારણામાં નમિરાજે નક્કી કર્યું જો મારો દાહજ્વર શાંત થશે તો હું દીક્ષા ગ્રહણ કરીશ.

આમ વિચારીને સૂતેલા નમિરાજનો દાહજ્વર શાંત થયો.

રાત્રે સ્વપ્નમાં નમિરાજે ઐરાવણ હાથી અને શૈલરાજને જોયા હતા. સવારે જાગ્યા પછી શૈલરાજનું વારંવાર સ્મરણ કરતાં નમિરાજને જાતિ સ્મરણ જ્ઞાન થયુ. પૂર્વભવમાં પોતે સાધુ હતા. ગયા ત્યાંથી પ્રાણત દેવલોકમાં ગયાંથી હું નમિ બન્યો. આટલું જાણ્યા પછી પોતાના પુત્રને નમિરાજે રાજ્યગાદી સોંપી અને દેવતાએ આપેલું રજોહરણ લઇને સંયમનો સ્વીકાર કર્યો.

બરાબર આ સમયે બ્રાહ્મણનો વેષ ધરીને શક્રેન્દ્ર નમિરાજર્ષિ પાસે આવ્યા. નમિરાજર્ષિની સંયમની અડગતા જોવા માટે શક્રેન્દ્રએ ઘણા ઘણા પ્રસંગો ઉભા કર્યા છેવટે આખી મિથિલાનગરીને શક્રેન્દ્રએ ભડકે બળતી દેખાડી અને કહયું ભડકે બળી રહેલી મિથિલાને શાંત કરીને પછી દીક્ષા લેજો. ત્યારે પ્રત્યેક બુદ્ધ એવા નમિરાજર્ષિએ કહયુ હતુ કે-

મિથિલા દહ્યમાનાયા ન મે દહતિ કિંચન !
મિથિલા ભડકે ભલે બળે, મારૂ કશું બળતુ નથી.



"વિદ્યા શાસ્ત્ર બહુ ભણ્યો, આચારે ના શુદ્ધ"
નરસિંહ એવા પંડિતો, ભણ્યા છતાંય અબુધ
"વિષયો વિષ સમ છે છતાં, અમૃતમાની ધરે
'નરસિંહ' એવા મૂર્ખ જન, વિષ મોતે જે મરે
"કામી ક્રોધી લોભી કે, દંભી કપટી લોક"
'નરસિંહ' મિથ્યામા ફસી, જીવન કરતાં ફોક

જાણે ભૂતલ ઉપર અવતરેલી અલકાનગરીની જેવી સુખ-સંપત્તિ-વૈભવ અને ગુણીજનોથી ભરેલી પુષ્પભદ્રનગરી શોભતી હતી. ચોર્યાંસી ચોટા અને ચોર્યાંસી બજારની ગાજતી આ નગરીમાં શ્રી જિનચૈત્યોની શ્રેણિ ધર્મજનોમાં પ્રભુભક્તિ આદિ ધર્મક્રિયાઓથી મિથ્યાત્વીજનોને જાકારો આપી ધર્મિજનોને શરણ આપી આત્મકલ્યાણ બક્ષતી હતી.

ધીર વીર ગુણી પરાક્રમી પુષ્પકેતુ મહારાજાનું સામ્રાજ્ય મધ્યાહન સૂર્ય જેવું પ્રતાપી છતાં પ્રજાજનોને ચંદ્રની શિતલતા આપતું હતું. મહારાજાને શીલવતી, ગુણવતી, ધર્મલેશ્યાવતી એવી રૂપવતી લાવણ્યવતી છતાંય લજ્જાસજ્જાવંતી પુષ્પાવતી નામે રાણી હતી. ભારે પુણ્યોદયથી મળેલા ભોગ વિલાસમાં રાજા-રાણીના દિવસો પસાર થાય છે પણ રાણી પુષ્પાવતીએ ધર્મપુરૂષાર્થને રહેજે ય ગૌણ ન કર્યો. દિવસો આનંદમાં પસાર કરતાં શુભસ્વપ્નોથી સૂચિત ગર્ભવતી બનેલી મહારાણીને પ્રભુભક્તિ. અમારી પ્રવર્તનાદિ શુભ દોહલા ઉત્પન્ન થયાં. જે પ્રેમાળ રાજાએ બહુમાન પૂર્વક આનંદથી પૂર્ણ કર્યા... યોગ્ય સમયે રાણી પુષ્પાવતીએ દેવકુંવર-દેવકુંવરી જેવા અતિ રૂપવાન લક્ષણવંત યુગલને જન્મ આપ્યો.

ગુરૂ-કેવળજ્ઞાનદાત્રી આર્યા શ્રી પુષ્પચૂલાશ્રી

—શ્રી જૈનેન્દ્ર

પાંચ ધાવમાતા અને માતાપિતાના પ્યારથી બાલક-બાલિકા કલ્પવૃક્ષ અને કલા-વેલડીની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા. પુષ્પચૂલ અને પુષ્પચૂલા નામ પાડયું. અનેક ભવની પ્રીતિ સફળ કરવાનો જાણે અવસર પ્રાપ્ત ન થયો હોય તેમ પુષ્પચૂલ અને પુષ્પચૂલા એક ક્ષણનો પણ વિરહ ન પામી શકે. કુમાર અવસ્થા તો રમત-ગમત સાથે કલા અધ્યયનમાં પસાર થવા લાગી એમાં પણ સાથે ભણે સાથે ભોજન-શયન-રમત અને ગોષ્ઠીમાં પસાર કરે છે. બન્નેય પિતાના લાડલાં... દિવસો જતા કયાં વાર લાગે. બન્નેમાં યૌવન વસંતના પુષ્પો કળીરૂપે આવી બેસવા માંડયા ત્યાં એકવાર ઉભય પિતા રાજાને વિનયથી વંદન કરે છે. ત્યાં રાજાની નજર પુષ્પચૂલાના મૂખારવિન્દ સાથે દેહયષ્ટિ ઉપર પડી. રાજાને વિચાર સ્ફૂર્યો કે યૌવનવસંત ખિલવાની તૈયારી છે અને કુંવર-કુંવરી પુષ્પધન્વા અને રતિની જેમ અન્યાન્ય એક બીજાનો વિરહ પણ ખમી શકતા નથી, જો પુષ્પચૂલાને બીજે પરણાવું તો પુષ્પચૂલ વિરહમાં ઝુરી ઝુરીને મરી જાય. તેથી આ પુષ્પચૂલ-પુષ્પચૂલા ભલે યુગલીક રૂપે જન્મ્યા...હું બન્નેના લગ્ન ચોકકસ કરીશ...!

આ વાતને ચરતાર્થ કરતાં રાજદરબારમાં પ્રશ્ન કર્યો કે મારા રાજ્યમાં જે રત્ન

ઉત્પન્ન થાય એનો સ્વામી કોણ ? રાજસભ્યોએ કહ્યું કે, આપ જ, આ રીતે ત્રણવાર જવાબ મેળવીને શબ્દ છલનો ઘટસ્ફોટ કરતાં રાજાએ કહ્યું કે...પુષ્પાવતી રાણીએ જે યુગલરત્નો જન્મ આપ્યો છે એનો સ્વામી હું છું...હું સૌ જનોના સાક્ષિએ ઉભયનો લગ્ન મહોત્સવ કરું છું. સભાજનો મૌન રહ્યાં. ધામધુમથી લગ્ન થઇ ગયું. પુષ્પચૂલ-પુષ્પચૂલા ઉભયને ભાવતું હતું તે વૈદ્યે કહયું' જેવું થઇ ગયું....હવે તો નિઃસંકોચ પ્રણયલીલામાં મસ્ત બન્યા...પણ આ અવિચારી કરણીથી પરમશ્રાવિકા રાણી પુષ્પાવતી જ્ઞાનગર્ભિત વૈરાગ્યવંતી બનીને સાધ્વી બની સુંદર સંયમ ધર્મનું પાલન કરી પરમ ઋદ્ધિમાન દેવપણું પ્રાપ્ત કર્યું'... થોડા કાળ પછી પિતા પુષ્પકેતુ પણ યમરાજાનો અતિથી બની ગયો. હવે પુષ્પચૂલ મહારાજા બની પ્રજાપાલન કરે છે.

બાલ્યપણમાં પુષ્પચૂલા પિતાની લાડલી હતી. ભાઇ સાથે લગ્ન થયા બાદ પતીની અતિ લાડલી....પ્યારી બની ગઇ-ભોગ વિલાસની મસ્તીમાં દિવસો પસાર થાય છે ત્યાં... માતા પુષ્પાવતી કે જે દેવરૂપે ઉત્પન્ન થએલી છે-એણે અવધિજ્ઞાનથી જોયું કે પુષ્પચૂલા રાણી 'ભાઇ એવા પતીના પ્યારમાં' અત્યંત આસકત છે. આ વિષયભોગમાં મરીને નરકે ન જાય તેથી રોજ નરકોમાં રહેલ નારકીઓ કેવી ભયંકર પીડા સતત ભોગવે છે તે સ્વપ્નમાં બતાવે છે. તેથી અત્યંત ભય પામેલી પુષ્પચૂલ રાજાને સઘળી હકિકત જણાવે છે.

વસ્તુસ્થિતિની સત્યતા જાણવા સારૂ રાજદરબારમાં અનેક ધર્મજ્ઞાતાનું અભિમાન ધરાવનાર પાખંડીઓને નરકનું વર્ણન કરવાનું કહેતાં કોઇ યથાર્થ વર્ણન કરી શકતું નથી. ત્યારે જૈન મહર્ષિ અર્હિકાપુત્ર આચાર્ય યથાર્થ વર્ણન કરે છે-ત્યારે રાણી પુષ્પ-ચૂલા પૂછે છે કે મારી જેમ તમને પણ સ્વપ્નો આવ્યા છે ? પૂ. આચાર્યશ્રી કહે છે કે અમો શ્રી અરિહંત વચનોથી યથાર્થ જાણીએ છીએ, રાજા-રાણીને પૂર્ણ સંતોષ અને શ્રદ્ધા ઉત્પન્ન થઇ-પછી માતાદેવે સ્વપ્નમાં દેવલોક અને ત્યાંની ઋદ્ધિ-સિદ્ધિ-દેવદેવીના દેદીપ્યમાન શરીરો, રત્નમય વિમાનો આદિ બતાવ્યા.

આ વાતનું પણ યથાર્થ વર્ણન રાજસભામાં પૂ આચાર્ય શ્રી અર્હિકાપુત્ર આચાર્યે કર્યું...ત્યારે પ્રશ્ન પૂછયો કે દેવલોકની પ્રાપ્તિ કેવી રીતે થાય ? ત્યારે આચાર્યશ્રીએ ફરમાવ્યું કે સર્વજ્ઞ પરમાત્માએ નિષ્પાપ જીવન જીવવા અને સર્વ કર્મથી મુકત બનવા સાધુ ધર્મ કહ્યો છે જેના પ્રતાપે સર્વકર્મ મુકત શાશ્વત મોક્ષ સુખની પ્રાપ્તી થાય... સરાગ સંયમથી દેવલોકની પ્રાપ્તિ થાય ત્યારે પુષ્પચૂલા રાણીએ રાજાને વિનંતી કરી કે, હું ભવભ્રમણથી અત્યંત ભયભીત બની છું મને સાધ્વી બનવા રજા આપો. અતિ આગ્રહ જોઇને રાજાએ કહયું કે, તું ચારિત્ર ગ્રહણ કરીને મારા ત્યાંથી શિક્ષા ગ્રહણ કરે તો રજા

આપું ? રાણીએ, આચાર્યશ્રીની રજા લઈને હા, પાડી, અને ભારે ભાવોલ્લાસથી સંયમ ગ્રહણ કર્યું.

રોજ રાજાના ત્યાંથી ભિક્ષા લાવે છે. હવે જંઘાબળ ક્ષીણ થવાથી અહિંકાપુત્ર આચાર્યશ્રીએ સર્વસમુદાયને અન્યત્ર વિહાર કરાવ્યો. શરીર ક્ષીણ થવાથી આર્યાશ્રી પુષ્પચૂલાશ્રીજી ગોચરી-પાણી આદિ નિર્દોષ લાવીને આચાર્યશ્રીની ચડતે પરિણામે ભક્તિ કરે છે, અપ્રતિવાદી વૈયાવૃત્ય ગુણને સ્વભાવ મંત્ર બનાવ્યો. સાથે સાથે નિરતીચાર સંયમ પાલનના પ્રભાવે અષ્ટપ્રવચન માતાની લાડલી સાધ્વી બની ગઇ.

શ્રી જિનવચન ઉપર અટલશ્રદ્ધા-ગુરૂબહુમાન પૂર્વકની ભક્તિના પ્રભાવે શુભધ્યાને ક્ષપકશ્રેણિ માંડી ઘાતીકર્મના નાશથી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. છતાંય ગુરૂભક્તિ એવી જ કરે છે કારણ કે કેવલી ભગવંતો પણ પૂર્વવત વિનયાદિને આચરે જ, જ્યાં સુધી કેવળજ્ઞાન થએલાનું જ્ઞાન અન્યને ન થાય ત્યાં સુધી

એકવાર મૂસળધાર વરસાદમાં ગોચરી લાવી આચાર્યશ્રીને આપે છે. ત્યારે પૂ. આચાર્યશ્રીએ કહ્યું કે તું તત્વની જાણુ અપ્કાય જીવોની વિરાધના કરીને કેમ ભિક્ષા લઇ આવી ? ત્યારે કેવલી સાધ્વીજીએ કહયું કે, અચિત્તવર્ષામાં લઇ આવી છું. તે કેવી રીતે જાણ્યું કે આ અચિત્ત જલ વર્ષે છે, ત્યારે કહયું કે, જ્ઞાનથી...આચાર્યશ્રી વિચારે છે કે આ કેવલજ્ઞાન વિના શક્ય જ નથી. મેં કેવળીની ભક્તિ લીધી ? ગાઢ આરાધના થઇ. ખૂબ જ ખિન્ન થયાં. ત્યારે કેવલી સાધ્વીએ કહયું કે :

તમો અધૃતિ ન કરો, ગંગા નદી ઉતરતાં આપને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થશે. આ સાંભળીને શ્રી અહિંકાપુત્ર આચાર્યશ્રી તુરત ઉભા થયાં. ચાલીને ગંગા નદીએ આવ્યાં મહાપુરૂષો આત્મકલ્યાણકર અવસરે કદાપી પ્રમાદ ન જ સેવે. લોકોથી ભરેલ નાવમાં આચાર્યશ્રી ચઢીને જે જે બાજુએ બેસે તે નાવની બાજુ પાણીમાં ડુબે, ભયભીત બનેલા લોકોએ આચાર્યશ્રીને ઉચકીને પાણીમાં નાખતા પૂર્વભવીય વૈરી દેવે ગુસ્સાથી વિંધી નાંખ્યા...તે વખતે ભાવદયાથી ભરેલા શ્રી અહિંકાપુત્ર આચાર્ય વિચારે છે કે મારા શરીરમાંથી નિકળતા રકતથી અપ્કાયાદિ જીવોની હીંસા થઇ રહી છે. એમાં અહિંસાના શુભ પરિણામથી શુકલ ધ્યાનના યોગે ક્ષપકશ્રેણિ માંડી ઘાતી કર્મના સંપૂર્ણ નાશથી કેવળજ્ઞાન-કેવલદર્શન પ્રાપ્ત કર્યું અને આયુષ્ય દળીયાના નાશ સાથે અઘાતીકર્મોને ખપાવી અક્ષય અવ્યાબાધ મુક્તિસુખના શાશ્વતકાલીન ભોકતા બન્યા આ રીતે પુષ્પચૂલા આર્યાના વચનથી ગંગાનદી પાર કરતાં કેવળજ્ઞાન-કેવળદર્શન મેળવ્યું. તેથી જ આ

(જુઓ અનુ. પાના નં. ૨૯૧ ઉપર)

卐 શ્રી અણુમોલ શ્રમણી રત્ના 卐

(પૂ. પાદ શ્રી દર્શનશ્રીજી મહારાજ)

-પૂ. સાધ્વી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. – બોરીવલી-મુંબઇ

જેમ સૂર્ય આકાશનો અભ્યુદય કરે.

જેમ ચંદ્ર રાત્રિને તેજશ્રી અલંકૃત કરે.

જેમ કોકીલા (કોયલ) વસંતઋતુની સમક્ષ પંચમ સ્વરમાં અદ્‌ભુત ગાન કરે.

જેમ મલયાચલનો પવન જગતના જીવોને શીતલતા ને સુગંધિથી સુવાસિત કરે... અને લોકો આનંદ પામે.

તેમ જૈન શાસનની ધરતી પર ઘણા પુણ્યાત્માઓ શાસનને પામી સ્વ કલ્યાણ કરી ગયા તેની સુમધુર સુવાસનાથી કયા ભવ્યાત્માઓ આનંદપણું ન પામે ? હર્ષ-પુલકીત ન થાય ? અર્થાત્ આનંદ- અભ્યુદય પામે.

આ જૈન શાસનની ધરા ઉપર ઝગમગતા તારલીયાની જેમ ઝળહળ ઝળહળ થતાં શ્રી તીર્થંકર ભગવંતો શ્રી ગણધર ભગવંતો શ્રમણ ભગવંતો અને શ્રમણી ભગવંતો અનંતાનંત થયે ગયા...સ્વ-જીવનને-ધન્ય બનાવી ગયા.

ચતુર્વિધ સંઘના બીજા નંબરના સ્થાને શ્રી શ્રમણી ભગવંતો શોભી રહ્યા છે... ભૂતકાળમાં અનંતાનંત થયા... ભાવીકાળમાં અનંતાનંત થવાના વર્તમાનમાં વિચરી રહ્યા છે.

મહાશ્રમણી ભગવંતો આર્યા ચંદનબાળાજી ભગવંત- આર્યા મૃગાવતીજી ભગવંત આર્યા બ્રાહ્મી-સુંદરજી ભગવંત- આર્યા રાજીમતીજી ભગવંત વિગેરે વિગેરે જૈન શાસનની અનેરી જ્યોત જગાવી કેવલજ્ઞાન વરી અનંતસિદ્ધિ સુખને વર્યા છે. ભાવીમાં અનંત વરવાના.

શાસન પ્રભાવક શ્રમણીરત્નો વિશેષાંક જાહેર પડવાનો...તેમાં લેખ લખવાનું નિમંત્રણ મલ્યું મહદ્ સુભાગ્યે ગુણીજનોના ગુણ ગાવાની આલેખવાની તક મલી.

શ્રમણ પ્રધાન શ્રી સંઘમાં પણ બીજા નંબરના સ્થાને શ્રમણીગણ રહી...જૈન શાસનમાં સ્વ-પરનું કલ્યાણ સાધી રહયા છે.

તેમાંના એક અણુમોલ શ્રમણીરત્ના પૂજયપાદ પ્રશાંત વિદુષી સાધ્વીરત્ના શ્રી દર્શનશ્રીજી મહારાજ આજથી લગભગ ૮૦ વર્ષ પૂર્વે વિ. સં. ૧૯૭૦માં માગશર વદિ

ત્રીજની સુપ્રભાતે (ગેરજ ગામમાં) જન્મ પામી શાસન પ્રભાવક શ્રમણી રત્નમાં પ્રવેશી સ્વ પરનું કલ્યાણ સાધી ગયા.

ધન્ય ધરા તે ભારતભૂમિ.
અદ્‌ભુત ધરા તે ગુજરાતભૂમિ.
જૈન નગરી કપડવંજ (અમદાવાદ)

પિતા સકરચંદભાઇ...માતા શણગારબેન...શુભ કુલ અને શુભ રત્નકુક્ષિ એ સુમંગલપણે સુપુણ્યોદયે સાધના કરવા જ જાણે ન અવતર્યા હોય....તેવા (પૂ દર્શનશ્રીજી મ.) સંસારી નામ લીલાવતી. એક નાનો ભાઇ કલ્યાણ...બાલ્યવયમાં બંન્નેને માતાનો વિયોગ થયો...અર્થાત્ માતાજી પરલોકે સિધાવ્યા.

પિતાજી ધર્માનુરાગી સકરચંદભાઇ સુવિહિત પૂજ્યો આચાર્ય ભગવંતોના સંપર્કમાં આવ્યા. જૈનધર્મના તત્વો સાંભળ્યા અવગાહ્યા. મનોમન વિચાર્યું. કે હવે આ બન્ને સુપુણ્યશાળી. સંતાનોને પરમાત્માના પુનિત પંથે જ પ્રયાણ કરાવવું સંસારમાં સાર હોય તો આ જ છે. બાકી ભયંકર સંસારની ખાઇનાં આ સંતાનોને મારે પાડવા નથી.

માતા પિતાની બન્ને જવાબદારી સકરચંદભાઇ ઉપર આવી પણ જૈન શાસનને પામેલા આત્માઓ માટે બીજી નવાઇ ન હતી. શુભ વિચારમાં સુસ્થિત બની બંન્ને નાના બાલુડાને રોજ રોજ પાસે બેસાડી પરમાત્માના પવિત્ર મંત્રો સંભળાવતાં બેટા ! સંસાર મહાદુઃખ.

'સંયમ જ મહાસુખ'. જુવો ! આપણે બધાએ દીક્ષા જ લેવાની છે. આ સંસાર ભયંકર છે. તે છોડવા જેવો જ છે...ને મોક્ષે જ જવાનું છે ...અર્થાત્ તેને જ મેળવવાનો છે...માટે સંયમ વિના કેમ ચાલે ? આ રીતે સુંદર હિતશિક્ષા આપી બંન્ને બાળકોને સુસંસ્કારોથી વિભૂષિત કર્યા. બનાવ્યા બંન્ને પુણ્યશાળીઓ આત્મા પણ કોઇ પૂર્વભવમાં જાણે સાધના કરીને ન આવ્યા હોય તેમ બંન્નેને ધર્મ ઉપર પ્રીતિ થતી. ભાવ થતો. બહેન લીલાવતીને લગભગ ૧૧ વર્ષની વયે પંચ પ્રતિક્રમણ નવસ્મરણ ચાર પ્રકરણો ઇત્યાદિ ધાર્મિક અભ્યાસ થઇ ગયેલો. વ્યવહારિક શિક્ષણ ચાર ગુજરાતી જેટલું કરેલ. છતાં ક્ષયોપશમ પ્રબળ હતો. બુદ્ધિ-પ્રતિભા-તથા વિચક્ષણતા નાનપણથી જ અપૂર્વ હતી.

પિતાશ્રીનાં સુસંસ્કારથી નાની વયમાં જ ઉભયટંક પ્રતિક્રમણ- નિયત જિનપૂજા વ્રત-પચ્ચક્ખાણ આદિ ધર્માનુષ્ઠાનોમાં ઝળહળતાં હતાં. ૧૨ વર્ષની વયે ઉપધાનતપ પણ કરેલ. સંસાર પ્રત્યે ભારે અરૂચિ-અણગમો વર્તાતો હતો.

સંયમ લેવાની ભાવના દૃઢ બનતી હતી. આ બધું જોતાં પિતાશ્રીએ ૧૩ વર્ષની નાની વયે વિ.સં. ૧૯૮૩ના પોષ વદિ ૫ ના મહેસાણા મુકામે પૂ. પાદ સંઘ સ્થવિર દીર્ઘ તપસ્વી આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજા (બાપજી મ.) ના પટ્ટ પ્રભાવક પ્રશાંતમૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મેઘસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે પ્રવ્રજ્યા પ્રદાન કરાવ્યું- પૂ. પાદ ગાંભીર્યાદિક ગુણવંતા હીરશ્રીજી મ.ના પ્રશિષ્યા પૂ. દયાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સા. મ. શ્રી દર્શનશ્રીજી મ. તરીકે પ્રસિદ્ધ થયા. શ્રી સકરચંદભાઇએ જિનશાસનના ચરણે આ અણમોલ રત્નની ભેટ ધરી પૂ. દર્શનશ્રીજી મ. જે વડિલોની શીળી છાયામાં જ્ઞાન-ધ્યાન-અભ્યાસમાં ખૂબ વિશિષ્ટતા કેળવી.

ગુરૂ ભગવંતના કૃપાપાત્ર બન્યા.

આ બાજુ નાનો બાળુડો કહ્યાણ પણ સંયમના સાજ પહેરવા કટીબદ્ધ બન્યો. તેમની પણ દૃઢ ભાવના જોતાં પિતાશ્રીએ ખંભાત મુકામે ૧૯૮૩ના વૈશાખ સુદ ૧૧ ના મંગલ દિવસ સકલાગમ રહસ્યવેદી સ્વ-પર શાસ્ત્રના પારગામી આચાર્યદેવ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાનાં વરદ હસ્તે પારમેશ્વરી પ્રવ્રજ્યા ગ્રહણ કરાવી. જેનું નામ મુનિરાજ શ્રી કનકવિજય સ્થાપન કરી પૂ. પાદ વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ના શિષ્ય તરીકે જાહેર કરાયા. જેઓ પણ શાસન પ્રભાવક તરીકે પંકાઇ સુંદર આરાધના દ્વારા જીવન ધન્ય બનાવી ગયા.

સકરચંદભાઇએ પણ ૧૯૮૪ના ફાગણ સુદ ત્રીજે દિક્ષીત બની સ્વટાજ સુધાર્યા...

આ બાજુ પ્રશાંત વિદુષી દર્શનશ્રીજી મહારાજ શ્રી જૈન શાસન ગગનાંગણે સૂર્ય જેવા તેજસ્વી બન્યા. ગુરૂકુલવાસમાં વસી અનેક પ્રકારનો અભ્યાસ જ્ઞાન-ધ્યાન-તપ-ત્યાગના રંગે રંગાઇ આત્મ સાધનામાં લીન બન્યા. નિર્મલ સંયમી પ્રકૃષ્ટ કોટીનો ત્યાગ ભાવ- અતિ અતિ નિઃસ્પૃહતા વાત્સલ્યમૂર્તિ. પરોપકાર પરાયણતા. વિગેરે વિગેરે અગણિત ગુણોના નિધિ બન્યા.

જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં પરમાત્માના શાસનનો વિજયધ્વજ ફરકાવતાં. કેટલાંકને સંસાર ત્યાગનો ઉપદેશ આપી સંસારની અસારતા બતલાવતાં- કેટલાંકને ૧૪ નિયમો સમજાવી અણુવ્રતોના ધારક બનાવતાં. કોઇ દિવસ પ્રમાદનું નામ નહિ... જ્યારે જુવો ત્યારે વાંચનમાં વ્યસ્ત રહેતાં. અધ્યયનમાં ઓતપ્રોત રહેતાં.

એટલે સંસ્કૃત-પ્રાકૃત-ન્યાય-વ્યાકરણ વિ.માં સુપ્રવિણ બનેલા. એમના સંપર્કમાં આવી ઘણી બહેનોએ સંયમ ગ્રહણ કરેલ.

તેમના પોતાના સુશિષ્યાઓ ૧૧ થયેલા એક પછી એક ચડિયાતી એવી શિષ્યાઓ પણ ખૂબ વિનયશીલ- વૈયાવચ્ચી આજ્ઞાંકિત અને વિદુષીઓ હતાં. અને

આજે એમનો સમુદાય લગભગ ૨૦૦ સાધ્વીજી મ.નો છે.

શિષ્યા પ્રશિષ્યાઓ. પ્ર પ્ર શિષ્યાઓ બહોળો પરિવાર આજે પણ મોજુદ છે. જ્યાં જ્યાં વિચર્યા ત્યાં શાસનની અજોડ પ્રભાવના કરી છે.

તેમના શિષ્યાઓમાં પ્રથમ પૂ. વિધુતશ્રીજી મ. પૂ. હંસશ્રીજી મહારાજ (જેઓ આજે પ્રવર્તિની પદે આરૂઢ થયેલા. ખૂબ સુંદર આરાધના કરી– કરાવી રહ્યા છે.

પૂ. રંજનશ્રીજી મ. પૂ. ત્રિલોચનાશ્રીજી મ. પૂ. કીર્તિપ્રભાશ્રીજી મ. પૂ. જયોતિપ્રભાશ્રીજી મ. પૂ. દિવ્યયશશ્રીજી મ. પૂ. હર્ષપૂર્ણાશ્રીજી મ. પૂ. કિરણ રેખાશ્રીજી મ. પૂ. હર્ષરેખાશ્રીજી મ. પૂ. જયપ્રજ્ઞાશ્રીજી મ. આદિ ૧૧ તેમના ખુદ શિષ્યાઓ હતા આ રીતે હરેકને વૈરાગ્યથી વાસિત કરી પરમાત્માના પંથે વાળ્યા.

અપ્રમત્તદશા ઓર હતી. ત્યાગભાવ ખૂબ ઉત્કટ હતો. કરૂણા તો રગેરગમાં નીતરતી જોવા મળતી. નિઃસ્પૃહભાવ પણ અદ્વિતીય હતો. કોઇ પણ સમુદાયના સાધુ– સાધ્વીજી મહારાજો હોય તેમને યથાશકય સહાયક બનતાં.

એક વાર વિહારમાં એક ગામમાં ગયા. ગામ નાનું એક જ ઘર જૈનનું વિહારના રસ્તામાં આ ગામ આવે. વિહાર કરીને પોતે ગયા– થોડીવારમાં એક સાધુ કોઇ વિહાર કરીને આવ્યા. એમણે જોયા અંદર ઉપાશ્રય ખૂણામાં હતો. સાધુ મ. આવેલા જોયા પણ ઘણીવાર લગભગ કલાક ઉપર થઈ ગયો હશે ? તેમને ગોચરી પાંણી વિગેરે વહોરવા માટે બહાર નીકળતાં ન જોયા. (ઉપાશ્રય પાસે રસ્તો હતો) જોથી તેમને થયું કે ભલે કોઇ એકલ વિહારી સાધુ મ. છે. પણ ગોચરી વિ. માટે કેમ નથી નીકળ્યા ? લાવ ! તપાસ કરૂં. ને ઉઠયા. ઉપાશ્રયે ગયા. અમે બધા નાના નાના મશ્કરી કરતાં આ શું ? હવે એમાં શું જોવા જવાનું ?

તો કહે. ના, આપણી ફરજ છે. આટલી વાર થઇ છતાં કેમ બહાર નથી નીકળ્યા. જ્યાં ઉપાશ્રયે ગયા ને જોયું તો તે સાધુ એક ખુણામાં ઉંધા વળી ગયેલા સૂતાં હતાં. ત્યાં જઇને પૂછયું સાહેબ ? શું થાય છે ? ગોચરી વિ. માટે કેમ નથી નીકળ્યા ? તો કહે બેન ? મને ખુબ પેટમાં દુઃખાવો ઉપડયો છે જે બેસી કે સુધ શકાતું પણ નથી.

તરત જ બહાર જઇ શ્રાવકને વાત કરી બોલાવી લાવ્યા. શ્રાવકે ગરમ પાણીની કોથળી આપી શેક કર્યો. દવા વિ. આપી– બાદ થોડી શાતા વળી પછી તે સાધુ મ. પણ બોલ્યા ? બેન ! તમે ન આવ્યા હોત તો આજે મારૂં શું થાત ? સમાધિ રહેત

નહિં... આવી રીતે પરોપકારતા.... અન્યને સહાય કરવાપણુ વિ. અગણિત ગુણોના ઢગલા હતાં.

રસ્તામાં કોઇપણ સાધુ-સાધ્વી મલે કંઇપણ જરૂરત હોય તો તરત જ તેમને એ ઉપકરણો આપી કૃતાર્થ બનતાં.

એટલે એક સાધ્વીજી પાસે વધારે ગોડ ઉપડાવતાં કે કયારેક કોઈને રસ્તામાં જરૂર પડી તો આપણને લાભ મળે.

આ વા આવા ઉમદા વિચારોવાળા પૂ. દર્શનશ્રીજી મહારાજ જૈન શાસનમાં પંકાઇ ગયા. પ્રભાવિક બની ગયા.

ખુબ ભવભીરૂ હતાં. નિકટભવિ હોય તેમ પાસે રહેનારાને જરૂર લાગતું વાપરવામાં મહાત્યાગી જેમ બને તેમ ઓછા દ્રવ્યથી ચલાવતાં-

સંયોજતા દોષ પ્રાયઃ ન લગાડતાં. હિતશિક્ષા પ્રકૃષ્ટ ફરમાવતાં- મહાપુણ્યોદયે સંયમરૂપી સામ્રાજ્ય પ્રાપ્ત થયું છે તો પ્રમાદમાં વેડફી ન નાંખશો. અપ્રમ-પ્રભાવમાં સદા તત્પર રહેતાં શીખવું.

એક બીજાને સહાયક બનવું. સહાય કરે તે સાધુ કહેવાય- વિગેરે વિગેરે સુંદર હિતશિક્ષા ફરમાવી આશ્રિતોનો ઉધ્ધાર કરતાં. એ રીતે શ્રાવિકા વર્ગમાં પણ સુંદર બોધ આપી સંસાર જેવો છે તેવો ઓળખાવતાં.

ગામગામ દેશ-પ્રદેશોમાં વિચરી શાસન પ્રભાવના કરતાં ૨૦૨૨ ની સાલમાં પાટણ મુકમે વૈશાખ સુદિ (અક્ષય તૃતીયા) ત્રીજના દિવસે ખુબ સમાધિભાવમાં રમતાં અપૂર્વ જાગૃતિ દ્વારા પંડિત મૃત્યુને વર્યા. ગુણીજનોના ગુણ શે ઓળખાય ?

આવા અણમોલ શ્રમણી રત્ના પૂ. પાદ પ્રશાંત વિદુષી દર્શનશ્રીજી મહારાજ મહાન શાસન પ્રભાવિકા બન્યા. કોટી વંદના....વંદના...એ જ....

(અનુસંધાન પેઇજ ૨૮૬ નું ચાલુ)

પુષ્પચૂલા-આર્યા ગુરુને પણ કેવળજ્ઞાન દાત્રી બની.

શ્રી જિનાજ્ઞા મુજબ જેઓ સંયમ ધર્મનું ચડતે શુભ પરિણામે યથાશકિત સંયમ ધર્મનું પાલન કરી અધ્યાત્મભાવનો વિકાસ સાધે તે લઘુકર્મી આત્માએ સ્વ-પરનું સાચું કલ્યાણ અવશ્યમેવ સાધે જ, માટે જ તો આગમના પાને પાને આજ્ઞાએ ધર્મો, એ જિન વચનનો અપૂર્વ મહિમા વર્ણવામાં આવેલ છે.

શતશઃ વન્દન હો ગુરૂને કેવળજ્ઞાન દાત્રી આર્યા શ્રી પુષ્પચૂલાશ્રીજી ને.

ચારેય નિકાયના દેવતાઓએ આવીને કેવળજ્ઞાન અને સિદ્ધિ પ્રાપ્તિનો અપૂર્વ મહિમા કર્યો તેથી જગતમાં એ સ્થાન પ્રયાગતીર્થ તરીકે પ્રસિદ્ધિને પામ્યું...

અંતરના અંધિયારા ઓરડાના અજ્ઞાનના અંધારા ઉલેચી જ્ઞાનનો પ્રકાશ રેલાવનારૂં પર્વ એટલે જૈનોનું જ્ઞાનપંચમી પર્વ. પંચમકાળમાં આત્માને પૌદ્ગલિક ભાવના રસમાંથી બહાર કાઢી આધ્યાત્મિક ભાવમાં જોડનાર સર્વશ્રેષ્ઠ આલંબનરૂપ શ્રી જિનપ્રતિમા અને શ્રી જિનાગમ જ છે. વર્તમાન કાળમાં સમ્યગ્દર્શન ગુણને ખીલવવા કે નિર્મળ કરવામાં પરમ આલંબનરૂપ એવી શ્રી જિન પ્રતિમાઓ ભરાવવી કે શ્રી જિનમંદિરોના નિર્માણની પ્રવૃત્તિ હજીયે આ કાળમાં કંઈક અંશે ટકી રહેવા પામી છે. પણ સમ્યગ્જ્ઞાનને નિર્મળ કરવામાં શ્રેષ્ઠ આલંબનરુપ, સર્વદેશ અને સર્વકાળે અજોડ સાહિત્ય ગણાતા એવા શ્રી 'જિનાગમ'ના સંરક્ષણ કે સંવર્ધન તરફ હુલક્ષ્ય સેવાઈ રહ્યું છે. જ્ઞાન અને જ્ઞાનીની દ્વારા જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરવામાં આલંબનરૂપ 'જ્ઞાનપંચમી' પર્વ જ્યારે નજીક આવી રહ્યું છે ત્યારે એની મહત્તાને સમજીએ તો કંઈક અજ્ઞાનના અંધારા ઉલેચી સકવા સમર્થ બનીશું.

❋ સમકિત શ્રદ્ધાવંતને ઉપન્યો જ્ઞાનપ્રકાશ.... ❋

—નીલીમા જતીન શાહ-મુંબઈ

દ્વાદશાંગીની રચના થયા બાદ પૂ. શ્રી ગૌતમસ્વામી મહારાજની પાટપરંપરામાં પૂજ્ય સુધર્માસ્વામીથી માંડીને છેક દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ સુધીની શ્રમણસંસ્થામાં આ શ્રુતવારસો મુખપાઠ રૂપે જ અખંડિત રીતે વહ્યો. ગુરુ પોતાના યોગ્ય શિષ્યને મુખેથી જ સૂત્ર અને અર્થની વાચના આપે અને શિષ્ય પણ કંઠસ્થ કરી એ જ્ઞાનવારસાને આગળ ધપાવે. પણ ત્યારબાદ કાળના પ્રભાવે ને ક્ષયોપક્ષમની મંદતા થવાને કારણે ભૂલાઈ જવા માંડેલા એ જ્ઞાનના વારસાને ગ્રંથારુઢ કરવાનો પ્રયાસ 'વલ્લભી'માં પાંચસો આચાર્યોની હાજરીમાં પૂજ્ય દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે કર્યો. જેમને જે-જે રીતે જે-જે યાદ હતું એ તાડપત્રો પર કે કાંસ્ય, તામ્ર, રૂપ્ય કે સુવર્ણપત્રો પર લખાવવા માંડયું.

વીતરાગના શાસનના એ શ્રુતવારસાને અસ્ખલિત રાખવામાં વીતરાગના શાસનના સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાનો ફાળો કંઈ ઓછો નથી. ૧૪૪૪ ગ્રંથોના રચયિતા પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ હોય કે, સાડા ત્રણ કોડ શ્લોક પ્રમાણ સાહિત્યની રચના કરનાર કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મ. હોય કે પછી જેમના રચેલા એકાદ શ્લોકને સમજવવા બીજા આખા એક ગ્રંથની રચના કરવી પડે એવા આગમના અમૃતમાંથી સાર કાઢીને રચાયેલાં પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મ.ના ગ્રન્થો હોય એ દરેકને સાચવવા-

જાળવવા ને કંઈ અંશે આપણા સુધી બચી રહેવા પમાડવામાં શ્રમણ-શ્રમણી ગણની અપાર મહેનતને અવગણી શકાય એમ નથી. અપાર બુદ્ધિના ધણી, જેમના રચેલા પ્રલોકો આજે આપણે સમજવા અસમર્થ છીએ એ પૂ. યશોવિજયજી મહારાજે અપ્રાપ્ય એવા દળદાર ગ્રંથ મળી આવતા ત્રણ દિવસમાં મોઢામાં દીપુંયે નાંખ્યા વિના રાતોરાત લખીને તૈયાર કરેલા. એવી જ રીતે અપ્રાપ્ય એવો કોઈ ગ્રંથ મળી જાય તો પૂર્વાચાર્યો પોતે ય સવારથી સાંજ સુધી મોઢામાં પાણીનું દીપુંયે નાંખ્યા વિના લખવા બેસી જતાં.

જૈન શાસનની એ તવારિખમાં જ્ઞાનવારસાની જાળવણીમાં રાજા-મહારાજાઓનું યે યોગદાન ઓછું નથી. પૂ. હેમચંદ્રસૂરિ મ. ની તહેનાતમાં કુમારપાળ મ. એ સાતસો લહિયાઓને તાડપત્રો, કલમો, સહી વગેરે સામગ્રી સહિત રોકેલા હતા. જેમને રાત-દિવસ એક સાથે આગમોના રહસ્યો, સૂત્રો, અર્થો લખાવતા, અને સામગ્રી ખૂટી તો નથી ને એની કાળજી યે અઢાર દેશના માલિક રાખતા. વસ્તુપાળ-તેજપાળે પણ મંત્રી તરીકેની ફરજ બજાવતાં બજાવતાં યે ૭૦૦ જેટલા જ્ઞાનભંડાર ભરાવેલા. અને આટલી કાર્ય-વ્યસ્તતામાંયે પોતે પણ તેનું હસ્તલેખન કરતાં એવો ઉલ્લેખ 'પ્રશસ્તિ'માંથી મળી આવે છે.

જે શ્રુતને સાચવવા, અસ્ખલિત રાખવા મહાપુરૂષોએ લોહીનું પાણી કર્યું તું એમાંની હજારો પ્રતોનું મોગલ સામ્રાજ્યના કાળમાં રસોઈમાં ઈંધણ તરીકે નિલામ થયું છે. હજારો ગ્રન્થો નક્ષીમાં પધરાવવામાં આવ્યા. હજારો ગ્રન્થો પરદેશ મોકલવાયા. યતિઓના કાળમાં હજારો પ્રતો વેંત-વેંત માપીને પરદેશીઓને વેંચી દેવાઈ. ત્યાંના પુસ્તકાલયોમાં જોવા મળતી આપણી જ પ્રતો હજારો ડોલર ખર્ચીએ તો યે પાછી મળી શકે તેમ નથી. હજારો ગ્રન્થો ચોરાઈ ગયા. ને કેટલાક તો ફણીધર જેવા આગેવાનોએ મહિનાઓ સુધી સંભાર્યા નહીં એટલે ઉધઈનો ખોરાક બન્યા. આજે એ શ્રુતસાગરમાંથી જે પણ અંશ જેટલું યે બચ્યું છે એને યે જો સાચવી શકવા સમર્થ બનીએ તો કંઈક અંશે એમનું ઋણ ચુકવી શકીશું.

સંરક્ષણનો ઉત્તમમાં ઉત્તમ રાજમાર્ગ તો એના કંઠસ્થકરણની ક્રિયા જ છે. પણ ક્ષયોપશમની ન્યુનતા થતી જતી હોવાને કારણે સ્મૃતિશક્તિ ઘટતી જતી હોવાના કારણે એ અંધારૂઢ થવા માંડયું. આ પ્રવાહને અખંડ રાખવા 'હસ્તલેખન' સિવાય બીજો કોઈ ઉત્તમ ઉપાય નથી. આજનો અર્થશાસ્ત્રી કે બુદ્ધિજીવી એમ જ વિચારશે કે આટલી ટેકનોલોજી છાપખાનાના કોમ્પ્યુટરોના જમાનામાં સમય-સ્થળ-સંપત્તિની બરબાદી રૂપ આ હસ્તલેખન કર્મ સદીની વાત છે ? ત્યારે એમ કહી શકાય કે આજે સાહિત્ય વધ્યું

છે, પુસ્તકો હજારોની સંખ્યામાં મળી જાય છે પણ તેના પ્રત્યેના ભક્તિ અને બહુમાન-ભાવ ઘટયાં છે. છાપાં-ચોપાનિયાની જેમ ધાર્મિક ગ્રન્થો પણ પસ્તીમાં વેચાવા માંડયા છે.

શ્રુતની ઘોર આશાતના થઇ રહી છે. ત્યારે શ્રુતનો જથ્થો ઓછો હતો છતાં જ્ઞાન અને જ્ઞાની પ્રત્યે ભક્તિભાવ અપાર હતો. મહાપુરુષોએ પોતે અંતરથી ઉપરથી ભાવપૂર્વક લખેલા એ ગ્રન્થો હાથમાં આવતાં અનેરો આહલાદ થતો, એમની પવિત્રતાની છાંટ આપણા સુધી પહોંચી શકતી. વૈરાગ્ય, ત્યાગ, તત્ત્વજ્ઞાન અને ધર્માનુષ્ઠાનો વડે અધ્યાત્મ રસમાં ડુબનારા મુનિજનોના પવિત્ર હાથના પરમાણુઓનો સ્પર્શ થતાં જ વૈરાગ્ય અને ધર્મશ્રદ્ધા ઉત્પન્ન થાય છે. અને એ મહાપુરૂષોને સાક્ષાત્ પ્રત્યક્ષ મળવા જેટલી પ્રસન્નતા થાય છે. ગુરૂ-શિષ્ય ભાવ ટકી રહે છે. જ્યારે છાપેલું પુસ્તક ખોવાઈ જશે તો બીજું મળશે એવી ભાવનાથી એના સંરક્ષણની ભાવનાનો અંત થયો છે. એના બહુમાનનો ભાવ ચાલ્યો ગયો છે. છાપવા માટે આપવા પડતા દબાણ અને રાસાયણિક તેમજ આજે તો પ્રાણી જ પદાર્થોમાંથી બનાવેલી સહીથી છપાયેલા કાગળ સમય જતા ખવાય છે. એનું આયુષ્ય ઘટે છે. કાગળનું ચલણ તે સમયે પ્રચલિત હોવા છતાં પૂર્વાચાર્યોએ તાડપત્રોનો ઉપયોગ કર્યો એની પાછળનું મુખ્ય કારણ એનું ટકાઉપણું જ છે. એક છાપેલા પુસ્તકમાં રહી ગયેલી મોટી ક્ષતિ આગમવિરૂધ્ધ વાકય પણ હજારો પુસ્તકમાં-નકલમાં કાયમ રહે છે.

દુનિયાભરમાં પહોંચેલા પુસ્તકોમાં એ સુધારી શકાતી નથી. જ્યારે હાથે લખાયેલા થોડા ગ્રન્થોમાં એ ભૂલને સહેલાઇથી દૂર કરી શકાય છે. મહાજ્ઞાની એવા મહાપુરૂષોએ અનેકવિધ પદ્ધતિઓ વિકસાવીને લખેલ પ્રતોને વાંચવામાં બુદ્ધિ કસવી પડે છે આમ આ હસ્તપ્રતો બુધ્ધિવિકાસમાંયે અનેરું મહત્ત્વ ધરાવે છે. 'જૈનચિત્રકલ્પદ્રુમ' પુસ્તકની પ્રસ્તાવના રૂપે રહેલો, મુનિ મુન્યવિજયજી મ.નો 'લેખનકળા' વિભાગ વાંચીએ ત્યારે જૈન તવારીખના એ મહાપુરૂષોની ભવ્ય કળાસૂઝ અને સાહિત્યરૂચિ પર આફરિન પોકારાઇ જવાય એવા ચિત્રો, એવી રચનાઓ, એટલી લેખનકળા સામગ્રીનો તાગ મળે છે.

જ્યારે આજે આડંબર વધ્યો છે. નક્કર બોધ, બુધ્ધિશક્તિનો વિકાસ થાય એવી રચનાઓ ઘટી છે. ઉપરાંત લખવાથી મનની એકાગ્રતા રહે છે. દશવાર વાંચવા દ્વારા જેટલું યાદ રહે તેટલું એકવાર લખવાથી રહે છે. છપાયેલા પુસ્તકોના પ્રચાર અને વિતરણ માટે યાંત્રિક સાધનોના ઉપયોગથી યંત્રવાદનું પોષણ થાય છે અને અલભ્ય, અપૂર્વ એવો શ્રુતવારસો સામાન્યજન પાસે યે સુલભ બની જાય છે. અને એથી આગમનો 'અ' પણ નહીં જાણનારાઓ આજે પર્યુષણાદિમાં પ્રવચનમાળાઓના પ્રમુખ બની જાય

છે. જિનવાણીનું વાંચન શ્રમણ નિર્ગ્રન્થ સાધુઓ જેમણે યોગનું ઉદ્વહન અને ગુરૂભક્તિ દ્વારા ગુરૂઆજ્ઞા મેળવવા જેટલી લાયકાત કેળવી હોય એ જ સાધુ જ કરી શકે એટલી મર્યાદા હોવા છતાં આજે વકતૃત્વ શક્તિ દ્વારા અનેકાંતવાદની ઘોર ખોદાઇ જાય એવા અધૂરા-અધકચરા જ્ઞાનથી વ્યાસપીઠ પર બેઠી જાય, જૈન શાસનના અક્ષરનું ય જ્ઞાન ન હોય એવ ઓ લેખકો બની છાપામાં લેખમાળા છપાવે ને એ બોલે તે અંતિમવાકય ગણાય. બીજા વ્યાખ્યાનમાળાઓ ચલાવતાં ને રૂબરૂમાં મળીએ તો કહેશે, 'આગમમાં જ્યાં ને ત્યાં વિસંવાદ છે.

આજે શ્રાવકો બહુશ્રુત મટી ગયા એને કારણે શાસન આપત્તિમાં આવ્યું છે. એક એક આજ્ઞા પર પગ મૂકાઇ રહ્યો છે, સિધ્ધાંતોમાં અનેકાંતવાદના નામે ભેળસેળ થાય છે. સાધુઓને જે ગોળા ગબડાવવા હોય એ ગબડાવે રાખે છે. વ્યાખ્યાનના સ્તર નીચે ગયા છે. તત્ત્વની વાત, આશ્રવસંવરની વાત કંટાળાજનક લાગે છે ને છાપા-ચોપાનિયાં, ગઝલ, ટુચકા, શાયરીવાળી ભાષાઓથી ગબડાવતા ગોળાઓ પર વાહવાહ થયે રાખે છે. 'અહો રૂપં...અહો ધ્વનિ'ની જેમ બોય સરખા.

માટે જેણે ખરેખર, જ્ઞાનપંચમીની સાચી આરાધના કરવી હોય એણે સૌપ્રથમ તો પોતે જ શ્રુતજ્ઞાન ભણવાનો આગ્રહ રાખવો જોઇએ. પહેલા ભણવાની ભૂખ અપાર હતી છતાં તેને માટેની સામગ્રી દુર્લભ હતી. મેધાશક્તિ અપાર હતી...પણ એ મુખપાઠ રૂપે ચાલતી પરંપરા લાંબી ટકી શકી નહિ. આજે પુસ્તકો રૂપે જેટલું ચે શ્રુત ઉપલબ્ધ છે એનો પણ પ્રમાદમાં પડેલ ચતુર્વિધ સંઘ સદુપયોગ કરી શકતા નથી એનું જ આ પરિણામ છે કે સાધનાનો પ્રાણ ચાલ્યો ગયો છે, સાધના જીવન ઉત્સાહ, ઉમંગ કરમવા માંડયો છે અને શિથિલાચારે ચોમેર જોર પકડયું છે. શ્રાવકો પણ જો ભણવા અને ભણાવવામાં ઉદ્યમવંત થઇ જાય તો આજે વરસેદાડે કરવા પડતા સંમેલનો ને શાસ્ત્ર વિરૂધ્ધ પ્રરૂપણાઓ પર તો અંકુશ જરૂર આવી જાય.

શ્રુતભક્તિ અનેક રીતે થઇ શકે છે. જે હસ્તલેખન કરી શકે એ તાડપત્રોમાં કે પોંડિચેરીના હજારો વર્ષો સુધી ટકે એવા કાગળોમાં તલના તેલના કાજળમાં હીરાબોળ અને બાવળનો ગુંદર વગેરે યોગ્ય પ્રમાણમાં નાખી કલાકો સુધી ઘુંટીને તૈયાર કરેલી સહી દ્વારા, તદ્દન અલ્પ આરંભથી બનાવેલી લાકડાની કલમો દ્વારા જો પ્રતો લખવા માંડે તો ખરા અર્થમાં શ્રુતભક્તિ થાય. જે સ્વયં ન લખી શકે એ લખાવીને પણ જ્ઞાનભંડાર ઊભો કરી શકે. ગૃહમંદિરની જેમ પહેલાના શ્રાવકો ગૃહજ્ઞાનભંડાર પણ રાખતાં. જેથી વારેતહેવારે કલ્પસૂત્ર વગેરેની પ્રતો તૈયાર જ હોય અને ગુરૂમહારાજને

પોતાની પ્રતમાંથી વાંચવાના આગ્રહમાં વહોરાવવાના ચઢાવાની પડાપડી થતી હોય. માટે સેંકડો વર્ષો સુધી ટકે એવા હાથ બનાવટના કાગળોમાં લહિયાઓ પાસે આગમો લખાવી શકાય.

એ ઉપરાંત 'ગૃહજ્ઞાનભંડાર'ને શક્ય ન હોય તો છેવટે ઉપાશ્રય આદિમાં જે 'જ્ઞાનભંડાર' હોય એમાં તન-મન-ધનની મદદ કરી શકાય. જેમ કે સાધનસંપન્ન શ્રાવક બેહિસાબ આરંભસમારંભથી ગોદરેજ જેવી કંપનીઓના કારખાનામાં બનેલા લોખંડના કબાટોની બદલે જાડા પાટિયાના લેજ વગેરે હવામાનના ફેરફારોને ઝીલી શકે એવા રોહિડા, સાગ, સીસમ-સુખડના લાકડાના કબાટો જે લેજ શોષી શકે તેવા કોતરણીવાળા કબાટો જ્ઞાનભંડારોને અર્પણ કરી શકાય. પ્રતની બંને બાજુ સુરક્ષા માટે રાખવામાં આવતી પાટી રૂપે ખાદી ભંડારના હાથ બનાવટના ઓછા આરંભથી તૈયાર થયેલા પૂંઠા પર અનબ્લીચ્ડ સફેદ જાડું કપડું ઘરે બનાવેલી આટાની લાહીથી ચીટકાવીને તૈયાર થયેલા પૂંઠિયા જ્ઞાનભંડારોમાં અર્પણ કરી શકાય. શ્રાવિકાઓને ઘરે બેસીને પણ વિવિધતા સાથે શ્રુતભક્તિ કરવી હોય તો આવા પૂંઠિયા દ્વારા કળાકૌશલ બતાવીને જ્ઞાનભંડારોની અછત પૂરી કરી શકે.

'તજિયા બરૂ'ને નામે ઓળખાતી કલમો કે જેમાં સાહી ચુસવાની ક્ષમતા વધુ હોય અને એકવાર શાહીમાં બોળીને ઘણું લખી શકાય, તેમજ વસાય તો રીફીલની જેમ ફેંકી ન દેતાં, છોલીને તરત તૈયાર કરી શકાય એવી કલમોની ભેટ ધરી શકાય. નકામી પેન્સિલો અને નોટબુકોના ઢગલા શ્રુતજ્ઞાન પાસે કરવા કરતાં આવી ઉપયોગી કલમો, પૂંઠિયા કે ઓળિયાનો એ ભવ્ય વારસો ફરી જીવંત કરવા જેવો છે. 'ઓળિયું' કે 'ફૂંટિયા' તરીકે ઓળખાતા એ સાધનમાં ચોક્કસ અંતરે દોરીઓ એવી રીતે ગોઠવેલી હોય છે કે એની ઉપર કાગળ મૂકીને દબાવવાથી સળ એની મેળે જ પડે જેથી લાઇનો માટે વપરાતી સહીથી ખવાતા કાગળોનો ભય આપોઆપ દૂર થઈ જાય છે.

કાગળ કે કબાટમાં જીવાત ન પડે એ માટે રસાયણોથી બનેલી ડામરની ગોળીઓને બદલે ગાંધીને ત્યાંથી મળતી ઘોડાવજનું ચુર્ણ કરીને રખાય તો જીવાતનો ભય ટળી શકે છે. પ્રતોના બંધનો માટેનું કપડું યે વહોરાવી શકાય અથવા સીવણ જાણતી બહેનો સીવીને પણ આપી શકે. સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતો અને છતાંયે જ્ઞાન ભક્તિથી છલકાતાં હૃદયવાળો શ્રાવક પણ આ રીતે તો ભક્તિ કરી શકે. પ્લાસ્ટિકના સાપડાઓને બદલે સુખડ-સાગ સીસમના સાપડા કે માટીના ખડિયા દ્વારાયે જ્ઞાનભક્તિ થઇ શકે છે. દેવદ્રવ્ય અને જ્ઞાનદ્રવ્ય પર પણ સરકારની નજર બગડવાનો સંભવ હોય

તો મકાનોની અંદર, અંડરગ્રાઉન્ડ, ભોંયરામાં જ્ઞાનભંડારો ઊભા કરાવી શકાય.

ભારતદેશના માત્ર દસ હજાર જૈનો દરરોજ ઓછામાં ઓછાં પાંચ શ્લોક પણ જાતે લખવાનો સંકલ્પ કરે તો વરસે દોઢથી બે કરોડ શ્લોક પ્રમાણ સાહિત્યનું હસ્ત-લેખન થઈ શકે ને એ દ્વારા શ્રુતવારસાને હજારો વર્ષો સુધી ટકાવવામાં પોતાનોયે ફાળો નોંધાવી શકે.

જ્ઞાનપંચમીને દિવસે પારંપરિક પેન્સિલ-નોટના ઢગલા કે પછી જેને ઉપાડવા માટે બે માણસો રાખવા પડે એ રીતે ઉજવણી ન કરતાં, ભંડારોમાં પેસી ગયેલા ભોજને દૂર કરવા જીર્ણ જ્ઞાનભંડારને ખોલી, પવિત્ર પ્રતોને ખોલી તડકો વગેરે આપી ભોજ દૂર કરાય, ઉખડી ગયેલા પૂંઠા વગેરે ફરીથી ચઢાવાય, નવી ઘોડાવજની પોટલીઓ મૂકાય, પૂંઠ વિનાના નવા પુસ્તકો કે પ્રતોને પૂંઠા, પૂંઠિયા ને બંધનો ચઢાવાય જૂના થયેલા અવાઈ ગયેલા બંધનો નવા ચઢાવાય કે મેલા થયેલાને ધોઈને ફરી ચઢાવાય, સીસમાદિના નવા કબાટ અર્પણ કરાય, પૈસા આપી સહિયાઓ રખાય, જોઈતા નવા પુસ્તકો ને પ્રતો વસાવાય તો સાચા અર્થમાં જ્ઞાનપંચમીની આરાધના સફળ થઈ જણાય. ઓછામાં ઓછા શ્રાવક-શ્રાવિકા વર્ગ જાગૃત થઈ, આ રીતે હસ્તલેખન કરવા કરાવવાનો સંકલ્પ કરી આગળ આવે તો મોટા પાયા પર જ્ઞાનભંડારો તૈયાર થઈ શકે.



દુનિયા પૈસાની પૂજારી;
ન્યાયનીતિને નેવે મૂકીને, અનીતિ આચરનારી,
સ્નેહ સંબંધ ભૂલીને બનતી, સ્વાર્થની સહચારી.
મોટા ગોટા ખોટા કરતી, કંજે ભરી એ સારી.
લોભે લપટી બનીને કપટી કરે માયાની યારી,
ચંચળ ચપળાના ચમકારે થઈ મોહાંધ વિકારી
ભ્રષ્ટાચારે ભમતી નિત બની અધમ અધિકારી
પૈસે ભાઈ પૈસે સગાઈ, પૈસે મોટાઈ ભારી;
'નરસિંહ' જગમાં પૈસા જોઈ શું સાર ભૂલ્યા સંસારી.

—શ્રી નૃસિંહપ્રસાદજી-રાજકોટ

ગીતાર્થ ગુરુની સેવાથી સાધ્વીજી

પુષ્પચુલાશ્રીજી કેવલજ્ઞાન પામ્યા

— પૂ. સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.

પરમાર્થના જાણકાર અર્થાત સૂત્રના જાણ, અર્થના મર્મજ્ઞ ને આશયના બોધવાળા, એવા ગીતાર્થ સંયમી. જ્ઞાની. શ્રદ્ધાવાન્ ગુરુઓનું મન વચન કાયાની શુદ્ધિ પૂર્વકનું સેવન વિનય. બહુમાન પૂર્વક પરિચય કરવો. વિનયાદિ વિના પરિચયાદિ વ્યર્થ નીવડે છે.

પદાર્થના યથાર્થ બોધમાં ગીતાર્થની સેવા મહાફળવાળી થાય છે. તેનાથી જ્ઞાન પુષ્ટ અને સમ્યક્ત્વ નિર્મળ થાય છે. ગીતાર્થોની સેવામાં સાવધાન પુષ્પચુલા નામના અહોરાત્રી ઘાતીકર્મના ક્ષયે કેવલજ્ઞાન પામ્યા.

ભરતક્ષેત્રની શોભા સ્વરૂપ પુષ્પકીપુર નામનું નગર ત્યાં પુષ્પકેતુ રાજા રાજ્ય કરે. તેમને પુષ્પાવતી નામની રાણી છે અને તેને પુષ્પચૂલ અને પુષ્પચૂલા નામના પુત્ર પુત્રી સાથે જન્મેલા છે. તેમનો બન્નેનો એટલો સ્નેહ હતો કે તેઓ એક બીજા જુદા પડતા નહીં જુદા રહી શકતા નહિં. દિવસો જતાં તે યુવાન થયા જેમ વય વધતી ગઇ તેમ બન્નેનો સ્નેહ પણ આશ્ચર્ય ઉપજાવે તેમ વધતો ગયો.

રાજાએ સંતાનના સુખ માટે ઘેલછાભર્યો વિચાર કર્યો. અને કેટલાક દરબારી અને આગેવાનોને બોળવી અને પુત્ર પૂત્રીને આપસમાં પરણાવી દીધા. રાણીએ ઘણો વાંધો લીધો કે સગા ભાઇબહેનનો આ વ્યવહાર તમે ઉલો કરી મહાઅનર્થ કર્યો છે. પણ કાંઇ વળ્યું નહિં ભાઇબહેન મટી પતિ–પત્ની બની ગયા. આથી વિરકત થઇ રાણી પુષ્પાવતી એ દીક્ષા લીધી સારી રીતે આરાધના કરી સ્વર્ગમાં ગઇ. અહિં કેટલાક સમય પછી રાજા પુષ્પકેતુ મૃત્યુ પામ્યા. પુષ્પચૂલ પુષ્પચૂલા રાજારાણી થયા. નિઃશંક બની ભોગો ભોગવવા લાગ્યા. દેવ બનેલ માતાએ અવધિજ્ઞાનથી આ જાણ્યું માતાની જ્ઞાનીનો પાર ન રહ્યો એ જીવોની કામાંધદશા અને અજ્ઞાનતા માટે તેને દયા આવી.

પુષ્પચૂલામાં પાત્રતા જાણ્યાથી તેને સ્વપ્નમાં નરકનાં ઘોર દુઃખો દેખાડયા તે જોઇને ભયથી વિહવલ બનેલી રાણીએ રાજાને સ્વપ્નની વાત કહી ઉમેર્યું કે પાપ કરવાથી આવા ઘોર દુઃખ વેઠવા પડે હવે શું થશે મને ઘણો ડર લાગે છે આના નિદાન માટે રાજાએ સવારે અનેક સંતો વિદ્વાનો અને પંડીતોને બોલાવી નરક બાબત પૂછયું કે નરક શું છે ?

કોઇકે ગલાવાસને, કોઇએ પરાધીનતાને તો કોઇએ દરિદ્રતાને અને કોઇએ અતિ રોગી દશાને એમ ભિન્ન ભિન્ન રીતે નરકની વ્યાખ્યા કહી તે વાસ્તવિક ન હોઇ રાણીને સંતોષ થયો નહિં છેવટે કોઇ પાસે જાણવા મળ્યું કે આ બાબત જૈનમુનિ જાણકાર હોય છે. એટલે રાજારાણી ઉપાશ્રયે ગયા.

તેમાંથી કહ્યું રાજા ? નરક સાત છે. સાતે નરકના આયુષ્ય, શરીર પ્રમાણ, જુદા-જુદા છે. તેઓ સદા અશુભ લેશ્યવાળા, અનંત વેદનાથી વ્યથિત હોય છે. દીઠા ન ગમે તેવા બિભત્સ તેમના શરીર હોય છે રૌદ્ર પરિણામવાળા કલેશમય જીવનવાળા તેઓને પરમાધામી દેવોથી થતી તેમજ પોતાના ક્ષેત્રમાંથી થતી વેદનાનો અંત હોતો નથી ક્ષુધા અને તરસનો પણ પાર હોતો નથી. ઇત્યાદિ સ્વપ્નમાં જોયા પ્રમાણે આખો હેવાલ સાંભળી રાણી પણ બોલી શું તમને પણ મારા જેવા જ સ્વપ્ન આવે છે ?

તેણે કહ્યું ભદ્રે ! આ સ્વપ્નની નહિં પણ નકકર વાતો છે. જીનેશ્વરદેવના આગમોમાં સંસારનું યથાર્થ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. રાણીએ પૂછયું મહારાજજી શાથી નરકે ઉત્પન્ન થવું પડે છે ? ઇત્યાદિ બોધ સાંભળી રાજારાણી પાછા આવ્યા. એ રાત્રિએ દેવે રાણીને દેવલોકના સુખ વૈભવના સપના બતાવ્યા.

રાણી રાજાને લઇને ઉપાશ્રયે આવીને સ્વર્ગનું વર્ણન હુબહુ સ્વપ્નમાં જોયા પ્રમાણે સાંભળી ખુબ રાજી થઇ પૂછવા લાગી કે સ્વર્ગ શાથી મળે ? મહારાજજીએ કહ્યું કે શ્રાવક કે સાધુજીનો ધર્મ પાળવાથી જીવ સ્વર્ગે જાય ઇત્યાદિ સાંભળતા તેને સાધુ ધર્મની રૂચિ જાગતાં તેણે રાજાને કહ્યું અનુમતિ હોય તો હું દીક્ષા લઉં મને ખુબ ભાવ જાગે છે. રાજાએ કહ્યું કે તારા વગર હું રહી જ ન શકું ઘેર આવી રાણીએ ઘણો જ આગ્રહ કર્યો, ત્યારે રાજાએ કહ્યું કે પ્રતિદિવસ રાજમહેલમાં આહાર - લેવા આવે તો અનુમતિ આપું. તેણીએ સ્વીકાર કરવાથી મહામહોત્સવ પૂર્વક રાણીને દીક્ષા અપાવી પોતે આપેલા વચન મુજબ રાણી પુષ્પચૂલા સાધ્વી દિવસમાં એકવાર તો મહેલમાં આવતા અને રાજાને દર્શન આપતા.

કેટલાક સમય પછી જ્ઞાનબળે દુષ્કાળ પડતો જાણી મહારાજે પોતાના શિષ્યોને અન્યત્ર વિહાર કરી જવા ફરમાવ્યું અને પોતે અવસ્થાને કારણે ત્યાં જ રહ્યા. સાધ્વી પુષ્પચુલા વૃધ્ધ આચાર્ય મહારાજની આહાર-પાણી આદિની વૈયાવચ્ચ સેવા-શુશ્રુષા અગ્લાન ભાવે કરવા લાગ્યા.

એ ગીતાર્થ ગુરુના સેવનથી તેમની શ્રદ્ધા-જ્ઞાન આદિ પકવ અને આત્મા પુષ્ટ થવા લાગ્યો. આમ કરતા તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ગોચરી લાવવાનો ક્રમ ચાલુ જ હતો.

પોતાને અનુકૂળ અને રુચિ પ્રમાણેનો આહાર જોઇ તેમણે એકવાર પૂછયું. તું અભીષ્ટ લાવે છે તો શાથી ? કાંઇ જ્ઞાન વગેરે થયું છે ? એમણે કહ્યું સહવાસથી સમજણ

પડે ને ? પણ ભક્તિ ન અટકે માટે તેમણે જ્ઞાનની વાત ન જણાવી.

એકવાર વરસતે વરસાદે આહાર પાણી લાવ્યા. આચાર્યશ્રીએ કહ્યું કે કલ્પાણિ ? તું શ્રુત-સિદ્ધાંતની જાણકાર છતાં વરસતા પાણીમાં શા માટે વહોરવા ગઈ ? તેમણે કહ્યું કે જ્યાં જ્યાં અચિત અપ્કાયની વર્ષા હતી તે પ્રદેશમાં થઈને આહાર લાવી છું માટે આહાર શુદ્ધ છે.

ગુરુએ પૂછયું અચિત્ત પ્રદેશ કેમ કરી જાણ્યો ? તેમણે કહ્યું જ્ઞાનથી. ગુરૂએ પૂછયું કેવા જ્ઞાનથી ? સાધ્વી બોલ્યા આપના પસાયે કેવલ જ્ઞાનથી આ સાંભળતા જ આચાર્ય મહારાજ હેબતાઇ ગયા તેમને ઘણું દુઃખ થયું કે મે કેવલીની આશાતના કરી તેમને ખમાવી મિચ્છામિ દુક્કડં દીધા પછી આદરપૂર્વક પૂછયું કે મને કેવલજ્ઞાન થશે કે નહિં ? કેવલી સાધ્વી બોલ્યા ગંગાનદી પાર કરતાં તમને કેવલજ્ઞાન થશે કેટલોક કાળ પછી આચાર્યશ્રી હોડીમાં બેસી ગંગા પાર કરી રહ્યા હતા. હોડી હંકાર્યા પછી થોડીવારે એવું બન્યું કે આચાર્ય મહારાજ જે બાજુ બેસે તે બાજુ હોડી ડુબવા લાગે આ દેખી સહયાત્રીઓ ખીજાયાં ને આચાર્યને ઉચકીને નદીમાં નાંખી દીધા. આચાર્યશ્રીની પૂર્વભવની અપમાનિત પત્ની વ્યંતરી થઇ હતી. તેણે આ ઉત્પાત મચાવ્યો હતો. તેણે પાણીમાં શૂલી ઉભી કરેલી તેમાં ફેંકાએલા આચાર્ય વીંધાઈને લોહીના ધારા પડવા લાગી. તેઓ આ જોઇ વિચારવા લાગ્યા કે મારા લોહીથી અપ્કાય જીવોનો નાશ થશે આમ વિચારતા તેમને કેવલજ્ઞાન થયું થોડી જ વારમાં 'શેષકર્મ' ક્ષય પામતા તેઓ સિદ્ધ બુદ્ધ અવિનાશી થયા. નિકટવર્તી દેવોએ તેમનો કેવળ મહિમા મહોત્સવ કર્યો ત્યાં પ્રયાગ નામનું તીર્થ થયું ત્યાં માહેશ્વરી આદિ લોકો કૈલાસવાસ કે ઇચ્છિત પામવા પોતે કરવત મૂકાવે છે. શ્રી પુષ્પચુલા સાધ્વી પૃથ્વીપર લાંબો કાળ વિચરી અનેક જીવોને બોધ પમાડી પ્રાંતે મોક્ષે સીધાવ્યા.

ગુણોને લીધે પ્રશંસાને યોગ્ય તથા પવિત્ર એવું પુષ્પચુલાનું પવિત્ર ચરિત્ર સાંભળીને જે ભવ્ય જીવો પોતાના ગુરૂઓની ચરણ સેવામાં રકત રહે છે તેઓ શાશ્વત-સુખના મહેલમાં રમે છે.

અફસોસ શાને કરે માનવ, થવાનું તે થાય છે,
નિર્માણ પ્રભુનું હોય જ્યાં, ત્યાં તે જવા બંધાય છે,
જડ અને ચેતન તણા, ભાવિ લખાયા સર્વદા,
'નરસિંહ' ભાવિયોગ સૌને, અનુભવે સમજાય છે.'

– શ્રી નરસિંહપ્રસાદજી રાજકોટ

શીલવતી

— પૂ. સાં. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. જામનગર

આ જંબૂદ્વીપમાં શીલવતી સતીઓ થઇ તેની નામાવલી સોળ સતીઓના છંદમાં તેમજ ભરહેસરમાં વિગેરે ઘણા જ ઠેકાણે વાંચવા મલે છે.

આપણે શીલવંતીના નામ લઇએ ત્યાં આપણને પણ બળ મલે છે અને શીલવંતીઓમાં આ શીલવતી નામની સતી છે જે જંબૂદ્વીપના દક્ષિણ ભરત ખંડમાં અનેક દેશ નગર ગામો છે તેમાં નંદપુર નગરના અભદ્રસેન રાજાના રાજ્યમાં રત્નાકર નામના શેઠ અને શ્રી નામની ધર્મપત્નિથી અજિતસેન નામનો પુત્ર થયો તે મંગળપુરીના જીતદત્ત શેઠની પુત્રી શીલવતી સાથે સંસારી સંબધથી જોડાયો.

સંસાર સુખ વિલસતા કોઇ એક દિવસે રાતમાં શીલવંતી શિયાળનો શબ્દ સાંભળી શબ્દ સાંભળતા ઘડો લઇ નદીએ ગઇ ને થોડીવાર પછી ઘડો પાછો લઇ ઘરે આવી ઘડો એક બાજુ મુકી સુઇ ગઇ પણ તેના સસરા જાગતા હતા તેથી તેની હીલ ચાલ જોઇ શંકાશીલ થયો એટલે તે બહાર ગઇ પાછી આવી ઘડો પાસે છોડી સૂઇ ગઇ આદિ પોતાની પત્નીને તથા પુત્રને આ બાબત જણાવી ત્યાર પછી બધાએ ભેગા થઇ નિર્ણય કર્યો કે શીલવતીને તેના પિતાને ઘરે મોકલી દેવી પણ એમ થોડી જાય એને મૂકવા પણ કેમ જવાય તે માટે તેના પિતાને ઘરેથી શીલવતીને બોલાવવાના સમાચારનું બ્હાનું બતાવીને રથમાં બેસાડ્યા હવે રસ્તામાં આગળ એક નદી આવી ત્યારે સસરાજીએ કહ્યુ પગની મોજડી ઉતારી નદી ઉતરવી તે સાંભળતા છતાં શીલવતી મોજડી સહિત જ નદી ઉતરી તેમ કરતી જોઇ શેઠે વિચાર્યું કે–કેવી વિવેક વગરની વહુ છે આવીને શું કરીએ એમ મનમાં વિચારે છે ને આગળ ચાલે છે ત્યાં ભગનું ખેતર આવ્યું ખેતરમાં પાક સારો થયેલો જોઇ શેઠ બોલ્યા વાહ આ ખેતરનો માલિક તો વાહ (પૈસાવાળો થઇ જશે) ન્યાલ થઇ જશે આમ સસરાજી બોલ્યા તે વહુ સાંભળી સાંભળતા વહુ બોલી કોઇ આવ્યા નહીં જાય કોઇ ચોરી કરી નહીં જાય તો નહીંતર નહીં આમ વહુ બોલી તે તેના સસરા (શેઠ) સાંભળ્યાને શેઠ બોલ્યા અરે અરે ? આ વહુ તો કેવી છે જે બોલીએ તેમાં વચમાં ડખકુ મુકે વહી આગળ ચાલવાનુ શરૂ કર્યું ત્યાં ચાલતાં ચાલતા ઋદ્ધિવાળુ શહેર આવ્યું તો શેઠ બોલ્યા કેવુ સરસ શહેર છે સાંભળતા વહુ એટલે શીલવંતી બોલી 'ઉજ્જડ હોત તો સારૂ થાત' આ સાંભળતા શેઠ કહે આ વહુ તો મરકરી જોર લાગે છે એમ આગળ જાય છે તે એક સુભટ શસ્ત્રના ઘા લાગવાથી જમીન ઉપર પડેલો જોઇ તેના સાહસના એટલે પરાક્રમના સસરાએ વખાણ કર્યા ત્યા વહુજી

બોલ્યા એ તો બાયલો ને બીકણ છે. આગળ જતા એક વડ આવ્યો શેઠ જરા થાક ઉતારવા વડ નીચે બેઠા પણ વહુ તો થોડે દૂર બેઠી આમ આગળ વધતા જાય છે ત્યાં વળી પાછું શહેર આવ્યું તો શેઠ તો જેમ પહેલા શહેરના વખાણ કર્યા હતા તેમ આ શહેરના પણ વખાણ કર્યા તો વહુ કહે 'આ તો ઉજ્જડ ગામડું' છે.

આગળ જતા એક ગામડું આવ્યું તે જોઇ શેઠે વિચાર્યું કે 'હું જે કહીશ તેથી આ ઉંધુ જ બોલશે' એમ મનમાં વિચારે છે. તેટલી વારમાં શીલવતીને તેના મામા જમવાને પોતાને ઘેર તેડી ગયા જમાડયા,ને રહેવા આગ્રહ કર્યો, પણ શેઠ ને રોકાવા જેથી શીલવતીના મામાએ કરંબાનું ભાતુ આપ્યું.

આમ આગળ ચાલતાં શેઠ થાકયા તો જરા એક ઝાડ આવતા ત્યાં છાયડામાં સુતા પણ શીલવતી (વહુ) આરામ ન કરતા જે મામાએ કરંબો ભાતામાં આપેલ તે ખાવા લાગી એટલામાં એક કાગડો આવ્યો ને તેની ભાષામાં બોલવા લાગ્યો આ કાગડાનો અવાજ સમજીને વહુ બોલી રે કાગડા 'હું તારી વાત સમજી છું પણ એકના કહેવાથી હું ગઇ તો મારે મારા સ્વામી એટલે પતિનો વિયોગ થયો ને વલી બીજી વાર તારૂં સાંભળી ને તે પ્રમાણે કરવા જાવ તો મારા માતા–પિતાનો પણ સંયોગ એટલે મલવાનુ થાય કે કેમ તેમ સંશય છે. આમ જ્યાં શીલવતી બોલી રહી છે ત્યાં આશ્ચર્ય પામી શેઠે પૂછયું 'વહુ ! કેમ આવુ બોલ્યા ? વહુ કહે જો સાચુ કહું તો નુકશાન થાય છે જેમ ફળ વૃક્ષોમાં લાગે છે તો તે ફળ લેવા માટે મનુષ્યો વૃક્ષોને પણ નુકશાન કરે છે મોરની કલગી ખાતર મોરને મારે છે. તેની જેમ મારી સ્થિતી થઇ જો હું નાની એટલે ઉમરમાં છોટી હતી ત્યારે મારા ભાઇઓના આગ્રહથી પશુઓની ભાષા શીખી, તેનુ ફળ મારે આજે ભોગવવું પડે છે. તે સાંભળતા સસરાએ ક્ષમા માંગી.

શીલવતી સમજુ હતી પણ જ્યાં વિવેક ન હોય ત્યાં શું બોલવું અથવા વડીલો જ્યાં સુધી ખુલાસો ન માંગે ત્યાં બોલવુ નકામું છે.

હવે શીલવતી સસરાજીએ માફી માંગી એટલે કહ્યું કે 'હું શિયાળનો શબ્દ સાંભળી ઘડો લઇ નદીએ ગઈ' તેનુ કારણ એ હતું કે 'શિયાળે એ સૂચના કરી કે ઘરેણાંથી ભરપુર મડદું નદીમાં તણાય છે.' એ સાંભળી કાગીનાનો ઘડો ભરી હું આવી અત્યારે આ કાગડો કરંબો માગે છે તે કહે છે કે 'અરિઠાના ઝાડ નીચે દશ લાખ સોનૈયા છે' પણ મે કાગડાને કીધું તું સમાચારે આપે છે ને હું જાવ લઈ આવું પણ અનર્થને થાય છે માટે તું જ હજુ એમ શીલવતી વાત કરે છે ત્યાં તેના સસરા વાત સાચી છે કે ખોટી તે સત્ય કરવા ખોદી જોયું તો જે પ્રમાણે શીલવતીએ કહ્યું તે પ્રમાણે સોનૈયા નીકળ્યા, પછી કાગડાને, કરંબો આપ્યો.

હવે શેઠ વહુને વગોવે કે વખાણ કરે વાચકો વિચારો શેઠ વહુના વખાણ કરવા લાગ્યાને દ્રવ્ય ભરી પાછા વળ્યા હવે જે રસ્તે ગયા તેજ રસ્તે પાછા ફરતા તે તે શહેરો નગરો આવ્યા હવે જ્યાં જ્યાં શેઠે કહ્યું હતું ત્યાં ત્યાં પાછુ પૂછવા લાગ્યા કે આ નગર તમે ઉજ્જડ કેમ કહ્યું હતું તો વહુ કહે આપણું આ શહેરમાં કોઇ સગુ સાઇ નહી તો આપણને આ ગામ શું કામનું માટે મે કહ્યું વલી આગળ ચાલતા જે ઉજ્જડ ગામ હતું તે આવ્યું ત્યારે પાછું પૂછયું આ તો ઉજ્જડ છે તેને વસ્તીવાળુ કેમ કહ્યું તો કહે મારા મામાનું ઘર જેથી આપણો સત્કાર વગેરે થયા માટે કહ્યું.

આગળ ચાલતા વડ આવ્યો તો કહે તમે છાયો છોડી દૂર કેમ બેઠા હતા તો વહુ કહે કાગડો વડ ઉપર બેસે અને જો સ્ત્રી ઉપર ચરકે તો છ માસમાં જેના ઉપર ચરકે તેના પતિને અનર્થ થાય વલી મુળમાં સાંપ વિગેરેનો સંભવ માટે વલી વાત આવ્યું સસરાજીને કે સુભટને કાયર કેમ કહ્યો હતો તો શીલવતી કહે તેણે ઘા ચીઠ ખાધા હતા માટે, મગના ખેતર માટે વિપરીત કેમ બોલ્યા તો કહે લેણદારો લઇ ન જાય, તો તે તાલેવાન થાય નહીંતર ગરીબ જ રહે કારણ ખેડુતો મોટા ભાગે દેણુ કરી ખેતી ખાઇ જાય પછી લેણદારો લઇ જાય તો તાલેવાન કેમ થઇ. શકે માટે કીધુ હતું

સસરાજી બોલ્યા ચાલો તમે મોજડી સહિત નહી મેં ના કહેવા છતાં કેમ ઉતર્યા તો વહુ કહે નદીમાં કાંટા, કાંકરા હોય તે મારા કોમળ પગમાં વાગી જાય તો મારે હેરાન થવું પડે માટે બધા જવાબ સંતોષ કારક મલવાથી શેઠ એટલે શીલવતીના સસરાજી સંતોષ પામ્યા, ને ઘરનો તમામ ભાર કે કે સત્તાકો શીલવતીને સોંપી હવે થોડો કાળ જતા તેના સાસુ સસરા સ્વર્ગમાં ગયા તેવામાં રાજાને ત્યાં ૪૯૯ મંત્રીઓ તો હતા હવે પાંચસોમાં મંત્રી રાખવો હતો પણ પરિક્ષા વિના કેમ રખાય માટે પરીક્ષા કરવા સભામાં એક પ્રશ્ન પૂછયો કે– 'મને પાટુ મારે તેને શું આપવું ?' દરેકે દંડ કરવાની વાત કરી પરંતુ શીલવંતીને આ વાતની ખબર પડતા તેને તેના પતિને કહ્યું કે તમે કહી આવો કે 'તેને નુપુર આપવા' તો તે અજીતસેને રાજાને કહ્યું કે તેને 'નુપુર આપવા' આમ સાંભળતા જ રાજા મનમાં ખુશ થયો ને તેને પાંચસોમો મંત્રી બનાવ્યો હવે કોઇ વખત રાજા સિંહસેનને જીતવા અજીતસેનને સાથે લઇ રાજા જવાના હતા ત્યારે અજીતસેનને પત્નીની ચિંતા થવા લાગી ત્યારે શીલવતીને ખ્યાલ આવ્યો તો તેણીએ પોતાના પતિના ગળામાં માળા પહેરાવી ને કહ્યું કે–'આ માળા ન કરમાય ત્યાં સુધી મારૂં શિયળ અખંડ સમજવું' ! રસ્તામાં જતા રાજાને પુષ્પનગરની અટવીમાં અજીતસેનના ગળામાં તાજી માળા જોઇ આશ્ચર્ય થયું ને અને પૂછીને જાણી લીધું બધાને જાણ થઇ.

હવે આ બાજુ રાજાના ચાર મિત્રો શીલવતીની પરીક્ષા કરવા પાછા ફર્યા અને તેને જીતવા ગયા પણ તે દરેકને શીલવતીએ ખાડામાં પાડીયાને તેઓનું ધન શીલવતી એ લીધું અને તેઓને શરાવળામાં અધુ આવા પીવાનું મોકલતી તે ઝેરો પેશાબ બધુ ત્યાંજ કરવાનું જેથી તેઓ નારકી જેવું દુઃખ અનુભવતા તેઓ શીલવતી આગળ કરગવા લાગ્યા. તેવામાં અજીતસેન ઘરે આવતા તેને બધી વાત કરીને રાજાને જમવા માટે આમંત્રણ આપ્યું. રાજા જમવા આવ્યા. પણ શીલવતી એ રસોઇ બધી ગુપ્ત રાખેલ જેથી રાજાને થયું જમવા બોલાવ્યો છે પણ રસોઇ તો દેખાતી ન હોવાથી રાજાએ પૂછયુ, તો અજીતસેને જવાબમાં કહ્યુ અમારા ઘરમાં ચાર યક્ષો છે. તે બધુ ઝપાટા બંધ પુરુ પાડે છે તેથી રાજાને આશ્ચર્ય લાગ્યું પણ રાજાને જમવા બેસાડયા રાજા તો જોતો રહ્યો ને ચારે યક્ષો ઝપાટાબંધ બધુ કરવા લાગ્યા તે જોઇ રાજાએ કહ્યું હે મંત્રીશ્વરજી જો આ યક્ષો આપણી સાથે પ્રયાણમાં હોય તો આપણને મુશ્કેલી ન પડે ત્યારે મંત્રીએ કહ્યું મારી પત્નીને પૂછીને વાત.

હવે શીલવતી તે ચારેને કહે છે કે– હું કહું તેમ નહી કરો, તો મરી જશો તો ચારે યક્ષોએ કબુલ કર્યું પછી ચારેને પેટીમાં પૂરી ને કહ્યું તમારે બીજા પ્રયાણ સુધી બોલવું નહિ રાજા પણ બીજા પ્રયાણે જ પેટી ખોલી ને રસોઇ માંગી ત્યારે ચારે દુઃખીયાઓ બોલી ઉઠયા કે 'અમો જ ભૂખ્યા છીએ તમોને રસોઇ કયાંથી આપીએ ? જયાં આ ચારે યક્ષો બોલ્યા ત્યાં રાજા ઓળખી ગયો અને શીલવતીનો મહિમા જાણ્યો રાજા પાછો આવ્યો તેને બહેન કરી બહુમાન કર્યું

હવે સંસારના સુખ ભોગવતા શીલવતીને લક્ષ્મીધર અને ચંદ્રસેન નામના બે પુત્ર થયા તે જૈન ધર્મમાં રાગી બન્યા આમ સંસારના સુખો ભોગવતા રહે છે ત્યાં કોઇ દિવસ ધર્મઘોષ નામના આચાર્ય મહારાજ તેમના ગામ પધાર્યા દેશના સાંભળી ને દેશના બાદ શીલવતીએ પોતાનો પૂર્વ ભવ પૂછયો. ત્યારે આચાર્ય મહારાજે કહયું કે– કુસુમપુરમાં સુલસ શ્રાવક ને સુયશા નામની શ્રાવિકા રહેતા હતા તે જ્ઞાન પંચમી તપ વિધિ સાહિત કરતા હતા તો તેની દાસી દુર્ગિલાએ જોયા તેને પણ ભાવ જાગ્યો તેણે પાંચમ આઠમ આદિ તીથીએ ૪થુ વ્રત પાળવાનો નિયમ લીધો તો તેના પતિએ પણ લીધો વ્રત સુખ પૂર્વક પાળતા તે બંને મરીને તમે શીલવતીને અજીતસેન થયા છો આ સાંભળી જાતિસ્મરણ જ્ઞાન થયું ને વ્રત લઇ પાંચમે દેવલોક ગયા ત્યાંથી ચ્યવ મનુષ્ય થશે ને ત્યાં ચારિત્ર ગ્રહણ કરીને મોક્ષે જશે.

આ છે શીલવ્રતનો પ્રભાવ સાથે ચારિત્રનો પણ પ્રભાવ છે ચારિત્ર પામીને મોક્ષે જશે.



પ્યારા ભૂલકાંઓ,

લો આ રુમઝુમ કરતી દિવાળી આવી ચરમ તીર્થપતિ શ્રી મહાવીર દેવનાં નિર્વાણ કલ્યાણક તથા શ્રી ગૌતમસ્વામીના કેવળજ્ઞાન કલ્યાણકના આ પર્વને તેમના સાચા સંતાનો કઈ રીતે શોભાવશે ? કઈ રીતે ઉજવશે ?

ફટાકડા વગેરે ફોડવાથી શું પર્વ ઉજવાશે.

ના...રે....ના ! તે ફોડવાથી તો જીવોની હિંસા થાય છે આત્મિક તેમ જ બાહ્ય દૃષ્ટિએ પણ ફટાકડા ફોડવામાં ઘણું નોખમ છે અને નુકશાન પણ વધારે છે.

કોઇ કહેશે કે અમે સાવચેતીથી ફોડીશું ?

ભયલા સાવચેત બનીને ફોડશો તો પણ ક્ષણિક આનંદથી બંધાતા પાપોને કેમ ભૂલી જાવ છો. ભયંકર પાપોથી શું દુર્ગતિના દુઃખો ટળી જશે ? પાપોદય જ્યારે પોતાનું વીર્ય ફોરવશે ત્યારે આપણે સમતા પૂર્વક તે પાપોને ભોગવીશું ખરા ? માટે સમજી જાવ. આવા પાપોથી દૂર રહો.

ક્ષણિક સુખમાં આનંદ માનતાં પાંચેય ઇન્દ્રિયના જીવો કેવાં કેવાં દુઃખો સહન કરે છે તે શું આપણે નથી જાણતાં. જાણવા છતાં આંખ આડા કાન કરી આપણે મજેથી પાપો આચરીએ છીએ તો શું થશે આપણું ? જરા શાંતિથી વિચારજો.

ભૂલકાંઓ, મમતાપૂર્વક મોકલાવેલ તમારા લખાણો મળ્યા છે અને મળતાં રહે છે. લખાણો મોકલો તો લખાણ નીચે તમારું નામ, ઠામ, વય, ગામ આદિ લખવાનું ચુકશો નહિ.

સુંદર લખાણો મોકલવા માટે નોંધી લો સરનામું.

'રવિશિશુ' C/o. જૈન શાસન કાર્યાલય,

આજનો વિચાર :

○ વિશ્વાસ આપી વિશ્વાસઘાત કરવો એ મોટું પાપ છે.

-: વ્યસન :-

- ગરીબ ઘેર છીંકણી, રાજ ઘરે હુક્કો, લાચારનુ ઘરે બીડી, તે બેઠાં બેઠાં ફૂંકો.
- હુક્કો ને હાથી તે છત્રપતિનો સાથી.
- છેલ વ્યસમ છીંકણી, રાજ વ્યસન હુક્કો, ગાડુ વ્યસન તમાકુ, તે ઠેર ઠેર થુંકો.

અમીષ ચારે. શાહ

કથાનક "ન જ બદલાય"

- મુખ, જાતિ અને સ્વભાવ કયારેય પણ છુપા રહેતા નથી.
- કૂતરાની પૂછડી વાંકી તે વાંકી.
- જાત વિના ભાત કદી ન પડે.

સૌરાષ્ટ્રના એક રાજવીને લસણ ખાવાનો ભારે શોખ. નિત્ય તેઓ પોતાના ભોજનમાં લસણનો ઉપયોગ કરે. દરબારમાં નિત્ય જવું પડે. મુખ ગંધાય-- વાસ મારે તો પણ દરબારીઓ એ સહી લે. રાજાને કોઇ કહેવાય ?

પણ, એક દિવસ રાજપુરોહીતે હસતાં હસતાં કહ્યું, રાજાજી, આપ તો મહા સમર્થ અને પ્રતાપી છો. ગરીબને શ્રીમંત બનાવી દો તેવા છો. સ્મશાનને શહેરમાં અને શૂન્યમાંથી પણ આપ વિરાટનું સર્જન કરી શકો તેમ છો. તો પછી એક નાની સરખી ચીજને આપ કેમ પલટી શકતા નથી.

રાજાએ પૂછયું ભાઇ "કઇ ચીજને ?"

"લસણને" તેની વાસ આપ દૂર કરી શકો તો જ આપ ખરા રાજવી ઉત્સાહમાં આવી રાજા બોલ્યા– "હું એ વાસ દૂર કરીશ જ."

અને પછી રાજાએ તેને માટેના પ્રયત્નો આરંભી દીધાં. એમાં તેમને એક લાભ એ હતો કે લસણ જો તેની દુવાસ છોડે તો, તેઓ વિના સંકોચે તેનો ઉપયોગ કરી શકે. પોતાની સારીએ શક્તિ લસણની ગંધ ઉડાડવામાં લગાવી દીધી.

પોતાના બગીચામાં તેમણે કેટલાંક કયારાઓ કરાવ્યા. તેમાં કસ્તુરીનું ખાતર કર્યું. તેની ફરતે ચંદનના વૃક્ષો રોપાવ્યા પોતાની પતિવ્રતા અને ધર્મપરાયણ પત્નીને કહ્યું "તમે નિત્ય સોળે શણગાર સજી, પવિત્ર ગંગાજળથી આ કયારાઓમાં સીંચો, ત્યારબાદ સુગંધ જળથી પુનઃ તે કયારાઓને પુરી, લસણના કયારાઓમાં નિત્ય આ પ્રમાણે થવા લાગ્યું. જેમ જેમ જળ સીંચાતું ગયું. તેમ તેમ લસણના છોડો ઉગવા માંડયાં. તેની સુવાસ

જેવી હતી તેવીને તેવી જ રહેવા પામી તેની કુવાસમાં કાંઈ જ ફરક ન પડયો. એમાં ન તો ચંદનની વાસ ભળી કે ન તો કસ્તુરીની મહેક આવી. લસણ, લસણ જ રહ્યું. આ વિષયમાં કવિ શામળ કહે છે કે

વાવ્યો લસણનો છોડ, વાડ ચંદનની કીધી,
કયારો કર્યો કપૂર, ખાત્ર કસ્તુરી દીધી,
સજી સોળ શૃંગાર, નિત્ય રાજાની રાણી,
હેમ ઘડો લઈ હાથ, પાય ગંગાનું પાણી;
પ્રતિ દિન સીંચે પ્રેમથી, તેમ વાસ અહકો ચઢે.

આ ઉપરથી સૌ શું વિચારશો તે મને જણાવશો ?

—જિતેન્દ્ર

○ જૈન જગતનું અવનવું ○

જૈન શાસનનાં અદ્ભુત તપસ્વીઓ :—

- આદિનાથ ભગવાન ... ... ૪૦૦ દિવસનાં ઉપવાસ.
- બાહુબલી ... ... ૧ વર્ષ ચૌવિહાર ઉપવાસ.
- સુન્દરી ... ... ૬૦ હજાર વર્ષ આંબિલ.
- ગૌતમ સ્વામિ ... ... ૩૦ વર્ષ ૬ ઠ્ઠ ને પારણે ૬ ઠ્ઠ.
- ધન્ના શાલિભદ્ર ... ... ૧૨ વર્ષ માસ ક્ષમણ.
- ધન્ના કાકંદી ... ... આજીવન છઠ્ઠ ને પારણે આંબિલ.
- નંદિષેણ ... ... ૭૦ વર્ષ છઠ્ઠ.
- વીરાચાર્ય .... આજીવન અટ્ઠાઇ– છ વીગઇ ત્યાગ.
- જગતચંદ્રાચાર્ય ... ... ૧૨ વર્ષ આંબિલ

ધન્ય તપસ્વી, (બાકી આવતા અંકે) —મેધા

શોધખોળ

ભૂમિ વગરની વિષની વેલડી છે.
ગુરુ વગરની વાવણ છે.
નામ વગરનો મોટો વ્યાધિ છે.
કારણ વિનાનું મૃત્યુ છે.
આકાશ વગરની વિજળી છે.
સગાં અથવા ભાઇઓના સ્નેહનો નાશ કરનારી છે.
પ્રત્યક્ષ રાક્ષસી છે.
મૃષાવાદ બોલનારી છે.
વિશ્વાસઘાત કરનારી છે.
કહો જોઇએ એ કોણ હશે ?

સા. શ્રી રત્નપ્રજ્ઞાશ્રીજી

હાસ્ય દરબાર

દરદી : ડોકટર સાહેબ એક દાંત પાડવાના કેટલા રૂપિયા લો છો ?

ડોકટર : ૨૫ રૂપિયા.

દરદી : પણ મારી પાસે સોની નોટ છે છુટ્ટા નથી.

ડોકટર : વાંધો નહી ખુરશી પર બેસી જાઓ ચાર દાત પાડી આપું છું.

–અમી. આર. શાહ

સ્વાર્થની આ મીઠાશ છે.

બાળ ગઝલ

કોને ખબર કયારે મળે, પાછો જન્મ માનવ તણો
માટે પ્રભુ ભકિત કરો, હજીએ સમય તમને ઘણો.

–ઈશિતા

માનવ મટી દાનવ બને, એ જીવના ધિક્કાર છે.
નરક પડે દુઃખમાં સડે, કદિ એ નહિ ઉદ્ધાર છે

–ઈશિતા

પૂ. સાધુ–સાધ્વીજી ભગવંતો માટે અણાહારી દવાઓ

(ગળોસત્વ : કોલ્હાપુરવાળાનું)

અતિસાર હરવટી (અણાહારી)
(ઝાડા બંધ કરે)
ચૂંક, કૃમિ, પેટમાં દુખે તો ૪–૪ ગોળી
દિવસમાં ત્રણ વાર

ત્રિફળાદિવટી (અણાહારી)
ખાંસી, ગળાના સોજા, તરત અવાજ બેસી ગયો હોય તો ૪–૪ ગોળી ૨–૩ વખત

તીકતીવટી અણાહારી
ભારે ખોરાક પચે, પેટમાં દુઃખતું હોય, જીર્ણ જવર, કૃમી અને લીવરના રોગ માટે જમ્યા પછી ૨–૨ ગોળી.

ત્રિફળા ગોળી(અણાહારી)ગૌમુત્ર વાળી
વમનશમનવટી (અણાહારી)
ઊલટી–ઉબકા, પિત્ત માટે, ૪–૪ ગોળી ત્રણ વાર ચૂસવી.

દાદમછાલ–ગોળી (અણાહારી)
ઝાડા બંધ કરવા ગળાની બળતરા, ઉધરસ માટે ૩–૩ ગોળી ત્રણ વાર

જવરઘવટી (અણાહારી)
કોઇ પણ જાતના તાવ માટે, તાવ સંબંધી કળતર માટે ૪–૪ ગોળી ૩ વાર

શરદી–કફની ગોળી (અણાહારી)
મોઢું આવવું, ગળામાં સોજો, દુઃખાવો, ખાંસી, કફ, શરદી માટે ૩ ગોળી ૪ વાર

ચમનલાલ ઘડીયાળી : બંગલા નં. ૧૨, 'દર્શન, ભગવાનનગરનો ટેકરો પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭ ટેલી. (ઓ) ૨૧૨૫૪૬૭ (ઘર) ૪૧૬૪૪૯

મંગલઘડી : ૧૭૧૦/૫, ગાંધીરોડ, ઢીંકવા ચોકીના ઢાળમાં, અમદાવાદ–૧.

જે દવાઓ જોઇએ, તે દવાઓ સોબતથી પત્ર લખી મંગાવવા વિનંતી. લોચની રાખ પણ મળશે. પત્રમાં આપનું નામ–સરનામું જણાવશો, દવા મળેથી જવાબ લખવા કૃપા કરશોજી.

શાસન સમાચાર

અનુમોદનીય આરાધનાથી કલકત્તા પાવન બની ગયું. મહાદેહમાંથી ઉગરી ગયું.

કલકત્તા (ભવાનીપુરમાં) વર્ધમાન તપોનિધિ પ પૂ આ. દેવશ્રી પ્રભાકર-સૂરીશ્વરજી મ. સા. ની પાવન નિશ્રામાં ચઢતી શ્રેણિએ એ આરાધનાનાં સોપાન ઉપર આરાધકો આરોહણ કરી રહ્યા છે.

આઠ વર્ષથી ૭૨ વર્ષના મહાનુભાવોએ અઠ્ઠાઇ ઉપરની તપસ્યાઓ એટલી બધી થઈ છે કે કોઈ ખૂણે તપસ્યા નહી હોય તેવું બન્યું નથી.

મોટી તપસ્યાવાળાઓની વિનંતીઓને ધ્યાનમાં લઇ પર્યુષણમાં અનેક કામોમાં અનેક આરાધકોના ઘેરે બેન્ડવાજા સહિત ચતુર્વિધ શ્રી સંઘના સહિત પગલા કરવા જતા હતા. પુણ્યવાનો વિવિધ વત નિયમો સ્વિકારી ધર્મ રંગમાં આગળ વધતા હતા. કેટલાક પુણ્યવાનોએ પણ એવો પણ નિયમ કર્યો કે જ્યાં સુધી એક સ્વતંત્ર દેરાસર ન બનાવીએ ત્યાં સુધી એક વસ્તુનો ત્યાગ કરવો.

ઠેર ઠેર ચતુર્વિધ શ્રી સંઘનું બહુમાન કરવા પૂર્વક પ્રભાવનાઓ અપાતી હતી, ૬૮ જેટલાં ઘેર પૂજ્યશ્રીએ તપસ્યા નિમિતે પગલા કર્યા હતા સિધ્ધિતપના તપસ્વીઓ તરફથી ભવ્યાતિભવ્ય વરઘોડો ભા. સુ. ૬ ના નીકળ્યો હતો. ? ત્યારબાદ સાધર્મિક વાત્સલ્ય થયું હતું.

તે દિવસે તપસ્વી શાસન પ્રભાવક પ. પૂ. આ. દે. શ્રી વિબુધપ્રભસૂરીશ્વરજી તથા અત્રેના શ્રી સંઘના ઉપકારી પ. પૂ. સિધ્ધાંત નિષ્ઠ મુનિરાજ શ્રી જયરક્ષિત વિજયજી મહારાજના સંયમ જીવનની અનુમોદનાર્થે તેમજ શ્રી સંઘમાં થયેલ વિવિધ આરાધનાઓના અનુમોદનાર્થે ભવ્ય શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ મહાપૂજા શાંતિસ્નાત્ર, સિધ્ધ ચક્ર મહાપૂજન આદિ થયેલ.

અહીના અરિહંત આરાધક મંડળ તેમજ જિનભક્તિ મંડળે નિત્ય પ્રભુજીની અંગરચનાઓ તેમજ પ્રભુભક્તિ ભાવનામાં વિવિધ રાસડાઓ, દ્વારા સુંદર ભક્તિ કરી હતી. અત્રેના મંડળો લેટ રહ્યા પણ લેવા નથી કહ્યા લેવી પડેતો જીવદયા અથવા સુકૃતોમાં સદ્વ્યય કરી સદ્કાર્યોની સુવાસ વિસ્તારવા પ્રયત્નશીલ રહે છે. પૂજન આદિ ભણાવે ત્યારે રાત્રિ ભોજનનો ત્યાગ કરે છે. મોટા ભાગના સભ્યો રાત્રિભોજન ત્યાગી છે.

૬૬, કેનીંગ સ્ટ્રીટમાં મુનિ ધર્મદાસ ગણિવર્યની નિશ્રામાં અનેક આરાધકોએ સમવસરણ તપ. મોક્ષદંડક તપ, માસક્ષમણ-અઠ્ઠમ, અઠ્ઠાઇ આદિ તપસ્યાઓ થઇ છે.

વિશેષમાં શ્રી જયંતિભાઇ તપસ્વીને ૪૭મો ઉપવાસ ચાલુ છે. ૫૦ ઉપવાસના પચ્ચકખાણ થઇ ગયા છે. આ અગાઉ પણ આ ભાગ્યશાળીએ ઘણી તપસ્યાઓ કરેલી છે. અગાઉ ૫૯,૫૧ ઉપવાસ કરેલ છે. માસક્ષમણ ઘણીં વખત કરેલ છે. વર્ધમાન તપની ઓળિઓ ઘણી કરી છે. તપસ્વીતરિકે કલકત્તામાં પ્રખ્યાત છે. પ. પૂ. મુનિરાજ શ્રી જિનરક્ષિત વિજયજી મ. સા. ના સંસારીપક્ષે સગા કાકા થાય છે.

વિશેષમાં શ્રાવિકાબેનોનો મોટો ભવ્ય ઉપાશ્રય બનાવવાની હિલચાલ ચાલુ છે.

ધર્મતલામાં પર્યુષણ પર્વની આરાધના કરાવવા મુનિશ્રી જિનરક્ષિતવિજયજી મ. સા. ને પૂ. આ. દે. શ્રી સાથે સાગેયા પૂર્વક લઇ ગયા હતા. ચારસો ભાઇ બેનોની સુંદર, સાધર્મિક ભક્તિ થઇ હતી. પૂજયશ્રીના આઠ દિવસ પ્રવચનો સાંભળી અનેક આત્માઓ ધર્મ રંગથી રંગાઇ ગયા હતા. જીવદયાની સારી ટીપ થઇ હતી.

ભવાનીપુરમાં આજલગી પાંચ સાધર્મિક વાત્સલ્ય તથા ભવ્ય ચૈત્ય પરીપાટી નીકળી હતી

શ્રી તારાચંદ હરખચંદ કાંકરીઆ દ્વારા શ્રી વાસુપૂજય સ્વામિની પ્રતિષ્ઠા તથા શ્રી કુમારપાળ વી. શાહના હસ્તે પૂ. આ. દેવ. શ્રીની નિશ્રામાં સિમંધર સ્વામિના દેરાસરનું શીલા સ્થાપન અને અષ્ટાપદ દેરાસરનું બંધ પડેલ છ વર્ષનું કામની ઘરુઆત- દરેક પ્રસંગે મહાપૂજા-ચાંદીની વાટકી, પૂજાની જોડ લાડવા, સાકરનાપડા, તથા સ્ટીલના ડબ્બાની પ્રભાયના થયેલ.

પૂજય મુનિરાજ શ્રી જયરક્ષિતવિજયજીની નીકળેલ સ્મશાનયાત્રામાં હજારો જૈન જૈનેતરોમાં અપૂર્વ શાસન પ્રભાવના તથા અનુમોદનીય ઉછામણી. થયેલ ગુણાનુવાદસભા પણ થયેલ તેમાં અનેક સંઘ પૂજનો ફૂલ, ગુણાનુવાદમાં ૫૧ રૂપિયા થયેલ.

ભવાનીપુરમાં સિધ્ધિતપના તપસ્યાની અનુમોદના નિમિતે તપસ્વીઓ તરફથી શાસન પ્રભાવક વરઘોડો અનેક બગીઓ, મોટરો, બેન્ડ, રથ સાથે શોભતો હતો.

ત્યારબાદ સ્વામિવાત્સલ્ય. બીજે વરઘોડો તેમજ સ્વામિવાત્સલ્ય શ્રી સંઘમાં થયેલ વિવિધ આરાધનાઓ તથા તપસ્યાની, અનુમોદનાર્થે થયેલ. અનુમોદનીય આરાધના-પ્રભાવના થઈ હતી.

સિદ્ધિતપના તપસ્વીઓને કાંસાની થાળી વાટકો પ્યાલો પાકીટ આસન પ્રભાવના રૂપે આપેલ-આ પ્રભાવના સિધ્ધિતપ કરાવનાર ચારૂબેન તરફથી હતી.

નાની ઉમરના અનેક બાળકોએ સુંદર તપો કરેલ ૧૬ વર્ષના મેહુલ જિતેન્દ્ર શાહે ૧૬ ઉપવાસ કરેલ.

ફળ, નૈવેદ્ય, ચોખા આદિની દેવ દ્રવ્યની ઉપજ થતી ન હતી. અને ભવાનીપુર શ્રી સંઘને આડકતરી રીતે દેવદ્રવ્યની નુકશાની થતી હતી. તે માટે કલકત્તાના ધર્મિષ્ઠ હાસમાં વિક્રમસર્જક ઉછમણી અને તેના પાછળ પુણ્યવાનોએ લખાવેલ તિથિઓ બધું મળીને લાખોની ઉપર ઉપજ થઈ હતી. મુખ્ય લાભ શ્રી કાન્તીલાલ નંદલાલ વોરાએ લીધો હતો.

શ્રી સંઘે પ્રભારાના નૂતન ચાંદીના દ્વાર બનાવ્યા હતા તેની પણ સુંદર ઉપજ થઈ હતી.

અત્રિજગો જે નકરામાં જતો હતો તેની પણ ઉછામણી સુંદર થઈ હતી. આ બોલી ૧ લાખ અગિયાર હજારમાં ગઈ હતી.

હાવરા શ્રી સોસાયટીમાં પર્યુષણ પર્વની આરાધના કરાવવા તપસ્વી મુનિરાજ શ્રી મોક્ષરક્ષિત વિજયજી મા. સા. ગયા હતા. સુંદર જીવદયાની ટીપ થઈ. સંવત્સરિ પ્રતિક્રમણ બાદ કરેકને રૂા. પચ્ચીસની પ્રભાવના તથા શ્રીફળની પ્રભાવના અપાઈ હતી.

ભવાનીપુરમાં પર્યુષણ પર્વમાં આઠે દિવસ પૂજ્ય આચાર્ય ભગવંતે પ્રવચન વાંચેલ. તેમજ સંવત્સરિ પ્રતિક્રમણ તેમજ સંવત્સરિ સૂત્ર બોલેલ.

મુનિરાજ શ્રી પ્રભુરક્ષિત વિજયજી મહારાજે આઠે દિવસે રોજ એક કલાક હિન્દીમાં મનનીય પ્રવચનો કરેલ.

સાધ્વીજી શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજીએ શ્રાવિકાબેનોને સુંદર આરાધના કરાવવા સાથે અનુપમ જાગૃતિ લાવેલ.

પર્યુષણના આઠે દિવસ અનુકરણ રૂપે ઇન્દ્રમહારાજ બની પ્રભુજી સમક્ષ આરતી નવપદ આરાધક મંડળ તેમજ અરિહંત આરાધક મંડળે રાતના ભાવનામાં કરેલ. અદ્‌ભુત ભક્તિ. ડાંડિયારાસ, સોરઠીરાસ, ૧૦૮ દીપક નૃત્ય સાથે સૌને ભક્તિ રસમાં તરબોળ કરી દીધા હતા. ભક્તિ કરવામાં ઉંમરકટ્ટીક નહિ પણ દિવાની રોશની કરી હતી.

દર રવિવારે થતી બાળકોની વાંચના શ્રેણીમાં સૌની સુંદર સાધર્મિક ભક્તિ કરવામાં આવતી હતી.

સમોવસરણતપ, મોક્ષ દંડકતપ, સિદ્ધિતપ, વિસવિહરમાનતપ, અક્ષયનિધિ તપ, દરેકના પારણા-અત્તર પારણાં ખૂબજ ઉત્તમ દ્રવ્યોથી ભક્તિ કરવામાં આવતી હતી. એમ જ લાગે કે જાણે ઉપધાનતપ ચાલી રહ્યા છે.

પ. પૂ. મુનિરાજ શ્રી વિમલરક્ષિત વિજયજી મહારાજ સાહેબ ૭૨ વર્ષની વૃધ્ધ વયે અપ્રમત્ત પણે વર્ધમાન તપની ૬૮મી ઓળી આરાધી રહ્યા છે. આટલી મોટી વયે સૌની વૈયાવચ્ચ સુંદર કરે છે.

પ. પૂ. આ. દે. શ્રી પ્રભાકર સૂ.મ.સા. એ ૨૪ ભગવાનના ચઢતી ઉતરતી શ્રેણીએ તીર્થંકર વર્ધમાન તપના ૬૦૦ આંબિલ પૂર્ણ કર્યા છે. મુનિરાજ શ્રી મોક્ષરક્ષિતવિજયજી મહારાજે વર્ધમાન તપની ૫૪મી ઓળિ, તથા સાધ્વીજી શ્રી ઇન્દ્રમાલા શ્રીજીએ ૬૬મી ઓળિ, સાધ્વીજીશ્રી તત્વમાલા શ્રીજીએ ૫૫મી ઓળિ પૂર્ણ કરેલ છે. શ્રી સંઘમાં ૫૦, ૩૦, ૧૬, ૧૧, ૧૦, ૯, ૮ ઉપવાસની ખુબ તપસ્યાઓ થઈ છે.

સુપનાની બોલી શરૂઆતથી જ સારી રીતે કરવામાં આવતી હતી. એક ભાગ્યશાળી પ્રથમ શરૂઆત જ ઉંચી કરતા, બધાજ સ્વપ્નોની સારી બોલી થઇ હતી. સુપનાની બોલી તેમજ જન્મ વાંચન સમયસર થઇ ગયું હોઇ રાત્રિ ભોજનનો દોષ ભાવિકોને ન લાગે તેની જાગૃતિ રખાઇ હતી. ભવાનીપુરમાં પ્રથમવાર આ બન્યું હતું.

કેની'ંગ સ્ટ્રીટમાં સંવત્સરિ પ્રસંગે ૧૧ વર્ષના આરાધકે અજિત શાંતિ સૂત્ર સુંદર રાગ રાગણી પૂર્વક શુધ્ધ ઉચ્ચાર વડે બોલી સૌ આરાધકોના મન જિતી લીધા હતી. તેની ઉપબૃહણા રૂપે બે હજાર રૂપિયા સુંદર બહુમાન કરેલ.

પૂજ્ય મુનિરાજ શ્રી જયરક્ષિત વિજયજી મ. સા. ના સ્વર્ગવાસ નિમિત્તે કેની'ંગ-સ્ટ્રીટમાં ભવ્ય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ તેમજ સાધર્મિક વાત્સલ્ય સહિત થયેલ છે.

સાધ્વીજી શ્રી તત્વમાલાશ્રીજી એ કેની'ંગ સ્ટ્રીટમાં શ્રાવિક બેનોમાં સુંદર આરાધના કરાવી હતી.

ચોસઠ પહોરી પૌષધ દેશાવગાસીએ ભવાનીપુર તેમજ કેની'ંગ સ્ટ્રીટમાં સારી સંખ્યામાં થયા હતા સાધર્મિક વાત્સલ્યમાં થાળી ધોઇને પીએ તેઓને પ્રભાવના અપાતી હતી. કલકત્તામાં પૂ. આ પ્રભાકરસૂરિ મ. ના આશિર્વાદથી ૧૧ મહાપૂજનો થયેલ

નાના-મોટા દરેક તપસ્વીઓને પારણા અત્તર પારણામાં પ્રભાવના થતી હતી આમ આ ચોમાસુ કલકત્તા પૂજયશ્રીનું જવલંત [illegible] રચાયેલ છે.

Regd. No. G. SEN 84

શ્રી જૈન શાસન અઠવાડિક

હાલારદેશોદ્ધારક કવિપ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર પરમ ઉપકારી પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પરમ ઉપકાર અને પરમ ઉપદેશથી વિવિધ પ્રકારના શાસનના ધર્મના કાર્યો, અંજનશલાકા, જિનમંદિર, ઉપાશ્રય, પ્રતિષ્ઠા, યાત્રા સંઘો, શ્રુતજ્ઞાન ભવન, જૈન ધર્મશાલા આદિના વિવિધ લાભોની પવિત્ર અનુમોદનાર્થે.
તેઓશ્રીના પરમ સદુપદેશથી.

જૈન શાસન અઠવાડિક ને હાર્દિક શુભેચ્છા

વિશેષાંક સૌજન્ય ધન્ય દાતાઓ

(૧) સ્વ. શાહ વીરજી હેમરાજ દોઢીયા
(૨) સ્વ. શ્રીમતી જશમાબેન વીરજી હેમરાજ દોઢીયા
(૩) સ્વ. ભાઇ વેલજી વીરજી હેમરાજ દોઢીયા
(૪) સ્વ. શ્રીમતી ગંગાબેન હીરજી પેથરાજ
(૫) સ્વ. શ્રીમતી પાનીબેન મેઘજી વીરજી દોઢીયા
(૬) ભાઇ મેઘજી વીરજી હેમરાજ દોઢીયા તથા
શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી દોઢીયા સર્વ પરીવાર.

કનસુમરા (હાલાર) બોક્સ નં. ૪૯૬૦૬ નાઇરોબી (કેન્યા)

માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવલ) C/o. શ્રુત જ્ઞાન ભવન,૪૫, દિગ્વિજય પ્લા. જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર) થી પ્રસિદ્ધ કર્યું ફોન ૨૪૫૪૬

૧૫૯૬

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

Received 3/12/96

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009

આત્મજ્ઞાન જ સાચું જ્ઞાન છે.

આત્માઽજ્ઞાનં હિ વિદુષાત્મજ્ઞાનેન હન્યતે ।
તપસાપ્યાત્મવિજ્ઞાન હી નૈસ્તત્તુ ન શક્યતે ।।

પંડિત પુરૂષો આત્માના અજ્ઞાનને આત્માના જ્ઞાન વડે જ દુર કરે છે. આત્મ જ્ઞાનથી રહિત પણે કરતાં તપ વડે પણ આત્માનું અજ્ઞાન દુર થવું શકય નથી.

વર્ષ ૯

અંક ૧૪

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

શાસન સમાચાર

— પાલનપુરના આંગણે ઉજવાયેલ ઐતિહાસિક ઉત્સવ —

ચરમતીર્થપતિ શ્રમણભગવાન શ્રી મહાવીરદેવના શાસનમાં થઈ ગયેલ વર્ધમાન તપના આરાધકોમાં શિરમોર સ્થાને બિરાજમાન નિસ્પૃહશિરોમણિ તપસ્વીસમ્રાટ પૂ.પાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય રાજતિલકસૂરીશ્વરજી મ.ની અજોડ-વિશિષ્ટ ગણી શકાય તેવી ૧૮-૧૮ વર્ષ સુધી ઠામચૌવિહાર ઓળીની ભીષ્મ આરાધના કરવા પૂર્વક વર્ધમાનતપની ૧૦૦+૧૦૦+૮૫ મી ઓળી (૧૩,૭૫૫ આયંબિલ+૨૮૫ ઉપવાસ=૧૪,૦૪૦)ની પૂર્ણાહુતિ નિમિતે ભાગળ નિવાસી શાહ જેઇતાલાલ ટોકરદાસ પરિવાર તરફથી વિ. સં. ૨૦૫૨ના ભાદરવા વદ ૧૨ (તા. ૯-૧૦-૯૬, બુધવાર) થી આસો સુદ ૧ [તા. ૧૩-૧૦-૯૬, રવિવાર] સુધી ભવ્ય જિનભક્તિ મહોત્સવ ઉજવાઇ ગયો. પાલનપુરના આંગણે ઉજવાએલ આ ઉત્સવ યાદગાર બની જવા પામ્યો.

મહોત્સવ આયોજક પરિવારની ઉદારતા ખૂબ પ્રશંસાદાયક રહી પૂ.શ્રીની ઓળીની પૂર્ણાહુતિની અનુમોદનાર્થે છેલ્લા ત્રણ દિવસ (ભાદ. વદ-૧૩-૧૪-અમાસ) સામુહિક આયંબિલની આરાધનાની તથા ભાદ. વદ અમાસના એક દિવસના આયંબિલની વાત મુકાતા વિપુલમાત્રામાં આરાધકો જોડાયા.

પાંચેય દિવસ શામળા મહાવીર જિનાલયે તથા જ્યાં ઉત્સવની ઉજવણી થવા પામી તે વાણારસી નગરીમાં પરમાત્માને ભવ્ય અંગરચનાઓ થઈ હતી. વીશસ્થાનક મહાપૂજન-અષ્ટ અભિષેક મહાપૂજન-૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન તથા શ્રી બૃહદ અષ્ટોત્તરી શાંતિસ્નાત્રમાં ફળ તથા નૈવેદ્યાદિની વિશિષ્ટ ગોઠવણી, સાધર્મિક ભક્તિ, સાધર્મિકોને ગુપ્ત સહાય, તપસ્વિઓના પારણા, વિશાલકાય મંડપમાં માત્ર દીવાઓની રોશની વચ્ચે મનોરમ્ય પ્રભુભક્તિ ખૂબ સુંદર રીતે થવા પામેલ, સાથે સાથે ઉત્સવ દરમ્યાન અનુકંપા, વૃધ્ધ-અશકત-અપંગોને મિષ્ટભોજન, ગ્લાનાદિને ફળવિતરણ આદિના કારણે પ્રસંગ વિશેષ અનુમોદનીય થવા પામ્યો. પારણાના દિને જીવદયાનું કાર્ય કરવું એ સૌનું પરમકર્તવ્ય છે.' એવું તપોમૂર્તિ પૂજ્યશ્રીના શ્રીમુખે સાંભળતાની સાથે જ પંદર મિનિટના ટુંક સમયમાં ૧૪ લાખથી પણ વધુ રકમની ટીપ જીવદયા માટે થઇ, ગુરૂપૂજનનો ચડાવો ઉછળતા ઉમંગો વચ્ચે ૨ લાખ ૮૫ હજારની રકમ સુધી પહોંચ્યો. રૂા. ૩૦ નું સંઘપૂજન થયેલ. ગામ-પરગામના માનવ મહેરામણથી આખો પ્રસંગ ઉલ્લાસભેર ઉજવાયેલ. પાલનપુર સંઘના-સ્વયંસેવકોનો ઉત્સાહ પણ અનેરો હતો.

(અનુ. પેજ ૬૫૬ ઉપર)

લાખારે હોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

વર્ષ : ૯ | ૨૦૫૩ કારતક વદ-૧ મંગળવાર તા. ૨૬-૧૧-૯૬ [અંક : ૧૪

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૫ મંગળવાર તા. ૧૫-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રવચન ૧૩ મું) —અવ૦

ચપલં ધનમાયુરલ્પકં, સ્વજનાઃ સ્વાર્થપરા વપુઃ ક્ષયિ ।
લલનાઃ કુટિલા કુતઃ પરાભવક્ષીવિઘ્નભૂતેભ્ય સુખમ્ ? ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવાન શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે ધર્મનો સાચો પ્રેમ કોને થાય ? ધર્મ કરનારા જીવો પણ ધર્મ કરી કરીને સંસારમાં શાથી ભટકે છે. એ ખૂબ વિચારવા જેવું છે. જે જીવોને આ સંસાર ઉપર અભાવ થાય અને મોક્ષની તીવ્ર ઇચ્છા પેદા થાય તે જીવોને જ ધર્મનો સાચો પ્રેમ થાય. ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ધર્મ પણ એટલા માટે જ સ્થાપ્યો છે કે- બધા જ આત્માઓ આ સંસારનાં બંધનથી છૂટે અને મોક્ષને પામે જીવ જ્યાં સુધી મોક્ષને પામે નહિ ત્યાં સુધી તે સાચી શાંતિ પામતો નથી, સાચું અને વાસ્તવિક સુખ તેને મળતું નથી. સંસારમાં બરેબર સુખી હોય તો એક માત્ર ધર્મી જ જ્યારે મોક્ષમાં જેટલા આત્માઓ ગયા તે બધા જ સુખી, તે બધાની એક સરખી સ્થિતિ, પછી તે પહેલા ગયા હોય કે પછી

ગયા હોય. અહીં પણ ધર્મી સાચો સુખી કયારે કહેવાય ? આ દુનિયાના સુખને તે દુઃખ રૂપ માને અને દુઃખને સુખરૂપ માને તો. આ વાત ધ્યાનમાં આવે છે ?

આજે આ દુનિયાનું સુખ અને તે સુખનું સાધન પૈસો મેળવવા માટે મોટોભાગ પાપ કરે છે. તેથી જ દુનિયાનો સુખીમાં સુખી ગણાતો માણસ પણ દુઃખી છે. શાસ્ત્રે ધનને ચપળ કહ્યું છે. તમારી પાસે જે ધન છે તે કયાં સુધી તમારી પાસે રહે તમારા જીવતાં જીવતાં પણ ધન ચાલ્યું જાય ને ? કદાચ તમારો પુણ્યોદય હોય અને તે ધન ન જાય તો તે ધનને મૂકીને તમારે જવું પડે ને ? તમે ઘણી ઘણી મહેનત કરી ઘણું ઘણું ધન મેળવ્યું હોય, સાચવ્યું હોય તો પણ તેને મૂકીને તમારે જવું જ પડે ને ? ધન તમને પૂછીને જ જાય એવું બને ખરૂં ? ધનમાં જ સુખ માનનારા એવા હોય છે કે-તેને ઘણું ઘણું ધન મળે તો પણ તેને ઓછું જ લાગે છે. તેથી તે પહેલા નંબરના દુઃખી કહેવાય ને ? તેથી તો અબજોપતિ, કરોડપતિ લાખોપતિ પણ ધન મેળવવા માટે ભૂતની જેમ ભટકયા કરે છે. તેને ખાવા-પીવાનો પણ ટાઈમ નથી મળતો, કુટુંબી સાથે બેસવાનો પણ ટાઈમ નથી મળતો.

ગમે તેટલું ધન હોય તો પણ તે સુખી કયારે કહેવાય ? ધન પ્રત્યે માલિકપણું ન હોય તો. 'મે મેળવેલું ધન પણ મારૂં નથી. મારૂં મેળવેલું મૂકીને મારે જવાનું છે તે ધન મારા જીવતા પણ મને મૂકીને ય ચાલ્યું જાય તેવું પણ બને. તેથી તેને મેળવવાદિ માટે કરેલ પાપ જ મારી સાથે આવશે. તે પાપ જ મને દુર્ગતિમાં લઈ જશે, ત્યાં મારે ઘણાં ઘણાં દુઃખ ભોગવવા પડશે.' આવું સમજનાર દરિદ્રી પણ, મઝામાં હોય. અને આવું નહિ સમજનાર મોટામાં મોટો સુખી પણ દુઃખી હોય. તમને બધાને તો ભગવાનનો ધર્મ મળ્યો છે, 'અમે ધર્મી છીએ' તેવો તમારો દાવો છે તો તમને કોઇ પૂછે કે-'મઝામાં છો ?' તો શું કહો ? તમે એમ કહો ને કે-'પાપોદય છે માટે ઘરમાં રહ્યા છીએ, ગૃહસ્થપણામાં ભીખ ન મંગાય માટે વેપારાદિ કરીએ છીએ. પણ અમે જે પૈસો મેળવ્યો છે કે મેળવીએ છીએ તે ઉઘાડો છે. ખોટી રીતે પૈસો મેળવ્યો નથી અને મેળવવા માગતા પણ નથી.'

સભા૦ આજે આવા કેટલા મળે ?

ઉ૦ નથી મળતા તેનું દુઃખ છે. ધર્મી ગણાતા અને સારામાં સારા સુખી ગણાતાને પણ પૈસો છૂપાવવો પડે ? તે ચોર છે ?

આજે હજી જે સંતોષી છે તે ગરીબ હોવા છતાં લહેરમાં છે. શ્રીમંતોને સુખી જોવા છતાં કહે છે કે- આવી શ્રીમંતાઈ અમારે જોઈતી નથી. આજે અહીં અને કાલે

ત્યાં જંપીને બેસતા પણ નથી. મારી પાસે કેટલું ધન છે તે પણ કહી શકતા નથી. ચોપડા બત વવાના જુદા અને રાખવાના જુદા. આ બધું નજરે જોયા પછી જો તમારી મતિ બદલાય તો કામ થઈ જાય. પછી તેને પોતાને જ લાગે કે-'આ પૈસામાં શું બળ્યું છે ! પૈસો તો ઉપાધિભૂત છે. તે પૈસો મેળવવા ઘણું ઘણું પાપ કરવાં પડે છે.' જો ગૃહસ્થપણામાં રહ્યો છું માટે મારે પૈસાની જરૂર પડે, કેમકે ગૃહસ્થથી ભીખ માગીને ખવાય નહિ માટે મહેનત-મજુરી કરતાં નીતિપૂર્વક જે મળે તે લેવાનું અને તેમાં સંતોષ માનીને જીવવાનું.' આવી મનોવૃત્તિ જેની ન હોય તે ધર્મી જ નહિ.

તમારી આવી મનોવૃત્તિ છે ? તમારે તો હજી વધારે પૈસા જોઇએ છે, મોટા શ્રીમંત થવુ છે, તે માટે ભાગાભાગ કરો છો, વેપારાદિ કરો છો. વેપાર તો પાપ છે તેમ લાગતું જ નથી પણ વેપારમાં ય બીજા બીજા ઘણાં પાપ કરો છે. અને પાપ કરવામાં વાંધો નહિ તેમ માનો છો. તમારી પાસે જેમ જેમ પૈસા વધે તેમ તેમ તમારો આરંભ વધે ને ? તમને પરિગ્રહ વધારવાનું મન થાય છે. તેમ તેનો સદુપયોગ કરવાનું મન થાય છે ? મોટેભાગે તેનો દુરુપયોગ થાય છે. તમારો પરિગ્રહ પાપથી આવે છે અને પાપમાં જાય છે.

સભા૦ વાતાવરણ એવું છે કે જેથી સારી લેશ્યા ટકતી નથી.

ઉ૦ ગમે તેવું વાતાવરણ હોય તો પણ આપણે લેપાઇએ શું કામ ? આવી દશા રહે તો મોક્ષ થાય ? મોક્ષે જવું હશે તો આપણે જ સુધરવું પડશે.

તમે બધા વાસ્તવિક સુખી છો ? સંસારમાં ખરેખરું સુખ તો સંતોષમાં છે. સંતોષી સદા સુખી છે, અસંતોષી સદાનો દુઃખી છે. આ જ લાલબાગમાં ૧૯૮૫માં સમજી સમજીને જેઓએ પરિગ્રહનો નિયમ લીધેલો તેમાંના ઘણા બધા તો ચાલ્યા ગયા પણ જે હયાત છે તેઓ કહે છે કે- અમે બહુ મઝામાં છીએ. આપે વેપાર બંધ કરવા સમજાવ્યું અને અમે સમજીને વેપાર બંધ કર્યો તો બહુ સારું થયું. અમારું જીવન સુધરી ગયું. મેં કહ્યું કે- મોંઘવારી વધી ગઇ છે. તો તે કહે કે- ત્યારે વ્યાજ ઓછું આવતું હતું આજે વ્યાજ વધારે મળે છે. તમે બધા જો ડાહ્યા થઇ જાવ તો મોંઘવારી તમને નડે ખરી ? મોંઘવારી તો તેને નડે જેને મોંઘી ચીજ આવા જોઇએ તેને. તમે બધા નક્કી કરો કે- મોંઘી ચીજ આવી જ નહિ તો મોંઘવારી નડે ? લુખ્ખો રોટલો ખાનારો પણ મઝામાં હોય છે. જ્યારે તમે તો ઘી માં ઝબોળી ઝબોળીને ખાઇ રહ્યા તેવા હોવા છતાં પણ હજી 'મારી પાસે પૈસો

ઓછો છે, ઓછો છે' તેમ લાગે છે માટે શું શું કરો છો ? તમે બધા વેપાર ન કરો તો ચાલે કે ન ચાલે ? તમારું કુટુંબ મજેથી જીવે કે રોઈને જીવે ? તમે બધા સારી રીતે ખાઈ પી શકો, પાંચ પૈસા ધર્મમાં ય ખરચી શકો તેટલું તમારી પાસે હોવા છતાં ગમે તે રીતે પૈસા કમાવાની તમારે શી જરૂર છે ? એક સારો માણસ મને કહે કે–'ધંધા ધાપા વિના આપો દિ શું કરીએ ? નવરા કેમ દા'ડો પસાર કરીએ ? મેં તેને કહ્યું કે– ચોવીશે કલાકનું કામ તને આપું. તે મને કહે કે– તેવું બહુ તો મને ન ફાવે.

તેથી ઘણા તો સામાયિકનો ટાઈમ પૂરો કરવા માટે વાર'વાર ઘડિયાળ જોયા કરે છે. એટલું જ નહિ ઘણાને તો જો વ્યાખ્યાન થોડું વધારે ચાલે તે ય ગમતું નથી. મનમાંને–મનમાં બબડયા જ કરે કે– સાધુઓને સમયની કિંમત જ નથી. આવા જીવોને શાંતિ હોય ખરી ? તમારે નિયમ ખરો કે વ્યાખ્યાન શરૂ થાય ત્યારથી આવવું અને પૂરું થયાં વિના ઊઠવું નહિં. આજે ટાઈમસર બેસવાનું અમારે પણ તમારે ટાઈમસર આવવાનો નિયમ નહિ. વચમાં વચમાં ગમે ત્યારે આવે અને અમારી વાતની ખોટી ગેરસમજ ન લઈ જાય તે માટે અમારે બરાબર સંગત કરીને બોલવું પડે અને એકની એક વાત ફેરવી ફેરવીને કરવી પડે. નહિ તો રોજ સાંભળનારાને આ દુનિયાનું સુખ સુખ લાગે ખરું ?

આ ધન તો પાપ કરાવનારું છે. યૌવન વિવેક વગરનું હોય તો મહાપાપ કરાવે. યૌવન કયાં સુધી રહે ? કેટલા ય યુવાનો આજે ઘરડા જેવા થયા છે. મોટે ભાગે માંદો ન હોય, શરીરની તકલીફ ન હોય તેવો આદમી મોટે ભાગે એક નહિ મળે. મોટા ભાગનાને પચાવવાની દવા જોઈએ ઝાડાની દવા જોઈએ છતાં પોતાને સુખી માને છે !

જ્ઞાની કહે છે કે– આ સંસારમાં તો સાચું સુખ છે જ નહિ. ધન ચપલ છે. આજે આવે અને કાલે ચાલ્યું જાય. યૌવન વિવેક રહિત હોય તો અનર્થકારી છે. કુટુંબી પણ સ્વાર્થી છે. જેના આધારે તમે બહુ સુખ માનો છો તે જાત પણ કેવી છે ? વર્ણન થાય તેમ નથી. સંસાર તમારે કેમ માંડવો પડયો ? સંસાર ન માંડયો હોત તો કેવી ઉપાધિ હતી ? ઘણા કહે છે કે એકલા હતા ત્યારે જે મઝા હતી તે હવે નથી. તમે એકના બે કેમ થયા તે પણ બોલાય તેવું નથી. જેના આધારે તમે સુખ માનો તે ય તમારી સાથે સીધી રીતે ન વર્તે, ભાગ્યશાલી હોય તે વાત જુદી. બાકી સ્ત્રી કે પુરૂષ બધા મોટે ભાગે સ્વાર્થી ! અનુકૂળ આવે તો ઠીક, વાંધો પડે તો આવી બન્યું સમજો આવા સંસારમાં સુખ કયાંથી હોય ! આ વાત સમજાય તેવી છે ? (ક્રમશઃ)

શંકા અને સમાધાન

શંકા-૧ અનામિકાથી પૂજા શા માટે કરાય છે ?

સમા-૧ આપણા હાથમાં અંગુઠો તથા અન્ય ચાર આંગળીઓ છે તેમાં અંગુઠો એ નિષેધાત્મક કામમાં વપરાય છે. જેમ કોઇનું કામ કરવાનું ન હોય ત્યારે ડીકકો [અંગુઠો] બતાવવામાં આવતો હોય છે. માટે નિષેધાત્મક કાર્યના કર્તાના પ્રતીક રૂપ અંગુઠાથી કદી જિનેશ્વર ભગવંતની પૂજા કરાતી નથી. પહેલી આંગળીનું નામ 'તર્જની' છે. તર્જના એટલે તિરસ્કાર. કોઇપણ વ્યકિતના તિરસ્કાર માટે પહેલી આંગળી બહુલતયા વપરાય તે. માટે તર્જના કરનારી પહેલી તર્જની આંગળીથી પણ જિનેશ્વર ભગવંતની પૂજા કરાતી નથી. બીજા નંબરની આંગળીનું નામ 'મધ્યમા' છે. આ મધ્યમા નામથી પણ પૂજા કરવી ઉચિત નથી. ટચલી આંગળીનું નામ છે કનિષ્ઠિકા. કનિષ્ઠિકા એટલે છેલ્લી, નાની, હલકી. આવી આંગળીથી પણ પ્રભુપૂજા કરવી ઉચિત નથી. આમ હલકી અને મધ્યમ એ બંને આંગળી પણ પૂજા માટે યોગ્ય નથી. હવે બાકી રહી ટચલી આંગળીની બાજુની આંગળી. તેનું કોઇ નામ નથી. માટે જ તે આંગળી 'અનામિકા' એવા નામથી ઓળખાય છે. આગળ જોયા મુજબ અંગુઠો તથા બાકીની ત્રણ આંગળીઓ તેના નામ તથા કામથી પ્રભુપૂજા જેવા અનુષ્ઠાન માટે યોગ્ય ન હોવાના કારણે 'અનામિકા' નામની આંગળીથી પૂજા કરાય છે.

(બીજી એવી વાત પણ સાંભળી છે કે મસ્તકના બરાબર મધ્ય ટોચના ભાગમાં આવેલી બ્રહ્મનાડી સાથે અનામિકાને જોડાયુ છે આથી તે આંગળીથી થતી શુભક્રિયાની અસર બ્રહ્મનાડી સુધી પહોંચી શકે છે.)

એક વાત ધ્યાન રાખવી કે-સાધર્મિકને તિલક કરતી વખતે અનામિકાનો ઉપયોગ ન કરાતા અંગુઠાનો ઉપયોગ કરાય છે.

(એક વાત એવી પણ સાંભળી છે કે-હાથના પંજાને જમીન ઉપર ગોઠવીએ પછી અંગુઠા આદિ એક એકને વારા ફરતી પંજો ઉઠાવ્યા વગર જ ઊંચી કરીશું તો અનામિકા સિવાયની દરેક આંગળીઓ ઊંચી થઇ શકે છે. અનામિકા ઉંચી થઇ શકતી નથી. તેમાં કયું કારણ છે તે હું જાણતો નથી.)

શંકા-૨ થાળી ઘોઇને પીવાથી આંબેલનો જ લાભ શા માટે ? ઉપવાસ કે એકાસણા આદિનો કેમ નહિ ?

સમા-૨ તમને સમૂર્છિમ જીવોની ઉત્પત્તિનો ખ્યાલ તો હશે જ. આપણા જીવ

વિચારાદિ ગ્રંથોમાં ૧૪-૧૪ સ્થળોએ સમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે તેમ કહ્યું છે. તેમાં આપણે ભોજન કર્યા પછી થાળીમાં જે એઠાશ રહે છે તે જો ૪૮ મિનિટ સુધી સૂકાય નહિ તો અથવા તો તે એઠાશને ધોઇ નાંખવાથી તે એઠવાડ ખાળમાં જવાથી ૪૮ મિનિટ પછી સમૂર્ચ્છિમ જીવો (આપણી જેવા જ પણ આપણે જોઇ ના શકીએ તેવા સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવો) ઉત્પન્ન થાય છે. અને પછી તેનું મૃત્યુ થાય છે. પાછા તેના જન્મ-મરણ ચાલુ રહે છે. તે જીવોના જન્મ-મરણમાં આપણે થાળીમાં રહેવા દીધેલી એઠાશ કારણ બને છે. અને આ રીતે થયેલી સમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિના પ્રાયશ્ચિત્ત રૂપે એક આયંબિલનો તપ કરવાનો હોય છે. જ્યારે થાળી ધોઇને પીધા પછી તે થાળીને ૪૮ મિનિટ પહેલા તેમાં કોઇ પણ રીતે સમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ ન થાય તેમ કરવાથી આયંબિલ તપનું પ્રાયશ્ચિત કરવાનો પ્રસંગ આવતો ન હોવાથી તેને આયંબિલ તપ કર્યા જેટલો લાભ મળે છે.

આનો મતલબ એ પણ નથી કે-'થાળી ધોઇને પીવાથી એક આયંબિલનો લાભ મળે છે તો હવે આયંબિલ કરવાની જરૂર નથી.' કેમકે આયંબિલ તપ [કે જે અણાહારી (મોક્ષ) પદને મેળવવા માટે કરવાનો છે તે] કરવાથી આહારની લાલસા ઉપર લગામ લગાવી શકાય છે તથા આયંબિલ કરવાથી જે દશ હજાર કરોડ વર્ષ સુધી પ્રત્યેક પળે નારકીનો જીવ જે જે ખતરનાક વેદના વેઠવી પડે છે અને તે વેઠયા પછી જે કર્મનિર્જરા કરે છે તેવી કર્મનિર્જરા શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાપૂર્વક આણાહારી પદ મેળવવા માટે કરાતા માત્ર એક આયંબિલ તપમાં સમાયેલી છે તે લાભ પણ આયંબિલ કરનારને મળે છે. પણ થાળી ધોઇને પીનારને આવા લાભો મળતા નથી.

આમ થાળી ધોઇને પીનારને સમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન ન થવાના કારણે આયંબિલના પ્રાયશ્ચિતથી અટકવા રૂપ આયંબિલનો લાભ મળે છે. તેમાં અને આયંબિલ તપ કરનારને મળતા લાભમાં આભ-ગાભનું અંતર છે.

શંકા-૩ અક્ષતપૂજા કરતી વખતે પહેલા સિદ્ધશિલા કરાય કે સાથિયો ?

સમા-૩ પહેલા સાથિયો કરવો, ત્યારબાદ દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રણ ઢગલીઓ કરવી અને ત્યારબાદ સિદ્ધશિલા કરવી. આ અક્ષતપૂજા કરતી વખતે-'આ ચાર ગતિમય સંસારથી મુક્ત કરાવનાર દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ રત્નત્રયીની આરાધના દ્વારા સિદ્ધશિલાની જલ્દીથી પ્રાપ્તિ મને થાય' આવી ભાવના ભાવવાની હોય છે. (ચાર ગતિમય સંસારને જણાવનાર સ્વસ્તિક છે તેમાં સાધક સમાય છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ રત્નત્રયી એ સાધન છે. અને સિદ્ધશિલા એ સાધ્ય છે.)

એક વાત બીજી પણ ધ્યાનમાં રાખવી કે-નૈવેદ્ય સ્વસ્તિક ઉપર ચડાવવું અને ફળ

સિદ્ધશિલા ઉપર ચડાવવું. તેનું કારણ એ છે કે-નૈવેદ્ય એ આહાર છે. અને ચારગતિ રૂપ સંસારમાં આહાર સંજ્ઞા ભટકાવનાર છે. તે આહાર સંજ્ઞાનો ત્યાગ કરવા માટે સ્વસ્તિક ઉપર નૈવેદ્ય ચડાવાય છે. અને મુક્તિ રૂપ ફળને પ્રાપ્ત કરવા માટે સિદ્ધશિલા ઉપર ફળ ચડાવાય છે.

શંકા-૪ સિદ્ધશિલા ઉપર લોકો ઢગલી કરે છે તે ઉચિત છે?

સમા-૪ દેરાસરમાં અક્ષતપૂજા વખતે કરાતી સિદ્ધશિલાનો આકાર તેનું વર્ણન ગુરૂભગવંત પાસેથી બરાબર સાંભળીને પછી નક્કિ કરાય તો સિદ્ધશિલા કે જે અર્ધ ચંદ્રાકારે કરાય છે તે પણ હકિકતમાં તો ઉચિત નથી જ. નીચેથી સાંકડા અને ઉપરથી પહોળા કટોરી જાતિના નગારા જેવા આકારની નક્કર સિદ્ધશિલા છે. આ સિદ્ધશિલા કટોરીની જેમ જ ગોળાકારે રહેલી છે. અને તેનાથી એક યોજન ઉપર ૪૫ લાખ યોજનના થાળી જેવા ગોળાકારે લોકનો અગ્રભાગ છે. ત્યાં દરેક સિધ્ધના જીવોનો નિવાસ છે. આથી નક્કિ થાય છે કે સિધ્ધશિલા ઉપર ઢગલી રૂપે જે ચોખા મૂકાય છે તે ઢગલી જેવા ગોળાકારે ન મૂકતા થાળી જેવા ગોળાકારે મૂકવા જોઇએ. આવો ગોળાકાર દરેક લોકો બરાબર કરી નથી શકતા માટે કુટપટ્ટીના આકારે સીધી પટ્ટી બનાવાય છે તે હજી ચાલી શકે તેમ છે પરંતુ ગોળ ઢગલી તો ન જ ચાલે. અને સિધ્ધના જીવો આ ઉપરના ભાગમાં રહેલા છે માટે ફળ ઉપરની પટ્ટી ઉપર ચડાવવું ઉચિત છે.

શંકા-૫ પુરૂષોને ચરવળામાં ગોળ દાંડી અને બહેનોને ચોરસ દાંડી તેવું જ સાધુ-સાધ્વીજી ભગવંતોને પણ હોય છે તેનું કારણ શું છે? વિસ્તારથી જણાવશો.

સમા-૫ ઓઘાની તથા ચરવળાની દાંડીઓ ગોળ તથા ચોરસ રાખવાનું આગમ ગ્રંથોમાં જણાવેલ છે તેનું મુખ્ય કારણ અહીં તદ્દન ટુંકમાં 'સંયમ રક્ષા' આટલા શબ્દોમાં જ જાણવું જરૂરી છે. આ અંગે કોઇને પણ વિશેષ રીતે જાણવાની જિજ્ઞાસા હોય તો શાસ્ત્રીય માર્ગદર્શન આપે તેવા ગંભીર ગીતાર્થ ગુરૂ ભગવંત પાસે આ અંગે પૂછશો. આના જવાબ આજે પૂ. ગુરૂદેવ તમારી પરિપક્વતા જાણીને યોગ્ય જવાબ દેશે. નહિ દેવા જેવો હશે તો નહિ આપે. પરંતુ આ અંગેનો જવાબ હું વિસ્તારથી જાણતો હોવા છતાં લખી શકું તેમ નથી. દરેક પ્રશ્નોના વિગતવાર ખુલાસા આપવાની મારી પધ્ધતિ આપને પસંદ છે તે વાત સાચી પરંતુ આ પ્રશ્નનો વિસ્તૃત જવાબ દેવા અંગે હું ખૂબ જ લાચાર છું. ક્ષમા કરશો.

(ક્રમશઃ)

'રક્તદાન–ચક્ષુદાન' કૌભાંડોનું આદાન પ્રદાન

લિ. જિનદાસ ભગવાનદાસ

જીવતા રક્તદાન અને મૃત્યુ પછી ચક્ષુદાન આ ઉક્તિ આજકાલના કહેવાતા બૌદ્ધિકોના મોઢે રમતી થઈ ગઈ છે. પણ દેખિતા ચળકાટ મારતા આ દાનના દીવા પાછળ કેટલું અંધારૂ છે એ વાંચી ત્યારે દીવેલ પીધા જેવો ઘાટ થાય છે

ચોમાસામાં કુટી નીકળતા બિલાડીના ટોપ જેવી અનેક સામાજીક સંસ્થાઓની સ્થાપના પછી દર અઠવાડિયે કે દર મહિને તેમના કાર્યકરોને નવો શું પ્રોગ્રામ આપવો તેની ગડમથલ હોય છે. પિકનીકો, નાટકો અને રિસોર્ટ–સેન્ટરોથી થાકી કંટાળીને તેઓ સમાજ સેવામાં જોડાઇ રહેવા કમર કસે છે. પછી બ્લડ ડોનેશન કેમ્પ, ચક્ષુદાનનો મહિમા સમજાવતા પરિસંવાદો ગોઠવી, મૃતકોની પ્રાર્થનાની કબર ઉપરથી વર્ષો-તે થતી સામાન્ય વાર્ષિક સભામાં આપવામાં આવતા અહેવાલોની તૈયારી કરે છે. શુટ–બુટમાં સજજ આવા ચશ્મીકટ મહાનુભાવો એક નાનકડી ટ્રાઇસિકલ વિકલાંગને આપે તે પહેલા પેપેલા પત્રકારોની ટોળકીને હાજર કરે છે. અને ફોટોગ્રાફરને બ્લેક એન્ડ વ્હાઇટ કોપી જલ્દી આપવા વિનંતી કરે છે જેથી વર્તમાન પત્રોમાં તે તુરંત મોકલી શકાય, એક ટેલીફોન બુથ શરૂ કરવાના ઉદ્‌ઘાટનની તૈયારી માટે જેટલા ફોન ઘુમાવાય છે તેટલા ખર્ચમાંથી કેક ગરીબોની ભૂખ ભાગી શકાય તેમ હોય છે. આવી સંસ્થાઓના હાથમાં રક્તદાતા–ચક્ષુદાનનું ગતકડું આવી જાય ત્યારે સમાજ સેવાનું ઘણું મોટું કામ કર્યાનો મિથ્યા સંતોષ તેઓ માન્યા કરતાં હોય છે.

આરબ દેશો 'ગલ્ફ કન્ટ્રીઝ'માંથી આવતા ટુરીસ્ટોની આંખ માટે, કીડની માટે નરાધમ દલાલોની ટોળકી ડોકટર નામનું સ્ટેથેસ્કોપ પહેરી બાજ નજરે બધે ઘુમતી હોય છે. આવી કોઇ સામાજિક સંસ્થાના કાંઇ ઉપર ચડી તેઓ હોકોની લાગણીઓને બહેકાવે છે. બ્લડના એક ટીપાં સામે સમગ્ર જીવન ચિત્રોમાં દોરી મિડીયા દ્વારા તેને ખુબ પ્રસિધ્ધ આપવામાં આવે છે. રક્તદાન–ચક્ષુદાન સામે વિચાર કરનારને પણ આ બધી ટોળકી ભેગી થઇને છાપાઓ દ્વારા હતપ્રભ કરી નાખે છે. એપડ્ઝ, બ્લડકેન્સર અને લ્યુકેમિયા (પાંડુરોગ) જેવા રોગે જયારે માથું ઉચકયું હોય ત્યારે આવી બધી પ્રવૃત્તિઓ વિષે શાંતચિત વિચાર કરવાનો સમય પાકી ગયો હોય તેમ લાગે છે.

૧) સર્વોચ્ચ અદાલતના આદેશને પગલે રચવામાં આવેલી એક સમિતિ તેના અહેવાલમાં જણાવે છે કે આદેશમાની કુલ ૧૧૦૦ બ્લડ બેંકોમાંથી ૫૦૦ ગેરકાનુની છે. મીઠ-ડે ગુજરાતીમાં આવેલ એક રિપોર્ટ મુજબ મુંબઈમાં જેટલી લોહીની બોટલો વપરાય છે તેમાં ૬૫% ધંધાદારી લોકોએ પોતાના શરીરમાં લોહી બનાવવા જે ભૂખ લાગે છે તે ભાંગવા માટે ૨૦૦ થી ૩૦૦ રૂા. માં ૧-૧ બોટલ લોહી વેચવા લાઇન લગાડે છે ગામા સમાજ વિરોધીઓ, ડ્રગએડીકટો, સર્વપ્રકારના વ્યસનીઓ એઇડસથી માંડીને અનેક બિમારીઓથી પીડાતા લોકો પોતાનું લોહી આપી જાય છે. જે આવી એફ. ડી. એ. ના લાઇસન્સ વગર ચાલતી ગેરકાદેસર બ્લડ બેન્કો આ બધુ ચલાવી લેતી હોય છે.

૨) મુંબઈમાં એઇડ્ઝના પરીક્ષણના સાધનો ઉપલબ્ધ નહી હોવાને કારણે ઘણી બધી બ્લડ બેન્કો ઉપર હમણાં જ તવાઈ આવી હતી અને પરીક્ષણ વગર આપતાં લોહીમાં અત્યાર સુધી હજારો જીવો એઇડ્સ આદિ રોગોના જોખમો લઈ ફરતાં ફરતાં મોતની જેમ મુંબઈમાં ફરી રહ્યા છે.

૩) થોડા સમય પહેલાં ટાઈમ્સમાં આવેલા એક રિપોર્ટ મુજબ લોહીની હજારો બોટલો જાળવણીના સાધનોની અછતને કારણે દરિયામાં પધરાવી દેવી પડી હતી.

૪] રકતદાનથી વાત અટકતી નથી. હોસ્પિટલોમાં ઓપરેશન વખતે ડોકટરો કે તેમનો સ્ટાફ ૫-૬ બોટલ લોહી મંગાવે ઓપરેશન વખતે ૨-૩ બોટલ જ વપરાઈ હોય છતાં બધી બોટલો વપરાઈ ગઈ છે તેવો સંદેશો આપે અને આમા આ વેપલો પછી વેગમાં ચાલ્યા કરે. ઘણીવાર જુદા જુદા બ્લડ ડોનેશન કેમ્પોમાં પણ અલભ્ય ગ્રુપોના જે રકત માંગે તે ઉચા ભાવે બારોબાર વેંચી દેવામાં આવતા હોય છે.

૫) બ્લડ ડોનેશનથી વાત અટકતી નથી. કીડનીના કૌભાંડો તો રોજબરોજ છાપામાં વાંચીએ છીએ. હમણા જ સીટી બેન્કના એક અધિકારીએ એક લોનની વસુલાત માટે ગ્રાહકની કીડની કાઢી લેવા સુધીની ધમકાટી આપી હતી. આવી કીડનીઓ શરીર સ્વીકારતું નથી. દાન લેનારો કાચની બોટલોમાં જીવતો હોય તેમ જીવ્યા કરે છે. બહુ થોડા સમયમાં એ યમરાજાને ઘરે પહોંચી જાય અને ઉપર પહોંચી જેની કીડની લીધી હોય તેની સાહ જોવાની શરૂ કરે છે 'બાવાના બેય બગડે' એવો ઘાટ થાય છે. થોડા અઠવાડિયા પહેલા જ ઉ. પ્ર. ના જોનપુર ગામના ૧૨ બાળકો એક સાથે ગુમ થઈ ગયા, તે બધાનું શું થયું જાણવા મળ્યું નથી. હવે તો એક-એક અંગનો વેપાર થાય છે.

એક બાળકના બધા અંગોની કુલ કિંમત ૧.૨૧,૦૦૦ થાય છે. એવું ગુજરાત સમાચારે હમણાં જ એક લેખમાં પ્રતિપાદન કરેલું. બિહારમાં એક જીવિભાઇ ૧ આંખ આપી રૂા. ૩૦૦૦૦ લઈ આવી તે પછી એ ગામની ૩૦ બાઇઓ આ ૩૦૦૦૦ કમાવવા પોતાની ૧-૧ આંખ મર્યા પહેલા જ દાનમાં આપી આવી.

પાયોનિયરના રિપોર્ટર જણાવે છે કે, જેટલા ચક્ષુઓનું દાન થાય છે. તેમાંથી ૮૫ ટકા ફેંકી દેવા પડતા હોય છે. અને બાકીના ૧૫ ટકામાં પણ અનેક ગેરરીતિઓ ચાલતી હોય છે.

આ જ જોનપુર ગામેથી ૨૫ કરોડ રૂા. ની કિડની તેમજ આંખો એક હોસ્પિટલ-માંથી પકડવામાં આવી બાળકોના અપહરણ કરી કિડની અને આંખ કાઢી ઉંચા દામે વેચી દેવામાં આવે છે.

૬) આયુર્વેદના અચ્છા જાણકાર વિંછીયાના એક વૈદરાજે તો ચોંકાવનારી વાત કહેલી કે એક માણસના શરીરમાંના વાત્, પિત્ત કફ બીજા માણસના શરીર સાથે કયારેય 'મેચ' થતાં નથી. એથી એકનું લોહી બીજાને દેવાથી શરીરમાં 'ઇન્ફેક્શન્સ' કુલી થતી હોય છે, ભવિષ્યમાં અનેક રોગો આનાથી વકરતા હોય છે.

૭) એક વૈદરાજે મજેની વાત કરેલી કે કુદરતનીગોઠવણ એવી હોય છે કે જ્યારે શરીરમાંથી લોહી નીકળે ત્યારે હંમેશા પહેલા અશુદ્ધ લોહી જ બહાર નીકળતું હોય છે. શુદ્ધ લોહી તો થોડું ઘણું પણ બહાર પડે તો માણસ તત્કાળ બેભાન બની જતો હોય છે. એટલે આવા બધા અનુદાનોના બાટલાઓ બગડેલા લોહીથી જ ભરેલા હોય છે.

૮) રક્તદાનની તરફેણમાં બીજુ એક 'તિકડમ્' ચલાવતા હોય છે કે હમણાં લોહી આપો અને ૨૪ કલાકમાં તમને એટલુ નવું લોહી મળી જશે. આ એક મોટિવેટર્સ છે. આજે ખાધેલા ખોરાકમાંથી શું ધાતુ ક્રમશ : ૬૨ અઠવાડિયે બને છે. એટલે આહાર-માંથી રસ અને રક્ત બનતા ૧૪ દિવસ થાય છે.

૯) વાત અટકેથી અટકતી નથી. હવે રક્તદાન, ચક્ષુદાન પછી વીર્યદાન ઉપર વાત આવી છે સમગ્ર સંસ્કૃતિના મૂળીયા એક સાથે ઉડાવી દેવા આવા ગતકડાઓ બહાર પડતા હોય છે. જે બાળક જન્મે એને ખબર જ ન હોય એનો પિતા કોણ છે? આથી વધુ ભયંકર બીજુ શું હોય શકે? ચાર પ્રજ્ઞાબાળની અપ્રિતમ સુંદર વ્યવસ્થાનો આમાં આત્મો બોલાવવામાં આવે છે.

આવો આપણે શાંતિ ચિતે વિચાર કરીને કોલાંડનો આવા કોઇ આદાન પ્રદાનમાં હાથો ન બનીએ તેની કાળજી રાખીએ. (રખેવાલ ૭-૬-૬૬)

—: પ્રેરણામૃત સંચય :—

— પ્રજ્ઞાંગ

० પાપજીરુતાઃ સર્વ સુખો-ગુણોની જનની ०

જે જીવનું દર્શન મોહનીય ગાઢ હોય છે તે જીવ કશું સાચું સમજી શકતો નથી. જેમ આંધળો ન દેખે, બહેરો ન સાંભળે, બુદ્ધિહીન ન સમજે તો તેની ટીકા થાય ? તેમ કર્મને પરવશ બનેલો જીવ ગાઢ દર્શન મોહનીયવાળો હોવાથી દુઃખ પાપથી જ અને સુખ ધર્મથી જ આ વાત સમજી શકતો નથી.

આ સંસાર રહેવા જેવો નથી. મોક્ષ જ મેળવવા જેવો છે આ વાત આજે ધર્મ કરનારો મોટો ભાગ પણ માનતો નથી તેથી તે પાપ કરતાં ગભરાતો નથી, ધર્મ કરવામાં તેને મજા આવતી નથી અને બધાને સ્વચ્છંદપણે જીવવાનું મન છે. આથી જ આજે આર્યદેશ-જાતિ-કુલ અનાર્ય જેવા થઇ ગયા. માથે કોઇ ધણી જ નહિ.

દેવ-ગુરૂ-ધર્મને પૂજે, સેવે પણ તે માથે નહિ. જેને માથે દેવ-ગુરુ-ધર્મ નહિ તેને વળી માતા-પિતા-પાલક-વડિલની ચિંતા હોય ? આજે મોટા ભાગને માતા-પિતા-પાલક-વડિલ નકામાં છે. જે માતાએ જન્મ આપ્યો, જે પિતા, પાલકાદિ વડિલે પોષણ કર્યું, મોટો કર્યો તે જાણે નહિ તે રીતે ગમે તેવા પાપ કરવાનો તમને અધિકાર છે ! આજે મોટા ભાગ અનાર્ય બની ગયો. ભલે આર્યદેશાદિમાં જન્મ્યો હોય.

આજે કોઇ આદમીને માથે ધણી નહિ. કદાચ કોઇ કહે કે, મારે માથે ધણી છે તો તે હોળીના રાજા જેવો તેને કશું પૂછવાનું નહિ, તે ન જાણે તેવા કામ કરે અને કદાચ જાણે જાય અને પૂછે તો સાચો જવાબ પણ ન આપે આ ખામી આજે બધે ફેલાઇ ગઇ છે. તેનાથી એટલું નુકશાન થયું છે કે વર્ણન ન થાય. આજની હવા, શિક્ષણ, રીતભાત સમજો, પણ પરિસ્થિતિ એવી આવી કે ઘરમાં રહેનારા બધા જુદા. તેને ઘર-પેઢી સાથે કશું લાગે વળગે નહિ. તમારે નિયમ છે કે, ઘરનો વડિલ ન જાણે તેવું કશું કામ કરવું નથી. આ નિયમ જો કરો તો બધો બગાડો ભાગી જાય, સુધારો થઇ જાય અને બેકારી પણ ભાગી જાય જેને પાપમાં જ મજા આવતી હોય તેને આ નિયમ ફાવે ?

આર્યોને અનાર્ય બનાવવા એટલે માથે કોઇ ધણી રહેવા દેવો નહિ. જેને માથે માતા-પિતા-વડિલ-પાલક નહિ તે દેવ-ગુરૂ-ધર્મને માને ? તેથી

જ મંદિરમાં જનારા ભગવાનને માથે રાખતા નથી. ઉપાશ્રયે જનારા ગુરુને માથે રાખતા નથી, ધર્મ કરનારા ધર્મને ગણતા નથી અને જે ઘરમાં રહે છે તે વડિલને માથે રાખતા નથી.

ઘણાં હમેશા ખોટે માર્ગે જ હોય. ટોળા કદિ સાચે માર્ગે હોતા નથી, આજની તમારી સરકારને ય કહેવું પડે કે, ટોળાથી થાકી ગયા. ટોળા શાહી ઊભી કરી તેના પરિણામો નજરે જોઇ રહ્યા છો. ટોળાથી ઘર-પેઢી-વ્યવહાર ન ચાલે તો ધર્મ ચાલે ? આજે જેટલા દોષ પેસી ગયા તે બધા ઘણી વિનાના બની ગયા માટે. માણસ જેવો માણસ ખરાબ થયો તે સ્વચ્છંદી બની ગયો માટે. વડિલને માથે ન રાખવા તે સ્વતંત્રતા નથી પણ વડિલને પૂછ્યા વિના એક કામ ન કરવું તે જ સ્વતંત્રતા છે. સારા ઘરનો છોકરો માસ્તરને હેરાન કરે, રસ્તા વચ્ચે તોફાન કરે, તે નાપાસ થાય તો માસ્તરની ડાહ્યો કાઢે. શાથી ? સ્વચ્છંદીને કોઇ જ ન બચાવી શકે. જેને મરજી મુજબ જીવવું હોય તેને પાપનો ડર હોય જ નહિ. જેને પાપનો ડર હોય નહિ તેને માથે વડિલ ફાવે નહિ.

આપણે ત્યાં નિશ્રામાં જીવન છે. વગર નિશ્રાએ જીવાય જ નહિ. નિશ્રા જ તેનું નામ કે- આજ્ઞા મુજબ જીવન જીવવું તે. સાથે રહેવું તેનું નામ નિશ્રા નથી સાથે તો સ્વાર્થી પણ રહે અને ઘણી ઘણી લુંટ કરે. તમારા સંતાન તમારા ઘરમાં રહે છે તે ઘર ખાતર નહિ પણ ખાવા-પીવા-મોજ મજ્જાદિ મળે છે માટે. તેને ઘર મા-બાપ કશું મારું નથી લાગતું તેને કશા પર પ્રેમ નથી. તે તો ઘર-પેઢી-મા-બાપની આબરૂ ને ય બટ્ટો લગાડે તેમાંની જાત છે.

પાપથી દુઃખ જ આવે આ શ્રધ્ધા આવે તો કામ થાય. પછી તો પાપ કરતાં ય કંપારી છૂટે આપણે ત્યાં તો ઇચ્છા મુજબ-મરજી મુજબ વર્તવું તે જ મોટું પાપ ? સારા કામ પણ પૂછ્યા વિના કરવાના નથી. પણ આજની હવાએ, આજના શિક્ષણે એટલું નુકશાન કર્યું છે કે બધે બગાડો પેસી ગયો છે. ધર્મમાં, દેશમાં અને તમારા ઘરોમાં ય, રાજતંત્રમાં ય સડો પેસી ગયો છે. આજે જે ખુરશી પર છે, તે ખુરશીને વફાદાર નથી, બધા સ્વચ્છંદી બની ગયા છે. આજે જેટલાં પાપ વધ્યા છે તે બધાનું મૂળ કારણ પૂછ્યા વગર જીવવા માંડયું તે છે. જેને માથે વડિલ નહિ તે કદાચ સારા કામ પણ કરતો હોય તો પણ તેનો આશય તો સારો હોય જ નહિ. કેમકે પાપથી દુઃખ અને ધર્મથી જ સુખ ભૂલી ગયા. માટે આજે પાપ બરાબર ગોઠવી ગોઠવીને યોજના બધ્ધ થાય છે. પાપમાં સફળતા મળે તો હોશિયારીનો પાર માને નહિ. આવો જીવ પોતાનું કે પારકાનું કલ્યાણ કરી શકે નહિ.

પાપનો ડર નીકળી જવાથી આજે માણસ વિશ્વાસપાત્ર રહ્યો નથી. બહુ ભયંકર વાતાવરણ ઘસું છે. પુણ્ય છે માટે ગાડી ચાલે છે, પુણ્ય આબરૂ બચાવી રહ્યું છે. પાપ કરે એટલે દેખતી તો છે જ. પાપ કરનારા ધિક્કા હોય છે. પાપનો સ્વભાવ પડે તેને પાપનો ભય લાગતો નથી. આજે મોટો ભાગ ચોર-ધિક્કો-હરામખોર થઈ ગયો છે.

જેને પાપનો ડર હોય તેનું જ જીવન સંસારમાં પણ સારૂં હોય. મોક્ષની સાચી ઇચ્છા પણ તેને જ જન્મે જેને પાપ ન કરવું હોય તે તો કેવો નિર્ગ્રંથ જીવ હોય ? જેને પાપ જ કરવું હોય તેને બધું જ છૂપાવવું પડે તમારે દુઃખી ન થવું હોય તો પાપ કરતાં અટકી જાવ, પાપ ભીરૂતા કેળવે., અને વડિલની આજ્ઞા મુજબ જીવતા થાવ જેથી ઘણાં પાપોથી બચી જશો. તો જ કલ્યાણ થશે.

ચોરીનો માલ હોય તો તે માલ વગે ન થાય ત્યાં સુધી ચેન ન પડે. કરોડ લાખના હિરા તમારી પાસે હોય પણ તેને વગે ન કરો ત્યાં સુધી ખાવા-પીવાદિમાં રસ નહિ. તો તે હિરા સુખ આપે કે દુઃખ ? ચોરીનો માલ સુખ નથી આપતો વગે થયા પછી પણ જે છાપામાં સમાચાર આવે કે તપાસ ચાલુ છે તો પણ કરોડે ચેન પડતું નથી કેમ કે, તેને ખબર છે કે, જો પકડાયા તો જેલમાં જવું પડે હાથમાં સારો માલ હોવા છતાં મજા નથી આવતી તેમ સમજુ જીવને ચક્રવર્ત્તિ પણાના સુખ મળે છતાં મજા નથી આવતી

તમે લોકો અમારા માટે ઘણો આડંબર કરો છો. તે આડંબરમાં અમે જો મૂંઝાઈએ તો અમારા થ બાર વાગી જાય. તમે લોકો તમારી નામના માટે આડંબર કરો તો લાભ નામનો અને નુકશાનનો પાર નહિ.

અમે તમારા ગામમાં આવીએ અને તમે સામૈયાદિના જે ઠાઠ માઠ કરો. તે એટલા માટે કે, અમારા ધર્મગુરૂ ગામમાં આવ્યા છે. તે વાત બધા ભગવાનની વાણી સાંભળે જેથી જીવનમાં જાગૃતિ આવે. આ સંસાર ભૂંડો લાગે અને મોક્ષની તાલાવેલી જન્મે.

આજે ધર્મ કરનારમાં પણ ધર્મની શ્રદ્ધા નથી પોતાની જાત માટે કશો વિચાર નથી. બધાની ભૂલ દેખાય છે પણ પોતાની ભૂલ દેખાતી નથી. આજની સ્થિતિ ખરાબ છે. આજે બધા ધર્મ કરનારાઓ શાસ્ત્રો આઘા મૂકયા છે. સાધુઓએ પણ તમને ગમે તે જ બોલવાનું રાખ્યું છે. આ કાળમા શાસ્ત્રે કહેલ વાત ચાલે તેમ નથી એમ સૌ માને તેથી જ અમારી વાત કાને પડતી નથી.

આજ સુધીમા અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ થયા તે બધાની ઇચ્છા બધાને મોક્ષે લઇ જવાની હતી. છતા પણ તે બધા આપણને મુકીને મોક્ષે ચાલ્યા ગયા કેમ કે આપણે મોક્ષે જવું જ ન હતું.

તમારી અણસમજ કાઢવા અને તમને સમજ આપવા અમે ગામે ગામ ફરીએ છીએ. છતાં પણ તમે લોકો સમજતા નથી. ભગવાનની વાત સાંભળતા પણ તથી તેનું કારણ તમારે ઘણું રખડવાનું છે. શાસ્ત્ર વાંચે અને શાસ્ત્ર હૈયાને ન અડે તેને પણ રખડવાનું છે. જે જ્ઞાન તારે તેજ જ્ઞાન તેને ડુબાડે. જ્ઞાન પહેલા હૈયામાં ઉતારવાનું અને પછી બીજાને આપવાનું છે.

અમારે સંસાર સાગર તરવો છે. અધર્મથી બચવું છે તે માટે અમારે ભગવાન જોઇએ, ભગવાને કહેલ ધર્મ સમજવા સાધુ જોઇએ અને ધર્મ કરવો તો શી રીતે થાય તે સાધુને પૂછીને જ કરવો જોઇએ. ધર્મના બધા વહિવટ સાધુને પૂછયા વગર થાય નહિ.

પણ તમે લોકો માનો છો કે સાધુને પૈસાની વાતમાં શું ખબર પડે ? શાસ્ત્રે કહ્યું છે કેવહિવટમાં ગરબડ દેખાતી હોય અને સાધુ વચમાં ન પડે તો તે સાધુ સંસાર વધારે છે. આ આજ્ઞા ભગવાને કરી હશે, તે અમે પૈસાની બાબતમાં નહિ સમજતા હોઇએ માટે. પૈસાની બાબમાં તમે સમજો છો ? પૈસો કેવો છે તે તમે જાણો કે અમે ય જાણીએ ?

આજે તમે મંદિર રાખો છો પણ મંદિરનો બચાવ નથી, સાધુ લાવો છો પણ સાધુનો બચાવ નથી. ધર્મક્રિયા કરો છો પણ ધર્મનો બચાવ નથી. મારે તમને દેવ–ગુરૂ–ધર્મનો બચાવ પેદા કરાવવો છે.

અને લોકો ન સુધરે તેનો અજંપો નથી. પણ જે લોકો ધર્મ સાંભળે છે છતાં સમજતા નથી, જીવનમાં ઉતારતા નથી તે ય તેવાને તેવા જ રહે છે તેનો અજંપો છે. આ કાળ જ એવો છે કે ધર્મ કરનારામાં પણ ધર્મ સમજનારા ઓછા છે. અમે તો સમજાવવાની મહેનત કરીએ, જે સારા બને તેનો આનંદ છે, કોઇ ન ય સુધરે તો અમે નિરાશ થતા નથી.

: સુખ પુણ્યથી જ. હોંશિયારીથી નહિ જ :

દુનિયાનું સુખ પુણ્યથી જ મળે. બાકી પુણ્ય ન હોય તો અમે તેટલી મહેનત કરો તો પણ ન જ મળે આજે તમે જોશો તો ય આ વાત સમજાશે કે–બેવકુફ શેઠ છે અને બુદ્ધિમાન નોકર છે. બુદ્ધિથી સુખ નથી મળતું પણ પુણ્યથી જ મળે છે. બુધ્ધિમાનોને મૂરખાઓના હુકમ પાળવા પડે છે. મૂરખા શેઠ કહે તેમ બોલવું પડે છે. તેથી જ આજે પગારદાર પ્રચારકો મળી રહે છે. હિંસક લોકો અહિંસાનો જૂઠ્ઠા–ચોર લોકો શાહુકારીનો, બદમાશ લોકો શીલનો

પ્રચાર કરે છે પણ તેને કાંઇ લાગેવળગે નહિ. માટે તમે લોકો સમજો કે તમારી લોંચિયારીથી તમે સુખી નથી પણ ભૂતકાળના પુણ્યથી સુખી છો. અને આ સુખ, તમે અજ્ઞાન રહેશો તો નરક-તિર્યંચમાં જ લઈ જશે. માટે તમે શાણા થઈને આ વાત સમજો કે-

તમારે દુઃખ નથી જોઈતું છતાં વારંવાર દુઃખ શાથી આવે છે? સુખ બધું જ જોઇએ છે છતાં મળતું કેમ નથી? તમારી જે કાર્યવાહી છે તેથી તમને સુખ મળે એમ માનો છો? તમે લોકો જે રસ્તે છો, જે ઠરસો કરો છો તેથી દુર્ગતિમાં જ જશો આ સંદેશ આપવા અમે ગામોગામ ફરીએ છીએ.

સુખીને કહેવું છે કે, સુખમાં મજા કરો છો તેથી બળાત્કારે દુર્ગતિમાં જ જવું પડશે કાલના શેઠ આજે ગરીબ છે. કાલના સાહેબોને આજે બીજાની ગુલામી કરવી પડે છે. તમારા ચમન-ચમન પુણ્ય છે ત્યાં સુધી જ છે. અહી પણ પુણ્ય પુરૂં થયું તો કોઇ ભાવ નહિ પૂછે. આ વાત તમારા મગજમાં ઉતરે અને તમને દુર્ગતિનો ભય લાગે તો તમે સમજો તેમ છો. બાકી તમે ધર્મ સમજો તેવી જાત નથી. આજે તો તમને સમજાવનાર મળે તો પણ સમજવું નથી. પુણ્ય પુરૂં થાય તે પહેલાં સાવચેત થઈ જાવ, પાપ છોડો અને ડાહ્યા થાવ તો જ કાર્ય સિદ્ધિ થાય. આ વાત માથામાં નહિ ઉતરે તો કાર્ય સિધ્ધિ થશે નહિ અને અહીથી દુર્ગતિમાં જવું પડશે.

શાસન સમાચાર

કાલકેશ્વર ચંદનબાળા જૈન ઉપાશ્રયમાં પુસ્તક વિમોચનનો ભવ્ય સમારોહ

જૈનશાસનના જગપ્રસિદ્ધ જ્યોતિર્ધર પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય પૂજ્યમુનિશ્રી મોક્ષરતિવિજયજી મ. સાહેબે લખેલા પુસ્તક 'શબ્દ કહું બસ એક પરમપદ'નું વિમોચન શેઠ શ્રી મંગલદાસ માનચંદ શાહના શ્રી હસ્તે નૂતન વર્ષના મંગલ પ્રભાતે મંગલાચરણ બાદ સંપન્ન થયું હતું. શ્રી જિન-મંદિર-ઉપાશ્રય-સંઘયાત્રા-ઉપધાન આદિ બહુવિધ સત્કાર્યો કરનાર શ્રી મંગલદાસભાઇએ જ્યારે પુસ્તક વિમોચન કર્યું ત્યારે ઉપસ્થિત ચિકકાર મેદનીએ જૈનમ્ જયતિ શાસનમ્નો નાદ ગજાવ્યો હતો.

પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજીએ સમસ્તશાસ્ત્રોના અર્કરૂપે જણાવેલા બધુ મથહુર વાકયો "છોડવા જેવો સંસાર, લેવા જેવું સંયમ અને મેળવવા જેવો મોક્ષ" આ પુસ્તકમાં વિસ્તારથી સમજાવવામાં આવ્યાં છે. તાત્વિક વિષય અને રચાળ છતાં સરળ શૈલી આ પુસ્તકનાં ઉજળાં પાસાં છે.

જગદ્ગુરૂ પૂ. આ. ભ. શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજના ૧૦૦મી સ્વર્ગારોહણ વર્ષમાં ઉજવાયેલ આ ઐતિહાસિક પ્રસંગ સૌને માટે આનંદવર્ધક અને ચિરસ્મણીય બની રહેશે.

અઠ્ઠાણુમી ચૌવિહારી એકદત્તી ઓળી પારણા ઉત્સવ

જામનગર–જૈન પાઠશાળામાં આચાર્ય વિજય વારિષેણસૂરિજી, પં. શ્રી વિનયસેન વિ., મુનિ વજ્રસેન વિ., મુનિ વલ્લભસેન વિ., મુનિ વિરાગસેન વિ.ની નિશ્રામાં ચાતુર્માસ આરાધના ભવ્ય રીતે ઉજવાઈ રહ્યા છે. પૂ. આચાર્યશ્રીએ ૩૬ વર્ષમાં આઠ હજાર બસો આયંબિલની આરાધના કરેલ છે જેમાં એકદત્તી આયંબિલ ૪૦૦૦ ઠામ ચૌવીહારી ૫૦૦૦, અખંડ ૫૦૦–૨૫૦–૧૩૦–૧૨૦, એકાંતરા પાંચ હજાર, નવપદ ઓળી ૪૪ વર્ધમાનતપની ૯૮ મી ઓળી, એકાસણા ૩૦૦૦ બેસણા, ૨ હજાર ઉપવાસ ૩૦૦ ની આરાધના તપ જપ મૌનની સાધના પૂર્વક કરેલ છે.

૯૮ ની ઓળીના પારણાનો ઉત્સવ સમૂહ વર્ધમાન તપ જપ, ઓળીઓ, નવપદ ઓળીની આરાધના સાથે ૧૭–૧૦–૯૬ થી ૨૭–૧૦–૯૬ સુધી સિધ્ધચક્રપૂજન ૧૮ અભિષેક પૂજનો સાથે ભવ્ય રીતે ઉજવાશે. રોજ ભકતામર પાઠ પૂજનો સાંજી વિગેરે થશે. સુદ ૧૪ થી ઉપધાન તપનો પ્રારંભ સ્વ. અ. સૌ. લાભુબેન હરકિશનદાસના શ્રેયાર્થે પોપટલાલ હેમચંદ પરિવાર તરફથી પ્રારંભ થશે. તથા સમૂહ ૧૦૦૮ આયંબિલ તપ વિશિષ્ટ બહુમાનપૂર્વક થશે. પૂ.શ્રીનો પારણાનો વરઘોડો ૨૭–૧૦–૯૬ ના સવારે નવ વાગે નીકળશે. સંઘમાં માસખમણ આદિ અનેક તપસ્યાઓ થવા પામેલ છે. નેમીમાથ અઠમો ભકતામર તપ રવિવારીય પ્રવચનો એકાસણાની આરાધના અરિહંતવંદના વળી સામાયિક, પૌષધ તથા અખંડ જપ સાથે ચાલુ છે. ભાવિકો ઉત્સાહથી આરાધના કરે છે.

શિવગંજ બે આચાર્યોની સ્વર્ગતિથિ ઉજવાઇ

પ. પૂ. પ્રવચન પ્રભાવક ગણિવર્યશ્રી દર્શનરત્નવિજયજી મ. તથા પ. પૂ. સરલ સ્વભાવી, પર્યાયવૃધ્ધ મુનિરાજશ્રી ખેમંકરવિજયજી મ.ની શુભનિશ્રામાં ભાદરવા વદ ૧૪ દિ. ૧૧–૧૦–૯૬ ની પ. પૂ. સંઘસ્થવિર આ. દેવશ્રી વિજયસિધ્ધિ સૂ. મ.ની સ્વર્ગતિથિ પોરવાલ જૈન સંઘના ઉપાશ્રયમાં ઉજવાઈ. પૂ. ગણિવર્ય શ્રી પૂ. પર્યાયવૃધ્ધ ખેમંકરવિ. મ. આદિએ ગુણાનુવાદ કરેલ. તથા વીરચંદજી હજારીમલજી વાસણવાળા તરફથી ઓસવાલ શ્રી સંઘને શ્રી સિધ્ધાચલજીનો પટ અર્પણ કરેલ. આજે ઢાંતરાઇવાલા બે ભાગ્યશાળીઓ તરફથી (સા. તપોરક્ષિતાશ્રીજી, સા. જિનરક્ષિતાશ્રીજીના સંસારી સગાઓ) તરફથી ૨ સંઘપૂજન થયેલ.

આસો સુદ ૧ દિ. ૧૩–૧૦–૯૬ ના દિવસે પ. પૂ. ગણિવર્યશ્રી તથા પર્યાયવૃધ્ધ

પ. પૂ. ખેમંકર વિ. મ. આદિ વાજતે ગાજતે શ્રી સંઘ સાથે શાહ વીરચંદજી હજારીમલજીના ઘેર પધારેલ ત્યાં મંગલ પ્રવચન થયેલ. ત્યાર પછી બજારમાં, ગામમાં ફરતો શ્રી સંઘ પીપલીવાલા ઉપાશ્રયે પધારેલ. ત્યાં માતુશ્રી તુલસીદેવીના સ્મરણાર્થે દિનેશકુમાર શ્રી વીરચંદજી હજારીમલજી પરિવારે અર્પણ કરેલ શ્રી સિદ્ધાચલજીના પટ સામે પ ચૈત્યવંદન થયેલ. ત્યારપછી પ.પૂ. ગાંભીર્યાદિગુણોપિતે આ.ભ. શ્રી મેઘ સૂ. મ.ના ઉપરોકત ભગવંતોએ ગુણાનુવાદ કરેલ. પછી જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી ૬ સંઘપૂજન થયેલ.

લંડન--અત્રેથી શ્રીમતી રમાબેન લાલજી હેમરાજ ચંગાવાળા તરફથી જામનગર તથા શ્રી દેવકુંવરબેન વેલજી શાહ તરફથી ઓસવાળ કોલોનીમાં પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ના સ્વર્ગારોહણ તિથિના ૧૮ દિવસ ચાલેલા ઉત્સવમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ મ.ની નિશ્રામાં ઠાઠથી બે પૂજાઓ ભણાવી હતી. સ્ટીલના પ્યાલા તથા બીસ્કીટના મોટા પડિકાની પ્રભાવના થઇ તથા બંને દિવસ પ્રભુજીને ભારે અંગ રચના થઇ હતી શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળે ધૂમ જમાવી હતી અને ખુશી ભેટ સારી આપી હતી ખૂબ લાભ લેવાયો હતો. ભાઇશ્રી જવેરચંદ લાધાભાઇ (મિતલવાળા)એ આ બધી વ્યવસ્થા ખંતથી સંભાળી હતી.

જામનગર-ઓસવાળ કોલોનીમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. ના ચાતુર્માસથી સારી જાગૃતિ આવી છે. દાનાદિ કુલ સંગ્રહનું વાંચન થતું હતું. પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ની પાંચમી સ્વર્ગારોહણ તિથિ નિમીતે ૧૮ દિવસનો ઉત્સવ ઉજવાયો હતો વિવિધ તપસ્યા આદિ નિમિતે અનેક ઘરે પ્રવચનો વિગેરે ૧૫ દિવસ સુધી ચાલ્યા હતા અને ગુરુ પૂજનમાં ૨૫ હજાર ઉપરની આવક થઇ હતી પ્રવચનમાં અને પૂજાઓમાં સારી સંખ્યા રહેતી હતી, પર્યુષણની ઉપજ ૬૦ હજારમાંથી આ સાલ બે લાખ ઉપર પહોંચી હતી.

કામદાર કોલોનીમાં પર્યુષણ વાંચન પૂ. મુ. શ્રી હેમેન્દ્રવિજયજી મ. તથા મુ. શ્રી અવિચલેન્દ્રવિજયજી મ.એ કર્યું હતું, ત્યાં ઉત્સાહ ઉપજ વિગેરે સારા થયા હતા.

કોર્સલાવ-અત્રે પૂ. આ. શ્રી વિજય સુશીલસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ. મુ. જિનોત્તમવિજયજી મ. ને માગસર વદ ૨ ના ઉપાધ્યાય પદ અપાશે.

શામળીયારી-અત્રે પૂ. આત્મારામજી મ. ની મૂર્તિ છે, પૂ. હંસવિજયજી મ.નો અત્રે જબર ઉપકાર હતો અને તેમના ઉપદેશથી અત્રે પૂ. આત્મારામજી મ. ની પ્રતિષ્ઠા થયેલ છે.

P. P. Am Kailassagarsur Gyanmandir
Shri Jain Shasan (Ashtahnik)
Mahavir Jain Aradhana Trust
Reg No. G. SEN 84

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- ગરીની એ કાંઇ ખરાબ ચીજ નથી, ગરીબી એ કાંઇ કલંક નથી, તેમ અન્યાયવાળી શ્રીમંતાઇ પણ ભૂષણ નથી, પરન્તુ અન્યાયવાળી શ્રીમંતાઇ તો મહાદૂષણ છે. તે મહાદૂષણવાળાના આજે માનપાનાદિ થાય છે તે આ સમાજનું મોટામાં મોટું કલંક છે. ગૃહસ્થ જેમ અનીતિ સંપન્ન નથી હોતો પણ નીતિસંપન્ન હોય છે તેમ કોઇના ખોટા ગુણગાન ગાવા 'ભાટ' નથી હોતો અને કોઇને ગાળ દેવા 'ભાંડ' નથી હોતો. જેમ ગમે તેવા લાયક વિનાના ગુણ ગાવાનું પસંદ નથી તેમ કોઇની ય નિંદા કરવી પસંદ નથી.

- પ્રમાદ એ ભાવધર્મનો વૈરી છે. પ્રમાદ સાચો ભાવ પેદા થવા દે નહિ ભાવ વગરના દાન-શીલ-તપ નકામા કહ્યા છે. નકામા એટલે મોક્ષના સાધક નહિ પણ સંસારમાં રખડાવનારા !

- જગત અને નવપદ બે ય સામ સામે છે. જગત અને નવપદ બંન્ને ય પરસ્પરના વિરોધી છે. જગત ગમે તેને નવપદ ન ગમે અને ખરેખર સાચા ભાવે નવપદ ગમે તેને જગત ન ગમે. પછી તે કોઇપણ કામ કરે તે ધર્મરૂપ બને. દાનાદિ કરે તો તે ધર્મ બને પણ સંસાર કરતો હોય તે ય ધર્મરૂપ બને, કર્મ ખપાવવા જ કહે.

- ભગવાનનું શાસન જે યથાર્થ ભણે- જાણે, તે પોતાની જાતને ભૂલી જાય છે. શાસનને જ પ્રધાન માને છે, સુખની કિંમત હોતી નથી, દુઃખની ગભરામણ હોતી નથી. તેના મન-વચન અને કાયાના યોગ ભગવાનના શાસનને જ સમર્પિત હોય છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ સીટી (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૯ | અંક ૧૫

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

—: મણકો :

આયરઇ જઇ અકજ્જં
અન્નો કિં તસ્ત તજ્જ ચિંતાએ ।
અપ્પાણમેવ ધિતસુ
અજ્જવિ વસમં ભવદુહાણું ।।

હે આત્મન ! બીજો આદમી અકાર્ય કરે તો તેની ચિંતા તારે શું ? તારી ચિંતાથી તે અકાર્યથી ઓછો અટકવાનો છે ? માટે તું તારી પોતાની જ ચિંતા કર કે, હજી સુધી આ ભવદુઃખમાં વસી રહ્યો છું તો તારે તેનાથી કયારે મુકત થવું ?

卐

❋ પ્રેરણામૃત સંચય ❋

સંગ્રા – પ્રજ્ઞાંગ

---

૦ સાધુ થયા પછી ય અમને જગતની કોઈપણ સારામાં સારી ચીજની ઇચ્છા થાય તે પાપાનુબંધી પુણ્ય છે કેમકે તે તે અવિરતિ છે. સર્વવિરતિના પચ્ચક્ખાણ પછી અવિરતિને પોષવી તે ગાઢ ચારિત્ર મોહનીયનો ઉદય છે.

૦ પુણ્યયોગે મળેલ પાંચ ઇન્દ્રિયોનો દુરૂપયોગ કરશો તો અહીંથી મર્યા પછી એકેન્દ્રિય તૈયાર છે. ત્યાં અનંતોકાળ બજેથી નીકળી શકશો. જવું છે ? માટે જ ભગવાનની આજ્ઞા આશ્રવને છોડવાની છે. આશ્રવમાં પહેલો ભેદ પાંચ ઇન્દ્રિયનો છે. જેની ઇન્દ્રિયો હાથમાં ન હોય તેના કષાયો જોરદાર હોય. ઇન્દ્રિયો–કષાયો જોગા થઇને અવ્રતને લઇ આવે. પાંચ અવ્રત વિના ઘર મંડાય નહિ, ચલાવાય પણ નહિ. તે ત્રણ જોગા થાય તો મન–વચન–કાયાના યોગોને એવા દોડાવે કે સંસારના દરિયામાં નાંખી આવે. તમારે દુર્ગતિમાં જવું છે કે સદ્ગતિમાં જવું છે ? દુર્ગતિમાં દુઃખ નથી વેઠાતું માટે નથી જવું કે ભગવાનનો ધર્મ ન મળી શકે માટે નથી જવું ? સદ્ગતિમાં સુખ મેળવવા જવું છે કે ધર્મ મળી શકે માટે જવું છે ?

૦ ભણેલા એટલે સારા જ હોય તેમ કહ્યું કોને ? આજે તો ભણેલ અભણને ય વટાવી જાય તેવા હોય છે. જે ભગવાનની, ભગવાનના શાસનના માર્ગે ચાલનાર **સદ્ગુરૂની અને શાસ્ત્રની આજ્ઞાને નિરંતર જોયા કરે તે અભણ હોય તો સારો અને આવો ન હોય તે ભણેલો હોય તો પણ ભૂંડો.** ઘણા એવા પાકયા છે કે શાસ્ત્ર ભણી, ખોટા કુતર્કો કરી શ્રદ્ધાનાશ કરી શ્રદ્ધાહીન બની ગયા.

એટલે જ આજે 'સર્વધર્મ સમ અને મમ' ની વાતો ચાલે છે. 'હું જૈન છું' તેમ કહેવરાવવામાં સંકોચ થાય છે. બધાના સરખા માનનારી જમાત પેદા થઇ છે તે ય ધર્મમાં પણ ઘર કે પેઢીમાં નહી ! **અમે ભણતરના વિરોધિ નથી, પણ ભણતરના પક્ષપાતી છીએ. ભણતર હોય તે ખોટું નથી. પણ જે ભણતર આત્માને ઊંચે માર્ગે ચઢાવે તે ભણતર જોઇતું નથી.**

શાસ્ત્રો પણ કેમ વાંચવાના ? પોતાની જાતને સુધરવા માટે જે લોકો પોતાની જાતને સુધારવા ન માંગે તે બીજાને સુધારી શકે નહિ. બીજા પોતાની યોગ્યતાથી સુધરે તે વાત જુદી !

૦ જો તમે કે અમે આપણી મરજી મુજબ, ઇચ્છા મુજબ, ભગવાનની આજ્ઞાનો ખ્યાલ રાખ્યા વિના ધર્મ કરીએ તો કાંઇ કલ્યાણ થવાનું નથી ધર્મ સ્વમતિએ કરવાની મના કરી છે, ધર્મ શાસ્ત્રમતિએ જ થાય. વેપાર બજાર જોઇને થાય કે સ્વમતિથી ?

(અનું. ટાઇટલ ૩ ઉપર)

કલિકાલકલ્પતરુ પૂ. આચાર્યશ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ ધાર્મિક ધાર્મિક અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
ચુનીલાલ વીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ પદમશી મુઢકટ (ચાણસ્મા)

વર્ષ : ૯] ૨૦૫૩ કારતક વદ-૮ મંગળવાર તા. ૩-૧૨-૯૬ [અંક : ૧૫

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસુરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૫ મંગળવાર તા. ૧૫-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રવચન ૧૩ મું) -અવ૦

સંસારનું સુખ મેળવવા માટે પણ પાપ કરવું પડે છે. સંસારનું સુખ પાપ વિના મળે ? સંસારના સુખની ઇચ્છા પણ પાપના ઉદયથી જ થાય. તે સુખ મેળવવાનું મન પણ પાપના ઉદયથી થાય. તે સુખ મળે તે પુણ્યોદયથી પણ ગમે તે પાપના ઉદયથી, તે ભોગવાય પુણ્યથી પણ ભોગવવામાં મઝા આવે તે પાપના ઉદયથી. આમ આ આખો સંસાર પાપથી જ ઘેરાયેલો છે. તેનું સુખ ખુદ પાપરૂપ છે. સંસારના સુખની ઇચ્છા કોને થાય ? અવિરતિ નામના પાપનો ઉદય હોય તેને.

મિથ્યાત્વ, અવિરતિ અને કષાય આ ત્રણને શાસ્ત્રે મોટામાં મોટાં પાપ કહ્યાં છે. મારે બધી અનુકુળતા જોઇએ અને એક પણ પ્રતિકુળતા ન જોઇએ આવો વિચાર કરાવનાર અવિરતિ નામનું પાપ છે. બધી ધારી અનુકુળતા મળે તે ગમે, તે ગમે તેનું દુઃખ પણ ન થાય તે મિથ્યાત્વ નામનું પાપ છે. અવિરતિ ગમે તેને લોભ કેટલો હોય ! લોભ હોય એટલે આશાની જરૂર પડે. લોભમાં સફળતા મળે તો 'હું કાંઇક છું' તેમ માન આવ્યા વિના ન રહે. પછી તેને કોઇ સાચી વાત કહે તો પણ ગુસ્સો આવે

માટે આ મિથ્યાત્વ અવિરતિ અને કષાય એ ત્રણે મહાપાપ છે. તે ત્રણને આધીન બનેલા મન-વચન અને કાયાના યોગો પણ પાપરૂપ છે. તેને લઇને તેની ઇચ્છાથી ધર્મ કરનારા ધર્મ કરી કરીને પણ પાપ જ કરે છે.

ધર્મ શા માટે કરવાનો છે ? આ આખો સંસાર છૂટે સંસારનું સુખ છૂટે ઘર-બાર કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિ છુટે અને વહેલામાં વહેલો મોક્ષ મળે તે માટે. તે માટે ધર્મ કરનારા કેટલા મળે ? ઘર-બાર, કુટુંબ-પરિવાર, પેઢી, પૈસા-ટકાદિ પાપ કરાવનાર છે માટે પાપરૂપ છે. ઘર-બારાદિ પરિગ્રહ છે ને ? તે પાપ છે કે પુણ્ય છે ? પાંચમે પરિગ્રહ બોલો ને ? તો તે પરિગ્રહ વધારવાની ઇચ્છાથી ધર્મ થાય ? તમે અઢાર પાપ જાણો છો ?

સભા૦ રોજ બોલીએ છીએ.

ઉ૦ રોજ બોલો છો અને રોજ એ બધાં પાપ મઝેથી કરો છો ?

જે આદમી પાપને જાણતો હોય, પાપથી દુઃખ જ આવે તેની ખબર હોય તે આદમી મઝેથી પાપ કરે ? આજે કરોડપતિ પણ પેઢી ઉપર પ્રેમથી જાય છે, ટાઈમસર જાય છે. બધા જ ટાઇમ સાચવે છે. તેમ તમે ધર્મ ટાઇમસર કરો ? શ્રાવકે કયારે કયારે પૂજા કરવી જોઇએ તે ખબર છે ? શ્રાવક પ્રાતઃકાળની પૂજા વિના મોંમા પાણી પણ ન મૂકે મધ્યાહ્નકાળની પૂજા વિના સંધેલી રસોઇ ન જમે અને સંધ્યા કાળની પૂજા વિના સૂઇ ન જાય. આ ત્રિકાળ પૂજા આજે દેખાય છે ? સુખી પણ કેમ નથી કરતા ? અસલ તો સુખીના ઘરમાં મંદિર જ જોઇએ આજે સુખીના ઘરમાં બધું જ હોય માત્ર ભગવાનનું મંદિર ન હોય. આજે સુખીના ઘરમાં ભગવાન હોય ? ધર્મ કરવા અલગ વ્યવસ્થા હોય ? આજનો સુખી પણ સંસાર સારો રહે, પૈસા-ટકા વધે તેની જ ચિંતાવાળો છે ને ? તેને પૂછો કે- ભગવાનની પૂજા શા માટે કરે છે ? ઘર પેઢી પૈસા-ટકાદિ પરિગ્રહથી છુટવા માટે કરું છું તેમ કહે ? રોજ વ્યાખ્યાન સાંભળો છો ને ? ઘર કેવું લાગે છે ? પાપ છે તેમ લાગે છે ? પેઢી પાપ છે તેમ લાગે છે ? પૈસા-ટકાદિ પાપ છે તેમ લાગે છે ? તમને કોઇ પૂછે કે- રોજ વ્યાખ્યાન સાંભળો છો તો ઘર કેમ છોડતા નથી ? ઘરમાં કેમ રહ્યા છો તો શું કહો ? આજે તો આવું પૂછનાર પણ કોઇ નથી. આજે તો મોટો ભાગ માને કે અમે ધર્મ કરીએ એટલે અમને ગમે તેમ કરવાની છુટ. આજનો ધર્મ કરનારો વર્ગ મરતા સુધી મઝેથી વેપાર કરે, મઝેથી ઘરમાં રહે. જ્યારે મરે ત્યારે તેને બાંધીને બહાર કાઢે ત્યારે જાય ! મડદાને

બહાર કાઢો તો મોં કઈ તરફ હોય ? મડદાનું મોં ઘરની સામે હોય ? મોં ઘરની સામે નથી રાખતા કેમકે લોક માને કે મડદાનું મોં ઘર તરફ રાખીએ તો તે પાછો આવ્યા વિના રહે નહિ. તે ઘર મઝેથી મૂકીને નથી ગયો પણ મૂકવું પડયું માટે મૂકીને ગયો છે. આજે મરતી વખતે ઘર મઝેથી છોડે. મરવાની વાત આવે અને આનંદમાં આવે તેવા કેટલા મળે ?

'હું સાધુ ન થયો તે ભૂલ કરી. ઘરમાં મરવું પડે છે તે ખોટું છે' તેવી રીતે દુઃખથી મરે તેવા કેટલાં મળે ? શ્રાવક પણ મઝેથી મરે 'મારૂં ઘર, મારૂં કુટુંબ મારી પેઢી, મારા પૈસા' કરતા કરતા ન મરે. શ્રાવક મરતી વખતે છોકરા છોકરીને કહી જાય કે– 'હું સાધુ ન થયો તે ભૂલ કરી તમે આવી ભૂલ ન કરતાં' તમારા ઘરમાં આવું જોવા મળે ?

શ્રી ઋષભદેવસ્વામિ ભગવાનથી શ્રી અજિતનાથ સ્વામિ ભગવાન થયા ત્યાં સુધી પચાસ લાખ ક્રોડ સાગરોપમ કાળ ગયો. તે અસંખ્યાતા કાળમાં અસંખ્યતા રાજાઓ થયા તેમાંનો એક રાજા એવો નથી થયો જે સાધુ થયા વિના મોક્ષે ન હોય ! સાધુ થયા પછી તેમની કાં મોક્ષ કાં સર્વાર્થસિદ્ધ વિના બીજી ગતિ થઇ નથી. આ ખબર છે તમારી પરંપરા કેવી છે ? તમને પણ સાધુ થવાનું મન છે ? ભગવાનનાં દર્શન–પૂજન કરે, સાધુની સેવા કરે, વ્યાખ્યાન સાંભળે તેને આ બધું છોડવા જેવું ન લાગે તે ત્રણ કાળમાં ય બને ખરૂં ? ખરેખર ભણેલા કોણ કહેવાય ? બે ને બે પાંચ, બેને બે ત્રણ કહે તે કે બે ને બે ચાર કહે તે ? તેમ તમારા જેવા સમજુને પૂછીએ કે– ઘર કેવું છે ? ઘરમાં કેમ બેઠા છો તો શું કહો ? 'મને પૈસા મળ્યા તો હું ભોગવું, લહેર કરૂં તેમાં તારા બાપનું શું જાય' તેમ કહો ? જે જીવ ઘર છોડવા જેવું માને નહિ, પેઢી છોડવા જેવી માને નહિ તે સમકિતી નહિ પણ મિથ્યાદૃષ્ટિ છે.

તમારામાં સમકિત છે ? તમને ઘર છોડવા જેવું લાગે છે કે રહેવા જેવું લાગે છે ? ઘરમાં પાપના ઉદયથી રહેવાય કે પુણ્યના ઉદયથી રહેવાય ? ઘર મળે પુણ્યથી પણ ઘરમાં રહેવું તે પાપોદયથી આ સમજો છો ? જેને ઘર છોડવાનું મન ન થાય તે ભગવાનનો ભગત નહિ, ધર્મ ભગત નહિ. તે માત્ર પૈસાનો અને પૈસાથી મળતાં સુખનો ભગત છે ! તમે જે રીતે પૈસાની સેવા કરો છો, તે માટે જે કષ્ટ વેઠો છો તે બીજા કોઈ મા ટે નથી વેઠતા પૈસા માટે સગા છોકરાને કાઢી મૂકો છો. પૈસા માટે સગો દિકરો મામુ પૂન કરે છે, બાપનું ખૂન કરે છે. આવા બનાવો આ સંસારમાં ઘણા બને છે તો પણ તમને હજી આ સંસાર ભૂંડો લાગ્યો છે કે નહિ ? (ક્રમશઃ)

સટોરીયાને શિખામણ.

સુણ ચતુરસુજાણ, પરનારીશું પ્રીત કણ નવ કીજીએ–એ રાગ.

સુણ સટોરીઆ, સટ્ટાના ફુસંગે બટ્ટો લાગશે,
તજ ટેવ બુરી, આવળીયો વાવ્યાથી સૂળો વાગશે. ટેક
એ ધંધો પાપી પાકો છે, જુગાર તણો પણ કાકો છે;
ફોકટ ફાંફાંનો ફાકો છે, સુણ સટોરીયા. ૧
છે દ્વાર દુરાચારી જનનું, ભક્ષણ કરતું કીરતી ધનનું;
રક્ષણ નવ રે'તુ તનમનનું, સુણ સટોરીયા; ૨
ભડેવાર નથી જગમાં એનો, વિશ્વાસ ન કોઇ કરે તે'નો;
ચિંતાતુર રે, જીવડો જેનો, સુણ સટોરીયા; ૩
બાંધી પેટીને ભેટાનો, ધંધો એ મોટા ટોટાનો;
રસ્તો છે ઠારી હોટાનો સુણ સટોરીયા; ૪
સજ્જન કેરા સંગ નથી કરતુ, ચગડોળ સમુ મન રે' ફરતું
મળતા સંગી ત્યાં મન ઠરતુ, સુણ સટોરીયા. ૫
એ વગર મે'નતના ધંધાથી નાસજ થયા લક્ષાધિપતિ;
મહેનાને બાપણ મળતું નથી, સુણ સટોરીયા; ૬
પળમાં ધનવાન બને તું તો, પળ એક પછી આંસુ લુતો;
ઢીલા લમણે દેઇયો સૂતો, સુણ સટોરીયા. ૭
મીઠો એ મારગ લાગ્યાથી, બકરીસમ બનીયા બહુ હાથી
ભીખ માગીને ભાગ્યા ત્યાંથી, સુણ સટોરીયા ૮
ઘરબાર ઘરેણાંને મેલી, બત લખી આપે જુગટુ ખેલી;
બૈરી બાળકનો કુણ બેલી, સુણ સટોરીયા; ૯
વ્યસનો વધશે એથી ઝાઝા, નિજ કુળતણી ઘટશે માઝા;
ફીટકાર તણા વાગે વાજાં, સુણ સટોરીયા ૧૦
છે સટ્ટામાંહે પાપ અતી મૃત્યુથી પામે માઠી ગતી;
નરકાદિક પણ સંધરતું નથી, સુણ સટોરીયા. ૧૧
છે વિવેક ધંધાઓ બહુએ, કરી મે'નતને રળતા સહુએ;
હિતકારક છે તુજને કહુ એ, સુણ સટોરીયા. ૧૨
કેશવ શીખ ઉર ધરજે સારી, તજ સટ્ટાને શત્રુ ધારી;
હારી બેઠા કેઇ જખમારી, સુણ સટોરીયા. ૧૩

—: સમ્યગ્જ્ઞાનની સર્વશ્રેષ્ઠતા :—

– વર્ધમાનતપોનિધિ પૂ. આ. દે. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મહારાજ

જ્ઞાન તો તેને કહેવાય, જે જ્ઞાન દ્વારા આત્માના સ્વભાવનું જ્ઞાન થાય પરમાત્મા પ્રત્યેના ભાવ પ્રગટે તેજ સાચું જ્ઞાન છે. બાકી બુધ્ધિનું અંધપણું છે. આ વાત પતંજલી મહર્ષી અને ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કરે છે. મિથ્યાજ્ઞાન આત્માને ભૂલાવે. સમ્યગ જ્ઞાન સદા જાગૃત રાખે.

તો પ્રશ્ન થાય છે કે અજ્ઞાન જ્ઞાન હોય જે અજ્ઞાન દુર્ગતિમાં નાખે છે તે અજ્ઞાન છાપા છુપીની આશાતના તો ન ગણાયને ?

જેમ કોઇ વસ્તુનો વ્યક્તિનો રાગ ન કરાય તેમ દ્વેષ પણ ન કરાય. તેવી રીતે જ્ઞાનની આશાતના પછી તે સમ્યગ્જ્ઞાન હોય કે મિથ્યાજ્ઞાન આશાતના કે તેના ઉપર કષાય ન કરી શકાય જડ ઉપરનો દ્વેષ કે કષાય જીવ ઉપર કયારે કષાય કરાવે તે ન કહી શકાય. સૂક્ષ્મ બુધ્ધિ વગર બધુ ન સમજાય.

કેમ કે સમ્યગજ્ઞાનની જે લીપી છે જે અક્ષરો છે તે મિથ્યા જ્ઞાનના આધાર છે. ઠેકાણે નાના મોટા હોંશે હોંશે કોરે છે ? કેવા કર્મ બંધાતા હશે.

સારી વસ્તુને કોઇ ખરાબ રીતે ઉપયોગ કરે તેથી સારી વસ્તુ ખરાબ થઇ શકતી નથી. તેવી રીતે જે જ્ઞાન પરમાત્મા ભાવ પ્રાપ્ત કરાવે તે જ્ઞાન જો કોઇ અજ્ઞાનમાં ઉપયોગ કરે તેથી તેની અનાદેયતા થઇ શકતી નથી. કોઇ સંબધી ઉપકારીને કોઇ કારણસર સારા માટે ઓપરેશન કરીને પીડા કરે તેથી આપણે તેને પીડા કરીએ તો શું વાંધો ? એવો પ્રશ્ન અજ્ઞાન છાપાની અશાતના કરવાથી પાપ ન લાગે તેના જેવો છે.

ઓઠા મોઢે બોલવાથી જ્ઞાનની જઘંકર આશાતના છે શબ્દો ઓંઠા મોઢે બોલેવાથી જીભ કયારે અચકાઇ જાય તે ન કહેવાય, લુછણીયા ઉપર અથર રસ્તામાં ચાલતી વખતે લપાઇ આવે ત્યારે તેના ઉપર પગ મુકીને ચાલવાથી કયારે લુલાપણુ મળે છે. કપડા આદિમાં જ્ઞાન અક્ષર વાળા તથા પ્રાણીના ચિત્રોવાળા કપડા પહેરવાથી પેટની વ્યાધિ આદિ શરીરના રોગો થાય છે.

એમાં શું વાંધો એતો બધુ એમ જ ચાલે ? આજ જમાનામાં કયાં ધ્યાન રાખીએ ? આવું બોલનારને એવા ભવો મળે છે જયાં જીભ નથી મળતી પશુના ભવમાં

કદાચ જીભ મળે તો બોલવાની શક્તિ મળતી નથી. માનવ ભવમાં પણ જન્મથી અંત સુધી મુંગા બોબડાપણું મળી શકે છે. કદાચ બોલવાની શક્તિ મળી હોય તો શબ્દોના ઉચ્ચાર પણ ન કરી શકે પુસ્તક આદિ જ્ઞાનના સાધનો પછાડવાથી કુંઠાપણું મળે છે. જ્ઞાનને બાળવાથી આંધળાપણું આદિ મળે છે જુઠું બોલવાથી પણ જ્ઞાનની આશાતના થાય છે. બોલવાની શક્તિનો સદુપયોગ અનેક જીવોને ધર્મ માર્ગ જોડવામાં થઈ શકે છે દેવગુરૂ ધર્મના ગુણગાન ગાવામાં થઇ શકે છે. તેનાથી વિપરીત ઉપયોગ કર્મ બંધનું કારણ બની શકે છે.

બળેલી વસ્તુમાં કવા ખાવા આદિ વસ્તુનો ઉપયોગ ન કરાય. તેવી રીતે ગુરુના કપડા આસન ઉપર પણ પગ ન મૂકાય. તેમ જ્ઞાનનું પ્રતિક જ્ઞાન ઉપર અશાતના કરવાથી પાપ બંધાય તે વાત શંકા વિનાની છે. જ્ઞાનની મૂર્તિ જ્ઞાનની લીપી છે.

મોઢાનું થુંક, કાગળ ઉપર લગાડાય નહિ નોટોની થપ્પીઓ ગણતાં થુંક લગાડાય નહિ, બીસામાં કાગળ, હાથમાં ઘડિયાળ, વિગેરે લઇ જઇ બાડો–પેશાબ જવાય છે બધા કરે છે એટલે એ પાપ નથી તેવું માનવું તે આંખ અને હૈયાનો આંધાપો સુથવે છે. પોતાની ભુલ સુધારવાનું મન થાય તો ધીરે ધીરે ફેરફાર થઇ શકે. પણ જેને ભુલ કે પાપ પાપ તરીકે લાગેજ નહિ તેનો કદી ઉદ્ધાર થાય નહિ.

એક ભાઇ હતા. બોટા રસ્તે ચઢી ગયા. સામે આવનાર ભાઇએ પૂછયું ભાઇ તમારે કયાં જવું છે ? પેલો કહે તમારે શું કામ છે ? પેલા ભાઇએ કહ્યું તમે જે રસ્તે આગળ વધી રહ્યા છો તે રસ્તા ઉપર આગળ ભયંકર ખીણ આવે છે પ્રાણ જશે પેલો કહે એમાં તમારે શું ? હું મરીશ. તમે વચ્ચે શું કામ આવો છો ?

બસ, મનમાં પાપ પ્રત્યે ભુલ પ્રત્યે પેસા થઈ ગયેલી રૂચિ જીવને દુકશાનના માર્ગેથી પાછા વળવા દેતી નથી. એવા જીવો માટે આ પ્રયત્ન નથી. પરંતુ જેઓ સરળ છે. પામનો ભય છે. સાંભળવાની સુધરવાની તૈયારી છે. ખોટું થાય છે. તેનું દુઃખ છે તેમના માટે આ પુરૂષાર્થ છે. મહેનત છે.

દિવસે દિવસે જ્ઞાનની આશાતના વધતી જાય છે. તેમાં વઢિયો સમજદાર બને તો બધો ફરક પડે. જેઓ મોટી મિલો ચલાવે, રેડી મેઈડ કપડાની મોટી ફેકટરીઓ ચલાવે છે. તેમને પણ સમજાવી ફેરફાર કરાવી શકાય. જૈન કુળોને જે જ્ઞાનનો બહિમાનો વારસો મળ્યો છે તેમને તો જાગૃત થવું જોઇએ જૈન કુળના દિપકો–બાળકો જ્યારે ચિત્રવાળા કપડાં–મોટા અક્ષરોવાળા કપડાં પહેરીને ફરતાં થઇ રહયા છે ત્યારે આ બાબતમાં ખુબજ જાગૃતિ લાવવાની જરૂર છે.

કપડા ઉપર, દવાઓ ઉપર, કાગળની થેલીઓ ઉપર દવાઓ ઉપર, પેંડા પીપરમેન્ટ, બીસ્કુટ કરેક ઉપર અક્ષરો લખાય છે. આવી વસ્તુનો ઉપયોગ ટાળવા પ્રયત્ન કરવો. તેવી કંપનીવાળાને સમજાવી શકાય ખોટા રંગના-પેકિંગના કાગળના ભાર વધી પ્રજાના માથે લાગે છે. ખોટી મોંઘવારી વધે છે. સમય અને માનવ શક્તિ વેડફાય છે.

અગાઉના સમયમાં તો એવા જાગૃત આત્માઓ હતા કે પુસ્તક જરા નીચે પડી જાય કે તરત તેને પાટલી ઉપર ગોઠવી પાંચ મીનીટ માફી આપી ખુશ થતા બહેન દુઃખ વ્યકત કરતા એમ. સી. વાળા બેનો છાપા વાંચે, સ્કુલ કોલેજમાં ભણવા જાય, નોકરી કરવા જાય આ બધુ સુધારો માંગે છે. આ ખોટો પ્રવાહ કયાં જઈને મુકી આવશે ?

મન વડે જ્ઞાનની વિરાધના થાય છે તે કેવી રીતે મન દ્વારા જ્ઞાનની અશાતના કરવાના મનોરથ કરે. મન દ્વારા બીજાની ઠેકડી ઉડાડે તેઓને બીજા ભવમાં જ્ઞાનનું શૂન્યપણુ મળે છે. એટલે તેનુ મન સ્થિર રહેતુ નથી. વિવેક વગરનું બને છે. અશાંતિની આગમાં બળ્યા કરે.

જ્ઞાનની આશાતના કરવાથી ભવાંતરમાં પુત્ર-પરિવાર-પત્ની-પૈસો-પદવી કે પ્રતિષ્ઠા વિટંબણા પેદા કરે તેવા મળે છે. દેવ-ગુરુ- ધર્મની સામગ્રી પ્રાપ્ત જ થતી નથી. મળેતો મન પરોવવાનું સુઝતુ નથી. ભુંડની જેમ ગંદા ઓપાનીચા અને ચિત્રો જોવાનું મન થાય છે

તાસીર હોય તે તાસીર પ્રમાણે મહેનત કરવી જોઈએ. સમ્યગ જ્ઞાન આત્મજ્ઞાની માનવી બુદ્ધિવંત બને છે. લોખંડનો પુલ બને તો અનેક જીવોને સહાયક બને છે. પણ તે લોખંડ સડયું રહેતો કાટ ખાઈ નાશ પામી જાય છે. જેની પાસે જે કાંઈ સમ્યગ જ્ઞાનની મુડી હોય તેને બીજા યોગ્ય જીવોમાં વિનિયોગ કરવી જોઈએ. વહેચવી જોઈએ. આપવી જોઈએ.

જ્ઞાન ભાવથી પરમાત્મા ભાવની અનુભૂતિ થાય છે. અજ્ઞાનતાથી પશુતાનો વિકાસ થાય છે. વિકાર થાય છે. સુસંસ્કારો, સુદેવો, સદ્‌બુધ્ધિ, નિર્મળ સમ્યકત્વ સદ્‌કાર્યો, સમાધિ, સદ્‌ગતિ, સિધ્ધિગતિ સમ્યગજ્ઞાનના ફલક બને છે.

સમ્યગ જ્ઞાનની રક્ષા કરનાર તેની ઉંચા ભાવ પૂર્વક આરધના કરનાર કરાવનાર તીર્થંકર ગોત્ર બાંધી શકે છે. વીશ-સ્થાનક પદમાં જ્ઞાન માટે બે પદ મુકયા છે, બીજા બધામાં એક પદ મુકયો છે. જ્ઞાન અને અભિનવજ્ઞાન આમ વિશસ્થાનકમાં જ્ઞાનના બે પદ મુકયા છે. એ સાબિત કરી આપે છે કે સમ્યગજ્ઞાન જેવી સર્વશ્રેષ્ઠ વસ્તુ વિશ્વમાં બીજી કોઈ નથી. (ક્રમશઃ)

શંકા અને સમાધાન

શંકા : જે સ્થળે મૂળનાયક તરીકે જે ભગવાન હોય તેનું જ સ્તવન બોલવું જોઇએ તેવો નિયમ છે ?

સમા : તેવો કોઇ નિયમ નથી, મૂળનાયક ભગવાન શ્રી આદિનાથ પ્રભુ હોય ત્યાં તે જ ભગવાનનું સ્તવન બોલાય અને બીજા ભગવાનનું ન બોલાય તેવો કોઇ નિયમ નથી. સ્તુતિ–ચૈત્યવંદન આદિમાં પણ આ સમજી લેવું. મૂળનાયક ભગવાન જે હોય તેનું સ્તવન બોલે તેમાં કોઇ વાંધો નથી પરંતુ તે જ ભગવાનનું સ્તવન બોલાય બીજાનું નહિ આવું માનીને બોલાય તે સામે વાંધો છે. સાંજે આરતિ અને મંગળદીવો ઉતરે છે ત્યારે આરતિમાં 'જય જય આરતિ આદિ જિણંદા'આ રીતે જ બોલાય છે પછી ત્યાં મૂળનાયક તરીકે ભલેને શ્રી ચંપેશ્વર પાર્શ્વનાથ હોય, શ્રી નેમિનાથ પ્રભુ હોય કે શ્રી શાંતિનાથ પ્રભુ હોય. ત્યાં જેમ નામમાં ફેરફાર કર્યા વગર બોલાય છે તેમ સ્તવનાદિમાં પણ સમજવું. સ્નાત્ર પૂજા વખતે પણ જે પંચતીર્થિ પધરાવવામાં આવે છે તેમાં મૂળનાયક તરીકે શ્રી શાંતિનાથ ભગવાન જ હોય છે છતાં 'કુસુમાંજલિ મેલો આદિ જિણંદા, શાંતિ જિણંદા, નેમિ જિણંદા પાર્શ્વ જિણંદા, વીર જિણંદા, સર્વ જિણંદા' આદિ અનેકના જુદા જુદા નામની કુસુમાંજલિ નામ સાથે બોલવા છતાં શ્રી શાંતિનાથ પ્રભુ ઉપર જ તેવી કલ્પના કરીને ધરીએ છીએ. પણ માત્ર શ્રી શાંતિનાથ પ્રભુની જ નથી ચઢાવતા તેમ સ્તવનાદિમાં પણ નજર સન્મુખ જે પ્રભુ હોય તેમનું જ સ્તવન બોલાય તેવો કયાંય ઉલ્લેખ જોવા મલ્યો નથી.

અને આથી જ ઘણાં લોકો શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન આવડતું હોય અને નજર સામે શ્રી શાંતિનાથ પ્રભુ હોય ત્યારે સ્તવનમાં ભગવાનનું, તેમના માતા–પિતાનું નગરી આદિનું નામ ફેરવી નાખીને સ્તવન બોલે છે તે જરાય ઉચિત નથી.

ઘણાં એવી દલીલ કરે છે કે–તો ચોવીશે ભગવાનના અલગ અલગ સ્તવનો બનાવવાની જરૂર જ ન હતી ને ? મહાપુરુષોએ અલગ અલગ શું કામ બનાવ્યા ? માટે જે મૂળનાયક હોય તેનું જ સ્તવન બોલવું જોઇએ. તેનો જવાબ એ છે કે–વર્તમાન સમયે જે ચોવીશ તીર્થંકર પરમાત્માનો આપણા ઉપર ઉપકાર છે તે ઉપકારને યાદ કરવા અર્થે આ ચોવીશે ભગવાનના સ્તવનો મહાપુરુષોએ રચ્યા છે નહિ કે જે મૂળનાયક હોય તેની સામે તે જ ભગવાનનું શ્રાવકો સ્તવન ગાઇ શકે માટે. નજર સામે જે ભગવાન છે તેનું સ્તવન કોઇ ગાય કે ના ગાય તેનો કયો વાંધો નથી. પણ તે વ્યક્તિ શું સમજીને ગાય છે કે નથી ગાતી તે મહત્ત્વનું છે.

શંકા : 'શ્રેયસે શાંતિનાથ' બોલ્યા પછી 'શ્રેયસે પાર્શ્વનાથ' બોલી શકાય કે નહિ ?

સમા : ના બોલાય. ચૈત્યવંદન કરતી વખતે જે 'સકલકુશલવલ્લી' બોલાય છે તેમાં છેલ્લે 'શ્રેયસે શાંતિનાથ' બોલ્યા પછી 'શ્રેયસે પાર્શ્વનાથ' આવું વધારાનું પદ બોલવાનું નથી. તેનું કારણ એ છે કે-છંદ શાસ્ત્રમાં 'અનુષ્ટુપ' નામનો છંદ આવે છે તે છંદના ચાર ચરણો (કડીઓ) હોય છે. 'શ્રેયસે શાંતિનાથ' બોલ્યા પછી 'શ્રેયસે પાર્શ્વનાથ' બોલીએ તો એક કડી [ચરણ] વધી જાય છે. અને તે વધારાનું બોલી શકાય નહિ.

કદાચ કોઈ એવી શંકા કરે કે-તો પછી 'શ્રેયસે શાંતિનાથ'ના સ્થાને 'શ્રેયસે પાર્શ્વનાથ' બોલે તો ચાલે કે નહિ ? તે તેનો જવાબ એમ જાણવો કે ચરણની દૃષ્ટિએ વાંધો ન હોવા છતાં જે મહાપુરૂષે જે સ્તુતિમાં જે નામ વાપર્યું હોય તેમાં ફેરફાર કરીને, તેમાં વધારો કરીને તે સ્તુતિ બોલવી આપણા અધિકાર બહારની વાત છે. આ જ રીતે 'અંતરજામી મુજ અલવેસર' આ સ્તવનમાં ઘણાં લોકો 'આપો આપો ને મહારાજ અમને શિવસુખ આપો.' આ લીટી બોલ્યા પછી 'શિવસુખ'ના સ્થાને 'મોક્ષસુખ' પદ ઉમેરીને ફરીવાર આ જ કડી બોલે છે તે બરાબર નથી. ભાવધારાની વૃદ્ધિ થઈ હોય ત્યારે એની એજ કડી વારંવાર બોલે તો તે હજી કદાચ ચાલી શકે પરંતુ શબ્દો ફેરવીને કે તેવા જ અર્થવાળા બીજા શબ્દો ઉમેરીને બોલવું તે જરાય ઉચિત નથી. શ્રાવિકાઓએ વંદિતુ બોલે ત્યારે 'નિચ્ચં પરદાર ગમણ' અહીં નિચ્ચં પરપુરૂષ ગમણ' આવો ફેરફાર કરીને ન બોલાય તેવું સેનપ્રશ્નમાં જણાવ્યું છે.

શંકા : અક્ષતપૂજા કરતી વખતે તે અક્ષતને દેરાસરમાં સાફ કરાય ?

સમા : હકિકતમાં તો ઘરેથી જ દેરાસરે પૂજા માટે જે સામગ્રી લઈ જવાની હોય તે સ્વચ્છ-સાફ કરીને લઈ જવાની છે. એટલે અક્ષતપૂજા કરતી વખતે ચોખા અને તે દેરાસરમાં સાફ કરવા બેસવું તે ઉચિત નથી. હા. ઘરેથી પૂરેપૂરી કાળજીપૂર્વક અક્ષતને સાફ કરીને લઈ ગયા હોઈએ છતાં પણ કોઈ કચરો કે જીવજંતુ તેમાં નીકળે તો તે દૂર કરવું પડે તે અલગ વાત છે. આવી રીતે જે કચરો નીકળ્યો હોય તે દેરાસરના કોઈપણ ભાગમાં નંખાય નહિ, તે ખાસ ધ્યાન રાખવું. વળી ઘણાં લોકો વરખથી આંગી કર્યા પછી વરખના સફેદ કાગળો જ્યાં ત્યાં પડયા મૂકીને જાય છે તે પણ જરાય ઉચિત નથી. તે દરેક કાગળો ભેગા કરી લઈને દેરાસરના કંપાઉન્ડ સિવાયના સ્થળે પરઠવવા જોઈએ.

ટુંકમાં દેરાસરમાં કચરો નાંખવો, અક્ષતાદિ ચડાવ્યા પછી પાટલાને લાત વાગતા અક્ષતાદિ વેરાઈ જવાથી પગ નીચે કચડાય, પ્રક્ષાલ કર્યા પછી સ્નાત્રજળની થાળીમાં પ્રક્ષાલજળ જ્યાં ત્યાં મૂકી દેવાથી પગ લાગતા તે ઢોળાય આવું બધું થાય ત્યારે આશાતના લાગે છે. આ દરેક આશાતનાઓથી દૂર રહેવું અત્યંત જરૂરી છે.

શંકા : અષ્ટપ્રકારી પૂજામાં ચામર, દર્પણ, પંખો, ઘંટનાદ પૂજા તો આવતી નથી તો કેમ કરાય છે ?

સમા : પ્રભુપૂજાના ઘણા ભેદો છે. માત્ર અષ્ટપ્રકારી પૂજા જ નથી. સત્તરભેદી, ચોસઠપ્રકારી, નવ્વાણું પ્રકારી આદિ અનેક ભેદથી પ્રભુપૂજા કરી શકાય છે. તેમાં અષ્ટપ્રકારી પૂજા કરનાર કે નહિ કરનારે ચામરાદિ પૂજા કરે તો કોઇ જ અવિધિ ગણાતી નથી. આમાં એટલું ધ્યાન રાખવું કે ચામરાદિની પૂજા અક્ષતપૂજા કર્યા પહેલા કરી લેવી. ઘંટનાદ પૂજા પણ એ રીતે કરવી, ઘણાં લોકો ચૈત્યવંદનાદિ બધી વિધિ પતી ગયા પછી પૂજા કર્યાનો હર્ષ વ્યકત કરવા માટે ઘંટનાદ પૂજા છે તેથી તે છેલ્લે વગાડવો. આવું માને છે. પણ તે વાત ઉચિત નથી તેવા ભાવનું પ્રશ્નોત્તર સમુચ્ચયમાં જણાવેલ છે.

શંકા : ઉકાળેલું પાણી પીનારે અન્ય કાચા કે સચિત્ત ફળાદિ વાપરી શકાય કે નહિ ?

સમા : ઉકાળેલું પાણી પીનારે 'પાણસ્સ'નું પચ્ચક્ખાણ લીધું હોય તો તે પચ્ચક્ખાણમાં માત્ર કાચા-સચિત્ત પાણીનો ત્યાગ ગણાય છે. પણ તે સિવાયના સચિત્ત ફળાદિનો ત્યાગ આવી શકતો નથી. ઉકાળેલું પાણી પીનારે પાણી સિવાયના અન્ય શાકભાજી કે ફળાદિ ન વાપરવા જોઇએ તે અલગ વાત થઇ પરંતુ તેમને ફરજીયાત સચિત્ત ફળાદિનો ત્યાગ થઇ જતો નથી. શ્રાવક મોટે ભાગે સચિત્ત ચીજોનો ત્યાગ કરનાર જ હોય તેવું શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોમાં છે પરંતુ 'પાણસ્સ'ના (=ઉકાળેલું પાણી પીવાનું) પચ્ચક્ખાણ લેનારને સચિત્ત ફળાદિનો ત્યાગ તે પચ્ચક્ખાણ લેવાથી આવી શકતો નથી. જે વ્યક્તિ ઉકાળેલું પાણી પીતી હોય તેને સચિત્ત ફળાદિનો ત્યાગ કરવો હોય તો તેણે 'પારૂષા અભિગ્રહનું' અથવા ૧૪ નિયમ ધારતા હોય તો દેવાવગાશિકનું પચ્ચક્ખાણ લેવું.

'પાણસ્સ'ના [ઉકાળેલું પાણી પીવાના) પચ્ચક્ખાણમાં સચિત્ત ફળાદિનો ત્યાગ સમાઇ ગયેલો સમજીને સચિત્ત ફળાદિ ન વાપરનારને સચિત્ત ફળાદિ ન વાપર્યા પૂરતો લાભ લેવા છતાં ખોટી સમજણ-ધૂર્વકનો તે ત્યાગ હોવાથી પૂરેપૂરો લાભ મળી શકતો નથી તથા 'પાણસ્સ'ના પચ્ચક્ખાણમાં જ સચિત્ત ફળાદિનો ત્યાગ આવી જ જાય છે તેવું કદાગ્રહપૂર્વક માનીને સચિત્ત ફળાદિનો ત્યાગ કરનારને લાભ તો કશો જ નથી, પરંતુ મિથ્યા ભીન્નતાના કારણે કર્મનો બંધ પણ થાય છે.

(ક્રમશઃ)



પ્યારા ભૂલકાંઓ,

ચિન્તા.. ચિન્તા... ચિન્તા...!!!

અય આત્મન્ ! અમુલી જીંદગીનો કોઇ વિચાર કર્યો છે ?

જીંદગી કયા માર્ગે પસાર થઇ રહી છે ?

કોઇ કયાસ કાઢયો છે ખરો ?

તારો ઝોક કયી તરફનો છે ?

માનવ અવતાર મળ્યો, આત્મ કલ્યાણ સાધવાનો સુઅવસર પ્રાપ્ત થયો, છતાં, તું કઇ બાજુ ઢળે છે ?

સ્વજન પરિવારના પ્રેમપાશમાં તું કેવો જબરજસ્ત રીતે જકડાયો છે ?

તારી ! આખા દિવસની પ્રવૃત્તિઓ જાણે એનો જ માટે ગોઠવી કરી છે.

ત્યાં જ એકાએક...

ઉઠ ઉભો થા...તારા દિકરાઓ ભૂખે મરે છે. દુઃખે દુઃખી થાય છે. વ્યાધિથી પિડાય છે. એમની ભૂખ ભાંગ, દુઃખ દાબ અને વ્યાધિ મિટાવ. જોયો, જોયો તારાં સંસારનો વ્યવહાર કેવો ચાલી રહ્યો છે.

તું પણ આની જ ચિંતાઓ સતત કરે જાય છે. પરંતુ, જેના માટે આ જીવન મળ્યું છે. તેનો કાંઇ વિચાર આવે છે ખરો ?

આત્મ કલ્યાણ સાધવા માટેનો કોઇ વિચાર કર્યો–આવે છે ખરા ? ચોવીશે કલાક ચાલતી ટકટકમાંથી કેટલી ટકટકે આત્માની યાદ આવી ? નથી આવી તો તારી પારકી ચિંતામાં ધૂળ પડી. તારી સઘળી ચિંતા ધૂળમાં મળી ગઇ. રાગના ફંદામાં ફસાયેલાઓને સુખી બનાવવાનો તારો અથાંત પ્રયત્ન નિષ્ફળ છે. તારી અવદશા કેવી નોતરેલી છે તેનો તેને ખ્યાલ છે ?

મારા, મારા માનતો તું, તારા મૃત્યુ પછી તારા રહેશે ખરા ?

અરે ! જીવતા પણ તારા રહ્યાં નથી તો..તારો સ્વજન-પરિવાર તારા ગયા પછી તારો સાથી રહેશે ખરા ? માટે, આજથી જ આત્માની ચિંતા કરીલે...ને બસ.

હા, ડાહ્યો માણસ તો એજ કે જે વર્તમાનકાલ કરતા ભવિષ્યકાલને સુધારવા વધારે મહેનત કરે.

આ પુત્ર-પરિવાર તો મર્યાદિત સમયના સાથી છે.
આત્મા તો સદાનો સાથી છે.
આત્મા માટે કંઈક કરીશ તો કયારે પણ પસ્તાવું નહીં પડે.
ભવિષ્ય સુધારવું હોય તો તારા જેવા જ્ઞાનીને વધારે કહેવાની જરૂર નથી.
ખોટી ચિંતા છોડી દે, ખોટા તરંગ-તુક્કામાં ફસાતો નહિ.
વિરાગની મસ્તીમાં રમતો; રમતો.

વિરાગના દર્પણમાં શુદ્ધ સ્વરૂપ આત્માને નિહાળતો, અષ્ટકર્મને ચૂરી શિવરમણીને વર એજ અભિલાષા...

'રવિશિશુ' C/o. જૈન શાસન કાર્યાલય,

જૈન જગતનું અવનવું

મહારાજા વિક્રમ રાજાએ કાઢેલ સંઘનું વિવરણ.

૦ સંઘમાં સાથે ૧૬૬ સોનાના મંદિર
૦ ,, ,, ૫૦૦ હાથીદાંતના મંદિર
૦ ,, ,, ૮૦૦ ચંદનના મંદિર
૦ ,, ,, ૫૦૦૦ આચાર્ય ભગવંતો
૦ ,, ,, ૭૦૦૦૦૦ શ્રાવક પરિવાર
૦ ,, ,, ૭૬૦૦ હાથી
૦ ,, ,, ૧૮૦૦૦૦ ઘોડા
૦ ,, ,, ૭૬૦૦ ઊંટ
૦ ,, ,, ૧,૧૦૦૬૦૦૦ બેલગાડી.

અને બીજું ઘણું બધું.
કેવો હશે એ સંઘ, ધન્ય ઘડી
ધન્ય ભાગ્ય.

-મેઘા

સોનેરી કિરણ

સંપ એ જન્મ છે

કહેવતોનો રસ ભંડાર

શેઠની શિખામણ બાપા સુધી
મરદ મુછાળો ને બળદ પૂછાળો
મુખને માથે શીંગડા
ઉધારના મોર કરતા ગોકડાનું કબુતર સારૂં.
જીવતો નર ભદ્રા પામે
મહાજન જાય તે રસ્તે જવું
ક્રોધીને, ક્રોધી મળે ત્યારે મહાભારત થાય.
ઊંટોના લગ્નમાં ગધેડાનાં ગીત
પાખંડી લોકમાં પૂજાય, સાધુજન તે ગોથ ખાય.
પાપી રાજ કરે, સાચો ફાંસીએ લટકે
સિંહ ભૂખ્યો રહેશે પણ ઘાસ ખાશે નહિ.

—અંકિત વી. શાહ

— શોભે છે —

કાન-જિનવાણીના શ્રવણથી શોભે છે
હાથ-દાન આપવાથી શોભે છે
આંખ-સૌમ્યભાવથી શોભે છે
પગ-જયણાપૂર્વક ચાલવાથી શોભે છે

દેહ–શીલ રૂપ અલંકારો ધારણ કરવાથી શોભે છે.
હૈયું–પ્રેમથી શોભે છે
જૈન શાસન–બાલવાટિકાથી શોભે છે.

—પી. કે. મણીયાર

– હાસ્ય દરબાર –

પપ્પા–જો અંકિત ઘડિયાળ ચાલે છે
અંકિત–ના પપ્પા એ તો દીવાલમાં ચોંટી ગયું છે.

મમ્મી–ચાલ લઘુ નાહી લે
લઘુ–ના, ના, મારે નથી નાહવું
મમ્મી–કેમ નથી નાહવું
લઘુ–મમ્મી, આજે જ અમારા શિક્ષકે કહ્યું છે કે આ શરીર માટીનું બનેલું છે જો નાહવાથી માટી ધોવાઇ જશે તો હું કદરૂપી બની જઇશ.

એક દિવસ હર્ષે દાદાજીને પૂછ્યું : દાદાજી, કૂતરાની પૂંછડી વાંકી કેમ છે?
દાદાજી વિચારમાં પડી ગયા.
એટલે હર્ષ બોલ્યો : 'નથી આવડતું ને! મને આવડે છે–કહું?
હા, હા, કહેને બેટા!
'એ સીધી નથી એટલે' હર્ષે વટથી જવાબ આપ્યો.

—રીના શાહ

– બાળ ગઝલ –

દેખાવે કી દુનિયા મેં મહિમા હૈ ભારી,
ઉસી મેં ફસી હૈ યહ જનતા બેચારી.
પાની મેં મીન પિયાસી,
મોહિ સુની સુની આવત હાંસી.
આત્મજ્ઞાન વિના નર ભટકે,
કોઇ મથુરા કોઇ કાશી,
જૈસે મૃગ નાભિ કસ્તુરી.
વન વન ફિરત ઉદાસી.

—યશીતા

કથાનક

—વસુમતી રાધનપુર

એક બ્રાહ્મણ હતો.

દરિદ્રતા એટલી બધી હતી કે માંગવા છતાં પણ પેટિયું ભરાતું નહિ.

અર્ધાંગનીના મેણાટોણા સાંભળી–સાંભળીને કંટાળી ગયેલા બ્રાહ્મણે પરગામ જવાનું નક્કી કર્યું.

શુભ દિવસે પ્રયાણ કરવાનું નક્કી કર્યું. ઘરવાળીએ નાની નાની સાત લાડુડી

કરી આપી. પોટલી ખભે વાળી બ્રાહ્મણજી પરગામ ચાલી નીકળ્યા.

દૂર દૂર ઘણે દૂર જતાં સૂર્ય ઢળવા આવ્યો. નદીના તટે આવેલ એક વિશાળ વડલાની નીચે ભાથું છોડીને ખાવા બેઠાં. પોટલી ખોલતા જ એક લાડુ હાથમાં લીધો, જ્યાં મુખમાં પધરાવવા જાય છે ત્યાં ભૂખથી ટળવળતો એક કુતરો દોડતો તેની નજીક આવ્યો.

કરુણાર્દ્ર બ્રાહ્મણે સાતે સાત લાડુ કુતરાને ખવડાવી દીધાં. નદીનું મીઠું જળ પી ને બ્રાહ્મણજી ઝાડ નીચે જ સૂઈ ગયા.

થાક, શ્રમને કારણે ઘસઘસાટ સૂતા બ્રાહ્મણને સવાર કયાં પડી તેનો ખ્યાલ પણ ન આવ્યો. પક્ષીઓના કલકલાટથી જાગી ગયેલા બ્રાહ્મણની નજર ઝાડ ઉપર લટકતી મટકી પર પડી. મટકી નીચે ઉતારી નજર નાંખે છે ત્યાં તો સાત-સાત સોનામહોરના લાડુ દેખાયા.

દાનનું પ્રત્યક્ષ ફળ મળી જવાથી બ્રાહ્મણ રાજી રાજી થઇ ગયો. પુણ્યોદયે મળેલી લક્ષ્મીના પ્રતાપે બ્રાહ્મણની રહેણી-કરણી બદલાઇ ગઇ. તે જોઇ બાજુમાં રહેતા કુંભારને પણ ધનવાન બનવાનું મન થયું. પતિનેં સમજાવી બ્રાહ્મણી પાસે મોકલી.

ઘણો વિશ્વાસ પ્રાપ્ત કરીને કરેલી મહત્વની કે અાનગી વાતો પણ કોઇ કાળે એના પેટમાં રહેતી નથી. થોડી ચકમપોશી કરો કે થોડો ગુસ્સો કરાવો એટલી જ વાર સઘળી વાતો ઓકયા વગર રહે નહિ.

આ જ ન્યાયે બ્રાહ્મણીએ પોતાની બહેનપણીને સોનામહોર કઇ રીતે પ્રાપ્ત થઇ તે સઘળી વાતો કરી દીધી.

બીજે દિવસે કુંભાર સાત લાડવા લઇને ચાલ્યો નદી તરફ. બતાવેલ નિશાનીઓ પ્રમાણે વિશાળ વડલાની નીચે આવી તે બેઠો ભાથું ખોલ્યું ને ખાવા જાય છે ત્યાં કુતરો દોડતો આવ્યો. ભૂખ્યા કુતરાને ટુકડોય ન આપ્યો. ઉલટાનું પગમાંથી ખાસડું કાઢીને માર્યું. મારના ભયથી કુતરો ચાલ્યો ગયો. કુંભાર લાડવા આરોગી સુઇ ગયો.

પરિશ્રમ અને ધન મેળવવાની તાલાવેલીથી કુંભાર પાછલી રાતે ઉઠી ગયો. લટકતી હાંડલી જોઇ ઝાડ ઉપર ચઢયો. નીચે ઉતારીને જુએ છે તો પોતાનું જ ખાસડું તેમાં હતું.

જેવું દેખાદેખીનું ફળ.

બોધ દાયક લઘુકથા

સજ્જન બનવું છે કે દુર્જન !

— પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એકવાર એક મહાત્મા પાસે જ્ઞાન પ્રાપ્તિની ઇચ્છાથી બે યુવકો આવ્યા મહાત્માને વિજ્ઞપ્તિ કરી કે અમને જ્ઞાનથી સમૃદ્ધ કરો.

મહાત્માએ કહ્યું કે ભાગ્યશાલીઓ ! બે-પાંચ દિવસ હમણા અહીં મારી પાસે રહો. પછી તમને ભણાવીશ ચાર દિવસ સુધી તે મહાત્માએ તે બંન્નેને કાંઇ જ કહ્યું નહિ પણ તે બંન્ને શું શું કરે છે, કેવી રીતના વર્તે છે તે જ જોયા કર્યું.

તે બન્ને ખરાબ સંગતના કારણે કુછંદે ચઢી ગયેલા અને વ્યસનોનો ભોગ બનેલા તે બંન્ને સાથે લાવેલ બીડીઓ પીતા, તમાકુ ખાતા; જુગાર રમતા, વાત-વાતમાં ઝઘડી પડતા અને બિભત્સ એવી ગાળો પણ બોલતા એટલું જ નહિ પત્થરાદિથી પશુ-પંખીઓને પણ મારતા, હેરાન-પરેશાન કરી પીડા ઉપજાવતા.

તે પછી તે મહાત્માએ તેમને બોલાવીને કહ્યું કે, તમારી ખરાબ ત્યાગ કરવો હોય તો જ તમને જ્ઞાનાભ્યાસ કરાવીશ બાકી આવી કુટેવો જ ચાલુ રાખવી હોય તો તમે જ્ઞાનને માત્ર જરાપણ યોગ્ય નથી, લાયક નથી. નાલાયકને વિદ્યા આપવી તે વિદ્યા દેવીનું અપમાન છે !

મહાત્માની આ સાચી હિતકર વાત સાંભળી બંન્ને ચીઢ્ઢ ગયા. તેમાં ય એક તો લાલચોળ બની મહાત્માને જ કહેવા લાગ્યો કે તમે જ અમને ગાળો આપો છો. નાલાયક કહો છો. મારે ભણવું નથી કહી પોતાના રસ્તે ચાલવા લાગ્યો.

બીજો યુવક ઊંડા ગહન વિચારમાં પડયો અને મનોમંથનને અંતે માર્ગ પ્રાપ્ત થયો હોય તેમ મહાત્માના ચરણ કમલમાં પડી કહે કે-મારી કુટેવો છોડવા તૈયાર છું પણ આપ મને સાચું જ્ઞાન આપો. અને ભણાવો.

તેની આવી તૈયારીથી મહાત્માએ તેને પોતાની પાસે રાખ્યો અને સારમાં સારું જ્ઞાન આપી વિદ્વાન બનાવ્યો. તે પણ મહાત્માની પાસે ભણી-ગણી વિદ્વત્તાને વરી પોતાના ગામ જવા નીકળ્યો.

માર્ગમાં ભયાનક જંગલ આવ્યું. જંગલમાં થોડું ચાલ્યો હશે ત્યાં પાછળથી કોઇએ તેની બોચી પકડી ભયંકર રાડ નાખતા કહ્યું, જે હોય તે આપી દો. આને

બોચી છોડાવી જરાપણ ભય પામ્યા વિના પાછળ જોયું અને બન્નેની ચાર આંખો મળી તો બન્ને અવાચક બની ગયા. કારણ બોચી પકડનાર પહેલો યુવાન હતો.. આ કહે તું ડાકુ બન્યો ! તે કહે શું કરૂ ? મહાત્માએ ગાળ આપી અને ભણાવ્યો નહી.

ત્યારે આ વિદ્વાન યુવકે કહ્યું કે ભાઇ ! મહાત્માએ ત્યારે આપણને ગાળ ન હતી આપી પણ સાચી વાસ્તવિક હકીકત જણાવી હતી કે, જ્ઞાનાભ્યાસ કરવો હોય તો ખોટી કુટેવોને તિલાંજલિ આપવી જોઇએ. ખોટી કુટેવો ચાલુ રાખીએ તો જ્ઞાનાભ્યાસ કરવાની યોગ્યતા રહેતી નથી. તને ત્યારે તે વાત ન ગમી તો આજે તું અધઃ પતનના માર્ગે ગયો. મને ત્યારે તે વાત ગમી તો આજે હું જ્ઞાન પામી શકયો. પેલાને પછી તો ઘણો પસ્તાવો થયો પણ હવે શું કરે ? ભણવાની વય વીતી ચૂકી હતી. રાંડ્યા પછીનું ડહાપણ શું કામનું ?

આ કથા આપણને સૌને બોધ આપે છે. કે સદ્‌ગુરૂની સાચી અને હિતકર વાત આપણને કટુ લાગે છે કે સારી લાગે છે ? જેમ ભયંકર તાવમાં કડવા ઉકાળા પીવા પડે, મોં પણ કડવું કરી નાખે છતાંય તે કટુ ઉકાળા પીનારાનો તાવ મૂળમાંથી ભાગી જાય છે. તેમ સદ્‌ગુર્વાદિ હિતૈષીઓની આત્મહિતકર વાત કદાચ દેખાવે કટુ હશે પણ પરિણામે મીઠી મધુર બને છે. તે વાતને હૈયા પૂર્વક સ્વીકારી જેઓ અમલ કરે છે તેઓ સજ્જનતાની કોટિમાં આવે છે. અને કટુ વાતને થુંકી નાંખે છે તેઓ પરિણામે અધઃ પતનના પંથના પથિક બની દુર્જનતાની કોટિમાં આવે છે. તો આપણા આત્માને સજ્જન બનાવવો છે કે દુર્જન તે સૌએ નક્કી કરવાની જરૂર છે ! સજ્જન બનવું તો કટુતાને અમૃત માની ગટગટાવી જાવ અમર બની જઇશું !

પ્રસિદ્ધિ પ્રશંસાથી છેટો રહે તે જ સંત !

ભગવાનના શાસનની પ્રાપ્તિ નહિ થઇ હોવા છતાં પણ માર્ગાનુસારી જીવો પ્રસિદ્ધિ આદિથી સો યોજન દૂર જ રહે છે. જાણેલો એક પ્રસંગ કહેવો છે.

સ્વામી રામતીર્થની વિદ્વત્તા અને તેજસ્વી વાણીથી પ્રભાવિત થયેલ અમેરિકાની અઢાર યુનિવર્સિટીઓએ તેમને એલ. એલ. ડી. ની પદવી આપવાનો નિર્ણય કર્યો. જેનો તે સ્વામીજીએ સાભાર અસ્વીકાર કરતાં કહ્યું કે 'સ્વામી' અને 'એમ. એ.' એ બે કલંક તો પહેલેથી મારા નામની આગળ-પાછળ છે તો ત્રીજા કલંકને કયાં રાખુ !

યશ, કીર્તિ, લોકૈષણા, પ્રતિષ્ઠા, માન-સન્માન, પૂજા-ખ્યાતિમાં પડેલા આત્માઓએ આ વાત વિચારવી જરૂરી નથી. કે ભગવાનના શાસનને પામેલા અમે આજે કયાં છીએ!

સાચો સંત-મહાત્મા-મહાપુરૂષ તે જ કહેવાય જે પ્રસિદ્ધિ-પ્રશંસાદિના મોહથી દૂર જ રહે અને પ્રસિધ્ધિ અને પ્રશંસા જેમના ચરણોમાં આવી અને ઝુકે આવા જ એક પુણ્ય પુરૂષ થઇ ગયા સ્વ. અનંતોપકારી ભવોદધિતારક સુગૃહીત પુણ્યનામધેય પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

વેપાર બજારપીઠ જાણે નહિ તો વેપાર કરી શકે? દુનિયાના ય કામ દુનિયાના અનુભવીથી ચાલે તેમ ધર્મના કામ ધર્મની મતિથી, ધર્મના જાણકારોથી કરાય.

આજે તમારે બહુમતિ તે સત્ય. બહુમતિ કોની? ભગવાનની આજ્ઞાથી વિરૂદ્ધ વર્તે તેની. તે બધાની વચ્ચે અમારે ઉપદેશ આપવાનો. તેમાં અમે જેટલા અસ્પષ્ટ બનીએ, તમને સાચું સમજાવીએ અને ગોળ ગોળ વાત કરીએ તો તમે જે પાપ કરો તેમાં અમારી પણ ભાગીદાર ખરી, તમને ગમે કે ન ગમે તેની પરવા કર્યા વિના સાચી વાત અમારે કહેવી જ જોઈએ. અમે તો ભગવાનનો માર્ગ સમજાવીએ. તે જે સમજી જાય અને તે મુજબ ચાલે તેનું કલ્યાણ થાય! ભગવાનનો માર્ગ કહેનાર ઉપદેશ કે ટાયલા કરવા લોકોને રાજી કરવા પાટ પર બેસવાનું નથી પણ ભગવાનનો માર્ગ કહેવા બેસવાનું છે.

ગીતાર્થ ગંગા અમદાવાદ

અંનતજ્ઞાની તીર્થંકર પરમાત્માઓએ સમવસરણમાં બિરાજમાન થઈને બારેય પર્ષદાને જે રત્નત્રયારાધના સ્વરૂપ મોક્ષમાર્ગ બતાવેલ છે તેનો યથાયોગ્ય લાભ વર્તમાનકાલીન ભવ્ય-જીવોને મળે તે માટે પૂર્વાચાર્યોએ રચેલા ગ્રંથો-શાસ્ત્રોના આધારે લોકલોગ્ય બને તેવી સરળ શૈલીથી અલગ વિષયોના ઘોરણે સંકલન કરી તેના રહસ્યોને સાપેક્ષ પણે રજુ કરવા ગચ્છાધિપતિ પૂ. આ. દેવ શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ.સા. ના શિષ્યરત્ન બંધુબેલડી ષડદર્શનવિશારદ પૂ. પંડિત મ. શ્રી મોહજિતવિજયજી મ. સા. તથા અધ્યાત્મગુણસંપન્ન પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ. સા. (પંડિત મ. સા.) ની સત્પ્રેરણાથી શ્રી ગીતાર્થ ગંગા સંસ્થાની સ્થાપના વિ. સં. ૨૮૫૨ આસો સુ. ૧૫ તા. ૧૧-૧૦-૧૯૯૨ ને શુભ દિવસે થયેલ છે.

આ સંસ્થાના ઉપરોક્ત ઉદ્દેશો બર-લાવવા માટે સકલ જૈન સંઘ તથા પ્રકાશકોને નિવેદન છે કે આપને ત્યાંથી પ્રકાશિત ગ્રંથોની યાદી અત્રે મોકલશોજી.

વધુમાં ઘણા ગામોમાં જુના જ્ઞાન ભંડારો હોવાની શકયતા છે કે જ્યાં શ્રાવકોની ઘટતી જતી સંખ્યાને લીધે જ્ઞાન ભંડારના ગ્રંથોની સાર-સંભાળ ન થતી હોવાથી આશાતના થવાની શકયતા છે આથી જો તે સંઘ તરફથી તે ગ્રંથો આ સંસ્થાને મળે તો તે ગ્રંથોની જાળવણી થવાની સાથે ઉત્તમ રીતે જ્ઞાનની દૃષ્ટિએ સદુપયોગ થશે અને જે તે સંઘ તરફથી ભેટ મળેલ છે તેનો ઉલ્લેખ પણ કરવામાં આવશે.

હાલના તબકકે મુખ્યતયા સંસ્કૃતિ-પ્રકૃતિ ભાષાના સટીક પંચાંગી આગમ-ગ્રંથો તથા ન્યાય-તર્ક-આચાર અને પ્રાચીન ચારિત્રના ગ્રંથોની આવશ્યકતા છે.

સંપર્ક સૂત્રો :- "ગીતાર્થ ગંગા" ૫, જૈન મર્ચન્ટસ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭, ફોન : ૪૧૪૬૧૧

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- જે કોઇને નિર્વાણપદ ન જોઇતું હોય, મુક્તિ ન જોઇતી હોય તે બધા જે કાંઇ ધર્મ કરે તે વાસ્તવમાં ધર્મ નથી. પછી સાધુ પણ આ ઇચ્છા વગરના હોય તો આ ધર્મનો આસ્વાદ તે સાધુને પણ ન આવે. ધર્મનો સ્વાદ મોક્ષના રથીને જ આવે સંસારના સુખમાં મજા કરનારને અને દુઃખથી ગભરાવનારાને ધર્મનો સ્વાદ કદી આવે નહિ.
- ધન અને ભોગ જેને ભૂંડા લાગ્યા પછી તેને સંસાર અટવી કહો સંસાર સાગર કહો કે પછી સંસાર રાક્ષસ કહો તે બધું જ મંજુર હોય ને ?
- સમ્યગદર્શન ન હોય તો ગમે તેટલું ભણે પણ આંધળા જ રહેવાના. ગમે તેટલું ભણેલો સમ્યગદર્શન વગર આંધળો જ ને ?
- અર્થ-કામ ભૂંડા છે. પછી મોક્ષને પુરૂષાર્થ કહ્યો છે. ભગવાન પણ કહી ગયા છે કે ધર્મ પણ પુરૂષાર્થ છે જો મોક્ષનું કારણ હોય તો જ બાકી તે ધર્મ પણ અધર્મ.
- શાસ્ત્રો કહ્યું છે કે- સાધુ જ જીવજીવન જીવે, કેમકે તેને જડની અપેક્ષા રહી નથી. જે જડની અપેક્ષા પણ છે તે જડના સંયોગથી છુટવા માટે છે. સાધુને આહાર પાણી વસ્ત્ર પાત્રાદિનો ઉપયોગ કરવો પડે તે પણ આ જડના સંયોગથી છુટવા માટે કરે. જેથી નવાં કર્મ પેસે નહિ. જુના કર્મ નીકળી જાય તે માટે જડનો સંયોગ કરવો પડે અને કરે માટે સાધુનું જીવન જીવજીવન છે. જગતમાં જગજીવન તરીકે જીવતો હોય તો વીતરાગનો સાધુ જ. આવા જનજીવનને જોનેખપ લાગે તે બધા શ્રાવક-શ્રાવિકા.
- 'સુખ મારૂં ભૂંડું કરનાર છે. આજ સુધી તેને મારી ભયાનક પાયમાલી કરી છે.' આવું જેને લાગે તેને સુખમાં વિરાગ આવે અને 'દુઃખ મારા ભલા માટે આવ્યું છે' આવું જેને લાગે તેને દુઃખમાં સમાધિ રહે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (ભાવનગર) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૯

અંક ૧૬

શ્રી જૈન શાસન કાર્યાલય
જૈન જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

કુગુરુનો ત્યાગનો એ જ હિતકર છે.

ભટ્ઠાયારો સૂરિ,
ભટ્ઠાયારાણુવિચ્ચએો સૂરિ ।
ઉન્મગ્ગટ્ઠિએો સૂરિ,
તિન્નિ વિ મગ્ગા પણાસંતિ ।।

ભ્રષ્ટ આચારવાળો સૂરિ, ભ્રષ્ટ આચારવાળાને નહિ અટકાવનાર સૂરિ અને ઉન્માર્ગની પ્રરૂપણા કરનાર સૂરિ આ ત્રણે ભગવાનના માર્ગ–શાસન–નો નાશ કરનારા છે.

卐

ઓ મન મારા

હર પલ, હર ક્ષણ, સમય પસાર થઇ રહ્યો છે. બાકી રહેલો સમય આજ રીતે હું જવા દઇ રહ્યો છું. મહાઅંધકારનો પગરવ મને ડરાવવા આવી રહ્યો છે, ત્યારે ઓ ! મન !

મને આત્મ પ્રકાશનો માર્ગ બતાવ, થાક લાગે નહીં અને વિશ્રામ સ્થાનનો લાભ લેવાની વૃતિ થાય નહીં એવો નિશ્ચિત ધ્યેયવાળો નિશ્ચિત માર્ગ પણ બતાવ...બતાવ... અને બતાવ ! પ્રવાસી વિનાનો એ માર્ગ શુન્ય અને લેંકાર હોય તો શું થયું ? પવનને મુક્ત મને મારી જોડે વાતો કરવા દેજે. કોઇ વીરની વીરતાની વાતો કે ત્યાગીના સંયમની વાતોથી હું મારૂં મન ભરી દઇશ.

મુશ્કેલીઓમાં મારૂં મન આકુલ વ્યાકુલ બની જાય, ત્યારે મહાત્માઓએ બતાવેલો શાંતિ માટેનો વૈભવ અને તેમણે વહાવેલી જ્ઞાન ગંગાની સરવાણીઓ મારા રગેરગમાં પ્રસરી જઇ શાંતરસની લહાણી કરે, એ તું જોજે.

જીવન ધ્યેય પામવાનો માર્ગ સરળ કેમ નહિ હોય ?

ભલે ન હોય. મુશ્કેલીઓ વચ્ચે શાંત ચિત્તે વિચારી શકું ને નાહિંમત બન્યા વગર વીરની જેમ લડીને સરળતાથી નીકળી શકું એવી– આશાને હિંમત તું આપજે.

માર્ગમાં શું લલચાવનારા તત્વો ઠેરઠેર નહીં આવે ? આવવા દેજે. તારી નયન-જ્યોતિ વડે એ બધા માર્ગના દર્શન કરાવજે. તારા નયનોથી દર્શન પામનાર હું એવા અનેક દ્રશ્યોની લાલચને ફગાવી દઇશ, અરે ! જડમૂળથી મિટાવી દઇશ.

તારે આશરે આવેલાની આશ તું પૂરજે. મારા ઉંચ્ચ ધ્યેયની પરીક્ષા કરજે. ઠોકરો પર ઠોકરો આપજે પણ લપસણી ભૂમિ ન આપતો હું લપસુ તે કરતા મારા ધ્યેયની ઉંડી ખાઇ બતાવજે. મને આંખે અંધારા નહીં આવે. જગત મને ચકકર ફરતું નહીં દેખાય. મારૂં–જીવન ધ્યેય મને સ્થિરતા અપાવશે. આવી રહેલા મહાઅંધકારમાં સત્ય અને સમજનો સૂર્ય ઉગાડશે.

દૂર દેખાતા મારા ધ્યેયની નજીક જાંઝવાના જલ જરૂર તું પાથરજે. તરસ્યો હોઇશ, તો પાણી જોઇને પણ ચાલીશ. મારામાં ઉમંગ ને ઉત્સાહ પેદા થશે જેમ જેમ જાંઝવાના જલ મને વધુ તરસાવશે, તેમ તેમ મારો ઉલ્લાસ વધશે હું વધુને વધુ જોરથી ચાલીશ. મારા ધ્યેયને પ્રાપ્ત કરવા હું મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢતો જઇશ ને આખરે મારા ધ્યેય સમીપ આવીશ.

(ટાઇટલ ૩ ઉપર)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષકો
પૂનમચંદ મેઘાજી ગુંદિયા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણિલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વડોદરા)
પ્રાણલાલ પદમશી ગુંદિયા (થાણા ગઢ)

વર્ષ : ૯ | ૨૦૫૩ કારતક વદ-૦)) મંગળવાર તા. ૧૦-૧૨-૯૬ [અંક : ૧૬

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, અષાઢ વદિ-૫ મંગળવાર તા. ૧૫-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૯

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રવચન ૧૩ મું) -અવ૦

જે જીવ સંસારના સુખને સારૂં માને, સંપત્તિને સારી માને તે કદી સમ્યક્ત્વ પામે નહિ. સમ્યગ્દૃષ્ટિ જીવને ઘર-પેઢી કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિ બધું છોડવા જેવું જ લાગે. તેની પાસે જે પૈસો હોય તે કદી છુપાવવા જેવો હોય નહિ. ગ્રહસ્થ જો ગ્રહસ્થ હોય તો તેનો પૈસો છુપાવવા લાયક હોય ? મારી પાસે આટલો પૈસો છે તેમ કહેવામાં હકીકત હોય ખરી ?

આજથી પચાસ વર્ષ પહેલાનો વેપારી કહેતો હતો કે- વેપારી કદિ જુઠું બોલે નહિ, ખોટું લખે નહિ, તેનો ચોપડો ખોટો હોય નહિ. વેપારીના ચોપડામાં જે ન હોય તે તેના ઘરમાં કે પેઢીમાં હોય નહિ. આવી વેપારીની આબરૂ હતી. આજે તમારી શી છે ?

સભા૦ આજે બધા વકને જડ છે.

ભગવાનના શાસનમાં વક્ર અને જડ જીવો હોઇ શકે છે. પણ ધર્મી હોય તે આવા વક્ર કે જડ ન હોય. કદાચ તે ન સમજે તો સમજુના આધારે ચાલે અને કલ્યાણ

સાધે. અજ્ઞાન સાધુ હોઇ શકે પણ તે ગુરુને પૂછયા વિના ડગલું ન ભરે. આગળ સ્કૂલોમાં પણ કાયદો હતો કે છોકરો પેશાબ કરવા જાય તો પણ માસ્તરને પૂછીને જાય. જરાક વાર લાગે તો માસ્તર તેને પૂછતા કે– આટલી વાર કેમ લાગી ? જવાબ ન આપે તો સજા ય કરે. આજે કોઇને મરાય ? આજનો વિદ્યાર્થી તો સાંભેથી મારે. આજનો ભણેલો સાચો ભણેલો નથી. આજે જુઠું લખવા અને જુઠું બોલવા માટે ભણેલા લોકો ભાડે મળે છે.

જ્ઞાની કહે છે– સંસાર ભૂંડો ન લાગે ત્યાં સુધી કામ જ ન થાય. 'આ સંસાર ભૂંડો છે. સાચું અને વાસ્તવિક સુખ મોક્ષમાં જ છે, સંસારમાં છે જ નહિ. સંસારનું જે સુખ છે તે દુઃખરૂપ છે, દુઃખફલક છે અને દુઃખાનુબંધી છે' આ વાત બેસી જાય તો કામ થઇ જાય. આ સંસાર કેવો ભયંકર છે ? જેમાં બધી જાતના ભય બેઠા છે તે સંસારમાં સુખ ક્યાંથી હોય ? ધન ક્યાં સુધી રહે તે ખબર નથી. યૌવનકાળ વિવેક વગરનો હોય તો ભુંડામાં ભુંડો છે, ભયંકરમાં ભયંકર છે. યુવાન સમજુ સારો મૂરખ બરાબ. આજનો યુવાન પહેલા મૂરખ છે. જે વખતે સીધી રીતે જે મળે તેમાં મજેથી જીવે તે ભણેલો કહેવાય. જીવવા માટે મારે આટલું તો જોઇએ જ તેમ નક્કી કરીને બહાર નીકળે તે ડાહ્યા બન્યો સમજો બરોબરના ગ્રહસ્થનું લક્ષણ શું ? જેની પાસે જે કાંઇ હોય તે બધું બતાવવા જેવું હોય. આગળના જમાનામાં દરેકે દરેક ક્રોડપતિ પોતાના ઘર ઉપર પોતાની પાસે જેટલા ક્રોડ હોય તેટલી ધજાઓ ચઢાવતા હતા. પોતાનો ચોપડો દુશ્મન માગે તો પણ બતાવતો હતો.

સભા૦ આગળ બેફ–બે નંબરના ચોપડા ન હતા !

આજે કેમ છે ? તમે ધર્મી નથી માટે.

આગળ કાચો પણ ચોપડો રાખતા અને પાકો પણ ચોપડો રાખતા. આગળ ટીપ થાય તો કાચા લખાણનું કાગળ પણ રાખતા અને પાકા લખાણનું પણ રાખતા.

સભા૦ આજે રખાય તેવું નથી !

કારણ ?

ગ્રહસ્થ પાસે જે હોય તે બતાવવા જેવું ન હોય તેવું હોય ! તમારા જેવા માણસો જુઠ બોલે ? ચોરી કરે ? ખોટું લખે ?

સભ૦ જુઠ તો ગોઠવી ગોઠવીને બોલે છે અને લખે છે.

જુઠ ગોઠવી ગોઠવીને કોને બોલવું પડે અને કોને લખવું પડે ? જુઠ ગોઠવી

ગોઠવીને બોલનારો ભુલેા પડયા વિના રહે નહિ અને તે પકડાઇ પણ જાય.

ઋની ફરમાવે છે કે સાચું અને વાસ્તવિક સુખ મોક્ષમાં જ છે. જીવને ભય મોહનો છે. મોહ કર્મથી છે. તે મોહનો અને કર્મનો નાશ કરી શકાય તેમ છે. આત્મા કદી નાશ પામતો નથી. આત્મા હતો, છે અને રહેવાનો છે. માટે જેને સાચાં સુખી થવું હોય તેને વિચારવું જોઇએ કે આ દુનિયાના સુખમાં અને પરિગ્રહમાં ફસાવવા જેવું નથી. આમ જે માને તે જૈન કહેવાય. શ્રી જિનેશ્વરદેવનો ભગત તે જૈન કહેવાય. તે દુનિયાના સુખને તે સુખ દુઃખરૂપ, દુઃખ ફલક અને દુઃખાનુબંધી માની દુઃખ માને, પૈસાને તે પરિગ્રહરૂપ હોઇ માને, પૈસો રાખવો પડે તેને પણ પાપનો ઉદય માને. ગ્રહસ્થને પૈસા વિના ચાલે નહિ માટે ગ્રહસ્થપણું ભુંડું છે. ગ્રહસ્થ જો સદ્‌ગ્રહસ્થ હોય તો સારો છે, નહિ તો તેના જેવો ભૂંડો કોઇ નથી. આજનો સુખી એટલે મોટામાં મોટો ચોર ! અનેકને ચોર બનાવનાર ! સારાને પાયમાલ કરનાર છે.

સભા૦ આજના કાયદા પળાય તેવા નથી.

ઉ૦ કાયદા પળાય તેવા નથી માટે નથી પાળતા કે પાળવા જ નથી માટે નથી પાળતા ? તમને એમ લાગે કે– આ કાયદા પળાય તેમ નથી તો તમે બધા સરકારને લખી દો કે–'આ કાયદા અમે પાળવાના નથી. તમારે જે કરવું હોય તે કરો. અમે તૈયાર છીએ.'

જો તમે બધા વેપારી સારા હોત તો આજની આ સરકાર એક દિ પણ ન ચાલત તેને ઊઠી જ જવું પડત. પણ તમે બધા તેને ટેકો આપો છો માટે મઝેથી જીવે છે. આજે ખુરશી ઉપર બેઠેલા તમારા જેવા ગ્રહસ્થો અને મોટા વેપારીઓની સહાયથી જીવે છે. તમે બધા ખુરશી ઉપર બેઠેલાની નિંદા કરો છો પણ તેમનાં કરતાં તેમને સહાય કરનાર તમે લોકો જ વધારેમાં વધારે ખરાબ છો. કેમકે, તેમને બગાડનાર તમે લોકો છો. આજે બાર મહિને એક વ્યક્તિ કેટલું કમાય તો ટેક્ષ નથી ? ૧૮,૦૦૦ તો પછી તમારે ખોટું કરવાની જરૂર શી છે ? તેનું એક જ કારણ છે કે આ દુનિયાનું જે સુખ અને તે સુખનું સાધન જે પૈસો તે બહુ સારો લાગ્યો છે. તે બે ને મેળવવા જે કરવું પડે તે મઝેથી કરો છો. 'પૈસા વગર બધું નકામું છે, પૈસો હોય તો જ બધું સારૂં છે' આવી મોટાભાગની માન્યતા છે. આવી જ માન્યતા જો જૈનસંઘની હોય તો તે જૈનસંઘ માટે કલંકરૂપ છે. (ક્રમશઃ)

મહાવ્રતનો ભંગને ક્રાંતિ (!) કહેવાય ?

—હરીશ શાં. પુનાતર–જામનગર

'ચિત્રલેખા'નો તા. ૧૫–૭–૯૬નો પૂર્વી ગજ્જરનો લેખેલો 'આધુનિક સાધનો દ્વારા સેવા કરતી જૈન સાધ્વીઓ' લેખ વાંચી આશ્ચર્ય થયું.

લોકશાહી દેશમાં બંધારણની મર્યાદામાં રહીને તથા દેશના કાયદા–કાનૂનને અનુરૂપ જીવન જીવવું, વાણી સ્વાતંત્ર્ય હોવું વિગેરે સૌ નાગરિકોમાં મુળભુત અધિકાર છે. તેમાં કોઇ બાંધો હોય જ ન શકે. પરંતુ જૈનધર્મની દીક્ષા અંગીકાર કર્યા પછી તેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું, ભગવાન મહાવીર સ્વામીની આજ્ઞા પ્રમાણે જીવન જીવવું તે દરેક દીક્ષીત આત્માની ફરજ બની જાય છે. અને તો જ તે આત્મા આરાધક બની શકે છે. કદાચ, કોઇ દોષ લાગી જાય તો પણ તેનુ પ્રાયશ્ચિત લઇ શુદ્ધિકરણ પણ થઇ શકે છે. પરંતુ સાધુવંશને વફાદાર તો રહેવું જ જોઇએ.

પ્રસ્તુત લેખમાં મહાવ્રતોના ભંગને 'ક્રાંતિ'માં ખપાવ્યા છે, જે આશ્ચર્યકારક છે. કોઇપણ સંસ્થા હોય પછી તે રાજકીય હોય કે ધાર્મિક, સામાજિક હોય કે વ્યવસાયિક તેના નીતિ નિયમોનું પાલન કરવું તે તેના દરેક સભ્યોની નૈતિક ફરજ બની જાય છે. તે નિયમોનું ચુસ્તપણે પાલન કરવું જોઇએ અથવા તો તે સંસ્થામાંથી દૂર થઇ જવું જોઇએ.

ઉપરોક્ત લેખમાં ફોન કરતાં–કોમ્પ્યુટર ચલાવતાં–માઇક પર બોલતાં જૈન સાધ્વીજીઓની તસ્વીર છે ! તથા તે તસ્વીરોના તસ્વીરકાર છે સાધ્વી સંપ્રજ્ઞાજી ! પ્રસ્તુત લેખમાં જિનાજ્ઞા ભંગ કરીને તેના બચાવમાં ઉટપટાંગ દલીલો કરેલ છે. જેના આગમ આધારિત જવાબો નીચે મુજબ છે. [જૈન સાધુ–સાધ્વીજીઓએ જિનઆગમ આધારે જીવન જીવવાનું હોય છે તે તો સર્વવિદિત છે.]

(૧)–આ લેખમાં જણાવેલ છે કે જૈન સાધુ–સાધ્વીજીને ટ્રેન–બસ–મોટર–વિમાન વિગેરેમાં પ્રવાસ કરવામાં વાંધો નથી અને ભગવાન મહાવીરે પણ ગંગા પાર કરવા માટે નાવનો (હોડીનો) ઉપયોગ કરેલો છે.

આ દલીલમાં કાંઇ વજુદ નથી. ઇર્યા સમિતિના પાલન તથા છકાય જીવોની દયાના પાલનાર્થે ભગવાને દશવૈકાલિક સૂત્ર અધ્યયન ૫ માં ચાલવાની વિધિ બતાવી છે. (ઉતાવળે ન ચાલે–નીચે જોઇને ચાલે વિગેરે). વાહનમાં બેસવાથી આ વિધિનું પાલન અશક્ય

બની જાય છે, અને ભગવાનની આજ્ઞાનો ભંગ થાય છે. (નદી ઉતરતાં ઉપયોગ થયો તેને માર્ગ ન ગણાય.)

વળી ભગવતી સૂત્ર શતક-૨૫ ઉદ્દેશા-૬માં નિગ્રંથોનું વર્ણન આવે છે, જેમાં અતીર્થો એટલે સ્વયંબુદ્ધ-પ્રત્યેકબુદ્ધને ત્રણ નિયંઠા કષાયકુશીલ-નિગ્રંથ-સ્નાતક કહ્યા છે. તીર્થંકર ભગવાન સ્વયંબુદ્ધ હોય છે તેથી તેઓને કષાયકુશીલાદિ ત્રણ નિયંઠા જ હોય છે. આ ત્રણ નિયંઠાવાળા કદીપણ સંયમમાં દોષ લગાડતા જ નથી.

(૨) પ્રસ્તુત લેખમાં ધર્મના પ્રચાર માટે વિદેશ જવું હોય તો વિમાન વગર કેમ ચાલે ? તેમ જણાવી વિમાનના ઉપયોગની છૂટની દલીલ કરવામાં આવેલ છે. અરે ! ભાઇ, ભારત દેશમાં સેંકડો ગામડાઓ (ખાસ કરીને ગુજરાત-રાજસ્થાન કે જ્યાં જૈનોની સૌથી વિશેષ વસ્તી છે તેવા રાજ્યો) છે કે જ્યાં પૂ. સાધુ-સાધ્વીજીઓના દર્શન પણ દુર્લભ હોય છે, વરસો સુધી ચાતુર્માસથી પણ વંચિત હોય છે. તેઓને ધર્મથી ભાવિત કરવાને બદલે મહાવ્રતોનો ભંગ કરીને (પ્લેનમાં ઊડીને) વિદેશીઓને ધર્મ પમાડવા જવું તેમાં શું ડહાપણ છે ? ઘર બાળીને [મહાવ્રત ભંગ કરીને-જિનાજ્ઞા ભંગ કરીને-સંયમમાં દોષ લગાડીને] તીરથ કરવા (વિદેશીઓને ઉપદેશ દેવા)ની શું જરૂર છે ?

(૩) આ જ લેખમાં આગળ પગરખા પહેરવાના બચાવમાં એવી દલીલ કરેલ છે કે મહાવીર ખુલ્લા પગે વિહાર કરતા ત્યારે કાચી માટીની કેડીઓ હતી જે ઠામરના રસ્તા જેટલી ગરમ થતી નહીં વિગેરે. દશવૈકાલિક સૂત્ર અધ્યયન ૩ જામાં ભગવાને પગમાં પગરખા પહેરવા તે સાધુના બાવન અનાચાર માંહેનો એક અનાચાર કહેલ છે. વળી પગરખા નહીં પહેરવાની આજ્ઞા સાથે કેડી કે સડકને કોઇ સંબંધ જ નથી. પગરખા નહીં પહેરવાની આજ્ઞા પાછળનું મુળ કારણ ધર્યા સમિતિનું પાલન [છકાય જીવોની દયા] કરવાનું છે, તથા દેહદમનને તો ભગવાને પાંચમું બાહ્યતપ કરેલ છે જે સાધકે કર્મનિર્જરા અર્થે કરવાનું હોય છે. સાધકે તો સુખશીલતા છોડવાની હોય છે જેનો ઉલ્લેખ દશવૈકાલિક સૂત્ર અધ્યયન ત્રીજામાં આયાવયાહી...સંપરાએ કરેલ છે. વધારે શું કહેવું ? આજે પણ ૧૦,૦૦૦ જૈન સાધુ-સાધ્વીજી ભારતભરમાં ખુલ્લા પગે વિહાર કરે જ છે ને ?

(૪) આગળ લેખિકાશ્રી જણાવે છે કે અહીં [વિરાયતનમાં] દેહદમનને મહત્વ અપાતું નથી. દેહદમનને તો ભગવાને કર્મનિર્જરાનું અમોઘ સાધન કહ્યું છે. કર્મનિર્જરા માટે નીકળેલા સાધક એમ કહે કે મારે મન નિર્જરાનું કાંઇ મહત્વ જ નથી તે કેવું વિચિત્ર અને આશ્ચર્યકારક કહેવાય, તેઓને શું કહેવું ?

(૫) આગળ આ લેખમાં જણાવેલ છે કે સહન ન થાય તો પણ રડતા-રડતાય કેશનો લોચ કરવો એમ મહાવીરે કયાંય કહ્યું નથી.

આ વાત પણ બરોબર નથી. નીશીથસૂત્ર ઉદ્દેશો-૩ તથા ઉદ્દેશો-૧૦થી સાબિત થાય છે કે પુ. સાધુ-સાધ્વીજીઓ વરસમાં ઓછામાં ઓછો એકવાર લોચ કરવો ફરજીયાત છે.

(૬) આગળ આ જ લેખમાં એક વિચિત્ર વાત લખેલ છે જેમાં સાધ્વીજી કહે છે કે, 'પુરૂષો ચરણસ્પર્શ કરે ત્યારે ખસી જઈએ, ના પાડીએ, તો સામાવાળાને કેવું લાગે ? આ બચાવ સાવ હાસ્યાસ્પદ છે. બીજાને સારૂં લગાડવા માટે બ્રહ્મચર્યની વાડનું ઉલ્લંઘન કરાય ? ભગવાને તો ઉત્તરાધ્યયન સૂત્રના બ્રહ્મચર્ય સમાધિ અધ્યયનમાં વિજાતીય સાથે એક આસન પર બેસવાની પણ મનાઈ ફરમાવેલ છે તો પછી ચરણસ્પર્શની તો વાત જ ક્યાં રહી ?

(૭) 'વિનયતન'માં સાધ્વીજીઓ કાચું પાણી પીવે છે અને તેના બચાવમાં (લુલા) જળશુદ્ધ પ્લાન્ટ છે વિગેરે દલીલો કરે છે. આ બધી દલીલો પણ પાયા વગરની છે. સાધુ આચારથી વિરૂધ્ધની છે. ભગવાને સાધુને પાકું પાણી પીવાની જ આજ્ઞા કરેલ છે. દશવૈકાલિક સૂત્ર અધ્યયન-૪ ગાથા-૧૫માં સાધુ-સાધ્વીજીને સચેત જલ (કાચું પાણી)ને સ્પર્શ કરવાની પણ મનાઈ ફરમાવેલ છે તો પછી પીવાની તો વાત જ ક્યાં રહી ? એજ આગળના અધ્યયન-૮માં ગાથા-૩૩માં ભીના હાથવાળી (કાચા પાણીને સ્પર્શ કરેલ હોય) વ્યક્તિ પાસેથી આહાર પાણી વહોરવાની પણ મનાઇ કરેલ છે તો પછી પીવાનો સવાલ જ ક્યાં રહે છે ? ઉત્તરાધ્યયન સૂત્રના બીજા 'પરિષહ' અધ્યયનમાં સાધુ-સાધ્વીજી કાચું પાણી પીવાની ઇચ્છા પણ ન કરે તેમ જણાવેલ છે તો પીવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૮) લેખિકાશ્રી આગળ જણાવે છે કે અહીંના સાધ્વીજી બ્રશ કરવું-નહાવું જરૂરી માને છે. દશવૈકાલિક સૂત્ર-૩માં 'દંતપહોયણા' (દાતણ કરવું-દાંત સાફ રાખવા વિગેરે) તથા 'ણિનાળે' (સ્નાન કરવું) ને બાવન અનાચારમાંના બે અનાચાર રહ્યા છે. અનાચારને જરૂરી માનવા !! કેવું વિચિત્ર !!!

(૯) આગળ ચંદનાજી જણાવે છે કે, 'સંસાર વચ્ચે રહીને સંન્યાસી રહેવું અને સેવા કરવી એજ દીક્ષાથી જીવન છે.' આ વાત જૈનેતર દર્શન મતે કદાચ યોગ્ય હશે પણ જૈન સાધ્વી માટે દીક્ષા એટલે ૧૮ પાપસ્થાનકનો ત્યાગ, પંચમહાવ્રતનું યાવત જીવન પાલન, આઠ પ્રવચન માતાની આરાધના, છકાયજીવોને અભયદાન તથા જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની આરાધના એજ સાચી દીક્ષા છે. લેખના મુખ્ય-મુખ્ય મુદ્દાઓની યથા યોગ્ય જગ્યાએ આગમના આધાર આપી જગ્યાની મર્યાદાને ધ્યાનમાં રાખીને ટુંકમાં જવાબ આપવાનો પ્રયાસ કરેલ છે. કોઇ વાદ-વિવાદ માટે નહીં પણ લોકો જૈન સાધ્વીના જીવનની વાસ્તવિક મર્યાદાઓ-નીતી નિયમો-આચારવિચાર આદિ જાણે-સમજે તે હેતુથી જણાવેલ છે. તટસ્થબુધ્ધિથી વાંચન કરી, વિચારી સત્ય વસ્તુસ્થિતિને જાણી સર્વ આત્મ કલ્યાણ માર્ગે આગળ વધે એજ અભ્યર્થના. જિનાજ્ઞા વિરૂધ્ધ કાંઇ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં.

('જૈન જોરથ' ૧૦-૧૯૯૬)

—: સમ્યગ્જ્ઞાનની સર્વશ્રેષ્ઠતા :—

- વર્ધમાનતપોનિધિ પૂ આ. દે. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મહારાજ

(ગતાંકથી ચાલુ)

જ્ઞાન પોતે ઉત્પન્ન કરેલું હોય છતાં પોતે તેનો તેમ ઉપયોગ કરે તો દોષ લાગે ? એ કેવી રીતે ?

તમારો છોકરો કે છોકરી તમે તેમ ઉપયોગ કરતો તેનો ઠંડ થાય કે નહી ? અને વધુ દુર ઉપયોગ કરો તો ફાંસીની સજા થાય છે. તે તેમ જાણો છો કે નહી ? તેમ પુન્ય તમે પેદા કર્યું તેનો ગમે તેમ ઊપયોગ કરો તો એ તમારો ગુન્હો છે. પોતાની મહેનતે ઉત્પન્ન થયું હોય. તેનો દુરઉપયોગ કરો તો સજા થાય છે. પોતાનાથી જે– ઉત્પન્ન થયું તે તેનું ફરજંદ થઈ ગયું. તેની વૃદ્ધિ કેમ થાય. તે જોવાની તેની ફરજ છે. પરંતુ તે કરમાઇ જાય તેવું કરે તો તેનો તે સાચો બાપ નથી. સાચા માતા પિતા તો વિચારે કે મારા કુંટુબમાં આવેલા કોઈની પણ દુર્ગતિ ન થાય. એટલે તો કહેવાતું કે 'જેને ઘેર દીક્રા નહિં તે ઘર વાંઝિયું.'

સરસ્વતી પરમ પવિત્ર માતા છે. તેનું જ્ઞાન એ પવિત્ર ગણાય છે. જેમ આચાર્ય ભગવંતનો કપડો, આસન, પાટ આદિ બધું પવિત્ર ગણાય. તેમ સરસ્વતિમાતાનું જ્ઞાન એ પવિત્ર ગણાય. તેથી અસત્ય બોલવું ગાળો બોલવી. નીંદા કરવી કોઇના ઉપર ખોટા દોષ દેવા સ્વ અને પરનું અહિત થાય તેવા ગીત–ગાન ગાવા. ક્રોધથી આક્રોશ કરવો આ બધી સરસ્વતી માતાની આશાતના છે.

બહું ઉંડો વિચાર કરો. ભુતકાળના ઉંડાણમાં ચાલ્યા જાવ ઉંડું મનોમંથન કરો. દુનિયામાં ક્યાંય ન જડે તેવા આચાર વિચાર ઉચ્ચ જ્ઞાનાભ્યાસ–સંસ્કારો આ દેશમાં હતા. બાલ્યવયથી એવા સંસ્કારોની સુવાસથી બાળકોને ઘડાતા કે તે પાકટ વયે ઓજ તેજ અને ખુમારી ભર્યા જીવન દ્વારા અનેકોનો સહારો બનતો. જ્ઞનના આચારો જે બતાવવામાં આવ્યા છે. તેમાં અકાળે અધ્યયનનની છે. જ્ઞાન વિધિપૂર્વક લેવાની વિધિ છે.

હિન્દુસ્તાન સર્વરીતે સમૃધ્ધ હતો. તેનું બુદ્ધિકૌશલ. અત્યંત ઊંચી કોટિનું હતું. હિન્દુસ્તાન સર્વ રીતે તંદુરસ્ત હતું. જે દેશે પોતાની સંસ્કૃતિ અને બુધ્ધિ-કૌશલના પ્રભાવે સર્વ લોકમાં અજવાળા ફેલાવ્યા હતા. બંગાળમાં હજારો પાઠશાળાઓ હતી. મદ્રાસમાં જબરજસ્ત વિદ્યાલયો હતા. નાલંદા વિશ્વ વિદ્યાપીઠમાં ભણવા માટે દુનિયાભરમાંથી ભણવા વિદ્યાર્થીઓ આવતા હતા.

આ બધા ઉપર વિશ્વ ઉપર પોતાનું એક છત્ર સામ્રાજ્ય બીછાવી દેવાની મેલી ચાલના અંગ્રેજોની બદચાલના આપણે સૌ ભોગ થઈ પડયા છીએ. લોર્ડ મેકોલે દ્વારા નંખાયેલા શિક્ષણના બીજ આજે સમગ્ર હિન્દુસ્તાનમાં બુધ્ધિના કેન્સર દ્વારા ફેલાઈ ગયું છે. જે શિક્ષણના ઝેર પીને વિદ્યાર્થી ધર્મ ભક્ત ન બની શકે તેવી સ્થિતીનું નિર્માણ થયું છે.

વૃધ્ધો પાસે જાણવા મલ્યું છે કે આપણે ત્યાં ૬ થી ૧૨ અને ૨ થી ૫ ભણવાનો સમય હતો. તેથી દરેક જણ પોતાના ધર્મ અનુષ્ઠાનો વ્રત-નિયમ-પચ્ચક્ખાણ-ધર્મશ્રવણ ધર્મક્રિયાઓ-ભક્તિ આદિ કરી શકતા હતા. પરંતુ છેલ્લા દોઢસો વર્ષમાં અંગ્રેજી શિક્ષણે જે કાળો કેર વર્તાવ્યો છે. અને આ ભયંકર ઝેરી સર્પને પ્રજાએ જે રીતે ગુલામના હારની જેમ સ્વીકારી લીધો છે. તેના ઝેરી ફણાની ગતિ રોકેટ વેગે વધી રહી છે. અને તેના બીજ એવા નંખાઈ ગયાં છે કે ભલભલો હિંમત હારી જાય. નિરાશા-હતાશા ને દફનાવી સત્વશાળી આત્માઓએ સત્વ ફોરવી આવા શિક્ષણથી છેડો ફાડી નાખવો તે ઉચિત લાગે છે. શું થશે ? તેની ફિકર કર્યા વગર આ ઝેરી બીજને પ્રવાહને નાનકડા પણ વર્ગે ફગાવી દેવાની સાહસિકતા કેળવવી પડશે.. કોઈપણ ફેરફાર માટે જરૂરી હિંમત-હોંશિયારી કોઇકે તો કરવી જ પડે..

આજે તો શિક્ષણનો બોજ એવો નાંખી દેવાયો છે કે બાળક સવારથી સાંજ સુધી તેમાં ગોંધાઈ ગયુ છે. ચુંથાઈ જાય છે. ચુસાઈ જાય છે. ચિમળાઈ જાય છે. બોટા વધારાની ફી ડોનેશનો જેની પાસે સંસ્કારનો છાંટો નથી. મર્યાદાની કુર મશ્કરી કરે તેવા ના હાથમાં જીવન સોંપવું એટલે ભયાનક જંગલમાં સિંહ અને વરૂ પાસે બાળક ને સોંપી દેવો. છતે મા-બાપે અનાથ બનાવવો.

આજે અકાળે જાણવાનું વધ્યું. આશાતના ખુબ વધી રહી છે આ દેશમાં શિક્ષકો વિદ્યા વેચતા નહિ. ટયુશનો હતા નહિ. આજે તો વિદ્યાપીઠો એ વિદ્યાને પીઠ કરી દીધી છે. જેઓ ભણવવાનું કામ કરતાં તેઓને દક્ષિણા અપાતી જેથી ભણાવનાર અને ભણનારનું જ્ઞાન વધતું. અને બોધિબીજ નજીક બનાવતું હતું. કેમ કે નીસ્વાર્થ એ પણ માર્ગાનુસારીનો ગુણ છે.

જ્ઞાનના કાગળ, ઉપર પેસાબ કે સંડાસ કરનાર રીબાઈ રીબાઈને મરે છે. આ ભયંકરમાં ભયંકર કોટિની આશાતના છે. આવી આશાતના કરનારને તાત્કાલિક ફળ મળ્યાના દાખલા છે. વરદત્ત અને ગુણ મંજરીએ પુર્વભવમાં કાગળો બાળ્યા શું થયુ ? શોધીને વાંચશો.

એક મારવર હતા. લગભગ ૪૨ સંસ્થાના તે પ્રમુખ હતા. તેઓને ખુબ અહમ હતું. મારા જેવો હુંશિયાર કોઈ નથી. આજે કાંઈ બાકી રહેતું નથી પણ પશ્ચાતાપ

કરે છે કે મે બહુ ભુલ કરી. મારા અહંકારનું પરિણામ ભોગવ્યા કરું છું માથું ચોવીસે કલાક દુખ્યા કરે છે. ગમે તેવા ઇન્જેકશન-ગોળી-ડોકટર કે સંપત્તિ આ દુઃખ દૂર કરી શકતા નથી. જ્ઞાન આવ્યા પછી વિનય-વિવેક-નમ્રતા-સદાચાર-સેવા-પરોપકાર વગેરે ગુણો વધવા જોઇએ. આંબા ઉપર ફળ આવે છે તે નમે છે બધાને છાયો આપે છે. તેમ જ્ઞાન અને બળનો ઉપયોગ બીજાને ઠાર કરવા માટે નથી કરવાનો પણ ઠારવા માટે કરવાનો છે. નબળાને દબાવવા માટે નહિ પણ તેને શાંતવન આપવા માટે કરવાનો સરસ્વતી માતાની સાચી ભક્તિ ઉપાસના જ્ઞાનની ભકિત છે. કલિકાલ સર્વજ્ઞ આ. ભગવંત શ્રી હેમચંદ્રાચાર્યે નાની ઉંમરે દીક્ષા લઇ જ્ઞાનની એવી આરાધના કરી કે ૩૫ લાખ શ્લોક બનાવ્યા. સિદ્ધ હેમ વ્યાકરણ બનાવ્યું. રાજ્યસભામાં વાદ કરવા ગયા તો શ્રી જિનશાસન વિજય પતાકા જયવંતી રાખી. કુમારપાળ મહારાજા જેવાને પ્રતિબોધ કરી જૈન શાસનન જબરજસ્ત કાર્યો કર્યા. તેમની જ્ઞાન ભકિત જોઇ સરસ્વતી દેવી સામે આવી પ્રત્યક્ષ થઇ હતી.

પાણિની વ્યાકરણકારને છેક કાશ્મીર સુધી જવું પડયું અનેક તપની સાધના બળી હતી.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ એવી જ્ઞાનોપાસના કરી કે કાશ્મીરના બધા પંડિતોએ ભેગા થઇ ન્યાય વિશારદનું બિરુદ આપ્યું એવા અદ્‌ભુત ગ્રંથોના સર્જન કર્યા કે થોડામાં ઘણું ભરી દીધું.

એકવાર તો વાદમાં એવી શરત કરી કે તેમને વાદમાં જ્યારે બોલવાનું થાય ત્યારે 'પ' વર્ગ એટલે કે પ, ફ, બ, ભ, મ શબ્દનું ઉચ્ચારણ થવું ન જોઇએ. આ માટે નીચેના હોઠ ઉપર રંગ લાગવામાં આવ્યો જેથી કદાચ બોલાઈ જાય તો ખબર પડે. આ મહાપુરુષની જ્ઞાન શકિતએ તેમાં પણ વિજય અપાવ્યો. એમના જીવનમાં બીજા અદ્‌ભુત કાર્યો ઘણાં થયા છે.

તેઓ કાશી જઈ અભ્યાસ કરીને પાછા આવ્યા. એકવાર કોઈ ગામની અંદર ગુરુ ભગવંત પાસે શ્રાવકોની સાથે પ્રતિક્રમણમાં હતા. શ્રાવકોએ કહ્યું આજે પૂ. યશોવિજયજી મહારાજને સજ્ઝાયનો આદેશ આપો. પૂ. યશોવિજયજી મ. સા.એ બીને ઘણો અભ્યાસ કરેલો પરંતુ સજ્ઝાય કંઠસ્થ ન હતી. એટલે બોલી ન શકયા. શ્રાવકે ટોણો માર્યો તો શું કાશી જઈને ઘાસ કાપી આવ્યા ? ત્યારે તો કાંઇ ન બોલ્યા.

પરંતુ બીજે દિવસે પોતે સજ્ઝાયનો આદેશ માંગ્યો. સજ્ઝાય બોલ્યા જ કરે બંધ થાય નહિ. શ્રાવકોએ અધવચ્ચે કહ્યું, 'હજી કેટલી લાંબી સજ્ઝાય છે ?' આ મહાપુરૂષે મીઠો જવાબ આપ્યો. 'હજી તો ઘાંસ કપાય છે પુળા બાંધવાની વાર છે. આવી

ચકિત કયારે મળી ? ચોકકસ પૂર્વભવની સાધના અને આ ભવનો પ્રચંડ પુરૂષાર્થ તેમાં કામ કરે છે. આ સજઝાયને બનાવી તે સમ્યકત્વના ૬૭ બોલની હતી.

આવા તો એક નહિ પણ ઢગલાબંધ મહામુનિઓ પૂજય આચાર્ય ભગવંતો આ શાસનમાં થયા છે. જેઓએ પોતાનું આત્મ કલ્યાણ કર્યું છે. શાસનનાં મહાન કાર્યો કર્યા છે. અનેક આત્માઓને તપસ્વી–જ્ઞાની–જિનભકિત–દાનવીર–ઉદાર ગુણવાન બનાવ્યા છે. શ્રી જિનશાસન જયવંતુ વર્ત્યું છે.

સમ્યગ્જ્ઞાન કિંમતી વસ્તુ છે જે અજ્ઞાનીને કેવળજ્ઞાની બનાવી શકે છે. અપૂર્ણને પૂર્ણ બનાવે છે. મામુલીને મહાન બનાવે છે. ભયંકર ક્રોધીને સમતાના મહાસાગર બનાવે છે.

જીવનમાં ચાલતી જ્ઞાનની આશાતના દૂર કરવાની મહેનત કરનાર ભવિષ્યમાં શ્રી હેમચંદ્રાચાર્ય કે શ્રી યશોવિજયજી મહારાજ જેવો બની શકે છે. અને મોક્ષના દ્વાર સુધી પહોંચી શકે છે. નાની નાની ભૂલો જીવનમાંથી દૂર કરવા પ્રયત્નશીલ બનીએ.

જીવને શીખામણ

જાય છે જગત ચાલ્યું રે. ઓ જીવ જોને, ટેક

જોને તું પાટણ જેવાં, સારા હતા શેર કેવાં; આજ તો ઉજડ એવાં રે, ઓ જીવ જોને. ૧
વળી સિદ્ધપુર વાળો, મોટો જોને રૂદ્રમાળો; રહ્યો નહી તે રૂપાળો રે, ઓ જીવ જોને. ૨
રૂડા રૂડા રાણી જાયા, મેળવી અથાગ માયા; કાળે તે'ની પાડી કાયારે, ઓ જીવ જોને. ૩
છત્રે જેને છાયા થતી, રૂડી જેની હતી રતી; કયાં ગયા કોડો પતી રે, ઓ જીવ જોને. ૪
જરી જો આજરી થતા, હાજર હકીમ હતા; તે'નાં નોં ન લાગે પત્તારે, ઓ જીવ જોને. ૫
કોઇ તો કે'વાતા કેવા. આભના આધાર જેવા;
ઉઠી ગયા એવા એવા રે, ઓ જીવ જોને. ૬
જુવાનીમાં જાતા જોઇ, રાખી નવ શકયા કોઇ; રહ્યાં સરવે સગાં રોઇ રે, ઓ જીવ જોને. ૭
હાજર હજારો રે'તા, ખમા ખમા ખમા કે'તા, વિશ્વમાંથી ગયા વે'તારે, ઓ જીવ જોને. ૮
મૂઆ જન જેની સાથે, હેતથી પોતાને હાથે; મરણ ન મટ્યુ માથે રે, ઓ જીવ જોને. ૯
જશ લીધો શતરૂ જીતી, નવીન ચલાવી નીતી; વેળા તે'ની ગઇ વીતીરે, ઓ જીવ જોને. ૧૦
જગતમાં ખુબ જમ્યા, વે'ર વાળીને વિરામ્યા;
પણ તે મરણ પામ્યારે, ઓ જીવ જોને. ૧૧
નેક નામદાર નામે, ઠર્યા જઇ સમશાન ઠામે;
દીઠા કલપતરામે રે, ઓ જીવ જોને. ૧૨

ભગવાન મહાવીર સ્વામીના પરિવારના નામો

—સંદર્ભ : પૂ. સા. શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ.

૧	પ્ર. માતા પિતા	દેવાનંદા બ્રાહ્મણી	ઋષભદત્ત બ્રાહ્મણ	
૨	દ્વિ. ,, ,,	ત્રિશલાદેવી	સિદ્ધાર્થરાજા	
૩	ભાઇ-ભાભી	નંદીવર્ધન	જયેષ્ઠા	
૪	બહેન બનેવી	સુદર્શના		
૫	પત્ની	યશોદા		
૬	પુત્રી જમાઇ	પ્રિયદર્શના	જમાલી	
૭	મામા મામી	ચેડા રાજા	પૃથ્વીરાણી	
૮	પૌત્રી	શેષવતી		
૯	સસરા સાસુ	સમરવીર	યશોધ્યા	
૧૦	કાકા કુટા	સુપાર્શ્વ	જીતશત્રુ	
૧૧	નાના નાની	કેક રાજા	યશોમતી	
૧૨	માસા, માસી, નગરી	શતાનિક રાજા	મૃગાવતી	કૌશાંબી
૧૩	,, ,,	ચંડપ્રદ્યોત રાજા	સુયભા	દશાણ
૧૪	,, ,,	ઉદાયન રાજા	પ્રભાવતી	સિંધુ
૧૫	,, ,,	શ્રેણિક રાજા	ચેલ્હણા	મગધ
૧૬	,, ,,	નંદિવર્ધન રાજા	જ્યેષ્ઠા	વિદેહ
૧૭	,, ,,	દધિવાહન રાજા	ધારિણી	ચંપાપુરી
૧૮	,, ,,	ચંડપ્રદ્યોત રાજા	શિવા	દશાણ
૧૯	શાસન રક્ષક, યક્ષ, યક્ષિણી, માતંગયક્ષ		સિદ્ધાયક	યક્ષિણી

ભગવાન મહાવીર સ્વામીએ ગર્ભમાં આવેલ ત્યારે કરેલ અભિગ્રહ

જ્યાં સુધી માતા પિતા જીવિત હોય ત્યાં સુધી મારે સંયમ ન લેવો.

૧૪. મહાવીર સ્વામીને સુલપાણી યક્ષના મંદિરમાં આવેલ દસ (૧૦) સ્વપ્ન તે ફળ શું તે

	સ્વપ્ન	ફળ
૧	તાલપિશાચનો ઘાત કર્યો	મોહનીય કર્મનો ઘાત કરશો
૨	સેવા કરાતું શુકલ પક્ષી	શુકલ ધ્યાનમાં આરૂઢ થશો

૩	કોયલ પક્ષી	દ્વાદશાંગીની પ્રરૂપણા કરશે।
૪	સેવા કરાતો ગાયોનો સમુહ	ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરશે।
૫	મહાસાગર પાર ઉતર્યા	ભવભ્રમણનો અંત કરશે।
૬	ઉગતો સૂર્ય	કેવલજ્ઞાન દર્શનની પ્રાપ્તિ થશે
૭	આંતરડા વડે માનુષોત્તર પર્વતની વિંટળાઇ જવું	ત્રણે ભુવનમાં કીર્તિ ફેલાઇ જવી
૮	મેરૂ પર્વત ઉપર આરોહણ	સમવસરણમાં બેસી દેશના આપશે।
૯	દેવો દ્વારા સેવાતું પદ્મ સરોવર	ચારે નિકાયના ઇન્દ્રો સેવા કરશે
૧૦	પુષ્પોની બે માળા	સર્વવિરતિ દેશવિરતિ ધર્મ પ્રરૂપણા કરશે।

૭. મહાવીરના પ્રચલીત-અપ્રચલીત નામો।

વર્ધમાન	મહાવીર	ચરમતીર્થપતિ
જ્ઞાતપુત્ર	વિદેહ	સન્મતિ
કાશ્યપ	શ્રમણ આર્ય	વૈશાલિક

જિનભક્તિ અને આઠ કર્મ હરિફાઇ

ચૈત્યવંદનથી	જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય
પ્રભુ દર્શનથી	દર્શનાવરણીય કર્મનો નાશ (ક્ષય) થાય
જયણા પાળવાથી	(અશાતા) વેદનીય કર્મનો ,, થાય
પ્રભુના ગુણ ગાવાથી	મોહનીય કર્મનો નાશ થાય
શુદ્ધ અધ્યવસાયથી	(નીચ) આયુષ્ય કર્મનો નાશ થાય
પ્રભુના નામસ્મરણથી	(અશુભ) નામકર્મનો નાશ થાય
વંદન પૂજનથી	[નીચ] ગોત્ર કર્મનો નાશ થાય
યથા શક્તિ દ્રવ્ય વાપરવાથી	અંતરાય કર્મનો નાશ થાય
દેવસર જવાથી	જ્ઞાનાદિ ચારે પ્રકારના ધર્મનું પાલન થાય

આઠ મદ કોને કોને કરીયા

જાતિમદ	હરિકેશી મુનિ	તપમદ	કુરગડુઋષિ
કુળમદ	મરીચિ	ઋદ્ધિમદ	કયાકુંભદ્ર રાજા
બળમદ	રાવણ	વિદ્યામદ	સ્થુલીભદ્રજી
રૂપમદ	સનતકુમાર ચક્રવર્તી	લાભમદ	સુભૂમ ચક્રવર્તિ

૭. ચંદ્રપ્રભસ્વામીના સાત ભવના નામ

૧ ધર્મરાજા	૨ સૌધર્મ દેવલોક	૩ મહાબલસેન ચક્રવર્તિ
૪ અચ્યુતેન્દ્ર	૫ પદ્મરાજા	૬ વૈજયંત (અનુત્તર)

સાતમો ભવ ચંદ્રપ્રભસ્વામી

તારે પણ ડુબાડે પણ

	ડુબ્યા	તર્યા
૧ કર્મ	ચંડકૌશિક (પૂર્વભવ)	ચંડરૂદ્રાચાર્ય
૨ શરીરની મમતા	મરિચી	ખંધકસૂરિના ૪૯૯ શિષ્ય
૩ ગુરૂના ઠપકાથી	કુલવાલક	મૃગાવતીજી
૪ રસના	કંડરીક	કરણુડમુનિ
૫ અગ્નિકાના સંગે	નંદિષેણ	સ્થુલીભદ્રજી
૬ લાલચ	ચુલ્લમચક્રી	ભરતચક્રી
૭ પ્રમાદ	ચૌદપૂર્વધર	ગૌતમસ્વામી (અપ્રમત)
૮ ઉપસર્ગ	સંગમદેવ	ખરકવૈદ્ય (સેવા કરી)
૯ તેજોલેશ્યા	ગોશાળો	મુનિ ભસ્મ થયને

મહાવીર સ્વામી ભ.ને થયેલા ઉપસર્ગ

૧ જઘન્યમાં	ઉત્કૃષ્ટ ઉપસર્ગ	કટપુતના વ્યંતરીનો
૨ મધ્યમમાં	,, ,,	સંગમદેવ
૩ ઉત્કૃષ્ટમાં	,, ,,	ખરકવૈદ્ય કાનમાંથી ખીલા કાઢયા તે

-: વિવિધ વાંચનમાંથી :-

—સાધ્વીજી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

'શ્રી શત્રુંજયતીર્થ' ઉપર જિનેશ્વરદેવના દર્શન માત્રથી બે ભવની દુર્ગતિનો નાશ થાય છે. પૂજા તથા સ્તુતિ કરવાથી એક હજાર સાગરોપમની દુર્ગતિ નાશ પામે છે.

માર્ગમાં શત્રુંજયનું ધ્યાન કરવાથી એક હજાર પલ્યોપમ વર્ષનું, અભિગ્રહ કરવાથી લાખ પલ્યોપમ વર્ષનુ ને તેની સન્મુખ ગમન કરવાથી એક સાગરોપમ વર્ષનું સંચિત કરેલું પાપકર્મ નાશ પામે છે.

ગુણ વગરનો માણસ ગુણવાનને ઓળખતો નથી, અને ગુણવાન માણસ ગુણવાનની અદેખાઈ કરે છે; પરંતુ ગુણવાળા અને ગુણ ઉપર પ્રેમ રાખનારા મનુષ્યો વિરલા હોય છે.

શુભેચ્છા સમાચાર

શ્રી શંખેશ્વર મહાતીર્થમાં ઉપધાન

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તથા જૈન ધર્મશાળા વીરમગામ રોડ મુ. શંખેશ્વરમાં માગશર વદ–૬ મંગળવાર તા. ૩૧–૧૨–૯૬થી શરૂ થશે. લાભ લેનાર (૧) શ્રીમતી પુરીબેન હંશરાજ હીરજી ચંદરીયા પરિવાર હા. શ્રીમતી કમળાબેન મોહનલાલ તથા શ્રીમતી લક્ષ્મીબેન મુરગ ગડા (૨) શ્રીમતી રાણીબેન ખીમજી વીરજી ગુઢકા પરિવાર (૩) શ્રીમતી ઉમાબેન સોજપાર કચરા તથા શ્રી મહેન્દ્રકુમાર સોજપાર હઃ શ્રીમતી શાંતાબેન મહેન્દ્રભાઈ.

જેમને જોડાવવું હોય તે તરત નામ નોંધવી દે અને શંખેશ્વર જણાવી દે.

પૂ. આ. ભ. શ્રી જામનગર માગશર સુદ–૨ની ઉપધાનની માળ પછી માગશર સુદ–૩ના વિહાર કરી શંખેશ્વરજી માગશર વદ–૫ સોમવાર પહોંચશે વચ્ચે માગશર સુદ ૭ જોડીયા મુકામે પૂ. આ. શ્રી અમૃતસૂરીશ્વરજી મ.ની મૂર્તિની પ્રતિષ્ઠા કરશે. ત્યારબાદ હળવદ ધ્રાંગધ્રા પાટડી થઈને શંખેશ્વર પધારશે.

રાણેબેન્નૂર કર્ણાટક–આચાર્યદેવ શ્રી વિજય ભુવનતિલક સૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ. પૂ. આ. શ્રી અમરસેન સૂ. મ. ઠા. ૫ સાથે પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ. ઠા. ૭ શ્રી પાવન નિશ્રામાં શ્રી પર્યુષણ પર્વમાં થયેલ માસ ક્ષમણ સિદ્ધિતપ આદિ તપોની આરાધના અને પૂ. શ્રી અશોકરત્ન સૂ. મ.ની વર્તપની ૬૯ મી ઓળીની આરાધના નિમિત્તે શ્રી કલ્યાણ મંદિર પૂજન ૧૮ અભિષેક શ્રી શાંતિ સ્નાત્ર પૂજા સાથ પાંચ દિવસનો મહોત્સવ અનેરી ઠાઠથી ઉજવાયો હતો બેંગ્લોરના શ્રી પ્રદીપકુમાર રોસ. શાહે વિધાનો કરાવ્યા હતા. પૂજા ભક્તિમાં અમદાવાદના ચેતન એન્ડ પાર્ટીને ભક્તિ રસનો રંગ લગાવ્યો હતો આયંબિલની ઓળી સાથ પારણાં પ્રભાવના થઈ હતી. શ્રી અશોક રત્ન સૂ. મ.ની ઓળીના પારણા નિમિત્તે ભવ્ય વરઘોડો સંઘ પૂજનો પ્રભાવના થઈ હતી નુતન વર્ષારંભ દિવસે શ્રી નવસ્મરણ શ્રી ગૌતમ સ્વામી રાસના વાંચન પછી શ્રી ચતુર્વિધ સંઘ સાથે દહેસરમાં દર્શન પછી ધર્મશાળામાં નાસ્તાની વ્યવસ્થા થઈ હતી.

જ્ઞાન પાંચમ ચૌમાસી પર્વની આરાધના કા. શુદ ૧૫ના ચાતુર્માસ પરિવર્તન શત્રુંજય પટ્ટ દર્શન ભાતાનુ વિતરણ વદ ૧ના વિહાર હરિહર દાવણગિરિ થઈ શુદમાં શિરણુપ્પા પ્રતિષ્ઠા મૈસુર થઈ ચૈત્ર મહિનામાં ઉટી કુન્નુર ત્યાં જેઠ મહિનામાં પૂ. આ. મ.ની ૧૦૦મી ઓળીનું પારણું થશે.

* પાણી વગરનો કુવો *

-મનુભાઇ નગીનદાસ, નગરશેઠ મારકીટ, રતનપોળ, અમદાવાદ

કુવામાં પાણી ન હોય તો પણ કોઇ ચલાવે રાખે અને પાણી એક દિવસ જરૂર આવશે તેવી કોઇ વાત કરે તો આપણે એ વાત સ્વીકારીશું ખરા ?

કોઇ ચલાવી ચલાવીને થાકયો અને કહ્યું કે ભાઇ પાણી નથી આવતું ત્યારે કોઇ કહે કે ભાઇ તું તારે ચલાવે રાખ એક દિવસ જરૂર આવશે. ફરી પ્રયત્ન કર્યો પાછું પરીણામ શુન્ય. અરે ભાઇ તું તારે કોઇ ચલાવે રાખ એક દિવસ જરૂરથી પાણી આવશે તો કોઇ ચલાવનાર ડાહ્યો હોય (ચલાવી ચલાવીને થાકયા પછી) તો પૂછે કે ભાઇ કુવામાં પાણી જ નથી તો કયારેય પાણી આવે ખરૂં ? હા ! એ વાત સાચી કે સંસારના વ્યવહારમાં પાણી વગરના કુવામાંથી પાણી ન નીકળે તો તો તે કોઇ ચલાવવાનુ બંધ કરી દેશે. અરે કોઇ કહેશે કે ભાઇ તું તારે કોઇ ચલાવે રાખ એક દિવસ જરૂર પાણી આવશે. કારણ કે કોઇ ચલાવવાની પ્રકિયામાં એવી તાકાત છે કે કુવામાંથી ગમે ત્યારે પાણી પ્રગટાવી શકશે તો ડાહ્યો માણસ આવી વાત કરનારને મૂર્ખ અથવા તો મહામૂર્ખ કહેશે.

આવી મુર્ખાઇ ભરેલી વાતો આજે ધર્મના વ્યવહારમાં ચાલી રહી છે. એક બાજુ એમ કહેવામાં આવે છે કે સમકિત વગરની કિયા નકામી છે-નિષ્ફળ છે-છાર પર લીંપણ સમાન-ગગન અમાપ છે છતાં સમકિત વગરની ક્રિયા કરે રાખવાથી કદી સમકિત આવે ખરૂં ? હજારો માણસોને પૂછવામાં આવ્યું તો કહે છે કે અમને શ્રદ્ધા છે કે ધર્મનો વ્યવહાર ચાલું રાખીશું તો એક દિવસ સમકિત જરૂર આવશે. અને આજે ઉપદેશ આપનારા પણ આવી જ વાતો કરે છે. આવાથી પધારે ઉપદેશદાતા અને શ્રોતાઓનું મોટું અજ્ઞાન કયું હોઇ શકે ? ખરેખર ઉપદેશ દાતાને જ ખબર નથી કે સમકિત શું ચીજ છે. જો પાણી વગરના કુવામાં કોઇ ચલાવવાથી પાણી મળી શકતું હોય તો બાહ્ય ક્રિયા કરવાથી સમકિત મળી શકે ? સમકિત એ આત્માના પરિણામ ભાવનું કારણ છે નહીં કે ક્રિયાનું. સાચી બાહ્ય ક્રિયા તો સમકિત પામ્યા પછી અવિરતિ ગુણ સ્થાનક પછી આવે છે ત્યારે તે સાચો ધર્મ વ્યવહાર બને છે.

આજે ધર્મદેશના કથાઓ અને ગ્રંથો વાંચવાની જગ્યાએ સમકિત પમાડનાર મુળભૂત એવા માર્ગાનુસારીની દેશના ઉપર ભાર મુકવાની જરૂર નથી લાગતી ? જ્યાં ન્યાય-ન્યાય એ પણ સંભવ નથી ત્યાં ધર્મ કેવી રીતે આવી શકે. અન્યાય અનીતિથી મેળવાતું ધન-એ ધનની-સંસા-

રની આસક્તિ દર્શાવનાર છે. આપણા જૈન શાસનમાં માર્ગાનુસારી જીવ ધર્મદેશના સાંભળવાનો અધિકારી કહ્યો છે–ધર્મક્રિયા કરવાની વાત તો ઘણે દૂર રહી. જે જીવ માર્ગાનુસારી નથી તે જ દર્શાવે છે કે તે સંસારનો આસક્ત છે અને સંસારનો આસક્ત જીવ સાચો ધર્મ કદી કરી શકે ખરો ?

તો એ વાત નક્કી કે જેને માર્ગની ખબર નથી તેની ધર્મની બાહ્ય ક્રિયા સંસાર માટેની જ બને છે. સંસાર માટે કરાતી કોઇપણ ક્રિયા તે અધર્મ છે તો શું અધર્મની પ્રવૃતિ કરવાથી સમકિત પામી શકાય ખરૂં ?

પરંતુ ઉપદેશકદાતા અને શ્રોતાઓ મોટે ભાગે ધર્મક્રિયા તે ધર્મ સમજી બેઠા છે તેના જેવું બીજું અજ્ઞાન કયું હોઇ શકે ?

અંતે મુખ્ય વાત એજ છે કે આજે ધર્મદેશનામાં આમુલ પરિવર્તનની જરૂર છે માર્ગાનુસારી ધર્મની દેશના ગુણવિહીન આત્માને ગુણ તરફ દૃષ્ટિ કરાવશે–ગુણ ગ્રાહ્ય બનવાની અભિલાષા જગાવશે. પછી તેવા આત્માઓને સમકિત પામતા વાર નથી લાગવાની અને સમકિત મળ્યું એટલે સાચો ધર્મ સહજ રીતે આવી જશે એમાં કોઇ શંકાનું કારણ જણાતું નથી.

જેને સાચો ધર્મ કરવો છે–સાચા ધર્મની દેશના આપવી છે તેને જરૂરથી આત્મ નિરીક્ષણ કરવાની જરૂર છે–નહી તો પોતે ધર્મ પામશે પણ નહી, અને બીજાને પમાડી શકશે પણ નહી.

☆

❀ ઠંડી ચા ❀

–પૂ. મુ. શ્રી ચરણપ્રભ વિ. મ.

જન્મ જરા મરણે કરી
આ સંસાર અસાર છે.
જન્મનું મુળ કર્મ છે
કર્મનું મુળ ધર્મ છે
કર્મ ખપાવવા ધર્મ
કરો ભાઇ કરો.
સંસાર છોડો, સંયમ જોડો
મોહનું માથું ફોડો.
અસાર સંસારમાં
સુખ છે જ નહિ
વ્યાધિ વેદનાથી
પ્રચુર સંસારથી મુકત થવા
સાધુ થાવ.
સ્વાર્થીયા સંસારમાં
કોઇ કોઇનું નથી
માટે પરની મમતા મેલ
અને અંતરમાં ખેલ.
ભોગ ભારે ભોરિંગ છે
ભોગ લાગ્યા હોય
તો ભોગ ગમે
ભાગ્ય જાગ્યા હોય તો
યોગ ગમે.

❀

જીવનની અંતિમ ઘડી સુધી મારો રસ્તો ભલે ન ખૂટે. ચાલવું એ જ મારું કામ બનશે અને ધ્યેય એજ મારું ધામ હશે.

માનવ શક્તિમાં અખૂટ શ્રધ્ધા રાખીશ–મહાત્માઓના–આશીર્વાદ–અને આજ્ઞા માથે રાખીશ હું ચાલીશ એ પ્રકાશને પાથરવા નડતરરૂપ સૃષ્ટિનો સંહાર સર્જીશ પ્રલયકારી ચીલોનો લોપ કરીશ, અને ભલચાવનારા તત્ત્વોને બોધ આપીશ.

હું પ્રાપ્ત કરીશ આત્મ પ્રકાશના એ પુંજને.

હા, એ ટકોરાનો ટક ટક અવાજ આવી રહયો છે. ટકોરાનો એ ટક ટક અવાજ વધતો જાય છે ધબકારાનો એ ધક ધક અવાજ ધીમો થતો જાય છે. એ અંધકારમાં વિલીન થવાની મારી તૈયારી જોશ પકડે છે. અંતે ધક ધક અવાજ બંધ થતો સમજાય છે ને ઘોર અંધકારમાં એ છેલ્લો ધબકારો ધક કહેતો પ્રકાશનું બિંદુ બની અવકાશમાં પ્રકાશનું વિરાટ સ્વરૂપ બનવા માટે દોટ મૂકે છે. એ વિરાટ સ્વરૂપ એ આત્મ સ્વરૂપ છે મોક્ષ પદ છે તેની જ જંખના સદાય રહે.

—ભરતકુમાર કાંતિલાલ શાહ
૧૦, કેસરીયાજી ફ્લેટ, અમદાવાદ

સહકાર અને આભાર

સાવત્થીતીર્થનાં સર્જક ઉપસર્ગ વિજેતા પૂ. આ. દેવ શ્રીમદ જિનચંદ્ર સૂ. મ. નાં પટ્ટધરો સ્વપ્નશિલ્પી પૂ. મુ. શ્રી શરદચન્દ્ર વિ. મ. સા. તથા બાલમુનિરાજ શ્રી અજીતચન્દ્ર વિ. મ. સા. ની પ્રેરણાથી ૨૦૫૨ સાવત્થીતીર્થ ધામમાં થયેલ અદ્‌ભૂત ચાતુર્માસીય આરાધનાના ઉપલક્ષમાં.

શ્રી સંભવનાથ જિનમંદિર ટ્રસ્ટ, સાવત્થીતીર્થનાં સૌજન્યથી. રૂા. ૫૦૦૧–

૬ ગાઉની યાત્રા

ફાગણ સુદ ૧૩ શુક્રવાર ૨૧–૩–૧૯૯૭

ફાગણ સુદ ૧૩ શુક્રવાર રાતના બાર વાગ્યા અને ૩૫૨ ૪–૩૪ કલાક સુધી છે તેથી તે દિવસ શ્રી સિદ્ધગિરી ૬ ગાઉ યાત્રા માટે છે.

શુક્રવારે રાત્રિના પાછલા પહોરમાં અને શનિવારે વહેલી સવારે ૪–૩૪ કલાકે ચૌદશ શરૂ થાય તે શનિવારે આખો દિવસ રાત છે અને રવિવારે સવારે ૮–૩૫ કલાકે પૂર્ણ થાય છે માટે જ્યોતિષના ગણિતથી આપણે તિથિઓ માનીએ છીએ તે મુજબ ફાગણ સુદ ૧૩ શુક્રવાર તા. ૨૧–૩–૯૭ના છે તેથી તે દિવસે યાત્રા કરવી એ યોગ્ય છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- ગરીબી એ કાંઇ ખરાબ ચીજ નથી, ગરીબી એ કાંઇ કલંક નથી, તેમ અન્યાયવાળી શ્રીમંતાઇ પણ ભૂષણ નથી, પરન્તુ અન્યાયવાળી શ્રીમંતાઇ તો મહાદૂષણ છે. તે મહાદૂષણવાળાના આજે માનપાનાદિ થાય છે તે આ સમાજનું મોટામાં મોટું કલંક છે. ગૃહસ્થ જેમ અનીતિ સંપન્ન નથી હોતો પણ નીતિ સંપન્ન હોય છે તેમ કોઇના ખોટા ગુણગાન ગાવા 'ભાટ' નથી હોતો અને કોઇને ગાળ દેવા 'ભાંડ' નથી હોતો જેમ ગમે તેવા લાયક વિનાના ગુણ ગાવાનું પસંદ નથી તેમ કોઇની ય નિંદા કરવી પસંદ નથી.
- પ્રમાદ એ ભાવધર્મનો વૈરી છે. પ્રમાદ સાચો ભાવ પેદા થવા દે નહિ. ભાવ વગરના દાન-શીલ-તપ નકામા કહ્યા છે. નકામા એટલે મોક્ષના સાધક નહિ પણ સંસારમાં રઝળાવનારા !
- જગત અને નવપદ બે ય સામ સામે છે. જગત અને નવપદ બન્ને ય પરસ્પરના વિરોધી છે. જગત ગમે તેને નવપદ ન ગમે અને ખરેખર સાચા ભાવે નવપદ ગમે તેને જગત ન ગમે. પછી તે કોઇપણ કામ કરે તે ધર્મરૂપ બને. દાનાદિ કરે તે તો ધર્મ બને પણ સંસાર કરતો હોય તે ય ધર્મરૂપ બને, કર્મ ખપાવવા જ કરે.
- ભગવાનનું શાસન જે યથાર્થ ભણે-જાણે, તે પોતાની જાતને ભૂલી જાય છે, શાસનને જ પ્રધાન માને છે, સુખની કિંમત હોતી નથી, દુઃખની ગભરામણ હોતી નથી. તેના મન-વચન અને કાયાના યોગ ભગવાનના શાસનને જ સમર્પિત હોય છે.
- ધર્મ મોક્ષને માટે જ કરવાથી આ લોક સુધરે છે, પરલોક સુધરે છે અને અનંત સુખના ધામ મોક્ષને ય પામી શકાય છે. જ્યારે અર્થ-કામની પ્રવૃત્તિ આત્માને ધર્મથી પરાંગમુખ બનાવી સંસારમાં ભટકાવનારી છે. માટે તે બે થી બચો કે તે પ્રત્યે ઉદાસીન બનો તો જ કલ્યાણ થાય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૯ | અંક ૧૭

❀✱ મણકો ✱❀

અસારમેવ સંસાર-
સ્વરૂપમિતિ ચેતસિ ।
વિભાવ્ય શિવદે ધર્મે,
યત્નં કુરુત હે જનાઃ ।।

હે ભવ્ય જીવો ! 'આ સંસાર અસાર જ છે' એમ ચિત્તમાં-હૈયામાં જાણીને, મોક્ષને આપનારા ધર્મને વિષે– મોક્ષને માટે જ પ્રયત્ન કરો.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

卐 શંકા અને સમાધાન 卐

શંકા : પ્રભુ પૂજામાં લાલ–પીળા રંગના વસ્ત્રો પહેરીને સ્ત્રી–પુરૂષો પૂજા કરે છે તે યોગ્ય છે ? પદ્માવતી રાણીપ્રવેત જ વસ્ત્રો વાપરતા હતા માટે જ લાલ વસ્ત્રો આવ્યા ત્યારે રોષે ભરાયા હતા ને ?

સમા : પ્રભુપૂજામાં સ્ત્રીઓ કે પુરૂષોએ શ્વેત કે લાલ–પીળા રંગ–બે–રંગી વસ્ત્રો પહેરવામાં કોઈ જ વાંધો નથી. ઉપરથી ઉપાધ્યાયજી મહારાજાએ તો દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકામાં ભક્તિ દ્વાત્રિંશિકા પ્રકરણમાં 'પીતરક્તવસ્ત્રયુગ્મ' પીળા–લાલ પણ વસ્ત્રની જોડ પ્રભુપૂજામાં વાપરવાનું જણાવેલ છે. માટે રંગીન વસ્ત્રોથી પ્રભુપૂજા ન કરાય તે વાત ખોટી છે. ઉદાયન રાજાના પટ્ટરાણી પ્રભાવતી દેવી શ્વેત વસ્ત્રો પૂજામાં વાપરતા હતા તેથી રંગીન વસ્ત્રો ના વપરાય તે વાત અયોગ્ય છે. 'પ્રભાવતી દેવીએ જ્યારે પોતાની દાસી પાસે પૂજાના વસ્ત્રો મંગાવ્યા ત્યારે દાસી શ્વેત વસ્ત્રો લક્ષને જ આવી હતી છતાં બુદ્ધિના ભ્રમના કારણે મહાદેવીને તે લાલ રંગના દેખાયા તેથી તેમણે અપશુકન થયું તેમ માનેલું.' આવી વાત આવે છે તેનું તથ્ય એ છે કે રાણીએ તો પૂજાના વસ્ત્રો જ મંગાવ્યા હતા અને દાસી શ્વેત વસ્ત્રો જ લાવી હતી. આ શ્વેત વસ્ત્રો લાલ રંગના દેખાયા તેથી તેમણે અપશુકન માનેલું પણ લાલ વસ્ત્રો પૂજામાં વાપરવા તે અપશુકન ગણાય તેવું માનીને અપશુકન ગણ્યું ન હતું. માટે પ્રભુપૂજામાં શ્વેત કે રંગબેરંગી ગમે તે પ્રકારના વસ્ત્રો વાપરી શકાય છે.

પૂજાના વસ્ત્રો અંગે ખાસ ધ્યાન રાખવું કે પુરૂષોએ બે જ વસ્ત્રો ધોતીયું–ખેશ વાપરવાના છે. ઘણાં લોકો અંડરવેર–નીકર પહેરીને આવે છે તે શાસ્ત્રથી તો વિરૂધ્ધ છે જ સાથે સાથે તે ઉદ્ભટ વેશ પહેર્યો હોય તેવું પણ લાગે છે. માટે ધોતી–ખેશ સિવાય કશું જ ના પહેરાય.

આવી જ રીતે બહેનોએ ૩ વસ્ત્ર વાપરવાના છે. અને વધુમાં પૂજાનો રૂમાલ પણ વાપરવાનો છે. ઘણી જગ્યાએ મોટી ઉંમરના બહેનો ત્રણ જ વસ્ત્રો વાપરવાના કહ્યા હોવાથી રૂમાલ ન બાંધતા તેવી લાંબી સાડીના છેડાને જ મુખકોશ બનાવીને પૂજા કરે છે. (બહેનોએ તો કદાચ શરીરને વ્યવસ્થિત રીતે ઢાંકવા માટે બેઠાઢ–બે વસ્ત્રો વધુ વાપરવા પડે તો તે વાંધાજનક નથી.)

ઘણાં લોકો પૂજાની જોડ પહેરવાની હોય ત્યાર પહેલા તૈયાર કરે છે ખરા પણ જે પલંગ ઉપર આપણે બેઠા–સૂતા હોઇએ તેના ઉપર જ મુકી દે છે. ઘણાં સોફા સેટ

(અનુ. ૪૧૬ ઉપર)

આજ્ઞારાધ્યોધ્યારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ લાલા બાબુ સિદ્ધાન્ત પ્રેસ તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મોહનજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેન્દ્રચંદ હીરાચંદ મેઘ (પાલનપુર)
ચાંદમલ ચંદનમલજી મુણોત (પાલગઢ)

વર્ષ : ૯] ૨૫૩ માગસર સુદ-૮ મંગળવાર તા. ૧૭-૧૨-૯૬ [અંક : ૧૭

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૫ મંગળવાર તા. ૧૫-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬,

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રવચન ૧૩ મું) -અવ૦

માટે જ આચાર્ય મહારાજ સમજાવી રહ્યા છે કે– સંસારનું સુખ તે સાચું સુખ જ નથી. સાચું અને વાસ્તવિક સુખ મોક્ષમાં જ છે. સંસારના સુખને સુખ માને તે જૈન નથી. તે સુખનું સાધન જે પૈસો તેને ય પાપ ન માને તે ય જૈન નથી. જૈન પૈસાને પાપ જ માને. પોતે સંસારમાં રહ્યો છે એટલે પૈસાની જરૂર પડે માટે મેળવે પણ 'મારો ભારે પાપોદય છે' તેમ માનીને મેળવે એટલે પૈસો મેળવવા માટે બીજા પાપ ન કરે. પૈસાનો પાપમાં ઉપયોગ ન કરે. માટે તે બધાથી સારો કહેવાય. જૈન પાસે પુણ્યયોગે પૈસો હોય તો તે ધર્મની જાહોજલાલી કરે. આટલા પૈસાવાળા જ્યાં હોય ત્યાં મંદિરાદિમાં કેશર-સુખડાદિની ટીપ કરવી પડે ? જ્યાં જ્યાં મંદિર-ઉપાશ્રયાદિ ધર્મસ્થાનની જરૂર હોય અને તે ન થાય તેમ બને ? આજે ટીપ કેમ કરવી પડે છે ? શ્રીમંતો 'સાધારણ' થઈ ગયા છે માટે જો શ્રીમંતો ધર્મ પામેલા હોત તો ટીપની જરૂર જ ન પડત. હજી આજે પણ કો'ક કો'ક એવા ગામ છે કે જ્યાં ગામવાળા પોતે જ ટીપ ભેગી કરે છે, બીજે જતા નથી.

આજે ધર્મ માટે મોટેભાગે તમારે કશો ખર્ચો નથી. લખપતિ પણ ભગવાનની પૂજા મફત કરે. મંદિરમાં ભગવાન તૈયાર હોય, કેશર-સુખડાદિ તૈયાર હોય તો પૂજા કરે નહિ તો ટ્રસ્ટીઓને ગાળો દેતો દેતો ચાલ્યો જાય. તમારો ધર્મનો ખર્ચો કેટલો છે ? તમે બધા ટીપમાં ય પૈસા ભરો છો, બોલી પણ બોલો છો તેની મને ખબર છે; પણ તે નાક માટે કરો છો, ધર્મ માટે નથી કરતા ! ધર્મી કહેવરાવીને ટીપમાં પૈસા ન ભરો તો ખરાબ કહેવાય. બોલી ન બોલો તો લોક ટીકા કરે, તમારા ઘરવાળા પણ બોલે માટે બોલો છો. પણ 'મારે મારી શક્તિ મુજબ આ બધું કરવું જ જોઇએ' તેવા હૈયાના ઉલ્લાસપૂર્વક કરો છો ? આજે તો હૈયાના ઉલ્લાસપૂર્વક ધર્મ માટે કરતા હોય તેવા જીવો શોધવા પડે !

માટે સમજી લો કે, મોક્ષનું સુખ તે જ સાચું અને વાસ્તવિક સુખ છે. બાકી સંસારનું સુખ તે સાચું સુખ નથી. સંસારના સુખને સુખ માને તે જૈન નહિ. સંસારના સુખ ઉપર અને તે સુખનું સાધન જે સંપત્તિ તેના ઉપર મોહ હોય, તે મોહ સારો લાગતો હોય તે પણ જૈન નહિ. સાચો જૈન તો મોહથી ભરાતો હોય. તે તો માને કે- સંસારના સઘળા ય પદાર્થો ઉપરનો મોહ મને દુર્ગતિમાં લઇ જશે. મમ્મણ શેઠ પાસે કેટલો પૈસો હતો ? શ્રી શ્રેણિક મહારાજાના ભંડારમાં ય ન હોય તેટલો. છતાં ય તે ક્યાં ગયો ? સાતમી નરકમાં. સંસારમાં સાચું સુખ છે ? સંસારની સંપત્તિ તે જ મોટામાં મોટું પાપ છે તેમ સમજાય છે ! આજે તો જેની પાસે ઘણા પૈસા તે મોટો ચોર

માટે જ્ઞાનિઓ સમજાવે છે કે-"સંસારને સારો ન માનો. સંસારના સુખને સુખ ન માનો સંપત્તિને પાપ માનો. મોટો વેપાર તે મોટું પાપ છે તેમ માનો. ઘણા પૈસા હશે તો પણ તમને કોઇ બચાવી નહિ શકે." પૈસા નહિ હોય તો પણ 'મારે ઘણા પૈસા જોઇએ. ઘણા પૈસા જોઇએ' તેમ કર્યા કરશો તો મર્યા પછી મોટેભાગે નરક-તિર્યંચમાં જવું પડશે.

આપણે બધાને મરવાનું નક્કી છે. 'ક્યારે મરવાનું છે' તે ખબર નથી, ગમે ત્યારે મરવું પડશે તો ક્યાં જવું છે તે નક્કી કર્યું છે ? છોકરો ઘણા પૈસા કમાવીને લાવે તો કેવી રીતે તે લાવ્યો તેમ પૂછો ખરા ? છોકરા ઉપર સાચો પ્રેમ હોય તો તે છોકરો દુર્ગતિમાં ન જવો જોઇએ તેવો વિચાર છે ખરો ? છોકરો કોઇ ખોટું કામ કરે તો તમે તેને ઉત્તેજન આપો કે ઠપકો આપો ? પરદેશ ગયેલા છોકરાને લખો કે-'બહુ લોભ કરતો નહિ, ઘણું પાપ કરતો નહિ.' ઘણા સુખી જૈનો આર્યદેશાદિમાં જન્મેલા છોકરાઓને, જ્યાં દેવ-ગુરૂ-ધર્મથી સામગ્રી નહિ તેવા દેશોમાં મોકલી આપે છે. ઉપરથી

કુલાય છે કે, એક છોકરો જાપાનમાં છે, એક છોકરો અમેરિકામાં છે.

સભા૦ ત્યાં આવી અનીતિ નથી.

ઉ૦ ત્યાં અનીતિ નથી તે, તે દેશનો પ્રભાવ હશે. પણ ત્યાં આવી દેવ-ગુરુ-ધર્મની સામગ્રી ન મળે તે કોનો દોષ?

તમે તમારાં સંતાનોને ત્યાં અનીતિ ન કરવી પડે માટે મોકલો છો કે વધુ પૈસા મેળવે માટે મોકલો છો? પૈસાના ભિખારી ત્યાં પણ શું શું નહિ કરતા હોય? ત્યાં તે કેટલા પૈસા કમાય તો પાછો બોલાવો? પૈસા વધારે કમાશે તો તે અહીં આવશે જ નહિ. ઉપરથી તેનો બાપ કહે કે-'તેને અહીં નહિ ફાવે, ત્યાં જ ફાવશે.' આવાને ધર્મી બાપ કહેવાય?

તમારી પાસે આટલા પૈસા છતાં વેપારાદિ કેમ કરો છો? ખરેખર ધર્મી હોય તો કહે કે-'લેભી મુઓ છું, લોભ બહુ સતાવે છે.' તમારી શી દશા છે? શ્રી પર્યુષણા મહાપર્વના બીજા દિવસે પ્રતિવર્ષ શક્તિ સંપન્ન વિવેકી શ્રાવકોએ કરવા યોગ્ય અગિયાર કર્તવ્યોનું વર્ણન દર વર્ષે સાંભળો છો. જો તે કામો આજ્ઞા મુજબ કરતાં હોત તો શાસનની ખૂબ પ્રભાવના થાત. આ મુંબઇમાં જેટલા મંદિરો છે તે દરેક મંદિરોમાં રોજ મહોત્સવો ચાલતા હોત. મહોત્સવના દા'ડા પણ ઓછા પડત અને બધાને ભાગે મહોત્સવ કરવા પડત. દરેક સુખી શ્રાવકો જો સાધર્મિક ભક્તિ આજ્ઞા મુજબ કરતા હોત તો એક સાધર્મિક દુઃખી ન રહત. એટલું જ નહિ તેઓ સાથે સાથે જીવદયા અને અનુકંપાના કાર્યો પણ એવાં કરતા હોત કે એક દુઃખી જીવ ન રહેત, એક જનાવર ભુખ્યું-તરસ્યું ન રહેત. તમે બધા આ કર્તવ્યો દર વર્ષે સાંભળો છો પણ મોટેભાગે એક આત્મા તે કામો કરતો નથી! કારણ? તમારામાં ધર્મ આવ્યો જ નથી. કેમકે, તમારી પાસે ગમે તેટલો પૈસો હોય તો પણ તેને ધર્મમાં ખરચવાનું મન થતું નથી. અમારી હાજરીઓમાં ટીપ થાય છે તેમાં તમે કેવી રીતે પૈસા ભરો છો તે અમે જોઇએ છીએ મોટોભાગ નાક માટે ટીપમાં પૈસા ભરે છે. પણ ઘણા એવા પણ છે કે-બોલી નહિ પાલનારા બોલતા જ નથી, ટીપ નહિ ભરનારા ભરતા જ નથી.

(ક્રમશઃ)

ફાગણ સુદ ૧૩ ની છ ગાઉની યાત્રા કયારે કરશો ?

—રમેશ સંઘવી-સુરત

આ વરસે ફાગણ સુદ ૧૩ ની આરાધના કરવામાં જૈન સંઘમાં ફેરફાર આવશે. સંઘમાન્ય જન્મભૂમિ પંચાંગ મુજબ શાસ્ત્રીય રીતે આરાધના કરવાનો દિવસ ફાગણ સુદ ૧૩, શુક્રવાર તા. ૨૧-૩-૯૬ છે. એ દિવસે જ યાત્રા કરવાથી તેની આરાધનાનું વાસ્તવીક ફળ મળશે. માટે જે કોઈને સાચી આરાધના કરી યાત્રાનું પુન્ય મેળવવું હોય તેમણે તે જ દિવસે આરાધના કરવી જોઇએ.

આજે તપગચ્છ પ્રવે. મૂ સંઘનો ઘણો મોટો વર્ગ પર્વતિથિની આરાધના કરવામાં જાણતા અજાણતા દોષનું સેવન કરી રહ્યો છે. 'क्षये पूर्वा त्तिथेा कार्या...ના શાસ્ત્રીય અર્થ થી વિપરીતપણે વર્તી રહ્યો છે. આવો વર્ગ આ વરસે ફાગણ સુદ ૧૪ બે આવતી હોવાથી તેઓની શાસ્ત્રવિરૂદ્ધની 'પર્વતિથિની ક્ષય વૃધ્ધિ થાય નહિ.' એ માન્યતાને લઇને જન્મભૂમિ પંચાંગમાં આવતી બે ૧૪ ને બદલે બે ૧૩ કરશે અને પ્રથમ તેરસે વાસ્તવીક તેરસ છે તેને ક્ષયતિથિ-વધારાની તેરસ માની બીજા દિવસે વાસ્તવીક ચૌદસ છે તેને બીજી તેરસ માનશે. અને ચૌદશની વિરાધના કરી તેરસ નથી છતાં તેરસ ગણીને તેરસની યાત્રા કરશે. આથી ખરેખર જે દિવસે છ ગાઉની યાત્રા કરી અમુલ્ય પુન્યઉપાર્જન કરવાનું છે તેથી વંચિત રહેશે.

આ લખીને ચાર મહિના અગાઉ આપને એટલા માટે જણાવાય છે કે આપ અત્યારથી જ શાસ્ત્રીય રીતે સાચી તિથિએ આ યાત્રા કરવાનું આયોજન કરી શકો. આપના સંઘમાંથી આ દિવસે આપની સાથે અનેકને આ દિવસે આરાધના કરાવવા બસ દ્વારા જવાનું આયોજન કરી શકો. આ દિવસે પાલમાં ભક્તિની વ્યવસ્થાને ગોઠવીને અનેક યાત્રાળુઓની સાધર્મિક ભક્તિ સંઘપૂજન આદિ કરવાનું વિચારી શકો.

આ વરસે અચૂક આ દિવસ યાત્રા કરવા માટે આજથી જ વિચારી લેજો. દર વરસે યાત્રા કરતા હો યા ન કરતા હો, પણ આ વરસે તો યાત્રા કરવાનો મક્કમ નિર્ધાર કરી જ લેશો. અને આવતા વરસે પણ આ જ પ્રમાણે લેહ આવશે. માટે આવતા વરસે પણ ૨૦૫૪ ની સાલમાં પણ યાત્રા આ પ્રમાણે જ કરવાની રહેશે.

પ્રેરણામૃત સંચય

— પ્રજ્ઞાંગ

— હૈયાની આંખ ઉઘાડો :—

ભગવાને કહેલો ધર્મ મોક્ષે જવા માટે જ કરવાનો છે, સંસારના કોઇપણ હેતુથી કરવાનો જ નથી. અમારે પણ જો મોક્ષે ન જવું હોય તો અમે પણ આ શાસનને ભારભૂત છીએ, શાસનને બેવકૂફ છીએ. અમને ય ખાન-પાન, માન-સન્માનમાં જ મજા આવતી હોય તો અમારા જેવા ખરાબ કોઇ નથી. જે કોઇ આવે તેને સુખી કરવાનું અમને ય મન હોય તો અમારો ય સંસાર વધવાનો છે. ભગવાને ફરમાવ્યું છે કે, મારા સંઘમાં-શાસનમાં તે જ આવે જેને મોક્ષ જ જોઇતો હોય. જે કોઇ કહે અમારે આનંદ કરતા કરતા મોક્ષે જવું છે તો તે મોક્ષની મશ્કરી કરનારા છે. મોક્ષની મશ્કરી તે જ મહાપાપ છે.

આપણે ત્યાં ભગવાનના મહોત્સવો પણ મોક્ષે જવા જ કરવાના છે. તમે બધા આવા પ્રસંગોમાં દોડાદોડી કેમ કરો છો? વ્યવહાર સાચવવા નહિ ને? અમને કે ગામના લોકોને રાજી કરવા તો નહિ ને? આમંત્રણ પત્રિકા પણ એટલા માટે જ કાઢવાની કે- અમે બધા મોક્ષમાર્ગની આરાધના કરીએ છીએ તો બધા આવો અને મોક્ષમાર્ગની આરાધના કરો.

સંઘની આબાદીમાં જ ધર્મની આબાદી સંઘ એટલે મોક્ષની ઇચ્છા માટે જ તરફડતો, તે માટે સાધુ જ થવા ઇચ્છતો તે સંઘ. તે સિદ્ધાન્તનો સંઘ એટલે ધર્મની બરબાદી.

આજે તેવો સંઘ નથી માટે ધર્મ નાશ પામી રહ્યો છે, ધર્મના સિદ્ધાંતની કોઇને પડી નથી. તેવાને અને ધર્મને લાગેવળગે છે શું? ચતુર્વિધ શ્રી સંઘની આબાદી અમને તો ઘણી ગમે. તે સંઘ એટલે મોક્ષનો મુસાફર. તેને સંસારનાં કર્મ યોગે રહેવું પડે માટે રહે. દેવલોકને ય જેલ માને અને સાધુ થવા સિવાય બીજી કોઇ જ ઇચ્છા નથી.

હવે અમને ઘર-બાર, સ્નેહી-સંબંધી રખડાવનાર લાગે છે. ખાવું-પીવું, પહેરવું-ઓઢવું, મોજમજા કરવી તે રૂપ સંસાર ગમતો નથી; દાન-શીલ-તપ જ ગમે છે. આ બોલવામાં તમને વાંધો છે? શાસનનો રાગી શું કહે? મને ધન નથી ગમતું પણ દાન ગમે છે. ધન ગમે તે મારો પાપોદય છે, તે પાપોદયના નાશ માટે દાન કરું છું;

ભોગ નથી ગમતાં પણ શીલ ગમે છે, ખાવાં-પીવાદિમાં મજા નથી આવતી પણ તપમાં મજા આવે છે. સંસાર ન જોઈએ. જન્મ-મરણથી થાકી ગયો છે. જનમવું, ભેગું રહેવું, જેમ તેમ જીવવું અને જવું તે તો બેવકૂફનો ધંધો છે તેમ તે માને છે.

તમે બજારમાં કમાવા જાવ તો શરમ આવે છે ? તે વખતે થાય કે કેટલું દેવા જેવી ચીજની જરૂર પડી, તેને મેળવવા જવું પડે, અનેકના મોં રાખવા પડે. તે તેની શરમ ! તમારા બધા વ્યવહારને ભાંગી નાંખવા અમે જન્મ્યા છીએ. તમારા વ્યવહાર અમારે ચલાવવા નથી. તમારે અમારી સાથે, અમારે તમારી સાથે ચોકખી વાત કરવાની. તમારે અમને કહેવાનું કે- આપ ભગવાનની વાતથી બીજી કહેશો તો આપને પણ માનીશું નહિ અમારે તો ભગવાને જે કહ્યું તે જ કહે તે અમારા ! આમ તમે કહો તો આપણે મેળ જામે. બાકી આપણે બંન્ને ય સંસાર વધારીએ.

તમે કહો કે, હવે અમારે સંસાર વધારવો નથી. આ જન્મ-મરણની પરંપરા ઓછી કરવી છે. આ સંસારમાં રહેવું નથી. પુણ્ય યોગે જે દુનિયાની સુખ-સામગ્રી મળી છે તે જ મારો નાશ કરનારી છે, ડુબાડનારી છે, મને પાયમાલ કરનારી છે. જ્યારે આ સંસારથી તારનારી તો દેવ-ગુરૂ-ધર્મની સામગ્રી છે, તે જ મારા મરા સાથી છે, બીજા સાથે મેળ જામતો નથી, કદાચ બીજા સાથે બેસવું, ઊઠવું પડે તો તે કરીએ પણ તેના લેપાયા લેપાઈએ નહિ, તેના તણાયા તણાઈએ નહિ.

આપણે ખોટી સંખ્યા નથી જોઈતી. ભગવાને પણ સંખ્યા પસંદ કરી નથી. કોડો અને લાખો મનુષ્યોમાંથી ગણત્રીનાને જ સંઘમાં લે છે. બધાને કેમ ન લીધા ? સંખ્યામાં માનનાર મૂરખના શિરોમણિ છે. ગમે તેવી સંખ્યા વધારાય નહિ. **અમારે ભગવાનના શાસનના લેલાગુઓને ઘાલવા નથી. જેને પોતાનું જ માન-સન્માન હોય અને સિદ્ધાંતની પડી ન હોય તેને ય ઘાલવા નથી.**

ભગવાન ના પાડી ગયા છે કે આ સંસારમાં તમારી સંખ્યાની આશા રાખતા નહિ. જેમ જેમ કાળ જશે તેમ સંખ્યા ઘટવાની છે. આ શાસન કઠીન છે. **બધા સાથે મેળ રાખવા માગે તેની સાથે, શાસનના સિદ્ધાંત સાથે બાંધછોડ કરે તેની સાથે મેળ કરાય જ નહિ.**

પ્ર૦ આજનું ભણવવાનું કેમ નહિ ?

ઉ૦ અમે અભણ છીએ ? તમારે પૈસા કમાવવા માટે ભણવું છે તેની ના કહું છું. પૈસા માટે ભણવું તે પાપ છે. શ્રાવક પૈસા માટે, પેટ માટે ભણાવે નહિ પણ સજ્જન કરવા ભણાવે. મારો છોકરો ઠગાય નહિ, કોઇને ઠગે નહિ માટે ભણાવે. આજે

તમે ભણાવતા નથી પણ ઝેર પાઈ રહ્યા છો.

પ્ર૦ બીજાના મંદિરમાં દર્શન કેમ ન થાય ?

ઉ૦ 'અરિહંતો મહદેવો' ભણ્યા છો ને ? આપણે શ્રી અરિહંત પરમાત્માને દેવ માનીએ તો તેઓ અઢાર દોષથી રહિત છે માટે, ભગવાનને વીતરાગ માનીએ. જેનામાં વીતરાગતા નહિ તેને દેવ માનતા નથી. વીતરાગતા સમજો ? ભગવાનની મૂર્તિ સ્ત્રી, હથિયાર આદિથી રહિત છે. જ્યારે બીજાની મૂર્તિમાં–

પ્ર૦ ચૌદ સ્વપ્નો કયારથી શરૂ થયા ?

ઉ૦ ભગવાનનો આત્મા માતાના ઉદરમાં આવે ત્યારે ચૌદ સ્વપ્નો જુએ છે તે 'ચ્યવન કલ્યાણક' કહેવાય છે. તેની ઉજવણી નિમિત્તો આ શરૂ થયું છે.

પ્ર૦ ભગવાનને સ્નાન કરાય તો સાધુને કેમ નહિ ?

ઉ૦ સાધુ ધર્મ જુદો છે. સાધુના પાંચ મહાવ્રત જાણો છો ? સાધુ કોઈપણ જીવ હિંસા થાય તેવી કાર્યવાહી સ્વયં કરે નહિ, બીજા પાસે કરાવે નહિ જે કોઇ કરે તેનું અનુમોદન પણ કરે નહિ. ભગવાન જ્યારે વિચરતા હતા ત્યારે તેમને સ્નાન ન હતું કરાતું. જ્યારે ભગવાનની મૂર્તિ છે તેનો કલ્પ જુદો છે. ભગવાનને પ્રક્ષાલ કરતી વખતે જન્માભિષેકની અવસ્થા ચિંતવવાની છે.

પ્ર૦ ધર્મ એટલે શું ?

ઉ૦ ધર્મ આત્મિક ચીજ છે. સમ્યકચારિત્ર તેજ ધર્મ છે. મન-વચન-કાયાથી હિંસાદિ પાંચે પાપો સ્વયં કરે નહિ, બીજા પાસે કરાવે નહિ, જે કોઇ કરે તેનું અનુમોદન પણ કરે નહિ તેનું નામ ધર્મ દેશથી થોડો થોડો ત્યાગ કરે અને બાકીનો ત્યાગ ન કરે તેનું નામ ધર્માધર્મ. ધર્મ શું ? અધર્મ શું ? તે સ્વરૂપ જે સાચી સમજ તેનું નામ સમ્યકત્વ અને પૈસા-સુખ આદિ માટે કોઇપણ જાતની અનીતિ ન કરવી, અન્યાય ન કરવો તેનું નામ સામાન્ય ધર્મ.

પ્ર૦ ભગવાનની જેમ નવાંગે પૂજા થાય તેમ સાધુની ય થાય ?

ઉ૦ થાય. ભગવાનની નવે અંગની પૂજાના દોહરા આવડે છે ને ? સાધુએ પોતાના બધા અંગો ભગવાનની આજ્ઞાને સોંપ્યા છે માટે પૂજનીક.

તમે લોકો પણ ભગવાનની પૂજા કરતાં પહેલાં તમારી પૂજા કરો છો ને ? ચાલ્લો કરો છો તે શાથી ? ભગવાનની આજ્ઞા માથે ચઢાવું છું. ભગવાનની આજ્ઞા માથે ચઢાવ્યા વિના ભગવાનને અડાય નહિ. હૃદયપૂર્વક-પ્રેમપૂર્વક ભગવાનની જ વાત સાંભળું. ભગવાનની આજ્ઞા વિરૂદ્ધ મરી જાઉં પણ ન બોલું. ભગવાનની આજ્ઞા હૈયામાં નહિ પણ છેક ડુંટી સુધી ઉતારી છે.

આગળ ઉત્સવાદિમાં ભગવાનની જે આરતિ ઉતારે તો તે આરતિ ઉતારનારના નવે અંગે પડદો કરી કંકુના તિલક કરતા. બધા અંગોપાંગ ભગવાનની આજ્ઞામાં સમર્પિત કર્યા પછી આરતિ ઉતારવામાં આવતી.

પ્ર૦ ભગવાન આગળ સિદ્ધશિલા કરાય છે તેમ ગુરુ આગળ કરાય ?

ઉ૦ હા. જે ભગવાન પાસે માગો તે જ અમારી પાસે માંગવાનું છે. ભગવાન પાસે મોક્ષ માંગો છો તેમ અમારી પાસે પણ મોક્ષ માંગવાનો છે. તે માટે સાધુપણું માગવાનું છે.

પ્ર૦ ભગવાનની કેસરથી પૂજા થાય તેમ સાધુની થાય ?

ઉ૦ ના થાય. અમારે સ્નાન કરવાનું નથી. તેથી કેસર વગેરે રહે તો ચિકાશથી કીડી વગેરે થાય અને તેની વિરાધના થાય. અમારી વાસક્ષેપથી પૂજા થાય.

પ્ર૦ દેવદ્રવ્યનો ઉપયોગ શું કરવાનો ?

ઉ૦ મૂળ વિધિ એ છે કે, સુખી શ્રાવકો જીવતા હોય તો દેવદ્રવ્યને રાખી મૂકવાનું છે. જ્યારે સારો કાળ હતો ત્યારે દેવદ્રવ્યના, જ્ઞાનદ્રવ્યના અને સાધારણના ભંડાર રાખવામાં આવતા. જેમ ભગવાનના દર્શન કરે તેમ આ ત્રણે ભંડારોના દર્શન કરતા. જ્યારે આસમાની સુલતાની થાય, કોઇ કરનાર ન હોય તેવે વખતે ભગવાન અપૂજનીક ન રહે તે માટે ભગવાનની પૂજા-ભક્તિમાં તેનો ઉપયોગ કરવાનો છે.

શ્રાવક પૈસે-ટકે સુખી હોય તો પોતાના પૈસે મંદિર બાંધે કે દેવદ્રવ્યથી બાંધે ? આપણા મંદિરો તો કામધેનુ જેવા છે. તેમાં ઉપજ થયા જ કરવાની.

આજે કાળ બદલાઇ ગયો છે, સરકાર પણ અયોગ્ય આવી છે. બધાની નજર ધર્મોદા દ્રવ્ય પર પડી છે. આજે મંદિરમાં વધારે દાગીના પણ રાખવા જેવા નથી. તે બધા ભાંગીને અને મંદિરમાં જે કાંઇ ઉપજ થાય તે પોતાના મંદિરમાં કે બીજા મંદિરોમાં ખર્ચો નાખવા જેવી છે. ઘણા મંદિરો જીર્ણોદ્ધાર માંગે છે. તે બધામાં પૈસા આપી દેવા જેવા છે. પછી સરકાર શું લેવાની છે ? તે લેવા આવે તો કહી દેવાનું કે-"આ મંદિર છે, આ મૂર્તિઓ છે, આટલો ખર્ચો છે, તમે આપો તો ઠીક છે." પછી તે ભાગી જ જશે. આ વાત છેલ્લા ચાલીસ વર્ષોથી કરતો આવ્યો છું પણ ટ્રસ્ટીઓ જો આપી દે તો વહિવટ શું કરે ? આજના ટ્રસ્ટી ખર્ચી શકતા જ નથી. વખતે પોતાના ઘરનું બચાવવા ટ્રસ્ટનું આપી દેશે. નામના-કીર્તિ માટે આજના લોકો વહિવટ કરે છે. આવા નાલાયકો વહિવટ માટે હોવા ન જોઇએ. પણ તમે લોકો જ નમાલા હો તો—

તમે ઘર પેઢી ચલાવો છો, છોકરા-છોકરી પરણાવો છો તો પૂજા આદિનો ખર્ચો

શું ભારે પડે છે? આજે ઘણી ખરી નુકશાની જૈનોની થઈ હોય તો દેવાદિ દ્રવ્યનો ભોગ કર્યો તેનું ફળ છે. આજે મોટાભાગના પેટમાં દેવદ્રવ્ય ગયું છે. માટે તમે સમજો અને સાવચેત થાવ તો બચી શકો.

પ્ર૦ ગામમાં કાંઇ નુકશાન થાય તો ભગવાનનું નામ દે તે બરાબર છે?

ઉ૦ આ વાત સમજવા જેવી છે. બધાનો પાપોદય હોય અને નુકશાન થાય તેમાં ભગવાનનું નામ દેવાય નહિ. ગામની પડતીમાં, ગામની ખરાબીમાં મંદિરનું ભગવાનનું નામ નાંખી પાપ બાંધો નહિ. આપણા ભગવાન વીતરાગ છે. તેઓ કોઈનું ખરાબ કરતા નથી. આપણા અશુભોદય હોય અને ખરાબ થાય તો ભગવાનનું નામ વચમાં લાવો નહિ. ભગવાન પ્રત્યે બહુમાન થવાના બદલે અવિશ્વાસ ન થાય તેની કાળજી રાખો.

પ્ર૦ આ શરીરથી પાપ થાય છે તો તેનું પાલન શા માટે કરવાનું?

ઉ૦ આપણે શરીરની પુષ્ટિ થાય, શરીરનું પોષણ થાય તે માટે ખાવ પીવાદિનું નથી. આ શરીરથી મોક્ષમાર્ગની આરાધના સારી થાય, તપ જપાદિ કરી શકાય તે માટે તેને ખાવા આપવાનું છે. પણ શરીર હૃષ્ટ પુષ્ટ બને તે માટે ખાવું તે તો અધર્મ છે. કેમકે ખાવું તે જ પાપ છે.

પ્ર૦ પૈસાથી ધર્મ થાય છે માટે પૈસો સારો કહેવાય ને?

ઉ૦ જેટલા પૈસાવાળા છે તે બધા ધર્મ જ કરે છે? પૈસો ધર્મ કરાવે તે વાત ખોટી છે. જો પૈસાવાળા ધર્મ જ કરતા હોત તો આજે શું બાકી રહેત? આ કાળમાં પૈસાવાળાને તો ધર્મ જોઇતો જ નથી. જૈન સંઘમાં એવા પૈસાવાળા છે જેને ભગવાનના દર્શનની, સાધુના દર્શનની, ધર્મ કરવાની ય કુરસદ નથી. ઉપરથી ધર્મ કરનારાને વેવલા માને છે.

આજે અધર્મ કર્યા વગર પૈસો મેળવી ચુકયા હોય તેવા કેટલા? અને પૈસો આવ્યા પછી ધર્મમાં ખરચનારા કેટલા? અને પૈસાવાળા પાસે ધર્મ કરાવવો હોય તો કયારે કરાવી શકો? **પૈસો માટે પૈસાથી ધર્મ કરાવવો તે અધર્મ છે.** જેમ પૈસો અધર્મ છે તેમ સમજાય, પૈસાથી છુટી જવું તે જ ધર્મ છે. પણ એકદમ છુટાતું નથી પણ ધીમે ધીમે છુટવાની તાકાત આવે તે માટે. દાન દે તે ધર્મ છે. પૈસો ભુંડો લાગે તે ધર્મ કરે કે સારો લાગે તે? પાંચમે પરિગ્રહ બોલો તો પરિગ્રહ શું? પૈસો-મકાન વગેરે પરિગ્રહ છે. તે પરિગ્રહ પાપમાં ગણાય કે પુણ્યમાં? માટે સમજો કે પૈસો તે પાપ જ છે. પૈસાથી છૂટવા પૈસો ખર્ચે તે જીવ સારો કહેવાય પણ પૈસાને સારો કહેવાય નહિ.

પ્ર૦ મુક્તિમાં સુખ કેવું છે ?

ઉ૦ મુક્તિમાં સુખ એવું છે જે વાણીમાં ન મૂકાય. તમારી ઇચ્છા જીવવાની કે મરવાની ? મુક્તિમાં ગયા પછી જીવને મરવાનું નહિ, કેમકે તે જન્મ્યા નથી. જે જન્મે તે જ મરે. જન્મે તેનો જ વ્યાય તેનો જ થાય જેનો મોહ જીવતો હોય. ભગવાને મોહનો સર્વાંશે નાશ કર્યો છે માટે પરમાત્મા 'અજન્મા' કહેવાય. જેને જનમવાનું નહિ તેને મરવાનું પણ નહિ.

તમે અત્યારે જીવી રહ્યા છો તો જીવવા માટે તમારે કોઈપણ ચીજની જરૂર ન પડે તે સારૂં કે અનેક ચીજોની જરૂર પડે તે સારૂં ? જીવવા માટે કોઇપણ ચીજની જરૂર ન પડે તે જ ગમે ને ? મુક્તિમાં ગયા પછી મરવાનું નહિ, સદાકાળ જીવવાનું અને જીવવા માટે કોઇપણ ચીજની જરૂર નહિ, હવા-પાણીની પણ જરૂર નહિ.

તમારે અહીં જે સુખ છે તે દુઃખમિશ્રીત છે, થોડો-કાળ રહેવાવાળું છે. જ્યારે મુક્તિમાં જે સુખ છે તે દુઃખના લેશ વિનાનું છે, પરિપૂર્ણ છે અને આવ્યા પછી કદિ નાશ ન પામે તેવું છે.

પ્ર૦ શરીરશ્રમ અને બુદ્ધિશ્રમમાં ફરક ખરો ?

ઉ૦ સારા વિચાર કરવા તે બુદ્ધિનો શ્રમ છે. અને માથે પોટલાં ઉપાડવા, મહેનત-મજુરી કરવી તે શરીરનો શ્રમ છે. પણ જેની બુદ્ધિ સારી હોય અને તે બુદ્ધિનો સારો શ્રમ કરે તો કામ થાય. અને જો બુદ્ધિનો ખોટો શ્રમ કરે તો શરીરના શ્રમ કરતાં પણ વધુ પાપ બાંધી સીધો સાતમી નરકે જાય. આજના બુદ્ધિમાનો શું શું શ્રમ કરી રહ્યા છે ?

શાસ્ત્રે કહ્યું છે કે, બુદ્ધિનું ફલ તત્ત્વવિચારણા કરવી તે છે. જો બુદ્ધિનો તત્ત્વ-વિચારણામાં ઉપયોગ કરે તો તે સારી બુદ્ધિ છે. અને બુદ્ધિનો જો બીજે માર્ગે ઉપયોગ કરે તો તેને બુદ્ધિ ન મળે તો સારૂં. તેમ શરીરનો પણ ખોટો શ્રમ કરે તો દુર્ગતિમાં જાય અને સારો શ્રમ કરે તો સદ્ગતિમાં જાય.

સાધુઓને શ્રમણ કહ્યા છે. શ્રમ કરે તેનું નામ 'શ્રમણ' આપણે ત્યાં બુદ્ધિના શ્રમપૂર્વકનો શરીરનો શ્રમ છે. કેમકે ભગવાનની આજ્ઞાપૂર્વક ક્રિયા કરે છે. અને તેનો ખરેખર શ્રમ તો સાધુ જ કરે છે. તેના જેવો શ્રમ કરનાર જગતમાં જન્મ્યો નથી અને જનમવાનો ય નથી.

આ કાળ ઘણો ભયંકર છે. આજની હવા બદલાઇ ગઇ, શિક્ષણ પણ બદલાઇ

ગયું. આજે લાચારે દેશવટો લેવા માંડયો છે અને અસદાચાર શરૂ થયા છે. આવા જમાનામાં તમે સાવચેત નહિ રહો તો માર્યા જશો. આ કાળમાં તો સાવચેત હશે તે જ ધર્મ જીવી શકશે. અયોગ્યની દયા ચિંતાય, પણ તેની સાથે ન બેસાય. સારા માણસની સોબત થાય પણ દુર્જનની ન થાય.

ભગવાનના સાધુ તો એકલા આત્માની જ ચિંતા કરનારા છે. શરીરનો રોગ આત્માને હાનિ કરે છે કે આત્માનો રોગ? શરીરના રોગ કાઢનારા તો વધુ મળશે પણ આત્માના રોગ કાઢનાર કેટલાં છે? આત્માના રોગ કાઢનાર પાસેથી તમે શરીરના રોગ કઢાવવા માંગો તો તમે તેને જ પતિત કરનારા છો. શ્રાવક તો કહે કે, મરી જાઉ તે હા પણ મોક્ષમાર્ગના ઉપદેશક સાધુને કદિ જ્યોતિષી કે વૈદ્ય ન બનાવું.

આજનો કાળ ઘણો વિલક્ષણ છે. સરખે સરખાનો યોગ થયો છે. તમે ખોટી રૂઢિઓમાં પડી ગયા છો. સાધુઓને ઘરે લઈ જવાનો તમારો શો હેતુ છે? તમને ઘર ભૂંડું લાગે છે, છૂટતું નથી, સાધુના પગલે ઘર છોડવાની શક્તિ આવે તે માટે સાધુઓને લઇ જાવ છો કે મારું ઘર પાવન કરે અને બરાબર બન્યું રહે તે માટે સાધુને ઘેર લઇ જાવ છો? ઘર બરાબર બન્યું રહે તે માટે સાધુને ઘેર લઇ જાવ તો તે પાપ કરો છો અને અમે પણ તે રીતે આવીએ તો મહાપાપ કરીએ છીએ.

સાધુને ઘેર લઈ જવાનો-પગલાં કરાવવાનો રિવાજ જ ખોટો છે. અમે ધર્મ નિર્યામણા કરાવવા, સમાધિ આપવા કે ઘર મંદિર હોય તો દર્શન કરવા કે કોઇ શિક્ષાર્થી હોય તો લઇ જ આવીએ. ત્યાગીના પગલાથી ત્યાગી થવાની ભાવના થાય તે માટે લઇ જાવ તે જુદી વાત છે પણ બીજા હેતુથી લઈ જાવ તો પાપ જ બાંધો છો.

અમે તમને વાસક્ષેપ નાંખીએ તે પણ તમે સંસારથી પાર પામો, તમને ધર્મ ભાવના જાગે તે માટે નાંખીએ. ધર્મનો ભાવ વધે, ધર્મમાં આગળ વધાય તેવા હેતુથી વાસક્ષેપ નંખાવવો તે ધર્મ છે, બીજા હેતુથી નંખાવવો તે પાપ છે. અમે તો શુભ ભાવનાથી-તમે ઝટ સંસારથી પાર પામી મોક્ષને પામો-નાંખીએ તેથી અમે તો છૂટી જઇએ. પણ જો તમે બીજા હેતુથી નંખાવો તો તમે ફસી જાવ છો.

—: સહકાર અને આભાર :—

૫૧-૦૦ નરશી લખધીર પરીવાર તરફથી લલલકેશ રમણિકલાલની અઠ્ઠાઇ નિમિતે ભેટ

ભાવનગરથી પાલીતાણા સંઘ

પૂ. આ. શ્રી વિજય સૂર્યોદય સૂ. મ., પૂ. આ. શ્રી વિજય કુંદકુંદ સૂ. મ., પૂ. આ. શ્રી વિજય શીલચંદ્ર સૂ. મ., પૂ. આ. શ્રી વિજય ભદ્રસેન સૂ.મ.ની શુભ નિશ્રામાં પરછેગામ નિવાસી શ્રીમતી અનોપબેન ગીરધરલાલ વેલચંદ ગોળવાલા તરફથી શાસ્ત્રીનગર ભાવનગરથી પાલીતાણા યાત્રીક સંઘ તા. ૨૯-૧૧-૯૬ના પ્રયાણ કરેલ અને તા. ૪-૧૨-૯૬ના તીર્થ માળ થઇ ૧૦૦ સાધુ સાધ્વીજી તથા ૬૫૦ યાત્રિકો રટાર્ટ મળીને હતા. સંઘપતિશ્રી જશવંતરાય ગીરધરલાલનો ઉત્સાહ ઘણો હતો.

કોશલાવ-પૂ. આ. શ્રી વિજય સુશીલ સૂ. મ.ના હસ્તે પૂ. પં. શ્રી જિનોત્તમ વિ. મ.ને કારતક વદ-૨ તા. ૨૬-૧૧-૯૬ના ઉત્સવ પૂર્વક ઉપાધ્યાય પદવી આપવામાં આવી તે વખતે ૯ પૂજન, ૨૬ છોડનું ઉજમણું નવકારશી વરઘોડો જીવદયા વિ. કાર્યો થયા.

શંખેશ્વરજી તીર્થ

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. શંખેશ્વરજી માગશર વદ-૫ તા. ૩૦-૧૨-૯૬ પધારશે. મહા સુદ ૧૧ તા. ૧૭-૨-૯૬ સુધી ઉપધાન માટે સ્થિરતા કરશે.

સરનામું-શ્રી હા. વી. ઓ.
પ્રવે. મૂ. તપા. જૈન ધર્મશાળા
વીરમગામ રોડ, મુ. શંખેશ્વરજી
થાયા-વીરમગામ.

મહેસાણા-અત્રે પૂ. મુનિરાજ શ્રી મુક્તિધનવિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી પુણ્યધનવિજયજી મ.ની નિશ્રામાં ચાતુર્માસ પરિવાર તથા પૂ. સા. શ્રી પદ્મપ્રભાશ્રીજીના દીક્ષા પર્યાય ને અનુમોદન તથા શ્રીમતી બબુબેન મંગળદાસના જીવીત મોહત્સવ નિમિતે કા. સુ. ૧૨ થી વદ ૧ સુધી પંચાન્હિક મહોત્સવ ઋષિમંડલ પૂજન સહિત રાખેલ હતો. શ્રી શાંતિનાથ દેરાસર આંબલી ચોટા ઉત્સાવ રાખવામાં આવ્યો હતો.

શિવગંજમાં ભવ્ય ચાતુર્માસ પરિવર્તન

પ. પૂ. પ્રવચન-પ્રભાવક ગણિવર્યશ્રી દર્શનરત્ન વિ. મ. સા. શિષ્ય-પ્રશિષ્ય રત્ન પ. પૂ. જોશિલા પ્રવચનકાર મુનિશ્રી ભાવેશરત્ન વિ., સેવાભાવી મુનિશ્રી પ્રશમરત્ન વિ.મ.નું ચાતુર્માસ પરિવર્તન શાહ મલુકચંદજી જેતમલજી ઇવાવાલાના ઘેર વાજતે-ગાજતે થયેલ. ત્યાં પ્રવચન થયેલ. માગસર સુદ ૩ના પૂ. ગણિવર્યશ્રીના ગુરૂદેવ ઉપા.શ્રી કમલરત્ન વિ.મ.ના શુભહસ્તે બંને બંધુ પૂ. ગ. દર્શનરત્ન વિ. મ. તથા પૂ. ગ. વિમલરત્ન વિ.મ.ના શુભહસ્તે પંન્યાસ પદવી થશે.

૨૪ જિનનો પરિવાર આદિ

—પૂ.આ.શ્રી ધર્મતિલકવિજયજી મ.

પહેલા શ્રી આદિનાથ

ચ્યવન કલ્યાણકતિથિ–	જેઠ વદ ૪
જન્મ કલ્યાણકતિથિ–	ફા. વદ ૮
માતા–મરૂદેવી	
જન્મરાશિ–ધન	
આયુષ્યમાન–	૮૪ લાખ પૂર્વ
પદવી–	રાજા
દીક્ષા કલ્યાણતિથિ–	ફા. વદ ૮
કેટલાની સાથે દીક્ષા–	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર–	શ્રેયાંસકુમાર
કેવળજ્ઞાન ક. તિથિ–	મહા વદ ૧૧
ગણધર સંખ્યા–	૮૪
સાધુ સંખ્યા–	૮૪૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ–	બ્રાહ્મી
શ્રાવિકા સંખ્યા–	૫,૫૪,૦૦૦
શાસનયક્ષિણી–	ચક્રેશ્વરી
મોક્ષ ક. તિથિ–	પોષ વદ ૧૩
સાલગિરિ	
નગરી	વિનીતા
પિતા	નાભિકુલકર
જન્મનક્ષત્ર	ઉત્તરાષઢા
દેહમાન	૫૦૦ ધનુષ્ય
લાંછન	વૃષભ
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષાતપ	છઠ્ઠ
દીક્ષાનગરી	વિનીતા
છદ્મસ્થકાલ	૧૦૦૦ વર્ષ
જ્ઞાન સંબંધી તપ	અઠ્ઠમ
મુખ્ય ગણધરનામ	પુંડરિકસ્વામી
સાધ્વી સંખ્યા	૩,૦૦,૦૦૦
શ્રાવક ,,	૩,૫૦,૦૦૦
	૭ ઉપવાસ
શાસનયક્ષ	ગોમુખયક્ષ
ભવો	૧૩
કેટલાની સાથે મોક્ષ	૧૦,૦૦૦

બીજા શ્રી અજિતનાથ

ચ્યવન કલ્યાણક તિથિ	વૈ. સુદ ૧૩
જન્મ ,,	મહા સુદ ૮
દીક્ષા ,,	,, ૯
કેવલજ્ઞાન ,,	પોષ સુદ ૧૧
મોક્ષ ,,	ચૈત્ર સુદ ૫
માતા	વિજયા
પિતા	જિતશત્રુ
જન્મરાશિ	વૃષભ
આયુમાન	૭૨ લાખ પૂર્વ
પદવી	રાજા
કેટલાની સાથે દીક્ષા	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	બ્રહ્મદત્ત
ગણધર સંખ્યા	૯૫
સાધુ ,,	૧,૦૦,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	ફાલ્ગુ
સાધ્વી સંખ્યા	૩,૩૦,૦૦૦

શ્રાવક સંખ્યા	૨,૬૮,૦૦૦
શ્રાવિકા ,,	૫,૪૫,૦૦૦
મોક્ષસ્થળ	સમેતશિખર
મોક્ષ તપ	૧ માસ
શાસન યક્ષિણી	અજિતબલા
જન્મનગરી	અયોધ્યા
જન્મનક્ષત્ર	રોહિણી
દેહમાન	૪૫૦ ધનુષ
લાંછન	હરણ
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષા તપ	છઠ્ઠ
,, નગરી	અયોધ્યા
છદ્મસ્થકાલ	૧૨ વર્ષ
જ્ઞાનસંબંધી તપ	છઠ્ઠ
મુખ્ય ગણધરનામ	સિંહસેન
શાસનયક્ષ	મહાયક્ષ
ભવો	૩
કેટલાની સાથે મોક્ષ	૧,૦૦૦
સાલઝિરિ—	

બીજા શ્રી સંભવનાથ

ચ્યવન કલ્યાણક તિથિ	ફા. સુદ ૮
જન્મ ,,	માગ. સુદ ૧૪
દીક્ષા ,,	,, ૧૫
કેવળજ્ઞાન ,,	આસો વ. ૫
મોક્ષ ,,	ચૈત્ર સુદ ૫
માતા	સેના
પિતા	જિતારી
જન્મરાશિ	મિથુન
આયુષ્યમાન	૬૦ લાખ પૂર્વ
પદવી	રાજા
કેટલાની સાથે દીક્ષા	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	સુરેન્દ્ર દત્ત
ગણધર સંખ્યા	૧૦૨
સાધુ ,,	૨,૦૦,૦૦૦
સાધ્વી ,,	૩,૩૬,૦૦૦
શ્રાવક ,,	૨,૬૩,૦૦૦
શ્રાવિકા ,,	૬,૩૬,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	શ્યામા
મોક્ષ સ્થળ	સમેતશિખર
,, તપ	૬ ઉપવાસ
શાસન યક્ષિણી	હરિતારિ
જન્મનગરી	સાવત્થી
જન્મનક્ષત્ર	મૃગશિર
દેહમાન	૪૦૦ ધનુષ્ય
લાંછન	અશ્વ
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષા તપ	છઠ્ઠ
,, નગરી	સાવત્થી
છદ્મસ્થકાલ	૧૪ વર્ષ
જ્ઞાન સંબંધી તપ	૨ ઉપવાસ
મુખ્ય ગણધર નામ	ત્રિમુખયક્ષ
ભવો	૩
કેટલાની સાથે મોક્ષ	૧૦૦૦
સાલઝિરિ—	

ચોથા શ્રી અભિનંદન

ચ્યવન કલ્યાણક તિથિ	વૈ. સુદ ૪
જન્મ ,,	મહા સુદ ૨
દીક્ષા ,,	મહા સુદ ૧૨
કેવલજ્ઞાન ,,	પોષ સુદ ૧૪
મોક્ષ ,,	વૈ. સુ. ૮
માતા	સિદ્ધાર્થા
પિતા	સંવર
જન્મરાશિ	મિથુન
આયુષ્યમાન	૫૦ લાખ પૂર્વ

પદવી	રાજા
કેટલાની સાથે દીક્ષા	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	ઇન્દ્રદત્ત
ગણધર સંખ્યા	૧૧૬
સાધુ ,,	૩,૦૦,૦૦૦
સાધ્વી ,,	૬,૩૦,૦૦૦
શ્રાવક ,,	૨,૮૮,૦૦૦
શ્રાવિકા ,,	૫,૨૭,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	અજિતા
મોક્ષ સ્થળ	સમેતશિખર
,, તપ	૧ માસ
શાસન યક્ષિણી	કાલિકા
જન્મનગરી	અયોધ્યા
જન્મનક્ષત્ર	પુનર્વસુ
દેહમાન	૩૫૦ ધનુષ્ય
લાંછન	બકરો
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષા તપ	૨ ઉપવાસ
,, નગરી	અયોધ્યા
છદ્મસ્થકાલ	૧૮ વર્ષ
જ્ઞાન સંબંધી તપ	૨ ઉપવાસ
મુખ્ય ગણધર નામ	વજ્રનાભ
શાસનયક્ષ	નાયકયક્ષ
ભવો	૩
કેટલાની સાથે મોક્ષ સાલગિરિ	૧૦૦૦

ચાંચમાં શ્રી સુમતિનાથ

ચ્યવન કલ્યાણક તિથિ	શ્રા. સુ. ૨
જન્મ ,,	વૈ. સુ. ૮
દીક્ષા ,,	,, ૯
કેવલજ્ઞાન ,,	ચૈ. સુ. ૧૧
મોક્ષ કલ્યાણક તિથિ	ચૈ. શુદ ૯
માતા	મંગલા
પિતા	મેઘ
જન્મરાશિ	સિંહ
આયુષ્યમાન	૪૦ લાખ પૂર્વ
પદવી	રાજા
કેટલાની સાથે દીક્ષા	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	પદ્મકુમાર
ગણધર સંખ્યા	૧૦૦૦
સાધુ ,,	૩,૨૦,૦૦૦
સાધ્વી ,,	૫,૩૦,૦૦૦
શ્રાવક ,,	૨,૮૧,૦૦૦
શ્રાવિકા ,,	૫,૧૬,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	કાશ્યપી
મોક્ષ સ્થળ	સમેતશિખર
,, તપ	૧ માસ
શાસન યક્ષિણી	મહાકાલી
જન્મનગરી	અયોધ્યા
જન્મનક્ષત્ર	મઘા
દેહમાન	૩૦૦ ધનુષ્ય
લાંછન	ક્રૌંચ પક્ષી
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષા તપ	નિર્જલાકત
,, નગરી	અયોધ્યા
છદ્મસ્થકાલ	૨૦ વર્ષ
જ્ઞાન સંબંધી તપ	૨ ઉપવાસ
મુખ્ય ગણધર નામ	ચરમ
શાસનયક્ષ	તુમ્બરૂયક્ષ
ભવો	૩
કેટલાની સાથે મોક્ષ સાલગિરિ	૧૦૦૦

ઉપર મુકી દે છે. અને પછી પહેરે છે. આ રીતે કરવાથી પૂજાની જોડ અપવિત્ર બને છે. અને અપવિત્ર પૂજાની જોડથી પૂજા કરનાર ચંડાલ-હરિજન આદિ જેવા નીચ ગોત્રમાં ઉત્પન્ન થવાનું કર્મ બાંધે છે. પૂજાની જોડ અંગે તો શ્રાદ્ધવિધિમાં કહ્યું છે કે સંસારના કામમાં પહેરવાના વસ્ત્રોથી પણ તેને અલગ રાખવી. તે વસ્ત્રો પૂજાની જોડને અડી ન જાય તે રીતે પૂજાની જોડને સાચવવાની જણાવી છે.

શંકા : પૂજા કરવા જતી વખતે પગમાં સ્લીપર પહેરાય કે નહિ ? રસ્તામાં પગ બગડે નહિ તે માટે પૂજાની જોડની જેમ અલગ જ રાખેલા સ્લીપરો પહેરાય કે નહિ ?

સમા : ના. પૂજા કરવા જતી વખતે ચંપલ કે સ્લીપર પહેરાય નહિ. પૂજા કરવા જતી વખતે જયણા પૂર્વક જવાનું છે. ચંપલ પહેર્યા પછી જયણાની વાત જ ટકી શકતી નથી. ઘરથી દેરાસર સુધીનો રસ્તામાં પગ ગંદા થવાની શક્યતા છે માટે દેરાસરે જઇને પગ ધોવાની વિધિ 'શ્રાદ્ધવિધિ'માં જણાવી છે. જયણા પૂર્વક ઉઘાડા પગે ચાલતાં ચાલતાં દેરાસરે જવાની વિધિ ચંપલ પહેરીને જવાથી જળવાતી નથી. કેમકે ચંપલ પહેર્યા પછી ગમે તેટલું રસ્તામાં જોઇ-જોઇને ચાલવા છતાં ચંપલ પહેર્યા કે તરત જયણાની વિચારણા સાથે વિરોધ ઉભો થાય છે. આમ ચંપલને જયણા સાથે સંબંધ ન હોવાથી જયણા પૂર્વક જિનમંદિરે જવાની વિધિની વિરાધના થતી હોવાથી પ્રભુપૂજા સમયે ચંપલ પહેરીને જવું અયોગ્ય છે.

પ્રભુપૂજા સમયે ચંપલ પહેરવાનો જ નિષેધ થઇ જાય છે તેથી 'જે ચંપલ પૂજાની જોડની જેમ અલગ રાખેલા હોય તો શું વાંધો ?' આ પ્રશ્નને સ્થાન જ રહેતું નથી.

શ્રી સિદ્ધાચલજી જેવા અત્યંત પવિત્ર તીર્થ ઉપર તો ચંપલ પહેરીને જવાનો નિષેધ એક સ્તવનમાં 'તુમે જયણાએ ધરજો પાય રે પાર ઉતરવાને' આ પંક્તિ દ્વારા જણાવ્યો જ છે.

દેરાસરે જવા માટે પગ ઉપાડે તેને અમુક ઉપવાસનું ફળ જણાવ્યું છે તે અજયણા પૂર્વક જનાર માટે નથી. પરંતુ જયણા પૂર્વક ચાલનાર માટે છે.

શ્રી જિનેશ્વર ભગવંત પાસે તો સેવક ભાવે, અહં ભાવ તજીને જવાનું હોય છે. જ્યારે ચંપલ કે સ્લીપર પહેરીને પૂજા કરવા જનારનો તોર કંઇ જુદો જ હોય છે. તે વ્યક્તિની ચાલમાં અને વર્તનમાં સેવકભાવ સિવાયનું કોઇ નવું જ તત્ત્વ આવી જતું હોય છે. ભગવાનની પૂજા કરવા સ્વરૂપ આજ્ઞાની આરાધના કરવા જતાં પહેલા જ ચંપલ પહેરીને પૂજા કરવા જતી વખતે તે આજ્ઞાને પગ નીચે કચડી નાંખવાની વિરાધના શરૂ થઇ જાય છે. માટે ભગવાનની આજ્ઞાના આરાધન રૂપ ભગવાનની પૂજા કરવા જતા સમયે પગમાં ચંપલ કે સ્લીપર પહેરાય નહિ.

શંકા : પૂજા કરતી વખતે 'શીતલગુણ જેમાં રહ્યો, મેરૂ શિખર ન્હવરાવે, જલ ભરી, સંપુટ પત્રમાં,' આ બધા દુહા મોટેથી બોલાય ખરાં ?

સમા : પ્રભુજીની અંગપૂજા કરતી વખતે આપણું નાક અને મુખમાંથી શ્વાસોશ્વાસ પ્રભુજીને લાગી ન જાય તે માટે આપણે નાક તથા મુખ બંને સ્થાન સુધી પહોંચે તે રીતે અષ્ટ પડવાળો મુખકોશ બાંધવાનો છે. ઘણાં તો નાક ઉપર બાંધતા જ નથી. અને ઘણાં લોકો નાક સુધીનો બાંધે છે પણ તે અષ્ટ પડવાળો નથી હોતો અને ઘણાં અષ્ટ પડવાળો બાંધે છે તો નાક કે મુખ આ બેમાંથી મોટા ભાગે નાક ઉપર આઠ પડવાળો રહે છે. અને મુખ ઉપર તે પહોંચી શકતા નથી.

આમ અવિધિથી મુખકોશ બાંધનાર પૂજા કરે ત્યારે આશાતનાના ભાગીદાર બને છે એજ રીતે જે લોકો પ્રભુજીની અંગપૂજા કરતી વખતે તથા કેશર-બરાસ ઘસતી વખતે ભલે પાછી તેમણે અષ્ટ પડવાળો મુખકોશ બાંધ્યો હોય તો પણ જો બોલ્યા કરે કે વાતો કરે કે મોટેથી દુહાઓ બોલે તો તેઓ આશાતના કરી રહ્યા છે. 'શ્રાદ્ધવિધિ' માં આ અંગે ખુલાશો કર્યો છે કે પૂજા કરતી વખતે દુહા મોટેથી ન બોલતા મનમાં બોલીને ભાવિત થવું. સમુહમાં પૂજા ચાલતી હોય ત્યારે પૂજા કરનાર સિવાયના લોકો ઉપયોગ પૂર્વક જરા મોટેથી બોલે તો વાંધો નથી.

પૂજા કરનારને પૂજા કરતી વખતે ભાવોલ્લાસ એવો હોય છે કે 'તેમને મોટેથી બોલ્યા વગર રહી શકાતું નથી.' આવું કહેનારને સમજાવવું કે-ભાવોલ્લાસ આવે છે તે વાત સાચી, પણ ભાવોલ્લાસની સાથે એવો વિવેક ભળે કે 'આ પૂજન કરતી વખતે મોટેથી બોલવામાં થુંક તથા શ્વાસોશ્વાસ લાગવાની શક્યતા છે માટે મોટેથી ન બોલાય' તો પ્રભુપૂજનો પૂરો લાભ આપણે મેળવી શકીએ છીએ. અન્યથા કર્મબંધના ભાગીદાર બનાય છે.

પૂજાના દુહાઓ મોટેથી ન બોલવા અંગે જે વાત છે તે માત્ર પ્રભુજીની અંગપૂજા (પ્રક્ષાલ, અંગલુંછણા, કેશર, બરાસ, પુષ્પ, વાસક્ષેપ પૂજા)ને ધ્યાનમાં રાખીને છે. અગ્રપૂજા સમયે તો ઉપયોગ પૂર્વક બહુ મોટેથી નહિ, બહુ ધીમેથી નહિ, ગંભીર સ્વરે અન્યને અંતરાય ન પડે તે રીતે ઘાંટાઘાંટી કે ઘોંઘાટ ન થાય તેમ દુહાઓ, સ્તુતિઓ, સ્તવન વગેરે બોલી શકાય છે. આ માટે પ. પૂ. આ. દેવ શ્રી ચંદ્રગુપ્તસૂ. મ. નું પરમાત્મ પૂજાવિધિ તથા શ્રાવક જીવનનો સાર આ બંને પુસ્તકો જોઇ શકાય. કોઇપણ ધર્મનું અનુષ્ઠાન આપણે આપણા આત્માના હિત માટે કરીએ છીએ પણ કોઇને બતાવવા માટે નથી કરતાં આવી ભાવના પૂર્વકના અનુષ્ઠાનમાં ક્રિયાઓ અંગેનો વિવેક સરળતાથી આવી શકે છે.

(ક્રમશઃ)

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- ભગવાનના શાસનને જાણે. સમજે તે મોક્ષરસિક હોય, ધર્મ રસિક હોય પણ સંસાર રસિક ન હોય !
- આજે ઘણા ધર્મના નામે જ ધર્મનો નાશ કરી રહ્યા છે. ધર્મના સિદ્ધાન્તોનું પોતાના સ્વાર્થ ખાતર ખુન કરાઈ રહ્યું છે, બલિદાન દેવાઈ રહ્યું છે. વાંકી સુધી જે સિદ્ધાન્તો માન્યા, પૂજ્યા, સમજાવ્યા તેના પર જ હવે પગ મૂકી રહ્યા છે. તે બધા મજેથી કરી રહ્યા છે, કોઈ રોક ટોક નથી. સાચી વાત સમજાવનારા 'પકડી રાખનારા' 'કજીયાખોર' 'સંઘર્ષ કરનારા' 'અશાંતિ ઉભી કરનારા' 'એકતાનો નાશ કરનારા' ઓળખાઈ રહ્યા છે. તમે તમારૂ ધાર્યું કામ અમારી પાસે કરાવવા ઓછી મહેનત નથી કરતા ! તમને જે ગમે તે અમારી પાસે બોલાવવા માંગો છો ને ? આજે જે આગેવાનો છે તેમનો અંતર્ગત ઈરાદો એવો છે કે- અમે જે કહીએ તે જ બધા સાધુઓ બોલે. જો સાધુઓ પણ સાવચેત નહિ રહે તો તેમાં આવી જશે તો બચી શકશે નહિ.
- જૈન શાસન જાણે તેને દુનિયાના સુખની પરવા હોતી નથી, દુઃખની ચિંતા હોતી નથી.
- ગમે તેવા સંયોગોમાં જૈન શાસનથી વિપરીત વાતમાં હા પડાય નહિ.
- જૈન શાસનના સારને પામેલો જીવ અવસરે સત્ય વાત કહેતા અચકાય નહિ. તેનું પરિણામ વેઠવા પણ તૈયાર હોય.
- સારી વસ્તુ [illegible] ન ગમવા, ખોટી વસ્તુ પર દ્વેષ નહિ તે સિદ્ધાન્ત ખરો પણ સારું-નરસું બધું ય સરખું તે ભગવાનનો સિદ્ધાન્ત નહિ !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं

शासन अने सिद्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

जैन शासन

सात हितकारी 'वि' कारो

विद्या-विनय-विज्ञान
विमात्सर्य-विधिज्ञताः ।
विचार विरती सप्त,
विकाराः व्रतिनां हिता ॥

विद्या, विनय, विज्ञान, विमात्सर्यता-ईर्ष्या रहितपणुं, विधिनी जाणकारी, मार्गस्थ विचारणा अने विरतिः आ सात 'वि' कारो व्रतीओने माटे हितदायी छे.

卐

अठवाडिक

वर्ष	अंक
९	१८

श्री जैन शासन कार्यालय
श्रुत ज्ञान भवन
अप, दिग्विजय प्लोट,
जामनगर (सौराष्ट्र) INDIA
PIN-361005

"પૂ. સાધુ-સાધ્વીજીઓના અમ્મા પિયા સમાન
શ્રી નથમલજી બેડાવાળાની ચિર વિદાય"

ધર્મનિષ્ઠ, કર્તવ્યપરાયણ, સુશ્રાવક સાબરમતી નિવાસી શ્રી નથમલમલ્જી પ્રતાપચંદજી બેડાવાળાનું કારતક સુદી પુનમના માંગલ્ય દિવસે તા. ૨૫-૧૧-૯૬ સોમવાર સવારના દુઃખદ અવસાન થતાં સમગ્ર જૈન સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે. સ્વ. શ્રી નથમલજી કીમ (સુરત)થી સં. ૨૦૩૨માં સાબરમતી આવીને વસ્યા ત્યારથી પૂ. સાધુ-સાધ્વીજી મ. સા.ની અનુપમ સેવા ભક્તિની કામગીરી શરૂ કરેલ. બંગલા પાસેની સુદામાજીની ઝુંપડી જેવી એક નાનકડી પતરાવાળી કુટિરમાં ચરવળા કટાસણા વિ. સાથે સામાયિક-પ્રતિક્રમણની સાધના તેઓ નિયમીત રીતે કરતા હતા. તેમના આંગણે આવેલ કોઇપણ ધર્મની કોઇપણ વ્યક્તિ પૂ. સાધુ-સાધ્વીજીઓ, સંતો-શ્રાવકો વિ. અબાલવૃદ્ધ તમામને તેઓ પોતાનાથી શકય બધી જ રીતે મદદરૂપ થતા હતા. તેઓ હંમેશા ગુપ્તદાન જ કરતા હતા. ધાર્મિક ઉપકરણો, પાત્રા, તરપણી, કામળી, વસ્ત્રો, ઔષધ, મંજન, મુખવાસ, વિલેપન વિ. બધી જ વસ્તુઓ તેઓ નિસ્વાર્થ ભાવે ઉત્તમ ભાવથી વહોરાવવાનો લાભ લેતા હતા. રગરગમાં જીવદયા રમતી હોવાને કારણે દુષ્કાળના સમયે અબોલ પશુ-પક્ષીઓને તનમન અને ધનથી સહાયરૂપ થયા હતા.

સ્વ. શ્રી નથમલજીનું જીવન ત્યાગ અને તપથી ભરપુર હતું. ઉપધાન તપ-૬૬ યાત્રા સાત વખી તપ, ૫૦૦ આયંબીલ સવારે ૩-૦૦ વાગે ઉઠીને સામાયિક પ્રતિક્રમણની સાધના મૌનવ્રત, તથા સં. ૨૦૧૭ થી રોજના ૧૦૦ લોગસ અને ૨૦૨૨ થી રોજના ૩૪૬ લોગસનો કાયોત્સર્ગ કરતા હતા. પાંચે તિથિએ પૌષધની આરાધન ચુકતા નહતા. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસરે જઈ સ્વદ્રવ્યોથી સિદ્ધચક્ર પૂજન તથા પૂજા કરતા હતા. સાત્વિકજીવન માટે મીઠાઇ, ખાંડ, ચા-ગોળનો જીવનભર ત્યાગ હતો. ૮૧ વર્ષની જૈફ ઉંમરે મસ્તકના કાળાવાળ, દાંતની મજબુત બત્રીસી જીણામાં જીણા અક્ષરો વાંચવા લખવાની આંખોની અને પોતાને હાથે પાણીનો ઉપયોગ કરકસરથી કરીને, સાફસફાઇ કરવાની ભાવનાપૂર્વકનું તેમનું સ્વાવલંબી જીવન દાખલારૂપ હતું.

તેઓશ્રીએ નશ્વરદેહ છોડતાં પહેલાં પૂ. સાધુ મુનિરાજોની હાજરીમાં બધુ જ વોસીરાવી દઇ સર્વને વંદન તથા ક્ષમાપના કરી લીધી હતી. અને અંતિમ ભાવના એમ ભાવિ કે મારો આવતો જન્મ સુશ્રાવિકાની કુખે થાય અને ૮ વર્ષની ઉંમરે સંયમ સ્વીકારી હું બીજા જીવોને મોક્ષ અપાવવામાં સહાયક બનું અને મારા જીવનનું અંતિમ લક્ષ પણ મોક્ષ માર્ગનું બનાવું તેવા અપૂર્વ ઉદગારો તેમના મુખેથી સરી પડયા હતા. તેમની અંતિમ ઇચ્છા મુજબ સૂર્યાસ્ત પહેલા જ અગ્નિ સંસ્કાર થયો તથા શોકને લગતી ક્રિયાઓ કરવામાં આવી નહોતી. પૂ. સાધુ-સાધ્વીજીઓ આંખો અશ્રુઓથી ઉભરાઈ હતી. અને અમારા અમ્મા પિયા વિદાય થયા એવા વચનો ઉચ્ચારાયા હતા. અને તેમની પાલખી કાઢવી જોઇએ તેવી પણ ભાવના ભાવિ હતી. સ્વ. શ્રી નથમલજીનું સેવા અને ભક્તિ પરાયણ સાદગીપૂર્ણ જીવન સર્વને માટે પ્રેરક બની રહો એજ અભ્યર્થના.

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેલાજી ગુરુકુલ (ખુડાલા)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર શ્રીચંદ જૈન (ચરડવાળા)
ચાલાચંદ ધરમશી ગુરુકુલ (ધાણસા)

વર્ષ : ૯] ૨૦૫૩ માગસર વદ-૬ મંગળવાર તા. ૩૧-૧૨-૯૬ [અંક : ૧૮

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૫ મંગળવાર તા. ૧૫-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રવચન ૧૩ મું) -અવ૦

બધા જ સુખી દાન કરે છે ખરા ? જેને દાન કરવું ન ગમે તે કૃપણ કહેવાય ? લોભી કહેવાય ? દાન દેવાનું મન પણ ન થાય તે લોભનો ઉદય કહેવાય. કયા લોભનો ઉદય કહેવાય ? જેને દાન જ ન ગમે, દાન દેવાનું મન પણ ન થાય તે અનંતાનુબંધીનો ઉદય કહેવાય. અનંતાનુબંધી લોભના ઉદયવાળા મરે તો નરકે જ જાય તે ખબર છે ? જો અહીં સદા જીવવાનું હોત તો તમે સારા ગણાત અને અમે મૂરખ ગણાત ! પણ મરવાનું નક્કી છે તો કયાં જવું છે ? મારે દુર્ગતિમાં નથી જવું તેવી ચિંતા થાય છે ? આ ચિંતા ન હોય તે જૈન જ નથી. એટલું નહિ પણ તે સાચો આસ્તિક પણ નથી.

સભા : અમારામાં કાંઇ સારાપણું છે જ નહિ.

ઉ૦ : હું તમને સારા કહેવા માગું છું માટે તો પૂછું છું કે-જન્મેલાએ મર્યા વિના છુટકો નથી તો કયાં જવું છે ? તમે કહો કે-અમારે દુર્ગતિમાં જવું નથી તે દુઃખથી ડરીને નહિ પણ ત્યાં મોક્ષમાર્ગ રૂપ ધર્મની આરાધના ન થઈ શકે માટે, અમારે

સદ્‌ગતિમાં જવું છે તે સુખ માટે નહિ પણ ત્યાં મોક્ષમાર્ગ રૂપ ધર્મની આરાધના સારી રીતે થઇ શકે માટે. દુનિયાના સુખ માટે સદ્‌ગતિને ઇચ્છે તે ભિખારી છે, ધર્મ માટે નાલાયક છે !

આજના ઘણા લોકો 'મારે મરવાનું નથી' તેમ માનીને જીવે છે. જાણે તેમના બાપનું રાજ ચાલતું હશે ! યુવાનો પણ મરે છે, બાળક પણ મરે છે, આજે તો એવા એવા રોગ થાય છે કે–બેઠા બેઠા મરી જાય, સૂતા સૂતા ય મરી જાય. ઘણા સૂતેલા તે ઊઠયા જ નહિ. આ બધું નજરે જોવા છતાં ય તમે નચિંતપણે કેમ બેઠા છો તે ખબર પડતી નથી.

તમે કહો કે–'અમે બધા હવે સાવધ છીએ. અમને મરવાનો ભય નથી, જીવવાનો મોટો લોભ નથી. આ સંસારનું સુખ છોડી શકતા નથી પણ તે સુખની સાથે સાચવી સંભાળીને રહીએ છીએ, તેને ભોગવવું પડે તો કમને ભોગવીએ છીએ.' આવું જીવન જીવવા માંડો તો આ જન્મ સફળ થાય.

માટે જ્ઞાનિઓ સમજાવી રહ્યા છે કે–આ સંસારના સુખ તે કિંપાકનાં ફળ જેવાં છે. માટે ભોગવવા જેવાં નથી પણ છોડી દેવા જેવાં જ છે. તાકાત હોય તો આ જન્મમાં સાધુ જ થવા જેવું છે. સાધુ ન થવાય તો શ્રાવક થવા જેવું છે, શ્રાવક પણ ન થવાય તો સમકિત તો પામવા જેવું છે. સમકિત પામવા માટે આ દુનિયાના સુખને ભૂંડું માનવું પડશે, છોડવા જેવું માનવું પડશે. તે સુખનું સાધન જે પૈસો તેને ય ભૂંડો માનવો પડશે, છોડવા જેવો માનવો પડશે.

'આ બધાથી કયારે છૂટું, કયારે છૂટું' તે ભાવનામાં રમવું પડશે. પોતાના જ પાપથી આવતા દુઃખને મજેથી વેઠવા પડશે. આવી ભાવનામાં હશો તો સમકિત આવશે. એકવાર સમકિત આવશે તો તેને આ જન્મમાં સાધુ થવા જેવું જ લાગશે. સાધુ નહિ થવાય તો મારો આ જન્મ ફોગટ ગયો એમ લાગશે. શ્રાવકને પોતાના ઘરમાં કોઇ સાધુ ન થાય, વિરાગી પણ ન પાકે તો થાય કે–'મારું આ ઘર સ્મશાન જેવું લાગે છે. મારા ઘરમાં બધા મડદા વસે છે, કોઇ ચેતન છે જ નહિ.'

આ મનુષ્યજન્મ પામીને કેવું જીવન જીવવું જોઇએ ? નિષ્પાપ જીવન જીવવું જોઇએ. કદાચ તેવું જીવન જીવવાની શક્તિ ન હોય અને ઘરમાં રહેવું પડે તે જુદી વાત. આજીવિકા પૂરતું કમાવું પડે તે જુદી વાત. આ શરીરથી ધર્મનું કામ લેવાનું માટે ખવરાવવું પડે તે જુદી વાત. પણ ધર્મી જીવ ખાવામાં મજા ન માને, પૈસામાં મોટાઇ

ન માને, તેને દુનિયાના સુખ ભોગવવામાં મઝા ન હોય પણ દુઃખ હોય. આ માટે શ્રી તીર્થંકર પરમાત્માઓ ઉત્તમ દૃષ્ટાંત છે. તે પરમ તારકોના આત્માઓ ગૃહસ્થપણામાં નાગરહિતપણે જીવન જીવે છે. જેવું તે કર્મ પૂરું થાય કે તરત જ સાધુ થઇ ચાલતા થાય છે. તેમને ય ઘર માંડવું પડે છે તે પાપોદય હોય છે માટે. તમે બધા ભોગ કેમ ભોગવો છો ? મઝા કરવા માટે કે કર્મ છોડવા માટે ? આવી ભાવનાવાળા ગૃહસ્થો હોય તો તેઓ ય સાતમું ગુણઠાણું પામી જાય અને વખતે પ્રમાદી સાધુઓ રહી પણ જાય.

તમને બધાને આ જન્મમાં મારે સાધુ જ થવા જેવું છે એમ લાગે છે ? અમે સંસારી છીએ તે શરમાવવા જેવું છે તેમ પણ લાગે છે ? આજે મોટે ભાગે તમારે સાધુ થવું પણ નથી અને મરતા પહેલા પણ સાધુ થઇને મરવું છે તેવો ભાવ પણ નથી. તમે બધા તો સંસારમાં લહેરથી બેઠા છો. સંસારમાં લહેરથી બેસનારો જૈન હોય ? પ્રેમથી સંસારમાં રહેનારો જૈન હોય ? કદાચ ઘર ન છૂટી શકે તે બને પણ ઘર છોડવાનું મન ન હોય તે વિરાગી કહેવાય ? વિરાગી ન હોય તે સાચો શ્રાવક બને ? પરિગ્રહ વધારવાનું જ મન હોય તો શ્રાવક કહેવાય ? શાસ્ત્ર કહે છે કે-શ્રી જૈન શાસનને પામેલો જીવ વિરાગી જ હોય, શ્રી જૈન સંઘમાં ગણાતો જીવ નિષ્પરિગ્રહી થવાની ભાવનાવાળો જ હોય. તે માટે શું કરવું તે હવે પછી.

— સ્તવના —

દેવાધિદેવ જિનેશ ભગવાન અજિતનાથ ! નમું તને
ઉદ્ધાર કર મુજ આતમનો ભવ બહુ જ પીડે મને
ડગલે અને પગલે મને આજ્ઞા જ તાહરી સાંભરે
એવી કૃપા પરમાતમા વરસાવ કે જીવ ભવ તરે

ઘનઘોર વાદળનાં ભયંકર નીરમા ડુબ્યા હતા
કમઠે ભયાનક વીજળીની ધાર વરસાવી, છતાં
આંખોમહીંથી જે અનવરત પ્રેમને વરસાવતા
તે પાર્શ્વનાથ પ્રભુ રહેજો હૃદયમાં મારા સદા

પાવન પરમગતિ પામવાની અંખના જેઓ ધરે
સંયમ જીવન સ્વીકારવાની ભાવના જેના ઉરે
પરમાતમાની ભક્તિ તનમનધનથકી તેઓ કરે
સંસાર ટાળી ભવઉજાણી ધન્ય તે શિવગતિ વરે

ઉઘડતાં ઘરનાં બંધ શયનખંડમાંથી વ્યાધિ-વ્યાધિનો સૂર પસરી રહ્યો હતો.

અરે ! લાલ ટામેટા જેવું રૂષ્ટ પુષ્ટ એનું શરીર.

તદ્દન તંદુરસ્ત એની શારીરિક સ્થિતિ.

સારું અને સુકોમળ શરીર.

વૈભવ અને વિલાસોની રેલમછેલ.

સંપત્તિઓના ઢેરના ઢેર.

કુટુમ્બ-પરિવાર સઘળો અનુકુળ.

કૌટુમ્બીક પુરુષો પણ સુખાકારી.

પડતો બોલ ઝીલનારા.

મઝેથી મધ્ય હરીએ એની નાવ ગલ કરી રહી હતી.

ના કોઇ દીવાદાંડી કે ના કોઇ લાલટેન.

ના કોઇ રોધ કે ના કોઇ અવરોધ.

ના કોઇ રોક કે ના કોઇ ટોક.

ના કોઇ ફિકર કે ના કોઇ ચિંતા.

પરંતુ.

એક દિ' ગોબરો ઉગ્યો જીવન નૈયા કોઇક રોગ-મહારોગ-પથ્થર સાથે ટકરાઇ.

ઉગતી પ્રભાતે ઉઠતાં જ ગળામાં કાંઇક થવા લાગ્યું. થોડું થોડું દુઃખવા લાગ્યું.

અલ્લી એય, જરા જોને ગળામાં કાંઇક થાય છે.

મારા પ્રાણ પ્યારા, ગરમ પાણી કરી આપું, કોગળા કરો મટી જશે.

ના, ના, લાટકી, ફિકરાને કહે, ચક્કરડું ગુમાવી ડોકટરને બોલાવે.

ને ડોકટર આવ્યા, ગળું તપાસ્યું. એક નાનીશી ગાંઠ જોવામાં આવી, સૌને બતાવી...ને છાપ મારી કેન્સરની...

બસ...ખતમ...હોહી ઉડી ગયું...શ્વાસ અધ્ધર થઇ ગયો. જીવ તાળવે ચોંટી ગયો. જીવ તાળવે ચોંટી ગયો. મને કેન્સર....હું કેન્સસ...રીપોર્ટ થર્ડ કલાસનું કેન્સર...!!!

અને,

રોગ ધીરે ધીરે વધવા માંડયો. પા..પા પગલી ભરતી ગાંઠ મોસંબી જેવી થઇ ગઇ. દુઃખાવો અસહ્ય થવા લાગ્યો મન ચકડોળે ચઢવું, પુષ્ટ લાલ ઘુમ જેવું શરીર ફીકું અને શ્યામ પડવા લાગ્યું તંદુરસ્તી ગાયબ થવા લાગી.

મોતની મારકણી સમશેર ચારે તરફ ઘુમવા લાગી. એની ચમકતી ધાર નયનોમાંથી ખસતી નથી તેનો પડછાયો પણ ઝુઝવી નાખે છે. માથે લટકતી અને આમથી તેમ ઝોલા ખાતી સમશેર સમયે સમયે હૈયાને ઘા મારી રહી હતી.

એ જ વૈભવ...એ જ વિલાસ મોજુદ.

એ જ સંપત્તિઓની રેલમછેલ મોજુદ.

એ જ કુટુમ્બ પરિવાર હાજર.

એ જ કૌટુમ્બીક પુરુષો સેવા કરવા મોજુદ.

પરંતુ, તંદુરસ્તી, સુકોમળતા અને એજ લાલી ગાયબ.

ન. ખાવામાં ટેસ કે ન પીવામાં મઝા.

(અનુ. પેજ ૪૨૮ ઉપર)

પ્રેરણામૃત સંચય

— પ્રજ્ઞાંગ

— સુખની ભયંકરતા —

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓ ભવ્ય જીવોના ઉપકારને માટે એકની એક વાત ભારપૂર્વક ફરમાવે છે કે–'જીવને જે જાતિનું દુઃખના લેશ વિનાનું, પરિપૂર્ણ અને આવ્યા પછી કદિ ય ન જાય તેવું જે સુખ જોઇએ છે તે આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે' આ વાત તે જ જીવો સમજી શકે કે જેનું ભવ્યત્વ પાકયું હોય. આખું જગત સુખની લાલસામાં ફસેલું છે અને તે સુખને લઈને જ સંસારમાં ભટકે છે. સુખની આશામાંથી જ બધા પાપ પેદા થાય છે. તે બધા પાપનું આત્મા પર એવું જોર છે કે 'આ સંસારનું સુખ જ નાશવંતુ છે, દુઃખરૂપ છે' તે વાત જ તેની સમજમાં જ ઉતરતી નથી. દુનિયાનું સુખ મેળવવા, ભોગવવા, મળ્યા પછી સાચવવા જીવો કેટલાં કષ્ટો વેઠે છે ? જેની પાસે ઘણું સુખ હોય તેને ભોગવવા ઓછી મહેરબાની કરવી પડે છે ? આ બધા જ સુખ પારકી મહેરબાની પર ટકવાવાળા છે માટે આ સંસારનું સુખ જ ખરાબ છે આ વાત જો મનમાં ઉતરે તો કામ થાય. આ વાત સમજાવવા જ અમે મહેનત કરીએ છીએ.

અપણે ભગવાનનું શાસન પામ્યા છીએ. ભગવાનના ભગત હોવાનો આપણો દાવો છે. જીવને જે સુખ જોઇએ તે આ સંસારમાં નથી મોક્ષમાં જ છે તે વાત બુદ્ધિમાં બેઠી છે ? આ વાત જો બુદ્ધિમાં બેસે નહિ તો જીવ આ સુખની પકડમાંથી છૂટી શકે નહિ, ભગવાનનું શાસન ઓળખી શકે નહિ, ધર્મ કરનાર પણ ધર્મ પામી શકે નહિ એટલું જ નહિ. પણ શાસ્ત્રના પંડિત ગણાતા પણ શાસન પામી શકે નહિ. ભગવાનને માને, ભગવાને કહેલ ક્રિયા પણ કરે છતાં આ વાત ન સમજાય તેને ભગવાન કે શાસન સાથે કાંઇ લાગે વળગે નહિ.

— ઇન્દ્રિયોની કાતીલતા —

મોક્ષની ઇચ્છા થવામાં આડે આવનાર જો કોઇ ચીજ હોય તો આ સંસારનું સુખ જ છે. અભવી એવી જાતિના જીવો છે જેને મોક્ષની ઇચ્છા કદાપિ થતી નથી. જે જીવ ભવી (ભવ્ય) હોય, જેનો કાળ પાકયો હોય, લઘુકર્મિતા થઈ હોય તેવા જીવને જ મોક્ષની ઇચ્છા થાય છે. તે માટે આ આખો સંસાર છોડવો પડે, સુખ પણ છોડવું પડે, દુઃખ વેઠવાની તૈયારી રાખવી પડે. તે માટે અનુકૂલ વિષયો પર જે રાગ છે અને પ્રતિ-

કૂળ વિષયો પર જે દ્વેષ છે તે પલટાવો પડે. રાગ અને દ્વેષ કદિ (કયારેય) નવરા પડતા જ નથી. જીવ કાં રાગ કરે કાં દ્વેષ કરે પણ રાગ-દ્વેષ વગરનો જીવ જડે નહિ અને રાગ-દ્વેષવાળો જીવ મોક્ષે જાય નહિ. રાગ-દ્વેષ છૂટે તો જ મોક્ષ થાય.

વિષયોનું સાધન ઇન્દ્રિયો છે. તે ઇન્દ્રિયોનો પ્રશસ્ત ઉપયોગ કરવો કે અપ્રશસ્ત તે આપણા હાથની વાત છે ને ? તમારી ઇન્દ્રિયોને શું શું જોવા-સાંભળવાનું ગમે છે ? ઇન્દ્રિયોનો ઉપયોગ ચાલુ છે કે બંધ છે ? આપણે જોતા બંધ થવું નથી, સાંભળતાં ય બંધ થવું નથી જરૂર પડે બાકીની પણ ઇન્દ્રિયોનો ઉપયોગ કરવો છે પણ બીનજરૂરી ઉપયોગ કરવો નથી. પાંચે ઇન્દ્રિયોના ઉપયોગ વિના મુક્તિ થવાની નથી. જેમ ઇન્દ્રિયોનો ખોટો ઉપયોગ કરી ભટકયા તેમ ઇન્દ્રિયોનો સારો ઉપયોગ કરી આપણે જ તરવું છે. કેમકે ઇન્દ્રિયો દ્વારા વિષયોનો ભોગવટો આત્મા કરે છે. **વિષયનો વિરાગ એટલે ઇન્દ્રિયોને ખોટે માર્ગે જતી અટકાવવી અને સારે માર્ગે પ્રવર્ત્તાવવી.**

ચક્ષુના પ્રતાપે પતંગિયા સળગી મરે છે. શ્રોત્રના પ્રતાપે હરણિયા પકડાય છે, રસનાના યોગે માછલાં જાળમાં ફસાય છે, ગંધના યોગે ભ્રમરો ફસાય છે અને સ્પર્શના યોગે હાથીઓ મરે છે તો પાંચેય ઇન્દ્રિયોને પરવશ હોય તેનું તો શું થાય ? તમે પાંચને આધીન છો કે પાંચે તમને આધીન છે ? જેને મોક્ષની આરાધના કરવી હશે, ઝટ મોક્ષે જવું હશે તેને ઇન્દ્રિયોને આધીન નહિ બનતાં, ઇન્દ્રિયોને આધીન બનાવવી પડશે. મોહને આધીન આત્મા ઇન્દ્રિયોને આધીન છે તેને વિરાગ આવે જ નહિ, તે રાગી જ રહેવાનો દુનિયાના પદાર્થો જોવાનું મન તે પરાધીનતા ભગવાનના-સાધુના દર્શન કરવાનું મન, જીવદયા પાળવાનું મન તે આંખની સ્વાધીનતા છે. મંદિરમાં-ધર્મક્રિયાઓમાં મન નથી લાગતું તે જીવ ઇન્દ્રિયોને આધીન છે. ઇન્દ્રિયોની આધીનતા તે જ સંસાર છે. ઇન્દ્રિયોની સ્વાધીનતા તે મોક્ષ છે.

દુઃખ વેઠયા અને સુખ છોડયા વિના ધર્મ થાય જ નહિ. સુખના પર દ્વેષ અને દુઃખના પર પ્રેમ કેળવો તો જ ધર્મ થાય નહિ તો નહિ. જગત દુઃખનો દ્વેષ અને સુખનો પ્રેમ કરીને જીવે છે માટે તેના માટે નરક-તિર્યંચ ગતિ રાખી છે. જે નક્કી કરે કે મારે દુઃખ વેઠવું પડે, સુખ છોડવું પડે તો વાંધો નથી તેના માટે મનુષ્ય અને દેવ ગતિ રાખી છે. તમારે દુઃખ વેઠવું નથી, ગમે તે રીતે સુખ જોઇએ છે તે મેળવવા જે કરવું પડે તે કરવું છે, આબરૂનો ય ભય નથી તો પછી તમારો-અમારો મેળ કેમ જામે ? તમે દુઃખ નથી વેઠતા અને સુખ નથી છોડતા તેમ પણ નથી. સંસાર માટે સુખ પણ છોડો છો અને દુઃખ પણ વેઠો છો પણ માત્ર ધર્મ માટે જ કશું કરવું નથી. તમે જે દુનિયા માટે કરો છો તે ધર્મ માટે કરો તો કામ થઇ જાય. તમારે જે સુખ

જોઇએ તે સુખ સંસારમાં નથી. સંસારમાં જે સુખ છે તે ભૂંડામાં ભૂંડું જ છે. તેના પર દ્વેષ ન આવે તો વિરાગ કદિ આવે નહિ. વિરાગ ન આવે તો કષાય આઘાપાછા ન થાય પણ છાતી પર ચઢી બેસે, ગુણનો અનુરાગ ન થાય, ધર્મક્રિયા સાચી રીતે ન થાય એટલે મોટો ભાગ નરક-તિર્યંચમાં કાઢવો પડે.

દેવ ચઢે કે માનવ ?

આ જગતમાં શ્રી વીતરાગ દેવના શાસનનો સાધુ તે પહેલા નંબરનો પુણ્યશાલી જીવ છે અને જૈન કુળમાં જન્મેલો શ્રાવક તે બીજા નંબરનો પુણ્યશાલી છે. આપણા પુણ્યની અવધિ નથી. પણ આપણને આની મહત્તા સમજાઇ નથી માટે જીવન બગડી રહ્યું છે. સાધુને મન મોટો ચક્રવર્તી કે દેવેન્દ્ર આવી ઊભો રહે તો ય તે દુઃખી લાગે, દેવેન્દ્ર કહે કે-ભગવાન તારો તો દાસ છું પણ તારા દાસનો ય દાસ છું. ભગવાનનો પહેલા નંબરનો દાસ સાધુ છે, બીજા નંબરનો દાસ શ્રાવક છે તે જેનો દાસ ઇન્દ્રાદિ દેવો છે. ઇન્દ્રાદિ દેવો કહે 'માનવ જે ભગવાનની ભક્તિ કરી શકે તે કરવાની તાકાત મારામાં નથી. દેવેન્દ્રની ભક્તિ જોઇ કોઇ તુષ્ટ માન થયું નથી પણ માનવની ભક્તિ જોઇ દેવેન્દ્રો તુષ્ટ માન થયા છે. **મનુષ્યને વિરતિનો જે પરિણામ પેદા થાય છે તે દેવને મરી જાય તો ય ન થાય.** પહેલા નંબરનો ભગત ભગવાનનો સાધુ જ છે. ચોવીશે ય કલાક ભગવાનની ભક્તિ જ કરનાર તે બીજો નંબર તમારો (શ્રાવકનો) છે. ભગવાનની આજ્ઞા પાલન રૂપ સાચી ભક્તિ મનુષ્યલોકમાં જ થઇ શકે પણ દેવતા નથી કરી શકતા.

રાવણની સ્તવના સાંભળી ધરણેન્દ્ર સ્થિર થઇને રહ્યા છે તો ધરણેન્દ્રને રાવણ જેવું ગાતા નહિ આવડતું હોય ? મન્દોદરી જેવું નાચતાં તેમની ઇન્દ્રાણીને આવડતું નહિ હોય ? પણ તે ભાવ મનુષ્યને જ આવે. પણ રાવણની ભક્તિ જોઇ ઇન્દ્ર ખુશ થઇ થઇ બહાર ઉભા છે જેથી રાવણની ભક્તિમાં વિક્ષેપ ન પડે. પછી કહે કે 'રાવણ ! તારી ભક્તિથી તુષ્ટ થયો છું.' તમને કોઇ આમ કહે તો શું કહો ? મેં આમ અભ્યાસ કર્યો છે એમ જ ને ? રાવણ કહે 'તમે તુષ્ટમાન થાવ તે તમારી ભક્તિથી.' ભગવાનનો ભગત ભક્તિથી તુષ્ટમાન થાય તેમાં નવાઇ નથી. ધરણેન્દ્ર કહે કે, 'માગો તે આપું' ત્યારે રાવણ કહે કે 'તે તમારી ભક્તિનો પ્રકર્ષ છે. પણ હું માગું તો મારી ભક્તિ હલકી પડે.' દેવની પૂંઠે પડેલી ભિખારીની જાત પર દેવ તુષ્ટમાન થતા હશે ? સારૂ છે છે કે તે આવતા નથી. નહિ તો અહીં જ તમને પરચો મલી જાય. **ભગવાનને મૂકી બીજા દેવ-દેવીની ભક્તિ કરનાર ભગવાનની ઘોર આશાતના કરે છે.** સમકિતી દેવ તો માને કે આ બનાવવા માંગે છે. માટે સમજો કે દેવ કરતાં મનુષ્ય ઊંચા છે કેમકે મનુષ્યને જ સર્વવિરતિનો પરિણામ આવી શકે છે. (ક્રમશઃ)

(અનુ. પેજ ૪૨૪નું ચાલુ)

ઉંધ બાર ગાઉ છેટ બંદો તરફડિયા મારે
બાલે...જલવિહોણી માછલી.
કુટુમ્બ કબીલો ટગર ટગર જોઇ રહ્યો
છે. વારે ઘડીએ નીકળતી.
એની આહ...એની ચીસ...
એનો ગભરાટ...એની વિહવલતા.
જોઇ પરિવાર ધ્રુજી જતો ચીજી જતો.

કયારેક તીણી ચીસ નયનોમાંથી શ્રાવણ ભાદરવો પણ વરસાવી દેતી.

પરંતુ, એ આહને કે એહ ગભરાટને કોઇ ઠારતું નથી.

બધા જ પુતળા જેવા પ્રેક્ષકો કોણ બચાવે ? છે કોઇની તાકાત ?

હા છે તાકાત. 'સર્વજ્ઞ ભગવંતોએ સ્થાપેલા જિનધર્મમાં' વિરાગ.

ભાગ્યોદયનું ભણતર

પદ

વેળા વળવાની વાત કોઇ સાંભળો રે. ટેક
પાપ મારગમાં પાઇ નવ વાવરે રે,
પરમારથમાં પુરણ પ્રેમ, વેળા વળવાની. ૧
સત્ય સાથે જડેલ જેનો જીવડો રે,
પવિત્રાઇ પુરી ધર્મનો આચાર, વેળા વળવાની. ૨
બધા ઘરનાં રહે સુસંપથી રે,
બરા બોટાને ઓળખે બચીત, વેળા વળવાની. ૩
સાચ બોલાની નિત્ય જેને સંગતી રે,
ચોરી કરવામાં કોઇનુ ન ચિત્ત, વેળા વળવાની. ૪
કર્જ કરતાં દુભાય જેનું દીલડુ રે,
દુધે ધોઇને દેવાં છે રૂઢાં દામ, વેળા વળવાની ૫
કર કાછડીને ભીમ કબજે કરે રે,
ભુંડી ભાષાનો નહી ભાવ, વેળા વળવાની ૬
શુભ ધર્મ માને તે માનવી રે,
નમે નિત્યે સુગુરૂને પાય, વેળા વળવાની. ૭
ઘરવેચી વરાઓ ના કરે રે,
બત લખી કુલણજી ન થાય, વેળા વળવાની. ૮
લેશ કલેશ કરે નહીં કોઇ દી રે,
સુખ શમતામાં માને સદાય, વેળા વળવાની. ૯
શીખ સારી સદાયે સાંભળે રે,
એહ ધન્ય જીવ્યુ બાલે રૂષીરાજ, વેળા વળવાની. ૧૦

૨૪ જિનનો પરિવાર આદિ

[ગતાંકથી ચાલુ] —પૂ. મુ. શ્રી ધર્મતિલકવિજયજી મ.

છઠ્ઠા શ્રી પદ્મપ્રભસ્વામી

ચ્યવન કલ્યાણકતિથિ–	પોષ વદ ૬
જન્મ કલ્યાણકતિથિ–	આસો વદ ૧૨
દીક્ષા કલ્યાણતિથિ–	આસો વદ ૧૩
કેવળજ્ઞાન ક. તિથિ–	ચૈત્ર સુદ ૧૫
મોક્ષ ક. તિથિ–	કા. વદ ૧૧
માતા–	સુસીમા
પિતા	ધર
જન્મરાશિ–	કન્યા
આયુષ્યમાન--	૩૦ લાખ પૂર્વ
પદવી–	રાજા
કેટલાની સાથે દીક્ષા–	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર–	સોમદેવ
ગણધર સંખ્યા–	૧૦૭
સાધુ સંખ્યા–	૩,૩૦,૦૦૦
સાધ્વી ,,	૪,૨૦,૦૦૦
શ્રાવક ,,	૨,૭૬,૦૦૦
શ્રાવિકા સંખ્યા–	૫,૦૫,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ–	રતિ
મોક્ષ સ્થળ	સમેતશિખર
મોક્ષ તપ	૧ માસ
શાસનયક્ષિણી–	શ્યામા
જન્મનગરી	કૌશામ્બી
જન્મનક્ષત્ર	ચિત્રા
દેહમાન	૨૫૦ ધનુષ્ય
લાંછન	પદ્મ
શરીરનો વર્ણ	રક્તવર્ણ
દીક્ષાતપ	૧ ઉપવાસ
દીક્ષાનગરી	કૌશામ્બી
છદ્મસ્થકાલ	૬ માસ
જ્ઞાન સંબંધી તપ	ચૌથભક્ત
મુખ્ય ગણધર નામ	પ્રદ્યોતન
શાસનયક્ષ	કુસુમયક્ષ
ભવો	૩
કેટલાની સાથે મોક્ષ	૩૦૮
સાલગિરિ	

સાતમા શ્રી સુપાર્શ્વનાથ

ચ્યવન ક. તિથિ	શ્રા. વ. ૮
જન્મ ક. તિથિ	જેઠ સુ. ૧૨
દીક્ષા ક. તિથિ	જેઠ સુ. ૧૩
કેવલજ્ઞાન ક. તિથિ	મહા વદ ૬
મોક્ષ ,,	મહા વદ ૭
માતા	પૃથિવી
પિતા	પ્રતિરૂઢ
જન્મરાશિ	તુલા
આયુષ્યમાન	૨૦ લાખ પૂર્વ
પદવી	રાજા
કેટલાની સાથે દીક્ષા	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	માહેન્દ્ર
ગણધર સંખ્યા	૯૫
સાધુ ,,	૩,૦૦,૦૦૦
સાધ્વી ,,	૪,૩૦,૦૦૦
શ્રાવક સંખ્યા	૨,૫૭,૦૦૦
શ્રાવિકા ,,	૪,૯૩,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	સોમા
મોક્ષ સ્થળ	સમેતશિખર

મોક્ષ તપ	૧ માસ
શાસનયક્ષિણી	શાંતા
જન્મનગરી	બનારસ
જન્મનક્ષત્ર	વિશાખા
દેહમાન	૨૦૦ ધનુષ્ય
લાંછન	સાથિયો
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષા તપ	૨ ઉપવાસ
દીક્ષા નગરી	બનારસ
છદ્મસ્થકાલ	૯ માસ
જ્ઞાન સંબંધી તપ	૨ ઉપવાસ
મુખ્ય ગણધર નામ	વિદર્ભ
શાસનયક્ષ	માતંગયક્ષ
ભવો	૩
કેટલાની સાથે મોક્ષ	૫૦૦
સાલગિરિ	

આઠમા શ્રી ચન્દ્રપ્રભસ્વામી

ચ્યવન ક. તિથિ	ફા. વ. ૫
જન્મ ,,	માગ. વ. ૧૨
દીક્ષા ,,	,, ૧૩
કેવળજ્ઞાન ,,	મહા વ. ૭
મોક્ષ ,,	શ્રા. વ. ૭
માતા	લક્ષ્મણા
પિતા	મહાસેન
જન્મરાશિ	વૃશ્ચિક
આયુષ્યમાન	૧૦ લાખ પૂર્વ
પદવી	રાજા
કેટલાની સાથે દીક્ષા	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	સોમદત્ત
ગણધર સંખ્યા	૯૩
સાધુ ,,	૨,૫૦,૦૦૦
સાધ્વી સંખ્યા	૩,૮૦,૦૦૦
શ્રાવક ,,	૨,૫૦,૦૦૦
શ્રાવિકા ,,	૪,૭૬,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	સુમના
મોક્ષ સ્થળ	સમેતશિખર
મોક્ષ તપ	૧ માસ
શાસનયક્ષિણી	ભૃકુટી
જન્મનગરી	ચન્દ્રપુરી
જન્મનક્ષત્ર	અનુરાધા
દેહમાન	૧૫૦ ધનુષ્ય
લાંછન	ચન્દ્ર
શરીરનો વર્ણ	શ્વેતવર્ણ
દીક્ષા તપ	૨ ઉપવાસ
દીક્ષા નગરી	ચન્દ્રપુરી
છદ્મસ્થકાલ	૩ માસ
જ્ઞાન સંબંધી તપ	૨ ઉપવાસ
મુખ્ય ગણધર નામ	દિન્ન
શાસનયક્ષ	વિજયયક્ષ
ભવો	૩
કેટલાની સાથે મોક્ષ	૧૦૦૦
સાલગિરિ	

નવમા શ્રી સુવિધિનાથ

ચ્યવન ક. તિથિ	મહા વ. ૬
જન્મ ,,	કા. વ. ૫
દીક્ષા ,,	કા. વ. ૬
કેવલજ્ઞાન ,,	કા. સુ. ૩
મોક્ષ ,,	ભા. સુ. ૯
માતા	રામા
પિતા	સુગ્રીવ
જન્મરાશિ	ધન
આયુષ્યમાન	૨ લાખ પૂર્વ

પદવી	રાજા
કેટલાની સાથે દીક્ષા	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	પુષ્પ કે ઘરમાં
ગણધર સંખ્યા	૮૮
સાધુ ,,	૨,૦૦,૦૦૦
સાધ્વી ,,	૧,૨૦,૦૦૦
શ્રાવક ,,	૨,૨૬,૦૦૦
શ્રાવિકા ,,	૪,૭૧,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	વારૂણી
મોક્ષ સ્થળ	સમેતશિખર
મોક્ષ તપ	૧ માસ
શાસનયક્ષિણી	સુતારિકા
જન્મનક્ષત્ર	મૂલ
જન્મનગરી	કાકન્દી
દેહમાન	૧૦૦ ધનુષ્ય
લાંછન	મકર
શરીરનો વર્ણ	શ્વેતવર્ણ
દીક્ષાતપ	૨ ઉપવાસ
દીક્ષા નગરી	કાકન્દી
છદ્મસ્થકાલ	૪ માસ
જ્ઞાન સબંધી તપ	૨ ઉપવાસ
મુખ્ય ગણધરનું નામ	વરાહક
શાસનયક્ષ	અજિતયક્ષ
ભવો	૩
કેટલાની સાથે મોક્ષ	૧૦૦૦
સાલગિરિ	

દસમા શ્રી શીતલનાથ

ચ્યવન ક. તિથિ	ચૈ. વ. ૬
જન્મ ,,	પો. વ. ૧૨
દીક્ષા ,,	પો. વ. ૧૩
કેવલજ્ઞાન ,,	માગ. વ. ૧૪
મોક્ષ ,,	ચૈ. વ. ૨
માતા	નન્દા
પિતા	દૃઢરથ
જન્મરાશિ	ધન
આયુષ્યમાન	૧ લાખ પૂર્વ
પદવી	રાજા
કેટલાની સાથે દીક્ષા	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	પુનર્વસુ
ગણધર સંખ્યા	૮૧
સાધુ ,,	૧,૦૦,૦૦૦
સાધ્વી ,,	૧,૦૦,૦૦૬
શ્રાવક ,,	૨,૮૬,૦૦૦
શ્રાવિકા ,,	૪,૫૮,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	સુયશા
મોક્ષ સ્થળ	સમેતશિખર
મોક્ષ તપ	૧ માસ
શાસનયક્ષિણી	અશોકા
જન્મનક્ષત્ર	પૂર્વાષાઢા
જન્મનગરી	ભદ્દિલપુર
દેહમાન	૯૦ ધનુષ્ય
લાંછન	શ્રીવત્સ
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષા તપ	૨ ઉપવાસ
દીક્ષા નગરી	ભદ્દિલપુર
છદ્મસ્થકાલ	૩ માસ
જ્ઞાન સબંધી તપ	૨ ઉપવાસ
મુખ્ય ગણધરનું નામ	નન્દ
શાસનયક્ષ	બ્રહ્મયક્ષ
ભવો	૩
કેટલાની સાથે મોક્ષ	૧૦૦૦
સાલગિરિ	

❋ જેવો ભાવ તેવો ભવ ❋

-શાહ રતિલાલ ડી. ગુઢકા-લંડન

મનુષ્ય ભવ-જૈન ધર્મ-આર્યકુળ-આર્ય જાતિ-સારૂ શરીર વીતરાગ જેવા દેવ-ત્યાગી ગુરૂભગવંત આપણા ગુરૂ-કરૂણાથી ભરેલો જૈન ધર્મ આ બધું મલ્યું છે જીવન અણમોલ ચીજ છે. આપણને નવું પ્રભાત ખીલ્યું છે. આપણો મોક્ષ થાય મોક્ષ પામી શકીએ એના માટે મોકો. મલ્યો છે. જે દ્વારથી મહેલમાં પેસી શકાય એજ દ્વાર મલ્યો છે. મનુષ્ય સારા નરસા કર્તવ્યની જીવન ઉપર કર્મરૂપી દુઃખના વાયરા જોરદાર ઝપાટા મારી રહ્યા છે જે સમયે જેવા ભાવ હોય છે તેવું કર્મ આત્મા ઉપર મોહ માયા રૂપી વાદળ આડી આવી ગયા છે.

જેમકે, આત્મા તો મોટો સમ્રાટ છે છતાં મોહ રાજાના માયાના કેદમાં એ આવી ગયો છે એજ પ્રમાણે સુર્ય તો મહા તેજસ્વી છે જગત આખાને એ પ્રકાશ આપે છે છતાં એક કાળુ વાદળ આડું આવતાં અંધારૂ થઈ જાય છે આત્મા તો બહુ જ તેજસ્વી છે પણ મોહ માન માયા મમતા રૂપી રોગોથી દબાઇ ગયો છે. અને ક્રોધ કષાય રૂપી ડાકુએ પકડી લીધો છે જેમ ડોકટર બાહ્ય દર્દની દવા કરે છે. દર્દથી મુક્તિ અપાવે છે. એમ સાધુ ભગવંતો, ડોકટરથી અધિક મોટા ડોકટરો છે જે આત્માના રોગ ને દુર કરાવી આપવામાં પુરી મદદ કરે છે દર્દનો નિકાલ કરાવી અપાવે છે.

બાહ્ય દર્દથી મુક્તિ કદાચ આ ભવમાં મળી જાય પણ કર્મથી મુક્તિ કર્મ ભોગવ્યે જ મુક્તિ મળી શકે જે ડોકટર હજારોને સાજા કરે છે એજ ડોકટર અંત સમયે પોતાને કે આપણને બચાવી નથી શકતા કારણ મરણને રોકી શકાતું નથી મરણને રોકવાનો ઉપાય જન્મ અટકે તો મરણ તો મૃત્યુ થઇ જાય આત્માને કર્મથી મુક્તિ મળે એટલે જન્મ મરણથી મુક્તિ કાયમ મળી જાય ઘણીવાર પ્રશ્ન થાય કે ડોકટર ભયંકર બિમારીમાં મોટું ઓપરેશન કરીને બાહ્ય દર્દથી કદાચ મુક્તિ અપાવશે. એમાં આપણું પુણ્ય છે. આયુષ્ય છે અને વળી ડોકટર પાસે આપણું લેણું છે કોઇ એવું પાપ કર્મ કરેલું પણ પછી ચાર દિવસ દિવસ કે મહિને એનો સખત પસ્તાવો થયો એથી એ દર્દ ડોકટર નિમીતથી મટી જાય છે પણ એજ ડોકટર જેણે એની લાઈફમાં પટર ઓપરેશન કરેલા એટલા દર્દીને સાજા પણ કરેલા. પણ એજ ડોકટર જ્યારે આપણું આયુષ્ય પુરૂ થાય છે ત્યારે બચાવી નથી શકતો ત્યારે દવા લાગુ પડતી નથી. દવા કે દુવા કંઇ ત્યારે કામ નથી કરતું. ડોકટર તો એનો એજ છે દવાખાનું પણ તે જ છે છતાં પણ કારી નથી ફાવતી અને બધું જ નિરર્થક થાય છે ત્યાં ડોકટરનો વાંક નથી જીંદગી પૂરી થાય છે.

જેમ કે આ ભવમાં કોઈ ગુન્હાથી જેલ મલી અને જમાનત આપી બેન્ડ આપી છોડાવી લેશું પણ જ્યારે સાચી જેલ કર્મો રૂપી મળશે ત્યારે એ જેલમાંથી છોડાવવાની તાકાત કોઈની નથી ત્યાં વકીલ કે લાંચ રૂશવત નહિં ચાલે અહીઆ જેલમાં ખાવા પોંચી જાશું હોસ્પીતાલમાં ખાવા દેવા સારી ભકિત કરવા પોંચી જાશું કારણ પાપાનુબંધી પુણ્ય છે હા અહીંઆ સગા-મિત્ર-વેવાઇ-બેનપણી-પતિ પુત્ર-જમાઇ ડિકરી બધા જ જોવા આવશે હાવ ભાવ કરશે પણ કોઈ ૫ ટકા દુઃખ એમાંથી લઇ નહિં જાય કે આપણે કેશું હું બહું પીડાઉ છુ થોડુંક દુઃખ તમો લઇ જાઓ તો કેશે એ દુઃખ થોડું કોઇનું લઇ શકાય છે. તો પછી કહોને કે કોઇના સુક્ષ્મ દુઃખમાં કોઇ ભાગીદારી નથી. નિજ કર્મ પોતાને જ જરૂર ભોગવવા પડે છે અને તો જ છુટકારો થાય છે. પોતાનું પુણ્ય હોય અને બીજા ગમે તેટલું વાંકું બોલે હેરાન કરે આડા પડે પણ કંઇ થતું નથી એથી નાનુ યા મોટું (પરમાત્માએ કહ્યું છે કે) કર્મ જે આત્મા કર્મ બાંધે છે તેને જ ભોગવવું પડે છે પછે ઘણા પાપો એવા છે કે જેને આપણે ટેકો આપીએ કે એમાં શું છે. ભગવાને બનાવ્યું છે ને ઘણા કહે એ તો અમારે રાંધી દેવું પડે તે વળી બીજા હોય તે કહે એ તો સંસારમાં ચાલે એમ કાંઇ થોડું મુકી દેવાય છે એટલે પાપને પાપ ન સમજે બદકે આડું બોલે એ ઘણા બોટી ઉપેક્ષા કરે બોટી અનુમોદના કરે અને વખાણ કરે. વળી બાતા બહુ જ વખાણ કરે તો બધાને સરબો દોંષ લાગે છે. બાકી બીજો ભોગવશે ત્રીજો વિણ બાધા વિણ ભોગવ્યા સંસારમાં ડગલે પગલે તોફાનના મેજા ઉછળે છે.

સંસાર કાંટાળો માર્ગ છે ક્રોધ માન-માયા-રોગ-ઇર્ષા લોભ આ બધા ભારે અણીવારા કાંટા છે એ કોઇને ગમતા નથી પણ અણધાર્યા સંસારમાં રસ્તા ઉપર છે. એને જેટલા દૂર કરી શકાય એટલા કરી સમતા સંતોષ સામાયિક સદગુણ-સમાધિ અને સત્કર્મ રૂપી કુલો બીછાવી શું તો સુંવાળા લાગશે જેમ આપણને વેવારમાં કાલની ચિંતા થાય હાથમાં કંઇ મુડી કે સાધન નથી એમ આપણું કાલ-એટલે હવે પછી મારા ભવનું મારા આત્માનું શું ! જેટલા જેટલા અરિહંત પરમાત્માઓ થઇ ગયા તેઓ અઢળક ધન સંપતિના માલિક હતા પણ આ બધું છોડીને જ પછી મુક્તિ મેળવી છે. સાધુ થયા વિના મોક્ષે ગયા નથી. અને આવું જે ન માને ન સમજે તેને સમકિતની પ્રાપ્તિ થઇ નથી હજુ નવકાર મંત્ર ગણનારો નવકારસી કરનારો કર્યો વગર મુખમાં પાણી ન નાખે રાત્રે ચૌવિહાર કરે બિમારીમાં ન છુટકે દવા પાણી લેવું પડે, વાત જુદી સાંજનું પ્રતિક્રમણ કર્યા વગર સુવે નહિ અને પૂજા-પચ્ચખાણ-પ્રતિક્રમણ-પૌષધ પરોપકાર આ પાંચ રત્નો જેની પાસે હોય તે કદી એને વાંધો ન આવે જેની પાસે આ નથી તેનું સંસાર ભ્રમણ વધે જીવનમાં રોજ સામાયિક કરવી જ જોઇએ જેમાં તત્વ ચિંતન જપ સ્વાધ્યાય દેવ પૂજા તપ આ ૬ કર્તવ્ય અવશ્ય કરવાના શ્રાવકને હોય જ આ ઉપદેશ શ્રેયાંસ નાથ પ્રભુનો બાશ છે શત્રુંજય ઉપર સમોસર્યા ત્યારે બાશ ફરમાવેલ.

મનુષ્યજન્મ કરોડ ભવે કરીને પણ દુર્લભ છે એવા મનુષ્ય (ભવ) જન્મને પામીને જે પુરૂષ સુખકારક ધર્મને કરે છે તેનું જીવન સફળ છે.

વળી મનુષ્યભવમાં ધર્મ થઈ શકે છે ધર્મ મોટો મહેમાન છે ધર્મ એક મહાન મિત્ર છે ધર્મ એક મોટો શેઠ જેવો બોધ છે ધર્મએ આપણો મોટો સગાવટ છે માટે ધર્મ વિના જીવન પણ કેતા દિવસ વાંઝીયો જાય છે.

ધર્મને કલ્પવૃક્ષની ઉપમા આપવામાં આવી છે કલ્પવૃક્ષ ઇચ્છીત વસ્તુને આપે પણ આ ભવ આ લોક પુરતું જ જ્યારે ધર્મ કલ્પવૃક્ષ આ ભવ અને પરભવમાં સુખને અપાવે છે અને અંતે મોક્ષ મેળવી મોક્ષ નગરમાં પહોંચાડે છે.

મોક્ષ એટલે સર્વ કર્મોથી મુક્તિ સકલ ક્લેષ રહિત આત્મા.

,, ,, અનંતગુણમાયા આત્માનું સ્વરૂપ

,, ,, જન્મ જરા મૃત્યુથી સર્વથા રહિત શાશ્વત જીવન.

,, ,, સકલ કર્મોથીને દુઃખોથી સદા છુટકારો આઝાદ જીવન.

,, ,, અનંત સુખ ભોગવવાનું ઉચું સ્થાન સિદ્ધશિલા.

,, ,, સર્વથા ભય રહિત ચિંતા વિના રોગ વેરના રહિત જીવન.

,, ,, સદા સુખ શાન્તીથી ઠરી ઠામ બેસવાનું સ્થાન શાંતિનું સ્થાન.

આવું સુખ સર્વ સુરેન્દ્રોનું સર્વ કાળનું ચક્રવર્તી રાજા સહિત બધા સુખી ગણતા મનુષ્યોનું ત્રણે કાળનું સુખ ભેગું કરીને તેનું અનંતીવાર વર્ગ કરવામાં આવે તો પણ તે સુખ મોક્ષના સુખના અનંતમા ભાગે પણ આવી ન શકે આવું વચન અનંત કેવલી ભગવંતોનું છે. આવી વાણી પ્રભુ વિતરાગની છે. મોક્ષની સાધનામાં હંમેશા ગુરૂનિશ્રા ગુરૂકૃપા એ બે મહત્વના બાહ્ય અંગો છે. આવા મોક્ષની સાધનામાં શુધ્ધ દેવ ગુરૂ ધર્મની ઓળખ જરૂરી છે. એજ ધર્મનું નામ જ મજાનું છે. ધર્મ ધોળો છે. કર્મ કાળો સ્વરૂપ જેવું છે. હંમેશા શુધ્ધ ધર્મની આરાધનામાં ઉજમાળ રહેવું એજ શુભ ભાવના શિવમસ્તુ સર્વ જગતઃ

卐 પ્રભાવક ચરિત્રના પ્રભાવક અંશો 卐

—પં. શ્રી રાજેશકુમાર શાંતિલાલ શાહ

(ગતાંકથી ચાલુ)

(૧૪) જેમની ૧૫–૧૬ વર્ષની સાવ નાની ઉંમરે જ આચાર્ય પદવી હતી અને તે વખતે જેમના બંને ખભા ઉપર લક્ષ્મી અને સરસ્વતી દેવી સાક્ષાત આવીને નૃત્ય કરતી હતી તે જોઇને જેમના ગુરૂદેવને હિતદૃષ્ટિએ આંખમાં આંસુ આવ્યા હતા. તે ગુરૂદેવના આંસુ પાછળના કારણને જાણી જઇને જેમણે એ જ સમયે ૧૫–૧૬ વર્ષની જ ઉંમરે છ–છ વિગઇનો ત્યાગ જાહેર કર્યો હતો અને 'ઉજ્જિંત સેલ સિહરે' ગાથા વડે આમ રાજાને જેમણે ખંભાતમાં અંબાદેવીની સહાયથી શ્રી નેમિનાથ ભગવાનના દર્શન કરાવ્યા હતા તેવા પરમ નિષ્ણાંત મુર્તિ પૂ. બપ્પભટ્ટ સૂરી.નું હું શું વર્ણન કરૂં ?

(૧૫) 'હે યતિનાયક ! આ બાણકવિ અને મયુર કવિએ પોતાના ચમત્કારો બતાવ્યા છે. આપની પાસે આવી કોઇ શક્તિ હોય તો ચમત્કાર બતાવો.'

'રાજન્ ! સાંભળી લે કે–અમે કંઇ ધન–ધાન્યાદિ માટે રાજાઓના ચિત્તના મનોરંજન કરનારા ઘરવાસી ગૃહસ્થો નથી. અમારે તો કરવા લાયક કામ એક જ છે. અને તે છે શાસનનો ઉત્કર્ષ.'

આ સાંભળી રોષાયમાન થયેલા રાજાએ જેમને ૪૪–૪૪ લોઢાની સાંકળોથી કચ કચાવીને બાંધી દીધા પછી ભયાનક અંધારા ઓરડામાં પૂરાવી દીધા. અને આવા સમયે જેમણે શ્રી ભક્તામર સ્તોત્રની રચના કરતા કરતા એક–એક ગાથા બોલતાં બોલતાં દરેક દરેક બેડીને તોડી નાંખી હતી એવા શ્રી ભક્તામર સ્તોત્રના (કે જેનો વર્તમાન કાળે દુરૂપયોગ થઇ રહ્યો છે.) રચયિતા પૂ. આ. શ્રી માનતુંગ સૂ.મ.ને મારા અનંતશઃ વંદના.

(૧૬) જ્યારે તક્ષશિલામાં પ્રલયકાળ જેવી ભયાનક સ્થિતિ સર્જાઇ. રોગનો ભયંકર ઉપદ્રવ થતાં તે રોગથી જ માણસોના મડદા પડવા લાગ્યા. શબના સંઘાતથી ઘરોના ઘરો ગંધાઇ ઉઠયા ત્યારે જૈન સંઘે કપર્દી, અંબા વગેરેની સાધના કરી ત્યારે છેવટે એક દેવીએ કહ્યું–ક્લેચ્છોના ઉગ્ર વ્યંતરોએ કરેલા આ ઉપદ્રવથી અમે જ હેરાન હેરાન છીએ. તમને સહાય શી રીતે કરીએ ? છતાં એક ઉપાય છે. એક આચાર્ય ભગવંત નડુલ્લ નગરમાં છે તેમના પગનું પ્રક્ષાળજળ છાંટવામાં આવે તો આ ઉપદ્રવ શાંત થાય છે તેમ છે. જેમના ચરણના પ્રક્ષાળજળમાં આ તાકાત હતી તેવા જે મહા-

પુરૂષે શાંતિનાથ તથા પાર્શ્વનાથ પ્રભુના મંત્રથી ગર્ભિત એવા 'શ્રી શાંતિસ્તવન'ની રચના કરીને ઉપદ્રવને ખત્મ કર્યો હતો તેવા પ્રચંડ પવિત્ર શક્તિના સ્વામી શ્રીમાન્ માનદેવ સૂરી. મહારાજાના ચરણોમાં કોટિ કોટિ વંદના.

(૧૭) આજે અત્યારે આટલી મોડી રાતે આ બારણું નહિ ઉઘડે જા. જ્યાં બારણું ઉઘાડું હોય ત્યાં ચાલ્યો જા.' માતાના શબ્દો સાંભળીને બંધ બારણેથી જ અધી રાતે પાછો ફરેલો તે જુગારી પુત્ર ખુલ્લા દ્વારની શોધ કરતાં કરતાં ત્યાં જઇ ચડયો, જે દ્વારને તેની પ્રતીક્ષા હતી. મુનિવરોના ઉપાશ્રયમાં પ્રવેશેલા જેણે આખરે દીક્ષા લીધી. અને બૌદ્ધ મતથી ભરમાઇ જઇને બૌદ્ધમત તરફ ઢળી ગયેલા જેમને પૂ. હરિભદ્ર સૂ. મ. ની લલિતવિસ્તરા નામના ગ્રંથરત્નમાંથી સત્યનો પ્રકાશ મળતાં જૈન ધર્મમાં જ છેલ્લે સ્થિર થયા એવા શ્રી સિદ્ધર્ષિ ગણિવરના ચરણોમાં લક્ષશઃ વંદના.

(૧૮) 'વિરૂપાનાથના મંદિરમાં સૂતેલો માણસ મરેલ થઇને જ બહાર આવે છે. માટે હે ગુરૂદેવ ! આપ અહીં ન રહો.' ગ્રામજનોએ આ રીતે નિષેધવા છતાં જે મહા પુરૂષ વિરૂપનાથને પ્રતિબોધ પમાડવા તે જ મંદિરમાં રહ્યા અને રાતભર વિરૂપનાથ વ્યંતરે કરેલા ઉપસર્ગો વેઠવા છતાં ડગ્યા નહિ ત્યારે હતાશ થયેલા વિરૂપનાથે જેમનું શરણું સ્વીકારી પ્રતિબોધ પામ્યો એ દિવ્ય વિભૂતિ પૂ. આ. શ્રી વીરાચાર્યના ચરણોમાં કોટિશઃ વંદના.

(૧૯) તું કોણ ? દેવ.
દેવ કોણ ? હું
હું કોણ ? કૂતરો
કૂતરો કોણ ? તું
તું કોણ ? દેવ
દેવ કોણ ? હું
હું કોણ ? કૂતરો
કૂતરો કોણ ? તું.

આ રીતે પ્રશ્ન કરનારા બૌધ્ધ સાધુને જેમણે ફટ-ફટ જવાબો આપીને ત્યાં જ નિરૂત્તર કરી નાંખ્યો હતો એવી પ્રચંડ મેધા-શક્તિના સ્વામી શ્રી ઉત્તરાધ્યયન ટીકાના રચયિતા પૂ. આ. શ્રી વાદિવેતાલ શાંતિસૂરીશ્વરજી મહારાજનું જીવન-કવન મારી જેવો શું ગાવાનો હતો ?

(૨૦) જૈન શાસનનો કોહીનૂર પાકશે તેમ જાણીને સર્વદેવ બ્રાહ્મણને જમીનમાં દટાયેલું નિધાન બતાવવા સાટે પુત્ર અર્પણ કરવાની શરતે જેમણે બ્રાહ્મણને નિધાન

શાસન સમાચાર

શ્રી લક્ષ્મીવર્ધક સંઘમાં અત્યંત યશસ્વી ચાતુર્માસ પૂર્ણ કરી વર્ધમાનતપોનિધિ પૂ. આ.દેવ શ્રીમદ્ વિજય ગુણયશ સૂ. મ. તથા પ્રવચન પ્રભાવક પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય કીર્તિયશ સૂ. મ. આદિ ઠાણા શ્રી મિલનભાઇ બુધાભાઇની આગ્રહભરી વિનંતિ સ્વીકારી તેમના આંગણે ચાતુર્માસ પરિવર્તનાર્થે પધાર્યા. કા. સુદ ૧૫ ના દિવસે સવારે ૯-૪૫ કલાકે શાંતિનાથ પ્રભુના દર્શનાદિ કરી વાજતે ગાજતે હજારોની સંખ્યામાં પધારેલ ભાવિકો સાથે પૂજ્યો ન્યુ. પિનલ પાર્ક સોસાયટી પધાર્યા. ત્યાં મિલનભાઇ પરિવારે સુંદર રાજાવટથી ગૃહાંગણને દેવમંદિર જેવું સજાવ્યું હતું. સુંદર અષ્ટમંગળની લક્ષણવંતી રચના કરેલ હતી. પૂ શ્રીનું 'સકારાપંચદુર્લભા' ઉપર હૃદયસ્પર્શક પ્રવચન થયું. સકળ સંઘનું સંઘપૂજન કરવામાં આવ્યું અને પધારેલ તમામ આરાધકોની મિષ્ટાન્નાદિ પૂર્વક નવકારશી કરાવવામાં આવી હતી. મિલનભાઇનો પરિવાર પ્રથમવાર જ ધર્મારાધનામાં જોડાયો હોવા છતાં એમના હૈયાનો ભક્તિભાવ સૌ કોઇને શાસન અનુમોદનાના રસથી ભીંજવી ગયો હતો. પૂજ્યોએ રાત સ્થિરતા કરી લક્ષ્મીવર્ધકનું આંગણું પાવન કર્યું.

કા. વદ ૨ ના દિવસે અત્રેથી વિહાર નિર્ણીત થયેલો હોઇ સૌ કોઇના હૈયા ભારે બની ગયેલા હતો. ચાર ચાર મહિના સુધી પુષ્કરાવર્તની જેમ જિનવાણીનો ધોધ વરસાવી પૂજ્યો વિહરી જતા હોઇ સૌને આઘાત લાગે એ સહજ હતું. આજે કલ્યાણભાઇ મણિભાઇ રાવ પરિવારના શૈલેષભાઇના બંગલાના આંગણે તેમણે માત્ર એક જ માસના ટુંકા ગાળામાં પાયામાંથી નવનિર્મિત કરેલ ગૃહજિનાલયની પ્રતિષ્ઠાનો પુણ્ય પ્રસંગ હોવાથી પૂજ્યો સસ્વાગત તેમના ગૃહાંગણે જૈન મર્ચન્ટ સોસાયટી પધાર્યા. ત્યાં પ્રતિષ્ઠાનો પ્રસંગ ખૂબ જ ઉલ્લાસ પૂર્વક થયેલ. ૫ કી. મી. નો વિહાર કરી દેવકીનંદન સંઘમાં સ્વાગત સાથે પધારી સીધા જ આયંબીલ ભવનના પ્રવચન મંડપમાં પધાર્યા. ત્યા કુ. જેમીનીબેન અનિલભાઈ (ઉ. ૨૨) ને પ્રવજ્યા પ્રદાન કરી ઉપકરણોની ઉછામણીઓ ઘણી જ સુંદર થવા પામી.

નૂતન દીક્ષિતનું નામ પૂ. સા. શ્રી જિતમોહાશ્રીજી મ. સ્થાપી તેમને વિદુષી પૂ. સાધ્વીજી શ્રી ચંદ્રાનનાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સા. શ્રી ચારૂનંદિતાશ્રીજી મ.ના શિષ્યા જાહેર કરાયા. દેવકીનંદન ઉપાશ્રયે એક દિવસની સ્થિરતા કરી ત્રીજના પૂજ્યો શાંતિનગર પધાર્યા. શ્રાવિકા ઉપાશ્રયેથી સામૈયું ચડી સવજીવન સોસાયટી ઉતર્યું ત્યાં સન્માર્ગ

પ્રકાશનના પ્રમુખ શ્રી હરિચંદભાઇ પ્રતાપચંદના ગૃહઆંગણે તેમના માતુશ્રી રંગુબેનના ધર્મકૃત્યોની અનુમોદનાર્થે પ્રવચન સંઘપૂજન તેમજ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન અને સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

સાબરમતીમાં પૂજ્યશ્રીના સ્મારકનું કુંભીસ્થાપન

રવિવાર આસો વદ ૮ના સાબરમતીમાં આવેલ સ્વ. જૈનાચાર્ય શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ના અંતિમ સંસ્કારના પવિત્ર સ્થળે નિર્માણાધીન સ્મારક સંકુલ મહાપ્રાસાદના કુંભીસ્થાપનનો સમારંભ ઉજવાયો. સવારે ૯ વાગે સ્નાત્રપૂજા આદિ વિધિવિધાન બાદ 'સૂરિરામચંદ્ર-ગુણ સ્વાધ્યાય' ઢાળીયા ગવરાવી બધાને ગુરૂભક્તિમાં તરબોળ કર્યા હતા. ત્યારબાદ પૂર્વે અપાયેલ આદેશ મુજબ વિભિન્ન મહાનુભાવોએ કુંભીનું વિધિવત પૂજન કરી શુભ મુહુર્તે સ્થાપના કરી હતી. આ પ્રસંગે લક્ષ્મીવર્ધક સંઘથી વિહાર કરી પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિ. કીર્તિયશ સૂ. મ. તથા આરાધના ભવનથી પૂ. ઉ. શ્રી કમલરત્ન વિ. મ., પૂ. ગણિવર્યશ્રી વિમલરત્નવિજયજી મ. તેમજ વિદ્યાનગરથી પૂ. મુનિશ્રી ભવ્યદર્શન વિ. મ. આદિ ઠાણા પધાર્યા હતા. વિધિ વિધાન કરાવવા માટે જામનગરથી શ્રાદ્ધવર્ય શ્રી નવીનભાઇ પધાર્યા હતા ગામ-પરગામથી સારી એવી ઉપસ્થિતિ વચ્ચે સમારોહ ઉજવાયો. અંતે શ્રીફળની પ્રભાવના કરાઇ હતી.

સ્મારક સંકુલનું કામ હવે વેગબદ્ધ આગળ ધપી રહ્યું છે. મકરાણાથી ઉંચી જાતનો માર્બલ લાવી આવવા લાગ્યો છે અને સ્થળ ઉપર પણ ઘડાઇ ચાલી રહી છે. દીવાળી બાદ કાર્યમાં હજી વેગ આવશે.

— બનાસકાંઠા અને સાબરકાંઠામાં ચાલતા ૭ શ્વાન રોટલા ઘરો —

બનાસકાંઠા જિ. સહાયક ફંડ ટ્રસ્ટ તરફથી ૭ શ્વાન રોટલા ઘરો ચાલે છે. એક ગરોડીયા (તા. ખેડબ્રહ્મા જિ. સાબરકાંઠા)માં છે. તેનું સંચાલન પૂબ પ્રેમથી શ્રી પોપટલાલ વાસુદેવ જોષી કરે છે. બીજા બે બનાસકાંઠાના દાંતા તાલુકાના દાંપરાના શ્રી અરવિંદ આશ્રમમાં અને મંડાલીના શ્રી જ્ઞાન આશ્રમમાં છે. તાલુકાના અગ્રણીય કાર્યકર શ્રી લક્ષ્મણસિંહ ચૌહાણનું સંચાલન છે. મહુત્રામાં સાંતલપુર તા. ના ખ્યાતનામ કાર્યકર શ્રી ગંગારામ ઠક્કર તેના વ્યવસ્થાપક છે. ડીસા તા.ના મોરાલ ગામમાં ભાવનાશીલ કાર્યકર શ્રી લુણારામ દવેની દેખરેખ છે. ને પાલણપુર તા. ના વાસણ ગામમાં નિવૃત્ત અધ્યાપક શ્રી નારાયણદાસ ત્રિવેદીના સુસંચાલનમાં રોટલા ઘરો ચાલે છે. માસિક દશ હજાર રૂા.નો ખર્ચ છે. સંપર્ક: કનૈયાલાલ ભણશાલી, મેનેજીંગ ટ્રસ્ટી, બ. જિ. સ. ફંડ ટ્રસ્ટ, ૪ જીવન વિહાર, બીજે માળે, શેર બજાર સામે, મુંબઇ-૨૩ ફોન-૨૬૬૫૩૧૦ અને ૩૯૭૩૬૬૫.

ચાતુર્માસ પરિવર્તન

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. તથા પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ., પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ. આદિ તથા પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. આદિ તથા પૂ. સા. શ્રી નિત્યોદયાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી લલિતચંદ્રાશ્રીજી મ. આદિના ચાતુર્માસ પરિવર્તનનો આદેશ શાહ હંશરાજ સોજપાળ હઃ સતીષભાઇ ૨, ઓસવાળ કોલોનીવાળાએ લીધેલ. સવારે વાજતે ગાજતે શાહ રતિલાલ વીરચંદ ગોસલિયાને ત્યાં પૂ. શ્રી ખૂબ સંખ્યા સાથે પધાર્યા. મંગલ પ્રવચન સુવર્ણ ચાંદીના સીક્કાઓથી ગુરૂપૂજન તથા ૧૦-૧૦ રૂા. થી સંઘપૂજન થયું. ચંપકલાલજી ભીખમચંદજીને ત્યાં સંઘપૂજન થયું. કામળી વહોરાવી. લખમશી રાયમલ સાવલાને ત્યાં મંગલ પ્રવચન કામળી વહોરાવી તથા સંઘપૂજન થયું. સતીષભાઇને ત્યાં પૂર્ણિમા અંગે પ્રવચન થયું. ગુરૂપૂજન તથા લાડુની પ્રભાવના થઇ તેમણે નુતન મકાનમાં શાંતિસ્નાત્ર પણ રાખેલું. પૂ. શ્રી આદિએ શાંતિસ્નાત્ર સુધી સ્થિરતા કરી હતી, વિધિ માટે નવીનચંદ્ર બાબુલાલ શાહ તથા ભક્તિ માટે શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ પધારેલ.

વદ ૧ના સવારે સસ્વાગત શાંતિલાલ મેપાભાઇ નથુભાઇ ખીમસીઆને ત્યાં પધાર્યા. પ્રવચન થયું અને સિક્કાઓ આદિથી ગુરૂપૂજન કરાવાયું. કામળી વહોરાવી સંઘપૂજન થયું. ત્યાંથી રામજી પરબત ગુઢકાને ત્યાં સસ્વાગત પધાર્યા, મોટો હોલ નાનો પડયો પ્રવચન થયું બાદ સંખ્યાબંધ સોનાની તથા ચાંદીની મુદ્રાઓથી ગુરૂપૂજન થયું કામળી કપડા વહોરાવ્યા ૧૦-૧૦ રૂા.થી સંઘપૂજન તથા લાડુની પ્રભાવના થઇ. ઘણા ઉત્સાહથી બંને દિવસે મોટી સંખ્યાએ લાભ લીધો.

કોડપુર તીર્થનો વિકાસ અને છ'રી પાલિત યાત્રિક સંઘ

જામનગરથી ૪૫ કિ. મી. મોડપુર તીર્થ હાલારમાં પ્રાચીન ૪૫૦ વર્ષ ઉપરનું તીર્થ છે તેના વિકાસ માટેની યોજના પૂ. આ. ભ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. ના ઉપદેશથી નક્કી થઇ તેમાં મંડપમાં ૯૯ ઇંચના શ્રી આદીશ્વરજીની પ્રતિમા મુકવાના હોય તે મંડપનું શિલારોપણ માગશર વદ-૬ના નક્કી થયું. ભૂમિપૂજન કારતક સુદ ૧૦ ના શાહ વેલજી કચરા હરિયા સુખપરવાળા હાલ જામખંભાલીઆના હસ્તે ઉત્સાહથી થયું.

શિલાસ્થાપન તથા ઉપાશ્રય ધર્મશાળાના બાત મુહુર્તની કા. સુદ ૧૪ના બોલીઓ પણ સારી થઇ તેની યાદી (૧) મુખ્ય કુર્મશિલા શ્રીમતી જયાબેન ઝવેરચંદ હેમરાજ ગોસરાણી ડોંબીવલીવાળા-લંડન (૨) ઉમાબેન લાલજી રાજા પેથડ મોટા લખીયા, હઃ વીરચંદભાઇ લાલજી-જામનગર (૩) કમળાબેન મોહનલાલ હંશરાજ ચંદરીયા રાવળશરવાળા-નાઇરોબી (૪) શાંતાબેન મહેન્દ્રભાઇ સોજપાર ગોસરાણી લાખાબાવળવાળા-જામ-

નગર (૫) રમાબેન લાલજી હેમરાજ ચંગાવાળા લંડન હ: ઝવેરચંદ લાધાભાઇ લાખાબાવળ [૬] ગંગાબેન લખમશી લાધાભાઇ ગુદકા નવાગામવાળા–લંડન હ: હંસાબહેન શાંતિલાલ ઝીણાભાઇ–જામનગર (૭) રળિયાતબેન વેલજી પાનાચંદ ગલૈયા લાખાબાવળવાળા–ઘાટકોપર (૮) કુસુમબેન શાહ લંડન (૯) જયવંતીબેન રાયશી પેથરાજ નાની રાફુદડવાળા–જામનગર.

ઉપાશ્રયનું ખાત મુહુર્ત્ત–શ્રી કુસુમબેન શાહ–લંડનવાળા તથા ધર્મશાળાનું ખાત મુહુર્ત્ત જશમાળી દેવશી રાયમલ સાવલા નાઘેડીવાળા જામનગર.

મોડપુર તીર્થ આ પ્રસંગે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. તથા પૂ. મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ. ની નિશ્રામાં સંઘ લઇ જવાનું થયું સંઘપતિ શાહ પ્રેમચંદ પાનાચંદ સુમરીયા જુના હરિપરવાળા જામનગર થયા. કુંવરબાઇ ધર્મશાળામાં તેની તૈયારી માટે યોજના ઘડાઇ શાહ કાનજી હીરજી, શાહ રામજી આણંદ, શાહ ચંપકલાલ નેમચંદ, શાહ કેશવલાલ અમૃતલાલ, શાહ અમૃતલાલ નરશી મુખ્ય કમિટિ અને બીજી કમિટિઓ નીમાઇ સંઘપતિના પુત્રો બીપીનભાઇ, રશ્મિભાઇ, મુકેશભાઇ, ખડે પગે તૈયાર હતા બીજા પણ ઘણા કાર્યકર્તાઓ ઉત્સાહથી જોડાયા હતા. કા. વદ ૨ના સ્વારે પ્રયાણમાં મોટી સંખ્યા થઇ ૧૨૫ યાત્રિકો છ'રી પાલિત હતા. ૪૫ કિ. પ્લોટ વિમલનાથ દેરાસરથી નીકળી ઓસવાળ કોલોની કામદાર કોલોની આવ્યા ત્યાં નવીનભાઇ હરિપુરવાળાએ સંઘ પૂજન કર્યું. સંઘપતિના ઘેર મંગલિક અને સંઘપૂજન થયું. ખોડીયાર કોલોનીમાં કીર્તિભાઇ ટ્રાવેલ્સવાળાને ત્યાં માંગલિક અને પૂજન થયું. ૧૦ કિ.મી. વાવબેરાજા સ્વામત મંગલિક સંઘપતિ બહુમાન અને ૫-૫ રૂા.નું સંઘપૂજન ત્યાંના ભાવિકો તરફથી થયું. ચાંપાબેરાજા સ્વાગત મંગલિક અને સંઘપતિ બહુમાન પ્રભાવના ત્યાંના ભાવિકો તરફથી થયા. ૧૨ વાગ્યે લાખાબાવળ જોરદાર સામૈયું થયું.

જામનગર આદિથી ૩૦૦ જેટલા ભાવિકો આવ્યા હતા યાત્રિક તથા સ્થાનિક સંઘનું જમણ શા રાયશી તેજશી, શાહ કચરા તેજશી માર પરિવાર લાખાબાવળવાળા જામનગર તરફથી થયું તેમના તરફથી પ્રવચનમાં સંઘપૂજન થયું પ્રવચન પદમશી વાઘજી ગુદકાના ફળીમાં તેમણે બાંધેલ મંડપમાં થયું. સંઘ તરફથી સંઘપતિનું બહુમાન સંઘપતિ તરફથી સંઘ લેનાર માર પરિવારનું બહુમાન થયું. સંઘપતિ તથા યાત્રિકો તરફથી જમણનો લાભ અપાયુ.

વદ–૩ નવા ગામ સ્વાગત થયું ત્યાં નવાગામ વાસી મુંબઇવાળા ભાવિકો તરફથી સંઘજમણ થયું સંઘપતિ તરફથી તેમનું બહુમાન અને સંઘ તરફથી સંઘપતિનું બહુમાન થયું. સંઘનો ઉતારો પ્રવચન મહાજન વાડીમાં હતો સંઘપૂજન બે થયા.

વદ-૪ પડાણા સ્વાગત થયું. શાહ ગુલાબચંદ દેવરાજ પરિવાર તરફથી સંઘ જમણ સંઘ તરફથી સંઘપતિનું અને સંઘપતિ તરફથી સંઘજમણ કરનારનું બહુમાન થયું જામનગર આદિથી સારા પ્રમાણમાં ભાવિકો પધારેલ સંઘનો ઉતારો પ્રવચન મહાજન વાડીમાં હતા સંઘપૂજન શ્રીમતી કસ્તુરબેન ગુલાબચંદ દેવરાજ તરફથી થયું.

વદ-૫ રાસંગપર સ્વાગત દર્શન કર્યા બાદ શાહ મોતીચંદ ભારમલ હરિયાના મકાનમાં માંગલિક સંઘપતિ બહુમાન સંઘપૂજન પદમશીભાઈ લીલાધર મેપા તથા અમૃતલાલ ભારમલ તરફથી થયા યાત્રિકોના દૂધથી પગ ધોઇ બહુમાન કર્યું. લખીયા સ્વાગત દર્શન કરી હીરજી લાલજીભાઈના ફળીમાં માંગલિક સંઘપતિનું બહુમાન થયું. ત્યાંથી મોટર પર આવતા સ્વાગત થયું. પ્રાચીન મંદિરના દર્શન ચૈત્યવંદન કરી માંગલિક થયું ઉતારો સ્કુલમાં હતું પ્રવચન ત્યાં થયું આજનું સંઘજમણ બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ લંડનના ભાઇ-બહેનો તરફથી હતું સંઘપતિ તરફથી તેમનું બહુમાન થયું.

સંઘપતિ તરફથી યાત્રિકોનું સ્ટીલની કથરોટની પ્રભાવના કરી બહુમાન કર્યું. યાત્રિકોને જુદા જુદા ભાવિકો તરફથી થયેલ પ્રભાવના રૂપે ૮૦-૮૦ જાનું કવર અપાયું યાત્રિકો તરફથી સંઘપતિઓનું શાલોથી બહુમાન થયું. સંઘપતિ તરફથી અડે પગે સેવા ભક્તિ કરનાર કાર્યકર્તાઓનું ૨૬ની સંખ્યામાં શાલથી બહુમાન કર્યું. રામજીભાઈ માડ્ઝે સંઘપતિનો ઉત્સાહ અને વ્યવસ્થા અને સંઘના ઉત્સાહનું અનુમોદન કર્યું.

વદ-૬ રવિવાર સવારે સંઘપતિઓને તીર્થમાળ પહેરાવવાનો વિધિ થયો. બહારથી ૪૦૦ ઉપર ભાવિકો આજે આવી ગયા હતા. સવારનું સંઘજમણ શાહ દેવચંદ હઘા શુઢકા રાસંગપુરવાળા હઃ રતિલાલ દેવચંદ શુઢકા લંડનવાળા તરફથી હતું, બપોરનું સંઘજમણ શાહ વેલજી કચરા હરિયા સુખપરવાળા હાલ જામખંભાળીયા તરફથી હતું બંનેનું બહુમાન સંઘપતિ તરફથી થયું.

તીર્થમાળ પહેરાવવાના આદેશ સારા થયા ૧ પ્રેમચંદ પાનાચંદભાઇને માળ પહેરાવનાર તેમનો પરિવાર, ૨ બીપીનભાઇ પ્રેમચંદને માળ પહેરાવનાર બાબુલાલ ડી. શાહ ગોરેગાંવવાળા, ૩ રશ્મિભાઈ પ્રેમચંદને માળ પહેરાવનાર શાહ લખમશી પેથરાજ ૪ મુકેશભાઇ પ્રેમચંદને માળ પહેરાવનાર શાહ નેમચંદ રાજપાળ, ૫ રમેશભાઇ હંશરાજને માળ પહેરાવનાર ઉત્તમચંદ નથુભાઇ, ૬ પ્રવીણાબેન અશોકકુમારને માળ પહેરાવનાર કસ્તુરબેન ભીમજી, ૭ ભારતીબેન બીપીનભાઇને માળ પહેરાવનાર શાહ લખમશી પેથરાજ, ૮ અનસુયાબેન રશ્મિભાઇને માળ પહેરાવનાર શાહ નેમચંદ રાજપાળ, ૯ બિન્દુબેન મુકેશભાઇને માળ પહેરાવનાર મોહનલાલ લખમશી શુઢકા,

૧૦ નીરૂબેન રમેશભાઈને માળ પહેરાવનાર મોંઘીબેન લખમણ વીરપાર માડ઼ હઃ રામજી લખમણ માડ઼ થાનગઢ.

માળની વિધિ બાદ પ્રવચન થયું. બાદ શિલારોપણ વિધિ માટે વાજતે-ગાજતે દેરાસરે આવ્યા બધી તૈયારી હતી શિલાપૂજન વિ. થયા બાદ ઘણા ઉત્સાહથી જયકાર વચ્ચે દેરાસરની નવ શિલાઓનું સ્થાપન આદેશો લેનારે કર્યું. તેવી રીતે ઉપાશ્રય તથા ધર્મશાળાનું ખાત મુહુર્ત આદેશ લેનારે કર્યું. મોડપર તીર્થ ટ્રસ્ટ વતી તે ૧૧ મહાનુભાવો જે બધા જ બહેનોના નામ હતા તેમનું લેડીઝ શાલથી બહુમાન થયું. સંઘમાં પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી વિશ્વપ્રજ્ઞાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી પ્રશાંતદર્શનાશ્રીજી મ. આદિ પધાર્યા હતા. બહેનોને સુંદર આરાધના કરાવી.

આજે દેરાસર માટે રકમો જાહેર થઇ તેમાં ૨૨૫ હજાર થાણા ઉપધાન પ્રસંગે જૈન સંઘ ૮૦ હજાર બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળળ-લંડન. ૭૦ હજાર ડાલાસંગ જૈન દેરાસરજી, ૭૦ હજાર લખમશી લાધાભાઈ ગુદકા ગૃહમંદિર જામનગર, ૭૦ હજાર પાર્શ્વનાથ જૈન દેરાસર જામ-ખંભાળીયા, ૭૦ હજાર જૈન હિતવર્ધક મંડળ જૈન દેરાસર થાન, ૮૦ હજાર કાવી તીર્થ સ્વીકાર થયે મંજુર કરવા. ૫૧ હજાર નવાગામ હા. વી. ઓ. મૂ. જૈન દેરાસર, ૨૫ હજાર જૈન દેરાસર કાકાભાઈ સિંહણ, ૨૧ હજાર રેલા સ્વે મૂ. ઓ. જૈન દેરાસર.

મૂર્તિ ભરાવવા માટે મૂર્તિ તથા સાધારણ ફંડની યોજના ૧। લાખ લેખે લેવાનું નકી થતાં મહેન્દ્રભાઈ સોજપાર ગોસરાણી હઃ શાંતાબેન મહેન્દ્રભાઇનું નામ લખાયું હતું.

ઉપાશ્રય માટે શ્રીમતી દેવકુંવરબેન કુલચંદ લાલજી લાખાબાવળવાળા-લંડન હઃ રતિલાલ દેવચંદ તરફથી દાન માટે જાહેર કર્યું હતું.

આજે ઘણા ગામના ભાવિકો હતા ૬૫૦ ની સંખ્યા લગભગ થઇ હતી, ૫૦૦૧ શુભેચ્છક તથા ૨૫૦૦ તથા એક હજાર સર્વ સાધારણ ફંડમાં ઘણા ભાવિકોએ નામો લખાવ્યા હતા. રામજી લખમણ માડ઼એ થાનથી ભદ્રેશ્વરજી પધારવા ખાસ આમંત્રણ આપેલ તથા ભાવનગરથી તળાજા અને ત્યાંથી પાલીતાણા પદયાત્રા સંઘ માટે શ્રીમતી શાંતાબેન કલીચંદ કચરા હરિયા તરફથી આમંત્રણ અપાયું હતું.

સુંદર વ્યવસ્થા અને ઉદારતાથી સંઘ યાદગાર બન્યો હતો.

: જામનગરમાં ઉપધાન તપની સુંદર આરાધના :

જૈન ઉપાશ્રય ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગરમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર-સૂરીશ્વરજી મ ની નિશ્રામાં શાહ હીરાભાઇ હધાભાઈ પરિવાર હા. જીવરાજભાઇ તથા

કાનજીભાઇ શાહ જેઠાભાઇ ધરમશી નાગડા પરિવાર હા. કાનજીભાઇ જેઠાભાઇ તરફથી ઉપધાન તપનું આરાધન આસો સુ. ૧૨ તથા આસો સુ. ૧૪ના મુહુર્તોથી થયું ૬૫ની સંખ્યા તપનાં થઇ હતી ૩૨ માળવાળા હતા. આરાધના સુંદર થઇ તપસ્વીઓને પણ સારી શાતા રહી. ભોજનની વ્યવસ્થા શ્રી કુંવરબાઇ ધર્મશાળામાં સુંદર રીતે થતી હતી.

તપસ્વીઓને પ્રભાવના માટે સમુદાયિક ૧ રૂા.ના ૬૫૦ રૂા. તે રીતે ૯૦૦૦ રૂા. ઉપર થયા તેમાંથી તપસ્વીઓને સોનાના કયડાની પ્રભાવના થઇ ઉપધાનના આયોજકો તરફથી થાળી વાટકા ગ્લાસનો સેટ પ્રથમ આપ્યા તથા તપ પુરો થતાં સાલથી બહુમાન કર્યું શાહ નથુ દેવાભાઇ સામત નવા ગામવાળા તરફથી સ્ટીલની ૧૫૦૦ રૂા.ની ટાંકીની પ્રભાવના થઇ શાહ મુળજી ડાયા ગોસરાણી વરલી તરફથી ચાંદીની માળા અને વાટકીની પ્રભાવના થઇ શાહ પોપટ રાજા ગુઢકા (પરેલ) તરફથી નારકી ચિત્રાવલી તથા જિનેન્દ્ર સ્તવનાવલી ની પ્રભાવના થઇ. સંઘ પૂજન આદિના ૨૮ વાળાને ૫૫+૫૦ ૩૫ વાળાને ૮૫+૫૦ કાર્ડ અને માળવાળાને ૧૬૦૦ રૂા. પ્રભાવના થઇ.

માળા રોપણ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો કા. વ. ૧૩ના માળની બોલી તથા કુંભ-સ્થાપન આદિ તથા નવગ્રહપૂજન આદિ થયા શાહ દેવનલાખા નાઘેડીવાળા હા. ભગવા-નજી દેવજી હાલ સીકા તરફથી તેમના ધર્મપત્ની ઇંદુબેનના પ્રથમ ઉપધાન નિમિતે શાંતિ સ્નાત્ર રાખતાં દેરાસરમાં વદ ૧૩ કુંભ સ્થાપનાદિ તથા વદ-૧૪ના શાંતિ સ્નાત્ર ઠાઠથી ભણાયું. જીવદયાની ટીપ સારી થઇ.

વદ ૦)) ના સવારે પ્રવચનમાં ગુરૂપૂજન આદિ કરી કામળી કપડા આદિ વહોરા-વ્યા તપસ્વીઓનું બહુમાન કર્યું. તપસ્વીઓ તરફથી ઉપધાન આયોજકોનું બહુમાન થયું. ભાવિકોએ પણ કામળી પાત્રા આદિ વહોરાવ્યા બપોરે ઠાઠથી શાંતિ સ્નાત્ર ભણાવાયું જીવદયાની ટીપ સારી થઇ. વિધિ માટે સુરેશચંદ્ર હીરાલાલ શાહ તથા ભકિત માટે વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ પધારેલા.

માગશર સુદ ૧ બુધવારના સવારે ગુરુમંદિરના ધ્વજદંડના અભિષેક થયા હતા બાદ ૯ વાગ્યે માળનો વરઘોડો ભવ્ય રીતે ચડયો હતો. બગીઓ મોટરો વિ. ઘણો સાજ હતો આજ વરઘોડો ઓસવાળોના વસવાટવાળા સ્થાનોમાં ફર્યો હતો જેને કારણે વરઘોડામાં ટોળે ટોળા ઉમટી પડયા હતા ઠેર ઠેર ગહુલીઓ વિ. થઇ હતી ૪૫, દિ. પ્લોટ વિમલનાથ દેરા-સરથી હીરાભાઇના શાશ્વત જિન દેરાસર ઓસવાળ કોલોની દેરાસર રણજીતનગર વચ્ચે થઇ કામદાર કોલોની દેરાસર લખમશી લાધાભાઇ ગૃહમંદિર થઇ સાત રસ્તા પોલીસ ચોકી થઇ વિમલનાથ દેરાસરે ઉતર્યો હતો બે ચાંદીના રથ રાયશી વર્ધમાન પેઢી તથા શેઠના દેરાસર-જીના રથ ઉપધાન કરાવનાર માટે હતા અંધેરી રુબી ટેરેશનો નવો રથ જે શંખેશ્વરજી મુકવાનો છે તેની બોલી બોલતાં રથમાં બેસવાનો શાહ વેલજી પાનાચંદ ગલૈયાએ આદેશ લીધો હતો બે ચામર ૧ લીલાધર રામજી ૨ હીરાભાઇ તથા સારથી શેઠ લીલાધર

રામજી ખીડના આદેશ હતા દેશસરે આવતાં પેાખણાની સારી બેાલી થઇ હતી.

માગશર સુદ–૨ ના સવારે ૭ વાગ્યે નૂતન ગુરૂ મંદિર શાસન શિરેામણી પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.નું ગુરૂ મંદિર મૂર્તિ શાહ વેલજી દેપાર હરણીયા પરિવારે તથા હાલાર દેશેાદ્ધારક પૂ. આ. ભ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.નું ગુરૂ મંદિર સ્વ. રાણબેન ખીમજી વીરજી ગુઢકા મીઠાઇવાળા પરિવારે બંધાવેલ છે તેમની પ્રતિષ્ઠા પણ સવારે ૭॥ વાગ્યે તેમના વતી થઇ ગુરૂ અભિષેક પછી સેાના રૂપાના સીક્કા ઘણા ભાવિકેાએ પધરાવ્યા અને લાભ લેનારે મૂર્તિ ધજા દંડ કલશની પ્રતિષ્ઠા ઘણા ઉત્સાહથી કરી બંને તરફથી ૧–૧ શ્રીફળની પ્રભાવના થઇ ઘણેા ઉત્સાહ હતે.

માગશર સુદ ૨ ગુરૂવારે સવારે ૯ વાગ્યે માળા રેાપણ વિધિ કુંવરબાઇ ધર્મશાળામાં સવારે શરૂ થઇ હતી વહ ૧૩ ના બાદેર કર્યા મુજબ પૂ મુનિરાજ શ્રી યેાગીન્દ્ર-વિજયજી મ.ને પ્રવર્તક પદવી તથા પૂ. સાધ્વીજી શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ.ને પ્રવર્તિની પદવીની વિધિ પણ સાથે શરૂ થઇ હતી. આ મહેાત્સવ જેવા ત્રણેક હજારની મેદની ઉમટી પડી હતી. માળનેા સમુદેશ અનુપમ વિધિ થઇ પદવી માટે નંદિની વિધિ કરીને પ્રવર્તક મુનિરાજશ્રી યેાગીન્દ્રવિજયજી અને પ્રવર્તિની સાધ્વીજી શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી બાદેર કર્યા હતા.

પ્રથમ માળ સૌથી નાના કુમારી જૈનીકુમારી ધીરજલાલ મેઘજી દેપારને પ્રથમ માળ પહેરાવવામાં આવી હતી. દરેક માળ વખતે જયકાર ઉત્સાહ અને બેંડના સુરેા થતા હતા. માળ પ્રસંગે એટલી સંખ્યા હતી કે કુંવરબાઇ ધર્મશાળાની મેાટી જગ્યા પણ સાંકડી દેખાતી હતી.

ક્રમશઃમાળ પહેરનારા ભાગ્યશાળીઓ ૨ કંચનબેન સુરેશચંદ્ર ગેાસરાણી ૩ જયાબેન મુલચંદ મારૂ ૪ ચંદ્રિકાબેન રજનીકાંત જીવરાજ હીરાભાઇ ૫ નીલમબેન ચંદુલાલ કાનજી જેઠાભાઇ ૬ માણેકચંદ મેાહનલાલ નકુરૂ ૭ નયનાબહેન મેહુલકુમાર શાંતિલાલ દેવશી ૮ રંજનબેન ઉત્તમચંદ (પ્રેમચંદ કચરા ગુઢકા) ૯ હીરાલાલ લાખાભાઇ ૧૦ સમજુબહેન મનસુખલાલ મહેતા ૧૧ વૈશાલીબહેન દિલિપકુમાર નવલચંદ મહેતા ૧૨ નીર્મળાબહેન હીરાલાલ લાખાભાઇ ૧૩ કાંતાબહેન નવીનચંદ્ર ચુનીલાલ પારેખ ૧૪ નીર્મળાબહેન માણેકચંદ મેાહનલાલ ૧૫ મંજુલાબહેન છગનલાલ જીવરાજ ૧૬ ઇંદુબેન ભગવાનજી દેવન ૧૭ નયનાબહેન ચંપકલાલજી ભીખમચંદજી ૧૮ રળિયાતબહેન પાનાચંદ હંધા ૧૯ મંજુલાબહેન ગુલાબચંદ ૨૦ જયાબહેન વીરચંદ લાલજી ગુઢકા ૨૧ પ્રેમચંદ કરમશી નાગડા ૨૨ મણીબહેન પ્રેમચંદ કરમશી નાગડા ૨૩ રળિયાતબહેન કુલચંદ કેશવલાલ ચંદરીયા ૨૪ પ્રમીલાબહેન કેશવજી ગદૈયા ૨૫ જગદીશચંદ્ર હીરાલાલ શાહ ૨૬ જયાબહેન ભીમજી રાજા હરિયા ૨૭ ચંદુલાલ લીલાધર રામજી

૨૮ ધીરજલાલ કસ્તુરચંદ વોરા ૨૯ પ્રેમચંદ હીરજીભાઈ ૩૦ પન્નાબહેન : જયસુખલાલ મહેતા ૩૧ હર્ષાબહેન પ્રશાંતભાઇ ૩૨ પ્રેમજી લખમણ (સતવારા) માળાઓનો લાભ તેમના કુટુંબીઓ આદિએ લીધો હતો. શા કાનજી જેઠાભાઇ શ્રી કમળાબહેન મોહનલાલ તથા રમાબહેન લાલજી હેમરાજને માળ પહેરાવવાનો લાભ મળ્યો હતો.

આ પ્રસંગે ૧૫ છોડનું ઉજમણું થયું હતું છોડ ભરાવનાર ભાગ્યશાળીઓ–૧ હીરાભાઈ હધાભાઈ ૨ વાલીબેન જેઠાભાઇ ધરમશી ૩–૪ રામજી પરબત ગુઢકા ૫ રતિલાલ વીરચંદ સુમરીઆ ૬ હીરા લાખાભાઇ ૭ હંશરાજ સોજપાર ૮ રસિયાતબેન મોહનલાલ પદમશી ૯ લીલાવંતીબેન કુલચંદ ભારમલ ૧૦ નવીનચંદ્ર ચુનીલાલ પારેખ ૧૧ મંજુલાબેન છગનલાલ જીવરાજ ૧૨ સમજુબેન મનસુખલાલ તથા વૈશાલીબેન દિલિપભાઇ ૧૪ હિતેશ હરખચંદ ગુઢકા ૧૫ જૈનીકુમારી ધીરજલાલ વેલજી હરણીયા.

બંને પદવી નિમિતે સંઘ તરફથી કામળીઓ વહોરાવવાનો લાભ શાહ વેલજી દેપાર હરણીયાબંધુએ તથા ગુરૂપૂજનનો લાભ પણ તેમણે જ સારી બોલી કરીને લીધો હતો. સંઘ તરફથી ઉપધાન કરાવનારા મહાનુભાવોનું બહુમાન કરવામાં આવેલ. આજના સાધર્મિક વાત્સલ્યમાં ત્રણ હજાર ભાવિકો જેટલી સંખ્યા થઇ હતી.

સર્વમંગલ બાદ પૂ શ્રી વાજતે ગાજતે ઉપાશ્રયે પધાર્યા હતા પદવી લેનાર વાજતે ગાજતે જિનમંદિર દર્શન કરી ઉપાશ્રયે પધાર્યા હતા.

માગશર સુદ–૩ના પૂ.શ્રીએ શંખેશ્વર ઉપધાન માટે વિહાર કરતાં મોટી સંખ્યામાં વળાવવા આવેલ તળાવ પાસે મંગલિક સંભળાવ્યું ચાલીસેક ભાવિકો સાથે ચાલ્યા બીજા ભાવિકો ધુંવાવ વ્યાખ્યાન સમયે આવ્યા. સવારે તથા પ્રવચન બાદ સાધર્મિક ભક્તિની સુંદર વ્યવસ્થા શાહ હીરાભાઇ હધાભાઇ તથા શાહ જેઠાભાઇ ધરમશી નાગડા પરિવાર તરફથી કરવામાં આવી હતી.

જોડીયામાં પૂ. હાલારદેશોદ્ધારક ગુરુદેવની મૂર્તિની પ્રતિષ્ઠા

જોડીયામાં શેઠ દેવકરણ મોરારજી હઃ હિંમતલાલભાઇ તથા નરશેરામ કલ્યાણજી જોડીયાવાળા તરફથી થયેલ ગુરૂમંદિરમાં હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃત સૂ. મ.ની ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા માગશર સુદ ૭ ના હોઇ પૂ. શ્રી પધારતા લીલાધર રામજી-ભાઇને ત્યાં મંગલિક તથા ગુરૂપૂજન બાદ સાટાની પ્રભાવના. દેરાસરે દર્શન કરી પ્રવચન થયું બાદ સંઘપૂજન થયું. તેમના તરફથી વિજય મુહુર્તે પ્રતિષ્ઠા ૧૮ અભિષેક ધ્વજ-દંડ ગુરૂમુર્તિ અભિષેક પ્રતિષ્ઠા બાદ સંઘપૂજન લાડુની પ્રભાવના થઇ બાદ સંઘજમણ બપોરે પૂજા વિગેરે સુંદર કાર્યક્રમ રખાયો હતો. બહારગામથી મહેમાનો પણ ઘણા આવ્યા હતા. વિધિ માટે જામનગરથી સુરેશભાઇ હીરાલાલ તથા ભક્તિ માટે વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ પધારેલ હતું. પૂ. મુ. શ્રી હેમેન્દ્રવિજયજી મ. તથા પૂ. સા. શ્રી પ્રશમપ્રભાશ્રીજી મ.ના સંસારી વડિલો તરફથી આ કાર્યક્રમ હતો.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- માનવને માગવા કરતાં મરવું સારૂ લાગે.
- જે કોઈ ભૂલ કરે તેને સજા થાય. પડે તેના હાડકા-હાથ-પગ ભાંગે કોઇનો ઓટો બચાવ થાય જ નહિ.
- જે જીવો અનીતિ મજેથી કરે છે. અનીતિ કરવામાં વાંધો નથી. તેમ માને છે. અનીતિનું જે મળે તેમાં મોજમજા કરે છે. તે બધાને શાસ્ત્રે અધમાધમ કોટિના જીવો કહ્યા છે.
- જેને અનીતિનો ભય ન લાગે તેને જન્મ અજન્મા થવા તો નથી મળ્યો પણ અધિકને અધિક જન્મ પામવા માટે મળ્યો છે.
- જે જીવ હિંસા-ચોરી-જુઠ-વિષય સેવન અને પરિગ્રહ એ પાંચ મહાપાપ નથી. મનથી, વચનથી અને કાયાથી પોતે કરે નહિ, બીજા પાસે કરાવે નહિ, અને જે કોઇ કરતા હોય તેને સારા માને નહિ તે જ શ્રી વીતરાગ દેવનો સાચો સાધુ છે.
- પુણ્યાનુબંધી પુણ્યથી મળેલી સુખ સામગ્રી સાથે ધર્મના સંસ્કાર ગાઢ હોવાથી તે સામગ્રી જ જીવને કહે છે કે 'હું તમારી નથી, નાશ પામનારી છું. શરણભૂત નથી, પ્રાણ લેનારી છું, તમારાથી જુદી છું, મારામાં જો આસકત બનશો તો તમને દુર્ગતિ મળશે, માટે મારાથી સાવધ રહેશો.'
- જેને પોતાના આત્મા પર મૈત્રી નથી તે બીજાની મૈત્રીની વાતો કરે તો લબાડ છે.
- ન કરવા લાયક કામ થઇ જાય. તે વખતે પોતાના આત્માની દયા આવે તે જીવ પોતાના આત્માનો સાચો મિત્ર બને. અને પોતાના આત્માનો મિત્ર બનેલ જીવ જ જગતનો મિત્ર બની શકે. પોતાના આત્માનો દુશ્મન જગતનો કદિ મિત્ર ન બની શકે.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ સીટી (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૬૧૦

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

જૈન શાસન

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા,
પિ. ગાંધીનગર, પિન-382009.
Received
22-1-97

નવ નિધિભૂત ગુણો

સૌજન્યં લજ્જા મર્યાદા,
ગામ્ભીર્યં ધૈર્યમાર્જવમૂ ।
દયા દક્ષત્વમૌદાર્યં,
નિધીયન્તે ગુણા નવ ।।

સૌજન્ય, લજ્જા, મર્યાદા, ગાંભીર્ય, ધૈર્ય, સરળતા, દયા, દક્ષપણું અને ઉદારતા આ નવ ગુણો નવનિધિ જેવા છે.

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
પિ. ગાંધીનગર, પિન-382009

અઠવાડિક

વર્ષ ૯ | અંક ૧૯

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

* પ્રેરણામૃત સંચય *

(ગતાંકથી ચાલુ) -પ્રજ્ઞાંગ

સંસાર ભૂંડો એટલે સુખ અને સુખની સામગ્રી ભુંડી. તેના કરતાં ય તે બે પર જે રાગ તે જ વધારેમાં વધારે ભુંડો છે. સ્વભાવથી તે બે ખરાબ લાગી તેના પર દ્વેષ થશે ત્યારપછી વિરાગ આવશે. તેથી જ શાસ્ત્રે વિરાગની પૂર્વે દ્વેષ કહ્યો છે. અને ત્યાગ તો તે પછીની ક્રિયા છે.

૦ સઘળાં ય પાપનો બાપ : સુખનો અતિ રાગ.

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓનો આ જગત ઉપર અજોડ ઉપકાર છે. તે પરમતારકોએ જગતના જીવોની મોહની ગાઢ નિંદ્રા ઉડાડવા અને સૌના કલ્યાણ માટે એક જ વાત ભારપૂર્વક ફરમાવી છે કે જગતના જીવોને જે સુખ જોઇએ છે તે આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે. આખા જગતનો રાહ જુદો છે અને આપણો શાસન પામેલાઓનો રાહ જુદો છે. જગત દુઃખથી ભાગે છે અને સુખને ભેટવા દોડે છે. જે સુખને જગત ભેટવા દોડે છે તે સુખ, સુખ કહેવરાવવા લાયક નથી કેમકે તે સુખની ઇચ્છા થઇ ત્યારથી તેને ભયંકર કોટિનું દુઃખ લાગુ થાય છે. તમને જે સુખની ઇચ્છા થાય તે બધાને સુખ મલી જાય ખરૂં ? સુખની અને પૈસાની ઇચ્છા થતાંની સાથે જ તે સુખ કે પૈસો મલી જતા હોત તો જગતમાં લીલા લહેર હોત ! જગતના અનુભવી પણ કહે છે કે સુખની ઇચ્છા કરી, મહેનત કરીને મર્યા પણ મરતા સુધી તે સુખ ન મળ્યું તે ન જ મળ્યું. દુનિયાનું સુખ ઇચ્છામાત્રથી મહેનત કરવા છતાં ય મળે નહિ.

તેમાં તો પુરૂષાર્થ પણ અકિંચિત્કર છે. જેટલા જેટલા જીવો પુરૂષાર્થ કરે તેને પણ તે મળે તેવો નિયમ નહિ. બિચારા પુરૂષાર્થ કરી કરીને મરી ગયા અને નરક-તિર્યંચમાં રિબાય છે. સુખ કે સુખ સામગ્રીમાં પુણ્ય જોઇએ. મળ્યા પછી ભોગવવામાં સાચવવામાં ય પુણ્ય જોઇએ. દુનિયામાં ઘણાંને સુખ મળ્યું છે, તે બિચારા ભોગવવા ઇચ્છે છતાં ભોગવી શકતા નથી એટલું નહિ તે બીજાને ભોગવતાં જોઇ રોવે છે. કે 'મારૂં મેળવેલ આ ભોગવે છે, હું નહિ.' વળી આ સુખ કાયમ ખાતે રાખવા માગો તો રહે તેવો નિયમ ખરો ? તે સુખ અહીં રહે અને આપણે જવું પડે તેમ પણ બને ને ? તેવા સુખની પાછળ સારૂં જગત દોડે છે અને તે માટે જે જે કામો કરે છે તેનું વર્ણન થાય તેમ છે ? જેની પાસે પૈસા-ટકાદિ હોય અને પૂછીએ કે શી રીતે મેળવ્યું તો જરાય ગભરાયા વિના કહી શકે કે આમ આમ મેળવ્યું ? તેનું


(જુઓ: ટાઇટલ ૩ જુ)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ લાસણ અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ



વર્ષ : ૯] ૨૦૫૩ પોષ સુદ-૬ મંગળવાર તા. ૧૪-૧-૯૭ [અંક : મોક્ષ૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૬ ગુરૂવાર તા. ૧૬-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રવચન ૧૪ મું) —અવ૦

પરસહસ્રાઃ શરદસ્તપાંસિ, યુગાન્તરં યોગમુપાસતાં વા ।
તથાપિ તે માર્ગમનાપતન્તો, ન મોક્ષમાણા અપિ યાન્તિ મોક્ષમ્ ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા એ વાત સમજાવી આવ્યા કે– મોક્ષ એ જ સાચું સુખ છે. જ્યારે સંસારનું સુખ તે તો સુખ શબ્દનો વ્યભિચાર છે. આ સુખના રાગને લઇને જ અનાદિ કાળથી અનંતા જીવો સંસારમાં ભટકે છે. માટે જ એક મહાપુરૂષે કહ્યું છે કે–'સંસારી જીવો સંસારના સુખના ગાઢ રાગી છે અને પોતાના જ પાપના ઉદયે આવતા દુઃખના ગાઢ દ્વેષી છે. તેને લઇને મોહથી આંધળા બનેલા છે. તેથી તે સુખને મેળવવા માટે અને દુઃખથી બચવા માટે જે કાંઇ કરે છે, ધર્મ પણ કરે તો પણ થોડું સુખ પામી દુઃખ, દુઃખ અને દુઃખ જ પામે છે.'

માટે જ્ઞાનિઓ ફરમાવે છે કે– અચરમાવર્ત્તકાળવર્તી જીવો અનંતવાર ધર્મ કરી કરીને પણ સંસારમાં જ ભટકે છે. તેવા જીવો દ્રવ્યથી સાધુપણું પણ પામે છે. મોક્ષે જનારા જીવો જેવું સાધુપણું પાળે તેમના જેવું જ– એક પણ દોષ ન લાગે તેવું સાધુપણું પાળે છે. તેનાથી ધાર્યું સંસારનું સુખ મેળવે છે. પરન્તુ તે સુખના કાળમાં ગાંડા બની, ભયંકરમાં ભયંકર પાપો કરી કરીને દુર્ગતિમાં જાય છે. આવો ધર્મ અભવી, દુર્ભવી અને ભારે કર્મી જીવો અનંતીવાર કરે છે.

માટે જ્ઞાનિઓ કહે છે કે– ધર્મની શરૂઆત ચરમાવર્ત્તકાળથી થાય છે. ચરમાવર્ત્તકાળને ધર્મનો યૌવન કાળ કહ્યો છે. તેમાં પણ ભારે કર્મી જીવોની હાલત અચરમાવર્ત્ત અવર્તી જીવો જેવી હોય છે. તેને મોક્ષની વાત રૂચે જ નહિ. ધર્મની વાત સાંભળતા છતાં પણ સંસારના આ આ સુખો મને મળે, તે માટે જ તે ધર્મ કરે. આપણી હાલત શી છે ? આપણને ખરેખર મોક્ષની રૂચિ થઇ હોય તો આપણે ચરમાવર્ત્ત કાળમાં આવી ગયા છીએ. 'જેને મોક્ષની અત્યંત તાલાવેલી હોય ઝટ મોક્ષે જવાનું મન હોય, આ સંસાર જરા પણ ગમતો ન હોય, કયારે સંસારથી છૂટું અને ભગવાનનું સાધુપણું પામી મોક્ષે પહોંચી જાઉં આવી જેની ભાવના હોય' તેને શાસ્ત્રે લઘુકર્મી જીવ કહ્યો છે. આપણે લઘુકર્મી છીએ કે ભારેકર્મી છીએ ! આપણા આત્માની પરીક્ષા કરવા માટે આ વિચારણા કરવી જરૂરી છે.

ધર્મીને ઘેર અભવી, દુર્ભવી, ભારેકર્મીજીવ પણ જન્મે પણ તમને વિશ્વાસ છે ને કે– મારા ઘરના જેટલા સભ્ય છે તે બધા ચરમાવર્ત્તમાં આવેલા છે અને લઘુકર્મી પણ છે ! માટે જ હું રોજ તમને પૂછું છું કે–'તમને બધાને મોક્ષની ઇચ્છા થઇ છે ? મોક્ષે જવું છે ? આ સંસાર ગમતો નથી ને ? આ જન્મમાં સાધુ થવા જેવું જ છે ને ?

તેટલા માટે આ આચાર્ય મહારાજ સમજાવી ગયા કે– મોક્ષનું સુખ તે જ સાચું અને વાસ્તવિક સુખ છે. આ સંસારનું સુખ તે સાચું સુખ નથી. સંસારનું સુખ તો કિંપાકનાં ફળ જેવું છે. કિંપાકનાં ફળ આપણે જોયાં નથી પણ શાસ્ત્રમાં તેનું વર્ણન આવે છે કે– તે ફળ દેખાવે રૂડાં રૂપાળાં હોય છે, સ્વાદે સુમધુર હોય છે પણ ખાતાંની સાથે જ પ્રાણને હરનાર હોય છે. શાસ્ત્રે તે સુખને દુઃખના પ્રતિકાર રૂપ કહ્યાં છે. તેના ઉપરથી નક્કી થાય છે કે– જેને ધર્મ કરવો હોય તેને મોક્ષની ઇચ્છાથી જ ધર્મ કરવો જોઇએ. સંસારનું સુખ મેળવવા કરી પણ આ ધર્મ થાય નહિ. કોઇ ધર્મી જીવને સંસારમાં એવી જ આપત્તિ આવી ગઇ જેને લઇને તેનાથી ધર્મ થઇ શકતો નથી. તેવે વખતે તે જીવ તે વસ્તુની ઇચ્છા કરે તો તેને ખરાબ નથી કહ્યો. તે

જીવ તે વસ્તુની ઇચ્છા શા માટે કરે છે ? મારી મોક્ષની સાધના અટકી ન જાય માટે, નહિ કે સંસારનું સુખ મને મળે અને હું તેમાં મોજ મઝા કરું. 'સંસારનું સુખ મઝા કરવા માટે જોઇએ' તેવી ઇચ્છાથી આ ધર્મ થાય જ નહિ. માટે જ જ્ઞાનિઓએ કહ્યું છે કે-'ઇતર મતમાં રહેલા બારેમાં બારે તપસ્વી હજારો વર્ષનો તપ કરે, ઘણા કાળ સુધી યોગની ઉપાસના કરે તો પણ હે ભગવન ! તારા માર્ગને-શાસનને નહિ પામેલા તેઓ કદી પણ મોક્ષમાં જતા નથી.' જેને મોક્ષે જવું હોય, તેને શ્રી અરિહંતદેવના ધર્મને સમજીને કરવો જોઇએ.

શ્રી અરિહંત પરમાત્માનો ખરેખર ધર્મ કરનાર કોણ કહેવાય ? જે મોક્ષસુખને માટે જ ધર્મ કરે તે. જે જીવ મોક્ષસુખને માટે જ ધર્મ કરે તેને આ સંસારનું સુખ કેવું લાગે ? મહાવિઘ્નભૂત અને ધર્મમાં અંતરાય કરનારું લાગે ને ? તમને તે સુખ કેવું લાગે છે ? તમે બધા તમારી જાતને ધર્મ પામેલી માનો છો તો તમને શું થવાનું મન હોય ? ભગવાનના શાસનમાં ધર્મ તો સાધુપણાને જ કહ્યો છે અમે તમને 'ધર્મલાભ' આપીએ છીએ તેનો અર્થ એ છે કે-'તમને ભગવાનનો સાધુધર્મ મળો.' બીજી કોઇ વસ્તુનો તમને લાભ થાવ એમ અમારાથી ન બોલાય. તમને 'ધનનો લાભ થાવ' 'પુત્રાદિનો લાભ થાવ' એમ બોલે તે બીજા મતવાળા બોલે. ભગવાનના શાસનમાં રહેલો સાધુ જો તેમ બોલે તો તે મિથ્યાદૃષ્ટિ જ કહેવાય !

મોક્ષે જવા માટે સાધુધર્મ પાળતા હોય, સાધુધર્મ પામવા માટે શ્રાવકપણું પાળતા હોય, દર્શન-પૂજનાદિ કરતા હોય તો તેનો તે ધર્મ ધર્મરૂપ બને. પણ જો બીજા જ હેતુથી કરતા હોય તો તે ધર્મ વાસ્તવિક ધર્મ કહેવાય જ નહિ. માટે જ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ શ્રી વીતરાગદેવ શ્રી મહાવીર પરમાત્માની સ્તવના કરતાં કહ્યું કે- 'અન્યમતમાં રહેલા જીવો હજારો વર્ષો સુધી ઘોર તપ તપે, યુગોના યુગો સુધી યોગની ઉપાસના કરે, પણ તારા ધર્મને પામે નહિ ત્યાં સુધી આ સંસારથી મુક્ત થવાની ઇચ્છાવાળા હોવા છતાં ય મોક્ષને પામતા નથી.' આના ઉપરથી પણ એ જ વાત નક્કી થાય છે કે- ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ ધર્મ મોક્ષને માટે જ કરવાનો કહ્યો છે.

(ક્રમશઃ)



શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ

હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

શ્રી શંખેશ્વર શ્રી હાલારી વીશા ઓસવાળ શ્વે. મૂ. તપાગચ્છ જૈન ધર્મશાળામાં

ભોજનશાળાનો પ્રારંભ અને યોજના દાતાઓને ભાવભરી વિનંતી

સુજ્ઞ ધર્મબંધુ

પ્રણામ સાથ જણાવવાનું કે સંસારથી તારે તે તીર્થ કહેવાય અને તરવા માટે જાય તે યાત્રિક કહેવાય. આવા યાત્રિકોના ચરણની રજ પણ પાવનકારી છે. તેથી તે યાત્રિકોની સંસાર તરવાની ભાવનામાં સહયોગી બનવું તે પણ તરવાનું આલંબન છે.

પ. પૂ. હાલારદેશોદ્ધારક પૂ. આ. **શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી** મહારાજના પટ્ટધર પૂ આ. **શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી** મહારાજના ઉપદેશથી **શ્રી શંખેશ્વર** મહાતીર્થમાં યાત્રિકોની ભક્તિ સહયોગ માટે **શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળાનું** આયોજન હાલારી વી. ઓ.ના સહકારથી થયું છે. તેનો ઘણો વિકાસ થયો છે. બે વર્ષથી ભોજનશાળા ચાલુ કરવા માટે માંગણીઓ આવતી અને સહકાર માટે પણ પ્રેરણા થતી હતી.

હાલમાં પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.ની** નિશ્રામાં ઉપધાન ચાલુ થયા છે અને તે પ્રસંગે ભોજનશાળા ચાલુ છે. તે સાથે તેઓશ્રીનું માર્ગદર્શન લઇને ઉપધાન પૂર્ણ થયા પછી ભોજનશાળા ચાલુ રાખવાનો અમોએ નિર્ણય કર્યો છે. તેની વિગત નીચે મુજબ છે.

ભોજનશાળાની યોજના

નામ કરણ :- આ ભોજનશાળાનું નામ આપવા માટે અપેક્ષિત દાન મળતાં નકી કરવામાં આવશે.

કાયમી તિથિ :- આ ભોજનશાળાની કાયમી તિથિનું આયોજન નકી કર્યું છે તેનો નકરો રૂા. ૧૫૧૧૧/- નકી કર્યો છે. તેમાં પોતાને અનુકૂળ તિથિઓ લખાવી શકશે. આમાં તારીખ લખાવવાની નથી માત્ર તિથિ લખાવવાની છે.

આપશ્રી આ તિથિ યોજનામાં લાભ લઇ વધુમાં વધુ તિથિઓ લખાવશો તેવી વિનંતી છે તથા આપના વર્તુલમાં પણ આ યોજનાનો પ્રચાર કરશો તેવી વિનંતી છે.

ડ્રાફ્ટ ચેક **શ્રી હાલારી વીશા ઓસવાળ શ્વે. મૂ. તપાગચ્છ જૈન ધર્મશાળાના** નામના કઢાવવા.

—: નામ લખાવવાના સ્થળો :—

(૧) શ્રી હાલારી વી. ઓ. શ્વે. મૂ. તપા જૈન ધર્મશાળા
વીરમગામ રોડ, મુ. શંખેશ્વર વાયા-વીરમગામ (ગુજરાત)
ફોન : ૦૨૭૩૩/૭૩૩૧૦

(૨) શાહ કાનજી હીરજી C/o શ્રુતજ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ જામનગર (ફોન નં. ૭૮૭૯૬)

(૩) શાહ કાનજી જેઠાભાઇ નાગડા
૬, ઓસવાળ કોલોની, જામનગર ફોન નં. ૫૫૬૦૨૫

(૪) શાહ મેઘજી વીરજી દોઢીયા
નાઇરોબી (ફોન ૩૩૩૫૦૬) જતીનભાઇ (૩૫૫૧૬૨)

(૫) શાહ હરખચંદ નેમચંદ નાઇરોબી

(૬) શાહ છગનલાલ ખીમજી ગુઢકા નાઇરોબી (૦૦૨૪૪૬) (ફોન ૭૪૧૧૧૦)

(૭) શાહ પ્રેમચંદ નાગપાળ-નકુરુ (૦૦૨૫૪૩૭) (ફોન ૪૧૨૨૮-૪૧૮૪૪)

(૮) શાહ શાંતિલાલ વાઘજી નાંગપાળ, નકુરૂ

(૯) શાહ મોહનલાલ ભારમલ, થીકા
(નાઇરોબી ૩૩૪૯૮૬) (૦૨૨૦૫૪/૨૧૨૧૮-૨૧૧૬૮)

(૧૦) શાહ ગુલાબચંદ જીવરાજ રાયશી હરિયા, મોંબાસા

(૧૧) મોતીચંદ એસ. શાહ-લંડન (ફોન : ૦૮૧ ૬૦૭ ૫૩૬૨)

(૧૨) શાહ રતિલાલ દેવચંદ ગુઢકા-લંડન [૦૧૮૧ ૬૦૪ ૬૮૫૧]

(૧૩) ,, મગનલાલ લક્ષ્મણ આરૂ-થાણા [ફોન ૫૪૦૧૪૦૩]

(૧૪) ,, હરખચંદ ગોવીંદજી આરૂ-ઘાટકોપર
[ફોન ઓ. ૨૫૪૦૮૨૬ ૨૦૬૦૫૮૮ રેસી. ૫૧૬૨૨૨૩]

(૧૫) શાહ ખીમજી જીવરાજ ગડા-આદુંગા બી. બી.
[ફોન ૪૪૪૬૬૮૧-૪૪૫૭૩૫૪]
વીરચંદ લખમશી ગડા [ફોન ૪૩૦૭૦૫૭-૪૩૬]



પ્રારંભ : તા. ૧-૧-૯૭

ભોજનશાળાની તિથિઓમાં ભાગ લેનાર ભાગ્યશાળીઓ

૧	શ્રી હીરાભાઇ હધાભાઇ શાહ હ: જીવરાજભાઇ તથા હ: કાનજીભાઇ મોતી–	જામનગર
૨-૪	,, લખમણ વીરપાર મારૂ	સોઠસલા
	શ્રીમતી મોંઘીબેન લખમણ મારૂ	,,
	,, જશોદાબેન જીવરાજ મારૂ	,,
	હ: જીવરાજભાઇ વેલજીભાઇ કેશવજીભાઇ, રામજીભાઇ લખમણ મારૂ	
૫-૬	શ્રી લખમશી ગોસર ગડા	ટીંબડી
	શ્રીમતી હીરૂબેન લખમશી ગડા પરીવાર હ: અમૃતબેન વીરચંદ ગીતા ભરત ગડા	
૭	,, હેમલતાબેન ભીમજી જીવરાજ ગડા	ટીંબડી
	હ: પાનાચંદ, રસીકલાલ, કાન્તીલાલ ભીમજી	
૮	શ્રીમતી કસ્તુરબેન પ્રેમચંદ પાનાચંદ	જામનગર
૯-૧૦	શ્રી લીલાધર મેઘજી ગોસરાણી	નાના માંઢા
	શ્રીમતી જેઠીબેન લીલાધર ગોસરાણી	,,
	હ: મોહનભાઇ ચંદુલાલ; વિજય લીલાધર	
૧૧-૧૨	શ્રી ગોવીંદજી મેપા મારૂ	સીક્કા
	શ્રીમતી સંતોકબેન ગોવીંદજી મારૂ	,,
	હ: વેલજીભાઇ હરખચંદ, પ્રેમચંદ અમૃતલાલ, પ્રવીણ ગોવીંદજી	
૧૩	શ્રીમતી કસ્તુરબેન નરશી વીરજી જાંખરીયા હ: અરવીંદભાઇ વડાલીઆ	સીંહણ
૧૪	,, કંચનબેન મોતીચંદ પરબત ગુઢકા, ગાગવા	લંડન
૧૫	શ્રી કુંભા મેઘણ ગુઢકા હ: પ્રેમચંદભાઇ	લાખાણાવળ
૧૬	,, બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ	લંડન
૧૭	શ્રીમતી ચંદ્રિકાબેન રતિલાલ વિધુ પેથરાજ	
	હ: નિલેશ સાધના સરીતા તથા મીરા નિજેશ	લંડન
૧૮	લીલાબેન લખમણ તથા રૂપાબેન દેવરાજ	
	હ: લક્ષ્મીબેન મુરગ લખમણ, સોળસલા	(મોંબાસા)
૧૯	શ્રીમતી કમળાબેન મોહનલાલ હંશરાજ ચંદરીયા	રાવલસર
	હ: હસમુખ સુરેશ બીપીન તથા શ્રીમતી વસુ દિનુ રીટા	નાઝરેાણી
૨૦	શ્રી લક્ષ્મીચંદ મેઘજી ગોસરાણીના શ્રેયાર્થે	
	હ: શ્રીમતી પુષ્પાબેન લક્ષ્મીચંદ	નાના માંઢા

૨૪ જિનનો પરિવાર આદિ

[ગતાંકથી ચાલુ] —પૂ. મુ. શ્રી ધર્મતિલકવિજયજી મ.

અગીયારમા શ્રી સ્ત્રેયાંસનાથ

ચ્યવન કલ્યાણકતિથિ–	વૈ. વદ ૬
જન્મ કલ્યાણકતિથિ–	મહા વદ ૧૨
દીક્ષા કલ્યાણતિથિ–	મહા વદ ૧૩
કેવળજ્ઞાન ક. તિથિ–	પોષ વદ ૩૦
મોક્ષ ક. તિથિ–	અષા.દ વ. ૩
માતા–	વિષ્ણુ
પિતા	,,
જન્મરાશિ–	મકર
આયુષ્યમાન–	૮૪ લાખ પૂર્વ
પદવી–	રાજા
કેટલાની સાથે દીક્ષા–	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર–	નન્દ
ગણધર સંખ્યા–	૭૬
સાધુ સંખ્યા–	૮૪,૦૦૦
સાધ્વી ,,	૧,૦૩,૦૦૦
શ્રાવક ,,	૨,૭૯,૦૦૦
શ્રાવિકા સંખ્યા–	૪,૪૮,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ–	ધારિણી
મોક્ષ સ્થળ	સમેતશિખર
મોક્ષ તપ	૧ માસ
શાસનયક્ષિણી–	માનવી
જન્મનગરી	સિંહપુરી
જન્મનક્ષત્ર	શ્રવણ
દેહમાન	૮૦ ધનુષ્ય
લાંછન	ગેંડા
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષાતપ	૨ ઉપવાસ
દીક્ષાનગરી	સિંહપુરી
છદ્મસ્થકાલ	૨ માસ
જ્ઞાન સંબંધી તપ	૨ ઉપવાસ
મુખ્ય ગણધર નામ	કુન્થુ
શાસનયક્ષ	મનુજ યા ઈશ્વર
ભવો	૩
કેટલાની સાથે મોક્ષ	૧૦૦૦
સાલગિરિ	

બારમા શ્રી વાસુપૂજ્યસ્વામી

ચ્યવન ક. તિથિ	જેઠ. સુ ૯
જન્મ ક. તિથિ	માગ. વ. ૧૪
દીક્ષા ક. તિથિ	મહા વ. ૩૦
કેવલજ્ઞાન ક. તિથિ	મહા સુદ ૨
મોક્ષ ,,	અષાઢ સુ. ૧૪
માતા	જયા
પિતા	વસુપૂજ્ય
જન્મરાશિ	કુમ્ભ
આયુષ્યમાન	૭૨ લાખ પૂર્વ
પદવી	રાજા
કેટલાની સાથે દીક્ષા	૬૦૦
પ્રથમ પારણું કરાવનાર	સુનન્દ
ગણધર સંખ્યા	૬૬
સાધુ ,,	૭૨,૦૦૦
સાધ્વી ,,	૧,૦૬,૦૦૦
શ્રાવક સંખ્યા	૨,૧૫,૦૦૦
શ્રાવિકા ,,	૪,૩૬,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	ધરણી
મોક્ષ સ્થળ	ચંપાપુરી

મોક્ષ તપ	૧ માસ
શાસનયક્ષિણી	ચક્રેશ્વરી
જન્મનક્ષત્ર	શતભિષા
જન્મનગરી	ચંપાપુરી
દેહમાન	૭૦ ધનુષ્ય
લાંછન	મહિષ
શરીરનો વર્ણ	રક્તવર્ણ
દીક્ષા તપ	૨ ઉપવાસ
દીક્ષા નગરી	ચંપાપુરી
છદ્મસ્થકાલ	૧ માસ
જ્ઞાન સંબંધી તપ	૨ ઉપવાસ
મુખ્ય ગણધર નામ	સુભૂમ
શાસનયક્ષ	કુમાર
ભવો	૩
કેટલાની સાથે મોક્ષ	૬૦૦
સાલગિરિ	

તેરમા શ્રી વિમલનાથ

ચ્યવન ક. તિથિ	વૈ. સુ ૧૨
જન્મ ,,	મહા. સુ. ૩
દીક્ષા ,,	,, ૪
કેવળજ્ઞાન ,,	પોષ સુ. ૬
મોક્ષ ,,	જેઠ વ. ૭
માતા	શ્યામા
પિતા	કૃતવર્મા
જન્મરાશિ	મીન
આયુષ્યમાન	૬૦ લાખ વર્ષ
પદવી	રાજા
કેટલાની સાથે દીક્ષા	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	જયરાજા
ગણધર સંખ્યા	૫૭
સાધુ ,,	૬૮,૦૦૦
સાધ્વી સંખ્યા	૧,૦૦૮૦૦
શ્રાવક ,,	૨,૦૮૦૦૦
શ્રાવિકા ,,	૪,૨૪,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	ધરા
મોક્ષ સ્થળ	સમેતશિખર
મોક્ષ તપ	૧ માસ
શાસનયક્ષિણી	વિદિતા
જન્મનક્ષત્ર	ઉત્તરાભાદ્રપદ
જન્મનગરી	કમ્પિલપુરી
દેહમાન	૬૦ ધનુષ્ય
લાંછન	વરાહ
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષા તપ	૨ ઉપવાસ
દીક્ષા નગરી	કમ્પિલપુરી
છદ્મસ્થકાલ	૨ માસ
જ્ઞાન સંબંધી તપ	૨ ઉપવાસ
મુખ્ય ગણધર નામ	મન્દર
શાસનયક્ષ	ષન્મુખયક્ષ
ભવો	૩
કેટલાની સાથે મોક્ષ	૬૦૦
સાલગિરિ	

ચૌદમાં શ્રી અનન્તનાથ

ચ્યવન ક. તિથિ	અષાઢ વ. ૭
જન્મ ,,	ચૈત્ર વ. ૧૩
દીક્ષા ,,	ચૈત્ર વ. ૧૪
કેવલજ્ઞાન ,,	,, વ. ૧૪
મોક્ષ ,,	,, સુ. ૫
માતા	સુયશા
પિતા	સિંહસેન
જન્મરાશિ	મીન
આયુષ્યમાન	૩૦ લાખ વર્ષ

પદવી	રાજા
કેટલાની સાથે દીક્ષા	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	વિજય રાજા
ગણધર સંખ્યા	૫૦
સાધુ ,,	૬૬,૦૦૦
સાધ્વી ,,	૬૨,૦૦૦
શ્રાવક ,,	૨,૦૬,૦૦૦
શ્રાવિકા ,,	૪,૧૪,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	પદ્મા
મોક્ષ સ્થળ	સમેતશિખર
મોક્ષ તપ	૧ માસ
શાસનયક્ષિણી	અંકુશા
જન્મનક્ષત્ર	રેવતી
જન્મનગરી	અયોધ્યા
દેહમાન	૫૦ ધનુષ્ય
લાંછન	શ્યેન–બાજ
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષાતપ	૨ ઉપવાસ
દીક્ષા નગરી	અયોધ્યા
છદ્મસ્થકાલ	૩ વર્ષ
જ્ઞાન સબંધી તપ	૨ ઉપવાસ
મુખ્ય ગણધરનું નામ	જસ
શાસનયક્ષ	પાતાલયક્ષ
કેટલાની સાથે મોક્ષ	૭૦૦
ભવો	૩
સાક્ષિગિરિ	

પંદરમા શ્રી ધર્મનાથ

ચ્યવન ક. તિથિ	વૈ. સુ. ૭
જન્મ ,,	મહા સુ. ૩
દીક્ષા ,,	મહા સુ. ૧૩
કેવલજ્ઞાન ,,	પોષ સુ. ૧૫
મોક્ષ ,,	જેઠ સુ. ૫
માતા	સુવ્રતા
પિતા	ભાનુ
જન્મરાશિ	કર્ક
આયુષ્યમાન	૧૦ લાખ વર્ષ
પદવી	રાજા
કેટલાની સાથે દીક્ષા	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	ધનસિંહ
ગણધર સંખ્યા	૪૩
સાધુ ,,	૬૪,૦૦૦
સાધ્વી ,,	૬૨,૪૦૦
શ્રાવક ,,	૨,૭૪,૦૦૦
શ્રાવિકા ,,	૪,૧૩,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	આર્યશિવા
મોક્ષ સ્થળ	સમેતશિખર
મોક્ષ તપ	૧ માસ
શાસનયક્ષિણી	કંદર્પા
જન્મનક્ષત્ર	પુષ્ય
જન્મનગરી	રત્નપુરી
દેહમાન	૪૫ મનુષ્ય
લાંછન	વજ્ર
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષા નગરી	રત્નપુરી
દીક્ષા તપ	૨ ઉપવાસ
છદ્મસ્થકાલ	૨ વર્ષ
જ્ઞાન સબંધી તપ	૨ ઉપવાસ
મુખ્ય ગણધરનું નામ	અરિષ્ટ
શાસનયક્ષ	કિન્નરયક્ષ
કેટલાની સાથે મોક્ષ	૧૦૮
ભવો	૩
સાક્ષિગિરિ	



પ્યારા બુલકાંઓ,

જોત જોતામાં દિવસો પસાર થઈ જાય છે. તેની અબરેય રહેતી નથી ખરુને ? બાલવાટિકાની પ્રશંસા તમે સૌ કરો છો. જૈન શાસન પણ તમને ગમે છે તેમાં આવતી બાલવાટિકા પણ તમને ગમે છે તો.

દર અંકે કાંઇક નવીન જણાવવાનો મારો પ્રયત્ન ચાલુ છે.

તમારી ભાવના અતિ સુંદર છે. બાલવાટિકાને જગ મશહુર બનાવવા માંગો છો તો મારા પ્યારાં બૂલકાંઓ, મિત્રો બહેનો તથા વડિલોને તમારી પ્યારી બાલવાટિકા વંચાવશો. તેઓનો સાથ અને સહકાર મેળવી બાલવાટિકાને વેગવંતી બનાવજો.. અવશ્ય તેઓના અનુભવો, સુંદર વાતો, સંસ્કાર સિંચતી કવિતાઓ આદિ સાંભળી ચિંતન અને મનન કરી તેનું સુંદર લખાણ કરી મારી ઉપર મોકલી આપશો તો અન્ય બૂલકાંઓને પણ તેનો લાભ મળશે. પ્રોત્સાહન મળશે.

જીવન વિકાસમાં સંસ્કાર, સત્સંગ અને સદ્વાંચન જેવી રીતે પ્રકાશ પાથરે છે તેવી જ રીતે જૈન શાસનની આ બાલવાટિકા આબાલવૃધ્ધોના સાથ અને સહકારથી પ્રત્યેક અંકે નવો નવો પ્રકાશ પાથરતી રહેશે.

બાલવાટિકાને નમૂના બનાવવા માટે સૌ પ્રયત્નશીલ બનો તેવી મનોચ્છા.

રવિશિશુ C/o. જૈન શાસન

આજનો વિચાર

ભૂલી જાવ તમને થયેલા અન્યાયોને !

— હાસ્ય હિલોળા —

– શેરને માથે સવાશેર –

એક ભાઈ રસ્તા ઉપરથી જઇ રહ્યાં હતાં, સામેથી એક મશ્કરો માણસ આવી રહ્યો હતો. એણે મશ્કરી કરતાં પૂછ્યું, આપનું શુભ નામ ?

'બેવકૂફ...' તેણે ક્રોધમાં કહી નાખ્યું,

'વાહ ! નામ તો ઘણું સરસ છે' મશ્કરાઓ હસતાં હસતાં કહ્યું,

પેલાભાઇ કહે....'તમને ગમ્યું હોય તો તમે જ રાખી લ્યો'

મશ્કરો શું બોલે ?

–: હું બચી ગયો :–

૦ છગન કુંભારનો ગધેડો ખોવાઇ ગયેલો.

ગધેડો ખોવાયા પછી કુંભાર પ્રભુનો પાડ માનતો હતો એટલે કોઈએ છગન કુંભારને પૂછ્યું 'અલ્યા, તારો ગધેડો ખોવાયો એમાં તું પ્રભુની કૃપા કેમ માને છે?

કુંભારે કહ્યું : 'હ્યેં, કરો વાત! પાડ કેમ ન માનુ? એ ગધેડા ઉપર હું બેઠો હોત તો હું પણ ખોવાઈ જાત ને?

હું તો બચી ગયો.

—: નકલ અને અક્કલ :—

'તમારો દીકરો મારી નકલ કરે છે એને તમે રોકતાં કેમ નથી? દીકરાની માએ કહ્યું.. 'હું તો એને કહી કહીને થાકી ગઈ છું કે મૂર્ખાઓની નકલ કરીશ નહીં, પણ એ અળવીતરો માને છે જ કયાં?'

—જોલી

—: જૈન જગતનું અવનવું :—

ચાલો સિદ્ધગિરિએ...

- સિદ્ધગિરિ ઉપર કુલ્લે ૨૭૦૦૭ જિનમુર્તિ
- ,, ૩૫૦૦ જૈન દહેરાસર
- ,, ૧૫૦૦ ચરણ પાદુકા
- સિદ્ધગિરિમાં કુલ્લે ૩૩૬૪ કાઉસ્સા છે.
- સિદ્ધગિરિની ઉંચાઇ ૨૦૦૦ ફુટ છે.
- સિદ્ધગિરિના પહાડનો ઘેરાવ સાડા સાત માઇલનો છે.

—મેઘા

બાળ ગઝલ

ન્યાય નીતિ સૌ ગરીબને, મોટાંને સહુ માફ;
વાઘે માર્યું માનવી, એમાં શો ઇન્શાફ!

મેટ્રીક થયા બી.એ. થયા
એમ એ. થયા શું કામના
જીવનમાં જો ધર્મ નહિ તો,
હીરા નહી પણ કાંકરા

આમ તો બંધનો માત્ર પગને બાંધી રાખતા;
આશા છે બંધન એવું, ચાલતા પગને કરે.
ધ્રુશીતા

— કથાનક —

એક નગરી હતી.

ગંગા ગોવિન્દસિંહ નામનો મંત્રી તે રાજ્યની ધુરા સાંભળતો હતો એ ઘણો અત્યાચારી, ક્રુર અને અશ્રુત વર્તનવાળો હતો એને એક નો એક દિકરો કૃષ્ણચંદ્ર નામનો હતો. બાપ કરતાં બેટો સવાયો

આખો દિવસ બાય ન પીવાનું પીએ.
મોજ મજા કર્યા કરે. બધાને રંજાડે.
કોઇનું ભલુ કરવાની બાધા.

હેરાન..પરેશાન..પજવવામાં બાકી નહિ. રાત માથે લે ન કરવાના કાર્યો મજેથી કરે.

સમી સાંજ પડે ને દુષ્ટ દિકરો ફાલે.

એક વાર તે બેટો ઘોડો લઇને નીકળી પડયો નગરીની બેટી-બેતી-વહુયર આદિની કફોડી હાલત કરતો કરતો તે જંગલની વસમી વાટે ચાલી નીકળ્યો.

દોડતો ઘોડો એક ઝુંપડીની બાથે આવીને ઉભો રહ્યો, ઘોડા પરથી કુદી પડતાં દુષ્ટ દિકરાએ એક બાપ દિકરીની વાતો સાંભળી. દિકરી તેના બાપને કહેતી હતી.

'બાપુજી રાત થઇ ગઇ...ને હજુ તમે દીવો કર્યો નથી...લાવો હું કરી દઉં. કેટલું બધું અંધારૂં છે...!!

બહુ સહજ અને ભોળા ભાવે બોલાયેલા આ શબ્દોએ દૃષ્ટ વિકરા ઉપર કાંઇક જાદુ કર્યો. મનમાં ચોટ લાગી. મનમાં વલોણું ઘુમવા લાગ્યું.

ખરેખર ! આ છોકરી કેટલી સરસ વાત કરે છે.

મારૂં બાળપણ...ને જુવાની પણ જવા લાગી. હવે વૃદ્ધાવસ્થા આવશે જીવનની સાંજ કયારે ઢળી પડશે. તેની કાંઇ ખબર મિથી હજી સુધી મે સામનો કક્કોય ગણ્યો નથી. ભણ્યો નથી. સમજણનો વિવડો ખિઝટાવ્યો નથી મારૂં શું થશે ?

આખાય જીવનમાં અંધારૂં છવાયેલું છે. એમાં જ્ઞાનનો પ્રકાશ નહી પથરાય તો ક્રોધ, માન, માયા, લોભ, ઇર્ષ્યા આદિ ધર્યાનકે જાનવરો મારા આત્માને ઘેરી વળશે. ફાડી ખાશે. મારો ભવાન્તર બગડી જશે.

હવે મારે આ બધી માયા-જાળ છોડી દેવી છે. તિલાજંલી આપવી છે. સાધુ સંતોના ચરણે આળોટવું છે જીવન પવિત્ર કરવું છે.

દૃષ્ટ વિચારો, ભાન અને જ્ઞાનની ખિસકોલીયાં બસ; તે જ દિવસથી અણધાર્યું પરિવર્તન આવી ગયું.

હવેલી, બાગ-બગીચાં, જર ઝવેરાત વગેરે છોડીને ચાલી નીકળ્યાં. નિર્જન જંગલમાં સંતોના ચરણોમાં શિર ઝુકાવી દીધું.

ખરેખર !

સાંભળ્યુ લેખે લાગ્યું.

—પિનલ ચુ. શાહ

હાસ્ય એ દરબાર

'શેઠ હું તમારે તાં' પાંચ વરસથી નોકરી કરૂં છું અને મેં કદી પગાર વધારો માગ્યો નથી.

'ઠીકરા એ જ ઠાર નથી તું મારે તાં' પાંચ વરસથી નોકરી કરેચ.'

બે રામજી ગોવાની ટ્રીપ ઉપર ગયા સજ્જા હોટલમાં ચેક-ઇન કરી રિસેપ્શન પર ફોન કીધો 'તમારા આવાનાં ટાઇમિંગ્સ જનાવસો પ્લીઝ !' 'જી સર બ્રેક ફાસ્ટ સવારે ૭ થી ૧૧. લંચ બપોરે ૧૨ થી ૩ ઇવનીંગ ટી ૪ થી ૬ રાતનું ડીનર ૭થી૧૨ મિડ નાઇટ' બે રામજી થઇ ગીઆ હરનફાલ આવા ચક્કર બતી જેવાં ટાઇમીંગ રાખોશ તો હું સાઇટ-સિઇંગ કરવા ઠારે જઉં ?

—અમીષ શાહ

બાળ ગઝલ

કયા કરે ચાહને વાલે કા ભરોંસા કોઇ,
દુનિયા મેં કિસીકા, હોતા નહિ કોઇ !

દુર્જન કી કૃપા બુરી, ભલે સજ્જનકા ત્રાસ;
સુરજ જળ ગરમી કરે, તળ બરસન કી આશ.

—દર્શિતા

卐 પ્રભાવક ચરિત્રના પ્રભાવક અંશો 卐

—પં. શ્રી રાજેશકુમાર શાંતિલાલ શાહ

(ગતાંકથી ચાલુ)

(૨૦) જૈન શાસનનો કોહીનૂર પાકશે તેમ જાણીને સર્વદેવ બ્રાહ્મણને જમીનમાં દટાયેલું નિધાન બતાવવા સાટે પુત્ર અર્પણ કરવાની શરતે જેમણે બ્રાહ્મણને નિધાન બતાવ્યું અને પછી શરત મુજબ તેના એક પુત્રની માંગણી કરી ત્યારે સર્વદેવે પોતાના મોટા પુત્ર ધનપાલ કવિને દીક્ષા લઈ પોતાને ઋણમુક્ત કરવાનું કહેતા તેણે ક્રોધ સાથે સાફ સાફ ના પાડી હતી. પણ નાના પુત્ર શોભનને દીક્ષા લેવાની વાત કરતા તેણે પોતાના પિતાને ગુરૂભગવંતના ઋણમાંથી મુક્ત કરવા માટે જેમના ચરણે જીવનની અંજલિ ધરી દીધી હતી એ જ્ઞાનાર્ણવ પૂ. આ. શ્રી મહેન્દ્ર સૂ. મહારાજના ચરણોમાં કોટિશઃ વંદના.

(૨૧) ભોજ રાજાના પ્રધાનોએ આવીને ભીમ રાજાની સભામાં રાજા ભોજની પ્રશંસા કરતા કહ્યું કે–'હેલા માત્રમાં જ ગજેંદ્રોના ગંડસ્થળોએ ફાડી નાંખનારા પ્રચંડ પ્રતાપી સિંહ સાથે હરણાઓનો સંગ્રામ કે સંધાન [સમાધાન] શકય જ નથી.' આ સાંભળીને ભીમ રાજાના દરેક વિદ્વન્મૂર્ધન્યો જ્યારે મુંઝાઈ ગયા ત્યારે શ્રી ગોવિંદાચાર્ય પાસે ગયેલા ભીમરાજાના પ્રધાનોને શ્રી ગોવિંદાચાર્યે જેમની તરફ આંગળી ચીંધી અને જેમણે 'અંધકના પુત્રનો કાળ જેવો હું ભીમ આ પ્રથ્વિ ઉપર ભાગ્ય વિધાતાથી નિર્માણ પામ્યો છું. જેણે સો–સોને ગણકાર્યા નથી એવા મારી આગળ તારી તાકાત શું છે?' આવો જવાબ આપીને જેમણે ભીમરાજની શાન બાળવા દ્વારા જૈન શાસનની જાહોજલાલીને ઝળહળતી રાખી હતી તે તીવ્ર મેધા શકિતના સ્વામી પૂ. આ. શ્રી સૂરાચાર્યના ચરણોમાં મારા અનંતશઃ વંદના.

(૨૨) 'હે મનીષાના ઈશ્વર! તારી યોગ્યતા જોઇને જ તને ગ્રંથ રચનાની વિનંતી કરૂં છું, કંઇક વિચારો. ગ્રન્થમાં સિધ્ધાંતના કોઈ પદાર્થમાં તમને સંદેહ પડી જાય તો મને યાદ કરજો. હું શ્રી સીમંધરસ્વામી પાસે જઇને તે સંશયને છેદીને તમને જણાવીશ. માટે આજથી જ આ કાર્યનો આરંભ કરો.' આવું દેવીએ પ્રેરણા વચન કહીને જેમને ગ્રન્થ રચનામાં ઉત્સાહિત કર્યા હતા તે નવાંગી ટીકાના રચયિતા પૂ. આ. શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજના ચરણોમાં કોટિશ વંદન

[૨૩] જો વાદિદેવસૂરીશ્વરજી મહારાજાએ દિગંબરાચાર્ય કુમુદચંદ્રને હરાવ્યો ન હોત તો આ જગતમાં શ્વેતાંબરો ચોલપટ્ટો કયાંથી પહેરી શકત ? સ્ત્રી મુક્તિની સિદ્ધિ કરીને કુમુદચંદ્રના મતની ઘોર ખોદી નાંખનારા પૂર્ણચંદ્રમાંથી મુનિ રામચંદ્ર બનીને વાદિદેવસૂરી તરીકે ખ્યાતનામ બનેલા આ મહાપુરૂષના ચરણોમાં કોટિ કોટિ વંદના.

(૨૪) સિદ્ધરાજ જયસિંહે કહી દીધુ કે–'આપનું આ તેજ રાજાના આશ્રમના કારણે છે.' 'ભલી જજે રાજન્ ! અમે તો અમારી બુદ્ધિ અને ભાગ્યથી ઝળકયા કરીએ છીએ.'

'મારી સભા છોડીને પરદેશ જશો તો તમારે અનાથની જેમ ભિક્ષુ થઇને ભટકવું પડશે.'

'તો જોઇ લે, અમે આજથી આટલા દિવસ બહાર જઈએ છીએ.'

'પણ તમને હું જવા જ નહિ દઉં' રાજા બોલ્યો.

'અમે સ્વતંત્ર રહેનારા, અમને જતાં કોણ રોકી શકે છે ? જોઇએ.'

અને રાજાએ નગરના બધાં જ દરવાજા બંધ કરી જે આચાર્ય ભગવંતને બહાર જતાં અટકાવ્યા પણ વિદ્યાબળે જેઓ રાત્રે આકાશ માર્ગે અન્યત્ર ચાલ્યા ગયા ના સમાચાર મળતાં રાજાને પસ્તાવો થયો. અને કર્ણરાજની સભામાં આવેલા સાંખ્યમતના વાદિસિંહ નામના વાદિ સાથે જેમને પ્રતિવાદી તરીકે રજુ કરવામાં આવતાં વાદીએ કહેલું કે– 'આ તો હજી દૂધને પીનારો બાળક છે આની સાથે વાદ કરવો પણ મને શોભાસ્પદ નથી લાગતો.' ત્યારે જેમના ગુરૂદેવે કહેલું કે– આ બાળકના મોઢામાંથી નીકળતાં સત્ય અર્થના અમૃતના ગંધથી જ તારા મદ રૂપી ધતુરાનો વિભ્રમ કચડાઇ જશે.' પ્રતિવાદી તરીકે અને રાતે ગગન માર્ગે ચાલ્યા ગયેલા આ બાળ સદૃશ આચાર્ય ભગવંત તે બીજા કોઇ નહિ પરંતુ તે વીરાચાર્ય જ હતા.

(૨૫) 'તારા ભાઇ કર્ણરાજના પુત્ર દેવપ્રસાદના પુત્ર ત્રિભુવનપાલનો પુત્ર કુમારપાળ, તારી આ અણહિલપુર પાટણની ગાદીનો હે રાજન્ ! વારસદાર થશે.' નૈમિત્તિક પાસે પાટણની રાજગાદીના ભવિષ્યને જાણીને સિદ્ધરાજે (પૂર્વ જનમના વૈરીના કારણે કુમારપાળને જીવતો જ ખતમ કરી નાંખવા નિર્ધાર કર્યો. પોતાના ખાતનું ષડ્યંત્ર રચાયેલું કેમે કરીને જાણી ગયેલા કુમારપાળે તરત જ ભગવા વસ્ત્રો પહેરી, કાનમાં કુંડળ અને હાથમાં કમંડળ લઇને ફરવા માંડયું. પણ ગુપ્તચર પાસેથી આ માહિતી મળી જતાં રાજમહેલમાં આવેલા અને પગ ધોતાં ધોતાં પગમાં કમળધ્વજના ચિન્હથી કુમારપાળ

ઓળખાઇ ગયા છતાં, ચાલાકી કરીને પોતાના તદ્દન નજીક આવી ચૂકેલા મોતને બાજુએ ધોજનોના ધોજનો સુધી દૂર ધકેલી દીધું. અને ત્યાંથી કુમારપાળ ભાગી છુટ્યો. આચાર્ય ભગવંતે જીવતા ભાગી છૂટેલા કુમારપાળને આંખો તાડપત્રીઓ નીચે સંતાડી દીધા. આખરે ત્યાંથી બચીને ભાગી છુટીને એક ભિક્ષુક જેવું જીવન ગુજારવા લાગ્યો. પચાસ–પચાસ વરસો સુધી ભટકતા–ભટકતા જિંદગી ગુજારતા કુમારપાળને આખરે તે જ દિવસે પાટણની રાજ્યગાદી મળી કે જે દિવસ પૂ. આચાર્યદેવે કહ્યું હતું.

સિદ્ધરાજના સૂચનથી વ્યાકરણની રચના કરવાના કારણે જે વ્યાકરણનું નામ સિદ્ધહેમ વ્યાકરણ પાડવામાં આવ્યું. એ વ્યાકરણના રચયિતા અને કુમારપાળ રાજાના અનન્ય ધર્મગુરૂ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના જીવનથી તો જૈન જગત જ નહિ અજૈન જગત પણ પરિચિત છે.

એમના જીવનના પ્રસંગનું વર્ણન કરવું એટલે મારે માટે તો ધ્રુવડને સૂર્યનું વર્ણન કરવાનું કહેવા જેવું જ ગણાય.

જૈન શાસનની જાહોજલાલીને ઝળહળતી રાખનારા, શાસનની શાનને ઉજાગર રાખનારા જૈન શાસનના આ મરજીવાઓના ચરણોમાં મારા અનંત અનંત વંદના.

દિગમ્બર નેતૃત્વ સમાજ કો ગુમરાહ કર રહા હૈ

નવ ભારત ટાઇમ્સ કે ૧૦ સિતમ્બર કે સંસ્કરણ મેં 'પાર્શ્વનાથ કી મૂર્તિ પુનઃ લગાને કા સંકલ્પ' નામક શીર્ષક સે એક સમાચાર છપા, જિસમેં દિગમ્બર સમાજ કે નેતા સાહુ શ્રી અશોકકુમાર જૈન દ્વારા શ્રી સમ્મેદ શિખરજી તીર્થ મેં હુઇ બૈઠક કો સમ્બોધિત કરતે હુએ યહ સંકલ્પ વ્યકત કરતે લિખા હૈ કિ 'પર્વત કી ટોંક સે હટાઇ ગયી ભગવાન પાર્શ્વનાથ કી પ્રતિમા નિશ્ચિત રૂપ સે પુન વહાં સ્થાપિત કી જાયેગી ।' સહુ શ્રી અશોકકુમાર જૈન કા યહ કથન એકદમ અસત્ય વ સમાજ કો ભ્રમિત કરને વાલા હૈ । પાર્શ્વનાથ ભગવાન કી કોઇ પ્રતિમા વહાં સે કભી ભી નહીં હટાઇ ગઇ ઔર ઇસ બાત કા પ્રમાણ સન ૧૯૦૨ મેં સબ જજ, ન્યાયાલય હજારી બાગ મેં ચરણ કે લિએ કિયે ગયે વાદ ક્રમાંક ૫–૧૯૦૨ મેં ઉપલબ્ધ હૈ જો સ્વયં દિગમ્બર સમાજને ડાલા । ઉસ વાદ સે વ વાદ મે લોકલ કમીશન કી રિપોર્ટ સે વ વાદોત્તર સે સ્પષ્ટ હૈ કિ વહાં કભી ભી પાર્શ્વનાથ કી દિગમ્બર પ્રતિમા નહી થી જબ વહાં કોઇ દિગમ્બર પ્રતિમા થી હી નહીં તો પ્રતિમા હટાઇ જાને કી બાત કહના મિથ્યા ભાષણ હૈ । આશ્ચર્ય હોતા હૈ કિ ઉસ બૈઠક કો સાનિધ્ય મિલા હુઆ થા વયોવૃદ્ધ દિગમ્બર જૈનાચાર્ય શ્રી આનંદઋષીજી મહારાજ કા વ ઉસમેં ઉપસ્થિત થે કાનુન વિશેષજ્ઞ ડા. ડી.

કે. જૈન જી સબ કુછ જાનકારી રખતે હુએ ભી સાહુ જી કે મિથ્યા ભાષણ કો સુનકર ભી ચુપ રહે । જાનકારી તો સાહુ જી કો ભી થી પર ઉન્હોને જાનબુઝ કર દિગમ્બર સમાજ કે લોગોં કો શ્વેતામ્બર સમાજ કે વિરૂદ્ધ ભડકાને કે લિએ ઇસ તરહ કી બાતે કહી । ઉનકી ઇસ વ્યવહાર કી જિતની ભર્ત્સના કી જાયે કમ હૈ ઔર ન્યાયાલય મેં ચલતે વિભિન્ન વિવાદોં કે બીચ ઇસ તરહ કી બાતેં કરના યા અનુચિત પ્રયાસ કરના ભી ન્યાયાલય કી અવમાનના–અવહેલના–અપમાન કરના હૈ । મેરી દિગમ્બર સમાજ કે ઉન અગ્રણી નેતાઓ સે વ સાધુ ભગવન્તોં સે (જો સત્ય મહાવ્રત કા પાલન કરતે હૈ) અપીલ હૈ કિ વે ઐસે ગુમરાહ કરને વાલે વ્યાખ્યાનોં કી નિન્દા કરેં વ સમાજ કો સત્ય કા સેવન કરાવેં ।

હરખચંદ નાહટા
ટ્રસ્ટી શ્રી શ્વે. મૂ. જૈન તીર્થ રક્ષા ટ્રસ્ટ
નવી દિલ્હી

❋ વિવિધ વાંચનમાંથી ❋

—સાધ્વીજી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

'શત્રુંજય તીર્થ', સમકીત, સિદ્ધાંત, સંઘની ભક્તિ, સંતોષ–સામાયિક અને શ્રધ્ધા, આ સાત 'સ'થી શરૂ થતાં ગુણો આ લોકમાં દુર્લભ છે.

❋

પુત્રો ૪ પ્રકારના હોય જે પિતાથી સવાયો હોય તે પુત્ર અતિજાત. પોતાના પિતાની બરાબર હોય તે પુત્ર જાત. જે ગુણવગરનો હોય તે પુત્ર અપજાત. અને જે જે કુલનો નાશ કરે તે કુલાંગાર પુત્ર સમજવો.

❋

સાત પ્રકારના ગરણાના નામો.

(૧) પાણી ગાળવાનું.
(૨) છાશ ગાળવાનું.
(૩) દૂધ ગાળવાનું.
(૪) ઉકાળેલું પાણી ગાળવાનું.
(૫) તેલની ગરણી...તેલ ગાળવાનું.
(૬) ઘીને ગાળવાનું.
(૭) લોટને ચારણીથી ચાળવાનું.

❋

વંકચૂલે ગુરૂ ભગવંત પાસે લીધેલા ચારે નિયમોના નામો.

(૧) અજાણ્યા ફળ ન ખાવા.
(૨) કાગડાનું માંસ ન ખાવું.
(૩) પરસ્ત્રીનો ત્યાગ.
(૪) સાત ડગલા પાછળ જઈને પછી ગુસ્સો કરવો આટલા નિયમમાં પણ ઘણો ઘણો લાભ થયો ૧૨ મા દેવલોકે ગયા.

卐 શંકા અને સમાધાન 卐

— શ્રી રાજુભાઇ પંડિત

શંકા : આ વખતે વિ. સં. ૨૦૫૩ ના ફાગણ સુદ–૧૩ બે તિથિ તથા બે તિથિવાળાને અલગ અલગ આવવાની છે. તો આણંદજી કલ્યાણજીની પેઢીવાળાએ બંને પક્ષ માટે છ ગાઉની યાત્રા અંગે સગવડ આપવી જોઇએ કે નહિ ? પૈસાની જરૂર પડે છે ત્યારે ત્યારે પેઢીવાળાઓ બે તિથિવાળા પાસે આવીને એમ કહે છે કે આ તીર્થ દરેકનું છે. તો આ વખતે દરેકને સગવડ આપવી જોઇએ કે નહિ ?

સમા : વિ. સં. ૨૦૫૩ ની સાલમાં સાચી ફાગણ સુદ ૧૩ તો તા. ૨૧–૩–૯૭ શુક્રવારના દિવસે જ છે. આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી આ દિવસે છ ગાઉની યાત્રા અંગેની સગવડ કરવી જરૂરી છે.

તમે કહો છો કે દરેકને છ ગાઉની યાત્રા અંગેની સગવડ પેઢીએ કરવી જોઇએ. પણ અમે તો એમ કહીએ છીએ કે 'જે તારક તીર્થની ખુદ શ્રી સીમંધર સ્વામીએ પોતાના સ્વમુખે પ્રશંસા કરી છે તે તીર્થનું આલંબન પામીને ફાગણ સુદ–૧૩ ના દિવસે જેટલા આત્માઓ મોક્ષે ગયા છે. તે દરેક આત્માના મોક્ષગમનની ખરી અનુમોદના તા. ૨૧–૩–૯૭ શુક્રવારના રોજ આવતી ફાગણ સુદ–૧૩ ના દિવસે જ થઇ શકે છે. તારકતીર્થ સ્થળે ખોટી આરાધના કરાવાય નહિ. માટે આપણે તો પેઢીવાળાની તા. ૨૧–૩–૯૭ શુક્રવારના રોજ આવતી ફાગણ સુદ–૧૩ના દિવસે થનારી છ ગાઉની યાત્રા અંગે યાત્રિકોને સગવડ આપવાની ફરજ સમજીએ છીએ. ખોટી ફાગણ સુદ–૧૩ કે જે શનિવારના રોજ સિદ્ધાંત વિરૂદ્ધ રીતે મનાવનાર હોકો છે તેમને પેઢીવાળાએ સગવડ આપવી કે કેમ (તે અંગે આપણે તો એ કે વિરોધ જ કરવાનો હોય પણ આપણે તે અંગે પેઢીવાળાને કશું કહેવું નથી. આપણે તો તારકતીર્થ ઉપર સિદ્ધાંત મુજબ સાચી ફાગણ સુદ ૧૩ ની તા. ૨૧–૩–૯૭ શુક્રવારના રોજ છ ગાઉની યાત્રા અંગે યાત્રિકોને સગવડ મળે તે પેઢીની ફરજ છે. જો સાચી ફાગણ સુદ ૧૩ ની શુક્રવારની છ ગાઉની ૨૦૫૩ ની આ સાલની છ ગાઉની યાત્રાની આરાધનામાં સહભાગ નહિ રહીએ તો આવતી વિ. સં. ૨૦૫૪ માં પણ બે અલગ–અલગ ફાગણ સુદ ૧૩ આવવાની છે. ત્યારે પણ સાચી આરાધનાથી વંચિત રહેવું પડશે.

પૈસાની જરૂર પડે ત્યારે આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી રકમ લેવા બે તિથિવાળા પાસે જવાય છે અને આ વખતે છ ગાઉની યાત્રામાં બે તિથિવાળાની આમ તો શાસ્ત્રીય સાચી ફાગણ સુદ ૧૩ તા. ૨૧–૩–૯૭ ને શુક્રવારના રોજ પાલિતાણામાં છ

ગાઉની યાત્રા અંગે પેઢીવાળા કશી સગવડ નહિ આપે તો ? આવા નિરાશાવાદી આપણે બનવાની જરૂર જ નથી. પેઢી સગવડ શા માટે ન આપે ? આમ પૂછીને ઉત્સાહી બનો (સગવડ ન મળે તો પછી શું કરવું તે આપણે વિચારવાનું છે.)

શંકા–૨ છ ગાઉની યાત્રા ફા. સુ. ૧૩ ના કરવાની છે તે શુક્રવારે કરવાની કે શનિવારે ?

સમા : વિ. સં. ૨૦૫૩ની સાલમાં છ ગાઉની જાત્રા ફા. સુદ ૧૩ શુક્રવાર તા. ૨૧–૩–૯૭ના રોજ કરવાની છે.

શંકા : આ વખતે એક તિથિવાળાને ફા. સુ. ૧૩ બે છે અને બે તિથિવાળાને ફા. સુ. ૧૪ બે છે તો આમાં સાચું શું સમજવું ?

સમા : વિ.સં. ૨૦૫૩ની સાલમાં ફા. સુ. ૧૪ બે છે બન્ને પક્ષને માન્ય એવા જન્મભુમિ પંચાંગમાં પણ ફા. સુ. ૧૪ બે જ જણાવી છે તે જ સાચું છે ફા. સુ. ૧૩ બે છે જ નહિ. ફા. સુ. ૧૩ને બે માનવી એ 'સિદ્ધાંત વિરૂધ્ધ છે.

શંકા : જો ફા.સુ. ૧૪ બે હોય તો એક તિથિ પક્ષ ફા.સુ. ૧૩ કેમ લખે છે ?

સમા : આપણે ત્યાં 'क्षये पूर्वा तिथि क्षयों वृध्धौ कार्यो तथोत्तरा' આવો એક સિદ્ધાંત છે. તેનો 'તિથિનો (પર્વ તિથિ કે અપર્વતિથિનો) ક્ષય હોય ત્યારે ક્ષયવાળી તિથિની આરાધના પૂર્વની તિથિએ કરવી અને કોઇપણ તિથિની વૃધ્ધિ હોય ત્યારે તિથિ બે હોય ત્યારે બીજી તિથિએ આરાધના કરવી' આવો અર્થ છે એટલે આ વખતે જન્મભુમિ પંચાંગમાં ફા.સુદ ૧૩ શુક્રવારે છે. ફા. સુ. પ્રથમ ૧૪ શનિવારે અને બીજી ૧૪ રવિવારે છે. આ દીવા જેવું સ્પષ્ટ છે. છતાં એક તિથિવાળા એવું ભ્રમથી માનતા આવ્યા છે કે પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ ન હોય. (કેમ ન હોય તેનું કારણ પાછુ તેમની પાસે નથી.) આથી આ ભ્રમાત્મક માન્યતાના કારણે એક તિથિવાળા ફા. સુ. ૧૪ બે હોવા છતાં તે નથી માનતા. અને એ ખોટી માન્યતાવાળા જુઠને પકડી રાખવા માટે તેઓ ફા. સુ. બે ૧૪ છે તેની ફા. સુદ બે ૧૩ જણાવે છે. ૭ ચૌદશની બે તેરસ કરી એટલે તેમને ફા. સુદ પ્રથમ ૧૩ શુક્રવાર ફા. સુદ બીજી ૧૩ શનિવાર અને ફા. સુદ ૧૪ રવિવારે આવી. આપણે પૂછીએ કે બે ચૌદશની ૭ તેરસ કયા સિદ્ધાંતના આધારે કરી ? તો કહેશે કે–'क्षये पूर्वा....' એના આધારે તેમણે કરેલો અર્થ પણ કેવો ખોટો છે તે જુઓ ૧ ' પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પૂર્વની તિથિનો ક્ષય કરવો અને પર્વ-તિથિની વૃધ્ધિ હોય ત્યારે (પછીની તિથિની કરવી જોઇએ પણ ન કરતાં) પૂર્વની જ

તિથિની વૃધ્ધિ કરવી'' આ નિયમના આધારે ફા. સુ. ૧૪ બે છે તેને બદલે ફા. સુ. ૧૩ બે કરી.

આટલું તો જુઠું કર્યું હવે મજાની વાત બે છે કે- તેમને પૂછીએ કે ભાઈ! ફા. સુ. બે ૧૪ ની ફા. સુ. ૧૩ બે કરી હવે બે તેરસમાંથી સાચી તેરસ કઇ ગણવી ? તો કહેશે બીજી તેરસને. પૂછીએ કે શેના આધારે ? તો કહેશે એ જ 'ક્ષયે પૂર્વા...'ના આધારે પૂછીએ કે- શી રીતે ? તો કહેશે કે (૨ 'તિથિનો ક્ષય હોય તો પૂર્વની તિથિએ આરાધના કરવી અને વધ્ધિ હોય તો પછીની તિથિએ આરાધના કરવી'

આટલું જાણ્યા પછી તમને સમજાશે કે 'ક્ષયે પૂર્વા.... આ સિધ્ધાંતના કેવા બે જુદા જુદા અર્થ કર્યા બે ચૌદશની બે તેરસ કરવામાં જુદો અર્થ અને બે તેરસમાં બીજી તેરસ આરાધવામાં જુદો અર્થ.

આ રીતે 'ક્ષયે પૂર્વા'ના બે અર્થ કર્યા પછી પણ સાચી તિથિની આરાધના તો થતી જ નથી. કેમકે ફા. સુ. ૧૩ શુક્રવારે છે અને શનિવારે ફા. સુ. પ્રથમ ૧૪ છે તેને બદલે તેમણે બે તેરસ કરતાં ફા. સુદ પ્રથમ ૧૩ શુક્રવારે અને બીજી ૧૩ શનિવારે આવી શનિવારે હકિકતમાં તેરસ છે જ નહિ અને તે દિવસે તેરસ માનીને તેની છ ગાઉની યાત્રા આદિ કરવા/કરાવવા એ પત્થરની ગાયને દોહવા જેવી વાત છે. જે કદિ દૂધ આપવાની નથી.

આ વાત ઉપરથી તમે સમજી શકશો કે-'પર્વતિથિની ક્ષય કે વૃધ્ધિ હોય નહિ આવી ભ્રમાત્મક માન્યતા મગજમાં પેસી ગઇ હોવાના કારણે એક તિથિપક્ષ સિધ્ધાંતનો તો ખોટો અર્થ કરે જ છે, તિથિઓ પણ ખોટી લખે છે અને આરાધના પણ ખોટી કરે છે. ('ક્ષયે પૂર્વા...'નો ત્રીજો પણ અર્થ એક તિથિવાળા કરે છે કે જ્યારે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પૂર્વની તિથિનો ક્ષય કરવો. પણ પૂર્વની તિથિ પણ જો પર્વતિથિ હોય તો તેની પર્વની તીથીનો ક્ષય કરવો. આ અર્થ પણ ખોટો છે)



— શાસન સમાચાર —

પુના સીટી-ભવાની પેઠમાં પૂ. મુનિરાજ શ્રી વિનોદવિજયજી મ. ને ત્રણ ઓપરેશન થયા પછી શ્વાસ છે બાદ બે વાર હાર્ટએટેક આવેલ પણ ઉપચારથી સારૂં છે. મનના જુસ્સાથી સંયમ સાધનામાં ઉજમાળ છે. સંઘ સારી ભક્તી કરે છે.

સમાધિ ગીત

(રાગ : શત્રુંજયના પાણી ખળખળ...)

રચયિતા–પૂ. સાધ્વીજીશ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

રગરગ હો પ્રભુ તારૂં નામ, અંતકાળે માંગુ છું.
પલપલ હો પ્રભુ તારૂં નામ, અંતકાળે માંગુ છું.
ભવભવ હો શરણ તારૂં, એવી ભાવના (૨)
શ્વાસ એક ન વિસારૂં, તારી ચાહના (૨)
મારે તારૂં એકજ કામ, અંતકાળે માંગુ છું...૧

પ્રભુ વિનવું તને મને, ન કરશો નિરાશ (૨)
મારા અવગુણ જોશો નહિં, એ એક જ અરદાસ (૨)
આવવું છે તારે ધામ, અંતકાળે માંગુ છું...૨

માંગુ માંગુ એક જ હું, સમાધિ મરણ (૨)
કદી નહિં છોડું તારા, પાવન ચરણ (૨)
નથી જોઇતા હામ હામ, અંતકાળે માંગુ છું...૩

તારૂં શાસન પામી, ન તો હારી હારી જાઉં (૨)
તારા ધર્મ ઉપર હું તો વારી વારી જાઉં (૨)
ચાહુ હું ભવનું વિરામ, અંતકાળે માંગુ છું...૪

અંતકાળે તારૂં દર્શન, તારો કરૂં જાપ (૨)
તો ભવભવ કેરાં, જાયે મારા પાપ (૨)
હર્ષે જાવું પરમધામ... અંતકાળે માંગું છું. રગરગ હો પ્રભુ તારૂં નામ....૫

— સહકાર અને આભાર —

૫૦૦ શાહ હીરાભાઇ હધાભાઈ પરિવાર તરફથી ઉપધાન તપ નિમિતે જામનગર
૫૦૦ શાહ જેઠાભાઇ ધરમશી હઃ શાહ કાનજી જેઠાભાઇ તરફથી ઉપધાન તપ કરતા ,,

— જૈન શાસન શુભેચ્છક —

૧૦૦૦ રાજેન્દ્ર ગોરધનદાસ જગજીવનદાસ જામનગર
૧૦૦૦ ડી. એન્ડ આર. ડાયમંડ, આશાનગર, નવસારી

સુધારો : આ અંકમાં ટાઈટલ ૧ ઉપર અંક ૧૯–૨૦ એમ વાંચવું.

મહાભારતના પ્રસંગો

[પ્રકરણ-૧] —શ્રી રાજુભાઈ પંડિત

[જૈન રામાયણના પ્રસંગો પછી હવે 'મહાભારતના પ્રસંગો'ની શ્રેણી આપવાનો અમારો પ્રયાસ માનીએ છીએ કે સ્થાને ગણાશે. મોટા ભાગે 'પાંડવ ચરિત્ર' તથા 'ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર-પર્વ-૮ ના આધારે આ પ્રસંગો આલેખાયેલા છે. તે તે પ્રસંગોના આર્ષ-સંદેશને સમજીને જીવવાનો પ્રયાસ કરવો તે જ આ શ્રેણી શરૂ કરવા પાછળનો મુખ્ય આશય રહ્યો છે. લી. સંપાદક]

[૧] આખરે ગંગાદેવીનો પતિત્યાગ.

'મારાથી એ નહિ બને. શિકાર કર્યા વગર મારાથી નહિ રહેવાય. શિકારનું આ વ્યસન તમારા વચનનું ઉલ્લંઘન કરવા મને મજબૂર બનાવે છે દેવી ! મને શિકારે જતાં તમે અટકાવી નહિ શકો. હટો રસ્તામાંથી.' આમ કહીને શાન્તનુ રાજા શિકાર કરવા ચાલી નીકળ્યા.

મહાભારતનું નામ જ સાંભળીએ અને કુરૂક્ષેત્રનું સમરાંગણ નજરે ચડે.

પ્રથમ તીર્થંકર પરમાત્મા શ્રી આદિનાથ ભગવાનના એકસો પુત્રોમાં એક કુરૂ નામના પુત્ર હતા જેના નામથી 'કુરૂક્ષેત્ર' પ્રસિધ્ધ થયું છે. આ કુરૂ નામના રાજાને 'હસ્તિ' નામના પુત્ર હતા જેના નામથી 'હસ્તિનાપુર' પ્રસિદ્ધ થયું છે. 'હસ્તિ' રાજા પછી લાખ્ખો રાજાઓની પરંપરા પછી આ વંશમાં સનતકુમાર ચક્રવર્તી થયા. થુંક લગાડવા માત્રથી જે પોતાના શરીરના રોગો નષ્ટ કરી શકતા હોવા છતાં કદિ પોતાના થુંકનો જેણે રોગ વિનાશ માટે ઉપયોગ નહોતો કર્યો.

આ જ વંશમાં શ્રી શાંતિનાથ ભ., શ્રી કુંથુનાથ ભ. અને શ્રી અરનાથ ભ. થયા કે જેઓ ચક્રવર્તી તથા તીર્થંકર હતા.

જમદગ્નિના વીરપુત્ર સાથે જેને શત્રુવટ હતી તે સુભૂમ ચક્રવર્તી પણ આ જ પરંપરામાં થયા.

આ રીતે અસંખ્ય રાજાઓ થઇ ગયા પછી પ્રચંડ તેજોમૂર્તિ શાન્તનુ રાજા રાજગાદીએ આવ્યા. રાજ્યનું સુંદર પાલન કરતા હોવા છતાં વિવેકી એવા પણ આ રાજાને મૃગયા=શિકારનું વ્યસન હતું.

એક દિવસ એક હરણ પોતાની હરણી સાથે પ્રેમની ચેષ્ટા કરી રહ્યું હતું ત્યારે

જ તેજસ્વી ઘોડા ઉપર મૃગવનમાં શિકાર કરવા શાન્તનુ આવી પહોંચ્યા. સારંગ=હરણને જોઈને ધનુષ ઉપર બાણ ચડાવ્યું. પણ સમયને ઓળખી ગયેલું હરણ હરણીને આગળ કરીને ભાગવા માંડયું. મોતના પંજામાંથી છુટવા માટે ભાગતા ભાગતા થાકી ગયું હોવા છતાં હરણીનાં અનુરાગથી ધીમે ધીમે કૂદતુ ભાગતુ રહ્યું. અને એક સુંદર ઉપવનમાં પ્રવેશી ગયું.

બાણનું નિશાન હોવા છતાં હરણ છટકી ગયુ ત્યારે ધનુષને પણછ ઉપરથી ઉતારીને શાંન્તનું રાજા તે ઉપવનમાં રહેલા એક સાત માળના પ્રાસાદમાં આવ્યા. એક બાળિકાએ રાજાનું સ્વાગત કર્યું અને સખીનો વૃત્તાન્ત કહેતા જણાવવા માંડ્યું કે–

'જહ્નુ વિદ્યાધરની ગંગા નામની આ પુત્રી છે. તેનું વચન અતિક્રમણ ન કરે તેવા પુરૂષ સાથે જ લગ્ન કરવાની પુત્રીની ઇચ્છા હોવાથી ઘણા રાજકુમારો યોગ્ય હોવા છતાં 'વચનનું ઉલ્લંઘન નહિ કરવાની' શરત માનતા ન હોવાથી ધર્મ તરફ મન વાળીને અહીં હંમેશા પ્રસન્ન ચિતે જિનાર્ચન કરતી રહે છે. સત્યવાણી નામના નૈમિત્તિકે કહ્યું હતું કે–સવારે મૃગની પાછળ પાછળ હસ્તિનાપુરના રાજા શાન્તનુ આવશે, જે ગંગાના પતિ બનશે.' અને તમે અહીં આવ્યા છો.

શાન્તનુ બોલ્યા ને હરણ મારો ઉપકારી બન્યો જેથી મને તારી પ્રાપ્તિ થઇ. 'તારા વચનનું અતિક્રમણ ન કરવાની શરત પતિના જ હિત માટે છે. આથી તે શરત મને માન્ય છે. જે દિવસે આ શરતનો ભંગ થાય તે દિવસે હે પ્રિયે તું મારો સર્વથા ત્યાગ કરજે.'

આ અરસામાં ત્યાં સૈન્ય પણ આવી ગયું. વિદ્યાધરપતિ જહ્નુ પણ ત્યાં આવી પહોંચ્યા. ઉત્સાહપૂર્વક બંનેના લગ્ન થયા. અને શાન્તનુ રાજા ગંગાને પરણીને હાથીઓના સમુહ સાથે હસ્તિનાપુર આવ્યા.

બન્નેનો ભોગકાળ પસાર થઇ રહ્યો હતો. સમય જતાં ગંગાદેવી ગર્ભવતી બન્યા. ગર્ભના પ્રભાવથી ગંગાદેવી મેરૂ પર્વતને દંડા જેવડો અને સમુદ્રને ખાબોચિયા જેવડો માનવા લાગ્યા. શુભ મુહુર્તે ગંગાદેવીએ સુખપૂર્વક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ ભીષ્મ પાડવામાં આવ્યું. જે આગળ જતાં ભીષ્મ પિતામહ તરીકે પ્રસિધ્ધ થયા.

હવે એક દિવસ શિકારનો શોખીન રાજા શિકારે જવા તૈયાર થયો. આ જોઇને મસ્તકે હાથ જોડીને ગંગાદેવીએ કહ્યું–'હે પ્રાણેશ! તમે પરોપકારી છો. નિરપરાધી હરણાંઓની હત્યા કરવાથી તમે પાપર્ધિ (પાપની વૃધ્ધિ કરનારા) શિકારી બનશો. અપરાધીનો વધ કરવો અને નિરપરાધીનું રક્ષણ કરવું એ પૃથ્વીનાથનો સનાતન ધર્મ છે. નિરપરાધી હરણાંઓની હિંસા કરનારા હિંસકોને નરક દૂર નથી. માટે હે નાથ! શિકારી

જેવા આ પાપ કર્મનો ત્યાગ કરો. ધર્મ આચરો. મારી આ વિનંતિનું તમે ઉલ્લંઘન કરી શકશો નહિ.'

શાન્તનુ રાજા બોલ્યા–'હે પ્રિયે ! તે મને કહ્યું તે તો સારૂ જ કર્યું છે. હું મારા પાપના વ્યાપારને સમજી શકું છું, પરંતુ પ્રિયે ! આ મૃગયાનું વ્યસન મારા માટે દુરૂચ્છેદ છે. મારૂં આ વ્યસન તારા વચનનું ઉલ્લંઘન કરવા મને પ્રેરે છે. હું તારૂ વચન માની નહિ શકું.' આમ કહીને ગંગાદેવીની અવજ્ઞા કરીને શાન્તનુ રાજા મૃગયા ખેલવા ચાલ્યો ગયો.

આ તરફ બીજી જ ક્ષણે બાળક ગાંગેયને લઈને ગંગાદેવી પોતાના પિતૃઘર ચાલ્યા ગયા.

શિકાર વનમાંથી પાછા ફરેલા રાજાને ગંગાદેવીના પિતૃઘર ચાલ્યા ગયાના સમાચાર જાણવા મલતા રાજા શાન્તનુ ચોધાર રડી પડયો. ગંગાદેવી તથા પુત્ર ગાંગેયના વિરહને તે રાજા સહી ના શકયો. પુત્ર અને પત્નીથી વિછડાયેલો રાજા વિરહાનલમાં સંતપ્ત થયો. અગ્નિમાં ડુબેલાની જેમ પત્ની અને પુત્ર માટે તડપતા રહેલા રાજાને અસહ્ય વિરહ વેઠતા–વેઠતા પૂરા ચોવીશ વર્ષ–વીતી ગયા.

મૃગયા કરવા જવાની એક માત્ર જીદના કારણે મારે પત્ની–પુત્રના અસહ્ય વિરહને વેઠવો પડયો. આમ વિયોગમાં ને વિયોગમાં ચોવીશ–ચોવીશ વર્ષ કયાંય વીતી ગયા. ચોવીશ વર્ષ જેટલા લાંબા ગાળા દરમ્યાન આખર રાજાની વિરહ વ્યથા શાંત થઇ. ફરી પાછો શિકાર કરવા તલપાપડ બન્યો. અને શિકાર કરવા ચાલી નીકળ્યો.

[પાંડવ ચરિત્ર સર્ગ–૧ શ્લોક ૧ થી ૭૬]

—: શાસન સમાચાર :—

પંન્યાસ બન્યા પછી દર્શનરત્ન વિ. ગણિ.ની નિશ્રામાં મહોત્સવની હારમાળા

મા. સુ. ૩ તા. ૧૩–૧૨–૯૬ના દિવસે દર્શનરત્ન વિ. ગણિ. શ્રી સ્વગુરૂદેવના હસ્તે પંન્યાસપદથી અલંકૃત કરાયા. ત્યારપછી મા. સુ. ૫–૬ તા. ૧૫–૧૨–૯૬ના દિવસે (૧) પંન્યાસજીની નિશ્રામાં ઝાડોલી નગરમાં દેરાસરની ધ્વજારોપણ તથા સ્વામિવાત્સલ્ય આદિ થયેલ. (૨) ત્યારપછી કાછોલીનગરમાં મા. સુ. ૧૦ તા. ૨૦–૧૨–૯૬ના દિવસે દેરાસરની ધ્વજારોપણ શ્રી સિધ્ધચક્ર મહાપૂજન તથા સ્વામિવાત્સલ્ય, જીવૈદયાની ટીપ આદિ થયેલ. (૩) ત્યારપછી કિવરલી નગરમાં મા. સુ. ૧૧ તા. ૨૧–૧૨–૯૬ દેરાસરની ધ્વજારોપણ, પંચકલ્યાણકપૂજા, સ્વામિવાત્સલ્ય આદિ થયેલ. બધે વાજતે ગાજતે સામૈયા સાથે પૂ.શ્રીનો પ્રવેશ થયેલ. પૂ.શ્રીની ચોલી ચૌત્રી મહીને ઝાડોલી કરવાની જય બોલાઇ ગયેલ છે. મા. સુદ ૧૪ સોમવાર તા. ૨૪–૧૨–૯૬ના દિવસે અટ્ઠાઇ મહોત્સવ તથા અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર રોહીડા થયા.

રાણેબેન્નૂર (કર્ણાટક) : પૂ. આ.દેવ શ્રી વિ. ભુવનતિલક સૂ. મ.ના શિષ્ય પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ., પૂ. આ. શ્રી અમરસેન સૂ. મ. ઠા. ૫, પૂ.સા. શ્રી જિતેન્દ્ર શ્રીજી મ. ઠા. ૬ની નિશ્રામાં શ્રી પર્યુષણમાં થયેલ માસક્ષમણ-સિદ્ધિતપ આદિ તપશ્ચર્યા અને પૂ. શ્રી અશોકરત્ન સૂ. મ. ની વ. તપની ૬૬મી ઓળીની આરાધના નિમિત્તે શ્રી નમિઉણ પૂજન શ્રી શાંતિસ્નાત્ર પૂજા સાથ પાંચ દિવસનો મહોત્સવ ઠાઠથી ઉજવાયો હતો. પૂ. આ. મ.ની ઓળીના પારણા નિમિત્તે ભવ્ય વરઘોડો પ્રભાવના સંઘપૂજનો થયાં હતા. નૂતન વર્ષારંભ દિવસે શ્રી નવસ્મરણ શ્રી ગૌતમસ્વામી રાસના શ્રવણ પછી સંઘ સાથે હલેરાસર દર્શન પછી નાસ્તો થયો હતો. શ્રી જ્ઞાન પંચમી શ્રી ચૌમાસી પર્વની આરાધના શ્રા. શુદ ૧૫ના ચાતુર્માસ પરિવર્તન શ્રી શત્રુંજય પટ્ટ દર્શન પછી ભાતુ આપવામાં આવ્યું હતું. પૂ. આ. મ., પૂ. સા. મ.નો વદ ૧ના વિહાર દાવણગિરિ થોડી સ્થિરતા મા. સુદમાં હોસપેટ મહા શુદ ૨ના સીરગુપ્પામાં પ્રતિષ્ઠા પછી રહેસુર થઈ ચૈત્ર મહિનામાં ઉંટી જેઠ શુદમાં કુન્તુરમાં પૂ. આ. મ. ની ૧૦૦ મી ઓળીના પારણાનો મહા મહોત્સવ ઉજવાશે.

શ્રી શત્રુંજય તીર્થાધિરાજની છ ગાઉની યાત્રા

卐 ભાવભર્યું આમંત્રણ 卐

સુજ્ઞ ધર્મબંધુ,

આથી જૈન ભાવિક ભાઈ બહેનોને જણાવતાં આનંદ થાય છે કે પરમ પવિત્ર તીર્થાધિરાજની છ ગાઉની યાત્રા કરવાની દર વર્ષે તક મળે છે તેમ આ વર્ષે પણ પધારવા વિનંતિ છે.

— યાત્રાનો દિવસ —

સં. ૨૦૫૩ ફાગણ સુદ ૧૩ શુક્રવાર તા. ૨૧-૩-૯૭

યાત્રા માર્ગમાં દર વખતની જેમ પાણી પરબો તથા પાલ અને ભાગની વ્યવસ્થા છે. કોઇને લા લેવા પાલ નાખવા હોય તો જણાવશો.

શ્રી ભારત વર્ષીય જિન શાસન સેવા સમિતિ

મહેન્દ્રભાઇ એ. શાહ, શાહ ઓટો સીંડીકેટ

મુરાદ મેન્શન ગ્રાઉન્ડ ફ્લોર, ૪૬૧ એસ. વી. રોડ,

મુંબઈ-૪૦૦૦૦૪

વ્યસનીનાં લક્ષણ

શ્રી કૈલાસસાગર ... જ્ઞાન
શ્રી જૈન આરાધના ... કોબા
કોબાનગર, પિન-382...

(રઘુપતી રામ રૂદેમાં રહેજો રે-એ રાગ)

સુણો સમજુ સકલ નરનારી રે, કહું હીત શીખામણ સારી રે;
વધે દિનપરદિન અવીચારી, ઓળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૧

ભૂલી ભાન હોટલમાં જાએ રે, રાશી વાશીને એહું ખાએ રે;
મહા રોગના ભોગી તે થાએ, ઓળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૨

શાક સ્વાદે બટાટા જમતા રે, જોયા જોટાના પાટીયે ભમતા રે;
બારે માસ જુગારૂ રમતા, ઓળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૩

ઘરનારીનું રાંધ્યુ ન ગમતું રે, ખાવા હોટલમાં મન ભમતું રે;
રહે પાપનું ત્રાજવુ નમતું, ઓળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૪

બોધ ધર્મગુરૂનો ન માને રે, મુછ શ્વાનના પુછ સમાને રે;
પાકયા હિંદમાં એવા હેવાનો, ઓળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૫

પીયે બીડીને કાળજુ બાળે રે, લાભના પાપના બાપ ન ભાળે રે;
તોએ ટેવ બુરી નવ ટાળે, ઓળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૬

પડે ગળફાને ખાંસી થાએ રે, શ્વાસ વિષ્ટા સમાન સોઢાએ રે;
તેજ નેત્રતણું ઝટ જાએ, ઓળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૭

કંઈક હોકો પીએ મહા પાપી રે, દોરી પુન્યની નાખે કાપી રે;
ભરે પાપની પોઠો અમાપી, ઓળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૮

એક કુંકે અસંખ્યા જીવો રે, મરે બળ્યો હોકો એ પીવો રે;
મૂખ સોય દોરાથી શીવો, ઓળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૯

તાણી છીંકણી નાક નશીકે રે, દેખા દેખીથી સુંઘવા શીખે રે;
મરે કીડી મંકોડી અનેકે, ઓળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૧૦

લેશ નેત્રોને લાભ ન જાણો રે, કહે કુશળ વોહ પ્રમાણો રે;
ઓઢો હાથે ન પાપની ખાણો, ઓળે કુળ બાપનું બહુ વ્યસની રે; ૧૧

બુરી હાજતને ઝટ બાળો રે, કદી ડાઘ ન લાગે કાળો રે;
બાંધો ધર્મરૂપી શુભ માળો, ઓળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૧૨

લેશ કાવ્યકળા નવ જાણું રે, ગુરૂરાજ પસાએ રચાણું રે;
જોયુ કેશવે તેવુ લખાણું, ઓળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૧૩

શાસન સમાચાર

મુંબઇ–જૈન શાસનના જગવિખ્યાત જ્યોતિર્ધર પૂ.પાદ આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના ૪૪ મા શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી તત્વદર્શનવિજયજી મ. સાહેબે ૨૦૫૨ ની સાલના ચોમાસામાં દેવકરણ મેન્શનના શ્રીસંઘ ઉપર જબરજસ્ત ઉપકાર કર્યો છે. પર્યુષણ પૂર્વે શ્રી શંખેશ્વર–પાર્શ્વનાથ પ્રભુના અઠ્ઠમના ત્રણે દિવસ અને આ ચોમાસાની ઓળીના નવે દિવસ દરરોજ છેક ચંદનબાળા (વાલકેશ્વર)થી દેવકરણ મેન્શન પધારીને તેઓશ્રીએ પ્રવચનગંગા વહાવી હતી. પર્યુષણા મહાપર્વની આરાધના તો આઠે દિવસ પૂ. મુ. શ્રી પુણ્યવર્ધન વિ. મ. સાથે સ્થિરતા કરીને એવી અપૂર્વ કરાવી હતી કે એક ઇતિહાસ રચાઇ ગયો. અપૂર્વ પ્રવચનો, શ્રોતાજનોની અપૂર્વ સંખ્યા, અપૂર્વ સ્વપ્ન ઉછામણી, અપૂર્વ તપસ્યા, અને અપૂર્વ ઉલ્લાસ, ચઢતે રંગે સાત દિવસ પૂરા થયા ત્યારે સંવત્સરીના અંતિમદિને એક નવું શિખર સર થયું: સંવત્સરીને દિવસે સૌ પ્રથમવાર ૨૭૦ ની ઉત્કૃષ્ટ સંખ્યામાં પૌષધ થયા. પર્યુષણ પછી વરઘોડો અને સ્વામી વાત્સલ્ય પણ તેઓશ્રીની નિશ્રામાં ૪ ઠાઠમાઠથી થયા. અને સૌથી વધુ તો મુનિશ્રીએ નિર્ભયતાપૂર્વક દર્શાવેલો સન્માર્ગ અનેકોના હૈયે સોંસરવો ઉતરી ગયો. છેલ્લે છેલ્લે નવા વરસના નવલા પ્રભાતે નવસ્મરણ અને માંગલિક પ્રવચન ફરમાવીને તેઓશ્રીએ એક વધુ ઉપકાર કર્યો. શાનદાર આરાધનાનો યાદગાર સ્વાદ શ્રી સંઘને એવો તો ભાવી ગયો કે આવતી સાલની પર્યુષણાદિ આરાધનાઓ માટે શ્રીસંઘે અત્યારથી વિનંતિ કરી રાખી છે.

લી. શ્રી પ્રિન્સેસ સ્ટ્રીટ ચાલ જૈન સંઘ ટ્રસ્ટના
ટ્રસ્ટી મંડળ તથા આરાધક ભાઇઓ.

શિવગંજ શહેર ધન્ય બના. રાજસ્થાનના પ્રાણ હવે પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિ. કમલરત્ન સૂ. મ. સા. બન્યા.

પોતાના બંને શિષ્યોને પંન્યાસપદવી આપવા પ. પૂ. ઉપાધ્યાયપ્રવરશ્રી કમલરત્ન વિ. મ. શિવગંજ પધારી રહ્યાં હતા. શિવગંજ સંઘવાલા કાર્તિક વદ ૧૦ તા. ૫–૧૨–૬૬ ને પૂ. ગુરૂદેવશ્રીની અગવાની કરવા ઝાડોલી ગયેલ. ત્યાં આચાર્યપદવીના નવા સમાચાર મલતાં જ એમના મનમયુર નાચવા માંડયા. અને પૂ. અધ્યાત્મયોગી મુનિરાજ શ્રી મલ્લિષેણ વિ. મ.ને આચાર્યપદવી આપવા માટે પધારવા વિનંતિ કરવા ઝોડીજી તીર્થે ગયેલ. ત્યાં એમને વિનંતી સ્વીકારી એ મંગલતું શુભસૂચક પ્રથમ પગથિયું હતું.

કાર્તિક વદ ૧૧ દિ. ૬-૧૧-૯૬ થી શિવગંજ નગરમાં અઠ્ઠાઈ મહોત્સવ પ્રારંભ અને ૧૭ છોડનું ઉજમણાંની શરૂઆત થયેલ. આજે વ્યાખ્યાનમાં ૧૦ નું સંઘપૂજન થયેલ. કાર્તિક વદ ૧૨ દિ. ૭-૧૧-૯૬ ને કુંભસ્થાપનો પાટલાપૂજન થયેલ. કાર્તિક વદ ૧૩ દિ. ૮-૧૧-૯૬ ના દિવસે પૂ. ઉપાધ્યાય શ્રી કમલરત્ન વિ. મ. નો વાજતે ગાજતે સામૈયા સાથે નગર પ્રવેશ થયેલ.

અઠ્ઠાઈ મહોત્સવમાં રોજ દેશસર, ઉપાશ્રય આગલ શરણાઈ અને વાજા વાગતા હતા એથી વાતાવરણમાં અપૂર્વ જોસ આવેલ.

પૂ. ઉપાધ્યાયશ્રીની આચાર્યપદવી માટે ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી સુદર્શન-રાજતિલક-મહોદય સૂ. મ. ના શુભ આશીર્વાદ પ્રાપ્ત થયેલ. તદુપરાંત પ. પૂ. સરલ-સ્વભાવી આ. ભ. શ્રી વિજય રવિપ્રભ સૂ. મ., પ. પૂ. વાત્સલ્યનિધિ આ. ભ. શ્રી વિ. મહાબલ સૂ. મ. તથા પ. પૂ. સિદ્ધાંતદિવાકર આ. ભ. શ્રીમદ્ વિ. પુણ્યપાલ સૂ. મ.એ ખૂબ અનુમોદના કરેલ. પૂ. ઉપાધ્યાયશ્રીજીના ગુરૂદેવ પ. પૂ. મેવાડદેશોદ્ધારક આ. ભ. શ્રી જિતેન્દ્ર સૂ. મ.ના શુભ આશીર્વાદ પ્રાપ્ત થયેલ તેનો અક્ષરશઃ નીચે ઉતારો કરેલ છે.

વિનયાદિ ગુણવાન મુનિશ્રી ભાવેશરત્ન વિ. જોગ અનુવંદના માગસર વદ ૧૧ દિ. ૬-૧૨-૯૬ તમારો પત્ર મલ્યો તમારા દાદાગુરૂદેવ ઉપા. શ્રી કમલરત્ન વિ., પં. શ્રી દર્શનરત્ન વિ. તથા પં. શ્રી વિમલરત્ન વિ. મ.ની આચાર્યપદવી થવાની છે. સમાચાર તમારા પત્રથી મલ્યાં છે. તમારા લખવા મુજબ વાસક્ષેપ મોકલાવેલ છે.

જૈન શાસનના ગૌરવવંતા પદે આરૂઢ થઈ શાસનને વધુ ઉપયોગી થાય એવી આશા રાખીએ છીએ. —જિતેન્દ્રસૂરિ

ઉપાધ્યાયશ્રીજીની જીવન ઝલક

જન્મ વિ. સં. ૧૯૮૭ ભાદરવા વદ ૭. દીક્ષા વિ. સં. ૨૦૨૫ વૈશાખ સુદ ૭ પિંડવાડા. ગણિપદ-વિ. સં. ૨૦૫૧ પોષ વદ ૬ શ્રી શત્રુંજય ગિરિરાજ. પંન્યાસ-ઉપાધ્યાયપદ વિ. સં. ૨૦૫૨ વૈશાખ સુદ ૬-૭ ભોરોલ.

જેમનો જીવન સૂર્ય સમાન તેજસ્વી છે. મન ચંદ્ર સમાન છે. આચાર સુવર્ણ સમાન નિર્મલ છે. વિચાર સાગર સમાન ગંભીર છે. વાણી અધ્યાત્મયુક્ત છે. બીજાઓ માટે કુલથ અધિક કોમલ છે અને પોતાના સંયમની સાધના અતિકઠોર છે. અનેક જીવોના તારક, મહાન તપસ્વી રાજસ્થાનના પ્રાણ પરમ પૂજ્ય ઉપાધ્યાયપ્રવરશ્રી કમલરત્ન વિ. મ. સાહેબને આચાર્યપદવી અલંકૃત કરી નવકારના ત્રીજા પદે આરૂઢ કરવાના મહોત્સવની

જોરદાર તૈયારીયો ચાલી. આ પ્રસંગ શિવગંજ નગર માટે સર્વપ્રથમ હતો. જે પ્રસંગ શિવગંજના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે સદા અંકિત થઇ ગયો. આ પ્રસંગે શિવગંજનગરમાં નવો રેકોર્ડ સ્થાપિત કર્યો.

પ. પૂ. અધ્યાત્મયોગી મુનિરાજશ્રી મલ્લિષેણવિજયજી મ.નો માગસર સુદ ૧ ના દિવસે સવારે શુભમુહુર્ત વાજતે ગાજતે પ્રવેશ થયો. એક જ દિવસમાં આચાર્યપદવીની પત્રિકા છપાવી પૂરા હિન્દુસ્તાનમાં મોકલી.

પત્રિકામાં ઓસવાલ જૈન સંઘ શિવગંજ વિનંતિ કરેલ કે–

સાધર્મિક બંધુશ્રી... સસ્નેહ જયજિનેન્દ્ર.....

અમારા હૃદયમાં આનંદનો મહાસાગર હિલોરા લઇ રહ્યો છે. કારણ કે અમારા ભાગ્યોદયે શિવગંજ નગરના ઇતિહાસમાં સર્વપ્રથમ આ અનુપમ અવસર આવેલ છે. આવું લાગે છે કે–પરમ કૃપાવંત પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. અને પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ની કૃપાવૃષ્ટિ થઇ રહી છે. આથી જ તો પૂજ્યગચ્છાગ્રણી આ. ભ. શ્રીમદ્ વિજય સુદર્શન–રાજતિલક–મહોદય સૂ. મ. સા.ના શુભ આશીર્વાદથી પરમપૂજ્ય મેવાડદેશોદ્ધારક આ. ભ. શ્રીમદ્ વિજય જિતેંદ્ર સૂ. મ. સા.ના સુશિષ્ય પરમ પૂ. ઓજસ્વી ઉપાધ્યાયપ્રવર શ્રી કમલરત્ન વિ. મ. ને વિ. સં. ૨૦૫૩ માગસર સુદ ૩ દિ. ૧૩–૧૨–૯૬ ની સવારે મંગલ મુહુર્તે શિવગંજ પેચકાવાલી ધર્મશાલાના વિશાલ–પટાંગણમાં આચાર્યપદવીથી અલંકૃત કરવામાં આવશે. આ પ્રસંગે શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન સહિત અષ્ટાન્હિકા મહોત્સવનું પણ આયોજન કરેલ છે. આ ભવ્ય મહોત્સવને જોઈને પોતાના જીવનને ધન્ય બનાવશો.

આ મંગલમય પ્રસંગે આપ સર્વેને પરિવાર સહિત પધારવા અમારૂં હાર્દિક આમંત્રણ છે. લિખી.

ઓસવાલ જૈન સંઘ, શિવગંજના સબહુમાન જય જિનેન્દ્ર વાંચશોજી.

માગસર સુદ ૨ દિ. ૧૨–૧૨–૯૬ ના દિવસે આચાર્યપદવી પંન્યાસપદવી તથા તથા ઉપધાન માલનો વરઘોડો (જુલુસ) નિકલેલ.

માગસર સુદ ૩ દિ. ૧૩–૧૨–૯૬ નો મંગલકારી દિવસ ઉગ્યો. આજે ભરચક બજાર જ્યાં ચાલે, મુંબઇ જેવો બાજાર જ્યાં છે ત્યાં અર્ધા દિવસ સુધી આખો બાજાર બંધનું એલાન થયેલ. આજે સ્વામિવાત્સલ્યનો લાભ શા જેતમલજી જેસાજી કુગણીવાલાના

બેટા પોતા તરફથી થયેલ. આજે સવારે વાજતે ગાજતે શિવગંજની બધી શેરીયેામાં પ્રભાત ફેરી નિકલેલ. અને વાજતે ગાજતે પૂ. ગુરૂભગવંતોને નગરની શેરીઓમાં થઇ ક્રિયામંડપમાં લઇ જવામાં આવેલ. વિશાલ મેદાન પણ સાંકડું બની ગયેા. અનેક બસેા આ પ્રસંગે આવેલ, પિંડવાડા, ઉદયપુર, મુંબઇ, ભૂવલસાગર, આડેાલી, પાલી દાંતરાઇ, મદ્રાસ આદિથી અનેક ભાગ્યવંતેા પધારેલ. આ પ્રસંગે શિવગંજવાલાને એવેા રંગ લાગ્યેા કે વધુ બેાલીઓ બેાલી શિવગંજવાલાએ લાભ લીધેલ.

(૧) આચાર્ય ભગવંતનું નામ જાહેર કરવાની-પૂ.શ્રીના સંસારી ભાઇએા શાહ ધર્મચંદજી પુખરાજજી કિસ્તુરચંદજી હંસરાજજી પરિવાર (પિંડવાડા)એ લીધેલ.

(૨) સ્થાપનાચાર્ય વહેારાવવાની બેાલી-શા કિસ્તુરચંદજી હંસરાજજી પરિવાર (પિંડવાડા) વાલાએ લીધેલ.

(૩) સૂરિમંત્રપટ વહેારાવવાની બેાલી-શા લલિતકુમાર રામચંદ્રજી (લુણાવા)એ લીધેલ.

(૪) મંત્ર ગણવાનેા રેશમી ચેાલપટ્ટાની બેાલી-શા મિશ્રીમલજી રમેશચંદ્રજી (રોહિડા)વાલાએ લીધેલ.

(૫) નેાકારવાલી વહેારાવવાની બેાલી-શા લલિતજી રાયર (શિવગંજ) વાલાએ લીધેલ.

પૂ. મુનિરાજ શ્રી મહિલપેણુ વિ. મ.ને કામલી વહેારાવવાની બેાલી-શા ચાંદમલજી વઠિલ (શિવગંજ) વાલાએ લીધેલ. ગુરૂપૂજનની બેાલી-શા સરેમલજી હીરાલાલજી (શિવગંજ) વાલાએ લીધેલ.

બંધુબેલડીની આચાર્યપદવી પછી બે પંન્યાસ પદવીઓ થયેલ

આગમમર્મજ્ઞ દિવાકર પૂ. પં. શ્રી દર્શનરત્ન વિ. મ.ની ઉજ્જવલ યશોગાથા

જન્મ વિ. સં. ૨૦૧૧ અષ૮ વદ ૭ તા. ૧૨-૭-૫૫ દીક્ષા-વિ. સં. ૨૦૨૫ વૈશાખ સુદ ૭ ગણિપદવી-વિ. સં. ૨૦૫૧ પેાષ વદ ૬ ગિરિરાજપર પંન્યાસપદવી-વિ. સં. ૨૦૫૩ મા. સુદ ૩.

ન્યાયવિશારદ પં. શ્રી વિમલરત્નવિજયજી ગણિવરની ઉજ્જવલ યશોગાથા

જન્મ વિ. સં. ૨૦૧૪ મા. સુદ ગુરૂવાર તા. ૫-૧૨-૫૭ દીક્ષા-વિ. સં. ૨૦૨૫ વૈ. સુ. ૭ ગણિપદવી-વિ. સં. ૨૦૫૧ પેાષ વ. ૬ શ્રી શત્રુંજય ગિરિરાજ પંન્યાસપદવી વિ. સં. ૨૦૫૩ મા. સુ. ૩.

પૂ. પંન્યાસજી શ્રી દર્શનરત્ન વિ. મ.ને કામલી ઓઢાડવાની બેાલીનેા લાભ શા

લાલચંદજી ચેનમલજીએ (શિવગંજ) લાભ લીધેલ. વર્ધમાન વિદ્યાનો પટ વહોરાવવાનો લાભ શા કિસ્તુરચંદ હંસરાજજી પરિવાર (પિંડવાડા)એ લીધેલ. રેશમી ચોલપટ્ટો–શા ભાગચંદજી પુનમચંદજી શિવગંજવાલાએ લીધેલ. માલા–શા જુહારમલજી માંગીલાલજીએ (શિવગંજ) લાભ લીધેલ. આસન–શા સુમનલાલજી ખીમચંદજી પાલરેચા પરિવારે લાભ લીધેલ.

પૂ. પં. શ્રી વિમલરત્ન વિ. ગણિવર્યની પંન્યાસપદવીની કામળીની બોલી, એ લાભ લીધેલ. વર્ધમાન વિદ્યાનો પટ–શા બાબુલાલજી વીરચંદજી બંગડીવાલાએ લાભ લીધેલ. રેશમી ચોલપટ્ટાની બોલી–શા ભાગચંદજી પુનમચંદજીએ લાભ લીધેલ. માલા–શા ધનરાજજી કપુરચંદજી બંગડીવાલાએ લાભ લીધેલ. આસન–શા કિસ્તુરચંદજી હંસરાજજી પિંડવાડાવાલાએ વહોરાવેલ.

જેમના મંગલમય આશીર્વાદે અનેકોના જીવનમાં સદૈવ સફલતાના પુષ્પ પાથર્યા જેમની સુશિક્ષાઓએ અનેકોના જીવનને સદૈવ આલોકિત કરેલ છે. એ સાધના પથના સજાગ પાથક પરમ શ્રધ્ધેય ગુરૂદેવ આચાર્યપદ પર આરૂઢ થઇ અમારા પર કૃપાદૃષ્ટિ વધારે.

જેટલા પણ મહાપુરૂષ આ જગતમાં આજ સુધી થયેલ છે અને ભવિષ્યમાં થશે. તેઓ ભુલા ભટકેલ સંસારી જીવો માટે પ્રકાશસ્તંભનું કામ આપે છે. તેઓ ત્યાગના પદાર્થ બતાવે છે. તેઓ અભાગિઆ જીવોના આધાર અને ભુલે ભટકેલ જીવોને માર્ગદર્શક હોય છે. પ્રેમ–ભક્તિ અને ઉચ્ચભાવો તેઓના જ હૃદયથી પ્રવાહિત થાય છે. તેઓ સત્યવાદી અને સત્યના વ્યાખ્યાતા હોય છે. કેવી પણ કઠોર કુત્સિત ભાવના કેમ ન હોય એમની સામે નાશ પામી જાય છે. તેઓ પોતાના તપના બલે પોતાના અને પરાયા તાપોને હરનારા હોય તે સદ્‌ગુણોના વ્યાપારી અને સંજીવની બુટી જેવા હોય છે અને ભુમણ્ડલના ભુષણ હોય છે અને જગતથી પર હોય છે. અલૌકિક સાધનાઓના સ્વામી હોય છે. એ મહાપુરૂષોના દુનિયાદિ માયા, મમતા અને અન્ય કોઇ પણ સંસારનું પ્રલોભન કયાંય હોતું નથી. તેઓ કષ્ટોને ધીરતા, વીરતા, ગંભીરતા અને પ્રસન્ન ચિત્તતાથી સહન કરે છે.

કવિ કહે છે કે–

વિષયોંકી આશા નહીં, જિનકે સામ્યભાવ ધન રખતે હૈ,
નિજ પર કે હિત સાધન મેં જો, નિશદિન તત્પર રહતે હૈ ।૧।
સ્વાર્થત્યાગ કી કઠિન તપસ્યા, બિના ખેદ જો કરતે હૈ,
ઐસે જ્ઞાની સાધુ જગતકે, દુઃખ સમુહ કો હરતે હૈ ।૨।

રહે સદા સત્સંગ ઉન્હીં કા, ધ્યાન ઉન્હી કા નિત્ય રહે,
ઉનહી જૈસી ચર્યા મેં યહ, ચિત્ત સદા અનુરક્ત રહે ॥૩॥

એવા ત્યાગી, બ્રહ્મચારી અને જિનશાસન-પ્રચારક પૂ. નીય પૂ. આ. ભગવંત શ્રીમદ્ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂ. મ. સા. ને ભાવભરી વંદના...

પરમ પૂજ્ય સુવિશાલ ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂ. મ.એ પોતે સ્વહસ્તાક્ષરથી પત્ર લખી નુતન-આચાર્ય ભગવંતોને શિષ્યરત્નની પ્રાપ્તિ થવાથી ભાગ્યશાલી કહ્યાં છે તેનો અક્ષરશઃ ઉતારો નીચે મુજબ છે.

૨૦૪૧ના ભાદરવા વદ ૨ મંગલવાર.

વિનયાદિગુણગણાલંકૃત મુનિરાજ શ્રી કમલરત્નવિજયજી યોગ અનુવંદના સુખ શાતા સાથે લખવાનું કે-તમારો આલોચના પત્ર મલ્યો. આલોચનામાં ૨૦૦૦૦૦ સ્વાધ્યાય. તમો ભાગ્યશાળી છો કે તમો પણ સંયમ પામ્યા અને તમારા પુત્રરત્નને પણ તમે પમાડયું. તમારે સુપુત્ર સંયમ અને સ્વાધ્યાયનો પ્રેમી છે. તેમની સંયમયાત્રા સારી રીતે પાર પડે અને તે સુંદર સ્વાધ્યાય કરી શાસનની સાચી આરાધના કરતા કરતા શાસનનો રક્ષક અને પ્રભાવક બને એવી તેની સઘલી પ્રવૃત્તિમાં સારા સહાયક બની પોતાના આત્માની મુક્તિ નજીક બનાવી અનેક ભવ્ય જીવોની પણ મુક્તિ ખૂબ ખૂબ નજીક બનાવો એક એજ એકની એક સદા માટેની શુભાભિલાષા સહવર્તી સૌને અનુવંદના સુખશાતા જણાવી આરાધના અને સ્વાધ્યાયમાં અપ્રમત્ત બનવાનું જણાવશો.

પૂ. આ. ભ. શ્રી કમલરત્ન સૂ. મ.ના ચાતુર્માસની યાદી.

૧ વિ. સં. ૨૦૨૫-નાગોર, ૨ વિ. સં. ૨૦૨૬-માંડવલા, ૩ વિ. સં. ૨૦૨૭-ચાંદરાઇ, ૪ વિ. સં. ૨૦૨૮-મોકલસર, ૫ વિ. સં. ૨૦૨૯-ગઢસિવાના, ૬ વિ. સં. ૨૦૩૦-પિંડવાડા, ૭ વિ. સં. ૨૦૩૧-પાલી, ૮ વિ. સં. ૨૦૩૨-તખતગઢ, ૯ વિ. સં. ૨૦૩૩-પિંડવાડા, ૧૦ વિ. સં. ૨૦૩૪-માંડવલા, ૧૧ વિ. સં. ૨૦૩૫-પાડીવ, ૧૨ વિ. સં. ૨૦૩૬-પિંડવાડા, ૧૩ વિ. સં. ૨૦૩૭-સાબરમતી, ૧૪ વિ. ૨૦૩૮-પાડીવ, ૧૫ વિ. સં. ૨૦૩૯-મેવાડ, ૧૬ વિ. સં. ૨૦૪૦-કોશીથલ, ૧૮ વિ. સં. ૨૦૪૧-ઇન્દોર, ૧૮ વિ. સં. ૨૦૪૨-રતલામ, ૧૯ વિ. સં. ૨૦૪૩-શ્રીપાલનગર (મુંબઇ) ૨૦ વિ. સં. ૨૦૪૪-મુંડારા, ૨૧ વિ. ૨૦૪૫-ઠાંતરાઇ, ૨૨ વિ. સં. ૨૦૪૬-વાપી, ૨૩ વિ. સં. ૨૦૪૭-તખતગઢ, ૨૪ વિ. સં. ૨૦૪૮ (રાજસ્થાન), ૨૫ વિ. સં. ૨૦૪૯-ગુજરાત, ૨૬ વિ. સં. ૨૦૫૦-સુરેન્દ્રનગર, ૨૭ વિ. સં. ૨૦૫૧-ઉદયપુર, ૨૮ વિ. સં. ૨૦૫૨-સાબરમતી.

આજે ઉપધાનની માલ થયેલ તેની ઉછામણી નીચે મુજબ થયેલ.

૧ ભગવાનના મુનિમ બનવાની બોલી–ગૌતમકુમાર સેવગેાનીવાસ (શિવગંજ) વાલાએ લાભ લીધેલ.

૨ ચઢાવેા બેાલનારનેા બહુમાન કરવાની બેાલી–સુરેશકુમાર ભંવરલાલે લાભ લીધેલ

૩ સ્વામિવાત્સલ્યનેા લાભ મલુકચ દજીનું બહુમાન–ભુરમલજી વિલાયતીવાસ (શિવગંજ) એ લાભ લીધેલ.

૪ ચંપાબાઈ મલુકચંદજીનું બહુમાન શા ચેનમલજી ગુલાબચંદજી(વાલી)એ લીધેલ,

૫ પત્રિકામાં જયજિનેન્દ્ર લખવાની બેાલીનેા લાભ–શા દેવીચંદજી ધુલાજી (શિવગંજ) એ લીધેલ-

૬	પહેલી	માળ–શા દીપચંદજી જેતમલજી	શિવગંજ
૭	બીજી	,, સુરેશકુમાર	સાંથુવાલા
૮	ત્રીજી	,, શા વાસ્તમલજી ભુરમલજી	જોયલા
૯	ચેાથી	,, શા બાબુલાલજી ભબુતમલજી	શિવગંજ
૧૦	પાંચમી	,, શા ધનરાજ કપૂરચંદજી	,,
૧૧	છઠી	,, શા મેાતીલાલજી જીવરાજજી	,,
૧૨	સાતમી	,, શા દેવીચંદજી કેશરીમલજી	નેાવી
૧૩	આઠમી	,, શા મલુકચંદજી જેતમલજી	કુગણી
૧૪	નવમી	,, શા વાલચંદજી કિશનલાલ	સુમેરપુર
૧૫	દશમી	,, શા સુકનરાજજી નિલમચંદજી પાલરેચા	શિવગંજ
૧૬	અગ્યારમી	,, શા હુકમીચંદ મુલતાનમલજી	સુમેરપુર
૧૭	બારમી	,, શા માણેકચંદજી દલીચંદજી	પિંડવાડા
૧૮	તેરમી	,, શા સાકલચંદજી માણેકચંદજી	,,
૧૯	ચૌદમી	,, શા બાબુલાલ ભબુતમલજી	શિવગંજ
૨૦	પંદરમી	,, શા વરદીચંદજી	મંડાર
૨૧	સેાલહવી	,, શા માણેકચંદજી દલીચંદજી	પિંડવાડા
૨૨	સતરમી	,, શા વસ્તિમલજી	શિવગંજ
૨૩	અઢારમી	,, શા ઝવેરચંદજી ત્રિકમચંદજી	પેાસાલિયા
૨૪	ઓગણીસમી	,, ખુશદિલસિંહજી	ઉદયપુર

એના પછી હિતશિક્ષા વગેરે આપી ગુરૂભગવંતે સર્વમંગલ કરેલ. આજે જ સાંજે પૂ. આ. ભગવંત આદિ વિહાર કરી વડગામ પધાર્યા હતા. ત્યાંથી પેાતાના શિષ્યને ઝાડેાલી વર્ષગાંઠ ઉપર તથા કાછેાલી ટેરાસરની વર્ષગાંઠ તથા રોહીડા અટ્ઠાઇ મહેાત્સવ માટે મેાકલ્યા હતા.

ખરેખર વર્ણન કરવા માંડે તો કેટલાં પાપ પ્રગટ થાય ? આવા સુખ પાછળ દોડવું તે વ્યાજબી છે કે ગેરવ્યાજબી છે ?

આ પૈસા મને જે વળગ્યા છે તે ભૂંડામાં ભૂંડા છે. દુર્ગતિમાં લઇ જનાર છે માટે છોડવા જેવા છે. આવી ભાવનાથી ધનથી છૂટવા દાન ધર્મ કરે અને રાતીપાઇ ખરચે તો તેની કિંમત છે. અને ખ્યાતિ-કીર્તિ-પ્રતિષ્ઠાદિ માટે લાખો રૂા. ખરચે તો તેની કોઇ કિંમત જૈનશાસનમાં નથી. ભગવાનનું શાસન સંસારથી છોડાવી મોક્ષે પહોંચાડનાર છે. લક્ષ્મી સંસારમાં ભટકાવી રાખનાર છે. તમે લક્ષ્મી સાથે લઢતા નથી પણ પ્રેમથી રહો છો તેથી તમે એવા બની ગયા છો જેનું વર્ણન ન થાય. લક્ષ્મીના અતિપ્રેમી તે બધા ખરાબમાં ખરાબ જે એકલા પૈસાના તે કોઇના ય નહિ. મા-બાપનાં ય નહિ, સગાભાઇ-ભાંડુના નહિ એટલું જ નહિ પણ સગી સ્ત્રીના ય નહિ. તે પૈસા ખાતર કયારે કોનો દ્રોહ કરે તે કહેવાય નહિ. માટે જ અનંતજ્ઞાનીઓ કહે છે કે, ખરાબમાં ખરાબ ચીજ સંસારનું સુખ અને તેનું સાધન પૈસો છે. તેના પર રાગ અજ્ઞાનીને થાય પણ સમજુને થાય નહિ.

તમે બધ શ્રાવક કહેવરાવો છો પણ છો નહિ માટે આ વાત હજી તમને બેસતી નથી કેમકે તમે પણ તે પૈસાના જ અતિ પ્રેમી છો. શાસ્ત્રે કહ્યું છે કે, પહેલે ગુણઠાણે આવેલ જીવ જે સામાન્ય રીતે મોક્ષનો અર્થી બન્યો છે. જેને હજી સુખ એકદમ ઉપાદેય-છોડવા જેવું લાગ્યું નથી. એટલે સુખ પર રાગ પણ છે, સુખ જોઇએ છે તે માટે પૈસાની ય જરૂર પડે છે. પણ તે માટે કોઇનો ય પોતાના માલીકનો, સ્વજનનો, મિત્રનો અને જે કોઇ વિશ્વાસ મૂકે તેનો વિશ્વાસઘાત કરવો પડતો હોય અને ધાર્યો પૈસો મળતો હોય તો તેના કરતાં ઝેર ખાઇને મરવું સારૂં પણ તેવા પૈસાથી મળતું સુખ લેવું ભુંડું આવું તે માને છે જયારે તમારો કોઇ વિશ્વાસ મૂકે તો- તેઓ જીવ લુખું-સુકું મજેથી ખાય પણ ચોપડયું ખાવા ગમે તેમ ન કરે. તેવો જીવ ધર્મ સાંભળવા લાયક છે.

જયારે આજે વર્તમાનમાં તો ધન અને ભોગ માટે અનીતિ ફૂલી ફાલી નીકળી છે, નીતિનું દર્શન થતું નથી, હિંસાનું તાંડવનૃત્ય ચાલી રહ્યું છે, જુઠ-ચોરીનો તો કોઇને ભય રહ્યો નથી, બદમાશી અને વ્યભિચારે તો માઝા મૂકી છે. નૈતિક ધોરણ સાવ નીચું ઉતરી ગયું છે. બધાનું શું થશે તે કલ્પના કરતાં ધ્રુજારી આવે છે. જયાં સુધી સુખ અને સુખનું સાધન પૈસો ભુંડો ન લાગે ત્યાં સુધી કોકાણું પડે નહિ.

(ક્રમશઃ)

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી

...ગર સૂરિ જ્ઞાન...
...રાધના કેન્દ્ર, કોબા
...પિન-382009

પ્રભુ વીર વચન

...ગર સૂરિ જ્ઞાન...
...રાધના કેન્દ્ર
...પિન-382009

સ્વ. પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

- 'ધર્મી' જીવ દરિદ્રી હોય તો ય સુખી, ધર્મી ન હોય તે શ્રીમંત હોય તોય દુઃખી.
- સુખ મારે અનો હિત તારે તેનું નામ હિત મારે તેનું નામ સુખ.
- સુખ માટે પૈસા ટકાદિની જરૂર છે તેમ નથી, પરંતુ સુખ માટે તો સારા હૈયાની જરૂર છે. જેનું હૈયું સારૂં તે સદા સુખી, જેનું હૈયું ખરાબ તે સદા દુઃખી.
- અર્થ અને કામ (સુખ અને સુખની સામગ્રી) ભૂંડા, ભૂંડાને ભૂંડા જ છે કેમકે જીવ પાસે બધું ભૂંડું કરાવનાર તે છે. અધર્મ કરાવનાર તે છે, જૂઠ-ચોરી-પ્રપંચ વિશ્વાસઘાત કરાવનાર તે છે એટલું જ નહિ પણ શાહને ચોર, શેઠ ને શઠ અને સાહેબને શેતાન બનાવનાર પણ તેજ છે.... માટે જ તે બે ભૂંડા જ છે.
- ભગવાનનો સાધુ એટલે અનુકુળતાનો વૈરી અને પ્રતિકુળતાનો સંગી.
- શ્રાવકકુળ એટલે સંસાર સાગર તરવાની નાવડી.
- રાગ એ શ્રાવકકુલનું કલંક છે. વિરાગ એ ભુષણ છે.
- વિરતી એટલે સુખ ભોગવવાની અનિચ્છા અને દુઃખ ભોગવવાની ઇચ્છા.
- સાધુતા સાચી સ્વીકાર્યા વિના, તેનું સાચું પાલન કર્યા વિના જીવ સાચો અભયદાતા થઇ શકતો નથી. અને સર્વને 'અભય' આપ્યા વિના અભય થતો નથી.

અમારી પ્રવર્તન કરાવ્યા વિના પર્વની આરાધના નિર્મળ થતી નથી.

- સધર્મિક પર જેને પ્રેમ નથી. તેને ભગવાન પર સાધુપર કે શાસ્ત્ર પર પણ સાચો પ્રેમ નથી.
- પરસ્પર ક્ષમાપના એ શ્રી પર્યુષણાપર્વનો પ્રાણ છે.
- હૈયામાં શત્રુભાવ જીવતો રહે ત્યાં સુધી સંવત્સરી પ્રતિક્રમણ સાચું થઇ શકે નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાણાવળ) C/o શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૯	૨૧+૨૨

તે મૂર્ખ જ ગણાય !

કો ચક્કવટ્ટિરિદ્ધં,
ચયઉં દાસત્તણું સમભિલસઇ ।
કો વિ રયણાઇ મુ-ત્તું
પરિગિણ્હઇ ઉવલખંડાઇ ॥

ચક્રવર્ત્તીપણાની ઋદ્ધિનો ત્યાગ કરીને દાસપણાનો અભિલાષ કોણ કરે ? રત્નોને છોડીને પત્થરના ટુકડાને કોણ ગ્રહણ કરે ? કોઇ જ ન કરે. કરે તો જેમ મૂરખ શિરોમણિ ગણાય. તેમ મોક્ષસાધક એવા મનુષ્યપણાને પામીને સંસારની સાધના કરે તે તેવો જ ગણાય ને !

卐

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
જય, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

બંધન.... બંધન.... બંધન.... !!!

— વિરાગ

મારે નથી જોઇતું કોઇનું બંધન.
મારે નથી જોઇતી કોઇની પરતંત્રતા.
મારે નથી જોઇતી કોઇની પરવશતા.
મુક્ત, સ્વતંત્ર અને સ્વાવલંબી બનીને મારે જીવવું છે.
એકાદુ બંધન વળગ્યું એટલે માનવી અકળાઇ ગયો.
એકાદની આશામાં રહેવાનું થયું એટલે માનવી પરાધીન બની ગયો.
એકાદમાં પરવશતા સહેવી પડી એટલે માનવી કાયર બની ગયો.
ખરેખર, આઝાદી-વિહોણું જીવન કોઇને ય પસંદ નથી.

હરકોઇ ચાહે છે નીલગગનના પંખીડાની જેમ આઝાદી-આઝાદી-આઝાદી...!!!

સૌ કોઇ ઇચ્છે છે બંધન વિનાનું જીવન...
બંધનથી પરતંત્રતા ઉભી થાય છે.
બંધનથી પરવશતા ઉભી થાય છે.
બંધનથી ઇચ્છિત ગતિ-રીતિ-નીતિ રૂંધાય છે.
બંધનથી મનોવાંછિત પ્રવૃત્તિ રોકાય છે.


એકાદ લાગેલું બંધન જીવને ઇચ્છાએ કે અનિચ્છાએ જ્યાં લઇ જાય ત્યાં જવું પડે છે, જેવા નાચ નચાવે તેવા નાચવા પડે છે. જેવા ખેલ ખેલાવે તેવા ખેલ કરવા પડે છે

બંધનથી મુક્તિ માટે મથતો આત્મા પોતાની સ્થિતિને તો સાવ વિસારી ગયો લાગે છે ? શરીર અને ઇન્દ્રિયો પર લાગતા બંધન માટે આત્મા કાયરતા પોકારે છે. પરંતુ આત્મા પર છાપેલા બંધનોને તે કોઇ દિવસ નિહાળે છે ખરા ?

એક નહિ આઠ-આઠ બંધનોથી ફસાયેલો હોવા છતાં આ આત્મા બાહ્ય બંધનોને છોડવા પ્રયત્ન કરે છે, પણ આંતર બંધનો તરફ દૃષ્ટિ પણ નથી કરતો. આંતર બંધનો બંધન રૂપે લાગતા પણ નથી—તેથી તેની સમક્ષ નજર શુદ્ધાં પણ નથી કરતો.

વળી, આ બંધનો આત્માની કેવી દુર્દશા કરે છે, કરી રહ્યાં છે અને

(અનુ. ટાઇટલ ૩ ઉપર)



વર્ષ : ૯] ૨૦૫૨ પોષ વદ પ્ર.-૫ મંગળવાર તા. ૨૮-૧-૯૭ [અંક : ૨૧+૨૨

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૬ ગુરૂવાર તા. ૧૬-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રકરણ ૧૪ મું) -અવ૦)

આ વાત સમજ્યા પછી મોક્ષને માટે જ ધર્મ કરનારા કેટલા જીવો મળે ? સમજવા છતાં ય મોક્ષને માટે ધર્મ નહિ કરવા દેનાર જો કોઇ હોય તો આ સંસારનું સુખ જ છે. તે સુખ એવું છે કે જીવને વચમાં જ અટકાવી નાખે છે. જ્ઞાનિઓ કહે છે કે, મોક્ષ માટે ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ કરનારા જીવને, જ્યાં સુધી તેનો મોક્ષ ન થાય ત્યાં સુધી તેને જે જોઇએ તે બધું જ મળે પણ તે જીવ તેમાં જરાપણ લેપાય નહિ. જેને દુનિયાનું સુખ જોઇએ તેને ય આ ધર્મ કરવો પડે. દુનિયાના સુખ માટે આજ્ઞા મુજબ ભગવાનનો ધર્મ કરનારો જીવ નવમા ગ્રૈવેયક સુધીનું સુખ પામી શકે છે. છતાં પણ તે ત્યાં સુખી નથી હોતો, અંતરથી દુઃખી જ હોય છે. તે સુખ પામ્યા પછી પણ સંસારમાં રખડવા જવાનો છે. આવો ધર્મ અભવી, દુર્ભવી અને ભારેકર્મી જીવો અનંતીવાર કરે છે છતાં પણ સંસારમાં જ ભટકે છે. આ વાત બરાબર યાદ રહેશે ને ?

'ધર્મ તો મોક્ષ માટે જ કરાય, સંસાર માટે કરાય જ નહિ' આ વાત બરાબર હૈયામાં કોતરાઈ ગઈ છે ? ઈતરોમાં પણ મોક્ષની વાત છે, મોક્ષની ઇચ્છાવાળા જીવો

પણ છે. પરન્તુ સાચો માર્ગ નહિ હોવાથી તેઓ ગોથા ખાય છે. મોટે ભાગે સંસારી જીવો દુનિયાના સુખ માટે જ ધર્મ કરે છે. શ્રી અરિહંતપરમાત્માના શાસનમાં રહેલા જીવો પણ જો સંસારના સુખને માટે જ ધર્મ કરતા હોય તો ઈતર મતમાં જેવા જીવો મળે તેમાં આશ્ચર્ય છે ખરું ? જે જીવો સમજે છે કે–ભગવાને કહ્યું છે કે 'ધર્મ મોક્ષ માટે જ થાય, સંસાર સુખ માટે થાય જ નહિ' તે છતાં પણ સંસારના સુખને માટે જ ધર્મ કરે છે તો તેઓ ભગવાનની આજ્ઞાની અવગણના કરે છે. તેથી તેમનો સંસાર ઘણો બાકી છે. શાસ્ત્રે તો તેમને મિથ્યાદૃષ્ટિ જ કહ્યા છે. ભગવાને જેની ના પાડી હોય તે જાણવા છતાં ય કરે તો તેને મિથ્યાદૃષ્ટિ જ કહેવાય ને ?

આલોકના સુખની ઇચ્છાથી ધર્મ કરે તેને શાસ્ત્રે વિષાનુષ્ઠાન કહ્યું છે. સંસારના સુખની ઇચ્છા ઝેરની જેમ જીવને તત્કાળ મારનારી છે. મેં એવા જીવો જોયા છે કે જેઓ જ્યારે સામાન્યાવસ્થામાં હતા ત્યારે ઘણો ધર્મ કરતા હતા. પણ ધર્મ કરતા કરતા આલોકનું ઘણું સુખ મળ્યું, ઘણા પૈસા–ટકાદિ મળ્યા તે પછી ધર્મ જ મૂકી દીધો. તે પછી મને સામે મળે તો મોં ફેરવીને જતા રહે કે હમણાં પૂછજો કે– ધર્મ કરે છે કે નહિ ? કેમ દેખાતો નથી ?' કદાચ ભેટો થઇ ગયો તો કહે કે–'સાહેબ ! હમણાં કામ છે પછી મલીશ.' આવું કહીને ગયો તે ગયો. માટે જ શાસ્ત્રે કહ્યું છે કે– આલોકનાં સુખની ઇચ્છાથી ધર્મ કરે અને પુણ્યયોગે તે સુખ કદાચ મલી પણ જાય તે જીવ ધર્મથી વિમુખ થઇ જાય.

પરલોકના સુખની ઇચ્છાથી ધર્મ કરે તો તેને ગરાનુષ્ઠાન કહ્યું છે. ગર તે એવું ઝેર છે કે જે ધીમે ધીમે મારે. તે જીવને સમજાવનાર મળે તો પણ ન સમજે. બ્રહ્મદત્ત ચક્રવર્તીને ઓળખો છો ? પૂર્વભવમાં બે ભાઇઓ હતા, સાધુ થયા. સાધુ થઇને ઘણો ઘણો તપ કરે છે. એકવાર ચક્રવર્ત્તિનું સ્ત્રી રત્ન વંદન કરવા આવ્યું હતું. તેના કેશનો સ્પર્શ બ્રહ્મદત્તના જીવને થયો. તે સ્પર્શ ગમી ગયો અને બહુ સારો લાગ્યો તેથી નિયાણું કર્યું કે–'મારા ધર્મનું ફળ હો તો આવું સ્ત્રીરત્ન ભવાંતરમાં મળો.' ભાઇ મુનિ સાથે જ હતા. તેમને ઘણું સમજાવે છે પણ સમજવા, વાત સાંભળવા પણ તૈયાર થતા નથી. ત્યાંથી મરીને બન્ને દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવીને જેમણે નિયાણું કરેલ તે બ્રહ્મદત્ત ચક્રવર્તી થયા અને બીજા ભાઇ મુનિનો જીવ શ્રેષ્ઠીપુત્ર તરીકે ઉત્પન્ન થયો. વૈરાગ્યને પામીને દીક્ષા લીધી અને સુંદર પ્રકારે આજ્ઞા મુજબ સાધુધર્મનું પાલન કરતા તેમને અવધિજ્ઞાન પેદા થયું. તે પછી વિચાર્યું કે મારા ભાઇ મુનિ ક્યાં ઉત્પન્ન થયા છે ? અવધિજ્ઞાનથી જોયું કે–બ્રહ્મદત્ત ચક્રવર્ત્તી તે જ મારા ભાઇ મુનિ છે. તેમને સમજાવવા માટે તે અવધિજ્ઞાની મુનિ તેની રાજધાનીમાં આવ્યા છે. તે મુનિને જોતાં

ચક્રવર્તિને ભાઇ તરીકે ઘણો પ્રેમ થયો છે. મુનિ તેમને ઘણો ઉપદેશ આપે છે, ઘણું સમજાવે છે પણ કશી અસર થતી નથી. ઉપરથી ચક્રવર્તી મુનિને કહે છે કે-'ધર્મથી જે સુખ જોઇએ તે બધું સુખ મને મલી ગયું છે. તમે ય સુખ ભોગવવા આવો આપણે બંન્ને ભેગા થઇને આ સુખ ભોગવીએ તમેય શા માટે આવું કષ્ટ વેઠો છો?' આ સાંભળીને મુનિએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું કે- નિયાણું કર્યું તેનું આ ફળ છે. 'अनाद्येोऽयम्' એમ માનીને તે મુનિ ચાલ્યા ગયા. આ સંસારનું સુખ એવું છે કે, પક્કો નિર્ણય ન હોય તેને કદી મોક્ષ માટે ધર્મ કરવા દે જ નહિ.

રાજા : ભાઇ મુનિએ બ્રહ્મદત્તચક્રવર્ત્તિને સમજાવવા વધુ મહેનત કેમ ન કરી?

મં. : ચક્રવર્ત્તી તો મુનિને ય ઘરે બેસાડવા માગે છે. મારી સાથે તમે ય સુખ ભોગવો તેમ કહે છે. આવા જીવોનો ઉપદેશ અપાય? વિશિષ્ટ જ્ઞાનિઓ પોતાના જ્ઞાનમાં લાભ દેખે તો જ સામા જીવને ઉપદેશ આપે, નહિ તો ન આપે. તમે અમને ય અમારા ધર્મથી ચૂકવવા માગો તો અમે ય તમને ઉપદેશ ન આપીએ. તમને અહીંથી કાઢી ન મૂકીએ પણ તમારી ઉપેક્ષા તો જરૂર કરીએ. આવા જીવો અહીં ન આવે તેમાં જ તેનું કલ્યાણ છે.

આજે સારા સારા હોંશિયાર અને શ્રીમંત માણસો પણ કહે છે કે-'આ કાળમાં અનીતિની વાત કરો તે ન ચાલે. આજે અનીતિ કર્યા વગર તો જીવાય તેમ નથી. નીતિ કરે તે તો ભુખે જ મરી જાય.' તો તેમની આ વાત હું સાચી માની લઉં? તમારા બધાના હૈયામાં પણ આ જ વાત છે. તેથી આજના શ્રાવકવર્ગમાંથી, અનીતિ ન કરતા હોય તેવા કેટલા શ્રાવકો મળે? તમને પૂછીએ તો ગલ્લાં-તલ્લાં જ કરો છો.

આજના કોટિપતિ પાસે ય અનીતિ બંધ કરાવવી હોય તો મને લાગે છે કે- સાધુ પાસ ફાવે નહિ. તે તો કહે કે-'સાધુને ય દેશકાળની ખબર નથી. આ દેશકાળમાં તો રાજની ય ચોરી કર્યા વગર તે ચાલે?' રાજની ચોરી તે મોટામાં મોટી ચોરી કહી છે, શાસ્ત્રે તેનો નિષેધ કર્યો છે કે- રાજની ચોરી તો કરાય જ નહિ, તેવી ચોરી કેટલા શ્રાવકો નહિ કરતા હોય? રાજની ચોરી કર્યા વિના તો સુખી થવાય જ નહિ એમ ઘણા લોકો કહે છે. સુખી થવું તેને રાજની ચોરી કરવી પડે તેમ મોટા ગણાતા લોકો બોલે છે તો તેઓને સમજાવી શકાય ખરા? પાંચમા આરામાં પણ અનીતિથી બચવું હોય તો બચી શકાય તેમ જે કહ્યું છે તે ખોટું છે? જે માર્ગાનુસારી પણ ન હોય તેને આ ધર્મ કદી રૂચે નહિ. તે ધર્મ સાંભળે તો ય મરતાં સુધી અનીતિ આનંદથી કરે, તે બહુ સુખી હોય તો ય અને તેની પાસે ઘણા પૈસા હોય તો પણ.

આજે અમને ઘણા પૂછે છે કે, જૈનોમાં પણ નીતિમાન કેમ મળતા નથી ? તો મારે કહેવું પડે છે કે– તે બધા ધર્મ પામેલા નહિ હોય હજી ગરીબોમાં આ વાત માનનારા મળી આવશે પણ શ્રીમંતો તો અમારી વાત માનતા તો નથી પણ મશ્કરી કરે છે અને મજેથી અનીતિ કરે છે.

સભા : ગરીબનો પુણ્યોદય જાગૃત થાય અને કસોટી થાય તો ખબર પડે.

ઉ. : વખતે તે ય તમારા જેવો હોય તો ફરી પણ જાય. માટે તો રોજ સમજાવું છું કે–'શ્રીમંતાઇ તે પાપ છે. શ્રીમંતાઇ આવી તો ગાંડપણ આવ્યું. શ્રીમંત થવાની ઇચ્છા તે જ પાપ.' જે શ્રીમંતને શ્રીમંતાઇ ભૂંડી લાગે તો જ તે બચી શકે બાકી તે પાગલ થયો સમજો. ઘરમાં રહેલા શ્રાવકને લક્ષ્મી વગર ચાલે નહિ, આજીવિકાનું સાધન ન હોય તો તે મેળવવી પડે, છતાં પણ શ્રાવક તેને માટે અનીતિ તો ન જ કરે લુખ્ખું ખાય પણ ચોપડ્યું આવા અનીતિ ન કરે.

પરલોકને માનનારા કેવા હોય છે તેની વાત કરવી છે. જે લોકો અહીં સુખી હોવા છતાં અધિક પૈસા મેળવવા પાપ કરે છે, મોજમઝાદિ કરે છે તે લોકો તો પરલોકને માનતા નથી. તમે બધા પરલોકને માનો છો ?

સભા : આપને શંકા છે ?

ઉ. : હા, બહુ શંકા છે માટે તો પૂંછુ છું.

'મારે દુર્ગતિમાં જવું નથી તે દુઃખથી ડરીને પણ ધર્મ ન થઇ શકે માટે અને સદ્ગતિમાં જવું છે તે સુખ મળે માટે નહિ પણ ધર્મ સારી રીતે કરી શકું માટે' આવા વિચારવાળા જીવો જોઇએ છે. તો આવા વિચારવાળા જીવો કેટલા મળે ?

સભા : બધા જ.

ઉ. : મને તો એકપણ લાગતો નથી. તેવા વિચારવાળા બધા હોત તો આવા પાપ મજેથી કરત ખરાં ? 'કરવાં પડે છે માટે અમે તે બધાં પાપ કરીએ છીએ' તેવો બચાવ પણ તમે કરી શકો તેમ નથી. તમે બધા અનીતિ–રાજની ચોરી કરવી પડે માટે કરો છો કે મજેથી કરો છો ? જેને ન છૂટકે પાપ કરવું પડે તેનું તેના હૈયામાં ઘણું દુઃખ હોય અને તેના વર્તન ઉપરથી દેખાઇ આવે જ્યારે તમારામાં તો તે ય દેખાતું નથી.

માટે તો રોજ પૂછું છું કે– તમારે બધાએ મરીને ક્યાં જવું છે ? પણ કોઇ જ જવાબ આપતું નથી. અનીતિ દુઃખથી કરતાં હોય, 'આ મહાપાપ છે ક્યારે છૂટે' તેવા વિચારથી કરતા હોય તેવા જીવોનાં મારે દર્શન કરવાં છે.

(ક્રમશઃ)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૨]

—શ્રી રાજુભાઇ પંડિત

તેવાની સામે શરણાગતિ શેની ?

અને રાજા શાન્તનુએ શત્રુનો (પુત્રનો) સંહાર કરવા ભાથામાંથી તીર ખેંચી કાઢ્યું અને ધનુષ ઉપર ચઢાવ્યું.

શાન્તનુ રાજાનુ તીર ધનુષ ઉપર ચડે એ પહેલા જ ગાંગેયે (ભીષ્મ પિતામહે= પુત્રએ) વીજળી વેગે તીર છોડીને શાન્તનુના ધનુષની પણછ (દોરીને) છેદી નાંખી.

એક દિવસ અભયારણ્યમાં હરણાંના શરીરનું રૂધિર રેડાણું.

અને... ગાંગેયે કહ્યું: 'આને હું નહિ છોડું. માતા ભલેને પછી તે મારા પિતા કેમ ના હોય ? આ મારા હાથમાંથી હવે છટકી શકશે નહિ.'

૨૪/૨૪ વર્ષના વિરહાનલના સંતાપમાં તડપતા રહેલા રાજા શાન્તનુ સમય જતાં ગંગાદેવીને ભૂલી ગયા. અને પાછા હરણાઓનો શિકાર કરવા નીકળ્યા.

જંગલમાં મળેલા એક શિકારીએ રાજાને કહ્યું—આપને શિકારમાં ખુશી—ખુશી થઇ જાય એવું એક જંગલ છે. ચાલો હું તમને તે જંગલ બતાવું. પારધિની પાછળ પાછળ જતાં રાજાએ એક અભયારણ્ય જોયું. જ્યાં હિંસક પશુઓ પણ પોતાની હિંસક વૃત્તિને ભૂલી ગયા હતા. હરણો, શૂકરો, ઘોડાઓ, હાથીઓ, સિંહ, વાઘ મોતથી ડર્યા વગર મોજની જિંદગી ગુજારતા હતા.

શિકારના શોખીન શાન્તનુએ શર—સંધાન કર્યા. અને હિચકારી હિંસા શરૂ કરી. એ દિવસે અભયારણ્યમાં નિરપરાધી પશુના શરીરનું શોણિત રેડાણું.

નિરપરાધી પ્રાણીના શરીરના રેડાયેલા રક્તને જોતાં જ ગાંગેયની આંખો રોષથી લાલચોળ થઇ ગઇ. બે ભાથાવર ગાંગેયે નજીક આવીને રાજાને અટકાવતા કહ્યું ! સબૂર ! ખબરદાર ! જો હવે તીર ચલાવ્યું છે તો.

રાજાએ તે યુવાન તરફ નજર નાંખી. સાક્ષાત્ કામદેવના અવતાર જેવા રૂપ—રૂપના અંબાર જેવા તે યુવાનને કહ્યું—અમે શિકાર ખેલવાના શોખીનોને તું શા માટે અટકાવે છે ?

નવયુવા ગાંગેયે કહ્યું—'મહાભાગ ! નિરપરાધી જીવોની હિંસા કરવી યોગ્ય નથી.

તમારી જેમ જ દરેકને પોતાના પ્રાણ પ્રિય હોય છે"

રાજાએ કહ્યું–ચંચળ લક્ષ્યમાં (નિશાનમાં) આ શિક્ષા=વિદ્યા છે તે તો પૂર્વના લોકોએ 'મૃગયા' તરીકે સ્વીકારી છે. માટે તારે વધુ બોલવાની જરૂર નથી તું તો નાનો બાળક છે. મુગ્ધ છે. કોઇએ તને પ્રાણીની રક્ષા કરવાની વાતો કરીને છેતર્યો છે. માટે તું અહીંથી હટી જા. અને ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ એવા મારા આનંદને તું જો.

'તારા મૃગયાની શિક્ષા તું બીજે શીખજે. અહીંથી ચાલ્યો જા.' આટલું ગાંગેયે કહ્યું છતાં શાન્તનુએ હરણાઓને હણવાનું ચાલું રાખ્યું. ત્યારે રોષથી રોમ–રોમ સળગી ઉઠેલા ગાંગેયે રોષના હરફેરા ઉચ્ચારતા કહ્યું કે–ઠગાહિન ! શિકારી ! તને ધિક્કાર છે. બાણો છોડીને તું આ જીવોને નહિ મને જ પરેશાન કરી રહ્યો છે. હવે તું જો કે તારે આની કેવી કિંમત ચૂકવવી પડે છે ?' આમ કહીને ક્ષુરપ્ર વડે રાજાનો રથની ધજાને છેદી નાંખી. સંહાર કરી શકવાની પૂરી તાકાત હોવા છતાં ગાંગેયે ક્ષણભર માટે યાંથી રાજાના સારથિને પ્રસ્વાપના અસ્ત્ર વડે ઊંઘમાં નાંખી દીધો.

આથી ક્રોધથી સળગી ઉઠેલા રાજાએ ગાંગેય તરફ બાણોનો વરસાદ વરસાવ્યો. પણ મહાશક્તિશાળી તેણે રાજાના બાણોના અધવચ્ચે જ ટૂકડા કરી નાંખ્યા.

રાજાની ભયંકર દુર્દશા જોઇને સૈન્યએ આવીને ગાંગેયને ઘેરો ઘાલ્યો. આથી ગાંગેયે દરેક સૈનિકને બાણોથી જમણા ભાગમાં વિંધી નાંખ્યા.

આથી રાજાએ પણછ ઉપર બાણ ચડાવી શત્રુનો સંહાર કરવા તૈયારી કરી પણ તે પહેલાં જ ગાંગેયે રાજાના ધનુષની દોરીને છેદી નાંખી. રાજા શાન્તનુનો આ જેવો તેવો તેજોવધ નો'તો. રાજા હતપ્રભ થઇ ગયો.

રાજાની ગ્લાનિ દૂર કરવા આવા સમયે સંગ્રામ ભૂમિ ઉપર ગંગાદેવી આવી પહોંચ્યા. અને ગાંગેયને કહ્યું–તું કોની સામે યુદ્ધ કરે છે તેનું તને ભાન છે ? આ સામે ઉભા છે તે તારા પિતા છે.

ગાંગેયે પૂછયું–વનવાસી એવા મારા આ રાજા પિતા શી રીતે ? ?

માતાએ કહ્યું–બેટા ! એક દિવસ શિકારના વ્યસનમાંથી અટકાવવા મેં પ્રયત્ન કર્યો પણ જ્યારે કેમેય કરીને આ અટક્યા નહિ ત્યારે તરતના જન્મેલા તને લઇને હું પિતાઘરે ચાલી આવી. અને અત્યારે વન–જંગલના આ મહેલમાં રહુ છું. આથી હે પુત્ર ! આ તારા પિતા રાજા શાન્તનુ છે, પિતા સામે સંગ્રામ ન હોય વત્સ ! શસ્ત્રોને ફેંકી દે.

માતા–તમે કહો છો તેમ આ મારા પિતા હોવા છતાં ય અત્યારે તો તે હિંસ્રપ્રકારી હિંસાના કુકર્મમાં આસક્ત છે. માટે પિતા હોવા છતાં ય તે અત્યારે તો મારા માટે

પિતા નથી. ઉલટાના મારા શત્રુ છે. બચપણથી પાળેલા આ જંગલના જંતુઓને હણનારા આને હું નહિ છોડું. ચાહે ભલે પછી તે મારા પિતા હોય કે બીજું કોઇ હોય.

મારા પ્રાણથી પણ પ્યારા મારા આ પ્રાણીઓને હણવા હવે જો ઇચ્છા પણ કરશે તો આ મારા બાણથી બચી નહિ શકે. (પિતાની સામે તો સંગ્રામ નહિ પણ શરણાગતિ જ હોય માતા ! તે હું જાણું છું પણ નિરપરાધી જંતુઓ ઉપર જાનનું જોખમ ઉભુ કરનારાની સામે તો સંગ્રામ જ હોય. શરણાગતિ કદિ નહિ. હું આ સંગ્રામથી પાછો ફરી શકું તેમ નથી.)

પુત્ર ગાંગેયના વચનોથી ગંગાદેવી જ્યારે સંગ્રામ અટકાવી ના શકયા ત્યારે તે સીધા રાજા શાન્તનુ પાસે ગયા. અને રાજાને કહ્યું-'આર્યપુત્ર ! પોતાના જ પુત્રની સામે તમે આ કેવો ભીષણ જંગ માંડયો છે ?'

આટલુ સાંભળતા જ વિસ્મય-આનંદ પામેલા રાજા ધનુષ છોડી રથમાંથી ઉતરી પુત્ર તરફ દોડયા. અને ગાંગેય પણ રથમાંથી ઉતરીને સીધો જ પિતાના ચરણોમાં આળોટવા લાગ્યો.

નવયુવાન પુત્ર ગાંગેયના જન્મથી અહીં સુધીના વૃત્તાંતને કહેતા ગંગાદેવીએ કહ્યું કે-નવયુવાન આ પુત્રને તેના મામા પવનવેગે વિદ્યાભ્યાસ કરાવ્યો. પિતાના ઘરે રહેતા મને લોકો હસશે તેમ માનીને હું આ આપણા પાણિગ્રહણના મહેલે આવીને રહી છું. અહીં ચારણ મુનિઓ પાસેથી ધર્મ સાંભળીને જીવદયામાં તત્પર બનેલો આ પુત્રે અહીં અભયારણ્ય બનાવ્યું છે. અહીં ન તો કોઇ શિકારી કોઇ જીવને હણી શકે છે કે ન તો હિંસક પશુઓ એક બીજાના વેરને યાદ કરી શકે છે.'

'ચાલો દેવી આપણે ઘેર જઇએ.' આમ કહેતા શાન્તનુ રાજાના હાથમાં પુત્રને સોંપતા ગંગાદેવીએ કહ્યું : બસ હવે મારૂ મન ધર્મમાં લીન છે. આ પુત્ર તમારા ઘડપણનો સહારો બનશે.. જ્યારે ગાંગેયે પણ રાજા સાથે જવાની ના પાડી ત્યારે મહા મહેનતે ગાંગેયને સમજાવીને રાજા સાથે મોકલ્યો. માતાથી વિખૂટા પડતા પુત્ર ગાંગેય ચોધાર રડી ઉઠયો. ઘણું સમજાવ્યા પછી ગાંગેયે માતાનું વચન માન્યું. અને ઉદાસ મને રાજા સાથે ગયો. (ક્રમશઃ)

[પ્રસંગ પરિમલમાંથી] (૧)

અક્ષરનો મહિમા

— પ્રેષક—શ્રી ધર્મશાસન

અક્ષરનો મહિમા અપરંપાર છે. શબ્દની શક્તિ અચિંત્ય છે, શબ્દનો ભાવ અગમ્ય અકથ્ય અને અવર્ણનીય છે.

શબ્દો દ્વારાજ આપણે બીજાને સમજાવી શકીએ છીએ અને બીજાના ભાવને સમજી શકીએ છીએ.

'શબ્દને 'બ્રહ્મ' કહેવામાં આવે છે. સાતનયોમાં શબ્દનયનું પણ આગવું સ્થાન છે. વ્યાકરણશાસ્ત્રનો આધાર શબ્દ પર નિર્ભર છે. શબ્દો સારી નરસી અસર પેદા કરવાનું મુખ્ય સાધન છે. શબ્દોની અસર વિપરીત અર્થ થતાં અણુબોંબના ધડાકા કરતા પણ અત્યંત ભયંકર થાય છે અને જો તેની સીધી અસર માનવ કલ્યાણાર્થે થાય તો અમૃતના આસ્વાદ કરતાં પણ અધિક આનંદ ઉપજાવે તેવી છે.

શબ્દો શાંતમાં શાંત માણસને ક્ષણમાં ગરમાગરમ બનાવી મૂકે છે. અને ક્રોધીમાં ક્રોધી માણસને ઠંડાગાર બનાવી દે છે.

આમ શબ્દની શક્તિ અમાપ છે. પ્રારંભમાં શબ્દે જ સૃષ્ટિને જીવનની ઓળખ કરાવી અને આજે પણ એના વિના આચાર વિચાર ભાવ કે ભાવના શક્ય નથી. શબ્દ તો અંધકારનો વિનાશ કરે છે. સંસાર સાંધે છે ને તોડે છે. હૃદયો ભાંગે છે અને ભેગાં કરે છે. પ્રેમ અને ઉલ્લાસનો સ્વાદ ચખાડે છે. તે વિચારની ગહનતા માપે છે અને આચારની પ્રણાલિકા નક્કી કરે છે. શબ્દ મળેથી તો નક્કી કરેલા કરાર અનુસાર વ્યવહાર જીવન ટકી રહે છે. શબ્દ રચનાથી ઘડેલા ઠાનુનો રાજયો રાખી શકે છે અને ઉથલાવે છે. આમ શબ્દરૂપે પ્રગટેલી ભાવના સમગ્ર જીવન પર સત્તા ચલાવે છે. જનતાને જીતે છે. સંસ્કાર જગાવે છે, અને પ્રગતિ યાવત્ મોક્ષ સાધે છે. આમ શબ્દ બ્રહ્મ સર્વવ્યાપી છે અને સર્વસત્તાનું મૂલ છે.

અ આ. ઇ. ઈ. વગેરે સ્વરો છે. ક ખ ગ ઘ વિગેરે વ્યંજનો છે. એક એક સ્વર અને એક એક વ્યંજનના સંયોગથી જુદા જુદા શબ્દો બને છે અને અનેક અક્ષરોના સમુહથી બનેલ શબ્દના અનંતા અર્થો પણ થાય છે.

'ન ક્ષરતીતિ' અક્ષર, એ અક્ષર શબ્દની વ્યુત્પત્તિ છે. અક્ષર—અક્ષર જ છે, યાને નિત્ય છે.

એ માટે એક સ્થળે લખ્યું પણ છે કે—

न सोऽस्ति प्रत्ययोलोके यः शब्दानुगमात् ऋते ।
अनुविद्धमिव ज्ञानं सर्वं शब्देन भासते ।१।
'अनादि निधनं ब्रह्म' 'ॐ इत्येकक्षरं ब्रह्म'
अर्थ-प्रवृत्ति-तत्वानां शब्दावेव निबंधनम्
तत्वावबोध शब्दानां नास्ति व्याकरणादृते ।२।

તાત્પર્ય કે શબ્દનું સામર્થ્ય અવર્ણનીય છે.

જૈન શાસ્ત્રોમાં શબ્દની શક્તિ વિષે ગ્રંથોના ગ્રંથો લખાયા છે: ભાષા વર્ગણાના પુદ્ગલો ચૌદ રાજલોકમાં ઠાંસી ઠાંસીને ભર્યા છે. તેમજ અનેક વર્ગણાઓ આ ચૌદ રાજલોકમાં-વિશ્વમાં ઠાંસી ઠાંસીને ભરી છે. જ્યારે માણસ વિચાર કરે છે, ત્યારે મનોવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે અને સહાયથી વિચાર કરી શકે છે. તેવી જ રીતે બોલતી વખતે ભાષા વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે.

એક 'ક'ની સાથે 'રમ' અક્ષરો જોડતાં કરમ બને છે. 'લમ'ની સાથે જોડતાં કલમ બને છે. 'લશ'ની સાથે જોડતાં કલશ અને 'મળ'ની સાથે જોડતાં કમળ બને છે. આમ જુદા જુદા સ્વરો વ્યંજનો અને જુદા જુદા અક્ષરોના સંયોજનથી શબ્દોમાં અનેરી શક્તિ ઉત્પન્ન થાય છે. યંત્રમાં જેમ જુદી જુદી કળો લગાડવાથી કામ થાય છે, તેમ શબ્દની શક્તિ પણ પોતાની આગવી વિશિષ્ટતા ધરાવે છે.

જેમ ગંધક, મણસિલ અને સુરોખાર મેળવવાથી દારુ થાય છે. હાઇડ્રોજન અને ઓક્સીજનના સંસર્ગથી-મિલનથી પાણી બને છે. મંછાશ અને પોટાશથી ભડકો થાય છે. સૂર્યના કિરણો બીલોરી કાચમાં પ્રતિબિંબિત થતાં અગ્નિ ઉત્પન્ન થાય છે. એવા અનેક પદાર્થો છે કે જેના સંયોગથી એક ભિન્ન જુદી જ શક્તિ ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે અમુક અક્ષરની સાથે અમુક અક્ષર જોડતાં વિવિધ શક્તિ ઉત્પન્ન થાય છે. અર્થાત્ એક જ ઔષધ જુદા જુદા અનુપાન સાથે લેવાથી જુદા જુદા રોગોનું નિવારણ કરે છે. તેમ એક જ શબ્દના અનેક અર્થ, અનેક પરિણામો પણ લાવે છે.

બીજુ ઉદાહરણ લઇએ તો ઘઉં એના એ જ છે. પણ ઘઉંની જેંશ પણ થાય છે અને ઘઉંના ઘેબર કે રોટલી પણ બને છે. એક જ ઘઉંની કેટકેટલી ચીજો બની શકે છે તે ક્યાં અજાણ્યું છે.

લોખંડની ધાતુમાં જોઇશું તો તેની સોય પણ થાય અને સળીયા પણ થાય, ઘડીયાળની કમાન પણ થાય અને રેલ્વેના પાટા-તાર જાળી, હથોડો ઘન એરણ માપ

તોલ મિજાગરાં વિગેરે ગણી ગણાય નહિ તેટલી ચીજો બને છે, તેવી જ રીતે શબ્દની શક્તિ પણ અમાપ છે.

શબ્દથી વાક્ય બને, પેરેગ્રાફ બને, લેખ બને, કવિતા બને, નાનું પુસ્તક અને અદ્વિતીય ગ્રંથ પણ બની શકે છે, મુખ્યત્વે કહેવાનું એ જ છે કે આ બધું શબ્દની સહાયથી બન્યું છે.

કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ વિરચિત શબ્દકોષ તરફ દૃષ્ટિપાત કરતાં જણાશે કે અ, આ, ઈ, જેવા એકેક સ્વર અને એકેક અક્ષરોના કેટકેટલા અર્થો થાય છે.

૩-૪ સૈકા પૂર્વ થયેલા શ્રી સમયસુંદર ઉપાધ્યાયજી મહારાજે 'રાજનો દધ્યાત્ સૌખ્ય' કક્ત આટલા જ વાક્યના આઠ લાખ અર્થો કરી બતાવ્યા છે. એ પુસ્તક પણ આજે મોજુદ છે. જેનું નામ 'અષ્ટલક્ષી' છે.

ભીલ જેવા ગમાર માણસના કથનમાં પણ 'સરોનત્થિ' આ વાક્યના ત્રણ ત્રણ અર્થો નીકળે છે. સર એટલે બાણ-સ્વર અને સરોવર, એમ ત્રણે જીઓના જુદા જુદા પ્રશ્નોનો એક જ સરોનત્થિ શબ્દથી તે જવાબ આપે છે.

એક કવિએ શબ્દોની ખૂબી દર્શાવતાં એક દુહામાં કહ્યું છે કે—

"હરિ આયો હરિ ઉપન્યો, હરિ પૂઠે હરિ ધાય,
હરિ ગયો હરિના વિષે, હરિ બેઠો વા ખાય."

'હરિ' શબ્દના અહીં જુદા જુદા અર્થો નીકળે છે, જેમ કે હરિ આયો એટલે વરસાદ' (અહીં હરિનો અર્થ મેઘ થાય છે) વરસાદ આવે એટલે હરિ ઉપન્યો (અહીં હરિનો અર્થ દેડકો થાય છે) દેડકાઓ ઉત્પન્ન થાય છે.

'હરિ પૂઠે હરિધાય' એટલે એ દેડકાઓ પાછળ સર્પ દોડે છે. (બીજા હરિનો અર્થ સર્પ થાય છે.)

'હરિ ગયો હરિના વિષે જ્યારે સર્પ દેડકા પાછળ પડયો ત્યારે હરિ એટલે દેડકો કૃષ્ણજી પાસે ચાલ્યો ગયો (હરિનો અર્થ કૃષ્ણ પણ થાય છે) જ્યારે દેડકો કૃષ્ણજીના ચરણે ગયો ત્યારે 'હરિ બેઠો વા ખાય' એટલે સર્પ બેઠો બેઠો વા ખાય છે.

તેવી જ રીતે એક બીજા કવિએ કહ્યું છે કે—

'સુવર્ણ કેરા દુંદલ ફીરે, કવિ કામી ઔર ચોર,
ચરણ ધરત પીછે ફીરે, ચાહત શોર ન ફોર.'

કવિ, કામી અને ચોર સુવર્ણને શોધતા ફરે છે. કવિ સારા વર્ણો (અક્ષર–શબ્દ) કવિતા માટે શોધે છે. કામી સુવર્ણ એટલે સારા વર્ણવાળી એટલે રૂપાળી સ્ત્રીને ખોળે છે, અને ચોર સુવર્ણ એટલે સોનું શોધે છે. 'ચરણ ધરત પીછે ફરે' કવિ પ્રલોભનો ચરણ એટલે પાદ બનાવે છે અને પાછો ફરે છે. કામી ચરણ એટલે પગ મૂકતાં પગલે પગલે ગભરાય છે કે કોઈ જાણી ન જાય. કવિ કામી અને ચોર ત્રણે વ્યક્તિઓ 'ચાહત ચોર ન ભોર' કવિને કામીને અને ચોરને શાંત વાતાવરણ ગમે છે. અવાજ થતાં ત્રણે અકળાય છે અને ભોર એટલે સવારનો સમય થતાં ચોરબકોર મચે તેથી ત્રણે જણાને રાત્રિ વધુ પસંદ હોય છે. આ બંને દુહામાં શબ્દોની અનેરી ખૂબી દર્શાવી કવિત્વનો ભવ્ય ખ્યાલ આપવામાં આવ્યો છે.

એક સાધારણ માણસના મુખથી ઉચ્ચારેલા શબ્દોમાં સાધારણ અસર હોય છે. જ્યારે એના એજ શબ્દો કોઈ અસાધારણ-મહાન વ્યક્તિના મુખકમળમાંથી નીકળતાં તે અજબને ધારી અસર પેદા કરે છે. એક અનુસ્વાર કે એક કાનામાત્રના ફરકથી તો મહાન અનર્થ મચી જાય છે, જેમકે એક માતા પોતાના પુત્રને કહે છે બેટા ! વધુ ન ભણે તો કંઈ નહિ પણ વ્યાકરણનો અભ્યાસ જરૂર કરજે, કારણ કે અક્ષરના ફરકથી સકલને બકલે શકલ બોલીએ તો સકલ એટલે સંપૂર્ણ અને શકલ એટલે કાકડો, સ્વજન અને શ્વજનમાં, સ્વજન એટલે સ્નેહીજન અને શ્વજન એટલે ચંડાળ, શકૃત અને સકૃતમાં, શકૃત એટલે અનેકવાર અને સકૃત એટલે એકવાર, વિષ અને વિષયમાં પણ વિષ એટલે ઝેર અને વિષય એટલે ભોગ, કુંતી અને કુત્તીમાં એક અનુસ્વારના ફરક માત્રથી કેટલી વિષમતા પેદા થાય છે.

'અધપિ બહુનાડધીશે તથાપિ પુત્ર ! પઠ વ્યાકરણમ્ ।
સ્વજનઃ શ્વજનો માડભૂત્ સકલં શકલં સકૃત્છકૃત ।।'

૩૩ વ્યંજનો છે. ૧૪ સ્વરો છે અને ક્ષત્રજ્ઞ–વિસર્ગ અને અનુસ્વાર આ બધા મળી **૫૨** બાવન અક્ષરો થાય છે.

(ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ ટ ઠ ડ ઢ ણ ત થ દ ધ ન પ ફ બ ભ મ ય ર લ વ શ ષ સ હ=૩૩)

(અ આ ઇ ઈ ઉ ઊ ઋ ૠ ઌ ૡ એ ઐ ઓ ઔ=૧૪)

જગતની તમામ ભાષાઓ, વિશ્વનો તમામ વ્યવહાર અને દુનિયાના સમસ્ત શાસ્ત્રો સિદ્ધાંતો અને પુસ્તકો વિગેરેનો બાવન અક્ષરમાં જ સમાવેશ થાય છે. આ બાવન અક્ષરના સંયોજનથી જ સકળ શાસ્ત્રો, સમસ્ત ભાષાઓ અને સંસારનો સમગ્ર વ્યવહાર

ચાલે છે ત્યારે સહેજે સમજી શકાય છે કે આ ભાવન અક્ષરોનો કેવો અસાધારણ અજોડ અને અનોખો પ્રભાવ છે.

ॐ શબ્દમાં પંચપરમેષ્ઠિ ભગવંતોનો સમાવેશ થાય છે. જેમ કે અરિહંતનો અ. (સિદ્ધ) અશરીરીનો અ | આ પાંચ અક્ષરોમાં પાંચ તીર્થોનો
આચાર્યનો આ | સમાવેશ પણ થાય છે.
ઉપાધ્યાયનો ઉ | ૧ અ–અષ્ટાપદજી.
અને મુનિનો મ | ૨ સિ–સિદ્ધગિરિજી.
અ+અ+આ+ઉ+મ્=નો | ૩ આ–આબુજી.
ઓમ્ થાય. | ૪ ઉ–ઉજ્જયંત–ગિરનારજી.
| ૫ સા–સમેતશિખરજી.

આ પાંચ અક્ષરના મિલનથી જેમ ઓમ્ બન્યો તેમ 'હ્રીં'માં ૨૪ તીર્થંકર દેવોનો સમાવેશ થાય છે.

સંગીત એ સ્વરોનું સંમેલન છે અને સ્વરથી શબ્દો રચાય છે. સ્વર દ્વારા ભાવ ઊદ્દીપન થાય છે. સ્વરથી વરસાદ વરસે છે, સ્વરથી દીવા સળગે છે, અને સ્વરથી રોગો પણ દૂર થાય છે. એમ અદ્યતન સંગીત સંશોધન પંડિતોએ સિદ્ધ કર્યું છે. એટલું જ નહિ પણ અદ્યતન વૈજ્ઞાનિકોએ તો પૂરવાર કર્યું છે કે સ્વર શક્તિથી ધાન્ય પણ વધુ ઊગાડી શકાય છે અને સ્વર દ્વારા ગાયો પણ વધુ દૂધ આપે છે.

ઈંગ્લાંડની પાર્લામેન્ટમાં જ્યારે એડમન્ડ બર્ક વોર્ન હેસ્ટીંગ્સના સંબંધમાં ભાષણ કર્યું ત્યારે એ ભાષણ સાંભળીને કેટલાય બેભાન બની ગયા હતા, અને કેટલીક ગર્ભવતી સ્ત્રીઓ પર પણ તેની ભારે અસર પડી હતી.

એક પ્રખર વક્તા પોતાના વક્તવ્યથી–વાક્છટાથી ક્ષણમાં હજારોને રડાવે છે અને ક્ષણમાં હજારોને હસાવે છે. શબ્દો દ્વારા જ વક્તા લોકોને હાસ્ય કરૂણ શૃંગાર વીર બીભત્સ અને ભય આદિ રસોમાં તરબોળ બનાવી દે છે.

કેટલાક શબ્દો કોમળ હોય છે. એટલે શબ્દ એ શક્તિ છે અને શક્તિમત્ પદાર્થોનું અમુક રીતનું સંયોજન થાય તો તેમાંથી એક પ્રકારની અદ્ભુત શક્તિ પેદા થાય છે એ સિદ્ધ વસ્તુ છે.

ધ્વનિ–આકૃતિને જન્મ આપે છે અને એમાં જુદા જુદા રંગો પણ હોય છે. કારણ કે શબ્દ એ પુદ્ગલ છે. અને પુદ્ગલમાં રૂપ રસ ગંધ અને સ્પર્શાદિ અવ્યક્ત રૂપે રહેલા છે માટે જ હજારો માઈલો દૂરથી રેડીયો દ્વારા આપણે શબ્દને તરત જ સાંભળી શકીએ છીએ.

જેમ એક શાંત સરોવરમાં કાંકરી નાંખતાં એક વમળ બીજા વર્તુળને બનાવે છે અને એ વર્તુળ દ્વારા અનેક વર્તુળો થાય છે. એને વિચિતરંગ ન્યાય કહેવામાં આવે છે.

એવી રીતે સુદૃઢ વ્યક્તિએ ઉચ્ચારેલો શબ્દ ૨ થી ૩ સમય જેટલા સુક્ષ્મકાળમાં ચૌદ રાજલોકમાં યાને સમગ્ર વિશ્વમાં ફેલાઈ જાય છે.

શબ્દ જો પુદ્ગલ ન હોત તો–યંત્રો દ્વારા ગ્રહણ કરી શકાત નહિ. માટે શબ્દ એ પુદ્ગલ છે.

મહાપુરૂષોએ ઉચ્ચારેલા શબ્દો મંત્રરૂપ બની જાય છે અને એ ધારી અસર નીપજાવે છે આપણા સૂત્ર સિદ્ધાંતોની ગુંથણી કરનારા ગણધર ભગવંતો હતા. જેઓ ચૌદ પૂર્વના જાણકાર હતા, કાચી બે ઘડીમાં દ્વાદશાંગી અને ચૌદ પૂર્વો રચવાનું અનુપમ સામર્થ્ય ધરાવતા હતા, વજ્રઋષભ નારાચ સંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાન યુક્ત હતા. જગતના તમામ આત્માઓ કરતાં રૂપના વૈભવમાં પણ અજોડ હતા. (પ્રથમ નંબરનું રૂપ ગણધર ભગવંતોનું હોય છે. જ્યારે બીજા નંબરનું રૂપ ગણધર ભગવંતોનું હોય છે) અને તે જ ભવમાં તેઓ મુક્તિ ગમન કરનારા હોય છે. એવા અનુપમ લબ્ધીના ભંડાર, અદ્વિતીય અજોડ અને અસાધારણ મહાપુરૂષોએ સૂત્ર સિદ્ધાંતની ગુંથણી કરી છે, કહ્યું છે કે—

'सूत्तं गणहररइयं'

એટલે. એ સૂત્ર સિદ્ધાંતની શક્તિનું એના પ્રભાવનું અને એના સામર્થ્યનું શું વર્ણન કરવું ! જેમ મંત્રવાદીઓ, ગારૂડીઓ, મંત્રાક્ષરો દ્વારા વીંછી સર્પ વગેરેનું ચઢેલું વિષ તત્ક્ષણ ઉતારી નાંખે છે તેવી જ રીતે પ્રતિક્રમણના સૂત્રોમાં, સૂત્ર સિદ્ધાંતમાં અને આગમની વાણીમાં કર્મરૂપ ઝેર ઊતારવાની જબર તાકાત રહેલી છે,

નીચે આલેખેલ એક સામાન્ય દૃષ્ટાંતથી આ વાતનો આપણને ખ્યાલ આવશે.

એક ગામમાં એક ડોશીમા હતા. તેનો હંસ નામનો એકનો એક છોકરો હતો. હંસને અચાનક એક ભયંકર બેરીંગ કરડે છે. હંસ બેભાન બની જાય છે. અને ડોશીના હોશ કોશ ઉડી જાય છે. જાણે મુડદું જોઈ લો. ડોશીના એકનાએક આધારભૂત પુત્રને સર્પ ડંસવાથી ડોસી તો બેબાકળી બની ગઇ અને કરૂણ વિલાપ કરવા લાગી, ડોસી હંસ હંસ એમ વિલાપ કરી રહી છે. આખી રાત હંસ હંસ કરતી રહી, સવાર થતા બનાવ એ બન્યો કે સર્પનું ઝેર એકકદમ ઊતરી ગયું અને હંસ સાજો બની ગયો, આથી ડોસીનો હરખ સમાતો ન હતો. આ શક્તિ હંસ શબ્દમાં હતી. કારણ કે હંસ એ ગારૂડી મંત્રના બીજાક્ષરો છે.

આમ ભાવ વગર ઉચ્ચારેલા શબ્દો, અને અર્થના જ્ઞાન વગર રટણ કરેલા શબ્દોમાં પણ આવી અગાધ–અકળ અને અગમ્ય શક્તિ રહેલી છે, તો ગણધર ભગવંતોએ ગૂંથેલા સૂત્રોના શ્રવણમાં અપૂર્વ અને અચિંત્ય શક્તિ હોય એ સ્વાભાવિક છે. આ છે અક્ષરનો મહિમા.

❋ જીવનની સફળતા ❋

ભારતની ધરતી પર અનેક મહાપુરૂષો થઇ ગયા છે. માતાએ સંતાનોમાં મહાનતાના સંસ્કારોની રોપણી કરી હતી. જન્મ દેનારી માતાની સેવાપૂજા નહિ કરનાર કદાચ ભૌતિક ક્ષેત્રમાં સફળતા મેળવી શકે, પણ અંતરંગ જીવનમાં કયારેય સુખ-શાંતિનો સ્વામી બનતો નથી. દરેક સંતાનોએ સુખી થવા પોતાના ઘરમાં જ રહેલા ઇશ્વર સ્વરૂપ માતાપિતાની સેવા કરવી જરૂરી છે. તેમાં જ ઇશ્વરીય સંકેતના દર્શન થાય છે. મનુષ્યભવ બધા કહે છે, તે ઘણો જ દુર્લભ છે. પરંતુ મહાત્માઓ કહે છે કે માનવને જન્મ દેનારી માતા દુર્લભ છે. માતા સંસ્કારના સિંચન કરે, વાત્સલ્ય આપીને ઉચ્ચ કમાતા જીવનનું દાન કરે, તેના બદલામાં માનવી શું કરી શકવાનો છે ?

પ્રભુ મહાવીર સ્વામીએ સૌથી પ્રથમ સાધના કરી હોય તો માતા-પિતાની સેવાની. જયારે માતાની કુખમાં હતા ત્યારે ત્રિશલા માતાને દુઃખ ન થાય તે માટે ગર્ભ સ્થિર કર્યો એટલે કે હલનચલન બંધ કર્યું. પણ માતા વધુ દુઃખી થઇ, શું મારો ગર્ભ કોઇ લઇ ગયું ! જેને લઇને સંકેતથી ફરી હલનચલનની પ્રક્રિયા શરૂ કરી. જેથી માતા ત્રિશલા આનંદવિભોર બની. બસ ઇશ્વરે તે સમયે જ પ્રભુ મહાવીરના આત્માને સંકલ્પ કર્યો કે જ્યાં સુધી માતા-પિતા હશે, ત્યાં સુધી હું સંસાર છોડીને દીક્ષા નહીં લઉં. આ કેવી પ્રભુ મહાવીરની માતૃભક્તિ ! શ્રી રામચંદ્રજીએ પણ પિતા દશરથની આજ્ઞાથી દલીલ વિના ચૌદ વર્ષનો વનવાસ ભોગવ્યો. શ્રવણની માતૃભક્તિ અને પિતૃ-ભક્તિ કેવી ગજબની હતી. જે ભક્તિનો જોટો ન જડે. અજોડ અને અખંડ ભક્તિ હતી. આજે પ્રભુની સેવા પૂજા કરનારા મળે છે, સમજની સેવા કરનારા મળે છે, જયારે જન્મ આપનાર માતા-પિતાની સેવા-પૂજા કરનારા ઘણા ઓછા વિરલા સમાજમાં નજરે પડે છે. શ્રીકૃષ્ણ પોતે પણ માતા દેવકીને નિત્ય વંદન કરવા જતા હતા. હનુમાન માતૃભક્ત બન્યા હતા. રાવણ ભલે સીતાજીનું અપહરણ કરીને કલંકિત બન્યો હતો. છતાં માતૃભક્તિ તેની અજબ-ગજબની હતી. યાદ રાખજો જે વ્યક્તિ માતા-પિતાની સેવા કરી શકતો નથી, એ વ્યક્તિ પ્રભુભક્તિમાં કયારેય સફળ થતો નથી. પહેલાં તમને જન્મ આપનારની સેવા કરો. ત્યારબાદ ગુરૂદેવની ભક્તિ, ત્યારબાદ પરમાત્માની સેવા કરો. જરૂર ઉચ્ચ જીવનમાં સફળતા મળશે.

—મોહનલાલ એ. શાહ-નવસારી

૨૪ જિનનો પરિવાર આદિ

[ગતાંકથી ચાલુ] —પૂ. મુ. શ્રી ધર્મતિલકવિજયજી મ.

સોળમાં શ્રી શાંતિનાથ

ચ્યવન કલ્યાણક તિથિ	શ્રા. વદ ૭
જન્મ ,,	વૈ. વદ ૧૩
દીક્ષા ,,	વૈ. વદ ૧૪
કેવલજ્ઞાન ,,	પોષ સુદ ૯
મોક્ષ ,,	વૈ. સુદ ૧૩
માતા	અચિરા
પિતા	વિશ્વસેન
જન્મરાશિ	મેષ
આયુષ્યમાન	૧ લાખ વર્ષ
પદવી	ચક્રવર્તી
કેટલાની સાથે દીક્ષા	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	સુમિત્ર
ગણધર સંખ્યા	૩૬
સાધુ ,,	૬૨,૦૦૦
સાધ્વી ,,	૬૧,૬૦૦
શ્રાવક ,,	૧,૯૦,૦૦૦
શ્રાવિકા ,,	૩,૯૩,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	શુચિ
મોક્ષ સ્થળ	સમેતશિખર
મોક્ષ તપ	૧ માસ
શાસનયક્ષીણી	નિર્વાણી
જન્મનક્ષત્ર	ભરણી
જન્મનગરી	ગજપુર
દેહમાન	૪૦ ધનુષ્ય
લાંછન	મૃગ
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષાનગરી	ગજપુર
દીક્ષાતપ	૨ ઉપવાસ
છદ્મસ્થકાલ	૧ વર્ષ
મુખ્ય ગણધર	ચક્રાયુદ્ધ
શાસનયક્ષ	ગરુડયક્ષ
કેટલાની સાથે મોક્ષ	૯૦૦
ભવો	૧૨
સાલગિરિ	
જ્ઞાન સંબંધિ તપ	૨ ઉપવાસ

સત્તરમાં શ્રી કુંથુનાથ

ચ્યવન કલ્યાણક તિથિ	અષાઢ વદ ૯
જન્મ ,,	ચૈત્ર વદ ૧૪
દીક્ષા ,,	,, ૫
કેવલજ્ઞાન ,,	,, સુદ ૩
મોક્ષ ,,	,, વદ ૧
માતા	શ્રી
પિતા	સૂર
જન્મરાશિ	વૃષભ
આયુષ્યમાન	૯૫,૦૦૦ વર્ષ
પદવી	ચક્રવર્તી
કેટલાની સાથે દીક્ષા	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	વ્યાઘ્રસિંહ
ગણધર સંખ્યા	૩૫
સાધુ ,,	૬૦,૦૦૦
સાધ્વી ,,	૬૦,૬૦૦
શ્રાવક ,,	૧,૭૯,૦૦૦
શ્રાવિકા ,,	૩,૮૧,૦૦૦

મુખ્ય સાધ્વીનું નામ	દામિની
મોક્ષ સ્થળ	સમેતશિખર
,, તપ	૧ માસ
શાસનયક્ષીણી	બલા
જન્મનક્ષત્ર	કૃત્તિકા
જન્મનગરી	ગજપુર
લાંછન બકરા	બકરા
દેહમાન	૩૫ ધનુષ્ય
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષા નગરી	ગજપુર
,, તપ	૨ ઉપવાસ
છદ્મસ્થકાલ	૧૬ વર્ષ
જ્ઞાન સંબંધી તપ	૨ ઉપવાસ
પ્રથમ ગણધર	સામ્બ
મોક્ષ પરિવાર	૧૦૦૦
શાસનયક્ષ	ગન્ધર્વ
ભવો	૩
સાલગિરિ	

અઢારમાં શ્રી અરનાથ

ચ્યવન કલ્યાણક તિથિ	ફાગણ સુદ ૨
જન્મ ,,	માગ. સુદ ૧૦
દીક્ષા ,,	,, ૧૧
કેવલજ્ઞાન ,,	કારતક સુદ ૧૨
મોક્ષ ,,	માગ. સુદ ૧૦
માતા	દેવી
પિતા	સુદર્શન
જન્મરાશિ	મીન
આયુષ્યમાન	૮૪,૦૦૦ વર્ષ
દીક્ષા પરિવાર	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	અપરજિત
પદવી	ચક્રવર્તી
ગણધર સંખ્યા	૩૩
સાધુ ,,	૫૦,૦૦૦
સાધ્વી ,,	૬૦,૦૦૦
શ્રાવક ,,	૧,૮૪,૦૦૦
શ્રાવિકા ,,	૩,૭૨,૦૦૦
પ્રથમ આર્યા	રક્ષિતા
મોક્ષ સ્થળ	સમેતશિખર
,, તપ	૧ માસ
શાસનયક્ષિણી	ધારણી
જન્મનક્ષત્ર	રેવતી
જન્મનગરી	ગજપુર
દેહમાન	૩૦ ધનુષ્ય
લાંછન	નંદાવર્ત
શરીરનો વર્ણ	સુવર્ણ
દીક્ષા નગરી	ગજપુર
,, તપ	૨ ઉપવાસ
છદ્મસ્થકાલ	૩ વર્ષ
જ્ઞાન સંબંધી તપ	૨ ઉપવાસ
પ્રથમ ગણધર	કુભ
શાસનયક્ષ	યક્ષેન્દ્ર
મોક્ષ પરિવાર	૧૦૦૦
ભવો	૩
સાલગિરિ	

ઓગણિસમાં શ્રી મલ્લિનાથ

ચ્યવન કલ્યાણક તિથિ	ફા. સુદ ૪
જન્મ ,,	માગ. સુદ ૧૧
દીક્ષા ,,	,, ૧૧
કેવલજ્ઞાન ,,	,, ૧૧
મોક્ષ ,,	ફા. સુદ ૧૨

માતા	પ્રભાવતી
પિતા	કુમ્ભ
જન્મરાશિ	મેષ
આયુષ્યમાન	૫૫,૦૦૦ વર્ષ
પદવી	કુમાર
દીક્ષા પરિવાર	૩૦૦
પ્રથમ પારણું કરાવનાર	વિશ્વસેન
ગણધર સંખ્યા	૨૮
સાધુ ,,	૪૦,૦૦૦
સાધ્વી ,,	૫૫,૦૦૦
શ્રાવક ,,	૧,૮૩,૦૦૦
શ્રાવિકા ,,	૩,૭૦,૦૦૦
પ્રથમ આર્યા	વધુમતી
મોક્ષ સ્થળ	સમેતશિખર
,, તપ	૧ માસ
શાસનયક્ષિણી	ધરણપ્રિયા
જન્મનક્ષત્ર	અશ્વિની
જન્મનગરી	મથુરા
દેહમાન	૨૫ ધનુષ્ય
લાંછન	કલશ
દીક્ષા નગરી	મિથિલા
,, તપ	૩ ઉપવાસ
છદ્મસ્થકાલ	એક અહોરાત્ર
પ્રથમ ગણધર	અભીક્ષક
જ્ઞાન સંબંધી તપ	૨ ઉપવાસ
શાસનયક્ષ	કુબેરયક્ષ
મોક્ષ પરિવાર	૫૦૦
શરીરનો વર્ણ	નીલા
ભવો	૩
સાલગિરિ	

વીશમાં શ્રી મુનિસુવ્રતસ્વામી

ચ્યવન કલ્યાણક તિથિ	શ્રા. સુદ ૧૫
જન્મ ,,	વૈ. વદ ૮
દીક્ષા ,,	ફા. સુદ ૧૨
કેવલજ્ઞાન ,,	મહા વદ ૧૨
મોક્ષ ,,	વૈ. વદ ૯
માતા	પદ્માવતી
પિતા	સુમિત્ર
જન્મરાશિ	મકર
આયુષ્યમાન	૩૦,૦૦૦ વર્ષ
પદવી	રાજા
દીક્ષા પરિવાર	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	બ્રહ્મદત્ત
ગણધર સંખ્યા	૧૮
સાધુ ,,	૩૦,૦૦૦
સાધ્વી ,,	૫૦,૦૦૦
શ્રાવક ,,	૧,૭૨,૦૦૦
શ્રાવિકા ,,	૩,૫૦,૦૦૦
પ્રથમ આર્યા	પુષ્પમતી
મોક્ષ સ્થળ	સમેતશિખર
,, તપ	૧ માસ
શાસનયક્ષિણી	નરદત્તા
દેહમાન	૨૦ ધનુષ્ય
જન્મનક્ષત્ર	શ્રવણ
જન્મનગરી	રાજગૃહી
લાંછન	કચ્છપ
શરીરનો વર્ણ	શ્યામ
દીક્ષા નગરી	રાજગૃહી
,, તપ	૨ ઉપવાસ
છદ્મસ્થકાલ	૧૧ માસ

જ્ઞાન સંબંધી તપ	૨ ઉપવાસ
મોક્ષ પરીવાર	૧૦૦૦
શાસનયક્ષ	વરૂણયક્ષ
પ્રથમ ગણધર	મલ્લિ
ભવો	૩
સાલગિરિ	

એકવીસમાં શ્રી નમિનાથ

ચ્યવન કલ્યાણક તિથિ	આસો સુદ ૧૫
જન્મ ,,	અષાઢ વદ ૮
દીક્ષા ,,	જેઠ વદ ૯
કેવલજ્ઞાન ,,	માગ. સુદ ૧૧
મોક્ષ ,,	ચૈત્ર વદ ૧૦
માતા	વપ્રા
પિતા	વિજય
જન્મરાશિ	મેષ
આયુષ્યમાન	૧૦,૦૦૦ વર્ષ
પદવી	રાજા
દીક્ષા પરિવાર	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	દિન્નકુમાર
ગણધર સંખ્યા	૧૭
સાધુ ,,	૨૦,૦૦૦
સાધ્વી ,,	૪૧,૦૦૦
શ્રાવક ,,	૧,૭૦,૦૦૦
શ્રાવિકા ,,	૩,૪૮,૦૦૦
મુખ્ય સાધ્વીનું નામ	અનિલા
મોક્ષ સ્થળ	સમેતશિખર
,, તપ	૧ માસ
શાસનયક્ષિણી	ગાંધારી
જન્મનક્ષત્ર	અશ્વિની
જન્મનગરી	મથુરા

દેહમાન	૧૫ ધનુષ્ય
લાંછન	કમલ
શરીરનો વર્ણ	પીલા
દીક્ષા નગરી	મથુરા
,, તપ	૨ ઉપવાસ
છદ્મસ્થકાલ	૯ માસ
જ્ઞાન સંબંધી તપ	૨ ઉપવાસ
મુખ્ય ગણધર	શુભ
શાસનયક્ષ	ભૃકુટિયક્ષ
મોક્ષ પરિવાર	૧૦૦૦
ભવો	૩
સાલગિરિ	

બાવીશમાં શ્રી નેમિનાથ

ચ્યવન કલ્યાણક તિથિ	આસો વ. ૧૨
જન્મ ,,	શ્રા. સુદ ૫
દીક્ષા ,,	,, ૬
કેવલજ્ઞાન ,,	મા. વ. ૩૦
મોક્ષ ,,	અષાઢ સુ. ૮
માતા	શિવા
પિતા	સમુદ્રવિજય
જન્મરાશિ	કન્યા
આયુષ્યમાન	૧૦૦૦ વર્ષ
પદવી	કુમાર
દીક્ષા પરીવાર	૧૦૦૦
પ્રથમ પારણું કરાવનાર	વરદિન્ન
ગણધર સંખ્યા	૧૧
સાધુ ,,	૧૮,૦૦૦
સાધ્વી ,,	૪૦,૦૦૦
શ્રાવક ,,	૧,૬૯,૦૦૦
શ્રાવિકા ,,	૩,૩૬,૦૦૦

પ્રથમ આર્યા	યક્ષદિન્ના
મોક્ષ સ્થળ	ગિરનાર
મોક્ષતપ	૧ માસ
શાસનયક્ષિણી	અમ્બિકા
જન્મનગરી	શૌરીપુર
જન્મનક્ષત્ર	ચિત્રા
દેહમાન	૧૦ ધનુષ્ય
શરીરનો વર્ણ	શ્યામ
લાંછન	શંખ
દીક્ષાનગરી	દ્વારિકા
દીક્ષાતપ	૨ ઉપવાસ
છદ્મસ્થકાલ	૫૪ દિન
જ્ઞાન સબંધીતપ	૩ ઉપવાસ
શાસન યક્ષ	ગોમેધયક્ષ
મોક્ષ પરીવાર	૫૩૬
પ્રથમ ગણધર	વરદત્ત
ભવો	૯
સાલગિરિ	

ત્રેવીશમાં શ્રી પાર્શ્વનાથ

ચ્યવન કલ્યાણક. તિ.	ફા. વ. ૪
જન્મ કલ્યાણક. તિ.	માગ. વ. ૧૦
દીક્ષાકલ્યાણક. તિ.	માગ. વ, ૧૧
કેવલજ્ઞાનક. તિ.	ફા. વ. ૪
મોક્ષ કલ્યાણક. તિ.	શ્રા. સુ. ૮
માતા	વામા
પિતા	અશ્વસેન
જન્મરાશિ	તુલા
આયુષ્યમાન	૧૦૦ વર્ષ
પદવી	કુમાર
દીક્ષા પરિવાર	૩૦૦
પ્રથમ પારણું કરવનાર	ધન્ય
ગણધર સંખ્યા	૧૦
સાધુ ,,	૧૬,૦૦૦
સાધ્વી ,,	૩૮,૦૦૦
શ્રાવક ,,	૧,૬૪૦૦૦
શ્રાવિકા ,,	૩,૩૯૦૦૦
પ્રથમ આર્યા	પુષ્પચુલા
મોક્ષસ્થળ	સમેતશિખર
મોક્ષતપ	૧ માસ
શાસનયક્ષિણી	પદ્માવતી
જન્મનગરી	વારાણસી
જન્મ નક્ષત્ર	વિશાખા
દેહમાન	૯ હાથ
લાંછન	સર્પ
શરીરનો વર્ણ	નીલા
દીક્ષાનગરી	વારાણસી
દીક્ષાતપ	૨ ઉપવાસ
છદ્મસ્થકાલ	દિન ૮૪
જ્ઞાન સબંધી તપ	૩ ઉપવાસ
પ્રથમ ગણધર	આર્યદિન્ન
મોક્ષ પરિવાર	૩૩
શાસન યક્ષ	પાર્શ્વ યક્ષ
ભવો	૧૦
સાલગિરિ	

ચોવિશમાં શ્રી મહાવીર સ્વામી

ચ્યવનકલ્યાણક. તિ.	અષા. સુ. ૬.
જન્મ કલ્યાણક. તિ.	ચૈ. સુ. ૧૩
દીક્ષાકલ્યાણક. તિ.	કા. વ. ૧૦
કેવલજ્ઞાનક. તિ.	વૈ. સુ. ૧૦

મોક્ષકલ્યાણકતિ.	આસો. વ. ૩૦
માતા	ત્રિશલા
પિતા	સિદ્ધાર્થ
જન્મરાશિ	કન્યા
આયુષ્યમાન	૭૨ વર્ષ
પદવી	કુમાર
દીક્ષા પરિવાર	એકાકી
પ્રથમ પારણું કરાવનાર	બહુલ બ્રાહ્મણ
ગણધર સંખ્યા	૧૧
સાધુ ,,	૧૪,૦૦૦
સાધ્વી ,,	૩૬,૬૦૦
શ્રાવક ,,	૧,૫૯,૦૦૦
શ્રાવિકા ,,	૩,૧૮,૦૦૦
પ્રથમ આર્યા	ચન્દનબાલા
મોક્ષ સ્થળ	પાવાપુરી
મોક્ષ તપ	૨ ઉપવાસ
શાસનયક્ષીણી	સિદ્ધાયિકા
જન્મનક્ષત્ર	ઉત્તરા ફાલ્ગુની
જન્મનગરી	ક્ષત્રિય કુણ્ડ
દેહમાન	૭ હાથ
શરીરનો વર્ણ	પીલા
લાંછન	સિંહ
દીક્ષાનગરી	ક્ષત્રિય કુણ્ડ
દીક્ષાતપ	૨ ઉપવાસ
છદ્મસ્થકાલ	૧૨॥ વર્ષ
જ્ઞાન સબંધી તપ	૨ ઉપવાસ
પ્રથમ ગણધર	ઇન્દ્રભૂતિ
મોક્ષ પરિવાર	એકાકી
શાસનયક્ષ	માતંગયક્ષ
ભવો	૨૭
સાલગિરિ	

પ્રભુ શ્રી વીર પરિવાર આયુઃ

"શ્રી ધર્મ"

પિતાજી શ્રી સિદ્ધાર્થરાજા	૮૯
માતાજી શ્રી ત્રિશલાદેવી	૮૫
ભાઇ શ્રી નંદિવર્ધન	૯૮
બહેન શ્રી સુદર્શના	૯૮
પત્ની શ્રી યશોદા	૯૦
પુત્રી શ્રી પ્રિય દર્શના	૯૦
પિતાજી શ્રી ઋષભદત્ત	૧૦૦
માતાજી શ્રી દેવાનંદા	૧૦૫

(વિવિધ વાચનમાંથી)

-: સુધારો :-

જૈન શાસન અંક ૧૯+૨૦ તારીખ ૧૪-૧-૯૭ ના અંકમાં ૨૪ જિન. પરિવાર પેજ ૪૫૫ ઉપર નિચે મુજબ સુધારીને વાંચવું.

૧૧ મા સંભવનાથની જગ્યાએ ૧૧માં શ્રેયાંસનાથ અને તેમનું આયુષ્યમાન ૮૪ લાખ વાંચવું.

તેમજ ૧૨ મા વાસુપૂજ્ય સ્વામીનું આયુષ્યમાન ૭૨ લાખ વાંચવું.

શાસન સમાચાર

જામનગર–જૈન પાઠશાળામાં યશસ્વી ચાતુર્માસ પુર્ણ કરી ઉપધાન તપની ભવ્ય આરાધના ને માલારોપણ મહોત્સવ સંપન્ન કરાવી પૂ. પાઠ તપસ્વી આ. ભ. શ્રી વિજય વારિષેણસૂરિજી મ. ઠા. ૫ પાંચે ભાઇઓ સુદ–૩ ના સાંજના ૫ વાગે વિહાર લંબાવ્યો વિહાર યાત્રામાં સંઘના કરેક ભાઇઓ બહેનો ભાનુભાઇ દોશી નગીનભાઇ મહેતા આદિ ટ્રસ્ટીઓ કાર્યકર્તા આદિ ૧ કિલો મીટર સુધી સાથે લાવ્યા પૂજ્યાચાર્ય શ્રી ભગવંતે ગાર્ડિંગમાં મંગલિક સંભળાવ્યું સંઘ પૂજનો થયા. પૂજ્યાચાર્ય ભગવંતે ધુંવાવ ફલા આદિ બે દિવસવિહાર થયો. ફલા ગામ મહોર હાઇવે પર એકસીડેંટ બસ અને ટ્રકની ટક્કર લાગતા પૂ. આ. ભ. વારિષેણ સૂ. મ. ગબડી પડયા કમ્મરમાં મુઢ માર લાગતા ધીમે ધીમે સાહુએ ઊભા કર્યા સામાનની રેંકડી ઊંધી પડી ગઇ ગામમાં પૂજ્યશ્રીને તુરત લઈ ગયા દવા આદિ ઊપચાર કર્યો ઈંજેકશનો આપ્યા છતાં પણ સારૂ ન થવાથી ધરોર ગામમાં ફોટા કઢાવ્યા સમાચાર મલતાં જ જામનગરથી ભાનુભાઈ દોશી નગીનભાઈ મહેતા જયંતીભાઈ આદિ ટ્રસ્ટીગણ સંઘના ભાઇઓએ પૂજ્યશ્રીને વંદનાર્થે તેમજ જામનગર પાછા પધારોને હોસ્પિટલમાં મોટાં ડોકટરને બતાવીએ જૈન સંઘની આગ્રહભરી વિનંતિથી પૂજ્ય આ. ભ. ને વીલચેરમાં અર્જન્ટ જામનગર ઈવરીંગ હોસ્પિટલમાં દાખલ કર્યા પૂજ્યશ્રીનું શિષ્યવૃંદ પૂજ્યશ્રીની સેવામાં છીએ સાથે ડોકટર ભરતભાઇ શાહ આદિ નગીનભાઇ મહેતા વિજયભાઇ ભોગીભાઇ આદિ પણ જામનગરનો સમસ્ત સંઘ સેવા ભક્તિમાં હાજર રહે છે પૂજ્યશ્રી પોષ દશમીની ભવ્ય આરાધના પેલેશ ઉપાશ્રયમાં કરાવશે. હજી પૂજ્યશ્રીને ૨૫–૩૦ દિવસ આરામ કરવાનું ડોકટરોએ ખાસ કીધું તેથી પોષ દશમી બાદ જૈન પાઠશાળા જામનગરમાં સ્થિરતા કરશે પત્તા – પૂ. આ. વારિષેણસૂ. મ. સંપર્ક–પ્રવે. જૈન પાઠશાળા જી. પી. ઓ. સામે જામનગર (સૌરાષ્ટ)

પૂ. મુનિરાજશ્રીનો કાળધર્મ – પૂ. આ. શ્રી વિજય કુંજરસૂરીશ્વરજી મ. સતલાસણા ચાતુર્માસ પૂર્ણ કરી કોઠાસણા વડાલી આદિ સ્થળે મહોત્સવમાં નિશ્રા આપી ઇડરતીર્થ પહોંચ્યા બાદ આચાર્ય શ્રી વિજય શ્રેયાંસપ્રભસૂરિજીના શિષ્ય મુનિરાજ શ્રી યોગદર્શન વિજયજી કે જેઓ સતલાસણામાં ચાતુર્માસ અમારી સાથે હતા તેઓને તથા મુનિરાજ શ્રી આત્મરક્ષિત વિજયજીને શંખેશ્વરથી મુનિરાજ શ્રી ધર્મદર્શન વિજયજીની સાથે રાધનપુર ઉપધાન પ્રસંગે આચાર્યશ્રી વિજય પૂર્ણચન્દ્રસૂરિજીની નિશ્રામાં મોકલવાનો નિર્ણય પૂજ્યોની આજ્ઞાનુસાર થતાં ઇડરથી માગસર સુદ ૨ ના સાંજે

અમોએ હિંમતનગર–ગાંધીનગર ધંધુકા તરફ વિહાર કર્યો અને તેઓએ ખેરાલુ–સિદ્ધપુર તરફ વિહાર કર્યો.

પરંતુ કર્મયોગે ખેરાલુથી સિદ્ધપુર જતાં રસ્તામાં મુનિરાજ શ્રી યોગવર્ધન વિજયજીને પગની નસનો સખત દુઃખાવો થતાં લુણવાથી સિદ્ધપુર ડોળીમાં જવું પડેલ. ત્યારબાદ ઉંઝા મુકામે પગનો દુઃખાવો, બ્લડપ્રેશર તથા શ્વાસની તકલિફ વધતાં તેઓના સુપુત્ર જીતુભાઇ આદિ સંસારી સંબંધીઓએ અને સિદ્ધપુર ઊંઝા સંઘના ભાગ્યશાળીઓએ ઊંઝા સંજીવની હોસ્પિટલમાં દાખલ કરેલ. ડોકટરો દ્વારા ઇમરજન્સી તમામ ટ્રીટમેન્ટ મળવા છતાં બ્લડપ્રેશરની સાથે સાથે હાર્ટએટેકનો હુમલો આવતાં માગસર સુદ ૧૨ તા. ૨૧ મી ડીસેમ્બર શનિવારે લગભગ અગિયાર વાગ્યા આસપાસ તેઓ સમાધિપૂર્વક કાળધર્મ પામેલ છે. તેઓની અંતિમ પ્રસન્ન મુખમુદ્રા તેઓશ્રીની સમાધિની સાખ પૂરતી હતી. તેઓશ્રીના સ્વર્ગવાસથી શાસનને એક મુનિરત્નની ખરેખર ખોટ પડી છે.

તેઓ મૂળ સંસારીપણે ગઢવાડામાં સતલાસણા પાસે ભાલુસણાના વતની સંસારી નામ જયંતિલાલ આદિતરામ ધંધાર્થે સુરત ગયા બાદ અનેક પૂજ્યોના પરિચયમાં આવતાં વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજના પ્રવચનો સાંભળી સંયમ માટે કૃતનિશ્ચયી બની મુનિરાજ શ્રી શ્રેયાંસપ્રભવિજયજી મ.ના શિષ્ય તરીકે ભાલુસણા ગામે વિ. સં. ૨૦૪૦ ફા. સુ. ૭ ના દીક્ષીત બનેલ.

તેઓની વર્ષોથી ભાવના હતી કે પૂજ્ય ગુરૂદેવો ગઢવાડામાં ચાતુર્માસ કરી ગઢ-વાડાને ધર્મની સાચી દિશા અને સાચો રાહ બતાવી ગઢવાડા ઉપર ઉપકાર કરે. તે ભાવનાનુસાર ગત વર્ષે ગઢવાડાના કેન્દ્રસમા સતલાસણામાં ચાતુર્માસ થતાં તેઓ પણ ગુરૂ આજ્ઞાથી સાથે રહેલ. આ રીતે વર્ષોની તેમની તથા ગઢવાડા સંઘની ભાવના પૂર્ણ થયા બાદ વિહારમાં તેઓ અપૂર્વ સમાધિ સાથે કાળધર્મ પામેલ છે.

જન્મ તેનું મૃત્યું અવશ્ય છે. પણ સમાધિપૂર્ણ મૃત્યુ ખરેખર દુર્લભ છે. આવા દુર્લભ સમાધિમૃત્યુને પામી તેઓ ખરેખર જીવનને સાધી ગયા છે.

ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ સા. રચિત ગ્રંથ રત્નનું મોગલ સુબાખાને શાહી ગજેન્દ્ર પર સુવર્ણમયી અંબાડીમાં સ્થાપન કરી બહુમાન કરેલ.

—આ. શ્રી અશોકસાગરજીસૂરિજી

શ્રી બાબુ અમીચંદ પનાલાલ જૈન વાલકેશ્વર સંઘમાં શાસન પ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં ૧૭ મી સદીના અજોડ જ્યોતિ-ધર પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. સા.ની ૪૦૦ મી સ્વર્ગારોહણ તિથિ કારતક

સુદી–૯ ના દિવસે વિવિધ અનુષ્ઠાનો સાથે ઉજવાયેલ છે. આ પ્રસંગે ગુણાનુવાદ સભામાં પ. પૂ. આચાર્યદેવશ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ. સાહેબે તેજસ્વી વાણીમાં પ્રકાશ પાથરતાં જણાવ્યુ હતું કે– બાલ્યકાળથી જ જેમના લલાટે અદ્‌ભૂત ખમીર અને ખૂમારી ઝળહળતી હતી એવાં ઉપાધ્યાયજી મ.સા.નો જન્મ વિ.સં. ૧૫૭૯માં ઉત્તર ગુજરાતના વિજાપુર પાસે કાડોદા ગામમાં જન્મ અને યૌવન વયમાં જ પ. પૂ. શ્રી આનંદવિમલ સૂરીશ્વરજી મ. સા.ના વરદ હસ્તે દીક્ષા સંપન્ન થયેલ. તેઓ શ્રીએ ૧૮ જેટલા અતિ મહત્વપૂર્ણ નય નિક્ષેપથી પૂર્ણ વિદ્વદ ભોગ્ય ગ્રંથ રત્નોનું નવસર્જન કરી સાહિત્યક્ષેત્રે અણમોલ સેવા કરેલ. તેમાંના સર્વજ્ઞશતક ગ્રંથરત્નનું માંડવગઢમાં બાદશાહ જહાંગીરે તથા અમદાવાદમાં પ્રવચન પરીક્ષા મહાગ્રંથનું મોગલ સુબાઓને સં. ૧૬૪૨માં શાહી વાજીત્રોના નાદ સાથે શાહી ગજેન્દ્ર ઉપર સુવર્ણમયી અંબાડીમાં સ્થાપના કરી બહુમાન કરેલ આ પ્રસંગે પૂ. ગણિશ્રી રત્નશેખરસાગરજી મ. પૂ. મુનિશ્રી નરચંદ્રસાગરજી મ. પૂ. મુનિ શ્રી સાગરચંદ્રસાગરજી મ. સાહેબે પણ મધુરવાણીમાં પૂ. મહોપાધ્યાયજીના ગુણાનુવાદ કરેલ. સામુહિક આયંબીલતપનું આયોજન થયેલ. અને બાલક બાલિકાઓ માટે ત્રિદિવસીય જ્ઞાન સંસ્કાર સત્ર, ૯–૩૦ કલાકે મુકુટધારી બાલકોની ભવ્ય ચૈત્ય પરિપાટીનું આયોજન સત્ર સંચાલક શ્રી નરેન્દ્રભાઇ કામદાર ગઢરાવાળા દ્વારા થયેલ શ્રી વાલકેશ્વર સંઘ અને દાતાઓ તરફથી અલ્પાહાર તેમજ પ્રભાવનાઓ અપાઇ.

સં. ૧૬૫૩ના કા. સુ. ૯ના દિવસે ખંભાતનગરીમાં પ. પૂ. મહોપાધ્યાય શ્રી ધર્મસારગણી મ. સા. સમાધીપૂર્વક કાળધર્મ પામ્યા હતા. જેના આજે ૪૦૦ વર્ષ પૂર્ણ થયા છે.

થાનગઢથી ભદ્રેશ્વરજી તીર્થ છ'રી પાલિત યાત્રા સંઘ

તા. ૩–૩–૯૭ના શાહ લખમણ વીરપાર મારૂ પરિવાર સોળસલાવાળા તરફથી પૂ. આ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય લલિતશેખરસૂરીશ્વરજી મ. પૂ. આ શ્રી વિજય રાજશેખર સૂરીશ્વરજી મ. પૂ. પ્રવર્તક મુનિરાજ શ્રી યોગીન્દ્રવિજયજી મ. આદિની નિશ્રામાં થાનગઢથી ભદ્રેશ્વરજી મહાતીર્થનો છ'રી પાલિત યાત્રા સંઘ નીકળશે. તા. ૧૭–૩–૯૭ના શ્રી ભદ્રેશ્વરજી મહાતીર્થ પ્રવેશ કરશે તા. ૧૮–૩–૯૭ના તીર્થ માળ થશે તથા તે દા. સુ. ૧૦ ના દિવસે પ. પૂ. હાલાર દેશોદ્ધારક આ. ભ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજાની ૩૧મી સ્વર્ગારોહણ તિથિ હોઇ તેની ઉજવણી રૂપ ગુણાનુવાદ થશે.

યાત્રા સંઘમાં પધારવા સકળ સંઘને આમંત્રણ અપાયું છે સંઘમાં પધારવાનો પ્રવેશ પત્ર મેળવી લેવો.

શાહ રામજી લખમણ મારૂ
તરણેતર રોડ, ઓસવાળ કોલોની, થાનગઢ (જી. સુરેન્દ્રનગર) સૌરાષ્ટ્ર
થાણા, ભીવંડી જામનગર દેરાસરોએ પણ નામ લખાવી શકાશે.

— કુભારજાનાં લક્ષણ —

રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં—એ રાગ.

સુણો સુશીલ બેની માહરી,
કે'તાં કુંભારજાની કક્ષાય, લખી ન લખાય, બળ્યું જીવ્યું તેહનું

તજી લાજને કાજકુડાં કરે,
બોળે બાપનું નામ જે નાર, તેને છે ધિક્કાર ,, ,, ૨

કોઇ કંથને વશ કરવા ફરે,
બાવા જોગી જતીની પાસ, દૂરાચારી ખાસ ,, ,, ૩

સંપ સાસરીયામાં રાખે નહિ,
વાંધા પાડી વધારે કલેશ, લાજે નહિ લેશ, ,, ,, ૪

લડે કંથની સાથ કુભારજા,
માગે શક્તિ વિના શણગાર, બુદ્ધિહીણ નાર, ,, ,, ૫

કોઇ શોકયના સાલને કાઢવા
આપે આળ અને મહા દુઃખ, કાળું એનું મુખ, ,, ,, ૬

સાસુ સસરાની સેવા કરે નહિ,
પરિ ઘરનું પીયર લેઇ જાય, ફજેતી થાય ,, ,, ૭

જાય જમવાને વગર નોતરે,
ચોરે ટેરાનું નાણું બદામ, એવાં કરે કામ ,, ,, ૮

લડે પાડોશી સાથે પાપણી,
સળે ઘરમાં કોઠીનું ધાન, તજી નિજભાન, ,, ,, ૯

કુડી ગાળથી બાળ બોલાવતી,
કરે લે'ઠા લખુડી સમાન, એવી જે નાદાન ,, ,, ૧૦

કહે કેશવ નિરલજ નારને,
માઠા કામે માઠી ગતી થાય, જીવ્યું એળે જાય, ,, ,, ૧૧

ભવિષ્યમાં કેવી કરશે તે આપણે સૌ જાણીએ છીએ, સાંભળીએ છીએ અને અનુભવીએ પણ છીએ-છતાં પણ આ બંધનો પ્યારા-લાડકા લાગે છે.

ફૂટબોલની જેમ આ પરતંત્રતા આત્માને આમથી તેમ ઉછાળે છે. ઘડીકમાં દેવલોકમાં તો ઘડીકમાં નરકમાં, ઘડીકમાં એકેન્દ્રિયમાં તો ઘડીકમાં વિકલેન્દ્રિયમાં કંઇક અવનવા ખોળીયાઓ પકડાવે જાય છે. જરાપણ ઠરીને ઠામ બેસવા દેતી નથી. કર્મનું બંધન જે બાજુ લગામ ખેંચે તે બાજુ આત્માનું ઘસડાવું પડે છે અનિચ્છાએ ખેંચાવુ પડે છે.

ચેલા રીંગ માસ્ટરના ખેલની જેમ ! સિંહની સ્વતંત્ર કોઇ ઇચ્છા નહિ. આઝાદી વિહોણી આ દશા સિંહની જેવી હાલત કરે છે તેવી અને તેના કરતાં ભયાનક, વિમિત્સ કફોડી હાલત કર્મરાજા આત્માની કરે છે.

અત્યંત બળવાન આત્મા ચેલા બિચારા જડ કર્મરાજાના કહ્યા પ્રમાણે ચાલુ રહ્યો છે. અનિચ્છાએ જીવન ગુજારી રહ્યો છે. છતાં પણ પરવશતાના આંસુઓ પાડતો નથી કે નથી કરતો પરતંત્રતાના વિચારો કે નથી તેની કોઇ ફરીયાદ.

બાહ્ય બંધનોથી તો મુકત થવાશે પરંતુ આંતર બંધનો જ્યારે ખટકશે ત્યારે જ નાબુદ કરવાનું મન થશે. આંતર બંધનોની જ્યારે પરાધીનતા લાગશે ત્યારે જ બંધન રહીત સ્વાધીનતાની અહેચ્છા જાગશે.

સાચી બંધન રહીતની સ્વાધીનતા તો મોક્ષમંદિરમાં જ મહાલી શકાય છે.

વિવિધ વાંચનમાંથી... —પૂ. સા. હર્ષપૂર્ણાશ્રીજી મ.


એક સામાયિક કરવાથી ૯૨, ૫૯, ૨૫, ૯૨૫ ક્રોડ પલ્યોપમ વર્ષનું દેવાયુ બંધાય છે. માટે શુદ્ધ-સમતા ભાવથી સામાયિક કરવું.

એક નવકારમંત્ર ગણવાથી ૫૦૦ સાગરોપમનું પાપ નાશ થાય છે.

— ચાર ગતિ ભમે —

ચૌદપૂર્વી-આહારક લબ્ધિવાળા, અવધિજ્ઞાની – મનઃપર્યવજ્ઞાની અને ઉપશાંત મોહી. આવા મહાત્માઓ પણ કષાયના યોગથી ચારગતિમાં ભ્રમણ કરે છે. માટે કષાયોને નિવારવા પ્રયત્નમાન રહેવું જોઇએ.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- ભગવાન શ્રી જિનેશ્વરદેવોની જગત્તારક દેશના એટલે અનુપમ પ્રકારનું એક સુંદરમાં સુંદર સંગીત !
- દીપોત્સવી પર્વના દિવસો લોક સાથે ભલે હોય, પણ આપણી ઉજવણી લોકના જેવી નહિ હોવી જોઇએ. લોક ફટાકડા ફોડવામાં રાજી અને જૈન ધર્મ ફોડવામાં રાજી ! એકનું પુણ્ય બળે ને પાપ વધે, જ્યારે બીજાનું પાપ બળે, કર્મનિર્જરા થાય અને બંધાય તો પણ શુભ કર્મ જ બંધાય. એ શુભ કર્મ એવું જ હોય છે કે જે શુભ કર્મનો ઉદય પણ આત્મ નિસ્તારની સાધનામાં સહાયક જ નિવડે.
- ભગવાને કહ્યું તે જ કરવાનું, એનો અર્થ એ જ છે કે– હેયનો ત્યાગ અને ઉપાદેયનો સ્વીકાર કરવાનો !
- વિષય સુખની લાલસા એ પાપ છે અને વિષય સુખની લાલસાને જ આધીન બની જઇને ધર્મને વિષય સુખનું સાધન બનાવી દેવો એ ઘોર પાપ છે.
- અર્થ–કામની વૃત્તિ એ જ ભયંકર વસ્તુ છે. ધર્મના યોગે એ વૃત્તિને કાપવાની છે.
- અર્થ–કામની આસક્તિ સંસારમાં રૂલાવનારી છે. અર્થ કામ જેને પરમાર્થથી અનર્થભૂત લાગે, તે ધર્મને સાચી રીતે સેવી શકે.
- અર્થ–કામની લાલસા ન છૂટે તો તેને પામરતા માનો, પણ ખોટા બચાવ શોધતા ન બનો. વિધાનો સામેથી આંખ ખસેડીને દૃષ્ટાન્તો સામે ન લઇ જાઓ. દૃષ્ટાન્તનો ઉપયોગ વિધાનોનો ઘાત કરવામાં ન કરો !
- અર્થ–કામ માટે ધર્મનો ભોગ ન દેવાય, પણ અવસરે ધર્મ માટે અર્થ-કામનો ભોગ દેવાય, એમ માર્ગાનુસારી જીવ પણ માને છે. આને બદલે પોતાને સમ્યગ્દૃષ્ટિ સુશ્રાવક ગણાવનારાઓ અર્થ કામ માટે ધર્મનો ભોગ આપવા તૈયાર થાય ત્યારે એમને શું કહેવું ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

અજ્ઞાન જ મોટું કષ્ટ છે.

અજ્ઞાનં ખલુ ભોઃ કષ્ટં,
ક્રોધાદિભ્યોઽપિ સર્વપાપેભ્યઃ ।
અર્થં હિતમ હિતં વા,
ન વેત્તિ યેના વૃત્તો લોકઃ ॥

અજ્ઞાન જ ક્રોધાદિ સર્વ પાપો કરતાં પણ વધારે મોટું કષ્ટ– પીડાકર છે. જેના વડે અવરાયેલો લોક, પોતાના હિતને કે અહિતને પણ જાણતો નથી.

વર્ષ ૯ અંક ૨૩

શ્રુત જ્ઞાન પ્રચાર ...
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA ... 361 005

અજ્ઞાન.... અજ્ઞાન.... અજ્ઞાન....

—વિરાગ

શું આવી ભુમો મારો છો ?

શું તમે જ જ્ઞાની ?

ના...ના...હું એય જ્ઞાની છું. મારામાં જેવું જ્ઞાન છે તેવું જ્ઞાન તમારામા ય નથી.

એય માનવી, ફાંકો ન રાખ. અભિમાન રાજા રાવણનું ય રહ્યું નથી.

તું જ્ઞાની નથી પણ મહા અજ્ઞાની છે, ના સમજથી ભરેલો તું જ્યાં ત્યાં ઠોકર ખાય છે. સાચી દિશા કયારેક હાથમાં આવી જાય છે તો પણ તું એને છોડી દે છે. અજ્ઞાનને પનારે પડેલો તારો આત્મા વિપરીત દિશા ભણી દોડી જાય છે.

કારણ...તારી આંખ પર લાગેલા અજ્ઞાનના પાટાઓ તને ભુલભુલામણીમાં નાખી દે છે. કમળાના રોગથી પીડાતો માનવી જેમ સઘળું પીળું જુવે તેમ ના સમજના કૂરબીનથી તું સ્વીકારને ધિક્કારે તે અને ધિક્કારને સ્વીકારે છે.

ખરેખર ! અજ્ઞાનીઓની આવી જ દશા થવી ખૂબ સંભવિત છે.

એ બીચારો સમજી શકતો નથી...

સાચું શું કે ખોટું શું ?

કયું આચરણીય કે કયું અનાચરણીય ?

કયું પથ્ય ને કયું અપથ્ય ?

બંધન કયું ને મુક્તિ કઇ ?

એનું ભાન પણ એને નથી હોતું ? માટે જ,

મદોમત્ત હાથી જેમ પોતાના પરિવારમાં મસ્ત બની માહલી રહ્યો છે તેમ પરિવારથી મળતાં ક્ષણીક સુખોમાં તું માહલે છે પણ તેનાથી છેતરાય છે તે તને ભ્રમમાં નાંખે છે. ભુલકણો માનવી તું વિચારે છે કે 'મને મળતાં સુખોનો હેતુ તો મારો પરિવાર જ છે.'

પ્રેમભર્યા પિતા પ્રાપ્ત થયા.

મમતાભરી માતા મેળવી.

પ્યાર દેતી પત્નિ પામ્યો

પ્રસન્નતા દેતા પુત્રો મળ્યા.

હવે વધારે શું જોઇએ ?

પુત્રો મને ચેનથી રહેવા દે છે.

મારી વાહલી લાડકી મને સુખ આપે છે.

માત-પિતાના મમતા ને પ્રેમભર્યા વાત્સલ્યથી હું તૃપ્ત થઇ જાવ છું.

બસ, મારો પરિવાર છે તો હું સુખી છું. નહિંતર મારા એકલાની શી દશા...

મારી જીવાદોરી એટલે મારો પરિવાર.

આથી જ હે માનવી, તું તારા જીવનની પ્રત્યેક ક્ષણ એ પરિવારની પાછળ કુરબાન કરી દે છે.

આવી દશામાં જીવન ગુજારતાં હે માનવી, તને જોઇને જ્ઞાનીઓ પુકારે છે—

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ લાસના અર્થે સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

: તંત્રીઓ :
પૂનમચંદ મેલાજી ગુંદચા (મુંબઇ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ધનજીભાઇ પરમશી ગુંદચા (ભાવનગર)

વર્ષ : ૯] ૨૦૫૨ પોષ વદ-૧૧ મંગળવાર તા. ૪-૨-૯૭ [અંક : ૨૩

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૬ ગુરૂવાર તા. ૧૬-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રકરણ ૧૪ મું) -અવ૦)

સભા૦ આ વાત માનતા તો બધા હોય પણ લોભ એવો સતાવે છે કે ભૂલી જાય.

ઉ૦ લોભને લઇને અનીતિ કરતા હો તો તે અનીતિ કરતી વખતે મનમાં એમ પણ થાય છે કે-'હું ખોટું કરું છું. અનાથી મારી દુર્ગતિ થશે. ક્યારે આ લોભ છૂટશે.' વૈદ્યે કે ડોક્ટરે કહ્યું હોય કે-'આ આ ખાઈશ તો રોગ વધુ વિકરશે' તો તે માંદો ડાહ્યો હોય તો ખતો નથી. કદાચ ખવાઇ જાય તો વૈદ્યાદિને કહી દે છે કે-ભૂલ થઇ ગઇ છે. રોગ ન વધી ન જાય એવી દવા આપો.

આજનો મોટોભાગ અનીતિ વિના તો ચાલે જ નહિ માનીને કરે છે.

સભા૦ ચાલે જ નહિ તેવું નથી.

તો શું કામ અનીતિ કરો છો ?

સભા૦ સંયોગો કરાવે છે.

શું સંયોગો નડે છે ? તમે બધા અનીતિ ન કરો તો ભુખ્યા તરસ્યા મરો છો ?

તમે બધા લોભને જ અનીતિ કરતા થયા છો. તે અનીતિ કરતાં કરતાં તમારી માન્યતા એવી થઇ ગઇ છે કે-'અનીતિ તો કરવી જોઇએ, અનીતિ કર્યા વિના તો ચાલે જ નહિ' તમારી આ માન્યતા હું તો ન ફેરવી શકું પણ ખુદ શ્રી અરિહંત પરમાત્મા પણ ન ફેરવી શકે તેવી છે. ભગવાનની દેશના સાંભળનારા પણ બધા ધર્મી જ હોય તેવું નથી. તમે બધા રોજ સાંભળવા છતાં પણ જે પાપ કરો છો તે કરે. જ છો અને તમારી જાતને ધર્મી માનો છો ! ધર્મી પામી ગયેલી માનો છો ! આવા જીવો સમકિત પામે નહિ.

"શ્રી નમિનાથને ચરણે રમતાં, મન ગમતાં સુખ લહીએ રે,
ભવજંગલમાં ભમતાં રહીએ, કર્મ નિકાચિત કહીએ રે."

ભગવાનની સ્તવનામાં પણ આ જ વાત સ્તવનકાર પરમર્ષિએ કહી છે કે– સમકિતી જીવ સંસારમાં રહે તો પણ મનગમતાં સુખ ભોગવીને નિકાચિત કર્મોને સળગાવે છે. ભગવાનના શરણે ગયા પછી ગમે તેમ કરીએ તો વાંધો નહિ આવો અર્થ કરનારા ઘણા છે. મનગમતાં સુખનો અર્થ શું થાય તે સમજો છો ? 'સંસારનું ગમે તેટલું સુખ હોય તો પણ તેમાં વિરાગ જીવતો જાગતો હોય અને ગમે તેવું દુઃખ આવે તો સમાધિ જીવતી જાગતી હોય' મનગમતાં સુખનો આવો અર્થ થાય તે સમજો છો ? સંસારમાં સુખી શ્રીમંત હોય કે ધર્મી જીવ હોય ? સંસારના સુખનો રાગી જીવ તો ધર્મ માટે પણ નાલાયક છે. 'સંસારના સુખનો અને તે સુખનું સાધન સંપત્તિનો રાગી બનેલો જીવ સંસારમાં ભટકવાનો છે' તે ભગવાનની વાત ઉપર શ્રદ્ધા છે ખરી ?

સભા૦ મનોજ્ઞ સુખ એટલે પાંચે ઇન્દ્રિયોને અનુકૂળ સુખ અને અમનોજ્ઞ સુખ પાંચે ઇન્દ્રિયોને પ્રતિકૂળ સુખ આવી વ્યાખ્યા થાય. પરન્તુ મનગમતાં સુખનો અર્થ 'સંસારના સુખમાં વિરાગ અને દુઃખમાં સમાધિ' એવો દેખાતો નથી.'

ઉ૦ સંસારના સુખમાં વિરાગી અને દુઃખમાં સમાધિવાળો જીવ મનગમતાં સુખનો સ્વામી છે એવો અર્થ કરેલો છે.

સંસારનાં સુખના જ રાગી જીવને કરોડો રૂા. મળે તો ય તે દુઃખી દુઃખી અને દુઃખી જ હોય છે. આજના મોટા શ્રીમંતો ભટકતા ભૂત જેવા છે. આજે અહીં તો કાલે ત્યાં. તેની સ્ત્રી પણ એમ કહે છે કે– શેઠ ક્યાં ગયા તે ભગવાન જાણે ! ક્યારે આવશે તેની ય ખબર નથી. પોતાના પરિવાર સાથે ય બે ઘડી શાંતિથી બેસવાની કુરસદ નથી. દુનિયાની શ્રીમંતાઇનો રાગી બન્યો; તે ભૂંડી ન લાગે તે બધા જીવો મહાપાપી પાકા-

વાના ! શ્રાવકો પણ મોટાં મોટાં ધર્માનુષ્ઠાનના ધંધા કરતા થયા તે શાથી ? આ શ્રીમંતાઇ ગર્મી છે માટે. તે શ્રીમંતાઇને જે ભૂંડી માને તે જ તેનાથી બચી શકે. તેવો જીવ માને કે–'હું બહુ લોભીયો થયો છું. મારે જરૂર નથી છતાં પણ ધંધાદ્વિ વધારી રહ્યો છું. અને મારાં માથે પાપ બાંધી રહ્યો છું. ક્યારે મારો આ લોભ છૂટશે !'

આજથી વર્ષો પૂર્વે અમદાવાદમાં એક સુખી શ્રાવકે પહેલ વહેલી મીલ ખરીદી. તે મીલ ખરીદતાં તો ખરીદી લીધી પણ તે રાત્રિના તેને ઊંઘ ન આવી. કેમકે રોજ સવારના પૂજા કર્યા પછી ગુરુવંદન કરી પચ્ચક્ખાણ લીધા વિના મોંમાં તેઓ પાણી પણ મૂકતા ન હતા. તેને એ જ વિચાર સતાવ્યા કરતો હતો કે–સવારના ગુરુ મહારાજને મોઢું કેવી રીતે બતાવીશ ? સવારના ઊઠયો, તૈયાર થયો, ગુરુ પાસે ગયા વિના તો ચાલે નહિ.. તમારી જેમ નહિ કે ન જઇએ તો ય ચાલે ! ઉપાશ્રયમાં જતા તેમનો પગ ઉપડતો નથી. ગુરુને પણ ખબર પડી ગઇ હતી કે– આ શ્રાવકે મીલ ખરીદી છે એટલે તેઓ પણ તેની રાહ જોઇને બેઠા હતા. માંડ માંડ તે શ્રાવકે જેવો ઉપાશ્રયમાં પગ મૂક્યો કે તરત જ તેના ગુરુ મહારાજે પૂછ્યું કે–'કઇ નરકમાં જવું છે ?" આજે કોઇ મીલવાળાને મારાથી આવું પૂછાય ખરૂં ? અને હું પૂછું તો દેશકાળનો અજાણ અક્કલ વિનાનો જ ગણાઉં ને ? તે શ્રાવકે આંખમાં આંસુ સાથે ગુરુના પગમાં પડીને કહ્યું કે–"સાહેબ ! લોભના માર્યા આ ભૂલ થઈ ગઈ હવે ભવિષ્યમાં આવી ભૂલ નહિ થાય ?

આના ઉપરથી પણ તમને કાંઇ સમજાય છે ? આજે જેટલા શેઠીયા છે તેમાંથી મોટો ભાગ દુર્ગતિના ડર વિનાનો થયો છે, સદ્ગતિનો વિચાર પણ તેમના હૈયામાં નથી. આ વાત સાચી છે કે ખોટી છે ? આજના ઘણા મહારંભી અને મહાપરિગ્રહી જીવો મોટે ભાગે ઉપાશ્રયમાં સાધુ પાસે આવતા નથી અને જે આવે છે તે ઠાઠથી છાતી કાઢીને અમારી ઉપર તેનું વજન પાડવા આવે છે. આજે હાલત પણ એવી થઇ છે કે– સાધુ પર તેનું વજન પડે છે પણ તેના ઉપર સાધુનું વજન પડતું નથી. અમારે જેમ સામાન્ય જીવોને ધર્મ કરવાનું કહેવાનું છે તેમ તેમને પણ કહેવાનું છે. તેને જરા સારી રીતે કહીએ કે– "મહાભાગ ! આટલા બધા પૈસા હોવા છતાં પણ આ બધાં પાપ શા માટે કરે છે ? મરીને ક્યાં જવું છે ? આમાંનું કશું તારી સાથે આવવાનું નથી. આ બધું અહીં મૂકીને જવાનું છે અને આ બધા માટે કરેલાં પાપ તમારે એકલાએ જ ભોગવવા પડશે !" પણ અમારી આ વાત તે પ્રેમથી સાંભળે ખરા ?

(ક્રમશઃ)

— શ્રી મહાવીર શાસન દ્વારા પ્રગટ થાય છે —

પરમ પૂજ્ય સંઘસ્થવિર આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મહારાજના પટ્ટધર આગમજ્ઞાતા પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય મેઘસૂરીશ્વરજી મહારાજ પટ્ટધર પ્રશમનિધિ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય મનોહરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર.

પ્રશાંતમૂર્તિ શાસન સંનિષ્ઠ ગચ્છનાયક
પૂ. આચાર્યદેવ શ્રી વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મહારાજ

ॐ સ્મૃતિ વિશેષાંક ॐ

સંપાદક : પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

વર્તમાન કાલે આ પૂજ્ય આચાર્યદેવ શ્રી શાસ્ત્રના જ્ઞાતા, સિદ્ધાંતોના ચુસ્ત રક્ષક શાસન પ્રભાવક હતા. તેઓશ્રી શિવગંજ મુકામે ૨૦૫૨ શ્રાવણ સુદ ૪ તા. ૧૬-૮-૯૬ના સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. તેઓશ્રી શાસનના રત્ન હતા. ૧૫૦ સંયમ સાધક સાધ્વીજી સમુદાયના સુકાની હતા. તેઓશ્રીની સ્મૃતિ માટે આ વિશેષાંક પ્રગટ થશે.

આ વિશેષાંક માટે પૂ.શ્રીજી જીવન અંગે તથા તેઓશ્રીની નિશ્રામાં થયેલ પ્રસંગો દીક્ષા, પ્રતિષ્ઠા, સંઘ યાત્રા, ઉપધાન તેમજ બીજા પણ પ્રસંગોના અનુભવો તથા તે પ્રસંગોના ફોટા વિગેરે તા. ૧-૩-૯૭ સુધી મોકલી આપવા વિનંતિ છે.

પૂ. આચાર્યદેવાદિ, પૂ. મુનિરાજો, પૂ. સાધ્વીજી મ. અને શ્રાવક શ્રાવિકાઓને આ વિશેષાંક માટે લેખો મોકલવા વિનંતી છે.

આ વિશેષાંક માટે માટે રૂા. ૧૦૦ થી માંડીને ૫૦૦/૧૦૦૦/૫૦૦૦ રૂા. આદિ વિ. સહકાર આપી શકાશે તેમના નામો છપાશે. તેમને વિશેષાંકો મોકલવામાં આવશે.

— લેખો ચેક ડ્રાફ્ટ વિ. મોકલવાનું સરનામું —

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર

શાક માર્કેટ સામે, નિશાળ ફળી, જામનગર ૩૬૧૦૦૧ (સૌરાષ્ટ્ર)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૩] —શ્રી રાજુભાઇ પંડિત

બ્રહ્મચર્ય વ્રતના તમે સાક્ષી બનજો. (ભોગ માટે ભોગનો ભોગ)

'તો હું ધનુર્ધર બનીને (બાણધર બનીને) તેની રક્ષા કરીશ.

આજથી માંડીને હવે પછી આજીવન બ્રહ્મચર્ય વ્રત હો.

અને આજીવન મારે પિતૃશુશ્રુષા વ્રત હો.'

યમુના નદીને કિનારે વિહાર માણતા રાજા શાન્તનુએ એક દિવસ નાવમાં બેઠેલી લાવણ્ય નીતરતી એક સ્વરૂપવાન કન્યાને જોઇ, રૂપના અનુરાગી બનેલા શાંતનુ રાજાએ તેની નજીક આવીને 'તું કોણ છે ?' પૂછતાં કન્યાએ કહ્યું—હું નાવિકોના અધિપતિની પુત્રી છું. સત્યવતી મારૂં નામ છે. અને પિતાના આદેશથી આ યમુના નદીમાં નાવડી હંકારૂ છું.

નાવિકરાજની પાસે જઇને શાંતનુ રાજાએ સત્યવતીની માંગણી કરતાં કહ્યું કે— 'સત્યવતી મારા સધર્મચારિણી=ધર્મપત્ની બનો.

નાવિકે તદ્દન સ્પષ્ટ ભાષામાં કહ્યું—'તમારી જેવા અર્થી કોને મળે ? રાજન્ ! પણ હું મારી પુત્રી તમને આપી શકીશ નહિ. કારણ કે—'એચરીઓ જેના શક્તિશાળી માંસલ બાહુના વખાણ કરે છે તે વીરોના ગર્વનો વિનાશક રાજ્યગાદીનો વારસ ગાંગેય જેવો પુત્ર તમને છે. રાજ્યધર બનવાના અધિકારવાળા પુત્ર ગાંગેયના કારણે મારી પુત્રીના પુત્રો કદિ રાજ્ય પામી ના શકે. જેનો પુત્ર રાજા બની ના શકે તેવી અભાગણી સ્ત્રીઓને તો પછી રાજમંદિરમાં થતી અવહેલનાઓ કારાગાર સમાન જ બને છે. માટે હે રાજન્ ! પત્ની માટે તમે અન્યત્ર પ્રયત્ન કરી શકો છો. આપની જેવાને તો ડગલે ને પગલે સ્ત્રીઓ મળી રહેશે.'

પોતાની માંગણીનો અસ્વીકાર થતાં જ રાજા શાંતનુ દુઃખી થયો. એક બાજુ નાવિક તેની પુત્રીના પુત્રને રાજ્યગાદી આપવાનું વચન માંગે છે તો બીજી તરફ મારે ગાંગેય જેવા પ્રચંડ શક્તિશાળી સિવાય અન્ય કોઇને રાજ્ય આપવું નથી. અને ત્રીજી તરફ નાવિક રાજની આ પુત્રી મારા મનને આકર્ષી રહી છે. હું સંકટમાં ફસાયો છું. શું કરૂ કશું સૂઝતું નથી. આ રીતે અત્યંત ઉદાસ બનેલા રાજા નગર તરફ પાછા ફર્યા.

ચાલાક ગાંગેય પિતાની કોઇ ગાઢ ચિંતા પારખી ગયો. મંત્રીશ્વરો દ્વારા આખી વાત જાણી લીધી. અને સીધો નાવિકરાજના ઘરે પહોંચી ગયો. જઇને નીડરતાથી કહ્યું— તેં આ સારૂં ના કર્યું કે શાંતનુ જેવા રાજાની માંગણી સ્વીકારી નહિ.'

નીડર નાવિકાધિપતિએ કહ્યું–'શાંતનુના પુત્રો હોય તેવા સ્થળે રાજાને પોતાની પુત્રી આપનારો માણસ પોતાની પુત્રીને અંધારા કૂવામાં ફેંકી રહ્યો છે. તારી જેવો રાજપુત્ર હોય પછી મારા પૌત્રને રાજ્ય મળશે ક્યાંથી યુવરાજ !?'

યુવરાજ ગાંગેયે બાહુ ઉંચા કરીને કહ્યું–તું ભૂલે છે નાવિકરાજ ! આ મારી પહેલી પ્રતિજ્ઞા સાંભળો નાવિકરાજ ! કે—'હસ્તિનાપુરની ગાદી ઉપર સત્યવતીનો પુત્ર જ રાજ્ય કરશે. અન્ય કોઇ નહિ. શત્રુઓ તરફથી ઉપદ્રવો આવી પડશે તો હું બાણધર બનીને તારા તે પૌત્રની રક્ષા કરીશ.' ગાંગેયની આ વાત સાંભળીને ખેચરો વિમાન સાથે આકાશમાં આવી ગયા.

'યમુના નદીમાં મળેલી સત્યવતી તો માતા ગંગા કરતાં પણ મારે મન વધુ આદરને પાત્ર છે. નાવિકરાજ !' આવું કહેતાં ગાંગેયને નાવિકપતિએ ગાંગેયને કહ્યું–ધન્ય છે, કુમારેન્દ્ર !! તને કે જે પોતાના પિતાની ભક્તિ ખાતર કુળવટની પરંપરાથી હકની હદમાં, અધિકારમાં આવતા રાજ્યનો ત્યાગ કરે છે. રાજ્ય માટે તો રાજકુમારો અકૃત્યો કરતા સાંભળ્યા છે. જ્યારે કુમાર ! તેં તો પિતાના સુખ ખાતર રાજ્યનો ત્યાગ કર્યો છે. તું ધન્ય છે રાજકુમાર ! પરંતુ મને બીજું એ પણ દુઃખ છે કે–મારા પુત્રી સત્યવતીનો પુત્ર રાજા તો બનશે. પણ પવિત્ર ક્ષાત્ર તેજવાળા તારા થનારા પુત્રો તેને શી રીતે સાંખી લેશે ? આથી તો મારો પૌત્ર રાજ્યગાદી વગરનો જ રહેશે. આથી મારૂં મન ફરી પાછુ તારા પિતા શાંતનુને મારી પુત્રી પરણાવવા કબૂલ નથી થતું.

તરત જ ગાંગેયે કહ્યું—ચિંતા ન કરો. તમારી આ ચિંતા પણ હું હમણાં જ દૂર કરૂં છું. હે નાવિકરાજ ! તું પણ સાંભળ અને આકાશમાં રહેલા હે સિદ્ધ, ગાંધર્વ દેવો અને ખેચરો તમે પણ સાંભળો. તમે બધાં સાક્ષી થજો. અખિલ પાપને તોડી નાંખનારા અને સ્વર્ગ તથા મોક્ષ એ ફળો જેની સાથે જોડાયેલા છે તેવું બ્રહ્મચર્ય વ્રત મારે આજથી જિંદગીપર્યંતનું રહો. વિદ્યાભ્યાસ કરતાં કરતાં ચારણશ્રમણો એ પહેલું અહિંસાવ્રત અને ચોથું બ્રહ્મચર્ય વ્રત અનુપમ ગણાવ્યું હતું. પહેલું વ્રત તો મારે હતું જ હવે ચોથું વ્રત પણ હો. અને આજીવન 'પિતાની શુશ્રુષા' નામનો ત્રીજું વ્રત પણ મારે હો.' આ રીતે બોલી રહેલા ગાંગેય=ભીષ્મના મસ્તક ઉપર આકાશમાંથી દેવો, ખેચરો, વિદ્યાધરોએ પુષ્પવર્ષા કરી. અને દેવો બોલ્યા કે–ભરયુવા વયમાં આવું સુદુર્ધર ભીષ્મ બ્રહ્મચર્ય વ્રત ગાંગેયે ગ્રહણ કર્યું હોવાથી તે 'ભીષ્મ' નામથી ઓળખાશે.

અહિંસા વ્રતના પાલન માટે જંગલના નિરપરાધી પ્રાણીઓના પ્રાણની રક્ષા કરવા માટે જેણે પોતાના પિતાની સામે સંગ્રામ માંડેલો હતો તે જ પુત્ર તે જ પિતાની

ભોગ–કામના પૂર્ણ કરવા માટે પોતાના ભોગસુખનું બલિદાન કરી દઈને ચતુર્થ બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કરે છે.

બ્રહ્મચર્ય ધર ગાંગેયને એક રહસ્ય ભરી વાત કહેતાં નૌપતિએ કહ્યું કે–આ સત્યવતી મારી પુત્રી નથી. યમુનાના કિનારે ફરતાં એવા મને અશોકવૃક્ષની નીચેથી મળી છે, કોઈ પિતૃવૈરી એચર વડે જન્મતાં જ અપહરણ કરાયેલી, રત્નાંગદ રાજા તથા રત્નવતી રાણીની આ રાજપુત્રી છે. તેને શાંતનુ રાજા પરણશે આવી દિવ્યવાણી થતાં પુત્ર વગરના મેં તેને મારી પુત્રીની જેમ પાળી છે. આવી રૂપસુંદર પુત્રીના પિતા મારી જેવો અભાગીયો ક્યાંથી બને.

મારી પત્નીએ વાત્સલ્યના જળથી આ કુમળી ડાળીને ઉછેરી છે. રાજ્ય જેવા સુખો અત્યાર સુધી હું તો તેને આપી નથી શકયો. પણ મારી આ નાજુક ડાળીને સુખ કે દુઃખનો આખરી વિસામો તું જ થઈશ. સુખ તો મારે ત્યાં આ પુત્રીએ નથી જોયું. પણ કુમાર ! તારે ત્યાં આને દુઃખ ના પડે તેની કાળજી રાખજે. રડતી આંખે નૌપતિએ સત્યવતીને સોંપતા કહ્યું–અમારાથી તને સચવાઇ તેમ સાચવી. બની શકે તો અમારા અજાણતા થયેલા અપરાધને માફ કરજે.' સત્યવતી પણ ગમગીન ચહેરે રથમાં આરૂઢ થઈ. અને રાજા શાંતનુ સાથે તેના લગ્ન થયા.

(ક્રમશઃ)

* વિવિધ વાંચન માંથી *

—સાધ્વીજી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

— ચોરાશી ગચ્છના નામો —

૧	દેવેન્દ્રનાથ	ગચ્છ	
૨	ધર્મઘોષ	,,	
૩	સંદેશ	,,	
૪	કિન્નરસા	,,	
૫	નાગોરીતપા	,,	
૬	મલ્લધારા	,,	
૭	ખડતપા	,,	
૮	ચિત્રવાળ	,,	
૯	ઓસવાળથી તપાગચ્છ થયો.		
૧૦	નાણવાળી	ગચ્છ	
૧૧	પલ્લિવાળ	,,	
૧૨	આગમિયા	ગચ્છ	
૧૩	બોકડીયા	,,	
૧૪	ભિન્નમાલિયા	,,	
૧૫	નાગેન્દ્રા	,,	
૧૬	સેવંતરીયા	,,	
૧૭	ભંડેરા	,,	
૧૮	જખલિવાળ	,,	
૧૯	વડાખડતર	ગચ્છ	
૨૦	લહુડા ખડતર	,,	
૨૧	ભાણુસોલિયા	,,	
૨૨	વડગચ્છથી વિધિપક્ષ ગચ્છ થયો.		

૨૩	તપાબિરૂદ	ગચ્છ	
૨૪	સુરાણા	,,	
૨૫	વડીપોશાળ	,,	
૨૬	ભરૂઅચ્છા	,,	
૨૭	ઉત્તમપુરા	,,	
૨૮	સંખલા	,,	
૨૯	ભાવડહરા	,,	
૩૦	બાબડીયા	,,	
૩૧	કોરંટવાળ	,,	
૩૨	બ્રહ્મણીયા	,,	
૩૩	મંડાહડા	,,	
૩૪	નીબલીયા	,,	
૩૫	બેલાહરા	,,	
૩૬	ઘરિછંતવાળ	,,	
૩૭	બટ્ટેલિયા	,,	
૩૮	પંથેરવાળ	,,	
૩૯	બોજડીયા	,,	
૪૦	વાછિતવાળ	,,	
૪૧	જીરાઉલિયા	,,	
૪૨	બેસલમેરા	,,	
૪૩	લલવાણિયા	,,	
૪૪	તાતહડા	,,	
૪૫	છાજહડા	,,	
૪૬	બંભાયતા	,,	
૪૭	શંખવાલીયાં	,,	
૪૮	કમલકળશા	,,	
૪૯	સોજંતરીયા	,,	
૫૦	સોજતીયા	,,	
૫૧	પાયંલિયા	,,	
૫૨	ખીમસરા	,,	
૫૩	ચોરવેડીયા	,,	
૫૪	પ્રામેયા	ગચ્છ	
૫૫	બંભણિયા	,,	
૫૬	ગોયલવાળ	,,	
૫૭	વગ્ઘેરા	,,	
૫૮	ભટ્ટેરા	,,	
૫૯	નાપરિયા	,,	
૬૦	બાહડમેરા	,,	
૬૧	૪૪બરિયા	,,	
૬૨	ટંકવાળ	,,	
૬૩	બોરસવા	,,	
૬૪	વેગડા	,,	
૬૫	વીશલપુરા	,,	
૬૬	સંવાડીયા	,,	
૬૭	યુંધુકિયા	,,	
૬૮	વિદ્યાધરા	,,	
૬૯	આયરિયા	,,	
૭૦	હરસોરા	,,	
૭૧	કોટિગણ કૂલ	,,	
૭૨	ઝીશાખાનો બિરૂદ	,,	
૭૩	વાડિયગણ	,,	
૭૪	ઊટવાડિયગણ	,,	
૭૫	માનવગણ	,,	
૭૬	ઊત્તરવાલસહ	,,	
૭૭	ઊદેહગણ	,,	
૭૮	ચારણગણ	,,	
૭૯	ઓકોલિયા	,,	
૮૦	લુણિયા	,,	
૮૧	સાધુ પુનમીયા	,,	
૮૨	ત્રાંગડિયા	,,	
૮૩	નીબજીયા	,,	
૮૪	સાચોરા	,,	

પ્રસંગ પરિમલ— (૨)

પ્રભુ ભક્તિ નો મહિમા

—શ્રી જિત ધર્મશાસન

ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી શ્રી જૈનશાસન જગતમાં જયવંત વર્તી રહ્યું છે. જ્યાં સુધી શ્રી જિનાગમ, જિનમૂર્તિ અને જૈન શ્રમણ સંસ્થા આ અવનિતલમાં વિદ્યમાન છે ત્યાં સુધી આ શાસન જયવંત રહેશે એ નિઃસંદેહ હકીકત છે.

શ્રી જિનાગમો

સર્વજ્ઞ, સર્વદર્શી અને સર્વશક્તિમાન શ્રી તીર્થંકરદેવોએ કથન કરેલા-પ્રરૂપેલા અને મહાન લબ્ધિવંત શ્રી ગણધર ભગવંતોએ ગૂંથેલા શાસ્ત્રો—આગમો સૂત્રો આજે જ્વલંત પ્રકાશ પાથરી રહ્યા છે. આગમ ગ્રંથો જો આજે અસ્તિત્વમાં ન હોત તો આપણી શી દશા થાત! ધર્મ શું ને કર્મ શું? પાપ શું ને પુણ્ય શું! આત્મા શું ને પરમાત્મા શું! સન્માર્ગ શું અને ઉન્માર્ગ શું? તેમજ હેય—જ્ઞેય અને ઉપાદેય શું? આ બધી વસ્તુનું જ્ઞાન—ભાન આપણે શી રીતે કરી શકત! આપણા પૂર્વજોએ—પૂર્વાચાર્યોએ, એ આગમ ગ્રંથોને સાચવી રાખ્યા ન હોત તો આ અનુપમ સર્વજ્ઞાલોકનો પ્રકાશ આજે આપણે ક્યાંથી મેળવી શકત, આપણા પરમ ભાગ્યોદયે જેસલમેર, પાટણ અને ખંભાતના જ્ઞાનભંડારો અદ્યાવધિ સુચારુ રૂપે સચવાઈ રહ્યા છે.

શ્રમણ ભગવાન મહાવીર દેવને થયા આજે લગભગ અઢી હજાર વર્ષ વીતી ગયા અને હજી લગભગ સાડા અઢાર હજાર વર્ષ આ શાસન અવિચ્છિન્ન રીતે પોતાનો પ્રભાવ—પ્રકાશ પાડશે એમાં મીનમેખ નથી. શ્રી ભગવાન મહાવીર દેવના પછી અદ્યાવધિ જૈન શાસનને મહાન જૈનાચાર્યોએ અને મહામના નિર્ગ્રંથ શ્રમણોએ દીપ્તિમંત રાખ્યું છે અને એ જ ત્યાગી શ્રમણ સંસ્થા શાસનની ધુરાને આગળ દીપ્તિમંત રાખશે એ પણ હકીકત છે.

શ્રી જિનપ્રતિમાઓ—

જનતાની ધર્મભાવનાને જવાજ્વલ્યમાન રાખનાર અને ભાવિકોને ધર્મમાં સ્થિર કરનાર શ્રી જિનેશ્વર દેવની પ્રતિમાઓ છે. ભારતવર્ષમાં ઠેર ઠેર—ખૂણે ખૂણે જૈનમંદિરો, ભવ્ય તીર્થો અને પરમાત્માની પ્રશમ રસ ઝરતી હજારો મૂર્તિઓનાં દર્શન કરી લાખો ભવ્યાત્માઓ જીવનને પાવન બનાવી રહ્યા છે અને રહેશે.

આપણો આત્મા સ્ફટિક રત્ન જેવો નિર્મળ અને સ્વચ્છ છે. જેમ સ્ફટિક રત્નની પાસે જેવા રંગની વસ્તુ ધરશો તેવો જ તેમાં પ્રતિભાસ થશે, અને તદ્રૂપ તે બની જશે.

તેવી જ રીતે આપણો આત્મા પણ નિમિત્તવાસી છે. આત્માને બાહ્ય વાતાવરણ અસર કરે છે. કોલસાની દુકાન પાસે ઊભા રહેશો તો હાથપગ અને વસ્ત્ર સહેજે કાળા થવાના અને અત્તારિની દુકાન પાસે ઉભા રહેશો તો સહેજે સુવાસનું મઘમઘતું વાતાવરણ પ્રસરવાનું જ, ત્યારે જ્યાં સુધી આત્માને બાહ્યવાતાવરણ અને નરસી યાને અશુભ અસર કરે છે ત્યાં સુધી સુંદર આલંબનોની, શ્રેષ્ઠ આદર્શોની, સારા નિમિત્તોની અને ભવ્ય વાતાવરણની તેટલી જ જરૂર રહે છે. બાહ્ય આલંબનોમાં ઉંચામાં ઉંચું પરમ અને શ્રેષ્ઠ આલંબન શ્રી જિનેશ્વર દેવની પ્રશમ રસ ઝરતી, વીતરાગતાનો ભવ્ય ખ્યાલ આપતી શ્રી જિનમૂર્તિઓ છે.

પરમાત્માની મૂર્તિના દર્શન કરી અગણિત આત્માઓએ જીવનને પાવન બનાવ્યું છે. અને એ વાત તો અતિ જાણીતી છે કે મગધાધિપ શ્રી શ્રેણિકરાજાના મહાબુદ્ધિનિધાન મહામાત્ય શ્રી અભયકુમારે અનાર્ય દેશમાં રહેલા શ્રી આર્દ્રકુમારને ભેટમાં શ્રી જિનમૂર્તિ મોકલી હતી અને એ શ્રી જિનેશ્વરદેવની મૂર્તિના દર્શન કરી આર્દ્રકુમાર જાતિસ્મરણ જ્ઞાનવાન બન્યા અને એમણે નિજનો ઉદ્ધાર કર્યો.

શ્રી અષ્ટાપદજી તીર્થ ઉપર બિરાજમાન શ્રી ચોવીસ તીર્થંકર દેવોની પ્રતિમાઓના દર્શનાર્થે પ્રતિવાસુદેવ–રાવણ પોતાની પટરાણી મંદોદરી વિ. સાથે ગયા હતા અને ત્યાં તેઓ પરમાત્માની ભક્તિમાં એવા તો લીન બની ગયા હતા કે મંદોદરી નૃત્ય કરી રહી હતી ત્યાં અચાનક તંત્રી–વીણાનો તાર તૂટી ગયો પણ તેમણે ભક્તિનો તાર ન તૂટવા દીધો.

તરત જ રાવણે પોતાની નસ ખેંચી કાંઢી તંત્રીમાં જોડી દીધી અને ભક્તિમાં એક તાર બની જાય છે. તે જ વખતે આવી અપૂર્વ–અનન્ય અને અસાધારણ ભક્તિના પ્રભાવથી રાવણે શ્રી તીર્થંકર ગોત્ર ઉપાર્જી લીધું.

यास्याम्यायतनं जिनस्यलभते ध्यायंश्चतुर्थंफलं
षष्ठं चोत्थित-प्रस्थितोऽष्टममथो गन्तुं प्रवृत्तोऽध्वनि ।
श्रद्धालु र्दशमं बहिर्जिनगृहात् प्राप्तस्ततोद्वादशं
मध्ये पाक्षिक-भीक्षिते जिनपती मासोपवासंफलम् ॥

પુણ્યવાન આત્માઓ ઘેર બેઠા બેઠા 'હું પરમાત્મા દેવાધિદેવના દર્શન કરવા જાઉં' એવો ઉત્તમ કોટિનો વિચાર કરે તેટલા ભાવમાં એક ઉપવાસનું ફળ મેળવે છે. દર્શન કરવાની અભિલાષા થતાં જ્યાં તે ઉભો થાય એટલે છઠ્ઠ એટલે બે ઉપવાસનું ફળ મેળવે છે. અને રસ્તે જતાં અઠ્ઠમ એટલે ત્રણ ઉપવાસ, શ્રી જિનમંદિર સમીપે આવતા પાંચ ઉપવાસ, જિનમંદિરના મધ્ય ભાગમાં પ્રવેશતા ૧૫ ઉપવાસ અને પરમાત્માની

પ્રતિમાના દર્શન કરતાં એક મહિનાના ઉપવાસનું ફળ મેળવે છે. નંદન મણિયારનો જીવ પોતે બંધાવેલી વાવડીમાં અત્યાસક્ત થવાના કારણે એજ વાવડીમાં દેડકા તરીકે જન્મે છે.

શ્રમણ ભગવાન મહાવીરદેવની પધરામણીના સમાચાર વાવડીએ પાણી ભરવા આવેલી બહેનોના મુખથી પુનઃ પુનઃ શ્રવણ કરતાં તેને જાતિ સ્મરણ જ્ઞાન થાય છે, જેથી નંદમણિયારના જીવ એ દેડકાને પરમાત્મા મહાવીરદેવના દર્શન કરવાની અભિલાષા જાગી, જે દિશામાં પરમાત્મા પધાર્યા હતા, જ્યાં બિરાજમાન હતા તે જ દિશામાં દર્શનની તમન્નાર્થી આ દેડકો જઇ રહ્યો છે, પણ કોના મનોરથ પૂર્ણ થયા છે. રસ્તે જતાં અચાનક શ્રેણિક રાજાના ઘોડાનો પગ એ દેડકા ઉપર આવ્યો અને તેના પ્રાણ નીકળી ગયા. પણ પ્રભુના દર્શનની ભાવનાના યોગે એ દેડકાનો જીવ સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. પ્રભુના દર્શનની ભાવના પણ આત્માને સદ્ગતિમાં લઇ જાય છે ત્યારે તેમની પૂજા–અર્ચા અને ભાવનામાં આત્મા લીન બને તો કેવળજ્ઞાન મેળવે એમાં શી નવાઇ છે. શ્રી નાગકેતુ ભગવાનની પૂજા કરતાં કેવળજ્ઞાન પામ્યા હતા. શાસ્ત્રકારોએ પરમાત્માની પૂજા તથા ભક્તિના ફળનું વર્ણન કરતા જણાવ્યું છે કે—

पयाहिणेण पावइ वरिससयं तओ पुणो महिअे ।
पावइ वरिस सहस्सं अणंत पुण्णं जिणे थुणिअे ॥

પરમાત્મા જિનેશ્વર દેવને પ્રદક્ષિણા દેવાથી ૧૦૦ વર્ષનું પરમાત્માની પૂજા–અર્ચા કરવાથી ૧૦૦૦ વર્ષનું અને પ્રભુની ભાવપૂજા યાને સ્તવના ભક્તિ સ્તુતિ વિ. કરવાથી આત્મા અનંત અનંત પુણ્યનું ઉપાર્જન કરે છે. નીચેનો શ્લોક એજ વાતની સાક્ષી પૂરે છે,

अय पमज्जणे पुण्णं सहस्सं च विलेवणे ।
अय साहस्सिआमाला अणंतं गीय वाइअे ।

તેમજ શ્રી જ્ઞાન વિમળસૂરિજી મહારાજ વિરચિત ચૈત્યવંદનમાં પણ નિમ્ન ગાથાઓ જોવા મળે છે.

જિનવર બિંબને પૂજતાં, હોય શતુ ગણું પુણ્ય;
સહસ્રગણું ફળ ચંદને, જે લેપે તે ધન્ય.
લાખતણું ફળ કુસુમની, માળા પહિરાવે,
અનંત ગણું ફળ તેહથી, ગીતગાન કરાવે.

ચૈત્યવંદનમાં પૂ. ઉ. વિનયવિજયજી મ. જણાવે છે કે:—

જિનવર પાસે આવતા, છ માસી ફલ સિદ્ધ,
આવ્યા જિનવર બારણે, વર્ષી તપ ફલ લીધ.

સો વર્ષ ઉપવાસ પુણ્ય, જે પ્રદક્ષિણા દેતા,
સહસ વરસ ઉપવાસ પુણ્ય, જે નજરે જોતાં.
ફળ ઘણું ફૂલની માળ, પ્રભુ કંઠે ઠવતાં,
પાર ન આવે ગીતનાદ, કેરા ફળ થુણતાં.

* * *

નિર્મળ તનમને કરીએ, થુણતાં ઇન્દ્ર જગીશ,
નાટક ભાવના ભાવતાં, પામે પદવી જગીશ.

એટલે દેવાધિદેવની ભક્તિ, પૂજા, સ્તવના સ્તુતિ, ઉપાસના કે ગુણગાન કરતાં આત્મા જન્મ જન્માન્તર સંચિત અનંત અનંત કર્મ વર્ગણાઓને ક્ષણવારમાં વેરવિખેર કરી નાંખે છે.

જ્ઞાનીઓ કહે છે કે—

ભત્તિએ જિણવરાણું ખિજ્જંતી પુવ્વ સંચયા કમ્મા
ગુણપગરિસ બહુમાણો કમ્મનણ દવાણુલો જેણ ।

શ્રી જિનેશ્વર દેવની ભક્તિમાં આસક્ત આત્માઓ પૂર્વ સંચિત નિબિડ કર્મોને પણ ભસ્મીભૂત કરી નાંખે છે. કારણ કે ગુણ પ્રકર્ષને પામેલાનું બહુમાન એ કર્મવનને દગ્ધ કરવા માટે દાવાનલ સમાન છે. મહાપ્રભાવક જૈનાચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજે કલ્યાણમંદિર સ્તોત્રમાં એવા જ ભાવાર્થનો ભવ્ય શ્લોક રજૂ કર્યો છે. અને તે એ કે—

ધ્યાનાજ્જિનેશ ભવતો ભવિન, ક્ષણેન દેહં વિહાય પરમાત્મદશાં વ્રજંતિ ।
તીવ્રાનલાદુપલભાવમપાસ્ય લોકે, ચામીકરત્વમચિરાદિવ ધાતુભેદાઃ ॥

શ્લોક : ૧૫ કલ્યાણમંદિર

હે જિનેશ્વર દેવ ! જેમ લોકમાં માટી મિશ્રિત વસ્તુઓ ધાતુઓ—આકરી, તીવ્ર, અગ્નિના સંયોગથી પત્થરપણાને છોડીને તરત જ સુવર્ણપણાને પામે છે, તેમ ભવ્ય પ્રાણીઓ આપના ધ્યાનથી ક્ષણવારમાં શરીરને છોડીને પરમાત્મ દશાને પામે છે.

(ક્રમશઃ)

卐

❋ પ્રેરણામૃત સંચય ❋

(ગતાંકથી ચાલુ) -મજ્ઝાંગ

સંસાર ભૂંડો એટલે સુખ અને સુખની સામગ્રી ભૂંડી. તેના કરતાં ય તે બે પર જે રાગ તે જ વધારેમાં વધારે ભૂંડો છે. સ્વભાવથી તે બે ખરાબ લાગી તેના પર દ્વેષ થશે ત્યાર પછી વિરાગ આવશે. તેથી જ શાસ્ત્રે વિરાગની યોનિ દ્વેષ કહ્યો છે. અને ત્યાગ તો તે પછીની ક્રિયા છે.

સઘળાં ય પાપનો બાપ : સુખનો અતિ રાગ :

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓનો આ જગત ઉપર અજોડ ઉપકાર છે. તે પરમતારકોએ જગતના જીવોની મોહની ગાઢ નિંદ્રા ઉડાડવા સૌના કલ્યાણ માટે એક જ વાત ભારપૂર્વક ફરમાવી છે કે જગતના જીવોને જે સુખ જોઇએ છે તે આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે. આખા જગતનો રાહ જુદો છે અને આપણો-શાસન પામેલાઓનો રાહ જુદો છે. જગત દુઃખથી ભાગે છે અને સુખને લેટવા દોડે છે. જે સુખને જગત લેટવા દોડે છે તે સુખ, સુખ કહેવરાવવા લાયક નથી કેમકે તે સુખની ઇચ્છા થઇ ત્યારથી તેને ભયંકર કોટિનું દુઃખ લાગુ થાય છે.

તમને જે સુખની ઇચ્છા થાય તે બધાને સુખ મલી જાય ખરૂં ? સુખની અને પૈસાની ઇચ્છા થતાંની સાથે જ તે સુખ કે પૈસો મલી જતા હોત તો જગતમાં લીલા લહેર હોત ! જગતના અનુભવી પણ કહે છે કે સુખની ઇચ્છા કરી, મહેનત કરીને મર્યા પણ મરતા સુધી તે સુખ ન મળ્યું તે ન જ મળ્યું. દુનિયાનું સુખ ઇચ્છા માત્રથી મહેનત કરવા છતાં ય મળે નહિ. તેમાં તો પુરૂષાર્થ પણ અકિંચિત્કર છે. જેટલા જેટલા જીવો પુરૂષાર્થ કરે તેને પણ તે મળે તેવો નિયમ નહિ. બિચારા પુરૂષાર્થ કરી કરીને મરી ગયા અને નરક-તિર્યંચમાં રિબાય છે. સુખ કે સુખ સામગ્રીમાં પુણ્ય જોઇએ. મળ્યા પછી ભોગવવામાં-સાચવવામાં ય પુણ્ય જોઇએ.

દુનિયામાં ઘણાંને સુખ મળ્યું ને, તે બિચારા ભોગવવા ઇચ્છે છતાં ભોગવી શકતા નથી એટલું નહિ, બીજાને ભોગવતાં જોઇ રોવે છે. કે 'મારૂં મેળવેલ આ ભોગવે છે, હું નહિ.' વળી આ સુખ કાયમ માટે રાખવા માગે તો રહે તેવો નિયમ ખરો ? તે સુખ અહીં રહે અને આપણે જવું પડે તેમ પણ બને ને ? તેવા સુખની પાછળ સારૂં જગત દોડે છે અને તે માટે જે જે

કામો કરે છે તેનું વર્ણન થાય તેમ છે ? જેની પાસે પૈસા-ટકાદિ હોય અને પૂછીએ કે શી રીતે મેળવ્યું તો જરાય ગભરાયા વિના કહી શકે કે આમ આમ મેળવ્યું ? તેનું ખરેખર વર્ણન કરવા માંડે તો કેટલાં પાપ પ્રગટ થાય ? આવા સુખ પાછળ દોડવું તે વ્યાજબી છે કે ગેરવ્યાજબી છે ?

આ પૈસા મને જે વળગ્યા છે તે ભુંડામાં ભુંડા છે, દુર્ગતિમાં લઇ જનાર છે માટે છોડવા જેવા છે. આવી ભાવનાથી ધનથી છૂટવા દાનધર્મ કરે અને રાતીપાઇ ખર્ચે તો તેની કિંમત છે અને ખ્યાતિ-કીર્ત્તિ-પ્રતિષ્ઠાદિ માટે લાખો રૂા. ખર્ચે તો તેની કાંઇ કિંમત જૈન શાસનમાં નથી. ભગવાનનું શાસન સંસારથી છોડાવી મોક્ષે પહોંચાડનાર છે. લક્ષ્મી સંસારમાં ભટકાવી રાખનાર છે. તમે લક્ષ્મી સાથે લઢતા નથી પણ પ્રેમથી રહો છો તેથી તમે એવા બની ગયા છો જેનું વર્ણન ન થાય. લક્ષ્મીના અતિપ્રેમી તે બધા ખરા-બમાં ખરાબ. જે એકલા પૈસાના તે કોઇના ય નહિ. મા-બાપના ય નહિ, સગાભાઇ-ભાંડુના નહિ એટલું જ નહિ પણ સગી સ્ત્રીના ય નહિ. તે પૈસા ખાતર કયારે કોનો દ્રોહ કરે તે કહેવાય નહિ. માટે જ અનંતજ્ઞાનીઓ કહે છે કે, ખરાબમાં ખરાબ ચીજ સંસારનું સુખ અને તેનું સાધન પૈસો છે. તેના પર રાગ અજ્ઞાનીને થાય પણ સમજુને થાય નહિ.

તમે બધા શ્રાવક કહેવરાવો છો પણ છો નહિ માટે આ વાત હજી તમને બેસતી નથી કેમકે તમે પણ તે બેના જ અતિપ્રેમી છો. શાસ્ત્રે કહ્યું છે કે, પહેલે ગુણઠાણે આવેલ જીવ જે સામાન્ય રીતે મોક્ષનો અર્થી બન્યો છે. જેને હજી સુખ એકદમ ઉપાદેય-છોડવા જેવું લાગ્યું નથી. એટલે સુખ પર રાગ પણ છે, સુખ જોઇએ છે તે માટે પૈસાની ય જરૂર પડે છે. પણ તે માટે કોઇનો ય પોતાના માલીકનો, સ્વજનનો, મિત્રનો અને જે કોઇ વિશ્વાસ મૂકે તેનો વિશ્વાસઘાત કરવો પડતો હોય અને ધાર્યો પૈસો મળતો હોય તો તેના કરતાં ઝેર ખાઇને મરવું સારૂં પણ તેવા પૈસાથી મળતું સુખ હેવું ભુંડું આવું તે માને છે જ્યારે તમારો કોઇ વિશ્વાસ મુકે તો—તેવો જીવ ભુખ્યું-સુકું જેથી ખાય પણ ચોપડયું ખાવા ગમે તેમ ન કરે તેવો જીવ ધર્મ સાંભળવા લાયક છે.

જ્યારે આજે વર્ત્તમાનમાં તો ધન અને ભોગ માટે અનીતિ કુલીફાલી નીકળી છે, નીતિનું દર્શન થતું નથી, હિંસાનું તાંડવનૃત્ય ચાલી રહ્યું છે,

જૂઠ-ચોરીનો તો કોઇને ભય રહ્યો નથી, બદમાશી અને વ્યભિચાર તો માઝા મૂકી છે, નૈતિક ધોરણ સાવ નીચું ઉતરી ગયું છે. બધાનું શું થશે તે કલ્પના કરતાં ધ્રુજારી આવે છે. જ્યાં સુધી સુખ અને સુખનું સાધન પૈસો ભૂંડો ન લાગે ત્યાં સુધી ઠેકાણું પડે નહિ.

❋ ❋

૦ સંસાર રસિકતાનું લક્ષણ :

જગતના સઘળાં ય જીવો સુખી હોવા છતાં સુખી અને દુઃખી બંનેય દુઃખી થવાની જ મહેનત કરે છે. કેમકે દુઃખી જીવો દુઃખ વેઠતા નથી પણ દુઃખમાં હાયવોય કરે છે, દુઃખ કાઢવા પાપ આચરે છે જેથી દુઃખને જ પામે છે. અને જે જીવો પુણ્યયોગે સુખસામગ્રી પામ્યા છે તે અધિકને અધિક મેળવવાની અને ભોગવવાની ભાવનાથી જરૂરી પાપ મજેથી કરે છે તે બધા આત્મા પોતાને માટે દુઃખ જ પેદા કરે છે. માટે જ અનંતજ્ઞાનીઓ કહે છે કે તે બચારા અનાદિથી દુઃખના દ્વેષી અને સુખના ગાઢ પ્રેમી હોવા છતાં દુઃખના નાશની અને સુખ મેળવવાની, ભોગવવાની અને સાચવવાની મહેનત કરવા છતાં દુઃખના માર્ગે જ જઇ રહ્યાં છે.

જે દુઃખી જીવો દુઃખને મજેથી નથી વેઠતા પણ તે દુઃખને કાંઢવાનો ઉદ્યમ કર્યા કરે છે અને પુણ્યથી મળેલા સુખને છોડી દેવું જોઇએ, ન છૂટે તો સાચવીને રહેવું જોઇએ તે વાત નથી માનતા તે બધા જ પોતાનું ભારેમાં ભારે અહિત કરી રહ્યા છે, દુઃખી થવાના માર્ગે જઇ રહ્યાં છે. જેને આ વાત બુદ્ધિમાં ન બેશે તો દયાનો પરમાર્થ સમજાય નહિ. તેથી તેનું જ્ઞાન અને બુદ્ધિ ઉંધે માર્ગે જ જાય છે તેથી તે બધા સંસારના રસિયા કહેવાય.

❋ ❋

આ વિષમ કાળમાં કે કોઇપણ કાળમાં જગતના જીવોના ઉદ્ધારનો માર્ગ બતાવનાર ભગવાન શ્રી વીતરાગ દેવનો માર્ગ જ છે. ભગવાન શ્રી વીતરાગ દેવોની અવિદ્યમાનતામાં ભગવાનની મૂર્તિ જ ભવ્ય જીવોને સંસાર સાગરથી તારવામાં પરમ આલંબન રૂપ છે તેથી જ ભગવાનના મંદિરો બાંધવા, ભગવાનના બિંબોની પ્રાણ પ્રતિષ્ઠાદિ કરવાના છે. તેનો ઉપયોગ જો સંસાર માટે કરે તો તે દોષ તે જીવોનો છે પણ પરમતારક માર્ગનો કે ભગવાનના બિંબનો નથી.

૦ નિષ્પક્ષ જૈન શાસન જ :

આ સંસાર કર્મથી જ ચાલે છે. જીવ જ્યાં સુધી સમજુ ન બને ત્યાં સુધી કર્મ જ બળવાન છે. જીવ સમજુ બને ત્યારે કર્મ નબળું બને છે. કર્મોના ભેદ-પ્રભેદનું, કર્મોની વિચિત્રતાનું જેવું વર્ણન શ્રી વીતરાગ દેવના શાસનમાં છે તેવું આખા જગતમાં કશે નથી. જે ભૂલ કરે તેને કર્મ નડ્યા વિના રહેતું નથી. ભગવાન શ્રી મહાવીર પરમાત્માના આત્માએ પણ ભૂલ કરી તો તેમને પણ નરકમાં જવું પડ્યું : આ વાત નિષ્પક્ષપણે ભગવાનનું શાસન કહે છે તેમાં જરાય નાનમ અનુભવતું નથી. આથી સ્પષ્ટ થાય છે કે—ગમે તેવો સારો માણસ કર્મયોગે ભૂલ કરે, ન કરવાનાં કામ કરે તો તેને પણ સજા ભોગવ્યા વિના ચાલે જ નહિ.

ભગવાન શ્રી મહાવીર દેવનો આત્મા નયસારના ભવમાં સમકિત પામ્યો, મરિચીના ભવમાં ભૂલ કરી તો સમકિત હારી ગયો, પાછા વિશ્વભુતિના ભવમાં સમકિત પામ્યો, ધર્મ આરાધ્યો ત્યાં પણ ભુલ કરી તો સંસારમાં ભટકવા ગયો. તે વાત તમે ભગવાનના શાસનમાં જનમવા છતાં, ભગવાનનું જીવન પણ જાણતા નથી તે બહુ ખેદની વાત છે. ભગવાનનો આત્મા પણ માર્ગ ભુલ્યો અને માર્ગથી ખસી ગયો તો તેમને પણ નરક-તિર્યંચમાં જવું પડ્યું. આવા ભગવાનને પામી આપણે પણ જો ઊંધે માર્ગે જઇએ તો આપણે પણ સંસારમાં ભટકવું જ પડે. સંસારમાં ન ભટકવું હોય, દુર્ગતિના દરવાજા બંધ કરવા હોય તો ભગવાને કહ્યું છે કે, ઊંધે માર્ગે જતા નહિ. તમે ભગવાનના ભગતને છાજે તેવું જીવન જીવો છો કે સેવકને લાજે તેવું જીવન જીવો છો ? ભગવાનના સાધુ-શ્રાવક કે સેવક કહેવરાવું તો જોખમ છે, જવાબદારી છે તે સમજો છો ? ભગવાનના સાધુ-શ્રાવક કે સેવક થવું હોય તો ભગવાને જે રીતે જીવવાનું કહ્યું છે રીતે જ જીવવું જોઇએ. જે રીતે ન જીવે તો અનંતકાળ રખડવું પડે તેમાં શાસનનો દોષ નથી પણ જીવાત્માનો દોષ છે.

[ક્રમશઃ]

—: શ્રી જીવદયા કલ્યાણ કેન્દ્ર :—

C/o. પ્રિન્સ સીમેન્ટ લી. ગેસ્ટ હાઉસ રોડ, **મોરબી** (જી. રાજકોટ) સૌરાષ્ટ્ર ૩૬૩૬૪૧
ફોન નં. **STD.** ૦૨૮૨૨/૨૨૦૨૯

દુષ્કાળમાં ઢોર બચાવવા યોજના માટે

—: વિ ન મ્ર વિ ન તિ :—

સુજ્ઞ જીવદયા પ્રેમી બંધુઓ,

સાદર જણાવવાનું જે આ સાલ કચ્છમાં દુષ્કાળ છે અને કચ્છની હદમાંથી સૌરાષ્ટ્રમાં હજારો ઢોર આવી રહ્યા છે. દરેક દુષ્કાળ સમયે આ રીતે ઢોર આવે છે જેમાં મોટે ભાગે ગાયો હોય છે અને સૌરાષ્ટ્રમાં પ્રવેશતાં મોરબી વિસ્તારમાં આવે છે મોરબી પાસે મચ્છુ ડેમ તથા પાનેલી તળાવમાં પાણી હોવાથી તેની આસપાસ રહી શકે છે.

આ વખતે ઢોરને બચાવવા અને નભાવવા માટે પરમ પૂજ્ય હાલાર દેશોદ્ધારક આચાર્યદેવ શ્રી **વિજયઅમૃતસૂરીશ્વરજી મ.**ના પટ્ટધર પૂ.પાદ આ. દેવ શ્રી વિજય **જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** મોરબી વિસ્તારમાં પધાર્યા અને તેઓશ્રીને આ અંગે માર્ગદર્શન માટે વિનંતિ કરતાં આ જનાવરોને બચાવવા તથા નભાવવા માટે તેઓશ્રીના આશીર્વાદ અને માર્ગદર્શન પ્રમાણે અમે યોજના કરી છે. ત્રણ માસ આ ઢોરને સાચવવાના છે તેમાં એક ઢોરને ૫ કિલો ઘાસ નાખતા રૂા. ૧૫૦ જેવો ખર્ચ થાય અને ત્રણ માસનો ખર્ચ અંદાજ રૂા. ૫૦૦) એક ઢોર માટે આવે. આ વિસ્તારમાં ૨૦ થી ૨૫ હજાર ઢોર આવવાની ગણતરી છે, હજારો ઢોર આવી ગયા છે.

અમારી ધારણા મુજબ દરેક જીવદયા પ્રેમી ૧–૫–૧૦–૨૫–૫૦) ઢોર બચાવવા ભાવના મુજબ લાભ લે તો આ બધા ઢોર બચી જશે. અમોને જે સહકાર મલશે તેટલા ઢોરને સાચવવાની જવાબદારી લેવાનું નક્કી કર્યું છે અને તેમાં પૂ. આ.દેવશ્રીના શુભ આશીર્વાદથી સફળ થશું એવો અમને પુરો વિશ્વાસ છે.

—: દાન માટેની યોજના :—

૧ ઢોર ત્રણ માસ બચાવવાના રૂા. ૫૦૦
પાંચ ઢોર ત્રણ માસ બચાવવાના રૂા. ૨૫૦૦

એ રીતે આપ આપની ભાવના મુજબ સહકાર આપશો તે માટે દાન આપવાના સરનામા નીચે મુજબ છે. **'જીવદયા કલ્યાણ કેન્દ્ર'** નામનો **સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર મોરબી**નો ડ્રાફ્ટ નીચેના કોઇપણ સ્થળે મોકલી શકશો. ૫–કે વધુ ઢોર બચાવવાનો લાભ

લીધો હશે તેની યાદી **'શ્રી મહાવીર શાસન'** માસિકમાં વિના મૂલ્યે છપાશે. આપ ઉત્સાહપૂર્વક આ કાર્યમાં દાન આપશો એવી નમ્ર વિનંતી છે.

લી. **શ્રી જીવદયા કલ્યાણ કેન્દ્ર-મોરબી**

દાન કે ચેક ડ્રાફ્ટ આપવાના સ્થળો : ૧ ઉકાભાઇ ટી. પટેલ, ન્યુ આદર્શ સોસાયટી, બ્લોક નં. ૧૯, મોરબી ફોન–રે. ૩૧૩૯૧ ઓ. ૨૨૦૨૯. ૨ સુમનભાઈ સી. શાહ જયંત હાર્ડવેર માર્ટ, મોરબી ફોન ઓ. ૨૨૬૫૫–૩૦૭૯૧ રે. ૩૦૨૫૩–૩૦૦૮૩. ૩ શાહ કાનજી હીરજી ૫ ગ્રેન માર્કેટ, જામનગર ફોન ૭૮૭૯૬. ૪ શાહ હરખચંદ ગોવીંદજી માર્ફ C/o. આશીષ કોર્પોરેશન, ૨૭/૩૧ ઓટાવાલા બિલ્ડીંગ, જુની હનુમાન ગલી, મુબઇ–૨ ફોન ઓ. ૫૧૬૨૨૨૩–૨૦૫૪૮૨૯ રે. ૨૦૬૧૫૮૮. ૫ શાહ છગનલાલ ખીમજી ગુઢકા પો. બો. ૬૯૮૦ નાઇરોબી. ૬ મોતીચંદ એસ. શાહ કેન્ટોન, લંડન ફોન ૦/૮/૯૦૭/૫૩૯૨. ૭. રતિલાલ ડી. ગુઢકા, સડબરી, લંડન ફોન–૦/૮/૯૦૪/૯૮૫૧

—: શાસન સમાચાર :—

મુંબઇ–જૈન શાસનના જગવિખ્યાત જ્યોતિર્ધર પૂ. પાદ આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્નો પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિ. મ. સા. અને પૂ. શ્રી તત્વદર્શન વિ. મ. સા.ના ચંદનબાલા–વાલકેશ્વરને આંગણે થયેલ ચાતુર્માસનિવાસના આરાધકો અનોખી ઓળખાણ સાથે યાદ રાખશે, અને તે અનોખી ઓળખ એટલે કે આસપાસમાં અટવાયા વિના આત્મા–કલ્યાણને પંથે વ્યક્તિગત રીતે પંગમંડાણ કરવાને ઝંખતા જિજ્ઞાસુઓને પ્રવચનો દ્વારા લીધેલો બોધ! ચાતુર્માસ દરમ્યાન વિમોચિત થયેલા સદ્બોધપ્રદ પ્રકાશનો નામે 'જેના હૈયે શ્રીનવકાર તેને કેમ ગમે સંસાર!' (દ્વિતીયાવૃત્તિ) 'શબ્દ કહું બસ એક પરમપદ' 'સિદ્ધાચલ સમરૂ સદા' અને 'સ્તુતિ મંદિર' પણ આ ચાતુર્માસની સ્મૃતિ છે. અને સૌથી છેલ્લે કાર્તિક પૂર્ણિમાના મંગલ પ્રભાતે શ્રી સિદ્ધાચલજીના પટ્ટસમક્ષ શ્રી સિદ્ધાચલજીના સંગેમરમર કાચા ઓણે હુબ પહાડરૂપ પ્રતિકૃતિની રચનાની યોજના જાહેર થઇ અને ત્યારે જ શ્રી સંઘે પ્રચંડ પ્રતિસાદ આપીને તે યોજનાને વધાવી લીધી. ભવનિસ્તારક, સદાસ્મરણીય અને એકમેવ અદ્વિતીય દર્શનીય આલંબનના મધુર ઉપહારથી ચાતુર્માસની પૂર્ણાહુતિ થઇ હતી.

દેવમૂર્તિને નહિ માનનારા ગુરુમૂર્તિને કઇ રીતે માની શકે ?

સ્થાનકવાસી-સંપ્રદાયને સણસણતો સવાલ

આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે આ ધરતી પર ચરમતીર્થપતિ શ્રી મહાવીર પરમાત્માનું અવતરણ થયું. ત્રીસ વર્ષની ઉંમરે ચારિત્ર અંગીકાર કરી ઘોર સાધનાનો પ્રારંભ કર્યો. બાર વર્ષની કઠોર સાધનાના અંતે કેવળજ્ઞાન પામી પરમાત્માએ તીર્થ પ્રવર્તાવ્યું. પ્રભુનો નિર્વાણ સમય જ્યારે નજીક આવ્યો ત્યારે ઇન્દ્રે ઉપયોગ મૂક્યો. પરમાત્માના નિર્વાણ બાદ ભસ્મગ્રહનું સંક્રમણ થશે, તેવું જાણી તેમને ચિંતા થઇ. કારણ આ દુષ્ટગ્રહની અસર જૈન શાસનની ભાવિ આપત્તિનું કારણ બને તેમ હતી. પરમાત્માની દૃષ્ટિ જો આ ગ્રહ પર પડે, તો તેની અસર નાબૂદ થાય; તેવું વિચારી ઇન્દ્ર પરમાત્માને પોતાનું આયુષ્ય ક્ષણવાર વધારવા વિજ્ઞપ્તિ કરી, પરંતુ પરમાત્માએ તેમાં પોતાની અસમર્થતા દર્શાવી. પરમાત્મા યથાસમયે નિર્વાણ પામ્યા. ભસ્મગ્રહનું સંક્રમણ થયું. એક તો હુંડા અવસર્પિણી અને તેમાં ય ભસ્મગ્રહની દુષ્ટ અસર ! આ શાસન પર આંકનારી અનેક આપત્તિના સૂચક એવા આ સંકેતો છેલ્લા ૨૫૦૦ વર્ષનો ઇતિહાસ જોઇએ, તો સાચા ઠર્યા એમ લાગે. તે તે કાળે બૌદ્ધો-બ્રાહ્મણો-મુસલમાનો તરફથી આ શાસન પર અનેક આક્રમણો આવ્યા. આ બધા બાહ્ય આક્રમણો સાથે અંદરથી પણ આક્રમણ આવ્યા. આમાં સૌ પ્રથમ દ્વિગંબરો તરફથી આક્રમણ થયું. અહં-દ્વેષ કે ક્રોધ જેવા દોષોને વશ થઇ પોતાનો અલગ પંથ સ્થાપવાની શરૂઆત અહીંથી થઇ. જૈન સંઘનો મોટો ભાગ એક ફિરકામાં વહેંચાયો.

આજથી લગભગ પાંચસો વર્ષ પૂર્વે આ શાસનને બીજો ફટકો લોંકાશાએ માર્યો. વિ. સં. ૧૫૩૧ ની સાલમાં લુંકાજી નામના આ લહીયાએ કષાયવશ બની સ્થાનકવાસી મત સ્થાપ્યો. અત્યાર સુધી જિનમંદિર-મૂર્તિપૂજા-ચૈત્યવંદનનો વિરોધ કોઇએ નહોતો કર્યો, તે આ લુંકાજીએ કર્યો. મૂર્તિપૂજા આદિના આગમપાઠ જ્યારે તેની સામે ધરવામાં આવ્યા, ત્યારે પીસ્તાલીશ આગમમાંથી જે આગમોમાં ઠેર-ઠેર મૂર્તિપૂજાની વાત આવતી હતી, તેવા તેર આગમો પોતે અમાન્ય જાહેર કર્યા. શેષ બત્રીશ આગમોમાં પણ મૂર્તિ-પૂજાની વાત તો આવતી જ હતી, ત્યાં તેણે અર્થ કરવામાં ગોટાળ મારવા માંડી. સગર ચક્રવર્તીના ૬૦,૦૦૦ પુત્રોનું તીર્થરક્ષામાં થયેલું મોત, શ્રી ગૌતમસ્વામીજીનું અષ્ટાપદ-ગિરિ પર ગમન, અભયકુમાર દ્વારા આર્દ્રકુમારને જિનમૂર્તિની ભેટ, સંપ્રતિ રાજા દ્વારા સવા કરોડ જિનબિંબ, સવા લાખ દેરાસરોનું નિર્માણ આવા તો અનેક દૃષ્ટાંતોથી જૈન ઇતિહાસ ભરપૂર છે, જે આ સ્થાનકવાસીઓએ બેધડક નકારી દીધો. પહેલાં તો તેઓ

આગમના અર્થ ઉંધા કરતા હતા, હવે તો તેમની હિંમત (?) એટલી વધી છે કે જિન મંદિર=જિનબિંબ–જિનપૂજાના આગમપાઠો આગમમાંથી કાઢી નાંખી નવેસરથી આગમ છપાવવા માંડ્યાં છે.

વર્તમાનકાલીન આ સંપ્રદાયની વૃત્તિ–પ્રવૃત્તિ તરફ નજર માંડીએ, તો કરૂણા જાગ્યા વગર ન રહે. જૈન દર્શન કહે છે કે—'ધર્માનુષ્ઠાનમાં કેટલીક હિંસા અનિવાર્ય હોય છે. જયણાપૂર્વક ધર્માનુષ્ઠાન કરતી વખતે અનિવાર્ય એવી જે હિંસા થઇ જાય, તે પરિણામે અહિંસાનું કારણ બનતી હોવાથી વસ્તુતઃ અહિંસા જ છે.' જ્યારે સ્થાનકવાસીઓ કહે છે કે 'કોઇપણ પ્રકારની હિંસા એ એકાંતે અધર્મ છે, પાપસ્વરૂપ છે, સામાયિક–પૌષધ કરવો, સંવર–સામાયિક કરવું, એજ ધર્મ છે.' આ સિદ્ધાન્તને લઇને જ તેઓ જિનમંદિર જિનપૂજાદિના વિરોધી બન્યા છે. પરંતુ તેમની કથની અને કરણીમાં કેટલો બધો વિસંવાદ છે, તે જોવા જાણવા જેવું છે.

સ્થાનકવાસીઓ જેમને 'આગમદિવાકર' તરીકે ઓળખે છે, તે શ્રી ચોથમલજી સ્થાનકવાસી જગતમાં પ્રસિદ્ધ વ્યક્તિ છે. ભગવાનનો સ્થાપનાનિક્ષેપો નહીં માનનારા તેમજ મૂર્તિના દર્શન પૂજનમાં પાપ માનનારા આ આચાર્યને પોતાના દર્શન કરાવવાની એટલી બધી હોંશ છે કે, તેમણે પોતાના સાધુઓ સાથે ગ્રુપ ફોટો (Group Photo) પડાવી ભક્તજનોમાં દર્શનાર્થે વહેંચ્યો છે. શું દેવના દર્શનમાં પાપ અને ગુરૂના દર્શનમાં પુણ્ય !'

શ્રી મિશ્રીમલજીનો શિષ્યપરિવાર તો બે ડગલા આગળ વધે છે. તેઓએ પોતાના ગુરૂનું સમાધિમંદિર બનાવવા કરેલી પ્રેરણાના પરિણામે જૈતારણ (જિ. પાલી)માં સમાધિ મંદિર બની ગયું છે. તો શ્રી ગણેશમલજીની ૬ ફૂટ ઊંચી મૂર્તિથી યુક્ત મંદિર ઔરંગાબાદમાં તેમજ શ્રી આનંદઋષિજીનું સ્મારક અહમદનગરમાં બની ચૂંક્યું છે. મેરઠ, આગ્રા, દિલ્હી, રાજગિરિ આદિ અનેક સ્થળોએ પણ સમાધિમંદિરો બન્યા છે. ગુરૂને રાખવા મંદિર બનાવાય, દેવને રાખવા નહિ !' આવો સિદ્ધાંત તો આ સંપ્રદાય જ ઘડી શકે. જ્યાં જીવહિંસા છે, ત્યાં પાપ જ છે. આવા એકાંતવાદી ધરાવતા આ આચાર્યો પાસે ફોટામાં કે સ્મારક બનાવવામાં થતી ષટકાયની વિરાધનાનો બચાવ કરવા કોઇ જ રસ્તો નથી.

દીક્ષા–જન્મદિન ઉજવણી આદિ અનેક પ્રસંગોએ સ્થાનકવાસીઓ સાધર્મિકવાત્સલ્ય કરતા હોય છે. સાધુ દ્વારા તેના ઉપદેશ અપાય છે. ગાયને ચારો નીરવો, કબૂતરને ચણ નાંખવું ઇત્યાદિ જીવદયાના કાર્યો પણ સાધુના ઉપદેશથી કરાય છે. 'જ્યાં જીવહિંસા

હોય ત્યાં ત્રણ કાલમાં ધર્મ ન હોઇ શકે' આવું ધરાર બોલી નાંખનારાઓ આ બધા કાર્યો શું કામ કરે છે ? તે કાર્યોમાં શું ષટકાય વિરાધના નથી થતી ?

આશ્ચર્ય તો ત્યારે થાય છે કે 'ભગવાનના ગુણ પૂજવા તે ધર્મ, ગુણરહિત (મૂર્તિ)ની પૂજા એ ધર્મ નહીં' આવું માનનારા તે પંથના કોઇ આચાર્ય કે મહાસતીજી આદિ કાળધર્મ પામે છે, ત્યારે ભક્તજનો સૈંકડો કી. મી.નો ગાડી–મોટરોમાં પ્રવાસ કરી ત્યાં પહોંચી જાય છે, જેમાં અનેક જીવોની હિંસા થતી હોય છે. વળી જેમના દર્શન કરવા તેઓ જાય છે, તે જડ શરીર તો જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણરહિત છે. તો શું જડના દર્શન કરવા જવાય ? શ્રી આનંદઋષિજી સ્વર્ગવાસી બન્યા ત્યારે હજારો લોકો આ રીતે ભેગા થયેલા. વળી આટલી મોટી જનમેદની જોઈ હરખઘેલાં બનેલા તેમના સાધુઓએ આવનારા ભક્તજનોની અનુમોદના કરતા સમાચાર છાપામાં છપાવ્યા. જીવ-હિંસા કરીને આવનારા ભક્તજનો સ્થાનકવાસીના સિદ્ધાંત મુજબ અનુમોદનાપાત્ર બને કે પ્રાયશ્ચિતપાત્ર ? તે તેઓ જ જાણે.

'મૂર્તિપૂજા ન કરાય' આવું સૈંકડો વર્ષોથી માની બેઠેલા આ સંપ્રદાય હવે શી રીતે આ મિથ્યા-માન્યતા મૂકી દેવી, આવી વિમાસણમાં મૂકાયો હોય, તેવું હવે સ્પષ્ટપણે પ્રતીત થાય છે. કેટલાક વર્ષ પૂર્વે શ્રી આનંદઋષિજીની નિશ્રામાં પૂનામાં એક વિશાળ સંમેલન બોલાવાયેલું. સંમેલનમાં ૩૦૦–૪૦૦ સાધુ-સાધ્વીજી તથા ૧ લાખ શ્રાવક-શ્રાવિકા ત્યાં ભેગા થયેલા. કેટલાક દિવસો સુધી આ સંમેલન ચાલ્યું. સંમેલન કરનાર સાધર્મિકોને–મહેમાનોને બોલાવા, પીવા, રહેવાનો ખર્ચ કરવા જરૂરી ફંડ સાધુઓએ ઉપદેશ દ્વારા એકઠું કરાવ્યું. રસોઈ બનાવવામાં જીવહિંસા થતી હોવાથી આ પૈસા જેણે આપ્યા હશે, તેને પાપ લાગ્યું હશે ? 'જે વધુ પૈસા આપશે તેને વધુ પાપ લાગશે' તેવું કહીને સાધુઓએ ફંડ કરાવ્યા હશે શું ? પૈસા અર્પનારે પાપ સમજીને પૈસા આપ્યા હશે ? વાત આટલેથી ન અટકતા હજુ આગળ વધે છે. મૂર્તિપૂજાનો વિરોધ કરનારી આ પ્રજાએ રંગીન કપડાનો ધ્વજ બનાવ્યો. ચતુર્વિધ સંઘ (!) ભેગો થયો અને તેમની ઉપસ્થિતિમાં તે ધ્વજ આકાશમાં લહેરાવાયો. જેને તેમણે 'શાસનધ્વજ' નામ આપ્યું. તે ધ્વજને લહેરાવવાની બોલી પણ બોલાઇ, જે રૂપિયા ત્રણ લાખ બોલીને મદ્રાસવાળાઓએ લીધી. ત્યાર બાદ બધાએ ધ્વજવંદન કર્યું તથા ધ્વજનું ભક્તિગીત પણ ગાયું. મૂર્તિપૂજામાં જીવહિંસા થાય છે, માટે તે ન કરાય, તો ધ્વજ ફરકાવવામાં વાયુકાયની હિંસા નહીં થતી હોય ?

(ક્રમશઃ)

❋ નમો તિત્થરસ્સ ❋

—પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

શ્રી જૈનશાસન સંસ્થા
(એક મહત્વનું સંશોધન)

'શાસન તાહરૂં અતિ ભલું, જગ નહીં કોઇ તસ સરખું રે,
તિમ તિમ રાગ ઘણો વાધે, જિમ જિમ જુગતિશું પરખું રે.'

૧. શાશ્વત ધર્મરૂપી ઉદ્દેશ.

૨. ઉદ્દેશ બર લાવનારી બંધારણીય શાસનતીર્થ સંસ્થા.

૩. અનુયાયીઓમાંથી તે સંસ્થાના સંચાલન માટે નિયુક્ત કરાયેલ શ્રમણ પ્રધાન શ્રી ચતુર્વિધ સંઘ.

૪. ધર્મ, શાસન, સંઘ અને વિષે જ્ઞાન આપનાર દ્વાદશાંગી શાસ્ત્ર.

૫. ધર્મની પોષક પાંચ દ્રવ્યરૂપ સ્થાવર જંગમરૂપ દ્રવ્ય સંપત્તિઓ અને આત્મામાં રહેલી રત્નત્રયી અને તેના તરફની સદ્‌ભાવના તથા આરાધના યોગ્યતા વિગેરે ભાવ સંપત્તિઓ.

આ પાંચમય જૈનધર્મ જગતમાં અસ્તિત્વ ધરાવે છે. જો કે કોઇપણ ધર્મને આ પાંચ બાબતો હોય જ છે. એટલું જ નહીં, પરંતુ દુન્યવી કોઇ પણ બાબત રાજ્ય-વ્યાપાર વિગેરેને પણ આ પાંચ બાબતો હોય છે. ૧. ઉદ્દેશ, ૨. સંસ્થા, ૩. સંચાલક, ૪. નિયમાવલી, અને ૫. મૂડી.

શ્રી 'લોકપ્રકાશ'ના ત્રીજા ભાગમાં ૧૩૨–૧૩૩ શ્લોકોમાં જૈનધર્મની ઉપર જણાવેલી પાંચ બાબતોનું સ્વાભાવિક રીતે સૂચન થયેલું જાણી શકાય છે.

'સ પ્રાપ્ય કેવલજ્ઞાનં, દેવ માનવ પર્ષદિ ।
દિશતિ દ્વિ-વિધં ધર્મ યતિ-શ્રાદ્ધ જનોચિત્તમ્ ।। ૧૩૨ ।।

તતો ગણધરાન્ ગચ્છાંસ્તથા સંઘ ચતુર્વિધમ્ ।
સંસ્થાપ્ય, દ્વાદશાંગીં ચાર્થાપ્ય, તીર્થ પ્રવર્તેત્ ।। ૧૩૩ ।।

અર્થ : કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને તે (તીર્થંકર પ્રભુએ) દેવો અને માનવોની સભામાં મુનિ અને શ્રાવક એમ બે પ્રકારના ધર્મનો ઉપદેશ આપે છે. (૧૩૨) ત્યાર પછી ગણધરો–ગચ્છો અને ચતુર્વિધ સંઘ સ્થાપીને. દ્વાદશાંગી અર્થથી સમજાવીને. તીર્થ પ્રવર્તાવે છે. (૧૩૩)

૧. બે પ્રકારનો ધર્મ એ શાશ્વત ધર્મ છે.

૨. તીર્થ પ્રવર્તાવે છે એ શાસન સંસ્થા.

૩. શ્રી ચતુર્વિધ સંઘની ગણધરો, ગચ્છો અને ગણોની સ્થાપના કરે છે.

૪. અર્થથી દ્વાદશાંગી સમજાવે છે.

૫. સ્પષ્ટ શબ્દોમાં ધાર્મિક સંપત્તિઓની સૂચના જો કે નથી કરવામાં આવી, છતાં તે અર્થથી અનિવાર્ય રીતે આવી જાય છે. કેમ કે મુનિઓ તથા શ્રાવકોની ધર્મારાધનાના અનુષ્ઠાનોમાં ઉપયોગી પાંચેય આચારોના બાહ્ય ધર્મોપકરણો-જ્ઞાનનાં બાહ્ય સાધનો વિગેરે દ્રવ્ય મિલકતો સંભવે જ.

તથા આરાધનાની યોગ્યતા, આરાધનાની તત્પરતા, આરાધનામાં પોતાના આત્માને પરિણમાવવો વિગેરે ભાવ મિલકતો અવશ્ય સંભવે છે.

હવે આપણે આ પાંચેયની મૌલિક વિગતમાં જરા ઊંડા ઉતરીએ.

૧. બે પ્રકારનો ધર્મ. મુનિ ધર્મ અને શ્રાદ્ધોચિત ધર્મ.

ધર્મ શબ્દનો સામાન્ય અર્થ અહીં આપણે આધ્યાત્મિક વિકાસ એવો ટુંકામાં કરીશું.

પરંતુ આધ્યાત્મિક વિકાસ અને અણવિકાસ એવાં બે વિકલ્પો સહજ રીતે જ તેમાંથી આપણી સામે ઉપસ્થિત થશે.

તો વિકાસ અને અણવિકાસ એટલે શું ? અણવિકાસ ન હોય, તો વિકાસની ભાવના જ ઉભી થતી નથી. માટે વિકાસ છે, તો અણવિકાસ પણ સંભવે છે. અને અણવિકાસ છે તો તેમાંથી વિકાસને અવકાશ રહે છે. નહીં તો બે સ્થિતિ જ ન હોય. તો કાંઇ વિચારવાનું જ ન હોય. પરંતુ એ બે સ્થિતિ છે. માટે તેમાંથી એ વિચારણા ઉદ્ભવી છે.

વ્યવહારમાં અજ્ઞાન બાળક મહાપ્રાજ્ઞ બનતો જોવાય છે. તેવી જ રીતે પ્રાજ્ઞ માણસ કોઇ દોષથી મૂઢ-મૂર્ખ-મત્ત-મત્ત-ગાંડપણ યુક્ત-ચિત્તભ્રમ-મોટાં કામ કરી પોતાને અને બીજાને હેરાગતિમાં મૂકતો જોવામાં આવે છે. આમ થવાના શા કારણો છે ? એમ કેમ બને છે ? તેની વિગતમાં હાલ આપણે ઉતરશું નહીં.

વિકાસનો ઉદ્દેશ વિકાસની પૂરી હદ સુધી પહોંચવાનું હોય છે. વિકાસની પૂરી હદનું નામ મોક્ષ છે. મોક્ષ સુધી પહોંચવું એ ધર્મ કરવાનો ઉદ્દેશ છે.

મોક્ષ એટલે અણવિકાસમાંથી છૂટવું. જેટલે જેટલે અંશે વિકાસ પ્રાપ્ત કરાય અને

અણુવિકાસમાંથી છૂટાય, તેટલા અંશે નાના નાના, મોક્ષો થતા જાય. અને સંપૂર્ણ મોક્ષ એ છેલ્લો મોક્ષ જે મોક્ષ પછી મોક્ષ થવાની પરંપરા અટકી જાય. નાના નાના મોક્ષોનું કારણ અને પરમ મોક્ષનું કારણ તે નાના નાના ધર્મો અને પરમ ધર્મ. મોક્ષ કાર્ય છે, ધર્મ તેનું કારણ છે, સાધન છે.

રત્નત્રયી સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર, ક્ષમાદિ ગુણોનો વિકાસ વિગેરે ધર્મના ઘણાં ઘણાં પ્રતીકો છે.

અર્થાત મોક્ષ છે, તેના ઉપાય પણ છે.

અમોક્ષ છે, માટે મોક્ષનું અસ્તિત્વ છે.

અમોક્ષ એટલા માટે છે કે વિજાતીય દ્રવ્યથી મોક્ષ પામનાર દ્રવ્યનું મિશ્રણ થાય છે. કેમકે બન્નેય દ્રવ્યોમાં પરસ્પરની ઉપર અસર કરવાનો કુદરતી સ્વભાવ છે.

બે દ્રવ્યો અને જીવ અને અજીવ. એટલે કે મુખ્યપણે અહીં પુદ્ગલ દ્રવ્ય લેવાનું છે. બન્નેયમાં પરસ્પરને અસર કરવાનો અને પરસ્પરની અસર ગ્રહણ કરવાનો કુદરતી સ્વભાવ છે, માટે બન્નેનું મિશ્રણ થાય છે.

તેને લીધે આત્મા-જીવ પદાર્થ અજીવ-પુદ્ગલ સાથે જોડાય છે. તે બન્નેયમાં બંધ થાય છે. કર્મો રૂપે પરિણામ પામના પુદ્ગલ દ્રવ્યોનો બંધ થાય છેતે કર્મ બંધ થવામાં આત્મા મુખ્ય પ્રેરક દ્રવ્ય છે. માટે તેને કર્મોનો કર્તા કહેવાય છે. અને અણુવિકાસમાં-સંસારમાં બંધનમાં રહેવા રૂપ ફળો આત્માને ભોગવવાનો રહે છે, માટે આત્મા કર્મફળોનો ભોક્તા છે.

આ કર્તા અને ભોક્તાપણામાંથી છૂટવું તેનું નામ મોક્ષ છે અને તેનો ઉપાય-સાધન રત્નત્રયી વિગેરે છે.

સાંસારિક જીવનરૂપે ફળો ભોગવાય છે. તેનું કારણ બંધ છે, અને તેનું કારણ સાંસારિક જીવનની પ્રવૃત્તિરૂપ આશ્રય છે.

પરંતુ કર્તા ભોક્તાપણું, અણુવિકાસ અને વિકાસોથી મોક્ષો વિગેરે કોના થાય છે ? કેમકે બે અવસ્થા થઇ. મોક્ષરૂપ અને અમોક્ષરૂપ. એ બન્નેય અવસ્થા એક જ પદાર્થની જુદી જુદી અવસ્થાઓ છે, જુદા જુદા વખતે થનારી છે.

(ક્રમશઃ)

'अज्ञानं हि महारिपुः !'

મોટામાં મોટો દુશ્મન–અજ્ઞાન–ના સમજ[redacted]ની માન્યતા ફેરવ ! સુખાર્થી તું પાગલ બન્યો છે. તે જે હેતુઓ સ્વીકાર્યો છે તે શું છે ? તેનો વિચાર કર ? હકીકતમાં સુખનો હેતુ છે કે પછી સંસારની રખડપટ્ટી કરાવનારા બંધનનો...!

દુઃખદાયી આ સંસાર અને એમાં ફસાવી રાખનાર મજબુત બંધન તરીકે કોઈપણ હોય તો આ પરિવારનું બંધન છે.

પરિવારનો પાશ...એ સુખનો હેતુ નથી પણ દુઃખનો જ હેતુ છે.

એનાથી સંસાર વધે છે...પરિણામે પણ દુઃખદાયી છે.

અંતકાળે તારા સોનાના સાંકળાય કાઢી લેશે. પહેરેલા નવા નવા વાઘા પણ ઉતારી લેશે અને ધોળું વસ્ત્ર ગોતવા લાગશે. કમ્મર તોડી તોડીને સોના ચાંદીના ચરૂઓ કઢાઈઓ વગેરે ભેગું કર્યું હશે પરંતુ છેલ્લે તારા કપાળે ઓખરી હાંડી જ લખાયેલ છે. તારી સગી નારી ઉભી ઉભી ટગમગ જોશે. તેનું કાંઈ ચાલશે નહિ. બેઠી મુસકે રડશે. તું જેને વાહલા–વાહલા ગણતો હતો તે તો તને વોળાવી વળશે.

માટે હવે સમજી જા.

આ સંસારમાં રખડતા તમામ આત્માઓના પગમાં પડેલી બેડી એ આ પરિવારની છે.

એને વળી તું સુખના સાધન તરીકે શે સ્વીકારે છે ?

એજ તારૂં મહા અજ્ઞાન છે અજ્ઞાન !

સમગ્ર જૈન ચાતુર્માસ યાદીના પુસ્તકનું વિમોચન

જૈન એકતા મહામંડળ દ્વારા ચારે સંપ્રદાયની તૈયાર કરવામાં આવેલી જૈન સાધુ–સાધ્વીઓના ચાતુર્માસ યાદીના પુસ્તકનું વિમોચન મહારાષ્ટ્ર રાજ્યના ગૃહનિર્માણ મંત્રી રાજ. કે. પુરોહિતના હસ્તે મોતીશા જૈન દેરાસર–ભાયખલામાં વિમોચન વિધિ કરવામાં આવી હતી. આ પુસ્તકમાં મૂર્તિ પૂજક સમાજમાં ૬૫૦૦, સ્થાનકવાસી–૩૦૦૦, તેરાપંથી ૭૦૦ અને દિગંબરના ૬૫૦ એમ કુલ મળીને લગભગ ૧૧૦૦૦ સાધુ–સાધ્વીઓના ચાતુર્માસનાં નામ અને સરનામા, જૈન સમાજની ઐતિહાસિક ઘટનાઓ, નવા દીક્ષાર્થીઓના નામ, કાળધર્મ પામેલાની યાદી, નૂતન પદવીઓ, ઉગ્ર તપસ્વીઓના રેકોર્ડ આવી અનેક માહિતી ખાબુલાલ જૈને 'ઉજ્જવલ' એકઠી કરી પ્રસિદ્ધ કરી છે.

મંડળના મહામંત્રી શ્રી શાંતિપ્રસાદ જૈને પુસ્તક અંગેની માહિતી આપી હતી.

આ પુસ્તક મેળવવા માટેનો સંપર્ક ફોન : ૮૮૭૧૨૭૮ મુંબઇ છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગણધરજી



- ધર્મ એ જ મોક્ષ રૂપ અર્થને સિદ્ધ કરવાનું એક માત્ર સાધન છે. જે ધર્મનો અર્થી નથી તે મોક્ષનો અર્થી નથી અને જે મોક્ષનો અર્થી નથી તે ધર્મી નથી.
- ધર્મની અવગણના કરનારો મોક્ષની અવગણના કરનારો છે.
- અર્થકામને જે તજે, તે જ મોક્ષ ધર્મની આરાધના કરી શકે એમ નહિ, પણ અર્થ કામને અનર્થરૂપ માને તે ય મોક્ષધર્મની આરાધના કરી શકે. અર્થ–કામનો સંસર્ગ ન છૂટે, તેને ભોગવે તે છતાં પણ માને કે– 'દુશ્મનની સોબતમાં છું.'
- આ જીંદગી ટુંકી છે. આત્મા અનાદિકાળથી પુદ્ગલની પંચાતમાં તો પડેલો જ છે. પૌદ્ગલિક પદાર્થોની પૂંઠે આત્માએ આજ સુધી શું શું નથી કર્યું ? એ જંજાળને પણ આ ભવમાં પણ મજબૂત બનાવવી છે કે આ બધી સામગ્રી પામીને એ જંજાળથી આત્મા સર્વથા મૂકાઇ જાય તેમ કરવું છે ?
- સંસાર પ્રત્યે રોષવાળા અને મોક્ષ પ્રત્યે ગાઢ રાગ રાગવાળા બન્યા વિના પારમાર્થિક સત્ય હાથ લાગે જ નહિ !
- સત્યની ગવેષણા કરવી હોય તો પુદ્ગલ તરફથી દૃષ્ટિ પાછી ફેરવી લેવી જોઇએ અને આત્માના હિત તરફ દૃષ્ટિ ચોંટવી જોઇએ.
- જે મુનિવેષની વફાદારીને ભૂલ્યો, તેને ભયંકર નિવડતાં વાર લાગે નહિ. તીવ્ર માનાકાંક્ષી વેષમાં રહે અને વેષને લજવે.
- અર્થ–કામની હેયતા અને ધર્મની ઉપાદેયતા, એ તો સાધુઓના ઉપદેશનું રહસ્ય હોવું જોઇએ. ધર્મ કરવાનો તે દુનિયાદારીથી મૂકાવાને માટે જ, એ વાત સાધુઓના ઉપદેશમાંથી નીકળ્યા વિના રહે નહિ. સાધુ એટલે વિષય–કષાય રૂપ સંસારના વૈરી ! સાધુઓ એટલે દુનિયાને દુનિયાદારી ભૂંડી છે, એનું ભાન કરાવનારા ! સાધુઓ એટલે આ સંસારને દુઃખનું મૂળ અને દુઃખનું ધામ છે એમ બતાવી, સુખના મૂળ રૂપ વૈરાગ્ય તથા સુખના ધામ રૂપ મોક્ષ પ્રત્યે દુનિયાના જીવોમાં રૂચિ ઉત્પન્ન કરાવનારા !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

Regd 1814/79 ૧૬૧૩

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-૩૮૨૦૦૯

ધર્મ કેવો છે.

ધર્મો મઙ્ગલમુત્કૃષ્ટ, ધર્મ: સ્વર્ગાપવર્ગદ: ॥
ધર્મ સંસાર કાન્તા, રોલ્લંઘને માર્ગદેશક: ॥

ધર્મ જ ઉત્કૃષ્ટ મંગલ છે. ધર્મ સ્વર્ગ અને અપવર્ગ–મોક્ષ આપનારો છે અને ધર્મ જ આ સંસાર રૂપી અટવીનું ઉલ્લંઘન કરવા માર્ગદેશક છે.

વર્ષ ૯ અંક ૨૪

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન

* સત્યવીર *

—શ્રી વિરાગ

શાળાનો ઘંટ વાગ્યો નાના મોટા ભૂલકાઓ ટપોટપ ગોઠવાઇ ગયા શાળાનો પહેલો દિવસ.

આચાર્ય નવા, બાળકો પણ નવા.

આચાર્ય પધાર્યા, સૌ ઉભા થયા. પ્રણામ કરી બેસી ગયા.

આચાર્યે પાટિયા ઉપર લખ્યું 'સત્ય વદામિ' અને બોલ્યા 'હું સત્ય બોલુ છું.'

બોલો બધા સૌ બોલવા લાગ્યા 'હું સત્ય બોલું છું.' 'સત્યં વદામિ'

આચાર્યે કહ્યું બસ, કાલે પાકું કરી આવજો.

જી સાહેબ, બાળકોએ વિનયપૂર્વક બોલ્યા હવે રમવું છે ને!

આચાર્ય હતા—દ્રોણાચાર્યને ભૂલકાઓ હતા.

કૌરવો—પાંડવો.

બીજે દિવસે પૂછ્યું- પાકુ કરી લાવ્યા છો?

હા જી, સાથે સૌ બોલી ઉઠ્યા,

આચાર્યે પાટિયા ઉપર લખ્યુ ને બોલ્યા, આ રીતે ઘોઘાંટ કરાય, ચોય, અર્જુન ઉભો થા, અને વાંચ જોઇએ.

અર્જુને વાંચ્યું ને અર્થ પણ કર્યો.

નકુલ તું વાંચીશ. હા તે પણ વાંચી ગયો.

અલ્યા તોફાની લખણો કેમ નથી બેસતો, ઉભો થા ઉભો. વાંચ જોઇએ કેવું આવડે છે?

હોં જી સાહેબ હું વાચું હીં તું જ વાંચ શું લખ્યું છે. લહેકા કરતો ભીમ પણ વાંચી ગયો.

દુર્યોધન તું બોલીશ, ઉભા થતાં કપડા સરખા કરતો કરતો તે કડકડાટ બોલી ગયો. શાંત બેસી રહેલા યુધિષ્ઠિર પર નજર પડી.

ચોય, ઉભો થા, વાંચ જોઇએ શું લખ્યું છે?

દશ આંગળી ભેગી કરીને નમસ્કાર કરવા પૂર્વક યુધિષ્ઠિર બોલ્યા- ગુરુજી, મે હજી પાઠ તૈયાર કર્યો નથી.

દ્રોણાચાર્ય બોલ્યા, ભાઇ કાલે કરી આવજે.

બીજે દિવસે આચાર્યે પૂછ્યું, કેમ પાઠ તૈયાર થઈ ગયા.

હજી, મને નથી આવડતો ચાલ, એક દિવસ વધારી કાલે ચોકકસ પાકો કરી આવજે નહીંતર...

પણ, યુધિષ્ઠર પાઠ પાકો ન કરી શક્યા.

ચાર—પાંચ દિવસ નીકળી ગયા, યુધિષ્ઠિર પાઠ પાકો કરીને આવતો પણ નથી કે પાટિયા ઉપરનું લખાણ પણ વાંચતા નથી.

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

પ્રેરણા મુખ્ય શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુડકા (મુલુંડ)
હરેન્દ્રકુમાર મગનલાલ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (પાલડી)
ચાંદમલ પદમશી ગુડકા (ચાંદગઢ)

વર્ષ : ૯] ૨૦૫૨ માઘ સુદ-૫ મંગળવાર તા. ૧૧-૨-૯૭ [અંક : ૨૪

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૬ ગુરૂવાર તા. ૧૬-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રકરણ ૧૪ મું) —અવ૦)

સભા૦ તે ધર્મને 'ઉદ્યોગપતિ'ની પદવી અપાય છે.

ઉ૦ ધર્મ નહિ સમજેલા અને નહિ પામેલા જીવો જે ન કરે તે ઓછું !

ધર્મ સમજેલા જીવો કોઇની ય ખોટી પ્રશંસા કરે નહિ કદાચ થઇ જાય તો ભૂલ સુધાર્યા વિના રહે નહિ. એક શેઠીયો અમેરિકા જવાનો હતો. ગામનો આગેવાન શ્રાવક તેના મેળાવડાનો પ્રમુખ બન્યો હતો. તેમાં તે શેઠની ઘણી ઘણી પ્રશંસા કરી. તે પછી તે આગેવાન શ્રાવક મારી પાસે આવ્યો હતો. મેં તેને કહ્યું કે-'આ શું પાપ કરી આવ્યા ? તેની પાપની પ્રવૃત્તિનું અનુમોદન આપી આવ્યા.' તે શ્રાવક સારો હતો તો મને કહ્યું કે-'સાહેબ ! મને આવી ખબર ન હતી. આજે ખબર પડી કે મારી ભૂલ થઇ ગઇ. હવે ફરી આવી ભૂલ નહિ કરું.' આજે આવું પણ કેટલા કબૂલ કરે ? આજે તો બધા માને છે કે આવા મોટા શ્રીમંતો સાથે સંબંધ હોય તો ઘણું કામ થાય. માટે તેની આંખમાં રહેવું જોઇએ. મોટો શ્રીમંત પરદેશ જાય તો તમને તેની દયા આવે ખરી ? સગા છોકરાને પરદેશ મોકલનારને વળી દયા આવતી હશે ખરી ? ત્યાં મોકલવાની ખાસ જરૂર છે માટે મોકલો છો ? તેના વિના અટકી પડયું છે માટે મોકલો છો ?

આવા બધા ખરેખર જૈન કહેવાય ખરા ? માટે આવા બધા ખોટા કલ્પિત અર્થો ન કરો. સમજી જાવ કે– દુનિયાના સુખમાં વિરાગ અને દુઃખમાં સમાધિ તે જ મનગમતાં સુખનો વાસ્તવિક અર્થ છે.

તમે બધા વિરાગી છો ખરા ? વિરાગીને પરિગ્રહ વધે તો ભય લાગે કે આનંદ થાય ? ઉત્સર્ગ માર્ગે શ્રાવક અલ્પારંભી અને અલ્પ પરિગ્રહી હોય. અધિક પરિગ્રહની ઇચ્છા થાય તો માને કે, મને લોભ બહુ સતાવે છે માટે વેપારાદિ કરું છું પણ મારે તેની જરૂર છે માટે કરું છું તેવું નથી. મારે બધા વેપારી પાસે આ જ કહેવરાવવું છે કે–'અમે બધા મોટેભાગે લોભીયા છીએ માટે કરીએ છીએ તેવું નથી.' લોભથી વેપાર કરનાર પણ જો વેપારને સારો માને, મઝેનો માને, કરવા જેવો માને, તેને પાપ ન માને, તે કરતાં જો કંપારી પણ ન આવે તો તે બધા જૈનપણું પામેલા કહેવાય ખરા ? સાધુ પણ જો સમજદાર ન હોય તો તે સાધુપણું પણ નથી પામી શકતો શ્રાવક પણ સમજદાર ન હોય તો શ્રાવકપણું પણ ન પામી શકે. સમકિત પામવા માટે પણ સમજ જોઇએ. સમજ વિના સમ્યક્ત્વ પણ ન પામી શકે.

આપણી સમ્યક્ત્વની વાત ચાલે છે કે સમ્યક્ત્વ કોણ પામે ? તેનો પામવાનો ઉપાય શું છે ? અનાદિકાલીન કર્મની ગાંઠ ભેદે તે જીવ સમ્યક્ત્વ પામે. તે કર્મની ગાંઠ શું છે ? ગાઢ રાગ અને ગાઢ દ્વેષનો જે પરિણામ તે જ ખરેખર કર્મની ગાંઠ છે. તમારો ગાઢ રાગ ક્યાં છે ? ભગવાન ઉપર છે ? સાધુ ઉપર છે ? ધર્મ ઉપર છે ? મા–બાપ ઉપર પણ છે ? તમે કહો કે– અમારી જાત ઉપર પણ રાગ નથી પણ માત્ર પૈસા ઉપર રાગ છે. તમને તમારી જાત ઉપર પ્રેમ વધારે છે કે સંસારના સુખ ઉપર અને તે સુખનું સાધન પૈસા ઉપર રાગ વધારે છે ? જેને પોતાની જાત ઇપર પ્રેમ હોય તે આવા મહારંભ કરે ? મહાપરિગ્રહ મેળવે ? મહારંભી અને મહાપરિગ્રહી તથા મહારંભ અને મહાપરિગ્રહને સારો માનનારા નરકગામી જીવો છે આ ભગવાનનું વચન યાદ છે ? સાધુ આ વાત સંભળાવે તો સાંભળવી પણ ગમે છે ? જે લોકો મહારંભ નથી કરતા તે કરી શકતા નથી માટે નથી કરતા; પણ કરવાની ઇચ્છા ઘણી છે માટે તે ય તેના જેવા જ છે. જે સંસારના સુખનો અને પૈસાનો પ્રેમી હોય તે પોતાની જાતનો પ્રેમી નથી.

સભા૦ જાતનો અર્થ શરીર કરો છો કે આત્મા ?

ઉ૦ જાતથી હું આત્મા કહું છું. આ શરીરને શું કરવું છે ? શરીર તો કોઇના

ઉપર પ્રેમ કરતું નથી. તમારા શરીરને તમારી ઉપર કયાં પ્રેમ છે ? તમે જશો તો તે સાથે નહિ આવે.

માટે જ પૂછું કે– તમને તમારી ઉપર પ્રેમ છે ? જેને પોતાની જાત ઉપર પ્રેમ હોય તે વગર કારણે વેપારાદિ કરે ખરો ? વેપાર પાપ છે કે ધર્મ છે ? તમારી પાસે આજીવિકાનું સાધન નથી માટે વેપારાદિ કરો છો ? જેની પાસે આજીવિકાનું સાધન હોય તે મોટે ભાગે વેપારાદિ કરે નહિ. જેની પાસે આજીવિકાનું સાધન ન હોય અને તેને વેપારાદિ કરવા બજારમાં જવું પડે અને તે શ્રાવક હોય તો એમ જ કહે કે–"ન છુટકે બજારમાં જાઉં છું. મારી પાસે આજીવિકાનું સાધન હોત તો આજના બજારમાં જાત નહિ." આજના બજારમાં વેપાર કરવા જેવો છે ? આજે તો વેપાર કરવો એટલે જૂઠું બોલવાનું, જૂઠું લખવાનું અને ચોરી કરવાની...! આજે ખોટા ચોપડા ન લખતા હોય તેવા વેપારી કેટલા મળે ? તેને પાપ માનતા હોય તેવા કેટલા મળે ? આજે અમે વેપારને પાપ કહીએ, અનીતિ ન કરવી જોઇએ એમ કહી એ તો ઘણા અમને સમજાવે છે કે-'મહારાજ ! કયા જમાનામાં જીવે છો !" મેં ભૂતકાળના વેપારીઓ પણ જોયા અને તમને પત્ર જોઉં છું. ભૂતકાળના સારા વેપારી ખોટું બોલતા ન હતા, ખોટો ચોપડો પણ લખતા ન હતા.

સભા૦ તેવા કાયદા ત્યારે ન હતા.

ઉ૦ આજે કાયદા તેવા છે કે 'જૂઠ બોલવું જ પડે ! આ વાત સાબીત કરી શકો તેમ છો ? પણ તમે બધા માનો છો કે આજના કાળની અમને જેટલી ખબર છે તેટલી મહારાજને નથી ! મારે તમને પૂછવું છે કે– આજે તમે જૂઠ ન બોલો, ચોરી ન કરો, ચોપડા ખોટા ન લખો તો જીવી શકો તેમ નથી ? ઘણા એવા છે જે મજેથી જીવી શકે અને પાંચ પૈસા ધર્મમાં ય ખર્ચી શકે તેમ છે !

સભા૦ સ્ટેટસ ન રહે.

ઉ૦ તે ખાતર મહાપાપ કરવા તૈયાર હોય તેને આત્માના પ્રેમી કહેવાય ?

તમે તો તમારી જાતના જ શત્રુ છો. સદ્ગતિમાં જવાની સારામાં સારી સામગ્રી મલી હોવા છતાં પણ દુર્ગતિમાં જ જવાની કારવાઇ કરો છો, આંખ મીચીને પાપ કરો છો, પાપનો પશ્ચાતાપ પણ કરતા નથી.

(ક્રમશઃ)

— શ્રી મહાવીર શાસન દ્વારા પ્રગટ થાય છે —

પરમ પૂજ્ય સંઘસ્થવિર આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મહારાજના પટ્ટધર આગમજ્ઞાતા પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય મેઘસૂરીશ્વરજી મહારાજ પટ્ટધર પ્રશમનિધિ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય મનોહરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર.

પ્રશાંતમૂર્તિ શાસન સંનિષ્ઠ ગચ્છનાયક
પૂ. આચાર્યદેવ શ્રી વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મહારાજ

ફ્ર સ્મૃતિ વિશેષાંક ફ્ર

સંપાદક : પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

વર્તમાન કાલે આ પૂજ્ય આચાર્યદેવ શ્રી શાસ્ત્રના જ્ઞાતા, સિદ્ધાંતોના ચુસ્ત રક્ષક શાસન પ્રભાવક હતા તેઓશ્રી શિવગંજ મુકામે ૨૦૫૨ શ્રાવણ સુદ ૪ તા. ૧૬-૮-૯૬ના સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. તેઓશ્રી શાસનના રત્ન હતા. ૧૫૦ સંયમ સાધક સાધ્વીજી સમુદાયના સુકાની હતા. તેઓશ્રીની સ્મૃતિ માટે આ વિશેષાંક પ્રગટ થશે.

આ વિશેષાંક માટે પૂ.શ્રીજી જીવન અંગે તથા તેઓશ્રીની નિશ્રામાં થયેલ પ્રસંગો દીક્ષા પ્રતિષ્ઠા સંઘ યાત્રા, ઉપધાન તેમજ બીજા પણ પ્રસંગોના અનુભવો તથા તે પ્રસંગોના ફોટા વિગેરે તા. ૧-૩-૯૭ સુધી મોકલી આપવા વિનંતિ છે.

પૂ. આચાર્યદેવાદિ, પૂ. મુનિરાજો, પૂ. સાધ્વીજી મ. અને શ્રાવક શ્રાવિકાઓને આ વિશેષાંક માટે લેખો મોકલવા વિનંતી છે.

આ વિશેષાંક માટે રૂા. ૧૦૦ થી માંડીને ૫૦૦/૧૦૦૦/૫૦૦૦ રૂા. આદિ વિ. સહકાર આપી શકાશે તેમના નામો છપાશે. તેમને વિશેષાંકો મોકલવામાં આવશે.

— લેખો ચેક ડ્રાફ્ટ વિ. મોકલવાનું સરનામું —

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર

શાક માર્કેટ સામે, નિશાળ ફળી, જામનગર-૩૬૧૦૦૧ (સૌરાષ્ટ્ર)

❋ પ્રેરણામૃત સંચય ❋

(ગતાંકથી ચાલુ) -પ્રજ્ઞાંગ

'મારે મોક્ષ વિના કાંઇ જોઇતું નથી. મોક્ષની વાર હોય તો પુણ્યના પ્રતાપે અનુકુળતા મળે તો તેમાં ફસાવવું નથી. તેવો દઢ નિર્ધાર હોય અને પાપ કર્યા હોય તો ભયંકર આપત્તિ આવે તો તે દૂર કરવા બીજા પાપ સેવવા નથી. ભુખ્યો-તરસ્યો રિબાઇ રિબાઇને મરીશ તે બનશે પણ આ આવેલા દુઃખને કાઢવા પાપ કરવાની તૈયારી નથી કેમકે આપત્તિ શરીરને છે પણ મનને નથી. શરીર હોય તો આપત્તિ રહેવાની તેને મારે સહેવી જ જોઇએ : આની જેની દઢ માન્યતા હોય તે સમજુ કહેવાય.

૦ સંસારનું સર્જન : કર્મની ગુલામી

અનાદિથી આત્મા સાથે વળગેલાં કર્મોએ શ્રી અરિહંત પરમાત્માના આત્માને પણ આ સંસારમાં ચારે ગતિમાં ભટકાવ્યા છે, કર્મ એજ આત્માનો મોટામાં મોટો શત્રુ છે. તે કર્મની આધીનતા જ જીવને સંસારમાં રખડાવે છે. જે કે જેવી અનંતી શક્તિ આત્માની છે તેવી જ કર્મની પણ અનંતી શક્તિ છે. આત્મા સમજદાર ન થાય ત્યાં સુધી તે કર્મ જીવને સંસારમાં રખડાવ્યા જ કરે છે, મોટે ભાગે પાપ કરાવે છે અને દુર્ગતિમાં ભટકાવે છે. તેવી જ રીતે પુણ્ય થાય સુખ મળે તો સુખના કાળમાં પણ ભયંકર પાપ કરાવી આત્માને દુર્ગતિમાં મોકલી આપે છે. જ્યારે આત્મા સમજદાર થાય, ભૂતકાળનું કર્મ નડે નહિ તો ક્રમસર કર્મના બળને ઘટાડતો ઘટાડતો આત્માના બળને અદ્ભુત બનાવતો કર્મોને ખેદાન મેદાન કરીને, કર્મોને ભગાડયા વિના રહેતો નથી.

તમને લાગે છે કે આપણે કર્મને પરવશ છીએ. કર્મને લઇને જનમવું પડયું છે. કર્મની આધીનતાથી એવું જીવવું પડે છે કે જે જીવન જગત સમક્ષ ખુલ્લું મૂકી શકતા નથી. કર્મની સામે થઇને ભગવાનની આજ્ઞા મુજબ જીવન જીવે તેનું જીવન ઉઘાડી ચોપડી જેવું હોય, કર્મની પરવશતાથી જે જીવન જીવે તેને ઘણું ઘણું છૂપાવવું પડે.

કર્મ જ મારો ભયંકર શત્રુ છે, અને સંસારમાં ભટકાવનાર છે. તેની શિખામણ માની આજ સુધી હું સંસારમાં ભટક્યો. હવે હું કર્મની શિખા-

મણ ભૂલી અનંતજ્ઞાનીની આજ્ઞા મુજબ જીવન જીવવાના પ્રયત્ન કરૂં તો જ કર્મની ગુલામીમાંથી-આધીનતામાંથી છટકી શકું. કર્મને આધીન થયેલા મેં આજ સુધી જે જે કર્યું તેનું વર્ણન થઇ શકે તેમ નથી. કર્મની આજ્ઞા મુજબ ન જીવવું અને ભગવાનની આજ્ઞા મુજબ જીવવું તે જ ખરેખર જૈનપણું છે આ વાત જો હૈયામાં જચી જાય તો એવું બળ પેદા થાય કે પછી આપણે કર્મને કહી શકીએ કે-'તારા બંધનમાં જરૂર છું પણ તારી આજ્ઞામાં નથી. હવે તારી ઇચ્છા મુજબ જીવવાનો નથી. કેમ જીવવું તેની ખબર પડી ગઇ છે. અમે તેવા કાળમાં પણ ભગવાનની આજ્ઞા અને શાસ્ત્રની આજ્ઞાનો વિચાર કરીને જીવવાનું છે.'

આપણે ઔદાયિક ભાવમાં બેઠેલા ખરા પણ ઔદાયિક ભાવને જીવનારા નહિ. પણ જીવનારા તો ઉપશમ કે ક્ષયોપશમભાવ. ભગવાનના ભગત કહેવરાવવું અને કર્મના હુકમ મુજબ જીવવું તેના જેવી નાલાયકાત એક નથી. ઉદયભાવને જીવવાનો ઇન્કાર અને ક્ષયોપશમ ભાવને જીવવાનો વિચાર તે જ ભગતનું સાચું લક્ષણ.

※ ※

૦ ગીતાર્થ એટલે જેવી વ્યક્તિ આવે તેવી રીતે શાસ્ત્રની વાત ગોઠવીને કહેતા આવડે. પણ શાસ્ત્રની વાત આઘી મૂકી રાજી કરતા ન આવડે. તમે શાસ્ત્ર સમજવા માગો છો કે આ કાળમાં શાસ્ત્રની વાત ન ચાલે એમ માનો છો ? ૨૫૦૦ વર્ષ પહેલાના શાસ્ત્રો આજે બીનજરૂરી છે એમ માનો છો ? શાસ્ત્ર લખનારા મહાપુરૂષો પરમ ચારિત્ર સંપન્ન, ગીતાર્થ ભવભીરૂ, પાપભીરૂ હતા. જે વાત ભગવાને કહી તે જ લખે પણ પોતાની વાત લખે નહિ. માટે જ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.એ કહ્યું કે—સાધુની આંખ જ શાસ્ત્ર છે. શાસ્ત્રે કહ્યું તે જ જોવાનું અને વાંચવાનું જે ન કહ્યું તે ન જોવાય અને ન વંચાય.

યોગ્યતા જ પ્રધાન :

દીક્ષાનો ઉપદેશ ધર્મધોકાર અપાય પણ અહીં આવ તેમ ન કહેવાય. દીક્ષા બળાત્કારે ય અપાય, પણ કોને ? જે કહે છે મારે દીક્ષા જ લેવી છે. હજી ઉલ્લાસ જાગતો નથી પણ જો એકવાર આપશો તો મરી જાઉં પણ પ્રાણની બાજી પાળીશ તેમ કહે તેને. મહાપુરૂષોએ જે જે વિધિ લખી છે

તેનો જો ભંગ કરવામાં આવે તો તેનાથી નુકશાન જ થાય છે. દીક્ષા લેનારની યોગ્યતા માટે પહેલાં પ્રશ્ન પરીક્ષા છે કે, તને દીક્ષા લેવાનું મન કેમ થયું ? તે કહે કે, આ સંસાર ગમતો નથી ઝટ મોક્ષે જ જવું છે તેમ કહે તે પછી કથા પરીક્ષા કરવાની. તેમાં આખા સાધ્વાચારનું વર્ણન કરવાનું છે. 'આરામ કે સુખ માટે દીક્ષા નથી. લોચ કરાવવા પડશે, ઉઘાડે પગે ચાલવું પડશે, બેંતાલીશ દોષ રહિત ભિક્ષા લાવવી પડશે અને પાંચ દોષ રહિત વાપરવી પડશે.' આમ આખા મુનિપણાનું વર્ણન સાંભળતા ઉલ્લાસ વધતો દેખાય તે પછી પરિચય પરીક્ષા છે. સારી નોકરી હોય અને સારો પગાર વધતો હોય તો શેઠ કહે તેમ કરે ને ? માબાપ કોનું નામ ? દૂધ પીવરાવે તેમ અવસરે હિત માટે સજા પણ કરે તે. અને યોગ્યતા દેખાયા પછી દીક્ષા પણ શા માટે આપવાની છે ? શિષ્યનો પરિગ્રહ વધારવા નહિ પણ અનુગ્રહ બુદ્ધિથી આપવાની કે એક જીવનો નિસ્તાર થાય છે.

૦ ભાવધર્મ ચોવીશે ય કલાક આપણી સાથે રહેનારો છે. બાકી ક્રિયા રૂપ ધર્મ તે તે અવસરે થાય. આ ભાવધર્મ જીવ જ્યાં જાય ત્યાં સાથે જ રહે. તેથી જ નિર્જરા ચાલુ હોય. શુભ પ્રકૃતિનો બંધ થાય અને ગુણઠાણા પ્રત્યયિક જે પાપબંધ થાય તે અતિ અલ્પ અને રસકસ વગરનો થાય.

૦ લોકપ્રિયતા

લોકને મારા માટે લોક શું કહે છે તે ચિંતા છે પણ મારા અનંતજ્ઞાનીઓ મને કેવો જુએ છે તે ચિંતા નથી. આપણા માથા પર અનંતા શ્રી સિદ્ધ પરમાત્માઓ છે, વિચરતા ક્રોડો કેવળજ્ઞાનીઓ છે તે બધા આપણને નિરંતર જુએ છે. લોકપ્રિયતા તે ગુણ છે તે સારા વર્તનથી પણ લોકને રાજી કરવા ખોટું કરવા નહિ. ગુણથી લોકપ્રિયતા મળે તે મેળવવાની છે પણ માખણિયા થઈ મેળવવાની નથી. આપણે એવું જીવવું છે કે જેથી આપણા પર લોક સામાન્ય રીતે સદ્ભાવવાળું રહે.

આપણે લોકવિરૂદ્ધ કામ જેટલાં કહ્યાં છે તે એક કામ આચરવું નથી, કોઇની નિંદા કરવી નથી. જે જીવ લોકવિરૂદ્ધ કાર્ય ન કરે તે સામાન્ય રીતે લોકપ્રિય થાય. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા શ્રી સીમંધર સ્વામિ ભગવાનની સ્તવના કરતા કહે છે કે—'તને રાજી કરૂં કે લોકને રાજી કરૂં ?' મારે તો તું રીઝે એટલે બસ. લોક રીઝે કે ન રીઝે તેની ચિંતા

ચિંતા નથી. ભગવાનને રીઝવવા એટલે શું ? ભગવાન તો રીઝે નહિ કેમકે વીતરાગ છે પણ ભગવાનની વાત બરાબર જચી જાય, ગમી જાય અને આપણને આનંદ થાય એટલે ભગવાન રીઝ્યા કહેવાય.

૦ અમારે અમારો ધર્મ–સાધુપણું જ–જરૂર બધાને આપવો છે. પણ અમારો ધર્મ જેને તેને આપવાનો નથી કેમકે અમારો ધર્મ સોંઘો નથી, સડી જવાનો નથી, માંગવા આવે તેને ધર્મ મોંઘો કરી બતાવવાનો છે પણ ધર્મનું લીલામ કરવાનું નથી.

૦ જેને જે ગમે તે માટે પ્રાણ પણ આપે—

આજે શાસ્ત્રની વાત જોવા કોઇ તૈયાર નથી. બધા એક જ સલાહ આપે છે કે, 'સંઘર્ષ બંધ કરો.' તો તે બધા દુનિયાના પ્રવાહમાં તણાઇ ડુબી જવાના છે. બે ને બે ચાર જ કેમ ? ત્રણ કે પાંચ કેમ નહિ ? કોઇ ત્રણ કે પાંચ કહે તો કોઇ ભણેલો હા પાડવા તૈયાર છે ? કોઇ હા પાડે તો તે ભણેલો કહેવાય કે બેવકુફ કહેવાય ? જે એમ જ કહે કે દુનિયા ફરી જાય પણ બે ને બે ચાર જ કહેવાય તે ભણેલો ખોટાને ખોટું સાચું જાણનારો નહિ કહે તો કહેશે કોણ ? અમારા બધા જ થયેલા આચાર્યો બધા જ જિદ્દી ! અમારા કોઇ આચાર્યે શાસ્ત્રની બાબતમાં છૂટ મૂકી જ નથી આજે ધર્મનો કજિયો જ કયાં છે ? ધર્મની પડી છે જ કોને ? તે વખતે છ દર્શનના યુગમાં બધા ધર્મ માટે મરતા હતા. આજે દારૂના પીઠા મળે તે વખતે છ યે દર્શનોના પીઠા મળતા હતા. તે કાળમાં ભગવાન શ્રી તીર્થંકર દેવોએ કુદર્શનો ખોટાં છે, બધા કુદર્શનો ત્યાજ્ય છે, કુદર્શન અને કુતીર્થીઓ સાચા ધર્મમાં અંતરાય કરનાર છે તેમ કહ્યું છે.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માની હાજરીમાં ભગવાનના કેટલા શ્રાવકો અને ગોશાળાના કેટલા ભગત ? અગિયાર લાખ, છતાં કોઇ શ્રાવક બોલેલા કે આપણે ઓછા છીએ ? આજે સંઘર્ષ છે ? આજે ધર્મનો સંઘર્ષ કરે છે જ કોણ ? આજે જેટલી કોર્ટો ચાલે છે તે ધર્મ માટે-ધર્મના કજિયા માટે છે ? તમે લોકોએ સંસારના કોઇ કામ માટે કોર્ટમાં નહિ જવાનો નિયમ કર્યો છે ? આજે ધર્મ અકિંમતી અને બીનજરૂરી થયો છે, તમારે તો ધર્મ માટે કજિયો કરાય નહિ પણ સ્ત્રી–પૈસા અને ઇંચ ઇંચ જમીન માટે થાય.

[અનુ. પેજ ૫૪૪ ઉપર]

દેવમૂર્તિને નહિ માનનારા ગુરુમૂર્તિને કઇ રીતે માની શકે ?

સ્થાનકવાસી-સંપ્રદાયને સણસણતો સવાલ

[ગતાંકથી ચાલુ]

'હિંસા, હિંસા'ની બુમરાણ મચાવનારા આ લોકો આગમો, થોકડાઓ, પુસ્તકો મજેથી છપાવે છે. પુસ્તક છપાવવામાં કેટલી હિંસા છે, તે ન સમજી શકાય તેવું નથી, કથની કરણીમાં વિરોધાભાસ તો આ લોકોનો ઓટલો બધો છે કે, પુસ્તકમાં પોતાના ફોટા છપાવે છે. ચૌદ સ્વપ્નો, ચોવીસ લંછનો કે અષ્ટમંગલાદિ છપાવે છે, જ્યારે પરમાત્માનો ફોટો ભૂલેચૂકે ન છપાઇ જાય, તેની કાળજી રાખે છે.

આ લોકો મુહપત્તીના વિષયમાં પણ ખૂબ કોલાહલ કરતા હોય છે. પરમાત્મા ફરમાવી ગયા છે કે 'મુહપત્તીના ઉપયોગ પૂર્વક બોલવું'. મુહપત્તી બાંધી રાખવાનું તો કોઇ શાસ્ત્રમાં લખેલ નથી જ, ઊલટ તેનો નિષેધ કરવામાં આવ્યો છે. મુહપત્તી સતત બાંધી રાખવામાં સંમૂર્ચ્છિમ જીવોની વિરાધના થવાની શકયતા છે. વળી તે પ્રમાદનું સૂચક પણ છે. સ્થાનકવાસીઓ કહ્યા કરતા હોય છે કે 'મુહપત્તી બાંધ્યા વિના બોલીએ તો વાયુકાયની હિંસા થાય છે' તેમને પૂછવું જોઇએ કે, 'વાયુકાયની વિરાધનાનો તમને ખૂબ ડર હોય તો તમે નાક પર પણ મુહપત્તી કેમ નથી બાંધતા ?' નાકમાંથી ગરમ ગરમ શ્વાસ નીકળતો હોય છે, તે પણ વાયુકાયનો ઘાતક છે. તેથી ઓપરેશન વખતે ડોકટરો પહેરે છે કે જિનપૂજા વખતે મુખકોશ બંધાતો હોય છે, તે રીતે સ્થાનકવાસીઓએ નાસિકા અને મુખ બંને ઢંકાય તે રીતે મુહપત્તી બાંધવી જોઇએ.

જૈન શાસનનો પ્રાચીન ઇતિહાસ અતિભવ્ય છે. શ્રી ભદ્રબાહુસૂરિજી મ., પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી મ., પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ., પૂ. સિદ્ધસેનદિવાકર સૂરિજી મ., પૂ. ઉમાસ્વાતિજી મ., પૂ. સિદ્ધર્ષિગણિ આવા તો અનેક સમર્થ જ્ઞાનીઓ આ શાસનને ભેટ મળ્યા છે. આવા કોઈ જ્ઞાની સ્થાનકવાસી સંપ્રદાય આપી શકેલ નથી. લોકશાહીથી શરૂ થયેલી આ પરંપરા હોવાથી લોકાશાહના ગુરૂ કોણ હતા ?' તેનું સમાધાન પણ તેઓએ શોધવા જવું પડે તેમ છે. સ્થાનકવાસી પરંપરા વિમલશાહ, પેથડશાહ, વસ્તુપાલ, તેજપાલ કે શકરાવ જેવા એક પણ શાસન પ્રભાવક જૈનમંત્રી આપી શકી નથી. નથી તેઓ જગડુશા, જાવડશા, આંબણશા કે ભીમાશા જેવા દાનવીરો આપી શકયા, નથી થયું સંમતિ તર્ક, ઉપમિતિ ભવપ્રપંચા કથા, ત્રિષષ્ઠિ શલાકાપુરૂષ ચરિત્ર, પ્રશમરતિ કે યોગશાસ્ત્ર જેવા વિદ્વતાપૂર્ણ શાસ્ત્રગ્રંથોનું તેમના તરફથી સર્જન.

સમ્મેતશિખર ગિરનાર, પાવાપુરી કે શત્રુંજયગિરિ જેવા તીર્થોની રક્ષા કે ઉન્નતિમાં પણ તેમનો લેશમાત્ર ફાળો નથી.

આ લોકોનો સિંહફાળો માત્ર એક જ વિષયમાં રહ્યો છે; પરમોપકારી પરમતારક એવા જિનમંદિર, જિનમૂર્તિ, મૂર્તિપૂજાનું ખંડન કરવા દ્વારા લોકોને સત્ય માર્ગથી ભ્રષ્ટ બતાવવામાં ! જૈન શાસનના આવા ભવ્યતમ ઇતિહાસ તરફ દ્વેષ અને અરૂચિ રાખનારા સ્થાનકવાસી સંતો પોતાના વ્યાખ્યાનોમાં આ ઐતિહાસિક પાત્રો અને પ્રસંગો વિશે મૌન સેવતા હોય છે. પોતાની પાસે એવો કોઇ ઇતિહાસ નથી, અને જ્યાં ભવ્ય ઇતિહાસ છે, ત્યાં તેમની નજર પહોંચતી નથી.

જિનમંદિર-જિનમૂર્તિ વિશે આગમ શું કહે છે ? તે જાણવાની આપણને ઉત્કંઠા થાય, તે પણ સહજ છે. અનેક સ્થળોએ જિનમૂર્તિ, જિનપૂજા, તીર્થયાત્રાદિના વર્ણન આવે છે. શ્રી ભગવતી સૂત્રમાં ચારણમુનિઓને તીર્થયાત્રા કરવા નંદીશ્વર દ્વીપે જતા બતાવનારો પાઠ છે. ત્યાં જઇ તે (तहिं चेइयाइं वंदइ) જિનમંદિર અને જિનમૂર્તિને વંદન કરે છે. વળી ત્યાંથી પાછા ફરી સ્થાપનાજિન આગળ ચૈત્યવંદન કરે છે. (इह चेइयाइं वंदइ) આ રીતની સ્પષ્ટ વાત છે. ત્યાં આ લોકો 'ચૈત્ય' શબ્દનો અર્થ 'જ્ઞાન' કરી મૂકે છે. જૈનાગમ સમસ્તમાં, કોશમાં કે વ્યાકરણમાં ક્યાંય ચૈત્યને બતાવવા જ્ઞાન શબ્દ નથી વપરાયો. ચૈત્ય, જિનપ્રતિમા, ચૈત્યવંદન ઇત્યાદિ આગમિક સુપ્રસિદ્ધ શબ્દો જિનમંદિર-જિનમૂર્તિના અર્થમાં જ વપરાય છે.

શ્રી રાયપસેણિ સૂત્રમાં સૂર્યાભદેવ દ્વારા સવિસ્તર કરાયેલ જિનપૂજાનું વર્ણન છે. 'जिणपडिमाणं अच्चणं करेइ' (જિન પ્રતિમાનું અર્ચન કરે છે) આ આગમપાઠમાં 'जिणपडिमा' શબ્દનો 'કામદેવની મૂર્તિ' એવો અર્થ આ લોકો કરે છે. સૂર્યાભદેવ સમ્યગ્દૃષ્ટિ વૈમાનિકદેવ છે. તે મિથ્યાત્વી એવા કામદેવની પૂજા શું કામ કરે ? એ પ્રશ્ન તેમને માટે અણઉકલ્યો રહે છે. વળી નમુત્થુણં સૂત્રમાં 'नमो जिणाणं' શબ્દ આવે છે, ત્યાં જિનનો અર્થ અરિહંત ભગવાન થાય છે, કામદેવ નહીં ! તો અહીં 'જિન' શબ્દનો અર્થ કામદેવ કરવા પાછળ શું રહસ્ય ? એ તો તેઓ જ જાણે.

શ્રી ઉપપાત સૂત્રમાં અંબડશ્રાવકની સમ્યગ્દર્શન પ્રતિમાની વાત આવે છે. ત્યાં લખ્યું છે કે—'न कप्पइ मे अज्जप्पभिई अन्न उत्थिय अरिहंत चेइयाणि वंदित्तए नमंसित्तए.' અર્થાત્ હું પ્રતિજ્ઞા કરું છું કે, આજ પછી અન્ય ધર્માવલંબીના હાથમાં ચાલ્યા ગયેલા જિનમંદિર-જિનમૂર્તિને વંદન કે નમસ્કાર નહીં કરું ! આનાથી પણ જિનમૂર્તિ શાસ્ત્રસંમત છે, એવું સિદ્ધ થાય છે. શ્રી સૂયગડાંગ સૂત્રમાં અભયકુમારે આર્દ્ર-

કુમારને જિનમુર્તિ ભેટ મોકલ્યાની વાત આવે છે. શ્રીદશવૈકાલિક સૂત્રના રચયિતા ચૌદ પૂર્વધર શ્રી શય્યંભવસૂરિ મહારાજના વૃત્તાંતમાં પણ જિનમૂર્તિની વાત આવે છે. શ્રી ભગવતી સૂત્રમાં જિનપ્રતિમાના નિમિતે ઉદાયન રાજાનું ચણ્ડપ્રદ્યોત સાથે જે યુદ્ધ થયેલું તેનો વૃત્તાંત આવે છે. આ જ આગમમાં શ્રીઋષભદેવ ભગવાનનું જ્યાં નિર્વાણ થયું, ત્યાં અષ્ટાપદ પર્વત ઉપર ભરતરાજા દ્વારા ભગવાનનું મંદિર બનાવવાની વાત પણ લખાઇ છે. એ તીર્થની યાત્રા લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીએ કરેલ તથા ૧૫૦૦ તાપસોને ખીરથી પારણું કરાવ્યાનો પણ ઉલ્લેખ થયો છે. આમ અનેક આગમોની સાક્ષી મૂર્તિપૂજાને સિદ્ધ કરે છે, તેમ પ્રત્યક્ષ પ્રમાણથી પણ એ સિદ્ધ થઇ શકે તેમ છે. સમ્મેતશિખર, શત્રુંજયતીર્થ, પાવાપુરી, ગિરનાર, આબુજી, રાણકપુર આદિ અનેક પ્રાચીન અને ભવ્ય તીર્થો આ આગમિક તથ્યના સાક્ષીભૂત છે.

સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધેલા એવા કેટલાક સમર્થ સાધુ ભગવંતોએ શાસ્ત્રાભ્યાસ દ્વારા જ્યારે જાણ્યું કે, પોતાનો પંથ ઉન્માર્ગગામી છે, અનાગમિક છે, ત્યારે સત્યપ્રેમી અને ભવભીરૂ એવા તેઓએ એ મિથ્યા-પંથનો ત્યાગ કરવામાં વિચાર સરખો કર્યો નથી અને સત્યમાર્ગે ચાલ્યા આવ્યા છે. જગદ્‌ગુરૂ પૂ. આ. શ્રી હીરસૂરીશ્વરજી મહારાજના કાળમાં થયેલ શ્રી મેઘઋષિજીએ ૩૦ સાધુઓને લઈ કુપંથનો ત્યાગ કરી પૂ. આ. શ્રી હીરસૂરીશ્વરજી મ. પાસે સંવેગી દીક્ષા અંગીકાર કરેલ. પૂ. બુટેરાયજી મહારાજે પણ અસત્યમય એવા સ્થાનક પંથનો ત્યાગ કરેલો. આ વર્ષે જ જેમની ૧૦૦મી સ્વર્ગારોહણ તિથિ ઉજવાઇ, તેવા પૂ. આ. શ્રી આત્મારામજી મહારાજ ૧૭ શિષ્યોની સાથે સત્ય માર્ગે ચાલ્યા આવ્યા. આજે આપણે ઇચ્છીએ કે, આ લેખને વાંચી મધ્યસ્થ જીવો સત્યના પ્રેમી બને, તટસ્થતાપૂર્વક આ વાતો વિચારે અને પક્ષનો મોહ છોડી આત્મકલ્યાણકર માર્ગને સ્વીકારે. સ્થાનકવાસી સાધુઓ સમાધિમંદિર, પગલા, સ્મારકાદિ બનાવી રહ્યાં છે, ત્યાં જાપધ્યાન કરી-કરાવી રહ્યાં છે. ક્યાંક તો વળી ધૂપ પણ કરાય છે, તો પછી જિનમૂર્તિ-જિનપૂજાનો વિરોધ કરવાની હવે જરૂર નથી. એ સમય પાકી ગયો છે કે, તેઓ જિનમુર્તિ-જિનપૂજાના માર્ગને સ્વીકારે. દુર્લભ એવો મનુષ્યભવ મળ્યો છે. આર્યદેશ-આર્યકુલ તો મળ્યું જ છે, સાથે જૈનધર્મની પણ પ્રાપ્તિ થઈ ચૂકી છે. અલ્પકાલીન આ જન્મમાં આત્મકલ્યાણ કરી લેવું અને ભયંકર એવી દુર્ગતિથી પોતાને બચાવવો હોય, તો ગંભીરપણે આ બધી વાતો વિચારવી જ રહી. જડ માન્યતાઓ તજી નિખાલસ બની સત્ય માર્ગે ચાલી આવ્યા સિવાય છૂટકો નથી. સહુ કોઇ જિનાજ્ઞાને સમજે, તેને અનુસરવા પ્રયત્ન કરે ને જલદીમાં જલદી મુક્તિપદ પામે, એજ ભાવના.-સંકલિત

શ્રી જિનાલયમાં સાથીયો કરવા માત્રથી હાથીયો ન બનાય ? ગર્ભપણું દૂર ન થાય ? એક તરફ સાથીયો કરે અને જો કંઈક થયું ને લાઠીઓ લે તો ? એક તરફ સાથીયો કરે અને નજર ચૂકવી દાદાનો હીરો ચોરાઈ ચાલતો થાય તો ? બહાર નીકળી વિષયોનો ભીખારી રહે તો ? એ સાથીયો કરનારો પણ આ નાથીયો છે.

※ ※ ※

ચાર કનડગતો સંસારમાં ટકાવનારી છે એ ચારે કનડગતો મોહ સામ્રાજ્યની છે. ચાર કનડગતો કરનારા ચાર અધિકારીઓ છે. જ્ઞાનાવરણીય આત્માના અનંત જ્ઞાનને અટકાવે છે. એનો નાનો ભાઇ દર્શનાવરણીય તે એનાથી જબરો છે. જે સામાન્ય ઝાંખી પણ ન થવા દે ? મોહનીય કર્મ આત્માને મુંઝાવે એટલે આત્મા અનંત આનંદનો અનુભવ ન કરી શકે એ સ્વાભાવિક છે. અનંતરાય કર્મ, અનંતજ્ઞાન, અનંતદાન, અનંત લાભ અને અનંત ભોગમાં અટકાયત કરે છે. આ ચાર કનડગતો છે. સંસારમાં રહેનારા ભવ્ય પ્રજાજનોને આ કનડગતો ખૂબ ખૂબ ખટકે એવી છે.

(અનુ. પેજ ૫૪૦ નું ચાલુ)

દુનિયામાં પણ કહેતી છે કે 'જર-જમીન ને જોરૂ તે ત્રણ કજિયાના છોરૂ.' તમને તે ગમે તે માટે પ્રાણ પણ આપો છો તો અમને અમારા ધર્મ ગમે છે તે માટે અમે અમારા ધર્મના રક્ષણ માટે મરીશું નહિ તો કોણ મરશે ? જેને જે ગમે તેના માટે તે પ્રાણ આપે. ખોટાનું ખંડન કર્યા વિના સાચાનું મંડન થાય શી રીતે ? કાપડ વેતર્યા વિના સિવાય ? પાયો ખોદ્યા વિના મકાન બાંધી આપનાર કોઇ છે ? તમારા સંસારને તમે જેટલો નથી જાણતા તેટલો અમે જાણીએ છીએ. આ વાત યાદ રાખવી પડે તેમ છે કે આંખ સામે અથડાય છે ? શાસનમાં કોઇ નવી વાત સાંભળે તે પૂછે અને સમજે તે ભણેલો કહેવાય કે કળ્યો છે માટે જવું જ નથી તે ભણેલો કહેવાય સમજવા આવનાર કેવા હોય ? આજે તો કોઇ નવી વાત બહાર આવે તો જાણવાનું કે સમજવાનું મન જ ઓછાને, તોફાન કરીને ચાલ્યા જાય પછી વાત સમજાય શી રીતે ? ભગવાનના શાસનમાં જે છે તે બીજે નથી જ. આ શ્રદ્ધા ન હોય તો ભગવાનનું શાસન પામવા ય લાયક નથી.

❋ નમો તિત્થસ્સ ❋

(ગતાંકથી ચાલુ) —પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

સાંસારિક જીવનરૂપે ફળો ભોગવાય છે. તેનું કારણ બંધ છે, અને તેનું કારણ સાંસારિક જીવનની પ્રવૃત્તિરૂપ આશ્રય છે.

પરંતુ કર્તા ભોક્તાપણું, અણવિકાસ અને વિકાસોથી મોક્ષો વિગેરે કોના થાય છે? કેમકે બે અવસ્થા થઇ. મોક્ષરૂપ અને અમોક્ષરૂપ. એ બન્નેય અવસ્થા એક જ પદાર્થની જુદી જુદી અવસ્થાઓ છે, જુદા જુદા વખતે થનારી છે.

માટે બન્નેય અવસ્થામાં સ્થાયી રહેનાર પદાર્થ હોવો જોઇએ. ક્ષણિક ઉત્પન્ન થઈ નાશ પામનાર પદાર્થમાં જુદા જુદા વખતની બે અવસ્થાઓ ઘટી શકે નહીં.

તે સ્થાયી પદાર્થ તે આત્મદ્રવ્ય છે. અને તે સ્થાયી હોવા છતાં રૂપાન્તર પામવાની યુક્ત હોવાથી અસ્થાયી રૂપાન્તરો પણ પામે છે. પરંતુ તે વાત ગૌણ રાખીને અને તેના સ્થાયીપણાને મુખ્ય રાખીને કહી શકાય છે કે આત્મા પદાર્થ જગતમાં છે. તે નિત્ય છે. સદા શાશ્વત છે, અને છતાં તે બીજી અનેક અવસ્થાઓમાં રૂપાન્તર પામી શકે છે, પરિણામ પામી શકે છે.

આમ આત્મા કેવલ કૂટસ્થ નિત્ય બ્રહ્મ રૂપ નથી, અને ક્ષણિક નાશવંત પણ નથી.

૧. જગતમાં ભોક્તાપણાનું દુઃખ છે. ૨. અને તેનું કારણ કર્મ છે. ૩. તેનાથી મોક્ષ થાય છે. ૪. અને રત્નત્રયીની આરાધના વિગેરે તેનાં કારણો છે.

આ ચાર આર્ય સત્યો કહેવાય છે. પરંતુ તેમાં અપૂર્ણતા રહે છે. તેથી તે ચારમાં ૫. આત્મા છે, અને ૬. તે નિત્ય છે, એ બે ઉમેરવાથી છ આર્ય સત્ય બરાબર વ્યવસ્થિત થાય છે.

તેના તત્વજ્ઞાન ઉપર ધર્મ વ્યવસ્થાની આખી ઇમારત ઉભી થાય છે.

આમાં આત્મા છે તો તેની સાથે બંધાનાર પુદ્ગલ અજીવ પણ છે એ અર્થથી ખેંચાઇને આવે છે. અને એ બન્નેયની વિવિધ ઘટનાઓ રૂપ વિશ્વવ્યવસ્થામાં બાકીના ત્રણ-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય પણ જરૂરના હોવાથી તેનું અસ્તિત્વ પણ અર્થથી ફલિત થઇ જાય છે.

આમ આખી વિશ્વ વ્યવસ્થાની ઇમારત સમજાય છે. પરંતુ એ બધુંય બાજું ઉપર રાખીને હેય અને ઉપાદેય, જ્ઞેય અને ઉપેક્ષ્ય રૂપ ધર્મ વ્યવસ્થાના પાયામાં આ છ તત્વો-છ સ્થાનો મુખ્ય હોવાથી તે તત્વજ્ઞાન ઉપર ધર્મ વ્યવસ્થાની ઇમારત ખડી છે.

વસ્તુનો સ્વભાવ તે ધર્મ. ધર્મ શબ્દની આ વ્યાખ્યાને અહીં મોક્ષના રૂપ ધર્મમાં

ગૌણ સ્થાન છે, અહીં તો ધર્મ એટલે મોક્ષનુકૂળ આત્મિક વિકાસ એ અર્થ લેવાનો છે. રત્નત્રયીના વિકાસરૂપ વિશ્વમાંની શાશ્વત નિસરણી ધર્મ શબ્દની લેવાની છે.

અને તે પાંચ આચાર–છ આવશ્યક રૂપ પણ સમજી શકાય તેમ છે. તે શાશ્વત નિસરણીની વ્યવસ્થા, માર્ગાનુસારિતા, સમ્યગ્દર્શન પ્રાપ્તિ, દેશવિરતિ રૂપ શ્રાદ્ધ ધર્મ અને સર્વવિરતિથી શૈલેશીકરણ સુધીનો સર્વવિરતિ રૂપ મુનિધર્મ છે. શાશ્વત ધર્મના મુખ્ય ભાગો આમાં આવી જાય છે.

શાશ્વત ધર્મની તે નિસરણી અનાદિ અનંત કાળથી શાશ્વત છે. શ્રી તીર્થંકર પ્રભુ કેવળજ્ઞાન પામ્યા બાદ તેનો માત્ર ઉપદેશ આપે છે. તેઓ સ્વયં તે સીડી કરતા નથી, બનાવતા નથી, તેઓ માત્ર તે બતાવે છે.

દ્વિવિધ શાશ્વત ધર્મના ઉપદેશ રૂપી ઉદ્દેશ એ શાસન સંસ્થાના એક અંગની અત્રે વિચારણા કરી.

બીજું અંગ : કેવળજ્ઞાની પ્રભુના ઉપદેશથી બન્નેય પ્રકારના ધર્મનું પાલન કરનારા નીકળી આવી પ્રભુના–પ્રભુની આજ્ઞાના–પ્રભુના શાસનના અનુયાયી બને છે.

તે અનુયાયીઓને શાસન સંસ્થાનું આજ્ઞા પ્રમાણે સંચાલન કરવાનું સોંપાય છે.

એટલે અનુયાયી તરીકે તેઓ ૧. ધર્મનું આરાધન કરે, અને ૨. સંચાલક તરીકે શાસનનું સંચાલન કરવાની જવાબદારી અને જોખમદારી ઉપાડે. એમ બે ફરજો અનુયાયીઓ ઉપર આવી પડે છે.

ત્રીજું અંગ : એ સંચાલનની ફરજો બજાવનાર તરીકેના કામની સોંપણી ચતુર્વિધ સંઘના જુદા અંગ તરીકે સોંપાય છે. તેમાં ત્યાગી સંઘ અને અગારી સંઘ ત્યાગીમાં શ્રમણ અને શ્રમણી સંઘો, અને અગારીમાં શ્રાવક અને શ્રાવિકા સંઘ.

શ્રમણોમાં આચાર્ય ઉપાધ્યાય વિગેરે. આચાર્યોમાં ગણધરો અને તેના હાથ નીચેના ગણો અને તેની વ્યવસ્થા વિગેરેની વ્યવસ્થા પ્રભુ કરે છે, અને કરેકને અધિકારો સોંપે છે. તે વાત ગણોની, ગણધરોની અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરવાની વાતમાં બરાબર સૂચિત થઈ જાય છે.

કરેકના શા શા અધિકારો–ફરજો–જવાબદારીઓ અને જોખમદારીઓ છે તે સર્વનો રીતસરનો ઘણો વિસ્તાર છે.

ચોથું અંગ : શાસ્ત્રો : જેમાં વિશ્વના મૂળભૂત અને તેના પેટા તત્વો પાંચ

અસ્તિકાય, છ દ્રવ્યો, નવ તત્વો, પાંચ ભાવો વિગેરે અનેક રીતે વિશ્વ વ્યવસ્થાનું પૃથક્કરણ સમજાવવામાં આવ્યું હોય છે.

તેમ આત્મા વિષે આત્મા છે, તે નિત્ય છે, વિગેરે છ સ્થાનનું તત્વજ્ઞાન, હેય–ઉપાદેય–જ્ઞેય–ઉપેક્ષ્ય રૂપે તત્વજ્ઞાન વિગેરે સમજાવેલ છે.

તેમાં શાશ્વત ધર્મ, શ્રી સંઘ અને તેના પ્રત્યેક અંગમાં કર્તવ્યો–ફરજો વિગેરે. અનુયાયી તરીકેની અને શ્રી સંઘના જવાબદારો તરીકેનો ફરજો વિગેરે સમજાવાયે છે.

અને શાસન સંસ્થાના બંધારણીય નિયમો સિદ્ધાંતો વિગેરે વિગેરે એક વ્યવસ્થિત સંસ્થાને લગતુ જે કાંઇ વિજ્ઞાન અને કર્તવ્ય હોય છે, તે સર્વ બતાવેલ હોય છે.

ઉપરાંત શાસન સંસ્થાની માલિકીની જે કાંઇ દ્રવ્યરૂપ–ભાવરૂપ તથા સ્થાવર જંગમ રૂપ મિલ્કતો વિગેરેની વ્યવસ્થા પણ સૂચિત કરાયેલી હોય છે.

તીર્થંકરકલ્પ વિગેરે શાસન સંસ્થાના ઉત્પાદક સંચાલક વિગેરેની ફરજો કલ્પરૂપે અને આત્મ વિકાસના આચારરૂપે બતાવેલ હોય છે.

તે દ્વાદશાંગીનો અર્થથી પ્રભુ ઉપદેશ આપે છે, અને શબ્દોથી ગણધર પ્રભુ તેની રચના કરે છે.

પાંચમું અંગ મિલ્કતો : જ્યારે પાંચ આચાર રૂપ શ્રાવક ધર્મ અને મુનિના ધર્મોની વહેંચણી કરી આપી, એટલે તેના જુદા જુદા અનેક અનુષ્ઠાનો દ્વારા તે આરાધી શકાય છે.

તે અનુષ્ઠાનો પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પાત્રોની યોગ્યતા પ્રમાણે જુદી જુદી રીતે આચરી શકાય છે અને તે જુદાં જુદાં અનુષ્ઠાનોની પણ અનેક વિધિઓ હોય છે. તે વિધિઓમાં ઉપયોગી બાહ્ય અનેક ઉપકરણો સાધનો વિગેરે હોય છે. તે સર્વ ઉપકરણો, સાધનો વિગેરે સ્થાવર જંગમ રૂપે બાહ્ય દ્રવ્ય સંપત્તિઓ રૂપે, શાસન સંસ્થાની મિલ્કતો રૂપે બની રહે છે. પાંચ આચાર, તેના અનુષ્ઠાનો, તેની આત્માઓમાં યોગ્યતા વિગેરે ભાવ મિલ્કતો બની રહે છે.

તેના રક્ષણ, વર્ધન, વહીવટ, સંચાલન, ઉપયોગ, વપરાશ, વિઘ્નો દૂર કરવા વિગેરેને લગતા નિયમો ઉભા થાય જ. તે બાબત પણ શાસ્ત્રમાં વિવેચન હોય જ.

આ મિલ્કતો ગણાય શાસનની માલિકની અને તેનું સંચાલન વહીવટ વિગેરે કરે શ્રી ચતુર્વિધ સંઘ.

તેમાં પણ શ્રમણો અને શ્રાવકો વચ્ચે જવાબદારી વહેંચાયેલી છે. શ્રમણોમાં પણ આચાર્ય, ઉપાધ્યાય વિગેરેના અધિકારો વહેંચાયેલા રહે, સ્થાનિક સંઘો અને સકળ સંઘો વિગેરેની ફરજો ઠરાવાયેલી રહે.

આ રીતે પાંચ દ્રવ્યો, સાત ક્ષેત્રો બાર ધર્મ દ્રવ્યો, અને તે દરેકના અનેક અનેક પેટા ખાતાઓ સહજ રીતે ઉપસ્થિત થઇ જાય છે.

હવે આપણે શાસન વિષે વિચાર કરીએ.

અગાઉ આપણે લોકપ્રકાશના જે બે શ્લોકો જોયા છે તેમાં 'તીર્થં પ્રવર્તેત્' એ વાક્ય તદ્દન જુદું પડે છે.

૧. ધર્મનો ઉપદેશ, ૨. શ્રી સંઘની સ્થાપના, ૩. શ્રી દ્વાદશાંગીનું અર્થાપન અને ત્રણેય કરતાં 'તીર્થં પ્રવર્તેત્' એ વાક્ય જુદું પડે છે અને તેને મુખ્ય સ્થાન અપાયેલું છે.

તીર્થ એટલે શાસન સંસ્થા સમજવાની છે, એમ સ્પષ્ટ સમજી શકાય છે.

તીર્થ શબ્દ સંસ્થા અર્થમાં ઘણે ઠેકાણે વપરાયેલો હોય છે. રાજ્યો તીર્થોમાં ધન ખર્ચવું. એ ઠેકાણે તીર્થ એટલે સંસ્કૃતિપોષક સંસ્થાઓ એવો અર્થ છે. અને દિગંબરાચાર્ય શ્રી સોમપ્રભાચાર્યના રચાયેલા નીતિવાક્યામૃત નામના રાજ્યનીતિના ગ્રંથમાં એ શબ્દ એ અર્થમાં વપરાયેલ છે.

તીર્થંકર શબ્દમાં પણ તીર્થને એટલે કે શાસન નામની સંસ્થાના કરનારા–સ્થાપનારા એ અર્થ થાય છે. કેમ કે આગમો તો તીર્થંકર પ્રભુઓ રચતા નથી, પ્રવર્તાવતા નથી. તેવી જ રીતે શાશ્વત ધર્મ કરાતો નથી, તે ઉપદેશાય છે. એટલે તીર્થ એટલે શાસન એમ સ્પષ્ટ સમજી શકાય છે.

'ધમ્મતિત્થયરે' શબ્દમાં પણ ધર્મપ્રવર્તક શાસનના કરનારા–સ્થાપનારા, ધર્મને માટેના શાસનના કરનારા–સ્થાપનારા એ અર્થ બરાબર બંધબેસતો થાય છે.

સંઘના સ્થાપનારા હોવાની અને દ્વાદશાંગીની અર્થાપના કરવાની વાત સ્પષ્ટ રીતે જ જુદી આવી છે. આથી તીર્થ એ સંસ્થા રૂપી જુદી જ વસ્તુ છે.

'નમો તિત્થસ્સ' એ વાક્યમાં પણ શાસનરૂપ સંસ્થા વધારે બંધ બેસે છે.

ઉપચારથી શ્રી સંઘને, શાસ્ત્રોને, ધર્મને, શાસનની મિલકતોને પણ તીર્થ શબ્દ લાગુ કરી શકાય છે. કેમકે તેનો પરસ્પરનો સંબંધ હોય છે. તે તે શબ્દને મુખ્ય કરીને બીજાઓને ઉપચારથી તે શબ્દથી બોલાવી શકાય છે. (ક્રમશઃ)

નયનો લાલ કરતાં દ્રોણાચાર્ય બોલ્યા, એય બાલુડા, આમાં શું પાકું કરવાનું છે. કે હજી તને નથી આવડતું ? આગળ કઇ રીતે ભણાવવું ? આ જડબુદ્ધિ વાળો તારો ભાઈ દુર્શાસન પણ કેવું કડકડાટ વાંચી ગયો ને તેની પાસે ફરીથી વંચાવું. તું બરાબર યાદરાખી લે જે.

પાટિયા ઉપર સફેદ વર્ણો લખાયા બોલ દુર્શાસન અને ઠસાથી ઉભો થતો દુર્યોધન ચપચપ વાંચી ગયો. હવે, ફિકરા ! તું બોલીશ યાદ રહ્યુને !

મૌન ઉભેલા યુધિષ્ઠિરને જોઇ આચાર્યશ્રી બોલ્યા, કેમ હજી નથી આવડતું ? જો કાલે બરાબર યાદ કરીને આવજે. નહીંતર ઘરે નહીં જવા દઉં.

'આટલું પણ નથી આવડતું મોટા-ભાઇને ! ખરેખર તેઓ કપટાને લાયક જ છે' વર્ગમાં ગણગણાટ થવા લાગ્યો.

બીજે દિવસે દ્રોણાચાર્ય બોલ્યા, એય દુર્યોધન એક સોટી લઇ આવ, માર પડશે એટલે જ આવડશે.

(દુર્શાસન જાડી ધોકા જેવી લાકડી લઇ આવ્યો.)

કેમ, ચાલ ઉઠ, ઉભો થા, પાઠ તૈયાર કરી લાવ્યો ? બોલવા માંડ.

એ જ જૂની રેકર્ડ યુધિષ્ઠિરે વગાડી. બુદ્ધિનો બારદાન લાગે છે, પોઠિયો થયો હોત તો સારું થાત, આટલું પણ પાકું કરી નથી લાવતો કેટલી વાર કહેવાનું.

સૌની બત્રીશી દેખાવા લાગી.

ત્યાં જ યુધિષ્ઠિરે પોતાની ગિરાને વેગ આપ્યો.

અચકતાં અચકતાં બોલ્યા, ગુરુજી ! આપ પાઠ પાઠો કરી લાવવાનું કહો છો ને હું ય ઘણી કોશીષ કરું છું. પરંતુ હજીયે મારાથી કોઇકવાર ખોટું બોલી જવાય છે, જ્યાં સુધી હું ખોટું બોલતો હોઉં ત્યાં સુધી એમ કઇ રીતે બોલી શકું કે 'હું સત્ય બોલું છું, સત્ય વદામિ.'

આ કારણથી હું તમને પાઠ પાઠો કરીને આપી શકતો નથી.

ધન્યવાદ બેટા ધન્યવાદ,

જગતમાં સત્યવાદી તરીકે તું પંકાઇશ.

— સુધારો —

આ અંકના પેજ નં. ૫૩૬ ઉપર સ્મૃતિ વિશેષાંકની જાહેરાતમાં નિચે મુજબ સુધારો કરીને વાંચવું.

વિશેષાંક પ્રગટ થશે તા. ૧–૫–૧૯૯૭
લેખો વિ. મોકલવાની છેલ્લી તા. ૧-૪-૧૯૯૭

— બાળ ગઝલ —

હસો ખુબ હસો,
હજી સમય છે જરા હળો હસી;
પરંતુ હસવા સમી નવ બનાવશો જિંદગી

— કશીતા

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- આપણાં પાપથી આવતાં દુઃખ પર જે દ્વેષ થાય છે તે જ ધર્મ પ્રાપ્તિની મોટામાં મોટી અયોગ્યતા છે.
- તત્વનું નિરૂપણ કરે તેનું નામ ગુરુ.
- સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા એટલે સત્યનો પૂજારી વર્ગ અને અસત્યનો વિરોધી વર્ગ.
- ધર્મ આરંભ–સમારંભનો વિરોધી વિજ્ઞાન આરંભ સમારંભનું જનક.
- દેવ ગુરૂ ધર્મ, ધર્મી અને ધર્મનાં સાધન આ પાંચ વિના બીજી કોઈપણ ચીજ ઉપરનો રાગ તેનું નામ સંસારનો રાગ.
- અવિરતિ સંસારના સુખની ઇચ્છાઓ કરાવે, મિથ્યાત્વ તેના ઉપર મહોર છાપ મારે અને કષાયો તે માટે બધા જ પાપો કરાવે. તેને લઇને જીવ સંસારમાં ભટકે.
- કોઈપણ જીવને દુઃખ કઇને સુખ મેળવવાનું મન તેનું નામ આત્માની હિંસા.
- ધર્મી જીવની સદ્ગતિ સુલભ છે ફાસી છે.
- આસ્તિક એટલે તેને કોઈ કહે કે 'આ ધર્મ છે' તે કરતા જેના હાથ હૈયું અને હૈયું થ કંપે.
- જૈનપણું એટલે મોક્ષની તાલાવેલી સાધુપણાંની લાલસા, કમનશીબે સંસારમાં રહેવું પડે તો ધર્મની જ પ્રધાનતા અને અર્થ–કામની ગૌણતા !
- દુર્ગતિમાં જવા લાયક કામ જે આત્મા મજેથી કરે, તે આત્મા, આત્માને મિત્ર નથી પણ શત્રુ છે.
- આખો સંસાર ઝેર જેવો લાગે અને ધર્મ તરફ જ જેની દૃષ્ટિ હોય, તેનામાં સાચી મૈત્રી ભાવના આવે.
- સંસારમાં સુખી થવા જેમ જીવનું ભાગ્ય જોઇએ, તેમ ધર્મ પામવા આત્મામાં યોગ્યતા જોઇએ.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

Received 24-2-97

૧૬૧૪

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

પ. પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009

નવ નિધિભૂત ગુણો

સૌજન્યં લજ્જા મર્યાદા,ગામ્ભીર્યં ધૈર્યમાર્જવમૂ ।
દયા દક્ષત્વમૌદાર્યં, નિધીયન્તે ગુણાઃ નવ ।।

સૌજન્ય, લજ્જા, મર્યાદા ગાંભીર્ય ધૈર્ય, સરળતા, દયા, દક્ષપણું અને ઉદારતા આ નવ ગુણો નવનિધિ જેવા છે.

વર્ષ ૯

અંક ૨૫

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

—: ધર્મનું મૂળ :—

હરીગીત છંદ.

મૂળ ધર્મનું મુનિરાજ જાણી સરસ શેવા આદરો,
નિજ નિયમ રાગી પાયલાગી પુન્યની પોઠો ભરો;
રાજા અને પ્રજા તણા તારણ તરણ એ જાજ છે,
જન જાણજો આ જગતમાં મૂળ ધર્મનું મુનિરાજ છે. ૧
શ્રી સરસ વાગ્યાનો થકી સદ્બોધ આપે પ્રેમથી,
હંકાર ત્યાગી મુક્તિ રાગી વિચરતા શુભ નેમથી;
સત સાથ જડિયો જીવ એવા જૈનના શિરતાજ છે, જન જાણજો ૨
વીતરાગ રૂપી બાગમાં દિનરાત રમતા દેખીએ,
જળ સિંચતા જિનધર્મનુ વૃક્ષો ફળેલાં પેખીએ;
યશ મેળવે વ્રત આદરી સમતા સરોવર પાજ છે, જન જાણજો ૩
જિનવર તણા ગુણગાન માંહે માન સમજે મુનિવરા,
તલમાત્ર નહિ પ્રમાદ સેવે શાસ્ત્ર સિદ્ધાંતો ખરા;
થાયે ઘણા ગુણવંત એવી સાધુરાજ સમાજ છે. જન જાણજો ૪
શ્રીમાન કે મા'રંક પેખે એક સરખા ભાવથી,
સંપી વસે નિજ સાથમાં તરતા વિનયના નાવથી;
પરમાર્થ જેનો પિંડને વૈરાગ રૂપ લાજ છે. જન જાણજો ૫
તપના પ્રભાવે તનતણું શુભ તેજ વધતુ ભાળીએ,
વિખરાય વદતાં પુષ્પ તે વીણતાં સહુ નિહાળીએ;
જતને કરી એ જાળવે તો ફળ સદા મિઠડાજ છે, જન જાણજો. ૬
યતનો કરો આવા ગુરૂના ચરણ શીષ નમાવવા,
જીવવું વ્રથા નવ થાય નીતિ માર્ય માંડે આવવા;
અજવાસ પ્રકટે ખાસ એવો સંતનો અવાજ છે, જન જાણજો. ૭
વિષ વિષય વિરા ત્યાગજો મુખ માગજો ગુરૂ વંદણા,
ચતુરો કહી નવ ચુકશો સૂપુત્ર છો મહાવીર તણા;
લહેશો નહી નિજ નાતમાં શાસ્ત્રોસદા એ ના જ છે, જન જાણજો. ૮
હૃદયે લખી સહુ રાખજો વીનતિ કરી તે કેશવે.
હેતે પ્રભુ આવી મળે સુખશાંતિ પામો આ ભવે;
જોતાં શીખો દોષ નિજ જૈનિ મોક્ષ મારગ આજ છે, જન જાણજો. ૯

હાલારદેશોદ્ધારક પૂ. આચાર્યશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ મવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા
(મુંદરા)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ
(લાખાબાવળ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ
(વઢવાણ)
પ્રાણલાલ પદમશી મુઢકા
(થાણા ગઢ)

વર્ષ : ૯] ૨૦૫૨ માઘ સુદ-૫ ૧૨ મંગળવાર તા. ૧૮-૨-૯૭ [અંક : ૨૫

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૬ ગુરૂવાર તા. ૧૬-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રકરણ ૧૪ મું) -અવ૦)

સભા૦ આટલો ધર્મ કરીએ છીએ તો તો ધર્મ બચાવ નહિ કરે ?

ઉ૦ તમે જે રીતે જીવી રહ્યા છો તેથી તો તે બચાવ નહિ જ કરે. પડિક્કમણું કરો છો પણ પાપનો પ્રશ્ચાત્તાપ કરતા નથી. પાપની સાચી માફી પણ માગતા નથી. પડિક્કમણું કરી પાપ કરો છો, સામાયિકને બગાડો છો.

પડિકકમણું કરતાં તમને પાપ યાદ આવે છે ? 'મિચ્છામિ દુકકડમ્' બોલો છો તે મોઢેથી બોલો છો કે હૈયાથી બોલો છો ? પડિકકમણું કર્યા પછી પણ જે પાપ કરો તે મજેથી કરો કે રોતે રોતે કરો ?

આજે વેપાર કરવા જેવો છે ? આજે તો મોટામાં મોટા વેપારી પારકે પૈસે લહેર કરે છે જેણે જેણે તેને પૈસા ધીર્યા તે બધા તેના ગુલામ થયા છે. તે બધાને રોવરાવે છે. પાઘડી ફેરવતા તેને વાર નહિ. તે દેવાળુ કાઢશે તો તેના ઘી-કેળા રહેશે અને બીજા અનેકને મારશે. આજે દેવાળું કાઢનાર સુખી છે અને ધીરનાર દુઃખી છે ! તે લીલાલહેર કરે છે અને બીજાને ઠીચો બતાવે છે ! આ આર્યદેશમાં મૂડી વગરનો વેપારી પેઢી ન હતો બોલતો પારકી મૂડીએ પેઢી બોલવી તે કેવો ધંધો છે ?

સભા૦ તેમાં ય આવડત જોઇએ ને ?

ઉ૦ તે આવડત નહિ હરામખોરી કહેવાય. આજે લુચ્ચાઇને 'હોશિયારી' કહે છે !

આગળ છોકરો આવી લુચ્ચાઇ કરે તો તેનો બાપ તેને કહેતો કે–'આવા ધંધા બંધ ન કરવા હોય તો મારા ઘરમાંથી નીકળી જા. આવી તારી હોંશિયારી મારે જોઇતી નથી !'

સભા૦ દેશ–કાલાનુરૂપ થવું જોઇએ ને ? બધા કરે તો બરાબી કયાં આવી ?

ઉ૦ ઘણા કરે તે સારું જ હોય ? આવું જો સાધુ પણ માનતો હોય તો તે સાધુમાં પણ દુર્બુદ્ધિ આવી છે આજે તો બધે બગાડો પેઠો છે. તેથી માની આ વાત તમને સમજાતી નથી, તમારા પલ્લે પડતી નથી.

આજે તપની શક્તિવાળા પણ તપ નથી કરતા. આ માત્ર તમારી વાત નથી, અમારી પણ ભેગી છે. આવી દશા આપણી હોય તો આપણે ધર્મ સમજ્યા નથી તેમ કહેવાય ને ? તપ કરવાની શક્તિ હોવા છતાં ય તપ ન કરે તો તે આરાધક કહેવાય કે વિરાધક કહેવાય ? પર્વ દિવસે તપ ન કર્યો તે અતિચાર છે આજે બધે ઢોંગ વધી ગયો છે. આ કોઇની નિંદા માટે વાત નથી પણ આપણી જાતને જોવા માટે વિચારવા માટેની વાત છે. તમારામાં પણ વ્રતધારી કેટલા મળે ? આજે તો વ્રત લેનારા ય એટલી છૂટ રાખે છે કે તેને તેની નોંધપોથી પણ ખોલવી ન પડે !

એક શ્રાવક મારી પાસે પરિગ્રહ પરિમાણનું પચ્ચક્ખાણ લેવા આવ્યો હતો. મેં તેને કહ્યું કે ફરીથી બરાબર વિચાર કરીને આવજે. તો તે ગયો તે ગયો ફરી દેખાયો નહિ. એકવાર મને મલી ગયો અને મેં પૂછ્યું તો કહે કે– સાહેબ ! વિચાર કરવા બેઠો અને કોડ સુધી પહોંચ્યો તોય ઠેકાણું પડ્યું નહિ. આવા જીવો પણ હોય છે !

મારે તો એવું કરવું છે કે જૈનકુળમાં અને જૈન જાતિમાં જન્મેલો એક જીવ એવો ન હોવો જોઇએ જે કમમાં કમ ભગવાનના દર્શન પણ ન કરે નવકારશી અને ચોવિહાર કે દુવિહાર પણ ન કરે શક્તિ હોય તો પોતાના દ્રવ્યથી ભગવાનની પૂજા કર્યા વિના પણ ન રહે.

સભા૦ મનનો માંદો હોય તો !

ઉ૦ આજે મને મનનો માંદો કોઇ લાગતું નથી સંસારનાં કામ માટે ભયંકર કષ્ટ વેઠે છે.

'અમે પૂજા નહિ કરીએ તો ચાલે' એમ સમજાવવા માગો છો. 'અને તો શ્રદ્ધા છે' આવું કહો તે હું હરગીજ ન માનું. સાધુ પણ જો આને પુષ્ટિ આપે તો તે ય

ઉન્માર્ગે છે, આવું કહેવું તે પાપ દેશના છે. સાધુ પણ આવું કહેશે તો કોઈ ધર્મ જ નહિ પામે. ધર્મ નહિ કરવા માટે તમે સત્તરસો ખોટાં બહાનાં કાઢો છો. અમને પૂજાદિ ધર્મનો ટાઈમ મળતો નથી એવું ઘણા કહે છે તો મેં તે બધાને કહ્યું કે તમારૂં આખા દિવસનું ટાઇમ ટેબલ મને આપો તો એક બચ્ચાએ હજી બતાવ્યું નથી. આજે મોડા સૂનારા કેટલા છે ? મોડા ઊઠનારા કેટલા છે ? મોડા કેમ સૂવો છો ? તમે જે કાંઇ કરો છો તેનો હિસાબ આપી શકો તેમ નથી. જો તમે સાચે સાચ કહો તો તમારૂં મન માંદું છે કે નહિ તેની ખબર પડે.

આજે તમે જે રીતે જીવો છો તેથી તમને કોઇ સારો માણસ પણ મળતો નથી. જેમ આજના નોકરો કામચોર પાક્યા છે તેમ શેઠીયાઓ તેના કામના પ્રમાણમાં પગાર નહિ આપી પગારચોર છે. જેમ શેઠીયા ખરાબ પાક્યા તેમ નોકરો પણ ખરાબ પાક્યા છે. આજે મોટે ભાગે બધે અપ્રામાણિકતા વ્યાપી ગઇ છે. આજે તમે કોઇ પણ ઓફીસમાં જાવ તો લગભગ બધા ગપ્પા મારતા બેઠા હોય છે, ચા–પાણી અને સીગરેટ પીતા હોય કોઇથી કાંઈ કહેવાય તેમ નથી. આજે નોકરના વિશ્વાસે પેઢી ચલાવે તો પેઢી ડૂબી જાય.

જે લોકો એમ કહે કે—'અમે ધર્મ નથી કરતા તે અમને ધર્મનો સમય નથી મળતો માટે નથી કરતા'તો તે પહેલા નંબરના જુઠ્ઠા છે ! આજે પૂજાનો ટાઇમ નથી માટે પૂજા નથી કરતા તેવું નથી પણ તેને પૂજા કરવી જ નથી, પૂજા કરવી ગમતી પણ નથી. સામાયિકનો ટાઇમ નથી માટે સામાયિક નથી કરતા તેવું પણ નથી. બધા ધારે તો એક નહિ પણ બે–ત્રણ સામાયિક કરી શકે તેમ છે. પણ પછી ગપ્પાં મારવાનું, ગમે તેની સાથે વાત કરવાનું બંધ થઇ જાય ! આજે દર્શન–પૂજન–સામાયિક કરવાની કુરસદ નથી પણ ટી. વી. આદિ જોવાની કુરસદ છે. આવાને ધર્માત્મા કહેવાય ? આજે લગભગ દરેકના ઘરમાં મંદિર–પૌષધશાળા નહિ હોય, પણ રેડીયો, ટી. વી. આદિ નહિ હોય તેમ નહિ મળે. આજના શ્રીમંતને જેમ ભગવાન નથી જોઇતા, મંદિર–ઉપાશ્રય નથી ગમતા તેમ ગરીબને પણ ભગવાન નથી જોઇતા, મંદિર–ઉપાશ્રય નથી ગમતા. આજે ધર્મ ન કરી શકે તેવો જીવ નથી પણ તેને ધર્મ કરવો નથી માટે ધર્મ નથી કરતા. માટે 'અમને ધર્મનો ટાઇમ જ નથી મળતો.' તેવા ખોટા બચાવ ન કરો.

તમે બધા સાધુ કેમ નથી થયા ? તમારે સાધુ થવું ન હતું માટે સાધુ નથી થયા કે સાધુ થવાનું મન જ ન હતું માટે સાધુ નથી થયા ? સાધુ થવાનું મન જ નં હોય તેવા જૈનો કેટલા મળે ? રોજ મને 'સાધુ થવાનું મન થાય છે' તેવા જૈનો પણ કેટલા મળે ?

(ક્રમશઃ)

—: એક ચિંતન :—

અજ્ઞાનાજ્જાયતે દુઃખં, સજ્ઞાનાચ્ચ સુખં પુનઃ ।

'અજ્ઞાનથી દુઃખ ઉત્પન્ન થાય છે અને સમ્યગ્જ્ઞાનથી સુખ થાય છે.'

શાસ્ત્રે, અજ્ઞાનને જ મહાપાપ કહ્યું છે. અજ્ઞાની જીવ 'હું અજ્ઞાન છું' કહી છુટી જાય તે ચાલે? જેમ નાનું બાળક અજ્ઞાન છે તો સાપ સુંવાળો છે તો તેને પકડવા દોડે તો મા પકડવા દે? અગ્નિ દેદીપ્યમાન છે જોઇ હાથ નાખવા માગે તો નાખવા દે? અજ્ઞાન છતાં પણ તેનું નુકશાન પ્રત્યક્ષ દેખાય છે તો લોક તેનાથી બચવા પ્રયત્ન કરે છે.

જીવા-જીવાદિ તત્ત્વોનું જે જ્ઞાન મેળવવું અને આત્મ માં પરિણામ પમાડવું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય કે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે તેના જેવો બીજો સુખી કોણ છે? કારણ સમ્યગ્જ્ઞાનના કારણે જીવને હેય-જ્ઞેય-ઉપાદેયનું સાચું ભાન થાય છે. સાચી વિવેકબુદ્ધિ જન્મે છે પછી જગતની કોઇ ચીજ આશ્ચર્યકારી નથી લાગતી. અને આત્મા અને શરીરની ભેદબુદ્ધિ પણ પેદા થાય છે. શરીરાદિ પરના પ્રેમના કારણે જ મારો આત્મા આજ સુધી સંસારમાં ભટકયો તેમ સમજાઇ જાય છે. જો આત્મા પર પ્રેમ કરું તો જ મારા આત્માની મુક્તિ થાય. વિવેક પૂર્વકના જ્ઞાનથી આત્મા ક્ષણમાત્રમાં કર્મોના ભૂકકે ભૂકકા બોલાવે છે. માટે જ કહ્યું છે કે-'અજ્ઞાની જીવ કરોડો વર્ષે જેટલાં કર્મો ખપાવે છે તેટલાં જ્ઞાની જીવ માત્ર શ્વાસોશ્વાસમાં જ ખપાવે છે.'

જે વિદ્યા વિલાસી બનાવે તે વસ્તુતઃ વિદ્યા જ નથી જેનાથી આત્મા સંસારમાં ભટકે, પાપમાં પાવરધો બને તેને જ્ઞાન કઇ રીતે કહેવાય? આત્માને અહિતથી બચાવી હિતમાં જોડે, ઉન્માર્ગથી બચાવી સન્માર્ગમાં પ્રેરે તેને જ જ્ઞાન કહેવાય ને? તેવું જ્ઞાન પણ આત્માને પોતાનું શુદ્ધ સ્વરૂપ જે મોક્ષ છે તે પ્રગટ કરવાનું મન થાય તો જ સમ્યક્ બને બાકી 'સારા દેખાવા' 'વિદ્વાન' થવા માટે જ્ઞાન મેળવે તો તે જ્ઞાન પણ આત્મનાશક જ બને તેમાં બે મત નથી! તે જ્ઞાન તો અજ્ઞાનનું સગું ભાઇ કહેવાય?

માટે હે આત્મન! તારે આત્માની અનંત-અક્ષય ગુણલક્ષ્મી પ્રાપ્ત કરવી હોય તો તારી પ્રજ્ઞાને અનંતજ્ઞાનીની આંખે દેખતી બનાવ પછી તેની નિર્મળતાના પ્રકાશમાં તને સાચો માર્ગ લાધશે જ બસ આગેકુચ કર અને સલને વર.

—પ્રજ્ઞાંગ

પ્રભુ ભક્તિનો મહિમા

[ગતાંકથી ચાલુ] —શ્રી ધર્મશાસન

ગૌતમસ્વામી ભગવાન પરમાત્માને પ્રશ્ન કરે છે કે હે ભગવન્ !

चउव्वीसत्थएणं भंते किं जणयइ ?

પરમાત્મા જવાબ આપે છે :—

गोयमा ! चउव्वीसत्थएणं दंसणविसोहिं जणयइ !

મંગલમય ચોવીશ તીર્થંકર દેવોની સ્તુતિ સ્તવના ઉપાસના અને ભક્તિ કરવાથી આત્મા દર્શન વિશુદ્ધિ પામે છે. તેનું સમકિત નિર્મળ બને છે. અનુભવીઓએ ઉચ્ચાર્યું છે કે—

'ભક્તિ વિના મુક્તિ નહિ'

भत्तिए जिणुवराणं परमाए खीणपिज्जदोसाणं ।
आरोग्ग बोहिलाभं समाहि मरणं च पावेंति ।।

ઉ. સૂ. અ. ૨૯

જેમનાં રાગદ્વેષ રૂપી દોષો ક્ષીણ થઈ ગયા છે એવા વીતરાગ દેવની પરમ ભક્તિ કરવાથી આરોગ્ય-બોધિલાભ અને સમાધિયુક્ત મરણ પામી શકાય છે.

ભક્તિની આસક્તિ વિરક્તિ પેદા કરે છે. ભક્તિથી અનેક શક્તિઓ ઉત્પન્ન થાય છે અને આત્મા કર્મથી વિભક્તિ મેળવી મુક્તિ સૌધમાં સીધાવી જાય છે. ભક્તિનો મહિમા અપરંપાર છે, વંદન, પૂજન, સત્કાર, સન્માન સ્તવન, કીર્તન, ભજન, સ્તુતિ, પ્રશંસા, ગુણગાન, નમસ્કાર, સેવા અને ઉપાસના આ બધા ભક્તિના જ પ્રકારો છે.

સુરો અને સુરેન્દ્રો પરમાત્માની ભક્તિમાં અપૂર્વ આલ્હાદ અનુભવે છે. તે વખતે તેઓ—

तृणमपि गणयन्ति नैव नाकं ।

સ્વર્ગલોકને પણ તણખલા તુલ્ય સમજે છે.

મહાન પુણ્યે આત્માને દેવાધિદેવની ભક્તિ કરવાની અમૂલી તક પ્રાપ્ત થાય છે. ભૂતકાળમાં પ્રભુભક્તિ કરી કેઈ જીવો તરી ગયા, વર્તમાનમાં તરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ તરશે.

પ્રાજ્ઞ પુરૂષોએ કહ્યું છે કે:—

ઇલિકા ભ્રમરી ધ્યાનાત્ યથા ભ્રમરીત્વમશ્નુતે
તથા ધ્યાયન્ પરમાત્માનં પરમાતત્વમાપ્નુયાત્ ।।

ઇયળ એ તેઇન્દ્રિય પ્રાણી છે પણ એ ઇયળ ભ્રમરીના સતત ધ્યાનથી ભ્રમરીપણે ઉત્પન્ન થાય છે. (ચઉરિન્દ્રિયપણે) તે જ પ્રમાણે આત્મા પરમાત્માના સતત ધ્યાનમાં જો તન્મય, તદ્રરૂપ, એકતાર અને એકતાન બની જાય તો આત્મા પણ પરમાત્મા બની જાય.

'સોઽહં' એ શબ્દ પણ આપણને કહે છે કે સ એટલે પરમાત્મા અને અહં એટલે હું મતલબ-હું પરમાત્મ સ્વરૂપ છું પણ વર્તમાનમાં કર્મોના ગાઢ આવરણોથી મારી એ ઉન્નત દશા અપરાઇ ગઇ છે.

એ પરમ દશા-પરમાદર્શ અને પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિ માટે શ્રુતિઓ કહે છે કે **'અભેદ ભાવનયા યતિતવ્યમ્'** પરમાત્મા સાથે અભેદ ભાવથી આત્માને ભાવિત કરીશું તો આપણે પણ એક દિવસ એજ ઉન્નત, ઉર્ધ્વ અને પરમ સ્થિતિ પરમાત્મ પદને મેળવી શકીશું.

પાવયણી ધમ્મ કહી વાઇ નિમિત્તિઓ તવસ્સીય
વિજ્જાસિદ્ધાએ કવી અટ્ઠેવ પભાવગા ભણિયા

ન્યાયના પ્રકાણ્ડ વિદ્વાન જૈન શાસનના મહાન પ્રભાવક પૂ. ઉપાધ્યાયજી મહારાજે એક સ્થળે ગાયું છે કે-'ધનધન શાસન મંડન મુનિવરા.'

જૈન આગમોમાં આઠ **પ્રભાવકોનું** વર્ણન આવે છે. એક **પ્રાવચનિક**, બીજા ધર્મ-કથિક, ત્રીજા નૈમિત્તિક, ચોથા વિદ્યાસિદ્ધ પાંચમા યોગસિદ્ધ, છઠ્ઠા વાદી, સાતમા ઉત્કૃષ્ટ તપસ્વી અને આઠમા કવિ એટલે આઠ **પ્રભાવકોમાં** કવિને પણ પ્રભાવક ગણાવવામાં આવ્યા છે. પ્રભાવક એટલે શાસનની **પ્રભાવના** કરનારા,

પૂર્વના મહાન જૈનાચાર્યો, જેવા કે શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મ. શ્રી માનતુંગ સૂરિ, મ. શ્રી માનદેવસૂરિ, મ. શ્રી હેમચંદ્રાચાર્ય, મ. શ્રી ભદ્રબાહુસ્વામીજી, શ્રી મુનિસુંદરસૂરિ, મ. શ્રી નંદિષેણ આચાર્ય, ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ. વગેરે સંખ્યાબંધ જૈનાચાર્યોએ સંખ્યાબંધ સ્તુતિ-સ્તોત્રોની ગીર્વાણગિરામાં રચના કરી સમગ્ર વિશ્વ પર અસીમ ઉપકાર કર્યો છે. આજે પણ એ મહાન પુરૂષોએ રચેલા-ગુંથેલા કાવ્યો સ્તોત્રો અને સ્તુતિઓ અગણિત ભવ્યાત્માઓ ખૂબ બહુમાન પૂર્વક ગાઇ કરી સ્તવના

કરી જટિલ અને નિબિડ કર્મોની નિર્જરા કરે છે અને પુણ્યાનુબંધી પુણ્યના ભાગીદાર બને છે, તેવી જ રીતે ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ. શ્રી વિનયવિજયજી મ. શ્રી માનવિજયજી મ. શ્રી મોહનવિજયજી લટકાળા શ્રી દીપવિજયજી મ. શ્રી શુભવીરવિજયજી મ. શ્રી જ્ઞાનવિમળસૂરિ મ. શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ. શ્રી વિજયલાભસૂરિ મ. શ્રી ઉદયરત્નજી. શ્રી સમયસુંદરગણિ, શ્રી નયવિજયજી મ. પં. શ્રી પદ્મવિજયજી ગણિ. શ્રી આનંદઘનજી મ. શ્રી દેવચંદ્રજી, શ્રી સકળચંદ્ર ઉ. તથા **શ્રી** આત્મારામજી મ. વિગેરે મહાન કવિઓએ હજારોની સંખ્યામાં સ્તુતિ–સ્તોત્ર અને સ્તવનોની ગુંથણી કરી છે. આ મહાપુરૂષોએ ભાવવાહી રસપ્રદ કર્મનિર્જરાના હેતુભૂત સુંદર સ્તવનોની રચના કરી સાધારણ જનતા ઉપર અસાધારણ ઉપકાર કર્યો છે. ભાવિક ભક્તો આ સ્તવનો દ્વારા પ્રભુ ભક્તિમાં લીન–તલ્લીન બની પરમાત્માની ઉપાસના સેવા કરી અનંત પુણ્ય–ઉપાર્જન કરે છે.

સ્તવનોમાં વૈવિધ્યતા હોવાના કારણે સાધારણ–સામાન્ય જનતાને એમાંથી ઘણું ઘણું જાણવાનું મળે છે.

સ્તવનોમાં આઠ પ્રાતિહાર્ય, તીર્થંકર દેવોના જીવનચરિત્રો નગરી, જન્મ, સ્થાન, લાંછન, વર્ણ, આયુષ્યમાન માતાપિતાના નામો, ગોત્ર, દેહમાન, અતિશયો, આત્મસ્વરૂપ, કર્મસ્વરૂપ, કઇ જાતની પ્રાર્થના કરવી, પર્વોનું જ્ઞાન, કલ્યાણક દિવસો, આત્મગુણો વિ. વિ. અનેક વસ્તુઓને એ મહાપુરૂષોએ સ્તવનો, સ્તુતિઓ અને ચૈત્યવંદન વિ.માં વણી લીધી છે.

આજે સ્થળે–સ્થળે હજારો ભાવુક હૈયાઓ પ્રતિદિન પ્રભાતે મધુર કંઠે બુલંદ સ્વરે ભક્તિ ભર્યા હૈયે પરમાત્માના ગુણગાન કરી જીવ્હા પાવન કરે છે. એટલું જ નહિ પણ જીવનને પાવન બનાવે છે અને ઉત્તરોત્તર પ્રગતિ સાધી મુક્તિ સૌધમાં સીધાવી જાય છે.

ઇતર દર્શનકારોએ—

જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ એમ ત્રણ પ્રકારના યોગો માન્યા છે. તેમાં બહુશઃ–મોટાભાગે આત્માઓ ભક્તિયોગનો આશ્રય લઇ આત્માને ભક્તિ રસથી ભાવિત કરી અનોખો આનંદ મેળવે છે. પુણ્યના ભાગી બને છે અને કર્મનિર્જરા પણ કરે છે.

સંત તુલસીદાસજી, સંત કબીરદાસ, શ્રી જ્ઞાનેશ્વર, મીરાબાઇ, સંત તુકારામ અને નરસિંહ મહેતા જેવા જૈનેતર પ્રભુભક્તોના નામ ઘણા જાણીતા છે.

સંત તુકારામ માટે કહેવામાં આવે છે કે તેઓ ભક્તિરસમાં તલ્લીન બન્યા હતા, પ્રભુના ગાનમાં મશગુલ હતા ત્યારે તેમને કોઇએ સમાચાર આપ્યા કે તમારા પત્ની યમધામે સીધાવી ગયા—ચાલ્યા ગયા. પત્ની મૃત્યુના આ સમાચાર સાંભળતા તેઓ બોલી ઉઠ્યા કે—

'વિઠો તુઝે માઝે રાજ'

હવે આજથી હે વિઠોબા ! તારું અને મારું રાજ્ય છે. ઉપાધિ ઓછી થઇ. તેથી ભક્તિ કરવાની ઉમદા તક પ્રાપ્ત થઇ. તેવી જ દંતકથા નરસિંહ મહેતા માટે પ્રચલિત છે કે તેઓ પણ ભગવાનની ભક્તિ કરતા હતા ત્યારે તેમને કોઇએ સમાચાર આપ્યા કે તમારી પત્ની મૃત્યુ પામી. નરસિંહ સહિતાના કર્ણોમાં જ્યાં આ સમાચાર સંભળાયા ત્યાં જ તેઓ બોલી ઉઠ્યા.

ભલુ થયું ભાંગી જંજાળ; સુખે ભજીશું શ્રી ગોપાળ.

આ સંસારની આળ પંપાળ ને જંજાળમાં પરમાત્માની ભક્તિમાં અનેક અંતરાયો આવતા હતા, હવે એ અંતરાય દૂર થયો એટલે પરમાત્માનું ભજન-કીર્તન સુખપૂર્વક સતત કરી શકાશે.

જૈનેતરો પણ કેવા પ્રભુભક્તો થયા છે એના આ નમુના છે.

એક અનુભવ—

દેશોદેશમાં પગપાળા વિહરતા અમને એ અનુભવ થયો છે કે જેને આપણે ગામડિયા-ગમાર અને અજ્ઞાન વિ. વિશેષણોથી સંબોધીએ છીએ પણ અમારો અનુભવ એમ કહે છે કે એમને ગમાર કે અજ્ઞાન કહેવા કે અમારી ભણેલી ગણેલી કોમને અજ્ઞાન કહેવી, કારણ કે દિવસમાં એ ભોળી અજ્ઞાન જનતા કામકાજથી થાકી પાકી હોવા છતાં રાતના દશ વાગે નીરવ શાંત વાતાવરણમાં તંબૂરાના તાર સાથે અને કાંસી જોડ અને ઢોલ આદિ વિવિધ વાદ્યો સાથે એ લોકો ભક્તિમાં એવા તો તન્મય બની જાય છે કે ન પૂછો વાત, સાંભળતાં સાંભળતાં આપણને જરાય કંટાળો ન આવે. તેમાં એક તાલ, એક સ્વર અને એક સાથે એવી તો ભજન કીર્તનની ધૂન મચાવે છે કે જાણે આત્મા ઓવારી જાય. ભક્તિ રસમાં એટલા બધા એ લોકો મશગુલ અને મસ્તાન બની જાય છે થોડીવાર માટે જગતને ભૂલી પ્રભુભક્તિમાં ઝુલી અનંત પુણ્યનું ઉપાર્જન કરી લે છે.

એવા સમયે અમને આપણી શિક્ષિત જનતા યાદ આવે છે કે એક 'નમોઽસ્તુ વર્ધમાનાય' બોલતા પ્રતિક્રમણમાં કેવી ગડબડ મચે છે, કેવું અશિસ્તભર્યું વાતાવરણ સર્જાય છે, અને એ કયાં અજાણ્યું છે એક ધીમે બોલે, બીજો રાડ પાડે, ત્રીજો આડો-અવળો જાય. એક નમોઽસ્તુ પણ એક સાથે એક સ્વરે તાલબદ્ધ રીતે મધુર અને બુલંદ કંઠે આપણે બોલી શકતા નથી, તેના કરતા તો સ્ત્રીસમુદાય 'સંસાર દાવાની' સ્તુતિ એક સરખી રીતે બોલે છે, કે જે સાંભળતા કાન ઉંચા થાય છે. આવા પ્રસંગે આપણને એમ થાય છે કે એ ભોળી ગામડાની અજ્ઞાન જનતાને ગામડિયા કહેવા કે આપણા ભણેલા-ગણેલા વર્ગને. [ક્રમશઃ]

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૪]

—શ્રી રાજુભાઇ પંડિત

ધૃતરાષ્ટ્ર, પાંડુ, વિદુર જન્મ

શાન્તનુ અને સત્યવતીના લગ્ન-ગ્રંથમાં પુત્રના ભોગ સુખનું [ભોગ] બલિદાન છુપાયેલું હતું. ચારણો પાસેથી ગાંગેયે પોતાના (પિતા શાન્તનુ રાજા) માટે લીધેલા દુર્ધર બ્રહ્મચર્ય વ્રતની વાત જાણીને ખુશ થયેલા પિતા પાસે નાવિક કન્યા સત્યવતીને લઇ આવીને ગાંગેયે પિતા સાથે સત્યવતીના લગ્ન કર્યા.

આંખોમાં અમી ભરીને પુત્ર ગાંગેયને ભેટીને પોતાના ખોળામાં બેસાડીને કહ્યું-'આ દુનિયામાં પિતાની આજ્ઞા સાંભળનારા પુત્રો તો વિરલ [થોડાં] જ છે. તેમાં પણ પિતાની આજ્ઞાનું પાલન કરનારા તો બે હશે તો પાંચ-છ હશે. પણ પોતાની જાતે જ પિતાનું ઇષ્ટ જાણીને પિતાનું ઇષ્ટ કરનાર તો તું જ એક મારો જાન્હવી=ગાંગેય પુત્ર છે. તેથી તારૂં હજારો વર્ષનું આયુષ્ય થાઓ.' આવા આશીર્વાદ ગાંગેયને=ભીષ્મને આપીને તેને અત્યંત ખુશ કરીને શાન્તનુ રાજા સત્યવતીને પરણ્યા.

ભોગ સુખો ભોગવતા ભોગવતા સત્યવતીએ ચિત્રાંગદ તથા વિચિત્રવીર્ય એ નામના બે પુત્રોને જન્મ આપ્યો.

પોતાનું હવે અલ્પ આયુષ્ય જાણીને તત્વદર્શી શાન્તનુએ શુભધ્યાન પૂર્વક શરીરનો ત્યાગ કર્યો. ગાંગેયે પિતાનું ઉર્ધ્વદૈહિક=અંતિમસંસ્કારાદિ કર્યા.

હજુ ચિત્રાંગદ નાનો બાળક જ હોવા છતાં ભીષ્મે તેને જ રાજ્યગાદી ઉપર સ્થાપન કર્યો. મહાપુરૂષો કદિ સ્વીકારેલી વાતને ભૂલતાં નથી હોતા.

સમય પસાર થઇ રહ્યો હતો. ભીષ્મે=ગાંગેયે પ્રચંડ પરાક્રમથી સર્વત્ર ચિત્રાંગદનું રાજ્ય વિસ્તારવા માંડ્યું. કેટલાંક રાજાઓને ચિત્રાંગદ ખડકવા લાગ્યો. આથી તેઓ યુદ્ધ કરવા આવ્યા. આ સમયે ચિત્રાંગદ ભીષ્મના સાથને ઇચ્છતો ન હતો. આથી તે એકલો જ યુદ્ધ કરવા ગયો. પણ શત્રુ રાજા નીલાંગદે ચિત્રાંગદને વધેરી નાંખ્યો, આથી ભીષ્મે નીલાંગદને ખતમ કરી નાંખ્યો.

હવે ભીષ્મે વિચિત્રવીર્યને ગાદીએ બેસાડ્યો. તેણે વહિલબંધુ ભીષ્મનો

સુંદર વિનય કર્યો આથી ભીષ્મ તેના ઉપર વધુ પ્રસન્ન રહેવા લાગ્યા અને તેને અનુરૂપ કન્યાની શોધ કરવા લાગ્યા.

એક દિવસ દૂતે આવીને ભીષ્મને કહ્યું કે-'કાશીરાજે પોતાની અંબિકા, અંબાલિકા અને અંબા નામની ત્રણેય પુત્રીનો સ્વયંવર ગોઠવ્યો છે. અને ત્યાં સેંકડો રાજાઓ, રાજકુમારો આવેલા છે. આ ત્રણેય પુત્રીઓ વિચિત્રવીર્યને યોગ્ય છે.'

ભીષ્મે વિચાર્યું કે—સ્વયંવરમાં વગર આમંત્રણે જવું યોગ્ય નથી. માટે મારા ભાઇને ત્યાં જવું ઉચિત નથી. પણ હું એકલો ત્યાં જઇને સર્વ ધ્વંસ્ત કરીશ આમ વિચારી ગાંગેય અત્યંત વેગવાળા રથમાં આરૂઢ થઇને એકલો કાશીરાજના નગરમાં પહોંચી ગયો. જઇને જોયું તો સ્વયંવરના રંગમંચ ઉપર સેંકડો રાજાઓ અને રાજપુત્રો બેઠા હતા. બીજી તરફ ધાવમાતા ત્રણેય રાજપુત્રીને રાજકુમારોની ઓળખાણ કરાવી રહી હતી.

સ્વયંવર મંડપમાં રંગ બરાબર જામ્યો હતો તેવા વખતે જ પ્રચંડ પરાક્રમી ગાંગેય સીધો જ ત્રણેય રાજપુત્રીઓ પાસે પહોંચી ગયો. રંગમંચને ખળભળાવી મૂક્યો. અને બધાંયના દેખતા ત્રણેય રાજપુત્રીઓને ઉઠાવીને ગાંગેય રથમાં ચઢાવી દીધી.

ભયથી ફફડતી ત્રણેય રાજપુત્રીને ભીષ્મે કહ્યું. ડરશો નહિ તમારૂં કશું અનિષ્ટ નહિ કરૂં. હું શાન્તનુનો પુત્ર ભીષ્મ છું. હસ્તિનાપુરના રાજા વિચિત્રવીર્ય માટે તમારા ત્રણેયનું હરણ કરનારો હું તેનો મોટો ભાઇ છું.

આટલું કહીને ભીષ્મે રથને રંગમંચ તરફ વાળ્યો. મોટા અવાજે ઉદ્‌ઘોષણા કરી કે—'તમારામાં કોઇ બાહુબળનો પરાક્રમી હોય તો મને પકડી લે. આ ભીષ્મ તમારા બધાના દેખતા આ કન્યાઓનું અપહરણ કરે છે.'

આ પ્રમાણે સાંભળતાં જ મોટાભાગના રાજાઓ ભીષ્મ સાથે યુદ્ધે ચઢયા ક્ષુરપ્ર વડે ભીષ્મે દરેકની રથની ધજાને છેદી નાંખી. 'સ્વયંવરનો વિધ્વંસ કરવાના તારા પાપની તને અમારા તીક્ષ્ણબાણો સજા આપશે.' આમ કહી ભીષ્મને બરાબર વચ્ચે રાખી ચારે બાજુથી રાજાઓએ એક સાથે બાણોનો વરસાદ વર્ષાવ્યો.

આવતા બાણો જો કે ભીષ્મને કશી અસર તો કરી ના શક્યા. પણ

ઉપરથી ભીષ્મના છત્રની જેમ ગોઠવાઇ જવા લાગ્યા. પરંતુ રાજપુત્રીઓ દુઃખી થઇ અને પોતાને નિંદવા લાગી કે અભાગણી એવી આપણને ધિક્કાર છે. આ યુદ્ધમાં આપણે અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થઇ જઇશું. સામે લાખો રાજાઓ છે અને આ ભીષ્મ બે હાથવાળો એકલો છે. આના મોતની સાથે આપણા મનોરથોની સ્મશાનયાત્રા નીકળશે.

રાજકન્યાની પરિસ્થિતિ ભીષ્મના ખ્યાલમાં આવી ગઇ. આથી ચારે તરફ મુઠ્ઠી દ્વારા તીક્ષ્ણ બાણો ફેંકીને દરેક રાજાઓને ઝખમી બનાવી દીધા. આખરે દરેક રાજાઓને પરાસ્ત કરીને, વિચિત્રવીર્ય માટે કન્યારત્નો કાશીરાજ સ્વયં આપે તે રીતે કાશીરાજને ખુશ કર્યા. અને કાશીરાજે સ્વયં ખુશીપૂર્વક કન્યાઓ વિચિત્રવીર્ય માટે ભીષ્મને આપી.

હસ્તિનાપુર આવ્યા પછી ભીષ્મે વિચિત્રવીર્ય સાથે ત્રણેય રાજકન્યાના લગ્ન કરાવ્યા.

ભોગ સુખમાં વિચિત્રવીર્ય આસક્ત બન્યો. વધુ ને વધુ કામશક્તિના કારણે વિચિત્રવીર્યના ધર્મ અને અર્થ પુરૂષાર્થ અલોપ થયા. કામાધિનતાના કારણે રાજકાજમાં શિથિલ બન્યો.

આ જોઇને ભીષ્મે વિચિત્રવીર્યને અતિકામાતુરતા છોડવા સમજાવતાં કહ્યું:–'અબળાઓથી હારી ગયેલો તું બળવાનોને કઇ રીતે જીતી શકીશ ? બળવાનોની વચ્ચે તું ઘેરાઇશ ત્યારે તારૂં ન જાણે શું થશે ?'

માતા સત્યવતીએ પણ કહ્યું–'તારી કામાસક્તિથી થયેલી શરીરની દુર્બળતા મારી પુત્રવધુઓના મુખને જોવાની ઉત્કંઠાને હણી નાખે છે. મારી ઇચ્છા પૂર્ણ થાય તે રીતે હવેથી વર્તવા માંડ. ભાઇ ભીષ્મ તથા માતા સત્યવતીની શિખામણ ધ્યાનમાં આપીને અતિ કામાતુરતાથી વિચિત્રવીર્ય દૂર બસ્યો.

સમય જતાં અંબિકાએ ધૃતરાષ્ટને જન્મ આપ્યો. પૂર્વના કોઇકે કર્મથી તે જન્મથી અંધ હતો. અંબાલિકાએ જન્મથી જ પાંડુરોગવાળા પુત્રને જન્મ આપ્યો. તેથી તેનું પાંડુ નામ પડયું. અંબાએ ગુણોના ભંડાર સમા વિદુર નામના પુત્રને જન્મ આપ્યો.

(પાંડવ ચરિત્ર સર્ગ–૧ ૨૪૧ થી ૩૫૫)

(ક્રમશઃ)

સંન્યાસ-દીક્ષા માટે

શુદ્ધ ભારતીય બાળકો શું યોગ્ય નથી ?

—પૂ મુનિરાજ શ્રી રૂચકવિજયજી મહારાજ

મુંબઇ પ્રાન્તમાં શુદ્ધ ભારતીય બાળકો માટે સંન્યાસ–દીક્ષા પ્રતિબંધક બીલ, અમદાવાદના શ્રી પ્રભુદાસ પટવારી તરફથી દાખલ કરવામાં આવેલ છે.

આ બીલ, મુંબઇ પ્રાન્તના શુદ્ધ ભારતીય બાળકો સંન્યાસ–દીક્ષા લેતા અટકી જાય, તે માટે સરળતા કરે છે.

પ્રશ્ન એ ઉઠે છે કે સંન્યાસ–દીક્ષા માટે શુદ્ધ ભારતીય બાળકો શું યોગ્ય નથી ?

આનું કોઈ સમાધાન શ્રી પટવારીના બીલમાં આપવામાં આવ્યું હોય તેવું જોવામાં આવતું નથી.

ઘણા લાંબા વર્ષોથી ભારતીય બાળકો જુદા જુદા કાર્યક્ષેત્રોમાં મહત્વનો ભાગ ભજવતા આવ્યા છે એ એક ઇતિહાસના પાને નોંધાયેલી હકિકત છે.

સામાજિક, રાષ્ટ્રિય અને ધાર્મિક બાબતોમાં આજ પૂર્વે બાળકોનો મહત્વનો ફાળો છે તે ઘણો મહત્વનો છે.

શ્રી શંકરાચાર્ય, શ્રી કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય અને શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી વિગેરેએ, ધાર્મિક બાબતોમાં મહત્વનો ફાળો આપ્યો છે અને અકબર, રાણા પ્રતાપનો નાનકડો સુપુત્ર વિગેરેએ, રાષ્ટ્રિય બાબતોમાંય મહત્વનો ફાળો આપ્યો છે, જ્યારે આજના પણ બાળકો સામાજિક બાબતોમાંમાંય મહત્વનો ફાળો આપે છે, તે સ્પષ્ટ જ છે.

પરિસ્થિતિ આમ હોવા છતાં સંન્યાસ–દીક્ષા જેવી ધાર્મિક બાબત માટે અત્યારે શુદ્ધ ભારતીય બાળકોને શા માટે યોગ્ય ગણવામાં નહિ આવતા હોય ? એ વસ્તુ ખરેખર મુંઝવણ પેદા કરે તેવી છે.

દરેક ધર્મોના ધર્મશાસ્ત્રો અને ધર્મ નાયકો તો, સંન્યાસ-દીક્ષા જેવી ધાર્મિક બાબત માટે યોગ્ય ગણે જ અને અત્યાર સુધીની ન્યાયી રાજ્ય સરકારો પણ બાળકોના ધાર્મિક હક્કોનું રક્ષણ કર્યું જ છે.

આમ છતાં અત્યારે શુદ્ધ ભારતીય બાળકો, સંન્યાસ–દીક્ષા જેવી ધાર્મિક બાબત માટે જાણે લાયક ન રહ્યાં હોય તેવી રીતે સંન્યાસ–દીક્ષા લેતા અટકાવનારૂં બીલ લાવવામાં આવ્યું છે તેમાં બાળકોનું ધાર્મિક હિત શું સધાય છે તેની સમજી પડતી નથી.

શું બાળકો પોતાના ધાર્મિક હિતો માટે હકદાર નથી ? દરેક દેશનો દરેક બાળક, પોતાના ભૌતિક હિતનો હકદાર જેમ ગણવામાં આવ્યો છે તેવી જ રીતે તે પોતાના ધાર્મિક હિતોનો પણ હકદાર હોવો જોઈએ, એમાં ખોટું શું છે અને સરકાર અગર રાજ્ય શાસને કે બાળકોના હિતસ્વી માલીકોએ, તેમના ભૌતિક હિતને અત્યાર સુધીમાં જેમ રક્ષણ આપ્યું છે તેમ તેમના ધાર્મિક હિતોને પણ રક્ષણ અપાતું ચાલુ રાખવું જોઈએ, આમાં ય ખોટું શું છે ?

બાળકો, બાળકો હોઈને પોતાના ધાર્મિક હિતો માટે વધુ હકદાર છે.

આજની રાજ્ય સરકાર નાવિક દળમાં દાખલ કરવા માટે ૧૫॥ થી ૧૬॥ વર્ષની ઉમ્મરના બાળકને યોગ્ય ગણે છે અને જાહેરાત પૂર્વક નાવિક દળમાં બાળકોની ભરતી કરવામાં આવે છે ત્યારે સંન્યાસ–દીક્ષા જેવી ધાર્મિક વસ્તુ માટે સ્વતંત્ર ભારતનો શુદ્ધ ભારતીય બાળક શા માટે યોગ્ય ગણવામાં નથી આવતો ?

બાળકોને જેમ ભૌતિક હિત હોય છે તેમ તેમને આધ્યાત્મિક પણ હિત હોય છે. કારણ કે તેમને જેમ દેહ અને મન હોય છે તેમ આત્મા પણ હોય છે. આ વાતનો બધા સમજુ માણસોએ સ્વીકાર કરવો જોઈએ અને તેમના જરૂરી હિતોનું રક્ષણ કરવું જોઈએ.

બાળકો સંન્યાસ દીક્ષા આજીવન પર્યંત લીધા પછી ભૌતિક હિતની તરફ ખેંચાઈ જ જાય એવો એકાંત નિયમ નથી. કારણ કે સંન્યાસ–દીક્ષા લેતા પહેલા અને પછી મોક્ષનું સુખ તેની જાણમાં હોય છે અને તે તેને ખેંચતુ હોય છે.

મને લાગે છે કે બાળ સંન્યાસ-દીક્ષા પ્રતિબંધક બીલ; બાળકોના આધ્યાત્મિક હિતને રક્ષણ આપતું નથી પણ બાળકોને તેને માટે અયોગ્ય ગણી તેમના આધ્યાત્મિક હિતનું ખૂન કરે છે. જે બિલકુલ યોગ્ય નથી.

પૌદ્‌ગલિક સુંદરતા કેવી ? તો નિ સાર.

જેમા કાંઈ જ સાર નથી તે પુદ્‌ગલની સુંદરતા કેમ વખાણાય ? જો ખાનપાનમાં વસ્ત્રાલંકારોમાં મકાન–મહેલાતોમાં–બાગ બગીચામાં કે તેવા પ્રકારના પ્રાકૃતિક દૃશ્યોમાં કે યૌવનથી થનગનતા દેહમાં જો સુંદરતા માનતાં હોય તો એ કાચને હીરો ને હીરાને કાચ માનવા જેવી ગંભીર ભૂલ ગણાય. આ બધી સુંદરતા દેખાતી હોય તો પણ ક્ષણજીવી છે, બાહ્ય સુંદરતા આવી હોવાથી જ અમે પૌદ્‌ગલિક સુંદરતાને અસાર–નિઃસાર કહીએ છીએ.

— પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ

❋ ખોટું ન લગાડતા હો ને! ❋

—શ્રી ભદ્રંભદ્ર

બિસ્તરા-ઉત્થાપન મુલતવી છે.

મારે હમણાં પૈસાની બચત થઇ હોવાથી નવો ફ્લેટ (સાધુની ભાષામાં ઉપાશ્રય, પર્સનલ હો) લેવાનું મન થયું. (સંસારી જીવડો છું ભાઇ!) પણ સાલુ શું થયું કઉ, નવા ફ્લેટના પાંચ લાખ હતા. અને જુનાના ૪ લાખ આવતા હતા. થોડે પનો ટૂંકો પડતો તો.

મારા મનમાં વિજળી ઝબૂકી. મેં વિચાર્યું કે જેમ આપણે ત્યાં એક જ વસ્તુ માટે ઘણાં ઉમેદવાર હોય તો ઉછામણી બોલાવવાની પ્રથા છે તેમ તે શાસ્ત્રીય પ્રણાલિકાને મેં જુના ફ્લેટ માટે ચાર–પાંચ માંગા આવેલા એટલે મારો ફ્લેટ સતી સ્ત્રીની જેમ એક જ પાર્ટીને પરણાવવાનો નક્કિ કરેલો તેથી નોરતાની આરતીની જેમ આની બોલી બોલાવવાનું વિચાર્યું. મને હતું કે પેલી ૪/૫ પાર્ટી આ ફ્લેટના સ્વયંવરમાં આવશે અને ૪ લાખનો ફ્લેટ સાડા ચાર આસપાસમાં જશે.

પછી પણ જોે કે ૫૦ હજાર ખૂટતા હતા પણ એ તો બીજી નવી જુના ફ્લેટમાં રહેલા જનમ–જનમના સાથી સંગાથી જેવા બિસ્તરા–પોટલાના ઉત્થાપનની (ઉંચકવાની) બોલીથી બોટ પૂરી પડાશે તેમ હતું. ઉત્થાપન જેવી નવી સ્કીમ રન્નુ કરી હોવાથી તેમાં તો લાખ જેટલી આશા હતી. એટલે જ જુનો ફ્લેટ સાડા ચારમાં ઝટપટ આદેશ આપીને વેચી માર્યો.

પછી એજ પાર્ટીઓને મેં કીધું આ મારા બિસ્તરા–પોટલા ઉંચકાવવાનો મજૂરને ખર્ચ આપવો પડશે. એટલે મજૂર નિભાવ માટે પોટલા ઉત્થાપનની બોલી બોલવાની શરૂ કરાય છે.

એમાં એક નંગ માથાનો ભટકાયો. મને કે' કે ગાંડાના ગોર! સામાન તારો ને તેનો ખર્ચ અમે શેના આપીએ? ઉઠાવો હોય તો ઉઠાય લે સામાન નહિ તો ફેંકવા મંડીશું એક પછી એક નીચે.

(મારે તો મુંઝવણ વધી હજી નવો ફ્લેટ કંઇ મને કબજામાં મળી ગયો નો'તો મારે સામાન રાખવો ક્યાં?)

પેલા આટલું બોલીને પછી બોલ્યા કે—આ તારા લબાચા ઉત્થાપનના ચઢાવા બોલવાનું તું કયાં ધૂમ્રપુરાણ જેવા ઉત્થાપન પુરાણમાંથી લઇ આવ્યો છે.

મારૂં પુન્ય જાગતું હતું. એટલે જ હમણાં જ કોઇના ગુરૂ મ. ના પગલાના ઉત્થાપનના ચડાવાનો શિલાલેખ મને મળી ગયેા. મેં ફીધું જુઓ આ રહ્યો શાસ્ત્રપાઠ.

મને ઇ લેાઠોએ શું કટ મારી કઉં–મને ઇ લેાકો કહે કે–ડોબા જેવા આ તેા કોઇ ગુરૂચરણના ઉત્થાપનની વાત છે. તારા બિસ્તરા–પેાટલાને માટે આ લેખ આધાર તરીકે નેા અપાય, ઇમજ્યેા.

અને બીજી વાત કે ભગવાનના ઉત્થાપનના પ્રસંગેા ઘણાં જોયા છે, હાંભળ્યા છે પણ ગુરૂ પગલાના ઉત્થાપનને જોયું નથી. અને કદાચ ઉત્થાપન થયું ય હેાય હેા ભૈ. આપણે કંઈ બહુ જાણતા નથી. પણ આ સાલા 'ઉત્થાપનના ચડાવા' એ તેા સાવ નવું જ સાંભળ્યું.

મેં ફીધું તેા કંઇ એવું થેાડું છે કે નવું કશું નેા જ કરાય ?

પાર્ટી કહે—તું ગાભા જેવેા જ છે. ગમે તે કરેા પણ શાસ્ત્રનેા આધાર તેા હેાવેા જોઇએ ને ?

મેં ફીધું—શાસ્ત્રમાં ક્યાં ય લખ્યું ન હેાય તેા ય ઉત્થાપનના ચડાવવાનેા નિષેધ મળે છે ક્યાંય ? (મારી આ ધારદાર દલીલથી પાર્ટી મુંઝાઇ ગઈ મને હતું જ કે હાર સ્વીકારી લેશે પણ...પણ...)

પાર્ટી કહે કે—ગુરૂપૂજનનું દ્રવ્ય વૈયાવચ્ચમાં વપરાય તેવેા જેમ પાઠ નથી તેમ ન વપરાય તેવેા ય પાઠ નથી જ. તેા હવે ગુરૂપૂજનને વૈયાવચ્ચમાં વાપરીએને ?

મેં ખાલી ખાલી ફીધું કે—હું કંઈ સમજ્યેા નહિ.

પાર્ટી કહે—તારે હમજવાની જરૂરે ય નથી જા ગેાઢડામાં મેાઢું ઘાલીને હુઇ જા, ચાંપલેા થતેા નક્કામેા. જે વસ્તુનું શાસ્ત્રમાં વિધાન કે નિષેધ ન મળે તે પણ કરી શકાતી હેાય ને તેા તેા મુશ્કેલી થઇ જાય.

(૧) સંતિકરં ચૌદશના પ્રતિક્રમણ પછી બેાલવાનેા જેમ પાઠ નથી તેમ નિષેધ પણ નથી તેા મંડેાને બેાલવા.

(૨) દેરાસરમાં ભક્તામર બેાલવાનેા પાઠ કે નિષેધ કશું નથી તેા પછી 'ભક્તામર' ચાલું કરેા ને ? કેમ નથી કરતાં ?

(૩) વ્હીલચેર વાપરવાનેા પાઠ કે નિષેધ નથી તેા તમારા સાધુ–સાધ્વીજી મ.ને વપરાવા મંડા બાપુ.

હું તેા ડવાઇ જ ગ્યેા. મનેય થયું તેા ખરૂં કે પેલી 'ઉત્થાપનના–ચડાવા'ની

પત્રિકાને શાસ્ત્રપાઠ તરીકે ધર્યો ન હોત તો આટલું બધું સાંભળવું નો પડત. (પત્રિકામાં એમને એમ તો કંઈ છપાવે નહિ. પણ આ પાર્ટીની દલીલો ય જોરદાર છે. જો ખરેખર આ ઉત્થાપનના ચડાવા અશાસ્ત્રીય જ હોય તો તેનો વિરોધ લેખિત થવો જોઇએ. જેથી ભાવિની પેઢીને પણ 'ઉત્થાપનના–ચડાવા' જ આલી લેખિત ન મળતા તેનો વિરોધ પણ લેખિત મળી શકે. જો કે મારે આ પત્રિકામાં કંઇ લેવાં દેવા નથી. પણ મારા પોટલા-ઉત્થાપનના ચડાવા બોલાઈ ના શક્યા તેનો દિલમાં અફસોસ સમાતો નથી.

ઉત્થાપનના–ચડાવાની વાત તો પત્રિકામાં છપાવાથી લેખિત પુરાવો થઇ ગયો છે. પણ હવે પેલા નંગે ઉત્થાપનના–ચડાવાના વિરોધની પણ મૌખિક નહિ પણ લેખિત પત્રિકા છાપવિ મને અતિ અગત્યની વાત જણાય છે. તેનું કારણ બીજું તો કંઇ નહિ પણ મારી જેમ કોઇ બિસ્તરા–પોટલા ઉંત્થાપનની વાત કરીને લોંઠા નો પડે બિચારા. એટલે.

પેલા નંગના કારણે બિસ્તરા–પોટલા ઉત્થાપનના ચડાવાને મોકૂફ કે મુલત્વી નહિ પરંતુ તદ્દન સપનામાં ય બંધ રાખવાના મક્કમ ભીષમ પ્રતિજ્ઞાધારી ભદ્રંભદ્ર કી હવેથી જે.

* *

ટ્રેનમાં અમદાવાદથી મુંબઈ જઇએ તો દિવસનું કે રાતનું ૧૨ કલાકનું ભાડું સરખુ જ લે છે. ધર્મશાળા કે ગેસ્ટ હાઉસની જેમ જ. ટ્રેનનું ૧૦૨ રૂપિયા ભાડું સાલુ મોંઘું ગણાય. અરે બેસવાની જગ્યા પણ નથી આપતા. ધરમશાળા કે ગેસ્ટ હાઉસમાં તો ગાદલા, ગોદડા, પલંગ, પંખો, સંડાશ, બાથરૂમ, પાણીનો નળ, બારી મારણા આ આ બધું કૂદત ૧૦૦ માં મળે અને પટાવાળાઓ સાહેબ ! સાહેબ કહીને સલામ ભરે.

અને ટ્રેનમાં તો કદાચ ભૂલેચૂકે ય જગ્યા મળી ગઈ હોય તો ય એક સીટમાં ૫-૬ પેસેન્જર વચ્ચે એક જ બારી. આખા ડબ્બાના ૧૦૦/૧૫૦ પેસેન્જરો વચ્ચે બે સંડાશ અને બાથરૂમ તો મળે જ નહિ. તમે ટ્રેનમાં જે સીટ ઉપર બેઠા તે સીટ જ તમારા માટે બેઠકરૂમ, બેડરૂમ, લાયબ્રેરી, ભોજનખંડ, આરામગૃહ, સંદેશા પ્રસારણ કેન્દ્ર બને. ટૂંકમાં સમજોને કે—ઓલ ઇન વન. બને.

૧૦૨ રૂપિયામાં હરતા–ફરતા ફલેટ જેવી ટ્રેનને ખરીદીને હું દેશ–દેશાંતરોને જોવા નીકળ્યો. બિસ્તરા–પોટલા સાથે જ હતા. કુલીને પકડ્યો. સામાન ઉત્થાપનના પૈસામાં થોડી રકઝક કરી. પણ બન્નેયે સંપીને વચલો માર્ગ–સમાધાનવાદી માર્ગ કાઢ્યો. સમાધાનવાદી માર્ગમાં કંઇ ઝંઝટ ના લાગી. બધાં જ પ્રકારના ધાર્મિક, રાજકીય, સામાજીક,

સંસારિક, આર્થિક, કુરૂક્ષેત્રોમાં સમાધાનનો માર્ગ સ્વીકારાય તો ફાયદો ઘણો થાય તેવું મને તત્વજ્ઞાન પ્રગટ થયું. ગમે ત્યારે ચાલી આવેલી પ્રથામાં કોઇ નવું કંઇ કરવા જાય કે તરત તેનું બળ જોઇને નબળાઓએ સમાધાનવાદી રસ્તો જ લેવો. વિરોધ કર્યા કરવો ના જોઇએ. આમેય નબળાઓનું મારી જેમ કંઇ ઊપજવાનું ન હોય તેનું કોઇ સાંભળવાનું ન હોય ભલે ને તેની વાત સાચી હોય તો ય નબળાઓએ નમતું જોખી દેવું જોયે. નહિતર શું થાય કઉં ? વગોવાઇ જવાય નક્કામું લેવા દેવા વિનાનું.

અને એક બીજી વાત હમણાં હમણાં કલિયુગના પ્રભાવથી સત્ય છે ને તે પણ હવે પુન્યશાળીનો જ પક્ષ લેવા માંડયું છે. સત્યવાદીનું જો હમણાં પુન્ય જાગતું નો હોય તો સત્ય તરત 'જીસ કે તડમેં લડડુ ઉસકે તડમેં હમ' આ સિદ્ધાંતનું પાલન કરતું પુન્યશાળીના પક્ષમાં જ જતું રહે છે. પુન્યશાળી સત્યવાદી જ હોય તેવો નિયમ નથી હોતો તો ય કોણ જાણે કેમ સત્યને હમણાં હમણાં પુન્યવાળા ગમવા લાવ્યા છે. એટલે જ દુનિયા એમ માને છે ને કે પુન્યશાળી માણસ જે બોલે તે સાચું. પુન્ય વગરનો માણસ સાચું બોલે તો ય તેની કિંમત દુનિયા કરતી નથી.

એટલે મેં ય હમણાં હમણાં સમાધાનવાદી માર્ગ સ્વીકાર્યો છે.



卐 જૈન શાસનનો ભાગ્યવિધાતા 卐

પ. પૂ. પરમ વાત્સલ્ય પયોનિધિ પૂ. આ. દેવ શ્રી વિજય **રામચંદ્રસુરીશ્વરજી** મહારાજના જન્મથી માંડીને સમાધિ મરણ સુધીના દરેક પ્રસંગો તદ્દન સરળ ભાષામાં આલેખવાનો મેં નિર્ણય કર્યો છે. કામ પણ શરૂ કર્યું છે તો જેઓની પાસે પૂજ્યશ્રીજી અંગેના લેખો પ્રસંગોની (વ્યક્તિગત પ્રસંગોની) માહિતી હોય તેઓ મોકલવા માટે કૃપા કરે. આર્થિક સહકાર અંગેની યોજના હવે પછી જણાવાશે. કોઇ એક જ વ્યક્તિને આ અંગે ઇચ્છા હોય તો તેઓ સંપર્ક કરી શકે છે. નકલો નોંધવા અંગેની વિગત હવે પછી જણાવાશે.

માહિતી મોકલવાં તથા સંપર્ક કરવાનું સ્થળ :—

લી. **રાજુભાઇ શાંતિલાલ શાહ [પંડિત]**
બંગલા નં. ૩૨, પટેલ સોસાયટી,
આમ્રપાલી સિનેમા પાસે,
ગોમતીપુર કરવાળા, **અમદાવાદ-૩૮૦૦૨૧**

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- વિષયનો વિજય કરે ત્યારે કષાયનો વિજય થાય. વિષયનો વિજય કર્યો છે તે વર્ત્તન પરથી દેખાય. તે વર્ત્તન છે નવ વિધ બ્રહ્મચર્યની ગુપ્તિ. સંસારમાં રહેલા શ્રાવકો સાધુપણાના અર્થી છે, વિષય વિજય માટે મથે છે. તેથી તેમનું વર્ત્તન મર્યાદિત રીતે નવ ગુપ્તિવાળુ હોય છે.
- જેણે પોતાના આત્મા પર પ્રેમ નથી તે મૈત્રીની વાત કરતા હોય તો વાયડા છે. મૈત્રીમાં સુખની વાત નથી પણ હિતની વાત છે.
- અમને પણ જો શરીરાદિ પર પ્રેમ હોય તો અમને પણ સંસારમાં રખડાવે. અમને અમારી સેવા-ભક્તિ કરનાર પર પ્રેમ થાય તો ય અમને રખડાવે.
- આત્મા પર પ્રેમ થાય એટલે આત્માની સાચી દયા આવે પછી આત્મા દુનિયાના સુખ તરફ દોડે તો થાય કે-'હું શું કરી રહ્યો છું ? આ જન્મ સુખ ભોગવવા, મોજ મજા કરવા છે ?'
- શરીરાદિ પર પ્રેમ થઈ જાય છે તે પાપનો ઉદય કરાવે છે, આત્મા પર જ પ્રેમ કરવા જેવો છે-આ નિશ્ચય નહિ થાય તો સાધુથી સાધુપણું નહિ પળાય, શ્રાવકથી શ્રાવકપણું નહિ પળાય, સમકિતીથી સમકિત નહિ સચવાય.
- દુનિયાના સુખમાં જેટલો રાજીપો આવી જાય તેટલી સજા ભોગવવી જ પડશે. જો રાજીપામાં પશ્ચાતાપ હોય કે હજી મારી જાત સારી નથી, મારું શું થશે તો સજા ઓછી થાય, પણ તે હૈયાનો જોઇએ. આ સંમૂર્ચ્છિમોનો ધર્મ નથી પણ સંજ્ઞિનો ધર્મ છે. હેય-ઉપાદેયનો વિવેક જીવતો અને જાગતો રાખે તે જ ખરેખરે સંજ્ઞી છે. તે વિવેક ન હોય તો સારામાં સારો સંજ્ઞી પણ સંમૂર્ચ્છિમ !
- ગૃહસ્થપણું એટલે જીવની વિરાધનાનું ઊંચામાં ઊંચી કોટિનું કારખાનું ! જીવની વિરાધના વિના ગૃહસ્થપણામાં કશું ન થાય.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (ઇ.ખોળાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

૧૬૧૫

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૯

અંક ૨૬+૨૭

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

Received
13-3-97

* મૂર્ખપણાથી બચો

રજાંસિ દશના યત્રા-
ડધરો ઠક્કિરી દ્વયમ્ ।
મૂર્ખરસના પરાપવાદગૂંથ
સમૃદ્ધરેત્ ॥

જ્યાં દાંત રૂપી માટી છે અને હોઠ રૂપી બે ઠીબડીઓ છે. એવી મૂર્ખ માણસની જીભ પારકાની નિંદાનો ભાર ઉપાડયા કરે છે.

પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જે ગાંધીનગર, પિન-382009

卐

આહ !!! આવો....આવો....મઝેથી આવો. મારા જેવા બની જાઓ,

—વિરાગ

આહ !!! આવો...આવો...મઝેથી આવો. મારા જેવા બની જાઓ,

સાદ સાંભળતાં જ હૃદય આનંદના અમીથી છલકાયું. દૂર દૂરથી જાણે કોઇનો સ્પષ્ટ સાદ સંભળાઇ રહ્યો છે...સાદ બહુ જ ઝીણો છતાં મધુરો છે, શાંત છતાં સ્પષ્ટ છે. અનુભવની લાગણીઓ પેદા કરી શકાય તેવો છે અને માણી શકાય તેવો પણ છે, પરંતુ વર્ણવી કે વ્યક્ત કરી શકતો નથી તેવો આ અગમ્ય સાદ છે.

વળી, આ અવાજમાં શું રહેલું છે ? શું સમાયેલું છે ? અરે ! સ્નેહીનું સૌહાર્દ પ્રિયાનો પ્રેમ, માતાનું વાત્સલ્ય, મિત્રની હુંફ અને વિભુની કરૂણા ભરેલી છે.

આટ–આટલા દિવ્ય અને સુંદર ભાવોને વહન કરતો આ અવાજ કોનો હશે ? મધુર કર્ણપ્રિય સાદ સંભળાય છે પરંતુ સાદ કરનારો દેખાતો કેમ નથી ? આ મીઠો મધુર અવાજ સાંભળતા જ દિવ્ય ભૂમિના સ્વપ્ના આવે છે. જાણે ત્યાં નિત્ય વસંત ઋતુ છે, ષડઋતુના પુષ્પનો પરિમણ છે. જળને બદલે પ્રકાશના ફુવારા છૂટે છે. દેદાળ ભૂમિને બદલે મરકત મણિની ભોંય છે. ચારે બાજુ કેવળ પ્રકાશ જ વિલસી રહ્યો છે.


અરે ! ત્યાં શું આત્મરામ ખોવાઇ ગયો ? ના...ના... જરાય નહીં. આત્મા તો સ્થૂળ દેહને છોડીને સપ્તરંગ ભરી વાદળીમાંથી બનેલા તત્ત્વ તરંગણીમાં વિહરી રહ્યો છે. વળી કમળોની સુરભિના શ્વાસોશ્વાસમાં વિહરી રહ્યો છે. ષટઋતુના પુષ્પો જેમ હવામાં ક્રીડા કરી રહ્યાં હોય તેમ ચેતના સૃષ્ટિ જ્યાં આનંદ મગ્ન બનેલી હોય તેવા સ્થળે આત્મારામ મોજ કરી રહ્યો છે.

આહ ! આ બધું આ સાદમાં હું અનુભવી રહ્યો છું.

આ સાદ કોનો હશે ?

આ તે બુદ્ધિભ્રમ છે કે પરબ્રહ્મનો સંસ્પર્શ છે ?

ખરેખર ! વીતરાગ એવા પરબ્રહ્મનો આ સાદ હોય તો આ સ્નેહ સભર નિમંત્રણ શા માટે ન સ્વીકારું ?



વર્ષ : ૯] ૨૦૫૨ માઘ વદ-૧૦ મંગળવાર તા. ૪-૩-૯૭ [અંક : ૨૬-૨૭

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૬ ગુરૂવાર તા. ૧૬-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડં -અવ૦)

ક્ષમાપના— **(પ્રકરણ ૧૪ મું)**

હું રોજ મોક્ષની વાત કરું છું તો 'રોજ મોક્ષ યાદ આવે તેવા પણ કેટલા મળે ? 'મારે વહેલામાં વહેલો મોક્ષ જ જોઇએ' આવી ઇચ્છાવાળા પણ કેટલા મળે ? મારો તો આક્ષેપ છે કે– આજના લોકો ધર્મ નથી કરતા તે શક્તિ નથી, સામગ્રી નથી, ટાઇમ નથી માટે નહિ પણ તેને કરવો જ નથી માટે નથી કરતા. જેને પૂજા કરવી છે તે નોકરિયાત કે ગરીબ પણ પૂજા કર્યા વિના નથી રહેતા !

સભા૦ મોક્ષ યાદ ન આવતો હોય તો પ્રતિક્રમણમાં 'ભરહેસર' અને 'સકલ તીર્થ' શા માટે બોલે ?

ઉ૦ આજે પ્રતિક્રમણ કરનારા કેટલા છે ? અને જે લોકો પ્રતિક્રમણ કરે છે તે લોકો 'ભરહેસર' અને 'સકલતીર્થ' શું સમજીને બોલે છે તે કહો. 'સકલતીર્થ' બોલનારા પાસે મંદિર હોય અને દર્શન પણ ન કરે તે બને ?

સભા૦ પ્રતિક્રમણ તે વિરતિની ક્રિયા છે અને સંસારમાં રહેવું તે અવિરતિની ક્રિયા છે.

ઉ૦ જે પ્રતિક્રમણ કરે તેને વિરતિ લેવાનું મન હોય ને ? સર્વવિરતિને પામવા માટે તે વિરતિની ક્રિયા અભ્યાસ માટે પણ કરે. સર્વવિરતિ ન પમાય તો તેનું પારાવાર દુઃખ હોય. તે વિરતિ પામવા માટે જ ભગવાનની પૂજા કરવાની છે, સાધુની સેવા કરવાની છે. ભગવાનના દર્શન-પૂજન કરવાં તે સમકિતની ક્રિયા છે. માટે સમકિતી જીવ ત્રિકાલ પૂજા કરે કેમકે તેને પણ વિરતિ જ જોઇએ છે. માટે આવા મોટા કુતર્કો કરી લોકોને ભરમાવો નહિ.

આજના જીવોને મોટેભાગે ધર્મ કરવો ગમતો નથી. એટલે આવી કાવતી વાત આવે તો ઝટ ગમી જાય છે. ઘણા વ્યાખ્યાનમાં પણ આવું લેવા જ આવે છે. માટે મારી વાત કોઈ ઊંધી ન લઈ જાય તે માટે એકની એક વાત ફેરવી ફેરવીને કહું છું.

તમને બધાને દાન ગમે છે કે ધન ગમે છે ? આજે સાચી રીતે દાન દેનારા પણ કેટલા મળે ? 'આ લક્ષ્મી નામની ડાકણથી છૂટવા માટે દાન કરવાનું છે.' તે માટે દાન કરનારા તો કેટલા મળે ? ઘણા તો પૈસા અરચીને પણ પાપ બાંધે છે. અહીં બેઠા હોઇએ અને કાંઈ ન કરીએ તો સારું ન લાગે તેમ માનીને કરે તો પાપ બંધાય કે પુણ્ય બંધાય ? અહીં ટીપ થાય તો કેટલા ભરે ? ઘણા એવા ભાગ્યશાલી છે કે જેમણે નિર્ણય કર્યો છે કે ટીપમાં રાતીપાઈ માંડવી નહિ ! જીવનમાં દાન દીધું નથી અને દેવાની ઇચ્છા પણ નથી તેવા પણ જીવો હોય ને ? તમારો નંબર તેમાં ન હોવો જોઇએ. તે માટે તમે નક્કી કરો કે મારે રોજ કમમાં કમ આટલું દાન તો સાત ક્ષેત્ર અને અનુકંપામા કર્યા વિના તો રહેવું જ નહિ. અને મારા નાના છોકરા પાસે પણ દાન કરાવ્યા વિના રહેવું નહિ. કદાચ તે મરી જાય તો ય તેને લાભ થઈ જાય. મારો છોકરો ધર્મ કર્યા વિના મરી ન જાય તેવી ચિંતા કેટલા મા બાપને છે ? તમારાં સંતાનો ધર્મ નથી કરતા તે તમારા પાપે ! તમારો છોકરો ધર્મ ન કરે તો ઉપરથી તમે બચાવ કરો છો કે– તેને ટાઈમ નથી મળતો ! તમારો છોકરો ધર્મ ન કરે તો ચાલે. પણ તમારો છોકરો વેપાર ન કરે, નોકરી ન કરે, સૂતો સૂતો ખાય તે ચાલે ? માટે તમે 'ધર્મ નથી કરતા તે સમય નથી માટે' એવો બચાવ કોઈ સાધુ ન કરે. તમારે તો ધર્મ કરવો નથી માટે નથી કરતા.

ભગવાનના શાસનને પામ્યા પછી મોક્ષ યાદ ન આવે તે ચાલે ? પરલોકને માનનારા અન્યમતી પણ કેવા હોય છે તેની વાત તામલી તાપસના દૃષ્ટાન્તથી સમજાવવાના છે તે હવે પછી–

હાલારદેશોદ્ધારક પૂ.આ.ભ. શ્રી વિ. અમૃત સૂ. મ. સા.ની

—: સ્વર્ગતિથિ પ્રસંગનું ગીત :—

રાગ–[હે ત્રિશલાના જાયા...]

હે અમૃતસૂરિ ગુરૂરાયા, લાગી તમારી માયા;
હે હાલાર દેશના હીરા, લાગી તમારી માયા;
ગુરૂ જ્ઞાની તત્વના જ્ઞાતા; કવિરત્ન જે ઉદારા,
તપસ્વી પુરા નિસ્પૃહી શૂરા, જ્ઞાન ગુણના ભંડારા;
હે કરૂણા રસ ભંડારા, અમને લાગી તમારી માયા—હે૦ ૧

ખંભાતવાસી છોટાલાલ નંદન, જૈન શાસન શણગારા,
માતા પરસનબાઈના પ્યારા, અંબાલાલભાઈ ન્યારા;
હે વૈરાગ્યના ધરનારા, અમને લાગી—હે૦ ૨

ઓગણીશ પંચાવનમાં જન્મ્યા, સોજીત્રાનગર મોઝારા,
ઓગણીશ એંસીમાં લીધું સંયમ, હર્ષ કપૂર ગુરૂ પ્યારા;
હે ધર્મતત્વના મહાજ્યાસી, અમને લાગી—હે૦ ૩

ઓગણીશ નવાણું રાજનગરમાં, આચાર્ય પદવી પાવે,
ફાગણ સુદિ દશમના દિવસે, પૂજ્ય સિદ્ધિસૂરીશ્વર હાથે;
હે પ્રવચન પ્રભાવક ગુરૂવરરાયા, લાગી—હે૦ ૪

ગ્રામ પ્રજાનો ઉદ્ધાર કરતા, કર્યો હાલાર ઉદ્ધાર,
વીંછીયા ગામે લાભ જ દીધો, કર્યા ધર્મ અજવાળા:
હે ઉપદેશ અમૃતના દેનારા, લાગી—હે૦ ૫

બે હજાર બાવીશની સાલે, ફાગણ સુદિ દશમના રોજે,
ઉપવાસ ચોવીહારો આદર્યો, શિવમારગને ખોજે;
હે ગુરૂદેવ સવિ હિતકાયા, લાગી—હે૦ ૬

સ્વર્ગતિથિ રાજકોટમાં ઉજવાયે, વીશ બેતાલીસ સાલે,
ઉમંગ અનેરો આવ્યો આજે, જિનેન્દ્રસૂરિ નિશ્રા મ્હાલે;
જિનેન્દ્રભક્તિ મંડળ ગાવે, લાગી—હે૦ ૭

સં. ૨૦૨૪ ફા. સુદ ૧૦



* ખોટું ન લગાડતા હો ને! *

—શ્રી ભદ્રંભદ્ર

કોણે કહ્યું ના ઉજવાય? જા હો જા. બધું ઉજવાય.

અમારા અર્થાત મારા એક નજીકના ય નહિ દુરના ય નહિ ઉપરના ય નહિ બહુ નીચેના ય નહિ, આજુના ય નહિ બાજુના ય નહિ, એકદમ સગા ય નહિ, ને એકદમ પારકાય નહિ એવા એક સંબંધીએ લવ લગ્ન ઉર્ફે પ્રેમ મેરેજ કરેલા, લગભગ એક વરસ થવાની કુલ તૈયારી હતી.

એટલે એમણે લગનની બાર માસિક/વાર્ષિક તિથિ ઉજવવા વિચારેલુ. અને તેમનું વાર્ષિક લગ્નોત્સવ લખાણ મારે જ લખવાનું હતુ. મેં લખવાની શરૂઆત તો કરી પણ પેલા શાસ્ત્રીય મિત્રના સહવાસના કારણે મને આવું લખવું કંઈક અજુગતુ લાગ્યું. તે એટલા માટે કે– "વાર્ષિક લગ્નતિથિ કોની ઉજવાય? શા માટે ઉજવાય? આ વખતે ઉજવ્યા પછી બીજા વર્ષે લગ્નમાં અશાંતિ પ્રવર્તે તો? કદાચ બન્ને જણા કે બન્નેમાંથી કોઈ એક જણ લગ્ન છોડીને ભાગી જાય તો? કેવું ખરાબ લાગે. કેમ? એક તો અત્યારે મોટે ઉપાડે વાર્ષિક ઉજવણી કરીએ અને પછી કંઈક અકસ્માત સર્જાય તો બીજા વર્ષે શું? મારે મોઢું બતાવવા જેવું નો રહે."

આવા બધાં લગ્ન–શાસ્ત્રીય મુદ્દા વિચારતા લગ્નોત્સવ મોકૂફ રખાવવાનુ મેં નક્કી કર્યું. પણ પાછુ મનમાં થયું કે– "નહાયા એટલું પુન" ઉજવવા દે ને મારા બાપનું શું બગડે છે? લાડવા તો મળશે ખાવા. આમે ય કંજુસનોકાકો કશું ખવડાવતો નથી આ બહાને કંઈક ખરચશે ય ખરો. અને પાછો એવો પણ વિચાર મનં આવેલો કે લગ્ન–તિથિ ઉજવવાથી લગ્ન જીવનમાં કંઈક અંતર પડી ગયુ હશે તો તે આવા ઉજળા પ્રસંગે તે બન્ને વચ્ચે મન મેળ સધાય તેવો ય ચાન્સ ખરો જ ને. (આવું કરેક માટે નહિ સમજવાનુ આ તો શ્રીમંત છે એટલે ઉજવાવો શકાય. શક્તિ સંપન્ન પણ કૃપણતાના કારણે પોતાની લગ્નતિથિ સ્વદ્રવ્યથી ઉજવી ના શકે તો તેણે બીજા પાસેથી પૈસા ઉછીના લઈને પણ ઉજાવવી પણ મફતીયામાં ન ઉજવવી.)

આ બધી વાતોને કુતમારે દીક્ષા–તિથિની કે ગણિ–પન્યાસ–ઉપાધ્યાય કે આચાર્ય પદવીની તિથિની કે અન્ય કોઇ પણ જાતની ઉજવણી સાથે સેટ થતી હોય અને કરવી હોય તો કરવી, તમ તમારે મારા તરફથી તમને બધા હકકો વેંચવામાં આવે છે. દીક્ષા તિથિની જેમ ગુરૂ પદ તિથિ પણ ઉજવવામાં કશો શાસ્ત્ર બાધ હશે કે કેમ તે મારી જાણમાં અત્યારે નથી. પણ શાસ્ત્ર આધાર નથી તેમ શાસ્ત્ર–નિષેધ પણ કર્યા છે?

એટલે પેલા સંબંધીની લગ્ન તિથિ ઉજવાણી ખરી. ખર્ચા પ્રમાણે જોકે મને થયું ખરૂ કે આ લાડવા લોકોને જમાડ્યા તેના કરતા કોઇ ગરીબ ગરબાને આટલા પૈસા આપ્યા હોત તો દુઆ દેત બિચારા. લગ્ન તિથિની ઉજવણી શાસ્ત્રીય છે કે નહિ તેની મને ખબર નથી પણ શાસ્ત્રીય નહિ હોય તેવું મને લાગે છે. કેમ કે નહિતર તો બધાં જ લોકો (પરણેલા હો પાછું જો જો એય પરણીને ટકી ગયેલા) ઉજવતા હોત ને...? લગ્નતિથિની ઉજવણી શાસ્ત્રીય નથી તેમ ઉજવવી જરૂરી પણ નથી. વગર તિથિ ઉજવ્યે પણ લોકો સુખી લગ્ન જીવન ગાળે જ છે ને?

ઉજવણી પતી ગયા પછી મેં પેલા સંબંધીને કહ્યું તો ખરૂ. બધાં દાખલા દલીલો આપ્યા છે હવે બીજો અષાડ મહિનો આવે ત્યારે તે ઉજવે છે કે નહિ તે જોવાનું રહ્યું. કેમ કે તેના લગ્ન બીજા અષાડ મહિને થયેલા છે. બીજો અષાડ આવે ત્યારે વાત. ત્યાં સુધી આપણે તો તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ રાખવુ છે.

પેલા સંબંધી પાછા મારી પાસે આવ્યા, મને કહે આપણે બીજી એક ઉજવણી કરવાની છે. મેં કીધુ છુટાછેડા ઉજવણી તો નથી ને? કે પછી લગ્ન ઉત્થાપનની ઉજવણી છે?

પેલા સંબંધી કહે—ના ભૈ ના. ફરીવાર લગ્ન તિથિની જ ઉજવણી કરવાની છે. મેં પૂછયુ—શું થયું? તે બીજા લગ્ન કર્યા? કે પહેલાના જ લગ્ન વધુ દૃઢ કરવા છે કે શું? પહેલાંના કાળમાં લગ્ન એટલે આજીવન સહ્ય જ ગણાતા પણ હવે કોમ્પ્યુટરના માનવ યંત્રના જમાનામાં "લગ્ન એ આજીવન સહ્યની સોગંદવિધિ" એવું નથી રહ્યું

મારૂ આટલુ બધું લેક્ચર સાંભળીને પેલા સંબંધિ કહે હવે તમારે બોલવાનુ પૂરૂ થયુ હોય તો હું બોલુ. પછી તે બોલ્યા કે મારા બા બાપુજી ઓફ થઈ ગયા છે. તેઓ બન્ને ૬૦ વર્ષ સુધી લગ્ન પર્યંતમાં રહ્યા. આજે તેમની ૬૧ મી લગ્ન તિથિ છે તે બહુ જ વામધુમથી ઉજવવી છે. તેના આત્માને શાંતિ મળે તે માટે

હું થોડો કોચવાયો તો ખરો જ. અને થયુ પણ ખરૂ કે પહેલી વખતે ભલેને જીવિત અવસ્થાની લગ્નતિથી હતી પણ તે ના ઉજવાય એવું ભાર પૂર્વક કીધુ હોત તો આ સંકટ પ્રસંગનો આવત પણ હવે તો મનને મક્કમ કરી લીધુ છે અને કહી જ દેવું છે કે— 'આ બરાબર નથી.' હજી તો આવું વિચારૂ છું ત્યાં તો પેલા સંબંધિ બોલ્યા કે— આ વખતે તો બા બાપુજી બન્નેની મરણોતર લગ્નતિથિ ઉંજવણી નિમિત્તે બીજા સગા સબંધીઓએ કાયમી ધોરણે બા બાપુની લગ્નતિથિ ઉજવાતી રહે તે માટે ફાળો ભેગો કરવાનો નક્કિ કરી લીધો છે.

મને થયુ આ તે કોઇ માણસ છે કે ફાનસ ? હું તો મરણોત્તર લગ્નતિથિ જ નહિ કોઇ પણ પ્રકારના લગ્નતિથિનો વિરોધિ છું. ને આ વડિલ કાળાની વાત કરે છે

મેં સ્પષ્ટ શબ્દોમાં કીધુ. લગ્નતિથિ ઉજવવાની મનાઇ છે.

મને કહે–કે શાસ્ત્રપાઠ આપો.

મેં કીધું– ઇન્દિરા ગાંધીની મરણોત્તર લગ્નતિથિ ઉજવાઇ જાણી નથી

મને કહે કે– બસ શાસ્ત્રપાઠ આપો બીજી વાતની જરૂર નથી.

હું મુંઝાણો તો ખરો. કંઇ બધી જાતના શાસ્ત્ર પાઠો શાસ્ત્રમાં હોડાં મળે ? પરંપરાથી પણ ચલાવવું પડે. વ્યવહારથી પણ ચલાવવું પડે. પછી મને એકાએક જ હોં શાસ્ત્રપાઠ યાદ આવી ગયો.

મેં કીધું– હાંભળો. દીક્ષાર્થીને દીક્ષા દેવાય ત્યારે કરેમિ ભંતે ઉચ્ચરાવતી વખતે 'જાવ નિયમ'ને બદલે 'જાવજ્જીવ" ઉચ્ચરાવાય છે. 'જાવજ્જીવ" નો અર્થ કે જ્યા સુધી જીવ રહે ત્યાંસુધી. જીવ એટલે આત્મા. તે તો અનંતકાળ સુધી રહે છે અને દીક્ષા તો જીવે ત્યાં સુધી જ ગણાય છે. બીજા ભવમાં પણ તેને દીક્ષા હોવી જોઇએ. અને તેવું નથી બનતું માટે જ શાસ્ત્રકારોએ ખુદ 'જાવજ્જીવ" નો અર્થ જીવ રહે ત્યાં સુધી આવો ન કરતાં જીવન આયુષ્ય રહે ત્યાં સુધી આવો કર્યો છે. માટે દીક્ષા પર્યાય જીવે ત્યાં સુધી જ ગણાય. ત્યાર પછી નહિ તેથી જેમ કાળધર્મ બાદ દીક્ષા તિથિની ઊજવણી અશાસ્ત્રીય છે તેમ મરણ પછી લગ્ન તિથિ ઉજવણી અશાસ્ત્રીય જાણવી આટલું તો પેલા સંબંધિને મગજમાં પેઠી ગયુ. પછી માછું મેં કીધું જે તમારા બા–બાપુજીએ કદિ લગ્ન પ્રસંગ કે ધાર્મિક પ્રસંગ માટે ક્યાં ય હાથ લાંબો કર્યો નથી તેમના જ મહોત્સવ માટે તમે ફાળો ઉઘરાવશો. શરમ ! શરમ !

તમને એક દાખલો આપુ હમણાં થોડા સમય પહેલાં એક ૭ કે ૯ વરસની છોકરી તેના પપ્પાનાં કહેવાથી હેલીકોપ્ટર ચલાવતી હતી અને અચાનક અકસ્માત થતાં તે છોકરી ત્યારે જ મરણ પામી. હજારો લોકો તેના મૃતદેહ પાસે આવ્યા ફૂલો, હાર-તોરાઓ ચડાવ્યા. કેટલાંક લોકો રમકડાં લઇ આવેલા. તે મૂક્યા. અને જેવા રમકડાં મૂક્યા કે તરત તેની મમ્મીએ ચીસ પાડીને એવા ભાવમાં કહ્યું કે– મારી છિકરીની જિંદગીની અને મૃત્યુની મશ્કરી ના કરો મારી છિકરી કદિ રમકડાંથી રમી નથી.

ઓ સાહેબ ! તમે આમાં હમજ્યા કંઇ. એટલે હવે ફાળો–બાળો કરાવતા નહિ. લગ્નતિથિ ઉજવણીનો કે મૃત્યુતિથિ ઉજવવાનો ફાળો જ કરવાની જરૂર નથી. એક બાજુ શાસ્ત્રો એમ કહે છે કે– જેટલી સંપત્તિ મળી હોય તેમાંથી ધર્મ કરો પણ ધર્મ કરવા માટે સંપત્તિ લેગી ના કરો. કાદવમાં હાથ નાંખીને ધોવા કરતા હાથને કાદવમાં ના

નાખવા સારા. કોઇપણ ધર્મની ઉજવણી કરવા માટે ફાળો કરાય કારવાય નહિ. હું તો ઇ જાણું. પછી તમારી વાત તમે જાણો. પછી કહેતા નહિ કે ભદ્રંભદ્રે કશું કીધુ હોતુ. હા ઈ આપણું ખોટું નામ ચડાવી નો દેતા.

પેલા સંબંધિને મારી અણિદાર વાત મગજમાં પેસી તો ગઈ છે અને હવે અશાસ્ત્રીય રીતની લગ્નતિથિની/મરણોત્તર લગ્નતિથિની ઉજવણી નહિ કરવાનુ મારી પાસે તો કબૂલીને ગયા છે હવે બીજે ક્યાં ય પૂછે ને એને કોઇ ઉજવવાનું કહે તો તેમાં હું કંઇ નો જાણું હો. બૈ.

* ગૃહ જિનાલયની અનિવાર્યતા *

શાસ્ત્રકારોએ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું છે કે 'સો રૂપિયાની (આજની અપેક્ષાએ સો ઉપર ચોગ્ય મીંડા ચઢાવી શકાય) મૂડી વાળા શ્રાવક પોતાના ઘરમાં અવશ્ય ગૃહ જિનાલય બનાવવું જોઇએ' શાસ્ત્રકાર ભગવંતોની આ આજ્ઞાનું પાલન આજના કાળમાં મંદ પડી ગયું છે. શ્રાવકોના ઘરમાં ગૃહમંદિર ન હોવાથી ઘણાં બધાં અનિષ્ટો આજે શ્રાવકોના ઘરોમાં ઘૂસી ગયા છે. આજના કાળમાં જૈનકુળમાં જન્મેલા પુણ્યશાળી આત્માઓને પણ, અભક્ષ્ય અનંતકાયનું ભક્ષણ ન કરવું, અપેય ન પીવું, રાત્રિ ભોજનનો ત્યાગ કરવો, હંમેશા જિન દર્શન અને જિન પૂજન કરવું વગેરે નિયમો આપવા પડે છે. જો શ્રાવકોના ઘરોમાં ગૃહ મંદિર બનાવી પ્રભુજીને પધરાવવામાં આવે તો ઉપર જણાવેલા કરેક પાપોનો ત્યાગ અને ધર્મનું આચરણ સહજરૂપે શરૂ થઈ જાય. આને માટે ઘરે ઘરે દેરાસર ઉભા થવા જોઇએ. ઘરદેરાસર બનાવનારના જીવનમાં અને પરિવારમાં જિનભક્તિ, ગુરુભગવંતોની વધારામણી, સુપાત્રદાન, સાધર્મિક ભક્તિ, સંઘ ભક્તિ જેવા ધર્મો સ્થિર બને છે. આવા લાભો પ્રાપ્ત કરવા માટે ખોટો આશાતનાનો ભ્રમ રાખવાની જરૂર નથી. જિન શાસનની મર્યાદા મુજબ ગૃહજિનાલયની વિધિ અને બુદ્ધિ જાળવવાથી કોઇ જાતની આશાતના થતી નથી. સૌ કોઇ આત્મા ઘર દેરાસરનો પવિત્ર માર્ગ ફરી પાછો અપનાવી પરમાત્મસ્વરૂપને પ્રગટ કરે એજ એક **શુભકામના.**

— શ્રી મહાવીર શાસન દ્વારા પ્રગટ થાય છે —

પરમ પૂજ્ય સંઘસ્થવિર આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મહારાજના પટ્ટધર આગમજ્ઞાતા પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય મેઘસૂરીશ્વરજી મહારાજ પટ્ટધર પ્રશમનિધિ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય મનોહરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર.

પ્રશાંતમૂર્તિ શાસન સંનિષ્ઠ ગચ્છનાયક
પૂ. આચાર્યદેવ શ્રી વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મહારાજ

ॐ સ્મૃતિ વિશેષાંક ॐ

તા. ૧-૫-૯૭ ના પ્રગટ થશે.

સંપાદક : પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

વર્તમાન કાલે આ પૂજ્ય આચાર્યદેવ શ્રી શાસ્ત્રના જ્ઞાતા, સિદ્ધાંતોના ચુસ્ત રક્ષક શાસન પ્રભાવક હતા તેઓશ્રી શિવગંજ મુકામે ૨૦૫૨ શ્રાવણ સુદ ૪ તા. ૧૬-૮-૯૬ના સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. તેઓશ્રી શાસનના રત્ન હતા. ૧૫૦ સંયમ સાધક સાધ્વીજી સમુદાયના સુકાની હતા. તેઓશ્રીની સ્મૃતિ માટે આ વિશેષાંક પ્રગટ થશે.

આ વિશેષાંક માટે પૂ.શ્રીજી જીવન અંગે તથા તેઓશ્રીની નિશ્રામાં થયેલ પ્રસંગો દીક્ષા પ્રતિષ્ઠા સંઘ યાત્રા, ઉપધાન તેમજ બીજા પણ પ્રસંગોના અનુભવો તથા તે પ્રસંગોના ફોટા વિગેરે તા. ૧-૪-૯૭ સુધી મોકલી આપવા વિનંતિ છે.

પૂ આચાર્યદેવાદિ, પૂ. મુનિરાજો, પૂ. સાધ્વીજી મ. અને શ્રાવક શ્રાવિકાઓને આ વિશેષાંક માટે લેખો મોકલવા વિનંતી છે.

આ વિશેષાંક માટે રૂા. ૧૦૦ થી માંડીને ૫૦૦/૧૦૦૦/૫૦૦૦ રૂા. આદિ વિ. સહકાર આપી શકાશે તેમના નામો છપાશે. તેમને વિશેષાંકો મોકલવામાં આવશે.

— લેખો ચેક ડ્રાફ્ટ વિ. મોકલવાનું સરનામું —

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર

શાક માર્કેટ સામે, નિશાળ ફળી, જામનગર-૩૬૧૦૦૧ (સૌરાષ્ટ્ર)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૫] —શ્રી રાજુભાઇ પંડિત

[૫] ના છૂટકે...પાંડુનો રાજ્યાભિષેક.

અને ધૃતરાષ્ટ્રે કહ્યું કે હું તો નાનાભાઇ પાંડુનો દાસ થઇને રહેવા ઇચ્છું છું. રાજ્યધુરાને વહન કરવા માટે આ ધૃતરાષ્ટ્ર નહિ પણ પાંડુ જ યોગ્ય છે, ભીષ્મ રાજ્ય તો પાંડુને જ આપો.

સ્ત્રી સેવનની વિષયશક્તિએ આખરે વિચિત્રવીર્યના પ્રાણ લીધા.

હસ્તિનાપુરના રાજ્યધર વિચિત્રવીર્ય રાજાના ત્રણેય પુત્રો ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરના અનુક્રમે અંબા, અંબિકા અને અંબાલિકા સાથે લગ્ન થયાં.

વિચિત્રવીર્યના રાજ્યમાં પ્રજાને કોઇ વાતનું દુઃખ ન હતું. એમ કહેવાય છે કે તેના શાસનકાળ દરમ્યાન ચોર, કૃપણ, પારદારિક [પરસ્ત્રીગામી] આવા શબ્દોના અર્થો (તેવી વ્યક્તિઓ) મળવા દુષ્કર બની ગયા હતા કેમકે ત્યારે ન કોઇ ચોર હતું, ન કૃપણ, ન પરદારાગામી. અર્થાત્ ચોર જેવા દુષ્ટ શબ્દો શબ્દકોશ સિવાય ક્યાંય ન હતા.

પરંતુ દુઃખદ બીના એ હતી કે વિચિત્રવીર્ય રાજા પોતાની ત્રણેય પત્નીઓમાં અત્યંત કામાસક્ત રહ્યા કરતા હતા. આ કામાસક્તિએ વિચિત્રવીર્યના પ્રાણ લીધા. તેનું મૃત્યુ થયું.

માતા સત્યવતીએ તથા ત્રણેય પત્નીઓએ કરૂણ વિલાપ કર્યો. અત્યંત શોકાતુર બનેલા તે દરેકને સ્વસ્થ કરીને ગાંગેયે (ભીષ્મે) વિચિત્રવીર્ય રાજાની અંત્યેષ્ટિ ક્રિયા કરી.

પિતાના મૃત્યુ બાદ ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર આ ત્રણેય વચ્ચે એવી ગાઢ પ્રીતિ બંધાઇ કે તેઓ એકેય વિના રહી શકતા ન હતા. જ્યાં હોય ત્યાં ત્રણેય સાથે જ રહેતા હતા.

જો આ કે ત્રણેય બંધુઓ હજી તો બાળ જ હતા તેથી શત્રુરાજાના આક્રમણની શકયતા પૂરેપૂરી હોવા છતાં ભીષ્મના પ્રચંડ પ્રતાપી તેજથી ફફડતા રહેલા શત્રુઓએ કયારેય હસ્તિનાપુર તરફ આક્રમણ કરવાનો, હસ્તિનાપુરની સરહદને ઉલ્લંઘવાનું દુસાહસ કર્યું ન હતું.

અંભોધર(=જળધર=વાદળો)ના પેટને પાણીથી ભરવાનું કામ આ ભોધિ=સમુદ્ર સિવાય કોણ કરી શકે ? ધૃતરાષ્ટ્રાદિ ત્રણેય રાજકુમારોએ શસ્ત્ર અને શાસ્ત્રનું પ્રદાન ભીષ્મ સિવાય અન્ય કોણ કરી શકે ?

ત્રણેય ભાઇઓમાં પાંડુ વિશેષ કુશળ હતા. એકવાર ભીષ્મએ ધૃતરાષ્ટ્રનો હક્ક હોવાથી તેને હસ્તિનાપુરની રાજ્યગાદી સ્વીકારવાની વાત કરી. તરત જ ધૃતરાષ્ટ્રે કહ્યું. 'રાજ્યધુરાને વહન કરવાની ખરી યોગ્યતા તો મારા નાના ભાઇ પાંડુમાં છે, ભીષ્મ ! હસ્તિનાપુરના રાજ્ય સીમાડાનો ધુરંધર તો પ્રચંડ પ્રતિભાશાળી ગુણશ્રેણીનો અમૃતસાગર જેવો પાંડુ જ બની શકશે. હું તો હંમેશા પાંડુનો દાસ થઇને રહેવા ઝંખતો રહ્યો છું. રાજ્યાભિષેકનું રાજતિલક તો પાંડુના જ લલાટમાં શોભે. મોતીના સમુહમાં મધ્યમાં રહેલું જ મુખ્ય ગણાય છે. તેમ અમે ત્રણ ભાઇઓમાં મધ્યમ [વચલા] ક્રમનો પાંડુ જ રાજ્યભારનો નાયક બનો.'

ધૃતરાષ્ટ્રની રાજ્ય અંગેની પોતે જ વ્યક્ત કરેલી નિસ્પૃહતા અને અયોગ્યતા તથા નાના ભાઇના દાસ તરીકે રહેવાની નમ્રતા ભર્યા વાક્યો સાંભળીને ધૃતરાષ્ટ્રના અતિ આગ્રહના કારણે ભીષ્મે છેવટે શુભમુહૂર્તે પાંડુનો રાજ્યાભિષેક કર્યો.

ભીષ્મ જેવા કાકા હતા, ધૃતરાષ્ટ્ર જેવા ભાઇ હતા તેથી રાજ્યની ધુરા ધારણ કરી હોવા છતાં પાંડુરાજાને રાજ્યકારભાર સંભાળવામાં કોઇ જાતની અડચણ પડતી ન હતી.

પ્રચંડ બાહુબળથી પાંડુરાજે દરેક બળવાનોને વશ કરી લીધા હતા. આથી સુખ-શાંતિથી સમય પસાર થઇ રહ્યો હતો.

એક વખત ગંધાર દેશનો રાજા શકુનિ પોતાની ગાંધારી આદિ આઠ બહેનોને લઇને આવ્યો. અને અંજલિપૂર્વક ભીષ્મને વિનંતિ કરતા કહ્યું કે— 'કુલદેવીના જણાવ્યા અનુસાર મારી આ આઠેય બહેનોના પતિ ધૃતરાષ્ટ્ર હો.' ભીષ્મે પણ તે વાત સ્વીકારી અને ધૃતરાષ્ટ્ર સાથે ગાંધારી આદિ આઠેય બેનોના લગ્ન કરાવ્યા.

ઉત્કટ બલવાળા પાંડુની પત્ની કોણ થશે આવી ચિંતા હવે ભીષ્મને સતાવા લાગી.

કોઇ વખત પાંડુ સાથે જતા ભીષ્મે રાજમાર્ગમાં કોઇ ચિત્રકાર પાસે

લાકડાના ફલક ઉપર દોરેલું એક સુંદર સ્ત્રીનું ચિત્ર જોયું. અને પાંડુરાજે વિચાર્યું આવું રૂપ ન તો મર્ત્યલોકમાં છે, ન તો દેવલોકમાં તો શું આ કામદેવની પત્ની રતિ છે? કે પછી વિષ્ણુ પત્ની કમલા છે કે પછી ચંદ્રપત્ની રોહિણી છે? એ ચિત્રસ્થ સ્ત્રીના રૂપ-લાવણ્ય તરફ આકર્ષાયેલા પાંડુરાજાને જાણીને ભીષ્મે તે મુસાફરને રાજમહેલ ઉપર બોલાવીને પૂછયું—

કે-દેવની દેવાંગનાઓને પણ રૂપમાં પરાસ્ત કરી દેનારી આ ચિત્રનારી કોણ છે?

મુસાફરે કહ્યું—આનુ મૂળ હું તમને કહું છું. સાંભળો. આમ કહીને તેણે કહ્યું કે-મથુરાના યદુરાજાના શૂર નામના પ્રતાપી પુત્રના શૌરિ અને સુવીર બે પુત્રો હતા. તે બંનેના ગુણોને કવિઓએ કવિતાથી ગ્રંથમાં બાંધી દીધા હોવા છતાં પૃથ્વી ઉપર તે ગુણો સ્વૈર વિહાર માણતા હતા. સુવીરને મથુરાનું રાજ્ય સોંપીને શૌરિ કુશાર્ત દેશમાં ગયા. ત્યાં તેમણે શૌર્યપુર વસાવ્યું. શૌરીને અંધકવૃષ્ણિ આદિ શક્તિશાળી પુત્રો હતા. તેમને રાજ્ય સોંપી શૌરીએ દીક્ષા લીધી અને અંતે મોક્ષે ગયા સુવીરને ભોજવૃષ્ણિ આદિ પુત્રો હતા. સુવીરે ભોજવૃષ્ણિને મથુરાનું રાજ્ય સોંપ્યું. ભોજવૃષ્ણિને ઉગ્રસેન નામે શત્રુનાશક પુત્ર જન્મ્યો.

અંધકવૃષ્ણિની સુભદ્રા નામની રાણી હતી તેને સમુદ્રવિજય, અક્ષોભ્ય સ્તિમિત, સાગર, હિમવાન, અચલ, ધરણ, પૂરણ, અભિચંદ્ર તથા વસુદેવ એમ દશ પુત્રો હતા. તે દશ પુત્રો પછી સુભદ્રારાણીએ એક પુત્રીને જન્મ આપ્યો. જેનું નામ 'કુંતી' પાડવું હતું. બાલપણથી જ વિશાળ મનોરથો ધરાવતી હોવાથી 'પૃથા' નામથી પણ તે ઓળખાતી હતી.

સમય જતાં યૌવનાવસ્થા પામેલી કુંતીને માટે યોગ્ય પતિ શોધવા માટે અંધકવૃષ્ણિએ મોટાપુત્ર સમુદ્રવિજયને જણાવતાં સમુદ્રવિજયે ઘણાં પુરુષોને ભિન્ન-ભિન્ન દિશાઓમાં યોગ્ય વરની શોધ માટે મોકલ્યા હતા. તેમાં હું આંતરસ મોકલાયો હું. વળી હે રાજન્! આ રાજાને ભદ્રા નામની બીજી પુત્રી છે. તેને ચેદીરાજા દમઘોષ રાજાએ પસંદ કરી છે. પરંતુ મોટી બેનના લગ્ન થયા વગર નાની બેનને શી રીતે પરણાવવી? આથી હવે હે રાજન્! કુંતીનું ભવિષ્ય આપના હાથમાં છે.

આ સાંભળી ભીષ્મે તરત જ કાર્યસિદ્ધિ માટે સત્યવતીને પૂછીને એક

પોતાના કુશળ પુરૂષને આ મુસાફર સાથે શૌર્યપુર તરફ રવાના કર્યો.

શૌર્યપુરમાં જઇને મુસાફરે પાંડુરાજા કુંતી માટે સુયોગ્ય છે તેમ જણાવ્યું ત્યારે ઉદાસીનતા (હર્ષ/શોક વગર) રાજાએ તે વાત સાંભળી લીધી. અને સવારે જવાબ આપીશ તેમ કહ્યું. આથી કુંતી કે જે પાંડુરાજાના સાંભળેલા વર્ણનથી તેના તરફ આકર્ષાઇ હતી. તેને શંકા-કુશંકા થવા માંડી કે-ન જાણે સવારે શું થશે? વિધાતા પ્રતિકુળ બને ત્યારે સુધરવાના કાર્યો બગડી જતાં હોય છે.

સવાર પડી. રાજાએ ભીષ્મના આવેલા માણસને કહ્યું કે—'પાંડુરાજા પાંડુ રોગી હોવાથી મારી પુત્રી હું તેને આપી શકીશ નહિ' આ સમાચાર લઇને રાજપુરૂષ હસ્તિનાપુર પાછો ફર્યો.

પાંડુરાજાએ એકાંતમાં તે પુરૂષ પાસેથી જાણી લીધું કે-કુંતી પોતાના તરફ અનુરાગ ધરાવે છે. આથી પાંડુરાજા કુંતી વગર હવે ન રહી શકે તેવું બન્યું. લગ્ન થવા તો અશકય જ હતા. પાંડુ અને કુંતી બંને એકબીજા વિના દૂર રહ્યા-રહ્યા ઝુરતા હતા.

(ક્રમશઃ)

❋ લબ્ધિ-પુષ્પ-ગુચ્છ ❋

પૂ. આ. શ્રી વિ. લબ્ધિ સૂ. મ.
પ્રેષક : પૂ. મુ. શ્રી નેમવિજયજી મ.

જન્મે ત્યારે પોતે રોવે અને જગત હસે, પણ મરાય ત્યારે પોતે કૃતકૃત્ય થયો હોય તો હસતો જાય અને જગત એવાઓને માટે રડે. જીવ્યું તેનું પ્રમાણ ગણાય! જેણે જીવનમાં ધર્મ ન કર્યો હોય, બીજાનાં ગળાં કાપ્યાં હોય, ખોટા સાચા કર્યા હોય, દુરાચારો સેવ્યાં હોય, કુલવાન સ્ત્રી છતાં ફાટી આંખે બીજી સ્ત્રીઓને દુષ્ટ બુદ્ધિથી જ જોયાં કરી હોય, જીવનભર જુઠું જુઠું બોલ્યો હોય અને કાયમ અનેક પ્રકારે ચોરી કરી હોય તે મરતી વખતે હસે શી રીતે? એને તો એ વખતે એ બધું નજરે તરે. એની તો છાતી ફાટે. બીજાઓ હસે એ ખરૂં? મરતી વખતે મહાજુલમગાર સિકંદર બાદશાહ હસ્યો કે રોયો! કહો કે 'રોયો'. અને પરમ શ્રવણોપાસક શ્રી પુણીઓ હસીને ગયો એવું કયારે બને?

જીવનને ધર્મ મળે તો થાય.

❋ શાસનરાગી સાપ્તાહિક ❋

–મફતલાલ સંઘવી (હાલ સ્વ.)

શુદ્ધ સાત્વિક આહાર તેમજ ગળેલું અચિત્ત જળ સ્થૂલ અને સૂક્ષ્મ ઉભય પ્રકારના આરોગ્યની જાળવણીમાં મહત્ત્વનો જેટલો ભાગ ભજવે છે. ઓછામાં ઓછો તેટલો જ મહત્ત્વનો ભાગ વિશુધ્ધ, સાત્વિક, સુસંસ્કૃત તેમજ શ્રી જિનાજ્ઞા સાપેક્ષ સાહિત્ય પણ ભજવે જ છે.

આવું સાહિત્ય વાંચવાથી બુધ્ધિની શુદ્ધિ થાય છે. હંસ–મતિ ધારદાર બને છે. વિષય–વિકાર ગંડપજી મંદ પડે છે. કષાય ક્ષીણ થાય છે. આત્માના ગુણોમાં પ્રીતિ જાગે છે. દયા, દાન, શીલ, પરમાર્થ, સહિષ્ણુતા આદિ ગુણો પુષ્ટ થાય છે.

આવા સર્વ ગુણોવાળી જિનવાણી પ્રત્યે અપૂર્વ રસ પેદા કરવામાં શ્રી જિનાજ્ઞાને જીવનમાં સર્વોચ્ચ પ્રતિષ્ઠા ભર્યું સ્થાન આપવાનું સચોટ પ્રતિપાદન કરવામાં જયવંતા શ્રી જિનશાસનની અનુપમ સેવા કરવાની શાસ્ત્રાજ્ઞાને રજુ કરવામાં આરાધક જીવનની સાચી ભુખ જગાડવામાં, વિકૃત વિરાધક ભાવનાના વંટોળને દૂર કરવામાં શ્રવણપ્રધાન ચતુર્વિધ શ્રી સંઘની ઉત્તમ પ્રકારે ઈજ્જત કરવામાં સાતે ક્ષેત્રોનું રૂડી રીતે જતન કરવાની હિતાયત કરવામાં, ઉત્સર્ગ અને અપવાદ માર્ગના શાસ્ત્રીય આજ્ઞાને પ્રસ્તુત કરવામાં, શ્રી જિનશાસનના બંધારણીય સ્વરૂપને વિકૃત કરનારા પરિબળોને શાસ્ત્રાધારે પડકારવામાં, વેષધારીઓની યથેચ્છ પ્રરૂપણાને સચોટ, ન્યાયસંગત રદિયો આપવામાં જીવોના આત્યંતિક હિતની પૂરતા વિવેકપૂર્વક રજુઆત કરવામાં, જમાનાવાદના વાવાઝોડા વચ્ચે અણનમ ખડકની જેમ અણનમ રહી જિનમતને સર્વથા વફાદાર રહેવાની જોરદાર હવા પેદા કરવામાં, અત્યારે આપણે ત્યા થોડાક જે માસિક, પાક્ષિક તેમજ અઠવાડિક પત્રો પ્રકાશિત થાય છે. તેમાં વઢવાણ શહેરથી નિયમિત રીતે પ્રકાશિત થતા **'જૈન શાસન'** નામે અઠવાડિકનું સ્થાન બરોબર પ્રથમ પંક્તિનું છે એવું તેના આજ સુધી પ્રકાશિત થયેલા (૪૨) અંકોનો અભ્યાસ કરવાથી સ્પષ્ટપણે પ્રતીત થાય છે.

અનંત ઉપકારી શ્રી જિન શાસનના અખંડ, વિશુધ્ધ, તાલબધ્ધ પ્રવાહને અશુદ્ધ કરવા મથતા પરિબળોને સચોટ જવાબ આપવામાં આ અઠવાડિકે આજ સુધી સફળ જે પ્રયત્નો કર્યા છે તેના પરિણામે અનેક આત્માઓ અવળા રાહે લપસતાં બચ્યા છે, માર્ગનું ઉપકાર મહત્ત્વ સમજ્યા છે.

જીવ માત્રનું એકાંતે કલ્યાણ કરનારા જિન ધર્મના અંગભૂત દયા, દાન, શીલ,

તપ, ત્યાગ, વૈરાગ્ય, પરોપકાર, ન્યાય, નીતિ, સુપાત્રતા, વિવેક, જયણા, ઉપયોગ, સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, પૌષધ, સુશાસ્ત્રનિષ્ઠા, ગુરૂપારતન્ત્ર્ય, મર્યાદાપાલન, વગેરે વિષયોનું તલસ્પર્શી નિરૂપણ કરતા શાસ્ત્રોક્ત લખાણો પ્રકાશિત કરીને આ અઠવાડિકે પોતાના નામ 'જૈન શાસન' ને બરોબર દીપાવ્યું છે.

એટલે શ્રી જિન શાસનના રાગી, જિનધર્મના આરાધક ભૂંડા ભવરાગથી સર્વથા મુકત થવાની ઉત્કૃષ્ટ મંગળ ભાવનાવાળા રૂડા સચ્ચારિત્રને પામવાની અભિલાષાવાળા, સર્વ વિવેકી આત્માઓ આ અઠવાડિકના પ્રત્યેક અંકના લખાણનો બરાબર અભ્યાસ કરે તો આ પડતા કાળમાં જીવને જિનધર્મમાં સ્થિર કરવા માટે અત્યંત જરૂરી જણાય છે.

આજકાલ ભવરાગ પોષક અશાસ્ત્રીય, વિકૃત, જમાનાવાદનું સમર્થન કરનારાં, શિથિલાચારને વખાણનારા, માર્ગભ્રષ્ટ કરનારા, જિનાજ્ઞાની વિરાધના કરનારા લખાણોવાળાં હજારો સામાયિકો પ્રકાશિત થાય છે. જે વાંચવાથી જીવ બહુ કરુણીય, પરાધીન દશામાં ધકેલાય છે. ચીકણાં પાપકર્મો વડે બંધાય છે, શુદ્ધ ધર્મનો આરાધના માટે લગભગ નકામો બની જાય છે. રાતદિવસ અજંપામાં અટવાય છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની ભયાનક આગમાં લપટાય છે. આત્માના ઘર બહાર 'સુખ' શોધવાની દુર્ગતિનો ઢાસ બને છે.

માટે શુદ્ધ ધર્મના સઘળા ગ્રાહકો, મોક્ષમાર્ગના સઘળા ગ્રાહકો, રત્નત્રયીના સઘળા આરાધકો, નિયમિત આ અઠવાડિકનો બરાબર અભ્યાસ કરે તેમાં તેમના આત્માનું હિત છે સાથોસાથ પરમાર્થ છે.

એક માત્ર મોક્ષના પક્ષકાર તરીકે એકનમ્રતાપૂર્વક આ જાહેરાત કરું છું.

જો આ સાપ્તાહિક કયારેય સંસારમાર્ગની પ્રરૂપણા કરે તો હું તરત જ તેને હાથ પણ ન લગાડવાની ખેરખાર હિમાયત કરીશ.

પણ મને આ અઠવાડિકના પ્રેરક પૂજ્યવરશ્રીની જિનાજ્ઞાનિષ્ઠામાં આકંઠ વિશ્વાસ છે એટલે આવું કોઈ લખાણ યા એકાદ વાકય પણ આ અઠવાડિક વિદ્યમાન રહેશે ત્યાં સુધી તેમાં સ્થાન નહિ પામે એવી સચોટ ખાત્રી હું આપ સર્વને આપું છું.

માટે વિનંતી કરું છું કે આ સાપ્તાહિકને આપણે સહુએ ત્રિવિધે હાર્દિક સહયોગ આપવો જ જોઈએ.

'જિનવાણી' ની જેમ આ સામાહિક પણ મોક્ષપક્ષી જ છે. તેના સચોટ અનુભવ આ સામાહિકનો સતત અભ્યાસ કરવાથી આપને પણ થશે જ.

પ્રભુ ભક્તિનો મહિમા

[ગતાંકથી ચાલુ] —શ્રી ધર્મશાસન

જિનમંદિરનું વાતાવરણ કેવું શાંત હોવું જોઇએ, કેવા મીઠા મધુરા મંદ સ્વરે પ્રભુ-સ્તવનો ગાવા જોઇએ, કે કર્ણનાથી ઘડીભર ત્યાંને ત્યાં થંભી જાય, પણ બને છે આનાથી ઉલટું-કારણ કે સ્તવન ગાનારાઓ ઉંચા સ્વરે બરાડા પાડી ગાવા મંડી પડે છે. એટલે સાંભળનારા ભડકી ઉઠે છે. આમ કરવાથી આપણે અંતરાયના ભાગીદાર બનીએ છીએ. જિનમંદિરમાં કોઇ ભાવિક પ્રભુભક્તિ કરતું હોય, કોઇ માળા ગણતું હોય એ બધાં ભાવિકોનું ચિત્ત ચલાયમાન કરવામાં આવા લોકો કારણ બને છે.

'અણું ૧' ગીય વાઇ એ'

ગીત વાજીંત્ર પૂજા કરતાં યાને ભાવપુજામાં આત્મા લયલીન બને તો નાગકેતુની જેમ કેવળજ્ઞાન મેળવી લે પણ હાલેા કરીને કે રાડેા પાડીને નહિ, ગાતા ન આવડતું હોય તો ન ગાવું બહેતર છે. પણ બરાડા પાડવાથી કેવળ આત્માને અંતરાયના ભાગી બનવું પડે છે, પરમાત્મા તો સર્વજ્ઞ અને સર્વદર્શી છે. આપણે મનમાં સ્તુતિ સ્તવના કરીએ તો પણ એ જાણે છે. માટે સ્તુતિ સ્તવન વિ. મીઠા મધુર મંદ સ્વરે કરવા ખાસ ઉપયોગ રાખવાની જરૂર છે. ક્રિશ્ચિયનોના દેવળોમાં પ્રાર્થનાના સમયે હજારો માણસો ભેગા મળવા છતાં કેવી શિસ્તપૂર્વક શાંતિથી તેઓ પ્રાર્થના કરે છે. તેમનો આ ગુણ આપણે શીખવા જેવો છે, અનુકરણ કરવા જેવો છે.

આપણા તપ આપણા ત્યાગ, આપણા સિદ્ધાંતો, આપણા સાધુઓ, આપણા વિચાર બધુંય ઉંચુ અને આદર્શ હોવા છતાં શિસ્તના અભાવે બધું ઝાંખુ પડી જાય છે. માટે આપણા બાળકોને અને આપણા પરિવારને શિસ્તની તાલીમ આપવાની જરૂર છે.

વ્યવહારમાં દરેક સ્થળે કોર્ટ કચેરી સ્કુલ કોલેજ અને સભા પાર્ટીઓમાં આપણે શીસ્ત જાળવીએ છીએ જ્યારે ધર્મસ્થાનકોમાં જ કેમ તેનો અભાવ દેખાવ છે એની કંઇ સમજ પડતી નથી. ખરી રીતે ધર્મ ધર્મક્રિયા પ્રત્યે જે રસ અને રૂચિ હોવી જોઇએ તેનો અભાવ છે.

સંગીતનો પ્રભાવ—

સંગીત એ એક એવી વસ્તુ છે કે આત્મા તેમાં ઓતપ્રોત બની જાય છે, નિજને ભૂલી જાય છે અને ભક્તિ રસમાં તરબોળ બની જાય છે.

મેડમમોંટેસરીનું નામ શિક્ષણ ક્ષેત્રે ઘણું જાણીતું છે. એને એક બિલાડી પાળી હતી. બધા જ આ બિલાડી માટે ફરિયાદ કરતા હતા, આ આવી છે ને તેવી છે. એનો સ્વભાવ ખરાબ છે અને બધાયને હેરાન કરે છે. પણ સ્વભાવની ખરાબ બિલાડી પણ પિયાનોના સંગીતદ્વારા શાંત અને ડાહી બની જાય છે.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસીડેન્ટ શ્રી આઇઝનઓવરનો પગ કાપવાનું ડોક્ટરોએ જ્યારે સલાહ આપી ત્યારે બધા સગાંસ્નેહીઓ વિચારમાં પડી ગયા. પગ કપાવવામાં ન આવે તો જીવન જોખમમાં મૂકાય તેમ હતું, અરે પગ કપાવવો એ કોઇ રીતે પાલવે તેમ નહોતો. છેલ્લે સૌ પ્રાર્થનામાં લીન બની ગયા. પરિણામ એ આવ્યું કે પ્રેસીડેન્ટનો પગ વગર કપાવ્યે એકદમ સારો થઇ ગયો. દર રવિવારે વોશિંગ્ટનમાં નિયમિત પ્રાર્થનામાં પ્રમુખશ્રીને આવતા જોઈ સૌને આશ્ચર્ય થતું હતું. તેઓ માનતા હતા કે પ્રાર્થનાનું બળ કોઇ અનોખું છે અને તે દ્વારા ઘણી મુશીબતોમાં અને ઘણા યુધ્ધોમાં મેં વિજય મેળવ્યો છે.

પાશ્ચાત્ય દેશમાં અનેક હોસ્પીટલોમા પ્રાર્થનાનો કાર્યક્રમ રાખવામા આવ્યો છે. અને આ માટે અનેક પાદરીઓને ધર્મગુરુઓને હોસ્પીટલોમા રોકવામા આવ્યા છે. આથી હૃદ્રોગો સારા થઇ ગયાના અનેક દાખલાઓ નોંધાયા છે. શ્રી તીર્થંકરદેવો માલકોષ દેશના આપે છે. દેશના શ્રવણ કરી શ્રોતાજનો મંત્રમુગ્ધ બની ડોલી ઉઠે છે. તેઓશ્રીની સાનિધ્યમા કુર અને હિંસક જાનવરો પણ વેરઝેરને ભૂલી જઈ ખોખભા ચીલાવી સાથે બેસે છે.

સારીગમપધનીસા આ સાત સ્વરોમા જબ્બર શક્તિ રહેલી છે.

કુશળ સંગીતકાર મેઘમલ્હાર રાગ છેડે તો અકાળે મેઘરાજાનું આગમન થાય છે. હિંડોલ રાગ ગાતા હિંડોળો હીંચવા માંડે છે. દીપક રાગ છેડતા તેલથી પૂરેલી દીવીઓની દીવેટો અચાનક પ્રગટી ઉઠે છે. યાને દીપકો પ્રગટે છે. પૂરીયા રાગ સાંભળતા સાંભળતા શ્રોતાજનો નિદ્રાધીન બની જાય છે. દુધ દોહતી વખતે સંગીત ચાલતું હોય તો ગાય ભેંસ વિ. પ્રાણીઓ અધિકાધિક દુધ આપે છે. સંગીતના પ્રભાવે રાજયક્ષ્મા ટી. બી. ના હૃદ્રોગો પણ સાજાતાજા બની જાય છે.

કવિની કવિતા

કહેવત છે કે 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ.'

કવિ કરોતિ કાવ્યાનિ રસં જાનન્તિ પંડિતા: ॥

કવિવરો કાવ્યોની ગૂંથણી કરે છે પણ એનો ખરો રસ અનુભવીઓ માણે છે કવિની કવિતામાં રહેજે તે પ્રાંતનું વાતાવરણ ચાલ-દેશી ભાષા વિ.ની છાયા જોવામાં આવે છે.

પ્રાચીન પૂજા અથવા સ્તવનોની ચાલ-દેશી તરફ નજર કરશો તો જણાશે કે કેવી કેવી દેશીઓ હોય છે. જેવી કે-'ઉડિર આંબા આંબલી રે' 'મારો પિયુડો ગયો પરદેશ' 'જોબનીયાનો લટકો' 'સખીરી આવ્યો રે વસંત અટારડો' વિ. વિ.

આથી સમજી શકાય છે-કે આમ જનતામાં જે દેશી-ચાલ વિ. પ્રચલિત હોય તે જ રાગ-ચાલ યા દેશીમાં સ્તવનો વિ.ની રચના કરવામાં આવે તો સ્હેજે તે ગીતો લોક જીભે ચઢી જાય છે.

એટલે આ પુસ્તકમાં અન્યાન્ય અનેક કવિવરોએ આધુનિક દેશીઓ-ચાલોનો ઉપયોગ કર્યો છે. અને તેથી જ પ્રત્યેક નગર ગામ-પુરના મંદિરે મંદિરે આપણને એ ભાવવાહી સ્તવનો સાંભળવા મળે છે.

પૂર્વાચાર્યોના સ્તવનોની દેશીઓ અત્યંત પ્રાચીન હોવાના કારણે આધુનિક જનતાને કંઠસ્થ કરવા અઘરા લાગે છે. તેનો ભાવ પણ સમજાતો નથી. તેથી જરૂરી હતું કે આધુનિક પ્રજા પણ પ્રભુ ભક્તિનો લાભ લઇ નિજનું કલ્યાણ કરે. જે યુવક યુવતીઓ કદીય મંદિરમાં નજરે ન પડે એ આધુનિક વર્ગ આવા નવીન અને ભાવવાહી સ્તવનો-સજઝાયો શ્રવણ કરવા ઉમંગથી દોડી આવે છે.

આધુનિક કવિવરોએ આ નવા વર્ગ ઉપર અસીમ ઉપકાર કર્યો છે. એજ રાગોનાં સ્તવનો બનાવવાથી જનતા એજ સ્તવનોને લલકારે છે.

વિના પક્ષપાતે મારે કહેવું જોઇએ કે આ સદીમાં અત્યંત પ્રસિદ્ધિ પામેલા અમારા સ્વ. પરમ ગુરૂદેવ કવિ-કુલકીરિટ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજનો આધુનિક કવિવરોમાં મહત્વનો ફાળો છે. આજની ઉગતી યુવાન પ્રજા પર તેમણે સેંકડો સ્તવનો રચી ભારે ઉપકાર કર્યો છે. જુના સ્તવનોની જેમ નવા સ્તવનો પણ ભાવવાહી, રસપ્રદ અને ભક્તિ રસમાં તરબોળ કરી દે તેવા હોય છે. આપણને તો શાસ્ત્રસમંત જોઇએ પછી તે જુનુ હોય કે નવું હોય બધું જ માન્ય છે. 'જૈન ગુર્જર કાવ્યોના બીજા ભાગની પ્રસ્તાવના'

(પેજ ૩૯૦-નું ચાલુ)

રહ્યા છે. વાસ્તવિકમાં તેઓ આપણા આત્માનું અકલ્યાણ કરી રહ્યા છે. મહાવીર પરમાત્માએ પોતાની અંતિમ દેશનામાં જણાવ્યું છે કે મારા શાસનમાં મિથ્યાત્વ બહુ ફેલાશે તે હંમ લગભગ નજરે દેખાય છે.

ગામ ભડકે બળતું હોય ત્યારે બચાવી ન શકાય તો આપણે આપણી જાતને બચાવી લેવામાં જ શાણપણ છે. સૌ કોઇ આત્મા તેવા ઉપદેશકોથી દૂર રહી, પોતાની તમામ શક્તિઓને મોક્ષમાર્ગમાં જોડી મોક્ષપ્રાપ્તિ માટે જ સારામાં સારી આરાધના કરી કરાવી મોક્ષના ભાગી બનો એજ અભ્યર્થના...

❋ ઉપદેશની સાચી દિશા ❋

—શ્રી કિશોર ખંભાતી [વિરાર]

ભૂતકાળમાં અનંતા તીર્થંકરો થઇ ગયા, વર્તમાનમાં વીશ તીર્થંકરો વિચરી રહ્યા છે, ભવિષ્યમાં અનંતા તીર્થંકરો થશે. સર્વે તીર્થંકરો ચાર પુરૂષાર્થને બતાવે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, તેનું વર્ણન કરતા વિશેષમાં જણાવે છે કે, અર્થ અને કામ અનર્થકારી છે, તેના પ્રત્યેની આસક્તિ સંસારમાં રખડાવનારી છે અને તે માટે ધર્મ પુરૂષાર્થનો ઉપયોગ એ તો મહા અનર્થકારી છે માટે તેવા ધર્મને શુભ ધર્મ નહિ પરંતુ અધર્મ તરીકે જણાવેલ છે. કેટલાક ધર્મને નહિ જાણનારા, ધર્મ જાણવા છતાં ધર્મના મર્મને નહિ જાણનારા, અર્થ અને કામ માટે કરાતા ધર્મને અધર્મ તરીકે સ્વીકારવા તૈયાર નથી. ઝેર મિશ્રીત લાડુ ઝેર કહેવાય કે મિઠાઈ કહેવાય ? શક્તિવર્ધક બને કે પ્રાણનાશક બને ? કોઇને ખવડાવવાથી ઇનામ મળે કે સજા મળે ?

અનાદિકાળથી ભવાભિનંદી તથા પુદ્ગલાભિનંદી જીવો આવી પ્રવૃત્તિ કરતા આવ્યા છે અને કરી રહ્યા છે તેઓને ત્યાંથી ખસેડી આત્માભિનંદી કરવા માટે જ દરેક અરિહંતો શાસનની સ્થાપના કરે છે, ધર્મ પ્રરૂપે છે અને તેઓની ગેરહાજરીમાં તેવી પ્રરૂપણા કરનારાઓને જિનવર સરખા કહેલા છે.

સંસારમાં ભટકાવનારા અનર્થકારી અર્થ-કામની પ્રાપ્તિ કરવા કેટલાંક દેવ-દેવીઓ પાસે ઉપાસના કરે છે, કેટલાક યંત્ર, તંત્ર, મંત્ર, ગ્રહો વિગેરેની ઉપાસના કરે છે, જ્યારે કેટલાક દેવ, ગુરૂ, ધર્મનો ઉપયોગ કરે છે તેઓ નિશ્ચયપણે પોતાના આત્માનું અહિત કરી રહ્યા છે અને તેવો માર્ગ બતાવનારા પોતાના શરણે આવેલાના ભાવપ્રાણોનો નાશ કરી રહ્યા છે. આવી ધર્મ કરણી કરવી કે કરાવવાથી મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાય છે. આવા કર્મબંધથી જીવ મોક્ષ તરફ ન વધતા સંસારમાં જ રખડ્યા કરે છે.

કદાચ ! તેવા અનુષ્ઠાનોથી એકાદ ભવમાં સંસારીક સુખોની પ્રાપ્તિ થઇ જાય, પરંતુ મિથ્યાત્વના ઉદયથી જીવ તેમાં મોહાંધ બની, આશક્ત બની દુર્ગતિમાં ચાલ્યો જાય છે. આ રીતે જે આશયથી કરાયેલા ધર્મનું ફળ પરંપરાએ દુર્ગતિમાં જવાનું હોય તેને ધર્મ તરીકે સ્વીકારાય કેમ ?

અરિહંત પરમાત્માઓએ એક માત્ર મોક્ષ પુરૂષાર્થ જ ઉપાદેય જણાવ્યો છે અને તે માટે જ ધર્મનો ઉપયોગ કરવા ભારપૂર્વક જણાવ્યું છે.

સુજ્ઞ વાચકો ! વર્તમાનકાળમાં કેટલાક ઉપદેશકો પોતાની પ્રતિષ્ઠા વધારવા કે ધર્મનું સ્વરૂપ સત્ય નહિ સમજી શકવાને કારણે લોકોને દેવ-દેવીની ભક્તિ તરફ મંત્ર, તંત્ર, ગ્રહોની ઉપાસના વિ. ભગવાન પાસે સંસારના સુખો માંગવા માટે ઉપદેશ દઇ

(અનુ. પેજ ૩૮૯ ઉપર)

❋ સોળ ભાવના સ્વાધ્યાય ❋

(રાગ—આવો આવો દેવ, મારા સુના સુના દ્વાર)

રચયિતા — **મણિલાલ વાઘજી છેડા** (મનફરા–કચ્છ)

સોળ ભાવના ખાસ, ભાવું કરવા મોહ વિનાશ
ભાવે તૂટે ભવના પાશ.

તન ધન યૌવન બળ રૂપાદિ, ડાભ અણી જિમ નીર,
તિમ અનિત્ય સુખ છોડી ક્યારે, સેવીશ શ્રી મહાવીર ? ભાવે૦ (૧)

જન્મ મરણ દુઃખપાશ છૂટવા, જગમાં શરણ ન કોય.
સાચું શરણું જિનશાસનનું, ચાહું ભવોભવ હોય. ભાવે૦ (૨)

સ્વિ કુળ યોનિ જાતિ સ્થળમાં, જન્મ્યો વાર અનંત,
તુચ્છ વિષય સુખ આસક્તિથી, ન્યો ભવનો અંત. ભાવે૦ (૩)

જીવ એકલો આવ્યો જાશે, છોડી સંગ તમામ,
પુન્ય પાપના ફળ ભોગવશે, એકલડો જીવરામ. ભાવે૦ (૪)

તન મન વચન કરમ પુદ્ગલથી, ન્યારું છે મુજ રૂપ,
પરની મમતા છોડી ક્યારે, પામીશ આત્મરૂપ ? ભાવે૦ (૫)

કર્મ નવ દ્વારો અશુચિ ઝરીયા, ન્યારીના છે બાર,
દેહદુઃખ મહાકૂલ જિનવચને, ધરીશ ક્યારે પ્યાર ? ભાવે૦ (૬)

વિષય કષાય યોગ ને ક્રિયા, અવ્રત બેંતાલીસ
અપ્રશસ્ત સઘળા આશ્રવને, ક્યારે હું ટાળીસ ? ભાવે૦ (૭)

સમિતિ ગુપ્તિ ચારિત્ર ભાવના, પરીસહ ને યતિધર્મ,
સત્તાવન સંવર સેવીને, રોકીશ ક્યારે કર્મ ? ભાવે૦ (૮)

છ બાહ્ય છ અભ્યંતર તપ, કર્મ વિનાશ વિચાર,
અણાહારી પદ વરવા ક્યારે, સેવીશ તપ આચાર. ભાવે૦ (૯)

અહિંસા સંયમ તપરૂપી, જિન આણા આનંદ,
ચઢતે ભાવે પાળી ક્યારે, પામીશ પરમાનંદ ? ભાવે૦ (૧૦)

ષડદ્રવ્યમય લોક અનાદિ, ચઉદહ રાજ પ્રમાણ,
ર્યા લોકમાં અનંત જન્મો, પાળી નહીં જિનઆણ. ભાવે૦ (૧૧)

માનવભવ કુળ–આર્યક્ષેત્ર દુર્લભ, પામ્યો સદ્‌ગુરુ સંગ,
મહાદુર્લભ જિનવચને ધારું, અવિચ્છેડ સુમતિ રંગ. ભાવે૦ (૧૨)

પુદ્‌ગલ સુખનો રાગ તજીને, પાળો જિનવર આણ,
ઈચ્છું સઘળા જીવો પામો, શાશ્વત શિવપુર ઠાણ. ભાવે૦ (૧૩)

જિન આણા અનુસાર આદરે, દાન શીલ તપ ખંત,
વિનયાદિક સદ્‌ગુણના સ્વામી, વંદું સવિ ગુણવંત. ભાવે૦ (૧૪)

અપ્રશસ્ત વિષયોના રાગે, બળતા ભવદુઃખ આગ,
કયારે સ્થાપું સર્વ જીવમાં, અવિહડ શાસન રાગ. ભાવે૦ (૧૫)

ભરેકર્મી પ્રત્યે ધારું, માધ્યસ્થ્ય હિતકાર,
ઈચ્છું તે પણ કયારે પામે, પ્રભુશાસન સુખકાર ? ભાવે૦ (૧૬)

શ્રી મહાવીર શાસનનો અભૂતપૂર્વ અને અદ્‌ભુત વિશેષાંક

રાગથી વિરાગ ભણી

આ વિશેષાંક પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ. પૂ. આ. શ્રી વિજય અમરગુપ્તસૂ.મ.
પૂ. આ. શ્રી વિજયચંદ્રગુપ્તસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં

ધર્મપ્રેમી શ્રેષ્ઠિવર્ય શ્રી જયેન્દ્રભાઇ વેલજી દેપાર હરણીયા હાલ પૂ. મુ. શ્રી
જિતધર્મવિજય મ.ની દીક્ષા પ્રસંગ નિમિતે પ્રગટ થયો છે.

આ વિશેષાંક શ્રી મહાવીર શાસન તથા જૈન શાસનના ગ્રાહકોને
(બંનેના ગ્રાહક હોય તેમને એક અંક) મોકલાયો છે.

આ અદ્‌ભુત અંક શ્રી મહાવીર શાસન તથા જૈન શાસન તથા જૈન શાસનના નવા આજીવન સભ્ય થશે તેમને નકલ હશે ત્યાં સુધી ભેટ મોકલવામાં આવશે.

વહેલી તકે આપને શ્રી મહાવીર શાસન આજીવન સભ્ય રૂા. ૪૦૧) ફોરેનના રૂા. ૫૦૦) અને જૈન શાસન આજીવન સભ્ય રૂા. ૫૦૧) ફોરેન ૬૦૦) ભરી આજીવન સભ્ય બની જવા વિનંતિ છે.

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર
શાક માર્કેટ સામે, જામનગર



ભાવનગરમાં અપૂર્વ શાસન–પ્રભાવના

સચ્ચારિત્ર ચૂડામણિ પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન વર્ધમાન તપની વિશ્વવિક્રમી ૧૦૦+૧૦૦+૮૬ મી ઓળીના અજ્જેડ આરાધક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજા તથા પરમ શાસન પ્રભાવક સુવિશાળ ગચ્છાધિપતિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રદ્યોતક સુવિશાળ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાના પદાર્પણથી શ્રી ભાવનગર જૈન સંઘમાં શાસન પ્રભાવનાની અદ્ભુત હારમાળા રચાવા પામી.

અનેકાનેક ગગનચુંબી જિનાલયો અને ગર્ભગૃહને ફરી ફરી નમાવવાનું મન કરાવી દેતા નયનરમ્ય જિનબિંબોના દર્શન–વંદન કરવા પધારેલ બન્ને પૂજ્યપાદ આચાર્ય ભગવંતોની સાથોસાથ પૂજ્ય આ. શ્રી વિ. વિચક્ષણસૂ. મહારાજા, પૂ. આ. શ્રી વિ. લલિતશેખરસૂ. મ. પૂ. આ. શ્રી વિ. રાજશેખરસૂ. મ. પૂ. આ. શ્રી વિ. જયકુંજસૂ. મ. પૂ. આ. શ્રી વિ. મુક્તિપ્રભસૂ. મ. પૂજ્ય આ. શ્રી વિ. હેમભૂષણ સુ. મ પૂ. આ. શ્રી વિ. ગુણયશસૂ. મ. અને પૂ. આ. શ્રી વિ. કીર્તિયશસૂ. મહારાજા પણ પધાર્યા હતા. દસ દસ આચાર્યભગવંતો સંખ્યાબંધ સાધુ સાધ્વીજી મહારાજાના ઓઘી સાથે દર્શન વંદન કરી અત્રેની જૈન જનતા કૃતાર્થ બની ગઈ હતી. પાલીતાણાથી વિહાર કરી પો. સુ. ૧૫ ના વરતેજથી શાસ્ત્રીનગર પધારી સ્થિરતા કરી હતી. સવારે પ્રવચન અને પ્રભાવના થયેલ. પો. વ. ૧ના સવારે ૮-૩૦ કલાકે મોતીબાગથી ભવ્યતમ સામૈયું કરવામાં આવેલ, જેમાં સંખ્યાબધ્ધ બેડાવાળી બહેનો. જૈન યુવકોનું ભક્તિ બેન્ડ તદુપરાંત શ્રધ્ધા-સંપન્ન હજારો ભાઇ–બહેનોએ 'સંકીર્ણ થયું આકાશ'ની ઉક્તિની યાદ તાજી કરી હતી. ભાવનગરના વિવિધ માર્ગોપર ફરી ગેલક્ષી ટોકીઝ પાસે થઇ સામૈયું દાદા સાહેબ ઉતર્યું. પૂજ્યો પધારે એ પૂર્વે જ વ્યાખ્યાન હોલ હકડેઠઠ ભરાઈ ગયો. તપસ્વી સમ્રાટ-શ્રીએ મંગલિક ફરમાવ્યા બાદ પ્રભાવક પ્રવચનકાર પૂજ્ય આ. શ્રી કીર્તિયશસૂરીશ્વરજી મહારાજે બુલંદ અવાજે ધારાબધ્ધ વાણીપ્રવાહ વહેવડાવી શ્રોતાઓના કર્ણયુગ્મને પવિત્ર કરી હૃદયને કબજે કર્યો. સંઘના આગેવાનોએ પૂજ્યોનું સ્વાગત કર્યું અને પધારી ધર્મ-વાણીનો અમૂલ્ય અવસર આપવા બદલ ઋણ વ્યક્ત કર્યું. શ્રોતાઓના ખાસ આગ્રહથી

અત્રેની સ્થિરતા દરમ્યાન રોજ રાત્રે ૯ થી ૧૦ પુરુષો માટે 'આધ્યાત્મ પ્રાપ્તિના પંદર ઉપાયો' એ વિષયક પ્રવચનો પૂજ્ય આચાર્યશ્રીએ પ્રભાવક રીતે આપ્યા હતાં. જેમાં ઘડીનો સમય હોવા છતાં વિશાળ વ્યાખ્યાનહોલ શ્રોતાજનોથી ભરાઇ જતો અને સવારના પ્રવચનોમાં શ્રોતાજનોને છેક પગથીયા સુધી બેસવાનો સમય આવ્યો.

નિયત કાર્યક્રમ મુજબ પૂજ્યો રોજ સવારે ભાવનગરમા આવેલા વિવિધ વિસ્તારોના શ્રી જિનમંદિરોના દર્શન-વંદનાર્થે પધારતા હતા. તે મુજબ પો. વ. ૨ના મોટા દેરાસરજી (ગોડીજી) અને આદેશ્વરજી પધારેલ ગોડીજી. ઉપાશ્રયમાં પૂ. આ. શ્રીએ મનનીય પ્રવચન ફરમાવેલ, પો. વ ૩ના 'તૃપ્તિ' અને વિદ્યાનગર પધારી ત્યાંના ઉપાશ્રયે પ્રવચન ફરમાવેલ પો. વ. ૪ના 'વડવા' દેરાસરે દર્શન કરી ત્યાંના ઉપાશ્રયમાં પ્રવચન ફરમાવેલ વડવા એ પરમતારક પ્રદાદાગુરૂદેવ વચનસિદ્ધ ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી ગણિવરની જન્મભૂમિ છે. પો. વ. પ્રથમ પાંચમના રૂપાણી જિનાલયે દર્શન કરી ઉપાશ્રયમાં પ્રવચન આપેલ.

પ્રતિદિન સવારે ૯ થી ૧૦-૩૦ કાદાસાહેબના નૂતન પ્રવચન મંડપમાં પૂ. આ. દેવે મનનીય પ્રવચનો ફરમાવેલ. અસ્ખલિત અને સ્પષ્ટ અભિવ્યક્તિ, ઉચિત દૃષ્ટાંતોનો રોચક ઉપયોગ અને જૈન શાસનની મૂળભૂત ત્રિસુત્રી 'છોડવા જેવો સંસાર, લેવા જેવું સંયમ અને મેળવવા જેવો મોક્ષ'ની આસપાસ ભમતી પ્રવચન શૈલીએ સૌ કોઇના મન મોહી લીધાં હતાં. દરેક શ્રોતાના મુખ ઉપર અપૂર્વ પામ્યાની લાગણી દરેક મધ્યસ્થને વંચાતી હતી.

ગુજરાતના રાજ્યપક્ષના નાણામંત્રી શ્રી બાબુભાઇ મેઘજીભાઇ પુજ્યોના વંદનાર્થે પધારેલ પૂજ્ય આ. શ્રી કીર્તિયશસૂ. મહારાજ પાસે માર્ગદર્શન અને પુજ્યોના આશીર્વાદ માંગતા પૂજ્યશ્રીએ મહત્વની કેટલીક બાબતો અંગે મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું હતું.

ગિરનાર ઉપર સંભાવ્ય રોપ-વે-અંગે, પેલેસ ઓન વ્હીલના કારણે જૈન તીર્થોમાં થનારી અશાતનાઓ અંગે અને મૂંગા પ્રાણીઓની રક્ષા અંગે ભારપૂર્વકની લાગણીઓ કરી હતી.

રવિવારે સૌના આગ્રહથી બપોરના ૩ થી ૪॥ ટાઉન હોલમાં રામાયણનો સંસાર વારસો એ વિષયક જાહેર પ્રવચન રાખવામાં આવેલ. સમયપૂર્વે જ વ્યાખ્યાન હોલ પેક થઇ ગયેલ. એ જ ભારાક્રાન્ત પ્રવાહથી પૂજ્ય આ. દેવે રામાયણ ફરમાવ્યું હતું. અનેકની આંખો આંસુસભર બની ગઇ હતી. પો. વદ દ્વિ. ૫ના સવારે

ઢાઢાસાહેબથી વિહાર કરી પૂજ્યો સામૈયા સાથે શ્રી સીમંધર સ્વામી જિનાલયે પધાર્યા. વ્યાખ્યાન બાદ વિહાર કરી કૃષ્ણનગર પધારી સ્થિરતા કરેલ. કૃષ્ણનગરમાં પૂ. આ.દેવે હાં થી ૧૦ાને અ ૩ થી ૪ આ રીતે બે પ્રવચનો ફરમાવેલ. સાંજે ૪ વાગે ભાવનગર શહેરની ટુંકી મુલાકાતમાં ચારિત્રની સમધુર સુવાસ રેલાવી પુજ્યોએ ઘોઘાતીર્થ તરફ વિહાર લંબાવ્યો.

ભાવનગરવાસીઓ વર્ષો સુધી ભૂલી ન શકે એ અપૂર્વ શાસન પ્રભાવના ચમત્કારો કરી પૂજ્યો સૌના હૈયામાં આદરભર્યું સ્થાન માન પામ્યા છે.

અત્રેની સ્થિરતા દરમ્યાન રોજના ૩ થી ૫ વ્યાખ્યાનોના ક્રમે એકંદર છ દિવસમાં કુલ ૧૩ પ્રવચનો કરી પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજે સ્વ. પૂજ્યપાદશ્રીજીની યાદને પુનર્જીવિત કરાવી હતી.

ભાવનગર સામાયિક મંડળની વિનંતિથી રવિવારે સવારે ૧૧ થી ૧૨ સુધી ૧૨૦૦ બાળકોને પૂ. આ. દેવ બાળલોગ્ય શૈલીમાં જૈન શાસનના રહસ્યો સમજાવ્યાં હતા અને તે સમયે બે ભાગ્યશાળીઓએ રૂા. ૧૧ હજારનું દાન સામાયિક મંડળને જાહેર કરેલ તદુપરાંત ઘોતીયું પહેરી આવનાર બાળકનું રૂા. ૧૧) થી બહુમાન કરવામાં આવેલ.

❋ વિવિધ વાંચનમાંથી ❋

ઝૂલા ઉપર ચંદરવો બાંધવાથી શું લાભ ?

દરરોજ પાંચ તીરથની યાત્રા કરે અથવા પાંચ મુનિરાજને ભાવથી વહોરાવે તેટલો લાભ થાય.

o o o o

૬૦,૦૦૦ વર્ષ સુધી આયંબિલતપ કરનાર કોણ ? અને શા માટે કર્યો ?

સુંદરી ઋષભદેવની પુત્રી તેણે ૬૦,૦૦૦ વર્ષ આયંબિલ કર્યા–

ભરત મહારાજાને તેમના ઉપર ખૂબ રાગ–પ્રેમ હતો.

તે ઉતારવા.....ઓછો કરવા.

સંસાર પરનો રાગ ઉતાર્યા વિના મુક્તિ મળે ? ના...ના...ના.

o o o o

૧ લાખ જોજનની કઇ કઇ વસ્તુઓ છે ?

(૧) જંબૂદ્વીપ. (૨) અપ્રતિષ્ઠાન નરકાવાસ (૩) પાલક વિમાન (૪) તથા સર્વાર્થ સિદ્ધ વિમાન.

—પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

પ. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ.,
પૂ. આ. શ્રી વિજય લલિતશેખર સૂ. મ.ની નિશ્રામાં
શાહ લખમણ વીરપાર આઢ પરિવાર આયોજીત
શ્રી થાનગઢથી ભદ્રેશ્વર મહાતીર્થ છ'રી પાલિત યાત્રિક સંઘ

* સંભવિત વિહાર કાર્યક્રમ *

દિવસ	વાર	તારીખ	ગામ	કિ. મી.
૧	સોમવાર	૩-૩-૯૭	શુભપ્રયાણ (થાનથી) લુણસર	૧૪-૦
૨	મંગળવાર	૪ ૩-૯૭	જાંબુડીયા	૧૪-૦
૩	બુધવાર	૫-૩-૯૭	રાઈસર	૧૪-૦
૪	ગુરૂવાર	૬-૩-૯૭	ગોકળીયું ગામ	૧૪-૦
૫	શુક્રવાર	૭-૩-૯૭	અલીયાળી પાટીએ	૧૫ ૦
૬	શનિવાર	૮-૩-૯૭	ફતેપુર પાટીએ	૧૫-૫
૭	રવિવાર	૯-૩-૯૭	સુરજબારી(ચેકપોસ્ટ)	૧૫-૫
૮	સોમવાર	૧૦-૩-૯૭	કટારીયા તીર્થ	૧૨-૦
૯	મંગળવાર	૧૧-૩-૯૭	સામખીયારી	૧૪-૦
૧૦	બુધવાર	૧૨-૩-૯૭	દેંધ ચેકપોસ્ટ	૧૪-૦
૧૧	ગુરૂવાર	૧૩-૩-૯૭	મોટી ચીરાય	૧૫-૦
૧૨	શુક્રવાર	૧૪-૩-૯૭	પડાણા	૧૫-૦
૧૩	શનિવાર	૧૫-૩-૯૭	આદીપુર	૧૪-૦
૧૪	રવિવાર	૧૬-૩-૯૭	માથક	૧૫-૦
૧૫	સોમવાર	૧૭-૩-૯૭	ભદ્રેશ્વર પ્રવેશ	૧૪-૦
૧૬	મંગળવાર	૧૮-૩-૯૭	તીર્થમાળારોપણ	ભદ્રેશ્વર

❋ કૃષિ ગો સેવા સંઘ ❋

૧૭, તિલક રોડ, **માલેગાવ**-૪૨૩૨૦૩ (જી. નાસિક મહારાષ્ટ્ર)

સંસ્થાનો અહેવાલ : (૧) મહારાષ્ટ્રની અંદર અલગ અલગ જીલ્લાઓમાં ભરવ વણજારા એ લોકોની ધાર્મિક યાત્રાઓ ભરાય છે આ યાત્રાની અંદર નૈવેદ્ય (માન્યતા) (નવસ) બોલીને પશુબલી આપવામાં આવે છે. આ બલીની સંખ્યા વાર્ષિક દશ લાખથી વધારે છે.

(૨) યાત્રાઓમાં પશુઓની હત્યા થાય છે એમાં ખાસ કરીને ઘેટા, બકરા, રેડા કોમડા (મરઘા) પશુ પક્ષીઓની હત્યા થાય છે. આ હત્યા થતી વખત પ્રાણી સંરક્ષણ કાયદા અનુસાર ગેરકાનુની હત્યા થતી હોય છે તેનો પુરાવા સાથે અહવાલ તૈયાર કરીને મુંબઇ ઉચ્ચ ન્યાયાલયમાં કેસ દાખલ કરેલ આ કેસ ૧૯૮૯માં દાખલ કર્યો છે અને એની કાર્યવાહી હજુ ચાલે છે પરંતુ કેસનો નિકાલ આવવામાં ટાઇમ લાગશે એમ સમજીને માન્યવર જજ સાહેબ મુંબઈ ઉચ્ચ ન્યાયાલયમાં અરજી કરીને યાત્રાઓમાં થતી હત્યા કેસનો નિકાલ થાય નહીં ત્યાં સુધી રોકવાનો આદેશ મળેલો છે.

(૩) મહારાષ્ટ્રની ધારાસભામાં માન્યવર જીવદયા પ્રેમી આમદાર મંત્રી મહાશય ઇત્યાદીઓને મળીને મહારાષ્ટ્ર પશુબલી પ્રતિબંધક બીલ દાખલ કર્યું છે આ બીલ યોગ્ય તે માર્ગથી સરકાર તરફ પાસ કરવાનું આશ્વાસન આપવામાં આવેલ છે.

(૪) મહારાષ્ટ્ર પ્રદેશની અંદર અલગ અલગ જીલ્લાઓમાં ધાર્મિક યાત્રાઓમાં દસ લાખથી વધુ પશુ હત્યા ઉપર નમુદ કરેલી કારવાઇ પછી બહુ જ મોટા પ્રમાણમાં ઓછી થઈ છે આ હત્યા લગભગ ૩૦ ટકાના આશરે થાય છે હત્યાનું પ્રમાણ ઘટવા માટે સંસ્થા મારફત કાર્યકર્તાઓ યાત્રાના સ્થળે અને મહેરબાન પોલીસ અધિક્ષકને મળીને યાત્રામાં હત્યા બંધ કરવામાં પ્રયાસ કરે છે.

(૫) જીવ દયાની અમારી સંસ્થાએ ઉપાડેલી મહારાષ્ટ્રની લગભગ બધા જીલ્લાઓમાં જુંબેશ ચાલુ રાખવા માટે સંસ્થાને ફંડની જરૂરત રહે છે એ માટે શ્રધ્ધાપ્રેમી અને જીવદયાનો કાર્યમાં લાગણી ધરાવનારા ઉદાર દાતાઓને યથાયોગ્ય સહાય કરવા નમ્ર વિનંતિ છે. અમારી સંસ્થા મારફત સૌઠાણે (તા. માલેગામ) આ ગામડામાં મફત પશુ દવાખાનું ચલાવવામાં આવે છે. ચંદનપુરી (તા. માલેગામ) આ ગામમાં વિશાળ પાંજરાપોળ નિર્માણનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે.

આવી રીતે અમારી સંસ્થા મારફત પશુ સંરક્ષણ, સંવર્ધન અને જીવદયાના ક્ષેત્રમાં વિવિધ પ્રવૃતિ ચલાવવામાં આવે છે.

સેક્રેટરી–ડો. સતીશ કે. ગુજરાતી

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- વિષયના પ્રેમીના હૈયામાં કદિ પણ નવપદનો વાસ થતો નથી જન્મરહિત થવાના ધ્યેય વિનાનો ધર્મ, ધર્મ નથી પણ અધર્મ છે.
- યતિ જીવન એ જ દુર્લભ એવા માનવ જીવનનું સાચું ફળ છે. રાગ–દ્વેષને આધીન જીવ, ભગવાનના ધર્મ માટે નાલાયક છે મરી જાય પણ અસત્ય ન બોલે તેનું નામ માનવ ! ચંચલ એવા સંસારના સુખોમાં મૂંઝાય, તેને સમજુ કેમ કહેવાય ?
- દ્રવ્યક્રિયા પણ જો ભાવ લાવવા માટે કરાય તો તે પ્રશંસનીય છે. સૂર્યના પ્રકાશથી ઘૂવડ જેમ અંધ બને, તેમ સુખના રસીયા જીવો ભગવાનના શાસનને પામીને પણ સંસારમાં રખડે છે.
- રીબામણ પાપની હોવી જોઇએ; દુઃખની નહિ. થપાટ (ચંડાળ) જેવા કષાયોથી હંમેશા દૂર રહેવું જોઇએ; જો આત્મકલ્યાણ સાધવુ હોય તો !
- રમણતા પુદ્‌ગલમાં નહિ, પણ જો આત્મગુણોમાં આવે તો મોક્ષ તો આ રહ્યો !
- જીવનભર મન–વચન–કાયા ગુરૂને જ સમર્પિત એનું નામ ગુરુકુલવાસ !
- અર્થ–કામ, સઘળાં પાપોનું મૂળ છે.
- મનુષ્ય જીવન રત્નત્રયીનું ભાજન છે. તેમાં સંસારની સાધના કરવી એટલે સુવર્ણ-પાત્રમાં મદિરા પાન જેવું છે.
- રત્નત્રયી માટે જ તરફડે તેનું નામ જૈન !
- રત્નત્રયીની આરાધનામાં જ સદા તત્પર તેનું નામ સુસાધુ. હોશિયારી--સનમાર્ગે વાળો તો જગતને તારે અને ઉન્માર્ગે વાળો તો જગતનું સત્યમાશ મારે
- જેના વિના ચાલે જ નહિ તેવી બધી ચીજો 'નશાખોર' કહેવાય
- જગત પ્રમાદનું સાથી છે. જૈનસંઘ પ્રમાદનો વૈરી છે.
- જે પ્રમાદના પ્રેમી હોય તે બધા ધર્મના વૈરી હોય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

Received 17/3/97

પ. પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
પિ. ગાંધીનગર, પિન-382009

૧૬૧૬

નમો ચઉવિસાએ તિત્થયરાણું ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણું

* શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર *

હજારોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુડકા
(મુંબઇ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
વીરચંદ શેઠ
સુરેશચંદ્ર (વઢવાણ)
ધારાચંદ પદમશી ગુડકા
(થરાદ)

તો સોનામાં સુગંધ સાર્થક થાય

વર્ષ ૯

અંક ૨૮

ભવન્તિ ભૂરિભિર્ભાગ્યૈર્ધર્મકર્મમનોરથાઃ ।
ફલન્તિ યત્પુનસ્તેઽપિ
તત્સુવર્ણસ્ય સૌરભમ્ ॥

ભાગ્યશાલી આત્માને જ ધર્મકાર્યોના મનોરથો ઉત્પન્ન થાય છે. પરન્તુ તે મનોરથો જો ફળવાળા બને તો માનવું કે સોનામાં સુગંધ ભળી.

* શ્રી જૈન શાસન કાર્યાલય *

શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) ૩૬૧૦૦૫

કન્યાવિક્રયનો કેર કરનાર

માબાપ પ્રત્યે પુત્રીનો શ્રાપ

સુણ ચતુર સુજાણ એ રાગ.

ઓ દુષ્ટ પીતા, દીકરી વેચી ધન લેવા શું ધાય છે,
સમજી લેજે, લક્ષ્મી નહિ પણ અંતે તેતો લાહ્ય છે. ટેક.

એ પાપ થકી ક્રીડા પડશે, છાતીપર જમ આવી ચડશે,
ધગધગતા ખીલા ધાબડશે, ઓ દુષ્ટ પીતા૦ ૧

વૃદ્ધસંગ સુકન્યા ચોરી ચઢી, જોવા જન મળીયા એહ ઘડી;
તુજ કેમ ન છાતી ફાટી પડી, ઓ દુષ્ટ પીતા૦ ૨

મડદા સાથે મીંઢળ બાંધી, મંડપમાં રંડાપો સાંધી,
શું ? પાપ પાક ખાધો રાંધી, ઓ દુષ્ટ પીતા૦ ૩

કુધંધો કર્યાં સુઝયો તુજને, દુઃખ દરિયામાં નાખી મુજને;
રોકયો શું નહિં તુજને સુજને, ઓ દુષ્ટ પીતા૦ ૪

શું હાથપગો પડીયા ભાંગી, કન્યાવિક્રય બુધ્ધિ જાગી,
લે પાપી મૃત્યુને માગી ? ઓ દુષ્ટ પીતા૦ ૫


છે ગાય અને દીકરી સરખી, દોરે ત્યાં જાય જુઓ પરખી;
શું ? વેચે છે હરખી હરખી, ઓ દુષ્ટ પીતા૦ ૬

ધન આવ્યું તે રસ્તે જાશે, હાંસલમાં મોં કાળું થાશે;
આખર તું તો માગી ખાશે, ઓ દુષ્ટ પીતા૦ ૭

કસાઇ હાથે બકરી વેટી, તું તો વધ કરતો નીજ બેટી,
તે ને તા'રામાં બહુ છેટી, ઓ દુષ્ટ પીતા૦ ૮

આ અબળા અંતે શું કરશે, રળતી બળતી કુદે પડશે,
કાં નિસાસા નાંખી મરશે, ઓ દુષ્ટ પીતા૦ ૯

કેશવ શીખ આ ઉરમાં ધરશો, સૌ સંધ મળી બંધી કરશો,
તો સજનો શુભ મુક્તિ વરશો,
છે અરજી આ, રંડાતી રામાઓ દેખી આપને,
ધિક્કાર હજો, કન્યાવિક્રય કરનારાં માબાપને૦ ૧૦



વર્ષ : ૯] ૨૦૫૨ ફાગણ સુદ-૩ મંગળવાર તા. ૧૧-૩-૯૭ [અંક : ૨૮

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

–પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ–૭ શુક્રવાર તા. ૧૭–૭–૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ–૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૫ મું) –અવ૦)

सट्ठिं वाससहस्सा, तिसत्तखुत्तोदयेण घोएण ।
अशुचिन्नं तामलिणा, अन्नाणुतवुत्ति अप्पफलो ॥१॥

तामलितणुअ तवेणु, जिणुमइ सिज्जअ सत्त जणु ।
अन्नाणुह दोसेणु तामलि, धसाणिं गयउ ॥२॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ ફરમાવી રહ્યા છે કે– શ્રી અરિહંત પરમાત્માઓએ જે ધર્મ બતાવ્યો છે તે એક માત્ર મોક્ષની જ સાધના માટે કહ્યો છે પણ સંસારની સાધના માટે કહ્યો નથી. કેમકે, મોક્ષમાં જે સુખ છે તે જ સાચું અને વાસ્તવિક સુખ છે. મોક્ષમાં જે સુખ છે તે એવું છે જે સદા ભોગવાય તો પણ જરા ય નુકશાન કરે નહિ. જ્યારે આ સંસારના સુખને જે મઝેથી ભોગવે તે દુઃખી જ થાય. જીવને દુનિયાનું સુખ મળે તે ય ધર્મ કર્યો હોય તો જ મળે અને પાપ "કર્યું" હોય તો દુઃખ જ મળે આ વાતની શ્રધ્ધા છે ? હજી ધર્મ કરીએ તો દુનિયાનું સુખ મળે તેવી શ્રધ્ધાથી હજી ધર્મ કરનારા કદાચ મળે. પણ

'પાપથી દુઃખ જ આવે' આ સાંભળ્યા પછી પણ પાપ ન ઠરે, પાપ ઠરવું પડે તો ન છુટકે દુઃખથી ઠરે તેવા કેટલા જીવો મળે ? અહીં બધા ધર્માત્મા બેઠા છે ને ? તમે બધા શ્રાવઠ છો ને ? ન છુટકે સંસારમાં રહ્યા છો ને ? તમારે ધંધાદિ ઠરવા પડે છે તે ન છુટકે, દુઃખી હૈયે ઠરો છો ને ? તેમ શ્રાવિઠાઓને ચૂલો સળગાવવો પડે તે ન છુટકે સળગાવે છે પણ મજેથી સળગાવતી નથી ને ? કેમકે, શાસ્ત્રે ઠહ્યું છે કે- શ્રાવઠ શ્રાવિઠા ન છુટકે સંસારમાં રહ્યા છે. માટે શ્રાવઠ વેપારાદિ ઠરતો ઠરતો મરે તો ય સ્વર્ગે જાય. તે રીતે શ્રાવિઠા ચૂલો સળગાવતી સળગાવતી મરે તો ય સ્વર્ગે જાય.

સભા૦ : કોઇ વ્યાખ્યાન સાંભળતા સાંભળતા મરે તો શું ઠહો ?

ઉ૦ : જેવો જીવ. મારું વ્યાખ્યાન સાંભળતાં સાંભળતાં ય મારી મશ્કરી ઠરતો હોય કે માત્ર 'મોક્ષની, દીક્ષાની જ' વાત ક્યાં ઠરે છે. તેવે વખતે મરે તો ક્યાં જાય ? ભગવાનની વાત પણ ભોં બગાડીને સાંભળનારા હતા, ભગવાનની વાતની પણ મશ્કરી ઠરનારા જીવો હોય છે. માટે ભગવાનની દેશના સાંભળતા સાંભળતા મરે તો બધા જ સ્વર્ગે જાય તેવો નિયમ નથી. આજે તો મંદિરમાં મરે તે ય સ્વર્ગે જાય તેમ ઠહેવાય તેમ છે ?

મારે ભગવાનની પૂજા સારામાં સારા દ્રવ્યોથી સારી રીતે વિધિપૂર્વઠ ઠરવી જોઇએ તેવો પણ ભાવ કેટલાને છે ? બધાને પોતાના ઠપાળમાં ચાંલ્લા માટે લાલ કેસર જોઇએ છે. પણ ભગવાનની ભક્તિમાં તો જેવું હોય તેવું ચાલે ! ભગવાને દ્રવ્યભક્તિ તમને શા માટે ઠહી છે ? દ્રવ્યની મમતા ઉતારવા માટે દ્રવ્યભક્તિ ઠહી છે. દાન લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારવા માટે છે પણ લક્ષ્મી મેળવવા માટે ઠરવાનું નથી. જેટલા દાન ઠરતા હશે તે બધા લક્ષ્મીથી છુટવા માટે ઠરે છે કે લક્ષ્મી મેળવવા માટે ઠરે છે ?

સભા૦ : દાન ઠરે તો લક્ષ્મી મળવાની જ છે.

ઉ૦ : લક્ષ્મીથી છુટવા માટે જે જીવ દાન ઠરે તેને અધિઠને અધિઠ લક્ષ્મી મળવાની છે. પણ તેવા જીવને જેમ જેમ લક્ષ્મી મળે તેમ તેમ તે વધુને વધુ શાસનની પ્રભાવના થાય તેવાં કાર્યો ઠરે. અને અન્તે લક્ષ્મીને લાત મારી સાધુ થઇ પોતાનું ઠામ સાધી જાય. મહાપુરુષોના જીવન વાંચો. એઠ ઠરતાં એઠ ભવ ઊંચા. સુખ તેમની પાછળને પાછળ ફરે પણ સુખને તે લાત મારતા જાય.

તમે બધા દાન-શીલ અને તપ ઠરતા હો તો તમે શું ઠલ્પનામાં હો છો ? દાન, લક્ષ્મી નામની ડાઠણથી છુટવા માટે છે. શીલ ભોગથી છુટવા માટે છે. તપ ખાવા-પિવાદિ-મોજ મજાદિની ઇચ્છાઓથી છુટવા માટે છે. અને ભાવ ધર્મ

આખા ભવથી છુટવા માટે છે. શાસ્ત્રે ભાવનાને ભાવનાશિની કહી છે. ભાવ વિનાનો બધો ધર્મ નકામો કહ્યો છે. ભાવના ભાવતાં ભાવતાં જીવ કેવળજ્ઞાન પામી જાય છે. જે જીવ ભગવાનને ન પણ ઓળખાતો હોય તો પણ તેના રાગ-દ્વેષાદિ નાશ પામે તો તે કેવળજ્ઞાન પામી પણ જાય. ભરત ચક્રવર્તી આરિસા ભુવનમાં, ચક્રીપણામાં કેવળજ્ઞાન પામ્યા. દ્રવ્યચારિત્ર વિનાનો જીવ મોક્ષે જાય પણ સમ્યક્ત્વ વિનાનો કોઇ જીવ મોક્ષનાં ન જાય. સાધુવેષ ન લીધો હોય તો પણ ભાવચારિત્ર તો આવી જાય. આવો ભાવધર્મ છે. તે તમે ભાવો છો ખરા ?

આ સંસારના સુખને અને સંપત્તિને જગત સારું કહે છે પણ શાસ્ત્ર કહે છે કે તે બે પુણ્ય હોય તો જ મળે. પુણ્ય પણ તેને બંધાય જેને ધર્મ કર્યો હોય. તો પણ તે સુખ અને સંપત્તિ ઈચ્છવા જેવી નથી, તેને મેળવવા મહેનત કરવા જેવી નથી, મળે તો આનંદ પામવા જેવું નથી, ભોગવવા જેવી નથી, તે બે જાય તો આનંદ પામવા જેવું છે; આપણે બધા જન્મ્યા છીએ રોઇને પણ મરવું છે હસતાં હસતાં. જે જીવ ધર્મ કરે તે હસતા હસતાં મરે તેને મરણનો ભય હોય નહિ. તેને મરણની ખબર પડે તો વધાવી લે. અનશન કરીને જ મરે. આગળ સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા મોટે ભાગે અનશન કરીને મરતા હતા.

પ્ર૦ : સાધુને છઠ્ઠું ગુણઠાણું મૂકી ચોથે ગુણઠાણે જવાનું તો આનંદ શું આવે ?

ઉ૦ : આ ચારિત્ર માત્ર મનુષ્યપણામાં જ મળે છે. પણ જે જીવ ચારિત્રના પરિણામમાં મરે તો મોટેભાગે વૈમાનિક દેવલોકમાં જાય અને ત્યાં ય તેનો વિરાગ જીવતો હોય. તે દેવલોકમાં ચારિત્ર ન મળે પણ સમ્યક્ત્વ સાથે રહી શકે છે એટલે તેને લાગે કે- બહુ મોટી જેલમાં આવ્યો છું. અને કદાચ પહેલા આયુષ્ય બંધાઈ ગયું હોય અને નરકમાં જવુ પડે તો ય સમાધિમાં હોય છે. કેમકે આ ધર્મ જ સુખમાં વિરાગ અને દુઃખમાં સમાધિ રાખતા શીખવે છે.

શ્રી કૃષ્ણ મહારાજા અને શ્રી શ્રેણિક મહારાજા નરકમાં છે છતાં ય જ્ઞાની કહે છે કે- ત્યાં મજા કરે છે, સમાધિમાં છે અને સારામાં સારી નિર્જરા કરે છે. બંન્નેય તીર્થંકર થવાના છે ઘણાને નરકમાં પણ પ્રતિબોધ કરવા જાય એવા સ્નેહી મળે. ત્યાંની તકલીફમાં ય તે આનંદમાં હોય છે કેમકે, તે માને છે કે-'મેં ઘણાં પાપ કર્યાં છે તે પણ રાચી-માચીને કર્યા છે માટે તકલીફ આવે જ.'

(ક્રમશઃ)

પરમ પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના

— પુણ્ય પ્રવચનો નો સારાંશ —

જગતના જીવ માત્રને દુઃખ કદી જોઈતું નથી.
સુખ સંસારનું એવું છે જે છોડવું ગમતું નથી,
પણ દુઃખ મળે છે પાપથી ને પુણ્ય કર્મે સુખમળે,
એ શ્રધ્ધા રાખનારને સંસારમાં ગમતું નથી.

સંસારનું આ સુખ ભૂંડું સર્વપાપ મૂળ છે,
સંસારના વિષચક્રનું આ મોટું વર્તુળ છે,
આપણે કરેલા પાપના પરિણામે દુઃખ આવશે
શ્રધ્ધા અરિહંત વચનની એ જ ધર્મનું મૂળ છે.

સુખદુઃખ આ સંસારનું એ તો કર્મનો ખેલ છે,
પુણ્યથી મળતું સુખ એ હળાહળ ઝેર છે,
સુખ મેળવવા દુનિયામાં જીવ, વ્યર્થ ફાફા મારતો,
જીવને પહેલા મઝા કરાવે પછી દુર્ગતિની જેલ છે.

મળેલા સુખ ભોગવવાનો જીવ જે લલચાય છે,
આશ્રવ થકી કર્મ બાંધી સંસારમાં લપટાય છે,
મળે નહિ એ સુખ છતાં–તેના જ વિચારો કરી,
પકડી પાલવ વિકલ્પનો જીવ દુર્ગતિમાં જાય છે.

સજા ભોગવતાં દુઃખ આવે, જે તેને ગમતું નથી,
દુઃખ ટાળવા મહેનત કરે છતાં દુઃખ જતું નથી,
દુઃખ તેનું વધી જશે જે ટાળવા મહેનત કરે,
કર્મ પ્રભાવ સમજી લેજે, તેને તે અડતું નથી.

પાપ ઉપર દ્વેષ કરજો; પાપથી દુઃખ આવતું,
દુઃખ ઉપર દ્વેષ કરતાં વધીને દુઃખ આવતું,
સંસારના સઘળા જીવો સુખ મેળવવા પાપ કરે,
મહાદ્વેષ કરો સુખ ઉપર ભલેને તે ઘણું ભાવતું.

અહમ્-મમતા મોહમંત્રને સૌ કોઈ આજે અનુસરે,
પણ તેના ભ્રમણો મટી જશે જે અહમ્–મમને મારશે,
સંસારી આ ક્રિયા બધી અવિરતિના યોગે થતી,
ત્યારે જ અહમ્ દૂર થશે ને અપધ્યાન દૂર કરાવશે.



જિનપૂજામાં આવશ્યકશુદ્ધિ

[સૂતક અંગે શાસ્ત્રીય વિચારણા]

પ્ર૦ : શ્રી જિનપૂજા કરતી વખતે શ્રાવકે કેટલી શુદ્ધિ જાળવવી જોઇએ ?

ઉ૦ : પરમ શ્રાવકે શ્રી અરિહંત પરમાત્માની નિત્ય ત્રિકાળ પૂજા કરવી જોઇએ. આવી ત્રિકાળપૂજા કરતી વખતે સાત પ્રકારની શુદ્ધિ જાળવવાનું શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે :-(૧) અંગશુદ્ધિ (૨) વસ્ત્રશુદ્ધિ (૩) મનશુદ્ધિ (૪) ભૂમિશુદ્ધિ (૫) પૂજોપકરણ શુદ્ધિ (૬) દ્રવ્ય (ધન) શુદ્ધિ (૭) વિધિશુદ્ધિ. આ સાત શુદ્ધિ જાળવવા પૂર્વક કરવામાં આવતી શ્રી જિનપૂજા આત્માને ભવસાગરથી પાર ઉતારે છે.

પ્ર૦ : કેવી શારીરિક અવસ્થામાં શ્રી જિનપૂજા ન થઇ શકે ?

ઉ૦ : શરીરમાંથી અશુચિ=લોહી, પરૂ ઇત્યાદિ વહેતું હોય તેવી શારીરિક અવસ્થામાં શ્રી જિનપૂજા ન થઇ શકે.

પ્ર૦ : જન્મેલ બાળક અને તેની માતાથી સૂતકમાં પૂજા થઇ શકે ?

ઉ૦ જન્મેલ બાળક અને તેની માતાથી શરીરની અશુદ્ધિ હોય તેવી અવસ્થામાં શ્રી જિનપૂજા ન થઇ શકે.

પ્ર૦ : જન્મેલ બાળક અને તેની માતા સિવાયના ઘરનાં બીજા સભ્યોથી સૂતકમાં કેટલા દિવસ પૂજા ન થઇ શકે ?

ઉ૦ : જન્મેલ બાળક અને તેની માતા સિવાયના ઘરનાં બીજા સભ્યોને સૂતકમાં, સ્નાન કર્યા પછી શ્રી જિનપૂજા કરવાનો નિષેધ નથી. શ્રી હીરપ્રશ્ન અને શ્રી સેનપ્રશ્નમાં સૂતકમાં પ્રભુપૂજા અંગેના પ્રશ્નમાં, સ્પષ્ટ ઉત્તર આપવામાં આવ્યો છે કે 'જન્મ-મરણ સૂતકમાં સ્નાન કર્યા પછી શ્રી જિનપૂજાનો નિષેધ શાસ્ત્રમાં જણ્યો નથી.'

પ્ર૦ : 'શાસ્ત્રમાં નિષેધ જણ્યો નથી' એનો મતલબ તો એવો પણ થાય ને કે 'શાસ્ત્રમાં નિષેધ હોઈ પણ શકે ?'

ઉ૦ : વિક્રમની સત્તરમી સદીમાં તપાગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી હીરસૂરીશ્વરજી મ. સા. અને પૂ. આ. ભ. શ્રી સેનસૂરીશ્વરજી મ. સા. એ 'સૂતકમાં સ્નાન કર્યા પછી શ્રી જિનપૂજાનો નિષેધ જણ્યો નથી' એમ જાહેર કર્યું હતું. આજે વિક્રમની એકવીસમી

સદીમાં પણ શાસ્ત્રમાંથી 'સૂતકમાં સ્નાન કર્યા પછી શ્રી જિનપૂજાનો નિષેધ' સૂતકવાળાઓ કાઢી શકયા નથી. તે તે કાલની અપેક્ષાએ વિશિષ્ટ શ્રુતધર ગણાતા મહાપુરૂષો 'શાસ્ત્રોમાં નિષેધ જાણ્યો નથી' એવો સ્પષ્ટ ઉત્તર આપે, છતાં તેનો અર્થ 'શાસ્ત્રોમાં નિષેધ હોઇ પણ શકે છે' એવો કાઢનારાને કાં તો ભાષાજ્ઞાન નથી, કાં તો મહાપુરૂષોના નામે ફાવતી વાતો પકડી રાખવાની ટેવ પડી છે—એમ માન્યા વિના ચાલે એવું નથી.

પ્ર૦ : શ્રી સેનપ્રશ્નમાં જણાવેલ 'સ્નાન'થી 'દસદિવસ પછીનું સ્નાન' એવો અર્થ લેવાનો છે, નહિ કે નિત્યસ્નાન. 'શ્રી કલ્પસૂત્ર બાલાવબોધ'માં પણ આ જ અર્થનું સમર્થન કરવામાં આવ્યું છે તેનું શું ?

ઉ૦ : 'શ્રી કલ્પસૂત્ર બાલાવબોધ'માં તો આ વિષયનું ચરિતાનુવાદ સ્વરૂપે વર્ણન છે. ત્યાં કોઇ વિધિવાક્ય વાપરવામાં આવ્યું નથી. શ્રી 'સેનપ્રશ્ન'ના 'સ્નાન'ને 'દસ દિવસ પછીનું સ્નાન' કહેનારા આચાર્ય તો પૂ. સેનસૂરિ મ. સા.ને 'અન્યાયી ગચ્છનાયક' માનનારા છે. ફાવતી વાતો કરવા માટે પૂ. આ. શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા અને પૂ. આ. શ્રી સેનસૂરીશ્વરજી મહારાજા માટે ભારે બહુમાન બતાવી રહેલા આ આચાર્ય, ફાવતું ન આવે ત્યારે એ મહાપુરૂષો માટે ગમે તેવા અપશબ્દો લખતાં અચકાતા નથી. માટે આવા અજ્ઞાની, અવિનયી અને કદાગ્રહી આચાર્ય, મહાપુરુષોનાં નામ વટાવવાથી દૂર રહે એમાં જ એમનું ભલું છે.

એમ.સી. વાળી બહેનો ત્રણ દિવસ પછી સ્નાન કરે છે છતાં તે ત્રણ દિવસ દરમ્યાન ઘરના અન્ય સભ્યો સ્નાન કરે તો શુધ્ધ થયા કહેવાય છે અને તેઓ શ્રી જિન-પૂજા પણ કરી શકે છે. અહીં 'એમ.સી.વાળા બહેનના ચોથા દિવસના સ્નાન પછી જ ઘરના અન્ય સભ્યો શુધ્ધ બને છે' તેવો કદાગ્રહ કોઈ સુજ્ઞજન રાખતો નથી. તે જ રીતે પ્રસૂતા બહેન દસ દિવસ પછી સ્નાન કરતા હોય તો પણ તે સમય દરમ્યાન ઘરના અન્ય સભ્યો સ્નાન કરે એટલે તેઓ શુધ્ધ થઈ જાય છે અને શ્રી સેનપ્રશ્નના પાઠ મુજબ શ્રી જિનપૂજા પણ કરી શકે છે. અહીં 'પ્રસૂતા બહેનના દસ દિવસના સ્નાન પછી જ ઘરના અન્ય સભ્યો શુધ્ધ બને 'તેવો કદાગ્રહ પણ કોઇ સુજ્ઞજન રાખી શકે નહિ. આ વિષયમાં અગીતાર્થ કદાગ્રહીની 'દસ દિવસ પછીનું સ્નાન' એવી વાત કોઇએ ધ્યાનમાં લેવી નહીં.

પ્ર૦ : તમારી આ રજુઆત તો 'સૂતકમાં શ્રી જિનપૂજા ન થઈ શકે' તેવા પ્રચારને શાસ્ત્રનો ટેકો નથી—એમ પૂરવાર કરે છે. પણ સૂતકમાં શ્રી જિનપૂજા ન થઈ શકે-એવી તપાગચ્છની સામાચારી તો છે જ ને ?

ઉ૦ : 'સૂતકમાં શ્રી જિનપૂજા ન થઇ શકે' એવી સામાચારી તપાગચ્છની નથી. આ સામાચારી ખરતરગચ્છની છે. ખરતરગચ્છની સામાચારી અપનાવવા જીદે ચઢેલા તપાગચ્છીઓની ભાવદયા ચિંતવવા જેવી છે. 'શ્રી હીરપ્રશ્ન'માંનો જેસલમેરના શ્રી સંઘે કરેલ અઢારમો પ્રશ્નોત્તર વાંચતા આ વાતનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

પ્ર૦ : જેના ઘરે પુત્ર-પુત્રીનો જન્મ થાય છે તેના ઘરનાં મનુષ્યો ખરતરપક્ષમાં પોતાના ઘરના પાણીથી દેવપૂજા કરતા નથી. તેના [ખરતરગચ્છના] સાધુઓ પણ તેના ઘરે દસ દિવસ સુધી વહોરતા નથી. તેના અક્ષર કયાં છે ? આપણા [તપાગચ્છ] પક્ષમાં આ વિષયમાં કયો વિધિ છે ?

ઉ૦ : 'જેના ઘરે પુત્ર પુત્રીનો જન્મ થાય છે તેના ઘરના પાણીથી દેવપૂજા શુદ્ધ ન થાય' તેવા અક્ષરો શાસ્ત્રમાં જાણ્યા નથી. અને તેના ઘરે વહોરવાની વિધિમાં તો જે દેશમાં જે લોકવ્યવહાર હોય તે અનુસારે સાધુઓએ કરવું જોઇએ. દસ દિવસનો આગ્રહ શાસ્ત્રમાં જાણ્યો નથી. (આ પ્રશ્નોત્તર ઉપર 'શ્રી હીરપ્રશ્નોત્તર ગ્રંથ ટિપ્પનિકા'માં ગમે તેમ લખનારને શાસ્ત્ર સાથે કાંઈ લાગતું વળગતું નથી.)

પ્ર૦ : શ્રી સેનપ્રશ્નમાં પણ સૂતક અંગેના જે પ્રશ્નોત્તરો છે તે પણ સૂતકમાં શ્રી જિનપૂજાનો નિષેધ કરનારા નથી ? અહીં રજુ કરો તો અમને વિચારવાની અનુકૂળતા રહે.

ઉ૦ : શ્રી સેનપ્રશ્નના પ્રશ્નોત્તરો તો 'સૂતકમાં શ્રી જિનપૂજા થઇ શકે' એવો સ્પષ્ટ ખુલાસો કરનારા છે. શ્રી સેનપ્રશ્નમાંના સૂતક સંબંધી બધા પ્રશ્નોત્તરો આ મુજબ છે.

પ્ર૦ : જન્મસૂતકમાં અને મરણ સૂતકમાં પ્રભુપ્રતિમાની પૂજા થાય કે નહિ ?
(ફતેહપુર શ્રીસંઘનો પ્રશ્ન)

ઉ૦ : જન્મ-મરણ સૂતકમાં પણ સ્નાન કર્યા પછી પ્રતિમાની પૂજાનો નિષેધ જાણ્યો નથી. (આ જવાબમાં, 'દસ દિવસ પછીનું સ્નાન' એવો ખોટો અર્થ કરનારા અગીતાર્થ છે. અહીં 'સ્નાન' શબ્દથી 'સૂતક' ઉતર્યા પછીનું 'સ્નાન' એવો અર્થ કરનારની ગીતાર્થતા કોઇ વિશિષ્ટ પ્રકારની લાગે છે ! પ્રશ્ન પૂછનાર 'સૂતકમાં પૂજા થાય કે નહિ ?' એવો સ્પષ્ટ પ્રશ્ન પૂછે છે, (સૂતક ઉતર્યા પછી પૂજા થાય કે નહિ-એવો પ્રશ્ન તો કોઇને ય ઉઠવાનો સંભવ નથી.) અને એના જવાબમાં ગ્રંથકાર મહાપુરૂષ 'સ્નાન કર્યા પછી પૂજાનો નિષેધ નથી' એમ ફરમાવે ત્યારે આ સ્નાન, પૂજા પૂર્વે કરતા દૈનિક સ્નાનના અર્થમાં જ કહેવાયું હોવાનું સ્પષ્ટ છે. આની સામે 'શું સૂતક વિનાના ઘરોમાં સ્નાન કર્યા વગર પ્રભુપૂજા કરવાની છૂટ છે ?' જેવો કુતર્ક કરનારને પૂછવાનું મન થાય છે કે તમારા મતે

આ સ્નાન દસદિવસ પછીનું જ સમજવાનું હોય તો, શું એવા એક સ્નાન પછી પૂજા કરનારે દૈનિક સ્નાન કરવાની જરૂર નહિ ને ?

પ્ર૦ : 'जाय-मयसूअगाइनिच्छूढा' ઇત્યાદિ. સૂતક શબ્દ દરેક સાથે જોડવો. જાત-સૂતક-જન્મ પછી દસ દિવસ સુધી. અને મરણસૂતક-મરણ પછી દસ દિવસ સુધી, તેમાં વર્જવાના બે પ્રકાર છે : લૌકિક અને લોકોત્તર. તેમાં લૌકિક બે પ્રકારે છે : ઇત્વર અને યાવત્કથિક. લોકમાં સૂતકના દસ દિવસ વર્જાય છે– તે ઇત્વર છે અને યાવત્કથિક એટલે વરૂડ, છીંપા ચામડીઆ, ડોંબ, વગેરે અસ્પૃશ્યજાતિઓ. આ પ્રમાણે શ્રી વ્યવહાર સૂત્રની ટીકામાં છે.' એમ કહીને બરતરો સૂતકનું ઘર દિવસ સુધી વર્જે છે. અને શ્રીહીરપ્રશ્નમાં તો કહ્યું છે કે 'દસ દિવસનો આગ્રહ જણ્યો નથી.' તો આ બાબત કેમ છે ? (પં. શ્રી ધનહર્ષગણીનો પ્રશ્ન)

ઉ૦ : શ્રી વ્યવહાર સૂત્રની ટીકામાં જે દસ દિવસનું વર્જન છે તે દેશ વિશેષને આશ્રયીને છે. તેથી જે દેશમાં સૂતકસંબંધી જે મર્યાદા હોય તેટલા દિવસ વર્જવા. તેથી પ્રશ્નોત્તર ગ્રન્થ સાથે કોઈ વિરોધ નથી (આ પ્રશ્નોત્તરથી પણ બરતર અને તપાગચ્છની ગોચરી વિષયક સમાચારીની ભિન્નતા જાણવા મળે છે.)

પ્ર૦ : સૂતકવાળા ઘરે સાધુએ વહોરવા જવાય કે નહિ ? (પં. શ્રી વિદ્યાવિજય ગણીનો પ્રશ્ન)

ઉ૦ : જે દેશમાં સૂતકવાળા ઘરે જેટલા દિવસ સુધી બ્રાહ્મણ વગેરે ભિક્ષા માટે ન જાય, તે દેશમાં સાધુઓએ તેટલા દિવસ આહાર માટે ન જવું. એમ વૃદ્ધપુરૂષોનો વ્યવહાર છે. (આ પ્રશ્નોત્તરથી પૂ.આ.શ્રી સેનસૂરીશ્વરજીમહારાજના સમયમાં સૂતકવાળાને ત્યાં સાધુની ગોચરી જવા અંગેની મર્યાદા–વૃધ્ધ વ્યવહાર કેવો હતો તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.)

પ્ર૦ : કડવામતવાળા ગૃહસ્થની પ્રસૂતા સ્ત્રી બે માસ સુધી કોઈપણ ચીજને અડકતી નથી અને રાંધવાની ક્રિયા કરતી નથી. અને આપણા ગચ્છમાં તો દસ દિવસ છે તેનું કેમ ? (પં. શ્રી નગર્ષિગણીનો પ્રશ્ન)

ઉ૦ : દસ દિવસ પ્રસૂતા સ્ત્રી સંઘટ્ટા વગેરે ન કરે તેમ લોકરીતિ છે. તેમાં પણ દેશ વિશેષમાં કોઇક સ્થાનમાં ન્યૂનાધિકપણું પણ છે. (આ પ્રશ્નોતરથી પૂ. આ. શ્રી સેનસૂરીશ્વરજી મહારાજના સમયમાં પ્રસૂતા બહેનો કેટલા દિવસે ઘર કામ કરતી હતી તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.)

પ્ર૦ : શ્રી વ્યવહારસૂત્રવૃત્તિ, શ્રી નિશીથભાષ્ય, શ્રી નિશીથચૂર્ણિ, શ્રી ઓઘ-

નિર્યુક્તિ, શ્રી દશવૈકાલિકવૃત્તિચૂર્ણિ, શ્રી પ્રશમરતિ પ્રકરણ આદિ આગમશાસ્ત્રોમાં સૂતકનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એથી સૂતકમાં શ્રાવકથી શ્રી જિનપૂજા થાય જ કેમ ? શ્રી હીરપ્રશ્ન-સેનપ્રશ્ન પણ સૂતકમાં શ્રી જિનપૂજાની સંમતિ આપીને ઉપરના આગમગ્રન્થોથી વિપરીત સમાધાન આપે છે એમ નથી લાગતું ?

ઉ૦ : શ્રી વ્યવહારસૂત્રવૃત્તિથી માંડીને શ્રી પ્રશમરતિ પ્રકરણ સુધીના શાસ્ત્રોમાં સૂતકગૃહોમાં ગોચરી જવા અંગેની સાધુની મર્યાદાની વાત કરી છે. ક્યાંય શ્રી જિનપૂજા સંબંધી વિચારણા કરીને સૂતકની વાત લખી જ નથી. જેઓ ઉપરના બધા આગમોના નામે સૂતકમાં શ્રી જિનપૂજાનો નિષેધ કરે છે. તેઓ ચોખ્ખું ઉત્સૂત્રકથન કરે છે. ઉપર લખેલ ગ્રન્થોમાંથી 'સૂતકમાં શ્રી જિનપૂજાનો નિષેધ' કરનારા અક્ષરો કાઢી આપવાનું તેઓને મારું જાહેર આમંત્રણ છે. સૂતકનો ઉલ્લેખ કરનારા કોઇ શાસ્ત્રમાં શ્રી જિનપૂજાનો નિષેધ લખેલો ન હોવાથી જ શ્રી હીરપ્રશ્ન-સેનપ્રશ્નમાં 'સૂતકમાં સ્નાન કર્યા પછી પ્રભુપૂજાનો નિષેધ જાણ્યો નથી' એવું શાસ્ત્રીય સમાધાન આપ્યું છે. આ સમાધાન ઉપર જણાવેલ આગમ-શાસ્ત્રોથી જરા પણ વિપરીત નથી. શાસ્ત્રોના અર્થ વિપરીત કરનારાને તો શાસ્ત્રીય બધું જ શાસ્ત્રવિપરીત લાગે. એનો ઉપાય નથી.

પ્ર૦ : ઉપર કહેલા આગમગ્રન્થોમાં ભલે સ્પષ્ટ શબ્દોમાં 'સૂતકમાં શ્રી જિનપૂજાનો નિષેધ' ન મળે, પણ સૂતકગૃહોને 'અભોજ્ય' તો જણાવ્યા જ છે ને ? અભોજ્ય એવાં સૂતકગૃહનો આહાર કરનાર શ્રી જિનપૂજા શી રીતે કરી શકે ? એનાથી દેરાસર અભડાઈ ન જાય ?

ઉ૦ : શાસ્ત્રકારોએ લોકરીતિ મુજબ જેમ સૂતકગૃહોના આહારને 'અભોજ્ય' જણાવ્યું છે તેમ લોકોત્તરરીતિ મુજબ મદ્ય-માંસ-લસણ-બહુબીજ-અનંતકાય (કાંદા-બટાટા વગેરે) ને પણ 'અભોજ્ય' જ ગણાવ્યાં છે. તો શું તમે સૂતકગૃહનું ભોજન કરનારાની જેમ અનંતકાય આદિ અભોજ્ય આહાર કરનારા માટે પણ શ્રી જિનપુજાનો નિષેધ ફરમાવો છો ? અનંતકાય ભક્ષકાદિ શ્રી જિનપૂજા કરીને દેરાસર અભડાવી રહ્યા છે તેમ માનો છો ? સૂતકવાળાઓએ આજ સુધી અર્થહીન ઘણી કલ્પનાઓ જાણ્યું છે. પણ અનંતકાયાદિનું ભક્ષણ કરનારાને શ્રી જિનપુજા કરવાનો પ્રતિબંધ (નિષેધ) ફરમાવ્યાનું જાણ્યું નથી. (અહીં અનંતકાય ભક્ષકાદિનો બચાવ કરવામાં આવી રહ્યો છે એવી ગેરસમજ ઉભી કરવાની જરૂર નથી. અનંતકાયાદિનું ભક્ષણ સર્વથા વર્જવા લાયક જ છે- એ શાસ્ત્રીય પ્રરૂપણા અમે સ્પષ્ટ શબ્દોમાં કરીએ જ છીએ. આ તો સૂતકવાળા જેવી અસંગત વાતો કરે છે તેનો ખ્યાલ આપવા માટે વાત થઇ રહી છે.)

પ્ર૦ : સૂતકવાળા ઘરોમાં સાધુથી ગોચરી જઈ શકાય નહિ તો તેવા ઘરનો આહાર કરનાર શ્રાવક શ્રી જિનપૂજા કેમ કરી શકે ?

ઉ૦ : સાધુની ગોચરી અંગેની મર્યાદાના નિયમો શ્રાવકની શ્રી જિનપૂજા માટે નિયમ તરીકે ન બનાવી શકાય. બંને (ગોચરી અને શ્રી જિનપૂજા) અલગ બાબત છે. શરીરમાં પડેલા ઘામાંથી લોહી આદિ અશુચિ વહેતી હોય તો શ્રાવકથી શ્રી જિનપૂજા ન થઈ શકે, પણ તે શ્રાવક સાધુને વહોરાવી શકે. એ જ રીતે શય્યાતર (જ્યાં સાધુ ઉતરેલા હોય તે મકાનના માલિક)ના ઘરે સાધુથી આહાર–પાણી વહોરવા ન જવાય, પણ એ શય્યાતર શ્રાવક શ્રી જિનપૂજા કરી શકે. સૂતકનો પક્ષ લઈને શ્રી જિનપૂજા બંધ કરાવી રહેલાઓને આટલી પણ સમજ હોય તેમ જણાતું નથી.

પ્ર૦ : પૂ.શ્રી આત્મારામજી મ.એ પોતાના 'તત્ત્વનિર્ણય પ્રાસાદ' નામના ગ્રંથમાં સૂતકનું વિસ્તારથી વર્ણન કર્યું છે. તેમાં શ્રી જિનબિંબોનો સ્પર્શ કરવાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે. એમના વંશવારસદાર એવા તમે બધા એમનાથી વિપરીત કેમ કહો છો ? શું તેમનું વચન પણ તમને માન્ય નથી ?

ઉ૦ : પૂ.શ્રી આત્મારામજી મ. ના નામે સૂતકવાળાઓએ આ એક પદ્ધતિસરનો પ્રપંચ ખેલ્યો છે. વાસ્તવમાં પૂ. શ્રી આત્મારામજી મ. એ 'તત્ત્વનિર્ણયપ્રાસાદ' નામના પોતાના ગ્રંથરત્નમાં, શ્રી આચારદિનકર નામના ગ્રંથમાં જણાવેલ લોક વ્યવહારનું ભાષાંતર રજુ કર્યું છે. સૂતક આદિ ગૃહસ્થ વ્યવહારને કોઈ માણસ વિધિવાદ ન સમજી લે તે માટે 'તત્ત્વનિર્ણયપ્રાસાદ'ના પૃષ્ઠ ૩૧૮ ઉપર પૂ. આત્મારામજી મ.એ લખ્યું છે કે–

'ઇતના વિધિ ગૃહસ્થ વ્યવહારાદિકકા શ્રી આચારાંગ, વિવાહપ્રજ્ઞપ્તિ (ભગવતી), જ્ઞાતાધર્મકથા, દશાશ્રુતસ્કંધ કે આઠમે અધ્યયનાદિકમેં ચરિતાનુવાદરુપ પ્રતિપાદન કરા હૈ. તીર્થંકર કે જન્મ હુયે તિન કે માતાપિતા જે કિ શ્રાવક થે, તિનોને ભી યહ પૂર્વોક્ત (જન્મકર્મ) વિધિ કરા હૈ. ઈસ વાસ્તે મૂલ આગમો મેં ચરિતાનુવાદ કરકે ગૃહસ્થ વ્યવહારકા વિધિ સૂચન કરા હૈ. પરંતુ વિધિવાદ સે કથન કરા હુઆ હમકો માલુમ નહિ હોતા હૈ.'

પૂ. શ્રી આત્મારામજી મ. એ 'ચરિતાનુવાદમાં વર્ણવેલા ગૃહસ્થવ્યવહાર વિધિવાદ નથી' એવી એકદમ સ્પષ્ટ વાત 'તત્ત્વનિર્ણયપ્રાસાદ'માં લખી છે. છતાં આ મહત્વની પંક્તિ છુપાવીને, બાકીની વાત બહાર મૂકી, પૂ. શ્રી આત્મારામજી મ. વિષે ગેરસમજ ફેલાવવાનું પાપકાર્ય કોઈ સજ્જન માણસ તો ન જ કરે. જો કે ખોટી માન્યતા પકડી બેઠેલા કદાગ્રહીઓને આવા પ્રપંચો કર્યા વિના ચાલે તેમ નથી. ખોટા માણસને ખોટી

વાત સિધ્ધ કરવા માટે ખોટા રસ્તે જ જવું પડે છે તેનો આ પુરાવો છે. આવા કદાગ્રહીઓની ભાવદયા જ ચિંતવવી રહી. શાસનદેવ તેઓને સદ્‌બુધ્ધિ આપે...

પૂ.શ્રી આત્મારામજી મ. અને તેઓશ્રીના પરિવારના અમો બધા 'સૂતકની વાતને ચરિતાનુવાદ રૂપ માનીએ છીએ, વિધિવાદરૂપે માનતા નથી.' આ વાત આટલી વિચારણાથી સ્પષ્ટ બની છે.

પ્ર૦ : મહાન પવિત્ર કલ્પસૂત્રકારે 'નિવ્વત્તિએ અસુઇજન્મકરણે' શબ્દ લખીને અને અવચૂર્ણિકારે 'પ્રસવવ્યાપારાણાં નાલચ્છેદાદીનાં' શબ્દ વાપરીને દસ દિવસના સૂતકની વાત જણાવી જ છે ને ? શ્રી તીર્થંકર પરમાત્મા જેવાના જન્મ સમયે પણ જો આવી વિધિ પાળવાની હોય તો સામાન્યજનને તો સૂતક અવશ્ય પાળવું જ જોઇએ. તેથી સૂતકવાળાઓથી શ્રી જિનપૂજા થાય જ કેમ ?

ઉ૦ : શ્રી કલ્પસૂત્રનું એ અગીઆરમા દિવસનું વર્ણન કરતું સૂત્ર ચરિતાનુવાદ સ્વરૂપ છે, એ વાત અવચૂર્ણિકારના 'નાલચ્છેદાદિ' શબ્દથી સિધ્ધ થાય છે. કારણ કે શ્રી તીર્થંકર પરમાત્માના જન્મબાદ તે જ રાત્રિએ નાલચ્છેદનની ક્રિયા, પોતાના શાશ્વત આચાર મુજબ દિગ્‌કુમારીઓ કરે છે. આ વાત તો કલ્પસૂત્રની ટીકામાં જન્મ મહોત્સવના વર્ણનમાં સ્પષ્ટ લખેલી છે. તેથી સૂત્રકારે લોકવ્યવહારાનુસાર જ અગીઆરમાં દિવસનું તેવું વર્ણન કર્યું છે એ નક્કી થાય છે. તેથી શ્રી કલ્પસૂત્રના નામે પણ સૂતકમાં શ્રી જિનપૂજા બંધ કરાવવાની સૂતકવાળાઓની ઇચ્છા સફળ બને તેવી નથી.

પ્ર૦ : આજથી લગભગ ૭૫ વર્ષ પૂર્વે છપાયેલ 'સૂતક વિચારપટ' જૈનોએ માનવો જોઇએ કે નહિ ? સૂતકવાળાઓ આ પટ માનવાની ભલામણ કરે છે તે યોગ્ય છે ?

ઉ૦ : તમે જણાવેલ 'સૂતક વિચાર પટ' જરાય વિશ્વાસપાત્ર લાગતો નથી. તેમાં કેવા જુઠાણું હાંકવામાં આવ્યા છે, તેનો એક નમૂનો બતાવું : 'મૃત્યુસંબંધી સૂતક' એવા હેડીંગ નીચે લખ્યું છે કે 'તેના (સૂતકવાળાના) ઘરના અગ્નિ તથા જળથી જિનપૂજા (સ્નાત્ર અને ધૂપ, દીપ) થાય નહિ એમ નિશીથચૂર્ણિમાં કહ્યું છે.' અમને તો શ્રી નિશીથચૂર્ણિમાં આવું વાક્ય વાંચવા મળ્યું નથી. શ્રી નિશીથચૂર્ણિના નામે આ એક ગપ્પું ચલાવવામાં આવ્યું છે એવો અમારો ચોક્કસ મત છે. "આ સૂતક વિચાર પટ' અનુસાર સૂતકનું અવશ્ય પાલન કરો." આવી મહેચ્છા સાથે આ પટનો પ્રચાર કરનારા સૂતકવાળાઓને, શ્રી નિશીથચૂર્ણિમાંથી, પટમાં છાપેલ વાક્ય શોધીને વહેલામાં વહેલી તકે જાહેર કરવા અમારું જાહેર આમંત્રણ છે. સૂતકવાળાઓ હવે આવા જુઠાણાં હાંકતા પટોને માનવાની ભલામણ કરવા માંડયા છે. તેથી તેમની પાસે નક્કર શાસ્ત્રીય આધાર

નહિ હોવાનું સ્પષ્ટ થાય છે. (સૂતકવાળાના ઘરના પાણીથી શ્રી જિનપૂજા ન થાય–તેવી માન્યતા અરતર–ગચ્છની છે. આ વાત આપણે શ્રી હીરપ્રશ્નના પાઠમાં સ્પષ્ટ જોઈ ગયા. છીએ.)

આટલી વાતો વિચાર્યા પછી એ સિદ્ધ થાય છે કે સૂતકમાં શ્રી જિનપૂજાનો નિષેધ કરનારાઓને કોઇ શાસ્ત્ર કે તર્કનો ટેકો નથી. શાસ્ત્રપાઠોના નામે કરાતી તેઓની વાતો લોકોને ગેરમાર્ગે દોરનારી છે. સૂતકમાં શ્રી જિનપૂજાનો નિષેધ કોઈ શાસ્ત્ર કરતું નથી. શ્રી જિનપૂજાના કલ્યાણકર માર્ગમાં, શાસ્ત્રના નામે શ્રાવકોને અંતરાય કરીને સૂતકવાળાઓ પાપ બાંધી રહ્યા છે. આવા અહિતકર માર્ગથી તેઓ પાછા ફરે તેવી આશા રાખીએ.....

પ્ર૦ : પ્રસૂતા બહેનો પૂ. ગુરૂભગવંતને આહાર–પાણી વહોરાવી શકે ?

ઉ૦ : જેમ એમ. સી. વાળા બહેનો પૂ. ગુરુભગવંતને આહારપાણી વહોરાવી શકે નહિ, શુધ્ધ થયા પછી વહોરાવી શકે છે. તેમ પ્રસૂતા બહેનો પણ શુધ્ધ થયા પછી વહોરાવી શકે.

પ્ર૦ : જન્મસૂતકમાં ઘરના અન્ય સભ્યો પૂ. ગુરુભગવંતને વહોરાવી શકે ?

ઉ૦ : જેમ એમ. સી. વાળા બહેનો ઘરમાં હાજર હોવા છતાં, બીજાએ બનાવેલી રસોઈ, ઘરના અન્ય સભ્યો પૂ. ગુરૂભગવંતને વહોરાવી શકે છે. તેમ પ્રસૂતા બહેન ઘરમાં હોવા છતાં બીજાએ બનાવેલા આહાર–પાણીને ઘરના અન્ય સભ્યો પૂ. ગુરૂભગવંતને વહોરાવી શકે. પ્રસૂતા કે એમ. સી. વાળા બહેનોએ બનાવેલા આહાર-પાણી પૂ. ગુરૂભગવંતને વહોરાવી શકાય નહિ. આ મર્યાદાને સૌ કોઇએ યાદ રાખવી જોઇએ. અને તેવી બહેનોએ ઘરમાં સ્પર્શાસ્પર્શનો પણ ઉપયોગ રાખવો જોઇએ.

પ્ર૦ : તમે જન્મસૂતકમાં ઘરના અન્ય સભ્યો, પ્રસૂતા સિવાયના બીજાએ બનાવેલા આહાર–પાણી વહોરાવી શકે તેમ જણાવો છો જ્યારે પંચાશકજીમાં તો "સૂતકાદિ ભાવેઽપિ–જાતમૃતકપ્રભૃતિકદાનનિષેધહેતુ સદ્ભાવેઽપિ" આ શબ્દો દ્વારા સૂતકમાં દાન આપવાનો ગૃહસ્થને સ્પષ્ટ નિષેધ કર્યો છે. એટલે શ્રાવકથી સૂતકમાં દાન અપાય જ નહિ. તમારી વાત પંચાશકજીની વિરૂદ્ધમાં જતી નથી ?

ઉ૦ : શ્રી પંચાશક પ્રકરણ શાસ્ત્ર મારી વાતની વિરૂદ્ધમાં જતું નથી પણ મારી વાતને પુષ્ટિ આપે છે. તમે રજુ કરેલી પંક્તિ, તેરમાં પંચાશકની આડત્રીસમી ગાથાની ટીકાની પંક્તિ છે. આ પંક્તિમાંથી તમે સાવ ખોટો અર્થ સમજી બેઠા છો. ખરેખર તો તેરમાં પંચાશકની ચોત્રીસથી આડત્રીસ ગાથામાં આ પ્રમાણે વાત આવે છે :

'શ્રમણ-સાધુ-પાખંડિ આદિને માટે બનાવેલ આહારાદિ ઉદ્દેશકાદિ દોષથી દુષ્ટ બને છે માટે સાધુને કલ્પે નહિ' શાસ્ત્રકારની આ રજુઆત સામે પરધર્મવાળાની દલીલ છે કે 'તો પછી તો તમારા સાધુ ગોચરી માટે વિશિષ્ટ-શિષ્ટકુલોમાં જઈ શકશે જ નહિ. કારણ કે 'ગુરુકૃત્તશેષં ભુંજીત' એવા સ્મૃતિના વચનાનુસારે શિષ્ટપુરુષો ધર્મ-પુણ્યને માટે (સાધુ આદિને દાન આપવા માટે) આહારાદિ પકાવે છે. તમારા સિધ્ધાંત મુજબ એવા આહારાદિ સાધુને ન કલ્પે, તો સાધુ શિષ્ટ વગેરે કુલોમાં ગોચરી શી રીતે જઈ શકે ? આ રીતે તે તેમને ભિક્ષા મળશે જ નહિ.' પરધર્મવાળાની આ દલીલ સામે શાસ્ત્રકાર ફરમાવે છે કે 'આટલું મારા કુટુંબ માટે, આટલું શ્રમણાદિ માટે' એવી કલ્પનાપૂર્વક બનાવેલો આહાર સાધુને કલ્પે નહિ. પરંતુ ગૃહસ્થે પોતાના માટે બનાવેલ આહારમાંથી 'હું આમાંથ સાધુને પણ આપીશ' એવો સંકલ્પ તે કરે, તો તે આહારાદિ સાધુને કલ્પી શકે છે.

અમે તો કુટુંબ અને શ્રમણાદિને આપવાના આહારને બનાવતી વખતે બે વિભાગપૂર્વક સંકલ્પ કરે તેને જ સાધુ માટે અકલ્પ્ય કહીએ છીએ એજ રીતે સર્વશિષ્ટજનો ધર્મ(દાન) માટે જ રસોઇ આદિનો આરંભ કરે છે એવું પણ નથી. કારણ કે તેઓને સૂતક આદિ દાનનિષેધનું કારણ હોવા છતાં, કેટલાક શિષ્ટપુરુષોનાં ઘરમાં, રોજની જેમ જ, રોજની માત્રામાં જ રસોઇ આદિનો આરંભ થાય જ છે. અને બીજી વાત કે-પોતાના માટે બનાવેલ રસોઈમાંથી થોડું પણ સાધુને આપતા ગૃહસ્થો આજે દેખાય છે માટે સાધુને પોતાના માટે ન બનાવેલી ભિક્ષા ન જ મળે એવી તમારી (પરધર્મવાળાની) દલીલ ખોટી પૂરવાર થાય છે.'

શ્રી પંચાશક પ્રકરણનો આ સંદર્ભ જોતાં સ્પષ્ટ જણાય છે કે અહીં જે શિષ્ટપુરૂષોના દાનની વાત જણાવી છે તે અન્ય ધર્મીઓ, પોતાના સ્મૃતિ આદિ ગ્રંથોના અનુસારે સૂતકમાં દાન આપતા નથી. અહીં શાસ્ત્રકારે જૈનોના દાન અંગે કોઈ વાત કરી નથી. અને 'સૂતકમાં જૈનો સાધુને ન વહોરાવી શકે' એવું શાસ્ત્રકારે ક્યાંય ફરમાવ્યું નથી. 'સૂતકમાં દાન ન અપાય' તેવી માન્યતા સ્મૃતિ આદિને માનનારા જૈનેતરોની છે. 'સૂતકમાં સાધુને ન વહોરાવાય' તેવી માન્યતા જૈનોની નથી. અન્ય ધર્મના સ્મૃતિ આદિના આધારે ચાલતા લોકાચારને જૈનાચાર સમજી લેવો-એ અગીતાર્થપણાનું લક્ષણ છે. શ્રી પંચાશક પ્રકરણના નામે 'સૂતકમાં જૈનોથી સાધુને ન વહોરાવાય' તેમ કહેવું અનુચિત છે.

પ્ર૦ : તો પછી શ્રી દશવૈકાલિક સૂત્રના પાંચમા અધ્યયનની સત્તરમી ગાથાની

હારિભદ્રીવૃત્તિમાં, સાધુ સૂતકવાળા ઘરે ગોચરી જાય તો 'શાસનલઘુત્વપ્રસંગાત્' એવા શબ્દથી 'શાસનની હીલનાનો પ્રસંગ છે' એમ શા માટે જણાવ્યું છે ?

ઉ૦ : કારણ સ્પષ્ટ છે. સ્મૃતિ આદિના આધારે ચાલનારા અન્યધર્મના શિષ્ટજનોનાં ઘરમાં સૂતક આદિના સમયમાં દાન દેવાનો નિષેધ હોય છે. છતાં જો સૂતક આદિના સમયમાં તેવા શિષ્ટજનોનાં ઘરે સાધુ ગોચરી માટે જાય તો તેઓને થાય કે- 'સર્વજ્ઞશાસનના કહેવાતા આ સાધુઓ શું લોક વ્યવહારને પણ જાણતા નથી ? અમારે ત્યાં સૂતક આદિના સમયમાં દાન આપવામાં આવતું નથી એ વાત સામાન્ય ભિક્ષુક પણ જાણે છે, તો સર્વજ્ઞ શાસનના સાધુ થઈને આ શ્રમણો ભિક્ષા માટે અમારે ઘેર આવી ગયા ? આ તે કેવું સર્વજ્ઞશાસન !' ઇત્યાદિ પ્રકારે શાસનની લઘુતા થાય છે. આમાંથી ક્યાંય 'જૈનોથી સાધુને સૂતકમાં ન વહોરાવાય' એવું નીકળતું નથી.

પ્ર૦ : તમે સૂતકવાળાના ઘરો પૂછી પૂછીને તે ઘરના માલિકો ખપે એમ નથી, સુવાવડ છે' એમ સ્પષ્ટ કહે છતાં તે ઘરથી જ ગોચરીના પાત્રા કેમ ભરો છો ? સૂતકગૃહોમાંથી ગોચરી લાવવાના કારણે તમે શાસનની હીલના કરી રહ્યા નથી ?

ઉ૦ : જૈનેતરોને ત્યાં આજના કાળમાં મોટાભાગે ગોચરી વહોરવા જવાતું બનતું નથી. છતાં તેવા પ્રસંગોમાં જ્યારે તેમને ત્યાં વહોરવા જઈએ છીએ ત્યારે સૂતકથી માંડીને બધી મર્યાદાઓને ધ્યાનમાં રાખીને જ વર્તન કરીએ છીએ તેથી ઉપર જણાવ્યા મુજબ શાસનની હીલના થાય તેવા વિચારો તેઓને પેઠા થવાનું નિમિત્ત અમે આપતા જ નથી. જૈનોના ઘરમાંય, જો તે શ્રાવક એમ કહે કે 'અમારે ત્યાં સૂતક છે માટે અમારી ગોચારી ખપે તેમ નથી' તો અમે ત્યાં જવાનો આગ્રહ રાખતા નથી. સાધુધર્મની મર્યાદા પ્રમાણે એવો આગ્રહ રખાય નહિ. પણ જો તે શ્રાવક એમ પૂછે કે 'અમારે ત્યાં અમુક રીતનું સૂતક છે તો અમારાથી આપને ગોચરી વહોરાવાય ?' તો અમે તે શ્રાવકને સત્ય જરૂર બતાવીએ કે 'ઉચિત શુદ્ધિ (સ્પર્શાદિ નહિ થવા દેવા વગેરેની) સચવાતી હોય તો સુપાત્રદાનનો નિષેધ નથી.' આ સમજાવ્યા પછી ય, જો તે શ્રાવક પૂરા ભાવથી વિનંતિ કરે તો જ અમે તેના ઘરની ગોચરી વહોરીએ છીએ. આમ છતાં ય અમે 'સૂતકવાળાનાં ઘર પૂછી-પૂછીને હઠપૂર્વક તેવા ઘરોમાં વહોરવા માટે ઘૂસી જતા' હોઈએ આવા આક્ષેપ કોઇ કરે તેથી અમને કોઇ દોષ નથી. આક્ષેપ કરનારાને મૃષાવાદ અત્યાખ્યાન વગેરે દોષ લાગે તે તેણે વિચારવાનું છે.

પ્ર૦ : તમારી આટલી વાત જાણ્યા પછી સમજાય છે કે 'સૂતકમ સાધુને ન વહોરાવાય' એવો જૈનાચાર નથી. શ્રાવક સૂતકમાં સાધુને વહોરાવી શકે પરંતુ શાસ્ત્ર-

કારોએ સાધુને તો " સૂતકગૃહોમાં વહોરવા જવાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે. સાધુ જો સૂતકગૃહોમાં ગોચરી જાય તો, શ્રી નિશીથભાષ્યના ચોથા ઉદ્દેશાની ૧૬૦૯ થી ૧૬૧૫મી ગાથા મુજબ આજ્ઞાભંગનું પાપ લાગે, શ્રી ઓઘનિર્યુક્તિની ૪૪૨મી ગાથા મુજબ ગણધરોની મર્યાદાનું ઉલ્લંઘન અને સમ્યક્ત્વ આદિની વિરાધનાનું પાપ લાગે છે. શ્રી નિશીથ સૂત્રના સોળમાં ઉદ્દેશામાં તો તેનું પ્રાયશ્ચિત પણ બતાવવામાં આવ્યું છે. આથી સૂતકમાં સાધુથી વહોરાય જ કેમ ? અને સાધુથી ન વહોરાય તો શ્રાવકથી વહોરાવાય પણ કેમ ?

ઉ૦ : સામાન્ય રીતે તો કોઈ પણ માણસ આનો જવાબ આપી દે કે સાધુથી વહોરી શકાતું હોય તો જ શ્રાવકથી વહોરાવાય ને ? આપણે છેદગ્રન્થો વગેરેની વાત વિચારીએ. શ્રી વ્યવહારભાષ્યવૃત્તિ, શ્રી નિશીથભાષ્ય, શ્રી ઓઘનિર્યુક્તિમાં સૌ પ્રથમ જ સ્પષ્ટતા કરવામાં આવી છે કે સાધુને ગોચરીમાં વર્જવા યોગ્ય કુલો બે પ્રકારના છે : લૌકિક અને લોકોત્તર તેમાં સૂતકગૃહોને થોડા કાળ માટે વર્જવા યોગ્ય લૌકિકકુલો કહ્યાં છે : જૈનકુલોનો એમાં ઉલ્લેખ કરવામાં નથી આવ્યો. છતાં લૌકિક-કુલોમાં જૈનકુલોની ભેળસેળ કેમ કરવામાં આવે છે– તે મને સમજાતું નથી. આમાં કદાગ્રહ સિવાય બીજું શું કારણ હોઇ શકે ? ઉપરોક્ત ત્રણે ગ્રન્થકારોના આદેશ મુજબ અમે લૌકિકકુલોમાં સૂતક હોય ત્યારે ગોચરી જતા નથી. કારણ કે સૂતકમાં દાન ન અપાય તેવો લૌકિકકુલોમાં રીવાજ હોય છે. એટલા માટે લૌકિકકુલોમાં સૂતક સમયે ગોચરી જવાથી શાસનની લઘુતા, જિનાજ્ઞાભંગ, ગણધર ભગવંતોની મર્યાદાનું ઉલ્લંઘન અને સમ્યક્ત્વ આદિની વિરાધના વિગેરે પાપો લાગે છે. લૌકિકકુલોમાં સૂતક સમયે અમે ગોચરી જતા ન હોવાથી આમાંનું એક પણ પાપ અમને લાગતું નથી. એટલે અમારે પ્રાયશ્ચિત લેવાનો સવાલ પણ રહેતો નથી.

હવે જેઓ લૌકિકકુલોમાં જૈનકુલોનો સમાવેશ કરીને બૂમાબૂમ કરે છે, તેઓ અંગે થોડો વિચાર કરીએ.

પ્ર૦ : 'જે દેશમાં જેટલા દિવસ સુધી સૂતકવાળા બ્રાહ્મણ વગેરે ભિક્ષા માટે ન જાય તે દેશનાં સાધુઓએ તેટલા દિવસ સુધી આહાર માટે ન જવું' આવો વૃદ્ધપુરુષોનો જે વ્યવહાર શ્રી સેનપ્રશ્નમાં બતાવ્યો છે. તેમાં તો શ્રાવકોના ઘરો પણ આવી જાય છે. આમાં તમારે શું કહેવું છે.

ઉ૦ : શ્રી હીરપ્રશ્ન કે શ્રી સેનપ્રશ્નના સૂતકમાં ગોચરી સંબંધી એ પ્રશ્નોત્તરોથી જ સ્પષ્ટ થાય છે કે સૂતકના કાળમાં શ્રાવકોએ સાધુને ગોચરી વહોરાવવામાં કે સાધુએ

એ કાલમાં ગોચરી વહોરવામાં કોઇ શાસ્ત્રીય બાધ નથી; પણ વ્યવહારિક બાધ છે. શ્રી હીરપ્રશ્ન કે સેનપ્રશ્નના રચના સમયના સામાજિક, ધાર્મિક કે રાજકીય વાતાવરણને ધ્યાનમાં લઈએ તો આ વ્યવહારિક નિષેધની જરૂર સહેલાઈથી સમજાય તેવી છે.

પ્રાચીન શાસ્ત્રપાઠોની અગાઉ વિચારણા કરી, તેમાંય સૂતકના દોષને તાત્ત્વિક નહિ, પણ વ્યાવહારિક ગણીને લોકોમાં આપણા ધર્મની નિંદા ન થાય તે વિચારને જ મહત્ત્વ અપાયું છે. પ્રાચીન કાલમાં અન્ય ધર્મી—ખાસ તો બ્રાહ્મણ વર્ગના—ધર્મશાસ્ત્રોનું લોકવ્યવહારમાં ભારે મહત્ત્વ હતું. એ વર્ગને જૈનધર્મ પ્રત્યે એક ખાસ પ્રકારનો દ્વેષભાવ હતો. વિદ્યામાં, વ્યાપારમાં, રાજકારણમાં અને બીજા કોઇ ક્ષેત્રમાં ય જૈનોનું ચડતી એ વર્ગને ભારે ડંખ્યાનું કારણ બનતી. આ ઐતિહાસિક સ્થિતિમાં જૈનોની નબળી વાતોને વિકૃત કરીને સામાન્ય લોકમાનસમાં તેમને ઉતારી પાડવાની વૃત્તિ એ વર્ગમાં જોર કરતી હતી. તે વર્ગની આવી વૃત્તિને ઓટી તક ન મળી જાય એનું આપણા શ્રી સંઘે સતત લક્ષ્ય રાખવું પડતું. અને તેથી જ આવા લોકવ્યવહારના વિધિ—નિષેધો ધ્યાનમાં લેવાતા.

એક ઉદાહરણ જોઇએ : અશુચિના સ્પર્શ જેવા ખાસ કારણ વિના સાધુ માટે સ્થંડિલભૂમિથી આવીને પગ વગેરે ધોવામાં વધુ પાણી વાપરવાનો નિષેધ છે. છતાં બ્રાહ્મણાદિ—બાહ્ય શૌચને મહત્ત્વ આપનારા—જોતા હોય એવા પ્રસંગે વધુ પાણી વાપરીને પગ વગેરે ધોવાની પણ શાસ્ત્રોમાં આજ્ઞા છે. આમાં આપણા શાસ્ત્રકારોએ લોકવ્યવહારને—લોકોમાં આપણા ધર્મની નિંદા ન થાય તે વાતને મહત્ત્વ આપ્યાનું સ્પષ્ટ છે. પણ તેથી આવા વ્યાવહારિક કારણ વિના પાણીના દબદબિયાં બોલાવવાની સાધુને છૂટ મળી જતી નથી. સૂતકમાં ય આવી જ વ્યાવહારિક વિચારણા કરવામાં આવી હોવાનું શાસ્ત્રકારોએ સ્પષ્ટ ફરમાવ્યું છે. આજે જ્યારે આપણા સૌના પુણ્યયોગે, અન્ય ધર્મીઓની ચિંતા કરવી જ પડે એવી સામાજિક—રાજકીય પરાધીનતા ટળી ગઇ છે ત્યારે ય પેલા વ્યાવહારિક વિધિ—નિષેધો પકડી રાખવામાં કોઈ ઔચિત્ય નથી. આરાધકોના દુર્ભાગ્યે ફરી તેવી—અન્ય—ધર્મીઓના વર્ચસ્વવાળી પરિસ્થિતિ સર્જાય તો તે વિધિનિષેધો પાળવાનું શરૂ ય કરવું પડે. પણ તેવા કારણ વિના આપણા તાત્ત્વિક નિયમોને ગૌણ કરીને વ્યાવહારિક નિયમો પાળવામાં મિથ્યાત્વની આડકતરી અનુમોદના જ છે.

સ્ત્રીઓના માસિક ધર્મની કે પ્રસવકાલની શારીરિક અશુદ્ધિના કાલમાં તેઓને શ્રી જિનપૂજાદિનો નિષેધ તાત્ત્વિક હોવાથી તે સ્વીકાર્ય જ છે.

પ્ર૦ : આટલી વિચારણાથી અમે એમ સમજ્યા છીએ કે 'સૂતકમાં જૈનોથી સાધુને ન વહોરાવાય—એવું જૈન શાસ્ત્રનું ફરમાન નથી. સૂતકમાં દાન ન અપાય—તેવી માન્યતા

સ્મૃતિ આદિને માનનારા લૌકિક ધર્મીઓની છે. તેથી તેવા કુલોમાં અને તેવા લૌકિક-ધર્મીઓના વર્ચસ્વવાળા દેશકાલમાં શ્રાવકોના ઘરોમાંય સૂતકાદિ પ્રસંગે ગોચરી જવાથી શાસન લઘુતા થાય છે. આવા શાસન લઘુતાના હેતુને જે વર્જે નહિ તેને જિનાજ્ઞાભંગ, ગણધરોની મર્યાદાનું ઉલ્લંઘન વગેરે દોષો લાગે છે.

જે દેશકાળ વગેરેમાં શ્રાવકને ત્યાં સૂતકમાં સાધુને વહોરાવવામાં આવે તેથી શૌચવાદીઓ આદિ દ્વારા શાસનલઘુતાનો પ્રસંગ ઊભો થતો હોય તે તે દેશ-કાલમાં તેટલો સમય ગોચરી જવાનું વર્જન કરવું જોઇએ. પણ જે દેશ-કાલ આદિમાં શાસન-લઘુતાનો પ્રસંગ થતો ન હોય ત્યાં સૂતકવાળા શ્રાવકને ઘરે ગોચરી ન જવાય તેવો આગ્રહ રાખી શકાય નહિ. લોકવિરુદ્ધનો ત્યાગ શાસનની અપભ્રાજના ટાળવા માટે છે. જ્યાં શાસનઅપભ્રાજનાનો પ્રસંગ ન હોય ત્યા પણ લોકાચારનો આગ્રહ સાધુથી રાખી શકાય નહિ.' આમાં અમારી ગેરસમજ થતી નથી ને ?

ઉ૦ : તમારી સમજ બરાબર છે. વધુમાં એટલું સમજો કે શ્રાવકોને ત્યાં બાળકનો જન્મ થયો હોય ત્યારે માતાએ શુદ્ધિ ન જણાય ત્યાં સુધી શ્રી જિનપૂજન ન કરવું. અશુદ્ધિના કાલ દરમ્યાન ઘરમાં અન્ન, પાણી, વસ્ત્ર વગેરે દૂષિત ન બને તે રીતે સ્પર્શવાની મર્યાદા તે વ્યક્તિએ જાળવવી. ઘરના અન્ય સભ્યો માટે 'સ્નાન કર્યા પછી શ્રી જિનપૂજા કરવી, પૂ. ગુરુભગવંતને વહોરાવવું' વગેરે નિષિદ્ધ નથી. સૂતકના નામે આનો નિષેધ કરવો એ જૈનતરોનો આચાર છે. જૈન શાસ્ત્રો તેવો નિષેધ ફરમાવતા નથી.

પ્ર૦ : મરણ સૂતકમાં શું સમજવું ?

ઉ૦ : મરણ સૂતકમાં પણ જન્મ સૂતક જેવી જ ક્રિયાઓ કરવામાં આવે છે, તે જ શાસ્ત્રપાઠો દર્શાવવામાં આવે છે. આ બધાનો જવાબ તો જન્મસૂતકની વિચારણામાં અપાઇ ગયો છે. વધુમાં જે 'સુંવાળાનું સ્નાન' કર્યા પછી પ્રભુપૂજા કરવાની વાત કરે છે તે પણ એક જાતનો તુક્કો જ છે. એમ.સી.વાળા બહેનો પણ ચોથે દિવસે એક સ્નાન કરતાં જ શુદ્ધ ગણાય છે. તો ફક્ત મૃતકનો સ્પર્શ જ થયો તે એકવાર સ્નાન કરવાથી શુદ્ધ ન થાય ? 'દશમા દિવસના સ્નાન પછી શુદ્ધ થાય' એવા કદાગ્રહને કોઈ શાસ્ત્રનો કે કોઇ તર્કનો ટેકો નથી. સ્મશાને જઇને આવ્યા બાદ શ્રાવક સ્નાન કરે એટલે શુધ્ધ થઈ જાય છે. ત્યારબાદ શ્રી જિનપૂજા વગેરે કરવામાં કોઇ શાસ્ત્રીય બાધ નથી. અહીં નિષેધ ફરમાવનારાઓનો પ્રભુપૂજાદિમાં અંતરાય કરનારો કૃતવો કોઇ પ્રભુભક્ત આત્માએ માનવા જેવો નથી.

અંતમાં, અહીં સૂતકમાં શ્રી જિનપૂજા અંગે નિષેધ કરવા માટે જેટલા શાસ્ત્ર-

પાઠો રજુ કરવામાં આવે છે તેના ઉપર વિચાર કરવામાં આવ્યો છે. કોઈ શાસ્ત્રપાઠ સૂતકમાં શ્રી જિનેપૂજાનો નિષેધ કરતો નથી તે આપણે જોયું (આ અંગે નવા બીજા પણ શાસ્ત્રપાઠો જાહેર કરવામાં આવશે તો તેના ઉપર પણ અવશ્ય વિચાર કરાશે.) પ્રાસંગિક રૂપે ગોચરી અંગેનો પણ વિચાર કરવામાં આવેલ છે : આ બધા ઉપર ચર્ચા–વિચારણા ઘણી થઇ શકે છે. પણ અંતે તો શ્રી જિનપૂજાના અનિષેધ ઉપર જ આવવું પડે છે. સૂતકમાં શ્રી જિનપૂજા અંગે આટલી સ્પષ્ટ વિચારણા કર્યા પછી પણ આના વિશે કદાગ્રહી કુતર્કો કરવામાં આવે કે અપૂર્ણ વાકયો પકડીને ખંડનનો અનાડી પ્રયાસ થાય તો તેની સર્વથા ઉપેક્ષા કર્યા વિના ઉપાય નથી. સામાન્ય વાચકો સંસ્કૃત પંડિતઓ જોઇને, પોતાની કક્ષા બહારનું પુસ્તક છે એમ સમજીને વાંચવાનું ટાળે છે. માટે અહીં શાસ્ત્રપાઠની પંકિતઓ ટાંકવામાં આવી નથી. છતાં, વિદ્વાનપુરૂષો, શાસ્ત્રના ગાથાક્રમ સાથે વાત લખવામાં આવી હોવાથી, તે શાસ્ત્રમાંથી પાઠ જોઈ શકશે. સામાન્ય-વાચક સંસ્કૃત–પ્રાકૃત સમજી શકતો નથી છતાં તેને આંજી નાંખવા માટે લાંબા લાંબા પાઠો છાપવા અને તેના ખોટા અર્થ કરીને તેને શાસ્ત્રોના નામે ખાડામાં નાંખવો–એ સાચા ગીતાર્થનું કામ નથી.

આ પુસ્તિકાના વાંચનથી સૌ પ્રભુભકતો પોતાના નિત્યકર્તવ્ય સ્વરૂપ શ્રી જિન-પૂજાથી વંચિત રહેવાનું ટાળે અને સૂતકના નામે શ્રી જિનપૂજામાં અંતરાય કરવામાં શાસન સેવા સમજનારાઓના પ્રચારોમાં ફસાય નહિ એ ઉદ્દેશથી જ આ પ્રયાસ કર્યો છે.

લઘુ બોધકથા :— **અઘરૂં શું ?**

એક વાર ભાષા શાસ્ત્રીઓની પરિષદ ભરાઈ તેમાં દુનિયાભરના અઘરામાં અઘરા કઠીનમાં કઠીન શબ્દો ઉપર વિચારણા થઇ. ઘણાએ ઘણી જોડણીવાળા સંયુકત ભારેખમ શબ્દોને જણાવ્યા.

તે વખતે એક અનુભવી ભાષાવિદે કહ્યું કે, મારી દૃષ્ટિએ કઠીનમાં કઠીન, અઘરામાં અઘરા ત્રણ જ શબ્દો છે કે જેમાં એકપણ જોડણી નથી,

તેથી આશ્ચર્ય અને આતુર સૌ એકી સાથે બોલી ઉઠયા કે, કયા તે ત્રણ શબ્દો છે !

પેલા વિદ્વાને બહુ જ શાંતિ–સહજતાથી કહ્યું કે "મારી ભૂલ થઈ."

જો આ ત્રણ શબ્દો જીવનમાં આવી જાય તો બધાનું જીવન સોહામણું સુંદર થઇ જાય, પણ આ ત્રણ શબ્દો બોલવા એટલા ભારે છે કે, પોતાના પ્રાણ આપે પણ આ ત્રણ શબ્દો ન બોલી શકે. જીવનને ઉન્નત બનાવવા આ ત્રણ શબ્દોને સૌ આત્મસાત્ કરો તે જ **મંગલ કામના**

–પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શ્રી જિનપૂજા-પદ્ધતિ

પૂ. મુનિરાજ શ્રી કલ્યદર્શનવિજયજી મહારાજ

જિનપૂજામાં આવશ્યકશુદ્ધિ–૨

[ભૂમિકા : શ્રી જિનપૂજા તો શ્રાવકનું નિત્યકર્તવ્ય છે. શાસ્ત્રમાં જણાવેલ અમુક અવસ્થાઓ સિવાય શ્રાવક શ્રી જિનપૂજા કર્યા વિના રહે નહિ. જન્મ કે મરણના સૂતકમાં સ્નાન કર્યા પછી શ્રી જિનપૂજા કરવાનો નિષેધ નથી. છતાં અજ્ઞાનતા કે ખોટી માન્યતાના પ્રચારના કારણે ઘણાં શ્રાવકો 'સૂતક છે, હવે જિનપૂજા ન થાય' એમ માનીને પોતાના નિત્યકર્તવ્ય સ્વરૂપ શ્રી જિનપૂજાથી વંચિત રહે છે ખરેખર તો કોઈ શાસ્ત્રે 'સૂતકમાં જિનપૂજા ન થાય' એમ કહ્યું નથી. શ્રી વ્યવહારસૂત્ર–નિશીથભાષ્ય–નિશીથચૂર્ણિ-ઓઘનિર્યુક્તિ–દશવૈકાલિક વૃત્તિ–કલ્પસૂત્ર–આચારાંગસૂત્ર–પ્રશમરતિ પ્રકરણ જેવા મોટા મોટા આગમ–શાસ્ત્રોના નામે 'સૂતકમાં જિનપૂજા ન થાય' એવો પ્રચાર કરનારાઓને આ બધા શાસ્ત્રોમાંથી તેવા અક્ષરો પ્રગટ કરવાનું આમંત્રણ આપ્યું. પરંતુ તેઓ તેવા અક્ષરો તે શાસ્ત્રોમાંથી પ્રગટ કરી શક્યા નથી, પ્રગટ કરી શકવાના પણ નથી. કારણ કે આ બધા શાસ્ત્રોમાં 'સૂતકમાં શ્રી જિનપૂજા ન થાય' તેવું લખ્યું જ નથી.

શ્રી હીરપ્રશ્ન–સેનપ્રશ્નના સૂતકમાં જિનપૂજા કરવા સંબંધી પ્રશ્નોત્તરોથી તો સ્પષ્ટ સમજાય છે કે 'સૂતકમાં સ્નાન કર્યા પછી જિનપૂજાનો નિષેધ નથી. આટલી સ્પષ્ટ વાત હોવા છતાં સૂતકના નામે શ્રાવકોની જિનપૂજા બંધ કરાવનારાઓ શાસ્ત્રવિરુદ્ધ બોલીને શ્રાવકોની જિનપૂજામાં અંતરાય કરવાનું મહાપાપ બાંધી રહ્યા છે. આજે જ્યારે સ્થાનકવાસીઓ પણ જિનપૂજા કરતા થઈ રહ્યા છે ત્યારે સૂતકમાં જિનપૂજાનો પ્રતિબંધ મૂકનારા અજ્ઞાનીઓ આગળ વધીને 'કાંદા–બટેટા–લસણ આદિને આરોગનાર આત્મા પણ જિનપૂજાદિ ધર્મસાધનામાં તત્ત્વ દૃષ્ટિથી અયોગ્ય જ છે' એમ કહીને અભક્ષ્ય–અનંતકાયનું ભક્ષણ કરનારાઓ ઉપર પણ શાસ્ત્રકારોએ પ્રતિબંધ ન મૂકયો હોવા છતાં જિનપૂજાનો પ્રતિબંધ મૂકે છે.

અહીં અનંતકાળનું ભક્ષણ કરનારાનો બચાવ કરવામાં આવે છે તેવી ગેર સમજ ન કરવી. અનંતકાયાદિનું ભક્ષણ મહાપાપ જ છે. સાથે સાથે ઉપર મુજબનો જિનપૂજાનો પ્રતિબંધ પણ મહાપાપ છે. સૂતકમાં જિનપૂજા થઇ શકે કે નહિ? તે અંગે સૌ પોતાની જાતે સત્ય નિર્ણય ઉપર આવી શકે તે માટે સરલ પ્રશ્નોત્તરો અત્રે રજુ કરવામાં આવે છે. સૌ કોઈ આ પ્રશ્નોત્તરો વાંચે, વિચારે અને સત્ય સમજે.

મુદ્રણ દોષથી થયેલ અશુધ્ધિઓને સુધારીને વાંચવા સુજ્ઞવાચકોને ભલામણ છે.]

પ્ર૦ : શ્રી 'હીરપ્રશ્ન' માં જણાવ્યું છે કે 'સૂતકવાળાના ઘરના પાણીથી દેવપૂજા શુધ્ધ ન થાય, તેવા અક્ષરો શાસ્ત્રમાં જણ્યા નથી.' આનું તાત્પર્ય શું છે ?

ઉ૦ : શ્રી 'હીરપ્રશ્ન' માં જેસલમેરના શ્રી સંઘે પ્રશ્ન કર્યો છે તે ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે સૂતકવાળાના ઘરના પાણીથી ખરતર પક્ષનાં શ્રાવકો પૂજા કરતાં નથી. આ વિષયમાં તપાગચ્છમાં ચાલતી વિધિને જાણવા માટે ઉપર મુજબ જવાબ અપાયો છે. માટે સૂતકવાળાના ઘરના પાણીથી દેવપૂજા શુધ્ધ ન બને તેવી માન્યતા તપાગચ્છની નથી. તપાગચ્છાધિપતિ શ્રી હીર સૂ. મ. જ્યારે એમ કહે કે 'તેવા અક્ષરો શાસ્ત્રમાં જણ્યા નથી.' એનો અર્થ એ જ થાય કે તેવી સામાચારી તે સમયે તપાગચ્છમાં ચાલતી ન હતી. ખરતર ગચ્છની આ માન્યતા જો તપાગચ્છને માન્ય જ હોત તો તેઓશ્રી વધુમાં જણાવત 'શાસ્ત્રમાં અક્ષરો જણ્યા નથી. પણ આપણે પણ ખરતરપક્ષના શ્રાવકોની જેમ જ કરવું. પરંતુ તેઓશ્રીએ આવું ફરમાવ્યું નથી માટે સૂતકના ઘરના પાણીથી દેવપૂજા શુધ્ધ ન થાય તેમ માનવું નહિ.

પ્ર૦ : 'સૂતક વિચાર પટ' માં તો મૃત્યુ સંબંધી સૂતકના વિષયમાં લખ્યું છે કે 'સૂતકવાળાના ઘરના અગ્નિ તથા જળથી જિનપૂજા (સ્નાત્ર ને ધૂપદીપ) થાય નહિ એમ નિશીથચૂર્ણિમાં કહ્યું છે.' શું નિશીથ ચૂર્ણિ તપાગચ્છને માન્ય નથી ?

ઉ૦ : શ્રી નિશીથચૂર્ણિ તપાગચ્છને માન્ય છે. પરંતુ 'સૂતક વિચાર પટ' મા જણાવ્યા મુજબનું વાક્ય શ્રી નિશિથચૂર્ણિમાં મળતું નથી. શ્રી નિશીથચૂર્ણિમાંથી તેવું વાક્ય શોધીને જાહેર કરવાનું અમારું જાહેર આમંત્રણ છે જ. શ્રી 'હીરપ્રશ્ન' ના જેસલમેર શ્રી સંઘના પ્રશ્ન મુજબ તો આવી માન્યતા ખરતરગચ્છની છે. ખરતરગચ્છવાળાએ શ્રી નિશીથચૂર્ણિના નામે આવી વાત વહેતી મૂકી હોય તો આશ્ચર્ય ન કહેવાય. તેવા સબળ આધારવિના ખરતરગચ્છની માન્યતાને ટેકો આપવામાં સ્પષ્ટ દોષ છે.

પ્ર૦ : નિશીથચૂર્ણિની યાદી તમે જાણો છો ? સૂતકવાળાઓએ તેની યાદી બહાર પાડી છે. આ બધી નિશીથચૂર્ણિમાંથી તેવું વાક્ય મળી પણ આવે ને ?

ઉ૦ : તમે જે યાદીની વાત કરો છો તેને પણ સૂતકવાળાઓ અધૂરી કહે છે. જે યાદી પ્રગટ કરી છે તેમાં પણ ચૂર્ણિ કેટલી છે ? અમને તો અત્યારે જે ચૂર્ણિ જોવા મળે છે તેમાં 'સૂતકવાળાના ઘરના અગ્નિ તથા જળથી જિનપૂજા થાય નહિ' તેવું વાક્ય મળતું નથી. જેઓ શ્રી નિશીથચૂર્ણિની યાદીઓ બહાર પાડે છે તેઓએ તે યાદીમાં જણાવેલી ચૂર્ણિમાંથી ઉપર મુજબનું વાક્ય જ શોધીને જાહેર કરવું જોઈએ. ફક્ત

શ્રી નિશીથચૂર્ણિની યાદી જાહેર કરવાથી ખરતરગચ્છની માન્યતા શાસ્ત્રીય બની શકે નહિ અને તપાગચ્છના શ્રાવકોને તે મુજબ શ્રી જિનપૂજા બંધ કરવાનું પણ કહી શકાય નહિ. તપાગચ્છના તે આચાર્યને ખરતરગચ્છની જ માન્યતા સ્વીકારવી હોય તો તેઓ જાણે.

પ્ર૦ : હીરપ્રશ્નના સમાધાનમાં જે 'તેવા અક્ષરો શાસ્ત્રમાં જોયા નથી.' એમ જણાવ્યું છે તેનો અર્થ સૂતકવાળાઓ એમ કરે છે કે 'પોતે શાસ્ત્રોમાં તેવા અક્ષરો જોયા કે વાંચ્યા નથી અને વાંચ્યા હોય તો અત્યારે ધ્યાનમાં નથી' આ અર્થ બરાબર છે ?

ઉ૦ : સને ૧૯૯૬ માં આવો અર્થ કરનારા સૂતકવાળાએ સને ૧૯૯૫માં 'હીરપ્રશ્નોત્તર ગ્રંથ ટિપ્પનિકા'માં હીરપ્રશ્નના આ જ સમાધાનને 'સુવિહિત સામાચારીલોપક અને શાસ્ત્રોત્તીર્ણ' કહ્યું છે લગભગ ૪૦૦ વર્ષ પહેલા સૂતકવાળાના ઘરના પાણીથી દેવપૂજા શુદ્ધ થાય કે નહિ તે અંગેની તપાગચ્છની સામાચારી કઇ હતી તેની ખબર તે સમયના તપાગચ્છના અધિપતિ શ્રી હીરસૂરિ મ.ને જ વધારે હોય તે સ્વાભાવિક છે. એટલે તેઓશ્રીના સમાધાનમાં સામાચારી લોપકપણું આવવાનો પ્રશ્ન જ રહેતો નથી. તે સમયની તપાગચ્છની આ વિષયમાં કઇ સામાચારી હતી તેનો કોઇ પણ આધાર રજુ કર્યા વિના પૂ. હીર સૂ. મ.ના સમાધાનને સુવિહિત સામાચારીલોપક કહી દેનારા આજના સૂતકવાળાઓની માનસિક સમતુલા વિશે શંકા જાગે છે. હીરપ્રશ્નના સમાધાનમાંથી ફાવતુ પકડવા માટે 'પોતે શાસ્ત્રમાં તેવા અક્ષરો જોયા કે વાંચ્યા નથી અને વાંચ્યા હોય તો અત્યારે ધ્યાનમાં નથી' એવો અર્થ કરનારા સૂતકવાળાઓ, જ્યારે આ સમાધાનમાંથી ફાવતું પકડાય તેવું નથી એમ લાગે ત્યારે આ સમાધાનને 'સુવિહિત સમાચારી લોપક અને શાસ્ત્રોત્તીર્ણ' કહી નાંખતા પણ શરમાતા નથી. આવા અગીતાર્થ અને મહાપુરુષોની આશાતના કરનારા સૂતકવાળાના અર્થો સાચા માની શકાય નહિ.

સૂતકવાળાએ શાસ્ત્રોત્તીર્ણ સમાધાન હોવાનો જે આક્ષેપ કર્યો તેને પૂરવાર કરવા માટે તેમણે શાસ્ત્રોમાંથી 'સૂતકવાળાના ઘરના પાણીથી દેવપૂજા શુદ્ધ ન થાય' તેવો શાસ્ત્રપાઠ કાઢીને રજુ કરવો જોઇએ. પણ તેવો શાસ્ત્રપાઠ તો તેઓને મળતો જ નથી એટલે શ્રી સૂત્રકૃતાંગ, નિશીથચૂર્ણિ, ભાષ્ય, ઓઘનિર્યુક્તિ વગેરે ગ્રંથોના નામ આપીને લખ્યું કે-'જો સૂતકવાળા ઘર સંબંધી અન્ન-પાન-વસતિ પણ સાધુને અકલ્પ્ય છે તો પછી તેના ઘરના પાણીથી દેવપૂજા શુદ્ધ શી રીતે થાય ?' આ દલીલ કરનારા એટલું પણ સમજી શકતા નથી કે ગોચરી અને જિનપૂજા : બંનેની મર્યાદાઓ અલગ છે. શરીરમાંથી લોહી કાદિ અશુચિ વહેતી હોય તો શ્રાવકથી શ્રી જિનપૂજા ન થઈ શકે, પણ તે શ્રાવક સાધુને વહોરાવી શકે. એજ રીતે શય્યાતર (જ્યાં સાધુ ઉતરેલા હોય તે

મકાનના માલિક)ના ઘરે સાધુથી આહાર–પાણી વહોરવા ન જવાય, પણ એ શય્યાતર શ્રાવક શ્રી જિનપૂજા કરી શકે.

યથાભદ્રક, હાનરૂચિવાળો, સમ્યગ્દૃષ્ટિ, અભિગમશ્રાદ્ધ, શય્યાતર વગેરે લોકોતર–લૌકિક સ્થાપના કુલના અન્ન–પાનને પણ શાસ્ત્રકારોએ સૂતકગૃહની જેમ અકલ્પ્ય કહ્યાં છે. સૂતકવાળાઓ આવતીકાલે સૂતકગૃહની જેમ આ બધાના ઘરના પાણીથી પણ દેવપૂજા શુદ્ધ શી રીતે થાય? એવી દલીલ કરે તો હવે આશ્ચર્ય પામવા જેવું નથી. કારણ કે કુતર્કો કરીને શ્રાવકોની જિનપૂજામાં અંતરાય કરવાનું કાર્ય સૂતકવાળાઓ ઢોલ પીટીને કરી રહ્યાં છે. તેઓની વાતમાં જે કોઇ આવી જશે તેઓ પોતાના જિનપૂજાના ઉત્તમ કાર્યથી વંચિત રહેશે.

અંતે એટલું જ જણાવવાનું કે 'સૂતકવાળાના ઘરના પાણીથી દેવપૂજા શુદ્ધ ન થાય તેવા અક્ષરો શાસ્ત્રોમાં જણ્યા નથી.' આ પ્રમાણેનું પૂ. હીર સૂ. મ.નું સમાધાન ન તો સુવિહિત પરંપરા લોપક છે કે ન તો શાસ્ત્રોત્તીર્ણ છે. છતાં તેવો આક્ષેપ આ મહાપુરૂષ ઉપર કરનારાઓ પોતે શાસ્ત્રોત્તીર્ણ વચન બોલે છે અને સુવિહિત પરંપરાનો લોપ કરે છે.

પ્ર૦ : 'પૂ. આ. શ્રી વિજય હીરસૂરિજી મ. ના સમયમાં જેસલમેર નગરમાં ખરતરોનું અતિપ્રાબલ્યતા (સાચો શબ્દ પ્રાબલ્ય છે, પ્રાબલ્યતા નહિ.) હોઇને તપાગચ્છના કોઇ આગેવાને પોતાના અથવા બીજા કોઈ સૂતકીઘરના પાણીથી પ્રભુપૂજા, જાણે–અજાણે પણ કરી હોય અને તે વાત ચર્ચાનો વિષય બનવા પામી હતી–એમ આ જેસલમેર શ્રી સંઘના પ્રશ્ન ઉપરથી અનુમાન થાય છે.' સુતકવાળાનું આ અનુમાન સાચું છે?

ઉ૦ : સૂતકવાળાનું આ અનુમાન સાચું નથી. જેસલમેર શ્રી સંઘના પ્રશ્નોત્તર ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે સૂતકવાળાના ઘરના પાણીથી ખરતરપક્ષમાં દેવની પૂજા કરતા નથી. તેમની આ પ્રવૃત્તિ માટે શાસ્ત્રમાં તેવા અક્ષરો ક્યાં મળે છે અને આ વિષયમાં તપાગચ્છમાં શું વિધિ છે? એમ શ્રી સંઘે પૂછ્યું છે તેથી નક્કી જ છે કે તે સમયે સૂતકવાળાના ઘરના પાણીથી દેવપૂજા કરવાની વિધિમાં ખરતરપક્ષ અને તપાગચ્છમાં અલગ માન્યતા હતી. સૂતકવાળાના અનુમાન મુજબ જો થયું હોત તો શ્રીસંઘ એમ પૂછાવત કે ખરતરપક્ષ અને તપાગચ્છમાં સૂતકવાળાના ઘરના પાણીથી દેવપૂજા કરતા નથી, તો તેવા અક્ષરો ક્યા શાસ્ત્રમાં છે? તપાગચ્છમાં શું વિધિ છે–એ વાક્ય જ ખરતરપક્ષ અને તપાગચ્છની માન્યતા અલગ હોવાનું સૂચવે છે.

આ પ્રશ્નના જવાબમાં પૂ. હીર સૂ. મ. એ જણાવ્યું કે 'તેવા અક્ષરો શાસ્ત્રમાં

જણ્યા નથી' આ જવાબથી ખરતરોની માન્યતા આધાર વિનાની સાબિત થાય છે અને તપાગચ્છમાં આ વિષયમાં વિધિ શું છે– તેનો પણ જવાબ આવી જાય છે. માટે સૂતકવાળાના ઘરના પાણીથી દેવપૂજા શુધ્ધ ન થાય તેવું તપાગચ્છની વિધિમાં આવતું નથી. બધા શ્રાવકો આ વાતને બરાબર યાદ રાખીને ચાલે.

પ્ર૦ : મોટાભાગના શાસ્ત્રપાઠો તો સાધુની ગોચરી જવાની વિધિ બતાવતા શાસ્ત્રપાઠો જ છે એ શાસ્ત્રપાઠોમાં 'સૂતકમાં જિનપૂજા થાય કે નહિ ?' તેનો ઉલ્લેખ-માત્ર નથી કે તેવી વિચારણા અથવા નિષેધ પણ એ શાસ્ત્રપાઠોમાં કર્યો નથી. આ વાક્યમાં 'મોટાભાગના શાસ્ત્રપાઠો તો' એવા શબ્દ પ્રયોગથી 'થોડા ભાગના જે શાસ્ત્ર પાઠો છે તે સૂતકમાં જિનપૂજનો નિષેધ કરનારા છે.' એવું અર્થાપત્તિથી નીકળે છે ખરૂં ?

ઉ૦ : તમે જણાવેલ વાક્ય પછીના વાક્યમાં જ અમે જણાવ્યું છે કે 'જે શાસ્ત્રોમાં 'સૂતકમાં જિનપૂજા થઈ શકે કે નહિ ?' તેવી વિચારણા કરવામાં આવી છે તે શાસ્ત્રોમાં ક્યાંય જિનપૂજનો નિષેધ કર્યો નથી. ઉપરથી 'સૂતકમાં સ્નાન કર્યા પછી જિનપૂજા કરવાનો નિષેધ કોઇ શાસ્ત્રમાં જાણ્યો નથી' એમ સ્પષ્ટ તે શાસ્ત્રોમાં જણાવ્યું છે.' આવું સ્પષ્ટ પ્રતિપાદન કરેલું હોવાથી અર્થાપત્તિના રસ્તે કોઇને ય જવું પડે તેમ નથી. અર્થાપત્તિના નામે શ્રાવકોની જિનપૂજા બંધ કરાવવા નીકળી પડેલા અગીતાર્થો ખરેખર બિચારા અને દયાપાત્ર છે. તેઓને પણ સદ્‌બુધ્ધિ પ્રાપ્ત થાઓ.

પ્ર૦ : શ્રી કલ્પસૂત્રમાં દસ દિવસની સ્થિતિપતિતા (ત્રીજે દિવસે ચંદ્ર-સૂર્યનું દર્શન કરાવ્યું, છઠ્ઠીનું જાગરણ વગેરે) નું વર્ણન કરવામાં આવ્યું છે તે વિધિવાદરૂપે છે કે ચરિતાનુવાદ રૂપે છે ?

ઉ૦ શ્રી કલ્પસૂત્રમાં દસ દિવસની સ્થિતિપ્રતિતાનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે વિધિવાદ રૂપે નથી. તેથી શ્રાવકોએ આ બધું કરવું જ જોઇએ એમ માની લેવામાં અગીતાર્થપણું છે. આગમ ગ્રન્થો વગેરેમાં જ્યાં જ્યાં લોકવ્યવહાર, રાજ્યવ્યવહાર, નગર-વર્ણન વગેરેની વાતો ચરિતાનુવાદ રૂપે લખી હોય તેને કયારેય વિધિવાદ સમજી લેવાની ઉતાવળ કરવી નહિ. તે તે વિષયને જ્યારે 'ચરિતાનુવાદ રૂપ' એમ કહી ઓળ-ખાવવામાં આવે ત્યારે 'તે સમગ્ર આગમ શું ચરિત્ર છે ?' એવો વાંકો સવાલ કરનારને ગુજરાતી ભાષા પણ આવડતી નથી એમ માન્યા વિના ચાલે તેમ નથી.

પ્ર૦ સેન પ્રશ્નમાં સૂતક અંગેનો જે સવાલ છે તેને પણ તમે ચરિતાનુવાદ રૂપ કેમ નથી માનતા ?

ઉ૦ : સેનપ્રશ્નમાં જિનપૂજા અંગેનો સવાલ હોવાથી અને ઉત્તર પણ જિનપૂજા સંબંધી આપેલો હોવાથી સૂતક અંગેનો તે સવાલ વિધિવાદ રૂપે માનવાનો છે. તેને

ચસ્તિાનુવાદ રૂપે મનાય નહિ.

પ્ર૦ : પૂ. આ. શ્રી સેનસૂ. મ.ને 'અન્યાયી ગચ્છનાયક' તરીકે ક્યાં માનવામાં આવ્યા છે ?

ઉ૦ : 'પ્રશ્નોત્તરષષ્ટિ શતક વિશદ પ્રકાશ' નામની પીળી ચોપડીમાં શાસ્ત્રીય વાતોનું ખંડન કરવાના શોખીન એવા તે ચોપડીના લેખકે પૃષ્ઠ ૧૦૩ ઉપર પૂ. આ. સેનસૂ. મ.ને 'અન્યાયી ગચ્છનાયક' રૂપે રજુ કર્યા છે. એ જ રીતે 'હીરપ્રશ્નોત્તર ગ્રન્થ વિષ્પનિકા'માં આ જ લેખકે પૂ. આ. શ્રી હીરસૂ. મ. જેવા મહાપુરુષને 'સુવિહિત સામાચારી લોપક અને શાસ્ત્રોત્તીર્ણ વિધાન કરનાર' તરીકે ચીતર્યા છે.

પ્ર૦ : પંદરમી શતાબ્દિમાં થયેલા વિદ્વાન મહર્ષિએ 'કલ્પસૂત્ર બાલાવબોધ' માં સ્નાનનો સીધો જ અર્થ નિત્યસ્નાન નહિ જ કરતાં દસૂઠણું–દશ દિવસ પછીનું સ્નાન લેવાની આજ્ઞા કરી છે. તેથી સત્તરમી શતાબ્દિમાં રચાયેલ 'સેન પ્રશ્ન' ના સ્નાન શબ્દનો અર્થ પણ દસ દિવસ પછીનું સ્નાન એમ જ થાય. તમે કેમ ના પાડો છો ?

ઉ૦ : શ્રી કલ્પસૂત્રના અગીયારમા દિવસના વર્ણનવાલાં સૂત્રનો બાલાવબોધ કરવાનો હોવાથી ત્યાં 'દસૂઠણું=દસ દિવસ પછીનું સ્નાન' એવો અર્થ જ થાય. 'સેન પ્રશ્ન'માં અગીયારમા દિવસ પછીનું સ્નાન એવો અર્થ ન કરાય. 'જન્મ–મરણ સૂતકમાં પણ સ્નાન કર્યા પછી પ્રતિમાપૂજનનો નિષેધ જણ્યો નથી' આ સેનપ્રશ્નના ફરમાન મુજબ તો 'સૂતકમાં સ્નાન કર્યા પછી પ્રતિમા પૂજનનો નિષેધ રહેતો નથી' પૂછનારે સૂતકમાં પૂજા થાય કે નહિ ? તેમ પૂછ્યું છે. અને પૂ. સેનસૂ. મ.એ 'સૂતકમાં સ્નાન કર્યા પછી પૂજનો નિષેધ જણ્યો નથી.' એમ કહ્યું છે. અહીં 'દસ દિવસ પછીનું સ્નાન' એવો અર્થ કરવામાં આવે તો, દસ દિવસ પછી તો સૂતક રહેતું જ નથી. એટલે 'પૂજા થાય કે નહિ.' તેવો સવાલ જ ક્યાં રહે છે ? માટે સૂતકમાં=દસ દિવસમાં સ્નાન કર્યા પછી પ્રતિમા પૂજનનો નિષેધ શાસ્ત્રમાં જણ્યો નથી એવો જ અર્થ થાય. સૂતકમાં દસ દિવસ સુધી શ્રાવક પૂજા ન કરી શકે એમ કહીને શ્રાવકોની પૂજા બંધ કરાવી રહેલા અજ્ઞાનીઓ ઘોર પાપ બાંધી રહ્યાં છે.

પ્ર૦ : 'જેવી રીતે જન્મ અને મરણ સૂતકથી ધર્મસાધનામાં અયોગ્ય છે તેવી જ રીતે કાંઠા–બર્દટાં–લસણ આદિને આરોગનાર આત્મા પણ જિનપૂજાદિ ધર્મસાધનામાં તત્ત્વ-દૃષ્ટિથી અયોગ્ય જ છે.' સૂતકવાળાની આ જાહેરાત કેવી લાગે છે ?

ઉ૦ : સૂતકવાળાઓ અવિચારી વિધાન કરી રહ્યાં છે. કોઈ શાસ્ત્રમાં 'સૂતકવાળાના

ઘરનું ભોજન કરનારથી જિનપૂજા વગેરે ધર્મસાધના ન થઈ શકે' તેમ ફરમાવ્યું નથી. મદ્ય-માંસ-અનંતકાયાદિનું ભક્ષણ કરવાથી મહાકર્મ બંધ થાય છે, આત્માને દુર્ગતિમાં લઇ જનાર છે. વગેરે વાતો શાસ્ત્રકારોએ ચોક્કસ ફરમાવી છે. માટે કરેક આત્મકલ્યાણના અભિલાષીએ અભક્ષ્ય-અનંતકાય-આદિનો સર્વથા ત્યાગ કરવો જ જોઇએ, પરંતુ શાસ્ત્રકારોએ ક્યાંય 'અનંતકાયાદિનું ભક્ષણ કરનાર આત્મા જિનપૂજાદિ ધર્મસાધના ન કરી શકે' તેમ ફરમાવ્યું નથી. એટલે વાતવાતમાં શ્રાવકોની જિનપૂજા આદિ ધર્મસાધના ઉપર પ્રતિબંધ મૂકનારા સૂતકવાળાઓની વાત કોઇએ ધ્યાનમાં લેવા જેવી નથી. સ્થાનકવાસીઓ આગમના ઉંધા અર્થો કરીને કે અમાન્ય કરીને જિનપૂજા ઉપર પ્રતિબંધ મૂકે છે. સૂતકવાળાઓ શ્રી હીરપ્રશ્નના સામાધાનને 'સુવિહિત સમાચારી લોપક અને શાસ્ત્રોત્તીર્ણ' કહીને અમાન્ય કરે છે. અને સેનપ્રશ્નના સમાધાનનો ખોટો અર્થ કરીને જિનપૂજા ઉપર પ્રતિબંધ મૂકી રહ્યાં છે. સુજ્ઞ શ્રાવકો આના ઉપર બરાબર વિચાર કરે અને સૂતકવાળાની વાતો માનીને જિનપૂજા બંધ કરવી કે નહિ તેનો નિર્ણય કરે.

પ્ર૦ : સૂતકવાળાઓ લખે છે કે-'તમો જેને 'ભવભીરૂગીતાર્થ તથા મહાપુરૂષ' તરીકે માનો છો તે પૂ. આ. શ્રી વિ. લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજ પોતાના 'ઉપદેશપ્રાસાદ' નામના ગ્રંથમાં 'જન્મ અને મરણના સૂતક' સંબંધમાં સ્પષ્ટ લખે છે કે 'મૃત્યુસંબંધીનું અને જન્મ સંબંધીનું સૂતક, જો આત્મસંબંધીનું હોય તો સૂતકીના સ્પર્શને પણ છોડી કઇને જુદી જ રસોઇ બનાવવા પૂર્વક જુદુ જ જમવાનું રાખવું. જો એમ ન કરે તો નિત્યકર્મ=સાધુઓને વહોરાવવું, વસતિ આદિનું દાન કરવું, દેરાસર જવું, પ્રભુપૂજા કરવી કે સૂત્રોચ્ચાર કરવા આદિરૂપ જે શ્રાવકનું નિત્યકર્મ છે તેની હાનિ થાય. માટે ધર્મીએ, ક્રિયાનિષ્ઠોએ, જ્ઞાનીઓએ તથા વ્રતધારીઓએ નિત્યકર્મની હાનિ ન થાય તેવી રીતે બંને સૂતકમાં વર્તવું જોઇએ.' આ વચનો તમોને માન્ય છે કે નહિ? તે જણાવશો.' તો સૂતકવાળાને તમારે જણાવવું છે?

ઉ૦ : શ્રાવકોની જિનપૂજા બંધ કરાવવા માટે શાસ્ત્રોના ખોટા અર્થો કરનારા સૂતકવાળાઓને તો કંઈ કહેવા જેવું જ નથી. ફક્ત તેઓની વાતમાં આવી જઇને શ્રાવકો જિનપૂજાદિથી વંચિત ન રહે માટે કંઈક જણાવું છું. સૂતકવાળાઓ જો 'ઉપદેશપ્રાસાદ' ના કર્તાને ભવભીરૂ ગીતાર્થ માનતા ન હોય તો તેમણે આ ગ્રંથના નામે સૂતકની વાત રજુ કરવાની જરૂર નથી. છતાં રજુ કરે જ છે તો ખોટા/અધૂરા અર્થ કરીને લોકોને ભરમાવવાની જરૂર નથી. 'નિત્યકર્મની હાની થવા'ના નામે શ્રાવકના નિત્ય કર્તવ્યોમાં ગણાતા બધા કર્તવ્યો રજુ કરતા સૂતકવાળાઓ ગભરાય છે. પોતાની માન્યતા અનુસાર વાંધો ન આવે તેમ કર્તવ્યો ગણાવે છે.

વાસ્તવમાં શ્રાદ્ધવિધિ પ્રકરણમાં જણાવ્યાનુસાર ત્રિકાળ દેવપૂજા, ત્રિકાળ ગુરુવંદન, બે સમય પ્રતિક્રમણ, પચ્ચક્ખાણ, જિનવાણી શ્રવણ, વગેરેનો પણ શ્રાવકના નિત્યકર્તવ્યમાં સમાવેશ થાય છે. પણ આ બધાને નિત્યકર્તવ્ય તરીકે રજુ કરે તો એ બધા ઉપર પણ પ્રતિબંધ મૂકવો પડે. આવો પ્રતિબંધ તો શ્રાવકો ફગાવી દે, માટે ઉભયટંક પ્રતિક્રમણની જગ્યાએ સૂત્રોચ્ચાર કરવા અને ત્રિકાળ ગુરુવંદનની જગ્યાએ વહોરાવવાની વાતને તેઓ આગળ કરે છે. ખરી રીતે તો આ પાઠ સૂતકવાળાઓને જ સંકટમાં મૂકે તેવો છે. અમે તો સ્પષ્ટ લખેલું જ છે કે 'શ્રાવકોને ત્યાં બાળકનો જન્મ થયો હોય ત્યારે માતાએ શુદ્ધિ ન જણાય ત્યાં સુધી શ્રી જિનપૂજન ન કરવું. અશુદ્ધિના કાલ કરમ્યાન દરમાં અન્ન, પાણી, વસ્ત્ર વગેરે દૂષિત ન બને તે રીતે સ્પર્શવાની મર્યાદા તે વ્યક્તિએ જાળવવી. ઘરના અન્ય સભ્યો માટે 'સ્નાન કર્યા પછી શ્રી જિનપૂજા કરવી, પૂ. ગુરુભગવંતને વહોરાવવું.' વગેરે નિષિદ્ધ નથી.' આ રીતે મર્યાદાનું પાલન હોય એટલે 'ઉપદેશપ્રાસાદ'નો પાઠ શ્રાવકની કોઈ નિત્યકર્મની હાનિ કરતો નથી. સૂતકવાળાઓ તો લૌકિક અને લોકોત્તર 'અભોજ્ય' નું ભક્ષણ કરનારા ઉપરે પણ જિનપૂજનો પ્રતિબંધ શાસ્ત્રકારોએ ન મૂકયો હોવા છતાં મૂકે છે એટલે તેમની માન્યતા મુજબ આ પાઠ તેમને સંકટમાં મૂકે તેમાં કોઇ શું કરે ? અરેખર તો આ પાઠનો પરમાર્થ જ અલગ છે.

પ્ર૦ : 'ખરેખર તો આ પાઠનો પરમાર્થ જ અલગ છે' આ વાકયથી તમે શું કહેવા માંગો છો ?

ઉ૦ : શ્રી 'ઉપદેશપ્રાસાદ'નો ઉપર જણાવેલ પાઠનો વિસ્તાર 'નિર્વાણ કલિકા' (કર્તા શ્રી પાદલિપ્તસૂરિ મહારાજ)ના પ્રાયશ્ચિત અધિકારમાં છે. ત્યાં જણાવ્યું છે કે 'પોતાના કે પારકા જન્મ-મરણ સૂતકવાળાનું ભોજન ન કરવું.' ઇચ્છાથી કે અનિચ્છાથી ભોજન કરે તો શું પ્રાયશ્ચિત કરવું તે પણ જણાવ્યું છે. નિત્ય કર્મની હાનિ પણ જણાવી છે. પરંતુ આ નિત્યકર્મ સૂતકવાળાઓ જણાવે છે તેમ 'સાધુઓને વહોરાવવું, વસતિ આદિનું દાન કરવું; દેરાસર જવું, પ્રભુપૂજા કરવી, સૂત્રોચ્ચાર કરવા' સ્વરૂપે ત્યાં નથી જણાવ્યું. ત્યાં તો નિત્ય કર્મ તરીકે ઉપાસક દેહ શુદ્ધિથી માંડીને ભૂતશુદ્ધિ-મંત્રશુદ્ધિ...બલિવિધાન સુધી'ના કર્તવ્યો ગણાવ્યા છે. પ્રતિષ્ઠાની વિધિમાં સૂતકવાળાનું ભોજન કરવાથી ઉપર મુજબ નિત્યકર્મની હાનિ થાય છે. પ્રતિષ્ઠા સમયની વિધિ માટેના વિધાનને દૈનિક શ્રાવકના કર્તવ્યરૂપે રજુ કરી દેનારા સૂતકવાળાઓ અગીતાર્થ છે, કાં તો તેઓને 'નિત્યકર્મ'નો અર્થ કરતા આવડતો નથી, કાં તો ખોટો અર્થ કરીને શ્રાવકોની જિનપૂજા બંધ કરાવવાનું પાપકાર્ય હાથે કરીને કરી રહ્યા છે. માટે 'નિત્યકર્મહાનિ' ના નામે 'ઉપદેશપ્રાસાદ'ના પાઠને આગળ કરીને સુતકવાળાઓ જિનપૂજા બંધ કરાવે છે

તે સર્વથા શાસ્ત્ર વિરૂધ્ધ છે.

પ્ર૦ : 'સૂતકના દસ દિવસ નિત્ય કર્મમાં વર્જવાની સ્પષ્ટ આજ્ઞા પાઠવતા એવા વ્યવહારસૂત્ર, નેશીથસૂત્ર, કલ્પસૂત્ર, દશવૈકાલિકસૂત્ર, આચારાંગસૂત્રની વિધેયરૂપ આજ્ઞાને તિરસ્કારે છે! આવા આત્માનું ભવાંતરમાં શું થશે તે તો જ્ઞાની જાણે' આ રીતે લખીને સૂતકવાળાઓ તમારી ચિંતા કરે છે. તેઓની ચિંતા સાચી છે?

સૂતકવાળાઓ બીજાની ચિંતા છોડીને તેમના પોતાના આત્માનું ભવાંતરમાં શું થશે તેની ચિંતા જ્ઞાનીઓ ઉપર છોડવાને બદલે પોતાની જાતે ગંભીરતાથી કરે તે ખૂબ જરૂરી છે, કારણ કે શ્રી વ્યવહારસૂત્ર, શ્રી નિશીથસૂત્ર, શ્રી કલ્પસૂત્ર, શ્રી દશવૈકાલિકસૂત્ર કે શ્રી આચારાંગસૂત્રમાં 'સૂતકના દસ દિવસ નિત્યકર્મ'માં વર્જવાની સ્પષ્ટ આજ્ઞા કયાંય ફરમાવી નથી. પછી વિધેયરૂપ આજ્ઞાને તિરસ્કારવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આ બધા આગમોના નામે સૂતકવાળા મહાઉત્સૂત્ર ભાષણ કરી રહ્યા છે. સૂતકવાળાઓ વહેલામાં વહેલી તકે ઉપર લખેલ આગમોમાંથી 'સૂતકના દસ દિવસ નિત્યકર્મમાં વર્જવા'ની સ્પષ્ટ વિધેયરૂપ આજ્ઞા પાઠવતા પાઠો જાહેર કરે, નહિ તો સ્થાનકવાસીઓની જેમ આગમોના નામે ગપ્પા મારી શ્રાવકોની જિનપૂજા બંધ કરાવવાનું પાપકાર્ય છોડી દે. 'સૂતક વિચાર પટ'માં ફક્ત શ્રી નિશીથચૂર્ણિના નામે જ ગપ્પું મારવામાં આવ્યું. અહીં સૂતકવાળાઓ તો પાંચ પાંચ આગમોના નામે હડહડતું જુઠાણું ચલાવી રહ્યા છે. તમે જ કહો, આવા આત્માનું ભવાંતરમાં શું થાય?

પ્ર૦ : પૂ. આત્મારામજી મહારાજે 'તત્ત્વનિર્ણયપ્રાસાદ'માં સ્પષ્ટ જણાવ્યું છે કે 'મૂલ આગમોમાં ચરિતાનુવાદ કરીને ગૃહસ્થ વ્યવહારનો વિધિ સૂચિત કર્યો છે. પરંતુ વિધિવાદથી કહ્યો હોય એવું અમને લાગતું નથી.' તેથી 'તત્ત્વ નિર્ણયપ્રાસાદ'ના નામે સૂતકવાળાઓ જે જુઠાણું ફેલાવે છે તે તો માનવા લાયક રહેતું નથી. પરંતુ પૂ. આત્મારામજી મહારાજે આજથી પ્રાયઃ ૯૦ વર્ષ પહેલાં બહાર પાડેલ 'જૈન સિધ્ધાંત સામાચારી' નામના પુસ્તકમાં લખાવ્યું છે કે 'પૃષ્ઠ ૧૭૭ સે લે કે પૃષ્ઠ ૧૮૨ તક જો સૂતકવિચાર લિખા હૈ સો તો હમ સિધ્ધાંત રીતિસે યથાર્થ માનતા હૂં ઔર જો કોઈ ન માને ઉસકુ જિનાજ્ઞા ભંગ દૂષણ લગતા હૈ.' એટલે હવે સૂતકમાં જિનપૂજા થાય જ કેમ?

ઉ૦ : 'જૈન સિધ્ધાંત સામાચારી' પુસ્તકના પૃષ્ઠ ૧૭૭થી ૧૮૨માં સૂતક વિચાર લખાયેલ છે. તેમાં શાસ્ત્રોના નામ સાથે સૂતકસમયે ગોચરી વિષયક મર્યાદાની વાત લખી છે તે તો સિધ્ધાંતરૂપે પૂ. આત્મારામજી મ. પણ માનતા હતા જ. અને અમે

પણ માનીએ જ છીએ. પરંતુ ત્યારબાદ જે લૌકિક માન્યતાઓ લખવામાં આવી છે તેને પૂ. આત્મારામજી મહારાજ અને અમે સિધ્ધાંતરૂપે માનતા જ નથી. સૂતકવાળાઓ લૌકિક માન્યતાને સિધ્ધાંતરૂપે માનતા હોય તો દુર્ભાગ્ય તેઓના લૌકિક માન્યતાની રજુઆતમાં પૂજાબંધી ફરમાવવામાં આવી છે તેને તો કોઈ પણ જૈને માન્ય રાખવાની જ નથી. એટલે પૂજાબંધી ન માનવામાં કયાંય જિનાજ્ઞાભંગનું દૂષણ લાગતું જ નથી. પૂ. આત્મારામજી મહારાજના નામે ગેરસમજ ફેલાવવાનું પાપકાર્ય કરનારા સૂતકવાળાઓની વાત ખોટી છે. તેઓ હવે પૂ. આત્મારામજી મહારાજના નામનો દુરૂપયોગ બંધ કરે તે જ હિતાવહ છે.

પ્ર૦ : પં. શ્રી કલ્યાણ વિ.એ પણ સૂતક વિચારમાં લખ્યું છે કે 'ઉસકે ઘરકે જલસે જિનપૂજા નહીં હોતા શકતી ઐસા નિશીથચૂર્ણિ મે કહા હૈ !' એટલે સૂતકવાળાઓની વાત સાચી જ ઠરે છે ને ?

ઉ૦ : પં. કલ્યાણવિજયજીનો હવાલો આપી દેવાથી સૂતકવાળાની વાત સાચી ઠરી જતી નથી. શ્રી નિશિથચૂર્ણિમાંથી શોધીને તેવું વાકય રજુ કરે તો તેમની વાત ઉપર વિચાર થાય.

પ્ર૦ : શ્રી પ્રશમરતિપ્રકરણ, જય વીયરાય સૂત્ર, ઉપદેશ પદ, ધર્મ સંગ્રહ, ધર્મ સંગ્રહણી, શ્રાધ્ધવિધિ આદિ ગ્રન્થોમાં 'લોક વિરુધ્ધ' નો ત્યાગ કરવાનું જણાવ્યું જણાવ્યું જ છે ને ? તો પછી સૂતકમાં જિનપૂજા થાય જ કેમ ?

ઉ૦ : ઉપરના દરેક ગ્રન્થોમાં ગોચરી જવાની મર્યાદા વગેરે વિષયની વાતમાં લોકવિરૂધ્ધનો ત્યાગ કરવાની વાત લખી છે. કયાંય શાસ્ત્રકારોએ સૂતકમાં જિનપૂજા કરવાના કાર્યને લોકવિરુધ્ધ કાર્ય ગણાવ્યું નથી. લોકવિરૂધ્ધના ત્યાગના નામે જૈનો પાસે લોકાચાર પળાવવાની હઠ લઈને બેઠેલાઓએ ગીતાર્થની નિશ્રામાં શાસ્ત્રનું અધ્યયન કરવાની જરૂર છે, શાસ્ત્રોના નામે જૈનોને લોકાચારમાં ધકેલી દેવાનો આટલો બધો આગ્રહ શા માટે ?

પ્ર૦ : મરણ સૂતકમાં દસમાં દિવસના સ્નાન પછી શુદ્ધ થવાની' વાત સૂતકવાળાઓ કોના માટે કહે છે તે તમને ખબર છે ?

ઉ૦ : ખબર છે. 'સુવાળાનું સ્નાન' જેઓને કરવાની વાત કરે છે તેઓના માટે દસમા દિવસના-કૌંસમાં રીવાજ મુજબ સ્નાન પછી શુદ્ધ થવાની વાત સૂતકવાળાઓ કરે છે. આ વાતને શાસ્ત્રનો કોઇ ટેકો મળતો નથી.

પ્ર૦ : એમ. સી. વાળા કહેનો ત્રણ દિવસ કરમ્યાન ગમે તેટલીવાર સ્નાન કરે છતાં શુદ્ધ ન કહેવાય, તેમ સૂતકમાં ઘરનાં સહુએ ગમે તેટલીવાર સ્નાન કરે તો પણ શુદ્ધ થાય જ કેમ ?

ઉ૦ : એમ. સી. વાળા બહેનોને ત્રણ દિવસમાં સ્નાન કર્યા છતાં અશુદ્ધિ ચાલુ હોવાથી તેઓ શુદ્ધ ન જ કહેવાય. જ્યારે સૂતક સમયે ઘરના સભ્યો સ્નાન કર્યા પછી શુદ્ધ કહેવાય. તેઓને એમ. સી. વાળા બહેનો જેવો સવાલ પાછો આવતો નથી. એમ. સી. વાળા અને પ્રસૂતા બહેનો ઘરમાં હાજર હોવા છતાં ઘરના સભ્યો સ્નાન કરે એટલે શુદ્ધ જ ગણાય. સ્પર્શાસ્પર્શની મર્યાદા પાળવાનું વિધાન તો છે જ, એટલે એમ. સી. વાળા બહેનો કે પ્રસૂતા બહેનો શુદ્ધ ન થાય ત્યાં સુધી ઘરના બીજા સભ્યોને પણ અશુદ્ધ રાખનારા તદ્દન વ્યવહાર વિરુદ્ધ વાતો કરી રહ્યા છે.

પ્ર૦ : થોડા સામાન્ય સવાલો કરવા છે, ગામ કે પરગામમાં ટેલીફોન, ટપાલ દ્વારા દસ દિવસ સુધીમાં ગમે ત્યારે બાળકના જન્મ થયાના સમાચાર મળે તો પૂજા થાય કે નહિ ?

ઉ૦ : આ પ્રસંગે જિનપૂજા કરવામાં કોઈ શાસ્ત્ર નિષેધ ફરમાવતું નથી.

પ્ર૦ : હોસ્પિટલમાં પ્રસૂતિ થઈ હોય તો પૂજા થાય ?

ઉ૦ : આ પ્રસંગે જિનપૂજા થઇ શકે.

પ્ર૦ : બાળકને અડ્યા હોય તો પૂજા થાય ?

ઉ૦ : સ્નાન કર્યા પછી જિનપૂજા થઇ શકે. એમ. સી. વાળા બહેનને અડી ગયા હોય તે સમયે પણ સ્નાન કર્યા પછી શુદ્ધિ ગણાય છે. તો અહીં સ્નાન કર્યા પછી પણ અશુદ્ધિ માનવાનું કોઇ પ્રયોજન નથી.

પ્ર૦ : ઘરે પ્રસૂતિ થઇ હોય તો પૂજા થાય ?

ઉ૦ : સ્પર્શાસ્પર્શની મર્યાદા જાળવવી સ્નાન કર્યા પછી જિનપૂજનો નિષેધ નથી.

પ્ર૦ : ઘરે મરણ થયું હોય તો જિનપૂજા થાય ?

ઉ૦ : સ્નાન કર્યા પછી જિનપૂજનો નિષેધ નથી.

પ્ર૦ : કોઇને ત્યાં મરણ પ્રસંગે ગયા હોય તો પૂજા થાય ?

ઉ૦ : સ્નાન કર્યા પછી જિનપૂજનો નિષેધ નથી.

પ્ર૦ : મૃતકને અડ્યા પછી પૂજા થાય ?

ઉ૦ : સ્નાન કર્યા પછી જિનપૂજનો નિષેધ નથી.

પ્ર૦ : કાંધ આપી હોય તો પૂજા થાય ?

ઉ૦ : સ્નાન કર્યા પછી જિનપૂજનો નિષેધ નથી.

પ્ર૦ : સ્મશાને ગયા હોય તો પૂજા થાય ?

ઉ૦ : સ્નાન કર્યા પછી જિનપૂજનો નિષેધ નથી.

પ્ર૦ : આ હિસાબે તો જન્મ–મરણના પ્રસંગોમાં જિનપૂજનો નિષેધ રહેતો નથી, બરાબર ?

ઉ૦ : સ્નાન કર્યા પછી જિનપૂજનો નિષેધ નથી.

પૂજયશ્રી કહેતા હતા કે– –શ્રી ગુણદર્શી

પ્રભુ પ્રિય પ્રભા પત્રિકા

સ્વ. પ પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજ્યરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

- ભગવાનને અને સાધુને વંદન કરનારનું વંદન જોઈએ તો થાય કે, વંદન કરે છે કે મશ્કરી કરે છે? આજના ક્રિયા કરનારા દેવ–ગુરૂ કાંઈ છે જ નહિ તેમ સમજે છે. તેના કરતા પોતાના સાહેબોને સારી સલામ ભરતા હશે, મહેમાનનું સારી રીતે સ્વાગત કરતાં હશે. આવું દેવ–ગુરૂનું ય નથી કરતા તેમ કહીએ તો કહે કે, ટીકા કરે છે! દુનિયામાં આ રીતે કામ કરે તો કોઈ નોકરી જ ન આપે.
- જેને મુહપત્તિના પચાસ બોલનો ખ્યાલ હોય તેને સાચા–બોટાનો વિવેક કરાવનાર શાસ્ત્રો અને તેને સમજાવનારા ખટકે કેમ?
- શ્રી જિનશાસનને પામેલો સાધુ થવાની ઈચ્છાવાળો જ હોય. શ્રાવકપણું પાળે અને સાધુ થવાની ઈચ્છાનો અભાવ તે બેનો મેળ ખાય? પેઢી માંડે અને પૈસા ન કમાવા તેવો કોઇ નંગ છે?
- પંચેન્દ્રિયપણું જીવતાં ન આવડે તો એકેન્દ્રિયપણામાં જવું પડે.
- શ્રાવકનું જીવન જોઈને તેના પડોશીને થાય કે, આવી રીતે જીવવું જોઈએ. દુશ્મન પણ શ્રાવકના પરિચયમાં આવે તે તેને દુશ્મનતા કર્યાનો પશ્ચાતાપ થાય. જે ઈરાદાપુર્વક કોઇને દુઃખ ન આપે તેની સાથે દુશ્મનાવટ!
- સુખ–દુઃખના વિચાર જેમ આપણી જાત માટે આવે છે તેમ બીજાની જાત માટે આવે તો સ્વાભાવિક પલટો આવી જાય.
- નગરના કોઈપણ માણસને બાધા-પીડા ન થાય તેમ જીવવું તેનું નામ નાગરિક! બે બધા ખરેખર નાગરિક હોત તો જગતમાં આટલી કોર્ટો, આટલી પોલીસ અને આટલી જેલો હોત!
- જેણે પોતાના આત્મા પર પ્રેમ નથી તે મૈત્રીની વાત કરતા હોય તો વાયડા છે. મૈત્રીમાં સુખની વાત નથી પણ હિતની વાત છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણું ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણું

* શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર *

કલિકાલકલ્પતરુ પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

-: તંત્રીઓ :-
પ્રેમચંદ મેઘજી ગુઢકા
(મુંબઇ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ દોઢ
(ચડલાવા)
ચાંદમલ પદમશી ગુઢકા
(આણંદજી)



વર્ષ ૯ અંક ૨૯

જીવ એકલો આવ્યો ને એકલો જવાનો છે.

ગૃહં સુહૃત્પુત્રકલત્રવર્ગો,
ધાન્યં ધનં મે વ્યવસાયલાભઃ ।
કુર્વાણ ઇત્થં નહિ વેત્તિ મૂઢો,
વિમુચ્ય સર્વં ત્વજતીહ જન્તુઃ ।।

મનુષ્ય એમ જાણે છે કે– આ ઘર, મિત્ર, પુત્ર, સ્ત્રી પરિવાર ધન–ધાન્ય આદિ સઘળાય મારા ઉદ્યોગની કમાણી છે. પણ તે મૂઢ સમજતો નથી કે આ સર્વે અહીં મૂકીને જ પ્રાણી પરલોકમાં એકલો જાય છે.

卐


* શ્રી જૈન શાસન કાર્યાલય *

શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) ૩૬૧૦૦૫

પરમ પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના

* પુણ્ય પ્રવચનો નો સારાંશ *

મન મુખ્ય છે બંધ મનથી મોક્ષ પણ મનથી જ મળે,
ક્રિયા કરે સંસારની પણ મન થકી અલિપ્ત રહે,
વિષયોના સંગથી જેનું મન બંધાઈ ગયું,
તે નર કોઈ પ્રયત્નથી શું મુક્તિને વરી શકે ?
વિષયોના સુખ ક્ષણિક છે, કષય ભૂંડા ભૂત છે,
માની મનને એસવે તે જ મન કર્મ-મુક્ત છે,
સંસારના વિચારો બંધ થતાં આશ્રવની પીડા છૂટી,
હવે લગાવો સંવરમાં મન તે જ સારભૂત છે.
સંસારની કાજળ કોટડીમાં ડાઘ કોઈ લાગે નહિ,
મન એવું રાખવું જેને વિષય કષાય અડે નહિ,
મન એતો મૂળ છે સંસારના વટવૃક્ષનું
શરીર-વચનો પાંદડા-ડાળી જેનું કાંઈ ચાલે નહિ.
મન તણા રસ વિના બુધ્ધિ પણ બને પાંગળી,
શરીરની બધી ક્રિયા હવે થઈ ગઈ વાંઝણી,
ક્રિયા ગમે તે કરવા છતાં બંધ હવે કોઇ નવ પડે,
કર્મ બંધના પરિણામ સ્વરૂપ, સંસાર હવે કોઇ નવ વધે.
સંસારના સુખ દુઃખ બધા અસર કોઈ કરે નહિ,
મન હવે મઝામાં છે નજર બીજે ફરે નહિ,
કર્મ થકી મુક્ત થવા લાગ્યું છે બેલું જીવન,
ભોગવે તે મજેથી દુઃખને દુઃખ થકી ડરે નહિ.
સંસારનું કોઇ દુઃખ નહિ તો સુખ જીવને મારશે,
થોડી લહેર કરાવીને પછી દુર્ગતિમાં લઈ જશે,
મરણને યાદ કરે જે રોજ તે જ મન ને મારશે,
સંસારના વિષય મહીં તેને આસક્તિ નવ જાગશે.
વળી સંસારના સુખ પાછળ દોડતો અનિત્યતા અટકાવશે,
તેમાં શું સુખ બાયું છે ? તે જ વિચાર કરાવશે,
વિચાર કરતાં સંસાર સુખ પરિણામે દુઃખ લાગશે,
સુખની ઈચ્છા છોડીને તે દુઃખોને આવકારશે.



વર્ષ : ૯] ૨૦૫૨ ફાગણ સુદ-૧૦ મંગળવાર તા. ૧૮-૩-૯૭ [અંક : ૨૯

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, અષાઢ વદિ-૭ શુક્રવાર તા. ૧૭-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૫ મું) -અવ૦)

તમે બધા પાપ કરતાં હો તો આનાથી તકલીફ આવશે એમ થાય આવે છે ? ધર્મ કરનારાને તકલીફ વેઠવાની ટેવ હોય છે. ખરેખર ધર્મ કરનારો તે જ કહેવાય કે જે દુઃખને મજેથી વેઠતે હોય અને સુખને ન છુટકે, કર્મને ભોગવવું પડે માટે ભોગવતો હોય પણ સુખ ભોગવવાનું મન ન હોય. માટે માંદો એવો પણ સાધુ શક્તિ હોય તો ઊભા ઊભા પ્રતિક્રમણ કરતો હોય. આજે સાજો પણ જીવ કેવી રીતે પ્રતિક્રમણાદિ ધર્મક્રિયા કરે છે. તે એમ શાથી કરે છે ? 'ધર્મથી જ સુખ અને પાપથી જ દુ:ખ' તેની પણ શ્રદ્ધા નથી. માટે. એટલે જ ધર્મ જેમ તેમ વેઠની જેમ કરે છે અને પાપ ગોઠવી ગોઠવીને મજેથી કરે છે. પાપ કરતાં મને દુઃખ આવશે તે પણ મોટાભાગને થાય નથી આવતું તેવી રીતે ધર્મ અવિધિથી કરીશ તો નિર્જરા તો ઘેર ગઈ પણ પાપનો બંધ ઓછો પડશે તે પણ થાય નથી આવતું. જાણવા છતાં પણ અવગણના કરવી તે મોટું પાપ છે, એક જીવ ધર્મક્રિયા ન કરે અને એક જીવ જાણવા છતાં ય અવગણના પૂર્વક ધર્મક્રિયા કરે તો તે ચઢી જાય. આજે ઘણાને ભક્તિ કરતાં જોઇને થાય કે, આવા બધા ભક્તિ ન કરતા હોય તો સારું !

'ધર્મ જેમ તેમ કરવો તેના કરતા ન કરવો સારો' તેમ મહારાજે કહ્યું છે માટે ધર્મ છોડી દેનારા મણ હોય છે. પણ ધર્મ જેમ તેમ કરીએ તો પાપ લાગે માટે તેમાં સુધારો કરવો જોઈએ તે સુધારો ન કરે તેવાને કેવા કહેવાય? હું ધર્મ છોડવાનું કહું છું કે વિધિપૂર્વક ધર્મ કરવો જોઈએ એમ કહું છું? જે જીવ વિધિપૂર્વક ધર્મ કરતો હોય તો તેને જોઈને બીજાને પણ આનંદ થાય.

એક સાધુ વિધિપૂર્વક જ્ઞાનના ખમાસમણ દેતો હતો. તે વખતે એક ડોકટર મારી પાસે બેઠો હતો. આ જોઈને તે ડોકટરે મને પૂછ્યું કે—આવા ખમાસમણ કેટલીવાર દેવાના હોય છે. મેં કહ્યું કે આખા દિવસમાં તો અનેકવાર દેવાનાં હોય છે તે સાંભળીને ડોકટરે કહ્યું કે-તો આવા જીવોને કોઈ રોગ ન આવે. અમારી કસરતને ય વટલાવે તેવી આ કસરત છે! આજે ખમાસમણ કેવી રીતે દેવાય છે? પંચાંગ પ્રણિપાત સમજો છો? બે હાથ, બે પગના ઢીંચણ અને મસ્તક એ પાંચે અંગો જમીનને લાગવા જોઈએ. આવું પંચાંગ પ્રણિપાત એકવાર પણ સાચું દેનારા કેટલા મળે? તેને ધર્મથી જ સુખ તે શ્રદ્ધા છે ખરી? વેપારમાં જરા પણ ભૂલ થવા દો ખરા? ઘરનો માણસ કે સગો દિકરો હોંશિયાર ન હોય તો બહારનો માણસ પગાર આપીને રાખો છો તેમ ધર્મ કરનાર મૂરખ હોય કે ડાહ્યો હોય? આજે ઘણાને સમજાવવા છતાં ય સમજવું નથી અને સમજાયા પછી કરવું પણ નથી. જે જીવ જેવી રીતે સમુદાયમાં ધર્મક્રિયા કરે તેવી જ રીતે એકલો કરતો હોય તો ય કરે તો સમજી લેવું કે તે ખરી શ્રદ્ધાવાળો છે. સમુદાયમાં સારી રીતે ક્રિયા કરનારા એકલા હોય તો ગોટાળા વાળનાર ઘણા છે તેને શ્રદ્ધાવાળો કહેવાય? પાપથી જ દુઃખ તે સમજનારો પહેલા તો પાપ કરે નહિ અને પાપ કરવું પડે તો કેવી રીતે કરે?

પરલોકને માનનાર જીવ કેવો હોય તેની વાત સમજાવવી છે. તમલિ તાપસ, સારામાં સારો સદ્‌ગૃહસ્થ હતો તે જૈનધર્મ પામેલો ન હતો, જૈનેતર હતો પણ પરલોકને માનનારો હતો. જે જીવ પરલોકને માનતો હોય તે કદી પરલોકને ભૂલે નહિ. તમને પરલોક ચોવીસે ય કલાક યાદ છે ને? અહીંથી મારે જવાનું છે તે યાદ છે ને? માટે જવાની જ તૈયારી કરો છો ને? અહીં જે મજા જ કરે તે મરીને ક્યાં જાય? મજા પણ બે રીતે થાય છે. એક ધર્મ કરીને પણ મજા કરે અને બીજો પાપ કરીને મજા કરે. સંસારના જેટલા કામ છે તે બધાં પાપરૂપ છે. તો તે કામ મજેથી કરો છો કે ન છૂટકે કરવા પડે માટે કરો છો?

(ક્રમશઃ)

ઘટસ્ફોટ

—શ્રી રાજહંસ

ચોંકી ગયાને ઘટસ્ફોટ શબ્દ વાંચીને ! આતો અનંત કલ્યાણકર શ્રી વીતરાગ-પરમાત્માના ભવતારક શાસનમાં છડેચોક કેવી ભયંકર સુરંગો બીછાવી છે અને બીછાવી રહ્યાં છે એ વાત મારે ભદ્રિકપરિણામી મોક્ષમાર્ગના આરાધક ભાઇઓ સાવચેત બને એને ભયંકર હોનારતોથી બચે માટે પ્રગટ કરવી છે.

તમો સૌ જાણો જ છો કે ઈ. સ. ૧૪૫૨ થી નામદાર પોપના આદેશથી અંગ્રેજોએ ધર્મસંસ્કૃતિથી પુષ્ટ બનેલા ભારતને બેઠાન મેઠાન કરવા વ્યવસ્થિત આયોજન પૂર્વક કાર્યવાહી શરૂ કરી દીધી છે એથીસ્તો સૌ પ્રથમ દેશી અંગ્રેજોને તૈયાર કરી કહેવાતી આઝાદી ભારતને આપી એના ફળ સ્વરૂપ ચારે તરફ ધર્મધ્વંસ ધર્માંતર કરાવવું... લોકોને વિલાસી, વ્યભિચારી, હિંસક અને દારૂ, માંસ ખાતા કરી દીધાં. એના મુળીયા કેવા ઉંડા છે હો ! જાણવા છે ? શંકા થાય છે કે જેમ ધર્મસંસ્કૃતિ નાશ કરવા દેશી અંગ્રેજોનો રાફડો ઉભો કર્યો તેમ વ્યવસ્થિત યોજના પૂર્વક ધર્મસંસ્કૃતિના રક્ષાના નામે બુદ્ધિમાનને પસંદ કરી અંગ્રેજ સાધુ તૈયાર કર્યા છે. સત્ય તો જ્ઞાની જાણે...ચાલો આપણે સૌ પ્રથમ એના મૂળ તપાસીએ.

ભારતના ધર્મરંગે રંગાએલા આસ્તિકોને ધર્મભ્રષ્ટ કરવા સારૂ પોપના સલાહથી ભેગામાજ અંગ્રેજોએ સદાચારવાળા ૪ દંપતિને પસંદ કર્યા. કહ્યું કે થોડો સમય ઈંચર ફેમરણમાં પસાર કરો પછી જ કહીએ ત્યારે પુત્રપ્રાપ્તિ માટે આગળ વધજો...અનેક પરીક્ષણમાં પસાર થયા બાદ આગળ વધવાની છૂટ આપી. ચારેયને એક એક પુત્રની પ્રાપ્તિ થઈ. ગુપ્તસ્થાનકમાં બચપણથી જ સંસ્કૃત ભાષાના સંસ્કારો સાથે ચુસ્ત બ્રાહ્મણની જેમ ઉછેરવા માંડયા. દુનિયાના સંપર્કથી અળગા રાખી બ્રાહ્મણક્રિયામાં અને સંસ્કૃતમાં અતિ પ્રવિણ બનાવ્યા. એમાં બાઈબલને પણ સંસ્કૃત સૂત્રમય અર્થ સાથે કંઠસ્થ કરાવ્યું. અને કહ્યું કે ત્યાં ભારતમાં પ્રખ્યાત વિદ્યાપીઠમાં વેદ-વેદાંગનો તલસ્પર્શી અધ્યયન કરો. સંન્યાસ દીક્ષા લઇને ભારતમાં સેંકડો શિષ્યો બનાવો. પછી જ તમારે ધીમે ધીમે પ્રવચનમાં વેદ પ્રચાર કરવો પણ એમાં ધીમે ધીમે બાઈબલ સૂત્રને ગોઠવી દેવાં જેથી સેંકડો શિષ્યો તો ભ્રષ્ટ બનશે સાથે એમના લાખો અનુયાયી ધર્મભ્રષ્ટ બની ખ્રિસ્તી બની જશે સમજ્યાને તમો હોંશીયાર અંગ્રેજોની માયાજાળ હવે જુવો આગળ શું બને છે ?

લગભગ યુવાવસ્થાએ પોંહચેલા ચારેય બ્રાહ્મણ આચારવાળા યુવાનો ભારતમાં આવ્યાં. નાલંદા વિદ્યાપીઠમાં વેદ-વેદાંત આદિનું તલસ્પર્શી જ્ઞાન મેળવ્યું. વિદ્યાદાતા ગુરુનો નિયમ તો અદ્‌ભૂત કરે હો ! અધ્યયન કરાવનારના ચાર હાત; ગુરૂનો

આશીર્વાદ મેળવી વેઠાંતી બ્રાહ્મણોની જ્યાં હાંક વાગતી એવાં કેરળ દેશમાં વેદના નામે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા આવી ગયા. એકબાજુ ચુસ્ત બ્રાહ્મણ ધર્મનું પાલન કરે. બીજી તરફ વેદ ઉપર જોરદાર પ્રવચન આપે. એમની મધુરી વાણીથી સેંકડો નહિ પણ હજારોએ એમનું શિષ્યત્વ સ્વીકાર્યું...લાખો અનુયાયી બન્યા.

હવે જોયું કે મુગ્ધ ધર્મપ્રેમી લોકો સારા જાળમાં સપડાયા છે. હવે હું મારૂં કામ શરૂ કરૂં પછી તો વેદ પ્રવચનમાં સંસ્કૃતમાં બનાવેલી બાઈબલ સુત્રો ઘૂસાડી વિશ્લેચન કરવા લાગ્યા. બુઝુર્ગ વેદજ્ઞ બ્રાહ્મણોને ખ્યાલ આવતા એમની પાસે ખુલાસો માગ્યો. ત્યારે કહ્યું કે, સાચો ધર્મ બાઈબલમાં જ છે. એથીસ્તો વેદ જેવા અધર્મથી મુક્ત કરવા અને સાચો ખ્રિસ્તીધર્મ તમારામાં આવે માટે જ અમોએ અમારૂં મિશન શરૂ કર્યું છે. જુવો હવે ગમ્મત !

સનાતી એવાં ચુસ્ત બ્રાહ્મણોએ આ ચારેયના બનેલા શિષ્યોને ધર્મભ્રષ્ટ કરી જ્ઞાતી બહાર મૂકી દીધા. એમના અનુયાયી વર્ગને પણ ભ્રષ્ટ માનીને ધર્મ બહાર મૂકી દીધા. હવે જાય ક્યાં ? શુદ્ધિકરણ કરીને પણ કોઇ લેવા તૈયાર ન થયાં ત્યાં નાઇલાજે સૌ ખ્રિસ્તી બની ગયા. એટલું જ નહિ ગામના કુવાઓમાં બ્રેડ કે પાઉના ટૂકડા ફેંકાવ્યા. જેથી જે કોઈ આવા કુવામાંથી ભૂલથી પણ પાણી પીએ એને ધર્મભ્રષ્ટ જાહેર કરે એથી આ લોકોની અર્થાત્ વટલાઇને ખ્રિસ્તી થનારની જમાત કુદકે ને ભૂસકે વધવા માંડી આજે આપણે જોઇએ છીએ કે આખો ય કેરળ પ્રદેશ ક્રિશ્ચયન બની ગયો છે હવે તો ગરીબો–આદિવાસીઓને અનેકવિધ પ્રલોભન આપીને બલાત્કારે ક્રિશ્ચયન બનાવવાનો જાણે મહાયજ્ઞ ભારતમાં ચાલે છે અને આ ભારત ચુનોનું સભ્ય હોવાથી આ વિષયમાં કશું કરી શકે એમ નથી. ઉપરથી સરકાર ઉત્તેજન આપે છે જો કે આડકતરી રીતે પરદેશથી આ અંગે અબજો રૂપીયા આવે છે. ધંધા-નોકરી–છોકરીના પ્રલોભનથી ઉચ્ચકુળમાં જન્મેલા પણ પ્રતિવર્ષ સેંકડો હજારોની સંખ્યામાં ક્રિશ્ચયન બની રહ્યાં છે.

ધ્યાનમાં આવીને ધોળા અંગ્રેજોની કાળી કાર્યવાહી. આ લોકોએ જ સ્ત્રી ઉત્કર્ષના નામે સ્ત્રીઓને સ્વચ્છન્દ અને સ્વતંત્ર મિજાજવાળી બનાવી. વિધવા ઉત્કર્ષને નામે વિધવા આશ્રમો સ્થાપી તેમના જીવનને પાયમાલ બનાવી વિધવા વિવાહને ઉત્તેજન આપ્યું. અરે ! વર્ષો પહેલા વડોદરામાં વિધવાવિવાહ ઠરાવ કરવા અંગે ટોળુ ઝલેવાના સાધુના નિશ્રામાં ભેગુ થયેલ પણ ભડવીર પૂ. રામવિજયજી ત્યાં પહોંચી ગયાં અને એ લોકોને ભાગી જવું પડયું...એ તમોને યાદ હશે જ. પારણા ઘર'ની વ્યવસ્થા કરીને વ્યભિચારને છૂટો દોર આપ્યો. વૃધ્ધ કલ્યાણના નામે વૃધ્ધાશ્રમો સ્થાપીને પુત્રોના હૃદયમાંથી માતા–પિતા પ્રત્યેનો પૂજ્યભાવ નિચોવી નાંખીને પુત્રોના હાથે જ માતા પિતાને ત્યજ ધકેલી

દેખાય છે. જેના વિષવૃક્ષપ્રભાવે સંયુક્ત કુટુંબપ્રથા વિનાશના માર્ગે કુચ કરી રહી છે, પરિણામે કુટુંબ વાત્સલ્યનો નાશ પામ્યું સાથે સંતાનો દુરાચારી વ્યસની અને ઠાળા ઠામો કરતાં થઇ ગયાં...આવું આવું તો કેટલું જણાવું ?

હવે મુખ્યવાત ઉપર આવીએ શ્રી વીતરાગનો સાચો સાધુનો સંયમ સ્વીકારે ત્યારથી એને અંતિમ શ્વાસ સુધી એક મોક્ષમાર્ગ સ્વરૂપ રત્નત્રયીની જ સાધના કરવાની હોય છે, યોગ્યતા હોય તો ગુરૂના આજ્ઞાથી ભવ્ય જીવોને કેવળ મોક્ષલક્ષી જ ઉપદેશ આપવાનો હોય છે ત્યારે તમો જુવો કે સંસ્કાર ઘડતરનાં નામે પ્રસિદ્ધ પ્રવચનકાર પ્રચંડતર્કબુદ્ધિના સ્વામી પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીએ સૌ પ્રથમ ઝનુની વીરસૈનિકોની નવતર સંસ્થા ઉભી કરી. પછી તપોવન ઉભા કર્યા. એ પાંચ મહાવ્રતધારીના પચ્ચક્ખાની છતાં ત્યાં બાળકોને દુન્યવી શિક્ષણની પ્રધાનતા સાથે કરાટે એમની જ પ્રેરણાથી શિખવાડાય છે અરે ! ઘોડેસ્વારી-રાઇફલ ચલાવવી-બરફની લાદવી તોડવી. બગીચા કામ આદિ મહા-આરંભની શિક્ષાઓ અપાય છે.

સાધુનું પચ્ચ. તો નવકોટી શુધ્ધ હોય ને ? આમાં કરાવવું-અનુમોદવું દ્વારા ગંભીરતાથી વિચારજો એકેય મહાવ્રત રહે ખરૂં ? જાવા દો આ વાત.

આગળ સાંભળો જાણે ભારતભરના સંઘોને ઇચ્છા મુજબ એકસૂત્રી કરવા જાણે ઇજારો ન લીધો હોય તેમ ધીમે ધીમે વહીવટ કેમ કરવો તેની અત્યાર સુધી એમના માગેલા સુધારા વધારા સાથે ૩-૩ પુસ્તકો આવૃત્તિઓ બહાર પાડી. એમાં શાસ્ત્રપાઠો આપ્યા છે. પણ ભદ્રિકજનોને આબાદ ફસાવવાં...એમના મગજ વિકૃત કરવા એ શાસ્ત્ર-પાઠોનાં અર્થ મન ઘડંત કરી બુધ્ધિભેદ કરવાનું વ્યવસ્થિત આયોજન કાવત્રુ ને૨શોરથી શરૂ કરી દીધું છે. જ્યાં ફાવટ ન આવે ત્યાં ઝનુની બની બનાવી માફીયા રીતનું શરણું લીધું છે.

તમે સૌ જાણો જ છો કે-પ્રભુને સમર્પિત કરેલું-ચઢાવેલું ઉછામણીમાં બોલેલું દ્રવ્ય એ શુધ્ધ દેવદ્રવ્ય છે આ વાત નાનકડો બાળક પણ સારી રીતે જાણે છે.

દેવદ્રવ્ય છે તો ભારતભરના તીર્થો-મંદિરો સુરક્ષિત રહી શકે એના બદલે જાણે અંગ્રેજ સાધુ ન હોય તેમ આ તાર્કિકે એને કલ્પિત દેવદ્રવ્યનો સમારોપ કર્યો. આની પુષ્ટિ માટે પાઠ આપ્યો કે-સતિ હિ દેવદ્રવ્યે...પાઠ સાચો અર્થ સાવ ઉંધો-બુધ્ધિભેદ કરાવનાર મનેથી કર્યો. આ પાઠનો સાચો અર્થ એ છે કે, કોઇ ઋધ્ધિમાન શ્રાવકે મંદિરની સંભાળના સુંદર થાય...રોજ સુંદર પરમાત્માની ભક્તિ થાય એ શુભ ઉદેશથી શ્રી સંઘને દેરાસર સંબંધી સર્વ કાર્યોના ઉપયોગ માટે જે નિધિ અર્પણ કર્યો

હોય તે કલ્પિત દેવદ્રવ્ય કહેવાય. આ સાચો અર્થ તેઓ જાણે જ છે પણ અવસરે ધીમે ધીમે એનો ઉપયોગ પોતે સ્થાપેલી સંસ્થામાં જાણે કરવાની ઉંડે ઉંડે ઇચ્છા હોય તેમ આ કલ્પિત દેવદ્રવ્ય-કે જે મંદિરના સર્વ કાર્યોમાં ઉપયોગમાં લઈ શકાય તેને બદલે આ તાર્કિક પંન્યાસજીની નજર શુધ્ધ દેવદ્રવ્ય ઉપર પહોંચી ગઈ. છે ને બુધ્ધિના બેતાજ બાદશાહ' પણ આની પાછળ દોરી સંચાર કોણ? એ તમો સ્વયં સમજી ગયા ને? હવે ચાલો આગળ!

દ્રવ્યસપ્તતિકા' આદિ ગ્રંથોમાં સ્પષ્ટ પાઠ છે કે, ગુરૂપૂજનનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જ જાય છતાંય આ મહાશય! વૈયાવચ્ચમાં લઇ જઇ શકાય. જ્ઞાનાદિમાં પણ લઇ જઈ શકાય. એમ પ્રતિપાદન કરવામાં શૂરા બની ગયાં છે એની પુષ્ટીમાં છેદગ્રંથ કે જે આલોચના અંગેના રહસ્યથી ભરેલા ગુપ્તગ્રંથો છે. એની વાત લાવ્યા. ભલા માણસ, જેમ દૃષ્ટાંતથી સિદ્ધાંત નક્કી ના થાય. તેમ પ્રાયશ્ચિત ગ્રંથોના ગુપ્ત રહસ્યભૂત આલોચનાથી સિદ્ધાંત નક્કી ન થાય...આવા ગ્રંથોને ગીતાર્થ સિવાય બીજાને સ્પર્શ કરવાનો પણ અધિકાર નથી. એક હાથે સૌને ન મૂંડાય હો. બાલયુવા, વૃદ્ધાવસ્થા, શરીરબળ, સરળતા, વક્રતા આદિ જોઈને ગીતાર્થ આલોચના આપે. પણ પોતાને જે ગીતાર્થ માની કહેવડાવે એને કોણ પોંહચે. એક તપોવનનો અતલખાડો પૂરવાં સ્વયં રડી સભાને રડાવી કપડાનો પાલવ પાથરી બેનોના જે ઢાગીના ઉતરાવે એની દીનતા ક્ષુદ્રતા કેવી હોય એની જાણ સારાં સારાંને થઈ ગઈ છે હો!

૭ હજાર–૧૦ હજાર ઓઠાવે પછી તપોવનમાં દાખલ કરે. ગરીબ સામાન્ય વિદ્યાર્થીને તો કોઈ ચાન્સ જ નથી. મને લાગે છે કે, આ તપોવનના વળગાડથી અધ્યાત્મ પરિણતી તો કેટલાય ચોજનો દૂર થઇ ગઈ અને સતત આર્ષ ધ્યાનની કારમી અકળામણ જીવનભર માટે વોહરી લીધી છે.

ધાર્મિક વહિવટ વિચાર' અંગે લખવાં માંડુ તો પુસ્તકો ભરાય. શું થાય. એક દયા જ ચિંતવવી રહી. આમાં શ્રી વીરવિભુના વચનો યાદ આવે છે કે, શાસનરૂપી સિંહમાં પેઠા થયેલા ઉત્સૂત્રભાખી–ઉન્માર્ગગામી કીડાઓ જ આ શાસનને કોચી ખાશે? જે આજે પ્રત્યક્ષ દેખાય છે અનુભવાય છે.

એકવાત સમજી લો કે સિધ્ધાંતના નામે અપસિધ્ધાંત અને ઉન્માર્ગ પોષ માટે પણ જબ્બર પુન્યોદય જોઇએ, પુન્યોદય વિના ઉન્માર્ગનું સ્થાપન અને ઉત્સૂત્રભાષી ન બની શકે. તેથી જ સ્તો આવાઓને સપોટ આપનાર ડગલોબંધ મળી રહે છે પણ જાણી લો કે આ પુન્યોદય જહેરીલો છે અર્થાત તીવ્રપાપનો અનુબંધ કરાવનારે છે. તમો ફસાતા મા, નહિ તો આત્મા ઝેરી બની જશે હો!

આમનાં હિમ્મત તો જુવો ! સભાઓમાં કહે છે કે અમો ૧૫૦ આની છીએ, અડધા આણાની શી કિંમત ! સારૂ ભાઈ ! તો પછી આ અડધા આણાથી ડરો છો કેમ ? સુભાષિતો કહે છે કે—પાપા સર્વત્ર શકતે, પાપીઓ સર્વત્ર ડરે છે, શંકા કર્યા જ કરે છે. હવે અડધા આણાની પણ વાત કરી લઉં હો. સાંભળો એક ચિત્તે...

લાખ યોજનના લવણ સમુદ્રમાં જ્યાં જાવ ત્યાં ખારૂ ને ખારૂ જ પાણી છે. એમાં વિચરતાં માછલા–મગરમચ્છો આદિ જલચર જીવો ભારે હિંસક અને એક બીજાને ગળી જઇને જીવન જેમ તેમ પુરૂ કરનારા છે. આમાં અહિંસક વનસ્પતિના ખોરાકથી જીવનારા શૃંગી મત્સો ખારૂ પાણી ન પીવે હો ! એ તો મીઠું મીઠું પાણી જ પીવે. એથીસ્તો જીવનભર અહિંસક અને શાંત સ્વભાવી હોય છે આવા શૃંગી મત્સ્યો ગંગા જ્યાં લવણ સમુદ્રમાં ફળે છે ત્યાં જોવા મળે છે. ભલે શુધ્ધમાર્ગના પ્રરૂપકો સુસંયમી સાધુઓ મોક્ષલક્ષી જ આરાધના કરી આવનારને મોક્ષમાર્ગ બતાવનારા શૃંગી મત્સ્યો જેવા અડધી આણાના પ્રમાણમાં હોય પણ એ દર્શનીય છે

સકારા બહુમતી તો અજ્ઞાની ટોળાની હોય. એક વાત સમજો કે ભલે કોલસાનાં ડુંગરા જેવા ઢગલા થાય પણ કોળસા એ કોળસા જ છે જ્યારે ભલે જીવન વિગેરે દોષથી રહિત પાણીદાર ઝગમગ કરવાલા હીરા ઓછા હોય પણ હીરા એ હીરા જ છે. કોળસાનું કામ બીજાને કાળા કરવાનું. જ્યારે હીરા તો દેવાધિદેવના મુગુટમાં સ્થાન પામે. કોળસો તો કાળો જોને અડે એને પણ કાળો કરે જ્યારે હીરો જેની પાસે હોય એનું જીવનભરનું દળદર મટી જાય, અને ગુણસમૃધ્ધિમાન બને.

આજે તો આટલું લખી જણાવી વિરમું છું. વિશેષ અવસરે મારે તો ઘણી ઘણી સત્યવાતો જાહેર કરવી છે પણ હાલમાં સમય નથી. આ લેખ વાંચી આવા અત્રેજી સાધુથી બચી શુધ્ધ મોક્ષમાર્ગની આરાધના કરવા દ્વારા તમો સૌ પરમતત્વને પામો. આટલી તો અપેક્ષા રાખુ ને ! હવે ફરીથી મળશું હો ! અવસર આવવા દો.

શુભં ભવતુ સર્વસ્વ.

— બાળ-ગઝલ —

ધર્મની વ્યાખ્યા કહું છું, ભાઇઓ ટૂંકાણમાં,
પંડિતોએ જે લખી છે, પુસ્તકોના પાનામાં;
અન્યને ઉપકાર કરવો, પુન્ય એનું નામ છે,
અન્યને પીડા કરવી, પાપ કેરુ કામ છે.

એક રાજા હતો. એકવાર રાત્રિમાં રાજાને પોતાના મૃત્યુ વિષયક સ્વપ્ન દેખાયું. તેથી રાજા ગભરાઇ ગયો. ખરેખર જે અનિવાર્ય છે. જન્મેલાં બધા મરે જ છે તે નજરે જોવા છતાં પણ સંસારી જીવોને મૃત્યુનો ભય વધારે જ હોય છે. જ્ઞાનિઓ તો કહે છે કે 'ભય મૃત્યુનો નહિ પરંતુ જન્મનો હોવો જોઇએ. જન્મ બંધ થઇ જાય તેવી પ્રવૃત્તિ, મહેનત કરવી જોઇએ.' જેવો મૃત્યુનો, દુઃખનો ડર હોય છે તેવો જો પાપનો પેઠા થઈ જાય તે પૃથ્વીલોક ઉપર સ્વર્ગલોક ઉતરી આવે. જીવનમાં સાચી સુખ–શાંતિ અને સમાધિનો અનુભવ થાય.

મૃત્યુ નિયત છતાં ય માણસો તેનાથી બચવાની જ મહેનત કરે છે તે પણ જગતની એક અદ્વિતીય અજાયબી છે ! રાજાએ બીજા દિવસે પોતાની રાજ્ય સભામાં સઘળા ય સ્વપ્ન વેત્તા પંડિતોને ભેગા કરી પોતાના સ્વપ્નની વાત જણાવી. તે વખતે એક ઉતાવળીયા વેત્તાએ યુવાનીના આવેશમાં હું પણ ભણેલો છું, જાણકાર છું તેમ બતાવવા તુરત જ કહ્યું કે–"રાજન્ ! આપનું મૃત્યુ નજીક છે."

વાત સત્ય હતી. પણ પ્રસંગ એવો હતો કે ઉતાવળથી જવાબ આપવાની જરૂર ન હતી. અધીરાઈ અને આવેશ પણ બાજી બગાડી નાખે છે. સાચી વાતને પણ મારી નાખે છે. મારે જ જ્ઞાનિઓ વાણીનો પાણીની જેમ સદુપયોગ કરવા વારંવાર ચેતવે છે. અને હિત, મિત, પથ્ય અને સત્ય વાણી બોલવા જણાવે છે. જેટલું સાચું તે બધું જ બોલવું તેમ નથી પણ જે બોલવું તે સાચું જ બોલવું તેમ છે. આવી અપમંગલ વાણી સાંભળતાં આખી સભામાં સન્નાટો છવાઈ ગયો. ખુદ રાજાનો ચહેરો પણ કરમાઈ ગયો.

તે વખતે અવસરના જાણ એક અનુભવી પંડિતે બાજી સુધારતાં રાજાને કહ્યું કે, "રાજન્ ! ચિંતા ન કરો, આપના સ્વપ્ન ઉપર ગંભીર વિચારણા કરી કાલે તેનો જવાબ આપીશું તો સૌના હૈયા કાંઈક આશ્વસ્ત બન્યા.

બીજા દિવસે તે પંડિતે ઠસોઠસ ભરેલી રાજ્ય સભામાં રાજાને આશીર્વચનો આપતાં કહ્યું કે– "રાજન્ ! આપનું સ્વપ્ન સૂચવે છે કે આપના પરિવારમાં બધા જ દીર્ઘાયું થવાના છે.' તેથી રાજા સહિત સૌના ચહેરા પ્રસન્નતાથી ખીલી ઊઠ્યા.

ભાગ્યશાળી વાચકો વિચારો એકની એક જ વાત પણ કહેવા કહેવાની રીતમાં ફેર પડવાથી કેટલું સુંદર અને સુખદ પરિણામ લાવે છે. માટે બોલ પણ તોલી તોલીને બોલવા જોઇએ. કોઇને ખોટા મસ્કા મારવાની કે કામ કઢાવવા મીઠું મીઠું બોલવાની વાત નથી પણ સત્ય વાત પણ એવી હળવાશથી ગંભીર અને સારી રીતે કહેવી જેની સામાપર પણ અસર થાય માટે સૌની સાથે હિત, મિત, પ્રિય અને સત્યવાત કરી લોકપ્રિય બનવું જોઇએ. વાણી મારક પણ બને છે અને તારક પણ. વચનયોગનો સદુપયોગ કરી સૌ આત્મકલ્યાણના ભાગી બનો તે જ મંગલ કામના. —પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

તો શહીદ બનેલાને આપઘાત નહી કહેવાય !

—પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.

ગુજરાત સમાચાર...માં આજીવન ઉપવાસ કરવા આ બધું બંધ કરાવવાની જરૂર છે આવા ભાવનું લખાણ છે.

તા. ૩૧–૩–૩૧ ના રોજ ભગતસિંહ દેશ માટે શહીદ બની ગયા તેનું શું ?

દિલ્હી પાર્લામેન્ટમાં સભ્યોની વચ્ચે એકાએક એવી રીતે બોમ્બ ફોડયા કે કોઇ મરે નહી અને સામે ચઢીને પકડાઈ ગયા. નાશી જવાની કોઇ વાત નહી. અરે, જ્યારે ફાંસી આપતા પહેલાં ફાંસી આપનારાઓએ કહ્યું : 'તમારે ભાગી જવું હોય તો વ્યવસ્થા કરી દઈએ' ત્યારે આ રાષ્ટ્રપ્રેમી યુવાનોએ કહ્યું હતું અમારા લોહીમાંથી હજારો નરબંકાઓ તૈયાર થશે. અમારો આશય દેશમાં ચારે બાજુ દેશભક્તિ જગાડવા લોકોનું લોહી ઉકાળવા બોમ્બ વિસ્ફોટ પાછળ યોજના હતી તેમના નામ હતા ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ. એમની માતાઓએ સવાશેર સૂંઠ ખાધેલી હતી.

મૃત્યુ પહેલાં પેટ ભરીને રસગુલ્લા ખાધા હતા. મૃત્યુનો રંજ ન હતો. મા ભોમ ખાતર મોતને ભેટવાનો આનંદ હતો. તે દિવસ હતો તા. ૩૧–૩–૩૧ આવા મૃત્યુના આદર્શો ભરપૂર પ્રેરણા આપે છે.

મૃત્યુ વેળાના વસિયતનામામાં ભગતસિંહે લખાવ્યું કે ફરી આ દેશમાં મારો જન્મ થાય મને મા ભોમની વધુ ને વધુ સેવા કરવા મળે. આઝાદીના સર્વોચ્ચ નેતાને મારા અંતિમ પ્રણામ.

આ દેશમાં મા ભોમ માટે, સંસ્કૃતિની રક્ષા માટે કંઈક વીરો, સતીઓ થઇ શું તેને આપઘાત કહી શકાય ખરો ?

દાન અને દંડ જેટલો ફરક છે અને ચોર પાસે પોલીસ અને રાજા પાસે પોલીસ, આ બેમાં જેટલો ફરક છે ? તેટલો ફરક દુઃખથી કંટાળીને અનશન કરવું અને નાના જીવોને અભયદાન આપવા (અનશન) આ જીવન ઉપવાસ કરવા એટલું અંતર છે.

વનસ્પતિના જ્ઞાતા વૈજ્ઞાનિકો પણ હવે માનતા થયા છે કે તેમાં સેન્સીવીટી (લાગણીશીલતા) હોય છે તેના ઉદાહરણો મૂક્યા છે. એવા પાણીના વનસ્પતિના, અગ્નિના વાયુના, વીજળીના જીવોની રક્ષા કરવા માટે કોઈ માણસ આજીવન ઉપવાસ કરે તે ગૌરવને પાત્ર છે પણ ગાળને પાત્ર નથી. આ સાચી ખુમારી છે. ખુંવારી નથી,

વનસ્પતિ પણ શત્રુ મિત્રને ઓળખે છે. થોડાંક વર્ષો પૂર્વે પરદેશમાં વનસ્પતિના જીવત્વ ઉપર અને તેની લાગણીઓ ઉપર પ્રયોગો થયાં તેમાં એક પ્રયોગ નીચે મુજબ છે.

એક જ પ્રકારની વનસ્પતિનાં છોડના પાંચ કુંડા એક ઠેકાણે લાઈન બંધ રૂમમાં મૂકવામાં આવ્યા. તેમાં પાંચ માણસોએ પ્રવેશ કર્યો. એક પાસે છરી હતી. બધાએ ઝાડને પંપાળ્યા. વહાલ કર્યું. વનસ્પતિ ખીલી ઉઠી, પછી બીજા રાઉન્ડમાં પાંચ ભાઈ ગયા. છરીવાળા ભાઇએ ત્રીજા કુંડાની વનસ્પતિ ઉપર તલવાર ચલાવી. તે જોઈ બધી કુંડાની વનસ્પતિ ધ્રુજી ઉઠી. ત્રીજા રાઉન્ડમાં એ પાંચે પુરૂષોમાં જેના હાથમાં છરી હતી. તે પુરુષને ઓળખી વનસ્પતિ ધ્રુજવા માંડી. તેમ છોડના તરંગો ઉપરથી લાગ્યું.

જૈન શાસન પૃથ્વી, પાણી, અગ્નિ, પવન, વનસ્પતિમાં જીવ માને છે. તેમાંથી નીકળી મનુષ્ય જન્મ પામી કેવળજ્ઞાન (એટલે કે ત્રિકાલિક જ્ઞાન) પામી શકાય છે. મનુષ્ય જન્મ સહન કરવા સહાય કરવા સાધના કરવા માટે છે. આમાં જીવ જેમ જેમ આગળ વધતો જાય છે. મન-વચન-કાયા અને ઇન્દ્રિયોને જેમ જેમ અંતરમુખ બનાવતો જાય છે તેમ તેમ આત્મવિકાસ વધતો જાય છે.

અગ્નિ અને વાયુમાં જીવ તત્ત્વ છે. પરંતુ તે સ્થા ચંચલીત દેહવાળા હોય છે. દેહની અસર મન ઉપર થાય છે માટે યોગની સાધનામાં આસન સ્થિરતાને ખૂબ મહત્વ આપ્યું છે.

આ રીતે ઓછામાં ઓછી હિંસા થાય તે માટે ઉપવાસ આદિ તપશ્ચર્યા કહી છે. સત્યાગ્રહમાં ઉપવાસ કરે તો શહીદ કહેવાય અને સત્યવ્રત આચરણ કરે તો આપઘાત કહેવાય ? આ ક્યાંનો ન્યાય વાચક વર્ગ સમજી શકશે.

ટાઈફોઇડ થયો હોય ત્યારે ડોક્ટર કહે મગના ઘાણી ઉપર રહેવું પડશે. તો શરીરનો પ્રેમી તૈયાર થઇ જાય છે.

હજામ કહે માથું નીચે કરો અસ્ત્રો વાગી જશે ? ત્યાં ભલા ભલો બુધ્ધિશાળી દલીલ કરતો નથી. વાગી જવાનો ભય છે.

આવા મળ, મૂત્ર, ગંદકી, હાડકા, ચામડી, માંસ, પરસેવાથી ભરેલાં શરીર ઉપરનું મમત્વ દૂર કરી હસતા મુખે તપ કરવો તેમાં અણસમજુને દુઃખ થાય તે સહજ છે.

દુનિયાભરમાં ડોક્ટરો, દવાઓ, હોસ્પિટલો, કંપનીઓ વધી રહ્યા છે તેના મૂળમાં ખાવા-પીવાનો વિવેક માનવીએ ગુમાવી દીધો છે તે છે. આ હિન્દુસ્તાનમાં આટલા કંપનીઓ ક્યારે જોવા મળતા નહિ. દેશની આર્થિક, વ્યવહારિક, સામાજિક, આધ્યાત્મિક વ્યવસ્થાઓ વિશ્વમાં પ્રથમ નંબરે હતી. પરદેશનું ઘેલું લાગ્યું. અંગ્રેજી શિક્ષણનો વ્યય અને વાયરો વધ્યો. લજ્જા, મર્યાદા, સંસ્કારિતાના ભોગે દોડ વધી. પરિણામ શોધવા જેવું પડે તેમ નથી. વિશ્વભરના પેપરો પાના ભરી ભરીને ગરમા ગરમ સમાચારો પ્રગટ

❋ એક હતો રાજકુમાર ❋

—અમીકુમારી

[કર્મમલ જીતી મોક્ષે જનાર એક હતો રાજકુમારની વાર્તાના જ્ઞાનનું દાન આપણને શ્રી અમીકુમારી કરાવી રહ્યા છે. તેમની આગવી શૈલીથી લખાયેલ આ વાર્તા વાંચી આપણે સૌ કર્મમલ દૂર કરવા પ્રયત્નશીલ બનશું ?]

કુંભ નામે રાજા જેના ઉપર રાજ્ય કરતો હતો તે તુરમિણી નામે એક વિશાળ સુંદર નગરી હતી. રાજાને સર્વગુણ સંપન્ન એવો યુવાન પુત્ર હતો. સર્વો વિદ્યામાં પારંગત કરી તેના લગ્ન સૌંદર્ય અને ગુણોમાં અજોડ એવી રાજકન્યા સાથે કર્યા હતાં, બંનેનો સંસાર ખુબ સુંદર અને ધર્મમય રીતે પસાર થઇ રહ્યો હતો. કાળક્રમે એક દિ' નગરીમાં પધારેલા મહાત્માનો સમાગમ થઇ ગયો. સદ્‌ગુરુનાં શ્રીમુખેથી અસાર એવા સંસારની ઉંબ ખુબ વાતો સાંભળી આત્મામાં મોક્ષની લગની જાગી ગઇ. સંસાર યમદૂત જેવો લાગી ગયો. એક જ ઘડાકે સુખ અને સમૃદ્ધની ભંડાર સમી રાજઋદ્ધિ અને સર્વોચ્ચ. સૌંદર્યની મહારાણી સમી રાજરમણીને છોડી સંયમના પંથે મક્કમ પગલે પ્રયાણ કર્યું.

મોક્ષ મેળવવાની તલપ અને સુંદર સદ્‌ગુરુનો યોગ પછી પૂછવું જ શું ? નુતન મુનિ તો સંયમી આરાધનામાં તલ્લીન બની ગયા. મોક્ષ સુખના રસીયા બન્યાં. ઉપશમ રસના ઝરિયા બન્યાં. ખુબ શાંત, પ્રશાંત, ધીર અને ગંભીર બની ગયાં. ગુરુ ભક્તિથી,

---

કરે છે, માનવીનું જીવન ભંગાર બની જાય તેવા ચિત્રો, લખાણો, જાહેર ખબરો વિના રોકટોકે પુર બહારમાં ચાલી રહ્યા છે. ૭૦ કોડની પ્રજા સુનમુન જોઈ રહી છે.

સંતોષ, સંયમ, સદાચાર, સહનશીલતા નિસ્વાર્થતાનું સ્થાન અસંતોષ, અસંયમ, દુરાચાર, ઉચ્છંખલતા, સ્વાર્થધાનતાનો અજગર ચોમેર વિંટાઈ ચૂકયો છે.

સૂક્ષ્મ વિચારક દીર્ઘ દૃષ્ટિવાળા આવા વાતાવરણથી થોડાં ઘણા બચી શક્યા છે. બાકી તો ભલભલાં આ પ્રવાહમાં તણાઈ રહ્યાં છે. વિનાશની મહાભયંકર અદૃશ્ય આગને પ્રકાશ માની સૌ દોડી રહ્યા છે.

પ્રજાનું હીર અને નુર ચુસાઇ રહ્યું છે. બાળકોને બાલ્યવયથી જ અંગ્રેજીની કંઠી પહેરાવી દેવાઈ રહી છે. બિચારા પોતાના દેશની માતૃભાષા ન વાંચી શકે ન બોલી શકે પોતાના ગૌરવવંતા દેશના ઉત્તમ તત્ત્વોથી અજાણ રહે. આ બધું આપણા હાથે જ બની રહ્યું છે. સૌ શક્તિ સંપન્ન માનવીઓ પોતાના તન, મન, ધન, સમય, શક્તિને ઉચિત માર્ગે લગાવી સ્વ અને સર્વના હિતમાં પ્રવૃત્ત બને તે જરૂરી લાગે છે.

શ્રુતસ્વાધ્યાયથી અને અપ્રમત્ત ભાવથી મનને રંગી દીધું.

કર્મરાજાને ત્યારે જ નુતન મુનિની પરિક્ષા લેવાનું સુઝ્યું, પોતાના સપાટામાં લઇ ક્ષુધા વેદનીય કર્મ દ્વારા પોતાનો દાવ નાખ્યો. મુનિને તપશ્ચર્યા બાજુ પર મુકવી પડી. જ્યાં સુધી એક ઘડો ભરીને ગોચરી ન વાપરે ત્યાં સુધી ભુખ શાંત ન થાય. રોજનો નિત્યક્રમ બની ગયો. એક નાનકડો તપ કરવો હોય તો પણ હવે ન થઈ શકે. મુનિનો આત્મા રડી ઉઠ્યો, પરંતુ આ વીર મુનિ ગાંજ્યા જાય તેમ ન હતાં. તેમને પણ કર્મરાજાને હરાવી મોક્ષ સુખ મેળવવામાં ક્યાંક પીછેહઠ ન થાય તેની કાળજી રાખી કર્મરાજા સામે, સામી કમર કસી, તેમને શ્રુત સ્વાધ્યાય ગુરુભગવંતોની ભક્તિ વિ. વિ. અનેક ઉપાયો દ્વારા દુઃખને ભૂલી મોક્ષની લગની વધારે ને વધારે ઉત્કૃષ્ટ કરી સમતારસ પેદા કરી પોતાનો પ્રતિદાવ ફેંક્યો. બંને પક્ષમાંથી એક પણ હાર માનવા તૈયાર નથી.

એક દિવસ મુનિ માટે સોનાનો સૂરજ ઉગ્યો. કર્મરાજાને પણ પોતાના કાન પકડી માફી માંગવી પડે તેવો પ્રસંગ તે દિવસે બની ગયો. તે દિવસ હતે પર્યુષણા પર્વનો છેલ્લો દિવસ સંવત્સરી પર્વ (ક્ષમાપના પર્વ)નો પોતે આવા મહાન દિવસે પણ નાનો'શો તપ નહિ કરી શકે તેની ભારોભાર વેદના જેમના મુખે ફરી વળી હતી, પણ કર્મવશ થઇ પૂ. ગુરૂદેવ પાસે જઇ અત્યંતાતા ભાવે ગોચરી લેવા જવાની રજા માંગી. ઘડો ભરીને ગોચરી લઇ આવ્યાં. શાસ્ત્રવિધિ મુજબ મુનિ ભગવંતો સમક્ષ પાત્ર ધરીને સર્વેને આમંત્રણ આપ્યું. આમાંથી કોઈક સ્વીકારી મને લાભ આપો, મારા ઉપર અનુગ્રહ કરો, ઉગ્ર તપસ્વી એવા મુનિ ભગવંતોનાં આંખોના ભવાં આ આમંત્રણથી ચડી ગયાં, આંખો લાલચોળ થઇ ગઈ, ક્રોધે દેખા દીધી, ઉગ્ર ઠપકો આપી ગોચરીના પાત્રમાં થુંક્યાં, આ જોઇ નુતન મુનિના શરીરનાં રોમેરોમમાં આનંદ છવાઇ ગયો, આ તપસ્વીઓનું થુંક અચુક મારા કર્મનો નાશ કરશે. આ થુંક નથી પણ મારા માટે ભાથું છે. ભારોભાર આત્મનિંદામાં ચડી ગયાં. ખુબ પુલકીત હૃદયે પોતે તપ નથી કરી શકતા તેનાથી દુઃખી થઇ આંખોમાં આંસુ લાવી આહાર કરવા લાગ્યાં. આ જોતાં જ કર્મરાજા લાંબુ ટકી ન શક્યા. દુમ દબાવી ભાગી છુટયાં. રાગદ્વેષ આત્માથી જુદા પડવા લાગ્યાં, શુકલ ધ્યાનની શ્રેણીએ ચડી ગયાં અને સમતા રસથી કર્મરાજા ઉપર અભૂતપૂર્વ વિજય મેળવ્યો. તેની વરમાળા રૂપે આત્મામાં કેવળજ્ઞાન રૂપી અખંડ જ્યોત પ્રકાશી ઉઠી.

બાળકો જાણો છો પોતાના સમતા રસથી કર્મરાજા ઉપર વિજય મેળવી મોક્ષે પહોંચી જનાર આ મહાત્મા હતા કુરૂગડુ મુનિ અને તુરમિણી નગરીના રાજકુમાર લલિતાંગ.



મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૬]

—શ્રી રાજુભાઇ પંડિત

[૬] રાજકુમારી કુંતી પ્રાણત્યાગ તરફ...

'હે વનદેવતાઓ ! સાંભળો. હું હવે મૃત્યુની વધુને વધુ નજીક જઇ રહી છું. લાગે છે કે-આ જનમમાં પાંડુરાજા સાથે મારો મેળાપ વિધાતાના ભાગ્ય-લેખમાં લખાયો નથી. કાંઇ નહિ, આ ભવે નહિ તો આવતા ભવે આ પાંડુરાજા જ મારા પતિ બનજો....'

પાંડુરોગી હોવાથી, રાજા અંધકવૃષ્ણિએ હસ્તિનાપુરના દૂતને સ્પષ્ટ શબ્દોમાં પોતાની રાજપુત્રી કુંતી પાંડુરાજાને આપવાની ના પાડી.

એક બીજા વગર ન રહી શકે એટલી હદે કુંતી તથા પાંડુરાજા એક બીજાના ચિત્રપટો જોઇને આકર્ષાયા હતા. પ્રતિબિંબથી એકબીજાને મળી રહેલા તેઓ સાક્ષાત્ બિંબ રૂપે મળી શકયા ન હતા. એકબીજાના જોડાણની જે થોડીઘણી આશા ચિત્રકારના કારણે જન્મી હતી તે પણ સવારે રાજાએ દૂતને ના પાડવાથી નષ્ટ થઇ ગઇ હતી.

બંનેમાંથી એકેયને ન રાજમહેલમાં સુખ છે, ન ઉપવનોની હરિયાળીમાં ચેન છે, ન ઉડતા ધારાયંત્રો=ફુવારાઓમાં રતિ છે, ન જમવામાં આનંદ છે. ન બેસવામાં, સુવામાં હર્ષ છે. વિષાદ ઘેર્યા વાતાવરણની યુગો જેવડી એક-એક ક્ષણને બંને વિતાવી રહ્યા છે.

વિધિની વક્રતા તો જુઓ. ધૃતરાષ્ટ્ર કે જે જન્મથી જ આંધ્ર છે તે લોકો જાણે છે છતાં ગંધાર નરેશ પોતાની એક બે નહિ પણ આઠ-આઠ બહેનો ધૃતરાષ્ટ્રને સામેથી આવીને પરણાવે છે. અને જે રાજકારણમાં દક્ષ છે પાંડુરોગને બાદ કરતાં કોઇ શારીરિક ખામી નથી. જે હસ્તિનાપુરનો રાજધણી છે તેને પોતે સામેથી ઝંખતા હોવા છતાં રાજકન્યા કુંતી મળી શકતી નથી. [આજના જમાનામાં પોતાને ટી.વી., ફ્રિજ, ફ્રેન, ફ્લેટ નથી માટે છોકરો કે છોકરી અમને પસંદ કરતા નથી. આવું કહેનાર કે માનનારે ઉપરના પ્રસંગ ઉપરથી પૂર્વે કરેલા અવળા કર્મોના ઉદયને ધ્યાનમાં રાખી લેવાની જરૂર છે સાથે સાથે કામ-વાસનાની કેવી વિટંબણા છે તે પણ સમજી લેવું જરૂરી છે.]

મેળાપ પછીના વિરહમાં ઝુરનારા તો ઘણાં હોય છે. અહીં તો મેળાપ વગર વિરહમાં સંતપ્ત થનારા કુંવારા યુવા હૈયા છે. કુંતીદેવીના વિરહમાં બેચેન બનીને એકવાર પાંડુરાજા ઉપવનમાં ફરી રહ્યા હતા. ત્યાં જ એક ખદિરના વૃક્ષ સાથે કોઈ જ આધાર વગર લોઢાના મોટા મોટા ખીલ્લાઓથી જીવતાને જીવતા જડી દેવાયેલા એક વેદનાથી કણસી રહેલા, પીડાથી તરફડતા માનની નજીક જાણે પહોંચી ગયેલા એક પુરૂષને પાંડુરાજાએ જોયો. જોતાં જ દયાથી ઘેરાઇને તરત જ પોતાની શક્તિથી લોઢાના ખીલ્લા ખેંચી કાઢીને તે પુરૂષને વૃક્ષથી મુક્ત કર્યો. પણ મુક્ત થયેલો તે માણસ લોહી વહી જવાના કારણે મૂર્ચ્છા આવીને ધરતી ઉપર ઢળી પડયો. પાંડુરાજાએ ચંદનના તથા શીતલ જળના સિંચનથી તે પુરૂષની મૂર્ચ્છા દૂર કરી. પછી વિગત પૂછતાં તે 'વિશાલાક્ષ' નામના વિદ્યાધરે પોતાના દુશ્મન દ્વારા છળકપટથી પોતાની થયેલી આ હાલતનું કથન પૂરૂ કરતા કહ્યું કે-તે મને પ્રાણ આપ્યા છે. હું તારૂ શું ઇચ્છિત કરૂં ?

પાંડુરાજે પોતાની વિતક કહી સંભળાવી. તેથી વિશાલાક્ષે એક મુદ્રિકા=વીંટી પાંડુરાજાને આપતા કહ્યું કે-આ વીંટીના પ્રભાવે તું જે ઇચ્છા કરીશ. તે ફળી જશે. આમ કહી વિદ્યાધર ચાલ્યો ગયો.

આ તરફ ઉપવનમાં સખીઓ સાથે ફરવા અને મનને રંજન મળે તે ઇરાદે રાજકુમારી કુંતી આવી તો ખરી પણ ચમનમાં (બગીચામાં) પણ તેને ચેનનું ચમન ન મલ્યું. પાંડુરાજા વગર બાકીની જિંદગીની સફર પૂરી કરવી તેને મન અશકય લાગી. જિંદગીની બાકીની સફરના સથવારા માટે પાંડુ અને કુંતી એકબીજાને ઝંખતા હતા, એકબીજાને ઝુરતા હતા. સંસારની સફરના સાથીદારના સથવારાની મૃત્યુ પામી ગયેલી આશાઓનો હવે તો અગ્નિસંસ્કાર કરવાનો જ બાકી હતો. કબરમાં પોઢી ગયેલી સંસારના સથવારાની તમન્ના ઉપર હવે કફન ઓઢવાનું બાકી છું.

આ જનમના અંતિમ શ્વાસ સુધી પણ પાંડુરાજાનો સાક્ષાત્ મેળાપ થવાનો કોઇ જ ભરોસો ન લાગતા આખરે વેદનાથી વલોવાઇ ગયેલી રાજપુત્રી કુંતીએ પોતાની પાસેથી સખીઓ દૂર થતાં, લાગ જોઇએ એક વૃક્ષ સાથે વસ્ત્રથી ગળે ફાંસો આવાની તૈયારી કરી લીધી.

અંતિમ આરઝુ ગુજરતા રાજકુમારી કુંતી બોલી કે-હે વનદેવતાઓ !

આ જગતમાં ભલે પાંડુરાજા મારા પતિ બની ના શકયા પણ આવતા ભવે તો એજ મારા પતિ થજો.' આમ કહીને વૃક્ષની ડાળે ગળે ફાંસો બાંધને રાજકુમારી કુંતીએ પ્રાણ ત્યાગનો પ્રયાસ કર્યો.

આ બાજુ પાંડુરાજાએ વિદ્યાધરે આપેલી વીંટી પહેરી કે તરત જ જ્યાં કુંતી રાજપુત્રી ગળે ફાંસો બાંધને લટકી ગઇ હતી તે જ ઉપવનમાં આવી ગયા. ઢાલ/તલવાર સાથે દોડી આવેલા તેણે મૃત્યુની તદ્દન નજીક પહોંચી ગયેલી રાજપુત્રી કુંતીને જોઇ અને તરત જ ગળાનો ફાંસો તોડી નાંખ્યો. કુંતી મૂર્ચ્છા ખાઇને નીચે પડી.

પાંડુરાજાએ કુંતીને પોતાના ખોળામાં લીધી.

કુંતી ફરી વિલાપ કરવા લાગી. 'અરે રે ! હે વિધાતા ! તેં આ શું કર્યું. મને મરવા પણ ના દીધી. અને આખરે આ કોઇ અજાણ્યા પુરૂષના ખોળામાં તે મને ફેંકી દીધી.' કુંતીએ દૃષ્ટિથી બરાબર જોયું તો ચિત્ર ફલક ઉપર આલેખાયેલા ખુદ પાંડુરાજા જ લાગ્યા. અને કાંડાના કડા ઉપર 'પાંડુ-રાજા' નામ વાંચતા કુંતીનો ખુશીનો પાર ના રહ્યો.

વિરહમાં તડપતા બંને યુવા હૃદયના મિલન થયા. સખીઓએ પાંડુ-કુંતીના ગાંધર્વવિવાહ કર્યા. કામાતુરતાએ મર્યાદાનું ભાન ભૂલાવ્યું. રાજપુત્રી ગર્ભવતી બની. વિચક્ષણ ધાવમાતાઓએ છળકપટથી કુંતીને શરીરની બિમારીનું બહાનું કાઢીને છુપાવી રાખી. ગર્ભના પ્રભાવથી કુંતી ઇન્દ્રને પણ તૃણ જેવા ગણવા લાગી. ઘણું બધું દાન દેવા છતાં કંઇ ન આપ્યું તેવું લાગી. છેવટે કોઇને ય ખબર ના પડે તે રીતે પુત્રનો જન્મ થયો. પુત્રજન્મની કુંતીને ખુશી પાર વગરની હતી. પણ કુંવારી દશામાં સાચવી શકાય તેમ ન હોવાથી પુત્રનો ત્યાગ કરવાના વિચારે દુઃખી દુઃખી થઇ ગઇ.

આખરે...

લોક વિરૂદ્ધ માર્ગે ઉત્પન્ન થયેલા પુત્રનો દુઃખતા હૈયે ત્યાગ કરવા માટે રત્નની પેટીમાં મણિ અને કુંડલથી શુશોભિત કરીને તરતના જન્મેલા બાળ-કને આંખમાં આંસુ ભરીને ગંગા નદીના વહેણમાં વહેતો મૂકવો પડયો. ભાગ્યનું વહેણ જ્યાં લઇ જાય ત્યાં રત્નની પેટીએ વહેવાનું હતું.

શક્તિશાળી બાહુબળી પુત્રના ત્યાગથી રાજકુમારી કુંતીના ખેદનો કોઇ

જ પાર ના રહ્યો. કુંતીનો ખેદ-વિષાદ તેના મુખ તથા હાલવા-ચાલવામાં વર્તાવા લાગ્યો. આથી માતા સુભદ્રાએ ધાવમાતાને પૂછયું. કુંતીને શું થયું છે?'

ધાવમાતાએ પાંડુરાજાના પ્રતિબંધથી માંડીને પુત્રત્યાગ સુધીનો વૃત્તાંત કહી દેતાં સુભદ્રાએ રાજાને બધી વાત કરતાં હવે રાજપુત્રી કુંતીને પાંડુરાજા સાથે પરણાવવાનો નિર્ણય કર્યો.

આખરે બંનેના લગ્ન લેવાયા.

પાંડુરાજા કુંતીની જેમ મદ્રરાજ શલ્યની પુત્રી માદ્રીને પણ પરણ્યા.

વિદૂરના લગ્ન દેવકરાજાની કુમુદવતી પુત્રી સાથે થયા.

(ક્રમશ:)

❋ લબ્ધિ-પુષ્પ-ગુચ્છ ❋

પૂ. આ. શ્રી વિ. લબ્ધિ સૂ. મ.
પ્રેષક : પૂ. મુ. શ્રી નેમવિજયજી મ.

જેને જ્ઞાનની અને ધર્મની દરકાર હોય, તેને વિધિ પ્રત્યે બહુમાન ન હોય એમ બને જ નહિ. દરેક દરેક ક્રમની સફળતા તેના વિધિની અપેક્ષા રાખે છે. રસોઇ પણ બાઇઓ વિધિ મુજબ કરે છે. માટે જ તમારે આવા લાયક બને છે. બજારમાં સરાફીમાં તમો વિધિ મુજબ વર્તો છો ત્યાં સુધી તમારી ઓટ જળવાઈ રહે છે.

આમ છતાં પણ આજે શ્રી જિનાલયોમાં અને અન્ય ધર્મ સ્થાનોમાં પણ વિધિ પ્રત્યે બહુ બહુ બેદરકારી આવતી જાય છે. રોજ ધર્મક્રિયા કરનારાઓમાં પણ વિધિ પ્રત્યેની બેદરકારી બહુ દેખાય છે. ધર્મસ્થાનોમાં ધર્મબુદ્ધિથી આવનારાઓ પણ ધર્મસ્થાનમાં કેમ વર્તાય એ વિધિને જાણવાની ઉપેક્ષા ઘણે અંશે સેવે છે. જ્ઞાન મેળવવાના અર્થીએ પણ વિધિ મુજબ જ્ઞાનાર્જન કરવું જોઇએ ! એ વાતને લગભગ ભૂલી ગયા જેવું છે. વિધિને સેવવાનો પ્રયત્ન કરવા છતાંય પણ અવિધિ આચરાઇ જાય તો એ ક્ષન્તવ્ય છે, પણ વિધિ પ્રત્યે બહુમાન ન જ હોય તો તે ચાલી શકે નહિ.

કૌભાંડોનું પુનરાવર્તન કરી કરીને આપણા નેતાઓ ચર્ચીલને


સાચો પુરવાર કરી રહ્યા છે!

૧૯૪૬માં ભારતને આઝાદી આપવાની બ્રિટનમાં ચર્ચાઓ ચાલતી હતી એ વખતે બ્રિટનના ત્યારના વડા પ્રધાન એટલીએ ભારતના ત્યારના ગવર્નર વાયસરોય વેવેલને જે પત્રો લખેલા એમાં એક પત્રમાં લખેલું કે, 'ભારતમાં નેતાઓને લોકશાહીની 'થિઅરી'ના પાઠ આવડે છે પરંતુ એમને 'પ્રેકટીકલ'ની કશી જ ખબર નથી એટલે પુસ્તકીયા જ્ઞાનથી લોકશાહી ચાલી શકે નહીં'

એ વખતે બ્રિટનમાં બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જે વડાપ્રધાન હતા એ ચર્ચીલે પણ એમની આખાબોલી જબાનમાં એટલીને કહ્યું હતું કે, 'તમે હિંદુસ્થાનને પીંઢારાઓને હવાલે કરી રહ્યા છો.' (પીંઢારા એટલે ૧૮૦૦ના અરસામાં આખા દેશમાં જેઓ ડાકુગીરી કરીને લૂંટફાટ કરતા હતા એને પીંઢારા કહેતા. બ્રિટિશરોએ ૧૮૫૭ પછી ભારત ઉપર સંપૂર્ણ કબ્જો મેળવ્યા પછી એ પીંઢારાઓને નાબૂદ કરેલા. ગુજરાતીના એક મહાન નવલકથાકાર સ્વ. રમણલાલ વસંતલાલ દેસાઇની 'ઠગ' નામની નવલકથામાં એ પીંઢારાઓ અને ઠગ સમાજનો ચિતાર આપવામાં આવ્યો છે.) આજે જ્યારે જૈન હવાલા કૌભાંડમાં ભારતનો [સામ્યવાદીઓ સિવાયનો] એક પણ રાજકીય પક્ષ અભડાયા વિના રહ્યો નથી ત્યારે પેલા ચર્ચીલની વાત સાચી લાગે છે.

ભ્રષ્ટાચાર અથવા કૌભાંડના મૂળ છેક રોમન સામ્રાજ્યના તેમજ મહાભારતના દિવસો સુધી લંબાયેલા છે. રોમનોએ પણ મતદાન મથકો કબ્જે કરેલા. [બુથ કેપ્ચરીંગ] રાજકારણમાં વ્યાપેલી અશુદ્ધતા, ગંદકી, સડો, ભ્રષ્ટાચાર, કૌભાંડ વગેરે દૂર કરવા મા. સ. ગોળવેલકર (ગુરૂજી)એ શરૂ કરેલા ભાજપ જેવો ભાજપ પણ અને એની પાછળ ઊભેલો આર.એસ.એસ. જેવો આર.એસ.એસ. પણ સત્તા મેળવવા છેલ્લા વર્ષોમાં 'બુથ કેપ્ચરીંગ'નો માર્ગ અથવા મતપત્રકોની થોકડીઓ મતપેટીમાં નાખવાનો માર્ગ છેલ્લા વર્ષોમાં અપનાવવા લાગ્યા છે! [એને પછી ભલે 'શઠં પ્રતિ શાઠ્યં'ની નીતિના વાઘા પહેરાવવામાં આવતા હોય પરંતુ ભ્રષ્ટાચાર એ તો ભ્રષ્ટાચાર જ છે! આર.એસ.એસ. અને ભાજપ ત્યાગીઓ હાડોહાડ દેશપ્રેમથી ભરેલા વ્યક્તિઓના સંગઠનો છે એની ના નહીં પરંતુ એને પણ સત્તા મેળવવા આવા અપ્રમાણિક માર્ગો અપનાવનારા પોતાના કાર્યકરો સામે આંખ આડા કાન કરવા પડે છે. એટલો બધો ભ્રષ્ટાચાર અને કૌભાંડનો પ્લેગ ફેલાય ગયેલો છે! છેલ્લી પંચાયતોની અને નગરપાલિકાઓની ચૂંટણીમાં પણ એમણે આ માર્ગ અપનાવેલ જ! જ્યાં બધા જ 'આપણા' હોય ત્યાં કોનો ડર? પરંતુ આ માર્ગ અંતે તો દેશ માટે ઘાતક પુરવાર થાય છે એ જૈન હવાલા કૌભાંડે છતું કરી દીધું છે.] ગુ. ૭-૨-૯૬

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- કષાયના વિજય માટે વિષય વિજય જરૂરી છે.
- શ્રાવકની વતના પણ સાધુપણાનો અપ બતાવે છે.
- આપણને આપણા આત્મા ઉપર પ્રેમ આવી જાય તો જગતના બધા જીવો ઉપર આપોઆપ મૈત્રી આવી જાય. બધા આત્મા આપણા જેવા લાગે પછી બધા આત્માના હિતની ચિંતા આપોઆપ આવે.
- 'ઈચ્છામિ ખમાસમણો' બોલનાર ધર્મ માટે સાધુપણા માટે તરફડે છે. તેને શ્રી અરિહંત થવાય તો અરિહંત થઈને જ, મોક્ષે જવું છે. કદાચ તે ન થવાય તો સિદ્ધ પરમાત્મા તો અવશ્ય થવું જ છે.
- ખમાસમણું દેતાં નમાવવાનું ઉત્તમાંગ અને સ્પર્શવાના ચરણ જેનું માથું સમર્પિત થાય પછી બાકી કાંઈ રહે ?
- દુનિયાની તુચ્છમાં તુચ્છ ચીજની પણ પરીક્ષા કર્યા વગર લાવતા નથી તો ધર્મની બાબતમાં નહિ કરવાની ? અહીં ગમે તેને માની લેવાની વાત છે ? આપણે ત્યાં સાધુવેષનો મહિમા એટલો સારો આંકયો છે કે, વેષ દેખાય તો હાથ જોડવાના છે પણ 'ઈચ્છામિ ખમાસમણો' બોલતા તો ઓળખવાના જ છે. તમારે ઘેર કોઈ જમવા આવે તો જમાડાય પણ સંબંધ બાંધતા ઓળખાણ કરો કે નહિ ' પૈસા માગે તો તુરત જ આપો કે તપાસ કરીને આપો ?
- જે જીવો સત્તર સંડાસા પૂર્વક, પૂંજી પ્રર્માજીને વિધિપૂર્વક ખમાસમણ બરાબર દે તો દુનિયાની બધી કસરતો ધૂળ ફાંકે છે.
- ઉભય-કાળની આવશ્યક ક્રિયા શુદ્ધ ઉચ્ચારથી બોલે તો વચનશુદ્ધિ થાય, વિચાર-પૂર્વક બોલે તો મન શુદ્ધિ થાય અને બરાબર પૂંજી-પ્રર્માજી સંડાસાપૂર્વક કરે તો કાય શુધ્ધિ થાય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (હાલાર પ્રદેશ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૯ | અંક ૩૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

—: મણુકો :—

जहित्ता पुव्वसंजोगं,
णाइसंगेयबंधवे ।
जो न सज्जई भोइट्ठिं,
तं वयंभूम बंभणं ॥

પૂર્વના માતા પિતાદિ તથા એન આદિ સંબંધી તથા ભાઈ વિ.ને છોડીને જે પૂર્વના ભોગમાં લપટાતો નથી જેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

卐

❋ અનુભવ વાણી ❋

પૂ. સા. શ્રી અક્ષયગુણાશ્રીજી મ.

ત્રણની કરામત

ત્રણનો વિશ્વાસ ન કરવો – કાલ, કર્મ અને જગત
ત્રણનું સન્માન કરો – માતા, પિતા અને ગુરુ
ત્રણને યાદ રાખો – કર્જ, ફર્જ અને મર્જ.
ત્રણ એક જ વાર મળે છે – મા, બાપ અને જુવાની.
ત્રણથી ઉન્નતિ થાય – પ્રભુપૂજા, મહેનત અને વિદ્યા.
ત્રણનો ત્યાગ કરો – હીન ભાવના, નિંદા અને સ્વાર્થ.
ત્રણને કાબૂમાં રાખો – કામ, ક્રોધ અને કામના.
ત્રણ જીવનમાં જરૂરી છે – સહાયતા, સન્માન અને વિચારની ઉન્નતા.
ત્રણ રાહ જોતા નથી – સમય, મૌત અને ગ્રાહક.
ત્રણ ગયેલા પાછા ન આવે – કમાનથી છૂટેલ તીર,
મોંઢામાંથી નીકળેલ વાણી અને શરીરના પ્રાણ.
ત્રણ તત્ત્વને સેવો – સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર.

આને જીતવા દુર્લભ છે. :—

ઇન્દ્રિયોમાં રસના જીતવી કઠીન છે.
મનને જીતવું કઠીન છે.
બ્રહ્મચર્યવ્રતનું પાલન કઠીન છે.
કર્મોમાં મોહનીય કર્મ જીતવું કઠીન છે.

જમાના વાદે —

શું ગુમાવ્યું	અને	શું મેળવ્યું
દૂધ ગુમાવ્યુ	—	ચા મેળવી
શુદ્ધ ઘી ,,	—	વનસ્પતિ ઘી મેળવ્યું.
પ્રભુતા ગુમાવી	—	પશુતા મેળવી
સદાચાર ગુમાવ્યા	—	દુરાચાર મેળવ્યા.
શાંતિ ગુમાવી	—	ભ્રાંતિ મેળવી.
સ્વાસ્થ્ય ગુમાવ્યું	—	ઈલાજ મેળવ્યો.
જ્ઞાન ગુમાવ્યું	—	વિજ્ઞાન મેળવ્યું. (જુઓ ટાઈટલ ૩ જું)

હાલારદેશોદ્ધારક પૂ. આચાર્યશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર.

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુંદરા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ મેઘ (વઢવાણ)
ખાંતીલાલ પ્રેમજી મુંદરા (થાણા ગઢ)

વર્ષ : ૯] ૨૦૫૩ ફાગણ વદ-૧ મંગળવાર તા. ૨૫-૩-૯૭ [અંક : ૩૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, અષાઢ વદિ-૭ શુક્રવાર તા. ૧૭-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૫ મું) -અવ૦)

સભા૦ : સુખ ભોગવવાનું કામ કરતો હોય તો તે પણ પાપ કરે છે ને ?

ઉ૦ : જે જીવને આ સંસારનું સુખ ગમતું નથી, પણ છોડવા જેવું જ લાગે છે પરન્તુ હજી તે છોડી શકતો નથી અને કર્મયોગે તે સુખ ભોગવવું પડે તો ન છૂટકે ભોગવે છે તો તે જીવ સુખ ભોગવીને પણ પાપ ખપાવે છે. જ્યારે જે જીવને આ સંસારનું સુખ જ ગમે છે. સારું લાગે છે અને સુખ ભોગવવા જેવું લાગે છે તે જીવ કદાચ સુખ ન પણ ભોગવતો હોય તો પણ પાપ બાંધે છે.

શાસ્ત્રે કહ્યું છે કે-"સંસારના સુખની ઈચ્છા કરવી તે જ પાપ છે, તે સુખને મેળવવા મહેનત કરવી તે પણ પાપ છે, તે સુખ મળે તો આનંદ પામવો તે પણ પાપ છે, તે સુખ ભોગવવામાં મઝા આવવી તે પણ પાપ છે, તે સુખ ચાલ્યું જાય તો દુઃખ થાય તે પણ પાપ છે અને તે સુખને મૂકીને જવું પડે તો ગભરામણ થાય તે પણ પાપ છે.'

સભા૦ : સાપનો જેટલો ભય લાગે છે તેટલો પાપનો ભય નથી લાગતો તેનું શું કારણ ?

ઉ૦ : શ્રધ્ધા જ નથી. સાપ કરડયેા નથી પણ 'સાપ કરડે તેા મરી જવાય' તે લેાકના વચન ઉપર વિશ્વાસ છે. પણ 'પાપથી દુઃખ આવે' તે ભગવાનના વચન ઉપર વિશ્વાસ નથી. માટે શ્રદ્ધા જ પેાલી છે પણ સાચી શ્રધ્ધા નથી.

સભા૦ : સાપ કરડયેા અને મરી ગયેા તે સાંભળ્યું છે– જોયું છે. પરન્તુ સંસારનું સુખ ભેાગવે તેા રખડે તે દેખાતું નથી.

ઉ૦ : આ તેા આસ્તિકના વેષમાં છૂપેા નાસ્તિક કહેવાય. આનેા અર્થ એ જ થયેા કે– શાસ્ત્રની પણ શ્રદ્ધા જ નથી.

બધા જ આસ્તિક દર્શનકારેા માને છે કે–"દુઃખં પાપાત્ સુખં ધર્માત્". આ પણ સાચી શ્રધ્ધા છે ? જે જીવ ડાહ્યો હેાય તેને ખબર છે– જન્મેલાએ અવશ્ય મરવાનું છે. મારા બાપા ગયા, તેમના બાપા પણ ગયા, મારે પણ જવાનું છે તેા મરીને ક્યાં જવું છે તેની ચિંતા કેટલાને છે ? 'ભગવાન લઈ જાય ત્યાં જઈશું" એમ ઘણા કહે છે. પણ ભગવાન લઈ જાય ખરા ?

સભા૦ : ભગવાને જોયું હશે ત્યાં જઇશું.

ઉ૦ : આ ય શ્રદ્ધા છે ? કેાઈ જ્ઞાની મલી જાય અને તે કહે કે– નરકમાં જવું પડશે. તેા તે સાંભળીને ગભરામણ થાય છે. પણ નરકના વર્ણન સાંભળી ગભરામણ થતી નથી. દુર્ગતિમાં ન જવું હેાય તે સંસારમાં મજેથી જીવે કે દુઃખથી જીવે ? તેને ધર્મમાં મઝા આવે કે કરવેા પડે માટે કરે ?

તમે બહુ મેાટા શ્રીમંત હેા તેા થાય કે–'જો હું સાવધ નહિ રહું તેા આ શ્રીમંતાઈ મને મારી નાખશે. મારી પાસે પાપ કરાવીને મને દુર્ગતિમાં મૂકી આવશે.' આજે ગરીબેા કરતાં શ્રીમંતેા વધારે બરાબ પાઠયા છે. ગરીબને જો તે સંતેાષી હેાય તેા થેાડું મળે તેા ય ખુશ થાય છે અને શ્રીમંત સંતેાષી ન હેાય તેા પાંચ લાખ મળે તેા ય ખુશ થતેા નથી. પૈસાવાળા બરેબર માનને આઘુ મૂકે છે. તેને 'કૃપણ' કહેા તેા ય હસે છે તે જાત જ જુદી છે ! પેાતે ચેકલેા ટીપ કરી શકે તેવેા સુખી પણ માંડ માંડ ટીપમાં થેાડું ન છૂટકે લખાવે અને કહે કે–'હું ધર્મી થયેા એટલે મેં ગધેડી પકડી !' તેને ધર્મી કહેવરાવવું છે અને પૈસેા નથી ખરચવેા માટે આમ બેાલે છે. આજે તેા તેના ઘેર પણ કેાને સન્માન મળે ? ગરીબને તેા તેના ઘરનાં આંગણે પણ ચઢવા ન મલે. ગરીબનું સન્માન તેા કેા'ક જ કરતા હશે. બરેબર તેા તે જ મેાટેા ભિખારી છે. બરેબર સુખી તે જ કહેવાય કે જેના ઘરે કેાઈપણ દુઃખી આવે કે જરૂરિયાતવાળેા આવે તેનું દુઃખ દૂર થયા વિના ન રહે અને જરૂરિયાત પૂરી થયા વિના ન રહે. આજે કેાઈ આવેા સુખી છે ?

એક મોટો શ્રીમંત હતો. તે રોજ બપોરના જમ્યા પછી બાવાની ચીજોનો ટોપ ભરીને ઘરના આંગણામાં આવતો અને ભિખારીઓને પ્રેમથી આપતો. એકવાર તે શેઠની સ્થિતિ ફરી ગઇ. તેથી તે ટોપને બદલે વાડકી લઇને આવ્યા. તે જોઇને બધા ભિખારીઓ સમજી ગયા કે. શેઠની સ્થિતિ બદલાઇ ગઈ લાગે છે. તેથી હાથ જોડીને કહેવા લાગ્યા કે-'સાહેબ! આજે અમે ભીખ માગવા નથી આવ્યા પણ આપના દર્શન કરવા આવ્યા છીએ.' આવા શ્રીમંતો હતા. તમારે મન તો ગરીબ-ભિખારી એટલે લુચ્ચા અને ચોર, તમે બધા શાહુકારના છોકરા! આજે એવું કોઈ એક શેઠનું ઘર મળે કે જેને ઘેરથી ભીખ માગવા આવેલો ભિખારી હસતો હસતો ગયો હોય અને તેને પણ ભીખ પ્રેમથી આપી હોય! ભિખારી તો તમને ચેતવનારા છે, સ્વર્ગના કરવાળા જેવા છે કે-અમારા જેવી દશા ન પામવી હોય તો દાન કરો. દાન કરશો તો સ્વર્ગે જશો. અને પૈસા હોવા છતાં ય દાન નહિ કરો અને 'મારો પૈસો મારો પૈસો' કરી સાચવ્યા કરશો તો નરકમાં જ જશો.

સભા૦ : સુખી એમ કરે તો આ બધા આળસુ થઈ જાય!

ઉ૦ પહેલા તમે કરો તો ખરા. તમારે કરવું નથી માટે ખોટાં બહાનાં ન કાઢો. તમને તો સંસાર માટે મજુરી કરે તે બધા સારા લાગે છે. આજના શેઠીયાઓને ધર્મ કરવાનો ટાઈમ ન મળે પણ સંસારની મજુરી કર્યા કરે. 'ધર્મનો અમને સમય નથી' એમ કહેનારા મને ગરીબડા લાગે છે, શ્રધ્ધાહીન લાગે છે, દુર્ગતિમાં જનારા લાગે છે. જરૂરવાળો જે કોઈ માગવા આવે તે જે સુખીને ગમે નહિ તે સુખી માણસ દુર્ગતિગામી છે. માગવા તો સુખીને ઘેર જાય ને? આજના સુખી મને આખલા જેવા લાગે છે?

સભા૦ : માગવા આવનારામાં સાચા ઓછા છે અને બનાવટી ઘણા છે.

ઉ૦ : જેટલા બનાવટી શ્રીમંત છે તેટલા માગનારા કંભી નથી. શ્રીમંતો પણ ભિખારી જેમ જીવે છે તેવા માગનારા નથી. જેને માગનારા ન ગમે તેની શ્રીમંતાઈમાં ધૂળ પડી છે! તેની શ્રીમંતાઈ તેને પકડીને દુર્ગતિમાં નાખી આવશે.

શાસ્ત્રે કહ્યું છે કે- માર્ગાનુસારી જીવ જ ધર્મ સાંભળવા લાયક છે. માર્ગાનુસારી જીવ કોને કહેવાય? જેની પાસે અનીતિનો એક પૈસો ન હોય. કદાચ અનીતિનો પૈસો હોય તો તેનું દુઃખ હોય, તેનો ચોપડો ઉઘાડો હોય; તેનું ઘર ઉઘાડું હોય. તેની પાસે જે હોય તે બધું ઉઘાડું હોય. તેને કશું છુપાવવા જેવું હોય નહિ 'આજે તો જેના ઘરમાં પૈસા વધારે છે તે મોટામાં મોટો ચોર છે. તે પોતાના પૈસા બતાવી શકે તેમ નથી' આવું અમે ભરસભામાં કહીએ તો કોઈ શ્રીમંત માથું ઊંચું કરી શકતો નથી (ક્રમશઃ)

પરમ પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના

* પુણ્ય પ્રવચનો નો સારાંશ *

સુખ દુઃખ બીજું કાંઈ નથી આપણા જ કર્મનો પરિપાક છે,
જે આપ્યું હશે તે મળશે અહીં એ કર્મનો પ્રભાવ છે,
(સુખ) પૈસો પણ સંસારમાં પૂર્વના પુણ્ય બળે મળે,
હોંશિયારી કોઈની નથી કે ના બુધ્ધિનો પ્રભાવ છે.

એટલે જ આ સંસારમાં.....


સારું થાય તે કર્મથી ને ખરાબ પણ દૈવે કર્યું,
આ માનનારના હૃદય મહીં, હું પદ કદિ આવે નહિ,
લોભ એવો કષાય છે છેક દશમાં સુધી નડે,
શુભ ભાવને માનનારો મોહથી કદિ નવ પડે.

ન્યાયને મનમાં ધરી હરપળે જે જીવને જીવે,
બીજા ધાનને લાયક બની ગ્રંથિને હવે ઓળખે,
સુગુરૂ કહે 'ભાઈ ધ્યાન રાખજે, સમકિત ધર્મનું મૂળ છે,
સંસારમાંથી મન ફેરવી લે સંસાર મોટું શૂળ છે."

સંસારનું કોઈ દુઃખ નહિ, પણ સુખ જ અભિશાપ છે,
કર્મ બાંધે છે આ જીવ તે, સુખ દુઃખ તણો પ્રતાપ છે,
માટે હે જીવ! મોક્ષ પામવા મહેનત કરવી પડશે,
તે મેળવવા ધર્મ તણી સોબત કેળવવી પડશે.

પેઢી સાધન પાપનું ને ઘર તેને મન જેલ છે,
કુટુંબની જંજાળ બધી તેને વળગેલી વેલ છે,
વિષય તણા રસોનું સેવન ને પરિગ્રહ મોટા પાપ છે,
હિંસા-જૂઠ-ચોરી તણાં એ બન્ને મા-બાપ છે.

હેતુ ફેરવી નાંખો મોક્ષ જોઇએ છે હવે,
મન ફેરવી નાંખો ધર્મ જોઇએ છે હવે
મોક્ષ હેતુ સહિત ધર્મ હવે હું આચરૂં
સમજવા સાચો ધર્મ સુગુરૂ તણો સંગ કરૂં.



ગ્રહણમાં જિનાલયો ખુલ્લા રાખવાની શાસ્ત્રીય મર્યાદા

ગ્રહણમાં જિનાલયો ખુલ્લા રાખવાની શાસ્ત્રીય મર્યાદા.

પ્ર૦ : સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણના સમયે અન્યધર્મીઓ 'પોતાના મંદિરો બંધ રાખે છે, 'દેવાન છૂટે ગ્રહણ'ના નિયમ મુજબ દાન આપે છે, ગ્રહણ સંબંધી સ્નાન કરે છે, ગ્રહણ પછી નવું પાણી ભરીને વાપરે છે.' આવા બધા નિયમો જૈનોએ પણ પાળવાના હોય છે ? આ વિષયમાં જૈનશાસ્ત્રો શું ફરમાવે છે ?

ઉ૦ : સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણના સમયે જૈનશાસ્ત્રો મુજબ આવા બધા નિયમો પાળવાના નથી. ગ્રહણ સંબંધી વિશિષ્ટ દાન, ગ્રહણ સંબંધી સ્નાન વગેરે નિયમો પાળવાથી મિથ્યાત્વનો દોષ લાગે છે. માટે જૈનોએ તેવા નિયમો પાળવાના રહેતા નથી.

પ્ર૦ : આજે તો સૂર્ય-ચંદ્રના ગ્રહણ સમયે દેરાસરો બંધ રાખવામાં આવે છે, તેનું શું ?

ઉ૦ : ગ્રહણ સમયે દેરાસરો બંધ રાખવાનો આચાર જૈનોનો નથી. અજૈન પૂજારી વગેરે દેરાસર સંભાળતા હોય, તેઓ પોતાની સગવડ ખાતર ગ્રહણ સમયે જિનાલય ખોલવાની ના પાડે, ન ખોલે, એટલે જૈનોએ પણ તેના પગલે ચાલવું એ અજ્ઞાનતા છે. કોઈ જૈનશાસ્ત્રો ગ્રહણ સમયે જિનાલયો બંધ રાખવા-એવું ફરમાવતાં નથી.

પ્ર૦ : આપણા આચાર્ય ભગવંતો-સાધુ ભગવંતો વગેરે ગ્રહણના સમયે દેરાસર બંધ રાખવાની કડક સૂચના આપતા હોય છે. તે આચાર્ય-સાધુ ભગવંતોને આ વાતની ખબર નહિ હોય ?

ઉ૦ : કોઈ જૈન શાસ્ત્રોમાં ગ્રહણ સમયે જિનાલયો બંધ રાખવાની કડક સૂચના આપવામાં આવી નથી એટલે જે આચાર્યાદિ ગ્રહણ સમયે જિનાલય બંધ રાખવાની કડક સૂચના આપતા હોય તેઓ સ્પષ્ટ રીતે જિનભક્તિમાં અંતરાય કરી રહ્યા છે જો તેઓની 'કડક સૂચના' શાસ્ત્રીય જ હોય તો તેઓ ગ્રહણ સમયે જિનાલયો બંધ રાખવા'નો શાસ્ત્રપાઠ રજુ કરે. વગેરે કારણે જિનભક્તિમાં અંતરાય કરવાનું કાર્ય કોઇ પણ આચાર્યાદિને શોભે નહિ. શ્રાવકોએ પણ જિનભક્તિમાં અંતરાય કરનારી તે આચાર્યાદિની કડક સૂચના માનીને ફોગટ અંતરાય કર્મ બાંધવું નહિ.

પ્ર૦ : શાસ્ત્રોમાં ગ્રહણ સમયે અમુક સમય સુધી સ્વાધ્યાય કરવાનો તો નિષેધ કર્યો જ છે ને? જો ગ્રહણમાં સ્વાધ્યાય ન થઇ શકતો હોય તો દેરાસરમાં જિનપૂજા પણ શી રીતે થઈ શકે?

ઉ૦ : જિનપૂજા કરવા અંગેના નિયમો અને સ્વાધ્યાય કરવા અંગેના નિયમો શાસ્ત્રકારોએ અલગ અલગ બતાવ્યા છે તેથી તે બંનેની ભેળસેળ કરીને નવો ખોટો નિયમ બનાવાય નહિ. ત્રણ ચોમાસીના અઢી અઢી દિવસ અને બે શાશ્વતી અઠ્ઠાઇઓમાં સુદ્ધ પાંચમની બપોરથી વદ્ધ બીજના સૂર્યોદય સુધીના સમય દરમ્યાન વિશિષ્ટ શ્રુતોનો સ્વાધ્યાય કરવાનો નિષેધ હોય છે, પણ આ જ દિવસોમાં જિનપૂજા વગેરે ભક્તિ તો વિશિષ્ટ પ્રકારે કરવાનું વિધાન છે. તેમ અસજ્ઝાય અને જિનપૂજાના વિધાનને કશો જ સંબંધ નથી. આથી 'અસ્વાધ્યાય છે' એમ કહીને જિનપૂજાનો નિષેધ કરવામાં આવે તો સ્પષ્ટ રીતે જિનભક્તિમાં અંતરાય કરવાનું પાપ બંધાય. માટે વિવેકી આત્માઓએ જિનભક્તિમાં અંતરાય કરનારી અવિવેકી સૂચનાનો અમલ કરવો નહિ.

પ્ર૦ : ગ્રહણ સમયે જિનાલય બંધ રાખવાનું કાર્ય શાસ્ત્રીય રીતે યોગ્ય નથી– એ વાત તો સમજી ગયા. પરંતુ શાસ્ત્રમાં લોકવિરુદ્ધનો ત્યાગ કરવાની વાત પણ સ્પષ્ટ જ લખી છે ને? લોકો ગ્રહણ સમયે પોતાના મંદિરો બંધ રાખતા હોય તો તેની વિરુદ્ધમાં જઇને આપણે જિનમંદિરો ખુલ્લાં રાખીએ તો લોકવિરુદ્ધ કાર્ય કરવાનો દોષ ન લાગે?

ઉ૦ : ગ્રહણ સમયે અન્ય ધર્મીઓ પોતાના મંદિરો બંધ રાખતા હોવાની વાત ખોટી છે. અન્ય ધર્મીઓ તો ગ્રહણ દરમ્યાન દેવપૂજાનું વધુ મહત્ત્વ માને છે. કદાચ આ જ કારણે ગ્રહણ સમયે આપણાં દેરાસરો બંધ રાખવાનું શરૂ થયું હશે. (આપણા દેરાસરોમાં પૂજારીઓ જૈનેતર હોય છે. ગ્રહણ દરમ્યાન તેમના ધર્મકૃત્યો કરવા તેઓ જતા રહે તેથી દેરાસર સાચવવાની તકલીફ પડતાં દેરાસરો બંધ રખાતા થયા હશે.) એકંદરે ગ્રહણ સમયે મંદિરો બંધ રાખવાનો લોકાચાર જ ન હોય તો મંદિરો ખુલ્લાં રાખવામાં લોકવિરૂદ્ધ કશું થતું જ નથી. બીજી વાત એ પણ વિચારવાની જરૂર છે કે મંદિરો બંધ રાખવાની જેમ જ, જૈનોના આચાર મુજબ ગ્રહણ સંબંધે દાન–સ્નાન વગેરે કાર્યો કરવાનો કડક આદેશ ગ્રહણવાદી આચાર્યો કેમ નથી આપતા? મંદિરો બંધ ન રાખે તો લોકવિરૂધ્ધનો દોષ સમજનારા, ગ્રહણ સંબંધી દાન ન આપે, ગ્રહણ સંબંધી સ્નાન ન કરે તે બાબતમાં લોકવિરૂધ્ધનો દોષ કેમ ગણતા નથી? ગ્રહણ વિષયક લૌકિક માન્યતાઓ અડધી માનવી, અડધી છોડી દેવી વગેરે વિટંબનામાં મૂકાવા

કરતાં, જિનશાસનની મર્યાદા મુજબ જિનાલયો ખોલવા-માંગલિક કરવાની વિધિ જાળવવામાં આવે તો કોઇ પ્રશ્ન ઉભો રહેતો નથી. જિન શાસનની મર્યાદામાં ક્યાંય 'ગ્રહણ સમયે જિનાલય બંધ રાખવું" એવું આવતું નથી. માટે ગ્રહણ સમયે જિનાલયો બંધ રાખવાના હોતા નથી.

પ્ર૦ : ગ્રહણ સમયે વાતાવરણ ખૂબ જ અશુદ્ધ હોય છે એટલે ઘરેથી સ્નાન કરીને નીકળેલો માણસ ખુલ્લા આકાશમાં આવે એટલે પાછો અશુધ્ધ થઈ જાય. આવી અશુદ્ધ અવસ્થામાં જિનપૂજા થાય જ કેમ ?

ઉ૦ : શાસ્ત્રોમાં ગ્રહણ સંબંધી અસ્વાધ્યાયની જ વાત લખવામાં આવી છે. કોઇ જગ્યાએ 'ગ્રહણ સમયે અશુદ્ધિ હોવાથી જિનપૂજા ન થઇ શકે તેમ જણાવ્યું નથી' ને અસજ્ઝાયના નિયમને જિનપૂજાના નિષેધ માટે લેવામાં આવે તો ચૈત્ર-આસો મહિનાની સાડા બાર દિવસની ગણાતી અસજ્ઝાયમાં પણ જિનપૂજા ન થઈ શકે ! તે સિવાયના પણ અસજ્ઝાયના કારણોમાં જિનપૂજાનો નિષેધ કરવો પડે. આમ તો વર્ષના ઘણા બધા દિવસો-વિશિષ્ટ પર્વદિવસો પણ-જિનપૂજા વિનાના જ જાય. શાસ્ત્રકારોએ આવી જિન-પૂજાબંધી કયાંય ફરમાવી નથી. માટે ગ્રહણ સમયની અશુધ્ધિના નામે જિનપૂજા બંધ કરવી જરાય હિતાવહ નથી.

પ્ર૦ : ગ્રહણ મુક્તિ પછી જ્યાં સુધી જિનાલયને ધોવામાં ન આવે ત્યાં સુધી પૂજા ન થાય-આ વાત તો સાચીને ?

ઉ૦ : ગ્રહણ ઉતર્યા પછી જિનાલય ધોવાયા બાદ જ પૂજા થાય-આ વાત પણ ખોટી છે 'ગ્રહણના કારણે જિનાલય અપવિત્ર થઈ જાય છે' એવી માન્યતા જૈન ધર્મની નથી. અને લોકસંજ્ઞા મુજબ ચાલવામાં ધર્મ નથી-આ વાત બરાબર ધ્યાનમાં રહેવી જરૂરી છે. જિનાલયની અશુધ્ધિના નામે લોકસંજ્ઞાનું પોષણ કરવું અયોગ્ય છે, અશાસ્ત્રીય છે.

પ્ર૦ : ગ્રહણ સમયે દેરાસર ખુલ્લુ રાખે તો જિનપ્રતિમાને ગ્રહણની અસર થઈ જાય. માટે ગ્રહણ સમયે દેરાસર બંધ જ રાખવું જોઇએ ને ?

ઉ૦ : 'ગ્રહણ સમયે જિનાલય ખુલ્લુ રાખવાથી જિનપ્રતિમાને ગ્રહણની અસર થઈ જાય છે' એમ માનવામાં કોઇ શાસ્ત્રાધાર નથી. કમોસમી માવઠાં વગેરેના કાળે ય વાતાવરણ ધુંધલું બનતું હોય છે અને ત્યારે વિશિષ્ટ શ્રુતાભ્યાસ માટે અસજ્ઝાય પણ ગણાય છે છતાં ત્યારે શ્રી જિનાલય કે શ્રી જિનપ્રતિમા અશુધ્ધ થવાનો ભ્રમ કોઇ રાખતું નથી. તો પછી ગ્રહણ અંગે આવો નિરાધાર કદાગ્રહ કેમ રખાય છે ?

ગ્રહણ સમયે જિનાલયો બંધ રાખનારા જિનભક્તિમાં અંતરાય કરવાનું પાપ બાંધે છે. માટે તેવી પ્રવૃત્તિ પાપભીરૂ આત્માઓએ ક્યારેય કરવી જોઇએ નહિ. ગ્રહણ સમયે અસ્વાધ્યાય હોવાથી શાસ્ત્રકારોએ તેવા વિશિષ્ટ શ્રુતોનો સ્વાધ્યાય કરવાની ના કહી છે તેથી તે સમયે સ્વાધ્યાય ન કરવાથી જ્ઞાનાંતરાયકર્મ બંધાતું નથી ઉપરથી શાસ્ત્રાજ્ઞાના પાલનનું પુણ્ય બંધાય છે. એજ રીતે શાસ્ત્રમાં ક્યાંય ગ્રહણ સમયે જિનાલયો બંધ રાખવાનું કે જિનપૂજા ન કરવાનું ફરમાવ્યું નથી. માટે તે સમયે જિનાલયો બંધ રાખવાથી કે જિનપૂજા ન કરવાથી સ્પષ્ટ રૂપે જિનભક્તિમાં અંતરાય કરવાનું પાપ બંધાય. ગ્રહણ સમયે શાસ્ત્રીય નિષેધ ન હોવાથી જિનપૂજા કરવામાં કે જિનાલયો ખુલ્લા રાખવામાં કોઈ પાપ બંધાતું નથી.

શાસ્ત્રાજ્ઞાની જેમ જ ગ્રહણમાં જિનાલયો બંધ રાખવાની કોઈ સુવિહિત પરંપરા પણ નથી તેથી શાસ્ત્ર કે પરંપરાના નામે તેવી ખોટી પ્રવૃત્તિ ચલાવવી અયોગ્ય છે.

[તા. ૨૦–૨–૯૭]

❋ લબ્ધિ–પુષ્પ–ગુચ્છ ❋

પૂ. આ. શ્રી વિ. લબ્ધિ સૂ. મ.
પ્રેષક : પૂ. મુ. શ્રી નેમવિજયજી મ.

આજે દુનિયામાં શાંતિ સ્થાપવાની વાતો તો ઘણી ચાલે છે, છતાં દુનિયામાં અશાંતિ વધ્યે જ જાય છે. કારણ કે, ભોગસુખની લાલસા દિનપ્રતિદિન વધતી જાય છે, મર્યાદા મૂકીને વધતી જાય છે. ભોગસુખની લાલસા ઉપર નિયંત્રણ મૂક્યા વિના કોઈ શાંતિને ભોગવી શકતો જ નથી. દુનિયામાં શાંતિનો પ્રસાર કરવો હોય, તો ભોગસુખમાં જ સાચું સુખ માની રહેલા જગતને, આત્મસુખની સાધના તરફ વાળવું જોઇએ. જ્યારે આજે તો આત્મસુખ તરફ આકર્ષનારા સાધનો તરફ પણ દ્વેષભાવ કેળવાઇ રહ્યો છે. સુદેવ સુગુરૂ અને સુધર્મ તરફ બહુમાન વધે એવું કરવાને બદલે, દુનિયાના જીવો સુદેવ, સુગુરૂ અને સુધર્મને વીસરી જાય, એવા પ્રકારનો પ્રચાર ચાલી રહ્યો છે. આ આર્યદેશમાં આત્મસુખ તરફ લક્ષ્ય દોરનારૂં જે વાતાવરણ હતું, તે વાતાવરણને ઘણે અંશે બદલી નાંખવામાં આવ્યું છે. આર્યસંસ્કૃતિ, કે જે ભોગસુખની લાલસા ઉપર કાબુ મેળવીને સહન કરવાનું શીખવતી હતી, તે આર્યસંસ્કૃતિના મૂળ ઉપર જ, આજે તો ભયંકર કોટિના કુઠારાઘાતો થઇ રહ્યાં છે.

❋ ❋

❋ પ્રેરણામૃત સંચય ❋

-પ્રજ્ઞાંગ

આપણે ભગવાનના દર્શન-પૂજન કરીએ છતાં ભગવાનને ઓળખીએ ખરા? ભગવાન મહાવીરના શાસનમાં જન્મેલાને પૂછવું છે કે—ભગવાન મહાવીર શું? શાસન શું? આપણા માટે શું શું કરવાનું કહ્યું અને શું શું ન કરવાનું કહ્યું? તે વાતમાં તમે કાને હાથ દો તે ચાલે? તમે કહો કે સાધુ જાણે તો પછી ધર્મની બાબતમાં સાધુ કહે તેમ જ ચાલો કે તમારી મરજી મુજબ ચાલો? તમને લાગે છે કે આપણે બહુ સારી જગ્યાએ આવી અને ખરાબ જગ્યાએ જવાની ચેરવી કરી રહ્યા છીએ?

આપણે પરલોક નહિ માનીએ તેથી પરલોક ભાગી નહિ જાય. નરક પણ છે. ભૂલ કરશો તો જવું પડશે, ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો આત્મા ભૂલ્યો તો તેમને પણ નરકે જવું પડ્યું. અણસમજુ, અજ્ઞાની, સંસારના રસિયા જીવો માટે નરક છે. તે તેની શક્તિ હોય તેથી અધિક પાપ કરે અને ઉપરથી ધર્મની મશ્કરી કરે, ધર્મની ઠેકડી કરે.

આપણે અહીં જન્મ્યા છીએ. અહીંથી અવશ્ય મરવાનું છે. ક્યારે મરવાનું તે નક્કી નથી. માણસ બેઠા બેઠા ય મરી જાય, હાલતાં-ચાલતાં ય મરી જાય. હમણાં આયુષ્ય પૂરું થાય તો તમને વિશ્વાસ છે ને કે ચિંતા કરવા જેવું નથી મેં મારા જીવનમાં ધર્મથી વિરુદ્ધ કર્યું નથી, સંયોગ મળ્યા તો સારું જ કર્યું છે. તેથી માઠું ભૂંડું થવાનો સંભવ જ નથી.

ભગવાનનો ધર્મ નહિ સમજેલ બધા જીવો દયાપાત્ર છે. પછી તે મોટો દેવ હોય કે દેવેન્દ્ર હોય તો ય દયાપાત્ર છે. દુઃખી દયાપાત્ર જરૂર છે. કેટલા દુઃખી એવા છે જેની દયા પણ ન ખવાય. સગો બાપ દુઃખી હોય, કેન્સર હોય તો તમે શું કરો? જગત કેટલું લાચાર છે! જે વિજ્ઞાન યુગમાં ભયંકર રોગનો પણ ઉપાય નથી તે વિજ્ઞાનને હજુ તમે સારું માનો છો...! જગત તો દુઃખી રહેવાનું છે. જ્યારે રોગ અસાધ્ય બને, ડોકટરો પણ હાથ ખંખેરે ત્યારે શું કહે છે? 'શાંતિ રાખો, તમારા ઇષ્ટને યાદ કરો!' તો પછી તમે પહેલેથી કેમ યાદ નથી કરતા? બધી બાજી હાથમાંથી જાય તે વખતે તેને ભગવાન શી રીતે યાદ આવે?

દુઃખીને સુખી કરવાનો કોઇ ઉપાય નથી. તેનું પુણ્ય ન હોય તો જે

કાંઇ સારૂં કરવા જઇએ તો ય નુકશાન થાય. આપણે કોઇને દુઃખ ન આપવું તે આપણા હાથની વાત છે. આજે તમે ઘરમાં એવી ઘો ઘાલી છે કે વર્ણન થાય નહિ. ઉઘાડા પાપ ઘરમાં થઇ રહ્યા છે. આજે કોઇ ઘર શુદ્ધ નહિ મલે. ઘરમાં કોઇ સારી વાત કરનાર પણ ન મલે. હવે તો પરદેશીઓ બૂમો પાડવા લાગ્યા કે, આજની બધી સામગ્રીએ માનવ જીવનનો નાશ કર્યો, માનવ જીવનને પાયમાલ કર્યું; છતાં પણ હજી તમારો મોહ ઉતરતો નથી.

ધર્મી તરીકે કેવા બનવું પડે તે જાણો છો ? આખો સંસાર ભૂંડો લાગે પછી ભગવાનના દર્શનની લાયકાત આવે, સંસાર ભૂંડો એટલે સંસારનું સુખ ભૂંડું. સંસારનું સુખ જ મોહામણી ચીજ છે. તેના જેવી ભુંડી ચીજ એકે ય નથી તેના જેવું એક પાપ જગતમાં નથી. આ સુખે અનેક પાપ કરાવ્યા છે. આ સુખ જગતમાં ન હોય તો એક પાપ ન હોય. તમારે વેપારમાં જુઠું બોલવાનું કારણ શું ? સુખની લાલસા જાગી તેમાંથી પૈસાની ભુખ જાગી અને આ બધા પાપ આવ્યા.

આજે ભણતર વધ્યું, જ્ઞાન વધ્યું. બધા કહે આ બુધ્ધિ યુગ છે. મને તો આ દુર્બુધ્ધિ યુગ લાગે છે. બુધ્ધિ લોકોને લૂંટવા માટે મલી છે. આટલી બધી કોર્ટો, વકીલો, બેરીસ્ટરો, જમાદારો કોના માટે...! આ બધી કોર્ટો જનાવરો માટે છે કે માણસ માટે ? માણસમાં ય અમારે માટે કે તમારે માટે ? શ્રાવક હોય તેના માટે કે શ્રાવક ન હોય તેના માટે ? ધર્મ જ કજિયા કરાવે અને અમે બધા કજિયા કરનારા અને તમે શાંતિના સાગર...! ધર્મ માટે કજિયો કરનાર છે કોણ ? બધા મરી ગયા ! ધર્મની પડી છે જ કોને ? ધર્મથી કજિયા વધી ગયા એવો પ્રચાર કરી લોકોને પાગલ બનાવ્યા. ધર્મ કજિયો કરાવે કે અધર્મીઓને લઇને કજિયો કરવો પડે છે ? તમે ઘરમાં કજિયા વગર જીવો છો ? મામૂલી ચીજ માટે લડનારા ધર્મમાં કજિયો બોલે ?

માટે સમજો કે, આ સંસારમાં સારી ચીજ હોય તો દેવ-ગુરૂ અને ધર્મ જ છે. દેવ તે શ્રી અરિહંત પરમાત્મા જ. ગુરૂ પણ તે જ જેને ભગવાનની આજ્ઞા મુજબ ઘર-બારાદિ છોડવા અને આજ્ઞા મુજબ જ જીવે તે. અને ધર્મ પણ ભગવાનને કહ્યો તે જ. બીજી બધી બનાવટ છે, અધૂરૂં છે. આ ત્રણ જ શરણભુત છે, બાકી કોઇ શરણ નથી. ભગવાનનો ધર્મ સાથે હશે તો સદ્ગતિ આપણા બાપની છે. બાકી સંસારના સ્વાર્થ માટે મંદિરમાં જશો. અમારી પાસે આવશો તો ય કલ્યાણ નહિ થાય. તમારામાં અમે

મૂઝાઇએ તો અમે ય મર્યા જઇએ. સંસારના રસીયા, લોભીયા જીવોથી અમે બહુ સાવધ રહીએ છીએ.

ભુખે મરીએ તે હા પણ સાધુ પાસે ધન કદિ ન માંગીએ, તે આપતા હોય તો ય ન લઇએ નહિ. તે તો અમને સંસારમાંથી બહાર કાઢી, લક્ષ્મીની મૂર્ચ્છા ઘટાડી, ભોગની લાલચ ઘટાડી, ત્યાગ બતાવી મોક્ષે પહોંચાડનાર છે. જો આવા તમે બની જાવ તો કાલથી અહીં પણ સુધારો થઇ જાય.

તમારૂં ભલું સુખ-સંપત્તિમાં, ખાઇ-પી શકો તેમાં નથી. પણ તમે કાંઇ ખોટું ન કરો અને સારૂં કરો તેમાં તમારૂં ભલું છે. જે જીવ સારી રીતે જીવે તેને સરકાર ગમે તેટલા કાયદા કરે તો પણ એક કાયદો નડે શેનો? તમને કાયદા જે નડે છે તે શાથી નડે છે? તમે ખોટું શું કામ કરો છો? જે એમ કહે કે, દાળ-રોટી નથી મળતી માટે ખોટું કરૂં છું તેમ બોલે તો હજી ચૂપ રહેવું પડે. તેનો ય બચાવ કરવા જેવો નથી. પણ તમારા જેવા સારા માણસોએ ખોટું કરવાની જરૂર કયાં ઉભી થઇ? આ શરીર શું માંગે? જ્ઞાની કહે-પેટ માંગે તેટલું આપવામાં આવે તો તેને કોઇ જાતિ રોગ થાય નહિ. ખોટું કેમ કરવું પડે છે તેનો વિચાર કરવો છે. પછી તેને લાગે કે હું ભુલી રહ્યો છું, ઊંધે માર્ગે જઇ રહ્યો છું. આ વાત જેને ન સમજાય તો તે જ્ઞાનીની ય મશ્કરી કરે. આજે દુનિયામાં જે બદમાશ-તોફાની હતા, તેમને ચેતતવામાં આવતા હતા છતાં નહતા માનતા, તે બધા આજે ગભરાવવા લાગ્યા છે. ઘણાં મૂંઝવણમાં છે, ઓળખાણ પણ કામ લાગતી નથી.

તમે ડાહ્યા હો, ડહાપણથી જીવતા હો તો ચિંતા કરવા જેવું નથી. આપણે એવી રીતે જીવવું છે કે મરતાં વાંધો ન આવે, મરવાનો ડર ન રહે. નહિ મરવા માટે ઘરે ઘરે દવાખાના ખોલ્યા છે. આજે દવાખાના-હોટલો-સીનેમાઓ જરૂરી બનાવ્યા છે. સુખના સાધન તમારે મન તે. ગમે તેટલી હોસ્પિટલો ખોલો તો બધા જીવી જ જવાના...! મોટા મોટા મરી ગયા. કોઇ ડોકટર મરવાનું બચાવી શકયો નથી પણ મરવાનો ઉપાય કરે છે. તમે જે રીતે જીવો છો તે રીતે જીવશો તો દુર્ગતિમાં જ જવું પડશે. હજી તમે નહિ સમજો તો આવો સારો જનમ સાટ્ટાબાજીવાળો મળ્યો છે તે નકામો જશે. જીવન બરબાદ થશે, પાયમાલ થશે. જેમ તેમ કરી મરવું પડશે. મેં ભુલ કરી તેમ યાદ પણ આવશે નહિ, માટે સમજો અને સારી રીતે જીવો તો ય હજી બાજી હાથમાં છે.

ભગવાનના નામે ધર્મના સ્થાન થાય. દુનિયાના સ્થાન ન થાય. કાગળ ઊડી ન જાય તેના માટે જે પેપરવેઇટ વપરાય તેમાં ય ભગવાન ઘાલવાના છે. તેની સામે ચા-પાણી, બીડી-સીગારેટ પીશે...શું ઓશરમ લોકો ભેગા થયા છે...! ભગવાનની ઠેકડી કરવા માંડયા છે. હાથે કરીને દુર્ગતિમાં જવાના પાપ બાંધે છે. ભગવાનનો પ્રચાર કર્યો છે કે અવહેલના કરી છે? પેન. પર પણ ભગવાન.... કોણ સમજાવે?

ડાહ્યા માટે ધર્મ છે, ગાંડા માટે નહિ. દોઢ ડાહ્યા માટે ય નહિ આજે અભણ ગાંડા છે, ભણેલા દોઢ ડાહ્યા છે. વકીલ કાયદાની કલમ વગર બોલે? જજ જજમેન્ટ પણ કાયદાની કલમ વગર આપે? ધર્મની બાબતમાં આજના લબાડ લોકો મરજી આવે તેમ બોલે છે તે ચાલે? આ [ધર્મની] જગ્યા નકામી છે? ધણી વગરની છે? આધાર વગર બોલે તેને ચલાવી દે તે સંઘ કહેવાય? સંઘ ડાહ્યો હોય તો જેમ તેમ બોલનાર-લખનારને જ પૂછે કે ભગવાનના ધર્મની વાત કરવી છે તો ભગવાને ધર્મ જે રીતે કહ્યો તે મુજબ બોલ, તારી મરજી મુજબ બોલવાનું નથી. બેરીસ્ટર કાયદાની બહારથી બોલે તો બેસાડી દે. તેમ જૈન શાસનમાં કાયદો જ નથી? ભગવાને કોઇ કાયદો રાખ્યો નથી? નાગાઓને નાચવાનું આ સ્થાન છે?

ભગવાનના સંઘમાં જેને રહેવું હોય તેને ભગવાનની આજ્ઞા મુજબ ચાલવું પડે, આજ્ઞા વગર-જેની નિશ્રામાં હો તેને પૂછયા વિના એક કામ ન થાય. આજે તો તમે ધર્મને એવો બનાવ્યો જાણે મરજી મુજબ રમવાનું સાધન? અમે પણ જો ભગવાને કહ્યા મુજબ કહેતા ન હોઇએ તો અમારા જેવા બદમાશ દુનિયામાં બીજા એક નથી. તમારી બદમાશી કરતાં અમારી બદમાશી વધી જાય. અમારી કિંમત ભગવાનને લઇને છે. ભગવાનની ખાતર ઘર-બાર પૈસા-ટકાદિ છોડયા અને ભગવાનનું કહેલ કરનારા અમે બીજું કહીએ તો અમારી બદમાશી વધી ગઇને?

ભગવાનનો સંઘ ડાહ્યો હોય તો પચ્ચીશમો તીર્થંકર છે શાથી? ચોવીશની આજ્ઞા માથે છે માટે, આજ્ઞા મુજબ જ બોલાવાનો-વર્ત્તવાનો-વિચારવાનો નિર્ણય છે માટે. આવો જો નિર્ણય ન હોય તો તે સંઘમાંથી આપોઆપ બહાર છે. [ક્રમશઃ]

❋ નમો તિત્થસ્સ ❋

(ગતાંકથી ચાલુ) —પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

એ જ પ્રમાણે સંઘ શબ્દ–ધર્મ શબ્દ વિગેરે પણ શાસ્ત્ર શાસન વિગેરે અર્થમાં વપરાયેલા મળે છે.

એ જ પ્રમાણે પ્રવચન શબ્દ ધર્મ અર્થમાં–સંઘ અર્થમાં-શાસ્ત્ર અર્થમાં–શાસન અર્થમાં પણ વપરાય છે.

પ્રવચન સંઘ વખાણીયેજી.

પ્રવચન શાસ્ત્ર આગમ વિગેરે.

પ્રવચન વત્સલત્વ, પ્રવચન ઉકાહ, પ્રવચનની હિલના, પ્રવચન પ્રભાવના વિગેરે શબ્દોમાં શાસન અર્થમાં પ્રવચન શબ્દ છે.

શ્રી ઉપદેશમાળા વિગેરેમાં ઘણે ઠેકાણે પ્રવચન શબ્દ શાસન સંસ્થા અર્થમાં વપરાયેલ છે. બીજા પણ ઘણાં પ્રમાણ મળે છે.

શાસનદેવ–દેવી, પ્રવચન દેવી વિગેરેમાં પણ શાસન સંસ્થાના દેવ–દેવી અર્થમાં પ્રવચન શબ્દ છે. શ્રુતદેવી કરતાં શાસનદેવી અલગ હોય છે. દીક્ષા વિગેરે વિધિઓમાં શ્રુતદેવી અને પ્રવચન શાસનદેવીના કાઉસ્સગ્ગ અલગ અલગ આવે છે. જો કે કોઇક ઠેકાણે શ્રુતદેવી શાસનદેવી તરીકે ગણાયેલ છે જેમ કે 'કલ્લાણ કંદ' અને 'સંસાર દાવાનલ' સ્તુતિ વિગેરેમાં. છતાં શ્રુતદેવી અને શ્રી સિધ્ધાયિકા વિગેરે શાસન દેવીઓ જુદા જુદાં છે, શ્રુતદેવીને શાસન દેવી તરીકે ગણાવાયેલ છે, પરંતુ શાસનદેવીઓને શ્રુતદેવીઓ તરીકે ગણેલ નથી.

તીર્થંકર, સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય, ગણધર, પ્રવચન, શ્રુત પ્રવચન, શ્રુત પ્રવચન વિગેરે જ્યાં સૂચવાયેલાં છે, તેવા શાસ્ત્રવાકયોમાં પ્રવચન શબ્દ શાસન અર્થમાં છે.

શાસન--અનુશાસન એ શબ્દો પણ બંધારણીય વ્યવસ્થા અર્થમાં વપરાય એ સ્પષ્ટ છે.

શાસન વ્યવસ્થાતંત્ર છે. રાજ્ય શાસન એટલે રાજ્ય વ્યવસ્થા તંત્ર, ધર્મશાસન એટલે ધર્મવ્યવસ્થા તંત્ર, અને વ્યવસ્થા તંત્ર, બંધારણ વિના તે સંભવે નહિ.

જુદા જુદા નામે જુદા જુદા ધર્મો જગતમાં પ્રસિધ્ધ છે. તે શબ્દોના પણ મુખ્ય અર્થ તો ધર્મસંસ્થાઓ, ધર્મશાસનો, ધર્મ તીર્થો એવા છે. એ ઉપરથી અન્ય તિર્થિક સ્વતિર્થિક વિગેરે શબ્દો પણ પ્રચલિત છે.

શાસનનો વિચ્છેદ એ શબ્દમાં પણ ધર્મ વ્યવસ્થા તંત્રનો વિચ્છેદ એ અર્થ છે.

તત્ત્વજ્ઞાન અને આચાર રૂપ ધર્મ પણ શાસન સંસ્થા દ્વારા લોકોને પ્રાપ્ત થઇ શકે છે. અને એ દ્વારા જ તેની આરાધના સુલભ થાય છે.

શ્રી મરૂદેવા માતા અતીર્થ સિધ્ધ થયા તેનો અર્થ પણ એજ કે તેઓ તીર્થની એટલે કે શાસનની સ્થાપના થયા પહેલો મોક્ષ માર્ગમાં ગયા.

શ્રી ઋષભદેવ પ્રભુ પણ શરૂઆતમાં નમો તિત્થસ્સ કહીને સમવસરણમાં બિરાજમાન થયા, ત્યારે તેમણે હજુ શાસન સ્થાપ્યું પણ નહોતું છતાં શાસન એ પ્રવાહથી અનંતકાલીન છે, અને તેથી તેમણે તે શાસનને નમસ્કાર કર્યો હોવાનું માનવું રહ્યું. પૂર્વના ઘણા ભવોમાં શાસનનો આશ્રય લઇને તેઓ તીર્થંકર પ્રભુ બન્યા છે, અને માટે તે શાસનને નમસ્કાર કરવામાં આવે છે. કેમકે શાસનના આશ્રય વિના જીવોને મોટે ભાગે ધર્મની પ્રાપ્ત થતી નથી. મંદિર, પ્રતિમા, સાધુ મહારાજ, શાસન ઉપદેશ વિગેરે પણ શક્ય હોય તો જ સંભવે. પ્રથમ ધર્મ પ્રાપ્તિ પણ શાસનના આશ્રયે જ થાય.

માટે તે એક જ જગતમાં મહાકલ્યાણકર અજોડ કલ્પવૃક્ષ સમાન હોવાથી મુખ્યપણે તેને નમસ્કાર થાય છે.

યદ્યપિ પૂર્વાચાર્ય મહારાજાઓએ પણ ઘણે ઠેકાણે શાસન, પ્રવચન, તીર્થ શબ્દોના અર્થ શ્રી સંઘ શાસ્ત્ર વિગેરે કરેલા છે, અને તેથી 'નમો તિત્થસ્સ' શબ્દનો અર્થ શ્રી સંઘને નમસ્કાર એવો કરેલો છે. પરંતુ ત્યાં તીર્થ અને સંઘનો અભેદ કરીને એવો અર્થ કર્યાનું સંભવે છે, કેમકે શાસનના સંચાલનની સર્વ જવાબદારી શ્રી સંઘની છે.

મ્યુનિસીપાલીટીના ચેરમેનનો હુકમ તે મ્યુનિપાલીટીની સંસ્થાનો જ હુકમ હોય છે, પછી ભલે તે ચેરમેન કલાક પછી બદલાઈ જાય. પરંતુ તેનો હુકમ મ્યુ. સંસ્થા કાયમ રાખે છે. તેથી સંસ્થા અને તેના સંચાલકનો અભેદ કરીને ચાલતો વ્યવહાર તો પ્રસિધ્ધ જ છે.

આ ઉપરથી શાસન, પ્રવચન તીર્થ, ધર્મ તીર્થ એ સંસ્થારૂપ જુદું છે અને શાશ્વત ધર્મ, સંઘ, શાસ્ત્ર, સિદ્ધતો વિગેરે જુદા છે એમ સ્પષ્ટ સમજાય છે. છતાં એકબીજા જુદા સંબંધોથી જોડાયેલાં હોવાથી નયભેદથી અને ઉપચારથી પરસ્પર મળેલા અભેદરૂપ પણ હોય છે.

જેમકે–

૧. શ્રી તીર્થંકર પ્રભુ ધર્મના–શાસનના સ્થાપક તરીકે સ્વતંત્ર વ્યક્તિ છે.

૨. તે જ પ્રમાણે શ્રી શ્રમણ સંઘમાં તેઓશ્રીનો સંચાલક તરીકે પણ સમાવેશ થાય છે. અને તેથી શાસન સંસ્થાના એક સંચાલક અંગમાં તેઓશ્રીનું સ્થાન છે.

૩. તેઓ આજ્ઞાકારી ધર્મ ચક્રવર્તી તરીકે છે અને ગણધર પ્રભુઓ દિવાન-પ્રધાન-મંત્રી તરીકે છે.

૪. એજ તીર્થંકર પ્રભુ સાધુ શ્રાવક ધર્મમાં દેવ ગુરૂ ધર્મની આરાધનામાં દેવ તરીકે આરાધ્ય છે.

૫. દર્શનાચારમાં શાસન પ્રભાવક તરીકે, શાસનોત્પાદક તરીકે, શાસનના દરેક કાર્યોમાં દર્શન શુદ્ધિની દ્રષ્ટિથી આગળ રાખવા યોગ્ય છે.

૬. શાસન સંસ્થાના રાજા તરીકે છે.

૭. બીજી રીતે શ્રી શાસન સંસ્થામાં શ્રી સંઘ દ્વારા સુરક્ષ્ય પણ છે. તેમનું કોઈ બુરુ ચિંતવી ન શકે, તેમનું કોઇ અપમાન ન કરી શકે, તેને માટે શાસન સંસ્થા દ્વારા તેનો સંચાલક શ્રી સંઘ સજાગ રહે.

૮. મહાસનાતન તીર્થના પ્રભુ પણ અનુયાયી હોય છે.

૯. શ્રી જિન પ્રતિમા

અ. દેવ તરીકે પૂજ્ય,

આ. દેવ તરીકે આરાધ્ય,

ઇ. શ્રી શાસનની મિલ્કત તરીકે શ્રી સંઘને રક્ષ્ય,

ઈ. સાતક્ષેત્રમાંની શ્રી જૈનશાસનની મિલ્કત,

ઉ. લેપ વિગેરેથી રક્ષ્ય એક ધર્મોપકરણ.

ઊ. તત્ત્વજ્ઞાન દ્રષ્ટિથી સ્થાપના નિક્ષેપે તીર્થંકર દેવ. એ પ્રમાણે દરેકની સાથે અનેક નયોની અર્પણા અનર્પણા લાગુ હોય છે. જેનો ઘણો વિસ્તાર થાય તેમ છે. એજ પ્રમાણે મુનિ, આચાર્ય, શાસ્ત્રો વિગેરે વિષે સમજવાનું છે.

શાસન બંધારણનાં મૂળ તત્ત્વો :- શાસન સંસ્થાનું બંધારણ મૂળ પ્રભુની આજ્ઞા છે. ઉત્સર્ગ, અપવાદ વિગેરે પ્રકારની આજ્ઞા છે. અનુયાયીના મત ઉપર બંધારણનો આધાર નથી. અનુયાયીઓના આજ્ઞાનુસાર અભિપ્રાયને સ્થાન છે, પરંતુ અંગત મતને સ્થાન નથી. અનુયાયીઓ સભ્ય કે સભ્યસ્ય નથી, અનુયાયી ઉપાસક-શિષ્યો છે. તેથી તેઓના અંગત મતને સ્થાન ન હોય એ સ્વાભાવિક છે. (ક્રમશઃ)

— લઘુ બોધ કથા —

પરીક્ષા

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક શ્રીમંત શેઠ હતા. એકવાર તેમના હાથે તેલ-ઢોળાઇ ગયું. તો તેમાંનું બચાવાય તેટલું વાસણમાં ભર્યું છેલ્લે બાકી રહ્યું તે પોતાના જૂતા ઉપર ચોપડવા લાગ્યા અને તેનો જરાય દુરૂપયોગ-દુર્વ્યય ન થાય તેની કાળજી રાખી. આ પ્રસંગ તેમની નવી વહુએ જોયો. તે પણ હોંશિયાર હતી. તેથી વિચાર્યું કે મારા સસરા કૃપણ છે કે કરકસર સ્વભાવવાળા તેની પરીક્ષા કરવી જોઇએ.

બે–ચાર દિવસ થયા પછી બપોરના સમયે તે નવી વહુ એકદમ બૂમાબૂમ-ચીસાચીસ કરવા લાગી, માથું પછાડવા લાગી અને રડવા લાગી. આખું કુટુંબ ભેગું થયું. જેમ જેમ ઉપાયો કરે—તો મને ઘણી પીડા થાય છે કહી માથું પછાડવા લાગી. ત્યારે શેઠે વાત્સલ્યથી પૂછ્યું કે-'વહુ બેટા ! આવી પીડા પહેલા કયારે થયેલ ?' તેણી કહે કે-મારા પિતાજીને ઘેર આવી માથાની દુઃખાવાની સખત પીડા થતી. પણ તે મારા પિતાજીનું ઘર હતું તે જે ઉપાય કરતા તો મટી જતી.

ત્યારે શેઠે એકદમ વાત્સલ્યથી પૂછ્યું કે-ચિંતા કરો મા. તમારા પિતાજીએ જે ઉપાય કરેલો તે કહો તો હું પણ તે ઉપાય કરી તમારી પીડા દૂર કરું.

વહુ-મારા પિતાજી સાચા મોતીનો લેપ કરી માથા ઉપર લગાવતા તો પીડા શાંત થઇ જતી અને મને ઘણી જ રાહત થતી.

આનંદમાં આવેલા શેઠ કહે કે—આમાં શું છે ? હમણાં જ તમારી પીડા શમાવી દઉં. તેમ કહી તિજોરીમાંથી સાચા મોતી કાઢી તેનો લેપ કરવા વાટવા માટે તૈયાર થાય છે. ત્યાં તો વહુ એકદમ બેઠી થઈ ગઇ અને કહે કે, મારી પીડા શાંત થઈ ગઈ. શેઠને નવું નવું લાગ્યું કે આ શું ?

એટલે વહુએ તેમના આશ્ચર્યનું સમાધાન કરતાં કહ્યું કે-જ્યારે તેલ ઢોળાઇ ગયેલ અને આપે આપના જૂતા ઉપર લગાવ્યું તે જોઇ મને થયું કે મારા સસરાજી કૃપણ છે કે કરકસર સ્વભાવવાળા ? તેની પરીક્ષા કરવા આ બધું નાટક કર્યું તો મને માફ કરો. કૃપણતા તે દોષ છે અને કરકસરતા તે ગુણ છે.

સૌ વિવેકી વાચકો જીવનને ઉજ્જવલ બનાવવા કૃપણતા દોષથી દુર રહો અને કરકસરતા ગુણને પામી, આત્મકલ્યાણના માર્ગે પ્રગતિ સાધો તે જ ભાવના...

કર્ત્તવ્ય ગુમાવ્યું	—	વકતવ્ય મેળવ્યું.
વિશ્વાસ ગુમાવ્યો	—	તર્ક મેળવ્યો.
મંદિર-ઉપાશ્રય ગુમાવ્યા	—	ટી. વી. વિડીયો મેળવ્યા.
અધ્યયન ગુમાવ્યું	—	અખબાર મેળવ્યું.
ધર્મ ગુમાવ્યો	—	ધન મેળવ્યું
દિલ ગુમાવ્યું	—	દિમાગ મેળવ્યું.
હોંશ ગુમાવ્યો	—	જોશ મેળવ્યો.
ભક્તિ ગુમાવી	—	યુક્તિ મેળવી.
પ્રામાણિકતા ગુમાવી	—	અભિમાન મેળવ્યું.

—: વ્યાખ્યાઓ :—

રચના : જેની શોધ કરાય તે.

ઇર્ષ્યા : બીજાની ઉન્નતિ ન સહેવી તે.

સંયમ : કામના, લાલસા, વિષયાસક્તિનો હૈયાપૂર્વક ત્યાગ કરવો તે.

દાન : અસહાય, દીન–દુઃખી, નબળા, અનુકંપનીયને સહાય રૂપ થવું તે.

ક્રોધ : આત્માનો મોટામાં મોટો શત્રુ.

લોભ : મોટામાં મોટું છૂપું પાપ સઘળા ય પાપોનો બાપ.

માયા અવિશ્વાસની મૈત્રી.

ક્ષમા : વૈરીને પણ વશ કરનાર, ઊંચામાં ઊંચી દયા.

પ્રેમ : અહંકાર માત્રનો ત્યાગ કરી પ્રભુ ભક્તિમાં લીન થવું તે.

કોના હૈયામાં શું હોય ?

મા ના હૈયામાં	– મમતા, વાત્સલ્ય.	સજ્જનના હૈયામાં	– નમ્રતા
પિતાના ,,	– કર્તવ્ય.	વિદ્યાર્થીના ,,	– જિજ્ઞાસા
બહેનના ,,	– સ્નેહ.	શ્રીમંતના ,,	– અભિમાન.
ભાઇના ,,	– પ્રેમ.	ગરીબના ,,	– આશા.
ગુરૂના ,,	– જ્ઞાન.	મિત્રના ,,	– સહયોગ.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



[redacted]

- ફરજ તો જેના બાપ-ધણી, કાકા-મામા બન્યા તે બધાને સદ્‌ગતિમાં મોકલવાની છે. મારે ઘેર જ-મેલો, મારા પરિચયમાં આવેલો દુર્ગતિમાં ન જાય તેવો વિચાર ન કરે તે ફરજ સમજ્યો છે ? તમે તો છોકરાઓને ઝેર પાઈને દુર્ગતિમાં મોકલનારા છો ? 'દીકરો ભણશે નહિ આશે શું'– આ ઝેર કહેવાય કે અમૃત કહેવાય ?
- જેને ખરેખર સંસાર જ ગમે છે, સંસારની પ્રવૃત્તિ ગમે છે, તે જ કરવા યોગ્ય માને તેને ભગવાનની વાત હૈયામાં પેસે જ નહિ. જેને થાય કે આ તો કર્મનો હુકમ. તેથી અનંતા પુદ્‌ગલ પરાવર્ત્ત ભટકયો, હવે નથી ભટકવું–તે તેને જ ભગવાનની વાત ગમે, હૈયામાં પેસે.
- જે પોતાની બધી શક્તિ સંસારમાં ખર્ચે તેવા સારા માણસો અહીં આવી જાય તો પણ તમારે સાધુ જ થવું ન હતું ને ? તમારે ય સાધુ થવું નથી અને તમારા ઘરના સાધુ થાય તેવી ઈચ્છા પણ નથી અમે પૂજ્ય અને અમે લીધેલ સાધુપણું પૂજ્ય નહિ. અમે સાધુપણાને લઈ પૂજ્ય બન્યા, તમારે સાધુપણાની જરૂર નથી તો અમને માનો તો શા માટે ?
- તમને બધાને ધનને બઠલે જ્ઞાન નો લોભ થઈ જાય તો સૌનેયા વરસે તેવું છે. સાતે સાત ક્ષેત્રો તરતા થઈ જાય. પછી કોઈની દેન નથી કે જૈન સંઘની સામે જોઈ શકે ! જૈન સંઘની વિરૂદ્ધ કામ મોટા સત્તાધીશો પણ ન કરી શકે !
- આત્માની દયા આવી એટલે માણસ સુધર્યો આત્માની દયા ગઈ એટલે તે સારી વાત પણ ખરાબ વાતની પુષ્ટિ માટે કરે. તેની સારી વાત પણ બીજાને ખરાબ કરવા માટે.
- જેના પર કરૂણા આવે તેને સુધારવા માટે જે જે કરવું પડે તે બધું કરાય. તે છતાં પણ ન જ સુધરે તો ઉપેક્ષા. પણ પોતાની જાત માટે તો ઉપેક્ષા કરે જ નહિ.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (હાલાર પ્રાંત) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૯	૩૧

—: મણકો :—

મા અપિઅસુઅસહોઅર-
પમુહા વિ કુણંતિ તં ન ઉરયારં।
જં નિક્કારણકરુણા-
પરો ગુરૂ કુણઇ જીવાણં ॥

જીવો ઉપર જે ઉપકાર, વગર કારણે કરૂણા કરવામાં તત્પર એવા માર્ગસ્થ સદ્‌ગુરુ ભગવંતો કરે છે તેવો ઉપકાર માતા-પિતા પુત્ર અને ભાઈ વગેરે પણ કરી શકતા નથી.

卐

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

卐 પ્રગટ થઈ ચૂકેલ છે 卐

શ્વેતાંબર તીર્થ દર્શન ભા. ૨

થોડો મોડો પણ આ બીજો ભાગ પ્રગટ થઈ ચુકેલ છે અને રવાના કરવાનું ચાલુ છે. મુંબઈ અમદાવાદ વિ. શહેરોમાં તથા જ્યાં વધુ ગ્રાહકો છે ત્યાં સીધા પારસલ આવશે. લંડન પણ પોસ્ટથી અને આફ્રીકામાં કન્ટેઈનર દ્વારા મોકલાશે.

છૂટા છૂટા સ્થાનોમાં પોસ્ટથી મોકલાશે.

—: નવા ગ્રાહક માટે :—

તીર્થ દર્શન ભા. ૧ રૂા. ૬૫૦ : તીર્થ દર્શન ભા. ૨ રૂા. ૮૦૦

મોડું થવા માટે ગ્રાહકો એજન્ટોની ક્ષમા માગીએ છીએ.

—: નવું સાહસ :—

શ્વેતાંબર તીર્થ દર્શનનું કાર્ય ચાલુ થયું અને પ્રચાર શરૂ થયો ત્યારથી હિંદી અંગ્રેજી આવૃત્તિ માટે માંગ ચાલુ છે અને તેથી તે કાર્યનો પ્રારંભ પણ થઈ ગયો છે.


— શ્વેતાંબર તીર્થ દર્શન હિંદી ભા. ૧ —

દિવાળી સુધી પ્રગટ કરવાની ધારણા છે તથા તેની અંગ્રેજી આવૃત્તિ ત્યાર બાદ ૬ માસમાં પ્રગટ થવા સંભવ છે. હિંદી અને અંગ્રેજી આવૃત્તિ માટે અગાઉથી ગ્રાહક થવા માટેની યોજના નકી થયે જાહેર થશે.

— શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા —

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર)

નવા ગ્રાહકોને બંને ભાગ ૧૦% ટકા કાપીને રૂા. ૧૩૦૫) માં મળશે પોસ્ટેજ અલગ થશે.



વર્ષ : ૯] ૨૦૫૩ ફાગણ વદ-૮ મંગળવાર તા. ૧-૪-૯૭ [અંક : ૩૧

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૭ શુક્રવાર તા. ૧૭-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ **(પ્રકરણ ૧૫ મું)** -અવ૦)

આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાં આવી વાત કરી હોય તો વેપારી ઊભા થઇ જતા અને કહેતા કે-'સાહેબ ! વેપારી અને ચોર ! વેપારી અને જૂઠ બોલનારો ! તેનો ચોપડો ખોટો !! તેવું ત્રણ કાળમાં બને નહિ.' આજે કોઇ વેપારી એવો હશે જેના ચોપડા બે ન હોય ! જૈનધર્મના અનુયાયીઓમાં પણ પોતાના ચોપડામાં જે ન હોય તે ઘર-પેઢીમાં ન હોય તેવા કેટલા મળે ? તેની પાસે તો જે ચોપડામાં હોય તે જ ઘર અને પેઢીમાં હોવું જોઇએ. આવી દશા જો જૈનોની પણ ન હોય તો તે જૈનધર્મી માટે લાંછનભૂત છે !

શાસ્ત્રે ગૃહસ્થોના ઘરને અભંગ દ્વારવાળાં કહ્યાં છે. સુખી શ્રીમંતને ઘેર આવેલો કોઈ ભુખ્યો જાય નહિ. ભૂખનાં દુઃખની બધાને ખબર છે. માટે લોક પણ કહે છે કે-'પેટ કરવે વેઠ' એક સુખી ગૃહસ્થ શ્રી સિદ્ધગિરિજી ઉપર પાધા વિના ચઢેલો. ઉતરતી વખતે તેને થોડું મોડું થયું. તેથી ભૂખ બહુ લાગેલી માટે ઉતરતી વખતે ડોળી કરીને ઊતર્યો મને ડોળીવાળાને કહે-જલ્દી ઊતારો. તે દિવસે તેને ભૂખનું દુઃખ કેવું હોય તેનો અનુભવ કર્યો. ત્યારથી તેને નિર્ણય કર્યો કે-'મારે ઘેર જે કોઇ આવે તેને પહેલા જમાડવા અને પછી બીજી વાત કરવી. ભૂખનું દુઃખ ખુબ ભયંકર હોય છે.' જમવાના

સમયે તમારા ઘેર કોઇ આવે તેને જમાડ્યા વિના ન રહો ને? આજે તો તમારો સગો-સંબંધી તમારા ઘરે જમવાને સમયે આવે જ નહિ. કેમકે, તમે એમ જ કહો કે-ખાવા માટે આવે છે! તેમાં ય કોઇ કરિદ્રી આવે તે તો તમને ગમે જ નહિ. તમને દાન દેવું બહુ ગમે છે? જે દા'ડો દાન વિનાનો જાય તે દા'ડો સારો લાગે કે વાંઝિયો લાગે? આજે મોટા ભાગને-શ્રીમંતને પણ કમાણી વગરનો દા'ડો જાય તે ન ગમે, દાન વિનાના વર્ષોના વર્ષો જાય તો ય વાંધો નહિ. દાન તે ધર્મ છે અને ધન તે અધર્મ છે તો તમને દાન ગમે કે ધન ગમે?

સભા : બંને ગમે છે.

ઉ૦ : બરોબર બંને ગમે છે તો કમાણી વગરના દા'ડા કેટલા જાય છે? અને દાન વગરના દા'ડા કેટલા જાય છે? રોજ કમાવવાનું મન છે બરૂં પણ રોજ દાન દેવાનું મન થાય છે બરૂં?

ધર્મી કહેવરાવવા માટે ઘણો ભોગ આપવો પડે. ધર્મી કહેવરાવવું તે બાપનો માલ છે! આજે મંદિર-ઉપાશ્રય નભાવવા પડે છે અને ઘર-પેઢી-લગ્નાદિના ખર્ચા મજેથી થાય છે. મંદિરાદિને નભાવવાની ટીપ થાય છે તો તમને નભાવવાની ટીપ કરીએ તો! આજની તમારી હાલતનું વર્ણન થાય તેમ નથી. આટલા બધા શ્રીમંતો જ્યાં વસતા હોય ત્યાં મંદિર-ઉપાશ્રયાદિ ધર્મસ્થાન નભાવવાં પડે તે બને? ધર્મી માટે કરવાનાં કામ શાસ્ત્રે લખ્યાં છે, તે દર વર્ષે શ્રી પર્યુષણામાં વંચાય છે અને તમે સાંભળો છો. શક્તિ સંપન્ન શ્રાવકો બાર મહિને ઓછામાં ઓછા એકવાર કરવાનાં તે અગિયારે કામો ને એકવાર તો કરતાં હોત તો કદી ટીપ કરવી ન પડે! તમારી આવકના કેટલા ટકા દાનમાં જાય છે?

સભા : અમુક ટકા જાય છે.

ઉ૦ : અનેય ઊઠા ભણાવવાની મહેનત કરે છે.

તમારે મન પૈસો તો કમાવવો જ જોઇએ અને દાન તો કરવું પડે માટે કરવાનું. ધર્મી જીવ મરે ત્યાં સુધી વેપાર કરે? ધર્મી જીવ તો મરે ત્યાં સુધી ધર્મ કરે. દાન વગરનો તો તેનો દા'ડો ન જાય. દાન વગર તો તેને ચેન ન પડે. માટે તે દ્રવ્યથી સાધ્ય એવાં દરેક ધર્મનાં કર્ત્તવ્યોને કર્યા જ કરે. મંદિર બાંધે શ્રી જિનબિંબ ભરાવે, ઉપાશ્રય બાંધે, ઉત્સવ-મહોત્સવ કરે. તે તો માને કે શ્રી જિનભક્તિમાં જેટલું મારું દ્રવ્ય વપરાય તે જ સફળ છે અને શ્રી જિનની આજ્ઞા મુજબ સાતે ક્ષેત્રમાં અને અનુકંપા કે જીવદયામાં ખર્ચાય તે સફળ છે. બાકી સંસારમાં વપરાય તે તો પાપરૂપ છે. (ક્રમશઃ)

સામાયિક સ્ફુરણ

ગતાનુગતિકતા કે વિચારશીલતા

તા.૨૩મી ફાગણ સુદ ૧૩ શુક્રવાર તા. ૨૧–૩–૯૭ ના જન્મભૂમિ પંચાંગમાં છે પછી ચૌદશ. બે છે તા. ૨૨ તથા તા. ૨૩.

ફાગણ સુદ ૧૩ ની યાત્રા માટે વિચારણા કર્યા વિના તા. ૨૨ ના યાત્રા કરવા સામા પક્ષે પ્રેરણા કરી. આમ તો ૧૫–૦))ની ક્ષયવૃદ્ધિ હોય તો પ્રતિષ્ઠામાં ૧૩ ને અખંડ ગણીને તેઓ પ્રતિષ્ઠા અંજન શલાકા પણ કરે છે. અને તેવું તેમના પંચાંગોમાં પણ છપાવાય છે. પરંતુ આ પ્રશ્ન કદાગ્રહનો બતાવી ૧૨૦ આચાર્યોના નામથી નિવેદન પ્રગટ કર્યું. તેમાંના ઘણા આચાર્યોએ તે નિવેદન જોયું ન હોય તેમ બનવા પણ સંભવ છે.

જો કે સંમેલનના પ્રવર સમિતિના અધ્યક્ષ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મ. (ડહેલાના ઉપાશ્રયવાળા)એ તેમના ચાંદખેડાના પંચાગમાં **'ફાગણ સુદ ૧૩ શુક્રવાર છ ગાઉની યાત્રા'** લખીને સમજપૂર્વકનું માર્ગદર્શન ગઇ સાલે જ આપી દીધેલું છે છતાં,

તેઓશ્રી પણ આ ૧૨૦ આચાર્યની યાદીમાં આવી ગયા અને તેમના પોતાના પંચાંગ લખેલું 'ફા. સુદ ૧૩ શુક્રવાર છ નીગાઉ યાત્રા' આ લખાણને આગળ ન ધર્યું તે આશ્ચર્ય છે. સંભવ છે તેમના વિચારો કર્યા હોય અને કુવાલાવાળા પંચાંગમાં શનિવાર પણ છપાવ્યો છે.

છતાં સંમેલન દેવદ્રવ્ય વિગેરે વિષયમાં તેઓશ્રીના વિચારો સંપૂર્ણ સંમત ન હોવા છત. તેઓ કંઇ કરી શકતા નથી અને સંમેલનની ગતાનુગતિકતાનો દુરુપયોગ ચાલુ છે તેમ આ વિષયમાં પણ આગ્રહીઓએ ખેંચ્યું હોય.

વિશેષ તો વિચારશીલતાનો અભાવ અને પૂર્વગ્રહનો વિષય બની ગયો હોય તેમ બને.

આવો એક બીજો પ્રસંગ ૨૦૫૩ના પંચાંગોમાં બન્યો છે તે પણ વિચારશીલતાનો અભાવ અને ગતાનુગતિકતાનો પ્રભાવ સામા પક્ષમાં પ્રગટ દેખાઇ રહ્યો છે.

સં. ૨૦૫૩માં આદ્રા નક્ષત્ર જેઠ વદ ૧ શનિવાર તા. ૨૧-૬-૯૭ના સૂર્ય આદ્રામાં ૨૬-૭ કલાકે પ્રવેશ છે.

આ આદ્રાનું મહત્ત્વ એટલા માટે છે કે તે સમયથી કેરી અભક્ષ્ય બને છે પરંતુ આ અંગે શનિવારને બદલે રવિવારે બપોરે અને કોઇએ રવિવારે રાત્રે ૨-૭ કે ૨-૯ કલાકે લખીને તેમના આ પંચાંગને વાપરનારા વ્રતધારીઓને પણ અભક્ષ્ય ભક્ષણ માટે નિમિત્તો આપ્યું છે.

આશા રાખીએ કે ફાગણ સુદ ૧૩ના જેમ કદાગ્રહમાં ન પડતાં આદ્રા નક્ષત્ર અંગે સાચું માર્ગદર્શન આપે અને ભાવિકોને અભક્ષ્ય ભક્ષણથી બચાવે.

સત્ય જાણવા માટે સૌએ જિનવાણી પ્રકાશનના પંચાંગો જોઇ લેવા એજ ભલામણ છે.

—: તેમના પંચાંગોમાં ગતાનુગતિકતા છે તે જુઓ :—

૧ જંબૂદ્વીપ જૈન પંચાગ :—
આદ્રા પ્રવેશ જેઠ વદ ૨ રવિવાર કેરી ત્યાગ. બપોરે ૨-૭

૨ શાસન સમ્રાટ જૈન પંચાંગ —:
આદ્રા નક્ષત્ર બેઠું વદ ૨ રવિવાર બપોરે ૨-૯

૩ કંતાણી આર્યરક્ષિત જૈન પંચાંગ :—
વદ ૨ રવિવાર કેરી ત્યાગ રાત્રે ૨-૯ મિનિટ તા. ૨૨

૪ જીવનમણિ સદ્વાચનમાલા ટ્રસ્ટ—અમદાવાદ :—
જેઠ વદ—૨ રવિવાર કેરી ત્યાગ બપોરે ૨-૭

૫ પ. પૂ. રામસૂરીશ્વરજી મ. ડહેલાવાળાના કુવાલાવાળાના પંચાંગમા :—
વદ ૨ રવિ. આદ્રા નક્ષત્ર બેઠું કેરી ત્યાગ બપોરે ૨-૭ કલાકે

૬ જન્મભૂમિ પંચાંગ :—
જેઠ વદ ૧ શનિવાર તા. ૨૧-૬-૯૭ સૂય આદ્રામાં ૨૬-૭

૭ જિનવાણી કાર્તિકી જૈન પંચાંગ :—
વદ ૧ શનિ. આદ્રા બેઠા મધ્યરાત્રિ પછી ૦૨-૦૭ મિ.

૮ ૧૦૮ પાર્શ્વનાથ પ્રત્યક્ષ પંચાંગ તથા અરુણોદય પ્રત્યક્ષ પંચાંગમાં તો જન્મભૂમિ પ્રમાણે છે પરંતુ તેમના બુકલેટ પંચાંગ પ્રગટ થયા હોય તો તે જોયા નથી.

જન્મભૂમિ પંચાંગ તથા તે પ્રમાણે જિનવાણી બુક પંચાંગમાં યથાર્થ નિરૂપણ છે.

સૌ પૂર્વગ્રહ કે દ્વેષ ઇર્ષાથી મુકત બની સત્ય સમજે તથા શકય હોય તો શકય સત્ય આરાધના કરે એજ અભિલાષા...

૨૦૫૩ ફાગણ સુદ પ્રથમ ૧૪ શનિવાર
તા. ૨૨-૩-૯૭ **વાંકીતીર્થ** (કચ્છ)

જિનેન્દ્રસૂરિ

આણંદજી કલ્યાણજી પેઢીની અનધિકાર ચેષ્ટા

સુબોધચંદ્ર નાનાલાલ શાહ
૧૨, દેવશ્રુતિ, ૨૩, સરસ્વતી સોસાયટી,
જૈન મરચન્ટ પાછળ,
પાલડી, અમદાવાદ-૭

તા. ૧૫-૩-૯૭

શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઇ,

પ્રમુખશ્રી, આણંદજી કલ્યાણજી પેઢી.

આદરપૂર્વક પ્રણામ, જણાવવાનું કે-આ વર્ષે જન્મભૂમિ પંચાંગમાં ફાગણ સુદ ૧૩નો ક્ષય કે વૃદ્ધિ નથી (માત્ર ચૌદસ બે છે) અને તેથી શુક્રવાર તા. ૨૧-૩-૯૭ના રોજ ફાગણ સુદ ૧૩ની છ ગાઉની યાત્રાનો દિવસ છે. છતાં પણ એક વર્ગ પોતાની જડ માન્યતાનુસાર બે ચૌદસ પૈકી પહેલી ચૌદસને 'ફાગણ સુદ ૧૩ બીજી' એવું લેબલ મારી તા. ૨૨-૩-૯૭ શનિવારે છ ગાઉની યાત્રા સંઘને કરાવવાનું દુર્ભાગ્યપૂર્ણ અને વિરાધક પગલું ભરવા તૈયાર થયેલ છે.

આટલે સુધી તો સમજ્યા, પરંતુ આણંદજી કલ્યાણજી પેઢી કે જેની **સ્થાપના તીર્થોના વહીવટ માટે હતી, નહિ કે તિથિની આરાધના નક્કી કરવા માટે.** તે પોતાની મર્યાદા ભૂલીને ખોટી તેરસ શનિવારના પક્ષમાં બેસી, પોતા તરફથી તે દિવસે પાલ બાંધવા વગેરે વ્યવસ્થામાં પડે છે ત્યારે તો આશ્ચર્ય થાય છે.

પેઢીએ બંને દિવસોએ આરાધકો માટે સરખી વ્યવસ્થા પોતા તરફથી કરવી જોઇએ, છતાં પેઢી આ કંઈ વિચારતી નથી અને એક પક્ષની તરફેણ કરી પોતાની નિષ્પક્ષતા ગુમાવી રહી છે.

આપના પિતાશ્રી કસ્તુરભાઈ શેઠ પી. એલ. વૈદ્યનો જે ચૂકાદો લાવ્યા તે પેઢીને પણ મંજૂર નથી ને! તો આ ચૂકાદાનો શો અર્થ છે?

અમદાવાદમાં સકલસંઘને ભેગો કરી "હવે પછી જન્મભૂમિ પંચાંગ મુજબ સૌએ પર્વારાધના કરવી' એવો નિર્ણય શેઠશ્રીએ કરાવ્યો તે પણ વ્યર્થ જલ જ વલોવ્યું ને?

આણંદજી કલ્યાણજી પેઢી હવે એક પક્ષની તરફદાર બની ગઇ છે એ વાત આ વખતે એકદમ સ્પષ્ટ થઈ ગઇ છે.

આનાં કયા કયા દુષ્પરિણામ આવશે? તે આપે વિચાર્યું છે ખરૂં?

શુક્રવારના આરાધકોમાં જ્યારે શક્તિ આવશે ત્યારે તેઓ બીજી સમાંતર પેઢી સ્થાપશે. અને આપને એ તો ખ્યાલ હશે જ કે જે પક્ષે પાલીતાણાના દેવદ્રવ્યની રક્ષા

માટે સાધારણ ખાતામાં કરોડો રૂપિયા જમા કરાવ્યા તે બીજી પેઢી સ્થાપવા માટે પણ ગમે તેટલી રકમ લેગી કરી શકશે.

બીજું દુષ્પરિણામ એ આવશે કે આણંદજી કલ્યાણજી પેઢીના વહીવટવાળા સ્થાનોમાં, યાવત્ પાલીતાણા ગિરિરાજ ઉપર પણ, પ્રક્ષાલ વગેરેનું ઘી બોલીને, તે તે લાભ લઇને પણ તે પૈસા પેઢીમાં જમા ન કરાવતાં અન્ય સ્થાનોના દેવદ્રવ્યમાં જમા કરાવશે.

આવાં તો અનેક પગલાં ભરાશે અને આ રીતે પેઢીના વિઘટનના પુન્ય (?)ની ભાગીદારી આપના નામે જમે થશે.

વિચારી શકો તો વિચારજો.

જે કસ્તુરભાઇ શેઠે પેઢીને નિષ્પક્ષપાત રાખી હતી તે જ પેઢીને આપ ખંડિત કરવા તરફ લઇ જઇ રહ્યા છો.

છેલ્લે એટલું યાદ રાખો કે **આણંદજી કલ્યાણજીની પેઢી તીર્થોના વહીવટ માટે છે. પણ તિથિના સાચા ખોટાપણાના નિર્ણય માટે નહિ.** એટલે પેઢીએ કોઇનાય પક્ષકાર બનીને અનધિકાર ચેષ્ટા ન કરવી જોઇએ.

ઃ સુબોધચંદ્ર



પૂ.આ. શ્રી વિ. જિનેન્દ્રસૂરીશ્વરજી મ.

સાથે પત્ર વ્યવહાર

તા. ૨૬-૪-૯૭ સુધી

C/o. હરિયા જીનીંગ ફેક્ટરી

સિધ્ધેશ્વર મંદિર પાસે,

અંજાર (કચ્છ) ગુજરાત

ફેક્ટરી : ૪૨૭૩૨

ફોન ઘર : ૪૩૩૭૮

૪૩૨૩૮

વિવિધ વાંચનમાંથી

— અમૃત કણિયા —

— રોગ —

સંસાર છોડવા જેવો ન લાગે
તે મિથ્યાત્વનો રોગ.
સમજવા છતાં છોડી ન શકે
તે અવિરતિનો રોગ.
ચારિત્ર જીવનમાં મેલાશ ઉભી કરે
તે કષાયનો રોગ.

આ ત્રણે પ્રકારના રોગથી જગતના જીવો રીબાઇ રહ્યા છે.

કુલધ્વજકુમાર

—શ્રી વિરાગ

આહ! એજ આ જંબુદ્વીપ.

તેની અંદર આવેલું આ ભરતક્ષેત્ર અને ભરતક્ષેત્રની દક્ષિણ દિશામાં આવેલી આ રામ જન્મભૂમિ. તેનું બીજું નામ અયોધ્યા નગરી. આ નગરમાં રાંખ નામે રાજા રાજ્ય કરતો હતો. તે પ્રજાવત્સલ હતો. ન્યાય-નિતિનું અડગ રીતે પાલન કરતો હતો. અને કરાવતો હતો. સાથે સાથે ધર્મ-પરાયણ પણ એટલો ચુસ્ત હતો.

તેઓને શીલગુણ સંપન્ન અને સુંદર રૂપવાળી ધારણી નામે પટ્ટરાણી હતી. પતિને જ માર્ગે ચાલનારી આ પતિવ્રતા સ્ત્રી હતી તે પણ ધર્મની સુંદર મઝાની આરાધના કરતી હતી.

'સંસારનાં સુખોમાં દુઃખ જ છે.' આ વાત જાણવા છતાં, સમજવા છતાં તેઓ બંને સંયમ ગ્રહણ કરી શકયા ન હતા. કર્મવાતે અને સંસારના સુખો ભોગવતાં તેઓને એક પુત્ર રત્નની પ્રાપ્તિ થઇ. તેનું શુભ નામ તેઓએ કુલધ્વજ રાખ્યું.

કુળનું નામ રોશન કરનાર કુલ-ધ્વજ દિનપ્રતિદિન વધવા લાગ્યો. તેને નિરખી નિરખીને સૌ કોઇ આનંદ પામવા લાગ્યા. દિવસે ન વધે તેટલો રાત્રે વધે ને રાત્રે ન વધે તેટલો દિવસે વધતો રાજકુમાર ભણવા યોગ્ય ઉંમરે આવી ઉભો રહ્યો. ષટદર્શનના જાણકાર એવા યોગ્ય પંડિત પાસે માતા-પિતાએ ભણવા મુકયો.

ચતુર, હોંશીયાર અને બુદ્ધિનિધાન હોવાથી થોડાક સમયમાં તે રાજકુમારે અનેકવિધા ગ્રહણ કરી લીધી.

એક વખત કેટલાંક મિત્રો સાથે રાજકુમાર ઉપવનમાં ફરવા ગયા. ફરતા ફરતા તેઓ ઘણે દૂર નીકળી ગયા. કુદરતી સૌંદર્ય નીહાળતાં નીહા-ળતાં તેઓની દૃષ્ટિ એક વૃક્ષના તળ ઉપર સ્થીર થઇ ગઇ. અરે! આ તો કોઇ મહાત્મા લાગે છે. ખરેખર! છે તો મહાત્મા, પણ ઉભા છે કાઉસ્સગ્ગ ધ્યાનમાં. કાંઇ નહીં, ચાલો આપણે આચાર્ય ભગવંતના દર્શન-વંદનાર્થે જઇએ, દૂરથી આચાર્ય ભગવંતના દર્શન માત્રથી ગોત્ર હર્ષીત થઇ ગયા. સર્વે મિત્રો સાથે રાજકુમાર પહોંચી ગયા આચાર્ય ભગવંત પાસે. આનંદ વિભોર બનેલા રાજકુમારાદિએ ગુરૂ ભગવંતને ભાવપૂર્વક વંદનાદિ કર્યું. સુખશાતા પૂછવા પૂર્વક વિનયથી બે હાથ જોડી તેઓ આચાર્ય ભગવંતની સન્મુખ બેઠા.

વિનયવંત માનવીનો અવાજ સુણી

આચાર્ય ભગવંતે ધ્યાન પૂર્ણ કર્યું, યોગ્ય જીવોને ઉપકાર કરનાર આચાર્ય ભગવંતે ધર્મદેશના પ્રકાશી.

'મહાન પુણ્યોદયે આ માનવભવ મળ્યો છે. આ મનુષ્યભવ મળવો દેવતાઓને પણ દુર્લભ છે. આ મનુષ્યભવ પામીને શાશ્વત સુખને મોક્ષને માટે પ્રયત્ન કરવો જ જોઇએ. જેટલો પુરૂષાર્થ સંસારના સુખો મેળવવા માટે કરો છો તેટલો પુરૂષાર્થ મોક્ષના શાશ્વતા સુખો માટે કરો તો બેડો પાર થઇ જાય. સાચા સુખની પ્રાપ્તિ માટે જ્ઞાન-દર્શન અને ચારિત્રની સુંદર આરાધના કરવી પડે છે.

આ માર્ગ શ્રી તીર્થંકરોએ પ્રરૂપેલો હોવાથી તેના ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખવી જ જોઇએ. શ્રદ્ધા વિના સમકિતની પ્રાપ્તિ થતી નથી. શ્રદ્ધા પૂર્વક આચરેલો ધર્મ સંસારના જન્મ, મરણ, રોગ, શોક, દારિદ્ર આદિ વગેરે સંકટો નાશ કરે છે. અંતે પરમપદ આપે છે.'

આચાર્ય ભગવંતની મધુરી વાણી સાંભળી રાજકુમારને શ્રી તીર્થંકરો ઉપર અતુટ શ્રદ્ધા થઇ ગઇ. જ્ઞાન-દર્શન અને ચારિત્રની સંપૂર્ણ આરાધના કરવા માટે જોઇએ તેવા ભાવોલ્લાસ પ્રગટયા નહી, આથી તેઓએ દેશથી ધર્મારાધન કરવાનું સ્વીકાર્યું. શ્રી ગુરૂ ભગવંતના ઉપદેશથી માહિલો કાંઇક પીગળી ગયો. સ્વેચ્છાએ કાંઇક નિયમ લેવાનું મન થયું. કાંઇક નિયમો લેવાની ઇચ્છા થતાં આચાર્ય ભગવંત પાસે તેની વિનવણી કરી. આચાર્ય ભગવંતે પણ નીચેના નિયમો પર સામાન્ય સમજુતી આપી.

૧ શ્રી નમસ્કાર મહામંત્રનું ચિંતન કરવું.

૨ શ્રી દેવ અને ગુરૂ ભગવંતની આરાધના ભક્તિ કરવી.

૩ યથા શક્તિ જીવદયાનું પાલન કરવું

૪ ક્રોધ, માન, માયા, લોભ આ ચંડાલ ચોકડીમાં ફસાવવું નહીં.

૫ રાગ-દ્વેષ ઓછાં કરવા.

૬ સ્વઘરમાં સંતોષી રહેવું.

૭ કોઇનો પણ દોષ ગ્રહણ ન કરવો.

૮ અણહક્કનું કોઇનું કાંઇ લેવું નહીં.

૯ હંમેશા ચારિત્ર સ્વીકારવાની ભાવનામાં રમવું.

રાજકુમારે હર્ષોલ્લાસ પૂર્વક ઉપરના નિયમો ગ્રહણ કર્યા. પૂ. ગુરૂદેવને વંદન-નમસ્કાર કરી મિત્રો સાથે પોતાના નગર તરફ પાછો ફર્યો. તે જ અવસરે થોડું જ ગયા પછી,

બે સ્ત્રીઓનો ઉગ્ર અવાજ તેઓએ સાંભળ્યો. બે સ્ત્રીઓ પરસ્પર કજીયો કરી રહી છે તેવું અનુમાન થવાથી તેઓએ પોતાના પગ તે તરફ વાળ્યા. ખરેખર ! ત્યાં બે સ્ત્રીઓ ઝઘડો કરી

રહી હતી. નજીક પહોંચતાં કુમારે પ્રેમભર્યા વણે ઉચ્ચાર્યા કેમ બહેને! અઘડી રહ્યા છો?

ઊતાવળી લુહારની સ્ત્રી બોલી, રાજકુમાર! હું લુહારની સ્ત્રી છું અને આ સુથારની સ્ત્રી છે. મારા માથા ઉપર પાણી ભરેલો ઘડો છે, જ્યારે આ અઘડાંબોરના માથે ખાલી ઘડો છે, છતાં પણ મને જવાનો માર્ગ આ સ્ત્રી આપતી નથી, એ પોતાના મનમાં શું સમજે છે? આટલી બધી અક્કડ થઇને કેમ ચાલે છે? તેને હજી ખબર નથી કે મારા પતિની કારીગરી જેવું જ્ઞાન કોઇનામાં નથી. તેનો ઘમંડ ચપટીમાં કેતારી દઇશ. હજી સમજી જાય તો સારું, નહીંતર...

રાજકુમારે મીઠાશથી પૂછ્યું હે ભગિની! તારો પતિ કેવો કારીગર છે?

લુહારની સ્ત્રીએ કહ્યું, 'મારા પતિની કારીગરીની શું વાત કરું. તેઓ એવું કુશળ કારીગરીપણું કરે છે કે ન પૂછો વાત. તેઓ પોતાની આગવી કારીગરીથી લોઢાનું માછલું બનાવે છે. આને તેઓ એક કળથી આકાશમાં ઉડાડે છે. આકાશમાં ઊંચે ઊંચે ઉડતું તે માછલું ઊંડા સમુદ્રમાં ડુબકી મારે છે. ડુબકી મારી સમુદ્રના પેટાળમાં રહેલા રત્નો અને મોતીઓ લાવી આપે છે.' બોલો રાજકુમાર, હું આ સુથારની સ્ત્રી કરતાં અધિક છું કે નહિ.

'હમ ભી કુછ કમ નહિ' તે પ્રમાણે બેાંઆરા જાતી સુથારની સ્ત્રી બોલી; સાંભળો, સાંભળો, બાંધવ રાજકુમાર! શું તે ઘમંડી એમ માને છે કે મારા પતિ જેવો કોઇ કારીગર નથી? પણ 'જરા આંડ ખાઇલે,' મારો પતિ પણ કાંઇ ઓછો ઉતરે તેમ નથી. મારો પતિ પણ એક અચ્છો કારીગર છે. મારો પતિ તેના પતિ કરતાં ઓછો ઉતરે તેમ નથી. તેઓ એવો લાકડાનો ઘોડો બનાવી જાણે છે કે તેના ઉપર બેસી કળ ફેરવીએ કે તરત જ તે લાકડાનો ઘોડો આકાશમાં ઉડવા લાગે. આ ઉડતો ઘોડો છ મહિનામાં તો આખી પૃથ્વી જોઇને પાછો પોતાના નગરમાં આવી જાય.

આપે અમારી બંનેની વાત શાંત ચિત્તે સાંભળીને! તો હવે આપ જ વિચાર કરીને કહો. બંનેમાં કોણ ચઢે? કોણ વધે? અધિક કોણ કહેવાય?

રાજકુમાર તો વિચારમાં પડી ગયો. બંનેના મોઢાં જોતો રાજકુમાર બોલ્યો હે બહેને! કાલે તમે રાજદરબારે આવજો. સાથે તમારા વહાલાં પતિદેવને પણ લેતા આવજો. હું મહારાજાને બધી વાત કરી રાખીશ. મહારાજા

તમારો ઝઘડો મીટાવી દેશે. અત્યારે ક્રોધ શમાવી દો અને બંને પોત-પોતાના કામે લાગી જાવ

રાજકુમારનાં વહેણ સાંભળી બંને કામે પડી ગયા. મનમાં તરંગો કામે લાગી ગયા. વિચારોએ પોતાની આજ્ઞા મુકી દીધી. કઇ વેશભૂષા પરીધાન કરવી? કયા દર-દાગીના પહેરવા? પતિદેવની આગળ કઇ રીતે વાતની રજુઆત કરવી? પતિદેવને કયો વેશ પહેરાવવો? ચાર બહેનપણીઓ આગળ કઇ રીતે વાત કરવી? કઇ રીતે હું આડોશી-પાડોશીને મારી મોટાઇની વાત કરીશ? આવા ખોટાં વિચારો કરતી તે બંને પોતાના પંથ કાપતી ઘરે આવી. પતિદેવને ઘી-સાકર અવડાવી મીઠી બધી વાત કરી. બંનેએ વિચારોના વમળમાં રાત પૂર્ણ કરી.

બીજે દિવસે બંને સ્ત્રીઓએ સુંદર વેશ પરિધાન કર્યો. પતિદેવને તિલક કર્યું. ચોખા ચઢાવી સુંદર આશીષ વચન આપ્યાં. પોતપોતાના પતિની સાથે તે બંને સ્ત્રીઓ રાજ-સભામાં આવી. અક્કેક એવી બંને સ્ત્રીઓએ રાજાને અને રાજકુમારને નમન કર્યા, સાથે રહેલા બંને પુરૂષોને રાજાએ પૂછ્યું. 'તમારી સ્ત્રીઓ શું કહે છે?

મહારાજા! 'જે કહે છે તે બરાબર છે.' બંને પુરૂષોએ જવાબ વાળ્યો.

'શું તમે તેવી કળા જાણો છો?' રાજાએ ફરી પૂછ્યું..

હા, રાજન! 'અમે એવી કળા જાણીએ છીએ. આપ કહો તો પ્રત્યક્ષ ખાત્રી કરી આપીએ.' બંનેના પતિદેવો બોલ્યા.

'તો કરી આવો ખાત્રી!' રાજાએ પડકાર ફેંકયો.

પણ, હે કૃપાનિધિ રાજન! આ કળાની ખાત્રી કરવા માટે થોડાક જરૂરી સાધન જોઇએ. તે જો મળી જાય તો અમે અમારી કળા બતાવવા તૈયાર છીએ.

મંત્રીશ્વર, જોઇતા સાધનોની વ્યવસ્થા કરી આવો. રાજાએ આજ્ઞા કરી.

જી સાહેબ! મંત્રીશ્વરે આજ્ઞા મસ્તકે ચઢાવી.

બંને પાસેથી જોઇતા સાધનનું લીસ્ટ કરાવ્યું, તે પ્રમાણે સર્વ સામગ્રી તેઓના નિવાસસ્થાને મંત્રીશ્વરે પહોંચતી કરી.

પોતાની હોંશીયારી અને કળા બતાવવા માટે બંને કામે લાગી ગયા.

પાણી જેમ સમય પસાર થતાં તે બંને કલાકારોએ પોતાની કળા તૈયાર કરી લીધી શુભ દિવસે રાજ દરબારમાં લાવી રાજાદિ નગરજનોને બતાવી. [ક્રમશઃ]

શાસન સમાચાર

શંખેશ્વર મહાતીર્થ શ્રી હાલારી જૈન ધર્મશાળામાં ભવ્ય ઉપધાન

અત્રે પૂ. હાલાર દેશોદ્ધારક આ. ભ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની પુનીત નિશ્રામાં તેઓશ્રીના ઉપદેશથી (૧) શ્રીમતી પુરીબેન હંશરાજ હીરજી ચંદરીયા પરિવાર હા. શ્રીમતી કમળાબેન મોહનલાલ હંશરાજ રાવલશરવાળા હાલ નાઇરોબી તથા શ્રીમતી લક્ષ્મીબેન મુરગ લખમણ ગડા સોળસલાવાળા હાલ મોમ્બાસા (૨) શ્રીમતી રાણીબેન ખીમજી વીરજી ઘુઢકા પરિવાર મીઠોઇવાળા હાલ નાઇરોબી માટુંગા જામનગરવાળા (૩) સ્વ. શ્રીમતી ઉમાબેન સોજપાર કચરા ગોસરાણી સ્વ. મહેન્દ્રકુમાર સોજપાર ગોસરાણીના શ્રેયાર્થે શ્રીમતી શાંતાબેન મહેન્દ્રભાઈ લાખાબાવભથાણા હાલ જામનગર (૪) શાહ મેઘજી ડાયા ભાઇ ગોસરાણી હ. ભાઈ લીલાધર મેઘજી નાના માંઢાવાળા હાલ પ્રભાદેવી મુંબઈ તરફથી ભવ્ય રીતે ઉપધાન કરાવવામાં આવ્યા.

પૂ. શ્રી માગશર વદ ૫ ના પધાર્યા માગશર વદ ૬ ના ઉપધાન પ્રવેશ થયો માગશર વદ ૮ ના દ્વિતીય પ્રવેશ થયો. સંખ્યાના પપ્પુ ની રહી.

દરરોજ ક્રિયા પછી વાજતે ગાજતે ઉપધાન કરાવનાર સંઘપતિઓ તરફથી ચતુર્વિધ સંઘ સાથે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના દર્શને જતાં અવારનવાર બીજા મંદિરોએ પણ જતા આમા જ અનેરો આનંદ સંઘપતિઓ તથા તપસ્વીઓને આવતો હતો. અનુષ્ઠાન બરાબર થતા તથા તપસ્વીઓની ભક્તિ વ્યવસ્થા સુંદર હતી. સંઘપતિઓ પણ તપસ્વીઓને ભક્તિમાં ખૂબ ઉત્સાહિત હતા અને ભક્તિ કરવામાં ખામી ન રહે તેની કાળજી રાખતા બહારથી પધારેલા મહેમાનો તથા યાત્રિકોને પણ ઉપધાન દરમ્યાન દરરોજ ત્રણે ટાઇમ સુંદર ભક્તિથી જમાડતા હતા.

એક હોલમાં જામનગર દિગ્વિજય પ્લોટ શ્રી વિમલનાથ દેરાસરથી ત્રણ પ્રભુજી લાવીને પધરાવ્યા હતા જે સુંદર આંગી વિ. થતાં પ્રવેશને આગલે દિવસે લીલાધર રામજી તરફથી પૂજા ભણાઇ બાદ કમળાબેન મોહનલાલ ચંદરીયા તરફથી શ્રી સિદ્ધચક્ર પૂજન ભણાવાયું ૧૮ અભિષેક થયો શાંતાબેન મહેન્દ્રભાઇ તથા તેમના હસ્તક

મોંબાસાવાળા ભાવિકો તરફથી અને બીજી ૫–૬ પૂજા ભણાવાઇ, વડોદરાવાળા નયનાબેન ચંપકલાલ તથા લંડનવાળા કસ્તુર સોમચંદ મેરગ હરિયા તથા બીજા ભાવિકો તરફથી ૧૨ દિવસ પૂજાઓ ચાલી.

ઉપધાન દરમ્યાન ઉપદેશ સપ્તતિકા ગ્રંથ વાંચન માટે વહોરાવવા આદિની બોલીઓ સારી થઇ હતી. (૧) વહોરાવવાનો લાભ કમળાબેન મોહનલાલ (પાંચ પૂજા–૧ પ્રેમચંદ પાનાચંદ શાહ ૨. લીલાધર મેઘજી ૩. ખીમજી વીરજી ગુદકા ૪. કંચનબેન મોતીચંદ શાહ લંડન ૫. આર. ટી. શાહ વડોદરા અષ્ટ પ્રકારી પૂજા જીતેન્દ્ર મોતીચંદ શાહ લંડન ગુરુપૂજન શ્રી કમળાબેન મોહનલાલ ચંદરીયા.

પોષ દશમીનો વરઘોડો સુંદર નીકળ્યો વરઘોડામાં પ્રભુજી લઇને બેસવાનો શ્રીમતી કમળાબેન મોહનલાલ જમણોચામર લેવાને શ્રીમતી રતિલાલ લંડન, ડાબી બાજુ ચામરનો પણ તેમનો અને નૂતન ઝરમરતા બિંબ લઇને બેસવાનો લીલાધર રામજી બીડવાળાએ લાભ લીધો હતો.

માળા રોપણ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો મહા સુદ ૮ શ્રીમતી કસ્તુરબેનના ઉપધાન નિમિત્તે સોમચંદ મેરગ હરિયા લંડનવાળા તરફથી સિદ્ધચક્રપૂજન થયું. ઉપધાન કરાવનાર તરફથી મહા સુદ ૯ શાંતિ સ્નાત્ર સુદ ૧૦ માળનો ભવ્ય વરઘોડો મહા સુદ ૧૧ ના માળા રોપણ વિધિ થઈ હતી.

પહેલી માળ કુ. પ્રફુલાબેન સોમચંદ તથા જયંતિલાલ સોમચંદ મેરગ તરફથી શ્રીમતી કસ્તુરબેન સોમચંદ (લંડન) બીજી માળ પંકજ મેઘજી કરમણ હારા શ્રીમતી અમૃતબેન મેઘજી (લંડન) ત્રીજી માળ દેવશી ડાયાભાઇ ગોસરાણી તરફથી. પ્રવીણચંદ દેવશી ચોથી માળા મેઘજી ડાયાભાઇ ગોસરાણી હ. રાકેશ તરફથી શ્રીમતી પુષ્પાબેન લક્ષ્મીચંદ મેઘજી (થાણા) પાંચમી માળ ચંપકલાલ રતિલાલ શાહ તરફથી શ્રીમતી નયનાબેન ચંપકલાલ વડોદરા છઠ્ઠી માળ શાહ લખમણ વીરપાર માડુ પરિવાર તરફથી કુ. જીગીશાબેન તુલસીદાસ સાત આઠ નવમી માળ શાહ લીલાધર રામજી તરફથી અનુક્રમે પલ્લવીબેન તુલસીદાસ તથા દિલિપકુમાર લીલાધર તથા શ્રીમતી સરોજબેન દિલિપકુમાર (બીડ) ૧૦ મી માળા અશોકકુમાર કેશવલાલ તરફથી શ્રીમતી વિભાબેન અશોકકુમાર ૧૧ મી માળ પ્રદીપકુમાર જયંતિલાલ તરફથી કંચનબેન જયંતિલાલ ૧૨ મી માળ ગોવીંદજી કરમશી પરિવાર તરફથી ગોવીંદજી કરમશી દોઢીય. (જામનગર) ૧૩ મી માળ ચીમનલાલ જીવાચંદ તરફથી કુ. ધ્વનિબેન ચીનુભાઇ (અમદાવાદ) ૧૪ મી માળ વ્રજલાલ મગનલાલ તરફથી અરુણાબેન જયંતિલાલ ૧૫ મી માળ

સોમચંદ મેરગ હરિયા તરફથી શ્રીમતી કસ્તુરબેન હીરજી નરશી ૧૬ મી માળ કાનજી જેઠાભાઇ તરફથી હેમલતાબેન બાબુલાલ (શંખેશ્વર) ૧૭મી માળ કુલચંદ જીવરાજ તરફથી નીલાબેન ચીનુભાઈ (અમદાવાદ) ૧૮ મી માળ લીલાધર મેઘજી તરફથી પ્રેમીલાબેન મહેન્દ્રકુમાર.

માળને દિવસે સકલ સંઘનું સાધર્મિક વાત્સલ્ય કર્યું હતું. માળ પ્રસંગે સારી સંખ્યામાં ભાવિકો પધાર્યા હતા.

રાગથી વિરાગ ભણી વિમોચન : શ્રી જયેન્દ્રભાઈ વેલજીભાઈ હરણીયાની દીક્ષાને અનુલક્ષીને આ વિશેષાંક તૈયાર કરવામાં આવ્યો છે શ્રી મહાવીર શાસન આ વિશેષાંકનું વિમોચન ભાઈશ્રી વેલજી દેપાર હરણીયા તથા ભાઈશ્રી ધીરજલાલ વેલજી દેપાર હરણીયાએ પૂજન કરીને કર્યું હતું અને તેની નકલ પૂ. આચાર્યદેવશ્રીને અર્પણ કરેલ તે અંગે ભાઈશ્રી શાંતિલાલ ઝીણાભાઇને સમજણ આપી હતી.

ધર્મશાળામાં ઉપધાન શરૂ થયું ત્યારથી યાત્રિકો અને મહેમાનો માટે ભોજન-શાળા ઉપધાન કરાવનાર તરફથી ચાલુ થઈ હતી અને ઉપધાન પછી પણ ચાલુ છે ભોજનશાળા તિથિ રૂા. ૧૫,૧૧૧) રાખી છે ૨ મહિનામાં ૧૨૫ જેટલી તિથિઓ ભરાઈ ગઈ છે.

ઉપધાન માળ મહોત્સવ પ્રસંગે નૂતન જિન મંદિરમાં પધરાવવાના ઝરમરતા ત્રણ પ્રતિમાજી આવી ગયા હતા અને વરઘોડામાં પણ ફેરવતાં ગામ જોવા ઉમટી પડયું હતું

નીવીનો લાભ લેનારા ભાગ્યશાળીઓ ૧. શ્રીમતી લક્ષ્મીબેન મુસા લખમણ ગડા મોંબાસા ૨. સ્વ. ગંગાબેન હેમરાજ કુંભા ચંગાવાળા હ: રમાબેન લાલજી હેમરાજ લંડન હ. ઝવેરચંદ લાધાભાઇ ૩. શ્રીમતી જશોદાબેન જુઠાલાલ ધરમશી કાનાલુંશ શ્રીમતી કસ્તુરબેન મૂળજી ભારમલ ગુઢકા લાખાબાવળ શ્રીમતી કસ્તુરબેન પ્રેમચંદ હંશરાજ વાવબેરાજા (લંડન) ૪. ઓઝવેર સત્સંગ મંડળ લંડન હ. મણિબેન કેશવજી જેસંગ તથા કમળાબેન મોહનલાલ ૫. શ્રીમતી વાલીબેન જેઠાલાલ ધરમશી નાગડા હ. કાનજીભાઈ જામનગર ૬. શાહ વેલજી દેપાર હરણીયા જામનગર ૭. શાહ ગોવીંદજી મેપાભાંઇ રીઠા ૮. શાહ ઝવેરચંદ રમણલ માલદે લાખાબાવળ હ. કિશોરભાઈ ઝવેરચંદ મુલુંડ.

આંબેલનો લાભ લેનાર ભાગ્યશાળીઓ ૧. શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ લંડન ૨. મોતીચંદ એસ. શાહ લંડન. (જુઓ પેજ ૬૮૬)

—: લઘુ બોધ કથા :—

મૂઝાશો મા !

એક ગામમાં એક સાધુ મહારાજનું ચાતુર્માસ હતું. ત્યાં શ્રી પર્વાધિરાજ મહા-પર્વના પ્રસંગે બેનોમાં અઠ્ઠાઈ આદિ તપશ્ચર્યાઓ ઘણી થઈ. તેથી સાધુ મહારાજને થયું કે, મારા વ્યાખ્યાનની અસર સારી થઈ લાગે છે. ત્યારે એક સારા શ્રોતાએ અવસર પામી સાધુ ભગવંતે કહ્યું કે—"સાહેબ ! આમાં મૂઝાવા જેવું નથી કે આનંદ પામી કુલાવા જેવું નથી. કારણ અમારા ગામનો રિવાજ છે કે નવી નવી વહુ આવી હોય અને તે અઠ્ઠાઇ આદિ તપશ્ચર્યા કરે તો ભારે ભારે સાડીઓ તેમના સગાં—સંબંધી તરફથી મળે છે. આ વર્ષે લગ્ન ઘણા થયા છે. તેથી સાડીઓ માટે ઘણી બધી નવી વહુઓએ અઠ્ઠાઈ આદિ તપશ્ચર્યાઓ કરી છે."

જે ધર્મ માત્ર આત્મકલ્યાણ માટે અને આત્માની મુક્તિને માટે જ કરવાનો છે. તે ધર્મ જો આ લોકની અનુકૂળતા—સુખ સામગ્રી માટે કરાય તો હાલત શું થાય ! જે વાસ્તવિક લાભ થવો જોઇએ તેનાથી વંચિત રહી જવાય.

માટે સૌ પ્રિય વાચકોને ભારપૂર્વક ભલામણ છે કે ધર્મ માત્ર આત્મકલ્યાણ માટે જ કરવો. પણ ધર્મ કરતી વખતે સંસારની કોઈપણ કામના, લાલસા કે અપેક્ષા ન આવી જાય તેની કાળજી રાખવી. આ રીતના નિર્મલ ધર્મના આરાધક બની સૌ સાચા આત્મિક સુખના સ્વામી બનો તે જ ભાવના.

— પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

(અનુ. ૬૮પનું ચાલુ) છોડ ભરાવનાર ભાગ્યશાળીઓ (૧) શ્રીમતી કમળાબેન મોહનલાલ ચંદરીયા, લંડન તથા શ્રી લક્ષ્મીબેન મુરગ ગડા, મોંબાસા (૨) શ્રીમતી રાણીબેન ખીમજી વીરજી ગુઢકા, મીઠોઇ (૩) શ્રીમતી શાંતાબેન મહેન્દ્રભાઇ ગોસરાણી, જામનગર (૪) શાહ લીલાધર મેઘજી ગોસરાણી, મુંબઈ (૫) અમૃતબેન મેઘજી કરમણ લંડન (૬) કસ્તુરબેન સોમચંદ મેરગ, લંડન (૭) નયનાબેન ચંપકલાલ રતિલાલ, વડોદરા, (૮) જ્યોત્સનાબેન જીતેશકુમાર, વડોદરા (૯) લીલાધર રામજી બીડ (૧૦) ડાહીબેન ભગવાનજી સોજપાર, જામનગર (૧૧) લીલાબેન રજનીકાંત ટી. શાહ, વડોદરા.

માળારોપણ બાદ બપોરે ૩ વાગ્યે પૂ. શ્રીએ થાનગઢ છ'રી પાલિત સંઘ માટે વિહાર કર્યો હતો.

॥ આચાર્ય શ્રી રત્નપ્રભસૂરીશ્વરાય નમઃ ॥

卐 શ્રી ઓસવંશ કેા સિલેાકેા 卐

[રચયિતા–મુનિ શ્રી જ્ઞાનસુંદર]

અરિહંત સિદ્ધ ને સૂરીશ્વર ધ્યાઉં ।
પાઠક મુનિવર કેા શીશ નમાઉં ॥
હંસ વાહની કવિયેાં કી માતા ।
દેવી શારદા ર દીજે સુખ શાતા ।૧।
ઓશવંશ કેા કહસું સિલેાકેા ।
એકણ મનથી સાંભલ જો લેાકેા ॥
નિદ્રા વિકથા ને વાતાં મત કીજે ।
જાતિ ગૌરવ પર ર ધ્યાન જ દીજે ।૨।
જિનવર તેવીસમાં પાર્શ્વ મહ રાજા ।
શુભદત્ત હુએ હૈ ગણધર તાજા ॥
કૂજે પટ્ટ તેા હરિદત્ત વિરાજે ।
સૂરિ સમુદ્ર ર શાસન હિતકાજે ।૩।
કેશી શ્રમણ તણા બાલ બ્રહ્મચારી ।
શાસન કી દસા ખૂબ સુધારી ॥
પ્રદેશી આદિ કેઈ મહારાજા ।
જૈન ધર્મી તેા ર બનાયા તત્કાજ ।૪।
પાંચવેં પટ્ટ તણા સ્વયંપ્રભસૂરિ ।
વંશ વિદ્યાધર કીરતિ ભૂરી ॥
શિષ્ય પાંચ સૌ શીલે યશ ધારી ।
સિદ્ધગિરિ કી ર યાત્રા હિતકારી ।૫।
આયે આબૂ પર વ્યાખ્યાન દીનેા ।
અહિંસા ધર્મ કેા વર્ણન કીનેા ।
શ્રીમાલ વાસી તેા સુનિયેા ચિત લાઇ ।
ગુરુ ચરણેાં મેં ર શીશ નમાઇ ।૬।
યજ્ઞ એક કી મેાટી હૈ તૈયારી ।
લાખેાં જીવેાં કી હેાગી ખુવારી ।
કિરપા કરી ને આપ પધારેા ।
હેાસી ઉપકાર ર બહુત સુધારેા ।૭।
શિષ્યેાં સાથે તેા ગુરુ પધારે ।
માર્ગ કે સંકટ બહુ પ્રકારે ॥
સાધુ ભિક્ષાર્થ નગર મેં જાવે ।
માંસ મદિરા ૩ બિન ઘર નહી પાવે ।૮।
રાજસભા મેં સૂરીશ્વર આયે ।
દેઇ ઉપદેશ ભૂપત સમઝાયે ॥
યજ્ઞ બિખેરી જીવ બચાયે ।
નિજ્યે હજાર ર જૈન બનાયે ।૯।
ઋષભદેવ કેા મંદિર બનાયેા ।
સેવા પૂજા કેા જ્ઞાન બતાયેા ॥
બાત વલી સુની પદ્મમાવતી કેરી ।
યજ્ઞ કરાવે ર મહા કુરી ।૧૦।
ચલકર સૂરિજી પદ્મમાવતી આવે ।
રાજ સભા મેં જ્ઞાન સુનાવે ।
સહસ ચેંતાલિસ રાજા કે સાથ ।
જૈન બનાયે ર સૂરિ નિજ હાથે ।૧૧।
શાંતિનાથ કા મંદિર બનાયા ।
જૈન ધર્મ કા ઝંડા ફહરાયા ॥
બીજ બેાઇને વૃક્ષ લગાયેા ।
નામ ધર્મ કેા ર અમર બનાયેા ।૧૨।
વિદ્યાધરેાં કા મહેન્દ્ર રાજા ।
લક્ષ્મી દેવી કા પુન્ય હૈ તાજા ॥
રત્નકુક્ષ સે પુત્ર એક જાયેા ।
રત્ન ચૂડ તેા ર નામ ધરાયેા ।૧૩।

બાલ ક્રીડા કી યુક્તિ હૈ ભારી ।
વિદ્યા સીખી તો ૪૬ પ્રકારી ॥
જોબન વય મેં તો પરણાઇ નારી !
સુખ વિલસે તો ૨ સ્વર્ગ અવતારી ।૧૪।
રાજા મહેન્દ્ર સંયમ લીનો ।
રત્નચૂડ ને રાજ જ દીનો ॥
મુખ શાંતિ મેં રહે નિશ્ચિંતા ।
રાજ કરતો કો ૨ ૪૬ દિન બિતા ।૧૫।
ચારણ મુનિ તો આયે ગુણવંતા ।
ઉપદેશ જાણો અમીય વરસન્તા ॥
તીર્થ યાત્રા કો મહાતમ બતાયો ।
નન્દીશ્વર દ્વીપ ૨ તીર્થ સવાયો ।૧૬।
સુની દેશના ભાવ હુલ્લસાયે ।
સબ મિલી ને વિમાન સજાયે ॥
પ્રસ્થાન કરકે જંગલ મેં આવે !
ચલતા નભ મેં ૨ ઝાણ રુક જાવે ।૧૭।
અધો દેખે તો મહાતમા ભાવે ।
જાણી આશાતના નીચે જી આવે ॥
અપરાધ ખમાવી શીશ નમાવે ।
સૂરિ સંસાર ૨ અથિર બતાવે ।૧૮।
રત્નચૂડ ને અર્જી ગુજારી ।
દીક્ષા લેને કી મરજી હમારી ।
પર એક પ્રશ્ન તો પૂછૂ પહલા ।
જિસસે માર્ગ તો ૨ હોગા જો સહલા ।૧૯।
રામ રાવણ પર કીના ચઢાઇ ।
ખેચર ભૂચર કી મઠ સવાઇ ॥
ચન્દ્રચૂડ થા વિદ્યાધર રાજા ।
રામ પક્ષ મેં ૨ લડવાયા તાજા ।૨૦।
તૂટી લંકા ને લુટ મચાઇ ।
ચન્દ્ર ને મૂર્તિ પાર્શ્વ કી પાઇ ॥
પાટ પરંપરા પ્રભુ કી પૂજા ।
પછે કામ તો કરતે હૈ દૂજા ।૨૧।
મારે પ્રતિજ્ઞા પૂજા કરને કી ।
ઇચ્છા મૂર્તિ કો સાથે રખને કી ।
આજ્ઞા ફરમાઇ દીક્ષા તો દીજે ।
પામર પ્રાણી કા ઉદ્ધાર કીજે ।૨૨।
લાભાલાભ કા જ્ઞાન વિચારી ।
દીક્ષા તો દીની પાંચ સો પરિવારી ॥
ચૌદહ પૂર્વ કો અભ્યાસ કીનો ।
બાવન વીર સે ૨ સૂરિ પદ દીનો ।૨૩।
રત્ન પ્રભસૂરિ નામ પ્રખ્યાત ।
પાંચ સૌ સાધુ સે વિચરે વિખ્યાત ॥
દેવી ચક્રેશ્વરી પ્રેરણા કીની
મરૂધર જાને કી ૨ સલાહ તો દીની ।૨૪।
તાંત્રિકોં નાસ્તિક ધર્મ ફેલાયો ।
મરૂધર સારો તો અંધ સે છાયો ॥
ગામો નગરો મેં જમિયા અખાડા ।
પાખંડ મચાયો ૨ ધર્મ ધૂતારા ।૨૫।
પાંચ મકાર મોક્ષ કે કારણ ।
માંસ મદિરા ને મૈથુન ધારણ ॥
મુદ્રા મીન યે પાંચ મકારા ।
ઇણ વિધ કરમ ૨ કરાતણ હારા ।૨૬।
વર્ણ ભેદ નહી જાતિ કોઇ ફૂટ ।
માતા વરજી ને સબ કે લિયે છૂટ ।
સેવે મૈથુન માંસ જ ખાવે ।
હૈરવી ચક્ર મેં ૨ ધર્મ બતાવે ।૨૭।
ઉપકેશપુર થા ખુબ વિસ્તારી ।
જિસમ અખાડા જમિયા ભારી ॥
યજ્ઞ હોમ મે જિવ સંહારો ।
અધમ કા કીના ૨ અતિ હી પ્રચારો ।૨૮।

ઉસ નગર કી ઉત્પત્તિ એસી ।
લિખી શાસ્ત્રોં મેં સુનાઉં જૈસી ।
શ્રીમાલ નગર મેં જયસેન રાજા ।
ભીમ ને ચંદ્ર ૨ પુત્ર દો તાજા ।૨૯।
ભીમસેન તો બ્રાહ્મણ ઉપાસા ।
ચંદ્રસેન થા જિન ધર્મી ખાસા ।।
ચંદ્રસેન તો ચંદ્રાવતી રાયા ।
ભીમસેન સે ૨ ભીન્નમાલ કહલાયા ।૩૦।
કુંવર ઉપદ્રવે રોષ ભરાઇ ।
ઊહડ મંત્રી કી પ્રીત સવાઇ ।।
દોનોંઈ નિકલ ગયે નગર સે ।
રાજ જમાયો ૨ ભુજા કે બલ સે ।૩૧।
વિરાટ નગર કો સંગ્રામ મિલિયો ।
રાત્રે વાસો ને સંબંધ સંકલિયો ।
સૌઅસી (૧૮૦) અશ્વ સોદાગર દીના ।
ઢીલ રાજ કો ૨ ભેટણો કીનો ।૩૨।
રાજા પ્રસન્ન હો ભૂમિ તો દોની ।
ઊસ કી ભૂમિ સંકેતે લીની ।।
શુભ મુહૂર્ત મે છડી રોપાણી ।
દેવી ચામુણ્ડા ૨ થાપી ધણિયાણી ।૩૩।
ભીન્નમાલ સે ઉપલ કુટુંબી ।
આયે હજારો વ્યાપાર મુરબ્બી ।।
પ્રાણી પ્રસુર ઉપજાઉ ભૂમિ ।
વિપુલ વ્યાપાર ૨ નહી કોઇ કમી ।૩૪।
બાહર યોજન મેં નગર વિસ્તારો ।
ચૌંડા નૌ યોજન સ્વર્ગ મનુહારી ।।
લાખોં કી બસ્તી ઉપલદે રાજા ।
મન્ત્રી ઊહડ ૨ બુદ્ધિ કા તાજા ।૩૫।
રત્નપ્રભસૂરિ મરુધર મેં આવે ।
ઉપસર્ગ પરિસહ સહે સમ ભાવે ।
ભૂખે પ્યાસોં કો નહી અન્ન પાણી ।
દીન હિલગારી ૨ મન મેં નહીં આણી ।૩૬।
શિષ્ય પાંચ સૌ ભૂખા ને પ્યાસા ।
દેખે પાખંડી આયા તમાસા ।
પત્થર લકડી ને ઠાંકરા મારે ।
આક્રોશ વચન ને ૨ કુત્તા [illegible] ।૩૭।
સૂરિ શિષ્યોં કો ઇણપરે સમજાતે ।
વીરા ? તુમારી કસૌટી થાવે ।
ઠામ પડને પર જો રહે પક્કા ।
ઉનકા હી બાજે ૨ જગત મેં ડંકા ।૩૮।
એસે જીવોં પર કરુણા તુમ લાવો ।
દેઈ ઉપદેશ સુલટા બનાવો ।।
અપના કલ્યાણ કરે હર કોઇ ।
પર ઉપકાર ૨ યહી અધિકાઇ ।૩૯।
ખન્દકર્ષિ ને મેતારજ જાણો ।
ગજસુકુમાલ ને પ્રદેશી રાજો ।
વીર પ્રભુ ને બાર વર્ષ તાઇ ।
સહે પરિસહ ૨ સમતા મન લાઈ ।૪૦।
શિષ્ય સૂરમા બોલે ઇમ વાણી ।
પ્રાણ પ્રણ સે પ્રતિજ્ઞા ઠાણી ।
હાથ આપકે માથે ધરાયા ।
વાસક્ષેપ સે ૨ બલ હમ પાયા ।૪૧।
પર ઉપકારે જીવન હમારો ।
અર્પણ કીધા છે શરીર સારો ।
સંકટ હજારો સહન કરશો ।
કદમ એક તો ૨ પાછો નહીં [illegible] ।૪૧।
અનુક્રમે ઉપકેશ નગર મેં આયે ।
પૂછે નહીં કોઈ હિંગ લગાયે ।
લુદ્રવી પહાડી નગર કે બહારી ।
સબ સાધુ જહાં ૨ ડેરા દિયા ડારી ।૪૩।

[ક્રમશઃ]

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



સંસારને સુખી કરવો હોય તો મોક્ષે મોકલવા સિવાય બીજો કોઈ ઉપાય નહિ. જીવ સુખી ત્યારે જ કહ્યો તો એ મોક્ષમાં જાય અથવા તો સમકિતની પ્રાપ્તિ કરે. સંસારમાં સુખી સમકિતી અને સમકિતનો અર્થી.

બોલો તમે બધા સુખી છો કે દુઃખી ? સમકિતનો અર્થી દુઃખની ફરિયાદ જ ન કરે. ગમે ત્યારે પૂછો તો કહે આનંદમાં. કેમ આનંદમાં ? તો કહે કે દેવ-ગુરૂ-ધર્મ મળી ગયા છે. દેવ-ગુરૂ-ધર્મની જેને સામગ્રી મળી હોય તેને દુઃખ શું ? સંસારના સુખની સામગ્રીને સુખ માને તે પહેલા નંબરનો દુઃખી છે. આ સામગ્રી સુખ રૂપ ન લાગી હોત તો તમે દુઃખી હોત જ નહિ. સમકિતનો અર્થી પણ સુખી અને સમજુ હોય તે કોઈ દિવસ ખાવાની પૈસાની ટકાની પહેરવા-ઓઢવાની ફરીયાદ જ ન કરે.

જેને ભગવાન મળી જાય, ભગવાનનો માર્ગ ગમી જાય તેણે જ આ કલ્યાણક બરાબર ઉજવ્યા કહેવાય. ભગવાન આપણા હૈયામાં આવવા જોઈએ ભગવાનની એક એક આજ્ઞા આપણા હૈયામાં અંકિત થવી જોઈએ. તેમાં પહેલાં મિથ્યાત્વને કાઢવાનું છે, સમ્યક્‌ત્વને મેળવવાનું છે. મિથ્યાત્વ પર ગુસ્સો આવવો જોઈએ અને સમ્યક્‌ત્વ પર પ્રેમ થવો જોઈએ.

તને વળગેલી લક્ષ્મી તારો સત્યાનાશ કાઢનારી છે એમ ભગવાને પહેલાં જ કહ્યું. બીજા નંબરે ભોગને ભ�ૂંડા કહ્યા, ત્રીજા નંબરે દુનિયાના સુખની ઈચ્છાને ભૂંડી કહી અને ચોથા નંબરે દુનિયામાં જે કાંઈ પણ સારૂં તેને ભૂંડુ કહ્યું. આ બધી ઈચ્છાઓ ક્યારે જાય ? ત્યારે આખો સંસાર ભૂંડો લાગે ત્યારે.

ભગવાન મહાવીરને સમજ્યા હોઈએ તો સંસાર કાળા કેર જેવો લાગવો જોઈએ. ધર્મ જ એક સારામાં સારી ઉત્તમ ચીજ લાગવી જોઈએ એવા જીવોનું જ કલ્યાણ થવાનું છે. ધર્મ કરતા હોય પણ હૈયા ભૂંડા હોય તો તેનું કદી કલ્યાણ થવાનું નથી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૬૧૯

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

તેઓ ભવસમુદ્ર તરી જાય છે.

પાપનિષ્કન્દનં ધર્મસદનં કારયન્તિ યે ।
તારયન્તિ ભવાબ્ધેઃ સ્વં તે જનાઃ કુલતેજનાઃ ।।

જે પુણ્યાત્માઓ સઘળાંય પાપોનો નાશ કરવા સમર્થ એવું શ્રી જિનમંદિર અને ધર્મ પૌષધશાળા બનાવે છે તેઓ પોતાના કુળને અજવાળે છે અને આ ભવસમુદ્ર સ્વયં તરે છે અને બીજાને તરવા માટે આલંબન પૂરું પાડે છે.

વર્ષ ૯

અંક ૩૨

પ.પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
પિન. ગાંધીનગર, પિન-382009

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

卐 પ્રગટ થઈ ચૂકેલ છે 卐

શ્વેતાંબર તીર્થ દર્શન ભા. ૨

થોડા મોડા પણ આ બીજો ભાગ પ્રગટ થઈ ચુકેલ છે અને રવાના કરવાનું ચાલુ છે. મુંબઈ અમદાવાદ વિ. શહેરોમાં તથા જ્યાં વધુ ગ્રાહકો છે ત્યાં સીધા પારસલ આવશે. લંડન પણ પોસ્ટથી અને આફ્રીકામાં કન્ટેઈનર દ્વારા મોકલાશે.

છૂટા છૂટા સ્થાનોમાં પોસ્ટથી મોકલાશે.

—: નવા ગ્રાહક માટે :—

તીર્થ દર્શન ભા. ૧ રૂા. ૬૫૦ : તીર્થ દર્શન ભા. ૨ રૂા. ૮૦૦

મોડું થવા માટે ગ્રાહકો એજન્ટોની ક્ષમા માગીએ છીએ.

—: નવું સાહસ :—

શ્વેતાંબર તીર્થ દર્શનનું કાર્ય ચાલુ થયું અને પ્રચાર શરૂ થયો ત્યારથી હિંદી અંગ્રેજી આવૃત્તિ માટે માંગ ચાલુ છે અને તેથી તે કાર્યનો પ્રારંભ પણ થઈ ગયો છે.

— શ્વેતાંબર તીર્થ દર્શન હિંદી ભા. ૧ —

દિવાળી સુધી પ્રગટ કરવાની ધારણા છે તથા તેની અંગ્રેજી આવૃત્તિ ત્યાર બાદ ૬ માસમાં પ્રગટ થવા સંભવ છે. હિંદી અને અંગ્રેજી આવૃત્તિ માટે અગાઉથી ગ્રાહક થવા માટેની યોજના નકી થયે જાહેર થશે.

— શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા —

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર)

નવા ગ્રાહકોને બંને ભાગ ૧૦% ટકા કાપીને રૂા. ૧૩૮૫) માં મળશે પોસ્ટેજ અલગ થશે.

પ્રેરણા મુખ્ય લાભના અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ મતાય ચ

• તંત્રીઓ •
ચુનીલાલ ગુલાબચંદ ઢડ્ઢા (મુંબઈ)
હરેન્દ્રકુમાર મણીલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વડોદરા)
પ્રાણલાલ પદમશી મુંડરા (થાણા)

વર્ષ : ૯] ૨૦૫૩ ચૈત્ર સુદ-૧ મંગળવાર તા. ૮-૪-૯૭ [અંક : ૩૨

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૭ શુક્રવાર તા. ૧૭-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છા.મે દુક્કડમ્ (પ્રકરણ ૧૫ મું) -અવ૦)

આજ ઘણા શ્રીમંતો હોવા છતાં આ બધું નથી દેખાતું તેનું કારણ શું ? ધર્મી ૪ નથી, હૈયામાં ધર્મ જ આવ્યો નથી તે. ૪૨ વર્ષે શ્રી પર્યુષણા મહાપર્વમાં તમે બધા સાંભળો છો કે- શ્રી સંપ્રતિ મહારાજાએ ત્રણે ખંડને શ્રી જિનમંદિરથી મંડિત કર્યો સવા લાખ શ્રી જિનમંદિર બંધાવ્યાં, સવાકોડ શ્રી જિનબિંબ ભરાવ્યાં, અનેક જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો, તે છતાં પોતે માને કે-'મેં કાંઇ કર્યું નથી.' તમે ધર્મમાં શું કર્યું છે ? શું કરવાનો વિચાર છે ? આજ સુધી વેપાર કેટલો કર્યો છે ? હજી વેપાર ચાલુ છે કે બંધ છે ? ચાલુ છે તો ચાલુ કેમ છે ?

સભા૦ : પોતે વેપાર ન કરે પણ છોકરા કરે તે ય ગમે છે.

ઉ૦ : આજીવિકાનું સાધન નથી માટે છોકરા પાસે કરાવો છો ? મરવાનું છે તો ક્યાં જવું છે ? છોકરાને પણ ક્યાં મોકલવો છે ? બાપ રહે અને છોકરો પણ મરી જાય તેમ પણ બને ને ?

શાસ્ત્રે કહ્યું છે કે જૈન જાતિ અને જૈનકુળમાં મનુષ્યજન્મ મળે તે મહાપુણ્યનો

ઉદય છે પરન્તુ આજે તો તમારે ઘેર જે જન્મે તેનો મહાપાપનો ઉદય છે, તેમ કહેવું પડે. તમે તમારાં સંતાનોને ધર્મી બનાવવાની કોશિશ કરો છો કે સારી રીતે સંસારના કામ કરતાં થાય એવાં બનાવવાની કોશિશ કરો છો? જેને પોતાના સંતાનોના આત્માના હિતની ચિંતા ન હોય તેના ઘેર જન્મ લેવો તે મહાપાપનો ઉદય કહેવાય ને? તમારે તો તમારા જેવો જ છોકરો પકવવો છે. તે માંદો માંદો પણ પેઢીએ જાય પણ ધર્મ ન કરે તો ચાલે, પેઢી કરવા જેવી છે કે નહિ કરવા જેવી છે?

તામલિ તાપસ મહાશ્રીમંત એવો જૈનતર ગૃહસ્થ હતો જે પરલોકને માનનાર હતો. જે જીવ પરલોકને માનતો હોય તેને રોજ ચિંતા હોય કે–'મારે ખોટી ગતિમાં જવું નથી અને સારી ગતિમાં જવું છે.' ત્યારે જૈન માત્રના મનમાં શું હોય? 'મારે ઝટ મોક્ષે જવું છે. જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી મારે દુર્ગતિમાં જવું નથી. ત્યાં દુઃખ છે માટે નહિ પણ મોક્ષસાધક ધર્મ મળી ન શકે અને થઈ ન શકે માટે. અને સદ્ગતિમાં જ જવું છે તે દુનિયાનું સુખ મળે છે માટે નહિ. પરન્તુ ત્યાં મોક્ષમાર્ગની સામગ્રી મળે અને તે સામગ્રીનો સદુપયોગ કરી વહેલો મોક્ષે પહોંચી જાઉં.' તમારા મનમાં આમ છે? જેને મોક્ષે જવું હોય તેને ધર્મ વિના ચાલે? તેને ધર્મ ગમે? સાધુપણું પામેલા ગરીબ પણ મોક્ષે ગયા છે અને જેને સાધુપણાંની ઇચ્છા પણ ન હોય તે મોટો શ્રીમંત હોય તો ય સંસારમાં ભટકે છે. તમને સાધુપણાંની વધારે ચિંતા છે કે પૈસા મેળવવાની ચિંતા છે? તમારો દિકરો સાધુ થવા તૈયાર થાય તે ગમે કે સારા વેપાર ખેડે તે ગમે?

આજે તમારા દિકરાને સાધુ થવાનું મન તો થાય નહિ પણ શ્રાવક થવાનું ય મન થતું નથી. આજે બાર વ્રતધારી શ્રાવક કેટલા છે? હજી વ્રત નથી લઈ શક્યા તેનું દુઃખ કેટલાને છે? તમારો છોકરો ગ્રેજ્યુએટ થયેલો છે પણ ધર્મ સમજેલો નથી. તમે ય ધર્મ નથી સમજ્યા. કેમ? તમને ધર્મ સમજાવનાર નથી મળ્યા કે તમારે ધર્મ સમજવો જ નહોતો? તમારે ધર્મ સમજવો હોય તો ધર્મ સમજાવનારા સુસાધુ હાજર છે. તેઓ પગાર માગે છે? તો તમે બધા ધર્મની બાબતમાં અજ્ઞાન કેમ રહ્યા છો? ઘણાને સામાયિક લેતાં–પાળતાં ય નથી આવડતું, ચૈત્યવંદન કરતાં ય નથી આવડતું. તમે લોકો સામાયિક લો છો અને પાળો છો. સામાયિક પાળતી વખતે જે સૂત્ર બોલો છો તેનો અર્થ પણ નથી કરતાં. તે સૂત્રમાં કહ્યું છે કે–"સામાયિક વ્રતમાં રહેલો શ્રાવક જેટલી વાર સામાયિક કરે તેટલી વાર અશુભ કર્મોનો નાશ કરે છે અને સામાયિકમાં રહેલો શ્રાવક સાધુ જેવો કહેવાય છે માટે વારંવાર સામયિક કરવું

જોઇએ.” સામાયિક લેનાર આ સૂત્ર રોજ બોલે છે તો રોજ કેટલાં સામાયિક કરો છો? તમે નવરા પડો ત્યારે શું કરો છો? સામાયિક કરો ખરા? નવરી ગપ્પાવાળી વાતો કેટલી કરો છો? તમે વેપારમાં બીજી આડી અવળી વાતો ન કરો પણ સામાયિકમાં તો વાત કર્યા વિના રહો ખરા?

પરના દોષોની વાતનો જેને રસ લાગે તેના જેવો નાલાયક એક નથી! તમને પારકાની શ્રીમંતાઇના વખાણ કરવાનું મન થાય કે તમારી શ્રીમંતાઇના વખાણ કરવાનું મન થાય? પારકા પાસે ગમે તેટલી શ્રીમંતાઈ હોય તમને શું લાભ થાય? જો તમે ખરેખર ધર્મ કરનારા હોત તો પારકાની શ્રીમંતાઈ જોઈ તમને થાય કે-‘મારે તેનાં બાળવી છે કે તેની ચિંતા કરીને ફોગટ પાપ હું બાંધું.’ આજે સામાયિક, પૂજા, પ્રતિક્રમણાદિ કરનારાને ય જેટલો વેપારાદિમાં રસ છે તેટલો ધર્મમાં નથી તો પછી તે બધાને શ્રાવક કહેવાય ખરા?

જેને સાધુ થવાનું મન ન હોય તે શ્રાવક જ નથી. સર્વવિરતિના પરિણામની લાલસા વિનાનો દેશ વિરતિનો પરિણામ હોય જ નહિ, લાલસા એટલે માત્ર ઇચ્છા નહિ પણ તીવ્ર ઇચ્છા કે-‘ક્યારે મને સર્વવિરતિ મળે, ક્યારે મને સર્વવિરતિ મળે’ તેવી. નાનો વેપારી મોટો વેપારી થવા ઇચ્છે છે. તમને કેટલા પૈસા મળે તો શાંતિ થાય? ગમે તેટલા મળે તો ય શાંતિ ન થાય, અને અહીં એક સામાયિક પણ કેવી રીતે કરો છો?

તે તામલિ તાપસને એક રાત્રિના વિચાર આવ્યો કે-“મને આ જે સુખ મળ્યું છે તે શેનો પ્રભાવ છે? ભૂતકાળમાં ધર્મ કર્યો તેનો. હવે જો અહીં ધર્મ ન કરું તો ભવાંતરમાં મારું શું થાય?” આવી ચિંતામાં તે પડ્યો. એટલે તેને નક્કી કર્યું કે-હવે મારે ત્યાગી થઈ જવું જોઇએ. ત્યાગી થઈને ધર્મ કરું તો આવતા ભવમાં મને સુખ મળે. હજી તેને ખબર નથી કે-‘દુનિયાના સુખ માટે ધર્મ ન કરાય.’

સભા૦ : તે સુખનો રસિયો કહેવાય કે પુણ્યનો રસિયો કહેવાય?

ઉ૦ : તે સુખનો રસિયો કહેવાય પણ પુણ્યનો રસિયો ન કહેવાય કેમકે, પુણ્ય વિના સુખ મળે નહિ. માટે પુણ્ય ઇચ્છે છે. દુનિયાના સુખ માટે પુણ્યનો રસિયો હોય તે સુખનો જ રસિયો કહેવાય પણ પુણ્યનો રસિયો ન કહેવાય. મોક્ષને માટે મોક્ષ-સાધક ધર્મની સામગ્રી મેળવવા માટે પુણ્યને ઇચ્છે તો તે મોક્ષનો રસિયો કહેવાય માટે પુણ્યનો રસિયો પણ કહેવાય. (ક્રમશઃ)

卐 સા મા યિ ક સ્ફુ ર ણ 卐

પોતાની કલ્પના શાસ્ત્રને નામે ?

ગુજરાત સમાચાર તા. ૨૫–૧–૯૬ 'ઝાકળ બન્યું મોતી' વિભાગમાં શ્રી કુમારપાળ દેશાઇનો લેખ ભગવાન મહાવીરની માતા દેવાનંદાની આંખમાં આજેય શ્રાવણ-ભાદરવો વરસે છે એ હેડીંગથી લેખ છે.

લેખક પોતે વિદ્વાન છે અને ઘણા લેખો લખે છે જ્ઞાન ધરાવે છે. પરંતુ આ લેખ લખી તેમણે જૈન શાસ્ત્રકારો ઉપર અને જૈન સિદ્ધાંત ઉપર અવિશ્વાસ પ્રગટ કર્યો છે.

ભગવાન મહાવીરનું દેવાનંદાની કુક્ષીથી ત્રિશલાની કુક્ષીએ ગર્ભહરણ થયું તે વાતને ૫૦ વર્ષ પહેલા અશક્ય કહેનાર આજના ગર્ભાધિના પરિવર્તનના પ્રયોગથી ચૂપ થઇ ગયા છે.

શ્રી દેશાઇ દેવાનંદા બ્રાહ્મણી હતી અને ત્રિશલા ક્ષત્રિયા હતી તે વાતને આગળ કરીને શાસ્ત્રમાં ગર્ભહરણ ગણાવેલ છે તેને જુઠ માને છે. તે તેમની જૈન હોવા છતાં જૈન લેખો લખવા છતાં જૈન શાસ્ત્ર ઉપરની અશ્રદ્ધા બતાવે છે.

શાસ્ત્રમાં બ્રાહ્મણને અધમ કહ્યા નથી પણ 'ભિક્ષુકત્વાત્'-શબ્દથી માંગવાની વૃત્તિને કારણ બતાવ્યું છે. વળી દરેક તિર્થંકર ક્ષત્રિય થાય રાજકુલમાં જન્મે વિગેરે શાસ્ત્રમાં છે. ભગવાને કુલ મદ કરી નીચ ગોત્ર કર્મ બાંધ્યું હતું. દેવાનંદાએ પૂર્વ ભવમાં રત્ન ચોર્યા હતા વિ. વાતને શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

દેવાનંદાને ખેદ ગર્ભ હરણથી થયો છે પરંતુ તે જ દેવાનંદા અને ઋષભદત્ત બ્રાહ્મણ પ્રભુ પાસે દીક્ષા લઈ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા છે જ્યારે ત્રિશલાદેવી અને સિદ્ધાર્થ રાજા દેવલોકમાં ગયા છે એ વાત તેઓ સમજી શક્યા નથી અને ગણધરો કે પૂર્વધરોની વાતને અસત્ય બતાવવા લેખ લખે છે તે માત્ર જૈન ધર્મનું નાટક કરે છે તેમ ગણાય તેમને શ્રદ્ધા હોય તો કર્મ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ તેમને સદ્‌બુદ્ધિ જગાડત.

ભગવાન મહાવીરના અગ્યારેય ગણધરો બ્રાહ્મણ હતા અને મોક્ષે ગયા છે તેમના ૪૪ શિષ્યો પણ બ્રાહ્મણ હતા તે વાત જો મનમાં આવે તો જૈન શાસ્ત્રોને હલકા ચિતરવા ન પડે, એટલું શ્રી દેશાઇ વિચારશે ?

આ જાતના લેખકો દેશ પરદેશમાં લેકચરરો કે લેખકો થઇને ફરે તો તે જૈન ધર્મનો શું પ્રચાર કે વિકાસ કરે ? એ સવાલ છે.

દેવાનંદા કંઇ આંસુ સારતા નથી તેઓ તો મોક્ષમાં અનંતાનંત અવ્યાબાધ સુખના ભોગતા બન્યા છે. પરંતુ તેમને નામે પોતાની ઘરની ઘોરાજી ચલાવનારા આ દેશાઈ જેવા લેખકો જરૂર પોતાનું કંઈ ચાલતું ન હોવાથી આવા બખાડ લખીને પોતાની કલ્પના સિદ્ધ ન થવાથી કલ્પાંત કરતા હોય તેમ બને.

સિદ્ધાંત મહોદધિ પૂ. આ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના નામે ઓળખાતો એ સમુદાય કયા માર્ગે જઈ રહ્યો છે ?

'યતીન્દ્ર વાણી' નામનું એક હિન્દી માસિક મોટેરા ગાંધીનગરથી પ્રકાશિત થાય છે. એના વર્ષ ૨ અંક ૧૯ (૧-૧-૯૭) માં પ્રથમ પાને પ્રકાશિત એક સમાચારનો સંક્ષેપ નીચે મુજબ છે.

"અમદાવાદ શાહી બાગ વિસ્તારમાં તાજેતરમાં અરિહંતનગરમાં જૈન સંઘની સ્થાપના થઇ. ભિનમાલ નિવાસી શાહ છેળરચંદજીએ નૂતન મંદિરનું નિર્માણ કર્યું. નૂતન સંઘની સ્થાપના થઈ, એ વખતે જ ઘેબરચંદજીએ એવી સ્પષ્ટ ભાવના વ્યક્ત કરી હતી કે, નૂતન મંદિરમાં દાદાગુરૂ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ (ત્રિસ્તુતિક)ની મૂર્તિસ્થાપના પ્રભુ પ્રતિષ્ઠાની સાથે સાથે જ કરવી. નૂતન સંઘે આ વાત સ્વીકારી લીધી અને ગચ્છાધિપતિ આગમ દિવાકર આચાર્યદેવ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં આ કાર્ય મહોત્સવ પૂર્વક કરાવવાનું નક્કી થયું.

વાસણા પંકજ સોસાયટીમાં શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનો ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ કરીને શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ શાહીબાગ અરિહંતનગરમાં સામૈયા સાથે પધાર્યા. પ્રતિષ્ઠાના આગલા દિવસે બોલીઓ થઈ પ્રતિષ્ઠાની બધી બોલીઓમાં શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાની બોલી સૌથી વધુ થઈ. સંઘમાં આનંદનું મોજું ફરી વળ્યું. આ ગુરુમૂર્તિ અમદાવાદમાં સર્વપ્રથમ શાહીબાગમાં પ્રતિષ્ઠિત થઇ અને એ પણ શ્રી જયઘોષસૂરિજી મહારાજની નિશ્રામાં આ મહોત્સવે સંઘમાં એકતા મિલન સરિતાનું અદ્વિતીય ઊજવળા કીર્તિમાન સ્થાન પ્રાપ્ત કર્યું.

જે કઇ કહેવા જેવું છે, એની વધુ કોઇ સ્પષ્ટતા કરવાની જરૂર જણાતી નથી. સમાચાર પોતે જ બધું સ્પષ્ટ કહી જાય છે. ગંભીર રીતે વિચારવા જેવું તો એ જ છે કે એકતાના ભ્રામકમોહક વાતાવરણમાં તણાઇ જઈને સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સમુદાય તરીકે ઓળખાવતો શ્રમણ વર્ગ આજે ધીમે ધીમે પોતાનું સૈદ્ધાંતિક સ્તર ગુમાવતો જઇને ક્યાં જઈ રહ્યો છે અને આનો અંત ક્યાં આવશે ? આ જ ગચ્છાધિપતિની નિશ્રામાં ચાતુર્માસના કાળમાં શ્રી વલ્લભસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગતિથિની ઉજવણી થઈ હતી, તેમજ તાજેતરમાં અમદાવાદ

પાલડી ખાતે મહાવીર વિદ્યાલયને ૫૦ વર્ષ પૂર્ણ થતા જે ઉજવણી થઈ હતી, એમાં તપોવન પ્રણેતા પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજય ગણિવરે નિશ્રા આપીને પ્રવચનો આપ્યા હતા.

તાજેતરમાં ફાગણ સુદ છ ગાંઉની યાત્રામાં ફેર (સંભવિત રીતે સર્વ પ્રથમ) આવતા 'રબેવાળ' નામના ડીસાથી પ્રકાશિત થતા દૈનિકે સિદ્ધાંત મહોદધિ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના નામે ફાગણ સુદ પ્રથમ ૧૪ ની (તા. ૨૨-૩-૯૭ શનિવાર) યાત્રાનું ઓઠું સમર્થન કરતા તા. ૧૦-૨-૯૭ ના અંકમાં એ ભાવની રજૂઆત કરી હતી કે "શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ ૨૦૨૦ ની સાલમાં પટ્ટક બનાવીને ૧૪ ની ક્ષયવૃદ્ધિએ ૧૩ ની ક્ષયવૃદ્ધિ કરવાનું ઠરાવ્યું હતું." પરંતુ આ વિધાન તદ્દન વાહિયાત છે. કેમકે એ પટ્ટક તો પૂનમ-અમાસની ક્ષયવૃદ્ધિને લગતો જ હતો. છતાં આના આધારે ચાલુ વર્ષે ફાગણ સુદ ૧૪ બે હોવાથી ૧૪ ના બદલે બે ૧૩ ગણીને બીજી ૧૩ એ યાત્રા કરવાનું અશાસ્ત્રીય સમર્થન 'રબેવાળ'માં થયું. એ દિવસોમાં શ્રી જયઘોષ સૂરિજી મહારાજ ડીસા આસપાસ વિચરતા ડીસા આવ્યા છતાં શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના નામે પટ્ટકથી થતી સાવ જ ખોટી રજૂઆત સામે એમણે મૌન રહેવાનું મુનાસિબ માનીને કઈ જાતની ગુરુભક્તિ વ્યક્ત કરી ? આવા તો અનેક મુદ્દાઓ તારવી શકાય એમ છે.

આજે સંઘમાં એકતા સાધી આવશ્યક છે, પણ કહેવાતી 'એકતા' તો જરાય આવકારવા જેવી જ નથી આ એકતાએ કેવો દાટ વાળ્યો છે. ભૂતકાળમાં સૈદ્ધાંતિક સ્તર પર સ્થિર રહેલા વર્ગને ય ત્યાંથી પટકી કહીને આ એકતા એ કેવો શતમુખી વિનિપાત સરજ્યો છે, એ હવે કોઇનાથી અજાણ્યું નથી. એથી આપણે કમ સે કમ એટલું તો ઇચ્છીએ કે, શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ ધરાવતો સમુદાય તો એકતાના ભ્રામક અને મોહક વાયરામાંથી વહેલી તકે મુક્ત બનીને એ જ સિદ્ધાંત-નિષ્ઠાનો પુનઃઉપાસક બને અને સંઘને સાચુ માર્ગદર્શન આપવા અગ્રેસર રહે !

— પૂજ્યશ્રીનો વિહાર —

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિ શંખેશ્વર મહાતીર્થમાં ધાલારી જૈન ધર્મશાળામાં ઉપધાન માળ પછી થાનગઢ પધાર્યા ત્યાં શાહ લખમણ વીરપાર મારૂ પરિવાર તરફથી શ્રી ભદ્રંકરજી છ'રી પાલિત ભવ્ય સંઘ નીકળ્યો ફાગણ ૧૦ ની માળ વિધિ ભવ્ય રીતે ઉજવાઈ. પૂ. શ્રી કચ્છની નાની મોટી પંચતીથી કરવા પધાર્યા છે તા. ૧-૭૨ જિનાલય તા. ૮ સુથરી, તા. ૧૨ નલીયા, તા. ૧૪ મંજલ, તા. ૨૦-૨૧-૨૨ ભુજ, તા. ૨૬ અંજાર, તા. ૩૦ ગાંધીધામ અને વરસીતપના પારણા પ્રસંગે ચૈત્ર વદ ૧૩-૧૪ તા. ૫ લગભગ ભચાઉ પહોંચવા સંભવ છે. ચાતુર્માસ નિર્ણય જામનગર દિગ્વિજય પ્લોટમાં થયો છે.

બદલાતા મંતવ્યો

—પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ.

[તેમનું અંગત મંતવ્ય]

સવાલ : ઘણી બાબતોમાં આપના મંતવ્યો બદલાતાં જોવા મળે છે. એક જ અભિપ્રાયને આપ કાયમ માટે વળગીને કેમ રહેતા નથી? એવા વખતે અમારે કયો અભિપ્રાય સાચો માનવો?

જવાબ : એક વાત બરોબર સમજી રાખો કે હું ભગવાન નથી; સર્વજ્ઞ નથી; છદ્મસ્થ છું. તેમાંય વિશિષ્ટ કક્ષાનો વિદ્વાન નથી. હા, મારી કરિયાણાની દુકાન ચાલ્યા કરે એટલો ધનવાન (વિદ્વાન) હું જરૂર છું.

વળી, હું સ્વભાવથી ઝડપી છું. જે કામ બીજો માણસ અઠવાડિયે પૂરું કરે તે કામ હું બે દિવસમાં પૂરું કરું છું. જે વાતને નિશ્ચિત સ્વરૂપ આપવા માટે બીજાને છ કલાક વિચારવા જોઈએ, હું છ મિનિટમાં નિર્ણય લઉં છું.

આવી મારી સ્વભાવદશા હોવાને કારણે મારાથી વિચારમાં અવળું વિચારાઈ જાય કે કામ કરવામાં ઊંધુ બફાઈ જાય તો તે એકદમ સંભવિત છે. મારી આ નીતિથી મને ઘણા ફાયદો થયો છે કે ઘણું બધું-ઢગલો કામ કરી લીધું છે. સમયનો વેડફાટ થવા દીધો નથી. ઘણું બધું લખી દીધું છે. ઘણું સરસ લખાયું છે, ઘણું બધું સરસ બોલાયું છે; ઘણું બધું સરસ કામ કરાયું છે.

હા... પણ બહુ સ્પીડમાં જવાના કારણે મને ક્યાંક થપ્પડ પડી છે, આંચકો આવ્યો છે, પીછેહઠ કરવી પડી છે. થૂંકયું ગળવું પડયું છે, નીતિ બદલવી પડી છે, વિચાર ફેરવવો પડયો છે.

પણ આ બધું છતાં સરવાળે તો મને પુષ્કળ ફાયદો જ થયો છે.

જો સમાજને એમ લાગતું હોય કે મેં સમાજ માટે, શિબિરો માટે, સંસ્કૃતિ માટે સારો એવો ફાયદો કરી આપ્યો છે તો મારું હૃદય સારું હોવા છતાં મારા, ઉતાવળીઆ સ્વભાવને લીધે થઈ જતી ભૂલોની ઉપેક્ષા કરવી જોઈએ. આના બદલે એક વર્ગે મારો રીતસરનો પીછો પકડયો છે. ઉતાવળ કે અણસમજથી થયેલી ભૂલને ઉત્સૂત્રભાષણમાં ખપાવીને તે વર્ગ મારું પુણ્યાત્મક અસ્તિત્વ ખતમ કરવા માટે જાણે જંગે ચડયો હોય તેમ જણાય છે.

હું સંવેદનશીલ છું. મારી ગ્રાહકબુદ્ધિ છે. આવેશમાં, ઉતાવળમાં ખોટું કરી બેસું કે ખોટો નિર્ણય લઈ લઉં તો તેમાં ફેરફાર કરવો; તે નિર્ણય બદલવો, પોતાની ભૂલ જાહેર કરવી એ મગજની નબળાઈનું પ્રતીક

['કડેમાણું કડે' એવું વચન પલટાયું તો શું બન્યું?]

નથી પરંતુ એ તો પોતાની નિખાલસતાનું પ્રતીક છે.

ખોટે રસ્તે ચડી ગયેલી માટરને પાછી ફેરવવી પડે તો તે બેવકૂફી નથી; બહાદુરી છે.

પોતાના વિચારો અયોગ્ય હતા એમ લાગતા તે બદલવા અથવા પલટાતા દેશ, કાળ કે રાજકારણને કારણે વિચાર બદલવા તેમાં નાનપ નથી, મોટાઈ છે.

જે લોકો કદાગ્રહી છે અને અભિમાની છે તે જ લોકો પોતાના ખોટા પણ વિચારોને જળોની જેમ વળગી રહે છે. તે વિચારોને સત્ય ઠરાવવા માટે આકાશપાતાળ એક કરે છે. તે માટે અનેક મૂલ્યોને, માનવોને, શક્તિઓને હોમી નાંખે છે. આવા લોકો પક્ષ, અને વ્યક્તિના ચાહક હોય છે, સમર્થક હોય છે. તેમનો શાસન પ્રેમ માત્ર વાતોમાં અને દેખાવમાં હોય છે.

હઠમાં તો રાજા રાવણ રણે રગદોળાયો એવી વિચારની એકાંત હઠ શા કામની? પોતાના વિચારના પ્રેમમાં દુર્યોધન અને રાવણ પડી ગયા તો કેવા બરબાદ થયા?

મને આ રીત પસંદ નથી. મારા લીધેલા નિર્ણયમાં મને જરાક પણ લાગે કે ભૂલ થઈ છે તો હું તેને ફેરવી નાંખવામાં જરાય હિચકિચાટ અનુભવતો નથી. એમાં મારી નાલેશી થાય તો મને તેની ચિંતા નથી.

ભૂલ સુધારવી એમાં શરમ શેની? નાનમ શેની? ખોટું શું?

ભૂલને સદા માટે પકડી રાખવી, ભૂલ તરીકે ન જ ભૂલવી, જાતને અને આખા સમાજને તેના બચાવમાં ધુણાવવા એજ શરમભરી વાત છે.

કેટલાક ભક્તો કહેતા હોય છે કે, અમારા ગુરૂએ કદી ભૂલ કરી જ નથી!! આ તેમનો ગુરૂ પ્રત્યેનો અતિ પ્રેમ છે. આવી સમજના કારણે ગુરૂની ભૂલોને પણ સત્યના વાઘા પહેરાવવા પડે અને તેના બચાવ માટે ઢાયકાઓ સુધી ઝઘડવું પડે.

ભલે કે અંતે ભૂલ તો ભૂલ જ રહે છે. તેનો તિરસ્કાર સહુ કરે જ છે. તેની સજા પણ ભૂલ કબૂલવામાં જેમ મોડું થાય તેમ વધતી જતી હોય છે.

જ્યાં મારા બે વિચારો એકબીજાના વિરોધી તરીકે તમને જણાતા હોય તો તમારે મારા પાછળના વિચારને મારા વિચાર તરીકે સ્વીકાર કરવો. પૂર્વનો વિચાર રદ કરવો.

'મારી ભૂલ થાય જ નહિ' તેવો એકાંત (મિથ્યા) આગ્રહ હું રાખી શકું નહિ. મારી ભૂલ થાય જ; મારે જેમ બને તેમ જલ્દી તે સુધારવી જોઇએ. નહિ તો મારા પ્રત્યે ભક્તિ ધરાવતા લોકોને હું દુર્ગતિના ઊંડા ખાડામાં નાંખવાનું પાપ કરું એવું.

ભલે ગૌતમ ગણધરથી પણ ભૂલ થઈ; જેનું પરમાત્માએ 'મિચ્છામિ દુક્કડં' કરાવ્યું; ભલે મારા સ્વર્ગીય ગુરૂદેવ પૂ.પાદ પ્રેમ સૂ. મ. સાહેબની પણ સ્વરચિત સંક્રમણ ગ્રંથમાં

ભૂલ થઇ, જેનું તેમણે જાહેરમાં મિચ્છામિ દુક્કડં માગ્યું તો હું તો કઇ વિસાતમાં ?

એક વાત નક્કી છે કે નિષ્ઠુર મનથી હું કદી કોઈ ઉત્સૂત્ર કરતો નથી. જ્યાં મારી ભૂલ સુધારવાની પૂરી તૈયારી હોય અને જે ભૂલ કોઈ ખ્યાલફેરથી થઈ હોય તેને કદી ઉત્સૂત્રવાદ કહી શકાય નહીં.

ઉત્સૂત્રવાદીનો મનનો પરિણામ નિષ્ઠુર હોય-મને આજે એક વર્ગ 'ઉત્સૂત્રવાદી' કહીને જ વખોડે છે તે મારા ઉત્કર્ષ પ્રત્યેની તેમની હાડોહાડ વ્યાપેલી ઇર્ષ્યા જ મુખ્ય કારણ છે. અસ્તુ. તે વર્ગના મનનું સમાધાન કરવા માટે હું અહીં મારો જવાબ આપી રહ્યો નથી. મને ચાહતા અને માનતા વર્ગના સમાધાન માટે જ આ મારો પ્રયત્ન છે. તેઓ મને ઉતાવળીઆ સ્વભાવનો હજી કહી શકે પણ વિરોધીઓના હોહલ્લાના ભડાણમાં આવી જઈ ઉત્સૂત્રભાષી તો ન કહે એવી મારી અપેક્ષા ખરી. કેમકે નહિ તો તે વર્ગ જે 'ધર્મ' પામ્યો છે તે હારી જવાનો ભય ઊભો થઈ જશે.

('મુક્તિ દૂત' માર્ચ-૧૯૯૭)

—: જૈનો વિચારે :—

આજે સર્વત્ર નામનો જ મહિમા છે તમે જૈન નામ વાપરીને જૈન શબ્દ કરતા પણ જૈન ધર્મને વધુ બદનામ કરો છો. જૈન સોશિયલ ગ્રુપ, જૈન જાગૃતિ, આ લોકો જૈન ધર્મની એક પણ આચારસંહિતા પાળતા નથી અને જૈનના નામે પોતાના મંડળો ભરે છે. જૈન મંડળ હોય તો આમાં સોશિયલ કરતાં આનંદ અને વિલાસનું કામ જ દેખાય છે. રાત્રિભોજન, સિનેમા, પિકચરો, નાટક, ઢાંડિયારાસ જેવી પ્રવૃત્તિ શું જાગૃતિ કે સોશિયલ કામ કરે છે ? આ દરેક મંડળ જો જૈનના નિયમ ન પાળતા હોય તો જૈન નામ લગાડવાનો કોઈ હકક નથી. જૈનોના જ મંડળ જો આવી રીતના પોતાના ધર્મનો નાશ કરશે તો શું થશે ? જૈનોના મંડળના અગ્રણીઓએ સમજીને આ નામ બદલી નાખવા જોઇએ. એમાં જૈનોનું હિત સમાયેલું છે. —મેહુલ કે. પંચમીયા

(મું. સ.) ૧૯-૬-૯૪

'જૈન શાસન' અઠવાડિક માલિકી અને તે અંગેની અન્ય માહિતી

— ડેકલેરેશન —

ફોર્મ નં. ૮ રૂલ નં. ૮

૧	મુદ્રક, પ્રકાશક, તંત્રી	: સુરેશ કે. શેઠ
૨	રાષ્ટ્રીયતા	: ભારતીય
૩	પ્રકાશન સ્થળ	: વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)
૪	પ્રકાશનની સામયીકતા	: સાપ્તાહિક
૫	માલિકનું નામ	: શ્રી મહાવીર શાસન પ્રકા. ટ્રસ્ટ
૬	સરનામું	: લાખાબાવળ (જામનગર)

ઉપરોકત માહિતી સત્ય છે.

તા. ૨-૪-૯૭ **સુરેશ કે. શેઠ**

પ્રકાશક

卐 માંસાહાર-પાપ 卐

* મરેલા જાનવરોને ઢાટવા માટે મારું પેટ કબ્રસ્તાન નથી. —જ્યોર્જ બર્નાડ શૉ

* માંસ પાચનશક્તિનો નાશ કરે છે. માંસ તેજાબયુક્ત ભોજન છે. મોતના ડર અને દુઃખથી પશુનું માંસ વધારે તેજાબવાળું બની જાય છે. ખૂબ બિમારીઓ પેદા કરે છે. પાચનશક્તિ બગાડે છે. —ઈસાઈમત

* કપડાં પર લોહીનો ડાઘ પડવાથી કપડું ખરાબ-ગંધાતું થઈ જાય છે, તે જ લોહી જ્યારે મનુષ્ય પીવે ત્યારે ચિત્ત નિર્મળ નથી રહેતું. —ગુરુ ગ્રંથ સાહેબ

* બધાં પ્રાણીઓ પર દયા કરો. —પયંગબર મોહમ્મદ સાહેબ

* જે બીજાનાં માંસથી પોતાનું માંસ વધારવા માંગે છે તે જ્યાં પણ જન્મ લે છે ત્યાં સુખથી રહી શકતો નથી. —મહાભારત

* જે મરેલા પશુઓનું માંસ ખાય છે તે વાસ્તવમાં પોતાનું મડદું પોતે ખાઈ રહ્યો છે. —ઈસુ ખ્રિસ્ત

* ભાવ, હિંસા, કર્મ હિંસા, પોતે હિંસા કરવી, બીજાના દ્વારા હિંસા કરાવવી અથવા સંમતિ પ્રગટ કરીને હિંસા કરાવવી આ બધાં પાપ છે. —ભગવાન મહાવીર

* માંસ ખાનાર, માંસનો વેપાર કરવાવાળા અને માંસ માટે જીવહત્યા કરવાવાળા ત્રણે સરખેસરખા ગુનેગાર છે. —ભીષ્મ પિતામહ

* જો મનુષ્ય સ્વતંત્રતા ઈચ્છે છે, તો તે પશુ-પંખીઓને કેદ કેમ કરે છે?
—લિયોનાર્ડો દ. વિન્સી

* જે માંસ ખાય છે અને શરાબ પીએ છે એ પુરૂષરૂપી પશુઓના બોજાથી પૃથ્વી દુઃખ પામે છે. —ચાણક્ય

* જે કોઇ જીવનું માંસ કાપીને ખાય છે, એનો બદલો એને પોતાના માંસથી દેવો પડશે. જો કોઇ જીવનું હાડકું તોડવામાં આવશે તો એનો બદલો પોતાના હાડકાં દ્વારા આપવો પડશે. —મીર દાદ

(હિંસા નિવારણ)



❋ કંજૂસ ધનિક દાતાર બની ગયો ! ❋

—અમુલખભાઈ પરીખ

એક વખત એવું બન્યું કે એક મોટા શહેરમાં, એક સદ્‌ગૃહસ્થે સુંદર કામ ઉપાડયું. એ સત્કાર્યમાં ત્રણ-ચાર લાખ રૂપિયાની જરૂર પડે તેમ હતી. આવી માતબર રકમ લોકો પાસેથી કેવી રીતે ઉઘરાવી, એ એને માટે એક મોટો પ્રશ્ન થઈ પડયો.

'સારું કામ કોઈ દિવસ પૈસા વિના અટકતું નથી.' પણ એની પાછળ સુંદર આયોજન, નિષ્ઠા અને પ્રમાણિકતા જોઈએ.

વિચાર કરતાં, તે સજ્જનને એવું સૂઝયું કે શહેરમાં વસતો મારો કરોડપતિ મિત્ર મારી એવી રકમ લખાવે તો, ગાડી સડસડાટ ચાલે, તે કરોડપતિ મિત્ર તો, પૂરેપૂરો કંજૂસ હતો. એની પાસેથી પાંચ-દસ હજાર તો શું ? એક રૂપિયો કઢાવવો એટલે આસમાનના તારા ઉતારવા જેવું હતું ! ખુબ વિચાર કરીને, તે મિત્રને ત્યાં આવ્યો અને એને બધી વાત સમજાવતા કહ્યું: 'આ સત્કાર્યમાં તારો સાથ અને સહકાર લેવા આવ્યો છું.'

પૈસાની વાત આવતા જ ધનિક મિત્ર ઊભો થઈ ગયો અને બોલ્યોઃ 'ભાઈ, તારે બીજી જે વાત કરવી હોય તે કર. પણ પૈસા-ટૌસાની વાત ન કરતો. મને આવી વાતોમાં રસ જ નથી.'

'દોસ્ત, મારી વાત તો સાંભળ, મારે તારો એક પણ રૂપિયો જોઇતો નથી.'

'તો પછી, આ ફંડ-ફાળાની વાત લઈને મારી પાસે શું કામ આવ્યો છે ?'

'તું મારી યોજના સમજ. તું એ તો સમજે છે ને કે, કોઈ પણ ફંડ-ફાળા માટે કોઇને પણ ત્યાં જઇએ ત્યારે તે, પહેલું એ જોવા માગે છે કે, તેના બરોબરીઆએ ફાળામાં શું લખાવ્યું ? ફલાણા શેઠે આટલા લખાવ્યા, તો મારે આટલા લખાવવા જોઇએ. બે ચાર જણા સારી રકમ ભરે એટલે પછી ગાડી સડસડાટ ચાલે. મારા આ ફાળામાં તારે ફકત પચ્ચીસ હજાર રૂ.નો ચેક આપવાનો છે.'

'પચીસ હજાર રૂપિયા !' સાંભળીને ધનિક મિત્ર સોફામાંથી ઊભો થઇ ગયો !' દોસ્ત, તું ગભરાઈ ન જા. તારે પચીસ હજાર રૂપિયા આપવાના નથી. આવતી કાલે સવારે તારો ચેક તને પરત કરી દઈશ. મારા ઉપર વિશ્વાસ તો છે ને ? તેમ છતાં વિશ્વાસ ન હોય તો, થોડી ભૂલવાળો ચેક આપજે, જે બેંકમાં નાંખવા છતાં પાસ ન થાય.'

ધનિક મિત્રે માથું ખંજવાળ્યું. પહેલાં તો આ બાબતમાં પણ આનાકાની કરી, પણ મિત્રનું માન રાખવા ખાતર ચેક લખી આપ્યો.

આ ચેકે અજબ જેવી અસર કરી કોઇપણ ફંડમાં એક પણ રૂપિયો ન આપ-

નાર આ માણસ, આ ફંડમાં પચીસ હજાર જેવી માતબર રકમ આપે છે તો તેણે પૂરેપૂરી ખાતરી કરી જ હશે ને? માટે આ ફંડમાં પૈસા આપવા જેવા છે, એમ વિચારીને, લોકોએ ઉદાર હાથે ફાળો આપ્યો. સાંજ સુધીમાં તો ફંડની રકમ ભરાઇ ગઇ!

વચન પ્રમાણે બીજે દિવસે તે સજ્જન ધનિક મિત્રને ચેક પાછો આપવા માટે ગયો, પણ કોણ જાણે કેમ, દૂજણ મિત્રની મનોવૃત્તિ જ બદલાઇ ગયેલી દેખાઇ! ધનિકે મિત્રને કહ્યું: 'ભાઇ મારો હવે આ રકમ પાછી લેવી જ નથી. આજ સુધી હું એવા ખ્યાલમાં હતો કે, પૈસો લેગો કરવામાં જ આનંદ છે. પણ જ્યારથી તને ચેક આપ્યો, ત્યારથી અનેક સજ્જનો મને અભિનંદન અને શાબાશી આપવા લાગ્યા! ટેલીફોનમાં પણ આ જ વાત! રસ્તામાં આ જ વાત! મારો તો ગઇકાલનો આખો દિવસ, અનોખા આનંદમાં વિત્યો છે. ગઇકાલ જેવો આનંદ મને જીવનમાં ક્યારેય મળ્યો નથી. આપવામાં આવો આનંદ હશે, તેનો મને સ્વપ્નેય ખ્યાલ નહિ. તેં મારા માટે નવી દુનિયાનાં દ્વાર ખોલ્યાં છે. મિત્ર તારો તો જેટલો આભાર માનું એટલો ઓછો છે.'

આ પ્રસંગ પછી, ધનિક મિત્રનું જીવન પલટાઇ ગયું. દાન અને ભલાઇના કામમાં જ તેને આનંદ આવવા લાગ્યો. આખા દિવસમાં પાંચ-પચીસ ભલાઇનાં કાર્યો કરે નહિ, ત્યાં લગી તેને ચેન પડે નહિ! એનું જીવન આનંદમય બની ગયું! (મું. સ.)

વિવિધ-વાંચનમાંથી

પરમાત્માનું બળ કેટલું?

પરમાત્માનું બળ અનંતગણું છે. છતાં સામાન્યથી જણાવીએ છીએ કે,

૧૨ યોદ્ધાઓનું બળ–૧ બળદમાં
૧૦ બળદનું બળ–૧ ઘોડામાં
૧૨ ઘોડાઓનું બળ–૧ ભેંસમાં
૫૦૦ ભેંસનું બળ-૧ હાથીમાં
૫૦૦ હાથીનું બળ-૧ કેસરી સિંહમાં
૨૦૮૦ સિંહનું બળ–૧ અષ્ટાપદમાં
૧૦ અષ્ટાપદનું બળ–૧ પ્રતિવાસુદેવમાં
૨૦ લાખ અષ્ટાપદનું બળ–૧ વાસુદેવમાં
૨ વાસુદેવનું બળ-૧ ચક્રવર્તીમાં
કરોડ ચક્રવર્તીનું બળ-૧ દેવમાં
કરોડ દેવતાનું બળ-૧ ઇંદ્રમાં.

એવા અનંત ઇન્દ્રો મળીને પણ તીર્થંકરની (ટચલી) આંગળીને પણ નમાવી શકતા નથી.

સાતમી નરકમાં કુલ કેટલી જાતના રોગો હોય?

સાતમી નરકમાં કુલ પાંચ કરોડ-અડસઠ લાખ-નવાણું હજાર-પાંચસો ને ચોરાશી જાતના રોગો હોય છે.

(ઉપદેશ રત્નાકર)

-પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

શાસન સમાચાર

રાધનપુરના આંગણે માળારોપણ મહોત્સવ

રાધનપુરના આંગણે પૂ. આ. શ્રીમદ્ વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજના સાંન્નિધ્યમાં માગસર વદ ૧૪ તા. ૨૩–૧૨–૯૬ થી પ્રારંભાયેલ ૪૭ દિવસની આરાધના રૂપ ઉપધાનતપ મહા સુદ ૬ તા. ૧૨–૨–૯૭ ના રોજ પૂર્ણ થયેલ. આવી અનુપમ આરાધનાની પૂર્ણાહુતિ નિમિત્તે ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવનું આયોજન ઉપધાન તપના આયોજક શ્રેષ્ઠિ શ્રી કાંતિલાલ વરધીલાલ દોશી પરિવાર દ્વારા ગોઠવાયેલ. આ અઠ્ઠાઈ મહોત્સવમાં પધારવા હસ્તલિખિત આમંત્રણ પત્રિકાઓ લખાવાયેલ. સાચી જરીના ૧૦ છોડનું ભવ્ય ઉજમણું ગોઠવાયેલ. શ્રી ચિંતામણિ પ્રભુજીના જિનાલયે દરરોજ ભવ્ય અંગરચના, પૂજા, પૂજનોનો અનેરો ઠાઠ જોવા મળતો હતો. મહોત્સવના મહત્ત્વના દિવસ મહા સુદ ૫ તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ સવારે માળાની ઉછામણી બોલાવાયેલ. જેમાં રાધનપુરના ઇતિહાસમાં રેકર્ડ ઉપજ થયેલ. બપોરે ૨ કલાકે ભવ્ય રથયાત્રા નીકળેલ. જેમાં કોઇપણ યાંત્રિક વાહન વાપરવામાં નહોતું આવેલ.

રાધનપુરના ઇતિહાસમાં આટલો મોટો રૂટ અને આટલું વિશાળ સાજન–માજન ધરાવતી રથયાત્રા સૌ પ્રથમ હતી. જૈનશાળાથી નીકળેલી રથયાત્રા પટણી કરવાળથી બહાર નીકળી ચાર રસ્તા હાઇવે, ગંજબજાર, વાંચી કરવાળ, દાવર થઇ ચિંતામણિ જિનાલયે રથયાત્રા વિસર્જિત થયેલ. હાથી, ઘોડા, ઉંટગાડી, ઇન્દ્રધ્વજ, વિકટોરીયા બગી, ૩ બેન્ડ, ઢોલી, ૫ રથ વગેરેથી ધર્મપ્રભાવક બનેલ રથયાત્રા રાધનપુરના ઇતિહાસમાં કાયમી યાદગાર બની જવા પામેલ. સાંજે ભવ્ય મહાપૂજનો કાર્યક્રમ ગોઠવાયેલ. રાત્રે આયોજક પરિવારનું બહુમાન કરવામાં આવેલ. મહા સુદ ૬ની સવારે જે ઘડીપળની રાહ જોવાતી હતી, તે માળારોપણ પહેરવાની ઘડી પળ નજીક આવતાં સૌનો ઉલ્લાસ ઉછળતો જોવા મળતો હતો. હજારોની માનવ મેદની વચ્ચે માળારોપણની ક્રિયા પ્રારંભાતાં સૌ પ્રથમ આયોજક પરિવારને/તપસ્વીઓએ માળ પહેરેલ. છેલ્લા બંને દિવસ સમસ્ત જૈન સંઘનું સ્વામિ વાત્સલ્ય રાખેલ.

આ પ્રસંગને અનુરૂપ જીવદયાનું ખુબ જ સારૂં ભંડોળ ઉદારતાપ્રેમી જૈનો દ્વારા એકત્રિત કરવામાં આવેલ.

આ પ્રસંગે મુંબઇ, સુરત, અમદાવાદ, ડીસા, પાટણ આદિ અનેક શહેરો અને ગામડાંઓથી ઘણી મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેલ. એકંદરે રાધનપુરની ધર્મપ્રેમી જનતાને આવો પ્રસંગ નિહાળતાં ધન્યતાનો અનુભવ થયેલ.

ॐ પાર્શ્વનાથાય હ્રીં જૈનં જયતિ શાસનમ્ ॐ પદ્માવત્યૈ હ્રીં

શ્રી આદિનાથાય નમઃ

બેંગલોર નગરે ચિકપેટ મધ્યે

શ્રી આદિનાથ જૈન શ્વેતાંબર સંઘ તત્ત્વાવધાનમાં

પૂ. શાંતમૂર્તિ તપસ્વિરત્ન લબ્ધિભુવનતિલક પટ્ટાલંકાર

આચાર્યદેવ શ્રી અશોકરત્નસૂરીશ્વરજી મ. સા. ની

વર્ધમાન તપ ૧૦૦ ઓળી આરાધના પ્રસંગે

ભારતના સમસ્ત ૧૦૦ ઓળી પૂર્ણકર્તા તપસ્વીઓનું બહુમાન

નિશ્રા : પ. પૂ. અશોકરત્નસૂરીજી, પૂ. રાજયશસૂરીજી, પૂ. અમરસેનસૂરીજી

પ્રેરક : પ. પૂ. આ.દેવશ્રી રાજયશસૂરીશ્વરજી મ. સા.

બહુમાન દિન : તા. ૧-૬-૯૭ રવિવાર પ્રાતઃ ૯-૦૦ વાગે

૧૦૦ ઓળી પૂર્ણકર્તા ભાઈ-બહેનોને હમારૂં ભાવભર્યું નિમંત્રણ છે કે પૂજ્ય આચાર્ય ભગવંતશ્રીની ૧૦૦ ઓળી પૂર્ણાહુતિ પ્રસંગે આપ અવશ્ય પધારી અમોને અનુમોદના તથા બહુમાનનો લાભ આપશોજી.

બહુમાન લાભાર્થી

(૧) રેખા પેપર માર્ટ (બેંગલોર) હીરા ટેકસટાઈલ્સ (બેંગલોર) (૩) શા કુંવમલ એન્ડ બ્રધર્સ (બેંગલોર) (૪) શા ખીમરાજ જયંતિલાલ (બેંગલોર) (૫) શા જયંતિલાલ જેઠમલજી (જે. કે. ફાર્મા. બેંગલોર).

તપસ્વી તા. ૨૫-૪-૯૭ સુધી નીચેની વિગતો ભરીને નીચેના એડ્રેસ ઉપર જરૂર મોકલાવે.

તપસ્વી નામ :

એડ્રેસ : ફોન નં. ઉ.

કયા વર્ષે ઓળી શરૂ કરી તથા કયા વર્ષે કોની નિશ્રામાં પૂર્ણ થઈ. તપસ્વીઓને જવા આવવાના અર્ધ સાથે સુંદર બહુમાન કરવામાં આવશે. આપ કયારે અને કઈ ટ્રેનથી પધારશો તે પણ જરૂર જણાવશો. ૧૦૦ ઓળી પૂર્ણાહૂતિ નિમિત્તે તા. ૨૫-૫-૯૭ થી ૧-૬-૯૭ સુધી મહા મહોત્સવ ૧૦૮ છોડ ઉપધાન તથા અનેકવિધ પ્રભુભકિત તથા તપ અનુમોદના કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આપ જરૂર પધારશો.

સંપર્ક : SHREE ADINATH JAIN TEMPLE
Chickpet, BANGALORE-560053 Phone : 2873678 2871376

卐 શ્રી ઓસવંશ કેા સિલેાકેા 卐

[ગતાંકથી ચાલુ] [રચયિતા–મુનિ શ્રી જ્ઞાનસુંદર]

માસ અર્ધ માસ દેા માસ ઉપવાસી ।
ભિક્ષા કે લિયે ગુરુ સે બિમાસી ।
લેઈ આજ્ઞા ને નગર મેં જાવે ।
ભિક્ષા કે ચેાગ્ય ૨ ઘર નહી પાવે ।૪૪।
માંસ મદિરા ઘર ઘર મેં દેખે ।
દયા અવતાર નિજરેાં કિમ પેખે ।
ફિર ફિર નગર મેં રીતાજી આયા ।
તપ વૃદ્ધિ કર ૨ ધ્યાન લગાયા ।૪૫।
કઇ એક દિન તેા તપસ્યા મેં બીતા ।
દેવ ઔદારિક વ્યાપી હૈ ચિંતા ।
ગુરુ આદેશ બિહાર કા દેવે ।
બાંધેા કુમ્મરેાં ને ૨ દેવી તત્ ખેવે ।૪૬।
ચામુંડા આવી શિશ નમાવે ।
કાએા ચેામાસેા રહેા શુદ્ધ ભાવે ।
લાભ આપકેા હેાવેગા તાજા ।
મેા પૈ વિશ્વાસ ૨ રાખેા મહારાજા ।૪૭।
દેઇ ઉપયેાગ સૂરીશ્વર ભાખે ।
પૈંતીસ સાધુ કી નિજ પાસે રાખે ।
શેષ સાધુ કેા બિહાર કરાયેા ।
ઉનમેં ચૌમાસી ૨ કેારટ મેં ઠાયેા ।૪૮।
રાજ–કન્યા તેા વર જેાગી થાવે ।
મંત્રી પુત્ર કે સાથ પરણાવે ।
દમ્પતી સૂતા સેજ્જા મેં આઇ ।
પીણા સર્પ ને ૨ ડાડ લગાઇ ।૪૯।
રાત્રિ મેં વિષ શરીર મેં છાયેા ।
જાગી કન્યા ને રુદન મચાયેા ।
મિલીયેા કુટુંબ ને ઝાડા દીરાવે ।
યંત્ર મંત્ર ને ૨ તત્ર કરાવે ।૫૦।
ઉપાય એક લાગુ નહી હુએા ।
વૈદ્ય સબ કહેં કુંવર મુએા ।
મૃત્યુ કે ચેાગ્ય વિમાન બનાયે ।
લેઈ કુંવર ને ૨ મસાંણે જાવે ।૫૧।
હા-હા કાર તેા નગર મેં હુઓ ।
રાજ જમાઈ અકાલે મુએા ।
અશ્વ પર કન્યા શીલ પ્રભાવે ।
સતી હેાને કેા ૨ મસાંણે જાવે ।૫૨।
બિચ મેં સાધુ એક છેાટાસા આવે ।
જીતા કુંવર કેા કૈસે જલાવે ।
ખબર દીની તેા રાજા કેા જાઇ ।
શેાધેા સાધુ પર ૨ ખબર નહીં પાઈ ।૫૩।
મૃતક કેા લેઈ સૂરિ પૈ આવે ।
હાથ જેાડી ને અર્જ કરાવે ।
દુર્દૈવ કેાપ કીનેા છે ભારી ।
મૃત્યુ ને ચેારી ૨ વસ્તુ હમારી ।૫૪।
સૂનેા રાજ ને અંધારેા છાયેા ।
જન્મ હમારી અખ્યાર્થ જાયેા ।
કૃપા કરી ને પુત્ર જીવા વેા ।
જીવંત દાન ગુરુ! ૨ હમકેા દીરાવેા ।૫૫।
લાભાલાભ કા કારણ જાણી ।
સાધુ એક બેાલ્યેા મધુરીજી વાણી ।
થેાડા સા ગરમ પાણી જો આવે ।
ગુરૂ ચરણેાં રેા ૨ પ્રક્ષાલ કરાયે ।૪૬।

આત્મશક્તિ ને યોગ બલ સારો ।
વાસક્ષેપ મેં થો ચમતકારો ।
વિષ વ્યાપક પર પ્રક્ષાલ છંટાયો ।
તત્ક્ષણ કુંવર ર સચેત થાયો ।૫૭।
જય-જય કાર સે ગગન ગુંજાણા ।
રાજા ને રાણા હર્ષ ભરાણા ।
દેખી કુંવર ને સુખ સુખ બોલે ।
જગત મ નહીં ર ઇણ ગુરૂ તોલે ।૫૮।
લેઇ કુંવર ને નગર મેં જાવે ।
રાજ હુકમ સે કોઠારી આવે ।
મણિ માણિક ને રત્ન હો તાજે ।
ભેટ કરો તુમ ર ગુરૂ કે કાજે ।૫૯।
થાલ ભર ભર ને ભંડારી લાવે ।
ગુરૂ ચરણોં મ ભેટ કરાવે ।
દેખી સૂરિજી દિલ મેં આલોચે ।
અહો ભદ્રિક! ર ઇતનો નહીં સોચે ।૬૦।
અનર્થ કો કારણ જગ મચાવે ।
ભાઇયોં ભાઇયોં મેં વૈર બઢાવે ।
લડી ઝગડી ને અનેકો મુઆ ।
જિણસે સૂરિજી ર ઉપેક્ષિત હુઆ ।૬૧।
ખબર્ચી જાઇ રાજા ને કેવ ।
ઇતના સે ગુરૂ રાજી નહીં હોવે ।
મંત્રી આલોચે યોગીશ્વર પૂરા ।
આરંભ પરિગ્રહ સે ર હો જોઠે દૂરા ।૬૨।
રાજા મન્ત્રી ને ઔર નર-નારી ।
ચાર પ્રકારે સેના શિણગારી ।
ગાજા બાજા સે ગુરૂ પૈ આવે ।
ચરણ કમલોં મે ર શીશ નમાવે ।૬૩।
આપ ઉપકાર કીધો છે ભારી ।
રાજ ઋદ્ધિ સબ લેજ્યો હમારી ।
બલતા સૂરીશ્વર બોલે ઇમ વાણી ।
રાજ ઋદ્ધિ હમ ર કારમો જાણી ।૬૪।
રાજ ને ભોગ નરક કા કારણ ।
દુઃખ પરભવ મેં હોવેગા દારૂણ ।
ઘર કો રાજ હમ છોડી ને આયા ।
યોગ યુક્તિ મેં ર સુખ સવાયા ।૬૫।
રાજા કહે છે મહેં તો અજ્ઞાની ।
માર્ગ બતાવ્યો આપ છે જ્ઞાની ।
બદલો ઉપકાર કો કિણ વિધ દેવો ।
થોડા ઘણાં તો કૃતાર્થ હોવો ।૬૬।
કહે સૂરીશ્વર ધર્મ સુનીજે ।
પરીક્ષા કરીને ધારણ કીજે ।
નર ભવ પાયા કો સફલ કરીજે ।
જન્મ મરણ કા ર દુઃખ મેટીજે ।૬૭।
અચરજ પામી ને રાજા ઇમ બોલે ।
વચન ગુરૂ કા હૃદય મેં તોલે ।
કહાં મસ્તાન લોભાજી નન્દી ।
કહાં નિસ્પૃહી ર આત્મા આનન્દી ।૬૮।
કૃપા કરીને ધર્મ સુનાવો ।
સ્વર્ગ મોક્ષ કો રાસ્તે વાણી ।
બોલ્યા સૂરીશ્વર મધુરીજી બતાવો ।
સુખ ચાહે છે ર સભલાઇ પ્રાણી ।૬૯।
મર્મ કી બાત વિરલા કોઈ જાણ ।
દેવ ગુરૂ કો પહલે પહચાને ।
શુદ્ધ શ્રદ્ધા સે હોવે નિસ્તારો ।
મર્મ ધર્મ કો ર નિશ્ચય કર ધારો ।૭૦।
માતા ધર્મ કી નીતિ પહચાની ।
સદાચાર કો પિતા કર માનો ।
સાધુ શ્રાવક કો માર્ગ બતાવો ।
વ્રત આરાધી ર સ્વર્ગ મેં જાવો ।૭૧।

ઇત્યાદિ દેશના સૂરિજી ભાખી ।
દેવ વિદ્યાધર હુઆ છે સાખી ।
સૂની દેશના સબકો હિતકારી ।
કઠી જનોઉ ૨ જલ્દી ઉતારી ।૭૨।
રાજા ઊપલદે શીષ નમાવે ।
મંત્રી ઊહડદે ભાવના ભાવે ।
દેવી ચક્રેશ્વરી વાસક્ષેપ લાવે ।
શુદ્ધિ મંત્ર સે ૨ ગુરૂ દીરાવે ।૭૩।
બોલી ચામુંડા વિચમેં ચિત્ત દીજે ।
ગુરૂ હમારી અર્જ સુન લીજે ।
ભક્તોં કો આપ શ્રાવક બનાઓ ।
કડડ મડડ કા ૨ મન્ત્રી છુડાઓ ।૭૪।
કહે સૂરિજી દેવ! સુણ વાણી ।
દેસી કડડ કા યોગ્ય તો જાણી ।
મરૂધર મેં કલ્પ વૃક્ષ લગાયો ।
મહાજન સંઘ તો ૨ નામ થપાયો ।૭૫।
સવા લાખ કી સંખ્યા થી ભૂરિ ।
શ્રાવક બનાયે રત્નપ્રભ સૂરિ ।
ધર્મ લાભ કી આશીષ દીની ।
ફૂલેં કી વૃષ્ટિ ૨ દેવતા કીની ।૭૬।
જય જય નાદ સે ગગન ગુંજાયો ।
હર્ષ તણો તો પાર નહીં પાયો ।
જૈન ધર્મ કો ઉદ્યોત ભારી ।
મંગલ મનાવે ૨ નર અરૂ નારી ।૭૭।
વીર સીત્તેર ને શ્રાવણ માસો ।
વદ તેરસ ને શુભ દિન ખાસો ।
ધર્મ નીંવ તો સૂરિજી ડારી ।
ઉપકાર બાપકા ૨ હુઆ હૈ ભારી ।૭૮।
નરક માર્ગ સે બચાઇ લીના ।
સ્વર્ગ કા રસ્તા ખુલ્લા કર દીના ।
સૂર્ય ચંદ્ર ને પૃથ્વી રહે તાઈ ।
ઉપકાર આપકો ૨ ભૂલ્યો નહીં જાઇ ।૭૯।
કોપ્યા પાખંડી રાજા પૈ આયા ।
પરમ્પરા કા હક્ક લગાયા ।
ચુપચાપ રહો મત કરો શેખી ।
ધર્મ તુમારો ૨ લિયો હમ દેખી ।૮૦।
કહાં પર્વત ને કહાં એક રાઇ ।
કહાં સમુદ્ર છીલર તલાઇ ।
કહાં કેસરી-ગીદડ જોડી ।
કહાં કોટી ધ્વજ ૨ કહાં એક કોડી ।૮૧।
કહાં દયા ધર્મ કહાં હિંસા ભારી ।
કહાં બ્રહ્મવત કહાં વ્યભિચારી ।
અફસોસ હૈ ફિર મુંહ બતાઓ ।
શરમ હોવે તો ૨ ડૂબ મર જાઓ ।૮૨।
કહે પાખંડી વાગ યુદ્ધ શૂરા ।
આવે સભા મેં જો હોવે પૂરા ।
શાસ્ત્રાર્થ સે પરીક્ષા કીજે ।
જૂઠોં કો દેશ ૨ નિકાલો દીજે ।૮૩।
સભા આયોજન ઠીક બનાવ ।
વિદ્વાનોં કો મધ્યસ્થ ઠહરાવે ।
દોનોં પક્ષ કો લિયા બુલાઇ ।
પાખંડ કે દિલ મેં ૨ છાઈ કુટલાઈ ।૮૪।
જૈન નાસ્તિક ઈશ્વર નહીં માને ।
નાગા દેવ કો પૂજે અરૂ માને ।
અહિંસા દેશ કો કાયર બનાયા ।
પાપ–પાપ કર ૨ જગ કો ડરાયા ।૮૫।

[ક્રમશઃ]



પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- પાપના ઉદયથી આવતાં દુઃખ મઝેથી વેઠવા એટલે દુઃખના મૂળને કાપવું. સંસારનું સુખ તે જ દુઃખનું મૂળ છે. કેમકે, સંસારના સુખની ઈચ્છા પાપના ઉદયથી થાય છે, તે ઇચ્છા ખુદ પાપ છે અને તેનાથી પાપનો જ બંધ થાય છે.
- ભૌતિક સુખને ભૂંડું માને તે સુખી, સુખને સારું માને તે જબા દુઃખી.
- શ્રી નવકાર મહામંત્ર મળે અને જેને સંસારનાં સુખો જ ગમે તે નાલાયક છે.
- સંસારનાં સુખ માટે શ્રી નવકારમંત્ર ગણવો તે શ્રી નવકારમંત્રની મહા આશાતના છે.
- ધર્મ એટલે આત્માનો પરિણામ મોક્ષની ઇચ્છા ધર્મના પરિણામને લાવનારી ચીજ છે.
- ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસો-ટકો આત્માના ધર્મપ્રાણને લુંટનારી ચીજો છે.
- ધર્મ કરતાં પણ પૈસો જેને વધારે વહાલો લાગે તેને ધર્મની કિંમત હોય જ નહી.
- અનિત્યાદિ ભાવનાથી ભાવિત આત્મા પોતાની જાતને સંસારમાં ફસાયેલી માને.
- શરીર પરનો પણ પ્રેમ જાય તો ખરેખર ધર્મ આવ્યો કહેવાય.
- સંસાર સારો છે જ નહિ, સંસારનો જેને રસ લાગ્યો તે ખરાબ થયો સમજો.
- અવિરતિ એવું ભયંકર પાપ છે કે જે આ દુનિયાના સુખ ઉપર જરા પણ અપ્રીતિ ન થવા દે અને પોતે કરેલા જે પાપ તેનાથી આવતું જે દુઃખ તેના ઉપર કદિ પ્રીતિ થવા ન દે.
- અમે ભલે મહાત્માઓના ભગત કે પ્રેમી નહિ બનીએ, ગૃહસ્થોના પ્રેમી બનીએ, તમારા આદર-સત્કાર વખાણ કરીએ, તમારા કહ્યા મુજબ ચાલીએ તો અમે પણ મહાપુરુષોની આશાતના કરનારા છીએ.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૬૨૦

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

Received
21-4-97

આ ચાર દુર્લભ છે.

दानं प्रियवाक्सहितं ज्ञानमगर्वं,
क्षमान्वितं शौर्यम् ।
त्यागसहितं च वित्तं दुर्लभमेत चतुर्भद्रम् ।।

પ્રિય સંભાષણ પૂર્વક દાન, ગર્વરહિતનું જ્ઞાન, ક્ષમાથી યુક્ત બળ અને કોઇપણ પ્રકારની ઇચ્છા વિનાનો ધનનો ત્યાગ આ ચાર ચીજ ખરેખર દુર્લભ છે.

વર્ષ ૯

અંક ૩૩

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ.

જામનગર

(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

પરમ પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના

* પુણ્ય પ્રવચનો નો સારાંશ *

સંસારની કોઈ ચીજનું હૈયામાં હવે કાંઇ સ્થાન નથી.
ભલે હોય ઘણી કીંમતી તેની કુટી કોડીની કિંમત નથી.
અરિહંતની આજ્ઞા નથી તો જીવનમાં કાંઇ નથી.
આજ્ઞાને આરાધના ઉદ્યમ નથી તો કાંઇ નથી.

સંસારમાં રહેવા માટે સંસાર બધો યે જાણવો.
હેય ઉપાદેયનો વિચાર કરી પછી જ તેને માણવો.
હેય વસ્તુ જેને કહી છોડવી તેને જોઇએ.
ઉપાદેય ક્રમે ક્રમે મેળવવા મન જોઇએ.

સંસાર સઘળો હેય છે ને ઉપાદેય એક જ ધર્મ
ગુરૂજી હવે સમજાવશે ધર્મ તણો ગૂઢ મર્મ
સમજવા મહેનત કરે તો ધર્મ ઘણો સહેલ છે
સાધુ નહિ તો શ્રાવક બને સમકિતનો એ મહેલ છે.

ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચારેય પુરૂષાર્થમાં
અર્થ, કામ અનર્થકારી એ કાંઈ પુરૂષાર્થ નથી
મોક્ષ એક જ પુરૂષાર્થ છે જે મેળવવા જેવો ખરો.
તે હેતુ વિણ કરેલ ધર્મ પણ ખરો પુરૂષાર્થ નથી.

પાંચેય અધર્મને ગુરૂજી સમજાવે છે વિસ્તારથી
નાંખે વાસક્ષેપ એ કરવા નિસ્તાર સંસારથી
ધર્મ પાંચ મહાવ્રત છે એ સિવાય બીજું કાંઇ નહિ
ચાલુ છે એમની મહેનત હવે બન્યા એ સારથી.

આ લોકને પરલોકની હિતચિંતા જે ગુરૂ કરે
ભાવકયા આત્મા તણી સુગુરૂ વિણ કોણ ચિંતવે
લોક છે જે સંસાર સુખને આત્માના હિત વિષે
સમજુ જાનમાં સમકિતિ આત્માનું કલ્યાણ કરે.

卐

કદાગ્રહ દેશોદ્ધારક પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણીલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ પદમશી ગુઢકા (ચાંદગઢ)

વર્ષ : ૯] ૨૦૫૩ ચૈત્ર સુદ-૮ મંગળવાર તા. ૧૫-૪-૯૭ [અંક : ૩૩

✠ પ્રકીર્ણક ધર્મોપદેશ ✠

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૭ શુક્રવાર તા. ૧૭-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૯

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૫ મું) -અવ૦)

તમને બધાને જે ઠાંઇ મળ્યું છે તે ધર્મથી જ મળ્યું છે તેમ યાદ આવે છે સમજવા છતાં 'દુનિયાના સુખ માટે ધર્મ કરે તે બધા દુઃખી જ થવાના છે' તે ભગવાનની વાત તમે તો માનો છો ને ? મોક્ષ માટે જ ધર્મ કરવાનો છે. મોક્ષ માટે ધર્મ કરે તે સંસારમાં રહે ત્યાં સુધી વધારેમાં વધારે સુખી થવાના છે. તે માટે શ્રી તીર્થંકર પરમાત્માદિ મહાપુરૂષો ઉત્તમ દૃષ્ટાન્ત છે. તેઓના જીવન ચરિત્રો વાંચો એક કરતાં એક ચઢિયાતો. મનુષ્યમાં આવ્યા તો સાધુ થયા વિના રહ્યા નથી. સુખ-સામગ્રી એવી મળે કે તમારૂં માથું કામ ન કરે, તે છતાં ય તે સુખ-સામગ્રીને લાત મારી મારીને ચાલતા થાય.

સંસારનો વિરાગી તે જ ધર્મી ! સંસારના સુખનો વિરાગી તે જ ધર્મી ! ખરેખર ધર્મી કોણ કહેવાય ? જેને આ દુનિયાનું સુખ ગમે નહિ, તે સુખ ઉપર રાગ થાય નહિ, કદાચ તે સુખ ઉપર રાગ થાય તો દ્વેષ થાય કે-'આના ઉપર રાગ ! આ તો આજે છે અને કાલે નથી. મને અધવચ્ચે મૂકીને ચાલતું થાય તેવું આ સુખ છે.'

જગતમાં અર્થના અર્થી ઘણા હોય છે, કામના અર્થી પણ ઘણા હોય છે પણ મોક્ષના અર્થી તો વિરલ જ હોય છે. જે મોક્ષનો અર્થી તે જ સાચો ધર્મનો અર્થી છે ! દુનિયાના સુખનો અર્થી તે તો અજ્ઞાનમાં અજ્ઞાન છે. આ તામલિએ. ઘર–બાર છોડી તાપસની દીક્ષા અંગીકાર કરી. તેને કેવો તપ કર્યો છે તે ખબર છે ? તેણે સાઈઠ હજાર વર્ષ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠનો તપ કર્યો અને પારણામાં રસ ન આવે તે માટે એકવીશવાર ધોયેલા ભાત વાપરતો હતો. તો પણ તે ઇશાનેન્દ્ર થયો. શાસ્ત્રે કહ્યું છે કે– જૈન ધર્મને પામેલો જીવ જો આટલો તપ કરે તો આટલા તપથી સાત આઠમા મોક્ષે જાય. આના પરથી પણ સમજાય છે કે– જે જીવ પરલોકને માને તે પરલોકને ભૂલી જાય ખરો ? પરલોક બગડે તેવું એક કામ કરે ? ભગવાન કહી ગયા છે કે– દુનિયાના સુખ માટે ધર્મ ન થાય, માટે તો આ તામલિતાપસના આવા પણ તપને અજ્ઞાન તપ કહ્યો. મિથ્યાદૃષ્ટિ પણ પરલોકને માનનારો કેવો હોય તે સમજાયું ? પરલોક બગડે તેવો તેનો આ લોક હોય ખરો ?

તમે બધા આ લોકમાં કેવી રીતે જીવો છો ? તમને પરલોકની ચિંતા વધારે છે કે આ લોકની ચિંતા વધારે છે ? માત્ર આ લોકની જ ચિંતા કરે તે નાસ્તિક છે અને પરલોકની ચિંતા કરે તે આસ્તિક છે ! આ લોક સુધારવા માટે પરલોક બગાડાય ખરો ? તમે પરલોકમાં ક્યાં જવાના છો ? પરલોક સારો થાય તે માટે શું કરવું જોઇએ ? ધન ગમે તેના કરતાં જ્ઞાન વધારે ગમવું જોઇએ. આપણે રોજ સમકિતની વાત કરીએ છીએ તો સમકિતીને ધન ગમે ? ઘર ગમે ? સંસારના ભોગ ગમે ? કર્મયોગે ભોગ કરવા પડે તો કરે પણ ગમે નહિ. તમે કહો કે– આ સંસાર નથી ગમતો, ઘર–પેઢી, પૈસા–ટકાદિ પણ નથી ગમતા, આવું લાગે તે સમકિત પામે. એકવાર પણ સમકિત સ્પર્શી જાય તો ય કામ થઈ જાય.

દૃઢ પ્રહારી જેવો પાપી સમજ્યા પછી કેવો થઈ ગયો ! તેની વાત આપણે કરી આવ્યા છીએ. નિમિત્ત આપી જેપાપીનો ભય લાગ્યા પછી તેને શું કર્યું ? નવકારશી પણ નહિ કરનારા એવા તેને કેવો તપ કર્યો ? છ મહિનામાં તો કેવળજ્ઞાન પામી કામ સાધી ગયો. એકવાર પણ સમકિતનો સ્પર્શ થઈ જાય તો તે જીવ આવો ધર્માત્મા થઇ જાય.

જેને આ સંસાર ન ગમે એટલે આ સંસારનું સુખ ન ગમે, સુખ છોડવાનું જ મન હોય, સુખની સાથે રહેવું પડે તો ન છૂટકે રહે, દુઃખ મઝેથી ભોગવે તે જીવો સમકિત પામેલા છે કાં સમકિત પામવાના છે અને થોડાકાળમાં મોક્ષે જવાના છે. તે માટે શું કરવું તે હવે પછી–

❋ પ્રેરણામૃત સંચય ❋

(ગતાંકથી ચાલુ) —પ્રજ્ઞાંગ

પાપનો જ ભય-આર્યદેશનો પ્રાણ

જે કાળમાં આર્યસંસ્કાર પૂરજોશથી ચાલતા હતા, તે વખતે જીવનમાં પાપ કરીને જીવતા હોય તેવા જીવો પણ પાપને પાપ માનતા હતા, તેમનું ચાલે ત્યાં સુધી પાપ નહતા કરતા. દુઃખ પાપ સિવાય આવે જ નહિ. જેને દુઃખ ન જોઇએ તેને પાપ કરવું નહિ. આટલો નિર્ધાર થઈ જાય તો દુનિયા સુધરી જાય, સુખના ઢગલા થાય, અને સમજદાર સુખને લાત મારી ચાલતા થાય.

આર્યદેશની હવામાં પાપની વાત ગુંજતી હતી. તેથી પાપ કરીને જીવતાં જીવો પણ પાપના ડરવાળા હતા. એક શિકારી અને પક્ષીની વાત આવે છે. શિકારથી જ પેટ ભરનાર અને શિકારથી આજીવિકા ચલાવતો હોવા છતાં તે શિકારી, શિકારથી પેટ ભરવું તેને પાપનો ઉદય માનતો. પોતાની જાતને ખરાબ માનતો. બીજો ધંધો થઈ શકતો નથી અને આવી રીતે પેટ ભરવું પડે છે તેને પોતાની કમનશીબી માનતો.

એકવાર તે શિકાર કરવા જંગલમાં ગયો. ત્યાં તેને એક ઘટાદાર વૃક્ષ પર મોટું પક્ષી જોયું. તે માને કે, આજે સારા શકન થયા લાગે છે માટે એક જ પક્ષી મારવાથી કામ પતશે. શિકારીના ય હૈયામાં આ ભાવ બેઠો હતો. કયો? જીવને મારીને જીવવું તે પાપ છે. જીવને ઠગીને જીવવું તે પણ પાપ છે. બીજા અજ્ઞાન જીવોને ફસાવીને જીવવું તે પણ પાપ છે. જીવવાની બધાને છૂટ છે પણ પાપ કરીને જીવવું તે ખોટું છે. આ વાત તમારા મગજમાં છે? તમે તમારા મોજ-શોખ માટે પાપ કરો છો? કોઇને ઠગો છો? આર્યદેશમાં જન્મેલા પાપી જીવોને શિકારથી પણ જીવવું પડે. પણ તે સમજદાર હોય તો માને કે મારો ધંધો બહુ ખરાબ છે, જીવને મારીને પેટ ભરવું પડે છે. તેને આજે એક જીવને મારવાથી પેટ ભરાશે તેનો આનંદ છે.

તે પક્ષી પણ સમજી ગયું કે, આ શિકારીની નજરમાં હું આવ્યો છું માટે બચવાનો નથી. તેથી તે શિકારીને કહે છે કે–'હું તારી નજરમાં આવી ગયો છું તેથી બચવાનો નથી. તારે મને મારવું છે તો હું મરવા તૈયાર છું. પણ મારી એક વાત માન કે, હું મારા નાના બચ્ચાંને મૂકીને આવ્યો છું અને હું ચારો લઇને આવું છું તેવો વિશ્વાસ આપીને આવ્યો છું તો એકવાર ચારો આપીને હું પાછું આવું પછી તું મને માર.' જંગલના શિકારીઓ પણ પક્ષીઓની ભાષા સમજતા હોય છે અને

પક્ષીઓ પણ શિકારીઓને ઓળખતા હોય છે. શિકારી પક્ષીને કહે, 'તું પાછો આવે તેની ખાત્રી શી ?'

પક્ષી–'આ જગતમાં જે કોઈ વિશ્વાસઘાત કરનાર જીવો હોય તે બધાનું પાપ મારે માથે.'

શિકારી વિચારે કે, જે વિશ્વાસઘાતને પાપ સમજે અને કહે કે જે વિશ્વાસઘાત કરે તે બધાનું પાપ મારા માથે, તો આના પર અવિશ્વાસ કરાય નહિ.

તમને લોકોને કાંઇ સમજાય છે ? વિશ્વાસઘાત પાપ છે ? આપણે ત્યાં વિશ્વાસઘાતને જ મોટી અનીતિ કહી છે. જે વિશ્વાસઘાત ન કરતો હોય તે અનીતિ કરી શકે નહિ. આજે આર્યોમાં અનાર્યપણું આવી ગયું. બીજાને કદાચ ન અટકાવી શકાય. પણ આપણી જાતનો બચાવ કરવો હોય તો વિશ્વાસઘાતના પાપથી અટકવાની કોશિશ કરવાની. પક્ષીની વાત સાંભળી શિકારી પીગળી ગયો છે. વિશ્વાસઘાતને પાપ સમજે તે જૂઠ બોલે નહિ. આજે અસત્ય મજેથી સારા માણસો દ્વારા બોલાઇ રહ્યું છે.

શિકારીને લોભ કેટલો છે ? કે આજે એક જ જીવથી કામ ચાલશે. આર્યદેશના હિંસક જીવો પણ આવા વિચારવાળા હતા. આજના હિંસકનું તો વર્ણન થાય તેમ નથી. સંસાર ભયંકર છે. તેમાં હિંસાદિ વગર જીવાય તેમ નથી પણ હિંસાદિથી જીવવું પડે તે પણ પાપ છે તેમ હૈયાથી લાગે તો કામ થાય. પક્ષી જાય છે અને બચ્ચાંને ચારો આપે છે અને કહે છે કે–'હું મરવા જાઉં છું. મારે જીવવું છે. જીવવાની કોશિષ કરીશ. પાછો આવું નહિ તો તમારી મેળે જીવવા મહેનત કરજો.' પક્ષીને જીવવું છે ખરું પણ વિશ્વાસઘાત કરીને, જૂઠ બોલીને નહિ. આર્યદેશના પક્ષીમાં પણ આવું આર્યપણું હતું.

આજે સંસ્કાર ભૂંસાઇ ગયા. તમને બધાને જીવવાની ઇચ્છા હોય તે ઠીક છે પણ કેવી રીતે જીવવું તે નક્કી કરવું છે. આપણે બધાને સદા માટે અનંતકાળ જીવાય ત્યાં જવું છે. આપણે મોક્ષમાં જવું છે તેમ ખબર છે ? આપણા બધા ભગવાન મોક્ષે ગયા છે તો આપણે ક્યાં જવું છે ? જીવવાની ઇચ્છા જોઇએ. સંસારમાં હોઇએ તો મજેથી-ગોઠવીને પાપ કરીને જીવવું તેના કરતાં મરવું સારું. કુટુંબને સુખી કરવ ગમે તેવા પાપ કરવાની તમને છૂટ છે ? કુટુંબને પાળવાનો ધર્મ ખરો પણ અન્યાય, અનીતિ લુંટ કરીને નહિ. કુટુંબને સમજાવવું જોઇએ કે, જે મળે તેમાં જીવવાનું છે. આ–તે જોઇએ તે માટે પાપ કરવા નથી. ઘરનો માલિક અધિક પાપ કરી નરકે જાય તે કુટુંબને ગમે ? તમને તો ઊંધા સંસ્કાર પડ્યા છે. ગમે તેમ પણ સુખી થવું છે. બીજા મરે તેનો વાંધો નહિ. આવી અધમતા અને સ્વાર્થતા આવી ગઈ.

પક્ષી પાછું આવીને તે જ જગ્યાએ બેસી જાય છે. આ જોઇને શિકારી પણ વિસ્મય પામ્યો છે. મરવા માટે કોઈ આવે ? મરવું સારું કે વિશ્વાસઘાત સારો ? આ જો તમે સમજો તો તમે બહુ ડાહ્યા થઈ જાવ. પછી તો તમારા જીવનમાંથી ઘણા પાપ ઘટી જાય, દેવ-ગુરુ-ધર્મને ઓળખવાની લાયકાત આવે. અત્યારે તમે દેવ-ગુરુ-ધર્મને ઓળખતા નથી તેથી તમારા જીવનમાં ઘણા પાપ પેસી ગયા છે.

શિકારીને ય આવી રીતે શિકારથી જીવવું પડે તેનું દુઃખ છે. તે હવે પક્ષીને મારવાની તૈયારી કરે છે ત્યારે પક્ષી તેને પૂછે છે કે, જો તું મને કહેતો હોય કે, સાચી સલાહ આપીશ તો તારી સલાહ જોઇએ છે. તું કહે કે, **સાચી જ સલાહ** આપીશ તો પૂછવું છે. પક્ષીને પણ જીવવું છે. શિકારી-'તારા કરતાં ય હું અધમ છું કે સલાહ પૂછે તેને સાચી સલાહ ન આપું ?'

તમારી પાસે કોઇ પણ સલાહ માંગે તો સાચી સલાહ આપો ? તમારે કોઇનો પણ વિશ્વાસઘાત ન કરવો તેવો નિયમ કરો ? માણસ અને વિશ્વાસઘાત કરે ? ભણેલ-ગણેલ, સમજુ, ડાહ્યો, પોતાને ધર્મી, સારો ગણે તે વિશ્વાસઘાત કરે ?

પક્ષી-તું વિચારી લે, પછી સલાહ માંગીશ. પક્ષીને ય ખબર છે કે, હું જે સલાહ માંગીશ તેથી આના પેટ પર પાટુ મારું છું. પેટ માટે જે ભાનભૂલો થાય તે હજી ક્ષંતવ્ય ગણાય. પણ જેનાં પેટ ભરાય તેમ હોય અને તે પેટ માટે પાપ કરે તેને કંઈ ઉપમા અપાય ? શિકારી-'તું મારી પર બિલકુલ વિશ્વાસ કરતો નથી. પ્રાણ જાય તેની ચિંતા નહિ પણ ખોટી સલાહ નહિ આપું.' આ તો શિકારી અને પક્ષીની વાત છે. તમે તો તેથી ઊંચા છો. તો તમારા માટે કલ્પના થાય કે તમે વિશ્વાસઘાત કરો અને ખોટી સલાહ આપો !! તમે સારા ન હો અને સારા દેખાવા સારા કપડાં પહેરતાં હો તો ભયંકર કોટિના ઠગ છો. આ યુગ ઠગોનો છે, સારા માણસોનો નથી. આજના મોટા માણસ પર જે વિશ્વાસ રાખે તે માર્યા જ જાય.

શિકારીને ખબર છે કે, મારા બાણના અવાજથી પક્ષી ઊડવાનું. પણ શિકારી પક્ષીના પગ પરથી જ બાણ એવું છોડે કે પક્ષી પટકાયા વિના રહે નહિ. પક્ષી શિકારીને કહે કે, 'મારું તારા બાણના ઘાથી બચવું હોય તો કઇ દિશામાં ઊડવું ?' જીવવાના અર્થી હોંશિયાર હોય. **પણ હોંશિયારી તે ગુનો નથી પણ હરામખોરી તે ગુનો** છે પોતાનું ય બગાડે અને પારકાનું ય બગાડે તેને હોંશિયાર કોણ કહે ? શિકારી હસીને પક્ષીને કહે કે-'તું હોંશિયાર છે. પાપથી ડરે તે ય સાચું તેમ હોંશિયાર તે ય સાચું.'

✿ (ક્રમશઃ)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ- ૭]

—શ્રી રાજુભાઇ પંડિત

જન્મ્યો, હસ્તિનાપુરનો સામ્રાજ્ય-વારસ.

અને દિવ્યવાણી થઇ કે—

'આ પુત્ર સત્યવાદીઓમાં શિરોમણિ, સજ્જનોમાં શ્રેષ્ઠ, સર્વ કાર્યદક્ષ. શૌર્યદીય (પરાક્રમ), ઉદારતા, સ્થૈર્ય અને ગંભીરતાનો સાગર, વિનયવાન, નયવાન્ ધર્મમાં રતિ કરનારો સાર્વભૌમ રાજા થશે, વડપણમાં વ્રત ગ્રહણ કરી અંતે નિર્વાણ પામશે.'

રડતી આંખે કુંતીની દાસીઓ કુંવારીદશામાં જન્મેલા પુત્રને રત્નની પેટીમાં રડતો જ મૂકી કઇને સજળ નયને ગંગાના પ્રવાહમાં ભાગ્ય વિધાતાએ હથેળીમાં આલેખેલી નસીબ-રેખાના ભરોસે તરતો મૂકી દીધો. દેખાઈ ત્યાં સુધી પુત્ર-રત્નપેટને જોઇને ગમગીન પગલે સૌ પાછા ફર્યા.

દાસીઓ દ્વારા કુંતીકુમારીની માતા સુભદ્રાએ પાંડુરાજા સાથેના પ્રણયના સંબંધથી માંડીને છેક પુત્ર જન્મ સુધીની ચોંકાવનારી હકિકતો જાણ્યા પછી રાજકુમારી કુંતીના લગ્ન પાંડુરાજા સાથે થયા.

ધૃતરાષ્ટ્ર, પાંડુ, તથા વિદ્વર ત્રણેય ભાઇઓના લગ્ન થઈ ચૂકયા હતા. ભોગકાળમાં કરેકનો સમય વીતી રહ્યો હતો. સમય જતાં ધૃતરાષ્ટ્ર પત્ની ગાંધારીએ ગર્ભ ધારણ કર્યો.

પાણીમાં જેવું દ્રવ્ય નાંખ્યું હોય તેવી સુગંધ આવતી હોય છે. તે ન્યાયે ગર્ભના પ્રભાવે ગાંધારીને ઉદ્ધત દોહલાઓ (મનોરથો) થવા લાગ્યા. પ્રજાજનોને પ્રચંડ શિક્ષા થાય, પ્રજાજનો સંકટોમાં સપડાઇ જાય તેવું સાંભળે કે તરત રાણી ગાંધારી ખુશ-ખુશ થવા લાગી. કારાગૃહમાં બેડીઓ બાંધવાના અવાજો તથા હાહાકારના અવાજો ગાંધારીને ખુશ કરવા લાગ્યા. કારણ વગર જ ક્રોધથી વિકરાળ ભૃકુટિ કરનારી તે વડિલ પૂજ્યોને વિષે પણ તિરસ્કારથી રૂક્ષ ભાષા વાપરવા લાગી. મદોન્મત્ત હાથી ઉપર આરૂઢ થઇને પુરૂષનો વેષ ધારણ કરીને સ્વચ્છંદ રીતે રાજ્યમાં ભમતા ભમતા તેણે પોતાના મનોરથો પૂર્ણ કર્યા. જેમ જેમ ગર્ભ વૃદ્ધિ પામતો ગયો તેમ તેમ તેને ક્રુર કર્મો કરવાના વધુને વધુ મનોરથો થવા લાગ્યા.

હું પૃથા=કુંતી કરતા પણ પહેલા ગર્ભધારણ કરનારી બની આ રીતે અભિમાની બનેલી તે ગુરૂઓ/વડિલોના તરફ પણ વિનય કરવાને બદલે તિરસ્કાર કરવા લાગી.

ગાંધારીથી થયેલા આવા પોતાના અપમાનથી મનમાં ખેદ પામેલી રાણી કુંતી પણ પુત્ર માટે ઝંખના કરવા લાગી. તેણે હંમેશા ધર્મની સુંદર આરાધના કરવા માંડી. ભયથી ત્રસ્ત જીવોને અભયદાન દેવા લાગી. વિધિપૂર્વક સાધર્મિકોનું વાત્સલ્ય કરવા લાગી. દીન–અનાથ સમૂહનો ઉદ્ધાર કરવા માટે હાથના ઘરેણા રૂપ કંકણને ગૌણ ગણીને છૂટે હાથે દાન દેવા લાગી.

આમ કરતાં કરતાં એક દિવસ રાણી કુંતી રાત્રે સૂતેલી છે. અને સમુદ્ર, મેરૂપર્વત, સૂર્ય, ચંદ્ર તથા શ્રી દેવી. આ પાંચ સ્વપ્નો તેણે જોયા. સવારે રાજાને કહ્યા, ગાંભીર્યાદિ ગુણોના સમૂહથી જગત્ ત્રયને વશ કરનારો હે દેવિ! તને પુત્ર થશે' આમ રાજાએ દેવિને કહેતા કુંતીની ખુશીનો કોઇ પાર ન રહ્યો.

ગર્ભરૂપી છીપમાં પુત્રગર્ભ રૂપ મોતી આવતાં જ પૃથા રાણીના મનોરથો ધર્મ તરફ વધુ થયા. અનેક પ્રકારની વિડંબનાથી પીડાતા લોકોને જોઇને કુંતીનું કાળજુ કરૂણા ભીનું બન્યું કરૂણાભીની આંખોથી તેમની વિડંબના દૂર કરવા લાગી. કામાસક્ત–વિષયાંધ માણસને સ્ત્રી પ્રત્યે જે આસક્તિ હોય છે તેનાથી પણ કંઇ ગણી આસક્તિ તેને જિન ધર્મમાં થઇ. કારાગરમાં કદર્થના પામતા કેદીઓને તે પતિની મહેરબાનીથી મુક્ત કરાવવા લાગી. રાજ્યભરમાં હિંસાનું વારણ કર્યું. આ રીતે પૃથા રાણી પોતાના દોહદોને પૂરા કરી રહી હતી.

જયેષ્ઠા નક્ષત્રમાં ચંદ્ર હતો, વૃશ્ચિક રાશિ હતી, ગ્રહો ઉચ્ચસ્થાનમાં રહ્યા હતા, મંગળવાર હતો ત્યારે શુભમુહૂર્તે જે સમયે ચક્રવર્તીઓના જન્મો થતા હોય છે તેવા સમયે પૃથા રાણીએ પુત્રને જન્મ આપ્યો.

ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, પાંડુ, વિદુર, અંબાલિકા, અંબિકા, અંબા, સત્યવતી આદિ પુત્રજન્મની વધામણીઓ સાંભળીને ખુશ–ખુશાલ થઇ ગયા. નગર આખામાં ખુશીનો માહોલ ફેલાઈ ગયો.

અને ત્યાં જ દિવ્યવાણી થઈ કે–'આ પુત્ર સત્યવાદીઓમાં શિરોરત્ન, સજ્જનોમાં શિરોમણી, પરાક્રમી, નય, વિનયની મૂર્તિ થશે. ધર્મ તરફ તેનું મન બંધાયેલું રહેશે. સાર્વભૌમ ભોગવનારો આ પૃથ્વીનો ધણી બનશે. જ્યારે ઘડપણ આવશે ત્યારે સંયમ ગ્રહણ કરી મોક્ષે જશે.'

દિવ્યવાણીના પ્રઘોષથી તો નગર આખામાં અને રાજભવનમાં આનંદનો સાગર હિલોળે ચડયો.

ભીષ્મ આદિએ પુત્રના શરીરના લક્ષણો ઉપરથી તેનું યુધિષ્ઠિર નામ પાડયું. તપ

અને ધર્મમાં એક નિષ્ઠાવાન પૃથા રાણીથી જન્મ્યો હતો માટે તેનું તપસૂનુ તથા ધર્મસૂનુ (ધર્મપુત્ર) આ બે નામ પૃથ્વિ ઉપર પ્રસિદ્ધ થયા. અને ત્યાર પછી તેના ગુણોના કારણે તેનું 'અજાતશત્રુ' એવું પણ નામ પ્રસિદ્ધ થયું.

કુંતીના પુત્રજન્મની ખુશાલીમાં કુંતીના પિતૃઘરેથી ભેટણાઓ લઇને હર્ષિત થયેલો કોરક નામનો વિશ્વાસુ માણસ હસ્તિનાપુર આવ્યો.

પિયરઘરના સંબંધિ મળી જતાં ખુશ થયેલી કુંતીએ પિતૃઘરના ક્ષેમ-કુશળ પૂછયા. મને સાસુઓએ એકે વખત પિયર આવવા નથી દીધી તો હે કોરક ! શૌર્યપુરી રાજ્યના ખબરં-અંતર મને જણાવ.

કોરકે રાજ્યના વર્ષોના વીતેલા ઇતિહાસને જણાવતાં કહ્યું કે-'હે દેવિ ! અંધક-વૃષ્ણિએ સમુદ્ર વિજયને રાજ્ય આપીને દીક્ષા લીધી. ભોજકવૃષ્ણિના પ્રચંડ પરાક્રમી પુત્ર ઉગ્રસેન રાજ્ય કરે છે તે તો તમને ખ્યાલમાં જ છે. એટલે અત્યારે શૌર્યપુરીમાં સમુદ્ર વિજય પોતાના નાના ભાઇઓને પોતાનાથી પણ વધુ સદ્‌ભાવથી સાચવતાં રાજ્ય કરે છે.

બંધુ સમુદ્ર વિજયની કૃપાથી પૂર્વના પુન્યના પ્રચયથી સૌભાગ્યના ભંડાર સમા 'વસુદેવ' દેવકુમારની જેમ નગરમાં સ્વતંત્ર રીતે વિચરી રહ્યા છે. એક વખત સુભદ્ર નામના કોઇક વણિકે પોતાને 'કંસ' નામનો એક પુત્ર વસુદેવને સોંપ્યો હતો. અતિ શક્તિશાળી તે 'કંસ' પ્રચંડ શક્તિશાળી વસુદેવની સેવા કરવા લાગ્યો.

હે પૃથા દેવી ! હવે રાજગૃહ નગરમાં તીક્ષ્ણ પ્રતાપી જરાસંધ રાજા રાજ્ય કરે છે તે ત્રણ ખંડનો ધણી છે. એક દિવસ અકસ્માત જ તે જરાસંધે આપણા સ્વામી 'સમુદ્ર વિજય'ને આજ્ઞા કરી કે...

[વધુ આવતા અંકે]

—: વિચાર-ચરણ :— શ્રી નૃસિંહપ્રસાદ. રાજકોટ.

'એ રંગ છે જગતના જ્યારે હવા ફરે છે
સાગર તરી જનારા, કાંઠે ડુબી મરે છે.'
'મને એ વાત પર હસવું, હજારો વાર આવે છે,
બનાવ્યા તેં પ્રભુ જેને, તને તે આજ બનાવે છે.'
'કામધેનુ પામતી ના, એક સુકું તણખલું
ને લીલાછમ ખેતરો, સૌ આખલા ચરી જાય છે.'
'પૂછ્યું જીવનને મેં, તને સહુથી ગમે છે શું વધુ ?,
'તો તેણે કહ્યું મુજને ગમે, શુભ સ્મૃતિ તણું સંયમ મધુ.'

કુલદીપક કુમાર

(ગત કથી ચાલુ)

—શ્રી વિરાગ

કારીગરી જોઇ રાજા બોલ્યો, હે લુહાર ! તું તારી કળા બતાવ.

નમ્રતાપૂર્વક લુહાર બોલ્યો, રાજન ! આ માછલીની કળા દબાવતાં તે આકાશમાં ઉછળશે. ઉંચે ઉંચે આકાશમાં ઉડતી આ માછલી સમુદ્રના તળીયે પહોંચી જશે. ત્યાં રહેલી કિંમતી વસ્તુઓને તે ગ્રહણ કરશે. રત્નો, મોતી આદિ કિંમતી વસ્તુઓ પોતાના પેટમાં પધરાવી થોડાક વખતમાં અત્રે પાછી આવી જશે. આપ હુકમ આપો એટલે સેવક પ્રયોગ શરૂ કરે.

'એમ, બહુ સરસ ! પ્રત્યક્ષ ખાત્રી કરાવ.' રાજાએ કહ્યું.

રાજાની આજ્ઞા મળતાં જ લુહારે માછલીને હાથમાં ગ્રહણ કરી. ધીરે રહીને તેની કળા ખેંચી આકાશ તરફ માછલીને દૃષ્ટી મૂકી, આંખના પલકારામાં તો રૂપાનું માછલું આકાશમાં ઉછળ્યું.

એ દેખાય... એ દેખાય... એ દેખાયના અવાજ સાથે માછલું અદૃશ્ય થઇ ગયું.

કેટલોક સમય વિત્યો ન વિત્યો ત્યાં તો આકાશમાં એક ચળકતો લીસોટો દેખાયો. આ લીસોટો પોતાની તરફ આવતો જોઇને લોકોએ હર્ષનાદ વર્ષાવ્યો. નજીક આવતું માછલું રાજસભામાં આવી પહોંચ્યું.

હવે લુહાર શું ખેલ ભજવે છે તે જોવા લોકો આતુર થઇ ગયા. લુહાર પણ માછલું લઇ એક મોટા માચડા ઉપર આવ્યો. ધીરે રહીને તેણે માછલીનું પેટ ખોલ્યું. ડાભડામાં પૂરાયેલા ઝગારા મારતા રત્નો તથા પાણીદાર મોતીઓ હાથમાં લઇને લુહારે સૌને બતાવ્યાં.

આ કળા જોઇ સર્વે આશ્ચર્યચકિત થઇ ગયા. પળવારમાં ધનાઢય બની જવાની આ કળા ઉત્તમ છે.

અદ્‌ભૂત... અદ્‌ભૂત... અદ્‌ભૂત !!!

ધન્ય છે આ કળા... કળા... તો આનું નામ કહેવાય.

લોકોના આનંદની કીકીયારી શાંત કરાવતાં રાજા બોલ્યા હે લુહાર ! આવી મઝાની વિદ્યા તને કયાંથી પ્રાપ્ત થઇ?

પ્રણામ કરતાં લુહાર બોલ્યો. એક દેવતાએ મને વરદાન આપ્યું છે. આ વરદાનના પ્રતાપથી આવી કળા મને પ્રાપ્ત થઇ છે.

આ સાંભળી રાજા તથા નગરજનો

ખુશ થયા. રત્નો, મોતી આદિ સર્વે વસ્તુઓ લુહારને ભેટ આપી. અને ઉપરથી કેટલુંક ધનામ આપી તેનું સન્માન કર્યું.

હવે આવ્યો અન્ય પુરૂષનો વારો.

ભાઇ સુથાર હાથમાં લાકડાના પાટીયા હલાવતો હલાવતો રાજા સામે આવી નત મસ્તકે પ્રણામ કર્યા.

કેમ તમે તમારી કળા હવે બતાવશોને ?

જી સાહેબ ! તે માટે જ આપના ચરણોમાં ઉપસ્થિત થયો છું.

ક્યાં છે તારો ઘોડો ? રાજકુમારે પૂછયું.

નામદાર ! આ પાટિયામાંથી હમણાં ઘોડો બનાવી આપું.

સુથાર, ચાલ બતાવ ત્યારે તારી કળા. રાજાએ આતુરતા વ્યક્ત કરી.

અધવચ્ચે જ રાજકુમાર બોલી ઉઠયો, આ લાકડાના ઘોડા ઉપર હું જ બેસી, તેની પરીક્ષા કરીશ.

ભલે, ભલે, ખુશીથી તમે પરીક્ષા કરજો. જો કોઇ સ્થળે ઉતરવાની ઇચ્છા થાય તો આ ખીલીને ફેરવશો એટલે તરત જ ઘોડો નીચે ઉતરવા લાગશે. જો ફરી ઉડવું હોય તો આ કળ ફેરવશો એટલે તરત જ આકાશમાં ઉડી જવાશે. જુઓ આ ઘોડાની એક વિશેષતા પણ તમને કહી દઉં. આ આ આખો ઘોડો ફોલ્ડીંગ છે. એટલે જ્યારે જુદો કરવો હશે ત્યારે જુદો થઇ શકશે. અને જ્યારે ભેગો કરવો હશે ત્યારે ભેગો પણ થઈ જશે. જ્યારે જુદો હોય ત્યારે કોઇને ખબર પણ નહિ પડે કે આ ઘોડો છે. જોનારને તો લાકડાના પાટીયા જ લાગશે. સુથારે પોતાની કળા વર્ણવી.

જાવ ! રાજકુમાર, જરા સફર કરી આવો ! કળાની પરીક્ષા કરો.

કુલધ્વજકુમારે વડીલોને નમન કરી આશિષ મેળવી. ઘોડા પાસે આવી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કર્યું. છલાંગ મારતા રાજકુમાર લાકડાના ઘોડા ઉપર ચડી બેઠા. ધીરે રહીને સુથારે બતાવેલી કળ રાજકુમારે ફેરવી, ત્યાં તો ઘોડો જમીનથી અદ્ધર થવા લાગ્યો. પળવારમાં તે ઘોડો આકાશમાં ઉઠવા લાગ્યો. તાળીયોના ગડગડાટ અવાજ સાથે લોકોએ રાજકુમારને વિદાય આપી.

કુમારને તો મઝા પડી ગઇ. આનંદીત બનેલો રાજકુમાર ચારે બાજુએ ડોળા ફેરવવા લાગ્યો. સુંદર સ્થળો પર દૃષ્ટિપાત કરતો કરતો રાજકુમાર આગળ વધી રહ્યો છે તે અવસરે રાજકુમારને એક સુંદર નગરી જોવામાં આવી. સુંદર મઝાનું કુદરતી સૌંદર્ય જોઇને કુમારને નીચે ઉતરવાની ઇચ્છા થઇ આવી બતાવેલ

બીજી કળ કુમારે ફેરવી. ઘોડો સ...૨...૨...૨... કરતો નીચે ઉતર્યો.

સવારી કરીને થાકી ગયેલા કુમારે થોડીવાર આરામ કરવાનું વિચાર્યું. ઘોડાને ફ્રેહલીંગ કરી એક ઝાડની શીતલ છાયામાં મૂકયો. લાકડાના ઘોડા ઉપર મસ્તક મૂકીને કુમાર આરામ કરવા લાગ્યો.. મદ મદ શીતલ વાયુની વહી જતી લહેરમાં કુમારને ઝોકું આવી ગયું. થોડીક વારમાં તો કુમારને મીઠી નીંદર આવી ગઇ.

સમય પસાર થતાં એક માળી ત્યાંથી પસાર થઇ રહ્યો હતો. માળીની કીકીમાં કુમારના રૂપનું પ્રતિબિંબ ઉપસી આવતું. રૂપ નીરખીને માળી તેની પાસે પ્હેસી ગયો. કુમાર જાગ્યો ત્યારે માળીએ નમસ્કાર કર્યા! આદર પૂર્વક પોતાના ઘરે આવવા જણાવ્યું. યોગ્ય આદર સત્કાર કરી પોતાના ઘરે રહેવા વિનંતિ કરી. અજાણ્યા રાજકુમારે તે વાતનો સ્વીકાર કર્યો મોજમઝા કરતો રાજકુમાર ઇચ્છાપૂર્વક નગરમાં ફરવા લાગ્યો.

ફરતાં ફરતાં એક દિવસ રાજકુમાર એક ઉદ્યાનમાં ગયો. ઉદ્યાનની મધ્યમાં આવેલું જિનપ્રસાદ જોઇ કુમાર હર્ષીત થયો. નિરંજન, નિરવિકારી જિનપ્રતિમાને ભેટવાનું મન થઇ ગયું. હર્ષોલ્લાસમાંથી મંદિરના પગથિયા ચઢવા લાગ્યો. અમી ભરેલી ઋષભદેવની પ્રતિમા જોતાં રાજકુમારની આંખો સ્થિર થઇ ગઇ. ભાવ વિભોર બની મધુર સ્વરે રાજકુમાર સ્તુતિ કરવા લાગ્યા.

થોડી સ્તુતિ થઇ ન થઇ ત્યાં તો જિનમંદિરમાં એક સૈનિકે પ્રવેશ કર્યો. તે ભગવાનની ભક્તિમાં મસ્ત બનેલા ભક્તોને બહાર કાઢવા લાગ્યો. આ જોઇ કુમારને કૌતુક થયું. બહાર નીકળવાના બહાને તે એક સ્થાનમાં છુપાઇ ગયો.

થોડીવાર છુપાઇ રહ્યા પછી ત્યાં એક નવયુવાન સુંદર રૂપવાળી, સોળે કળાએ ખીલેલી એક સુંદરીએ મંદિરમાં પ્રવેશ કર્યો તેની પાછળ અનેક સખીઓ પણ જિનમંદિરમાં દાખલ થઇ. સુંદરીએ ભગવંતની અષ્ટપ્રકારી ભક્તિ કરી. સહેલીઓ તેમાં સહાયગાર બની. ભાવપૂર્વક ભગવંતની સ્તવના કરતાં સુંદરીએ અદ્‌ભૂત નૃત્ય કર્યું. લગભગ એક પ્રહર ભગવાનની ભક્તિમાં વ્યતીત કર્યા બાદ સુંદરી મંદિરની બહાર નીકળી, સાથે રહેલો કાફલો પણ તેની પૂંઠે પૂંઠે નમસ્કાર કરતો બહાર નીકળ્યો. સુંદર મઝાની પરમાત્માની ભક્તિ જોઇ રાજકુમાર હર્ષીત થયો. બહાર નીકળી તેણે પોતાની અધુરી સ્તવના પૂર્ણ કરી. મન ભગવાનની ભક્તિમાં તલ્લીન ન થયું. કુમારનું મન સુંદરી પાછળ ઘેલું બન્યું. [ક્રમશઃ]

લઘુ બોધ કથા :—

: એક મરણિયો સોને ભારે :

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

આર્યાવર્તના હિતૈષી મહાપુરૂષોને મન આ મનુષ્યભવ ઘણો જ કિંમતી છે. તેથી તેનો દુરૂપયોગ ના થાય અને સદુપયોગ કરી માનવ, આત્મકલ્યાણને સાધે તે જ તેઓની હૈયાની કામના છે. તેથી ભિન્ન ભિન્ન રીતે બોધ આપી જીવનને ઉર્ધ્વગામી બનાવવા પ્રેરણા કરે છે. માર્ગાનુસારીતા ગુણોમાં આચારવાન વૃદ્ધ જ્ઞાની પુરૂષોની સંગતિ કરવાનું કહેલ છે કે જેથી તેમના અનુભવજ્ઞાનથી જીવન સદ્‌ગુણોથી અલંકૃત બને છે. ઘણી કહેવતો પણ જીવનને સાચી દિશા બતાવે છે. તેવી જ એક કહેવતનો વિચાર કરવો છે.

એક શેઠને ત્યાં એક ક્ષત્રિય નોકર હતો. એકવાર શેઠના ઘરની વહુઓને તેમના પિયર લઇ જવાનો પ્રસંગ આવ્યો. શેઠે રક્ષણ માટે તે ક્ષત્રિયને સાથે મોકલ્યો. માર્ગમાં ભયાનક જંગલ આવ્યું અને તે જંગલમાં લુંટારુઓ આવી ચઢયા. તેથી સ્ત્રીવર્ગ ગભરાયો અને પ્રાણ બચાવવા શરીર ઉપરના દાગીના કાઢી આપ્યા. ખરેખર મનુષ્યોને જેવો જીવ વહાલો છે તેમ જો ખરેખર આત્મા ઓળખાઇ જાય તો આત્માને માટે બધું જ કરવા તૈયાર થાય. તે વખતે પેલો નોકર ઊભો ઊભો જોયા કરે. લુંટારાઓ લુંટીને ભાગવા લાગ્યા.

તે વખતે તે નોકરને થયું કે આ લુંટારાઓ લુંટીને દાગીના લઇ જાય છે તો શેઠને મોઢું શી રીતે બતાવીશ! તેથી લુંટારાને પાછા બોલાવે ને કહે કે, બીજો માલ બાકી છે તે આપું. સ્ત્રી વર્ગને થાય કે આ તે રક્ષક છે કે ભક્ષક? લુંટારા બીજો માલ લેવા આવ્યા કે તે ઝનૂનથી બધા લુંટારા ઉપર એકદમ તૂટી પડયો. તો લુંટારાઓ બધું લુંટેલું મૂકી પ્રાણ બચાવવા ભાગવા લાગ્યા. બૂમાબૂમથી આજુબાજુના લોકો પણ દોડી આવ્યા અને બધા લુંટારા પકડાઈ ગયા.

એક મરણિયો સોને ભારે તેમ લોક કહેવા લાગ્યું. આવી શક્તિ કયાંથી આવે? માલિક ઉપર વફાદારી આવે અને સામા પર ગુસ્સો આવે ત્યારે.

આ કથાનો બોધ એ લેવો છે કે, અનાદિકાળથી આપણા બધાના આત્મા ઉપર મોહે એવો કબજો જમાવ્યો છે કે, આપણે સાચી રીતે ધર્મ કરી શકતા નથી. જો શ્રી જિનવચન ઉપર વફાદારી જાગે અને મોહ ઉપર ગુસ્સો પેદા થાય તો આત્મા મોહને મારી હટાવીને જંપ્યા વિના રહે નહિ. મોહને મારવા માટે જ ધર્મ છે. મોહને પોષવો તે તો અધર્મ છે. માટે સૌ વાચકો મોહ સામે કેસરિયા કરી આત્માની અનંતીગુણ લક્ષ્મીને પામો તે જ મંગલ કામના...

॥ આચાર્ય શ્રી રત્નપ્રભસૂરીશ્વરાય નમઃ ॥

卐 શ્રી ઓસવંશ કેા સિલેાકેા 卐

[ગતાંકથી ચાલુ]

[રચયિતા—મુનિ શ્રી જ્ઞાનસુંદર]

લેાક અલેાક નેં જીવ અજીવા ।
સ્વર્ગ નરક નહીં માને પાર્થિવા ।
પાપ પુન્ય નાહીં પર ભવ કા ફેરા ।
એસે લક્ષણ ૨ નાસ્તિક કેરા ૧૮૬
જન આસ્તિક માને હૈ સારા ।
ઇશ્વર નહીં લેવે પુનઃ અવતારા ।
કર્ત્તા હર્ત્તા નહીં ઈશ્વર ભાવે ।
કર્માનુસાર ૨ સુખ દુઃખ પાવે ૧૮૭
વીરાં કા ભૂષણ અહિંસા જનાં ।
ઇન્હ માંહે શક્તિ જબ્બર માનેા ।
પાપ ત્યાગી નેં પુણ્ય જો કરસી ।
તે તેા શિવરમણી ૨ શીઘ્ર હી વરસી ૧૮૮
વિજય જૈનેાં ને સભા મેં પાઇ ।
પાખંડી ને અપની ઇજ્જત ગમાઈ ।
જૈન ધર્મ કા ઝંડા ફહરાયા ।
હુઆ સૂરિ કા ૨ યશઃ સવાયા ૧૮૯
હુકમ સૂરિજી એસા ફરમાવે ।
દેવી દ્વાર પર કેાઇ નહીં જાવે ।
કુતુહલ કરતી નહીં શરમાવે ।
પાપણી જીવ ૨ હિંસા કરાવે ૧૯૦
જાણ્યેા ચામુંડા કલયુગ આયા ।
રાખ્યા સૂરિ કેા ઉલટેા ફલ પાયેા ।
રેાકે ભક્તેાં નેં હાથ બતાઉં ।
ચાહે પરભવ મેં ૨ સજા ભી પાઉં ૧૯૧
ચામુંડા નિત્ય છિદ્ર દેખે ।
વિકાલે સૂરિ નિંદ્રા મેં પેખે ।
ભારી વેદના નેત્રાં મેં દીની ।
સૂરિ સમભાવે ૨ રીસ નહીં કીની ૧૯૨
ચકેશ્વરી અમ્બા પદ્માવતી આવે ।
ગુરુ ચરણેાં મેં શીશ નમાવે ।
દેખી વેદના ઉપયેાગ દીનેા ।
નીચ કર્મ તેા ૨ ચામુંડા કીનેા ૧૯૩
રે દુષ્ટા દેવી ! ખુબ ફટકારી ।
નરક જાને કી કીધી તૈયારી ।
તત્ક્ષણ વેદના દૂર સે ભાગી ।
હાથ જોડી ને ૨ માફી જી માંગી ૧૯૪
દેવ દેવી ને નર નારી સારા ।
ગુરુ ગુણેાં કે બનિયા પૂજારા ।
કીર્તિ તેા ચારેાં દિશેાં મેં ફૈલી ।
ગુરુ લગાઇ ૨ ધર્મ કી બેલ્લી ૧૯૫
જૈન ધર્મ કી ક્રિયા સીખાઇ ।
નીવ ધર્મ ભી દ્રઢ બનાઇ ।
ધર્મ ધ્યાન કા ઠાટ મચાયા ।
નવા શ્રાવક ને ૨ હર્ષ સવાયા ૧૯૬
શુભ આગમન પર્યુષણ કેરેા ।
અમર પડહા કેા ફેરેા ઢંઢેરા ।
પાર્શ્વ મૂરતિ સૂરીશ્વર પાસે ।
મહેાત્સવ તેા કૈનેા ૨ મન કે ઉલ્લાસે ૧૯૭
નૌ રાત્રી દિન આવે છે નેડા ।
દેવેા કી બલ્લી કરશે વિખેાડા ।
સબ મિલ આયે ગુરુ કે સ્થાને ।
માર્ગ બતાએા ૨ ગુરજી રહાને ૧૯૮

આપ તો કહ્યો જીવ મત મારો ।
દેવી હમારો કરસી સંહારો ।
દે ધીરપ ને ગુરૂ સમઝાવે ।
અશુભ પદાર્થ ૨ દેવ નહીં ખાવે ।૯૯।
દેવતા હોવે અમૃત ભોજી ।
પાખંડ ચલાઈ પેટ કી રોજી ।
પહલા ધીરજ ને માર્ગ હૈ દૂજે ।
સાત્વિક દ્રવ્ય સે ૨ દેવી કી પૂજે ।૧૦૦।
બાલ બાંકો નહી હુસી તુમારો ।
દૃઢ વિશ્વાસ રાખો હમારો ।
સાથે ચાલી ને પૂજા કરાઉ ।
કોપૈ દેવી તો ૨ તુરંત સમઝાઉં ।૧૦૧।
ગુરૂ આજ્ઞા કો શીશ ચઢાઈ ।
ઘર પૈ જાઇ ને તૈયારી કરાઈ ।
મોઠક બાજા ને ગુડરાબ બનાઈ ।
નીલા ગોલા ને ૨ ફલ ફૂલ મીઠાઈ ।૧૦૨।
સંઘ મિલ્યો ને સૂરિજી સાથે ।
દેવી કે મન્દિર આયે પ્રભાતે ।
દેખી પુજારો રોસ ભરાણી ।
કીધો કોપ ને ૨ ખડગ તણાંણી ।૧૦૩।
વિક્ક દૃષ્ટિ સે સૂરિજી ભાસે ।
દેવી સોચે ને મન મેં વિમાસે ।
બોલે સૂરિજી હમ કિમ કીજે ।
કડડ મડઠા ૨ દેવીજી લીજે ।૧૦૪।
પ્રજલતી દેવી બોલી કયા લેવો ।
માંગ્યા નહીં લાયા દૂજા કિમ દેવો ।
લેના નહીં યોગ્ય દેવીજી તુમકો ।
નહીં યોગ્ય હૈ ૨ દેના ભી હમકો ।૧૦૫।
પૂર્વ જન્મ મેં કયા તુમ પાલી ।
યોનિ દેવી કી પામી પુન્યશાલી ।
કુર કર્મ સે કિસ ગતિ જાસો ।
પશુ હોકર કયા ૨ નરક સિધાશો ।૧૦૬।
નિડર ઉપદેશ સૂરિજી દીનો ।
કોપ શાંત ને સમતા રસ પીનો ।
કોની પ્રતિજ્ઞા અહિંસા બઢસી ।
આજ સે રાતો ૨ કૂલ નહીં ચઢસી ।૧૦૭।
આપ આપકે પટ્ટધર પરિવારો ।
કિંકર બન રહસું કારજ સારો ।
ભક્ત આપકે મુઝકો જો ધ્યાસી ।
સુખ શાંતિ અરૂ ૨ તન ધન પાસી ।૧૦૮।
ગિણુસું સાધમી સંકટ ચૂરૂં ।
મનકા મનોરથ સારા હી પૂરું ।
ઉપકાર આપકો હુઓ હૈ ભારૂં ।
ગતિ હમારી ૨ આપ સુધારી ।૧૦૯।
સબ કે સમક્ષ સમકિત દીની ।
જિન શાસન કી રખવાલી કીની ।
સાચી પ્રતિજ્ઞા ચામુડા રાખી ।
નામ સચ્ચાઇ ૨ સબ સંઘ સાખી ।૧૧૦।
મંત્રી ઊહડ ચોક મંન્દિર બનાવે ।
દિન મેં બનાવે રાતે ગિર જાઈ ।
કારણ તો પુચ્છિયો ગુરૂ પૈ જાય ।
વીર નામ સે સફલતા પાઇ ।૧૧૧।
મંત્રી કી ગાય જંગલ મેં જાવે ।
કૈર કે પાસ દૂધ ચર જાવે ।
દેવી ચામુંડા મૂર્તિ બનાવે ।
આય ગુરૂ કો ૨ હાલ સુનાવે ।૧૧૨।
પૂરા છમાસ પ્રતીક્ષા કીજે ।
પહલા કહડન કા નામ મત લીજે ।
ગોપાલા સે પૂછે મંત્રી હો શૂરા ।
ગાય કા દૂધ ૨ કયોં હોવ અધૂરા ।૧૧૩।

તલાશ કરતો બુદ્ધિ તો થાકી ।
સાત દિન તો રહ ગયે બાકી ।
ભેઠ ગોવાલ દૂધ કો પાયે ।
લાઈ મંત્રી ને ૨ સ્થાન બતાયો ।૧૧૪।
ગાજા બાજા સે કરી તૈયારી ।
આય ગુરૂ સે અર્જ ગુજારી ।
કૃપા કરી ને દર્શન કરાવો ।
ચલો ગુરૂજી ૨ મૂર્તિ લાઓ ।૧૧૫।
સાત દિનોં કો ધીરજ ધરતે ।
પર ભવિતવ્યતા ટારી નહી ટરતે ।
સંઘ ને ઉત્કંઠા દર્શન કી લાગી ।
આજ તો ગમ ૨ વને વડભાંગી ।૧૧૬।
રાજા મંત્રી ને નાગરિક સારા ।
સૂરિજી સાથે સબ હી પરિવારા ।
આયે કેર પૈ મૂર્તિ નિકાલી ।
ફૂલોં કી વરસા ૨ હુઈ તત્કાલી ।૧૧૭।
માણક મોતિયોં સે ખીર બધાવે ।
હર્ષ કે નાદ ગગન પુરાવે ।
દૃશ્ય ઉસ સમય ભાગ્યશાલી જોયા ।
કમોં કા મૈલ ૨ ભાવોં સે ધોયા ।૧૧૮।
હસ્તી કે હોદે મૂર્તિ પધરાવે ।
છત્ર ઊપર ને ચામર ઢિંઢાવે ।
ગાજા બાજા સે નગર મેં આવે ।
કરી પૂજા ને ૨ મન્દિર મેં ઠાવે ।૧૧૯।
મંદિર તૈયાર મૂર્તિ પાઇ ।
પ્રતિષ્ઠા કી હૂંસ લાગી સવાઇ ।
શ્રી સંઘ મિલ સૂરિ પૈ આવે ।
શુભ મુહૂર્ત કી ૨ અર્જ કરાવે ।૧૨૦।
માઘ શુકલા ને પંચમી ગુરૂવાર ।
મુહૂર્ત દીનોં છે સૂરિ શ્રીકાર ।
ઉત્સવ બનાયો સમુદ્ર પૂર ।
સામગ્રી બઢિયા ૨ નહીં અધુર ।૧૨૧।
કોરંટપુર સાધુ કીનો ચૌમાસી ।
ઉપદેશ મંદિર કો દોનો હૈ આસો ।
મંદિર બનાયા વીર કા ભારી ।
પ્રતિષ્ઠા કારણ ૨ મન મેં વિચારી ।૧૨૨।
સંઘ મિલ કરકે તો ઉપકેશે આયો ।
ગુરૂ ચરણોં મેં શીશ નમાયો ।
પ્રતિષ્ઠા કારણ કોરંટ પધારો ।
જૈન ધર્મ કો ૨ કરો ઉજારો ।૧૨૩।
મુહૂર્ત એક હૈ. દોનોં મન્દિર કા ।
યહાં ભી કામ હૈ અવશ્ય કરને કા ।
સંઘ સુન કર હુઆ નિરાશા ।
ફિર ભી સૂરિજી ૨ બન્ધાઈ આશા ।૧૨૪।
સર્વ સામાન તૈયાર જો ખાસો ।
લગ્ન સમય હમ જરૂરી આસો ।
વિદ્યા સે દોય રૂપ બનાયા ।
કોરંટ જાઇને ૨ વીર થપાયા ।૧૨૫।
ઉપદેશ અસલી રૂપ સે કીની ।
કોરંટ સંઘ ને ખબર લીની ।
અમરસ લાઇને રોષ ભરાયા ।
કનકપ્રભ કો ૨ સૂરિ બનાયા ।૧૨૬।
દીર્ઘ દૃષ્ટિ કર કોરટ પધારો ।
સૂરિપદ માયે શાખ તો ડારી ।
પાર્શ્વ પરંપરા હુઇ દો મગ (ભાગ) મેં ।
ઉપકેશ કોરંટ ૨ ગચ્છ હુએ સંઘ મેં ।૧૨૭।
પુર ઉપકેશ બાંભણ કો જાયો ।
ઉસકો તો સાંપ કાટી ખાયો ।
આય ગુરૂ પૈ અર્જ ગુજારી ।
કૃપા તો કીજે ૨ ગુરૂ ઉપકારી ।૧૨૮।

[ક્રમશઃ]

卐 શંકા અને સમાધાન 卐

— શ્રી રાજુભાઇ પંડિત

શંકા : જૈન લોકો વૈદ્ય કે ડોકટર પાસે દવા લેવા જાય છે ત્યારે તેમને પાપ નથી લાગતું અને ભૂવા કે માંત્રિક/તાંત્રિક પાસે જાય ત્યારે પાપ લાગવાની વાતો કરે છે તે કેવું વિચિત્ર છે ? બંને સ્થળે શરીર માટે જ જવાનું છે ને ?

સમા : તમને ખબર છે ? મુસલમાનની પાસે તમે મકાન બાંધવા માટે ઈંટો માંગો તો જોઇએ તેટલી આપે. પણ તમારા ભગવાનના મંદિર માટે ઈંટ માગો તો ઈંટનો ટૂકડો તો શું ભૂક્કો પણ ના આપે. બંને જગ્યાએ આખરે તો મકાન જ બાંધવાનું છે ને ભાઇ ? આનું કારણ સમજાય છે ? મકાન માટે અપાતી ઈંટોમાં તેના ધર્મ સામે કશો ખતરો નથી. પણ મંદિર માટેની ઈંટોમાં તો તેના ઇસ્લામ ધર્મનું ખૂન થાય છે. ધર્મશ્રદ્ધાનું ખૂન થાય છે.

બરાબર આ જ રીતે જૈનો વૈદ્ય કે ડોકટરો પાસે દવા લેવા જાય છે ત્યારે તે વૈદ્યો કે ડોકટરો તમારા ધર્મ સામે કશો બાધ ઊભો નથી કરતા જ્યારે માંત્રિક/તાંત્રિક જૈન ધર્મની શ્રદ્ધા સામે બાધ ઊભો કરે છે અર્થાત્ ડોકટરોનો સંબંધ શરીર સાથે છે જ્યારે માંત્રિકોનો સંબંધ ધર્મશ્રદ્ધા સામે છે.

આ જ રીતે બે સામસામા પક્ષના શ્રાવકો સંસારના સંબંધના નાતે કે વેપાર-ધંધાના નાતે સાથે ખાય-પીયે કે હાથ પણ મિલાવતા હોય છે પણ વીતરાગ આજ્ઞાથી વિરૂદ્ધ ચાલનારા તેમાંના કોઈ એક પક્ષના સાધુને વંદન પણ નથી કરતા. કારણ એજ છે કે-શ્રાવકોને પરસ્પર ધર્મની વાત સાથે કશી લેવા દેવા નથી. પણ શ્રાવક અને સાધુને તો સીધો જ ધર્મશ્રદ્ધા સાથે સંબંધ રહેલો છે. માટે પરસ્પર સામસામ પક્ષના હાથ મિલાવનારા શ્રાવકોની સાધુ માટેની મર્યાદા બકલાઇ જાય છે.

અરે ! સગા ભાઈ સાથે ઘર બાબતમાં અબોલા થયા હોય ત્યારે પોતાના પાનદાન કુળના સંસ્કારી સગા ભાઈ સામે નહિ જોનારો બીજે ભાઈ હલકી કોમના પોતાના નોકર સાથે છૂટથી વાતો કરતો હોય છે. અહીં પણ જેમ વાતો કરવા અંગે ભાઈ તથા નોકર બંને માણસ જ હોવા છતાં મર્યાદા કરે છે તેમ ડોકટરો, વૈદ્યો અને માંત્રિક-તાંત્રિકો અંગે પણ જાણવું.

જૈન વિધિ મુજબ કોઇ પદ્માવતીનો આરાધક વિધિઓ બતાવતો હોય તો તે યોગ્ય ન ગણવી કેમકે પદ્માવતી આદિ દેવીઓની આરાધના કયાંય આવતી નથી. અને અંબાજી, મહાકાલી, હનુમાન આદિના ભકત પાસે જૈનોની વિધિ મુજબ આંબેલ, નવકારવાળી ગણાવનાર હોય તો તે અંબાજી આદિના ભકત પાસે ગયા ત્યાં જ જૈન ધર્મની શ્રદ્ધા ઊડી ગઇ જાણવી.

પ. પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન
મહાવીર જૈન આરાધના કેન્દ્ર,
કો. ગાંધીનગર. પિન-382007

* દ્વિત્રીયા પતિ દુઃખદર્શન

છપ્પા

વીતી ભાખુ વિર, નાર બીજી ન કરશેા; વસાય તાળુ દ્વાર, તથાપિ લેશ ન ડરશેા;
સુખ જાંગે સંતાઈ, દુઃખના ડુંગર થાશે; અક્કલ ઉંધી વળી, કજેતી રેાજ ગવાશે;
બાળક પણ હાંસી કરે, ફાંસી સરખું થાય છે, સમજી સાચુ માનજો જીવ્યું એળે જાય છે.૧

ધંધા થાએ ધૂળ, મૂળ બે નારી કેરું, ગેાળીમાંનું નીર, સુકાઇ થાશે વેરૂ;
લાડુ કીધા હેાય, તથાપિ રાખ ન પામે, ખાવા ટાણે ખાસ, શેાકયનેા ઝગડેા જામે;
અમૃત સરખેા આર તે, વિષ સમેા શૈ જાય છે. વીતી તે વિચારશે, ભીતર ભડકા થાય છે. ૨

ડાહ્યો હેાએ તેાય, ઠિવાનેા દુનિયા ભાખે, કડવાં વેણેા મિષ્ટ ગણીને સૌનાં સાંખે;
મારી મેણાં લેાક, ડાંમ દાઝયાપર દે છે, ના કરવાનું કામ, કર્યું શા માટે કે' છે;
માટે બંધુ માહ્યરા, બે નારી કરશેા નહી; પેાકારી કહુ છું છતાં, કરશેા તેા મરશેા સહી. ૩

લગ્ન પ્રસંગે રંગ, ખરેા શેાકયેાનેા જામે, મંગળમાં મેા'કાણુ, કરંતી મંડપ ઠામે,
ગણેશ બેઠા ગણી, સંબંધી આવે જોવા, ફૂટે છાતી એક, બીજી ત્યાં બેસે રેાવા,
વી'વાની વરસી ગણી, ગાળેા ગીત ગવાય છે, બે નારીના નાથની, આમ કજેતી થાય છે. ૪

ઘેટા બાક જેમ, એમ બે લઢતી નારી, લેશ ન રાખે લાજ, વસુ છું વનમાં ધારી,
મળે મેઢની રેાજ, તમાસેા જોવા ઠાજે, વદે પરસ્પર વાત, ભજે છે નાટક આજે,
છેડેા વાળી છેતરે, ભીની આંખે ભામની, ફંદ કરીને ફાવતી, કંકાસે બે કામની. ૫

આનંદી તે'વાર, ઠિવાળી, જ્યારે આવે, હેાળી સળગી હેાય, શેવ શી રીતે ભાવે,
રાંધ્યાં છે, છે ધાન, તાન તે દી બહુ ચઢતું, બારે મહીના આમ, રહે છે રેાજ સળગતું.
કજીયા રાજીયા હેાય ત્યાં, ભજીયા કયાંથી ભાળશેા,
ભૂખ વેઠીને દુઃખના, દી દુનિયામાં ગાળશેા. ૬

ભલે ભાંગેલા ભૂપ, ચૂપ થૈ રે'વુ પડશે, હેાય કદી ધનવાન, શ્વાન સમજો [redacted]શે.
ગુણીયલ ઘે'લા થયા, નાર બે કીધી તેથી, શાણા ભૂલ્યા ભાન, માન ગુમાવ્યું એથી,
વાઘણ કેરા વાસમાં, સુખની આશા શી રહે,
ઘર ઘર નિંદા થાય છે, નિજ વીતી કેશવ કહે. ૭

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- પંડિત થવા માટે, વિદ્વાન કહેવડાવવા માટે, નામના માટે કે પેટ ભરવા માટે ભણવાની મના છે પણ ભણવાનું તો આત્મકલ્યાણ માટે છે. ભણવાનું તો આત્માની અનંત શક્તિ ખીલવવા માટે છે.
- સમ્યગ્દૃષ્ટિ સમ્યક્ રીતે વિચારે માટે જ્ઞાનીનું એક પણ અનુષ્ઠાન એને દુષ્કર ન લાગે. એને તો સંસારની પ્રવૃત્તિઓ દુષ્કર લાગે.
- દેવ, ગુરુ અને ધર્મ ઉપર, એની આજ્ઞા ઉપર સાચો પ્રેમ પ્રગટ્યા વિના સમ્યક્ત્વ ટકે નહિ.
- આત્માને અને આત્માના સ્વરૂપને સાચી રીતે સમજનારો સ્વ-પરનો ઉપકાર કરી શકે.
- શ્રી જિનેશ્વરને દેવની આજ્ઞાનું પાલન શ્રી સંઘને સહેલું લાગે અને દુનિયા જે માર્ગે જાય છે તે શ્રી સંઘને ભયંકર લાગે.
- જેને મુક્તિ ન ગમે, જેને સંયમ સુંદર ન લાગે અને જેને સંસારની અસારતાનું ભાન ન થાય, એવાં ટોળાંને સંઘમાં ભેળા કરાય તો ધાંધલ જ થાય ને!
- સ્વાર્થવૃત્તિનો નાશ કરે તો જ શ્રી જિનેશ્વર દેવના શાસનની દેશના ફળે.
- અર્થકામ માટે તો દુનિયા બધું કરવા તૈયાર છે. એ માટે તો ઢગલાબંધ ને ત્યાગી બનાવી શકાય. મોક્ષ માટે ત્યાગી બનનારાનો તોટો છે.
- સંસારના સ્વરૂપને યથાસ્થિત જોઈ શકનારા આત્મા પ્રશાન્ત બને છે. એટલે એની લાલસાઓ માત્ર શમે છે. પછી એ બહિરાત્મા મટી અંતરાત્મા બને છે.
- [redacted]સુખને દુઃખ ન મનાય ત્યાં સુધી ધર્મની આરાધના દુષ્કર છે.
- સંસાર સાગર તરવો હોય તેના માટે મંદિર-ઉપાશ્રય છે, સંસાર જેને મીઠો લાગતો હોય તેના માટે નહિ.
- માન-પાન, ખ્યાતિ-પ્રખ્યાતિ આદિનો ભુખ્યો જીવ કયારે ભગવાનના ધર્મને કલંકિત કરે તે કહેવાય નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખામાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૯

અંક ૩૪

તે જ ધન્ય છે.

અલસા હોઇ અકજ્જે,
પાણીવહે પંગુલા સયા હોઇ ।
પરતત્તીસુ ય બહિરા,
જચ્ચંધા પરકલત્તેસુ ।।

જેઓ અકાર્યમાં આળસુ હોય છે, પ્રાણી–જીવ વધમાં હંમેશા પાંગળા બને છે, પારકાની નિંદાને સાંભળવા બહેરા છે અને પરસ્ત્રીને જોવા માટે જાત્યંધા છે તેઓ જ ખરેખર ધન્ય છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
ઝપ, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

શાસન સમાચાર

અમદાવાદ-પાલડી-ડીલક્ષ એપાર્ટમેન્ટમાં પૂ. સા. શ્રી રંજનશ્રીજી મ. સા. ઠા. વદ ૧૪ ના રાત્રે ૧-૪૦ કલાકે સુસમાધિસ્થ, નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં અપૂર્વ જાગૃતિસહ કાળધર્મ પામેલ છે.

પૂ. મ. સા. એકદમ સ્વસ્થ હતા. ફા. વદ ૧૦+૧૧ના દિવસે રંગનાગર જિન મંદિરમાં પ્રદક્ષિણા કરતાં નીચે પડી ગયા. માથામાં તેમજ પગમાં થોડો મૂઢમાર લાગેલ. પણ એક્સ-રે'ના રીપોર્ટ બધા જ નોર્મલ આવેલ. સામાન્ય મૂઢમારની પીડા સિવાય કોઇ તકલીફ નહોતી. પોતાની નિયમિત આરાધનામાં રોજની જેમ જ પ્રવૃત્ત હતા.

૧૪ ના સાંજના પ્રતિક્રમણમાં ચૈત્યવંદન, સજ્ઝાય વિ. સૂત્રો પોતે જ બોલ્યા છે. બસ રાત્રે ૧૨-૩૦ ક. માત્રાની શંકા થઇ. માતુ કર્યું. સંથારામાં બેસાડ્યા કે, જરા શ્વાસની તકલીફ શરૂ થઇ.

પોતે સાવધાન થઇ ગયા. નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગ્યા. ૧-૪૦ ક. તો પૂ. મ. સા. આ નશ્વરદેહનો ત્યાગ કરી સ્વર્ગલોક ભણી સિધાવી ગયા.

કલ્પનામાં પણ ન આવે કે, પૂ. મ. સા. આમ અચાનક ચાલ્યા જશે. છેલ્લા શ્વાસ સુધી અપૂર્વ જાગૃતિ-આંગળીના વેઢા તો ચાલુ જ. અડધા કલાક સુધી તો એક સરખી નવકારમંત્રની ધૂનમાં લીન હતા.

૮૦ વર્ષનું આયુષ્ય અને ૫૯ વર્ષનો દીક્ષાપર્યાય પોતાના જીવનને સાર્થક કરી ગયા. પૂ. સા. શ્રી રતિપ્રભાશ્રીજી મ. આદિએ સેવા આરાધના વિ. સુંદર કરાવ્યા હતા.

પાટણ-શ્રી નગીનભાઇ પૌષધશાળા પાટણ-કેશરબાઇ જ્ઞાનમંદિર-ગુરૂમંદિર [illegible] સદ્ધર્મ સંરક્ષક પ. પૂ. આ. દેવ શ્રીમદ્ વિ. કમળ સૂ. મ. ની ૭૦ મી સ્વર્ગારોહણ તિથિની મહા વદ ૬, પ. પૂ. મુ. શ્રી જયધ્વજ વિ. મ. સા.ની નિશ્રામાં પ. પૂ. મુનિ. શ્રી તત્વરત્ન વિ. તથા હિતરત્ન વિ. મ. સા.ની પ્રેરણાથી ભવ્ય ઉજવણી થઇ.

પ. પૂ. ગુરૂદેવ કમળ સૂ. મ. સા.ના અદ્ભુત અલૌકિક સંગેમરમર મુરતીનાં અભિષેક-અષ્ટપ્રકારી પૂજા તથા નવ અંગે ગુરૂપૂજન પૂબ આનંદ ઉલ્લાસથી થયેલ ગુરૂ મૂર્તિની ભવ્ય આંગી પ્રકાશભાઇ તથા નવીનભાઇએ કરી. ત્યારબાદ ગુણાનુવાદ મનનીય પ્રવચનો થયેલ. ભાવિકોએ વિશાળ સંખ્યામાં લાભ લીધેલ. સંઘપૂજન રા. [illegible] થયેલ.

કદાગ્રહોદ્ધારક પૂ.આ.શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેઘજી ગુડકા (અંજાર)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ગુલાબચંદ ધરમશી ગુડકા (પાલનપુર)

વર્ષ : ૯] ૨૦૫૩ ચૈત્ર સુદ-૧૫ મંગળવાર તા. ૨૨-૪-૯૭ [અંક : ૩૪

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૮ શનિવાર તા. ૧૮-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૬ મું) -અવ૦)

तामलितणुइ तवेणु, जिणुमइ सिज्झइ सत्त जणु ।
अन्नाणुह दोसेणु, तामलि ईसाणिं गयउ ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા એ વાત ફરમાવી આવ્યા કે—'સાચું અને વાસ્તવિક સુખ મોક્ષમાં જ છે. માટે મોક્ષ માટે જ ધર્મ કરવો જોઇએ.' જે આત્મા મોક્ષને માને, પરલોકને માને તે આ લોકમાં કેવી રીતે જીવે તે વાત હવે સમજાવી રહ્યા છે. પરલોકને માને તેને પરલોક ન બગડે તેવી રીતે આ લોકમાં જીવવું જોઇએ. આ લોકના સુખમાં મગ્ન બનેલા, તે સુખસામગ્રી મેળવવા મજેથી અનીતિ આદિ પાપ કરનારાને ખબર છે કે—હું આ સંસારમાં સુખોને મજેથી ભોગવું છું અને તેને મેળવવા અનીતિ આદિ બધા પાપો મજેથી કરું છું તો મારી કઈ ગતિ થશે ? શાસ્ત્રે કહ્યું છે કે—જેને માત્ર આ લોકની જ ચિંતા હોય, પરલોકની ચિંતા ન હોય તે બધા ધર્મ કરતા હોય તો તે બધા પણ નાસ્તિક છે !

આપણે વહેલામાં વહેલા મોક્ષે જવું છે. મોક્ષે ન જવાય ત્યાં સુધી દુર્ગતિમાં નથી જવું તે ત્યાં દુઃખ છે તે દુઃખથી ગભરાઇને નહિ પણ ધર્મ ન કરી શકાય માટે.

અને સદ્ગતિમાં જવું છે તે સુખ માટે નહિ પરંતુ ત્યાં શ્રી વીતરાગદેવનો ધર્મ મળે, તેની સાધના કરી વહેલો મોક્ષે પહોંચી જાઉં. આવો વિચાર આસ્તિકને સ્વાભાવિક હોય. મોક્ષને માને, પરલોકને માને તેની આસ્તિકતા કેવી હોય તે સમજાય છે!

આપણે બધાને મોક્ષ જોઇએ છે? મોક્ષ ક્યારે મળે? પૂરેપૂરો ધર્મ થાય તો. પૂરેપૂરો ધર્મ ક્યારે થાય? યથાખ્યાત ચારિત્ર આવે તો. તેવું ચારિત્ર ન આવે તો મોક્ષ ન મળે. આજે આપણે અહીંથી સીધા મોક્ષે જઈ શકીએ તેમ નથી. કેમકે, આજે પહેલું સંઘયણ નથી, પાંચમો આરો છે, યથાખ્યાત ચારિત્ર પામી શકાય તેમ નથી તો અહીંથી ક્યાં જવું છે તે નક્કી કર્યું છે?

આપણે તામલી તાપસની વાત કરી આવ્યા. તે જૈનેતર ગૃહસ્થ હતો, મહાશ્રીમંત છે. તેની આબરૂ કેવી છે તે ખબર છે? તે જે ગામમાં વસે છે તે ગામના લોકો માનતા કે આ અમારો આધારભૂત છે, મેઢીભૂત છે. કોઇને પણ જરૂર પડે અને તેનો ઘેર જાય તો તેનું દુઃખ દૂર કરે છે. આવા મહાશ્રીમંતને પણ એક રાત્રિના ચિંતા થઇ કે–'મેં ભૂતકાળમાં ધર્મ કરેલો માટે આ બધી સુખસામગ્રી મળી છે. જો અહીં ધર્મ ન કરું તો ક્યાં જાઉં?' તમને આવી ચિંતા થાય છે? તેના કરતા તમને સારી સામગ્રી મળી છે. શ્રી અરિહંત પરમાત્મા જેવા દેવ મળ્યા છે, નિર્ગ્રન્થ ગુરૂ મળ્યા છે, સર્વ ત્યાગમય ધર્મ મળ્યો છે, 'આ સંસાર ભયંકર છે માટે છોડવા જેવો છે. મોક્ષ સારો છે માટે મેળવવા જેવો છે' આ વાત રોજ સાંભળવા મળે છે. તો પરલોકની ચિંતા થાય છે? આ સંસારમાં, સંસારના સુખમાં મઝા આવે છે તો મારું શું થશે તે ચિંતા થાય થાય છે? આ પૈસો મેળવવા જૂઠ બોલું છું, બોટું લખું છું, અનીતિ બાદિ કરું છું તો તેનું ફળ ચાક્ષ આવે છે? પાપ કરવા છતાં ય તેનું ફળ યાદ ન આવે તો તેને ધર્મી કહેવાય? તમે જ્યાં બેઠા છો તે ખરાબ જગ્યા છે તે છોડવાનું મન ન થાય, જે સુખ અનેક પાપ કરાવનારું છે તે સુખ અધિકને અધિક મેળવવાનું જ મન થાય તો તે ધર્મ કરનારો કેવો કહેવાય?

જૈન તો મહા આસ્તિક છે. તેની આસ્તિકતા ઊંચી છે. તેને તો મોક્ષ વિના બીજું કશું જોઇતું નથી. તે માટે રોજ શ્રી જિનપૂજાદિ જિનભક્તિ કરે, આરંભાદિની ક્રિયા કરવી પડે માટે કરે પણ દુઃખપૂર્વક કરે, જેમ બને તેમ આરંભાદિ ઓછા કરવાની ઇચ્છાવાળો હોય. આજીવિકાનું સાધન હોય તો તે વેપારાદિ કરે નહિ. ઉત્સર્ગ માર્ગે શ્રાવક અલ્પારંભી અને અલ્પપરિગ્રહી હોય. શ્રી પુણીયા શ્રાવકની વાત તમે અનેકવાર સાંભળી છે. જે કાળમાં સોનૈયા ઉછળતા હતા તે કાળમાં તેની પાસે બે આના જેવી

મૂડી હતી તો પણ તેને સવા બે આના કરવાનું મન થતું ન હતું. તો તે તમને સારો લાગે ? તેના જેવા થવાનું મન થાય ? આજે તમારી પાસે કેટલી મૂડી હોય તો તમે સુખે જીવી શકો ? આજે તો ઘણાને વેપાર-ધંધાદિ કરવામાંથી ભગવાનના દર્શન-પૂજનાદિ કરવાનો પણ ટાઈમ મળતો નથી. ગામમાં કોણ સાધુ આવ્યા અને ક્યા સાધુ ગયા તેની ય ખબર નથી, સામાયિક, પ્રતિક્રમણાદિ ધર્મક્રિયા પણ કરતા નથી તો તે બધા આસ્તિક કહેવાય કે નાસ્તિક કહેવાય ? અહીંથી મુસાફરી માટે એક ગામ જવું હોય તો પણ કેટલી ચિંતા કરો છો અને અહીંથી જવાનું-મરવાનું છે તો ચિંતા કેમ થતી નથી ! 'જે પાપ કરો તેની સજા મારે જ ભોગવવી પડશે.' તે વાત યાદ છે ને ?

સમજુ આત્માઓ 'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઇએ, સંસારના સુખ માટે ધર્મ થાય જ નહિ' ભગવાને કહેલી આ વાત યાદ છે ને ? માટે જ એકના એક ધર્માનુષ્ઠાનને પાંચ વિભાગમાં વહેંચ્યાં છે. કરનાર જીવના પરિણામના આધારે તેમાં ભેદ પડે છે. સમજવા છતાં આ લોકના સુખ માટે જે જીવ ધર્મ કરે તેને શાસ્ત્રે વિષાનુષ્ઠાન કહ્યું છે. તેના કારણે આ જન્મમાં જ તેની ધર્મની શ્રદ્ધા ચાલી જાય છે. દરિદ્રીપણામાં ધર્મ કરનારા સુખી થયા તો ધર્મ છોડી દીધો તેવા મેં જોયા છે. આજે કેટલા જૈનો રાત્રિ ભોજન નહિ કરતા હોય ? અભક્ષ્ય નહિ ખાતા હોય ? દર્શન-પૂજન રોજ કરનારા કેટલા હશે ? સદ્ગુરુઓ દ્વારા થતી દેશના ચાલુ હોવા છતાં ભગવાનની વાણી નહિ સાંભળનારા કેટલા હશે ? કેટલાક તો રોજ વ્યાખ્યાન સાંભળનારને 'મૂરખા' અને 'નવરા' કહે છે વ્યાખ્યાનમાં કોણ આવે ? મોટા સુખી તો આવી શકે નહિ ને ? આજે જૈન સંઘની હાલત એવી થઇ ગઇ છે જેનું વર્ણન ન થાય ! આજે ધર્મ કરવાની મોટા ભાગમાં શક્તિ નથી, બધા પાસે સમય નથી એવું નથી પણ ધર્મ કરવો જ નથી.

ધર્મ કરવાનો ટાઈમ નથી મહાતો પણ મરવાના ટાઇમે તો મરવું પડશે કે ચાલશે ? અવશ્ય મરવાનું તો નક્કી છે તો મરીને ક્યાં જવું છે તે નિર્ણય ન કરે તે આસ્તિક હોય ? બહારગામ જવાનું હોય તો તૈયારી કરીને જાવ છો તો આ ભવ છોડી બીજા ભવમાં જવાનું હોય તો તૈયારી ન કરવી પડે ? તમને બધાને ખબર છે કે-જેવાં કામ કર્યાં હોય તેવી ગતિ થાય છે. પાપી જીવ સ્વર્ગ માગે તો મળે નહિ.

મનુષ્યોમાં પણ દુઃખી કેટલા છે ? કોઇને દુઃખ જોઇતું નથી છતાં પણ દુઃખી કેમ છે ? આજે દરિદ્રી કેટલા છે ? ઘણાને પેટપૂરતું ખાવાય નથી મળતું. ઘણાની પાસે વેઠની જેમ કામ કરાવે છે, પૂરો પગાર આપતા નથી અને ઉપરથી મારે છે, ગાળો દે છે. કેમ આવું બને છે ? દુઃખ આવે તો રોવે, માથાં પછાડે તો દુઃખ જાય ખરું ? અને તમે બધા સુખી દેખાવ છો, જે માગો તે મળે છે તે શેનો પ્રભાવ છે ? તમારી હોંશિયારીનો પ્રભાવ છે. [ક્રમશઃ]

કુલધ્વજકુમાર

(ગતાંકથી ચાલુ) —શ્રી વિરાગ

અરેઅર! આત્મા નિમિત્તવાસી છે જેવો સંગ મળે તેવો રંગ આત્માને લાગે છે. તે જેવા નિમિત્તને પામે તેને જ અનુસરતી ભાવનાઓ અને પ્રવૃત્તિઓ થાય છે. માટે, હમેશા ખરાબ નિમિત્તથી દૂર રહેવું જોઇએ.

જિનમંદિરની બહાર નીકળ્યા પછી રાજકુમારને એક માનવી મળ્યો. આ માણસ જોઇ રાજકુમારે પૂછયું અરે ભાઇ! આ કઇ નગરી છે? અહીં કોનું સામ્રાજ્ય વર્તે છે? અને હમણાં શ્રી જિનમંદિરે કોણ આવ્યું હતું?

તે પુરૂષ બોલ્યો, ભાઇ! આ નગરીનું નામ રત્નપુર છે. ન્યાયપૂર્વક આ નગરીનું સામ્રાજ્ય વિજય રાજા ચલાવે છે, અને તેમના ઘરે રૂપરૂપના અંબાર જેવી એક લક્ષ્મીદેવી છે. તેનું શુભ નામ છે-ભવનમંજરી. આ કુમારી કન્યા હમણાં ભગવાનના દર્શનાર્થે આવી હતી.

કુમારે પૂછયું, શું ભવનમંજરી હજી કુંવારી છે?

પુરુષે કહ્યું, હા, તે હજી કુંવારી છે.

કુમાર તરત જ બોલ્યો, કેમ ભાઇ હજી તે કુંવારી છે?

કુમારનો પ્રશ્ન સુણી પુરૂષ બોલ્યો, હા ભાઇ, તેણે એક પ્રતિજ્ઞા કરી છે.

શું પ્રતિજ્ઞા કરી છે? કુમારે જાણવાની જિજ્ઞાસા બતાવી.

પુરૂષ બોલ્યો, કુમાર સાંભળો. 'જે કોઇ પુરુષ ભૂચર છતાં પોતાની શક્તિથી આકાશમાં ચાલી શકે છે, ઉડી શકે છે તેવા પુરૂષ સાથે હું લગ્ન કરીશ' આ પ્રતિજ્ઞા સાંભળી રાજાએ પણ કુંવરીને ઘણું સમજાવી. આવી આવશ્યકતા ભરેલાં પ્રતિજ્ઞા તું મૂકી દે. પરંતુ ભવનમંજરીએ પોતાની વાત મૂકી નહી. સ્ત્રી હઠ સામે રાજાનું કાંઇ ચાલ્યું નહી રાજાએ ઘણી તપાસ કરાવી. એવો કોઇ પુરૂષ પ્રાપ્ત ન થતાં આ કન્યા હજી કુંવારી છે. તે હંમેશા અહીં આવે છે. ભગવાનની સુંદર મઝાની ભક્તિ કરી નૃત્ય કરે છે.

આ વૃત્તાંત સાંભળી બંને છુટા પડયા ફરતાં ફરતાં કુંવરે ભવનમંજરીનો મહેલ કયાં છે તે જોઇ લીધો, સાંજ પડે કુંવર માતાને ઘરે આવ્યો. વાળું કરી મગજને કસવા માંડયું. ખાટલામાં પડયા પડયા પ્લાન તૈયાર કરી દીધો. રાત પડતાં રાજકુમારે લાકડાનો ઘોડો તૈયાર કર્યો મધ્યરાત્રિ

થઇ એટલે ઘોડા ઉપર બેસી આકાશ માર્ગે ઉડવા લાગ્યો. ભમતો ભમતો તે ભવનમંજરીના મહેલની અગાશીમાં ઉતર્યો મહેલના પગથિયા ઉતરી રાજકુમાર ભવનમંજરીના શયનખંડ પાસે આવ્યો શયનખંડમાં ધીરેથી પ્રવેશી અધું ચાવેલું પાન મૂકીને પોતાના સ્થળે આવી સૂઇ ગયો. સવારે ઉઠતાં ભવનમંજરીએ અડધું ચાવેલું પાન જોયું. તે વિચારમાં પડી. વહી રાત્રે કોણ અહિંયા આવ્યું ? કોણ આ પાન મૂકી ગયું હશે ? જે પાન મૂકી ગયું હશે તે ચોક્કસ આજે રાત્રે જરૂર આ વશે માટે આજે રાત્રે હું જાગતી રહીશ.

નિત્યક્રમ પ્રમાણે રાજકુમારીએ દિવસ પૂર્ણ કર્યો. રાજકુમારે નગરચર્યા કરીને દિવસ પૂર્ણ કર્યો. રાત્રી પડતાં કુંવરી પલંગમાં આડી પડી ઉપર નિદ્રા કરીને સૂઇ રહી. કુમાર પણ ખાટલામ આરોટતો રહ્યો. મધ્યરાત્રી શરૂ થતાં કુંવરે રાજકુમારીના શયનખંડમાં પ્રવેશ કર્યો. ફરીથી અધું ચાવેલું પાન મૂકીને જ્યાં જવા જાય છે ત્યાં રાજકુમારી સફાળી ઉભી થઇ ગઇ. કુમારના વસ્ત્રનો છેડો પકડી લીધો. કુમાર ઉભો રહી ગયા. મધુર રસઝરતી વાણીથી કુંવરીએ પૂછ્યું, તમે કોણ છો ? અહી કઇ રીતે આવ્યા અને કયાંથી આવ્યા તે મને કૃપા કરી જણાવો.

કુલધ્વજકુમારે કુંકમાં સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો.

કુમારનો વૃત્તાંત સાંભળી કુંવરી વિચારમાં પડી. 'આ રાજકુમારે મારી અસાધ્ય પ્રતિજ્ઞા પરિપૂર્ણ કરી છે. મારો દિવસ આજે ધન્ય બન્યો છે. તેથી હું આ રાજકુમારને પતિ તરીકે સ્વીકારૂં.' ભવનમંજરીએ પોતાની પ્રતિજ્ઞા પ્રગટ કરી. મારા મનની ઇચ્છા પરિપૂર્ણ કરો. મારા ભરથાળ બનો. કુંવરે પણ તેણીના મનના ભાવ જાણી ગાંધર્વ વિધિથી લગ્ન કરી લીધા. હવે કુંવર રાત્રી કુંવરીના મહેલમાં વીતાવે છે અને દિવસે માળીના ઘરે રહે છે.

લજ્જાવંત કુંવરીએ આ વાત માતપિતાને કરી નહીં. આ બાજુ કુંવરીના અંગો પણ વિકસવા લાગ્યા. સખીઓ પણ ચિંતાતુર બની ગઇ કે એકાએક કુંવરીના અંગોમાં કેમ ફેરફાર જણાય છે ? સખીઓએ કુંવરીની માતાને આ વાત કરી. વાત સાંભળી માતા તો અવાક્ બની ગઇ. ડોળા ફાડીને સખીઓ સામે જોવા લાગી. રાણીબાએ તાગ મેળવવા રાજાને વાત કરી.

હવે શું કરવું ? કુંવરીએ અમારી આબરૂ ધૂળધાણી કરી. દૃઢ પ્રતિજ્ઞા

કરીને અમને સૌને છેતર્યા. મારૂ કુળ લજાવ્યું. સારાય નગરમાં મારી અપકીર્તિ ગવાશે? રાજા જેવા રાજા રાણી કુંવરીનું ધ્યાન નથી રાખતા. તો અમારૂં શું ધ્યાન રાખશે. તેમ નગરજનો બોલી ઉઠશે, માટે આનો ઉકેલ કઈ રીતે મેળવવો?

રાજા વિચારોમાં ડુબેલા હતા તે સમયે સેવકોએ આવી રાજસભામાં પધારવાનું આમંત્રણ આપ્યું કમને પણ રાજા રાજસભામાં પધાર્યા રાજ્ય કારભારમાં મન ચોંટતું નથી તે જોઇ મંત્રીશ્વરે એક નૃત્યાંગનાને નૃત્ય કરવા બોલાવી. આવેલી નૃત્યાંગનાએ સુંદર મઝાનું નૃત્ય કર્યું ઉત્કૃષ્ટ નૃત્ય કરવા છતાં રાજા તરફથી કાંઇ ઇનામ ન મલ્યું ત્યારે એ સમજી ગઇ કે કોઇ કારણસર રાજાનું મન ઉદ્વિગ્ન લાગે છે. નૃત્ય પૂર્ણ કરી તે ચાલી ગઇ. રાજા સભા પણ વિખરાઇ ગઇ. સૌ પોતપોતાના સ્થાને ચાલ્યાં ગયાં.

નર્તકીએ એકાંતનો લાભ લીધો પહોંચી ગઇ રાજા પાસે પ્રણામ કરી ધીરેથી બોલવા લાગી હે રાજન, 'આપને કાંઇ ચિંતા પીડી રહી છે. જો મને કહેશો તો હું મારી બુદ્ધિ ચાલશે તે પ્રમાણે તે ચિંતા દૂર કરવા પ્રયત્ન કરીશ. મને લાગે છે કે આપ ચિંતાના સાગરમાં ડુબી રહ્યા છો!

રાજાએ હૈયા વરાળ કાઢી, કુંવરીની સઘળી હકીકત જણાવી.

'પ્રેમપૂર્વક હાવભાવ કરતી નૃત્યકી બોલી, હે રાજન! 'તેનો ઉપાય મારી પાસે છે તે છુપા પુરૂષને હું જરૂર પ્રગટ કરીશ.'

રાજાના આશિષ લઇ નર્તકી પોતાના આવાસે આવી.

સહચારીને બોલાવી તેલ અને સિંદુર મંગાવી તે બંનેનું મિશ્રણ કર્યું. રાત્રીના પહેલા પ્રહરે ચુપચુપ આવીને કુંવરીના શયનખંડનું બારણું લીપી નાખ્યું.

રાત્રે કુમાર આવ્યા. પગલા સિંદુર વાળા થઇ ગયા દિવસ ઉગતા કુમાર પાછા માળી ઘરે પહોંચી ગયા.

બીજે દિવસે નૃત્યાંગના કુંવરીના મહેલે આવી. તેણીએ તેલ મિશ્રિત સિંદુરમાં કોઇના પગલાં પડેલા જોયા. તે જોવાથી તેને સારાય મહેલની તપાસ કરી. સિંદુરના રંગથી રંગાયેલ પાની કોઇની જોવામાં આવી નહી. આથી રાજા પાસે આવી કેટલાંક પહેરેગીરોને માંગણી કરી.

પહેરેગીરોને લઇને તે નૃત્યાંગના ભરબજારે ફરવા લાગી. અજેથી હરતાં ફરતાં કુલધ્વજકુમારને એક પેઢીના ઓટલે બેઠેલા જોયા. પગની પાનીએ સિંદુરને રંગ ચઢેલી જોઇ તેણે પહેરેગીરોને ઇશારો કર્યો પહેરેગીરોને આજ્ઞા મળતાં તેઓએ તરત જ કુમારને પકડી લીધો. રાજકુમારને રાજા સમક્ષ હાજર કર્યો. [ક્રમશ.]

— બોધકથા —

卐 કુસંગતિનું ફળ 卐

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક ગામમાં એક કુંભાર અને એક ભરવાડના ઘર સામ સામે હતા. કુંભારને ત્યાં એક ગધેડો હતો જે આખો દિવસ કામકાજ કરવા છતાં પણ હૃષ્ટ પુષ્ટ હતો. અને ભરવાડને ત્યાં એક ગાય હતી. જેને લીલું લીલું ઘાસ-ચારો-પાણી આપવા છતાં ય દૂબળી હતી. તે ગાય વિચારે કે, આ ગધેડો આખો દિવસ ઠાળી મજૂરી કરે છે અને માલીક ખાવા–પીવામાં પણ તેવું ધ્યાન આપતો નથી છતાંય આ આટલો હૃષ્ટ પુષ્ટ છે. અને મારો માલીક મને ખાવા–પીવામાં આટલું સારું ધ્યાન આપવા છતાંય હું નબળી કેમ? બંનેની મિત્રાચારી થઈ. અવસર પામી ગાયે, ગધાની આગળ પોતાની મનોવેદના વ્યક્ત કરી. તો તે ગધાએ કહ્યું કે સાંજના હું આજુબાજુના ખેતરોમાં જઇ લીલું લીલું ચરી આવું છું. અને તાજેમાજો બની જાઉં છું તેથી હૃષ્ટ પુષ્ટ છું. તું પણ જો મારી સાથે આવે તો તું ય હૃષ્ટ પુષ્ટ બની જઇશ.

મફતનો માલ કોણ છોડે? આજની દુનિયાની તે જ તાસીર છે કે મહેનત કરવી નહિ અને મફતનું મળે તો લઇ લેવું. બુદ્ધિશાલી ગણાતા માનવોની મનોદશા આવી હોય પશુઓની તો વાત જ શી કરવી?

તેથી તે રાત્રિના તે બંને જણા એક લીલા ખેતરમાં ઘૂસ્યા. અને ગધેડાએ તો જલ્દી જલ્દી ખાઇ લીધું. જ્યારે ગાય તો ધીમે ધીમે લીલું લીલું કુણું કુણું ચરે છે. ગધેડાનું પેટ ભરાઈ ગયું એટલે તે મૂળ સ્વભાવ ઉપર આવી ગયો. ગાયને કહે, જલ્દી કર મને કયે ગાવાનું મન થયું છે. ગાય કહે મેં તો હજું ઠાંઈ ખાધું પણ નથી. થોડી વાર રાહ જો. પણ બીજાની સલાહ માને તો તે ગધો ક્યાંથી કહેવાય? દુનિયામાં માનવો પણ આ જ ઉપમા આપે છે ને? ગધાભાઈ તો પેટ ભરાવાથી મૂળ સ્વભાવ ઉપર આવી ગયા અને હોંચી... હોંચી... કરી દોડવા લાગ્યા. તેથી ખેતરનો માલીક આવી ગયો. અને ગધાને મારવા દોડયો. પણ ગધાભાઈ તો ક્યારના ય હોંચી... હોંચી... કરતાં પોતાના સ્થાને પહોંચી ગયેલા. અને ગાય બેન ખેતરના માલીકના હાથમાં આવી ગયા. માર ખાંવા પડયો અને બંધનમાં પૂરાવું પડયું તે નફામાં!

બીજા દિવસે ભરવાડને ઠંડ ભરવો પડયો ત્યારે ગાય મલી. તેથી તેણે પણ બાકી રહેલો મેશીપાક તો આપ્યો પણ ગળામાં લાકડાનો ટૂકડો ભરાવી દીધો જેથી બીજી વાર આવું કામ ન કરે. ગાય તો સીધી દોર થઈ ગઇ. મનમાં પસ્તાઇ તે જુદી. જંગલમાં

ચારો ચરવા ગઇ તેની આવી દયાનીય હાલત જોઇ તેની સખીઓ બીજી ગાયો પૂછે કે બેની ! તારી આવી હાલત કેમ થઇ ! ત્યારે ગાયે જવાબ આપ્યો કે—

'કુસંગસંગદોષેણ, સાધવો યાન્તિ વિક્રિયામ્ ।
એકરાત્રિપ્રસંગેન, કાષ્ટઘંટા વિડમ્બના ।।'

'મારી પ્રિય સખીઓ ? કુસંગ=ખરાબ સોબતના સંગથી ઉત્તમપુરૂષો પણ વિપત્તિ રૂપ વિક્રિયાને પામે છે તો એક રાત્રિના ગધા સાથેના પ્રસંગથી-સોબતથી મને પણ કાષ્ઠ ઘંટાની વિડંબના થઇ.'

મારા પ્રિયવર વાચકો હંસની જેમ ક્ષીર-નીર દૃષ્ટિને કરનારા વિવેકી છે. તેથી સારી રીતના સમજી ગયા હશે કે, દુર્જન પુરૂષોથી સોબત જીવનને બરબાદીના પંથે લઇ જનારી છે અને સજ્જન પુરૂષોથી સંગતિ જીવનને આબાદીના માર્ગે ચઢાવનારી છે. તેથી દુષ્ટોના સંગથી દૂર રહેવું અને શિષ્ટોની સંગતિથી જીવનને સુંદર બનાવી, સદ્ગતિની પરંપરા સાધી, વહેલામાં વહેલા શાશ્વત ધામના-સુખના ભોક્તા બનો તે જ શુભાભિલાષા...

ચોવીશ જિનના પુત્ર-પુત્રીઓ કેટલા ?

૨૪ જિનના નામ		પુત્ર	પુત્રીનો પરિવાર
ઋષભદેવ ભગવાન		૧૦૦	૨
અજિતનાથ	,,	—	—
સંભવનાથ	,,	૩	—
અભિનંદન	,,	૩	—
સુમતિનાથ	,,	૩	—
પદ્મપ્રભ	,,	૧૩	—
સુપાર્શ્વનાથ	,,	૧૭	—
ચંદ્રપ્રભ	,,	૧૮	—
સુવિધિનાથ	,,	૧૯	—
શીતલનાથ	,,	૧૨	—
શ્રેયાંસનાથ	,,	૯૯	—
વાસુપૂજ્ય	,,	૨	—
વિમલનાથ	,,	—	—
અનંતનાથ	,,	૮૮	—
ધર્મનાથ	,,	૧૯	—
શાંતિનાથ	,,	દોઢ કરોડ	—
કુંથુનાથ	,,	દોઢ કરોડ	—
અરનાથ	,,	સવા ,,	—
મલ્લીનાથ	,,	—	—
મુનિસુવ્રત	,,	૧૧	—
નમિનાથ	,,	—	—
નેમનાથ	,,	—	—
પાર્શ્વનાથ	,,	—	—
મહાવીરસ્વામી ભગવાન		—	૧ પુત્રી

કુલ ૨૪ ભગવાનના પુત્રો સવાચાર કરોડ ને ૪૦૭ની સંખ્યા. ત્યારે પુત્રી ફક્ત ત્રણ જ. બ્રાહ્મી, સુંદરી, પ્રિયદર્શના બધા સંયમ પાળી મોક્ષમાં ગયા.

❋ પ્રેરણામૃત સંચય ❋

(ગતાંકથી ચાલુ) -પ્રજ્ઞાંગ

આર્યદેશના માનવોનો અને માનવોથી સંસ્કાર પામેલ પક્ષી આદિ જાનવરોનો સંસાર મજેનો હતો. આજનો સંસાર સાવ નપાવટ કોટિનો થયો છે. તમે આ સંસારમાં શી રીતે જીવો છો અને ગમે તે રીતે જીવનારા મરશો શી રીતે ? આવી સુંદર મનુષ્યગતિમાં આવેલા, અમારી પાસે ય આવનારા તમે દુર્ગતિમાં જાવ તે અમને પસંદ નથી.

પક્ષી કહે, 'મારે નથી મરવું તે સાચું છે, પણ વિશ્વાસઘાત, વચનભંગ કરીને જીવવું નથી તે ય સાચું છે. તું જો સાચી સલાહ નહિ આપે તો હું મરવા તૈયાર છું પણ તને વિશ્વાસઘાતનું પાપ લાગશે.'

વેપારી-ગ્રાહક, શેઠ-નોકર, રાજા-પ્રજા આદિ બધા જો પ્રમાણિકપણે આવી વાત કરે તો આજે ય બધા સારા થઈ જાય. આજે બધું બગડી ગયું છે. આજે રાજા-પ્રજા, મજુર-માલિક, શેઠ-નોકર વચ્ચે મેળ નથી. બાપ-દિકરા વચ્ચે ય મેળ નથી. આ મનુષ્ય જન્મ આવી સામગ્રી સંપન્ન મળ્યો છે તે મોક્ષે લઈ જાય તેવો છે, પૂરો ધર્મ ન થાય તો સદ્ગતિની પરંપરા જોડી આપે તેવો છે. આ સામગ્રીનું ફળ ન લઇએ તો બાર વાગી જવાના છે. આપણે અનાદિના છીએ. કોઇએ બનાવ્યા નથી. અનાદિથી જન્મ-મરણની પરંપરા કરતા અહીં આવ્યા છીએ. હવે ભટકવું નથી, ઝટ મોક્ષે જવું છે તેવી રીતે જીવવું તેનું નામ ધર્મ. સાધુનું દર્શન-પૂજન, ધર્મ-શ્રવણ પણ તે માટે જ કરવું છે. તમે નક્કી કરો કે, જીવવું છે પણ પાપ કરીને નહિ. આરંભ-સમારંભ છૂટે તેમ નથી પણ એવી રીતે જીવવું છે કે જીવવા કરતાં મરવામાં વધુ આનંદ આવે.

શિકારી વિચારે કે, આજે ભુખ્યા રહેવું પડે તો રહેવું પણ સલાહ ખોટી અપાય નહિ. શિકારી પક્ષીને કહે કે, પશ્ચિમમાં ઉડજે બચી જઈશ. પક્ષી તો બચી ગયું. આ બે જેટલાં પ્રામાણિક તમે છો ? માટે સમજો કે, જે જીવ પાપથી ગભરાય નહિ તેનું ઠેકાણું પડે નહિ. પાપથી દુઃખ જ આવે, પુણ્યથી જ સુખ મળે આ વાત હૈયામાં લખાય નહિ તો પાપ મજેથી કરવાના અને પુણ્યને ધક્કો મારવાના અને સંસારમાં ભટકવા ચાલ્યા જવાના મોક્ષ છેટે રહી જશે.

આખો સાધ્વાચાર વિનય છે, વિશેષ પ્રકારે આઠે પ્રકારના કર્મોને દૂર કરે તેનું નામ વિનય, વિશેષ રીતે વિશેષ પ્રકારે ઉચિત રીતે કર્મનો ક્ષય કરવાનું સામર્થ્ય તેનું નામ વિનય. સાધ્વાચાર પામવા માટે જે ઉદ્યમ કરે તેનું નામ વિનય. તમે ભગવાનના

દર્શન-પૂજન કરો તે ભગવાનનો વિનય કરો છો. જ્ઞાન ભણવું તે પણ જ્ઞાનનો વિનય છે. જ્ઞાનની શ્રદ્ધા કરવી તે પણ જ્ઞાનનો વિનય છે. જે જ્ઞાન જેવી રીતે હોય તેવી રીતે વર્ણવવું તે ય જ્ઞાનનો વિનય છે. તેવી રીતે જ્ઞાનીની સેવા-ભક્તિ કરવી તે ય જ્ઞાનનો વિનય. દેશવિરતિ પાળવી, સદ્દહવી તે પણ વિનય. સર્વવિરતિની ભાવના કરવી તે પણ વિનય !

આજના કાળમાં તમે પૈસા પણ ઉઘાડા રાખી ન શકો, સોનું પણ અંગ પર ચઢાવી ન શકો તેવા કાળને કેવો કહેવાય? આ પુણ્યનો કાળ છે ? ધર્મનો કાળ છે ? આજે તો અધર્મની બોલબાલા છે. ધર્મની મશ્કરી થાય છે. ધર્મ કરનારને પણ ધર્મ પર ક્યાં આદર છે ? ધર્મ જેને છોડવાનું કહે તે માંગવાનો ધંધો કરે તે આદર કહેવાય ? જેટલો જાતનો, પૈસાનો, ઘર-કુટુંબ-પેઢી-પરિવારાદિનો આદર છે તેટલો ધર્મ પર ક્યાં છે ? ઘર આદિ માટે જેટલું ખર્ચો છો તેટલું ધર્મમાં ખર્ચો છો? જેટલો ધર્મ કરો તે ઓછો લાગે છે કે વધારે લાગે છે ? આજે તો ધર્મ કરનારાના ચાર સાથે બેસનારા વખાણ ન કરે તો મામલો ખતમ...! આપણે ધર્મ આંખે ચઢે તેવો જોઇએ કે હૈયામાં હોય તેવો જોઇએ ? આ દેશ-કાળ તો પૈસા પાછળ મરી રહ્યો છે. પૈસાનો ભયંકર દુરૂપયોગ થઇ રહ્યો છે, સદુપયોગનું નામનિશાન નથી. આ પાપોદય કહેવાય કે પુણ્યોદય કહેવાય ?

આપણે આપણી ચાલે ચાલવું છે. ભગવાનની આજ્ઞા મુજબ શક્તિ પ્રમાણે જીવવું તે આપણી ચાલ કહેવાય. ગાંડા બોલે તે ચાલે ચાલવું નથી. ઘણાં હંમેશા ગાંડા જ હોય. ઘણાં કોઇ કહાડો ડાહ્યા હોતા નથી. ઘણાને ડાહ્યા માને તે પાગલ જ હોય. આજે પાગલોની સહાયથી કામ ચાલે છે તેથી કોઇ કામમાં ભલીવાર આવતો નથી. બીજાને સાચવવા સારું ચાલીએ તે આપણી ચાલ નથી પણ ધર્મની ચાલ છે.

આપણે એકલાં ધર્મવાદી નથી. આપણે આત્મવાદી પણ છીએ. આપણે આત્માને કર્મથી અલગ કરનાર ધર્મવાદી છીએ અને અલગ થનાર મોક્ષવાદી પણ છીએ.

જે આત્મવાદી હોય તેને ચોવીશે ય કલાક આત્મા યાદ હોવો જોઇએ. દરેક કામમાં આત્મા યાદ કરી પગલું મંડાય. ધર્મવાદી એટલે જેમ ધર્મ કરાવે તેમ મજેથી કરે તે ધર્મવાદી નહિ પણ ધર્મ સાથે ઝઘડો કરે તે ધર્મવાદી. આત્માને અને કર્મને જુદો પાડવાની રીત બતાવે છે ધર્મ. તેવા ધર્મને માનનારા ધર્મવાદી કહેવાય.

પાંચમા આરાના છેડા સુધી સારા જીવો રહેવાના છે. સારા જીવ માટે ખરાબ કાળ પણ સારો બની જાય છે. તેને વિચાર કરતા, પરિણામ જોતાં આવડવું જોઇએ.

જેનું પરિણામ ભૂંડું હોય તેવા સુખ અને સુખના સાધનમાં આનંદ આવે તે જીવ કેવો હોય ? પાપના ઉદયે જે ચીજ મળે તેના વખાણ શા ? આનંદ આવ્યા પછી રાજી થાય તો અધમતા છે, તેનું અજ્ઞાન ભયંકર કોટિનું છે.

શાસ્ત્રે કહ્યું છે કે, જે ઠાળે જે બોલવા જેવું હોય અને ન બોલે તેનું મૌન તે સંસાર વધારનાર છે. બોલવું ન પડે તે સારું છે. પણ બોલવાનો સમય આવે ત્યારે ભગવાનની આજ્ઞા મુજબ બોલવા માંડે ત્યારે દુનિયાને ગમે કે ન ગમે તો પણ બોલવાનું છે. તેં વખતે શક્તિ અને સામર્થ્ય હોવા છતાં મૂંગો મરે તો તેનું મૌન મડદાનું છે.

ખોટી વાતને ય સાચી કહે, ખોટી વાતને દેશકાળને અનુકૂળ માને, સાચી વાત બોલવા જેવી નથી તેમ કહે, સાચી વાત બોલનારને દેશકાળ જાણતા નથી તેમ કહે તે બધા સંસાર વધારનાર છે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે, સુખની ઇચ્છા થાય ત્યારથી દુઃખની શરૂઆત થાય છે. સુખનો રાગ તે જ દુઃખ છે. સુખનો રાગ અને દુઃખનો દ્વેષ તે અવિરતિ છે. અવિરતિ પણ જેને પુણ્ય ન હોય તેને સળગાવ્યા કરે. તે દુઃખ, સુખના રાગથી અને દુઃખના દ્વેષથી પેદા થયેલ કહેવાય ને ? આ વાતનો તમને અનુભવ નથી ? તમે કેમ દુઃખી છો ? દુઃખી નથી તો અવિરતિ સુખ આપનારી છે ? અવિરતિના દુઃખનો અનુભવ નહિ કરવા દેનાર પુણ્યનો ઉદય તે જ સંસારમાં રખડાવનાર છે. અવિરતિ બહુ ખરાબ છે. તે જ મિથ્યાત્વને જીવંત રાખનાર છે, પોષનાર છે, મજબૂત કરનાર છે, કષાયને પુષ્ટ કરનાર છે, મન–વચન–કાયાના યોગને એવા ભટકાવે છે કે જેના પ્રતાપે જીવ સંસારમાં ભટકે છે. અને તેને સુખની સામગ્રી મળવી ઠઠીન છે. જ્યાં સુખની સામગ્રી હોય ત્યાં ય દુઃખથી રિબાતો હોય છે માટે જ દેવોને દુઃખી કહ્યા છે.

આજે દેશ માટે કેટલાં જીવો મરી જાય છે ? તો પછી તમે શક્તિ નથી એમ શું કામ બોલો છો ? તમારી ગમે તેટલી નિંદા કરે તો ય તમારું કામ ચાલુ છે ? નિંદા ખમવાની તાકાત છે ને ? આપણે કયાં પહેલા સંઘયણ જેવું સહન કરવું છે. આપણે તો છઠ્ઠા સંઘયણ જેવું સહન કરવું છે. તમે ય દુનિયા માટે કેટલું સહન કરો છો. દુનિયાની ચીજ માટે કષ્ટ આવે તે સહન થાય કે ધર્મ માટે કષ્ટ આવે તે સહન થાય ? જેના પર પ્રેમ હોય તે થપ્પડ મારે તો ય મીઠી લાગે અને જેના પર પ્રેમ નહિ તે બે સારા વચન કહે તો ય કડવા લાગે !

દરેક શક્તિને પોતાની ઇચ્છા મુજબ વર્તવાનો અધિકાર છે, કોઇએ કોઇની આડે ન આવવું, આવી છૂટ જો આપી દેવામાં આવે તો જગતમાં શાંતિ ન રહે. દુનિયામાં

જો મરજી મુજબ ન વર્ત્તાય તેમ ધર્મમાં પણ મરજી મુજબ ન જ વર્તાય. તમારી સમિતિમાં ય જો મરજી મુજબ વર્તે તો તેને કાઢી મૂકો અને અહીં ધર્મમાં ગમે તેમ વર્તે તો ચલાવી લેવો પડે. ભગવાને કહેલ ધર્મમાં દુઃખ વેઠવાનું, સુખ છોડવાનું અને આજ્ઞામાં જીવવાનું પણ ગમે તેમ નહિ વર્તવાનું આ જે વિધાન કર્યા છે તે ખરેખર સારા છે. કરેકને તેની મરજી મુજબ અધિકાર અપાય નહિ. બધાને 'આત્માના અવાજ' કહેનારા મૂરખના શિરોમણિ છે. સ્વાર્થીને આત્માનો અવાજ હોય નહિ. તેને તો સ્વચ્છંદવૃત્તિ જ છે. જો સાચો આત્માનો અવાજ હોત તો કોઇનું પડાવી લેવાની વૃત્તિ જ ન હોત, ચોરજના પણ ન હોત. સ્વચ્છંદપણે જીવવાનો દુનિયામાં પણ અધિકાર નથી. જ્યારથી હિન્દુસ્તાન સ્વચ્છંદી બન્યો ત્યારથી હાલત જૂઓ. આજે જેમ ચાલે છે તેમજ જો ચાલ્યા કરશે તો એવી અરાજકતા વ્યાપશે જેનું વર્ણન ન થાય દુનિયામાં સ્વચ્છંદતા વધવાથી વૈરની પરંપરા વધી છે, સંસારમાં ય મર્યાદા મુજબ જીવે છે તેના ઘર સારા ચાલે છે બાકીના ઘરમાં રોકકળ છે. તો ધર્મ તો મરજી મુજબ જીવાય જ કેમ ? ધર્મમાં સ્વચ્છંદતા ચાલે જ નહિ. ધર્મ પણ ભગવાને કહ્યા મુજબ કરાય પણ આપણી મરજી મુજબ ન જ કરાય.

* લબ્ધિ-પુષ્પ-ગુચ્છ *

પૂ. આ. શ્રી વિ. લબ્ધિ સૂ. મ.
પ્રેષક : પૂ. મુ. શ્રી નેમવિજયજી મ.

લક્ષ્મીનો લોભીયો ઇન્દ્રિયોના સુખની કામનાવાળો, હાટ હવેલીઓને જોયા કરનારો અને મૃત્યુ પછી કયી ગતિ થશે તેની ચિંતા વિનાનો આદમી, શ્રી વીતરાગ પરમાત્માની સ્તુતિ માટે સાચી રીતિ એ પ્રયત્નશીલ બની શકે નહિ એવો આદમી પોતાની લાલચો પૂરી કરવાના ઇરાદાથી શ્રી જિનેશ્વર ભગવંતની સ્તવનામાં પ્રયત્નશીલ બને ખરો, પણ એ લાલચવાળો હોવાથી તેનું મન શુદ્ધ બની શકે જ નહિ. કાયા અને વાણી ઉપર કાબુ રાખવા છતાં પણ મન, લક્ષ્મી આદિમાં રમણ કરતું હોય તો એ સ્તવના પ્રભુજીની કરે તે છતાંય, ખરી રીતિએ તો એ સંસારની જ સ્તવના કરે છે. શ્રી જિનેશ્વર દેવની સ્તવના કરવામાં સારી રીતિએ પ્રયત્નશીલ બનવાને માટે સંસાર પ્રત્યે વિરાગ પ્રગટવો જોઇએ અને 'આત્માને આ ભયંકર એવા ભવસાગરથી તારનાર આ જ પરમાત્મા છે' એમ લાગવું જોઇએ.

❋ નમો તિત્થસ્સ ❋

(ગતાંકથી ચાલુ) —પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

તીર્થંકર મહાજનોની આજ્ઞામાં શ્રી ગણધરો, આચાર્યો વિગેરે મહાજનો તેમના પ્રતિનિધિઓ સમજવા.

તેઓની આજ્ઞામાં અન્ય સાધુ સાધ્વીજી મહાજનો.

તેઓની આજ્ઞામાં સ્થાનિક શ્રાવક મહાજનો અને તેઓની આજ્ઞામાં સ્થાનિક ગામો અને પરદેશના અનુયાયી અને દોરવણી આપનારા નગરશેઠો અને સંઘના અગ્રણીઓ વિગેરે, ચક્રવર્તી રાજા, શરાફો અને સમાજ તથા કુટુંબના અગ્રેસરો વિગેરે.

આ પ્રમાણે ઉપરથી પ્રતિનિધિત્વ ગોઠવાયેલું છે. મહાપુરૂષોએ ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી તેના બીજા જીવોને લાભ આપવા શાસન સ્થાપીને વિનિયોગ કર્યો છે.

તેનો અમલ ધર્મગુરૂ વિગેરે દરેક મહાજન કરાવે છે.

તેમાં નિઃસ્વાર્થભાવે સર્વનું કલ્યાણ સમાયેલું છે. સર્વજ્ઞપણાથી ગોઠવાયેલી એ વ્યવસ્થા જ એવી છે કે તે પ્રમાણે વર્તવાથી બીજા દોષો વચ્ચે વિઘ્ન કરવા છતાં એકંદર સર્વનું હિત જ થાય.

પોતાના એકના જ અંગત સ્વાર્થ માટે જગતની શ્વેત પ્રજાએ આજ્ઞાશાસનની સામે ડેમોક્રેસી—લોકશાસનની વ્યવસ્થા વ્યાપક કરી છે. મોટા અર્થે પોતાનું શિક્ષણ આપી તે તે દેશના લોકોને લોકશાસનની પદ્ધતિનું શાસન ચલાવવા તૈયાર કરાય છે, અને તેવાઓનો ઉપયોગ લોકશાસનને વ્યાપક કરવામાં કરાય છે. જેમ જેમ લોકશાસન વ્યાપક થતું જાય, તેમ તેમ એકંદર પ્રજાને હિત કરનાર આજ્ઞાશાસન ભોખમમાં મૂકાતું જાય, અને પ્રજા નિરાધાર બનતી જાય.

લોકશાસનનું નેતૃત્વ શ્વેત આગેવાનોના હાથમાં હોવાથી, આજ્ઞાશાસન તૂટી પડતાં તમામ માનવોના તમામ પ્રકારના જીવન તત્વો ઉપર સંપૂર્ણ રીતે શ્વેત પ્રજાજનોનો કાબુ, સત્તા, માલિકી, અધિકાર સ્થાપિત થઇ જાય.

અને સૂક્ષ્મ રહસ્ય એ છે કે આજ્ઞાશાસન ઉડાડી દેવા માટે લોકશાસન સ્થાપવામાં આવ્યું છે.

આજ્ઞાપ્રધાન વ્યવસ્થામાં યોગ્યતા પ્રમાણે ઘટતી રીતે સૌનું કલ્યાણ ગોઠવાયેલું છે. ત્યારે લોકશાસન વ્યવસ્થા માત્ર કામચલાઉ અને દેખાવ પૂરતી છે. તેમાં બીજી અનેક પ્રજાઓના અકલ્યાણ સાથે પરિણામે એક જ પ્રજાનો સ્વાર્થ ગોઠવાયેલો છે.

આ ઉપરથી શાસન એટલે બંધારણીય વ્યવસ્થા તંત્ર એ મુખ્ય અર્થ નક્કી થાય છે.

બીજા શાસનો : રાજ્યશાસનો, આર્થિક શાસનો, સામાજિક શાસનો અને સંપૂર્ણ માનવી પ્રજાનો પણ આજ્ઞા ઉપર નિર્ભર હોવાથી તેઓના સંચાલકોને બસેડીને લોકશાસનને નામે બહારનું શાસન પ્રવેશાવામાં આવે છે.

ધર્મગુરૂઓ, મહાજનો, રાજાઓ, સામાજિક આગેવાનો, કુટુંબના આગેવાનો વિગેરે આજ્ઞાપ્રધાન બંધારણનો અમલ કરનારાઓને દૂર કરવા માટે વ્યક્તિવાર મતાધિકાર આપવામાં આવ્યો છે. ચૂંટણી, મતાધિકાર, ડેમોક્રેસી વિગેરે જાળ માત્ર છે. મતાધિકાર દ્વારા સાંસ્કૃતિક આગેવાનોની જગ્યાએ લોકશાસન અને તેના સંચાલકોને ગોઠવવાની યુક્તિ છે.

માટે આજ્ઞાશાસનને ચુસ્તપણે વળગી રહેવામાં જ પ્રજાનું શ્રેય છે.

સંસ્થા અને બંધારણ : કોઈ પણ કાર્ય સંસ્થા વિના સ્થાયિ અમલમાં લાવી ન શકાય અને બંધારણ વિના સંસ્થા સંભવે નહીં. કેમકે સંચાલકો બંધારણ વિના સંસ્થા ચલાવે શી રીતે ?

વ્યક્તિ સાથે બીજી વ્યક્તિ કોઈપણ એક ઉદ્દેશથી જોડાય કે તુરંત સંસ્થા ઉત્પન્ન થઈ જાય છે. ગુરૂ અને શિષ્ય, રાજા અને મંત્રી, પિતા અને પુત્ર, પુરૂષ અને સ્ત્રી, ધની અને ધનાપેક્ષી વિગેરે વિગેરેથી અનેક સંસ્થાઓ જન્મ પામે છે. કોઈ વાર એક વ્યક્તિથી પણ સંસ્થા ચાલે છે. દુકાનદાર એક હોય તો પણ સંસ્થા ચાલે છે. પરંતુ દરેકમાં પાંચ અંગ તો હોય જ છે. જેમકે દુકાનમાં ૧. દુકાન સંસ્થા, ૨. કમાણી કરવાનો ઉદ્દેશ, ૩. સંચાલક દુકાનદાર, ૪. માલ ખરીદી, વેચાણ, નાણાંની લેવડ દેવડ. તોલ વિગેરે નિયમો અને ૫. મૂડી. એમ પાંચ અંગ વિના ઉદ્દેશની સફળતા ન જ થાય.

બંધારણના કેટલાંક તત્ત્વો કુદરતને આધીન હોય છે, કેટલાક સંચાલકો માટેના હોય છે. કેટલાક ઉદ્દેશ અને પરિણામ સાથે સંબંધ રાખતા હોય છે. કેટલાક પ્રચારક નિયમો હોય છે. કેટલાક રક્ષક ને વિઘ્નોથી બચવા માટેના હોય છે. કેટલાક બીજાને લાભ આપવાના, બીજા સાથે સંબંધ બાંધવાને લગતા હોય છે. કેટલાક મૂડી અને મિલકતોના રક્ષણ વહીવટ, સંચાલન, વૃદ્ધિ વિગેરેને લગતા નિયમો હોય છે.

લગભગ નિયમો નીચે પ્રમાણેની બાબતોને લગતા હોય છે.

ઉદ્દેશ, સાધ્ય, હેતુ, પરિણામ, પ્રયોજન, પ્રચારકો, આંતરિક વહીવટ, બહારનો વહીવટ, સત્તાધીશો, અધિકારીઓ, કર્મચારીઓ, સહાયકો, સંસ્થાના ઉત્પાદકો, સ્થાપનના

સ્થળકાળ, સત્તાઓની મર્યાદાઓ, અધિકારીઓની ફરજો, કાયમી નિયમો, કામચલાઉ નિયમો, સ્થાવર જંગમ મિલકતો, સબંધો, પ્રતિનિધિત્વ, પ્રવેશક નિયમો બહિષ્કારના નિયમો, શિસ્તભંગની શિક્ષાના નિયમો, બીજી સંસ્થાઓ સાથેના સંબંધત્વ નિયમો, તેનાથી જુદા પડવાના નિયમો, અપવાદ નિયમો, વિધિ નિયમો વિગેરે વિગેરે સંખ્યાબંધ નિયમોનો સંસ્થા અને તેના બંધારણ સાથે અનિવાર્ય સંબંધ હોય છે. આ કારણે તેનું એક વિશાળ સાહિત્ય બની શકે છે.

આથી સમજી શકાશે કે દ્વાદશાંગી ઘણું જ વિશાળ શાસ્ત્ર છે.

શ્રી વ્યવહાર સૂત્રમાં પાંચ વ્યવહાર, વ્યવહાર્ય, અને વ્યવહાર કરનાર વિષે વિસ્તારથી સમજાવ્યું છે. પાંચ પ્રકારના બંધારણો, નિયમો, પેટા નિયમો વિગેરેથી ભરપૂર વ્યવસ્થિત બંધારણ અને જૈન કાયદા તથા કાયદાશાસ્ત્ર હોય તેમ જણાઇ આવે છે.

[જૈ. શા. સંસ્થા]

શાસન સમાચાર

સારંગપુર તળીયાની પોળ (અમદાવાદ) મધ્યે વડી દીક્ષા

પરમ પૂ. ગચ્છાધિપતિ આ. ભ. પૂ. મહોદયસૂરીશ્વરજી મ. સા. ની આજ્ઞાથી, ધર્મતીર્થ પ્રભાવક પૂ. આ. ભ. વિજય મિત્રાનંદ સૂ. મ. સા. ની શુભ નિશ્રામાં મહા સુદ ૧૦ રવિવાર તા. ૧૬–૨–૯૭ના (સંસારી નામ આણંદજી રણશી માડુ મુલુંડવાળા) મુનિરાજ અજીતવિજય મ. સા.ની વડી દીક્ષા સકળ સંઘ સમક્ષ થયેલ.

તે પરમ પૂ. આગમપ્રજ્ઞ સ્વ. આ. ભ. જંબૂસૂરીશ્વરજી મ. સા.ના તપસ્વી શિષ્ય રત્ન પૂ. મુનિરાજ શ્રી મનોગુપ્તવિજયજી મ. સા.ના શિષ્ય તરીકે અજીતગુપ્તવિજયજી મ. નામે જાહેર કરાયા છે. પૂ. આ. ભ.ને નવા મુનિરાજના કુટુંબીઓએ કામળી વહોરાવેલ, સંઘપૂજન રૂા. ૭ નું થયેલ.

લાટારા (જી. પાલી) અત્રે પૂ. આ. શ્રી વિજય સુશીલસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પૂ. ઉ. શ્રી જિનોત્તમવિજયજી મ. ને વૈશાખ સુદ ૬ તા. ૧૨–૫–૯૭ ના આચાર્યપદથી અલંકૃત કરાશે. તે પ્રસંગે ૩૬ છોડનું ઉજમણું અને મહાપૂજનો ભવ્ય રથયાત્રા વિ. કાર્યક્રમ અને શોભા અનુકંપા જીવદયાના કાર્યો યોજાયા છે.

॥ આચાર્ય શ્રી રત્નપ્રભસૂરીશ્વરાય નમઃ ॥

卐 શ્રી ઓસવંશ કેા સિલેાકેા 卐

[ગતાંકથી ચાલુ] [રચયિતા–મુનિ શ્રી જ્ઞાનસુંદર]

જીવિત દાન તેા પુત્ર કેા દીન્હે ।
કરી દયા ને ઇતનો યશ લીન્હે ।
શ્રાવક આપકે હુએ છે આગે ।
મેં પણ શ્રાવક ર ઉન્હેાં કે સાગે ।૧૨૯।
યેાગ બલ સે બાંભણ જીવાયે ।
સહસ્ર અઠારહ શ્રાવક બનાયે ।
કહવત થી વૈર બાંમણ યતિ કે ।
જૂઠી ઠહરાઈ ર સૂરીશ્વર કરકે ।૧૩૦।
રાજા ને પાર્શ્વ મંદિર બનાયેા ।
પહાડી ઉપર તેા શેાભે સવાયેા ।
બહારે તેા મંદિર સચ્ચાયા કેરેા ।
પ્રતિષ્ઠા ઠાઠ ર મચાયેા ગહરેા ।૧૩૧।
રાજા ઉપલદેં શાસન કેા રાગી ।
સબ નિકાલે યાત્રા લય લાગી ।
લાખેાં નર નારી સૂરિજી સાથે ।
મુદ્રા પેહરામણી ર દીની નિજ હાથે ।૧૩૨।
રત્નપ્રભસૂરિ મેાટા ઉપકારી ।
દીક્ષા તેા લીની બહુલા નરનારી ।
ચૌદહ લાખ ઘર શ્રાવક બનાયા ।
જૈન ધર્મ કેા ર ખૂબ દીપાયા ।૧૩૩।
સહસ્ર ધર્મી કેા ધર્મ સુનાવે ।
કેાઈ નયા એેક જૈન બનાવે ।
લાભ અનંત ગુણેા ઇસમેં બતાવે ।
મહાજન વંશ કેા ર પાર કેાણ પાવે ।૧૩૪।
કામ સૂરીશ્વર કીનેા હૈ જબ્બર ।
જૈન ધર્મ કેા બનાયેા અમર ।

નામ ચેારાસી ચેાર્યાસેા તાઈ ।
પરંપરા સે ર એેસી સુનાઈ ।૧૩૫।
યક્ષ સૂરિ કેા પટ્ટધર બનાવે ।
ગચ્છ કા ભાર ઉનકેા સંભલાવે ।
આયુષ્ય ચૌરાસી વર્ષો કેા પૂરેા ।
અંતે સિદ્ધગિરિ ર આથમિયેા સૂરા ।૧૩૬।
રત્નપ્રભસૂરિ સ્વર્ગ સિધાયા ।
સંઘ મેં શેાક કે બાદલ છાયા ।
સ્તૂપ બનાયા સ્મૃતિ કારણ ।
સંવત ચૌરાસી ર માઘ હૈ પૂરણ ।૧૩૭।
અહા–હા ઉપકાર ગુરુ કા ભારી ।
ભવજલ ડુબતી નાવ કેા તારી ।
ઓસવંસ કે અદ્ય હૈ સ્થાપક ।
મરુધર મિથ્યાત્વ ર મૂલ ઉત્થાપક ।૧૩૮।
શ્રી શ્રીમાલ ને પેારવાલ સાર ।
ઓસવાલ થે તીનેાં ગુણકાર ।
પ્રાતઃ ઉઠી ને ગુરુ પૂજીજે ।
ઉપકાર ઉનકા ર સ્મરણ કીજે ।૧૩૯।
ગુણી જનેાં કા ગુણ કેાઇ ગાવે ।
ગેાત તીરથંકર સહજ મેં પાવે ।
સુખ સમ્પત તેા ઘર આવે દેાડી ।
કુમતિ તેા જાવે ર મુંહને મેાડી ।૧૪૦।
ભૂલે ઉપકાર કૃતઘ્ની ભાવે ।
કરણી તેા સારી નિષ્ફલ જાવે ।
પાપેા મેં મેાટેા કૃતઘ્ની પાપ ।
ઇણભવ દુઃખ ને ર પરભવ સંતાપ ।૧૪૦।

ઐસોં જાણી ને મન મેં વિચારો ।
સૂરિજી કીનો કિતનો ઉપકારો ।
કુવ્યસન છોડાઇ ધર્મ સેં લાયા ।
પરમ્પરાસે ૨ ચલતા હમ આયા ।૧૪૧।
હમ પર ઉપકાર હુઆ અતિભારી ।
ભવ ભવ મેં સેવા ગુરુજી તુમારી ।
દાસકી અર્જ ચિત મેં ધારો ।
ઈતનાં મેં ભલો ૨ હો જાસી મ્હારો ।૧૪૩।
ભક્તિ બસ સે સિલોકો ગાયો ।
પાપ મેવાસી થર થર કમ્પાયો ।
વાચો ભણે ને ગુરુ ગુણ ગાવો ।
ભવ ભવ જૈન ૨ ધર્મ કો પાવો ।૧૪૪।
સંવત ઉન્નિસો સાલ નિન્નાણુ ।
પૂર્ણ ભાદ્રવા માસ વખાણુ ।
વાર ગુરુ ને તિથિલિયે વાસો ।
ગુરુ દર્શન કી ૨ લાગી હૈ પ્યાસો ।૧૪૫।
ૐ નમઃ શ્રી રત્નપ્રભસૂરિ ।
જગ મેં પામોલા કીરતિ ભૂરિ ।
દ્રવ્ય ભાવ સે લક્ષ્મી ને પાવો ।
ૐ શાંતી તો ૨ અંત મેં ગાવો ।૧૪૬।

—o—

હમ સબ મૂર્તિ પૂજક એવં ।
ચાર થુઇ કે વ તપાગચ્છ કે હૈ ।।

પ. પૂ. આ. શ્રી રત્નપ્રભસૂરિજી મ. ને વીર સં. ૭૦ મે મહાજન જૈન સંઘ કી સ્થાપના કી ઉસ મહાજન સંઘ કે કઈ ગોત્ર હુએ । જિનમેં મુખ્ય ગોત્રોં કે નામ

(૧) શ્રી શ્રીમાલ
(૨) સંચેતી
(૩) તાતેડ
(૪) પારખ ગાદિયા સાથસુખા
(૫) બલાહ,રાંકા,સેઠ
(૬) શ્રેષ્ઠિ,વૈદ્ય-મેંહતા
(૭) કુલહટ
(૮) કુમટ
(૯) ડિડૂ
(૧૦) કનોજિયા
(૧૧) કર્ણાવટ
(૧૨) લઘુશ્રેષ્ઠિ
(૧૩) મોરખ, પોકરન
(૧૪) ચિંચટ, દેસરડા
(૧૫) આદિત્યનાગ, ચોરડિયા
(૧૬) બાકના, નાહટા જાંઘડાદિ
(૧૭) વીરહટ, ભૂરંટ
(૧૮) ભૂરિ-ભટેવરા

ઇન મૂલ ગોત્રોં કી શાખા-પ્રતિશાખા ૩૫ સૈંકડોં જાતિયાં બન ગઇ થીં ।


ઇસકે બાદ સર્વજ્ઞ આ.ભ. શ્રી હેમચંદ્ર સૂ. મ. ને વિ. સં. ૧૨૦૫ મેં પંવાર રાજપૂત નગદેવ કો જૈની બનાયા । નગદેવ કા પુત્ર સૂરાજી કે વંશજ સુરાણા કહલાયે । ઇસી પ્રકાર ચતરમુથા, દેશલહરા, વોહરા ભી ઇન્હી પૂજ્ય આચાર્યદેવને બનાયા દેખો જૈન સંપ્રદાય શિક્ષા પેજ ૬૨૧, ૬૪૧, ૬૪૪૭.

— વિચાર ચરણ —

'હૃદય કંગાલ ને રોતી સૂરત
ધનવાન જોયા છે,'
'ઘણાંયે સંતાતા કપડામહિ,
શયતાન જોયા છે'
'જગત આખું નથી પાજી,
ઘણા ઇન્સાન જોયા છે.'
'જિનેન્દ્ર'ની ભાવભીની આંખમાં,
ભગવાન જોયા છે.'

—શ્રી નૃસિંહ પ્રસાદ-રાજકોટ

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- સાધુઓનું કામ તો જનતાને આશ્રવથી છોડાવી સંવરની ક્રિયામાં જોડવાનું છે, પણ સંવરની ક્રિયામાંથી છોડાવી આશ્રવની ક્રિયામાં જોડવાનું નથી.
- 'પોતાના સ્વરૂપને ભૂલી વિષયાસક્તિમાં પડેલા લોકો જેવો માગે તેવો ઉપદેશ આપવો' એ તો માર્ગ ભ્રષ્ટતાની પરાકાષ્ઠા જ ગણાય.
- બાળ દીક્ષા એ જૈન શાસનની સાથે જ જન્મેલી છે અને સાથે જ રહેવાની છે, એટલે કે- જૈન શાસનની હયાતિમાં તેની હયાતિ છે જ ! કારણ કે- જે આત્માઓ વિષય-કષાયથી ખરડાયા નથી, એ આત્મામાં શાસ્ત્ર વધુ યોગ્યતા માને છે.
- સજ્જન જાણે બધું જ પણ આચરે યોગ્ય જ, જ્યારે દુર્જન જાણે બધું પણ અમલ અયોગ્યનો જ કરે. સજ્જન અને દુર્જનમાં આ અંતર છે.
- ત્યાગ વિના સમ્યગ્દર્શન સમજાવનારા મિથ્યાદૃષ્ટિ છે. ત્યાગ વિના સમ્યગ્જ્ઞાન સમજાવનારા અજ્ઞાની છે. અને ત્યાગ વિના સમ્યક્‌ચારિત્ર સમજાવનારા પ્રપંચી મો છે.
- માર્ગની રક્ષા વિના નથી સ્વનો ઉપકાર થતો કે નથી પરનો ઉપકાર થતો જેને પરોપકાર કરવાની ભાવના હોય તેણે પોતાનો ઉપકાર ભૂલવો જોઇએ નહિ. જે આત્મા પોતાના ઉપકારને ભૂલે છે તે પારકાના ઉપકારને ભૂલે જ છે.
- જે સમુદાય શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા મુજબ નહિ વર્તતાં પોતાની મરજી મુજબ વર્તે એ સંઘ ન કહેવાય અને આજ્ઞાનો વિરોધ કરે એ તો સર્પ કરતાં પણ વધુ ભયંકર કહેવાય.
- તમે બધા ચુનંદા સૈનિકો બનો ? ચુનંદા એટલે દંડ વાપરનારા નહિ હોં ! ચુનંદા એટલે શાસ્ત્રની માન્યતામાં એકતાન ! શાસ્ત્રનું કવચ ધારણ કરનાર ! વાણી પર અંકુશ રાખનાર ! અને સત્ય પ્રકાશનમાં જરા પણ આંચકો નહિ આનાર
- આજ્ઞાપાલક થોડા પણ સારા અને આજ્ઞાની સામે થનારા ઘણા પણ ભયંકર છે, માટે સંખ્યાનો હાઉ ધરીને આજ્ઞારૂચિને ઉડાડવી એ કોઇપણ રીતે યોગ્ય નથી.

જૈન શાસન અઠવાડિક મલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાણાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૯	૩૫

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

—: મણકો :—

सर्वज्ञोक्तोपदेशेन,
यः सत्त्वानामनुग्रहम् ।
करोति दुःखतप्तानां,
न प्राप्नोत्यचिराच्छिवम् ।।

શ્રી સર્વજ્ઞ ભગવંતોની આજ્ઞા મુજબ ઉપદેશના દાન વડે, જે દુઃખથી તૃપ્ત એવા પ્રાણિઓના અનુગ્રહને કરે છે તે અલ્પ સમયમાં જ મોક્ષને પામે છે.

卐

卐 જ્ઞાન ગુણ ગંગા 卐

—· પ્રજ્ઞાંગ

૦ જીવોના ૫૬૩ જે ભેદો છે તેમાં કયા કયા ક્ષેત્રમાં કેટલા ભેદો હોય તે અંગે.

૧ ભરતક્ષેત્રમાં ૫૧ ભેદ – ૪૮ તિર્યંચના તથા ૩ મનુષ્યના તે આ રીતે ભરતક્ષેત્ર રૂપ કર્મભૂમિના અપર્યાપ્ત, પર્યાપ્ત અને સંમૂર્ચ્છિમ મનુષ્યો કુલ મલી ૫૧ થાય.

૨. જંબૂદ્વીપમાં ૭૫ જીવ ભેદ મળે તે આ રીતે, ૪૮–તિર્યંચના ૨૭–મનુષ્યના તે આ રીતે : ભરત, ઐરાવત, મહાવિદેહ, હેમવંત, હિરણ્યવંત, હરિવર્ષક્ષેત્ર રમ્યક્ષેત્ર, દેવકુરુ અને ઉત્તરકુરુ એ નવ ક્ષેત્રના પર્યાપ્ત, અપર્યાપ્ત અને સંમૂર્ચ્છિમ એ ત્રણ મનુષ્યના ભેદ ગણતાં ૯×૩=૨૭ થાય.

૩. લવણ સમુદ્રમાં જીવના ૨૧૬ ભેદ મળે, ૪૮-તિર્યંચના ૧૬૮–મનુષ્યના તે આ રીતે ૫૬ અંતરદ્વીપના મનુષ્યોના પર્યાપ્ત, અપર્યાપ્ત અને સંમૂર્ચ્છિમ ત્રણ ગુણા કરતાં ૫૬×૩ = ૧૬૮ થાય.

૪. ધાતકીખંડમાં જીવના ૧૦૨ ભેદ મળે તે આ રીતે, ૪૮-તિર્યંચના ૫૪–મનુષ્યના. તે આ રીતે ૨–ભરત, ૨–ઐરાવત, ૨–મહાવિદેહ, ૨–હેમવંત, ૨-હિરણ્યવંત, ૨–હરિ વર્ષ, ૨-રમ્યક, ૨-દેવગુરુ અને ૨-ઉત્તરકુરુ એ ૧૮ મનુષ્યના પર્યાપ્ત, અપર્યાપ્ત અને સંમૂર્ચ્છિમ તે ત્રણ ગુણા કરતાં ૧૮×૩ = ૫૪ થાય.

૫. કાલોદધિ સમુદ્રમાં જીવના ૪૮ ભેદ મળે, તે માત્ર તિર્યંચના ૪૮ ભેદ જાણવા.

૬. અર્ધપુષ્કરાવર્ત દ્વીપમાં જીવના ૧૦૨ ભેદ મળે જે ધાતકીખંડ સમાન જાણવા.

૭. અઢીદ્વીપમાં જીવના ૩૫૧ ભેદ મળે, તે આ રીતે, ૪૮-તિર્યંચના ૩૦૩–મનુષ્યના તે આ રીતે. ૧૦૧-પર્યાપ્ત મનુષ્ય ૧૦૧-અપર્યાપ્ત મનુષ્ય ૧૦૧-સંમૂર્ચ્છિમ.

૮. અઢી દ્વીપની બહાર જીવના ૧૧૮ ભેદ મળે તે આ રીતે, ૪૬-તિર્યંચના બાદર પર્યાપ્ત તેઉકાય. બાદર અપર્યાપ્ત તેઉકાયને છોડીને

૭૨-દેવના. તે આ રીતના.

૧૬ વાણવ્યંતર, ૧૦ તિર્યંભક જૃંભક ૧૦ જ્યોતિષી એ કુલ ૩૬ દેવના પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી ૩૬×૨ = ૭૨.

(જુઓ ટાઈટલ ૩ જું)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંત્રીઓ
પ્રેમચંદ મેલાજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (પાલીતાણા)
પ્યારાચંદ પદમશી ગુઢકા (પાલનપુર)

વર્ષ : ૯] ૨૦૫૩ ચૈત્ર વદ-૭ મંગળવાર તા.૨૯-૪-૯૭ [અંક : ૩૫

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૮ શનિવાર તા. ૧૮-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ -અવ૦)

(પ્રકરણ ૧૬ મું ચાલુ)

સભા૦ : ધર્મનો પ્રભાવ છે.

ઉ૦ માનો છો ? ખરેખર ધર્મનો પ્રભાવ માનતા હો તો કેટલી વાર ધર્મ યાદ આવે ? ધર્મી કહેવાતો જીવ પાપ મજેથી કરે ? આજે મોટોભાગ અનીતિ કરે છે તો અનીતિ કરે તેનું દુઃખ કેટલાને છે ? અનીતિ કરો ત્યારે મનમાં એમ પણ થાય કે- 'મારા જેવો ધર્મી કહેવાતો આવા પાપ મજેથી કરે તો મને પાપની સજા નહિ થાય ?'

આજના શ્રીમંતનાં વખાણ કરો તો તે રાજી થાય છે પણ કોઇ શ્રીમંત એમ કહેનાર મળે કે-'સાહેબ ! મારી આ શ્રીમંતાઇનાં વખાણ ન કરો. આ શ્રીમંતાઇ તો દુર્ગતિમાં લઇ જનારી છે. તે મેળવવા માટે શું શું કર્યું છે અને તેનું રક્ષણ કરવા શું કરી રહ્યો છું તેનું વર્ણન થાય તેમ નથી. તેના વિના બીજી ચિંતા કરતો નથી. હું તો મુંઝાયેલો છું મને આટલા પૈસા ન મળ્યા હોત તો સારું થાત ! પૈસાના ઘમંડમાં હું બીજાઓને હેરાન કરું છું. બીજાઓ ઉપર સત્તા ચલાવું છું મારી ભૂલ કોઇ કહી શકે નહિ. સારાઓને પણ હું ખોટા કહું છું.' માણસ પોતે કેમ જીવે છે તેની પોતાને તો ખબર હોય ને ? આપણે સારા ન હોઇએ છતાંય બીજા આપણને

સારા કહે તો તેથી આપણી સદ્ગતિ થાય ખરી ? સારા કહેવરાવી ખોટાં કામ કરે તો દુર્ગતિમાં જવું પડે તે શ્રદ્ધા છે ?

આજે મોટે ભાગે ભૂલ કહેનાર કોઇને ગમતા નથી, વખાણ કરનારા ગમે છે. તમે હજી બીજાની ભૂલ કહેો પણ પોતાની ભૂલ જૂઓ ખરા ? કોઈ ભૂલ બતાવે તો કબૂલ કરો ? પોતે ભૂલ કરે તેની પોતાને ખબર હોય છે ને ?' 'હું આ કરું તે ખોટું કરું છું" તેવું ભૂલ કરનારને દુઃખ પણ થાય ખરું ? આવી ચિંતા જે ન કરે તે આસ્તિક પણ નથી. અસલમાં તો તે ભગવાનને પણ માનતો નથી, તે તો માત્ર સંસારના સુખનો જ ભુખ્યો છે. અને તે સુખ ભગવાનની સેવાથી મળે છે માટે ભગવાનને માને છે. જે જીવ સ્વાર્થી હોય તે બીજો જીવ ખરાબ હોય પણ તેનાથી પોતાનું કામ થતું હોય તો તેને પણ સારો કહે છે ! આપણે કેવા છીએ ? સારા કહેવરાવી ખોટા કામ કરે તે મહાનાસ્તિક કહેવાય ! આજે શાહુકારના વેષમાં ઠગ ઘણા છે. ઘણા મોટા માણસો સારી નામનાના બળે ઘણાં પાપ કરે છે.

સભા૦ : નામનાના બળે કઇ રીતે પાપ કરે છે ?

૭૦ : આજે આનો તમને અનુભવ નથી ! એક માણસે સારી નામના મેળવી પછી લોક તેને ખોટો કહે નહિ. કોઇ ખોટો કહે તો ય માને નહિ. તો જ માણસ ખોટું કામ કરે તો કેવો કહેવાય ? આજે શેઠ કહેવરાવનારા, સારા માણસ તરીકે ઓળખાતા અનીતિ આદિ મર્યાદથી કરે છે ને ? ઘણા તો ધર્મના ઓઠે પાપ કરે છે અને કેટલાક તો પાપ કરવા માટે ધર્મી તરીકેની છાપ પાડે છે.

એકલા પ્રત્યક્ષને જૂએ, તાત્કાલિક સુખને જૂએ પરિણામનો વિચાર ન કરે તે બધા નાસ્તિક છે. ભગવાનની પૂજા કરતા હોય તો પણ. તમે બધા પૂજા શા માટે કરો છો ? તમારે ભગવાન થવું છે ને ? શ્રી અરિહંત પરમાત્મા એ વિચરતા ભગવાન છે અને શ્રી સિદ્ધ પરમાત્મા એ મોક્ષે ગયેલા ભગવાન છે, આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ થયા અને એક એક શ્રી અરિહંત પરમાત્માના શાસનમાં સંખ્યાતા, અસંખ્યાતા આત્માઓ મોક્ષે ગયા. રોજ 'નમો અરિહંતાણં' અને 'નમો સિદ્ધાણં' એ બે પદ બોલી નમસ્કાર કરનારા તમને થાય છે કે–'આટલા શ્રી અરિહંત પરમાત્માઓ થયા, આટલા શ્રી સિદ્ધ પરમાત્માઓ થયા છતાં ય મારો નંબર કેમ ન લાગ્યો ? શું મને શ્રી અરિહંત પરમાત્મા નહિ મળ્યા હોય ? મેં ધર્મ નહિ કર્યો હોય ?' આમ આત્માને પૂછતા થાવ. આજે પણ ધર્મ કરો છો તો ધર્મ કરીને ય

તમારે શું જોઈએ છે ? સાધુ પાસે શા માટે જાવ છો ? દર્શન પૂજનાદિ પણ શા માટે કરો છો ? વ્યાખ્યાન કેમ સાંભળો છો ? 'સમજુ કહેવરાવી ખોટું કરીશ તો તેની સજા મારે જ ભોગવવી પડશે ભલે કોઈ નહિ જાણતું હોય તો પણ' આવી શ્રદ્ધા પણ છે ખરી ? દોષ તમને સારા કહેતા હોય છતાં પણ જુઠું બોલો ને ? આજે તો ઉપરથી કહે છે કે- સરકારની ચોરી તો કર્યા વિના ચાલે જ નહિ. તેવા લોકોને મેં કહ્યું છે કે-'તમે બધા સરકારને લખી મોકલો કે, તમારો આ કાયદો અમે પાળવાના નથી, તમારે અત્યારે પકડવો હોય તો અત્યારના પકડીને લઇ જાવ.' પણ કોઇ આવું લખવા તૈયાર નથી તો તે બધાને આસ્તિક કહેવાય ? ગુનો કરો અને અહીં કદાચ ન પણ પકડાવ તો ય શું કર્મસત્તા સજા નહિ કરે ? ભગવાન તેનો પક્ષપાત કરે ? તેવાઓને બચાવવાનો અમે પણ જે કાંઈ કરીએ તો અમારે આ સાધુપણું મૂકી દેવું પડે !

અનીતિ તે અર્થદંડમાં ન આવે ? વેપાર-ધંધાદિ કરવા પડે તે અર્થદંડ કહેવાય. વગર કારણે જરૂર વિના કરે તો અનર્થદંડ કહેવાય જેની પાસે ખાવા-પીવાદિ આજીવિકાનું સાધન હોય તે છતાં વેપારાદિ કેમ કરે છે ? વગર કારણે વેપારાદિ કરે છે તે બધા ઘણું ખોટું કરી રહ્યા છે તે સમજાય છે ? આજનો મોટોભાગ કહે છે કે- અમે અનીતિ-અન્યાયાદિ ન કરીએ તો કુટુંબનું કે જાતનું ભરણપોષણ કરી શકીએ નહિ, જીવી શકીએ નહિ. આ વાત સાચી માનું ?

સભા : 'રાજદંડ નિપજે તે ચોરી' અવું પૂજામાં આવે છે. જ્યારે આપ તો અનીતિની વ્યાખ્યા કરો છો કે- માલિકનો, મિત્રનો, સ્વજનનો કે જે કોઇ ભલો આદમી વિશ્વાસ મૂકે તેનો દ્રોહ કરવો તે અનીતિ. તો રાજદંડને બાજુએ રાખી, બાકીની બાબતમાં અનીતિ ન કરે તો તેને કેવો કહેવાય ?

ઉ૦ તેને ગુનેગાર જ કહેવાય ! આજે તમારો ભાગીદાર તમારા ઉપર વિશ્વાસ મૂકે તો મોટાભાગે મારો જ જાય. જેનો ભાગીદાર જાગૃત ન હોય અને મૂરખો હોય તો તેને પૂરો ભાગ આપો ખરા ? તેવાનો વિશ્વાસઘાત ન કરતા હોય તેવા કેટલા મળે ?

' જે પોતાના માલિકને, મિત્રને, સ્વજનને કે જે કોઇ વિશ્વાસ મૂકે તેને ઠગે નહિ તેવાને સારો કહેવો છે. તમારો માલિક તમારી ઉપર વિશ્વાસ રાખે તો તમે તેની પેઢી બરાબર ચલાવો ? આગળ મુનીમને પેઢી સોંપી શેઠીયાઓ નચિંત રહેતા હતા તો આજે આવા વિશ્વાસુ નોકર કેટલા મળે ? તમારા નોકરને તમારી પેઢી સોંપી તમે સુખશાંતિ ખરા ?

(ક્રમશઃ)

પરમ પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના

* પુણ્ય પ્રવચનો નો સારાંશ *

ધર્મ ધ્યાનમાં લીન બનવા પ્રભુ શક્તિ આપજો,
મુક્તિ તણે માર્ગે જવા રસ્તો આપ બતાવજો,
રહે સ્મરણ સદાયે મનમાં શુદ્ધ સંવર ભાવનું,
બાહ્યના વિચારો કાઢવા મનમાં બુદ્ધિ આપજો.

માટે જ કરવા ધર્મધ્યાન અપધ્યાન દૂર કરવું પડે,
શણગારવા ઘર સુંદર કચરો બધો કાઢવો પડે,
આપણા લોકોત્તર શાસનમાં ગુણ પ્રધાનતા તેથી કહી,
યોગ્યતા આવે છે ગુણથી ઢંભ દૂર કરવો પડે.

ધર્મની યોગ્યતા પામવા હંમેશા મહેનત હું કરું,
ગુણ નથી તો ગુણ લાવવા ગુણવાનને પ્રણામ કરું,
સમજ નથી તે લાવવા જ્ઞાની ગુરૂનો ગમ કરું,
પણ ગુણઠાણું પહેલે રહી ચોથાનો ઢંભ તો ના જ કરું.

શ્રદ્ધા છે એવી કે ક્રમે ક્રમે ધર્મમાં જીવ યોગ્યતા પામશે,
હૈયામાં સ્થિર કરી અરિહંતને ઉચ્ચભાવ પ્રગટાવશે,
ભાવે ભાવના ભાવીને શરીર જે કોઇ ક્રિયા કરે,
તે જ મોક્ષમાં લઇ જશે, યા મોક્ષને યોગ્ય બનાવશે.

ક્રિયા આજે થાય છે ભાવશૂન્ય દિશાવીહીન,
દેખા દેખીને ઇર્ષાખોરી નરકાદિમાં લઇ જશે,
બાહ્ય વિધિપૂર્વકની ક્રિયા પણ જો ઉચ્ચભાવ લાવે નહિ,
તો કુહેતુ કે સમજ અધુરી દુર્ગતિમાં લઇ જશે.

સમજ્યા પછી ક્રિયા કરે તો જ ઉચ્ચભાવ આવશે,
નહિ તો ફકત દ્રવ્યક્રિયા મુગ્ધ બાળની થઇ જશે,
મંદિરમાં જવું નહિ બાહ્યતા કાઢયા વિના,
નહિ તો કદર્શન-પૂજન પણ દુર્ગતિમાં લઇ જશે.

卐

[૧] તમારે મોક્ષમાં જવું છે?

—પૂ મુનિરાજ શ્રી મોક્ષરતિવિજયજી મ.

'મારે મોક્ષમાં જ જવું છે અને તે પણ અબીહાલ, અત્યારે ને અત્યારે જવું છે.' આવો જ કોઈક પુકાર શાલિભદ્રના અંતરમાંથી પ્રગટયો હશે. નહીંતર દિવ્ય વસ્ત્રાલંકારો અને દિવ્ય ભોજનસામગ્રીના અતિદુર્લભ ભોગોપભોગને ભરજુવાનીમાં એ શી રીતે તરછોડી શકે? બત્રીસ બત્રીસ રૂપ–રમણીઓનો સુંવાળો સંગાથ એકઠમ એ શી રીતે છોડી શકે? ફૂલની શય્યા પણ જેને ખૂંચે એવી પોતાની કમલકોમલ કાયાને એ ધગધગતી શૈલશિલા પર મજેથી શી રીતે સુવડાવી શકે?

ચોકસ, જલદીથી જલદી મોક્ષને પામવાની અધીરતા જન્મે પછી આ બધું સાવ સહજ બની જાય છે. પરંતુ સવાલાખનો સવાલ છે તાલાવેલીનો! પછી તો મુક્તિદાયક સામગ્રીઓ, સત્ત્વશીલતા સમેત, તેની પાસે સ્વયંવરા બનીને આવે છે. મોક્ષમાં તાત્કાલિક પહોંચી જવાની ઝંખના જેના જેના અંતરમાં જાગી ઊઠે છે, એને સ્વર્ગીયસૌન્દર્યભરી આઠ આઠ સુશીલ સુંદરીઓ, નવ્વાણું કરોડ નગદ સોનૈયા, મગધનું સુવિશાલ સિંહાસન કે છ ખંડના અખંડ સામ્રાજ્યના સ્વામીપણાને સૂચવતો શિરતાજ: કઈ કરતાં કંઈ જ: નથી આકર્ષી શકતું, નથી આંજી શકતું, નથી લોભાવી શકતું કે નથી લલચાવી શકતું.

હા, એ મોક્ષાભિલાષામાં તારતમ્ય, એટલે કે ઓછાવધતાપણું જરૂર રહેવાનું. પણ એની હાજરીની નોંધ લેતું સબળું કે નબળું કોઈક પરિબળ અનુભવમાં તો આવવું જોઈએને? તો ચાલો, થોડુંક તે વિશે વિચારીએ.

૦ જીવતેજીવ વગરવાંકે ચામડી ઉતારી રહેલા ક્રુર રાજસેવકોને, 'ભાઈ! ચામડી ઉતારતાં તમને તકલીફ તો નથી પડતીને?' એમ કહેનારા મહામુનિ ખંધક જેવી ઝળહળતી મોક્ષાભિલાષા તો આપણી પાસે નથી. પરંતુ, શરીર પર બેસતા મચ્છરોને, કમમાં કમ કાયોત્સર્ગ–દશામાં તો, એકાદ બે છાંટા (ટીપાં નહિ) લોહી પીતાં આપણે રોકીએ નહિ એવી ઝાંખીપાંખી મોક્ષાભિલાષા તો આપણી પાસે છે જ ને?

૦ તાજા લોચ કરેલા મસ્તકમાં સળગતા અંગારા ભરનારા સોમિલ સસરાને મહોપકારી માનનારા મુનિરાજ ગજસુકુમાર જેવીહૃષ્ટપુષ્ટ મુક્તિકામના તો આપણી પાસે નથી. પરંતુ, ગરમીને દૂર કરવા જથ્થાબંધ પાણીથી વારંવાર સ્નાન કે પંખો કે એર-કન્ડીશનર કે એરકુલર જેવા પાપી ઉપાયોથી આપણને દૂર જ રાખે એવી દુબળી–પાતળી મુક્તિકામના તો આપણી પાસે છે જ ને?

૦ ઠાયાને ચાળણી જેવી કરી દેનારી કાળમુખી કીડીઓની પણ સહેજસાજ ક્ષિણા ન થાય તે માટે પોતાના શરીરને સ્થિર રાખનાર ચંડકૌશિક સાપ જેવો મહાન મોક્ષાભિલાષ આપણી પાસે નથી. પરંતુ, લેતાં મૂકતાં, બેસતાં ઊઠતાં, બોલતાં ચાલતાં, કોઇ કીડી કે કોઇ જીવજંતુની હત્યા ન થઈ જાય એવી સાવધાની અંતરમાં જગવે એવો મામૂલી મોક્ષાભિલાષ તો આપણી પાસે છે જ ને?

૦ ત્રસજીવોની વિરાધનાના મહાપાપથી, બરેબર તો તે નિમિત્તે પોતાને જ પજવતી મહાવ્યથાથી બચવા કડવી તુંબડીનું ઝેર શાક પોતાના જ પેટમાં પધરાવી દેનાર ધર્મરૂચી અણગાર અથવા પિંજરમાં રહેલા સિંહને પણ માંસાહાર નહિ કરાવવાના મક્કમ નિર્ધાર સાથે ત્રણ દિવસના ભૂખ્યા થયેલા ખુનખાર વનરાજના મોંમાં માથું મૂકનારા મહાશ્રાવક મંત્રીશ્વર, અથવા લાખ્ખો માસક્ષમણ કરનાર નંદન મુનિવર જેવી ટોચને આંબી ચૂકેલી મોક્ષેચ્છા તો આપણી પાસે નથી. પરંતુ, અભક્ષ્યભક્ષણ કે રાત્રિ ભોજન તો ન જ કરવા દે એવી તળેટીને સ્પર્શતી મોક્ષેચ્છા તો આપણી પાસે છે જ ને?

૦ સાતસો વર્ષોથી શરીરમાં ડેરાતંબૂ તાણીને આવી વસેલા ભયંકર રોગોને શમાવવાની વિનંતિ કરનારા વૈદ્યોને 'આ તો મારા કર્મરોગને દૂર કરનારું ઔષધ છે' એમ કહીને સ્પષ્ટ રીતે જાકારો દેનારી સનત્કુમાર ચક્રવર્તી મુનિપ્રવર જેવી તીવ્ર મુમુક્ષા તો આપણી પાસે નથી. પરંતુ, અભક્ષ્ય ઔષધિ અને હિંસક ચિકિત્સાઓને જાકારો દેનારી મંદ મુમુક્ષા તો આપણી પાસે છે જ ને ?

૦ બે આનાની મામૂલી મૂડીમાં પણ પુણિયા શ્રાવકને સદા સુપ્રસન્ન બનાવી રાખનારી સર્વોચ્ચ-સંતોષપ્રદ અસામાન્ય મોક્ષાકાંક્ષા તો આપણી પાસે નથી. પરંતુ, પૈસાને ખાતર વિશ્વાસઘાત, અન્યાય અનીતિ, અને નિમ્નસ્તરીય પાપલીલાઓ નિર્ધ્વંસપણે આચરનારૂં સર્વસુલભ પાગલપન તો આપણા મનમાં જ પેઠા થવા દે એવી સામાન્ય મોક્ષાકાંક્ષા તો આપણી પાસે જ ને ?

૦ ઇરિયાવહી નામનું નાનામાં નાનું પ્રાયશ્ચિત્ત કરતાં કરતાં સર્વપાપોથી મોક્ષ અપાવી દે એવી જોરદાર મોક્ષપ્રીતિ-પાપભીતિ તો આપણી પાસે નથી. પરંતુ, પ્રાયશ્ચિત્ત કરતાં કરતાં, ક્રમથી ક્રમ; તે તે દોષોથી સંપૂર્ણ મુક્તિ અપાવે અને 'અપુનઃકરણ'નો સક્ષમ સંકલ્પ નિપજાવે એવી ક્રમજોર મોક્ષપ્રીતિ-પાપભીતિ તો આપણી પાસે છે જ ને ?

૦ ઝેર પિવડાવનારી પત્ની અને શત શત કોરડાઓ રોજેરોજ વિંઝાવનારા પુત્ર જેવા પ્રાણાંત-પીડાકારી મહાઅપરાધીઓને પણ ક્ષમા બક્ષનારી-રાજા પ્રદેશી અને મહારાજા શ્રેણિક જેવી સબળી મોક્ષાકાંક્ષા તો આપણી પાસે નથી. પરંતુ, મોળી દાળ ને

ઠંડી ચા પિરસનારા કે કપરકાબીને સાચવીને નહિ ઉપાડનારા અલ્પ અપરાધીઓને માફ કરી દેવાની મંગલવૃત્તિ પ્રગટાવે એવી નબળી મોક્ષકાંક્ષા તો આપણી પાસે છે જ ને?

આ બધી, ઉપર જણાવી તેવી, ઝાંખીપાંખી, ડૂબળી પાતળી કે મંદમામૂલી મોક્ષાભિલાષાથી પણ એક પગથિયું નીચે ઊતરી શકાય છે. ત્યાંની વાત કરવી હોય તો એમ કહેવું જોઇએ કે ઝાંખીપાંખી મોક્ષાભિલાષા દ્વારા જીવન જે રીતનું ઘડી શકાય છે તે રીતનું જીવનઘડતર હજુ સુધી થયું નથી તેનું દુઃખ અનુભવાતું હોય તો ત્યાં–ભલે છેલ્લામાં છેલ્લું કક્ષાની પણ મોક્ષાભિલાષા તો અવશ્ય હોવાની!

હજી ટપારા વધારે ઝીણું કાંતીએ...દુઃખ દુઃખમાં પણ બહુ ફેર હોય છે ને? શી રીતે એમ પૂછો છો? ભલાકમી, હું તમને જ પૂછું છું. તમારા દશ રૂપિયા ખોવાઇ જાય ત્યારે પણ તમને દુઃખ થાય છે અને દશ લાખ રૂપિયાનું નુકશાન થાય ત્યારે પણ તમને દુઃખ થાય છે. એ બે દુઃખમાં કોઇ ફેર ખરો કે નહિ? નહિ કમાતો દીકરો મરી જાય ત્યારે પણ તમને દુઃખ થાય છે. અને કમાઉ દીકરો મરી જાય ત્યારે પણ તમને દુઃખ થાય છે. પડોશીનો દીકરો મરી જાય ત્યારે પણ તમને દુઃખ થાય છે અને તમારો પોતાનો દીકરો મરી જાય ત્યારે પણ તમને દુઃખ થાય છે. બાજુની દુકાનમાં રેડ પડે ત્યારે પણ તમને દુઃખ થાય છે અને તમારી દુકાનમાં રેડ પડે ત્યારે પણ તમને દુઃખ થાય છે. દેશની તિજોરીના તળિયા દેખાય ત્યારે પણ તમને દુઃખ થાય છે અને ઘરની તીજોરીના તળિયા દેખાય ત્યારે પણ તમને દુઃખ થાય છે. પણ દુઃખ દુઃખમાં તફાવત કેટલો બધો હોય છે? (અ। તો દુઃખની વધતી ઓછી માત્રાની જ વાત છે. બાકી દુઃખ દુઃખમાં બીજો તફાવત પણ છે. એક દુઃખ ખરેખર અનુભવાતું હોય છે જ્યારે બીજું દુઃખ માત્ર વ્યક્ત કરાતું હોય છે કળજુગની કહેણી તો કરીએ એટલી ઓછી!)

આપણે પણ અહીં એક જ વિચારવું છે કે નાનીસૂની આરાધના પણ ન જ થઈ શકતી હોય તો તેનું આપણને દુઃખ કેવું કે છે? નબળું છે, નહિવત છે કે છે જ નહિ?

આના જવાબમાંથી જ આપણને આપણો જવાબ જડી જવાનો છે. આપણે માનીએ છીએ કે આપણે મોક્ષમાં જવું છે, તો આપણી મોક્ષાભિલાષા કેવીક છે? નબળી છે, નહિવત છે કે છે જ નહિ?

'કામને ને ક્રોધને, જીતે, તપસ્વી જાણવો.'
'ત્યાગી મુનિ તે થવું હોય તો, અભિમાનનો અંત આણવો.'
'લોભ–મદને મોહ એ તો નર્ક કેરા સ્થાન છે.'
'માનવ જીવનના મહાશત્રુ–કામ ક્રોધ અભિમાન છે. **–શ્રી નૃ. ના. ભટ્ટ–રાજકોટ**



પ્યારાં ભૂલકાંઓ...

ચૈત્ર હવે પૂરો થવાની તૈયારીમાં છે. ચૈત્ર પૂરો થશે ને કયો મહિનો આવી પહોંચશે? આ મહિનો તમારા માટે વેકેશનનો ને?

આ મહિનો એટલે તમારા માટે કેરી ખાવાનો મહિનો ને?

આ મહિનો એટલે તમારા માટે નિકટના સગાસંબંધીને ત્યાં ધામા નાખવાનો મહિનો ને!

આ મહિનો એટલે તમારા માટે ખેલકૂદનો ને!

આ મહિનો એટલે તમારા માટે સૌને હેરાન-પરેશાન કરવાનો ને?

જાણો છો ને આ મહિનાનું નામ!

"વૈશાખ" મહિનો.

પણ, ભૂલકાંઓ! તમે જાણો છો, વૈશાખ મહિનામાં તો આપણા શાસનોપકારી ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામી ભગવાનને શાસનની સ્થાપના કરી.

આ જ વૈશાખ મહિનામાં વર્ષીતપની પૂર્ણાહુતિ સાથે માધુરી શેલડી રસના પારણા.

આ જ વૈશાખ મહિનામાં ત્રિશલા નંદન શ્રી વીરપ્રભુએ સાડા બાર વર્ષની ઘોર સાધના કર્યા બાદ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું.

આ જ વૈશાખ મહિનામાં શ્રી વર્ધમાન સ્વામી સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા હતા.

માટે, આ મહિનો રમત ગમતનો નથી, ખાવા પીવાનો નથી, મસ્તી તોફાનનો નથી. એવું નક્કર કાર્ય કરી બતાવો કે જીવનભર આ મહિનો યાદ રહે.

આ મહિનામાં શું કરશો?

રોજ ઓછામાં ઓછી પાંચ ગાથા કરો.

રોજ એક સામાયિક કરો.

રોજ પાંચ બાંધા પારાની નવકારવાળી ગણો.

સુગુરુ ભગવંતોને વંદન કરી સત્સંગ કરો.

પ્રભુજીની સ્વદ્રવ્યથી પૂજા કરો.

અનુકુળતાએ અષ્ટપ્રકારી પૂજા કરો.

નિયમિત ૦૧ કલાક વાંચન કરો અને છેલ્લે માતા-પિતાદિ વડીલોને નમસ્કાર કરો.

બસ, આટલું જરૂરથી કરશો તો તેના સંસ્કારો બારે માસ રહેશે.
શક્ય આરાધના કરી મને જણાવશોને ?
તો નોંધી લો મારૂં સરનામું.

—રવિશિશુ
C/o. જૈન શાસન કાર્યાલય

આજનો વિચાર

કૃપાળુ, દંભી ને પાખંડી માણસો જલ્દી ઓળખાતા નથી.

પરીક્ષા આવી

ગોખણપટ્ટી લાવી ઉજાગરા લાવી
પરીક્ષા આવી પરીક્ષા આવી
વાંચવાની તો અટપટ
રમવામાં થઈ ગઇ વધઘટ
લખવાની અટપટ
વાલીઓના ભારે કટકટ
રજા પહેલા સજા લાવી
પરીક્ષા આવી પરીક્ષા આવી.

—લબ્ધિ શાહ

હાસ્ય લેજ

બેરામજી ગોવાની ટ્રીપ ઉપર ગયા. સોજ્જા હોટલમાં ચેક ઈન કરી રિસેપ્શન ઉપર ફોન કીધો. 'તમારા આવાનાં ટાઈમીંગ્સ જણાવશો પ્લીઝ' 'જી સર બ્રેક ફાસ્ટ સવારે ૭ થી ૧૧, લંચ બપોરે ૧૨ થી ૩ ઇવનીંગ ટી ૪ થી ૬ રાતનું ડીનર ૭ થી ૧૨ મિડનાઇટ..'

બેરામજી થઇ ગીઆ હરનફાલ.

'આવા ચક્કરળતી જેવાં ટાઇમીંગ રાખોય તો હું સાઇટ–સિઇંગ કરવા કારે જાઉં ?'

—મેઘા

સિકંદરના ફરમાનો.....

(જીવવાની આશા છોડી મરણ પથારીએ પડેલ સિકંદરે કરેલા અણમોલ ફરમાનો.)

૦ મારા મરણ વખતે બધી, મિલ્કત અહીં પધરાવજો મારી નનામી સાથ, કબ્રસ્તાનમાં પણ લાવજો. જે બાહુબળથી મેળવ્યું, તે પણ ભોગવી ના શક્યો, અબજોની મિલ્કત હોવા છતાં એ સિકંદર ના બચ્યો.

૦ મારૂ મરણ થતાં, બધાં હથિયાર લશ્કર લાવજો, આગળ રહે મૃતદેહ, પાછળ સર્વેને દોડાવજો, સમગ્ર જગતને જીતનારૂ, સૈન્ય પણ રડતું રહ્યું, વિકરાળ કળ ભૂયાનને ના કોઇ બચાવી શક્યું.

૦ મારા બધા વૈદ્યો અને હકીમોને બોલાવજો, મારો જનાજો એ વૈદ્યોના ખભે ઉંચકાવજો, દર્દીઓના દર્દને દફનાવનારાં કોણ છે. દોરી તૂટી આયુષ્યની ત્યાં સાંધનારૂ કોણ છે.

—બાદશાહ સિકંદર
વતી,
—અમિષ શાહ

— કથા ન કે —

હુન્નર કરો હજાર,
ભાગ્યવીન મળે ન કોડી.

એક માણસે પોતાના ઇષ્ટદેવની બાર વર્ષ, બાર મહિના, બાર દિવસ, બાર કલાક ને બાર મિનિટ સુધી સાધના કરી. અખંડ સાધનાથી ઇષ્ટદેવ પ્રસન્ન થયા. પૂછયું—ભાઇ, આવી ઉગ્ર સાધના શા માટે કરી ? તારે શું જોઇએ છે ?

પ્રગટ પ્રભાવી ઇષ્ટદેવ મારે આજે જ જ સૂર્યાસ્ત પહેલાં ધનવાન બનવું છે. દેવે કહ્યું: 'તથાસ્તુ.'

દેવે પોતાનું વચન પાળ્યું. એમણે એના અવરજવરના માર્ગ પર ઝગારા મારતો સોના મહોરથી ભરેલો મોટો ચરૂ મૂકી દીધો.

સાંજ પડે તે ભાઈ પોતાની સાધના પૂર્ણ કરી ઘર તરફ જવા નીકળ્યો. ચાલતાં ચાલતાં મનમાં વિચાર આવ્યો કે આંધળાઓ કઇ રીતે ચાલતાં હશે ? આમ વિચારી એણે પોતાની આંખો બંધ કરી ચાલવા માંડયું.

પચાસ સો ડગલાં ચાલ્યો, ચાલતાં ચાલતાં દેવે મૂકેલો સોનાનો ચરૂ પગે અથડાયો. પથ્થર સમજીને ઠેબે ચઢાવ્યો. મનમાં ને મનમાં ગાળો દેતો આગળ ચાલ્યો. આંખો ઉઘાડીને જોવાની તસ્દી પણ ન લીધી. પગે કઇ ચીજ અથડાઇ છે તે જોવા માટે પાછું વાળીને પણ જોયું નહિં. બંધ આંખે જ ચાલતો ચાલતો ગામની ભાગોળે આવ્યો. લોકનો કોલાહલ સાંભળી આંખો ખોલી. ચારે બાજુ નજર ફેરવતો સાધના ભકત પોતાના ઘરે આવ્યો.

સાંજ પણ પસાર થઇ. તેને કાંઈ મળ્યું નહિ. બીજે દિવસે ભ્રકુટી ચઢાવતો તે ઇષ્ટ દેવ પાસે પહોંચ્યો. ફરીથી ઇષ્ટ દેવની પ્રાર્થના કરવા બેઠો. તે દિવસની સાધના કરતી વખતે તે બોલ્યો, 'હે ઇષ્ટ દેવ ! 'તું ધુતારો છે. ભકતોને ઠગે છે. ખોટાં વચનો આપે છે...'

કંઈક બકવાટ કરતો સાધના ભક્ત જ્યારે ઢીલો પડયો ત્યારે દેવે કહ્યું: 'વાંક તારો છે' મેં તો તારા માર્ગમાં સોનાનો ચરૂ મૂકેલો પણ તું આંધળો બન્યો અને ચરૂને લાત મારી આગળ નીકળી ગયો. પાછળ વળીને જોયું પણ નહિ એમાં હું શું કરું ?

'નસીબમાં ન હોય તો રસ્તે પડેલું સોનું પણ સૂઝતું નથી.'

—અમીષ આર. શાહ

— કવિત —

'ઇષ્ટસ્મરણ ગુરૂવંદના,
સત્સંગ શુભ આચારથી;
ગૃહશાંતિ સાચી થાય છે,
એ બધા ઉપચારથી.'

—શ્રી નૃસિંહ પ્રસાદ-રાજકોટ

કુલધ્વજકુમાર

(ગતાંકથી ચાલુ)

—શ્રી વિરાગ

ગુનેગારને જોતાં રાજા ક્રોધથી ધમધમી ગયા. મારી દિકરીનો ભવ બગાડનાર આ પૃથ્વી ઉપર જોઇએ જ નહીં. કોઇની કાંઇપણ વાત સાંભળ્યા વિના જ રાજાએ શૂલીએ ચઢાવવાની આજ્ઞા કરી દીધી. કુલધ્વજકુમાર મારાઓને સોંપાઇ ગયા. ચોરે ને ચૌટે ફેરવતાં મારાઓ કુમારને શૂળી ચઢાવવાના સ્થાને લઇ જવા લાગ્યા. તે વખતે માળીનું ઘર રસ્તામાં આવ્યું.

કુલધ્વજકુમાર મારાઓને કહેવા લાગ્યો, ભાઇઓ, મારૂં મૃત્યુ નજીક છે. મારી છેલ્લી ઇચ્છા પૂર્ણ કરવા દો. મારી ભાવના મારી કુલદેવીને નમસ્કાર કરવાની છે. મારી કુળદેવી આ માળીના ઘરમાં છે. જો તમે રજા આપતા હોય તો હું તે દેવીને નમસ્કાર કરી આવું.

છેલ્લી ઇચ્છા પૂર્ણ કરવા મારાઓએ કુંવરને રજા આપી. કુંવર માળીના ઘરમાં પ્રવેશ્યો. મારાઓ બહાર ચોકમાં ઉભા રહ્યા. અંદર જઇ કુંવરે લાકડાનો ઘોડો સજ્જ કર્યો. બહાર આંગણામાં લાવીને તેની ઉપર ચઢી બેઠો. મારાઓ આ દશ્ય જુવે તેટલામાં તે કુમારે ઘોડાની કળ દબાવી. ફ...ર...ર... કરતો ઘોડો આકાશમાં ઉડવા લાગ્યો. મારાઓ ઉચું મુખ કરીને જોઇ રહ્યા પણ હવે કરે શું?

ઉડતો ઉડતો રાજકુમાર પોતાની પ્રિયતમાના મહેલે આવ્યો. પ્રિયતમાને ટુંકમાં વાત કરી ઘોડા ઉપર બેસાડી દીધી. ફરી ઉડતાં રાજકુમારે નગરને પ્રદક્ષિણા આપી. રાજા–રાણી આદિ નગરજનો પણ આ દશ્યને કૂતુહલથી જોઇ રહ્યા. ઘોડો કુદાવતો રાજકુમાર સિંધુ નામના બેટ ઉપર આવ્યો. ત્યાંનું કુદરતી સૌંદર્ય જોઇ નીચે ઉતરવાનું મન થયું. ઘોડાની અન્ય કળ દબાવી બંને નીચે ઉતર્યા. થાકી ગયેલા હોવાથી ઘોડાને ફ્રીલ્ડીંગ કરી બંને નિંદ્રાધીન થયા.

સુંદર કુદરતી સૌંદર્યવાળા ઉપવનમાં એક મિથ્યાદ્રષ્ટિ દેવ વસતો હતો. ફરતો ફરતો તે દેવ કુમારની પાસે આવ્યો. તેને કુમારની ધર્મ–શ્રદ્ધા કેટલી અડગ છે ને પારખવાનું મન થયું. ધીરે રહીને તેણે કુંવરી તથા ઘોડાને અદશ્ય કરી દીધા.

થોડી પળો જતાં કુમાર આળસ મરડીને ઉભો થયો. પોતાની પત્નિ

તથા ઘોડાને ન જોતાં તે આંખોના પોપચાં ચોળવા લાગ્યો. 'શું હું સ્વપ્નામાં છું,' મારી પત્નિ કે ઘોડો કેમ દેખાતો નથી. વિચારે ચઢેલા રાજકુમારના શરીરમાં એકાએક વેદના શરૂ થઇ. શરીરમાં ભયંકર શૂળ ઉત્પન્ન થયું. પત્નિ તથા ઘોડો ખોવાયાનું દુઃખ તો હતું ત્યાં આ નવું દુઃખ ઉત્પન્ન થયું.

દુઃખથી ગભરાનારા આપણે અન્યને મઝેથી દુઃખી કરીએ છીએ! આપણી ડાબા અણુની કાયામાં એક નાનકડો કાંટો કે કાચ જો પેસી જાય તો આપણે હાયવોય કરી બેસીએ છીએ. જ્યાં સુધી ન નીકળે ત્યાં સુધી તેના દુઃખાવવાનું દુઃખ શું આપણે મજેથી સહન કરીએ છીએ!

મહાપુરૂષોના મસ્તકે ધગધગતાં અંગારા સુકાયા, જીવતા ચામડી ઉતારી, માથે વાઘર વીંટી છતાં પણ આવેલ શલ્યને મજેથી ભોગવ્યું કે નહીં?

તેમ રાજકુમારે પણ દુઃખ અને વેદનાને ગણકાર્યા વગર એકત્વની ભાવના ભાવવા લાગ્યા. આમતેમ દૃષ્ટિ કરતાં કુમારને એકાએક વિચાર આવ્યો કે 'કયા કર્મનો ઉદય થયો?' ત્યાં જકુમારે સામેથી આવતાં કોઇક માનવીને જોયો.

નિમિત્તિયાનું રૂપ લઇને દેવતા કુમાર પાસે આવ્યો. કેમ ભાઇ કાંઇક ચિંતતિ દેખાવ છો? કેમ માથે હાથ દઇને બેઠાં છો? શું તમને કાંઇક ચિંતા સતાવે છે?

હા, હું તો મઝામાં છું પરંતુ મને એક ચિંતા સતાવે છે. કુમારે ઉત્તર આપ્યો.

એકલાને કોઇની ચિંતા ન હોય એકના બે થયા એટલે ચિંતા કોટે વળગી બરાબર ને? બે થતાં પહેલા જરા વિચાર કરજો?

શું તમને તમારી વહાલી કોઇ વસ્તુ ગુમ થયાની ચિંતા સતાવે છે? અને શું શરીરમાં ઉત્પન્ન થયેલ વેદના તમને નથી પીડતી? દેવે પૂછ્યું.

'હા તમે તો જાણકાર લાગો છો?' આછું સ્મીત કરતા કુમાર બોલ્યો.

અટ્ટહાસ્ય કરતો દેવ બોલ્યો. હા હું જાણકાર છું. તેનો ઉપાય બતાવું. મારા કહ્યા પ્રમાણે તું કરીશ, તો તારી ચિંતા તથા વેદના બંને દૂર થઇ જશે. તારી વહાલી વસ્તુ તને પાછી મળી જશે અને શરીરનો રોગ શાંત થઇ જશે.

ડુબતો માનવી તણખલું ઝાલે તેમ સત્વશાળી કુમાર પણ નિમિત્તિયાનું કહ્યું માનવા તૈયાર થઇ ગયો.

બોલો, બોલો હું શું કરૂ તો મારી

ગયેલી વસ્તુ મને પાછી મળે અને મને શાંતિ થાય.

નિમિત્તિયો બોલ્યો, જો ભાઇ! 'તું જે વિતરાગ દેવને માને છે તે દેવ શું દુષ્ટ પુરૂષોને શિક્ષા કરી શકશે? સમતાને ધારણ કરનારા તારા દેવ શું પોતાનું અરાબ કરનારા ઉપર પણ ક્રોધ ન કરી શકે? લોકોને આધારભૂત એવો અવતાર શું તેઓ લઇ શકશે? શું તેઓમાં બળ છે? શું તેઓ કોઇને કાંઇ આપી શકે છે? શું તેઓ કોઇનું રક્ષણ કરી શકે છે? સામાન્ય પુરૂષના હાથમાં શસ્ત્ર હોય તો તે પોતાનું તથા બીજાનું રક્ષણ કરી શકે છે. જ્યારે તારા દેવના હાથમાં તો શસ્ત્ર પણ નથી. તારા દેવ હીન, હલકા અને બળ વગરના છે, વાંઢા દેવની કિંમત કેટલી? માટે તું શસ્ત્રવાળા, વાહનવાળા, લક્ષ્મીવાળા અને સ્ત્રીવાળા એવા કોઇ દેવનો આશ્રય કર.

તારા ગુરૂ પણ કોઇનું રક્ષણ વગેરે કરી શકે એવા નથી, માટે જે ઉપદ્રવની શાંતિ કરે, જ્યોતિષ જોઇ આપે, રોગ હોય તો દવા-દારુ કરે. વેદ પ્રમાણે વ્યવહાર કરે, બીજાને શાપ આપે, પોતાના ભક્તવર્ગ ઉપર અનુગ્રહ કરે. ભક્તોના કાર્ય કરી આપે. ભક્તોના પાપ પોતે લઇ લે, સૌને ગમે તેવું અને રૂચે એવું મીઠું મીઠું બોલે, હિતકારી વચનો ઉચ્ચારે, કોઇને કઠવા વચનો ઉચ્ચારે નહીં, ખરાને ખરૂં કહે નહિ. એવી મમતા અને મોહવાળા ગુરૂનો સ્વીકાર કર. મંત્ર-તંત્ર-દોરા-ધાગાદિ જાણકાર ગુરૂઓને સ્વીકાર તો તારૂં ભલું થશે.

વળી, તારા ધર્મમાં શું બળ્યું છે? આ અવાય ને આ ન અવાય આ અભક્ષ્ય કહેવાય, આ અનંતકાય કહેવાય, અનેક તહેવારો જેવા કે શિતળા-સપ્તમી, હોળી, બળેવ, શરદ પૂર્ણિમા આદિ તહેવારોની ઉજવણી ન કરવી. યજ્ઞ ન કરાવવા, પિંડ ન ધરવો, વૃક્ષ, સર્પ ગાય આદિની પૂજા ન કરવી. પત્નિવાળા ગુરૂઓનો સ્વીકાર ન કરવો. લક્ષ્મી રાખતા ગુરૂઓની પાસે ન જવું. આવા ધર્મથી તારો શું ઉદ્ધાર થવાનો છે?

જે ધર્મને અઢારે વર્ણો માનતા હોય તેવા ધર્મનું આચરણ કર. રાત્રે પણ મળેથી આવા મળે તેવા ધર્મનું આચરણ કર. આ જન્મારો આવા-પીવા અને મઝા કરવા માટે મલ્યો છે

આ પ્રમાણે નિમિત્તિયાની વાત સાંભળી રાજકુમાર તર્પી ગયા.

*

[ક્રમશઃ]

મનુભાઇ નગીનદાસ
નગરશેઠ માર્કેટ, રતનપોળ, અમદાવાદ

અનાદિ અનંતકાળથી આ જીવ સંસારમાં ભટકે છે. તેમાંય વળી શાસ્ત્રોમાં વર્ણન આવે છે કે આ જીવ અનંતીવાર જૈન શાસન પામ્યો. અનંતા ઓઘા કર્યા છતાં તેનો નિસ્તાર ન થયો. જૈન શાસનનો ઓઘો પામ્યા પછી પણ જો સંસારમાંથી નિસ્તાર ન થાય તો શા માટે આપણો નિસ્તાર ન થયો તેની વિચારણા કરવી તો પડશે જ.

આજે આપણને એક જ વાત શીખવવામાં આવે છે કે ધર્મ કરશો તો સંસારથી તરશો. આપણે કંઇ ઓછો ધર્મ કર્યો છે? અનંત ઓઘા કર્યા તો બીજા ધર્મો કેટલા કર્યા હશે તેની કલ્પના તો કરી જુઓ. એટલે કે આજ સુધી આપણે જે ધર્મ કર્યો અને આજે જે ધર્મ આપણે કરીએ છીએ તેમાં જરૂર કોઇ મોટી ખામી હશે જ.

મૂળ ખામી તો એ જ જડશે કે સમ્યકત્વ નથી માટે ધર્મ સફળ થતો નથી. સમ્યકત્વ વગરના બધા જ ધર્માનુષ્ઠાનો સંસાર વધારનારા છે. મિથ્યાત્વ ગાઢ બનાવનાર છે. એટલે કે જે ધર્માનુષ્ઠાન કરવાથી મુક્તિ મળવી જોઇએ તેનાથી જ મિથ્યાત્વ ગાઢ બને છે એટલે કે ધર્માનુષ્ઠાન કરનારે જરૂરથી વિચારવું પડશે કે ધર્માનુષ્ઠાન સાચા બનાવવું કેવી રીતે? એટલે કે સમ્યકત્વ મૂલક કરીશું તો જ સફળ બનશે તો સમ્યકત્વ પામવું કેવી રીતે? તો કહેશે કે ધર્માનુષ્ઠાન કરો. અરે ભાઇ સમ્યકત્વ વગર ધર્માનુષ્ઠાન મિથ્યાત્વ વધારે એજ ધર્માનુષ્ઠાનથી સમ્યકત્વ કેવી રીતે મળે? એટલે મૂળભૂત સમ્યકત્વ કેમ પામવું તેનો સાચો ઉકેલ જડતો નથી.

જે શાસનમાં સમ્યકત્વનો આટલો બધો મહિમા છે. જેના વગર શાસનમાં પ્રવેશ નથી તેને પામવાનો સાચો રસ્તો પામવો જ રહ્યો.

શ્રેણી માંડવા માટે અપ્રમત્તાવસ્થા જોઇએ. અપ્રમત્તાવસ્થા સર્વવિરતિધર્મથી આવે, દેશવિરતિ સર્વવિરતિને લાવે સમ્યકત્વ લાવે દેશવિરતિને તો સમ્યકત્વ શેનાથી આવે? આજે આ મુંઝવણ મોટામાં મોટી છે. મોટા ભાગે એમ કહેવાય છે કે દેશવિરતિની ક્રિયાઓ સમ્યકત્વ લાવે. ત્યાં જ આપણે માર ખાઇએ છીએ. સમ્યકત્વ કોઇ ક્રિયાથી નથી આવતું તેના માટે જોઇએ માર્ગાનુસારિતા. શ્રી જિનેશ્વર ભગવંતોએ કહેલી માર્ગાનુસારિતા જ સમકિત પમાડી શકે છે. અને એટલે જ તેને ધર્મ પામવા માટે લાયક કહ્યો છે. માર્ગાનુસારિતામાં તો મુખ્ય ન્યાય સંપન્ન વૈભવ, મા-બાપની ભક્તિ, કરૂણા, સૌજન્યતા, દાક્ષિણ્યતા, સજ્જન જેવા ગુણો પામેલો આત્મા માર્ગને પામી શકે છે. આમ તો કુલ ૩૫ ગુણો કહ્યા છે પરંતુ ઉપરનામાં બધા ગુણો સમાઇ જાય છે.

ન્યાય સંપન્ન વિભવ એ મુખ્ય ગુણ છે કે જેનાથી જીવ સંસારના પદાર્થો ધન ઉપરની મમતા તોડાવી શકે છે. આજે મોટા ભાગનું માનસ એવું છે કે ગમે તેમ કરીને સંસારના સુખો–ધન જોઇએ. ત્યારે ન્યાય સંપન્ન વિભવ ગુણ વાળો આત્મા કહે છે કે જોઇએ છીએ પરંતુ સાચી રીતે ન્યાયી રીતે મળે તો જ જોઇએ છીએ અને આ જ ગુણને કારણે જીવની સંસારના સુખ કે ધન ઉપરની તીવ્ર આસક્તિ તોડવા માટેનું કારણ બને છે. અને આવો જીવ શ્રી વિતરાગ પરમાત્માનો ધર્મ સાંભળવા લાયક બને છે. આવા માર્ગાનુસારી જીવ જ્યારે શ્રી વિતરાગ ભગવાનની વાણી સાંભળે ત્યારે તેને ધર્મની સાચી સમજ આવે છે. શ્રદ્ધા જાગે છે અને નક્કી કરે છે કે આચરણા તો શ્રી જિનેશ્વર ભગવંતોએ કહ્યા પ્રમાણે કરવાનું છે. તે જે કહે તે જ સાચું અને શંકા વિનાનું છે. આ વાણી તેના હૃદયમાં જડબે સલાક બેસી જાય છે અને નિત્ય એવી ભાવનામાં રમે છે કે ક્યારે શ્રી જિનેશ્વર ભગવંતોએ કહેલી વાતનું આચરણ કરી શકું.

આ બે શ્રદ્ધા અને તેની આચરણાની ભાવના તેનું નામ સમકીત.

એટલે મુખ્ય વાત એ કે સમકીત પામવા માટે માર્ગાનુસારિતાના ગુણો પામવા મેળવવા અને આ જ કારણ કે જે સમકીત પામવા માટેનું તે ભૂલાઇ ગયું છે. માત્ર ક્રિયાના પ્રેમીઓ જ સમકીત પામવા માટે સમકીત વગરની ક્રિયા કરવાનું કહી શકે. જે અયોગ્ય અને મિથ્યાત્વનો ગાઢ બનાવનારૂં છે.

નિત્ય દર્શન પૂજા કરનારને દર્શન પૂજાની વિધિની પરવા નથી. જાણવાની ઇચ્છા નથી. ૮૪ આશાતનાઓની જાણ નથી અને મનસ્વી રીતે પૂજા કરવી છે અને આજે ગમે તે સાધુ ગમે તેને દર્શન પૂજન કરવાના નિયમો આપી દે છે તેવી જ રીતે સામાયિક–પ્રતિક્રમણ કરનારને તેના ૩૨ દોષની જાણ નથી–જાણવાની ઇચ્છા નથી તો પછી તે ૩૨ દોષથી બચશે કેવી રીતે? સામાયિક પારતા શેના મિચ્છામિ દુક્કડમ્ કરશે. મુહપત્તિના ૫૦ બોલની જાણ નથી તો તે મુહપત્તી ખંખેરીને શું પડિલેહણ કરશે? આ તો સાચા સામાયિક–પ્રતિક્રમણ કરનારના ચાળા પાડતા હોય તેવું લાગતું નથી? શું સાચા આરાધકોની આશાતના કરનાર નથી? તો શું આવું બધું કરવાથી સમકીત પાળી શકાશે? શ્રી વીતરાગ પરમાત્માઓએ ફરમાવેલી દર્શન, પૂજા, સામાયિક, પ્રતિક્રમણા કેવી મહાન ક્રિયાઓ જે મુક્તિને સંભાળનાર છે તેની મજાક નથી કરતા.

આને બચાવ કરવામાં આવે છે કે શ્રાવકે આવશ્યક ક્રિયાઓ કરવી જોઇએ. પણ તે શ્રાવકે કરવાની છે. જે સમકીતને પાળેલા છે તેમને માટે છે. શ્રાવકનો આવશ્યક કરવાનું કહ્યું તો શું તેને અનીતિ, અન્યાય, છેતરપીંડી, વિશ્વાસઘાત, આદિ અવગુણો

ન છોડવાનું નથી કહ્યું ? આવશ્યક કરનારમાં આવા અવગુણ હોઈ શકે ખરા ? એટલે એમ જ થયું કે આપણે આપણી અનુકુળતા મુજબ ધર્મ કરવા માંગીએ છીએ. ભગવાનની આજ્ઞા મુજબ કરવાનો વિચાર જ નથી કરવો. આ બે કારણે જ આપણે અનંત કાળ કહેલો ધર્મ અને એવી જ રીતે આજે કરતો ધર્મ સંસારમાં રખડાવે છે. સાચા માર્ગે આવવા માટે કદાચ ધર્મની ક્રિયા ઓછી થશે તો ચાલશે પરંતુ ભગવાનની આજ્ઞાના ઉલ્લંઘન કરીને કરેલી ક્રિયાઓ તો સંસાર વર્ધક જ બનશે.

માટે ધર્મને સફળ બનાવવા માટે સમકીત જોઇશે જોઇશે અને જોઇશે જ. અને તેને પાળવા માટે ૩૫ ગુણો યુક્ત માર્ગાનુસારી બનવું જ પડશે. એટલે સમકીતનું દ્વાર માર્ગાનુસારી--ન્યાય ધર્મ જ છે.



: શ્રી જિનપૂજાથી આઠે કર્મોનો નાશ થાય છે :

—પૂ. સા શ્રી અક્ષયગુણાશ્રીજી મ.

પરમતારક અનંતોપકારી શ્રી જિનેશ્વરભગવંતની પોતાની શક્તિ મુજબ પોતાના દ્રવ્યથી પૂજા=ભક્તિ કરવી તે વિવેકી શ્રાવકોનું કર્ત્તવ્ય છે. દ્રવ્યપૂજા તે દ્રવ્યની મમતા ઉતારવા માટે અને ભાવપૂજાને પામવા માટે છે. પ્રભુની પૂજા-ભક્તિનો મહિમા ગાતાં ઉપકારી પરમર્ષિઓ જણાવે છે કે—

ચૈત્યવંદન કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય છે. પ્રભુજીના દર્શનથી દર્શનાવરણીય કર્મનો નાશ થાય છે. જયણાપાલનથી વેદનીયકર્મનો નાશ થાય છે. પ્રભુનું ગુણગાન કરવાથી મોહનીયકર્મનો નાશ થાય છે. દર્શન–પૂજન–ભક્તિ વખતે શુદ્ધ અધ્યવસાયો સુંદર નિર્મલ પરિણામોથી અશુભ આયુષ્યકર્મનો નાશ થાય છે. પ્રભુનું નામ સ્મરણ કરવાથી અશુભ નામકર્મનો નાશ થાય છે. પ્રભુના વંદન–પૂજનથી નીચગોત્રનો નાશ થાય છે અને યથાશક્તિ પોતાનું દ્રવ્ય વાપરવાથી અંતરાય કર્મનો નાશ થાય છે.

વિધિપૂર્વક મંદિરે જવાથી દાન–શીલ–તપ અને ભાવ ધર્મની આરાધના થાય છે.

માટે વિવેકી શ્રાવકોએ ઝટ ભગવાન બનવા માટે વિધિપૂર્વક પ્રભુપૂજા ભક્તિ કરવી જોઇએ. તેમ કરી સૌ પુણ્યવાનો ભગવાન બની જાય તે જ મંગલ કામના...

૯. અધે લોકમાં જીવના ૧૧૫ ભેદ મળે. તે આ રીતે.

૭-નારકી.
૧૫-પરમાધામી.
૧૦-ભવનપતિ
આ ૩૨ ના પર્યાપ્તા અને અપર્યાપ્ત ભેદથી ૩૨×૨ = ૬૪.
૪૮ તિર્યંચના
૩ મનુષ્યના (અધોલોકના પર્યાપ્ત,
અપર્યાપ્ત અને સંમૂર્ચ્છિમ ભેદથી)

૧૦. તીર્છાલોકમાં જીવન ૪૨૩ ભેદ મળે તે આ રીતે.

૩૦૩-મનુષ્યના
૪૮-તિર્યંચના
૭૨-દેવના તે આ રીતે

૧૬ વાણ વ્યંતર, ૧૦ તિર્યંક જૃંભક તથા
૧૦ જ્યોતિષી એ ૩૬ ના પર્યાપ્ત અને
અપર્યાપ્ત એટલે ૩૬×૨ = ૭૨.

૧૧. ઉર્ધ્વલોકમાં જીવના ૧૨૨ ભેદ મળે. ૪૬-તિર્યંચના (બાદર તેઉકાય પર્યાપ્ત અને અપર્યાપ્ત છોડીને)

૭૬-દેવના તે આ રીતે, ૩. કિલ્બીષી, ૧૨. દેવલોક, ૯. લોકાંતિક, ૯. ગ્રૈવેયક, ૫. અનુત્તર વિમાનના એ ૩૮ દેવોના પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી ૩૮×૨ = ૭૬.

૧૨. સિદ્ધશીલા પર જીવના ૧૨ ભેદ મળે તે આ રીતે, ૧૦, પાંચ (૫) સ્થાવરના સૂક્ષ્મ પર્યાપ્ત અને સૂક્ષ્મ અપર્યાપ્ત, ૨. બાદર વાયુકાયના પર્યાપ્ત અને અપર્યાપ્ત.


૧૩. સાતમી નરકના તળે પણ તે જ રીતના ૧૨ ભેદ મળે.

૧૪. સ્વયંભૂ રમણ સમુદ્રના અંતે પણ તે જ બાર ભેદ મળે.

૧૫. લોક આકાશમાં સર્વત્ર ૫૬૩ ભેદ મળે.



પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- સંસારમાં રખડાવનાર આ શરીર છે. કેમકે, આ શરીરને ઇન્દ્રિયો વળગેલી છે. ઇન્દ્રિયોની વિષય પાછળ દોટ છે. મન, ઇન્દ્રિયોને આધીન છે. તે બધા ભેગા થઈ આત્મા પાસે પાપ કરાવે છે અને પછી આત્માને દુર્ગતિમાં ભોંઠવી આપે છે.
- ગમે ત્યારે પણ મારો મોક્ષ થવાનો છે આવું સાંભળી જેને આનંદ ન થાય તે 'બહુલ સંસારી' છે.
- ભગવાને કહેલ ધર્મક્રિયા ય જેમ તેમ કરે તે પણ 'બહુલ સંસારી'પણાનું લક્ષણ છે અને જેને વિધિનો ખપ ન હોય, અવિધિનો ડર ન હોય તે ય બહુલ સંસારી–પણાનું લક્ષણ છે.
- સંસારથી છૂટવું ન હોય, સંસાર ઘટાડવો ન હોય તે જીવ સાધુ કે શ્રાવક થાય તો પણ સંસાર વધારે.
- સાધુપણામાં આવી જે જીવો ગમે તેમ વર્તે તેથી તેને પાપાનુબંધી જ પાપ બંધાય, અને તે પણ ભારે. કારણ ? સાધુપણાંની અવગણના કરે છે માટે.
- મન-વચન-કાયાને અંકુશમાં લાવે તેનું નામ ધર્મ.
- જે જીવ પોતાનું અંગત કહે છે તે વીતરાગના શાસનનો સાધુ નથી.
- શ્રી સિદ્ધ થવું એટલે 'અશરીરી' થવું જ્યાં સુધી શરીર હોય ત્યાં સુધી સંસાર ચાલુ રહે. માટે આ શરીર પાસે આરાધનાનું કામ લેવા માટે જરૂર પૂરતું આપવું. બાકી શરીરને જેટલું કષ્ટ આપવું પડે તેટલું આપવું કેમકે, આ શરીરને કષ્ટ આપવામાં આત્માને લાભ જ છે.
- શરીરના સેવક તે સંયમ-તપના વૈરી હોય, તેનામાં અહિંસા સંભવે નહિ, તે હિંસક હોય.
- સંયમ–તપના ગુલામ પ્રશંસાપાત્ર. પૈસાના-ભોગના ગુલામ નિંદાપાત્ર.
- કાર્મણ–તૈજસ રૂપ શરીરને તપાવવા–નાશ કરવા માટે તપ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખામાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

शासन अने सिद्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

जैन शासन

अठवाडिक

वर्ष ९ | अंक ३६

तो मुक्ति छेटी नथी

यौवने विषयेभ्योऽसौ,
यथा ह्युत्तिष्ठतेभवी ।
तथोत्तिष्ठेत चेन्मुक्त्यं,
किं हि न्युनं तदा भवेत् ॥

જેવી રીતે આ ભવ્યાત્મા યૌવન-વયમાં પાંચે ઇન્દ્રિયોના વિષયો માટે ઉદ્યત થાય છે. તેવી રીતે જો મુક્તિને માટે ઉદ્યમ કરે તો શું ન્યૂનતા રહે ? કાંઇ જ ન રહે એટલું જ નહિ પણ મુક્તિ તેના માટે છેટી નથી.

卐

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

卐 જ્ઞા ન ગુ ણ ગં ગા 卐

—શ્રી પ્રજ્ઞાંગ

૦ જીવના ૫૮૪ ભેદ. તે આ રીતે.

૧૧ એકેન્દ્રિયના	૪૯ દેવના તે આ રીતે
૩ વિકલેન્દ્રિયના	૧૦ ભવનપતિ
૭ નારકી	૫ જ્યોતિષિ
૧ મનુષ્ય	૮ વ્યંતર
૧ તિર્યંચ	૧૨ દેવલોક
૧ સંમૂર્ચ્છિમ મનુષ્ય	૯ ગ્રૈવેયેક
	૫ અનુત્તર
૨૪	૪૯

૪૯+૨૪=૭૩ આના પર્યાપ્તા અને અપર્યાપ્તા એટલે ૭૩×૨=૧૪૬.

૧૪૬ ના ભવ્ય, આસન્ન ભવ્ય, અભવ્ય અને દુર્ભવ્ય તે ચારથી ગુણતાં

૧૪૬×૪=૫૮૪ ભેદ કુલ થાય.

૦ સાત પ્રકારની ભિક્ષા અંગે (પ્રવચન સારોદ્ધાર ગાથા ૭૩૯) સંસૃષ્ટ, અસંસૃષ્ટ, ઉદ્ધૃત. અલ્પલેપિત, અવગૃહીત, પ્રગૃહીત અને ઉજ્જિતધર્મા. આ સાત પ્રકારની ભિક્ષા છે.

૧. **સંસૃષ્ટ**-છાશ કે ઘી આદિ ચીકણા પદાર્થ વડે હાથ કે ભાજન પાત્ર ખરડાયેલા હોય. તે ખરડાયેલા હાથ કે ભાજન પાત્ર વડે જે ભિક્ષા ગ્રહણ કરવી તે સંસૃષ્ટ ભિક્ષા.


૨. **અસંસૃષ્ટ**—છાશ કે ઘી આદિ ચીકણા પદાર્થ વડે નહિ ખરડાયેલા હાથ કે ભાજન પાત્ર વડે જે ભિક્ષા ગ્રહણ કરવી તે અસંસૃષ્ટ ભિક્ષા.

૩. **ઉદ્ધૃત**—તપેલી વગેરે મૂળ ભાજનમાંથી થાળી વગેરે બીજા ભાજનમાં કાઢેલું ભોજન ગ્રહણ કરવું તે ઉદ્ધૃત ભિક્ષા.

૪. **અલ્પલેપિતા**—લેપ એટલે ચીકાશ જેની અંદર નથી એવા નિઃસ વાલ—ચણા વગેરેને ગ્રહણ કરવા તે અથવા જે ગ્રહણ કરતાં પશ્ચાત્ કર્મ આદિથી ઉત્પન્ન થયેલો કર્મનો બંધ અલ્પ થાય તે અલ્પલેપિકા ભિક્ષા.

૫. **અવગૃહીતા**-ભોજન વખતે થાળી વગેરે ભાજનમાં કૂર આદિ જે ભોજન

(જુઓ ટાઈટલ ૩ જું)



વર્ષ : ૯] ૨૦૫૩ ચૈત્ર વદ-૦)) મંગળવાર તા. ૬-૫-૯૭ [અંક : ૩૬

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૮ શનિવાર તા. ૧૮-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ **(પ્રકરણ ૧૬ મું ચાલુ)** -અવ૦)

સભા૦ : નોકરનો વિશ્વાસ ન કરે. પણ પોતે કોઇનો વિશ્વાસભંગ ન કરે તેવા અહીં ઘણા હશે !

ઉ૦ : મારા ઉપર જે વિશ્વાસ રાખે તેનો વિશ્વાસભંગ હું કદી કરું નહિ આવા નિયમવાળાના મારે દર્શન કરવાં છે.

આ બી આબરૂ અહીં રહેલા પરદેશીઓની હતી, તે આબરૂ તેઓ તેમની સાથે લઈ ગયા. પરદેશનો માલ અહીં આવે અને તેમાં જો ખામીવાળો કે બગડેલો માલ જેટલો હોય. તેની નોંધ પણ તેઓ તેમાં લખે. જ્યારે હિન્દુસ્તાનના લોકોએ તો તે આબરૂ પણ બગાડી. પરદેશ જઇને આવેલા લોકો કહે છે કે- પરદેશમાં જેવી નીતિ છે તેવી હિન્દુસ્તાનમાં નથી ! આનું શું કરવું ? આજના લોકોએ તો આ દેશની આબરૂ બગાડી. અજ્ઞાન અને ભલા ભોળા જીવોનો ગેરલાભ ન લે તેવા જેટલા હોય તે સાચા આસ્તિક છે, ઊંચી કોટિના જીવ છે. નીતિ માર્ગે પ્રામાણિકતાથી વેપારાદિ કરનારો મોટેભાગે દુર્ગતિમાં જાય નહિ.

સભા૦ : પણ ઈન્કમટેક્ષની ચોરી કરતો હોય તો-

૭૦ : તે તો મહામૂરખ છે. તેવું કરનારાથી અમારી પાસે કેટલા પૈસા છે તે બોલી શકાતું નથી. તેના ઘરની સારી ચીજ પણ લગભગ ચોરીની છે. મારી મૂડી આટલી છે તે તમે કહી શકો ખરા ?

તમે સાચે સાચું કહો અને કામ પડે ટીપ ભરતા હો તો હું કહી શકું ને ? જો કે હું તો કોઇને કાંઇ કહેતો નથી કે આટલા માંડો. પણ તમે બધા જે રકમ માંડો છો તે જોયા કરું છું. મને લાગે છે કે– પોતાની શક્તિ મુજબ કોઇ માંડતું નથી. શક્તિ મુજબ જો તમે બધા ધર્મ કરતા હોત તો ટીપ કરવાની જરૂર જ ન પડત. જે ગામની એક વ્યક્તિ પોતે જ મંદિર-ઉપાશ્રય બાંધી શકે તેવી જીવતી હોય. તે ગામમાં જરૂર પડે મંદિર-ઉપાશ્રયાદિની ટીપ હોય ? સાધારણની પણ ટીપ કરવી પડે ? જો સુખી માણસો બરોબર ધર્મ સમજ્યા હોત અને આજ્ઞા મુજબ ધર્મ કરતા હોત તો એક ટીપની જરૂર ન પડત. પણ આજના પૈસાવાળા ખાવા-પીવા અને ભોગવવામાં 'ઉદાર' છે અને ધર્મના કામમાં 'મહાકૃપણ' છે. તમારો રોજનો રસોડાનો ખર્ચો કેટલો છે ? તે હિસાબે ધર્મનો ખર્ચો કેટલો છે ? તમે ધન ન કમાવ તે દા'ડો દુઃખમાં ગયો તેમ માનો કે દાન ન દો તે દા'ડો દુઃખમાં ગયો તેમ માનો ? દાન તો મોટેભાગે કરવાનું મન ન થાય. જે કોઇ દાન કરાવવા માટે ટીપ લઇને આવે તો બધા તમને નવરા લાગે છે. આગળ ટીપ કરવા આવનારનું સન્માન થતું હતું અને આજે ? તમને ખોટી ટીપ કરવાની ના પાડવાનો અધિકાર છે. જે લોકો ટીપ કરવા આવ્યા છે તેઓ પ્રામાણિક છે કે નહિ તે જાણવાનો અધિકાર છે. તમે આપેલા પૈસા બરાબર વાપરે છે કે નહિ તેની ય તપાસ કરવાનો અધિકાર છે. પણ આજે તમે ક્યાં તેવું કરો છો ? પણ આજના લોકોનું વર્ણન કરવા જેવું નથી.

સાધુ પણ જો બરાબર ન ચાલે તો તેને કહી શકો છો. પણ તમે તો આજે સારા અને માર્ગસ્થ સાધુને કહો કે– 'અહીં આ નહિ બોલાય' તો તે ચાલે ? ઘણા ઉપાશ્રયોમાં એવું થઇ ગયું છે કે ટ્રસ્ટીઓ ઇચ્છે તે જ સાધુથી બોલાય ! આજે મંદિર-ઉપાશ્રયના ટ્રસ્ટી એટલે હાથ જોડવા જેવા ! મંદિર-ઉપાશ્રય માટે ભોગ આપતા હોય તેવા ટ્રસ્ટીઓ કેટલા મળે ! મોટા શ્રીમંતોને ટ્રસ્ટી નીમાય છે તે શા માટે ? ઘણાં કામો તો તે પોતે જ પૂરા કરે. સહાયની જરૂર પડે તો જ બીજાને બોલાવે. આજના ટ્રસ્ટીનો મોટો વર્ગ ન તો ભગવાનનાં દર્શન કરે કે ન તો પૂજન કરે. નોકર સહી કરાવવા ઘેર આવે તો જોયા વિના જ સહી કરી આપે. જેવો વહીવટ આજના ટ્રસ્ટીઓ મંદિર-ઉપાશ્રયનો કરે છે તેવો પોતાની પેઢીનો કરે તો પેઢી ઊઠી

જાય ! આગળના ટ્રસ્ટી મંદિર ઉઘડે ત્યારે હાજર હોય, બંધથાય ત્યારે ય હાજર હોય, વાસી પૂજા રહી ગઇ હોય તો પકડી પાડે, મંદિરમાં પાષાણની, ધાતુની, પંચતીર્થી, ચોવિશીની મૂર્તિઓ તથા શ્રી સિદ્ધચક્રના ગટ્ટા કેટલા છે તે બધું જીભને ટેરવે હોય.

આસ્તિકતા લાવવાની વાત ચાલે છે જેને પોતાનો પરલોક ન બગડે તેની ચિંતા હોય તે આ લોકમાં પણ એવી રીતે જીવતો હોય જેથી મરવાનો ઠા'ડો તે મહોત્સવનો ઠા'ડો લાગે, આનંદનો ઠા'ડો લાગે. તેને મરવાનો ભય જ હોતો નથી. તે તો કહે કે–'મરણ આજે આવે તો ય હું તૈયાર છું. સારી રીતે મરવા માટે જીવ્યો છું. મરણને વધાવી રહ્યો છું.' મરણ સમયે સ્નેહી-સંબંધી રડતા હોય તો તે કહે કે– 'ઊભા થાવ, અહીં આવતા નહિ. મારો પરલોક બગાડો છો. આ લોકમાં તો પાપ કરતાં ચોકયો નથી.' ઘરના માલીક એવા તમને તમારા પરિવારે કે તમારી સગી સ્ત્રીએ પણ કહ્યું છે કે–"બહુ અનીતિ પાપો ન કરો. અમારે તો જે હશે તે ચાલશે. અમારી ખાતર આવા પાપ કરીને તમારે ક્યાં જવું છે ?" આગળ તો બજારમાંથી ઘેર જાવ તો કે સ્ત્રી પૂછતી કે 'શી રીતે બજારમાંથી પૈસા લાવો છો ?' ખોટી રીતે પૈસા લાવ્યા એમ કહે તો તે કહેતી કે– કઈ ગતિમાં જવું છે ? તમારે જરૂર ન હોય છતાં ય બજારમાં જતા હો તો ઘરમાં કોઇ કહેનાર છે કે– મરીને ક્યાં જવું છે ?

એક બહુ મોટો શ્રીમંત હતો અને પાછો આગેવાન હતો. એકવાર તેને તીર્થના કામમાં ના પાડી, તેઓ જો સાથ ન આપે તો કામ થાય તેવું ન હતું. તેથી બીજા આગેવાનો નિરાશ થયા. તેઓએ વિચાર્યું કે– તે શેઠની મા પાસે જઇએ તો કામ થઇ જાય. આમ વિચારી તેઓ બધા તે શેઠના મા પાસે ગયા અને બધી વાત કરી કે–'તીર્થની રક્ષાનું કામ આવ્યું છે. શેઠ આવવાની ના પાડે છે. તેઓ ન આવે તો કામ થઇ શકે તેમ નથી.' મા કહે કે– તમે બધા નચિંત થઇને જાવ, શેઠ આવશે બપોરના સમયે શેઠ જમવા માટે આવ્યા. મા રોજ તેમને પાસે બેસાડીને જમાડતી હતી. મા એ કહ્યું કે– મારા પેટે પત્થર પાકયો હોત તો સારું થાત. કપડા ધોવા તો કામ લાગત. ત્યારે શેઠ કહે કે– મા ! આવું કેમ બોલો છો ? ત્યારે મા એ કહ્યું કે– તીર્થના કામમાં જવાની ના કેમ પાડી ? શેઠ કહે કે– મા ભૂલ થઇ ગઈ. હું જરૂર જઇશ. આજે આવા શેઠ પણ મળે ? આવી મા પણ મળે ? તમારી જીવતી મા તમારા માટે આવું કહી શકે ? આજે ઘણા એવા છે; જેના મા બાપ કહે છે કે– છોકરાઓ અમારું માનતા નથી ! મારો તો આક્ષેપ છે કે– સંતાનોને સારા પકવવાની તમે ચિંતા કરી જ નથી. (ક્રમશઃ)

લઘુ બોધકથા : : હું જાણું છું :

એક શેઠ હતા. એક વાર રાત્રિના કેટલાક ચોર તેમને ત્યાં ચોરી કરવા ઘૂસી ગયા. તેમના પગરવના અખડાટથી શેઠાણી જાગી ગયા. અને થતાં અવાજ પરથી લાગ્યું કે ચોરો ઘૂસ્યા લાગે છે. તેથી શેઠાણી શેઠને કહે જાગો છો ?

શેઠ : હા.

શેઠાણી : ચોર આવ્યા લાગે છે.

શેઠ : હું જાણું છું.

શેઠાણી : તિજોરી તોડતા લાગે છે.

શેઠ : હું જાણું છું.

શેઠાણી : ધન–દાગીનાદિ કાઢતા લાગે છે.

શેઠ : હું જાણું છું.

શેઠાણી : ધન–દાગીનાદિની પોટલી બાંધતા લાગે છે.

શેઠ : હું જાણું છું.

શેઠાણી : ચોરો ધનાદિ લઇ જતા લાગે છે.

શેઠ : હું જાણું છું.

શેઠાણી : ચોરો ગયા.

શેઠ : હું જાણું છું.

ત્યારે શેઠાણીનો પિત્તો આસમાનમાં ગયો અને અને શેઠને કહે કે તમારા આ જાણપણામાં ધૂળ પડી. ચોરો આવ્યા, ચોરી કરી માલ લઇ ગયા તો ય કહો છો 'હું જાણું છું.'

આનો બોધ એ લેવો છે કે, આવી જ હાલત આજે આપણી થઇ છે. રાગ–દ્વેષ, ક્રોધાદિ કષાયો, વિષયા સક્તિ, માયા–મોહ–મમતા આદિ ચોરો આપણા આત્માનું આત્મધન લુંટી રહ્યા છે છતાં ય આપણે શેઠની જેમ એક જ ગાણું ગાયા કરીએ છીએ કે, 'સંસારી છીએ. સંસારમાં તો આમ જ ચાલે હું બધું જાણું છું.'

અનંતગુણોથી મહાશ્રીમંત, શહેનશાહોના પણ શહેનશાહ આત્મરૂપી શેઠ સદ્‌બુદ્ધિ રૂપી શેઠાણી સાચી સલાહ આપે છે કે, આત્માનો ગુણ વૈભવ આ ચોરો લુંટી રહ્યા છે તો કાંઈ જાગો અને બચાવો. પણ મોહ–મગ્ન આપણો આત્મા બે ડીકરો બનીને એક જવાબ આપે છે કે, 'હું જાણું છું.'

પોપટપાઠ જેવી આ જાણકારી દૂર કરી, આત્મગુણ વૈભવનું મોહાદિ ચોરોથી રક્ષણ કરવા સૌ વાચક મિત્રો સાચા ધર્મપુરુષાર્થના શરણે જઇ આત્માના અનંતગુણોને પ્રગટ કરનારા બનો તે જ મંગલ કામના. —**પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.**

[૨] મોક્ષાર્થી આત્મા આવો હોય

—પૂ. મુનિરાજ શ્રી મોક્ષરતિવિજયજી મ.

આશાલિકા વિદ્યાના પ્રભાવે નગરની ચારેકોરની દિવાલ, બહારથી જોઇ ન શકાય એવી સળગતી—તેજઅંગારા વરસાવતી—બની ગઇ છે. આ એકમેવ વિદ્યા ઉપર મુસ્તાક બનેલો નગરનો રાજવી વરુણદેવ સુખચેનમાં છે, તો આ વિદ્યાની પ્રતિવિદ્યાના અભાવે નગરબહારની લશ્કરી છાવણીમાં રાજા રાવણની નીંદ હરામ થઇ ગઇ છે. ત્રિખંડભરતક્ષેત્ર ઉપર વિજયધ્વજ ફરકાવવાની અપેક્ષાથી તે દિગ્વિજય માટે નીકળ્યા છે. પણ અત્યારે તેમને પોતાની અપેક્ષા ચૂર ચૂર થઇ જતી જણાય છે. ચિંતા, દુઃખ, ક્રોધ, આવેશ અને હતાશાથી તે દિગ્મૂઢ બનીને બેઠા છે.

પણ આ રાવણ છે. ત્રિખંડભરતાધિપતિ બનવાનું ભાગ્ય અને સૌભાગ્ય એને માટે નિર્માણ પામ્યું છે. બરાબર એજ સમયે વરુણદેવની રાણીની દાસી ગુપ્તસંદેશ લઇને અહીં આવી પહોંચે છે. વરુણની રાણીનો સંદેશો છે કે 'હું તમને આ આશાલિકા-વિદ્યાની પ્રતિવિદ્યા આપવા તૈયાર અને તાકાતવાન છું. બદલારૂપે હે સુભગશિરોમણિ! તારે મારો સ્વીકાર કરવાનો છે.' રાવણ કંઇ કહે તે પહેલા વિભીષણ જ 'સોદો મંજૂર છે' એવો ઇશારો કરે છે. દાસી પણ હર્ષવિભોર બનીને ઝટપટ ચાલી જાય છે. પણ આ બાજુ વિભીષણનું આવી બને છે. 'રે! વિભીષણ! આ તેં શું કરી નાખ્યું? આપણા પૂર્વજોમાંથી કોઇએ પરસ્ત્રીનો મનથી વિચાર પણ કર્યો નથી અને આજે તું સ્વીકાર કરવા સુધી પહોંચી ગયો? ધિક્કાર છે તને વિભીષણ. પૂર્વજોની યશોજ્જવલ પરંપરાને આજે તે કાળોડિબાંગ ડાઘ લગાડયો છે. યુગોથી પવિત્ર રાક્ષસકુળને આજે તે કલંકિત કર્યું છે' લાલઘૂમ ચહેરો, થથરતાં હોઠ, ધ્રુજતાં હાથપગ અને ધ્રુજાવી દેતી ત્રાડ. રાવણનું આવું રૌદ્રસ્વરૂપ જોઇને વિભીષણ ક્ષણભર તો ઠંડોગાર થઇ ગયો. થોડી ક્ષણોની શાંતિ પછી વિભીષણે હળવેકથી સમજાવટ શરૂ કરી. 'આ તો રાજનીતિ છે, રાજન્! એકવાર પ્રતિવિદ્યા આવી જવા દો. એકવાર વિજય મેળવી લેવા દો. પછી એને ક્યાં સમજાવી નથી શકાતી?' રાવણને શાંત પાડતાં વિભીષણને પરસેવો વળી ગયો...અંતે એમ જ થયું. નગરવિજય પછી રાજરાણીને રાવણે 'તમામ પરસ્ત્રીઓને હું માતા કે દીકરીરૂપે જ જોઉં છું અને તેમાં તું તો તદુપરાંત મારી વિદ્યાદાતા ગુરૂ છે.' વગેરે વગેરે કહીને, સમજાવીને તેને તેના પતિની સેવામાં મોકલી આપી.

અહીં રાવણની હૃદયદશા કંઇક આ પ્રમાણે સમજાય છે; તેનો સામ્રાજ્ય પણ જોઇએ છે અને સદાચાર પણ જોઇએ છે. પણ આ પ્રસંગમાં પુરવાર થઈ ચૂક્યું કે

સદાચારપ્રેમ, સામ્રાજ્યપ્રેમ કરતાં ઉપર છે. સામ્રાજ્ય સ્વીકાર્ય છે પણ સદાચારનો ભોગે નહીં. બેમાંથી એકને જતું કરવાની વાત આવે છે ત્યારે રાવણ સદાચારને ચુસ્તપણે વળગી રહે છે: સામ્રાજ્ય ન મળે તો કંઇ નહીં. સદાચાર ન જવો જોઇએ, ગઢ મળે કે ન મળે પણ સિંહ ન જવો જોઇએ...

આ જ રાવણે એકવાર દિગ્વિજયયાત્રામાં રેવાનદીના વિશાળ કિનારા પર તંબૂ તાણીને પોતાના વિરાટ લશ્કર સાથે નિવાસ કર્યો છે. સમ્રાટ થવું છે પણ સેવક મટી જવું નથી, તેથી આ યાત્રાપ્રવાસમાં પણ રાવણે મનોહર જિનબિંબ સાથે રાખ્યું છે. અને અહીં પોતે પ્રભુપૂજામાં લયલીન બન્યા છે. ફૂલો વગેરેથી સુંદર અંગરચના કરીને હવે ભાવપૂજામાં એકતાન બન્યા છે. એવામાં એકાએક નદીમાં પૂર આવે છે ને જોત-જોતામાં તો તેનું ગંદું જળ સર્વત્ર ફરી વળે છે. છાવણીમાં હાહાકાર મચી જાય છે. અને રાવણ પોતે પણ ભયંકર રૂપ ધારણ કરે છે. એનો ગુસ્સો સાતમા આસમાનને આંબી જાય છે. કલિકાલ સર્વજ્ઞ લખે છે કે પોતાનો શિરચ્છેદ થવાથી જે ક્રોધ જાગે તેવો જ ક્રોધ રાવણને અત્યારે થાય છે. શા કારણે ? તેનાં સુંદર વસ્ત્રો અને નાહીધોઇને સ્વચ્છ કરેલું શરીર બગડી જાય છે માટે? પોતાની લશ્કરી છાવણીમાં બધું જ તિતર-બિતર થઇ જાય છે તેથી ? પૂજા કરીને તરત જ જે રસોઇ જમવાની હતી તે બગડી ગઈ અને નવી બનાવતાં વિલંબ થશે તે કારણે ? ના. ના. અષ્ટાપદ પર્વત પર દેવાધિ-દેવની ભક્તિમાં દેહનું પણ ભાન ભૂલી જઇને પોતાના સાથળમાંથી નસ બેંચી કાઢીને ભક્તિને અમર બનાવી દેનાર અને તેથી તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કરનાર આ રાવણ માટે આવી કલ્પના પણ હાસ્યાસ્પદ છે. પ્રભુપ્રતિમાની આ આશાતના રાવણથી સહન ન થઈ તેથી તેનો પિત્તો ગયો છે.

આ ઉપદ્રવ કોણે કર્યો છે તેની જાણકારી મેળવવા અને ખબર લઈ લેવા પોતાના સૈનિકોને આદેશ કરે છે. પોતે જાતે નીકળી પડે છે.

કથા ઘણી લાંબી છે. ઉપદેશ એટલો જ કે પ્રભુપ્રીતિ સર્વોચ્ચ રહેવી જોઇએ, જેવી રાવણના અંતરમાં છે. પૈસાપ્રીતિ, પરિવારપ્રીતિ, પ્રસિદ્ધિપ્રીતિથી માંડીને પૌદ્ગલિક સુખપ્રીતિ સુધીની તમામ પ્રીતિઓને પ્રભુપ્રીતિની પાછળ રાખવી જોઇએ, રાવણની જેમ,

અને પ્રભુપ્રીતિ એટલે ?

પ્રભુપ્રીતિનો અર્થ છે, પ્રભુઆજ્ઞાપ્રીતિ, પ્રભુઆજ્ઞાપ્રીતિમાંથી પ્રગટેલી પ્રભુમૂર્તિપ્રીતિ, પ્રભુભક્તિપ્રીતિ કે પ્રભુભક્તપ્રીતિ જ અસલી અને નક્કર હોય છે, બાકી બધી નકલી અને નમાલી.

પ્રભુની આજ્ઞાથી વિરૂદ્ધ જતી વાત, મારા પિતાની હોય તો ય શું, હું તે ન સ્વીકારું. આ આદર્શને વળગી રહેવા મયણાએ, એમ કહી શકાય કે, સર્વસ્વનો ત્યાગ કરી બતાવ્યે તો...

'હજી પણ વિચાર કરી લે, ધારું તેને સુખી અને ધારું તેને દુઃખી કરી શકું છું એ મારી વાતનો સ્વીકાર કરવો હોય તો હજી બાજી હાથમાં છે. અને જો હજી પણ તારે તારા કર્મની જ દુહાઇઓ આપવી હોય તો...તો જોઇ લે, તારા કર્મે આણેલ આ પતિ સામે તૈયાર ખડો છે.' અત્યંત ક્રોધથી થરથર ધ્રુજતા પિતા રાજવી પ્રજાપાળે આ કહ્યું અને મયણાએ સ્વસ્થ નજરે ઊંચું જોયું. પળનો પણ વિલંબ કર્યા વિના મયણા ઊભી થઇ ગઈ. નૂપુરના 'રૂમઝુમ રૂમઝુમ' નિનાદ સાથે શાંત અને સ્વસ્થ પગલાં પાડતી મયણા, પ્રસન્નચહેરે, હસતી આંખે, પેલા કોઢિયા પાસે પહોંચી ગઈ.

કોઢિયા પતિની સાથે વિદાય લઈ રહેલી મયણાસુંદરી રત્નજડિત પાલખીને બદલે બચ્ચર પર બેઠી છે. 'કુર્યાત્ સદા મંગલમ્'ના મંગલધ્વનિને બદલે ત્યારે વહાલસોયી જનેતાનું રૂદન પડઘાઇ રહ્યું છે. નથી સોળશણગારની સજાવટ કે નથી સખીઓની મજાક-મસ્તી. નથી ઢોલશરણાઇની સૂરાવલિઓ કે નથી મંડપમંચના ઠાઠમાઠ. નગરજનોના આશીર્વાદને સ્થાને 'આ મૂર્ખ છે, ઘમંડી છે, જિદ્દી છે, મિથ્યાવાદી છે. અવિનયી છે, કૃતઘ્ન છે,' આવાં આવાં કૈં કૈં નિન્દાવાક્યોની ઝડી વરસે છે. અને સૌથી મહત્ત્વની વાત; રાજકુમારી તરીકે તે જેને પરણી રહી છે, જેની સાથે તેણે આખી જિંદગી વિતાવવાની છે તે કોઈ સૌન્દર્યવાન રાજકુમાર નથી, અજાણ્યો પુરૂષ છે અને તે પણ કોઢિયો છે, સાતસો કોઢિયાઓની વચ્ચે જીવન ગુજારતો, ગામોગામ ભટકતો, રાજવિહોણો રાણો, ઉંબરરાણો.

આ આખોય પ્રસંગ શ્રીપાળચરિત્રનું આરંભબિંદુ છે. અને એમાં મુખ્યપાત્ર છે, મયણાસુંદરી, મયણાસુંદરીની પ્રભુઆજ્ઞાપ્રીતિ! આ પ્રસંગ પછી પગલે પગલે મયણાની આજ્ઞાપ્રીતિ સતત ચમકતી રહે છે. પિતૃગૃહની વિદાય લઈને પતિ સાથે પોતાના આવાસમાં હસતી હસતી આવેલી મયણા પહેલી રાતે જ દુઃખી દુઃખી થઈ જાય છે.

'હજુ કશું મોડું નથી થઇ ગયું, મયણા, પિતાએ ક્રોધાવેશમાં અને તેં યૌવનાવેશમાં જિદ્દથી આ અણછાજતું પગલું એકવાર ભલે ભરી લીધું. પણ હવે બાજી સુધારી લે. કોઈ રૂપસંપન્ન રાજકુમાર પાસે પહોંચી જા અને તારા રૂપનિર્માણને સાર્થક કર. મારા સંગથી તો તારું શરીર અલ્પસમયમાં જ કોઢગ્રસ્ત થઇ જશે. દુઃખ સિવાય મારી પાસે તને આપી શકાય એવું કશું નથી, કશું જ નથી.'

ગળગળા સાદે સચ્ચાઈના રણકા સાથે આવું જ્યારે ઉંબરરાણો કહે છે ત્યારે મયણાનું હૃદય ધરતીકંપનો આંચકો અનુભવે છે. એની આંખોમાંથી અશ્રુધાર વરસે છે. થોડી વાર પછી, હૈયું હળવું થયા પછી મયણા કહે છે 'સ્વામીનાથ! જે કહેવું હોય તે કહેજો પણ મારા ધર્મ ઉપર (શીલધર્મ ઉપર, પ્રભુઆજ્ઞા ઉપર) આપત્તિ આવે એવું કશું પણ ફરીવાર ક્યારેય કૃપા કરીને કહેશો નહિ!'

પ્રસ્તુત છે, આજ્ઞાપ્રેમમાંથી જનમેલા જિનમંદિરપ્રેમ, જિનમૂર્તિપ્રેમ. જીવદયાપ્રેમ અને સાધર્મિકપ્રેમની કેટલીક જાણી–અજાણી ઝલકો...

* સાધનાને અંતે પ્રત્યક્ષ થયેલી અંબિકાદેવીએ વિમલમંત્રીની સામે બહુ આકરો વિકલ્પ મૂકયો હતો. 'બેમાંથી એકની પસંદગી કરી લો. કાં વારસદાર પામો કાં જિનમંદિર બાંધો.' અને મંત્રીકંપતીએ નિઃસંતાન રહેવાનું વધાવી લઈને વિશ્વવિખ્યાત આબુનાં દેહરાં બંધાવ્યાં હતાં.

* ધર્મરૂચિ અણગારની સામે પણ બે દિશા હતી. એક બાજુ કીડી વગેરે જંતુઓની હિંસા થતી હતી તો બીજી બાજુ પોતાની હત્યા થવાની હતી.. ગોચરીમાં આવેલું ઝેરી શાક ધૂળમાં પરઠવવાને બદલે તેઓ પોતે વાપરી ગયા હતા!

* વેશ્યામાં આસકત બનેલો શ્રેષ્ઠીપુત્ર બધું જ ગુમાવી બેઠો હતો અને છેલ્લે વેશ્યાની પ્રસન્નતા માટે, તેની પ્રેરણાથી રાજાની રાણીના કુંડળ ચોરવા નીકળ્યો હતો. તમામ જોખમોમાંથી હેમખેમ પસાર થઈને છેક રાજારાણીના શયનખંડ સુધી એ પહોંચ્યો હતો. મોડીરાત સુધી પડખાં ઘસતાં રાજાને જ્યારે રાણીએ પૂછયું ત્યારે રાજાએ કહ્યું હતું કે 'મારો એક સેવક રાજા મને નમસ્કાર નથી કરતો. મને નમસ્કાર કરવા આવે છે ત્યારે એ પોતાની આંગળીમાં રહેલી વીંટીમાં કોતરેલા એના ઇષ્ટદેવ જિનેશ્વર દેવને નમસ્કાર કરે છે. મને એણે આજ દિવસ સુધી છેતર્યો છે. પણ હવે હું એને એની ગુસ્તાખીનાં કડવાં ફળ બહુ જલ્દી ચખાડવા માંગું છું. કાલે સવારે જ એના રાજ્યમાં પહોંચી જઈને એને પદભ્રષ્ટ કરવો છે. નષ્ટ કરવો છે. હું સાવ મૂર્ખ બન્યો છું. છેતરાયો છું. તેથી અજંપો અનુભવું છું. પણ હવે તો સવાર પડે એટલી જ વાર છે.'

આ સાંભળી રહેલા સમ્યગ્દૃષ્ટિ શ્રેષ્ઠીપુત્રની સામે પણ અત્યારે બે વિકલ્પ છે. એક વેશ્યાની પ્રસન્નતા અને બીજો, સાધર્મિકની સુરક્ષા, જેને માટે પોતે જોખમોનો સમંદર પાર કરીને છેક અહીં સુધી આવ્યો છે તે રાણીનાં કુંડળને જાણે સાવ વીસરી ગયો હોય તેમ શ્રેષ્ઠીપુત્ર તો તત્કાલ દોડયો પેલા સેવકરાજાની રાજધાની તરફ, સાધર્મિકને બચાવી લેવા માટે! અંધારી રાતે બેહદ મુશ્કેલીથી ત્યાં પહોંચે છે અને સાધર્મિકને સાવધ કરે છે. અંતે રામ–લક્ષ્મણ આવીને તેને ઉગારે છે.

* પ્રતિક્રમણ પૂરું કરીને સાંતનુ શેઠ પોતાના વસ્ત્રાલંકારોને પહેરતા જાય છે. પણ એમાં એમને પોતાનો નવલખો હાર જડ્યો નહીં. અંધારામાં આસપાસ બધે તપાસ કરી પણ હાર ન જડ્યો. પરમાર્હત શ્રેષ્ઠિવર્ય સાંતનુના અંતરમાં ત્યારે 'મૂલ્યવાન હાર ચોરાયો' તેના કરતાં પણ 'સાધર્મિકની મેં આ હદ સુધી ઉપેક્ષા કરી' એનો આઘાત વધારે લાગ્યો હતો.

* કલિકાલ સર્વજ્ઞના પટ્ટપ્રભાવક પૂજ્યપાદ શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની સામે પણ બે વિકલ્પ હતા. રાજાજ્ઞાનું પાલન કરીને 'રાજગુરૂ' તરીકેનું સન્માન પામો અથવા ગુર્વાજ્ઞાનું પાલન કરીને ધગધગતી તેલની કડાઇમાં કૂદી પડો. સૂરીશ્વરજીએ જીવતરને જતું કરીને જિનાજ્ઞાને જાળવી હતી !

* અદ્‌ભુત છે તમારી કાવ્યકલા ! કવિવર, સાક્ષાત્ સરસ્વતી પણ રચવા બેસે તો આવું ન રચી શકે. તમારી કવિતાને હું દેશવિદેશમાં પ્રખ્યાત કરી દેવા માંગું છું, પણ એક શરત છે. આ કાવ્યમાં ઋષભદેવને સ્થાને શંકરદેવ, વિનીતાનગરીને સ્થાને ધારા નગરી અને ભરત મહારાજાને સ્થાને તમે મારું નામ મૂકી દો !' માલવસમ્રાટ ભોજની આ આજ્ઞા સામે ધનપાળનો જવાબ હતોઃ 'આ તમે શું બોલી રહ્યા છો રાજન્ ? ક્યાં ઋષભદેવ અને ક્યાં શંકરદેવ ? શું સાગરનું સ્થાન એક સરોવર લઇ શકે ? સ્વર્ગ સમી વિનીતાનગરીની પાસે તમારી આ ધારાનગરી તો સાવ રંક દીસે છે. અને ભરત અને આપની સરખામણી તો સ્વપ્નમાં પણ ન થઇ શકે, રાજન્ ! આ વાત કોઇ કાળે શક્ય નહીં બને.'

* ગુજરાતનો નાથ સામે ચાલીને બોલાવે છે અને મંત્રીમુદ્રાનો સ્વીકાર કરવાની ઓફર કરે છે પણ વસ્તુપાળ તો, મંત્રીમુદ્રાના ઝાકઝમાળમાં સહેજ પણ અંજાયા વિના, સામી શરત મૂકે છેઃ 'મારા પ્રભુની આજ્ઞા મારે માટે સર્વોપરિ રહેશે. સૌથી પ્રથમ હું મારા પ્રભુની આજ્ઞાને વફાદાર રહીશ, પછી આપની આજ્ઞાને જ્યારે આપની અને મારા પ્રભુની આજ્ઞા સામસામી આવી ઊભશે ત્યારે રાજન્ ! હું આપની આજ્ઞાને નહીં પાળી શકું !'

સાંભળ્યું છે કે પરણવા તૈયાર થયેલો ક્ષત્રિય યુવાન, પોતાની પરણેતરનો સ્વીકાર કરતાં પહેલાં એને કહેતો કે 'યાદ રાખજે, તું મારી બીજી પરણેતર છે. મારી કેડે ઝુલી ચૂકેલી આ તલવારને હું પહેલાંથી વરી ચૂકયો છું ! આ તલવારનો પોકાર પડશે ત્યારે હું તારી સામું જોવા પણ રોકાવાનો નથી !'

ક્ષત્રિયનો પ્રતિજ્ઞામંત્ર હોય છે : 'પહેલી તલવાર, પછી પરિવાર !'

મોક્ષાર્થીનો પ્રતિજ્ઞામંત્ર હોય છેઃ 'પહેલો આજ્ઞાવિચાર, પછી સંસારનો વ્યવહાર અને વ્યાપાર !'

('શબ્દ કહું બસ એક પરમનો'માંથી)

પરમ પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના

* પુણ્ય પ્રવચનોનો સારાંશ *

હજુ એક ગુંચ છે પ્રભુ ભાવ લાવવા ક્રિયા કરે કે,
આવશે... કરતાં કરતાં પણ ભાવ આવશે
બાહ્ય વિધિ સહિત ક્રિયા કરે છે પણ જ્ઞાનની ઇચ્છા નથી
તે શું ભગવાનનો ભગત બની આજ્ઞાને આરાધશે ?

આજ્ઞા જેના દિલમાં નથી તેને અધિકાર કઇ ક્રિયાનો
પહેલાં આજ્ઞા કે ક્રિયા ? આ સમજ કયારે આવશે
જ્ઞાન પણ ગુરૂગમ વિનાનું, મિથ્યાત્વ તરફ લઇ જશે
લખેલું શાસ્ત્રમાં રહેશે ને ક્રિયા દુર્ગતિમાં લઈ જશે

યોગ્યતા વિના ક્રિયા કરી ઠંભ જે કોઇ આચરે
તે [redacted] મોક્ષે જશે ? કે સંસાર ઘણો વધારશે ?
ગુણઠાણું ના જોઇએ ને ગુણઠાણાની ક્રિયા કરે
એવો ઠંભ પણ આ જગતમાં શું વ્યવહાર ચલાવશે ?

મોક્ષને શું માંગશે ? જે મોક્ષ વિષે જાણે નહિં
ભગવાનની ભક્તિ શું કરે ? જે ભગવાનને જાણે નહિ
ફસી ગયા છે બધા જીવો પુણ્ય–પાપની લાલચમાં
એના માટે ઝેર છે જે સુખને પચાવી જાણે નહિ.

મનના ભાવો સ્થિર કરવા દ્રવ્યક્રિયા જરૂરી છે
ભાવ આવવો સહેલ નથી, પહેલાં જ્ઞાન જરૂરી છે
ભાવ કયાંથી આવશે ? અરિહંતને ઓળખ્યા વિના
માટે જ કહે ગુરૂજી, સાચી ઓળખ જરૂરી છે.

પૂજ્ય થવાની યોગ્યતા જ્ઞાનથી જે મેળવે
તે જ ગુરૂ સેવ્ય છે જે અરિહંતની વાણી વદે
લોકોત્તર જિન શાસનમાં શાસ્ત્રગતિ સર્વોચ્ચ છે
તે સિવાયના ઘણા મતો, બુદ્ધિનો વ્યભિચાર છે

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૮]

—શ્રી રાજુભાઇ પંડિત

૮. વણિકકુળમાં ક્ષાત્રતેજ જન્મે કયાંથી ?

'જરાસંધની પુત્રી જીવયશા પિતાના અને પતિના કુળનો સંહાર કરનારી છે, રાજન્ !'

રાજકુમારી કુંતી કે જે પાંડુરાજા સાથે પરણ્યા પછી યુધિષ્ઠિર નામના પુત્રની માતા બની હતી. આથી પુત્ર જન્મની ખુશાલી મનાવવા કુંતીના પિતૃઘરેથી આવેલા ખુશ–ખુશાલ બનેલા કોરકે કુંતીને ભેટણાંઓ આપ્યા પછી કુંતીએ પિતૃઘરના સમાચાર પૂછતા કોરકે સમાચાર આપતા આપતા જણાવ્યું કે—હે દેવી ! ત્રિખંડેશ્વર જરાસંધે આપણા સમુદ્ર વિજય રાજાને એકાએક જ આજ્ઞા કરી કે—'સિંહપુર નામના નગરમાં પ્રચંડ શકિતશાળી સિંહ જેવો પરાક્રમી સિંહરથ રાજા છે. મારી આજ્ઞા ન માની હોય તો એક આ સિંહરથે. નથી માની જઇને તેને તમે યુદ્ધમાં જીવતોને જીવતો પકડી લાવો. આના બદલામાં હું તમને મારી પુત્રી જીવયશા તથા તમને મન પસંદ એક નગર અને સુવર્ણથી ભરેલો એક મહેલ આપીશ.'

ત્રિખંડેશ્વર જરાસંધની દૂત દ્વારા અકસ્માત જ આવી પડેલી આ આજ્ઞાથી આપણા સ્વામી સમુદ્રવિજય સ્વયં સિંહરથ સાથે યુદ્ધ કરવા જવા તૈયાર થયા પરંતુ અતુલપરાક્રમી વાસુદેવે પ્રણામ કરીને કહ્યું હે દેવ ! હરણ જેવાને હણવા જવા સિંહને પંજો ઉગામવાની જરૂર જ કયાં છે ? હું આપનો સેવક હાજર હોવા છતાં આપ વડિલ જશો તે ઉચિત નહિ લાગે. અંધકારનો વિનાશ વેરનારો અરૂણોદય થયા પછી સૂર્યને અંધકારનો વિનાશ કરવા જવાની જરૂર નથી રહેતી, દેવ !' આ રીતે અત્યંત આગ્રહ પૂર્વક કહેતા વાસુદેવને સમુદ્રવિજય રાજાએ સેનામાં સ્થાપન કરીને વિજય માટે વિદાય આપી.

વાસુદેવે પણ શકિતશાળી એવા પોતાના સેવક કંસની સાથે યુદ્ધ પ્રયાણ કર્યું. સિંહરથ સાથે યુદ્ધ છોડીને જીવતો જીવતો ને જ સિંહરથને પકડી લઇને બેડીઓથી બાંધીને થોડા જ દિવસમાં સમુદ્રવિજય રાજા આગળ સિંહરથને બંધનદશામાં જ પ્રસ્તુત કર્યો.

નગરીમાં સિંહરથનો જયોત્સવ કરીને હવે સમુદ્રવિજય રાજા, વાસુદેવ સહિત જરાસંધ રાજા પાસે જવા રાજગૃહ તરફ જઇ રહ્યા હતા. રસ્તામાં જતા હતા ત્યારે ક્રોષ્ટુકિ નામના એક જ્ઞાનીએ એકાંતમાં લઇ જઇને રાજા અને વાસુદેવને કહ્યું કે—

'સિંહરથ રાજાને જીતવામાં જરાસંધે જે પોતાની પુત્રી જીવયશાને શરતમાં મૂકેલી છે તે જીવયશા પોતાના પિતાનો અને પતિનો કુળ સંહાર કરનારી છે. તેવા તેના લક્ષણો છે.' આટલું સાંભળીને તે વિદ્વાન જ્ઞાનીનું વિસર્જન કરીને રાજા સમુદ્રવિજયે વાસુદેવને જણાવ્યું કે-'રાજગૃહી તરફ જરાસંધ રાજા પાસે જવાનો આપણો આ આરંભ આપણા સારા ભવિષ્યવાળો નથી.'

આથી વાસુદેવે રાજાને કહ્યું કે-દેવ ! ચિંતા ના કરો. જરાસંધ રાજા મને તેની વિષકન્યા પરણાવશે તે વાત ચોક્કસ છે. પણ તે બલામાંથી છટકવાનો મેં ઉપાય વિચારી લીધો છે. તે તમે સાંભળો.

'હું આપની આજ્ઞાથી સિંહપુર નગરમાં ગયો. ગુફામાંથી સિંહની જેમ નગરમાંથી સિંહરથ રાજા યુદ્ધ કરવા નીકળ્યો. પ્રચંડ પરાક્રમી તે રાજાએ અત્યંત અદ્‌ભૂત ભુજાના પરાક્રમોથી મારા પણ સૈનિકોને ત્રાસ-ત્રાસ કરી મૂક્યો. આથી મારું સૈન્ય ભાંગી ગયેલું જોઇને રથમાંથી અત્યંત ઝડપથી નીચે ઉતરી જઇને મારા સારથી આ કંસે સિંહરથ રાજાના રથને પોતાના બાહુબળથી પર્વતની જેમ ભૂકકે ભૂક્કા ઉડાડી દીધા. અને મયૂર બંધથી (મયૂરને બાંધે તે રીતે) સિંહરથ રાજાને તે કંસે એકલાએ બાંધીને મારી સામે ફેંકયો.'

આપણે જરાસંધ રાજાને આ રીતે કહીશું કે જેથી મગધેશની તે વિષકન્યા કંસની પત્ની બને. સિંહરથને જીવતો ને જીવતો બાંધી લાવનાર આ કંસ છે. તેથી જીવયશાને તે જ પરણવા લાયક છે. તેનો જ અધિકાર છે.'

આ રીતે વાસુદેવે કહેતાં સમુદ્રવિજય રાજાનો શોક દૂર થયો. પણ પાછી ચિંતા વ્યકત કરી કે-વાસુદેવ ! કંસ તો વણિકપુત્ર છે. એમ તું કહે છે. અને વણિકપુત્રને જરાસંધ પોતાની પુત્રી નહિ જ પરણાવે એટલે પાછી આપણને મુશ્કેલી ઉભી થશે.' આ વાત ચાલતી હતી ત્યાં જ કંસ આવી ચડયો. વાસુદેવે કહ્યું—'આ કંસ છે.' સમુદ્ર-વિજય રાજાએ તેની માંસલ, તેજસ્વી, પરાક્રમી આકૃતિ જોતા વાસુદેવને કહ્યું કે-આ સાક્ષાત ક્ષાત્ર કુળનો લાગે છે. વણિક કુળમાં આવો પરાક્રમી જન્મે જ કયાંથી ? તેથી તેના પિતા પૂછીને હું તેનું (કંસનું) કુળ કર્યું છે તે જાણીશ.

(પાંડવ ચરિત્ર-સર્ગ-૨ પર થી ૭૬)

(ક્રમશઃ)

— o —

શાસન સમાચાર

—: સોનેરી દિન :—

ફા. સુદિ ૧૩ શુક્રવાર તા. ૨૧–૩–૯૭ માર્ચ

'સહુ ચાલો સિદ્ધગિરિ જઇએ, છ ગાઉની યાત્રા કરીએ...
સાચી યાત્રા કરી પ્રભુ આજ્ઞાનો વિધિ મુજબ આદર કરો...

ફા. સુદિ ૧૩ શુક્રવાર પર્વ દિનની આરાધના માટેનો આ વર્ષે ભારતભરના સંઘો માટેનો એક સોનેરી દિવસ ઇતિહાસના પાને લખાઈ ગયો. ભારતભરનાં સંઘો આ દિવસે સિદ્ધાચલ ગિરિરાજની ગોદમાં યાત્રા કરવા તેમજ કર્મ ખપાવવા માટે સાચી આરાધના આનંદ લઇને ગયા. આ દિવસે ભાંડવાના ડુંગર ઉપર ૮૩ કોડ મુનિ ભગવંતો આ દિવસે મુક્તિ માર્ગના સિંહાસન ઉપર પહોંચી ગયા તે માટે આ દિવસનો મહિમા અપરંપાર છે. જૈનો તેમજ અજૈનોમાં 'દેબરા તેરસ' તરીકે ઓળખાય છે. સેંકડો હજારો, લાખોની સંખ્યામાં આ દિવસે પુન્યશાળીઓ સાચી આરાધના કરી, કરાવીને અનુમોદના કરી કે આપને શુદ્ધ ભાવથી યાત્રા કરી, કર્મ ખપાવી મહાવિદેહમાં જઈ ૮ વર્ષે દીક્ષા લઈ વહેલાં વહેલી તકે આપણે સૌ મુક્તિ માર્ગના સિંહાસન પર જઇ પહોંચીએ.

સ્વ. જ્ઞાન–પ્રેમ–રામચંદ્રસૂરીશ્વરજી મ.ના શિષ્યો પ્રશિષ્યો થઇ ૧૬–૧૬ આચાર્ય ભગવંતો–સેંકડો મુનિ ભગવંતો, સેંકડો સાધ્વીજી ભગવંતોએ પણ આ સાચી આરાધના કરી અનેકોને માર્ગદર્શન આપવામાં ખુબ જ મહત્વનો લાભ લીધેલ.

ફા. સુદિ ૧૨ ના બપોરે ૨ ક. મહારાષ્ટ્ર ભુવનમાં રામનગરી મંડપ બાંધવામાં આવ્યો હતો તે પણ નાનો પડતો હતો. હજારો ભાવિકો મહાપુરૂષોના સ્વમુખે સાચી તેરસની ગમજણ સચોટ માર્ગદર્શનથી આહલાદ–આનંદ થયો હતો. સચોટ માર્ગદર્શન હૃદયમાં સોસરી જાય તેવું સરળ ભાષામાં પૂજ્યોએ આપ્યું હતું. બપોરના ૨ થી ૫ વાગ્યા સુધી પ્રવચનમાળા રહી હતી. ત્યાર બાદ ૧૩ના દિવસે તળેટી ઉપર અષ્ટપ્રકારી પ્રથમ પૂજાના ચઢાવવા બોલાયા. તેમાં મુંબઇવાળા કુમાર કાકાએ ૨ લાખ બોલીને લાભ લીધેલ. તેમજ બીજા અનેક ચઢાવા બોલાયા હતા તેમાં જુદા જુદા પુન્યશાલીઓએ લાભ લીધેલ. ત્યાર બાદ મુંબઇથી બે સ્પે. ટ્રેનો આવી હતી.

(૧) પહેલી રૂપે. ટ્રેન શ્રી સિદ્ધાચલ ગિરિરાજનો લાભ કુમારકાકાએ સારી રકમ આપીને લાભ લીધેલ. (૨) રૂપે. ટ્રેન–શ્રી હસ્તગિરિરાજ તેનો લાભ (૧) બોરીવલી નિવાસી સંઘવી કાંતીલાલ ગીરધરલાલ વોરા (૨) રીખવચંદ જેઠાલાલ (૩) હર્ષદભાઇ સી. શાહ (૪) હરેશભાઇ શાહએ સારી રકમો આપીને લાભ લીધેલ. તે ભા યશાળીઓનું બહુમાન સંઘની હાજરીમાં 'સન્માનાર્થક' હાર પહેરાવીને બહુમાન કરવામાં આવ્યું હતું.

કા. સુદ ૧૩ ના સોનેરી દિવસે મહારાષ્ટ્ર ભુવનથી અનેકો આચાર્ય ભગવંતો સાધુ–સાધ્વીજી ભગવંતો સંઘ સાથે વાજતે ગાજતે જય જયશ્રી આદિનાથના મધુર કંઠો સાથે ગાતાં ગાતાં હજારો ભાવિકો તળેટી ઉપર પહોંચી ગયા હતા. ત્યાં આગળ સવારે સુંદર ફૂલોનો શણગાર કરવામાં આવ્યો હતો. પછી કુમાર કાકાએ અષ્ટપ્રકારી પૂજનો લાભ લીધેલ તેમણે સુંદર રીતે પૂજાઓ કરી હતી. ત્યાર બાદ પૂ.શ્રી સાથે ચૈત્યવંદન, ખમાસમણા કરી સોના–રુપાના ફૂલોથી ગિરિરાજને વધાવ્યા હતા.

ત્યાર બાદ ગિરિરાજ ઉપર જઇ શ્રી આદિનાથ દાદાના દર્શન કરી. ૬ ગાઉની યાત્રામાં જાણે કોઇ ચમત્કાર શાસનદેવની કૃપા હોય તેવું હજારો યાત્રાળુઓને લાગ્યું સવારથી કે સાંજ સુધીમાં જરા પણ કોઈ યાત્રાળુઓને તડકો લાગ્યો નહોતો. ઘણાં પુન્યશાળીઓ મોજા કે પગરખાં લાવ્યા હતા. પણ તેમણે થેલીમાં જ રહેવા દીધા. અને ખુલ્લે પગે ચાલવાનો આનંદ પસંદ કર્યો. આ યાત્રામાં રાધનપુરવાળા બોરીવલીના સુરેશ ભાઇના ઋષભકુમાર ઉંમર વર્ષ ૩ અને ઉંમર–૪ નિરાગીએ લાભ લીધેલ. તેમજ ૮૭–૮૯ વર્ષના માજી ખુલ્લે પગે યાત્રા કરતાં જોઇને બે યુવાનોએ માજીને પૂછયું કે માજી આ ઉંમરે જાત્રા કેમ કરો છો ? તેનો જવાબ સાંભળી યુવાનોની આંખમાં હર્ષના આંસુ આવી ગયા કે—જૈન શાસન કેવું સુંદર છે. માજી કહે કે—બેટા આટલા વર્ષમાં ઘણાં પાપો કર્યા છે પણ આ વર્ષે સાચી ૧૩ ની આરાધના કરવાનો આનંદ મળી ગયો તેનો આનંદ અદ્‌ભુત છે.

મારા પરમ ગુરૂદેવ કદાચ મહાવિદેહમાં હશે જ તેથી હું પણ કદાચ મરીશ તો આવા સુંદર દિવસે સાચી આરાધના કરી મહા વિદેહમાં જન્મ લઈ ૮–વર્ષે દીક્ષા લઇ કર્મ ખપાવી કેવલજ્ઞાન પામી મોક્ષે જઇએ અને સૌ આ જ ભાવનાથી અહીં આપણે આવ્યા છીએ. એ સાંભળીને યુવાનો આવા નાના બાળકો તથા મોટી ઉંમરના માજી કે દાદાને યાત્રીએ જોઇને ભૂરી ભૂરી અનુમોદના કરતાં કરતાં આગળ જઈ રહ્યાં હતા અને આ વાતો છેક એમના ઘર સુધી પહોંચતી કરી. આ યાત્રામાં પારસભાઈના બાળકો ઉંમર વર્ષ ૪ ભવ્યકુમાર, દિવ્યકુમારે પણ ખુલ્લે પગે ચાલીને ૧–૦૦ વાગે પચ્ચકખાણ

પાર્યું હતું. તેમની પણ લોકો અનુમોદના કરતા હતા. આવા અનેક બાળકો તથા વૃદ્ધો જૈફ વયે કરીને આનંદ અને ધર્મ અપાવી ગયા હતા. નીચે ઉતરતાં પુન્યશાળીઓને બહુમાન પૂર્વક હાથ જોડી, ગુલાબજળ છાંટી, કુમકુમનાં તિલક કરી. બાકલુ, છાંટી, દૂધથી પગ ધોઇ–હાથ જોડી સાચી આરાધનાનું જન્મભૂમિ પંચાંગ પ્રમાણે પણ સાચી આરાધનાનું મહત્વ દિન. તથા તેમાં સોનાથી રચેલો ચાંદીનો સિક્કો તેમજ ૭–૭ રૂા.નું સંઘપૂજન જુદા જુદા પુન્યશાલીઓએ લાભ લીધેલ. સુંદર પાલોમાં સારી સગવડો કરી તેમની ભક્તિ કરાઈ હતી.

○ જેટલો વિરોધી પ્રચાર વધુ, તેટલો ૨૧ માર્ચ માટે થઈ રહેલો વધુ ઘસારો.

○ જૈન શાસનના પ્રભાવે આ યાત્રા એવી અનેરી હશે કે આપના જીવનમાં સોનેરી સંભારણું બની જશે.

○ જેમ પત્થરની ગાયને દોહવાથી દૂધ મળતું નથી, તેમ તિથિ બકલીને કરાતી આરાધનાનું ફળ મળતું નથી.

○ જે પંચાંગ સકળ સંઘે સ્વીકાર્યું છે તેને વફાદારી પૂર્વક અનુસરવું તે વિવેકીનું કર્તવ્ય છે.

'જ્યાં કાંકરે કાંકરે અનંતા આત્મા સિધ્ધિ ગતિને પામ્યા તે ગિરિરાજને

કોટી કોટી વંદના...

સાચી યાત્રા કરી પ્રભુ આજ્ઞાનો આદર કરો...

ડોંબીવલી–શ્રી પાર્શ્વભક્તિ શ્વે. મૂ. પૂ. તપગચ્છ જૈનસંઘ ડોંબીવલીના આંગણે સંગીતાવાડી, પાંડુરંગવાડીમાં દેવાધિદેવ શ્રી આદિનાથ દાદાની વિશાળ છત્રછાયામાં પૂ. મુનિરાજ શ્રી જિનસુંદરવિજયજી મ. આદિની શુભનિશ્રા અને શ્રી ઋષભદેવ ભગવાનના જન્મ અને દીક્ષા કલ્યાણક દિવસે ૧૮૨ મહામંગલકારી વર્ષીતપ તથા ૩ કર્મસૂદન તપ અને ૩ પાંચસો આયંબીલ શરૂ થયા. નાણ સમક્ષ પ્રત્યાખ્યાન આપેલ.

ડોંબીવલી (ઇસ્ટ) સંઘના ઇતિહાસમાં અભૂતપૂર્વ અને યાદગાર એવા આ વર્ષીતપના મંગલ પ્રારંભે આગલા દિવસે સાંજે અત્તર પારણાનાં ભોજનનો સુંદર લાભ શ્રી વર્ધમાન સંસ્કૃતી ધામના સંચાલક શ્રી પ્રવિણભાઇ દોશીના નેતૃત્વમાં નવયુવાનોએ અડેપગે સેવા આપી સુંદર રીતે કરી હતી. ૬૨૬ તપસ્વીઓનું પગ ધોઇ તિલક કરી સંઘપૂજનનો લાભ વ. સંસ્કૃતી ધામે લીધો હતો. તપપ્રેરણામાં જોડાયેલા ૬૨૬ ભાઇ–બહેનોના બહુમાનનો લાભ શ્રી કુંદનલાલ ગણેશમલજી ભીવંડીવાળાએ લીધો. ચાંદીની

લગડી, શ્રીફળ અને સાકરના પડા વડે દરેક તપસ્વીઓનું બહુમાન જુદા જુદા દાતાઓ તરફથી કરવામાં આવેલ તપોત્સવની રૂપરેખા અને આભારદર્શન સંઘના ટ્રસ્ટીશ્રી પ્રદિપભાઇ અમુલખભાઈ સંઘવીએ કરેલ. સંઘના ટ્રસ્ટીઓ તથા સંઘના ભાઇઓએ સેવાઓ બજાવી હતી. પૂ. આ. ભગવંત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. સાહેબના શુભ આશિર્વાદથી આ પ્રસંગ ભવ્ય બન્યો. 'માની મમતા' તથા 'મહામંત્રનો પ્રભાવ' એક પાત્રીય સંવાદ શ્રી નરેન્દ્રભાઇ કામદારે પ્રસ્તુત કરેલ પ. પૂ. શ્રી જિનસુંદરવિજયજી મ. સાહેબે તપસ્વીઓને ભાવવાહી શબ્દોમાં હિતશિક્ષા આપી હતી.

રાજકોટ–પૂ.આ.શ્રી તપસ્વી વારિષેણસૂરિજી મ ઠા. ૫ તથા સાધ્વી ઉર્જ્જવલતા શ્રીજી, સા. હંશકલાશ્રીજીની નિશ્રામાં ચૈત્ર સુદ ૫ ના સવારે માંડવી ચોક જૈન દેરાસરે પધાર્યા. નવપદ ઓળી, આયંબિલો, ભકતામર પાઠ સિદ્ધચક્રપૂજન મહાવીર જન્મોત્સવ વિગેરે ઉજવાયા. ચાતુર્માસ પ્રહલાદ પ્લોટમાં થશે. લબ્ધિપ્રશ્ન–૧૩૦૦ પ્રશ્નોના જવાબ રૂા. ૧–૫૦નો સ્ટેમ્પ મોકલી નીચેના સરનામે છાણીથી ભેટ મેળવો. ભગવતી પ્રવચનો–હિન્દીમાં આ. વારિષેણસૂરિ દ્વારા સંપાદિત પ્રવચનકાર આ. લબ્ધિસૂરિજી મ. સાહેબ પોસ્ટેજ ૫–૦૦ રૂા. આત્મકમલલબ્ધિસૂરિ જ્ઞાન મંદિર. ૬, એસ. લેન, દાદર–મુંબઇ-૨૮

ભેટ મળશે—પુણ્યાનંદ પરિમલ–મનમોહન લેખો આદિનો સુંદર સંગ્રહ પોસ્ટેજ ૧-૫૦ પૈસાનો સ્ટામ્પ મોકલી ભેટ મેળવી લેશો.

નટવરલાલ સી. શાહ, પુણ્યાનંદ પ્રકાશન, વાણીયા વાડ, પોસ્ટ–**છાણી**–૩૯૧૭૪૦
(જી. વડોદરા)

तारे ते तिर्थ—मिथ्यात्वने छोडो

પોતે ભૂખ્યો છે તો બીજાને શું ખાવાનું આપી શકે–અન્ન
પોતે જ તરસ્યો તો બીજાની તૃષા કયાંથી મીટાવી શકે
પોતે જ ડૂબી રહ્યો છે બીજાને કયાંથી બચાવી શકે
પોતે જ નિર્ધન છે ગરીબ છે તો બીજાને મદદ કયાંથી કરે
પોતે જ અભણ છે ધન વગર અંગુઠા છાપ બીજાને કયાંથી ભણાવી શકે
પોતે જ અપંગ છે તો બીજાને ઉપાડી આગમાંથી બચાવી નીકળી ૮૪ જીવ બચાવવો છે.
પોતે જ અંધ છે તો મુખ્ય રસ્તો અને દ્વાર કેમ બતાવી શકે
પોતે જ વ્યસની છે તો બીજાના વ્યસન દારૂ આદિ મદિરા–સીગારેટ કયાંથી મૂકાવી શકે–અભક્ષ્ય. **—શ્રી રતિલાલ ડી. ગુદકા-લંડન**

કરનારને પીરસ્યું હોય, તે પીરસેલા ભોજનમાંથી જે ગ્રહણ કરવું તે અવગૃહીત ભિક્ષા.

૬. **પ્રગૃહીતા**-ભોજનકાળે ભોજન કરવા ઇચ્છતા પુરૂષને પીરસવા ઇચ્છતા રસોઇયા આદિએ ચમચા વગેરેથી તપેલી આદિમાંથી ભોજન કાઢયું હોય પણ પીરસ્યું ન હોય તેને જે ગ્રહણ કરવું તે અથવા ખાનારાએ પોતે જ પોતાના [redacted] જન-માંથી ચમચ આદિથી કાઢેલા ભોજનને જે ગ્રહણ કરવું તે પ્રગૃહીત ભિક્ષા.

૭. **ઉજ્જિજત ધર્મા**-જે ભોજન ખરાબ આદિને કારણે નાખી દેવા યોગ્ય હોય અને જે ભોજનને બ્રાહ્મણાદિ પણ લેવા ન ઇચ્છતા હોય તે ભોજનને અથવા અડધા છોડેલા ભોજનને ગ્રહણ કરવું તે ઉજ્જિજત ધર્મા ભિક્ષા.

૦ **પર્યાપ્તા અંગે** (શ્રી પંચસંગ્રહમાંથી)

જેઓએ સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરી નથી પણ અવશ્ય કરવાના છે તે **લબ્ધિ પર્યાપ્તા** કહેવાય અને જેમને સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરી છે તે **કરણ પર્યાપ્તા** કહેવાય.

અહીં આ બંનેનો અર્થ સરખો જોવાથી શંકા થાય તે સહજ છે. પણ તેનું સમાધાન કરતાં કહ્યું છે કે-કર્મના બે પ્રકાર છે. ૧-પર્યાપ્ત નામ કર્મ અને ૨-અપર્યાપ્ત નામ કર્મ.

જે કર્મના ઉદયથી સ્વ-યોગ્ય પર્યાપ્તિઓ પૂરી થાય તે **પર્યાપ્ત નામકર્મ**. જે કર્મના ઉદયથી **સ્વ**-યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન થાય તે **અપર્યાપ્ત નામકર્મ**.

લબ્ધિ એટલે શક્તિ વડે કરીને પર્યાપ્તા તે **લબ્ધિ પર્યાપ્તા અને** તે પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા આત્માઓ. અને શક્તિ વડે અપર્યાપ્તા તે **લબ્ધિ અપર્યાપ્તા**, તે **અપર્યાપ્ત** નામકર્મના ઉદયવાળા આત્માઓ.


અર્થાત્ પર્યાપ્ત **અને અપર્યાપ્ત** નામકર્મના ઉદયવાળા આત્માઓ જ ક્રમે કરીને લબ્ધિપર્યાપ્તા **અને લબ્ધિ અપર્યાપ્તા** કહેવાય છે.

જ્યારે કરણ **અપર્યાપ્તા** તથા કરણ પર્યાપ્તા તો પર્યાપ્ત **નામકર્મનો** ઉદય થયા બાદ **આ**ત્માની અમુક અવસ્થાને ઓળખવા માટે જ શ્રી શાસ્ત્રકાર ભગવંતોએ રાખેલા નામ માત્ર છે.

જેમકે, લબ્ધિપર્યાપ્તા-પર્યાપ્તા નામકર્મવાળા આત્માઓ જ્યાં સુધી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધીની તેઓની અવસ્થાને કરણ અપર્યાપ્તાવસ્થા કહેવી અને સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પછીની અવસ્થાને કરણ પર્યાપ્તાવસ્થા કહેવી.

આ રીતે લબ્ધિપર્યાપ્ત **અને** લબ્ધિ **અપર્યાપ્ત** જ્યારે કર્મરૂપ છે. **અને** કરણ પર્યાપ્ત **અને** કરણ **અપર્યાપ્ત** એ કર્મરૂપ નથી એ સ્પષ્ટ ભેદ છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- મિથ્યાત્વ મોહની સત્તા ઉઠે તો જ અધ્યાત્મ ભાવ આવે. તો જ આત્મા માટે ધર્મ કરવાની વાત ગમે, નહિ તો પૈસા-ટકા, દુનિયાની મોજ મજાદિ માટે જ ધર્મ થાય.
- જેને અધર્મનો ડર ન લાગે, ધર્મનો પૂરેપૂરો પ્રેમ ન જાગે તે જીવ સાચો ધર્મ કરી શકે નહિ. તે સાધુ થાય તો ય સત્યાનાશ કાઢે
- દુનિયાના પૈસાદિ માટે મંદિરમાં જવું તે ય પાપ!
- શાસનના સિદ્ધાંત પ્રેમી જીવો કદી કજીયો કરતા નથી, આવે તો વેઠી લે છે. નવું પણ કશું કરતા નથી. આપણે કશું નવું પ્રતિપાદન કર્યું નથી. જે કર્યું છે તે જુનાનો ઉદ્ધાર કર્યો છે.
- સમ્યગ્દૃષ્ટિ તેને જ કહેવાય કે જેની દૃષ્ટિ આત્મ સ્વરૂપ તરફ હોય. એને સંસાર અસાર જ લાગે મોક્ષ તરફ એની દૃષ્ટિ અવિચલ હોય, ભોગની સાધનામાં એ લેપાય નહિ.
- જે ભવને ભયંકર ન માને અને ભદ્રંકર માને તે ધર્મને લાયક નથી, ધર્મ માટે તે અનધિકારી છે, ધર્મીપણું એનાથી વેગળું છે. માણસાઇ વિનાના માણસ જેમ નકામા છે તેમ ધર્મ વગરના કહેવાતા ધર્મી પણ નકામા છે.
- સ્યાદ્વાદના નામે અસત્ય સ્વીકારાય નહિ અને સત્ય છોડાય નહિ-છોડાવાય નહિ. બીજાને સમજાવવાની કોશિશ કરાય, ન સમજે તો ત્યાગ પણ કરાય પણ સિદ્ધાન્તની વાતમાં ઘાલમેલ તો કરાય જ નહિ.
- જ્યારે જ્યારે નવી વાત આવે ચાલે ત્યારે સત્ય શું છે, અસત્ય શું છે તે જાણવા મન ન થાય, સમજવાનું મન ન થાય, સમજ્યા પછી સાચું કરવાનું અને ખોટું છોડવાનું મન ન થાય તે બધા મિથ્યાત્વના પ્રેમી છે!
- મોક્ષની ઇચ્છા વગરનાને ધર્મમાં મજા ન આવે, તેને તો પાપમાં મજા આવે

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

વ્રતત્યાગ કરતાં પ્રાણત્યાગ શ્રેષ્ઠ છે.

વરં પ્રવેશો જ્વલિતં હુતાશનં,
ન ચાપિ ભગ્નં ચિરસંચિતવ્રતમ્ ।
વરં હિ મૃત્યુઃ સુવિશુદ્ધચેતસો,
ન ચાપિ શીલસ્ખલિતસ્ય જીવિતમ્ ॥

બળતા અગ્નિમાં પ્રવેશ કરવો સારો છે પણ લાંબો કાળ પાળેલું વ્રત ભાંગવું સારું નથી. વિશુદ્ધ ચિત્તવાળાનું મૃત્યુ સારું છે પરન્તુ શીલ રહિત મનુષ્યનું જીવતર સારું નથી.

વર્ષ ૯ અંક ૪૭

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

❋ ખોટું ન લગાડતા હો ને! ❋

—શ્રી ભદ્રંભદ્ર

ફોટાની ફસામણ યાને સાચે છછૂંદર ગળ્યું.

જાણે કે બન્યું એવું કે—અમારા રૂમના પલંગના ગાદલાની ઉપર મારે ઊંઘ આવી એટલે સૂવાનું થયું. માથે કશું ટેન્શન નથી. કાના માત્ર વગરનો 'ભગત' છું ને એટલે. એટલે સૂતા ભેળો જ હુઇ ગયેા. મને સપનું આવ્યું. સૂતી વખતે હાથ રાખ્યિંતા છાતી ઉપર પડયા એટલે ભયાનક સપનું જોયું. પગ પાછા દક્ષિણ દિશા તરફ હતા. દક્ષિણ દિશામાં મસાણ=સમશાન હોય એટલે અમારા કોઇ કલ્પેલા કલ્પિત મિત્રના પિતા ગુજરી ગયા તેવું મેં જોયું. પછી તો તેમની વાર્ષિક તિથિ આવી. ત્યારે કલ્પિત મિત્રે પિતાના મોટાકાય=વિશાળકાય ફોટા આગળ ધૂપ-દીપ ધર્યા. આશીર્વાદ માંગ્યા. ગદ્‌ગદ થયેા. પણ પછી તો એને એવી ધૂન વળગી કે લગ્નના, વેશવાળના, અઠ્ઠાઇના પારણાના, ઓળીના પારણાના દિવસેા આવે ત્યારે ત્યારે રોજ એ ફોટો વાર્ષિક તિથિના દિવસની જેમ જ પૂજવા, ધૂપવા લાગ્યેા.

મેં કીધું-ભલા માણ' વાર-તહેવાર ટાણા-કટાણા કે સારા-નરસા દિવસેાનેા તેા વિચાર કર. મિત્ર કહે-પિતાનો ઉપકાર ગમે તેવા પ્રસંગે ભૂલવેા ના જોઇએ.

મેં કીધું-ફોટો મૂકવાથી જ એ ઉપકારને યાદ કરી શકાય છે કંઈ?

મિત્ર કહે-ફોટાથી વિશેષ રીતે યાદ કરી શકાય. ફોટો જોઇએ એટલે તે વ્યવસ્થિત રીતે યાદ આવે. ફોટો મૂક્યા વગર જાણે બાડુ-બાડુ લાગે. (હાથે કરીને હું હજી સુધી નળળી જ દલીલેા કરૂં છું એટલા માટે કે થોડો સમય ભલે ને એ પણ જીતી ગયાના મઠમાં ઘોર્યા (ઊંઘ્યા) કરે એમ વિચારીને મેં કીધું-તારા પિતાજી તેના પેતાજીનો ફોટો તારી જેમ સાથે સાથે ફેરવતા હતા?

મિત્રે કહ્યું—તેમણે શું કર્યું તે કંઇ મારે નથી જોવાનું. મારે તેા મારે શું કરવાનું છે તે જોવાનું છે. હા કોઇ શાસ્ત્રબાધ હોય તેા મને બતાવ. બીજું તેમણે જે ન કર્યું હોય તે મારે ન કરાય તેવું કયાંથી? અને હું જે કરૂં તે તેમણે કરેલું હોવું જોઇએ તે પણ કયાંથી? અરે! હું તેા આગળ વધીને બીજા લોકોએ પણ મારી જેમ વડિલના ફોટા રાખવા જોઇએ તેમ કહુ છું.

મેં કીધું—હમણાં તેા મારે તને ઘેન છે એટલે કાંઈ નથી કહેવું. પણ સમય જ તને સાચુ સમજાવશે.

મિત્રે કહ્યું—હવે જાને સમ[illegible]ળી. જ[illegible]ડેવાની તેા તેવડ નથી ને મોટો

(અનુ. પેજ ૮૦૨ ઉપર)

આદ્યપ્રેરક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ મેઢ (પાલડીયા)
ધનાચંદ પદમશી મુઠિયા (થાણા ગઢ)

વર્ષ : ૯] ૨૦૫૩ વૈશાખ સુદ-૭ મંગળવાર તા. ૧૩-૫-૯૭ [અંક : ૩૭

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૮ શનિવાર તા. ૧૮-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૬ મું ચાલુ) -અવ૦)

'મારો દિકરો સાધુ બને તો સારું, સાધુ ન બની શકે તો સારો શ્રાવક બને, સાધુ ન બની શકે તો કમમાં કમ સારો ગૃહસ્થ બને તો સારું, એવું ખોટું કામ ન કરે કે જેથી દુર્ગતિમાં ન જાય' આવી ચિંતા કેટલા મા બાપની હશે ? છોકરો કમાતો ન થાય, સાંધો ધંધો કરનાર ન થાય તેની ચિંતા છે પણ દુર્ગતિમાં ન જાય તેની ચિંતા છે ? તમે કહો કે- અમને અમારી પણ ચિંતા નથી. તમને જો તમારી ચિંતા ન હોય તો તમે ભગવાનના ભગત નથી, સાધુના સેવક નથી, ધર્મ કરનારા હોવા છતાં ય ધર્મી નથી, ધર્મ દેખાવ માટે જ કરો છો, ધર્મ નથી કરતા પણ ઢોંગ કરો છો, સાચા ભાવથી ધર્મ કરતા નથી. અનીતિ કરતાં ચાક આવે કે- આ હું ખોટું કરું છું ! જે હાથે ભગવાનની ભક્તિ કરો તે હાથે ખોટું લખાય ? જે જીભથી ભગવાનના ગુણ ગવાય તે જીભથી ખોટું બોલાય ? આવું કરે તે ભગવાનનો ભગત કહેવાય ? તે તો ભગવાનને કલંકિત કરનારો કહેવાય ! આજના આવા ભગતોથી ભગવાન, ગુરુ અને ધર્મ નિંદાય છે ? 'આ ચાંલ્લાવાળાઓનો વિશ્વાસ નહિ કરવો જોઇએ' એમ ઘણા બોલતા થયા છે.

એક કાળ એવો હતો કે– જૈનને હોટલમાં જવું હોય તો કપાળથી ચાંલ્લો ભૂંસીને જતા હતા. આજુબાજુ કોઈ પરિચિત જોતું નથીને તે જોઇને જતા હતા. કોઇ જોઇ જાય તો ઘરે ફરિયાદ પહોંચી જ જાય. તે ઘેર જાય એટલે તેની ખબર લેવાઇ જાય કે– કેમ હોટલમાં ગયેલો ? હવે ફરીથી હોટલમાં નહિ જાઉં તેમ કબૂલ ન કરે ત્યાં સુધી ઘરની બહાર જવા દેતા ન હતા.

ભગવાનને માનનાર કોણ કહેવાય ? ભગવાનની આજ્ઞા માને તે કે માત્ર ચાંલ્લો કરે તે ? ભગવાનની પૂજા કરતાં પહેલાં પોતાના કપાળની પૂજા કેમ કરવાની છે ? ચાંલ્લો એટલા માટે કરવાનો છે કે– 'હે ભગવન ! હું તારી આજ્ઞા પહેલા માથે ચઢાવું છું.' ભગવાનની આજ્ઞા માને તે જ ભગવાનનો સાચો સેવક છે. ભગવાનની આજ્ઞા માનવી નહિ અને ભગવાનની સેવા કરે તો તે સેવા, સાચી સેવા કહેવાય ? નોકર શેઠને સલામ ભરે અને પગાર માગે તો શેઠ તેને પગાર આપે ? પગાર ક્યારે મળે ? શેઠના કહ્યા મુજબ કામ કરે તેને પગાર મળે ને ? તો જે ભગવાનને માનો છો, જે ભગવાનની પૂજા કરો છો તે ભગવાને તમને શું કહ્યું છે ? 'મજેથી સંસારમાં રહો, સંસારનું સુખ ભોગવો, તે સુખ મેળવવા અનીતિ આદિ પાપો કરવા પડે તો કરો' એમ કહ્યું છે ?

તમારે અનીતિ કરવાનો વખત આવે અને અનીતિ કરો તો તે 'હું ખોટું કરું છું.' તેમ માનો છો ? તમારું ચાલે ત્યાં સુધી અનીતિ કરો જ નહિને ? જે અનીતિ કરવી પડે તે ન છુટકે કરો અને તેનો પશ્ચાત્તાપ પણ ચાલુ જ હોય ને ? 'ક્યારે આ અનીતિ કરવી બંધ થઇ જાય' 'ક્યારે આ અનીતિ કરવી બંધ થઇ જાય' તેની જ ચિંતામાં હો ને ? તમે બધા તેવી ચિંતામાં છો ? 'હા' કહેવામાં પાપ લાગે છે ?

તામલિને પરલોકની ચિંતા હતી તમને તે ચિંતા છે ? આજ સુધી ઘર છુટ્યું નહિ તેનું દુઃખ છે ? મરશો ત્યારે હૈયાથી ઘર છોડશો ? જીવતાં જીવનાં ય હું ઘર-બારાદિ ન છોડી શકયો તેનું દુઃખ થશે ખરું ? ઘર–બાર, પૈસા–ટકાદિ છોડવા જેવી ચીજ છે ને ? તમે બધા સાધુને હાથે જોડો તો તે વખતે થાય કે– આ બધા ઘર–બારાદિ છોડી દે છે તો અમે કેમ નથી છોડતા ? આજના મોટાભાગને ભગવાનને જોઇને ભગવાન થવાનું મોક્ષે જવાનું મન થતું નથી, સાધુને જોઇને સાધુ થવાનું મન થતું નથી, ધર્મ કરતાને જોઇને અધિકને અધિક ધર્મ કરવાનું મન થતું નથી. પૈસાવાળાને જોઇને તેના જેવા થવાનું મન થાય છે.

જેની પાસે પૈસા હોય અને ધર્મનું કોઇ કામ આવી પડે તો તે એકલો કરી શકે તેવો હોય. તો તે ટીપ કરવા દે ? એક ગામનો આગેવાન એકવાર વ્યાખ્યાનમાં મોડો આવ્યો તે દિવસ જાજમ નવી પાથરેલી હતી. વ્યાખ્યાન બાદ મુનીમને પૂછે કે- આ જાજમ ક્યાંથી આવી ? તો કહે કે- સાધારણમાંથી લાવ્યા. ત્યારે તે શેઠ કહે કે- અમે બધા સાધારણ છીએ ? પૂછયા વિના કેમ લાવ્યો ? પછી પૂછે કે- કેટલાની આવી ? મુનીમ કહે કે-અમૂક રકમની આવી. તે શ્રીમંતે તે રકમ ચૂકવી દીધી અને કહ્યું કે- હવે ફરી આવી ભૂલ ન કરતો આજે આવો કોઈ મળે ? આજે કોઇ શ્રીમંત નથી !

સભા૦ : બહુરત્ના વસુંધરા !

ઉ૦ : હું આવા રત્નો જ શોધું છું. પણ કાંકરા મળે છે.

આજે મોટાભાગને સાચા ભાવે દાન દેવાનું મન થતું નથી. નવકારશી પહેલાં મોંમાં કાંઇ જ નહિ મૂકનારા કેટલા મળે ? નવકારશી નહિ કરનારા પણ અહીં હશે ને ? રાતે નહિ ખાનારા કેટલા હશે ? રાતે ખાય નહિ તો જૈન જીવી શકે જ નહિ ને ? રાતે ખાનારા નવકારશી કેમ કરી શકે તેમ પૂછનારા છે. પણ રાતે ખાય તેને નવકારશી શોભે નહિ પણ કરવાની છુટ છે. નવકારશી કરનારો રાતે ખાય તે ધર્મને કલંક લગાડે છે !

સભા૦ : ઊઠે ત્યારે જ નવકારશી થઇ જતી હોય તો ?

ઉ૦ : આવાને શ્રાવક કહેવાય કે એદી કહેવાય ?

જરૂર પડે રાતે બે વાગ્યાની ગાડી પકડનારા આઠ-નવ વાગે ઊઠે ! જેમ જેમ ઊંડા ઉતરશો તેમ તેમ ફજેતી થાય તેવું છે. આ બધાનું કારણ એક જ છે કે- ભગવાનની આજ્ઞાની ચિંતા જ નથી. ભગવાને શું કહ્યું છે, ભગવાનના શાસનમાં જન્મેલાથી શું થાય અને શું ન થાય તેની ખબર નથી.

મારે તમને તામલિ તાપસને ઓળખાવવો છે. 'આ સંસારમાં મોજ કરતાં કરતાં મરું તો દુર્ગતિ થાય' આવી તેને શ્રદ્ધા હતી. જ્યારે તમારું જો ચાલે તો તમે ઘરને ય છાતીએ બાંધીને લઇ જાવ તેમાંના છો. મરતી વખતે ઘર નહિ છોડો પણ છુટી જશે. ખિસ્સામાંથી પૈસા પડી જાય તો તે ચલાવી લો પણ દાનમાં ન આપો તેમાંની જાતના છો ! આગળના શ્રીમંતો પોતાની શ્રીમંતાઇ મુજબ વસ્ત્રાલંકાર પહેરતા હતા. અને આજે તમે બધા ત્યાગી ! તમે તો એવા પાક્યા છો કે જે જુએ તે લૂંટે. આવો કાળ પેઠા કોને કર્યો આજે જેટલી ખરાબી છે તેનો મોટો દોષ શ્રીમંતોનો છે. આજનો દુષ્કાળ પણ શ્રીમંતોને આભારી છે. જો શ્રીમંતો ધર્મી અને સારા હોત તો લોકોના પાપના ઉદયે આવતા દુષ્કાળની પણ લોકો ઉપર અસર ન થાત. (ક્રમશઃ)

પરમ પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના

❋ પુણ્ય પ્રવચનોનો સારાંશ ❋

અનિત્યભાવના સંસારની હર ચીજ ક્ષણિક સમજાવશે,
તેમાંથી મળતું સુખ, પરિણામે દુઃખને જ લાવશે,
વળી મરણ આવે, કોઇ ચીજ રક્ષણ ના આપી શકે,
અરિહંત આદિ ચાર શરણાં, સમતા જીવને આપશે.

એકલો આવ્યો છે જીવ ને, જવું પડશે એકલા,
ભેગી કરેલી સંપત્તિ બધી અહીંની અહીં રહી જશે,
કરેલી કરણી બધી છેલ્લે ખુલ્લી થઈ જશે,
સદ્ગતિ કે દુર્ગતિ ? કર્મોથી નક્કી થઇ જશે

માટે જ 'કોણ હું' ? જીવને પ્રશ્ન હવે તોય છે,
'શરીર કે આત્મા' ? એ ફેંસલો થઇ જાય છે,
શરીર આ જગમાં રહી, આત્મા ચાલ્યો જાય છે,
અન્યત્વ ભાવના આપણને આ સમજ આપી જાય છે.

શરીર કરે જે કર્મો બધાં, સજા આત્માને થાય છે,
વારંવાર જન્મ લઈ, સંસાર વધારી જાય છે,
મુક્તિ પામવા જીવને કર્મ ક્ષય કરવો પડે,
આત્મા તણું હીત કરવા, આત્મા જુદો માનવો પડે.

સંસાર ભાવના જીવને સંસારથી ઉભગાવશે,
સંસાર આખો કર્મ જનિત, જીવને સમજાવશે,
સંસારનું સુખ બધું યે પુણ્યનું જ ફળ કરી,
પાપનું ફળ જીવનમાં હંમેશા દુઃખને લાવશે.

માટે જ જીવ ! તું ચેતજે પાપ કદી કરીશ નહિ,
પાપભીરૂતા કેળવજે, દુઃખ થકી ડરીશ નહિ,
દુઃખ આવે તો મજેથી, દુઃખ ભોગવી જાણજે,
સુખ ભલે મળે પુણ્યથી, સુખમાં કદી ફસીશ નહિ.

શરીર વળગ્યું કર્મથી, એ અશુચિ તણો ભંડાર છે,
શરીર કાજે મોજ કરે, એ જીવો તણો સંહાર છે,
ધર્મ કરવા શરીરનો ઉપયોગ શ્રેષ્ઠ માનવો
બાકી તેમાં મલમૂત્રને લોહી માંસનો ભંડાર છે.

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૯]

—શ્રી રાજુભાઇ પંડિત

[૯] કંસ યમુનામાં વહી ગયો.

'જે હોય તે સાચે સાચુ કહી દે, નહિતર તને મારા સોગંદ છે.' આ રીતે રાજા સમુદ્ર વિજયે પૂછતાં કંસના પિતા સુભદ્ર વણિકે જેવી હતી તેવી હકિકત કંસની હેખતાં જ કહેતા કહ્યું કે—

હે રાજન્ ! એક વખત સવારના સમયે હું શૌચક્રિયા કરવા ગયો. પોતાના અનુકૂળ પ્રવાહથી યમુના નદી વહી રહી હતી. પ્રમુના નદીના તે અનુકૂળ પ્રવાહની વહેતી દિશામાં હું ઉતર્યો હતો. એકાએક મારી નજર સામે એક કાંસાની પેટી ચડી ગઈ. તે પેટીને ગ્રહણ કરીને જોઉં છું તો તેમાં પૂર્ણચંદ્ર સમાન મુખવાળો દેદીપ્યમાન કાંતિવાળો એક પુત્ર મેં જોયો. 'ઉગ્રસેન'ના નામથી અંકિત થયેલી હો આ તેમાં હતી તે મણિની વીંટી છે. અને તેની સાથે લખીને મૂકેલો આ પત્ર હતો. તે પણ હો. તે પત્રમાં લખેલું એવું વંચાય છે રાજન્ ! કે—'ઉગ્રસેન રાજાની ધર્મપત્ની ધારિણીને પતિનું માંસ ભક્ષણ કરવાનો દોહદ થયો હતો. બુદ્ધિશાળી મંત્રીઓએ તે દોહદ કોઇપણ રીતે પૂરો કર્યો. આથી પોષ માસની કૃષ્ણ ચતુર્દશીના દિવસે વિષ્ટિ યોગ સમયે એક પુત્રનો જન્મ થયો. તે દોહદના પ્રભાવથી આ પુત્ર પિતાનો દુશ્મન છે તેમ સમજીને ઉદ્દભટ—આકૃતિવાળા કાંસાની પેટીમાં એક જ દિવસના જન્મેલા તે પુત્રને માતા ધારિણીએ પતિના ક્ષેમ—કુશળ માટે મથુરાનગરીથી યમુના નદીના ઉંડા વહેણમાં તરતી મૂકી છે.'

હે દેવ ! આ પત્રના લખાણથી આ પુત્ર ઉગ્રસેન-રાજાનો છે તે જાણ્યું છતાં મને તેના ઉપર તે વખતે પુત્ર સ્નેહ પ્રગટ થયો હતો. આથી જ તે પુત્રને મારા ઘરે લાવીને આ કાંસાની પેટીમાંથી મળ્યો હોવાથી ઉત્સવપૂર્વક ધામધૂમથી મેં આનું નામ કંસ રાખ્યું

મારા ઘરે (લાલન—પાલન કરાતો પણ આ ક્ષાત્રકુળને ઉચિત એવા તેજથી પરાક્રમી બનતો ગયો. આથી નાના બાળકો સાથે રમતો. રમતા વારંવાર બાળકો સાથે ઝગડા કર્યા કરવા લાગ્યો. આથી છોકરા-બાળકોના વડિલો મને હંમેશા ઠપકો દેવા લાગ્યા. આથી મેં વાસુદેવ કુમારનો સેવક બનાવ્યો.'

આવું સાંભળીને સમુદ્રવિજય રાજાએ કહ્યું—અમારા ગોત્ર વિના આવું બળ છે કોનું ?' આમ કહીને આનંદ—પૂર્વક કંસની સાથે રાજગૃહી નગરીએ ગયા. હવે કંસ

વણિકપુત્રા નથી ક્ષત્રિયપુત્ર છે માટે જરાસંધ રાજા જીવયશાને કંસની સાથે પરણાવશે.' આવો નિશ્ચય થતાં સમુદ્રવિજય રાજા ખુશ-ખુશ થઇ ગયા હતા.

રાજગૃહી નગરીમાં જઇને મગધેશ જરાસંધ રાજાને સિંહરથ રાજાનું ભેટણા રૂપે ધર્યા પછી રાજા સમુદ્ર વિજયે ચોખવટ કરતાં કહ્યું કે-'આ વિજયનો કરનાર કંસ છે.'

આમ સાંભળતા મગધેશ જરાસંધે પ્રીતિપૂર્વક પોતાની પુત્રી કંસને આપી. તથા કંસને પૂર્વભવના કર્મના કારણે પોતાના પિતા ઉગ્રસેન ઉપર દ્વેષ હતો માટે કંસ આદરપૂર્વક ઉગ્રસેન રાજાની મથુરા નગરી જ માંગ્યા કરતો હોવાથી જરાસંધે તેને મથુરા નગરી આપી.

સિંહરથ જરાસંધની આજ્ઞા સ્વીકારી સ્વીવસ્થાને ગયો.

જરાસંધે સત્કાર કરીને વિસર્જન કરેલા સમુદ્રવિજય રાજા, વસુદેવકુમાર આદિ પણ પોતાની નગરી તરફ ગયા.

આ તરફ સત્ય પ્રતિજ્ઞાપાલક જરાસંધે કંસને પોતાની સેના આપી. તે સેના સાથે જઇને કયાહિન કંસે પોતાના પિતાને રોધ્યા. (હકિકતમાં પિતાએ તો કંસને જન્મથી કશું કર્યું જ ન હતું.) અત્યારે ઉગ્રસેન રાજાને ખબર પણ નથી કે આ મારો પુત્ર છે. આથી તે પણ સૈન્ય સાથે આવીને કંસ સાથે યુદ્ધ કરવા લાગ્યા.

ભીષણ રણ-સંગ્રામમાં કોઇ-કોઇને મચક આપતું નથી. બંને એકબીજાને વારંવાર મહાત કરતા હોવાથી વિજય કોનો થશે ? તે કહી શકાતું ન હતું. ઘડીકમાં કંસના પક્ષમાં અને ઘડીકમાં ઉગ્રસેન રાજાના પક્ષમાં આવ-જા કર્યા કરવાથી વિજય લક્ષ્મી ખુદ પોતે કંટાળી ગઇ હતી. યુદ્ધ ભીષણ બનતું ચાલ્યું હતું. આખરે યુવાન પુત્ર કંસે કેમે કરીને રાજાને જીતી લઇને ક્રુર શિરોમણિ એવા તે કંસે પોતાના પિતાને રોષપૂર્વક પકડીને કાષ્ટ પિંજરમાં નાખ્યા. અને ગાઢ બેડીઓના બંધનથી બાંધી દીધા. આટલું દૃઢ બંધન પોતાને થયું હોવા છતાં જ્યારે ઉગ્રસેન રાજાએ જાણ્યું કે-આ તેનો પુત્ર કંસ જે ત્યારે તેના આનંદનો કોઇ પાર ન રહ્યો. એમ માનીને કે મારા જ પુત્રે મને જીત્યો છે ને ?

કંસે હવે શૌરીપુરીથી પોતાના પાલક પિતા સુભદ્ર વણિકને મથુરા તેડાવી લીધા અને કૃતજ્ઞની જેમ તેની સેવા કરવા લાગ્યો.

(પાંડવ ચરિત્ર સર્ગ-૨ ૭૭ થી ૧૦૦)

(ક્રમશઃ)

કુલધ્વજકુમાર

(ગતાંકથી ચાલુ)

—શ્રી વિરાગ

અરે! એ નિમિત્તિયા! તું કેવી નમાલી વાતો કરે છે!

કયાં સૂર્ય અને કયાં અદ્યોત? કયાં મેરૂ અને કયાં સરસવ? કયાં સમુદ્ર અને કયાં ખાબોચીયું? કયાં કલ્પવૃક્ષ અને કયાં બાવળ?

અમારા સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરૂ અને દયામય ધર્મના આગળ જગતના કોઈ દેવ, ગુરૂ અને ધર્મની તુલના કરી શકાય એમ નથી. તે કહ્યા. તે દેવ ગુરૂ અને ધર્મ દુઃખને વધારનારા છે. ત્યારે મારા દેવ, ગુરૂ, ધર્મ શાશ્વત સુખ આપનારા છે.

માટે પ્રાણાંતે પણ હું મારા સર્વજ્ઞ વીતરાગ દેવ, નિર્ગ્રન્થ ગુરૂ મહારાજ અને જીવદયામય ધર્મને કદી પણ છોડીશ નહી. મારા રોમેરોમે વણાયેલા દેવ, ગુરૂ અને ધર્મ કોઇ કાલે મારાથી અલગ થઇ શકશે નહિ. ભલે મારા રાઈ જેવા ટુકડા થઇ જાય પણ હું મારા દેવ, ગુરૂ અને ધર્મને છોડવાનો નથી. ભલે મારા પ્રાણ કાલ જતા હોય તો આજે જ ચાલ્યા જાય. પરંતુ હું અન્યના શરણે જવાનો નથી.

કુલધ્વજકુમારનું ખમીર અને નિશ્ચલતા જાણી દેવે પોતાનું રૂપ પ્રગટ કર્યું: કુમારની સ્ત્રી તથા અશ્વ હાજર કર્યા. કુમારનું માન–સન્માન કરી, દેવતાઇ સામગ્રી ભેટ આપી દેવ પોતાને સ્થાને ગયો.

કુમાર પણ પોતાના નગરમાં આવ્યો. ઉદ્યાનમાં ઉતરી મંત્રીને કહેણ મોકલ્યું. ભવ્ય મામૈયા સાથે કુમારે નગર પ્રવેશ કર્યો. રાજસભામાં આવી નગરજનો તથા રાજા સમક્ષ ઘોડા દ્વારા થયેલ અનુભવો હકીકત કહી સંભળાવી.

ખુશ થયેલ રાજાએ સુથારને કિંમતી વસ્તુઓની ભેટ આપી.

રાજાએ કુમારને રાજ સોંપી દીક્ષા લીધી અને પોતાના આત્માનું કલ્યાણ કર્યું.

કુલધ્વજકુમાર રાજા બન્યા. ન્યાયપૂર્વક રાજ્ય કરતાં પ્રજાજનોના મન તેમણે જીતી લીધા. સૌને સાચો ધર્મ સમજાવી ધર્મ માર્ગમાં સ્થીર કરી દીધા. જૈન ધર્મ જે વીતરાગદેવનો ધર્મ છે તેની ખૂબ જ પ્રભાવના કરી. સઘળા વ્રત નિયમોનું પોતે સુંદર પ્રકારે પાલન કર્યું તથા નગરજનો પાસે પણ પાલન કરાવતા.

છેવટે પોતાના યોગ્ય પુત્રને રાજ્ય આપી, રાજ સિંહાસન ઉપર બેસાડી પોતે પણ દીક્ષા લીધી.

શત્રુ સામે જેમ બહાદુરીથી લડયા હતા તેમ બાંધેલ કર્મો સાથે પણ રાજકુમાર

—: બોધકથા :—

—: ચારિત્ર નિર્માણનો પાયો :—

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી

ચંદ્રગુપ્ત મૌર્યનો સૂર્ય સોળે કળાએ તપી રહ્યો હતો. મહામંત્રી વિષ્ણુગુપ્ત ચાણક્યની હાક ચારે બાજુ ગાજતી હતી. વિચક્ષણ મંત્રીની રાજ્યવ્યવસ્થામાં પ્રજા સુખ-ચેનથી જીવી રહી હતી. તે સમયનો આ પ્રસંગ છે.

ચાણક્યનું નામ દેશ-વિદેશમાં પ્રસિદ્ધ છે. તે વખતે ચીનનો એક મહાયાત્રી ભારતવર્ષની સફરે આવેલો. તેણે પણ મંત્રીશ્વરની ગવાતી કીર્તિ સાંભળી તેમને મળવાનું મન હતું. તેથી તે પાટલીપુત્ર આવેલ. સવારના સમયે ગંગાનદીના કિનારે મહામંત્રીના નિવાસસ્થાન માટે પ્રાતઃકાળમાં સદ્ય સ્નાન કરી જાતે જ કપડાં ધોઇ, પાણીનો ઘડો ભરી જતા એક વયોવૃદ્ધ માણસને પૂછ્યું કે-મગધના મહામંત્રીનું નિવાસસ્થાન ક્યાં છે? તે વખતે તે વ્યક્તિએ કહ્યું કે મારી સાથે આવો, તેમણે ત્યાં લઇ જઇશ. નાળા આદિ પસાર કરી જંગલના રસ્તે લઈ ગઇ એક ઘટાદાર વૃક્ષ પાસે ઝુંપડી પાસે આવી અટકયો અને આગંતુકને કહે કે, અહીં બિરાજે. તે યાત્રિકના મનમાં શંકા-કુશંકા ને આશ્ચર્યનો પાર ન હતો. મગધના મહામંત્રીનો મહાલય તો કેવો ભવ્ય હશે! આ મને અહીં ક્યાં લાવ્યો? અહીંથી કદાચ દુંકા રસ્તે લઇ જશે, ચાણક્યની રાજ્યવ્યવસ્થાથી માહિતગાર હોવાથી વિશ્વાસ હતો કે લુંટફાટ તો થવાની નથી.

થોડીવારમાં તો તે વૃદ્ધ પુરૂષ તૈયાર થઇ આગંતુક મહેમાન પાસે આવી અભિ-વાદન કરતાં કહે કે-'પધારો અતિથિ. મગધનો મહામંત્રી આપનું સ્વાગત કરે છે! તે

લડવા લાગ્યા. તપ, જપ અને સંયમ વડે ચારિત્રનું સુંદર પાલન કરવા લાગ્યા. ઘાતી કર્મોનો ક્ષય થવા લાગ્યો. અંતે કેવળ દશાને પામ્યા. અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરી અઘાતી કર્મોનો ક્ષય કરી મોક્ષ નગરમાં પધારી ગયા.

કાંઇપણ કિંમત ચુકવ્યા વગર આપણને મફત મળેલ આ દેવ, ગુરૂ અને ધર્મની અરેઅર! આપણને કોઈ કિંમત છે ખરી? દેવ, ગુરૂ અને ધર્મ ઉપર આપણને કેટલી શ્રદ્ધા?

હવે દેવ, ગુરૂ અને ધર્મની સાચી કિંમત સુગુરૂઓ પાસે સમજી દૃઢ શ્રદ્ધાવાળા બની, સુંદર પ્રકારના વ્રત-નિયમો ગ્રહણ કરી તેનું સુંદર પ્રકારે પાલન કરતાં, કરતાં શાશ્વત સુખના ભોકતા બનો એજ

—શુભેચ્છા...

વૃદ્ધને જોતાં–ભાળખતાં યાત્રિક તો આભો જ બન્યો કે હું સ્વપ્ન જોઉં છું કે સત્ય જોઉં છું ? જે વૃદ્ધ પુરૂષે મને માર્ગ બતાવેલો તે જ મારું સ્વાગત કરે છે. મહામંત્રીના ભવ્ય મહાલયની કલ્પના અને કયાં એક સામાન્ય આશ્રમ સમાન કુટીર !

થોડીવારમાં ખુદ ચંદ્રગુપ્ત મૌર્ય સાર પરિવાર સાથે મહામંત્રીનું માર્ગદર્શન લેવા આવ્યા. તો મંત્રીશ્વરે કહ્યું કે–'અતિથિ પધારેલ છે.' રાજાએ પોતાના મહેલમાં લઇ જઈ તેમનું રાજમાન્ય આતિથ્ય કર્યું.

રાત્રિના પ્રારંભ સમયે રાજા–યાત્રિક આદિ ચાર પરિવાર સાથે મહામંત્રીની કુટીરે આવ્યા. ત્યારે મંત્રીશ્વર મીણબત્તીના પ્રકાશમાં લેખનકાર્ય કરી રહ્યા હતા. બધાનું સન્માન કર્યું. અને ચાલુ મીણબત્તી બૂઝવી પછી નાની મીણબત્તી સળગાવી અને કામ-પૂરતી વાતો કરી. યાત્રિકનું આશ્ચર્ય માતુ નથી.

ચતુર ચાણુક્ય તેમના મનના ભાવો કળી ગયા. તેની મૂંઝવણ દૂર કરવા કહે કે-યાત્રિકવર્ય ! તમો આવ્યા ત્યારે હું રાજનું કાર્ય કરી રહ્યો હતો તેથી રાજ્ય તરફથી મળતી સગવડનો ઉપયોગ કરતો. પછી આપણે પરસ્પરની વાતચીત કરતા તેથી મેં મારી ઘર ઉપયોગની મીણબત્તી જલાવી.

ત્યારે નતમસ્તકે અંજલિ જોડી તે યાત્રિક કહે કે–મંત્રીશ્વર ! મગધના સામ્રાજ્યની જાહોજલાલીનું રહસ્ય સમજી ગયો. જેના પાયાના પ્રાણ સમાન મંત્રીશ્વર રાજ્યની ચીજ-વસ્તુનો દુર્વ્યય અને દુરૂપયોગ ન થાય તેની આટલી કાળજી રાખે છે. તેની પ્રજા પણ કોઇ ચીજ–વસ્તુનો દુર્વ્યય ન જ કરે. ચારિત્ર્ય નિર્માણનો આ જ પાયો છે. 'યથા રાજા તથા પ્રજા.'

આજે આપણે કયા માર્ગે છીએ તે વિચારીએ તો સમજી શકીએ છીએ. આરાધક આત્માઓને માટે આ દૃષ્ટાંત એક આદર્શભૂત છે. મળેલા સમયનો સદુપયોગ કરવો અને દુર્વ્યય ન કરવા આટલો પણ જો નિર્ણય થઈ જાય તો આરાધનામાં જે ઉત્સાહ જોમ પ્રગટશે તે અવર્ણનીય હશે. કોણ શું કરે છે તે જોયા વિના મારે શું કરવું તે વિચાર જો બધા જ કરે અને સાચો આરાધકભાવ કેળવીએ તો આ કાળમાં પણ આપણે ધારી આરાધના કરી આપણા આત્માની મુક્તિ નજીક બનાવી શકીએ.

સૌ પુણ્યાત્માઓ જ્ઞાનમાં સમજી સાચી આરાધનાનું લક્ષ્ય કેળવી, મળેલા સમ-યનો સદુપયોગ કરી–કરી આત્મગુણ લક્ષ્મીના સ્વામી બનો તે જ મંગલ મહેચ્છા...

(ટાઇટલ ૨ નું ચાલુ)

વિરોધ કરવા નીકળ્યું છે. ઘેર જઇને ગોદડામાં મોઢું નાંખીને હુઇ જા.

મેં ફરી કીધું. બેટા ! ધીરજ રાખ. સમય આવવા દે. બધું સમજી જઇશ. હવે બન્યું એવું કે (સપનામાં જ છું હોં.) થોડા સમય પછી મારા મિત્રના મિત્રના પિતા મરણ પામ્યા. તેણે પણ મારા કલ્પિત મિત્રનું જોઇને જ તેના પિતાના ફોટાને લોક–દર્શનાર્થે બધા પ્રસંગોમાં ફેરવવા માંડયો. એટલે મારા કલ્પિત મિત્રે મને કીધું કે– ભદ્રંભદ્ર ! આ સારૂ નથી થતું. એનો બાપ ઉન્માર્ગ ગામી હતો. દારૂડીયો–વેશ્યાગામી હતો. તેના જીવતા પણ તેનો આ છોકરો બાપનું મોઢું ય જોવા રાજી નહોતો. તે હવે તેના દારૂડીયા બાપના ફોટાના જ દર પ્રસંગે દર્શન કરાવ્યા કરે છે તે ઉચિત નથી.

મેં કીધું—મેં કીધેલું ને કે તને સમય સમજાવશે. બસ હવે તું નમજણો થયો લાગે છે. લોઢું લાલ થાય ત્યારે જ હથોડાનો ઘા કરાય. એ સુવાક્યને ખરે અવસરે યાદ કરીને મેં મારા મિત્રના હૃદયને ઘાયો ઘાટ મળે તે માટે જ હથોડાનો ઘ માર્યો. મેં કીધું—સાલા ! આ બધું તારા પાપે થયું. તેં ફોટા ફેરવવાની પ્રવૃત્તિ ચાલુ કરી ના હોત તો ? આ તો હજી સાતે વ્યસને પૂરા છે. પણ માનો કે કોઈ સજ્જન જ હોય પણ તે તમને ગમતા ન હોય તે વ્યક્તિના આવી રીતે ફોટા ફરવા માંડે તો શું થાય ? માટે કોઇ પણ નવી પ્રવૃત્તિ શરૂ કરતાં પહેલા સો વાર વિચાર કર.

મિત્રે પૂછયું–ભદ્રંભદ્ર ! એવો કોઈ રસ્તો બતાવો કે જેથી અમે ફોટા ફેરવી શકીએ પણ બીજા ફેરવી ના શકે.

મેં કીધું–સીધી જ વાત છે. તું ફોટા રાખવાનું બંધ કરી દે.

મિત્ર કહે—પણ તો ય પેલા લોકો બંધ થોડા હશે ? અને મારા પિતા તો સન્માર્ગે હતા તેના ફોટાને રાખવો ! ફેરવવો બંધ કરવો ઉચિત નથી.

મેં કીધું—સારૂ. તો તું ફોટા ફેરવવાનો વિરોધ કરવા મંડ. તું તારે તું ફોટો રાખજે.

મિત્ર કહે—મને મરાવવો છે કેમ તારે ? વિરોધ કરૂ અને ફોટા ફેરવું. કયો ફાકો મારૂ માનશે ?

મેં કીધું—તો બીજા ઉન્માર્ગગામી રાખે તેનો વિરોધ ના કર કે ઈર્ષ્યા ના કર.

મિત્ર કહે–ખોટી વાતનો તો વિરોધ કરવો જ જોવે ને ?

મેં કીધું–અને તું રાખે છે તે સામાવાળાને ગમતું નહિ હોય તેનું શું ?

મિત્ર કહે—હા. હોં ઈ વાત પણ સાચી. સારૂ થયું તેં મને ચેતવ્યો. પણ

હવેથી ફોટા ફેરવવાનું કે તેવું નવું નવું કશું ય શરૂ નહિ કરૂ. અને ફોટો રાખવો એ શાસ્ત્રીય મુદ્દો નથી. કે જેથી મારે રાખવાની જરૂર પડે. અને બીજા ન રાખતા હોય તો તેમણે રાખવો જરૂરી માનવો પડે એવું ય નથી. ઉલ્ટાનું મહા ભયાનક અનર્થ થવાની શક્યતા આમાં તો રહેલી છે. એટલે હવે નૈ રાખું.

મેં કીધું–હવે સમયે તને સમજાવ્યો ખરો. હવે વધુ સાંભળ. આપણાં શાસ્ત્રોમાં છે ને એમ કીધું છે કે–તમે ભગવાનની મૂર્તિ તમારી પાસે રાખશો. એથી કંઈ તમારૂ ભલું નહિં થઇ જાય. પણ ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તશો તેથી તમારૂ કલ્યાણ થશે. તેમ હે વહાલા મિત્ર ! તું પણ તારા પિતાનો ફોટો ફેરવ્યા કરીશ એથી કંઇ તારૂ ભલું નહિં થઇ જાય. પણ પિતાએ બનાવેલા સાચા રાહ ઉપર ચાલીશ તો જ તું ખરો પિતૃભક્ત ગણાઇશ. પિતા તરફ આપણી ભક્તિ છે તે જણાવવા કે પિતાના ઉપકારનો બદલો વાળવા કંઇ પિતાના ફોટા ફેરવવાના ના હોય. પણ પિતાની આજ્ઞા માનવાની હોય ને પાળવાની હોય.

મિત્ર કહે—તો ફોટો રાખીએ અને તેની આજ્ઞા મુજબ ચાલીએ તો ફોટાનો વાંધો નથી ને ?

મારા મિત્રની તર્ક શક્તિ ઉપર હું વારી ગયો. હું જો કે થોડો મૂંઝાણો પણ ખરો. આવી કલીલ તો મેં મારી આવનારી જિંદગીમાં પણ ન્હોતી સાંભળી. હું જો કે મૂંઝાણો તો હતો જ. મને કોઇ જવાબ પણ સૂઝતો નો'તો. એટલે મેં હાથે કરીને પૂછ્યું કે–તેં શું કીધું ફરી બોલ તો. મને કંઇ સમજાયું જ નથી.

મિત્રે એજ વાત ફરી મોટા અવાજે કહી.

અને તમે સાચું માનશો, મારી બુદ્ધિ મારી મદદે દોડી આવી. મિત્રની જોરદાર કલીલ સામે મેં ધારદાર જવાબ દીધો કે–તું બંને વસ્તુ સાથે રાખી નહિ શકે. જો તું પિતાની આજ્ઞા માનવા જઇશ તો તારે તેમની આજ્ઞાનુસાર ફોટા ફેરવવા બંધ કરવા પડશે. (કેમકે તારા જે બાપા ધર્મિષ્ટ હોવાથી ફોટો પડાવવો પાપ માનતા હતા તેનો ફોટો તું ફેરવે. એટલે શું થાય ? બાપાની ઇચ્છા વિરૂદ્ધનું જ થયું ને કે નહિ ?) અને પિતાનો ફોટો ફેરવતો રહીશ તો પિતાની આજ્ઞા માનવાની વાત જ ફેંકાઇ જાય છે. અને બીજી વાત અગત્યની છે તે સાંભળ. તું જેમ તારા પિતાના ઉપકારને યાદ કરવા ફોટો ફેરવે છે. તેમ તારા સુપુત્રોએ પણ તે તારા આજ્ઞાંકિત છે. તેં તેમની ઉપર ઉપકાર કર્યો છે માટે તારો ફોટો ફેરવવો જોગો કે નહિ બોલ.

મિત્રે કહ્યું–અરે યાર ! એવું થોડું છે કે મારા ઉપકારને બતાવવા માટે મારા

પુત્રોએ ફોટા ફેરવવા જ પડે. જે લોકો ફોટા નથી ફેરવતા એ બધા કંઇ બાપાના વિરોધિ થોડા છે ?

મેં વિચાર્યું–હં. હવે લે સાએબ સન્માર્ગગામી બન્યા લાગે છે. છતાં ઢાણો ઢાબી જોવા માટે મેં કીધું કે–પિતાના ઉપકારને પ્રગટ કરવા માટે ફોટો ફેરવવો એ વિશેષ રીતે સહાયક છે.

મિત્ર કહે–જા લે જા. તારૂ ચસ્કી ગયું લાગે છે. મારે એ વિચારવું છે કે મારા મગજમાં પિતાનો ફોટો ફેરવવાનું ભૂત/તૂત વળગાડ્યું કોણે ?

મેં કીધું– હું કહું ?

મિત્રે કહ્યું–હા. યાર જલ્દી કહે.

હું હજી નામ દેવા માટે હોઠો ખોલીને પ્રભુને ઉપાડવા જતો હતો ત્યાં જ સાલો એક ઉડતો ઉડતો વાંદો મારા મોઢા ઉપર પડયો. હૂં ગભરાઇને જાગી ગયો. બસ આજની ઘડી ને કાલનો દા'ડો ઈ સપનું રગદોળાઇ ગયું તે રગદોળાઈ જ ગયું. પછી ક્યારે મને આવ્યું જ નહિ. સપનાના મિત્રને ફોટાનું તૂત ઊભું કરનાર કોણ હતું તે તત્ત્વથી વંચિત રાખવો પડયો તેનું દુઃખ હૈયે ભરાઇ જ રહ્યું. આમે ય જો કે મારે નામ આપવા માટે ગલ્લા/તલ્લા જ કરવાના હતા.

મારા મિત્રને તો સાપે છછૂંદર ગળ્યા જેવું થયેલું. જો સાપ છછૂંદરને ગળેથી નીચે ઉતારે તો સાપનું જ મોત થાય અને ગળેલું હોવાથી છછૂંદર બહાર નીકળી પણ શકે તેમ નથી. એવું થયું. પિતાનો ફોટો ફેરવવો અનર્થકારી છે. અને ફેરવવો બંધ કરવામાં નવી શરૂ કરેલી પ્રવૃત્તિ ભાંગી નાંખવામાં સ્વમાનહાનિ છે. બોલો મારા મિત્રે શું કર્યું હશે ? ભદ્રંભદ્રના વાંચકો જવાબ દેજો. પણ જવાબ દેતા પહેલા ફોટો એ શોખની ફેશનની વસ્તુ છે આટલું જ યાદ રાખજો.

શાસન સમાચાર : અમદાવાદ–શેઠશ્રી ખેમચંદ કયાલજી પરિવારના ૧૧ ગૌતમ બાગ સોસાયટી મધ્યે ૧૨ માં તીર્થાધિપતિથી શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનથી વિભૂષિત દેવવિમાન તુલ્ય ગૃહજિનાલયની પ્રાણપ્રતિષ્ઠા તપાગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના શુભ આશીર્વાદથી ધર્મતીર્થપ્રભાવક પ. પૂ આ.શ્રી વિ. મિત્રાનંદસૂ. મ. સા.ની નિશ્રામાં સંપન્ન થઇ. આ નૂતન વર્ષે શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણકના શુભ દિને શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનનું ૧૦૮૮ પુષ્પથી મહાપૂજન થયું. મહા વદ–૧૪ ના દિવસે ૯મી વર્ષગાંઠની ઉજવણી પણ પ. પૂ. આ.શ્રી વિજય મિત્રાનંદસૂ. મ. સા.ની નિશ્રામાં સંપન્ન થયેલ. ચૈત્ર માસની શાશ્વતી ઓળીના પવિત્ર દિવસો દરમ્યાન સુદ–બારસથી પૂનમ પ્રતિદિન દેરાસરમાં અમી છાંટણા ઝર્યા હતા.



પ્યારા બૂલકાઓ...

આ અંક તમારા હાથમાં આવશે ત્યારે તમે ઘણું મોટા બોજમાંથી પસાર–હળવા થઇ ગયા હશો. મોટો બોજો એટલે સ્કુલ-કોલેજ–પાઠશાળાની પરીક્ષા, બરાબર ને ! હવે આરામ કરતાં હશો ! હળવાશની પળોમાં હમ છોડતાં હશો !

આરામ હરામ છે તે તો તમને સૌને ખ્યાલ જ છે. જો આરામમાં દિવસો વ્યતીત કરતાં હોત તો પરીક્ષા માથાનો દુઃખાવો બની ગઇ હોત પણ તે બની નથી. તેની જેમ રજાના દિવસો આળસમાં (ઉંઘમાં) કે રમતગમતમાં, ટી. વી. કે કેબલ ટી. વી. જોવામાં, ગેઃમ્સ કે વિડીયો ગેમ્સ રમવામાં વ્યતીત ન કરતાં, સાથે સાથે નોવેલો, ડીટેકટીવ ન વલકથાઓ અથવા અન્ય ચોપાનીયા વાંચવામાં સમય પસાર ન કરતાં.

કોઇક સદ્‌ગુરુનો સંયોગ મેળવી સારું જ્ઞાન સંપાદન કરવા પ્રયત્નશીલ બનજો. ધાર્મિક પાયનું જ્ઞાન, આવશ્યક સૂત્રો, જીવ વિચાર, નવ તત્ત્વાદિનું જ્ઞાન મેળવવા તત્પર બનજો. સદ્‌વાંચન કર્યું કરવું તે પણ સદ્‌ગુરૂઓના મુખેથી જાણી લેજો. જેથી ચિત્તડું બીજે બંધાય જાય. હંમેશાં સારા વિચારોમાં જ રમતું થઇ જાય.

સારૂં જ્ઞાન પ્રાપ્ત કરી અને સદ્‌વાંચન વાંચી જીવનને ધન્ય બનાવો. વાંચેલું મનન કરજો. ચિંતવેલું સુંદરાક્ષરે ટપકાવી તમારા આબાલવૃદ્ધો માટે જરૂરથી મોકલી આપજો.

બાલવાટિકામાં લખાણો તો આવે છે પણ તેમાં મૌલિક જ્ઞાન પામવાના લખાણો ઘણા ઓછાં આવે છે. આ વેકેશનનો સદુપયોગ કરી સારૂં જ્ઞાન મેળવી, મનન, ચિંતનાદિ કરી જીવનને સુવાસિત બનાવો.

તમારા કલમે ટંકરાયેલી સદ્‌વાતોને મોકલવા લખી લો મારૂં સરનામું.

—એજ ઃ રવિશિશુ
C/o. જૈન શાસન કાર્યાલય

— આજનો વિચાર —

જે ઘરમાં પરાભૂત થાય છે તે બહાર પણ પરાભૂત થાય છે.

બાળ ગઝલ

૦ લાખો મુફલિસ હો ગયે,
લાખો તવંગર હો ગયે,
પર જબ ખાક મેં મિલે તો,
દોનો બરાબર હો ગયે.

૦ યહાં તરહ તરહ કે ધંધે,
યહાં કદમ કદમ પર ફંદે,
હંસતે હંસતે લુંટ જાતે,
યહાં અક્કલ કે અંધે.

—ઇસીતા

જાણવા જેવું

૦ કીડી પોતાના વજન કરતાં પચાસ ગણું વજન ઉપાડી શકે છે.

૦ માણસ સરેરાશ એક મિનિટમાં ૧૨ થી ૧૮ શ્વાસ લે છે.

૦ સાવ આંધળો હોય એવો કાચીંડો પણ પોતાની આસપાસના વાતાવરણ પ્રમાણે રંગ બદલે છે.

—હર્ષિત એન. શાહ

હાસ્ય હોજ

એક વખત વીસ હજાર ફૂટની ઉંચાઇ ઉપર ઉડતા વિમાનમાં આગ લાગી. સૌ પ્રવાસીઓના જીવ જોખમમાં મૂકાઈ ગયા ત્યાં જ વિમાનનો પાયલોટ પેરાશૂટ પહેરીને આવ્યો અને કહ્યું: પ્રવાસીઓ, તમે થોડી વાર શાંતિ રાખો... હું મદદ લેવા માટે નીચે જાઉં છું...

(આવો જ નિરાધાર આ સંસાર છે.)

— * —

ડોક્ટર સાહેબ, મારૂં શરીર વધી જવાને કારણે મને ખુબ ત્રાસ થાય છે. અરે, હું નીચો વળીને મારા પગમાં પહેરેલા બૂટની દોરી પણ બાંધી શકતો નથી! કાંઇક ઉપાય બતાવોને!

તમે...ચંપલ પહેરવાનું રાખશો તો વાંધો નહિ આવે.

(દવા ને બદલે બીજી વાત કરી તેમાં ધર્મી ધર્મને બદલે બીજી વાત ન કરે.)

-મીના મોહિત શાહ

બોલવું કેવું?

મધુર બોલવું, થોડું બોલવું, ડાહ્યપણ ભરેલું બોલવું, અભિમાન વિનાનું બોલવું, હલકા વચન તજીને બોલવું, સત્ય બોલવું, મીઠું બોલવું, વાહલું બોલવુ, દુઃખ ન ઉપજે તેવું બોલવું, અનર્થકરી ન થાય તેવું બોલવું, વિચાર પૂર્વકનું બોલવું, કુસંપ ન થાય તેવું બોલવું.

-શ્રી રમ્યા

દોષ પણ ગુણ માટે

દાન દેવામાં વ્યસની બનો.
યશ ઉપાર્જનામાં લોભી બનો.
અકૃત્ય કરવામાં ડરપોક બનો.
ગુણને ગ્રહણ કરવામાં અતૃપ્ત બનો.
બીજાનું સુખ હરી લેવામાં લંગડા બનો.
પરસ્ત્રીને જોવામાં આંધળા બનો.
બીજાના દોષ બોલવામાં મુગા બનો.
અસત્ય બોલવામાં માયાવી બનો.

લાલસા રાખવામાં અજ્ઞાની બનો.
જ્ઞાન ગ્રહણ કરવામાં અધીરા બનો.

–શ્રી જિત

— કથા ને કથા —

કલગી વગરનો કુકડો નહિ અને
ખુશામત વગરનો દરબારી નહિ.

આ કહેવતના વિષયમાં એક સુંદર વાત આપણે વાંચીએ.

કોઇ એક અમીરે પોતાના મુસાહિબને કહ્યું: ભાઇ, વેંગણનું શાક બહુ સરસ થાય છે. તેમાં ગુણ પણ બહુ છે. વૈદકમાં પણ એની તારીફ લખી છે.

સંસ્કૃતમાં લખ્યું છે કે 'વૃતાંક શાક નાયકમ્.'

'સાચી વાત છે સાહેબ.' મુસાહિબે હા માં હા મેળવતા કહ્યું: થોડા દિવસ પસાર થયા બાદ અમીરે વેંગણની ભારે નિંદા કરી કહ્યું, વેંગણનું શાક બુબ ગરમ છે. વળી આ રોગવાળુ અને બીયાંવાળુ છે. એના સેવનથી કઇ થાય છે તેનામાં એક-સોથી વધારે અવગુણ છે.

જી સાહેબ તદ્દન સાચી વાત છે. તેનામાં અનેક અવગુણો છે. તેના સેવનથી કોઇ ફાયદો થતો નથી ઉલટાનું સ્વાસ્થ્ય બગડે છે.

આ સાંભળી અમીર નવાઇ પામી ગયો આંખો પહોળી કરીને મુસાહિબ સામે જોવા લાગ્યો, વિચારવા લાગ્યો. થોડા દિવસો પહેલાં આ જ મુસાહિબે વેંગણની તારીફ કરી હતી ને આજે તેની ભરપૂર પેટે નિંદા કરે છે.

આંખનું મટકું મારતા અમીરે મુસા-હિબને પૂછ્યું ભાઇ મેં જ્યારે વેંગણની તારીફ કરી ત્યારે તે પણ તેની સારી એવી તારીફ કરી. આજે મેં નિંદા કરી તો તું પણ તેની ભારે નિંદા કરવા લાગી ગયો. તેનું કારણ શું ?

મુસાહિબ આછું મુસકાન કરતો બોલ્યો હજૂર ! 'હું આપનો નોકર છું વેંગણનો નહિ.'

(સ્વાર્થી કે લોભી સાચી વાત ન કરી શકે.)

–અંકિત પીનલકુમાર સોની
રાજકોટ

કવીત

'સમય પર આ જગતમાં
જે થવાનું થાય છે.'
'છે સમયની બલિહારી,
અનુભવે સમજાય છે.'
'શિક્ષા કરે કુદરત સહુને,
પોતપોતાના કર્મની.'
'સમય જાય છે શાણા જનોને,
સમય જ્યાં બદલાય છે.'

—શ્રી નૃ. ના. ભટ્ટ–રાજકોટ

પ્રસંગ પરિમલમાંથી

卐 દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવંતનું સ્વરૂપ 卐

—શ્રી ધર્મશાસન

સવિ જીવ કરૂં શાસન રસી, ઇસી ભાવદયા મન ઉલ્લસી.

શ્રી તીર્થંકરદેવોના આત્માઓ એમના પૂર્વના ત્રીજા ભવે એવી ઉચ્ચકોટિની ભાવનાથી આત્માને ભાવિત કરે છે કે-કયારે હું વિશ્વના સમગ્ર જીવોને જન્મ-મરણની બેડીથી મુકત કરૂં ? આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિવિધ તાપથી સંતપ્ત જીવોને દુ ખ રહિત બનાવું ! સઘળાય પ્રાણીઓને, વિશ્વના સમસ્ત જીવોને અને બ્રહ્માંડના સકળ આત્માઓને પ્રભુશાસનના રસીયા બનાવું ! સૌને ધર્મભાવનાથી ઓતપ્રોત બનાવું ! અને સૌનું કલ્યાણ થાવ આવી ઉચ્ચકોટિની અનુપમ અને સુંદર ભાવના ભાવવાના કારણે એ પુણ્યાત્માઓ શ્રી તીર્થંકર ગોત્ર જેવી મહાન અને ઉત્તમ પુણ્ય પ્રકૃતિની નિકાચના કરે છે.

સૌ સુખી થાવ ! સૌ દુઃખ મુકત બનો !
સૌનું કલ્યાણ થાવ ! સૌ દોષ રહિત બનો !

આ ભાવના એમનાં રોમ-રોમમાં અને એમની નસેનસમાં વસી હતી ત્યારે જ એ પુણ્યપુરૂષો શ્રી તીર્થંકર પદ જેવા મહાન પદને વર્યા હતા.

તેમના પુણ્યનો પરિપાક અસાધારણ હોય છે. શ્રી તીર્થંકર દેવના આત્માઓ પ્રકૃષ્ટ પુણ્યશાળી, અપ્રતિમ પ્રભાવશાળી, મહાન સૌભાગ્યશાળી અને અત્યંત વૈભવશાળી હોય છે.

દેવલોકમાંથી ચ્યવીને શ્રી તીર્થંકરદેવોના આત્માઓ જ્યારે માતાના ગર્ભમાં આવે છે ત્યારે ત્રણે ભુવનમાં અજવાળાં-અજવાળાં પથરાય છે. સમસ્ત લોકમાં આનંદની અપૂર્વ લહરી ફરી વળે છે. શ્રી તીર્થંકરદેવોનો જન્મ ઉંચા રાજવંશીય ક્ષત્રિયકુળમાં થાય છે. તેમના જન્મ સમયે સાત ગ્રહો ઉચ્ચ સ્થાનમાં હોય છે. એક સમય પણ ન્યૂનાધિક નહિ એવી મધ્યરાત્રિએ તેઓ જન્મ લે છે. જન્મતાં જ સૌધર્મેન્દ્રનું આસન કંપી ઉઠે છે. ૬૪ ઇંદ્રો અને કોટાકોટિ દેવતાઓ પરમાત્માને મેરૂપર્વત ઉપર લઇ જઇ અપૂર્વ ઉત્સાહથી અનેરા આનંદ સાથે અને અત્યંત ભક્તિભાવ ભર્યા હૈયે તેમનો ઠાઠમાઠથી જન્માભિષેક કરે છે. નારક જેવા મહાદુઃખી આત્માઓ પણ પ્રભુના જન્મ સમયે ક્ષણભર સુખનો આસ્વાદ અનુભવે છે, દેવ-દુંદુભિના નાદથી ગગન ગુંજી ઊઠે છે. ધરતી પણ આનંદથી શ્વાસ લેવા મંડી પડે છે. વાયુ પણ મંદ મંદ મધુર શીતળ અને

સુખપ્રદ વાય. છે. સર્વત્ર ગ્રામ નગર, પુર અને જનપદ વાસીઓ આનંદ-કલ્લોલ કરે છે. પક્ષીઓ કિલકિલાટ કરતા હોય છે, દુઃખ, ઉપદ્રવ કે વિઘ્નનું નામ નિશાન હોતું નથી. દુષ્કાળનો અભાવ હોય છે. સ્વાપર ચક્રના ભય રહિત મેદની હોય છે.

શ્રી તીર્થંકરદેવો કોટિ કોટિ સૂર્ય અને ચંદ્રની કાંતિથી પણ અધિક કાંતિમાન અને તેજસ્વ હોય છે. લાખો-કોડો તો શું બલ્કે અસંખ્યાત દેવો અને દેવેન્દ્રો, અસુરો અને અસુરેન્દ્રો અને સમસ્ત માનવ જાત પણ ભેગા મળી શ્રી જિનેશ્વરદેવની એક ટચલી આંગળીને પણ નમાવવા અસમર્થ બને છે. એવા એ અસાધારણ શક્તિશાળી યાને અનંતબળી હોય છે. ગર્ભમાંથી જ એ પુણ્યાત્મા અરિહંતદેવના આત્માઓ નિર્મળ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના ધણી હોય છે. તેમનું જ્ઞાન પરિણત હોય છે. વિશ્વના સકલ જીવોમાં, રૂપમાં તેઓ પ્રથમ નંબરે હોય છે. ૧૦૦૮ બાહ્ય લક્ષણોથી વિભૂષિત અને પારાવાર અભ્યંતર લક્ષણોથી યુકત હોય છે. એટલે રૂપવૈભવ, કાંતિ વૈભવ, પુણ્ય વૈભવ, ગુણ વૈભવ, શક્તિ વૈભવ, જ્ઞાન વૈભવ એમ અનેરા અનેક વૈભવને ધારણ કરનારા હોય છે. સાગર જેવા ગંભીર, ચંદ્રમા જેમ સૌમ્ય, સૂર્ય જેવા તેજસ્વી, હસ્તિ જેવા શૂરવીર, સિંહ જેવા દુર્ધર્ષ, ભારંડ જેવા અપ્રમત્ત, મેરૂ જેવા અડગ, વજ્રઋષભનારાચ સંઘયણથી શોભતા, સમચતુઃરસ્રસંસ્થાનયુકત, પ્રમાણોપેત લક્ષણ યુક્ત અંગોપાંગથી દીપતા જગતમાં અજોડ અને અનુપમ મહાપુરૂષ શ્રી તીર્થંકરદેવો હોય છે.

એ પરમ પુણ્યાત્મા દેવાધિદેવના ૩૪ અતિશયોમાં ચાર અતિશય છે.

૧. જ્ઞાનાતિશય, કેવળજ્ઞાન હોવું, ત્રણે લોકના અને ત્રણે કાળના સંપૂર્ણજ્ઞાતા.

૨. વાચનાતિશય-પાંત્રીસ ગુણોવાળી વાણી.

૩. પૂજાતિશય-સુરો અસુરો દેવેન્દ્રો તથા મનુષ્યોના સ્વામીઓ વડે પૂજાવું.

૪. અપાયાપગમાતિશય-ઠરેઠ પ્રકારના અપાયોનો-ઉપદ્રવોનો અને આફતોનો નાશ થવો. (ક્રમશઃ)

— શાસન સમાચાર —

કોલારગઢતીર્થ-પૂ. પંન્યાસ પ્રવર શ્રી દર્શનરત્નવિજયજી મ. આદિની શુભ નિશ્રામાં ફાગણ વદ ૮ ઠિ. ૧-૪-૯૭ મંગલવાર ને વાજતે ગાજતે ભવ્ય પ્રવેશ પ્રવચન તથા પૂજા આદિની બોલીયો રેકોર્ડ રૂપ થયેલ. આજે શ્રી ઋષભદેવ પ્રભુના જન્મ અને દીક્ષા કલ્યાણક નિમિતે શા ભૂરમલજી ઢલીચંદજી કોઠારી (વડગામ નિવાસી) પરિવાર તરફથી મેલો થયેલ. આ પ્રસંગે અઢાર અભિષેક, બધા પ્રભુજીને અંગરચના, બે દિવસ સાધર્મિક વાત્સલ્ય આદિ થયેલ. ગુરૂપૂજન, કામળી વહોરાવવાની બોલી તથા દીક્ષાર્થિયોના બહુમાન તથા સંઘપતિના બહુમાનની પણ બોલીયો થયેલ.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- દોષ રહીત જીવવું, અધર્મ રહિત જીવવું, ધર્મ સહિત જીવવું, મરેથી મરવું તે આપણા હાથની વાત છે આ રીતે જીવે તેની સદ્‌ગતિ નિયમા થાય અને તે પણ ધર્મવાળી હોય.
- સંસારની સાધના કરવી પડે તો ન છૂટકે કરે પણ તે કરવાનું જેનું હૈયું નહિ તેનું નામ ધર્મી !
- સંયમનો અર્થી અને સંસારમાં ન છૂટકે રહેનાર જીવ માટે દુર્ગતિ છે જ નહિ.
- આજે જે જીવો દુઃખી દેખાય છે તે અસલમાં દુઃખી નથી પણ તેમના મન બરાબર છે માટે દુઃખી છે. જો તેમની મનોવૃત્તિ સુધરે તો ક્ષણથી સુખી થઇ જાય.
- ઘણા નિર્ભાગી જીવોને ધર્મની સામગ્રી વધુ પાપ કરાવવા જ મળે છે.
- જે જીવોને સંસારમાં જ મઝા આવે છે, ધર્મ કરવાનું મન જ થતું નથી, કદાચ ન છૂટકે દેખાવ માટે થોડો ઘણો ધર્મ કરે છે તે બધાનું પુણ્ય પાપનુબંધી છે !
- પૈસા કમાવવા એટલે નવાં દુઃખ ઉભા કરવા.
- સંસારમાં અકકલનો ઉપયોગ કરવો એટલે અનેકને ઉન્માર્ગે દોરી સત્યનાશ કાઢવું.
- પુણ્યથી મળતી અનુકુળતા ભોગવવાથી આપણું પુણ્ય ખવાય છે અને એવા પાપ બંધાય છે કે ભવાંતરમાં ભીખ માગતા ય ખાવા-પીવા પહેરવા-ઓઢવા ન મળે.
- સંયમનું સારી રીતે પાલન કરવા માટે વિહાર છે.
- કર્મસત્તા તો છુપી પોલીસ કરતા ય છુપી પોલીસ છે તે એવી રીતે જાને પકડી લે છે કે જીવ ગમે તેટલી માયા-પ્રપંચાદિ કરે તો ય તેને તરત ચોંટી જાય છે.
- સાધુપણાનો સ્વાદ પરિષહ વેઠવામાં છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાભાભાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૬૨૫

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

તે તપ પણ નિષ્ફળ છે.

पूजालोभप्रसिद्ध्यर्थं तपस्तप्येत योऽल्पधीः ।
शोष एव शरीरस्य न किंचित्तपसः फलम् ।।

આ લોકમાં માન-પાનાદિ પૂજા, પ્રખ્યાતિ પ્રસિદ્ધિના માટે જે મૂઢાત્મા તપને કરે છે તે માત્ર દેહને શોષાવે છે. શરીરને તપાવે છે. પરન્તુ તપના કર્મ નિર્જરારૂપ વાસ્તવિક ફલને પામી શકતો નથી.

માટે તપનું વાસ્તવિક ફલ મેળવવા કોઇ પણ પ્રકારની આ લોક કે પરલોકના પદાર્થોની ઇચ્છાથી રહિતપણે, નિષ્કામપણે તપ કરવો જોઇએ.

વર્ષ ૯

અંક ૩૮

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

Read

દાન પહેલાં કેમ ?

— પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ.

દાનનો મહિમા અપરંપાર છે. જગત આખું દાન તો કરે છે પણ શ્રી જિનશાસનના લોકોત્તર દાન મહિમાને સમજવાથી દાન ધર્મનું વાસ્તવિક ફળ સાથે દાનની સંપૂર્ણ સફળતા ક્યારે થાય ? તે જાણવા મળે છે.

ગુંડો રસ્તામાં મળે અને કહે જે હોય તે બધું આપી દે. પ્રાણ બચાવવા હસતાં, રડતાં કે દુભાતે હૃદયે જે કાંઈ હોય તે આપી દે છે. સરકારી માણસો અચાનક ત્રાટકે તે વખતે તેમાંથી મોટી રકમ માનવી આપી દે છે. ન બનવાનું ક્યારે બને વહાલો એકને એક દિકરો કે વહાલી પત્ની જીવલેણ વ્યાધિમાં સપડાય ત્યારે માનવી દવા–ડોકટર–ભૂવાની પાછળ જે કાંઈ ખર્ચવું પડે ત્યાં વિચારતો નથી. જેટલો ખર્ચ થવાનો હોય તે ભલે થઇ જાય અરે દેવું કરીને પણ માનવી ખર્ચ કરે છે. આ બધાની પાછળ માણસ ધન જરૂર છોડે છે. પરંતુ તે દાન નથી. પણ કર્મબંધના અને સર્વ પાપના બાપ સમાન લોભ કષાયની ગુલામી સિવાય બીજું કાંઇ નથી. સંપત્તિના ત્રણ ઉપયોગ છે. ભોગ-નાશ કે દાન. પાંચે ઇન્દ્રિયોના વિષયોની તૃપ્તિ ખાતર માનવી જીવનનાં પહેલાં શ્વાસથી કે અંતિમ શ્વાસ સુધી તનતોડીને મન મૂકીને લાગી જાય છે. પરંતુ તે ઇન્દ્રિયોના સુખની પૂર્ણાહુતિ નથી. આગમાં જેમ પેટ્રોલ વધુ નાંખો તેમ વધુ બળે તેમ ઇન્દ્રિયોને મન–ગમતાં વિષયો તમે ગમે તેટલાં આપો તે પુરા થતા જ નથી. લોટ ચારવાની ચાળણીમાં પાણી રાખવાના પ્રયાસો કદી સફળ થતાં નથી તેમ ઇન્દ્રિયો દ્વારા સાચા સુખની અનુભૂતિ ક્યારે પણ થઈ શકતી નથી. ઇન્દ્રિયોને ખુસ કરવા કયાં તો કોઇ વસ્તુ અથવા વ્યક્તિની આવશ્યકતા રહે છે તે સાબિત કરે છે તે સુખો પરાધિન છે. જ્યાં સુધી તાત્ત્વિક દૃષ્ટિ આવતી નથી. ત્યાં સુધી માનવી તન–મન–ધનથી ખુવાર થાય છે. સાથે ભયંકર કર્મોનો સંચય કરે છે. આ થયો સંપત્તિનો ભોગ દ્વારા દૂરઉપયોગ. એવા પણ માનવીઓ હોય છે ન ખાય ન ખાવા દે, સંપત્તિ અઢળક હોય છતાં ય લોભ કષાય એવો તીવ્ર હોય છે કે 'ચમડી તૂટે પણ દમડી ન તૂટે, અરે, ઘણી વખત તો એવા લોભીઆ હોય છે કે સાથે દિકરો જમવા બેઠો હોય એક રોટલી વધારે ખાય તો કહે આટલું બધું પાઇ જાય છે ?

આવા કલિકાલના મમ્મણ શેઠના અવતારોની લક્ષ્મી તેના જીવતાં વપરાતી નથી. ઉપરથી આવા લોભિયાઓ ભય અને ચિંતા નીચે જીવે છે મરે ને મારી સંપત્તિ

(અનુ. ટાઈટલ ૩ જુઓ)

શાસનસમ્રાટ પૂ. આ.શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાસણ અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ મતાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શા... (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ચાંદાચંદ પદમશી ગુઢકા (થાણા-ગઢ)

વર્ષ : ૯] ૨૦૫૩ વૈશાખ સુદ-૧૩ મંગળવાર તા. ૨૦-૫-૯૭ [અંક : ૩૮

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૮ શનિવાર તા. ૧૮-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૬ મું ચાલુ) -અવ૦)

આગળ શ્રીમંતોની આબરૂ હતી કે- ગામનો આધારભુત છે, મેઢીભુત છે, જે કોઇ દુઃખી જાય તેનું દુઃખ દૂર કર્યા વિના રહેતો ન હતો. બધા લોકોને તે શેઠ પ્રત્યે માન હતું, સન્માન હતું અને શેઠની પણ બધા તરફ અમીદૃષ્ટિ હતી. તેથી જ તે શેઠ જ્યારે બહારગામ જવાના હોય તો આખું ગામ મૂકવા જતું અને આવવાના હોય તો લેવા જતું અને સામે મળે તો હાથ જોડતું હતું. આજે તમારી શી આબરૂ છે ? તે શેઠ કોઇને ઠગે નહિ તેવો વિશ્વાસ હતો. આવો વિશ્વાસ તમારે જમાવવો છે ?

ભગવાનનું શાસન પામેલા જીવો કેવા હોય ? તેઓ સારામાં સારી રીતે ધર્મ જ કરતા હોય. તમે આજે શું શું ધર્મ કરી શકો તેમ છો ? તમે બધા સાધુ થયા નથી, હજી સુધી શ્રાવક પણ થયા નથી, સમકિત પણ ઉચ્ચર્યું નથી સમકિત મારામાં છે કે નહિ તેનો વિચાર પણ કરતા નથી. સમકિત શું છે તેની પણ ખબર નથી. 'સમકિત વિનાની ધર્મકરણી છાર ઉપર લિંપણ જેવી છે, આકાશમાં ચિતરામણ છે' તેમ કેટલી વાર સાંભળ્યું છે ? સમકિત પામવું હશે તો આ દુનિયાના સુખને ભુંડું જ માનવું પડશે અને પોતાના જ પાપથી આવતા દુઃખને સારું માનવું પડશે. દુઃખને

તો મેં બોલાવેલું છે તો તેના ઉપર દ્વેષ કરું તો મારા જેવો નાલાયક કોઇ નથી તેમ લાગે છે ? આ દુનિયાની સુખ-સંપત્તિ કેવી લાગે છે ? ખાવા-પીવા પહેરવા-ઓઢવા, મોજ-મઝાદિ સુખોને કેવાં માનો છો ? દુઃખને પણ કેવું માનો છો ? તમે રોજ કેટલા જીવોને દુઃખ આપો છો ? અનેકને દુઃખ આપનારો સુખી થવા ઇચ્છે તો થઈ શકે ? દુઃખ સહન કરવાની ટેવ નહિ હોય તો મોટે ભાગે અસમાધિમાં જવું પડશે. ગમે તેવું દુઃખ આવે તેને સહન કરતાં શીખે તે બહુ મઝામાં હોય. તે તો માને કે મેં કોઇને દુઃખ આપ્યું હશે માટે મને દુઃખ આવ્યું છે તો તે મારે સારી રીતે સહન કરવું જોઇએ. તમારે હસતા હસતા મરવું છે કે રોતા રોતા મરવું છે ? મઝેથી મરવાનું જેને ન ગમે જે તૈયાર ન હોય તે તો માણસ જ નથી પણ જનાવર કરતાં ય ભુંડો છે ! જન્મેલાએ અવશ્ય મરવાનું છે તો મરવાનો ભય રખાય કે સારી રીતે મરવા માટે મહેનત કરવી જોઈએ ?

આજનો મોટોભાગ ભગવાનને માનતો નથી. દેખાવનો ધર્મ કરનારા ઘણા છે પણ સાચા ભાવે આજ્ઞા મુજબ ધર્મ કરનારા શોધવા પડે તેમ છે. આજે તો આજ્ઞા વિરૂદ્ધ બોલનારા પણ અમારામાં પાકી ગયા છે. આપણે ત્યાં તો ભગવાનની આજ્ઞા જ પ્રધાન છે.

જેને પરલોકમાં મારું શું થશે તે ચિંતા નહિ તે બધા નામના આસ્તિક છે, વાસ્તવિક આસ્તિક નથી. પછી અમે હોઈએ કે તમે હો. સાચી આસ્તિકતા આવે તો ય કામ થઈ જાય. તમે બધા સંસાર માટે, પૈસા માટે, સંસારના સુખ માટે શક્તિ ઉપરાંત પુરૂષાર્થ કરો છો પણ ધર્મ માટે જોઈએ તેવો પુરૂષાર્થ કરતા નથી તેવી જે હાલત છે તે સુધારવી છે. તો કલ્યાણ થશે તે માટે શું કરવું તે હવે પછી—

— જૈન શાસન વિશેષાંક શુભેચ્છક —

લાખાબાવળવાળા (જામનગર) સ્વ. લાધાભાઈ પુંજાભાઈ નાગડાના શ્રેયાર્થે તથા સ્વ. ડાહીબેન લાધાભાઈના શ્રેયાર્થે તથા સ્વ. કેશવજી લાધાભાઈના શ્રેયાર્થે હા. ગોલજી લાધાભાઈ નાગડા તથા હા. રાયચંદ લાધાભાઈ નાગડા તથા હા. ઝવેરચંદ લાધાભાઇ નાગડા C/o. મીતલ જનરલ સ્ટોર્સવાળા કીશોર ઝવેરચંદ નાગડા કીર્તના એપાર્ટમેન્ટ અરવીન ઝવેરચંદ નાગડા જે. કે. એપાર્ટમેન્ટ જયેશ ઝવેરચંદ નાગડા મુંબઈ, ચારકોપ કાંદીવલી સતીશ ઝવેરચંદ લાધાભાઈ નાગડા રાજલક્ષ્મી એપાર્ટમેન્ટ ઓસવાલ કોલોની હીરજી મીસ્ત્રી રોડ, જામનગર.

卐 દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવંતનું સ્વરૂપ 卐

—શ્રી ધર્મશાસન

૩૪. અતિશયો—

૧. લોકોત્તર અદ્‌ભૂત સ્વરૂપવાન દેહ તેમજ શરીરમાં પરસેવો કે મેલ થાય નહિ.

૨. સુગંધિત શ્વાસોશ્વાસ.

૩. માંસ અને રૂધિર દુધની માફક શ્વેત.

૪. 'આહાર અને નિહાર' ચર્મચક્ષુવાળા જોઇ ન શકે માટે અદૃશ્યપણું.

ઉપરના અતિશયો જ-મતાંની સાથે જ ઉત્પન્ન થાય છે.

૫. સમવસરણની રચના.

એક જોજનના આ સમવસરણમાં કોડો દેવ–દેવી અને નરનારીઓ બેસે તો પણ જરાય સંકડામણ ન થાય અને કોઇને અકળામણ પણ ન થાય.

૬. અર્ધ માગધી વાણી.

૭. ભાષાની સર્વદેશીયતા. સર્વદેશના લોકો પોત–પોતાની ભાષામાં સમજી શકે.

૮. પરમાત્મા જે સ્થળે વિચરતા હોય તેની ચારે દિશામાં ૨૫–૨૫ જોજન અને ઉર્ધ્વ–અધો ૧૨૫–૧૨૫ જોજનમાં (૫૦૦ ગાઉ) રોગનો અભાવ, જુના રોગ નાશ પામે અને નવા ઉત્પન્ન થાય નહિ.

૯. પરસ્પરના વૈરની શાંતિ, શત્રુઓ પણ વૈર ભાવ ત્યજી દે, જાતિ વૈરી ઉંદર, બિલાડી, સાપ-નોળીયો, સિંહ–વાઘ જેવા ક્રૂર પ્રાણીઓ પણ વેર–ઝેર ભૂલી સૌ સાથે બેસે.

૧૦. પાકનો નાશ કરનારે તીડ વગેરે ઇતિનો અભાવ.

૧૧. સાત પ્રકારના ઉપદ્રવોની શાંતિ, મારી મરકી તથા દેવોના ઉપદ્રવો પણ થાય નહિ.

૧૨. અતિવૃષ્ટિનો અભાવ.

૧૩. અનાવૃષ્ટિનો અભાવ.

૧૪. ઉપરનાં કારણો સિવાય બીજા કારણોથી પણ દુકાળ પડે નહિ.

૧૫. સ્વચક્ર અને પરચક્રનો અસંભવ-અભાવ.

આ અગ્યાર અતિશયો જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયને લીધે ઉત્પન્ન થાય છે.

૧૬. દેવાધિદેવ શ્રી તીર્થંકરની સન્મુખ ધર્મચક્ર ફરતું આકાશમાં ચાલે.

૧૭. પરમાત્માના વિહારમાં અથવા સ્થિર વાસમાં શ્વેત ચામરો વીંઝાતા રહે.

૧૮. તીર્થંકરદેવોના મસ્તક ઉપર ત્રણ છત્ર રહે.

૧૯. પાદપીઠ સહિત સિંહાસન આકાશમાં ચાલે.

૨૦. રત્નમય એક હજાર જોજનનો ઉંચો ઈંદ્રધ્વજ આગળ ચાલે.

આ પાંચે અતિશય શ્રી તીર્થંકરદેવો વિચરતા હોય ત્યારે સાથે ચાલે. અને જ્યારે બિરાજતા હોય ત્યાં યોગ્ય સ્થળે ગોઠવાઇ જાય.

૨૧. વિહારમાં માખણ જેવા કોમળ અને સુંવાળા સુવર્ણના નવ કમળ દેવો બનાવે છે. ત્રણ પ્રભુની આગળ, ત્રણ પાછળ અને વચમાં ત્રણ, ભગવાન ચાલતા જાય તેમ કમળો આગળ આવતા જાય.

૨૨. સમવસરણની આસપાસ રત્નનો, સુવર્ણનો, અને રજતનો રૂપમ ત્રણ ગઢ હોય છે. એકેક દિશામાં વીસ-વીસ હજાર પગથીયાં હોય છે.

૨૩. શ્રી તીર્થંકરદેવો પૂર્વ દિશા સન્મુખ મુખ રાખીને સમવસરણમાં બિરાજે અને બાકીની દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં દેવો ત્રણ રુપ ભગવાનનાં કરે છે, તેમજ તીર્થંકરદેવો અતિ તેજસ્વી હોવાથી મનુષ્યો વગેરે પ્રભુ સન્મુખ જોઇ ન શકે તેથી પ્રભુના મસ્તક પાછળ બાર સૂર્યનું તેજ સંહરી શકે તેવું ભામંડળ હોય છે.

૨૪. તીર્થંકરદેવોના શરીરની ઉંચાઈથી બાર ગણો ઉંચો અશોકવૃક્ષ રચવામાં આવે છે.

૨૫. માર્ગમાં રહેલા કંટકો-કાંટાઓ અધોમુખ થાય છે.

૨૬. માર્ગમાં રહેલા વૃક્ષો-ડાળીઓ ઝુકાવીને નમન કરે છે.

૨૭. આકાશમાં દેવ-દુંદુભિ વાગે છે.

૨૮. સંવર્તક જાતિના પવનના વહેવાથી કચરો આદિ દૂર થાય છે અને સર્વને સુખકારક સુગંધી-શીતળ મંદ પવન વાય છે.

૨૯. પક્ષીઓ પણ પ્રભુને પ્રદક્ષિણા આપે છે.

૩૦. સુગંધીદાર જળની વૃષ્ટિ થાય છે.

૩૧. પંચવર્ણનાં પુષ્પોથી વૃષ્ટિ થાય છે. ફૂલો સચિત્ત હોય છે, અને ઢીંચણ સુધી પહોંચવા છતાં લાખો દેવો, મનુષ્યો ચાલે છતાં તેને ક્લામણા થાય નહિ.

૩૨. શ્રી તીર્થંકરદેવના મસ્તકના કેશ, દાઢી, મૂછ, તથા હાથ-પગના નખોની વૃદ્ધિ થતી નથી.

૩૩. કેવળજ્ઞાન થયા પછી ઓછામાં ઓછા ક્રોડ દેવો પરમાત્માની સેવામાં હાજર રહે છે.

૩૪. સર્વ ઋતુઓ અનુકૂળ બની સમકાળે ફૂળે છે.

આ ચોત્રીશ અતિશયો શ્રી તીર્થંકરદેવોને જ હોય છે.

ચોત્રીસ અતિશયોનો સંક્ષેપ કરીને તેને શ્રી અરિહંતદેવના ૧૨ ગુણો તરીકે ઓળખવામાં આવે છે, તે નીચે મુજબ છે.

આઠ પ્રાતિહાર્ય—૧ અશોકવૃક્ષ, ૨ સુરપુષ્પ વૃષ્ટિ, ૩ દિવ્યધ્વનિ, ૪ ચામર, ૫ આસન, ૬ ભામંડળ, ૭ દુંદુભિ, ૮ છત્ર, ૯ જ્ઞાનાતિશય, ૧૦ વચનાતિશય, ૧૧ પૂજાતિશય અને ૧૨ અપાયાપગમાતિશય.

દરેક અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળમાં ૨૪–૨૪ તીર્થંકરો થાય છે તે પ્રમાણે ૯ વાસુદેવ, ૯ બળદેવ, ૯ પ્રતિવાસુદેવ અને ૧૨ ચક્રવર્તી થાય છે.

આજ સુધીમાં અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણી થઇ ચૂકી છે અને ભવિષ્યમાં અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણી થવાની છે.

વીસ વિરહમાન તીર્થંકરો.

મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાનકાળમાં ૨૦ તીર્થંકરદેવો બિરાજમાન છે.

જંબુદ્વીપના મહાવિદેહના ૪ તીર્થંકર. ધાતકીખંડના બે મહાવિદેહના ૮ તીર્થંકર. પુષ્કરાર્ધદ્વીપના બે મહાવિદેહના ૮ તીર્થંકર. ૪+૮+૮=૨૦.

બે ક્રોડ કેવળજ્ઞાની સંપ્રતિ વિદ્યમાન છે અને વીસ અબજ સાધુઓ પાંચે મહાવિદેહ ક્ષેત્રમાં હાલ વિચરી રહ્યા છે. એકેક તીર્થંકરના ૧૦ લાખ કેવળજ્ઞાની સાધુઓ અને એક અબજ સાધુઓ હોય છે.

જંબુદ્વીપના મહાવિદેહના ૧ શ્રી સીમંધર, ૨ શ્રી યુગમંધર, ૩ શ્રી બાહુ, ૪ શ્રી સુબાહુ.

શ્રી ધાતકીખંડના—૧ શ્રી સુજાત, ૨ શ્રી સ્વયંપ્રભ, ૩ શ્રી ઋષભાનન, ૪ અનંતવીર્ય, ૫ શ્રી સુરપ્રભ, ૬ શ્રી વિશાળ, ૭ શ્રી વજ્રધર, ૮ શ્રી ચંદ્રાનન.

પુષ્કરાર્ધદ્વીપના—૧ શ્રી ચંદ્રબાહુ, ૨ શ્રી ભુજંગ, ૩ શ્રી ઇશ્વર, ૪ શ્રી નેમિપ્રભ, ૫ શ્રી વીરસેન, ૬ શ્રી મહાભદ્ર, ૭ શ્રી દેવયશા, ૮ શ્રી અજીતવીર્ય.

ત્યાં દરેક તીર્થંકરની કાયા પાંચસો ધનુષ્યની હોય છે.

દરેક તીર્થંકરનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હોય છે.

પૂર્વ એટલે ૮૪ લાખ વર્ષને ૮૪ લાખ વર્ષથી ગુણાકાર કરતાં જે સંખ્યા આવે તેને પૂર્વ કહેવામાં આવે છે.

એક પૂર્વનાં વર્ષ, નીચે પ્રમાણે થાય છે. ૭૦૫૬,૦૦૦,૦૦૦૦૦૦૦ વર્ષ, સીતેર હજાર, પાંચસો સાઠ અબજ વર્ષ થાય. જ્યારે શ્રી અજિતનાથસ્વામી ભગવાન આ અવનિતલમા વિહરતા હતા, ત્યારે ઉત્કૃષ્ટ ૧૭૦ તીર્થંકરો વિચરતા હતા.

એકેક મહાવિદેહક્ષેત્રની ૩૨-૩૨ વિજય હોય છે અને દરેક વિજયમાં તે વારે એકેક તીર્થંકર હોય છે. ૩૨×૫=૧૬૦ [પાંચ મહાવિદેહમાં] ૫ ભરતમાં અને ૫ ઐરાવતમાં. કુલ ૧૭૦ છે.

તે વખતે ગર્ભજ મનુષ્યોની સંખ્યા પણ ઉત્કૃષ્ટ હતી.

'નમો અરિહંતાણ' આ એક પદ દ્વારા ત્રણે કાળના ભૂત, ભવિષ્ય અને વર્તમાનના અનંતા તીર્થંકરદેવોને નમસ્કાર થાય છે.

માટેજ કહ્યું છે કે—

ઉસ્સિોવિનમુક્કારો, જિણુવર વસહસ્સ વદ્ધમાણુસ્સ,
સંસાર સાગરાઓ, તારેઇ નરંવ નારિવા.

શ્રી જિનેશ્વરદેવને એકવાર કરેલો નમસ્કાર સંસાર-સાગરથી તારે છે. ચાહે પછી તે સ્ત્રી હોય કે પુરૂષ હોય !

શ્રી તીર્થંકરદેવોની વાણી ૩૫ અતિશય યુક્ત હોય છે. ૩૫ અતિશયો નીચે મુજબ છે.

૧ સંસ્કારત્વ—તેમની વાણી વ્યાકરણના નિયમોથી યુક્ત હોય છે.

૨ ઔદાત્ય—ઊચ્ચ સ્વરે બોલાતી.

૩ ઉપચાર પરીતતા—ગામડિયાપણાનો અભાવ-અગ્રામ્ય.

૪ મેઘ ગંભીરઘોષત્વ—મેઘની જેમ ગંભીર શબ્દવાળી.

૫ પ્રતિનાદ વિધાયિતા—પડઘો પાડનારી.

૬ દક્ષિણત્વ—સરળતાવાળી-સારી રીતે સમજી શકાય તેવી.

૭ ઉપનીતરાગત્વ—માલકોષ વગેરે રાગોથી યુક્ત.

ઉપરના સાત અતિશયો શબ્દની અપેક્ષાએ હોય છે અને બીજા અતિશયો અર્થની અપેક્ષાએ હોય છે.

[ક્રમશઃ]

❋ એક હતો રાજકુમાર ❋

—અમીકુમારી

એક સુંદર રળિયામણું નગર હતું. તેનો રાજા ખુબ દયાળુ, ધાર્મિક, ન્યાયપ્રિય અને બહાદુર હતો. તેને એક ખુબ સંસ્કારી અને વિવેકી રાણી હતી. નગરનાં લોકો ખુબ જ માયાળુ અને વિવેકી હતાં. આવાં સુંદર નગરમાં લોકો ખુબ જ સુખપૂર્વક કોઇ પણ ચિંતા વગર રહેતા હતા.

એક રાત્રે કે જ્યારે ચાંદામામા પૂર્ણ રીતે ખીલી સૂર્યને પણ અચંબામાં પમાડે તેવી રીતે પોતાનો પ્રકાશ ધરતી ઉપર પાથરી રહ્યાં હતાં, વાયુરાજ પ્રસન્ન વદને હરી ફરી સૌને સાતા આપી રહ્યાં હતાં. સૌ કોઈ પોતપોતાનું કામકાજ આટોપી સુખની નિંદ્રા લઇ રહ્યાં હતાં. રાજમહેલમાં ઘીના દીવાઓ પોતાનો પ્રકાશ પાથરી રહ્યાં હતાં. આજુબાજુના બગીચાઓ સ્પર્ધામાં ઊતર્યા હોય તેમ પોતાની તમામ શક્તિ કામે લગાડી ચો તરફ સુગંધ ફેલાવી રહ્યાં હતા. નિરવ શાંતીમાં રાણીબા પણ સુશોભીત શયનખંડમાં ફૂલથી પણ કોમણ શૈયા ઊપર પોઢી રહ્યાં હતાં. નજીકમાં રહેલી દાસીઓ પણ ખડે પગે પોતપોતાની સેવા બજાવી રહી હતી. રાત્રી ધીમા પગલે પોતાનો સમય પસાર કરી રહી હતી. શુભ ચોઘડીયાઓ એક પછી એક કાળ ઊપર પોતાનો પ્રભાવ પાથરી પસાર થઇ રહ્યાં હતા. એવા એક શુભ ચોઘડીએ રાણીબાએ સુંદર મજાના ચૌદ સ્વપ્નો જોયાં. જે જોઇને રાણીમા જાગી ગયાં. આનંદ વિભોર થઈ ગયા. રાજાજીના શયનખંડ તરફ દોડી જઇ. મધુર શબ્દોથી રાજાજીને જગાડી પોતે જોયેલાં અલૌકિક સ્વપ્નોની વાત કરી અને અને ફળ જણાવવા કહ્યું. રાજાજી ખુબ ખુબ આનંદ વિભોર થઇ ગયા અને મધુર શબ્દોમાં ફરા જણાવ્યું.

ત્યાર બાદ સુખમય એકથી એક ચડિયાતા દિવસો પછી મહિનાઓ શુભ રીતે પસાર થવા લાગ્યા. તેવાં એક મહિનાના શુભ દિવસે શુભ ક્ષણે રાણીબાએ રૂપ-રૂપના અંબાર સમૈ। તેજસ્વી તારલાં જેવો લાલ ગુલાબના ગલગોટા જેવા પુત્રરત્નને જન્મ આપ્યો. આખી નગરીમાં આનંદ છવાઈ ગયો, મોટા મહોત્સવ સમું વાતાવરણ છવાઇ ગયું. થાળ ભરી ભરી લોકો મહેલ તરફ વધામણી આપવા વસમરો કરવા લાગ્યા. જ્યાં જુઓ ત્યાં લોકો રાજાજીને ત્યાં અવતરેલા ગુલાબના આ ગલગોટાની જ વાતો કરી રહ્યાં હતા. આવી કોમળતા, આવું રૂપ લોકોએ ક્યારેય જોયું નહતું. લોકો દંગ રહી ગયા હતા. એક પછી એક દિવસો પસાર થવા લાગ્યા. ગુલાબનો આ ગલગોટો

ધીરે ધીરે રાત્રે ન ખીલે તેટલો દિવસે, અને દિવસે ન ખીલે તેટલો રાત્રે ખીલવા લાગી તરૂણ અવસ્થામાં પહોંચ્યો.

રાજકુમાર મિત્રોની સાથે રમવા બાગ બગીચામાં જવા લાગ્યાં. એક દિવસ દેવને રાજકુમારની શક્તિ પરિક્ષા લેવાનું મન થયું. તે પણ બાળ સ્વરૂપ કરી મિત્રોની સાથે રમવા લાગ્યો. અચાનક લાગ જોઇને નાગદેવતાનું વિકરાળ રૂપ ધારણ કરી સૌને ડરાવવા લાગ્યો. સર્વે મિત્રો આ જોઇ નાસભાગ કરવા લાગ્યા. પણ એમ આપણું બહાદુર રાજકુમાર ડરે બરાં ? તેમણે તો નાગને એક હાથે પકડી દૂર ફેંકી દીધો. ફરી બાળકોને બોલાવી રમત શરૂ કરી દીધી જાણે કાંઈજ બન્યું નથી. હારેો જુગારી બમણું રમે તેમ દેવ પણ કાંઈ ગાંજ્યો જાય તેવો નહતો. તે ફરી બાળ સ્વરૂપે આવી બધાંની સાથે રમવાં લાગ્યો. રાજકુમારને ખભે બેસાડી દાવ આપવા લાગ્યો, અચાનક દેવે મહા રાક્ષસનું રૂપ ધારણ કરી મિત્રોને તેમજ રાજકુમારને ડરાવવા લાગ્યો. મહા બળવાન રાજકુમારે એક જ મુંઠીનાં પ્રહારથી તેને લોંય ભેગો કરી દીધો.

સૌ બાળકો તથા નગરીનાં લોકો રાજકુમારનું આ પરાક્રમ નિહાળી દંગ રહી ગયાં. ચૌરે ને ચૌટે સૌ બહાદુરીનાં ગુણલાં ગાતા રહ્યા વાહ ! પરાક્રમી વાહ ! બહાદુરી.

એક પછી એક સોનેરી દિવસો પસાર થવા લાગ્યા. અચાનક એક દિવસે તમામ સુખ સાહ્યબી, રાજપાટ, રાજરચીલું સર્વેનો ત્યાગ કરી વર્ષીદાન દઇ ગુલાબનાં ગોટાં સમા આપણા બહાદુર રાજકુમાર સંયમના પંથે ચાલી નીકળ્યા. ઉગ્ર તપશ્ચર્યા કરી અનેક ઉપસર્ગોને હસતા મુખે સહન કરી, કેવળજ્ઞાન પામી, સર્વે જીવોને માટે સત્યમાર્ગ પ્રરૂપી મોક્ષમાં બીરાજી ગયા.

પ્રિય ભૂલકાઓ, જાણો છો, આ વિર રાજકુમાર કોણ હતાં ? તેઓનું બાળ નામ હતું. વર્ધમાનકુમાર અને જેઓ કેવળજ્ઞાન પામી ચોવિશમાં તીર્થપતિ શ્રી મહાવીર સ્વામિ ભગવાન થયાં.

— કવિત —

'મારવા કરતાં મજા, છે જીવાડવામાં સર્વદા.'
'મરનાર તો ભૂલી જશે, સંસારની સૌ આપદા.'
'શત્રુને આપો ક્ષમા, અપકાર પર ઉપકાર કરો.'
'થાય તેવું થવું જગતમાં, 'સૂત્ર' એ હવે વિસારો.'

-મૂ. ના. ભટ્ટ-રાજકોટ

卐 તપોવન અખબારોના પાનામાં 卐

(૧) તપોવનના ટ્રસ્ટીઓ ચંદ્રશેખરવિજયજી મહારાજ અને લલિત ધામીને બતાવી દેવાના મૂડમાં સ્ટાફે હડતાળ કરી છતાં સંસ્થા સાથે છેડો નહીં ફાડે

—અનિલ શાહ ગુરૂવાર, સમકાલીન તા. ૧૭- -૯૭

નવસારી, તા. ૧૭ : જગતમાં સંસ્થા મહાન છે' વ્યક્તિ નહીં અને માટે જ તપોવન સંસ્કારધામ' જેવી સંસ્થાને તાળા લાગવાનો કોઇ સવાલ જ ઊભો થતો નથી એથી શું કરાએ તો આ સુંદર રીતે ચાલતી સંસ્થાને વધુ સુવ્યવસ્થિત બનાવી અમારું એ મૂળ સ્વપ્ન હતું તે અમે પૂર્ણ કરવાના મનોરથ રાખીએ છીએ.' ઉપરોઠત વાત આજે તપોવન સંસ્કારધામના ૭ વર્ષના વનવાસ બાઠ ૭ દિવસ પહેલાં જ નિમાયેલા ટ્રસ્ટી મનુભાઈ ત્રિકમદાસ મહેતાએ ઉચ્ચારી હતી.

અહીંથી નજીઠ આવેલા અને ૨૫ એકર જેટલી વિશાળ જગ્યામાં પથરાયેલા અને અઢી કરોડના જંગી ખર્ચે તૈયાર કરવામાં આવેલા 'તપોવન સંસ્કારધામ' હાલમાં તો તેના એકમેવ સંચાલઠ લલિત ધામીને વિદાય બાઠ અનેઠ સમસ્યા ઊભી થઇ છે, કારણ કે આ જ દિવસ સુધી આ સંસ્થા માત્ર અને માત્ર લલિતભાઇ ચલાવતા હતા. જો કે આજે તપોવનના ૪૫ જેટલા માણસોના સ્ટાફે હડતાળ પાડી છે અને તેને કારણે અહીં અતિથિગૃહ–ભોજનશાળા વગેરે વિભાગો બંધ છે. જો કે આ સ્ટાફ હાલમાં રાજીનામાં આપી દીધાં હોવાની વાત કરે છે, પરંતુ તેમના રાજીનામાં મેનેજમેન્ટને મળ્યાં નથી. જ્યારે ગેરમાર્ગે દોરાયેલા આ સ્ટાફને સમજાવવાના આગેવાનોના પ્રયત્ન ચાલુ છે અને તેમને તેમાં સફળતા મળશે એવી આશા છે. જે હોય તે આજે તો પંન્યાસજી ચંદ્રશેખરવિજયજી મ. સા.એ તેમના આશીર્વાઠ પાછા લઇ લીધા હોઇ સંસ્થાને આંચકો જરૂર લાગશે. પરંતુ વહીવટકર્તાઓ આ તપોવનને ખુબ જ સુંદર રીતે ચલાવવા કટિબદ્ધ છે.

તો બીજી તરફ કેટલાંઠ તત્ત્વોએ આ સંસ્થામાં ભણતા બાળકો તથા વાલીઓને ઉશ્કેરવાનું રીતસર શરૂ કર્યું છે, જો કે બાળકોને તે બાબતે કોઇ લેવા–દેવા નથી અને બાળમાનસ પર આવી વાતો લઈ જવી એ નાદાનિયત છે.

જો કે ફરી આ સંસ્થામાં પંન્યાસજી ચંદ્રશેખરવિજયજી અને લલિતભાઇ ધામીના સમર્થકોએ નવા તપોવનના ટ્રસ્ટીઓની લગામ ઢીલી પાડવા તમામ પ્રયત્નો આકરી દીધા છે. નવા નિમાયેલા ટ્રસ્ટી–પ્રકાશભાઈ ઠાઢી, ચંદ્રકાંતભાઇ સેનાધિપતિ સાથે ચાલેલી છ

કલાકની મિટિંગ ધમ્મરવલોણા જેવી સાબિત થઇ છે. આજે સવારથી સુરત, નવસારી, અમદાવાદ ખાતે પ્રકાશભાઇ દાદી, ચંદ્રકાંતભાઇ તથા ભરતભાઈ માણસાવાલાના રાજીનામાની વાત આવી હતી, પરંતુ આ માત્ર અફવા હોવાનો ટ્રસ્ટીઓએ એકરાર કર્યો છે.

સમગ્ર ભારતભરમાં જે સંસ્થાનું નામ છે અને જે સંસ્થા બાળકોના નામ પર વિદેશથી કરોડો રૂપિયા દાન લાવે છે તે સંસ્થામાં ફાટફૂટ પડવા અંગે જૈનાચાર્યના સંસ્થાના કામમાં સીધા હસ્તક્ષેપને સાંકળવામાં આવે છે. તો બીજી તરફ નવા અને જૂના ટ્રસ્ટીઓ તપોવનના સ્ટાફ સાથે સમાધાન થયા પછી તબક્કાવાર તેનો વિકાસ કરશે અને તેઓ સાબિત કરવા માગે છે કે વ્યક્તિ નહીં, સંસ્થા મહાન છે. જે હોય તે આજે નવસારીના તપોવનમાં હવે જ્યારે તેના પાયાના ટ્રસ્ટીઓ ભોગ આપવા તૈયાર થયા છે ત્યારે તેના પ્રેરણાદાતાઓ આશીર્વાદ પાછા ખેંચી લીધા છે, આવા સંજોગોમાં ઉનાળું વેકેશન પછી તપોવનમાં કેટલાં બાળકો આવશે તેના પર તપોવનના ભાવિનો આધાર રહેલો છે.

(૨) તપોવનની હડતાળ પાંછી ખેંચવા સમાધાનની ફોર્મ્યુલા તૈયાર : કરતૂત પ્રકાશમાં લાવવા ટ્રસ્ટીઓ મક્કમ

અનિલ શાહ : સુરત, તા. ૧૭ : તપોવન સંસ્કારધામ નવસારીમાં છેલ્લા અઢાર વર્ષથી લલિતભાઇ ધામી દ્વારા ચલાવાતી આપખુદશાહીનો અંત આવતાં જ હવે તેઓ અને તેઓના મળતિયા હવાતિયાં મારી રહ્યા છે. તેઓ કોઇ પણ ભોગે ફરી તપોવનનો કબજો પોતાની પાસે રહે તેવી નીતિ અપનાવી રહ્યાના સમાચાર પ્રાપ્ત થતાં જ સમગ્ર જૈન સમાજમાં તેમના પ્રત્યે ભારે રોષની લાગણી ફેલાઇ રહી છે.

છેલ્લા કેટલાય સમયથી ૧૦ જેટલા ટ્રસ્ટીઓ તપોવન સંસ્કાર ધામમાં હોવા છતાં લલિતભાઇ કોઇ પણ ટ્રસ્ટીને વિશ્વાસમાં લીધા સિવાય પોતાની રીતે જ નિર્ણય કરતા અને ટ્રસ્ટી ના પાડવા છતાં પૂ. ગુરુદેવને નામે બધું ચલાવતા હતા ગુરુદેવ પ્રત્યે આદર ધરાવનારાઓ પંન્યાસ ચંદ્રશેખરજીનું નામ પડતા વિરોધ કરવાનું ટાળતા રહ્યા હતા. એને પરિણામે ધામી પોતાની મનમાની કરતા અને તપોવનમાં આવતા તમામ કાર્યકર્તામાં તેમને તેમના હરીફના દર્શન થતાં હોવાનું ટ્રસ્ટીઓ જણાવે છે. વિરોધી અવાજ ઉઠાવનારને ચેનકેન પ્રકારે છૂટા કરવાની પરંપરા રહી છે. આજથી ૧૦ મહિના પહેલા તપોવનમાં બાળકોને શુદ્ધ દૂધ આપવા રખાયેલી ગાયો પણ દૂધ ઓછું પડવાના કારણસર સુરત પાંજરાપોળને વેચી દેવાઇ હતી. પરંતુ આ પાંજરાપોળ ચલાવનારા મહેન્દ્રભાઇ નવાસારીવાળાને તો આમાં પણ આર્થિક ગોબાંડની ગંધ આવે છે. એની

વિગતો તેઓ ક્રમશઃ પ્રકાશમાં આણવા ઇચ્છુક છે. આજે તો લલિતભાઇ ધામી આખુ મંડળી કોઇ પણ સંજોગોમાં તપોવનને ફરી પાછું મેળવવાના ભારે ધમપછાડા કરી રહ્યા છે. હવે ટ્રસ્ટીઓ પર સામાજિક દબાણ લાવવાના પ્રયાસો શરૂ થયા છે, પરંતુ તેમાં તેઓ સફળ ન. થતાં હવે તેઓ અન્ય પ્રકારના પ્રેસર લાવવા સક્રિય બન્યા છે.

લલિતભાઇએ ૧૮ વર્ષના તપોવનરૂપી બાળકને કેન્સર થતાં છોડી જવાની વાત કરી, પરંતુ આ કેન્સર તો તેમના સમય દરમ્યાન થયું હતું એ વાત તેઓ કેમ ભૂલી ગયા. એવો પ્રશ્ન તેમનાથી નારાજ ટ્રસ્ટીઓ ઉઠાવે છે. તપોવનને તાળાં લાગે તેવા પ્રયત્ન શરૂ કર્યા હોવાનું જાણવા મળે છે. તમામ બાળકોને ૨૯ મી એપ્રિલના રોજ ગાંધીનગરના તપોવનમાં બોલાવશે અને નવસારીના તપોવનને તાળાં લગાવવાના પ્રયત્ન કરાશે.

જો કે બીજી તરફ તમામ ટ્રસ્ટીઓ સંગઠિત બનીને તપોવનની સામે આવેલા આ વાવાઝોડા સામે ટક્કર લેવા કમર કસી રહ્યા છે.

આજે ૪૫ કર્મચારી સાથે ચાલેલી મિટિંગમાં સમાધાનની ફોર્મ્યુલા નક્કી થઇ છે અને આવતી કાલે સમાધાન થશે તેવો વિશ્વાસ ટ્રસ્ટીઓએ વ્યક્ત કર્યો હતો. ફરી અતિથિગૃહ અને ભોજનશાળા ધમધમતા થઇ જશે તે નિશ્ચિત છે.

તા. ૧૮–૪–૯૭ શુક્રવાર 'સમકાલીન'

(૩) નવસારી તપોવન અને ગાંધીનગર તપોવન વચ્ચે રીતસરનો જંગ જામે છે.

સમકાલીન તા. ૧૯–૪–૯૭ શનીવાર

લલિત ધામી હવે અમિયાપુરમાં રવિવારે વાલી-યુવા કાર્યકર સંમેલન યોજશે

સુરત, તા. ૧૮ : નવસારી નજીક આવેલા તપોવન સંસ્કાર ધામના કર્મચારી-ઓએ પાડેલી હડતાળના કર્મચારી અને મેનેજમેન્ટ વચ્ચે થયેલા સુખદ સમાધાન સાથે આવતી કાલે સવારથી તપોવન રાબેતા મુજબ ધમધમતું થઇ જશે અને હવે તપોવનને તાળાં લાગશે એવું કહેનારાનાં મોઢા પર તાળાં લાગી ગયાં છે.

છેલ્લા પાંચ દિવસથી તપોવનના સર્વેસર્વા ગણાતા લલિતભાઈ ધામીની વિદાય સાથે પૂ. પંન્યાસ ચંદ્રશેખરવિજયજી મહારાજ પણ વિદાય લેતા કર્મચારીમાં ભારે ત્રાસકો પડયો હતો અને તેઓએ જણાવ્યું હતું કે પૂ. પંન્યાસજી ચંદ્રશેખરવિજયજી મ. સા.એ અમને ૨૦ વર્ષની નોકરી થયા બાદ એક લાખ રૂપિયા આપવાની વાત કરી હતી. હકીકતમાં ભાવાવેશમાં પૂજ્યશ્રીએ આ જાહેરાત કરી હતી. જો કે આજે પૂ. શ્રીનું

વચન એળે ન જાય અને સંસ્થાની પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે તે હેતુથી ટ્રસ્ટીઓએ કર્મચારી સાથે સમાધાન કરતાં કર્મચારી એકદમ ખુશખુશાલ થઈ ગયા હતા અને આજથી જ તપોવનના કામે લાગી ગયા છે અને તે મુજબ આવતી કાલથી તપોવનની ભોજનશાળા અને અતિથિગૃહ તથા તમામ વિભાગ શરૂ થઇ જશે.

આજે થયેલા સમાધાનની કર્મચારી દ્વારા મળતી વિગત મુજબ ૧૦ દિવસની અંદર તમામ કર્મચારી રાજીનામા આપી દેશે અને તેમને નોકરીના વર્ષ મુજબ વાર્ષિક રૂપિયા ૨૫૦૦ વધારાના તથા તેમના નીકળતા પી.એફ. અને ગ્રેજ્યુઇટીના તમામ નાણાં ચુકવી દેવામાં આવશે. ત્યાર બાદ જે કર્મચારીએ ફરી આ જ સંસ્થામાં નોકરી કરવાની ઇચ્છા હશે તેમણે નવી અરજી કરવાની રહેશે અને મેનેજમેન્ટને યોગ્ય લાગશે તો તેમને ફરી નોકરી પર લેવાશે. જો કે આજના સમાધાનથી તપોવન સંસ્કાર ધામને ૧૦ લાખનો વધારાનો બોજ વહન કરવાનો આવશે પરંતુ ટ્રસ્ટીઓએ કરેલા સમાધાનથી આજે કર્મચારી આનંદમાં આવી ગયા છે.

જ્યારે આજથી જ લલિતભાઇ ધામીની જગ્યાએ હંગામી ધોરણે આ જ સંસ્થાના નિવૃત્ત આચાર્ય સન્મુખભાઇને ચાર્જ સોંપવામાં આવ્યો છે અને તપોવન ફરીથી નવા મેનેજમેન્ટના હાથમાં ધમધમતું થઈ ગયું છે.

આજે તો જૈન સમાજમાં ચર્ચાના ચગડોળે ચઢેલા તપોવનના પ્રશ્નને આ જ સ્તરે દબાવી દેવા સામાન્ય પ્રતિષ્ઠિત માણસો ચારે તરફથી ભારે દબાણો કરી રહ્યા છે. તો આ સંચાલકો પણ તપોવનમાં પત્રકારોને પેસવા નથી દેતા તેને કારણે જૈન સમાજ સાચી હકીકતથી અજાણ બનતો જાય છે. પરિણામસ્વરૂપ એક પ્રતિષ્ઠિત સંસ્થાની પ્રતિભાને ધક્કો પહોંચી રહ્યો છે. જો કે આજે તો ગાંધીનગર તપોવન અને નવસારી તપોવન વચ્ચે રીતસર જંગ મંડાયો છે. અહીંના તપોવનમાંથી રાજીનામું આપી વિદાય થયેલા અને નવા તપોવનમાં જોડાયેલા લલિત ધામી તથા પંન્યાસ ચંદ્રશેખરવિજયજી મ. સા. ની નિશ્રામાં ૨૦ મી એપ્રિલના રોજ નવા યોજનારા વાલી–યુવા કાર્યકર સંમેલનમાં આ જંગ કેવો રંગ લાવશે તેની જૈન સમાજ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો છે.

બીજી તરફ નવસારી તપોવનના વિદ્યાર્થીઓના વાલીઓ પણ મોટી સંખ્યામાં ત્યાં જોડાય તે માટેની જવાબદારી પણ ચોકકસ વ્યક્તિઓને સોંપી દેવામાં આવી છે અને જેમ લલિત ધામીના વિદાય સમારંભમાં યોગેશ શાહ દ્વારા ટ્રસ્ટીઓ પર કરવામાં આવેલા આકરા પ્રહારો હજી વધુ આકરા હશે તેમ લાગી રહ્યું છે. આ સંમેલનમાં મોટી સંખ્યામાં જૈન આગેવાનો ઉપસ્થિત રહે અને તેમની સામે નવસારી તપોવનના

ટ્રસ્ટીઓને ઊંધા માર્ગે દોરવાનો આખો પ્લાન તૈયાર થઇ ચૂક્યો છે. આમ તપોવનને ૧૮ વર્ષ સુધી પાળનારા અને પોતાનું માનનારા જ્યારે પોતાના હાથમાંથી વહીવટ ચાલી જતાં હવે તેમને તપોવનમાં દુશ્મનના દર્શન થઈ રહ્યાં છે.

(૪) તપોવન વિવાદનો મુંબઇમાં ચેપ

વર્ધમાન સંસ્કૃતિધામમાં વિખવાદના પ્રયાસો

—સંજય વોરા મિડ-ડે, શનિવાર, ૧૯ એપ્રિલ, ૧૯૯૭

નવસારી નજીક આવેલી જૈન બાળકોના સંસ્કરણ માટેની તપોવન સંસ્કારધામ સંસ્થામાં ટ્રસ્ટીઓ વિરુદ્ધ પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી વચ્ચે ચાલી રહેલા છાંટા મુંબઇના વર્ધમાન સંસ્કૃતિધામ ઉપર પણ ઊડે એવો ભય ઊભો થયો છે. મુંબઇમાં રહેલા પંન્યાસશ્રી મહારાજના કેટલાક વફાદાર યુવાનો અનેક શાખાઓ ધરાવતા વર્ધમાન સંસ્કૃતિધામમાં ફાટફૂટ કરાવવાના પ્રયાસો કરી રહ્યા છે. પણ હજી સુધી તેમને સફળતા મળી હોય તેમ જણાતું નથી.

તપોવનમાં પેઠા થયેલી પરિસ્થિતિની છણાવટ કરવા માટે ગુરૂવારે સાંજે મુંબઇના ટોચના કાર્યકરોની એક મિટિંગ બોલાવવામાં આવી હતી. આ મિટિંગમાં તપોવનમાં નવા નિમાયેલા મુંબઇના ટ્રસ્ટીઓ પ્રકાશ દાઢી, ચંદ્રકાંત શાહ અને દેવચંદભાઇ હાજર રહયા હતા. પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજીના વિશ્વાસુ અને વફાદાર ગણાતા વિલે પાર્લેના યોગેશ શાહે એવી રજૂઆત કરી હતી કે મુંબઇના ત્રણેય નવા ટ્રસ્ટીઓએ પોતાના રાજીનામાં આપી દઇ ગુરૂદેવની ઇચ્છાનો આદર કરવો જોઇએ. તેની સામે બહુમતી કાર્યકરોએ એવો સૂર વ્યક્ત કર્યો હતો કે સંસ્થાના અને જૈન શાસનના હિતમાં યુવાન ટ્રસ્ટીઓએ ચાલુ જ રહેવું જોઇએ. છેવટે મડાગાંઠના ઉકેલ માટે નવા ટ્રસ્ટીઓએ અમદાવાદ નજીકની તપોવન સંસ્કારપીઠમાં બિરાજતા પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજીની મુલાકાતે જવાનું નકકી કર્યું છે.

તપોવનના વિવાદનો જો યોગ્ય ઉકેલ નહિ આવે, મુંબઇના કાર્યકરો પણ બે છાવણીઓમાં વહેંચાઇ જશે જેને કારણે વર્ધમાન સંસ્કૃતિધામને ભારે આંચકો લાગશે, એવો ભય રેવાઇ રહ્યો છે.

દરમ્યિાન તપોવનના વિવાદના ઉકેલ માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના અધ્યક્ષ શ્રેણિક કસ્તુરભાઇ પણ રસ લઈ રહયા હોવાનું જાણવા મળેલ છે. બે દિવસ અગાઉ ગાંધીનગર નજીક આવેલ તપોવન વિદ્યાપીઠમાં તેમની મુલાકાત પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજી સાથે થઈ હતી. આવતા રવિવારે ગાંધીનગરના તપોવનમાં બોલાવવામાં

આવેલી જૈન આગેવાનોની મિટિંગમાં આ સમસ્યાનો કોઇ શાંતિપૂર્ણ ઉકેલ મળી જશે. એવી આશા સેવાઈ રહી છે.

નવસારીના તપોવનમાં ગૌશાળાના કૌભાંડ અંગે લલિત ધામી વિરૂદ્ધ મહેન્દ્ર શાહ જંગના પ્રશ્નો વણઊકલ્યા

—અનિલ શાહ સમકાલીન, મુંબઈ સોમવાર ૨૧ એપ્રિલ-૧૯૯૭

સુરત, તા. ૨૦ : નવસારી નજીક આવેલા તપોવન સંસ્કાર ધામમાંથી લલિતભાઇ ધામીની વિદાય પછી હડતાળ સમેટાતાં રાબેતા મુજબ ચાલુ થયેલા તપોવનના જૂના કાર્યકરો આજે તપોવનમાં થયેલી અનેક ગેરરીતિઓ વિશે ખુલ્લંખુલ્લા બોલી રહ્યાં છે.

આજથી ચાર વર્ષ પહેલાં તપોવનની ગૌશાળા સંભાળવા નવસારીના જ યુવાન મહેન્દ્રભાઈ ઉર્ફે દિલીપભાઈ શાહને રાખવામાં આવેલા અને બે વર્ષની તેમની સેવા પછી ડિસેમ્બર '૯૫માં તેમને દૂધ ૨૫ રૂપિયા લિટર પડે છે તેવા બહાના હેઠળ ત્યાંથી છૂટા કર્યા અને ફેબ્રુઆરી '૯૬માં ગૌશાળા બંધ કરી દેવામાં આવી, પરંતુ તે પહેલાં તપોવનના સર્વેસર્વા લલિતભાઈ ધામી સાથે મહેન્દ્રભાઇનો લાંબો જંગ ચાલ્યો હતો. મહેન્દ્રભાઈ શાહે ધામી પર અનેક આક્ષેપો કર્યા હતા. અને તે બાબતે પૂજ્ય પંન્યાસ ચંદ્રશેખરવિજયજીને પણ તેમણે જણાવ્યું હતું.

જો કે મહેન્દ્રભાઇએ છેલ્લા ૧૨ વર્ષથી તપોવનમાં ચાલતી ગૌશાળાના આવેલા દાણાના કોથળા અને છાણિયા ખાતર દ્વારા મેળવવામાં આવેલા પૈસા બાબતે પણ સવાલો ઉઠાવ્યા હતા. પરિણામસ્વરૂપ તેમને સંસ્થામાંથી છૂટા થવાનાં વખત આવ્યો ત્યાર બાદ તેમણે તેમના હસ્તે ઉછેરવામાં આવેલી ૩૩ ગાય, ૪૨ વાછરડી અને ૧૫ વાછરડા આ સંસ્થા પાસે અઢી લાખ રૂપિયામાં આવ્યા હતા. પરંતુ ત્યારે લલિતભાઈ ધામીએ તેમને અગિયાર લાખ રૂપિયા કિંમત જણાવી હતી. અને તેમણે આ તમામ જાનવરો સુરતની પાંજરાપોળને એક લાખ પંચોતેર હજારમાં વેચી દીધાં. જો કે મહેન્દ્રભાઈ શાહે પાંજરાપોળમાંથી આ જાનવરો પાછાં મેળવવા તથા યોગ્ય કિંમતે વેચાણ લેવાની તૈયારીરૂપે સુરતની પાંજરાપોળ પણ યોગ્ય કિંમતે લેવા પત્ર લખ્યા હતા. જો કે આ અગાઉ મહેન્દ્રભાઇ શાહ દ્વારા આ તમામ જાનવરો તપોવનની માલિકી રાખી તેની વાર્ષિક રોયલ્ટી તરીકે રૂપિયા એક લાખ આપવા સાથે તપોવનને દૂધ ૧૩ રૂપિયા લિ. આપવાની પણ ખાતરી આપી હતી. આ બાબતની જાણ મહેન્દ્રભાઇ શાહે તમામ ટ્રસ્ટીઓને કરી હતી. પરંતુ લલિતભાઇ ધામીએ ટ્રસ્ટીઓને વિશ્વાસમાં લીધા સિવાય આ તમામ જાનવરો સુરતની પાંજરાપોળને વેચી દીધાં હતાં. જો કે તપોવનમાં અઢી વર્ષ

સુધી કાર્યકર તરીકે રહેનારા આ મહેન્દ્રભાઇએ તપોવનમાં વિવિધ ક્ષેત્રમાં લલિતભાઈ દ્વારા આચરાયેલી આપખુદશાહી સામે એક અઢાર પ્રશ્નો પૂછતી પત્રિકા બહાર પાડી છે, પરંતુ આજ દિવસ સુધી આ પત્રિકાનો કોઇ ખુલાસો ટ્રસ્ટીમંડળ કે ધામી કરી શકયા નથી. જો કે આ પત્રિકામાં મહેન્દ્રભાઈ શાહે બાળકોને સંસ્કાર આપવા શરૂ કરેલા તપોવનમાંથી બાળકો કેવા કુસંસ્કાર લઇ જાય છે તે મુદ્દાને પણ છેડયો છે આમ, તપોવનમાં ધામીની વિદાય પછી વિવાદ વધુ ને વધુ વકરી રહ્યો છે.

(૬) ચંદ્રશેખર વિજયજીએ નવસારીના તપોવનને આશીર્વાદ આપતા વિવાદનો અંત આવ્યો

—અનિલ શાહ **સમકાલીન તા. ૨૨-૪-૯૭ મંગળવાર**

સુરત, તા. ૨૧ : નવસારીના તપોવન બાબતે મને કોઈ રસ નથી. ટ્રસ્ટીઓ સારા છે અને સુંદર વહીવટ ચલાવશે. તેઓને તમામ સારા કાર્યમાં મારા આશીર્વાદ છે અને પરમાત્મા તેમને શક્તિ આપે એવા ઊપરોક્ત વાકયો ગાંધીનગર અમિયાપુરા ખાતેના તપોવનમાં વાલી-યુવા કાર્યકર સંમેલનમાં પંન્યાસ અને યુવાનોના રાહબર એવા ચંદ્રશેખરવિજયજી મ. સા.એ ઊચ્ચાર્યા હતા.

છેલ્લા કેટલાય સમયથી તપોવન સંસ્કારધામ (નવસારી) બાબતે ટ્રસ્ટીઓ અને પંન્યાસ ચંદ્રશેખરવિજયજી મ. સા. તથા લલિતભાઇ ધામી વચ્ચે ઊભા થયેલા વિવાદ પછી નવા તપોવન ખાતે રવિવારે રાખવામાં આવેલું વાલી-યુવા કાર્યકર સંમેલન ખુબ જ સૂચક હતું. રવિવારે રાખવામાં આવેલા આ સંમેલનમાં ચંદ્રશેખરવિજયજીએ ખુબ જ ખુલ્લા મને તપોવન નવસારી ઊત્તરોત્તર પ્રગતિ કરે અને સુંદર સંસ્થા ચાલુ રહે, બાળકોનું સંસ્કરણ થાય તેવા ભાવો પ્રગટાવ્યા હતા. તેમણે પોતાના સ્વભાવ પ્રમાણે ટ્રસ્ટીઓ બાબતે બોલતા જણાવ્યું હતું કે **ધાર્મિક ક્રિયાકાંડ કરનારા ટીલાવાળા પર વધુ વિશ્વાસ મૂકવાનો સમય વિત્યો નથી.** તેમણે તપોવનના મૂળમાં જતાં જણાવ્યું હતું કે સંવત ૨૦૩૨–૩૩ની સાલમાં તપોવન બાબતે પૂ. આ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે મને ના પાડી હતી અને શ્રીપાલ નગરના દાતાઓ દ્વારા ૩૦ લાખ જેટલી મળેલી રકમ પરત કરવામાં આવી હતી તો સાથે સાથે તેમણે આ તપોવનમાં વર્ધમાન તપોનિધિ પૂ. આ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના આશીર્વાદ મળતાં સાત વર્ષ પછી શરૂ કર્યું હતું તેમ જણાવ્યું હતું. લગભગ બે કલાક જેટલી ચાલેલી આ સભામાં પૂજ્યશ્રીએ નવસારીના તપોવનની પ્રશંસા જ કરી હતી. ત્યારે બીજી તરફ તેમના યુવાનોએ આ તપોવન ફરી મેળવી લેવું જોઇએ તેવો આક્રોશ વ્યકત કર્યો હતો.

પરમ પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના

* પુણ્ય પ્રવચનોનો સારાંશ *

સાત કે આઠેય કર્મો પ્રત્યેક સમયે આશ્રવ થકી બંધાય છે
ચાર ઘાતી આત્મા તણો સંસાર વધારી જાય છે
ગમે ત્યારે ઉદય આવે તો સમતાથી ભોગવશું
ચાર અઘાતી આત્માને સજા કરાવી જાય છે

આશ્રવથી જ છે કર્મબંધને આશ્રવ થકી સંસાર છે
આશ્રવના હોય જો તો મુક્તિ તણો ટંકાર છે
સંસારનો વિચાર માત્ર આશ્રવનું સ્વરૂપ છે
સંસારથી બેસવેલું મન સંવરનું બીજું રૂપ છે

સંસારમાં રહેવા છતાં, સંસારને અડે નહિ
કર્મની શ્રદ્ધા થકી આશ્રવ હવે કરે નહિ
સુખ મળે ભલે પુણ્યથી, ઇચ્છા તે કરે નહિ
ભોગવવા કે સાચવવા હવે મહેનત તે કરે નહિ

આશ્રવને રોકવાનું સંવર અમોઘ સાધન છે
ઇચ્છા રહિત જીવન જીવવાનું અનોખું સાધન છે
ક્રિયા થાય છે કર્મથી, શરીર બધું કર્મે કરે
ક્રોધ હવે કરો કર્મ પર, જે સંસાર વધાર્યો કરે

ભાયંદરના નવયુવાન સુભાષ માલવીએ ભારે આક્રોશ ઠાલવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે મુંબઇના અમારા યુવાન કાર્યકરો જે ટ્રસ્ટી થયા છે તેવા પ્રકાશભાઇ ઢાઢી, ચંદ્રકાંતભાઇ સેનાધિપતિ તથા દેવચંદભાઇએ રાજીનામાં આપી દેવાનું નક્કી કર્યું છે અને બે દિવસમાં તેઓ રાજીનામાં આપી દેશે પરંતુ આ બાબતે હજી સુધી કોઈ ટ્રસ્ટીઓએ રાજીનામાં આપ્યાં નથી. જે હોય તે, આજે નવા અને જૂના ટ્રસ્ટીઓ હવે એક-બે દિવસોમાં ભેગા થશે, કારણ કે પ્રાણલાલભાઇ દોશી હાલમાં ભીલડીયાજી છે તો બીજી તરફ હિંમતભાઈ બેડાવાલા કુલપાજી તીર્થમાં હોઈ કોઇ નિર્ણય થયો નથી કે તેઓને રાજીનામાં મળ્યાં નથી.

કોઇ આંચકી જશે લુંટી જશે- અરે, ઘણી વખત તો રકમ અગાઉ ગણીને મુકી હોય, પછી જ્યારે ગણવા બેસે ભૂલમાં ઓછી ગણાઈ હોય અરેઅર તો પૈસા બરાબર હોય પણ આ લોભીઆને શિયાળામાં પરસેવો છુટી જાય અગર હાર્ટ બેસી જાય તેવું બની શકે છે. આવા લોભીઆની સંપત્તિ તેના મર્યા પછી [redacted] જ પાપના માર્ગે ભોગવતા હોય છે.

દાનની આગળ આ લગાડીએ તો આદાન થાય. લક્ષ્મી સાથે કંઇ આવે તો તે લક્ષ્મી સુકૃતમાં દેવાય તે આવે.

તળાવમાં દેડકા, માછલા, માછલી વિગેરે હોય છે. પરંતુ કમલ એ સૂર્યને જોઇને ઉપર આવે છે તેથી તે આદરને પામે છે. સંસાર એ ડાઢવ છે. તેમાં આવેલી લક્ષ્મી એ કમળ છે. કમલ ઉંચે આવે છે તેમ આપેલી લક્ષ્મી આત્માને ઉંચે લાવે છે

દાન દેવું આપવું તે નિદાન છે. માણસની પાસે પૈસો હોય અને ખૂબ જંજાળ હોય છે. તેથી તે સુગુરૂના વ્યાખ્યાન સાંભળી શકતો નથી. અરે, એવા કેટલાં માણસો હોય છે પોતાનાં સંતાનોને સંભાળી શકતા નથી. એવા બિચારા લક્ષ્મીથી જકડાયેલું હોય તે શું કામનું ? શરીરમાં લકવા થતા લોહી ગંઠાઇ જાય એ કોઈ વખત જીવલેણ બને છે. તે લોહી છુટું પડે તો લકવા મટે છે. તેમ આપણી પાસે રહેલી વસ્તુ ધન આદિ છુટું પડે તો આત્માનો લકવા મટે છે.

પગમાં બુટ મોટા હોય તો પડી જવાય છે તેમ લક્ષ્મી વધારે પાસે હોય તો દુર્ગતિ થાય છે. કારણ કે તેનો તણાવ હોય છે. તણાવ આવતાં માણસ પડી જાય છે. તેવી રીતે મમતાની તાણ આત્માને દુર્ગતિમાં નાખે છે અને જિનની આણ આત્માને આત્માને સદ્ગતિ અને પંચમીગતિ મોક્ષમાં સ્થાપન કરે છે. એટલું જ નહિ એ આત્મા તરફથી ચૌદે રાજલોકના જીવોને પોતાના તરફથી અભયની લ્હાણ આપે છે.

જોધપુરના ભેરૂશાએ પૈસા અને જાનના જોખમે છ હજાર કેદ્રને રીબાવી રીબાવી મારનાર ઔરંગઝેબને આનંદી બનાવ્યો હતો.

ઘરમાં રહેલી લક્ષ્મી નંદાય છે- ઘરમાં રહેલાં બધાં સંબંધો નંદાય છે. ઘરમાં બની રહેલ જોડકું વહેલું મોડું નંદાય છે. બંગડી નંદાય છે. પરંતુ આપેલી લક્ષ્મી આનંદીય છે.

(વધુ આવતા અંકે)

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- જેને હું જ સારો છું તેમ જગતને બતાવવાની ઇચ્છા થાય તે અસલમાં સારો હોતો નથી.
- શરીરના જ પ્રેમી બધા મૂઢા સમાન છે.
- જેને સંસારના ઉદ્વેગ નહિ, મોક્ષની તીવ્ર લાલસા નહિ તેને જ્ઞાન કદિ ફળે નહિ.
- શરીરના સુખની ઇચ્છા મરે અને ગમે તે દુઃખ વેઠવાની તૈયારી હોય ત્યાં જ ભગવાનની આજ્ઞા પળે.
- જેને સંસાર પર ઉદ્વેગ થયો નથી. મોક્ષની ઇચ્છા જાગી નથી તે પાપ ન કરતો હોય તો ય પાપી છે.
- આહારની (ખાવા-પીવાદિની) જેટલી ચીજો છે તેમાં જે 'સ્વાદ' તે જ મોટામાં મોટું ઝેર છે.
- સંસારનું સુખ ભોગવતાં જે આત્માને થાય કે, 'હું હાથે કરીને મારા આત્માની હિંસા કરી રહ્યો છું. મારા આત્માનો ઘાત કરી રહ્યો છું, મારા આત્માને દુઃખમાં નાંખી રહ્યો છું' તેનું નામ જ વિરાગ છે.
- ધર્મ એવો છે કે, થારે તેટલો કરી શકાય. જ્યારે અધર્મ તો મરી જાય પણ થારે તેટલો કરી શકાય જ નહિ. કેમ કે, ધર્મ તો એકલો ય કરી શકાય, જ્યારે અધર્મ કરવામાં તો અનેક સાધનોની જરૂર પડે. અને બધા જ સાધનો બધાને ઓછા મળે !
- પોતાની પાસે જે કાંઇ હોય તે બીજાના હિતમાં જરૂરી હોય તો વાપરવાની જેની તૈયારી તેનું નામ ઉદારતા.
- જેને શરીરને જ સાચવવાનું મન હોય તેનો મોક્ષ કદિ થાય નહિ. જે ધર્મ સાચવવા શરીરને સાચવે છે તે શરીર નથી સાચવતો પણ ધર્મ જ સાચવે છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

આ. શ્રી વૈ.લાલસાગરસૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

Read 3/1/92

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૯	૩૯

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

સુખ દુઃખનું નિદાન

દુઃખં પાપાત્ સુખં ધર્માત,
સર્વશાસ્ત્રેષુ સંસ્થિતિઃ ।
ન કર્તવ્યમતઃ પાપં,
કર્તવ્યો ધર્મસંચયઃ ।।

જગતના સઘળા ય આસ્તિક દર્શનકારોના શાસ્ત્રોએ એકી અવાજે કહ્યું છે કે-'દુઃખ પાપથી જ અને સુખ ધર્મથી જ. માટે પાપ ન કરવું જોઇએ અને માત્ર આત્માને કલ્યાણને મોક્ષને માટે ધર્મનો જ સંચય કરવો જોઇએ. ધર્મ જ કરવો જોઇએ.

卐


શાસન સમાચાર

રાજકોટ–અત્રે માંડવીચોક જૈન સંઘની વિનંતિથી પૂ. આ. શ્રી વિજયવારિષેણ સૂ. મ., પૂ. પં. શ્રી વિજયસેનવિજયજી મ. આદિ વાજતે ગાજતે પધાર્યા. ઓળી ૯૦ થઇ પ્રભાવના વિ. સારા થયા. પૂ. ભદ્રંકર સૂ. મ.ની પાંચમી પુણ્યતિથિ સારી રીતે ઉજવાઇ. ૩૬ દિવસનો ભક્તિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. તેઓશ્રીનુ ચાતુર્માસ ૩૨/૩૧, પ્રહલાદ પ્લોટ નક્કી થયું છે.

જૈન શિક્ષાયતન–સુરતમાં ગોપીપુરા, સમેતશિખર પોળમાં પૂ. બ પજી મ. ના સાધ્વીવૃંદ પૂ. સા. શ્રી દક્ષાશ્રીજી મ. પૂ. જયપૂર્ણાશ્રીજી મ., પૂ. ગુણજ્ઞાશ્રીજી મ., પૂ. પૂર્ણજ્ઞાશ્રીજી મ. ના સદુપદેશથી અ. સૌ. દયાકોરબેન હીરાચંદ રતનચંદ મુખડીયા હ: શ્રીમતી નિર્મળાબેન ખીમચંદ ઝવેરી સ્થાપિત ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મહારાજા સંસ્કૃત પ્રાકૃત જૈન શિક્ષાયતન' ચતુર્વિધ સંઘના જ્ઞાનાભ્યાસ માટે શુભારંભ થઇ રહ્યો છે. તેનું ઉદ્‌ઘાટન પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં વૈ. સુદ ૩ શુક્રવારના સામૈયા સાથે થયું છે. સુમંગલમ્ ટ્રસ્ટ તરફથી આયોજન થયું છે.

નાસોલી (પાંચ પાદર) જી. જાલોર–અત્રે પૂ. આ. શ્રી વિજય અમલરત્ન સૂ. મ.ની નિશ્રામાં શ્રી મુનિસુવ્રત જિનાલયની ૨૬મી વર્ષ ગાંઠ પૂ. સા. શ્રી કલ્યાણમાલા-શ્રીજી મ.ના વરસીતપ તથા પૂ. આ. મ.ની ૨૯મી દીક્ષાતિથિ તથા ૯૬ ઓળી નિમિત્તે અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર આદિ ૯ દિવસનો ભવ્ય ઉત્સવ તા. વૈ. સુદ ૧થી૯ સુધી ઉજવાયો.

વાપી–પૂ. મુ. શ્રી જયદર્શનવિજયજી મ.ના શિષ્ય પૂ. મુ. શ્રી મુદિતપ્રિય વિ. મ.ના એકાંતરા ૫૦૦) આંબેલ તથા પૂ. સા. શ્રી વિરતિગુણાશ્રીજી મ.ની ૬૫ મી ઓળી પૂર્ણાહુતિ તથા દાદા શ્રી ઉમેદચંદ મુળચંદ દાઢી શ્રી મણિબેન ઉમેદચંદ તથા પિતાશ્રી શાંતિલાલ ઉમેદચંદ તથા ભાઈ દિલીપકુમાર શાંતિલાલના શ્રેયાર્થે તથા માતાશ્રી ઈન્દુમતી બેન શાંતિલાલનું જીવન મહોત્સવરૂપે નવાણું અભિષેક મહાપૂજા વૈ. સુદ ૩ના ભરત-કુમાર શાંતિલાલ શાહ તરફથી રાખેલ. આ પ્રસંગે પૂ. આ. શ્રી વિજય અમરગુપ્ત સૂ. મ., પૂ. આ. શ્રી વિ. ચંદ્રગુપ્ત સૂ. મ. તથા પૂ. મુ. શ્રી જયદર્શન વિ. મ. આદિ સસ્વાગત પધારેલ.



વર્ષ : ૯] ૨૦૫૩ વૈશાખ વદ-૫+૬ મંગળવાર તા. ૨૭-૫-૯૭ [અંક : ૩૯

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૧૦ શનિવાર તા. ૨૦-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ —અવ૦)

(પ્રકરણ ૧૭ મું)

માસે માસે અ જો બાલો કુસગ્ગેણં તુ ભુંજએ ।
ન સો સુઅક્ખાય ધમ્મસ્સ, ફલં અગ્ઘઇ સોલસિં ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા આપણને એ વાત સમજાવવા માગે છે કે– જ્યાં સુધી સાચો ધર્મ હૈયામાં વસે નહિ, તેના ઉપર સાચી શ્રદ્ધા જાગે નહિ ત્યાં સુધી આત્માનું સાચું કલ્યાણ થતું નથી. સાચી શ્રદ્ધા એ જાગવી જોઇએ કે-'આ સંસારનું સારામાં સારું સુખ પણ ઇચ્છવા જેવું નથી, તેને મેળવવા માટે મહેનત કરવા જેવી નથી, તે મળે તો આનંદ પામવા જેવું નથી, તો ભોગવવા જેવું નથી, ભોગવવું પડે તો કમને ભોગવવા જેવું છે, તે સુખ જાય તો રોવા જેવું નથી, તેને મૂકીને જવાનો વખત આવે તો આનંદ પામવા જેવું છે. અને મોક્ષ સુખ વિના સાચું અને વાસ્તવિક બીજું એક પણ સુખ નથી માટે તો જ મેળવવા જેવું છે. તેને મેળવવા માટે જ શ્રી વીતરાગ દેવનો ધર્મ કરવાનો છે, બીજા માટે નહિ.' આ સમજ તમારા બધામાં આવી ગઈ છે ? આ સમજ જેને પેઢા થાય તો બધા ભાગ્યશાલી જીવો છે. આ સંસારનું સુખ ઇચ્છવા જેવું જ નથી આ વાત અસ્થિમજ્જા થવી જ જોઇએ.

જેને આ સંસારના સુખ ઉપર રાગ ન થાય તેવી મનોદશા ન થાય અને દુઃખ આવે તે મારા જ પાપથી આવે છે તે મજેથી ભોગવવું જોઇએ તેવી બુદ્ધિ પેદા ન થાય તો તેના હૈયામાં શ્રી વીતરાગદેવનો ધર્મ વસ્યો છે તેમ કહેવાય નહિ. જેને આ સંસારનું સુખ સારું લાગે અને દુઃખ મજેથી વેઠવા જેવું ન લાગે ત્યાં સુધી તે ગમે તેટલો ધર્મ કરે તો પણ તે ધર્મ લાભ કરનારો ન બને ઉપરથી વખતે નુકશાન કરનારો પણ બને. માટે જ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રકારે પણ કહ્યું છે કે–'મહિના મહિનાના ઉપવાસ કરે, પારણામાં તૃણના અગ્રભાગ ઉપર રહે તેવી ચીજ વાપરે તો પણ ભગવાનના માર્ગને જે ન સમજ્યો હોય તો તેના તપની કોઈ કિંમત નથી.'

સંસારના સુખ માટે તપ–જપાદિ ધર્મ કરે તો તેનાથી એકાદ વાર તે સુખ પણ મળે તેમાં ના નથી. પણ સુખ મળ્યા પછી એવો પાગલ થાય અને એવાં એવા પાપ કરે કે જેથી ઘણો કાળ સંસારમાં ભટકવું પડે. તપ કરનારા તો કતિરામ પણ ઘણા હોય છે, પંચાગ્નિ તપ તપે છે પણ અજ્ઞાન હોવાથી તપ ફળતો નથી.

આજે પણ જેને જેને સંસાર સુખની સામગ્રી મલી છે થોડો ઘણો પૈસો મળ્યો છે તે તો એમ જ માને છે કે– 'હું જ ડાહ્યો છું, હું જ અક્કલવાન હું જ સમજદાર છું.' એટલે આ સુખ મેળવવા, ભોગવવા અને સંભાળવા પાપ કર્યા કરે છે પણ તેને ખબર નથી કે–'તે પછી મારું શું થશે ?'

આપણને સૌને મહાપુણ્યોદયે શ્રી જૈન શાસન મળ્યું છે તો આપણને રોજ શેની ચિંતા હોવી જોઇએ ? આપણા સૌની એક જ ચિંતા જોઇએ કે 'મારો પરલોક ન બગડે, મારી મુક્તિ મોડી ન થાય.' મારે વહેલામાં વહેલા મોક્ષે જવું છે તે માટે દુર્ગતિમાં નથી જવું કેમકે, ત્યાં ધર્મની આરાધના ન થાય અને સદ્ગતિમાં એટલા માટે જવું છે કે ત્યાં સારી સામગ્રી મુજબ ધર્મની આરાધના થઈ શકે આવું અંતરમાં ન વસે ત્યાં સુધી સમ્યક્ત્વ પણ ન આવે. સમ્યક્ત્વ ન આવે તો ગમે તેટલું ભણે તો પણ તે અજ્ઞાન તરીકે પરિણામ પામે, ગમે તેટલો તપ–જપ કરે તો પણ તે કાયક્લેષ્ટ બને અને તેનો તે ધર્મ પણ તેને સંસારમાં ભટકાવનારો થાય. ઘણા પૂછે છે કે– 'ધર્મ તે ખરાબ હોય ? ધર્મને ખરાબ કહેવાય ?' પણ તમે જ ખરાબ હો તો ધર્મ સારો ક્યાંથી બને ? ધર્મ કરનારો સારો હોય તો ધર્મ સારો બને, ધર્મ કરનારો ખરાબ હોય તો ધર્મ પણ ખરાબ બને. તમારી હાલત શી છે ?

ધર્મ કરનારા એવા તમને આ દુનિયાનું સુખ કેવું લાગે છે ? સારું અને મઝાનું લાગે છે ? તે સુખ મળે તો રાજી થાવ છો ને ? ભોગવવામાં મઝા આવે છે ને ? એવા માણસો પણ હોય છે કે તેમની પાસે ઘણું ઘણું સુખ હોવા છતાં પણ તેમના ઘરના લોકો સારું સારું ખાય–પીએ, પહેરે ઓઢે તે જોઈ શકતા નથી. તેનો પરિવાર તેનાથી દુઃખી હોય છે. દુનિયાની સુખ–સંપત્તિના જ પ્રેમી જીવો તો ભગવાન તોબા આઠમી છે ! આવો જીવ જેટલો મોટો સુખી તેમ તેની દુર્ગતિ પણ વધુ. મનુષ્યપણામાં મોટામાં મોટો સુખી ચક્રવર્તી છે. તે પણ જો ચક્રપણું ન છોડે તો નરકે જ જાય. વાસુદેવ અને પ્રતિવાસુદેવ નિયાણું કરીને આવેલા હોય છે એટલે કે ધર્મનાં ફળ તરીકે સંસારનું સુખ માગીને મેળવે છે એટલે તે બે તો નિયમા નરકે જ જાય છે. સંસારનાં સુખનો જ પ્રેમી જીવ સંસારમાં ભટકવા જ સર્જાયેલો છે.

ધર્મ કરનારા જીવને આ વાત તો યાદ રહેવી જ જોઈએ. આ સંસારનું સુખ ન જ ગમવું જોઈએ, સંપત્તિ પણ સારી ન લાગવી જોઈએ. આજ્ઞાવિકાનું સાધન હોય તો તેને મેળવવાની ઈચ્છા પણ ન કરવી જોઈએ, તેને મેળવવા મહેનત પણ ન કરવી જોઈએ. ભોગવવાની શક્તિ હોય તો પણ તે ભોગવવા જેવી નથી પણ તાકાત હોય તો છોડી દેવા જેવી છે અને તેને મૂકીને જવાને વખત આવે તો આનંદ પામવા જેવું છે. આ વાત યાદ રહે તો મરતી વખતે સમાધિ સુલભ બને. આ વાત જેના હૈયામાં ન લખાઈ હોય તેને મરતી વખતે આ બધું છોડવું કઠીન લાગશે.

આપણે બધાને મરવાનું છે. ક્યારે મરણ આવશે તે ખબર નથી. મરવા માટે હંમેશા તૈયાર રહે તેનું નામ ધર્મી છે. તમને બધાને મરવાનું ગમે છે ? મરવાનો વખત આવે તો રાજી થાવ ખરા ? આજે જ મરવાનું છે તેમ ખબર પડે તો મજેથી મરવા માટે તૈયાર હોવ તેવી સ્થિતિ છે ખરી ? ઘણાને તો મરવાની વાત કરો તો માંઠા પડે ! તાવ ચઢે ! મરવાથી ગુમાવવાનું શું છે ? ઘર–પેઢી, પૈસા–ટકાદિ મૂકવા પડે તેને ? પણ ઘર–બાર, પૈસા–ટકાદિ તમારા છે ? જે ઘર–બાર, પૈસા–ટકાદિને પોતાના માને તે મિથ્યાદૃષ્ટિ કહેવાય કે સમકિતી કહેવાય ? પૌષધ કરો તો સંથારા પોરિશી ભણાવે છો તેમાં આવે છે કે–'એગોઽહં નાસ્તિ મે કોઈ 'હું એકલો છું, મારું કશું નથી.' તમે બધા એકલા હતા ત્યારે સુખી હતા કે એક ના બે થયા ત્યારે સુખી થયા ? સંસારનું સુખ મજેથી ભોગવે, પૈસા–ટકાદિમાં મોટાઈ માને તે બધા સંસારમાં રખડવા જ સર્જાયેલા છે. (ક્રમશઃ)

❋ ખોટું ન લગાડતા હો ને! ❋

—શ્રી ભદ્રંભદ્ર

એક કડવું સત્ય–ફોટાથી શિથિલાચાર નથી ફેલાતો

તમને ખબર છે ? ચૂંટણી કમિશનર ટી. એન. શેષને મતદારોને ફોટા પડાવવાની ફરજ પાડેલી. ફોટા નહિ પડાવનારને બિન ભારતીય ગણાવાય તેવી સજા થવાની તેમાં શક્યતા હતી.

હમણાં હમણાં આપણા જૈન ધર્મસ્થાનોમાં ફોટા–મૂવી–વીડીયોએ તો આહા! માજા મૂકી દીધી છે. જો કે લોકો મૂવી–વીડીયોનાં રોષથી સળગી ઉઠને ધારદાર વિરોધ કરે છે. પણ ઈ લોકો પાછા ફોટાનો વિરોધ નથી કરતા. મને ઈ જ નો'તુ. હમજાતું. કે આ લોકો ફોટાનો વિરોધ કેમ નથી કરતા. પણ મને હમણાં હમણાં જ સમજાણું. ચિંતન કરતાં કરતાં કે– હવે જો આપણા ધરમ સ્થાનોમાં ફોટાના વિરોધ કરીએ તો તે ચૂંટણી કમિશનરનું અપમાન ગણાય. અને તેવું અપમાન તો રાજકીય દ્રોહ ગણાય. રાજ્ય–વિરૂદ્ધ વર્તન કરવાનું જૈન શાસ્ત્રો ના પાડે છે (જૈન શાસ્ત્રો ફોટા પડાવવાની ન પાડે છે તેનું શું ? આવો તર્ક નો લગાડતા હો પાછા પેલા કમિશ્નર છળી ઉઠશે. અને જૈન શાસ્ત્રનો ફોટા ન પડાવવાનો સિદ્ધાંત તો ઉત્સર્ગ છે. અને રાજદ્રોહી કામ નો કરવું એ પ્રબળ માન્ય પાઠ છે. એટલે હવે હમજી ગયા ને... તમ તમારે રાજકારણનો પણ તમને સાથ છે એટલે ફ્રીચેનમાં, પેનમાં. જાતજાતના એકેલિક ફેમોમાં સજાતીય વિજાતીયને આકર્ષવા માટે ફોટા પડાવો તેનો વાંધો નથી.)

ઘણાં લોકો તો શેષનના ફોટા–સદુપદેશથી પ્રેરાઇને હવે વ્યાખ્યાન હોલની ભીંતો ઉપર તો રખાવતા હતા પણ વ્યાખ્યાનની પાટ ઉપર પણ ફોટા પધરાવવા માંડયા છે. પહેલી પોરસીમાં ભગવાન પોતે દેશના દઇ રહે પછી ગણધર ભગવંતો દેશના દે છે ત્યારે તો સાલુ આ વિબુધ (ચતુર) કહેવાતા–ગણાતા દેવે બહું જ ઉલ્ટુ કામ કરે છે. અને કરે એમાં કાંઇ નવાઈ પણ નહિ. કેમ કે આપણને આ પાંચમાં આરામાં શેષન જેવા કમિશ્નર મલ્યા તેવા ભગવાનની જેવા ભગવાનના કાળમાં કોઈ જોરદાર ક્ષયોપશમવાળા જીવો નહિ હોય.

ભગવાનની દેશના પતી ગયા પછી અત્યાર કરતાં ઉલ્ટુ શું થય છે ? તે યાદ આવ્યું કે નહિ ?

નો આવ્યુ ? અરે ! ભાભા હાવ સહેલી વાત છે એ તો.

જુઓ. હાંભળો ભગવાન પોતે પોતાની દેશના પૂર્ણ થયા બાર દેવછંદામાં પધારે છે અને ત્યાર પછી ભગવાનના પાદપીઠ (પગ રાખવાનું સ્થાન) સહિતના સિંહાસનના પાદપીઠના ભાગ ઉપર બેસીને ગણધર ભગવંત દેશના દેતા હોય છે અને ત્યારે ગણધર ભગવંતો ઈન્દ્રમહારાજાઓ ત્યાં ભગવાનનો ફોટો (અરે ! ફોટો નહિ કેમ કે ત્યારે કેમેરા શોધાયા નહોતા. એટલે ભગવાનની મૂર્તિ કંઈ સિંહાસન ઉપર રાખીને ગણધરભગવંત દેશના નથી દેતા કઈ લો. ઊપરથી ત્યારે તો અધોલોકના ઈન્દ્રોએ ભગવાનની દેશના વખતે વિકુર્વેલા જે ભગવાનના જ ત્રણ પ્રતિબિંબો ત્રણ દિશામાં હોય છે તેને પણ તે ઇન્દ્રો સંહરી લે છે. એટલે ગુરૂનો ફોટો (અરે ! પાછો પંચમકાળના પ્રભાવે ફોટો જ યાદ આવી ગયો એટલે મૂર્તિ સમજજો) ન તો તેમના ગણધર ભગવંત જેવા શિષ્યો સાક્ષી તરીકે રાખે છે કે ન તો ઇન્દ્રમહારાજાઓ જેવા ભક્તો રાખે છે.

પાંચમાં આરામાં આવા ફોટાઓ (મૂર્તિઓ) વ્યાખ્યાન પીઠ ઉપર રાખવાનો પાઠ કદાચ કોઇ શાસ્ત્રમાં હોયે ખરો અને તે શાસ્ત્રનો પાઠ બીજા ઘણા બધાં શાસ્ત્રોની જેમ વિચ્છેદ પામી ગયા હોય તો રામ જાણે હો કે આપડે નકકામું પાપમા નથી પડવુ.

આ તો શેષનનો મૂર્તિપૂજક સમાજ ઉપરનો ઉપકાર યાદ આવી ગયો. એ એટલા માટે કે જેમ મૂવી-વીડીઓના વિરોધ થયા તેમ જો કેમેરાનો પણ વિરોધ થયો હોત તો તો બાપુ જુલમ થઈ જાત કેમ કે સ્થાપના નિક્ષેપો (મૂર્તિ) મૂળથી જ ઊખડી જાત. અને આપણે સ્થાનકવાસી જેવા બની જાત.

જો કે સાલી એક વાત મને ખટકે છે કે-મૂવી-વીડીઓ પણ આખરે તો સ્થાપના નિક્ષેપાના સિદ્ધાંતને જ સાચવે છે ને ? તો પછી કેમેરાની જેમ તેનો પણ વિરોધ કરવો આમ તો વિચાર કરતાં ઉચિત નથી લાગતો તો પછી શું કામ અહીં અર્ધદગ્ધ ન્યાયે અમુકનો (મુવી-વીડીયોનો) વિરોધ કરાય છે અને કેમેરાનો નથી કરાતો ?

હું આવી શાસન હિતકારક ચિંતામાં ને ચિંતામાં જ સૂઇ ગયેલો એટલે ઊંઘમાં જ મને તો જવાબ મલી ગયો કે-'મુવી-વીડીઓ લકઝરી આઇટમ ગણાય. તે ફેશનની-શોખની ચીજ છે. એટલે તેનો ઉપયોગ કરાવતો મોર્ડન કહેવાય તેનાથી શિથિલાચાર વધવાની પૂરી શક્યતા છે. માટે મુવી-વીડીઓ ન વપરાય.' આ જવાબથી મને સંતોષ થયો.

પણ...પણ પાછું મારી બુદ્ધિની અનાદિકાળની કુટેવ ભરી આદતના કારણે વિચાર્યું કે– મુવી–વીડીઆ જો ફેશનની ચીજ હોવાથી શિથિલાચાર ફેલાવે છે તો કેમેરો પણ ક્યાં મીઠું–મરચું–ધાણાજીરૂની જેમ જીવનોપયોગી ચીજ છે ? તે પણ ફેશનની–શોખની (પોતાનો અહંકાર પોષવાની) ચીજ હોવાથી શિથિલાચાર ફેલાવનાર ક્યાં નથી કે તેથી તેનો પણ મુંવીની જેમ વિરોધ નથી કરાતો ?

પણ પાછું મેં મારા મનથી જ સમાધાનનો માર્ગ સ્વીકારવાનું નક્કિ કરીને વિચારી લીધું કે– એક ફોટા–કેમેરા જેવી નાની અમથી વસ્તુ માટે ઉંડા ઉતરીને બુદ્ધિને બ્લાસ કરી નાંખીને વેડફી નાંખવાની કે બરબાદ કરી નાંખવાની જરૂર નથી. હા. કોઇ શાસન વિઘાતક મુદ્દો હોત તો હજી વિચારતે ય ખરો શેષન જેવા ફોટો માન્ય કરતા હોય પછી વિચારવાનું જ નથી રહેતું.

હવે તો માનું છુ કે જેમ કેમેરાની બદી (અરે ! ભુલી ગયો હો.) ઘુસી ગઈ છે તેમ જો મુંવી–વીડીઓને યુદ્ધના ધોરણે બાંયો ચડાવીને વિરોધ નહિ કરીએ તો આ તો હજી શરુઆત જ છે. પણ પછી તો તે પણ કેમેરાની જેમ ઘુસી જશે. અને શાસ્ત્રીય રૂપ ધારણ કરી લેશે.

જો કે મને પૂછતા હો તો મુળ વાત તો એ છે કે કાં ત્રણેય ને રાખો કાં તો ત્રણેય ને હાંકી કાઢો અને એકને રાખો એ સારૂ તો નહિ અને જો તમે બહુમતીવાદી હો તો તો બે નો નિષેધ કરવામાં એકનો પણ (કેમેરાનો પણ) આવી જ જવો જોઇએ.

મારો આ લેખ કોઈ ફોટોગ્રાફરને, ટી. એન. શેષનને કે કોઇ સ્થાનકવાસી વાંચી નો જાય તેની કાળજી રાખજો હો. મેં જો કે હમણાં જ ૧ મિનિટમાં ૪૦ રૂપિયામાં ચાર રંગેબેરંગી ફોટા પડાવ્યા છે. સંસારના સુખના ઇરાદાથી (કોઇ છોકરીને મારી પસંદગી કરવા માટે કામ લાગે તેવા સંસારના સુખના ઇરાદાથી) નહિ માત્ર શોખથી જ પડાવ્યા.

જો કે મતદાર યાદીમાં ટકી રહેવા ફોટો પડાવવો એ પણ ભલે રાજકીય લાભાર્થે હોય પણ આખરે તો સંસારના સુખના જ આશયથી તે પડાવ્યો કહેવાય.

મેં પડાવ્યા છે એટલે કંઇ તમારે પડાવવાની જરૂર નથી. હું તો પડાવું મારી વાત અલગ છે તમારે નો પડાવાય (ચૂંટણી આદિ સિવાય) કેમ કે મહાપુરૂષ જે કરે તે કરવાનું ના હોય તે જે કહે તે કરવાનું હોય.

અચ્છા તો ફોટા નહિ પડાવો ને. ઓ. કે.

પ્રસંગ પરિમલમાંથી (અંકથી ચાલુ)

દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવંતનું સ્વરૂપ

—શ્રી ધર્મશાસન

૮ મહાર્થતા—શબ્દ થોડા અને અર્થ મહાન.

૯ અવ્યાહતત્વ—પૂર્વાપર વાક્યના અને અર્થના વિરોધ વિનાની.

૧૦ શિષ્ટત્વ—ઇષ્ટ સિદ્ધાંતના અર્થને કથન કરનાર અને વક્તાની શિષ્ટતા સૂચક.

૧૧ સંશયાસમ્ભવા—સંદેહ રહિત, કોઇને શંકા પેદા થાય નહિ પણ શંકાનો છેદ કરે.

૧૨ નેરાકૃતા-ન્યોત્તરત્વ—બીજાનાં દૂષણોથી રહિત.

૧૩ હૃદયંગમતા—હૃદયગ્રાહ્ય અત્યંત મનોહર અને હૃદયને આહ્લાદ આપે તેવી.

૧૪ મિથઃસાકાંક્ષતા—પદો-વાક્યોની પરસ્પર અપેક્ષા રાખે તેવી.

૧૫ પ્રસ્તાવૌચિત્ય—અવસરને ઉચિત-દેશ અને કાળને અનુસરનારી.

૧૬ તત્વનિષ્ઠતા—વસ્તુસ્વરૂપને અનુસરનારી.

૧૭ અપ્રકીર્ણ પ્રસૃતત્વ—સુસંબદ્ધ અથવા વિષયાંતરથી રહિત અને અતિ વિસ્તાર વિનાની.

૧૮ અસ્વશ્લાઘાન્યનિન્દતા પોતાની પ્રશંસા અને પરની નિંદાથી રહિત.

૧૯ અભિજાત્ય—વક્તાની અથવા પ્રતિપાદન કરવા યોગ્ય વિષયને અનુરૂપ.

૨૦ અતિસ્નિગ્ધમધુરત્વ—ઘીની જેમ સ્નિગ્ધ અને ગોળની જેમ મધુર.

૨૧ પ્રશસ્યતા—પ્રશંસાને યોગ્ય.

૨૨ અમર્મવેધિતા—બીજાના મર્મને નહિ ઉઘાડનારી.

૨૩ ઔદાર્ય—કથન કરવા યોગ્ય અર્થની ઉદારતાવાળી.

૨૪ ધર્માર્થપ્રતિબદ્ધતા—ધર્મ અને અર્થથી યુક્ત.

૨૫ કારકાદ્યવિપર્યાસ—કારક, કાલ, વચન, લિંગ વગેરેના વિપર્યાસવાળા વચનના દોષથી રહિત.

૨૬ વિભ્રમાદિ વિયુક્તતા—વિભ્રમ, વિક્ષેપ, વગેરે મનના દોષોથી રહિત.

૨૭ ચિત્રકૃત્વ—શ્રોતાના ચિત્તને એકધારી રીતે આશ્ચર્ય ઉપજાવનારી.

૨૮ અદ્ભૂતત્વ—અદ્ભૂત.

૨૯ અનતિવિલમ્બિતા—અત્યંત વિલંબ રહિત.

૩૦ અનેક જાતિ વૈચિત્ર્ય—અનેકવિધ વિચિત્રતાવાળી વસ્તુઓને જુદા જુદી રીતે વર્ણવનારી.

૩૧ આરોપિત વિશેષતા—બીજા વચનોની અપેક્ષાએ વિશેષતા સ્થાપિત કરનારી.

૩૨ સત્વ પ્રધાનતા—સત્વપ્રધાન સાહસવાળી.

૩૩ વર્ણ-પદ-વાક્ય વિવિક્તતા—વર્ણ, પદ, વાક્યના વિવેકવાળી, અર્થાત્ પૃથક્કરણ વિભાગવાળી.

૩૪ અવ્યુચ્છિત્તિ—વક્તવ્ય અર્થની—મતલબ કહેવાને ઇચ્છેલા વિષયને સારી રીતે સિદ્ધિ થતાં સુધીમાં ન અટકનારી અખંડિત વચન પ્રવાહવાળી.

૩૫ અખેદિત્વ—અનાયાસે ઉત્પન્ન થનારી.

આવા પરમ ઉપકારી પરમોપાસ્ય ત્રણ જગતના તારણહાર, જ્ઞાનનો અપૂર્વ પ્રકાશ પાથરનાર પરમકૃપાળુ દેવાધિદેવ સર્વજ્ઞ પરમાત્માને આપણા પ્રત્યે ઉઠી કોડ-કોડવાર નમસ્કાર થાઓ.

તેમના નામસ્મરણથી, જાપ, સ્તુતિ, સ્તવન, કીર્તન, વંદન, સન્માન, સત્કાર, અભિવાદન અને ઉપાસના કરવાથી આત્મા કર્મથી મુક્ત બને છે, સિદ્ધ બને છે અને શાશ્વતધામે સીધાવે છે.

✻ લબ્ધિ-પુષ્પ-ગુચ્છ ✻

પૂ. આ. શ્રી વિ. લબ્ધિ સૂ. મ.
પ્રેષક : પૂ. મુ. શ્રી નેમવિજયજી મ.

ત્યાગ વગર શુદ્ધિ નથી! જ્યાં સુધી અશુદ્ધિનો રાગ રહે છે, ત્યાં સુધી અશુદ્ધિ રૂપ ડાઘણ ભરણી ખાય છે! હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહને, જો તમે ઉમદા માનતા હશો, તો તમે એને છોડી શકશો નહિ અને એથી તમને અશુદ્ધિ છોડશે નહિ. અશુદ્ધિ જ્યાં સુધી સારી લાગે છે, છોડવા જેવી લાગતી નથી, ત્યાં સુધી સુદેવ, સુગુરૂ અને સુધર્મ ગમવાના નહિ. શુદ્ધિનો રાગી જ ત્યાગી ને સાચી રીતિએ માની શકે શકે છે. તમારા સુદેવ, સુગુરૂ અને સુધર્મ રાગ કરાવનારા નથી, પણ ત્યાગ કરાવનારા છે. એ જે પ્રશસ્ત રાગને કરવાનું કહે છે, તે પણ ત્યાગને માટે કહે છે. આવા સુદેવ, સુગુરૂ અને સુધર્મની ઉપાસના રાગ અને રોષથી મુક્ત બનવાને માટે કરો!

તમે સંસારના સંગી છો, પાપોના સંગી છો, વિષયોના રંગી છો છતાં સુસાધુઓને વંદન કરો છો ને? શા માટે? એક જ હેતુ જોઇએ કે, અંતરથી તમે મુક્તિના રંગી છો અને તેથી ગુણોના પણ તેવા જ રંગી છો.

—: બોધકથા :—

: માર્ગસ્થ પ્રજ્ઞાનો પટુ પ્રકાશ :

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી

શ્રી જિનેશ્વરદેવના શાસનમાં સમ્યગ્જ્ઞાનનો મહિમા ઘણો જ છે. સમ્યગ્જ્ઞાનના એટલા ગુણગાન ગાવામાં આવ્યા છે જેનું વર્ણન ન થાય. જ્ઞાન હૈયામાં પરિણત થાય તો તે સ્વ–પર અનેકને લાભકારી બને છે. જેને આત્મિક અને તાત્ત્વિક જ્ઞાન પેદા થઈ ગયું તે અનેકના જીવનને પ્રકાશિત કરે છે. આ અંગે શાસ્ત્રીય સુપ્રસિદ્ધ દૃષ્ટાંતની વાત કરવી છે.

એક નગરમાં શ્રીમંત શેઠ હતા. તેમની પુત્રવધુ ધાર્મિક પ્રકૃતિની તાત્ત્વિક માર્ગસ્થ નિર્મલ પ્રજ્ઞાશીલા હતી. એકવાર ઈર્યાસમિતિના ઉપયોગવાળા, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, નિરતિચાર સાધુપણાના પાલક યુવાનમુનિ તે શેઠને ત્યાં મધ્યાહ્ન સમયે ગોચરી વહોરવા પધાર્યા. શેઠે પણ સન્માન પૂર્વક વિનંતિ કરી પોતાના ઘેર બોલાવ્યા. પુત્રવધુ પણ આવા મહામુનિને જોઇ આનંદિત થઇ અને તેમની જ્ઞાનની–વૈરાગ્ય પરીક્ષા માટે પૂછે કે, 'આટલા વહેલા કેમ આવ્યા ?'

મુનિ--કાળ જાણ્યો નહિ.

આ બંનેનો વાર્તાલાપ શેઠ સાંભળે છે. તેમને આશ્ચર્ય થયું કે, આટલી બપોર થઈ તો ય બંને આમ કેમ બોલે છે ? દિમાગ તો ઠેકાણે છે ને ? બંનેનો વાર્તાલાપ તો સાંભળું. વહુની વાત જાણી તે સાધુ મહારાજને લાગ્યું કે–આ વહુ તત્ત્વજ્ઞા લાગે છે. તેથી પૂછે કે--બેન ! તમારે ત્યાં ભોજન વાસી છે કે તાજુ બને છે ?

દુઃખ પૂર્વક વહુ–તાજાનું ભાગ્ય ક્યાં હોય ? વાસી ખાઇએ છીએ.

આ સાંભળી શેઠને થાય કે, નક્કી આજે વહુનું ચસકી ગયું લાગે છે. રોજ તાજું તાજું ભોજન બનાવાય છે, ખવાય–ખવરાવાય છે તો ય કહે કે વાસી ખાઇએ છીએ.

પછી મુનિ–બેન ! તારી ઉંમર કેટલી છે ?

વહુ--દશ વર્ષ.

શેઠને થાય કે, વહુ આજે ફાટી લાગે છે. કેવું કેવું બોલે છે ?

મુનિ–બેન ! તારી સાસુની ઉંમર કેટલી છે ?

વહુ—લગભગ સાત વર્ષ.

આ સાંભળતાં શેઠને થાય કે, વહુને હવે ઈલાજ કરાવવો પડશે. વહુ પહેલી કે સાસુ પહેલી?

મુનિ-બેન! તારા સસરાજીની ઉંમર કેટલી છે?

વહુ-લગભગ પાંચ વર્ષ.

આ સાંભળતા શેઠ વિચારે કે આજે વહુને થયું છે શું? કેવી કેવી અસંબદ્ધ વાત કરે છે. મારી ઉંમર પાંચ વર્ષ, તેની સાસુની સાત વર્ષ અને તેની દશ વર્ષ કહે છે. અમારા બધા કરતાં પહેલી તે આવી છે?

મુનિ-તારા પતિની ઉંમર કેટલી છે?

વહુ-તે તો હજી પારણામાં ઝુલે છે પારણામાં.

શેઠ વિચારે કે, હવે તો હદ થઇ ગઇ. એક ફિકરાની મા છે. તો ય કહે કે મારો પતિ હજુ તો પારણામાં ઝુલે છે. ખરેખર આનો ઇલાજ કરવો પડશે. તેટલામાં તેનિ મહારાજ તો પોતાને યોગ્ય નિર્દોષ ગોચરી લઇ, ઇર્યાસમિતિના પાલન પૂર્વક જેમ આવેલા તેમ ચાલ્યા ગયા. પણ શેઠના હૈયામાં આશ્ચર્ય મા'તુ નથી. એમનું મન ચકડોળે ચઢે છે કે ડાહી ડાહી વહુ આવી વાતો કરે છે તેની પાછળ જરૂર કાંઇક રહસ્ય હોવું જોઇએ. તેથી વહુને પૂછે છે કે, મુનિ મહારાજ અને તમારે જે વાર્તાલાપ થયો તે મારી સમજમાં આવતો નથી. તો તેનું તાત્પર્યાર્થ જણાવો. વહુને લાગ્યું કે, મારી વાતની ધારી અસર થઈ છે તો ઘાટ ઘડાવા માટેનો અવસર ચૂકવા જેવો નથી. મુથી કહે કે, આ બધી ગંભીર વાતોનો પરમાર્થ જાણવા મુનિ મહારાજનો પરિચય કરો તો જણાશે.

માનવ મનની ખાસિયત છે કે, વાત જાણવાનું મન થયું અને સંતોષ ન થાય તો ચેન જ ન પડે. તેથી શેઠ પણ જમી કરીને વાતનો પરમાર્થ જાણવા મુનિ મહારાજ જે સ્થાન-ઉપાશ્રયમાં બિરાજમાન હતા ત્યાં પહોંચી ગયા. વિધિપૂર્વક વંદનાદિ કરી તેમની પાસે બેઠા અને વિનયપૂર્વક કહે કે, મારી પુત્રવધુ સાથે જે વાર્તાલાપ થયો તેનો પરમાર્થ જણાવવા કૃપા કરો તો સારું.

મુનિ મહારાજ પણ કહે કે, તમારી પુત્રવધુ ગુણીયલ અને તત્ત્વજ્ઞા છે. તેણીએ મને પૂછ્યું કે, આટલા વહેલા કેમ?' તેનો અર્થ એ હતો કે, યુવાન વયે દીક્ષા કેમ લીધી? મેં કહ્યું કે-'કાળ જાણ્યો નહિ' અર્થાત મૃત્યુ કયારે આવે તે ખબર નથી. તો

તે મૃત્યુ આવે તે પહેલા જો આરાધના કરી લેવાય તો આ માનવ જીવન સાર્થક થઈ જાય.

તમારા ઘરે 'વાસી ભોજન બને છે કે તાજું' તેનો પરમાર્થ એ હતો કે, ભૂતકાળમાં કરેલ ધર્મથી બંધાયેલ જે પુણ્ય તેને ભોગવો છો કે આ ભવમાં સારા ભાવે ધર્મની આરાધના કરો છો ? ત્યારે વહુએ જે કહ્યું કે 'વાસી'–તેનો અર્થ એ કે, ભૂતકાળનું પુણ્ય ભોગવીએ છીએ પણ હજી નવું કરતાં નથી.

પછી જે વાત ઉંમર અંગે પૂછી તો વહુએ જે જવાબ આપ્યો તેનો પરમાર્થ એ છે કે, ધર્મ પામ્યા પછી જે ઉંમર ગણાય તે જ ઉંમર સાચી ગણાય. ધર્મ પામ્યા વગરનો જે કાળ જાય તે બધો અફળ ગણાય છે. તેથી વહુએ કહ્યું કે, મને ધર્મ પામ્યાને દશ વર્ષ થયા છે, મારા સાસુજીને સાત વર્ષ થયા છે, મારા સસરાજીને પાંચ વર્ષ થયા છે. જ્યારે મારા પતિ તો હજી સંસારી ભોજમજામાં જ આનંદ પ્રમોદ કરે છે. ધર્મ પામ્યા નથી માટે હજી પારણામાં ઝુલે છે પારણામાં તેમ કહ્યું !

આ સાંભળી શેઠને ઘણો જ આનંદ થયો. અને બાકીનું શેષ જીવન સુંદર પ્રકારે ધર્મની આરાધના કરવામાં જ વ્યતીત કરવાનો મનોમન નિર્ણય કર્યો.

આ કથાનો સાર એજ લેવાનો કે, જે થઈ ગયું તે ગયું ભૂતકાળને ભૂલી જાગ્યા ત્યારથી સવાર માની, બાકીનું શેષ જીવન મોક્ષ માર્ગની આરાધનામાં જ પસાર કરી, સૌ પુણ્યાત્માઓ વહેલામાં વહેલા મોક્ષ સુખને પામો તે જ મંગલ ભાવના.



— શાસન સમાચાર —

ભીનમાલ–ચૈત્ર વદ ૬ રવિવાર દિ. ૨૭–૪–૯૭ થી ચૈત્ર વદ ૧૨ રવિવાર દિ. ૪–૫–૯૭ સુધી શા સાંવરચંદજી કલીચંદજી મહેતાના સ્વર્ગવાસ નિમિત્તે તેમના સુપુત્ર શા ભંવરલાલજી મહેતા અને શા મદનલાલજી મહેતા તરફથી અઠ્ઠાઈ મહોત્સવ થયેલ. જેમાં સંગીતકારે પૂજા–ભક્તિમાં સારો રંગ લીવેલ.

ભીનમાલમાં રોજ પ્રવચન–પ્રભાવક પંન્યાસ પ્રવર શ્રી દર્શનરત્નવિજયજી મ. અને જોશીલા પ્રવચનકાર મુનિરાજ શ્રી ભાવેશરત્નવિજયજી મ. ના પ્રવચનો રોજ ગાંધીમુથાવાસ જૈન ઉપાશ્રયમાં થયેલ. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી પોતાના ગુરૂદેવ પૂ. આ. ભ. શ્રી કમલરત્ન સૂ. મ.ની નિશ્રામાં થનાર અઠ્ઠાઈ મહોત્સવમાં નાસોલી (પાંચપાદરા) પધારશે.



પ્યારા ભૂલકાંઓ...

અવર નવર આપણે આનંદથી મળીએ છીએ અને છુટાં પડીએ છીએ. તમારું અવનવું આકર્ષણ જોઇ હું ખૂબ જ હર્ષિત થાઉં છું. સુંદર સંસ્કાર પોષણ અને ધર્મરાજાને જગાવવાનો મારો ઉદ્દેશ કાંઇક અંશે સફળ થયેલો છે તે જાણી મને ઘણો આનંદ થાય છે.

આજે બાલવાટિકાનો કાંઇક ઉદ્દેશ સરળ થયો છે તેમાં તમારા સૌનો સાથ અને સહકાર કાંઇક નાનોસુનો નથી. આને વેગવંતી બનાવવાનો પ્રયાસ જો તમે સૌએ આદર્યો ન હોય તો આ બાલવાટિકા પા...પા...પગલી પણ ન ભરી શકી હોત. આજે ટોચથી શિખરે બેઠેલી બાલવાટિકાના વિભાગમાં જે પ્રકાશ પથરાય છે તેના કારણે તમારા જીવનના વિકાસમાં ઘણા ફેરફાર થઈ રહ્યા છે તો હવે સત્સંગ અને સદ્વાંચન જ વાંચવું ગમશે ને !

બાલવાટિકાને બેનમૂન બનાવવા માટે તમે સૌ વધુ પ્રયત્નશીલ બનશો તેવી મહેચ્છા મને છે. તમારા સદ્વાંચનમાંથી કાંઇક ઉદ્ભવેલા સદ્વિચારોને સુંદર રીતે કાગળ ઉપર ટંકારી મોકલવા અવશર લેશોજી.

તમારા પ્રશ્નોત્તર માટે તેમ જ પત્ર વ્યવહાર માટે અલગ કાગળ ઉપર સુંદર અક્ષરે તમારું નામ અને સરનામું લખી મોકલવું વધુ યોગ્ય છે. વિશેષ આ મોકલવા માટે મારું તો સરનામું છે ને !

નોંધી લો મારું સરનામું.

—એજ રવિશિશુ

C/o. જૈન શાસન કાર્યાલય

હાસ્ય – હોજ

ફ્રીજલ–પપ્પા. તમને આંખે બંધ કરી સહી કરતાં આવડે છે.

પપ્પા–હા, કરી શકું કોઇ વાંધો ન આવે લાવ અખતરો કરી જોઉં.

ફ્રીજલ–પપ્પા, આ ચોપડીમાં સહી કરી આપો આપશ્રીનો અખતરો સફળ કરો.

(નાપાસ થયેલા એ વાર્ષિક પરિણામ પત્રક ઉપર સહી કરાવી લીધી)

રીટી સ્માર્ટ ચોકસી

તુકકા–તરંગ

પંડિતને મુર્ખની બુદ્ધિ સરખી હોત તો.
કોયલ રાફેક હોત તો.
માનવીને પાંખો હોત તો.
સદા કાળ દિવસ હોત તો.
ચિંતા નામનું તત્ત્વ ન હોત તો.
મૃત્યું આવતું ન હોત તો,
કાગડો મધુર ગાતો હોત તો.
વિચારથી કાર્ય થઇ જતું હોત તો.
પેન હાથમાં લીધા વિના તરંગો લખાઇ જાતા હોત તો.
હું ભગવાન હોત તો.

વિમર્શ ચુ. ચોકસી

કથાનક

ન જાણ્યું જાનકી નાથે પ્રભાતે શું થવાનું છે "

પૈસે આઇ–પૈસે બાઇ ને પૈસા વગરની નહિ સગાઈ.

દિલ્હીને ઠગ ને સુરતનો શાહુકાર.
પેટ ફરાવે વેઠ
ફરે તે ચરે.
ભીંત ને પણ કાન હોય છે.
ખિસ્સા ખાલી, ભપકા ભારી.
અકબરીનો ઠઠિયો કાણો.

ફરસનકાકા એક વખત ન્યાતમાં જમવા ગયાં જ્યા જમવા જવાનું હતું તે ગામ જરા દૂર હતું. ફરસનકાકા તો ઉપડ્યા હતા સમયસર, પણ તેમને માર્ગમાં અનેક સંકટો વિઘ્નો આવ્યા. તે સર્વે પાર કરતાં કરતાં જ્યારે તેઓ જમવાના સ્થાને પહોંચ્યા ત્યારે તેથણે શું જોયું ?

ન્યાત ઉઠી ગઈ હતી. એ સ્થાને એઠી પતવાડી પડી હતી. એઠવાડની ઉજવણી ઉડાવવા માટે કાગડા કુતરા લડતાં હતાં તેનો લાભ બિલાડીઓ લેતાં હતાં એ જોઇ કોઇએ ટકોર કરી.

કરમ વગરનાં કરહણીઆ,
જાને જવા ક્યાંથી ?
કરમમાં લખ્યાં ભાખરા,
તો લાડુ ખાવા ક્યાંથી ?

વિકાશ આર સોલંકી
ભીંવડી

સુખી થવું છે ?

તો સંતોના સંગમાં
જ્ઞાનના રાગમાં
અને ભક્તિના રંગમાં
જોડાઈ જાવ.

લલિત એન. શાહ

લાભદાયી વધાર

મમતાનું મીઠું
રમજુની રાઇ
હિંમતની હળકળ
મક્કમતાની મેથી
હૈયાની હિંગ
ધૈર્ય અને ધીરજના ધાણા

જશનું જીરૂ

અને તાકાતના તેલથી આવી કારમી મોંઘવારીમાં જો વધાર કરીએ તો જીવન લાભદાયી બની જાય.

—શ્રી રમ્યા

– જૈન જગતનું અવનવું –

ઈન્દ્ર મહારાજાએ પ્રભુ જન્મ મહોત્સવ માં મેરૂપર્વત ઉપર લાવેલ ૬૪૦૦૦ કળશોનું વિવરણ...

* રત્નનાં – ૮૦૦૦ કળશ
* સુવર્ણ રત્ન – ૮૦૦૦ કળશ
* રત્ન ચાંદી – ૮૦૦૦ કળશ
* સોનાના – ૮૦૦૦ કળશ
* સોના ચાંદી – ૮૦૦૦ કળશ
* ચાંદી – ૮૦૦૦ કળશ
* સોના-ચાંદી-રત્ન–૮૦૦૦ કળશ
* માંટીનાં – ૮૦૦૦ કળશ

— મેઘા

બાળ ગઝલ

* કહેવાય છે મહતા મોટાની,
  નાનાની કંઈ કિંમત નથી.
  તો ઝરણું મીઠું શા માટે ?
  ને ખારો સાગર શા માટે ?
* લાખો જન્મ પુરા કરી,
  આપણે સહુ આવ્યા અહીં,
  જો આ ભવે જાગ્યા નહિ,
  તો પડશું ફરી ચક્કર મહીં.

—ઇશીતા

કોનું શું ! ! !

અરિહંતનું શરણ
ઉપકારનો ત્યાગી ગુરુ ભગવંતનો
ભંડાર તો કુબેર નો
લબ્ધિ તો ગૌતમ સ્વામીની
રિદ્ધિ તો શાલીભદ્રની
સામાયિક તો પૂણીયા શ્રાવકનું
સૌભાગ્ય તો કથવના શેઠનું
વેશ તો ઋષભદેવનો
દયા તો ધર્મરુચિ અણગારની
અહિંસા તો પરમાત્માનો
વૈયાવચ્ચ તો નંદીષેણમુનિની
સમતા તો અર્ધકમુનિની
સિદ્ધાંત તો જૈન શાસનના
વાંચન તો બાલવાટિકાનું

–હર્ષ પી. શાહ

અસત્ય બોલવાનાં કારણો

(૧) હસવાના સ્વભાવવાળો અસત્ય બોલે.
(૨) ભયવાળો અસત્ય બોલે.
(૩) લોભી અસત્ય બોલે.
(૪) ક્રોધી અસત્ય બોલે.
(૫) વગર વિચારે બોલવાવાળો અસત્ય બોલે.
(૬) ઇર્ષાવાળો ઘણું કરીને અસત્ય બોલે. માટે આવા કારણોથી હંમેશાં દૂર રહેવા (અસત્ય એ મહા પાપ છે.)

— અશોક શાહ

દાન પહેલા કેમ ?

(ગતાંકથી ચાલુ) – પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ.

બકુલ વૃક્ષને સ્ત્રી લાત મારે તો ખીલે છે તેમ આપણે લક્ષ્મીને લાત મારીએ તો તે વધુ ખિલે છે.

કાશી અને કોશલ રાજાની વાત છે. કોશલ રાજાએ પ્રજાને માટે બધું આપ્યું, નીધનમાં છેલ્લે છેલ્લે એવું સર્જન કર્યું પોતે અને સહુને અભયદાન અપાવ્યું દાનથી.

એક ભાગ્યશાળી દિલ્હીનો હતો અને મુંબઇ ધંધો કરવા આવ્યો હતો. કોઈ કારણસર તેને મુંબઈ ખાલી કરવું પડયું અને દિલ્હીની ટ્રેનમાં બેઠો. પત્નિ સાથે હતી. પત્નિ કહે છે હવે દિલ્હી જઇને શું કરીશું ? ક્યાં રહીશું ? તેનો ધણી કહે છે ચિંતા ન કર. આપણું મૂળ રહેઠાણ દિલ્હી હતું. હું જેમ જેમ પૈસા કમાતો ગયો તેમ તેમ ઘરનું સુંદર સર્જન કર્યું છે. તારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. ભાડે ઘર કરતાં ત્યાં માલીકીનું ઘર આપીશ ત્યારે તું આનંદથી ભરાઈ જઈશ. તે દિલ્હી જતાં આનંદમાં હતો આનું નામ વિવેક પ્રધાન કહેવાય. ભગવાનની આજ્ઞા પાળતાં જીવનમાં શાંતિ મરતાં સમાધિ ગયા પછી સદ્ગતિ અને પરમગતિ.

બીજો માણસ પણ દિલ્હીની ટ્રેઈનમાં બેઠો હતો તે કહે છે મારે દિલ્હી જવું પડયું છે. મેં જીવનમાં જે કમાણી કરી હતી તે વ્યસન–ફેશન–મોજ મજામાં ઉડાવી દીધી. કોઇની સાચી વાત સાંભળવાનો પણ હું રૂઆબથી ઈન્કાર કરતો હતો. હવે દિલ્હીમાં હું ક્યાં જઈશ અને મારું શું થશે મને ચિંતાની સગડી ખાઈ રહી છે. આનું નામ પ્રજ્ઞા પ્રધાન જીવન જે વિચાર. આવ્યો તે કર્યો અથવા તેને વિચાર પ્રધાન કહીએ. જીવતાં મજા, મરતા સજા અને ભવોભવ દુર્ગતિઓમાં જે ઠાઠ માઠ કર્યા તેના બદલે ભેટ રૂપે ઠાઠડીઓ નીકળ્યા કરે

હવે આ જ ટ્રેઈનમાં ચાર પોલિસ એક ગુંડાને પકડીને, તે ટ્રેનમાં આવી તેને પૂછયું. આ ભાઇને પકડીને કેમ લઈ જાવ છો ? તો કહ્યું આ માણસ ગુંડો છે. તેને રાજ્યના કે ધર્મના કાયદા પાળવાની ચિંતા કરી નથી. બેફામ રીતે ધોળે દિવસે ભોળા અને ભદ્રિક માનવીઓને આંખમાં મરચા નાખી લુંટ ચલાવી છે. કેટલાંયનો વિશ્વાસઘાત કરી શીશામાં ઉતાર્યા છે અને હવે તેને દિલ્હીની જેલમાં જઈને ભરવાનો છે. ગુંડાને જીવતા મુંબઈમાં અશાંતિ, ગભરાતા જીવવાનું. મુંબઈ છોડતાં અશાંતિ અને મુંબઇથી દિલ્હી પહોંચ્યા પછી અશાંતિ અને મર્યા પછી ઘોર પીડા છે. માટે તમારું તમારે શું

કરવું છે. નક્કી કરી લે જો. ૧ દિવ્યતા પ્રધાન નં. ૨ વિલાસીતા પ્રધાન અને નં. ૩ પશુતા પ્રધાન.

મમતાવાળા વ્યક્તિનો પુત્ર કે દુશ્મન જે કાંઈ ધન–સામગ્રીનો ખોટો દૂર ઉપયોગ કરે તેનું પાપ તેને બીજા ભવમાં હોમ ડીલીવરી (ઘેર બેઠાં) બીજા ભવમાં મળે છે તો પાપના પોટલાં સાથે રહેવા કરતાં સુકૃતના કોથળા સાથે લઈ જવા તે સાચો સુઝાવ છે.

શ્રી જૈન શાસન કહે છે ધન અને ધનથી મળતું સુખ એ સુખ નથી. પણ અનેક પાપોને બંધાવી દુર્ગતિમાં મોકલી આપનાર છે. માટે આવા સુખની લાઈન છોડી સાત કે આઠ વર્ષની ઊંમરે સુગુરૂને શોધી ચારિત્ર મેળવી જીવનભર જિનાજ્ઞાનું પાલન કરી આત્માની મુક્તિ માટે આરાધના કરવા જેવી છે. પાપોદયે સંયમ ન લઈ શકયા તો સંયમ લેવાની ભાવનામાં રહેવું. અને શ્રાવક ધર્મની આરાધના કરવી.. ધનની મમતા ઘટયા સિવાય દાન થઈ શકે નહિ. સાચા દાન વગર સાચો ધર્મ થઈ શકે નહિ. પ્રભુ શાસનના લોકોત્તર દાન મહિમાને ઓળખી જીવન આરાધનામય બનાવી માનવ જીવન સફળ બનાવો.

હીરો સોનું જો ખાઈએ તો મરી જઈએ, રાખીએ તો ડર લાગે. વાગે તો પછડાઈએ આપણે તે લક્ષ્મીને પરોપકાર માટે લગાવીએ એ જ સાચો ત્યાગ એ જ ચારિત્રનું બીજ છે.

બીજને ખેડૂત બહુ ઉંડે વાવે છે. જેટલું બીજ ઊંડુ તેટલો પાક કસ સારી આપણે ધનને જીવનરૂપી ખેતરમાં દાનરૂપી બીજ એવું ઊંડું વાવીએ કે તે આપણને ઘણો પાક કરી આપે.

હિન્દુસ્તાન પાકિસ્તાનના ભાગલા પડયા ત્યારે એવા લોકો નીકળીને આવ્યા ત્યાં કરોડોની સંપત્તિ મૂકીને આવ્યા સાથે કાંઈ લાવી શકયા નહિ. તો તે દાન શું કામનું ? જે ધન સાથે સાથ ન આપી શકે કામ ન આવે તો લેવું કહેવું કે લેવું ન કહેવું સરખું છે. તેવું જ આપણે મરતી વખતે જે ધન સાથે આવે તે ધન તેવું છે. માટે જ્ઞાની ભગવંત કહે છે દાન એ ઉત્સવ છે. તેમાં ન્યોચ્છાવર છે સમર્પણભાવ છે પણ જ્યાં સમર્પણ ભાવ નથી અને સોદો હોય ત્યાં તે દાન બોદો બનીને રહે છે.

રાણકપુરનાં ધરણા શાહે ૧૪૪૪ થાભલાવાળું દેરાસર બનાવ્યું કે તમે જ્યાંથી જુઓ ત્યાંથી ભગવાન દેખાય તેમ તમે એવું જીવન જીવો તમને ગમે ત્યાં ગમે ત્યારે ભગવાન

દેખાય. ભગવાન સિવાય કાંઈ દેખાય નહિ.

ચાણક્ય નાનો હતો. ત્યારે તેની માને જ્યોતિષે કહ્યું આ છોકરાના ૩૨ લક્ષણ એવા છે કે તે રાજેશ્વરી બનશે. તે સાચી મા હતી છોકરાના દેહ કરતાં આત્માની વધુ કિંમત સમજતી હતી. મારી કુખે આવેલો આત્મા પરમાત્મા બનવો જોઇએ. રાજેશ્વરી એ નરકેશ્વરીએ કહેવત છે. માએ તાત્કાલિક કાનસ મંગાવી કાંત ઘસાવી નાખ્યા તે રાજા ન બન્યો પરંતુ રાજાને પકવનારો ચાણક્ય મંત્રી બન્યો.

ચાણક્યની માતાને આત્માના ગુણો તે સાચી સંપત્તિ લાગતી હતી તમને કઈ સાચી સંપત્તિ લાગે છે તે જણાવો.

જે હોય તે બોલે નહિ અને બોલે તે હોય નહિ તેનું નામ છે ઠંભ. ડંફાસ-માંથી ઠંભ આવે છે. અને પાપ ખુલ્લે તો તેનો ઠંભ તેનું ફારસ થઈ જાય છે. જેવા છો તેવા બતાવો. માણસ બનવું છે તો માણસ જેવા કામ કરો. તેવું કાર્ય કરવાં પુરૂષાર્થ કરો આ સાચા ઘડતરનો ઉપાય છે.

*

— શ્વે. જૈન તીર્થ દર્શન ભાગ–૨ —

આ ગ્રંથ હવે બધા ગ્રાહકોને રવાના થઇ ગયો છે તે માટે કરેક સ્થળ કે મુંબઇમાં પરાઓમાં પહોંચાડયા છે તેમને પણ લીસ્ટ મોકલ્યા છે ફોન ત્યાં હોય તે પણ જણાવ્યા છે તેમના તરફથી મળી જશે અગર ફોન કરીને બોલાવીને આપી જશે.

વ્યવસ્થાપક

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- સંઘનું આકમણ પાપક્રિયા પર હોય, વૈરાગ્યાદિ આત્મગુણો ઉપર ન હોય..
- જ્ઞાન તેનું નામ જે ખોટું ગાંડપણ ન કરવા દે ! મોહથી મૂઢ બનેલાને જ્ઞાન પણ નુકશાન કરે કેમ કે, તે ભગવાનની આજ્ઞા મુજબ-કહ્યા મુજબ ન વર્તે પણ પોતાની મરજી મુજબ વર્તે.
- આ જન્મ મોક્ષે જવા માટે છે પણ જેને મોક્ષે ન જવું હોય અને સંસારમાં જ રખડવું હોય તે તો ભગવાનની આજ્ઞાનો ય અપલાપ કરે અને શાસ્ત્રને ય શાસ્ત્ર બનાવે. આપણો નંબર શેમા છે (
- લક્ષ્મીને હૈયામાં રાખી ભગવાનને જિંદગી સુધી નમસ્કાર કરે તો ય કાંઇ ભલું થવાનું નથી.
- સંસારમાં જે કાંઇ સારૂં દેખાય છે તે બધું ખરાબ છે એવું મગજમાં ઉતરી જાય તો કામ થઈ જાય.
- આજે આ સંસાર દાવાનળ ન સળગતો હોય એવા હૈયા જ થોડા. સુખનો રાગ અને દુઃખનો દ્વેષ એ બન્ને પર આ લડાઇ છે. આ બે જેને હોય તેને ક્રોધ-માન માયા-લોભ એ ચાર આવતા વાર કેટલી ?
- અનાદિના જે આઠ પડયા છે તે આઠે કર્મને કાઢીએ તો મોક્ષ મલે. કોઇ પણ સારી ચીજ જોઇને ઇચ્છા થાય તે **લોભ.** કોઇ માગે નહિ તે રીતિએ સંતાડી દેવાય તે **માયા** તે એવા દુશ્મનો છે કે બધાને પીડે. હું એટલે કોણ ? **માન** મારા આડે કોઇનાથી ઊંચું અવાય જે આડે આવે તેને દૂર કર્યા વિના રહું નહિ તે **ક્રોધ** છે આ ચાર બરાબર કાબુમાં આવે તોજ સાધુપણાને સ્વાદ આવે.
- ભગવાનને માનવા હોય, તેમના દર્શન પૂજન કરતાં હોઇએ અને કહીએ કે અમને સંસાર ગમે છે તો તે બેમાં મેળ જામતો નથી.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૬૨૭

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૯ | અંક ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

Receiver

દુર્જનની દુર્દશા


આક્રાન્તેવ મહોપલેન મુનિના
શપ્તેવ દુર્વાસસા ।
સાતત્યં ગત મુદ્રિતેવ જતુના
નીતેવ મૂર્ચ્છાં વિષૈઃ ।
બદ્ધેવાડતનુરજ્જુભિઃ પરગુણાન્
વક્તું ન શક્તા સતી ।
જિહ્વા લોહશલાકયા
ખલમુખે વિદ્ધેવ સંલક્ષ્યતે ॥

મોટા પત્થારથી દબાયેલી, દુર્વાસ ઋષિથી શાપિત થયેલી, લાખથી અત્યંત જડાયેલી, વિષથી મૂર્ચ્છા પામેલી, જાડા દોરડાથી બંધાયેલી લોઢાની સળીથી વિંધાયેલી જાણે ન હોય તેવી દુર્જનના મુખમાં રહેલી જીભ બીજાના ગુણને બોલવામાં શક્તિમાન થતી નથી.

પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
શ્રી. ગાંધીનગર, પિન-382009

દયા ધર્મનું મુળ છે ।। શ્રી મહાવીરાય નમઃ ।। અહિંસા પરમો ધર્મ

ESTD SY 2028 Trust Act. Reg. No. E-379 Knchchh ☎ 20040/20079
Donation is Exam. U/S 80-G (5)Certi No. 63 42 CITR Dt. 9-10-93 to 31-3-98



શ્રી જીવદયા મંડળ – રાપર

રાપર–કચ્છ ૩૭૦ ૧૬૫ * પોસ્ટ બોક્ષ નં. ૨૩

–: અપીલ :–

ધર્મપ્રેમી ભાઇશ્રી,

શ્રી જીવદયા મંડળ રાપરને મદદ કરવા નમ્ર અપીલ આ સંસ્થામાં ઉપરા ઉપરી દુષ્કાળના કારણે ઢોરોની સંખ્યામાં દિન–પ્રતિદિન વધારો થઈ રહેલ છે હાલે સંસ્થામા નાના મોટા મળીને કુલે ૪૫૦૦ (પીસ્તાલીશેા) ઢોરોનેા નીભાવ થઈ રહેલ છે. ચાલુ શાલે ઘાસચારાના ભાવો બહુ જ ઊંચા હોવાના કારણે તથા વધતી જતી ઢોરોની સંખ્યાના કારણે આવક કરતાં ખર્ચ વધારે આવેલ છે. જેથી સંસ્થાએ પોતાની ફીક્સ રસીદેા ઊપાડીને પણ ઢોરોનેા નીભાવ કરવો પડે છે.

ચાલુ સાલે સરકારશ્રી તરફથી ઢોર સબસીડી મલે છે છતાં પણ કરરોજનેા રૂપિયા ૨૦,૦૦૦/– (વીશ હજાર) ઊપરાંતનેા તોટેા પડે છે.

તેા સેવાભાવી સંસ્થાઓ તથા શ્રી સંઘોને તથા જીવદયા પ્રેમી ભાઇઓને આ સંસ્થાને મદદ મોકલવા નમ્ર વીનંતી.

સંસ્થા રજીસ્ટર થયેલ છે. ઇન્કમટેક્ષ માફી સર્ટી છે.

સંસ્થાનું ખાતું દેનાબેંક રાપર શાખામાં જીવદયા મંડળ રાપરના નામનું છે.

સંસ્થા સ્વાવલંબી બને તે માટે સંસ્થાએ વીડ વીકાસ યેાજના કરેલ છે તેમાં રૂા. ૫૧૦૦૦/– (એકાવન હજાર) આપનાર દાતાનું નામ શીલાલેખમાં લખવામાં આવશે યેાજનાનેા લાભ લેવા નમ્ર વીનંતી.


લી. ટ્રસ્ટી મંડળ શ્રી જીવદયા મંડળ–કચ્છ

કલિકાલકલ્પતરુ પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ



વર્ષ : ૯] ૨૦૫૩ વૈશાખ વદ–૧૩ મંગળવાર તા. ૩–૬–૯૭ [અંક : ૪૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

–પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, અષાઢ વદિ–૧૦ શનિવાર તા. ૨૦–૭–૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ–૯

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૭ મું) –અવ૦)

આ મનુષ્યપણામાં સાધુપણા વિના બીજું કશું કરવા જેવું જ નથી. આ વાત સમજાવવા માટે ગ્રન્થકાર પરમર્ષિ કહી રહ્યા છે કે–'ઈતરમતમાં રહેલો જીવ માસખમણના પારણે માસખમણ કરે, કર્ષ નામના અગ્રભાગ ઉપર રહે તેટલું જ વાપરે પણ જો તે સાચા ધર્મને ન સમજ્યો હોય તો તેના આ તપની કોઈ કિંમત નથી.' તમે બધા આ ધર્મ સમજી ગયા છો ? ઘરમાં મઝેથી રહ્યા છો ? વેપારાદિ ન છૂટકે કરો છો ? મઝેથી આવ છો ? પીઓ છો ? તમે કહી શકો છો કે–'આવું પડે માટે ખાઈએ છીએ પણ મઝેથી ખાતા નથી. ખાવામાં ટેસ આવી જાય તો લાગે છે કે દુર્ગતિમાં ભટકી મરવું પડશે. પૈસા–ટકાદિ ગમી જશે તો સંસાર વધી જશે.' આવી ચિંતામાં જીવતો હોય તે પૈસા–ટકાદિ માટે, ખાવા–પીવાદિ માટે પાપ કરે ? આજે તો ખાવાના રસિયા બનેલા જનાવરોને કાપી કાપીને ખાય છે, પક્ષીઓને બાફી બાફીને ખાય છે. ખાવામાં મઝા આવે તે ભક્ષ્યાભક્ષ્યનો, પેયાપેયનો વિવેક પણ ભૂલે, અસલમાં તો ખાવું–પીવું તે જ પાપ છે. માટે શ્રાવકોને તો નિયમ હોય કે–ખાતાં પહેલાં સુપાત્રમાં દાન કરીને, એકાદ સાધર્મિકને જમાડ્યા પછી ખાય, અને તે વખતે પણ વિચારે કે–'આ ખાવાનું પણ ક્યારે છૂટે !' આવાને ખાવું પડે માટે ખા[redacted]

આજે આવી રીતે ખાનારા કેટલા મળે ? ખાવામાં અનુકૂળતા હોય તો આનંદ આવે ને ? સારું સારું ખાવાનું હોય તો તમે એકલા જ ખાવ કે બીજાને પણ આપો ? જે જીવ ધર્મ સમજ્યો હોય તેને આ સંસારનું સુખ દુઃખરૂપ લાગે અને દુઃખ મને સુખી કરવા આવ્યું છે તેમ લાગે. દુઃખમાં આકુળ–વ્યાકુળ થાય, સુખમાં રાજી રાજી થાય; પ્રતિકૂળતામાં ગભરાય અને અનુકૂળતામાં રાજી રાજી થાય તે ધર્મીપણાનું લક્ષણ છે ?

પ્ર૦ : દુઃખ આવે દયા કેમ કરો છો ?

ઉ૦ : અમારી ખામી છે. ઘણા ભાગ્યશાલીઓ નથી કરતા. મહામુનિઓએ તો રોગોને મજેથી વેઠ્યા છે, દવા પણ નથી કરી.

શ્રી સનતકુમાર ચક્રવર્તીની વાત ઘણીવાર કરી છે. કેવા કેવા રોગ મજેથી વેઠ્યા છે.' શ્રી સનતકુમારનું અદ્‌ભુત રૂપ હતું તેમના રૂપના દેવલોકમાં શ્રી ઇન્દ્ર મહારાજાએ વખાણ કર્યાં. તે સાંભળીને બે દેવોને અશ્રદ્ધા થઇ કે–માનવીનું રૂપ આવું તે હોતું હશે ! તેથી તેમને જોવાને માટે બ્રાહ્મણનું રુપ કરીને ચક્રવર્તી જ્યારે સ્નાન કરવા બેઠા છે ત્યાં આવ્યાં છે. તે વખતે ચક્રી પૂછે છે કે–ભૂદેવો ! કેમ પધારવું થયું છે ? તેઓ કહે કે–આપના રુપની ખ્યાતિ સાંભળીને રુપનાં દર્શન કરવા આવ્યા છીએ. ત્યારે ચક્રી કહે કે–ગાંડાઓ ! રુપનાં દર્શન કરવા હોય તો સિંહાસને બેસું ત્યારે અવાય. તે પછી વસ્ત્રાલંકાર સજી તેઓ જ્યારે ચક્રવર્તીના સિંહાસને બેઠા છે ત્યારે તે બે બ્રાહ્મણદેવો ફરીથી આવ્યા છે પણ ચક્રવર્તીને જોતાં જ મોઢું બગાડે છે. તે જોઇને ચક્રી પૂછે છે કે શું થયું ? તો કહે છે કે–રાજન ! તે રૂપ ગયું. આપનું શરીર રોગોથી ઘેરાઈ ગયું છે. તેની ખાત્રી કરવી હોય તો પાનની પીચકારી મારો. ચક્રવર્તી તે પ્રમાણે કરે છે તો મોંમાંથી કીડા પડે છે. તે જ વખતે તેઓ સિંહાસન પરથી ઊભા થઈ ગયા અને વિચારે કે–'કેવો મૂરખ છું ! આ શરીરના રૂપમાં મૂંઝાયો.' એકદમ વિરાગ પામીને સાધુ થયા. જે વખતે દવા કરાવી શકે તે જ વખતે સાધુ થયા. આ કયાંય બને ?' 'દુઃખ તે મારાં જ પાપનું ફળ છે તે મારે મજેથી વેઠવું જોઇએ' આ શ્રદ્ધા પાકી હોય તો. છ મહિના સુધી તેમનો પરિવાર પાછળને પાછળ ફરે છે પણ પાછું વળીને તેમના સામું જોતા નથી. એવા એવા સોળ રોગ થયા છે કે બીજાના તો પ્રાણ લઈ લે. છતાં પણ તે બધા રોગોને સાતસો–સાતસો વર્ષ સુધી મજેથી વેઠે છે. તેના યોગે ઘણી બધી લબ્ધિઓ પેદા થઇ ગઈ છે પણ કદિ આ રોગોને કાઢવાનો વિચાર કર્યો નથી.

આ જોઇને શ્રી ઇન્દ્ર મહારાજાએ ફરીથી શ્રી સનતકુમાર મહામુનિના દેવલોકમાં

વખાણ કર્યા કે-'આ મહામુનિને આવા આવા રોગ હોવા છતાં, આટલી પીડા હોવા છતાં પણ ઉપાય કરવાનું મન થતું નથી. રોગને પોતાના ઉપકારી માને છે અને રોગને મઝેથી વેઠે છે.' આ સાંભળીને તે જ બે દેવોને તેમની પરીક્ષા કરવાનું મન થયું. તેથી ધન્વંતરીનું રુપ લઇને તેમની પાસે આવીને કહે કે-આપના રોગને કાઢીને સુવર્ણની કાંતિ જેવું શરીર બનાવી દઇએ. ત્યારે શ્રી સનતકુમાર મહામુનિ કહે કે-આ રોગ જેનાથી થયા તે કર્મને કાઢવાની તાકાત હોય તો કાઢો. બાકી તો મારી પાસે જ છે. એમ કહીને નીતરતી આંગળી મોંમાં મૂકે છે ને સુવર્ણની કાંતિ જેવી બનાવે છે. તે જોઇને તે બે દેવો હાથ જોડીને જાય છે.

રોગ શાથી થાય? પાપ કર્યાં હોય તેથી, રોગને મઝેથી ભોગવવાથી પાપ જાય અને રોગને કાઢવાનો વિચાર થાય તો ય નવું પાપ બંધાય. રોગ શા માટે કાઢવાનું મન થાય છે? મઝેથી ખાઇ-પી શકાય અને મોજમઝાદિ કરી શકાય માટે કે ધર્મ સારી રીતે થઇ શકે માટે? એવા એવા મહામુનિઓ થયા છે કે જેઓએ અનેક રોગોને મઝેથી સહન કર્યા છે.

આજનો મોટો ભાગ શરીરનો પૂજારી છે પણ આત્માનો પૂજારી નથી. તમને શરીર કિંમતી લાગે છે કે આત્મા કિંમતી લાગે છે? શરીરની જેટલી કાળજી રાખો છો તેટલી આત્માની કાળજી રાખો છો? આપણે શરીર છીએ કે આત્મા છીએ? શરીરને સારું રાખવાની મહેનત છે કે આત્માને સારો રાખવાની મહેનત છે? જેનું શરીર સારું હોય અને પોતે ખરાબ હોય તે આદમી કેવો કહેવાય? શરીરને સુધારવાનું જેટલું મન થાય છે તેટલું મન આત્માને સુધારવાનું થાય છે? આત્મા જુઠું બોલે તે બગડેલો છે માટે ને? જુઠું બોલવું તે રોગ છે કે ગુણ છે? હિંસા કરવી, જુઠું બોલવું, ચોરી કરવી, વિષય સેવન કરવું, પરિગ્રહ રાખવો તે વગેરે અઢારે પાપોને કરવા તે ભયંકર રોગ છે તેમ લાગે છે? તમે જુઠું બોલો તો ગભરામણ થાય?

શરીરના રોગની દવા કરાવવા ઝટ ડોક્ટરાદિ પાસે જાવ છો તેમ આત્માના રોગની દવા કરાવવા કોઇ ડોક્ટર રાખ્યા છે? જુઠું બોલવાનું મન થાય તો ઝટ ગુરુને પૂછવા જાવ કે આનાથી બચવા મારે શું કરવું? 'લોક મને સારો માને છે, ધર્મી માને છે પણ હું અનેકને ઠગું છું. જે બહુ વિશ્વાસ મૂકે તેને હું બહુ ઠગું છું. તો મારું શું થશે?' તેમ કોઈ ગુરુને પૂછ્યું છે? જૂઠું બોલવું, ચોરી કરવી, કોઇને ઠગવા, વિશ્વાસઘાતાદિ કરવા તે આત્માના ભયંકર રોગ છે; તેને કાઢવાનું મન થાય છે?

(ક્રમશઃ)

* તત્વનિર્ણય કે તત્વનો ઉચ્છેદ *

—મુક્તિપંથ પથિક

પ. પૂ. આ. દેવ શ્રીમદ્ વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની પાસેથી કોણ જાણે શું સ્વાર્થ ન સચોં કે જેના કારણે આ. ભ. શ્રી કાન સૂ. મ., આ. ભ. શ્રી લબ્ધિ સૂ. મ. સા., આ. ભ. શ્રી સિદ્ધિ સૂ. મ., આ. ભ. શ્રી પ્રેમ સૂ. મ. જેવા મહાન ગીતાર્થ પુરૂષોને પણ જેમાં કોઈ જાતની શાસ્ત્ર વિરોધિતા કયારે પણ નથી જણાઇ એવા આ. દેવ શ્રી રામચંદ્ર સૂ. મ. સા. ના વ્યાખ્યાનમાં આવતી 'જિનપૂજા સ્વદ્રવ્યથી કરવી જોઇએ, દેવદ્રવ્યથી પૂજા ન થાય, ગુરૂપૂજનનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય, સંસારના સુખાર્થે માટે ધર્મ ન કરાય વગેરે અનેક શાસ્ત્રીય વાતોનો આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ. ક્રમસર વિરોધ કરવાની શરૂઆત કરી. શરૂઆતમાં સંસારના સુખ માટે ધર્મ ન થાય' વગેરે વાતોનો આડેધડ વિરોધ કરવા દ્વારા આ. દેવ શ્રી રામચંદ્ર સૂ. મ.ને આડકતરી રીતે ઉત્સૂત્રભાષી તરીકે સિદ્ધ કરવાના કુટ પ્રયત્નો કરવા દ્વારા ઘર (શાસન) બાળવાની શરૂઆત કરી. 'સંઘ સેવકે' ઘનામી પત્રિકાઓનો મારો ચલાવ્યો એટલે શાસનના ઘરને વધારે બાળવાના પ્રયાસ કરવા 'બળતુ ઘર કૃષ્ણાર્પણ' કરાયા તેમ પં. જયસુંદર વિ. ને આપ્યું એમણે પણ યોગદૃષ્ટિ ગ્રંથના ભાષાંતરની પ્રસ્તાવનામાં આ. શ્રી રામચંદ્ર સૂ. મ. માટે યદ્વાતદ્વા લખી ઘોર અપમાન કર્યું. એથી એ પણ સમાજમાં ઘણા ફજેત થયા. અને એમણે પણ કુતર્કાગ્રણી ન્યાય વિશારદ-વિદ્વારદ । મુ. શ્રી અભયશેખર વિ. ને વધુ ને વધુ બાળવા સોંપ્યું લાગે છે એમાં કદાચ આ. જયઘોષ સૂ. મ. અને પં. જયસુંદર વિ. વગેરે પરોક્ષ રીતે બળતા ઘરમાં પેટ્રોલ રેડવાનું કામ કદાચ કરતા હશે. હવે તેઓ બહુ જાહેરમાં આવવા નથી માંગતા અને જાહેરમાં આવવાની દૈનિક પેપરમાં ના જણાવે છે જેને સમજવું હોય તેણે અમારી પાસે રૂબરૂ આવીને વિચારણા કરવી. એમને જાહેરમાં ઉતરવામાં શાસન હીલના લાગે છે. જે અનેકવાર જાહેરમાં નિવેદન કરવા દ્વારા શાસનની હીલના કરી ચુકયા છે. શાસન જયવન્તુ છે અને રહેવાનું છે પણ શાસનના ઘરને બાલવાના પ્રયાસ કરનારા જ બીચારા બલી જવાના દુરન્ત સંસારમાં ભટકવા દ્વારા...

હમણાં હમણાં મુ. અભયશેખર વિ.એ તત્વનિર્ણય અને દેવદ્રવ્ય જિનપૂજા નામના બે પુસ્તકો બહાર પાડયા છે તેમાં આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ.ની શાસ્ત્રીયવાતો પૂર્વમાં ગીતાર્થાગ્રણી આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. જેવા અનેક વડીલ પુરૂષોની હાજરીમાં જોરશોરથી રજુ કરાયેલી અને જેમાં એ વડીલોનો કોઈ પણ જાતનો વિરોધ કે અસંમતિ

ન હતી પરંતુ તેમના વ્યાખ્યાનો સાંભળીને એ વડીલ મહાપુરૂષો આનંદિત થતા હતા તે કરેક શાસ્ત્રીય વાતો નો મુ. અભયશેખર વિ. ગણી કુતર્કો કરવા દ્વારા ખંડન કરવાના બાલીશ પ્રયત્નો કર્યો છે સાથે સાથે પોતાની જાત અતિદ્વેષી તરીકે જાહેરમાં તરવરી ન આવે એટલા માટે પ્રસ્તાવના વગેરેમાં પોલીસી પૂર્વકનું મધ્યસ્થપણું એવું બતાવ્યું છે કે વાંચનારને એમ જ લાગે કે આ મુનિશ્રી કેટલા મધ્યસ્થ–રાગદ્વેષ વગરના છે.

પણ આગળના લખાણોમાં જે રફ–બરછટ અને આક્ષેપાત્મક ભાષાનો ઉપયોગ કર્યો છે તે વિવેક બુદ્ધિથી માણસ વાંચે તો ખ્યાલ આવ્યા વગર ન રહે કે એમનું લખાણ કેટલું દ્વેષ ભરેલું છે. ચાલો ! એ વાત તો ઠીક છે એમનું કેવું દ્વેષ પૂર્ણ છે કે માધ્યસ્થપૂર્ણ છે એ તો જ્ઞાની ભગવંત જાણે અથવા એમની જાત જાણે એમાં આપણે પડવું નથી પરંતુ એમણે 'તત્ત્વ નિર્ણય' પુસ્તકમાં જે કુતર્કો લડાવ્યા છે એના દ્વારા આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ.ની સૈધ્ધાંતિક વાતોને તોડવા જતા અરિહંત પરમાત્મા શ્રી મહાવીર સ્વામિ, શ્રી સુધર્મા સ્વામી તથા આ. ભ. શ્રી હરીભદ્ર સૂ. મ. વગેરે મહાપુરૂષોની વાતોને પણ કેવી ઉડાડી દીધી છે એમની તાત્ત્વિક વાતોનો પણ કેવો છેદ કર્યો છે એનું પણ ભાન કુતર્ક શેખર મુ. અભયશેખર વિ. ને રહ્યું નથી. અને લોકોને પણ કેવા ઉન્માર્ગે દોરનારૂં છે એ જણાવવા મુ. અભયશેખર વિ. એ પુસ્તકમાં કરેલા અનેક તર્કોમાંના બે ત્રણ તર્ક જ કેવા ભયંકર કુતર્ક છે એ સમજાવવા નો અહિં પ્રયાસ કરાય છે.

બે ત્રણ તર્ક પણ ભયંકર કુતર્ક તરીકે જણાઈ જાય પછી તો ખ્યાલ આવી જ જશે કે, પોતાની અસત્ય વાતને સિદ્ધ કરવા અને બીજા પક્ષની શાસ્ત્રીય વાતોને ખાંડવા જે તર્કો કર્યો છે તે પણ ભયંકર કુતર્કો જ છે. ખીચડી રાંધનાર બાઈ ખીચડી સીજી કે ન સીજી એ જાણવા બે ત્રણ દાણા જ ઠબાવે પણ ખીચડીમાં હાથ ઘાલી બધા દાણા ઠબાવતી નથી બે ત્રણ તર્ક કુતર્ક તરીકે સિદ્ધ થઈ જાય પછી બીજા પણ તેમના તર્કો કુતર્ક તરીકે સિદ્ધ થઈ જશે અને લોકોના મગજમાં બેસી જશે અને લોકોનું ઉન્માર્ગ ગમન અટકી જશે માટે અત્યારે અમારે બધા જ તર્કોમાં હાથ ઘાલવો નથી આ. ભ. શ્રી રામચંદ્ર સૂ.મ. સા. વરસોથી આ.ભ. શ્રી પ્રેમ સૂ.મ. વગેરે વડીલોની ઉપસ્થિતિમાં સંસાર માટે કરાતો ધર્મ ભૂંડો છે. આવું વ્યાખ્યાનમાં સમજાવી રહ્યા હતા અને જૈન પ્રવચનમાં વગેરેમાં પણ છપાતુ આવ્યું હતું એ શાસ્ત્રીય વાતને ખોટી ઠરાવવા જે તર્ક કુતર્ક શેખર મુ. અભયશેખર વિ.એ કર્યો છે એ કેવા કુતર્ક છે તે અહિં રજુ કરવાના છે જેથી સહેલાઈથી ખ્યાલ આવી જશે કે સંસાર માટે કરાતો ધર્મ ભૂંડો છે એ શાસ્ત્રીય તત્ત્વાનો કેવો ઉચ્છેદ એઓ કરી રહ્યા છે.

કુતર્ક શેખર મુ. અભયશેખર વિ. તત્ત્વનિર્ણય નામના પુસ્તક પૃષ્ટ ૨૪ પર લખે છે કે–

જુઓ જૈન શાસનમાં દેવ–ગુરૂ અને ધર્મ આ ત્રણે તત્ત્વ સમાન રીતે ઉપાસ્ય છે એટલે જે વાત ધર્મને લાગુ પડે એ દેવ–ગુરૂને પણ લાગુ પડે એ સહજ છે. લૌકિક અપેક્ષાથી આરાધાયેલ દેવને અમે ભૂંડા ન કહેતા હોવાથી લૌકિક અપેક્ષાથી આરાધાયેલા ગુરૂ અને દેવ (ધર્મ)ને ભૂંડા કહેવાની જરૂર અમને ઉભી થતી નથી પણ જેઓ લૌકિક અપેક્ષાથી આરાધાયેલા ધર્મને ભૂંડા કહે છે તેઓ પોતાના ગુરૂને અને દેવને ભૂંડા કહેશે ? અર્થાત તેઓ લૌકિક ઇચ્છાથી આરાધાયેલો ધર્મ ભૂંડો છે એની જેમ લૌકિક ઇચ્છાથી આરાધાયેલા શ્રો રામચંદ્ર સૂરિ મ. ભૂંડા છે સંસાર વધારનારા છે રીબાવી રીબાવીને મારનારાં છે. આવો પ્રચાર કરશે ખરા ? ને એજ રીતે શ્રી વીર પરમાત્માને ભૂંડા કહેશે ખરા ?

લાંબું લાંબું એમનું લખાણ હોવાથી થોડા થોડા એમના લખાણમાં કુતર્કની કેવી કુટિલતા છે તે અત્રે જણાવાશે.

આ ઉપરોક્ત લખાણમાં પણ કેવો કુટિલ કુતર્ક મુ. અભયશેખર વિ. ગણિએ લગાવ્યો છે એ જોવા જેવા છે.

'દેવ ગુરૂ અને ધર્મ તત્ત્વ સમાન રીતે ઉપાસ્ય છે એટલે જે વાત ધર્મને લાગુ પડે એ દેવ ગુરૂને પણ લાગુ પડે એ સહજ છે.' આ વાત તદ્દન શાસ્ત્ર વિરૂદ્ધ છે કેવલ કુતર્ક જ છે કેમકે જે વાત દેવ ગુરૂ તત્ત્વને લાગુ ન પડે તે ધર્મ તત્ત્વને લાગુ પડી શકે અને જે ધર્મ તત્ત્વને લાગુ પડે તે દેવ ગુરૂ તત્ત્વને લાગુ ન પણ પડે. ઓ ! મુ. અભયશેખરજી લૌકિક અપેક્ષાથી આરાધાયેલ દેવ અને ગુરૂને ભૂંડા કહેવાની વાત લાગુ લાગુ પડતી નથી પરંતુ લૌકિક અપેક્ષાથી આરાધાયેલ ધર્મને ભુંડો કહેવાની વાત પડી શકે છે–લૌકિક અપેક્ષાએ આરાધાયેલા ધર્મને ભૂંડો કહેવાની વાત લાગુ પડી શકે તેમ લૌકિક અપેક્ષાએ આરાધાયેલ દેવ–ગુરૂને ભુંડા કહેવાની વાત લાગુ નથી પડતી.

તમારે જેમ લૌકિક અપેક્ષાથી આરાધાયેલ ગુરૂ અને દેવને ભૂંડા કહેવાની જરૂર ઉભી થતી નથી તેમ આ. રામચંદ્ર સૂ. મ.ને અને તેમના પક્ષને પણ એ જરૂર ઉભી થતી નથી.

જેમ અરિહંતદેવો સંસારમાં મોજ મજા કરવા લૌકિક પદાર્થોને મેળવવાની અપેક્ષા રાખીને મને આરાધ એવું કહેતા નથી માટે કોઈ તેમની આરાધના તેવી

ભૌતિક અપેક્ષાથી કરતા હોવા છતાં અરિહંત દેવ ભૂંડા કહેવાતા નથી તેવી રીતે સંસારમાં મોજમજા કરવાની દૃષ્ટિએ ભૌતિક પદાર્થોને મેળવવાની ઇચ્છાથી મને વંદનાદિ કરવા દ્વારા આરાધ એવું આ. રામચંદ્ર સૂ. મ. કહેતા નથી માટે તેવી ભૌતિક અપેક્ષાથી વંદનાદિ દ્વારા તેમને આરાધે તો પણ આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. ભૂંડા છે એમ ન જ કહેવાય અને કોઈ કહેતા પણ નથી જ.

તમે જો સંસારમાં મોજમજા કરવા માટે ભૌતિક પદાર્થો મેળવવા વંદનાદિ કરવા દ્વારા તમારી જાતને આરાધવાનું કહેતા હો તો તમને ભૌતિક ઇચ્છાથી વંદન કરનારની ભૌતિક ઇચ્છા ભૂંડી છે તેમ તમે પણ ભૂંડા જ છો. એમ કહેવામાં કોઈ બાધ દેખાતો નથી જો આ. રામચંદ્ર સૂ. મ. પણ તમારી જેમ કહેતા હોય તો એમને પણ ભૂંડા કહી શકાય. પણ આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. ક્યારે ય આવું કહેતા ન હતા કે સંસારમાં મોજમજા કરવા માટે ભૌતિક ઇચ્છાથી મને વંદનાદિ કરવા દ્વારા આરાધ ! માટે એ ભૌતિક ઇચ્છાથી આરાધાયેલો ધર્મ ભૂંડો છે એની જેમ ભૌતિક ઇચ્છાથી આરાધાયેલ આ રામચંદ્ર સૂ. મ. ભૂંડા છે. સંસાર વધારનાર છે રીબાવી રીબાવીને મારનાર છે આવો પ્રચાર કરવાની તો અમારે જરૂર નથી પણ આવું માનવાની પણ અમારે જરૂર નથી એવી રીતે શ્રી વીર પરમાત્માને પણ ભૂંડા કહેવાની કે માનવાની અમારે કાંઈ જ જરૂર નથી

સંસારમાં મોજમજા માણવા માટે ભૌતિક ઇચ્છાથી ધર્મ કરે તો એના ધર્મને ભૂંડો કહેવામાં કશો જ બાધ નથી અને અમારા આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. એવા ધર્મને ભૂંડો કહેતા હતા તે અનેક શાસ્ત્રોના આધારે કહેતા હતા ? અને ઓ ! અભયશેખરજી તમારા દાદા ગુરૂએ પણ ભૂતકાલમાં પરમ તેજ નામના પુસ્તકમાં એવા ધર્મને ઝેરનો લાડવો કહીને ભૂંડો કહ્યો જ છે. પરમતેજ ગ્રંથના પ્રથમ ભાગ પૃષ્ટ નં. ૩૪.

...પરંતુ જે શુભક્રિયાનો દુન્યવી સુખ-સન્માનની આશંસાના અશુભ અધ્યવસાયથી મિશ્રિત થાય તો ઝેરના લાડુ જેવી બની જાય એ પુણ્યના ટેસ આપે પણ આત્માના ભાવ પ્રાણ હણી નાખે તેથી અનેક પાપમય અને દુઃખમય દુર્ગતિના જન્મ મરણ આપે છે.

વહાલા વાંચકો જુઓ ! આ. દે. શ્રી ભુવનભાનુ સૂ. મ. પરમ તેજ ગ્રન્થમાં શુભ ક્રિયા (પૂજા ભક્તિ વગેરેની ક્રિયા) સુખ-સન્માનની આશંસાના અશુભ અધ્યવસાયથી મિશ્રિત થાય તો એ શુભક્રિયા (ધર્મક્રિયા રૂપ ધર્મ.) ઝેરના લાડવા જેવી છે એમ કહીને સુખ-સન્માન માટે કરાયેલ શુભ ક્રિયા (ધર્મ) ને ભૂંડો જ કહ્યો ને ? અને આવા ધર્મથી જે પાપાનુબંધી પુણ્ય બંધાયું

એનાથી સુખ–સન્માનના ટેસ (મોજ મજા) મળી જાય પણ એનાથી આત્માના ભાવ પ્રાણ હણી નાખે તેવી અનેક પાપમય–દુઃખમય દુર્ગતિઓના જન્મ મરણ આવે એટલે એવો ધર્મ અનેક દુર્ગતિઓમાં ભટકાવનાર બને...

બોલો વાંચકો ભૂતકાળમાં આ. ભુવનભાનુ સૂ. મ. સુખ–સન્માનની આશંસાવાળા ધર્મને ઝેરનો લાડવો કહીને ભૂંડો અને ભૂંડી રીતે ભટકાવનારો કહ્યો ને" તો ભૌતિક આશંસાથી કરેલા ધર્મને ભૂંડો કહે એથી આ. રામચંદ્ર સૂ. મ. શું ગુનેગાર થયા?

તેવી રીતે; વર્ષો પહેલાના દીવ્ય દર્શનમાં મોટા અક્ષરે હેડીંગમાં લખ્યું છે કે 'સંસાર માટે કરેલો ધર્મ સંસારમાં ભટકાવે અને મોક્ષ માટે કરેલો ધર્મ મોક્ષમાં પહોંચાડે.' આમ કહીને આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ. સંસાર માટે કરેલા ધર્મને સંસારમાં ભટકાવનારો અને ભૂંડો કહ્યો તો આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. જે તમારા દાદા ગુરૂ છે એ શું ગુનેગાર થયા? જેથી મુ. અભયશેખર વિ.! તમે કહો છો કે ભૌતિક અપેક્ષાથી કરેલા ધર્મને ભૂંડો ન કહેવાય?

ભૌતિક અપેક્ષાથી કરેલો ધર્મ ભૂંડો નથી કહેવાતો એના માટે કોઈ શાસ્ત્ર પાઠ તમારી પાસે છે ખરો? હોય તો તે રજુ કરો! બાકી તો આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. તથા આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ. સંસાર માટે સુખ–સન્માનની. આશંસાથી કે ભૌતિક અપેક્ષાથી કરેલા ધર્મ ને શાસ્ત્ર પાઠોના આધારે જ ઝેરનો લાડવો કહીને કે સાક્ષાત ભૂંડો કહ્યો છે.

આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. બાલ જીવોના કે મુગ્ધ જીવોના ધર્મને કે આપદ-ગ્રસ્ત ધર્મી જીવ પોતાના ઘવાતા ધર્મને ટકાવી રાખવા ભૌતિક અપેક્ષાથી ધર્મ કરે તો તેના ધર્મ ને ભૂંડો કોઇ ઠેકાણે કહ્યો નથી. સંસારમાં મજા માણવા માટે ભૌતિક પદાર્થો મેળવવા ધર્મ કરે તેના ધર્મને તો જ્ઞાનીઓએ શાસ્ત્રમાં ભૂંડો કાંકરો હોવાથી આ. રામચંદ્ર સૂ. મ. ઠોકી વગાડીને સંસાર માટે કરેલા ધર્મને ભૂંડા તરીકે જીવનભર સમજાવ્યો છે.

આ રહ્યા તેના શાસ્ત્રપાઠો—

આચારાંગ સૂત્રમાં ભગવાન મહાવીરદેવે ફરમાવ્યું છે કે–'જે પરિસવા તે આસવા' 'સંવર પણ આશ્રવ' બની શકે છે.

મોહાદિના મલીન આશયથી સંવરની ક્રિયા રૂપ ધર્મ કરાતો હોય ત્યારે એ આશ્રવ રૂપ બની જાય છે આવા સંવરની ક્રિયા રૂપ ધર્મને આશ્રવ કહીને ભગવાન મહાવીરદેવે ભૂંડો જ કહ્યો ને? કેમકે આવો ધર્મ હેય છે અને જે આવો હેય ધર્મ હોય તે ભૂંડો જ કહેવાય.

(ક્રમશઃ)

આચરણનું આચમન કરો, તત્ત્વને તારવો.

—વર્ધમાન તપોનિધિ પૂ. આ. દેવશ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ. સા.

આજે આપણે આપણને જ્ઞાની માનીએ છીએ તો વિચારવા જેવું છે જ્ઞાન આપણે બીજા પાસે લીધું છે. ઉધાર માલ ઉપર કે ઉછીને લાવેલી વસ્તુ ઉપર અભિમાન કરનારો અભિમાન કરે છે તે જેમ નાનો છોકરો બોટી ઘડીયાળ પહેરીને બતાવે છે અને લાકડીને જેમ ઘોડો કહે છે તેવી વાત છે.

શબ્દ જ્ઞાની બીજાનું લખેલું વાંચે છે. આત્મજ્ઞાની પોતાના આત્માને વાંચે છે. માટે આપણે ત્યાં કહ્યું છે—જાણુકારીનો સંગ્રહ બે પગનું કબાટ છે. બીજાને જાણે તે જાણુકાર અને પોતાને જાણે તે જ્ઞાની કહેવાય છે.

રસોઇઓ બધાને રસોઈ જમાડે અને પોતે ન જમે તો મરે છે અને બીજાને મારે છે માટે જૈન શાસનમાં પહેલા સ્વનું કલ્યાણ કરવા સાથે પરનું થઈ જાય તો વાંધો નથી. પરંતુ પોતાનું બગાડીને બીજાનું સુધારવું તે આત્મવંચના છે.

જાણુકારની ચમક હોય છે જ્ઞાનીનું વજન હોય છે. પુખરાજમાં ગીલેટ લગાડવાથી વધુ ચમકે છે પરંતુ સાચી કિંમત તેના વજનની છે. આજે મોટો ભાગ ચમકને જુવે છે. તે ચમકમાં જ્યારે ઘર્ષણ થાય છે ત્યારે તેને અગ્નિ લાગે છે. નાના હતા ને ચમક પથરો ઘસતાં તે અગ્નિ ઉત્પન્ન કરતા. પરંતુ ધ્યાન રાખતાં બળી ન જવાય.

જ્ઞાની બનવા માટે ધૈર્યની જરૂર છે. ધૈર્યથી બુદ્ધિ વધે છે. બુદ્ધિથી સ્મૃતિ વધે છે. સ્મૃતિથી ક્ષમા વધે છે. ક્ષમાથી ચારિત્ર આવે છે. પછી શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે. ધૈર્ય એ ધર્મનું મૂળ છે. બુદ્ધિ એ થડ છે. સ્મૃતિ એ ડાળ છે. ક્ષમા એ વડવાઇ છે. ચારિત્ર એ ફળ છે અને ધર્મ એ ફૂલ છે. મોક્ષ એ ફળનો આસ્વાદ છે.

જે નિયમીત એકાગ્રતા અને નીર્વિકાર એટલે આશંકા વગર ભણે છે તેના જ્ઞાનાવરણીય કર્મ ખપ્યા વગર રહેતા નથી.

તમારા પાસે જે રોજી છે તેમાંથી તમે રોટલી અને જ્ઞાન મેળવો. રોટલી એ જીવન આપે છે અને જ્ઞાન એ જીવન જીવવાની કળા આપે છે. નરકમાં મને કાંઇ ન મળે તો પણ સમ્યગ્જ્ઞાન મળે તો ઘણું છે.

સ્વાધ્યાય એટલે શું સારી રીતે અધ્યયન કરવું તેનું નામ સ્વાધ્યાય છે.

શરીર માટેનો વ્યાયામ કસરત છે. તો મગજનો વ્યાયામ અધ્યયન છે. યોગનો વ્યાયામ તે આચરણ છે.

મગજથી જે નથી મળતું તેના કરતાં વધુ જ્ઞાનીને વંદન કરવાથી મળે છે. અને જ્ઞાનીના વંદનથી જેટલું મળતું નથી તેના કરતા તેમના આશીર્વાદથી વધુ મળે છે. સારા અક્ષરવાળી એક કોપીની અનેક ઝેરોક્ષ કોપી તૈયાર થાય છે. તેમ સારા આચરણવાળી વ્યક્તિ દ્વારા અનેક ઝેરોક્ષ વ્યક્તિઓ તૈયાર થાય છે. હવે તો એવા ઝેરોક્ષ મશીન નીકળ્યા છે કે એકવાર તમે ઝેરોક્ષ કોપી કઢાવી તે લખાણ તમારે ભુંસી બીજું છાપવું હોય તો છાપી શકાય તેવું ફ્રસ વખત કરી શકાય. સારા આચરણથી આત્મા ઉપરથી ઢગલા બંધ અશુભ કર્મ નાશ પામે છે સાથે તેવું જીવન જોઇ સાહજીક તેવા આત્માઓ તૈયાર થઇ જાય છે.

કલમ એ મગજની જીભ છે. વાત એ ગરજવાનની જીભ છે. અને આચરણ એ હૈયાની પ્રાયઃ જીભ હોય છે.

બોલો એના કરતા વિચારો વધુ અને વિચારો તેના કરતાં આચરો વધુ માટે શ્રમજીવી કરતાં બુદ્ધિજીવી વધે છે. અને બુદ્ધિજીવી કરતાં આચરણ પ્રેમી ચારિત્રજીવીની વધુ કિંમત છે. ચારિત્ર એ ખરીદી શકાતું નથી. માટે ત્રણ જ્ઞાનના ધણી ઇન્દ્ર મહારાજા અવધિજ્ઞાની એવા ચારિત્ર જીવીને નમસ્કાર કરે છે. તારક તીર્થંકર દેવો જન્મતા ત્રણ જ્ઞાન લઇને જન્મે છતાં ચારિત્ર ધર્મની આરાધના કરી સર્વ કર્મોનો ક્ષય કરે છે. પછી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

મુહપત્તિના ૫૦ બોલમાં આગમનો સાર ભરી દીધો છે. પચાસ બોલમાં પહેલું હૈયા પાસે મુહપત્તિ રાખી સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું કહેલું છે. તેના અર્થ એ છે સૂત્ર અર્થ ભણી અને જે તત્વ તારાપણું એટલે આત્મ તત્વને ગ્રહણ કરી લે. માલ ભર કચરો કાઢ. બાહ્યશોધ છોડ અંદર બોધ પ્રાપ્ત કર. પછી મોહનીય કર્મને કાઢવા માટેના ૩ બોલ સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરૂં છે. પરંતુ સૂત્ર અર્થ તત્વ કરી સદ્દહુ એ પ્રથમ બોલ એક કહ્યો છે. સૂત્ર અર્થ તત્વ એ પાયો છે. ત્યાર પછી અનુક્રમે કામ રાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરૂં.

પછી જમણા હાથમાં મુહપત્તિ રાખી ડાબા હાથની અંદર ઉપર લઇ જવાની છે. તે વખતે મુહપત્તિ ડાબા હાથને અંદર લઇ જતી વખતે અડાડવાની નથી. કેમ સુદેવ, સુગુરૂ, સુધર્મ આદરૂં એટલે કે આ ત્રણેને આત્મામાં એકરસ બનાવવાના છે. પછી કુદેવ કુગુરૂ કુધર્મ પરિહરૂં બોલતી વખતે મુહપત્તિ જ્યારે નીચે આવે ત્યારે બરાબર હાથને અડાડી નીચે લાવવાની છે. તે ત્રણે આત્મ વિકાસમાં બાધ અને ઘેરક જેવા છે તેને ઘસડીને આત્મામાંથી કાઢવાના છે. ભુલે ચૂકે પણ તેનો અંશ આત્મામાં

ન રહી જાય તે માટે સાવધાન રહેવાનું છે. પછી જ્ઞાન દર્શન ચારિત્ર આદરૂં તે વખતે મુહપત્તિ ઉપર લઈ જઈએ ત્યારે પણ મુહપત્તિ અડાડવાની નથી પરંતુ જ્યારે પાછી ફેરવે એ ત્યારે જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના ચારિત્ર વિરાધના પરિહરૂં બોલીએ ત્યારે હાથને અડાડી મુહપત્તિ નીચે લાવવાની છે. જ્ઞાન દર્શન ચારિત્રની વિરાધના ન થઇ જાય તેની સાવધાની માટે છે. પછી મનગુપ્તિ–વચનગુપ્તિ–કાયગુપ્તિ બોલતી વખતે મુહપત્તિ અંદર લઈ જવાની છે. ત્યારે અડાડવાની નથી. જ્યારે પાછી મુહપત્તિ નીચે ઉતારીએ ત્યારે મનદંડ–વચનદંડ–કાયદંડ પરિહરૂં એમ બોલવાનું છે. મન–વચન–કાયાનો દૂર ઉપયોગ ભવ ભ્રમણ વધારવામાં જીવનને બરબાદ કરવામાં મુખ્ય ભાગ ભજવે છે. પછી ડાબા હાથની નીચે મુહપત્તિ ઊતારતા અડાડીને મુહપત્તિ નીચે લાવવાની છે. તે વખતે હાસ્ય–રતિ–અરતિ પરિહરૂં બોલવાનું છે. ત્યાર બાદ જમણા હાથે ઊપરથી નીચે મુહપત્તિ ઊતારવાની છે. ભય–શોક દુર્ગંછા પરિહરૂં આ બોલીએ ત્યારે મુહપત્તિ અડાડીને નીચે ઊતારવાની છે.

ત્યાર બાદ મસ્તકે મુહપત્તિ લઈ જઈ અડાડી કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કપોત લેશ્યા પરિહરૂં બોલવાનું છે. ત્યાર બાદ મુખ પાસે મુહપત્તિ લાવી રસગારવ, શાતા ગારવ વૃદ્ધિ ગારવ પરિહરૂં બોલવાનું છે.

ત્યારબાદ હૃદય પાસે મુહપત્તિ લાવી માયા શલ્ય, નિયાણ શલ્ય, મિથ્યાત્વ શલ્ય પરિહરૂં બોલવાનું છે.

ત્યાર બાદ બંને પગે સાધુ સાધ્વીજી ભગવંત બોલ બોલે ત્યારે પૃથ્વીકાય, અપકાય, વાયુકાયની રક્ષા કરૂં, તેઉકાય–ત્રસકાય–વનસ્પતિકાયની રક્ષા કરૂં બોલે છે. જ્યારે શ્રાવક–શ્રાવિકા જયણા કરૂં બોલે છે. કારણ જ્યાં સુધી સર્વવિરતિ ધર્મ દીક્ષા ન લે ત્યાં સુધી તેની રક્ષા કરવા ઊજમાળ બની શકતા નથી. રોજ ધ્યાન કઇ બોલ બોલવાથી પાપ પ્રવૃત્તિ મંદ પડયા વગર રહેતી નથી. રોજ સમ્યગ્દર્શનની શુદ્ધિ વૃદ્ધિ થયા વગર રહેતી નથી. એક વખત સિદ્ધિપદ અપાવે છે.

આત્માનું નવનીત પ્રાપ્ત કરવું હોય તો વાંચજો થોડું વિચારજો વધુ. વિચારજો થોડું પણ આચરજો ઘણું. બોલજો થોડું પણ સાંભળજો ઘણું. સાંભળજો ઘણું પણ ઊતારજો ઘણું.

કોઇને શીખ આપવી હોય તો બહુમાનથી આપો. તેમ બીજાને શિખામણ એટલ શિખ+આમણ એટલ શિખ આપતી વખતે સામા ઊપર બહુમાન રાખો. બહુમાન વગરની શિખામણ એ ઝાટકણી છે. જેમ કપડા ઝાટકવામાં અનેક જીવો મરી જાય છે તેમ.

અમેરિકાના ભુતપૂર્વ પ્રમુખ રૂઝવેલ્ટની પાસે ઘણા મુલાકાતીઓ એક પછી એક આવતા. એક જાય અને બીજો આવવાનો સમય થોડો હોય ત્યાં તે ચિત્તને અધ્યયનમાં લગાવી દેતા હતા. નેપોલિઅન ઘોડા ઉપર બેસીને વાંચતો હતો. જો દુનિયાની ભૌતિક સમૃદ્ધિ મેળવવા આ લોકો આટલા ભોગ આપતા હોય તો લોકોત્તર જિનશાસન અને ભવસાગર તરી જવા માટેનું પ્રબળ સાધન સમ્યગ્જ્ઞાન મેળવવા માટે આપણે કેટલો ભોગ આપવો જોઇએ ? એ ખુબ ખુબ વિચારવા જેવું છે. પ. પૂ. આ. દેવ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની જેવી સ્વાધ્યાયની પ્રેમ પ્રિત કેળવવા જેવી છે.

—*— રત્નકણ —*—

* સાચાને આંચ હોતી નથી. ડાહ્યાને ડામ લાગતા નથી. બહાદ્દરને ડર ડરાવતા નથી. દાનવીર કહાપી દીન બનતો નથી. એ તો આપવામાં લીન છે. આત્મા અને જડ ભિન્ન છે. ભીન્નમાંથી અભીન્ન આત્મા છે.

* બીજામાં ચંદ્રનું અજવાળું ન કરો તો એ વાંધો નથી. તારાનું તેજ ન પાથરો તો એ વાંધો નથી. પણ રાહુ તો ન બનતાં.

* જન્મતા વિસ્મય અને મસ્તીનું તેજ લઇને આવેલો, તેના બદલે વિષય પસ્તી માનવ થઇ ગયો છે.

* આપણે ગતિ ઘણી કરી છે. પણ પ્રગતિ ન કરી કેમકે લક્ષ્ય આપણું સાચું ન હતું. રોંગ સાઇડ (ખોટી દિશામાં) ગાડી ચાલતી હતી.

* હૃદયમાં ભલાઇ અને વાણીમાં મીઠાસ એ સુખની ખાણ છે.

* દુર્લભ માનવ જીવનની પ્રાપ્તિ થયા પછી ખાવા પીવામાં ઓછું આવે સંતોષ ચાલી શકે, ઘર રહેવા નાનું મોટું મળે સંતોષ ચાલી શકે, માન અને અપમાનમાં સંતોષ ચાલી શકે, પૈસા ઓછા વધતામાં સંતોષ ચાલી શકે. પરંતુ આત્મવિકાસની બાબતમાં સંતોષ ન ચાલી શકે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી મારો સુદેવ—સુગુરૂ અને સુધર્મનો સંબંધ અતૂટ બની રહો. આવી પ્રચંડ ભાવના આત્માના પ્રદેશે પ્રદેશે સદા ધબકતી રહેવી જોઇએ.

* ઇચ્છાઓને બાંધવાનું જે દિવસે પરવડે તે દિવસને પર્વડે (પર્વ દિવસ) સમજવો.

* સામો ન કરે સમાધાન તો આપણે વિચારીએ કર્મનું ઢાસ્તાન થઇ જાય સાચું આખ્યાન.

* છોકરી, નોકરી, ભાખરી માટે ભણનારની ડાગળી ચસકી જાય છે. ડચ ડચ કર્યે

કરે છે. દુઃખ સહન જતું નથી.

* આગ્રહ છે ત્યાં કદાગ્રહ-વિગ્રહ જાય છે સમાધાન છે ત્યાં સમાધિનું સંકુલન થાય છે.

* ઈચ્છાઓના તનાવ ત્યાં છે મુશીબતોના બનાવ.

* છેલ્લી જીંદગીમાં લેવા જેવું છે ઘરના સઘળા કામોથી પેન્શન, પણ નથી હોતો ધનનો રાગી પેન્શન, તેથી બને છે કર્મોનું ટેન્શન ઊભું કરે છે દુઃખોનું મેન્શન દીધું છે પાપોનું લાયસન્સ.

* સુવર્ણના દાગીના કરતાં સદ્‌વર્તનનો મુગુટ વધુ શોભે છે. દુરાચાર આગ છે. સદાચાર બાગ છે. કુસંગ ભારેલો અગ્નિ છે. સત્સંગ સન્માર્ગની સરિતા છે.

-: લઘુ બોધકથા :-

* લાવ નહિ પણ લો *

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક વાર એક વાણીયો નદીમાં ડૂબી રહ્યો હતો. તેને બચાવવા ઘણા કહે કે, તમારો હાથ લાવો તો ઝાલીને બચાવી શકીએ. પણ તે હાથ આપતો ન હતો. ત્યાંથી પસાર થતાં અનુભવીએ એક જણને કહ્યું કે, તેને લાવ તેમ નહિ પણ 'મારો હાથ લો' તેમ કહો તો તે હાથ આપશે, બચાવનારે તેમ કહ્યું કે-'લો મારો હાથ' તો તે પકડી તેને બચાવ્યો.

જે માણસો લોભી હોય છે તે મરતી વખતે પણ 'લાવ' કહો તો આપતા નથી પણ 'લો' કહો તો આપે છે.

આપણે આ કથાનો બોધ એ લેવો છે કે, 'લાવ' 'લાવ'ની હાયવોયમાં આજનું જીવનસ્તર કેટલું નીચું ઊતરી ગયું છે. બધાને ગમે તે રીતે લાવો અને મોજ કરવાનું મન છે પણ હું પણ કોઈને થોડામાંથી થોડું આપું તેવી ભાવના લગભગ નષ્ટ પામી છે. જીવનમાં શાંતિ-સમાધિનો અનુભવ કરવો હોય તો 'લાવ' 'લાવ' ને બદલે 'લો' 'લો' કરો. પછી ચમત્કાર જુઓ. જીવનમાં જે સુખ-સમાધિનો અનુભવ થશે તે અવર્ણનીય હશે.

*

ઇસ્વી સન્ ૧૯૪૭ પહેલાં (આઝાદી પહેલાના)

રાજા–મહારાજાઓના સમયે કેશરીયાજી તીર્થ શ્વેતાંબરોનું છે એવો આવેલો ન્યાય

પ્રસ્તુતકર્તા–ઉદયચંદજી હ. મહેતા

C/o. ગરિમા ટેક્સટાઇલ, ૨૦ બિરલોંઠાવાસ, પાલી–મારવાડ–૩૦૬૪૦૧ (રાજસ્થાન)

પ્રસ્તાવના–દિગંબરોએ શ્વેતાંબરો જ્યારે કેશરીયાજી તીર્થ પર ધ્વજા ચઢાવતા હતાં ત્યારે દેરાસરમાં ઘુસી તોફાન મચાવેલ ત્યારે પોલીસ આવતાં દિગંબરો ભાગ્યા તેમાં ચાર દિગંબરો મરી ગયા તો દિગંબરોએ કેસ દાખલ કરેલ કે શ્વેતાંબરોને સજા થવી જોઇએ અને કેશરીયાજી તીર્થ અમારૂં છે અને કેસ કરેલ ત્યારે રાજા–મહારાજાઓના સમયમાં ન્યાય આવેલ કે આ તીર્થ શ્વેતાંબરોનું જ છે. એ ન્યાયનો ગુજરાતી અનુવાદ કરી નીચે આપેલ છે.

શ્રી કેશરીયાજી તીર્થ પર શ્વેતાંબરોનો હક્ક કાયમી દિગંબરોનો દાવો ખારીજ જુરબાનાની સાથે ખર્ચની દિગંબરો પર ડિગરી જગતની શહેનશાહી કોર્ટનું ફરમાન

મેવાડ દેશની અંતર્ગત શ્રીમાન કેશરીયાજી તીર્થ શ્રી ધુલવા ગામમાં છે. અહીં ધ્વજાદંડ વૈશાખ સુદ પંચમી તા. ૪–૫–૧૯૨૭ ને શ્વેતાંબરાચાર્ય શ્રી આનંદસાગર-સૂરીશ્વરજીએ શ્રાવક નગીનભાઇ ગરબડદાસ દ્વારા મેંબરોની વિનંતિથી કરાવેલ. એ દિવસે આઠમિયો મરી ગયા. દિગંબરોએ પોતાના તરફથી તા. ૬–૫–૧૯૨૭ ને દાવો જગતની શહેનશાહને ત્યાં દાખલ કર્યો એમાં દિગંબરોએ કાઢ ઇચ્છેલ.

(૧) આ શ્રી કેશરીયાજી તીર્થ દિગંબરી આમ્નામનું છે.

(૨) શ્રી કેશરીયાજીની કમેટીમાં એક પણ દિગંબર નથી. બધાં જ શ્વેતાંબર છે તો એમાં દિગંબરોને શરીક કરવા જોઇએ.

(૪) અમારા ચાર આદમીને શ્વેતાંબરોએ જાનની મારી દીધા છે તો આ વિષયમાં શ્વેતાંબરોને શિક્ષા થવી જોઇએ.

(૪) દિગંબર માણસોને શ્વેતાંબર હાકિમોએ પોલિસની પાસે માર મારીને મારી નાંખ્યા એનો ન્યાય થવો જોઇએ. અને શ્વેતાંબર હાકિમોને જલ્દી પદ પરથી કાઢી દેવા જોઇએ.

(૫) નામદાર મહારાણાના હુકમથી વિરૂદ્ધ શ્વેતાંબરોએ ધ્વજદંડ ચઢાવ્યો છે તે ઊતારી દેવા જોઇએ અને દિગંબરને ધ્વજદંડ ચઢાવાનો હુકમ આપે.

પહેલા મુદ્દામાં દિગંબરોએ પોતાની આમ્નામની મૂર્તિ હોવાનું કહે છે પરંતુ આ મૂર્તિપર એવા ચિન્હો છે કે તે દિગંબરોની મૂર્તિ ઊપર નથી હોતા. શ્વેતાંબરોની મૂર્તિપર જ હોય છે તેથી આ શ્વેતાંબરી સાબિત થાય છે.

દિગંબર લોગોની મૂર્તિના ખોળામાં પુરૂષચિન્હ હોય છે પરંતુ આ મૂર્તિપર તે ચિન્હ નથી જેથી આ મૂર્તિ દિગંબરી નથી. મૂર્તિપર પુરૂષચિન્હ ઘસાવ્યું હોય તેવું નિશાન પણ નથી.

દિગંબર લોગ આ દેરાસર પોતે બનાવ્યું છે એવું કહે છે પરંતુ આટલો સમય થયો પરંતુ તેનો એક પણ પૂરાવો આપતા નથી. આ લોગ દેરાસરના અંધારાવાલા ભાગમાં કે જ્યાં કોઇપણ પોતાનું નામ લખાવે અથવા યાદગિરિ રાખવા વાલો હોય તે લેખ લખાવે નહીં તેવા સ્થાનના સં. ૧૪૩૧ અને સં. ૧૫૭૨ નો લેખ બતાવે છે. પરંતુ પ્રથમ તો આ લોગો આ સંવતોને શ્રી વીર મહારાજાના સંવત બતાવે છે. આ વાત દિગંબરોની સાફ સાફ જૂઠી છે. આ લેખ અસલ તો વિક્રમની સદીનો જ છે કારણ કે દેરાસરમાં કોઇપણ લેખ શ્રી વીરસંવતનો નથી. અને આ શિલાલેખોમાં પણ સાફ સાફ વિક્રમાદિત્યનું જ નામ સંવતની સાથે લાગેલ છે. આથી શ્રી વીર સંવતના હિસાબથી આ લેખની પ્રાચીનતા કહેવી એ દિગંબરોની વાતને અમો જૂઠ સાબિત કરીએ છીએ. અસલ આ લેખ કેવો છે આ વિષે વિચારીએ તો દિગંબરના પોતે જૈન મિત્ર અને દિગંબર જૈન આદિના લેખ જ પરસ્પર વિરૂધ્ધતા બતાવી રહ્યા છે.

વાસ્તવમાં આ લેખ સારી રીતે કોઇએ પણ ભણ્યો નથી અને ઊતાર્યો પણ નથી અને રૂપે દિગંબરોએ રજુ કર્યો છે એથી આ લેખ શ્રી ઋષભદેવ મંદિરનો છે કે કોઇ બીજા મંદિરનો છે. આ નિશ્ચય થઇ શકતું નથી. કારણ કે જૈનગઝેટમાં પમેશ્વર મંદિર બતાવેલ છે અને લેખની તલાશ કરવાથી તો એમાં 'ઝવેરચંદ' શબ્દ જ દેખાય છે અને ગુલાબચંદજીના લેખમાં તો ન મંદિરની વાત છે અને ન જિર્ણોધ્ધારની વાત છે. આથી સાબિત થાય છે કે આ લેખોથી આ મંદિરનું દિગંબરપણું સાબિત થતું નથી.

આ લેખોમાં વૈશાખ સુદ ત્રીજ હોવી કે અષ્ટમી હોવી ? અને ત્રીજને બુધવાર હોય તો અષ્ટમને ગુરૂવાર કયાંથી આવે ? આની જેમ આ લેખના સંવતને વીરસંવત બતાવવાની જૂઠી તરકીબ હતી તેમ આ પણ એક જૂઠી જ તરકીબ માલુમ પડે છે.

આ વાત તો થઇ સંવત ૧૪૩૧ના લેખની. આવી જ રીતે ૧૫૭૨ ના લેખમાં પણ દિગંબર જૈનના એક લેખમાં જ્યારે ૧૫૭૨ નો સંવત કહે છે. ત્યારે બીજમ. ૧૫૨૧ સંવત બતાવે છે. તો પછી બીજા સ્થાનના વારનો ઉલ્લેખ જ નથી, યાને આ બધાં જ લેખ અકલમંદ માણસ મંજુર કરી શકે એવા નથી. આનો સ્પષ્ટ વિરોધ જોવા માટે અમોએ બધાં લેખોને જે દિગંબર જૈન આદિમાં આવ્યા છે તે અહીં બતાવીએ છીએ. જેથી સ્પષ્ટ થઈ જશે કે આ લેખ કેવા પરસ્પર વિરૂધ્ધતાવાલા છે.

પૃષ્ટ–૨૦ : આદિનાથ પ્રણુમામિ નિત્યં વિક્રમાદિત્ય–રાજ્યે સં. ૧૫૨૧ વર્ષે વૈશાખ સુદ ૫ સુપરિકર શ્રી સરલ–રાજ્યસલા ભાર્યા સૌનબાઇ વિજયધનજિત્ય શ્રી રિખબનાથ પ્રણમ્ય કારિન્ના પોઇ ભાર્યા નરભ્યો ભાર્યા પંચમી સતનાથ નરપાલ શ્રી કાષ્ટાસંઘે વીરભ્યાંત સાકગુરૂ કવિ શ્રીકીર્તસામનવ ચુકી રખોંતનો બડ કુલતરા હુમ્મડ ધતિ...

પૃષ્ઠ ૧૧ 'રાયત લોકા આ...પત્રકાં પ્રોપાત્યધિતકંચ રામો સ્યામા: યત્ આદિનાથ પ્રણુમામિ નિત્ય વિક્રમાદિત્ય સંવત ૧૫૭૨ વર્ષે વૈશાખ સુદી ૫ વાર સોમે ભટ્ટારક શ્રીજસકીર્તિ રાજ શ્રીકલા ભાર્યા સૌનબાઇ વિજયી રાજ ધકાં ધુલેવ ગ્રામં પ્રતિ શ્રી ઋષભનાથ પ્રણમ્ય કુડિયા કોઇયા ભાર્યા ભરમી તસ્ય પૂત્રે હિસા ભાર્યા હિસવંવી તસ્ય પૂત્ર કાન્હાદેવ શરગોઠ ભ્રાતપણુ કાસ ભાર્યા લાખી ભ્રાતશાઠ ભાર્યા બીચિ સતનાથા જરપાલ શ્રીકાષ્ઠાસંઘે વાજ્ઞન્યાત કાશ્યપગોત્ર રાઠડિયા હિસા મંડપ નવ ચૂડીય ૐ તજ્ઞે બડ પૂર્તલા મહતર કિમી ૮. ૮. ૪. ઠે. ૪ કથ્ય શ્રીઋષભદેવજી ૐ ન ૐ ..પ્રણમ્ય શ્રી નાભિરાજ વીર વાત્રા વજીતિ દે...શ્રીકાષ્ઠાસંઘે...પ્રતિષ્ઠિતં યે ।।'

પૃષ્ઠ ૨૦ આદિનાથ પ્રણુમામિ નિત્યં સં. ૧૪૩૧ વર્ષે વૈશાખ સુદી અષ્ટમી તિથૌ ધન યોગે ગુરાવદ્યે હં કરી સરોકા ધતિ નિરવધ વાકાપત્ર રાજ્ય શ્રી રાજ્યપાલો તિશકિ ઉકયાદ્ય રાજ્યે કાષ્ણસંઘે ભટ્ટારક શ્રી ધર્મકીર્તિ ગુરૂપદેશાત દેશોણ સાધ્વીની સુરત હરકાસ ભાર્યા કારેવ કંપત્યો શ્રી પ્રજા કોતા કીર્તિભ્યાં શ્રી રુષભેશ્વર પાસાકસ્ય જીર્ણોધ્ધાર કૃતમ્ શ્રીનાભીરામ વંદિત સુત...તારક કલ્પ હુમડ...સંગાને સુ...ચ સ્થિત સુરેન્દ્રગણુા કિલણો ઓસવગતિ સકર જિનેશ્વરો વક શુભં ભવતુ ।

પૃષ્ઠ ૧૨ 'લોકાશ્રી સ્વસ્તિશ્રી કંચના પત્ર...મોક્ષમાગુત માદિનાથં પ્રણમામિ વિક્રમાદિત્ય સંવત ૧૪૩૧ વર્ષે વૈશાખ સુદી તૃતીયા તિથૌ બુધદિને ગુરૂ વાધેડા બાણિ-સત્ય પરિ સરોવર લોકાતિ ખણુબાલા પગનો રાજ ૐ વિજય રાજ પાલયતિ સતિ ઉકયરાજ શૈલ શ્રીમજ્જિનેન્દ્રારાધન તત્પરયન્તુ બાગડ પ્રતિપાવો શ્રી સાંગ ભટ્ટારક શ્રી

ધર્મકીર્તિ ગુરૂપદેશે નાનાયૂ સંઘવી સુર હરદાત્ત ભાર્યા ભાડૂમદ પુત્રૌ સુપૂજા કી તસ્યા શ્રી ઋષભેશ્વરપ્રાસાદસ્ય જિનોદ્ધાર શ્રીનાભિરાજવંશ કૃતાવતારે કલ્પદ્રુમમહોત્સવેન સુધાસ્મિન સુરંગગણાંકિત લગાનો સંયુગાદ્રિ જિનેશ્વરો શુભમસ્તુ...કાષ્ઠસંઘે શ્રીવિમલનાથ બિમ્બકાજિન પ્રતિષ્ઠિત.'

ગુલાબચંદજી તો કુછ ઔર હી લિખતે હૈં—

'લોકા શ્રી સ્વસ્તિ શ્રીકંવનાપત્ર મોક્ષ માગુતમાદિનાથાં પ્રણુમામિ વિક્રમાદિત્ય સંવત ૧૪૩૧ વર્ષે વૈશાખ સુદી તૃતીયા તિથૌ બુધદિને ગુરૂ વાઘેહા વાલ્હિકૃથ વરિ સરોવર લોકાતિ ખંડલવાસા પગનો રાજ ૐ વિજયરાજ પાલયતિ સતિ ઉકયરાજશૈલ શ્રીમજ્જિનેન્દ્રારાધનતત્પરપર્યન્તુ વાગડ પ્રતિપાવો શ્રીસાંગ ભટ્ટારક શ્રી ધર્મકીર્તિ ગુરૂપદેશ નાનાયૂ સંઘવી સુર હરદાત્ત ભાર્યા ભાડૂમદ પુત્રૌ સુપૂંજા કી તસ્યા શ્રીનાભિરાજવંશ કૃતાવતારે કલ્પદ્રુમ મહોત્સવેન સુધાસ્મિન સુરઙ્ગગણાંકિત લગાનો સંયુગાદ્રિ જિનેશ્વરો શુભમસ્તુ...કાષ્ઠાસંઘે શ્રીવિમલનાથબિંબસાંજિન પ્રતિષ્ઠિત' ॥'

આટલું હોવા છતાં પણ દિગંબરોની વાત કયારે સાચી માની શકાય કે એમના કહેલ વર્ષની કોઇપણ મૂર્તિ અહીં હોય, એટલે ૧૪૩૧નો જીર્ણોદ્ધાર અને ૧૫૭૨ ની નવચોકીની બનાવટ સાચી માનિયે તો કોઇપણ મૂર્તિ ૧૪૩૧ની હોવી જોઇએ. પરંતુ પોતે દિગંબરોંએ આપેલ ફેહરિસ્ત જોવા છતાં પછી એક પણ મૂર્તિપર સંવત ૧૪૩૧નો લેખ નથી. આટલું જ નહીં પરંતુ ૧૫૭૨નો લેખ પણ કોઇ મૂર્તિપર નથી. વાસ્તવમાંતો બીજા ઠેકાણેથી લાવેલ મૂર્તિપર એ વર્ષનો લેખ હોઈ શકે છે. પરંતુ મંદિરમાં તો એ વર્ષની જ્યારે કોઇ મૂર્તિ જ નથી તો પછી એ વર્ષનો લેખ કયાંથી હોય. એટલે ૧૪૩૧ યા ૧૫૭૨ ના વર્ષની કોઇ મૂર્તિ જ નથી તો પછી એ સમયનું મંદિર પણ સાબિત થઇ શકતું નથી, અને મંદિર જ એ વખતનું ન હોય તો પછી જિર્ણોદ્ધાર નો ઉકત વીર યા વિક્રમ સંવત કેમ મનાય? માની લા કે એ ઠેકાણે જુનું મંદિર હતું અને વિદ્યમાન મંદિર નવું બનાવેલ છે. પરંતુ હમણાં મંદિર તો શું મૂર્તિ પણ એ લખવાલી નથી તો શું વગર મૂર્તિએ જ મંદિરનો જિર્ણોદ્ધાર કરાવ્યો? વાસ્તવમાં જોઇએ તો જે મૂર્તિપર લખ છે એમાંથી કોઇપણ મૂર્તિ ૧૯ વી શતાબ્દી નથી. બધી જ મૂર્તિ ૧૭–૧૮–૧૯ ની શતાબ્દીની છે.

(ક્રમશઃ)

*

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- ભગવાનના વચનથી ભગવાનની આજ્ઞાથી કદી વિરૂદ્ધ બોલે નહિ, કોઇની પણ શરમમાં પડે નહિ, કોઇના પણ તેજમાં અંજાય નહિ તે જ ભગવાનના માર્ગનો સાચો ઉપદેશક છે.
- જેના વિચાર, જેની વાણી અને વર્તન ભગવાનની આજ્ઞાને અનુસરનારું હોય પણ આજ્ઞાથી વિરુધ્ધ કદી હોય નહિ તે ભગવાનનો સાચો સાધુ !
- દુઃખને ટાળવા પાપ કરે તે ય ખરાબ અને ધર્મ કરે તે ય ખરાબ !
- પ્રમાદ સામે આંખ લાલ થાય નહિ ત્યાં સુધી ધર્મ સામે મીઠી આંખ થાય નહિ.
- વર્તમાન સુખમાં મૂર્છાઈને ભવિષ્યની દુઃખરૂપ સ્થિતિ ન જોવી એનું નામ જ મિથ્યાત્વ.
- ધર્મ કરવા માટે પૈસા મેળવવાની ઇચ્છા એ પાપ છે. મળેલી લક્ષ્મીની મૂર્છા ઉતારવા માટે દાન છે પણ લોભ વધારવા માટે દાન નથી.
- મુક્તિના સાધનભૂત માનવજીવનને જે ભોગનું સાધન સમજે તેને માનવજીવની કિંમત જ નથી.
- સંસારનો પ્રેમી આત્મ, ધર્મક્રિયા કરતાં યે દુનિયા સામે દૃષ્ટિ દોડાવે, જ્યારે સમ્યગ્દૃષ્ટિ આત્મા જેમ જેમ ધર્મક્રિયા કરે તેમ તેમ સંસારથી પરાઙમુખ થતો જાય.
- આવેશ એ ભયંકર વસ્તુ છે, આવેશમાં આત્મા કશો જ સુંદર વિચાર નથી કરી શકતો.
- ભુત ભૂલે, ભવિષ્ય અવગણે અને કેવળ વર્તમાનમાં રચ્યા પચ્યા રહે એ બધા બહિરાત્મા છે.
- આગમ આઘું મૂકીને શ્રી જૈન શાસનમાં એક પણ સુધારો નથી, થતો નથી અને થશે પણ નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

6327

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

Received 16.6.97

શ્રાવકપણાનું લક્ષણ :

શ્રવંતિ યસ્ય પાપાનિ, પૂર્વબદ્ધાન્યનેકશઃ ।
આવૃતશ્ચ વ્રતૈર્નિત્યં શ્રાવકઃ સોઽભિધીયતે ।।

જેના પૂર્વે અનેક પ્રકારે બાંધેલાં પાપો શ્રવિ જાય છે—ચાલ્યા જાય છે. અને જે હંમેશા વ્રતોથી યુક્ત હોય છે તે શ્રાવક કહેવાય છે.

વર્ષ ૯

અંક ૪૧

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

: અથ શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયનો લખેલો કાગળ :

॥ શ્રી જિનાયનમ : ॥ સ્વસ્તિ શ્રી સ્તંભનઠ પાર્શ્વજિન પ્રણમ્ય શ્રી સ્તંભતીર્થ-નગરત : શ્રી જેસલમેરુ મહાદુર્ગે ન્યાયાચાર્યોપાધ્યાય શ્રી જશવિજયગણય : સપરિકરા : સુશ્રાવક પુણ્યપ્રભાવક શ્રી દેવગુરૂ ભક્તિકારક, શ્રી જિનાજ્ઞા પ્રતિપાલક, ગીતાર્થ પરંપરા પ્રાપ્ત સામાચારી રૂ[illegible]ચારક, આગમાધ્યાત્મ વિવેક કારક, મોક્ષૈકતાન સર્વાવસર સાવધાન સા. દેવરાજ શા. દેવદાજ યોગ્ય ધર્મલાભ પૂર્વક લિખત અઠે ધર્મકાર્ય સુખે પ્રવર્તે છે.

અપર થારા કાગદ સમાચાર પાયા, વાંચી બહુત સુખ પાયા થારી ભક્તિ વિનય પ્રતિપત્તિ કાગદરી સુણી ચતુર શ્રોતા સભા બહુત સુખ પાઇ. અત્ર જ્ઞાન [illegible]ષ્ટી ગરિષ્ટ એસી સભા છે, જે દેખી થાં સરખા જ્ઞાન પ્રિય લોકને ઘણું સુખ ઉપજે તે પ્રીછજો તથા થેં લિખ્યો છે કે કેવલી કવલાહાર કરે, તિણરી યુક્તિ કેમ નથી લીખી ? તે લખતાં ગ્રંથાંતર થાયે તે ભણી નથી લિખી હુતી. બીજા સવ પ્રશ્નરી યુક્તિ તો [illegible]ને પહોતી. થાંહરો દિલ પ્રસન્ન હુઓ. હવે તે યુક્તિ જાણવારી ઇચ્છા છે તો શા. ગદાધર મહારાજ હસ્તે અધ્યાત્મ મત પરીક્ષારો બાલાવબોધ લખાવી આપ્યાં તેથી સવ પ્રીછજો. યું મતિ જાણો જે શ્રી જિનભદ્રગણિક્ષમા શ્રમણ, શ્રી ઉમાસ્વાતિ વાચક, પ્રમુખે દિગંબર મત નિષેધ્યો નથી. શ્રી હેમાચાર્ય પ્રમુખ અર્વાચીન આચાર્યે જ નિષેધ્યું છે. જે માટે શ્રી વિશેષાવશ્યક મધ્યે સાત નિન્હવ સર્વ વિસંવાદી દિગંબર કહ્યું છે. ઉક્તં ચ–

"છવ્વાસ સએહિ નવુત્તરેહિ સિદ્ધિં ગયાઉ વીરસ્સ,
તો બોડિયાણ દિટ્ઠી, રહવીરપુરે સમુપ્પન્ના ॥ ૧ ॥"

ઇત્યાદિક ઉપપત્તિ કહી છે. તે વિશેષાવશ્યક શ્રી જિનભદ્રગણી ક્ષમાક્ષમણ કૃત છે. તથા શ્રી ઉપાસ્વાતિવાચકે પ્રશમરતિ ગ્રંથમધ્યે સાધુને ધર્મોપકરણ થાપ્યા છે. કિં બહુના ? શી સૂત્ર મધ્યે ઘણી સ્ત્રી દીક્ષા લેઇ મોક્ષે ગઈ કહી છે. શ્રી મલ્લિનાથ સ્ત્રી પર્યાય જે કહ્યા છે, ચોરાશી હજાર સ્યાદ્વાદ રત્નાકર ગ્રંથ, હતો, તે મધ્યે બેંતાલીશ હજાર ગ્રંથ, મહાતર્ક યુક્તિ સહિત સ્ત્રી મુક્તિ ઉપર જ હુતો. હવણાં સર્વ શ્વેતાંબર તર્કગ્રંથ દિગંબરમત નિર્દલક છે. એ મોહોટો અંતર છે, ઇણમેં જો સંદેહ કીજે કે એ શ્વેતાંબર યુક્ત છે કે, દિગંબર - યુક્ત છે ? પછે જિન જાણે, તો પરીક્ષક લોકને બડી ખામી છે. તેથી જો પણ રાગદ્વેષી નામ ધરાવણો ટળે છે, તો પણ મિથ્યા-વ આવે છે. 'છાગમપનયતઃ કમેલક પ્રવેશન્યાયઃ ॥' ઉક્તં ચ શ્રી હેમાચાર્યે યોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશકાયાં–

[અનુ. પેજ ૮૮૮]

પ્રેરણા મુખ્ય શાસન અને સિદ્ધાન્ત પક્ષ નવા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

વર્ષ : ૯] ૨૦૫૩ જેઠ સુદ-૫ મંગળવાર તા. ૧૬-૬-૯૭ [અંક : ૪૧

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૧૦ શનિવાર તા. ૨૦-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૭ મું) -અવ૦)

આપણી જાત કેવી છે તે વિચારવું છે. આપણે બધા ધર્મ પામ્યા છીએ કે નહિ તે નક્કી કરવું છે. માટે વારંવાર પૂછું છું. આપણને બધાને ભગવાનનો ધર્મ મળ્યો છે કે નથી મળ્યો ? ધર્મ મળ્યો છે તો ગમ્યો છે કે નથી ગમ્યો ? જેને ભગવાનનો ધર્મ મળ્યો હોય તે અને ગમ્યો હોય તે કદી મઝેથી જૂઠ બોલે ? રાજા હરિશ્ચંદ્રે સત્યના રક્ષણ માટે રાજ્ય છોડ્યું, રાણીને પણ વેચી અને પોતે જાતને વેચી સ્મશાનમાં નોકરી કરી પણ સત્ય ન છોડ્યું તે ન છોડ્યું તો 'સત્યવાદી' તરીકે આજે પણ તેમનું નામ દેવાય છે. આ જાણવા છતાં પણ તમને સત્યવાદી થવાનું મન થાય છે ? અસત્ય બોલો ત્યારે દુઃખ થાય છે ? આ મારો કેવો ભયંકર રોગ છે તેમ થાય છે ? ખાવા-પીવાદિમાં મઝા આવે તે પણ આત્માના રોગ છે. તેના જ કારણે સુખના જ અર્થી એવા આપણા આત્માને નરક-નિગોદમાં ભટકવું પડશે. વખતે ત્યાં અનંતકાળ પણ કાઢવો પડે. ભગવાને કહેલી આ બધી વાત યાદ આવે છે ? પાપ કરતી વખતે થાય છે કે-'આના યોગે મારે ઘણું ઘણું ભટકવું પડશે. ગમે તેટલો ધર્મ કરીશ પણ જો પાપ ચાલુ રાખીશ તો ભટકવું જ પડશે' આ શ્રદ્ધા છે ખરી ?

આજે દાન દેનારને દાનમાં વધારે પ્રેમ છે કે પૈસા કમાવામાં વધારે પ્રેમ છે? શીલ પાળનારને પણ બ્રહ્મચર્ય ઉપર વધારે પ્રેમ છે કે અબ્રહ્મ ઉપર વધારે પ્રેમ છે? તપ કરનારને પણ તપ ઊપર પ્રેમ છે કે ખાવા–પીવાદિ ઊપર પ્રેમ છે? તમને તમારા ઘર–બારાદિ ગમે છે કે નથી ગમતા? ઘરમાં મઝેથી રહે તેનામાં સમકિત હોય? તે શ્રાવક પણ હોય? શ્રાવક ઘરમાં મઝેથી રહે? રોજ ઘર–બારાદિ છોડવાના જ વિચારમાં હોય તે શ્રાવક છે. તમને લાગે છે કે–આપણે ઘરમાં રહ્યા છીએ તે રોગી છીએ માટે રહ્યા છીએ. ઘર–બારાદિ ગમે તો મોટામાં મોટા પાપી છીએ!

ઘર–બારાદિ શાથી ગમે? અવિરતિ નામના પાપના ઉદયથી. તે ગમે ને સારું લાગે તો તે મિથ્યાત્વના ઉદયથી. ઘર–બાર, પૈસા–ટકાદિ ગમે તો સમજી લેવું કે હજી સુધી સમ્યક્ત્વ આવ્યું લાગતું નથી. સારું–સારું ખાવા–પીવાદિનું મળે અને પેટને પૂછ્યા વિના ખાય તે ડાહ્યો કહેવાય કે મૂરખ કહેવાય? તેમ ધર્મ કરનારને ઘર ગમે? પેઢી ગમે? પૈસા–ટકાદિ ગમે? લોક માન–પાનાદિ આપે તે ગમે? ગમે તો મારો રોગ ગાઢ છે તેમ સમજાય છે? તે રોગ કાઢવા દવા કરી?

સભા : રોગ તો કાઢવો છે. પણ આપ જે પથ્યનું પાલન કરવાનું કહો છો તે ભારે લાગે છે.

ઉ૦ : શરીરના પ્રેમી જીવો પણ ડોક્ટર જે અને જેટલું આપે તે જ ખાય છે અને પીએ છે. તો આત્માના પ્રેમી જીવોને ભારે લાગે? આજના ડોક્ટરો તે ખરેખર ડોક્ટરો રહ્યા નથી. કેવળ પૈસા કમાવાની જ મહેનત કરે છે. રોગની પરીક્ષા પણ લગભગ કરતા નથી. સારો માણસ પણ જિંદગીભર માંદો રહે તેવી મહેનત કરે છે. સુખીને તો માને કે 'સોનાની ચકલી' મલી ગઇ!

માટે આ મહર્ષિ સમજાવી રહ્યા છે કે–જેને સંસારના સુખની જ કિંમત હોય તેને ધર્મની કિંમત હોય જ નહિ. તે ધર્મ કરે તે પણ સંસાર માટે જ કરે. તમને બધાને ધર્મ વહાલો છે કે પૈસો વહાલો છે? તમે બધા મઝામાં છો તે ધાર્યું સુખ છે, પૈસો છે માટે કે આ ધર્મ મળ્યો છે માટે મઝામાં છો? દરિદ્રી પણ જો દરિદ્રીપણાની ફરિયાદ ન કરે તો તે ધર્મી છે. શ્રીમંત પણ જો શ્રીમંતાઇની ફરિયાદ કરે કે–'આ શ્રીમંતાઇ મારી પાસે ઘણાં ઘણાં પાપ કરાવે છે' તો તે ય ધર્મી છે! દુનિયાના સુખમાં પડેલાને પણ જો સુખ ભૂંડું લાગે તો તે ય ધર્મી છે. 'આ દુનિયાના સુખે જ મને ભૂલાવ્યો છે, મારી પાસે બધું ભૂલાવ્યું છે' તેમ તમને લાગે છે? મારી પાસે ઘણા ઘણા પૈસા હોવા છતાં પણ હજી મને વેપાર–ધંધાદિ કરવાનું મન થાય છે તો

મારું શું થશે ? કઈ ગતિ થશે તેમ કોઇ સાધુને પૂછ્યું છે ? કોઈ શ્રીમંત અમારી પાસે આવીને શ્રીમંતાઈને રોયો નથી. તેમ ઘણા દુઃખી પોતાના દુઃખની મોંકાણ માંડે છે કેમકે બેય ધર્મી નથી.

પ્ર૦ : વાસક્ષેપ શા માટે નંખાવવાનો છે ?

ઉ૦ : તમારી લક્ષ્મીની મૂર્ચ્છા ઊતરે, સંસારના સુખનો રાગ ઘટે અને આ સંસાર છોડવાનું મન થાય તે માટે નંખાવવાનો છે. અમે પણ વાસક્ષેપ નાખીએ ત્યારે કહીએ છીએ કે-'નિત્થારપાર ગાહોહ' અર્થાત્ 'આ સંસારથી પાર પામો.

જેને ભગવાનની કહેલી આ વાત ગમે તો તે જીવ લાયક છે. જેને આ વાત ન ગમે તો તે જીવ નાલાયક છે. 'દુનિયાનું સુખ ખોટું', સંપત્તિ ખોટી માટે છોડવા જેવી છે' આ વાત ભગવાને કહી છે આવું જે ન સમજે તે જીવ ખરાબ છે તેની જાત ખોટી છે પણ ઉપદેશ ખોટો નથી આટલું સમજાવવા છતાં પણ બહાર જઇને જેઓ ભગવાનના ઉપદેશને ખોટો કહે, મહારાજને પૈસાની શી કિંમત છે ? કેટલી વીશીએ રોટલા થાય તેની શી ખબર છે ? એમ કહે તો તેવા નાલાયકો અહીં ન આવે તેમાં જ તેમની ભલાઇ છે. ભગવાનની વાત પણ ન ગમે તેવા અહીં ન આવે તેમાં જ તેમનું હિત છે. પૈસાને જે કિંમતી માને તે સાધુ હોય તો ય ભૂંડો છે.

ભગવાનનો આ ધર્મ કોને ફળે ? મોક્ષ જ જોઇતો હોય તેને દુનિયાની સુખ-સંપત્તિથી છૂટવું હોય તેને. તે માટે જ અમે રોજ સમજાવીએ છીએ. તમને બધાને સાધુ બનાવવા પાટ પર બેસીએ છીએ તે વાત મંજુર ને ? જે આખો સંસાર છોડે તેને સાધુપણું આપીએ બાકી લખપતિને પણ ન આપીએ. તમને ખબર છે ને કે-તમારા સાધુ તમને ઘર છોડાવનારા છે. તમારી પેઢી બંધ કરાવનારા છે અને પૈસાને કાંકરા જેવા સમજાવનારા છે. ભગવાને ઘરને-પેઢીને-પૈસાને પરિગ્રહ કહ્યો છે, પરિગ્રહ તે પાપ છે તો તેને સારો કહેવાય ? તે જેની પાસે હોય તેના વખાણ અમારાથી થાય ? જે સાધુ પૈસાને સારો કહે અને આ બધા ખરેખર શ્રાવક હોય અને ઊઠવા માંડે કે-આ અમારા ભગવાનના સાધુ નથી લાગતા તો સાધુ ય સુધરી જાય જો તેનામાં યોગ્યતા હોય તો. અમે પૈસાને પાપ કહીએ તે ઘણાને નથી ગમતું પણ અમે તો મરતા સુધી પૈસાને પાપ જ કહેવાના છીએ, કદી સારો ન કહીએ. શ્રાવક પણ પૈસાને રાખવો પડે માટે રાખે પણ સારો ન કહે. ઘર-બાર, પૈસા-ટકાદિ પરિગ્રહમાં આવે ને ? પરિગ્રહ તે પાપ છે ને ? તમે તે બધાને પાપ માનો છો ? ઘરને પાપ માનો છો ? પૈસાને પાપ માનો છો ? ખાવા-પીવાદિમાં મઝા આવે તેને પાપ માનો છે ? મઝેથી ઊંઘ આવે તેને પણ પાપ માનો છો ? (ક્રમશઃ)

❋ કામદેવ રાજા કથાનો ગુજરાતી અનુવાદ ❋

યચ્છિતની પૂર્તિ કરવામાં કલ્પવૃક્ષ, સૂરોના નાથ, નરોના નાથ ઉરગનાથ, નમાયેલા છે. જે ચરણ કમળોને એવા ચરણ કમળવાળા કમલ જેવા આત્માને વિકસાવનારા સૂર્ય સમાન જેમને સારી બુદ્ધિ પ્રાપ્ત થઇ છે. તે પરમેશ્વર જય પામો.

આ ખરેખર બધી સામગ્રી સંપૂર્ણ મનુષ્યભવ મેળવીને ભક્તિ મુક્તિના સુખની સિધ્ધિ માટે પુણ્ય જ કરવા જેવું છે. જ્ઞાનથી પુણ્ય, ગુરૂ ઉપદેશથી જ્ઞાન, શાસ્ત્રથી ગુરૂ ઉપદેશ, પુસ્તકના આધારથી શાસ્ત્ર, આથી બધા ક્ષેત્રમાં પુસ્તક જ પ્રધાન આથી પુણ્ય જ મુખ્ય છે. બધા ક્ષેત્રમાં પુણ્યનું પુસ્તક ક્ષેત્ર ઉતમ છે. જે બીજા બધા પુણ્યની વ્યવસ્થિત આનાથી થાય છે. જે પાંચ જ્ઞાનની મધ્યમાં પણ શ્રુતજ્ઞાન જ છે. દેવ–દાનવ માનવ–ને પ્રતિબોધવા માટે મુખ્ય છે. તે જ શ્રુતજ્ઞાન પુસ્તક રૂપી હાથી ઉપર આરૂઢ થઇને રાજલીલાને અનુભવતા જગતમાં વિજય પામે છે.

જે પાંચ મતિ, શ્રુત, અવધિ, મન–પર્યવ કેવલજ્ઞાન એ પ્રભુના પુત્રોના છે. તેની મધ્યમાં શ્રુત પુત્રને ભગવાને પોતાના પદે સ્થાપેલ છે. અંગોપાંગ યુક્ત પુસ્તક રૂપ હાથી ઉપર આરૂઢ થવાથી પ્રાપ્ત ઉદયવાળા સિધ્ધાંત નામના રાજા અને ગણધર રૂપી મંત્રી લાંબા સમય સુધી રહ્યા માટે જ્ઞાનની અને પુસ્તકની શક્તિ પ્રમાણે ભક્તિ કરવી જોઇએ. જેમ આ લોકમાં અને પરલોકમાં સર્વ સૌખ્ય સંપતિવાળો હોય છે. ખરેખર વિકસીત થાય છે. અને જે જ્ઞાન અને પુસ્તકની આશાતના કરે તે નિકાચિત જ્ઞાનવરણીય કર્મ બાંધે અનંતદુઃખનો ભોગી બને અને મહામૂર્ખ થાય છે. જેમ શ્રી કામદેવ !

અને જે પછીથી જ્ઞાનની પુસ્તકોની ભક્તિ કરે છે. તે હંમેશા સુખી ભોગી અને વિદ્વાન બને છે. જેમ તે શ્રી કામદેવ !

પછીથી વિશાળ રાજ્ય, પ્રતાપ, વિદ્યા, કલાપાત્ર હોય અથવા કોઈ જીવ જન્મથી મરણ સુધી સર્વ પ્રકારે જ્ઞાનની આરાધના કરે તો તે હંમેશા સર્વ સુખ સંપત્તિવાળો થાય છે. અને મહાન બુધ્ધિશાળી હોય છે. જેમ કામદેવની પત્ની અભંગુક એવી સૌભાગ્ય મંજરી !

આ જંબુદ્વિપમાં ભરતક્ષેત્રમાં શ્રી પાંચમા તીર્થંકર સુમતિનાથ પ્રભુના સમયમાં અયોધ્યા નામે નગરી હતી. તે અયોધ્યા નગરીમાં સૂર્ય સમાન દેદિપ્યમાન, પ્રતાપવાળા પ્રબળ પરાક્રમવાળા, શત્રુના સમુદાયનો કાલ જેવો રાજા સમો ઉજ્જવલ, વધારે ગુણવાળા, વિશાલ શ્રી સૂરદેવ નામે રાજા સામ્રાજ્યને ભોગવતો હતો. અને તેઓની

પત્ની નિર્મલ સ્વભાવવાળી પાપમાર્ગમાં ચાલીને થાકેલી. સુંદર બ્રહ્મચર્યવાળી છાયા માટે ઝાડ નીચે વિશ્રામ લેતી રાણી સૂરકાન્તા પતિદેવની કૃપા વડે તે સર્વ સંસારના સુખોને ભોગવતી પણ પૂર્વે કરેલ કર્મના વશથી પુત્રનું સુખ પ્રાપ્ત ન હોવાથી મનને ખુશ કરવા, રમવા માટે પોતાના આવાસના કરવાજેથી અશોક વાટિકાની મધ્યમાં જઈને અશોક, પુન્નાગ, નાગ, પ્રિયંગુ, પાટલા, સહકારથી બધી ઝાંડ રૂપી લક્ષ્મીને જોતી પોતાના મહેલના મધ્યમાં કામદેવની પ્રતિમાને પ્રણામ કરીને બારીમાં શીતલ પવન ખાતી બેઠી હતી.

થોડીવાર બારીમાંથી નીચે જોતી વૃક્ષની નીચે પોતાના બાળકો સામે રમતી કુકુટિને જોઇને અનંત દુઃખનું સ્મરણ કરીને મહા દુઃખનું મનમાં ચિંતન કરતી હતી. પશુ પણ કુકુટિને ધન્ય છે. જે હંમેશા પોતાના વહાલસોયા બાળકો સાથે રમવાના સુખને અનુભવે છે.

જેમ પુત્ર વગરનું ઘર શૂન્ય, ભાઇ વગરની દીશા શૂન્ય. મૂર્ખનું હૃદય શૂન્ય. ગરીબને સર્વશૂન્ય. પાણી વગર તળાવ શૂન્ય. ઈન્દ્ર વગર સ્વર્ગ શૂન્ય. ન્યાય વગરનો રાજાશૂન્ય. દાન વગર શ્રીમાન શુન્ય. વિનય વગર શિષ્ય શુન્ય. પાન ફૂલ. ફળ. વગર વૃક્ષ શુન્ય. જ્ઞાન વગર વિદ્યાર્થી શુન્ય. જીવ વગર શરીર શુન્ય. નાક વગર જેમ મુખ શોભતું નથી. તેમ પુત્ર વગરનું ઘર શોભતું નથી.

આથી બધામાં ઓછા ભાગ્યવાળી હું જે અનેક રાજાઓ જેઓના પગમાં નમેલા મહા નરેશ્વરની કૃપા પાત્ર પણ હું એવી જે વિચારવા માત્રથી સર્વ વસ્તુઓ પ્રાપ્ત થાય છે. એવી પણ હું થોડું પણ પુત્રના સુખને પામી નથી. ત્યારે શું કરવાનું શું વિશાળ રાજ્ય વડે. શું કરવાનું અનેકસાર નિવેશવાળા મહાદેવ વડે, શું કરવાનું મનોહર નગર વડે, શું કરવાનું સુંદર સ્વરૂપવાળા રૂપને, શું કરવાનું કલ્પવૃક્ષ સમાન મહારાજાની કૃપા વડે. શું કરવાનું સુંદર મોટા શૃંગાર વડે, શું કરવાનું અનુકુલ વસ્ત્રો વડે, શું કરવાનું રાગ મૂળ વાળા તાંબ્બુલ વડે, શું કરવાનું ભારે અલંકારવડે, શું કરવાનું સ્નેહના ઘરવાળા શરીર વડે, શું કરવાનું ભવ્ય પણ જીવન વડે, પણ ક્યાંય ઉભા રહેવા માટે મારી શક્તિ નથી પાકેલી વાલુક (રેતી)ની જેમ મારું હૃદય મહા દુઃખ વડે ફાટે છે શું કરું હું ક્યાં જવું, કોની આગળ કહું.

આવા મહા શોક સંકુલિત ચિતવાળી ચિન્તાની કલ્લોલ કરતી મહા આર્ત ધ્યાનમાં પડેલી ઉપર ભૂમિ સ્થાપિત દૃષ્ટિવાળી જમીન તરફ નીચે બે હાથમાં મુખ

રાખેલી પગના અંગૂઠા વડે જમીન ખોદતી ઉંડા ગરમ શ્વાસ લેતી એકદમ બીડેલા છે જેના આંસુની ધારા વડે ભૂમિમાં સિંચન કરતી આવી સૂરકાન્તા મહા દુ ખનો અનુભવ કરે છે. તેથી તેના પરિવારના મુખ વડે મહારાણીના દુઃખને જાણીને પડેલ મુખવાળી અને ઉત્સાહિત મનવાળી, ભરેલ ચિત્તવાળી, દુઃખ રૂપી પૂરથી ભરેલી, લોકોના મુખથી સૂરદેવ રાજાને જાણ થતાં જલ્દીથી સિંહાસન મૂકીને ઉતાવળે પગલે દુઃખ ભરેલી ચિંતામાં ડુબેલી દેવીને જોઇને તેને હાથમાં પકડીને આગળ ઉભા રહીને રાજાએ પૂછ્યું દેવી હમણાં શું થયું આટલો શોક કેમ છે. કયાં અકસ્માતથી આ આટલો શોક કરે છે. એમ કહ્યું રાણી મહાદુઃખ ચિંતાથી સંકુચિત આંખોને જલ્દીથી બંધ કરીને આગળ રહેલા પ્રાણ પ્રિયને જોઇને અરે ! પૃથ્વીપતિ,ની શુન્યતા વડે જાણ ન થઇ અને કુલ સ્ત્રીઓનો ઉભા થવાનો વિનય પણ ન સાચવી શકીએ પ્રમાણે કરાયેલામાં ખારું નાખવા જેવું દુઃખ ઉપર દુઃખને ધારણ કરતી જલ્દીથી ઉઠીને પ્રાણ પતિના બે પગ ઉપર આંખો મૂકીને જેમ સૂર્ય અસ્ત પામે ત્યારે કમળ જેમ સંકોચાઈ જાય તેમ મૂર્છીત મુખવાળી પહેલાની જેમ ઘણા શોક રૂપી કલેશને અનુભવતી બે હાથ જોડીને પંચાલિકા (પુતળી)ની જેમ નિશ્ચલ આગળ ઉભી હતી. આથી રાજા પોતાના વસ્ત્રો વડે રાણીની આંખો પમાર્જીને સ્નેહના સહાયરૂપ અમૃતના મધુર વચન વડે બોલ્યા. દેવી આ કયો શોક છે. થોડા પણ શોકના હેતુને ખરેખર હું જોઈ શકતો નથી. જેથી તારા પિતાના ઘરમાં માતા પિતા કુશલ છે. ભાઈઓ વિજયી છે. બધા સગાં–વહાલાં લોકો સુખવાળા છે અહિયા પણ હું સુપ્રસન્ન હોતે છતે કયો નોકર તારા આદેશ ને કરતો નથી મન વડે પણ કોણ તારા વિશે ખરાબ વિચાર કરે છે. કયાં તારા મનોરથો પૂર્ણ નથી થયા, એમ હોતે છતે તું દેવી બોલ શું દુઃખ છે. (ક્રમશઃ)

— શાસન સમાચાર —

આચાર્યપદ મહોત્સવ : પૂ. આ. વિજય સુશીલસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ઉ. શ્રી જિનોત્તમવિજયજી મ.ને વૈ. સુદ ૬ ના લાટાડા નગરમાં ભવ્ય મહોત્સવ સહિત આચાર્યપદ પ્રદાન થયું હતું. વરઘોડો બહુ ભવ્ય નીકળ્યો હતો, પ્રસંગમાં પાંચ હજાર ભાવિકોની હાજરી હતી. પૂ. આ. શ્રી જિનોત્તમસૂરીશ્વરજી મ.ના આત્મા કુટુંબો દીક્ષા લીધી છે.

રાજકોટ–અત્રે શ્રી સુપાર્શ્વનાથ જિનમંદિરની ૧૭૧ મી શાલગોરી નિમિત્તે પૂ. આ. શ્રી વિજય વારિષેણ સૂ. મ. ની નિશ્રામાં ૩૬ દિવસનો કાર્યક્રમ યોજાયો. સિદ્ધચક્રપૂજન સમૂહ સામાયિક અખંડ અઠ્ઠમતપ શાંતિસ્નાત્ર તમામ મંદિરે એ ૧૮ અભિષેક વિ. થયા. તથા પૂ. આ. ભુવનતિલક સૂ. મ.ની પુણ્ય તિથિનો પંચાહ્નિકા મહોત્સવ એકાસણું વિ. થશે.

—: બોધકથા :—

: સમર્પણભાવ :

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી

શ્રી જિનેશ્વર દેવોના શાસનમાં શ્રી જિનભક્તિને મુક્તિની દૂતી કહેવામાં આવેલ આવેલ છે, પણ ભક્તિ મુક્તિની દૂતી બને તે ખાસ વિચારવું–સમજવું જોઇએ. જે ભક્તિમાં શ્રી જિનાજ્ઞાનો પૂર્ણ સમર્પણભાવ હોય તે જ ભક્તિ મુક્તિની દૂતી બની શકે, જે ભક્તિમાં ઊંડે ઊંડે પણ ઇહ લૌકિક, પારલૌકિક કામનાઓ હોય, સ્વાર્થ હોય તો તે ભક્તિ વાસ્તવિક ભક્તિ ગણાય નહિ. કારણ જૈન શાસનમાં સઘળીય ક્રિયાઓ વિવેક માગે છે. જેમાં પારમાર્થિક હિતદૃષ્ટિનો વિચાર કરાય તેનું નામ વિવેક છે. મન–વચન–કાયાથી શ્રી જિનાજ્ઞાનો સમર્પણભાવ પેદા થાય તો તેની ભક્તિ મુક્તિને ખેંચી લાવ્યા વિના રહે નહિ.

સમર્પણભાવ ખરેખર શું કરે છે તે વાત લૌકિક દૃષ્ટાંતથી જણાવવી છે. જૈનેતર મહાભારતમાં વાત આવે છે કે, શ્રી કૃષ્ણ મહારાજા અને નારદજી વચ્ચે સમર્પણભાવ અંગે વિવાદ થયો. શ્રી કૃષ્ણ મહારાજા કહે કે, વ્રજમાં વસનારી ગોપીઓને મારા પ્રત્યે હૈયાનો જે સમર્પણભાવ છે તે મારી એકપણ રાણીઓમાં પણ નથી. નારદજીને આ વાતની પરીક્ષા કરવાનું મન થયું.

તેથી નારદજી પહેલા સત્યભામા પાસે ગયા. તેણીને પોતાના રૂપનું ઘણું જ અભિમાન હતું. તેની પાસે જઇ નારદજીએ કહ્યું કે, શ્રી કૃષ્ણ મહારાજાને પેટમાં સખતચૂંક ચને દુઃખાવો ઉપડયો છે. રાજવૈદ્યે નિદાન કરી કહ્યું છે કે, જો તેમની રાણીના ચરણની રજ અને ચરણોદક પગ ધોયેલ પાણી પાવામાં આવે તો દુઃખાવો મટી જાય. આ સાંભળી સત્યભામા કહે કે, તેમના ચરણની રજ અને ચરણોદકની હું અધિકારિણી છું. મારી ચરણરજને ચરણોદક આપું તો હું રૌરવ નરકની અધિકારી બનું તેમ શાસ્ત્રોમાં કહ્યું છે. ઘણી રાણીઓ છે તો કોઈ આપશે તમે ગમે તેમ કરી મારા પ્રાણપ્રિયને સ્વસ્થ કરો. તે બોબાકળી બની રડવા લાગી.

ત્યાંથી નિરાશ થઇ તેઓ રુક્મિણી આદિ બધી રાણીઓ પાસે ગયા. ત્યાં પણ તેવો જ જવાબ મલ્યો કે અમારા સ્વામિનાથને ઝટ સાજા કરો પણ અમારે રૌરવ નરકમાં નથી જવું.

ત્યાંથી તેઓ સાવ હતાશ–નિરાશ થઇ વ્રજભૂમિમાં ગયા. જ્યાં ગોપીઓ કૃષ્ણના

વિરહથી દુઃખી દુઃખી હતી. તેમાં એક ગોપી પાણી ભરીને આવતી હતી. તેણીએ નારદજીને જોયા અને કૃષ્ણના સમાચાર પૂછયા. તો નારદજીએ બધી વાત કરી તો તરત જ તે ગોપી પોતાની ચરણરજ અને ચરણોદક આપવા તૈયાર થઇ ગઈ કે મારા કૃષ્ણ ઝટ સાજા થવા જોઇએ. નારદજીએ ભય પણ બતાવ્યો કે, તારે રૌરવ નરકમાં જવું પડશે. ત્યારે તેણીએ જે જવાબ આપ્યો તે આપણે બધાએ વિચારવા જેવો છે. હૈયાની સાચી ભક્તિ શું કામ કરે છે! પોતાના પ્રાણ આપવા તૈયાર થાય છે. તે ગોપી કહે–'મારા કૃષ્ણ માટે અનેકવાર રૌરવ નરકમાં જવું પડે તો તૈયાર છું. પણ તે ઝટ સાજા થાય તે જ ભાવના છે.'

મહાપુણ્યોદયે આવા પરમતારક શાસનને પામેલા આપણે સૌ શ્રી જિનાજ્ઞાનો સાચો સમર્પણભાવ કેળવી, સાચી ભક્તિ કરી. મુક્તિપદને પામીએ તે જ મંગલ કામના.

— વિવિધ વાંચનમાંથી —

❋ અમૃત કણીયા ❋

–પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

મનને કેવી રીતે જીતવું?

મનને જીતવાનું કામ સહેલું નથી. એના માટે સારો પુરૂષાર્થ કરવો પડે છે. વૈરાગ્ય ને સત્સંગ આ તેની મુખ્ય ચાવી છે. સંસારના અનેક પદાર્થોમાં આસક્તિને લીધે આપણું મન જ્યાં ત્યાં ખેંચાઇ જાય છે, એટલે આસક્તિ ઓછી થાય તો મનનું પરિભ્રમણ અટકે અથવા ઘણાં પ્રમાણમાં ઓછું થઇ જાય. તે જ રીતે કુસંગ કે ખરાબ વાતાવરણથી માણસનું મન ઉત્તેજિત રહ્યા કરે છે. અને જ્યાં ત્યાં રખડવાનું ચાલે છે. એટલે સંગ જો સત્સંગ બની જાય વાતાવરણ સુંદર મળી જાય તો પણ મનનું પરિભ્રમણ સારી રીતે ઘટી જાય છે. મનને એકાગ્ર કરવા માટે તપ અને જપ ખૂબ ઉપયોગી બાબત છે. તપથી વિષયાસક્તિ ઘટે છે–તેથી મન શાંત બને છે. તે જ રીતે જપથી મન ખીલે બંધાય છે. આ રીતે કરવાથી ધીમે ધીમે પણ મનને જીતી શકાય છે.

❋

આ અવસર્પિણીના સાત કુલકર કયા?

૧ વિમલવાહન. ૨ ચક્ષુષ્માન. ૩ યશસ્વી. ૪ અભિચંદ્ર. ૫ પ્રસેનજિત ૬ મરૂદેવ. ૭ નાભિ.

* તત્વનિર્ણય કે તત્વનો ઉચ્છેદ *

(ગતાંકથી ચાલુ) —મુક્તિપંથ પથિક

સૂરિપુરન્દર આ. ભ. શ્રી હરિભદ્ર સૂ. મ. યોગબિંદુ ગ્રન્થમાં ૯૦ મા શ્લોકમાં ફરમાવે છે કે--

'तदर्थं तु पुनर्धर्मं, पापायाल्पधियामलम ॥९०॥'

'व्यतिरेकमाह–तदर्थं तु लोक पंक्तिनिमित्तं पुनर्धर्मं सद्व्यवहाररूप, पापाय–पापकर्म निमित्तं अल्पधियां–तुच्छबुध्धिनां पुंसां अलं अत्यर्थं मिति.

લોકપંક્તિ–લોકોને રાજી કરવા માટે સમ્યક પ્રકારના આચાર રૂપ ધર્મ જે તુચ્છ બુધ્ધિવાળા કરે છે તે ધર્મ તેમને અત્યંત પાપને માટે એટલે પાપકર્મના બંધ માટે થાય છે. પાપ કર્મના બંધ માટે થતા ધર્મને ભૂંડો કહેવામાં શું વાંધો છે અર્થાત એવા ધર્મને ભૂંડો કહી શકાય છે.

લોક પંક્તિના સ્વરુપને બતાવે છે–

लोकाराधन हेतोर्यो मलिनेनान्तरात्मना,
क्रियते या सत्क्रिया सा लोकपंक्तिरुदाहृता ॥८८॥

લોકારાધનહેતો :– લોકાચિત્તાવર્જન નિમિત્તં યા મલિનેન–કીર્તિસ્પૃહાદિમાલિન્યવતા અન્તરાત્મના–ચિતરુપેણ ક્રિયતે–વિધીયતે સત્ક્રિયા–શિષ્ટાસમાચારરુપા સા અત્ર યોગનિરુપણાય. લોકાપંક્તિ–પ્રાગુક્તિષ્ટા ઉદાહૃતા.

લોકોના ચિતને રાજી કરવા કિર્તી આદિની સ્પૃહાથી મલીન બનેલા ચિત્તથી જે શિષ્ટ સમાચાર ધર્મ ક્રિયા રૂપ સત્ક્રિયાઓ કરાય તે લોક પંક્તિ કહેવાય છે.

દાન કરવું લોકોનું સન્માન કરવું–લોકોની સાથે ઉચિત બોલવું–વર્તવું વગેરે ઉપાયો વડે ચારે બાજુ લોકોમાં કીર્તિ યશ વગેરે ફેલાય એવા આશયથી ધર્મ ક્રિયાઓ કરવામાં આવે તો તે ધર્મ ક્રિયા રૂપ ધર્મ પાપ માટે થાય છે પાપ બંધનું કારણ બને છે. ગ્રન્થકારે ના એ ધર્મ તે પાપ રુપ જ કહ્યો એમ તાત્પર્યથી સમજી શકાય છે ને ? આવા ધર્મ ને પાપ રૂપ કહો કે ભૂંડો કહો એક જ છે.

વિષાદિ પાંચ અનુષ્ઠાન જે પાંચ પાતંજલિ વગેરેએ બતાવ્યા છે તેમાં વિષત્વાદિ જૈનશાસનની દૃષ્ટિથી બતાવતા આ. હરિભદ્ર સૂ. મ. કહે છે કે–

विषं लब्ध्वाद्यपेक्षात इदं सच्चित्तमारणात ।
महतोऽप्यर्थनाज्ञेनुं लघुत्वापाठनातवा ॥१५६॥

આ શ્લોકની ટીકામાં–विषं लब्ध्वाद्यपेक्षातो–लब्धिकीर्त्यादिस्पृहालक्षणाया सकाशात इदं अनुष्ठान वर्तते.

જે ધર્મ ક્રિયા રૂપ અનુષ્ઠાન લબ્ધિ–કીર્તિ અને ઋદ્ધિ શબ્દથી સંસારના સુખાદ્ધિ મેળવવાની સ્પૃહા એટલે ઇચ્છાથી કરાય તે વિષ અનુષ્ઠાન કહેવાય.

એવી જ રીતે ગર અનુષ્ઠાનનું પણ સ્વરુપ બતાવે છે.

દિવ્યભોગાભિલાષેણ ગરમાહુર્મનીષિણઃ ॥૧૫૭॥

દિવ્યભોગાભિલાષેણ–ઐહિક ભોગનિઃસ્પૃહસ્ય સ્વર્ગસ્થાન ભવભોગાભિષ્વંગરુપેણ ગરમનુષ્ઠાનં આહુર્મનીષિય મતિમન્તઃ એતદ્દેવાદ્ધિપૂજાદ્યનુષ્ઠાનમ્...

દિવ્ય ભોગનો અભિલાષ–આલોકના ભોગોમાં નિસ્પૃહ માણસ સ્વર્ગમાં રહેલા ભોગો ને મેળવવાની ઇચ્છાથી આ દેવપૂજા આદ્ધિના અનુષ્ઠાનને કરે તો તે દેવપૂજા આદ્ધિનુ અનુષ્ઠાન ગર–ગરલ અનુષ્ઠાન કહેવાય.

વિષ અને ગરલ છે તો બંને ઝેર જ છતાં વિષ માણસને જલ્દી મારી નાખે છે ત્યારે ગરલ થોડા કાલે મારે– એમ વિષ અનુષ્ઠાન શુધ્ધ એવા આંતરિક પરિણામને ખતમ આ ભવમાં જ કરી નાખે છે. જ્યારે ગરલ અનુષ્ઠાન કાલાન્તરે (આવતા ભવમાં સચ્ચિતને ખતમ કરી નાખે છે.

આ રીતે આલોકના સુખાદ્ધિ કે પરલોકના સુખાદ્ધિ માટે કરેલા ધર્મને વિષ અને ગરલ રુપ કહેવા દ્વારા આ. ભ. શ્રી હરિભદ્ર સૂ. મ. એવા ધર્મને ભૂંડો જ કહ્યો ને ?

એટલે જ મહામહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ. કહ્યું કે–'ત્રિક તજવા દ્વિક ભજવા' યોગ બિન્દુ ઉપદેશ વિષ અનુષ્ઠાન ગરલ અનુષ્ઠાન–અનનુષ્ઠાન–આ ત્રણેનો ત્યાગ કરવાનું યશોવિજયજી મ. કહ્યું તો એ ત્રણે વિષાદ્ધિ અનુષ્ઠાન ભૂંડા છે માટે જ તજવાનું કહ્યું ને ?

સાંસારિક ફળ માંગીને રડવડયો બહુ સંસાર,
અષ્ટ કર્મ નિવારવા માંગુ મોક્ષ ફળ સાર.

આ દુહામાં પણ જ્ઞાની પુરુષ કહે છે કે સાંસારિક ફલ પ્રભુભક્તિ આદ્ધિ કરતા માંગીને આ સંસારમાં ખૂબ રડવડયો–રખડયો એટલે અરિહંત પરમાત્માની ભક્તિ કરતા સંસારિક ફલની માંગણી એ સંસારમાં ઘણું ભટકાવનાર છે માટે આવા આશયથી કરતા ધર્મને ભૂંડો જ કહેવાય ને ?

શ્રી દેવચંદ્ર મહારાજ પણ–ભક્તિ નહી તે તો ભાડિયાત જે સેવા ફળ જાચે !

આલોક કે પરલોક સંબંધી સુખાદ્ધિ ફળોને ભક્તિ કરતા માગે તો તેની તે પ્રભુ ભક્તિ–ધર્મક્રિયા એ ભાડિયાત–એટલે વ્યાપાર છે એમ વ્યાપાર કહીને લૌકિક

અપેક્ષાવાળી ભક્તિના ધર્મને ભૂંડો જ કહેવો ને !

ભૌતિક અપેક્ષાવાળા ધર્મને કોક ઠેકાણે વિષ ગરલ કહીને કોક ઠેકાણે પાપ બંધનું કારણ કહીને કોક ઠેકાણે વ્યાપાર કહીને કોક ઠેકાણે ભટકાવનાર કહીને એ પ્રમાણે અનેક રીતે શાસ્ત્રકારોએ ભુંડો કહ્યો છે અને તમારા ગચ્છાધિપતિ આ. દેવ શ્રી ભુવનભાનું સૂ. મ. ઝેરનો લાડવો કહીને તથા ભટકાવનાર તરીકે કહીને ધર્મને ભૂંડો જ કહ્યો છે ને !

કુતર્કશેખર અભયશેખર વિ. કેવા કપટ છલ કરીને લોકોને ઉન્માર્ગે દોરવાનું અને આ. રામચંદ્ર સૂ. મ. ને ધર્મને ગાલ દેનાર તરીકે ઠરાવવા કેવી ઠગાઇ કરે છે જુઓ... ધર્માત્માને જેમ દેવ અને ગુરૂ આદરણીયએ તત્વ છે એમ ધર્મ પણ આદરણીય તત્વ છે જ અને તેથી જેમ દેવ અને ગુરુ 'ભૂંડા' વગેરે ગાલ ન અપાય એમ ધર્મને પણ ભુંડા વગેરે ગાળ ન જ આપી શકાય. બાકી ધર્મ ભુંડો હોય તો તો એનાથી દુઃખ જ આવે તો પછી 'સુખં ધર્માત્ દુઃખં પાપાત્' એ સનાતન સત્યનું શું થાય માટે ધર્મ ભૂંડા નથી.

કુતર્કશેખર મુ. શ્રી અભયશેખર વિ. કેવા છલકપટ કરીને અને આ. શ્રી રામચંદ્ર સૂ. મ.ને શાસ્ત્ર વિરુદ્ધ બોલનાર તરીકે સિદ્ધ કરવા ઉપરોકત લખાણ કેવું ભયંકર શાસ્ત્ર વિરુદ્ધ કરે છે તે અને મુ. અભયશેખર વિ.ની કપટ જાલનો પડદા ફાસ પણ કઈ રીતે થાય છે તે 'વાંચક વર્ગ' તમે જુઓ !

મુ. અભયશેખરજી-કહે છે કે-'ધર્માત્માને દેવ અને ગુરુ એ આદરણીય તત્વ છે એમ ધર્મ પણ આદરણીય તત્વ છે ઇત્યાદિ' બોલો ભાઇઓ ! ધર્માત્માને દેવ અને ગુરુ આદરણીય છે પણ ક્યાં દેવ અને ગુરુ ? સુદેવ અને સુગુરુ જ ને ? કુદેવ કુગુરુ તો આદરણીય નહિ જ ને. એમ ધર્મ પણ સુધર્મ જ આદરણીય હોય ને ? કુધર્મ તો નહી જ ને ! ઇતરોનો ધર્મ જેમ કુધર્મ કહેવાય તેમ ભૌતિક અપેક્ષાવાળા ધર્મને પણ કુધર્મ કહેવાય ને ? શ્રી રામચ,દ્ર સૂ. મ.એ નિઃસ્વાર્થ ભાવે કે મોક્ષના લક્ષથી કરાતા ધર્મને કદી ભૂંડો કહ્યો નથી. સંસાર માટેના ધર્મ ને જ ભૂંડો કહેલો છે જે રીતે 'પરમતેજ' ના મના પુસ્તકમાં આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. શુભક્રિયા ને દુન્યવી સુખ-સન્માનની આશંસાના અશુભ અધ્યવસાયથી મિશ્રિત થાય તો ઝેરના લાડુ જેવી બની જાય એનો અર્થ એજ થયો ને દુન્યવી સુખ-સન્માનના આશયથી કરાયેલ શુભક્રિયા રુપ ધર્મ ઝેરના લાડુ છે અને એમ કહીને એવા ધર્મને શું કહ્યો ? ભૂંડો કહ્યો કે ભૂંડાનો બાપ કહ્યો ? તો શું આ. શ્રી ભુવનભાનુ સૂ. મ ધર્મને ગાલ દીધી કહેવાય ? હરગીજ નથી.

એમ આ. રામચંદ્ર સૂ. મ. સંસાર માટે કરેલા ધર્મને ભૂંડો કહો ધર્મને ગાલ દીધી એમ કહેવાય જ નહી. અને આ. રામચંદ્ર સૂ. મ. ધર્મને ગાલ દીધી એમ મુ. અભયશેખર વિ. કહેવા માંગતા હોય તો એમના સ્વ. દાદા ગુરૂ આ. ભુવનભાનુ સૂ. મ. પણ ધર્મને ગાલ દેનારા છે એમ કહેવું જ જોઇએ પણ તેમ કહેતા નથી માટે આ રામચંદ્ર સૂ. મ. પણ સંસાર માટે કરેલા ધર્મને ભૂંડા કહીને (ધર્મને) ગાલ દેનારા નથી એમ નિશ્ચિત થાય છે પણ પ્રિયવાંચકો ! એમ ધર્મને પણ ભૂંડો વગેરે ગાળ ન જ આપી શકાય. એમ કહીને મુ. અભયશેખર વિ. સંસાર માટે કરેલા ધર્મને ભૂંડો કહે છે એથી આ. શ્રી રામચંદ્ર સૂ. મ. વગેરે ધર્મને ગાલો દેનાર છે એવું સિદ્ધ કરવા માયા જાલ રમી રહ્યા છે.

'એમ ધર્મને પણ ભૂંડો વગેરે ગાળ ન જ આપી શકાય. એ વાક્ય શાસ્ત્રના સત્ય રહસ્યને છૂપાવીને આ. રામચંદ્ર સૂ. મ.ને સંસાર માટે કરાયેલા ધર્મને ભૂંડો કહીને ગાળ દેનારા હોવાના કારણે શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરનાર તરીકે ઠરાવવાના બાલીસ પ્રયાસથી અને બુદ્ધિથી લખાયેલું છે.

શુદ્ધ ધર્મ કે શુદ્ધતા તરફ લઇ જનારા ધર્મને ભૂંડો ન કહેવાય. પણ અશુભ આશંસા ગ્રસ્ત અશુદ્ધ ધર્મને ભૂંડો કહેવામાં શાસ્ત્રનો કોઇ બાધ નથી. અશુદ્ધ ધર્મને તો શાસ્ત્રકારોએ વિષ ગરલ આદિ કહીને ભૂંડો કહ્યો જ છે. આ શાસ્ત્રીય રહસ્યને છૂપાવી જે શાસ્ત્ર વિરૂદ્ધ વાક્ય લખ્યું છે એથી પોતે જ ઉત્સૂત્ર ભાષી કરી જાય છે અને આવા અર્ધ દગ્ધ શાસ્ત્ર વિરુધ્ધ વાક્ય લખવા દ્વારા એમણે પોતાની બુદ્ધિનું ખરેખર પ્રદર્શન જ કર્યું હોય એમ લાગે છે. કેમકે આ. ભુવનભાનુ સૂ. મ. અને આ. રામચંદ્ર સૂ. મ. કયા ધર્મને ભૂંડો કહે છે એની ગતાગમ જ નથી.

પ્રિય વાંચકો ! વળી પણ તમે જુઓ કે એ મુ. અભયશેખરજી કુતર્ક કરી લોકોને કેવા ઊંધા પાટા બંધાવે છે.

તેઓ કહે છે કે 'ધર્મ ભૂંડો હોય તો તેનાથી દુઃખ જ આવે' કેવી શાસ્ત્ર વિરૂદ્ધ એ મુનિશ્રીની આ વાત છે ? ઉત્સૂત્ર વાક્ય એ લખે એ છે કે આ. રામચંદ્ર સૂ. મ.ના વાક્યો પ્રવચનમાં એઓશ્રીના ગુરૂ-દેવાદિ વડીલોની હાજરીમાં બોલાયેલા છે એ ઉત્સૂત્ર વાક્ય કે એ સમજદારને સારી રીતે સમજાય તેમ છે.

આ વાક્ય મુનિશ્રી અભયશેખરજીનું કેવું ઉત્સૂત્ર છે તે જુઓ ?

સુખં ધર્માત્-ધર્મથી સુખ મળે-ધર્મથી મોક્ષનું સુખ મળે અને સંસારનું પણ સુખ મળે.

(ક્રમશઃ)

❋ પ્રેરણામૃત સંચય ❋

–પ્રજ્ઞાંગ

❋ **વીસમી સદીની વિચિત્રતા :—**

આથી સમજાશે કે–ખોટું છોડવું અને સાચું બોલવું, એમાં ઝઘડો કહેનારા સાચા નથી. 'ખોટું નથી છોડાતું' એથી ઝઘડો થાય છે કે સાચું ન લેવાથી ઝઘડો થાય છે ?'–એ ખાસ વિચારવા યોગ્ય પ્રશ્ન છે. કારણ કે–સાચું સ્વીકારવાથી કોઇ ઝઘડો કરે તેથી સત્યને સ્વીકારનાર કદિ જ દોષિત નથી ઠરતો. ખોટી ધાંધલ કરનારને મન ઝઘડાનો ભય હોય, એટલે તે તો ધાંધલ ઊભી કરે પણ એથી એ ખોટી ધાંધલને વશ ન થાય એ ઝઘડાખોર ગણાય. આવો ન્યાય કોઈ જ ન્યાયી દુનિયામાં ન હોય. ખોટી પરિસ્થિતિ જે ઝઘડાનું મૂળ છે તેને ઊપસ્થિત કરનાર એ ઝઘડાનું મૂળ ન કહેવાય એ પણ એક આ વીસમી સદીની વિચિત્રતા જ છે ! આમ થવાનું કારણ એ છે કે–માધ્યસ્થપણાનો ખ્યાલ ઊડી ગયો અગર સત્ય પામવાનું અર્થીપણું ઊડી ગયું.

કોઇ પણ આત્મા કોઈ પણ કાળમાં બે યક્ષની પૂજા પામી શકયો નથી. બહુ પ્રપંચી હોય તે કદાચ પામે, પણ તેને માટે ય પરિણામ તો ઘણું જ ભયંકર ! કારણ કે–માયાપૂર્વકના મૃષાવાદનું ભયંકર પાપ કરી જાણે, એજ બેય પક્ષને રીઝવી શકે, કારણ કે–જેવો આદમી તેવો તે થઇ શકે છે. હવા અને ધ્વજાને કદી વેર નથી હોતું, કારણ કે–ધ્વજા જેમ હવા આવે તેમ ફરકયે જાય. પણ જહાજની સાથે હવાને વૈર હોય છે, કારણ કે–પ્રતિકુળ પવન હોય તો જહાજ અને હવાને મેળ જ ન ખાય એવી જ રીતિએ જેવા માણસ આવે તેની સાથે તેવી વાત કરે તે માણસ બધાને પ્રિય તો લાગે છે, પણ શાસ્ત્ર કહે છે કે–એ પ્રિયતા મહાભયંકર છે. સર્વ સંશય છેદી, સર્વને સમજાય તેવી ભાષા બોલી શકનારા અને પાંત્રીશ પાંત્રીશ વાણીના સ્વામિની સભામાં પણ પાખંડીઓ તો બળતા જ રહ્યા છે.

જેને-તેને દેવ, જેને-તેને ગુરૂ કે જેને–તેને ધર્મ માનનારાને તો તારકો પણ રાજી ન કરી શકયા. તો પછી ગમે તે રીતે સૌને રાજી કરવા એમાં જે ધર્મ માને, તે પ્રભુની આજ્ઞાને કઈ રીતે પાળે ? લોકહેરીનો અર્થ એ છે કે–જે બાજુ લોક વહે તેમ વહેવું. એ જો ધર્મ હોત, તો એનો ત્યાગ કરવાનું આ શાસન શું કામ કહેત ? ધર્મનો ઉપદેશ લોકોને રાજી કરવા માટે છે કે લોકોને ઉન્માર્ગથી ખસેડી સન્માર્ગમાં સ્થાપન કરવા માટે છે ? અને જો રાજી જ કરવા હોય તો ભવાયા અને નાટકીયા ક્યાં ઓછા છે ? એ રાજી કરવાની વૃત્તિ ધર્મમાંથી કે આજ્ઞામાંથી નથી આવી, પણ કાંઇક

બીજેથી આવી છે અને ચાલી પડી છે, કેમકે—અજ્ઞાનીઓએ એ વૃત્તિને સારી માની લીધી. એવાઓને અજ્ઞાનીઓએ મધ્યસ્થ કહ્યા અને એવા જે ન હોય એને ઝઘડાખોર કહ્યા.

* સાધુ અને સાંસારિક પ્રવૃત્તિ :

આજે જે સાધુઓ ગૃહસ્થોના ગૃહવાસની પંચાતમાં પડી, ગૃહસ્થોના ગૃહવાસની કરણીઓની પ્રશંસા તથા પુષ્ટિ કરી રહ્યા છે, અને ગૃહસ્થોના ગૃહવાસની કરણીઓ કરવાને ઉપદેશ કરી રહ્યા છે, તેઓ બરબાદીમાં પોતાના સાધુપણાનું લીલામ જ કરી રહ્યા છે. કારણ કે 'શ્રી જિનેશ્વર દેવના સાધુઓને જેમ બહુ આરંભનો ઉપદેશ કરવાની મનાઈ છે, તેમ અલ્પ આરંભનો ઉપદેશ કરવાની પણ મનાઈ જ છે.' શ્રી જિનેશ્વર દેવના સાધુ જેમ કંદમૂળ ખાવાનું પણ નથી કહી શકતા, તેમ કંદમૂળ સિવાયની વનસ્પતિ પણ ખાવાનું નથી કહી શકતા. જેમ મોટું પાપ આચરવાનું નથી કહી શકતા અર્થાત ગૃહવાસને પુષ્ટ કરતી એક પણ વસ્તુને અને 'ગૃહવાસ જરૂરી છે'—એમ ધ્વનિત કરતી એક પણ પ્રવૃત્તિને તે પુણ્યપુરૂષો પોતાના ઉપદેશમાં સ્થાન નથી જ આપી શકતા, 'તેમ જે સાધુઓ કેવલ લોકૈષણામાં જ પડયા છે અને માનપાન એ જ જેઓનું એક જીવનધ્યેય છે તથા જેઓ સહુને સારા લાગવામાં જ અને સહુને સારું મનાવવામાં જ તથા પોતાની વાહવાહ બનાવી રાખવા ખાતર સત્યને સ્કૂટ કરવાની શક્તિ છતાં ઈરાદા પૂર્વક ગોળ ગોળ ગોટાળા વાળી અજ્ઞાન જનતાને અજ્ઞાનના અંધકારમાં અને દુર્ગતિના ખાડામાં ધકેલવા જેવા અધમ પ્રયત્નો સેવે છે.'

તેઓનું ઓહું લઈ જે મહાપુરૂષો પ્રભુમાર્ગે જ વિચરવામાં અને એથી જ દુનિયાદારીના નાના કે મોટા એક પણ આરંભને અનુમોદન આપવા નથી ઈચ્છતા, તથા ગૃહવાસને નરકના પ્રતિનિધિ તરીકે માની, તેના કૂંડમાં ફસેલા પણ લઘુકર્મિ હોવાના કારણે તેના ત્યાગ તરફ જેઓની દૃષ્ટિ ઢળી છે, તેઓને 'તે નરકના પ્રતિનિધિ રૂપ ગૃહવાસને તજી દેવાનો અને જેઓ એકદમ તજી શકે તેવા ન હોય, તેઓને તેમાં લીન નહિ થવાનો તથા ધીમે ધીમે પણ તજતા થવાનો અને ન તજી શકાય તો પણ તજવા યોગ્ય જ માનવો જોઇએ'—એવી જ જાતિનો ઉપદેશ આપવામાં કલ્યાણ માનનારા છે, તેવા પુણ્ય પુરૂષોને દુનિયાદારીની ક્ષુદ્ર તેમજ પરિણામે આરંભ અને સમારંભને ઢસડી લાવનારી તથા દરેકને અર્થ—કામની લાલસામાં મુગ્ધ બનાવનારી પ્રવૃત્તિઓમાં જોડાવાનું કહેવું, એ શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાની વિરાધના કરવા જેવું જ છે.' આથી મારી ભલામણ છે કે—મુનિમાર્ગને સમજી મુનિવરો પોતાના મુનિપણામાં શુદ્ધ રીતિએ ટકી શકે અને તમને પણ તે પુણ્યમાર્ગે દોરી શકે તેવી જ આચરણાઓ કરવી એ તમારા માટે હિતાવહ છે અને પૂજ્ય મુનિવરોએ પોતાના મુનિપણાને જ દૃષ્ટિ સમક્ષ રાખી

તેમાં એક લેશ પણ ક્ષતિ ન આવે તેવી રીતિએ પ્રભુની આજ્ઞાને અનુસરતું જ વર્તવું એટલે કે–વિચારવું એ જ હિતાવહ છે.

* જીવનનું પરિવર્તન તેનું નામ દૃષ્ટિ!

* બધા અશુભ ભાવનું મૂળ શું? પરિગ્રહ. પરિગ્રહની જરૂર શા માટે? સુખ જોઇએ છે માટે. પાંચે ઇન્દ્રિયોના સુખની ઇચ્છા તેનું નામ જ મૈથુન છે. તેના માટે પૈસા–ટકાદિની જરૂર પડે છે. તો આ પરિગ્રહ અને મૈથુન પાપ લાગે? તે અશુભભાવ લાગે? તો અશુભ ભાવ નથી લાગતા માટે હિંસા–ચોરી–જૂઠ વગર ચાલતું નથી. તેનામાં ક્રોધ–માન–માયા–લોભ–રાગ–દ્વેષ જીવતા હોય, અવસરે કલહ–કજિયા, રતિ–અરતિ–ચાડી ચૂગલી પણ કરે. આ બધાના મૂળમાં અશુભભાવ છે પરિગ્રહ અને મૈથુન. આ બે કરવા પડે તો હું ખરાબ કરું છું, પાપ કરું છું તેમ લાગે છે? તે ખરાબી કાઢવા ભગવાન પાસે, સાધુ પાસે જવાનું છે અને ધર્મ કરવાનો છે.

* ત્યજવા લાયક ચીજ ત્યજવાની ઇચ્છા નહિ તે માણસ પણ નહિ.

* પરિગ્રહ અને તેનો ભોગવટો ખરાબ છે તેમ રોજ કાંટાની જેમ ખટકે? તેમ ખટકે તેને જ ખરેખરો ધર્મ કરવાની ઇચ્છા થાય.

* ધર્મ શું? ઉદારતા, સદાચાર, સહનશીલતા અને સદ્‌વિચાર. તમને લક્ષ્મી વધારે પ્રિય કે ઉદારતા? જેની પાસે અધિક પૈસા તે અધિક ઉદાર? જેમ પૈસો વધે તેમ ઉદારતા વધે? પ્રાણ કરતાં ય ધર્મ શ્રેષ્ઠ છે. તો આત્માને રોજ પૂછવાનું કે તું ઉદાર છે કે કૃપણ? ઉદારતા આત્માને સારો બનાવે. કૃપણતા–લક્ષ્મીનો લોભ આત્માને ખરાબ બનાવે

પ્ર. : ખરાબ ચીજ બીજાને આપવી તેમાં ઉદારતા શું?

ઉ. : ખરાબ ચીજ રાખવા માટે ખરાબ, બીજાના ભલા માટે આપવી તે સારી. શાસ્ત્રે કહ્યું છે કે, સારા માણસની લક્ષ્મી બીજાના હાથમાં જાય તો તે સારો થાય. સારા માણસનું ધાન ખાધું હોય તો બુદ્ધિ સુધરે. સારા ભાવે આપે તો બીજાને પણ લક્ષ્મી રાખવાનું મન ન થાય પણ લક્ષ્મી છોડવાનું મન થાય તે ય ઉદાર બની જાય.

(ક્રમશઃ)

[ટાઇટલ ૨ નું ચાલું]

"सुनिश्चितं मत्सरिणो जनस्य, न नाथ! मुद्रामतिशेरते ते।
माध्यस्थमास्था य परीक्षका ये, मणौ च काचे च समानुबन्धा ॥१॥

(અયોગ વ્યવરછેદ બત્રીશી ગા. ૨૭)

અર્થ:—હે નાથ શ્રી વીતરાગ દેવ! એમાં સુનિશ્ચિત છે, તે લોકા મત્સરીરી મુદ્રા અતિક્રમતા નથી, એતાવતા મત્સરી જ છે જે માધ્યસ્થ કહિયે મધ્યસ્થપણાપ્રતે આસ્થાયડે શ્રદ્ધા ન કરી તો પરીક્ષક છતા મણિમાં અને કાચમાં સમાનુબંધા કે. સરખે પરિણામે છે. કાચ રત્નરો અંતર ન દેખાવે મધ્યસ્થ રહે. પરીક્ષક લોક વિષય અર્થ જિનને ભલાવે. બીજે જિતરો નિર્ણય થાય છતરો નિર્ણય કરી પરીક્ષક ગીતાર્થરી આ ॥ પ્રમાણે કરે. અનિશ્ચિત અર્થ સાચોઇ કહેા, તો પરીક્ષક અપવાદમાં પડે, ઉક્તં ચ સંમતિમહાતર્કે

"એયંતા સદ્દભૂયં સદ્દભૂયમણિચ્ચયં ચ વયમાણો!
લોગ્ગય પરવ્વયાણું વયણિજ્જપહે પડઇવાઇ ॥ ૧ ॥"

અર્થ:— એકાંત સદ્દભૂત અર્થ દૂર રહો. સદ્દભૂત અર્થ પણ જો અનિશ્ચિત કે. સદેહાક્રાંત કહે તો વાદી લૌકિક અને પરીક્ષિક લોક તેહનો વચનીય પથ કે. નિંદામાર્ગ તેહમાં પડે તે માટે સંદેહ ન કરવો. ઇતિ.

બીજો જે થેં લિખ્યો છે. લાભાંતરાય કર્મરા ક્ષયથી કેવલીને દિવ્ય પરમાણુ ચયોપચય રોમ રોમ હુઈ રહ્યો છે. તે માટે આહાર કહ્યો છે. કેવલીને પણ કવલાહાર નથી, એ વાત થાંરા દિલમાં જ કિ ઉં પૈસે. એ આહાર તો ક્ષાયક હોઇ જાય ક્ષયરો કાર્ય સિધ્ધને પણ છે. ક્ષયરો કાર્ય અને પુદ્ગલ વિપાકી ઇસડો તો દિગંબર યુક્તિ શૂન્ય સદ્દહે. બીજું લાભાંતરાય કર્મક્ષયથી લાભ જ હુવે, તો ઉપચય જ હુવે ॥ તન્નિમાઈ કેવઈ ॥ ચયોપચયાંતરાય કર્મ જો દીઠો હોય, તો તિણરે ક્ષય ચયોપચય કહી શકે. બીજો રોમાહાર કહે છે તેણે દિગંબર પ્રક્રિયા પણ સમજી નથી. દિગંબર વ્યંજનાવગ્રહ વિના કેવલીને સ્પર્શે આહાર લેવો ન માને 'ણહિકંહુ ઉગાલાઇહિં' ઇત્યાદિ પ્રવચનસાર વચનાત. કેવલીનામનવરત લોક્રાલોક્રાવલોકન કે લિત મુજ્જંભમાણ કેવલજ્ઞાન મહિમ્નામન સોપનીતા ઐવાહાર વર્ગણાવૃધ્ધિ પોષદાયિન્ય ઇતિ ચેન્ન મનોજ્ઞભક્ષિણાં દેવાનાં વૈક્રિય-શરીરાનુગતાના મેવ તાસાં શ્રવણાત્ભવત્યૌદારીક શરીરાનુગતા અપિતા : પરિકલ્પંત ઇતિ ચેત ક્રિમર્થં ભગવત્છરીર સ્મિતિ : વૃધ્ધયાદ્યર્થમિતિ ચેન્નૌદારિક સ્થિતિ વૃધ્ધયા દે : કવલાહાર નિમિત્તાયા એવ દૃષ્ટત્વાદ દૃષ્ટપરિકલ્પનાયાં પ્રમાણાભાવાત! ભગવદૌદારિક

સ્થિતિત્વાવચ્છેનપિત દ્વય ભિચારાચ્ચ કેવલજ્ઞાનોત્તરં ભગવદૌદારિક સ્થિતૌ તદ્ધેતવેશૈલોષ્યાંતત પ્રસંગ : સયેગિજિન શરીર સ્થિતૌ દ્રવ્ય મનોવર્ષ્ટભોપનત દિવ્યાહારનું સંક્રમો હેતુ રિત્યપિ રેકતવચ્ચ : કેવલજ્ઞાનોત્તરં પ્રતિક્ષણું જાયમાનસ્ય તસ્ય કાલ નિયમે માનાભાવાદ્દે તેન પરમૌદારિક ત્વાવચ્છિન્નં હેતુત્વમપ્યપાસ્તં અન્યેાન્યા શ્રયાચ્ચ કિં ચૈવમન્વય વ્યતિરેકાભ્યાં કેવલજ્ઞાનસ્યૈવ દિવ્યાહારહેતુત્વ પ્રસકતૌ કારણું કાર્યોપચારાદિનામતિજ્ઞાનાદેરિવ પૌદ્ગલકત્વ પ્રસંગ ઇતિ ન કિંચિદેતત્ ઇત્યાદિકં અસ્મત્કૃત **શાસ્ત્રવાર્ત્તા સમુચ્ચય વૃત્તૌ સ્યાદ્વાદ કલ્પલતા નામ્ન્યાં દબાર્થ : ॥**

કેવલજ્ઞ ન બળે મનેજ આવી આહાર વર્ગણા જે કેવલ શરીર વૃદ્ધિ પેાષ હેતુ કહીશ તેા જુદું છે. એહવેા તેા મનેાભક્ષી દેવતાને જ હેાય; કેવલીને એમ કલ્પીએ તેા અદૃષ્ટ પરિકલ્પના થાય. જે માટે ઔદારિક શરીરની સ્થિતિ પહેલાં વૃદ્ધિ પુષ્ટતા કવલાહારે જ દીઠી છે. ભગવંતમાં ઔદારિક શરીરની સ્થિતિ પહેલાં તેહ વિના જ છે, માટે વ્યભિચાર થાએ. કેવલજ્ઞાન પછી જે ઔદારિક શરીર સ્થિત્યાદિક તિહાં દિવ્યાહાર વર્ગણાને હેતુપણું કહીએ તેહ ન ઘટે જે માટે. જે માટે નિરંતર આવ દિવ્યાહાર પરમાણુ શરીર છે. તિહાંતાંઇ ચઉદમે ગુણઠાણે પણ લાગી જાય. એહે કરી પરમૌદારિક શરીર તે હેતુ તે પણ નિરાકર્યું, જે માટે દિવ્યાણું સંક્રમ સિધ્ધિ પરમૌદારિકની સિધ્ધિ અને તેહની સિધ્ધિ દિવ્યાણું સંક્રમસિધ્ધિ એ અન્યેાન્યાશ્રય દેાષ થાએ તથા એમ કરતાં અન્વય વ્યતિરેકે કેવલજ્ઞાનને જ દિવ્યહાર પણ હેાય. તે વારે કેવલજ્ઞાન પૌદ્ગલિક હુઇ જાએ; તેા નિયત કાલવેદની ઉદય જનિત કવલાહાર કેવલીને માનતા શું જાય છે ? જે સર્વતંત્ર વિરૂધ્ધ અદૃષ્ટ કલ્પના કીજે. **ઉક્તં ચ રત્નાકરાવતારિકાયાં** " આહાર પર્યાપ્તિ નામકર્મોદય વેદનીયોદય પ્રબલ પ્રજ્વલદૌદર્ય જ્વલનોપતપ્યમાનોહિ પુમાનાહારમાહારયતીતિ । "

અને કેવલજ્ઞાન ઉપન્યા પછી મંદાગ્નિપણાનેા દેાષ થાયે; એહવું તેા સંભવે નહિ. **કેવલીને અગ્યાર પરીસહ શ્રીભગવતીસૂત્રમધ્યે** પણ કહ્યા છે. તથા **શ્રી તત્ત્વાર્થ મધ્યે પણ કહ્યા છે. 'એકાદશ જિને'** ઇસ્યેા સૂત્ર છે. પણ **'એકાદશ જિનેન'** ઇસ્યેા સૂત્ર નથી. અને શ્રી **સિદ્ધ સેનાચાર્ય કૃત ટીકા** મધ્યે ઇસ્યેા વ્યાખ્યાન પણ નથી દિગંબરી **સર્વાર્થસિદ્ધિ ટીકામાં** જે 'ન સંતિ' ઇસ્યેા બાહિરથી લેવેા કહ્યો છે. સૂત્ર વિરૂધ્ધ વ્યાખ્યાન કર્ત્તા તેા દુર્મતગ્રાહીમાં છે, તે લેાકમાં ઉપહાસનીય છે.

(ક્રમશ :)

પૂજયશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- મોહથી મૂઢ બનેલાને જ્ઞાન પણ નુકશાન કરે. કેમકે તે કહ્યા મુજબ ન વર્તે પણ મરજી મુજબ વર્તે.
- જે સુખ માટે પાપ કરવું પડે તે સુખ સારું કહેવાય? જેના માટે આપણે ખરાબ થવું પડે તે ચીજ સારી કહેવાય?
- ચોરી કરીને, અનીતિ કરીને, મોજ મજા કરવી તે ય આત્માનો ડાઘ છે.
- જેને સુખ સારું લાગે છે અને દુઃખ ભૂંડું લાગે છે તે આર્ત્ત અને રૌદ્ર ધ્યાનમાં જ મરવાના અને દુર્ગતિમાં જવાના છે. જેને સુખ ભૂંડુ લાગે અને દુઃખ વેઠવા જેવું લાગે તે જ બચી જાય.
- આરંભ–પરિગ્રહ ભૂંડા ન લાગે ત્યાં સુધી અનીતિ ભૂંડી ન લાગે.
- આજે બધાની બુદ્ધિને ક્ષય થયો છે કારણ કે પાપનો ભય નથી, સુખનો લોભ છે, દુઃખનો ડર છે અને ધર્મનો ખપ નથી.
- વિરાગી ભગવાનની સેવા કરે તો ફળે. રાગી રાગ માટે સેવા કરે તો તે ફૂટી નીકળે.
- વિરાગના અભાવે આજે શ્રાવક–શ્રાવિકાની ખરાબ હાલત છે. વિરાગ વગરના ત્યાગીની તમારા કરતાં ય ભારે દુર્દશા હોય.
- આ સંસાર આખો ઉપાધિમય છે. જેને ઉપાધિ ગમે તે આધિ અને વ્યાધિથી પીડાતો જ હોય. તે આધિ–વ્યાધીથી ગમે તેટલો ભાગે તો પણ બચી શકે નહિ. માનસિક ચિંતા તે આધિ છે અને તેમાંથી શારીરિક રોગ રૂપ વ્યાધિ પેદા થાય છે. માટે ઉપાધિ તે આધિ–વ્યાધિની જનેતા છે. આ–તે ન જોઇએ આ–બુ જોઇએ તે જ ઉપાધિ છે.
- જેટલું નિરૂપાધિકપણું તેટલો ધર્મ. જેટલું ઉપાધિપણું તેટલો અધર્મ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપી વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं उसभाइ-महावीर पज्जवसाणाणं

शासन अने सिद्धान्त रक्षा तथा प्रचारनुं पत्र

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

વર્ષ ૯ | અંક ૪૨

ભોગ તૃષ્ણાથી થતી હાનિ

તે ધતુરતરૂં વપન્તિ ભુવને પ્રોન્મૂલ્ય કલ્પદ્રુમમ્,
ગૃહ્ણન્તિ ખલુ કર્કરં નિજકરે
પ્રક્ષિપ્ય ચિન્તામણિમ્ ।
વિક્રિય દ્વિરદં ગિરીન્દ્ર સદૃશં
ક્રીણન્તિ તે રાસભમ્;
યે લબ્ધં પરિહૃત્ય ધર્મમધમા
ધાવન્તિ ભોગાશયા: ।।

જેઓ માંડ માંડ પ્રાપ્ત ધર્મનો ત્યાગ કરીને ભોગ–તૃષ્ણાની પાછળ આંધળી દોટ મૂકે છે તે અધમો આ ભુવનમાં કલ્પવૃક્ષને ઉખેડીને ધતુરા આંકડાને વાવે છે, ચિન્તામણિને નાખીને પોતાના હાથમાં ખરેખર કાંકરાને ગ્રહણ કરે છે. અને પર્વત સમાન શ્રેષ્ઠ હાથીને વેચીને ગધેડાને ખરીદે છે. માટે ભોગતૃષ્ણાનો ત્યાગ કરવો હિતાવહ છે.

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

: શાસન સમાચાર :

નાસોલી (પાંચપાદરા)માં પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય કમલરત્નસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ચોથો આરો વર્ત્યો.

વૈશાખ સુદ ૧૫ના દિવસે ૬૧૫ રૂા.નું સંઘપૂજન થયેલ તે નીચે મુજબ છે.

(૧) શા પારસમલજી ઇન્દરમલજી રાણી (દાસપા) તરફથી ૫
(૨) શા જવાનમલજી આસાજી રાણી ,, ,, ૫
(૩) શા ભવરલાલજી નવાજી ભાગલ લેફરા ,, ૧૦
(૪) શા કેસમલજી સોનાજી હરણ (નરતા) ,, ૧૦
(૫) શા ભવરલાલજી નેનમલજી હરણ (નરતા) ,, ૧૦
(૬) શા શિવરાજજી લેનાજી ભીનમાલ ,, ૧૦

આજે શા વિરાજી જવાજીએ પૂ. આ. ભ. શ્રી કમલરત્નસૂરીશ્વરજી મ.ની બોલી બોલીને ગુરૂપૂજન કરેલ. શા દાસોમલજી ઉદાજીએ પૂ. સૂરિજી મ.ને ઠાંબલું ઓઢાવેલ. પૂ. પંન્યાસપ્રવરશ્રી દર્શનરત્નવિ. ગણિવરની કામલીને શા હસ્તિમલજી અનાજીએ બોલી બોલી કામલી વહોરાવેલ. પૂ. પંન્યાસપ્રવરશ્રી વિમલરત્ન વિ. ગણિવરજીને કામલી શા હસ્તિમલજી અનાજીએ બોલી બોલી લાભ લીધેલ. પૂ.વીર વિ.ને શા હસ્તિમલજી ઉદાજીએ બોલી બોલી લાભ લીધેલ. સાધ્વીજી ગુપ્તિરત્નાશ્રીજીને કામલી વહોરાવાની બોલી બોલી હસ્તિમલજી ઉદાજીએ લાભ લીધેલ. વૈશાખ વદ ૧ શુક્રવાર તા. ૨૩–૫–૯૭ના દિવસે ૫૧૫નું સંઘપૂજન થયેલ તેમાં નીચે મુજબ નામો છે.

(૧) શા મફચંદજી વરદાજી ભીનમાલ તરફથી–૫ (૨)શા લાલચંદજી ચુનીજી જાલોર તરફથી–૫. (૩) શા ગેબજી મેતાજી હરણ દાસપા તરફથી–૫. (૪) શા માંગીલાલજી સોનજી ભીનમાલ તરફથી–૫. (૫) શા જેસાજી પરદાજી દાસપા તરફથી-૫. (૬) શા બાબુલાલજી વાગજી ભીનમાલ તરફથી–૫. (૭) શા માણકચંદજી માલાજી દાસપા તરફથી–૫. (૮) શા ભાલચંદજી હેજાજી દાસપા તરફથી–૫. (૯) શા કેશરીમલજી નેણજી હુડીડા દાસપા તરફથી–૫. (૧૦) શા પારસમલજી વરદાજી દાસપા તરફથી–૫નું સંઘપૂજન થયેલ. પછી પાત્રા આદિ વહોરાવેલ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિ. કમલરત્ન સૂ. મ. સા.એ વૈશાખ વદ ૨ ના દિવસે ભીનમાલ તરફ વિહાર કર્યો. સંઘ વોલાવા ગયો. આંખોમાં આંસુઓ હતાં, વૈશાખ વદ ૩ના દિવસે પૂ. પંન્યાસપ્રવરશ્રી દર્શનરત્ન વિ. ગણિવર્ય આદિએ દાસપા બાજુ વિહાર કરેલ. ચોમાસા માટે અષાઢ સુદ ૨ ને જોધપુર પ્રવેશ કરશે. ગુરૂજી પૂ. આ. ભ. શ્રી કમલરત્ન સૂ. મ. પાલનપુર અષાઢ સુદ ૨ ને પ્રવેશ કરશે.

હમારા દેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાસલા મળે સિદ્ધાચલ સેવા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવ્યાય ચ

સંરક્ષકો
પ્રેમચંદ મેઘાણી મુકુંદ (મુંબઈ)
હરેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વડોદરા)
ચાંદમલ ધર્મશી મુકુંદ (ચાલગઢ)

વર્ષ : ૯] ૨૦૫૩ જેઠ સુદ-૧૨ મંગળવાર તા. ૧૭-૬-૯૭ [અંક : ૪૨

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૧૦ શનિવાર તા. ૨૦-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૭ મું) -અવ૦)

પ્ર૦ સારી ઊંઘ આવે તે પુણ્યોદયથી કે પાપોદયથી ?

ઉ૦ શાતાનો ઉદય હોય તેને સારી ઊંઘ આવે. પણ શાતાનો ઉદય અને ઊંઘ જેને સારા લાગે તે બે ય પાપ છે.

'સંસારમાં સારું ક્યાંથી હોય ?' આવું બોલનારા શ્રાવકો જોઇએ છે. બે શ્રાવક ભેગા થાય તો પરસ્પર શું વાત કરે ? 'વેપાર કેમ ચાલે' તેમ પૂછો ને કે 'આ વેપાર ક્યારે છોડવો છે ? આ પાપ ક્યાં સુધી ચાલુ રાખવું છે ?' તેમ વાત કરો ?

સભા : બજારની જ વાત કરીએ છીએ.

ઉ૦ : બે શ્રાવક ભેગા થાય અને બજારની વાત કરે તો તે અસલમાં શ્રાવક જ નથી.

શાસ્ત્રે કહ્યું છે કે-બે શ્રાવક મળે તો ધર્મની જ વાત કરે. 'હજી વેપાર છૂટતો નથી. બહુ લોભ વળગ્યો છે. શું કરીએ તો તે લોભ છૂટે' તેમ વાત કરે. આજના શ્રાવકો પણ સંસારની મોંઢાણ માંડે છે.

સભા. : અમે શ્રાવક જ નથી.

ઉ૦ : હું કહું તો ગુસ્સે થાવ. શાસ્ત્રે કહ્યું છે કે–કાણાને કાણો ન કહેવો. આંધળા કરતાં કાણા અને બાડા વધારે ખરાબ હોય છે.

આજનો મોટો ભાગ એવો છે કે તેના સારા કામને વખાણો તે રાજી. ન વખાણો તો નારાજ થાય.

સભા : પૂજામાં આવે છે કે–મિચ્છ અભવ્ય ન ઓળખે, અંધો ને કાણો.

ઉ૦ : મિથ્યાદૃષ્ટિ આંધળો છે પણ સમજે તો દેખતો થઈ શકે છે. જ્યારે અભવી જીવ તો સદાને માટે આંધળો રહેવાનો છે કેમકે મોક્ષની વાત તે કદી માનવાનો નથી, મોક્ષ તેને કદી બેસે નહિ. ઉપરથી તો તે મોક્ષની પણ મશ્કરી કરે છે.

તમને મોક્ષની વાત ગમે છે ? જેને મોક્ષની વાત જ ન ગમતી હોય તે બધા ભવ્ય હોય તો ય ભારેકર્મી છે. તમે બધા ભારેકર્મી છો કે લઘુકર્મી છો ? અહીં રોજ આવો છો તે મોક્ષે જવા માટે આવો છો કે સંસારમાં લીલા લહેર થાય તે માટે આવો છો ? અહીં આવનારા બધા સાધુ થવા માટે આવે છે ? મંદિરે જાય તે બધાને ભગવાન થવું છે ? ઘર–બારાદિ જે ભૂતની માફક વળગ્યા છે તે છોડી દેવાનું મન છે તે માટે અમે અહીં આવીએ છીએ તેમ કહું તો કબૂલ કરો ?

પ્ર૦ : સાંભળે તે લઘુકર્મી નહિ !

ઉ૦ : સાંભળનારા ઘિટ્ઠા પણ હોય છે. તેવાને લાભ ન થાય. તેવા માટે વ્યાખ્યાન નથી. જે સારો જીવ હોય તેને લાભ થાય. મોટો ભાગ કુતૂહલ માટે આવે છે. શું બોલે તે જાણવા માટે આવે છે અને બહાર જઈને ગમે તેમ બોલે તેની કિંમત નથી.

તમને તમારા ઘરમાંથી પૂછે કે-રોજ વ્યાખ્યાનમાં જાવ છો છતાં હજી એવાને એવા રહ્યા છો. તો તમે ગુસ્સે થાવ કે કબૂલ કરો કે–હજી સુધર્યો નથી. ઘર છોડવા માટે, પૈસા છોડવા માટે, કુટુંબ–પરિવારાદિ છોડવા માટે આવતા હોત તો તમારું જીવન બદલાયું હોત. ઝટ મોક્ષે જવાનું મન થાય છે ? તે માટે સાધુ થવાનું પણ મન થાય છે ? આ ઉપદેશ સાંભળતા પાપ, પાપ લાગે છે ? ઘર–બારાદિ કયારે છૂટે તેની જ ચિંતામાં છો ? 'હું સાધુ થવા માટે જ વ્યાખ્યાનમાં જાઉં છું" આમ જો તમે ઘરે કહેતા હો તો તમને વ્યાખ્યાનમાં પણ ન જવા દે તેવું તમારું કુટુંબ મળ્યું છે ! બજારમાં સારી ચીજ મળે કે જુવો તો તેની ઘરે જઈને વાત કરો છો. તેમ અહીંથી શું લઈને જાવ છો ? જે લોકો અહીં ન આવી શકે તેઓને અહીં વ્યાખ્યાનમાં જે વાત સમજો તે ઘરે જઈને કહો છો ? રોજ સાંભળવા છતાં હજી આપણે આવા ને

આવા કેમ થયા તેવી પણ વાત ચાલુ છે ? અહીં પણ તમે ઘર–પેઢીના કામ–બરાબર ગોઠવાઈ ગયા છે માટે આવો છો ને ? જો તેમાં વાંધો પડે તો કાલથી ન પણ આવો ને ? છોકરાઓથી કે વહુઓથી તો અહીં અવાય નહિ ને ? મારા ઘરના બધા માણસોએ રોજ વ્યાખ્યાન સાંભળવું જોઇએ તેવું પણ તમારા મનમાં છે ખરું ? તમારો નોકર પણ અહીં આવી શકે તેવી વ્યવસ્થા કરી છે ખરી ? સાધુનો યોગ હોય અને રોજ વ્યાખ્યાન ચાલુ હોય તો પેઢી અગિયાર વાગ્યા પછી જ બોલોને ? આજે તો ઘણાને જૈન નોકર પણ નથી ગમતા. અહીં આવે તેને રોજ સાધુ થવાનું મન થાય ખરું ?

પ્ર૦ : રોજ ઘા પડતા હોય તો એકાદ ઘા લાગી જાય ને ?

ઉ૦ : હજી સુધી ઘા નથી લાગ્યો તેનું દુઃખ છે ?

અહીં રોજ કેમ આવો છો ? સાધુ થવું છે ? ઉદાર બનવું છે ? શીલસંપન્ન બનવું છે ? તપસ્વી બનવું છે ? સારા વિચારમાં જ રમવું છે ? ખરાબ વિચાર આવે તો 'હું નાલાયક છું, પાપી છું' તેમ લાગે છે ? મજેથી જીવી શકો, સારું ખાઇ–પી શકો, બે પૈસા ધર્મમાં પણ ખર્ચી શકો તેટલું હોવા છતાં પણ અધિકને અધિક ધન મેળવવાનું મન થાય છે તો તે અમારો ભારે રોગ છે તેમ લાગે છે ? 'ધર્મનો ટાઇમ નથી' તેવું સુઝી કહે ? સુઝી અને ટાઇમને આધીન ! તમને ટાઇમની કશી કિંમત નથી. જેટલા અપલક્ષણો બીજામાં હશે તેના કરતાં વધારે અપલક્ષણો આજના ધર્મ કરનારમાં છે. મજેથી લોભ કરે છે, જૂઠ બોલે છે, ચોરી કરે છે. અને આજે તો રાજદંડ થાય તેવી ચોરી ખૂબ મજેથી કરે છે અને કરવી જ જોઇએ તેમ પણ કહે છે. તેથી જ આજે ઘણા લોકો ભગવાનને, સાધુને અને ધર્મને ખરાબ કહે છે, તે ત્રણની નિંદા કરે છે. મારાથી ભગવાનને સાધુને અને ધર્મને કલંક ન લાગે તેવું જીવન મારે જીવવું જોઇએ તેવું પણ મનમાં થાય છે ?

આજે તમે જેમ જેમ ધર્મ કરો છો તેમ તેમ તમારું જીવન બગડતું જ જાય છે. લોભ ઓછો થયો છે ? મારી પાસે ઘણા પૈસા છે હવે નથી જોઇતા તેમ થાય છે? કેટલા પૈસા મળે તો વેપાર બંધ કરો ? મરતા સુધી ધંધો જ કરવો જોઇએ તેમ માનો છો ? તમે નિવૃત્ત ક્યારે થવાના છો ? વેપાર ન કરતા હોય તેવા અહીં બેસેલામાંથી કેટલા મળે ? મજેથી છતે પૈસે, આજીવિકાનું સાધન હોવા છતાં ય વેપાર કરે તે જૈન જ નથી ? તેવ ને ભગવાનનો ધર્મ અડ્યો છે તેમ કહેવાય ?

આજનો વેપાર મોટે ભાગે જૂઠનો અને ચોરીનો ભરેલો છે. મારી પાસે કેટલા પૈસા છે તે બોલી શકાય નહિ તેવો છે. તમારી પાસે જે છે તે બધું ચોપડે છે ? માટે તો તમારે ઘેર ધાડ પાડવા આવે તેને ય બરાબ બનાવી રવાના કરો છો ! બધા જ સમજે છે કે બધા ચોર છે. આજે શાહ તેટલા ચોર છે, શેઠ તેટલા શઠ છે, સાહેબ તેટલા શેતાન છે. આજે સારો યુગ નથી ચાલતો પણ શેતાનનો યુગ ચાલે છે. આવું અમારે બોલવું પડે તે અમારે માટે દુઃખરૂપ છે.

માટે સમજો કે, ભગવાનનો ધર્મ સાચી રીતે ન સમજે તે ધર્મ ધર્મરૂપ ન બને, તેનાથી કદાચ એકવાર દુનિયાનું સુખ મલી પણ જાય જીવને વધારેને વધારે પાપી બનાવી દુર્ગતિમાં મોકલી આપે. આજનો સુખીવર્ગ જે રીતે જીવે છે તેથી મરીને ક્યાં જશે ? ધર્મી માત્રને વિશ્વાસ હોવો જોઇએ કે—હું સદ્ગતિમાં જ જવાનો છું. દુર્ગતિમાં જવાનો નથી. કેમકે, તેને મરવાનો ભય ન હોય, ખોટું જીવવાનો લોભ ન હોય; ધર્મને સારો માને, પૈસાને ખોટો જ માને. મોક્ષને માને, મોક્ષને વહેલામાં વહેલા પામવાની ઇચ્છાવાળો જીવ સાચો ધર્મ પામી શકે. તેની ઇચ્છા ન હોય તે ધર્મી જ નથી, ધર્મ કરીને પણ મિથ્યાત્વને જ વધારે. આવી દશા ન થાય તે માટે શું કરવું તે હવે પછી—



: શાસન સમાચાર :

ભુજ—પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. આદિ કચ્છ ભદ્રેશ્વરના સંઘ પછી કચ્છની નાની મોટી પંચતીર્થી કરી ચૈત્ર સુદ ૧૨ ના ભુજ પધાર્યા. ચૈત્ર સુદ ૧૩ના ભગવાન મહાવીર જન્મકલ્યાણક નિમિત્તો ભવ્ય વરઘોડો નીકળ્યો. ૩ હજાર ભાવિકો વરઘોડામાં જોડાયા, નવકારશી સાત સંઘની થઇ ૬ હજારની સંખ્યા થઇ.

અંજાર—પૂ. શ્રી અંજાર પધારતા ગુલાબચંદ કુ. માં મનસુખલાલ દેવરાજ શાહની વિનંતિથી પધાર્યા ત્યાં શ્રી સંઘ સ્વાગત માટે આવી જતા માંગલિક પ્રવચન તથા મનુભાઇ તરફથી ૧૦–૧૦ રૂા.નું સંઘપૂજન થયું. સામૈયુ ગામમાં પહોંચતા પ્રવચન તથા મનુભાઈ જીવરાજ તથા બચુભાઇ હરિયા અને હાલાર પડાણાવાળા તરફથી પ્રભાવના થઇ બીજે દિવસે બચુભાઈના ધર્મપત્ની જયાબેનને ૫૧મી ઓળીના પારણા નિમિત્તો પ્રવચન ૫–૫ રૂા. સંઘપૂજન વિ. થયા.

❋ પ્રેરણાભૂત સંચય ❋

—મજ્ઝાંગ

❋ પ્રાણની આપત્તિ આવે તો પ્રાણ ત્યજે પણ ધર્મ ન ત્યજે. બધા મહાત્માઓએ ધર્મનાં રક્ષા માટે પ્રાણ ખોયા છે. ગમે તેવી આપત્તિ આપનારનું પણ બૂરું ઇચ્છ્યું નથી પ્રાણ કરતાં ય ધર્મ શ્રેષ્ઠ જ ! પ્રાણના સંકટમાં ય ધર્મ ન છોડે. ભગવાને કહેલો ધર્મ જ સાર. હું વિશેષ ધર્મ નથી કરી શકતો મણ ઉદારતા, સદાચાર, સહનશીલતાનું રક્ષણ કરવું જોઇએ, સદ્‌વિચાર જીવતા જ રહેવા જોઇએ. મારા અપરાધી પ્રત્યે પણ દુષ્ટ વિચાર ન થવો જોઇએ. ગમે તેવી આપત્તિમાં ધર્મ ન જ છોડું. ગમે તેવી આપત્તિમાં ન ખાવા—પીવા લાયક ન જ ખવાય, ન જ પીવાય. દુશ્મન પ્રત્યે પણ ઉદાર રહેવું જોઇએ. આ ભાવધર્મ તો બધામાં હોવો જોઇએ ને ? તમને નુકશાનમાં ફુકનારો ખુદ નુકશાનમાં આવે તમને ખબર પડે, તાકાત હોય તો તમને તેને બચાવવાનું મન થાય ખરું ? ગમે તેવો ખરાબ કાળ આવે, તો ય ખરાબ વિચાર આવવા ન જ જોઇએ, ન કરવા લાયક થાય જ નહિ, કરવા લાયક જ થાય. આ ચારે પ્રકારના ધર્મનો ઉદારતા, સદાચાર, સહનશીલતા, સદ્‌વિચાર—અમલ હોત તો લીલાલહેર થાત, ઘણું સુંદર થાત...!

આ ક્યારે બને ? પ્રાણ કરતાં ય ધર્મ જ પ્રધાન છે તેમ લાગે તો ને ? લોક પૈસાવાળાના ગુણ ગાય કે ઉદારના ? જે મુર્ખા હોય છે તે પૈસાવાળાની લાલચમાં પડી તેના ગુણ ગાય છે. એક ધર્મ જ એવો છે કે જે મરીએ તે પછી પણ સાથે આવે છે. ધર્મ બહાર રહેનારી ચીજ છે કે હૈયામાં રહેનારી ચીજ ? સાથે આવવાનો ધર્મ જ બાકી તો આ દેહ છે ત્યાં સુધી. બીજું સાથે શું આવે ? અધર્મ. અહીંથી ધર્મ લઇને જવું છે કે અધર્મ ? બીજું કોઈ સાથે આવવાનું નથી. હું આવ્યો છું એકલો, જવાનો છું ય એકલો—તેમ રોજ યાદ આવે ? ધર્મ સાથે આવે તો ચિંતા નથી. અધર્મ સાથે આવ્યો તો રિબાઇ રિબાઇને મારશે.

❋ આગળ સાવધ આત્માઓને સાવધ રાખનાર જોઈતા હતા. આજે અસાવધને સાવધ કરનાર ગમતા નથી.

❋ શ્રી નવકાર મંત્ર ગણનારની ઇચ્છા શી હોય ? નવકાર ગણવો જુદો છે અને નવકાર માનવો જુદો છે. અભવ્યના આત્માઓ અનંતીવાર નવકાર ગણે છે છતાં પણ સંસારમાં રખડે છે. સંસારના સુખ માટે નવકાર ગણે તે નવકારને માનનારો ન કહેવાય. સંસારનું સુખ સારું લાગે અને તે જ વખતે ગભરામણ થાય કે, 'મારું શું

થશે ?' તો તે નવકારને માનનારો કહેવાય.

* શ્રી નવકાર મહામંત્રમાં મોક્ષ વિના બીજી કશી જ વાત નથી. આવો શ્રી નવકાર મહામંત્ર મળવા છતાં પણ, ગણવા છતાં પણ સંસારમાં લહેર કરે, ધર્મ થાય તો ય ઠીક, ન થાય તો ય વાંધો નહિ, સંસારના સ્વાર્થ માટે જ શ્રી નવકાર મહામંત્ર ગણે તો તેને તે ફળે નહિ. પણ ફૂટી નીકળે. માત્રા ખાય અને પથ્યનું સેવન ન કરે તો શું થાય ? જેને દુઃખ નથી ગમતું અને દુનિયાનું સુખ જ ગમે છે તેવો જીવ શ્રી નવકાર મહામંત્ર ગણનારો હોય તો પણ તેને માનનારો નથી.

—*— —*—

* આજે સત્યાસત્યની પરીક્ષા કર્યા વિના 'આ તો અંગત આક્ષેપ' આથી ફાયદો શો ? ધર્માત્માથી એ થાય જ કેમ ? એવી જાતની ચર્ચા દરેકને માટે સહેલી થઈ પડી છે, આવી પરિસ્થિતિમાં સર્વના હિતની ખાતર સત્યનું જ સમર્થન કરવા ઇચ્છનારાઓને બહુ જ સાવચેત રહેવાની જરૂર છે.

જેઓ શાસન સેવા કરવા ચાહે છે તેઓ જેટલે અંશે શાસન વિરોધિઓને પણ ખોટી રીતે ઉતારી પાડવામાં હોય તેથી પણ અધિક હલકા ચીતરવામાં અને ઘટી કે સંભવી ના શકે તેવા આક્ષેપો અસત્ય રીતિએ કરવામાં રોકાય છે તેટલે દરજ્જે તેઓ જરૂર ભૂલ કરે છે અને શાસન સેવામાં અંતરાય નાખે છે. એ નિર્વિવાદ છે. પણ જેઓને વાત વાતમાં અંગત આક્ષેપોની જ ગંધ આવ્યા કરે છે; જેઓને સાચું કે ખોટું પારખવાની દરકાર જ નથી અને વિરોધીઓની વિરોધ પ્રવૃત્તિઓ પણ રૂચે છે અને શાસન—સેવકોની સાચી અને હિતકર પ્રવૃત્તિઓ પણ નથી રૂચતી તેઓની દરકાર શાસન સેવકોએ બીલકુલ કરવી ન જોઇએ અને સત્ય વસ્તુસ્થિતિ દર્શાવતા લેશ પણ અચકવું ન જોઇએ.

અંગત આક્ષેપ એટલે શું ? એ પણ જરા વિચારી લેવું જોઇએ. આક્ષેપ શબ્દ અનેક અર્થનો વાચક છે એમ કોષ કહે છે. આક્ષેપ કરવો એટલે શબ્દનો ગેર ઉપયોગ કરવો, નિંદા કરવી, કોઇના ઉપર ખોટો અપવાદ કરવો અને ખોટી રીતિએ કોઇના પ્રતિ તિરસ્કારયુક્ત બોલવું યા લખવું એમ પણ કહેવાય. એટલે કાંઈ સામાની સાવચેતી માટે ચોરને ચોર તરીકે અગર લફંગાને લફંગા તરીકે ઓળખાવે એટલા ઉપરથી તે એની ઉપર આક્ષેપ કરે છે એમ ન જ કહી શકાય. માત્ર સ્વરૂપ દર્શનની ખાતર કોઢી-આને કોઇ કોઢીઓ કહે તેમાં તે પોતાનું અપમાન નથી જ સમજતો. એટલું જ કે જે વ્યક્તિ જે વિશેષણ વાપરે તે તેણે ધરાઇપૂર્વક સ્વરૂપ દર્શન માટે વાપરેલું હોવું

જોઇએ અને તે પણ સાબીત કરી આપવાની તૈયારી હોવી જોઇએ, આ શાંતિએ વિચારી જોતાં કઠોર પણ સત્ય વસ્તુસ્થિતિને સ્પષ્ટ કરનારા કરેકે કરેક લખાણોને યા એક પણ તેવા લખાણને આક્ષેપક વખાણ તરીકે ઓળખાવવા યત્ન કરવો એજ અનુચિત અને અસંગત હોવાથી તેવો યત્ન કરનાર જ ખરી રીતિએ આક્ષેપોનો કરનાર છે એમ કહેવું એ અધિક પડતું નથી.

વળી એવાં કઠોર પણ સત્ય વસ્તુસ્થિતિને સ્પષ્ટ કરનારા લખાણો જેને ઉદ્દેશીને લખવામાં આવે તે તેને માટે અંગત આક્ષેપ કરનારા છે એટલે કે તેને ઊતારી પાડવા તેની ઉપર અપવાદ મૂકવા કે તેનો તિરસ્કાર વગેરે કરવા માટે જ લખાયેલાં છે એમ કોઈ પણ સજ્જન ન જ કહી શકે.

એ સાચું છે કે તે લખાણોમાં આવતા કઠોર શબ્દો કેવલ દુષ્ટ–બુદ્ધિથી તેની કનડગત કરવા માટે જ લખવામાં આવે તો તે એકાંત અહિતકર છે; પણ જ્યારે એજ કઠોર પણ આવા શબ્દો સામાને એવી નિર્ભર્ત્સના કરીને તેની અનુચિત પ્રવૃત્તિઓથી રોકવાને ખાતર અગર તો બીજાઓને એવા માણસની સોબત છોડવાનું કહેવા ખાતર અને એની ઉપર વિશ્વાસ રાખીને ભ્રમિત ન થવાનું સમજાવવા ખાતર વાપરવામાં આવ્યા હોય ત્યારે કશું એ અજુગતું નથી બલ્કે હિતાવહ છે.

લોકમાં સજ્જન ગણાતી અનેક વ્યક્તિઓ ઉપરની પરિસ્થિતિ માટે ઉદાહરણ રૂપ થઇ શકે તેમ છે. લોકોત્તર શાસ્ત્રોના પ્રણેતા પરમર્ષિઓએ પણ મિથ્યાદૃષ્ટિઓને મિથ્યાદૃષ્ટિ તરીકે, શ્રદ્ધાહીનોને શ્રદ્ધાહીનો તરીકે, નિહ્નવોને નિન્હવો તરીકે અને અભવ્ય કે દુર્ભવ્યોને અભવ્ય કે દુર્ભવ્ય તરીકે ઓળખાવવામાં કચાશ નથી રાખી કારણ તે સિવાય આ મિથ્યાત્વભરી દુનિયામાં ધર્માત્માઓને ધર્મરત્નની પ્રાપ્તિ કે તેનું રક્ષણ જ અશક્ય થઇ પડે ને તે પછી તેની આરાધનાનું તો ન માલુમ શું એ થાત...!

આથી આત્મહિતના અર્થીઓ આજના ખોટા કોલાહલોથી ન ચમકતા સારા-સારનો વિવેક કરી શકે, સત્ય અસત્યને જોઈ શકે અને સત્યનો જ સાથ પકડી સારભૂત સત્યને જ પોતાનું કરીને બેસી જાય. બાકી આજે સાચી સમજ વગર અંતર અવાજના નાદે ચઢેલાઓને સ્વતંત્રતાને નામે સ્વચ્છંદી થઇને વિહરનારાઓને અને ધર્મની ચિંતાનો પરિત્યાગ કરીને કેવલ ઐહિક લાભોની લાલસામાં જ ફસેલાઓને ઠેકાણે લાવવા મથવું એ અત્યારે તુરત ને માટે તો ફોગટ જ છે.

— o —

: પીળીયાવાળાને બધું પીળું જ દેખાય :

—મુ. પ્રશાંતદર્શન વિ.

(તપાગચ્છીયાવિચ્છિન્ન સામાચારી સંરક્ષક, સુગૃહીત પુણ્યનામધેય, પરમશ્રદ્ધેય, પરમારાધ્યપાદ પરમગુરૂદેવેશ સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ. સામે અણછાજતા મન ઘડંત આક્ષેપો; 'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા' ગ્રન્થના ભાવાનુવાદમાં તથા 'ન્યાયસિદ્ધાન્ત મુક્તાવલી' ભાગ–૨ ના વિવેચનમાં મુ. અભયશેખરવિજય ગણીએ પ્રસંગે પ્રસંગે કરી પોતાની વિકૃત વિચારધારા અને નાદુરસ્ત મનોદશાનો ખ્યાલ આપી દીધો છે. આ અસાધ્ય રોગથી અને કાયમના ઘર કરી ગયેલા પૂર્વગ્રહથી પીડિત તેમનો ઇલાજ કોઇ મનોવૈજ્ઞાનિક પાસે પણ નથી. તેમને કહેવાનો કોઇ અર્થ પણ નથી.' કૂતરું માણસને કરડે, માણસ કૂતરાને ન કરડે' તે ન્યાયે ભસનારાને જવાબ આપવો એ માણસનું કામ નથી. અનેકવાર અનેક પૂજ્યોએ જવાબો આપવા છતાંય કાયમની ગોસૂરી ફરિયાદ કરનારાનો કોઇ ઇલાજ નથી. તેમના કદાગ્રહો અને કુતર્કોની ભ્રામક જાળમાં ભલા ભોળા જીવો ફસાય નહિ તે જ શુભહેતુથી પૂ. પરમતારક ગુરૂદેવેશશ્રીજી પ્રત્યેની ભક્તિથી પ્રેરાઇને સન્માર્ગનું દિગ્દર્શન કરાવવાનો એક આ પ્રયત્ન કર્યો છે. વિવેકી આત્માઓ હંસદૃષ્ટિ કેળવી સન્માર્ગમાં સ્થિર બની સાચી આરાધના કરી–કરાવી આત્મહિતના માર્ગે જરૂર આગળ વધશે જ તેટલી જ અપેક્ષા સાથે શાંતચિત્તે મધ્યસ્થપણે સૌ વાંચી–વિચારી સન્માર્ગમાં સ્થિર બનો તે જ શુભકામના...

આ લેખમાળામાં પ્રસંગે પ્રસંગે સ્વ. પરમગુરૂદેવેશશ્રીજીના પ્રવચનો કે–પ્રવચનાંશોનો પણ ઉપયોગ કરેલ છે. તો શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના માગું છું.)

ગુણવાન થવા માટે 'વિશિષ્ટ લાયકાત' જોઇએ છે તેમ ગુણજ્ઞ થવા માટે 'નિર્મલ દૃષ્ટિ' જોઇએ છે. ગુણાનુરાગી થવા માટે 'નિષ્પક્ષતા' જોઇએ છે અને ગુણગ્રાહી થવા માટે 'નમ્ર' બનવું પડે છે. આમાંનું યોગ્યતા, નિર્મલતા, નિષ્પક્ષતા કે નમ્રતા–કશું જ ન હોય તે માણસ કેવો પૂર્વગ્રહથી પીડિત, વિકૃત વિચારોવાળો–મનોદશાવાળો હોય છે તે જોવું હોય તો મુનિશ્રી અભયશેખર વિ. ગણી વિવેચિત 'ન્યાયસિદ્ધાંત મુક્તાવલી' ભાગ–૨ પૃ. ૧૯૦ ની ટિપ્પણીમાં તેઓ જે લખે છે કે—

'પણ સ્વ. આ. **શ્રી રામચંદ્રસૂરિ મહારાજે**, 'અર્થ–કામની ઇચ્છા છે ? તો ધર્મ તો કરાય જ નહીં'...એ રીતે કરેલો ધર્મ ભૂંડો છે–સંસાર વધારનારો છે–રિબાવી–રિબાવી મારનારો છે–ટૂંકમાં બલવદનિષ્ટાનુબંધી છે. ને તેથી અકર્તવ્ય છે' એવું

નિરૂપણ કર્યું. આનો સ્પષ્ટ સૂચિતાર્થ એવો કેમ ન થઇ શકે કે 'અર્થ–કામની ઇચ્છા છે? તો ધર્મ ન કરાય, અધર્મ (=પાપ) કરાય...?' કારણ કે સંસારી જીવની ધર્મ અને અધર્મ એમ બે જ પ્રવૃત્તિ છે, નોધર્મ જેવી કોઇ ત્રીજી પ્રવૃત્તિ નથી, (નહીંતર તો ત્રીજી રાશિ–નોજીવ માનનારા નિહ્નવ રોહગુપ્તના અનુયાયી બની જવું પડે.) એટલે 'ધર્મ ન કરાય' એનો અર્થ 'અધર્મ કરાય' એવો થઈ જ જાય.'

જેમની અનુપમ વ્યાખ્યાન શક્તિ, શાસન સમર્પિતતા અને શાસન રક્ષકતાદિ અનન્ય ગુણોથી જેમના સર્વે ય પૂ. ગુર્વાદિ વડિલો પ્રભાવિત હતા અને જાહેરમાં પ્રશંસા કરતા અચકાતા ન હતા. ત્યારે 'ઘરનો બળેલો ગામ બાળે' તે ન્યાયે પૂ. પરમ તારક ગુરૂદેવેશશ્રીજી ઉપર આ ગણિશ્રીનો તેજોદ્વેષ, મત્સરભાવ, અગમ્ય દ્વેષભાવ, ઈર્ષ્યાભાવ, પૂર્વગ્રહ કેવો છે–તે આ લખાણથી છતો થાય છે.

જ્યારે આ ગણિશ્રીનો તો જન્મ પણ થયો ન હતો તથા તેમના વડિલોની પણ દીક્ષા થઇ ન હતી ત્યારે 'વીર શાસન તા. ૨૭ મી મે સને ૧૯૨૭ શુક્રવારના અંકમાં 'મુનિશ્રી રામવિજયજી...એક દૃષ્ટિએ' લેખના લેખક વાડીલાલ મોહોકમલાલ શાહ લખે છે કે–'જ્યારે જ્યારે એમના કટ્ટર વિરોધીઓ એમનું વ્યાખ્યાન સાંભળવા આવતા અને કોઇ એ બાબત તેમને પૂછતા ત્યારે તેઓ (વિરોધીઓ) કહેતા કે અમને એમના (મુ. શ્રી રામવિજયજીના) વિચારો સામે મજબૂત વિરોધ છે છતાં અમે એની વાણીમાં એટલા મુગ્ધ બન્યા છીએ કે એમના વ્યાખ્યાનમાંથી એક પણ દિવસ ગેરહાજર રહેવું અમને ઘણું જ સાલે છે.'

પ્રાચાણિક વિરોધીઓ પણ કેવા પ્રત્યાઘાત આપે છે તેની ગતાગમ વિનાના આ ગણિશ્રીને સુધારવાનો ઠેકો નથી. જેમને ડૂબવું જ હોય તેમને બચાવનાર કોઇ માડી-જાયો જન્મ્યો નથી.

પોતાની જાતને મહાતાર્કિક માનનારા આ ગણિશ્રીની 'મનોદશા'ને જોઇ, દાર્શનિક દિગ્ગજ વિદ્વાનો પણ આ 'પઠિત મૂર્ખ'ના વિદ્વત્તા ભર્યા (!) (કુ)તર્કો (!) વાંચી મૂછમાં હસે છે. આમાં તેમનો પણ વાંક નથી, કારણ સંસ્કૃતમાં સુભાષિત આવે છે કે, 'સ્વાતિ નક્ષત્રમાં શુક્તિમાં પડેલ વરસાદનું પાણી મોતી બને છે અને સર્પના મુખમાં પડે તો ઝેર બને છે.' એકનું એક પાણી પાત્રાપાત્ર ભેદે ભિન્ન ભિન્ન રૂપે પરિણામ પામે છે. તેમ આ ગણિશ્રીને વારસાગત રોગ મટ્યો છે કે પૂ. પરમતારક ગુરૂદેવશ્રીજી પ્રત્યે એવું વિષ પાવામાં આવ્યું છે જેનું અજીર્ણ આવી રીતે દેખાડે છે અને તેમાં પોતાનું 'ગૌરવ' માને છે. પોતાની જાતે પોતાની પ્રશંસા કરે તેને લોક કેવા માને છે તે ભૂલી જાય છે.

શાસ્ત્રને પણ શસ્ત્ર બનાવવાની અદ્‌ભુત કલા–શૈલી (!) તેમને મુબારક હો ! પોતાની જાતે મેં કેવી તર્કજાળ ઊભી કરી કે વિરોધીઓ ભેદી શકતા નથી તેમ માનનારા ગણિશ્રી વાસ્તવમાં 'અજ્ઞાન શેખર' ના 'શિરોમણિ' છે. જેનું પ્રતિબિંબ તેમના આ મલીન વિચારોમાં પડે છે. હૈયામાં રહેલું ઝેર કેવી રીતે ઓકે તેને. આ બેનમૂનં 'નમૂનો' છે. કારણ દ્રવ્ય–ક્ષેત્ર–કાલના તેઓ 'ખાં' માને છે અને છે. બેઠ નંબરના અજ્ઞ ! વારંવાર તક મળતાં એકની એક જુની પૂરાની ઘસાયેલી રેકર્ડ વગાડવી તેમાં કદાચ 'નોબેલ ઇનામ' પણ મેળવે તો ના નહિ. આજના રીઢા–ખંધા રાજકારણીઓની જેમ 'નામચીન' બની પ્રસિદ્ધિના મોહમાં પોતે જ શું લખી–બકી રહ્યાં છે તેનું તેમને તો ભાન જ નથી. "જૈન" પત્રકારનો વારસાગત ઈજારો આ ગણિશ્રીના શિરે લાગે છે. બાકી જે પૂ. પરમતારક ગુરુદેવેશશ્રીજીના પુણ્ય–પરિચયમાં જે પુણ્યાત્માઓ થોડા અંશે પણ આવ્યા છે તે બધા જ સમજે છે કે, ધર્મ તો મોક્ષ માટે જ કે આત્મ કલ્યાણ માટે કે નિસ્વાર્થભાવે જ કરાય.

પૂર્વે જણાવ્યું તેમ આ ગણિશ્રીના જન્મ પૂર્વે તથા તેમના વડિલોની દીક્ષા પૂર્વે પણ પૂ. પરમ તારક ગુરૂદેવેશશ્રીજીએ મુંબઈ– લાલબાગમાં જે પ્રવચનો આપેલ અને જે 'વીર વિભુની અંતિમ દેશના' નામે પુસ્તક રૂપે પ્રગટ થયેલ છે તેમાંના જરૂરી અંશો જોઇ આપણે આપણી શ્રદ્ધાને મજબૂત– નિર્મલ– સ્થિર કરીએ. આ ગણિશ્રીની શ્રદ્ધાના પાયાને હચમચાવી મૂકનાર, શ્રદ્ધાને નિર્મૂળ કરનાર વિચારોથી આપણી જાત અલગારા અપવિત્ર ન થાય તેની કાળજી રાખીએ– રખાવીએ તો ય ઘણું સારું છે

"×××શાસ્ત્રે ફરમાવેલ વસ્તુના રહસ્યને તારવવા જોગી તાકાત અને વિવેક જેનામાં ન હોય, તેવા મુનિને ઉન્માર્ગદેશક બનતાં વાર ન લાગે. એ તો સીધો જ પ્રશ્ન કરે કે–"અર્થકામ માટે પણ ધર્મ જ જરૂરી છે, ધર્મ વિના અર્થકામની પણ પ્રાપ્તિ નથી– એમ જ્યારે જ્ઞાનીઓ કહે છે, તો પછી અમારાથી 'અર્થ કામ માટે પણ ધર્મ કરવો જોઈએ"– એવો ઉપદેશ કેમ ન અપાય ? આવો પણ પ્રશ્ન ઊભો કરીને ભદ્રિક જન સમૂહને અર્થ–કામ માટે ધર્મ કરવાનો ઉપદેશ દેનારા ઉન્માર્ગ દેશક આજે નથી એમ નહિ. 'અર્થ–કામ અનર્થ–ભૂત છે. ધર્મ અર્થ–કામ માટે ન થાય. ધર્મ એ મોક્ષનું સાધન છે. સાચું સાધ્ય એક માત્ર મોક્ષ છે. મોક્ષના સાધનને જ મોક્ષ દૂર રાખવામાં ન વાપરો. સંસાર કાપનાર ધર્મને સંસાર વધારનાર ન બનાવો' – આ વિગેરે ખાસ વિચારવા જેવી વાતોને એ વિચારે જ નહિ. અર્થકામ ધર્મથી જ સાધ્ય છે એની ના નથી. અર્થકામ પણ ધર્મ વિના મળે જ નહિ એ ચોકકસ છે. અર્થકામની પ્રાપ્તિનું પણ કારણ ધર્મ

જ છે. આવું આવું વર્ણન પણ શાસ્ત્રોમાં જરૂર આવે છે અને આ પ્રકારના વર્ણનને તેના સ્વરૂપે સ્વીકારે ત્યાં સુધી વાંધો નહિ. પરન્તુ તેના સ્વરૂપે તે ન સ્વીકારે અને ઊંધી રીતિએ સમજે તો સહેજે ઉન્માર્ગદેશક બને. 'અર્થ કામ માટે પણ ધર્મ જરૂરી છે.' એમ જ્ઞાનીઓ જરૂર કહે. પણ 'અર્થ-કામ માટે ધર્મ કરવો તે ય સારું છે'-એમ જ્ઞાનીઓ કહે જ નહિ. અર્થકામથી મૂઢાવનાર સાધનને જ જો અર્થ કામ માટે સેવાય તો પછી બાકી શું રહે ?

આટલું સ્પષ્ટ છતાં, શાસ્ત્રના રહસ્યને નહિ પારખી શકનારાઓ, શાસ્ત્રકારોના નામે પણ ઊંધી વાતો કરે, તો તેમાં નવાઈ પામવા જેવું નથી. ભણી-ગણીને પોપટ બની જવું એ જુદી વાત છે અને અંદર રહેલા રહસ્યને તારવવાની તાકાત આવવી એ જુદી વાત છે. 'અર્થકામની પ્રાપ્તિ પણ ધર્મ વિના નથી'- એમ શાસ્ત્રકારો કહે; એથી એમ ન જ કહેવાય કે-'શાસ્ત્રકારો એમ જ સમજે છે કે- દુનિયાના જીવોને જે સુખો મળે છે તે પુણ્યથી જ મળે છે પરંતુ તે અધર્મ કરીને પાપ બાંધતા રહે, તેના કરતાં ઇષ્ટ વિષયોની પ્રાપ્તિને અંગે પણ ધર્મક્રિયામાં જોડાય તે વધારે ઇષ્ટ છે. અથવા એમ પણ ન જ કહેવાય કે- 'દુનિયાના જીવો અધર્મ કરતા રહે અને પાપ બાંધે; તેના કરતાં વિષયસુખોની પ્રાપ્તિને માટે પણ તેઓ ધર્મ કરીને પુણ્ય બાંધે એવી શાસ્ત્રકારોની ચાહના છે.' શાસ્ત્રકારોની આવી ચાહના હોય જ નહિ. જેને વાસ્તવિક પરિણામનું ભાન નથી, તે જ આવું લખી કે બોલી શકે. જે વસ્તુસ્વરૂપને અને અર્થ-કામની સાધનાના જ હેતુથી કરેલા ધર્મના પારંપરિક પરિણામને યથાસ્થિત રીતિએ સમજે છે, તે તો આવું લખેય નહિ અને બોલે ય નહિ."

'શાસ્ત્રકાર પરમર્ષિઓએ જણાવેલી ધર્મના ફલની વસ્તુસ્થિતિને સમજનાર તથા હૃદયપૂર્વક માનનાર, એમ ન જ કહે અગર લખે કે-'શાસ્ત્રકારોને તમે અધર્મ કરી પાપ બાંધો તે કરતાં વિષયસુખો માટે ય ધર્મ કરો એ વધારે ઇષ્ટ છે' એમ બોલનાર કે લખનાર જાણ્યે અજાણ્યે એમ કબૂલ કરી લે છે કે 'તમે અધર્મ કરીને પાપ બાંધો તો શાસ્ત્રકારોને થોડું પણ ઇષ્ટ તો છે જ !' જેઓ આવું કબૂલ કરવાને તૈયાર ન હોય, તેઓથી -'તમે અધર્મ કરીને પાપ બાંધો તે કરતાં વિષયસુખો માટે ધર્મ કરી પુણ્ય બાંધો- એ શાસ્ત્રકારોને વધારે ઇષ્ટ છે'-એમ લખાય કે બોલાય નહિ. શાસ્ત્રકાર પરમર્ષિઓને ઇષ્ટ શું ? દુનિયાના જીવો ધર્મને આદરી મોક્ષને પામે તે જ ! ધર્મ મોક્ષ માટે છે, કાંઇ સંસાર માટે નથી. મોક્ષ માટે નિરાશંસભાવે કરાયેલા ધર્મના યોગે. મોક્ષ થતાં પૂર્વે ઉત્તમ પ્રકારની દુન્યવી સામગ્રી મળી જાય એ જુદી

વાત છે. પણ–' વિષય સુખોની લાલસાને જ આધીન થઇને તમે એ ખાતરે ય ધર્મ કરો એ શાસ્ત્રકારોને વધારે ઈષ્ટ છે' એવું પ્રતિપાદન કરવું, એ તો એક પ્રકારનો ઉન્માર્ગનો જ ઉપદેશ છે. આ જ કારણે એવું પ્રતિપાદન કરનારાઓને માટે એમ કહી શકાય કે–'શાસ્ત્રકાર પરમર્ષિઓને શું ઇષ્ટ છે, શું થોડું ઈષ્ટ છે અને શું વધારે ઇષ્ટ છે, તેની એવાઓને વાસ્તવિક પ્રકારની કશી ગમ જ નથી.'

"***અર્થ–કામ જ્ઞાનીઓ કહે છે તેમ ભૂંડા લાગી જાય, તો આજે જે જાતિના પ્રશ્નો ઊઠી રહ્યા છે તે ઊઠે નહિ. અર્થ–કામની લાલસા ભૂંડી છે. તો એને પરિપૂર્ણ કરવા માટે ધર્મને સાધન બનાવવું એ ભૂંડું છે, એમ સમજવામાં સુવિવેકી આત્માઓને મુશ્કેલી હોય નહિ. પણ અર્થ કામ પરમાર્થથી અનર્થભૂત છે, એ વાત હૈયામાં જચી નથી એના લીધે જ આજના ઉત્પાત છે!"

' અર્થ કામને માટે ધર્મને સાધન બનાવવું એ ખરાબ જ છે, છતાં પણ તમારાથી ગમે તે કારણે તેવી ભૂલ થઈ જાય છે, એ વાતનો આ બચાવ હોય ? અર્થ કામની લાલસા ન છૂટે તો તેને પામરતા માનો, પણ ખોટા બચાવ શોધતા ન બનો ! વિધાનો સામેથી આંખ ખસેડીને દૃષ્ટાન્તો સામે ન લઇ જાઓ ! દૃષ્ટાન્તનો ઉપયોગ વિધાનનો ઘાત કરવામાં ન કરો ! ××× અર્થકામ માટે ધર્મ ન થાય એમ જાણે અને છતાં તેમ કરે, તે તેવો મુગ્ધ નથી. એવા કાબેલાઓ આપીને–'અર્થકામ માટે તમે ધર્મ કરો તે શાસ્ત્રકારોને વધારે ઇષ્ટ છે'–એમ કહેનારા ઉન્માર્ગદેશકો છે. આત્માના હિતની ચિન્તા હોય તો એવા પાપોપદેશને તમારા હૈયાને અડવા ન દે. ! ×××

આટલી ચોકખી–સ્પષ્ટ દીવા જેવી વાત હોવા છતાં ય ગણિશ્રીની નજરમાં આવવાની નથી અને તે પોતાનું ડીમ ડીમ વગાડે જ રાખવાના છે. 'ભલે જાનમાં કોઇ જાણે નહિ અને હું વરની ફોઇ' તે ન્યાય તેમને મુબારક હો. કારણ મિથ્યાત્વનો અંધાપો એટલો ભયંકર છે કે તેની અસરમાં આવેલા સન્નિપાતની જેમ આવો લવારો કર્યા જ કરવાના છે.

પોતાના આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. નો બચાવ કરનારા આ ગણિશ્રી સત્ય વાતોથી અજ્ઞ નથી પણ પોતાનું 'અજ્ઞ શેખર' બિરૂદ સાચવવા 'સત્ય ઇતિહાસને છૂપાવી પોતાનો હાથ ઊંચો રાખવા પ્રયત્ન કરે છે. અજ્ઞ લોકોને ઊંધા ચશ્મા પહેરાવી શકશે પણ જે સત્યના જાણકારો છે તે બધાને ખબર છે કે ખુદ આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. પણ કબૂલ્યું છે કે–'જૈન પ્રવચનના કારણે તો હું પ્રતિબોધ પામ્યો છું,' અને

પરમતેજ ભા. ૨ પૃ. નં. ૩૭૮ થી ૩૮૦, તેમજ પૃ. નં. ૩૯૫ થી ૪૦૦ માં સંસાર સુખને માટે ધર્મ ન થાય એમ કહેનારા તેઓશ્રીએ 'દિવ્ય દર્શન' માં છેલ્લા વર્ષોમાં જે પ્રતિપાદન કર્યું તેમાં 'બુદ્ધિ ભેદ' વિના બીજું કયું કારણ છે ? વર્ષોની 'ભૂલ' સુધારી તેમ કહે તો આ 'ભૂલ' પણ તેમના વારસદારો કયારેક સુધારશે તેમ માનવું રહ્યું.

'કુષ્ઠ રોગી' ને પોતાની જમાત વધારવામાં જ આનંદ આવે છે. તેવી દશાને પામેલાની ઉપેક્ષા કરવી તેમાં જ સ્વ-પર ઉભયનું કલ્યાણ છે અને સાચા હિતનો રસ્તો છે. પણ તેમના ચેપી રોગની અસરમાં આપણે આવી ન જઇએ, અને બીજાઓ પણ ન આવે તે માટે સમજે તેવા સૌને બચાવવા તે પણ એટલું જ જરૂરી કર્ત્તવ્ય છે. ગુરૂભક્તિથી પ્રેરાઇને એ કર્તવ્યને અદા કરવા, મારા અનંત ઉપકારી પરમતારક પૂ. ગુરૂદેવ સામે આંખ મીચીને ગમે તેમ બોલનારા લખનારા આ ગણિશ્રીને અંગત રીતે હાલ કાંઈ કહેવું નથી પણ જૈનેતરોના મુકતાવલી જેવા ગણાતા ગ્રન્થોને પણ તેમની 'સંસારના ત્યુઓ માટે પણ ધર્મ કરવાની ગંધાઇ ઉઠેલી વાસનાથી, જે રીતે મારા અનંતોપકારી પૂ. ગુરૂદેવેશશ્રી સામે વળગાળ વલગેલાની જેમ આક્ષેપો કરવા દ્વારા અભડાવી રહ્યા છે તો તેમની મેલી દાનતને ખુલ્લી પાડવાનો આ પ્રયત્ન છે.

માન-પાનાદ્રિની તીવ્ર ઇચ્છા, વ્યક્તિગત અંગત દ્વેષ-ઈર્ષ્યા જ આવી શાસ્ત્ર-વિમુખતા માટે કારણભૂત છે. અનેકવાર કરેલ વાતોના જવાબો અપાઈ ગયા છે પણ ના જ સમજવું- માનવું હોય તેને સમજાવવાનો પણ કશો જ અર્થ નથી. પૂર્વે જણાવ્યું તેમ આપણી જાતને બચાવવી તે શ્રેયકાર્ય છે. છેલ્લે મારા પરમઇષ્ટ પરમારાધ્યપાદ જ્ઞાનદાતા પૂ. ગુરૂદેવ પ. પૂ. આ. શ્રી વિ. ચન્દ્રગુપ્ત સૂ. મ. આલેખિત 'શ્રી જિનશાસનની મોક્ષૈકલક્ષિતા' માંથી પ્રાસંગિક જરૂરી વાત જણાવી અહીં પૂર્ણ કરું છું અને 'ત્રાત્રિંશદ્ દ્વાત્રિંશિણ'ના વિચારોની સમીક્ષા હવે પછીના લેખમાં જણાવીશ.

'મોક્ષની મશ્કરી આજ સુધી કોઇ શાસ્ત્રકારે કરી નથી. એ મશ્કરી શરૂ કરવાનો પૂરો 'યશ' તમારા જ ભાગે આવે છે. એ યશનો ભાર તમારાથી ના ઉપડે તો ય પ્રાચીન પૂજ્ય શાસ્ત્રકારોને એમાં ભાગીદાર ના બનાવો.'

'અનંતોપકારી શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષ માર્ગને છોડીને અન્ય કોઇપણ માર્ગનો ઉપદેશ કરતા નથી. તેઓશ્રીએ પ્રરૂપેલા એ માર્ગની પ્રરૂપણા કરનારા શાસ્ત્રકાર પરમર્ષિઓ પણ મોક્ષમાર્ગના જ પ્રરૂપક હોય છે.

'એમના વચનોનાં નામે' 'સંસારસુખના આશયથી કરાતો ધર્મ પણ ઉપાદેય છે, આદરણીય છે, એકલા મોક્ષના આશયથી વાત કરવી- એ એકાંતનાદ છે' વગેરે પ્રરૂપણા કરવી- તે, તારક મહાપુરૂષોની, એમનાં વચનોની ઘોર આશાતના કરવા જેવું છે'

શાસન સમાચાર

: ઉનાવા ગુરુમંદિરનો ઉજવાયેલ ભવ્ય મહોત્સવ :

ઉનાવા (ગીરાંધાતાર)માં એક ભવ્ય મહોત્સવનું આયોજન પરિપૂર્ણ થયું.

આ આયોજન ઉનાવામાં જન્મેલા પોતાના જીવનની સાથે અનેક આત્માઓનો ઉદ્ધાર કરનાર પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી મ. પૂ. પં. ગુરૂદેવ શ્રી અભયસાગરજી મ., પૂ. મુનિ શ્રી મહોદયસાગરજી મ. ની ગુરૂપાદુકાની પ્રતિષ્ઠા અંગે હતું.

આ ગુરૂદેવોએ હિન્દુસ્તાનના માલવ–મેવાડ–મહારાષ્ટ્ર–ગુજરાત–યુ.પ.–બિહાર–બંગાળ–રાજસ્થાનમાં વિહાર કરી ગામેગામ લોકોને ધર્મનો ઉપદેશ આપવા દ્વારા વ્યસન મુક્તિ બદીઓથી દૂર રાખવાના અથાગ પ્રયત્નો કર્યા. અનેક સ્કૂલો, હાઇસ્કૂલો, કોલેજો અને ગુરૂકુળોમાં પ્રવચન આપવા દ્વારા ભારતીય સંસ્કૃતિની ગરિમાને વધારવા સફળ પ્રયત્નો કર્યા.

જેમાં પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી મ. ધર્મ અને સંસ્કૃતિ પર થતાં આક્રમણોને ટાળવા અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક સભાની સ્થાપના કરી તે દ્વારા જરૂર પડે કોર્ટનો આશ્રય લઇને પણ ધર્મ–સંસ્કૃતિની રક્ષા કરી જીવનમાં એવો રંગ લાગ્યો કે ગાંધીજીની ખાદીની ચળવળમાં જોડાઇ એક સૈનિકની જેમ કાર્ય કર્યું. છેવટે તેનો પણ ત્યાગ કરી ૨૬ વર્ષની ભરયુવાનીમાં બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કરી મોહ–માયા અને મમતા ઉપર વિજય પ્રાપ્ત કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો પોતે (મૂળચંદભાઇ) આગમોદ્ધારક શ્રી સાગરચંદજી મ.સા.ના પરિચયને પ્રાપ્ત કરી સંસારનાં પ્રપંચો અને પાપોથી છુટવા દીક્ષા જીવનનો અભિગ્રહ લીધો.

સિંહની જેમ નિર્ભય એવા આ મૂળચંદભાઇએ ઘરમાં પણ એક એવું સુંદર વાતાવરણ તૈયાર કર્યું કે પોતાના બંને પુત્રો મોતીલાલ તથા અમૃતકુમાર અને પુત્રી સવિતા સાથે ધર્મપત્ની મણીબેનને ધર્મપરાયણ જીવન જીવતા શીખવ્યું સાથે સાથે ધર્મના ત્યાગી જીવનના સંસ્કાર દ્રઢ બને આથી મહેસાણામાં ૫ વર્ષ રાખી બાળક–બાલિકાને તૈયાર કર્યા પરિણામે સમગ્ર પરિવાર સાથે દીક્ષા જીવનનો સ્વીકાર કર્યો. પોતે ધર્મસાગરજી મ.ના નામે પ્રખ્યાત થયા. મોતિલાલ–મુનિશ્રી મહોદયસાગરજીના

નામે બાલવયમાં જ મહાવિદ્વાન બની ૧૭ વર્ષની ઉંમરે ઇન્દોરમાં સ્વર્ગવાસી થયા નાના પુત્ર અમૃતકુમારે બાલવયમાં દીક્ષા લીધા બાદ અભયસાગરજીના નામે પ્રખ્યાત થયા. નાની ઉંમરથી જ નવું-નવું જોવાની ભણવાની અને ઉંડા ઉતરવાના સ્વભાવ જેના પરિણામે પ્રાચીન તાડપત્રો હસ્તલીખીત પત્રોમાંથી સીમંધરસ્વામિનો પૂર્વભવ અકબર બાદશાહનો પૂર્વભવ તથા ભારતીય સંસ્કૃતિના પ્રાચીન મૂલ્યોને જગતની સમક્ષ રજુ કર્યા. જંબુદ્વીપ વિજ્ઞાન રિસર્ચ સંસ્થાની સ્થાપના કરવા દ્વારા ભૂગોળ-ખગોળનાં નવા સમીકરણોનો જબરજસ્ત પ્રચાર થયો. અમેરિકા અને રશિયાની નાસા અને તાસ સંસ્થાએ સભ્ય પદ આપવા દ્વારા સન્માનીત કર્યા ઉપરોકત સંસ્થાના આમંત્રણનો સંયમ જીવનની મર્યાદાઓની જાળવણી માટે સપ્રેમ અસ્વીકાર કર્યો. પોતે છેલ્લે ઉજ્જૈનમાં ૨૦૪૩નો ક. વદ ૯ ના સપાધિપૂર્વક સ્વર્ગવાસી બન્યા ઉજ્જૈ સંઘે કાયમસ્મૃતિ માટે ગુરૂશિષ્યની આરસપહાણની સુંદર દેરી બનાવી ઋણ અદા કર્યું. પૂ. પ. અભયસાગરજી મ. સાહેબના શિષ્યો આજે લગભગ ૩૫ ઉપરની સંખ્યા વટાવી ગયા છે. જેમાં મુખ્ય શિષ્ય અને પટધર પૂ. આ. શ્રી અશોકસાગરજી મ. સા. પોતાના દાદા ગુરૂદેવશ્રીના નાગેશ્વરજી-માંડવગઢ-કેશરીયાજી આદિ તથા પૂ. ગુરૂદેવશ્રીના જંબુદ્વીપના વિશાળ કાર્યને આગળ વધાવવા સાથે જંબુદ્વીપ નામનું પાક્ષિક જયેન્દ્રભાઇ આર. શાહના સંપાદકપદ દ્વારા પ્રકાશીત કરી રહ્યા છે.

આ પ્રસંગે ઉનાવાના નામને ઉજ્જવળ કરનાર ગુરૂદેવો તથા મુનિશ્રી વિદ્યાચંદ્ર મ.ની નયનરમ્ય મનોહર સ્મૃતિ સ્મારક બનાવી તેમાં પાદુકાની પ્રતિષ્ઠાનું ભવ્ય આયોજન કર્યું. આ સમગ્ર આયોજનમાં ઉનાવા શ્રી સંઘના તમામ ભાઇઓના સહકાર સાથે ઉંઝા ફાર્મસીના વસંતભાઈ શેઠનો સહકાર કાયમ યાદ રહેશે. આ પાદુકા પ્રતિષ્ઠાના આયોજનનું લક્ષ્ય માત્ર જૈનો સુધી સીમીત ન રહે પણ અજૈન તમામ પ્રજા ઉપસ્થિત રહે માટે ડીસાના રજવાડી મંડપ સાથે મહારાષ્ટ્રની અદ્‌ભુત ઇલેકટ્રોનીક રચનાઓ હજારોના ખર્ચે મંગાવેલ જેમાં પાંચ કુટના તેર હાથીઓ ડાન્સ કરતા-કરતા પરમાત્મા મહાવીર ભગવાનની આરતી ધૂપ-દીવો કરવા સાથે ઢોલ, મંજીરા, ઘુઘરા વગાડે સફેદ હાથી અદ્‌ભુત નૃત્ય કરે લક્ષ્મીજી કમળમાંથી પ્રગટ થાય મોર કળા કરે પાંખો અને મુખ હલાવી નૃત્ય કરે જો દેવીઓ (પીતલની) પાણીની વૃષ્ટી કરે ગરૂડ જિનમંદિર જઈ પાંખો ફફડાવે શિવલીંગમાંથી પાર્શ્વનાથજીનું પ્રાગટય અને બાળકો ખસે જ નહિ તેવા ચિંપાઝી વાંદરા જોકકરને સાયકલ પર બેસાડી સાયકલ ચલાવે સલામ કરી હસ્યા કરે સસલાભાઇ હસતા-હસતા મંજીરા વગાડે સ્ટેજ પર બેસી ગયુ

ભાઇઓ જાણે સાચા જ ન ખેડા હોય તેવા ઢોલ–શરણાઇ–મંજીરા–હાથ અને મોઢાના હાવભાવ સાથે પ્રભુભક્તિ કરે જબુદ્વીપના માંડલ તથા સાહિત્યનું પ્રદર્શન પણ હતું.

આ અજબ–ગજબની રચનાઓથી માત્ર ઉનાવાની જ પ્રજા નહિ આસપાસના ગામોની પ્રજા રાતના ૧૨ વાગ્યા સુધી ખસે નહિ માંડ લાઇટો બંધ કરી પૂર્ણવિરામ મુકયું પડે ઉનાવાનાં ઇતિહાસનાં પૃષ્ઠપર એક ઓર સોનેરી પૃષ્ઠ ઉમેરાયું

આ તમામ કાર્યક્રમની દોરવણીમાં પૂ. આચાર્ય શ્રી અશોકસાગરજી મ. સાથે તેમના શિષ્યો મુનિ સૌમ્યચંદ્રસાગરજી મ. મુનિ શ્રી મતિચંદ્રસાગરજી મ. તથા સંધ્વીજી જૈન મ. સુલસા શ્રીજી મુખ્ય માર્ગ દર્શક હતા.

ભવ્ય રથયાત્રામા ૧૦૦ ઉપરાત પટેલ વિ. કોમની બહેનોએ જોડા લઇ વરઘોડાની શોભમાં ચાર ચાદ લગાવ્યા હતા મુનિશ્રી સૌભાગ્યચંદ્ર સા. તથા મુનિ શ્રી દર્શનચંદ્ર સા.ની વડીદીક્ષા પણ થઇ.

આ સમગ્ર મહોત્સવ દરમ્યાન પૂ. આ. શ્રી અશોકસાગરજી મ. સા. સાથે પૂ. તપસ્વી કલ્યાણસાગરસૂરિજી મ. સા. પૂ. આ. શ્રી જિનચંદ્ર સા. સૂરિજી મ. સા પૂ. આ. શ્રી રત્નશેખર સા. સૂરિજી મ. સાથે ૧૯ સાધુ અને ૫. ઉપરાત સાધ્વીજી મ. સા.ની ઉપસ્થિતિમાં ભાવુકાની ભક્તિમા પ્રાણ પુરતી હતી.

તા. ૧૯–૫–૯૭ના દ્વારોદ્‌ઘાટન પાટણના શેઠ શ્રી સારાભાઈ લાદીવાળા હસ્તે કર્યા બાદ આ મહોત્સ સમાપ્ત થયો પણ જેની સૌરભ સહાને માટે ઉનાવામા મધમધતી રહેશે.

શાસન સમાચાર : બારેજા મધ્યે પૂ. મુ. મુક્તિધન વિ. મ. તથા પૂ. મુ. શ્રી પુન્યધન વિ. મ.ની પાવન નિશ્રામાં શાહ ચંદુલાલ પોપટલાલ તરફથી ચૈત્ર માસની ઓળીની આરાધના ખૂબ જ સુંદર થયેલ. ન ધારેલી સંખ્યા થયેલ રોજ ઓળી કરનાર તથા છુટા આયંબીલ કરનારને ૨૦–૨૫-૩૦ રૂા.ની પ્રભાવના થતી હતી. રોજ નવપદ તથા શ્રીપાળનું ચરિત્ર વ્યાખ્યાનમાં ચાલતું હતું. નવ દિવસ પર્યુષણ પર્વ જેવા લાગતા હતા. ચૈત્ર વદ ૧ના પૂ. પુન્યધન વિ. મ.ને સંયમ જીવનના ૨૨ વર્ષ પૂર્ણ થયા અને ૨૩મા વર્ષમાં પ્રવેશ નિમિતે સવારે ૬ કલાકે પ્રવચન તથા ૨૨ રૂા.નું સંઘ પૂજન તથા તે દિવસ બૃહદ્ મહાપૂજન પણ ચંદુલાલ પોપટલાલ શા તરફથી તેમના નીલ ઓર્ડરોમાં રાખવામાં આવેલ. સવાર–બપોર–સાંજ ગણે ટાઇમનું સ્વામી વાત્સલ્ય હતું. પૂજા ભણાવવા જામનગરથી નવીનભાઇ પધારેલ. તથા સંગીતકાર આશુતોષ વ્યાસ પોતાની મંડળી સહ નૃત્યકાર વિગેરે પણ આવેલ. આ રીતે નવ દિવસ ભવ્ય રીતે ઉજવાયેલ. ઓળીવાળાને જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી પ્રભાવના થયેલ.

: શાસન સમાચાર :

ભચાઉ–અત્રે પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ.ની નિશ્રામાં પૂ.મુ. શ્રી હેમેન્દ્ર વિ. મ. તથા પૂ. સા. શ્રી પ્રશમપ્રભાશ્રીજી મ.ના વરસીતપની પૂર્ણાહુતિ પ્રસંગે ઉત્સવ ઉજવાયેા. સુદ ૧ તથા ૩ના શેઠશ્રી કેશવજી રવજી છેડા તરફથી પૂજાઓ ભણાવાઇ તેઓ કુટુંબ સાથે આ પ્રસંગે મલાડ મુંબઇથી આવી ગયા હતા. સુદ ૨ ના શેઠ શ્રી લીલાધર રામજી બીડવાળા તરફથી પૂજા વિ. ઠાઠથી ભણાવા તેમનું કુટુંબ બીડથી આવ્યું હતું પૂજા ભાવના માટે જામનગરથી શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ પધાર્યું હતું. રોજ પ્રવચનમાં સંઘપૂજન વિ. થતાં હતાં વૈ. સુદ ૬ ના ૧૮ અભિષેક થયા હતા. સંઘપૂજનેા વિ. થયા.

પૂ. શ્રી વિહાર કરી વૈ. વદ ૫+૬ના થાન પધાર્યા. વૈ. વદ ૭ ની શ્રી અજીતનાથ દેરાસરની ૧૬૩મી વર્ષ ગાંઠ ઉજવાઇ, ૧૮ અભિષેક થયા, ધજા ચડાવાઈ શ્રી પ્રફુલભાઈ કોઠારી તરફથી સંઘજમણ થયું.

મગનલાલ ચત્રભુજ અત્રીને ત્યાં પધારતા પાંચ હજાર રૂા. મૂકી પૂજન કર્યું. હસુભાઇ કોટેચાએ ૧૦–૧૦ રૂા. સંઘપૂજન કર્યું.

મુંબઇ–દાદર હાલારી મહાજનવાડીમાં તા. ૪–૫–૯૭ના શાહ વેલજી પાનાચંદ ગલૈયા તરફથી રળિયાતબેન વેલજીનેા ઉપધાન તપ વિ.ની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ઠાઠથી ભણાયું. વિધિકાર શ્રી પાનાચંદભાઇ વીરપાર તથા સંગીતકાર શ્રી મનુભાઇ પાટણવાળા આવેલ. જીવદયાની ટીપ સારી થઈ જેમાં ૫૦૦૦ સુથરી પાંજરા પેાળ, ૨૦૦૦ નળીયા પાંજરાપોળ, ૨૦૦૦ રાપર પાંજરાપોળ, ૫૦૦૦ જામનગર પાંજરાપોળ, ૪૦૦૦ લાખાબાવળ ચણમાં. ૨૦૪૫ આરાધના ધામ હાલાર પાંજરાપોળમાં આવેલ છે. ૩૦૦૦ પાયધુની જીવ છોડાવવા માટે આપેલ છે. દેવદ્રવ્યના ૩૭૦૦ શંખેશ્વર હાલારી જૈન ધર્મશાળામાં દેરાસર માટે આપ્યા છે.

પાટણ– પૂ. મુ. શ્રી તત્ત્વરત્ન વિ. મ. સા. તથા પૂ. મુ. શ્રી હિતરત્ન વિ. મ.નેા વૈ. સુ. પનેા દીક્ષાદિન બારમા વર્ષમાં મંગળપ્રવેશ સહુ પ્રથમવાર તેમની જન્મભૂમિ પાટણમાં ઉજવાયેા. પ. પૂ. વયેાવૃદ્ધ મુનિપ્રવરશ્રી જયધ્વજ વિ. મ. આદિની નિશ્રામાં શ્રી અષ્ટાપદજીની રચનાસહ મહાપૂજાનેા ખૂબ સુંદર ઠાઠ આવ્યેા. ૨૪ ત્રિગડાં ૪,૮,૧૦, ૨ ના ક્રમે ચારે દિશામાં જાણે કે ચેારી જ મંડાઈ ન હેાય સિદ્ધિવધૂને વરવાની. બપેારે પૂજ્યેાનું પ્રવચન આદિ કાર્યક્રમનેા લાભ તેમના સંસારી માતુશ્રી મધુબેન પિતાશ્રી પ્રવિણભાઇ, મેાટાભાઇ શ્રી દીપકકુમારે લીધેલ. પૂજ્યેાએ પ્રવચનમાં સંયમધર્મની મહાનતા ઉપર પ્રકાશ પાડેલ.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- ધર્મ પામેલા આત્માઓ નાશ કારક વિપ્લવોનો વિનાશ કરવામાં પાછી પાની કરે જ નહિ. જેઓ આવા વિપ્લવ સમયે પણ શાંતિની વાતો કરે છે, તેઓ ચેતનવંતી શાંતિના પૂજારી નથી પણ મડદાની શાંતિના પૂજારી છે.
- શાસન મંડન મુનિવરો સાચી શાંતિના પૂજારી હોવા પણ એવા વિપ્લવ સમયે તે વિપ્લવના ઉન્મૂલન પૂર્વક શાસ્ત્રીય સત્યનું સમર્થન કરવામાં કેમ જ પાછી પાની કરે ? શાસ્ત્રના તત્ત્વને કહે તે ગુરુ નહિ કે ગોપવે તે ! તો પછી આવા વિપ્લવના સમયે મૌન કેમ જ રહેવાય !
- શ્રી જિનેશ્વર દેવની સેવા કરનાર આત્માના જીગરમાં તો એમ થાય કે-"મારા જીવતાં જો પ્રભુમાર્ગને હાનિ પહોંચે અને તે હાનિને રોકવાનો જો હું શક્તિ હોવા છતાં પણ પ્રયત્ન ન કરું, તો મારા માટે જીવવા કરતાં મરવું એ જ સારું છે.
- કાલિક ક્રિયા વિરૂદ્ધ હેતુવાળી ક્રિયા કે હેતુ વિનાની ક્રિયા કદી જ આત્માને તારતી નથી, કારણ કે દંભક્રિયાદ્વિથી આત્મ શુદ્ધિ નથી થતી. દંભ વિનાની અને શુદ્ધ હૃદયની શ્રદ્ધા-પૂર્વક કરેલી ક્રિયા જ આત્માનું કલ્યાણ કરી શકે છે.
- શ્રી જિનેશ્વર દેવના શાસનમાં તો તે સમુદાય શ્રી સંઘમાં રહી શકે છે કે- જે સમુદાય શાસ્ત્રમાં સુસ્થિર રહે, વાત પણ શાસ્ત્રદૃષ્ટિને ધ્યાનમાં રાખીને કરે, વિચાર પણ તે જ કરે કે જે શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાથી વિરૂદ્ધ ન જતો હોય અને પ્રભુમાર્ગને બાધ્ય થાય તેવી પ્રવૃત્તિ પણ ન કરે. આથી વિપરીત વાત, વિચાર કે પ્રવૃત્તિ કરનાર સમુદાય પોતાની મેળે જ પ્રભુના સંઘથી દૂર થઈ જાય છે.
- જે શાસ્ત્રોની રક્ષા માટે જૈનોએ લોહીનું પાણી કર્યું, પૂજ્ય આચાર્ય દેવોએ આખી-જીંદગી સમર્પી, ભયંકર તકલીફો વેઠી અને પુણ્યવાનોએ સર્વસ્વના ભોગે પણ જેની રક્ષા કરી, તે શાસ્ત્રોને સળગાવી મૂકવાનું કહેનારાઓ પોતાને 'જૈન' કહેવરાવવાની પણ લાયકાત ધરાવી શકતા નથી અને ખરી જ વાત છે કે-તેઓ પોતાની જાતને પોતાની જ પ્રવૃત્તિના યોગે શ્રી સંઘમાંથી બાતલ કરે છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખામાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

ગુરુના ઉપકારનો બદલો કયારે ય વાળી શકાતો નથી

એકમવ્યક્ષરં યસ્તુ, ગુરૂ: શિષ્યે નિવેદયેત ।
પૃથિવ્યાં નાસ્તિ તદ્દદ્રવ્યં
યદ્દત્ત્વા હયનૃણી ભવેત્ ।।

જે ગુરૂ એક અક્ષર પણ શિષ્યને ભણાવે છે (તે ગુરૂના ઉપકારનો બદલો) તેથી આ પૃથ્વી ઉપર એવું કાંઈ જ દ્રવ્ય નથી જે આપીને પણ ઋણ મુક્તિ પામી શકાય. અર્થાત જ્ઞાન દાતા ગુરૂના ઉપકારનો બદલો વાળી શકાતો નથી.

વર્ષ ૯

અંક ૪૩

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

બોધકથા : : ભક્તની પરીક્ષા

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

પરમતારક શ્રી જિનેશ્વર દેવોના શાસનની—સન્માર્ગની મહાપુણ્યોદયે પ્રાપ્તિ થઇ છે અને એવા પુણ્ય પુરૂષની છત્ર છાયા પ્રાપ્ત થઇ છે જેમણે જીવનભર સત્ય સિદ્ધાન્તની રક્ષા કરી, સત્યમાર્ગ સમજાવીને, સ્થિર બનાવીને ગયા. પણ આજે વિષમકાળના પ્રભાવે જ્યારે સન્માર્ગની રક્ષાનો પ્રસંગ આવે ત્યારે સ્પષ્ટ નીતિને બદલે, કોઇને ખોટું ન લાગે તેવી ઢીલી નીતિનો આશરો લેવાય તો તેનાથી જે નુકશાન થાય—થઇ રહ્યું તે વિચારતા દુઃખ થાય તેવું છે. સન્માર્ગગામી હંમેશા થોડાક રહેવાના. જે પારકા કદિ પોતાના થયા નથી કે થવાના નથી તેમના જ મોં સાચવવાની નીતિ અપનાવે તો લાભ થાય કે હાનિ તે સૌ વેપારી બુદ્ધિવાળા સમજે છે. જીવનમાં સ્પષ્ટતા રાખવાથી કરેક ક્ષેત્રોમાં અંતે લાભ થાય છે અને કુલડીમાં ગોળ ભાંગવાથી શું થાય તે સૌના અનુભવમાં છે.

દુનિયામાં કહેવાય છે કે 'સૌનું લેવાય કસીને અને માણસ પરખાય વસીને ! તેમ સાચા ભક્તની પીછાન પણ અવસરે જ થાય છે. ભક્તિનો ડોળ કરનારા ભક્તો તો ઢગલાબંધ મળશે અને બધા એકી અવાજે કહેશે કે, "આટલા બધા શું ખોટા છે ! શું તેમણે શાસ્ત્રો નહિ જોયા હોય ? માત્ર શાસ્ત્રનો પરમાર્થ તમે જ સમજો અને બીજા ભણેલા ભોટ હશે." આજની હવામાં આવી વાતો ફેલાવી તે સહજ—શક્ય છે. જે સાચો ભક્ત હોય તે જમાનાની હવામાં તણાતો જ નથી.

'ઉપદેશમાલા'—ગ્રંથમાં એક કથા આવે છે કે, એક જંગલમાં એક શિવમંદિરનો પૂજારી, શિવલિંગની સારામાં સારી ભક્તિ કરતો. તે પૂજા કરીને જાય પછી એક ભીલ આવી મોંઢામાં પાણીના કોગળાથી શિવલિંગની પૂજા વ. કરતો. પૂજારીને થાય—મારી પૂજા કોણ બગાડે ? તપાસ કરી અને જાણ્યું કે શિવ તો આ રીતના પૂજા કરે તેની સાથે વાત કરે છે અને મારી ઉપેક્ષા કરે છે, સામું પણ જોતા નથી. તેથી બ્રાહ્મણ પૂજારીએ શિવને ઉપાલંભ આપ્યો.

બીજા દિવસે પરીક્ષા કરવા શિવે પૂજારી પૂજા કરવા આવ્યો ત્યારે પોતાનું એક નેત્ર ગુમ કર્યું. પૂજારીએ જોયું તો બબડાટ કરવા લાગ્યો. ભીલ શું કરે તે જોવા સંતાઇને ઉભો રહ્યો. ભીલ આવ્યો. શિવનું એક નેત્ર ન જોયું તો તરત જ પોતાનું નેત્ર કાઢી

(જુઓ ટાઇટલ ૩ જું)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અંકે સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષકો
પ્રેમચંદ મેઘજી મુડકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ ધરમશી મુડકા (થાણા ગઢ)

વર્ષ : ૯] ૨૦૫૩ જેઠ વદ-૧૨ મંગળવાર તા. ૧-૭-૯૭ [અંક : ૪૩+૪૪

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૧૧ મંગળવાર તા. ૨૧-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૮ મું) -અવ૦)

જો સહસ્સં સહસ્સમાણું, માસે માસે ગવં દયે ।
તસ્સાવિ સંજમો સેઓ, અદિંતસ્સ વિ કિંચણ ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા સમજાવી આવ્યા કે-શ્રી અરિહંત પરમાત્માઓએ ધર્મ મોક્ષને માટે જ સ્થાપ્યો છે અને ધર્મ તે સાધુપણું જ છે. તે સાધુપણાની ઈચ્છા વિનાનો ધર્મ તે ધર્મ જ બનતો નથી. મોક્ષને આપનાર એવું જે સાધુપણું છે તેની ઈચ્છા નહિ થવા દેનાર આ સંસારનું સુખ છે. માટે જ જ્ઞાનિઓએ આ સંસારનું સુખ પુણ્યથી મળતું હોવા છતાં પણ છોડી દેવા જેવું જ કહ્યું છે. કેમકે, આ સંસારનું સુખ જેને ગમે તેનો રાગ થાય તે સારો લાગે તે જીવ કદિ ધર્મ પામી શકતો નથી. જીવને ધર્મ નહિ પામવા દેનાર આ સુખ છે એટલું નહિ પણ ધર્મ પામેલાને પણ સારી રીતે ધર્મ નહિ કરવા દેનાર આ સંસારનું જ સુખ છે અને ધર્મથી પાડનાર પણ આ સંસારનું સુખ છે. જે જીવ આ સંસારના સુખનો રાગી બને, તે રાગ પણ સારો લાગે તો સમ્યગ્દૃષ્ટિ જીવનું સમ્યક્ત્વ પણ

ચાલ્યું જાય છે. ભગવાનના શાસનને પામેલા જીવોને કર્મ યોગે સંસારનું સુખ ભોગવવું પણ પડે તો પણ તેમના હૈયામાં દુઃખ હોય છે કે–'કર્મ નહિ કરવા જેવી ચીજ અમારી પાસે કરાવી રહ્યું છે.' માટે તેઓ તે સુખને ભોગવવું પડે માટે ભોગવે છે પણ હૈયાથી કદી ભોગવતા નથી. આ વાત જેને બેસે તેને જ આ ધર્મનો મહિમા સમજાય.

ભગવાનના સાધુ ધર્મને પામે તે જ મોક્ષે જાય. ભાવથી તે સાધુપણું જે પામે નહિ તે કદી મોક્ષને પામે નહિ. તે સાધુપણું પામવાનું જેને મન ન હોય તેને શ્રી વીતરાગદેવનો ધર્મ જચ્યો છે તેમ કહેવાય ખરું? માટે જ ફરમાવે છે કે–'દેવતરમતમાં રહેલો જીવ કર મહિને મહિને હજારો ગાયોનું દાન દે તેના કરતાં પણ ભગવાનનો સાધુધર્મ–કાંઇ નહિ આપવા છતાં પણ શ્રેષ્ઠ છે, કલ્યાણને કરનારો છે.' આખા સંસારનો ત્યાગ સાચી રીતે કોણ કરે? આ સંસારનું સુખ જેને ભૂંડામાં ભૂંડું લાગે તે. સંસારના સુખને માટે જ આ ધર્મ કરે તો તે મહારાગી કહેવાય! જે ધર્મથી મોક્ષ જ મેળવવાનો છે તે ધર્મથી સંસારનું જ સુખ મેળવવાની ઈચ્છા કરે તો તે ઇચ્છા ભગવાનની આજ્ઞાને અનુરૂપ કહેવાય કે ભગવાનની આજ્ઞાથી વિરૂદ્ધ કહેવાય? ભગવાને ધર્મ માત્ર મોક્ષને માટે જ સ્થાપ્યો છે. મોક્ષ એક એવી ચીજ છે કે જે મળ્યા પછી કદી જાય નહિ. મોક્ષમાં જે સુખ છે તે એકાંતિક છે, આત્યંતિક છે, અનંતુ છે. તેમાં દુઃખનો લેશ પણ નથી અને તેવા સુખની બીજી જોડી પણ કદી નથી અને જે આવ્યા પછી કદી નાશ પામવાનું નથી પણ અનંતકાળ રહેવાનું છે.

આવા મોક્ષના સુખની જેને ઇચ્છા ન થાય તે અનંતીવાર સાધુ થાય, સારામાં સારું સાધુપણું પાળે છતાં પણ સંસારમાં જ ભટકે છે. અભવી, દુર્ભવી અને ભારેકર્મી-ભવ્ય જીવો અનેકવાર સાધુ થાય છે પણ સંસારના સુખના જ ભિખારી હોવાથી અને તે સુખ માટે જ ધર્મ કરતા હોવાથી સંસારમાં જ ભટકે છે. અભવ્યજીવો અનંતીવાર નવના ગ્રૈવેયકમાં જાય છે છતાં પણ આત્માના સાચા સુખનો અનુભવ તેમને કદી થતો નથી. સાચા ધર્મની પ્રાપ્તિ પણ થતી નથી. ભગવાનના ધર્મની પ્રાપ્તિમાં સંસારના સુખ પ્રત્યે અભાવ જનમવો જરૂરી છે, તેને છોડવાનું મન થવું જોઇએ અને તે સુખ ન છૂટે તેનું દુઃખ થવું જોઇએ. તેથી જ શ્રાવકો ઘરમાં રહ્યા હોય તેય કર્મના બંધનથી. કર્મનું બંધન ન હોય તો સાધુ જ હોય. કર્મનું બંધન હોય તો રાજા-મહારાજા, શેઠ–શાહુકાર હોય પણ તેને તે હૈયાથી સારું ન માને. તમે બધા સંસારમાં રહ્યા છો તો તેનું તમને દુઃખ છે કે આનંદ છે? રોજ ભગવાનની પૂજા કરો, સાધુની સેવા કરો, ધર્મની વાતમાં હા એ હા કરો અને સંસારમાં મઝેથી રહો તો તે બે નો મેળ ખાય તેવો છે?

શાસ્ત્રે કહ્યું છે કે–અનંતા જીવો સંસારમાં રહેવાના છે. ગમે તેટલા શ્રી અરિહંત પરમાત્માઓ થાય, તેમની વાણી સાંભળે છતાં પણ તેને મોક્ષની ઇચ્છા ન થાય, સાધુ પણું સાચી રીતે લેવાનું મન ન થાય. મોટોભાગ સંસારના સુખ માટે ધર્મ કરે છે તેમાંથી આપણું જાતની બાદબાકી કરવી છે. સાચી રીતે ધર્મને પામનારા થોડા જીવો હોય છે. તે થોડામાં આપણો નંબર છે ખરો? માટે જ કહી આવ્યા કે ભગવાનનો ધર્મ ન પામે તેનો ઘોર તપ નકામો જાય છે. તે તપથી સંસારનું સુખ પામે, તેમાં ગાંડા થાય અને સંસારમાં ભટકવા જાય.

આપણને આ સંસારનું સુખ કેવું લાગે છે? અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ આ સંસારના સુખને ભૂંડું કહીને ગયા છે એટલું જ નહિ તે સુખનો ત્યાગ કરીને, સાધુ થઇને ઘોર પરિષહો વેઠીને, કષ્ટો વેઠીને, મોહને મારીને, કેવળજ્ઞાન પામીને, મોક્ષમાર્ગ સ્થાપીને મોક્ષે ગયા છે. તે મોક્ષમાર્ગની પરિપૂર્ણ આરાધના કરીને બીજા પણ અનંતા જીવો મોક્ષમાં ગયા છે તો આપણો નંબર હજુ સુધી કેમ ન લાગ્યો? નવકાર ગણનારની ઇચ્છા શી હોય? નવકાર ગણવો જુદો છે અને નવકાર માનવો જુદો છે. અભવ્યના આત્માઓ અનંતીવાર નવકાર ગણે છે છતાં પણ સંસારમાં રખડે છે. સંસારના સુખ માટે નવકાર ગણે તે નવકારને માનનારો ન કહેવાય. સંસારનું સુખ સારું લાગે અને તે જ વખતે ગભરામણ થાય કે 'મારું શું થશે?' તો તે નવકારને માનનારો કહેવાય, શ્રી નવકાર મહામંત્રમાં જે પાંચે પરમેષ્ઠીઓને નમસ્કાર કરવામાં આવે છે તે બધા આ સંસારનાં સુખમાત્રના વૈરી છે.

શ્રી નવકાર મહામંત્રમાં મોક્ષમાર્ગના સ્થાપક એવા શ્રી અરિહંત પરમાત્માઓને પહેલે પદે નમસ્કાર કરવામાં આવ્યો છે. મોક્ષમાર્ગની સંપૂર્ણ આરાધના કરીને મોક્ષે પહોંચેલા અને આત્માના અનંત જ્ઞાનાદિ ગુણોમાં વિલસી રહેલા શ્રી સિદ્ધ પરમાત્માઓને બીજે પદે નમસ્કાર કરવામાં આવ્યો છે. મોક્ષમાર્ગ જે પંચાચાર રૂપ છે. તેનું સ્વયં પાલન કરનારા અને યોગ્ય જીવોને પાસે પાલન કરાવનારા અને જગતને તે પાંચે આચારના પાલનનું મહત્ત્વ સમજાવનારા પ્રચારક એવા શ્રી આચાર્ય ભગવંતોને ત્રીજે પદે નમસ્કાર કરવામાં આવ્યો છે. મોક્ષમાર્ગના જ પ્રતિપાદક એવા જે સિદ્ધાંતોનું જેમાં વર્ણન છે તેવા આગમાદિ સૂત્રોનું પઠન-પાઠન કરાવનારા શ્રી ઉપાધ્યાય ભગવંતોને ચોથે પદે નમસ્કાર કરવામાં આવ્યો છે. સરળ એવા મોક્ષમાર્ગે આજ્ઞા મુજબ સ્વયં ચાલનારા અને જે કોઇ તે મોક્ષમાર્ગે ચાલવા ઇચ્છે તેને સહાય કરનારા શ્રી સાધુ ભગવંતોને પાંચમે પદે નમસ્કાર કરવામાં આવ્યો છે. (ક્રમશઃ)

— માર્ગને સમજો —

(આજે જે ગુમરાહ કરનારી વિચારધારાઓ–ગ્રોકસ વર્ગ–વ્યક્તિ તરફથી પોતાના અંગત અભિપ્રાયરૂપે હોવા છતાં ય વડિલોના નામે પ્રચારાઇ રહી છે. ત્યારે દ્વિધા/ભરી પરિસ્થિતમાં સ્વર્ગસ્થ પૂ. પરમતારક ગુરુદેવેશશ્રીજી મુનિ અવસ્થામાં પણ શું સ્પષ્ટ માન્યતા ધરાવતા હતા તે નીચેના પ્રશ્નોત્તર પરથી સ્પષ્ટ થાય છે. તો શ્રી વીરશાસનના સાભાર સાથે પ્રસ્તુત પ્રશ્નોત્તર જોઇએ. —સંપા૦)

પ્રશ્ન–૨ પરદેશી અગર સ્વદેશી મીલોમાં જે કપડાં તૈયાર થાય છે તેમાં ચરબી વપરાય છે અને હાથથી કંતાએલ, વણાએલ શુદ્ધ ખાદી જેમાં ધાન્યની ભોજ ચઢાવવામાં આવે છે, આ સ્પષ્ટ વાત છે. તો આ જાતના કપડામાં કયા કપડાં પાપ વગરનાં અને ચારિત્રનું રક્ષણ કરી શકે તેવા ગણવા ?

ઉત્તર–૨ પ્રથમ તો તમારો આ પ્રશ્ન સત્યના સમર્થનની સાથે સંબંધ જ નથી ધરાવતો. વળી **સંયમના નિર્વાહ અર્થ પૂજ્ય મુનિવરો જે જે વસ્તુનું ગ્રહણ કરે છે તે તે વસ્તુના અંગે થયેલા આરંભ–સમારંભના ભાગીદાર કોઇપણ જૈન શાસ્ત્રના આધારે પૂજ્ય મુનિવરો થઇ શકે છે ?** કે જેથી તમારો આ પ્રશ્ન પ્રશ્નના રૂપમાં સ્વીકારી શકાય. તમારા પ્રશ્નની રૂએ તમારે તો માનવું પડશે કે ગોચરીમાં રહેનાર સાધુના સંયમ કરતાં જંગલમાં એક વૃક્ષની નીચે રહેનાર એક સાધુનું અને એક સારા સદ્‌ગૃહસ્થના આલીશાન મકાનમાં ઉતરનાર સાધુના સંયમ કરતાં એક ગરીબની ઝુંપડીમાં ઉતરનાર સાધુનું સંયમ ઘણા જ ઊંચા પ્રકારનું છે. તેમજ એક નાના કુટુંબના ઘરમાંથી ભિક્ષા લાવનાર સાધુના સંયમ કરતાં એક બહોળા કુટુંબના ઘરમાંથી ભિક્ષા લાવનાર સાધુનું સંયમ ઘણું જ નીચા પ્રકારનું છે એમ પણ તમારે સ્વીકારવું પડશે ! કારણ કે જ્યારે બગીચો આરંભજન્ય છે ત્યારે જંગલમાં આવેલા વૃક્ષ માટે આરંભનો સંભવ નથી. અને સદ્‌ગૃહસ્થનું આલીશાન મકાન બનવામાં જે જે આરંભ–સમારંભ થાય તે આરંભ સમારંભ એક ગરીબની ઝુંપડી બનવામાં નથી થતો. તેમ જ એક નાના કુટુંબના રસોડા કરતાં બહોળા કુટુંબના રસોડામાં અધિક આરંભ હોય એ સ્વાભાવિક જ છે. **પરંતુ વસ્તુસ્થિતિ આવી નથી.** જો વસ્તુસ્થિતિ આવી જ હોત તો શાસ્ત્રોમાં જ્યાં જ્યાં રાજપિંડ લેવાનો નિષેધ કર્યો છે ત્યાં ત્યાં તે આરંભ–સમારંભને જ આગળ કર્યો હોત. પરંતુ તેમ થયું નથી માટે તમારો આ પ્રશ્ન જ સ્થાનસ્થિત નથી એમ હું માનું છું.

વીર શાસન વર્ષ–૧ —**મુ. રામવિજયજી**

અંક–૩૨, પૃ. ૭/૮, પ્રશ્નોનું સ્પષ્ટીકરણ)

સુચના : સતત વરસાદથી વીજ પુરવઠો ખોરવાઇ જતા આ ૪૩+૪૪ સંયુક્ત અંક પ્રગટ કરેલ છે તેથી મુખપૃષ્ઠ ઉપર ૪૩+૪૪ સમજવું.)

⁂ તત્વનિર્ણય કે તત્વનો ઉચ્છેદ ⁂

(ગતાંકથી ચાલુ) —મુક્તિપંથ પથિક

સંસારનું સુખ પણ બે પ્રકારનું છે એક સંસારના સુખમાં વૈરાગ્ય જ્વલંત રહે અને બીજું સંસારનું સુખ આસક્ત બનાવે–પાપ કરાવે દુર્ગતિમાં ભટકાવે. વૈરાગ્ય જેમાં જ્વલંત રહે એવું સુખ પુણ્યાનુબંધી પુણ્ય બંધાવનાર ધર્મથી મળે અને આસક્ત બનાવી પાપ કરાવી દુર્ગતિમાં ભટકાવનાર સુખ પાપાનુબંધી પુણ્ય બંધાવનાર ધર્મથી મળે.

પાપ નુબંધી પુણ્ય બંધાવનાર ધર્મથી એકવાર તો સુખ મળે જ પછી ભલે એ સુખમાં આસક્ત બનવા દ્વારા પાપની પરંપરા ચાલવાથી દુઃખની પરંપરા ચાલે! પાપાનુબંધી પુણ્ય બંધાવનાર ધર્મથી એકવાર પણ સુખ મળી જવાથી 'ધર્માત્ સુખ" એ શાસ્ત્રીય સનાતન સત્યને જરા પણ ટક્કર લાગતી નથી પછી ભલે દુઃખ આવે એ દુઃખ તો પાપથી આવ્યું છે એ પાપ ભૂંડા ધર્મથી મળેલા સુખમાં આસક્ત બનવાથી પેદા થયું છે સારા ધર્મથી સુખ મળે તો ભૂંડા ધર્મથી પણ સુખ મળે જ એ પણ સુનિશ્ચિત શાસ્ત્રીયવાત છે એ શાસ્ત્રીય વાતને મુ. અભયશેખરજી 'ભૂંડા ધર્મથી દુઃખ જ આવે' આવા જ કાર પૂર્વકના વાક્યથી જુદી પાડે છે એથી 'સુખં ધર્માત્' એ શાસ્ત્રીય સનાતન સત્યનો ઉચ્છેદ કરી રહ્યા છે એમ સ્પષ્ટ જણાઈ આવે છે સાથે સાથે પોતાના સ્વ. ગચ્છાધિપતિ આ. ભુવનભાનુ સૂ. મ.ની પણ પરમતેજમાં કહેવાયેલી શાસ્ત્રીય વાત 'પરંતુ તે શુભ ક્રિયા ને સુખ-સન્માનની આશંસાના અશુભ અધ્યવસાયથી મિશ્રિત થાય તો ઝેરના લાડુ જેવી બની જાય છે **એ પુણ્યના ટેસ આપે.**' એ પુણ્યના ટેસ આવે.

એટલે આવા અશુભ અધ્યવસાયથી મિશ્રિત શુભ ક્રિયાઓ પુણ્યના ટેસ એટલે સંસારના સુખ આપે. પણ સુખં ધર્માત એ શાસ્ત્રીય સનાતન જીવંત રાખે છે ત્યારે **'ભૂંડા ધર્મથી દુઃખ જ આવે'** આવું વાક્ય લખીને **'ધર્માત્ સુખ"** એ સનાતન સત્ય પર ઘા કરી મુ. અભયશેખર વિ. ટુકડે ટુકડા કરી રહ્યા છે એથી એમ નિશ્ચિત જણાઇ આવે છે કે **'અને તો પછી સુખં ધર્માત્ દુઃખં પાપાત્'** એ સનાતન સત્યનું શું થાય. એવું લખાણ કરી તે સનાતન સત્યની જે ચિંતા કરી છે. એ બરેબર ઠંભી છે.

શાસ્ત્રકારો કહે છે ભૂંડો ધર્મ એટલે પાપાનુબંધી પુણ્ય બંધાવનાર ધર્મ, તેનાથી

એકવાર તો સુખ મળે જ પછી જે દુઃખો આવે છે તે તો એ સુખમાં આસક્ત બનવાં દ્વારા બાંધેલા પાપોથી !

માટે પ્રિય વાંચકો ! મુ. અભયશેખર વિ.ના કેવા કુતર્કો છે જે કુતર્કો શાસ્ત્રીય તત્વો પર ઘા કરીને તેનો ઉચ્છેદ કરી રહ્યા છે તે સમજી લેવા જેવા છે.

જુઓ પ્રિય વાંચકો ! આગળ પણ કેવો કુતર્ક કરે છે.

ધર્મ તો આદરણીય તત્વ છે આપણા દિલમાં જેટલો એના પ્રત્યે આદરભાવ એટલો આપણને અધિક લાભ. આ આદરભાવને ધક્કો લગાડયા વિના એને ભૂંડો કહી શકાય નહીં.'

આ રીતનું લખાણ કરીને મુ. અભયશેખર વિ. એ કહેવા માંગે છે કે આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. અને એમના પક્ષના સાધુઓ સંસાર માટે કરેલા ધર્મને ભૂંડો કહે છે એથી એમના હૈયામાં ધર્મ પ્રત્યે આદરભાવ નથી. એમના ધર્મ પ્રત્યેના આદર ભાવને ધક્કો લાગવાથી ધર્મ પ્રત્યેનો આદરભાવ નાશ પામી ગયો છે. વાંચકોની આંખમાં ધૂલ નાખવા જેવો કેવો વિચિત્ર કુતર્ક મુ. અભયશેખરજી કરી રહ્યા છે.

તો મારે એમને કહેવું છે કે આલોક પરલોકના સુખાર્થિ માટે કરેલા ધર્મને વિષ અનુષ્ઠાન ગરલ અનુષ્ઠાન તરીકે કહીને લોકપંક્તિ માટેના ધર્મને પાપ કહીને ભૂંડો કહેનારા શાસ્ત્રકારોના હૈયામાં શું આદરભાવ નહિ હોય ? શું એમના આદર ભાવને આવા ધર્મને ભૂંડો કહીને એમણે ટક્કર લગાવી હશે ? આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ.મ. પણ સુખ સન્માનના અશુભ અધ્યવસાયથી મિશ્રિત શુભક્રિયા રૂપ ધર્મને ઝેરને લાડુ કહી એવા ધર્મને ભૂંડો કહ્યો તો શું એમના હૃદયમાં ધર્મ પ્રત્યેનો આદર નહી હોય ? એ ધર્મને ભૂંડો કહેવાથી શું એમના ધર્મ પ્રત્યેના આદર ભાવને એમણે શું ટક્કર લગાવી છે ?

શાસ્ત્રકારો કે આ. ભુવનભાનુ સૂ. મ. ના હૈયામાં ધર્મ પ્રત્યે આદર છે જ તેવી રીતે આ. રામચંદ્ર સૂ. મ. કે તેમના સાધુઓ સંસાર માટે કરાયેલા ધર્મને ભૂંડો કહે ત્યારે તેમના હૈયામાં ધર્મ પ્રત્યેનો આદર ભરેલો જ હોય છે. શુદ્ધ ધર્મને તો ક્યારે પણ ભૂંડો કહ્યો નથી અને કહેતા પણ નથી પણ જે ધર્મને શાસ્ત્રકારોએ ભૂંડો કહ્યો છે. એવા ધર્મને ભૂંડો ન કહે તો ધર્મ પ્રત્યેના આદરભાવને ટક્કર લાગે. શાસ્ત્રકારોએ જે ધર્મને ભૂંડો કહ્યો છે, આ. ભુવનભાનુ સૂ. મ. જે ધર્મને ભૂંડો કહ્યો છે એવા ધર્મને ભૂંડો ન કહેવાય એવું માનનારા અને લખનારા મુ. અભયશેખર વિ.ના હૈયામાં જ ધર્મ પ્રત્યેનો આદર નથી એમના આદર ભાવને ટક્કર લાગી ગઈ

છે એ સુપેરે એમના લખાણ ઉપરથી સમજી શકાય તેવું છે.

એથી એ મુ. અભયશેખરજી જે લખે છે કે—

'જેણે ધર્મ તત્વ માટે કહેવું જ છે કે–'ભૌતિક અપેક્ષાથી આરાધાયેલો ધર્મ ભૂંડો છે તેણે ભૌતિક અપેક્ષાથી આરાધાયેલા શ્રી રામચંદ્ર સૂ. મ. ભૂંડા છે વગેરે પ્રચાર પણ જોરશોરથી કરવો જ જોઈએ ?

એ વાત તમારા ગુરૂની માફક તેમજ શાસ્ત્રકારોની માફક ધર્મને ભૂંડો કહેનારા આ. રામચંદ્ર સૂ. મ.ના સાધુઓને લાગુ પડતી નથી માટે એમને આ. રામચંદ્ર સૂ. ભૂંડા છે એવા પ્રચાર કરવાની બીલ્કુલ જરૂર રહેતી નથી કેમકે ભૌતિક અપેક્ષાથી ધર્મ કરવાનુ આ. રામચંદ્ર સૂ. કહેતા નથી. તમો ભૌતિક અપેક્ષાથી ધર્મ કરવાની પ્રરૂપણા કરો છો માટે તમને કોઈ ભૌતિક અપેક્ષાથી આરાધે તો તમો ભૂંડા છો એવો પ્રચાર જોર શોરથી કરી શકાય.

તત્વનિર્ણય નામના પુસ્તકમાં ૨૪ થી ૨૬ સુધીના પેજમાં તત્વનો ઉચ્છેદ કરનારા જે કુતર્કો આ. રામચંદ્ર સૂ. મ.ને અને તેમના પક્ષના સાધુઓને શાસ્ત્રવિરૂદ્ધ પ્રરૂપણા કરનારા તરીકે ઠરાવવા માટે મુ. અભયશેખર વિ. એ કરેલો છે તેની ટુંકી નોંધ.

(૧) યોગબિન્દુ વગેરે ગ્રંથોમાં આચાર્ય શ્રી હરિભદ્ર સૂ. મ. વગેરે દ્વારા 'ભૌતિક અપેક્ષાથી કરાતા ધર્મને વિષ અનુષ્ઠાન–ગરલ અનુષ્ઠાન–પાપાના નિમિત રૂપ–વ્યાપાર રૂપ તથા આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. દ્વારા સુખ–સન્માનની આશંસાના અશુભ અધ્યવસાયથી મિશ્રિત. શુભ ક્રિયા રૂપ ધર્મને ઝેરનો લાડુ કહી તેમજ સંસારમાં ભટકાવનાર કહી એવા ધર્મને ભૂંડા 'તરીકે કહેવાતા સિદ્ધાન્ત–તત્વનો' મુ. અભયશેખર વિ. 'ભૌતિક અપેક્ષાવાળા ધર્મને ભૂંડો ન કહેવાય.' એમ કહી ઉચ્છેદ કરે છે.

(૨) પુણ્યાનુબંધી પુણ્ય બંધાવનાર ધર્મ જેમ સુખ આપે છે તેમ પાપાનુબંધી પુણ્ય બંધાવનાર ભૂંડો ધર્મ પણ એકવાર તો સુખ આપે જ છે. એવા 'સુખ' ધર્મીત' એ સિદ્ધાન્ત તત્વનો ઉચ્છેદ 'મુ. અભયશેખરજી' 'ધર્મ ભૂંડો હોય તો એનાથી દુઃખ જ આવે.' એ રીતના 'જ કાર' પૂર્વકના લખાણથી કરે છે પાપાનુબંધી પુણ્ય કરાવનાર ધર્મ ભૂંડો હોવા છતાં એકવાર તો સુખ આપે જ.

(૩) પાપાનુબંધી પુણ્ય બંધ કરાવનાર ધર્મને ભૂંડો કહેવાથી હૈયામાં રહેલા આદરભાવને જરા પણ ધક્કો લાગતો નથી આવા શાસ્ત્રીય સિદ્ધાંત તત્વનો 'આ આદર ભાવને ધક્કો લગાડયા વિના એને ભૂંડો કહી શકાય નહી.' આવા લખાણથી ઉચ્છેદ કરે છે.

આવા તો કેટલાએ તત્વોનો ઉચ્છેદ આ તત્વનિર્ણય નામના પુસ્તકમાં મુ. અભયશેખર વિ.એ કર્યો છે જો સૂક્ષ્મદૃષ્ટિથી એ પુસ્તકને વાંચવામાં આવે તો ખ્યાલ આવ્યા વગર ન રહે.

વિશાળ વ્યાખ્યાન સભામાં બાલાદ્રિ અનેક જીવો આવતા હોવાથી એ બધાને સંસારના સુખાદ્રિ માટે ધર્મ કરતા વારીને મોક્ષ માટે ધર્મ કરતા કરવા માટે આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. શાસ્ત્રીય સિદ્ધાન્ત તત્વને અનુસરીને સંસાર માટે કરાતો ધર્મ ભૂંડો છે એમ જોરશોરથી સમજાવતા હતા બાકી બાલાદ્રિના ધર્મની પરિસ્થિતિને નહતા જાણતા એવું નથી પણ સંસાર માટે કરેલો ધર્મ ભૂંડો છે એના માટે ન કરાય વગેરે જે તેઓશ્રીનો કે તેઓશ્રીના સાધુઓનો ઉપદેશ હતો, અને છે તે બાલ તથા મધ્યમ જીવોને પંડિત બનાવવા માટે હતો અને છે અને પંડીત જીવોને મોક્ષ માટે ધર્મ કરવામાં સ્થિર કરવા માટે હતો અને છે.

તત્વ નિર્ણય નામના પુસ્તક માટે વધારે શું શું લખવું, આ પુસ્તક કુતર્કના કાદવથી ભરપૂર છે અને આક્ષેપોના ગંદવાડથી ખદબદી રહ્યું છે એને હાથમાં લેવાથી નાક અને હાથ બંને બગડે તેવા છે આત્મા અપવિત્ર બને તેમ છે. છતાં અમોએ જે એમાં હાથ ઘાલ્યો છે તે જૈન જગતને દેખાડવા કે જુઓ આમાં કેવા કુતર્કોનો કાદવ ભર્યો છે.

ઉપરોક્ત રીતે કુતર્કો કરવા દ્વારા સિદ્ધાન્ત–તત્વનો ઉચ્છેદ કરનારા કુતર્ક શેખર એવા મુ. અભયશેખરવિજયજી સિદ્ધાન્ત તત્વોના આધારે બોલનારા–લખનારા આ. દેવ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.ના ગીતાર્થપણામાં અવિશ્વાસ કરે છે એ ખરેખર આશ્ચર્યની વાત છે. પાગલ માણસ જેમ ડાહ્યા માણસોને પણ પાગલ માને એના જેવો ઘાટ પોતા માટે મુ. અભયશેખર વિ. ઘડે છે એમ એમના પુસ્તકના લખાણ ઉપરથી જણાઇ આવે છે અસ્તુ.

સર્વસ્ય શુભં ભૂયાત્

શાસન સમાચાર : વઢવાણ શહેર–અત્રે પૂ. મુ. શ્રી બોધિરત્ન વિ. મ. ના પરિચય ઉપદેશથી યુવાનવયે શ્રી અતુલકુમાર હિંમતલાલ શાહ (લાડકચંદ જીવરાજવાળા) પૂ. આ. વિ. નિત્યાનંદ સૂ. મ. તથા મુ. શ્રી દિવ્યકિર્તિ વિ. મ. તથા પૂ મુ. શ્રી બોધિરત્ન વિ. મ.ની નિશ્રામાં જેઠ સુદ ૧૦ના ચતુર્થવ્રત ઉચરેલ છે તે માટે મહોત્સવનું આયોજન કર્યું હતું.

અથ શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયનો લખેલો કાગળ

(ક્રમ–૨) (ગતાંકથી ચાલુ)

બીજો થે ઇતરો વિચાર દેખો કે બાદર સંપરાયે ૨૨, સૂક્ષ્મ સંપરાયે ૧૪ ઇત્યાદિ અનુક્રમે 'એકાદશ જિને' એ સૂત્ર ચાલ્યો, તો વિધિ અધિકારે નિષેધ વ્યાખ્યાન પંડિત હોય તે કેમ કરે ? વલી મન વાસનાયે દિગંબર 'પ્રમેય કમલ માર્તંડ' ગ્રંથ મધ્યે ઇસ્યું વ્યાખ્યાન કહ્યું છે. જે 'એકેનાધિકા ન દશ એકાદશ' એતાવતા એક નહી દશ નહિ તે ૧૧ એ પરીસહ નહી તે. ઇસ્યો સમાસ વ્યાકરણ વિરૂદ્ધ છે. તે શ્રી સ્યાદ્વાદ રત્નાકર મધ્યે કહ્યું છે. કેવલીને કવલાહાર માન્યા વિના એ સૂત્ર દિગંબરને મિલતું નથી; તે માટે એ સર્વ બૂડતે બાઉલે વલગવું છે. ચોરાસી બોલ વિચાર મધ્યે મેં લિખ્યું છે.

'સૂત્ર નંમે પરિસહ કહે, વૃત્તી લિઉ નકાર;
જો સંસે ઉપજત નહી, સો તુજ ભ્રમકો ભાર ॥૧॥

મોહનીય વિના વેદનીયકર્મ સ્વ વિપાક ન દેખાવે; ઇસ્યો કહે છે તે પણ યુક્તિ શુન્ય. એમ કહેતાં નામ કર્મોદય જનિત વિહાર દેશનાદિક કેવલીને કિમ ઘટે ? જો કહેશો તે નિયત દેશ નિયતકાલ કેવલીને સ્વભાવે જ હોએ; પણ ઇચ્છાએ ન હોય. તે માટે મોહનીય કર્મની અપેક્ષા નથી. ઉક્તં ચ પ્રવચન સારે–

''ઠાણાણિસેઘ વિહારા, ધમ્મુવ દે સોય ણિય ણિણા તેસિં;
અરિહંતાણું કાલે, માયા ચાયોવ ઇત્થીણું''

તો કવલાહાર નિયત દેશકાલે ઇચ્છા વિના કેવલીને માનતાં શું જાએ છે ? કોઇ કહેશે કે, ઘાતી મધ્યે ગણિયા માટે, ઘાતી સમાન વેદનીય કર્મ જ કહ્યું છે. તે ઘાતીકર્મ ગયા પછી કેવલીને સ્વવિપાક કેમ દેખાવે ? ઉક્તં ચ કર્મકાંડે–'ઘાદિંવ વેયણીયં, મોહસ્સુદયેણ ઘાદદે જીવં'' ''ઇદિજાણું મધ્યે, તમ્હા ગણિદં દુવેદણિયં.''

તે પણ યુક્તિ શુન્ય જાણવું. જે માટે જ્ઞાનાવરણીય દર્શના–વરણીય મોહનીય, મધ્યે જ્યું વેદનીય કહ્યું ત્યું આયુર્નામ, ગોત્રકર્મ પણ મોહ અંતરાય મધ્યે જ કહ્યાં, તે વારે તે પણ ઘાતવત્ હોઈ જાવે. તે માટે એ સર્વ પક્ષપાત કલ્પના જાણવી. ઇણે કરી વલી જે વડી સરખાં ચાર કર્મ કેવલીને કહેછે તે પણ પરમાર્થના અજાણ કહેવાં. એમ કહેતાં તીર્થંકર નામ કર્મ વિપાક પણ તિસ્યો હુઇ જાવે. વેદનીય કર્મ જ કેવલીને દગ્ધ રજ્જુ સમ એ પક્ષપાત માત્ર શાસ્ત્ર વિરૂદ્ધ છે. ઉક્તં ચ સૂત્રકૃતાંગ વૃત્તૌ–

'યદ્યપિ દગ્ધરજ્જુ સ્થાનકમુચ્યતે વેદનીયસ્ય સ્તવ્યપ્યનાગમિકમયુક્તિ

સંગત ચ; આગમે હ્યત્યંતોદયઃ સાતસ્ય કેવલિન્યભિધીયતે સાતા સાતયોશ્ચાંતમુહૂર્ત્ત પરિવર્ત્તમાનતયા યથાસાતોદય એવં સાતોદયોપીતિ”

કેવલીને ક્ષુધા–તૃષા માનીએ તો અનંત સુખનો વ્યાઘાત થાએ. ઈત્યેો કહે છે, તે પણ શુન્ય વચન. જે માટે અનંત સુખ ભવસ્થ કેવલીને તો કેવલજ્ઞાન રૂપ જપ યેાગા વ્યાઘાતે ઉપચારી કહ્યું છે. ‘જાદંસયં સમત્તં, નાણુમણું તચ્છવિચિત્રં વિમલં રહિદેહુ ઉગાહાઇહિ સુહંતિ એયં લિયં આણિદંતિ”

પણ પરમાર્થથી ક્ષાયક અવ્યાબાધ સુખગુણ તો સિદ્ધને જ હુએ. ઉક્તં ચ– ‘અનંતે સુખવીર્યે ભવેધવિઘ્નક્ષયાત્ ક્રમાત્’. જે પ્રવચનસાર મધ્યે–‘પુણ્યફલા અરિહંતા તેસિં કિરિયા પુણેાહિઉ કાયડ્ગા મેાહાદીહિં વિરહિદા તહ્મા સા ખેાઇગિત્તિમદા.’

પ્રકૃષ્ટ પુણ્યફલરૂપ અરિહંત છે. તેહને સ્થાન નિષદ્યા વિહારાદિ ક્રિયા ઉદય-ભાવની જે કહી છે, તે મેાહાદિક રહિત; માટે ક્ષાયિક જ કરી ગણીયે. ઇત્તી પરિભાષા કહી છે, તે યુક્તાહાર ક્રિયામાંહે પણ બાધતી નથી. જે કેાઈ કહે છે જે અનંતવીર્ય કેવલી છે તેહને ક્ષુધા ન બાધે. તેહને કહિયે ક્ષુધાદિકે વીર્યહાણ ન હેાય; પણ બલા-પચય હેાય માટે કવલાહાર ઉદય નિયત કરેજ, ‘બલ શારીરં વીર્યં’ ચાંતરઃ શક્તિર્વિશેષ’ ઇતિ શાસ્ત્રાસિદ્ધ.

આહાર પ્રમાદરૂપ છે, તે માટે છઠ્ઠાગુણઠાણા લગે જ હુવે. એહવું જે કહે છે, તિણે સ્થાન નિષદ્યા વિહારાદિકક્રિયા કેવલીને કેમ કરી કહેવી? આહાર હેાય ત્યાં નિદ્રા હેાય જ એ વ્યાપ્તિ નથી જ. વેદનીયકર્મ ઉદયથી નિદ્રા કવલાહાર હુએ અને દર્શનાવરણીય કર્મ ગયાથી નિદ્રા નહી હુવૈ. ‘તસ્માદ્વિપરીતિ બાધક તર્કાભાવાન્ન વ્યાપ્તિઃ’

કેાઈ કહેશે આહાર સંજ્ઞા સાતમે ગુણઠાણે નથી તો આગલ કિહાંથી ? આહાર સંજ્ઞા વિના આહાર કેવલીને કિમ હુવે ? તે જુઠું; જે માટે આહારસંજ્ઞા ‘મલ્વાહારા-લાષઃ’ ઇત્યેા ગેામટસાર ટીકાધુરે સાતમે પત્રે જ છે. તે માટે અભિલાષારહિત આહાર, અપ્રમત્ત સાધુને હેાવે, તિહાં દૂષણ નથી. કિં બહુના આવશ્યકાદિક ક્રિયા પણ અપ્રમત્ત સાધુને વિકલ્પરહિત અસંગક્રિયારૂપ છે. પણ વીતરાગ વચન પ્રણિધાન સંકલ્પપૂર્વ વચનક્રિયારૂપ નથી. તો આહાર ક્રિયા પ્રમત્ત સાધુથી વિલક્ષણ હેાય તેહનું કાંઈ કહેવું ! અત એવ ભિક્ષાટનાદિ ક્રિયા પણ કેવલ વ્યવહારાનુગત છદ્મસ્થ વ્યવહારથી ભિન્ન દેખી ઉત્રાસ ન કરવેા. વચન–અસંગાનુષ્ઠાન ભેદ જાણવા. ષેાડશક ગ્રંથ મધ્યે શ્રી હરિભદ્રસૂરિએ આર્યા કહી છે. ‘ચક્રભ્રમણું દંડાદ્યભાવેચૈવ યત્પરં ભવતિ વચના સંગાનુષ્ઠાન યેાસ્તુ તદ્વજ્ઞાપકં જ્ઞેય” એ યેાગદૃષ્ટિ ગ્રંથ શ્રોતાને અગેાચર ન રહે તે

ગ્રંથરો ભાવ સ્વભાવ રૂપે બાંધ્યો છે. તે પણ મોકલશું.

વલી વાગ્માત્ર અધ્યાત્મી કહે છે કે, સાતાવેદનીયની ઉદીરણા સાતમા ગુણ-ઠાણાથી ટલી છે, તો કેવલીને કવલાહાર કિમ હુવે ? તેહથી તો સાતા ઉદિરાયે છે. તે મિથ્યા. જે માટે ઉદીરણા કરણ અંતર શક્તિ વિશેષ છે. બાહ્ય યોગાનુગત નથી. નહિ તો સ્નાન નિષિધાદિ ક્રિયાયે પણ સાતા વેદનીયની ઉદીરણા હુઈ જાએ. તે કેવલીને સ્વભાવે છે; ઉદીરણા રૂપ નથી. એ વચન તો કવલાહાર સમાન પણ કેવલ સ્વભાવવાદ માનીં યે તો બોધમત થાયે. તેહનો હેતુભૂતનિષેધો ન સ્વાનુપક્ષવિધિ નં ચ સ્વભાવ–વર્ણનાનૈવમવધે નિયતત્વતઃ ઈત્યાદિ ન્યાયકુસુમાંજલિ ગ્રંથે ઉદયનાચાર્યે નિષેધ્યો છે. ઇણરો અર્થ :— અકસ્માત કાર્ય ભવતિ ઈસ્યો બોધ કહે છે. તિણને આચાર્ય કહે છે. એ શબ્દરો કુણ અર્થ ? પ્રસજ્ય પ્રતિષેદ્દો કોઈ કારણથી ન હોય એ અર્થ એક, કોઈ હોય જ નહિ એ અર્થ બીજો કોઈ સ્વથી હોય એ અર્થ ત્રીજો, કોઈ અનપાખ્યક અનિર્વચનીય કારણ તેથી હોય એ અર્થ ચોથો, કોઈ સ્વભાવથી હોય એ અર્થ પાંચમો; ન સંભવે. જે માટે પૂર્વ પશ્ચાતા ભાવરૂપ અવધિ નિયત છે. તે માટે અન્યથા સિદ્ધ નિયતપૂર્વવર્ત્તિ કારણું અન્યથા નિયત પશ્ચાત ભાવિકાર્ય એ લક્ષણ લોક વ્યવહારે અવશ્ય માનવાં. તો સ્વભાવવાદ યુક્તિ શુન્ય છે. એ ચિંતામણિ તર્કરો માર્ગ સર્વવસ્તુ કથંચિત સ્વભાવજનિત છે, કથંચિત કર્માદિજનિત છે. એ સ્યા-દ્વાદતર્ક 'માર્ગણીયા નિયતંત' ઇતિ શ્રી સૂત્ર કૃતાંગ વચનાત.

તે માંહે કેવલીરી આહાર–વિહારાદિ ક્રિયા કથંચિત કર્મજનિત છે, કથંચિત ઉદયમજનિત પણ સદ્દહવી. કેવલ સ્વભાવ માને તે બોધમતમાંહે સહેજે કહે છે. કેવલીને આહાર માનતાં અર્થાપત્તિ સિદ્ધિ નિહારાદિ વિડંબના આવે, તે દેવાધિદેવને કેમ ઘટે ? કર્મજનિત ભાવમાં જે એમ લાજે છે, તેણેજન્મયોનિક્રમ પણ ન માનવું. સદ્દા શુદ્ધ પરંપરપરે માન્યો છે, તિસ્યો જ માનવો. જિમ લાજ ન લાગે. કેવલી હુયા પછી સપ્તધાતુરહિત પરમૌદારિક શરીર માને છે; તો શરીર કેમ ન માને ? જો શરીર નામકર્મ રહ્યું છે, તે માટે શરીર જ હોવે, તો સંહનન નામ પુદ્ગલ વિપાકી રહ્યું છે, તે માટે સપ્તધાતુરહિત કિમ ઘટે ? 'સંહણણમકૂ નિચયેાત્તિ' વચનાત તથા કેવલજ્ઞાન મહિમાએ સાત ધાતુ ઘટે તો મનપર્યવજ્ઞાને કેતી ધાતુ ઘટે ? સાત ધાતુ રહિત જિન શરીર હોય તો કેતા ધાતુરહિત ગણધર શરીર હોય ? ઇત્યાદિ બોલરો કિસ્યો ઉત્તર હોયે ? તે માટે જિસ્યા કર્મ રહ્યા છે તિસ્યો વિપાક કેવલીને પણ સદ્દ-હતાં સમ્યગ્દૃષ્ટિને કિસી લાજ લાગતી નથી. તે પ્રીછજો. (ક્રમશઃ)

ઓટું ન લગાડતા હો ને !

❋ પ્રત્યુત્તરની પ્રતીક્ષા સાથે લી. ભદ્રંભદ્ર ❋

—ભદ્રંભદ્ર

'મારા લેખોની સાલી જોરદાર અસર થતી લાગે છે. હું તો લખ્યું તો તીર નહિ તો તુક્કો એમ માનીને જ લખું છું પણ બધા લખાણ આ જ સુધી તીર જ બન્યા છે. જેને લક્ષ્ય બનાવીને ફેંકું છું તેને વિંધી નાંખે છે ખરા. આથી તો મારા આનંદની કોઈ જ સીમા નથી રહેતી પણ સાલુ દુઃખ એ વાતનું થાય છે કે– જેને તીર વાગે છે તે ઓટું લગાડવા માંડે છે મેં જોે કે હેડીંગમાં જ 'ઓટું નો લગાડતા હો ને ?' આવું લખ્યું છે તો ય એ લોકો ઓટું લગાડે છે.' મેં આવું મારા કલ્યાણ મિત્રને કીધુ તો ઈ શું કહે કઉં ઇ કે કે ભલા માંણુ તો 'ઓટું લાગે એવું શું કામ લખો છો ?' મેં કીધુ–'પણ હું તો સાચું જ લખું તેમાં ઓટું (અસત્ય) લાગે એવું છે જ ક્યાં ?' એટલે તરત પેલા શાસ્ત્રીયમિત્ર ઉછળી પડયા મને આશયશુદ્ધિનો બોધ પાઠ આપતા કહેવા લાગ્યા કે–'ઓટું નો લગાડતા ?' આ વાક્ય પાછળ તમારો દુઃખ નો લગાડતા હો ને ?' આવો આશય નથી ?

આટલું સચોટ બ્રહ્મજ્ઞાન મારા મિત્ર પાસે ટકેલું છે તે જાણી મને હરખ સાથે શોક થયો. કેમકે તેણે મારા 'ઓટું' ને 'સાચુ' સાબિત કરી આપ્યું. 'ઓટું' ને 'સાચુ' કીધુ એટલે કે દુઃખ કીધું એટલે મારી પોલ ઉઘડી જતાં મને દુઃખ થયું. મને દુઃખ થતા મને અનુભવવા મલ્યું કે– તો મારા વાક્યથી બીજા બિચારા કેટલા બધાંને દુઃખ થતું હશે અરેરે ! હવે હું કોઇને દુઃખ થાય એવું લખીશ– બોલીશ નહિ. આવો મેં કઠોર અભિગ્રહ ધારણ કરવા વિચાર્યું ત્યાં પાછો મિત્રરતન કહે–'પાછું બાફ્યું. ભદ્રંભદ્ર તું ગાભા જેવો છે. કોઇને ઓટું લાગે કે નો લાગે સાચી વાત તો કેવી જ જોવે. પણ તમારો નિંદાનો–ઇરષાનો આશય ન હોવો જોવે. હિતબુદ્ધિથી કેવાય 'મારા મિત્રનું આટલું તળીયા સ્પર્શી જ્ઞાન મને નવાઈ લગાડવા માંડયું પછી તો પાછો પેલો કોઇને દુઃખ થાય તેવું ન લખવા–બોલવાનો અભિગ્રહ લેવાનું મોકૂફ જ રાખ્યું.' પણ મને વિચાર આવ્યો કે–'સાચી વાત કહેવાથી લોકોને ઓટું શું કામ લાગે છે ?' મને તો સમાધાન હમણાં નથી મળતુ. હે મારા પ્રિય વાચકો તમે જ આપજો આ પ્રશ્નનો જવાબ. આશય શુદ્ધિ રાખીને જ જવાબ મોકલજો હો ને. સરનામુ તો ખબર છે ને મારૂં. જૈન શાસન કાર્યાલય ઉપર લખજો ને તમ તમારે મને ફરજીયાત મળશે. તમારો જવાબ એવું લાગશે તો જૈન શાસનમાં 'ભદ્રંભદ્ર'

(અનુ. ૯૨૬ ઉપર જુઓ)

'તત્વ નિર્ણય કે તત્ત્વનો ઉચ્છેદ' લેખના લેખકને વિનંતિ.

પં. સુબોધચન્દ્ર નાનાલાલ શાહ પાલડી–અમદાવાદ

જૈન શાસન વર્ષ ૯ ના અંક ૪૦ માં 'તત્વનિર્ણય કે તત્વનો ઉચ્છેદ' નામક લેખ છપાયેા છે. વાંચીને જરાક ગ્લાનિ થઈ.

આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરિ મહારાજ કે જે આખા ભારતવર્ષમાં શુદ્ધ જિન માર્ગના પ્રરૂપક તરીકે જાણીતા છે એટલું જ નહિં પણ તેમની માન્યતાથી વિભિન્ન માન્યતાવાળા સમુદાયેા પણ 'રામચન્દ્રસૂરિ મહારાજ અને શાસ્ત્ર વિરૂદ્ધ ઉપદેશ આ તેા મારી મા વાંછણી છે એના જેવી વાત છે' એમ અવાર નવાર બેાલે છે. તેમની 'સંસારના સુખ માટે કરાતેા ધર્મ વિષ ક્રિયા છે. એ આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિના વચનના અનુવાદરૂપ દેશનાને ઉત્સૂત્ર પ્રરૂપણા જેવું નામ આપી પેટ બળ્યા ગામ બાળે એ ન્યાયે વેંતિયા ઊંદરડાા, એક ઐરાવત હાથી આગળ કૂદંકૂદ કરે એને જવાબ શેા આપવાનેા ? એ લખનારા પરા જયસુંદરેા કે ભયશેખરોની તેા ઉપેક્ષા જ હેાય.

એમની કયી હેસિયત છે ? કે **આચાર્ય શ્રી વિજય રામચન્દ્રસૂરિ** નામ તેઓ બેાલે છે. આ પુસ્તકિયા કીડાઓ કે જેમને વચન, વિભક્તિ કે શબ્દના વિભાગેાનું પણ જ્ઞાન નથી, ધાડાં થેાથાં ઉથલાવ્યા અને પાટે ચડી બેઠા તેમના બેાઢામાં તત્વની ગંધ પણ ન શેાભે. રામચન્દ્રસૂરિ મહારાજનેા વિરેાધ કરવા માટે પણ લાયકાત કેળવવી પડે.

શ્રી સિદ્ધસેન દિવાકરનેા વિરેાધ કરવા માટે શ્રી જિનભદ્ર ગણિ ક્ષમા શ્રમણ બનવું પડે એટલી પણ જેમનામાં અક્કલ નથી એ બુદ્ધિના બાલ બ્રહ્મચારીઓને તેા સાંભળવાના ય ન હેાય, તેા પછી એમની વાતેા મન પર લેવાની તેા વાત જ કયાં રહી !

આચાર્ય શ્રી વિજય રામચન્દ્રસૂરિ એટલે એક વ્યક્તિ નથી પણ જિનરાજની વાણી છે. આ વાણીથી જીવેા ભવસાગરથી પાર ઉતરી જાય એ કેટલાય ભવાભિનંદી જીવેાને માથામાં શુળની જેમ ખટકે છે એટલે એ બચ્ચાડા પેાતાને છપાવવા માટે મળેલા ગ્રન્થેામાં તે તે વાતનેા પ્રસંગ ન હેાવા છતાંય 'સંસારના સુખ માટે ધર્મ ન કરાય તેા શું અધર્મ કરાય' એવી બેવકૂફી ભરી વાતેા કરી પેાતાની હીન બુધ્ધિતાનું માત્ર પ્રદર્શન કરી આખા ગ્રન્થને અભડાવવાનું પાપ કરે છે. આવા વેષધારીઓ તેા જીવશે ત્યાં સુધી. **રામચન્દ્રસૂરિ દ્વેષ** નામના રેાગથી પીડાવના જ છે. અને આ

રોગની કોઈ કમી નથી. જ્યારે તેમના ભવનો છેડો આવવાનો હશે ત્યારે તેઓ આ રોગથી મુક્ત બનશે.

શુદ્ધ જિનવાણીનો વિરોધ તેમનો અનંત સંસાર વધારનાર છે એની પણ એમને કે એમના નાયકોને ગતાગમ નથી એમને જવાબ આપવાનો શો !

જાઓ બક્યા કરો કે 'સંસારના સુખ માટે ધર્મ કરાય–કરાય કરાય.' સમજશું કે પ્રભુ શાસનમાં નાના નાના અનેક નિહ્નવો પાકવાના છે એ પ્રત્યક્ષ થયું.

આમને જવાબ આપી સમયની બરબાદી કરવી વ્યર્થ છે, એમની શાસન કંટકોની માત્રા ઉપેક્ષા જ કરો, પણ જવાબ ન આપો. એ લલ્લુ પંજુઓ જવાબ આપવા માટે પણ યોગ્ય નથી.

(અનુસંધાન પેઇજ ૯૨૪ નું ચાલુ)

વિભાગમાં છપાવશુ. બહુ લાંબો જવાબ નો લખતા. પાછુ મારે પણ જગ્યા તો જોઇએ ને એક કે અઢી લીટીના વિશ્વાસના મતની કરખાસ્ત જેવી ભાષામાં પણ સચોટ જવાબ હોવો જોઇએ હો.

બસ તો હવે આપણે પછી જ મળશુ. ઠાગડાના ડોળે તમારા જવાબની પ્રતીક્ષા કરતા ભદ્રંભદ્રના શું લખુ પ્રણામ કે જય જિનેન્દ્ર ? (આમાં ય વિવાદ છે હો જાણો છો ? પછે વાત) બે ય વાંચશો.

— શાસન સમાચાર —

દાવણગેરે [કે. બી. એક્ટેન્શન]માં મંગલ પ્રતિષ્ઠા

દાવણગેરે (કર્ણાટક) કે. બી. એક્ટેન્શનમાં કચ્છ વાગડ દેશોદ્ધારક અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્ય પૂજ્ય ગણિવર્ય શ્રી મુક્તિચન્દ્રવિજયજી મ.સા., પૂજ્ય મુનિશ્રી મુનિચન્દ્રવિજયજી મ.સા. આદિની નિશ્રામા નવ–નિર્મિત જિનાલયમાં મૂલનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી આદિ જિનબિંબોની મંગળ પ્રતિષ્ઠા ઘણી જ ભવ્યતાથી ઊજવાઈ પાંચ દિવસના આ મહોત્સવમાં સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી આશુ વ્યાસની સંગીતકળા, રાષ્ટ્રપતિ–એવોર્ડ–પ્રાપ્ત શ્રી શંકરસિંહની નૃત્યકળા ખૂબ જ નેત્ર–દીપક હતી. તા. ૭–૬ ના ભવ્ય વરઘોડો તથા તા. ૯–૬ ના સાધર્મિક–વાત્સલ્યના કાર્યક્રમો રાખવામાં આવેલા હતા.

આ પ્રસંગમાં પૂજ્ય સાધ્વીજી સંજયશીલાશ્રીજી મ.સા. આદિ ૪ તથા પૂ. સા. ચન્દ્રયશાશ્રીજી મ.સા. આદિ ૩ પધાર્યા હતા.

પૂજ્ય ગણિવર્ય શ્રી આદિનું આગામી ચાતુર્માસ દાવણગેરે, ચોકીપેટ ઉપાશ્રયમાં થશે. ચાતુર્માસ–પ્રવેશ અષા. સુ. ૨, થશે.

: પીળીયાવાળાને બધું પીળું જ દેખાય :

—પૂ મુનિરાજ શ્રી પ્રશાંતદર્શનવિજયજી મ.

અનંતોપકારી પરમશ્રદ્ધેય પરમારાધ્યપાદ પરમતારક પરમગુરૂદેવેશ સ્વ. પ. પૂ. આ. શ્રી વિ રામચંદ્રસૂરીશ્વરજી મ.એ શાસનની જે રક્ષા–આરાધના–પ્રભાવના–સેવા–ભક્તિ કરી તેથી શ્રી જૈનસંઘ અજાણ નથી. પ્રામાણિક વિરોધીઓ પણ હૈયાપૂર્વક તે વાત કબૂલ કરે છે કે–'આ. વિ. રામચંદ્રસૂરિજી મ.એ જૈન શાસનની જે રીતના રક્ષા કરી છે તે જોતાં, શાસનના પ્રશ્નોની વિચારણા તેમને બાજુ ઉપર રાખીને અમે જે કરી તે અમારી ભૂલ હતી.'–આવું સત્ય દીવા જેવું જાણવા છતાં ય તે પૂ. ગુરૂદેવેશ ઉપર જે આત્માઓ તેજોદ્વેષ–ઈર્ષ્યાભાવ ધરાવે છે, પૂર્વગ્રહથી પીડિત થઇ વાત વાતમાં યદ્વા તદ્વા લખે છે તેનાથી જ તેમની મનોદશાનો ખ્યાલ આવે છે.

પૂ. પરમતારક ગુરૂદેવેશ ઉપર આવી ઇર્ષ્યાવૃત્તિથી પીડિત ગણિશ્રી અભયશેખર વિજો. 'ન્યાયસિદ્ધાંત મુક્તાવલી'ના વિવેચનમાં પોતાની વિકૃત વિચારધારાનો પરિચય કરાવ્યો. 'સંસાર સુખને માટે ધર્મ કરવાની પુષ્ટિમાં કેટલાબધા વિવેકથી હીન થઇ ગયા તે વાત પૂર્વ લેખમાં જોઇ આવ્યા અને તેમને જ શોભે તેવી અશિષ્ટ ભાષામાં શાસન સંરક્ષક ઉપર નિહ્નવનો આરોપ કરી પોતાની જાતને પોતે ખુલ્લી પાડી દીધી.

હવે આમાં 'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા'માં પણ 'ગોહેરીક'ના જેવા આ અજ્ઞાન શેખરના બુદ્ધિના વિપર્યાસનો વિચાર કરવો છે.

આ ગણિશ્રી કે તેમના સમર્થકો પોતાની જાતને ગમે તેમ માને–મનાવે કે ગમે તેટલા ભ્રામક વિચારો બતાવી લોકોને ભ્રમણામાં ચઢાવે તો પણ શાસનપ્રેમી સમજુ આત્માઓ તેમાં ફસાવાના નથી કે બીજાને ફસાવા દેવાના પણ નથી. સૌ સારી રીતના સમજે છે કે, શાસનના પ્રશ્નોમાં પૂ. પરમ તારક પરમગુરૂદેવશ્રીજીને અનેક વડિલ પૂ. આચાર્ય ભગવંતોનું હાર્દિક સમર્થન અને મજબૂત પીઠબળ હતું. છતાં ય દેખતા છતાં મિથ્યાત્વ મોહથી દૃષ્ટિહીન બની ગયેલા આ ગણિશ્રી પૂર્વગ્રહથી પીડિત બની મનઘડંત લખી, બણછ જતાં વિધાનો કરી પોતાની જાત જગતમાં ખુલ્લી કરી રહ્યા છે. જવાબ માગી રહ્યા છે. ત્યારે તે ભૂલી જાય છે કે, જવાબ વિવેકપૂર્વક બોલનારાને અપાય, આવેશયુક્ત મને વિવેકશૂન્યને જવાબ આપવાનું કામ ડાહ્યા માણસનું નથી. સાચી વાતો–ઇતિહાસને જાણવા છતાં પણ સાચી વાતો અને ઇતિહાસને છૂપાવવાનું કામ કરનારાઓમાં આવું બેફામ લખવાનું દુઃસાહસ સહજ રીતના પેઠા થાય છે.

પૂ. પરમતારક પરમ ગુરૂદેવેશશ્રીજી તરફ વાતે વાતે જે આ 'ભક્તિ' (!) બતાવી

રહ્યા છે તેથી તે આવું ન કરે તે નવાઇ ! વિકૃત માનસથી પીડાતા પાસે સારી આશા રાખવી તે પણ નકામી !! મૌન રાખવામાં જરા પણ પુરૂષાર્થ હતો નહિ છતાં પણ પ્રાણ સાથે જોડાયેલી પ્રકૃતિએ શિષ્ટાચાર મૂકાવ્યો...જાત બતાવી દીધી...!

'દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા'ના ભાવાનુવાદમાં પૃ. ૪૯ ની ટીપ્પણીમાં 'ભાવના જ્ઞાન૦'માં પોતાના હૈયાની વાત ખરેખર સાચી જણાવી રહ્યા છે. સોળ પ્રકારના વચનના ભેદોમાં સોળમો વચનભેદ જે 'અધ્યાત્મ' નામનો છે–જેનો અર્થ હૈયામાં બીજું હોય અને બોલવું બીજું હોય છતાં પણ જે હૈયામાં હોય તે જ બોલાઇ જાય.

ગણિશ્રીને ભાવધર્મ ઉપર એટલો બધો અભાવ છે કે, ભાવ ધર્મમાં 'ભાવ' શબ્દ વાંચતા ભડકે છે અને પૂ. પરમતારક ગુરૂદેવેશશ્રી યાદ આવે છે. પછી યદ્વા તદ્વા લખે છે. તેમને ખબર નથી–હોય તો અજ્ઞાન બિરુદ સાચું કરે છે–પણ સુજ્ઞજનો તો બહુ જ સારી રીતના સમજે છે કે પૂ. પરમ તારક ગુરૂદેવેશશ્રીજીએ ભાવધર્મનું જે વિશદ સ્પષ્ટીકરણ સાંગોપાંગ કર્યું છે–કરેલ છે તેથી તેમના અને આ ગણિશ્રીના પણ બધા વડિલો અત્યંત ભાવિત–પ્રભાવિત હતા. હવે આ નવા 'વારસદાર' પાકયા છે જે પોતાના વડિલોએ જેમને સમર્થન આપેલ તેમની 'ભૂલ' કાઢવા નીકળ્યા છે અને પોતાની જાતની સાથે અનેકોને ચક્કરાવામાં ચઢાવી રહ્યા છે. બીજાને સલાહ આપનારા પોતે જ મૂંઝાઇ ગયા છે અને હાસ્યાસ્પદ બની રહ્યા છે.

'ધર્મ શા માટે કરાય' ઇત્યાદિ વાતોની સ્પષ્ટતા પૂર્વ લેખમાં કરી હોવાથી આ ગણિશ્રીની જેમ પિષ્ટપેષણ કરી પાનાના પાના ભરી લખાણનું કદ વધારવું નથી. તેમની તે મેલી નીતિ તેમને મુબારક હો કે વાતમાં મુદ્દો જ ક્યાં ખોવાઇ જાય-તેમની જેમ–તેની તેમને ખબર પણ ન પડે અને લોકોમાં બડાશ મારે કે આટલ આટલા પાનાનું લખાણ લખવા છતાં ય જવાબ આપતા નથી.

પૃ. ૫૦ ઉપર ભાવેલી ભાવના પોતાને અક્ષરશઃ લાગુ પડે છે તો તે ઉપર શાંતિથી વિચારે તો ય કલ્યાણ થાય. પણ 'પરોપદેશે પાંડિત્યમ્' માનનારા 'પતિતમૂર્ખો'ને આવો વિચાર આવતો નથી, તે લખે છે કે—

'×××ભાવનાજ્ઞાન કેળવીને યોગ્ય વિષય વિભાગ કરી આપનારા મહાત્માઓના ચરણોમાં વંદન કરીએ...અને ભાવનાજ્ઞાન સુધી નહીં પહોંચેલા–શ્રુત (પદાર્થ)જ્ઞાનમાં જ અભિનિવેશવાળા બની સ્વ–પરને ભારે નુકશાન પહોંચાડી રહેલા કહેવાતા વિદ્વાનોની ભાવકરૂણા ચિંતવીએ કે પરમકૃપાલુ પરમાત્મા તેઓને પણ ભાવનાજ્ઞાન સુધી પહોંચાડે...અસ્તુ.'

જ્ઞાની ભગવંતોએ મોક્ષનું ધ્યેય રાખવા અને એના સાધનરૂપે ધર્મ આચરવાનો ઉપદેશ આપ્યો છે. આ ગણિશ્રીએ ધર્મનો ઉપયોગ અર્થ-કામ માટે કરવાનો ઉપદેશ આપે છે. તેમનું એ જ્ઞાન 'ભાવના જ્ઞાન' લાગે છે. અને શાસ્ત્રકારોના કથનાનુસાર મોક્ષલક્ષી ધર્મનો ઉપદેશ આપનારા તેમને માત્ર 'પઠાર્થ જ્ઞાની' લાગે છે, આમાં તેમનો 'દૃષ્ટિદોષ' અ.પણે ઓળખી લેવાનો છે. તેમને સુધારવાનું કામ આપણાથી બનવાનું નથી.

'શ્રી વીતરાગ પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ, એ સ્વરૂપને પ્રાપ્ત કરવાના પુરૂષાર્થ રૂપે તેઓશ્રીનું કઠોર સાધનામય જીવન અને તેઓએ ઉપદેશેલો પરમતારક મોક્ષમાર્ગ: એ બધાનો જો વિચાર કરીશું તો સમજાશે કે-

શ્રી વીતરાગ પરમાત્મા તો નહિ જ, પણ તેઓશ્રીના પરમઆરક શાસનના પરમાર્થને પામેલા પુણ્યાત્માઓ પણ ક્યારેય સંસારના સુખ મેળવવા માટે ધર્મનો ઉપદેશ કરે નહિ..... "

(શ્રી જિનશાસનની મોક્ષીતા માંથી...)

* * *

આ ગણિશ્રી માર્ગ બત્રીશીનું વિવેચન કરી રહ્યા છે અને તેની આઠમી ગાથાના ભાવાનુવાદમાં ટીપ્પણીમાં (પૃ. ૭૩ થી ૮૦) જે રીતના 'આપ્ત' બની 'સલાહ' 'શિખામણ' આપી રહ્યા છે. સ્વયં પ્રશ્નો ઉભા કરી જે સમાધાન આપી રહ્યા છે તેનાથી તેમની 'અનભિજ્ઞતા' આપો આપ ખુલ્લી પાડી રહ્યા છે. જેને સ્વયં માર્ગનું જ્ઞાન ન હોય તે બીજાને શું માર્ગ સમજાવે! તે 'માર્ગ' નહિ પણ પૂ. ગુરુદેવેશશ્રીજી પ્રત્યેનું ઝેર ઓકી રહ્યા છે. 'જીત' 'સિદ્ધાંત' 'સામાચારી' અંગે અનધિકારી સલાહ આપનારા આ ગણિશ્રી ઇતિહાસને છૂપાવવાની ભયંકર પાપલીલા કરી રહ્યા છે. પોતાની અયોગ્યતા પૂરવાર કરી પૂ. શ્રી શાસ્ત્રકાર પરમર્ષિઓનાં વચનને યથાર્થ ઠેરવી રહ્યા છે. કલિકાળના જીવોની વિલક્ષણતાનો ઉત્કૃષ્ટ નમૂનો આ ગણિશ્રી દાખવી રહ્યા છે. પૂ. શ્રી શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે- " કાચા ઘડામાં પાણી ભરવામાં આવે તો તે ઘડાનો અને પાણીનો બંન્નોનો નાશ કરે છે. તેમ અપાત્રને વિદ્યા આપવામાં આવે તો તે વિદ્યાનો અને અપાત્રનો પણ નાશ થાય છે. " આમને ભણાવનારા પણ દુઃખી થતા હશે કે જે વડીલોએ પૂ. શ્રી ગુરૂદેવેશશ્રીજીની સત્ય પ્રરૂપણાનો ક્યારે ય નિષેધ કર્યો નથી તેમના આ 'અવિનયી વારસદાર' આવી 'ધૃષ્ટતા' આચરી રહ્યા છે.

આ ગ્રન્થની (દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકાની) પ્રસ્તાવનામાં ગણિશ્રી લખે છે કે- "... આ સુવિહિત ગીતાર્થ ગુરુઓની પરંપરા મને પ્રાપ્ત થઇ છે એ મારૂં પરમ સૌભાગ્ય

છે. આ પૂજ્યોની સતત વરસી રહેલી કૃપાદૃષ્ટિ જ મારી શક્તિ અને કલ્પના બહારનું પણ આવું સાહિત્ય સર્જન કરાવે છે. ”

આ કબૂલાત બરોબર સત્યાર્થ છે કે પૂ. પરમ તારક ગુરૂદેવેશશ્રીજી સામે અણછાજતા આક્ષેપો કરવામાં આ બધા એક છે અને “કલ્પના બહારનું પણ આવું સાહિત્ય સર્જન ટરાવે છે ” તે સાચું કબૂલે છે.

તિથિ ઇતિહાસ અંગેનું આ ગણિશ્રીનું અજ્ઞાન આવા છબરડા વાળાવે છે.

તિથિ અંગે સામાન્ય જણાવું છું કે– લૌકિક પંચાંગમાં તો તિથિની અનિયત ક્ષય વૃદ્ધિ આવે છે, તેમાં [પર્વતિથિની ક્ષય વૃદ્ધિ આવી શકે છે. તેથી પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ થાય કે નહિ તે બાબતના વિવાદમા શાસ્ત્રાધારે કોઇ પણ તિથિની ક્ષય વૃદ્ધિ થઇ શકે છે. અનેક ઐતિહાસિક પ્રમાણો પણ તે અંગેના મળે છે. માર્ગસ્થ પૂ. ગુરૂદેવાદિ વડિલોની આચરણા તથા પત્રો પણ તે વાતને પુષ્ટિ આપે છે અને લવાદી ચર્ચામાં પણ તેવો જ નિર્ણય આવી ગયેલો છે આ બધીજ સાધન સામગ્રી આજે ઉપલબ્ધ હોવા છતાં પણ જેઓ કદાગ્રહ અને મમત્વાદિના કારણે સાચું સમજવા અને જાણવા છતાં ય સાચું માનવા અને સ્વીકારવા પણ તૈયાર ન હોય, તો ખુદ ભગવાન પણ આવા ગણિઓ જેવાઓને સમજાવવા શક્તિમાન નથી ઉપરથી આ બધા ‘કૃતાર્કિકો’ ભગવાનને પણ પૂછે કે ‘આમ કેમ અને આમ કેમ નહિ ! તિથિ અંગેના આ સત્ય માર્ગની રક્ષા જાળવવાનું સંપૂર્ણ શ્રેય પૂ. પરમ તારક ગુરૂદેવેશ શ્રીજીના શિરે છે. જેઓએ સ્વયં સાચી આરાધના કરી અને ભવિષ્પેઢી માટે સાચી આરાધના કરવાનો અભિયોગાદિ કારણે થોડો વખત રોકાયેલો સાચો માર્ગ મૂકીને ગયા.

આટલી સ્પષ્ટ દીવા જેવી વાત હોવા છતાં ય આ ગણિશ્રી ગાડને આડે પાટે ચઢાવી જે વિતંડાવાદ અને વિકૃત વિચારધારાથી સ્વપરના હિતની સાથે જે ચેડાં ખેલી રહ્યા છે. તેનાથી લોકોને સત્યાંશ જણાવવાનો મારો આ પ્રયાસ છે.

મધ્યસ્થ પંચનો ચુકાદો આ ગણિશ્રીના જન્મ અને તેમના બધા વકાદાર વડિલોની પણ દીક્ષા પહેલા આવી ગયેલ છે. અને જેને સ્વ. પૂ. આ. શ્રી. વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાનું પણ સંપૂર્ણ સમર્થન છે તે “જૈન દૃષ્ટિએ તિથિ દિન અને પર્વારાધન” તથા ‘આર્હત્તિથિ ભાસ્કર” પુસ્તક શાંતચિત્તે, પૂર્વગ્રહથી રહિત વાંચ્યું હોત અને તેનો પરમાર્થ પોતાના ગુર્વાદિ વડિલો પાસે બરાબર સમજ્યા હોત તો પૂ. પરમ તારક ગુરૂદેવેશશ્રીજી માટે જે પાયાવગરના મનઘડંત અણછાજતા આક્ષેપો કર્યા છે તે કરવા તેમની કલમ હરગીજ તૈયાર ન થાત તે પ્રામાણિક દસ્તાવેજી પુરાવા સમાન પુસ્તકમાં ‘જીત’ ‘સિદ્ધન્ત’ અને ‘સામાચારી’ની વિશદ સૂક્ષ્મ સ્પષ્ટતા પૂ. પરમ તારક

ગુરૂદેવેશશ્રીજીએ જે કરી છે તે આજની–ભાવિની પેઢી માટે અમૂલ્યં માર્ગદર્શન–દીવાદાંડીરૂપ છે. (જૂઓ પૃ. ૧૭૧ થી ૧૮૧)

ઊંઘતાને જગાડવો સારો પણ જાગતા ઊંઘતાને જગાડવો કઠીન તે ન્યાયે પૂ. પરમતારક ગુરૂદેવેશશ્રીજી ઉપર હૈયાના ઝેરને ઓકવાનો ધંધો લઇને બેઠેલા આ ગણિશ્રી ભૂલી ગયા લાગે છે કે સ્વ. પૂ. આ. શ્રી વિ. હીરસૂરીશ્વરજી મ. સા. તથા સ્વ. આ. શ્રી વિ. ભુવનભાનુ સૂ. મ.એ પણ પરમતારક પૂ. ગુરૂદેવશ્રીજીને સં. ૨૦૩૨–૩૩ માં તિથિ અંગે ચાલતા પત્ર વ્યવહારના પ્રસંગમાં લખેલ કે–'આપે તિથિ અંગે જે સાચો માર્ગ બતાવ્યો અને અમારા જેવાને જે અમૂલ્ય માર્ગદર્શન આપ્યું તે આપના ઉપકારનું ઋણ ભૂલી શકીશું નહિ.' આવા ભાવનું તેમના વડિલોએ લખવા છતાં આ અજ્ઞ ન વારસદાર આ રીતના 'ઋણ' ચૂકવી પોતાના વડિલોની કેવી સેવા–ભક્તિ કરી રહ્યા છે તે, તે જ જાણે ! સૂરજ સામે ધૂળ નાખનારની હાલત આ વિતંડા–ભાષી ગણિશ્રીને તેમના વડિલોએ સમજાવી નથી ? બીજા સામે એક આંગળી ચીંધનારની ત્રણ આંગળી કોના તરફ થાય તેવા પાઠ તેમના પાઠકોએ ભણાવ્યા નથી કે 'જીત' આદિના નામે અનધિકારી ચેષ્ટાનો યજ્ઞ ધખાવી રહ્યા છે !

૨૦૨૦ નો પટ્ટક કોણે બનાવ્યો, શા માટે બનાવ્યો, બનાવ્યા પછી તેના અમલમાં વિલંબ શા માટે થયો– આ બધા ઇતિહાસથી અનભિજ્ઞનો ડોળ કરી, જે પ્રશ્નો પૂછી રહ્યા છે તેથી ગણિશ્રી પોતાની વક્રજડતા બતાવી રહ્યા છે. બધાને ખબર છે કે ૨૦૨૦ નો તે તિથિનો પટ્ટક સ્વ. પૂ. આ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ. સા. બનાવ્યો હતો. તેમાં શું શું લખાણ છે તેનું આ ગણિશ્રીને ભાન હોત તો આવો કુતર્ક ન કર્યો હોત. પોતાની ખોટી વાતની પુષ્ટિ–સિદ્ધિ માટે મૂળ લખાણમાંથી મહત્ત્વના શબ્દો છૂપાવવા તે આ ગણિશ્રીના કુલની રીતિ–નીતિ છે. તે તેમને મુબારક હો !

૨૦૨૦ ના પટ્ટકના ભંગનો આક્ષેપ કરનાર તેઓશ્રીએ અનાયાસે કબૂલ કર્યું કે ૨૦૪૨ નાં પટ્ટકમાં સહી કરી ૨૦૨૦ના પટ્ટકનો ભંગ આ. શ્રી વિ. ભુવનભાનુ સૂ. મ. કરેલો તે જ કબૂલાત તેમના વર્તમાન ગચ્છાધિપતિ શ્રી આ. વિ. જયઘોષ સૂ. મ. પણ પોતાના ગચ્છાધિપતની પ્રાપ્તિના પ્રસંગે જે નિવેદન કરેલ છે (તે માટે જૂઓ ૨૦૪૯, વૈશાખ વદ–૪, રવિવાર, તા. ૧૩–૫–૧૯૯૩ નું મુંબઈ સમાચાર) તેમાં તેઓશ્રી જણાવે છે કે- ××આ વખતે એક મહત્વની વાત પણ મારે જણાવવાની છે કે અમારા પરમ ગુરૂદેવ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ સંવત ૨૦૨૦ માં પાટણ મુકામે બાવીશ કલમોનો જે સમુદાયની વ્યવસ્થા માટે પટ્ટક કરેલ

છે, તે મારા સ્વ. પૂજ્ય ગુરુદેવશ્રીને સંપૂર્ણપણે માન્ય હતો અને મને પણ માન્ય જ છે. અમે સ્વ. પૂજ્ય પરમગુરૂદેવના વચનોને કે તેમની ઇચ્છાને ક્યારે પણ અવગણી ન શકીએ. અમારા તારક ગુરૂદેવોની અંતરેચ્છા અને વચનો એ જ અમારા પ્રાણ છે***'

આનો અર્થ સુજ્ઞજનો સારી રીતના સમજે છે. તેથી જ સોમવાર ૫ જુલાઇ ૧૯૯૩ના મુંબઇથી પ્રગટ થતાં 'સમકાલીન' દૈનિકમાં 'રિસપોનસ' વિભાગમાં બ્રિજેશ ઝવેરીએ જણાવેલ કે–

'***નિવેદનના આ લખાણની સામે મારે જાહેરમાં લખવું પડે છે કે એ બંધારણનું સં. ૨૦૪૨માં થયેલા પટ્ટકમાં ગચ્છનાયક પ. પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજને સરાસર અવગણી પ. પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે આપખુદીથી સહી કરી ૨૦૨૦ના પટ્ટકનું પોસ્ટમોર્ટમ કર્યું અને ૨૦૪૪ના પટકમાં સહી કરી એનું કફન કર્યું *** તેથી એ પટ્ટકને કબરમાંથી બહાર કાઢયો સં. ૨૦૪૨ના પટ્ટકથી અને ૨૦૪૪ ના સંમેલનથી પ. પૂ. ગુરૂદેવ પ્રેમસૂરીશ્વરજી મહારાજના ૨૦૨૦ ના તિથિ પટ્ટકનું પણ દફન કર્યું.***'

વાસ્તવિક ઐતિહાસિક સત્ય પરિસ્થિતિ વાચકોને વાકેફ કરવા આ બધું પ્રાસંગિક જરૂરી લાગવાથી જણાવ્યું છે. બાકી વિતંડાવાદનું કામ ગણિશ્રી ભલે મજેથી કરે. અસ્તુ.

તિથિ સિદ્ધાંત છે કે સામાચારી આ પ્રશ્ન આજનો નથી. સં. ૨૦૪૨ના તિથિ લેખ પ્રસંગે પણ આ પ્રશ્ન ઉપસ્થિત થયેલ અને પૂ. પરમતારક ગુરૂદેવેશશ્રીજીએ તેનો જાહેરમાં જે ખુલાસો કરેલ તે વાચકોની જાણ માટે રજૂ કરું છું. તથા ૨૦૨૦ના આપવાદિક પટકનો પણ જે મનનીય ખુલાસો–સ્પષ્ટતા કરેલ તે પણ જણાવું છું. (ક્રમશઃ)

— અગત્યનો ખુલાસો —

નવસારી પાસે આવેલા તપોવનના ટ્રસ્ટીઓએ અમને પૂછ્યા વિના અમારા સુરત ભવનનું સરનામું બાળકોને તપોવનમાં દાખલ કરવા માટેનાં ફોર્મ મેળવવા માટે આપ્યું છે.

અમે આ વ્યવસ્થામાં બિલકુલ સંમત નથી. કેમકે, અમારા અસીમ ઉપકારી ગુરૂદેવશ્રી પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ. સા નો ઉઘાડો દ્રોહ કરીને કબજે કરાએલા અને તેઓશ્રીના કોઇપણ આશીર્વાદ નહિ પામેલ તપોવન માટે અમારી કોઈ લાગણી રહી નથી.

લિ. સુરત–ભવન વતી
જિતુભાઇ કેશવલાલ શાહ.

(મુદ્રિત કૃત જુન–૧૯૯૭)

રાજા–મહારાજાઓના સમયે કેશરીયાજી તીર્થ શ્વેતાંબરોનું છે એવો આવેલો ન્યાય

પ્રસ્તુતકર્તા–ઉદયચંદજી હ. મહેતા C/o. ગરિમા ટેકસટાઇલ્સ,
[ક્રમાંક : ૨] ૨૦ બિરલોંઠાવાસ, પાલી–મારવાડ–૩૦૬૪૦૧ (રાજસ્થાન)

આથી આ નિર્ણય થાય છે કે આ દેરાસર ૧૭વી શતાબ્દિમાં બન્યું છે. અને આથી જ શ્વેતાંબરોએ મંદિરની પૂર્ણતાનો લેખ સંવત ૧૬૮૫ નો જે સંવત આવ્યો છે તે જ સાબિતી છે. અને એનાથી જ આ બંને લેખ આ મંદિરની માલિકીના વિષયમાં કામ આવે એવા નથી અને મકાનની માલિકી મૂર્તિથી કરવાની કોશિશ જે દિગંબરી લોકોએ કરી છે તે પણ મૃષા હી હૈં, કેમકે મંદિરના માલિક મૂર્તિયોંના માલિક બને એજ વ્યાજબી છે.

જેમકે જે જે સ્ટેટ મ્યુઝીયમના માલિક હોય છે તે જ મ્યુઝીયમની બધી ચીજોના પછી ભલે તે મૂર્તિ હોય કે શિલાલેખ હોય કે કોઇ પણ ચીજ હોય માલિક હોય છે. મૂર્તિના લેખમાં નામ આવવાથી કોઇપણ તે નામવાલો મ્યુઝીયમનો માલીક બની શકતો નથી અને બીજી વાત આ પણ છે કે મૂર્તિયા જેમ મ્યુઝીયમમાં બીજા ઠેકાણેથી લવાય છે અને મંદિરમાં પણ બીજા ઠેકાણેથી લવાય છે. પરંતુ આટલો ફરક જરૂર છે કે મ્યુઝીયમમાં બધી ચીજોનો સંગ્રહ શોધખોળ અને પ્રાચીનતાની દૃષ્ટિથી કરવામાં આવે છે અને મંદિરમાં મૂર્તિઓ પૂજ્યતાની બુદ્ધિથી બેસાડવામાં આવે છે. પરંતુ મૂર્તિયોથી મકાનની માલિકી થઇ શકતી નથી.

શ્વેતાંબર અને દિગંબરોના મંદિરોની મુલાકાત લેનારાઓને સ્પષ્ટ માલૂમ છે કે કેટલાક દિગંબર મંદિરોમાં શ્વેતાંબર મૂર્તિયાં બિરાજમાન છે અને કેટલાક શ્વેતાંબર મંદિરોમાં દિગંબર મૂર્તિયાં બિરાજમાન છે. આમાં ફક્ત ભગત લોકોની પૂરી સમજદારી ન હોવે તો બીજા લોગોની જેમ બધી પદ્માસનવાલી મૂર્તિયોને જૈન મૂર્તિ માની લે. એટલું જ નહીં. પરંતુ કેટલાક ઠેકાણે તો બૌદ્ધમૂર્તિને પણ જૈનલોગોમાંથી કેટલાક બેસમજ માણસો પોતાના ધર્મની મૂર્તિ માનીને રાજગૃહી જેવા સ્થાનોમાં પૂજે છે. વાસ્તવિકતા આ છે કે જ્યાં સુધી મૂર્તિ લાવનાર, બેસાડનાર અથવા માનનાર પૂરી સમજવાલો નથી હોતો ત્યાં સુધી સરખી જોઇને સામાન્ય માણસો પોતાના ધર્મની મૂર્તિ માની લે છે. હમણા પણ દિલ્લી શહેરમાં નિકલેલ શ્વેતાંબર મૂર્તિયોમાંથી કેટલીક

મૂર્તિયેા દિગંબર લેાગ ઘણા ઠાઠથી પેાતાના મંદિરમાં લઈ ગયા છે અને પૂજન પણ કરે છે તેા શું આ મૂર્તિયેાથી દિગંબર લેાગ પેાતાના મંદિર નથી માનતા ! શું શ્વેતાંબરેાને તે મંદિરેા આપી દેશે અથવા શ્વેતાંબરેાની માલિકી તે મંદિરેાપર સ્વીકાર કરશે ? કદી જ નહીં.

આથી સ્પષ્ટ થયું છે કે મૂર્તિથી મંદિરની માલિકી થતી નથી. પરંતુ મંદિરની માલિકીથી જ મૂર્તિની માલિકી થાય છે. એટલે મૂર્તિ હેાવાથી મંદિર પેાતાનું છે આવું કથન ખેાટું છે. વાસ્તવમાં તેા એમને એવી મૂર્તિ નથી બતાવી કે અમુક મૂર્તિને પુરૂષચિન્હ અને અંડ છે. કેમકે દિગંબર લેાગ પેાતાની બેસાડેલ મૂર્તિમાં પણ આ આકાર જરૂર રાખે છે. લેખ તેા પછી પણ જૂઠા ખેાટા સકતા હૈ લેકિન લિંગનું કરવું તેા અસલથી જ હેાય, અને તેવી જ ઘણી મૂર્તિયાં દિગંબરેાના મંદિરેામાં હેાય છે તેા પછી જો આ મંદિર પણ દિગંબરેાનું હેાત તેા અહીં એવી પુરૂષચિન્હવાલી મૂર્તિયાં જરૂર હેાત. લેકિન એવી કેાઈપણ મૂર્તિ નથી. આથી મૂર્તિયેાના કારણે પણ આ મંદિર દિગંબરી બનતું નથી. તલાશ કરવાથી ખ્યાલ આવ્યેા છે કે આ મૂર્તિયેાની કેડમાં કંદેારાનું નિશાન છે. અને આ દિગંબરેાની મૂર્તિપર કયારેય પણ નથી હેાતું અને ન આ લેાગેા કંદેારા હેાવાનું મંજૂર કરે છે. પરંતુ આ મૂર્તિનું મુખ્ય અંગ જ્યારે કંદેારાવાળું છે તેા વાસ્તવિક આ છે કે દિગંબરેાએ આ મૂર્તિયેા ઉપર પણ પેાતાનો લેખ શ્વેતાંબરેાને જાણ કર્યા વગર ખેાદાવી દીધેલ હેાય, જો કે મનમાં સંકેાચ થાય છે કે પ્રતિષ્ઠિત અને અંને પૂજ્ય મૂર્તિ પર કેવી રીતે ખેાદેલેા મનાય ? પરંતુ જે લેાગેાએ શ્રી મક્ષીજી પાર્શ્વનાથની પૂજ્ય માનેલ એવી મૂર્તિ પર છેદ દેવામાં અને શ્રી અંતરીક્ષ મહારાજની મૂર્તિ પરથી ટાંકેા આપીને કંદેારા કાઢી દેવામાં સંકેાચ નથી કર્યો અને આટલું જ નહીં પરંતુ ૧૮ વી સદીમાં ચંપાનગરીને અને ૯ વી સદીમાં શ્રી ગિરનારજીમાં પણ દિગંબરેાએ ૯૦૦ વર્ષમાં મહુવાના ધારણાઢ શેઠના ૭ પુત્ર અને સેંકડેા સુભટેાને મારીને તે તીર્થ પેાતાના કબજામાં લેવાની મહેનત કરી. તે લેાગેા મૂર્તિયેાની બેઠકમાં લેખ નવેા ખેાદાવે. એમાં શું કાંઈ પણ અચરજ નથી થતું, ત્યાં શ્વેતાંબર ધર્મના લેખવાલી મૂર્તિયેા છે તે કયાંથી આવી !

એના જવાબમાં દિગંબર લેાગેા કહે છે કે દિગંબરની કમતાકાતનો લાભ લઇ શ્વેતાંબરેાએ ઘુસેડી દીધી. તેા આવી જ રીતિ માની શકાય કે ઘુસેડવામાં દિગંબરેાના જ ઘરેા હેાવાથી એમાએ શ્વેતાંબર મૂર્તિયેાં પર પેાતાના લેખ ખેાદાવી દીધા. યહાં શ્વેતાંબર વસ્તી ન હેાવાથી શ્વેતાંબરેાને મૂર્તિયેા ઘુસેડવાનેા સંભવ જ નથી. પરંતુ દિગંબરેાને પેાતાની વસ્તિ હેાવાથી શ્વેતાંબર મૂર્તિયેાં પર પેાતાના લેખ કેાતરાવવાનેા

તો પૂરેપૂરો સંભવ છે. જેમકે આ દિગંબરોએ શ્રી કાશી ભેલુપુરના મંદિરની એક મૂર્તિ પર પાછલના ભાગમાં પોતાનો લેખ કોતરાવી દીધો છે. જે મૂર્તિ શ્વેતાંબરના જ મંદિરમાં છે અને એના પર અંગી ના પણ ચઢાવા અસલ થઈ રહ્યાં છે. (દિગંબરો આંગી નથી માનતા). આ બધી વાતોથી પ્રતિમાના લેખોથી મંદિરના માલિક દિગંબર થઇ શકતા નથી. બીજી આ પણ વાત છે કે દિગંબર પોતે મંજૂર કરે છે કે ૧૯ વી સદી સુધી અધિકાર ભટ્ટારકોનો હતો. આ વાત જો સાચી છે તો દિગંબર લોગોની કમજોરીની વાત જુઠી છે. અને શ્વેતાંબરોને મૂર્તિ ઘુસેડવાનો મોકો જ નથી. વાસ્તવિકતા આ છે કે જેમ મેવાડ આદિના જૈન શ્વેતાંબર મંદિરોમાં જ શ્વેતાંબરોની પોલપટ્ટીથી ઢુંઢિયો અને તેરાપંથી જે મૂર્તિને નથી માનનાર છતાં ઉતરે છે અને મન માનેલ વર્તન કરે છે એવી જ રીતે અહીં ભટ્ટારક લોગ ઉતરવા લાગ્યા હશે અને પોતાનો કારોબાર ચલાવીને શ્વેતાંબર મંદિરોના ઉપર લેખ પણ ઓઢાવી દીધા હોય. ભટ્ટારકોની આવા ઓટા કાર્યોની સાબિતી ન હોય કેમકે સંવત ૧૯૪૨ માં પણ દિગંબર ભટ્ટારકોએ એવી કાર્યવાહી કરેલ હતી કે જેના વિષયમાં અધિકારીઓને રિપોર્ટ કરીને આ મંદિરને શ્વેતાંબર ધર્મનું સાબિત કરેલ અને હવે આ ભટ્ટારકોને ધુસેવા આવવાની મનાઈ કરેલ.

આથી આ વાત સ્પષ્ટ જાહેર થઇ ગઈ છે કે-મંદિરના લેખ કોતરાવવાનું કાર્ય દિગંબરોએ કરેલ અને આ કારણથી કોતરાવનાર દિગંબરોને અવ્યવહારવાલી દુનિયામાંથી કાઢી મૂકવામાં અને કોઈ પ્રકારની વિશેષ હરકત દુનિયામાં ન રહે આ માટે એમને અનંતકાયના બંદિખાનામાં મોકલી દેવામાં આવે. આ સજા કાંઇ કડવી છે. પરંતુ ઉદયપુર અને મેવાડ દેશના પણ કેટલાક સ્થાનો જેમકે શ્રી ઋષભદેવજીનું ઉદયપુરનું મંદિર ગાય મોડીનું મંદિર, કોલ્યારીનું મંદિર, ચવલેસરનું મંદિર અને શ્રી અણિકાપાર્શ્વનાથજીનું મંદિર આદિમાં આ દિગંબરોએ પોતાનો પગપેસારો ખોટી રીતે જમાવવો શરૂ કરેલ છે અને તે જુઠા સાબિત થઈ ચૂકયા છે. આથી જાણ થાય છે કે આ લોગોની આ આદત થઇ ગઇ છે. તો આવી ખરાબમાં ખરાબ આદત મટાડવા માટે એમને આ સજા વધારે છે એવું લાગતું નથી. દિગંબરોની જુઠી સાબિતી રજુઆત કરવાની આદત થઇ છે. આથી જ તો મી. ઓઝાજીના નામથી એઓ જ જાહેર કરે છે કે-તેઓ માને છે કે-આ તીર્થ શ્રી કેસરીયાજી દિગંબરોએ ૧૪૩૧ માં બનાવ્યું. ઓઝાજીએ કોઇપણ લેખમાં આ નથી કહ્યું કે-૧૪૩૧માં આ તીર્થ દિગંબરોએ બનાવેલ. વાસ્તવમાં તો દિગંબરોની આ બદમાશી છે કે-પોતાની જોડે રહેલ માણસને સાથે ઠગો કરે અને

પછીથી આનો હાલ પોતે લ્યે. કેમકે ન તો મી. ઓઝાજીએ આ લેખ જે ૧૪૩૧નો કહેવાય છે. છપાયેલો છે કેવલ મંદિર તવારીખમાં ઉપયોગી સમજીને દિગંબરોના કહેવા મુજબ નોટ રૂપે લખી લખી દીધેલ છે. સંભવ છે કે–ધુલેવામાં દિગંબરોની જ વાતો હોવાથી કોઇ દિગંબર એમની સાથે રહેલ હોય અને એને મી. ઓઝાએ જેવા ભદ્રિક માણસને ઠગો દીધો હોય.

આટલું હોવાનું સંભવ હોવા છતાં પણ આ તો સાફ છે કે ઓઝાજીએ કોઇ પણ ઠેકાણે નથી લખ્યું કે આ મંદિર ૧૪૩૧ માં દિગંબરોએ બનાવ્યું તેમજ એમજ દિગંબરોએ સંવત ૧૪૧૪ માં તીર્થ બનાવ્યું. ૧૮૬૩ માં કરવાળે બનાવ્યો. ઓઝાજીના નામથી રજુ કરેલ એ લેખ પણ દિગંબરોને જાલી ઠહરાવવામાં પર્યાપ્ત છે. ખાસ અચરજ તો આ છે કે આવા અતિશયવાલા તીર્થક્ષેત્ર માટે દિગંબર લોગ પોતાના તરફથી એક પણ શાસ્ત્રીય પ્રમાણમાં ન્યાયાલયનો ચૂકાદો રજુ નથી કરતા તે. એવી હાલતમાં **આ નિર્ણય પર આવવું પડે છે કે આ તીર્થ કોઇ પણ રીતે દિગંબરી નથી અને જે શ્વેતાંબર લોગો સંવત ૧૬૪૯ થી લગાવીને આજ સુધીના મોગલ શહેનશાહ મહારાણા સાહેબ, દિવાન ભંડારીયોની દસ્તાવેજ અને પોતાનો વહીવટ બતાવી રહ્યા છે તે જ પ્રામાણિક લાગે છે અને આથી આ તીર્થ શ્વેતાંબરી છે એમ અમો ન્યાય આપીએ છીએ એમાં કોઈ સંદેહ નથી.**

આ તીર્થનું નામ 'કેશરીયાજી' છે આ નામ પણ પોતે તીર્થનું શ્વેતાંબરપણું જ જાહેર કરે છે. કારણ કે દિગંબરોમાં એક પંથ જે વીસપંથીનો છે તે પોતાના ધર્મથી ફક્ત ભગવાનના ચરણની જ પૂજા માને છે અને બીજા જે તેરાપંથીના પંથના છે એ તો ભગવાનના કોઈપણ અંગપર કોઈપણ જાતની પૂજા માનતા જ નથી અને અહીં તો ક્યારથીય ભગવાનના પૂરા શરીર પણ રતલો બંધ કેશર ચઢાવાય છે. એવી દશામાં આ તીર્થ દિગંબરોનું હોવું અસંભવ જ છે આ તીર્થનું શ્રી કેશરીયાએ નામ સારી આલમમાં મશહૂર છે અને અકબરના ફરમાનમાં પણ આજ નામ છે. પ્રાચીન સ્તવન આદિમાં પણ ભગવાનના કેશરમાં ડૂબી રહેવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે તો પછી આ તીર્થ દિગંબર હોવું સંભવિત જ નથી. અને ૧૭૭૭ માં છેવાડીવાસીનું બનાવેલ આ તીર્થનું સ્તવન, તથા ગુણસૂરિજીનું સ્તવન, વિનીતસાગરજીનું સ્તવન, શેઠ ભીમસિંહજી પોરવાડનું અને બીજા સ્થાનોના અનેક સંઘોનું આગમન, શ્વેતાંબરની તીર્થવંદના, સંવત ૧૭૫૦ની બનાવેલ શ્રી સૌભાગ્યવિ.ની તીર્થમાલા અને શ્રી શિવવિ. ના શિષ્ય શીલ વિ.ની ૧૭૪૬ની બનાવેલ તીર્થમાલા આદિમાં આ તીર્થનું સ્પષ્ટ નિર્દેશ હોવાથી આ તીર્થ શ્વેતાંબરોનું છે. આમાં કાંઇ પણ સંશય નહીં રહેતો. (ક્રમશઃ)

❋ કામદેવ રાજા કથાનો ગુજરાતી અનુવાદ ❋

હપ્તો–૨

જે પ્રમાણે વરાળથી હણાયેલા અરિસાની જેમ તારૂં મોઢું પડી ગયા જેવું દેખાય છે. પાણીથી ભીના થયેલા વસ્ત્રથી જેમ પાણી પડે છે. તેમ તારી બે આંખોમાંથી પાણીના બિન્દુ પડે છે. અને અગ્નિની સાથે જોડાયેલા લાકડાની જેમ હૃદય બળાય છે. ઉનાળામાં તડકાથી તપેલી રેતીની જેમ અંગો બળે છે નિદ્રા પામેલાની જેમ મન શુન્યતાને ધારણ કરે છે. માટે જલ્દીથી મૌન ને મૂક અને શોકનુ કારણ બોલ.

આ પ્રમાણે વારંવાર મહાઆગ્રહપૂર્વક પૂછે છે. ત્યારે પતિદેવ ઉપર નિશ્વાસો નાખીને ગદ્ગદ સ્વરે ગમે તેવી રીતે દેવી બોલી પુત્ર વગરની હું મંદ ભાગ્યવાળી છું એ પ્રમાણે તેણે સાંભળીને નિર્મલ દર્પણના નીચેના ભાગમાં આગળ પડેલા પદાર્થનું જેમ પ્રતિબિંબ પડે તેમ તે વખતે હૃદયમાં પ્રતિબિંબની જેમ સકલ દુઃખ વાળો શ્રી સૂરદેવ લાંબાકાળ સુધી વિચાર કરીને સ્નેહદૃષ્ટિરૂપ દૂધની ધારા વડે સિંચતો બોલ્યો ! હે દેવી ! હે પ્રાણપ્રિયા હું પણ આત્માના આ મહાશલ્યને જાણું છું, કેમકે કુલદ્વિપક એવા એક પણ પુત્ર વગર બધા ધર્મ અને કર્મના માર્ગો ઉચ્છેદ પામે છે. વધતા જતા મનોરથો નાશ પામે છે. પૂર્વજન્મના પુણ્યના બંધો પણ નાશ પામે છે પણ શું કરાય કર્મનો કોઇપણ વલિ શત્રુ નથી. તું રડીશ નહિં ધીરજ રાખ. મન પ્રસન્ન ને ભજ સર્વ ભવિષ્યમાં ભવ્ય થશે

એમ રાજાના વચન સાંભળીને કાંઇક ગુસ્સાવાળી દેવી બોલી. હે નાથ ! એવા ઉદાસીન વચન ના બોલો વિચક્ષણ પંડિતો વડે ભાવીને એક ચિત્તવડે વિચારવું નહિ, કાર્યની સિદ્ધિને ઇચ્છવા વડે યથોચિત્ત શરૂઆત કરવી જોઈએ. માટે તમે મહારાજા જ્યોતિષિઓને પૂંછો, તીર્થોમાં જાવ, દાન આપો તપને તપો, મંત્રો જપો, કુલદેવતા આરાધો, વિદ્યા સાધો જેથી આપણા અંતરાયો તૂટે ખરાબ કરનારી માયાઓ નાશ પામે કલ્યાણની કથાને કહી છે. બધા મનોરથો સિદ્ધ થાય.

આ પ્રમાણે સાંભળીને રાજાએ કહ્યું હે દેવી ! તે સાચું કહ્યું તે પ્રમાણે શરૂઆત કરીશ બધા મનોરથો ભવિષ્યમાં સિધ્ધ થશે. આ પ્રમાણે કહે છે. ત્યાં અચાનક ગંભીર દુંદુભિનો ધ્વનિ ઉપર નાદ થયો તેને સાંભળીને અત્યંત સંતુષ્ટ મનવાળો રાજા ખરેખર આ આઠમીક હમણાં એકદમ શુકનથી અમારા મનોરથ ભવિષ્યમાં સિધ્ધ થશે. ઉપર જતી કિરણોના તરંગો વડે આકાશ ને ભરતા હોય એવા દેવ વિમાનો એ

પ્રમાણે વિચાર કરતો જ્યાં ઉપર જુએ છે. ત્યાં ચાલતી ધ્વજાઓ વડે નાચતા દેવ વિમાન નીચે આવે છે.

આ શું છે એ પ્રમાણે વિચારીને રાજા જલ્દીથી સભામાં આવે છે, ત્યાં બગીચાનો માલિક નમસ્કાર કરીને સમાચાર આપે છે. હે દેવ ! કેવળજ્ઞાની કોઇ મુનિવર હમણાં આપણા બગીચાની ભૂમિમાં સમવસરીને દેવતાઓ બનાવેલા સોનાના કમળોને શોભાવે છે, વિમાન ઉપર આરૂઢ થયેલા દેવતાઓનો સમૂહ આવ્યો છે રાજાપણ તેને ઇનામ આપીને અહો મારા ભાગ્ય ખૂલ્યા અમારા સાધ્યો સિદ્ધ થશે. કેવલીને નમીને પાપ વગરના સંદેહ વગરના અમે થઇશું અમને સિધ્ધ પ્રાપ્ત થશે.

એ પ્રમાણે ખુશ થતાં રાણીઓના પરિવાર સાથે મહાન ઋધિવડે બગીચાની વચમાં જઇને અને સ્તુતિ કરીને વિધિ વડે નમસ્કાર કરીને યથોચિતસ્થાને બેઠા પછી કેવળી ભગવાને અમૃત મુક્તિ વાણી વડે ધર્મના ઉપદેશની શરૂઆત કરી સારા કુલમાં જન્મ અનેક પ્રકારની સંપત્તિ, પ્રિયનો સમાગમ, સુખની પરંપરા રાજાના કુળમાં મહત્તા નિર્મળપણું અને યશ થાય છે. આ બધું ધર્મરૂપી વૃક્ષનું ફળ છે.

ખરાબ ભાગ્ય, અનાથપણું, ખામી, નીચકુળમાં જન્મ, દરિદ્રપણું, સ્વજનસાથે હારવાપણું અસ્વાધ્ય, બીજાના દાસપણું, પુત્ર પ્રાપ્તિ નહિ, અનિવૃત્તિ, ખરાબ સંથારો, ખરાબ સ્ત્રી, ખરાબ ઓરાઠ, રોગ મુક્તિ નહિ થવી, આ બધુ પાપરૂપી વૃક્ષનું મોટું વ્યક્ત ફળ દેખાય છે. એ પ્રમાણે. દેશના સાંભળીને રાજાએ મુનિશ્વરને નમસ્કાર કરીને પૂછ્યું ?

હે ભગવાન ! કયાં કર્મથી મારી દેવીને પુત્ર નહિ પ્રાપ્તિનું દુઃખ છે. કેવલી ભગવાને કહ્યું સાંભળો રાજન્ આ દ્વીપમાં આ જોગમાં અચલ ગામમાં વિક્રમ કુટુંબવાળો વિક્રમ અને તેની પત્ની વિક્રમા હતી. એક વખત તેના બાળકો અને અતિથિ બ્રાહ્મણના બાળકો સાથે રમતા હતા. એકવાર પાકી ગયેલી ખેતી જોવા માટે તે બંન્ને ખેતરમાં આવ્યા પોતાના બાળકો સાથે બ્રાહ્મણના બાળકોને ફલિકા અને ચીભડું ખાતા જોઇને. મહાકોપથી તેઓ બોલ્યા– હે દુરાચારો અહિયા કોણે બોલાવ્યા છે. આખું અમારું ખેતર ખાઈ ગયા તમારા માટે જે કરાય છે તે બધું થોડું છે. વધારે શું કરાય મહેમાન તો મોટી દક્ષિણા છે. રક્ષકને પણ મહેમાનના છોકરા હોય છે.

આ પ્રમાણે વારંવાર બોલતા પુત્રનું અંતરાય કર્મ બાંધ્યું અજ્ઞાનતાથી પશ્ચાતાપ અને આલોચના કરી નહિ અને તે બંન્ને ઘરમાં જઇને કોઈ એવા છ મહિનાના

ઉપવાસી મુનિને ઘી સુકૃત દૂધપાક ભાવ ભક્તિથી વહોરાવ્યું અને ભોગાવલી કર્મ બાંધ્યું તે કારણથી આ ભવમાં તમે બંન્નેને પ્રાપ્ત થયું અને સંતાનના અંતરાય વડે અપત્યતાનું દુઃખ થયું છે. ધિક્ક છે. અમોને કેવું ખરાબ વચન બોલ્યા, હવેથી મન વડે પણ કોઇના ઉપર ખરાબ ચિંતન અમે બન્ને કરશું નહિ પ્રભુ કૃપા કરો પ્રાયશ્ચિત આપો અને આ મોટા પાપથી તારો.

એ પ્રમાણે વારંવાર બોલતાં મનની શુદ્ધિ વડે આત્માને નિંદતો અને કેવલી ભગવાનને નમસ્કાર કર્યા પછી. કેવલી ભગવાને કહ્યું સુખ વડે બંધાયેલ કર્મ પણ તેનું પરિણામ દુઃખે કરીને તાળી શકાય છે. જેમ હસતી હસતી ગર્ભને ધારણ કરે છે. અને રડતી રડતી ગર્ભને છોડે છે. જેમ સ્પૃષ્ટ, બધ્ધ, નિદ્ધત, નિકાચિત ચારભેદથી ચાર પ્રકારનું આ કર્મ છે, તેમાં જેમ સોયનો જથ્થો પૃથ્વીપર છોડાયેલ પરસ્પર અડેલું છે. માટે જ ભેગું થઇને ઉભું રહે છે. તેવું ફરીવાર વિશરાના ભાવને ભજે છે તેવી રીતે હાથનો ક્રમ પણ લાગતો નથી.

આ પ્રમાણે જે કર્મ એ કર્મ ઉપયોગ હોવા છતાં એકાએક લાગેલ કર્મની આલોચનાથી કર્મનાશ પામે તેનું નામ સ્પૃષ્ટ કહેવાય છે અને તે જ સોયનો ઢગલો દોરાથી બાંધેલો હાથ કે પગના સ્પર્શ હોવા છતાં છૂટો નથી થતો પણ બંધન છોડવાથી જ છૂટો થાય છે જે કથા આદિ પ્રમાણથી થયેલ પ્રાણાતિપાત આદિ દોષ વડે બંધાયેલ કર્મ આલોચનાના પ્રતિક્રમણથી ક્ષય પામે છે. તેને બધ્ધકર્મ કહે છે. જેમ તે જ સોયનો જથ્થો ફીટ બંધનથી બંધાયેલ જેમ જેમ વધારે સમય રહેવાથી તેમાં કાટ વડે પરસ્પર બધ્ધની જેમ થાય બંધન છોડવા છતાં પણ સોયો છૂટી ન પડે, પરંતુ તેલ લગાવાથી અગ્નિમાં તપાવાથી ઢેફાના ઘર્ષણના ઉપક્રમે છૂટી પડે છે. કરણરૂપ કુટિકા વડે ભેગું કરેલ જે આ કર્મ દોડવા વળગવા અને અભિમાન વડે પ્રાપ્ત કરીને આલોચના નહિ કરવાથી લાંબા સમય સુધી જીવ પ્રદેશ સાથે ગાઢ બંધાયેલ કર્મ તીવ્ર પશ્ચાતાપ અને નિંદાથી ગુરૂએ આપેલ ૬ મહિનાનાં ઉપવાસ આદિથી ક્ષય થાય છે તે નિધ્ધત કહેવાય છે.

તે પ્રમાણે તે જ સોયનો ઢગલો અગ્નિથી ઘમણ કરેલો લોહ ઘન વડે કુટાયેલો લોહમય ભાવને પ્રાપ્ત પ્રાપ્ત ઘણા ઉપક્રમે વડે છૂટો નથી પડતો પણ લોઢાનો પિંડ કરીને તે જ પ્રમાણે ભાગી ભાગી (સોયો) ઘડાય ત્યારે તે સોયો છૂટી પડે છે. જેમ આ કર્મ જાણીને જીવ વડે કુટ્ટાંને મહા દુષ્ટ ભાવવડે કરાયું અને ભવ્ય કર્યુ છે. ફરી પણ આમ જ કરીશ એમ વારંવાર સતત અનુમોદનાથી અને થોડું પણ આલોચના ન કરી જીવ પ્રદેશ સાથે ગાઢ એકપણ પામે છે. (ક્રમશઃ)

શાસન સમાચાર

મહામહિમાવંતુ, અદ્‌ભૂત ઇતિહાસની યશોગાથા ગાતું

: પાવાપુરી પરમપાવન તીર્થ :

—પૂ આ. દેવ શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ,

બિહાર નામ વિહાર શબ્દમાંથી ચાલ્યો આવતો હોય તેમ અનુમાન થાય છે. શ્રી જૈન શાસનના ગૌરવવંતા ઇતિહાસમાં ઝગમગતા પ્રસંગોથી ભરપૂર આ ભૂમિ છે. છે. અનેક પાવન તીર્થો બિહારમાં છે. તેમાંનું એક પાવાપુરી છે.

પાવાપુરીમાં ભવ્ય સમોવસરણ મંદિર છે. તીર્થયાત્રા માટે સર્વોત્તમ સ્થળ છે. અહીંનો ઇતિહાસ ખૂબ જ રોમાંચિત છે. ચરમ તીર્થપતિ આપણા સૌ.ના નિકટના ઉપકારી શ્રી મહાવીર પ્રભુએ પોતે વૈશાખ સુ. ૧૧ના દિવસે જયવંતા કી જિન શાસનની સ્થાપના અહીં કરી છે. અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામિ તથા પ્રભુ મહાવીરના શાસનના પ્રથમ સાધ્વીજી ભગવંત ચંદનબાળાજી આદિની દીક્ષા આ પરમભૂમિમાં થઇ છે. આ પાવન તીર્થમાં હજારોના તારણહાર/સન્માર્ગના રક્ષક/પ્રવચન પ્રભાવક/પનોતી પુણ્યાઈ અને પ્રચંડ પ્રતિમાના સ્વામિ સ્વ. પ. પૂ. આ. દેવ શ્રી રામચંદ્ર સૂ. મ. એ ચાતુર્માસ કરેલ વિ. સં. ૨૦૧૦/૧૧ તે સમયે આ મહાપુરૂષે એવો સુંદર ઉપદેશ આપ્યો જેના ફળ સ્વરૂપે ભવ્ય સમવસરણ મંદિર/આરાધના મંદિર/વિગેરે નિર્માણ થયાં.

પ્રભુ મહાવીરના ભાઇ નંદિવર્ધને બનાવેલ સ્તુપ પણ અહીં છે. બિહાર કલ્યાણક ભૂમિઓ છે. જિનમંદિરો છે. પરંતુ અહીંનું સમવસરણ મંદિર ખૂબ જ આકર્ષક બનેલું છે. જોતાની સાથે જ આપણને એમ લાગે કે પ્રભુ સાક્ષાત દેશના આપી રહ્યા છે. બાર પર્ષદા, સમવસરણની આરસની રચના, જોયા જ કરવાનું મન થાય તેવી છે. આરાધના મંદિરમાં પ્રભુ શ્રી મહાવીર સ્વામિની ૬૧"ની પ્રતિમા, પ્રભુના પ્રથમ ગણધર અને પંચમ ગણધર શ્રી ગૌતમ સ્વામિજી અને સુધર્માસ્વામિજીની કેવળજ્ઞાન, જ્યોતિ નીતરતી દર્શનીય પ્રતિમાજી અહીં છે. બંને પ્રતિમા ૪૧"ના છે.

ઉન્માર્ગની સામે જીવનભર ઝઝુમનાર શુદ્ધ મોક્ષ માર્ગીય દેશનના પ્રરૂપક સ્વ. પ. પૂ. આ. દેવ શ્રી રામચંદ્ર સૂ. મ.ની જીવંત કીર્તીની એક યશોગાથ સ્વરૂપ આ

ભવ્ય તીર્થ આરાધનાની આહલેક જગાવી જાય તેવું તીર્થ છે. મોટાં મોટાં તીર્થ સ્થાનોમાં નહિ હોય તેવું ધર્મશાળાનું વિશાળ પટાંગણ હજારો માનવી બેસી શકે તેવું છે.

તીર્થ નિર્માણને લગભગ ૪૦ વર્ષ થઇ ગયા છે લાખો જૈન અજૈન દર્શનાર્થી અહીં દર્શન કરી શાંતિનો અનુભવ કરે છે. આત્માને પવિત્ર બનાવવાનો પરમાત્મા બનવાનો. સંદેશ લઇને જાય છે. પ્રભુ મહાવીરે અંતિમ દેશના અહીં આપેલી તેનો ઇતિહાસ પણ અહીં છે.

અહીં યાત્રિકો આવે છે પરંતુ અડધો કલાક કે કલાક પૂજા આદિ કરી ચાલી જાય છે. ખરેખર ! આ તીર્થનો મહિમા વધારવો હોય, તીર્થની રક્ષા કરવી હોય તો આરાધક પુણ્યવાનોએ અહીં વધુ દિવસ રોકાઈ શકાય તેવો પ્રોગ્રામ બનાવી આવવું જોઇએ. અને અહીં તપ–ત્યાગ–જાપ–આવશ્યક ક્રિયા–સ્વાધ્યાય વિગેરે નિર્મળ વાતાવરણમાં કરવું જોઇએ. સુખી–સંપન્ન વધુ ને વધુ સાધર્મિક સાથે અહીં આવવાનું રાખવું જોઇએ અને સૌની ભક્તિનો લાભ લેવો જોઇએ. આમ થવાથી તીર્થનો સદુપયોગ થશે. હંમેશા અવારનવાર યાત્રિકો રહેવાથી નવી નવી સ્ફુરણાઓ થાય. તીર્થમાં સુંદર વિકાસ માટે ભાવનાઓ પ્રગટે. આ એવું સુંદર સ્થાન છે જ્યાં ઘોંઘાટ–પ્રદુષણનું નામ નિશાન નથી. કુદરતી ઓળાહવા છે. વિશાળ ધર્મશાળા છે. પરંતુ તેનો ઉપયોગ માત્ર દિવાળી પૂરતો જ થતો હોય તેમ લાગે છે. પાઠશાળાના બાળકો આરાધક મંડળોએ અહીં અઠવાડિયું પંદર દિવસ રોકાઈ નિત્ય ભવ્ય–સ્નાત્ર–વિગેરે રાખી આ તીર્થમાં રોકાવાય તો રોકાવા જેવું છે. ભોજનશાળા નિયમિત ચાલુ છે. વૃદ્ધ શ્રાવક–શ્રાવિકાઓએ તો આવા તીર્થમાં વધુ રહી આરાધનાની ભરપૂર કમાણી કરવા જેવી છે. આ એવી સુંદર ભૂમિ છે જ્યાં થોડી મહેનતે આત્માનું ઘણું કામ થઇ જાય. અહીં શાંતિથી રહેનાર આરાધક આત્માની અંદર શુભ અને શુદ્ધ વિચારોનું આંદોલન થયા વગર રહે નહિ.

પ્રભુ નિર્વાણ પામ્યા તે અગ્નિ સંસ્કારનો પ્રસંગ દેવ–દેવેન્દ્રોએ મળી પાવાપુરી જળમંદિરમાં કર્યો તે સ્થાન પાવાપુરી જલમંદિર ખૂબ સુંદર શોભી રહ્યું છે. અપાપાપુરીનું અપભ્રંશ પાવાપુરી પડેલું છે. આ પાવાપુરીમાં દિવાળીમાં હજારો પુણ્યવાનો ભેગા થાય છે તે પ્રસંગ માટે કિંવદન્તી છે કે રાતના ઓટોમેટિક એક મિનિટ છત્ર ચાલે છે.

શ્રી જૈન શ્વેતાંબર સમવસરણ તીર્થ–પાવાપુરી

— વિનંતિ પત્ર —

રૂડો અવસર, લાભ લેવાનો

તીર્થોને વર્ષો સુધી સારી રીતે ચલાવવા માટે વધતી જતી મોંઘવારીના સમયમાં ખર્ચને પહોંચી વળવા સાધારણ રકમની જરૂરિયાત રહે છે. સારી રીતે જાળવવા જે કાંઇ જુનું બગડી ગયું હોય તેની મરામત પણ કરાવવી પડે. મજુરી માલસામાન, બધું જ મોઘું બન્યું છે. એટલે અત્રે પધારતા યાત્રિકોને અહીં સાધારણખાતે ઉદારતાપૂર્વક લખાવવા ભલામણ છે જેથી આપણી શાસ્ત્રીય માન્યતાઓને જીવંત રાખી શકાય. સુંદર રીતે તીર્થ સાચવી શકાય.

સાથે સાથે કાર્યવાહકોએ તીર્થના સમુચિત વિકાસ અને સુરક્ષા માટે નીચે મુજબ યોજના બનાવી છે. સૌએ ઉદારતા પૂર્વક લાભ લેવા વિનંતી છે.

રૂા. ૨૧૦૦૧) શ્રી ધર્મશાળા એક રૂમના સુંદર પ્રકારે જિર્ણોદ્ધાર માટે દાતાનું નામ રૂમ ઉપર લગાવાશે. કુલ ૧૩૫ રૂમો છે. બધું કરાવવું જરૂરી છે.

રૂા. ૫૦૦૧) ભોજનશાળાની એક દિવસની તિથિ ફોટો મુકવામાં આવશે.

રૂા. ૨૫૦૧) સાધારણ ખાતાની એક તિથિ બોર્ડ ઉપર નામ આવશે.

મહાન તીર્થોમાં કરેલો સદ્વ્યય મહાન ફળદાયી બને છે. આ બધું કામ ઝડપથી સુંદર થઈ જાય તે ઇચ્છવા જોગ છે. માતા–પિતા સ્વજનની કાયમી સ્મૃતિ રહેશે. ભાવિનો વંશ વારસ પ્રેરણા પામશે. આ યોજનામાં લાભ લેવાની ભાવનાવાળા દાતાઓએ Draft/ડ્રાફ્ટ A/c.–આ નામનો **શ્રી જૈન શ્વેતાંબર સમવસરણ તીર્થ પાવાપુરી** ડ્રાફ્ટ કઢાવવો. સંસ્થાના ખાતા A/c નીચેની બેંકોમાં છે. તો તે બેન્કના ડ્રાફ્ટ વધુ અનુકૂળ રહેશે.

યુનીયન બેન્ક ઓફ ઇન્ડીયા, ઝીરા સ્ટ્રીટ બ્રાન્ચ, **કલકત્તા–૧**
બેન્ક ઓફ સૌરાષ્ટ્ર, બ્રેબોર્ન રોડ, બ્રાન્ચ, **કલકત્તા–૧**

કોઇપણ બ્રાન્ચનો મોકલી શકાશે. ઉપરની બેંકમાં તે જ દિવસે સંસ્થાને રકમ મળી જાય. રકમ નીચેના સરનામે મોકલવી. વિશ્વભરમાં ઠેર ઠેર પુણ્યશાળી/શ્રદ્ધાળુ જૈન પરિવારો છે. બધા પોતાનું તીર્થ માની આ કામ હાથમાં લે તો આ કાર્ય જલદી પૂર્ણ થઇ જાય. અન્યને પ્રેરણા કરવા ભલામણ છે. ડ્રાફ્ટ મોકલવાનું માટેનું સરનામું : STD, 033 Ph. 2792447 **શ્રી ધીરજલાલ વી. કોરડીયા**, ૨૨ નિર્મળ ચંદ્ર સ્ટ્રીટ, ૧લે માળે. પો. **કલકત્તા–૧૨**. પી. ૭૦૦૦૧૨ વેસ્ટ બંગાલ (INDIA)

નાસોલી (પાંચપાદરા)–પૂ. મરૂધરદેશે સદ્ધર્મસંરક્ષક આ. દેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂ. મ. આદિનો વૈશાખ સુદ ૨ મંગલપ્રવેશ નાસોલી નગરમાં થયો. ઘેર ઘેર ગહુલીઓ થયેલ. વૈશાખ સુદ ૩ ને ૫. પૂ. સાધ્વીજી કલ્યાણુરમાશ્રીજીના વર્ષીતપની અનુમોદનાર્થે પિંડવાડાથી મધુભાઈ પ્રવીણચંદજી પધારેલ. પિંડવાડાથી ૧૦૦ ઉપરાંત ભાગ્યવંતો પધારેલ. અને પોતાના સ્થાને વ્યાખ્યાન રખાવેલ. ચતુર્વિધ સંઘનું પૂજન કરેલ. ૧૧ ઉપરાંત રૂપિયાની સંઘપૂજા થયેલ. ગુરૂભગવંતોને કામલી આદિ વહોરાવેલ. બપોરે નવાણું અભિષેક પૂજામાં પોતે નારિયલની પ્રભાવના કરેલ.

આ પ્રસંગે દુબઇથી પધારેલ મધુભાઇના હૃદયમાં પરિવર્તન લાવેલ. વૈશાખ સુદ ૫ ને પિંડવાડા આદિના દીક્ષાર્થીઓનો વર્ષીદાનનો વરઘોડો તથા રાત્રિ મેલાવડો થયેલ. પાઘડી બંધાવવા તથા ચુંદરીની હાંજરો ઉપરની બોલીયો થયેલ. વરઘોડાની લાખોની બોલિયો થયેલ. આ બધાં પ્રસંગો નાસોલી (પાંચપાદરા)ના ઇતિહાસમાં સર્વપ્રથમ હોવાથી ઉત્સાહનો પાર ન્હોતો. વૈશાખ સુદ ૬ ને કુંભસ્થાપન ધ્વજારોપણ, પાટલા પૂજન આદિ થયેલ. વૈશાખ સુદ ૭ ને પૂ. આ. ભ. શ્રી કમલરત્ન સૂ. મ.ના પરિવાર સાથેની દીક્ષા દિવસ હોવાથી ૧૧નું સંઘપૂજન થયેલ. વૈશાખ સુદ ૮ ને ૧૦૮ શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન થયેલ. વૈશાખ સુદ પ્રથમ ૯ ને અઢાર અભિષેક થયેલ. દેરાસરને ૨૫ વર્ષ પૂરા થતાં હોવાથી રજત મહોત્સવમાં વૈશાખ સુદ ૬ના ધ્વજાના દિવસે શા ઘેવરચંદજી હાસાજી તરફથી સવા સત્તાવન ગ્રામનો સોનાનો હાર પ્રભુજીને ચઢાવેલ. વૈશાખ સુદ ૮નું ૫૧ રૂપિયાનું સંઘપૂજન વ્યાખ્યાનમાં થયેલ. બીજે અઠ્ઠાઈ મહોત્સવ વૈશાખ સુદ બીજ ૯ થી ચાલુ થયેલ. તે જ દિવસે નાણ મંડાયેલ.

તપસ્વિ સમ્રાટ પૂજ્યપાદશ્રીની સિદ્ધાચલ મહાતીર્થમાં પૂર્ણ થયેલ ૧૦૦+૧૦૦+૮૬મી ઓળી

વર્ધમાન તપના આરાધકોમાં શિરમોર સ્થાને બિરાજમાન તપસ્વિ સમ્રાટ પૂ.પાદ આ.દેવેશ શ્રીમદ્ વિ. રાજતિલક સૂ. મહારાજાની વર્ધમાન તપની ૧૦૦+૧૦૦+૮૬ ની ઓળી શ્રી સિદ્ધાચલ મહાતીર્થની છત્રછાયામાં મહારાષ્ટ્ર ભુવનને આંગણે નિર્વિઘ્ને પૂર્ણ થવા પામેલ. પૂ.શ્રીની ઐતિહાસિક તપસ્યાની પૂર્ણાહુતિ નિમિતે છેલ્લા ઘણા સમયથી ભવ્ય ઉત્સવ ઉજવવાની ભાવના સેવતા વાંકલી (રાજ.) નિવાસી શા પૃથ્વીરાજજી ચીમનલાલજી સંઘવી પરિવારને આ વખતે મહોત્સવ ઉજવવાનો લાભ પ્રાપ્ત થયેલ. શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન, શ્રી અર્હદ્ અભિષેક મહાપૂજન, તથા શ્રી ૧૦૮ બૃહદ્ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર સમેત પાંચ દીવસનો ઉત્સવ ખૂબ જ સુંદર રીતે ઉજવાયેલ. ઉત્સવ કરમ્યાન તળેટીનો શણગાર, પૂજ્યોની નિશ્રામાં પ્રતિદિન તળેટીયાત્રા, ઓળી

પુર્ણાહુતિની અનુમોદનાર્થે બહારગામથી પધારેલ પુણ્યાત્માઓની ત્રણે ટાઇમ સાધર્મિક ભક્તિ, પ્રભુભક્તિ, ઉભય જિનાલયોમાં ભવ્ય અંગરચનાની સાથે સાથે જીવદયાનો પણ સારી ટીપ થવા પામેલ. કમણ નિવાસી શા કેશરીચંદભાઇએ ગુરૂપુજનનો ચઢાવો લઇ ગુરૂપુજનનો લાભ લીધેલ. સંઘવી પરિવારે સ્વદ્રવ્યથી બનાવરાવેલ રત્નજડિત ચોઢાથી શોભતો સુવર્ણના ગીલેટવાળો ભવ્ય મુગટ તથા ઢાઢાના આખા અંગનું સંપૂર્ણ ચાંદીનું નવું ખોખું મહા સુદ ૧૫ ઢાઢાને ચઢાવવામાં આવેલ. શત્રુંજય જેવું તારકતીર્થ, પૂ.શ્રીનો વિક્રમ સર્જક તપ, તથા ૧૮,૧૮ પૂ. આ. ભગવંતોની ઉપસ્થિતિ સમા ત્રિવેણી સંગમે લાભ લેનાર પરિવાર આનંદિત બની ગયેલ.

પૂ. આચાર્યદેવ વિજય **વારિષેણ સૂ. મ.** સાથે વિહારમાં અકસ્માતમાં માર્યા ગયેલા મોરબીના રામજીભાઇ કલવાડીને સહાય રૂપે રૂા. ૭૫૫ હજારનું વ્યાજ અપાશે.

લાભ લેનારાના નામો :– (૧) પ્લોટ જૈન સંઘ–મોરબી (૨) મોહન વિ. જૈન પાઠશાલા વીશા નિમા સંઘ–જામનગર (૩) પ્રહલાદ પ્લોટ તપગચ્છ સંઘ–રાજકોટ (૪) જૈન તપગચ્છ સંઘ માંડવી ચોક–રાજકોટ (૫) જૈન દર્શક ઉપાસક સંઘ, પેઢેસ–જામનગર (૬) જૈન શ્વે. મૂ. તપ સંઘ–જામવંથલી (૭) આ. ક. લબ્ધિસૂરી જ્ઞાનમંદિર ઢાઢર–મુંબઇ (૮) જૈન શ્વે. મૂ. સંઘ ભવાનીપુર–કલકત્તા (૯) સંભવનાથ જૈન શ્વે. સંઘ હઃ ચંદ્રકાંત શીવલાલ–કરાડ (૧૦) જૈન શ્વે. મૂ. સંઘ પેઢી–ભરૂચ (૧૧) શ્રી કેસરીમલજી શ્રોફ–ભરૂચ (૧૨) શ્રી ભરતભાઈ શ્રોફ–ભરૂચ (૧૩) શ્રી ચંદનમલ શાંતીલાલ બરડીયા–કારંજા (૧૪) શ્રી હેમરાજ પ્રેમરાજ સોની ટ્રસ્ટ–હિંગોલી (૧૫) શ્રી પુનમચંદ પ્રેમરાજ સોની–હિંગોલી (૧૬) શ્રી ઇન્દરચંદ પ્રેમરાજ સોની–હિંગોલી (૧૭) શ્રી સુભાષચંદ પ્રેમરાજ સોની–હિંગોલી (૧૮) શ્રી લખમશી વીરપાલ શાહ–હિંગોલી (૧૯) શ્રી રતનલાલ મગનલાલ દેસાઈ–કલકત્તા (૨૦) કાંતીલાલ સુખલાલ ઘાટકોપર–મુંબઈ (૨૧) શ્રી ચંદુલાલ નાનચંદ મેતા, જૈન સંઘ ખેતપર (મચ્છુ) (૨૨) મેતા સાકરચંદ પાનાચંદ–જામવંથલી (૨૩) મેતા જેઠાલાલ કપુરચંદ–જામવંથલી (૨૪) મેતા રવજી કલ્યાણજી–જામવંથલી (૨૫) મેતા વીઠલજી કાનજી–જામવંથલી (૨૬) મેતા હેમચંદ માણેકચંદ–જામવંથલી.

ઉદયપુર–જૈન શ્વે. મહા સભા હાથીપોળ, જૈન ધર્મશાળાના અધ્યક્ષ તરીકે શ્રી દિવાનસિંહ બાફણા ચૂંટાયા છે તેઓ તપગચ્છના ઉદ્ગમ સ્થાન શ્રી આયડ તીર્થના જીર્ણોદ્ધાર માટે કાર્ય કરી રહ્યા છે.

ત્યાં લગાવવા લાગ્યો. શિવ તેના ઉપર પ્રસન્ન થયા. પૂજારી સમજી ગયો કે, શિવ આની સાથે વાત કેમ કરે છે.

આજે શાસનની રક્ષાના, સાચી આરાધનાના પ્રસંગે માર્ગમાં કેટલા સ્થિર રહેશે તે ખબર પડશે. સન્માર્ગની આરાધના-રક્ષા માટે મળેલ સગળી ય સુંદર સામગ્રી અને શક્તિઓનો સદુપયોગ કરી-કરાવી સૌ પુણ્યાત્માઓ આત્મ કલ્યાણના ભાગી બનો તે જ ભાવના, ઢીલીપોચી નીતિ મૂકી-સ્પષ્ટ નીતિ રાખવાથી અંતે કલ્યાણ જ થવાનું છે તે નક્કી છે.

— વિવિધ વાંચનમાંથી —

—પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી

મનને કેવી રીતે જીતવું ?

મનને જીતવાનું કામ સહેલું નથી. એના માટે સારો પુરૂષાર્થ કરવો પડે છે. વૈરાગ્યને સત્સંગ આ તેની મુખ્ય ચાવી છે. સંસારના અનેક પદાર્થોની આસક્તિને લીધે આપણું મન જ્યાં ત્યાં ખેંચાઈ જાય છે, એટલે આસક્તિ ઓછી થાય તો મનનું પરિભ્રમણ અટકે અથવા ઘણાં પ્રમાણમાં ઓછું થઇ જાય. તે જ રીતે કુસંગ કે ખરાબ વાતાવરણથી માણસનું મન ઉત્તેજિત રહ્યા કરે છે– અને જ્યાં ત્યાં રખડવાનું ચાલે છે. એટલે સંગ જો સત્સંગ બની જાય વાતાવરણ સુંદર મળી જાય તો પણ મનનું પરિભ્રમણ સારી રીતે ઘટી જાય છે. મનને એકાગ્ર કરવા માટે તપ અને જપ ખૂબ ઉપયોગી બાબત છે. તપથી વિષયાસક્તિ ઘટે છે–તેથી મન શાંત બને છે. તે જ રીતે જપથી મન ખીલે બંધાય છે. આ રીતે કરવાથી ધીમે ધીમે પણ મનને જીતી શકાય છે.

ધર્મ જ...ધર્મ જ...ધર્મ જ

કરો તો ધર્મ જ.
બોલો તો ધર્મ જ.
વિચારો તો ધર્મ જ.
પાળો તો ધર્મ જ.
સિંચો તો ધર્મ જ.
વધારો તો ધર્મ જ.
શરણે જાઓ તો ધર્મ જ.
સહારો લ્યો તો ધર્મ જ.
આધાર લ્યો તો ધર્મ જ.

શાશ્વત તે જ છે. મૃત્યુ પછી સાથે જ ચાલે છે. સર્વ દુઃખનાશક ધર્મ જ છે. અતુલ્ય સુખશાંતિ દાયક પણ ધર્મ જ છે. માટે જ તે આરાધવા યોગ્ય છે. સેવવા યોગ્ય છે.

પૂજયશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- ધર્મનાં ફળ પરોક્ષ માને અને ધનનાં ફળ પ્રત્યક્ષ માને તેનું નામ નાસ્તિક
- જે આત્માઓ, આત્માનો ઉદ્ધાર કરવા માગતા હોય છે. તેઓ હંમેશા સત્યને સમજવાની કોશિશ કરતા હોય છે.
- પૂર્વના દોષથી સારી વસ્તુને પણ દોષિત કરવાની બુદ્ધિ હોય, ત્યાં તો સંધત્વનું લીલામ છે.
- દીક્ષા એ દુનિયાની રક્ષક છે. દીક્ષાના વિરોધીઓ એ દુનિયાના ઉઠાવગીરો છે. આગમની આજ્ઞાને આધીન વર્ત્તવું, એ જ સ્વતંત્ર થવાનો સાચો રાજ માર્ગ છે.
- શાસન ઉપર થતા આક્ષેપ-વિક્ષેપને યુક્તિથી દૂર કરી એને સુંદર રાખવાની કાળજી રાખે. સત્ય વસ્તુ ઉપરનું આક્રમણ ખસેડી-તેને દેદીપ્યમાન રાખે એ પ્રભાવક.
- જેની આજ્ઞા માનવી નહિ તેના અનુયાયી હોવાનો દાવો કરવો-એ પ્રામાણિકતા નથી, પણ ચોકખી દાંભિકતા છે.
- શાસનરસિક દરેક આત્માની ફરજ છે કે 'ભગવાનની આજ્ઞામાં જ સર્વસ્વ નાખી, તેના રક્ષણ માટે પોતાપણાનું સમર્પણ કરી દેવું.'
- જે છોડયું એનું મંડન કરે, એ નાસ્તિક જ છે. સંસાર છોડયા પછી સંસારના મંડનની વાત, એ નાસ્તિકતા છે.
- ભણવાથી દુનિયાના પદાર્થો પ્રત્યેનું મમત્વ વધે તે અજ્ઞાન છે.
- કેવળ માન-પાન, ખ્યાતિ, પૂજા, પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિ માટે શ્રી જિનેશ્વરદેવના માર્ગની દેશના દેનારા, એ શ્રી જિનેશ્વરદેવના શાસનના સાચા સાધુ નથી. કારણ કે, તેઓએ ભગવાનની આજ્ઞા કરતાં પણ પોતાપણું આગળ ધર્યું છે.
- હિત બુદ્ધિથી સત્યનું પ્રકાશન કરવામાં જ આત્મશ્રેય સમાયેલું છે. આ સત્યવસ્તુના પ્રકાશનથી કોઇએ જરા પણ મૂંઝાવું ન જોઇએ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૬૩૦

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

Received
21-7-97

શ્રી જિન ધર્મ રૂપી દ્વીપ

दीवो ताणं सरीरीणं समुद्दे दुत्तारे जहा ।
धम्मो जिणिंद पन्नत्ता, तहा संसार सागरे ।।

દુસ્તર એવા સમુદ્રમાં જેમ દ્વીપ–બેટ પ્રાણીઓનું રક્ષણ કરનાર છે તેમ આ સંસાર સાગરમાં શ્રી જિનેશ્વર દેવોએ પ્રરૂપેલો ધર્મ જ રક્ષણહાર છે.

વર્ષ ૯

અંક ૪૫+૪૬

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

સુબોધ--ગરબો.

(પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે-એ રાગ)

સખીયો પરમાતમ જિનપ્રભુને પાયે લાગીએરે,
સાચો જગદીશ્વર ભવિજનનો તારણહાર;
તેની નિત્યે પ્રીતે ભક્તિ કરવી ભાવથીરે,
અરપે અવિચળ શિવ સુખ પરમ ધરમ દાતાર,
એવા જિન પ્રભુનાં દરીશન મુખથી માગીયેંરે, ટેક.

સાખી–પાય નમો જિનરાયને, આતમ કાર્ય સિધાય,
ભવ દુઃખ સહુ દૂરે ટળે, મંગળકારી થાય.
જાવું જિનાલયમાં શુદ્ધબુદ્ધિથી સર્વનેરે,
જેથી નાથ નિરંજન પ્રભુના ગુણ ગવાય;
એવી ઉરમાં ઇચ્છા રાત દિવસ સૌ રાખજોરે, ૧

સાખી–ભમ્યા ભવાદ્ધિ ચક્રમાં, તોય ન પામ્યા પાર,
માટે ભવિજન ભવ વરો, ધરમ કરી આ વાર;
જિનશાસનના સિદ્ધાંતો સાચા જાણજોરે,
જેમાં ભક્તિ જુક્તિ મુક્તિનો શુભ સાર;
એવા જિનપ્રભુનાં દરિશન મુખથી માગીએરે. ૨

સાખી–અમુલ્ય હીરો હાથમાં, છે જિન તેજ અપાર,
માટે શ્રી માહાવીર ભજો, થાય સફળ અવતાર,
એથી ઉત્તમ ગીત સૌ સજનોને સંભળાવીયેરે,
ભવદુઃખ હરીયો તરવા ગ્રહો ધરમ રૂપ વા'ણ
શીખ શુભ કેશવની છે સાચી સજની જાણજોરે. ૩




હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુબજ શાસન અર્થે સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

: તંત્રીઓ :
પ્રેમચંદ મેલાજી ગુડકા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનહરલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ
(વઢવાણ)
ચાંદમલ ચત્રભુજ ગુડકા
(પાલનપુર)

વર્ષ : ૯] ૨૦૫૩ અષાઢ સુદ–૧૦ મંગળવાર તા. ૧૫–૭–૯૭ [અંક : ૪૫+૪૬

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

–પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ–૧૧ મંગળવાર તા. ૨૧–૭–૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ–૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૮ મું ચાલુ) –અવ૦)

આમ શ્રી નવકાર મહામંત્રમાં મોક્ષ વિના બીજી કશી જ વાત નથી. આવો શ્રી નવકાર મહામંત્ર મળવા છતાં પણ, ગણવા છતાં પણ સંસારમાં લહેર કરે, ધર્મ થાય તો ય ઠીક, ન થાય તો ય વાંધો નહિ, સંસારના સ્વાર્થ માટે જ શ્રી નવકાર મહામંત્ર ગણે તો તેને તે ફળે નહિ પણ ફૂટી નીકળે. માત્રા ખાય અને પથ્યનું સેવન ન કરે તો શું થાય ? જેને દુઃખ નથી ગમતું અને દુનિયાનું સુખ જ ગમે છે તેવો જીવ શ્રી નવકાર મહામંત્ર ગણનારો હોય તો પણ તેને માનનારો નથી. તે સિદ્ધિપદે જવા માટે નહિ પણ સારી રીતે સંસાર ખેલવા શ્રી નવકાર મહામંત્ર ગણે છે તો તેનું ભલું કઈ રીતે થાય ? તેવો જીવ શ્રી નવકાર મહામંત્રનો પૂજારી નથી પણ ઘોર આશાતના કરનારો છે. મોક્ષે ગયેલા અને મોક્ષે જવાની મહેનત કરનારા એવા પાંચે પરમેષ્ઠિઓને નમસ્કાર કરનારો જીવ દુનિયાના સુખમાં મૂંઝાય ? દુઃખથી ગભરાય ? મોક્ષની ઈચ્છા વિનાનો હોય ? સાધુ થયેલો જીવ પણ સંસારને છોડ્યા પછી પણ સંસારને હૈયામાં રાખે તો તેની મુક્તિ થાય ? સંસારના સુખમાં આસક્ત બનેલા આચાર્યો પાસે સાધુપણું પાળવા છતાં ય સંસારમાં રખડે તે વાત મંગુ આચાર્યના દૃષ્ટાન્તથી ગ્રન્થકાર પોતે સમજાવવાના છે.

ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ સ્થાપેલો સંઘ એ મોક્ષમાર્ગનો મુસાફર છે. તે શ્રી સંઘમાં સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકા આવે છે તેમાં સાધુ–સાધ્વી વિરાગપૂર્વકના ત્યાગી છે જ્યારે શ્રાવક–શ્રાવિકા સંસારમાં રહેવા છતાં ય સંસારના સુખના વિરાગી હોય છે. કોઇપણ શ્રાવક સંસારમાં રહેવા ઇચ્છે નહિ, તેના સંસારના સુખ ઉપર રાગ હોય નહિ, તેને સંસારનું સુખ ભોગવવું પડે તો કમને ભોગવે. શ્રાવક એટલે સાધુપણા માટે જ તરફડતો જીવ. તું દીક્ષા કેમ નથી લેતો' તેને ન પૂછાય. એવું પૂછીએ તો તેને ઘાગ્યા ઉપર ડામ લાગે. હજી મારો સંસારના સુખનો રાગ છૂટતો નથી, સંસારના પદાર્થોની મમતા ઓછી થતી નથી એમ તે રોતો હોય. આજે તો સમ્યક્ત્વ લેવા આવે તેને કહીએ કે સાધુ થવું છે ? તો તે કહે કે મારું કામ નહિ તો તેવાને સમ્યક્ત્વ આપવાની શાસ્ત્રે ના પાડી છે. તેને જે સમ્યક્ત્વ આપે તે પણ પાપનો ભાગી થાય. જેને આ સંસાર છોડી મોક્ષે જવા માટે સાધુ થવાની ઇચ્છા ન હોય તેને વ્રત પણ ન અપાય અને મહાવ્રત પણ ન અપાય. તે બધાના મૂળમાં સમ્યક્ત્વ છે. માટે જ શાસ્ત્રે સમ્યક્ત્વ વિનાની ધર્મક્રિયાને આકાશમાં ચિતરામણ અને છાર ઉપર લીંપણ જેવી કહી છે. છાર ઉપર લીંપણ કદિ ટકે ? તેથી જે જીવ સમ્યક્ત્વ પામેલો હોય કાં જેને સમ્યક્ત્વ પામવાની ઇચ્છા હોય તે ધર્મક્રિયા કરતો હોય તો તેની ધર્મક્રિયા સફળ થાય. જે જીવ સમ્યક્ત્વ ઉચ્ચરવા આવે તેને પોતાના ગુરુ આગળ પોતાની આખી જાત ઉઘાડી કરવી પડે. મેં મારા જીવનમાં આવું આવું કર્યું છે, આવાં આવાં પાપ કર્યાં છે, તે બધું હવે ખોટું લાગ્યું છે અને ફરી કદી આનંદપૂર્વક કરવાનો નથી તેવી કબૂલાત આપે પછી તેને સમ્યક્ત્વ આપીએ.

જેમના શાસનમાં આપણે છીએ તે ચરમતીર્થપતિ શ્રમણભગવાન શ્રી મહાવીરપરમાત્માનો આત્મા નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યો છે. નયસાર કાળે જૈન ન હતા. રાજની આજ્ઞાથી તેઓ એકવાર ઈમારતનાં લાકડાં કાપવા જંગલમાં ગયા છે. અતિથિને જમાડ્યા વિના જમવું નહિ તે નિયમના યોગે તેઓને માર્ગમાં ભૂલા પડેલા થાકી ગયેલા અને શ્રમિત થઇ ગયેલા મહામુનિઓ મલી ગયા છે. તે મુનિઓની વાર્ત્તા પૂછી, ભક્તિ કર્યા પછી અનેક નોકર–ચાકર હોવા છતાં તેઓ જાતે જ માર્ગ બતાવવા જાય છે. તે જોઇને મુનિઓને થાય છે કે, આ બહુ લાયક જીવ છે તેથી તેને ધર્મ સમજાવવો જોઇએ. માર્ગે ચઢ્યા પછી તેને ધર્મ સમજાવે છે તે સાંભળ્યા પછી નયસારનો આત્મા ઊભો થઇને કહે છે કે–'પશુ જેવા મેં આવો ધર્મ કદી સાંળળ્યો નથી. આવા ધર્મ માટે હું લાયક છું ?' ત્યારે મુનિએ કહ્યું કે–તારા જેવો બીજો કોણ લાયક છે ! તે જ વખતે તેઓ સંસારમાં ભટકાવનાર મિથ્યાત્વનો ત્યાગ કરે છે અને મોક્ષે લઇ જનાર સમ્યક્ત્વનો

સ્વીકાર કરે છે. અને પછી મુનિઓને કહે છે કે–'આપ પાછા મારે ગામ પધારો મારે મારું સર્વસ્વ આપના ચરણોમાં ધરવું છે." આ વાત કેટલીવાર સાંભળી છે ? સમ્યગ્-દૃષ્ટિ જીવ તો માને કે મારૂં બધું જ ભગવાનના શાસનનું છે. જેને પોતાનું સઘળું ય ગુરૂના ચરણે મૂકવાનું મન ન હોય તે સમ્યક્ત્વ પામ્યો પણ નથી અને પામવાનો પણ નથી.

શ્રી જૈન શાસનના ગુરૂ પણ કેવા હોય ? મમતા વિનાના અને પરિગ્રહ વિનાના. પરમાર્હત્ શ્રી કુમારપાળ મહારાજાએ કલિકાલસર્વજ્ઞ પૂ. આ. ભ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને કહ્યું છે કે–'હું અઢાર દેશનો રાજા પણ આપનો તો સેવક છું. મારે જે કાંઇ કરવા જેવું હોય તે ફરમાવશો અને ન કરું તેવું ત્રણકાળમાં નહિ બને. મને કરવા જેવું આપ નહિ કહો તો ગુનેગાર આપ બનશો.' આવો સમર્પણ ભાવ આવે તો સમ્યક્ત્વ આવે. આવા જીવને સંસારમાં મઝા આવે ખરી ? તે તો માને કે ભગવાનનું સાધુપણું પામે તે જ જીવ આ સંસારમાં ખરેખરો સુખી છે. તે સાધુપણું પામવાની ઇચ્છાથી જેટલો ધર્મ થાય તે બધો લેખે લાગે.

ભગવાનની દ્રવ્યપૂજા ભક્તિમાં હિંસા થાય તો પણ તે અહિંસાનુબંધી છે. ભગવાનની પૂજા શા માટે કરવાની છે ? ભગવાન જેવા થવા માટે.

ભગવાન જેવા થવાનું જેને મન હોય તેનો સાધુ થવાનું મન હોય ને ? જેટલા જીવે મોક્ષે ગયા તે બધા ભાવથી તો સાધુપણું પામી પામીને મોક્ષે ગયા છે. આખો સંસાર ભૂંડો માનીને હૈયાથી છોડે તેનામાં સાચું સાધુપણું આવે.

જેને મોક્ષની વાત બેસે નહિ, ગમે નહિ, રૂચે નહિ તે બધા ઠાં અભવ્યો છે. દુર્ભવ્યો છે, કે ભારેકર્મી ભવ્યો છે. તે તો ઉપરથી મોક્ષની મશ્કરી કરે. મોક્ષની વાત કરે તેને ગપ્પાં મારનાર પણ કહે. મોક્ષ તે હોતો હશે એમ કહે. જે જીવ ચરમાવર્ત્તકાળમાં આવ્યો હોય, લઘુકર્મી થયો હોય તેને જ મોક્ષની વાત સાંભળવી ગમે.

પ્ર૦ : ગુરૂકર્મી જીવ ધર્મક્રિયાથી લઘુકર્મી થાય.

ઉ૦ : તે માટે કાળ પાકવો જોઇએ, હૈયું ફરવું જોઇએ હૈયું ઉપદેશથી ફરે.

રોગ પણ ક્યારે મટે ? ડોકટરની દવા નિયમિત, કહ્યા પ્રમાણે લે તો. તે માટે કાળ પણ પાકવો જરૂરી છે. સારા પણ ડોકટર અસાધ્ય દર્દીને કહે છે કે– હવે અમારી પાસે ઉપાય નથી. તેમ જ્યાં સુધી કાળ ન પાકે, કર્મ માંદું ન પડે, ઢીલું ન પડે ત્યાં સુધી કામ ન થાય. માટે જ શાસ્ત્રે ચરમાવર્ત્તકાળને ધર્મનો યૌવનકાળ કહ્યો છે. જ્યારે અચરમાવર્ત્તકાળમાં જીવ જેટલો ધર્મ કરે તે બધો સંસાર વધારનારો જ

થાય. કેમકે, તે જીવ સંસારના સુખ માટે જ ધર્મ કરે, મોક્ષની વાત તો તેને બેસે પણ નહિ.

પ્ર૦ : ધર્મ ન સમજે તે જીવ લઘુકર્મી શી રીતે થાય ?

ઉ૦ : કાળની પણ અસર થાય છે.

જીવનો સંસાર માંદો ચરમાવર્તકાળમાં પડે. ગાઢ રાગ છે તે તોલો પણ આ કાળમાં પડી શકે. જેનો એક પુદ્ગલ પરાવર્તથી અધિક સંસાર બાકી હોય તેને મોક્ષની વાત રૂચે જ નહિ. અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ મળે તો પણ. આપણો સંસાર ઘરડો થયો છે ? આપણે આપણી જાત માટે નક્કી કરી શકીએ કે– હું ચરમાવર્તમાં આવ્યો છું, લઘુકર્મી થયો છું, સમકિત પામેલો છું કે સમકિત પામવાનો છું. દુનિયાનું સુખ ભોગવતી વખતે જેને ભય લાગે કે–'આ જે ગમી ગયું, સારું લાગી ગયું તેમાં મઝા આવી ગઈ તો મારે દુર્ગતિમાં જવું પડશે' અને દુઃખ આવે ત્યારે થાય કે–'મારા પાપે જ આવ્યું છે માટે મારે તે મજેથી વેઠવું જોઇએ' આવા વિચાર આવે તે જીવ સમકિત પામેલો છે કાં સમકિત પામવાનો છે. તમારી શી હાલત છે ? સંસારથી ઝટ છૂટવું છે અને ઝટ મોક્ષે જવું છે આવી ભાવનાવાળાને દીક્ષા અપાય. જેને તેને દીક્ષા આપવાની નથી. સંસારના સુખના ભિખારી અને દુઃખથી ડરનારાને દીક્ષા અપાય નહિ. આપે તો અહીં ભિખારીની ફોજ ઊભી થાય. ભગવાનનું સાધુપણું ગમે નહિ તે જૈન જ નથી, ગમે તેટલાં મંદિરો બંધાવે, સોનાના હાર ચઢાવે તો પણ. મંદિર બંધાવનારની લક્ષ્મી મૂર્છા ઘટી છે ? પરિગ્રહ ભૂંડો લાગ્યો છે ? સાધુપણાનો અર્થી હોય તેનો જ ધર્મ સાચો છે. તેની ઇચ્છાથી ભગવાનની પૂજા કરે, દાન દે, શીલ પાળે, તપ કરે તો તે ય ધર્મરૂપ બને. શરીરને સારું રાખવા બ્રહ્મચર્ય પાળે તો તે ધર્મ ન કહેવાય. સંસારના હેતુથી કરે તો ધર્મ એ ધર્મ જ નથી માટે જ જ્ઞાનિઓએ કહ્યું કે– દુનિયાનું સુખ મેળવવા, દુઃખથી બચવા માટે આ ધર્મ થાય જ નહિ. તે માટે ધર્મ કરે તો ધર્મ કરીને પણ સંસાર વધારે માટે તે ધર્મને પણ મેલો કહેવાય.

જેને દુનિયાની કોઇ અનુકૂળતા ન ગમે અને બધી પ્રતિકૂળતા મજેથી વેઠે તે જ જીવ સાધુપણું પામી શકે અને પાળી શકે. આ જન્મમાં મારે સાધુ થયા વિના તો મરવું જ નથી આવો નિર્ણય કર્યો છે ખરો ? તે માટે અભયકુમારની વાત કરી આવ્યા છીએ તમે બધા અભયકુમારની બુદ્ધિ માગો છો પણ તમને તે માગવાનો અધિકાર નથી. તમને તેવી બુદ્ધિ ન મળે તેમાં જ તમારું કલ્યાણ છે નહિ તો આખા જગતનું નખ્ખોદ કાઢશો ! તમે બધા બુદ્ધિશાલી છો પણ તમારી બુદ્ધિ ઊંધે માર્ગે છે. આવા ખરાબ કાળમાં અનીતિ કરી ખૂબ પૈસા કમાય તેને મૂરખ કહેવાય કે નહિ ? (ક્રમશઃ)

: પીળીયાવાળાને બધું પીળું જ દેખાય :

(ક્રમાંક ૨) પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શનવિજયજી મ.

પ્ર૦ : તિથિનો પ્રશ્ન સામાચારી છે કે શાસ્ત્ર છે ?

ઉ૦ : ભણેલો ગણેલો કહે કે તિથિપ્રશ્ન સામાચારી છે તો તે વાંચી હસવું આવે છે. રોજ સવારના પ્રતિક્રમણ કરનાર પુણ્યાત્મા તપચિંતવણી કાઉસ્સગ્ગ વખતે 'અદ્ય કા તિથિઃ ?'–આજે કઇ તિથિ છે ? નો વિચાર કરે છે. તો તિથિ જોવા શાસ્ત્ર–જોવું પડે ને ? તિથિ શાના આધારે નક્કી થાય ? 'તિથિ સામાચારી છે.' તેમ આગમનો સંશોધક બોલે (જુઓ તા. ૧૩–૬–'૮૬ મુંબઇ સમાચાર મુ. શ્રી જંબૂવિ.નો લેખ) તો તેને આગમમાં શું શું ગોટાળા કર્યા હશે ?

પ્ર૦ આજે પાંચમ છે કે કાલે પાંચમ છે તેની શું ચિંતા કરવી આપણે તો આરાધના કરવાથી કામ છે ને ?

ઉ૦ કૅલેંડરમાં જે તારીખ પડે તે જ તારીખે જાવ કે બીજી તારીખે જાવ ? ગમે તે પાંચમ ન કહેતા ભાદરવા સુદની જ પાંચમ (હાલમાં ચોથ) કેમ લખી ? બે ભાદરવા આવે ત્યારે કયા ભાદરવામાં શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરવી તે પ્રશ્ન કેમ કરાયો ? ગમે ત્યારે ન કરતા બીજા જ ભાદરવામાં શ્રી પર્યુષણા પર્વ કરવા તેમ કેમ કહ્યું ? ભાદરવા માસ વિના શ્રી પર્યુષણા ક્યારેય થયા નથી તે હકીકત છે. બે ભાદરવા આવે તો શ્રી પર્યુષણાપર્વ ક્યારે કરવા તે અંગે બધી જ શ્રી કલ્પસૂત્રની ટીકામાં નવમા વ્યાખ્યાનમાં કરેકે કરેક શ્રી ટીકાકાર ભગવંતોએ ખુલાસો કર્યો કે–'જેમ બે ચૌદશ આવે તો પહેલી ચૌદશ મૂકી બીજી ચૌદશે પક્ખીની આરાધના કરવી તેની જેમ બે ભાદરવા માસ આવે તો પહેલો ભાદરવો માસ મૂકી બીજા ભાદરવા માસમાં શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરવી. આટલા ચોકખા અક્ષરો હોવા છતાં ગાંડીયાઓ કહે છે કે–પર્વતિથિની ક્ષય–વૃદ્ધિ થાય જ નહિ !

પ્ર૦ : આજે તો બધા કહે છે કે, આ તો ટીકાકારોનો મત છે મૂલકારનો નહિ ?

ઉ૦ : જેટલા જેટલા ટીકાકાર પરમર્ષિઓ થયા તે બધા ભવભીરૂ–સંવિગ્ન–ગીતાર્થ હતા. મૂલકારના આશયથી જરાય આઘા પાછા થયા વિના ટીકા કરી છે તે ય મૂલકારનો આશય વધુ સ્પષ્ટ કરવા અને મંદમતિના જીવો પણ સારી રીતે સમજી શકે માટે. મૂળને વળગીને ટીકા કરે તે ટીકા સાચી. મૂલને આઘું મૂકીને ટીકા કરે તે તો બેવકૂફનો આગેવાન કહેવાય !

પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ માને તો કોઈજ ઝઘડો નથી. હવાદે પ્રશ્ન પૂછેલ કે– 'તમારા આચાર્યો જુઠ્ઠા છે ? જે પંચાંગમાં ય ન હોય તે તમે બોલો છો ?' તો સાગરજી મ. તેનો જવાબ નથી આપી શક્યા. તિથિની બાબતમાં મરજી આવે તેમ થાય નહિ.

નમે બધા ડાહ્યા થઇ જાવ. તે સાધુને પૂછો અને કહો કે, આગમને બગાડવા રહેવા દો. અમારે આગમ આવી રીતે નથી સુધરાવવા. તેમને આગમ પરિણામ પામ્યા લાગતા નથી, નામનામાં પડી ગયા લાગે છે. નહિ તો 'આગમવેદી' આમ બોલી શકે ?

આવું લખનારાના વખાણ કર્યા છે. તમે સારા છો. બધા બેવકૂફોને ઓળખાવ્યા છે. (જુઓ તા. ૧૪–૬–૮૬ નું મુંબઈ સમાચાર જૈનદિવાકરનો લેખ). આજે સમાજમાં શું ચાલી રહ્યું છે તે સમજો છો ? જૈનો તો ડાહ્યા હોય !

તિથિ તો સામાચારી છે ગમે તે મનાય આવું લખે તેના જેવો જુઠ્ઠો એક નથી.

શાસ્ત્રે કહ્યું છે કે, તિથિ બાર મહીને ૩૬૦ જ આવે. તિથિનો ક્ષય એટલે તિથિ નાશ નથી પામતી અને તિથિની વૃદ્ધિ તો તે વધતી નથી. કા'ડા ૧૩–૧૪–૧૫–૧૬ આવે પણ તિથિ તો ૧૫ જ હોય. ગયા વર્ષે ૧૩ મહિના હતા છતાંય સંવત્સરી આમણામાં શું બોલ્યા કે 'બાર માસાણું ચઉવ્વીસ પકખાણું ત્રણસો સાઇઠ રાયદીયાણું'– અધિકમાસ ગણત્રીમાં લેવાય નહિ, પ. પૂ. શ્રી હીરસૂરીશ્વરજી મ. તથા પ. પૂ. શ્રી સેનસૂરીશ્વરજી મ. પણ શ્રી હીરપ્રશ્ન અને શ્રી સેનપ્રશ્નમાં પણ આ પ્રમાણે લખી ગયા છે. શ્રી સાગરજી મ. પણ લખી ગયા છે કે–'પર્વતિથિની ક્ષય–વૃદ્ધિ થાય નહિ તેમ જૈન શાસનનો જાણકાર બોલી શકે નહિ.' પહેલાં શ્રી સંવત્સરી પાંચમે હતી આજે ચોથે છે માટે ચોથ ભંગાય નહિ. પર્વતિથિની ક્ષય-વૃધ્ધિ માને તો કોઇ કજીયો નથી. નહિ માનવાથી વિરાધના છે. આપણે તો સાચી વાત પકડી રાખી છે. સૌ આ સમજીને સાચા આરાધક બને તે અપેક્ષા.

[સં. ૨૦૪૨ ના જેઠ સુદ–૮ ને રવિવાર તા. ૧૫–૬–૧૯૮૬ ના પ. પૂ. શ્રી આત્મારામજી મહારાજના ગુણાનુવાદના પ્રવચનમાંથી.]

[તિથિ એ 'સામાચારી' છે કે 'શાસ્ત્ર' છે તે અંગે સં. ૨૦૪૨ ના લાલબાગ–મુંબઇ મધ્યે ભા. વદ ૧૪ના પૂ. શ્રી બાપજી મહારાજના ગુણાનુવાદના પ્રસંગે પણ તે અંગે જે પ્રશ્ન આવેલ અને પૂ. પરમતારક ગુરૂદેવેશશ્રીજીએ તેનું જે માર્ગસ્થ માર્ગદર્શન આપેલ તે પણ વાચકોની જાણ માટે જણાવું છું. –સં૦)

પ્ર૦ : તિથિની આરાધના તો 'સામાચારી' છે તેમાં 'શાસ્ત્ર' ક્યાં આવ્યું ?

ઉ૦ : તિથિ અને તિથિની આરાધના, શાસ્ત્ર અને શાસ્ત્રમાન્ય સામાચારીના જ

અંગ છે. તિથિની આરાધના આપણા શાસ્ત્ર અને શાસ્ત્રમાન્ય સામાચારીમાંથી મળે. આજે કઈ તિથિ છે તે જાણવા હાલ આપણાં શાસ્ત્ર નથી. તેથી લૌકિક શાસ્ત્રથી જાણી લેવાનું આપણા મહાપુરૂષો કહી ગયા છે. આજે કઇ તિથિ છે તે શેનાથી નક્કી થાય? તિથિ નક્કી કરવા હાલ લોકોત્તર–જૈન પંચાંગ નથી તેથી લૌકિક–જૈનેતર પંચાંગ જોઇએ ને? પંચાંગ વિષયક જ્ઞાન શેમાંથી મળે? જ્યોતિષના શાસ્ત્રમાંથી કે મરજી મુજબ? તો પછી તિથિની આરાધનાને સામાચારી કહે તે અજ્ઞાન કહેવાય ને?

પ્ર૦ : નવમા વ્યાખ્યાનને ય 'સામાચારી' કહેવાય છે તેમાં આ તિથિની વાત આવે છે માટે તેને ય 'સામાચારી' કહેવાય ને?

ઉ૦ : અર્થનો અનર્થ ન કરો. સામાચારી શાસ્ત્રને સંમત જ હોય. શાસ્ત્ર અને સામાચારી એક બીજાને અનુકૂળ જ હોય. શ્રી કલ્પસૂત્ર તો મહાપવિત્ર આગમ છે. તેની વાતને 'સામાચારી' કહીને ઉડાવી દેનારા આગમની આશાતના કરી રહ્યા છે. વળી નવમા વ્યાખ્યાનમાં સંયમના પાલન માટે બહુ સૂક્ષ્મ વાતો લખી છે તો તેને સામાચારી કહીને ઉડાવી દેવાય? ક્ષમાપનાની પ્રધાનતા પણ એ નવમા વ્યાખ્યાનમાં જ છે તેથી એ ક્ષમાપના પણ 'સામાચારી' જ ને? શાસ્ત્ર નહિ ને? આગમની આશાતનાનો ભય હોય તો આવા કુતર્ક સૂઝે જ નહિ. શાસ્ત્ર અને શાસ્ત્રમાન્ય સામાચારી આપણા માટે તો બેય આધારભૂત જ છે.

તે નવમા વ્યાખ્યાનમાં 'બે ભાદરવા આવે તો શ્રી પર્યુષણા કયારે કરવા?' તે પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે–'બે ચૌદશ આવે તો પહેલી ચૌદશને ફલ્ગુ ગણી બીજી ચૌદશે આરાધના કરાય તેમ બે ભાદરવા આવે તો પહેલા ભાદરવાને ફલ્ગુ ગણી બીજા ભાદરવામાં શ્રી પર્યુષણા પર્વ કરાય.'

આપણા મહાપવિત્ર આ શ્રી કલ્પસૂત્ર ઉપર મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજા, મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજાદિ મહાપુરૂષોએ જે જે ટીકા રચી છે. તથા હમણાં ૧૯૮૦ માં શ્રી મુક્તિવિમલજી મહારાજે પણ જે ટીકા રચી, તેમાં આ જ વાત લખી છે કે–'બે ચૌદશની જેમ બે ભાદરવા આવે તો પહેલાને ફલ્ગુ ગણી બીજા ભાદરવામાં શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરવી.' તે છતાં ય કોઇ કહે કે, પર્વતિથિની ક્ષય–વૃદ્ધિ થાય જ નહિ તો તે આંખો મીંચીને બોલે છે તેમ કહેવાય ને?

તિથિની વાત ફક્ત શ્રી કલ્પસૂત્રમાં જ નહિ, બીજા અનેક આગમાદિ ગ્રંથોમાં પણ આવે છે. માટે સામાચારીનું ગપ્પું ચલાવતા નહિ. નહિ તો ઉત્સૂત્રભાષણનો પણ દોષ લાગી જશે.

૨૦૪૨, આસો વદિ-૮ રવિવાર તા. ૨૬-૧૦-'૮૬

શેઠશ્રી મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય,
ભૂલેશ્વર, **મુંબઇ**

શાસ્ત્રે કહ્યું છે કે, પાંચમા આરામાં ઘણા ગુંડાઓ મહા મિથ્યાદૃષ્ટિ પાકવાના છે. એટલું જ નહિ ઘણા આચાર્યો પણ નરકગામી થવાના છે, તેમનું નામ કેવામાં પણ પાપ લાગે છે. તમે બધા જાણવા છતાં પણ, શાસ્ત્રથી વિરૂદ્ધ બોલનારા અને ચાલનારા આચાર્યાદિ સાધુઓને હાથ જોડો તો તમારો નંબર પણ શેમાં ગણાય ? પાપીમાં ગણાય ને ? આજે આપણે ત્યાં તિથિના પ્રશ્ને જે રીતે ખોટો ઉહાપોહ મચાવ્યો છે અને આજે તો એવું પણ બોલનારા અને લખનારા પાપાત્માઓ પાકયા છે, જેઓ કહે છે કે–

'પૂ. આ. શ્રી કલિકાલસૂરિજી પણ ભૂલ્યા !' જે લોકોએ આ વાત મજેથી સાંભળી લીધી તે બધાને કેવા કહેવાય ? જો ખરેખર ધર્માત્મા હાજર હોત તો તેમને કહી દેત કે–'તમારા જેવા ડાહ્યાઓએ તો આવા મહાન પૂર્વાચાર્યોનું નામ દેવું તે પણ પાપ છે. અને તમારા જેવાની પાસે આવવું તે પણ પાપ છે !' આવું બોલનારામાં સાધુતા હોય તો તે સાધુ આવું સાંભળી જરૂર સુધરે. કદાચ તે ન સુધરે તેવા હોય પણ ધર્માત્મા આવી રીતે વિવેકપૂર્વક કહીને આવ્યો હોય તો ભોળા-ભદ્રિક જીવો તો તેવાઓની વાતમાં ન આવે ને ? તમને ખબર છે કે, આપણે ત્યાં તો એવી વાતો આવે છે કે, એક સાચો આર્હંત એટલે કે ભગવાનનો સાચો સેવક અન્ય મતવાળાની સભામાં ગયો હોય તો પણ તે વકતાના મોં ઉપર લગામ આવી જતી, તે સમજતો કે આડું અવળું બોલ્યા તો આ પૂછયા વિના નહિ રહે. આવી આર્હંતોની આબરૂ હતી. આજે ?

પૂ. આ. શ્રી કાલિકસૂરીશ્વરજી મ.ની, પૂ. શ્રી ઉમાસ્વાતિજી મ.ની ભૂલ કાઢનારા મહાપાપી છે, ભાનભૂલેલા છે. તેવાઓનો કયે ભવે છૂટકારો થશે તે અમે કહી શકતા નથી. 'પરમપંથનો પ્રગટ ચોર તે' એમ કહીને તેવા પાસે જવું પડે તો જવાનું. તમે બધા 'માખણીયા' ન બનો તો ય ઘણું ઘણું સારું કરી શકે તેમ છો. આ તમારું માથું ઉત્તમાંગ છે કે કશેરો છે ? **જ્યાં ત્યાં ન નમે, જેને તેને ન નમે તો તે ઉત્તમાંગ અને બધે નમે તે ઠોચકું કહેવાય.**

પૂ. આ. શ્રી કાલિકસૂરીશ્વરજી મ.એ તિથિનો ફેર-ભાદરવા સુદ પાંચમની ભાદરવા સુદ ચોથ કેમ કરી તે તમે જાણતા નથી ? જે રાજાના કારણે પાંચમની ચોથ કરી, તે રાજા જૈનધર્મનો પ્રભાવક થાય એવો હતો. તેને શ્રી પર્યુષણાની આરાધના કરવી હતી પણ તે જ દિવસે તેમને ત્યાં મોટો 'ઇન્દ્ર મહોત્સવ' નામનો પર્વ દિવસ હતો. તેથી

રાજાએ ફરીથી પૂ. શ્રી આ. મ.ને વિનંતિ કરી કે, 'આપ પાંચમના બદલે સંવત્સરી પર્વ છઠ્ઠનું કરો તો હું આરાધના કરી શકું' ત્યારે પૂ. શ્રી આ. મહારાજે કહ્યું કે-'આ વાત તો કોઇપણ સંયોગોમાં ન જ થાય. પાંચમની રાત્રિનું ઉલ્લંઘન ન જ થાય. હજી પર્વ પાંચમનું નાથમાં કરવું હોય તો કરી શકાય.' આ વાત યાદ છે કે નહિ ?

પ્ર૦ : રાજા માટે થાય તો બધા માટે કેમ ન થાય ?

ઉ૦ : આ ફેરફાર કરનાર કોણ હતા ? પ્રભાવક રાજા અને અતિશય જ્ઞાની ગુરૂનો એવો યોગ આજે મળે ? જ્યારે ફેરફાર કર્યો ત્યારે કોઇએ પણ વિરોધ કર્યો કે તે વખતના બધા ગીતાર્થોએ સ્વીકાર કર્યો ? તેમના પછી જે જે પ્રામાણિક આચાર્યો થયા તે બધા પણ શું કહીને ગયા ? આને જ માન્ય રાખીને ગયા કે કોઇ આડા ફાટ્યા તો તેમની સાથે સમાધાન કર્યું ? પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા, પૂ. આ. શ્રી વિ. હેમચંદ્રસૂ. મહારાજા, મહામહોપાધ્યાય શ્રી યશો વિ. ગણિવર્ય આદિને મૂરબ્બા સમજો છો તે બધાએ પણ આ જ માર્ગ જીવતો રાખ્યો કે તેમાં કાંઈ ફેરફાર કર્યો ? ખરેખર તો તમારા બધાની બુદ્ધિમાં ભેદ થયો છે બાકી તો શાસનના મૂર્ધન્ય ગીતાર્થાદિઓએ તો પૂ. આ. શ્રી કાલિક સૂ. મ.ની વાત જ માન્ય રાખી છે.

પ્ર૦ : તેમને રાઇટ તો આપણને કેમ નહિ ?

ઉ૦ : તેમના જેવું જ્ઞાન હોય તો રાઇટ અપાય. તમારી પાસે કેવું જ્ઞાન છે ? વિશિષ્ટ જ્ઞાનીઓ જે કરે તે ન કરાય પણ જે કહી ગયા હોય તે કરાય. તમને ખબર છે કે, ચૌદપૂર્વી, દશપૂર્વી, નવપૂર્વી જે કરે તે કરવાની આજ્ઞા અપાય ? પૂ. શ્રી સ્થૂલિભદ્રજી મહારાજાને વેશ્યાને ઘેર ચોમાસું કરવાની આજ્ઞા આપી તે પૂ. શ્રી સંભૂતિ વિ. મહારાજા જ રજા આપે, હું આજે તેવી રજા આપી શકું ? નવપૂર્વાદિ વિશિષ્ટ જ્ઞાનીઓએ જે કર્યું તે કરવાનો દાવો કરે તે મહામિથ્યાદૃષ્ટિ જ કહેવાય. તે બધાને શાસ્ત્રનો પ્રતિબંધ નથી પણ અમને છે ? આર્ય શ્રી સુહસ્તિસ્વામિ મહારાજા ભિખારીને દીક્ષા આપી શકે. અમે ભિખારીને દીક્ષા આપીએ ? તમે મને તેવી રીતે દીક્ષા આપવા દો કે ટાઢી મૂકો ?

પ્ર૦ : યુગપ્રધાન કરતાં પણ સંઘ તો પચ્ચીશમો તીર્થંકર છે ને ?

ઉ૦ : કયો સંઘ ? શાસ્ત્રની આજ્ઞા માને તે કે, આજ્ઞા ન માને તે ? યુગપ્રધાન કરતાં પોતાની જાતને ડાહી માને અને એવા પાછા ગીતાર્થ ગણાય, આ 'પચીસમા તીર્થંકર'ના લક્ષણ છે ? 'વાત વાતમાં 'શાસ્ત્ર-શાસ્ત્ર' શું કરો છો ? આ શાસ્ત્રોની વાતો ચોથા આરામાં ચાલે'-આવું કહે તે સંઘ કહેવાય કે મહામિથ્યાદૃષ્ટિઓનું ટોળું કહેવાય ?

પ્ર૦ : શાસ્ત્રનો જ આગ્રહ શા માટે?

ઉ૦ : તરવા અને તારવા માટે. શાસ્ત્રની વાતનો આગ્રહ ન રાખે અને પોતાની વાતનો આગ્રહ રાખે તે ડૂબે અને ડુબાડે. શાહુકાર કોણ કહેવાય? ચોપડો માને તે કે બીજો? શાસ્ત્રથી જ માર્ગ ચાલે માટે શાસ્ત્રનો જ આગ્રહ ચાલે. શાસ્ત્ર ન હોય તો માર્ગ ચાલે નહિ.

ભગવાનની તારક આજ્ઞા શાસ્ત્રમાં લખેલી છે. શાસ્ત્રની આજ્ઞા ન માને તે સંઘ નથી પણ હાડકાનો ઢગલો છે આવું ખુદ પૂ. શ્રી હરિભદ્ર સૂ. મહારાજા લખી ગયા છે. આપણે તેમનાથી વધુ ડાહ્યા છીએ?

શાસ્ત્રે તો કહ્યું છે કે, પાંચસો આચાર્યો ભેગા થાય અને તેમાં ૪૯૯ આચાર્યો શાસ્ત્રાજ્ઞા બાહ્ય વાત કરે અને એક જ આચાર્ય શાસ્ત્રાજ્ઞા સાપેક્ષ વાત કરે તો, તે એક જે કહે તે જ વાત સાચી મનાય. તમે બધા શું માનો છો? બહુમતિ પ્રધાન? સર્વાનુમતિ પ્રધાન? કે શાસ્ત્રમતિ પ્રધાન?

પ્ર૦ : તો ૪૯૯ આચાર્યમાં જ્ઞાન ન હોય?

ઉ૦ : જ્ઞાન હોય પણ માન–પાનાદિમાં ભાન ભૂલા બની જાય તેથી તે જ્ઞાન નકામું થઇ જાય. ભાનભૂલા બનેલા, ભણેલા પણ બેવકૂફ બની શકે ને? 'વાત વાતમાં શાસ્ત્ર, શાસ્ત્ર શું કરો છો? બધામાં શાસ્ત્ર જ જોવાનું?'–આવું કહે તે ભાનભૂલેલો કહેવાય કે ભાનમાં કહેવાય?

માટે સમજો કે, હવે પાંચમની સંવત્સરી કરાય નહિ. તિથિમાં સમજવું હોય તો ઉઘાડું દિવા જેવું સત્ય છે.

પ્ર૦ : પૂ. આ. શ્રી પ્રેમ સૂ. મ. કહેતા હતા કે–'રામ વિ.નાં વ્યાખ્યાનમાં ભૂલ ન નીકળે'–તો કેટલાકે કેમ કાઢી?

ઉ૦ : કાઢનારાને પૂછો. મને શી ખબર?

બાકી પૂ. ગુરુ મ.ને હું જેટલા ઓળખું છું તેટલા બીજા નથી ઓળખતા. તેમની સેવામાં હું અખંડ બાવીશ (૨૨) વર્ષ રહ્યો છું બીજા તો બહારનું જાણીને બોલે પણ હું તો એમને નજીકથી ઓળખું છું. પણ એ જુદી વાત થઈ. હવે તમે બધા આડું–અવળું કર્યા વિના એ વાત બરાબર સમજી લો કે–**'જે તિથિ આપણે કરીએ છીએ તે પરંપરાથી અને શાસ્ત્રથી પણ સાચી છે. શ્રી કસ્તુરભાઇ પણ લવાદી ચર્ચામાં જે નિર્ણય લાવ્યા છે તે સાચો છે તેમ તેઓએ ખુદે જાહેર કર્યું છે.**

પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ શાસ્ત્રાજ્ઞા મુજબની છે અને તેમ માનવાથી જરાપણ વિરાધના થતી નથી તો પ્રમાણે નહિ માનનારા અને પર્વતિથિઓની ક્ષયવૃદ્ધિ એ બીજી તિથિઓની ક્ષય-વૃદ્ધિ કરનારા તે તે બીજી તિથિઓને પણ વિરાધે છે. જેમકે, ભાદરવા સુદિ ૫ ની ક્ષય-વૃદ્ધિએ, ત્રીજની ક્ષય-વૃદ્ધિ કરનારા ત્રીજને અને ચોથને વિરાધે છે અને પૂનમની ક્ષય-વધિમા તેરશની ક્ષય-વદ્ધિ કરવાથી તેરસની અને ચૌદશની વિરાધના કરે છે. જો તે તે ક્ષય-વૃદ્ધિ કાયમ રાખે તો પાંચમની ક્ષય-વૃધિ એ ત્રીજની અને ચોથની આરાધના સાચી થાય છે અને પૂનમની ક્ષય-વૃધિ એ તેરસ અને ચૌદશ પણ સચવાય છે અને તે રીતે બધી તિથિઓ પણ સચવાય પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ આવે અને તે મુજબ કરે તો કોઇ વિરાધના થવાનો સંભવ નથી.

પ્ર૦ : આપે પણ ૨૦૨૦ નો પટ્ટક સ્વીકાર્યો છે ને ?

ઉ૦ : તેમાં વાંચ્યું છે ? 'આ આચરણા ખોટી છે, આપવાદિક આચરણા છે. બધા સુધરે, સાચા માર્ગે આવે માટે કરીએ છીએ.' આવા ભાવનું લખ્યું છે ને ?

તેમાં જે લખેલું છે તે પણ ન સમજાય તેવું છે ?

તમને ખબર નહિ હોય પણ આ તિથિ સમાધાનની વાત પહેલાં મારી પાસે આવી ત્યારે મેં કહેલ કે-'આખો શ્રી સંઘ ઔદયિક ભાદરવા સુદ-ચોથની આરાધવા કરે તો, અપવાદ ખાતર હું પણ ભાદરવા સુદ-પાંચમની ક્ષય-વૃદ્ધિએ ભાદરવા સુદ છઠની ક્ષય-વૃદ્ધિ કરીશ. જેમ ભાદરવા સુદ પાંચમની ક્ષય-વૃધિએ, ભાદરવા સુદ છઠની ક્ષય-વૃદ્ધિ કરીશ, તેમ તમારે પણ પુનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ, એકમની ક્ષય-વૃદ્ધિ કરવી.' ત્યારે સમાધાનની વાત લઈ આવેલા કહે કે-આ તો બને તેમ નથી. જો તમારાથી આ ન બને તે અમે ખોટું શી રીતના સ્વીકારીએ ? તમે બધા આ માનો તો માર્ગ નીકળી શકે. અમે પણ પર્વની ક્ષય-વૃધિને બદલે અપર્વની ક્ષય-વૃધિ કરીશું પણ નીચે ખૂલાસો કરીશું. આપવાદિક આચરણા પ્રમાણે આ કરીએ છીએ તેવા ભાવનું લખાણ લખીશું. તો આ વાત પણ કબૂલ ન કરી અને આ બધું તોફાન ઊભું કર્યું. હકીકતમાં તે બધાને હું જ ખટકતો હતો માટે મને બધાથી દૂર કરવો હતો, એકલો પાડવો હતો. પણ ધાર્યા ફાવ્યા નહિ.

પ્ર૦ : આપે આટલો સુધારો કરવા કહ્યું તો થોડું વધારે મૂકી દો.

ઉ૦ : કાલે મારો ઓઘો લઇ લેવા આવશે તો આપી દઉં ? આવા નાલાયકો સાથે વાત પણ ન થાય, પ્રામાણિક માણસો સાથે વાત થાય.

આજે પણ કહ્યું તેમ કબૂલ કરવા તૈયાર હોય તો હું પણ તૈયાર છું. પણ તે લોકો ઔદયિક ચોથ માનવા તૈયાર નથી, ઔદયિક ચોથ બોલવા ય તૈયાર નથી. માત્ર મોઢાંની વાતો કરવી નથી. શાસ્ત્રનાં પાના જોવા તૈયાર હોય અને તે મુજબ વાત કરવા તૈયાર હોય તો બધી તૈયારી છે. એ મુજબ વાત કરવી હોય તો ખાનગીમાં કે જાહેરમાં વાત કરવા તૈયાર છું. શાસ્ત્રને આઘું રાખો તો વાત કઇ રીતે થાય ? આ વાત એકવાર નહિ, અનેકવાર કહેવાઈ ગઈ છે.

બાકી યુગપ્રધાન પૂ. આ. શ્રી વિ. કાલિક સૂ. મહારાજા કે, વાચકપ્રવર પૂ. શ્રી ઉમાસ્વાતિજી મ.ની ભૂલ કાઢનારા પાપાત્માઓનું મોઢું જોવું તે પણ પાપ છે ?

પ્ર૦ : છઠની ક્ષય–વૃદ્ધિમાં તૈયાર છો ને ?

ઉ૦ : ત્યાં લખીશ કે આ ખોટું છે પણ સકલ શ્રી સંઘની શાંતિ માટે અને બધા સંવત્સરીની આરાધના ઔદયિકી ચોથે કરે માટે કર્યું છે.

માટે મારી ભલામણ છે કે, તમે બધા ડાહ્યા થઇ જાઓ. તમે ડાહ્યા હશો તે યથેચ્છ પ્રલાપ કરનારને મૂંગા જ મરવું પડે. આજે સાચું સમજવાનો પ્રયત્ન કોઇ કરતા નથી તેથી આવાં ગપ્પાં ચાલ્યા કરે છે. તમો સૌ સત્યના જ્ઞાતા બની એની જ ઉપાસના કરનારા બનો એજ એક શુભાભિલાષા...

પૂ. પરમતારક ગુરૂદેવેશશ્રીજી પ્રત્યેની ભક્તિથી પ્રેરાઇને અને સુજ્ઞજનો વાસ્તવિક ઇતિહાસની સત્યતાને જાણે તે માટે આ પ્રયત્ન કર્યો છે. બાકી આવા ખોટા ચ.ને તેમના ખુલ્લા ટેકેદારો કરતાં છૂપા ટેકેદારો આ કાળમાં બધે ઘણા બધા છે. દેખાવ 'હિતૈષી'નો કરે અને કામ 'હિતશત્રુ'નું કરે અને ઉપરથી 'આપ્ત' બની શિખામણ પણ આપે કે– 'હાથી પાછળ કૂતરા ભસ્યા કરે. આપણે ક્યાં બધાનો જવાબ આપવો. કરશે તે ભોગવશે. તેનું મોં ગંધાશે વગેરે વગેરે...' આવું આવું જાણવા–સાંભળવા પણ મળવાનું છે તેનો મને પુરો ખ્યાલ છે. પણ ઉપર જણાવ્યું તેમ પૂજ્યપાદશ્રીજીની ભક્તિથી જ આ પ્રયત્ન છે. દુનિયામાં પણ કહેવાય કે–બાપને ગાળ દે તે સાચો દીકરો કયારેય સાંભળી ન લે. શક્તિ પ્રમાણે પ્રતિકાર કરે જ. જેને પોતાના તારક પૂ. ગુરૂદેવ માટે લાગે તેને દુઃખ થયા વિના રહે જ નહિ. અસત્યના પ્રતિકારમાં ઉદાસીન એવા હિતેચ્છુઓ સ્વયં તો ન કરે પણ બીજાને ય ન કરવા દે તેવી વૃત્તિવાળા હોય છે. સ્વયં સાથ–સહકાર તો ના આપે પણ ઉત્સાહ તોડવાનું કામ કરે. સુગરીએ સારા ભાવે કપિ–વાનરને સલાહ આપેલી તો કપિએ જણાવેલ કે–'असमर्थो गृहारंभे, समर्थोऽस्ति गृहभंजने'–આવી વૃત્તિ ન દાખવે તેટલો મોટો ઉપકાર !

સૌ સુજ્ઞ વાચકો–ભાવિકો શાંતચિત્તે વાંચી–વિચારી સત્યમાર્ગના સુજ્ઞાતા–આરાધક બની આત્મકલ્યાણને સાધો તે જ શુભાભિલાષા સહ ગણિશ્રીએ પ્રાન્તે જે ભાવદયાની ભાવના સ્વને છોડી પર–બીજાને માટે ભાવી છે તે જો 'સ્વ' માટે વિચારે કે–શ્રી ઠાણાંગ સૂત્રમાં દુર્લભબોધિપણાના જે પાંચ સ્થાન–કારણો બતાવ્યા છે તેમાં ત્રીજું સ્થાન 'આચાર્ય–ઉપાધ્યાય ભગવંતોના અવર્ણવાદ બોલે'–તે કહ્યું છે. તો હજી પણ જ્ઞાનમાં સમજી સન્માર્ગમાં આવી જાય તો ય પોતાના આત્માને કર્મથી ગુરૂ–ભારે બનાવતો બચાવશે. બાકી અસાધ્ય દર્દી જ બની રહેવું હોય તો તેમનું તેઓ જાણે! તેમના ભ્રામક પ્રચારને બીજા તો સુજ્ઞ–સમજુ સારી રીતના સમજી ગયા છે, સત્યના અર્થી–ખપી આત્માઓને સમજાવી પણ રહ્યા છે તે ય નિર્વિવાદ વાત છે. 'સમજુને શિખામણ જ્ઞાનમાં...' માની પૂર્ણ કરું છું.

–: વિવિધ વાંચનમાંથી :–

❋ અમૃત કણીયા ❋

–પૂ. સા શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

એક સામાયિકથી શું લાભ થાય?

એક સામાયિકનું મૂલ્ય શાસ્ત્રકારોએ કેટલું ગણ્યું છે, તે જુવો! એક મનુષ્ય રોજ લાખ ખાંડીનું સોનાનું દાન દે અને બીજો મનુષ્ય રોજ સામાયિક કરે તો દાન દેનારો તેની બરોબરી ના કરી શકે. લાખ ખાંડીના ૨૦ લાખ મણ થાય. ૨૦ લાખ મણના ૮ કોડ શેર થાય. ૮ કોડ શેરના ૩૨૦ કોડ તોલા થાય. એક તોલાનો ભાવ ૧૦૦ રૂા. ગણીએ તો પણ તેની કિંમત રૂા. ૩૨૦ અબજ રૂા. જેટલી થાય. એક અબજની સંખ્યા કેટલી મોટી છે તે દર્શાવવા વર્તમાનકાળના ગણિત શાસ્ત્રીઓએ નીચેનો દાખલો આપ્યો છે.

ધારો કે કોઈ કંપનીમાં ૧ અબજ રૂા.ની મૂડી છે. હવે તે કંપની સારી રીતે ચાલતી નથી અને ખોટમાં કામ કરે છે. તો રોજના ૧૦૦૦ રૂા. ગુમાવે તો પણ એ મૂડી પૂરી થતાં ૨૧૦૦ વર્ષથી વધારે સમય લાગે. આવા ૩૨૦ અબજ રૂા. કરતાં પણ એક સામાયિકનું મૂલ્ય વધારે છે. કહેવાનો આશય એ છે કે તેનું મૂલ્ય આ જગતના કોઇ પણ પાર્થિવ પદાર્થથી આંકી શકાય તેમ નથી. આપણને સામાયિકની સામગ્રી મળી છે, એ આપણા અહોભાગ્ય છે. દેવોને સામાયિકની સામગ્રી મળતી નથી.

નારકીના જીવોને પણ સામાયિકની સામગ્રી મળતી નથી. અને તિર્યંચોને પણ સામાયિકની સામગ્રી મળતી નથી. (પ્રાયઃ દુર્લભ છે.)

❋ ❋ ❋

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૧૦] —શ્રી રાજુભાઈ પંડિત

૧૦ સૌભાગ્યનું દુર્ભાગ્ય. [વસુદેવનો અગન પથ પ્રવેશ]

" વડિલજનોની પાસે ઉપાલંભ પામતા માણસનું શરમજનક જીવન મૃત્યુ પામે તે જ વધુ શ્રેયસ્કર છે. તેથી દુર્ગુણોનો ભંડાર જેવો આ વસુદેવ ચિતાની ચેહમાં (આગમાં) પોતાની જાતે જ પ્રવેશી ચૂકયો છે. "

જરાસંધના સૈન્ય બળથી મથુરા નરેશ પોતાના જ પિતા ઉગ્રસેનને યુદ્ધમાં હરાવીને, જીવતા પકડી લઇને કાષ્ટના પાંજરામાં પૂરીને કંસે કેદ કર્યા છે.

આ બાજુ શૌરીપુરીમાં સમુદ્રવિજય રાજા પ્રજા સાથે સુખ ચેનના દિવસો વીતાવી રહ્યા છે. સુખમય સમય વીતી રહ્યો છે.

અને... એક દિવસ નગરજનોએ આવીને સમુદ્રવિજય રાજાને વિનંતી કરી કે– "હે ધરાનાથ ! તમે અમારા સ્વામી હોવા છતાં પણ અમે દુઃખી છીએ. રૂપથી કામદેવ જેવા વસુદેવની પાછળ ચિત્તથી ખેંચાઇ ગયેલી અમારી સ્ત્રીઓ ઘર છોડી છોડીને શૌરી= વસુદેવની પાછળ પાછળ જ ફર્યા કરે છે. પત્નીથી મળનારી શુશ્રુષા હમણાં હે પ્રભો ! અમારા માટે રહી શકી નથી "

નગરજનોની આ વિનંતી સાંભળીને પ્રીતિપૂર્વક સાંત્વન આપીને નગરજનોનું રાજાએ વિસર્જન કર્યુ. પછી વસુદેવને એકાંતમાં બોલાવીને કહ્યું કે-" વત્સ ! તુ નગરમાં સ્વચ્છંદ ચર્યા કર્યા કરવાથી કેટલો બધો દુબળો પડી ગયો છે. માટે રાજમહેલમાં જ રહ્યો રહ્યો તું કલાભ્યાસ કર. અને સર્વે કલામાં પારંગત બન."

વડિલબંધુ રાજા સમુદ્રવિજયની આ આજ્ઞા શિરોધાર્ય કરીને શૌરિ–વસુદેવ નગરમાં ફરવાનું બંધ કરી હવે રાજમહેલમાં જ રહ્યા રહ્યા કળાભ્યાસ કરવા લાગ્યા. આમને આમ થોડો વખત વીતી ગયો.

પણ... પણ એક દિવસ અંતઃપુરમાંથી અત્યંત સુગંધદાર અંગરાગના વિલેપનનો કચોળો લઇને આવતી એક દાસીને વસુદેવે જોઇ. અને મશ્કરી કરતાં જ તેના હાથમાંથી તે કચોળો વસુદેવે ઝુંટવી લીધો. આથી ક્રોધ અને આક્ષેપ કરતી દાસીએ વસુદેવને કહ્યું "અત્યંત સુગંધદાર આ અંગરાગના વિલેપનનો કચોળો શિવાદેવીએ સમુદ્રવિજય રાજા માટે પ્રેમથી મોકલ્યો છે તે તમે કેમ ઝુંટવી લો છો કુમાર ! તમને રાજાએ અહીં રાજમહેલમાં નજર કેદ કર્યા છે તેને જ લાયક છો તમે તો. સિંહનું બચ્ચુ એમને એમ

પાંજરામાં નથી પૂરાતું પણ તેના હરકત કરતાં અવિનયભર્યા વર્તનથી જ પૂરાય છે, સમજ્યા કુમાર !"

આ સાંભળતાં જ વસુદેવે દાસીને સર્વ વૃતાંત પૂછતાં તેણે નગરજનોની ફરિયાદથી માંડીને તેમના રાજમહેલના રોધ સુધીની બધી હકિકત કહી સંભળાવી. અને તે હકિકત સાંભળતા જ કુમાર વસુદેવ દુઃખી દુઃખી થઈ ગયા. આ આઘાતમાં ને આઘાતમાં દિવસ તો તેમણે કેમે કરીને પસાર કરી દીધો. પણ હવે રાત પડી.

આખી શૌરીપુરી, રાજમહેલ, બધાં જ રાત્રિની નિદ્રામાં પોઢી રહ્યા છે. કુમાર વસુદેવના કાળજે જાગતો અજંપો સળવળાટ કરીને સુખની નિદ્રા ઝુંટવી ગયો હતો. જોકે કુમારને તો રાત્રિની જલ્દી આવવાની પ્રતીક્ષા જ હતી. જે નગરીના નગરજનોની વિનંતીએ પોતાને રાજમહેલનો નજરકેદી બનાવ્યો હતો, પોતાના કામદેવ જેવા રૂપની પાછળ પાગલ બનીને પાછળ પાછળ આવતી નગર સ્ત્રી, યુવતીઓના પાગલપને નગર ભ્રમણ ઉપર પ્રતિબંધ મૂકાવ્યો હતો, હવે ત્યાં રહેવું એક પળ પણ ઉચિત ન હતું તેમ વિચારીને દિવસનો સમય કાપતા–કાપતા રાત્રિનો ઇન્તજાર કરનાર કુમાર વસુદેવને રાત્રિ મળી ગઇ. રાત્રિના ઝાંખા પ્રકાશ તથા અંધકારનો લાભ ઉઠાવીને કુમાર એકલા જ પહેર્યા કપડે રાજમહેલમાંથી કોઇને ખબર ન પડે તેમ નીકળી ગયા, રાજઆંગણને છોડતા છોડતા ચાલ્યા આવતા કુમારે રાજનગરને પણ તજી દીધુ અને કયાંક અજ્ઞાત સ્થળે ચાલ્યા ગયા.

આ બાજુ સવાર થતાં કુમાર રાજભવનમાં ન દેખાતા શોધખોળ શરૂ થઇ. રાજા, રાણી અંતઃપુર, નગરજનો સહિત આખી નગરી કુમારના અચાનક ગુમ થવા પાછળ બેબાકળા બની ગયા. શોધ ખોળ કરતા કરતાં નગરીના પૂર્વદ્વાર તરફ આવી ચડેલા કરકે એક ન કલ્પેલું દશ્ય જોયુ. બળી ગયેલા માણસનું ત્યાં શરીર પડયુ હતુ. અને ભસ્મની રાશિ રાખની ઢગલી પવનના સૂસવાટે ઉડી રહેલી જોઇ વધુ તપાસ કરતાં પૂર્વદ્વારના શેરીના કરવાજા ઉપર લટકતો એક પત્ર જોયો. કુમાર વસુદેવના તેમાં હસ્તાક્ષરો હતા. શોકથી કરેક ગમગીન હતા. તેમાં ય રાજા સમુદ્રવિજયનો શોક અકથ્ય હતો. શોકની વેદનાથી વલોવાઇ ગયેલા રાજા સમુદ્રવિજયે પોતેજ શોકભર્યા હૈયે તે પત્ર ઉંચા સ્વરે વાંચ્યો. તેમાં લખ્યુ હતું કે–

"તેવાના શરમજનક જીવનનું મૃત્યુ જ શ્રેયસ્કર છે કે જે પુરૂષ વડિલો આગળ ઉપાલંભને પાત્ર છે. તેથી વડિલો માટે દુર્ભાણ્ણો ના ભાર જેવો આ શૌરિ ઉદ્વેગ પામીને અહીં જાતેજ ચિતા રચીને અગ્નિમાં પ્રવેશ્યો છે."

આટલું વાંચતા વાંચતા જ રાજા સમુદ્રવિજય ભાઇના અગ્નિમૃત્યુના સમાચારથી

મુર્ચ્છા ખાઇને ઢળી પડયા. ભાઇનું મૃત્યું જાણીને ભાઇની ધીરજ ક્યાં સુધી ટકી શકે ? શીતલ-ચંદન જળના ઉપચારથી મૂર્ચ્છા દૂર કરવામાં આવી ત્યારે ચૈતન્ય પામેલા રાજા સમુદ્રવિજય વિલાપ કરતા બોલતા રહ્યા કે- " હા ! વત્સ ! હે ગુરૂવત્સલ ! અમને અઢળક શોકમાં નાંખીને તું આવી દશા કેમ પામ્યો ? "

નગરજનો પણ આખરે તો શોકથી વિધુર જ હતા. પ્રબળ ભાગ્યથી પ્રાપ્ત થયેલા વસુદેવ કુમારના કામદેવ જેવા રૂપ સૌભાગ્યને સંભારતા ઠરેક નગરજનો પણ આક્રંદ કરવા લાગ્યા. આ બાજુ માતા સુભદ્રાને કુમાર વસુદેવના અગ્નિ પ્રવેશ મૃત્યુના સમાચાર મળતાં જ છાતીફાટ રૂદન કરવા લાગ્યા. તેમના પ્રાણને હરી લે તેવું તે માતૃ-રૂદન હતુ. [આખી નગરી માનો ને મોહાધીન હતી.]

આખરે બધાં પૂર્વ દિશાઓથી જ પોત પોતાના મકામ ભણી શોક મગ્ન ગમગીન દશામાં પાછા ફર્યા. જે ગીતશાળાઓ ગીતોથી સુમધુર અવાજ કરતી હતી ત્યાં હવે ગીતો ગવાતા બંધ થયા, વસુદેવના મરણ શોકે શરદ ઋતુમાં પણ સમુદ્રવિજય રાજાને ક્રીડાથી વિમુખ બનાવ્યા, વસન્તઋતુ કે જે ઉપવનોની લીલી હરિયાળીમાં રાજાઓ પસાર કરતા રહ્યા છે, સમુદ્રવિજય રાજા મહેલના ખૂણામાં જ રહ્યા રહ્યા દીન લોચનવાળા તે પ્રિય ભ્રાતા વસુદેવ કુમારને સંભારતા રડતા જ રહ્યા. ઋતુઓતો આવી આવીને ચાલી ગઈ પણ રાજાનો શોક કેમે ય દૂર ના થયો તે ના જ થયો. શોકમાને શોકમાં પાંચ-પચીશ નહિ પણ સેંકડો વર્ષોના વ્હાણા વાઇ ગયા.

(કુમાર વસુદેવે પૂર્વ ભવમાં કરેલા ધર્મારાધન સાટે રૂપ સૌભાગ્યનું નિયાણું કર્યું હતું. ધર્મ પાસે સંસારના સુખની લાલસાથી માંગીને મેળવેલું રૂપ સૌભાગ્યાદીનું સુખ એ પુન્યોદય જરૂર છે પણ આખરે તો તે પાપનુબંધી જ પુન્યોદય છે. પાપ બંધાવનારા પુન્યને કોઇ ઇચ્છે ભલા) (ક્રમશઃ)

અનુમોદનીય- અનુકરણીય

બાળ મુમુક્ષુ ભાગ્યેશકુમાર દિપકભાઇ શાહ (ઉ. વર્ષ ૭॥) લોચ કરાવી કાય કલેશ તપનું અનુમોદનીય, અનુકરણીય આચરણ કરેલ.

પાટણ નગીનદાસ પૌષધશાળામાં બીરાજમાન પૂ. મુનિરાજ શ્રી તત્વરત્ન વિ. મ. તથા પૂ. મુનિરાજ શ્રી હિતરત્ન વિ. મ. આ બાળકના કાકા મહારાજે થાય છે, તેઓ શ્રીની નિશ્રામાં વેકેશનનો સમય પોતાના ગામમાં વીતાવી રહેલ આ બાળકને એકાએક કોઇક ધન્ય પળે મારે લોચ કરાવવો છે. એવી ભાવના થઇ. જીદ કરીને ઉભા ઉભા લોચની સામગ્રી તૈયાર કરાવી ખુબ ઉલ્લાસ પૂર્વક અને ઉમંગ ભેર લોચ કરાવેલ

તો બાળક શ્રાવક તેમજ તેના માતા પિતાને પણ ધન્યવાદ છે.

ચારસોમી સ્વર્ગતિથિ અંગે

૧૭ મી સદીના અજોડ જ્યોતિર્ધર મહાવિદ્વાન
પૂ. મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી મ. સા. ની

卐 સંક્ષિપ્ત જીવન સૌરભ 卐

વિ. સંવત ૧૫૭૯ ની આ બીના છે.

ઉત્તર ગુજરાતના વિજાપુર પાસે લાડોલ ગામમાં શાસન સંરક્ષક શાસનપ્રાણ સમાન શાસનધાર પૂજ્ય મહામહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી મ. સાહેબનો જન્મ થયો હતો. તે ભૂમિનું ખમીર અને ખુમારી બાલવયથી જ તેમના લલાટે ઝળહળતી હતી.

આજીવન વિગઇના ત્યાગી, પૂ. જીવર્ષીગણીના ઉપદેશની અસરથી યૌવનવયમાં જ વૈરાગ્યપામી તપાગચ્છાધિપતિ પૂ. આનંદવિમલ સૂરીશ્વરજી મ.સા. એ પોતાના વરદ હસ્તે શિષ્ય રોઢ પ્રતાપી પૂ. આચાર્ય વૃદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા. ના નામે દીક્ષા વડીદીક્ષા અર્પણ કરેલ.

વિનય વૈયાવચ્ચ અને સેવાના ગુણોથી મઘમઘતા પૂ. ધર્મસાગરજી મ.સા.ના વિદ્યાગુરૂ પૂજ્યપાદ આ. ભ. શ્રી વિજયદાન સૂરીશ્વરજી મ.સા. હતાં, જેઓએ સકળ પંચાંગી આગમ શાસ્ત્રનું અધ્યયન કરાવ્યું હતું.

વિશેષ અધ્યયન માટે તેઓશ્રી અને હીરહર્ષ (જગદ્‌ગુરૂ) તથા રાજવિમલની સાથે દેવગિરિ પધાર્યા હતાં સાગર જેવા ગંભીર અને સૂર્ય જેવા પ્રતાપી પોતે પહેલેથી જ સિંહ જેવ. નિડર હતાં, શાસનનો અવિહડરાગ તેઓશ્રીના રોમરોમમાં ઝગારા મારી રહ્યો હતો.

શાસન--શાસ્ત્ર કે સમાચારિ વિરૂદ્ધ પ્રરૂપણા કે આચરણાનો તેઓશ્રી શાસ્ત્ર પાઠો આપવા સાથે જડબાતોડ જવાબ આપતા.

સોળમ સદીમાં જગદ્‌ગુરૂ પૂ. હીરસૂરિજી મ.સા. પૂ. આ. સેનસૂરિજી મ.સા. પૂ. આ. દેવસૂરિજી મ. સા.ની શોભાને વધાવનાર તરીકે હીર સૌભાગ્ય કાવ્ય વિ.માં **"કવિના બુધેન સંનિધ સંસ્થિતભાજા"** દ્વારા તેઓશ્રીને બિરૂદાવ્યા છે. જેઓશ્રીએ (૧) પ્રવચનપરીક્ષા (૨) સર્વજ્ઞશતક (૩) સૂત્ર વ્યાખ્યાનવિધિશતક (૪) પર્યુષણા કશશતક (૫) કલ્પકિરણાવલી (૬) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિટીકા (૭) ધર્મોપદેશિકી ષટ્ ત્રિંશિકા (૮) ઔષ્ટીક મતોત્સૂત્ર દીપિકા (૯) ધર્મતત્ત્વવિચાર (૧૦) તપાગચ્છપટ્ટાવલી (૧૧) નયચક્રટીકા (૧૨) ઔષ્ટીકમતોત્સૂત્રોદ્ઘાટન કુલક (૧૩) ગુરૂપરિપાટીસટીક (૧૪) મહાવીર

વિજ્ઞપ્તિદ્વાત્રિંશિકા સટીક (૧૫) વીરજિન સ્તોત્રાવચૂરિ, (૧૬) ષોડસશ્લોક (૧૭) નવનિ-હવી સટીક (૧૮) વીરજિનસ્તોત્ર,

આદિ નય નિક્ષેપાથી પૂર્ણ વિદ્વદ્ભોગ્ય ગ્રંથરત્નોનું નવસર્જન કરી, શાસનની અણમોલ સેવા કરેલ.

તેમાંના સર્વજ્ઞશતક ગ્રંથરત્નનું માંડવગઢમાં બાદશાહ જહાંગિરે તથા અમદાવાદમાં પ્રવચનપરીક્ષા મહાગ્રંથનું પૂ. આ. સેનસૂરિજી મ. સા.ની નિશ્રામાં મોગલસુબાખાને સં. ૧૬૪૨ માં શાહી વાજંત્રોના નાદ સાથે શાહી ગજેન્દ્ર ઉપર સુવર્ણમયી અંબાડીમાં સ્થાપન કરી બહુમાન કરેલ

ગુણી ગુણીષુ મત્સરિ એ ન્યાયે સ્વ તથા પરગચ્છીઓ શાસન જ્યોતિર્ધર મહોપાધ્યાયજી ઉપર ઈર્ષ્યાવાળા હોવા છતાં મહોપાધ્યાયજી તપાગચ્છા સમાચારી અને શાસ્ત્રોના ચિંતન મનન અને નિદિધ્યાસનમાં મગ્ન રહેતા.

૧૬૧૮ માં લબ્ધિસાગરજી વિ. પંદરને મહા મહોત્સવપૂર્વક દીક્ષા આપી શિષ્ય બનાવેલ. આમ અનેક શિષ્યોનો બહોળો પરિવાર હતો.

પૂજ્યશ્રીના પ્રભાવથી પ્રભાવિત થઇ પૂ. આ. દેવસૂરીશ્વરજી મ. સાહેબે સાતબોલના પટ્ટક દ્વારા પૂજ્યશ્રીનું બહુમાન કરેલ.

જગદ્‌ગુરૂ વિજય હીરસૂરીશ્વરજી મ. સા.ને ગચ્છનાયક પદે બિરાજમાન કરવામાં પૂજ્યશ્રીનો મોટો ફાળો હતો.

તેઓશ્રીને ૧૬૦૨ લગભગ ગણીપણુ, ૧૬૦૮ મહા સુદ પાંચમના નાડલાઇ ગામમાં ઉપાધ્યાયપદ ગચ્છનાયક પૂ. આ. વિજયદાનસૂરીશ્વરજી મ. સા.ના વરદહસ્તે થયેલ.

તેઓશ્રીનો સ્વર્ગવાસ સં. ૧૬૫૩ ના કા. સુ. ૯ ના અંબાત મુકામે થયેલ. જેઓને ૨૦૫૩ ના કા. સુ. ૯ ના રોજ ૪૦૦ વર્ષ પુર્ણ થયા.

તેઓશ્રીના કાળધર્મનો પણ રોમાંચક ઇતિહાસ છે. અગ્નિસંસ્કારના સ્થાને ગાયે આવી દુધની ધારા વડે જગ્યા પવિત્ર કરી હતી તેવું રાસ વિ. દ્વારા જણાય છે.

ધન્ય હો શાસનભડવીર, શાસન જ્યોતિર્ધર વાદિગજ કેશરી.

પૂજ્યપાદ મહોપાધ્યાયજી ધર્મસાગરજી મ.સા.ને અમારા કોટિ કોટિ વંદન નમન, સ્મરણ હો !

પ્રેષક :– આ. અશોક સાગરસૂરિ, C/o. બાબુ અમીચંદ જૈન દેરાસર,
૪૧, રીઝરોડ, તીનબત્તી વાલકેશ્વર, મુંબઇ–૬, ફોન : ૩૬૨૮૭૨૭

અથ શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયનો લખેલો કાગળ

(ક્રમ–૩) (ગતાંકથી ચાલુ)

એમ બાધક નિરાકરીને સાધક વચન દેખાવે છે–શ્રી ભગવતીસૂત્ર મધ્યે સીહે અણગારે શ્રી મહાવીરને સ્પષ્ટ આહાર પાણી આણી આપ્યેા છે. તથા ખંદારે અધિકારે કહ્યો છે. 'તેણં કાણેણં તેણં સમયેણં સમણે ભગવં મહાવીરે વિયટ્ટ ભોઇઆ વિહોચ્છા' ઇહાં વિયટ્ટ ભોઇ શબ્દરેા એ અર્થ છે–'વ્યાવૃત્તો સૂર્યે ભુંકતે ઇત્યેવં શીલો વ્યાવૃત્તભોજી, પ્રતિદિન ભોજનત્યર્થઃ' એ અક્ષરથી તેા દિન દિન પ્રતે કવલાહાર કેવલીને આવે. કારણ અભાવે આહાર વિચ્છેદ નથી.

તથા શ્રી સમવાયાંગ મધ્યે ચેાત્રીશ અતિશય કેવલીને કહ્યા છે. તે ચેાત્રીશ તેરમે ગુણઠાણે મિલે. તે મધ્યે આહાર નિહાર વિધિ અદૃશ્ય તે સહજાતિશય મધ્યે કહ્યું. તે વિના તેા તેત્રીશ અતિશય થઇ જાય. તે માટે જેહવેા આહાર–નિહારનેા વિધિ, પૂર્વે હુતેા તેહવેા કહેવેા. તથા છેહેડે ભક્ત છેદ કહ્યું છે. તે પૂર્વે ભક્તવિધિ માન્યા વિના કિમ મલે ? હેામાહાર વિચ્છેદ તેા હુતેા નથી. કેાઈ દિગંબર કહે છે. છેહડે નિયત સમાધિના છે તે પ્રગટ જુઠું. જે માટે સમાધિ કહેતાં ધ્યાન કહે, તે તેા કેવલીને એનું નથી. શુકલ ધ્યાનના બે પાયા ધ્યાયા પછી ધ્યાનાંતર કાંઇ કેવલજ્ઞાન ઉપજે ! બે પાયા રહ્યા છે. તે તેા છેહલે અંતર મુહૂર્તે હેાય. પક્ષ માસાદિમાન ન હેાય. જો કહેશે તાવ દિન માન મૌન કરી બેસે એહ જ સમાધિ. તે તેા પ્રયેાજન શૂન્યતાદૃશ કર્મ કારણ વિના કેમ મનાય ? ખેાટેા અર્થ બનાવી કહ્યું. પણ સાચેા ન પ્રતિભાસે. ઇહાં હેતુ સહસ્ર દેખાડે છે. પણ આપણી મતિમંદપણે હેતૂદાહરણ ન સ્ફૂરે. તેા પણ કેમ સૂત્ર વચન યુક્તિરિક્ત કહીજે ! ઉક્તં ચ શ્રી આવશ્યક નિર્યુક્તૌ–'હે ઊણેાદાહરણાસંભવે વિસઈ સુટ્ઠુજં ન બુજ્ઝિજ્જા સવ્વાન્નુમય વિતહતહાવિ તં ચિંત એમએનંતિ.'

કેવલી કેવલ વ્યવહારે સ્વયં ભિક્ષા કરે. તિહાં અંતરાય ન હેાએ. ઉક્તં ચ વિશેષાવશ્યકે–'દીત્તસ્સ લભંતસ્સ બહુજંતસ્સ વ જિણસ્સ એસ ગુણેા । ખીણંતરાઇઅત્તો જં સે વિગ્ઘં ણ સંભવ ઇતિ ॥' યતના પૂર્વક છદ્મસ્થાનીત આહાર ગ્રહણ કરે. તે પણ શ્રુત વ્યવહાર પ્રામાણ્યકારી કેવલ વ્યવહાર જ છે. દ્રવ્યે દેાષ તેા દેાષ જ નથી. નહી તેા સમવસરણ મધ્યે શબ્દ, રૂપ, રસ, ગંધ, પ્રવિચારે તે મૈથુનાતિક્રમ હેાઇ જાવે. તે માટે કવલાહાર નિમિત્ત ભિક્ષા વ્યવહારે આગમ વ્યવહારને કિસ્યેા દેાષ ન હેાય.

તથા તુમે લિખ્યેા છે જે એક સમય સિદ્ધ દ્રવ્યને તથા અલેાકાકાશદ્રવ્યને ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય કિમ સધાએ ? તે ઉપર ઉત્પાદ વ્યય બે પ્રકારે કહ્યા છે. એક પ્રાયેાગિક

એક વૈશ્રસિક. તિહાં પ્રાયોગિક પુદ્ગલ જીવ દ્રવ્યને વિષે સ્પષ્ટ જણાએ છે. વૈશ્રસિક તો અનુમાનગમ્ય છે. જિ ઉ 'સર્વક્ષણિકસત્વાન્યથાનુપપત્તેઃ' એ જૈન સાધન છે. સિદ્ધને જ્ઞાનપર્યાય પ્રથમ સમય જે વર્ત્તમાન વિજ્ઞેયાકારોત્પાદ ઇત્યાદિ. દ્વિતીય સમય તન્નાસ તિહાં પ્રાયોગિકારોત્પાદ અતીત જ્ઞેયાકારોત્પાદ ઇત્યાદિ સંભવે. અલોકાસ્તકાસે તત્તત્ સમય સંબંધોત્પાદિ વિનાશ માનવા જ. નહિતર ક્ષણ શંકર થાએ. દ્રવ્યાર્થિક નવ કાલત્રય સંબંધ રૂપ જ સત્તા માને છે. પર્યાયાર્થિક નય મધ્યમ ક્ષણ રૂપ જ સત્તા માને છે. ઉભયમય મીલને ત્રયાત્મક વસ્તુ સિદ્ધ થાએ. અત્ર સંમતિ ગાથા–

"દવ્વં પજ્જવ વિજુયં, દવ્વ વિઉત્તાય પજ્જવા ણત્થિ ।
ઉપ્પાય ઠિઇ ભંગા, હંદિ દવિય લક્ખણં એયં ॥૧॥
તમ્હા મિચ્છાદિટ્ઠી, પત્તેયં દોવિ મૂલનયા ણય ।
તહ ઉ અત્થિણ ઉણય સમત્તં ણ ત્તેસુ પડિપુન્નં ॥૨॥
એ એ પુણ સગેહઉ પાડિક્કમ લક્ખણું દુવે એહંપિ ।
જેણ દુવે એગંતા વિભજ્જમાણા અણેગંતો ॥૩॥"

અર્થ : દ્રવ્ય, પર્યાયરહિત નથી. પર્યાય, દ્રવ્યરહિત નથી. ઉત્પાદ, સ્થિતિ, ભંગ એ દ્રવ્યલક્ષણં. એ પણ પ્રત્યેક પ્રત્યેકનું લક્ષણ નથી. તે માટે એક એક ગ્રાહી બે મૂલનય મિથ્યાદૃષ્ટિ. ત્રીજો તો નય નથી. તે માટે બેમાં પૂર્ણ સમ્યક્ત્વ નહી ઇમ ન કહેવું. જે માટે એ બે એકાંત સાક્ષાત ભજનાકાંત થકા અનેકાંત એ પ્રક્રિયાએ સર્વ સ્વાભાવિક ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય કહેવા.

'આગાસાઇયાણં તિણ્હં પરપચ્ચ ઉણિયમ્માએ' સંમતિગાથાઃ–પ્રતીકે અકાર પ્રશ્લેષે અનિયમાત. એ પણ વ્યાખ્યાન ટીકાકારે કહ્યું છે. તે માટે પરપ્રત્યય તે પણ કથંચિત સ્વપ્રત્યય કહિયે. યુક્તં ચૈતત્–દ્વયોરેકૈકાનતિરિક્તત્વાદિતિ. અસ્મા કૃતાનેકાંત વ્યવસ્થાયાં આત્માખ્યાતિ માંહિ પણ એ અર્થ સિદ્ધ છે. ઇમ અણુ સ યુક્ત યુક્તિ લૌકિક પ્રદેશાવધિક પરાર્થાદિ સંખ્યા પર્યાયે તત્તદ્વિષયતા પર્યાયે પણ અલોકાકાશ પ્રદેશમાંહિ શુદ્ધ ઉત્પાદ વ્યય વખાણવા. સાપેક્ષ પર્યાય મિથ્યા જ. એ પણ એકાંત નથી, કથંચિત સાપેક્ષં કથંચિત નિરપેક્ષં સર્વમિત્યાદિ વ્યવસ્થિતે. એ રીતે એક સમયે એક દ્રવ્યે ઘણા ઉત્પાદ વ્યય હોવે. તદનુમત તાવત દ્રવ્ય પણ કહેવાં. તથા ચ સંમતિ– 'એગ સમયમ્મિ એગ દવિયસ્સ બહુઆવિહુંતિ અપ્પાયા ઉપ્પાય સમાવિગમા ઠિઇ અઉસ્સગ ઉણિયમા.' અગુરૂલઘુ પર્યાયનું ઉત્પાદ વ્યય એ બે તો સર્વત્ર આજ્ઞા જ છે.

તથા જે લિખ્યો કાલદ્રવ્ય સમયરૂપ શ્વેતાંબર માને છે, તિહાં ઉત્પાદ વ્યય

ધ્રૌવ્ય કેમ સધાય? તે તો ઊભયરૂપ કીજે તદ્દિજ સધાયે. 'પર્યાય અર્પણાએ ઊત્પાદ વ્યય, દ્રવ્યાર્પણાએ ધ્રૌવ્ય ઊભય વિજ્ઞાયે ધર્મ ત્રય' ઊક્ત' ચ શ્રી તત્ત્વાર્થ સૂત્રે- 'અર્પિતાનર્પિત સિદ્ધે' રિતિ. હવે કહેશો તે સમય કિણરે આધારે છે? તો કહિયે જીવાજીવદ્રવ્યને આધારે છે. જીવાજીવ દ્રવ્યરો કાલ તે વર્ત્તનારૂપ પર્યાય છે. દ્રવ્ય નથી તે વર્ત્તનાપર્યાયરા ભાજન છ દ્રવ્ય જીવાજીવ જ છે. તથા ચ સૂત્રં-

''કિમયં ભંતે! કાલેત્તિએ પવુચ્ચઈ? ગોયમા! જીવાજીવેવ. અજીવો ચેવત્તિ' અત એવ પર્યાય દ્રવ્યોપચાર કરી અનંત કાલદ્રવ્ય સૂત્રે ભાખ્યાં. તથા ચ શ્રી ઊત્તરાધ્યયન સૂત્રં-'ધમ્મો અધમ્મો આગાસં દવ્વં ઇક્કિક્ક માહિયં અણંતાણિય દવ્વાણિ કાલો પુગ્ગલ જંતવોત્તિ.' પ્રશમરતિ ગ્રંથ મધ્યે ઊમાસ્વાતિવાચકૈરપ્યુક્ત' 'ધર્માધર્મા-કાશાદ્યૈકૈકમતઃ ત્રિકમનંત' ઇતિ ત્રિકં જીવપુદ્ગલાસ્તિકાયાદ્ધા સમય લક્ષણું.'

કોઈ કહેશે જે અવગાહનાદિ હેતુના ગુણે જિમ આકાશાદિ પ્રથક દ્રવ્ય હોએ, તિમ વર્ત્તના હેતુતા ગુણે કાલ દ્રવ્ય પણ પ્રથક હોઈ કિમ ન જાવે? તેહને કહિયે જે અવગાહના હેતુતાએ અવગાહનાઘનાશ્રય દ્રવ્ય કલ્પિયે, તિમ વર્ત્તના હેતુતાએ વર્ત્તમાનાશ્રય દ્રવ્ય કલ્પાયે, તે તો નથી. અવૃત્ત દ્રવ્ય શશશૃંગ પ્રાય છે. તે માટે ધર્મ-કલ્પનાતો ધર્મ કલ્પના લઘીયસીતિ ન્યાયે કાલ તે જીવાજીવ પર્યાય જ યુક્ત. એ અસ્મત્કૃત સિદ્ધાંતતર્ક પરિષ્કાર ન્યાયાલોકાદિ ગ્રંથ પ્રસિદ્ધ છે. જે દ્વિગંબર મંદગતિ પરમાણુને જે આકાશપ્રદેશ વ્યાપ્તિ ક્રમણ તદવચ્છિન્ન પર્યાય સમય તદનુરૂપ દ્રવ્ય સમયાણુ લોકાકાશ પ્રદેશ પ્રમાણ રત્નરાસિ સમય કહે છે. તેણે પ્રદેશ વ્યતિક્રમણાવચ્છિન્ન દ્વિગૂ દ્રવ્યાણુ પણ કેમ ન માનવાં. તાદશ આગમ નથી તો આગમ જઈને આગમ પ્રમાણ કરવો; તો પહિલાં કિમ ના કરીએ? તે આગમ તો જીવાજીવાત્મક કાલપ્રતિપાદક દેખાડયો છે. કાલ પરત્વાપરત્વ નિમિત્ત જિમ કાલ તિમ દેશિક પરત્વાપરત્વ નિમિત્ત દ્વિગૂદ્રવ્ય પણ તાંત્રિક પ્રસિદ્ધ જ છે. હવે કહેશો દ્રવ્યશક્તિ વૈચિત્ર્યઇદ્દિકાર્યહેતુતા અને અવગાહના હેતુતા આકાશ દ્રવ્યને જ કલ્પિયે છે. લાઘવાત તથા ચ ગંધહસ્તીદ્ધાત્રિંશકાયાં.-'આકાશમવ-ગાહાય તદનન્યદ્વિગન્યથેતિ.

તો સ્વગુણકારી જીવાજીવ દ્રવ્યને જ વર્ત્તના હેતુતા કલ્પતાં કોણ નિવારે? જિહાં સહાય આગમ બલિઉ છે. બીજું મંદગતિ અણુ સંક્રમાનુસારે કાલાણુ કલ્પિએ તો મંદ પરમાવગાહનાઘનુસારે આકાશાદિ અણુઓ પણ કલ્પ્યા જોઇએ. સાધારણાવ-ગાહનાદિ હેતુતાએ આકાશાદિ સ્કંધ કલ્પનોત્તર તદણુકલ્પના જો સ્કંધ જહ વૃત્તિ પ્રદેશ કલ્પના પર્યવસન્ન હોએ તો એ કાલદ્રવ્યે પણ સમાન સાધારણ વર્ત્તનાનુસારે એક કાલ

સ્કંધ આવે. પછી તત પ્રદેશ આવે. સિદ્ધાંત વિરોધથી જો એ કલ્પના કરવી તો ઊકત સિધ્ધાંત યુકિત સિધ્ધાંત માનો. જે મતાંતરે મનુષ્ય ક્ષેત્ર કાલમાન દ્રવ્ય કહ્યું છે, તે જ્યોતિષચક્ર ચાર વ્યાપક વર્તના પર્યાય સમૂહને વિષે દ્રવ્યનો ઊપચાર કરીને. ઊકત ચ નયચકે 'પર્યાય દ્રવ્યોપચાર' ઇતિ. એ બે મત શ્રી હરિભદ્રસૂરિકૃત ધર્મસંગ્રહણી મધ્યે છે. તથા ચ તત્પાઠઃ

'જં વત્તણાદિરૂવો કાલો દેવસ્સ ચેવ પજ્જાવો; ।
સો ચેવ તતો ધમ્મો, કાલસ્સ વજ્જસ્સ જે લોએ તિ ॥૧॥'

અર્થ :– જં કેo જે કારણ માટે વર્તનાદિ રૂપ કાલ જ છે, તે દ્રવ્યનો જ પર્યાય છે. તતઃ કેo તે માટે સો ચેવ કેo તે વર્તનારૂપ પર્યાય જ કાલધર્મ કહિયે. અથવા કાલ જે લોએ કેo મનુષ્યક્ષેત્રમાંહિ જ્યોતિશ્ચારાભિવ્યંગ્ય છે. તેહનો ધર્મ તે કાલ, ઇહાં કાલ દ્રવ્ય તે પર્યાયને જ કહ્યું. એ દ્રવ્ય અનપેક્ષિત છે. પૃથિવ્યાદિ સમૂહ રૂપ એક રાજગૃહ નગર સમાન તે પરમાર્થિક દ્રવ્ય નથી પણ કહેવા રૂપ છે. અત એવ 'કાલશ્ચેકે' એ તત્ત્વાર્થ સૂત્રે, એ મતે કાલદ્રવ્ય કહ્યું. તે અનપેક્ષિત દ્રવ્યાર્થિક બે પ્રકારે વૃત્તિકારે જોડયું છે. અત એવ અનાદિ ઊપચારે કાલદ્રવ્ય લેઇને સૂત્રે ષટ ષટ દ્રવ્ય કહ્યાં છે; તે માટે સૂક્ષ્મ પર્યાય સમયમાં ઊત્પાદ વ્યય તે પ્રથમાદિ ભાવે સહજ હોએ. સમયક્ષેત્રાધારાંશ જીવાજીવ તેહ જ દ્રવ્ય; ધમ રૂપ ત્રય ભાવના કરવી. એ અતિ સૂક્ષ્મ અર્થ છે. દ્રવ્યગુણ પર્યાય રાસ મધ્યે અમે વખાણ્યો છે. તેમજ સદ્દહવો. એમ જે કાલ દ્રવ્યના અણુ દેખાડે છે; તેહને ગલે ત્રિગ દ્રવ્યના અણુઆ પણ પડે.

(ક્રમશઃ)

: શાસન સમાચાર :

રાંધેજા–(જી. ગાંધીનગર) અત્રેથી સુમતિનાથ સ્વામી પ્રાસાદે પૂ. આ. શ્રી જયકુંજરસૂરીશ્વરજી મ. સા., પૂ. આ. શ્રી મુક્તિપ્રભસૂરીશ્વરજી મ. સા., પૂ. આ. શ્રી ગુણશીલસૂરીશ્વરજી મ. સા. આદિની શુભ નિશ્રામાં મૂળનાયક ભગવાનની ૩૮ મી વર્ષ ગાંઠ જેઠ સુદ–૬ ના ભવ્ય રીતે ઉજવાઇ. આ જ દિવસે અઢાર અભિષેક મૂળનાયક ભગવાનના પરિકરની પ્રતિષ્ઠા તથા પૂ. આ. શ્રી મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની ગુરૂ-મૂર્તિ તેમજ પાદુકાની પ્રતિષ્ઠા થયેલ જીવદયાની ટીપ સુંદર થવા પામી, પ્રતિષ્ઠા બાદ લાડુ, કેણી તથા બે રૂપિયાની પ્રભાવના થયેલ. સંઘ જમણ કનુભાઇ તરફથી થયેલ. વિધિ વિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલે સુંદર રીતે કરાવેલ.

ઇસ્વી સન્ ૧૯૪૭ પહેલાં (આઝાદી પહેલાના)

રાજા–મહારાજાઓના સમયે કેશરીયાજી તીર્થ શ્વેતાંબરોનું છે એવો આવેલો ન્યાય

પ્રસ્તુતકર્તા–ઉદયચંદજી હ. મહેતા C/o. ગરિમા ટેક્સટાઇલ,

[ક્રમાંક : ૩] ૨૦ બિરલોંકાવાસ, પાલી–મારવાડ–૩૦૬૪૦૧ (રાજસ્થાન)

દિગમ્બરોની ડીરેક્ટરી જે દિગંબરોના પરમ શ્રદ્ધાવાન શ્રીમાન માણેકચંદ પાનાચંદજીએ છપાવેલ છે અને તેમાં મંદિરોનું લિસ્ટ મોટા વિસ્તારથી આપેલ છે એમાં જોતા માલૂમ થાય છે કે એક પણ સ્થાનમાં દિગંબરોનું મંદિર બાવન જિનાલયનું નથી હોતુ અને કોઇ પણ સ્થાનમાં હમણાં પણ દિગંબર મંદિર બાવન જિનાલયવાલું નથી અને થતું પણ નથી અને શ્વેતાંબરોમાં તો સૈંકડો મંદિર બાવન જિનાલયના છે. અને હોય પણ છે. એમાં આમ છે કે દિગંબર અને શ્વેતાંબર બન્ને જ નંદીશ્વર દ્વીપમાં પર જિનાલય માને છે. એની યાકગિરિમાં બન્ને જ બાવન જિનાલયના મંદિર બનાવી સકે છે. પરંતુ દિગંબર લોગ નંદીશ્વરની પ્રતિમાને ચક્ષુ હોય છે. એવુ પોતાની નંદી પૂજાના વાઠમાં 'નયન શ્વેત અરૂ શ્યામ' આદિ વચનથી માને છે એમ જણાય છે અને અસલમાં એમને ચક્ષુ માનતા નથી એથી દિગંબર લોગ બાવન જિનાલયનું મંદિર નથી બનાવતા નથી તો એથી સ્પષ્ટ જણાય છે કે આ બાવન જિનાલયવાલા તીર્થ શ્વેતાંબરોના જ છે.

દિગંબરોનું આ કથન છે કે અહીં કોઇ પણ મૂર્તિ પર ચક્ષુ લગાડવામાં નથી આવતાં આથી આ તીર્થ દિગમ્બરી હોવું જોઇયે. પરંતુ શું કેવલ ચક્ષુ જ લગાડવામાં આવે અને આંગી વગેરે પહેરાવામાં આવે તો તમને વાંધો નથી. જો આંગી મુગુટ આદિ પહેરાવાથી વાંધો નથી તો પછી ચક્ષુથી શું વાંધો છે ! જો માનવામાં આવે કે તીર્થ ક્ષેત્ર અતિશયવાલું હોવાથી આંગી વગેરેના આરોપનો વાંધો નથી તો એવા બીજા ઘણાં અતિશય ક્ષેત્ર દિગંબરોંના છે પરંતુ કોઇપણ અતિશય ક્ષેત્રમાં એવી આંગી આદિનું કાર્ય થતું નથી તો તેથી સાબિત થાય છે કે આતીર્થને હજમ કરવા માટે જ દિગંબરોંએ અતિશય ક્ષેત્રનું બહાનું લીધું છે. અને જો અતિશય ક્ષેત્ર હોય તો ધર્મની આબાદી થવી જોઇયે ન કે ધર્મથી વિરૂદ્ધ થઇને ધર્મને નુકશાન થાય એવું બને.

આથી આ તીર્થ શ્વેતાંબરોના સૈંકડો તીર્થની જેમ આંગી આદિ ચઢવાથી શ્વેતાંબરી જ સાબિત થાય છે. આ વાત પણ ખોજ કરવાથી મલી છે કે શ્રી કેશરીયાજી ના ભંડારમાં શેઠજી તરફથી આપેલ ઘણાં કિંમતી ચક્ષુની જોડ છે. પરંતુ દેસાસરની તે

ગર્મી વાલી સ્થિતિ કેશરની ગરમી સાથે રોશનીની ગરમી અને જાત્રાલુઓની વધારે 'સંખ્યા હોવાથી' ગરમી થાય છે. આથી રાલ પલડી જાય છે. અને વારે ચક્ષુ સરકી જાય છે પછી વારેવારે રાલ કરવી વડે અને ચક્ષુ લગાડવા પડે આ અનુકૂલ ન રહેવાથી શ્રી કેશરીયાજીને ચક્ષુ લગાડવામાં આવતાં નથી, અને મૂલનાયકજી ઉપર ચક્ષુ લગાડયા વગર બીજા ભગવાન ને ચક્ષુ લગાડવા વ્યાજબી ન હોવાથી બીજા ભગવાનને પણ ચક્ષુ લગાડવામાં આવતાં નથી. શ્વેતાંબરોનું કથન છે કે જો આ કારણ ન હોત તો અમો મુકુટ, કુંડલ અને આંગી લગાડીયે અને ચક્ષુ કેમ ન લગાડીયે. એટલે દિગંબરોના રોકટોકથી અહીં ચક્ષુ લગાડતાં નથી એવું નથી. શ્વેતાંબરોનું આ કથન વ્યાજબી લાગે છે.

કારણ કે દિગંબરો ને તો જેમ ચક્ષુનો વિરોધ છે તેમજ બધાંનોજ આભૂષણોંનો અને સર્વાંગ પૂજનાદિનો પણ વિરોધ છે તો પછી તેમના વિરોધથી જ ચક્ષુ ન લગાડયા હોત તો આંગી આદિ પણ બધું અટકી જીત આથી આ ચક્ષુ ન લગાડવા શ્વેતાંબરોની ઇચ્છાથી જ છે. કોઇના રોકટોકથી નથી, અને શ્વેતાંબરોજ અહીં કાર્ય કર્તા છે તો પછી એમને ચક્ષુ લગાડતાં કોઈ રોકનાર નથી, અર્થાત ચક્ષુ નથી લગાડતાં આથી આ તીર્થ દિગંબરોનું છે દિગંબરોનું આ કથન એકદમ ખોટું છે.

આ વાત પણ આ તીર્થ ને શ્વેતાંબરી સાબેત કરે છે કે ભગવાનની સામે મરૂદેવામાતાની મૂર્તિ છે, કારણ કે શ્વેતાંબરોનાજ શ્રી ઋષભદેવ સ્વામીના મંદિરોંમાં શ્રી મરૂદેવાજીની મૂર્તિ હોય છે. દિગંબરના કોઇ પણ ઋષભદેવજી ના મંદિરમાં શ્રી મરૂદેવાજીની મૂર્તિ નથી હોતી. આનું કારણ એ છે કે શ્વેતાંબર લોગોના ધર્મમાં સ્ત્રીને મોક્ષ માનેલો છે અને દિગંબર લોગ સ્ત્રીયોને મોક્ષ નથી માનતા આટલું જ નહીં પરંતુ શ્વેતાંબર મરૂદેવાજીને શ્રી ભગવાનની સમવસરણાદિ ઋદ્ધિ જોતા હાથી પર બેઠે-લાને કેવલજ્ઞાન અને મોક્ષ થવાનું માને છે અને દિગંબર મરૂદેવાજીને કેવલજ્ઞાન અને મોક્ષ નથી માનતા એવી સ્થિતિમાં શ્રી મરૂદેવાજીની મૂર્તિ ભગવાનની સામે હાથી પર થવી શ્વેતાંબરોના ધર્મથી જ થઇ સકે છે. આથી આ તીર્થ શ્વેતાંબરે નુ જ સાબેત થાય છે.

જે જગ્યાએ પ્રતિષ્ઠા માટે મુહૂર્તની દેરીના કારણે ભગવાન વિરાજમાન કરાય છે ત્યાં પણ દિગંબર મતના હિસાબે ચાલવાનું ફરવાનું ન થાય માટે વેદિકા કરવામાં આવે છે, તો પછી ખુદ ભગવાને કેશરીયાનાથજી જયાં પ્રગટ થયાં છે ત્યાં તો સ્થાનની જરૂરત પૂરે પૂરી હતી. પરંતુ તે પણ સ્થાન શ્વેતાંબરોનું જ છે કેમકે સં. ૧૮૭૩ ની સાલમાં પાદુકા શ્વેતાંબરો તરફથી શ્રી જિનેન્દ્રસૂરિજી પ્રતિષ્ઠિત આજે પણ ત્યાં વિરાજિત છે. આવી જ રીતે જ્યારે દિગંબરોના ભટ્ટારકોની પાદુકા એક ટેકરીપર જુદા સ્થાનમાં

એક મૃત્યુ પછીના સ્મરણ ચિન્હ તરીકે છે. ત્યારે શ્વેતાંબરના ખરતરગચ્છના પ્રસિદ્ધ-દાદા શ્રી જિનદત્ત સૂરિજીની પાદુકા ખુદ શ્રી કેશરીયાનાથજીના જ બગીચામાં વિરાજમાન છે આ બન્ને એટલે કેશરીયાજી અને દાદાજીની પાદુકા પણ તીર્થ સબંધી હોવાથી આ તીર્થનુ શ્વેતાંબરીપનાની સાબિતી આપી રહી છે.

મંદિરના વિષયમાં પણ ઉદયપુરના નગરશેઠો તરફથી અને શ્વેતાંબર સમુદાયના બીજા ગચ્છવાલા શ્રી વિજય સાગરસૂરિજીએ અંજન શલાકા કરાવેલ એક જ વર્ષ, માસ અને તિથિની કેટલીક પ્રતિમાઓ અને શેઠ દયાલશાજી ના મહારાણા રાજસિંહજી ના દિવાન હતા એમની ભરાવેલ પ્રતિમાજે અહીં ક્રમથી સં. ૧૭૫૬ અને ૧૭૨૪ ની આજે પણ વિદ્યમાન છે. આ પણ આ તીર્થને શ્વેતાંબરી હોવાની સાબેતી કરવા માટે પર્યાપ્ત છે, કેમકે આમ તો અધિકારી અને ઋદ્ધિ સંપૂર્ણ આઠમી પોતાના તીર્થ અને પોતાનો અધિકાર ન હોય તેવા સ્થાનમાં પોતાના નામવાલી પ્રતિમા કદી પણ વિરાજમાન કરે નહીં, આથી પણ આ તીર્થ શ્વેતાંબરી સાબિત થાય છે.

અંતમાં શ્રીમાન મહારાણા સાહેબ ૧૦૮ શ્રી ફતેસિંહજીએ નવી આંગી ૨૫૦૦૦૦ ની ભગવાનને અર્પણ કરેલ છે તો આ વાત શ્વેતાંબરીઓનું જ તીર્થ હોવાની સાબિતી કરે છે, આ આંગીનો પહેરાવ અત્યારે કેટલાક રોજથી જ છે એમ નથી, કારણ કે ૧૭૪૨ ના વર્ષમાં આસપુરના શેઠ ભીમસિંહજી સંઘ લઇને આવ્યા એ વખતે પણ તે શેઠે ભગવાનને આંગી કેટલીયવાર કરાવી આથી ફલિત થાયછે કે આ તીર્થ પર સૈકડો વર્ષોથી આંગીનો પહેરાવ છે આમ સાબેત થાય છે. પોતે દિગંબરોએ ડીરેક્ટરીમા પણ આ મંજુર કરેલ છે કે સંવત ૧૭૦૨ થી શ્રી કેશરીયાનાથજીને આંગી પહેરાવાય છે અને ૧૮૪૨ થી ચારો બાજુના દેરાસરોમાં આભૂષણ ચઢાવાય છે, તો આ બધા પ્રમાણોથી નિશ્ચિત થાય છે કે અહીં આંગી નો પહેરાવ અને આભૂષણોનું આરોપણ ૩૦૦ વર્ષ પહેલાનું છે તો આવી સ્થિતિમાં આ તીર્થનું દિગંબર પણું કદી પણ થઇ સકતું નથી આથી નિશ્ચિત થાય છે કે આ તીર્થ શ્વેતાંબરી જ છે.

દિગંબરોના કોઇ પણ તીર્થમાં અન્ય ધર્મની દેવની કોઇ પણ મૂર્તિ નથી હોતી પરંતુ મુખ્ય ભગવાનના મંદિરના મોટા કોટની અંદરજ ચતુર્ભુજજીનું મંદિરની અંદર પણ બંજા દેવની મૂર્તિયા વિદ્યમાન છે, અને શ્વેતાંબરોના તીર્થ સ્થાનમાં કોઇ પણ કારણથી હો પરંતુ બીજા ધર્મના દેવોની મૂર્તિયાં પણ રહે છે. આથી આ તીર્થ શ્વેતાંબરોનું જ નિશ્ચિત થાય છે.

વિશેષમાં આ પણ છે કે કેટલાક શ્વેતાંબર મંદિરોમાં દિગંબર ધર્મની અને

દિગંબર ધર્મના મંદિરોમાં શ્વેતાંબર આમ્નાયની મૂર્તિઓ ભગવાનની તો હોય છે પરંતુ કોઇ પણ દિગંબર મંદિરમાં શ્વેતાંબર આચાર્યની યા શ્વેતાંબર મંદિરમ. દિગંબરના આચાર્યની મૂર્તિ પૂજામાં હોવી સંભવિત નથી, અને જોવામાં પણ નથી આવતી. અને અહીં શ્રી કેશરીયાનાથજીના તીર્થમાં તો ઉદયપુરના નગર શેઠ જે બાફણા કુટુંબના છે અને શેઠ દયાલશાના જે મહારાણા રાજસિંહજીના દિવાન હતાં, એમના ગુરૂની મૂર્તિ પાદુકા અને ત્રિજો શિલાલેખ પણ સંવત ૧૭૫૬ નો હાજિર છે, તો એવી દશામાં આ તીર્થનું દિગંબરપનું કદી થઇ સકતું નથી, એટલે આ તીર્થ શ્વેતાંબરી જ છે એમ સાબિત થાય છે.

આ સ્થાનમાં આ વાત પણ જાણ બહાર ન થવી જોઇયે કે મૂર્તિયોંની સ્થાપના બીજા ઠેકાણેથી લાવીને પણ કરી સકાય છે. પરંતુ પાદુકાની અંજનશલાકા બીજા ઠેકાણે કરીને તે પાદુકાની સ્થાપના બીજા ઠેકાણે થઇ સકતી નથી, તો આ પાદુકા આ તીર્થનું શ્વેતામ્બરપનું જ સાબિત કરે છે.

આ રીતે શ્રી મરૂદેવીજી માતાની પાસે જે ભગવાનની પાદુકા છે તે પણ સંવત ૧૬૮૮ માં શ્રી ભાનુચંદ્ર સિદ્ધિચંદ્ર ના હાથથી પ્રતિષ્ઠિત છે. આ ભાનુચંદ્રજી તે જ છે કે જેઓએ અકબરબાદશાહની પાસે જીવદયાનું અને તીર્થોનું ફરમાન મેલવ્યું હતુ. આ પરથી નિશ્ચિત થાય છે કે આ પાદુકા ભાનુચંદ્રજીએ અહીં ૧૬૮૮ માં પ્રતિષ્ઠિત કરાઇ અને આ મંદિર સંવત ૧૬૮૫ માં પૂર્ણ થયેલ આ વાત શિખર પરના ગજધરના લેખોથી સ્પષ્ટ જણાય છે. એથી નિશ્ચિ થાય છે કે આજ ભાનુચંદ્રજીના ઉપદેશજ શેઠ ભામાશાએ આ મંદિર ૧૬૪૩ માં પ્રતિષ્ઠિત કરાવેલ હોય, શેઠ ભામાશાહના કુલગોરને ત્યાં સ્પષ્ટ લેખ મલે છે કે શેઠ ભામાશાહે ૧૬૪૩ માં શ્રી કેશરીયાનાથજીની પ્રતિષ્ઠા કરાવેલ આ વધારે સંભવિત છે કે મહારાજ ભાનુચંદ્રજી ઉપાધ્યાયજી અને અને અકબર બાદશાહના ફરમાનમાં પણ આ કારણથી આ તીર્થને પ્રવિષ્ટ કરી શ્વેતાંબરોના ફરમાનમાં લીધેલ હોય. આ સ્થિતિમાં દરેકને આ મંજુર કરવું પડે છે કે આ તીર્થ વાસ્તવમાં જ શ્વેતાંબરી છે.

આના સિવાય દિગંબરોંના કોઇ પણ તીર્થમાં કેશર, પુષ્પ આદિ ચઢાવવામાં નથી આવતાં તો પછી તેની ઉછામણી થવાની વાત જ કયાં રહી ? પરંતુ અહીં તો દરરોજ સૈકડો વર્ષોથી ઉંછામણી બોલીને કેશરપુષ્પની પૂજા થાય છે. તો આથી પણ આ તીર્થ શ્વેતાંબરી નિશ્ચિત થાય જે દિગંબર લોગ પોતાના તીર્થમાં કોઇ પણ સ્થાને કદી પણ બીજા ધર્મને માનનારને પૂજારી નથી રાખતા અને અહીં તો સૈકડો વર્ષોથી બીજા ધર્મને માનનાર જ પૂજારી છે. આથી પણ આ તીર્થ શ્વેતાંબરો જ હોવાનું સાબિત થાય છે. (ક્રમશઃ)



પ્યારા ભૂલકાંઓ...

અરે! આ તો ગમી ગયું.

અરે! આ તો મઝાનું છે.

અરે! આ તો મનમાં રમવા લાગ્યું.

અરે! આ તો પ્રથમ નજરે જ વાંચવાનું મન થઇ ગયું.

અરે! આ બાલવાટિકામાં તો અનેક અવનવી નવીનતાઓ એકી સાથે નજરે ચઢે છે.

આવું ઠાલુ ઠાલુ બોલનારા–લખનારા એક બાલુડાને જરા સાંભળો અને વાંચો.

અમારી બાલવાટિકા દર મહિને નવા–નવા સાજ–શણગાર સર્જી, બની–ઠની, તૈયાર થઇને આવે છે. નવી તાજગી લાવનારું લખાણ, અવનવું લખાણ અને સંસ્કાર પોશક લખાણ આપણે સૌ મોકલીએ છે તેને ચટકેદાર બનાવી આપણી બાલવાટિકામાં હરહંમેશ પીરસાય છે. આથી આપણી બાલવાટિકા દિન–પ્રતિદિન આગળને આગળ વધતી જાય છે.

મારા આબાલવૃદ્ધો, આ બાલવાટિકાનું અવશ્યમેવ અવગાહન કરજો, આ આપણી બાલવાટિકા આપણ સૌને જ્ઞાન સાથે ગમ્મત આપશે. બુદ્ધિ સાથે ધર્મ ઉપરની શ્રદ્ધા વધારશે વાર્તા સાથે જૈન ધર્મના પેટાભેદો બતાવશે, કાંઇક આચરણ કરવા યોગ્ય તો કાંઇક જાણવા યોગ્ય પણ બનાવશે.

તાના પ્રકારના લખાણો વાંચવાથી આપણને જૈન ધર્મ તથા દુનિયાભરનું જ્ઞાન થાય છે. મન આનંદની હેલીઓથી ઉભરાય છે. માટે હે ભૂલકાંઓ, આ બાલવાટિકાનું વાંચન તમે કરજો અને સૌને કરાવજો. ઉનાળાની રજાઓમાં જ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કર્યું તે તત્ત્વજ્ઞાન, સૌની જાણમાં આવે તે માટે આપણે સૌ સુંદરાક્ષરે લખી મોકલીએ. હું સંપાદકશ્રીને વિનંતી કરું છું કે અમારા મોકલેલ લખાણો તરત જ અમારી બાલ-વાટિકામાં પેસ કરવા વિનંતી.

અમારી બાલવાટિકા એક ઘટાદાર વડલો છે. – ઃ **શિશુ સુમિત્ર**

ભાઇ શિશુ! તમારા હૃદયોદ્‌ગાર સાંભળ્યા–વાંચ્યા. આનંદ. તમારા સૌના લખાણો મળે છે. મર્યાદાના કારણે બધા બહાર મૂકી શકતો નથી પણ જેટલા વહેલા બને તેટલા વહેલા બહાર પાડવા અવશ્ય લઇશ.

—એજ **રવિશિશુ** C/o. જૈન શાસન કાર્યાલય

– આજનો વિચાર –

અહં રે અહં; તું જાને મરી,
પછી મારામાં બાકી રહે તે હરી.

કહેવતનો રસથાળ

કાગડાને લક્ષમાં રાખીને ઘણી કહેવતો પ્રચલીત થઇ છે.

* કાગડો કહીંથરૂ લઇ ગયો.
* કાગડાની કોટે રત્ન.
* મન મેલા, તન ઉજળા.
  બગલા કપટી અંગ,
  તાકે તો કૌઆ ભલા;
  તન મન એક હી રંગ.
* કાગનું ઉડવું અને તાડનું પડવું.
* કાંગા કુતા કુમાણસા,
  તીન્યું એક નીકાસ
  જ્યાં જ્યાં સેરથાં નીસરૈ,
  ત્યાં ત્યાં કરે બિનાસ.
* કાગડો–કૂતરો અને દુર્જન
  ત્રણે એક સરખા જ સ્વભાવના છે. જે માર્ગથી તેઓ નીકળે છે તેનો વિનાશ જ કરે છે.

–અતુલ બી. પટેલ–વડોદરા

બાલ–ગઝલ

લેટ કે લોલ મેં, ભગવાન નહીં છલતા,
પ્રેમ કી નગરી મેં, અભિમાન નહીં ચલતા,
રુપ કે ચમક કા, ક્ષતના ગુમાન કૈસા,
દુપહર કા સૂરજ, કયા શામકો નહીં ઢલતા ?

–*–

ભીડી મૂઠી લઇ જનમીયો,
મરતાં ખાલી છે હાથ;
ચેતન જોને તું જગમાં,
નહિ કોઇ આવે સાથ.

–ઇસીતા

– હાસ્યહોજ –

ડોકટર–કાલ તો તમારી તબિયત ઘોડા જેવી હતી ને આજે શું એકાએક થઇ ગયું ?

કર્તા–કાંઇ નહિ પરંતુ આજે તમારૂં બીલ આવ્યું તે જોઇને તબીયત બગડી ગઇ.

–ચિન્દુ, બુલબુલ સંઘવી

પત્ની–સાંભળો છો ? મુંબઇમાં મગજના તાવની બીમારી ફાટી નીકળી છે. આજે જ અમદાવાદની ટિકીટ લઇ આવો. આપણે જતા રહીએ.

પતિ–તું નાહકની ચિંતા ન કર. આ બીમારી એમને જ લાગુ પડે છે જેમની પાસે મગજ હોય.

–મેઘા

ટપકું મૂકતાં વિચાર કરો

ભાગ–હિસ્સો	ભાંગ–પીણું
મદ–ગર્વ	મંદ–ધીમું
કટક–લશ્કર	કંટક–કાંટો
ખત–કાગળ	ખંત–કાળજી
જગ–જગત	જંગ–યુધ્ધ
કુત્તા–કુતરાઓ	કુંતા–પાંડવોની માતા

–ચિત્રા અનંતરાય દોશી

—: કથાનક :—

આપણા જૈન શાસનમાં સામાયિક, પૌષધ, ધ્યાન, શીયળ, તપ, ભાવ આદિનો મહિમા ખૂબ જ સારી રીતે વર્ણવ્યો છે. શાસ્ત્રકારોએ ચાર અક્ષરના શબ્દનું વર્ણન કાંઇક વિસ્તાર અને વિગતવાર કર્યું છે. ક્રોધાગ્નિમાં ભડકે બળતી માનવ જાતને સમતા રસમાં ડુબકી મારવા માટેનું આ ચાર અક્ષરનું ધામ છે. સમસ્ત માનવ જીવનમાં એની મહાનતા અપરંપાર છે. સામાયિકનું વર્ણન જેટલું કરીએ તેટલું ઓછું છું.

સામાયિક એટલે બે ઘડી સમતાભાવનો લાભ કરાવનારી ક્રિયા ! સામાયિક એટલે બે ઘડીનું ચારિત્ર. પૂર્વમાં મહાન પૂણ્યોદય જ ચારિત્ર ધર્મ અંગીકાર કરી શકાય છે પરંતુ સામાયિક ધર્મ માટે મહાન પુણ્યોદયની જરૂર નથી. થોડોક પુરૂષાર્થ જ બસ છે. સામાયિકની સાધના કરવી તે તો આપણા હાથમાં છે. ચોવીસ કલાકમાં ૪૮ મિનિટ પણ આપણે ન કાઢી શકીએ ? ફાજલ વાતો કરવામાં, ચોપાનીયાં વાંચવામાં, ટી. વી. જોવામાં, અરે ! કોઈની નિંદા-કુથલી કરવામાં આપણે સમય જોતાં નથી કે મર્યાદા પણ બાંધતા નથી. આ બધું કરવાથી શું પાપો બંધાતા નથી ?

સામાયિકના સમય દરમ્યાન દુનિયાના બધા આરંભ-સમારંભના પાપોથી આપણે બચી જઇએ છીએ. ધર્મ ધ્યાન સીવાયની અન્ય વાતોને તિલાંજલી અપાય છે. કુવ્યાપારોને આચરતાં નથી ને કરતાં પણ નથી. સાવદ્ય પાપોને જલાંજલી અપાય છે આવું ૪૮ મિનિટનું સામાયિક સૌ કોઈ કરી શકે છે. ફકત ૪૮ મિનિટ સામાયિકમાં રહેવાથી (ભાવથી) કેટકેટલો લાભ થાય છે ? એનાથી પચ્ચીશ પલ્યોપમ અધિક ૯૨ કરોડ પલ્ય લાખ ૨૫ હજાર ને ૯૦૦ વર્ષનું દેવતાનું આયુષ્ય બંધાય છે.

એક માણસ સોનાની એક ખાંડી એટલે ૫૬ મણ (૫૬×૨૦ કિલો=૧૧૨૦ કિલો) સોનું દાન કરે, અને બીજો માણસ રોજ એક સામાયિક શુધ્ધ ભાવથી કરે, તો ય દાન આપનાર સામાયિકના ફળને આંબી શકતો નથી.

આવી ધાર્મિક ક્રિયા કરવા માટે પણ મહાન પુણ્યોદય જોઇએ. જો પુણ્યોદય હોય તો જ કરવાનું મન થાય, ગમે અને આચરણમાં મૂકાય. દેવલોકના સુખોમાં રચ્યા-પચ્યા રહેનારા દેવતાઓ પણ સામાયિકની સામગ્રીઓ મેળવવા ઝંખે છે. કોઇવાર એવા ઉદ્‌ગારો કાઢે છે કે 'સામાયિક ઉદયમાં આવે તો મારું દેવપણું સફળ થઇ જાય.'

આમ વિચારવાનું કારણ શું ? દેવલોકના દેવતાઓને પચ્ચકખાણ હોતા નથી ત્યાગ નથી ને વિરતિ નથી. બત્રીસ લાખ વિમાનો, ચોરાશી હજાર સામાનિક દેવો, પ્રધાન જેવા તેત્રીસ ત્રાયસ્ત્રિંશક, ચાર લોકપાલ, આઠ અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત

સેના, સાત સેનાપતિ, ચોરાશી હજાર આત્મરક્ષક દેવો તેમજ અન્ય દેવ–દેવીઓનું સ્વામિત્વ ભોગવતો સૌધર્મેન્દ્ર પણ વિરતિધરને પ્રણામ કરીને પોતાની સભામાં બેસે છે.

મગધ દેશના મહારાજા–શ્રેણિક આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થવાના છે. સામાયિકનું ફળ માંગવા તેઓ પૂણિયા શ્રાવકને ઘરે ગયા હતા. આપણા ઘરે કોઈ પ્રાઈમ મિનિસ્ટર આવે, કોઇ મિલ માલિક આવે, કોઈ ઉદ્યોગપતિ આવે, ક્રિકેટર આવે કે કોઇ એક્ટર આવે તો આપણને કેટલો આનંદ હોય? આપણે કેટકેટલી તૈયારીઓ કરીએ? એનું કેટલું ગૌરવ જાળવીએ–માનીએ! કેટલી દોડધામ કરે?

જ્યારે શ્રેણિક મહારાજા સામાન્ય પૂણ્યા શ્રાવકને ત્યાં સામાયિકનું ફળ માગવા ગયા ત્યારે એ સામાયિકની મહાનતા કેટલી? એ સામાન્ય માનવીએ શું શું તૈયારીઓ કરી તે જાણતા હોય તો જરૂરથી જણાવશો?

સામાયિકનું તાત્કાલિક ફળ સમતાભાવની વૃદ્ધિ અને પરંપરા ફળ મોક્ષ છે. જે કોઇ ભવ્યતમા મોક્ષે ગયા છે અને જશે તે બધો સામાયિકનો જ મહિમા જાણવો.

–શ્રી જિત



: શાસન સમાચાર :

"ઓશવાળ યાત્રિક ગૃહ, પાલિતાણા"

સહર્ષ જણાવવાનું કે પ. પૂ. આ. ભગવંત શ્રી લલીતશેખર સૂ. મ. તથા પ. પૂ. આ. ભગવંત શ્રી રાજશેખર સૂ. મ. આદિ ઠાણા ૭ નું સંવત ૨૦૫૩ નું ચાતુર્માસ માટે મંગલ પ્રવેશ તા. ૨૯–૬–૯૭ ના મંગલદિને ઓશવાળ યાત્રિક ગૃહમાં થયેલ છે. આ મંગલ પ્રસંગે ઓસવાળ ચેરીટીઝ ટ્રસ્ટના જામનગરના ટ્રસ્ટીશ્રીઓ પાલીતાણા હાજર રહ્યા હતા.

પ. પૂ. સાધ્વીજી શ્રી કૈવલ્યરત્નશ્રીજી મ. આદિ ઠાણા–૮ તથા પ. પૂ. સાધ્વીજી શ્રી રત્નજ્યોતિશ્રીજી મ. આદિ ઠાણા ૯ નું ચાતુર્માસ પણ ઓશવાળ યાત્રિક ગૃહના ઉપાશ્રયમાં છે. સંવત ૨૦૫૩ નું ચાતુર્માસ ઓશવાળ યાત્રિક ગૃહમાં કરવા માટે આશરે ૧૩૦ થી ૧૪૦ યાત્રિકોની સંખ્યા થશે.

આભાર સહ... ટ્રસ્ટી : ઓસવાળ ચેરીટીઝ

શાસન સમાચાર

"સાવરકુંડલામાં અનેરી શાસન પ્રભાવના"

ઐતિહાસિક ૧૦૦+૧૦૦+ ૮૭ મી ઓળીની મંગલમય પૂર્ણાહુતિ

તપસ્વી સમ્રાટ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય 'રાજતિલક સૂરીશ્વરજી મ. સા.' ની ઉપલબ્ધ ઇતિહાસ અનુસાર અજોડ ગણી શકાય તેવી વર્ધમાન તપ ની ૧૦૦+૧૦૦+૮૭ મી ઓળી (૧૩૯૨૮ આયંબિલ+૨૮૭ ઉપવાસ) જેઠ સુદ ૧૦ રવિવારે પૂર્ણ થવા પામી તેઓશ્રી તથા પૂ. આ શ્રી વિજય લલિતશેખરસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં આ ઉત્સવ ઉજવાયો.

જેઠ શુદ ૩:– રવિવારથી– જેઠ સુદ ૧૦ રવિવાર સુધી પ્રારંભાયેલા આઠ દીવસના ઉત્સવમાં પૂજાઓ અઢાર અભિષેકો, તથા શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, શ્રી બૃહદ અષ્ટોતરી શાંતિ સ્નાત્ર, જિનેન્દ્ર ભક્તિ અર્થે ખુબ સુંદર રીતે ભણાવવામાં આવેલ...

જેઠ સુદ ૬:– ધર્મનાથ જિનાલયની ધ્વજા રોહણ નો દીવસ યાદગાર દીવસ હતો પ્રભુજીને રેકોર્ડરૂપ બોલી બોલીને ધ્વજા ચડાવવાનો લાભ શેઠ છોટાલાલ મણીલાલ પરીવારે લીધેલ તે દીવસે ૩૫ રૂપિયાનું સંઘપૂજન તથા મોદક ની પ્રભાવના થયેલ.

જેઠ સુદ ૭:– શાંતિનાથ જિનાલયની ધ્વજાનો દીવસ પણ ખુબ રંગે ચંગ ઉજવવામાં આવેલ...

જેઠ સુદ ૮ –: પંજાબ દેશોદ્ધારક શ્રી આત્મારામજી મહારાજની ૧૦૧ મી સ્વર્ગારોહણ તિથિ નિમિતે સુંદર ગુણાનુવાદ થયેલ...

જેઠ સુદ ૯: – પૂજ્યશ્રીની ઓળીનાં અંતિમદિને આયંબિલની વાત મુકાતા સંઘમાં ૨૬૦ જેટલા આયંબિલ થયા દરેકને ૮૭ રૂપિયાની પ્રભાવના આપી બહુમાન કરવામાં આવેલ

જેઠ સુદ ૧૦ :– તપોમૂર્તિ પૂજ્યશ્રીએ મંગલાચરણ ફરમાવ્યા બાદ પ્રારંભમાંજ ૧૦ મિનિટ સભાને તપ સયંમ અંગે ઉદ્બોધન કરતા અનેક પુન્યાત્માઓએ વર્ધમાન તપનાં પાયા આદિના નિયમો ગ્રહણ કરેલ ત્યારબાદ ગુરૂગુણગીત,. પૂ. આ. ભ. શ્રી રાજશેખર સૂ. મ. સા. નું પ્રવચન, ગુરૂપૂજનની બોલી તથા ઉપકરણની બોલી બોલાતા

ખુબ રંગ જામ્યો. ત્યારબાદ પૂ. આ. શ્રી વિદ્યાનંદ સૂ.મ.સા.નું પ્રવચન થયું... છેલ્લે વર્તમાનમાં ચાલી રહેલ ઘોર હિંસા અંગે અતુલભાઇ (સી.એ) એ વાત કરી સભાને સ્તબ્ધ બનાવી નાંખેલ... છેલ્લે પૂજયશ્રીનાં રોમેરોમ માં વસી ગયેલી જીવદયાની ટીપની વાત મૂકાતા જ લાખો રૂપિયાનું ફંડ થયુ. પણ સાવરકુંડલા માટે ઐતિહાસિક ગણી શકાય તે સુવર્ણની ચેનો બંગડીઓ, વીંટીઓ આદિની વર્ષા થઇ... અને ૬૧ રૂપિયાનું સંઘપૂજન થયેલ... શ્રેયાંસ જિન ભક્તિ મંડળ–મલાડ તથા મુકેશ નાયકે પ્રભુભક્તિમાં રમઝટ મચાવેલ તો નવીનભાઇ (જામનગરવાળા) એ સુંદર વિધિ વિધાન કરાવેલ... એકંદરે સાવરકુંડલા માટે સંભારણા તુલ્ય બની ગયેલ આ ઉત્સવમાં શેઠ શ્રી છોટાલાલ મણિલાલ પરિવારે તન મન ધનથી લાભ લઇ જે ઉદારતાના દર્શન કરાવ્યા. તે ખરેખર અનુમોદનીય બની જવા પામેલ... ગુરૂપૂજનનો ચઢાવો બે લાખ સત્યાંશી હજાર... ઉપકરણ વહોરાવવાની બોલી પંચોતેર હજાર બસો સત્યાંશી... જીવદયામાં સાડા ચાર લાખથી અધિક રોકડ... તથા સોના–હીરાનાં દાગીના...

શ્રી ઉંકાર તીર્થ માર્ગ દર્શક પૂજય આચાર્યશ્રીની
-- દક્ષિણ મહારાષ્ટ્રમાં પધરામણી --

પૂ. કર્ણાટક કેસરી આ. ભદ્રંકર સૂ.મ.ના પટ્ટધર પૂ. ઉંકાર તીર્થ માર્ગદર્શક પૂ. આ. શ્રી પુણ્યાનંદ સૂ.મ.પૂ. પ્રવચનકાર પં. મહાસેન વિ. ગણિવર આદિ ઠા ૭ પૂના શાશ્વતી ઓળી આરાધના કરાવી. કોરેગાંવ રહિમતપુર થઇ સસ્વાગત સહ વીટા પધાર્યા શા. કાંતિલાલ રાજારામ પરિવાર તરફથી શ્રી અર્હ-મહાપૂજન ૩ દિન ઠાઠથી થયું. ત્યાથી કવલાપુરતીર્થ યાત્રા કરી સ્વાગતસહ સાંગલીનગરે પધાર્યા મહાવીરસ્વામી કેવલ કલ્યાણકની સમૂહ આરાધના થઇ પ્રવચનોમાં સંઘ પૂ. આદિ થયા ત્યાંથી કુંભોજ તીર્થની યાત્રાર્થે સામૈયા સાથે પધાર્યા ત્યાંથી વડગાંવ થઇ કોલ્હાપુર ભક્તિનગર પ્રભાબેન કીર્તિલાલ શા. ના ૫૦૦ આયં. એકાંતરાના પારણા નિમિત્તે પૂજ્યશ્રીનું સામૈયું - પ્રવચન પગલા. સંઘ પૂ. સિદ્ધચક્રમહાપુજન આદિ ઠાઠથી થયેલ.

૯ દિન ભક્તિનગરમાં સ્થિરતા કરેલ બાદ મહાવીરનગર સંઘની વિનંતિથી સામૈયા સહ પધારેલ, રોજ પ્રવચનમાં સંઘ પૂ. તથા જે. સુ. ૨ના પૂ ધર્મદિવાકર આ. શ્રી ભુવનતિલકસૂરિ મ.સા.ની ૨૫ મી પુણ્યતિથિ ઉજવણીરૂપે ગુણાનુવાદ તથા ૩૫ રૂ.નું સંઘ પૂ. બપોરે ઉવસગ્ગહરં મહાપૂજન નારીયલની પ્રભા. આદિ ઠાઠથી બીજે દિન ઉંકાર-મલજી આદિના ગૃહાંગણે પગલા ચતુર્વિધ સંઘના કરેલ, ૫ રૂ. સંઘ પૂ. થયેલ, ૯ દિન સ્થિરતા બાદ ગુજરી સંઘમાં સામૈયા સહ પધારેલ, સંઘ પુ. થયેલ બાદ પુજ્યશ્રીની

નિશ્રામાં જ શ્રી સીમંધરસ્વામીના વરઘોડા આદિના ચડાવા સુંદર થયેલ. જે. સુ. ૧૦ એટલે શાહુપુરી સંઘના આંગણે સોનેરી સૂરજ ઉદિત થયેલ સંઘના દરેકના હૈયામાં આનંદનો સાગર ઉછળી રહેલ.

૮-૩૦ વાગે ચોમાસાપ્રવેશની શુભશરૂઆત થયેલ વિવિધ ૬૮ ગહુંલીઓ તથા મંગળ કલશો ૫૧ શણગારેલા ૩ બેંડ ૫ ઘોડા આદિ સાજ સાથે ૧૦-૩૦ વાગે હીરાલવન મધ્યે સામૈયું ઉતરેલ શ્રી શાંતિપ્રભુના દર્શન કરી પુજ્યશ્રી પાટ પર પધારી મંગલાચરણ કરી બાલકોએ સ્વાગતગીત સુંદર ગાયેલ. જયંતીભાઇ વડેચા એ સ્વાગતભાષણ કરેલ. બાદ જગનાદાસ ભાઇના હસ્તે 'ચિંતનનો ચંદરવો' નામના પુસ્તકનું વિમોચન થયેલ બાદ ઢોલ વહોરાવેલ અને ગુરૂપુજન કરેલ. ત્યારબાદ પુ. પંન્યાસજી મ. તથા મુ. સંયમસેનવિ. મ. નું પ્રવચન થયેલ.

અંતે મુનિ વિક્રમસેન વિ.મ. પાંચ મિનિટ પ્રવચન થયા બાદ સર્વમંગલ થયેલ માંગલિક નિમિત્તે ૧૨૦ આયં. થયેલ દરેકનું સન્માન કરેલ અને પ્રવચન બાદ ભાગ્યશાળીયો તરફથી ૩૦ રૂ. સંઘપુજન થયેલ અને શ્રી સંઘદ્વારા સ્વામિવાત્સલ્ય થયેલ બપોરે લક્ષ્મીપુરીથી સીમંધર પ્રભુનો વરઘોડો ઠાઠથી ચઢેલ, જે. વ. ૧ ના લક્ષ્મીપુરી સંઘમાં સામૈયા સહ પધારેલ પાંચ દિન સ્થિરતામાં સંઘે પ્રવચનમાં સુંદર લાભ લીધેલ રોજ સંઘ પુ. થયેલ. જે.વ.૬ ના ગુજરીસંઘમાં પધારેલ, અમીચંદની રાંઠોડના ગૃહમંદિરે શ્રી સંઘ સાથે ગાજતે ગાજતે પધારેલ, સાલગિરિ નિમિત્તે પુજા ભણાવેલ. સંઘવી નિવાસમાં ગૃહમંદિરમાં સંઘ સાથે પુજ્યશ્રી પધારેલ.

અઢાર અભિષેક વિધાન થયેલ શાહુપુરીના આંગણે અ.સુ ૨ ના પધારશે. સુ.૭ થી ગ્રંથવાંચન પ્રારંભ થશે સુ. ૧૦ થી ૧૦૮, પાર્શ્વતપ સામૂહિક પ્રારંભ થશે. બેનોને આરાધનાર્થે સા. ઉદયપ્રભાશ્રી ઠા ૫ પધારેલ છે. કુંભોજ તિર્થ-પુજ્યશ્રીની આજ્ઞાથી મુનિસંયમસેન વિ. મ. ની નિશ્રામાં ૧૫ વર્ષીતપ પારણાનો ઉત્સવ ઠાઠથી થયેલ, તથા ભાતીખાતાનો પ્રારંભ ઉપર થયેલ.

શિરોલી તીર્થ શ્રી સીમંધર તીર્થમાં નૂતન પ્રભુનો નગરપ્રવેશ અને હોલમાં સ્થાપના તથા પુજનીય પ્રભુસીમંધરની ચલપ્રતિષ્ઠા, સંઘજમણ આદિ જેઠ સુ. ૧૧. ના પાવન દિને પુજ્યશ્રીની નિશ્રામાં ઉત્સાહ ઉમંગ પુર્વક થયેલ. ઢામળી આદિ વહોરાવેલ.

* * *

થાનગઢ–અત્રે શ્રી અજીતનાથ પ્રભુજીના દેરાસરની વર્ષગાંઠે પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ.ની નિશ્રામાં ઉજવાઇ. તા. ૨૭–૫–૯૭ ના સ્વાગત થયું. પ્રવચન, પ્રભાવના થયા. બીજે દિવસે ધ્વજાની બોલીઓ સારી થઈ. ૧૮ અભિષેક થયા બાદ શ્રી પ્રફુલભાઈ કોઠારી તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું. બપોરે તે તથા તેમના સંબંધીઓ વિ. તરફથી પ્રવચનમાં ૫–૫ રૂા.નું સંઘપુજન થયું.

ત્યાંથી તા. ૨૯–૫–૯૭ના ઓશવાળ કોલોની તરણેતર રોડ પર પૂ.શ્રી સસ્વાગત પધાર્યા. ૪ દિવસની સ્થિરતામાં દરરોજ ત્રણ–ત્રણ વ્યાખ્યાન થતા હતા. ભાવિકોએ ખૂબ લાભ લીધો. ચંદુલાલ મૂળચંદભાઇને ત્યાં પુજા ભણાંઇ તથા પ્રેમચંદ ઠાલીદાસ શાહને ત્યાં જામનગરથી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ બોલાવી ઠાઠથી પૂજા ભણાવાઇ. પૂ.શ્રી રાજકોટ થઇ જામનગર પધાર્યા છે.

રાજકોટ–પૂ.શ્રી જંકશન ઉપર જેઠ સુદ–૩ જનતભાઇ કેશવજી મારૂ તથા જયસુખલાલ શાંતિલાલ તથા કેતન પ્રેમચંદભાઇને ત્યાં પધાર્યા, પ્રવચન થયું. બીજે દિવસે પાનાચંદ પદમશી ગુદકાને ત્યાં તક્ષશિલા પધારતા સવારમાં પ્રવચન થયું ત્યાથી ઠાલાવાડ રોડ પર ભરતભાઈ ગેલેક્ષી પ્રિન્ટર્સને ત્યાં પધાર્યા. બપોરે પ્રવચન પ્રભાવના સંઘપુજન વિ. થયું.

જેઠ સુદ ૫ ના વર્ધમાનનગર નવા જયરાજ પ્લોટમાં શાહ મનસુખલાલ જીવરાજને ત્યાં પધાર્યા તેમના તરફથી ૫–૫ રૂા. સંઘપુજન થયું. બાદ સંઘ તરફથી સામૈયું પ્રવચન પ્રભાવના થયા. પાંચ દિવસ સુધી સારો લાભ લીધો દરરોજ સંઘપુજન વિ. થતા.

જેઠ સુદ ૯ રણછોડનગર પધાર્યા ત્યાં બપોરે ઠાઠથી પૂજા ભણાઇ રાત્રે ભાવના થઇ. જેઠ સુદ ૧૦ ના રણછોડનગર શ્રી સુમતિનાથ દેરાસરે હરગણ મેરગ લોઢીયા પરિવાર તરફથી ૧૮ અભિષેક તથા ધજા ચડાવી ઓસવાળ તપગચ્છ સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું. બપોરે પ્રવચન પ્રભાવના થયું. અભિષેક માટે પ્રકાશભાઇ દોશી તથા પુજા ભક્તિ માટે જામનગરથી શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ પધારેલ.

જેઠ સુદ ૧૧ શ્રમજીવી સોસાયટી સસ્વાગત પધાર્યા. ધજા પારેખ કલ્યાણજી વનમાળી દાસ તરફથી ચડાવાઇ બાદ પ્રવચન થયું. જીવદયાની ટીપ સારી થઇ બાદ સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું.

વર્ધમાનનગરમાં પિતાશ્રી જેચંદદાસ વીઠલદાસ શાહના શ્રેયાર્થે તથા માતુશ્રી સૂરજબેનના જીવંત મહોત્સવ રૂપ બે દિવસનો ઉત્સવ તેમના પરિવાર તરફથી ચોજાયો પૂ.શ્રી જેઠ સુદ ૧૨ ના જયરાજ પ્લોટ તેમના ઘેર પધાર્યા, ત્યાંથી સામૈયું થઇ ઉપાશ્રયે

આવી પ્રવચન સંઘપુજન વિ. તેમણે કર્યું. બપોરે ઠાઠથી પંચકલ્યાણક પૂજા ભણાવાઇ. જેઠ સુદ ૧૩ ના સવારે ઠાઠથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાયું. ઘર માટે અપુર્વ પ્રસંગ હતો તેમના મેનો દિકરીઓ તથા સૂરજબેનના ભાઇ બહેનો વિ. ઘણા સગા સંબંધી આવી ગયા હતા અનેરૂ ઉત્સાહનું વાતાવરણ હતું. જીવદયાની ટીપ સારી થઇ વિધિ માટે બોટાદથી શ્રી મોહનલાલ હઠીચંદભાઇ તથા પુજા ભક્તિ બંને દિવસ ભાઇ અનંતરાય નગીનદાસ શાહે સુંદર રીતે ભણાવી હતી.

ધોળ–અત્રે પૂ.આ.શ્રી વિજય જિનેન્દ્ર સૂ.મ. આદિનો વદ ૨ ના પધારતા મધુભાઇ ડાહ્યાલાલ દોશીને ત્યાં સંઘપુજન થયું અને બાદ સંઘ તરફથી સામૈયું થયું આખા સંઘની હાજરી હતી. દેરાસર ચૈત્યવંદન કર્યા પછી પ્રભાવના થઇ બપોરે પ્રવચનમાં હોલ પગારી ભરાઇ ગયા પ્રભાવનાઓ થઇ વરસાદને કારણે વદ–૩ તથા ૪ સ્થિરતા થઈ બપોરે પ્રવચનમાં ચિકાર હાજરી જુદા જુદા ભાવિકો તરફથી પ્રભાવના વિ. થયા સંઘમાં ઘણો ઉત્સાહ આવ્યો. જામનગરથી સંઘ આગેવાન તથા ભાવિકો પધાર્યા હતા.

જામનગર–કામદાર કોલોનીમાં ભાઇશ્રી હંશરાજ ઘેલજીભાઇનો જામનગર આવતાં પ્રથમ પધારવાનો આગ્રહ હતો તેમના ચિ. ભરતભાઇ જામનગરનું ચાતુર્માસ નકી થતાં ભદ્રેશ્વરજીમાં આગ્રહભરી વિનંતિ પણ કરી ગયા હતાં. જેઠ વદ ૯ શનિવારે પૂ.શ્રી તેમને ત્યાં પધાર્યા તેમને ઘેરથી સામૈયું થયું. પ્રવચનમાં કામળી કપડા વહોરાવી સંઘપુજન કર્યું.

શ્રી ભરતભાઇ ઓસવાળ શિક્ષણ રાહત સંઘના હાલ પ્રમુખ છે, તેમાંના ઓસવાળ સેન્ટરમાં બટેટા, રીંગણા વાપરવાની છૂટ લેવાઈ હતી તે અંગે જામનગરના પ્રતિનિધિઓ તથા જ્ઞાતિજનોએ બંધ કરવા પત્ર આપેલ. આ બાબતમાં સંઘની કારોબારીએ બટેટા, રીંગણા સહિત સંપુર્ણ કંદમૂળ નહિ વાપરવાનો નિર્ણય કર્યો અને જનરલમાં પ્રતિનેધિઓ સમક્ષ શ્રી ભરતભાઇએ રજુઆત કરી જેને અસાધારણ સફળતા મળી સંપુર્ણ રેલીગેટોએ હાથ ઉંચા કરી આ નિર્ણયને બહાલી આપી અને જય જયકાર થઇ ગયા.

ઓત્તમચંદભાઇ તથા કીર્તિભાઇએ આ મહેનત કરેલી તેમણે તથા પ્રમુખશ્રી ભરતભાઇએ ખુસાલીમાં સરબત વિ. કરેકને પાઇ આનંદ વ્યકત કર્યો હતો. આ સર્વાનુમતે ઉત્તમ નિર્ણય લેવા બદલ સૌને ધન્યવાદ છે.

વદ ૧૦ ના પ્રવચનમાં શ્રીમતી હીરાબેન દેવરાજ હ: ઝવેરચંદભાઇ તરફથી પ્રભાવના વદ ૧૧ ના શાહ અમૃતલાલ દેવશીભાઇ નાગડા તરફથી સંઘપુજન થયું હતું.

પટના સીટીમાં પૂજ્યપાદની પાવન પધરામણી

પટના સિટીમાં પૂ. આ. ભગવંત પ્રભાકર સૂ. મ. પધાર્યા અને લોકોને ખૂબ લાભનું કારણ બનેલ છે.

રજુબીભજી અને સુદર્શન શ્રેષ્ઠિ મહર્ષિની દેરી છે. આ દેરી શ્વેતાંબરની માલિકીની છે છતાં શ્રેષ્ઠિ સુદર્શન દેરી ઉપર દિગંબરે પોતાનું બોર્ડ ચઢાવેલ, તેમનું બોર્ડ ઉતારી દીધું. દિગંબરોએ આ પવિત્ર બોર્ડ ઉપર કાળો કલર કર્યો અને ૬૯લ્લસ સાથે પૂ.પાદની નિશ્રામાં ભાઇ બેનો અહીંથી ચાર કિલો મિટર દૂર રજુબીભજી સુદર્શનની દેરી ઉપર ગયેલ ત્યાં પૂજા વ્યાખ્યાન કરતા પૂ.શ્રીએ સુદર્શન દેરીનો પ્રાચીન કોપી ઉપર અતિ સુંદર ઇતિહાસ કહ્યો હતો. દિગંબરો તો મારૂં મારા બાપનું, તારામાં મારો ભાગ. મહત્વ પૂ.શ્રી ના કલાક ઉપર એક ધારું વ્યાખ્યાન કરેલ. સહુનું સાધર્મિક વાત્સલ્ય થયેલ.

પટના સિટીમાં ઘણા ખેદની વાત છે સુપના અષ્ટપ્રકારી પૂજાના ચડાવા તેમજ ભંડારના પૈસા આઠ આની સર્વે સાધારણમાં જાય છે. પૂ.શ્રીના ઉપદેશથી ને હવે બધું બંધ થયેલ છે. ઘટ ખૂબ મધ્યમ છે. અહીંથી સાધારણના પાંચ હજાર થાય તેમ છે. બાકી બહારથી સર્વે સાધારણની ટીપ કરીને આ દોષમાંથી નિકળી જવા પુ.શ્રી પ્રેરણા કરી રહ્યા છે.

અહીં આઠ દિવસનું જ્ઞાન સત્ર થયેલ દેરાસરની શુદ્ધિ માટે શ્રેષ્ઠિ સુદર્શન મનોરમા મહિલા મંડળ તેમજ યુવક મંડળ બનાવેલ છે અને પાઠશાળાની ગોઠવણ થયેલ છે લોકો ખૂબ અજ્ઞાન છે પુજ્યશ્રીએ જણાવ્યું છે કે–દેરાસર બનાવવા કરતાં જે સંઘ દેવદ્રવ્યમાં ડુબેલો છે તેને કાઢવામાં વધુ લાભ છે.

અહીં ૩ ધર્મ સ્થાનકો સાચવવા માટે સર્વે સાધારણ જોઇએ પુન્યવંતોએ લાભ લેવા જેવો છે.

અહીં ખૂબ ઐતિહાસિક ભૂમિ છે તત્વાર્થ સૂત્રના રચયીતા ઉમાસ્વાતિ મ. તથા ઉદાયી નવનંદ આચાર્ય ચંદ્રગુપ્ત અશોક રજુબીભજી સુદર્શન શેઠ આદિની મંડીત આ ભૂમિ છે. આ ભૂમિમાં પૂજ્યશ્રીએ સૂરિ મંત્રની એક પીઠીકાની આરાધના કરેલી છે.

સાભાર સ્વીકાર–ચિંતનનો ચંદરવો–લે. પૂ. આ. શ્રી વિ. વીરસેન સૂ. મ. પ્રાપ્તિસ્થાન–લબ્ધિભુવન જૈન સાહિત્ય સદન. રાજેશ એન. શાહ; બજારમાં ઝાણી (ગુજ.) પાંદડાના આકારના પેજમાં વિવિધ ચિંતનો આકર્ષક આર્ટ કાર્ડમાં લેમીનેશન સાથે છે. મૂલ્ય રૂા. ૩૪–૦૦ પૂ. સાધુ–સાધ્વીજી તથા જ્ઞાન ભંડારોને ભેટ છે.

બોધકથા :—

卐 તો લાભ કયાંથી થાય? 卐


—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક ગામમાં એક આગેવાન રહેતા હતા. તેમને સત્સંગ કરવાનો ઘણો શોખ હતો. તે આવે નહિ ત્યાં સુધી સાધુ મહારાજનું વ્યાખ્યાન પણ શરૂ થઇ શકે નહિ તેવા તે શ્રોતા હતા. એકવાર સમયસર તેઓ આવી શકયા નહિ. તેથી લોકો સાધુ મહારાજને કહે કે, હજી રાહ જુઓ. ખરેખર જેટલી શ્રીમંતોની લોકો ઉપર અસર પડે તેટલી જો સાધુ ભગવંતની પડે તો કામ થઈ જાય. પણ સાધુ મહારાજ કહે તેમ ન ચાલે. તેમણે તો વ્યાખ્યાનનો પ્રારંભ કર્યો. તો તે દિવસે ભાગ્યશાળીના દર્શન જ દુર્લભ બન્યા. બીજે દિવસે પાછા નિયમિત રીતે હાજરી આપી. તો સાધુ મહારાજે સ્વાભાવિક સાહજિકતાથી પૂછયું કે=કાલે કેમ નહતા આવ્યા? તો તેઓ કહે કે—મારો દશ વર્ષનો છોકરો મારી સાથે આવવા તૈયાર થયો. તેને સમજાવવામાં સમય ગયો. તો સાધુ મહારાજ કહે કે—લાવવો હતો ને? ત્યારે તે ભાગ્યશાળી કહે કે-'સાહેબ! અમારી બુદ્ધિ તો પાકટ થઈ ગઇ છે. અમે તમારી કોઇ વાતમાં આવીએ તેમ નથી તેવી પાકી બુદ્ધિના છીએ. જ્યારે તે કાચી બુદ્ધિનો બાળક આપની વાતમાં ઝટ આવી જાય!'

આવા શ્રોતા હોય તો લાભ થાય ખરો? માત્ર તે ગર્વ લઇ શકે કે એક પણ વકતાને સાંભળ્યા વિના રહેતો નથી. પણ હૈયામાં જે સમજ પેઠા થવી જોઇએ, અમલ કરવાનું મન થવું જોઇએ તે કદી ન થાય. માટે શ્રી જિનવાણી શ્રવણ હૈયાને સુધારવા અને જીવનમાં અમલ કરવા કરવાનું છે. આ ગુણ સૌ પામો તે જ મંગલ કામના...

શાસન સમાચાર—ઝનીતીર્થ—અત્રે શ્રી ગોડીજી પાર્શ્વનાથ સ્વામી પ્રાસાદે પૂ. આ. શ્રી કલ્પજય સૂ. મ. સા.ની શુભનિશ્રામાં પૂ.આ.શ્રી વિનયચંદ્ર સૂ.મ.સા.ના સમાધિ પુર્વ સ્વર્ગારોહણ નિમિતે તથા મૂળનાયક શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાના પરિકરની પ્રતિષ્ઠા નિમિતે વૈ. વદ ૧૪ થી જેઠ સુદ—૩ સુધીનો શ્રી નમિઉણ પુજન અઠ્ઠાર અભિષેક બૃહદ નંદાવૃત પુજન જલયાત્રાનો વરઘોડો શ્રી બૃહદ અષ્ટોત્તરી સ્નાત્ર યુકત જિનેન્દ્ર ભકિત મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ. પાંચે દિવસ સંઘજમણ થયેલ વિધિ વિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલા. જેઠ સુદ—૧ના ઘરા મહોત્સવ નિમિતે પધારેલ. બાદ પુ.શ્રીએ અષાઢ સુદ—૨ રવિવારના ખીમાણા મુકામે ચાતુર્માસ પ્રવેશ કરેલ.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- મોક્ષ જોઇતો હોય તો મોક્ષ કઠીન નથી. ન જોઇતો હોય, તેને મોક્ષ કદિ ન મળે.
- સાધુને કોઇ અધર્મ કરવાની જરૂર નથી. તમારે અધર્મ કર્યા વિના ચાલે તેમ નથી. માટે જ ધર્મ સમજેલાંને ગૃહસ્થપણું ગમે જ નહિ. સાધુપણું જ ગમે.
- આ મનુષ્યપણું પામ્યા પછી, આટલી સામગ્રી પામ્યા પછી પણ ગૃહસ્થપણું જ ગમે છે તે સૂચવે છે કે ધર્મ સમજાયો નથી.
- દેવ–ગુરૂ–ધર્મ–ધર્મી અને ધર્મની સામગ્રી ધર્મ કરાવનાર છે અને અધર્મથી બચાવનાર છે.
- આજે મોટોભાગ ધર્મની સામગ્રી વસાવવા 'ભિખારી' છે. સંસારની–પાપની સામગ્રી વસાવવા 'શ્રીમંત' છે.
- સંસારમાં જ મજા આવે અને મોક્ષનો જેને ખમ નહિ તે બધા પાપી
- આજનું બજાર એટલે પાપ કરવાનું ખુલ્લું મેદાન. બજારમાં પાપ કરવા જ જાય. ધંધો પાપ તો ઠીક પણ ધંધામાં ય પાપ કરે. વધારે પૈસાવાળા વધારે પાપ કરે.
- સુખ જેને ખરાબ લાગે તે ડાહ્યો ગણાય સુખ જેને સારા લાગે તેવા આઠમી ગમે તેટલું ભણે–ગણે તો ય પાગલ ગણાય.
- સાધુપણું મૂળમાં સારું છે. ગૃહસ્થપણું મૂળમાં ખરાબ છે.
- તમે કર્મના મિત્ર છો, ધર્મના શત્રુ છો.
- ધનવાનો જ્યારે ભિખારી જેવા પાકે ત્યારે ભિખારી પણ ચોર જેવા પાકે.
- [redacted] સારો લાગવો–માનવો તે મિથ્યાત્વ. આ-આ બધું મને મળો તેનું નામ અવિરતિ. તેના ક્રોધ–માન–માયા–લોભ ખીલેલા જ હોય. તેને લઇને તે ન કરવાના કામ કરી કરીને સંસારમાં રખડે.
- જીવને ખરાબ કરનાર પ્રમાદ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

1639

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

Received
2-8-97

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

આત્મજ્ઞાન જ સાચું જ્ઞાન છે.

આત્માડજ્ઞાનં હિ વિદુષામાત્મજ્ઞાનેન હન્યતે ।
તપસાપ્યાત્મવિજ્ઞાન હી નૈસ્તત્તુ ન શક્યતે ॥

પંડિત પુરૂષો આત્માના અજ્ઞાનને, આત્માના જ્ઞાન વડે જ દૂર કરે છે. આત્મ જ્ઞાનથી રહિત પણે કરતાં તપ વડે પણ આત્માંનું અજ્ઞાન દૂર થવું શક્ય નથી.

પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ.
છઠ્ઠી પુણ્યતિથિ
વિશેષાંક

વર્ષ ૯
અંક ૪૭+૪૮

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

પ.પ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009

પૂ. આ. ભ. શ્રી વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મહારાજ

સ્મૃતિ વિશેષાંક (શ્રી મહાવીર શાસન અંક ૫+૬)સુધારો–વધારો

આ વિશેષાંક સુંદર અને વાંચવા યોગ્ય બન્યો છે તેવા ઘણા પત્રો મલ્યા છે તે માટે તેમનો આભાર માનીએ છીએ.

વિ. તેમાં લખાણ રહી જવા તથા નામ વિ.માં ફેરફાર થયો હોય તે માટે નીચે મુજબ સુધારો વાંચવો.

— રકમ છાપવી રહી ગઇ તેની યાદી —

રકમ રૂા.	નામ
૫૦૦૦)	શ્રી જૈન શ્વે. મૂ. સંઘ પૂ. મુ. શ્રી ખેમંકર વિજયજી મ. પૂ. સા. શ્રી પૂર્ણભદ્રાશ્રીજી મ.ના સદુપદેશથી શરત (રાજસ્થાન)
૧૧૧૧)	શેઠ અરુણભાઇ સારાભાઇ પૂ. સા. શ્રી સુયશાશ્રીજી મ. ના ઉપદેશથી અમદાવાદ
૧૦૦૦)	શા. મીશ્રીમલજી રુપાજી પૂ. મુ. શ્રી કુમુદચંદ્રવિજયજી મ.ના ઉપ-ઉપદેશથી માલવાડા
૨૦૦૧)	એક ભાવિક સદ્‌ગૃહસ્થ પૂ.સા. શ્રી મદનરેખાશ્રીજી મ. ઉપદેશથી
૨૦૦)	અચલચંદજી અમીચંદજી પૂ. પં. શ્રી દર્શનરત્નવિજયજી મ. ના ઉપદેશથી જાલોર

સાધ્વી સમુદાયમાં રહી ગયેલ નામો

પૂ.સા. શ્રી સુયશાશ્રીજી મ. ઠા. ૩
,, સ્વયંપ્રભાશ્રીજી મ.
,, વિમલયશાશ્રીજી મ.
,, ભદ્રજ્ઞાશ્રીજી મ.
,, દક્ષાશ્રીજી મ.(દક્ષાશ્રીજી મ.ના શિષ્યા)

卐 વિ. સં. ૨૦૫૩ દિવાળી જાપ 卐

દિવાળીનો છઠ્ઠ દિવાળી આસો વદ ૧૩–૧૪ બુધ ગુરૂ તા. ૨૯–૩૦ બે દિવસે
આસો વદ ૧૪ ગુરૂવાર તા. ૩૦–૧૦–૯૭
સાંજે શ્રી મહાવીર સ્વામિ સર્વજ્ઞાય નમઃ ની ૨૦ માળા.

–વદ ૧૪ ગુરૂવાર તા. ૩૦ ના પાછલી રાત્રે શ્રી મહાવીર સ્વામિ પારંગતાય નમઃ ૨૦ માળા તથા શ્રી મહાવીર સ્વામી નિર્વાણ દેવવંદન તથા તે બાદ શ્રી ગૌતમ સ્વામી કેવળજ્ઞાનના દેવવંદન (વદ ૦)) શુક્રવાર તા. ૩૧ નાખ્વહેલી સવારે બંને દેવવંદન સાથે કરવા.)

–૨૦૫૪ કારતક સુદ ૧ શનિવાર તા. ૧–૧૧–૯૭ સવારે નૂતન વર્ષ પ્રારંભ સ્મરણ તથા ગૌતમ સ્વામી રાસ વાંચન.

૨૮

યુગદ્રષ્ટા યુગપ્રધાન આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ ધાર્મિક તથા સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મોહનજી ગુંદકા (મુંબઇ)
હેમેન્દ્રકુમાર મગનલાલ દોશી (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વડોદરા)
યશવંત પદમશી ગુંદકા (થાણા)

વર્ષ : ૯] ૨૦૫૩ અષાઢ વદ-૧૦ મંગળવાર તા. ૧૫-૭-૯૭ [અંક : ૪૭+૪૮

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૧૧ મંગળવાર તા. ૨૧-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૯

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૮ મું ચાલુ) -અવ૦)

સાધુપણા માટે તરફડતો હોય તે જ શ્રાવક કહેવાય. તે જ સમકિતી કહેવાય. સાધુપણાનો જપ નહિ તે શ્રાવક નહિ, સમકિતી પણ નહિ. સાધુ પણ દિવસે દિવસે આગળ વધવાની ઇચ્છાવાળો જોઇએ. મોક્ષનો અર્થી નહિ તે ધર્મી નહિ અને સાધુપણાનો અર્થી નહિ તે મોક્ષનો અર્થી ન કહેવાય, મોંઢે બોલનાર કહેવાય. ભગવાને ધર્મ મોક્ષ માટે જ કરવાનો કહ્યો છે.

આજના ધર્મ કરનારાને પણ કોઇ ધર્મ કરે કે ન કરે તેની ચિંતા નથી. તમારો છોકરો દુર્ગતિમાં ન જાય તેની ચિંતા તમને છે ખરી? તમે કહો કે અમને અમારી જ ચિંતા નથી તો બીજાની ક્યાંથી કરીએ? તમારે દુર્ગતિમાં નથી જવું અને સદ્ગતિમાં જવું છે તેવો વિચાર પણ છે? દુર્ગતિમાં જવું પડે તેવું એક પણ કામ નથી કરતા. કરવુ પડે તો ભારે દુઃખ થાય છે તેમ કહી શકો છો ખરા? આજે નાના વેપારી મોટો વેપાર નથી કરતા તે કરવો નથી માટે કે કરવાની ત્રેવડ નથી માટે નથી કરતા? નાના માણસોને પોતે મહારંભી નથી થઇ શકતા તેનું દુઃખ છે.

પ્ર૦- આરંભી સારો? મહારંભી સારો કે મહારંભની ઇચ્છાવાળો સારો?

ઉ૦– બધા જ ખરાબ. 'વિણ બાંધે વિણ ભોગવે કેાગટ કર્મ બંધાય.' જે જીવ કરી ઢાંઇ ન શકે પણ કરવાના વિચારમાં જ એવાં કર્મ બાંધે જેનું વર્ણન ન થાય. આવા જીવો શ્રાવક પણ બને નહિ, સમકિત પણ પામે નહિ. સમકિત પામવ માટે આ દુનિયાનાં સુખને ભૂંડું માનવું જ પઠશે, દુઃખને સારૂં માનવું પડશે. તે દુ ખ ઉપર જે રાગ થાય છે તેને બદલે તેના ઉપર દ્વેષ કરવો પડશે અને દુઃખ ઉપર જે દ્વેષ થાય છે તેના ઉપર સદ્ભાવ કરવો પડશે. પાપ કરીએ તો દુઃખ આવે જ તે દુ ખ ઉપર ગુસ્સો કરીએ તો આપણા જેવો બેવકૂફ બીજો કેાણ છે? મારે તમને બધાને સ રા વિચાર કરતા તો કરવા જ છે. માણસને જીવતા આવડે, માણસ માણસ બની જાય તો તે મરીને સારી ગતિમાં જ જાય દુર્ગતિમાં ન જવું હોય અને સારી ગતિમાં જવું હોય તો તે આપણા હાથની વાત છે. તમારે સદ્ગતિમાં જવું છે તો પરિગ્રહ ગમે છે?

સભા : આપને જવાબ આપીએ તો પાંજરામાં રહેલા ગુનેગારની જેમ આપ ઉલટતપાસ કરો છો.

ઉ૦– તમે ખોટો જવાબ ન આપો, મને પણ ઠગો નહિ અને તમારી જાતને પણ ઠગો નહિ માટે ઉલટ તપાસ કરવી પડે છે.

ભગવાન કહી ગયા છે કે–મહારંભ અને મહાપરિગ્રહ જેને ગમે, સારા લાગે તે બધા મોટે ભાગે નરકગામી જીવ છે શાસ્ત્રે કહ્યું છે કે– ઉત્સર્ગ માર્ગે શ્રાવક અલ્પારંભી અને અલ્પપરિગ્રહી હોય. તેને મહાપરિગ્રહી થવાનું મન જ ન હોય. જેમ જેમ પૈસા વધે અને મોહ વધતો જાય તો તે માને કે દુર્ગતિમાં જવાની તૈયારી થઇ રહી છે. તમને બધાને આનંદ કામદેવાદિના પરિગ્રહની વાત યાદ છે પણ તેમના વ્રતની વાત યાદ નથી. તે બધા જૈન કુળમાં જન્મ્યા ન હતા. તે બધા પહેલેથી મહાશ્રીમંતો હતા. પણ ભગવાનની એક જ દેશના સાંભળી અને ભર સભામાં ઊભા થઇને કહ્યું છે કે–" હે ભગવાન! આપનું નિર્ગ્રન્થપણું એ જ અર્થ છે. એ જ પરમાર્થ છે બાકી બધું ખોટું છે. પણ તે લેવાની અમારી શક્તિ નથી માટે અમને શ્રાવકપણું આપો. " તેમણે જે વ્રતનિયમો લીધા તે તમારૂં ગજું છે? નમારી તતની નોંધ જુઓ તો થાય કે આવા ભીખારીને વ્રત કેમ આપ્યા હશે? ઘેર આવીને પોતાની સ્ત્રીઓ ને વાત કરી કે આજે ભગવાન મળ્યા, ભગવાનની દેશના સાંભળી, તે ગમી ગઇ અને આવાં આવાં વ્રત લીધાં તો તેમની સ્ત્રીઓય ભગવાન પાસે જઇને શ્રાવિકાપણું લઇ આવી. તમારા ઘરની શી હાલત છે? તમારા ઘરના કરેક સભ્યો ધર્મ સાંભળી શકે તેવી વ્યવસ્થા કરી છે?

જેને દુર્ગતિમાં ન જવું હોય તેને પૈસો કેવો લાગે? તે આરંભથી ગભરાય કે ન ગભરાય? તેની પાસે આજીવિકા જેટલા પૈસા હોય તો વધારે મેળવવાનું મન થાય?

તેની પાસે જો વધારે પૈસા હોય તો તે ધર્મની પ્રભાવના કરે. આજે તો જેમ મોટો શ્રીમંત તેમ તે મોટેભાગે ધર્મનો વૈરી! ધર્મથી દૂર રહેનારો! ધર્મક્રિયા નહિ કરનારો! જેને લક્ષ્મી છોડવા જેવી ન લાગે તેના દાનની કૂટી કોડિની કિંમત નથી. તમારી પાસે ઘણા ઘણા પૈસા હોવા છતા પણ હજી તમે પૈસા મેળવવા મહેનત કરો છો તે પ્રમથી કરો છો કે લોભના યોગે કરો છો? લોભ ભૂંડો લાગે છે? દુર્ગતિમાં ન જવું હોય તો પૈસા-ટકાદિનો આરંભ ભૂંડો લગાડવો જ પડશે. આજના ઘણા સુખી માણસોએ તો મંદિર– ઉપાશ્રયનો બાયકોટ કર્યો છે. તેમના દર્શન ભાગ્યે જ અહીં થાય.

આજના બહુ મોટા શેઠીયાને પૂજામાં લાવવો હોય તો તેને સ્પેશીયલ આમંત્રણ આપવું પડે. તેના લેવા જવું પડે, જાય તો મૂકવા જવું પડે. તે શેઠ આવે તો પૂજા શોભે ન આવે તો પૂજા શોભે નહિ આપણી પૂજાની કશી કિંમત ન થાય : આવી માન્યતાવાળા પૂજા ભણાવીને ય પાપ જ બાંધેને? શેઠ આવે એટલે પૂજા ઝટ પતાવી દેવી પડે. તમારે મન તે શેઠ નારાજ ન થવા જોઇએ. ગુરૂને તમે નારાજ કરી શકો! જેને ધર્મ સાથે કશું સ્નાન-સૂતક ન હોય તેવા પાપીઓનું તમને બહુમાન કરવાનું મન થાય છે પણ સાચા સાધર્મિકનું બહુમાન કરવાનું મન થાય છે? ધર્મ કરનારને આ બધી કુટેવો ખરાબ ન લાગે, તેથી અટકે નહિ તો તેની દુર્ગતિ પણ અટકે નહિ.

ધર્મ કરનારા પણ જો દુર્ગતિમાં જાય તો તે ધર્મ કરતા નથી પણ પોતાના અધર્મને જ પુષ્ટ કરે છે. માટે હું વારંવાર પૂછું છું કે– જેને દુર્ગતિનો ભય હોય તેને પૈસો કેવો લાગે? આરંભ કેવો લાગે? તમે બધા કહો કે– 'આટલું સમજ્યા પછી હવે અમારે દુર્ગતિમાં તો નથી જ જવું માટે આરંભ-પરિગ્રહ ખોટો માનીએ છીએ, ન છૂટકે આરંભાદિ કરીએ છીએ, હજુ બંધ નથી કરી શકતા તેનું દુઃખ થાય છે.' શાસ્ત્રે કહ્યું છે કે શ્રાવકે રોજ ઘરમાં કુટુંબને ભેગું કરીને ધર્મ સંભળાવવો જોઇએ. આ પ્રણાલિકા જો તમે તમારા ઘરમાં શરૂ કરી દો તો તમારા ઘર સુધરી જાય. તમારા ઘર સારા બની જાય. પછી તો તમારાં ઘરમાં મોક્ષની અને સાધુપણાની જ વાત ચાલે. તમારા નાના નાના છોકરાને પણ પૂછો કે તારે ક્યાં જવું છે? તો મોક્ષમાં અને શું થવું છે? સાધું જ થવું છે એમ તે કહે. મોક્ષની ઇચ્છા વિના, સાધુપણાની ભાવના વિના સાચો ધર્મ આવે જ નહિ. તે માટે શું કરવું તે હવે પછી.

* *

લઘુ બોધકથા :—

* લોભે લક્ષણ જાય *

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક વાણીયો હતો. ચિંતામણિ રત્ન માટે દેશ–દેશાંતર, ગામ–અટવી, પહાડો ખુંદી વળ્યો. પણ ચિંતામણિ રત્નની પ્રાપ્તિ ન થઇ. એક વાર એક ગામમાંથી આવી રહ્યો હતો ત્યાં એક રબારીને જંગલમાંથી ચિંતામણિ રત્નની પ્રાપ્તિ થઇ હતી. પણ તે અજ્ઞાન હોવાથી એક સુંદર રમણીય પથરો માની આમ તેમ હાથથી ઉછાળતે. ચાન્સો આવતો હતો વાણીયાની નજરે તે ચઢી ગયો. તે સમજી ગયો કે, આ ચિંતામણિ રત્ન છે પણ આને મન પથરાથી અધિક નથી. તેથી કહે કે આ પથરો આપવો છે. તે રબારી કહે પાંચ રૂપિયા આપો તો આપું ! વેપારીને લોભ જાગ્યો તેથી કહે આ પથરાના પાંચ રૂપિયા તે હોય. રૂપિયામાં આપવો તો આપ. પણ તે રબારી ટસનો મસ ન થયો. આ લોભી વિચારે કે, આજે નહિ તો કાલે આપશે.

તે રબારી થોડે આગળ ગયો ત્યાં એક બીજો ઝવેરી મળ્યો. તે પણ તેની પાસે માંગણી કરે. તેથી તે રબારીને લાગ્યું આ પથરો કાંઇ કિંમતી જેવો લાગે છે તો કહે પચાસ રૂપિયા આપો તો આપું. તે ઝવેરીએ તરત જ પચાસ રૂપિયા આપ્યા અને તે ચિંતામણિ રત્ન લઇ લીધું. રબારી પણ પચાસ રૂપિયા મળવાથી ખુશખુશાલ થઇ ગયો.

બીજા દિવસે પહેલો વાણીયો આવી કહે, તે પથરો આપવો છે. ત્યારે રબારી કહે કે પચાસ રૂા.માં આપી દીધો ત્યારે વાણીયો કહે કે–મૂરખ ! તે તો ચિંતામણિ રત્ન હતું.

ત્યારે રબારી કહે–મૂરખ હું કે તમે ? હું તો અજ્ઞાન હતો જાણતો ન હતો પણ તમે તો ચિંતામણિ રત્ન જાણતા હતા તો કેમ ગુમાવ્યું ?

આ કથાનો સાર એ લેવાનો છે કે ચિંતામણિ રત્ન સમાન આ મનુષ્યભવ મળ્યો છે તો તેને એળે જવા દેવો છે કે તેનો સદુપયોગ કરવો છે ? શેઠની જેમ મહાકિંમતી જનમ જાણવા છતાં પણ જે એળે જ ગુમાવીએ તો આપણામાં અને રબારીમાં કાંઇ ફેર ખરો ? કે આપણે રબારી કરતાં પણ વધારે અજ્ઞાન ! લોભે લક્ષણ જાય તે આનું નામ. આ જનમની કિંમત સમજી તેનો સદુપયોગ કરો તે જ મનઃકામના.

*

કચ્છ-વાગડ દેશોદ્ધારક

પૂ. શ્રી જિતવિજયજી દાદાના ગુણાનુવાદ

—સ્વ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.

૨૦૩૦, અષાઢ વદિ દ્વિ. ૬, ગુરૂવાર. તા. ૧૧–૭–૧૯૭૪, શ્રીપાલનગર, મુંબઈ

[શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુધ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. —અવ૦]

અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોનું શાસન તે આરાધક આત્માઓથી હંમેશા શોભે છે, ચાલે છે અને એનો પ્રભાવ જગતમાં દેખાય છે. આ શાસન આરાધકોથી જીવંત રહ્યું છે, રક્ષિતોથી સુરક્ષિત રહ્યું છે અને પ્રભાવકોથી પ્રભાવિત રહ્યું છે. આવું પરમ તારક શાસન જેને ગમી જાય, રૂચિ જાય, સુંદર લાગી જાય અને શક્તિ મુજબ તેની આરાધના કરવા લાગે તો તેવા આત્માઓનો આ લોક સુધરે છે, પરલોક સુંદર બને છે અને પરમપદની નજીક પહોંચે છે. પણ બધા જ આત્માઓને આ શાસન જચવું કઠીન છે. તે જ જીવોને જચે કે જેને સમજાય કે 'આ સંસાર કોઇ રીતે રહેવા જેવો નથી અને મોક્ષ જ મેળવવા જેવો છે.' તેવા જીવોને થાય કે આના જેવો—આ શાસનની આજ્ઞા મુજબની આરાધના જેવો—સંસાર સાગર તરવાનો અને મોક્ષે પહોંચવાનો બીજો અદ્‌ભૂત ઉપાય નથી.

જે મહાપુરૂષની વાત કરવી છે તેમનો ઉપકાર વાગડ ક્ષેત્રમાં ઘણો છે. ત્યાં ધર્મના સાચાં બીજ રોપનાર આ મહાપુરુષ છે. બાર વર્ષની વયે આંખ જાય તેવી સ્થિતિ થઇ અને ઉપાયો કરવા છતાંય ન મટે. ત્યારે આ દુઃખાવો મટી જાય તો સંયમ લઉં તેવો વિચાર કોને આવે ? પહેલે ગુણઠાણે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે પણ કયારે ? જે કાંઇ પણ ધર્મક્રિયા કરે તે નિઃસ્વાર્થભાવે થાય ત્યારે. ધર્મના પ્રતાપે લૌકિક સ્વાર્થ સાધવાની ઇચ્છા ન હોય ત્યારે. જેમને બાર વર્ષની ઉંમરે આંખનો રોગ મટે તો સંયમ લેવાનો ભાવ જન્મ્યો તેનું કારણ કુટુંબના સંસ્કાર પણ છે. અને ભૂતકાળની આરાધના પણ છે.

આજે કુટુંબમાં જ સંસ્કાર જોઇએ તે લગભગ નાશ પામ્યા છે આજે જૈનકુળ અને જૈનજાતિમાં ભગવાનના શાસનના સંસ્કાર જોવા નથી મલતા. આવા જીવને પીડા થાય અને પીડા શમે તો સંયમમાર્ગે જાઉં આવો ભાવ જન્મે તેમાં કુળના સંસ્કાર સાથે ભૂતકાળની આરાધના પણ માનવી પડે. પુણ્યાનુબંધી પુણ્ય એટલે જે ધર્મક્રિયા

આરાધે તેના સંસ્કાર ગાઢ થાય, ક્ષયોપશમ થાય. તે પુણ્ય ઉદયમાં આવે તો સંસ્કાર જાગૃત થાય. આપણા ધર્મની આરાધના કેવી જોઇએ? તેના વિના બીજું કાંઇ જ સંસારમાં કરવા જેવું નથી તેવો ગાઢ સંસ્કાર જોઇએ. મોટાભાગના જીવોને સંસારના સંસ્કાર મજબૂત બને છે પણ ધર્મના નથી બનતા. તેવા જીવોને આવા ભાવ જન્મે નહિ.

સંસારમાં સુખ અને દુઃખ તે બે ય કર્મને આભારી છે. કર્મ જોરદાર હોય તો દુઃખ જાય જ તેવો નિયમ નહિ. ઉપાય કરવા છતાં પણ દુઃખ ન જાય તેમ પણ બને. બાહ્ય બધા ઉપાયો કરતાં હૈયાના સારા પરિણામનો ઉપાય ઊંચી કોટિનો છે. દુઃખના કાળમાં સમાધિ જીવવાની શક્તિ હોય તો ઊંચી શક્તિ આવે. સમાધિવાળાને કોઇપણ દુઃખ અસર ન કરે તેમ સાચા વિરાગવાળા જીવને સંસારનું કોઇ સુખ અસર ન કરે. તેવા જીવને પુણ્ય અને પાપના ભોગવટામાં નિર્જરા થાય અને ગુણઠાણા ઉત્કૃષ્ટ જે બંધ થાય તે રસ–કસ વિનાનો, નુકશાન ન કરે તેવો થાય.

ભગવાનનું શાસન કહે છે કે, 'યોગ' શબ્દમાં તો બધું સમાઇ જાય છે. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજાએ 'યોગશાસ્ત્ર' ગ્રંથમાં કહ્યું છે કે, 'યોગ' શબ્દ જેના કાને નથી પડયો તેનો આ જનમ અફળ–નિષ્ફળ ગયો છે. આપણે ત્યાં સાધુ પણ યોગી અને શ્રાવક પણ યોગી! તેને દુનિયાના સુખ–દુઃખની કશી અસર નહિ. જેને દુનિયાનું સુખ અસર કરી જાય, દુઃખ અસર કરી જાય તો તેનો યોગ બગડી જાય. ઘણાના યોગ દુનિયાના સુખથી અને દુઃખથી નાશ પામે છે. દુન્યવી સુખ અને દુઃખ આત્માના યોગનો નાશ કરનાર છે. 'દુનિયાનું સુખ પુણ્યોદયથી મળે છે પણ તે ઇચ્છવા જેવું નથી, મેળવવા જેવું નથી, ભોગવવા જેવું નથી, પણ છોડી દેવા જેવું જ છે. દુઃખ મારા પાપે આવ્યું તો ગભરાવવા જેવું નથી પણ મજેથી વેઠવા જેવું છે' આવો વિચાર આવે તો યોગની પ્રાપ્તિ થાય! સુખમાં વિરાગ ખંડિત થાય, દુઃખમાં સમાધિ ખંડિત થાય તો યોગ ભ્રષ્ટ થાય.

આમને વિચાર આવ્યો અને આંખ સારી થઇ ગઈ. આંખ સારી થયા પછી કુટુંબ અનુકૂળ ન હોય તો શું થાય? સંયમની વાત ન કરી શકે. સત્તાર (૧૭) વર્ષ સુધી માનસિક રીતે અભિગ્રહ જાળવ્યો હશે ને? સુખે તેમને ભૂંજવ્યા નહિ હોય ને? આવો સુંદર વિચાર અંદરથી ઊઠયો હોય, માનસિક અભિગ્રહ કર્યો તે ક્ષયોપશમને મા–બાપના પ્રેમની અસર નહિ પહોંચી હોય ને? તેવું બળ તેમને નાની ઉંમરમાં આવી જાય અને આપણે ધારીએ તો ય ન આવે! આપણે આટલું સાંભળીએ છતાં ય કેમ નથી આવતું?

આ કચ્છ–વાગડ પ્રદેશમાં તે વખતે સાધુઓનો આજે વિહાર નહિ. સામાન્ય ધર્મ ચાલે તે કરે. ત્યાંની મોટાભાગની વસતિ ખેડૂતનું કામ કરે. ભણેલ–ગણેલ પ્રજા નહિ. આ ઓગણીશમી સદીની વાત છે. તે કાળમાં આજના જેવી ધમાલ નહિ. લોકોમાં જાગૃતિ નહિ. સામાન્ય કુલાચારથી સાધુ આવે તો તેને સાંભળે. તેમાં આવો અદ્‌ભૂત વિચાર આવે, તેને સત્તર વર્ષ જાળવી રાખે, તેની તક શોધે. કુટુંબને તૈયાર કરવા નાનો બાળક શું મહેનત કરે ? આજે તમારો નાનો છોકરો સંયમની વાત કરે તો તમે તેને શું કહો ? તે યુગ કરતાં આ યુગ સારો છે ? તમે તો કહો ને કે, મૂરખ ! તું શું સમજે ? પરિણત જીવ તો એવા હોય કે, પોતાનું સંતાન આવું બોલે તો મા–બાપને આનંદ થાય. તે મા–બાપ વિચારે કે, હવે આ છોકરાને રાગ ન સ્પર્શી જાય તેવી સામગ્રીમાં મૂકવો જોઇએ. તેના ભાવને ટક્કર ન પહોંચે, તેને ઉત્તેજન મળે તેવા સંયોગોમાં મૂકવાનું મન થાય. તમારા જેવા સમજુને શું મન થાય ?

જે કાળની વાત કરવી છે તે કાળમાં સાધુપણું લેવું ઘણું દુષ્કર હતું સાઇઠ વર્ષનો લે તો ય ધાંધલ થતી. બાળક સમજે શું અને યુવાને તો દીક્ષા લેવાય શાની ? આવી માન્યતા જૈનકુળોમાં ચાલતી. સિત્તેર વર્ષમાં થોડા મહિના–દિવસ ઓછા એવો એક બુઢ્ઢો ઘરમાંથી ભાગીને પૂ.શ્રી બાપજી મ. પાસે આવ્યો અને દીક્ષા લીધી. કુટુંબીઓ આવી લો..હા કરી ગયા. પણ પૂ. બાપજી મ.ની શરમ માટે પાછા ગયા. તે ભાગ્યશાલિએ ચૌદ વર્ષ સંયમ સારી રીતના પાળ્યું. તેઓ જો મક્કમ ન હોત તો શું થાત ! જૈનકુળોમાં દીક્ષાની વાત કેવી થઇ છે ! આવા કાળમાં આટલા સાધુ થયા. આટલું સાંભળે છતાંય ભલીવાર કાંઇ નથી ! તો જ્યાં સાધુનો પરિચય નથી ત્યાં શું આશા રખાય ! તેમણે પોતાનો નિર્ણય મનમાં સાચવ્યો અને નક્કી કર્યું કે, મારા બળે જ સંયમ લેવાનું છે. ઘણાએ પોતાના આય બળે દીક્ષા લીધી છે, કુટુંબના બળે નહિ. તે કાળમાં આવો ભાવ જાગે તો સહાય કરનારા કુટુંબી કોક જ.

શ્રીકૃષ્ણજીની વાત યાદ છે ને ? અવિરતિના ઘોર ઉદયે જે કન્યા પસંદ પડે તેનું માંગું કરાવે. યુદ્ધ કરીને પણ લાવે. તે જ વખતે ખબર પડે કે, નગરમાં શ્રી નેમનાથ સ્વામિ ભગવાન પધાર્યા છે તો બધું પડતું મૂકી દેશનામાં જાય. ત્યાં નવી પરણેલી સ્ત્રી કહે કે, મારે સાધ્વી થવું છે તો તેઓ કહે ખુશીથી થાવ. જેને યુદ્ધ કરીને લાવ્યા છે, સ્પર્શ પણ નથી કર્યો છતાં ના જ નહિ અને ખુશીથી જાવ કહેતા. આગળના પુણ્યાત્માઓની વાત આવી હતી. ઉત્તમ જાતિ–કુળમાં જન્મેલા કેટલું પુણ્ય લઇને આવ્યા હોય ! એ જ દેશના સાંભળે, પ્રતિબોધ પામે ને તેમને થાય કે, સંસાર છોડી દેવાનો જ. તેમને સુખ પણ કેવાં કેવાં મળેલાં ? તમારાં સુખ તો તેમની આગળ ઉકરડાનો

કચરો ય નથી. વર્તમાનના જીવોનો સ્વજનો ઉપર જે સ્નેહ છે તે ચોથા આરાના જીવો જેવો નહિ. તમે આવા સ્વાર્થી છો કુટુંબને કહો 'અમારા ઉપર રાગ રાખશો તો મરશો. માટે અમારું માનવા કરતાં દેવ–ગુરૂ–ધર્મનું માનો.' તેવા જીવોને એક દેશના સાંભળે ને વિરાગ થાય. ઘરે આવી અનુમતિ લઇ દીક્ષા લઇ કામ સાધી જાય. પણ કહે, 'ભગવંત ! હું અનુમતિ લેવા જાઉં છું તો આપ થોડો ટાઇમ સ્થિરતા કરો.'

પ્ર૦ : કાળનો પ્રભાવ નહિ.

ઉ૦ : હજી આ કાળમાં ધર્મ છે. ધર્મ પામશો તો પામી શકાય તેમ છે. પૂ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.એ આ કળિકાળને નમસ્કાર કર્યા છે કે, આ કળિકાળમાં તું હે વીતરાગ દેવ મળ્યો ! સતયુગમાં ન મળ્યો તો શું કામનો ?

વર્તમાનમાં પાલક–પોષક પરનો રાગ નીકળી ગયો અને મીઠી મીઠી વાત કરનારા પર રાગ છે. વિરાગ વગરના સંયમમાં માલ આવે નહિ.

તે જીવો ગુરૂને કહેતા કે માતા પિતા પાસે જાઉં છું અને અનુમતિ લઇ પાછો આવું છું તો ગુરૂ કહેતા કે 'વડિબંધો મા કુણહ'–રાગમાં ફસી જતો નહિ. વિરાગીને ફસાવે કોણ ? રાગ. જેટલા રાજપુત્રો, શ્રેષ્ઠિપુત્રો, મહાસુખી જીવોને એક દેશનામાં વિરાગ થયો તો ઘરે આવી માત પિતાને નમસ્કાર કરી કહે કે, આજે ધર્માચાર્ય મળ્યા. માતા પિતા–ભાગ્યશાલી છે. તે–દેશના સાંભળી. સારું કર્યું. કેવા સંતાન ? પંપકના પુષ્પ જેવા સુકોમલ. તે–ધર્મ ગમી ગયો. માતા પિતા–મહા ભાગ્યશાલી. તે–મને સંસાર છોડી સાધુ થવાનું મન થયું. આ સાંભળતા મોહથી ચક્કર આવે, મૂર્છા આવે. રાગ ભૂંડો છે, મૂંઝવનારો છે. વિરાગી જીવ જોરદાર હોય તો રાગ પાળેલા કૂતરા જેવો છે !

શ્રી શાલિભદ્રજીની દીક્ષાની વાત સાંભળી તેમના માતા મૂર્ચ્છિત થયા, પછડાઇ ગયા. અવાજ થયો. દાસ-દાસીઓ દોડી હાજર થયા. છતાં ય શ્રી શાલિભદ્રજી માતાની જગ્યા પરથી ખસતા નથી. કેમ ? મારી માને રાગનું ચક્કર આવ્યું છે. તેને ફરી ના આવે તેવો માતાનો ઉપકારનો બકલો વાળવો હોય તો પથ્થરના થાંભલાની જેમ ઉભા રહેવું પડે. હું ત્યાં જાઉં તો માનો રાગ વધી જાય. મા જાગી, આંખ ખોલી, જોયું તો શ્રી શાલિભદ્રજી ત્યાં જ ઊભા છે. માનો અડધો રાગ ગયો. રાગ છોડાવવાનો ઉપાય શું ? પંપાળવા તે ? તમે છોકરાઓને પંપાળો વધારે કે, સમજાવો વધારે ? તમારાં સંતાનોને ધર્માત્મા બનાવવા છે કે કર્માત્મા ? તમારું મન સંતાનોને ખરેખર ધર્માત્મા બનાવવાનું હોત તો તમે જુદું જ કામ કર્યું હોત ! પણ તમારે મન ધર્માત્મા એટલે કર્શન–પૂજન કરે તે.

(અનુ. પેજ ૧૦૦૫ ઉપર)

卐 પર્યાવરણવાદીઓથી ભગવાનને બચાવો 卐

–પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શનવિજયજી મ.

અનંતોપકારી શ્રી તીર્થંકર પરમાત્માઓએ મોક્ષમાર્ગની જ સ્થાપના કરી છે. સંસારને તો ભૂંડામાં ભૂંડો, ખરાબમાં ખરાબ બતાવ્યો છે. સંસારમાર્ગને ઓંડવામાં જરાપણ કમીના રાખી નથી. સંસારમાં રહેનારો શ્રાવક પણ સંસારને જરાપણ સારો માનતો નથી કે હું સારું કરું છું તેમ પણ માનતો નથી તો સાધુ તો સંસારને સારો માને કે મનાવે પણ નહિ તે સ્પષ્ટ વાત છે. છતાં ય આ દુઃષમા કાળનો પ્રભાવ કહો કહો કે, માર્ગની શ્રદ્ધા અને સમજણ વિના જાતે જ બની બેઠેલા (કે બનાવી દીધેલા પાપાનુબંધી પુણ્યોદયે!) ઉપદેશકો–વક્તાઓ જે રીતની માર્ગ વિરુદ્ધ–અશાસ્ત્રીય, (સાચા શ્રાવકને ય ન છાજે તો સાધુને તો વિચારવી ય ન શોભે તેવી) વિચારધારાઓ ફેલાવી રહ્યા છે તેથી સત્યપિપાસુ શાસનપ્રેમી આત્માઓને દુઃખ થાય અને તેમની ઉપર સાચી દયા આવે તે સહજ છે. તેવાઓની ખોટી લલચામણી–લોભામણી વાતોમાં ફસાઇ-તણાઇ આત્માનું અહિત ન થાય માટે ભાવિકોને સાચો માર્ગ બતાવી તેમાં સ્થિર કરવા તે તેમની કપરી પણ અનિવાર્ય ફરજ બને છે. ભલે 'વિરોધી'નું કલંક કે ઉપાધિ મળે તો ય તેઓ સન્માર્ગ રક્ષાના પોતાના કાર્યથી ખેદ પામતા નથી કે અચકાતા પણ નથી. સમજુ, જિજ્ઞાસુ આત્માઓને સાચી વાત સમજાવવાના પુરુષાર્થમાં લેશ પણ પાછી પાની કરતા નથી, કરે પણ નહિ.

આજે ચારે બાજુ અરાજકતા વ્યાપી છે, તક સાધુઓ પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે સિદ્ધાન્ત વિહોણા બન્યા છે, વાનરની જેમ કયારે કઇ બાજુ ગુલાંટ મારે અને વિશ્વાસુની ઠંડે કલેજે કતલ કરી નાખે તે કહેવાય તેમ નથી. ચેન કેન પ્રકારેણ પોતાનો કક્કો ખરો કરવો છે, તેમાં જેટલા ય પૂજ્યોના નામ વટાવાય તેમાં લેશ પણ શરમ આવતી નથી. તેમાં મન્તુ મારે તે સારા અને મારા અને રોકે તે સારા હોય તો ય તેમના જેવા શત્રુ બીજા એક નહિ–તેવી માન્યતાએ જોર પકડયું છે. આપણા સ્વાર્થની આડે આવનારી ભગવાનની આત્મહિતકર વાતો પણ 'અવ્યવહાર' લાગે છે. તેવા પ્રસંગે સાચા આત્મહિતકર માર્ગે સૌને દોરવાની જેમની જવાબદારી છે તેઓની ગમે તે કારણે દેખાતી ઉપેક્ષાવૃત્તિ કે ઉદાસીનતા પણ વાતાવરણને કલુષિત બનાવવામાં જાણે–અજાણે નિમિત્ત બને છે તેનો પણ સુજ્ઞજનોથી ઇન્કાર થઇ શકે તેમ નથી.

જે શ્રી. જૈન શાસનનો પ્રાસાદ શ્રદ્ધા–જ્ઞાન અને આચારના પાયા ઉપર નિર્ભર છે તે જ પાયાને હચમચાવવાના પ્રયત્નો કરાય ત્યારે માત્ર જોયા જ કરે તો તે શક્તિમાન

માટે કેટલું બેહુદું કહેવાય ! જે શાસન લોકોને અર્થ–કામની ગુલામીની આસક્તિમાંથી બચાવવા પ્રયત્નશીલ છે તે શાસનના કહેવાતા પણ અર્થ–કામની ગુલામીમાં લોકોને જકડાવવાના કૃત્યો કરે તે કયો શાસનપ્રેમી સાંખી શકે ? 'આગેવાન' બનવાનું લાલસાના યોગે લોકોને ઉન્માર્ગે દોરવાનું પણ ચૂકતા નથી ત્યારે સાચા આરાધકોનું હૈયું રડી ઊઠે છે.

જે તારક શાસન એક માત્ર મોક્ષ માર્ગને જ ઉપદેશે છે, જે શાસન આત્મહિતનો માર્ગ બતાવે છે, જે શાસન પરમાર્થદૃષ્ટિએ સત્ય છે, જે શાસન ત્યાગ–શ્રદ્ધા–સંયમની તાલાવેલીની જ લાયકાત સ્વીકારે છે એવા પરમતારક શાસનને પામેલાઓ, શાસનના છીએ એવા પોકળ (!) જોરદાર ઢાંઢો કરનારાઓ નામનાદિના બળે ભલે દુનિયાને ઠગે, ઊંધી વાતો કરી ભરમાવે પણ સાચા શાસનરાગીને તો કોઇ જ કાળે ઠગી શકવાના નથી. પોતાની જાતને જ ઠગવાના પાપથી ભારે બની રહ્યા છે. પરમ તારક શાસનની વાતો માનવી નહિ અને પોતાને શાસનના ગણાવવા એ શાસનનો ભયંકર દ્રોહ છે. તેમાં પોતાના આત્માના ભયંકર અહિતની સાથે અનેકનું અહિત છે.

શ્રી જૈન શાસનમાં ત્યાગીની અને ત્યાગના પ્રેમીની કિંમત છે. ત્યાગ પણ ન ગમે અને ત્યાગ પણ ન ગમે તેવા શ્રીમંતાઇના તોરમાં રાચનારાની લેશ પણ કિંમત નથી. આ બધાના પ્રાણભૂત મોક્ષની સાચી અભિલાષા છે. મોક્ષની સાચી ઇચ્છા–લગન વિનાનો ત્યાગ એ વસ્તુતઃ ત્યાગ નથી. એ ત્યાગ મોક્ષમાર્ગનો મોટામાં મોટો અવરોધક છે. મોક્ષને પામવાની ઇચ્છાથી કરાયેલો ત્યાગ એજ સાચો ત્યાગ છે, તેવો ત્યાગી જ સાચો આરાધક છે. તેવા ત્યાગનું આચરણ કે શક્તિના અભાવે ત્યાગમાર્ગનો સાચો પ્રેમ એજ શાસનને પામ્યાની સાર્થકતાની નિશાની છે.

તે પામ્યા વિનાના ત્યાગીઓ, મહાત્યાગીનો આડંબર કરી રાગની જ પુષ્ટિ કરે છે. રાગ પોષક–વર્ધક વિચારોને ફેલાવે–પ્રચારે છે. ત્યાગ માર્ગની જ પ્રધાનતાવાળું શાસન સંસાર–પોષક કે વર્ધક એકપણ પ્રવૃત્તિને ઉત્તેજન આપે જ નહિ. છતાંય આજે પર્યાવરણના નામે અહિંસાને નામે માર્ગનો ઠક્કો સમજ્યા વગરના ત્યાગીઓ–પ્રચ્છન્ન પર્યાવરણ પ્રેમીઓ જે રીતનો હોબાળો મચાવી રહ્યા છે અને ભગવાન શ્રી ઋષભદેવના મોક્ષમાર્ગની છડેચોક અવહેલના કરી રાજા ઋષભની રાજ્યવ્યવસ્થાના સમજ્યા વગરનાં વખાણ કરી તેની જે રીતના પુષ્ટિ કરી રહ્યા છે અને સ્ત્રીઓની ચોસઠ (૬૪) અને પુરૂષોની બોંતેર (૭૨) કળાના પ્રણેતા રાજા ઋષભ છે તેમ કહી પોતાના કુમાર્ગની પુષ્ટિ માટે ભગવાનના નામને વટાવવામાં જે ગૌરવ માને છે તેમાં પોતાનો આત્મા કર્મથી

'ભારે' થઇ ગયેા છે તે વિચારતા પણ નથી. 'હું 'ગુરૂ' માટે શાસનનું ગમે તે થાય પણ મારી માન્યતા 'ગુરૂતા' પામે એટલે મને ઘણેા આનંદ!' તેમ તે માની–મનાવી રહ્યા છે. સાધુ તં. સાવદ્યનેા લેશ પણ ઉપદેશ કે સંમતિ આપે નહિ, પણ શ્રી વંદિત્તા સૂત્રનેા જાણ સાચેા શ્રાવક પણ જેમાં જરા પણ અનુમતિ આપે નહિ તેવી પાપક્રિયા સ્વરૂપ ઘેાડે સવારી, રાયકલ ચલાવતા શીખવું કે તરવાની ક્રિયા કરવી આદિનેા ઉપદેશ આપે નહિ તે આ સંસ્કૃતિ પ્રેમીઓ આપી રહ્યા છે તેમના ટેકેદારેા બેતી, કર્મઠાનનાં પાપેા વખાણીને જાણે શાસનની સાચી સેવા અમે જ કરીએ છીએ તેમ માની–મનાવી જાતે જ પીઠ થાબડી શાબાશી આપી રહ્યા છે.

પાપભીરૂ, આત્માઓ આવી બધી પ્રવૃત્તિથી દૂર જ રહે. જે સમજે તેવા હેાય તેને દૂર રાખે. કેાઇવાર સંયેાગાદિના કારણે વિપરીત પ્રવૃત્તિ કરવી પડે તો તેનામાં ઉપાદેય બુદ્ધિ ના આવે તેની પૂરી કાળજી રાખે છે. હકીકતમાં પર્યાવરણ–સંસ્કૃતિવાદીઓની પેાલ ખુલ્લી પડી જવાથી અને લેાકેા તેમના સાચા સ્વરૂપને બરાબર સમજી ગયા અને તેમના બધા દાવાઓ પેાકળ સાબીત થયા એટલે લુંટાતી લાજ બચાવવા જે ધમપછાડા કરી રહ્યા છે તે તેમનેા આવેશ–અકળામણ બતાવે છે. 'હાયેાં જુગારી બમણું ખેલે' તે ન્યાયે શિષ્ટપુરૂષેા અને શાસ્ત્રીય વાતેાનેા પણ દુરૂપયેાગ કરી પેાતાની ખેાટી વાતેાને સિદ્ધ કરવા જે સુરાતન બતાવે છે તેથી તે પેાતાની જાતને (!) બરાબર ઓળખાવી રહ્યા છે. આમાં કેાનું ગૌરવ હણાય છે, જાણે–અજાણે આપણા પુણ્યનામધેય પુણ્યપુરૂષેાની અવહીલના કરાઇ–થઈ રહી છે તેનેા ય વિચાર આવતો નથી.

પાપથી બચાવવા માટેનેા પુરૂષાર્થ કરાય, પાપને પેાષવા માટે કાંઈ જ ન કરાય. આ સીધી સાદી વાત. પેાતાના મન માન્યા સમીકરણેાને સિદ્ધ કરવામાં ભૂલી ગયા છે. આમાં વધારે પાપ અને આમાં ઓછું પાપ એવું માર્ગનેા અજાણ બોલે તેની કિંમત નહિ. માર્ગનેા જાણુ તો પાપને પાપ જ સમજાવે અને પાપ માત્રથી બચાવવા પ્રયત્ન કરે. જે પહેલેથી ઊંધા માર્ગે હેાય તેના બધા સમીકરણેા ઊંધા–ખેાટા જ પડે. પાપને પાપ માનત. થાવ, કદાચ પાપ ન છૂટી શકે તો દુઃખપૂર્વક પેાતાની જાતની કમનશીબી માનેા પણ હું કરું તે સારું કરૂં છું તેમ ન માનેા.

જે શ્રાવક આખા સંસારને પાપ માને છે અને તેનાથી બચવા દેવ પાસે રેાજ સાથિયેા કરી પેાતાના હૈયાની ભાવના વ્યક્ત કરે છે કે, 'ભગવન! આ ચાર ગતિ રૂપ સંસારમાં ફસાઇ ગયેા છું તેનાથી બચી મારે સિદ્ધશીલામાં જ્યાં આપ પહેાંચી ગયા અને અમને આવવાનું આમંત્રણ આપી ગયા છેા–વાસ કરવેા છે. તે માટે મારે

સમ્યગ્જ્ઞાન–સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ રત્નત્રયી પામવી છે.' આ જ ભાવના પોતાના તારક ગુરૂ પાસે પણ વ્યક્ત કરે છે કે, 'સંસાર એ મારા આત્માનો રોગ છે અને મોક્ષ એ જ મારું સાચું આરોગ્ય છે. સંસારની પ્રવૃત્તિ એ તો કુપથ્ય રૂપ છે અને આજ્ઞા મુજબના ધર્મની પ્રવૃત્તિ એ જ પથ્ય છે.'

જે સંસારને રોગ માને અને મુક્તિને આરોગ્ય માને તે આત્મા બિભત્સ ગુહ્યોની સંસાર પોષક–વર્ધક વાતોમાં ફસાય ખરો ? જેને સંસાર–સંસારની વાતો ગમે તેને ભગવાન ગમે નહિ અને જેને ભગવાન ગમે તેને સંસાર ગમે નહિ. આ સીધું–સાદું સમીકરણ સ્પષ્ટ હોવા છતાં ય કદાગ્રહી લોકો, ઊલટું સુલટું સમજાવી ભોલા–ભોળા–ભદ્રિક જીવોને ફસાવતા હોય ત્યારે શાસ્ત્રજ્ઞાતા આત્માઓ કેમ ચૂપકીદી સેવતા હશે તે ખબર પડતી નથી ! નીતિકારે કહ્યું કે–'સ્વાર્થી મિત્રનું મૌન પણ જીવલેણ શસ્ત્ર બને છે.' દાનો દુશ્મન સારો પણ સ્વાર્થી મિત્ર નહિ.

વાસ્તવમાં ગુરૂગમ વિના શાસ્ત્રોનો અભ્યાસ કરે, જાતે જ જ્ઞાની થઇ બેસે તેવાની હાલત આવી થાય તેમાં નવાઇ નથી ! અજ્ઞાની જેવું પાપ ન કરે તેવું પાપ આવા બની ગયેલા પંડિતો કરે–કરાવે ! સંસારનો ઉત્કૃષ્ટ રસ ધર્મની સાચી અભિરૂચિ જાગવા દે જ નહિ. ભગવાનનો સાચો સાધુ તો સંસારનો વૈરી જ છે, પોતાની પાસે આવનારનો સંસાર કેમ ઘટે, સંસારનો રસ દિન–પ્રતિદિન ઓછો થાય તેનો પ્રયત્ન કરે, પણ 'રાજા ઋષભ'ની રાજ્યવ્યવસ્થાના વખાણ કરી–કરાવી જાણે–અજાણે સંસાર–માર્ગનો હાથો ન બને.

આર્યસંસ્કૃતિના કહેવાતા પ્રેમીઓને સજ્જડ લપડાક સમાન વાત 'જિનવાણી' પાક્ષિકમાં પણ આવી છે. હાલના જ તબક્કે આ વાત આવી છે તે ઘણું અવસરોચિત છે. 'જિનવાણી'માંથી સાભાર રજુ કરું છું.

[જિનવાણી વર્ષ–૨૧, અં૪–૧૭/૧૮, પૃ. ૨૧૦ માંથી]

પ્ર૦ : દુનિયાના વ્યવહાર કોણે કહ્યા ?

ઉ૦ : આંતરદૃષ્ટિ તો જ્ઞાની કહે પણ જૈનશાસ્ત્ર વ્યવહારને મુખ્ય કહે છે. **પણ તે ધર્મના વ્યવહાર, દુનિયાના વ્યવહાર નહિ.** દુનિયાના વ્યવહાર જ્ઞાનીએ નિયત ન કર્યા. ધર્મના વ્યવહાર, સાધુના, શ્રાવકના, સમ્યગ્દૃષ્ટિના આચાર વિગેરે કહ્યા. પણ દુનિયાના વ્યવહારો જ્ઞાનીએ નથી પાડયા. દુનિયાની ચોરી કરનારો લુંટારો પણ અજ્ઞાની નથી. ચોરી કરવામાં પણ એને જ્ઞાન છે પણ એ જ્ઞાન જ નથી. ન્યાયોપાર્જિત દ્રવ્યોન

પાર્જન, એમાં ન્યાય એ ધર્મ, પણ દ્રવ્યોપાર્જન એ ધર્મ નહિ. જિંદગીભર ન્યાયોપાર્જિત દ્રવ્ય પેઢા કર્યા કરો. એટલા માત્રથી મુક્તિ ઓછી જ મળી જવાની છે?

પ્ર૦ : ઋષભદેવ ભગવાને અસિ, મસિ અને કૃષિ બતાવી ખરી કે નહિ?

ઉ૦ : એ કઇ અવસ્થામાં? ગૃહસ્થાવસ્થામાં ને? ભાગ્યવાન! જો કે આ સંબંધી મારે ઘણું કહેવાનું છે, પણ અવસરે કહીશ. **આજે ઘણી વાતો દુનિયા પાસે ઊલટા જ રૂપમાં મૂકવામાં આવે છે.** મહાવીર ભગવાને કૃષિને કર્માદાન કહ્યું ને **ઋષભદેવે ધર્માદાન** કહ્યું છે, એમ તો નથી ને? **અસિ, મસિ, કૃષિ માટે ઋષભદેવ ભગવાને શું કહ્યું છે, એ વિગેરે વાત જુદી રીતે તમારી આગળ ધરવામાં આવે છે.**

નીતિપૂર્વક જે ચીજ કરીએ, પૈસા કમાઈએ, એમાં નીતિની પ્રવૃત્તિ એ ધર્મ, પૈસો એ અધર્મ. ચાર જણા છે. ચારે જણા નીતિથી પૈસો પેદા કરે છે, સરખા નીતિમાન છે. એકે પાંચ કોડ રાખ્યા છે. એકે પાંચ લાખ રાખ્યા છે. એકે પાંચ હજાર રાખ્યા છે. અને એકે પાંચસેં રાખ્યા છે. નીતિમાં બધા સરખા છે. માત્ર અભિગ્રહમાં ફેર છે. કહો આ ચારમાંથી કોણ વધે?

ભગવાન ઋષભદેવે જે વખતે તીર્થસ્થાપના કરી તે વખતે અસિ, મસિ, કૃષિને પુણ્યસ્થાનક કહ્યું કે પાપસ્થાનક? ભગવાન મહાવીરદેવે અસિ, મસિ, કૃષિને પાપસ્થાનક કહ્યું છે **ને ભગવાન ઋષભદેવે પુણ્યસ્થાનક કહ્યું છે?** વીતરાગ કહ્યા સેવનારો અસિ, મસિ, કૃષિને હસ્તસ્પર્શ પણ ન કરે. વીતરાગકથા આવ્યા પછી એ સેવવાની વાત જ ઊડી જાય છે.

પ્ર૦ : સ્યાદ્વાદ છે ને?

ઉ૦ : સ્યાદ્વાદના નામે લોચા ન વાળો. સ્યાદ્વાદ એટલે શું? નિર્જરા કરે તેય મુક્તિએ જાય ને બંધ કરે તેય મુક્તિએ જાય, એમ? અનેકાંતવાદનો અર્થ કરો. વિષય કષાયને તજે એ પણ ઠીક ને ન તજે એ પણ ઠીક, એમ? **સારી વાતને ડહોળી અણસમજુ આત્માઓ ઊંધે માર્ગે ચઢી જાય એવા ઉદ્ગારો ન નીકળવા જોઈએ. સ્યાદ્વાદના નામે ઊંધી વાતો કરવાથી જૈન શાસનનો નાશ થાય છે. સ્યાદ્વાદ એટલે મરજી આવે એમ વર્તવું એમ નથી.**

* * *

પૂ. પરમ તારક ગુરુદેવેશશ્રીજીએ પ્રાસંગિક કરેલ મનનીય ખુલાસો પણ ઉપયોગી હોવાથી વાચકોની જાણ માટે રજુ કરું છું.

[૨૦૪૪ ના શ્રાવણ વદિ-૧૧ ને મંગળવાર તા. ૬-૮-૧૯૮૮ ના મુંબઇ-ચંદનબાળા ના પ્રવચનમાંથી.]

આ મનુષ્ય જન્મમાં મળતી, મેળવવા જેવી ચીજ મેળવવા જેવી ન લાગે તો તે ભારે પાપોદય ખરો ને? તમે સાધુ ન થાવ તે બને પણ સાધુ જ થવા જેવું છે, સંસાર રહેવા જેવો નથી, તાકાત હો તો છોડવા જેવો છે'—આમ ન લાગે. તો તમે સાંભળ્યું શું? શ્રી અરિહંત પરમાત્માને ઓળખ્યા શું? 'મારે અરિહંત થઈને અને શ્રી અરિહંત ન થવાય તો તે પરમતારકની આજ્ઞા પાળીને વહેલામાં વહેલા મોક્ષે જવું છે'—આ ભાવના જેના હૈયામાં ન હોય તેનો જૈનકુલમાં જન્મ પણ મહાપાપાનુબંધી છે.

ભગવાને અમને પણ કહ્યું છે કે—**શાસ્ત્રમાં જે કહ્યું હોય તે જ બોલજો,** તે **પ્રમાણે કરજો પણ તમારા ઘરનું કશું બોલતા નહિ.** આ માન્યતા આવી જાય તો જીવન પલટાઈ જાય.

માટે જ કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ જીવ મોટેભાગે પાપને આચરે નહિ, કદાચ આચરે તો દુઃખથી આચરે. તે સંસારમાં રહ્યો હોય તો ય દુઃખથી વસે છે તેમ તેના પરિચયમાં આવનારાને થાય, જ્યારે આજે તો તમારા માટે ઘણા કહે છે કે, આના ઉપર વિશ્વાસ રાખતા નહિ! તે સાચું બોલે તો ય ખોટા માટે. સાધુપણું લેવું, શ્રાવકપણું લેવું, વૃતાદિ લેવા તે કઠીન છે પણ આ માન્યતા કરવી ય કઠીન છે? ધર્મ ખાતર તો ધર્મી પોતાના પ્રાણ આપી દે. આ પ્રાણ તમને રખડાવવા મળ્યા છે. જેટલું જીવશો તેટલું વધારે પાપ કરશો. આજના સુખી જેટલું વધુ જીવે તેમ વધારે પાપ કરે છે. ઢાંકે ઢાંકે તમારું પાપ વધતું જાય છે, ઘટતું નથી. તમે જેમ જેમ મોટા થાવ છો તેમ તેમ સુધરતા જાવ છો કે વધુ બગડતા જાવ છો? ગમે તેવા પાપના નિમિત્તો મળે તો ય ધર્માત્મા જ્યાં જાય ત્યાં પાપથી બચે. લોકોને ય તેને જોઇને આનંદ આવે. આ સમજનારા તમને સંસારમાં રહેવાનું ગમે? જેલમાં કેદી જેમ જીવે તેમ સુખી શ્રાવક સંસારને જેલ માનીને જીવે.

સાધુની આંખ શાસ્ત્ર જ! શાસ્ત્રે કહ્યું તે જ બોલવાનું. શાસ્ત્રે ના પાડી તે બોલાય જ નહિ!

એક સાધુએ કહ્યું 'જે ઘરમાં ગાય-ભેંસ રાખે તે સાચો શ્રાવક!'

પ્ર૦ : અપેક્ષાએ બરાબર કહેવાય ને?

ઉ૦ : કોઇપણ અપેક્ષાએ સાધુ બોલે, મરી જાય તો ય!

પ્ર૦ : બજારમાં અભક્ષ્ય આવે, ભેળસેળવાળાં આવે, આ તો ચોકખા મળે ને?

ઉ૦ : અભક્ષ્ય ન ખાય. ઘણાને તો જીવનભર માટે ઘી-દૂધ ત્યાગ છે પોતાની

ખોટી વાતોના પુષ્ટિ માટે કેવા કેવા કુતર્કો કરે છે. આવા લોકો જ માર્ગને ડહોળે છે. સાવ ગાંડા જેવા થયા છે. જે લોકો ગાય–ભેંસ રાખતા હતા તેમણે ય સમજ્યા પછી છોડી દીધું.

પ્ર૦ આનંદ–કામદેવાદિ પાસે કેટલા ગોકુળ હતાં ?

ઉ૦ : ક્યારે હતાં ? શ્રાવક થયા પછી ઓછાં કરતા ગયા તે યાદ નથી ?

સાધુ પણ ભ્રમમાં પડયા છે અને તમને પાડે છે. આવું જે બોલે તે સાધુ પણ શ્રી સંઘમાં નહિ અને શ્રાવક પણ શ્રી સંઘમાં નહિ ! આ તો બધા માર્ગવિરુદ્ધના અને પ્રત્યક્ષ ઉન્માર્ગગામીના લક્ષણ છે. ઉત્સૂત્રભાષીઓના માથે શિંગડા નથી ઉગતા તે આનું નામ !

પ્ર૦ શ્રાવકો ડેરીનાં દૂધ પીએ તેના કરતાં ગાય ઘરે રાખીને પીએ તો દોષમાં ન પડે ને ?

ઉ૦ : આ પૂછનાર સાધુ છે તો મારે તેનો ઓઘો ખેંચી લેવો પડશે. ઘરે રવાના કરવો પડશે, જેથી ઘણા પાપથી બચી શકે. 'ઉત્સૂત્રભાષણ' જેવું કોઇ પાપ નથી તે યાદ નથી ? 'પાપ નહિ કોઇ ઉત્સૂત્રભાષણ જિસ્યું' આનો અર્થ આ 'ઢંઢોળ' શું સમજાવશે ?

આ લોકો તો સાંઢ રાખી ભોગ કરાવે છે અને ગાયને સંતાન પેઢા કરાવે છે.

શ્રાવકને અધિક પૈસો રાખવો પડે તેનું દુઃખ છે તો તે વળી ગાય-ભેંસ રાખે ?

સુખી લોકો ખરાબ દૂધ ન લાવે તો બજારની ગરબડ મટી જાય ! આગળ ગોવાળો હતા જે પ્રાય તાજું જ દૂધ લાવતા. ભેળ સેળ પણ ન હતા કરતા. તમારે પૈસા ખરચવા નથી અને સારું ચોકખું તાજું દૂધ જોઇએ તો કોણ આપે ? તમે તો એવા હોંશિયાર છે કે વર્ણન ન થાય. સાધુપણું કઠીન છે, શ્રાવકપણું કઠીન છે, ધર્મ કરવો ય કઠીન છે પણ કરે તેનું કલ્યાણ થાય.

તમારી શ્રદ્ધા મજબૂત છે કે નહિ ? તમને સંસાર ગમે તો અવિરતિ ગાઢ છે, તેનું દુઃખ ન થાય તો મિથ્યાત્વ પણ ગાઢ છે. ભગવાનના શ્રાવક–શ્રાવિકા સંસારમાં જ હોય પણ સંસારમાં રહેવાનું મન ન હોય. સાધુને શાસ્ત્રે કહ્યું તે જ બોલવાનું મન હોય, **લોકોને રાજી કરવાનું મન ન હોય તે જ સાચો સાધુ છે ! લોકોને રાજી કરવા માટે ધર્મનો ઉપદેશ આપવાનો નથી ભૂખે મરતાને ભૂખ સહન કરવાનો ઉપદેશ આપવાનો છે, ભૂખ ટાળવા પાપ કરવાનો ઉપદેશ નથી આપવાનો**

અમે ગમે તે બોલીએ તો ચલાવી લો તો તમે અમારા શત્રુ છો. તેવા શ્રોતા **આગળ વ્યાખ્યાન પણ ન થાય.** તમારી અમારી જોખમદારી ઘણી છે.

સાધુ વિદ્વાન હોય, કોઇ પૂછે કે, આમ જે કહ્યું તે શાના આધારે બોલો છો ? તો સાધુ એમ ન કહે કે–'તું શું શાસ્ત્ર ભણ્યો છે. છકાયના કુટામાં બેઠેલા છે. તને પૂછવાનો અધિકાર નથી' ઘણા ઉપદેશકો કહે કે, વ્યાખ્યાનમાં પૂછવાનું હોય નહિ વચમાં પૂછો તો અમારી લીંક તૂટી જાય છે. મને હજી સમજાતું નથી કે, આમાં શું લીંક તૂટે ? ભગવાને કહેવાનું છે તેમાં લીંક શું તૂટે ? જાહેરાતો કરીને બોલાવે અને જાહેરમાં પૂછવું નહિ'– આમ જે ઉપદેશક કહે ત્યારે શ્રાવકો ઘેર પાછા ચાલ્યા જાય તો તે શ્રાવકોને સાચા શ્રાવક કહું ! 'જવાબ નહિ આપો તો આવીશું જ નહિ, આ સાધું શાસ્ત્રના નામે ગપ્પાં જ મારે છે, તેવો વખત આવે તો જાહેર પણ કરીશું આમ કહે તેને ય સાચો શ્રાવક કહું ! આવા સાધુને સાંભળે તે પણ શ્રાવક નહિ. જાહેરાતો કરી બોલાવે, જાહેરમાં પૂછે તો કહે 'તમે શું સમજો ? તમને આ પૂછવાનો અધિકાર નથી ખાનગીમાં મળજો' તો તે ભગવાનના શાસનનો વકતા નથી પણ બકતા' છે.

માટે ડાહ્યા બનો. આવા લે ભાગુઓની વાતોમાં ફસાતા નહિ. તો કલ્યાણ થશે. ભાવના ફેરવવી છે, ભાવના ફરી જાય તો કામ થઇ જાય. શાસ્ત્રે 'ભાવનાને ભવનાશિની' કહી છે. ડાહ્યા થઇ જાવ તેટલી ભલામણ છે.

પ્રાન્તે એક જ ભાવના છે કે, આ આપણો આત્મા કે જેના ઉપર આપણને અનહદ પ્રેમ છે તેવો એકપણ આત્મા, આવી વાતોમાં ફસાઇ આત્માનું અહિત ન કરે, સંસાર માર્ગમાં ફસી ન જાય પણ વહેલામાં વહેલો સંસારથી પાર પામે તે જ શુભ ભાવનાથી પ્રેરાઇ આ એક અલ્પ પ્રયાસ કર્યો છે. સૌ વાચકો શાંતચિત્તે વાંચી– વિચારી સન્માર્ગના સુજ્ઞાતા બની આત્મહિતકર માર્ગે ચાલી આત્માનું કલ્યાણ કરનારા બનો તે જ શુભકામના.

વિવિધ વાંચનમાંથી અમૃત કણીયા

–પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

આ અવસર્પિણીના સાત કુલકર કયા ?

૧ વિમલવાહન. ૨ ચક્ષુષ્માન. ૩ યશસ્વી. ૪ અભિચંદ્ર. ૫ પ્રસેનજિત ૬ મરૂદેવ. ૭. નાભિ.

રડવાથી કે ચોક મૂકવાથી કર્મ છોડે નહિ–પણ સમભાવે રહેવાથી કર્મ ને ભાગવું જ પડે. ભાગે જ છુટકો.

(અનુ. પેજ ૯૯૬ નું ચાલું)

તે મા-બાપ મોહ-રાગના કારણે કહેતા કે-તું સુકોમલ છો. તેના સુખના વર્ણન કરતા, સંયમની કઠીનતાની વાત કરે. પણ જો વિરાગી મક્કમ રહે તો રજા આપે અને ઠાઠથી દીક્ષા અપાવે. હજારો આત્માઓ દીક્ષા લેવા સાથે નીકળે એવા દૃષ્ટાંતો આવે છે. તેઓ સંયમની કઠીનતા બધી વર્ણવે પણ સંયમ વિરુદ્ધ કાંઇ ન બોલે. જ્યારે આજના લોકો કેવા પાક્યા છે ? સંયમ વિરુદ્ધ જ વાતો ફેલાવે. તમારે મન તો ધર્મ લહેરથી કરવાની ચીજ છે ને? ત્યાગ, સંયમ, વિરાગ વગર ધર્મ થાય ? થોડો પણ ધર્મ કરવા ત્યાગ જોઇએ, વિરાગ જોઈએ, સંયમ જોઇએ-તે જાણો છો ? આજે તમારામાં આ છે ? ધર્મ ત્યાગ, વિરાગ, સંયમ વગર ન થાય !

પ્ર૦ : ભાવથી ન થાય ?

ઉ૦ : ભાવ જ ત્યારે આવે જ્યારે વિરાગ આવે, ત્યાજની વૃત્તિ આવે, અને સંયમનો સાચો ભાવ આવે તો આ બધું આવે. આપણે ત્યાં ભાવધર્મ વાંઝિયો નથી. કાંઇને કાંઇ જીવનમાં છાપ મૂકીને જાય.

દીક્ષાની ભાવના પેઢા કરી દીક્ષા અપાવે તેવા કુટુંબો વર્તમાનમાં લગભગ છે નહિ. વર્તમાનમાં ઘણા મહાપુરૂષોને કુટુંબ પ્રતિકૂળ મળ્યા છે, દીક્ષા માટે આનાકાની કરે તેથી કુટુંબથી ભાગીને દીક્ષા લેવી પડી છે. ઘણા વખતથી આ સંસ્કાર ભૂંસાઇ ગયા છે.

સભા : ધર્મ તો ઘણો વધ્યો છે.

ઉ૦ : હમણા હમણા ધર્મ વધ્યો પણ તે સંસ્કાર ભૂંસાઇ જ ગયા છે.

તમારા ઘરમાં પલટો લાવવો તો સંતાનોને સુસાધુ પાસે તત્ત્વજ્ઞાન ભણાવવા મોકલો. અને કહો કે, મન થાય તો ત્યાં જ રહેજો, ન થાય તો અહીં પાછા આવજો, ઘર તમારું જ છે. આજે તમારૈ મન ધર્માત્મા એટલે પૂજા, સામાયિક કરે તે. જેના બાપને પોતાના સંતાનને ધર્માત્મા બનાવવા તો તેવા બાપ કેટલા મળે ? તે બાપ ધર્માત્મા બનાવવા શું શું કરે ?

આ મહાપુરૂષે માનસિક અભિગ્રહ બાળ વયે કર્યો હશે તો સમજીને જ ને ? તેમને ખબર છે કે મુશીબત આવશે. અભિગ્રહ પાળવો હતો એટલે સંસારની પ્રવૃત્તિમાં રસ નથી લેવો એવી રીતે જીવવા માંડ્યા. બળ વધવા માંડયું ત્યારે છેક ઓગણત્રીશ (૨૯)મે વર્ષે દીક્ષા થઇ તે કાળમાં છોકરો ઉંમરે વધે અને લગ્ન ન કરે તે ચાલે ? આજે પણ તમારો છોકરો ઉંમર લાયક થાય તો તમને શું શું વિચાર આવે ? તેમને તો ખબર હતી કે, મારા અભિગ્રહની બાબતમાં માતા-પિતા અનુકૂળ થાય તેમ નથી. તરત થયા હોત તો કુટુંબ ભાગશાળી જાણી રાજી થાત પણ તેમ નથી બન્યું.

જે જીવને સાચા ભાવે ચેાગ પેઠા થયેા, મેાક્ષની ઇચ્છા થાય, તેને સંયમની ઇચ્છા થાય જ. જે સંયમની ઇચ્છાથી નીકળ્યા હેાય તે મેાટે ભાગે સારા હેાય. તેમના જીવનમાં તપ–જપ–વિનય–સેવા–ભક્તિ–સ્વાધ્યાય દેખાય. તે સ્વયં ભગવાનના માર્ગને ઉજાળે. અનેક જીવેાને ધર્મમાં જોડે. વાગડ ઉપર ઉપકાર કરી આખેા પ્રદેશ સુધાર્યો. તે પ્રદેશમાં સાધુ જતા હેાય અને એતરમાં હેાય તો પગમાં પડી 'મત્થેણ વંદામિ' કરે.

આમને તો આટલી નાની ઉંમરમાં સંયમનો અભિગ્રહ કર્યો અને લીધું. તેઓ તક પામી શ્રી સિદ્ધગિરિજી ગયા અને કુટુંબની હાજરીમાં ચેાથા વ્રતનેા નિયમ લીધેા. તમારેા છેાકરેા લેવા માંડે તો તમે તો હાથ જ પકડેા ને? તમે તમારા સંતાનેાને કશું કહ્યું નથી. એમ પણ કહ્યું છે કે 'ભગવાનનેા ધર્મ સાધુધર્મ જ છે. તે ઊંચામાં ઊંચેા તે જ લેવા જેવેા છે. હું નથી લઇ શકતેા. જો તું લઇશ તો મહેાત્સવ પૂર્વક અપાવીશ' આમ તમે કરેલું? તમે કહી શકેા કે મેં મારા સંતાનને બાલપણથી આ જ સંસ્કાર રેડ્યા છે. ભણી–ગણીને હેાંશિયાર થયેા હેાય તેા ય. એમ પણ કહ્યું છે કે, હજી સાધુ પાસે રહી અભ્યાસ કર. મન થાય તો ત્યાં જ રહેજે. ન થાય તો મારા કામમાં જોડીશ.

આ મહાત્મા કચ્છ–વાગડના ઉપકારક બને. તેઓ સંયમ પેાતાના આપબળે પામ્યા. કઠિ સહાય મહી હેાય તો સાધુ પુરૂષેાની, પેાતાના કુટુંબની નહિ. બારમે વર્ષે લીધેલેા અભિગ્રહ ઓગણત્રીશમે વર્ષે સફળ કર્યો તે સંસારમાં ન ફસ્યા માટે. મારી આંખ સારી થયા પછી સંસારમાં ખરચવાની નથી, ધર્મમાં ખરચવાની છે તમે બધા જૈનાચારેા મેાટાભાગે ફગાવી દીધા. તમારા મા–બાપ જોતા રહ્યા. આજે ઘણા મા–બાપ કહે કે, તારી દીક્ષા અમારાથી નહિ જોવાય. પણ તમારા સંતાન શેતાનિયત કરે તે તમે જોઈ શકેા છેા. આવું સારું કામ કરે તો તમે ન જોઈ શકેા?

તમે તમારાં સંતાનેાને દર્શન–પૂજન કરવા જાય ત્યારે કહ્યું કે, 'આપણી સામગ્રીથી પૂજા થાય. તો તે લઇને જા!' આગળ ઘરથી મંદિર દૂર હેાય તેા પૂજા કરતી વખતે પગ ધેાઇને જવું જોઇએ, માટે પાણીની લેાટી લઇને જાતા. આજે દર્શન કરવા આવનાર રાતે ય આવે, પાનના ડુચા ચાલુ હેાય. મેાઢું સાફ કરવા પાણી રાખવું પડે. તેને કાંઇ કહેવાય નહિ. એટલી ગરબડ ચાલે છે વર્ણન ન થાય. સાધારણના પૈસા ન હેાય તેા ભંડારના પૈસામાંથી ય બનાવેા ને?

આજે ઘણા છેાકરા સારા છે તો કુટુંબ બાધક છે. કુટુંબ સારા છે તો સંતાન સારા નથી. આ કલિકાળનું કૌતુક છે. કલિકાલ ખરાબ ખરેા પણ કેાના માટે? ધર્મ ન કરવેા તેને માટે. આજે જેને ઊંચા કામ કરવાનું મન થાય તેા તાકાત નથી, જેની

શક્તિ છે તેને ક૨વાનું મન નથી. તમને મનમાં થાય છે કે, આટલી તાકાત, શક્તિ હોવા છતાં ય મને અક્કરમીને ખરચવાનું મન કેમ થતું નથી ? શક્તિ મુજબ ક૨વાના મનોરથ થાય છે. તેને અમલમાં મૂકવાની હવે ચોજના ઘડી છે તેમ છે ?

આ મહાત્મા ઓગણત્રીશમે વર્ષે તે સાધુ થયા. તેમના ગુરૂ મ. પૂ. શ્રી બાપજી મ.ના શિષ્ય હતા. સારામાં સારા ત્યાગીને વિરાગી હતા. તેઓ મોટો ભાગ વાગડમાં વિચર્યા છે. તેમના તપ–જપ–ત્યાગની છાયાથી વાગડ જેવા અજ્ઞાન પ્રદેશને ધર્મી બનાવ્યો. અજ્ઞાનને ધર્મી ક૨વા કઠીન કામ છે. આજના ડીગ્રીવાળાને સમજાવવા ઘણું કઠીન છે: માથું જ ધડ પર નથી.

મુંબઇમાં આટલા જૈનો હોય ને સાધારણના ખર્ચા પૂરા ક૨વા અડધા દેવદ્રવ્યના લે, તે કલંક ન કહેવાય ! મુંબઇમાં વસનારા જૈનોનો ખિસ્સા ખર્ચો કેટલો ? બધા તે આપી દેતા હોય તો સાધારણના વાંધા જ ન રહે, સાતે ક્ષેત્ર તર થઇ જાય. ધર્માત્મા, ધર્મ પમાડે તેને બીજી લાલચો નથી આપવી પડતી. ઉપદેશમાં ધર્મને ધર્મની રીતે સમજાવાય. આ મહાત્માએ વાગડ ઉપર મોટો ઉપકાર કર્યો છે. વાગડમાં ધર્મ ટકી રહ્યો છે.

આજના શહેરોમાં શ્રાવકોને સાધુની ગરજ ન હોય તો આ શહેરો રહેવા જેવા નથી. મહત્ત્વના પ્રસંગે આવવું પડે માટે અમે આવીએ છીએ. સાધુઓની તમારે ગરજ નથી. સાધુઓ તમારા માથે પડયા છે તેમ માનો છો. જેને સાધુઓના સંયમનો ખપ ન હોય તો સાધુઓની જરૂર પણ શી હોય ? ઉપાશ્રય કોને જોઇએ ? અમારે કે શ્રાવકોને ? આજની હાલત લગભગ એ છે કે, તમારે ધર્મ ક૨વો નથી, બીજા પાસે ક૨ાવવો નથી અને અમે ય અમારો ધર્મ ચૂકી જઇએ તો તેની ય ચિંતા નથી ! શ્રાવકોને ખરે-ખર ધર્મની ભુખ જાગે, ધર્મ ક૨વો હોય-સમજવો હોય તો ઉપાશ્રય કેવા હોય !

વગર પૈસાનો ધર્મ અમારે માટે છે. જેની પાસે પૈસા હોય તેને વગર પૈસે ધર્મ થાય નહિ. તેની પાસે વગર પૈસે ધર્મ ક૨ાવાય નહિ. પૈસા ન ખરચવા પડે તે માટે સામાયિક લાંબે બેઠે તે કેવો કહેવાય ? બને ત્યાં સુધી ધર્મસ્થાનમાં આપણો પૈસો ન ખર્ચાય તેની ચિંતા ખરી ને ? 'ધર્મના કામમાં હું ન આવી જાઉં' તેની ચિંતા કેટલાને ? અને 'ધર્મના કામમાં હું ન રહી જાઉં અને હું જ ક૨ી લઉં' તેની ચિંતા કેટલાને છે ? હવે આ મુંબઇમાં સાધુઓ માટે સંયમની આરાધના નષ્ટ થાય તેવા સંયોગો થતા જાય છે. કઠાય શાસન માટે રહેવું પડતું હોય અને દુઃખી હૈયે રહે તે જુદી વાત છે. બાકી લહેર ક૨વા, મોજમજાદિ ક૨વા રહે તેના તો બાર વાગી

જવાના છે. શાનમાં સમજવા જેવું છે.

આ મહાપુરૂષે દીક્ષા લીધા પછી ગુરૂની આજ્ઞામાં રહી, સંયમ–તપ–સ્વાધ્યાયનો અભ્યાસ કેળવી, પોતાની સાથે અનેકનો ઉપકાર કર્યો. વાગડમાં જેમ આ મહાપુરૂષે ઉપકાર કર્યો છે તેમ સા. શ્રી આનંદશ્રીજીનો પણ ઘણો ઉપકાર છે. તેમનો સાધ્વીનો પરિવાર પણ ઘણો છે અને મુખ્ય મુખ્ય ઘણા સાધ્વીઓએ નામના પણ કાઢી છે. તમને બધાને ધર્મનો સંયમનો મહાપુરૂષોનો ખપ હોય તો તમારા જીવનમાં ઘણો પલટો આણવો પડશે. સાધુઓ ગમે તેમ મરજી મુજબ જીવે તે ન ચાલે તેમ શ્રાવકો પણ ગમે તેમ જીવે તે ય ન ચાલે. ભગવાનના શ્રી સંઘમાં ભગવાનની પરમતારક આજ્ઞાને જે વફાદાર રહે તે જ રહી શકે. આજ્ઞા તે શાસ્ત્ર છે! શાસ્ત્ર તે દીવાદાંડી છે. સાગરમાં જહાજ દીવાદાંડી જોઇને ચાલે. જહાજમાં હોકાયંત્ર રાખે. આપણી દીવાદાંડી શાસ્ત્ર છે. પોતાને પોતાની પરિણતિ સાચવવી તે હોકાયંત્ર છે. શાસ્ત્રે સાધુઓને ચલતે, પરિણામે ચઢવાનું કહ્યું છે. આ સંયમમાં એવી તાકાત છે કે અહીં બેઠે બેઠે બધા દેવલોકના બધા દેવોના સુખને ઉલ્લંઘી જાય. એક વર્ષના પર્યાયમાં શ્રી સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોના સુખને ઓળંગી જાય છે. આત્માના પરિણામ એટલા નિર્મળ થતા જાય કે સારા કાળમાં તે આત્મા કામ સાધી જાય. સંયમમાં એવો આનંદ આવે કે જે કોઇ આવે તેને સંયમ કેમ મળે, દેશવિરતિ કેમ મળે, સમ્યક્ત્વ કેમ મળે તેની ચિંતા હોય–તેવો પ્રયત્ન ચાલુ હોય. અમારી પાસે આવનારા ધન અને ભોગ માટે રાંકડા ન થાય તેમ થાય. અનીતિથી કમાનારા અને ભોજમજાદિ કરનારા રાંકડા છે. જાત–કુલ ખોઇ નાખી. જંગલમાં દાવાનલ લાગે તો સાવચેત જનાવરો દાઝતા નથી. જગત ગમે તેટલું ખરાબ થાય પણ આપણે સારા રહેવું તો રહી શકીએ. જે ખરાબ થશે તેની દુર્ગતિ થશે. આપણે દુર્ગતિમાં ન જવું તો સારા થવું પડશે. આ મહાપુરૂષે બાલ્યવયમાં લીધેલો અભિગ્રહ સત્તાર વર્ષ સુધી જાળવ્યો, સાધુપણું લીધું, સારી રીતના પાળ્યું અને અનેક આત્માઓને પમાડ્યું. પોતે ચોર્યાશી (૮૪) વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને આ મનુષ્યભવ સાર્થક કરી ગયા. તો તમને હજી મનમાં થયું કે મરતાં પહેલા સાધુ જ થવું છે. આપણે ત્યાં 'સંથારા દીક્ષા'ની વિધિ છે તો તેનું ય મન છે? આવા મહાપુરૂષના ગુણો યાદ રાખીને ગુણો જીવનમાં આવે તેવો પ્રયત્ન કરો તો આ ગુણાનુવાદ કર્યા તે સાર્થક થાય. 'આ જીવનમાં સાધુ તો થવું જ છે' આટલી પણ ભાવના આવી જાય તો ય કામ થઇ જાય. સૌ આવી ભાવનામાં રમતા થાવ તે જ ભાવના સાથે પૂર્ણ કરું છું.



સત્યમાર્ગના અજોડ ફિરશ્તા તુમ ચરણે હોજો વંદના !

—શ્રી ગુણદર્શી !

આ જગતની અંદર સત્ય અને અસત્યને શાશ્વત કાળનું વૈર ચાલે છે અને હરેક કાળમાં સત્યનું મોહું પહેરીને, સત્યનો સ્વાંગ સજીને અસત્ય મજેથી મહાલે છે છતાં પણ અંતે જય તો સત્યનો જ થાય અસત્યનો પરાજય થાય છે. આ એક સ્પષ્ટ હકીકત હોવા છતાં પણ આજે જેમ સુગર કોટેડની ઇમીટેશની બોલબાલા છે તેમ અસત્યના વાઘા સજવામાં 'મોભો' 'મોટાઇ' લોકો માને છે અને તેમાં પોતાનું 'સ્ટેટસ' અનુભવે છે. અસલ કરતાં નકલ ચઢે તેમાં તો બે મતજ નથી અને પોતાની અસલિયાત છૂપાવવી અને નકલિયાતનું અનુકરણ કરવું તે આધુનિક 'ફેશન' ગણાય છે.

સોના કરતાં પિત્તળનો ચળકાટ વધે છતાં પણ સોનું તે સોનું જ રહે છે પિત્તળ તે પિત્તળ જ રહે છે. શયતાન પણ બાઇબલની વાતો ટાંકે તેથી તે બાઇબલનો પૂજારી થયો તેમ કોઈ માનતું નથી. તેમ અસત્યનું આચરણ કરવા માટે પણ નામ તો સત્યના પ્રયોગોનું જ આપવું પડે છે. ગમે તેટલાં સફેદ જૂઠાણાંઓ પ્રચારવામાં આવે, અસત્ય તરફ આંધળી દોટ મૂકવામાં આવે તો પણ તે કાંઈ અસત્ય મટી જતું નથી અને સત્ય બની જતું નથી. કાંસાનો જેવો અવાજ આવે તેવો સોનાનો ન આવે. માટે કહેવાય છે કે—'આડમ્બરો પૂજ્યતે લોકે, ન તુ લોકોત્તર શાસને!' આડંબર લોકમાં પૂજાય છે નહિ કે લોકોત્તર શાસનમાં.

લોકોત્તર શાસનની આરાધના કરવી હોય. સત્યમાર્ગની સાચી ઉપાસના કરવી હોય તો ખોટા ભભકાનો, ખોટા આડંબરોનો ત્યાગ કરવો જોઇએ. હૈયાના નિખાલસ, નિર્ભેળ બનવું જોઇએ. સૂર્ય ઉપર વાદળોના ગમે તેટલાં આવરણ આવે તો પણ તે સાવ જ છાનો રહેતો નથી. તેમ અસત્યને સત્યનો ગમે તેટલો ઓપ આપવામાં આવે તો પણ તે સત્ય બની શકતું જ નથી. સત્ય તે સત્ય જ રહે છે. દુનિયા પણ કહે છે કે અંતે 'સત્યમેવ જયતે.'

સત્યની આરાધના કરવા માટે સુવર્ણની જેમ કસોટીએ પણ ચઢવું પડે, અવસરે છેદાવું પણ પડે; લોક ગમે તેટલા ખોટા આક્ષેપો કરે તો પણ તે સહન કરવા પડે અને અંતે અગ્નિમાં તપાવું પણ પડે તેમ અનેક સંઘર્ષો મજેથી સહન કરવા પડે તો જેમ સુવર્ણ સો ટચનું ગણાય તેમ તે આદમી સત્ય માર્ગનો સાચો પૂજારી ગણાય. અને પછી સત્યમાર્ગના સંરક્ષણ માટે, પ્રચાર માટે બધું જ કરી છૂટે પણ સત્યમાર્ગથી લેશ

પણ ચલાયમાન થાય નહિ. અનુકૂળ પ્રલોભનોમાં લોભાય કે મૂંઝાય નહિ અને પ્રતિકૂળ ડરામણો ધમકીથી ડરે નહિ કે વશ થાય નહિ પણ સત્યમાર્ગનું મજેથી પ્રકાશન કરે અને અનેક આત્માઓને સાચું સત્ય સમજાવી, સત્યમાર્ગમાં સ્થિર કરે–કરાવે અને સત્ય માર્ગ જગતમાં વહેતો રાખે.

આવાજ એક પુણ્યપુરુષ આપણી વચ્ચેથી વિદાય થયા પણ સનાતન શાશ્વત સત્યોનો વિજયવાવટો અણનમ રાખીને, અણનમ રાખવાનો માર્ગ બતાવીને ગયા કે જેથી લોકો તેઓને 'સત્ય માર્ગના અલેખ ફિરશ્તા' તરીકે યાદ કરી આજે પણ અશ્રુ-ભીની ભાવભરી નતમસ્તકે વંદના કરી પોતાના આત્માને પણ પાવન કરે છે.

'જેઓએ પ્રબળ પ્રલોભનોની પળોમાં પણ સત્ય પ્રામાણિકતાનો પાલવ અખંડ પકડી રાખી જગતને જે અનોખું ઉદાહરણ આપ્યું જેની જોડ આજે જડતી નથી' તેવું ગુણગાન ગાનારા પણ અવસરે અવસરે સફેદ જૂઠાણાઓનો આશ્રય કરનારાના ઉપાસક બનવાનું આકર્ષણ કેમ છોડી શકતા નથી તે એક ગંભીર સવાલ છે.

દુરાગ્રહોના દુર્ગના કાંગરા ન ખરે તેના માટે બધા મહેનત કરે છે પણ સત્ય સદાગ્રહને સ્વયં સ્વીકારી તેના રક્ષણ માટે પરસેવાનું એક બિંદુ પાડવા તૈયાર નથી તે આજના જમાનાની એક વિલક્ષણ તાસીર છે. તેને જ્યારે સત્યમાર્ગના મુસાફર બનાવવાનો દાવો કરનારા અનુસરે છે ત્યારે આશ્ચર્યની સાથે સજ્જનો અને સુજ્ઞોને આઘાત જન્મે છે કે ખરેખર સત્યનું રક્ષણ કરવાનું સત્ત્વ તો ગુમાવ્યું છે પણ અપેક્ષા વારસાનું પણ વફાદારી પૂર્વક જતન કરી શકતા નથી. આ એક જાતની નાલેશીભરી પીછેહઠ જ છે તેમા કહેવામાં વાંધો છે ખરો ?

"આપણે જેને સાચું અને આત્મકલ્યાણકર માનીએ તેને વળગી રહેવાનો નિશ્ચય એ નાનકડો પણ અતિ મહત્ત્વનો આત્મવિજય છે. જેની આગળ ત્રાંબુ લોકનું સમ્રાજ્ય તૃણ સમાન છે. માન પાનાદિ મોટાઇ કે વૈભવ ખાતર પોતાના વચનથી તસુ-ભર પણ ન ખસે તેવા વિરલા આ હતા" તેવું ઉછળી ઉછળીને બોલી, શ્રોતાજનોને આકર્ષવાનો અભિનય કરનારાઓએ સાચા અર્થમાં આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે.

દુનિયામાં જેમ સફેદ જુઠાણા ચલાવનારા સફળ સેલ્સમેન ગણાય છે તેમ શબ્દ શૂરા માણસો અતિશયોક્તિના સોગઠાં પૂર ઝડપે દોડાવે છે પણ પરિણામ અંતે શૂન્ય આવે છે. બાકી આજે "સામાને ખોટું ન લાગે તેવી ઢાવકાઇથી આભાસી સત્ય બોલવું એવું લાગે તો મૌન રહેવું, બોલવું પડે તો પકડાઇ ન જવાય માટે દ્વિઅર્થી બોલવું, પોતાને ઉપયોગી થાય તે રીતે મરોડી ઠઠારીને સત્ય બોલવું, અસત્ય જાણવા છતા પણ

પોતાના કે પોતાના લાગતા વળગતાની વાતના સમર્થન માટે પ્રયત્ન કરવો, દૂધ– દહીંમાં પગ રાખવા બોલેલું ફરી જવામાં મુત્સદ્દીગિરિ માનવી, બહાદૂરી માનવી, હૈયામાં ન હોય તો ય આત્મીયતાના દેખાડાના ડોળનું નાટક કરવું" તે એક કળા મનાઇ છે તેમાંથી સારા સારા ગણાતા પણ કોણ બાકાત હશે તે તો સવાલ છે.

ગ। મહાપુરૂષને પામ્યા પછી તેમની સેવા–ભક્તિ–ઉપાસના કર્યા પછી, તેમના જ સાચા સેવક અને અનુયાયી હોવાનો દાવો કરનારા–ધરાવનારાઓએ અસત્યના કલ્ચરમાં અંજાયા વિના સત્યમાર્ગને જ બરાબર વળગી રહેવું જોઇએ. તેવી વાત કરનારાને કાન પણ ન આપવા કે સામે પણ ન જોવું જોઇએ. આમને તો બાહ્ય–અભ્યંતર આક્રમણોના સામનો કરી સત્ય માર્ગનું સંરક્ષણ કર્યું અને આપણને સત્ય માર્ગ સમજાવીને તે માર્ગે સ્થિર કર્યા તો તેની જાળવણી કરવી તે તેમના દરેકે દરેક ઉપાસકોની અનિવાર્ય ફરજ છે; તેમાં ગોલમાલ કરવી કે નાનમ કે લઘુતા માનવી તે તો તેઓની ભક્તિ પ્રયત્નો માત્ર દેખાડો છે, ઢોંગ છે. ખુદ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના કાળમાં જમાલિ અને ગોશાળા જેવાઓ મિથ્યામાર્ગનો અને અસદ્‌ભૂત ભાવનો પુરબહારમાં પ્રચાર કરતા હતા ત્યારે શાસનરાગી આત્માઓ વધુ મજબૂત બનીને તેમાં જરાપણ ન તણાઇ જવાય તેની કાળજી રાખતા હતા તો આજના ઘાલમેલના જમાનામાં તો વધુ મજબૂત બનવું જરૂરી છે.

અસત્યના પ્રેમીઓ, સમર્થકો, પૂજારીઓને સાચું તો બળતરા જેવું લાગે તે તો ઠીક પણ સત્યનું પ્રકાશન કરનારા આંખમાં કણાની જેમ ખૂંચે. તેવે અવસરે સાચા શાસનરાગી અને સત્ય સમજનારાઓએ કોઇની ય લાગણીમાં તણાયા વિના સત્યને અને સત્યનું સમર્થન કરનારાને જ વળગી રહેવું જોઇએ પરન્તુ સાચાસત્યનાં મિશ્રણથી કંટાળવું નહિ કે ઉદાસીન પણ બનવું નહિ. કારણ કે જગતમાં જે વસ્તુ વધુ કિંમતી હોય તેની જ નકલ કરાય છે. સોનું–રૂપું–હીરા– મોતીની નકલ કરાય છે પરન્તુ તાંબુ કે લોઢાની નકલ નથી કરાતી.

'આપણે થોડા થઈ જઇશું કે એકલા પડી જઇશું" તેવી કાયરતા ભરી વાતો કે વિચારણા આમને પામનારના મોંઢામાં જરાપણ શોભે નહિ. તેવું બોલનારા તો આમનું છડેચોક અવમૂલ્યન કરે છે, અપમાન કરે છે. તેવાઓ તો શાસન પણ સમજ્યા નથી તેમ કહેવામાં લેશપણ અતિશયોક્તિ નથી. કારણ કે, સંખ્યાની અલ્પતા કે બહુલતા ઉપર સત્યધર્મ અવલંબેલો નથી. સાચા સત્યના ગવેષકો તો કયારે પણ સંખ્યાબળ ઉપર આધાર રાખતા નથી. તેમ કરનારા તો સત્યથી સેંકડો યોજન દૂર છે.

ભગવાન શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ ચાલે તે શ્રી સંઘ. ભગવાનની આજ્ઞાને ઠોકરે મારે તે હાડકાનો માળો. ભગવાનની આજ્ઞા ન માને અને જમાનાને માને, જમાનાની હવા પ્રમાણે પીઠ ફેરવે, દેશ–કાળનો પોતાના સ્વાર્થ માટે 'વટાવ' કરે–તેવાઓને 'હાડકાનો માળો' કહેવામાં લેશ પણ સત્યવ્રતનો ભંગ નથી પણ સાચી વસ્તુ સ્થિતિની ઓળખ છે અને સત્ય માર્ગની રક્ષા માટે તેવું નિરૂપણ કરવું જરૂરી છે–જે કામ નિર્ભયપણે આ મહાપુરૂષે જીવનભર કર્યું છે. એકતાની લોભામણી ચાલના 'પ્યાઢા બની શ્રીમંતોના હાજીયા બની આમને સમર્થેલ–પ્રરૂપેલ–રક્ષેલ સત્ય માર્ગથી વિપરીત ચાલનારાઓ આમનો ભયંકર દ્રોહ કરનારા છે, પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે પોપાબાઇના રાજ જેવી સ્થિતિને પ્રવર્ત્તાવનારા છે.

માટે સત્ય નિરૂપણ કરવા લેશ પણ સંકોચ રાખવો નહિ અને અસત્યના સમર્થકોના ગોબાળા ઉત્પાતોથી ડરવું પણ નહિ. શાસ્ત્રે તો અસત્ય જાણવા છતં પણ અસત્યનો જ પક્ષપાત કરનારને 'નિહ્નવ' 'મિથ્યાદૃષ્ટિ' 'અજ્ઞાની' કે 'કુઢર્ષ્ટી' જેવા શબ્દોથી સંબોધેલ છે. જેમ સત્યનું સમર્થન જરૂરી છે તેમ અસત્યને ઓળખાવી તેનું ઉન્મૂલન કરવાની અને ભદ્રિકોને તે માર્ગથી સમજાવી પાછા વાળવાની પણ તેટલી જ તાતી જરૂર છે. ખોટાના ખંડન વિના સાચાંનુ મંડન થઇ શકે નહિ. મકાન બાંધવું તો ખાડો ખોદવો પડે, કપડું સીવવું તો કાપડ ફાડવું જ પડે. શ્રી દશવૈકાલિકકારે પણ કાણાને કાણો, આંધળાને આંધળો કહેવાની મના જરૂર કરી છે. ચોરને 'તું ચોર છે' તેમ કઠોર ન કહે પણ 'આવું આવું કરે તે ચોર કહેવાય' તેમ તો ઓળખાવવાનું કહ્યું છે. એટલું જ નહિ પણમિથ્યાદૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ, અભવ્યોને અભવ્ય તરીકે જાહેર કર્યો જ છે.

શાસ્ત્રના પરમાર્થને સમજ્યા વિના દોષિત અને નિર્દોષની વ્યાખ્યા કરનારા, સંસ્કૃતિનું જ પૂંછડું પકડી બેઠેલા સાવદ્ય કાર્યોના એવા સમર્થક અને અનુમોદક બની જાય છે તેનો તેમને ખ્યાલ પણ રહેતો નથી. જે કાળમાં જે ચીજ–વસ્તુઓ લાખોની સંખ્યામાં લોકોના જ ઉપયોગ માટે બનતી હોય, સ્વાભાવિક મળતી હોય તેને 'સ વદ્ય'નું લેબલ લગાવનારાઓનું અજ્ઞાન સુજ્ઞજનો માં હાંસીપાત્ર બને છે. પણ શ્રીમંતાઇના તોરમાં સાચું સાંભળવા જેટલી લાયકાત પણ ગુમાવી રહેલા 'દયાપાત્ર' બને છે. પોતાના સડેલા વિચારોનો ફેલાવો કરવામાં પોતાની નામના–પ્રતિભાનો ઉપયોગ કરનારા, તેમાં સંસ્કૃતિની રક્ષા માનનારાઓ ખરેખર સત્ય માર્ગને પામવા સમજવા પણ વડભાગી બનતા નથી પછી ભલે આવા સન્માર્ગ સંરક્ષક સૂરિદેવના અતિનિકટ તરીકે પોતાની જાતને માને તો ય !

જે શાસનમાં 'સુદેવ–સુગુરૂ–સુધર્મ આદરવાના ! અને કુદેવ– કુગુરૂ અને કુધર્મ પરિહરવાના' કહ્યાં. તે શાસનમાં શાસ્ત્રબાહ્ય પોતાના અંગત વિચારોને બધા ઉપર ઠોકી બેસાડવાનો પ્રયત્ન કરવો તે તો ધિઠ્ઠાઇની હદ કહેવાય ! જેમકે, આજે ઘણા આધુનિક વાદ, યંત્રવાદનો વિરોધ કરે તે પોતાના વિચારોને ફેલાવવામાં 'યંત્રવાદ' નો જ આશ્રય કરે તો તે 'વદતો વ્યાઘાત' નહિ તો શું કહેવાય ? સત્યની પ્રરૂપણા વખતે શાસનવિરોધીઓ તો બખાળા કાઢે પણ ઘરના અને સાથેના પણ તેવું જ કરે તો કેવા કહેવાય ! શાસનપ્રેમીઓ સત્યમાર્ગની રક્ષા માટે 'કડક' કહે તો 'ભાષા સમિતિ' નો ઉપયોગ નથી. 'હમણાં આવું બોલવાની–લખવાની શી જરૂર છે' એમ કહેવું–માનવું તે સત્યની તો ધરાર ઉપેક્ષા છે પણ આવા મહાપુરૂષની પણ ઘોર ઉપેક્ષા અને અનાદરભાવ છે.

જેઓના અંતઃકરણમાં શ્રી જિનેશ્વરદેવ વસેલા છે, શ્રી જિનેશ્વરદેવનો યથાર્થ માર્ગ સમજાવનારા આવા સદ્‌ગુરૂઓ વસેલા છે, સત્યધર્મ વસેલો છે, ભગવાનની આજ્ઞા ઉપર અત્યંત રાગ છે તેવાઓ ભગવાનનાં વચનનો જ આદર કરશે પણ લેભાગુઓના નહિ. આવા મહાપુરૂષનાં વચનોને જ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરશે પણ સત્યમાર્ગથી લેશ પણ ચલિત થશે નહિ. તેવા જ આત્માઓ આ મહાપુરૂષના સાચા વફાદાર સેવક બનશે અને તેમનું નામ રોશન કરશે. આવા પરમ શ્રદ્ધેય, સન્માર્ગ સંરક્ષક, ઉન્માર્ગ ઉન્મૂલક, સત્યપથ પ્રદર્શક પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને પામ્યા પછી સાચું શ્રેય સત્ય ખાતર ફના થવામાં, શહાદતને વહોરવામાં છે પરન્તુ સત્યને ફના કરવામાં નથી.**

આવું સત્ત્વ સદૈવ પામી શકીએ તેવી દિવ્ય કૃપા હે પરમ કૃપાલો ! અમ ઉપર સદૈવ વરસાવ્યા કરો ! આપના જ માર્ગે ચાલવાનું બળ મળ્યા કરે તે જ ભાવના !!

: શાસન સમાચાર :

જામનગર– અત્રે ઓસવાલ કોલોની જૈન ઉપાશ્રય મધ્યે જેઠ. સુદ ૧૫ ને શુક્રવારના રોજ શ્રીમતી પાંચીબેન જુઠાલાલ નેરોળીવાળા તરફથી તેમના વીસ સ્થાનક તપની પૂર્ણાહુતિ નિમીતે બપોરે વિજય મૂહુર્તે શ્રી વીસ સ્થાનક મહાપૂજન ઠાઠથી ભણાવવામાં આવેલ જીવદયાની ટ્રીપ સારી થવા પામી હતી પૂજન બાદ પેંડાની પ્રભાવના થયેલ વિધિ–વિધાન શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ કરાવેલ સંગીતમાં- બચુભાઇ ઢોલવારાએ સારી જમાવટ કરી હતી.

--: અમૂલ્ય, અલભ્ય, આદર્શ ગ્રંથો :--

શ્વેતાંબર જૈન તીર્થ દર્શન

ભાગ–૧ મૂલ્ય રૂા. ૬૫૦ : ભાગ–૨ મૂલ્ય રૂા. ૮૦૦
બંને ભાગના સાથે મળીને ૧૦% બાદ કરીને રૂા. ૧૩૦૫)

જેમાં ભારત ભરના તીર્થો મોટા શહેરો અને તીર્થોની પંચતીર્થી વિ. ના ફોટા રસ્તા સહિતના નકશા ઇતિહાસ અને બીજી માહિતી છે. ભારત ઉપરાંત કેન્યા, લંડન, જાપાન, અમેરિકાના મંદિરો ફોટાઓ અને ઇતિહાસ પણ છે.

આપની નકલ જલ્દી મેળવી લો.

મુંબઇ, અમદાવાદ, પાલીતાણા, રાજકોટ વિ. બુક સેલરો પાસેથી પણ મળી શકશે.

નવું કદમ : શ્વેતાંબર જૈન દર્શનની હિંદી તથા અંગ્રેજી આવૃત્તિ ટૂંક જ પ્રગટ થશે. પહેલો ભાગ છપાય છે. હિંદી અથવા અંગ્રેજી આવૃત્તિના બંને ભાગનું અગાઉથી મૂલ્ય રૂા. એક હજાર આપની નકલ રકમ, પૂરું સરનામું, મોકલી રીઝર્વ્ડ કરી લો.

અમારા મહાન પ્રકાશનો : (૧) જૈન રામાયણ (૧૦૦૦ પેજ) (પૂ. રામચંદ્ર સૂ. મ.) મૂલ્ય રૂા. ૩૦૦ (૨) ઉપમિતિ ભવ પ્રપંચા ભાગ ૧–૨–૩ (૧૦૦૦ પેજ) મૂ. રૂા. ૩૦૦ (૩) પંચ પ્રતિક્રમણ વિવરણ (૧૦૦૦ પેજ) (પં. પ્રભુદાસભાઇનું વિવરણ) મૂલ્ય રૂા. ૩૦૦ (૪) કલ્પ બારસા સૂત્ર ચરિત્ર હિંદી રૂા. ૧૫૦ ગુજરાતી ટાઇપ રૂા. ૧૫૦ કલ્પસૂત્ર પૂજા વ્યાખ્યાન સચિત્ર. આઠે દિવસના વ્યાખ્યાન મૂલ્ય રૂા. ૩૦ (૫) નારકી ચિત્રાવલી હિંદી ગુજરાતી અંગ્રેજી (૬) સત્કર્મ ચિત્રાવલી હિંદી ગુજરાતી અંગ્રેજી (૭) કલ્પસૂત્ર ચિત્રાવલી મૂ. રૂા. ૧૦૦ (૮) વિવિધ પૂજામૃત સંગ્રહ ૪૦ પૂજાઓ મૂ. રૂા. ૭૦ (૯) લઘુ પૂજામૃત સંગ્રહ (૨૦ પૂજાઓ) મૂ. રૂા. ૨૦ (૧૦) દર્શનાચાર વ્યવસ્થા રૂા. ૨૫ (પં. પ્રભુદાસભાઇ) (૧૧) યોગશાસ્ત્ર ભાષાંતર (પોકેટ) રૂા. ૨૫ (૧૨) શાંતિ-સ્નાત્રાદિવિધિ રૂા. ૨૫ (૧૩) અઢાર અભિષેકવિધિ રૂા. ૬ (૧૪) તપોરત્ન મહોદધિ રૂા. ૧૬ (૧૫) ભરહેસર સજ્ઝાય ચરિત્ર રૂા. ૨૦ (૧૬) મન્હ જિણાણું (૧૭) છત્રીશ કર્તવ્યો રૂા. ૧૦ (૧૮) પ્રતિક્રમણ હેતુ સ્વાધ્યાય રૂા. ૧૦ (૧૯) પ્રભુદાસભાઇ અભિનંદન ગ્રંથ રૂા. ૧૫.

—: લખો :—

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રન્થમાલા (લાખાબાવળ)

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, **જામનગર** (ગુજરાત)

卐 અલવિદા ગુરુદેવને 卐

—શ્રી રાજુભાઇ પંડિત

લંકાના રણક્ષેત્રમાં રામચંદ્રજી અને રાવણનું ભયંકર યુદ્ધ ખેલાઇ રહ્યું છે. રાવણ ધમધમતો રામચંદ્રજી તરફ આવી રહ્યો છે. પરંતુ તેના રસ્તા વચ્ચે જ સુગ્રીવ–હનુમાન–વિભીષણ આવીને રાવણને આગળ જતો અટકાવે છે. રાવણ બરાડે છે કે–'રામ ક્યાં છે ?' ત્યારે સુગ્રીવ કહે છે. 'રામના દર્શન એટલા સહેલા નથી દશાનન !'

આ પ્રસંગ ઉપરથી મારે એટલું જ કહેવું છે કે–હું શ્રીપાળનગરમાં પૂજ્ય આ મહાપુરૂષની પ્રથમ વાર્ષિક તિથિ નિમિત્તે બોલવા ઇચ્છતો હતો. પણ મારા હાથમાં આવેલી તે દિવસની તક સરી ગઇ. આજે પાંચ–પાંચ દિવસની તપસ્યા કર્યા પછી. મને બોલવાની તક મળી છે ત્યારે લાગે છે કે–આ વિરલ વિભૂતિના ગુણાનુવાદ કરવા માટે પણ પુન્ય જોવું જોઇએ. કહેવાય છે કે હાથની આડી–અવળી રેખાઓમાં મનુષ્યની જિંદગી અને ભાગ્ય છૂપાયેલાં છે. આજે હથેળીમાં છૂપાઇ રહેલું મારૂ ભાગ્ય જાગ્યું લાગે છે કે જેથી આ મહાપુરૂષના ગુણાનુવાદ કરવાની ઘડી સુધી હું આવી શક્યો છું. મારૂં વક્તવ્ય શરુ કરૂ તે પહેલાં એક અગત્યની જાહેરાત.

આજથી ત્રણ કરોડ અગ્યાર લાખ ચાર હજાર સેકંડો પહેલા છન્નુ વર્ષના આ સુવર્ણયુગના સર્જક મહાપુરૂષ અષાઢના અમાસની (અ. વદ ૦))+શ્રા. સુદ ૧) અંધારી રાતે ભસ્મમાં વિલીન થઇ ચૂકયા છે. અમને બધાને રડતાં મૂકીને ચાલ્યા ગયા છે. અહીંથી બહુ બહુ તો બે થી અઢી રાજલોક જેટલાં જ દૂર ગયા છે. આપને કોઇને તેમની ભાળ મળે તો જણાવવા નમ્ર–વિનંતિ છે. અમને તેમની શોધ છે.' અગત્યની જાહેરાત પૂરી થઇ.

કદમ કદમ પર કરવટ બદલતી જિંદગીના આ મોડ ઉપર આવનારી ક્ષણો કેટલીક વાર ઇતિહ સનું સર્જન કરીને અમર બની જતી હોય છે. જેની જિંદગીની પ્રત્યેક ક્ષણે ઇતિહાસના સર્જન થયા છે તે ઇતિહાસના સુવર્ણયુગના સર્જક પૂજ્ય આ. શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ના ચરણોમાં લાખ લાખ વંદના...

હમ ઉસ રાસ્તોં કે ચલનેવાલે હૈં, જિસ રાસ્તો સે શેર ગુજરતા હૈ, યે શેર હી હમારી મંઝિલ થી, યે શેર હી હમારી મંઝિલ હૈ, યે શેર હી હમારી મંઝિલ રહેગા.

યે શેરોંકા રાસ્તા હૈ, હરિન યહાંસે ગુજર નહિ શકતા, જિસ દિન શેરાં કે ઇસ રાસ્તોસે હરિન કો ગુજરનેકા ખ્વાબ આયેગા, વક્ત કો જબાન બોલ કે કહેના પડેગા કિ ઇતિહાસ વીરોં ઔર મહાવીરોં કા દાસ હૈ ઇતિહાસ કો જિન્હોને અપને ચરણોંકા

ઇતિહાસ બનાવ્યો છે ઉન ઇતિહાસ કે સર્જક ઇન મહાપુરૂષ કે ચરણોમેં લાખ લાખ વંદના કરકે મૈં મેરા વક્તવ્ય શુરુ કરતા હું.

એક જંગલ હતું. વનનો રાજા સિંહ ફરવા નીકળ્યો. સામેથી હાથીયોના ઝુંડના ઝુંડો આવી રહ્યા છે. સિંહનું સત્ત્વ ખળભળી ઉઠ્યું. એક છલાંગ મારી અને હાથીના ઝુંડો ઉપર તૂટી પડ્યો. હાથીયોના ગંડસ્થળોને ફાડી ફાડીને તેના મડદા પાડી રહ્યો છે. ત્યારે એક શિયાળનું બચ્ચું પોતાની મા ને પૂછે છે કે–મા! આપણે આ ની જેમ હાથીઓને કેમ નથી હણતાં? ત્યારે શિયાળની મા પોતાના બચ્ચાને કહે છે કે–

यस्मिन् कुले त्वं जातोऽसि यत्र गजा न हन्यन्ते ।

'હે બેટા! તું એવા કુળમાં જન્મ્યો છે કે–જ્યાં હાથીઓ હણાતા નથી.'

શ્રી રામચંદ્ર સૂરી. નામનો સિંહ જ્યારે જૈન શાસનના ચોગાનમાં ફરવ નીકળ્યો ત્યારે ઉન્માર્ગ અને કુમાર્ગના હાથીઓના ઝુંડના ઝુંડો સામેથી આવતા જોયા. અને ઉકળી ઉઠેલા સત્ત્વથી તેણે ઉન્માર્ગ અને કુમાર્ગના હાથીના ગંડસ્થળો ફાડી ફાડીને ઉન્માર્ગના અને કુમાર્ગના મડદાં પાડવા માંડ્યા. આ જોઇને એક આચાર્ય ભગવંતને તેમના શિષ્ય પ્રશ્ન કરે છે કે–ગુરૂદેવ! ઉન્માર્ગનું ઉન્મૂલન આની જેમ આપણે કેમ નથી કરતાં? ત્યારે ગુરૂદેવ કહે છે કે–વત્સ! તું એવા સમુદાયમાં આવી ચડ્યો છે કે જ્યાં ઉન્માર્ગનું ઉન્મૂલન કરવાની તેવડ નથી.

કદાચ તમને ખબર હશે કે–એક આચાર્ય ભગવંતે પોતાના શિષ્યોને ભણાવવા પાછળ સારો એવો ભોગ આપ્યો હતો, ઘડાને બાંધવાના દોરાથી તે પોતાના શિષ્યોને મારતા હતા. સાથે સાથે બદામ–પિસ્તાના દૂધ, વપરાવતા મેવા મીઠાઈ પણ વપરાવતા હતા. આખરે આટલું છતાં તેમના તે ભણતા શિષ્યોમાંથી કોઇ આ મહાપુરૂષ જેવા ન થયા ત્યારે તે આચાર્ય ભગવંતે શિષ્યોને કહ્યું કે–મેં તમને મેવા–મીઠાઇ ખવડાવ્યા, બદામ-પિસ્તાના દૂધ પીવડાવ્યા તો ય તમારામાંથી એક રામ ન પાક્યો.' મારે કહેવું છે કે–એ આચાર્ય ભગવંતને કહો કે-રામ કંઇ મેવા–મિષ્ટાન્ન ખાતા–ખાતા નથી બનાતુ. સૂરિવર! રામ તો ચૌદ–ચૌદ વરસના વનવાસ વેઠવાથી બનાય છે. ઉપસર્ગોને પોતાની છાતી ધરી દેવાથી રામ બનાય છે. આવો 'રામ' આપણને ગળથૂંથીમાં મળ્યો, આ એક જ 'રામે' હજ્જારો લાખો રામભક્તોનું નિર્માણ કર્યું. પણ હજ્જારો લાખ્ખો રામભક્તો ભેગા થઇને એક 'રામ'નું નિર્માણ કરી શકતા નથી.

છાતી ચીરીને હે રામ! તારા દર્શન કરાવી શકીએ તેવા રામભક્ત હનુમાન બનવું શાયદ અમારા માટે અશક્ય છે. મહાસતી સીતાદેવીના શિયલની સુરક્ષા ખાતર લંકાના

રાજા રાવણની સામે જેહાદ જગવનારા રામભક્ત વિભીષણ પણ બનવું અમારા માટે અશક્ય છે. પરંતુ હે રામ! તેં બતાવેલા વીતરાગના માર્ગે ચાલતાં ચાલતાં વીતરાગના વચનોની વફાદારીને વહેતા વહેતા એ વફાને એવફા બનવાનો જે દિવસે અમને વિચાર આવે તે દિવસે આ માથું ધડથી છૂટું પડી જજો.' આવી ભાવના ભાવવી તો અમારા માટે અશક્ય નથી જ.

સંસ્કૃત ભાષામાં એક સુભાષિત છે કે–

नाभिषेको न संस्कारः सिंहस्य क्रियते मृगैः ।
विक्रमार्जितसत्त्वस्य स्वयमेव मृगेन्द्रता ।।

હરણાંઓ ભેગા થઈને કદી સિંહનો વનના રાજા તરીકે અભિષેક નથી કરતાં. એ તો પોતાના પ્રચંડ–પરાક્રમથી જ વનનો રાજા બની જતો હોય છે.

સૂરજ કદી દિશાનું મોઢું જોઈને નથી ઉગતો, તે જ્યાં ઉગે તેને પૂર્વદિશા થઈને જ રહેવું પડે છે. સિંહને કદી મકાન બાંધવાની જરૂર નથી પડતી. એ જ્યાં જાય ત્યાં તેના માટે મકાન બની જતાં હોય છે. તેમ આ રામને કદી અયોધ્યા બાંધવાની જરૂર નહોતી પડી. એ જ્યાં જ્યાં જતા હતા તેમના માટે અયોધ્યા બની જતી હતી. પણ દુઃખની વાત છે કે–આજે ન તો તે રામ છે ન અયોધ્યા. અયોધ્યાને તો કદાચ અમે બાંધી આપીશું પરંતુ તેમાં આવીને વસનારો 'રામ' ન જાણે સૈકાઓ પછી પણ આવશે કે કેમ?

એક શાયરે કહ્યું છે કે–

હમ કદમ બનતે હૈં મગર હમકદમ બન શકતે નહિ,
હમ શૂલ બનતે હૈં મગર હમ ફૂલ બન શકતે નહિ.
હમ રુકાવટ બન શકેં મંઝિલ કહીં બનતે નહિ,
હમ જીવન કે ગુમરાહ હૈં રાહબર બનતે નહિ.

અંધારી રાહોમાં અને અંધારી રાતોમાં ભટકતી આપણી જવાની અને જિંદગીનો આ જ એક સાચો રાહબર હતો. આજે પાંચ લાખ અઢાર હજાર ચારસો મિનિટો પહેલા આપણાં સૌના મનનો માણિગર અમાસની અંધારી રાતે નશ્વર દેહથી પણ આપણને બધાને છોડીને ચાલ્યો ગયો છે. આપણા માટે આ મહાવિભૂતિ કદર્ભરી વેદનાની સતાવતી યાદો સિવાય કશું મૂકીને નથી ગયા. ત્યારે કહેવાનું મન થઈ આવે છે કે–

'ચલે ગયે વો અબ ઉનકી યાદ આતી હૈ
કરને કો હોઠોં પર સિર્ફ શિકાયત બાકી હૈ!'

હે રામ ! વેદનાથી પીડાયેલી સતાવ્યા કરતી તારી યાદોં આંખોનાં આંસુંનું બલિદાન લીધા વિના શાંત થતી નથી. વધુ શું કહીએ ?

ઉઝડને કી બદનસીબી સિર્ફ બહાર કો મિલિ હૈ, પતઝડ કભી નહિ ઉઝડતી. ગ્રહણ તો ચંદ્ર અને સૂરજનું થાય. તારા અને નક્ષત્રોનું નહિ. એજ રીતે ખલકના ઉપસર્ગોની ઝંઝા ઝઝીઓ અને ઉપદ્રવોના અગનખેલો મહાન વિભૂતિઓ માટે જ સર્જાણા હોય છે. અગ્નિના પંથ ઊપર ચાલવાનું તો સજ્જનોને-મહાપુરૂષોને હોય છે, દુર્જનોને નહિ. આ મહાપુરૂષની જિંદગીની પ્રત્યેક ક્ષણો સુરંગો ફાટેલી સડકો ઉપરથી ગુજરી છે.

શાયદ તમને ખબર હશે કે—બાળદીક્ષાનો સ્રોત વહાવી બાળદીક્ષાનો જીર્ણોદ્ધાર કરનારા આ મહાપુરૂષ ખુદ પોતે જ બાળદીક્ષા લઇ શક્યા ન હતા. આ મહાપુરૂષ પોતે ૯/૧૦ વર્ષની ઉંમરે એકલા જ દીક્ષા લેવા માટે પાદરાથી ભાગીને વડોદરા આવેલા. પરંતુ પાછળથી ખબર પડતા દાદીમા તથા કાકા તેમને પાછા લઇ આવેલા. કાકાએ તો મુંબઇ સમાચારમાં જાહેરાત આપી દીધી હતી કે—'ત્રિભુવનને દીક્ષા દેનાર સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે.' આ જાહેરાતથી કોઇ ત્રિભુવનને દીક્ષા દેવાની હિંમત કરતા ન હતા. ત્રિભુવન સમય પાકવાની રાહ જોતો હતો. લગભગ ત્રિભુવનને ૧૭ મા વરસે પૂ. પ્રેમ સૂરી. મ. મળ્યા. તેમણે કહ્યું—કોણ પહેલું જશે તેની ખાત્રી કયાં છે ? ત્રિભુવને આ જ સુધી દાદીમાની કરકાર કરેલી પણ હવે દાદીમાની વાતની ઉપેક્ષા કરીને પણ ભાગીને દીક્ષા લઇ લીધી.

મારે માત્ર મુંબઇનો જ પ્રસંગ વર્ણવવો છે. આ મહાપુરૂષે અમદાવાદમાં વગર માઇકે હજારોની મેદનીને પ્રવચનો આપ્યા. પરિણામ એ આવ્યું કે—ચંદ્રવિલાસ અને લક્ષ્મીવિલાસ જેવી હોટલોની કમાણીને ખાસ્સી અસર પહોંચી. આના છાંટા મુંબઇની હોટલોમાં પણ ઊડેલા. અમદાવાદનું કામ પતાવી પૂ.શ્રી મુંબઇ તરફ આવવા નીકળ્યા છે. વડોદરા પહોંચતા તો મુંબઇમાં રહેલા એક સુધારક આ. ભગવંતે કહ્યું કહેવડાવ્યું—'રામ વિજય પાછા જાવ.' પણ...ઝિંદાદિલ ભર્યું આ જવાંમર્દ જિગર પાછું ફરવા નહોતું આવ્યું. પરંતુ.

આગે કદમ ! ધરિયાવની છાતી પરે,
નિર્જળ રણે—ગાઢા અરણ્યે ડુંગરે,
પંથે ભલે ઘન ધૂવવે કે લૂ ઝરે
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

આ રીતે આગે કદમ કરીને આવી રહેલા આ મહાપુરુષ મુંબઈ સુધી આવી

પહોંચ્યા. પરંતુ અહીં રસ્તાઓમાં કાચના કટકાઓ પથરાયેલા હતા. છતાં આ મહાવિભૂતિ એ૯ વિચારધારામાં હતી કે–

કોઇ મારા માર્ગમાં કંટક ભલેને પાથરે
પુષ્પ તેના માર્ગમાં વેરીશ હું વેરીશ હું !

આપણે જોયું છે કે–આ મહાપુરૂષે કંટકોને સહી સહીને આપણા માટે પુષ્પશય્યા પાથરી છે. જે મુંબઇ 'રોટલો મળે પણ ઓટલો ના મળે' આવી બદનસીબ કિસ્મતથી વગોવાઇ ગયું છે તેવા મુંબઇમાં આ મહાપુરૂષે જ્યાં રહેવા માટે તસુભર જગ્યા મળવી મુશ્કેલ હોય તેવા સ્થાનમાં લોકોના ઘરઘરમાં અને ઘટઘટમાં સ્થાન જમાવી દીધું. આનું કારણ શોધતા લાગે છે કે–શાસ્ત્ર તથા શાસ્ત્ર માન્ય પરંપરાની સુરક્ષા ખાતર ન્યોચ્છાવર થઈ જવાની તેમની તમન્નાના કારણે જ આજે આપણા મન–મંદિરમાં તેઓ પ્રતિષ્ઠિત થઈ રહ્યા છે.

છેલ્લા છેલ્લે તો પૂ.શ્રીને કાચની કેબિનમાં રાખવામાં આવતા હતી. અહીં કહી શકાય કે–પૂ શ્રીનું શરીર જેમ કાચની કેબિનમાં રહેતું હતું. તેમ પૂ.શ્રીનો આત્મા પણ કાચના ઘરમાં રહેતો હતો. આ શીશમહલને સચવાય તેટલું આપણે સાચવ્યું. આખરે એક દિવસે જે રસ્તે આપણે બધાએ જવાનું છે તે રસ્તે શીશમહલનો રહેનારો શીશમહલને છોડીને આપણા બધાની વચ્ચેથી ચાલ્યો ગયો. આખરી અલવિદા કહીને ચાલ્યા ગયેલા ગુરૂવરની યાદ આંખો ભીંજવી દે છે.

'મેળાપ પછીની જુદાઇનો કડવો ઘુંટડો ગુરૂદેવે આપણી સામે ધર્યો છે. તેને કમને પણ પીધા વિના છૂટકો જ નથી.

અંતે એક કડી દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરી દઉં.

અલવિદા ગુરૂવર તણી સૌ સંઘને આ આખરી
વેદના વિસરાય ના વરસો સુધી એવી મળી.
તું એક પયગમ્બર હતો જિનવાણીનો ચાલ્યો ગયો.
ઈન્સાફ કુદરતનો અરે આ ક્રુર આવીને રહ્યો.

શાસન સમાચાર : પાલણપુર ખોડાલીમડા–અત્રે પૂ. આ. શ્રી વિ. કમલરત્ન સૂ. મ., પૂ.પં.શ્રી વિમલરત્ન વિ. મ. ઠા. ૩ તથા પૂ.સા.શ્રી હર્ષિતપ્રજ્ઞાશ્રીજી મ. ઠા. આદિ અ. સુ. ૯નો ચાતુર્માસ પ્રવેશ ઠાઠથી થયો.

ગઢસિવાના–પૂ.આ.શ્રીવિ. કમલરત્ન સૂ. મ.ની આજ્ઞાથી પૂ.મુ.શ્રી તરૂણરત્ન વિ. મ., પૂ.મુ.શ્રી પ્રાજ્ઞરતિ વિ. મ. ઠા. ૨ અત્રે આ. સુ. ૨ના ચાતુર્માસ પધાર્યા છે.

ઇસ્વી સન્ ૧૯૪૭ પહેલાં (આઝાદી પહેલાના)

રાજા–મહારાજાઓના સમયે કેશરીયાજી તીર્થ શ્વેતાંબરોનું છે એવો આવેલો ન્યાય

પ્રસ્તુતકર્તા–ઉદયચંદજી હ. મહેતા C/o. ગરિમા ટેક્સટાઇલ્સ,
[ક્રમાંક : ૪] ૨૦ બિરલેાંઠાવાસ, પાલી–મારવાડ–૩૦૬૪૦૧ (રાજસ્થાન)

આ સિવાય ૧૮૦૧માં પાર્શ્વનાથજીનું મંદિર જે મૂલનાયક દેરાસરના બાહરના કોટમાં બનાવેલ છે તે પણ શ્વેતાંબરના સુમતિચંદ્ર નામના આચાર્યની પ્રતિષ્ઠિત છે.

સં. ૧૮૪૪માં બનાવેલ જે નવચૌકી આજે પણ એવી જ છે, તે પણ શ્વેતાંબર આચાર્ય જિનલાભસૂરિજીના ઉપદેશથી બનાવેલ છે, અને એનો લેખ નવચૌકીમાં વિદ્યમાન છે. જો કે દિગંબર લોગ એેલા મંડપમાં લેખ હોવાનું બતાવે છે, પરંતુ જ્યારે મંદિર જ ૧૬૮૫માં બન્યું તો પછી ૧૫૭૨માં નવચૌકી ક્યાંથી બની ગઇ છે. આટલું જ નહીં પરંતુ નવચૌકીનો લેખ નવચૌકીની આગલ હોવો જોઇએ કે અંદરના ભાગમાં હોવો જોઇએ ? અને નામ રાખનાર કે શિલાલેખ રાખનાર ઉજાલામાં શિલાલેખ લખે કે અંધારામાં લખે ? અને શિલાલેખ પણ વાંચી શકે એવી જગ્યાએ લખે કે ઉંચી અંધારામાં લખે ? આથી સમજાય છે કે અંધારામાં અને કોઇને કોઇની ભૂલનો લાભ લઇને આ લેખ લગાવ્યા છે. એટલે આજે નવચૌક શ્રી જિનલાભસૂરિજી કે જે શ્વેતાંબરી છે તેઓના ઉપદેશથી જ બનેલ છે તો આ તીર્થ પણ એમનું જ એટલે શ્વેતાંબરોનું જ છે.

આવી જ રીતે મોટો કરવાલે અને નગારખાનું શેઠજી સુલતાનમલજી સંવત ૧૮૮૯માં બનાવેલ એવું ત્યાંના સ્પષ્ટ શિલાલેખથી જણાય છે, તો આ મૂલદ્વાર, નવચૌકી, મરૂદેવીજીના હાથીવાલો ભાગ, અસલ મંદિર અને ચારે બાજુ જિનાલય શ્વેતાંબરનું બનાવેલ છે. આ તીર્થને શ્વેતાંબર નિશ્ચિત કરવામાં કોઇ પણ જાતનો સંકોચ નથી રહેતો.

સાથે આ પણ વાત જાણવા જેવી છે કે કોઇપણ દિગંબર તીર્થોની આવકમાંથી કોઇ પણ આકમીને ભાગ મલવો સંભવિત નથી થતો પણ નથી. પરંતુ આ તીર્થમાં તો ભંડારમાંથી આવેલી રકમમાંથી અમુક ભાગ ભંડારીયોને મલે છે એટલે આ સંચાલન શ્વેતાંબરોના તીર્થમાં જ મલે છે આથી પણ આ તીર્થ શ્વેતાંબરી હોવાનું નક્કી કરાય છે.

આ સિવાય શ્રી કેશરીયાજીની પૂજન વ્યવસ્થા શ્વેતાંબરોને અનુકૂલ છે. આ સુધીની અનુકૂલતા છે કે શ્વેતાંબર રીતથી પૂજન કરનારને સાધન–સામગ્રી ભંડારથી જ મલે છે. પાછી તે ભલે શ્વેતાંબર છે, હોય કે એનાથી જુદા ધર્મવાલા હોય, પરંતુ દિગંબરોને પૂજવા માટે જે સામગ્રી જોઇએ તે ભંડારથી નથી મલતી પરંતુ દિગંબરોને પોતાના ઘરથી જ લાવવી પડે છે. અને આ વાત પોતે દિગંબરો જ પોતાની ડીરેક્ટરીમાં મંજુર કરે છે આ તીર્થ શ્વેતાંબરોનું નિશ્ચિત થાય છે.

આ તીર્થના વહીવટ પર મહારાણા સાહેબની નિગરાણી સંવત ૧૯૩૪થી જ થઇ છે તે સમયે બધો વહીવટ શ્વેતાંબરના શેઠજી પાસેથી જ લીધો હતો. આથી આ તીર્થ શ્વેતાંબરોનું જ છે.

મહારાણા સાહેબ ૧૦૮ શ્રી સજ્જનસિંહજીએ શ્રી કેશરીયાજીના તીર્થની કમીટી નક્કી કરી તે ઓસવાલ પંચ જેઓ શ્વેતાંબર જ છે તેની નક્કી કરી તેથી પણ આ તીર્થ શ્વેતાંબરોનું જ સાબિત થયેલ છે.

સંવત ૧૯૪૦માં સેમાલી ગામમાં દિગંબરોએ બે પ્રતિમા દિગંબર વિધિથી અહીં બેસાડવાની અર્જી કરેલ હતી એમાં પણ સરકારથી આ જ હુકમ થયેલ કે આ મંદિર શ્વેતાંબરી છે. આ કારણે અહીં દિગંબરવિધિથી પ્રતિમા બેસાડી શકાશે નહીં. આથી પણ સાબિત થાય છે કે અહીં દિગંબરોનો કશો હક નથી અને આ તીર્થ શ્વેતાંબરોનું જ છે.

હાલમાં દિગંબરી ઉદયપુરના પંચોએ શ્રી નેમિનાથજી અને પાર્શ્વનાથજી મ.ને મુગુટ પહેરાવાનું રોકવાની અર્જી કરેલ હતી તેનો જવાબ પણ દરબારથી આ જ મલ્યો છે કે હમેંશથી આ મુગુટ, કુંડલ આરોપણ કરાય છે. આથી પણ આ તીર્થ શ્વેતાંબરોનું જ સાબિત થાય છે.

પોતે મહારાણા સાહેબ ૧૦૮ શ્રી ફતેહસિંહજીએ મેમ્બરોની કમી હોવાથી નવા મેમ્બરોના ચુનાવમાં પણ શ્વેતાંબર મેમ્બર જ દાખલ કરેલ. આથી પણ આ તીર્થ શ્વેતાંબરી છે અને આ જ કારણે શ્વેતાંબરોને જ ધ્વજાદંડ ચઢાવાની રજા મલી છે અને સંવત ૧૮૮૯માં પણ શેઠજી સાહેબ સુલતાનમલજીએ શ્વેતાંબર આચાર્ય પાસે જ ક્રિયા કરાવીને ધ્વજાદંડ ચઢાવેલ હતો. જેની સાબિતી માટે ધ્વજાદંડની પાટલીનો લેખ પોતે અત્યારે પણ ભંડારમાં હાજર જ છે. આથી પણ આ તીર્થ શ્વેતાંબરોનું જ છે. કેટલાક દિગંબરોનું કહેવું છે કે શેઠ સુલતાનમલજી ઉદયપુર રાજ્યના દીવાન હતા. જેથી અધિકારીપણાથી એમણે ધ્વજાદંડ ચઢાવેલ હતો. પરંતુ દિગંબરોનું આ કથન જુઠું છે.

કારણ કે એ સમયે દીવાનના પદપર શ્રીમાન મહેતાજી શેરસિંહજી વિરાજતા હતા અને જો શેઠજી સુલતાનમલજી દીવાનના પદે હોય તો પછી એમને મહારાણા સાહેબ જવાનસિંહજી પાસે ખુલેવાના ભંડારી પણ છિટ્ઠી જે લખાવી એ લખાવાની જરૂર જ ક્યાં હતી? અને એ સમયે બધો વહીવટ શેઠજી હુકમચંદજી વાલાની પાસે હતો તો પછી રાજ્યની દખલ કયાંથી આવી કે જેથી મહારાણા સાહેબ પોતાના દીવાન સમજીને શેઠજી સુલતાનમલજીથી ધ્વજાદંડ ચઢાવે અને રાજ્યના અધિકારથી ધ્વજાદંડ ચઢાવેલ હોય તો શ્વેતાંબરોની પાસે વિધિ-વિધાન કેમ કરાવે ?

અત્યારે થોડો સમય થયો જ્યોતિખંડિત થયેલ હતી ત્યારે શાંતિક્રિયા પણ શ્વેતાંબરી શ્રી નેમકુશલજી પાસે જ કરાવેલ હતી. કેશરીયાજીના મંદિરમાં નૈવેદ્ય ચઢાવવા આ વિષયમાં પણ શ્વેતાંબરોના તરફથી જ એટલે શ્રીમાન ધર્મવિજયજી કે જેઓને કાશીના વિદ્વાનોએ જૈનશાસ્ત્ર વિશારદાચાર્ય પદવી આપી. એઓની પાસે સલાહ માંગી હતી. આ તીર્થમાં બધો વિધિવિધાન વાસ્તવમાં હજી સુધી શ્વેતાંબરોના તરફથી જ થાય છે આથી પણ આ તીર્થ શ્વેતાંબરી જ સાબિત થાય છે.

અંતમાં ઉદયપુરના ઓસવાલ પંચના વહીવટ પછી મહારાણા સાહેબ જગતસિંહજીથી લગાવીને ખુદ મહારાણા સજ્જનસિંહજી સુધી અને પોતે મહેકમાં ખાસ કે, મલીને રાજ્યના ૩૧ લેખ ૧૮૦૨ના વર્ષથી સંવત ૧૯૪૪ સુધી, પંચોના ૧૮૫૧ થી ૧૯૩૪ સુધીના ૧૦ લેખ અને શ્વેતાંબરોની વિધિ આદિને બતાવનાર ૧૭ લેખ સંવત ૧૮૮૫ થી ૧૯૭૧ સુધીના હાજર થયેલ છે. આથી સાફ સાબિત થાય છે કે આ તીર્થ વાસ્તવમાં હજી સુધી શ્વેતાંબરોનું જ છે.

આ બધા કારણોથી વિચારીને નિર્ણય કરાય છે કે જે આ કેશરીયાજીનું તીર્થ શ્વેતાંબરોના અધિકારમાં છે તે કાયદેસર છે અને આ તીર્થને દિગંબરી ઘોષિત કરવાનો દાવો જે દિગંબરોએ કર્યો છે તે દુષ્ટ ભાવનાથી કરેલ છે અને જુઠો છે. આથી આ જુઠો દાવો રજુ કરીને શ્વેતાંબરોને હેરાન કર્યા છે અને મોટા ખર્ચમાં ઉતારી દીધા છે આ માટે આ દિગંબરોને શ્વેતાંબરોની પાસે લેખિત માંગીને હંમેશ માટે એવા જુઠા દાવા ન કરવા માટેની સૌગન્ધ લેવી અને જ્યાં સુધી આવું ન કરે ત્યાં સુધી એમને તીર્થચોરીની કોટડી (જેલ)માં પૂરી દેવા અને હવેથી એમને ભગવાનના કોઈપણ સ્થાનાદિમાં ન આવવા દેવા. અર્થાત દાવો શ્વેતાંબરોના જ પક્ષમાં પૂરી રીતે નિશ્ચિત કરાય છે.

(ક્રમશઃ)

અથ શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયનો લખેલો કાગળ

(ક્રમ–૪) (ગતાંકથી ચાલુ)

ચૈત્ય ભક્તિ લોચાદિ આસરી ચાર અર્થ જાણ્યા છે, એમ સર્વ ઠામે ચાર અર્થ ભાવવા.

'અહો ણિચ્ચં તવો કમ્મં સવ્વ બુદ્ધેહિં વિન્નેયં;
જાય લજ્જા સમાવિત્તી, એગભત્તં ચ ભોયણે ॥'

એહવું શ્રી દશવૈકાલિક સૂત્રે કહ્યું છે. એકાશનક નિત્ય તપ તે પદાર્થ, એમ ઉપવાસાદિ નૈમિત્તિક તપ તપે અર્થાપત્તિ સિદ્ધિ પદાર્થ; એમ કહેતાં ઉપવાસાદિકથી એકાશનક બલવંત, તથા હિ એ વાક્યાર્થ. ધ્યાનાધ્યયન વિનય વેયાવૃત્ત્યાદ્ય વ્યાઘાતકપણે ઉપવાસાદિકથી એકાશનકાદિ તપ બલવંત જ, એ મહાવાક્યાર્થ. આજ્ઞા જ ધર્મને વિષે સાર એવંપદાર્થ:.

તથા જે લિખ્યો છે. થાપિયે તે થાપના. તે તો પુરૂષ વ્યાપાર છે. તે આદિ અંત છે. તે શાશ્વત પ્રતિમા ઋષભાનન, ચંદ્રાનન, વારિષેણ, વર્ધમાન નામે છે. તઠે કિમ સંભવે. શાશ્વત ભાવમાંહિ પુરુષ વ્યાપાર નથી; તે માટે તિહુરો ઉત્તર જે શાશ્વત માંહિ અનાદિ પ્રવાહ પુરૂષ વ્યાપાર છે જ, અત એવ દ્વાદશાંગી પણ અવિચ્છિત્તિ-નયાર્થતાયાં શાશ્વત કહી છે. 'એસાણું દુવાલસંગી અવુચ્છિત્તિણ ઠઆએ સાસયાઇત્તિ' સૂત્રાત સ્થાપનં. સ્થાપનાએ ભાવવું. ત્તાપત્તિંત્તિ અભિપ્રાયરૂપ પુરુષ વ્યાપાર તે સ્થાપના તે પ્રવાહાનાદિતાંઇ અનાદિ સ્થાપ્યતે ઇતિ સ્થાપના. એ કર્મ વ્યુત્પત્તિ વ્યાપારાશ્રય તે સ્થાપના. તે સ્વતઃ અનાદિવ્યાપારોપરાગે, પ્રવાહે અનાદિ, ઇહાં કોઇ દૂષણ નથી. વિહિત તદભિપ્રાય વિષય તે તત સ્થાપના. અત એવ ગુરૂરભિપ્રાય વિષયાક્ષાદિ ગુરૂ સ્થાપના. જિનાભિપ્રાય વિષય પ્રતિમા તે જિન સ્થાપના કહિયે. સદ્ભાવ સ્થાપના, અસદ્ભાવ સ્થાપના વિશેષ અનુયોગદ્વાર સૂત્રે પ્રસિદ્ધ જ છે અશાશ્વત સ્થલે ઇતિકર્ત્તવ્યતા શુદ્ધ પ્રતિષ્ઠાવિધે અભિપ્રાયાધાન હોય.

શાશ્વત સ્થલે પૂર્વ પૂર્વાભિપ્રાય જ્ઞાને જ કુશલાનુબંધ જ હોયે. શાશ્વતાશાશ્વત સ્થાપના ઉભય. વંદન જંઘાચારણાદિકને સૂત્રે કહ્યું છે. 'તહિં ચેઇયાઇં વંદેઇ, તઉ પડિનિય ઇહમાગચ્છઇ. ઇહ ચેઇયાઇ' ઇત્યાદિ પાઠાત. ઋષભાદિ નામનો વિરહ પંદર કર્મભૂમિમાં ન હોવે, તે માટે શાશ્વત પ્રતિમા મધ્યે તદભિપ્રાય પ્રવાહાવિચ્છેદ હોવે. એ પરમાર્થ એ નામનિક્ષેપની પરે સ્થાપના નિક્ષેપ ભાવસ્મારકપણે હિતાવહઈ ધ્યમ ઘણા કહે છે. આહાર્ય અભેદારોપે પ્રતિમા તેહ જ જિમ ધ્યમ જાણી આત્મ પરમાત્માનું અભેદ ધ્યાન

ઉપજવી સમાપ્તિ સમયે જ મહાહિત હોવે. હરિભદ્ર ગ્રંથાનુસારી અસ્મદીય અનુભવે છે.

નામ વાચ્ય–વાચકભાવ સંબંધે સ્થાપના ઇતિ કૃતિ સંબંધે ભાવ સંબંધ છે. દ્રવ્ય સમવાય સંબંધ છે. ભાવ તે સાક્ષાત ગુણાવહ છે. એ ચાર નિક્ષેપની ભાવના 'ણમો બંભીએ લિવીએ'એ ભગવતી પ્રતીક પરમાર્થ વિચારતાં જ શ્રી મેવજી ઋષિને ગુણ થયો છે. ઇહાં શિષ્યજનના હિતને અર્થે અસ્મત કૃત જૈનતર્કભાષાનુસારે નિક્ષેપ નય જોજનિકા કહી છે. નામાદિ ત્રણ નિક્ષેપ દ્રવ્યાસ્તિકનય જ માને; પર્યાયસ્તિક નય–ભાવ જ માને. દ્રવ્યાસ્તિક નયના ભેદ સંગ્રહ વ્યવહાર એ બે નૈગમ સામાન્યગ્રાહી સંગ્રહમાં જે અંતર્ભવે, વિશેષગ્રાહી વ્યવહારમાં જે, અંતર્ભવે તે માટે ત્રીજો ભેદ નથી. પર્યાયાર્થિક ચાર ભેદ ઋજુસૂત્રાદિક એ સિદ્ધસેન મત તથા વિશેષાવશ્યકમાં 'છઉણામઇતિયંકવ્વ ઠિયસ્સભાવો અપન્નજવણિયસ્સ સંગહવવહારા પઢમંગસ્સ સેસાઉઇયરસ્સ.'

એ ગાથાએ સ્વમતે નમસ્કાર નિક્ષેપ વિચાર સ્થલે કહ્યું. 'ભાવંચિય સદ્દહણાયાસેસા ઇચ્છંતિ સવ્વણિકખેવે.' શબ્દ નય શુદ્ધપણા માટે સર્વ નિક્ષેપા વાંછે. ઋજુસૂત્રાંત ચાર અશુદ્ધપણા માટે સર્વ નિક્ષેપ વાંછે. એ એહનો અર્થ. ઋજુસૂત્ર નામનિક્ષેપ ભાવનિક્ષેપ એ બે વાંછે. એમ કોઇ કહે છે. તે જુઠું; જે માટે 'ઋજુસુવસ્સ એગે અણુવઉત્તો એગં દવ્વાવસ્સય' એ સૂત્રે જ ઋજુસૂત્રને જ દ્રવ્યાભ્યુપગમ દેખાડયો છે. અને પિંડા અવસ્થાએ સુવર્ણાદિદ્રવ્ય અલંકાર ભવિષ્યતિ. કુંડલાદિપર્યાય ભાવહેતુપણે વાંછતો વિશિષ્ટ ઇન્દ્રાદ્યભિલાષ હેતુભૂત સાકાર સ્થાપના પ્રત્યે એ નય ન માને તો એ એ નય સૂક્ષ્મદર્શી કિમ થાયે ? તથા ઇન્દ્રાદિ શબ્દ માત્ર અથવા તદર્થ રહિત ઇન્દ્રાદિ શબ્દ નામ ગોપાલ દારકને ભાવ કારણપણાને અવિશેષે નામેંદ્ર વાંછતો એ નય નામ સ્થાપના બે નિક્ષેપને કિમ ન વાંછે ? જો આગલે જ યુક્તિતદર્શી થાએ. સાહમું વાચ્ય વાચક ભાવ સંબંધે સંબંધ નામથી ઇન્દ્રમૂર્ત્તિ લક્ષણ દ્રવ્ય વિશિષ્ટ સ્તદાકાર સ્થાપના માને, ઇન્દ્ર પર્યાયરૂપ ભાવને વિષે તદાત્મ્ય સંબંધે રહ્યા માટે વિશેષ છે. તો એ બે નિક્ષેપા ઋજુસૂત્ર કેમ ઉત્થાપે ?

વલી એહને મનાવવા સંગ્રહ વ્યવહાર એ બે નય સ્થાપનાવર્જ ત્રણ નિક્ષેપા માને છે. એહવું કેટલાએક કહે છે તે પણ જુઠું. તે માટે એક સંગ્રહિક, બીજો અસંગ્રહિક અથવા અનર્થિક ભેદ પરિપૂર્ણ ભેદ એ ત્રણ નૈગમ પ્રાપના વાંછે; તે તો અવશ્ય માનવું. સંગ્રહ વ્યવહારાન્ય દ્રવ્યાર્થિક નયે સ્થાપના નિક્ષેપનું વર્જન નથી. તે માટે આદ્ય પક્ષે સંગ્રહ નય સ્થાપના નિક્ષેપ બલે આવે. જે માટે તન્મત સંગ્રહિક નૈગમથી ભિન્ન છે. દ્વિતીયપક્ષે વ્યવહાર નયે સ્થાપનાભ્યુપગમ બલે આવે. જે માટે તન્મત અસંગ્રહિક નૈગમ નયથી અવિશિષ્ટ છે.

તૃતીય પક્ષ નિરપેક્ષ સંગ્રહ વ્યવહાર ન માને, તો પણ સંપૂર્ણ નૈગમરૂપ સમુદિત બે નયને સ્થાપનાપક્ષ દુર્નિવાર છે. જે માટે અવિભાગસ્થ નૈગમથી પ્રત્યેકે એકેક ભાગ ગ્રહે છે. બીજું સંગ્રહ વ્યવહાર નૈગમ માંહે થાવે તો તન્મતસ્થાપના સંગ્રહ વ્યવહાર માંહે કિમ નાવે ? ઉભય વિષયકત્વરૂપ નૈગમધર્મ એકેકમાં ન પેશી શકે. પણ સ્થાપના વિષયકત્વ રૂપ નૈગમ ધર્મ તે સંગ્રહ વ્યવહાર એ બે નયમાં પ્રવેશે બાધક નથી. જિમ સહસ્રપણું શત સંખ્યા માંહે ન પેસે પણ તદ્ગત દશકાદિ સંખ્યા સુખે પેસે. કેવલ સ્થાપના સામાન્ય અને તદ્ગત વિશેષ માનવે સંગ્રહ વ્યવહાર નયને વિશેષ જાણવો. ઇત્યાદિક વિશેષાવશ્યક મહાગ્રંથાનુસારે અમે જૈનતર્કભાષામાંહિ લિખ્યું છે. તે પ્રાકૃત ભાષાએ લેખ મધ્યે તુમને જણાવ્યું છે. એ લેખને મહાશાસ્ત્ર કરી જાણવું મુકત છે.

'किं नाम स्मरणेन न प्रतिभया किं वा भिदाकानयोः,
संबंध प्रतियोगनान सदृशो भावेन किं वा द्वयोः ।
तद्वंद्य द्वयमेव वा जहमते त्याज्यं द्वयं वा त्वयास्यात्
तर्हि त एव लोयक मुखे दत्तो मखीकूर्चकः ॥१॥

અસ્મત કૃત પ્રતિમાશતકે. બીજું સ્થાપ્યતે ઇતિ સ્થાપના એ વ્યુત્પત્તિ નિમિત્ત જ છે. પણ તદાકારત્વ તે પ્રવૃત્તિ નિમિત્ત છે. માટે શાશ્વત પ્રતિમા માંહે સ્થાપના શબ્દાર્થ ઘટે. જિમ 'गच्छतीति गौः' એ શબ્દ વ્યુત્પત્તિ નિમિત્ત છે. ઈમ કહેતાં બેઠી ગાયમાંહે ગોપર્ય નાવે. માટે सास्नाधलिंग्यंगा गोत्वजाति ગોપદ પ્રવૃત્તિ નિમિત્ત કહિયે છે. તિમ ઇહ જાણજો. સુધુ સદ્દહજો.

વલી જે તુમે લિખ્યો છે સ્પષ્ટ શ્રાવક કરણી મધ્યે જિનપૂજા વિધિ ક્યાં કહી છે ? તે તો દ્રુપદી પ્રમુખ પૂજાવિધિ સ્પષ્ટ છે. તદીય પ્રાસાદાદી કૃત્ય શ્રુતાર્થાપત્તિ સિદ્ધ જ છે. તથાવિધ વાદ સ્પષ્ટાક્ષર શ્રી મહાનિશીથ સૂત્ર તૃતીયાધ્યયન મધ્યે છે તે લિખિયો છે.

'अकसिणु पवत्तगाणुं, विरयाविरयाणु एस खलु जुत्तो,
जे कसिणु संजमविउ पुप्फाइयं न कप्पए तेसिं किं भन्ने ?

ગોયમા ! એસ બત્તીસિં ઠાણુદ્દિએ જમ્હા તમ્હા ઉભય અણુટ્ઠે જઆ અભૂજસીવિણ ઉગમેઅં તેસિં ભાવસ્ત વાસં ભવો તહા ભાવચ્ચણાર્ઘ ઉત્તમં દસન્નભદ્દેણ ઉદાહરણું તહેવ વક્કહર માણું સસિદત્તામગાદીહિં પુષ્ટં તે વિણ દ્વિસે ગો તાવજં સૂરિદેહિં જત્તીઉ સવિદ્ધીએ અણુણ સામણ પૂઆ ભક્કારેઠ એઠાકિંત સંવસાવજ્જવિરએહિં અણુટ્ઠિયંઉયા હુ સંવહા વિરએહિં સુભત્તીએ પૂઆસક્કારે કએ તા જઇ એવં તઉ બુજ્ઝ ગોયમા !

ણીસંસયં દેસવિરય અવિરયાણું તુ વીણુ ઉગમુભયંસ્થવિવણુયં. ”

એ અક્ષર તો ચોથા તથા પાંચમા ગુણઠાણે નિઃસંશય દ્રવ્યસ્તવ ભાવસ્તવ ઉભય કરવા કહ્યા. તથા તત્ર જ દ્રવ્યસ્તવ ફલ પણ દેખાડયું છે. “ કાઉણ જિણાયયણેહિં મંડીયં સયલ મેઇણીવટ્ટું દાણાઇચઉકેણવિ સુટ્ઠવિ ગચ્છિજજ અચ્ચુંઅ ન પરઓ ॥ ૧ ॥

ગુણસ્થાનક માફક ભક્તિ યતના પરિણામે જલ પુષ્પાદિ વિરાધનાનો દોષાવહ નથી. સાહમું ગુણાવહે છે. નહીં તો અભિગમન વંદનાદિ વિધિ પણ ઉચ્છિન્ન થાએ. ઉષ્ણ જલાદિકે સ્નાત્ર હીર ફુલ પ્રમુખે પૂજા તથા સ્તોક જલ પુષ્પાદિકે પૂજા ભાક્તિ ભઇ ઠામે, અવિભક્ત પરિણામ વધારતાં બોધિ બીજનો જ નાશ કરે. ઉક્તં ચ પંચાશકે –“ અણુચ્છારંભવેઉ ધમ્મેણુારંભઉ અણુભોગો લોએ વ પવયણ ખિંસા અબોહિ બીઅંતિ દોસાય ॥ ૧ ॥ ” જો સાધુને અસતકારી અસન્માનને સૂઝતું અથવા અસૂઝતું દેતાં એકાંત પાપબંધ કહ્યો છે, તો ભક્તિ પરિણામ વંચનાએ સ્તોક પુષ્પાદિ પૂજાએ શંકિયાને બોધિબીજનો નાશ કિમ ન હોવે ? બલિ દીકન પુષ્પ પૂજા સત્તારભેક અનેક વિધિ સૂત્રે હુતો તેહ જ પરંપરાએ કહેવાય છે. ઉક્તંચ **શ્રી મહાનિશીથે**– “ સત્ત-મહયા વિચ્છરણે, અરિહંત ચરિયાલિહાણે, અંતગડકસાણું અજઝયણે કસિણું વન્નેયં ” સિદ્ધાન્ત પૂર્વે હતો તે હવણું નથી, હવણું છિન્નપટ્ટ સંધ્યાન્યાયે **દેવર્દ્ધિગણિ ક્ષમા શ્રમણ** વાચનાનુગત પંચાંગી શુદ્ધ આલંબર્તા કિસી ન્યુનતા નથી.

તથા કોઇ કહે સિદ્ધાંતે થોડું કહ્યું હોએ, કિહાં ઇક ઘણું કહ્યું છે. તિહાં સંદેહ ન કરવો. એ સિદ્ધાંત શૈલી જ છે. ઉક્તં ચ–“ કત્થઇ દેસગ્ગહણું, કત્થઇ નિરવ્વંતિ નિર-વિસેસાઇ, ઉકકમ વઇકમાઇ સહાવ સઉણિરિત્તાઇ ॥ ૧ ॥ ” એ સર્વ જાણી કુલક્રમ દાક્ષિણ્ય મૂકી ભલી ભક્તિએ જિનપદ પામવા ભણી જિનપૂજા કીજે. તો જ જાણ્યાનું સાર છે. પામર લોકનો ભય રાખીને જનમ સફલતા ન કીજે તે ન ઘટે. શ્રી વીતરાગ દાસપણાનો ભાવ તેહજ લોકોત્તર વિનય સાચવ્યા વિણ કિમ નિર્વહે ? દેવપૂજા વેલા સામાયિકાદિ લેઇને શુભ પરિણામ દેખાવે, તિણે સાધુને દાનાવસરે પણ સામાયિક લેઇ છૂટવું. કૃત્રિમ ભાવ અને અકૃત્રિમ ભાવમાં ઘણો અંતર છે.

વલી જે ચંદ્ર જયોત્સ્ના સમાન કેવલી કહ્યા છે. તે પરા નામ આદમી યોગદૃષ્ટિએ કેવલજ્ઞાન જયોત્સ્નાની અપેક્ષાએ, અને **દિગંબરી સંમતભદ્ર આચાર્યે ઉપાસકા-ધ્યયન ટીકાકારે શ્રાવિકાચાર મધ્યે** લિખ્યું છે કે–

“અનાત્માર્થં વિના રાગૈઃ શાસ્તા શાસ્ત્યસતો હિતં;

ધ્વનન્ સિદ્ધિપદં સ્પર્શાન્ મુરજઃ કિમપેક્ષિતે ? ॥૧॥ (જુઓ પેજ ૧૦૩૨)

-: સનાતન સત્ય સિદ્ધાંતોના અજોડ સમર્થક :-

— મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિજય.

(જેઓશ્રીજીની હયાતિમાં શાસનનો જયનાદ ચોમેર ગુંજતો –સૌ આરાધનામય બની ઝિલોલતા... જ્યારે આજે... જેઓશ્રીજીની વસમી વિદાયના પાંચ પાંચ વર્ષો વીતવા છતાં સાદ તો તેવી જ તાજી છે છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે આ લેખ તેમની સત્ય પ્રિયતાદ્વિની આંશિક ઝાંખી કરાવે છે તો આપણો આત્મા પણ આજ્ઞાપ્રિયત્વ અને સત્ય પ્રિયત્વથી ઓતપ્રોત બની, સન્માર્ગની આરાધના કરી સિદ્ધિને પામે તે જ શુભેચ્છા સં.પા.૦)

"દીવો તાણું સરીરીણું સમુદે દુત્તરે જહા!
ધમ્મો જિણિંદપન્નત્તો, તહા સંસાર સાગરે!!"

" દુસ્તર એવા સમુદ્રને વિષે જેમ દ્વીપ–બેટ પ્રાણીઓનું રક્ષણ કરે છે તેની જેમ આ સંસાર સાગરને વિષે શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો ધર્મ જ પ્રાણીઓનું રક્ષણ કરે છે. "

સમુદ્રના ભયાનક તોફાનોમાં ફસાયેલા જીવોને, દ્વીપનું દર્શન પણ નૂતન જીવનની આશાનો સંચાર કરે છે તેની જેમ આ ભયંકર સંસાર સાગરમાં, આમ–તેમ અથડાતા અને ભમતા જીવોને શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો ધર્મ જ–જો હૈયાપૂર્વક તેનું જ શરણ સ્વીકારાય તો–આ સંસાર સમુદ્રને પાર પમાડવા સમર્થ બને છે.

દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારી રાખી બચાવી સદ્ગતિમાં સ્થાપે તેનું નામ જ ધર્મ છે. તે ધર્મને જેઓ પોતાના જીવનમાં બરાબર–આજ્ઞા મુજબ જીવે છે– તેઓ જ બીજાઓને ધર્મ સારી રીતના સમજાવી શકે છે, પમાડી શકે છે. તેઓ ધર્મ ગુરૂ તરીકે ઓળખાય છે. ધર્મગુરૂની સાચી ઓળખ પણ તે જ છે કે, આખા સંસારનો–સંસારની સુખ સામગ્રી માત્રનો પણ ત્યાગ કરી, સદ્ગુરૂને ચરણે જીવન સમર્પિત કરી આજ્ઞામુજબ ધર્મની આરાધના કરે છે અને પોતામાં યોગ્યતા આવે પછી તે ધર્મને ભવ્યજીવોને સમજાવી, યથાશક્તિ આરાધનાના માર્ગમાં જોડી, વહેલામાં વહેલા આ સંસાર સમુદ્રના પારને પામે તેવા જ પ્રયત્નોમાં અવિરત ઉજમાળ બને છે. તેવા સદ્ગુરૂની પ્રાપ્તિ થવી પણ સુદુર્લભ છે. માટે જ શ્રી પ્રાર્થનાસૂત્રમાં 'સુહગુરૂ જોગો'ની માગણી કરાય છે. જે પુણ્યાત્માઓને આવા સદ્ગુરૂની પ્રાપ્તિ થઇ જાય અને તેમની કિંમત સમજાઇ જાય તો તેવાઓ માટે આ સંસાર એ સાગર ન રહેતા ખાબોચિયું બને છે.

આગમ અમૃતનું આકંઠ પાન કરી, તેના અગાધ અને ગંભીર રહસ્યોને બરાબર પચાવી, જીવની યોગ્યતા પ્રમાણે તેનું દાન કરનારા સદ્ગુરૂઓજ આ ભયાનક ભવાટવીના સાચા માર્ગ દર્શક છે. જેમ ભયંકર ગાઢ અંધકારમાં દીપક એ સન્માર્ગ પથદર્શક બને છે તેમ અજ્ઞાન રૂપી અંધકારમાં આમ તેમ અથડાતા જીવોને, સદ્ગુરૂ આગમ રૂપી દીપકનો પ્રકાશ બતાવી સન્માર્ગે દોરે છે. આવા માર્ગસ્થ સદ્ગુરૂઓ જ શાસનના સાચા રક્ષક–આરાધક-પ્રભાવક હોય છે. જેઓના બળે જ શાસન જગતમાં જયવંતુ બન્યું રહે છે.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનમાં આજ સુધીમા આવા અનેકાનેક સૂરિપુંગવો થઇ ગયા છે, જેમાં વર્ત્તમાનમાં થયેલા સુવિહિતોમા જેઓ જ અગ્રેસરતાનું સ્થાન પામ્યા છે અને જેઓશ્રીજીની તોલે તો તેઓશ્રીજીની વિદ્યમાનતામાં પણ કોઇ દેખાતું ન હતું, તેમ વર્ત્તમાનમાં તો દેખાતું જ નથી. તેઓશ્રીજીનું જીવન જ એવું હતું કે વિરોધિઓ પણ જેમોંઢે વખાણ કરતાં થાકતા નહિ. તેનું કારણ આજ્ઞાપ્રિયતા અને આજ્ઞાકારિપણું. જ્યાં ભગવાનની આજ્ઞા ત્યાં તેઓની હાજરી હાલ બનતી. તેમનો સંપૂર્ણ સાથ–સહકાર રહેતો, સંપૂર્ણ પીઠબળ મળતું. અને જ્યાં ભગવાનની આજ્ઞાનો લોપ આજ્ઞાવિરૂદ્ધની પ્રવૃત્તિ ત્યાં તેમનો સામનો અચૂક હોતો, પ્રતિકાર કરી સમજાવવાના પ્રયત્નો કરતા, લોકો તે તરફ ખેંચાઇ ન જાય અને સન્માર્ગમાં જ સ્થિર રહે માટે પોતાની બધી જ શક્તિઓ અર્પતા અને બધાને બચાવતા. આથી આજ્ઞાપ્રિયત્વના કારણે જ આજે અવિદ્યમાન હોવા છતાં પણ સદેહે વિદ્યમાનની જેમ, યશોદેહે યત્ર–તત્ર સર્વત્ર વિદ્યમાન છે. જેમની કીર્ત્તિની ગાથાઓ ગાતાં ગાતાં ભાવિકોની જીભ પણ થાકતી નથી અને તે સાંભળતાં કાન પણ થાકતા નથી. તેમ કરીને પોતાના આત્માને પવિત્ર –નિર્મળ બનાવવાનું પુણ્ય ઉપાર્જન થાય છે તે નફામાં.

આ તકે એક સુભાષિત યાદ આવી જાય છે કે–

" पुण्यलक्ष्म्याश्च कीर्त्तेश्च विचारयत चाऽन्तराम् ।
स्वामिना सह यात्येकाऽपरा तिष्ठति पृष्ठतः ।। "

" પુણ્ય લક્ષ્મી અને કીર્ત્તિલક્ષ્મીની સુંદરતાને તો વિચારો કે એક સ્વામિ-માલીકની સાથે જાય છે, બીજી તેમની પાછળ રહે છે. "

તેનો ભાવાર્થ એ છે કે, મહાપુરૂષોની પુણ્યલક્ષ્મી અને કીર્ત્તિ લક્ષ્મી એ બે વલ્લભા હોય છે. જેમાં એક પુણ્યલક્ષ્મી તેમની સાથે જ જાય છે. જ્યારે બીજી કીર્ત્તિ-લક્ષ્મી તેમની અવિદ્યમાનતામાં પણ તેમની પાછળ યશોદેહે ચોમેર સુવાસને ફેલાવે છે.

અર્થાત વારંવાર સૌ તેમને યાદ કરી કરીને તેમનું ગુણ કીર્ત્તન કર્યા જ કરે છે.

ધૂપસળીની સુવાસ માણતાં માણતા પણ હૈયામાંથી પોકાર ઊઠે છે કે–મહાપુરૂષનું જીવન ધૂપસળી જેવું છે. 'જલી જાતી હોને જીવન ધૂપસળી મહેકતી મહેકતી આ' જેનો સાક્ષાત્કાર આ કથાનાયકના જીવનમાં સૌને સારી રીતના થયેલો અનુભવાયેલો છે.

આજ્ઞાપ્રિયત્વની જેમ સત્ય-સિદ્ધાંત પ્રિયત્વ એ પણ તેઓશ્રીજીના જીવનનું અમૂલ્ય ઉજ્જ્વલ પાસુ છે. સિદ્ધાંત ખાતર ફના થવાની મર્દાનગી–વીરતા, તેમનામાં સૌએ જોયી છે તેથી જ તેમની એક જ વીરહાક સુધારક વિચારકોને ધ્રુજાવવા સાથે શાસન રસિકોમાં અપૂર્વ શક્તિનો સંચાર કરતી.

આ પ્રસંગે એક જાણીતા વિદ્વાનનું "મોટાં કાર્યો સામર્થ્યથી નહિ પણ ખંતથી સધાય છે–" આ વાક્ય યાદ આવે છે. પૂજ્યશ્રીજીના જીવન પ્રસંગો વિચારતા થાય કે, ખરેખર સામર્થ્યની જેમ ખંત પણ તેટલું જ મહત્ત્વનું પરિબળ છે. જ્યાં ધીરજ હોય, નિર્ભયતા હોય, સહિષ્ણુતા હોય, ઉદારતા હોય, અને સત્ય માટેની નિઃશંકતા હોય ત્યાં ખંત આપોઆપ હોય જ. ખંતીલા પુરૂષમાં આ ધીરજ આદિ ગુણો પણ આવીને વસ્યા જ હોય પછી તે જે કામ હાથમાં લે તેમાં તેને સિદ્ધિ વરે જ –તે નિઃ શંક હકીકત છે. તેમના જીવન કર્યોનો સરવાળો જોતાં તે સત્ય પડે છે.

શાસન ઉપરના અનુપમ રાગના કારણે જ આજ્ઞાપ્રિયતા અને સત્યપ્રિયતા સર્વાંગીનપણે ખીલી ઉઠતા અને નિર્ભયપણે ચોમેર વિચરતા તેમાં તેઓશ્રીજીની સાત્ત્વિકતાનું પણ તેવું જ બળ હતું. કેમ કે, સત્ત્વશાલી આત્મા, સત્ય સિદ્ધાંત ખાતર ગમે તેવો ત્યાગ કરવામાં સહેજ પણ ડરતો નથી, અચકાતો નથી કે થડકાટ પણ અનુભવતો નથી. તે વખતે તેમની અપૂર્વ દૃઢતા શૌર્યભરી સાત્ત્વિકતા અને મેરૂ સમ મક્કમતા જોઇ ઢીલા પોચા, ડગમગુ થતા અને અસ્થિરો પણ વધુ મજબૂત હાથા જેવા બની જાય છે. માટે જ કહેવાય છે કે– 'સત્યનો પંથ છે શુરાનો, નહિ કાયરનું નામ જોને?

સત્યની સાચી સાધના–ઉપાસના–રક્ષા તે જ કરી શકે જે નિર્ભય હોય, તેજસ્વી હોય, પરાક્રમી હોય. નિર્ભય રહેવા નિષ્પાપતા જોઇએ, તેજસ્વી બનવા નિસ્પૃહતા જોઇએ અને પરાક્રમી બનવા સાત્ત્વિકતા જોઇએ. નિષ્પાપી માણસ કોઇથી પણ ડરતો નથી, નિસ્પૃહ માણસ કોઇની ય શેહ–શરમમાં આવતો નથી અને સાત્ત્વિક માણસ કોઇના ય ભભકામાં ઝાકઝમોળમાં અંજાતો નથી કે લેપાતો–મોહાતો નથી. આવો જ આત્મા સત્યની સાચી આરાધના–રક્ષા–ઉપાસના કરી શકે છે. જેનું અનુપમ–નિર્મલ–સુવિશુદ્ધ ચરિત્ર તેને અસત્યની સામે પ્રતિકાર ક્ષમતા આપે છે. જેનું દર્શન આ મહા-

પુરૂષમાં થયેલું છે. પણ આજે સત્ય ચોધાર આંસુએ રડતું દેખાય છે તેને સાંત્વન આપનારા, તેની પીઠ થાબડનારા આમે ય વિરલ જ છે. લોકલહેરીથી પર બનેલા જ આ વાત સમજી શકે છે. લોક લેરીમાં તણાયેલા નહિ જ.

અસત્ય તો આમે ય પાંગળું છે, સત્યના સાથ વિના જીવી શકતું નથી ખોટા માલની ખપત પણ સાચા માલના લેબલ નીચે જ થાય છે. સત્ય અને અસત્યની સરખામણી કોઇ કાળે થઇ નથી, થતી નથી કે થવાની પણ નથી. હંમેશા અસત્ય સત્યના આભાસમાં પૂજાય છે પછી એવો માર ખાય છે કે વર્ણનન થાય, પણ આજના કાળની તાસીરની વિચિત્રતા તો એ છે કે સત્યની સ્મશાનયાત્રા નીકળે છે અને અસત્યના ગઠબંધન થાય છે, સત્યની બાબતમાં ઢાંકપિછોડો કરાય છે, અસત્યની બાબતમાં એકમતિ સધાય છે. ગમે તેટલું કરાય પણ સત્યમાં સહજતા છે, જ્યારે અસત્યમાં ઢંભ, બનાવટ અને કૃત્રિમતા છે. સત્ય તો પ્રકાશ છે, અસત્ય તો આભાસ છે.

અસત્યનો પરપોટો ગમે તેટલો ફુલે–ફાલે તો પણ અંતે તો ક્ષણજીવી છે. સત્યનું મોતી મીનના મહાસાગરને તળિયે હોય તો ય અમૂલ્ય અને ચિરંજીવી છે. અસત્ય એ આડંબર છે તો સત્ય છે સાક્ષાત પિતાંબર ! અસત્ય વાત વાતમાં ઉશ્કેરાય છે, તો સત્ય સદાશાંત રહે છે. અસત્યમાં અટવાયેલો તેના ચક્રવ્યુહમાં એવો ફસાય છે કે બહાર નીકળવું અશક્ય પ્રાયઃ બને છે. કરોળિયાની જાળની જેમ પોતાના અસત્યોમાં પોતે જ ફસાય છે અને તેથી જ એક જૂઠને–ખોટાને ઢાંકવા બીજા હજારો જૂઠાનું શરણું સ્વીકારવું પડે છે. તેથી અસત્ય ઉધઇની જેમ જીવને અંદરથી કોરી કોરીને નિર્માલ્ય, નિસ્તેજ, કાયર જેવો બનાવી દે છે. જ્યારે સત્ય ખાતર ઝઝુમનારની આત્મશક્તિ, અગ્નિમાં સુવર્ણની જેમ વધુને વધુ દેદીપ્યમાન બની, ખીલી ઉઠે છે.

ઇમીટેશનના ચળકાટમાં અંજાનારની જેમ, અસત્યની શરણાગતિ સ્વીકારનારની, મન–વચન–કાયાની વિચારવાની, બોલવાની અને આચરવાની બધી શક્તિઓ કુંઠિત થઇ જાય છે. આંતરિક શક્તિઓનો સ્ત્રોત તે ગુમાવી દે છે તેથી જ તેના જીવન વ્યવહારમાં કોઇ જ જાતની એકસૂત્રતા દેખાતી નથી–તેથી વાત વાતમાં તે ખંડનાત્મક શૈલીને અપનાવે છે અને પોતાનો જ કક્કો ખરો કરવા મથે છે, અંતે નાશીપાશ થઇ સૂન મૂન બની છે. પોતાની આંતરિક પોકળતાને કારણે અસત્ય બહારથી ગમે તેટલા જોર–શોરથી કોલાહલ મચાવતું દેખાતું હોય તો પણ અંદરથી તો ડરપોક અને ભયભીત હોય છે. અને અસત્યનો આશરો લેનાર અંતે ભૂંડે હાલે મરે છે, નામશેષ થાય છે.

જ્યારે સત્યનો પક્ષ કરનારનું જીવન એક સૂત્રતાના અખંડિત તાંતણે બંધાયેલું હોય છે. તેના મન–વચન– કાયામાં એટલે કે વિચારમાં–વાણીમાં અને વર્તનમાં પણ

એક રૂપતા જ જોવાય છે. ભિન્નતાનું તો દર્શન થતું નથી એટલું જ નહિ પોતે બોલેલું, પોતાને ગળવું પડતું નથી કે ફેરવી તોલવું પડતું નથી. કારણ શાસ્ત્ર એ જ તેમની સમ્યક ચક્ષુ હોય છે. અને શાસ્ત્રથી પરિકર્મિત બુદ્ધિ હોવાથી એકસૂત્રિતા, અખંડિતતા તેમના જીવનના પ્રત્યેક વ્યવહારમાં સાહજિકતાથી વણાઇ ગયેલા હોય છે. પોતાની આંતરિક ગુણસંપન્નતાને કારણે સત્ય તો હંમેશા નિર્ભય હોય છે પણ આવા મહાપુરૂષોનું શરણું પામી ચોમેર નિર્ભયતાથી હરે–ફરે છે અને સૌને સત્યનો સાચો મહિમા સમજાવે છે. સત્ય–સિદ્ધાંતની રક્ષા ખાતર ઝીંદાદીલીથી મરનારા કે મરવા માટે તૈયાર રહેનારા તો અમર બની જાય છે, લોકોના સ્મરણપથ પર હંમેશને માટે અંકિત થઇ જાય છે, તેમની સ્મૃતિપણ નામ શેષ બનતી નથી, ભૂલ્યા ભૂલાતા નથી, સમય રેતીની સરતી ક્ષણો તેમની યાદને વધુને વધુ અમર બનાવે છે એટલું જ નહિ તેમની હયાતિમાં તેમની જેટલી મહત્તા સમજાતી ન હતી તેટલી તેમની ગેરહાજરીમાં વીતતી ક્ષણો તેમની મહત્તાને સમજાવે છે. ત્યારે જ તેમના અમૂલ્ય માર્ગદર્શનનું માર્ગસ્થ વિચારો વાતોનું મૂલ્ય બરાબર સમજાય છે.

જગતમાં સત્ય અને અસત્યનું કાયમી વૈર છે. તેમાં અસત્યના પક્ષકારોની પણ હાલત સૌએ સારી રીતના જોઇ–જાણી–અનુભવી છે અને સનાતન સત્યનું સમર્થન કરનારા, તેના જ પક્ષપાતી, સત્યમાર્ગને ખૂલ્લો કરનારા, સત્ય માર્ગના પૂજારી, સત્ય-માર્ગના અગ્રેડ ફિરસ્તા, સન્માર્ગ સંરક્ષક સ્યાદ્વાદ વાચસ્પતિ, સુવિહિત શિરોમણિ અનંતોપકારી સ્વ. પરમ ગુરૂદેવેશ પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની પુનીત જીવન ગંગોત્રીની પુણ્યસલિલોથી પણ સુપરિચિત થવા સાથે આંશિક પવિત્ર પણ થયા છીએ.

તો છઠ્ઠી પુણ્યતિથિની સ્મૃતિએ, તેઓશ્રીજીના અનુપમ શાસનરાગ, સત્યપ્રિયતા, આજ્ઞાપ્રિયત્વ, સાત્ત્વિકતા આદિ ગુણોનો અંશ પણ હૈયામાં આવે અને તેઓશ્રીજીએ ભગીરથ પુરૂષાર્થ કરી આરંભેલ સત્ય સન્માર્ગના ચોકાણના માર્ગે જ પા પા પગલી ભરી, તેમાં જ સ્થિર રહી આગેકૂચ કરીએ તેવું બળ અમોને સદૈવ મળ્યા કરો. તેવી જ આશિષ આપ જેવા પરમ કૃપાલો ! અમ સમ નોંધારા બાળ ઉપર વરસાવો તે જ મંગલ હાર્દિક ભાવના સહ એક ઉર્દૂ શાયરનો શેર યાદ કરી—

"હજારોં નુર ઉનકી, હસરતે દીદાર પર કુરબાં,
કિ જિસકી જિંદગી હી, હસરતે દીદાર હો જાયે."

અર્થાત–" જેઓની પોતાની જિંદગી, જાતે સળગીને પ્રકાશમય બની જાય એવા

મહાપુરુષના તેજ પર તો હજારો સૂર્યોનું તેજ પણ કુરબાન છે.”– વિરમવા સાથે, જે રીતના સૌભાવિકોના હૈયે અપ્રતિમ સમ્રાટની જેમ શોભા છે તે પણ યાદ આવે છે કે

“ સૈકાઓના અંતરે છે, એમના સ્મરણો અમર,
જેની ઓળખ સંગેમરમર માંહે કોરેલી નથી”

આજ જેઓની સાચી ઓળખ છે તેમાં કોઇને ય કાંઇ કહેવાપણું છે જ નહિ.

(અ.નુ. પેજ ન ૧૦૨૬ નું ચાલું)

એ શ્લોક તે માઠલની પરે ધ્વનિ માન્યો છે, તે તો ન ઘટે. જે માટે અનક્ષરને અક્ષર પરિણામ અદૃષ્ટ છે. ભાષા પર્યાપ્તિ નામ કર્મનો ઉદય છે. તે માટે ભાષારૂપ જ શબ્દ કેવલીને ઘટે. અને વિકલ્પ પૂર્વક તો સગલી છદ્મસ્થને છે. કેવલીને તો સ્થાન નિષેધા આહાર વિહારાદિક સર્વ ક્રિયા અવિકલ્પ પૂર્વક અઘાતિ કર્મોદય નિમિત્ત માને તેહને જ તાદૃશ દેશના ધ્વનિ માનતા પૂર્વે ક્રિગંબરને તો જિમ ભીંતમાંહથી ધ્વનિ નીકલે તિમ માન્યું જોઇએ. તત્કાલે તત્કાર્ય કર્ત્તવ્ય વિષયક કેવલજ્ઞાન પર્યાય જ કેવલીને તત્કાર્યકારી કહિયે. તો સંભવે. ઉક્તં ચ **ઓઘનિર્યુક્તૌ**–

“ણાઉણ વેયણિજ્જં, અણ્ણમણુઆં આઉઅં ચ ધોવાગં,
કમ્મં પડિલેહેઉ, વચ્ચંતિ જિણા સમુગ્ઘાયા ।। ૧ ।।

ઇહાં ત્વા પ્રત્યયાર્થ કેવલ પર્યાય લીજે તોહી જ સંભવે. એ ચર્ચા **વિશેષાવશ્યકાદિકે** ઘણી છે.

જે કોઇ મત નિરપેક્ષ થોડે પણ ક્ષયોપશમે વર્ત્તે, મહા શાસ્ત્રોનો અભ્યાસ કરવા ચાહે તેહને મેં તર્ક સિદ્ધાંત શાસ્ત્રોના દાન ધાં. તિણસું મારે એકાંત સ્નેહ છે. તે પ્રીછજો.

દેવાણંદાની કુક્ષીથી શ્રી વીતરાગ ગર્ભ, ત્રિશલા કૂખે આણ્યો, તે તો દેવશક્તિ છે, તિહાં અસાધ્ય કાંઇ નથી. તથા મૂલગે વિમાને ચંદ્રમા સૂર્ય આવે. ઇત્યાદિ અચ્છેરામાં અશ્ચર્ય લાગે. તે તો આશ્ચર્ય પદનો અર્થ જ છે. અચ્છેરાતે ઉપલક્ષણ અત્યંત સ્થાવર હુઇને **શ્રી મરૂદેવ્યા** સિધ્ધ થયા છે. ઇત્યાદિ ભાવ પણ પ્રાયે અસંભવ સંભવ હોય તે આશ્ચર્યભૂત જાણવા. **એહવું શ્રીપંચવસ્તુક મધ્યે** કહ્યું છે. ‘‘ત્તોય બુધ્ધ લાભા, હવંતિ અચ્છેચ્ચ ભૂયાઇત્યુપદેમાલાયાં.

તથા ન્યાય બે લક્ષ મહારો કર્યો છે, તે માંહેથી પ્રતો પાંચ સાત ઓઠેથી લઈ. જાઇ. ઇચ્યું સા. ગઢાધર મહારાજને લખજો. બીજી ભલામણ જે લિખણી હોઇ તે લિખજો. પરણુતિ શુધ્ધ રાખજો. શા. વચ્છા શા. જેતસી પ્રમુખને પણ કાગજ લિખજો. એક શ્રધ્ધાવંતને ધર્મ કુટુંબ કરી જાણજો આ પક્ષમાં સમજનાર ધર્મ પ્રિય કેટલા એક છે, તે લિખજો. ધર્મરી પરણુતિવાધે તેમ કરજો. નામ લઇ શ્રી દેવાધિદેવની યાત્રા કરશોજી. **ફાલ્ગુણ શુદ્ધ ૧૩ શ્રી ૧૦૮ શ્રી યશવિજયોપાધ્યાય કૃતસમ્યગ શાસ્ત્ર વિચારસાર પત્ર સમાપ્તઃ** (શ્રી પ્રકરણ રત્નાકર તૃતીય ભાગ પૃ. ૬૯૭-૭૧૦)

卐 મુનિશ્રી રામવિજયજી, એક દૃષ્ટિએ 卐

[લેખક : વાડીલાલ મોહોકમલાલ શાહ, બી.એ.ઓનર્સ]

[વીરશાસન, શુક્રવાર તા. ૨૭ મી મે સને ૧૯૨૭ ના અંકમાંથી સાભાર]

આજ જેનું ધ્યાન દોરવાની વૃથા હીંમત કરી રહ્યો છું. તે વ્યક્તિ, નથી કોઇ ભૂતમાં વિચરેલી પ્રતિમા, યા ભવિષ્યમાં થવાના મહાત્મા. આ તો વાંચકના ચર્મચક્ષુથી જોઇ શકાય તેવી, હજારોની મેદની વચ્ચે, અમૃતભરી વાણીથી સુધારસનું પાન કરાવનાર વર્તમાનકાળમાં ભરતખંડમાં વિચરનાર જૈનશાસનનું એક અણમોલું રત્ન, અખંડ સંયમરૂપી ઝરામાં સ્નાન કરી પુનિત થયા પછી, હજારોને એ પુનિત આદર્શની શિખરે સહેલ કરાવનાર, અહિંસાનો પ્રચંડ ઝંડો ફરકાવનાર સંયમમસ્ત ફકીરની એ જીવતી અને જાગતી જ્યોત છે. જે મહાનુભાવોએ એને આંખે નીહાળ્યો હોય તે કહી શકે કે કે ચક્ષુ સાર્થક થયાં, જે વ્યક્તિએ એને કાને સાંભળ્યો હોય તે કહે છે કે, એના શ્રોત્ર આજ સફળ થયાં છે, અને જે જૈનને એ મહાપુરૂષને ગોચરી આદિ માટે તેડી લાવવાનું મહા સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે તે કહી શકે કે અમારા આંગણા સદાને માટે પાવન થયા છે. એ વ્યક્તિના શબ્દે શબ્દે અમી ઝરે છે.

કેટલાક કહે છે કે એ જાદુગર છે, કેટલાક કહે છે કે એની આંખમાં અમૃત ભર્યું છે, કારણ કે એ આંખના ચમકારાથી હજારો આત્માઓને સંયમાભિલાષી બનાવી દે છે. એની સંયમરસભીની બંસરી આજે રાજનગરના પુણ્ય સ્થળોમાંથી થોડા સમય માટે બંધ થઇ ગઇ છે. હવે એ મહાત્માને અન્ય શહેરોએ એમના અમૃતની વાનગી ચાખવા નોતર્યા છે. એનું ધ્યેય એક જ અને તે સંયમ. એના અણુએ અણુમાં સંયમ છે, એના વાતાવરણમાં આવનાર ઘડીભર માટે સંયમમય બની જાય છે. એ આબાલવૃધ્ધને એની અહિંસા, એના વૃતો અને એના સંયમથી રંગી દે છે. જૈનને વધુ શ્રધ્ધાવાન બનાવે છે, અજૈનમાં જૈનત્વના ભાવ પ્રગટ કરે છે. એ સુક્ષ્મ શરીરનો અને સુંદર મગજનો માનવી કોઇ નહિ. એ તો પેલો હજી હમણા જ અમદાવાદના એક અજબ વાતાવરણમાંથી અદૃશ્ય થતો, આદર્શતાનો નમુનો મુનિશ્રી રામવિજયજી !

હજી એ સમયો યાદગીરીની સીમામાંથી વીસરાયા નથી કે જે વખતે એ પ્રચંડ વિભૂતિ સાત–આઠ વર્ષ પહેલાં અમદાવાદની પોળે પોળે ફરી હોટેલોના અભક્ષ્યને મૂળમાંથી નાશ કરવા મથી રહી હતી. હજી એમની એ સુકુમાર વયમાં જ, એમણે જૈનપુરીની પ્રજાને, ભવિષ્યમાં થનાર કોઈ મહાત્માની ઝાંખી કરાવી હતી. એ વ્યક્તિ ને અભક્ષ્યન રસ સદાને માટે નહિ તો, થોડા વખત માટે દેશવટો દેવામાં ફાવી. આ

તો હજી એમનો પહેલો જ પ્રયત્ન. એમના સમાજ પ્રત્યેના કાર્યની પહેલી જ વાનગી. આ તો એમની લોકોપકારી શ્રેણિનું પ્રથમ પગથીયું. અને આગળ ઉપર ભારે કાર્યો માટે મેળવાતી તાલીમ.

પછી આવ્યો ભદ્રકાળી માતાના ભોગનો અવસર. એ હિંસાના કટ્ટર વિરોધથી અહિંસાના અમૂલ્ય સ્થંભથી, નિર્દોષ બકરાનો વધ જરાએ ન સંખાયો. એના રોમે રોમમાં અભિલાષા જાગી કે આ પાપને કોઇપણ ભોગે અમદાવાદમાંથી નામુદ કરવું. રાજનગરમાં આટલી મ્હોટી જૈનોની વસ્તી અને શહેર વચ્ચે જ આમ નિર્દય રીતે ભોગ અપાય એ એમને મન જૈનોનું ભયંકર અપમાન લાગ્યું. એને એની શક્તિઓ એ કામમાં ચોજી ભગુભાઇને વંડે અને બીજી જગ્યાએ ભાષણોની ધારા વહેવરાવી, આખી જૈન અને જૈનેતર આલમને જાગૃત કરી અને પરીણામે આ ઘોર હિંસા સદાને માટે નાબુદ થવા પામી. એ વ્યક્તિનો અપૂર્વ પરિશ્રમ ફળ્યો. આ તો હજી એમની બીજી જ વાનગી. જૈન ધર્મની અખંડ ધગશની આ તો હજી અજમાયશો હતી. એમની શક્તિઓ આવાં બીજાં ઘણાએ પુણ્યકાર્યોમાં ચોજાવાની હતી. એ દિવસે આખા રાજનગરને માથે એનું ઋણ ચઢ્યું. હવે તો એ ઋણનો બદલો જ આપવો રહ્યો.

ત્યાર પછી થોડા સમય માટે એ મહાન વ્યક્તિ રાજનગરથી દૂર વસી. અમદાવાદમાં અમદાવાદને શોભતા ઉપદેશકોના અભાવે, રાજનગરના જૈનત્વમાં સહેજ શિથિલતા આવી. ત્યાં તો એ વ્યક્તિએ ફરી અમદાવાદના આંગણીયા પાવન કીધાં. તે વખતે હજી એને યુવાનો બહુ ન ઓળખતા. અમદાવાદના પૂર્ણ ભાગ્યે એ વ્યક્તિએ જૈનપુરીમાં અમીભરી વાગ્ધારા ચાલુ કરી. એ ઉપદેશ અને એમના પહેલાના ઉપદેશમાં ઘણો જ ફેર. આ વખતે તો તેના ઉપદેશમાં કોઇ અનેરૂં જ્ઞાન, કોઇ અમી અને કોઇ અનેરી વાગ્ધારાના દર્શન મુમુક્ષુને થતા હતાં.

આજથી લગભગ અઢી વર્ષની એ વાત. એ કાર્તીકી પૂર્ણિમા પછી એમનું ચાતુર્માસ ઝાંપડાની પોળમાં બદલાયું. રોજ રાજનગરની શેરીએ વાતો થતી કે ત્યાં તો સંયમ અને દયાની છોળો ઊછળે છે. સંયમ રસભીના વધુ ભીંજાય છે. અને અહિંસાના પડહ વાગે છે. ફરી ત્યાં જવાનું મન થયું. પહેલીવાર ગયો તે વખતે જ મારા વિચારોમાં જબરજસ્ત પલટાની આગાહી દેખાઈ. મારી બેદરકારી નાશ પામી અને રોજ બને તો એ વ્યાખ્યાનને સાંભળવાનો અને બને તો તેની નોટ કરવાનો ચસકો લાગ્યો. પછી તો મહારાથી ન રહેવાયું. એ મહાપુરૂષની પાસે આપણે રોજ જઇયે, એમની સાથે વાતનો પ્રસંગ લેવા તલસીયે તોએ એ મહાત્મા આપણી સાથે એક શબ્દ પણ બોલે તો એ તો મારાથી ન સંખાયું, રોજ વ્યાખ્યાન પૂરૂં થયા પછી, એમની પાસે થોડો

પાસે થોડો સમય બેસું, બોલાવવા બહુ પ્રયત્ન કરું પણ એ બધામાં હંમેશા નિરાશા મળે.

પછી તો એક ઉપાય ચોજ્યો. એમના ગુરૂવર્યશ્રી પ્રેમવિજયજીને આ વાત કહી, એમને કહ્યું કે હું કહીશ. તમારી સાથે વાત કરવાનો તમને પ્રસંગ આપશે. બીજે જ દિવસે કોણ જાણે શાથી પણ એ વ્યક્તિએ મારી સાથે વાત કરવા જેટલી દિલસોજી બતાવી. મને મારું ભાવતું મળ્યું. મેં એનામાં મારી કોલેજના પ્રોફેસરો કરતાં કોઇ અનેકગણી શક્તિશાળી પ્રતિમાના દર્શન કર્યા. વધુ વધુ પ્રસંગો પડ્યા તેમ વધુને વધુ હૈયું ઉલસ્યું. અંતરની થોકબંધ શંકાઓનો કોકડો ત્યાં ઉકેલ્યો અને એમના સચોટ દલીલમય જવાબથી સેવકને બહુ જ સંતોષ થયો. એકવાર મેં એમની જોડે અતિ મહત્ત્વની વાત કરવાની હીંમત એડી.

મેં એમને એક દિવસ પૂછ્યું કે, આપ જે વ્યાખ્યાન કરો છો તે બાબત આપ તે પહેલ તેની રૂપરેખા દોરો છો કે કેમ ? એ મહાત્માએ કહ્યું–'હું એ બાબત ઉપર ઉદ્દેશપૂર્વક સહેજ પણ વિચાર નથી કરતો. એ તો પ્રસંગોચિત શબ્દો એની મેળે જ નીકળી પડે છે.' તે વખતે પુનર્જન્મના જ્ઞાનની છાયાનો મને કાંઇક ખ્યાલ આવ્યો. હજી આ સવાળ વધુ લંબાવીશું.

એવો એક બીજો જ રસભર્યો પ્રસંગ આ વખતે કોલેજમાં વેકેશન પડી હતી. ઉનાળાની રજાઓ એટલે પરીક્ષાના સાણસામાંથી મહામહેનતે છુટીને શાંતિ માટે ઘેર આવ્યા. રામવિજયજીની વાગ્ધારા એ અમને અપૂર્વ 'શાંતિનિકેતન' લાગ્યું. અમે દસ બાર કોલેજીયનો રોજ રોજ ત્યાં આવવા લાગ્યા. જેમ જેમ આવતા તેમ તેમ વધુવાર આવવા દીલ તલસતું. એમની વ્યાખ્યાનશૈલી, એમની ફીલસુફી, એમની વર્ણનશક્તિ અને એમની હૃદયસ્પર્શીવાણી અમને અગાધ લાગી. અમને એકલા વ્યાખ્યાન પ્રસંગથી સંતોષ ન થયો. અમોએ એકવાર તો એમને વ્યાખ્યાન પછી વિનંતિ કરી કે અમોને એમના જ્ઞાનનું કાંઇ વધુ સિંચન થાય તો સારું. એમને તે દિવસથી વ્યાખ્યાન પછી, થોડો ટાઇમ આપવાની માગણી કબૂલ કરી.

ત્યાર પછી વ્યાખ્યાન પૂરું થયે ઘણો સમય અમારી ટોળી તેમની પાસે બેસતી કોઇ કોઇવાર તો ઘડીયાળ, સાડાબાર કે એકનો ડંકો પૂરતી. એમને એ ઉઠવાનું મન ન થાય, અને અમને તો થાય જ શેનું !! અમો બધા ખુલ્લે દિલે વાતો કરીએ. અમારામાં પડેલી પાશ્ચાત્ય કેળવણીની ખોટી છાયા જ્યારે જ્યારે એ જુવે ત્યારે ત્યારે એ સંબંધમાં એ અમોને ઘણી જ અસરકારક વાણીમાં સમજાવે. અમો એમને પ્રશ્નોના થોકે થોક પુછીએ, એ અમોને એમની સ્વાભાવિક શાંતિમાં ઉત્તર દે, એમના મુખ

ઉપર ઊગ્રતાનો શેરડો સરખો ન જણાય.

કેટલીકવાર તો અમને લાગ્યું કે એમનું સાધુત્વ યુવાનો માટે જ સરજાયું છે. એ યુવાનોના હૃદયને ઘણી જે સચોટ રીતે ભેદી શકે છે. વૃદ્ધપુરૂષો માટે એમને થોડું ઠ જ કહેવાનું છે, કારણ એમને તો એમના વિચારો પહેલેથી જ બાંધી દીધેલા હોય છે. પૂ.પાદ શ્રી રામવિજયજી મ. શાસનનો વિજય શિક્ષિત યુવાનોમાં નિહાળે છે. એમના વચનથી યુવાનો લલચાય છે. એમની પાસે લાલચનું એક જ સાધન અને તે એમની આંખ ! કોણ જાણે એ આંખ શાથી સેંકડોને દીક્ષારસીયા બનાવતી હશે !! પછી તો અમારો હક્ક બીજા ઘણા માણસોમાં વહેચાયો. રોજ બાર–બાર વાગ્યા સુધી ત્રીસથી ચાલીસ માણસ બેસે. અને આ રીતે રોજ નવી નવી ધર્મ વાનગીઓ ચાખવા મળે. કમનશીબે રજાઓ પુરી થતાં જ આ અલભ્ય લાભ પણ પુરો થયો.

હવે આવીએ એમની વ્યાખ્યાનશૈલી પર. વ્યાખ્યાન મુકરર કરેલા ટાઇમે જ શરૂ થાય એની એ ખાસ દરકાર લેતા, પરંતુ કોઇ દિવસે પણ સમાપ્તિનો ટાઈમ પ્રચવાયો હોય એમ હજુ મને સાંભળતું નથી, એનું કારણ વાંચક આગળ જોશે. વ્યાખ્યાન શરૂ થાય ઘણા જ ધીમા અવાજથી, મહારાજશ્રી, જે અધ્યયન ચાલતું હોય તેના એક બે ફકરા વાંચી સંભળાવે. શરૂઆતનો સ્વર સહેજ ધીમો અને વ્યાખ્યાનને લગતી પીઠીકાનો આવીર્ભાવ કરતો. પણ આ બધું બે ત્રણ મીનીટ માંટે જ એકાદ મુદ્દો હાથમાં આવતાં તેઓશ્રી એકદમ તેમના રોજીંદા મધુર સ્વરમાં આવી જાય, અને વ્યાખ્યાન પ્રસંગોચિત આવિર્ભાવ અને આંગળીઓનો ઊપયોગ ઠેઠ સુધી ચાલુ રહે. વંચાયેલા સૂત્ર ઊપર જબરજસ્ત ખીલવણી થાય અને એક એક પ્રસંગને પૂરતો ન્યાય મળે. એમની અજબ ખૂબી એ છે કે, તેઓ, એકથી બીજા એમ ઘણા જ પ્રસંગોમાં ઘસડાયા જાય તો પણ મુળ વસ્તુને જરા યે વિસરે નહિ. અને થોડા જ સમયમાં, જ્યાંથી એ ખસ્યા હોય ત્યાં આવી જાય. એમની બીજી ખૂબી એ છે કે વ્યાખ્યાન ચાલે તે પહેલાં, આગળ ચાર પાંચ દિવસમાં જે ઊપદેશ અપાયો હોય તેની ફરીથી રૂપરેખા દોરી જાય એટલે નવા શ્રોતૃવર્ગને તો ઘણો જ રસ પડે. એમની આ ટેવ સિદ્ધ કરી આપે છે કે તેમને દરેક પ્રસંગ વચ્ચેના સંબંધની પુરતી ઝીંમત હતી અને તેથી જ કોઇ વખતે પણ તેઓ મૂળ પ્રસંગને ભૂલતા નહિ.

વ્યાખ્યાન શરૂ થયા બાદ ધીમે ધીમે શ્રોતૃવર્ગનું લશ્કર ટુટી પડે, જેમ વિદ્યાશાળાનો વિશાળ ચોક એટલો સાંકડો પડે કે, તાપથી, સાંભળનારના મુખ ઊપર પરસેવાના ઝરા વહેવા માંડે, પરંતુ કોઇને ય ત્યાંથી ઊઠવાનું મન તો ભાગ્યે જ થાય.

જેમ જેમ શ્રોતૃવર્ગ વધે તેમ તેમ મહારાજશ્રીના વ્યાખ્યાનમાં કોઇ વધુ આનંદ આવે અને વધુ રસ પડે. એમના વ્યાખ્યાનમાં એકે દિવસે જુદા જુદા સેંકડો પ્રસંગો ચર્ચાય. એમને જૈન સમાજમાં જડ ઘાલી બેઠેલા કુરિવાજોની વીણી વીણીને ઝાટકણી કાઢવામાં જરાએ બાકી રાખી નથી. એમના વ્યાખ્યાનમાં સમયે સમયે સમાજના કુધારા ચર્ચાય, ધર્મ સાથે સંબંધ ધરાવતી રાજદ્વારી બાબતોને પુરતો ન્યાય મળે, વિરોધિઓ તરફથી લખાયેલ ધર્મ વિરૂદ્ધ લેખોની પુરી ઝાટકણી કઢાય, અને સમાજ ઉંધે રસ્તે ન દોરવાય એટલા માટે શાસન દ્રોહીઓને સચોટ રીતે તેમને છાજતાં પ્રકાશમાં મુકાય.

જ્યારે જ્યારે આવા પ્રસંગો આવતા ત્યારે ત્યારે એમના મ્હોં ઉપર કોઇ ઓર જાદુ દેખાતો અને એમની વાણીમાં કોઇ અનેરૂં અમૃત વહેતું. તે વખતની એમની હિંમત, એમની શક્તિ, એમનું સત્યવક્તાપણું અને એમના જગદ્ ઉપકારીપણાની ઝાંખી શ્રોતાઓને સહેજે જણાઇ આવતી. જે લોક એમ કહે છે કે શ્રી રામવિજયજી એકલા વર્ગનું જ વર્ણન કરે છે, અને તેમના વ્યાખ્યાનમાં સામાજીક અને વ્યવહારૂ વાતોને સ્થાન જ નથી, તેમને હું કહું છું કે જ્યારે વ્યાખ્યાન પ્રસંગોમાં ધર્મની અંદર સામાજિક અને વ્યવહારીક વાતો સંડોવાય ત્યારે ત્યારે એ કરેક વાતો એવા સ્વરૂપમાં સમજાવતા કે શ્રોતાઓને તો એ કુધારામાં ન ફસાવાની પ્રતીજ્ઞા લેવાનું ઘડીભર મન થઇ આવે. સ્ત્રીઓનું રડવું–કુટવું, અતિશય છુટના પરિણામ, જમણ પ્રસંગે એંઠું ગંડવામાં નુકશાન, વીસમી સદીની મસ્તીયો વિગેરે વિગેર ઉપર સંપૂર્ણ છુટથી તેઓ બોલતા.

એમના વ્યાખ્યાનમાં પ્રશ્નકારને તદ્દન છુટ હતી, અને એ છુટનો સારો નરસો ઉપયોગ શ્રોતૃવર્ગ હંમેશ કરતો. જે જે પ્રશ્નો પૂછાય તેનો ઉત્તર, તેઓશ્રી એજ સમયે એવી સચોટ રીતે આપતા કે પુછનારને ફરી બીજો સવાલ કરવાનો પ્રસંગ જ ન રહે. કેટલીકવાર તો જ્યારે શ્રોતાઓ પ્રશ્ન પૂછે ત્યારે એનો જવાબ મહારાજશ્રી પ્રશ્ન વાટે જ આપે. એટલાશ્રી પૂછનાર શિવાય કોઇને વચ્ચે બોલવા દેતા ન હતા એટલે પ્રશ્નકારને ઉલટા ફુલટી પ્રશ્ન પૂછવા સહેલા થઇ પડતા. કેટલીકવાર તો એમનું વ્યાખ્યાન મટી પ્રશ્નોત્તર કે ' ડીબેટીંગ સોસાયટી' ના રૂપમાં ફેરવાતું અને એ વખતે શ્રોતાઓને વધુ આનંદ પડતો. પ્રશ્નકારને સર્વે જાતના પ્રશ્નો કરવાની છુટ હતી અને આ છુટને પ્રશ્નકારો હક કરતાં વધુ પ્રમાણમાં લેતા. કોઇ કોઇવાર તો પ્રશ્નકાર, મહારાજશ્રીના પોતાના સંબંધી પ્રશ્ન પૂછવા લલચાતા અને તેનાએ ઉત્તરો એ એવી જ સચોટ રીતે અને શાંતિથી આપતા. પ્રશ્નકારો કેટલીક વાર તો છેવટે થાકીને કહેતા કે અમારે કાંઇ પૂછવાનું રહ્યું નથી. હું એમ ધારૂં છું કે એમના વ્યાખ્યાનમાં જેટલા અઘરા અને

સંખ્યામાં વધારે પ્રશ્ન પૂછાય છે અને જેવી રીતે ઉત્તરો અપાય છે તેવી રીતે સવાલ જવાબ ભાગ્યે જ કોઇ જગ્યાએ થતા હશે.

જ્યારે જ્યારે એમના કટ્ટર વિરોધિયો એમનું વ્યાખ્યાન સાંભળવા આવતા અને કોઇ એ બાબત તેમને પૂછતા, ત્યારે તેઓ કહેતા કે અમને એમના વિચારોમાં મજબૂત વીરોધ છે છતાં, અમે એની વાણીમાં એટલા મુગ્ધ બન્યા છીએ કે એમના વ્યાખ્યાનમાંથી એક પણ દિવસ ગેરહાજર રહેવું અમને ઘણું જ સાલે છે. એમના વ્યાખ્યાનમાં એકલા જૈનો નહિ પણ જૈનેતરો પણ આવતા. કેટલોક વખત થયા રાજનગરના શિક્ષિત યુવાનોનો એ પોકાર હતો કે અમને વ્યાખ્યાનમાં રસ પડતો નથી, મુનિરત્ન શ્રી રામવિજયજીના આગમનથી આ પોકાર સદાને માટે બંધ પડયો. એના પરિણામે એમના વ્યાખ્યાનમાં કોલેજીયનો, સેંકડો વિદ્યાર્થીઓ અને બીજા ઘણા યુવાનો આવતા. કેટલીકવાર તો એ આખી સભા યુવાનોથી ઉભરાઇ જતી. અને મારે મન તો આ જ એમનો સંપૂર્ણ વિજય છે જે યુવકો ઉપર કોઇ છાપ ન પાડી શકયું એ યુવાનો ઉપર એઓશ્રી છાપ પાડી શકયા છે જેના દાખલા રાજનગરમાં મોજુદ છે. એમની વાણી સહેલા શબ્દોમાં ગુંથાયેલી ઘણી જ ભભકવાળી, સ્ત્રી અને પુરૂષ બધાને સમજાય અને સંભળાય તેવી છે. જ્યારે જ્યારે તેઓ તેમની રસભરી વાણીના તરંગે ચડતા, ત્યારે જૈન હૃદય નાચતું. વર્ણનશકિત અને દાખલાઓ ઘટાવતી વખતે એ દાખલાઓને પુરા બીલવવાની શકિત કોઇ ઓર જ હતી. એમની સમજાવણી કોઇ વખત પણ એકદેશીય ન હોય. એમની ઉદાહરણ વર્ણવવાની લલિત્યકળા, સાહીત્યકારો માટે અમૂલ્ય પાઠ તરીકે બનતી. આમાં જરાયે અતિશયોકિત નથી. એ શ્રોતા નજરે જ અનુભવશે.

મોટી તીથીઓના દિવસે ઉપાશ્રયમાં તૂટ પડતી. અપાશરાની બારીઓ અને જાળીઓ, નીસરણીના એકકે એક પગથીયાં માથસોની હારથીં ઢંકાઇ જતા. સોએ સેંકડો જગ્યાના અભાવે નિરાશ થઇ પાછા ફરતા. આટલી બધી ભીડ છતાં, એમના વ્યાખ્યાનમાં સંપૂર્ણ શાંતિ જલવાતી. સ્ત્રીયો કે જેમને સ્વભાવે જ ભબૂકી ઉઠવાનો ટેવ હોય છે, તે વ્યાખ્યાન વખતે એમનો એ સ્વભાવ વિસરી જતી. એમનો સરોદ અપાશરાની ચારે દીવાલ ભેદી અષ્ટાપદજીના દહેરાને ગજવતો અને સોનામાં સુગંધ જેવું તો એ કે પહેલા વ્યાખ્યાન પછી 'છ ઘડી' ભણાય ત્યારે સ્ત્રીયોનું મૃદુ લાલિત્ય મયું એકાદુ ભાવમયું ગીત કોઇ અતી મીઠ્ઠા વાજીંત્રની ગરજ સારતું.

કોઇ કોઇવાર તો મહારાજશ્રી એકી સાથે ત્રણથી ચાર કલાક વ્યાખ્યાન આપતા. અને તો પણ એમના અવાજમાં જરાએ ભિન્નતા ન દેખાતી. એની સાબીતી માટે એમનું

મહાવીર જયંતિનું, મુનિ શ્રી જંબૂવિજયજીએ સંચય કરેલું વ્યાખ્યાન બસ છે. કોઇ કોઇ વાર મહારાજશ્રી પ્રસંગોમાં ખેંચાઇ જાય ત્યારે તો ટાઇમ કરતાં ઘણું જ મોડું વ્યાખ્યાન ઉઠતું, છતાં એ કોઇ પણ માણસ ત્યાંથી ચસકતું નહિ. કોઇ કોઇવાર તો શ્રોતાઓ અને મહારાજશ્રીની આંખો પરસ્પર મીટ મીટતી, પછી લોકો કહે છે તેમ મહારાજશ્રી લોકો જોડે જાદુ કરતા અને એ કહેવાતા જાદુમાંથી ભાગવતી દીક્ષાનો જન્મ થતો. જ્યારે જ્યારે વ્યાખ્યાનની પૂર્ણાહુતિનો કારમો સમય આવી પહોંચે ત્યારે શ્રોતાઓના મુખ ઉપર દીલગીરીની છાયા પડે, મહારાજશ્રીની પાટ પાસે સેંકડો મનુષ્યો પાદસ્પર્શ માટે તલસે અને મહારાજશ્રીના નાજુક હસ્તકમલો ઘણુંએ રોકવા જાય તો એ એ સુકકા શરીરના માનવીનું કાંઇ ન ચાલે અને છેવટે શ્રોતાજન એ ભક્તિ રસભીની લડાઇમાં વિજય પામી પાંચ કસ મીનીટ સુધી પાદસ્પર્શનો સ્વર્ગીય આનંદ અનુભવે. પાટેથી ઉઠે એટલે એમની પાછળ શ્રાવકોની હાર તો ચાલતી જ હોય, અને એમના આસને પહોંચતાં પહોંચતાં તો શ્રાવકો ચારે પાસ જાણે એમના વદન નીહાળવાની તૃષાથી ધરાય ન હોય એમ ફરી વળે. વખતો વખત શ્રોતા એવા નિર્ગ્રંથ બનતા કે મહારાજશ્રીને થોડી હવા આપવામાં પણ આનાકાની કરતા.

કુતરા પ્રકરણ વખતે મનુષ્યોનાં ટોળાં એમને ઘડીભર મૂકતાં નહિ. એમને થયેલા કારમા દુઃખની કહાણીયો મ.શ્રીને કહેતા અને મ.શ્રી, એમને એમનો અહિંસા ધર્મ સાચવવાની શીખામણો દેતા. એ પ્રસંગે મ.શ્રીને આહારનો ટાઇમ પણ ભાગ્યે જ મળતો હશે તો પછી આરામનો સમય તો કયાંથી જ હોય? છતાં એ આવે વખતે ઘણો જ આનંદ અનુભવતા. આ પ્રમાણે સવારથી માંડી રાત્રીના લગભગ અગીયાર વાગ્યા સુધી મનુષ્યોની હાર ચાલુ રહેતી.

આ પ્રમાણે એમનો આખો એ દિવસ અને થોડીક રાત્રી, નિરંતર ધર્મોપદેશ માટે નિર્ગમન થતી. કેટલીકવાર એમના ઉપાસકોને લાગતું કે મ.શ્રી શહેરોમાં ઘણું જ કામ કરી શકતા. ગામડાઓમાં ઉપદેશ કરતાં કેવલ ચારિત્રની છાપ પણ વધુ પડી શકે છે. જ્યારે શહેરોમાં ચારિત્ર કરતાં ઉપદેશની અસર વધુ પડી શકે છે. એટલે આ, વ્યાખ્યાન ચૂડામણિ, કે જેઓનું ચારિત્ર પણ તેમના ઉપદેશ જેવું જ શ્રેષ્ઠ અને પવિત્ર છે. તેઓના વિહારો શહેરોમાં જ ચાલુ રહેતો જૈન કોમને ઘણો જ લાભ થાય એમ અમને લાગતું.

સહન શીલતા એ એમનો ખાસ ગુણ છે, પરંતુ એ લોકમાં કહેવાતી સહનશીલતાને ધિક્કારે છે, એ એમ માને છે કે સહનશીલતા તો ત્યારે જ બતાવાય કે જ્યારે

પોતાના શરીર ઉપર જ આફત આવી પડે ત્યારે. જ્યારે ધર્મ ઉપર આફત આવતી હોય, જ્યારે જૈન દેવગુરૂઓને વિરોધીઓ છડેચોક નિંદી રહ્યા હોય, જ્યાં અહિંસાને જડમૂળથી ઉખેડવાના પયગામ વાગતા હોય, ત્યાં કોઇ મનુષ્ય, મહારાજશ્રીને સહનશીલતા જાળવવાનું કહે, તે તેઓ જરાએ ન સાંખી શકતા. એ તો ખુલ્લું કહે છે કે આવી સહનશીલતા કહેનારા સહનશીલો નથી પણ ઉંધું મારનારા છે! ધર્મ ઉપર આફત આવી પડે ત્યારે સહનશીલ થનારને 'હશે બચારા કરશે તે ભરશે આપણે શું કરીએ?' એમ કહી બેસી રહેનારને એ નબળા પોતાની ફરજને ભૂલી જતા ગણે છે. એ કદી પણ એવી સહનશીલતા પાળતા નથી, અને એવી નહી પાળવા યોગ્ય સહનશીલતાની મૂર્તિયોથી સમયે સમયે, સમાજને ચેતવે છે. એમની સહનશીલતાની સાખીતી માટે એક બે દાખલા પૂરતા થઇ પડશે

મુનિ મહારાજશ્રી ઉપર જ્યારે એકવાર એક વિરોધીના હાથથી છરી ઉગામ્યાનો નાકાન પ્રસંગ બનેલો ત્યારે પણ તેઓએ આ બનાવની વાત કોઇ દિવસ પણ તેમને મોઢે કરી નથી. બાઇ રતનના કેસની અંદર પોતાના, લગભગ દસ પાનાના સ્ટેટમેન્ટની અંદર, પોતાના બચાવ માટે તો ફકત ચાર-પાંચ લાઇનો અને તે પણ લખવી પડે તેથી. બીજું બધુએ દીક્ષાની પુરવણીમાં. એમની પાસે નાસ્તીકો પણ કેટલીકવાર શંકાના સમાધાન માટે આવતા, એમના પોતાના માટે કંઈ કંઇ બોલતા. છતાં એ કોઇ દિવસ તેમણે અસહીષ્ણુપણું બતાવ્યું નથી. પરંતુ જ્યારે ધર્મ ઉપર આફત આવી પડતી ત્યારે તેમણે પોતાના ભોગે ય શ્રી જિનશાસનના ભલા માટે બન્યું એટલું કર્યું છે. કુતરા પ્રકરણમાં જ્યારે અહિંસા હોમાઇ, ત્યારે જૈન સમાજને જાગૃત કરવામાં એમણે સર્વસ્વ અર્પ્યું છે અને એથી જ એમને 'અંધ શ્રદ્ધાળુઓના સરદાર'નો નામાંકિત અને અતિ ઊજ્જવલ બીરૂદ છે. ભદ્રકાળીના હોમના વખતમાં પણ તેઓએ તેમનું બનતું કર્યું અને તે કમકમાટી ભર્યા વધને સદંતર માટે બંધ કરાવ્યો. આ પ્રસંગો એ એમની ધર્મવીરને છાજતી જીવતી સહીષ્ણુતાના નમુના છે.

એમની પાસેથી ગ્રહણ કરવા જેવી એમની દયા છે. એ એમના વિરોધીયો સામે દયા અને અનુકંપાની નજરે જુવે છે. શત્રુંજય પ્રકરણ વખતે કરબારશ્રી અને તેમના દીવાન માટે તેઓ દયાનો જ ઉપદેશ આપી રહ્યા હતા. તેઓ કહેતા હત. કે કોઇ ઘોર કર્મના ઉદયે કરબારશ્રી અને દીવાનશ્રીમાં શત્રુંજય ઉપર માલીકીનો દાવો કરવાની બુદ્ધિ સૂઝી છે. એટલે એઓ ઉપર આપણે દયા જ ખાવી જોઇએ. તેમના રોમે રોમમાં વિરોધીઓ ઉપર દયાના વરસાદ છે. તેઓ કહે છે કે—**શાસન દ્વેષીઓ માટે પણ અમારા અભયદાન સદાને માટે ખુલ્લાં છે.** એમના વિરોધીઓએ એમની નિંદા કરાય એટલી

કરી છે. એમના ઊપર આરોપોની અવધિ આવી રહી હતી અને એ બધાએ આરોપો-માંથી તેઓ નિર્દોષ ઠર્યા છે. સોનું ઠેઠ સુધી કસોટીએ ચઢ્યું. સોનું છેવટે સોનું જ રહ્યું અને અમદાવાદના કેટલાક નહિ માનનારાઓને પણ એ સોના સામે નમવું પડ્યું.

મહાસુખભાઇ, જૈન પત્રના તંત્રીશ્રીએ એમને વગોવાય એટલા આડટતરી રીતે વગોવ્યા છે, શુદ્ધ કહીંમાંથી ફોદા કાઢયા છે. લાલ હેન્ડબીલ વખતે પણ એમના ઊપર જેટલા આરોપો મૂકવાની વિરોધિઓમાં બુદ્ધિ ચાલી એટલા આરોપો મૂકાયા, રતન-બાઇના કેઇસ વખતે એમની વહાલામાં વહાલી વસ્તુ ઓઘાને પણ વગોવવામાં બાકી મૂકી નહીં. શ્રાવકોએ જ, એમના સામે એફીડેવીટો કરી એમને કોર્ટમાં હાજર રખાવ્યા. છતાં એ બધાની તરફ એમણે દયાની નજરે જ જોયું છે અને હજી જુવે છે.

હા ! એ તો એમ જ બને. દુનિયામાં હજી એક દૂધ પીતું બાળક છે. એને સારા નરસ નું ભાન ભાગ્યે જ હોઇ શકે. ઇંગ્રેજી કવિ કોલરી જ બરાબર જ કહે છે કે 'દુનિયાના મહાપુરૂષોને, દુનિયા પ્રથમ તો પથરાના જ ઘા કરે છે, અને પછી જ તેઓ પસ્તાય છે કે-એક મહાપુરૂષની વગોવણી કરી.' આ લેખના નાયક માટે પણ એમ જ થયું. એ દુનિયાની દૃષ્ટિએ ગાંડા જ ઠર્યા. પરંતુ એ પોતે જ કહે છે કે 'દુનિયાના ગાંડા જ ખરો ધર્મ આરાધી શકે છે.' એમની સત્યતા ઉપર જ્યારે સામ્રાટ સરકારના મોહોર છાપ પડ્યા ત્યારે કેટલાક અંતરે રહેલી જનતાએ પણ કબૂલ કર્યું કે એમની વાણીમાં અને એમના આચારોમાં કેવલ સત્ય છે.

એમની ધીરજ માટે પણ ખાસ લખી શકાય તેમ છે. એને માટે એક જ દૃષ્ટાંત બસ થઇ પડશે. લગભગ પાંચ મહીના અગાઉ હું મારા એક મિત્રને લઇ મહારાજશ્રીને વાંદવા ગયો હતો. મારા મિત્રના વિચારો, મહારાજશ્રીના વિચારોથી જુદા જ હતા, અને એમને એમ હતું કે એકવાર મહારાજશ્રી જોડે વાત કરવાની તક મળે તો સારૂં. હું એમને તે દિવસે લગભગ ૧૨ વાગે લઇ ગયો હશ્શ. અમે ત્યાં બેઠા પછી અમારા મિત્રે એમનો સઘળો ઉભરો ઠાલવી કર્યો અને એ બધું એ શબ્દ પણ વચ્ચે બોલ્યા શિવાય મહારાજશ્રીએ સાંભળ્યું. મહારા મિત્રે તેમનું કહેવું પૂરૂં કર્યું. ત્યાર બાદ એમણે મારા મિત્રના સઘળા સવાલોના લગભગ ચાર કલાક પર્યંત જવાબો આપ્યા હાલ મારા એ મિત્રના ઘણા વિચારો એ ચર્ચાના અંગે જ ફરી ગયા છે. આ એમની ધીરજનું કારણ છે. એ કોઇ દિવસે ઉતાવળીયા અને તીખા થતાં શીખ્યા જ નથી.

જે મનુષ્યો એમની જોડે વધુ સંબંધમાં આવ્યા હશે એમને લાગશે કે તેઓ સ્વભાવે ઘણા જ સરલ છે. તેઓ કોઇ દિવસે પણ નિરાશાવાદી નથી બનતા. એમનું

આશાવાદીપણું એમને એમમેા માર્ગ ઘણેા જ સરળ કરી આપે છે. અભક્ષ્ય બંધ માટેની ચળવળ, ભદ્રકાળીના ભેાગ વખતે એમનું કાર્ય, શત્રુંજય પ્રસંગે એમનેા તપ માટેનેા ઉપદેશ, કુતરા પ્રકરણ વખતે તેમની મનેાદશા—એ બધું એમનું એ આશાવાદીપણું સુચવે છે. તેઓ તેમના આશાવાદીપણાને લઇ ઘણા કાર્યમાં સફળ થયા છે. ધર્મને માટે સંકટેા ખેડવામાં કે પેાતા ઉપર ખેાટ્ટા આરેાપેા સહન કરવામાં જરાએ ડરતા નથી. તેમનેા એ સિદ્ધાંત છે કે—ધર્મની નિંદા સાંભળી આંખ આડા કાન કરવા તેના કરતાં તેા બહેતર છે કે મરી જવું.

વિરેાધીેા કહે છે તેમ તેઓ દીક્ષાના 'એડવેાકેટ' છે. દીક્ષા એ એમનું ધ્યેય છે. એમનું દરેક કાર્ય દીક્ષાના ઉપદેશ મટેા જ છે. એમના આખા વ્યાખ્યાનમાંથી સંયમનેા જ સાર મળે છે. તેઓ તેા ખુલ્લું કહે છે કે **અહીંયા આવીને જે પુરૂષેા સંયમ શિવાયનેા ઉપદેશ સાંભળવા માગતા હેાય તે મહેરબાની કરી ન આવે. કારણ તેઓ ચેાક્કસ નિરાશ થશે.** તેઓ શિવાય સંયમ કેાઇ પણ દિવસ બીજો ઉપદેશ આપતા નથી, **તેઓ કેાઇ મળવા આવે ત્યારે ધર્મ સંબંધી કુશળતા વિના, બીજી કેાઇ જાતની કુશળતા સંબંધી પૂછતા નથી.** અને હું મારા જાત અનુભવ ઉપરથી કહું છું કે **તેમની સાથેના વાર્તાલાપમાં ધર્મ, સંયમ કે અહિંસા શિવાય બીજી કેાઇ પણ દુન્યવી વાતેાનેા ઉચ્ચાર સરખેા પણ હેાતેા નથી.** મુનિશ્રીનું ભક્તિભીનું હૃદય પેાતાની પ્રતિજ્ઞામાંથી ચૂકયું નથી. દીક્ષાને કલંકાવી દેવાના વિરેાધીેાના વિવિધ તરંગેા ફાવી શકયા નથી. દીક્ષાના આ મહારથી શ્રી જિનાજ્ઞાનેા સિંહનાદ પેાતાની અનન્ય પ્રધાન રીતે બુલંદ સુરેામાં જરાએ ખળભળ્યા વિના સંભળાવે જ જાય છે, અને કેટલાએ પવિત્ર આત્માઓએ તેમની પાસે દીક્ષાનાં વ્રતેા ઉચ્ચર્યાં છે. આજે તેમના વ્યાખ્યાનની અસરથી વૈરાગ્ય પામેલા કેટલાએ મહાત્માઓ આત્મિક વિજય મસ્તીમાં વિરેાધીેાના તરફ દયાની ઝડીઓ વર્ષાવી રહ્યા છે. એ ગેરવ્યાજબી ચળવળ કરનાર (અને મુનિ શ્રી ચિત્તવિજયજીની ભાષામાં કહું તેા) "અવક્રાન્તિની જડેાએ ખાસ ચાકઠ રાખવું."

એમના ચારિત્રમાંથી નિડરતા અને સત્યવકતાપણું તરત ઝળકી આવે છે. તેઓ પ્રખર વકતા કહેવાતા હેાય તેા તેમના આ બે ગુણેાના પ્રતાપે જ. સત્ય વસ્તુ કહેવામાં તેઓ કેાઇની શેમાં તણાતા નથી. રેંટીયા સંબંધી ચર્ચા અને ડેાકટરી ચચ. પણ એને અંગે જ ઉપસ્થિત થવા મામી હેાય એમ મારૂં નમ્ર માનવું છે. એમનામાં બીજા ઘણાએ એવા ગુણેા છે કે જેનું બ્યાન આ લેખમાં દેારવું ઘણું મુશ્કેલ છે. હું એમના સઘળા વિરેાધિયેાને જણાવું છું કે તેઓ તેમના વિરેાધિયેાને પણ સત્ય સમજવવા ઘણા

જ આતુર રહે છે. પરંતુ એ સરળપણે સમજવાની અન્યની ઉદાર વૃત્તિના અભાવે જ નહાની વાતો ભયંકર સ્વરૂપ પકડે છે એમ તેઓનું ચોક્કસ માનવું છે.

એ નામાં એક જ વસ્તુની ઉણપતા છે, અને તે ઇંગ્રેજી ભાષાના જ્ઞાનનો અભાવ. ધર્મ પ્રચારકો, ધર્મ ઉપદેશકો અને સમાજ સેવકોનો સમાજ અને દેશ ઉપર પૂરતી અસર પાડવા ચાહતા હોય તો તેમને ઇંગ્રેજી ભાષાનુ જ્ઞાન કંઇક અંશે જોઇએ એમ મારૂં માનવું છે. ઉપદેશકોએ ગામે ગામે અને શહેરે શહેર ઉપદેશ કરવાના હોય છે. એટલે કદાચ બંગાળ કે બીહારમાં ગયા હોય અને બંગાળી કે તામીલી ન આવડતી હોય જને ઇંગ્લીશ આવડતું હોય તો જરાએ વાંધો આવે નહિ. આપણા વિદ્વાન મુનિવર્યોને જ્યારે યુરોપયીન વિદ્વાનો જોડે વાદવિવાદ કરવા પડે છે ત્યારે આ જ્ઞાન બહુ જ ઉપયોગી થઇ પડે છે. ફીલોસોફીકલ અને શાસ્ત્રીય વાદવિવાદોમાં ભાષાંતર કરનારાઓ (ઇટર પેટર્સ) તો ભાડૂતી જ કહેવાય ? ઇંગ્રેજીભાષા અત્યારે એટલી બધી ઘરગથ્થું થઇ ગઇ છે કે મુનિશ્રી રામવિજયજી જેવા મહાન ઉપદેશકો, તેમના અમૂલ્ય સમયનો થોડોક ભોગ આપે. ઇંગ્રેજી ભાષા ઉપર કાબૂ મેળવે એ મારા જેવા એક ઊગતા ભક્ત તરૂણને તો ખાસ ઇચ્છવા યોગ્ય છે.

મુનિશ્રી રામવિજજી ભવિષ્યમાં એક મહાન્ પુરૂષની ઝાંખી કરાવે છે. શ્રીયુત બદામીજી તો તેમનામાં શ્રી આત્મારામજીની છાયા જુવે છે એમનો આ વર્તાવ અક્ષરશઃ ખરો નીવડો ! !

આજે મુનિશ્રી રામવિજયજી ગામે ગામે ગામ વિહાર કરી, જૈનત્વમાં કોઇ ઓર તેજ રેડે છે. સંયમના અભિલાષીઓને સંયમના ઝરામાં પુણ્ય સ્નાન કરાવી પુનિતતાની પરાકાષ્ઠાએ પહોંચાડવા પ્રયત્નો આદરે છે અને શ્રદ્ધાહીન પુરૂષોમાં જબ્બર શ્રદ્ધાના પૂર વહેતા કરાવે છે. એમનું આખું એ કાર્યક્ષેત્ર એક જ વસ્તુનું બનેલું છે, એમના જીવનનો નિર્દેશ એક જ છે. એમનું આખું એ જીવન એક વસ્તુ માટે છે અને તે સંયમ હજી એ બાળ બ્રહ્મચારીમાં એના કાર્યક્ષેત્રનાં પગરણ જ દેખાય છે. જૈન સમાજના ઉદ્ધાર માટે જૈનો તેઓ અને તેમના જેવા બીજા મુનિવરો સામે દૃષ્ટિ ફેરવે છે.

અમર રહો એ અહિંસાની વિજયપતાકા ફરકાવનાર, સંયમના વિરોધિઓના કળને જડ મૂળથી ઊખેડનાર, સત્ય અને દયાના વહેણ વહેવરાવનાર, સહનશીલતાનો નમૂનો, જૈનત્વનો આદર્શ અને **શ્રીમદ્ વિજયદાન સૂરીશ્વરજીની** આણનો ઉત્તમ કોહીનુર એ **મુનિશ્રી** !



શાસન સમાચાર

બેંગ્લોર (ચીકપેઠ) શ્રી સંઘની આગ્રહપૂર્ણ વિનંતીથી પૂ.આ.શ્રી અશોકરત્ન સૂ. મ., પૂ. આ. શ્રી રાજયશ સૂ. મ., પૂ. આ. શ્રી અમરસેન સૂ. મ. આદિ ઠાણાની નિશ્રામાં અને પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ., પૂ. સા. શ્રી રત્નચૂલાશ્રીજી મ., પૂ. સા. શ્રી વાચંયમાશ્રીજી મ.ની ઉપસ્થિતિમાં પૂ. આ. શ્રી વિ. અશોકરત્ન સૂ. મ.ની વર્ધમાન તપની ૧૦૦ ઓળીના પારણા નિમિત્તે વૈશાખ વદમાં શ્રી ઉવસ્સગ્ગહરં પૂજન શ્રી શાંતિસ્નાત્ર અને ૧૦૮ છોડના ઉદ્યાપન મહોત્સવ ઊજવાયા પછી પૂ. આ. અશોકરત્ન સૂ. મ., પૂ. આ. શ્રી અમરસેન સૂ. મ. આદિ ઠા.ની નિશ્રામાં યશવંતપુરમાં જેઠ સુદમાં પ્રતિષ્ઠાની સાલગીરી અને પૂ. આ. મ.ની ૧૦૦ ઓળીની આરાધના નિમિત્તે વીશ સ્થાનક પૂજન સાથ ત્રણ દિવસનો મહોત્સવ પૂ. આ. મ.ની ૧૦૦ ઓળીની આરાધના નિમિતે રેખા પેપર માર્ટ તરફથી શાંતિસ્નાત્ર સાથ ત્રણ દિવસનો મહોત્સવ પછી અક્કી પેઠમાં નૂતન ઉપાશ્રય પાઠશાળા અને આયંબિલ ખાતાના ભૂમિપૂજન ખાતમુહુર્ત અને શિલા સ્થાપનના ચડાવા પ્રસંગે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન અને બસવંતગુડીમાં ઉપાશ્રયનું શિલાસ્થાપન પૂ. આ. મ.ની નિશ્રામાં થયું હતું. પૂ. આ. મ. અને પૂ.સા.શ્રી જિતેન્દ્રશ્રીજી મ. આદિનો અષાડ શુદ ૨ના ચાતુર્માસાર્થે સસ્વાગત પ્રવેશ થયો છે. બહાર ગામથી સારી સંખ્યામાં સાધર્મિકોનું આગમન થયું હતું.

વલસાડમાં ચાતુર્માસ–પૂ. પ્રશાંતમૂર્તિ આ.શ્રીવિ. જિતમૃગાંક સૂ. મ. સા.ના શિષ્યરત્ન પૂ.આ.શ્રીમદ્ વિ. રત્નભૂષણ સૂ.મ. તથા પૂ. સેવાભાવી મુનિશ્રી કુલભૂષણવિ. મ.સા.નો વલસાડ મુકામે ચાતુર્માસનો મંગલ–પ્રવેશ થયો છે. તા. ૧૧–૭–૯૭ શુક્રવારે સવારે તેઓશ્રીએ મંગલ મુહૂર્તે પ્રવેશ કરીને કલ્યાણ બાગમાં અમર દીપમાં થોડા સમય સ્થિરતા કરી હતી. ત્યાંથી આઠ વાગે બેંડવાજા સાથે તેઓનું સામૈયું શરૂ થયેલ. શહેરના મુખ્ય માર્ગો ઉપરથી સામૈયું ફરીને શ્રી મહાવીર સ્વામી ભગવાનના દહેરાસરે પહોંચેલ. યોગાનુયોગ આજના મંગલ દિને ભગવાન મહાવીર પરમાત્માનું ચ્યવન કલ્યાણક પણ હતું. ત્યાં ચૈત્યવંદન આદિ ભગવાનની ભક્તિ કરીને કોઠારી ઉપાશ્રયે સામૈયું ઉતર્યું હતું. ત્યારબાદ પૂ.શ્રીએ ધર્મ એજ ઉત્કૃષ્ટ મંગલ છે–એ વિષય ઉપર પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. પ્રવચન પછી સંઘપૂજન–પ્રભાવના આદિ થયેલ. પૂર્વના પરિચિત પૂ.ની નિશ્રા મળતાં ચાતુર્માસમાં સુંદર આરાધના કરવા માટે સંઘના ભાઇ–બહેનો ઉલ્લાસ પૂર્વક વિવિધ મનોરથો સેવી રહ્યાં છે.

વડોદરા–જૈન શાસનના જગપ્રસિદ્ધ જ્યોતિર્ધર પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્નો પૂજ્યમુનિ શ્રી મોક્ષરતિવિજયજી મ. અને પૂજ્ય મુનિ તત્ત્વદર્શનવિજયજી મ.ની પાવનનિશ્રામાં વડોદરા ખાતે હરણીરોડ ઉપર આવેલ 'વિજય રામચંદ્રસૂરીશ્વર આરાધના ભવન-જિનેન્દ્ર વિહાર' માં પ્રવચન કરવાના 'શ્રી આત્મારામજી જૈન પાઠશાળાનું' નું ઉદ્ઘાટન શ્રી કુમુદભાઇ ભીખાભાઇ શાહના શ્રીહસ્તે કરવામાં આવ્યું ત્યારે 'જૈન શાસન દેવ કી જે' નો નાદ ગુંજી ઊઠયો હતો. તે સમયે ઉદ્ઘાટન શ્રેષ્ઠી અને શ્રી પ્રવીણચંદ્ર નાથાલાલ કલાલ આદિએ સમ્યક્જ્ઞાન આ આયોજનમાં ઉત્સાહપૂર્વક યોગદાન જાહેર કર્યું હતું.

બંને મુનિવરોએ વડોદરાના મુખ્ય સ્થાનોમાં સ્થિરતાનો થોડો થોડો લાભ આપીને અ. સુ. ૬ ના મંગલ દિવસે શ્રી અલકાપુરી જૈન સંઘ આંગણે ભવ્ય સ્વાગત સાથે ચાતુર્માસ પ્રવેશ કર્યો હતો. પ્રવેશ પ્રવચન પછી રૂા. ૩૦૧– સંઘ પૂજન તથા મુંબઇના ભાવિકો તરફથી શ્રીફળની અને અલકાપુરી સંઘ તરફથી લાડવાની પ્રભાવના થઇ હતી. ગુરૂ પૂજનની ઉછામણીનો લાભ શ્રી આશાભાઇ સોમાભાઇ પટેલ પરિવારે લીધો હતો. અહીંના ભવ્ય જિનાલયની પ્રતિષ્ઠા પછી અહીં સર્વપ્રથમ ચાતુર્માસ થતું મુનિવરોની વાણીને ભાવિકો ઉમંગભેર ઝીલી રહ્યા છે. જિનવાણીનો ગંગાપ્રવાહ ત્રિકાળ વહી રહ્યો છે. રવિવારે તો ૯–૦૦ થી ૧૨–૦૦ પ્રવચન ચાલે છે લોકો તૃષા શમાવી રહ્યા છે.

જામનગર પ્લોટ–અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ.ની નિશ્રામાં અષાડ ચોમાસીની આરાધના સુંદર થઇ સૂત્ર વહોરાવવાની બોલીઓ સારી થઇ અષાડ વદ–૨ થી સૂત્ર વાંચન શરૂ થયું.

બોલીઓ (૧) ઉપદેશ સાર વહોરાવવાનું ૩૬૦૧) મણ દેપારભાઇ દેવશી હરણીયા (૨) ૧ લી જ્ઞાન પૂજા શાહ નેમચંદ ખીમજી પારેખ, બીજી જ્ઞાન પૂજા શ્રીમતી કસ્તુરબેન રાયચંદ કુલચંદ, ત્રીજી જ્ઞાન પૂજા શાહ હંશરાજ સોજપાર ગોસરાણી, ચોથી જ્ઞાનપૂજા શાહ ગોવીંદજી સામત માલદે, પાંચમી જ્ઞાન પૂજા હીરાભાઇ હધાભાઇ શાહ અષ્ટપ્રકારી પૂજા હીરાભાઇ હધાભાઇ શાહ અને ગુરુપૂજન ૯૦૧) મણ શાહ પોપટલાલ રાજાભાઇ ગુઢકા હ: પ્રેમચંદભાઇ પરેલ મુંબઈ અષાડ વદ–૨ થી મેરુ મંદિર તપ શરૂ થયો છે. રોજ ભાવિકો તરફથી પ્રભાવના થાય છે. ચોમાસીના દિવસે ૧૦–૧૫ [redacted] અને સૂત્ર વાંચન વખતે ૫–૫ રૂા.નું સંઘ પૂજન શાહ પોપટ રાજા ગુઢકા તરફથી હ: પ્રેમચંદ મેઘજીએ કર્યું હતું.

રાસવાળ કોલોનીમાં અ. વદ–૨ થી ઉપદેશ પ્રાસાદ વાંચન શરૂ થયું પૂ. મુ. શ્રી દિવ્યાનંદવિજયજી મ. દરરોજ વ્યાખ્યાન આપવા પધારે છે. ભૂત્રની બોલીઓ સારી થઇ હતી

પૂજયશ્રી કહેતા હતા કે- -શ્રી રણદર્શી



- તમે સાધુના પગવા એટલા માટે કરાવો છો કે ઘરેમાં સોનેયા વરસે. પણ આજના જૈન શાસનમાં ન હોય. જેને ઘર ગમતું હોય તેના ઘરે અમારાથી પગલાં કરવા જવાય ? જઇએ તો અમને તમારા ઘરનું અનુમોદન લાગે, ઘર વગરના અમે તમારા ઘરની અનુમોદનામાં મરીએ તો અમારો પણ સંસાર વધી જાય !
- સૌને નમે તે ભગવાનને ગમે' તે મિથ્યાદૃષ્ટિની વાણી છે. સૌને નમવાની આપણે ત્યાં વિધિ નથી. નમન તો યોગ્યને જ કરવાનું છે. પતિ–પત્નીને, શેઠ–નોકરને, બાપ–છોકરાને નમે તે ડાહ્યો કહેવાય ?
- જે આત્મા, રાગ–દ્વેષાદિને મિત્ર બનાવી શકે નહિ તે કદી ધર્મ સાચી રીતે કરી શકે નહિ. ધર્મ કરવા રાગદ્વેષ–ક્રોધ–માન–માયા–લોભ જોઇએ. કમણાં તમને ધર્મનો લોભ નથી માટે તમારા ધર્મમાં માલ નથી.
- નાટક–ચેટક કરી ધર્મ માટે પૈસા ભેગા કરવા તે ધર્મનો નાશ કરવાનું કામ છે.
  પ્ર.– આચાર્યાદિ પણ નાટકાદિમાં આશીર્વાદ આપે છે.
  ઉ.– આ કાળમાં બધે બગાડ ઉભો થયો છે. તે બગાડને ધ્યાનમાં નહિ લેતા આપણે બગાડ ઉભો નથી કરવો. શક્તિ હોય તેટલું સારૂં કરવું છે, આજ્ઞા મુજબ જીવવું છે.
- શાસ્ત્રે કહ્યું છે કે આ કાળમાં સાધુ અને શ્રાવક પણ બગડવાના છે સ્વપ્નની વાત તાજી કરવાના છે. એવા આચાર્યો, સાધુઓ, શ્રાવકો અને શેઠિયાઓ હોય તો તેમાથી બચી, અધર્મથી બચી, ધર્મ કરવો છે. તેમાં સાથ તો આપવો નથી. રોકવા પ્રયત્ન કરવો છે. ન માને તો તેમનું ભાગ્ય.
- ધર્મ પામ્યાનું ફળ ખરેખર એ છે કે– તેના હૈયામાં અશાંતિ થાય નહિ, મરતી વખતે કોઇ ચીજની મમતા ન રહે, કોઇ ચીજને પોતાની ન માને.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું